શારદા સિદ્ધિ



પ્રખર વ્યાખ્યાતા

પ.પૂ.શ્રી શારદાબાઈ મહાસતીજી

શ્રી મહાવીરાય નમઃ

આચાર્ય, ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી

ગુરૂદેવાય નમઃ

ઉત્તરાધ્યયન સૂત્ર ચિત્ત સંભૂતિય અધિકાર તથા

ભીમસેન હરિસેન ચરિત્ર

શારદા સિદ્ધિ

(સંવત ૨૦૩૫ના સુરત ચાતુર્માસના વ્યાખ્યાનો)

卐

: પ્રવચનકાર :

ખંભાત સંપ્રદાયના શાસન શિરોમણી, ચારિત્ર ચુડામણી, સિધ્ધાંત પારગામી, ગચ્છાધિપતિ સ્વ. બા. બ્ર. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના સુશિષ્યા શાસન રત્ના, પ્રખર વ્યાખ્યાતા, વિદુષી

બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ મહાસતીજી

卐

સંપાદક

બા. બ્ર. વિદુષી પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજીના શિષ્યાઓ તત્ત્વચિંતક પૂ. કમળાબાઇ મહાસતીજી તથા બા. બ્ર. પૂ. સંગીતાબાઇ મહાસતીજી

卐

: પ્રકાશક :

બાબુભાઇ પુનમચંદભાઈ ગાંધી

રમણીકભાઈ રેવચંદભાઇ શાહ

નિશા એપાર્ટમેન્ટ નંબર-૧ ગોપીપુરા, કાજીનું મેદાન

સુરત ટે. નં. ઓ. ૩૧૪૨૧ રહે. ૨૬૨૮૪

વેચાણ કિંમત રૂ. ૯—૦૦

પુસ્તક :

સંવત ૨૦૩૬ ઈ.સ. ૧૯૮૦

શારદા સિદ્ધિ પ્રત ૮૦૦૦ (આઠ હજાર)

卐

પ્રવચનકાર :

પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી

પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજી

卐

સંપાદક :

પૂ. કમળાબાઇ મહાસતીજી

બા. બ્ર. પૂ. સંગીતાબાઇ મહાસતીજી

卐

પ્રકાશક :

બાબુભાઇ પુનમચંદભાઇ ગાંધી

રમણીકભાઇ રેવચંદભાઇ શાહ

નિશા એપાર્ટમેન્ટ નંબર-૧

ગોપીપુરા, કાજીનું મેદાન સુરત

ટે. નં. ઓફીસ ૩૧૪૨૧, ઘર ૨૯૨૮૪

卐

મુદ્રક : ડાહ્યાભાઈ જે. પટેલ (ચવેલીકર)

મહિલા મુદ્રણ,

શાહપુર, ગોલવાડના નાકે, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ફોન ૨૦૧૫૬

શ્રી "શારદાસિદ્ધિ" પુસ્તકમાં સહાય આપનારે દાતાઓની નામાવલી

રૂપિયા	નામ
૨૧૦૦૧	શેઠ શ્રી પુનમચંદભાઈ ભાઈચંદભાઈ ગાંધી તથા રમણીકલાલ રેવચંદભાઈ શાહ
૩૦૦૧	શ્રી સૌભાગ્યમલ લલ્લુભાઈ મહેતા
૨૫૦૧	લાલચંદભાઈ કરમચંદભાઈ શેઠ પાલણપુરવાળા
૨૫૦૧	શ્રીમતી સુભદ્રાબેન રસીકલાલ ઝવેરી પાલણપુરવાળા
૨૫૦૧	શ્રીમતી સુભદ્રાબેન દલપતભાઈ ઝવેરી પાલણપુરવાળા
૨૫૦૧	શ્રી રાજાભાઈ દલીચંદભાઈ શાહ
૨૫૦૧	શ્રી નેમચંદભાઈ એન. શાહ
૨૫૦૧	શ્રી ભીખાભાઈ મલાભાઈ ગાંધી
૨૫૦૧	શ્રી મોહનલાલ મંછાચંદભાઈ શાહ
૨૫૦૧	શ્રી મણીલાલ શામજીભાઈ વીરાણી
૨૫૦૧	શ્રી ગીરજાશંકર ખીમચંદભાઈ શેઠ
૨૫૦૧	શ્રી શૈલેશકુમાર જયંતીલાલ ઝેગાણી
૨૫૦૧	શ્રી મનુભાઈ વીરજીભાઈ સુતરીયા
૨૫૦૧	શ્રી ગીરધરલાલ મંછાચંદભાઈ શાહ
૨૫૦૧	શ્રી ધનસુખલાલ ખીમચંદભાઈ શેર દલાલ તથા શ્રી અમૃતલાલ ખીમચંદભાઈ શેર દલાલ
૨૫૦૧	શ્રી ફોજાલાલ ત્રિભોવનદાસ શાહ (ધાનેરાવાળા)
૨૫૦૧	શ્રી દલપતભાઈ લહેરચંદભાઈ શાહ
૨૫૦૧	શ્રી તારાચંદભાઈ કાલીદાસભાઈ શાહ
૨૫૦૧	શ્રી મહેન્દ્રભાઈ જયંતીલાલ ગાંધી
૨૫૦૧	શ્રી પ્રીતમલાલ મોહનલાલ દફતરી
૨૫૦૧	શ્રીમતી ઉજમબેન નરભેરામ તેજાણી
૨૫૦૧	એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. દેવચંદભાઈ
૧૫૦૧	શ્રી જયંત પેપર મીલ્સ (હરગોવિંદભાઈ રામજીભાઈ મહેતા)
૧૦૦૧	શ્રીમતી લીલાવતીબેન છોટાલાલ ઘડીયાળી
૧૦૦૧	શ્રી આનંદલાલ ફોજાલાલ કોઠારી
૧૦૦૧	શ્રી ફુલચંદભાઈ જૈન
૧૦૦૧	શ્રી મણીબેન વાડીલાલ સંઘવી
૧૦૦૧	શ્રીમતી વીણાબેન ભાનુભાઈ ભણશાળી
૧૦૦૧	શ્રી કીર્તીલાલ કાળીદાસ મહેતા
૧૦૦૧	શ્રી સોમચંદભાઈ હરીલાલ ઝવેરી
૧૦૦૧	શ્રીમતી જશવંતીબેન રજનીભાઈ ઝવેરી
૧૦૦૧	શ્રીમતી તારાબેન ચંદુલાલ મહેતા
૧૦૦૧	જયંતિલાલ ચંદુલાલ મહેતા
૧૦૦૧	શ્રીમતી છબલબેન નાગરદાસ શાહ
૧૦૦૧	શ્રી વાલચંદ કરસનદાસ પારેખ
૧૦૦૧	શ્રીમતી લલિતાબેન સુમનલાલ શેઠ
૧૦૦૧	શ્રીમતી પારૂબેન પુનમચંદભાઈ વલાણી
૧૦૦૧	મેસર્સ વેસ્ટન સિલ્ક સી.ડી.ફેટ બહુવા
૧૦૦૧	શ્રી ઉમરશીભાઈ નેણસીભાઈ બહુવા
૧૦૦૧	શ્રી ગીરધરલાલ સાકરચંદભાઈ શાહ
૧૦૦૧	શ્રી પ્રાણજીવનદાસ તારાચંદભાઈ કામદાર
૧૦૦૧	શ્રી રમણીકલાલ રાજમલ્લભાઈ મહેતા
૧૦૦૧	શ્રીમતી તારાબેન રતીલાલ મહેતા
૧૦૦૧	શ્રી ચંદુલાલ ગગલભાઈ ગાંધી
૧૦૦૧	શ્રી વચ્છરાજ ભેરૂમલભાઈ શાહ
૧૦૦૧	શ્રીમતી મણીબેન તલકચંદભાઈ શાહ
૧૦૦૧	શ્રી રમણીકલાલ ફોજાલાલ ઝેગાણી
૧૦૦૧	શ્રી માણેકલાલ ભીખાભાઈ ગાંધી
૧૦૦૧	શ્રી ચંપકલાલ મોહનલાલ શાહ ખંભાત

રૂપિયા	નામ
૧૦૦૧	શ્રી લહેરીલાલ મોહનલાલ શાહ
૧૦૦૧	શ્રીમતી અ.સૌ. જશુબેન વસંતલાલ પટેલ ખંભાત
૧૦૦૦	શ્રી બળદેવભાઈ ડોસાભાઈ પટેલ
૧૦૦૦	શ્રી પોપટલાલ મોહનલાલ ગાંધી
૧૦૦૦	શ્રી સેવંતીલાલ ચીમનલાલ પારેખ
૧૦૦૦	શ્રી તારાચંદભાઇ સવરાજભાઈ શાહ
૧૦૦૦	શ્રી દિનેશકુમાર ધુડાલાલ શાહ ભણશાળી
૧૦૦૦	શ્રી કાળીદાસભાઇ મયાચંદભાઇ ભણશાળી
૧૦૦૦	શ્રી મનુભાઈ સુરજમલભાઈ શાહ
૧૦૦૧	શ્રી ખેતશીભાઈ હાથીભાઈ શાહ
૧૦૦૧	શ્રીમતી બાબુબેન કીર્તીભાઇ ભણશાળી
૧૦૦૧	શ્રી ત્રિભોવનદાસ દામોદરદાસ શાહ
૧૦૦૧	શ્રી કનૈયાલાલ ધરમચંદભાઈ શાહ
૧૦૦૧	શ્રી રતીલાલ કાળીદાસ શાહ (હ. પીયુષભાઈ)
૧૦૦૧	શ્રી છબીલભાઈ એલ. મહેતા
૧૦૦૧	શ્રી રમણીકભાઈ એલ. મહેતા
૧૦૦૧	શ્રી છોટાલાલ એલ. સરૈયા
૧૦૦૧	સ્વ. નેમચંદભાઈ સવજીભાઈ દોશી
૧૦૦૧	શ્રી મગનલાલ નાગરદાસ ખાટડીયા
૧૦૦૧	શ્રી નરેન્દ્રકુમાર સાકરચંદ સાડીવાળા
૧૦૦૧	શ્રી શાંતીલાલ ભીખાભાઈ
૧૦૦૧	મેસર્સ પ્રભાત મોટર સ્ટોર્સ
૧૦૦૧	શ્રી ગીરધરલાલ હિંમતલાલ ગાંધી
૧૦૦૧	શ્રી કલ્યાણચંદ. માણેકચંદ
૧૦૦૧	શ્રી ચુનીલાલ ખેમરાજભાઈ શાહ
૧૦૦૧	શ્રી વેણીલાલ ચુનીલાલ શાહ
૧૦૦૧	શ્રી બચુભાઈ વીરચંદભાઈ શાહ
૧૦૦૧	શ્રી અમૃતલાલ અમરચંદ જસાણી
૧૦૦૧	શ્રી ઉમરશીભાઈ ભીમશીભાઈ વીરા
૧૦૦૧	શ્રી કેશવલાલ નરસીંહદાસ મહેતા
૧૦૦૧	શ્રી પ્રવિણચંદ્ર નરસીંહદાસ શાહ
૧૦૦૧	શ્રીમતી તારાબેન ચીમનલાલ શાહ, સાણંદ
૧૦૦૧	શ્રીમતી ભાનુબેન પ્રભુદાસ કોઠારી, ઘાટકોપર
૧૦૦૧	શ્રીમતી કમળાબેન ભોગીલાલ વલાણી

રૂપિયા	નામ
૧૦૦૧	શ્રી વીજપારભાઈ હીરાભાઇ
૧૦૦૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, ભોરીવલી
૧૦૦૧	જય ભવાની, સુરત
૫૦૦	શ્રી રમણીકલાલ હઠીચંદભાઈ
૫૦૦	શ્રી હિંમતલાલ ઝવેરભાઈ પાનેરાવાળા
૫૦૦	શ્રી શાંતીલાલ હેમચંદભાઈ શાહ
૫૦૧	શ્રી હરજીવનદાસ માણેકચંદ ગોપાણી
૫૦૧	શ્રી જયંતીલાલ રતનચંદ શાહ
૫૦૧	ડોકટર શ્રી આનંદલાલ બી. કોઠારી
૫૦૧	શ્રીમતી જાસુદબેન ખેમચંદભાઈ ગાંધી
૫૦૧	મે. લીઝ એન્ટરપ્રાઈઝ સુરત
૫૦૧	શ્રી તારાચંદ વેલચંદ જોગાણી
૫૦૧	શ્રી અંબીકા સીલ્ક કોર્પોરેશન
૫૦૧	ગ. સ્વ. શાન્તાબેન કુલચંદભાઈ દેસાઈ
૫૦૧	શ્રી પ્રભુદાસ મણીલાલ કામદાર
૫૦૧	શ્રી વરધીચંદ સુખલાલ શેઠ
૫૦૧	શ્રી ચીમનભાઈ ડોસાભાઈ પટેલ
૫૦૧	શ્રી જયંતીલાલ હરીલાલ ઝવેરી
૩૦૧	શ્રી ચંપકલાલ કુલચંદ રંગાટીયા
૩૦૧	શ્રી વિકાસ સીલ્ક કોર્પોરેશન
૩૦૧	શ્રી મહુમ અમથીબાઈ ટ્રસ્ટ
૨૫૧	શ્રી મુળજીભાઈ ખીમજીભાઈ
૨૫૧	શ્રી ભવાનજી મેઘજી
૨૫૧	શ્રી ભૂપેન્દ્ર નટવરલાલ ભાવસાર
૨૫૧	શ્રીમતી લીલાબેન કાંતીલાલ
૨૫૧	શ્રીમતી કાન્તાબેન હિંમતલાલ
૨૫૧	શ્રી ચંદ્રકાંતભાઇ નગીનદાસ ભાવસાર
૨૫૧	શ્રી શાંતીલાલ રામલાલજી
૨૫૧	શ્રી હીરાલાલ પુનમચંદ રંગરેજ
૨૫૧	શ્રી ભેરૂલાલ વચ્છરાજ
૨૫૧	શ્રીમતી હસુમતીબેન નટવરલાલ
૨૫૧	શ્રી વાડીલાલ ત્રિભોવનદાસ ગાંધી
૨૫૧	શ્રી વસ્તીલાલ લક્ષ્મીચંદ
૨૫૧	શ્રી વર્ધમાન પ્રભુદાસ તુરાખીયા
૨૦૧	શ્રી દલસુખભાઈ સાકરચંદ
૨૦૧	શ્રી રીખવચંદભાઇ જુગરાજજી

રૂપિયા	નામ
૨૦૧	શ્રી ભાઈલાલ જગજીવનદાસ શાહ
૨૦૧	શ્રીમતી વીજીબા
૧૫૧	શ્રીમતી સ્વ. કાંતાબેન ઠાકોરલાલ વકીલ
૧૫૧	સ્વ. શાંતીલાલ ફૂલચંદ ભાવસાર
૧૨૫	શ્રી ચીમનલાલ લલ્લુભાઈ વખારવાળા
૧૨૫	શ્રી હેમંતભાઈ મનહરલાલ વખારવાળા
૧૦૧	શ્રી કમલકાન્ત સુખલાલ શાહ
૧૦૧	શ્રી ચંદુલાલ સૌભાગ્યચંદભાઈ
૧૦૧	શ્રીમતી સવિતાબેન હરજીવનદાસ
૧૦૧	શ્રી નરોત્તમભાઈ હેમચંદ શાહ
૧૦૧	શ્રી નગીનદાસ અમુલખરાય શાહ
૧૦૧	શ્રી ધુડાભાઈ રવીચંદ ભણુશાળી
૧૦૧	શ્રી શંકરલાલ ગણેશમલ શાહ
૧૦૧	શ્રી સ્વ. ભીખીબેન અમીચંદ પટેલ
૧૦૧	શ્રી પ્રભાકર લલ્લુભાઈ રંગરેજ
૧૦૧	શ્રી કીરીટભાઈ મગનલાલ ચોકસી
૧૦૧	શ્રી વસંતભાઈ મગનલાલ ચોકસી
૧૦૧	શ્રી ઈશ્વરલાલ ઉત્તમચંદ કાંગરીવાળા
૧૦૧	શ્રી છોટુભાઈ અમીચંદ મહેતા
૧૦૧	શ્રીમતી હીરાબેન ખીમચંદ ગલીયારા
૧૦૧	શ્રીમતી રામરખીબેન અમુલખજી શાહ
૧૦૧	શ્રી કાંતીલાલ જેચંદભાઈ સંઘવી
૧૦૧	શ્રી કસ્તુરચંદ કરસનચંદ
૧૦૧	શ્રી અશોકકુમાર ગેલરચંદ એન્ડ કંપની
૧૦૧	એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૦૧	શ્રી રમેશભાઈ રમણલાલ શાહ
૧૦૧	ગં. સ્વ. કંચનબેન નરોત્તમભાઈ ભણુશાળી
૧૦૧	શ્રી મહેન્દ્રભાઈ લલ્લુભાઈ રંગરેજ
૧૦૧	શ્રી ગુણવંતલાલ તારાચંદ

*

૧૦૦૧	શ્રી અશ્વિનભાઈ મનસુખલાલ ગાંધી

રૂપિયા	નામ
૧૦૧	શ્રીમતી તારાબેન ચીમનલાલ કાપડીયા
૧૦૧	શ્રી શાંતીલાલ લક્ષ્મીચંદ ભાવસાર
૧૦૧	શ્રી રતીલાલ કાળીદાસ શાહ
૧૦૧	સ્વ ધુનમચંદ અમીચંદ પટેલ
૧૦૧	શ્રી છગનલાલ લક્ષ્મીચંદ વકીલ
૧૦૧	શ્રી મોહનલાલ અમરચંદ શાહ
૧૦૧	શ્રી હરખચંદ કાનજીભાઈ છેડા
૧૦૧	સ્વ. રતીલાલ છોટાલાલ ભાવસાર
૧૦૧	મેસર્સ બોમ્બે ટેક્ષટાઈલ્સ ટેરર્સ
૧૦૧	ડૉ. એમ. જી. મહેતા
૧૦૧	શ્રીમતી લીલાબેન ચીમનલાલ પરીખ
૧૦૧	શ્રી મોતાચંદ ઉત્તમચંદ ખોખંડવાળા
૧૦૧	શ્રી નગીનદાસ અમીચંદ શાહ
૧૦૧	શ્રી રાજેશકુમાર સુખરાજ
૧૦૧	શ્રી છગનલાલ શીવલાલ રેશમવાળા
૧૦૧	શ્રી નવીનચંદ્ર મોતીચંદ શાહ
૧૦૧	સ્વ. શારદાબેન અમૃતલાલ કોઠારી
૧૦૧	શ્રી માણેકચંદ ડાહ્યાભાઈ મોદી
૧૦૧	શ્રી બળવંતરાય ઉમેદચંદ
૧૦૧	શ્રી જયંતીલાલ એલ. પોલીશવાળા
૧૦૧	શ્રી ચીમનલાલ છોટાલાલ શાહ
૧૦૧	મેસર્સ યુનાઈટેડ સીલ્ક ટ્રેડર્સ
૧૦૧	મેસર્સ લક્ષ્મી સીલ્ક ટ્રેડર્સ
૧૦૧	શ્રી હર્ષદરાય ફૂલચંદ બર્માવાળા
૧૦૧	શ્રી મનુભાઈ કલ્યાણજી લાખાણી
૧૦૧	શ્રી મહાસુખભાઈ કેશવલાલ ચીતલીયા
૧૦૧	શ્રી મનુભાઈ ભગવાનદાસ ગોસલીયા
૧૦૧	શ્રી હસમુખરાય હરજીવનભાઈ પંચમીયા
૧૦૧	શ્રી સેવંતીલાલ જેગાણી
૧૦૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ દોલત નગર.

*

૨૫૧	શ્રી ભાણુભાઈ આર. મહેતા

"શ્રી" શારદા સિધ્ધ "સાહિત્ય સમિતિનું નિવેદન"

અમારા શ્રી સંઘના મહાન ભાગ્યોદયે અમારી વર્ષોની આગ્રહભરી વિનંતીને માન આપી ખંભાત સંપ્રદાયના પ્રખર વ્યાખ્યાતા, શાસનરત્ના, મહાવિદુષી બા. બ્ર. પૂ. **શારદાબાઈ** મહાસતીજી ઠાણા. ૧૩ સંવત ૨૦૩૬માં સૂરત શ્રી સંઘના આંગણે મંગલ ચાતુર્માસ પધાર્યા. જે મહાસતીજીની વાણી સાંભળવા જનતા દૂર દૂરથી દોડીને આવે છે એવા પૂ. મહાસતીજીના મુખેથી વહેતો જ્ઞાનગંગાનો પ્રવાહ ઝીલવાનો સુવર્ણ અવસર અમારા શ્રી સંઘને મળ્યો. પૂ. મહાસતીજીની સિંહગર્જના સમજણશીલી અને આત્મસ્પર્શી પ્રવચનધારાથી શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જાય છે. આવા પ્રતિભાશાળી પૂ. મહાસતીજીના વ્યાખ્યાન સંગ્રહોની એ વિશેષતા છે કે જૈન જૈનેતર સમાજ સીધી, સરળ ભાષામાં સમજી શકે ને જીવનમાં જાગૃતિ લાવી શકે. જ્યાં સાધુ-સાધ્વીજીઓ પહોંચી શકતા ન હોય ત્યાં આવા પુસ્તકો વાંચી જિજ્ઞાસુ ભાઈ બહેનો જૈન ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે. આ વાણીનો લાભ માત્ર સ્થાનકવાસી સમાજને જ નહિ પણ અન્ય જૈનેતરોને પણ મળે તે માટે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકો શ્રી સંઘોએ સુંદર ગ્રંથરૂપે બહાર પાડયા છે. તે પુસ્તકો ભારતમાં જ નહિ પણ પરદેશમાં તે પુસ્તકો પહોંચ્યા છે. એ પુસ્તકો વાંચીને અનેક જીવોના જીવન બદલાયા છે. વ્યાખ્યાન સંગ્રહનું વાંચન, મનન જીવનનો રાહ બતાવવામાં માર્ગદર્શક બને છે. તેથી પૂ. મહાસતીજીના સુરત ચાતુર્માસના વ્યાખ્યાનો ગ્રંથ રૂપે બહાર પાડવા તેવો અમારી સમિતિએ નિર્ણય કર્યો. તે માટે અમે પૂ. મહાસતીજીને વાત કરી. પૂ. મહાસતીજીએ કહ્યું કે મારે વ્યાખ્યાન છપાવવા નથી પણ અમારી આગ્રહભરી વિનંતીને પૂ. મહાસતીજીએ માન્ય રાખ્યા આથી અમારી સમિતિએ પુસ્તક પ્રકાશનનો નિર્ણય કર્યો.

આ નિર્ણય થતા આ ભગીરથ કાર્યને સફળ બનાવવા અમારા સંઘના દાનવીર, ઉત્સાહી યુવાન કાર્યકર ભાઈ શ્રી **બાબુભાઇ પુનમચંદ ગાંધી** તથા **રમણીકલાલ રેવચંદ શાહ** સામેલ થયા. તેમણે રૂપિયા એકવીસ હજાર (૨૧,૦૦૦) જેવી માતબર રકમ પ્રકાશકના નામ માટે આપી. આવા સહૃદયી ઉદાર દાતાઓથી જૈન સમાજ ઉજ્જવળ છે. આ તકે તેમનો અંતરથી આભાર માનીએ છીએ. આ ઉપરાંત બીજા દાતાઓએ પણ ઘણી સારી રકમો આપીને અમારા કાર્યમાં ખૂબ સાથ આપ્યો છે. જેની યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. એ સર્વે દાતાઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આવી કારમી મોંઘવારીમાં આવું એક હજાર પાનાનું દળદાર, સુંદર, સુઘડ છપાઈ અને બાઈન્ડીંગવાળા પુસ્તકની કિંમત આશરે રૂ. ૨૭ થી ૨૮ પડે. છતાં તે પુસ્તક અમે માત્ર નવ રૂપિયામાં આપવાનો નિર્ણય કર્યો તે દાતાઓને આભારી છે. આ લોકપ્રિય વ્યાખ્યાન સંગ્રહના પાંચ કે તેથી વધુ પુસ્તકોના અગાઉથી ગ્રાહકો થનાર સૌનો તેમજ આ કાર્યમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સહકાર આપનાર તેમજ પ્રેસ મેનેજર શ્રી ડાહ્યાભાઈ તથા પ્રેસના સૌ કાર્યકરોનો પણ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

લી. નમ્ર સેવકો.

૧ શ્રી કુલચંદભાઈ જૈન	પ્રમુખ	૮ શ્રી ચંદુલાલ અમૃતલાલ જસાણી	સભ્ય
૨ શ્રી છબીલદાસ એલ. મહેતા	ઉપપ્રમુખ	૯ શ્રી જયંતિલાલ ભોગીલાલ શાહ	સભ્ય
૩ શ્રી દેવચંદભાઈ ફોજમલાલ શાહ	મંત્રી	૧૦ શ્રી ભાઈલાલભાઈ જગજીવનદાસ શાહ	સભ્ય
૪ શ્રી ધરમચંદ મગનલાલ ખાટડીયા	મંત્રી	૧૧ શ્રી ચીમનલાલ લલ્લુભાઈ વખારવાળા	સભ્ય
૫ શ્રી નરેન્દ્રભાઈ સાકરચંદ સાડીવાળા	મંત્રી	૧૨ શ્રી ધનસુખભાઈ ખીમચંદભાઈ શેરદલાલ	સભ્ય
૬ શ્રી બાબુલાલ પી ગાંધી	ખજાનચી	૧૩ શ્રી મોતીલાલભાઈ જૈન	સભ્ય
૭ શ્રી બચુભાઈ વીરચંદ શાહ	સભ્ય	૧૪ શ્રી ભેરૂમલભાઈ શાહ	સભ્ય

પ્રકાશકનું નિવેદન

ખંભાત સંપ્રદાયના ઝળહળતા શાસનના સિતારા, શાસન રત્ના, દિવ્ય તેજસ્વી, પ્રતિભાશાળી, પ્રખર વ્યાખ્યાતા, મહાવિદુષી બા. બ્ર. પૂ. **શારદાબાઇ** મહાસતીજી કે જેમની વાણીમાં એવું ઓજસ અને જાદુ ભરેલું છે કે જેમની વાણી સાંભળતા નાસ્તિક આસ્તિક બની જાય, પાપી પુનિત બની જાય, અધર્મી ધર્મી બની જાય, ભોગી ત્યાગી બની જાય અને છેવટે સંસારી સંયમી બની જાય એવા પૂ. મહાસતીજીનો ૨૩-૨૩ વર્ષે અમારા ક્ષેત્રને મંગલ ચાતુર્માસનો મહાન લાભ મળ્યો. પૂ. મહાસતીજીના પુનિત પગલા અમારા ક્ષેત્રમાં થયા ત્યારથી સુરત શ્રી સંઘના દરેક ભાઈ બહેનોના હૈયા હર્ષથી નાચી ઉઠયા.

છેલ્લા કેટલાય વર્ષોથી મેં પૂ મહાસતીજીનું નામ ને તેમની યશોગાથા સાંભળી હતી પણ હું તેમના પરિચયથી સાવ અજાણ હતો. પૂ. મહાસતીજીનું ચાતુર્માસ સંવત ૨૦૩૪માં મલાડ થયું ત્યારે હું પૂ. મહાસતીજીના દર્શનાર્થે ગયો હતો. ત્યાં પૂ. મહાસતીજીની પ્રતિભાશાળી મુખમુદ્રા અને ઓજસ્વી, જોશીલી શૈલીથી થતા પ્રવચનો સાંભળ્યા. ત્યાં મારા મનમાં થયું કે અહો! આ મહાસતીજીનું વ્યાખ્યાન કેટલું અસરકારક ને જીવનપલ્ટો કરાવે એવું છે? જો આ મહાસતીજીનું ચાતુર્માસ અમારા ક્ષેત્રમાં થાય તો કેવો અજબ રંગ આવે! તેમાં અમારા સુરત સંઘની પૂ. મહાસતીજીના ચાતુર્માસ માટે જોરદાર વિનંતી ચાલુ હતી. અમારા શ્રી સંઘના ને અમારા મહાન ભાગ્યોદયે પૂ. મહાસતીજીએ ચાતુર્માસની સ્વીકૃતિ આપી ને તેમનું ચાતુર્માસ સુરતમાં નક્કી થયું. પૂ. મહાસતીજીએ ૭ ૭ વર્ષ બૃહદ મુંબઈના ક્ષેત્રોમાં વિચરી જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની જે સુવાસ ફેલાવી છે અને તેમની પ્રભાવશાળી વાણીએ જનતાના દિલમાં એવી જાદુઈ અસર કરી છે કે જેથી મુંબઈની જનતા હજુ પૂ. મહાસતીજીના ચાતુર્માસ માટે ઝંખી રહી હતી છતાં પૂ. મહાસતીજી અમારી આગ્રહભરી વિનંતીને માન આપી મુંબઈના ક્ષેત્રોમાંથી વસમી વિદાય લઈ સુરત શ્રી સંઘના આંગણે પધાર્યા.

પૂ. મહાસતીજી વર્ષીતપના પારણા પ્રસંગે પધાર્યા ત્યારે પૂ. મહાસતીજીની સિંહગર્જના જેવી જોરદાર, હૃદયવેધક, તેજસ્વી વાણીનું પાન કરતા મારા દિલમાં એવી સ્ફુરણા જાગી કે આવા મહાનજ્ઞાની, વિદુષી પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનું જો પ્રકાશન કરવામાં આવે તો જનતા ઘેર બેઠા પણ તેમના વ્યાખ્યાનનો લાભ લઈ શકે. મને જણાવતા અતિ આનંદ થાય છે કે આ અગાઉ પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના ૧૧ પુસ્તકો પ્રકાશિત થઈ ચૂકયા છે અને તે પુસ્તકોની નકલો દશ દશ હજારને આઠ આઠ હજાર જેવી બહાર પડવા છતાં આજે એક પુસ્તક પણ બળતું નથી, તો આ પુસ્તકોએ જનતાના દિલમાં કેવું આકર્ષણ કર્યું હશે કે એ પુસ્તકો માટે પડાપડી થાય છે. આ ચાતુર્માસના વ્યાખ્યાનોનું પુસ્તક જો બહાર પડે તો જનતાને વિશેષ ને વિશેષ લાભ થાય. જો કે મુંબઈમાં પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકો બહાર પડયા છે પણ અમારા સુરત શ્રી સંઘમાં તો આજ સુધી કયારે પણ આવું સુંદર, રસદાર પુસ્તક બહાર પડયું નથી. સુરત સંઘના ઈતિહાસમાં આ પ્રથમ વાર છે. જૈન-જૈનેતરોને પૂ. મહાસતીજીના વ્યાખ્યાનનો લાભ કેમ વધુને વધુ મળે તે હેતુથી પુસ્તક પ્રકાશનનો મહાન લાભ મારે લેવો છે એવો દૃઢ નિર્ણય કર્યો ને અમે પૂ. મહાસતીજી પાસે

અમારી ભાવના પ્રદર્શિત કરી. પૂ. મહાસતીજીએ પુસ્તક છપાવવાની ના પાડી. અમારા શ્રી સંઘે ખૂબ આગ્રહ કર્યો ને હા પડાવી. મારી ભાવના સાકાર રૂપે બનવાથી મારા દિલમાં અપૂર્વ આનંદ થયો. શ્રી સંઘે પુસ્તક પ્રકાશનનો જે મહાન લાભ મને આપ્યો છે તેના માટે હું સંઘનો આભારી છું.

પૂ. મહાસતીજી મંગલ ચાતુર્માસ પધાર્યા ત્યારથી તેમની વાણીનો પ્રવાહ અસ્ખલિતપણે ચારે માસ વહી રહ્યો છે. પૂ. મહાસતીજીના આધ્યાત્મિક રસથી ભરપૂર, વૈરાગ્ય રસથી નીતરતા, ભાવવાહી શૈલીથી થતા પ્રવચનો સાંભળવા માટે ઉપાશ્રય માનવમેદનીથી ભરચક રહ્યો છે મારા જેવા કંઈક નવયુવાન ભાઈઓ ધર્મના રંગે રંગાયા ને રોજ વ્યાખ્યાનનો લાભ લેતા થઈ ગયા. પૂ. મહાસતીજીના વ્યાખ્યાન સાંભળવા દેરાવાસી ભાઈ બહેનો પણ રોજ આવતા. આ બતાવી આપે છે કે પૂ. મહાસતીજીએ જૈન સમાજ ઉપર કેટલું આકર્ષણ કર્યું છે! પૂ. મહાસતીજીના પ્રભાવે અમારું ચાતુર્માસ દાન, શીયળ, તપ અને ભાવનાથી ખૂબ ગાજતું ને ગુંજતું બન્યું છે. આ ચાતુર્માસ સુરતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાય એવું ભવ્ય ને યાદગાર બન્યું છે,

પૂ. મહાસતીજીએ આ ચાતુર્માસમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩મા અધ્યયનનો અધિકાર ચિત્ત-સંભૂતિય અને ભીમસેન-હરિસેન ચરિત્ર ખૂબ સુંદર રીતે તેમની હૃદયસ્પર્શી જોશીલી શૈલીમાં ફરમાવ્યું છે. જે ખૂબ બોધદાયકને રસપ્રદ છે. જે સાંભળતા શ્રોતાઓના હૃદય હચમચી ઉઠતા. આ પુસ્તકમાં સંસારના જીવો દુઃખથી કેમ છૂટે ને શાશ્વત સુખને કેમ પામે તેમજ નિયાણું કરવાથી જીવની કેવી દુર્દશા થાય છે ને પરિણામે તેની દુર્ગતિ થાય છે અને નિયાણા રહિત કરણી કરવાથી જીવ મોક્ષના મહાન સુખને કેવી રીતે મેળવે છે તેમજ ભીમસેન હરિસેન ચરિત્રમાં પૂર્વે કરેલા કર્મો જીવને કેવી રીતે ભોગવવા પડે છે. આ બધું આબેહૂબ સુંદર વર્ણન કરેલું છે. ખરેખર પૂ. મહાસતીજીના પુસ્તકો વાંચતા જાણે પ્રત્યક્ષ આપણે તેમના સ્વમુખે સાંભળતા હોય તેવો અનુભવ થાય છે. આ પુસ્તક સમાજની પાસે મૂકતા અમને ઘણો આનંદ થાય છે તો જિજ્ઞાસુ જીવો અને સમાજ તેમાંથી બોધપાઠ લઈને આધ્યાત્મ પંથે જરૂર આગળ વધશે એ જ અભ્યર્થના.

આ પુસ્તકના પ્રકાશનમાં અન્ય દાતાઓએ જે ફાળો આપી તથા ગ્રાહકો બની લાભ લીધો છે તે સર્વેનો હું આભાર માનું છું. વિશેષ પુસ્તક પ્રકાશનમાં તો સાચા અંતથી વ્યાખ્યાન સંગ્રહ કરવા બદલ તત્ત્વચિંતક પૂ. કમળાબાઈ મહાસતીજીનો તથા બા. બ્ર. પૂ સંગીતાબાઈ મહાસતીજીનો અને જેમણે કાળજીપૂર્વક પ્રૂફો તપાસ્યા તે બધા મહાસતીજીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

લી. બાબુભાઇ પુનમચંદ ગાંધી
રમણીકભાઈ રેવચંદભાઈ શાહ.

પ્રખર વ્યાખ્યાતા, બાલ બ્રહ્મચારી, વિદુષી

" પૂ. શારદાબાઈ મહાસતીજીની જીવનરેખા "

" પ્રેરણાદાયી વૈરાગ્યમય જીવન "

પવિત્ર ભારતભૂમિ એ અનેક વીર રત્નોની ખાણ છે. જે ભૂમિમાં અનેક તીર્થંકરો, કેવળી ભગવંતો અને શાસનના વીરલા ને હીરલા જેવા તેજસ્વી રત્નો થયા છે. તેવા શાસન રત્નોથી આજે પણ આ ભૂમિ ઝળહળી રહી છે. તે રત્નોમાં એક છે જૈન શાસનમાં એક સાધ્વી તરીકે રહી જેમણે જૈને શાસનનો ડંકો દેશોદેશમાં વગાડી, જ્ઞાનની પરમ તેજસ્વી પ્રભા પ્રગટાવી અનેક સુષુપ્ત આત્માઓની ચેતનાને જાગૃત કરી અધ્યાત્મ માર્ગે વાળ્યા છે, જેમણે દિવ્ય જીવન જીવવાની કળાનો અપૂર્વ બોધપાઠ જગતને આપ્યો છે, જેમના નામથી આજે કોઈ પણ વ્યક્તિ અજાણ નહિ હોય, એવા છે ખંભાત સંપ્રદાયના પ્રખર વ્યાખ્યાતા શાસનરત્ના, મહાન વિદુષી બા. બ્ર. પૂ. **શ્રી શારદાબાઈ મહાસતી**જી.

સંત પુરૂષોને જન્મ આપનાર માતા પણ અમર બની જાય છે. તારાઓના સમૂહરૂપ હજારો બાળકોને જન્મ આપનાર અનેક માતાઓ હોય છે પણ સૂર્ય સમાન મહાન તેજસ્વી, યશસ્વી શાસનરત્નોને જન્મ આપનાર માતાઓ વિરલ હોય છે. આદર્શ માતાઓ જ જૈન શાસનમાં ધર્મ ધુરંધર બની શકનાર આત્માઓને જન્મ આપી શકે છે અને પોતાના સંતાનોને વીરતાના, ધૈર્યતાના પાઠો પઢાવી, સદ્‌ગુણોના શણગારોથી શણગારી સંતાનોની મહામૂલ્ય ભેટ જૈન શાસનને અર્પણ કરી શકે છે, તેથી આવા શાસનરત્ના સતીજીના જીવનની રૂપરેખા આલેખતા પહેલા તેમના જન્મદાતા માતા–પિતાનું આલેખન કરવાનું મન થઈ જાય છે.

શાસનપ્રેમી ધર્મરસિક પિતા વાડીભાઈ તથા સદ્‌ગુણોથી શોભતા માતા સકરીબહેને જૈન શાસનને ઉજ્જવળ કરનાર અને સંપ્રદાયની શાન વધારનાર, જીવન ઉધ્ધારક, પ્રતિભાશાળી, મહાનસતીરત્ન બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીને સંવત ૧૯૮૧ના માગશર સુદ ૧૧ ના પવિત્ર દિવસે મધ્યરાત્રીએ સાણંદ શહેરમાં જન્મ આપ્યો. ખરેખર કોને ખબર હતી કે આ નાનકડી બાળા ભવિષ્યમાં વીર પ્રભુના મહાન ત્યાગ માર્ગે પ્રયાણ કરી પોતાના સદ્‌ગુણ સુમનની સૌરભ સારી દુનિયામાં પ્રસરાવી, અમૃત વાણીના સિંચનથી ભવ્ય જીવોને બળતા દાવાનળમાંથી ત્યાગની શીતળ તપોવન ભૂમિમાં લાવી માતા પિતાના નામને દુનિયામાં રોશન કરશે. આ ભાગ્યશાળી માતા સકરીબહેનને પાંચ દીકરીઓ અને બે દીકરા હતા. જેમાં અત્યારે ચાર દીકરીઓ અને બે દીકરા મોજુદ છે. આપણે તો મુખ્ય વાત જૈનશાસનને જયવંત રાખનાર શાસનદીપિકા બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના જીવનની રૂપરેખા લખવી છે તેથી તેમના જીવનના પ્રસંગો વિચારીએ.

શિશુવયને વટાવી બાલ્યવયના પ્રાંગણમાં પગ મૂકતા શારદાબહેનને તેમના ઉપકારી

માતા પિતાએ સાણંદની ગુજરાતી શાળામાં અભ્યાસ અર્થે મોકલ્યા. જીવનમાં સુસંસ્કાર અને સદ્‌ગુણરૂપી નેગેટીવ અને પોઝેટીવ વાયરના તારો જ્યાં કામ કરી રહ્યા હોય ત્યાં જીવનમાં ઝળહળતા પ્રકાશની રોશની પ્રગટે તેમાં શું આશ્ચર્ય ! તેમ આપણા શારદાબહેનને એક તરફ સુસંસ્કારી આદર્શ માતાપિતાના સંસ્કારનું સિંચન મળ્યું અને બીજી તરફ તેમના પૂર્વના સંસ્કારોના કિરણો પુરૂષાર્થ દ્વારા પ્રકાશ પામતા ગયા. તે અનુસાર સ્કુલમાં છ ગુજરાતી સુધીનો અભ્યાસ કર્યો અને સાથોસાથ જૈનશાળામાં જઈ ધાર્મિક અભ્યાસ કરવા લાગ્યા.

શારદાબહેન બાલપણમાં સ્કુલમાં જાય છે છતાં વિરકત ભાવમાં રહે છે. તેમની બાલ સખીઓ શાળામાં રમતી હોય, ગરબા ગાતી હોય છતાં આ બાળા કયાંય રસ લેતી નથી. તેનું મન કયાંય ચોંટતું નથી. જૈનશાળામાં આ બાળા ધાર્મિક અભ્યાસ માટે જાય છે. મહાન વીર પુરૂષોની, સતીઓની કથાઓ સાંભળી તેનું મન કોઈ અગમ્ય પ્રદેશમાં વિચારવા લાગે છે. ચંદનબાળા, નેમ–રાજુલ, મલ્લીકુંવરી, મૃગાવતી, પદ્‌માવતી વિગેરે કથાઓ સાંભળી જૈનશાળામાં ભણતી બાળાઓને કહે કે સખી ! ચાલો, આપણે દીક્ષા લઈએ. આ સંસારમાં કંઈ નથી. આવા મનોભાવ બાલ્યાવસ્થામાં કુમારી શારદાબહેનને આવે છે. તેમાં પોતાની બહેન વિમળાબહેનના પ્રસૂતિના પ્રસંગે થયેલ મૃત્યુએ ચૌદ વર્ષની બહેન શારદા ઉપર સંસારની અસારતાની સચોટ અસર કરી. અરેઅર, માનવીને જિંદગીનો શો ભરોસો ! મૃત્યુ કઈ ક્ષણે આવશે તેની કોઈને ખબર છે ? આજની ક્ષણ સુધારવી એમાં જ માનવ જીવનની મહત્તા છે, આવા વિચારોથી આ બાળાનું મન દીક્ષા પ્રત્યે દઢ થતું હતું. માતા–પિતાએ જાણ્યું કે બહેન શારદાનું મન સંસાર ભાવથી વિરક્ત બન્યું છે. તે સંસારના સ્વરૂપને લાવારસ સમાન માની આત્મકલ્યાણની કોલેજમાં દાખલ થવા માટે વિનય, નમ્રતાના કિંમતી અલંકારોથી સજ્જ બનવા મહાન ભાગવતી દીક્ષા અંગીકાર કરવાની આશાઓ સેવી રહી છે. માતા–પિતાનું વાત્સલ્યભર્યું હૈયું પોતાની લાડીલી વહાલસોયી દીકરીને ખાંડાની ધાર સમાન સંયમ માર્ગે પ્રયાણ કરવા આજ્ઞા આપી શકતું નથી.

"શાસન શિરોમણી મહાન રત્નચંદ્રજી ગુરૂદેવનો સમાગમ" :–સંવત ૧૯૯૫માં ખંભાત સંપ્રદાયના સ્વ. ગચ્છાધિપતિ, શાસન શિરોમણી, જિનશાસન નભોમણી ચારિત્ર ચુડામણી આચાર્ય બા. બ્ર. પૂ. શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબનું ચાતુર્માસ સાણંદમાં થયું. પૂ. ગુરૂદેવના ઉપદેશથી શારદાબહેનનો વૈરાગ્ય વધુ દઢ બન્યો પૂ. ગુરૂદેવને ખબર પડી કે વાડીલાલભાઈ શ્રાવકનું કન્યારત્ન દીક્ષા લેવાના ભાવ રાખે છે, તેથી તેમણે શારદાબહેનને બોલાવીને કસોટી કરી. હે બહેન ! સંયમ માર્ગ એ ખાંડાની ધાર છે. એ માર્ગે વિચરવું કઠીન છે. સંસારના સુખો અને રંગરાગ છોડવા સહેલા નથી. બાવીસ પરિષહ સહન કરવા મુશ્કેલ છે. બહેન ! તારી ઉંમર સાવ છોટી છે. આત્મોન્નતિનો માર્ગ ઘણી સાધના માગે છે. તમે આ બધું કરી શકશો ?

માતાપિતાની શીતળ છાયા છોડી શકશો ? માતા–પિતા રજા આપશે ? જુઓ. હવે વૈરાગી શારદા બહેનનો જવાબ પણ કેવો વૈરાગ્યભર્યો છે ! તેમણે કહ્યું ગુરૂદેવ ! મારી સંપૂર્ણ તૈયારી છે. (અંતરના ઉંડાણનો અંતરંગ વૈરાગ્યનો આ રણકાર હતો.) જેને મન સંસાર અનર્થની ખાણ છે અને જેને છોડવું છે તેને કોણ રોકનાર છે ? ક્ષણિક જીવનમાંથી આત્મપ્રકાશ લેવાની મારી અહોનિશ ભાવના છે.

હજુ બાલ્યવયના પ્રાંગણમાં રમતી બાળાની સંયમ પંથે પ્રયાણ કરવાની કેટલી તીવ્ર ઉત્કંઠા છે. સંયમી જીવનની મોજ માણવા તેનું અંતર ઝંખી રહ્યું છે, જેથી હવે સંસારમાં વ્યતીત થતી ક્ષણો તેને યુગો જેવી વસમી લાગે છે. પૂ. ગુરૂદેવને ખાત્રી થઈ કે આ કન્યારત્ન દીક્ષા લઈને જૈન શાસનને અજવાળશે, સંપ્રદાયની શાન વધારશે અને ખંભાત સંપ્રદાયમાં ભવિષ્યમાં એવો પ્રસંગ આવશે કે સંપ્રદાયનું સુકાન તે ચલાવશે, અને શાસનને રોશન કરશે. એ ચાતુર્માસમાં વૈરાગી શારદાબહેને પૂ. ગુરૂદેવની સાનિધ્યમાં ટૂંક સમયમાં દશવૈકાલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને થોકડા કંઠસ્થ કર્યા. તેમણે માત્ર ૧૫ વર્ષની ઉંમરમાં ટ્રેઈનની મુસાફરી ન કરવી અને બસમાં અમદાવાદથી આગળ ન જવું તેવી મનથી દૃઢ પ્રતિજ્ઞા કરી. આ બતાવી આપે છે કે શારદાબહેનનો વૈરાગ્ય કેટલી ઉચ્ચ કોટીનો હશે !

"દૃઢ વૈરાગી શારદાબહેનની કસોટી" :–શારદાબહેનના માતા પિતાએ તેમના ભાઈજી હીરાચંદભાઈ, સકરચંદભાઈ ન્યાલચંદભાઈ, ખીમચંદભાઈ, ચીમનભાઈ, તેમના મામા નરસિંહભાઈ સંઘવી, તેમજ કેશવલાલભાઈ આદિ બધાએ બહેન શારદાને સમજાવવા ઘણા પ્રયત્નો કર્યા ને ઘણી આકરી કસોટી કરી છતાં શારદાબહેન પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. એકના બે ન થયા, તેથી માતા પિતાને ઘણું દુઃખ થયું ને કહ્યું કે અમે અન્નજળનો ત્યાગ કરીશું પણ જેની રગેરગમાં વૈરાગ્યનો સ્રોત વહી રહ્યો છે જેના ચિત્તડામાં ચારિત્રની ચટપટી લાગી છે ને સંસાર રૂપી જ્વાળામુખીથી સુરક્ષિત રહેવા માટે જેમણે મેરૂ પર્વત જેવી અડોલ, અડગ દૃઢ શ્રધ્ધાને ધારણ કરી છે તે શું વૈરાગ્યભાવથી ચલિત થાય ખરા ? વિવિધ પ્રકારની આકરી કસોટી કર્યા બાદ તેમને ભાવનામાં અડગ, નિષ્કંપન જોઈને માતા પિતાએ કહ્યું કે અત્યારે સોળ વર્ષની ઉંમરે નહિ પણ ૨૧ વર્ષની ઉંમરે દીક્ષા માટે રજા આપીશું, પરંતુ શારદાબહેન તો ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લેવામાં મક્કમ હતા. તેમણે કહ્યું કે સત્તર વર્ષની વિમળાબહેનના મૃત્યુને કોઈ રોકી શકયું નહિ તો મારી જિંદગીનો શો ભરોસો ? મારું મન વૈરાગ્યના રંગે રંગાયેલું છે. તેમાં પીછેહઠ થનાર નથી. અંતે શારદાબહેનનો વિજય થયો ને માતાપિતાએ રાજીખુશીથી દીક્ષાની આજ્ઞા આપી,

"શારદાબહેનનો ભાગવતી દીક્ષા મહોત્સવ" :– સંવત ૧૯૯૧ના વૈશાખ સુદ છઠ્ઠ તા. ૧૩–૫–૧૯૪૦ને સોમવારે સાણંદમાં તેમના માતા–પિતાના ઘેરથી ભવ્ય રીતે ખૂબ ધામધૂમથી શારદાબહેનનો દીક્ષા મહોત્સવ ઉજવાયો. સાણંદ શહેરમાં બહેનોમાં

સૌ પ્રથમ દીક્ષા શારદાબહેનની થઈ તેથી આખું ગામ હર્ષના હિલોળે ચઢ્યું. દીક્ષાવિધિ પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજસાહેબે કરાવી. ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને ગુરૂણી પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શિષ્યા બન્યા. સાથે સાણંદના બીજા બહેન જીવી બહેન પણ તેમની સાથે દીક્ષિત થયા હતા અને તે પણ પૂ. પાર્વતીબાઇ મહાસતીજીના શિષ્યા બન્યા. જીવી બહેનનું નામ પૂ. જશુબાઈ મહાસતીજી અને શારદાબહેનનું નામ બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજી રાખવામાં આવ્યું. આ રીતે વૈરાગી વિજેતા બન્યા.

તેમના પૂ. પિતાશ્રી વાડીભાઈ અને માતુશ્રી સકરીબહેન, ભાઈશ્રી નટવરભાઈ તથા પ્રાણલાલભાઈ, ભાભી અ. સૌ. નારંગીબહેન, અ. સૌ. ઈન્દીરા બહેન, બહેનો અ. સૌ. ગંગાબહેન અ.સૌ. શાંતાબહેન અ.સૌ. હસુમતીબહેન બધા ધર્મપ્રેમી છે, અને સંસ્કારી કુટુંબ છે. સાણંદમાં તેમને કાપડનો સારો વહેપાર છે. શારદાબાઈ મહાસતીજીના સંસારી પિતા શ્રીયુત વાડીલાલ છગનલાલ શાહ સંવત ૨૦૨૧ ના વૈશાખ સુદ ૪ના મંગળવાર તા. ૪–૫–૬૫ના રોજ સાણંદ મુકામે પહેલી વખતના હાર્ટફેલના હુમલાથી અવસાન પામ્યા છે. મૃત્યુની અંતિમ ઘડી સુધી વિશુદ્ધ ભાવો અને મન ધર્મધ્યાનમાં રહેતું હતું. તેઓશ્રી અને તેમના ધર્મપત્ની તથા પુત્રો, પુત્રવધૂઓ અને પુત્રીઓ બધા મહાસતીજીની સાનિધ્યમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરતા અને જ્યારે પૂ. મહાસતીજીના દર્શન કરવા આવે ત્યારે શુભ ખાતામાં સારી રકમ ભેટ આપતા.

આદર્શ માતાનું સમાધિમય મૃત્યુ:– પૂ. શારદાબાઈ મહાસતીજી મુંબઈથી વિહાર કરી સંવત ૨૦૨૩માં દેશમાં પધાર્યા ત્યારે વિહાર કરતા કરતા સંવત ૨૦૨૫ માં સાણંદ પધાર્યા. તે વખતે તેમના સંસારી માતુશ્રી સકરીબહેનની તબિયત હાર્ટની ટ્રબલ અને ડાયાબીટીશના કારણે નરમ હતી. અસહ્ય દર્દમાં પણ તેમની સમતા અજબ હતી. સકરીબહેનના પુત્રો, પુત્રવધૂઓ તથા પુત્રીઓએ પ્રેમથી અને લાગણીથી તેમની જે સેવા કરી છે તે આજના સંતાનો ભાગ્યે કરી શકે. પૂ. મહાસતીજી જ્યારે સાણંદથી વિહાર કરવાના હતા ત્યારે સકરીબહેને કહ્યું મહાસતીજી ! આપ ભાવનગર ચાતુર્માસ પધારશો પછી હું આપના દર્શન નહિ કરી શકું. મારા માટે આપના આ છેલ્લા દર્શન છે, ત્યારે મહાસતીજીએ કહ્યું. તમે આમ કેમ બોલો છો ? ત્યારે તેમણે કહ્યું હવે આ નશ્વર દેહનો ભરોસો નથી, માટે મને ધર્મારાધના કરાવો. પૂ. મહાસતીજી પાસે એક મહિના સુધી સતત શાસ્ત્રવાંચન સાંભળ્યું. ઘણા પચ્ચખાણ લીધા અને પોતાની આત્મસાધનામાં જોડાવા લાગ્યા, પછી પૂ. મહાસતીજીએ ભાવનગર તરફ વિહાર કર્યો. સકરીબહેનની તબિયત વધુ બગડતા વી. એસ. હોસ્પિતાલમાં દાખલ કર્યા. ૧૦ દિવસો બાદ અષાડ સુદ ૧૧ ના તબિયત વધુ બગડતા સાંજના પાંચ વાગે તેમણે કહ્યું કે મને સંથારો કરાવો. હવે મારી જીવનયાત્રા પૂર્ણ થાય છે, આથી તેમનો પરિવાર વિચારમાં પડી ગયો ને બાજુના રૂમમાં દાખલ થયેલા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સાધ્વીજીને

બોલાવ્યા. તેમણે તરત સાગારી સંથારો કરાવ્યો. બધા વ્રત પચ્ચખાણ લીધા અને અડધા કલાક બાદ સમાધિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કર્યો. ખરેખર જે માતાએ જૈન શાસનને આવું અણમોલું રત્ન અર્પણ કર્યું હોય તે માતાના જીવનમાં ધર્મ ઓતપ્રોત હોય એ સહજ છે. તે તેમની અંતિમ ભાવના ઉપરથી જણાઈ આવે છે.

આ વિરાટ સંસાર સાગરમાં જીવનનૈયાના કુશળ સુકાની માત્ર ગુરૂદેવ છે. તે પ્રમાણે પૂ. શારદાબાઈ મહાસતીજીએ પોતાની જીવનનૈયાને પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શરણે હંમેશને માટે તરતી મૂકી, અને પોતાનું જીવન તેમની આજ્ઞામાં અર્પણ કરી દીધું. પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવ પાસે સંયમી જીવનની બધી કળા શીખી લીધી. છોટી ઉંમરમાં દીક્ષા લેવા છતાં સંયમ લઈને પૂ. ગુરૂદેવ અને ગુરૂણીદેવની આજ્ઞામાં એવા સમાઈ ગયા કે પોતાના જીવનકાળ દરમ્યાન કયારે પણ ગુરૂ આજ્ઞાનું ઉલ્લંઘન તો શું પણ સામે દલીલ કે અપીલ પણ કરી નથી. ખરેખર; મુક્તિનગરના પથિક બનનાર આત્માના ઉપવનમાં જ્યારે સદ્‌ગુરૂદેવની આજ્ઞા રૂપ સર્ચલાઈટ પ્રકાશે છે ત્યારે તેમનું જીવન હજારો ટ્યુબલાઈટના પ્રકાશ કરતા પણ વધુ પ્રકાશિત બને છે. તે આજે પણ આપ પ્રત્યક્ષ નિહાળી શકો છો. આ રીતે પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીદેવની શીતળ છત્રછાયા મેળવ્યા પછી પૂ. મહાસતીજીના ધાર્મિક અભ્યાસનો પુરૂષાર્થ પ્રબળ બન્યો, અને ઘણું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રોનું વાંચન કર્યું. સંસ્કૃત પ્રાકૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું. આ જ્ઞાનનો લાભ બીજાને આપતા અલ્પ સમયમાં પ્રતિભાશાળી અને પ્રખર વ્યાખ્યાતા તથા વિદુષી તરીકે પૂ. શારદાબાઈ મહાસતીજી ખ્યાતિ પામ્યા. ખરેખર બંભાત સંપ્રદાયનું આ શાસનરત્ન પોતાના જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપની મઘમઘતી સુવાસથી સારા જૈનશાસનનું કોહીનુર રત્ન બનીને પ્રકાશી રહ્યું છે.

પૂ. મહાસતીજી જ્યારે વ્યાખ્યાન આપે છે ત્યારે માત્ર વિદ્વતા જ નહિ પણ આત્માના ચૈતન્યની વિશુદ્ધિનો રણકાર તેમના અંતરના ઉંડાણમાંથી આવે છે. ધર્મના, તત્વના શબ્દાર્થ, ભાવાર્થ, ગૂઢાર્થને એવી ગંભીર અને પ્રભાવક શૈલીમાં વિવિધ ન્યાય, દૃષ્ટાંત આપીને સમજાવે છે કે શ્રોતાવૃંદ તેમાં તન્મય ચિન્મય બની જાય છે, અને અપૂર્વ શાંતિથી શારદા સુધાનું રસપાન કરે છે. તેમની વાણીમાં આત્માનો અંતરધ્વનિ આવે છે અને તે ધ્વનિએ અનેક જીવોને પ્રતિબોધ પમાડયા છે. સુષુપ્ત આત્માઓને ઢંઢોળીને સંયમ માર્ગે દોર્યા છે. તેમાં પૂ. મહાસતીજીના પ્રવચનોના પુસ્તકોએ તો લોકોમાં એવું જાદુ કર્યું છે કે જે પુસ્તકોનું વાંચન કરી લુહાણા જેવા ભાઈઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું છે. કંઈક જીવોએ વ્યસનોનો ત્યાગ કર્યો. નાસ્તિકમાંથી આસ્તિક બન્યા, પાપીમાંથી પુનિત બન્યા ને ભોગીમાંથી ત્યાગી બન્યા. આવા તો કંઈક દાખલા છે પણ અત્યારે લખવા માટે જગ્યા નથી. અરે, વધુ શું લખું ? આ પુસ્તકો મીસાના કાયદામાં પકડાયેલા જૈન ભાઈઓ પાસે ગયા. તે પુસ્તકોનું વાંચન કરતા તેઓ આર્તધ્યાન છોડીને ધર્મધ્યાનમાં જોડાવા લાગ્યા, અને કર્મની ફિલોસોફી સમજવા શીખ્યા. પૂ. મહાસતીજીની

અંતરવાણીનો નાદ તેમના દિલ સુધી પહોંચતા એક વખતની જેલ ધર્મસ્થાનક જેવી બની ગઈ અને ત્યાં રહેલા ભાઈઓએ તપ ત્યાગની અને ધર્મારાધનાની મંગલ શરૂઆત કરી. ઘણાં ભાઈઓ મીસામાંથી મુક્ત થયા પછી પૂ. મહાસતીજીની પાસે આવીને રડી પડયા ને કહેવા લાગ્યા કે હે મહાસતીજી! આપના વ્યાખ્યાનો જે પુસ્તક રૂપે પ્રગટ થયા છે તે વાણીએ અમારા બળતા દિલમાં શીતળજળ છાંટયું છે, પછી તેમણે ઘણાં વ્રત નિયમો અંગીકાર કર્યા. ટૂંકમાં પૂ. મહાસતીજીના બહાર પડેલા વ્યાખ્યાનોના પુસ્તકોએ જીવોનો કેટલો જીવનપલ્ટો કર્યો છે તે વાચકો આ ઉપરથી વિચારી શકશો.

પૂ. મહાસતીજીમાં માત્ર વિદ્વતા જ છે એમ નથી. સાથે તેમના જીવનમાં અનેક અજોડ મહાન ગુણો રહેલા છે. જે ગુણોનું વર્ણન કરવા કોઈની શક્તિ નથી. છતાં તેમના જીવનમાં મુખ્ય ગુણો ગુરૂભક્તિ, સરળતા, નિરાભિમાનતા, નમ્રતા, લઘુતા, અપૂર્વ ક્ષમા, સહનશીલતા બીજા પ્રત્યે અપૂર્વ લાગણી, ગુણાનુરાગ, કરૂણા એ ગુણો તેમના જીવનમાં ઓતપ્રોત વણાઈ ગયા છે. તે ગુણોના પ્રભાવે જેમ ભ્રમર પુષ્પની સુગંધથી આકર્ષાય છે તેમ જગતના જીવો તેમના તરફ આકર્ષાઈને ધર્મના માર્ગે વળે છે તેમજ પૂ. મહાસતીજીના દિલમાં સતત એક મીઠું સંગીત ગુંજતું હોય છે કે "**સર્વ જીવો શાસન રસી કેમ બને**" વીતરાગ મહાવીરના શાસનને પામેલા મારા વીરના સંતાનો વીરના માર્ગને પામ્યા વિના ન રહેવા જોઈએ. પૂ. મહાસતીજીની તબિયત ગમે તેવી નાદુરસ્ત હોય છતાં તેઓ પ્રવચનની પ્રભાવના કરવાનું તો કયારે પણ ચૂકતા નથી. અત્યાર સુધીના ૬૯ વર્ષના સંયમી જીવનમાં પૂ. મહાસતીજીનો વિહાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં થયો છે. તેમના ઉપદેશથી ઘણા આત્માઓએ આજીવન બ્રહ્મચર્યવ્રત તેમજ વ્રત પચ્ચખાણ અંગીકાર કરેલ છે.

પૂ. મહાસતીજીના પ્રતિબોધથી વીસ બહેનો વૈરાગ્ય પામીને તેમની પાસે દીક્ષા અંગીકાર કરીને તેમના સુશિષ્યાઓ થયેલ છે, અને જૈન શાસનની અભિવૃદ્ધિ કરી રહેલ છે. જૈન શાસનમાં પૂ. મહાસતીજીએ એક જૈન સાધ્વી તરીકે રહીને તેમણે પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને પૂ. શ્રી ગુલાબચંદ્રજી મહારાજ સાહેબના કાળધર્મ બાદ ખંભાત સંપ્રદાયનું સુકાન ચલાવેલ છે જે જૈનશાસનમાં વિરલ છે. એટલું જ નહિ પણ ખંભાત સંપ્રદાયના સંઘપતિ શ્રી કાંતિભાઈની દીક્ષા પણ પૂ. મહાસતીજીના હસ્તક થઈ છે. જે આજે મહાન વૈરાગી પૂ. કાંતીઋષિજી મહારાજ સાહેબ તરીકે પ્રસિધ્ધિ પામ્યા છે. આજે ખંભાત સંપ્રદાયમાં પૂ. કાંતીઋષિજી મહારાજ સાહેબ ઠાણા ૧૨ બિરાજમાન છે. તેમાં પહેલા પાંચ સંતોને દીક્ષાની પ્રેરણા આપનાર પૂ. વિદુષી મહાસતીજીની અદ્‌ભૂત વાણી છે. ખંભાત સંપ્રદાયમાં રત્નો સમાન ૧૨ સંતો જૈન શાસનને શોભાવી રહ્યા છે. (૧) મહાન વૈરાગી પૂ. કાંતીઋષિજી મહારાજ સાહેબ (૨) બા. બ્ર. પૂ. સૂર્યમુનિ મ. (૩) બા બ્ર. પૂ. અરવિંદ મુનિ મ. (૪) બા. બ્ર. પૂ. નવીનમુનિ મ. (૫) બા. બ્ર. પૂ. કમલેશમુનિ મ. (૬) બા. બ્ર. પૂ. પ્રકાશમુનિ

મ. (૭) બા. બ્ર. પૂ. ચેતનમુનિ મ. (૮) બા. બ્ર. પૂ. મહેન્દ્રમુનિ મ. (૯) પૂ. દર્શનમુનિ મ. (૧૦) બા. બ્ર. પૂ. ધર્મેન્દ્રમુનિ મ. (૧૧) બા. બ્ર. પૂ. મૃગેન્દ્રમુનિ મ. (૧૨) બા. બ્ર, પૂ. મનોહરમુનિ મ. આદિ ઠાણા–૧૨ વિદ્યમાન છે.

પૂ. મહાસતીજીએ આજથી ૧૮ વર્ષ પહેલા કાંદાવાડી સંઘની ચૌદ ચૌદ વર્ષની વિનંતીને માન આપી સં. ૨૦૧૮નું ચાતુર્માસ કાંદાવાડીમાં કર્યું હતું. ત્યારે પૂ. મહાસતીજીની તેજસ્વી પ્રભાવશાળી વાણીએ અને ખાસ કરીને બ્રહ્મચર્ય પરના સચોટ વ્યાખ્યાનોએ જનતામાં અલૌકિક અસર કરી અને પરિણામે કાંદાવાડીમાં તેમના સાનિધ્યમાં શ્રી સંઘના મંત્રી શ્રી રમણીકભાઈ કોઠારી સહિત ૫૧ ભાઈ બહેનોએ એક સાથે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી. મોહમયી મુંબઈ નગરી માટે આ અભૂતપૂર્વ બનાવ હતો કાંદાવાડીના ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા, દાદર, વિલેપાર્લા અને ઘાટકોપર ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં તપશ્ચર્યાના પૂર આવ્યા હતા. આ ચાતુર્માસોમાં તેમજ શેષકાળમાં પૂ. મહાસતીજી પાસે કુલ ૧૦૮ હાથજોડ થઈ હતી. આ રીતે પૂ. મહાસતીજીએ મુંબઈમાં ખંભાત સંપ્રદાયનું નામ રોશન કરી ગુજરાત તરફ વિહાર કર્યો. ગુજરાતમાં ખંભાત, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, ધાંગધ્રા, અમદાવાદ (નગરશેઠનો વંડો) ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં પૂ. મહાસતીજીની પ્રભાવશાળી વાણીથી ગુજરાત, સૌરાષ્ટ્રમાં તપ ત્યાગની ભરતી આવી હતી.

પૂ. મહાસતીજી એક વખત તો મુંબઈ નગરીને પાવન કરી ચૂક્યા હતા. પણ પૂ. મહાસતીજીની વાણી મુંબઈની જનતામાં એવું આકર્ષણ પેદા કરી ગઈ હતી કે પૂ. મહાસતીજી દેશમાં પધારવા છતાં મુંબઈની જનતા તેમના ચાતુર્માસ માટે ઝંખી રહી હતી એટલે કાંદાવાડી, માટુંગા આદિ સંઘોની વિનંતી અવારનવાર ચાલુ હતી, તેથી મુંબઈ સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી છ વર્ષમાં પૂ. મહાસતીજીને ફરીવાર મુંબઈ આવવાનું બન્યું ને જનતાના દિલ આનંદથી છલકાઈ ગયા. વાચકો! આપ આ ઉપરથી સમજી શકશો કે પૂ. શારદાબાઇ મહાસતીજીએ મુંબઈ નગરીની જનતાના દિલનો પ્રેમ કેટલો સંપાદન કર્યો હશે!

સંવત ૨૦૨૯માં કાંદાવાડી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. મહાસતીજીએ કાંદાવાડીમાં ચાતુર્માસ કર્યું. તે ચાતુર્માસમાં પૂ. મહાસતીજીએ માત્ર બૃહદ મુંબઈમાં નહિ પણ સારા યે ભારતમાં દાન, શીલ, અને તપમાં અજોડ અને અભૂતપૂર્વ વિક્રમ સ્થાપ્યો. ખંભાત સંપ્રદાયનો, ભગવાન મહાવીરનો અને જૈનશાસનનો જય જયંકાર કર્યો. પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન દાનમાં જુદી જુદી જનકલ્યાણની, માનવતાની અને સ્વધર્મી વાત્સલ્ય પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૦ લાખ ભેગા થયા. તપશ્ચર્યા છકાઈથી લઈને ૪૫ ઉપવાસ સુધીની સંખ્યા પાંચસો (૫૦૦) ઉપર પહોંચી. આ રીતે સતીજીના સતના પ્રભાવે કાંદાવાડીનું ચાતુર્માસ અભૂતપૂર્વ બની ગયું. કાંદાવાડીના ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા, વાલકેશ્વર, ઘાટકોપર, બોરીવલી

અને મલાડ ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં પૂ. મહાસતીજીના પ્રભાવશાળી પ્રવચનોથી શ્રી સંઘમાં અજોડ તપશ્ચર્યાઓ તેમજ આજીવન બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞાઓ થઈ છે.


સંવત ૨૦૩૫માં સુરત શ્રી સંઘની ઘણા વર્ષોની આગ્રહભરી વિનંતીને માન આપી સુરત શ્રી સંઘના મહાન ભાગ્યોદયે પૂ. મહાસતીજી ઠાણા–૧૩ મંગલ ચાતુર્માસ પધાર્યા. બાવીસ વર્ષે સુરત સંઘને પૂ. મહાસતીજીના ચાતુર્માસનો મહાન લાભ મળવાથી નાના મોટા સૌ કોઈના હૈયામાં ઉત્સાહની ઉર્મીઓ ઉછળવા લાગી. પૂ. મહાસતીજીની પ્રભાવશાળી, ઓજસ્વી, તેજસ્વી, આત્મસ્પર્શી જોશીલી વાણીએ જનતાના દિલમાં એવી જાદુઈ અસર કરી કે કયારે પણ ઉપાશ્રયે નહિ આવનારા યુવાન ભાઈ બહેનો તથા દેશવાસી ભાઈ બહેનો રોજ વ્યાખ્યાનમાં આવતા થઈ ગયા. પૂ. મહાસતીજી પધાર્યા ત્યારથી નાની મોટી તપશ્ચર્યા, નવકાર મંત્રના જાપ, ત્રિરંગી આદિ ધર્મકરણીથી ઉપાશ્રય ગાજતો ગુંજતો રહ્યો છે. ચાતુર્માસના પ્રારંભથી લઈને અંત સુધી વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાયેલો રહ્યો છે. પૂ. મહાસતીજીના પુનિત પગલા સુરતમાં થયા ત્યારથી તપનો પ્રવાહ વહેવા લાગ્યો તે આસો મહિના સુધી એકધારો ચાલુ રહ્યો અને સુરત શ્રી સંઘમાં કયારે પણ નહિ થયેલ અજોડ તપશ્ચર્યાઓ થઈ છે. ૫૧ ઉપવાસ, ઉપવાસના ૪ સિદ્ધિતપ, ૬ માસખમણ, ૫ સોળભથ્થા આદિ છકાઈથી માંડીને માસખમણ સુધીની તપશ્ચર્યા ૧૦૫ થઈ છે. જે સુરતના ઈતિહાસમાં અજોડ ને અનુપમ છે. પૂ. મહાસતીજીનું આ ચાતુર્માસ સુરત સંઘના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે તેવું ભવ્ય ને યાદગાર થયું છે. પૂ. મહાસતીજીના બ્રહ્મચર્ય પરના જોરદાર પ્રવચનોથી આકર્ષાઈને ૧૧ દંપતિઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા લીધી છે. આ રીતે પૂ. મહાસતીજીના પ્રભાવે દાન, શીલ, તપ અને ભાવનામાં ભરતી આવી હતી.

વિશેષ આનંદની વાત તો એ છે કે આજ સુધીમાં પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના પુસ્તકો ઘણા બહાર પડયા છે. આઠ હજાર અને દશ દશ હજાર કોપીઓ બહાર પડવા છતાં એક પણ પુસ્તક આજે મળતા નથી. આ ઉપરથી વાચકોને ખ્યાલ આવતો હશે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનું કેટલું આકર્ષણ છે! જે પુસ્તકો ખલાસ થઈ ગયા છે તેની આટલી બધી માંગણી છે કે કદાચ ફરીને બહાર પાડવા પડશે. પૂ. મહાસતીજીના સંવત ૨૦૩૫ના સુરત ચાતુર્માસના વ્યાખ્યાનો "**શારદા સિદ્ધિ**" (ભાગ ૧–૨–૩) નામથી ૮૦૦૦ (આઠ હજાર) નકલો પ્રકાશિત થતાં તેઓશ્રીના વ્યાખ્યાનના પુસ્તકોમાં એક વધુ વ્યાખ્યાન સંગ્રહનો ઉમેરો થાય છે. એ આપણા સમાજ માટે સદ્‌ભાગ્યનો વિષય છે.

આ બધો પ્રભાવ પ્રખર વ્યાખ્યાતા, બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીનો છે. સંવત ૨૦૩૬ના વૈશાખ સુદ છઠ્ઠના પવિત્ર દિવસે પૂ. મહાસતીજીના સંયમી જીવનના ૪૦ વર્ષ પૂરા થાય છે. બા. બ્ર. પૂ. મહાસતીજીની સંયમ યાત્રાની આ રજત જયંતિ આપણને સૌને આધ્યાત્મિક માર્ગે જવા દીવાદાંડી રૂપ બની રહો.

પૂ. મહાસતીજીના ચરણ કમળમાં અમારા કોટી કોટી વંદન હો.

સ્વર્ગસ્થ લલ્લુભાઈ ભીખાભાઈ મહેતા બી.એ.
(પાલનપુર નિવાસી)



જન્મ : ૧૮૭૨ સ્વર્ગવાસ : ૧૯૩૬

આપના ટાઈમ અને સદ્વ્યવહારના ગુણો મેળવીને જીવનમાં સમતા અને સમભાવ અમોએ મેળવ્યો છે આપે આપેલ સંસ્કારોથી અમારી પ્રગતિ થઈ છે. અનો આપનું ઋણ કદાપી અદા કરી શકીશું નહિ લિ.


આપનોપુત્ર પરિવાર પૌત્રો તથા સમસ્ત પરિવાર
દ. સોભાગમલ લલ્લુભાઈ મહેતા

સ્વર્ગસ્થ લક્ષ્મીબેન લલ્લુભાઈ મહેતા
(પાલનપુર નિવાસી)



પૂજ્ય માતુશ્રી લક્ષ્મીબહેન લલ્લુભાઈ મહેતા આપના માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય ધર્મ પ્રત્યેની શ્રદ્ધા આ બધા ગુણો અમારામાં પ્રેરણા રૂપે સીંચ્યા છે તે અમો કદી વીસરીશું નહિ. આજે અમો જે કાંઈ છીએ તે આપને જ આભારી છે.

લિ. આપનો પરિવાર પુત્રો તથા પૌત્રો
દ. સોભાગમલ લલ્લુભાઈ મહેતા



સ્વ. ચંદુલાલ લલ્લુભાઈ મહેતા એમ. બી.બી.એસ.
(પાલનપુર નિવાસી)

જન્મ : ૧૮૯૯ સ્વર્ગવાસ : ૧૯૩૧

માનવ સેવા એજ મહાન ધર્મ છે. એવા સંસ્કારોનું અમારામાં નાનપણથી સીંચન કરી અમારા જીવનને સદાચાર અને સંસ્કારીતાના સન્માર્ગે લઈ જવામાં પ્રેરણા આપી તે બદલ અમો આપના ભવોભવના ઋણી છીએ.

લિ.
આપના ભાઈઓ તથા
પુત્ર પરિવાર
દ. સોભાગમલ લલ્લુભાઈ મહેતા

પ્રકાશક દંપતી

રમણીકલાલ રેવચંદ શાહ

સૌ. મંજુબહેન રમણીકલાલ





આપે અમારામાં દાન, દયા, ધર્મ અને અનુકંપાના સંસ્કાર રેડી અમારું જીવન સદાચાર રૂપી ખુશ્બોથી મ્હેકતું બનાવી રહ્યા છો તે માટે અમે આપના ઋણી છીએ આપ સાદાઈ, સરળતા તેમજ ધર્મમય જીવનથી સદાય આત્માને જાગૃત રાખો છો. આપનામાં રહેલ દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેની અખૂટ શ્રદ્ધાએ અમારા જીવનમાં સુસંસ્કારોનું સિંચન કર્યું છે. તે ઋણમાંથી મુક્ત થવા યત્કિંચિત ફૂલ નહીં ને ફૂલની પાંખડી રૂપે આ જ્ઞાન પ્રચારમાં આપીને અમારું જીવન સદ્‌ભાગી બને છે.

લિ. આપના પુત્રો

નવીન રમણીકલાલ શાહ

અ. સૌ. જ્યોત્સના નવીનભાઈ શાહ

અરવિંદ રમણીકલાલ શાહ

અ. સૌ. રંજન અરવિંદભાઈ શાહ


સ્વ. ઉર્મિલાબહેન ચંપકભાઇ ગાંધી



"ફુલ ગયું ફોરમ રહી ગઈ." આપ યુવાન વયમાં બ્લડ કેન્સરની બિમારીમાં ટૂંકી માંદગીમાં તમો અમોને રડતા મૂકીને ચાલ્યા ગયા. કેન્સર જેવી ભયંકર બિમારીમાં પણ આપની સમતા અજબ હતી. આપ ખૂબ શાંત, સમજુ ને મિલનસાર સ્વભાવના હતા. આપ અમોને છોડીને નાની ઉંમરમાં ચાલ્યા ગયા પણ આપના મીઠા સ્મરણો, ઉચ્ચ ભાવના સદ્‌ગુણોના સૂમનો, કુટુંબ પ્રત્યેનો પ્રેમ આજે પણ અમોને તમારી સ્મૃતિ કરાવે છે. આપના ગુણોનો વારસો અમારા જીવનમાં આવે ને અમારા જીવનને ઉજ્વળ બનાવીએ.

એ જ. ચંપકભાઈ પુનમચંદ ગાંધી
તથા તેમના કુટુંબીજનો

પૂજ્ય માતુશ્રી સ્વ. કેસરબહેન પુનમચંદ ગાંધી



સ્વર્ગસ્થ : તા. ૧૫-૧૨-૭૧

ભૂલશો નહિ કદી મા-બાપને રે, એના અનંત છે ઉપકાર,
અડસઠ તીરથ ઘરના આંગણે રે, સેવા કરજો સદા અમાપ

માતૃપ્રેમ એ સ્નેહની સરવાણી અને વાત્સલ્યનું વહેણ છે. જગતમાં બધું મળશે પણ જનનીની જોડ મળની મુશ્કેલ છે. એવા હે માતુશ્રી ! આપે અમારા જીવનમાં પરોપકારતા, કરૂણા, અનુકંપા, માનવતા આદિ મહાન સદ્‌ગુણોના સંસ્કાર રેડીને આપે સારા કુટુંબને ગુણોની પરિમલથી મહેંકતું કર્યું છે. સાધુ સંતોની સેવા એ તો આપના જીવનનો પ્રાણ હતો. આપની સહનશક્તિ તથા ક્ષમા અજોડ હતી. આપ અમને નાની ઉંમરમાં મૂકીને ચાલ્યા ગયા પણ સંસ્કારનો અમૂલ્ય વારસો અમને આપતા ગયા. આજે ધાર્મિક ક્ષેત્રમાં જે કંઈ પ્રગતિ કરી રહ્યા છે તે આપને આભારી છે. તે માટે અમે આપના ભવોભવના ઋણી છીએ.

લિ. આપનો પરિવાર

પુત્રી – મંજુબેન, સુશીલાબેન, રમીલાબેન પુત્ર—બાબુભાઈ, ચંપકભાઈ, અશ્વીનભાઈ
પુત્રવધુ—સૌ. નિર્મળાબહેન, સૌ. પ્રવીણાબેન, સૌ. જ્યોત્સનાબેન
તૃપ્તી, પીયુષ, રાકેશ, મીતુલ, પાયલ, અમીત

ગં. સ્વ. પૂજ્ય માતુશ્રી સમતાબેન કરમચંદભાઈ શેઠ

(ગામ–બસ, હાલ–સુરત)



જેઓ નિરંતર શુભાશીર્વાદ અમારા ઊપર વરસાવી રહ્યા છે. તેવા અનહદ ઊપકારી અમારા પૂજ્ય માતુશ્રીના ચરણોમાં અમો લાખો વંદન પાઠવીએ છીએ.

આપના પુત્રો

લાલચંદ કરમચંદભાઈ શેઠ

મહીપતલાલ કરમચંદભાઈ શેઠ

સ્વ. રસીકલાલ હરીલાલ ઝવેરી (પાલનપુરવાળા)



જન્મ તારીખ : ૭–૪–૧૯૨૧ સ્વર્ગસ્થ : તા. ૨૭-૯–૧૯૭૮ સંવત ૨૦૩૪ ભાદરવા વદ ૧૧ બુધવાર

મનોરમ્ય લીલાછમ ઉદ્યાનમાં ખીલેલા ગુલાબના ફુલ સારાયે ઉદ્યાનને સુગંધથી મઘમઘાયમાન બનાવી દે છે તેમ આપે ઝવેરી કુટુંબ રૂપી ઉદ્યાનમાં જન્મીને આખા કુટુંબમાં દાન, દયા, ક્ષમા, સરળતા, નમ્રતા, માતૃભક્તિ, ગુરૂભક્તિ, સત્ય, નીતિ, સદાચાર, વિનય, વિવેક, સંપ અને સમર્પણતા આદિ અનેક ગુણ રૂપ પુષ્પોની પરિમલ પ્રસરાવી છે, તેમજ માયાળુ સ્વભાવ, કુટુંબ અને ધર્મ પ્રત્યેની લાગણી આ બધા સંસ્કારોથી કુટુંબને અમૂલ્ય વારસો મલ્યો છે. ભલે આજે અમારા ઝવેરી કુટુંબમાં આપ દેહ રૂપે અમારી સમક્ષ નથી પણ આપના ગુણોની સુવાસ તો અમારા જીવનમાં મ્હેંકો રહી છે. આપે ઝવેરી કુટુંબના સુકાની બની અમારા જીવનબાગમાં માળી બનીને અમારામાં સંસ્કાર, સદાચાર, તપ–ત્યાગ અને દાન–દયાના સુમનો ખીલવીને અમારા જીવનબાગને સદ્‌ગુણ રૂપી સૌરભથી મઘમઘતો બનાવ્યો છે. આપે નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે અમને ધર્મકાર્ય–સત્કાર્યો કરવાની પ્રેરણા આપી ધાર્મિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે તેમજ વહેપારના ક્ષેત્રે ખૂબ આગળ વધારી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આપે આપેલા આ સંસ્કારના અમૂલ્ય વારસા બદલ અમે આપના ઋણી છીએ. એ ગુણોને અમારા જીવનમાં તાણાવાણાની જેમ વણીને યત્કિંચિત ઋણમાંથી મુક્ત થઈએ એ જ અંતરની આરઝૂ.

એજ લિ. આપના ભવોભવના ઋણી
શ્રીમતી સુભદ્રા રસીકલાલ ઝવેરી
નરેન્દ્ર, ચંદ્રા, સતેન્દ્ર, ઈલા, મુકેશ, મીના, રાજેન, વિલ્પા, માયા, બેલા.

સ્વ. જસૂદબેન કીર્તિભાઈ મહેતા



આપે અમારામાં ધાર્મિક સંસ્કારોની જે પ્રેરણા આપી અને તે પ્રેરણા વડે અમે અમારા જીવનને સન્માર્ગે વહાવવા ઉદ્યમશીલ બન્યા છીએ તે માટે અમે આપના ઋણી છીએ.

લિ. આપનો પરિવાર

અમારા પૂજ્ય માતુશ્રી

સ્વ. લહેરીબેન રાજાભાઈ શાહ




જન્મ : સંવત ૧૯૪૮ના અષાઢ સુદી ૧૪. અવસાન : સંવત ૨૦૩૩ના ભાદરવા સુદી ૭

આપના સંસ્કાર અને સત્કર્મના પૂણ્યે અમારું જીવન ઉન્નત બન્યું. આપના શુભ આશિષથી અમને દૈવી લક્ષ્મી સાંપડી, અમો સૌ આપના પુત્રો–પુત્રીઓ આપને લીધે જ સુખી છીએ. આપનો શાંત અને સૌમ્ય સ્વભાવ, આપની ધર્મપરાયણતા, આપની નિખાલસતા અને આપના વાત્સલ્યભાવને અમે કદી વિસરી શકીએ તેમ નથી. અમો જે કંઈ છીએ તે આપની ધર્મશ્રદ્ધા, સેવાવૃત્તિ અને આપના સુસંસ્કારોના સિંચનોનું ફળ છે. અમે સૌ આપના સદાય ઋણી છીએ.

લિ. અમો છીએ
આપના પુત્રો
કાન્તીભાઈ, ભોગીભાઈ, કનૈયાલાલ તથા પરિવાર

પ. પૂ. દાદાજી અમીચંદ પટેલ




'જનાર તો જતા રહ્યા સદ્‌ગુણ એના સજીવ'
જેમણે અમારા જીવનમાં સદાચારી સંસ્કારનું સિંચન કર્યું છે. તો તેનું આજે અમે ધર્મક્ષેત્રે ઉપયોગ કરીને અમારા આત્માને કૃત્યર્થ માનીએ છીએ

પ. પૂ. માતુશ્રી ભોળીબા



દેવલોક : સં. ૨૦૩૬ મહા વદ ૧૧ને
રવિવાર તા. ૪-૧-૭૦
આપે લક્ષ્મીનો સદ્‌વ્યય સન્માર્ગે કર્યો. જેના વડે અમે પણ તે માટે પ્રેરાયેલા છીએ.

સ્વ. શ્રી જયંતીલાલ અમીચંદ પટેલ




કેટલીક વ્યક્તિઓનું જીવન જ દીપશિખા જેવું હોય છે. જે બીજાના માર્ગને અજવાળી આપે છે. શ્રી જયંતિભાઈ આવી વ્યક્તિઓમાંના એક હતા.

મૃત્યુ ય મિટાવી નથી શકયુ જે શ્વાસને,
એ શ્વાસ લઈને અવતરેલ પુષ્પ છો તમે.


ધર્મપત્ની રસવંતીબેન જયંતિલાલ પટેલ
ચેતન જયંતિલાલ પટેલ
યોગેશ જયંતિલાલ પટેલ

જન્મ : ૪-૮-૧૯૧૪ મૃત્યુ : ૧૨-૯-૭૯


સ્વ. મોહનલાલ મંછાચંદ વલાણી



સ્વ. ગુલાબબેન મોહનલાલ વલાણી



શ્રી ભીખાભાઈ મલાભાઈ ગાંધી



" વહેતા જળ નિર્મળા ભલા, અને ધન દૌલત દેતા ભલા "

આ ઉક્તિ મુજબ આપે દેવ-ગુરૂ-અને ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી માનવ જન્મને સાર્થક કર્યો છે.

લિ.

આપનો પરિવાર

દાનેશ્વરી શેઠશ્રી શામજી વેલજી વીરાણી




"વહેતા જળ નિર્મળ ભલા અને ધન દોલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથૂથીમાં પાયા, સંપત્તિ અને સમૃદ્ધિ, સંપ અને સદાચાર એ તો પુણ્યની પ્રસાદી છે. એટલે મળેલી લક્ષ્મી સમાજ કલ્યાણના, જનતા જનાર્દનના, સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં વાપરી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવા માટે આપે અમારૂં જે ચારિત્ર ઘડતર કર્યું તે માટે અમો સમસ્ત વીરાણી પરિવાર આપના જન્મોજન્મના ઋણી છીએ.

લિ.

મણીલાલ શામજી વીરાણી પરિવાર

શ્રી ખીમચંદ ત્રિભોવન શેઠ



વય વર્ષ ૮૮ ઉપલેટા (સૌરાષ્ટ્ર)

જેમણે પોતાના વતનમાં પૂ. સંત–સતીઓની ધાર્મિક સેવા કરી છે. ઉપલેટાની પાંજરાપોળ, સાર્વજનિક અંગ્રેજી સ્કૂલ, જૈન ધાર્મિકશાળા, જીવદયાખાતું વગેરે સંસ્થાઓમાં તન, મન, ધનથી સેવા આપી છે. શેઠ કુટુંબનું સદાવ્રત વર્ષોથી ચલાવ્યું છે અને પોતાનું જીવન અત્યંત સાદાઈથી ધર્મભાવનામાં વીતાવ્યું છે.

લિ.

આપનો સમસ્ત પરિવાર

ધાનેરા નિવાસી

સ્વ. ઝુમચંદ વીરચંદ જોગાણી

તથા સ્વ. ધરમીબેન ઝુમચંદ જોગાણી



દેહવિલય : તા. ૨૬-૧૧-૬૨

સં. ૨૦૨૦ના કારતક સુદ ૮

સંસ્કારી, સદાચારી અને ચરિત્રશીલ માતાપિતા સેા શિક્ષકનું કામ કરે છે. અમેાને બાલ્યાવસ્થામાં ધર્મભાવના, સચ્ચાઈ, શુભનિષ્ઠા, દયા, દાન અને સરળતાના જે સંસ્કારેાનું સિંચન કર્યું છે તેને અમે આચરણમાં મૂકી આપનું ઋણ યત કિંચિત અદા કરી જીવનમાં સંતેાષ અનુભવીએ છીએ.

લિ.

આપના ભવેાભવના ઋણી આજ્ઞાંકિત

પુત્ર-જયંતીલાલ ઝુમચંદ જોગાણી

તથા પરિવાર પુત્રવધુ-કમળાબેન જયંતીલાલ

જોગાણી તથા આપના આજ્ઞાંકિત પ્રપૌત્રો

પાલનપુર નિવાસી

સ્વ. અનીતાબેન શૈલેશકુમાર શાહ



જન્મ : સંવત ૨૦૧૦ના માગશર સુદ ૨

અવસાન : તા. ૨૫-૭-૭૯

"ફુલ ગયું ફોરમ રહી ગઈ"

ભરયુવાન વયમાં એકાએક આકસ્મિક તમેા અમેાને છેાડીને ચાલ્યા ગયા, પરંતુ તમારાં મીઠા સ્મરણેા તમારેા પ્રેમાળ અને હસમુખેા સ્વભાવ અમેા બધાંય ભૂલી શકતા નથી.


લિ

પિતાશ્રી જયંતીલાલ ઝુમચંદ જોગાણી

માતુશ્રી કમળાબેન જયંતીલાલ જોગાણી

અને ભાઈઓ, ભાભીઓ તથા બહેનેા

શ્રી મનુભાઈ વીરજીભાઈ સુતરીયા



શાંતાબહેન મનુભાઈ સુતરીયા



શેઠશ્રી મનુભાઈનો જન્મ સાવરકુંડલામાં વિ.સં. ૧૯૭૫માં થયો હતો. જાત મહેનત અને પોતાના સ્વબળે પોતાનો ધંધો જમાવ્યો. સુતરના વેપારના કારણે સુતરીયા તરીકે પ્રસિદ્ધિ પામ્યા. અપૂર્વ ખંત દીર્ઘદૃષ્ટિ તેમજ ઉચ્ચ આદર્શોને કારણે વ્યાપાર તેમજ જાહેર ક્ષેત્રે વિપુલ ધન અને કીર્તિ પ્રાપ્ત કરી. શેઠશ્રી મનુભાઈએ જેમ લક્ષ્મી ઉપાર્જન કરી જાણી તેમ તેમને સન્માર્ગે વાપરી પણ જાણી. ધાર્મિક ક્ષેત્રે પાલીતાણા ઝઘડીયાના સંઘો કાઢયા અને પ્રતિષ્ઠા કરાવી.

શેઠશ્રી મનુભાઈએ પોતાના ધંધા સાથે રાષ્ટ્રિય, સામાજીક ધાર્મિક તેમજ ઔદ્યોગિક જાહેર સેવાની સંસ્થાઓમાં પણ રસ લઈ પોતાની સેવા આપી છે. ઘણા વર્ષો સુધી સુખચેંબર ઓફ કોમર્સના ડીરેકટર પદે રહ્યા છે. રેલ્વે એડવાઈઝરી બોર્ડના માનદ સભ્ય હતા. તેમજ અનેક વ્યાપાર ઉદ્યોગની સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેમજ પોતાની કોઠા સૂઝને કારણે અનેકના સલાહકાર હતા.

તેમના શુશીલ પત્ની શાંતાબેન પણ પતિને પગલે ચાલી અને ધાર્મિક સામાજીક તેમજ સભી સંસ્થાઓમાં રસપૂર્વક ભાગ લઈ લક્ષ્મીનો સદ ઉપયોગ કરી રહ્યા છે. જૈન મહિલા મંડળ ઘોઘારી મહિલા મંડળમાં તન મન ધનથી સેવા આપે છે.


શ્રી ગીરધરલાલ મંછાચંદ વલાણી




જશીબેન ગીરધરલાલ વલાણી



ધનસુખલાલ ખીમચંદ શેરદલાલ



અમૃતલાલ ખીમચંદ શેરદલાલ



કુમારી માયાબહેન અમૃતલાલ શેરદલાલ



પરમ પૂજ્ય માતુશ્રી ઈન્દુમતી ઉર્ફે સરસ્વતીબેન (હાલ પરમ શ્રદ્ધેય પંચ મહાવ્રતધારી બા.બ્ર. મહાવિદુષી શારદાબાઈ સ્વામીના શિષ્યા ઈન્દુબાઈ સ્વામી) બાલ્યાવસ્થામાં

દિક્ષા વિ. સં. ૨૦૧૧ દિક્ષા સ્થળ નાર જિ. ખેડા

જન્મ સ્થળ સુરત

આપ શ્રીએ વૈષ્ણવ સંપ્રદાયના સંસ્કારી કુટુંબમાં જન્મ લઈ જીવનની અનેક લીલી સુકી જોઈ અમારા પરમ પૂજ્ય પિતાજી સ્વ. શાંતિલાલ ઉર્ફે ખીમચંદ દલીચંદ જેઓએ ફક્ત પાંત્રીસ વર્ષનાં જીવનકાળ દરમ્યાન સાદગી ભર્યા ગૃહસ્થ જીવન ઉપરાંત મૌન પ્રાર્થના નવકાર મંત્રનો વિધિ પૂર્વક સામુહિક જપ-યજ્ઞ વિગેરે આરાધના કરેલ તેમની દીક્ષા અંગીકાર કરવાની ભાવના આપે પરિપુર્ણ કરી છવ્વીસ વર્ષના દીક્ષા કાળ દરમ્યાન આપે ચારિત્ર્ય, સરળતા, સેવાભાવ, ગુરૂભક્તિ અને જૈન ધર્મ માં અડગ શ્રદ્ધાનું અપ્રતિમ દર્શન કરાવ્યું છે. અમો આપના આપેલ સુસંસ્કારોનું ઋણ આજીવન ભૂલીશું નહીં.

આપશ્રીને અમારા કોટિ કોટિ વંદન હો.

લિ. આપના પુત્રો તથા પરિવાર

ધનસુખલાલ ખીમચંદ
હિરેન ધનસુખલાલ
કુ. મનિષા ધનસુખલાલ
અ.સૌ. ગીતાબેન ભરતકુમાર

અ.સૌ. ઉર્મિલા ધનસુખલાલ
અ.સૌ. અર્ચના હિરેનકુમાર
ડો. ભરતકુમાર સૌભાગચંદ

અમૃતલાલ ખીમચંદ
અ.સૌ. મધુકાંતા અમૃતલાલ
કુ. માયાબેન કુ. આશાબેન
વિજયકુમાર

સ્વ. ફોજ્જલાલ ત્રિભોવનદાસ શાહ
(ધાનેરાવાળા)



જન્મ : સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ ૮
સ્વ. : સંવત ૨૦૨૮ના પોષ સુદ ૯

સ્વ. જનુબેન ફોજ્જલાલ શાહ
(ધાનેરાવાળા)



જન્મ : જેઠ સુદ ૧૧ સંવત ૧૯૪૭
સ્વર્ગવાસ : મહા વદ ૬ સંવત ૨૦૨૧

આપણે અમારામાં જે ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું હતું. અને અમારા જીવનને સન્માર્ગે લઇ જવામાં જે પ્રેરણા આપી હતી તે માટે અમો આપણા ભવોભવના ઋણી છીએ. બાળપણથી તમે અમારા જીવનમાં ધાર્મિક સંસ્કારોના બીજ વાવ્યા જેના કારણે સત્ય, નીતિ અને સંત સેવાના સુમનો અમારામાં સહજ રીતે ખીલ્યા છે. તે ઉપકારના ઋણમાંથી મુકત થવા "કુલ નહીં ને કુલની પાંખડા" રૂપ ધર્મક્ષેત્રે કંઈક અર્પણ કરીને-અમે કૃતકૃત્ય થવાનો સંતોષ અનુભવીએ છીએ.

લિ. આપનો ગુણાનુરાગી
દેવચંદ ફોજ્જલાલ શાહ તથા સપરિવાર



સ્વ. તારાબેન દેવચંદ શાહ
(ધાનેરાવાળા)

જન્મ : તા. ૮-૧૦-૧૯૩૨

સ્વ. : તા. ૩-૩-૧૯૭૧

વિશાળ વડલાને છાયા સમાન પ્રેમના પરાગને સીંચીને જીવન ઉન્નત બનાવનાર, આપનો માયાળુ અને પ્રેમાળ સ્વભાવ, સદાય હસમુખો ચહેરો, કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્મ પ્રત્યેની શ્રધ્ધા સહનશીલતા અને સાધુ સંતોની સેવા કરવાની તમન્ના વગેરે આપના ગુણોએ અમારામાં સત્ય, નીતિ સદાચારનું સિંચન કર્યું છે તે કદી વીસરી શકાય તેમ નથી.

લિ.
દેવચંદ ફોજ્જલાલ શાહ તથા પરિવાર

સ્વ. મેનાબેન લહેરચંદભાઈ શાહ



શ્રીમાન શાહ કાલીદાસ જશકરણભાઈ છત્રાણી



શ્રીમતી શાહ દીવાળીબેન છત્રાણી



શ્રીમાન જયંતિભાઈ ભીખાભાઈ ગાંધી



★

સ્વ. રમીલાબેન જયંતીભાઈ ગાંધી



શ્રીમતી કમળાબેન જયંતિભાઈ ગાંધી



પ્રીતમલાલ મોહનલાલ દફ્તરી



દેવો પણ જે માતૃવાત્સલ્યને ઝંખતા હોય છે એવી માના ગુણગાન ગાવા એટલે તરણાથી સમુદ્ર તરવો. ખરેખર મા, અમારી ઉપરના તમારા અગણિત ઉપકારનું ઋણ અમે કઈ રીતે અદા કરીશું ?

તમારા ગુણો જેવા કે, કરકસર, સંયમ ગંભીરતા, સહનશીલતા વગેરેએ અમારામાં ઊંડી છાપ પાડી છે બ્રહ્મચર્ય વ્રત જેના થી તમે અમારામાં વાવ્યા છે તે જરૂર વૃક્ષ થઈ પાંગરશે.

ફૂલોની પથારીમાં ઉછરેલાં તમે કાંટા ઉપર પણ હસતા હસતા ચાલી આજે અમારા માટે ફૂલો જ પાથર્યા છે.

મા, તમારી મીઠી છાયામાં અમે સૌ સંપથી, આનંદથી જીવીએ છીએ. અમે કાયમ તમારી ખૂબ સેવા કરીએ તેવા આશીર્વાદ વીર પ્રભુ પાસે માંગીએ છીએ.

લિ.

નિર્મળ, જયેશ, સૌરભ, સોનલ, અંજના
ચેતના, સિદ્ધાર્થ, આદીતા


શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું : **"कर्मण्ये वाधिकारसु मा फलेषु कदाचन"**

આ મંત્રને આપે જીવનમાં ઉતાર્યો. મોરબી તથા રાજકોટમાં ખૂબ મુશ્કેલ પરિસ્થિતિમાં ભણતર પુરું કર્યું અને ધંધાની શરૂઆત કરી. ખંત, ધીરજ અને નિષ્ઠા અને પ્રબલ પ્રમાણિક પરિશ્રમ કરી આપ બધે પ્રગતિના પંથે કૂચ ચાલુ કરી. એમાં કર્મે શુરા અને ધર્મે શુરા એ મુજબ કર્મની જેમ જ આપે ધર્મને જીવનમાં સેવ્યો આ આપ અમને ધર્મ અને સંયમનો રાહ બતાવ્યો.


આપના જીવનના સિદ્ધાંતો અમને અને અમારા જેવા અનેકને ખૂબ પ્રેરણારૂપ છે. આપે અમને કહ્યું કે, "જે રોટલો તમે ખાવ છો તેના માટે મહેનત ન કરી હોય, તો એ રોટલા ઉપર તમારો અધિકાર નથી"

પ્રમાણિકતા તપ, દાન, કરકસર, સંયમ અને સચ્ચાઈના આ ઉત્તમ સંસ્કાર અમારામાં રેડયા તેના માટે અમે આપનું ઋણ કદી નહી ચૂકવી શકાએ. આ ગુણોનું જતન અમે જીવનભર કરી આપનું ઋણ યત્કિંચિત્ પણ અદા કરવાની કોશિષ કરીશું. આપના દાખવેલ રાહ ઉપરથી અમે કદી ચલિત ન થઈએ એવી પ્રભુને પ્રાર્થના,

કુસુમબેન પ્રીતમલાલ દફ્તરી



સ્વ. માતુશ્રી ઉજમબેન નરભેરામ તેજાણી



હસ્તે સુપુત્રો તથા પરિવાર જનો


શ્રીમતી કંચનલક્ષ્મી હરગોવિંદદાસ મહેતા
(જયંતપેપરવાળા)



શ્રી કંચનબેન મહેતા ઘણાંજ ધાર્મિક તથા માયાળુ સ્વભાવના છે પોતે હંમેશા એ માને છે કે માણસની સ્થિતિ મુજબ કાંઈ પણ સારૂં કામ કરવું જ જોઈએ. કોઈ ને ઉપયોગી થવું જોઈએ. તે હંમેશાં કહે છે કે જેમ સુખી થાવ તેમ નમ્ર વધારે બનતા જાવ.

તેઓએ જયંત પેપર ગૃપની શરૂઆતમાં સાથે રહી સારી મહેનતથી કામ કર્યું છે તેમજ સારા ધાર્મિક વિચારોને કારણે આજે આખા કુટુંબને સુખી બનાવ્યા છે. સાધુ સાધ્વીજી પ્રત્યે હંમેશા માનભર્યા વિવેકથી સેવા કરે છે. તેમના પતિ હરગોવિંદદાસ મહેતા એક આપણા સમાજમાં તેમજ ભારતમાં પેપર ઈન્ડસ્ટ્રીઝમાં સારૂં સ્થાન ધરાવે છે. તે સર્વે કંચનબેન મહેતાને આભારી છે.


સ્વ. છોટાલાલ અંબાલાલ ઘડિયાળી



જન્મ તારીખ : ૨૫-૮-૧૮૮૬
મૃત્યુ તારીખ : ૮-૧૧-૧૯૬૪
સંવત ૨૦૨૧ કારતક સુદ ૪
લિ. લીલાવતીબેન છોટાલાલ ઘડિયાળી

સ્વ. ડો. ચંદુલાલ લલ્લુભાઈ મહેતા
સ્વ. મણીબહેન ચંદુલાલ મહેતા
સ્વ. માણેકબહેન ચંદુલાલ મહેતા
ની યાદમાં
ડો. ચંદુલાલ લલ્લુભાઈ મહેતા
પરીવાર

શ્રી કુલચંદ જૈન તથા ધર્મપત્ની કુલવંતીબેન કુલચંદ જૈન




સ્થાનકવાસી જૈન સંઘ- ઉધનાના સંઘપતિ છે.

અણમોલ ભાવના

પંજાબ જૈન ભ્રાતિ સભા ખાર, (બોમ્બે)માં ૨૦ વર્ષ મંત્રી રહીને સેવા કરી છે, પંજાબમાં ધર્મની ફેલામણી કરી છે. મહાવીર મેડીકલ રીસર્ચ સેન્ટર ખાર (બોમ્બે)ના હાલ ટ્રસ્ટી છે. આ સંસ્થા ઊભી કરવામાં મોટો ફાળો તન, મન અને ધનથી આપેલો છે. શારદા સિદ્ધિ પ્રકાશન પુસ્તક સમિતિના પ્રમુખ છે. ઉધના ઉદ્યોગ નગર પાંડેસરામાં કેમીકલ કલર બનાવવાનો મોટો ઉદ્યોગ છે. તેમના ધર્મપત્ની કુલવંતીબહેનના સહયોગથી દાન, શીયળ અને તપમાં ધર્મભાવના શીલ છે.

સ્વ. ફૂલચંદભાઈ કુંવરશીભાઈ કોઠારી



જન્મ તારીખ : ૨૮-૬-૧૮૮૩

સ્વર્ગવાસ તારીખ : ૨૯-૧-૧૯૫૬

ફૂ. આનંદલાલ ફૂલચંદભાઈ કોઠારી

અને પરિવાર

તારાબેન વાલચંદભાઈ પારેખ





છબલબેન નાગરદાસ શાહ

જન્મ સ્થળ : ગુજરવદી ફાગણ સુદ ૮, સંવત ૧૯૫૪

શ્રી ખંભાત સંપ્રદાયના જૈન શાસનના ઝળહળતા, તેજસ્વી, સિતારા પ્રખર વ્યાખ્યાતા બા.બ્ર.પૂ. શારદાબાઈ મહાસતીજીના સુશિષ્યા ઉગ્રતપસ્વી. મધુરકંઠી બા.બ્ર.પૂ. ચંદનબાઈ મહાસતીજીના સંસારી માતુશ્રી છબલબેન.

પૂ બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીએ ૩૫ ઉપવાસની ઉગ્ર તપસ્યા કરેલ તે સમયે અમારું સકુટુંબ પૂ. મહાસતીજીના દર્શન અર્થે પારણા ઉપર ગયેલ. તે સમયે શારદા સિદ્ધિ પુસ્તકની જાહેરાત થતાં મનમાં થયું કે જે માતાએ દાન, પરોપકારના જે સંસ્કાર આપ્યા છે તે ગુણોને યાદ કરી ફૂલ નહીં ફૂલની પાંખડી રૂપે આપીને અમારું જીવન ધન્ય બનાવીએ.

લિ. આપના ઋણી પુત્રો પરિવાર તથા કુટુંબીજનો

ગં. સ્વ. મણીબેન વાડીલાલ સંઘવી (સાણંદવાળા)



પારૂબેન પુનમચંદ વલાણી



ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે, ઉપકાર એના, એહ વિસરશો નહિ
પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ.

સંઘવી હિંમતલાલ વાડીલાલ
સંઘવી રસીકલાલ વાડીલાલ

તથા તેમના સપરિવાર સહીતના લાખ લાખ વંદન

卐


સ્વ. મેનાબહેન લક્ષ્મીચંદભાઈ ઝવેરી
પાલનપુર નિવાસી



જેમણે મારા જીવનમાં બાલપણથી જ ધર્મના સંસ્કારો અને સદાચારનું સિંચન કર્યું છે, માનવતાના ગુણોરૂપી ખુશ્બોથી મહેકતા લીલી કુલવાડીનું સર્જન કર્યું છે. (જેમની પ્રેરણાથી આજે નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે યથાશક્તિ ધર્મકાર્યમાં વાપરી શકું છું.) તેવા મહાન ઉપકારી પૂજ્ય માતુશ્રીને મારા કોટી કોટી વંદન હો.

આપની આજ્ઞાંકિત પુત્રી
અ.સૌ. ભાનુબહેન કીર્તિલાલ ભણસાળી

સ્વ. સુમંતલાલ જે. શેઠ
માટુંગા




સ્વ. : તા. ૧૬-૭-૭૬

આપના જીવનમાં સાદાઈ, સૌમ્યતા, સભ્યતા અને સદાચાર મહામંત્રો હતા. તેમજ પૂ.બા.બ્ર. શારદાબાઈ મહાસતીજીના પરિચયમાં આવ્યા પછી આપે ઘણા જ નિયમો લીધા અને સમાજમાં તથા ધર્મના દરેક ક્ષેત્રે મને સંપૂર્ણ આપે સાથ આપ્યો છે.

લિ. આપની ઋણી
લલીતા સુમંતલાલ શેઠ

શાહ મોતીલાલ ભોગર (સાયરા)



સ્વ. મણીબેન ઉમરશી બહુવા



અમારા જીવનમાં આપે ધર્મના સંસ્કારોનું સિંચન કરી, અમોને પ્રેરણા આપી અમારા જીવનના દરેક કાર્યમાં યોગ્ય માર્ગદર્શન આપી તેમજ જીવનને ઉજ્જવળ બનાવવા હરહંમેશ પ્રયત્નશીલ રહ્યા છો તેથી અમો આપના ઋણી છીએ

લિ. ઉમરશી નેણશી તથા
આપના પુત્રો, પુત્રવધૂઓ
તથા પરિવાર

સ્વ. શાહ ગીરધરલાલ સાકરચંદ (સાણંદવાળા)




દેહ વિલય : તા. ૫-૧૧-૧૯૭૬


આજે અમો 'જે કાંઈ છીએ' તે આપના જ સીંચેલા, ધર્મ શ્રદ્ધા સેવા અને કુટુંબવાત્સલ્ય ભાવનાના સંસ્કારોનું જ ફળ છે અને શાસનદેવ પાસે એજ પ્રાર્થના કે આપના માર્ગદર્શન પ્રત્યે અમો હંમેશા સતત જાગૃત રહીએ. એજ.

આપના ધર્મપત્ની હીરાબેન તથા સુપુત્રો
જીતેન્દ્ર. અશોક. મુકેશ તથા કુટુંબીજનો

સ્વ. કેશવલાલ મંગળજીભાઈ મહેતા



સ્વ. રજનીકાન્ત મણીલાલ મહેતા
પાલનપુર નિવાસી



જન્મ તા. : ૮–૬–૧૯૩૩ મરણ તા. : ૨–૫–૧૯૮૦

પુષ્પ ખીલ્યું અને કરમાઈ પણ ગયું. આમ અચાનક ચાલ્યા જશો તેની કલ્પના પણ ન હતી.

પ્રભુ તારા આત્માને જ્યાં હોય ત્યાં અપૂર્વ શાંતિ આપે.

લિ.

રમણીકલાલ રાજમલભાઈ મહેતા
સુશીલા રમણીકલાલ મહેતા


સ્વ. પિતાશ્રી ચંદુલાલ ગગલભાઈ ગાંધી
ધાનેરા નિવાસી




આપના જીવનમાં સહાનુભૂતિ, સત્યતા, સમતા અને અનુકંપાના સુસંસ્કારોની સુવાસ અમારા હૈયામાં પ્રસરી છે આપના ધર્મમય જીવનથી અમારામાં ધર્મ પ્રત્યેની ધગશ અને અનેરી શ્રદ્ધા પ્રગટી છે. આપની પ્રેરણાઓ અમે મૂર્તિમંત બનાવીએ એજ અંતરની આરઝૂ.

લિ. આપનો પરિવાર પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રી

લહેરીલાલ દલચંદ સંઘવી





શા. વચ્છરાજ ભેરુલાલ એન્ડ કંપની
ટેક્ષટાઈલ્સ માર્કેટ રીંગરોડ સુરત



પૂ. બા ! આપે અમારામાં દાન, દયા, ધર્મ અને અનુકંપાના સંસ્કાર રેડી અમારું જીવન સદાચાર રૂપી પુષ્પોથી મહેકતું બનાવી રહ્યા છો. તે માટે અમે આપના ઋણી છીએ.

લિ. આપના પુત્રો
બચુભાઈ બળદેવભાઈ પટેલ
બકાભાઈ બળદેવભાઈ પટેલ

મણીબહેન તલકચંદ શાહ




પૂજ્ય માતુશ્રી

આપે અમારા જીવન ઘડતરમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું, તેમજ અમોને એજ સંસ્કારોએ ધર્મ કાર્યો અને સત્કાર્યો કરવાની પ્રેરણા આપેલ છે.

આપ પૂજ્ય સંત-સતીશ્રીઓના દર્શન કરી તેઓના સત્સંગનોનું અનુપમ લાભ લઈ રહ્યા છો અને લક્ષ્મીનો સદ્વ્યાય-સન્માર્ગે-કરી રહ્યા છો. જે કાર્ય અમોને પણ તે જ માર્ગે જવા પ્રેરણા આપી રહ્યું છે.

લિ. ધીરજલાલ તલકચંદ શાહ
જ્યોત્સનાબેન ધીરજલાલ શાહ
સમસ્ત પરિવાર

ભણશાળી કાળીદાસ મયાચંદ
(ધાનેરાવાળા)



માતુશ્રી પસીબેન ભીખાભાઈ ગાંધી
(ધાનેરા)



ધર્મ પ્રત્યે અખૂટ શ્રદ્ધા અને મિલનસાર સ્વભાવના આપના સંસ્કારોથી આપે અમારા જીવનને પ્રેરણા અને માર્ગદર્શન આપી રહેલ છો.

લિ. આપનો પરિવાર
ઠ. માણેકલાલ ભોખાભાઈ ગાંધી



અ.સા. મંજુલાબેન રમણીકલાલ ઝોગાણી
(ધાનેરાવાળા)

પૂજ્ય માતુશ્રી,

અમારા જીવનમાં આપે ધર્મના સંસ્કારોનું સીંચન કરી; અમોને પ્રેરણા આપી અમારા જીવનના દરેક કાર્યમાં યોગ્ય માર્ગદર્શન આપી તેમજ જીવનને ઊજ્જવળ બનાવવા હરહંમેશ રહ્યા છો. તેથી અમો આપના ઋણી છીએ.

લિ. આપના પુત્રો અને પુત્રવધુ

ખંભાત નિવાસી

અ. સૌ. જશુબહેન વસંતલાલ પટેલ




આપે અમારા જીવનમાં માનવ જીવન આદર્શ રીતે જીવવાના ખૂબ સંસ્કાર આપી અમારું જીવન ઘડતર સુંદર રીતે કર્યું છે તે અનોડ ને અનુપમ છે. તે માટે અમે આપના ભવોભવના ઋણી છીએ.

લિ. આપનો પરિવાર

સ્વ. સમુબેન ગુલાબચંદ ગાંધી



★



ચંપકલાલ મોહનલાલ કાપડીયા

આપનું જીવન એક આદર્શ નમુના રૂપ છે. આપે પહેલા શ્રી સંઘના પ્રમુખ પદે રહીને ચતુર્વિધ સંઘની અનુપમ સેવા બજાવી છે. આજે પણ સંત સતીજીઓના વ્યાખ્યાનનો લાભ લઈ ધર્મમય જીવન જીવી રહ્યા છો. આપે અમારા જીવનમાં ધાર્મિક સંસ્કારોના બીજ વાવી જીવનને પવિત્ર પંથે વાળવા પ્રેરણાના પવિત્ર વાણીનું સિંચન કર્યું છે. એ જ પ્રેરણા અને માર્ગદર્શન અમારા જીવનમાં આપવા બદલ અમે આપના ઋણી છીએ.

લિ. આપનો પરિવાર

સ્વ. શ્રી ધાપુબહેન ખુડાલાલ શાહ



પુત્રમાં સુસંસ્કાર પાડી, ધર્મપ્રત્યે હૈયા પ્રેમ જગાડી સમ્યગજ્ઞાન અને પ્રચારમાં પ્રેરણા કરવી પ્રત્યેક સુમાતાની ફરજ છે.

સ્વ. ગેરીબહેન ધરમચંદભાઈ શાહ



તેમનાં સુપુત્ર કનૈયાલાલ ધરમચંદ શાહ
પરિવાર તરફથી

સ્વ. શ્રી ખેતશીભાઈ હાથીભાઈ શાહ



સ્વ. કુ. ઉષાબેન રમણિકલાલ શાહ



સ્વ. ત્રિભોવનદાસ દામોદરદાસ શાહ



જન્મ : તા. ૧૦-૧૧-૬૫ અવસાન : ૨૯-૬-૭૬

સ્વર્ગસ્થ બેન ઉષાના સ્મરણાર્થે રમણીકલાલ
લક્ષ્મીચંદ મહેતા (તથા પરિવાર)
૬/૧૬૭૨ બાલાજીરોડ નાની છીપવાડ સુરત

સ્વ. અંજવાળીબેન મોહનલાલ સરવૈયા

(થોરડીવાળી) હાલ ઘાટકોપર



આપે અમારા જીવનમાં જ્ઞાન, ચારીત્ર, તપના, ખૂબ સંસ્કાર આપ્યા તે બદલ અમો આપના ઋણી છીએ.

લિ. અમો આપના

પુત્રો	પુત્ર વધુઓ
દામોદરદાસ	શારદાબહેન
દ્વારકાદાસ	વસંતબહેન
રમણીકલાલ	વિદ્યાબહેન
કાન્તીલાલ	સુમનબહેન
છોટાલાલ	હર્ષાબહેન
પ્રવિણસાગર	કૈલાસબહેન

તથા સરવૈયા પરિવાર

સ્વ. હેમકુંવર મગનલાલ ખાટડીઆ



સ્વર્ગવાસ : ચૈત્ર સુદી ૭ રવિવાર તા. ૨૭--૩--૭૭

આપે અમારામાં બાળપણથી સત્યતા, સમતા અને અનુકંપાના સંસ્કારોની સુવાસ તથા ચારિત્રનું ઘડતર કરીને માનવોની મ્હેંક સીંચી છે. તમે અમોને તપ, ત્યાગ, દાન અને ધર્મનો મર્મ સમજાવી ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધા દૃઢ કરાવી છે.

તમારા અનંત (૨) ઉપકાર છે. તમારામાં જે અનંત ગુણો હતા. તે અમારામાં ઉતરે તેવી શક્તિ પ્રભુ અમોને આપે તે જ અભ્યર્થના.

લિ. આપનો આજ્ઞાંકિત પરિવાર

ઃ ધરમચંદ મગનલાલ ખાટડીઆ


સ્વ. શાંતિલાલ ભીખાભાઈ શાહ



"ફુલ તો ખરી ગયું પણ ફોરમ તેનાં રહી ગઈ" તેમ આપ તો ચાલ્યા ગયા, પણ આપના સદ્‌ગુણ ખૂબ સાંભરે છે. આપે અનેક કષ્ટ સહન કરીને અમને પ્રગતિના પંથે મૂક્યા દીધા, પણ એ પ્રગતિ જોવા આપ ન રહ્યા. તેનું અમોને ખૂબ દુ:ખ છે. પૈસા કરતાં સંસ્કારને આપે વધુ મહત્વ આપ્યું. આપે અમારા જીવનમાં સાહસીકતા અને ધર્મનું બીજ વાવી સંસ્કાર રૂપી જળનું સીંચન કર્યું તે બદલ સમગ્ર પરિવાર આપનો ખૂબજ ઋણી છે. આપને સમગ્ર પરિવારનાં કોટી કોટી વંદન હો.

લિ. આપનો સમગ્ર પરિવાર

છબીલદાસ લક્ષ્મીચંદ મહેતા



આપ આટલી વૃદ્ધ ઉંમરે પણ શ્રી સુરત સંઘની ખડે પગે સેવા કરો છો તેમજ સાધુ સાધ્વીની વૈયાવચ્ચ કરવામાં આપ કાયમ ખડે પગે ઉભા રહો છો તેમજ અમારા જીવનમાં ધર્મના સંસ્કાર રેડયા છે તે માટે અમે આપના ઋણી છીએ.

લિ. આપનો પરિવાર

સ્વ. શાંતાબેન મણીલાલ કોઠારી
(રાણપૂર બેસાણુ નિવાસી)



"તું કેવી હતીને કેવી નહીં મા, મને સાભરે નહીં" તારા સ્નેહના અમૃતબિંદુઓનું પાન કર્યું, ન કર્યું ત્યાં તો તેં પ્રભુ ચરણને પ્યારું ગણ્યું અને અમે તારાં લાડકોડથી વંચીત રહ્યા યથાશક્તિ સત્કર્મો કરી શકીએ તેવી પ્રેરણા મળે. તારો પુત્ર નટવરલાલ પુત્રવધુ વિદ્યાસબેન તથા પુત્રી અ. સૌ. પ્રભાબેન મનહરલાલ ગાંધી તથા પરિવાર

પ્રેષક : પ્રભાત મોટર સ્ટોર્સ સુરત

સ્વ. હિંમતલાલ મગનલાલ ગાંધી



ચીનાર વૃક્ષની ડાળીઓ ઉપરથી પવન ફુંકાતા ફુલ ખરી પડે છે. પરંતુ તેની સુવાસ તો યથાવત રહી ચોમેર પ્રસરતી રહે છે. તેવી રીતે આપના મુખ પર સદાયે પ્રસન્નતા પ્રસરી રહેતી. ગરીબો પ્રત્યે આપના દિલમાં અથાગ કરૂણા ભરી હતી. આપના સંતાનોના સંસ્કારો પ્રત્યે આપની પુરી જાગૃતિ હતી, અને એજ જાગૃતિને કારણે આજે અમો જે છીએ તે બની શકયા અને સારાયે કુટુંબને 'સંપ અને જંપનો' સંદેશ આપી સુવાસ ફેલાવી ગયા.


એજ. લિ. આપનો આજ્ઞાંકિત પરિવાર

ગાંધી ગીરધરલાલ ગુણવંતરાય મહેન્દ્રકુમાર
ગાંધી કાંન્તાબેન લત્તાબેન તરૂલત્તાબેન
કિશોરકુમાર – હંસાબેન

સ્વ. નેમચંદભાઈ સવજીભાઈ દોશી



સ્વ. વિરચંદ રાજપાલ પારેખ (ભાયાવદર)



આપે અમારા જીવનમાં જ્ઞાન, ચારિત્ર તપના ખૂબ સંસ્કાર આપ્યા. તે બદલ અમો આપના ઋણી છીએ

લિ.

પુત્રો–અચ્યુભાઈ, કાન્તીલાલ, અરવીંદ, ઈશ્વર પ્રવીણ,
પુત્રવધુઓ–હંસા, જ્યોતી, રેખા, જ્યોત્સના, સરોજ
તથા પારેખ પરિવાર

પૂ પિતાશ્રી અમૃતલાલ અમરચંદ જસાણી
પૂ. માતુશ્રી ચંપાબેન અમૃતલાલ જસાણી




આપે અમારા જીવનમાં જ્ઞાન ચારિત્ર, તપના ખૂબજ સંસ્કાર આપ્યા છે. આપ સંત-સતીઓના દર્શન કરી તેઓના સતસંગનો અનુપમ લાભ લઇ રહ્યા છો. અમોને પણ તે જ માર્ગે જવા પ્રેરણા આપી રહ્યા છો.

લિ. આપનો પરીવાર
ઇ. ચંદ્રકાંત અમૃતલાલ જસાણી
ઈન્દુમતિ ચંદ્રકાંત જસાણી
તથા અતુલ, સંજય, તૃપ્તી

★

શ્રી કલ્યાણચંદ માણેકચંદ ઝવેરી



પૂ. માતુશ્રી શાન્તાબેન નરસીંદાસ મહેતા
(જેતપુર નિવાસી)



આપે અમારા બાલપણમાં સંસ્કાર અને ચારિત્રનું ઘડતર કર્યું. દાન, શીલ, તપ અને ત્યાગના સંસ્કારોનું સિંચન કરીને અમારામાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બનાવી છે. આપના આ સંસ્કારોને જીવનમાં વણી લીધા અને પૂણ્યોદયે જ્યારે સંપતિ મળી ત્યારે યથાશક્તિ તેનો સદ્‌ઉપયોગ કરતા રહ્યા છીએ ને આપની શિખામણ જીવનમાં પુરેપુરી આચરણમાં મૂકવા યથાશક્તિ પ્રયાસ કરતા રહ્યા છે

લિ. આપના ઋણી પુત્રો

કેશવલાલ ન. મહેતા — ચિમનલાલ ન. મહેતા
પ્રવિણભાઈ ન. મહેતા — નલિનકુમાર ન. મહેતા

શ્રીમતી ભાનુમતીબેન પ્રભુદાસ માણેકચંદ કોઠારી



જન્મ : ૬-૧૨-૨૬ મરણ : ૨૮-૬-૭૯

ઉમરસી ભીમસી વીરા
(કચ્છપત્રી નિવાસી હાલ મલાડ)



મૂળ વતન કચ્છ પત્રી તેઓએ અનાજ કરીયાણાના નાનકડાં વેપારમાંથી ફિ. મટીરીયલસ તેમજ બરશેનની એજન્સી સુધીનાં અનેક વ્યવસાયમાં સિદ્ધિ મેળવી છે.

ઘણી સંસ્થાના સભ્ય સ્થાન કે પ્રમુખ સ્થાન શોભાવ્યા છે.

તેમણે કચ્છ ધરતી કંપ વખતે ૨૫૦૦૧ની શખાવત કરી વતન ઋણ અદા કરેલ છે. તેમણે મહિલા કોલેજ, પત્રી વિદ્યાર્થી ગૃહ, સર્વોદય સમાજ વ. માં દાન આપેલ છે તે સમાજના દાનવીર તેમજ ઉદ્યોગપતિ છે. તેમજ તેઓ સ્વભાવે ઉત્સાહી, સેવાભાવી, કર્તવ્ય નિષ્ઠ, મિલનસાર

સ્વ. ભોગીલાલ રેવચંદ વલાણી



અ.સૌ. તારાબહેન ચીમનલાલ શાહ (સાણંદ)



શ્રી તારાબેન તે શાહ ચીમનલાલ હીરાચંદના ધર્મપત્ની જેણે નાની ઉંમરમાં બે વખત માસ ક્ષમણ તપ કરેલ છે ધાર્મિક સંસ્કારોથી ટેવાયેલા શ્રી ચીમનભાઈ કે જેમણે વરસો સુધી સાણંદ સંઘનું સુકાન સંભાળેલું છે. અને આજે પણ સમાજમાં એક જાણીતા આગેવાન કાર્યકર છે જેઓ સંસારી રીતે શારદાબાઈ મહાસતીજીના ભાઈજીના દીકરી છે.

★



સ્વ. માતુશ્રી છબલબહેન નરસીદાસ

માતૃ સ્નેહ વાત્સલ્ય અને પ્રેમનું ઝરણું છે. કડવું પીને અમૃત વહાવનાર છે. સાનુકૂળ અથવા પ્રતિકૂળ સંયોગોમાં ધૈર્ય રાખી અમારામાં જ્ઞાન, દાન, ધર્મ, નીતિ, નિષ્કામ, નિઃસ્વાર્થ સેવાના સંસ્કારો સિંચી તપ અને ત્યાગનો માર્ગ બતાવી અમારૂં જે ચારિત્ર ઘડતર કર્યું છે તેવા આપને અમારા હાર્દિક કોટી કોટી વંદન

લિ. સ્વ. શાહ નાગરદાસ નરસીદાસ સાણંદવાળા
શાહ પ્રવીણચંદ નરસીદાસ સાણંદવાળા
હાલ. ભોડેલી


માતુશ્રી હાંસબાઈ વીજપાર હીરા



માતૃસ્નેહ એ વાત્સલ્ય અને પ્રેમનું ઝરણું છે. કડવું પીને અમૃત વહાવનાર છે. અમારામાં જ્ઞાન દાન, ધર્મ, નીતિ, નિષ્કામ, નિઃસ્વાર્થ સેવાના સંસ્કારો સિંચી, તપ અને ત્યાગનો માર્ગ બતાવી અમારું જે ચારિત્ર ઘડતર કરી રહ્યા છે. તેવા આપને અમારા હાર્દિક કોટી કોટી વંદન.

લિ. ગાંગજી વીજપાર હીરા
જેઠાલાલ વીજપાર હીરા
તથા સમસ્ત પરિવાર

સ્વ. મનસુખલાલ વેલચંદ ગાંધી
(ધાનેરાવાળા)



આપે અમારા જીવનમાં જ્ઞાન તપ, ચારિત્રના ખૂબ સંસ્કાર આપ્યા તે બદલ અમો આપના ખરેખર ઋણી છીએ.

લિ.
આપનો પરિવાર



સ્વ. પૂ. પિતાશ્રી પ્રાણજીવનદાસ તારાચંદ કામદાર
તથા સ્વ. પૂ. માતુશ્રીસાંકળીબેન પ્રાણજીવનદાસ કામદાર
(બાબરાવાળા)ના સ્મરણાર્થે

લિ. આપના સુપુત્રો
નરભેરામ પ્રાણજીવનદાસ કામદાર
નંદલાલ પ્રાણજીવનદાસ કામદાર
સુરત ચંદુલાલ પ્રાણજીવનદાસ કામદાર

ખંભાત સંપ્રદાયના જૈન શાસનના સિતારા

બા. બ્ર. પૂ. શ્રી શારદાબાઈ

મહાસતીજીના સંસારી માતુશ્રી

સ્વ. શકરીબેન વાડીલાલ શાહ

(સાણંદ)



હૈયું સુકોમળ અને સ્નેહભીનું છે.
દિલ દયાભીનું અને દિલાવર છે એવા

પૂ. બા ! તમે અમારા જીવનમાં સંસ્કારોનું સિંચન કરી અમારા જીવનનું ઘડતર કર્યું છે તે આપના અસીમ ઉપકારને કયારે પણ ભૂલી શકીએ તેમ નથી. આપનો વિનમ્ર, દયાળુ સ્વભાવ, સદ્‌વિચાર તથા ધર્મ પ્રત્યેનો અનન્ય ભાવ, દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યેનો અથાગ પ્રેમ એવા આપના આદર્શો અમને કાયમ જાગૃત બનાવી આપના સદ્‌ગુણોનો વારસો અમારો શાશ્વત શ્વાસ બની રહો એ જ પ્રાર્થના.

લિ.

આપના ભવોભવના ઋણી આજ્ઞાંકિત

પુત્રો

નટવરલાલ — અ. સૌ. નારંગીબહેન

પ્રાણલાલ — અ. સૌ. ઈન્દિરાબહેન

પૂજ્ય પિતાશ્રી સ્વ. પારેખ ચીમનલાલ હકમીચંદ તથા

પૂજ્ય માતુશ્રી સ્વ. પારેખ લહેરીબહેન ચીમનલાલ તથા

પૂજ્ય કાકાશ્રી સ્વ. પારેખ પાનાચંદ હકમીચંદના સ્મરણાર્થે

હ. પારેખ રમણીકલાલ ચીમનલાલ ધાનેરાવાળા
મુંબઈ ટે. નં. ૮૧૧૪૯૫

પારેખ સેવંતીલાલ ચીમનલાલ ધાનેરાવાળા
સુરત ટે. નં. ૩૭૪૬૬

★

" બીજાને સુધારવા હોય તો. પ્રથમ આપણે સુધરવું પડશે.
આચરણ વગરનો ઉપદેશ કેવળ ફોગટ છે. "

સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ બા, બ્ર. પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી ગુરવે નમઃ

"સંવત ૨૦૩૫ના સુરતના ચાતુર્માસમાં આપેલા પ્રવચનો"

ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન ૧૩મું

અધિકાર :- ચિત્ત અને સંભૂતિ તથા ભીમસેન હરિસેન ચરિત્ર

વ્યાખ્યાન નં-૧

અષાઢ વદ ૫ ને શનિવાર **તા. ૧૪-૭-૭૯**

"શ્રદ્ધાનો અપૂર્વ મહિમા"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો ! અનંત કરૂણાનીધિ, શાસનપતિ, સર્વજ્ઞ ભગવંતે જગતના જીવોના શ્રેયને માટે કલ્યાણકારી, પાવનકારી, મંગલકારી શાસ્ત્રવાણીની રજુઆત કરી છે. એવા શાસ્ત્રનું પ્રતિપાદન કરનાર ભગવાન કેવા છે તે બતાવતા સૂયગડાયંગ સૂત્રમાં કહ્યું છે કે

जमतीतं पडुपन्नं, आगमिस्सं च णायओ ।
सव्वं मन्नति तं ताई, दंसणावरणंतए ॥ અ. ૧૫ ગાથા ૧

જે પદાર્થો ભૂતકાળમાં જે અવસ્થામાં હતા, વર્તમાનકાળે જે અવસ્થામાં રહેલા છે, ભવિષ્યકાળમાં જે અવસ્થામાં હશે તે સર્વ પદાર્થોને તથા તેની ત્રણે કાળની પર્યાયને, દ્રવ્યથી અને પર્યાયથી જીવ તથા અજીવ સર્વ પદાર્થોને જાણવાવાળા તથા છકાય જીવના રક્ષણ કરનારા, સર્વના હિતચિંતક, દર્શનાવરણીય આદિ ઘાતી કર્મોના અંત કરવાવાળા એવા સર્વજ્ઞાની, સર્વદર્શી, કેવળજ્ઞાની ભગવાન જીવોના નેતા છે. તેઓશ્રી જીવોને વિશિષ્ટ ઉપદેશ આપી પ્રાણીઓને સંસાર સાગરમાંથી સાચો માર્ગ બતાવી પાર પમાડનાર નેતા છે. આ ચાતુર્માસના પવિત્ર દિવસોમાં ભગવંતના મુખમાંથી ઝરેલી વાણીમાંથી કોઈ પણ એક અધિકારની મંગલ શરૂઆત કરતા પહેલા સર્વપ્રથમ પતીતપાવન, અધમ ઉદ્ધારક, ભવદુઃખભંજન એવા નવકાર મહામંત્રનું સ્મરણ કરી મંગલાચરણ કરીએ, કારણ કે કોઈપણ શુભકાર્યનો પ્રારંભ કરતા પહેલા પંચ પરમેષ્ઠી ભગવંતનું સ્મરણ કરવું જોઈએ. આપણા જિનશાસનમાં નવકાર મંત્રનું એક અનોખું સ્થાન છે. નવકારમંત્રનો મહિમા કેટલો છે તે તમે જાણો છો ? એક શ્લોકમાં પણ કહ્યું છે કે

मंत्र संसारं त्रिजगदनुपमं सर्व पापारिमंत्रं,
संसारोच्छेदमंत्रं विषमविषहरं कर्मनिर्मूल मंत्रं ।
मंत्रं सिद्धिप्रदानं शिव सुख जननं केवलज्ञानमंत्रं,
मंत्रं श्री जैन मंत्रं जप जप जपितं जन्म निर्वाण मंत्रम् ॥

ચૌદપૂર્વના સારરૂપ નમસ્કાર મહામંત્ર ત્રિભુવનમાં અનુપમ છે. સર્વ પાપરૂપી શત્રુઓને હણવામાં વજ્ર જેવો છે. જન્મ–મરણ રૂપ સંસારનો નાશ કરવામાં સમર્થ છે. ગમે તેવા વિષમ વિષને ઉતારનારો છે, ભવોભવના કર્મોને નિર્મૂળ કરવામાં સમર્થ છે. રિદ્ધિ સિદ્ધિ અને શિવસુખને આપનારો છે. કેવળજ્ઞાનને પ્રગટાવનારો છે. વારંવાર જપાયેલો આ મંત્ર નિર્વાણ સુખને આપે છે. આટલા માટે જ્ઞાની મહર્ષિઓ નમસ્કાર મહામંત્રનો સૌથી વધારે મહિમા ગાય છે, કારણ કે **નવકારમંત્ર એ કલ્યાણ કુંદનમાં ચળકતું નંગ છે, ચારિત્ર ચંદ્રને ચમકાવનારુ નિર્મળ નભ છે. આત્માને જાગૃત કરનાર નુપૂર છે. મોક્ષમંદિરમાં પ્રવેશ કરવાનું નગર છે, નિયમોનું નંદનવન છે અને નમ્રતાની નારંગી છે.** નવકારમંત્ર ચૌદ પૂર્વનો સાર છે. ચૌદપૂર્વ પણ નવકારમંત્રનો વિસ્તાર છે. ચૌદ પૂર્વધારીઓ પણ અંતિમ સમયે એનું ધ્યાન ધરે છે ને શરણ સ્વીકારે છે. નવકારમંત્ર જેમ સારભૂત છે તેમ નવકારને ગણનારા પણ સારભૂત બને છે. ચૌદપૂર્વીઓ પણ નવકારમંત્રના ધ્યાનમાં એકાકાર બનેલા આત્માઓની પ્રશંસા કરે છે. નવકારમંત્ર અર્હં રૂપ છે. જેના ધ્યાનથી આપણા કર્મો નાશ પામે છે.

બંધુઓ ! આપણામાં અનંતકાળથી અહંકાર રહેલો છે તે પુણ્યને ખતમ કરે છે ને પાપને વધારે છે. જે મનુષ્ય આવું ઉત્તમ જિનશાસન પામીને નવકારમંત્ર ગણતો નથી તે પાપથી પુષ્ટ અને પુણ્યથી હીન હોય છે. જો મરણ વખતે ઉપયોગ નવકાર મહામંત્રમાં જોડાઈ જાય અને તે વખતે આયુષ્ય બંધાય તો દેવલોકનું બંધાય છે. માનવમાત્રનું પરમ અને ચરમ લક્ષ્ય સુખ, શાંતિ અને સ્વસ્થતા પ્રાપ્ત કરવાનું છે. પોતાના લક્ષ્યને પહોંચી વળવા આજ સુધી માનવ માત્ર નહિ પણ પ્રાણી માત્ર મહેનત કરી રહ્યા છે. ધન વૈભવ અને ઐશઆરામમાં એણે સુખ શોધવા માટે પ્રબળ પુરૂષાર્થ આરંભ્યો ને આંધળી દોટ મૂકી એમાં ગરકાવ બની ગયો પણ એનાથી લક્ષ્ય સિદ્ધિ થવાને બદલે ઉલટી વ્યથા જ વધી. આનંદ–પ્રમોદના અનેક સાધનો એણે ઊભા કર્યા પણ અંતે હાથ ઘસીને બેસી રહેવાનું જ રહ્યું, આટલા માટે જ્ઞાની પુરૂષો વારંવાર ટકોર કરે છે કે હે મોહ નિદ્રામાં પોઢેલા આત્માઓ ! હવે તો જાગો, કારણ કે આ સંસારમાં માનવભવની પ્રાપ્તિ થવી અતિ દુર્લભ છે. માનવભવ પામ્યા પછી પણ ઉત્તમ જાતિ, ઉત્તમકુળ, જિનશાસન, શાસ્ત્રવાણીનું શ્રવણ આ બધો યોગ મળવો એનાથી પણ વધારે દુર્લભ છે, કારણ કે મોક્ષની વિશેષ

આરાધના એક માત્ર માનવભવમાં શકય છે. મોક્ષ મેળવવા માટે માનવ જન્મની અવશ્ય જરૂર છે, છતાં માનવભવની પ્રાપ્તિ થવાથી કંઈ મોક્ષ મળી જતો નથી. એ માટે પ્રબળ પુરૂષાર્થ કરવો પડશે. સાથે મોક્ષ માર્ગને બતાવનાર અને એ માર્ગને આચરનાર પ્રત્યે ભક્તિ અને બહુમાન પણ જોઈએ. મોક્ષમાર્ગને બતાવનાર કોણ છે એ તમે જાણો છો ? આપણે જેનું સ્મરણ કરીએ છીએ તે નવકાર મહામંત્ર. નવકાર મહામંત્રમાં મોક્ષમાર્ગને બતાવનાર અરિહંત ભગવંત, મોક્ષને પ્રાપ્ત કરનાર સિદ્ધ ભગવંત, અને મોક્ષ માર્ગને આચરનાર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો રહેલા છે, આ રીતે આ મહામંત્રમાં મોક્ષના પ્રણેતા, મોક્ષ સુખના ભોક્તા અને મોક્ષના સાધક આ ત્રણેયનો ત્રિવેણી સંગમ થાય છે, તેથી આ મહામંત્ર મોક્ષની પ્રાપ્તિમાં સહાયક છે. કોઈ મંત્ર કહો, તંત્ર કહો, યંત્ર કહો, જ્ઞાન કહો કે ધ્યાન કહો આ બધું નવકારમંત્રમાં રહેલું છે પણ તમારે મન શેનું મહત્વ છે ? તમે કોનું મૂલ્ય આંકો છો ? તમે કોનો જાપ કરો છો ? કોનું ધ્યાન ધરો છો ? બોલો તો ખરા (મૌન) તમે મને જવાબ નહિ આપો. હું તમને કહી દઉં. તમે લક્ષ્મીને સર્વસ્વ માનો છો એટલે જાપ કહો ધ્યાન કહો, તો બધું લક્ષ્મી માટે કરો છો. એને માટે રાત દિવસ ધમાલ કરી રહ્યા છો. એમાં મન રમ્યા કરે છે બોલો સાચી વાત છે ને ? (હસાહસ)

દેવાનુપ્રિયો ! માનવદેહમાં મનનું સ્થાન મોટું છે. આ મનને વશ કરવું ઘણું મુશ્કેલ કાર્ય છે. નવકારમંત્ર એ મનને વશ કરવાનું એક અનુપમ સાધન છે. ધનનું રક્ષણ કરવા માટે તમે શું રાખો છો ? "તિજોરી." ધનના રક્ષણ માટે જેમ તિજોરી રાખો છો, શરીરના રક્ષણ માટે જેમ વસ્ત્ર પહેરો છો તેમ મનના રક્ષણ માટે નવકાર મહામંત્ર છે. જેમ તિજોરી વિના પ્રાયઃ કરીને ધનનું રક્ષણ થઈ શકતું નથી તેમ નવકાર મંત્ર વિના મનનું રક્ષણ પણ થઈ શકતું નથી. મંત્ર એ મનને વશ કરવા માટે અંકુશ છે. જેનું મન નવકાર મંત્રમાં જોડાતું નથી તે વિષય કષાયમાં ભટકે છે. અને દુર્ગતિના ખાડામાં ધકેલાઈ જાય છે. મન એ માનવીના ઉત્થાન અને પતનનું કારણ છે. વિષયો અને કષાયો જીવને અનાદિકાળથી સંસારમાં રઝળાવનાર છે. પળે પળે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરાવે છે. ધર્મધ્યાન કે શુકલધ્યાનમાં જોડાવા દેતા નથી. નવકારમંત્રનું એક ચિત્તે શુદ્ધ ભાવથી સતત સ્મરણ કરવાથી વિષય કષાયો મંદ પડે છે, મન પવિત્ર બને છે. અને આત્મા ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં જોડાય છે. ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં જોડાવાથી પરિણામે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે અને આર્ત રૌદ્રધ્યાનમાં જોડાયેલું મન માનવીને દુર્ગતિમાં લઈ જાય છે, માટે દુર્લભ એવા માનવભવમાં આ પવિત્ર નવકારમંત્રની આરાધના કરી લો.

બધા તીર્થંકર ભગવંતો પણ પોતાના પૂર્વભવોમાં આ મહામંત્રની આરાધના

કરીને આગળ વધ્યા છે, માટે મનરૂપી આંગણામાં નવકાર મહામંત્રરૂપ કલ્પવૃક્ષ ઉગાડવાની જરૂર છે. જે કલ્પવૃક્ષના મૂળરૂપે અરિહંત ભગવાન, ફળરૂપે સિદ્ધ ભગવાન, ફુલરૂપે આચાર્ય, પાંદડારૂપે ઉપાધ્યાય અને શાખારૂપે સાધુ ભગવંત છે. કલ્પવૃક્ષ તો જુગલીયાના સમયમાં હતું. એ તો માત્ર સંસારિક કામનાઓ પૂર્ણ કરવા સમર્થ હતું. એ કલ્પવૃક્ષથી મળતા ભૌતિક સુખોનો ઉપભોગ તો મારા ને તમારા આત્માએ અનંતી વખત કર્યો તેથી કંઈ કલ્યાણ થયું નહિ. હવે તો મન મંદિરના આંગણીયામાં એવું કલ્પવૃક્ષ ઉગાડો કે જલ્દી આત્માનું કલ્યાણ થઈ જાય. નવકાર મહામંત્ર રૂપી કલ્પવૃક્ષ તો આત્માના શાશ્વત ધામરૂપ મોક્ષને અર્પણ કરવાની અપ્રતિહત શક્તિ ધરાવે છે. મન–મંદિરના આંગણામાં મહામંત્ર રૂપ કલ્પવૃક્ષને ઉગાડયા પછી આત્માના આનંદનો પાર રહેતો નથી. હું તમને એક વાત પૂછું છું કે જેના ઘર આંગણે કલ્પતરૂ ફળ્યો હોય એને દુઃખ કે દરિદ્રતા રહે ખરી? "ના" એ તો મહાન સુખી થઈ જાય, ન્યાલ થઇ જાય. આ તો દ્રવ્ય કલ્પવૃક્ષ છે છતાં મનુષ્યના દુઃખ દરિદ્રતા દૂર થઈ જાય છે ને મહાસુખી બની જાય છે તો જેના મનમંદિરના આંગણામાં મહામંત્રરૂપી ભાવ કલ્પવૃક્ષ ફળ્યું હોય એને દુર્ગતિનો ભય રહે ખરો? 'ના'. તો સમજો, કલ્યાણકારી નવકારમંત્રની શ્રદ્ધા સહિત આરાધના કરો. નવકારરૂપ કલ્પવૃક્ષનું ફળ સિદ્ધપદ છે. જ્યાં સુખની આદિ છે પણ અંત નથી. જ્યાં ગયા પછી કદી જન્મ નથી કે મરણ નથી, ભય કે શોક નથી. સદાકાળ ત્યાં આત્માના સ્વભાવમાં રમવાનું છે. સિદ્ધ પરમાત્માના એક આત્મપ્રદેશના સુખની આગળ ઈન્દ્ર, દેવ અને ચક્રવર્તિના સુખો તણખલા જેવા છે.

"મોક્ષના સુખ મળે ક્યારે?" :- કર્મ અને શરીરનો સંબંધ આત્મા સાથેથી છૂટે ત્યારે આત્મા મોક્ષના શાશ્વત સુખોની મોજ માણી શકે છે, બાકી તો સંસારમાં જીવને ભયંકર દુઃખો ભોગવવા પડે છે. નરકગતિમાં જીવોને નિરંતર ભયંકર વ્યક્ત વેદના હોય છે. એનાથી પણ વધારે અવ્યક્ત વેદના નિગોદના જીવોને છે કે જેમને સતત જન્મ મરણ ચાલુ છે. એક અંતર્મુહુર્તમાં એક નિગોદનો જીવ ૬૫૫૩૬ વાર જન્મ મરણ કરે છે. આવા દુઃખો જીવે અનંતકાળ સુધી ભોગવ્યા છે છતાં એમ થાય છે કે હવે આ દુઃખોનો અંત જલ્દી ક્યારે આવશે? જીવ માત્રને દુઃખ ગમતું નથી છતાં દુર્ગતિના દ્વાર બંધ કરવાનો કોઇએ નિર્ણય કર્યો છે? દુર્ગતિના દ્વાર બંધ કરવા હોય તો પાપભીરૂ બનો. પાપભીરૂ બન્યા વિના પવિત્ર નહિ બનાય અને ભવભીરૂ બન્યા વિના ભવકટી નહિ થાય. સમજાય છે મારી વાત? તમને શેનો ભય લાગે છે? પાપનો કે સર્પનો? સાચું બોલજો હોં! હમણાં બે દિવસ પહેલાં બુધ–ગુરૂવારે તમને શેનો ભય હતો? સ્કાયલેબ પડશે ને મરી જઈશું તો? તેથી ઘરની બહાર નીકળતા કેટલો ડર લાગતો હતો? આવો ભય જો પાપનો લાગે તો કલ્યાણ થઈ જાય.

બંધુઓ ! આ જગતમાં કીડીથી માંડીને કુંજર સુધીના દરેક જીવો સુખના અભિલાષી છે. કોઈને દુઃખ ગમતું નથી, માટે બને તેટલી જીવોની દયા પાળો. જીવોની હિંસા કરવાથી જીવને નરકગતિમાં જવું પડે છે. ત્યાંથી આગળ વધવા માટે ફરીને આવો અવસર કયારે પ્રાપ્ત થાય તે કહી શકાય નહિ, અરિહંત પ્રભુ પ્રત્યેનો અનાદર ભાવ એ આત્માના અત્યંત કિલષ્ટ અશુભ અધ્યવસાય છે. જેના કારણે આત્માને દુર્ગતિમાં જવું પડે છે. ચૌદ રાજલોક સ્વરૂપ આ વિશ્વમાં સર્વાધિક સુખ સિદ્ધ પરમાત્માને અને સર્વાધિક દુઃખ નિગોદના જીવોને છે. આ ભાવિ દુઃખને સુખમાં પલટાવવું હોય તો મહામંત્રનું શરણ સ્વીકારવું પડશે. નવકારમંત્રનો આરાધક પોતે પંચ પરમેષ્ઠિમય બને છે, અને પંચ પરમેષ્ઠિ પદને પામ્યા પછી એને સંસારનો ભય રહેતો નથી. **"જેના મનમાં છે નવકાર એને શું કરે આ સંસાર"** આ નવકાર મંત્રની દ્રવ્યથી અને ભાવથી આરાધના કરવી પડશે. જેને દ્રવ્યથી અને ભાવથી નવકારમંત્ર આવડી જાય તેના રોમેરોમમાં આનંદ વ્યાપી જાય અને ભાવિમાં દુર્ગતિના દ્વાર સદાને માટે બંધ થઈ જાય છે. જે નવકારમંત્રના મહાત્મ્યને સમજે છે. તે માનવભવને સફળ કરી જાય છે. નવકાર મંત્રની શ્રદ્ધા ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

કોઈ એક ગામમાં મહાજ્ઞાની, પરોપકારી જૈન સંત પધાર્યા. જૈન સંતો આરંભ સમારંભના ત્યાગી હોય. કંચન, કામિની અને કુટુંબનો ત્યાગ કરી વીતરાગ દશા પ્રાપ્ત કરવાની જેમને લગની લાગી છે તેઓને સંસારનો રાગ હોતો નથી. હજારો મનુષ્યો એમના દર્શન કરવા આવે છે, વ્યાખ્યાન વાણીનો લાભ લે છે. તે સંતો દરેકને ધર્મ સમજાવે છે. એક વખત એક વૈષ્ણવભાઈ સંતના દર્શન કરવા આવ્યા. દર્શન કરીને સંતના ચરણમાં એકસો રૂ. ની નોટ મૂકીને ઊભા રહ્યા. એને ખબર નથી કે આ તો કંચન કામિનીના ત્યાગી અને શીવસુખના રાગી સંત છે, એટલે મહારાજે કહ્યું, ભાઇ ! આ તારી માયા ઉઠાવી લે, મને એની ગંધ આવે છે. ભાઇએ કહ્યું. મહારાજ ! તમે તો કેવા છો કે સો રૂપિયાની નોટ તમારા ચરણે ધરું છું તો પણ લેતા નથી. લોકો તો પૈસા માટે પ્રાણ આપે છે ને તમને પગમાં પડું છું તો પણ લેતા નથી. (હસાહસ) ભાઈ! જેને વિષના કટોરા જેવું સમજીને છોડયું તેને ગ્રહણ કરું ? જલ્દી ઉપાડ. મને દુર્ગંધ આવે છે. તમને રૂપિયાની દુર્ગંધ આવે કે સુગંધ ? (શ્રોતામાંથી જવાબ :– અમને તો સુગંધ આવે છે.) (હસાહસ) તમને રૂપિયા બહુ વહાલા છે એટલે સુગંધ આવે પણ સાચા ત્યાગીઓને એની દુર્ગંધ આવે છે. સંતે કહ્યું એટલે પેલા ભાઇએ રૂ. એકસોની નોટ લઇ લીધી અને ચરણમાં પડીને કહ્યું. મહારાજ મને કંઈક આપો. સંતો શું આપે ? એ પૈસા આદિ ભૌતિક ચીજ ન આપે. એ તો તમારી પાસેથી લે છે થોડું ને આપે છે ઘણું. બોલો, મહારાજ શું આપશે ? હીરા-માણેક, મોતી, રૂપિયા ? ના....ના આત્મજ્ઞાન આપશે.

સંત સમાગમથી શ્રેણીનો અપૂર્વ લાભ :– મહારાજે જિજ્ઞાસુ ભક્તને પાંચ નવકારમંત્ર શીખવાડ્યા ને કહ્યું–તું આ મંત્રને કંઠસ્થ કરી લેજે અને એનું સ્મરણ કરજે. અમે આઠ દિવસ અહીં રહેવાના છીએ. હું રોજ આવજો. હું તને આ નવકાર મહામંત્રનું સ્વરૂપ સમજાવીશ. ચેલાના દિલમાં અપૂર્વ આનંદ હતો. અહો, ગુરૂ મહારાજે મને મંત્ર આપ્યો. હવે હું કંગાલ નહીં રહ્યો. અમે તમને નવકારમંત્ર આપીએ તો આવા ભાવ આવે? તમને તો એમ જ થાય કે આ તો બધું અમને આવડે છે. આમાં નવું શું છે? સાંભળીને પ્રસન્ન થાય એવો મંત્ર આપીએ તો આનંદ થાય. (હસાહસ) આટલું મળવા છતાં પણ લૌકિક સુખની ભૂખ મટતી નથી. મને તો એમ થાય છે કે આને શ્રાવક કહેવા કે ભિખારી? (હસાહસ) ચેલો માણસ તમારા જેવો રીઢો નહોતો. કોરો ઘડો હતો. તે રોજ મહારાજ પાસે આવવા લાગ્યો. સંત એની જિજ્ઞાસા જોઈને નવકારનું, જૈન ધર્મનું અને સંસારનું સ્વરૂપ સમજાવવા લાગ્યા. આઠ દિવસમાં તો તે એવું પામી ગયો કે સાચો શ્રાવક બની ગયો. બાર વ્રત અંગીકાર કર્યા. મારે તમને બાર વ્રત અંગીકાર કરાવવા હોય તો? તમે તો કેટલા બહાના કાઢો. બરાબર છે ને?

વૈષ્ણવમાંથી જૈન બનેલા શ્રાવક આત્મજ્ઞાન પામી ગયો. બીજે બીજે સંતોનો વધુ સમાગમ થતા જૈન ધર્મનું ઊંડું તત્ત્વજ્ઞાન મળ્યું. ઉપાદાન શુદ્ધ હતું તો નિમિત્ત મળતાં મર્મજ્ઞતાના જૈન ધર્મની શ્રદ્ધાના દીપક પ્રગટ્યા. હવે તો જે કોઈ એની પાસે આવે તેની સાથે ધર્મની ચર્ચા કરવા લાગ્યો. આઠમ પાખીના દિવસે પૌષધ કરવા લાગ્યો. રોજ સામાયિક, પ્રતિક્રમણ કરતો. જ્યારે પણ પૌષધ કે સામાયિકમાં હોય ત્યારે જિજ્ઞાસુ ભક્તોને જૈનના પાંચ સમવાય માટે [illegible] અને તત્ત્વ જ્ઞાનની ચર્ચાવિચારણા કરતો. કયારેક ગુરુના વિરહની વાત કરતો. કયારેક નવકારનો મહિમા સમજાવે, કયારેક જૈન દર્શનના સૂક્ષ્મ રહસ્યો સમજાવે, કયારેક નવકારમંત્રનો મહિમા સમજાવે, જાપ કરાવે, પૂજા અર્ચા તો કયારેક આવશ્યક નિત્યકર્મ કરાવે. એની પાસેથી વિવિધ રીતે વિશેષનું વિજ્ઞાન પામીને જીવાજીવના સાગરસમા તરબોળ બની જતા. આ શ્રાવક તો માટે ભાગે તત્ત્વજ્ઞાનનો ચરુ અને આગમ ગ્રંથોના જ્ઞાનકોષ જેવા બની ગયો. એનો ભાવક તત્ત્વ પ્રેમ, તત્ત્વ ચિંતન અને તત્ત્વ મનન હતું. પૌષધશાળામાં તત્ત્વપરિપાક કલ્યાણ મિત્રોની ઠઠ જામતી. એનો એવી અદ્ભુત જમાવટ થઈ કે એ નગરમાં ગામગપાટા, નિંદાકુથલી, વિકથા ઓછી થઈ તો જાણે વિલોપ થઈ ગયા. અને દાન, જ્ઞાન, ભક્તિ, અને તપ જપના મધુરા ગીતો ગુંજવા લાગ્યા. આ શ્રાવક સંસારની અશુભ પ્રવૃત્તિથી નિવૃત્ત રહેતો અને તે હંમેશા તત્ત્વના ચિંતનમાં મસ્ત રહેતો. રાત્રિના શાંત વાતાવરણમાં ધ્યાનની મસ્તી માણતો હતો. વિચારે કે આ જીવ કેવો

હળુકર્મી હશે ? સંસારમાં રહેવા છતાં ઉદાસીન ભાવથી રહેતો હતો. તમે વર્ષોથી વ્યાખ્યાન સાભળો છો, સંત સમાગમ કરો છો, નવકારમંત્રનું રટણ કરો છો છતાં સંસારથી વિરક્ત ભાવ આવે છે ખરો ?

એક વખત આ શ્રાવકે પૂર્ણિમાના દિવસે પૌષધ કર્યો હતો. પૂનમનો ચંદ્ર સોળે કળાએ ખીલેલો હતો. જગતના જીવો નિદ્રાધીન બન્યા હતા. તે સમયે શ્રાવકજીએ પદ્માસન લગાવી જિનેશ્વર પ્રભુના ધ્યાનમાં ચિત્તને જોડી દીધું અને અરિહંત પ્રભુના અનેક ગુણોનું ચિંતન કરવા લાગ્યા. અહો, કેવું સોહામણું પ્રભુનું સમવસરણ ! ઘટાદાર અશોકવૃક્ષ ! સ્ફટિકમય સુવર્ણ સિંહાસન અને ઉપર ત્રણ ત્રણ છત્ર ! શું પ્રભુ આપનું રૂપ ! જગતના જીવોને હિતકર, અનુપમ, જેમના સૌંદર્યની તોલે કોઈ ન આવી શકે. અદ્‌ભુત અતિશયોથી સભર અને આમર્ષ ઔષધિ આદિ લબ્ધિઓથી નિર્ભર. કરોડો દેવો પ્રભુની સેવા કરવાના કોડથી દોડી આવ્યા છે. જયનાદોનો ગર્જારવ કરી રહ્યા છે. મંગલ શબ્દો ઉચ્ચારી રહ્યા છે. ચોસઠ ચોસઠ ઇન્દ્રો પ્રભુ ચરણોમાં નમી પડયા છે. ત્રણ ભુવનની સંપત્તિ પ્રભુ ચરણોમાં તૃણ તુલ્ય દેખાય છે.

અશોકવૃક્ષ અને છત્રત્રયની નીચે દેવનિર્મિત સિંહાસન પર બિરાજમાન અજ્ઞાનપણે જગત જંતુઓના કલ્યાણ માર્ગમાં પ્રવૃત્ત ! સર્વ જીવો પોતપોતાની ભાષામાં સમજી શકે એવી અલૌકિક ધર્મદેશના આપતું પરમાત્માનું સ્વરૂપ કેવું મનોહર છે ! એક હજારને આઠ લક્ષણોથી યુક્ત ! આ રૂપ ભવોભવ સર્વાતિશાયિ પુણ્ય-તીર્થંકર નામકર્મથી આકર્ષાયેલા શાંત, પવિત્ર, પરમાણુઓથી નિર્મિત છે. આ રૂપ અસાધારણ પ્રભાવવંતુ છે. દેવો, મંત્રસિદ્ધપુરૂષો તેમજ યોગીજનોથી વંદનીય છે, પૂજનીય છે.

અકર્મા બની, અશરીરી થઈ સિદ્ધ શિલા ઉપર પહોંચી ગયેલા સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ ! રૂપ રહિત, અરૂપી કેવળ અસંખ્ય આત્મપ્રદેશો અનંત અનંત જ્ઞાન દર્શનની, સુખ, વીર્યના જ્યોતિથી ઝળહળ ઝળહળ ઝળકી રહ્યા છે. જેને જોનારો શ્રાવક વિચારે છે કે હે ભગવાન ! આપ કેવા ને હું કેવો !

જૈસો હૈ તુમ રૂપ તેરા, તૈસો હી રૂપ હૈ મેરા.
પડદા પડા હૈ બીચમેં, આકરો કોઈ દેખા.

જેવું પરમાત્માનું સ્વરૂપ તેવું મારા આત્માનું સ્વરૂપ છે. જેવા ગુણ, પર્યાય પરમાત્માના તેવા મારા આત્માના છે. આ પરમાત્માએ તો સાધક દશામાં પ્રાણીમાત્રની કલ્યાણની ભાવનાના ગીત ગાયા અને હું એમનો સેવક સ્વાર્થમાં અટવાયો ! પરમાત્માએ જીવ માત્રના જીવત્વ સાથે પ્રીતિ જોડી અને હે આત્મા ! તું જીવમાત્રના જીવત્વને ભૂલીને જડનો પ્રેમી બન્યો. હે આત્મા ! તારે સગાઈ જીવ

સાથે કે જડ સાથે ? તું જડ સાથે વૈરાગ્યભાવ કેળવજે, ઉદાસીન બનજે પણ જીવો પ્રત્યે ઉદાસીન ન બનીશ. હે જીવ ! તારો અનંતકાળ સંસાર પરિભ્રમણમાં એળે ગયો. તેં કર્મદુશ્મન સાથે મિત્રતા કરી ! તારા શુદ્ધ સહજાત્મ સ્વરૂપને કદી ન વિચાર્યું ! ભવચક્રના દુઃખમય પરિભ્રમણને તું ભૂલીશ નહિ. જો જે પ્રમાદ અને અજ્ઞાન નામના ચોરો ધર્મપુરૂષાર્થની અમૂલ્ય તકને ઝુંટવી ન જાય તે માટે સદા જાગૃત રહે. આ પ્રમાણે ધ્યાનમાં ચિંતવના કરતાં અધ્યવસાયો વિશુદ્ધ-વિશુદ્ધતર બનતા અજ્ઞાનના કાળા પડદા ચીરાયા અને એ શ્રાવકને નિર્મળ અવધિજ્ઞાન પ્રગટ થયું.

"જ્ઞાનથી શું જોયું ?" :- અવધિજ્ઞાનના દિવ્ય પ્રકાશમાં અનેક પદાર્થોને જોયા. જોતાં જોતાં પોતાના નાનાં ભાઈના જીવનનું અવલોકન કરતા એના આયુષ્ય કર્મની સ્થિતિ નિહાળી. તો માત્ર છ મહિનાનું એનું આયુષ્ય બાકી રહેલું જોયું, એટલે તે સ્થંભી ગયો, પણ મનને મક્કમ કરીને નિર્ણય કર્યો કે કોઈ પણ રીતે મારે મારા ભાઈનું બાકી રહેલું જીવન સુધારવું. બંધુઓ ! આખું જીવન ગયું પણ જેનો અંતિમ સમય સુધર્યો તેનું જીવન સુધરી જાય છે, બહેનો કૂવામાં ઘડો ઉતારે છે પણ વેંત દોરડું હાથમાં હોય તો ઘડો પાછો આવી શકે છે, પણ જો એ છૂટી જાય તો ઘડો કૂવામાં ડૂબી જાય છે, તેવી રીતે આપણી જેટલી જિંદગી ગઈ તેટલી ગઈ પણ જે બાકી છે તેમાં ધર્મની આરાધના કરીને આત્માને ઉગારી લો. નહિતર આત્મા ભવકૂપમાં કયાંય ડૂબી જશે.

આ શ્રાવકનો નાનો ભાઈ મોટાભાઈના સહવાસથી જૈન ધર્મના રંગે રંગાયેલો હતો. એની દિનચર્યા આદર્શ હતી, પણ હજુ તેને આત્મશ્રેયના ઘણા સોપાન ચઢવાના બાકી હતા. લઘુ બાંધવના હિતસ્વી મોટાભાઈએ પોતાના ભાઈને અલ્પાયુષી જાણીને કહ્યું કે મારા વહાલા લઘુબંધવા ! હવે તું આ સંસારની માયા અને મમતા છોડીને બને તેટલી ધર્મક્રિયાઓમાં તપ, જપ, પૌષધ વગેરેમાં રકત રહે ધર્મક્રિયામાં બિલકુલ પ્રમાદ ન કર. એમાં તારું કલ્યાણ રહેલું છે. આ પ્રમાણે મોટોભાઈ વારંવાર નાના ભાઈને કહેવા લાગ્યો. આ સાંભળીને એના મિત્રે કહ્યું ભાઈ ! આ તારો નાનોભાઈ તો હંમેશા ધર્મક્રિયામાં રક્ત રહે છે છતાં એને દરરોજ પૌષધ કરવાનું શા માટે કહો છો ? ત્યારે મોટાભાઈએ કહ્યું મિત્ર ! એ જે આરાધના કરે છે એ તો સિંધુમાં બિન્દુ જેટલી છે. હજુ સિન્ધુ જેટલી આરાધના બાકી છે એ વાત તમે કેમ ભૂલી જાઓ છો ? મિત્ર ! એ વાત સાચી છે પણ જો એ રોજ પૌષધ કરીને બેસી જશે તો તમારો સંસાર કેવી રીતે ચાલશે ? ખાવા માટે કમાવું તો પડશે ને ? મિત્ર ! તારી વાત સત્ય છે. હું સમજું છું છતાં એને હું રોજ પૌષધનો આગ્રહ કરું છું એમાં ગૂઢ રહસ્ય છૂપાયેલું છે. તે વાત હું તને પછી કરીશ.

"અંતિમ આરાધનામાં મરત બનેલો નાનો ભાઈ" :– દેવાનુપ્રિયો ! મનુષ્યને જ્ઞાન થાય પણ જીરવતા આવડવું જોઇએ. જ્ઞાન પ્રાપ્ત કરીને જીરવતાં ન આવડે તો જ્ઞાન ચાલ્યું જાય. આ ગંભીર શ્રાવક અત્યારે સત્ય વાત પ્રગટ કરતો નથી. કાળના પ્રવાહને વહેતા શી વાર ! જોતજોતામાં સાડા પાંચ મહિના વીતી ગયા. હવે તો નાનો ભાઈ પણ જડ ચેતનના ભેદને બરાબર સમજી ગયો હતો. હવે એને વાંધો નહિ આવે. પોતાના જ્ઞાન દ્વારા ભાઈનું ભાવિ જોઇને મોટાભાઈએ સત્ય વાત રજુ કરી દીધી, એટલે નાનો ભાઈ સાવધાન બની ગયો. માણસ પોતાનો ફોટો પડાવતા અને વિદ્યાર્થી પરીક્ષાનું પેપર લખતાં કેવો જાગૃત રહે છે? તેમ નાનો ભાઈ જાગૃત બન્યો અને મોટા ભાઈને કહ્યું ભાઈ! હવે મને સંથારો કરાવો. પરભવની મુસાફરીએ જતાં પોતાના વહાલા બંધુને વિદાય આપવા મોટાભાઈ સજ્જ બન્યા. પોતાની જાતે પથારી પાથરી આપી નાના ભાઈને અંતિમ આરાધના કરાવે છે. નાના ભાઈએ ચિત્તમાં પંચ પરમેષ્ઠિને વસાવ્યા, સર્વ સાંસારિક સંબંધોને વોસિરાવી દીધા. વિશ્વના તમામ જીવો સાથે ક્ષમાપના કરી તેઓ સાથે મૈત્રી બાંધી અને આત્મભાવમાં ઝુલવા લાગ્યો. મોટાભાઈ વિચાર કરે છે કે અહો ? મારા સહોદર ભાઇને સદ્ગતિનો પથિક બનાવી દઉં, દુર્ગતિઓની દુર્દશાથી ઉગારી લઉં અને મુક્તિના માર્ગે ચઢાવી દઉં. નાનાભાઈના મુખમાં નવકારમંત્રનું રટણ ચાલતું હતું. હૃદય સર્વ જીવો સાથે આત્મસમ ભાવનું દર્શન કરી રહ્યું હતું. આખા ગામમાં આ વાત વાયુ વેગે પ્રસરી ગઈ. જનસમુદાય પવિત્ર આત્માના દર્શન કરવા ઉમટયો. એની સમાધિ જોઇને સૌ પ્રશંસા કરવા લાગ્યા. આમ કરતા છેલ્લો દિવસ આવી ગયો. મોટાભાઇએ જે સમય કહ્યો હતો બરાબર તે જ સમયે નાનો ભાઈ આયુષ્ય-પૂર્ણ થતાં નવકારમંત્રનો જાપ કરતા. ક્ષણભંગુર શરીરનો ત્યાગ કરી દેવોની દિવ્ય નગરીનો વાસી બની ગયો. અત્યાર સુધી મોટાભાઈ મક્કમ રહ્યા પણ ભાઈ ચાલ્યો જતાં આંખમાં વિયોગના આંસુ સરી પડયા. આખા ગામમાં શોક છવાયો. ભાઈના મૃત્યુ પછી બધા સ્વજનો પૂછવા લાગ્યા ભાઈ! નાના ભાઈનું મૃત્યુ થવાનું છે તે તમે કેવી રીતે જાણ્યું ? ત્યારે શ્રાવકે કહ્યું–ભાઈ ? દેવ–ગુરૂ અને ધર્મનો પ્રતાપ અજબ હોય છે. જુઓ, કેટલી નમ્રતા છે ! પોતે એમ નથી કહેતો કે મને અવધિજ્ઞાન થયું છે. સ્વજનો અને મિત્રોએ પૂછયું કે શું તમને એવું કોઈ વિશિષ્ટ જ્ઞાન થયું છે ? શ્રાવકે કહ્યું–"હા" કયું જ્ઞાન ? અવધિજ્ઞાન.

"ઉપકારીના ચરણમાં વંદન કરતો દેવ" :– બંધુઓ ! નિષ્કામ અને નિર્મમ ભાવથી કરેલી ધર્મ સાધનાનો કેવો અજબ પ્રભાવ છે ! નગરજનો પણ પ્રમોદ ભાવથી ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. કેવો ભ્રાતૃપ્રેમ ! મોટાભાઈએ નાનાભાઈનું મૃત્યુ સુધાર્યું. એનો જન્મ સફળ બન્યો, મૃત્યુ મહોત્સવ બની ગયું ને પરલોક મહાસુખમય બન્યો.

આ તરફ દેવપર્યાય પામેલા નાનાભાઈએ પોતાનો પૂર્વભવ જોયો. આટલે ઊંચે ચઢાવનાર પોતાના વડીલ બંધુને જોયા એટલે તરત દિવ્ય દેહધારી દેવ પૃથ્વી ઉપર આવ્યો. પૃથ્વી ઉપર પ્રકાશનો પુંજ પથરાયો. દેવ વડીલ બંધુના ચરણોમાં ઝૂકી પડયો અને એના કૃતજ્ઞતાવાસિત હૈયામાંથી શબ્દો સર્યા હે વડીલ બંધુ! તમે તો મારા સાચા બંધુ છો. આપે મને ધર્મનું અમૃત પાઈ અમરત્વ અપાવ્યું. તમારા કેટલા ગુણ ગાઉં! તમે મારા જન્મ જન્મના ઉપકારી છો. તમને મારા ગુરૂ કહું, નાથ કહું જે કહું તે આપ છો. આ રીતે ગુણલા ગાઈ ઉપકારી વડીલ બંધુના ઉપકારને વ્યક્ત કરી એના ઘરમાં સોનામહોરોનો વરસાદ વરસાવી દેવ દિવ્યલોકમાં ચાલ્યો ગયો.

ટૂંકમાં આ દૃષ્ટાંતથી મારે તો તમને એ સમજાવવું છે કે નવકાર મંત્રનો મહિમા કેટલો બધો છે કે જે નવકારમંત્રના રટણના પ્રભાવે વૈષ્ણવ જૈન બન્યો. એણે આઠ દિવસના સમાગમમાં જીવન પલટાવી નાંખ્યું. સ્વકલ્યાણ કરતાં બીજાને પણ કલ્યાણનો માર્ગ બતાવ્યો. હું તમને પૂછું છું કે તમે કેટલો સંત સમાગમ કર્યો? કેટલા વ્યાખ્યાનો સાંભળ્યા? કેટલી વખત નવકારમંત્રનો જાપ કર્યો? પણ હજુ જીવનમાંથી વિષય કષાયો, મોહ-માયા અને મમતાના તોફાનો ઓછા થયા? નવકારમંત્ર પ્રત્યે શ્રદ્ધા થઈ? બોલો તો ખરા? 'ના' કેમ! તમારું મન સ્થિર નથી. અંતર સ્વસ્થ નથી. મને તો લાગે છે કે પેલા શેઠના એકના એક પુત્રની જેમ અંતરમાં જળો લઈને આવ્યા લાગો છો? શેઠના પુત્રના પેટમાં જળો કેવી રીતે આવી તે હું તમને સમજાવું.

એક ગામના નગરશેઠનો એકનો એક દીકરો એક વખત ઘોડે બેસીને જંગલમાં ફરવા ગયો હતો. ઘોડો તોફાને ચઢયો ને ક્યાંનો ક્યાં લઈ ગયો. રસ્તો ભૂલી ગયો. ચૈત્ર-વૈશાખના ધોમધખતા તડકા પડતા હતા. ખૂબ રખડયો પણ માર્ગ મળતો નથી, ખૂબ તરસ લાગી. પાણી વિના પ્રાણ ચાલ્યા જાય એવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ. શેઠનો પુત્ર ચારે તરફ પાણીની તપાસ કરે છે. આંખે અંધારા આવવા લાગ્યા. શોધતાં શોધતાં ત્યાં એક નાનકડું પાણીનું ખાબોચીયું જોયું. પાણી સ્વચ્છ નથી પણ ખૂબ તરસ લાગી છે. કહેવત છે ને કે **'ભૂખ ન જુએ એંઠો ભાત, તરસ ન જુએ ધોબીઘાટ.'** વનવગડામાં કકડીને ભૂખ લાગી હોય ત્યારે કોઈ ગંધાતા કપડામાં બાંધેલો લૂખો-સૂકો રોટલો આપે તોપણ ખાઈ જઓને? કે હા-ના કરો? (શ્રોતામાંથી જવાબ :- અરે, એ તો ઝોંશે ખાઈ લઈએ ને મીઠો દૂધ જેવો લાગે) (હસાહસ) તો અહીં પણ એમ જ બન્યું. શેઠનો દીકરો ખૂબ તરસ્યો થયો હતો એટલે તરસ છીપાવવા ખાબોચીયાનું ગંદુ પાણી પી લીધું ને માર્ગ શોધતો શોધતો ઘેર આવ્યો. ઘેર આવતાની સાથે એના પેટમાં સખત દુઃખાવો ઉપડયો. સહેવાય નહિ ને રહેવાય નહિ. એવો અસહ્ય દુઃખાવો થવાથી આ છોકરો આળોટવા લાગ્યો. માથા પટકાવવા લાગ્યો.

માતા પિતાએ મોટા મોટા વૈદો અને હકીમોને બોલાવ્યા. બધાએ તપાસીને દવા આપી પણ પેટની પીડા તલ માત્ર ઓછી ન થઈ. આમ કરતાં એક અનુભવી માણસ ત્યાં આવ્યો ને શેઠના પુત્રને પૂછયું કે તમને આ દુખાવો ક્યારે ને કેવી રીતે ઉપડયો ? છોકરાએ કહ્યું જંગલમાં ખાબોચીયાનું પાણી પીધા પછી શરૂઆત થઈ છે એટલે અનુભવી સમજી ગયો કે જંગલમાં ખાબોચીયાનું પાણી પીધા પછીની આ બિમારી છે, માટે પાણીમાં કંઈક હોવું જોઈએ.

શેઠના પુત્રે આપેલી એંધાણી મુજબ અનુભવી ત્યાં પહોંચી ગયો. પાણીના ખાબોચીયામાં નજર કરી તો પાણીમાં જળો ખદબદી રહી છે. એ જ જળો શેઠના પુત્રના કાળજામાં ચોંટી ગઈ હશે, એનો જ આ ભયંકર દુઃખાવો છે. આ અનુભવી પુરૂષે ઘેર આવીને હોકામાંથી પાણી કાઢીને શેઠના પુત્રને પીવડાવ્યું. બે ત્રણ વખત થોડું થોડું પાણી પીવડાવ્યું, ત્યાં ઉલટી થવા લાગી. ચોથી વખત પાણી પીવડાવ્યું. ત્યાં જ જોરથી ઉલટી થતાંની સાથે ચાર જળો બહાર નીકળી ગઈ ને શેઠના પુત્રનો દુઃખાવો શાંત થયો.

બંધુઓ ! જ્યાં સુધી કાળજામાં જળો ચોંટી હતી ત્યાં સુધી બધા પ્રયત્નો વ્યર્થ ગયા. જળો નીકળ્યા પછી થોડા ઉપાયોથી દીકરો સાજો થઈ ગયો. એને તો ચાર જળો કાળજામાં ચોંટી હતી પણ આત્માને ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, આદિ કેટલી જળો કાળજામાં ચોંટી ગઈ છે ? એ જળો અનાદિકાળથી જીવને કેટલો હેરાન કરે છે ? એ જળો કઢાવવી છે ને ? "હા," તો આ ચાતુર્માસના દિવસોમાં સદ્‌ગુરૂ રૂપી અનુભવી પુરૂષો વીતરાગ વાણીરૂપી હોકાના પાણી પીવડાવી તમારા કાળજામાં ચોંટેલી જળો કાઢવાનો પ્રયત્ન કરે છે. દર્દ સાલતું હોય તો કઢાવવા તયાર થઇ જજો.

આજે મંગલાચરણમાં નવકારમંત્રના મહિમા ઉપર ઘણું કહેવાયું છે. જે નવકારમંત્ર ઉપર શ્રદ્ધા કરી એનું સ્મરણ કરશે તેનું કલ્યાણ થશે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

*

વ્યાખ્યાન નં.-૨

અષાઢ વદ ૬ ને રવીવાર **તા.-૧૫-૭-૭૯**

"આત્મિક સુખની શોધમાં"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! સ્યાદ્વાદના સર્જક, ભવો ભવના ભેદક, ત્રૈલોક્ય પ્રકાશક વીતરાગ વિભુએ ભવ્યજીવોના કાજળ જેવા કર્મોના મેલને ધોવા માટે

અને સંસારના વિષ ઉતારવા આગમવાણી રજુ કરી છે. આગમવાણી સંસારના વિષમમાં વિષમ વિષને ઉતારનારી છે. જ્યારે સર્પ અને નોળીયા વચ્ચે લડાઈ થાય છે ત્યારે સર્પ નોળીયાને ડંખ દે છે પણ નોળીયાને સર્પનું ઝેર ચઢતું નથી. કેમ ચઢતું નથી તે જાણો છો? (શ્રોતામાંથી અવાજ :- હાજી.....હાજી નહિ, સ્પષ્ટ કહો.) નોળીયાને સર્પ ડંખ મારે છે ત્યારે એ નોરવેલ સૂંઘી આવે છે, એટલે ઝેર ચઢતું નથી. આ સંસારમાં શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ, રાગ-દ્વેષ અને મોહરૂપી સર્પો આત્માને ક્ષણે ક્ષણે ડંખ મારી રહ્યા છે. એના કાતિલ વિષ આત્મા ઉપર ચઢી રહ્યા છે. એ વિષને ઉતારવા માટે તમારે નોરવેલ સૂંઘવી છે? તો હું બતાવું. એ નોરવેલ તમારા પુત્ર, પત્ની, વૈભવ, લાડી-વાડી અને ગાડીમાં નથી. એમાં વિષ ઉતારવાની શક્તિ નથી. સંસારના ભયંકર ઝેર ઉતારનાર જો કોઈ નોરવેલ હોય તો તે વીતરાગ પ્રભુની વાણી છે. એ વાણી સંસારના ભયંકરમાં ભયંકર વિષ ઉતારી શકે છે. બોલો, તમને વીતરાગ પ્રભુની વાણી સાંભળવાનો રસ છે? "ના". તમે તો સંસાર સુખના રસિયા બન્યા છો પણ તમારું સુખ એ સાચું સુખ નથી.

સુખ મેળવતા પહેલાં સાચું સુખ કોને કહેવાય તે નક્કી કરો. હજુ જીવને સાચા સુખની પીછાણ થઈ નથી. મહાન પુરૂષો કહે છે કે સુખ અને સુખાભાસ એમ બંને વચ્ચેનો ભેદ જાણવાની માનવમાં શક્તિ રહેલી છે. એ શક્તિનો જો તે વિવેકપૂર્વક ઉપયોગ કરે તો તેનું જીવન સુખનું ધામ બની જાય છે. સુખ કોને કહેવાય? સુખ એને જ કહેવાય કે જેમાં દુઃખનો અંશ પણ ન હોય. તમારા સુખમાં દુઃખનો અંશ નથી ને? મહા મહેનતે મેળવેલી કરોડોની લક્ષ્મી એક વખત મેળવ્યા પછી પાછી નહિ જાય તે નક્કી છે ને? આજનો કરોડપતિ કાલે રોડપતિ નહિ બને, આજનો લાખપતિ કાલે રાણપતિ અને આજનો રત્નધર કાલે ચીંથરાધર નહિ બને એવી બાંહેધરી આપો છો? બોલો. "ના" તો કઈ રીતે ધનમાં સુખ માનો છો? આ ધનની વાત કરી. હવે તમારા પુત્રપરિવારની વાત કરું. કંઈક શ્રીમંતોની પાસે પાર વિનાની લક્ષ્મી હોય છતાં રડતા હોય છે. એમને પૂછવામાં આવે કે આટલી લક્ષ્મી છે, વૈભવ વિલાસ છે, ઘરમાં કોઈ જાતનું દુઃખ નથી છતાં શા માટે રડો છો? તો કહે છે કે લક્ષ્મીનો ભોગવનાર અને બોળાનો ખૂંદનાર દીકરો નથી. સંતતિ વિના સંપત્તિ શા કામની? કદાચ પુણ્યયોગે પુત્ર જન્મ્યો પણ જન્મતાની સાથે મરણ પામ્યો તો સુખને બદલે દુઃખ વધ્યું કે ઘટ્યું? કદાચ પુત્ર જીવ્યો. માતાપિતા પુત્રને જોઈને હરખાય છે કે હાશ! પુત્ર મોટો થશે ને ઘડપણમાં આપણું પોષણ કરશે, પણ લાડે કોડે ઉછરેલો દીકરો યુવાન થતાં માતા-પિતાને પાટુ મારે છે ત્યારે એ જ મા-બાપ ચોધાર આંસુએ રડે છે ને કહે છે કે મહાસતીજી! આ સંસારમાં કંઈ સુખ નથી. ભાઈ! અમે તો સમજીને સંસારનો ત્યાગ કર્યો છે. તમારે સમજવાની

જરૂર છે. (હસાહસ) આ સંસારમાં માણસ ચારે તરફથી ચિંતાઓથી ઘેરાયેલો રહે છે. કોઈને ધનની, કોઈને તનની, કોઈને મનની કોઈને ઘરની, કોઈને કુટુંબ પરિવારની આદિ અનેક પ્રકારની ચિંતાઓ હોય છે. હમણાં જ હું કહી ગઈને કે કોઈને પુત્ર નથી એનું દુઃખ છે તો કોઈને ત્યાં ડઝન દીકરા દીકરીઓ છે પણ ઘરમાં ખાવા અન્ન નથી, પહેરવા વસ્ત્ર નથી તો એને ભણાવવા ગણાવવાની તો વાત જ ક્યાં ! આવો આ સંસાર અનેક દુઃખોથી સળગતો દાવાનળ છે.

"સુખ કોને કહેવાય ?" :– બંધુઓ ! આટલા માટે જ્ઞાનીઓ કહે છે કે સાચું સુખ એને કહેવાય કે જેમાં દુઃખનો અંશ પણ ન હોય. આવું સો ટચનું સુખ ભોગવવા માટે તમારે સો ટચના માનવ જેવું બનવું પડશે. વિષયોમાં સુખ શોધવું એ ઝેરને અમૃત સમજીને જીભે લગાડવા જેવું છે. જો સંસારમાં સાચું સુખ હોત તો અનંત જ્ઞાનીઓએ મોક્ષનો માર્ગ પ્રરૂપ્યો ન હોત. જેના અંતે દુઃખ છે એવા સુખને સુખ કહેવાય જ નહિ. એવું ઘણું સુખ તમે આજ સુધી ભોગવ્યું છતાં અમે સુખી છીએ એમ તમારા હૈયે હાથ મૂકીને કહી શકો છો ? 'ના'. તો શા માટે સંસારમાં સુખ માનીને બેસી રહ્યા છો ? આવી જાઓને અમારા ઘરમાં. (હસાહસ) પરાધીન પ્રજા સ્વતંત્રતાનું સુખ ન માણી શકે, તેમ કર્માધીન આત્મા સાચું સુખ ન અનુભવી શકે. સાચું અને સંપૂર્ણ સુખ એક માત્ર મોક્ષમાં છે. જેનો અનુપમ સ્વાદ સર્વ કર્મ મુક્ત સિદ્ધ ભગવંતો સહજપણે અનુભવી રહ્યા છે.

સુખ શબ્દ સૌને ખૂબ ગમે છે. સુખ સૌને પ્રિય છે. દુઃખ સર્વને અપ્રિય છે. જગતના સમગ્ર જીવો સુખને ઈચ્છે છે, દુઃખ કોઇ ઈચ્છતું નથી પણ જે સુખને સુખ માનીને જેની પાછળ આજના માનવે દોટ મૂકી છે તે તેને નથી મળવાનું તે હકીકત છે. માનવીની તૃષા જળથી છીપે છે, નહિ કે મૃગજળથી. તૃષાતુર માનવી જળાભાસ-રૂપ મૃગજળની પાછળ દોડ દોડ કરી તરસની સાથે નિરાશા તેમ જ થાક સિવાય બીજું કંઈ જ મેળવી શકતો નથી, તેમ પાંચ ઈન્દ્રિયોને રૂપ, રસાદિ વડે ગમે તેટલી પુષ્ટ બનાવવામાં આવશે તો પણ તેમાંથી સાચા સુખનો સ્વાદ માનવી નહિ મેળવી શકે, કારણકે આ જગતના જડ પદાર્થોમાં સુખ આપવાની શક્તિ નથી તેમજ પદાર્થો વડે પોષાતી ઈન્દ્રિયોમાં પણ સુખ આપવાની શક્તિ નથી. જેનામાં જે હોય તેની પાસેથી તે મેળવી શકાય પણ હોય જ નહિ તે માંગો તો ક્યાંથી મળે ? અને નહિ મળે તો નિરાશ પણ થવું પડે ને નિરાશામાંથી દુઃખ ઉત્પન્ન થાય.

"સુખની શોધમાં" :– આજે વિજ્ઞાન ખૂબ આગળ વધ્યું છે. આજનો માનવી વિજ્ઞાને શોધેલા સાધનોને સુખના સાધનો માની રહ્યો છે પણ વિચાર કરો. જો એ સુખના જ સાધનો હોત તો જે દેશમાં એ સાધનો આજે મોટા પ્રમાણમાં ઉપયોગમાં આવી રહ્યાં છે ત્યાંના માનવો સુખી હોત પણ ખરેખર એવું કંઈ જ નથી. એટલું

જ નહિ પરંતુ અમેરિકા આદિ દેશોની પ્રજા તો એ સાધનોના વિપુલ ગંજ વચ્ચે પણ મનની શાંતિ માટે વલખાં મારી રહી છે કારણકે વિજ્ઞાને શોધેલા સાધનો એ સુખના સાધનો નથી પણ દુઃખના સાધનો છે. જીવને અધિક પરવશ બનાવનારા છે. જેટલાં સાધનો અને સગવડતાઓ વધી તેટલાં બંધનો અને અગવડતાઓ પણ વધી છે. ગેસ, કુકર વિગેરે વૈજ્ઞાનિક સાધનો કયારેક તમને કેવી મુશ્કેલીમાં મૂકી દે છે એનો તમને પ્રત્યક્ષ અનુભવ છે. છતાં એમાં પાગલ શા માટે બનો છો ? એ સાધનો તમને બે ઘડી સુખ આપનારા છે. એ બે ઘડીની મોજને સાચું સુખ માનવાની ભૂલ કરશો તો તેની આકરી સજા તમારે ભોગવવી પડશે. ઇન્દ્રિયો ખપ્પર ધારિણી જોગીણી જેવી છે. એમાં જેટલું હોમશો તેટલું તે સ્વાહા કરી જશે અને તમને સુખને બદલે દુઃખ મળશે. સાચા સુખની ગેરસમજના કારણે આજના માનવો વધુ દુઃખી બનતા જાય છે. તમે સૌ શાશ્વત સુખને ઇચ્છો છો કે નાશવંત ? (શ્રોતામાંથી અવાજ :– અમને તો શાશ્વત સુખ જોઈએ છે) એ સુખ મેળવવા માટે સાધનો કયા છે તે જાણો છો ? તે સાધનોમાં મન, વચન અને કાયા મુખ્ય ગણાય. કેવી રીતે ? મનનો સદુપયોગ સારાસારનો વિવેક કરવો, વચનનો ઉપયોગ હિત, મિત અને પથ્ય એવી સત્યવાણી બોલવી, કાયાનો સદુપયોગ સંયમની સાધનામાં કરવો. આ રીતે કરવાથી માનવીના જીવનમાં સાચા સુખના આનંદની અનુભૂતિ થાય છે. મન, વચન અને કાયાનો દુરૂપયોગ કરવાથી માનવી દુઃખી થાય છે, નિરાશ બને છે. તેના વિચારની ધારા ક્ષીણ બની જાય છે. મનુષ્યે નક્કી કરવું જોઈએ કે મારે ઘડીકમાં હસાવી જાય અને ઘડીકમાં રડાવી જાય એવું દુઃખમિશ્રિત સુખ ન જોઇએ. બીજાની શાંતીનો ભંગ કરે, એવું સુખ મારે ન જોઈએ. મોહરાજાની સેનાને પરાજિત કરી શાશ્વત સુખનું ધામ મોક્ષને મેળવ્યા પહેલા હું જંપીશ નહિ. શાશ્વત સુખનો ભાવના એક માનવ માત્ર પૂર્ણ કરી શકે છે. એ ભાવનાની પૂર્તિ માટે બીજાને સુખ આપો, સગવડ આપો, એના દુઃખને દૂર કરવામાં તમારી પાસે જે શક્તિ હોય તેનો સદુપયોગ કરો. જેના હૈયામાં સાચા સુખની ભાવનાનો ભાનુ ઝળહળતો હોય છે તે માનવી કોઈનું પણ દુઃખ જોઈને રાજી થતો નથી, પણ સર્વ જીવોનો મિત્ર બની પોતાની શક્તિ દ્વારા બીજાના દુઃખો દૂર કરી માનવજીવનને સાર્થક બનાવે છે. આત્મા સર્વ કર્મોનો ક્ષય એક માત્ર માનવદેહના યોગે જ કરી શકે છે.

દેવોનુપ્રિયો ! જૈન ધર્મના તત્ત્વને સમજેલો સાચો શ્રાવક પાંચ ઇન્દ્રિયોના વિષયોથી મળતા સુખોમાં અને સુખની સામગ્રી પૂરી પાડનાર ધનમાં એ કદી મોહ પામતો નથી. એ આત્મિકજ્ઞાન દ્વારા સમજે છે કે આ વૈભવ અને વિલાસ બધા વિનશ્વર છે. આ જગતમાં જીવ અને અજીવ એ બે મુખ્ય તત્ત્વો છે. આ બે તત્ત્વોમાં આખું જગત સમાઈ જાય છે. અનંત શક્તિનો સ્વામી સચ્ચિદાનંદ, સહજાનંદ, શુદ્ધ

સ્વરૂપી, અનંત જ્ઞાન-દર્શન બળ, વીર્યનો ધણી આત્મા એ જીવતત્ત્વ છે અને શરીર ધન, ધરબાર, લાડી-વાડી-ગાડી, ટી. વી., ફ્રીજ વિગેરે અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વ જીવતત્ત્વને નચાવે છે. જેને જીવતત્ત્વની પીછાણ થઈ ગઇ છે તે આત્મા કદી અજીવ તત્ત્વનો નચાવ્યો નાચતો નથી. એની પાસે લાખો ને કરોડોની સંપત્તિ હોય તો અભિમાનથી મલકાય નહિ અને લક્ષ્મી ચાલી જતાં અકળાય નહિ. એની ભાવના કેવી હોય?

"કોઈ બૂરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખો વર્ષો તક જીવું યા મૃત્યુ આજ હી આ જાવે!
અથવા કોઈ કૈસા હી ભય યા લાલચ દેને આવે,
તો ભી ન્યાય માર્ગસે મેરા, કભી ન પદ ડિગને પાવે!"

એને કોઈ સારો કહે કે ખરાબ કહે, લક્ષ્મી આવે કે ચાલી જાય, મૃત્યુ નજીક આવીને ઉભું રહે અગર કોઈ એને ધર્મમાર્ગથી ચલિત કરવા ભય બતાવે કે પછી લાખો પ્રલોભનો આપે તો પણ એ સત્યપંથથી કદી ચલિત ન થાય. જેને આવી આત્મતત્ત્વની દૃઢ પ્રતીતિ થઈ છે એવા એક શ્રાવકની બનેલી કહાની યાદ આવે છે.

એક મોટા શહેરમાં ધરમચંદ નામે એક ધનાઢય અને ધર્મીષ્ઠ શેઠ રહેતા હતા. તે જીવ-અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ આદિ નવતત્ત્વોના જાણકાર હતા. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ છ દ્રવ્યોનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતા હતા. દાન શીયળ તપ અને ભાવ આ ચાર પ્રકારના ધર્મની આરાધના કરવામાં સદા તત્પર રહેતા હતા. તેઓ દિલના દિલાવર અને દીન દુઃખીઓના દુઃખને હરનારાં હતા. એમના આંગણે રડતો આવેલો માણસ હસતો હસતો જતો હતો. એવા દુઃખીઓના બેલી હતા. શેઠના પુણ્યનો સહસ્ત્રરશ્મિ ખૂબ પ્રકાશતો હતો. એમને ધર્મવતી નામની સુશીલ અને વિનયવંત પત્ની હતી. એમને રમેશ, મહેશ, હિતેશ અને દિનેશ એમ ચાર પુત્રો હતા. જેમ મકાન ચાર સ્થંભથી શોભે છે તેમ શેઠ આ ચાર ચાર પુત્રોથી શોભતા હતા. આ ચારેય પુત્રોને સંસ્કારી ઘરની કન્યાઓ સાથે પરણાવ્યા હતા. જ્યાં પુણ્યનો ઉદય હોય ત્યાં પત્ની, પુત્ર, પુત્રવધૂઓ વિગેરે પરિવાર પણ સારો હોય છે અને પાપનો ઉદય હોય છે ત્યાં ઘરમાં કજીયા ને કંકાસ હોય છે. શેઠને સામાયિક પ્રતિક્રમણ, સંતદર્શન, વ્યાખ્યાન વાણીનું શ્રવણ, દાન આદિ ઘણાં નિયમો હતા. પુત્રો પિતાજીને દાન આદિ ધર્મક્રિયાઓમાં કદી રૂકાવટ કરતા ન હતાં. શેઠ ખૂબ દાન કરતા હોવાથી આખા નગરમાં તેમની પ્રશંસાના પુષ્પોની પરિમલ મ્હેંકતી હતી. એમના યશોગાન રાજદરબારમાં પણ ગવાતા હતા. આવા ગુણીયલ શેઠનું રાજ્ય તરફથી સન્માન કરવામાં આવતું હતું. આ શેઠ દરેક રીતે સુખ સંપન્ન હતા.

આનંદપૂર્વક એમના દિવસો વ્યતીત થતા હતા.

"કર્મે ભજવેલું નાટક" :– સમય સમય બળવાન છે. કર્મની કળા નિરાળી છે. જેમ પૂર્ણિમાનો નિર્મળ ચંદ્ર થાળી જેવો પ્રકાશતો હોય છે પણ એની વચમાં કાળો ડાઘ છે તેમ આ શેઠના પુણ્યનો ચંદ્રમાં સોળે કળાએ ખીલી ઉઠયો હતો. એમાં પાપકર્મનો કાળો ડાઘ લાગી ગયો. કર્મયોગે શેઠને ત્યાંથી લક્ષ્મી દેવીએ વિદાય લીધી. પેઢીઓ, દુકાનો બધું વેચાઇ ગયું. પત્ની અને પુત્રવધૂઓના દાગીના, મૂલ્યવાન સાડીઓ બધું વેચાઈ ગયું. માત્ર એક ઘરનું ખોખું રહ્યું. રોજ અવનવા મિષ્ટાન્ન આનાર કુટુંબને લૂખો રોટલો ને છાશના પણ સાંસા પડવા લાગ્યા. આવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ. કાલના કરોડપતિ ધરમચંદ શેઠ કંગાળ બની ગયા. લાખો દુઃખીઓના દુઃખો દૂર કરી એમની દુવા લેનારા આજે દુઃખી દુઃખી બની ગયા. લાખો નિરાધારને આધાર આપનાર આજે નિરાધાર બનીને નોકરી માટે યાચના કરે છે પણ કોઈ આશ્રય આપતું નથી. કહ્યું છે ને કે

આજે સ્વામી કાલે સેવક, રંક પણ રાય બને બેશક,
ભાગ્યનું ચક્ર ચાલે અણથક, પરમ સુભાગી થવા આ તક
પણ ક્યાં લગી બધું આ (ર)ના પુણ્ય કોઇના છે અમર...

સૂર્યનો ઉદય થાય છે ને અસ્ત થાય છે. સમુદ્રમાં ભરતી આવે ત્યારે પાણીના મોજા ઉંચા ઉછળે છે પણ ઓટ આવે ત્યારે પથ્થરો જ દેખાય છે, તેમ જ્યાં સુધી પુણ્યનો પુરવઠો છે ત્યાં સુધી સંસારની વાડી રળિયામણી લાગે છે પણ પુણ્યનો પુરવઠો ખૂટી જતાં રળીયામણી વાડી વેરાન બની જાય છે. આ શેઠની પણ આવી દશા થઈ. કર્મોદયથી ગરીબાઇ આવી પણ શેઠની ધર્મ શ્રદ્ધાની જ્યોત ઝાંખી પડતી નથી. શેઠ શુભાશુભ કર્મના ફળને સમજતા હતા. તે વિચાર કરવા લાગ્યા કે દુઃખના સમયે ધર્મને ધક્કો ન મારવો જોઈએ, પણ પાપને ધક્કો મારવો જોઈએ. આ નગરમાં કોઇ શેઠનો હાથ પકડતું નથી. ખાવાના સાંસા પડયા એટલે વિચાર કર્યો કે હવે આ નગરમાં રહેવું યોગ્ય નથી. બીજા ગામડામાં જઇને મહેનત મજુરી કરીએ. એમ નિર્ણય કરીને પોતાના પુત્રને કહે છે બેટા ! હવે આ નગર છોડીને બીજે જઈએ, ત્યારે છોકરાઓ કહે છે બાપુજી ! તમે ગમે તેટલું દાન કર્યું પણ અમે કદી આપને રોકયા નથી. ધર્મ કરતા અટકાવ્યા નથી, તો આ બધી ધર્મકરણી અને દાનનું પુણ્ય કયાં પલાયન થઇ ગયું કે આ ગામ અને ઘરબાર છોડવાનો વખત આવ્યો ? પિતાજી કહે દીકરાઓ એવું ન બોલો, ધર્મનો રૂડો પ્રતાપ છે. ધર્મે આપણને દુઃખી નથી કર્યા. આપણે આપણા પાપ કર્મના ઉદયથી દુઃખી થયા છીએ. આ પાપ કર્મને ખપાવીને સુખી થવું હોય તો ધર્મારાધના, સામાયિક કરો નવકાર મંત્રનો જાપ કરો. છોકરાઓ કહે બહુ ધર્મ કર્યો. હવે કંઈ કરવું નથી.

"નગર છોડી વગડાની વાટે જતા શેઠ" :– પુત્રોના શબ્દો સાંભળીને શેઠના દિલમાં ખૂબ દુઃખ થયું પણ મૌન રહ્યા. પોતાના પરિવારને લઈ ઘર બંધ કરીને શેઠ બીજા ગામમાં આવ્યા. પુણ્યનો પાવર બલાસ થઈ ગયો છે, એટલે ત્યાં પણ કોઈ સહારો દેતું નથી. શેઠને દરરોજ સામાયિક કરવાનો નિયમ છે પણ સામાયિક કરે ક્યાં ? બેસવા માટે ઓટલો તો જોઈએને ? ત્રણ દિવસ ગામમાં ફર્યા ત્યારે એક દયાળુ બહેને બેસવા માટે ઓટલો આપ્યો. શેઠે એક સાથે ત્રણ સામાયિક કરી લીધી. છેવટે ગામના બાહરમાં એક ઝૂંપડું બાંધીને રહેવા લાગ્યા. મહેનત મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. બંધુઓ ! અનાદિકાળથી સંસારનું ચક્ર આ રીતે ચાલી રહ્યું છે. સુખ પછી દુઃખ, ઉદય પછી અસ્ત, ચડતી પછી પડતી, અને ભરતી પછી ઓટ આવ્યા કરે છે. એમ સમજીને શેઠ કષ્ટના કપરા દિવસોમાં પણ ધર્મારાધના કરતા સમભાવથી દિવસો પસાર કરે છે. એ તો એક જ વિચાર કરે છે કે આ તો મારી કસોટીનો સમય છે. જીવડા ! તું સજાગ રહેજે.

"શેઠ પ્રત્યે પુત્રનો પ્રકોપ" :– આમ કરતા દિવસો પસાર થયા. એક વખત ધરમચંદ શેઠને ખબર પડી કે ગામમાં કોઈ જ્ઞાની સંત પધાર્યા છે. સંત પધાર્યાની વાત સાંભળીને શેઠના રોમે રોમ ખીલી ઉઠ્યા. હૈયામાં હર્ષ સમાતો નથી. સ્નાનાદિ ક્રિયા કરીને શેઠ ગુરૂના દર્શને જવા તૈયાર થયા એટલે દીકરાઓ પૂછે છે બાપુજી ! ક્યાં ચાલ્યા ? ત્યારે શેઠ કહે છે મારા ગુરૂદેવના દર્શન કરવા અને વ્યાખ્યાન સાંભળવા. ત્યાં તો ચારેય છોકરાઓ ગુસ્સે થઈને એકી અવાજે બોલી ઉઠ્યા પિતાજી ! બહુ ધર્મ કર્યો. ધર્મ ધર્મ કરીને તમે સુખમાંથી દુઃખના દિવસો દેખાડ્યા. ધર્મીને ત્યાં ધાડ પડી. **"ધર્મી પામે દુઃખડા ને સુખ સઘળા શયતાનને શું કહેવું ભગવાનને"** ધર્મી જીવો દુઃખ પામે છે ને શયતાનો બધા સુખી છે. આટલી બધી લક્ષ્મી તમે દાનમાં વાપરી, ધર્મને માટે તમે જીવન કુરબાન કર્યું, છતાં આપણે કંગાળ તો બની ગયા, માટે હવે ભલા થઈને ઘરમાં બેસો. કંઈ ધર્મ કરવો નથી ને વ્યાખ્યાન સાંભળવા નથી. પુત્રના મુખેથી આવા શબ્દો સાંભળીને શેઠના હૃદયમાં કોઈ ગોળી મારે એવો ઘા વાગ્યો. એમણે પુત્રોને સમજાવતા કહ્યું કે હે દીકરાઓ ! દુઃખ કે ગરીબાઈ એ તો આપણા પૂર્વકૃત કર્મોનું પરિણામ છે. એમાં ધર્મનો શો દોષ ? ધર્મ તો જન્મોજન્મમાં સુખ સાહ્યબી અને સમૃદ્ધિ આપે છે. આ ભવમાં કરેલા દાન, સામાયિક તપ આદિ ધર્મક્રિયાઓ ભવિષ્યમાં મહાન ફળ આપનાર છે. વર્તમાનમાં આપણા જે કર્મોનો ઉદય થયો છે એ તો આપણા પૂર્વકૃત કર્મોનું ફળ છે. માટે હે પુત્રો ! તમે આવા વચન બોલી ધર્મની નિંદા ન કરો. ક્ષય રોગથી શરીર જેમ ક્ષીણ થાય છે તેમ પાપકર્મના ઉદયથી દુઃખ, દરિદ્રતા આદિ કડવા ફળો ભોગવવા પડે છે અને ધર્મ કરવાથી તે કર્મો ક્ષીણ થતા જાય છે. માટે જો તમારે આ દુઃખનો અંત લાવવો હોય તો ગુરૂદેવના દર્શને ચાલો. છોકરાઓ કહે છે. "અમારે નથી આવવું. તમે જાઓ."

"ધર્મલાભ" સાંભળતા શ્રોતાઓમાં થયેલો સંદેહ:– શેઠ તો હર્ષભેર ઉપાશ્રયમાં આવ્યા. ગુરૂદેવ વ્યાખ્યાન ફરમાવી રહ્યા છે. માનવ–મેદનીથી વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. સૌ વ્યાખ્યાન સાંભળવામાં તલ્લીન બન્યા હતા. આ ધરમચંદ શેઠ ગુરૂને વંદન કરીને પાછળ બેસી ગયા. આ સમયે મહારાજની દૃષ્ટિ શેઠ ઉપર પડી. સંત શેઠને ઓળખી ગયા એટલે ચાલુ વ્યાખ્યાને સંતે મોટેથી શેઠને કહ્યું "ધર્મલાભ" ત્યારે શ્રાવકોના મનમાં થયું કે ગુરૂદેવ ગૌચરી કરવા પધારે ત્યારે ધર્મ લાભ આપે છે. આ રીતે વ્યાખ્યાનમાં કયારે પણ કોઈને ધર્મલાભ કહેતા નથી. આજે કોને ધર્મલાભ કહ્યો? શું કોઈ મોટા રાજા પધાર્યા છે! સૌએ પાછળ નજર કરી તો એક હાડપિંજર જેવું શરીર છે. ફાટયા–તૂટયાને મેલા–ઘેલા વસ્ત્રો પહેર્યા છે, દાઢી વધી ગઈ છે એવા ગરીબ શ્રાવકને જોયો. શ્રોતાજનોના મનમાં થયું કે ગુરૂદેવે આવા ગરીબને વ્યાખ્યાન વચ્ચે 'ધર્મલાભ' કેમ કહ્યો હશે! સૌના મનમાં આશ્ચર્ય થયું. ત્યાં તો ફરીને મહારાજે શેઠને કહ્યું આગળ આવો. શેઠે કહ્યું ગુરૂદેવ! મારે માટે અહીં જ ઠીક છે, પણ મહારાજે કહ્યું–ના, શેઠ આગળ આવો, એટલે શેઠ ઊભા થઈને થોડા આગળ આવીને બેઠાં. ત્યાં તો ફરીને આચાર્ય મહારાજે કહ્યું શેઠ! ત્યાં નહિ, એકદમ આગળ આવો. લોકોના મનમાં તો ખૂબ આશ્ચર્ય થયું કે ગુરૂદેવ કોઈને નહિ ને આ ગરીબને આગળ બેસાડવા આટલો બધો આગ્રહ કેમ કરતા હશે?

દેવાનુપ્રિયો! તમે આટલા બધા બેઠા છો. એમાંથી હું કોઈ ગરીબને આગ્રહ કરીને આગળ બોલાવું તો તમને પણ આશ્ચર્ય લાગેને? આજે તો શ્રીમંતોને સૌ માન આપે છે. પાછળથી આવે તોપણ એને બોલાવીને આગળ બેસાડે છે, પણ ગરીબ બિચારો વહેલો આવ્યો હોય તેને પાછળ બેસાડે છે. બધા શ્રાવકો શેઠને ધારીધારીને જોવા લાગ્યા કે આ ગરીબ માણસ કોણ હશે ને ગુરૂદેવે એને આગળ શા માટે બોલાવ્યો? શ્રોતાજનોના મનોભાવ જાણીને ગુરૂદેવે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું કે હે ભવ્ય જીવો! આ ગરીબ શ્રાવક તો માણસ નહિ પણ દેવ છે દેવ. આ તો મહાન શ્રાવક છે. સાચો શ્રમણોપાસક છે, દેવગુરૂનો સાચો ભક્ત છે. દુઃખીઓના બેલી છે આ તો ચીંથરે બાંધેલું રત્ન છે રત્ન, પણ અત્યારે પાપકર્મના ઉદયથી એ રાખ નીચે દટાઈ ગયું છે. માટે હું એમની આટલી બધી પ્રશંસા કરું છું. એમ કહીને મહારાજે પુનઃ પ્રવચન શરૂ કર્યું. વ્યાખ્યાન સાંભળીને સૌ ગુરૂને વંદન કરીને ચાલ્યા ગયા. આ શેઠે પણ ગુરૂદેવને વંદન કરીને કહ્યું–ગુરૂદેવ! આ ગરીબની ઝુંપડી પાવન કરજો. લાભ આપજો. આ શેઠને ઘેર લૂખો બાજરાનો રોટલો ને ચોળા બનાવ્યા હતા પણ એની ભાવના લૂખી ન હતી. ભાવના ઉત્કૃષ્ટ હતી. શેઠ ભાવના ભાવીને ઉપાશ્રયની બહાર નીકળે છે. ત્યાં કાને શબ્દ સંભળાયો. માંગ.... માંગ. આસપાસ દૃષ્ટિ કરી તો કોઈ દેખાયું નહિ. બીજી વખત અવાજ આવ્યો પણ કોઈ ન દેખાયું. એ તો ચાલવા

લાગ્યા. ત્યાં યોગીના રૂપમાં કોઈ દેવ તેમની સામે આવીને ઊભો રહ્યો અને કહ્યું શેઠ 'માંગ.... માંગ. ત્યારે શેઠે કહ્યું મારે કંઈ ન જોઇએ, ત્યારે યોગીએ કહ્યું શેઠ ! આપના ગુણોથી હું આપના પ્રત્યે આકર્ષાયો છું. આપના જેવા પવિત્ર અને ધર્મીષ્ઠ વ્યક્તિની આ દુર્દશા મારાથી જોવાતી નથી તેથી આપની ગરીબાઈ સદાને માટે દૂર થઇ જાય અને આપ સારી રીતે ધર્મારાધના કરી શકો તે માટે હું આપને એક મંત્ર આપવા ઇચ્છું છું. આપ મંત્રના થોડા જાપ કરશો એટલે દુઃખ નાશ પામશે. શેઠે કહ્યું મારે એવા મંત્રની જરૂર નથી. મારે તો ધર્મારાધના કરવી છે. ધનની જરૂર નથી. જીવનમાં ધર્મ છે તો બધું છે. લક્ષ્મી તો ચંચળ છે. વેશ્યા અને લક્ષ્મી તો કોઇના થયા નથી ને થવાના નથી. લક્ષ્મી તો પુણ્યાધીન છે માટે મને મંત્રની જરૂર નથી.

બંધુઓ ? તમારા ઉપર કોઈ દેવ–દેવી પ્રસન્ન થઈને આવો મંત્ર આપે તો તમે એને શું કહો ? શેઠની જેમ ના પાડો કે લઇ લો ? (હસાહસ) શેઠ કર્મોદયથી ગરીબ બની ગયા હતા. તે કેવા કષ્ટો સહન કરે છે છતાં મંત્ર લેવાની ના પાડે છે, પણ તમે તો ના પાડો જ નહિ, લઈ લો. યોગીએ શેઠને ખૂબ આગ્રહ કર્યો ત્યારે શેઠે કહ્યું મારે પૈસાની જરૂર નથી, પણ મારા નિમિત્તો મારો ધર્મ નિંદાય છે. હું તો મારા કર્મોદયથી દુઃખી થયો છું પણ મારા પુત્રો અને બીજા લોકો એમ બોલે છે કે બહુ ધર્મ કર્યો, ખૂબ દાન દીધું છતાં કેમ દુઃખી થયો ? એ મારાથી સહન થતું નથી. એ બંધ કરો ને મારા દીકરાઓની બુદ્ધિ નિર્મળ બને, જૈનધર્મની એમના દિલમાં શ્રદ્ધા થાય અને મારા જૈનધર્મનો મહિમા વધે. એ માટે જો મંત્ર આપો તો સ્વીકારું. યોગીએ કહ્યું ભલે એમ બનશે પણ તમે મંત્રનો સ્વીકાર કરો. શેઠે કહ્યું તો આપ મંત્ર આપો. હું ગ્રહણ કરું છું. યોગીના વેશમાં રહેલા દેવે શેઠને નવ અક્ષરનો મંત્ર આપ્યો ને કહ્યું હવે તમારા નગરમાં જઈ તમારા ઘરમાં બેસીને ૧૦૮ વાર એક ચિત્તે આ મંત્રનું સ્મરણ કરજો. સૌ સારા વાના થશે. એમ કહીને યોગી અદૃશ્ય થઈ ગયા.

શેઠ સમજી ગયા કે ધર્મ પ્રતાપે હવે મારા દુઃખનો અંત આવશે. શેઠને દુઃખ ભોગવીને કંટાળો આવ્યો ન હતો કે એમને પૈસાની જરૂર ન હતી પણ પોતાના પુત્રો પુનઃ ધર્મમાં શ્રદ્ધાવાન બની જીવન સફળ કરે અને ધર્મનો મહિમા કેમ વધે એ જ એમની અભિલાષા હતી. શેઠ કપરી કસોટીમાંથી પસાર થયા હતા. આવા સમયમાં માણસ ધીરજ ખોઈ બેસે છે, તેની શ્રદ્ધાના પાયા હચમચી જાય છે ને ધર્મને બાજુમાં મૂકી દે છે, પણ આ શેઠ તો અડગ રહ્યા. આટલા દુઃખમાં પણ એમણે ધર્મ ન છોડ્યો. એ એમની એક વિશેષતા છે. શેઠે ઘેર આવીને પુત્રોને કહ્યું હે પુત્રો ! હવે આપણે આપણા નગરમાં આપણે ઘેર જઈએ. ત્યાં સૌ સારા-

વાના થશે, ત્યારે છોકરાઓ કહેવા લાગ્યા કે ત્યાં જઈને શું કરીશું? ઘરમાં ચારે ખૂણા સરખા છે. ત્યાં તો ધનવાનમાંથી નિર્ધન બન્યા, તેથી તો અહીં આવીને વસ્યા ને પાછા ત્યાં જવું છે? અમારે નથી આવવું. અહીં ઠીક છે. છોકરાઓએ ચોખ્ખી ના પાડી પણ બાપે કહ્યું બેટા! મારો આત્મા કહે છે કે હવે ત્યાં જઈને સુખી થઈશું. બાપની પ્રબળ ઇચ્છા જોઈને પુત્રો બાપની સાથે પોતાના નગરમાં આવ્યા. ઘરની તો ભયંકર દુર્દશા થઈ ગઇ હતી. શેઠે ઘર સાફ કરાવ્યું. બીજે દિવસે શેઠે પુત્રોને કહ્યું દીકરાઓ! તમે ઘણાં દિવસથી ગુરૂદેવના દર્શન કર્યા નથી, નવકારમંત્રનો જાપ કર્યો નથી કે સામાયિક કરી નથી, તો આજે ઉપાશ્રયે જઈ ગુરૂદેવના દર્શન કરી સામાયિક લઈ નવકારમંત્રનો જાપ કરો. તો આપણે શાંતિથી રહી શકીએ. આ છોકરાઓને હવે ધર્મમાં શ્રદ્ધા નથી. એ તો બાપાની વાત સાંભળીને બડબડવા લાગ્યા કે મૂકોને હવે ધર્મની વાત. ધર્મ ખૂબ કર્યો એટલે તો દુઃખી દુઃખી થઈ ગયા. જો ધર્મનો પ્રભાવ હોત તો આપણે સુખી ન થાત! તમે જીવનભર ધર્મની પાછળ પડયા છો તો શું વળ્યું? ચીંથરેહાલ બન્યા એ કે બીજું કંઈ? પુત્રોના બોલ સાંભળીને શેઠના કાળજામાં તેલ રેડાઈ ગયું પણ સાથે એ સમજે છે કે આ બિચારા અજ્ઞાન છે. ધર્મના મર્મને જાણતા નથી. ધર્મના પ્રભાવ અને મહિમાનું એમને જ્ઞાન નથી, નાહતર આવા શબ્દો ન બોલે. શેઠ તો ધર્મના રહસ્યને સમજતા હતા એટલે પુત્રોને ફરીથી કહ્યું દીકરાઓ! તમે ધર્મસ્થાનકે જઈને મેં કહી તેટલી ધર્મારાધના કરી આવોને જુઓ તો ખરા, શું લાભ થાય છે? પુત્રોએ વિચાર કર્યો, કે આપણે નહિ જઈએ ત્યાં સુધી આ ડોસો કૂતરાની જેમ ભસ્યા કરશે. જુઓ, આ તમારો સંસાર. જે માતા-પિતાએ ઉછેરીને મોટા કર્યા, લાખો લાડ લડાવ્યા અને આગળ વધાર્યા. એવા મા-બાપને કૂતરાની ઉપમા આપતા પણ કુલાંગાર પુત્રોને શરમ નથી આવતી પણ એમને ખબર નથી કે કૂતરા પણ જેના રોટલા ખાય છે તેમની વફાદારી પૂર્વક સેવા બજાવે છે.

પિતાજીના કહેવાથી આ છોકરાઓ ઉપાશ્રયે ગયા. ગુરૂદર્શન કરી સામાયિક લઈ નવકાર મંત્રના જાપ કરવા લાગ્યા. આ તરફ શેઠે યોગીના કહેવા મુજબ ૧૦૮ વખત મંત્રનો જાપ કર્યો ત્યાં તો ઘરમાં પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો ને એમને અવાજ આવ્યો કે હે શેઠ! તારી ધર્મશ્રદ્ધાના બળે હવે પાપનો કાળો ડાઘ દૂર થઈ ગયો છે ને તારા પુણ્યનો સૂર્ય ઉદયમાન થયો છે. તારા ઘરના ચારે ખૂણા ખોદ. તારા પોતાના દાટેલા કિંમતી રત્નોથી ભરેલા ચરુ નીકળશે, એટલે શેઠે ખોદયું તો ચારે ખૂણામાંથી ઝગમગતા રત્નોથી ભરેલા ચરુ નીકળ્યા, ત્યાં તો છોકરાઓ આવ્યા ને ચરુ જોઈને પૂછયું, 'પિતાજી આ શું?' પિતાએ કહ્યું, બેટા! આ ધર્મનો પ્રતાપ! પુત્રોને બધી વાત કરી, એટલે એમના ગળે વાત ઉતરી અને અંતરમાં પુનઃ ધર્મશ્રદ્ધાનો સંચાર થયો.

પિતાજીને ગમે તેવા શબ્દો કહેવા બદલ ખૂબ પશ્ચાત્તાપ કરીને ચરણમાં પડી ક્ષમા માંગી. હવે શેઠનું જીવન પૂર્વની જેમ પાછું સમૃદ્ધ બન્યું અને ચાર પુત્રો, પુત્રવધૂઓ બધા ધર્મમાં વધુ દૃઢ બન્યા.

ટૂંકમાં આવા દૃષ્ટાંતો દ્વારા મારે તો તમને એક વાત સમજાવવી છે કે ગમે તેવા કષ્ટમાં પણ ધર્મને તમે ધક્કો ન મારશો, પણ ધર્મમાં દૃઢ બનજો. શેઠ દુઃખમાં મક્કમ રહ્યા તો કેવો મહાન લાભ મેળવ્યો. બીજી વાત આપણે સુખની ચાલતી હતી કે બાહ્યસુખ એ સાચું સુખ નથી પણ આત્મિક સુખ એ જ સાચું સુખ છે. આ શેઠ આત્મતત્ત્વને જાણતા હતા, તેથી તેમની બાહ્યસંપત્તિ ચાલી ગઈ, દુઃખના પહાડ તૂટી પડ્યા છતાં કેવી સમતા રાખી શક્યા! આ આત્મિક સુખની અનુભૂતિના બળે ને? બસ, તમે પણ આવા બનજો, તો કયારે પણ દુઃખ નહિ આવે.

આપણે હવે ચરમ તીર્થપતિ ભગવાન મહાવીર સ્વામીની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનના અધિકારનું વ્યાખ્યાનમાં વાંચન કરવું છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ મહાવીર પ્રભુ પાવાપુરીમાં મોક્ષે સીધાવ્યા ત્યારે અંતિમ સમયે સોળ પ્રહર સુધી સતત એકધારી દેશના આપી છે. એમાં મહાન ગૂઢ રહસ્યો સમાયેલા છે. ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં ભગવાને વિનયની વાત સમજાવી છે. વિનય એ તો જીવનમાં કિંમતી જડીબુટ્ટીનું કામ કરે છે. વિનય ધર્મવૃક્ષનું મૂળ છે. વિનય વૈરીને વશ કરી શકે છે વિનયવંત આત્મા સર્વત્ર પૂજાય છે. વિનયવંત આત્મા સ્વ પરનું કલ્યાણ કરી શકે છે. ઉત્તરાધ્યયન સૂત્રના પ્રથમ અધ્યયનમાં ભગવંતે વિનયનું ખૂબ સુંદર વર્ણન કર્યું છે. એ રીતે બીજા અધ્યયનમાં પરિષહનું વર્ણન કર્યું છે. જેનામાં વિનયનો મુખ્ય ગુણ હોય છે તે પરિષહને સહન કરી શકે છે. આ રીતે એકેક અધ્યયનમાં ઉત્તરોત્તર ક્રમ બતાવેલો છે. આપણે તો તેરમા અધ્યયનનો અધિકાર લેવો છે. તેરમા અધ્યયનની પહેલા બારમા અધ્યયનમાં ભગવાને તપની વાત બતાવી છે. નિયાણારહિત શુદ્ધભાવથી હરિકેશીમુનિએ જો તપ કર્યા તો એમના તેજ અને પ્રભાવથી આકર્ષાઈને યક્ષ તેમની સેવામાં હાજર રહ્યો. હરકેશી મુનિ ચાંડાળ કુળમાં જન્મ્યા હતા પણ સંયમ લઈ અઘોર તપ દ્વારા કર્મને ખપાવી આત્માને વિશુદ્ધ બનાવ્યો.

તેરમા અધ્યયનમાં તપ કરીને નિયાણું કરનારની કેવી દશા થાય છે તે વાત બતાવવામાં આવી છે. ભગવાન કહે છે હે જીવ! તું તપ કર. કઠિન ચારિત્ર પાળ. ગમે તેવી ઉગ્ર સાધના કર પણ એનું ફળ વેચીશ નહિ. નિયાણું ન કરીશ. નિયાણું કરવું એ તો કોહીનૂર આપીને કાંકરા ગ્રહણ કરવા જેવું છે. હાથી આપીને ગર્દભ લેવા જેવું છે. અહીં આ અધ્યયનમાં કોણે નિયાણું કર્યું, કેવી રીતે કર્યું અને નિયાણું કરવાથી કેવી દશા થઈ તે વિષયનું ખૂબ સુંદર વર્ણન કર્યું છે. બીજું એક ચરિત્ર પણ કાલથી લેવામાં આવશે. સમણ ઘણો થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

× × ×

વ્યાખ્યાન નં. ૩

અષાડ વદ ૮ ને સોમવાર **તા. ૧૬-૭-૭૯**

"કર્મસત્તાનું મારણ"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતજ્ઞાની, વિષયોના વારક, મોહના મારક અને ગુણોના ધારક તીર્થંકર ભગવંતોએ ભવ્ય જીવોના એકાંત હિત માટે આગમ વાણી રજુ કરી. ભગવંતને વિષયોના વારક કેમ કહ્યા ? ભગવાન સંસારના ભયંકર વિષને ઉતારનાર છે. જેમ કોઈ માણસને ઝેરી સર્પ કરડે છે ત્યારે તેને ઝેર ઉતારવા માટે ગારૂડી પાસે લઈ જવામાં આવે છે. ગારૂડી મંત્ર પ્રયોગ દ્વારા સર્પના ઝેરને ઉતારે છે તેમ તીર્થંકર ભગવંતો ભવ્ય જીવોને ધર્મ સમજાવી અનાદિકાળના સંસારના ઝેર ઉતારે છે. સર્પનું ઝેર ઉતારનાર ગારૂડી તો બધે મળશે પણ સંસારના ઝેર ઉતારનાર ગારૂડી સમાન તીર્થંકર ભગવંતો કે એમની વાણી તમને બધે નહિ મળે. આ રીતે ભગવંત વિષયોનું વારણ કરનાર હોવાથી તેમને વિષયોના વારક કહ્યા છે. મોહ રૂપી મહાન જબ્બર મલ્લને હણ્યો છે તેથી ભગવાન મોહના મારક છે અને પ્રભુ અનંત ગુણોના ધારક હોવાથી તેમને ગુણોના ધારક કહ્યા છે. આવા અરિહંત પરમાત્માના શરણે જઈએ તો આપણા વિષય વિકારો નષ્ટ થઈ જાય ને ભવનો બેડો પાર થઈ જાય.

ત્રિભુવનમાં જો કોઈ સર્વશ્રેષ્ઠ હોય તો તે અરિહંત ભગવંતો છે. ત્રણે લોક ઉપર અરિહંત પ્રભુના ઉપકારનો કોઈ પાર નથી. જગતના તમામ જીવોને અરિહંત ભગવાન ધર્મનો માર્ગ બતાવે છે. અરિહંત ભગવંતો જે ધર્મ પ્રકાશે છે તેની અપ્રમત્તપણે આરાધના કરીને જીવો તરી ગયા છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે **"अतरिसु तरंतेगे, तरिस्संति अणागया ।"** શ્રી તીર્થંકર દેવોએ બતાવેલ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપરૂપ ધર્મને ગ્રહણ કરી તેનું આરાધન કરી ભૂતકાળમાં ઘણા જીવો સંસાર સમુદ્રને તરી ગયા છે, વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં સંસાર સમુદ્રને તરી મોક્ષ ગતિને પ્રાપ્ત કરે છે અને ભવિષ્યકાળમાં ઘણા જીવો આ ધર્મના આરાધનથી સંસાર સમુદ્રને પાર કરી મોક્ષ ગતિને પ્રાપ્ત કરશે. મોક્ષગતિ એટલે શિવપદ. જીવના વિકાસનું એ પરમપદ. એ પદે પહોંચ્યા પછી જીવ જન્મ-મરણની જંજાળમાંથી મુક્ત બને છે. કાળરાજાનો કોઈ કાયદો એ પદને અસર કરી શકતો નથી. અનંતકાળની અખંડ સ્વતંત્રતા જીવ એ પદને પામીને ભોગવતો રહે છે.

બંધુઓ ! જગતના ગમે તેટલા ને ગમે તેવા સુખો પણ એ સુખો સિદ્ધ ભગવંતના સુખોની તુલના કરી શકતા નથી. કરોડો જીભોથી કરોડો વર્ષો પર્યંત બોલ્યા જ કરીએ તો પણ મોક્ષના સુખનું વર્ણન કરવું અશકય છે. તે સુખ અનુભવગોચર

છે. આ લોક અને પરલોકના સર્વસુખો એક પલ્લામાં મૂકવામાં આવે અને બીજા પલ્લામાં મોક્ષ સુખનો એક રતિ જેટલો ભાગ મૂકવામાં આવે તોપણ સિદ્ધ ભગવંતના રતિભાર સુખવાળું પલ્લું નમે છે. સંસારના બધા સુખો કાચી માટીના કુંભ જેવા છે. એવા તકલાદી સુખ માટે જેના વડે શાશ્વત સુખની આરાધના કરી શકાય છે એવા માનવદેહ, માનવભવ અને કિંમતી ક્ષણોનો દુરૂપયોગ ન કરો. સમજ્યા ત્યારથી સવાર સમજીને શાશ્વત સુખની આરાધનામાં જોડાઈ જાઓ. હવે સમજાઈ જવું જોઈએ કે આ લોક અને પરલોકના સુખો આ જીવે અનંતી વાર ભોગવ્યા છે. અને તેના ફળ પણ ચાખ્યા છે. એટલે એમાં લોભાવા જેવું નથી. આજે સુખમાં મસ્ત બનીને બેઠા છો પણ કાલે શું થશે તેની કોને ખબર છે ? હમણાં તાજેતરમાં બનેલો એક દાખલો આપું.

મોતીલાલ નામનો મોટો વહેપારી એક વખત ગામડામાં ઉઘરાણી માટે ગયો. થોડી ઉઘરાણી પતાવીને પોતાના એક ઘરાકને ઘેર જમવા બેઠો. પહેલો કોળિયો મોઢામાં મૂકયો અને બીજો મોઢામાં મૂકવા જાય છે ત્યાં જમણો હાથ ઝલાઈ ગયો. લીધેલો કોળિયો હાથમાં રહી ગયો ને મોટરમાં સૂવાડીને ઘેર લઈ ગયા. ડોકટરને બોલાવ્યા. ડોકટરે શરીર તપાસીને કહ્યું કે લકવો થઈ ગયો છે. તરત જ મોટી હોસ્પિતાલમાં દાખલ કર્યો. કર્મસત્તાને વશ થયેલા જીવની આવી સ્થિતિ છે. હવે તમને એમ લાગે છે કે મારે કર્મની કેદમાંથી મુક્ત થવું જોઈએ. આ કર્મસત્તા ખરેખર ભયંકર છે. ધાર્યું ધૂળમાં મેળવતા એને જરા પણ વાર લાગતી નથી. ઘેર પુત્ર કે પુત્રીના લગ્ન લીધા હોય, એની કુમકુમ પત્રિકાઓ લખાઈ ગઈ હોય, લગ્નના વાજા વાગતા હોય, મંગળ ગીતો ગવાતા હોય એવા આનંદના સમયે કર્મસત્તા એનો ક્રૂર કોરડો વીંઝે તો પળવારમાં આનંદમય વાતાવરણને વિષાદમય બનાવી દેતા વાર ન લાગે.

બંધુઓ ! આ કર્મસત્તાથી તમારે ડરવાની કે ગભરાવાની જરૂર નથી. એનું મારણ છે. કર્મસત્તાનું મારણ કયું ? જાણો છો ? "ના". તો કહું "ધર્મમહાસત્તા". જો તમે ધર્મમહાસત્તાનું શરણું સ્વીકારશો તો કર્મસત્તાની ગુલામીમાંથી મુક્ત બની શકશો, પણ ધર્મસત્તાનું સ્વરૂપ સમજાવનાર કોઈ હોય તો તીર્થંકર ભગવાનની દુઃખો વાણી છે. તીર્થંકર ભગવંતે પોતાના નિર્મળ કેવળજ્ઞાનમાં આ વિરાટ વિશ્વના જીવોને ભોગવતા જોયા એટલે કરૂણાથી પ્રેરિત થઈને આપણા એકાંત હિતને માટે ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ચાર મૂળ સૂત્ર, ચાર છેદ સૂત્ર અને બત્રીસમું અવશ્ય કરવા યોગ્ય આવશ્યક સૂત્ર. આ બત્રીશ આગમની રજુઆત કરી છે તેમાંથી આપણે શાસનપતિ, પરમપિતા પ્રભુ મહાવીર સ્વામીની અંતિમવાણી મૂળઆગમ ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર વાંચવો છે. ભગવાને પ્રરૂપેલા સિદ્ધાંતોમાં ચારે ય અનુયોગ સમાયેલા છે.

ખાટલાના જેમ ચાર પાયા હોય છે તેમ અનુયોગના પણ ચાર પ્રકાર હોય છે. ખાટલાના ચાર પાયામાંથી એકાદ પાયો જો તૂટેલો હોય તો તે બેસવાના કે સૂવાના ઉપયોગમાં આવે ખરો ? તેમ શાસ્ત્રમાં પણ ચાર પાયા રૂપ ચાર અનુયોગ બતાવ્યા છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ (૪) ધર્મકથાનુયોગ. એમ અનુયોગ ચાર પ્રકારે વિભક્ત થયો છે. શ્રી ભગવતીજી, ઠાણાંગજી, સૂયગડાયંગ, સમવાયાંગ આદિ સૂત્રોમાં મુખ્યત્વે દ્રવ્યાનુયોગના વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. શ્રી આચારાંગાદિ સૂત્રોમાં વિશેષ કરીને આચારનું વર્ણન હોવાથી તેનો ચરણકરણાનુયોગમાં સમાવેશ થાય છે. શ્રી ચંદ્રપન્નત્તી, સૂર્યપન્નત્તી, જંબુદ્વીપ-પન્નત્તી વિગેરે સૂત્રોમાં મોટા ભાગે ગણિતાનુયોગનું વર્ણન છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, જ્ઞાતાધર્મકથા, અંતગડ, વિપાકસૂત્ર, અનુત્તરોવવાઈ સૂત્ર વિગેરે ધર્મકથાનુયોગથી ભરેલા છે.

આપણા ભારતવર્ષમાં પૂર્વે એક બે નહિ પણ ત્રણ ત્રણ વખત બાર બાર વર્ષના ભયંકર દુષ્કાળો પડવાથી વિસ્મૃતિ અને બુદ્ધિમંદતાના કારણે તેમજ મુસ્લિમકાળમાં છ છ મહિના સુધી આપણું વિપુલ સાહિત્ય અગ્નિમાં હોમી દેવામાં આવ્યું હતું છતાં "ભાંગ્યું ભાંગ્યું તોયે ભરૂચ" એ ઉક્તિ અનુસાર વર્તમાનમાં પણ આટલું બધું આગમ સાહિત્ય આપણી પાસે ઉપલબ્ધ છે કે જેનું અધ્યયન કરતાં વર્ષોના વહાણા વહી જાય તોપણ તેનો પાર પામી શકાય નહિ. આપણે જે અધ્યયનનું વાંચન કરવું છે તેમાં ધર્મકથાનુયોગની વાત આવે છે. કથાઓના પણ વિવિધ પ્રકારો છે જેમ ષડરસયુક્ત ભોજન માણસ પ્રેમથી આરોગી જાય છે તેમ કથા પણ વિવિધ રસવાળી હોય છે. કેટલીક કથાઓ હાસ્યરસથી ભરેલી હોય છે. કેટલીક કથાઓ વીરરસથી યુક્ત હોય છે. કેટલીક કથાઓ શ્રવણ કરતા આંખોમાંથી આંસુ ઉભરાય છે અને કેટલીક વાર્તા સાંભળતા વાતાવરણ ગમગીન બની જાય છે. હાસ્યરસ, કરૂણરસ, શાંતરસ, બિભત્સરસ, શૃંગારરસ, ભયાનકરસ, વીરરસ, રૌદ્રરસ, આ બધા રસોમાં શાંત રસથી ભરેલી કથા આત્મામાં કોઇ જુદી જ અસર કરે છે. માટે શાંતરસને રસાધિરાજ તરીકે વર્ણવવામાં આવ્યો છે. આપણા ત્યાગી સંતપુરૂષોના જીવનચરિત્રો શાંતરસથી ભરેલા હોય છે. જે સાંભળતા માણસના અંતરમાં વૈરાગ્યરસના ઝરણા વહેવા માંડે છે. કથા બે પ્રકારની છે એક કલ્પિત અને બીજી આચરિત. ઉત્તરાધ્યયન સૂત્રના દશમા અધ્યયનની પ્રથમ ગાથામાં

दुमपत्तए पंडुए जहा, निवडइ राइगणाण अच्चए
एवं मणुयाण जीविअं, समयं गोयम मा पमायए ॥

વીર પ્રભુ પોતાના શિષ્યોને સમજાવતા કહે છે કે હે ગૌતમ ! જેમ રાત્રિ અને દિવસ વ્યતીત થતા જાય છે તેમ આયુષ્યના દળીયા પણ ઘટતા જાય છે. જેમ પાકેલું પાંદડું રાત્રિ-દિવસો વ્યતીત થતા વૃક્ષ ઉપરથી તૂટીને નીચે ખરી પડે છે તેમ

મનુષ્યનું આયુષ્ય પણ ક્રમે ક્રમે ઘટતું જાય છે, પણ છદ્મસ્થ જીવોને ખબર નથી પડતી કે તે કયારે જીર્ણ થઈ જશે તેથી શ્રુત ચારિત્રરૂપ ધર્મની આરાધના કરવામાં નિદ્રા, વિકથા આદિરૂપ એક સમય માત્રનો પ્રમાદ કરવો ઉચિત નથી. ધર્મની આરાધના કરવા માટે સદા સજાગ રહેવું જોઈએ. આ જીવન દ્રુમપત્રક સમાન ક્ષણભંગુર છે અને પ્રમાદ એ કેવળજ્ઞાનનો રોધક છે. આ આયુષ્યને વધારવાની કે ઘટાડવાની તાકાત કોઈ જીવના હાથમાં નથી, તેથી આ જીવનને સફળ બનાવવાનો એક માત્ર શ્રેષ્ઠ ઉપાય છે કે તે સમયને ધર્મારાધના કર્યા વિના નિરર્થક વ્યતીત થવા દેવો જોઈએ નહિ. લોકમાં પણ એક રૂપક પ્રચલિત છે ને કે,

"પીપળ પાન ખરંતા હસતી કુંપળીયા,
હમ વીતી તુમ વીતશે, ધીરી બાપલીયા."

વૃક્ષના લીલાછમ ચમકતા પાંદડાઓ નીચે પડેલા જીર્ણ શીર્ણ શુષ્ક પાંદડાઓને કહે છે કે કેમ પડયા ને ? એમ કહીને ચમકના બહાને એ હસે છે, મશ્કરી કરે છે ત્યારે નીચે પડેલા શુષ્ક પાંદડાઓ એ હસતી કુંપળીઓને કહે છે ભાઇ ! જરા ધીરા પડો. આમ અભિમાને ન ચઢો. તમારી પણ એક દિવસ અમારા જેવી દશા થવાની છે. આ સંવાદ કલ્પિત છે, કારણ કે પાંદડા કંઈ આવું થોડા બોલે છે. આ તો જીવોને સમજાવવા માટે કલ્પિત રૂપક છે. જયાં કલ્પિત હોય ત્યાં સાફ કલ્પિત છે એમ કહેવામાં આવે છે, પણ બધી કથાઓ કંઈ કલ્પિત હોતી નથી. બીજો વિભાગ આચરિત કથાનો છે. જે બનેલી ઘટનાઓનું કથન કરતી હોય છે તેનો આચરિત કથામાં સમાવેશ થાય છે. કેટલીક કથા શ્રવણ કરતા આપણને એમ લાગે છે કે આમ તે કંઈ બનતું હશે ? શું આ સત્ય હશે ? આ તો કાલ્પનિક લાગે છે. લોકોને સમજાવવા માટે આવી વાતો રજુ કરવામાં આવે છે પણ એ બિચારા અજ્ઞાન જીવોને ખબર નથી કે આ કથાઓનું કથન કરનારા કોણ છે ? કથન કરનારા મહાજ્ઞાની પુરૂષો છે. ઉપજાવી કાઢેલી કલ્પિત વાતો કહેવાનું એમને શું પ્રયોજન છે ? આ જગતમાં શું નથી બનતું ? ન કલ્પ્યું, ન ધાર્યું અશકય બધું બને છે. કર્મની કળા અકળ છે. કર્મથી બધું શકય છે. અશકય પણ શકય બને છે, માટે અનંત જ્ઞાનીઓએ કથન કરેલી આપણા મહાપુરૂષોએ શાસ્ત્રોમાં જે કથાઓ રજુ કરી છે તે બધી ઘટિત છે. બનેલી છે એમાં શંકાને સ્થાન નથી. એમને તો લોકાલોકનું દુનિયામાં ઘડીપળે બનતા સર્વ બનાવોનું જ્ઞાન હસ્તામલકવત્ હોય છે. જ્ઞાનીઓના જ્ઞાન આગળ આપણું જ્ઞાન સાવ છીછરું કહેવાય. કયાં સિન્ધુ અને કયાં બિન્દુ ! કયાં સાગર અને કયાં ગાગર !

કેટલાક અણસમજુ માણસો વિના સમજે એમ બોલી ઊઠે છે કે આ તો કથા છે. એમાં શું સાંભળવાનું છે. આમ કહીને કથાનુયોગની અને તેનું કથન કરનારા તીર્થંકર દેવોની ઘોર અશાતના કરે છે. ખુદ તીર્થંકર દેવો ચોથા અનુયોગ તરીકે

ધર્મકથાનુયોગને સ્થાન આપે છે. માટે એ વિષયમાં આડું અવળું બોલતાં પહેલાં આપણે ખૂબ વિચાર કરવો જોઈએ. બાલ જીવોને ધર્મના માર્ગે ચઢાવવા માટે કથા વસ્તુ અત્યંત ઉપયોગી છે. કથાના માધ્યમ દ્વારા બાલજીવોમાં સુંદર સંસ્કારો રેડી શકાય છે. કોઈ પણ વિષયને શ્રોતાના હૃદયમાં બરાબર ઠસાવવા માટે ઉદાહરણનો આશ્રય લેવામાં આવે તો તે વિષય સરળ રીતે સમજાવી શકાય છે. પેટ રોટલીથી ભરાય છે પણ આપણે એકલી રોટલી જ ખાતા નથી. સાથે શાક આદિ ખાઈએ છીએ, કારણ કે એકલી રોટલો ગળે ઉતરતી નથી તેમ દ્રવ્યાનુયોગ આદિ તત્ત્વજ્ઞાનના ગહન વિષયને શ્રોતાજનોને સમજાવવા માટે કથા, યુક્તિ, દલીલ અને ઉદાહરણની જરૂર પડે છે જેથી બધા ગહન, ગૂઢ તત્ત્વજ્ઞાન પણ સરળતાથી સમજી શકે છે. ન્યાય જેવા કઠિન વિષયને સમજાવવા માટે નૈયાયિકોને પણ **"पर्वतो वन्हिमान्, धूमात्, यथा महानसम्।"** પર્વતમાં અગ્નિ છે ધૂમ હોવાથી, જેમ રસોઇઘર કહીને ઉદાહરણનો સહારો લેવો પડે છે.

દેવાનુપ્રિયો ! આજે બાળગોપાળ સૌ કોઈને કથા-વાર્તા વાંચવી-સાંભળવી ગમે છે. અરે, ભણેલાઓ પણ કથા દૃષ્ટાંત આવતા હર્ષમાં આવી જાય છે. તો બીજાની શી વાત કરવી ? કથા ઝટ યાદ રહી જાય છે અને કથા દ્વારા જે વસ્તુનું નિરૂપણ કરવામાં આવે છે તે વસ્તુ શ્રોતાજનોના હૃદયમાં સચોટ ઠસી જાય છે. કથા રજુ કરવાની પણ એક શૈલી છે. કથાની રજુઆત કરતા આવડવી જોઈએ. જેમ ઘઉંમાંથી ઘેબર પણ બને અને ઘેંસ પણ બને. આ રીતે શ્રોતાજનો ઉપર ધારી અસર ઉપજાવવા માટે કથા રજુ કરવાની પણ એક અદ્‌ભૂત કળા છે. વકતા ઘડીકમાં શ્રોતાજનોને તરબોળ બનાવે છે. ઘડીમાં હસાવે છે. ઘડીમાં રડાવે છે અને ઘડીમાં ડોલાવે છે. અન્યધર્મો અને અન્યદર્શનો કરતા જૈનદર્શનની અનેક મુખ્ય વિશેષતાઓ છે. એથી જ એ સૌથી જુદું તરી આવે છે. કથાનુયોગની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ જૈન કથાઓની તુલનામાં બીજી કથાઓ નહિ આવી શકે, માટે કથાનુયોગની કથા સાંભળતા તમને ખ્યાલ આવશે કે જૈન દર્શનમાં કથાનુયોગનું સ્થાન કેટલું મહત્વનું છે. કથા શબ્દને ઉલટાવતા થાક થાય છે. જે કથા અંતરના થાક અને વ્યથાને દૂર કરી અંતરને સ્વચ્છ બનાવે એનું નામ કથા.

એક મકાનના બારણાને ફીટ કરવા માટે મજાગરા અને ખીલીઓની જરૂર પડે છે, તેમ શાસ્ત્રરૂપી દરવાજામાં પ્રવેશ કરવા માટે દૃષ્ટાંતો, કથાઓ બધું મજાગરા અને ખીલીઓ સમાન છે, આ માટે કથાનુયોગની જરૂર છે. આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો મંગલ પ્રારંભ કરવો છે. એ અધ્યયનનું નામ "ચિત્ત સંભૂતીય છે તેમાં ચિત્ત અને સંભૂતિ બે ભાઈઓની વાત આવે છે. બારમા અધ્યયનમાં હરકેશી મુનિના તપની વાત આવે છે. નિયાણા રહિત તપ કરવાથી કેવો મહાન લાભ થાય

છે અને નિયાણા સહિત તપ કરવાથી કેટલી હાનિ થાય છે. ચિત્ત અને સંભૂતિ બંને ભાઈઓએ સાથે તપનું આચરણ કર્યું. તેમાંથી એક ભાઈએ તપનું નિયાણું કર્યું. તે નિયાણાના બળે બ્રહ્મદત્ત ચક્રવર્તી થયા.

ચક્રવર્તીઓ બાર થયા છે, તેમાં સૌથી પ્રથમ ભરત ચક્રવર્તી થયા. મૃત્યુલોકમાં સૌથી વધુ સાહ્યબી ચક્રવર્તીઓને હોય છે. છ ખંડના સ્વામી ભરત ચક્રવર્તી ઋષભકૂટ પર્વત ઉપર ફરવા માટે ગયા હતા. ત્યાં એક શિલાલેખ ઉપર ઘણાં ચક્રવર્તીઓના નામ વાંચ્યા ત્યારે મનમાં થયું કે અહો હું પણ ચક્રવર્તી તો છું જ ને! આટલાં બધાં ચક્રવર્તીઓના નામ છે ને મારું તો નામ જ નહિ! પોતાનું નામ લખવા ગયા પણ એક અક્ષર લખે એટલી જગ્યા નથી તો નામ કયાં લખવું? વિચાર કર્યો કે એક નામ લૂછીને મારું નામ લખી દઉં. જ્યાં નામ લખવા જાય છે ત્યાં વિચાર આવ્યો કે અહો! હું કોઈનું નામ લૂછીને મારું નામ લખું છું તો આવી રીતે મારું નામ પણ કોઈ લૂછશે જ ને? હળુકર્મી જીવ હતા એટલે આટલો વિચાર આવતાં અંતરનું અભિમાન ઓગળી ગયું કે હું મોટો ચક્રવર્તીને મારું નામ કેમ નહિ, નામ છે તેનો અવશ્ય એક દિવસ નાશ થવાનો છે. જીવ જો આવું સમજે તો અભિમાન ઓસરી જાય. પણ આજે તો આવી સમજણ જ કયાં છે? થોડો પૈસો થયો તો અભિમાનનો પાર નથી રહેતો. અહીં એક પ્રસંગ યાદ આવે છે.

જામનગરના મહારાજાનું નામ વિભાજામસાહેબ હતું. તેઓ સ્વભાવથી નમ્ર, સરળ અને દયાળુ હતા. ખૂબ દિલાવર દિલનાં હતા. જે દિવસે તેમના આંગણે કોઈ માંગણ આવ્યો ન હોય તે દિવસે તેઓ ઘોડે બેસીને માંગણને જોતવા નીકળે. એમની એકજ ભાવના હતી કે મારા નગરની પ્રજા દુઃખી ન હોવી જોઈએ, એટલે તેઓ રોજ સવારે ઘોડે બેસીને ફરવા જતા ત્યારે સાથે સોનામહોરો લઇ જતા ને જે દુઃખી દેખે તેને આપતા. રાજા આવા પ્રજાપાલક હોય પછી પ્રજાને વહાલા જ લાગે ને? આખા નગરમાં જામસાહેબની ખૂબ પ્રશંસા થવા લાગી. બધે એમના ગુણગાન ગવાય છે. આ અરસામાં એક વણિક પરદેશ વહેપાર ખેડીને અઢળક ધન દોલત કમાઈને વહાણ ભરીને જામનગરમાં પાછો વળ્યો હતો. એણે આખા નગરમાં વિભાજામસાહેબની ખૂબ પ્રશંસા સાંભળી ત્યારે એના મનમાં થયું કે બધે રાજાના જ ગુણ ગવાય! એમની જ પ્રશંસા થાય! હું આટલું ધન કમાઈ ને આવ્યો છું તો મારી કેમ કોઈ પ્રશંસા કરતું નથી. તેને રાજા ઉપર ઈર્ષ્યા આવી. રાજાને નીચે પાડવા રાજા દાન આપે છે તેનાથી ડબલ દાન આપવા માંડયું ને પોતાનું નામ વલ્લભજામ પાડયું.

"જામસાહેબ સાથે હરીફાઈ કરતો વણિક : બંધુઓ! સંપત્તિ મેળવવી સહેલી છે પણ જીરવવી મુશ્કેલ છે. ભર્યા ઘડા કદી છલકાતા નથી, અધૂરા છલકાય છે. એમ આ વાણિયો છલકાઈ ગયો. જામસાહેબ સાથે ખૂબ હરીફાઈ કરવા લાગ્યો. બધા

લોકો જામસાહેબને કહે છે સાહેબ! વાણિયો આપની સામે હરીફાઈમાં ઉતર્યો છે. તો પણ રાજાને વણિક ઉપર દ્વેષ કે ક્રોધ નથી આવતો. તે હસીને કહે છે એમાં બોટું શું છે? મારો પ્રજાજન દુઃખીઓનો બેલી છે તેથી મને આનંદ થાય છે. બરાબર બાર મહિના સુધી વણિકે દાન દીધું, પછી એનું ધન ખૂટી ગયું. કયાં સાગર અને કયાં બાબોચીયું? બાબોચીયામાં પાણી ભરાય ત્યારે દેડકા ડ્રાઉં ડ્રાઉં કરે છે પણ જ્યારે એમાં પાણી સૂકાઈ જાય ત્યારે દેડકા ડ્રાઉં ડ્રાઉં કરવાને બદલે મરણને શરણ થઈ જાય છે, એમ આ વાણિયો દેડકા જેવો હતો. એની પાસે ધન ખૂટી ગયું પણ પકડેલું નાડું કેમ મૂકાય? એણે તો ઘરબાર, પેઢી, પત્નીના દાગીના વેચી દીધા. એની પત્ની એને કહે છે નાથ! આપણા પાલક મહારાજા સામે બાથ ના બીડાય. હવે રહેવા દો, પણ વાણિયો માનતો નથી ત્યારે એની પત્ની એના નામના છાજીયા લઈને રડવા કૂટવા લાગી. આમ તો માણસ મરી જાય પછી એના નામના છાજીયા લેવાય પણ આ તો જીવતા છાજીયા લીધા. (હસાહસ) વણિકે બધું વેચીને દાનમાં દઈ દીધું. તદ્દન કંગાળ બની ગયો. બાવાપીવાના સાંસા પડયા. લોકો એની પાસે માંગવા લાગ્યા કે દાન કેમ આપતા નથી! અમને આપો, પણ હવે કયાંથી આપે? આ જગત તો સ્વાર્થી છે. જ્યાં સુધી આપે ત્યાં સુધી ગુણ ગાય પછી કોઈ સામું જોતું નથી અને આ વણિકનું દાન દયાપૂર્વકનું ન હતું. ઈર્ષ્યાથી દાન દેતો હતો. હવે શું આપે? તે ઘરના ખૂણે બેસીને રડવા લાગ્યો.

આ વાતની વિભાજમને ખબર પડી એટલે પ્રધાનને કહ્યું તમે એક સુંદર રથ શણગારો અને રથ તૈયાર કરીને વલ્લભજમને એમાં બેસાડીને અહીં લઈ આવો. પ્રધાનના મનમાં એમ હતું કે એણે રાજા સામે હરીફાઈ કરી છે. માટે રાજા એને ઠપકો આપશે. વણિકને તેડવા રથ આવ્યો ને માણસે કહ્યું, વિભાજમસાહેબ તમને બોલાવે છે. ત્યાં તો વણિકના હાજા ગગડી ગયા. શરીરે છેદ વળી ગયા. મેં મહારાજા સામે હરીફાઈ કરી છે, એટલે હવે નક્કી રાજા તલવારથી મારું માથું કાપી નાખશે. તે થરથર ધ્રૂજે છે પણ હવે જવું તો પડે જ. રથમાં બેસી જ્યાં મહારાજા છે ત્યાં આવ્યા એટલે રાજાએ પ્રેમથી કહ્યું : પધારો પધારો શેઠજી! એને તો જ્યાં મરણનો ડર હતો ત્યાં ખુદ રાજાના મુખેથી અમીભર્યા આવકારના શબ્દો સાંભળ્યા. આથી તે શરમથી નીચું જોઈ ગયો. કયાં આ પવિત્ર કરૂણાની મૂર્તિ અને કયાં હું અધમ! રાજાએ પોતાની બાજુમાં બેસાડીને કહ્યું શેઠજી! શા માટે ગભરાઓ છો? મારા ભંડારમાંથી જોઈએ તેટલું ધન લઈ જાઓ અને તમારા હતા તેવા બંગલા વસાવો, ધંધો ધમધોકાર કરો. પેલો વણિક તો સ્થંભી ગયો. રાજાના ચરણમાં પડીને પોતાના અપરાધની ક્ષમા માંગી. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે મહાનપુરૂષો કેવા વિશાળ દિલના હોય છે અને અભિમાની માણસો કેવા છીછરા દિલના હોય છે. સંપત્તિ તો આજે છે ને કાલે નથી, એમ

સમજીને કદી એનો ગર્વ ન કરવો. આપણે હવે જે અધિકાર શરૂ કરવો છે તેમાં બ્રહ્મદત્ત ચક્રવર્તી નિયાણું કરીને કેવી રીતે ચક્રવર્તી બન્યા તે વાત પછી આવશે. તે પહેલાં એ પૂર્વભવમાં કોણ હતા, એ આગલા ભવોની વાત કરવામાં આવે છે.

સાકેતપુર નામનું નગર હતું. નગર કોને કહેવાય ? જ્યાં બાગ-બગીચા, ધર્મશાળા આદિ સંસાર સુખના સાધનો અને ધર્મસ્થાનક આદિ આત્મિક સુખના સાધનો હોય તેને નગર કહેવાય. બીજી રીતે રાજાનો જ્યાં કોઈ કર નથી એને નગર કહેવાય. નગરનાશાસક ચંદ્રાવતંસક નામે રાજા હતા. તે ન્યાયી, નીતિવાન અને દયાળુ હતા. રાજાની મહેરબાનીથી નગરજનો સુખી અને સમૃદ્ધ હતા. આ રાજાને મુનિચંદ્ર નામે એક પુત્ર હતો. મુનિચંદ્ર એના ગુણોથી સર્વેને આનંદ આપનાર હતો. એ બાલપણથી સંસારના વિષયોથી અલિપ્ત હતો. એને સંસારના કોઈપણ કાર્યમાં રસ ન હતો. એનું નામ એવા જ એના જીવનમાં ગુણો હતા. સમય જતાં એ મુનિચંદ્ર મોટો થયો. ત્યારે એના પિતાજી ચંદ્રાવતંસક રાજાએ કહ્યું બેટા ! હવે તું રાજ્યનો કારભાર સંભાળી લે પણ મુનિચંદ્રનું મન આ અસ્થિર સંસારમાં ઠરતું નથી. એણે કહ્યું પિતાજી ! આ રાજમુગટની શોભા નકામી છે, દુઃખદાયક છે. મારે એ ઝટપટમાં પડવું નથી.

બંધુઓ ! એને રાજવૈભવ મળે છે છતાં લેવા તૈયાર નથી અને તમે એ મેળવવા પડાપડી કરો છો. આજનો માનવી સત્તાની ખુરશી માટે ભૂખ્યો ડાંસ બન્યો છે. એક સત્તાધીશ સારી કામગીરી બજાવે તો બીજાથી સહન ન થાય. એને પડાવી લેવા બીજા તૈયાર હોય. આજના પેપરમાં તમે વાંચ્યું ને ? સરકારી તંત્ર કેવું બની રહ્યું છે. મોરારજીભાઈએ રાજીનામું આપ્યું. બીજા મને આપે તે કરતાં હું જ દઈ દઉં. આ ન્યાય બધાએ પોતાના ઉપર ઉતારવા જેવો છે. જ્યારે આયુષ્ય પૂરું થશે, કાળરાજાના તેડા આવશે ત્યારે છોડવું જ પડશે ને ! તેના કરતાં પોતાની જાતે સમજીને છોડી દેવું શું ખોટું ! અહીં મુનિચંદ્રકુમારે રાજગાદીનો સ્વીકાર ન કર્યો. એક વખત સાગરચંદ્ર મુનિનો એને સમાગમ થતાં વૈરાગ્ય પામીને દીક્ષા લીધી અને મુનિચંદ્ર નામને સાર્થક કર્યું.

સંયમ લઈને ગુરૂના સાનિધ્યમાં રહીને ખૂબ જ્ઞાનાભ્યાસ કર્યો. પોતાના ઘણાં શિષ્યો થયા એટલે ગુરૂની આજ્ઞા લઈને પોતાના શિષ્યમંડળ સાથે સ્વતંત્ર વિહાર કરવાનો પ્રારંભ કર્યો. ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં એક વખત તેઓ મહાવિષમ અટવીમાં જઈ ચઢયા. એ અટવીમાં કોઈ માણસ ન હતું એટલે આહાર પાણીનો યોગ કયાંથી મળે ? અટવીમાં ઘણાં દિવસ સુધી આહાર પાણીનો યોગ ન મળવાથી અત્યંત ભૂખ અને તૃષાને કારણે બધા મુનિરાજોના શરીર સૂકાઈ ગયા. ભૂખ તરસ આદિ ઉગ્ર પરિષહ સહન કરતાં મુનિરાજો ચાલ્યા જતા હતા. ત્યાં તેમને ગોવલ્લભ ગોવાળના નંદ, સુનંદ, નંદદત્ત અને નંદપ્રિય નામના ચાર છોકરાઓ પોતાને માટે ભાત લઈને

ગાયો ચરાવવા જતા હતા. મુનિરાજોને જોઈને તેઓ હર્ષ પામ્યા. સંતના ચરણમાં નમન કરીને પૂછયું મહારાજ! આપ બધા કેમ સૂકાઈ ગયા છો? ત્યારે મહારાજે બધી વાત કરી એટલે છોકરાઓએ કહ્યું મહારાજ! અમારે માટે અમે આ ભાત લાવ્યા છીએ તે આપ સ્વીકાર કરો. સાથે છાશ પણ નિર્દોષ છે. આ છોકરાઓએ પોતાને માટે લાવેલા ભાત સંતોને વહોરાવીને મહાન લાભ મેળવ્યો. આહાર પાણી મળવાથી ભૂખ તરસ શાંત થવાથી શાતા વળી એટલે મુનિચંદ્ર મુનિએ ગોવાળના છોકરાઓને ધર્મનો ઉપદેશ આપ્યો.

બધા હળુકર્મી જીવો હતા એટલે એમને ખૂબ આનંદ થયો ને કહ્યું મહારાજ! અમારા ઘર નજીકમાં છે. તમે ત્યાં ન આવો? બાળકોની ખૂબ જિજ્ઞાસા જોઈને સંતો ત્યાં પધાર્યા. આઠ દિવસ રોકાયા અને બધા સમજી શકે તે રીતે ધર્મનો ઉપદેશ આપ્યો, એટલે પેલા ચાર છોકરાઓ કહે છે મહારાજ! અમારે તો હવે તમારા શિષ્ય બનવું છે. અમને દીક્ષા આપો. બંધુઓ! આઠ દિવસમાં ચાર છોકરાઓ વૈરાગ્ય પામ્યા, તો હું તમને ચાર મહિના ધર્મનો ઉપદેશ આપીશ તો મને લાગે છે કે આ સુરત સંઘમાંથી ઓછામાં ઓછા ચાર શ્રાવકો વૈરાગ્ય પામી જશે. (હસાહસ) આ છોકરાઓ દીક્ષા લેવા તૈયાર થયા છે પણ મહારાજ તેમને કહે છે ભાઈ! સંયમ લેવો તે કંઈ ખાવાના ખેલ નથી. કોઈવાર આહાર પાણી નહિ મળે ત્યારે ભૂખ તરસ સહન કરવા પડશે., કોઈ માર મારશે, ભાલાથી વીંધી નાંખશે, કોઈ જીવતા બાળી મૂકશે, કોઈ કટુવચન કહેશે આ બધું સમભાવથી સહન કરી શકશો? ત્યારે ગોવાળના છોકરા કહે છે, હા, મહારાજ બધું સહન કરી શકીશું. હવે આ છોકરાઓને દીક્ષા લેવાની લગની લાગી છે. તેઓ દીક્ષા લેશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે. આજે આપણે વ્યાખ્યાનની પાછળ એક બોધદાયક ચરિત્રનો પ્રારંભ કરવો છે.

"ચરિત્ર" નાના બાળકો તેમજ ઘણાં યુવાન અને વૃદ્ધ ભાઈ – બહેનોને ચરિત્ર સાંભળવામાં ઘણો રસ આવે છે. આ ચરિત્ર પણ જીવોને ખૂબ લાભદાયી બને છે. કંઈક બાલજીવો એમાંથી બોધ મેળવી એનું જીવન ધર્મના માર્ગે દોરે છે. આ ચરિત્રમાં ભીમસેન અને હરિસેન બે ભાઈઓ મુખ્ય પાત્રો છે. એમાં કર્મરાજા જીવને કેવા કેવા કષ્ટ આપે છે, પાપકર્મના ઉદયથી જીવ કેવા કેવા દુઃખો ભોગવે છે, માણસ એક દુઃખમાંથી મુક્ત ન થાય ત્યાં બીજું દુઃખ એની રાહ જોતું હોય એવી કરૂણ કહાણી આ ચરિત્રમાં આવશે. એ સાંભળીને કર્મબંધન કેમ ઓછાં થાય એ તરફ લક્ષ રાખવાનું છે. કર્મરાજા તીર્થંકર, ચક્રવર્તિ આદિ કોઈને છોડતા નથી. એ વાત સાબિત કરવા માટે આ રાસ જોડનાર મહાત્મા તીર્થંકર પ્રભુને વંદન કરી, સરસ્વતી દેવીનું સ્મરણ કરી સર્વ પ્રથમ ગાથામાં કહે છે કે

વિશ્વનાથને વરનન કીન્હા, કર્મગ્રંથ વિરત્ંત,
બારહ માસ સહી ભૂખ પ્યાસ, શ્રી આદિનાથ ભગવંત.

પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ ભગવંતે જુગલ ધર્મનું નિવારણ કરીને બધા જીવોને વ્યવહારનું જ્ઞાન આપીને પોતે દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી તેમને એક વર્ષ સુધી આહારપાણી ન મળ્યાં તેનું કારણ કર્મ છે. જ્યારે તેઓ સંસાર અવસ્થામાં હતા ત્યારે લોકોને ખેતી આદિ કાર્ય શીખવાડયા હતા. એ વખતે અનાજ પાકયા પછી ખેડૂતો બળદોમાં નાંખીને બળદોને ફેરવવા લાગ્યા એટલે બળદો અનાજ ખાઈ જવા લાગ્યા, ત્યારે પોતાના રાજા ઋષભદેવની પાસે ફરિયાદ કરી કે બળદો અનાજ ખાઈ જાય છે. અમે શું કરીએ ? ત્યારે એમણે કહ્યું એના મોઢે શીકલી બાંધી દો. ખેડૂતોએ બળદના મોઢે શીકલીઓ બાંધી દીધી પણ કામ પૂરું થયા પછી છોડી નહિ. અને બળદને ઘાસ નીરે છે. પાણી પીવડાવે છે પણ ખાતા પીતા નથી એટલે પાછા રાજા પાસે ફરિયાદ કરવા ગયા કે મહારાજા ! અમારા બળદો રીસાઈ ગયા છે એ તો ખાતા પીતા નથી. અમે શું કરીએ ? ત્યારે પુછયું કે તમે બળદના મોઢેથી શીકલી છોડી? ત્યારે કહે છે ના, એ તો બાંધેલી જ છે. તો પછી એ કેવી રીતે ખાય ? જાઓ, જલ્દી શીકલી છોડી નાખો. મહારાજાના કહેવાથી શીકલી છોડી નાંખી પછી બળદોએ ઘાસચારો ખાધો ને પાણી પીધું.

દેવાનુપ્રિયો ! આમાં ઋષભદેવ ભગવાનને કર્મબંધનનો કોઈ ભાવ ન હતો, એ જીવો સરળ અને જડ હતા. કામ પૂરું થાય એટલે શીકલી છોડવાનું કહેવું ભૂલી ગયા. એના પરિણામે બળદો બાર ઘડી સુધી અન્ન પાણી વિના ભૂખ્યાને તરસ્યા રહ્યા તેથી આવું અંતરાય કર્મ બંધાઈ ગયું, એટલે ઋષભદેવ ભગવાનને એક વર્ષ સુધી આહાર પાણી ન મળ્યા. ચરમ તીર્થપતિ મહાવીર પ્રભુને પણ દીક્ષા લઈને સાડાબારવર્ષ ને પંદર દિવસ સુધી કેટલા કષ્ટો સહન કરવા પડયા ? છ છ ખંડના સ્વામી સનત્કુમાર ચક્રવર્તિ કે જેમને ત્યાં ચૌદ ચૌદ રત્નો અને નવ નિધાન હતા, ચોસઠ હજાર તો જેને રાણીઓ હતી. સોળ હજાર દેવો તો જેની સેવામાં હાજર રહેતા હતા. એવા સનત્કુમાર ચક્રવર્તિને શરીરમાં સોળ મહારોગો ઉત્પન્ન થયા. એમણે સર્વ સંપત્તિનો ત્યાગ કરી દીક્ષા લીધી હતી. સાતસો વર્ષો સુધી રોગના દુઃખો સહન કરવા પડયા. આ બધું કરનાર કર્મ જ છે ને ? આ સિવાય કંઈકે મહાન પુરુષોને કર્મે મહાન દુઃખો આપ્યા છે.

આ સંસારમાં મહાન પુરૂષોને કર્મે કેવા કેવા દુઃખો આપ્યા છે. રામચંદ્રજી પિતાજીની આજ્ઞાનું પાલન કરવા વનમાં ગયા ત્યાં રાવણ સીતાજીને ઉઠાવી ગયો, ત્યારે સીતાજીના કારણે રામચંદ્રજીને કેવા દુઃખો સહન કરવા પડયા ? સતી સીતાજીને માથે પણ કેવા કલંક ચઢયા ? અને પરસ્ત્રીમાં મોહાંધ બનેલા રાવણની પણ કેવી દશા

થઈ ? એના પ્રાણ ગયા ને સોનાની લંકા રાખમાં મળી ગઈ. ત્રિખંડ અધિપતિ કૃષ્ણ-વાસુદેવનો જન્મ કારાગૃહમાં થયો અને જન્મ પછી નંદ ભરવાડને ત્યાં યશોમતી પાસે મોટા થયા. કયાં દેવકી માતા અને પિતાજી વસુદેવ રાજા અને કયાં નંદ અને યશોમતી ! બાર યોજન લાંબી ને નવ યોજન પહોળી છપ્પન કરોડ યાદવોથી યુક્ત એવી દ્વારકા નગરી દ્વીપાયન ઋષિના કોપના કારણે અગ્નિમાં ભસ્મીભૂત બની ગઈ. સત્યવાદી હરિશ્ચંદ્ર રાજાને સત્ય ખાતર વેચાવું પડયું. પોતે ચંડાળને ઘેર, સતી, તારામતી અને રોહિતને બ્રાહ્મણને ઘેર વેચાવું પડયું. નળરાજા, પાંચ પાંડવો વગેરેને પણ કેવા કેવા દુઃખ પડયા છે એ કરૂણ કહાની વાંચતા તો હૃદય કંપી જાય છે. સતી દ્રૌપદી, ચંદનબાળા, દમયંતી, અંજના આદિ પવિત્ર સતીઓને પણ કંઈ ઓછા દુઃખ પડયા છે ? મેતારજ મુનિના શરીરે સોનીએ વાઘળી વીંટીને નસો તડતડ તૂટી, ખંધક અણગારની ચડચડ ચામડી ઉતારી. ગજસુકુમાર મુનિના માથે સસરા સોમિલે સળગતા અંગારાની સગડી મૂકી. મહાબલ કુમાર અને મલયા સુંદરીને પણ કેવા દુઃખ પડયા છે.

બંધુઓ ! આવા પવિત્ર ઉત્તમ પુરુષોને કેવા કેવા દારૂણ દુઃખો ભોગવવા પડયા છે. એ વાત તમે બધાએ ઘણી વખત સાંભળી છે. એ સાંભળીને આપણે તો એક જ વિચાર કરવાનો છે કે આ પવિત્ર પુરૂષો, સંતો અને સતીઓ નિર્દોષ હોવા છતાં એમને દુઃખો ભોગવવા પડયા છે એનું મૂળ કારણ શું ? એનું મૂળ કારણ પોતાના કરેલા કર્મો છે. કર્મો સૌ કોઈને દુઃખ આપે છે. કર્મરાજાની ચક્કી નિશદિન ચાલ્યા કરે છે. એમાં સંસારમાં વસતા કર્માધીન જીવો સુખ દુઃખ ભોગવ્યા કરે છે કર્મરાજાની ફોજને જીતવી મુશ્કેલ છે. આ બધી વાત કહેવાનો આશય શું છે તે સમજ્યા ? આજથી આપણે જે ચરિત્ર શરૂ કરવાનું છે તેમાં પણ કર્મરાજા જીવો ઉપર કેવી હકૂમત ચલાવે છે અને સુખમાં મહાલતા જીવોને કયારે, કઈ પળે કેવી સ્થિતિમાં મૂકી દે છે એ જ વાત આવવાની છે. આ ચરિત્રનું નામ "ભીમસેન હરિસેન ચરિત્ર છે. ભીમસેન અને હરિસેન એ બે આ ચરિત્રના મુખ્ય પાત્રો છે. હવે એ બે ભાઈઓના માતા પિતા કોણ હતા ? કઈ નગરીમાં તેઓ નિવાસ કરતા હતા એ વાત પહેલા કરવામાં આવશે. આજે તો આપણે એની ભૂમિકા તૈયાર કરી છે. સમય પણ ઘણો થઇ ગયો. વધુ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં-૪

અષાડ વદ ૯ ને મંગળવાર "દુગંછાનું ફળ **તા. ૧૭-૭-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની, જગત ઉદ્ધારક, પરમ તત્ત્વના પ્રણેતા તીર્થંકર ભગવંતે ભવ અરણ્યમાં ભૂલા પડેલા જીવોને સાચો માર્ગ બતાવવા આગમવાણી પ્રકાશી. અજ્ઞાનના અંધકારમાં અટવાતા જીવો માટે પરમ પ્રકાશને ધરાવતી વીતરાગ વાણી સર્ચલાઈટનું કામ કરે છે. જીવને વીતરાગ વાણી ઉપર શ્રધ્ધા થાય છે, ત્યારે જિનેશ્વર પ્રભુના કાયદા કાનૂનને અપનાવે છે અને ભગવાનની આજ્ઞાનું પાલન કરવા માટે પ્રાણ પાથરે છે. આવો શ્રદ્ધાવંત મનુષ્ય જિનશાસનનો જયજયકાર બોલાવી શકે છે. જેને જિનશાસન પ્રત્યે પ્રેમ નથી, હૃદયમાં શાસન પ્રત્યેની શ્રધ્ધા નથી તે માત્ર કાચના ટુકડાનો ગ્રાહક હોય છે. રત્ન જેવું જિનશાસન મળવા છતાં રત્નને છોડીને જે માત્ર કાચના ટુકડા ગ્રહણ કરે એને કેવો કહેવો? જેમ જંગલમાં લાકડા વીણતી ભીલડીને મોતીની પીછાણ નથી, કિંમત નથી એમ આજના માનવીને મનુષ્યભવ અને તેમાં કિંમતી રત્ન અને મોતી જેવું જિનશાસન મળ્યું છે પણ તેની પીછાણ કે કિંમત નથી પણ સમજી લેજો કે આવો અવસર તમને ફરી ફરીને મળવો મુશ્કેલ છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર શરૂ કર્યો છે. ગઈ કાલે આપણે ચાર અનુયોગની વાત કરી હતી. ઉત્તરાધ્યયન સૂત્રમાં ચારે અનુયોગો સમાયેલા છે. તેમાં આપણે જે અધિકાર શરૂ કર્યો છે તેમાં ધર્મકથાનુયોગ છે. આ અધ્યયનમાં મુખ્ય બે પાત્રો છે. ચિત્ત અને સંભૂતિ. આ બેમાંથી સંભૂતિએ બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તિ બન્યો પણ એ ચક્રવર્તિ કેવી રીતે બન્યો? એ બધી પૂર્વની વાત જાણવી જોઈએ ને? મોટી ઈમારત ચણવી હોય તો એનો પાયો પહેલા મજબૂત બનાવવો જોઈએ. એ રીતે આપણે પહેલા મૂળ પાયાની વાત કરવી છે. આપણા જીવનમાં પણ શ્રધ્ધાનો પાયો મજબૂત હોવો જોઈએ. તપ, જપ આદિ કોઈ પણ ધર્મક્રિયા કરો પણ જ્યાં સુધી જીવનમાં શ્રધ્ધા નથી ત્યાં સુધી કર્મની નિર્જરા નહિ થાય. તમને કોઈ પૂછે કે તમે આટલા વર્ષોથી ધર્મક્રિયા કરો છો તો કંઈ પામ્યા? તો શું કહેશો? જો તમારામાં શ્રદ્ધા હશે તો ફટ દઈને કહેશો કે ધર્મક્રિયાઓ કરવાથી કર્મની નિર્જરા થાય છે. પાપકર્મના ભારથી આત્મા હળવો બને છે, પણ શ્રધ્ધા નહિ હોય તો કંઈ કહી શકશો નહિ, માટે સર્વ પ્રથમ શ્રધ્ધાનો એકડો ઘૂંટો ને જિનવાણીમાં શ્રધ્ધા કરો.

જંબુસ્વામીને ભગવાનના વચનામૃતો ઉપર અનન્ય શ્રદ્ધા હતી. તેઓ જ્ઞાન મેળવવાના ખૂબ જિજ્ઞાસુ હતા, એટલે જ્યારે જ્યારે સુધર્માસ્વામી પાસે બેસતા ત્યારે કંઈને કંઈ પ્રશ્નો પૂછતા. એમની જિજ્ઞાસા જોઈને સુધર્માસ્વામી એમના પ્રશ્નોનું સમાધાન

કરતા. આજે તમે પણ સાંભળવા તો આવ્યા છો ને? જંબુસ્વામી જેવી આપણી એકાગ્રતા છે? એવી જિજ્ઞાસા છે? હું તો કંઈક વાર જોઉં છું તો કોઈ બગાસા ખાતા હોય, કોઈ આડું અવળું જોતાં હોય છે, જ્યારે જંબુસ્વામી ભગવાનની પાસે સમજવા આવતા ત્યારે સ્વસ્થ બની જતા. એમના મન, વચન અને કાયા એમનામાં જોડાઈ જતા હતા. હમણાં પ્રભુના મુખમાંથી જ્ઞાનામૃતના ફૂલડા કેવા ઝરશે! બાર મહિનાનું તરસ્યું ચાતકપક્ષી જેમ મેઘની રાહ જોતું હોય ને વરસાદનું પાણી અધ્ધર ઝીલી લે છે તેમ જંબુસ્વામી સુધર્માસ્વામીની વાણી પોતાના હૃદયપટ ઉપર ઝીલી લેતા હતા. ઝીલનાર જિજ્ઞાસુ અને એકાગ્ર ચિત્તવાળા હોય તો આપનારનો પણ ઉત્સાહ વધે છે. જ્યાં શ્રોતાજનો શ્રધ્ધાવંત અને જાગૃત હોય ત્યાં વકતાને પણ જાગૃત બનવું પડે.

બંધુઓ! શ્રોતાજનો બે પ્રકારના હોય છે. એક સોના જેવા અને બીજા લોઢા જેવા. સોના જેવા અને લોઢા જેવા કેવી રીતે કહ્યા તે સમજવું. જે કાનથી સાંભળે તે શ્રોતા અને પ્રાણથી સાંભળે તે શ્રાવક. શ્રોતા સાંભળે ને શ્રાવક પણ સાંભળે છે, પરંતુ બેમાંથી એક લોઢા જેવા છે ને બીજા સોના જેવા છે. લોઢું અને સોનું બંને અગ્નિમાં નાંખવામાં આવે છે ત્યારે અગ્નિ જેવા લાલ દેખાય છે પણ બંનેની લાલાશમાં આકાશ પાતાળ જેટલું અંતર છે. લોખંડ અગ્નિમાંથી બહાર આવ્યા પછી થોડીવારમાં હતું તેવું કાળુ થઈ જાય છે જ્યારે સોનું અગ્નિમાં તપ્યા પછી વધુ તેજસ્વી બને છે આવી રીતે જે વ્યાખ્યાનમાં બેઠા હોય ત્યારે રસિક દેખાય છે તે શ્રોતા છે, કારણકે એ માત્ર કાનથી સાંભળે છે. અહીંથી ઊઠીને બહાર નીકળ્યા પછી બીજા કાનથી બધું કાઢી નાખે છે, આવા શ્રાવક લોઢા જેવા છે, અને જે વ્યાખ્યાન હોલમાંથી સાંભળીને બહાર ગયા, દુકાને કે ઘેર ગયા પછી પણ વીતરાગવાણીમાં તરબોળ રહે છે તે શ્રાવક છે, કારણકે તે એક ચિત્તે પ્રાણથી સાંભળે છે આવા શ્રાવક સોના જેવા છે. માત્ર કાનથી સાંભળેલું ભૂલી જવાય છે, પ્રાણથી સાંભળેલું ભૂલી જવાતું નથી.

જ્યારે સોનું અને લોઢું અગ્નિમાં પડેલાં હોય છે ત્યારે તો બંને લાલચોળ દેખાય છે, ત્યારે કયું સોનુ અને કયું લોઢુ તે જાણી શકાતું નથી, પણ અગ્નિમાંથી બહાર નીકળ્યા પછી બંનેનાં રૂપ રંગ પરખાઈ જાય છે. એવી રીતે સાંભળવા આવીને બેસો ત્યારે તો શ્રોતા અને શ્રાવક બંને સરખા દેખાય છે પણ આ વ્યાખ્યાન હોલમાંથી બહાર નીકળ્યા એટલે બંને જુદા તરી આવે છે. વીતરાગવાણીની ધૂણીમાંથી મળેલી લાલાશને જે સુવર્ણની જેમ તેજસ્વી રાખે છે તે શ્રાવક છે અને વીતરાગ વાણીની ધૂણી બંધ થતા જેની લાલાશ ચાલી જાય છે તે શ્રોતા છે. આત્મા ઉપરથી કર્મના કાટને સાફ કરવા માટે સોના જેવા શ્રોતા બનવાની જરૂર છે. સાંભળવા જતા પહેલા તમારા આત્માને પૂછો કે હું લોઢું તો નથી ને? મારે લોઢા જેવા શ્રોતા નથી બનવું, સાચા શ્રાવક બનવું છે. શ્રોતા બનીને ઘણી વખત સાંભળ્યું. હવે તો શ્રાવક બનીને

વીતરાગવાણીનું શ્રવણ કરવું છે જો તમે શ્રોતા મટીને શ્રાવક બનશો તો ધર્મની ધૂણી આત્મા ઉપર અનાદિકાળથી જામી ગયેલા કર્મના કાટને બાળી નાંખશે; આજે દુનિયામાં શ્રોતાજનોની ખોટ નથી ને વકતાઓની ખોટ નથી. ખોટ માત્ર પ્રાણથી સાંભળનારા શ્રોતા શ્રાવકની છે.

જંબુસ્વામી સોના જેવા શ્રોતા હતા ને સાથે આપનારા પણ એવા હતા. જ્યારે જ્યારે જંબુસ્વામી સુધર્માસ્વામી પાસે કંઈક સાંભળવા કે સમજવા બેસતા ત્યારે વિનયપૂર્વક વંદન કરીને બેસતા. વિનયપૂર્વક મેળવેલું જ્ઞાન ટકી શકે છે. આજે તો શિષ્યનો ગુરૂ પ્રત્યે, વહુનો સાસુ પ્રત્યે, નોકરનો શેઠ પ્રત્યે, વિદ્યાર્થીનો શિક્ષક પ્રત્યે જે વિનય હોવો જોઈએ તે જોવામાં આવતો નથી. વિનયને વિદાય કર્યો તેથી આજે જ્યાં ને ત્યાં વિખવાદ દેખાય છે. એક જમાનો એવો હતો કે ગુરૂ શિષ્યને બોલાવે એટલે 'જી સાહેબ' કહીને તરત હાજર થઇ જતા. ગુરૂ ઉપર બિરાજતા હોય ને શિષ્ય નીચે હોય, ગુરૂ ઉપરથી બૂમ પાડે એટલે તરત જી સાહેબ કહીને દોડતો આવે. વિનયવંત શિષ્યને ગુરૂ ગમે તેટલી વાર નીચેથી ઉપર બોલાવે, આંટા ખવડાવે પણ શિષ્ય એવો વિચાર નથી કરતો કે ગુરૂ મને વિના પ્રયોજને શા માટે આંટા ખવડાવતા હશે ? એ તો એક જ વાત સમજે છે કે મારા ગુરૂની આજ્ઞા એ જ મારો પ્રાણ છે. ગુરૂ આજ્ઞા પાલનથી મારું કલ્યાણ થવાનું છે, તો એનું કલ્યાણ થઇ જાય છે. આવી રીતે નોકર શેઠનો વિનય કરે, વહુ સાસુનો વિનય કરે તો સંસારમાં સુખી થાય છે.

જંબુસ્વામીનો વિનય અનોખો હતો. જંબુસ્વામી સુધર્મા સ્વામીને વંદન કરીને પૂછે છે કે હે પ્રભુ ? શ્રમણ ભગવંત મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનમાં શું ભાવોનું નિરૂપણ કર્યું છે. તે કૃપા કરીને આપ મને સમજાવો, ત્યારે સુધર્માસ્વામીએ જંબુસ્વામી સમક્ષ ભગવાને કહેલી વાણી કહી સંભળાવી. આપણે ગઈ કાલે એ વાત કરી હતી કે ગોવાળના છોકરાઓ પેલા સાધુઓને પોતાને ત્યાં લઇ ગયા. સંતોએ તેમને જૈનધર્મ સમજાવ્યો, એટલે ગોવાળના ચારે ય પુત્રો વૈરાગ્ય પામ્યા ને દીક્ષા લેવા તૈયાર થયા. સંતોએ કહ્યું, ભાઈ ! દીક્ષા લીધા પછી ઘણા કષ્ટો સહન કરવા પડશે. માથે લોચ કરવો પડશે. જિંદગીભર સ્નાન નહિ કરાય. આ બધું બૂબ સમજાવ્યું ત્યારે છોકરાઓ કહે છે અમે બધું જ સહન કરીશું. ગુરૂદેવ ! આપ અમને દીક્ષા આપો, એટલે મુનિચંદ્ર મુનિએ એમને દીક્ષા આપી. છોકરાઓ ગુરૂની સાથે વિચરવા લાગ્યા. એક વખત ઉનાળાના સમયમાં બૂબ ગરમી પડવા લાગી, ત્યારે શરીર પરસેવાથી રેબઝેબ થવા લાગ્યું. આ સમયે ગોવાળના ચારે પુત્રોએ દીક્ષા લીધી હતી, તેમાંના નંદ અને સુનંદ બે મુનિઓના મનમાં એવો દુગંછા ભાવ ઉત્પન્ન થયો કે આ ધર્મ બધી રીતે સારો છે પણ સ્નાન કરવાનું નહિ, કપડાં ધોવાના નહિ,

તેથી શરીર ઉપર કેટલો મેલ જામી ગયો છે. આ પ્રકારે ચારિત્રમાં ગ્લાનિ ઉત્પન્ન થઈ. બંધુઓ! જૈન ધર્મનું ચારિત્ર મહાન ઉત્તમ છે. સાધુના વસ્ત્રો મેલાઘેલા જોઈને તમે કદી દુગંછા કરશો નહિ. સાધુથી પણ દુગંછા ન કરાય. જે સાધુ સંયમ લઈને આવી દુગંછા કરે છે એને માટે પરભવમાં જૈનધર્મ ઘણો દૂર થઈ જાય છે. જે સાધુની દુગંછા કરે છે તેને પણ મહાન પાપ બંધાય છે. સાધુની દુગંછા કરવાથી કેવું ફળ મળે છે તે એક દૃષ્ટાંત દ્વારા તમને સમજાવું.

રાજગૃહી નગરીમાં શ્રેણીક રાજા રાજ્ય કરતા હતા તે સમયની આ વાત છે. એક વખત ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા રાજગૃહી નગરીમાં પધાર્યા, ત્યારે શ્રેણીક મહારાજા ઠાઠમાઠથી ભવ્ય જીવોના નાથ તારણહાર ભગવાનના દર્શન કરવા જવા નીકળ્યા. રાજમાર્ગે થઈને સમવસરણ તરફ જતા માર્ગમાં માથું ફાટી જાય એવી ભયંકર દુર્ગંધ આવવા લાગી, એટલે શ્રેણીક મહારાજાએ તપાસ કરાવી કે આ દુર્ગંધ કયાંથી આવે છે? ત્યારે સેવકોએ તપાસ કરીને કહ્યું, મહારાજા! આ નાળા પાસે એક નવજાત બાળા પડી છે. તેના શરીરમાંથી આ અતિ ભયંકર દુર્ગંધ આવે છે. આ સાંભળીને રાજાએ તેના માણસને રક્ષણ કરવા મોકલ્યો, પણ તે માણસ રાજાના ગયા પછી દૂર જઈને ઊભો રહ્યો. રાજા ભગવાનના દર્શન કરવા ગયા. પ્રભુને વંદન કરીને પ્રવચન સાંભળ્યું. બધી પ્રજાદા વિખરાઈ ગઈ, ત્યાર પછી તેમણે ભગવાનને વંદન નમસ્કાર કરીને પૂછયું હે ભગવંત! અહીં આવતા માર્ગમાં નાળા પાસે મેં એક તરતની જન્મેલી ગંધાતી દુર્ગંધવાળી છોકરીને જોઇ, તો તેણે પૂર્વભવમાં એવા શું પાપકર્મ કર્યા હશે કે જન્મતાની સાથે જ એને એના મા-બાપે તરછોડી દીધી છે? એના શરીરમાંથી માથુ ફાટી જાય તેવી દુર્ગંધ નીકળે છે. ભગવંતે કહ્યું, હે રાજન્! અહીં નજીકમાં વાણિજ્ય ગ્રામ નામનું ઉપનગર છે. ત્યાં રહેતા ધનમિત્ર નામના શેઠને ધનશ્રી નામની દીકરી હતી. ઉનાળાની ઋતુમાં તેના લગ્ન લેવાયા હતાં, એટલે ઘરમાં લગ્નની તૈયારીઓ ચાલતી હતી. તે સમયે એક મુનિરાજ એને ઘેર ગૌચરી વહોરવા પધાર્યા. શેઠે પોતાની દીકરીને કહ્યું બેટા! આજે આપણા ધન્ય ઘડીને ધન્ય ભાગ્ય છે કે તારા લગ્નના દિવસે આપણા ઘેર સંતના પુનિત પગલાં થયા છે, માટે તું વહોરાવીને લાભ લે.

આ વખતે ધનશ્રી નાહી ધોઈ શરીરે સુગંધિત દ્રવ્યોનું વિલેપન કરી સારા વસ્ત્રાલંકારો પહેરીને તૈયાર થયેલી હતી. એના શરીર ઉપર વિલેપન કરેલા સુગંધિત દ્રવ્યોમાંથી સુગંધ મહેંકી રહી હતી. એ મહારાજને વહોરાવવા ગઈ પણ સાધુના મેલા પરસેવાવાળા કપડાં અને શરીરમાંથી આવતી દુર્ગંધના કારણે મોઢું મચકોડયું ને નાક ચઢાવવા લાગી. એક તો યુવાની અને તેમાં પાછો લગ્નનો દિવસ હતો એટલે ખૂબ સુંદર રીતે શણગાર સજેલા હતા. તેમાં છકી ગયેલી આ છોકરી મનમાં વિચાર

કરવા લાગી કે અહો! આ મુનિ કેવા ગંદાગોબરા છે! કેટલી વાસ મારે છે? શરીર અને કપડાં ચોખ્ખા રાખતા હોય તો શું વાંધો આવે? આ રીતે તેણે દુગંછા કરી તેથી કર્મ બાંધ્યું. આ કર્મનો તેને પશ્ચાતાપ ન થયો અને તે મૃત્યુ પામીને આ જ નગરમાં એક ગરીબ પટલાણીના ગર્ભમાં ઉત્પન્ન થઈ, ત્યારથી એની માતા ખૂબ પીડાવા લાગી. તેણે ગર્ભ પડાવવાના ઘણાં ઉપાયો કર્યા પણ કોઈ રીતે ગર્ભપાત ન થયો અને છોકરીનો જન્મ થતાં જ એના શરીરમાંથી એવી દુર્ગંધ છૂટી કે ઘરના બધા કંટાળી ગયા ને તેની માતાએ તેને વિષ્ટાની જેમ તરત ગામ બહારના નાળામાં નંખાવી દીધી છે.

રાજાએ પૂછયું હે ભગવંત! તેનું શું થશે! ભગવંતે કહ્યું હે રાજન્! તેણે સાધુની દુગંછા કરીને જે કર્મ બાંધ્યું હતું તે અતિ તીવ્રતાથી ભોગવી લીધું છે અને તેણે ભાવપૂર્વક જે સુપાત્ર દાન દીધું છે તેના પ્રભાવથી હવે સૌભાગી થશે, દુર્ગંધ બંધ થશે. એ યુવતિ થશે ત્યારે હે રાજા! એ તમારી રાણી બનશે અને એક વાર તમે સોગઠાબાજી રમતા હશો ત્યારે તમે શરત કરશો કે જે હારે તેના ખભા પર બેસી જવું. તેમાં તમે હારશો ને રાણી જીતશે અને તે તમારા ખભા ઉપર બેસી જશે. પ્રભુના મુખેથી આવા વચનો સાંભળીને શ્રેણીક રાજા પોતાના મહેલમાં આવ્યા ને પેલી બાળાની તપાસ કરાવી તો તે ન મળી, કારણ કે જ્યાં દુર્ગંધા કન્યા ફેંકી હતી ત્યાં એક ગોવાલણ આવી. આ વખતે તે કન્યાની દુર્ગંધ બંધ થઈ ગઈ હતી. તે ગોવાલણને કોઈ સંતાન ન હતું. તેણે આ સુંદર બાલિકાને જોઈ તેથી ખુશ થઇ ગઈ ને છોકરીને પોતાને ઘેર લઈ ગઈ. તેને ખૂબ લાડકોડથી ઉછેરીને મોટી કરી. દિવસે દિવસે તે છોકરીનું લાવણ્ય ને સૌંદર્ય ખીલવા લાગ્યું.

પૂર્વભવ સાંભળતા દીક્ષિત થયેલી દુર્ગંધા :- એક વખત રાજા અને પ્રજા બધા કૌમુદી ઉત્સવમાં ભેગા થયા. અભયકુમાર સાથે રાજા શ્રેણીક કૌમુદી ઉત્સવની ક્રીડા જોઈ રહ્યા હતા. તે સમયે રાજાની નજર એ સૌંદર્યવતી કન્યા ઉપર પડી. એને જોતાની સાથે જ રાજા એના પર મુગ્ધ બન્યા. ચતુર શ્રેણીક રાજાએ ચપળતાથી એ કન્યાની સાડીના છેડે પોતાના નામથી અંકિત વીંટી બાંધી દીધી. ખૂબ ભીડ હતી તેથી ચતુર અભયકુમારને પણ આ વાતની ખબર ન પડી. રાજા અભિનય કરતાં બોલ્યા અરે! મારી વીંટી કયાં ગઈ? મારી કિંમતી વીંટી આટલામાં પડી ગઈ લાગે છે. અભયકુમારને કહ્યું તમે બધા મારી વીંટીની જલ્દી શોધ કરો. શોધ કરતાં દુર્ગંધાના છેડે બાંધેલી વીંટી અભયકુમારે પકડી. તેણે તે યુવતીને પૂછયું. આ વીંટી તું કયાંથી લાવી? તેણે કહ્યું મને ખબર નથી. તેની નિખાલસતા ઉપરથી એમ લાગતું હતું કે એ યુવતિ નિર્દોષ છે. અભયકુમારના મનમાં થયું કે નક્કી પિતાજીએ આ કપટ કર્યું છે. અભયકુમાર તેને લઈને રાજા પાસે આવ્યા ને કહ્યું હે મહારાજા!

આ વીંટીનો ચોર પકડાયો. મને લાગે છે કે આ દુર્ગંધાએ તો વીંટી ચોરી નથી પણ તમે કંઈક..... ચોર્યું લાગે છે. રાજા કહે છે સાચી વાત છે, પછી એના માતા પિતાની રજા લઈને શ્રેણીક રાજાએ તેની સાથે લગ્ન કર્યા. તે યુવતિ રાજાની રાણી બની. એક વખત રાજા રાણી સોગઠાબાજી રમતા હતા તેમાં શરત કરી હતી કે જે જીતે તે હારનારના ખભા ઉપર બેસે. આ રમતમાં રાજાજી હાર્યા એટલે શરત મુજબ રાણી રાજાના ખભા ઉપર ચઢી બેઠી ત્યારે રાજાને પ્રભુના વચનો યાદ આવ્યા, તેથી ખભા પર બેઠેલી રાણીની ચેષ્ટા જોઈને રાજા હસવા લાગ્યા ત્યારે ખભા ઉપરથી ઉતરીને રાણીએ રાજાને હસવાનું કારણ પૂછ્યું એટલે રાજાએ ભગવાનના મુખેથી સાંભળેલી તેના પૂર્વભવની વાત કહી સંભળાવી. તે સાંભળીને રાણીને વૈરાગ્ય આવ્યો, તેથી રાણીએ રાજા પાસે દીક્ષાની આજ્ઞા માંગી. આજ્ઞા મળતા મહાવીર પ્રભુ પાસે આવીને ઉત્સાહભેર ચારિત્ર અંગીકાર કર્યું.

ટૂંકમાં આ દૃષ્ટાંત ઉપરથી એ સમજવાનું છે કે સાધુની દુગંછા કરવાથી જીવને કેવું કર્મ બંધાય છે માટે ચારિત્ર ન લેવાય તો ખેર, પણ સાધુની દુગંછા તો કદી કરશો નહિ. ગોવાળના ચાર પુત્રોએ દીક્ષા લીધી હતી તેમાંથી નંદ અને સુનંદ એ બે મુનિઓને શરીરે મેલ ખૂબ જામવાથી અને પરસેવો ખૂબ વળવાથી દુગંછા થઈ પણ ચારિત્ર તો પાળ્યું. આયુષ્ય પૂર્ણ થતાં ચારેય મુનિરાજો કાળ કરીને દેવલોકમાં ગયા. એમાંથી જે બે મુનિરાજોને ચારિત્ર ઉપર દુગંછા થઈ હતી તે બંને દેવો ત્યાંથી ચવીને દશપુર નામના નગરમાં શાંડિલ્ય નામે એક બ્રાહ્મણ વસતો હતો. તેને યશોમતી નામની એક દાસી હતી. તે દાસીની કુક્ષીએ શોણ્ડીર અને શોણ્ડદત્ત નામના જોડીયા પુત્ર તરીકે જન્મ્યા. આ બંને બાળકો ધીમે ધીમે મોટા થવા લાગ્યા. સમય જતાં બંને યુવાન થયા. એક વખત તેઓ પોતાના ખેતરની રખેવાળી કરવા જંગલમાં ગયેલા. ખૂબ થાકી જવાથી તે બંને એક વડના વૃક્ષ નીચે સૂઈ ગયા હતા ત્યારે વડના પોલાણમાંથી એક સર્પ નીકળ્યો અને સૂતેલા બે ભાઈઓમાંથી એકને કરડ્યો. સર્પ ભયંકર ઝેરી હતો. ડંખ દેતાની સાથે જ તે મરણ પામ્યો. બીજો ભાઈ જાગ્યો ત્યારે પોતાના ભાઈને સર્પનું ઝેર ચઢેલું જોયું. એટલે તે એટલામાં કોઇ ઝેર ઉતારનારની તપાસ કરવા ગયો ત્યાં એ જ સર્પ એને કરડ્યો અને એનું પણ મૃત્યુ થઇ ગયું. હવે તે બંને ભાઈઓ મરીને ક્યાં ઉત્પન્ન થશે. તેના ભાવ અવસરે.

ચારિત્ર : આપણે ગઈ કાલે ચરિત્રની શરૂઆત કરી છે તેમાં હજુ તેની પૂર્વ ભૂમિકાની વાત કરી છે. ચરિત્રના જે બે મુખ્ય પાત્રો છે તેમના માતા પિતા કોણ હતા તે વાત પહેલા જાણવી જોઈએને ? આજે તો દીકરાને પોતાના બાપનું નામ લખાવતા પણ શરમ આવે છે. એટલે નામ સાથે અટક લખાવે છે કે ફલાણા ફલાણા પણ બાપનું નામ તો ભૂલાઈ જ ગયું છે. પહેલા એવું ચાલતું ન હતું. જેના નામનું

ચરિત્ર ચાલવાનું છે. એની વાત પછી આવશે પણ એમના માતા પિતા કોણ હતા ને તેમની નગરી કઈ હતી તે વાત કહેવામાં આવે છે.

ભારતભૂમિ આર્ય વિતલ મેં, મનહર માલવ દેશ,
ભવ્ય ભવન ઉજ્જવલ ઉજ્જની, દમકત દિવ્ય.

જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં માલવ નામનો એક દેશ હતો. એની રાજધાની ઉજ્જૈની નામની વિશાળ નગરી હતી રાજધાનીની નગરી એટલે એની શોભામાં શું ખામી હોય! ઉજ્જની નગરીની શોભા અનેક વિદેશીઓને આકર્ષણ કરે તેવી હતી. પરદેશના અનેક સહેલાણીઓ આ નગર જોવા આવતા ને ત્યાં રોકાતા, અને વાહ.... અલકાપુરીને શરમાવે એવી શું આ નગરી છે! એવી એની પ્રશંસા કરતા. ત્યાંના રસ્તાઓ ખૂબ વિશાળ હતા અને શેરીઓ પણ ઘણી મોટી હતી. રસ્તાઓ અને શેરીઓ ઘણા સ્વચ્છ અને સાફ હતા. બગીચાઓ, સરોવરો, નાટયગૃહો, ચિત્રશાળા સંગીતશાળા, નૃત્યશાળા, ધર્મશાળાઓ, ધર્મસ્થાનકો, પૌષધશાળા વગેરે ચારે ને ચૌટે જોવામાં આવતા હતા. તે નગરીમાં કોઈ દુઃખી ન હતું. બધા લોકો સુખી, સંતોષી, ધર્મપારાયણ, અનુકંપાવાન અને પાપભીરૂ હતા. અઢારે આલમના લોકો સૌ સૌના ધર્મમાં રકત હતા. કોઈ ભેદભાવ ન હતો. ધર્મના પ્રસંગોમાં ભાઈ ભાઈ જેવો સાથ આપતા હતા.

"ગુણોથી શોભી ઉઠેલ રાજા" : ઉજ્જૈની નગરીમાં રાજાનું નામ જિતારી હતું. જેનું નામ જિત+અરિ = જિતારી એટલે તેમણે બધા શત્રુઓને પોતાની વીરતા અને પરાક્રમથી જીતી લીધા હતા, એટલે નામ પ્રમાણે ગુણોથી અલંકૃત હતા. તે સ્વભાવે ખૂબ ઉદાર, દયાળુ, અને ન્યાયી હતા. રાજયમાં આવનાર કોઈ ખાલી હાથે જતું ન હતું. તે સૌને છૂટા હાથે યોગ્ય દાન કરતા હતા. પંડિતો, સાધુઓ આદિનું તેઓ હંમેશા બહુમાન કરતા હતા. પ્રજાને પોતાના સંતાનની જેમ પાળતા હતા. પ્રજા પાસેથી કરવેરા ખૂબ અલ્પ લેતા ને સગવડ ખૂબ આપતા. પ્રજાના દુઃખો જાણવા રાત્રે ગુપ્તવેશે નીકળતા અને દુઃખીઓને જાતે મદદ કરતા. રાજાના આવા અનેક ગુણોના કારણે પ્રજા તેમનું ખૂબ સન્માન કરતી અને રાજાના પડતા બોલ ઝીલી લેતી હતી. એ રાજાને ગુણસુંદરી નામે રાણી હતી. તેના નામ પ્રમાણે તેનામાં અનેક ગુણો હતા. તેનું રૂપ તો અપ્સરાઓને પણ શરમાવે તેવું હતું, તેને તેના રૂપનું અભિમાન ન હતું. જેટલું તેનું રૂપ હતું તેનાથી હજાર ગણી તે નમ્ર, સરળ અને વિનયવંત હતી. સાદાઈ અને સંયમની તો એ પ્રતિમા હતી. રાજા-રાણી બંને જનધર્મી હોવાથી બંને ગુરૂ ભગવંતોની સેવા કરતા, વ્યાખ્યાન શ્રવણ કરતા. આ રીતે યથાશકિત ધર્મનું પાલન કરતા હતા. બંને આનંદથી સંસારના સુખો ભોગવતા સમય પસાર કરતા હતા.

"ગુણસુંદરીએ જોયેલું સ્વપ્ન" : એક વખત ગુણસુંદરી રાણીએ રાત્રીના

છેલ્લા પ્રહરમાં એક સ્વપ્ન જોયું. સ્વપ્નમાં નિર્મળ અને વિશાળ મંડળથી વિભૂષિત એવું સૂર્યનું બિંબ જોયું હતું. આ સુંદર સ્વપ્ન જોયા પછી રાણી સૂતા નહિ. એમને ખબર હતી કે આવું શુભ સ્વપ્ન જોયા પછી ઉંઘાય નહિ ને ઉંઘી જવાય તો સ્વપ્નનું ફળ નષ્ટ થઇ જાય એટલે રાણી સૂઈ ન ગયા પણ નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા, પછી રાજાને જાગવાનો સમય થયો એટલે રાજાના શયનખંડમાં ગયા. રાજા પણ સમય થવાથી જાગીને આત્મચિંતન કરતા હતા. ગુણસુંદરી રાણી પતિની સામે જઇ પ્રણામ કરી ચરણસ્પર્શ કરી બે હાથ જોડીને કંઈક કહેવા માંગતી હોય તેવા ભાવથી ઉભા રહ્યા. રાણીને સવારના પ્રહરમાં અચાનક આવેલી જોઈ રાજાને ખૂબ આશ્ચર્ય થયું એટલે પૂછ્યું દેવી! અત્યારમાં અચાનક આપનું આગમન કેમ થયું? શરીર તો સારું છે ને? રાજાની વાત સાંભળીને રાણીએ વિનયપૂર્વક કહ્યું હે સ્વામીનાથ! હું ગાઢ નિદ્રામાં સૂતી હતી, ત્યાં હું ઝબકીને જાગી ગઈ, આંખ ખોલીને જોયું ત્યારે મને ખ્યાલ આવ્યો કે હજી રાત બાકી છે અને મેં સ્વપ્ન જોયું છે. સ્વપ્નને લીધે હું ઝબકીને જાગી ગઈ. એ સ્વપ્ને તો મારી આજની સવાર ખુશખુશાલ કરી નાંખી છે. રાજાએ કહ્યું તો તો કોઇ મંગલ હશે. મને જલ્દી કહો કે એ કયું સ્વપ્ન તમે જોયું કે જેથી તમે આટલા બધા હરખાઈ ગયા છો? રાણીએ મધુર સ્વરે કહ્યું નાથ! મેં સ્વપ્નમાં દિવ્ય કાંતિવાળા અપૂર્વ મંગળદાયક એવા સૂર્યના બિંબને નિહાળ્યું હતું. નાથ! આ મંગલકારી સ્વપ્નનું શું ફળ હશે તે આપ કૃપા કરીને મને કહો.

"રાણીને જવાબ આપતા મહારાજા" : રાજાએ કહ્યું દેવી! સ્વપ્ન એમ નિર્દેશ કરે છે કે આપને ટૂંક સમયમાં પુત્રરત્નની પ્રાપ્તિ થશે. ગુણસુંદરી રાણી પતિના મુખેથી શુભ સમાચાર સાંભળીને આનંદવિભોર બની ગયા. હૈયું હર્ષથી નાચી ઉઠયું. આવા શુભ સમાચાર સાંભળીને કઈ સ્ત્રીને આનંદ ન થાય? તેણે તરત પાલવના છેડે ગાંઠ બાંધી શુકનગ્રંથી કરી પતિને પગે લાગી ચરણરજ મસ્તકે ચઢાવી પોતાના ખંડમાં આવીને ધર્મધ્યાન કરવા લાગી. રાણીના સ્વપ્નની વાત સાંભળીને રાજાને પણ આનંદનો પાર નથી. સ્વપ્નનું વિશેષ ફળ જાણવા માટે રાજા સ્વપ્ન પાઠકોને બોલાવશે. તે શું કહેશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં – ૫

અષાઢ વદ ૧૦ને બુધવાર "મોક્ષ માર્ગની પગદંડી" તા. ૧૮-૭-૭૯

સ્યાદ્વાદના સર્જક, ભવોભવના ભેદક, જગત ઉદ્ધારક, પરમપંથના પ્રકાશક, અનંત ગુણોના ધારક, ત્રિલોકીનાથ પ્રભુએ જગતના જીવોને આત્મકલ્યાણ માટે મહાન

માર્ગ બતાવ્યો છે. સૂયગડાયંગ સૂત્રના ૧૧મા મોક્ષમાર્ગ નામના અધ્યયનની પ્રથમ ગાથામાં જંબુસ્વામી સુધર્માસ્વામીને વિનયપૂર્વક નમસ્કાર કરીને પૂછે છે હે પ્રભુ! **"कयरे मग्गे अक्खाये"** અહિંસાના ઉપદેશક, પ્રેમનું પિયુષ પાનારા જેમની વાણીમાં વાત્સલ્યના ઝરણાં વહે છે, જેમના એકેક શબ્દો સાંભળતા ચંદ્રની શીતળતાની જેમ શાતા અને ઠંડક વળે છે, જેમના રોમેરોમમાં વિશ્વપ્રેમનું ગીત ગુંજી રહ્યું છે એવા કેવળજ્ઞાની ભગવંત મહાવીરસ્વામીએ મોક્ષની પ્રાપ્તિ માટે કયો સરળ માર્ગ બતાવ્યો છે કે **"जं मग्गं उज्जुपावित्ता, ओहं तरइ दुत्तरं॥"** જે માર્ગને પામીને જીવો દુસ્તર એવા સંસાર સમુદ્રને પાર કરીને મોક્ષને પ્રાપ્ત કરે છે.

બંધુઓ! આ આત્મા અનાદિ અનંત કાળથી ચતુર્ગતિ સંસાર સમુદ્રની અંદર પ્રવાસ ખેડી રહ્યો છે. એક ગતિમાંથી બીજી ગતિમાં, બીજી ગતિમાંથી ત્રીજી ગતિમાં એમ પ્રવાસ કરી રહ્યો છે. પ્રવાસી તો મુસાફરી કરતા કરતા પોતાના ધારેલા સ્થાને પહોંચી શકે છે પણ આ આત્મા હજુ સુધી આ સંસાર સમુદ્રને પાર પામી શક્યો નથી. ભાવના શતકમાં કહ્યું છે કે,

" પા લેતે હૈ મહાસિન્ધુકો, નૌકા દ્વારા થાહ અપાર,
અશ્વો દ્વારા પા લેતે હૈ, મહાભયાનક બનકા પાર,
ઔર દિવ્યગતિ સે ચલ કોઇ, પા લે પૃથ્વીકા ભી પાર,
પાર ન પાયા પર ભવદધિકા, કરકે યત્ન અનેક પ્રકાર."

જો માનવીને સુંદર છિદ્ર વગરની નૌકાનો સહારો મળી જાય, અનુકૂળ વાતાવરણ હોય તો તે માનવી પાસીફિક મહાસાગર કે સ્વયંભૂરમણ જેવા મોટા સમુદ્રોને પાર કરી સામા કિનારે પહોંચી જાય છે. મોટામાં મોટા વિશાળ અને વિષમ વનોને મનુષ્યો ઘોડા, ઊંટ આદિ દ્વારા પાર કરી શકે છે. આ પૃથ્વી કે જેનો પાર માણસ પામી શકે નહિ તે પૃથ્વીનો પાર પણ દેવો દિવ્ય ગતિએ ચાલતા કદાચ પામી શકે પણ આ સંસારરૂપી સમુદ્ર એટલો વિશાળ છે કે તેને પાર કરવાને માટે ઘણાં પ્રયત્નો કર્યા છતાં હજુ સુધી તેનો પાર પામી શક્યો નથી અને ભવસમુદ્રમાં ભટકી રહ્યો છે. આવા દુસ્તર સમુદ્રને પાર કરવા માટે અહીં એ પ્રશ્ન કર્યો છે કે હે પ્રભુ! એવો કયો માર્ગ છે કે જે માર્ગને પામીને જીવ સંસાર સમુદ્રને પાર કરી શાશ્વત એવા મોક્ષને પ્રાપ્ત કરે છે? ત્યારે સુધર્માસ્વામી જંબુસ્વામીને કહે છે હે આયુષ્યમાન્ જંબુ!

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।
एस मग्गुत्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहि॥ उ.अ. २८ गाथा-२

સર્વ જીવોમાં શ્રેષ્ઠ એવા જિનેશ્વર ભગવંતે સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપ માર્ગ બતાવ્યો છે. આ માર્ગને ગ્રહણ કરી તેનું આરાધન કરી ભૂતકાળમાં ઘણાં જીવો સંસાર સમુદ્રને તરી ગયા છે. વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં સંસાર

સમુદ્રને તરી મોક્ષગતિને પ્રાપ્ત કરે છે અને ભવિષ્યકાળમાં પણ ઘણાં જીવો આ માર્ગનું આરાધન કરી સંસાર સમુદ્રને પાર કરી મોક્ષગતિને પ્રાપ્ત કરશે. આવો સુંદર મોક્ષમાર્ગ આજે આપણને મળી ગયો છે હવે ફક્ત દિશા બદલવાની જરૂર છે. સંસારનો માર્ગ છોડીને મોક્ષમાર્ગ તરફ આગેકૂચ કરવાની છે. કવિએ પણ કહ્યું છે કે,

ભટકવું કયાં લગી તારે, પ્રવાસી પંથ બદલી લે (૨)
પહોંચવું મુક્તિના દ્વારે, પ્રવાસી પંથ બદલી લે (૨)

હે આત્મા ! તું આ ભવસમુદ્રમાં કયાં સુધી ભટકયા કરીશ ! તારે મુકિતના દ્વારે પહોંચવું છે તો તારો પંથ બદલી લે અને ભગવાને જે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ રૂપ માર્ગ બતાવ્યો છે તે માર્ગે તું પ્રયાણ કર. યથાર્થ જ્ઞાનથી આપણને હેય, જ્ઞેય અને ઉપાદેયનું ભાન થાય છે, આત્માના ગુણોનું જ્ઞાન થાય છે. દર્શનથી તેમાં શ્રદ્ધા થાય છે અને ચારિત્ર દ્વારા આપણા આત્માના તે ગુણોને આપણે વિકસાવી શકીએ છીએ. તે સમજાવવા માટે હું તમને એક ન્યાય આપું.

એક શેઠની પુત્રીના લગ્ન હતા. શેઠને એક જ દીકરી હતી તેથી લગ્ન ખૂબ ઠાઠમાઠથી ઉજવવાના હતા. શેઠે જાનૈયા ઘણા તેડાવ્યા હતા, એટલે બધાની સગવડ થાય એવા મોટા સગવડવાળા મકાનની જરૂર હતી. શેઠને રાજા સાથે ખૂબ સારી લાગવગ અને ભાઇ જેવો પ્રેમ હતો એટલે શેઠે રાજયનું એક વિશાળ મોટું મકાન તેમણે માંગી લીધું, પણ મકાન ઘણાં લાંબા સમયથી બંધ હતું, તેમાં કોઇનો વસવાટ ન હતો એટલે તેમાં ખૂબ કચરો, ધૂળ અને ગંદકી હતા અને અંધારૂં તો ઘમઘોર હતું. આ શેઠે મકાનને સ્વચ્છ બનાવવા માટે સૌથી પ્રથમ મકાનની અંદર લાઇટ મૂકી. લાઇટના અજવાળામાં મકાનમાં જયાં જયાં કચરો હતો તે બધો સ્પષ્ટ દેખાવા લાગ્યો. તેથી તેણે માણસોને બોલાવીને કચરો સાફ કરાવ્યો. મકાનના બધા બારી બારણા ખોલાવી નાંખ્યા એટલે અંદરની અશુદ્ધ હવા બહાર નીકળી ગઈ અને બહારની શુદ્ધ હવા તેમાં દાખલ થઈ. સૂર્યના તડકાથી દુર્ગંધ પણ જતી રહી, પછી તેમણે મકાનને ધોવડાવી રંગરોગાન વગેરે કરાવી દીધું એટલે તે મકાન જાનને ઉતારવા લાયક સુંદર બની ગયું.

આ તો સામાન્ય ન્યાય છે પણ તે આત્માને લાગુ પડે છે. પેલા ઘરની માફક આ આત્મામાં અનાદિ કાળનો કર્મરૂપી કચરો જમા થયો છે, પરંતુ અજ્ઞાનરૂપી અંધકારના કારણે તે કચરો દેખાતો નથી, તો પછી તે કચરો સાફ કેવી રીતે કરવો ? આ કચરો સાફ કરવા માટે જ્ઞાનરૂપી દીપક પ્રગટાવવાથી આત્મઘરમાં પ્રકાશ પડશે, અને તે પ્રકાશ દ્વારા આત્મા કર્મ મળથી વીંટળાયેલો છે તે જાણી શકાય છે આથી જ્ઞાનની અગત્યતા સિદ્ધ થાય છે, કારણકે જયાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી જડ ચેતનનું ભાન થતું નથી, આ સમ્યક્ જ્ઞાનની વાત થઇ હવે દર્શનની વાત કરું. પ્રકાશ

થવાથી ઘરમાં જે કચરો તથા ગંદકી છવાયેલી હતી તેની પ્રતીતિ (શ્રદ્ધા) થતાં આપણને તેના ઉપર વિશ્વાસ થાય છે કે અમુક જગ્યાએ કચરો પડેલો છે અને તેને દૂર કરવાની ભાવના થાય છે. તે રીતે આત્મામાં પણ જ્ઞાનરૂપી પ્રકાશ થવાથી તેમાં પડેલા કર્મો રૂપી કચરાને જાણી શકવાથી તે કર્મોની આપણને શ્રદ્ધા થાય છે અને આત્માના ગુણોનું ને પરદ્રવ્યના ગુણોનું ભાન થાય છે. પરદ્રવ્યે આપણા આત્માના સ્વરૂપને બગાડી દીધું છે તેનું પણ ભાન થાય છે અને આપણને આપણું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવાની ભાવના થાય છે. એનું નામ સમ્યક્‌દર્શન અથવા શુદ્ધ શ્રદ્ધા છે. હવે ચારિત્રની વાત કરું. જ્ઞાન દ્વારા કચરો જાણ્યો, દર્શન દ્વારા શ્રદ્ધા થઈ કે અમુક જગ્યાએ કચરો પડેલો છે પણ આટલાથી કાંઈ કાર્ય પતી જતું નથી. ઘરમાં રહેલ કચરો સાફ કરાવ્યો, રંગ-રોગાન કરાવ્યું ત્યારે તે મકાન જાનને ઉતરવા માટે યોગ્ય બન્યું, તે રીત આત્માને પણ શુદ્ધ કરવામાં શ્રદ્ધા પછી ચારિત્રની જરૂર પડે છે. આપણે એ સમજી શકયા કે કર્મોને દૂર કરવાથી આત્માનું નિજ સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે. તેના ઉપર શ્રદ્ધા પણ કરી પરંતુ જ્યાં સુધી તેને આચરણમાં ન ઉતારીએ અર્થાત્ સમ્યક્‌ ચારિત્રનું પાલન ન કરીએ ત્યાં સુધી તે મલિનતા દૂર થાય નહિ. તેથી ચારિત્રની પણ અતિ આવશ્યકતા છે. આ રીતે સમ્યક્‌જ્ઞાન–દર્શન–ચારિત્ર એ રત્નત્રયનો પૂર્ણ યોગ મળતા આત્મા પોતાના સ્વરૂપમાં આવે છે. છેલ્લે સમ્યક્‌ તપ દ્વારા પુરાણા કર્મોને બાળી નાંખે છે, ને આત્મા નિર્મળ બને છે. છેવટે ઘાતી કર્મોનો ક્ષય કરી આત્મામાંથી પરમાત્મા બને છે અને પરમપદ એવા મોક્ષને પ્રાપ્ત કરે છે. આત્મગુણમાં પ્રવૃત્ત થવું તે આત્મભાવ છે તેથી વિમુખ થવું, પર ભાવમાં પ્રવૃત્ત થવું તે અનાત્મભાવ છે. પરભાવ એટલે આત્માની નહિ પણ પરની કથા. કોઈની નિંદાકુથલી કરવી, કોઈના દોષ જોવા, કોઈનું બૂરું ઈચ્છવું આ બધું પરભાવ છે. ભગવાન કહે છે આત્મભાવ નિર્જરાનું કારણ છે. જ્યારે પરભાવ કર્મ બંધનનું કારણ છે. જો આત્મા કોઈનું ખરાબ ઈચ્છે તો બીજાનું બૂરું થતાં થશે પણ પોતાનું પહેલા થશે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

કોઈ એક મોટા શહેરમાં એક શ્રીમંત શેઠ રહેતા હતા. પુણ્યયોગે આ શેઠને ઘેર લક્ષ્મીનો પાર નથી, પણ એક પુત્રની ખોટ હતી, તેને માટે શેઠાણીને ખૂબ ચિંતા રહેતી હતી. ભાગ્યમાં સંતાન હશે એટલે થોડા સમયમાં શેઠને ત્યાં પારણું બંધાયું. પુત્ર જન્મની ખુશાલીમાં શેઠે આખા શહેરમાં મીઠાઈના પડીકા વહેંચ્યા. ખૂબ લાડકોડમાં દીકરો મોટો થાય છે, કારણ કે સંપત્તિનો પાર નથી. મોટી ઉંમરે પુત્રનો જન્મ થયો છે પછી એના લાલનપાલનમાં શું ખામી હોય ! માતા–પિતા સંતાનોને કેટલા પ્રેમથી ઉછેરે છે પણ એ જ દીકરાઓ મોટા થાય છે ત્યારે માતા–પિતાની કઈ દશા કરે છે એતો તમને બધાને અનુભવ છે ને ! હું તો કહું છું કે જે માતા–પિતાએ

દુઃખ વેઠીને તમને મોટા કર્યા છે એ ઉપકારીના ઉપકારને તમે કદી ભૂલશો નહિ. માતા-પિતાએ પુત્રનું નામ કલ્પેશ પાડયું હતું. કલ્પેશને માતા-પિતા ખૂબ લાડ લડાવે છે. આ કલ્પેશ જ્યારે આઠ વર્ષનો થયો ત્યારે તેના પિતા આ ફાની દુનિયાનો સદાને માટે ત્યાગ કરી ચાલ્યા ગયા.

"સંસાર એક નાટક છે." :- પતિદેવના મૃત્યુ પછી પુત્રને સંભાળવાની જવાબદારી શેઠાણીના માથે આવી. શેઠાણીની આશાના મિનારા હવે પુત્ર ઉપર જ હતા. એટલે માતાએ પુત્ર પર વાત્સલ્યની વર્ષા વહેતી મૂકી. બાળકને બાળપણમાં જેવા સંસ્કારનું સિંચન મળે છે તેવું તેના ભાવિનું નિર્માણ થાય છે. બાળકના જીવનના ઉચ્ચ ઘડતર માટે માતાએ પ્રયત્ન કરવાની જરૂર છે. શિક્ષક વ્યવહારિક જ્ઞાન આપી શકે પણ ભાવિને ભવ્ય બનાવી શકે નહિ. આ માતા-દીકરાને એટલા લાડ લડાવે છે કે એની કંઈ ભૂલ થાય તો કોઈ કંઈ કહી શકે નહિ. સમય જતાં કલ્પેશ યુવાન થયો એટલે સારા ઘરની કન્યાઓના કહેણ આવવા લાગ્યા અને સારા ઘરની સૌંદર્યવાન કલ્પના નામની કન્યા સાથે ખૂબ ધામધૂમથી કલ્પેશના લગ્ન થયા. પરણ્યા પછી થોડો સમય તો ઘરમાં સારું રહ્યું પણ ધીમે ધીમે વહુને સાસુના હાથ નીચે રહેવામાં પરતંત્રતા લાગવા માંડી. એને સાસુની છત્રછાયામાં રહેવાનું બિલકુલ પસંદ નહતું. એ જેમ સૌંદર્યમાં અજોડ હતી તેમ વડીલોના શબ્દોનો સામનો કરવામાં પણ જબરી હતી. સ્વતંત્રતામાં સુખ માનનાર વ્યક્તિઓ પરતંત્રતાને નાબૂદ કરવા માટે સદા પ્રયત્નશીલ રહે છે. સાસુ જો વહુને કંઇ શિખામણ રૂપે અગર કંઇ કામ માટે મીઠાશથી કહેવા જાય ત્યાં તો વહુ સાસુને ગમે તેવા શબ્દો કહી દેતી. દિવસમાં ત્રણ ચાર વખત તો ઝઘડો થાય અને શેરીના લોકો ભેગા થાય. સાસુ બધું મૂંગે મોઢે સહન કરતી. આ માતા કયારેક પોતાના પતિને યાદ કરી ખૂણામાં બેસીને રડી લેતી. અરેરે.... મારા પતિ લાખોની સંપત્તિ મૂકીને ગયા. કેટલા લાડકોડથી દીકરાને મોટો કર્યો. ભણાવ્યોને પરણાવ્યો. મને હતું કે વહુ આવશે એટલે શાંતિથી પ્રભુનું નામ દઈશ પણ ખરેખર, આ સંસાર જ દુઃખમય છે. હું કુંવારી હતી ત્યારે સંત સતીજીઓ મને સમજાવતાં હતા કે સંસારમાં પડવા જેવું નથી. સાચું સુખ સંયમમાં છે, ત્યારે હું સમજી નહિ. પરણી તો અત્યારે પસ્તાવાનો વખત આવ્યો ને ? આટલા માટે મીરાંબાઈ એ પણ ગાયું છે કે

પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભય ટાળ્યો રે... મોહન પ્યારા.

જે પરણે તેને રંડાપો આવવાનો ભય રહે છે પણ અમારે કંઈ ભય ખરો ? અત્યારે કંઇક કુંવારી બહેનો મનમાં મૂંઝાય છે ને પરણેલી પસ્તાય છે તો આવો પસ્તાવો ન કરવો હોય તો અમારા ઘરમાં આવી જજો, (હસાહસ) આ શેઠાણીને

પસ્તાવાનો પાર નથી પણ પાછળનો પસ્તાવો શું કામનો ? આ સંસાર કેવો છે. એનો તમને પૂરો ખ્યાલ આવશે.

"વહુએ પાથરેલી માયાજાળ" : એક વખત કોઈ પર્વનો દિવસ આવ્યો ત્યારે સાસુએ વહુને કહ્યું બેટા ! આજે પર્વનો દિવસ છે, માટે તું દુકાને જઈને મારા દીકરાને કહે કે એ સવાશેર પેંડા ને બરફી લેતો આવે. આજે આપણે મીઠાઈ ખાઈશું ને શેરીના નાના છોકરાઓને પણ વહેંચશું. સાસુની પરતંત્રાથી કંટાળી ગયેલી વહુ તો ઝટ દુકાને ઉપડી અને પતિની પાસે જઈને બનાવટ કરીને વાત કરી કે આપણા બા હવે વૃદ્ધ થયા છે એટલે એમને અંતિમ સમય સુધારવા માટે અગ્નિસ્નાન કરવાની ઇચ્છા છે, તેથી એમણે સ્મશાનમાં લાકડા મોકલાવી દેવાનું કહ્યું છે. એ સમયમાં એક એવી માન્યતા પ્રચલિત હતી કે જો અંતિમ સમયમાં માણસ અગ્નિસ્નાન કરે તો જીવનભર કરેલા દુષ્કૃત્યો બળીને સાફ થઈ જાય અને પરભવમાં સુખ મળે. આવી માન્યતાથી સ્ત્રીઓ અગ્નિસ્નાન કરી આપઘાતના પાપથી દુર્ગતિમાં સબડતી હતી. પત્નીની વાત સાંભળીને પતિના મનમાં થયું કે મારો બા શા માટે અગ્નિસ્નાન કરે ? પત્ની કહે છે એમની ખૂબ ભાવના છે. તમે ના ન પાડશો, ત્યારે છોકરાના મનમાં થયું કે ઠીક બાની ઉત્કૃષ્ટ ભાવના છે તો ભલે અગ્નિસ્નાન કરે. આ કંકાસની આગમાંથી છૂટીને સદ્ગતિ પામશે. પત્નીના મોહપાશમાં જકડાયેલો કલ્પેશ પણ માતાને અગ્નિસ્નાન કરાવવા માટે સંમત થઈ ગયો. પત્ની કહે છે નાથ! આજે પર્વનો દિવસ છે માટે દુકાન બંધ કરો ને ચાલો આપણે ફરવા જઈએ. પતિ પત્ની તો ફરવા ચાલ્યા ગયા. ઘેર માતા તો પુત્ર અને વહુની રાહ જોઈ રહ્યા છે. આ તરફ રાત પડવા આવી એટલે પુત્ર અને વહુએ લાકડાનું ગાડું ભરીને સ્મશાનમાં મોકલી દીધું. પછી પોતે ઘેર આવ્યા.

પુત્ર–પુત્રવધુને જોતા સાસુએ કરેલો પ્રશ્ન : પુત્ર અને વહુને આવતા જોઈને માતા હર્ષઘેલી થઈને કહે છે બેટા ! મેં પેંડા બરફી મંગાવ્યા હતા તે તું ન લાવ્યો ? આજે મારે શેરીના બાળકોને પેંડા વહેંચીને પછી આવું હતું પણ દીકરો વહુ એ વાત સાંભળતા નથી અને કહે છે બા ! તમારી અગ્નિસ્નાન કરવાની ઉત્કૃષ્ટ ભાવના છે તો અમે સ્મશાનમાં લાકડા મોકલાવી દીધા છે. ચાલો, હવે જલ્દી કરો. શુભમુહુર્ત વહી જાય છે. માતા સમજી ગઈ કે નક્કી મારી પુત્રવધૂએ મારું કાસળ કાઢવા માટે આ માયાજાળ બીછાવી છે. એમાં મારો દીકરો પણ સંમત થઈ ગયો છે. ઠીક, અહીં શું સુખ છે? વગર અગ્નિએ બળી જ રહી છું ને ? થોડી વાર વિચાર કરીને માતા અગ્નિસ્નાન કરવા માટે સંમત થઈ ગયા. પુત્ર અને પુત્રવધૂ માતાને લઈને સ્મશાનમાં આવ્યા. ચિતા ગોઠવાઈ ગઈ. માતાને વચમાં બેસાડી દીધી. અગ્નિદાહ દેવા જાય છે પણ અગ્નિને પેટાવવા માટે કેરોસીન લાવવાનું તો ભૂલી ગયા હતા. કલ્પેશ કલ્પનાને

કહ્યું તું અહીં ઊભી રહે, હું કેરોસીન લઈને આવું છું, ત્યારે કહે છે ના, મને તો બીક લાગે છે. હું તો તમારી સાથે જ આવું છું એમ કહી બંને જણા માતાને લાકડામાં બેસાડી કેરોસીન લેવા માટે શહેરમાં ગયા.

દેવાનુપ્રિયો ! આ તમારો સંસાર કેવો છે ? સમજાય છે ને ? સંસારમાં સુખ માનવા જેવું છે ? જે પુત્રને મારો માન્યો તે જ સગી જનેતા માતાને બાળવા ઉઠયો આવો આ દુઃખમય સંસાર છે છતાં જીવ એમાં સુખ માનીને બેઠો છે. સંત કબીરે પણ કહ્યું છે કે,

ઝૂઠા સાચા કર લિયા, વિષકો અમૃત જાના ।
દુઃખકો સુખ સબ કોઈ કહે, ઐસા જગત દિવાના ।।

આ જગતના જીવો અજ્ઞાનના કારણે જૂઠાને સાચું અને વિષને અમૃત માનીને એમાં મોહાંધ બને છે પછી પસ્તાવાનો પાર રહેતો નથી. આ માતાને પણ પસ્તાવાનો પાર નથી. દીકરો અને વહુ પોતાને સળગાવવા માટે કેરોસીન લેવા માટે ગયા ત્યારે માતાને વિચાર થયો કે આમ કમોતે મરવાથી શું લાભ ? આ બંને જણા કેરોસીન લેવા ગયા છે ત્યાં સુધી હું કયાંક છૂપાઈ જાઉં. પછી શું કરવું તેનો વિચાર કરીશ. માતા ચિતામાંથી નીકળીને એક ઘટાદાર વડલાના વૃક્ષ ઉપર ચઢીને છૂપાઇ ગઇ. થોડી વારે દીકરો અને વહુ કેરોસીન લઈને આવ્યા. એમને ખબર નથી કે માતા અંદરથી ગુમ થઈ ગયા છે. એમને તો જલ્દી કેમ બળી જાય એ દૃષ્ટિ હતી એટલે ખૂબ કેરોસીન છાંટયું ને અગ્નિ દાહ દીધો. લાકડા ભડભડ બળવા લાગ્યા ચિતા બરાબર સળગી પછી બન્ને પાછા ફર્યા. વહુને મનમાં અપૂર્વ આનંદ હતો. હાશ હવે ડોશીની પરતંત્રતાથી છૂટી. પતિ તો મારા હાથનું રમકડું છે. એને જેમ રમાડીશ તેમ રમશે.

માતાએ જોયું કે દીકરો ને વહુ ચાલ્યા ગયા. હવે હું સવારે કયાં જઈશ ? આ સ્મશાનમાં આખી રાત કેવી રીતે પસાર કરવી ? એમ ચિંતામાં હતા ત્યાં શું બન્યું ? ઘોર અંધકારમાં ચિતાનો પ્રકાશ ઝબકી રહ્યો હતો. તે સમયે કોઈ ધનવાન શેઠને ઘેર ચોરી કરીને આવેલા ચોરોની મંડળી એ વૃક્ષ નીચે આવીને ચોરી લાવેલી મિલ્કતનો ભાગ પાડવા બેઠી. હીરા, માણેક, મોતી અને સોનાના ઝગમગતા દાગીના જોઈને ડોશીના મનમાં થયું કે આમેય મરવાનું તો છે જ. તો મરતા પહેલા બુદ્ધિનો કંઈક ચમકારો ચમકાવતી જાઉં. મનમાં યુક્તિ ગોઠવીને એણે માથાના વાળ છૂટા કર્યા અને મોટા અવાજથી બાઉં....બાઉં બોલતી તે ચોરો ઉપર પડી. મહાબાહોશ ચોરો પણ બાઈનો પડકાર સાંભળીને ભયભીત બની ગયા કે નક્કી કોઈ વ્યંતરી દેવી આપણા ઉપર કોપાયમાન થઈ છે. હમણાં એ આપણને ભરખી બાશે. ભાગો અહીંથી (હસાહસ) ચોરો બિચારા ભયભીત બનીને ઉભી પૂંછડીએ ભાગ્યા. પોતાની યુક્તિ સફળ થતાં ડોશી ખડખડાટ હસવા લાગી એટલે ચોરોને વધુ ડર લાગ્યો ને જલ્દી જીવ

લઈને નાઠા. ચોરોના ગયા પછી માડીએ સારા સારા કિંમતી વસ્ત્રાલંકારો પહેર્યા અને બે ઘડી રાત્રિ બાકી હતી તે પહેલા પોતાને ઘેર આવીને બારણું બખડાવ્યું. માતાને અગ્નિદાહ દઈને આવ્યા પછી બંને શાંતિથી સૂતા હતા. ત્યાં બારણું બખડવાથી જાગી ગયા. અત્યારમાં વળી કોણ આવ્યું? બારણું ખોલીને જુવે છે તો હીરા, માણેક, મોતીના અલંકારો અને કિંમતી વસ્ત્રોથી ઝગમગતી માતાને જોઈ એટલે તરત પત્નીને ઉઠાડી. સાસુને ઝગમગતા જોઈને વહુએ બા પધારો પધારો કહીને સ્વાગત કર્યું. બા ઘરમાં આવ્યા એટલે ઉંચા આસને બેસાડયા ને દીકરાએ પૂછયું: બા! તેં તો અગ્નિસ્નાન કર્યું હતું ને પાછી કયાંથી આવી? આ કિંમતી વસ્ત્રાલંકારો તને કોણે આપ્યા?

માતાએ કહ્યું – બેટા! હું તો મરીને સ્વર્ગમાં ગઈ છું. ત્યાં તારા પિતાજી પણ હતા. તેમણે મને આ બધા દિવ્ય અલંકારો અને વસ્ત્રો આપ્યા. હું તો તમને દર્શન આપવા માટે આવી છું બીજી એક વાત કરું. સ્વર્ગમાં ઈન્દ્રનો એક કાયદો છે કે જો કોઈ નવયુવાન સ્ત્રી અગ્નિસ્નાન કરે તો ઈન્દ્ર એને આવા વસ્ત્રાલંકારોથી મઢી દે છે ને પછી આપણા ઘેર મૂકી જાય છે. બંધુઓ! ધનના ભૂખ્યા માનવી આગળ પાછળનો લાંબો વિચાર કરતા નથી. એમને તો લક્ષ્મીની લાલચ જાગી, એટલે વહુ એના પતિને કહે છે તો હું અગ્નિસ્નાન કરું. કાલે પાછી આવી જઈશ. પત્નીની ઈચ્છા જોઈને પતિએ રજા આપી એટલે અગ્નિસ્નાન કરવાનું નક્કી કર્યું. લાકડા મોકલાવી દીધા. સાસુજી કહે છે બેટા! ભલે દાગીના અને વસ્ત્રો મળશે પણ પહેલા બળતી વખતે તો કેટલી પીડા સહન કરવી પડે છે! એ તમારું કામ નહિ, રહેવા દો પણ વહુ માની નહિ અને સ્મશાનમાં ગઈ. લાકડામાં બેસીને પતિ અગ્નિદાહ દેવા જાય છે ત્યારે સાસુને દયા આવી ગઈ. કરૂણાવંત સાસુ એના દીકરાને કહે છે બેટા! આ કાર્ય કરવું છોડી દે. મરેલા કોઈ જીવતા થતા નથી. હું કંઈ બળી નથી. જીવતી છું. શું બન્યું તે વાત ઘેર જઈને હું તને કહીશ.

માતા સમજાવીને દીકરા વહુને ઘેર લાવી, અને જે હકીકત બની હતી તે સત્ય કહી સંભળાવી. પોતે જે મિલકત લાવી હતી તે બધી દીકરા વહુને સોંપી દીધી. પછી દીકરો ને વહુ માતાની ખૂબ સેવા કરવા લાગ્યા. માતા પણ સંસારના સ્વરૂપને બરાબર સમજી ગઈ અને બને તેટલી વધુ ધર્મારાધના કરવા લાગી. દીકરા વહુની આંખ ઉઘાડવા સાસુએ આ કિમિયો કર્યો હતો. હવે સાસુને સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું હતું એટલે એક જ વિચાર કર્યો કે મને જે દુઃખ પડયું તે મારા કર્મના ઉદયથી પડયું છે. એમાં દીકરા વહુનો કોઈ દોષ નથી, જ્યારે જીવને સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે આવો વિવેક આવે છે. સમ્યગ્‌દર્શન એ કોઈ બાહ્ય ચીજ નથી. સમ્યગ્‌દર્શન એટલે શું? સાંભળો સમ્યક્ એટલે સાચી અને દર્શન એટલે આંતરદૃષ્ટિ, દિવ્યદૃષ્ટિ, બહિર્મુખ દશામાંથી અંતર્મુખ દશા પ્રાપ્ત કરાવતી તેજોમય દૃષ્ટિ અને પરમકૃપાળુ

પરમાત્મા જે કહી ગયા છે તે સત્ય છે, અફર છે, શાશ્વત છે એવી શ્રદ્ધા કરાવતી દૃષ્ટિ તેનું નામ સમ્યગ્‌દર્શન. સાસુની દૃષ્ટિ નિર્મળ બની ગઈ તેથી વહુને બળવા દીધી નહિ. જો સાસુએ બળી જવા દીધી હોત તો સાસુનું કાસળ કાઢવા જતા એનું કાસળ નીકળી જાત. આવું સમજીને, આવા દાખલા દૃષ્ટાંતો સાંભળીને, કોઇનું બૂરું કરવું નહિ એવો નિશ્ચય કરજો.

ભગવાન મહાવીર સ્વામીની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩મા અધ્યયનનો અધિકાર આપણે શરૂ કર્યો છે, તેમાં પેલા બે દાસીના પુત્રોને સર્પદંશ થવાથી મૃત્યુ પામ્યા છે તે વાત અવસરે લઈશું. થોડી વાર ચરિત્ર લઇએ. આજે અમારા પરમ ઉપકારી પરમ શ્રદ્ધેય આચાર્ય પૂ. ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ સાહેબની પુણ્યતિથિનો પવિત્રદિન છે. એમનો મારા ઉપર મહાન ઉપકાર છે, એટલે થોડીવાર ચરિત્ર કહીને પૂ. છગનલાલજી મહારાજ સાહેબનું જીવનચરિત્ર કહીશ.

ચરિત્ર :–ગુણસુંદરી રાજા પાસેથી સ્વપ્ન ફળ જાણીને ધર્મારાધનામાં જોડાઈ ગઈ. સવાર પડી. સૂર્યના સોનેરી કિરણોથી આખી ઉજ્જૈનીનગરી ચમકી ઊઠી. ગુણસુંદરી રાણી અને જિતારી રાજા પોતપોતાની પ્રવૃત્તિમાં જોડાયા. જિતારી રાજાએ દરબાર ભરાતા પહેલાં જ અનુચરોને મોકલીને સ્વપ્ન શાસ્ત્રજ્ઞો અને નૈમિત્તિકોને રાજસભામાં હાજર રહેવા આમંત્રણ દેવા મોકલી દીધા હતા. આ ઉજ્જૈની નગરી વિદ્વાનોથી ભરપૂર હતી. દરેક વિષયના નિષ્ણાતો અને પ્રકાંડ વિદ્વાનો વસતા હતા. જાણે સરસ્વતીનો દરબાર જોઈ લો. નૈયાયિકો, વ્યાકરણ શાસ્ત્રીઓ, કવિઓ, સાહિત્ય સમ્રાટો, સંગીતજ્ઞો અને યુદ્ધ નિષ્ણાતો બધા આ નગરીની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા.

"રાજ દરબારમાં જ્યોતિષીઓનું આગમન" : જિતારી મહારાજાનું આમંત્રણ મળતાં જ સ્વપ્નશાસ્ત્રજ્ઞો અને નૈમિત્તિકો સભામાં હાજર થઈ ગયા. રાજા સભામાં પધારે તે પહેલા તો સભા ચિકકાર ભરાઈ ગઈ. નગરજનોને પણ ખબર પડી ગઈ કે પોતાના મહારાજાની રાણીને કોઈ શુભ સ્વપ્ન આવ્યું છે. તેનું ફળ જાણવા માટે રાજાએ મોટા મોટા નૈમિત્તિકોને સભામાં તેડાવ્યા છે. સ્વપ્નનું ફળ જાણવા માટે નગરજનો પણ દરબારમાં આવીને બેસી ગયા. થોડીવારમાં મહારાજા સભામાં આવ્યા એટલે છડીદારે છડી પોકારી. પ્રજાજનોએ ઉભા થઈને રાજાનું સન્માન કર્યું. મહારાજા સિંહાસન ઉપર આરૂઢ થયા પછી સૌ બેસી ગયા. મહારાજાએ પ્રેમભરી નજરે સૌના ઉપર દૃષ્ટિ ફેરવી. ઉંચે દૃષ્ટિ કરી તો ઝરૂખામાં સ્ત્રીઓની બેઠક હતી. અને ગુણસુંદરી મહારાણી પણ ત્યાં આવીને બેઠા હતા. રાણીને કયું સ્વપ્ન આવ્યું હશે ને તેનું શું ફળ હશે તે જાણવા સૌ અધીરા બન્યા હતા. આ અંગેની સૌથી વધુ આતુરતા ગુણસુંદરી રાણીનાં આંખમાં દેખાતી હતી. રાજાએ નૈમિત્તિકોને ઉદ્દેશીને કહ્યું કે હે વિદ્વાનો ! તમે સૌ તો મારી નગરીના શણગાર છો. આજે એક સ્વપ્નનું

ફળ જાણવા માટે મેં તમને તેડાવ્યા છે. ગઈ કાલે રાત્રીના છેલ્લા પ્રહરે રાણીએ સ્વપ્નમાં દિવ્ય કાંતિવાળું અને અપૂર્વ મંગલદાયક એવા સૂર્યના બિંબને જોયું હતું. આ સ્વપ્નથી રાણીને શું લાભ થશે તે હવે આપ પ્રકાશો.

"નૈમિત્તકે કહેલું સ્વપ્નનું ફળ" રાણીના સ્વપ્નની વાત સાંભળીને સભાજનો આનંદમાં આવી અંદરોઅંદર બોલવા લાગ્યા કે રાણીનું સ્વપ્ન મંગલકારી છે. જરૂર કોઈ મહાન લાભ થશે, ત્યારે કોઈ કહેવા લાગ્યા કે રાત્રિના છેલ્લા પ્રહરે આવેલું સ્વપ્ન તો અવશ્ય લાભદાયી નીવડે છે. નૈમિત્તિકો પણ ભેગા મળીને અંદરોઅંદર સ્વપ્નનું ચોકકસ ફળ શું મળે તેની ચર્ચા કરવા લાગ્યા. બધા નૈમિત્તિકો ઘેરથી નીકળ્યા ત્યારે નિર્ણય કરીને આવ્યા હતા કે બધાએ સ્વપ્નનું ફળ વિચારવું ખરું પણ બધાનો મત લઈ એક જણાએ મહારાજાને સ્વપ્ન ફળ કહેવું. જો જુદા જુદા કહેવા જઈએ ને બોલવામાં સહેજ ફરક પડે તો રાજાને આપણા ઉપર શંકા થાય, એટલે સ્વપ્ન ફળનો નિર્ણય કરી એક મોટા નૈમિત્તિકે ઉભા થઈ ને કહેવાની શરૂઆત કરી. હે સૂર્યસમાન તેજસ્વી રાજન્! આપની કીર્તિ સદા અમર રહો. રાણીજીએ જે સ્વપ્ન જોયું છે તે ખરેખર ઉત્તમ છે. સ્વપ્નશાસ્ત્રમાં ૭૨ પ્રકારના સ્વપ્ન બતાવ્યા છે. તેમાં ત્રીસ પ્રકારના સ્વપ્નો ઉત્તમ ગણાવ્યા છે. તે ત્રીસમાંથી કોઈ સ્વપ્ન દેખાય તો તે સ્વપ્ન જોનારને લાભ થાય છે. બાકીના ૪૨ સ્વપ્નો અશુભ ગણાવ્યા છે. તે સ્વપ્ન જોનારને નુકશાન થવાનો સંભવ રહે છે. રાણીજીએ સ્વપ્ન જોયું છે તેનાથી તેમને પુત્રરત્નની પ્રાપ્તિ થશે. જે સ્ત્રી સ્વપ્નમાં સૂર્યના બિંબને દેખે છે તે ઉત્તમ ગુણવાળા પુત્રને જન્મ આપે છે. તેમ સ્વપ્ન શાસ્ત્રોમાં બતાવ્યું છે. તેમાં પણ રાણીજીએ તો ઉત્તમ કાંતિવાળું સૂર્યનું બિંબ જોયું છે. તે પણ રાત્રીના છેલ્લા પ્રહરે જોયું છે. આશ્રી ટૂંક સમયમાં એમને ગર્ભ રહેશે. આ ગર્ભ ખૂબ ઉચ્ચ હશે. અને તે જે પુત્રને જન્મ આપશે તે બુદ્ધિમાં બૃહસ્પતિ સમાન થશે, પરાક્રમી થશે અને લોકમાં સારો પ્રભાવ પાડશે. આ ઉપરાંત તે ધીર, વીર અને ગંભીર બનશે. પોતાના બાહુબળથી કીર્તિ પામશે. આટલું કહીને તે નૈમિત્તિક રાજાને તેમજ રાણીને પ્રણામ કરીને બેસી ગયો.

સ્વપ્નનો ફળાદેશ સાંભળીને રાજારાણીને હર્ષનો પાર ન રહ્યો. હજુ તો પુત્ર જન્મ થવાના કોઈ ચિન્હો રાણીને જણાતા ન હતા, છતાં જાણે આજે જ પુત્રનો જન્મ ન થયો હોય એવો તેમના હૈયામાં આનંદ વ્યાપી ગયો. જિતારી રાજાએ ખુશ થઈ ને નૈમિત્તિકને પોતાના ગળામાં પહેરેલો સવા લાખની કિંમતનો હાર ભેટ આપ્યો ને રાણીએ પણ પોતાનો હાર તેને આપી દીધો. બીજા નૈમિત્તિકોને પણ રાજાએ છૂટે હાથે સોનામહોરોનું દાન કર્યું અને બધાને રેશમી શાલ આપીને સન્માન કર્યું. નૈમિત્તિકોએ પણ રાજારાણીની ખૂબ પ્રશંસા કરી અને મંગલ આશીર્વાદ આપીને પોતાને ઘેર ગયા.

આ પ્રમાણે નૈમિત્તિકોએ રાણીના સ્વપ્નનું ફળ કહ્યું. હવે આગળ શું બનશે તેનો ભાવ અવસરે કહેવાશે. હવે થોડીવાર પૂજ્ય ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ સાહેબના જીવનમાં રહેલા ગુણોનું સ્મરણ કરીએ. (પૂ. મહાસતીજીએ પૂ. ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ સાહેબના જીવનના ગુણોનું સુંદર વર્ણન કર્યું હતું. તેમના જીવનના ગુણ ગુલાબની ગાથા સાંભળતા શ્રોતાઓની આંખો અશ્રુથી છલકાઈ હતી.



વ્યાખ્યાન નં. – ૬

અષાઢ વદ ૧૧ને ગુરૂવાર "જીવનયાત્રામાં શું કરશો?" તા. ૧૯–૭–૭૯.

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો! અનંતજ્ઞાની ત્રિકાળ દર્શી, તીર્થંકર પરમાત્માઓએ ભવ્ય જીવોના કલ્યાણ માટે આગમમાં આત્મહિતનો માર્ગ બતાવતા ફરમાન કર્યું કે હે ભવ્ય જીવો! મહાન પુણ્યોદયે તમને માનવભવ મળ્યો છે. માનવભવ એ આત્મસાધના કરવા માટેનું ઉત્તમ ક્ષેત્ર છે. અહીં આવીને પ્રમાદ ન કરો. સાવધાન બનીને ધર્મારાધના કરો. એ ધર્મારાધના પણ એવી કરજો કે ઓછી ક્રિયામાં મહાન લાભ થાય, પણ ક્રિયાના ફળની આશંસા કદી રાખશો નહિ. હું આવો તપ કરું ને મને આવો લાભ મળે. આવું સુખ–સંપત્તિ અને વૈભવ મળે. એવી આકાંક્ષાથી કરેલી ક્રિયાઓથી ભૌતિક સુખ મળે છે પણ સંસારના મૂળિયા સૂકાતા નથી. ભૌતિક સુખ સમૃદ્ધિ બધી નાશવંત છે. સંસ્કૃત સુભાષિતમાં પણ કહ્યું છે કે, "**अनित्या सर्वे संयोगाः चिरोगान्ताः सुनिश्चितम्।**" સમસ્ત બાહ્યસંયોગો નાશવંત છે, આત્મા અવિનાશી છે. અહીંના સર્વનાશવંત સંયોગોને છોડીને દરેક જીવોને પરલોકની દીર્ઘયાત્રાએ એક દિવસ જવાનું નક્કી છે. તો હવે વિચાર કરો. જીવન કોની ચિંતામાં ગાળવું! વિનાશીની કે અવિનાશીની? એ બાહ્ય સંયોગો માત્ર નાશવંત છે એટલું જ નહિ પણ એ સંયોગો જીવને ભગવાન અને ભગવાનની આજ્ઞાને પણ ભૂલાવી દે તેવા છે તો બંધુઓ! તમે જ કહો કે શું એવા ભગવાનને ભૂલાવનારા અને સંસારમાં જીવને રૂલાવનારા બાહ્ય સંયોગોની ચિંતા અને તેની જ સરભરા કર્યા કરવી કે જિનેશ્વર પ્રભુ અને જિનેશ્વર પ્રભુની આજ્ઞાપાલનનો આરાધના કરાવે એવા સંયોગોની કદર કરી આ કિંમતી જિંદગી એમાં પસાર કરવો? આ બાબતમાં ખૂબ વિચાર કરજો. આ જીવનયાત્રા કોઈ નવી નથી. અનંતી જીવનયાત્રાઓ કર્યા પછીની આ એક કિંમતી જીવનયાત્રા છે, અને હજુ ભવિષ્યમાં આવનારી જીવનયાત્રાઓનું નિર્માણ કરનારી છે. એટલા માટે આ જીવનયાત્રામાં પૂર્વની જીવનયાત્રાઓના શુભાશુભકર્મ, શુભાશુભ સંસ્કારો જીવને અનુભવવા પડે છે તેમજ અહીંના સત્–અસત્ પુરૂષાર્થ પર ભાવિ

જીવનયાત્રાઓમાં કેવા કેવા સુખદુઃખો અનુભવવા પડે તેનો આધાર છે, માટે શાંત અને સ્વસ્થ ચિત્ત વિચાર કરો કે હવે પછીની આપણી ભાવિ જીવનયાત્રાઓ સુખદ, પ્રકાશમય, સમાધિમય અને ઉચ્ચ ભાવનાઓથી ભાવિત બને એવો પુરૂષાર્થ આ વર્તમાન માનવજીવન યાત્રામાં કરવાની જરૂર છે.

બંધુઓ ! આટલા માટે જ્ઞાની પુરૂષો વારંવાર ટકોર કરે છે કે તમે જે કંઈ ધર્મક્રિયા કરો તે શ્રદ્ધાપૂર્વક સમજીને કરો અને સંસારસુખની ઇચ્છા રહિત કરો. આપણું એક જ લક્ષ હોવું જોઈએ કે હે પ્રભુ ! આ સંસાર ભૂમિમાં મેં ઘણી યાત્રાઓ કરી. હવે મારે આ સંસારયાત્રાનો સમૂળ અંત લાવવો છે. હવે મારે દેવલોકના સુખો નથી જોઈતા. મારે તો બસ એક મોક્ષ જોઈએ છે. અણસમજણમાં ધર્મકરણી વેચીને પુણ્ય બાંધ્યા. એ પુણ્યના પથારા ભોગવતા સંસાર સુખોનો રસીયો બનીને સુખ ભોગવ્યા. એ સુખો ભોગવતા મોટી દુઃખની પરંપરા ઉભી કરી. પુણ્ય ભોગવ્યું ને પાપ બાંધ્યું. હવે મારે પાપાનુબંધી પુણ્ય નથી જોઈતું, કારણ કે એ પુણ્ય ભોગવતા બાંધેલા પાપકર્મો ભોગવવા જીવને નરક, તિર્યંચ જેવી દુર્ગતિઓમાં જવું પડે છે. ત્યાં આ જીવે અસહ્ય દુઃખો સહ્યા છે તેને યાદ કરો. જો એ દુઃખો નજર સમક્ષ પ્રત્યક્ષ દેખાશે તો કંપારી છૂટી જશે.

તું યાદ કરી લે નરક, પરમાધામીના પ્રહાર,
ભુખ તૃષા આદિ વેદન, કેવા દુઃખો સહ્યા બેસુમાર,
હવે દોહ્યલા દુઃખો એવા ફરી ફરી ન ચાહે સહેવા,
મળ્યો મોંઘો આ જન્મ, એમાં ઉજાળી લે આતમ.

આવા ભયંકર દુઃખો જીવને નરકમાં ભોગવવા પડે છે. એ પ્રત્યક્ષ દેખાય તો તમે કદી પાપ નહિ કરો, અને કહી દેશો કે મારે હવે પાપ કરવા નથી ને નરકમાં જવું નથી. નરક તમને પ્રત્યક્ષ દેખાતી નથી પણ હું તમને પૂછું છું કે તિર્યંચ તો પ્રત્યક્ષ દેખાય છે ને ? ત્યાં કેટલી પરાધીનતા છે ? માલિક બળદોને દોરડાથી બાંધી દે છે. તેને ખૂબ તરસ લાગી છે, સામે પાણીનો હોજ છલકાઈ રહ્યો છે પણ દોરડું ટૂંકું છે એટલે તરસથી તલકવલક થઈ ગયો છતાં પાણી કયાંથી પી શકે ? એ બિચારા એટલા પરાધીન છે કે ખાવું પીવું એક પણ કાર્ય પોતે સ્વાધીનતાપૂર્વક કરી શકતો નથી. આવું જોઈને પણ સમજો. આપણું લક્ષ એક જ હોવું જોઈએ કે જલ્દી ભવકટ્ટી એમ કરું. આંખમાં તણખલું પડે તો ખૂંચે છે ને ? પેટમાં ચાંદી પડે તો બળતરા થાય છે ને ? હા....તો બસ, સંસાર તમને એવો ખૂંચવો જોઈએ, સંસાર ખૂંચશે તો તરત સંસાર વૃક્ષને મૂળમાંથી ઉખેડી નાંખવાનું મન થશે. ચાલુ અધિકારમાં એ વાત આવશે. સંયમ લઈને ઉગ્ર તપ કર્યા, કઠીન ચારિત્ર પાળ્યું પણ આત્માનું લક્ષ ન રાખ્યું તો કેવું થયું ? જેમ કોઈ માણસ

મહેનત કરીને ગંગાજીનું પવિત્ર જળ લાવ્યો પણ હાથ પગ ધોવામાં ઉપયોગ કરે તો તમે શું કહો ? એવકૂફ ને ? (હસાહસ) એના કરતા હોંશિયાર માણસ ઉત્તમ માનવભવ પામીને સંસારના એંઠવાડ જેવા સુખો ભોગવવામાં રક્ત રહે તો જ્ઞાની પુરૂષોની દૃષ્ટિએ કેવા કહેવાય ? એ તમે સમજી લેજો. માનવભવ મળ્યો ને ભવના ફેરા ટાળવાનો પુરૂષાર્થ ન કરીએ તો સમજી લેવું કે હજુ મોક્ષની લગની લાગી નથી. હવે ફરીને માતાના ગર્ભમાં ન આવવું હોય તો સમ્યક્ પુરૂષાર્થ કરવા માંડો. કોઈ પણ કાર્ય કરો એમાં શ્રદ્ધા અને પુરૂષાર્થ સમ્યક્ હોવા જોઈએ. શ્રદ્ધાની જ્યોત માનવીના જીવનમાં અશ્રદ્ધાના અંધકાર દૂર કરી અવનવો પ્રકાશ ફેલાવે છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

પંજાબમાં રણજિતસિંહ નામે રાજા થઈ ગયા. એમનું શૌર્ય અજબગજબનું હતું. રણમેદાનમાં સદા તેમની જીત થતી હતી. પંજાબની ધરતીનો એ સિંહ હતો. સાથે શ્રદ્ધેય દેવપણ હતા. આખા પંજાબ દેશનો અખંડ પ્રેમ એ જ એના જીવનની અણમોલ મૂડી હતી. પંજાબના ગામેગામમાં એમના શૌર્યના ગીત ગવાતા હતા. આપને એક વાત લેતી કહું કે આ જીવે આવું બળ અનંતી વખત પ્રાપ્ત કર્યું. વિશાળ રાજ્યના સ્વામી બન્યો. એક ભુજબળથી દશ લાખ સુભટોને જીતીને રણક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કર્યો પણ એક આત્મા ઉપર જીવે વિજય નથી મેળવ્યો. શત્રુની તલવારનો સામનો કર્યો પણ માથે કાળ રાજાની તલવાર સતત ઝુલી રહી છે. એના ઉપર વિજય મેળવ્યો નથી ત્યાં સુધી સાચું શૌર્ય પ્રગટ થયું નથી. આત્માનું શૌર્ય મોક્ષ મેળવવામાં છે. મોક્ષની રૂચી જાગે તો મોક્ષના દરવાજા ખોલવાની કુંચી મળે ને ! **"જેને થઈ આત્માની રૂચી, એને મળી મોક્ષની કુંચી."** પાસે કરોડો રૂપિયાની મૂડી હોય, પેઢી ધમધોકાર ચાલતી હોય, પેઢીમાં પચાસ કે સો માણસો કામ કરતા હોય, શેઠજીને ખમ્મા ખમ્મા કરતા હોય, આવું સુખ હોવા છતાં જેને સંસાર ખૂંચતો હોય, મોક્ષ રૂચતો હોય, વૈભવ પગમાં વાગેલા કાંટાની જેમ ખટકતા હોય તો સમજવું કે આ જીવને સમ્યક્ત્વ સ્પર્શ્યું છે.

સમ્યક્ત્વના પાંચ પ્રકાર છે. તેમાં એક ઉપશમ સમકિત છે. ઉપશમ એટલે શું ? તે વાત સમજીએ. ઉપશમ એટલે દબાવવું. શું દબાવવું ? અનાદિકાળની લાલસાઓને દબાવવી, વિષયકષાયોને દબાવવા. લાલસાઓનું મૂળ વિષય વાસનાઓ છે. વિષય વાસનાઓનું મૂળ વિષયસામગ્રી છે અને વિષયસામગ્રીનું મૂળ સંસાર છે. અનાદિકાળથી જીવને સંસાર રૂપી સન્નિપાત લાગુ પડેલો છે. તેમાં વાત, પિત્ત અને કફ રૂપ કષાય, અહંકાર અને પ્રપંચનો રોગ છે. તે રોગ નાબૂદ કરવા માટે મહાન પુણ્યોદયે આ માનવભવ મળ્યો છે. જેને આત્માની પિછાણ થઈ છે તે આત્મા **"દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત, તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણીત."** દેહમાં રહેવા છતાં

વિદેહી દશાની અનુભૂતિ કરતો હોય, દોમ દોમ સાહ્યબીમાં મહાલતો હોવા છતાં એના રોમરોમમાં મોક્ષ મેળવવા માટેનું જોમ હોય. તમને શેનું જોમ છે? પૈસા કમાવા માટેનું. બોલો, એટલું આત્મા માટે છે? સ્હેજ ઠીક ન હોય તો શું કહો? આજે ઉપાશ્રયે નહિ જવાય પણ ઓફીસે જાવ કે ન જાવ? (હસાહસ) નોકરી જવાનું દશ મિનિટ મોડું થાય તો ઉભા નહિ રહો: મોડું થાય તો પગાર કપાય તેની ચિંતા છે પણ ક્ષણે ક્ષણે આયુષ્ય કપાઈ રહ્યું છે એની ચિંતા થાય છે? યાદ રાખજો કે સંસારનો રાગ છોડે મુક્તિ મળશે.

આપણે પંજાબના રણજિતસિંહ મહારાજાની વાત ચાલતી હતી. આ રાજા યુદ્ધમાં જેવા શૂરવીર અને ધીર હતા, તેવા જ તે દયાવાન હતા. પ્રજાનું દુઃખ એટલે પોતાનું દુઃખ અને પ્રજાનું સુખ એ પોતાનું સુખ એમ માનતા હતા. પ્રજાને સુખી કરવા પોતે દુઃખી થાય પણ પ્રજાને દુઃખી કરી પોતે સુખી બનવાનો કદી વિચાર સરખો નહોતા કરતા. મારી પ્રજા દુઃખી તો નથી ને? એ જોવા માટે વેશપલ્ટો કરીને રાત્રે નગરમાં ફરતા. દુઃખી લોકો મોડી રાત્રે જાગીને પોતાના સુખ દુઃખની વાતો કરતા હોય છે. ત્યારે સુખી લોકો ઘસઘસાટ ઉંઘતા હોય છે. રાજા નગરચર્યા જોવા નીકળે ત્યારે જે ઘરમાં ઝીણો દીપક જલતો હોય, માણસો ધીમેથી વાતો કરતા હોય ત્યાં જઈને કાન દઈને વાતો સાંભળતા, અને દુઃખીઓનું દુઃખ જાણવામાં આવે તો એનું દુઃખ ટાળી દેતા. પ્રજાજનોને સુખી જુએ તો એમના હૈયા હરખાઈ જતા.

શ્રેણીક મહારાજાને શાલિભદ્રની રિદ્ધિની ખબર પડી તો હાલીચાલીને પોતે શાલીભદ્રની રિદ્ધિ જોવા ગયા. પોતાની રિદ્ધિ કરતા પણ ચઢિયાતી શાલીભદ્રની રિદ્ધિ જોઈને ખુશ થયા ને કહ્યું: હું ધન્ય છું, હું પુણ્યવાન છું કે મારી નગરીમાં આવી સુખી પ્રજા વસે છે. શાલીભદ્ર તો પત્નીઓ સાથે આનંદવિનોદમાં મસ્ત હતો. માતાએ સાદ પાડીને બોલાવ્યો બેટા! નીચે આવ. આપણા માલિક શ્રેણિક મહારાજ આપણે ઘેર પધાર્યા છે. માતાના કહેવાથી શાલીભદ્ર નીચે આવ્યો એટલે મહારાજા એ એના માથે હાથ મૂકીને કહ્યું દીકરા! તું તો મારા નગર મંદિરના કળશ રૂપ છે. મારા માથાના મુગટ સમાન છે. તારા જેવા શ્રેષ્ઠીવર્યોથી મારી રાજગૃહી નગરી શોભી રહી છે. આવું કેમ કહ્યું? એમાં તમે કંઈ સમજ્યા? મંદિરની શોભા કળશથી છે. કળશ વિના મંદિર શોભતું નથી. રાજાના માથે મુગટ ન હોય તો રાજાની શોભા નથી એમ નગરમાં જો આવા પ્રજાજનો ન હોય તો નગરીની શોભા નથી. આગળના રાજાઓ રાક્ષસ જેવા ન હતા, દેવ જેવા હતા અને આજે તો કેવા છે તે તમને બધાને અનુભવ છે. પ્રજા પાસે ધન દેખે તો કયાંથી લાવ્યા ને કેમ કમાયા? એના ઉપર કેટલા તો ટેકસ નાંખે. પોતાની કમાણી પણ પોતાને ખાવા દેતા નથી. આગળના જમાનામાં આવું ન હતું.

રણજિતસિંહ રાજા પ્રજાના હિતસ્વી હતા. આ રાજાને એક વખત શરીરે મોટા બળીયા પધાર્યા એટલે એમનું રૂપ નષ્ટ થઈ ગયું. સાથે એક આંખ પણ ચાલી ગઈ, પણ આત્માનું સૌંદર્ય કે તેજ ઝાંખુ પડયું ન હતું. પ્રજા તો તેમને દૈવી પુરૂષ તરીકે માનતી, અને એમના નામનો જાપ જપતી. એમના પ્રત્યે અખંડ શ્રદ્ધા ધરાવતી. આપણે શ્રદ્ધા ઉપર વાત ચાલતી હતી. રણજિતસિંહ રાજાની શ્રદ્ધાએ પ્રજામાં ચમત્કારો બતાવેલા. લોકો એમની માનતા માનતા હતા. શ્રદ્ધા ચીજ એવી છે કે લોક માનસમાં સત્યનું સ્વરૂપ ધારણ કરી લે છે. આ મહારાજા માટે, પણ એવી અફવા ફેલાયેલી હતી કે મહારાજાનું શરીર તો પારસનું બનેલું છે. પારસમણિ એટલે તો તમે સમજી ગયા ને ? જેનો સ્પર્શ કરવાથી લોઢું પણ સોનું બની જાય. **"શ્રદ્ધાનો ચમત્કાર"**:–એક વખતનો પ્રસંગ છે. આ વાત લાહોરમાં રહેતા એક ગરીબ વૃદ્ધા માડીના કાને પહોંચી, એટલે ડોશીમાના ગરીબી ભર્યા જીવનમાં જાણે સોનાનો સિતારો ઝળહળી ઉઠયો. એના ઘરમાં એક લોખંડની થાળી હતી. એના મનમાં થયું કે આ થાળી જો મહારાજાના શરીરે સ્પર્શ કરાવી દઉં તો મારું દરિદ્ર ટળી જાય, પણ એ ગરીબ ડોશીને જ્યાં મહારાજાનો ભેટો થવો મુશ્કેલ હોય ત્યાં અનેક માણસોથી ઘેરાયેલા રાજાના શરીરનો સ્પર્શ પોતાની થાળીને કયાંથી કરાવી શકે ? પણ એને શ્રદ્ધા હતી કે મને કયારેક તો મહારાજાના દર્શન થશે ને મારી ઈચ્છા ફળીભૂત થશે. જ. ખરેખર શ્રદ્ધાના સહારે ડોશીમાની શ્રદ્ધા ફળી. સમાચાર મળ્યા કે રણજિતસિંહ મહારાજા દરબારી સ્વાગત સાથે લાહોર પધાર્યા છે. ડોશીમાના વર્ષોનું સ્વપ્ન સાકાર બનવાની અણી ઉપર આવી પહોંચ્યું. ડોશીમાનું દિલ મહારાજા પાસે આવવા તલસી રહ્યું હતું, પણ કરચલીઓથી ઘેરાયેલો દેહ પાછો પડતો હતો, છતાં સોનાની આશાએ દેહને ઘસડે જતી હતી. ડોશીમા એક થેલીમાં થાળી લઈને ઉતાવળા પગલે રાજભવનમાં પહોંચ્યા પણ મહારાજા પાસે પહોંચવું મુશ્કેલ હતું. ભરી સભામાં આવા ગરીબ ડોશીમાને કોણ જવા દે, છતાં હિંમતથી ડોશીમા આગળ વધ્યા, પણ અધવચ્ચે જ પહેરેગીરે દરવાજા આગળથી આગળ જતા અટકાવ્યા. આ દૃશ્ય મહારાજાએ જોયું. એમના મનમાં થયું કે આ ડોશીમા ગરીબ લાગે છે. નક્કી કોઈ આશાથી મારી પાસે આવવા ઈચ્છે છે, એટલે મહારાજાએ પટાવાળાને ઈશારો કર્યો. રાજાનો ઇશારો થતાં ડોશીમાને અંદર જવાની રજા મળી ગઈ. ડોશીમા તો સભામાં આવીને મહારાજાની બાજુમાં બેસી ગયા, એટલે ગરીબોના બેલી મહારાજાએ પૂછયું, માતાજી! આપને અહીં રાજસભામાં કેમ આવવું પડયું ? ડોશીમાએ કંઈ જવાબ ન આપ્યો પણ મળેલો મોકો ચૂકી ન જવાય એ માટે થેલીમાંથી લોખંડની થાળી કાઢી મહારાજાના શરીરે ઘસવા માંડી. આ જોઈને મહારાજાને ખૂબ આશ્ચર્ય થયું. સભાજનો પણ આનું રહસ્ય સમજી શકયા નહિ. મહારાજાએ ફરીથી પૂછયું. મા ! આપને શું જોઇએ છે ? આપ આ

લોઢાની થાળી મારા શરીરે શા માટે ઘસો છો ? અત્યાર સુધી દિલની દાબડીમાં સંઘરી રાખેલી શ્રદ્ધાને ખુલ્લી કરતા હાથ જોડીને ડોશીમા બોલ્યા. મહારાજા ! આપ તો મહાન પવિત્ર દેવતાઈ પુરૂષ છો. મારા જેવી રંકને આપની પાસે આવવાનું શું ગજું ? હું ખૂબ ગરીબ છું. મેં ઘણા વખતથી સાંભળ્યું છે કે આપનું શરીર પારસમણિનું બનેલું છે. તેથી હું મારી આ લોખંડની થાળીને આપના શરીર સાથે ઘસી રહી છું.

આ વૃદ્ધ ડોશીમાની પોતાના પ્રત્યેની અખૂટ અને અતૂટ અંધશ્રદ્ધાને જોઈને રાજાને જરા હસવું આવી ગયું, પણ ગરીબ ડોશીમાની શ્રદ્ધા તૂટી ન જાય એટલે વાતને વળાંક આપતા કહ્યું, હા, મા ! તમારી વાત સાચી છે. હું પારસમણિ છું. તમારી થાળી હમણાં સોનાની બની જશે. મારા હાથમાં આપી દો. મહારાજાએ પ્રધાનને ઇશારો કર્યો એટલે એણે લોખંડની થાળી જેવી જ ભંડારમાં સોનાની થાળી હતી તે લાવીને મહારાજાના હાથમાં આપી. મહારાજાએ એ થાળી ડોશીમાના હાથમાં આપતા કહ્યું કે લો. માડી ! આ તમારી લોખંડની થાળી સોનાની બની ગઈ, પણ એક વાત ધ્યાનમાં રાખજો કે મારું શરીર તમારા જેવું લોહી, માંસ, ચામડી અને હાડકાનું બનેલું છે. પારસમણિ તો એક પ્રકારનો પથ્થર છે. મારું શરીર પારસનું નથી, ત્યારે માડીએ તો મહારાજાના માથે હાથ મૂકીને કહ્યું, મહારાજા ! આપનું શરીર ગમે તેનું હોય પણ મારી લોખંડની થાળી સોનાની બની ગઈ. મારું જિંદગીનું દરિદ્ર આજે ટળી ગયું છે, માટે હું તો તમને પારસ જ કહીશ.

દેવાનુપ્રિયો ! ડોશીમાની શ્રદ્ધાની જ્યોત અખંડ રહી. મહારાજાને અંતરના આશીર્વાદ આપતા ડોશીમા હરખાતા હૈયે પોતાના ઘેર ચાલ્યા. સભાજનો મહારાજાની ઉદારતાની બે મોઢે પ્રશંસા કરવા લાગ્યા અને ગરીબ ડોશીમા પણ બજારની વચ્ચે જાહેરાત કરતા ગયા કે મને આજે પારસમણિ મળી ગયો. જોજો, કેવા રાજા અને કેવી પ્રજા ! આજે રાજાની વાત તો બાજુમાં મૂકો પણ આવા મોટા સુરત શહેરમાં કોઈ ગરીબ માણસ દુઃખી હોય એને કોઈ કહે કે ભાઈ ! ફલાણા શેઠ બહુ સુખી છે. તું એની પાસે જા. એ તારું દુઃખ દૂર કરશે. એ ગરીબ માણસ આશાભેર તમારી પાસે આવે તો એની આશાનો દિપક ઝગમગી ઉઠે એવું તમે એને આપશો કે દસકો-વીસકો આપીને પતાવશો ? (હસાહસ) હસીને પતાવો નહિ. બરાબર જવાબ આપો. હું તો તમને કહું છું કે તમે વધુ ન આપી શકો તો ખેર, પણ એક દિવસ ગરીબ કુટુંબ શાંતિનો શ્વાસ લે એટલું કરશો તો પણ તમને આશીર્વાદ આપશે.

એક જમાનામાં ભારતના મહારાજાઓ કેવા ઉદાર અને પવિત્ર હતા. તે વખતે ગરીબી હઠાવોના પોકારો પડતા ન હતા છતાં ગરીબોની ગરીબી દૂર થઈ જતી હતી. આજે તો ગરીબી હઠાવોના પોકાર પડે છે છતાં ગરીબી હઠતી નથી. ગરીબીને બદલે બિચારા ગરીબોને હઠાવી રહ્યા છે. કાર્યકરો ગરીબોની ગરીબી હઠાવવાના બહાને પોતાની

ગરીબી હઠાવી રહ્યા છે. આગળના રાજાઓ ન્યાયથી રાજ્ય ચલાવતા ને પ્રજાને પૂરો સંતોષ આપતા, તેથી પ્રજા રાજાને પ્રભુ તુલ્ય ગણતી હતી. ઠાકોરીમાએ રણજિતસિંહ મહારાજાને પારસમણિ તરીકે પ્રખ્યાત કર્યા. બંધુઓ! પારસમણિ તો પથ્થર છે. એ તો લોખંડને સુવર્ણ બનાવે છે. આ માનવદેહ પણ પારસમણિ સમાન છે. એનો જો સદુપયોગ કરતા આવડે તો આત્મા મોક્ષના મહાન સુખો મેળવે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનની વાત ચાલે છે. તેમાં આજે મુખ્ય વાત એ હતી કે સંસાર સુખ માટે તમે ધર્મ ન કરો. તમે તમારા મનથી વિચાર કરો કે જે વિષયસુખની લાલસાથી ધર્મ કરે છે તે કોની આરાધના કરે છે? વિષયસુખની લાલસા એ પાપ છે, અને વિષયસુખની લાલસાને આધીન બની જઈને ધર્મને વિષયસુખનું સાધન બનાવી દેવું એ ઘોર પાપ છે. વિષયસુખની લાલસાથી કરેલા ધર્મથી કદાચ દેવલોક મળી જાય તો પણ એની કિંમત ન આંકો, કારણ કે વિષયસુખની લાલસાથી કરાયેલા ધર્મથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાતું નથી પણ એ પુણ્ય પાપાનુબંધી હોય છે. હવે પાપાનુબંધી પુણ્ય એટલે શું? પાપાનુબંધી પુણ્ય એક પ્રકારનું પુણ્ય તો છે પણ તેનાથી નીપજતા પરિણામની અપેક્ષાએ તે બહુ ભયંકર ગણાય છે. એવા પુણ્યથી જે સુખ મળે તે ભોગવતા દરમ્યાન એવી આત્મપરિણતિ રહે કે પ્રાયઃ કરીને ઘણાં અશુભ કર્મો બંધાયા કરે.

દેવાનુપ્રિયો! પાપાનુબંધી પુણ્યથી મળતા સુખોને માણસ જોવે છે પણ તેની પાછળની દુર્ગતિના પરિણામને જોતો નથી તે અજ્ઞાન છે. પાપાનુબંધી પુણ્યના યોગે દેવલોક મળી જાય એમાં ના નથી પણ એક દેવલોક પાછળ રહેલા પરિણામને તો જુઓ. માની લો કે જેમ વિષમિશ્રિત દૂધ હોય પણ એમાં સાકર, બદામ, પિસ્તા, કેસર, ઈલાયચી વગેરે મસાલો નાંખેલો હોય તો એ પીતા મીઠું લાગે કે નહિ? ઝેરવાળા લાડવા ખાતા મીઠા લાગે કે નહિ? લાગે, પણ એ મીઠાશની કિંમત શી? એ મીઠાશ તો અંતે મારનારી છે ને? ઘડીભર મોઢું મીઠું લાગે, પેટ ધરાયેલું લાગે પણ જ્યાં ઝેરની અસર શરીરમાં વ્યાપે એટલે કમોતે મરે કે બીજું કંઈ થાય? મરતા પહેલા એ વેદના કેટલી? નસો ખેંચાઈ જવી વિગેરે પીડા થાય ને? એ ભયાનક વેદના જે અનુભવે તે જાણે અથવા જ્ઞાની જાણે. એ રીતે દેવલોકની પ્રાપ્તિ પેલી મીઠાશ જેવી છે. એ મીઠાશની કિંમત આંકો તો દેવલોકની કિંમત આંકો પાપાનુબંધી પુણ્ય જેમ ભોગવાય તેમ ભોગવનારો પાપના ભારથી પ્રાયઃ લદાતો જાય. કેશર, બદામ, પિસ્તા, ઈલાયચી અને સાકર આદિ મસાલાવાળા વિષમિશ્રિત દૂધની મીઠાશને જોનારો પણ તે વિષમિશ્રિત છે એમ જાણવા છતાં માત્ર તેની મીઠાશને જોઈ તે પીવાથી નીપજતા પરિણામને નહિ જોનારો જેમ ક્ષુદ્ર દૃષ્ટિવાળો અજ્ઞાની કહેવાય તેમ દુન્યવી વિષયસુખો માટે ધર્મ કરનારને પાપાનુબંધી પુણ્યના યોગે મળતા દેવલોકને જોનારો પણ પાછળના

પરિણામને નહિ જોનારો ક્ષુદ્ર દૃષ્ટિવાળો અજ્ઞાન કહેવાય. આટલા માટે જ્ઞાની કહે છે કે આ લોકના કે પરલોકના વિષયસુખોને માટે ધર્મ નહિ કરતા માત્ર મોક્ષને માટે નિરાશંસભાવે ધર્મ કરો.

તેરમા અધ્યયનમાં જે જીવે સંયમ લીધો પણ પાછળથી લૌતિક સુખની લાલસા જાગી અને કરેલી કરણીનું નિયાણું કર્યું તો માંગ્યા પ્રમાણે સુખ મળ્યા પણ એ ભોગવ્યા પછી એને નરકમાં કેવા દુઃખો ભોગવવા પડશે એ બધી વાત અવસરે કહેવાશે.

ચરિત્ર :– જ્યોતિષીઓએ રાજા–રાણી અને નગરજનો સમક્ષ રાણીના સ્વપ્નનું ફળ કહી સંભળાવ્યું. રાજાએ કહ્યું તે જ પ્રમાણે જ્યોતિષીઓએ સ્વપ્નનું ફળ કહ્યું. અગાઉના રાજાઓ પણ આવું જ્ઞાન ધરાવતા હતા. સ્વપ્ન ફળ સાંભળીને નગરજનોને તેમજ રાજા–રાણી આદિ સર્વેને ખૂબ આનંદ થયો અને દિનપ્રતિદિન તે આનંદ વધવા લાગ્યો. તેમના દિવસો આનંદમાં સુખપૂર્વક પસાર થવા લાગ્યા. સુખના દિવસો ક્યાં વ્યતીત થાય છે તેની ખબર પડતી નથી. જિતારી રાજા અને ગુણસુંદરી રાણીનો સમય સુખમાં ક્યાં પસાર થાય છે તેની તેમને ખબર પડતી નથી. તેઓ સંસાર સુખની સાથે યથાશક્તિ ધર્મનું પણ પાલન કરતા હતા. ગુરૂદર્શન, ધર્મશ્રવણ, સુપાત્ર દાન, સંત સેવા આદિ અનેક પ્રકારે ધર્મક્રિયાઓ કરતા હતા. આમ કરતા રાણીને ગર્ભ રહ્યો. દિવસે દિવસે ગર્ભની વૃદ્ધિ થવા લાગી. રાણીએ ઝાઝુ હરવાફરવાનું બંધ કર્યું. અતિ તીખું તેમજ અતિ ગરમ ને ઠંડુ નહિ એવું સાદું ભોજન લે છે. પોતાના ગર્ભને પોષણ મળે અને બાળકને ગળથુથીમાંથી સારા સંસ્કાર મળે તેવું જીવન જીવવા લાગ્યા. જ્યારે માતા ગર્ભવતી હોય છે ત્યારે તેણે ખૂબ ધ્યાન રાખવું પડે છે. ગુણસુંદરી રાણી પોતાના ગર્ભનું સુંદર રીતે પાલન કરવા લાગી. તે આખો દિવસ ધર્મક્રિયા અને ધર્મકથામાં પસાર કરતા હતા. જિતારી રાજા પણ તેને ઉત્સાહમાં રાખવા માટે પૂરો સાથ આપતા હતા.

"ગુણસુંદરીને ઉત્પન્ન થયેલો દોહદ" :– રાણીને ત્રીજો માસ બેઠો એટલે અશ્વ ઉપર બેસીને ઉપવનમાં ક્રીડા કરવા જવાનો દોહદ ઉત્પન્ન થયો. ગર્ભમાં જો ઉત્તમ જીવ આવ્યો હોય તો માતાને ધર્મક્રિયા આદિ કરવાનું મન થાય અને દોહદ સારા ઉત્પન્ન થાય પણ જો પાપી જીવ આવ્યો હોય તો માતાને ખરાબ વિચારો આવે છે. ધર્મનું નામ ગમતું નથી. ઘરમાંથી કાંકરા વીણીને ખાવાનું મન થાય. રાણીએ પોતાને ઉત્પન્ન થયેલા દોહદની વાત રાજાને જણાવી. રાજાએ એનો દોહદ પૂર્ણ કર્યો એટલે એના આનંદનો પાર ન રહ્યો. આનંદ અને ઉત્સાહમાં દિવસો વીતવા લાગ્યા. આમ કરતા સવાનવ મહિના પૂર્ણ થયા.

सवा नव मांहना पूरण होवा पाया, जाया पुत्र प्रधान,
भीम स्वप्न दर्शन से दीना, भीमसेन शुभनाम.

સવા નવ માસ પૂર્ણ થતાં રાણીએ એક રાત્રીમાં તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. મહારાજા મંગલ વધામણીની આતુરતાથી રાહ જોતા હતા ત્યાં મહારાણીની મુખ્ય દાસીએ ઉત્સાહપૂર્વક ઝડપથી રાજા પાસે આવીને પુત્રજન્મની શુભ વધામણી આપી. આ સાંભળીને જિતારી રાજાને આનંદનો પાર ન રહ્યો. એમનું હૈયું હર્ષથી નાચી ઊઠયું. રાજાએ વધામણી દેવા આવનાર દાસીને પુત્રજન્મની ખુશાલીમાં માથે એક મુગટ રાખીને પોતાના શરીરે પહેરેલા બધા કિંમતી આભૂષણો બક્ષીસમાં આપી દીધા. મહારાજાને ત્યાં પુત્રનો જન્મ થયો તે સમાચાર વાયુવેગે આખી ઉજ્જૈની નગરીમાં પ્રસરી ગયા. નગરજનોએ તે દિવસે ઘેર ઘેર મિષ્ટાન્ન બનાવ્યા ને રાજપુત્રનો જન્મ મહોત્સવ ઉજવ્યો. જિતારી રાજાએ પુત્રજન્મની ખુશાલીમાં આખા નગરના ગુરુકુળોમાં ને શાળાઓમાં મીઠાઈ વહેંચાવી. યોગીઓ અને ફકીરોને રાજરસોડે જમાડયા. ગુરૂ ભગવંતોને ભાવથી ગૌચરી વહોરાવી. રાજદરબારમાં કર્મચારીઓનું ને અનુચરોનું યોગ્ય બહુમાન કર્યું. વિદ્વાન પંડિતો તેમજ શાસ્ત્રીઓને ઉચિત ઈનામો આપ્યા. જન્મટીપની સજા ભોગવનાર જેલીઓથી માંડીને બધાને મુક્ત કર્યા. પિંજરામાં પૂરાએલા પશુ પક્ષીઓને મુક્ત કર્યા. તે દિવસે કસાઈખાના બંધ કરાવ્યા. આ રીતે ૬૩ દિવસ સુધી રાજાએ પુત્રજન્મનો મહોત્સવ ઉજવ્યો. બારમા દિવસે સૌ સ્વજનો, સ્નેહીઓ, સંબંધીઓ તેમજ નગરના પ્રતિષ્ઠિત અને મુખ્ય માણસોની હાજરીમાં રાણીએ સ્વપ્નમાં તેજસ્વી સૂર્ય જોયો હતો તેથી બાળકનું નામ ભીમસેન પાડયું. પુણ્યવાન આત્મા છે ને ખૂબ તેજસ્વી છે એટલે તે સૌને વહાલો લાગે છે. અનેક દાસ દાસીઓ એને ઉછેરવા માટે રાખ્યા હતા. રાજા-રાણીને તો હૈયાના હાર જેવો વહાલો છે. કુમારને જોઈને તેઓ ખૂબ હર્ષઘેલા બની જતા. એને ખૂબ વહાલથી રમાડતા ને કાનમાં નવકારમંત્ર પણ સંભળાવતા હતા. આ રીતે સુખમાં ઉછરતો ભીમસેનકુમાર બે વર્ષનો થયો. સોનારૂપાના રમકડે રમવા લાગ્યો. મુખેથી કાલુકાલુ બોલવા લાગ્યો, ત્યાર બાદ શું બને છે.

"સ્વપ્નનું ફળ પૂછતાં મહારાણી" :- ભીમસેન બે વર્ષનો થયો ત્યાર પછી ગુણસુંદરી રાણી એક વખત શાંત ચાંદની રાત્રે સુખશય્યામાં પોઢેલા હતા ત્યારે રાત્રિના છેલ્લા પ્રહરે એક સ્વપ્ન જોયું. સ્વપ્ન પૂરું થતાં રાણીજી જાગી ગયા. પોતે જોયેલું સ્વપ્ન શ્રેષ્ઠ છે એમ સમજીને પહેલી વખતની જેમ ધર્મારાધના કરવા લાગ્યા. જ્યારે મહારાજા જાગૃત થયા ત્યારે રાણીજી તેમની પાસે ગયા ને વિનયપૂર્વક હાથ જોડીને ઉભા રહ્યા. રાજાએ આગમનનું કારણ પૂછયું એટલે રાણીએ બે હાથ જોડીને કહ્યું-હે સ્વામીનાથ ! આજે મેં રાત્રિના છેલ્લા પ્રહરે સ્વપ્નમાં રૂઆબથી ઉભેલા અને જાણે આખા જગતને પડકાર કરતા હોય એવા વનવિહારી મૃગેન્દ્રને જોયો. એને જોતા હું જાગી ગઈ અને આ સ્વપ્ન શુભ છે એમ સમજીને સામયિક કરી નવકારમંત્રનો

જાપ કર્યો, તો હે નાથ! આ સ્વપ્નનું મને શું ફળ મળશે? તે આપ કહો. રાજાએ કહ્યું–દેવી! આપને સિંહ સમાન તેજસ્વી પુત્ર રત્નની પ્રાપ્તિ થશે. રાજાએ નૈમિત્તિકોને તેડાવ્યા. તેમણે પણ આ પ્રમાણે સ્વપ્નનું ફળ કહી બતાવ્યું.

આ સાંભળીને રાજા–રાણીને આનંદનો પાર ન રહ્યો. ફરીને નવ મહિના પૂરા થતાં રાણીએ પુત્રને જન્મ આપ્યો. બીજા પુત્રની વધામણી મળતાં રાજાને ખૂબ હર્ષ થયો. તેમના આનંદનો પાર ન રહ્યો. બીજા પુત્રનો જન્મ મહોત્સવ પણ રાજાએ પહેલાની જેમ ધામધૂમથી ઉજવ્યો. એનું નામ હરિસેન પાડવામાં આવ્યું. મોટાનું નામ ભીમસેન અને નાનાનું નામ હરિસેન. જાણે રામ લક્ષ્મણની જોડી જોઈ લો. બંને બાળકોને ઉછેરવા માટે ખૂબ કાળજી રાખવામાં આવતી. દાસદાસીઓ તેમની સારસંભાળ લેવા માટે સતત હાજર રહેતા. રામ લક્ષ્મણ જેવા પુત્રોની જોડી જોઈને રાજા રાણીનું હૈયું ખૂબ હરખાઈ જતું. ખૂબ લાડકોડથી ભીમસેન અને હરિસેન મોટા થઈ રહ્યા છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. ૭

અષાડ વદ ૧૨ને શુક્રવાર ધર્મ કોના માટે? તા. ૨૦-૭-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો! અનંતજ્ઞાની, ભવ્યજીવોના ભાવિના ઘડવૈયા, કર્મસંગ્રામના શૂરવીર લડવૈયા અને સંસાર સિંધુના તરવૈયા તીર્થંકર પરમાત્મા મહાવીર પ્રભુએ પાવાપુરીમાં અંતિમદેશના આપી. ભગવાને દેશના તો ઘણી આપી છે પણ અંતિમ દેશનાનું મહત્વ વિશેષ છે. જેમ પિતા પોતાના પુત્રને જીવનમાં ઘણીવાર શિખામણ આપે છે પણ અંતિમ સમયે પિતા પુત્રને શિખામણના બે શબ્દો કહે છે તે પુત્રના હૃદયમાં કોતરાઈ જાય છે. તેના દિલમાં થાય છે કે મારા પિતાજીએ જતાં જતાં પણ મને કેવી સુંદર શિખામણ આપી! એવી રીતે ધર્મપિતા મહાવીર પ્રભુએ આપણા એકાંત હિતને માટે સતત સોળપ્રહર સુધી જે હિતશિખામણ આપી છે તે અમૂલ્ય છે. એ આપણા જીવનના અંતિમ સમય સુધી હૃદયપટ ઉપર કોતરી રાખવા જેવી છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયન છે તેમાં એકેક અધ્યયનમાં અલૌકિક ભાવો ભરેલા છે. આપણે તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે તેમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચક્રવર્તિનું પદ પ્રાપ્ત કરવા તપ સંયમને વેચ્યા. કોડી સાટે અમૂલ્ય રત્નો ગુમાવી દીધા.

"ધર્મ આત્મા માટે પણ સંસાર માટે નહિ":– જ્ઞાનીઓ ફરમાવે છે કે હે ભવ્યજીવો! તમે ધર્મનો મર્મ સમજીને ધર્મ કરો. તમે ધર્મને મોક્ષનું કારણ મીટાવી દઈને અર્થ–કામનું કારણ ન બનાવો. ધર્મથી તમને અર્થ–કામ નહિ મળે એમ નહિ. ધર્મથી અર્થ–કામ મળશે તે એવા પ્રકારના મળશે કે એ ભોગવવા છતાં

એમાં લેપાવા નહિ દે પણ તમે ધર્મને અર્થ-કામનો હેતુ ન બનાવો. ધર્મ તો મોક્ષ મેળવવાના લક્ષે કેવળ નિરાશંસ ભાવે કરો. પછી એના યોગે મોક્ષ ન મળે ત્યાં સુધી ઉત્તમ કોટિના અર્થ-કામ મળે એની ચિંતા ન કરો. તમારી દૃષ્ટિ અર્થ-કામ તરફ નહિ પણ મોક્ષ તરફ હોવી જોઈએ. ધર્મની આરાધના બને તેટલા વધુ પ્રમાણમાં કરવી, અને એમાં કોઈ પણ પ્રકારની પૌદ્ગલિક આશંસા ન આવી જાય તે માટેની કાળજી રાખવી. જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે જિન આજ્ઞા મુજબ અને નિરાશંસભાવે કરેલા ધર્મથી તમે જ્યાં સુધી સંસારમાં હશો ત્યાં સુધી ઉત્તમ કોટીના સુખો પ્રાપ્ત થશે અને એનો ભોગવટો ચાલુ હશે તો પણ આત્મા તેમાં જોડાશે નહિ. પરિણામે આરાધના વધશે અને મોક્ષ મળશે. અનંતજ્ઞાનીઓ ચેલેન્જ ફેંકી કહે છે છતાં ધર્મને પૌદ્ગલિક લાલસાની સિદ્ધિનું સાધન કેમ બનાવ્યો છે? જ્ઞાનીઓ કહે છે આશંસાથી કરેલા ધર્મથી જે અર્થ-કામ મળશે તે આત્માને મલીન બનાવનારા નીવડશે. આવું સમજીને કલ્યાણના અર્થી જીવોએ અનંત દુઃખમય સંસારથી મૂકાવાના અને અનંત સુખવાળા મોક્ષને મેળવવાના હેતુથી ધર્મારાધના કરવી જોઈએ. જે આત્માઓ એવા શુદ્ધ ધ્યેયથી નિરાશંસભાવે ધર્મારાધના કરે છે તે આત્માઓ અલ્પ કાળમાં સંસારના અનંત દુઃખથી છૂટી જાય છે અને અનંત સુખના સ્થાનરૂપ મોક્ષને પામે છે. પાંગળો મનુષ્ય પણ જો માર્ગને આશ્રયેલો હોય તો તે ક્રમે કરીને દૂર પહોંચી શકે છે તેમ ધર્મ કરવાવાળો આત્મા પણ જો ધર્મસ્થ બની જાય તો તેનું નિયમા કલ્યાણ થવાનું. જે આત્મા અર્થ અને કામમાં લીન બની ગયેલો છે તેને ધર્મમાં લીન કરો અને દુઃખથી મુક્ત બનાવાનો અને અનંત સુખ પામવાનો ઉપાય સમજાવો. આપ બધા અંતરમાં કોતરી રાખજો કે ધર્મ સંસારથી છોડાવનાર છે ને મોક્ષને અપાવનાર છે. જો આટલું જાણવા છતાં ધર્મને કેવળ સંસારનો હેતુ બનાવી દેવામાં આવે તો તે કેટલું ભયંકર છે! સંસારથી મૂકાવનાર ધર્મને સંસારમાં રૂલાવવાના હેતુ જેવો બનાવી દેવો એ ધર્મની સામાન્ય કોટીની અશાતના નથી. ધર્મના યોગે પૌદ્ગલિક લાલસાઓ ઉપર કાપ મૂકાવો જોઈએ. ધર્મને પામ્યા પછી તો મોક્ષના ધ્યેયમાં નિશ્ચિત બની જવું જોઈએ. સંસાર અનંત દુઃખમય છે એ વાત જેના હૃદયમાં જચતી નથી તેના હૃદયમાં ધર્મ પરિણમી શકતો નથી. મોક્ષસાધક ધર્મ તેના હૈયામાં પરિણામે છે કે જેના હૈયામાં સંસાર અનંત દુઃખમય અને મોક્ષ અનંત સુખમય છે.

જેણે ઉત્તમ ચારિત્ર માર્ગ અંગીકાર કર્યો પણ એને મોક્ષ સુખનું સાધન બનાવવાને બદલે સંસાર સુખનું સાધન બનાવ્યો તો એ સુખ ભોગવ્યા પછી એ જીવને દુર્ગતિમાં કેવા દારૂણ દુઃખ ભોગવવા પડયા એ વાત આ અધ્યયનમાં તમને જાણવા મળશે. આ અધ્યયનમાં મુખ્ય પાત્રો ચિત્તમુનિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તિ છે. એ બે આત્માઓ પૂર્વે કોણ હતા તે વાત આપણે ચાલે છે. ગોવાળના ચાર છોકરાઓએ દીક્ષા લીધી હતી.

તેમાંના બે મુનિઓને ગરમીના દિવસોમાં શરીરે પરસેવો ખૂબ વળવાથી દુગંછા થઈ પણ ચારિત્ર પાળ્યું એટલે કાળકરીને દેવલોકમાં ગયા. ત્યાંથી આવીને દુગંછા કરનાર બે મુનિઓનો જીવ દશપુર નગરમાં શાંડિલ્ય બ્રાહ્મણની યશોમતી નામની દાસીના શોણડીર અને શોણડદત્ત નામે જોડીયા પુત્ર થયા.

બંધુઓ! આ બે બાળકોને ચારિત્ર પ્રત્યે દુગંછા થઈ તો બીજા ભવમાં એમને જૈન ધર્મ ન મળ્યો, પછી ચારિત્રની તો વાત જ કયાં? દાસીના પુત્રો બન્યા ત્યાં ખેતરની રખેવાળી કરવા ગયા ને વૃક્ષ નીચે સૂતા હતા ત્યાં સર્પદંશથી બંને ભાઈઓ મૃત્યુ પામ્યા. ત્યાંથી મરણ પામીને એ બંને દાસીપુત્રો કાલિંજર પર્વત ઉપર હરણીના પેટે જન્મ્યા. આ દુગંછાના કારણે કેવું કર્મ બંધાઈ ગયું? કંઈક ભવો સુધી આ જીવોને ચારિત્ર મળતું નથી. આવા જીવો ચારિત્રથી દૂર ફેંકાઈ જાય છે. જીવ કર્મ બાંધે છે ત્યારે એને ખ્યાલ નથી આવતો પણ ઉદયમાં આવે છે ત્યારે ખ્યાલ આવે છે. આટલા માટે મહાપુરૂષો કહે છે કે **"બંધ સમયે ચિત્ત ચેતીએ, ઉદયે શા ઉચાટ."** જીવ કર્મ બાંધતી વખતે વિચાર નથી કરતો પણ ભોગવતી વખતે હાયવોયનો પાર નથી રહેતો. આટલા માટે જ્ઞાની કહે છે કે હે જીવ! કર્મ બાંધતા પહેલા તું એના પરિણામનો ખૂબ વિચાર કર. એક વખત કર્મ બંધાઈ ગયું પછી એને ફેરવવા માટે ગમે તેટલા પ્રયત્ન કરીએ તો પણ ફરતું નથી. ઘણાં માણસો પોતાના ભાગ્યચક્રને ફેરવવા માટે લાખો પ્રયત્નો કરે છે પણ એ બનવું અશકય છે. માનવી કર્મની ધારણા પ્રમાણે ભાગ્ય ઘડી શકે છે. એને કોઈ પલ્ટાવી શકતું નથી. પ્રારબ્ધ પ્રમાણે દરેક જીવોને આ સંસારમાં સુખ-દુઃખ ભોગવવા પડે છે. એક પ્રસંગ દ્વારા સમજાવું.

એક નગરમાં એક મોટુ ગુરૂકુળ હતું. નગરના રાજાની કુમારીનું નામ ભવ્યકુમારી હતું. એને રાજાએ ગુરૂકુળમાં ભણવા મૂકી. એ જમાનામાં કોલેજો ને હાઈસ્કૂલો ન હતા. બધાને ગુરૂકુળમાં ભણવા જવું પડતું હતું. ગુરૂકુળમાં વિદ્યાર્થીઓને ભણાવનાર એક કલાચાર્ય હતા. કલાચાર્ય ખૂબ જ્ઞાની અને ભવિષ્યવેત્તા હતા. રાજપુત્રી ભવ્યકુમારી એમની પાસે રોજ ભણવા માટે આવતી. એ રાજકુમારીને મૂકવા માટે એના પુસ્તકો ઉપાડીને એક નોકર રોજ સાથે આવતો અને ભવ્યકુમારીને જવાનો સમય થાય તે પહેલા અડધો કલાક અગાઉ આવીને હાજર થઈ જતો. એક દિવસ ભવ્યકુમારીને છૂટવાનો સમય થતાં પહેલા આવીને તે ગુરૂકુળના દરવાજે બેઠો. આ સમયે રાજકુમારીનો અભ્યાસ ચાલતો હતો, ત્યારે કુદરતી રીતે કલાચાર્યની દૃષ્ટિ દરવાજા પાસે બેઠેલા નોકરની સામે ગઈ. એનું લલાટ જોઈને તે વિચારમાં પડી ગયા. અહો, શું આનું તેજ છે! આ તો કોઈ ચીંથરીએ બાંધેલું રત્ન છે. જેમ વાદળમાં સૂર્ય છૂપો રહેતો નથી તેમ પુણ્યવાન માનવીના ઉપર ભલે ને કર્મના ગમે તેટલા વાદળા આવી જાય તેથી કંઈ

એનું લલાટ ઝાંખું રહેતું નથી. જ્યાં સુધી પુણ્ય જીવતું ને જાગતું છે ત્યાં સુધી તમારું લલાટ ઝગારા મારશે પણ જ્યાં પુણ્યની સર્ચલાઈટ ઓલવાઈ ગઈ ત્યાં એ પ્રકાશ બંધ થઈ જાય છે.

દાસનું તેજસ્વી લલાટ જોઈને કલાચાર્યે મસ્તક હલાવ્યું. આ દૃશ્ય ભવ્યકુમારીએ જોયું એટલે જિજ્ઞાસાથી બોલી ગુરૂદેવ! આપે મારા નોકરને જોઈને માથું કેમ હલાવ્યું? ગુરૂએ કહ્યું બેટા! એ જાણવાની તારે કંઈ જરૂર નથી. રાજકુમારીએ કહ્યું–ગુરૂદેવ! આપે મને કહેવું જ પડશે. ગુરૂએ કહ્યું–દીકરી! તને કહેવા જેવું નથી. જાણવાથી તને દુઃખ થાય તેમ છે. રાજકુમારી કહે ભલે મને દુઃખ થાય પણ વાત તો તમારે કહેવી જ પડશે. રાજકુમારીએ તો હઠ પકડી. કહેવત છે ને કે સ્ત્રીહઠ, બાળહઠ, રાજહઠ અને જોગીહઠ એ ચાર હઠ છોડાવવો મુશ્કેલ છે. તે રીતે આ રાજકુમારી હઠે ચઢી એટલે કલાચાર્યને કહેવું પડયું. કલાચાર્યે રાજકુમારી સામે જોઈને કહ્યું, તમે કહો છો તો સાંભળો. આ નોકર તમારો પતિ બનવાનો છે. કુંવરીએ ગર્વથી કહ્યું એ બને નહિ. બનવું અશકય છે. બહેન! તમારા ભાગ્યમાં એમ જ લખાયેલું છે. ભાગ્યમાં લખાયેલું હોય તેમાં ફેરફાર કરવા કોઈ શક્તિમાન નથી. આ સમયે અભિમાનથી અક્કડ બનેલી કુમારીએ ગર્વથી કહ્યું. ગુરૂદેવ! હું મારા ભાગ્યને પલ્ટાવી નાંખીશ. કલાચાર્યની ભવિષ્યવાણી સાંભળીને રાજકુમારીના ક્રોધનો પાર ન રહ્યો. ક્રોધથી ધમધમતી એ રાજમહેલમાં પહોંચી.

"ભાગ્યચક્ર ફેરવવા ઈચ્છતી રાજકુમારી" :– રાજકુમારી રૂપરૂપનો અંબાર હતી. બુદ્ધિવંત અને ચાલાક હતી. તેટલી હઠીલી પણ હતી. એણે મનમાં નક્કી કર્યું કે આ નોકરને કોઇ ઉપાયે મરાવી નાંખુ પછી મારા લગ્ન એની સાથે થશે જ કયાંથી? એટલે ખાવાપીવાનું છોડીને રાજમહેલના એક અંધારા ઓરડામાં રીસાઈને સૂઈ ગઈ. માતાપિતાને એ ખૂબ લાડકી હતી. તેમને ખબર પડી કે દીકરી તો રીસાઈને અંધારા ઓરડામાં સૂઈ ગઈ છે, એટલે માતા–પિતા પોતાની લાડકવાયી કુંવરીની પાસે આવીને કહે છે બેટા! તને શું દુઃખ છે કે આમ અન્નજળનો ત્યાગ કરીને અહીં સૂઇ ગઈ છે? કુંવરીએ કહ્યું–હું કહું તેમ કરવાનું મને વચન આપો તો જ હું અન્નપાણી લઇશ, નહિતર આ દેહનો ત્યાગ કરીશ. માતાપિતાએ કુંવરીનો અડગ નિશ્ચય જોઇને કહ્યું તું કહે તેમ કરીશું. વિના સંકોચે કહે. કુંવરીએ કહ્યું તો તમે મારા આ નોકરને કોઈ પણ રીતે મરાવી નાંખો. રાજરાણીએ કહ્યું બેટા! આ નોકર તો કેવો સીધોસાદો ને વિશ્વાસુ છે. એનો શું વાંક છે? એણે તને કંઇ કહ્યું છે? તારા સામે કુદૃષ્ટિ કરી છે? શું છે તે જલ્દી કહે. ભવ્યકુમારીએ કહ્યું–મારા કલાચાર્યે તેનું ભવિષ્ય ભાંખ્યું છે કે એ મારો પતિ થશે. તો મારે આ પતિ ન જોઇએ. મારે તો મારું ભવિષ્ય પલ્ટાવી નાંખવું છે.

"કુંવરીની વાત જાણતાં કોપાયમાન થયેલા રાજા" :– ભવ્યકુમારીની વાત સાંભળીને રાજારાણીને પણ ક્રોધ આવ્યો. તરત જ ચંડાળોને બોલાવીને હુકમ કર્યો કે આ નોકરને જંગલમાં લઈ જઈને એના રાઈ રાઈ જેટલા ટુકડા કરીને મારી નાંખો. એને તમે મારી નાંખ્યો એની ખાત્રી માટે એની આંખો કાઢીને મારી પાસે લાવજો. માનવી પોતાની ભાગ્યરેખાને ભૂંસી નાંખવા લાખો પ્રયત્નો કરે છે પણ કર્મરાજાથી નિર્માણ થયેલી ભાગ્યરેખાને કોઈ લૂછી શકતું નથી. રાજાનો હુકમ થતાં ચંડાળો પેલા નોકરને પકડીને જંગલમાં લઈ જવા લાગ્યા ત્યારે છોકરાએ પૂછ્યું– મારો શું વાંક ગુન્હો છે કે મને આમ પકડીને જંગલમાં લાવ્યા ? ચંડાળોએ કહ્યું તારો શું વાંક છે એ તો અમે જાણતા નથી પણ રાજાએ અમને તને મારી નાંખવાનો હુકમ કર્યો છે. ભાઈઓ ! મેં તો રાજાનો કોઈ ગુન્હો કર્યો નથી ને આવો હુકમ કેમ કર્યો ? અમારે તો રાજાના હુકમ પ્રમાણે તને મારી નાખવો પડે. હુકમ પ્રમાણે ન કરીએ તો રાજા અમારા ઉપર કોપાયમાન થઈ જાય. આ સાંભળીને નોકરની આંખમાં આંસુ આવી ગયા. તે ચંડાળો પાસે ખૂબ કરગર્યો. ભાઈ ! મારો કોઈ ગુન્હો નથી. મને જીવતો છોડી મૂકો. રાજા આજે મને મરાવી નાંખે છે ને કાલે કદાચ તમને પણ મરાવી નાંખશે. આવા અન્યાયી હુકમનું પાલન કરીને તમે શા માટે પાપમાં પડો છો ? છોકરાની વાતો સાંભળીને ચંડાળોનું દિલ દ્રવી ઉઠયું. એમને દયા આવી એટલે કહ્યું છોકરા ! તું આ વાત ખાનગી રાખજે. અહીંથી કયાંક તું દૂર ભાગી જા. આ નગરમાં ફરીને કયારે ય આવીશ નહિ. જો રાજાને ભૂલેચૂકે આ વાતની ખબર પડશે તો અમને મારી નાંખશે.

"મોતના મુખમાંથી બચેલો નોકર" :– દેવાનુપ્રિયો ! ચંડાળ કુળમાં જન્મ પામવાથી કંઈ માણસ ચંડાળ હોતો નથી. પૂર્વકર્મના ઉદયથી ચંડાળ જાતિમાં જન્મ્યા પણ જો એની કાર્યવાહી ચંડાળની નથી તો એ ઉચ્ચ છે, પણ ઉચ્ચકુળમાં જન્મીને પણ જે ચંડાળ જેવા કર્તવ્ય કરતો હોય તો તે ચંડાળ છે. જાતિ ચંડાળ સારો પણ કર્મચંડાળ નહિ સારો. આ ચંડાળોને દયા આવી એટલે નોકરને છોડી મૂક્યો, પણ એને માર્યાની નિશાની રૂપે આંખ તો લઈ જવી પડે ને ? જંગલમાં તપાસ કરતાં એક મરેલું હરણીયું પડયું હતું. તેની આંખો કાઢીને રાજા પાસે લઈ ગયા ને રાજાને આપતા કહ્યું કે આપના હુકમ મુજબ અમે નોકરને મારી નાંખ્યો છે. રાજાએ એ આંખો પોતાની પુત્રીને આપીને કહ્યું–બેટા ! મેં નોકરને મરાવી નાંખ્યો. કુંવરી એ આંખોને પગ નીચે ચગદી નાંખીને ખુશ થતી બોલી, હાશ ! મેં મારી બુદ્ધિથી મારા ભાગ્યને પલટાવી નાંખ્યું છે. હવે એ મારો પતિ કયાંથી બનવાનો છે ! એમ મનમાં ખુશ થવા લાગી.

"સિતારો પ્રગટયો ભાગ્યનો" :– આ તરફ પેલો દાસ ચાલતો ચાલતો

ઘણે દૂર પહોંચી ગયો. ફરતો ફરતો એક દિવસ તે ચંદ્રનગરના પાદરે પહોંચ્યો. તે સમયે ચંદ્રનગરના રાજા મૃત્યુ પામ્યા હતા. એમને કોઈ સંતાન ન હતું એટલે હવે રાજતિલક કોને કરવું એ એક પ્રશ્ન હતો. રાજાની રાણી બહુ હોંશિયાર હતી. ખૂબ વિચાર કરીને એણે રાજ્યમાં ઢંઢેરો પીટાવ્યો કે આવતીકાલે સવારે જે કોઈ વ્યક્તિ સૌથી પ્રથમ નગરના દરવાજામાં દાખલ થાય એને મારી પાસે લઈ આવવો. હું તેને ઠીક કરીશ. આ ઢંઢેરો સાંભળીને નગરજનોને ડર લાગ્યો કે રાણી ઠીક કરવાનું કહે છે તો શું કરશે ? શું એ માણસને પકડીને યજ્ઞમાં હોમાવશે કે પછી કોઈ દેવીને ભોગ ચઢાવશે કે ફાંસીએ ચઢાવશે અગર બીજી કોઈ શિક્ષા કરશે ? આવા ભયથી નગરજનોએ નક્કી કર્યું કે કોઈએ નગર બહાર જવું નહિ ને નગરના દરવાજામાં પ્રવેશ કરવો નહિ. ડરના માર્યા કોઈ દરવાજામાં પ્રવેશ કરતું નથી. પેલો નોકર તો અજાણ્યો માણસ છે. એને આ વાતની કંઈ ખબર નથી. એ બિચારો ભૂખ્યો, તરસ્યો ને થાકયોપાકયો દરવાજા બહાર ઓટલે સૂઈ ગયેલો. હવે કયાં જવું ને શું કરવું એનો વિચાર કરતો વહેલો ઉઠીને એ પહેલો જ નગરના દરવાજામાં દાખલ થયો, એટલે રાજ્યના અનુચરો તેને પકડીને રાણી પાસે લઈ ગયા ને કહ્યું આ માણસ સૌથી પહેલા આપણા નગરના દરવાજામાં દાખલ થયો છે. રાણીએ એને પ્રેમથી બોલાવીને કહ્યું ધન્ય છે....ધન્ય છે, પછી સવારે મોટી સભા ભરીને કહ્યું હે મારા નગરજનો ! મેં કાલે જાહેર કરાવ્યું હતું કે જે માણસ સૌથી પહેલો નગરના દરવાજામાં પ્રવેશ કરે એને મારી પાસે લઈ આવજો. હું એને ઠીક કરીશ. તો આ છોકરો દરવાજામાં સૌથી પ્રથમ પ્રવેશ્યો છે માટે હું એને આજે મારા હાથે રાજતિલક કરું છું, કારણ કે મેં નિશ્ચય કર્યો હતો કે જે નગરના દરવાજામાં પહેલો પ્રવેશ કરે એને મારે રાજતિલક કરવું. એમ કહીને રાણીએ નોકરના કપાળમાં રાજતિલક કર્યું ને એનું નામ ચંદ્રસિંહ રાખ્યું. આ જાણીને નગરજનોને ખૂબ અફસોસ થયો કે આપણે ભૂલ કરી. આપણને આવી ખબર હોત તો રાત્રે નગર બહાર ચાલ્યા જાત અને સવારમાં પહેલા જ નગરના દરવાજામાં દાખલ થાત. તો આપણે રાજા બનત ને ? પણ હવે શું કરવાનું ? તક ચૂકી ગયા. ભાગ્ય વિના ભાગ્યશાળી કયાંથી બનાય ? પેલા નોકરનું ભાગ્ય કામ કરી ગયું ને એક નોકરમાંથી રાજા બન્યો.

ચંદ્રસિંહ રાજા ખૂબ ન્યાય નીતિપૂર્વક રાજ્ય ચલાવે છે. એની ખ્યાતિ દેશોદેશમાં ફેલાઈ ગઈ. ચારે તરફ એની ખૂબ પ્રશંસા થવા લાગી કે દુનિયામાં બધા રાજા ભલે રહ્યા પણ ચંદ્રનગરના ચંદ્રસિંહ રાજાની તોલે કોઈ ન આવે. શું એનું રૂપ છે ! શું એના ગુણ છે ! જાણે કોઈ દેવ જ આ પૃથ્વી ઉપર ન ઉતર્યા હોય ! એવા એ પવિત્ર અને ન્યાયી રાજા છે. આ ચંદ્રસિંહ મહારાજાની પ્રશંસા સાંભળીને ભવ્યકુમારીએ નિર્ણય કર્યો કે બસ, પરણું તો ચંદ્રસિંહ રાજાને જ, જો એ પતિ ન મળે તો મારે

અગ્નિસ્નાન કરીને બળી મરવું. એવા માતા-પિતાને આ વાતની જાણ થઈ એટલે ભવ્યકુમારીનું ચંદ્રસિંહ મહારાજાને કહેણ મોકલાવ્યું. રાજાએ તેનો સ્વીકાર કર્યો. જુઓ, માણસનું ભાગ્ય શું કામ કરે છે? કુંવરીએ ભાગ્યને પલટાવવા માટે શું કર્યું હતું? એ તો તમે જાણો છો ને? પણ ભાગ્ય કયાં લઈ જાય છે! કયાં નોકરને રાજા બનવું ને કુંવરીને એની સાથે પરણવું! માટે જ મહાન પુરૂષો કહે છે કે કર્મરાજાથી નિર્માણ થયેલા ભાગ્યને પલટાવવા કોઈ સમર્થ નથી. ચંદ્રસિંહ રાજાના ભવ્યકુમારી સાથે ખૂબ ધામધૂમથી લગ્ન થયા. ભવ્યકુમારી પરણીને આવી પણ એને ખબર નથી કે આ રાજા કોણ છે? રાજાને ખબર છે કે આ રાજકુમારી કોણ છે? પણ રાજા ખૂબ ગંભીર હતા. કદી રાણીને એ વાત કહેતા નથી. અનાસક્તભાવે સંસારસુખ ભોગવતા ભવ્યકુમારીને એક પુત્ર થયો. ભવ્યકુમારી સાથે લગ્ન થયા ત્યારથી રાજાના દિલમાં વિચાર થતો કે અહો! આ સંસાર કેવો છે? કયાં એ મને મારી નાખવા તૈયાર થઈ હતી ને કયાં મારી સાથે પરણી! જ્ઞાનીઓએ આ સંસારને દુઃખમય કહ્યો છે. તે સિવાય આ આયુષ્યનો શું ભરોસો છે? એક વખત મૃત્યુના મુખમાંથી બચ્યો છું. હવે કાળરાજાના તેડા કયારે આવશે એની ખબર નથી, માટે હવે હું આ રાજ્યનો મોહ છોડી સંયમ લઉં.

ચંદ્રસિંહ રાજાને આવી ભાવના થઈ. તે અરસામાં કોઈ જ્ઞાની સંતો ત્યાં પધાર્યા. રાજા પ્રથમથી સંતોના પ્રેમી હતા. એમને ખબર પડી એટલે દર્શન કરવા ગયા. એ દિવસે સંતે સંસાર કેવો દુઃખમય અને અસાર છે એ વિષય ઉપર જ વ્યાખ્યાન આપ્યું. એ સાંભળીને રાજાનો વૈરાગ્ય દઢ બન્યો. સંસાર ઉપરથી એમને નિર્વેદ આવ્યો. નિર્વેદ એટલે શું તે જાણો છો? નિર્વેદ એટલે કંટાળો. એ કંટાળો શેનો? આ સંસારના રાગદ્વેષ અને મોહનો. બંધુઓ! આ રાજાને તો સંસાર ઉપરથી કંટાળો આવ્યો ને દીક્ષા લેવા તૈયાર થયા, પણ તમને કંટાળો આવે છે ખરો? જો કંટાળો આવ્યો હોય તો સંયમ લેવા માટે તૈયાર થઈ જજો. જરા, તમારા આત્મા સાથે વિચાર કરો, અનાદિકાળથી જીવે વિષયોનું સેવન કર્યું છે. તેના કુસંસ્કારો આત્મા ઉપર પડેલા છે' પરિણામે જેવા નિમિત્તો મળે છે તેવા તે સંસ્કારો સચેત બને છે. આટલી ઉંમર જવા છતાં આ સંસાર પરથી આસક્તિ ઓછી થતી નથી. મમતા મરતી નથી તો વિચાર કરજો કે તમારા ઉતારા કયાં કરવા છે? જ્ઞાની પુરૂષો કહે છે હે જીવાત્મા! **જિંદગીના પાર્સલ પર મૃત્યુની મહોર વાગે તે પહેલાં મારે કયાં જવું છે તે સરનામું ચેક કરી લેજો.** આ વાતને તમે સમજ્યા? જ્યાં સુધી આયુષ્યનો દીપક જલે છે ત્યાં સુધી કામ કાઢી લો, જેથી તમારા ઉતારા સદ્ગતિમાં થાય.

"ઠોરાજ્ય પંથે પ્રયાણ કરતા રાજા" :- સંસાર ઉપરથી જેને નિર્વેદ આવ્યો છે એવા ચંદ્રસિંહ રાજાએ મહેલમાં આવીને રાણી પાસે પોતાની સંયમ લેવાની

ભાવના વ્યક્ત કરી ત્યારે રાણીએ કહ્યું–સ્વામીનાથ! આપને એકાએક દીક્ષા લેવાનું મન કેમ થયું? ત્યારે રાજાએ કહ્યું–હું એક વખત મૃત્યુના મુખમાંથી બચી ગયો છું. ત્યારથી મને આવા ભાવ તો હતા પણ કર્મે મને અત્યાર સુધી સંસારમાં જકડી રાખ્યો. હવે મારો વૈરાગ્ય તીવ્ર બન્યો છે એટલે હું એક ક્ષણ વાર પણ સંસારમાં રહેવા ઇચ્છતો નથી. રાણીએ પૂછયું : નાથ! આપના જીવનમાં એવો શું પ્રસંગ બની ગયો ને કયારે મૃત્યુના મુખમાંથી બચ્યા? તે મને કહો, એટલે કુંવરી ગુરૂકુળમાં કલાચાર્ય પાસે ભણતી હતી તે વખતે કલાચાર્યે જે ભવિષ્ય ભાંખ્યું હતું ને પોતે નોકરને મારી નાંખવાનું કહ્યું હતું. રાજાએ હુકમ કર્યો ને પોતે કેવી રીતે બચ્યો ને આ ચંદ્રનગરનો રાજા કેવી રીતે બન્યો તે બધી વાત કરી. આ સાંભળીને રાણીના દિલમાં ભયંકર આંચકો લાગ્યો. અહો! આ શું! હું કેવી દુષ્ટ બની? તે નોકરને મારી નાંખ્યો છે એમ માનીને એની આંખો પગ નીચે કચરીને કેવી હરખાઇ હતી? અહો, ભાગ્યની રેખા પલટાવવા જ્ઞાની ભવિષ્યવેત્તા એવા મારા ગુરૂના વચનોને પણ ઉથલાવવા હું તૈયાર થઈ! મેં કેવું ઘોર પાપ કર્યું? આ મારા પાપકર્મો કયાં ધોવાશે? એ ઘોર પાપને ધોવા માટે હું પણ મારા પતિની સાથે જ દીક્ષા લઉં. રાણીને પણ સંસાર પ્રત્યે નિર્વેદ ભાવ આવ્યો. પુત્રને રાજ્ય સોંપી ચંદ્રસિંહ રાજા અને ભવ્યકુમારી રાણી બંનેં જણાએ કર્મોનો ક્ષય કરવા ચારિત્ર અંગીકાર કર્યું.

દેવાનુપ્રિયો : આ દૃષ્ટાંત સાંભળીને આપણે તો એમાંથી એટલો જ સાર લેવાનો છે કે માણસ અભિમાનમાં આવીને કેવા કર્મ બાંધે છે. કર્મરાજા આપણા ભાગ્યનું નિર્માણ કરે છે. એ ભાગ્યને ફેરવવા માટે કોઈ ગમે તેવા ઈલાજો કરે તો તેથી કંઈ નિર્માણ થયેલા ભાગ્યમાં ફેરફાર કરવાની કોઇની તાકાત નથી. જે કર્મ બંધાઈ ગયું એને ભોગવ્યે જ છૂટકો છે. પેલા બે મુનિઓએ ચારિત્ર લઈને દુગંછા કરી તો કેવા કર્મ ભોગવવા પડયા. ચારિત્રની વાત તો દૂર રહી પણ જૈન ધર્મથી ય કેટલા વિમુખ થઈ ગયા! દાસીપુત્રે મરીને કાલિંજર પર્વત ઉપર હરણીના પેટે જન્મ લીધો. એક વખત એ બંને બચ્ચાં એની માતાની સાથે ચારો ચરવા ગયેલાં. ત્યાં કોઈ શિકારીએ બાણ માર્યું તેથી તે બંને બચ્ચાં બાણથી વીંધાઈને મરણ પામ્યાં. મરીને એ બંને જીવોએ ગંગા નદીના કિનારે રહેતી એક હંસલીના પેટે જન્મ લીધો. ત્યાં પણ કર્મરાજાએ એમને સુખે રહેવા દીધા નહિ. એક વખત એ બંને બચ્ચાં એની માતા હંસલી સાથે કિલ્લોલ કરી રહ્યાં હતાં ત્યારે કોઈ દુષ્ટ શિકારીએ એમને પકડીને મારી નાખ્યાં. હવે તે કયાં જન્મ લેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેન અને હરિસેન બંને રાજકુમારો અનેક દાસ-દાસીઓ અને માતા-પિતાના લાડ પ્યારમાં ઉછરવા લાગ્યા. વહાલા પુત્રો શું બોલ્યા ને શું બોલશે? પાણી માંગતા એમને દૂધ મળતું હતું. દિવસે દિવસે બંને ભાઈઓ મોટા

થવા લાગ્યા. સોના–રૂપાના રમકડાના હાથી–ઘોડાથી રમત રમતા રમતા સાચા હાથી ઘોડા ઉપર બેસતા થઈ ગયા. ઘણી વાર ઘોડેસ્વારો બંને કુમારોને ઘોડે બેસાડીને દૂર સુધી ફરવા લઈ જતા ને ક્યારેક હાથી ઉપર પણ ફરી આવતા. ભીમસેન હરિસેન કરતા બે વર્ષે મોટો હતો, પણ બંને ભાઈઓ જાણે સરખી ઉંમરના હોય તે રીતે રહેતા હતા. કોઈ પણ વસ્તુમાં ભીમસેન હરિસેનને જે ગમતી વસ્તુ હોય તે તેને પહેલા આપી દેતો. હરિસેન પણ મોટાભાઈનું બહુમાન કરતો. તેમનો પડયો બોલ ઝીલી લેતો. તેની સાથે કદી ઊંચા અવાજે બોલતો નહિ. બંને વચ્ચે અથાગ પ્રેમ હતો.

દિવ્ય રૂપ દો બાંધવ દીપે, હરિ હલધરકી જોડ,
ક્ષીર નીર જ્યોં પ્રીત અખંડિત, ખાન પાન ઈક કોડ

બંને ભાઈઓ જ્યારે ફરવા નીકળતા ત્યારે જાણે એમ લાગતું કે કૃષ્ણ અને બલભદ્ર જ ન હોય! રામ અને લક્ષ્મણ જ ન હોય! બંને ભાઈઓ વચ્ચે ખૂબ પ્રેમ હતો. હરવા, ફરવા, રમવા, જમવા જ્યાં જાય ત્યાં બંને સાથે ને સાથે જ રહેતા. કદી એકબીજાથી છૂટા પડતા નહિ. આવા સુંદર દેવકુમાર જેવા પુત્રોને જોઈને રાજા–રાણી અને પ્રજાજનો બધા ખૂબ આનંદ પામતા હતાં.

"ગુરૂકુળમાં ભણવા જતા કુમારો":–બંને કુમારો હવે ભણવાને યોગ્ય થયા જાણીને રાજા–રાણી તેમને ભણવા મૂકવાનો વિચાર કરવા લાગ્યા. શુભ દિવસે મંગલ પ્રભાતે રાજાએ ભીમસેનને ગુરૂકુળમાં ભણવા મૂકયો. એ જ રીતે બે વર્ષ પછી હરિસેનને પણ એ જ ગુરૂકુળમાં ભણવા મૂકયો. કુમારોને ભણવા મોકલ્યા પછી રાજા–રાણીને પુત્ર વિના મહેલ સૂનો સૂનો લાગવા માંડયો, પણ પુત્રોને ભણાવ્યા વિના કેમ ચાલે? જે માતાપિતાઓ સંતાનોના મોહમાં પડી ભણાવતા નથી તે પિતા શત્રુ છે ને માતા વૈરી છે. બંને ભાઈની બુદ્ધિ ખૂબ તીવ્ર હતી અને જન્મથી જ તેમને સારા અને ઉચ્ચ સંસ્કારો મળ્યા હતા. આથી ગુરૂકુળમાં બધા છાત્રોની વચમાં તેઓ અલગ તરી આવતા હતા. ગુરૂ જે કંઈ પાઠ આપે તે બંને ભાઈઓ એક ચિત્તે સાંભળતા. તેનું મનન કરતા અને કંઠસ્થ કરવા યોગ્ય કંઠસ્થ પણ કરી લેતા. જ્યાં શંકા પડે ત્યાં પ્રશ્નો પૂછી લેતા. ચર્ચામાં પણ બંને ભાઈઓ મોખરે રહેતા. સાહિત્ય, શસ્ત્ર અને શાસ્ત્ર દરેક વિદ્યાઓમાં બંનેનો પ્રથમ નંબર આવતો. બંને ભાઈઓ ગુરૂનો ખૂબ વિનય કરતા. ગુરૂની જીભ ફરે ને એમના પગ ફરે. આવા શિષ્યો ગુરૂને પોતાના પુત્રથી અધિક વહાલા હોય એમાં શું નવાઈ? પોતાના વિદ્યાર્થીઓ પોતાના કરતા વધુ વિદ્વાન બનતા જાય એ જોઈને ગુરૂ ગૌરવ અનુભવતા અને અધિક ઉત્સાહથી વધુ તાલીમ આપતા.

ગુરૂએ બાર બાર વર્ષો સુધી ખૂબ જહેમત ઉઠાવીને બંને ભાઈઓને પુરૂષોની ૭૨ કળાઓમાં પ્રવીણ બનાવી દીધા. એ ૭૨ કળાઓમાં સંસારનું જ્ઞાન આવી જાય છે. જ્ઞાની કહે છે કે હે જીવો! તમે બધી કળાઓમાં પ્રવીણ બનો પણ જો એક કળામાં

પ્રવીણ ન બનો તો જીવન નકામું છે. એ કળા કઈ છે તે જાણો છો ? "**सर्वकला धर्मकला जिणाइ**" "ધર્મકળા". સર્વ કળાઓમાં જો કોઈ શ્રેષ્ઠ કળા હોય તો તે ધર્મકળા છે. ધર્મકળા સર્વ કળાઓને જીતે છે. આ બંને ભાઈઓને ગુરૂએ ધર્મકળા પણ શીખવાડી. એવી એક પણ વિદ્યા કે શાસ્ત્ર ન હતું કે જે ભણ્યા વિના આ બંને ભાઈઓ રહી ગયા હોય. આવા તેજસ્વી વિદ્યાર્થીઓને જોઈને ગુરૂને પણ ખૂબ આનંદ થયો, કારણ કે એમની મહેનત સફળ થઈ. બંને ભાઈઓને લઈને ગુરૂ હર્ષભેર નગરીમાં આવ્યા ને એમના માતાપિતાને સોંપ્યા. જ્યારે બંને ભણવા ગયા ત્યારે સાવ નાના સુકુમાર હતા અને આવ્યા ત્યારે યુવાન, સશક્ત અને વીર બનીને આવ્યા. બંને ભાઈઓએ આવીને સૌ પ્રથમ માતાપિતાને પ્રણામ કર્યા. માતાપિતાએ તેમને આશીર્વાદ આપ્યા. ગુરૂજીએ આટલી બધી મહેનત કરીને પોતાના પુત્રોને ભણાવીને હોંશિયાર કર્યા તેથી તેમને ઘણાં વસ્ત્રાલંકારો અને રત્નાદિ ઘણું દ્રવ્ય આપી સંતુષ્ટ કરી વિદાય કર્યા. માતાપિતાએ બંને પુત્રોને ઘણાં વર્ષે જોયા એટલે હર્ષના આંસુ આવી ગયા અને હર્ષમાં બોલી ઊઠયા કે અરે, મારા વહાલા દીકરાઓ ! તમે આટલા નાના ગયા હતા ને આટલા બધા મોટા થઈ ગયા ! બંને પુત્રોને ભણીગણીને હોંશિયાર થયેલા જોઈ રાજા-રાણીને ખૂબ સંતોષ થયો.

એક દિવસ રાજા-રાણી બંને જણા પોતાના મહેલમાં બેઠા હતા ત્યારે રાજાએ રાણીને કહ્યું કે હવે આપણી ઉંમર થઈ અને પુત્રોનો અભ્યાસ પણ પૂરો થયો છે, એટલે આપણે રાજ્યની જવાબદારી એમને સોંપીએ. આપણે રાજ્યની ઝંઝટમાંથી મુક્ત બની ધર્મારાધના કરીએ. રાણીએ કહ્યું-નાથ ! આપની વાત સત્ય છે. હવે દીકરા ઉંમરલાયક થયા છે એટલે આપણા કુળને અજવાળે તેવી કન્યાઓની તપાસ કરીને પરણાવી દેવા જોઈએ. રાજાએ કહ્યું હું પણ એ જ વિચારમાં છું. રાણીએ કહ્યું એમાં વિચાર શું કરવાનો છે ? "**शुभस्य शीघ्रम्**" સારા કાર્યમાં વળી વિલંબ શું કરવો ? આજે જ આપણા પુત્રોને યોગ્ય કુળની કન્યા જોઈ સંબંધ કરી લાવવાની દૂતને આજ્ઞા આપો. રાજાએ તે જ દિવસે પોતાના સુમિત્ર નામના ચતુર અને વિશ્વાસુ દૂતને બોલાવ્યો અને રાજકુમારો માટે કન્યા શોધવા જવાની વાત કરી. રાજાને એના ઉપર પૂરો વિશ્વાસ હતો કે પોતે જે કાર્ય માટે એને મોકલે છે તે જરૂર યશસ્વીપણે પાર પાડીને આવશે. રાજાની આજ્ઞા થતાં સુમિત્ર દૂત શુભ દિવસે અને શુભ ચોઘડિયે રાજા-રાણીને પ્રણામ કરી તેમના શુભાશિષ લઈને દેશવિદેશ જવા તૈયાર થયો. દૂતને સોનામહોરો વગેરે જે જે ચીજો જોઈએ તે રાજાએ સારા પ્રમાણમાં આપી. તે લઈને દૂત ઉજ્જૈની નગરીથી રવાના થયો. એ જમાનામાં આજની માફક ઝડપી વાહનો ન હતા. લાંબી કે ટૂંકી સફર માટે લોકો ઘોડા કે સાંઢણી લઈને નીકળતા. સુમિત્ર સાંઢણી લઈને હવે કયાં જશે ને કેવી કન્યા પસંદ કરી લાવશે તેના ભાવ અવસરે.

*

વ્યાખ્યાન નં-૮

અષાઢ વદ ૧૩ ને શનિવાર "અનાસકત ભાવ કેળવો" તા. ૨૧-૭-૭૯

આસકિતની આગને ઓલવવા, ભવપરંપરાની જટિલ જંજીરોને તોડવા માટે ભગવાને આગમની પ્રરૂપણા કરી. આગમના ભાવો કયારે સમજાય ? જ્યાં સુધી પોતાની ખોટી માન્યતાઓ દૂર નહિ થાય ત્યાં સુધી આગમના ભાવો સમજી શકાશે નહિ. જગતના નાથની મૈત્રી કરવા માટે આપણા મનના મલિન ભાવોને દૂર કરી આત્માને પવિત્ર બનાવવો જોઈએ. ભગવાનની આજ્ઞાનું આરાધન કરવા માટે આપણે ખોટી માન્યતાઓને દૂર કરવી પડશે, નહિતર ચોબા જેવી પરિસ્થિતિ થશે. મથુરાના ચાર ચોબા મિત્રો હતા. એક વખત ખૂબ દારૂ પીને હોડીમાં બેઠા. દારૂનો નશો બરાબર ચઢયો હતો એટલે લંગરના દોરડા છોડયા વિના હોડીને હલેસા મારવા લાગ્યા, પણ લંગર છોડે નહિ તો હોડી કયાંથી ચાલે ? ઘણાં થાકી ગયા પણ હોડી ચાલી નહિ. એવી રીતે અનાદિકાળની ખોટી માન્યતારૂપી હોડીના લંગર જ્યાં સુધી નહિ છૂટે ત્યાં સુધી વીતરાગ પ્રભુની વાણી અંતરમાં ઉતરવી અને તેના પર શ્રદ્ધા થવી એ મહામુશ્કેલ છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા "ચિત્ત સંભૂતિય" નામના અધ્યયનની વાત ચાલે છે. તેમાં અત્યારે આપણે એ વાત ચાલી રહી છે કે ચારિત્ર ઉપર દુગંછા કરી તો જીવને કેવું કર્મ બંધાઈ ગયું. બાકી આવી ઉત્તમ સાધના કરનારા જીવોની આવી દશા થાય ખરી ? ચારિત્ર એ ઉત્તમમાં ઉત્તમ પ્રકારનું ચિંતામણી રત્ન છે. જેને ચિંતામણી રત્નની પ્રાપ્તિ થાય છે તેના દુઃખ-દરિદ્ર ટળી જાય છે. આ દ્રવ્ય ચિંતામણી રત્ન તો એક ભવના દુઃખો ટાળે છે પણ જેને ભાવ ચિંતામણી રત્ન એટલે ચારિત્ર મળે છે તેના તો ભવોભવના દુઃખો ટળી જાય છે ને મુક્તિના સુખો મળી જાય છે, બે ગોવાળ પુત્રોને સહેજ દુગંછા થઈ તો કેવા ભવમાં ફેંકાઈ ગયા ? કેટલો સંસાર વધી ગયો ? જે આત્માઓ ભગવાનના માર્ગની અવહેલના કરે છે, અવર્ણવાદ બોલે છે, દુગંછા કરે છે તેનો અનંતો સંસાર વધી જાય છે. આટલા માટે કહીએ છીએ કે તમારાથી બને તો ભગવાનની આજ્ઞાનું પાલન કરજો અને ન થાય તો જે પાલન કરે તેને ધન્યવાદ આપજો પણ કદી નિંદા ન કરશો, પણ વીતરાગ વાણી ઉપર શ્રદ્ધા કરજો. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે

नादंसणिस्स नाणं, नाणेण विणा न हुन्ति चरणगुणा ।
अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥ ૩૦ ॥

દર્શન એટલે કે શ્રદ્ધા વિના જીવને સાચું જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના ચારિત્ર ગુણની પ્રાપ્તિ થતી નથી. ચારિત્ર ગુણથી રહિત જીવની મુક્તિ નથી અને મુક્તિ વિના

નિર્વાણ નથી. ભગવાનના વચન ઉપર દૃઢ શ્રદ્ધા તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત થાય છે તેની અવળી દૃષ્ટિ પણ સવળી થઇ જાય છે, પછી દરેકમાં તે ગુણોનું દર્શન કરે છે. એને સંસાર વિષમય લાગે છે. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા થવાથી શું લાભ થાય છે. ભગવાન કહે છે કે "**धम्मसद्धाएणं सायासोक्खेसु रज्जमाणे विरज्जइ**।" ધર્મશ્રદ્ધાથી જીવ શાતા વેદનીય કર્મજનિત સુખથી વિરક્ત થાય છે, પછી ગૃહસ્થાશ્રમ છોડીને અણગાર થાય છે. અણગાર થઇને શારીરિક અને માનસિક સંયોગજન્ય દુઃખોનું છેદનભેદન કરીને શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે.

ધર્મશ્રદ્ધા એ સમ્યકત્વનું લક્ષણ છે. જેના જીવનમાં સમ્યકત્વના પાંચ લક્ષણમાંથી એકાદ લક્ષણની સ્પર્શના થઈ જાય એને સંસાર એળિયાના ટુકડા જેવો કડવો લાગે છે. કોઈ વ્યક્તિ એવો વિચાર કરે કે એળિયો કડવો લાગે છે તો હું એને શીરામાં મૂકીને ખાઈ જઈશ, પણ ભાઈ! એળિયાના ટુકડાને તમે લાડવામાં મૂકીને ખાઓ કે શીરામાં મૂકીને ખાઓ પણ એની કડવાશ નાબૂદ થવાની નથી, એમ સંસારના સુખો ભલે તમને પ્રિય લાગતા હોય પણ અંતે એ એળિયાના ટુકડાથી પણ વિશેષ કડવા છે. એળિયો તો માત્ર કડવો લાગે છે. એને ખાવાથી કંઈ મરી જવાતું નથી, પણ સંસારના સુખ તો વિષમિશ્રિત દૂધ જેવા છે, દૂધમાં બદામ, પિસ્તા, કેસર, ઇલાયચી, સાકર વગેરે નાંખીને ઉકાળેલું હોય પણ એમાં વિષ નાંખેલું હોય તો? એ પીવામાં સ્વાદિષ્ટ અને મધુર લાગે પણ પીવાથી મરી જવાય, તેમ સંસારના સુખો તમને દેખાવમાં સોહામણા અને ભોગવવામાં રુચિકર લાગે છે પણ પરિણામે તો સંસારમાં રઝળપાટ કરાવે છે. સંસાર સુખનો અત્યંત રસ ભવોભવમાં દારૂણ દુઃખ દેનારો છે. કર્મના દેણા વધારનારો છે ને આત્માની મૂડીને ઘટાડનારો છે. એક ન્યાય આપું.

જો જો ડૂલ ન થાય આત્મપેઢી :- એક વહેપારી પાસે લાખ્ખો રૂપિયાની મૂડી છે. એની પેઢી ધમધોકાર ચાલે છે. કમાણી ખૂબ છે એટલે વહેપારી ખૂબ મોજ ઉડાવે છે. જેટલા મોજશોખ વધ્યા એટલો ખર્ચો પણ વધ્યો ને? દિવસે દિવસે ખર્ચો વધતો ગયો એટલે મૂડી ઓછી થઈ ગઈ. તે દેવાદાર બની ગયો. પેઢીનું નામ સારું હોય એટલે પૈસા ધીરનાર મળી રહે, પણ અંતે તો પેઢીને દેવાળું ફૂંકવાનો વખત આવે છે, કારણકે આવક ઓછી થઈ ને જાવક વધી ગઈ. પછી શું થાય? પહેલા ખૂબ જલસા કર્યા પછી દુઃખનો પાર નથી રહેતો, એવી રીતે આ આત્મા પુણ્યની અઢળક પૂંજી લઇને માનવ ભવની નામાંકિત પેઢી ઉપર આવ્યો, પણ અહીં આવીને એણે પુણ્યરૂપી પૂંજીમાંથી ખાવું, પીવું, હરવું-ફરવું, વિષય સુખો ભોગવવા વગેરે ખૂબ જલસા ઉડાવ્યા પણ પુણ્યની પૂંજી વધારવા માટે કોઇ ઉદ્યમ ન કર્યો, તો વિચાર કરો કે એ પેઢી ડૂલ થાય કે આબાદ રહે? આ માનવભવની પેઢી ડૂલ થઇ તો સમજી લેજો કે ઘણાં ભવ સુધી પરિભ્રમણ કરવું પડશે. માનવભવની પેઢી ઉપર બેસીને એવી

કમાણી કરી લો કે એ કમાણી તમને ભવોભવમાં સહાયક બને. સંસાર સુખનો રસ નાબૂદ કરી આત્મિક સુખનો રસ ચખાડે. જો આ ભવમાં કર્મની આવક વધી ને પુણ્યની પૂંજી ખૂટી ગઈ તો પછી પસ્તાવાનો પાર નહિ રહે. સાચું સુખ મેળવવું હોય તો સંસાર સુખનો રસ ઘટાડવો પડશે.

"અનાસક્ત ભાવમાં કોણ રમે !" :- જેમ તમને ચા ખૂબ ભાવે છે. ચાની લહેજત માણ્યા વિના ચિત્તને ચેન પડતું નથી. એવો ચાનો ટેસ્ટ-રસ છે પણ એક દિવસ ચાર ડીગ્રી તાવ આવે ત્યારે તમને ટેસ્ટફુલ ગરમાગરમ ચા આપવામાં આવે તો ચા કેવી લાગે ? કડવી લાગે છે ને ? ચાનો સ્વાદ-રસ ઉડી જાય છે ને ? તાવ ઉતર્યા પછી બે-ત્રણ દિવસ પછી તમને ચાનો સ્વાદ આવશે પણ તાવ હોય ત્યારે સ્વાદ ઉડી જાય છે તેમ સમ્યગ્દૃષ્ટિ જીવને સંસાર સુખનો સ્વાદ ઉડી જાય છે. કોઈ યુવાન સ્ત્રીનો પતિ આ ફાની દુનિયાનો ત્યાગ કરીને ચાલ્યો જાય પછી એને ઘેર કરોડોની સંપત્તિ હોય, આલિશાન મહેલાતો હોય, ગાડી, ટી.વી. ફ્રીજ વગેરે તમામ સુખના સાધનો હોય પણ એ સુખ ભોગવવામાં એને રસ હોય ? ના. એને આ સંસાર સુખની સામગ્રી ઝેર જેવી લાગે છે. ખાવું પડે એટલે ખાય પણ એને ખાવાપીવામાં કે પહેરવા-ઓઢવામાં, કોઈ ચીજમાં રસ કે આનંદ આવતો નથી, એવી રીતે આત્મિક સુખના પિપાસુ આત્માઓને પણ એક વખત સાચું સમજાતા સંસાર સુખનો રસ ઉડી જાય છે. માનવજીવનની ક્ષણિકતા અને સંસારની અસારતા સમજાઈ જાય પછી એક ક્ષણ આ સંસારના કારાગૃહમાં રહેવું ગમતું નથી. જ્ઞાનીપુરૂષો પણ કહે છે કે ધર્મ એ તો આત્માનો વેગ ઉપડે ત્યારે કરી લેવો જોઈએ. આજે કરીશ, કાલે કરીશ એવા વિચાર કરનારા આત્માઓ ધર્મની આરાધના કરી શકતા નથી. એ તો કાલે નહિ, આજે નહિ પણ અત્યારે જ હમણાં કરી લેવાની વસ્તુ છે. બહેનો ગીતમાં ગાય છે ને કે "આજનો લ્હાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે ?" તો ધર્મના કાર્યમાં પણ એવું જ સમજી લેવું જોઈએ. ધર્મનું કોઈ પણ કાર્ય કરવાનું મન થાય તો તરત કરી લેવું જોઈએ. કાલનો શું ભરોસો છે ? કાલ કાલ કરતાં કાળ આવી જાય છે પછી બીજી કાલ આવતી નથી. જેને ધર્મની ભાવના જાગે છે તે તરત જ કાર્ય કરી લે છે તો એનું કામ થઈ જાય છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

આ અવસર્પિણી કાળમાં અને આ ભરતક્ષેત્રમાં ૨૪ તીર્થંકરો થઈ ગયા. તેમાંના ત્રીજા તીર્થંકર ભગવાન સંભવનાથ સ્વામીના ધર્મશાસન કાળમાં બનેલી આ એક સત્ય ઘટના છે. સંભવનાથ પ્રભુ જ્યારે વિચરતા હતા ત્યારે એક નગરમાં કોઈ કેવળજ્ઞાની સંત પધાર્યા. નગરમાં વસતા એક શ્રીમંત શ્રેષ્ઠી પોતાની પત્ની, પુત્ર આદિ પરિવારને સાથે લઈને કેવળી ભગવાનની દેશના સાંભળવા માટે આવ્યા. કેવળી ભગવાનની દેશના સાંભળીને શ્રેષ્ઠી પુત્રને વૈરાગ્ય આવ્યો. જેમ જેમ દેશના સાંભળતો ગયો તેમ તેમ તેના

અંતરમાં વિરતીભાવના કુવારા ઉડવા લાગ્યા અને સંસાર સળગતો દાવાનળ લાગ્યો એટલે ઘેર આવીને એના માતાપિતાને કહે છે કે હે માતાપિતા ! ભગવાનની વાણી સાંભળીને મને સંસાર અસાર લાગ્યો છે. મારે હવે જલ્દી દીક્ષા લેવી છે. આપ મને અંતઃકરણની આશીષપૂર્વક દીક્ષાની આજ્ઞા આપો.

બંધુઓ ! એ આત્માઓ કેવા પવિત્ર હશે કે એક જ વખત ભગવાનની વાણી સાંભળીને અંતરમાં વૈરાગ્ય આવી જાય. આઠ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી તો બાલપણ ગણાય. આઠ વર્ષ પછી જીવ સમજે નહિ તો એને મોહરાજા ઠગીને સંસારના પિંજરામાં પૂરી દે છે, અને જીવ વિષય સુખની લાલચે એ પિંજરામાં પૂરાઈ જાય છે. જેમ તમારે ઉંદર પકડવો હોય તો પિંજરામાં રોટલીનો ટુકડો મૂકો છો ને ? એ રોટલીનો ટુકડો જોઈને ઉંદર હોંશે હોંશે પિંજરામાં પૂરાય છે તેમ આ જીવ વિષય સુખોની રોટલીના ટુકડાની લાલચે જીવ સંસારના પિંજરામાં હોંશે હોંશે પૂરાય છે પછી એને માટે બહાર નીકળવું મુશ્કેલ બની જાય છે.

"કેવળી ભગવંતને પ્રશ્ન પૂછતા માબાપ" :- આ માતાપિતા ધર્મના સ્વરૂપને સમજેલા હતા, એટલે પુત્રની ભાવના જાણીને માતાપિતાની આંખમાંથી હર્ષના આંસુ સરી પડયા. તેઓ મનમાં બોલ્યા અહો ! મારા કુળને ઉજાળનારો એક દીપક મારા ઘરમાં પ્રગટયો ખરો. માતાના મનમાં એમ થયું કે હવે હું રત્નકુક્ષી માતા બની. દીક્ષાની અનુમતિ માંગતા પુત્રને એના માતાપિતા કહે છે બેટા ! તારી દીક્ષા લેવાની વાત સાંભળીને અમને અનહદ આનંદ થયો છે પણ તું થોડા દિવસ રોકાઈ જા, અમારે તારો દીક્ષા મહોત્સવ ખૂબ ભવ્ય રીતે ઉજવવો છે. જેને મજીઠીયો વૈરાગ્ય રંગ લાગ્યો છે એવો પુત્ર કહે છે હે માતાપિતા ! એક દિવસ તો શું, એક ઘડી પણ આગના ભડકાથી ભરેલા સંસારમાં હું રહી શકું તેમ નથી. મારી એકેક ક્ષણ લાખોની જાય છે ત્યારે માત પિતા કહે છે બેટા ! અમે તને દીક્ષા લેવાની રાજીખુશીથી આજ્ઞા આપીએ છીએ પણ તું અમારી આટલી ઇચ્છા પૂરી કર. માતાપિતાએ ઘણી રકઝક કરી ત્યારે દીકરો કહે છે હે માતાપિતા ! ચાલો, આપણે કેવળી ભગવંત પાસે જઇએ. તેઓ જેમ કહેશે તેમ કરીશું. પુત્રની વાત સાંભળીને તેઓ કેવળી ભગવંત પાસે આવ્યા. ભગવાનને વંદન નમસ્કાર કરી માતાપિતાએ કહ્યું : પ્રભુ ! આ અમારા લાડકવાયા દીકરાને આપની વાણી સાંભળીને વૈરાગ્ય આવ્યો છે. એને તો અત્યારે જ દીક્ષા લેવી છે પણ અમારે એનો દીક્ષા મહોત્સવ ઠાઠમાઠથી ઉજવવો છે અને એ હવે ક્ષણ વાર સંસારમાં રહેવા ચાહતો નથી. હવે અમારે શું કરવું ?

"કેળવો આત્મ સાધનામાં અપ્રમત્તભાવ" :- સર્વજ્ઞ ભગવંતે પોતાના જ્ઞાન પ્રકાશમાં આ છોકરાનું આયુષ્ય કેટલું બાકી છે તે જાણ્યું હતું એટલે એના માતાપિતાને કહ્યું **"देवाणुप्पिया मा पडिबंध करेह !"** હે દેવાનુપ્રિય ! જો તમારા

પુત્રને અત્યારે જ સંયમ લેવાની ઉત્કૃષ્ટ ભાવના છે તો મહોત્સવ ઉજવવા માટે વિલંબ કરવો ચોગ્ય નથી. કેવળી ભગવંતના શબ્દો સાંભળીને વૈરાગીના દિલમાં અપૂર્વ આનંદ થયો. અહો ! મારા ગુરૂભગવંત મારી તરફેણમાં આવ્યા. તેનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. એના પિતાએ પણ કેવળી ભગવંતની આજ્ઞાનો સ્વીકાર કર્યો. બીજે દિવસે ભાગવતી દીક્ષાનો ભવ્ય વરઘોડો ચઢાવી જ્યાં કેવળી ભગવંત બીરાજતા હતા ત્યાં આવ્યા. વરઘોડેથી ઉતરીને છોકરાએ ભગવંતને વંદન નમસ્કાર કર્યા. પછી દીક્ષાની વિધિ શરૂ થઈ. વેશ પરિવર્તન કરાવી ગુરૂભગવંતે મુનિ જીવનના લિંગરૂપ રજોહરણ આપ્યો ને કરેમિભંતેનો પાઠ ભણાવ્યો એટલે એના આનંદનો પાર ન રહ્યો. અત્યંત આનંદવિભોર બનીને ભગવંતને વંદણા કરવા લાગ્યો. બે વંદણા કરી અને ત્રીજી વંદણા કરવા જાય ત્યાં તે એકાએક ઢળી પડયો ને તરત જ એમના પ્રાણ ઊડી ગયા.

"માતાપિતાનું કરૂણ રૂદન" :– અચાનક આવો બનાવ બની જવાથી એના માતાપિતાને કારમો આઘાત લાગ્યો તેથી તેઓ બેભાન બનીને પડી ગયા. પાણીનો છંટકાવ આદિ કરવાથી તેઓ ભાનમાં આવ્યા એટલે કાળો કલ્પાંત કરવા લાગ્યા. સમય સમયની વાતના જાણકાર કેવળી ભગવંત તો જાણતા હતા કે કાલે અત્યારે તો એ પૂછવા આવ્યો હતો ને આજે એ ક્યાંય પહોંચી જવાનો છે. કેવળી ભગવંતે એમને આશ્વાસન આપતા કહ્યું તમે શાંતિ રાખો, કલ્પાંત ન કરો. તમારા પુત્રનું આયુષ્ય એટલું જ હતું. એણે ઉત્કૃષ્ટ ભાવે દીક્ષા લઈ એનું જીવન કૃતાર્થ કર્યું છે. એ તો મોટો દેવ બન્યો છે. તે થોડી વારમાં અહીં આવશે. આ પ્રમાણે વાત ચાલતી હતી ત્યાં તો દેવ આવ્યો ને કેવળી ભગવંતને વંદન કરીને એના પૂર્વના માતાપિતાને કહે છે તમે શા માટે રડો છો ? કલ્પાંત કરો છો ? તમે બિલકુલ ગુરાપો ન કરશો. હું તો સંયમના પ્રભાવે મહાર્ધિક દેવ બન્યો છું. જો તમે કેવળી ભગવંતનું વચન નમાન્યું હોત અને મને તરત દીક્ષા ન આપી હોત તો હું મરીને ક્યાંય ગયો હોત. ભગવંતે તો મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. દેવે આ પ્રમાણે કહ્યું એટલે એના માતાપિતા શાંત થયા. પોતાનો દીકરો કંઈક પામી ગયો તેમ માની શાંત થઈને તેઓ ઘેર ગયા.

દેવાનુપ્રિયો ! વિચાર કરો. આ છોકરાએ દીક્ષા લઈને કંઈ કર્યું ? નથી તપ કર્યા, નથી બીજી કોઈ સાધના કરી પણ ઉત્કૃષ્ટ ભાવે દીક્ષા લઈને ભગવાનને વંદણા કરતા કરતા ચાલ્યો ગયો છતાં આવો મહાન દેવ બન્યો. તો જે સંયમ લઈને સાધના કરે એના કેટલા કર્મોની બેખડો તૂટી જાય ? ટૂંકમાં આપણે તો એ દૃષ્ટાંત દ્વારા એક જ વાત સમજવી છે કે ધર્મની આરાધના કરવામાં ક્ષણવારનો વિલંબ ન કરવો. જ્યારે ભાવના થાય ત્યારે કરી લો. કોઇના મનમાં થાય કે મારે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરવી છે તો તરત કરી લેવી. હમણાં નહિ, પછી કરીશ એવો વાયદો ન કરવો. કાલની કોઇને ખબર નથી. માટે જીવનની પળ સુધારી લો.

હવે આપણા ચાલુ અધિકારની વાત કરીએ. બંને જીવો દાસીપુત્ર થયા. ત્યાં સર્પદંશ થવાથી મરીને હરણીના પેટે જન્મ લીધો. ત્યાં શિકારીના હાથે મરાયા, પછી હંસલીના પેટે જન્મ લીધો. ત્યાં પણ શિકારીના હાથે મરાયા અને ત્યાંથી મરીને બંને વારાણસી નગરીમાં ભૂદત્ત ચાંડાલને ત્યાં પુત્ર રૂપે જન્મ્યા. ત્યાં મોટા પુત્રનું નામ ચિત્ર અને નાનાનું નામ સંભૂત રાખવામાં આવ્યું. આ બંને ભાઈઓ વચ્ચે પરસ્પર ખૂબ સ્નેહ હતો. આ સમયે વારાણસીમાં શંખ નામે રાજા રાજ્ય કરતા હતા. એમને નમુચિ નામે એક પ્રધાન હતો. એ પ્રધાન દુર્બુદ્ધિવાળો હતો, એટલે રાજાને દરેક કાર્યમાં ખોટી સલાહ આપ્યા કરતો હતો. એક વખત એ પ્રધાને રાજાનો કોઇ મોટો ભયંકર અપરાધ કર્યો, તેથી રાજાએ ક્રોધે ભરાઈને અપરાધની શિક્ષા રૂપે ચાંડાળોને બોલાવીને કહ્યું કે આ પ્રધાનને અત્યારે ને અત્યારે જંગલમાં લઈ જઈ ને મારી નાંખો. રાજાની આજ્ઞા થતાં ચાંડાળ તેને સ્મશાન ભૂમિમાં લઈ ગયો. પ્રધાન ખૂબ રડવા લાગ્યો અને કલ્પાંત કરતો પગમાં પડયો તેથી ચંડાળને દયા આવી એટલે પ્રધાનને મોતમાંથી બચાવીને એણે પ્રધાનને કહ્યું હે મંત્રી ! આપ મારા ઘરમાં ગુપ્તપણે રહો ને મારે બે પુત્રો છે તેને ભણાવો. દરેક જીવોને જીવવું ગમે છે. મરવું કોઈ ને ગમતું નથી. એટલે જીવવાના અભિલાષી પ્રધાનને આનંદ થયો ને તેણે ચંડાળની વાતનો સ્વીકાર કર્યો. ચંડાળ તે પ્રધાનને ગુપ્ત રીતે પોતાને ઘેર લઈ આવ્યો. પ્રધાન ગુપ્તપણે ચંડાળને ઘેર રહીને ચિત્ર અને સંભૂત એ બે બાળકોને સંગીતકળા શીખવાડવા લાગ્યો. ચંડાળની પત્ની પણ પોતાના બાળકોના વિદ્યાદાતા ગુરૂ છે એમ સમજીને પ્રધાનની ખૂબ સારી રીતે સેવા કરવા લાગી. દુષ્ટ બુદ્ધિવાળો માણસો ગમે ત્યાં જાય પણ એની બુદ્ધિ સુધરતી નથી. "કૂતરાની પૂંછડી જમીનમાં દાટો તો ય વાંકી ને વાંકી." એ કહેવત અનુસાર આ નમુચિ પ્રધાને રાજાનો અક્ષમ્ય અપરાધ કર્યો હતો તેથી મારી નાંખવાની શિક્ષા કરી પણ ભૂદત્ત ચંડાળને દયા આવી તેથી તેને પોતાને ઘેર ગુપ્તપણે રાખ્યો. પ્રધાન ત્યાં રહે છે ને છોકરાઓને ભણાવે છે, ચંડાળ તો આખો દિવસ એના કામકાજ માટે બહાર જતો હતો અને નમુચિ ઘરમાં રહેતો. સમય જતા પ્રધાન ચંડાળની પત્ની ઉપર આસક્ત બન્યો. આ વાતની ભૂદત્તને ખબર પડી એટલે એને પ્રધાન ઉપર ખૂબ ગુસ્સો આવ્યો કે પાપીને રાજાએ મારવાની શિક્ષા કરી હતી છતાં મેં તેને બચાવ્યો ત્યારે એ આવા કામ કરવા ઊઠયો ? બસ, હવે આને ઘરમાં રાખવા જેવો નથી. કોઈ પણ ઉપાયે એને મારી નાંખું. એમ વિચાર કરીને ભૂદત્ત નમુચિ પ્રધાનને મારવાનો ઉપાય શોધવા લાગ્યો.

નમુચિ પ્રધાને આ બંને બાળકોને ઘણી વિદ્યાઓ શીખવી હતી. તેમાં સંગીત કળામાં તો બંને બાળકો ખૂબ હોંશિયાર બની ગયા હતા. આ છોકરાઓને આ વાતની ખબર પડી એટલે એમના મનમાં થયું કે પ્રધાને અમને ભણાવ્યા એટલે એ આપણા

ગુરૂ કહેવાય. ગુરૂને મારવા કેમ દેવાય ? ગુરૂના ઉપકારનો બદલો વાળવા માટે કોઈ પણ ઉપાયે પ્રધાનને બચાવી લેવો. એમ વિચારી લાગ જોઈને પ્રધાનને ગુપ્તપણે પોતાના ઘરમાંથી ભગાડી મૂકયો. પ્રધાન જીવ લઈને ભાગ્યો અને ત્યાંથી ચાલતો ચાલતો હસ્તિનાપુરમાં જ્યાં સનત્કુમાર ચક્રવર્તિ રાજ્ય કરતા હતા ત્યાં આવ્યો. મૂળ પ્રધાન તો હતો એટલે એનામાં બુદ્ધિ તો હતી જ, તેથી એની કાર્યવાહી જોઈને સનતકુમાર ચક્રવર્તિએ એમના રાજ્યમાં નમુચિને મંત્રીપદે સ્થાપ્યો. દેશ ઘણો દૂર હોવાથી રાજાને ખબર નથી કે પ્રધાન દુરાચારી છે. નમુચિ અહીં પણ કેવા ભાવ ભજવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્રઃ-" કન્યા પરીક્ષા માટે સુમિત્ર પ્રધાનનું પ્રયાણ ":-રાજા-રાણીએ સુમિત્રને રૂપ સાથે ગુણ જોવાની ખાસ ભલામણ કરી હતી. સુમિત્ર સાંઢણી લઈને નીકળ્યો. એને જિતારી રાજાના રાજમહેલને શોભાવે એવી રાજવધૂ જોવાની હતી અને ભીમસેનની બાજુમાં ઊભી રહે તો દીપી ઉઠે એવી કુળવાન કન્યાની તપાસ કરવાની હતી, એટલે સુમિત્ર વિવિધ દેશોના રાજદરબારમાં જતો ને ત્યાંથી માહિતી મેળવતો. રાજકન્યાઓને નીરખતો અને બની શકે તો સીધો અગર પરોક્ષ પરિચય પણ કરતો. આ રીતે તે અનેક રાજદરબારોમાં ઘૂમી વળ્યો. એકને જુએ ને બીજીને ભૂલે એવી અનેક રાજકન્યાઓ જોઈ પણ માત્ર રૂપ ઉપરથી જ કન્યાનું પારખું કરે ને તે જ ભીમસેન માટે યોગ્ય છે એવો નિર્ણય સુમિત્ર કરે તેવો ન હતો. એ તો રૂપ, શીલ, વિદ્યા, સંસ્કાર, તંદુરસ્તી, ઉચ્ચકુળ આ બધું દરેક રીતે ઝીણવટથી જોતો હતો, કોઈ જગ્યાએ રૂપ હોય તો ગુણ ન હોય, ગુણ હોય તો રૂપ ન હોય. ઘણી કન્યાઓ જોઈ પણ હજુ સુધી કયાંય તેનું મન ઠરે એવી કન્યા એના જોવામાં આવી ન હતી. આ રીતે ઘણાં ગામ-નગરની મુલાકાત લેતો લેતો કૌશાંબી નગરીમાં આવ્યો. પ્રધાને કૌશાંબી નગરીની ખૂબ પ્રશંસા સાંભળી હતી એટલે એના મનમાં એમ થતું હતું કે પોતે જે કાર્ય માટે નીકળ્યો છે તે કાર્ય અહીં સફળ થશે. આ માટે એની પાસે કોઈ નક્કર કારણ ન હતું પણ સુમિત્રનો આત્મા એમ કહેતો હતો કે આ સફરનો શુભ અંત અહીં જ આવશે. કૌશાંબી નગરી ઉજ્જૈની નગરીથી કોઈ પણ ઉતરે તેવી ન હતી. નગરીની શોભા જોઈને સુમિત્રને પોતાની ઉજ્જૈની નગરીની યાદ આવી ગઈ. આ નગરીમાં મહાન પ્રતાપી માનસિંહ નામે રાજા રાજ્ય કરતા હતા. ઘણા દેશો ઉપર એની આણ વર્તતી હતી. ભાટ, ચારણો અને નગરજનો એના પરાક્રમી સ્વભાવની ગુણગાથા ગાતા હતા. સુમિત્રને ખબર પડી કે માનસિંહ રાજા તો જૈન ધર્મમાં અપૂર્વ શ્રદ્ધા ધરાવે છે, અને વીતરાગ પ્રભુના અનન્ય ભક્ત છે. એની રાણીનું નામ કમલા છે. તે પણ કમળ જેવા સ્વભાવની છે. રાજ્યમાં રહેતી હોવા છતાં રાજશાહી ઠાઠમાઠથી અલિપ્ત રહે છે. આ રાજા-રાણીને બે કન્યાઓ છે. તેમાં મોટીનું નામ સુશીલા છે

અને નાનીનું નામ સુલોચના છે. આ બંને કન્યાઓ માટે માનસિંહ રાજાએ રાજમહેલમાં ખાસ તત્ત્વજ્ઞો રાખીને સ્ત્રીઓની ૬૪ કળાઓની તાલીમ આપી છે. આ બંને કન્યાઓનું ઘણી કાળજીપૂર્વક જીવન ઘડતર કર્યું છે. આટલી માહિતી મળતાં સુમિત્ર ખુશ ખુશ થઈ ગયો. એને શ્રદ્ધા હતી કે મારું કાર્ય અહીં જ સફળ થશે.

"માનસિંહ રાજાએ સુમિત્રનું કરેલું સ્વાગત" :– બંધુઓ ! જે માણસ જે કાર્યની સિદ્ધિ માટે નીકળ્યો હોય એને એ કાર્યમાં સફળતા મળવાના નિશાન દેખાય તો એ ખુશ ખુશ થઈ જાય છે. સુમિત્ર સારા વસ્ત્રાભૂષણો પહેરી જિતારી રાજાની પ્રતિષ્ઠા વધે એવું ઉત્તમ પ્રકારનું નજરાણું લઈને રાજદરબારમાં જવા નીકળ્યો. તેને શુકન પણ સારા થયા. રાજદરબારના દરવાજે આવીને દ્વારપાળને ખાનગીમાં સોનામહોરો આપી એટલે દ્વારપાળ દોડતો મહારાજા પાસે ગયો ને કહ્યું–મહારાજા ! ઉજ્જૈની નગરીથી કોઈ પરદેશી આપના દર્શન માટે આવ્યો છે. આપની આજ્ઞા હોય તો તે મહાનુભાવને આપની પાસે લઈ આવું. મહારાજાએ કહ્યું–આવેલ મહાનુભાવને આદરપૂર્વક અહીં લઈ આવો, એટલે દ્વારપાળ પ્રણામ કરીને બોલ્યો– પધારો....પધારો મહાનુભાવ ! અમારા પ્રતાપી રાજા માનસિંહ નરેશ વતી હું આપનું સ્વાગત કરું છું. આપ મારી સાથે ચાલો. મહારાજા આપની રાહ જોઈ રહ્યા છે. સુમિત્રના આનંદનો પાર ન રહ્યો. તે દ્વારપાળની સાથે રાજદરબારમાં આવ્યો. માનસિંહ રાજાને રાજસિંહાસને બેઠેલા જોઈને સુમિત્રે દૂરથી જ પ્રથમ નમસ્કાર કર્યા, પછી પાસે આવીને ખૂબ વિનયથી રાજાનો ચરણ સ્પર્શ કર્યો અને બે હાથ જોડી તેમની સન્મુખ ઉભો રહ્યો, એટલે માનસિંહ રાજાએ મધુર સ્વરે કહ્યું આપનું કલ્યાણ થાઓ. મહાનુભાવ ! કહો, આપ કયાંથી પધારો છો ? અને આપના આગમનનું પ્રયોજન શું છે ? મારા યોગ્ય જે કંઈ કહેવા જેવું હોય તે જરૂરથી કહો. એમ કહીને સુમિત્રને બાજુના સુવર્ણ સિંહાસને બેસવા કહ્યું. સુમિત્રે સિંહાસન ઉપર બેસતા પહેલાં માનસિંહ નરેશને નજરાણું ભેટ ધર્યું, અને વિનયથી બોલ્યો હે પ્રતાપી નરેશ ! માલવદેશની રાજધાની ઉજ્જૈની નગરીના જિતારી રાજાએ આ નજરાણું મોકલાવ્યું છે. આપ તેનો સહર્ષ સ્વીકાર કરો. સુમિત્રની વાત સાંભળીને માનસિંહ રાજા બોલ્યા અહો ! જિતારી રાજાએ મને યાદ કરીને આ નજરાણું મોકલાવ્યું છે ! ધન્યવાદ....ધન્યવાદ....ફરમાવો, આપના નરેશે મારા માટે શું સેવા બતાવી છે ? સુમિત્રે કહ્યું–રાજન્ ! સેવા તો અમે કરીએ. આપ જેવા મહાપુરૂષોએ તો ઉપકાર કરવાનો છે. હું એક ઘણાં જ શુભ અને મંગળ કામે નીકળ્યો છું. મને શ્રદ્ધા છે કે આપ એ કામ જરૂરથી કરશો ને મારા ઉપર ઉપકાર કરશો.

સુમિત્રની વાત સાંભળી રાજાએ કહ્યું–મહાનુભાવ ! મારાથી બનતું કામ હું જરૂર કરીશ. આપ વિના સંકોચે કહો. આપનો પરિચય તો આપે મને આપ્યો નહિ. મારું

નામ સુમિત્ર છે. હું દૂતનું કામ કરું છું. મારા સ્વામીએ મને એક મહત્ત્વના કામે દેશાંતર મોકલ્યો છે. દેશવિદેશમાં ફરતા મેં આપની ઘણી ખ્યાતિ સાંભળી છે. આપના રાણીબાની અને કુંવરીઓની પણ ઘણી પ્રશંસા સાંભળી, તેથી હું બીજા દેશોમાં ન રોકાતા સીધો જ અહીં આવ્યો છું. સુમિત્ર ! એ ઘણું સારું કર્યું, પણ તારા સ્વામીએ તને કયા કામે મોકલ્યો છે તે જણાવવા યોગ્ય હોય તો મને જણાવ. રાજન્ ! એ શું બોલ્યા ? આપ જ એ કામ કરી શકો તેમ છો. આપને હું નહિ જણાવું તો એ કામ પાર શી રીતે પડશે ? આ પ્રમાણે સુમિત્રે કહ્યું એટલે રાજા બોલ્યા, સુમિત્ર ! તું બોલવામાં ઘણો ચતુર છે. જે રાજાને તારા જેવા દૂતો છે તે રાજા કેટલા ભાગ્યશાળી અને પ્રતાપી હશે એ તો હવે મારે કલ્પના કરવી રહી, ત્યારે સુમિત્રે કહ્યું: મહારાજા ! આપ પણ મારા સ્વામીથી કયાં ઉતરો તેવા છો. આપના નામનો ડંકો તો દશે દિશામાં વાગે છે. નગરજનો તો પ્રભાતમાં ઊઠતાંની સાથે આપનું જ નામ પ્રથમ યાદ કરે છે. એવા આપ પ્રાતઃ સ્મરણીય છો. હું આપની પાસે એક વાત મૂકવા આવ્યો છું. રાજાએ આશ્ચર્યથી પૂછયું, શું વાત છે ?

રાજન્ ! મારા સ્વામીને એકને જુવોને બીજાને ભૂલો એવા બે રાજકુમારો છે. બુદ્ધિમાં તો જાણે બૃહસ્પતિ જોઈ લો. પરાક્રમી અને સાહસિક પણ એવા જ છે અને નિશાનબાજ તો એવા છે કે આંખે પાટા બાંધીને ફરતા મત્સ્યની આંખ વીંધી શકે છે પરંતુ હૈયાના બંને કોમળ છે, તેમાં પણ પાટવીપુત્ર કુમાર તો હૈયાના ઘણાં કૂણાં છે. કોઈનું પણ દુઃખ જોઈને એમનું દિલ દ્રવી જાય છે. પોતાની જાત પ્રત્યે ઘણાં કઠોર છે. ૭૨ કળાઓમાં પ્રવીણ છે. આ બાજુ મેં સાંભળ્યું છે કે આપને બે પુત્રીઓ છે તે ચોસઠ કળામાં પ્રવીણ છે. દક્ષ છે, સૌંદર્યમાં અપ્રતિમ છે, અને શીલ–ચારિત્રમાં તો અજોડ છે. બંનેના કુળ અને સંસ્કાર, ભાવના અને વિચાર, ધર્મ અને જાત, સત્તા અને શોખ તથા વૈભવ બધું એકસરખું છે. સુમિત્રની વાત સાંભળીને રાજા બોલ્યા વાહ, ઘણું સુંદર ! તારા સ્વામીને કુંવર છે ને મારે કન્યા છે. ઘણી સુંદર તક કહેવાય. શું એમ ન બની શકે કે અમારા બંનેના કુળો એકબીજા સાથે જોડાઈ જાય ! રાજન્ ! તો તો આપના મુખમાં સાકર. આપની મોટી દીકરી અમારા પાટવી કુંવરને આપશો તો સોનામાં સુગંધ ભળી જશે. મને તો પૂરી શ્રદ્ધા છે કે આપની દીકરીને આથી સુંદર વર બીજે કયાંય નહિ મળે.

બીજું આપ પણ જૈનધર્મી છો ને મારા સ્વામી પણ જૈનધર્મી છે. કુળને તો કોઈ વાંધો નથી. હવે રહી વાત કુંવર અને કન્યાની. માનસિંહ રાજાએ પૂછયું– સુમિત્ર ! તું એ કુંવરની છબી લાવ્યો છું ? તેમની જન્મકુંડળી તારી પાસે છે ? મહારાજા ! એ તો સાથે જ હોયને ! એ સિવાય આ કામ કેવી રીતે બને ? હવે સુમિત્ર માનસિંહ રાજાને ભીમસેનની છબી અને જન્મકુંડળી આપશે. રાજા તે છબી રાણી અને કુંવરીને બતાવશે, જ્યોતિષી પાસે કુંડળી વંચાવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૯

અષાઢવદ ૧૪ ને રવીવાર **તા. ૨૨-૭-૭૯**

"સોહામણો દેખાતો સંસાર ભીતરથી બિહામણો"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, પતીતપાવન, અધમ-ઉદ્ધારક શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોને શાશ્વત સુખ પામવા માટે ઉદ્‌ઘોષણા કરીને કહ્યું કે હે ભવ્ય જીવો ! બાહ્ય દૃષ્ટિથી જોતાં તમને જે સંસાર ઉપરથી સોહામણો લાગે છે તે ભીતરથી બિહામણો છે. એક સંસ્કૃત સુભાષિતકારે પણ કહ્યું છે કે **"दूरतः पर्वता रम्याः"** ડુંગરા દૂરથી રળિયામણા. આ પ્રાચીન કહેવતને આપણે બરાબર સમજીએ તો ડુંગરા જેમ દૂરથી રળિયામણા છે તેમ સંસાર પણ દૂરથી રળિયામણો છે. આ સંસારને આપણે ડુંગરા સાથે સરખાવીએ. ડુંગર દૂરથી રળિયામણો લાગે છે પણ એની નજીક જઈએ ત્યારે એના ખરબચડા પથ્થરો, ચઢતાં હાંફી જવાય એવા ઊંચા ચઢાણ, નીચે દૃષ્ટિ કરતા આંખે અંધારા આવે એવી ઊંડી ખીણો, ગાઢ જંગલો અને કાજળ જેવા કાળાં શિખરો આ બધાથી બિહામણો લાગે છે તેમ દૂરથી સોહામણો દેખાતો સંસાર નજીક જતાં દગા, પ્રપંચ, કટકા, કારમી મોંઘવારી, અને કજીયાળો પરિવાર આ બધાથી બિહામણો લાગે છે.

ડુંગર ધીમે ધીમે મનુષ્ય ચઢી શકે છે પણ ત્યાંથી પડતા અને તળેટી પર પ્રછડાતા તો એક પળની પણ વાર ન લાગે, તેમ સંસારમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતાં, પેઢી જમાવતા ને પૈસા કમાવતા ઘણીવાર લાગે છે પણ એ બધું ગુમાવીને બેઆબરૂ થવામાં વાર લાગતી નથી. પર્વતની ભવ્યતા તો સહુ નિહાળે છે, સૌને ગમે છે પણ એની ભયંકરતા તો ત્યાંના રહેવાસીઓ જ જાણે. સંસારના રંગીન સ્વપ્ના તો સહુને આવે પણ એ સ્વપ્નાના સીતમ તો જે અનુભવી હોય એ જ જાણે. આ રીતે ડુંગર અને સંસાર વચ્ચે ઘણી સમાનતા છે.

બંધુઓ ! સંસારની કોઈ પણ ચીજ લો. એ દરેક ચીજો પૌદ્‌ગલિક છે અને પુદ્‌ગલનો સ્વભાવ તો પળે પળે પલટાવાનો છે. સંસાર એટલે પુદ્‌ગલ અને પુદ્‌ગલ એટલે સંસાર. હવે આવો સંસાર ડુંગરની જેમ દૂરથી રળિયામણો હોય એમાં શું આશ્ચર્ય ! પૌદ્‌ગલિક સર્જનનું સૌંદર્ય તો આપણી નજરે ચઢે છે ને એ દૂરથી ભવ્ય દેખાય છે પણ અંતરચક્ષુ ખોલીએ તો એની ભયંકરતા દેખતાં આપણે ચીસ પાડી ઊઠીએ. આપણે અંતરની આંખનું ઉદ્‌ઘાટન કરવા જેવું બીજું એકેય મંગલકાર્ય નથી. આ અંતરની આંખ બીડાયેલી હોય તો એક વૃદ્ધ સ્ત્રીમાં પણ એને નવયૌવના સ્ત્રીનો આભાસ થાય અને આંખ ઉપરથી જો પડ ખસી ગયા હોય તો એક નવયૌવના સ્ત્રી પણ એને હાડમાંસની કોથળી લાગે. અંતરની આંખ ઊઘડી જાય તો માનવ પોતાને પ્રાપ્ત થયેલા સૌભાગ્યને સાર્થક કરી શકે છે.

દેવાનુંપ્રિયો ! આ સંસારના મૂળિયા જ્યાં સુધી સજીવન છે ત્યાં સુધી સંસારવૃક્ષ ફાલ્યું ફૂલ્યું રહેવાનું પણ મૂળીયા સૂકાઈ જાય તો વૃક્ષ પડી જાય. સંસારના મુખ્ય મૂળ જો હોય તો રાગ અને દ્વેષ છે. રાગ અને દ્વેષને સાથ આપનારો મોહ છે. બળતણ અને અગ્નિ હોય તેમાં જો પવન ભળે તો આગને ફેલાતા વાર લાગતી નથી, તેમ રાગ અને દ્વેષના બળતણમાં જો મોહનો પવન ભળે તો સંસારની આગ ખીલી ઊઠે છે. સંસારમાં જ્યાં જુઓ ત્યાં આગના ભડકા પ્રજ્વલી રહ્યા છે. આજે આ ઉપાધિ અને કાલે બીજી ઉપાધિ. આજે કોઈને ટી. બી. થયો હોય તો કાલે કેન્સર થયું. આ બધા રોગોનું મૂળ કારણ જો કોઇ હોય તો કર્મ છે. આચારાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે **"कम्मुणा उवाहि जायइ"** કર્મથી ઉપાધિ ઉત્પન્ન થાય છે. **"अकम्मस्स ववहारो न विज्जइ।"** કર્મરહિત થયેલ આત્માને સંસાર વ્યવહાર હોતો નથી એટલે કે આત્મા સર્વ ઉપાધિઓથી મુક્ત થઈ જાય છે. કોઈ પણ ઉપાધિ આવે કે રોગ આવે એ કર્મના કારણે છે. કેન્સર કે ટી. બી. કયારે થયો ? જીવે અશાતા વેદનીય કર્મ બાંધ્યું હોય ત્યારે ને ! અશાતા વેદનીયાદિ કર્મોને બાંધનાર પણ આત્મા છે ને તેને તોડનાર પણ આત્મા છે. આજે ટી.બી. ની શોધખોળ ઘણી થઈ છે એટલે દવાથી મટી જાય છે, પણ જેને કેન્સરનું દર્દ થાય એના તો હાજા ગગડી જાય છે. બસ, એને એમ જ થઇ જાય છે કે હવે તો હું આ સંસારમાંથી કેન્સલ થઈ જવાનો. આ કેન્સર તો તમને આ દુનિયામાંથી એક ભવ પૂરતા કેન્સલ કરશે પણ જીવ જો આ માનવ ભવ પામીને એવો પુરૂષાર્થ કરે કે આપણા આઠ કર્મોને કેન્સર થઈ જાય તો સદાને માટે એનો સંસાર કેન્સલ થઇ જાય અને આ સંસારના દુઃખો ટળી જાય.

આજનો માનવી સુખ માટે તરફડીયા મારે છે. સુખ મેળવવા પ્રયત્ન કરે છે પણ તેને સુખ મળતું નથી. ભગવાન આચારાંગ સૂત્રના ત્રીજા અધ્યયનના બીજા ઉદ્દેશામાં બોલ્યા છે કે **"अणेगचित्ते खलु अयं पुरिसे, से केयणं अरिहए, पूरित्तए।"** સંસાર સુખના અભિલાષી જીવો નિશ્ચયથી અનેક સંકલ્પો વિકલ્પો કરતા રહે છે. જેમ મૃગલાઓ ઝાંઝવાના જળને પાણી માનીને તે તરફ દોડે છે તેમ મૃગતૃષ્ણાના જળ સમાન સંસારી જીવો વિષયસુખો પાછળ દોડધામ કરે છે, તે મેળવવા પુરુષાર્થ કરે છે પણ તેમનો પ્રયત્ન ચાળણીની અંદર સમુદ્રનું પાણી ભરવા સમાન છે. જેમ કોઈ વ્યક્તિ ચાળણીમાં પાણી ભરવા જાય તો શું તેમાં પાણી રહી શકે ખરું ? ન રહે, તેમ જ્યાં સુખ છે જ નહિ ત્યાં સુખ મેળવવાનો પુરુષાર્થ કરો તો સુખ મળે ખરું ? ન મળે. અરે, કંઈક જીવો અમારી પાસે આવીને પણ એમ કહે છે કે અમારે સુખ જોઈએ છે. જો અમારી પાસે આવીને પણ તમે સુખ માંગો છો તો એક વાત નક્કી છે ને કે તમે જ્યાં બેઠા છો ત્યાં સુખ નથી. જો ત્યાં સુખ હોત તો અમારી પાસે સુખ માંગવા આવત નહિ. હવે જો તમે સુખ માંગવા આવ્યા તો અમારે તમને સુખનો માર્ગ બતાવવો જોઈએ

ને? અમે તમને સુખ માટે જે કરવાનું કહીએ તે કરવું પડશે. હા....ના નહિ કરવાની. ભાગી જવાનું નહિ. ત્યાગી સંતો તમને સુખ પ્રાપ્તિનો જે માર્ગ બતાવશે તે માર્ગે ચાલશો તો તમને અસલ સુખ મળશે. તમારા સંસારના સુખો નકલી છે ઉપરથી સોના જેવા ચમકતા દેખાય પણ અંદરથી લોઢા જેવા હોય. તમને સમજાવું.

એક માતાને એકનો એક દીકરો હતો. એને ભણાવી ગણાવીને પરણાવ્યો. ઘરમાં પુત્રની વહુ આવી. એક વખત સાસુને તાવ આવવાથી ખૂબ અશક્તિ આવી ગઈ હતી, એટલે વહુને કહ્યું બેટા! મારે દવા ઘૂંટવી છે તો સામે નાનો ખલ પડયો છે તે લાવી આપો ને, ત્યારે વહુએ કહ્યું, બા! એ ખલ મારાથી ઉંચકાશે નહિ. સાસુએ કહ્યું. બેટા! આટલો નાનો ખલ તમારાથી નહિ ઉંચકાય? વહુએ કહ્યું. 'ના'. એ મારાથી નહિ ઉંચકાય. દીકરાએ આ સાંભળ્યું. એને હાડાહાડ લાગી આવ્યું. અહો! મારી માતા તો કોઈ દિવસ વહુને કહે તેવી નથી કે તું કામ કર. એ પોતાની જાતે જ બધું કામ કરી લે તેવી છે પણ તાવના કારણે ઘણી અશક્તિ આવી ગઈ છે એટલે ખલ માંગે છે, તો શું આટલો નાનકડો અડધો કિલો વજનનો ખલ એનાથી ન ઉંચકાયો? અહો! કેવો આ સંસાર છે! ઉપરથી સોહામણો પણ અંદરથી બિહામણો. અગ્રલના જમાનામાં રિવાજ હતો કે જમાઈ પરણવા આવે ત્યારે સાસરે સુંદર પલંગ ઢાળી બે ગાદલા અને ઉપર ડીઝાઈનવાળી સુંદર રેશમી ચાદર બીછાવી હોય એટલે વરરાજા હોંશભેર એના ઉપર બેસવા જાય. બેસવા જાય એટલે ભોંય પડી જાય તેથી બધા ખડખડાટ હસી પડે. આ તો મજાક છે પણ આ તમારો સંસાર એક ભયાનક ખાડો છે. જેમ જેમ સંસારમાં ફસાશો તેમ તેમ દુર્ગતિના ઊંડા ખાડામાં ઉતરી જશો. સંસારના ખાડામાં પડીને ઘણાં પસ્તાય છે ને કહે છે કે અમને આવી ખબર નહિ. જો ખબર હોત તો પરણત જ નહિ.

"પત્નીની શાન ઠેકાણે લાવતો પતિ:" વૃદ્ધ માતાનો દીકરો ખૂબ વિનયવાન અને વિચક્ષણ હતો. વહુની સાન ઠેકાણે લાવવા માટે થોડા દિવસ પછી એ બજારમાંથી એક સુંદર હાર બોકસમાં મૂકીને લઈ આવ્યો. બોકસ ખૂબ સુંદર હતું. એ જોઈને એની પત્નીએ પૂછયું આ બોકસ શેનું લાવ્યા? ત્યારે કહ્યું એમાં એક કિંમતી અને ભારે હાર લાવ્યો છું. એમ કહીને બોકસ ખોલ્યું. ગુલાબી પાતળા કાગળમાં વીંટેલો હાર કાઢયો. હાર જોઈને પત્ની હરખાઈ ગઈ. કેવો મઝાનો સુંદર હાર છે! શું એનો ઘાટ અને ડીઝાઈન છે! કેવો ઝગમગ થાય છે! આમ વિચાર કરતી પતિને પૂછે છે કે આ હાર તમે કોના માટે લાવ્યા છો? તો કહે છે હાર તો તારા માટે જ ઘડાવ્યો છે પણ હવે મને એનો પસ્તાવો થાય છે. અરે નાથ! શા માટે પસ્તાવો કરો છો? મને તો આ હાર બહુ ગમે છે. પતિએ કહ્યું હાર તો બહુ સરસ છે પણ એનું પેન્ડલ બહુ વજનદાર છે તેથી મને થયું કે તું થોડા દિવસ પહેલા નાનકડો ખલ ન ઉંચકી

શકી તો હારનું વજન કેવી રીતે ઉંચકી શકીશ ? એટલે તું હાર પહેરી નહિ શકે. પત્ની કહે આ શું બોલ્યા ? આવો મઝાનો સુંદર હાર તો હું હોંશે પહેરીશ. (હસાહસ) એનો પતિ કહે છે પણ એના પેંડલનું વજન તો તું જો. ભલે ને વજન ગમે તેટલું હોય પણ એ તો સોનું છે ને ? સોનાનો હાર છે તે વાત સાચી છે પણ તારે હાર પહેરીને વાંકુ વળવું પડશે. કોઈ પણ કામકાજ કરીશ તો છાતીમાં વાગશે, ત્યારે કહે છે કંઈ નહિ થાય. મને હાર ગમે છે એટલે એના પતિએ એને હાર આપ્યો. પત્નીએ હોંશે હોંશે હાર પહેર્યો. હવે એ કામકાજ કરવા વાંકી વળે એટલે પેંડલ એની છાતીમાં ભટકાય. ચાર પાંચ દિવસમાં તો છાતીમાં ચાંદુ પડી ગયું. દુઃખાવો થવા લાગ્યો પણ હાર કાઢતી નથી. પતિ બધું દૃશ્ય જોયા કરે છે. છાતીમાંથી લોહી નીકળ્યા પણ આ હાર કાઢતી નથી, ત્યારે એના પતિના મનમાં થયું કે હવે આને કંઈક ચમત્કાર બતાવવા દે. નહિતર મારે જ ઉપાધિ થશે.

"પત્નીની દૃષ્ટિ ઉઘાડવા કરેલો પ્રયત્ન" :– પત્ની ઘસઘસાટ ઉંઘતી હતી ત્યારે એના પતિએ પેંડલ ઉપરથી સ્હેજ પતરું ઊંચું કરી નાંખ્યું. સવાર પડતાં પત્ની જાગી. ઊંચું કરી નાંખેલું પતરું વાગ્યું એટલે એણે જોયું તો અંદર લોહું છે. તરત હાર ગળામાંથી કાઢીને ફેંકી દીધો. પતિને કહે છે કે તમે મને દગો દીધો. પતિ કહે શેનો દગો ? જુઓ તો ખરા, આ હાર તો લોઢાનો છે. પતિ કહે છે મેં તને દગો નથી દીધો પણ તારા શબ્દે મને જાગૃત કર્યો છે. તેં બાને કહ્યું મારાથી બલ નહિ ઉંચકાય. તે દિવસે તું નાનકડો બલ ન ઉંચકી શકી તો આ હારનું વજન કેવી રીતે ઉંચકી શકી ? આ છાતીમાં ચાંદુ પડી ગયું તો પણ તું હાર કાઢતી ન હતી, કારણ કે સોના પ્રત્યે તને રાગ છે. સોનું માનીને હાર પહેર્યો પણ લોખંડ જોયું એટલે ફટ દઈને ફેંકી દીધો. પત્ની એના પતિની વાતનો મર્મ સમજી ગઈ.

બંધુઓ ! આ સંસાર પણ સોનાથી મઢેલા લોઢા જેવો છે. ઉપરથી તમને આકર્ષમાળ દેખાઈ રહ્યો છે એટલે પેલી બાઈની જેમ તમે સંસારના દુઃખો સહન કર્યા કરો છો. જ્ઞાનીઓ તમને સંસાર છોડવાનું કહે છે છતાં છોડવાનું મન થતું નથી, પણ પેલી બાઈને ખબર પડી કે આ હારમાં સોનું નથી પણ લોહું છે એટલે તરત જ હાર ફેંકી દીધો, તેમ તમે પણ શું કરો ? **"એક ધક્કા ઓર દો, સંસાર કો છોડ દો."** આ સંસારમાં કોઈ કોઈનું નથી. કોણ જાણે આ સંસારમાં તમને કેટલાય ધક્કા વાગતા હશે છતાં તમે સંસારને ધક્કો મારતા નથી. આ દુઃખમય સંસારમાં મીઠી વીરડી સમાન કોઈ હોય તો તે એક ધર્મ છે. માછલી ખારા સમુદ્રમાં રહે છે છતાં પાણી મીઠું પીએ છે. એ કેવી રીતે પીતી હશે ? જાણો છો ? સમુદ્રમાં શૃંગી નામની માછલી રહે છે. એને જ્યારે તરસ લાગે છે ત્યારે એ જે તરફથી નદીનું મીઠું પાણી સમુદ્રમાં આવે છે તે તરફ જઈને એ મીઠું પાણી પી લે છે તેમ આ

સંસાર પણ ખારા સમુદ્ર જેવો છે. એમાં ધર્મરૂપી એક મીઠી વીરડી છે. તમે સંસારમાં રહેવા છતાં પણ જો ધર્મરૂપી વીરડીનો આશ્રય લેશો તો દુઃખ ટળશે ને સુખ મળશે. જીવન સત્ય, નીતિ અને સદાચારની સુગંધથી મઘમઘતું બની જશે. ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ વગેરે કષાયો મંદ પડશે. જ્યારે ધર્મના સ્વરૂપને જીવ બરાબર સમજશે ત્યારે તેની દશા જુદી હશે. કોઈ એને ગમે તેવા શબ્દો કહી જશે તો પણ દુઃખ નહિ લગાડે. પોતાનું ધાર્યું નહિ થાય તો પણ મનમાં ખેદ નહિ કરે. જીવનમાંથી બધું જતું કરશે. જ્ઞાનીપુરૂષો કહે છે કે **જે જતું કરે તે જગદીશ બને ને અટકે તે અમર થાય.** જતું શું કરવાનું એ સમજ્યા ? આપણને કોઈ ગમે તે કહી જાય તો સમજવું કે ભલે કહ્યું. એ એના ભાવે. એમાં મારે કષાય કરવાની શી જરૂર ? એમ જતું કરવું. જે જતું કરે છે તે જગદીશ બને છે ને વિષય કષાયોથી જે અટકે તે અમર બને છે. જે મનુષ્ય જીવનમાંથી જતું કરતા નથી, અભિમાન છોડતા નથી એની કેવી દશા થાય છે તે ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

"માનને માંચડે ચઢેલી કૌમુદી" :- એક નગરમાં અત્યંત ધનવાન એક નગરશેઠ વસતા હતા. તેમની પત્ની પણ તેમને અનુકૂળ સ્વભાવની હતી. આ શેઠને વિનયના ભંડાર અને ગુણવાન સાત સાત પુત્રો હતા. આ સાત પુત્રો ઉપર એક પુત્રી જન્મી છે. પુત્રી પણ રૂપરૂપનો અંબાર છે. માતાપિતાને ખૂબ જ લાડકવાયી હતી એટલે શેઠે પોતાના કુટુંબમાં સૌને કહી દીધેલું કે મારી આ કુલ જેવી કોમળ પુત્રીની કાયા કરમાય એવું વચન એને કદી કહેશો નહિ. પિતાએ એને સ્ત્રીઓની ૬૪ કળાઓમાં નિપુણ બનાવી. એનું નામ કૌમુદી હતું. હવે કૌમુદી યુવાન બની. રૂપથી છલકતી અને માતાપિતાના મોઢે ચઢાવેલી આ કૌમુદીને પરણવા માટે એના રૂપની પાછળ પતંગીયાની જેમ પાગલ બનીને કંઈક યુવાનો આવવા લાગ્યા. રૂપ અને યૌવનના ઉન્માદે ચઢેલી કૌમુદી એના પિતાજીને કહે છે પિતાજી ! જે પુરૂષો મારી હા એ હા, અને ના એ ના કરે અને મારી આજ્ઞામાં રહે તે મારો જીવનસાથી બનશે. કૌમુદીના રૂપમાં મુગ્ધ બનીને કેટલાય યુવાનો એને પરણવા આવવા લાગ્યા. જે આવે તેને શેઠ પોતાની પુત્રીની શરત કબૂલ કરે તેની સાથે પરણાવવાનું કહેતા. આ સાંભળીને સૌ પાછા ફરી જતા. કારણ કે સૌ કહેતા આ તો જિંદગીના ખેલ છે. કાયમ પત્નીની આજ્ઞામાં જ રહેવાનું ને એ કહે તેમ કરવાનું એ તો એક પરતંત્રતાક હેવાય. ખરી રીતે તો પત્નીએ પતિની આજ્ઞામાં રહેવાનું હોય, જ્યારે આ તો આપણે એની આજ્ઞામાં રહેવું પડે. આવી પરાધીનતા ન જોઈએ. આ તો સંસાર છે. કયારેક એનું કહ્યું ન પણ કરી શકાય. એવો વિચાર કરીને બધા પાછા ફરી જતા. આ જગતમાં દરેકની મતિ કંઈ સરખી હોતી નથી. એ જ નગરમાં તાજેતરમાં નવો નવયુવાન પ્રધાન આવ્યો હતો. એણે વિચાર કર્યો કે બહુ તો એની આજ્ઞામાં શું હશે? મારે આ

જોઈએ ને તે જોઈએ. તો મારી પાસે સંપત્તિનો પાર નથી. એના મોજશોખ પૂરા કરીશ એટલે વાંધો નહિ આવે. પ્રધાને નગરશેઠની પુત્રી કૌમુદીની શરતનો સ્વીકાર કર્યો. પ્રધાન મંત્રી જેવો સંપત્તિવાન અને સત્તાધારી જમાઈ મળવાથી શેઠના હૃદય સાગરમાં આનંદનો ઉદધિ હિલોળા મારવા લાગ્યો. શેઠે પોતાની લાડકવાયી દીકરીના ખૂબ ધામધૂમથી લગ્ન કર્યા. કરિયાવર ખૂબ કર્યો. પરણ્યા પછી બંને સંસારના સુખોમાં નિમગ્ન બન્યા. દશેક વર્ષ તો બહુ વાંધો ન આવ્યો પણ એક દિવસ કૌમુદીએ એના પતિને કહ્યું : સ્વામીનાથ ! આપણા બંને વચ્ચે ક્ષીરનીર જેવી પ્રીતિ છે. એને જો આપ અખંડ રાખવા ઇચ્છતા હો તો આપે અત્યાર સુધી મારી બધી પ્રતિજ્ઞાઓ પાળી છે તેમ આજથી મારી નવી આજ્ઞાનું બરાબર પાલન કરજો. પ્રધાને કહ્યું શું ? ત્યારે કહે છે આપે દરરોજ સૂર્યાસ્ત થઈ જાય તે પહેલા ઘેર પાછા આવતા રહેવાનું.

"પ્રધાન પ્રત્યે દ્વેષના કારણે લોકોએ કરેલી રાજાને ફરિયાદ":–બંધુઓ ! આ સંસારમાં આઠ પ્રકારના અંધ મનુષ્યો છે. તેમાં એક વિષયાંધનો નંબર પણ છે. વિષય સુખોમાં અંધ બનેલા એ પ્રધાને પરમેશ્વરની આજ્ઞાની માફક પ્રિયતમાની આજ્ઞા વધાવી લીધી. પત્ની ઉપર અત્યંત રાગ હતો એટલે પાછળના પરિણામનો પ્રધાને વિચાર ન કર્યો, કારણ કે રાગ વસ્તુ એવી છે કે તેને અનુચિત બધું ઉચિત જણાય છે. રાગનું પાત્ર જેમ નચાવે તેમ નાચવા રાગી આત્મા સદા તત્પર બને છે. આ પ્રધાન પોતાની પત્નીની આ નવી આજ્ઞાનું અચૂક પાલન કરવા લાગ્યો. આ તો રાજ્યનો પ્રધાન હતો. એને રાજ્યના કેટલાય કામ હોય પણ ગમે તેમ કરીને કામ વહેલું પતાવીને પણ સૂર્યાસ્ત પહેલા ઘેર પહોંચી જતો. આ પ્રધાન ખૂબ બુદ્ધિશાળી છે. એના ઉપર રાજાના ચારે હાથ છે એટલે કંઈક રાજ્યાધિકારીઓને એના પર ઈર્ષ્યા હતી, તેથી એક દિવસ પ્રધાનની ગેરહાજરીમાં બધાએ રાજાના કાન ભંભેર્યા કે આપનો પ્રધાન તો એની પત્નીને આધીન છે. એનું ઘરમાં કંઈ ચલણ નથી. એની આજ્ઞાનું પાલન કરવા માટે તો પ્રધાન દરરોજ સૂર્યાસ્ત પહેલા ઘેર ચાલ્યો જાય છે. રાજા કહે મારો પ્રધાન કંઈ કાયર નથી. એ તો બાહોશ છે. એની પત્ની આગળ એનું ન ચાલતું હોય એમ ન બને.

બધાએ રાજાને ખૂબ ભંભેર્યા એટલે કહે છે કે ઠીક, ત્યારે હું આજે જ એનું પારખું કરું. એ દિવસે સૂર્યાસ્ત પહેલા રાજાએ પ્રધાનને કહ્યું–મંત્રીશ્વર ! આજે રાજ્ય સબંધી એક નવી વિચારણા કરવાની છે, માટે તમે વહેલા ઘેર ન જતા. સૂર્યાસ્ત પહેલા રાજાએ પ્રધાનને એક નવું કાર્ય સોંપ્યું. એ કામ પૂર્ણ થતાં રાત્રે એક વાગ્યો, પછી રાજાએ પ્રધાનને ઘેર જવાની રજા આપી, પણ પ્રધાને કાર્ય પૂરું થતાં સુધી મુખ ઉપર એક પણ ચિંતાની રેખા આવવા દીધી નથી કે પત્નીની આજ્ઞાનું આજે પાલન નથી થયું તો મારું શું થશે ? એને શ્રદ્ધા હતી કે હું રોજ આજ્ઞાનું પાલન કરું છું

તો કોઈ વખત તો એ પણ સમજે ને કે આ રાજ્યની નોકરી છે. કોઈ વખત મોડું થઈ જાય. પોતાની પત્નીને મળવા પ્રધાનજી હર્ષભેર ઘેર આવ્યા. પત્ની તો બારણું બંધ કરીને સૂઈ ગઈ હતી એટલે પ્રધાને બારણું ખખડાવ્યું પણ પત્નીએ ખોલ્યું નહિ, તેમજ જવાબ પણ ન આપ્યો. ચતુર પ્રધાન સમજી ગયો પણ શું થાય? રાજાની આજ્ઞા આગળ નિરૂપાય હતો. પ્રધાને કહ્યું કૌમુદી! આજે અમુક કારણસર મારે મોડું થયું છે. દ્વાર ખોલ. તો પણ દ્વાર ખોલ્યા નહિ. મંત્રી કહે છે હે પ્રિયા! આજે રાજાની આજ્ઞા મારે શિરોમાન્ય કરવી પડી છે, તેથી આવતા મોડું થયું છે માટે આજનો દિવસ કૃપા કરીને કમાડ ખોલ.

દેવાનુપ્રિયો! આ તમારો સંસાર. વિષયોની પાછળ જીવને કેટલી ગુલામી કરવી પડે છે છતાં જીવને મોહ છૂટતો નથી. પ્રધાન ખૂબ કરગર્યો ત્યારે કૌમુદીએ દ્વાર ખોલ્યા, પણ એના મુખ ઉપર તો ક્રોધની રેખાઓ તરવરી ઉઠી હતી. પતિની સામે જોઈને કહે છે મારી આજ્ઞાનો ભંગ કરીને ઘરમાં આવતા શરમ નથી આવતી? રાજાની આજ્ઞા મહાન કે મારી આજ્ઞા મહાન? તમે કોને પરણ્યા છો? રાજાને કે મને? આ નહિ ચાલે. પત્ની આવા શબ્દો કહે છે છતાં પતિ કોમળતાથી કહે છે દેવી! ક્રોધ ન કરો. તમારા માટે બધું કરવા તૈયાર છું પણ આજે માફ કરો. હું મોટો પ્રધાન ગમે તેવો હોઉં પણ રાજ્યની નોકરી છે તેથી રાજાની આજ્ઞાનું પાલન મારે કરવું પડે. હું મારી મરજીથી રોકાયો નથી. આ વખતે મને ક્ષમા આપ, ત્યારે કૌમુદીએ વિશેષ ક્રોધ કરીને કહ્યું, ક્ષમા નહિ મળે. મારી આજ્ઞા વિરુદ્ધ ચાલનાર પતિ હવે મારે ન જોઈએ. હું તો અત્યારે ને અત્યારે મારા પિયર ચાલી જાઉં છું.

"પતિનું ઘર છોડતી કૌમુદી" :- મધરાતે કૌમુદી વસ્ત્રાભૂષણો સજીને પતિનું ઘર છોડીને જવા તૈયાર થઈ ગઈ. પતિ સમજી ગયો કે હવે આ સ્ત્રી કોઈ રીતે સમજે તેવી નથી, એટલે કહ્યું કૌમુદી! તારા પિતાને ઘેર જવું હોય તો ખુશીથી જા પણ અત્યારે મધરાત્રે જવાનું રહેવા દે. સવારમાં ઊઠીને જજે, પણ કૌમુદી કહે છે કે ના....હું તો અત્યારે ને અત્યારે જ જાઉં છું એમ કહીને પ્રધાનનું ઘર છોડીને ચાલી નીકળી. પતિએ ખૂબ સમજાવી પણ રોકાઈ નહિ. એણે વિચાર ન કર્યો કે હું રૂપરૂપનો અંબાર છું, વળી શરીરે વસ્ત્રાભૂષણો સજ્યા છે. રાતના ટાઇમે કોઈ ગુંડાઓ મળશે તો? માનના માંચડે ચઢેલી તે ચાલી નીકળી. તેનો પતિ પાછળ ગયો તો કહ્યું કે ખબરદાર, જો આવ્યા તો! હું એકલી જઈશ. છેવટે પતિ પાછો વળ્યો. રસ્તામાં ચોરો મળ્યા. રૂપરૂપનો અંબાર અને વસ્ત્રાભૂષણોથી સજ્જ સ્ત્રી છે. વળી સાથે કોઈ નથી. એકલી છે. હવે ચોરો એને છોડે ખરા? હાથમાં આવેલો કોળિયો કોણ જતો કરે? ચોરોએ એને પકડી લીધી, અને પોતાના આગેવાન પલ્લીપતિને સોંપી દીધી. આ નવયુવાન સ્ત્રીનું રૂપ, લાવણ્ય નીરખીને પલ્લી-સરદાર એના પર મોહાસક્ત બન્યો.

સમય જોઈને કહે છે હે સુંદરી! તારું સુંદર મઝાનું રૂપ અને મારું થનગનતું યૌવન એ બંનેનો સુંદર સુયોગ મળ્યો છે. એ સુયોગનો આપણે સદુપયોગ કરી લઈએ.

"કારમા દુઃખમાં પણ શીલનું રક્ષણ કરતી કૌમુદી" :– આ કૌમુદી ક્રોધનો કટકો અને અહંકારનો અવતાર હતી. એક જ દિવસ પોતાની આજ્ઞાનું પાલન ન થયું તો મધરાત્રે એ પતિને છોડીને ચાલી નીકળી અને ચોરના હાથમાં સપડાઈ પણ એનું ચારિત્ર સો ટચના સોના જેવું શુદ્ધ હતું. શીલગુણની સાક્ષાત્ મૂર્તિ સમાન કૌમુદીએ ચોરોના સરદારને સાફ શબ્દોમાં કહી દીધું કે હે પાપી! આર્યાવર્તના ઉત્તમ સંસ્કારને વરેલી હું એક પરણેલી સન્નારી છું. મારા પતિ સિવાય કોઈ પુરૂષનો સ્પર્શ મારા શરીરે નહિ થવા દઉં. સરદાર સમજી ગયો કે આ સ્ત્રી કળથી સમજે તેવી નથી. મારે એની પાસે બળથી કામ લેવું પડશે. સરદારે એની પાશવી વૃત્તિઓને પોષવા માટે કૌમુદીને અપરંપાર દુઃખ દેવા માંડયું. એની પાસે મજુરી કરાવવા લાગ્યો. કામ કરવામાં સહેજ વાર લાગે તો ઢોર માર મારવા લાગ્યો છતાં કૌમુદી સરદારની ઇચ્છાને આધીન ન થઈ. એણે સાફ કહી દીધું કે હે નરાધમ! તું મારા શરીરના ટુકડે ટુકડા કરીને મારા પ્રાણનો નાશ કરી નાંખ પણ મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું મારા શિયળનું ખંડન નહિ થવા દઉં. પ્રાણ ગયા પછી મારા મડદાને કાગડા ચૂંથે એમ તારે ચૂંથવું હોય તો ચૂંથી નાખજે પણ મારા જીવતા મારા દેહને તું પામી શકે એ વાત સ્વપ્નમાં પણ નહિ બને. એ તું ચોક્કસ સમજી લેજે. કૌમુદીના શબ્દોમાં ખમીર હતું. આર્યાવર્તની નારીનો જવલંત આદર્શ અને સન્નારીના મુખેથી ભડવીરની અદાથી બોલાયેલી વાણી સાંભળીને સરદાર સમજી ગયો કે આ આદર્શ મહાસતી છે. હવે જો એને વધુ સંતાપીશ તો મને શ્રાપ આપશે તો હું બળીને ભસ્મ થઈ જઈશ. માટે જવા દે. એમ વિચાર કરીને સરદારે બર્બરકૂટ નામના નગરના એક નીચકુળના માનવ સાથે એનો સોદો નક્કી કરીને કૌમુદીને વેચી દીધી.

એક અભિમાન ન છોડયું અને ક્રોધાવેશમાં આવીને નીકળી તો કેટલા પુરૂષોના પાશવી સકંજામાં સપડાઈ જવું પડયું? અને કેવા દુઃખો સહન કર્યા? કૌમુદી ઘર છોડીને નીકળી ગયા પછી એનો પતિ ખૂબ ચિંતા કરવા લાગ્યો કે આ મધરાતે એકલી કયાં ગઈ હશે? એનું શું થયું હશે? એને શોધવા નીકળ્યો પણ એ કયાંય મળી નહિ એટલે થાકીને પાછો ફર્યો. એના પિયરમાં પણ ખબર આપી, પણ પત્તો ન પડયો. બર્બરકૂટનો નીચ માનવી પણ કૌમુદીનું રૂપ–યૌવન જોઈને મુગ્ધ બન્યો અને એની પાસે વિષયસુખની યાચના કરી, પણ શીલધર્મની ઝળહળતી જ્યોતને અખંડ રાખનાર કૌમુદીએ એને કઠોર શબ્દોમાં કહી દીધું–હે પાપી! તું મારા જીવતાં મને નહિ અડી શકે.

દેવાનુપ્રિયો! માણસને રૂપ બહુ ગમે છે પણ ઘણી વખત શીલપ્રેમી આત્માઓ

માટે યૌવન સાથે ભળેલું રૂપ દુઃખદાયી બની જાય છે. બર્બરકૂટના નીચ નરાધમે પણ કૌમુદીને ખૂબ સમજાવી પણ કૌમુદી તો પોતાના ચારિત્રમાં અણનમ રહી ત્યારે તે નીચ માનવીએ કૌમુદી ઉપર વૈર વાળવાનું શરૂ કર્યું. કહ્યું છે ને કે "**कामात् क्रोधो ऽभिजयते**" જ્યારે માનવીની ઇચ્છા પૂર્ણ ન થાય ત્યારે તેમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. પેલો પાપી નરાધમ ક્રોધાવેશમાં આવીને કૌમુદીને થાંભલા સાથે બાંધી એના શરીરમાં સોયો ભોંકી ભોંકીને એના દેહમાંથી લોહી ખેંચવા લાગ્યો. કૌમુદીનું શરીર કૃશ થઈ જતું ત્યારે પેલો માણસ એને મિષ્ટાન્ન વિગેરે પૌષ્ટિક પદાર્થો ખવડાવતો અને એના શરીરમાં લોહી ભરાતું ત્યારે પાછો થાંભલા સાથે બાંધીને ધગધગતા અણીદાર સોયા ભોંકતો ને લોહી ખેંચતો. આ રીતે વારંવાર એના શરીરને સોયા ભોંકવાથી અને લોહી ખેંચવાથી કૌમુદીને પાંડુ નામનો ભયંકર રોગ થયો. આવા મરણાંત કષ્ટોની સામે ઝઝમીને પણ કૌમુદી શીલધર્મમાં એક શૂરવીર સુભટની જેમ અડગ રહી, પણ કુશીલના કાદવથી પોતાના આત્માને અભડાવ્યો નહિ. એક વખત ભારતની આર્યનારીઓમાં પોતાના શીલની કેટલી ખુમારી હતી તે આ ઉપરથી સમજી શકાશે.

એક વખત આ શીલવતી કૌમુદીનો ભાઈ વહેપારના કામ માટે બર્બરકૂટમાં આવ્યો. તેણે નગરમાં ફરતાં ફરતાં એવા સમાચાર સાંભળ્યા કે એક રંગારાને ત્યાં કોઈ પરદેશી યુવાન સ્ત્રી આવી છે. તે રૂપરૂપનો અંબાર છે અને રંગારો એને ખૂબ દુઃખ દે છે. કૌમુદીનો ભાઈ આ સમાચાર સાંભળીને કુતુહલ વશ થઈને જોવા માટે પેલા રંગારાને ત્યાં આવ્યો ને પેલી બાઈને જોઈ તો તે બીજી કોઈ નહિ પણ પોતાની બહેન હતી. બહેનના માથે દુઃખના ડુંગર ખડકાયેલા જોઈને ભાઈ ધ્રુજી ઉઠ્યો. આવા દુઃખમાં જ્યારે બહેનને ભાઈ મળે ત્યારે કેવો આનંદ થાય ? ખારા મહાસાગરમાં જાણે મીઠી વીરડીનો ક્યારો મળ્યો. કૌમુદીના ભાઈએ રંગારાને અઢળક ધન આપીને પોતાની બહેનને સોંપી દેવા માટે વિનંતી કરી. આટલી બધી સંપત્તિ મળી પછી રંગારાને શું જોઇએ ? ધન મળ્યું એટલે રંગારાએ કૌમુદીને એના ભાઈએ સોંપી દીધી.

પોતાની વહાલી બેનડીને લઈને ભાઈ પોતાના નગરમાં આવ્યો. કૌમુદીએ પોતાને કેવા કેવા દુઃખો પડ્યા તે વાત પોતાના માતાપિતા આદિ કુટુંબીજનો સમક્ષ રજુ કરી. એના દુઃખની વાત સાંભળી બધાની આંખમાં આંસુની ધાર વહી. આવા સંકટમાં પણ કૌમુદીએ પોતાનું શીલરત્ન અખંડપણે જાળવી રાખ્યું તે જાણીને સૌને ખૂબ આનંદ થયો. સૌ એના ચરણમાં ઝૂકી પડ્યા. એના પતિને પણ ખબર પડી કે કૌમુદી ક્ષેમકુશળ એના પિયરમાં આવી ગઈ છે તે જાણી ખૂબ આનંદ થયો ને તરત જ આવીને કૌમુદીને પ્રેમપૂર્વક પોતાને ઘેર તેડી ગયો. પત્નીએ આવા દુઃખોમાં પણ પોતાનું ચારિત્ર ગુમાવ્યું નથી. તે સાંભળીને પ્રધાને હર્ષવિભોર બની કૌમુદીને પોતાના સમગ્ર ગૃહની સ્વામિની તરીકે વધાવી લીધી ને આનંદથી રહેવા લાગ્યા.

દેવાનુપ્રિયો ! આ કૌમુદી ક્રોધ અને અભિમાનને વશ થઈને મધરાત્રે ઘર છોડીને ચાલી ગઈ. ત્યાર પછી એને કેવા કેવા દુઃખો સહન કરવા પડયા એ તમે સાંભળી ગયા ને ? આ કૌમુદી પોતાના જીવનમાં ક્રોધ અને અભિમાનનો કરૂણ અંજામ જીવનમાં અનુભવી લીધા પછી ક્ષમા અને સરળતાની સાક્ષાત્ પ્રતિમા બની ગઈ હતી. જે કૌમુદી પહેલા ક્રોધનો દાવાનળ હતી તે હવે ક્ષમાનો સાગર બની ચૂકી હતી. ગમે તેવા પ્રસંગોમાં પણ તે કદી ક્રોધ કરતી ન હતી. તેણે પ્રતિજ્ઞા કરી હતી કે હવે પ્રાણાંત કષ્ટ થાય તો પણ ક્રોધ કરવાનું કાળું પાપ કદાપિ નહિ કરું. એ હવે તો એવી પવિત્ર બની ગઈ હતી કે એની ક્ષમા અને શીયળની ખુદ દેવલોકના દેવો પણ પ્રશંસા કરતા હતા. આ રીતે ઘણો સમય પસાર થઈ ગયો.

એક વખત એ નગરની બહાર ઉદ્યાનમાં કોઈ મહાજ્ઞાની, ધ્યાની અને પ્રશાંત મુનિરાજ ધ્યાનમાં ઊભા હતા. તે વખતે કોણ જાણે ક્યાંકથી અચાનક આગ લાગી અને મુનિનું શરીર અગ્નિના દાહથી બળવા લાગ્યું. છતાં મુનિવરનું મન તો વિરાગની મસ્તીના ઝુલણે ઝુલી રહ્યું હતું. મુનિ તો દેહની આસક્તિથી વિરક્ત હતા. આગ ઓલવાઈ ગઈ. મુનિ તો સમભાવે વેદના સહન કરવા લાગ્યા. પણ તેમને કેમ સારું થાય તે માટે શેઠ ગૈદરાજને લઈ આવ્યા, ત્યારે ગૈદે કહ્યું જો ક્યાંયથી લક્ષપાક તેલ મળે તો જલ્દી સારું થઈ જાય. લક્ષપાક તેલ ખૂબ મૂલ્યવાન છે. એ કંઈ બધાના ઘરમાં નથી હોતું. આ કૌમુદીને ઘેર લક્ષપાક તેલ છે એ વાત આ શેઠ જાણતા હતા, તેથી શેઠે બે મુનિરાજોને એને ત્યાંથી તેલ વહોરી લાવવાની વિનંતી કરી. બંને મુનિરાજો કૌમુદીને ઘેર લક્ષપાક તેલ લેવા માટે આવ્યા. મુનિરાજોને પોતાને ઘેર આવતા જોઈને કૌમુદીનું હૃદય હર્ષથી વિકસી ગયું ને ઊભી થઇ સાત આઠ પગલા સામી જઈને બોલી પધારો....પધારો....ગુરૂદેવ ! સંતો પોતાના ઘરમાં આવીને ઊભા રહ્યા એટલે ભાવપૂર્વક કહે છે ગુરૂદેવ ! આપને કઈ ચીજનો ખપ છે ? જે ખપ હોય તે વિના સંકોચે ફરમાવી મને લાભ દેવા કૃપા કરો. બરાબર આ સમયે દેવલોકમાં ઈન્દ્ર મહારાજા દેવોની સભામાં કૌમુદીની ક્ષમાશીલતાના ગુણગાન કરી રહ્યા હતા. હે દેવો ! અત્યારે આ પૃથ્વી તલ ઉપર સતી કૌમુદી જેવી કોઈની ક્ષમાશીલતા નથી. દેવો પણ તેની ક્ષમાને ખંડિત કરવા સમર્થ નથી.

"કૌમુદીની ક્ષમાની પરીક્ષા કરતા દેવો" :– ઈન્દ્રના મુખેથી મૃત્યુલોકની એક સ્ત્રીની આટલી બધી પ્રશંસા સાંભળી. તે એક દેવને અનુચિત લાગી કે ખુદ ઈન્દ્ર મહારાજા મૃત્યુલોકની એક નારીની આટલી બધી પ્રશંસા કરે ! આપણે ત્યાં પણ કોઈ ગુણીયલ વ્યક્તિની કોઈ પ્રશંસા કરે તો ઈર્ષ્યાળુથી સહન થતું નથી તેમ દેવલોકમાં પણ એવું જ છે. કૌમુદીની પ્રશંસાથી અસહિષ્ણુ બનેલા દેવ કૌમુદીની પરીક્ષા કરવાનો નિર્ણય કરીને તે જ સમયે અદૃશ્યપણે કૌમુદીના ઘરમાં આવ્યો. આ સમયે બે મુનિઓ

લક્ષપાક તેલ લેવા માટે પધારેલા હતા. તેઓ કૌમુદીની વિનંતીના ઉત્તરમાં કહી રહ્યા હતા કે બહેન ! અમારા એક મુનિરાજ અગ્નિઝાળથી દાઝયા છે તેમની શ્રુસુષા માટે લક્ષપાક તેલની જરૂર પડી છે. જો તમારી પાસે હોય ને અનુકૂળતા હોય તો અમને આપો. કૌમુદીએ કહ્યું ગુરૂદેવ ! આપ આ શું બોલ્યા ? આપની ભક્તિનો લાભ મળે ત્યાં અમને તો આનંદ જ હોય ને ? એમાં અનુકૂળતા અને પ્રતિકૂળતાનો પ્રશ્ન જ શાનો હોય ? તરત જ કૌમુદીએ દાસીને આજ્ઞા કરી કે બહેન ! માળીયાના કબાટમાંથી લક્ષપાક તેલનો કૂપ લાવો. આપણે મુનિરાજને વહોરાવીને લાભ લઈએ. દાસી લક્ષપાક તેલનો કૂપ લેવા માટે માળીયા ઉપર ચઢીને તેલનો કૂપ ઉતારતી હતી ત્યાં દૈવે તેના હાથમાંથી તેલનો કૂપ ગબડાવી નાંખ્યો ને મહામૂલ્યવાન તેલનો કૂપ ફૂટી ગયો, એટલે દાસી બોબાકળી બનીને રડવા લાગી. કૌમુદીએ હૃદયમાં ક્ષમા ધારણ કરી હતી એટલે મૃદુસ્વરે કહ્યું, બેટા ! તું રડીશ નહિ. બીજો કૂપ છે તે સાચવીને તું લઈ આવ. દાસી ફરીને માળીયા ઉપર ચઢીને બીજો કૂપ ઉતારે છે તે પણ દૈવી શક્તિથી દૈવે જમીન દોસ્ત કરી નાંખ્યો, એટલે દાસી તો ચોધાર આંસુએ રડવા લાગી છતાં કૌમુદી ગુસ્સે ન થઇ, એણે ત્રીજી વખત મીઠા મધુરા શબ્દો દ્વારા કૂપ ખૂબ સાચવીને લઈ આવવા વિનંતી કરી પણ દૈવી શક્તિના પ્રભાવે ત્રીજા કૂપની પણ એજ દશા થઈ. લાખ લાખ સોનામહોરોની કિંમતવાળા ત્રણ ત્રણ કૂપો ફૂટી જવા છતાં એક સમયની ક્રોધાવતાર કૌમુદી સહેજ પણ ક્રોધની કાલિમાથી ખરડાઈ નહિ.

"કૌમુદીની આત ઉત્કૃષ્ટ ભાવના" :- કૌમુદીના દિલમાં થયું કે અહો ! મારે આંગણે ગુરૂદેવ પધાર્યા છતાં હું શેઠાણીની જેમ બેસી રહીને દાસીને લક્ષપાક તેલનો કૂપ લેવા મોકલું છું. હવે એક જ કૂપ રહ્યો છે તો હું જાતે જ લઈ આવું. પોતે જાતે જ ઊભી થઈને લેવા ગઈ. આ વખતે એના શીલ ધર્મના પ્રભાવે દેવ તેની લીલા અજમાવી શકયો નહિ. લક્ષપાક તેલનો કૂપ લઈને હર્ષભેર કૌમુદીએ મુનિરાજને વહોરાવી દીધો. બંને મુનિરાજે કૌમુદીની અતિ ઉત્કૃષ્ટ ભાવના અને ક્ષમા જોઈને ચકિત થઈ ગયા. મુનિરાજોએ કહ્યું : બહેન ! અમારા કારણે તમારા ત્રણ ત્રણ મહામૂલા લક્ષપાક તેલના કૂપ ઢળી ગયા. ખરેખર, અમને ખૂબ દુઃખ થાય છે છતાં એક વાતનો આનંદ થાય છે કે ત્રણ ત્રણ કિંમતી તેલના કૂપ ફોડી નાંખનાર દાસી ઉપર આપે જરા પણ ક્રોધ કર્યો નથી, અને હવે અમારા ગયા પછી પણ તમે ક્રોધ કરશો નહિ, કારણ કે ક્રોધનો અંજામ કરૂણ હોય છે.

મુનિરાજોની વાત સાંભળીને કૌમુદી કહે છે ગુરૂદેવ ! આપની વાત સત્ય છે. ક્રોધનો અંજામ અત્યંત ક્રૂર હોય છે. તે મેં મારા જીવનમાં જાતે અનુભવ્યું છે. તેથી મેં પ્રતિજ્ઞા કરી છે કે હું પ્રાણાંતે પણ કદી ક્રોધ નહિ કરું, ત્યારે મુનિરાજે પૂછયું : બહેન ! તમે ક્રોધના કટુ ફળ કેવી રીતે અનુભવ્યા ? ત્યારે કૌમુદીએ ટૂંકમાં

મુનિરાજને પોતાની કહાની કહી. કૌમુદીના મુખેથી એના જીવનની રોમાંચક ઘટના સાંભળીને ક્રોધના કરૂણ અંજામનો વિચાર હૃદયમાં વાગોળતા મુનિરાજે પોતાના ગુરૂદેવ પાસે પહોંચી ગયા ને લક્ષપાક તેલ દ્વારા પોતાના ગુરૂને નિરોગી બનાવ્યા. આ તરફ પરીક્ષા કરવા આવેલો દેવ પોતાની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલી કૌમુદીને અભિનંદન આપવા પ્રત્યક્ષ રૂપે પ્રગટ થયો, અને ઈન્દ્રના મુખેથી પ્રશંસા સાંભળીને પરીક્ષા કરવા પોતે આવ્યો ને લક્ષપાક તેલના ત્રણ ત્રણ કૂપો પોતે ફોડી નાંખ્યા હતા તે વાત પ્રગટ કરીને કહ્યું : હે સતી ! તમે તમારા જીવનમાં ખરેખર ક્ષમા ધર્મને અપનાવ્યો છે. ઈન્દ્ર મહારાજે કરેલી પ્રશંસા સત્ય છે. એમાં હવે મને શંકા નથી. તમારી શીલપ્રિયતા અને ક્ષમાશીલતા આ જગતના જીવો માટે મહાન આદર્શ રૂપ છે. એમ કહીને દેવ કૌમુદીના ચરણમાં ઝૂકી પડયો. શાસ્ત્રમાં કહ્યું છે ને કે

देव दानव गंधव्वा, जक्ख रक्खस्स किन्नरा ।
बंभयारि नमंस्संति, दुक्करं जे करंति ते ॥

જે શુદ્ધ ભાવથી બ્રહ્મચર્યનું પાલન કરે છે તેના ચરણમાં દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નરો નમસ્કાર કરે છે. માનવદેહની શોભા શીલ, સત્ય, સદાચાર, સરળતા ,ઉદારતા આદિ ગુણોથી છે. શરીર ગમે તેટલું રૂપાળુ હોય, તેના ઉપર સારા વસ્ત્રો અને કિંમતી દાગીના પહેરો, સુગંધિત સેન્ટ, અત્તર બધું છાંટો પણ તેનાથી શરીર કંઈ શોભતું નથી પણ ગુણોથી શોભે છે. કૌમુદી સતીના જીવનમાં મહાન ગુણો પ્રગટ થયા હતા. તેના પ્રભાવે દેવે તેના ઉપર પ્રસન્ન થઈને સુગંધિત પુષ્પો અને સોનામહોરોની વૃષ્ટિ કરી, પછી સતીને પુનઃ વંદન કરીને એના સ્થાને ચાલ્યો ગયો.

બંધુઓ ! આ સંસારમાં ક્ષણે ક્ષણે જેને ક્રોધ આવે છે તે કષાયમાં ઝોડાઈને આત્માને કાજળથી પણ વધુ કાળો બનાવે છે. નજીવા સ્વાર્થ ખાતર એકબીજાનું ખૂન કરતા પણ અચકાતા નથી. તેમજ આપત્તિઓના ભયંકર દાવાનળ વચ્ચે પણ પ્રાણ સાટે શિયળનું કેવી રીતે રક્ષણ કરવું આ બધી વાતો કૌમુદીના દૃષ્ટાંતમાંથી જાણવા મળે છે. આવા દૃષ્ટાંતનો સાર ગ્રહણ કરીને જીવનમાંથી રાગ-દ્વેષ, તંત વગેરે જતા કરતા શીખો અને વિષય કષાયોથી અટકો તો સાચું સુખ પામી શકશો. આજે સમય ઘણો થઈ ગયો છે એટલે ચરિત્ર બંધ. વધુ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.-૧૦

અષાઢ વદ અમાસને સોમવાર "આત્માનું બંધન કયું ?" તા.-૨૩-૭-૭૬

અનંતજ્ઞાની શાસનપતિ તીર્થંકર ભગવંતોએ પ્રબળ પુરૂષાર્થ કરી કર્મોની કાલિમાને આત્મા ઉપરથી ઉખેડી કેવળજ્ઞાનની ઝગમગતી જ્યોતિ જલાવીને દ્વાદશાંગી

વાણીનું નિરૂપણ કર્યું. આગમમાં ભગવાન ફરમાવે છે કે હે ભવ્ય જીવો! આપણો જીવાત્મા કર્મના સંગથી અનાદિકાળથી સંસારમાં જન્મમરણાદિના જાલીમ દુઃખો ભોગવી રહ્યો છે. શરીર પણ જીવને કર્મની પરાધીનતાથી મળ્યું છે. માત્ર મોક્ષ એ એક એવું સ્થાન છે કે જ્યાં કર્મની પરાધીનતા નથી. બાકી તો ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક તેમાં પણ મોક્ષથી માત્ર ૧૨ જોજન દૂર રહેલા સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો પણ કર્મની જંજીરમાં જકડાયેલા છે. તે સિવાય વિવેક દૃષ્ટિએ વિચારવામાં આવે તો કોઈ પણ સંસારી જીવ શરીર વગરનો હોતો નથી, પછી ચાહે સૂક્ષ્મ શરીર હોય કે સ્થૂલ શરીર હોય. વાસ્તવિક દૃષ્ટિએ સંસારી આત્મા પોતાના શરીરને પોતાનો આધાર માને છે, પણ જ્ઞાની આત્માઓની દૃષ્ટિએ શરીર એ આત્માનો આધાર નથી. પોપટ, ચકલી આદિ પક્ષીઓને પાંજરામાં પૂરવામાં આવે છે તેમ આત્મા રૂપ પક્ષીને માટે શરીર એ પાંજરાની માફક કેદરૂપ છે.

આ જગતમાં આધાર ન હોય તો આધેય હોઈ શકતું નથી તે દૃષ્ટિએ જો શરીર એ આત્માનો આધાર હોત તો શરીર સિવાયનો આત્મા માની શકાય નહિ, પણ મોક્ષમાં રહેલા અનંતા સિદ્ધ ભગવંતો અશરીરી છે. એમને શરીર નથી તો એ શરીર વિના કેવી રીતે રહી શકે? માટે તમે સમજો કે શરીર એ આત્માનો આધાર નથી પણ કર્મજનિત બંધન છે. શરીરના કારણે આત્માને દુઃખ ભોગવવું પડે છે. શરીરના શીત ઉષ્ણાદિક સ્પર્શોથી આત્માને અનુકૂળતા અને પ્રતિકૂળતા એટલે કે સુખ દુઃખ થાય છે, જ્યારે શરીરથી રહિત આત્માને શીત ઉષ્ણાદિ સ્પર્શજનિત સુખ કે દુઃખ હોતા નથી. આ વાતને સમજાવવા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે,

देहे विमुह्य कुरुषे किमद्य न वेत्सि, देहस्थ एव भजसे भवदुःख जालम्।
लोहाश्रितो हि सहते घनघातमग्नि, र्बाधा न तेऽस्थ च नमोवदनाश्रयत्वे॥

હે ભવ્ય જીવો! દેહ ઉપર મમતા ધારણ કરીને શા માટે અનેક પ્રકારના પાપો કરો છો? કારણ કે દેહમાં વસવાને કારણે જીવને ચાર ગતિના દુઃખો ભોગવવા પડે છે. ચારે ગતિમાં કોઇ પણ ગતિવાળો જીવ એવો નથી કે જેને શરીર સિવાય દુઃખ ભોગવવું પડતું હોય. દરેક ગતિમાં શરીર ધારણ કરીને જીવને ભ્રમણ કરવાનું હોય છે અને તે શરીર દ્વારા ચારે ગતિના દુઃખો ભોગવવા પડે છે. આ વાત સમજાવવા માટે એક ન્યાય આપું.

કોઈ માણસ વિચાર કરે કે મારે અગ્નિને ટીપવી છે, કુટવી છે તો અગ્નિ કંઈ ટીપાય ખરી? અત્યાર સુધીમાં કોઈએ અગ્નિને ટીપી હોય તેમ તમે સાંભળ્યું છે ખરું? 'ના' તો ટીપાય ક્યારે? જ્યારે તે અગ્નિ પોતાના શુદ્ધ સ્વરૂપમાં ન રહેતા સ્વભાવ છોડીને જ્યારે લોઢાની અંદર પ્રવેશ કરે છે અર્થાત્ લોઢાને આશ્રિત બને છે ત્યારે લુહારો તે લોઢાને ઘણથી અનેક વખત કૂટે છે અને તે લોઢું કૂટાવાથી તે

લોઢામાં રહેલા અગ્નિને પણ કૂટાવું પડે છે. જેમ અગ્નિ અલગ હોય તો તેને કોઈ કૂટી શકતું નથી, પણ તે અગ્નિ જ્યારે લોઢામાં એકમેક થઈને ભળે છે ત્યારે તે અગ્નિ લોઢાના કૂટાવાની સાથે કૂટાઈ જાય છે તેવી રીતે આ શરીરને શીત, તાપ, ટાઢ વાયરો વગેરે પદાર્થો કંઈ પણ ઉપદ્રવ કરી શકતા નથી પણ જ્યારે આ જીવ શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે લોઢામાં પ્રવેશેલા અગ્નિને જેમ ઘણના માર પડે છે તેવી રીતે શરીરને લાગતા શીત, ઉષ્ણ, ટાઢ, વગેરેના ઉપદ્રવો શરીરમાં રહેલા આત્માને સહન કરવા પડે છે. જો અગ્નિ પોતાના સ્વભાવમાં રહીને બીજામાં પ્રવેશી ન હોત તો એને કૂટાવું ન પડત, પણ એ લોખંડમાં જોડાઈ તો તપેલા લોખંડની સાથે કૂટાવું પડયું. જેમ તપેલા લોઢાને ઉઠાવતા અગ્નિ અને લોઢું સાથે ઊઠે છે, તપેલા લોઢાને કાપતા લોઢું અને અગ્નિ બંને સાથે કપાય છે. તપેલા લોઢાને ફેંકતા લોઢું અને અગ્નિ બંને સાથે ફેંકી દેવાય છે તેમ આ સંસારમાં જીવ પણ શરીરની સાથે એકમેક થયો છે. તેના લીધે શરીરને ઉપાડતા, રોકાતા, ધક્કો મારતા જીવ પણ તેની સાથે ઉપડી જાય છે. ધક્કો ખાય છે ને રોકાઇ જાય છે. શરીરને છેદન–ભેદન, તાડન–તર્જન, રોગ વગેરે થતાં તે તાડન–તર્જન, છેદન–ભેદન, રોગ વગેરેનું દુઃખ શરીરમાં રહેલા આત્માને અનુભવવું પડે છે. જો આત્મા શરીરની સાથે એકમેક થયેલો ન હોય તો શરીરને થતાં તાડન–તર્જન,વધ, બંધ, રોગ વગેરેનું દુઃખ અંશ પણ આત્માને ભોગવવું પડે નહિ. આવી રીતે જો આત્માને જગતના સર્વ પદાર્થોથી નિવૃત્ત કરી દેવામાં આવે અને જગતના સર્વ પદાર્થોમાં અહંભાવ અને મમત્વ ભાવ જોડીને એકમેકપણે પ્રવેશ કરેલો છે તે છોડી દઈને શરીર વગરનો આત્મા બની જાય ત્યારે નિરાશ્રિત એવા આત્માને નિરાશ્રિત એવા આકાશની માફક શીત–તાપ–તાડન–તર્જન વગેરે દુઃખોમાંથી કોઈપણ જાતનું દુઃખ અનુભવવું પડશે નહિ. ટૂંકમાં કહેવાનો આશય એટલો જ છે કે દરેક સંસારી જીવોને શરીરના કારણે ચારે ગતિના દુઃખો ભોગવવા પડે છે. જ્યાં સુધી જીવને સંસારમાં રખડવાનું હોય છે ત્યાં સુધી અવશ્ય શરીર ધારણ કરવું પડે છે. જો કે દુઃખોનો અનુભવ એકલા શરીર દ્વારા આત્માને કરવો પડે છે એવું નથી. પાંચ ઈન્દ્રિયો, તેના વિષયો, તેના સાધનો, કુંટુંબ, ધન, માલ મિલ્કત વગેરેમાં ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ વગેરે દ્વારા પણ આ જીવને દુઃખનો પારવાર અનુભવ કરવો પડે છે પણ આ બધા દેહરૂપી વૃક્ષના શાખા, પ્રશાખા; પત્ર, પુષ્પ અને ફળ છે. ચારે ગતિમાં રખડતા જીવરૂપી પક્ષીઓને શરીર રૂપી પિંજરું એ કેદને સ્થાને છે. શરીર રૂપી કેદમાંથી જો કોઈ છૂટેલું હોય તો તે માત્ર સિદ્ધ ભગવંતો છે.

આ કેદખાનામાંથી છૂટવા માટે અને સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવાનો જો કોઈ મોકો હોય તો તે આ મનુષ્યભવમાં છે. મનુષ્યભવમાં પ્રમાદ છોડીને જાગૃત બનીને એવી કરણી કરી લો કે જન્મ–મરણના મહાભયંકર રોગો નાબૂદ થઈ જાય. તમારા શરીરમાં

કોઈ રોગ થાય છે તો તમે કોઈ સારા એવા ડોકટરને શરણે જાઓ છો ને? તેમાં કોઈ મોટા સર્જન ડોકટરને બતાવવું હોય તો તમે એમણે આપેલા ટાઈમ પ્રમાણે ત્યાં વહેલા પહોંચી જાઓ છો ને? ત્યાં પહોંચી ગયા પણ હજુ ડોકટર આવ્યા નથી અગર એક કલાક મોડા આવ્યા ને દર્દીઓનો દરોડો ચૂણ છે એટલે બે ત્રણ કલાક બેસવું પડે તો શાંતિથી બેસી રહો કે ડોકટરના સામા થાઓ? ત્યાં શાંતિથી બેસી રહો છો. કદાચ બહુવાર લાગે તો જઈને ડોકટરને એમ કહેશો કે ડોકટર સાહેબ! બહુ મોડું થયું. હવે મારો કેશ હાથમાં લો ને? ત્યાં એક તો ડોકટરને ચાર્જ ભરવાનો, ત્રણ કલાક ખોટી થવાનું ને ઉપરથી સાહેબ કહેવાનું, પણ તમે અહીં આવ્યા ને વ્યાખ્યાનનો ટાઈમ થયો પણ સંત સતીજી પાટ ઉપર ન આવ્યા. અડધો, પોણો કે એક કલાક થાય તો તમે શું કહેશો? વ્યાખ્યાનનો ટાઈમ થઇ ગયો છતાં સંતો આવતા નથી તો અમે કાંઈ ફૂરસદીયા નથી. અમારે ઘણું જ કામ છે. (હસાહસ) પણ ડોકટરને આવું કહી શકશો? 'ના' ડોકટરને ત્યાં તમે ત્રણ, ચાર કલાક બેસો તેમાં તમને લાભ થશે જ એવું નથી. જે રોગનું નિદાન કરાવવા ગયા હતા તે રોગ પણ મટશે જ એવી કોઈ ખાત્રી નથી પણ આ ધર્મસ્થાનકમાં આવીને તમે માત્ર સંતની સામે બેસી રહેશો, પાંચ કલાક સુધી સંત તમારી સાથે કંઈ જ વાત ન કરે તો પણ તમને મહાન લાભ થશે. માનવભવ અને ધર્મ કરવાનો બધો યોગ મળે તો એક ક્ષણ પણ નિષ્ફળ કેમ જવા દેવાય? તમારી એકની જ આ વાત નથી ભેગી અમારી સંતોની વાત પણ કરું. માત્ર સાધુવેશ પહેરી લીધો તેથી કલ્યાણ થઈ જવાનું નથી. અમને એમ થવું જોઈએ કે અમે માત્ર આ વેશ પહેર્યો નથી પણ કર્મશત્રુઓને હઠાવવાનો ધર્મધ્વજ લીધો છે માટે સંયમ લઈને એક ક્ષણ પણ પ્રમાદ કરવો પાલવે નહિ. એવી જાગૃતિ રાખવાની જરૂર છે. જાગૃતિ વિનાનું જીવન જીવવાનો કોઈ અર્થ નથી. કહ્યું છેને કે

જાગ્યા ન અંતર ઘટ વિષે, નિશા જાગવાથી શું વળ્યું?
ત્યાગ્યા ન દોષ દિલ તણાં, ઘર ત્યાગવાથી શું વળ્યું?

મનુષ્ય આખી રાતની રાત જાગ્યો પણ જાગીને આત્માનું કોઈ ચિંતવન ન કર્યું, ભવબંધન ઘટે એવી ચિંતવના ન કરી પણ હું ધનવાન કેમ બનું, મારા સંસારની વાડીનો વિસ્તાર કેમ વધે એવી જ ચિંતવના કરી તો એવું જાગવાથી શું લાભ? એવી ચિંતવનાઓ તો આ જીવે ઘણી કરી છે. પાસે લાખોને કરોડો રૂપિયાની સંપત્તિ હોય પણ જે પોતે કોઈના દુઃખ મટાડવા માટે સંપત્તિનો ઉપયોગ ન કરે તો એવી સંપત્તિથી શું લાભ? પોતે ઘરમાં મિષ્ટાન્ન આરોગે છે ને પાડોશીને ખાવા લૂખો સૂકો રોટલો પણ નથી તો એવા ખાવાથી શું વળ્યું? એવી જ રીતે જીવે ઘરબાર છોડ્યા, સ્નેહી, સ્વજન અને સંપત્તિ છોડી પણ અંતરમાં રહેલા દોષ-રાગ-દ્વેષ, વગેરે ન છૂટે તો ઘર ત્યાગવાથી શું લાભ? ઘર ત્યાગવાની સાથે આત્મામાં ક્ષણે ક્ષણે એવી જાગૃતિનો

ઝણકાર થતો હોય કે હે પ્રભુ ! હવે મારા ભવબંધનો ક્યારે તૂટશે ? હું આ જન્મ–જરા –મરણ આદિ રોગોને નાબૂદ કરીને મારા આત્માનું ભાવ આરોગ્ય એવી સિદ્ધ દશાને ક્યારે પામીશ ? આવું લક્ષ રહે તો અમારું ઘર ત્યાગવાનું પ્રયોજન સફળ થાય.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનની વાત ચાલે છે. એમાં પેલા બે મુનિરાજોએ ચારિત્રમાં દુગંછા કરી તો તેના ફળ સ્વરૂપે તેમને કેવું કર્મ બંધાઈ ગયું. તેમણે કેવા કેવા ભવ કર્યા અને છેવટે ચાંડાળ કુળમાં ઉત્પન્ન થયા. અત્યારે પહેલાની જેમ ચંડાળ પ્રત્યે એટલી દુગંછા કે તિરસ્કાર નથી પણ પહેલાના વખતમાં હરિજન–ચંડાળ વગેરેનો ખૂબ તિરસ્કાર હતો. ભૂલેચૂકે હરિજનને અડી જવાય તો ઘેર જઈને સ્નાન કરતા. એક વખત એક બ્રાહ્મણ પૂજા કરીને એક ગલીમાંથી આવતો હતો, ત્યારે એક ભંગડી ઝાડુ અને ટોપલો લઈને સામેથી જતી હતી. ભંગડી એને અડી ન હતી પણ એનો પડછાયો એ બ્રાહ્મણ ઉપર પડયો એટલે બ્રાહ્મણને ખૂબ ક્રોધ આવ્યો ને ભંગડી ઉપર ક્રોધ કરી એને ગાળો દેવા લાગ્યો, ત્યારે ભંગડીએ ખૂબ નમ્રતાથી કહ્યું ભાઈ ! મને ખબર નહિ કે તમે પૂજા કરવા ગયા છો તેથી હું આવી. ખબર હોત તો ન આવત, માટે મને માફ કરો. હું તમને અડી પણ નથી. શા માટે આટલો બધો ક્રોધ કરો છો ? ત્યારે બ્રાહ્મણ તો બેફામ ગાળો દેવા લાગ્યો એટલે ભંગડીએ વિચાર કર્યો કે હવે મારે એને બતાવી દેવું જોઇએ. બ્રાહ્મણ કોઈ રીતે ગાળો દેતો બંધ ન થયો ત્યારે ભંગડીએ જઈને બ્રાહ્મણનો હાથ પકડી લીધો એટલે બ્રાહ્મણના ક્રોધનો પારો આસમાને ચઢયો ને ડબલ ગાળો દેવા લાગ્યો તેથી લોકોનું ટોળું ભેગું થયું ને ભંગડીને કહ્યું કે તું શા માટે બ્રાહ્મણને અડકી ? ત્યારે ભંગડીએ આગળની બધી વાત કરીને કહ્યું હું અત્યારે બ્રાહ્મણને નથી અડકી. હું તો મારા સજાતીય ચંડાળને અડકી છું કારણ કે અત્યારે એ બ્રાહ્મણ નથી. એનામાં ક્રોધ રૂપી ચંડાળ પ્રવેશેલો છે.

ક્રોધ એ પણ એક પ્રકારનો ચંડાળ છે. પેલો બ્રાહ્મણ શરમાઈને ચાલ્યો ગયો. ટૂંકમાં અસલના વખતમાં ચંડાળ જાતિને ખૂબ તુચ્છ ગણવામાં આવતી. આ બે છોકરાઓ કર્મના ઉદયથી ચંડાળ કુળમાં જન્મ્યા. એમનું રૂપ અથાગ છે. એમના પુણ્યોદયે નમુચી પ્રધાન મળ્યો ને એણે બંને બાળકોને સંગીતાદિ કળાઓ શીખવાડી. તે સંગીતકળામાં એવા તો પારંગત થયા કે એ ગાય તો જંગલમાંથી દોડતા જાનવર આવે ને સ્થિર બની જાય. મલ્હાર રાગ ગાય તો વરસાદ પડે અને દીપક રાગ ગાય તો દીપક પ્રગટે. સંગીતકળામાં આવા પારંગત થયા પણ જાતિના ચંડાળ હતા, એટલે આવી સરસ કળાઓની કોઈ કદર કરતું નથી. જીવને ઊંચ–નીચ કુળમાં લઈ જનાર કર્મ છે. આચારાંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે "**से असइं उच्चागोए, असइं नीआगोए ।**" આ જીવ કર્મના કારણે અનેક વાર ઉચ્ચગોત્રમાં ઉત્પન્ન થયો અને

અનેક વાર નીચગોત્રમાં ઉત્પન્ન થયો છે. જેમ ફજેત-ફાળકામાં બેઠેલ વ્યક્તિ ઊંચે જઈ નીચે આવે છે એમ ઝુલાની માફક જીવો કર્માનુસાર ઉચ્ચ નીચ ગોત્રમાં વારંવાર ઉત્પન્ન થાય છે. વળી નીચગોત્રનો ઉદય અનંતકાળ સુધી તિર્યંચ ગતિમાં (વનસ્પતિ આશ્રી અનંતકાળ) હોય છે. માટે કોઇએ ગોત્રનું ગર્વ-અભિમાન કરવું નહિ. આઠ મદ પૈકી કોઈ પણ મદનું અભિમાન કરે તો જીવ ભવિષ્યના ભવમાં દીનતાને પામે છે. એટલે જો ઉચ્ચગોત્રનું અભિમાન કરે તો ભવિષ્યના ભવમાં તે જીવ નીચગોત્રમાં ઉત્પન્ન થાય છે, માટે કોઇ પણ મદસ્થાનોનું અભિમાન કરવું નહિ. જીવને ઊંચ-નીચ કુળમાં લઈ જનાર કર્મ છે. સુખ અને દુઃખ અપાવનાર પણ કર્મ છે. કર્મ આ જીવને સંસારમાં અનેકવિધ નાચ નચાવે છે. કર્મની કરૂણ કહાની સમજાવતો બનેલી એક કહાની-

એક માતાને એક દીકરો અને દીકરી બે સંતાન હતા. દીકરો પાંચ વર્ષનો થયો પછી દીકરી જન્મી. એનું નામ દેવી પાડયું. દેવી સવા મહિનાની થઇ ત્યાં એની માતા ચાલી ગઈ, એટલે લોકો બોલવા લાગ્યા કે આ છોકરી ખરાબ પગલાની છે. જુઓને, જન્મી ત્યાં એની મા મરી ગઈ. માતા તો આયુષ્ય પૂરું થયું એટલે મરી ગઈ એમાં દીકરીનો શું વાંક? આમ કરતા છોકરી પાંચ વર્ષની થઇ ને એના પિતા મરી ગયા. એટલે લોકો તો ડબલ ઉછળીને બોલવા લાગ્યા કે આ છોકરી તો ડાકણ છે ડાકણ. એણે જન્મીને સવા મહિનામાં તો માને ભરખી લીધી ને પાંચ વર્ષે બાપને પણ ભરખી લીધો, પણ બિચારી દેવી શું કરે? માતાએ તો સરસ મજાનું દેવી નામ પાડયું હતું પણ લોકોએ એને દેવીમાંથી ડાકણ બનાવી દીધી. માતાપિતા બંને ચાલ્યા ગયા એટલે ભાઇ બહેન નિરાધાર બની ગયા. મેણાંટોણા સહન કરતા કાકા-મામાના આશ્રય નીચે ભાઈ બહેન મોટા થયા. ભાઈને સારી નોકરી મળી ગઈ અને બહેનને સગાવહાલાઓએ ભેગા થઈને પરણાવી. એનું એટલું પુણ્ય હતું કે સાસરિયા સારા મળ્યા. ભાઈનો પગાર પણ સારો હતો એટલે એને પણ સારી કન્યા મળી ગઈ. ભાઇ અને બહેન બંને પરણી ગયા. દેવી સ્વભાવથી સરળ, નમ્ર અને વિનયવાન હતી. એનું રૂપ પણ ઘણું હતું. સાસરે એનું માન ખૂબ હતું. આ તો દેવી તો દેવી જ છે.જાણે ઘરની કુળદેવી જોઈ લો. દેવીને પણ ખૂબ શાંતિ થઇ પણ કર્મરાજાએ તેનો કેડો ના મૂકયો. એને પરણ્યા છ મહિના થયા ત્યાં એના સાસુ ગુજરી ગયા, એટલે લોકોને તો હાથમાં આવ્યું. ચોરે ને ચૌટે સૌ બોલવા લાગ્યા. જુઓ, પ્રત્યક્ષ દેખાય છે ને કે આ ડાકણી છે. જન્મીને માને ભરખી, પછી પિતાને અને પરણીને સાસરે ગઇ ત્યાં બિચારી સાસુને ભરખી ગઇ.

"દેવીના ઘોર પાપનો ઉદય":- ઠેકાણે ઠેકાણે પોતાને માટે આવા શબ્દો બોલાતા સાંભળીને દેવીનું કાળજું ચીરાઈ જવા લાગ્યું. અરેરે....હે પ્રભુ! મેં કેવા

કર્મો કર્યા હશે ? મારા કેવા પાપકર્મનો ઉદય છે કે જ્યાં ને ત્યાં આવું જ બને છે. એ ખૂબ રડતી ત્યારે એનો પતિ એને ખૂબ સમજાવતો કે તું શા માટે રડે છે ? દુનિયા તો દોરંગી છે. એ તો જેની પાછળ પડશે તેની પાછળ પડશે. એમ કહીને શાંત કરતો, પણ દેવીના કર્મનો ઉદય જોરદાર હતો એટલે શાંતિ કયાંથી મળે ? એને પરણ્યા બાર મહિના થયા ત્યાં એના પતિને અચાનક પેટમાં દુઃખાવો ઉપડયો ને મૃત્યુ પામ્યો. હવે બિચારી દેવીના માથે કંઈ બાકી રહે ખરું ? એક તો હરીફરીને પોતાના વિસામાનું સ્થાન જે કંઈ કહો તે એનો પતિ જ હતો. એ પણ ફાની દુનિયામાંથી વિદાય લઈને ચાલ્યો ગયો. બિચારી દેવી તો બેભાન બની ઢગલો થઈને ઢળી પડી. એની દયાજનક પરિસ્થિતિ થઈ. એને જોઈ બીજા રડતા પણ સાસરિયા, પિયરિયા બધા એક જ વેણ બોલે છે કે અમે તો એ જન્મી ત્યારથી કહીએ છીએ કે આ છોકરી ડાકણ છે. જુઓ, બાર મહિનામાં તો યુવાન પતિને ભરખી લીધો. બધાના જીવ લીધા. આના કરતા એ જ નાનપણમાં મરી ગઈ હોત તો સારું થાત. આવા શબ્દો એની છાતીમાં ગોળીની જેમ વાગવા લાગ્યા. કોઈને દોષ ન દેતા પોતાના પાપકર્મોને દોષ દેતી દેવી વિચાર કરવા લાગી કે અહો ભગવાન ! મેં ગતભવમાં કેવા ચીકણા કર્મો બાંધ્યા હશે ! કોઈના માથે ડાકણના ખોટા આરોપ મૂકયા હશે તેથી મને આવા દુઃખો પડે છે. કરમને કયાં શરમ છે. કહ્યું છે ને કે

કરમ ના છોડશે તને કોઈ કાળે, જન્મ જ્યાં ધરે તું તને ત્યાં સંભાળે,
થશે આ મૂકીને અચાનક જવાનું, સ્વજન કોઈ સાથે નહીં આવવાનું
જશે જીવ તારો કરમના સહારે, કર્યા જે પ્રમાણે ફળે તે પ્રકારે.

હે જીવ ! તું આકાશમાં જા કે પાતાળમાં જા, દેશમાં રહે કે પરદેશમાં જા, વસ્તીમાં વસ કે વનવગડે જઈને વાસ કર પણ કર્મ તને કદી નહિ છોડે. બીજા ભવમાં પણ એ યાદ કરીને તારી પાસે આવશે પણ જતું નહિ કરે. માટે કર્મ બાંધવા સમયે ખૂબ ધ્યાન રાખો. પતિના ગયા પછી દેવી ખૂબ રડે છે ત્યારે એના સસરા કહે છે બેટા ! તું શાંત થા. મારો દીકરો જતા મને ભયંકર આઘાત લાગ્યો છે પણ એનું આયુષ્ય એટલું જ હશે. આપણી લેણદેણ પૂરી થઈ હશે એમાં તારો શું દોષ ? એમ કહીને આશ્વાસન આપે છે અને દેવીને પોતાની દીકરીની જેમ સાચવે છે પણ કિસ્મત બે ડગલા આગળ ને આગળ છે. આશ્વાસન દેનાર સસરા પણ થોડા દિવસમાં ચાલ્યા ગયા. દેવીના માથે દુઃખના ડુંગરા તૂટી પડયા. હવે બહેન ઘરમાં એકલી પડી એટલે એનો ભાઇ આવીને કહે છે બહેન ! તું ઘેર ચાલ. પોતે જ્યાં જાય છે ત્યાં આવું બને છે, એટલે બહેન ભાઈને ઘેર આવવાની ના પાડે છે, પણ ભાઈએ ખૂબ કહ્યું એટલે દેવી ભાઈને ઘેર આવી. ભાઇ ઘણો સારો હતો પણ ભાભી તો વિફરેલી વાઘણ જેવી હતી. એના પતિ સાથે નણંદને પોતાને ઘેર આવતી જોઈને ભાભી તો વાઘણની જેમ

હાઉ... હાઉ કરવા લાગી. આ જીવતી ડાકણને ઘરમાં કયાં લાવ્યા ? એ મારા કુલ જેવા બાળકને પણ ભરખી જશે, પછી મને ને તમને પણ ભરખી જશે. પત્નીના આવા વેણ કવેણ સાંભળીને પતિ કહે છે તું આવું શા માટે બોલે છે ? મારી બહેન તો દયાનો અવતાર છે. એ કોઇને ભરખી ખાય તેવી નથી પણ એના એવા જબ્બર પાપકર્મનો ઉદય છે એટલે આવું બને છે માટે એ દુઃખીયારીને આવા શબ્દો ન કહે પણ પત્ની તો બંધ થતી જ નથી. ભાભીના શબ્દો સાંભળીને નણંદના મનમાં વિચાર થયો કે જાણે ગળે ટૂંપો દઈને મરી જવું. હવે જીવીને મારે શું કામ છે ? બીજી તરફ એના ભાઈને પોતાની પત્નીના શબ્દોથી ઊંધ ઉડી ગઈ. એને વિચાર થયો કે મારાથી આ શબ્દો સહન થતા નથી તો મારી બહેનથી કેવી રીતે સહન થાય ? એને કેવું થતું હશે ? આના કરતાં હું તેનું ભવિષ્ય સુધરે ત્યાં મૂકી આવું તો શાંતિથી રહે તો ખરી.

"અંગ્રેજ બાઇએ દેવી ઉપર કરેલો પ્રકોપ" :– ભાભી કોઈ કામે બહાર ગઈ ત્યારે ભાઈએ બહેનને વાત કરી. બહેનને ભાઈની વાત ગળે ઉતરી, એટલે ભાઈ એ એની બહેનને નાસિકમાં નર્સની ટ્રેનિંગસ્કૂલમાં દાખલ કરી. દેવી નર્સની ટ્રેનિંગ લઇને નાનકડા એવા પ્રસુતિગૃહમાં સેવા માટે દાખલ થઈ. આ પ્રસૂતિગૃહની ઉપરી એક અંગ્રેજ સ્ત્રી હતી. એક વખત એક ગરીબ હરિજન બાઈ આ પ્રસૂતિગૃહમાં દાખલ થઇ. તેને રાતના પેટનો સખત દુઃખાવો ઉપડયો એટલે તેને પાયખાનામાં લઈ જવાય તેમ ન હતું. પાયખાનાનું ટબ તો માત્ર અંગ્રેજો અને યુરોપીયનો માટે જ હતું, પણ દેવીએ કાયદાનો ભંગ કરી એ ટબ હરિજનબાઈને આપ્યું. બીજે દિવસે ઉપરી બાઇને આ વાતની ખબર પડી એટલે એણે દેવીને ખૂબ ધમકાવી. એના મિજાજનો પારો આસમાને પહોંચી ગયો. એણે દેવીને ન કહેવાના શબ્દો કહ્યા છતાં દેવી તો શાંત ઊભી રહી. પછી એણે શાંતિથી એટલું જ કહ્યું ઊંચનીચના ભેદ તો આપણે જ ઊભા કર્યા છે. ધર્મની દૃષ્ટિએ તો સૌ એક જ કુટુંબના બાળ છે. આટલા શબ્દો કહ્યા એટલે અંગ્રેજ બાઈનો ક્રોધ વધુ ઉગ્ર બન્યો અને દેવીને પોતાના પ્રસૂતિગૃહમાંથી રજા આપી દીધી.

દેવીને ટ્રેનીંગ સારી મળી ગઈ હતી તેથી હવે તેને નિરાશા જેવી કોઇ ચીજ દેખાતી ન હતી. દેવીએ અંગ્રેજ બાઈની હોસ્પિતાલ છોડી દીધી. અત્યાર સુધીના પગારના પૈસા બચાવ્યા હતા તે અને થોડા પૈસા એના સાસરેથી લાવી હતી તે બધા ભેગા કરીને ચાર પથારી થાય એટલી એક રૂમ રાખીને નાના પાયા ઉપર પોતાની હોસ્પિતાલ શરૂ કરી. ખાવું પીવું, હરવું ફરવું, ઊંઘ આળસ બધું મૂકી દઈને દેવી તેના દર્દીઓની પથારી પાસે રાત દિવસ ખડે પગે સેવા કરતી. દર્દીઓ સાથે વાતો કરે તો પણ નમ્રતા અને મીઠાશથી કરતી. બીજાનું દુઃખ જોઈને દેવી પોતાના જીવનની

સુખશાંતિ રાજીખુશીથી છોડી દેતી, અને એકધારી અઢાર....અઢાર, વીસ....વીસ કલાક હૃદયના ઉમળકાથી સેવા કરી દર્દીઓના દુઃખ હળવા કરતી. આવા નિઃસ્વાર્થભાવે સારવાર કરવાથી દર્દીઓના દર્દ મટી જતા એટલે આ નાનકડી હોસ્પિતાલમાં દર્દીઓ ખૂબ આવવા લાગ્યા. અહીં ગરીબ કે શ્રીમંતના ભેદભાવ ન હતા. સૌની સરખી સારવાર થતી હતી, એટલે શ્રીમંતો એને ત્યાં સામેથી પૈસા આપવા લાગ્યા.

"દેવીની ફેલાયેલી સુવાસ" :– દેવીએ એના જીવનમાં સુખ–દુઃખ જોયા, આઘાત અને પ્રત્યાઘાતો ઘણાં સહ્યા એટલે એનામાં ગંભીરતા અને સમજણ ખૂબ હતી. આ નાનકડી હોસ્પિતાલ હવે દિવસે દિવસે મોટી થવા લાગી. એની પ્રશંસા અને પ્રસિદ્ધિ ખૂબ થઈ. દેવીના જીવનકાર્યની સુવાસ આપોઆપ દેશ અને વિદેશમાં ફેલાઈ. છાપામાં જાહેરાત આપવાની એને જરૂર ન પડી. એના સત્કાર્યોમાં પુણ્યનો આવેગ હતો. કારણ કે **પુણ્ય હંમેશા લોકહૃદયને જીતવાના સ્વભાવવાળું છે. પુણ્યનો પ્રકાશ સઘળું હસતું કરે છે અને દર્દ તથા વેદનાના કીચડને સૂકવી નાંખે છે.** તેની ઉત્કૃષ્ટ સેવાને કારણે હવે તે માત્ર દેવી જ નહિ પણ લોકોની લાડીલી દેવીમાઈ બની ગઈ.

દેવીમાઇની નાનકડી હોસ્પિતાલને ચારે બાજુથી ઘણી મદદ મળી એટલે એમાંથી એક વિશાળ હોસ્પિતાલનું સર્જન થયું. એક ઓરડાની હોસ્પિતાલ હોય કે સો કરોડ ઓરડાની હોય પણ દેવીમાઈની સેવાભાવના તો સહુ પ્રત્યે સરખી હતી. દેવીમાઈની હોસ્પિતાલની આવી ખ્યાતિ સાંભળીને પેલી અંગ્રેજ મહિલા કે જે એક વખત દેવીમાઈની ઉપરી હતી તે આ હોસ્પિતાલની મુલાકાતે આવી. બહાર મુલાકાતીઓની લાઈન હતી. તેમાં આ અંગ્રેજ સ્ત્રી પણ ઉભેલી હતી. આ નવી વિશાળ હોસ્પિતાલનું કાર્ય જોઇને એ ખુશ થઈ હતી અને તેની મુખ્ય સંચાલિકાને તે ધન્યવાદ આપવા આવી હતી. તેને ખબર નથી કે મેં જેને એક વખત તરછોડીને રજા આપી હતી એ જ આ હોસ્પિતાલની મુખ્ય સંચાલિકા દેવીમાઈ છે. ત્યાં તો દેવીમાઈ બહારથી આવીને જેવી અંદરના ખંડમાં પગ મૂકવા જાય છે ત્યાં તેની નજર પેલી અંગ્રેજ બાઈ ઉપર પડી, એટલે દેવીમાઈ તો તરત ઓળખી ગઇ કે આ મારી ઉપરી હતી. એણે મને અપમાન કરીને રજા આપી હતી પણ દેવીમાઇને એવું ન હતું કે એક વખત મારું ઘોર અપમાન કરીને કાઢી મૂકનારને હવે હું શા માટે બોલાવું ? એ તો અંગ્રેજ બાઈનો હાથ પકડીને અંદરની કેબીનમાં લઈ ગઇ. પેલી બાઈ પણ એને ઓળખી ગઈ કે આ જ પેલી દેવી છે, જેને મેં તિરસ્કારપૂર્વક કાઢી મૂકી હતી. દેવીને ભૂતકાળની વાત કરવાની ઇચ્છા ન હતી એટલે થોડીવાર મૌન રહીને બોલી.

"ભૂલનો પશ્ચાતાપ કરતી મહિલા" :– દેવી ! તને ધન્ય છે. આજે આ હોસ્પિતાલના ખંડે ખંડે ફરીને માનવના દુઃખોને દૂર કરવાની તારી રાત દિવસની

સતત ચિંતા સહુ કોઈનું માથું નમાવી દે છે. મને મારી ભૂલનું તું પ્રાયશ્ચિત કરવા દઈશ ? ત્યારે દેવીમાઈએ એના બંને હાથ પકડીને કહ્યું બહેન ! મારી એક દૃઢ શ્રદ્ધા છે કે પ્રકૃતિ સદા મંગલમય છે. તે જે કંઈ કરે છે તે આપણા ભલા માટે છે. તમે મને પ્રસૂતિગૃહમાંથી રજા ન આપી હોત તો આવી ભવ્ય હોસ્પિતાલનું સર્જન ન થાત. મારા સાસરિયા અને પિયરિયાઓએ મને કડવા મહેણાં મારીને મને એમ ન કહ્યું હોત કે તું જ બધાને ભરખી ખાય છે તો હું કદાપિ નર્સની ટ્રેનીંગ કોલેજમાં જાત નહિ, અને મને મારું જીવનકાર્ય સાંપડત નહિ. બહેન ! હું તો સદા એ જ માનું છું કે પ્રકૃતિ સદા મંગલમય છે. તે જે કંઈ કરે છે તે આપણા અને સૌના ભલા માટે કરે છે, પછી ભૂલ અને માફીનો પ્રશ્ન નથી રહેતો. હું ખરેખર તમારી ઋણી છું કે તમે મને પ્રસૂતિગૃહમાંથી કાઢી મૂકી. આ સાંભળી અંગ્રેજ બાઈનો કંઠ ભરાઈ ગયો. આખરે એ અંગ્રેજ બાઈએ પોતાના પર્સમાંથી ડાયરી કાઢીને કંઈક લખીને આપ્યું અને કહ્યું કે મારી થયેલ ભૂલને સુધારવાની આ કાપલીના સ્વીકાર દ્વારા મને તક આપો. તેવી મારી નમ્ર પ્રાર્થના છે. દેવીમાઈએ કાગળની ચબરખી ઉઘાડી. તેમાં તે અંગ્રેજ મહિલાએ લખ્યું હતું કે "**મારી તમામ માલ મિલ્કત આ હોસ્પિતાલને ભેટ આપું છું. દેવીમાઈના ભવ્ય જીવનકાર્યને એક તુચ્છ નમ્ર અંજલિ રૂપે.**" એક વખત જેનો તિરસ્કાર કર્યો હતો તેનો જ એ અંગ્રેજ બાઈએ કેટલો સત્કાર અને કેટલી પ્રશંસા કરી ! આ દેવીમાઈની હોસ્પિતાલ અત્યારે નાસિકમાં છે. એમ સાંભળ્યું છે.

ટૂંકમાં આ દૃષ્ટાંત દ્વારા તમને સમજાઈ ગયું હશે કે કર્મમાં કેટલી તાકાત છે ! કર્મથી આ સંસારનું ચક્ર ચાલ્યા કરે છે, માટે કર્મશત્રુની સેનાને હઠાવવા માટે બને તેટલો ધર્મ કરવાની આવશ્યકતા છે. સમય થઈ ગયો છે. આજે સાણંદ સંઘ ઉમળકાભેર આગામી ચાતુર્માસની વિનંતી કરવા સુરત સંઘને આંગણે આવ્યો છે તેથી તેમને થોડો ટાઈમ આપવાનો છે. ગઈ કાલે નવસારી સંઘ આવ્યો હતો. બીજા સંઘો આવવાના સમાચાર છે.

ચરિત્ર :- કૌશાંબી નગરીના માનસિંહ મહારાજાએ ઉજ્જૈનીથી આવેલા સુમિત્ર દૂતને પૂછયું કે તારી પાસે ભીમસેનકુમારની છબી અને કુંડળી છે ? સુમિત્ર દૂતે કહ્યું હા. તો મને બતાવ, એટલે સુમિત્રે ભીમસેનકુમારની છબી અને કુંડળી માનસિંહ રાજાના હાથમાં આપ્યા. માનસિંહ રાજા ભીમસેનકુમારની છબી ધારી ધારીને જોવા લાગ્યા. કુમારની પડછંદ કાયા, ભરાવદાર મુખ, વિશાળ કપાળ, અણીદાર નાક, પ્રતાપી આંખો, લોભામણા હોઠ અને નજરમાં ભારોભાર નમ્રતા, આ બધું રાજા ખૂબ બારીકાઈથી જોતા હતા. આ જોઈને સુમિત્રે કહ્યું-રાજન્ ! તમે શું જોઈ રહ્યા છો ? શું અમારા કુંવરમાં કંઈ ખામી લાગે છે ? રાજાએ કહ્યું-સુમિત્ર ! તું આ શું બોલ્યો ? તારા

કુંવર તો સર્વાંગ સુંદર છે. જોને કેવી પ્રતાપી મુખમુદ્રા છે! તો પછી હે રાજન્! હવે શું વિચાર કરો છો? હું એ વાતનો વિચાર કરું છું કે આ છબી સુશીલાને અને તેની માતાને બતાવું, અને તેમનો અભિપ્રાય જાણી લઉં, અને આ કુંડલી રાજજ્યોતિષીને જોવા માટે આપી દઉં. હે રાજન્! આપની વાત સત્ય છે. આપની દીકરીનો પરિચય કરાવો. મન તો સાક્ષી પૂરે છે કે આપની દીકરી પણ પૂરેપૂરી સુલક્ષણા અને અમારા પાટવી કુમારને યોગ્ય હશે પણ જિંદગીભરના સબંધો જોડતા પહેલા બધું પાકુ કરવું જોઈએ. મારા અવિનયને માફ કરજો.

"સુમિત્રનું ઠરેલું મન" :- રાજાએ કહ્યું એમાં કાંઈ અવિનય નથી, પણ હવે તારે જવાની ઉતાવળ નથી ને? જો ઉતાવળ ન હોય તો હું મારી રાણી, પુત્રી વિગેરેનો અભિપ્રાય લઈને શાંતિથી આ અંગે નિર્ણય કરું. સુમિત્રે કહ્યું ના, સાહેબ! એવી કોઈ ઉતાવળ નથી. તમે કહેશો ત્યાં સુધી રાજમહેલનો મહેમાન બનીને સ્વાગત માણીશ. સુમિત્ર રાજમહેલનો મહેમાન બન્યો. ત્યાંના રોકાણ દરમ્યાનના દિવસોમાં તેણે રાજકુળના માણસોનો પરિચય કર્યો. રાજરાણી કમલાને પણ મળ્યો. સુશીલા, સુલોચના બંને કન્યાઓને જોઈ અને તેમનો સંપર્ક સાધ્યો. મોટી કુંવરી સુશીલાને જોઈને સુમિત્રને ખૂબ સંતોષ થયો. તેનું લજ્જાશીલ વદન, વિનય, બોલવામાં મૃદુતા, બુદ્ધિ, સૌંદર્ય અને ઉચ્ચ સંસ્કાર વિગેરે જોઈને એને આનંદ થયો ને મનમાં વિચાર કર્યો કે સુશીલા અને ભીમસેનનું નક્કી થાય તો રંગ રહી જાય. પોતાનું કાર્ય યશસ્વી બને તે માટે પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો.

આ તરફ માનસિંહ રાજાએ ભીમસેનની છબી પોતાની રાણીને બતાવીને કહ્યું આ કુમાર આપણી સુશીલા માટે યોગ્ય છે? રાણીને તો છબી જોતાની સાથે પસંદ પડી ગયો અને વિનયપૂર્વક કહ્યું સ્વામીનાથ! 'હું શું કહું'! આપની બુદ્ધિ અને ગુણ પરીક્ષા માટે મને શ્રધ્ધા છે કે આપ જે કરશો તે યોગ્ય જ હશે. રાણીનો અભિપ્રાય જાણીને ભીમસેનની છબી સુશીલાને બતાવી. સુશીલા ભીમસેનની છબી જોઈને આનંદ વિભોર બની ગઈ. એણે હૈયાની ઉર્મિઓ હૈયામાં શમાવી દીધી. બહાર નીકળવા ન દીધી. મનના ભાવ મનમાં દબાવી શાંત ચિત્તે નીચું જોઈને બેસી રહી, ત્યારે માતાએ પૂછ્યું બેટા! આ રાજકુમાર તને ગમે છે? ત્યારે સુશીલાએ કહ્યું-બા! એમાં પૂછવાનું જ શું? આપ તો મારા હિતસ્વી છો. જે કંઈ કરશો તે મારા કલ્યાણ માટે હશે. પુત્રીના જવાબથી નક્કી થયું કે ભીમસેન એને પસંદ છે.

ત્યાર પછી માનસિંહ રાજાએ ભીમસેન અને સુશીલાની કુંડળીઓ રાજજ્યોતિષીને બોલાવીને સરખાવી જોઈ કે બંનેનો યોગ થાય એમ છે કે નહિ? બંને સુખી થશે કે નહિ? રાજજ્યોતિષીએ બંનેની કુંડળી જોઈ ગણિત ગણ્યું, પછી અભિપ્રાય આપ્યો કે બંનેના ગ્રહો એટલા બધા સારાને સામ્યતા ધરાવે છે કે બંનેની જોડી સુખી થશે.

અને કન્યા પોતાના શીલ અને ચારિત્રથી સંસારને અભૂતપૂર્વ રીતે અજવાળશે. ભીમસેન પણ આ કન્યાને સારી રીતે રાખશે, તેના સુખ અને શાંતિ માટે કાળજી રાખશે. તેને દુઃખ નહિ પડે. સુશીલા પ્રત્યે તે અપૂર્વ રાગ ધરાવશે. આવો સરસ યોગ તો ભાગ્યે જ કોઈને હોય છે. આ લગ્ન સંબંધ બાંધવામાં સુખ સુખને સુખ રહેલું છે. જ્યોતિષીઓનો અભિપ્રાય સારો મળ્યો એટલે સૌને ખૂબ આનંદ થયો. આમ તો છબી જોઈને ભીમસેન સૌને ખૂબ ગમી જયો હતો. તેમાં જ્યોતિષીઓએ આ પ્રમાણે કહ્યું એટલે સુશીલાને ભીમસેન સાથે પરણાવવાનું નક્કી થયું. તેથી સુમિત્રને અત્યંત આનંદ થયો કે પોતાના રાજકુમાર માટે આવી રત્ન જેવી કન્યા મળી. હવે એનું મન ઉજ્જૈની જવા તલસી રહ્યું હતું. જલ્દી મહારાજાને આ શુભ સમાચાર આપીને ખુશ કરું. માનસિંહ રાજાએ પોતાનો નિર્ણય જાહેર કર્યો એટલે સગપણ થયાની નિશાની રૂપ સુવર્ણનું નાળિયેર, સોનામહોરો આપીને ભરસભામાં સગપણની જાહેરાત કરી અને સુમિત્રને મૂલ્યવાન વસ્ત્રો, રત્નનો હાર વિગેરે કિંમતી ભેટો આપી વેવાઈના ઘરનો માણસ માની તેનું બહુમાન કર્યું.

"ઉજ્જૈનીમાં સુમિત્ર પ્રધાનનું આગમન" : હવે સુમિત્રે કહ્યું હું જલ્દી જઈને અમારા મહારાજાને જલ્દી આ શુભ સમાચાર આપું એટલે માનસિંહરાજાએ કહ્યું હા, હવે તમે જલ્દી જાઓ. જઈને જિતારી મહારાજા તથા ગુણસુંદરી મહારાણીને અમારા પ્રણામ કહેજો ને જેમ બને તેમ જલ્દી લગ્ન મહોત્સવ ગોઠવે તેમ કહેશો. આમ કહીને સુમિત્રને વિદાય કર્યો. સુમિત્ર જે કાર્ય કરવા માટે નીકળ્યો હતો તે કાર્ય સફળ થયું એટલે એના પગમાં જોમ આવ્યું. એના ઉત્સાહનો પાર નથી. કૌશાંબી નગરીથી ઉજ્જૈની નગરી ઘણી દૂર છે પણ એને ઉત્સાહ છે એટલે સાંઢણીને પૂરવેગે ચલાવી ભૂખ-તરસ થાક કે ઉંઘની દરકાર કર્યા વિના પૂરવેગે ચાલ્યો જ જાય છે. થોડા જ દિવસમાં તે ઉજ્જૈની નગરીના રાજભવનમાં હાજર થયો ને જિતારી મહારાજાના ચરણકમલમાં મસ્તક નમાવી ઉભો રહ્યો. રાજાએ સુમિત્રનું પ્રેમથી સ્વાગત કર્યું, પછી એના ક્ષેમકુશળ પૂછી તેને ઉચિત આસને બેસાડયો. એના મુખ ઉપરથી લાગતું હતું કે એ ખૂબ પરિશ્રમ કરીને જલ્દી આવ્યો છે. એના માટે રાજાએ શીતળ જળ મંગાવ્યું. ઘણાં સમયથી પોતાની નગરીનું પાણી પીધું ન હતું. તે આજે મળતા સુમિત્રને શાતા વળી. એનો અડધો થાક ઉતરી ગયો. પાણી પીને સ્વસ્થ થયો, પછી પોતે લાવેલી કુમકુમ પત્રિકા રાજાના હાથમાં મૂકી.

"જિતારી રાજાનો હર્ષ" : બંધુઓ ! આગળના રાજાઓ કેવા ગંભીર હતા. આવતા વેંત એમ ન પૂછયું કે સુમિત્ર ! તું શું કરીને આવ્યો ? મારા ભીમસેન માટે કેવી કન્યા શોધી લાવ્યો ? પણ પહેલા એનું સ્વાગત કરીને શાંત કર્યો, પછી પૂછવાનું બાકી ન રહ્યું અને હવે કુમકુમ પત્રિકા આપો એટલે ખોલીને રાજાએ વાંચી. વાંચીને

કહ્યું સુમિત્ર ! તેં તો ઘણું ઉત્તમ અને ઉમદા કાર્ય કર્યું, હવે તું એ કહે કે તેં જે કન્યા જોઇ છે તે કેવી છે ? તેનું કૂળ, મા-બાપ બધા કેવા છે ? તું નક્કી કરીને આવ્યો છે એટલે આપણા રાજગૌરવને અનુકૂળ હશે એમ હું માની લઉં છું. સુમિત્રે હર્ષભેર કહ્યું મહારાજ ! હું ઘણાં ઘણાં દેશોમાં ફર્યો, ઘણાં રાજમહેલોમાં ઘૂમી વળ્યો. અનેક રાજકન્યાઓ જોઈ પણ જેની સાથે મેં યુવરાજ ભીમસેનનું સગપણ કર્યું છે તેના જેવી કન્યા તો મેં કયાંય જોઈ નથી. તેના જેવું ઉમદા કૂળ અને ઉચ્ચ સંસ્કાર બીજે કયાંય જોવા મળ્યા નથી, પછી કન્યાના માતાપિતાનો પરિચય આપ્યો, અને સુશીલા રૂપમાં, ગુણમાં, બુદ્ધિમાં કેવી છે તે પોતે જે રીતે જોઈ હતી તે રીતે તેના ભારોભાર વખાણ કર્યા, પછી જે જે વિધિ માનસિંહ રાજાએ કરી હતી તે બધું રાજાને કહ્યું.

જિતારી રાજાએ સુમિત્રને કહ્યું સુમિત્ર શાબાશ ! તારી બુદ્ધિ, કાર્ય અને શક્તિને ધન્યવાદ છે. તેં ખૂબ ઉત્તમ કુળની કન્યા શોધી છે. હવે આપણે ઘણી ત્વરાથી લગ્નની તૈયારી કરવી પડશે. હા... માનસિંહ રાજાએ પણ જલ્દી લગ્નમહોત્સવ ગોઠવવાનું કહ્યું છે. હર્ષમાં ને હર્ષમાં હું આપને એ કહેવું ભૂલી ગયો. ભલે, તો હવે આજથી જ શુભ લગ્નની તૈયારીઓ શરૂ કરી દઈએ. એમ કહી રાજાએ પોતાના ગળામાંથી રત્નનો હાર કાઢી સુમિત્રના ગળામાં પહેરાવીને કહ્યું લે આ રત્નનો હાર સગાઈની ખુશાલીમાં તને ભેટ અને આ રાજસાંઢણી પણ તને ભેટ આપું છું, એટલે સુમિત્રે કહ્યું રાજન્ ! આપ પણ જીવો. આપના સુખશાંતિ સદાકાળ રહો. એમ કહી રાજાને પ્રણામ કરીને સુમિત્ર રવાના થયો.

આ તરફ રાજાએ રાજજ્યોતિષીઓને તેડાવી લગ્નનું શુભ મુહુર્ત જોવડાવ્યું ને લહીયા પાસે સુવર્ણાક્ષરે લગ્નપત્રિકા લખાવી. તે લઈને તાબડતોબ એક દૂતને સાંઢણી ઉપર કૌશાંબી નગરી મોકલીને કહેવડાવ્યું કે તમે લગ્નની તૈયારી કરો. અમે જાન લઈને આવીએ છીએ. એ જ દિવસે રાજાએ ઉજ્જૈની નગરીના પ્રતિષ્ઠિત સજ્જનોને પણ લગ્નનું આમંત્રણ મોકલ્યું. રાજમહેલમાં લગ્નની તૈયારી કરવાનો આદેશ આપ્યો એટલે જોતજોતામાં તો આખી ઉજ્જૈની નગરી લગ્નની ધમાલથી ધમધમી ઊઠી. આ રીતે ઉજ્જૈની નગરીમાં લગ્નની ધામધૂમને ધમાલ ચાલે છે. હવે કેવા ઠાઠમાઠથી જિતારી રાજા ઉજ્જૈની નગરીમાં જાન લઈને જશે ને કેવી રીતે લગ્ન થશે. તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. – ૧૧

શ્રાવણ સુદ ૧ ને મંગળવાર તા. ૨૪–૭–૭૯

અનંતજ્ઞાની ભગવંતે ભવ્ય જીવોના એકાંત હિતને માટે દ્વાદશાંગી સિદ્ધાંતની પ્રરૂપણા કરી છે. સિદ્ધાંતનું જ્ઞાન સાગરની જેમ અગાધ છે. સાગરના પેટાળમાં જેમ મોતી રહેલા છે તેમ સિદ્ધાંત સાગરમાં પણ અમૂલ્ય મોતીઓ રહેલા છે. જે સાચો ઝવેરી હોય તે જ મોતીને પારખી શકે છે અને તેની કિંમત આંકી શકે છે. સાચા મોતીની માળા પહેરીને બહેનો પોતાના કંઠને શોભાવે છે ને હરખાય છે પણ એ મોતીની માળા દ્રવ્ય માળા છે. એ માળા પહેરવાથી કંઈ આત્માનું કલ્યાણ થતું નથી પણ વીતરાગ વચન રૂપી અમૂલ્ય મોતીની માળા પહેરવાથી સ્વકલ્યાણ સાધવાની સાથે પરનું પણ કલ્યાણ સાધી શકાય છે. આ વીર પ્રભુની વાણી સંસાર સમુદ્રથી તારનારી છે. એટલા માટે વીર વાણીને જગત ઉદ્ધારિણી કહેવામાં આવી છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચિત્ત અને સંભૂતિ બે ભાઈઓની વાત ચાલે છે. ગોવાળના ચારે પુત્રોએ એક સાથે દીક્ષા લીધી હતી. તેમાં બે ભાઈઓને દુગંછા થઈ તો એમનો સંસાર વધ્યો, અને હીન જાતિમાં ઉત્પન્ન થવું પડયું. અજ્ઞાનવશ જીવ અનંતકાળથી ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. જેમ સમુદ્રમાં સ્ટીમર પરિભ્રમણ કરે છે તેમ સંસારી જીવો પણ શરીર રૂપી સ્ટીમરમાં બેસીને પરિભ્રમણ કર્યા કરે છે. આ સંસારી જીવોની એક સ્ટીમર નિગોદ રૂપી ચિકાગોથી ઉપડી છે. જ્યાં તે અનંતકાળ સુધી પડી રહી હતી. ત્યાંથી નીકળી પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય અને પ્રત્યેક વનસ્પતિ રૂપ મહાસાગરમાં અસંખ્યાત કાળ રહી.

"એકેન્દ્રિયમેં ફિરતે ફિરતે કુછ શુભ કર્મ ઉદય આયા,
તબ દોઈન્દ્રિય તે ઈન્દ્રિયમેં, કાલ સંખ્યાત કષ્ટ પાયા ।
ફિર ચૌઈન્દ્રિયમેં દુઃખ પાયા, પંચેન્દ્રિય ગતિ ફિર પાઈ,
વહાં નરક તિર્યંચ યોનિમેં, કષ્ટ સહા અતિ હે ભાઈ ॥"

આવી રીતે પાંચ સ્થાવરમાં અસંખ્યાતો કાળ જીવને નિવાસ કરવો પડયો. ત્યાંથી કંઈક શુભ કર્મનો ઉદય થતાં સ્થાવર નામ કર્મનો વ્યય થતાં ને ત્રસ નામ કર્મનો ઉદય થતાં જીવ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચૌઈન્દ્રિયમાં આવ્યો, ત્યાં સંખ્યાતો કાળ વીતાવ્યો. પછી શુભ પુણ્ય રૂપ પવનના જોરથી સ્ટીમર આગળ વધી, અને જીવ પંચેન્દ્રિયમાં આવ્યો. પંચેન્દ્રિયના અનેક ભેદો છે તેમાં મુખ્ય નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતા. આ ચાર ભેદો રૂપ બરફના પહાડોમાં અથડાતી અથડાતી મનુષ્ય લોકરૂપ પિસ્તાલીશ લાખ યોજનના વિસ્તારવાળા મહાસમુદ્રમાં આવી પહોંચી. અનાર્ય દેશ રૂપ ભયંકર ખડકો ઓળંગી જઈ આર્યદેશ રૂપ શાંત સમુદ્રમાં દાખલ થઈ. જો કે શાંત હોવા છતાં

સમુદ્ર તો ખારો જ ને? લંખ, મંખ, ભર્ભર, નાહાલ, કાહાલ, પુલ્લિંદ, કૈવર્ત વગેરે ભયંકર તોફાનોને દૂર કરી ખાસ ઉત્તમ કૂળ રૂપ સમુદ્રના કિનારા પર આવી છે પરંતુ બાલપણમાં ઓરી, શીતળા આદિ અનેક રોગો અને રમતગમત તથા ખેલકૂદમાં સ્ટીમર ગોથા મારે છે. ત્યાંથી કથંચિત્ આગળ વધી તો યુવાવસ્થા રૂપ તોફાની ખાડીમાં સ્ટીમર સહીસલામત પહોંચી. ત્યાં કર્મયોગે અશાતા વેદનીયના પ્રબળ જોરથી શ્વેતાદિ ૮૪ પ્રકારના વાયુનો ઉપદ્રવ, ઉદર રોગ, જ્વર, અતિસાર, શ્વાસ, ભગંદર, હરસ, શિરો રોગ, કપાલ રોગ, નેત્ર રોગ, કર્ણ રોગ, કંઠમાળ, તાલુશોષ, જિહ્વા રોગ, દંત રોગ, ઓષ્ટ રોગ, મુખ રોગ, કુક્ષિશૂળ, હૃદયશૂળ, પીઠશૂળ અને પ્રમેહાદિ રોગો જે ઔદારિક શરીરમાં સત્તારૂપે રહ્યા છે તેઓ વિઘ્ન કરે છે. આ માનવભવ રૂપી સ્ટીમરમાં પાંચ મહાવ્રત, તથા બારવ્રત રૂપી અમૂલ્ય રત્નોનો માલ ભરેલો છે. ખલાસી સમાન સદ્‌ગુરૂઓ પોકાર કરીને કહે છે હે માનવ! સ્ટીમર મહામુશીબતે કિનારે આવી છે, માલ ઉતારો. તમારું વિઘ્ન દૂર થશે. કદાપિ દુઃખ નહિ રહે, પણ ભારે કર્મીજીવો હોવાથી ખલાસીના હિતકર વચનોને એક કાને સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે છે અથવા તો એવો જવાબ આપે છે કે હમણાં નહિ પણ પછી કરશું.

બંધુઓ! અહીંયા મનુષ્ય જીવન એ સ્ટીમર છે. ખલાસીના વચન સમાન ગુરૂના વચન છે. સંસારરૂપી બાજી, તેમાં રાગ–દ્વેષ રૂપી પાસા અને સોળ કષાય સોળ સોગઠા જાણવા. સૂર્યાસ્ત તે પ્રબોધાભાવ અને રાત્રી તે મિથ્યાત્વ સમજવું, અને અકસ્માત તોફાન જે થયું તે મરણ સમય જાણવો. જીવ જો ન સમજે તો તેનું માનવજીવન નિષ્ફળ જવાનું. ફક્ત લાભ માત્ર એટલો થવાનો કે પ્રથમ સ્ટીમર ચાલી ન હતી ત્યારે અવ્યવહાર રાશિવાળો ગણાતો હતો. હવે તે વ્યવહાર રાશિમાં દાખલ થયો. આ રીતે અજ્ઞાન દશામાં જીવનો અનંત કાળ સંસાર પરિભ્રમણમાં પસાર થયો. હવે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને ભવકટ્ટી કરો. જે આત્મજ્ઞાન પ્રાપ્ત કરીને તેમાં લીન બને છે તેના ભવોભવના ફેરા ટળી જાય છે. કહ્યું છે ને કે **"જે આત્મજ્ઞાનમાં બને મસ્ત તે કર્મને કરે અસ્ત."** જેમ સવારે સૂર્યનો ઉદય થાય છે ત્યારે અંધકાર નષ્ટ થાય છે અને સાંજ પડતા સૂર્યાસ્ત થાય છે ત્યારે અંધકાર વ્યાપી જાય છે, તેમ જેના જીવનમાં અજ્ઞાનના તિમિર વ્યાપી ગયા હોય છે તે આત્મજ્ઞાનનું એકાદ કિરણ ફૂટતા અજ્ઞાનનો અંધકાર પલાયન થઈ જાય છે. અજ્ઞાન ચાલ્યું જાય અને સાચું આત્મજ્ઞાન પ્રગટ થાય એટલે કર્મરવિને અસ્ત થયે છૂટકો છે. જેમ એક નાનકડી ચિનગારી મોટા વનના વન બાળીને સાફ કરી દે છે તેમ આત્મજ્ઞાનની એક ચિનગારી આત્મા ઉપર ચોંટેલા કર્મના કચરાના થરને બાળીને સાફ કરી નાંખે છે. જેને આત્મજ્ઞાનની સમૃદ્ધિ મળી જાય છે તે મનુષ્ય જન્મ પામીને વાસ્તવિક સંપત્તિથી સમૃદ્ધ બની જાય

છે. દુનિયામાં તેના જેવો સમ્રાટ નથી. આ મનુષ્ય જન્મ પામીને આત્મસ્વરૂપ પામ્યા વિના જેવો હતો તેવો ને તેવો જો ચાલ્યો જાય તો તેના જેવો કોઈ ભિખારી નથી.

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી મુનિએ શ્રેણિક રાજાને સાચા સમ્રાટ બનવાનું સ્વરૂપ સમજાવતા કહ્યું હે રાજન્! જે વિધિથી હું સમ્રાટ બન્યો છું તે વિધિ તું સાંભળ. એમ કહીને પોતાની આત્મકથા કહી હતી અને ખૂબ ભારપૂર્વક સમજાવ્યું હતું કે અનાથ મનુષ્ય કેટલું દુઃખ પામે છે. જ્યારે આત્મસ્વરૂપની પીછાણ થતાં બનેલો સનાથ રત્નત્રયીની આરાધના કરતા જે સમ્રાટપણું પામે છે એવી મહાન વ્યક્તિના શરણે મૃત્યુનું આક્રમણ આવે તો પણ હોંશ અને હર્ષથી મૃત્યુને આમંત્રણ આપે છે. જેમ તમારે ઘેર તમારા જમાઈરાજ આવે ત્યારે તમે તેનું સ્વાગત કેવી સરસ રીતે કરો છો? તેવી રીતે આત્મજ્ઞાન પામેલો આત્મા સમ્યક્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરતા જો મૃત્યુ આવે તો તેને સહાયક મિત્ર માને છે, પણ મૃત્યુથી ડરતો નથી. મૃત્યુનો ડર કોને હોય છે? ગુજરાતના રાજ્યનું તથા કેન્દ્રનું પ્રધાનપદ મેળવ્યું, લાખો રૂપિયાની સંપત્તિ મેળવી પણ મૃત્યુના આક્રમણ વખતે ગમે તેવા સત્તાધીશો કે લક્ષાધિપતિ હોય તો પણ ડરી જાય છે. કરોડો રૂપિયાની સંપત્તિ કે સત્તા મૃત્યુના ભયથી બચાવી શકતી નથી. અનંતજ્ઞાનીઓ ફરમાવે છે કે જે આત્માએ રત્નત્રયની આરાધના કરી છે, જેણે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી છે તેને માટે મૃત્યુ એક મહોત્સવ બની જાય છે. જ્યારે આત્માને પોતાની અમરતાનું ભાન અને વાસ્તવિક જ્ઞાન થઈ જાય છે ત્યારે તે આત્મા મૃત્યુંજય બની જાય છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક વખત એક રાજા ઘોડે બેસીને ફરવા જઈ રહ્યા હતા. માર્ગમાં એક સંન્યાસી મળ્યા. એ તો નીચી દૃષ્ટિ રાખી ભિક્ષાચરી કરવા માટે જઈ રહ્યા છે. રાજા તેમનું સૌન્દર્ય જોઈ આશ્ચર્યચકિત બની ગયા. અહા, શું એમનું તેજ છે! કેવું પ્રભાવશાળી મુખ છે! ભરયુવાની છે છતાં સંસારના વૈભવ વિલાસ છોડીને સંન્યાસ કેમ લીધો હશે? જેની જેવી દૃષ્ટિ હોય છે તેને તેવું જ બધું દેખાય છે. મહાત્મા ત્યાગથી રંગાયેલા છે એટલે એમને બધું ત્યાગમય દેખાય છે. જ્યારે રાજા ભોગથી રંગાયેલા છે એટલે એમને ભોગમય દેખાય છે. ત્યાગીને મન રાજા હોય, ચક્રવર્તી હોય કે ઇન્દ્ર હોય બધા સરખા છે. એમને મન ત્યાગની મહત્તા છે. તેમને સંસારમાં ખૂંચેલાની દયા આવે છે. અમે તમને બ્રહ્મચર્યનું પાલન કરતા જોઈએ, પાપથી પાછા હઠતા જોઈએ, આત્મસ્વરૂપમાં રમણતા કરતા જોઇએ તો આનંદ થાય અને વૈભવવિલાસમાં ગળાબૂડ ખૂંચેલા જોઇએ તો દયા આવે કે આ બિચારો પૂર્વની કમાણી ખાઈ રહ્યો છે. મોજ મજા ઉડાવી રહ્યો છે પણ આવતા ભવમાં કયાં જશે? રાજાના મનમાં ભોગના વિચાર આવ્યા. જ્યારે મહાત્માએ રાજાને જોયા ત્યારે મુનિના મનમાં થયું કે રાજા

સ્વરૂપવાન છે. રાજાને આવી સુંદર કાયા મળી છે. જો એ ધર્મ પામશે તો કેટલા જીવોને ધર્મ પમાડશે.

દેવાનુપ્રિયો! આજે રાજધર્મ ચાલ્યો ગયો છે. તેના કારણે દેશમાં અંધાધૂંધી ચાલી રહી છે. જ્યારે અકબર બાદશાહ ધર્મ પામ્યા ત્યારે તેમણે ઢાંડી પીટાવી હતી કે જ્યાં સુધી મારી આણ વર્તે છે ત્યાં સુધી કોઈએ હિંસા કરવી નહિ. જે હિંસા કરશે તેને ફાંસીની શિક્ષા થશે. તે વખતે સર્વત્ર અહિંસાનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું હતું પણ આજે રાજ્ય ધર્મ નષ્ટ થઈ જવાને કારણે હિંસાનું તાંડવ નૃત્ય કરી રહ્યું છે અને લાખો મૂંગા જીવોનો કચ્ચર ઘાણ વળી રહ્યો છે.

"મુનિને રાજ્ય પ્રલોભન આપતા રાજા" આ રાજા અને સંન્યાસી બંનેની દૃષ્ટિ જુદી હતી. બંને પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. બીજે દિવસે રાજાએ સંન્યાસીને પોતાના દરબારમાં બોલાવીને કહ્યું હે મહાત્મા! આ તમારો ભગવો ભેખ ઉતારી નાંખો અને રાજકુમારનો વેશ પહેરી લો. મહાત્મા કહે છે શા માટે? રાજા કહે છે મારી કુંવરીએ આપને જ્યારથી જોયા છે ત્યારથી એ આપના રૂપમાં મુગ્ધ બની છે, અને હું પણ આપના રૂપમાં મુગ્ધ છું માટે આપ મારી કુંવરીનો સ્વીકાર કરી લો. એ બીજા રાજકુમારને ઇચ્છતી નથી. તે આપને ઇચ્છે છે તેથી મને તો એમ થાય છે કે આપનું ભાગ્ય ખીલી ઉઠયું છે. આપના પુણ્યનો સૂર્ય ઝળહળી ઉઠયો છે. કદાચ આપને એમ થાય કે હું પરણું તો ખરો પણ મારી પાસે પૈસા નથી તો પરણીને શું કરું? તો આપ એની ચિંતા કરશો નહિ. મારે બેકેય પુત્ર નથી. એકની એક પુત્રી છે. એટલે આખું રાજ્ય આપનું છે. કન્યા મળશે ને રાજ્ય પણ મળશે. સંસાર સુખનું કેવું જોરદાર પ્રલોભન! આ પ્રલોભન કંઈ જેવું તેવું નથી. સંન્યાસી એક શબ્દ પણ બોલતો નથી. કદાચ તમને આવું પ્રલોભન મળે તો શું કરો? હું તમને પૂછું છું કે તમે ઘરેથી ઉપાશ્રયે આવવા નીકળ્યા. ત્યાં દીકરો આવ્યો. ચાલો બાપુજી! જલ્દી, તમારી દુકાને જરૂર છે. તો શું કરશો? બોલો, પાછા વળશો ને? આત્મજ્ઞાની સંન્યાસી તો કંઈ જ બોલતા નથી. રાજા કહે છે કે જલ્દી વેશ ઉતારી નાંખો ને મારી વાતનો સ્વીકાર કરો. જો મારી વાતનો સ્વીકાર નહિ કરો તો આ મારી તલવાર તૈયાર છે. રાજા તલવાર ઉગામીને બેઠા છે પણ મહાત્માના મુખ ઉપર ભયની સહેજ પણ રેખા દેખાતી નથી. મરણનો ડર કોને હોય?

सव्वओ पमत्तस्स भयं, सव्वओ अपमत्तस्स नत्थि भयं। आचा. सू. अ. ३ उ. ४

પ્રમાદીને સર્વત્ર ભય હોય છે, અપ્રમત્ત આત્માને કોઈ પ્રકારનો ભય હોતો નથી. મરણનો ડર અજ્ઞાનીને, જ્ઞાનીને નહિ. જ્ઞાનીઓ જન્મથી ડરે છે અજ્ઞાનીઓ મૃત્યુથી ડરે છે. અહીં રાજા સંન્યાસીને મારી નાંખવાની ધમકી આપે છે ત્યારે યુવાન સંન્યાસી કહે છે રાજન! હું તો મરી ગયો છું તો તમે રાજકુમારી કોની સાથે પરણાવશો! જ્યાં હું જ નથી ત્યાં તમે રાજકુમારીના લગ્ન કોની સાથે કરશો? આ શબ્દોમાં શું

દેખાય છે? એની વાણીમાં અનાસકત ભાવના ઝરણા વહે છે. આત્મજ્ઞાનની જ્યોત ઝગમગે છે. તે સિવાય આવા શબ્દો ન નીકળે. રાજાએ મ્યાનમાંથી તલવાર કાઢી. અહો! આ સંન્યાસી જોગટો મારું આવું ઘોર અપમાન કરે? અંદરનો ક્રોધાગ્નિ ભભૂકી ઊઠયો અને ઝેર રૂપે વાણીમાં ઉતર્યો. એક તો હું તને મારી કુંવરી પરણાવીને રાજ્ય આપવા ઈચ્છું છું ને તું મારું આવું અપમાન કરે છે? તો દેખ, આ મારી તલવાર તારી સગી નહિ થાય. એક સેંકડમાં ધડ અને મસ્તક અલગ કરશે. આ શબ્દો સાંભળીને પણ યુવાન સંત ભયભીત ન થયા કે ન ધ્રુજ્યા. ઉલ્ટી તલવાર જોઈને હસીને કહેવા લાગ્યા.

"મુનિએ રાજાને નિર્ભયપણે આપેલો જવાબ" :- હે રાજન્! ખરેખર જે અલગ છે તે અલગ જ રહેવાનું છે. તેને તારી તલવાર શું કરશે? એના એકેક વાકયો કેટલા માનનીય છે, એના એકેક વચનમાં કેટલો વૈરાગ્ય નીતરે છે! હે રાજન્! હું તને આમંત્રણ આપું છું કે જેમ વસંતનો વાયુ પાંદડાને ખેરવી નાંખે છે તેમ તું અત્યારે જ આ મસ્તકને ધડથી ખેરવી નાંખ તો પણ મને ચિંતા નથી. મને મરણનો ભય નથી. ધર્મજીવન પછીનું મૃત્યુ તો નીચી પાયરીમાંથી ઊંચી પાયરીમાં મૂકનાર ટ્રાન્સફર ઓર્ડર છે. જેમ સારી નોકરી બજાવ્યાથી સરકારી હુકમ આવે કે નાની કોર્ટના જજમાંથી હાઈકોર્ટના જજ તરીકે તમારી બદલી કરવામાં આવે છે તો શું એ હુકમ ઉપર દ્વેષ થાય? ના. બસ તો એ રીતે મૃત્યુ ઊંચી સ્થિતિએ બદલી કરી આપે છે. એ તો ઉલ્ટું સારું કહેવાય. એના પર દ્વેષ શું? એનાથી ડરવાનું શું? માણસ જ્યારે મૃત્યુ પામે છે ત્યારે દુનિયા એની નનામી કાઢે છે. **"અનામીની નનામી કદી હોતી નથી પણ ननामी नामीनी छे."** નામી એટલે સમજ્યા ને? નામી એટલે દેહ. હું તો અત્યારે ननामीમાં બાંધેલા મડદાને જોઈ રહ્યો છું જોયું ને? આનું નામ ભેદવિજ્ઞાન. માથે મરણની તલવાર ઝૂલી રહી છે છતાં કેવો જવાબ આપે છે? તે રાજાને કહે છે હે રાજન્! સાંભળ, મારો આત્મા કેવો છે?

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः।
न चैनं क्लैदयन्त्यापो, न शोषयति मारुतः॥

જે આત્મા શસ્ત્રથી છેદાતો નથી, અગ્નિથી બળતો નથી ને પવનથી સૂકાતો નથી એને કોણ મારી શકે? મને મરણનો ભય નથી. સામે મૃત્યુનો ભય હોવા છતાં જ્યારે સંન્યાસીના મુખ ઉપર પ્રસન્નતા જોઈ ત્યારે રાજાને સમજાયું કે આ આત્મજ્ઞાનમાં મસ્ત મહાત્માને મારા રાજ્યનો, મારી સંપત્તિનો, રાજકુંવરીનો કે તેના સૌંદર્યનો જરાપણ મોહ નથી તો તેમની પાસે કેવું સૌંદર્ય અને સંપત્તિ હશે કે જેની આગળ મારી સંપત્તિ અને રાજકુમારીનું ઝળહળતું સૌંદર્ય ઉકરડા જેવું લાગે છે! રાજા સંતના ચરણમાં નમી પડયા ને રાજકુમારીએ પણ ચરણમાં પડીને પૂછયું, મહાત્મા!

અમે તમને આટલો મરણનો ડર બતાવ્યો છતાં આપને મરણનો ડર કેમ ન લાગ્યો ? ત્યારે સંન્યાસીએ શાંતિથી બે જ શબ્દોમાં જવાબ આપ્યો કે **"मैं जहां हूँ वहां वह नहि है."** આત્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી એ ભૂમિ ઉપર મૃત્યુની સત્તા દેખાતી નથી, જ્યાં ઘોર અંધકાર હોય ત્યાં ટયુબલાઈટ સળગાવવામાં આવે તો અંધકાર શોધ્યો જડે પણ ખરો ? 'ના'. એમ જ્યાં આત્મજ્ઞાનનો પ્રકાશ છે ત્યાં અજ્ઞાનનો અંધકાર રહી શકતો નથી. અત્યાર સુધી દેહના નાશે આત્માનો નાશ માનતો હતો પણ હવે એ અજ્ઞાન ટળી ગયું.

બંધુઓ ! રાજા અને કુંવરી બંને સંન્યાસીના સમાગમથી બોધ પામી ગયા. તેમને આત્મદશાનું ભાન થઈ ગયું. આજે આપણે બધા બોલીએ છીએ ને કે **"देह मरे छे हुं नथी मरतो, अजर अमर पद मारुं."** આ ધૂન બોલાવીએ ત્યારે જોરશોરથી બોલો છો પણ ભૂલેચૂકે કસોટીનો પ્રસંગ આવે ત્યારે સમતા રહેવી કઠણ છે. મહાત્મા કસોટીના પ્રસંગમાં પણ ડગ્યા નહિ તો રાજા અને કુંવરી બોધ પામી ગયા. સોનાની કસોટી થાય છે. હીરાને સરાણે ચઢવું પડે છે ત્યારે તેની કિંમત થાય છે, તેમ તમે પણ કસોટીની સરાણે ચઢવાનો પ્રસંગ આવે ત્યારે મહાત્માની જેમ અડગ રહો તો સમજી લેવું કે મને કંઈક જ્ઞાન પ્રાપ્ત થયું છે. બાકી સંસારનું ગમે તેટલું જ્ઞાન મેળવો પણ આત્મિક લક્ષ વિનાનું જ્ઞાન એ સાચું જ્ઞાન નથી.

આપણે તેરમા અધ્યયનની વાત ચાલે છે તેમાં એક વાત આવી ગઈ ને કે નમુચિ પ્રધાનને લૌકિક જ્ઞાન ઘણું હતું, કળાઓ ઘણી શીખ્યો હતો. એનામાં બુદ્ધિ પણ ઘણી હતી છતાં આત્માનું કોઈ લક્ષ ન હતું. એની બુદ્ધિ નિર્મળ ન હતી, એટલે અક્ષમ્ય અપરાધને કારણે રાજાએ તેને દેહાંત દંડની શિક્ષા કરી પણ ચંડાળને દયા આવી તેથી તેને બચાવ્યો અને તે ભૂતદત્ત નામના ચંડાળને ત્યાં ગુપ્તપણે રહી એના બે પુત્રોને ભણાવ્યા ને સંગીતકળામાં પારંગત બનાવ્યા પણ નમુચિ પ્રધાને ભૂતદત્ત ચંડાળની પત્ની સામે કુદૃષ્ટિ કરી એટલે ચંડાળને આ વાતની જાણ થતાં એને મારવાના ઉપાયો શોધવા લાગ્યો. પણ બાળકોને આ વાતની ખબર પડી એટલે ગુરૂઋણથી મુક્ત થવા નમુચિને ગુપ્ત રીતે ભગાડી મૂકયો, નમુચિ ત્યાંથી છૂટીને ફરતો ફરતો હસ્તિનાપુરમાં સનતકુમાર ચક્રવર્તિ રાજય કરતા હતા ત્યાં આવ્યો. એનામાં બુદ્ધિ તો હતી જ એટલે બુદ્ધિ જોઈ ને સનતકુમાર ચક્રવર્તિએ એને મંત્રીનું પદ આપ્યું.

નમુચિ તો ત્યાં મંત્રીપદ ભોગવવા લાગ્યો. આ બાજુ બે ચંડાળપુત્રો ધીમે ધીમે મોટા થયા. પૂર્વના પાપકર્મના ઉદયથી ચંડાળને ઘોર જન્મ મળ્યો પણ એમનું રૂપ ઘણું હતું. એ બંને પુત્રો રાજકુમાર જેવા શોભતા હતા અને સંગીત કળા, નૃત્ય કળા આદિ કળાઓ શીખ્યા હતા. બંને યુવાન થયા એટલે રૂપ, યૌવન, લાવણ્ય અને નૃત્યકળા વગેરેથી વારાણસીના નગરજનોના મનને રંજન કરવા લાગ્યા. એ વીણા

વગાડે ને સંગીત ગાય ત્યારે લોકોના ટોળેટોળા એમની પાસે આવીને જમા થતા અને સંગીત સાંભળવામાં સ્થિર બની જતા. મનુષ્ય તો સ્થિર થતા પણ હરણ, વાઘ સિંહ વગેરે જંગલી પશુઓ અને પક્ષીઓ પણ ત્યાં આવીને સ્થિર થઇ જતા. સંગીતકળામાં તે એવા પ્રવીણ બન્યા હતા.

એક વખત વારાણસી નગરીની બહાર ઉદ્યાનમાં વસંતોત્સવ હતો. વસંતોત્સવમાં ભાગ લેવા માટે નાટયમંડળીઓ ભજનમંડળીઓ સંગીતમંડળીઓ આદિ અનેક જાતના લોકો આવ્યા હતા. સૌ પોતપોતાની કળાઓનું પ્રદર્શન કરી નગરજનોના મનને રંજન કરતા હતા, આ બંને ભાઇઓ પણ ત્યાં આવ્યા હતા. આ બાંધવ બેલડી પણ પોતાની શ્રેષ્ઠ કળાઓથી લોકોના દિલને ડોલાવતી હતી. તેઓ જ્યાં જ્યાં પોતાની કળા પ્રદર્શિત કરતા ત્યાં ત્યાં માનવમેદની ખૂબ એકત્ર થતી ને તેમને ઘેરી લેતી. તે વખતે નગરજનો એ પણ ભૂલી જતા કે આ બંને કલાકારો અસ્પૃશ્ય જાતિના બાળકો છે. આ બંને ભાઈઓએ પોતાની સંગીતકળાથી નગરજનોને ગાંડાતૂર બનાવ્યા હતા. એમનું સંગીત સાંભળતા લોકો પોતાનું ભાન ભૂલી જતા. સ્ત્રીઓ રસોઈ કરતી હોય પણ જ્યાં સંગીતનો સૂર સાંભળે ત્યાં હજારો કામો છોડીને ત્યાં દોડી આવતી. પુરૂષો વહેપાર ધંધો છોડીને આવતા. આ રીતે સારા નગરની જનતાને બંને ચંડાળ પુત્રો ઉપર ખૂબ પ્રેમ અને મમત્વ હતું, તેથી તેમને ખૂબ ચાહતા હતા.

"ચિત્ત અને સંભૂતિની કળાથી ભજનમંડળીને આવેલી ઈર્ષ્યા" : આ વસંતોત્સવમાં ગાયકોની અને સંગીતકારોની બીજી મંડળીઓ આવી હતી. એમની પાસે કોઈ જતું ન હતું, તેથી તે લોકો આ બંને બાળકો પ્રત્યેની આ પ્રકારની લોકચાહના અને અભ્યુદય જોઈ ને તેમની સામે ઈર્ષ્યા કરવા લાગ્યા. કોઈની જાહોજલાલી જોઈને ઈર્ષ્યાગ્નિમાં જલવાથી શું વળે ? છેવટે તેઓ રાજા પાસે જઇને કહેવા લાગ્યા કે–હે મહારાજા ! ભૂત્તદત્ત ચંડાળના પુત્રો ચિત્ત અને સંભૂતિ એ બંને જણાએ આ વસંતોત્સવમાં આવીને પોતાની પ્રશસ્ત કળાથી નગરની જનતાને બહેકાવી દીધી છે અને સઘળાની સાથે સ્પૃશ્યાસ્પૃશ્યનો વિચાર કર્યા વિના એકતાનમાં ગાતા–નાચતા આમથી તેમ ફરી રહ્યા છે. એમની આવા પ્રકારની સ્વચ્છંદ પ્રવૃત્તિથી વર્ણાશ્રમની વ્યવસ્થા પ્રાયઃ નષ્ટ થઇ રહી છે તેથી આપનું એ કર્તવ્ય છે કે આ વ્યવસ્થાને પૂર્વવત કાયમ રાખવા માટે એનો લોપ કરનાર એ બંને ભાઈઓને શિક્ષા કરો. ગાયકમંડળીની વાત સાંભળીને રાજાએ તે બંને ચંડાળપુત્રોને પોતાના નગરમાંથી કાઢી મૂકયા. આ રીતે રાજાના કાઢી મૂકવાથી બંને ભાઈઓના દિલમાં ખૂબ દુઃખ થયું કે અહો ! આપણી આવી ઉત્તમ કળાથી લોકો કેટલા આકર્ષાય છે પણ એક આપણી હીન જાતિના કારણે જ આપણો તિરસ્કાર થાય છે. આ રીતે એમના દિલમાં ખેદ થઇ રહ્યો છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– સુમિત્ર દૂત કૌશાંબી નગરી જઈને ત્યાંના રાજાની કન્યા સુશીલા સાથે ભીમસેનની સગાઈ કરી આવ્યો, એટલે એના લગ્નની કુમકુમ પત્રિકા પણ લખાઈ ગઈ. કૌશાંબી અને ઉજ્જૈની બંને નગરીઓમાં લગ્નપ્રસંગની તૈયારીઓ થવા લાગી. રાજમહેલના કર્મચારીઓથી માંડીને નગરના સામાન્યજનો પણ લગ્નોત્સવની તૈયારી કરવા લાગી ગયા. ઘેર ઘેર આનંદ છવાઈ ગયો. બહેનો ગીતો ગાવા લાગી. તેના મધુર સૂરોથી ઉજ્જૈની નગરી ગાજી ઊઠી. રાજાની આજ્ઞાથી અનેક પ્રકારની મીઠાઈઓ થવા લાગી. રાજાએ સોનીઓને તેડાવીને અલંકારો ઘડવાની આજ્ઞા કરી એટલે સોનીઓ અલંકારો ઘડવા માટે આળસ છોડીને રાત–દિવસ મહેનત કરવા લાગ્યા. રાજાએ વિવિધ જાતના દાગીનાઓ કરાવ્યા. દરજીઓ મૂલ્યવાન પોશાક તૈયાર કરવા લાગ્યા. વાજિંત્રવાદકોએ પોતાના સાજ અને શણગાર નવા બનાવી દીધા. રાજમહેલ અને મંડપ ખૂબ ભવ્ય રીતે શણગાર્યા. ભીમસેન રાજકુમારને ખૂબ સુંદર શણગારવામાં આવ્યા. પછી શ્વેત ઘોડા ઉપર બેસી વરઘોડે ચઢયા. પંથ કાપતા કાપતા વરઘોડો કૌશાંબી નગરીમાં પહોંચી ગયો. માનસિંહ રાજાએ ખૂબ ઉલ્લાસભેર સામૈયું કર્યું, અને અતિ આનંદ અને ઉત્સાહપૂર્વક ભીમસેન અને સુશીલાના લગ્ન થયા. માનસિંહ રાજાએ પોતાની લાડીલી દીકરીને ખૂબ કરિયાવર કર્યો.

"પિતાના ઘરેથી વિદાય લેતી પુત્રી" :– માનસિંહ રાજાએ અશ્રુભીની આંખે પોતાની વહાલસોયી દીકરીને વિદાય આપી. માતાએ વિદાય આપતા દીકરીને કહ્યું, બેટા ! આપણા કુળને શોભે તેવી રીતે સાસરામાં રહેજે. તારા સાસુ સસરાને તારા મા–બાપ માનીને તેમની સેવા કરજે. તારા શીલને બરાબર સાચવજે. સ્ત્રીઓનું મોટામાં મોટું આભૂષણ શીલ છે. તેનું જતથી પણ વધુ જતન કરજે. બેટા ! તું સુખી થજે ! અને તારા ખુશી આનંદના સમાચાર કહેવડાવજે. ધર્મને ભૂલીશ નહિ. આ રીતે પુત્રીને હિત શિખામણ આપીને વસમી વિદાય આપી, પછી સુશીલાએ રડતી આંખે માતાપિતાને પગે લાગીને તેમના આશીર્વાદ લીધા, અને ભીમસેનના રથમાં આવીને તે વિનયથી અંગેઅંગ સંકોચીને શરમાતી બેસી ગઈ જાન કન્યાને લઈને ઉજ્જૈનીમાં પાછી ફરી ત્યારે નગરજનોએ વરવધૂને અક્ષત અને ફૂલોથી વધાવ્યા. તેમજ તે બંનેના મીઠડા–ઓવારણા લીધા. લગ્નનો અવસર નિર્વિઘ્ને પતી ગયો એટલે જિતારી રાજાને શાંતિ વળી અને પછી રાજકાજમાં લાગી ગયા. આ બાજુ ભીમસેન અને સુશીલા લગ્ન જીવનનો આનંદ માણવા લાગ્યા. ભીમસેનના લગ્ન થયા અને હરિસેન પણ લગ્નને લાયક થયો હતો. એ અરસામાં શું બન્યું.

અંગદેશના વીરસેન રાજાને સુરસુંદરી નામે સુંદર અને સુલક્ષણા કન્યા હતી. તે સંગીતકળામાં પ્રવીણ હતી. તેનો કંઠ સૂરીલો હતો. તેની ઉંમર દિવસે દિવસે વધતી જતી હતી એટલે વીરસેન રાજાએ એક રાજદૂતને ઉજ્જૈની નગરી મોકલ્યો.

રાજદૂતે આવીને જિતારી રાજાને પ્રણામ કરીને મૂલ્યવાન નજરાણું ભેટ ધર્યું. એનો સ્વીકાર કરીને રાજાએ દૂતને આગમનનું કારણ પૂછયું એટલે દૂતે હરિસેન માટે સુરસુંદરીની વાત કરીને તેનો પરિચય આપીને વીરસેનના રાજવૈભવની વાત કરી. જિતારી રાજાએ વિચાર કર્યો કે શુભ કાર્યોમાં વિલંબ શા માટે કરવો ? રાણી આદિની સંમતિ લઈને કહેણને સ્વીકારી લીધું અને ઘડીયા લગ્ન લેવાનું જણાવી યોગ્ય સત્કાર કરી રાજદૂતને વિદાય કર્યો.

થોડા જ દિવસમાં ફરીથી ઉજ્જૈની નગરી લગ્નની ધમાલથી ધમધમી ઊઠી અને ભીમસેનની માફક ખૂબ ઠાઠમાઠથી હરિસેનનો વરઘોડો નીકળ્યો ને શુભ દિવસે અંગ દેશમાં પહોંચી ગયો. વીરસેન રાજાએ ખૂબ ઠાઠમાઠથી જાનૈયાઓનો આદર સત્કાર કર્યો, અને પોતાની લાડકી દીકરીને ખૂબ ધામધૂમથી પરણાવી. તેને અઢળક કરિયાવર કરીને હિત શિખામણ આપીને મંગળ દિને સાસરે જવા વિદાય કરી. હરિસેન અને સુરસુંદરી લગ્ન કરીને ઉજ્જૈની પાછા ફર્યા ત્યારે નગરજનોએ તે બંનેનું ઉમળકાભેર સ્વાગત કર્યું. જિતારી રાજા અને ગુણસુંદરી રાણીએ બંને પુત્રોના લગ્ન સારી રીતે કરીને શાંતિનો શ્વાસ લીધો. હવે એમના માથેથી ભાર ઉતર્યો એટલે હૈયું હળવું બન્યું.

આ તરફ ભીમસેનના સસરા માનસિંહ રાજા પોતાની બીજી દીકરી સુલોચના માટે ચિંતા કરતા હતા. એટલે તેના માટે રાજદૂત મોકલીને બધે તપાસ કરાવી. રાજદૂતે ઘણાં દેશોમાં ફરીને આવીને રાજાને કહ્યું કે ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગરમાં વિજયસેન રાજા રાજ્ય કરે છે. તેના પ્રતાપથી દુશ્મનો થરથર ધ્રુજે છે. રૂપ-ગુણમાં તેમજ કુળમાં તે આપણી સુલોચનાને માટે યોગ્ય છે. માનસિંહ રાજાએ તરત પોતાની પુત્રીનું કહેણ મોકલાવ્યું. વિજયસેને તે તરત સ્વીકારી લીધું. ખૂબ ધામધૂમથી સુલોચનાના લગ્ન થઈ ગયા.

હવે પુત્રોને પરણાવ્યા પછી જિતારી રાજા અને ગુણસુંદરી રાણી બંને આનંદથી રહે છે. બંને પુત્રવધૂઓ ગુણવાન અને ખાનદાન છે. એમનો વિનય-વિવેક, નમ્રતા વગેરે ગુણો જોઈને સાસુ સસરાની છાતી ગજગજ ફૂલે છે ને આનંદથી દિવસો પસાર કરે છે. જિતારી રાજા વિચાર કરે છે કે હવે પુત્રનો રાજ્યાભિષેક કરીને હું આત્મસાધનામાં જોડાઉં. રાજા આવો વિચાર કરે છે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

❋ ❋ ❋

વ્યાખ્યાન નં-૧૨

શ્રાવણ સુદ ૨ને બુધવાર "સામાયિકનું સ્વરૂપ" તા. ૨૫-૭-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, રાગ દ્વેષના વિજેતા અને મોક્ષ માર્ગના પ્રણેતા પરમકૃપાળુ તીર્થંકર ભગવંતે જગતના જીવોના આત્મકલ્યાણ માટે પરમ પાવનકારી દ્વાદશાંગી સૂત્રની રજુઆત કરી છે. આપણે તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં આપણને મુખ્ય એ વાત જાણવા મળે છે કે જીવ જેવા કર્મો બાંધે છે તેવા તેને ભોગવવા પડે છે. બીજું આત્મા ગમે તેટલી ધર્મકરણી કરે, તપ અને ત્યાગ કરે પણ જો ક્રોધાદિ કષાયો નાબૂદ ન થાય તો એકજ વખતના ક્રોધમાં વર્ષોની કરેલી ધર્મક્રિયાઓ બળીને ભસ્મ થઈ છે. મસાલાથી ભરપૂર કેસરીયા દૂધનું તપેલું ભરેલું હોય પણ જો એમાં વિષનું એક ટીપું પડે તો દૂધ ઝેરી બની જાય છે તેમ આપણી સાધનામાં ક્રોધાદિ કષાયો રૂપ વિષનું ટીપું ન પડી જાય તેનું જીવે ખાસ લક્ષ રાખવાની જરૂર છે, જેમ માણસને કોઈ દર્દ થાય તો એ દર્દને નાબૂદ કરવા માટે દવા લે છે તેમ આપણા જન્મ મરણાદિ રોગોને નાબૂદ કરવા માટે અને કામ, ક્રોધ, મોહાદિ શમાવવા માટે ધર્મક્રિયા રૂપ દવા લેવાની જરૂર છે. ક્રોધાદિ કષાયોને નાબૂદ કરવા માટેની ઉત્તમ અને અકસીર ઔષધિ જો કોઈ હોય તો સામાયિક છે, કારણ કે જે આત્મા સમ્યક્ત્વ સહિત શુદ્ધ સામાયિક કરે છે તે દિન પ્રતિદિન શાંત-પ્રશાંત બનતો જાય છે. સામાયિક એટલે શું તે જાણો છો ને ? સાવદ્યયોગની નિવૃત્તિ અથવા તો સમ + આય + ઇક સમભાવનો જેમાં લાભ થાય છે તેનું નામ સામાયિક. સામાયિકનો અર્થ ઘણો વિશાળ અને ગૂઢ છે. પંચાશકમાં કહ્યું છે કે

" સમભાવો સામાइयं, तण कंचण-सत्तु-मित्त विसडत्ति ।
णिरभिस्सगं चित्तं उचिय पवित्तिप्पएणं च ॥ "

ચાહે તૃણ હોય, ચાહે સોનું હોય, ચાહે શત્રુ હોય કે મિત્ર હોય સર્વત્ર પોતાના મનને રાગ-દ્વેષની આસક્તિથી રહિત રાખવું તથા પાપ રહિત ઉચિત ધાર્મિક પ્રવૃત્તિ કરવી તેનું નામ સામાયિક છે. અર્થાત્ સમભાવ એ જ સામાયિક છે. આવું ઉત્તમ સામાયિક રત્ન અંગીકાર કરવાનો અધિકારી કોણ બની શકે તે જાણો છો ? સામાયિક કરવા માટે પણ લાયકાત જોઇએ. બાથમાં સ્નાન કરવા જનારને પહેલા કેટલી વિધિ કરવી પડે છે ? ચામડીના ડોકટર પાસે શરીર ચેક કરાવવું પડે છે કે ચામડીનું કોઇ દર્દ તો નથી ને ? ડોકટરનો રિપોર્ટ મળ્યા પછી બાથમાં સ્નાન કરવા જતા પહેલા ઘેરથી સ્નાન કરી સ્વચ્છ વસ્ત્રો પહેરીને જવું પડે છે. ઘેરથી સ્નાન કરીને ગયા છતાં ત્યાં જઇને સ્નાન કરીને કપડાં બદલાવ્યા પછી બાથમાં સ્નાન કરી શકાય છે તેવી રીતે સામાયિક રૂપી બાથમાં સ્નાન કરી આત્માને શુદ્ધ અને પવિત્ર બનાવવો જોઈએ.

બાર વ્રતમાં સામાયિકનો નંબર નવમો છે એટલે આગળના આઠ વ્રતોનું પાલન કરીને આત્મા શુદ્ધ બનેલો હોવો જોઈએ. પહેલા વ્રતમાં જીવને એવા ભાવ હોવા જોઈએ કે હું મોટકી હિંસા કરીશ નહિ. ગમે તેવા સંયોગોમાં હું સ્વને માટે કે પરને માટે અસત્ય બોલીશ નહિ. જિંદગીમાં કયારે પણ મોટકી ચોરી કરીશ નહિ. પરસ્ત્રી સામે કુદૃષ્ટિ કરીશ નહિ, પરિગ્રહની અને દિશાઓની મર્યાદા કરીશ. કર્માદાનના વહેપારનો ત્યાગ કરીશ. અનર્થદંડથી દંડાઈશ નહિ. આટલું જે કરે તે સામાયિક લેવાને માટે લાયક બની શકે. બોલો, સામાયિક કેટલી મહાન છે! પણ આજે તો સામાયિક કરવી એટલું જ લક્ષ છે. સામાયિક શા માટે કરવાની? સામાયિક કરવાથી શું લાભ થાય છે એ લક્ષ ચૂકાઈ ગયું છે. યાદ રાખો કે આત્મામાં અપૂર્વ શીતળતા આવે એવી સામાયિક હોવી જોઈએ. તમે પોતે આત્મા તરફ વળો ને બીજાને વાળો. કોઈ લાખોના દાન કરે, કોઈ ઉગ્ર તપ કરે તેના કરતા આત્માના લક્ષપૂર્વકની એક સામાયિક કરનાર મહાન છે.

એક કરોડપતિ શેઠ હતા. તે દરરોજ દાન દેતા. એ શેઠના બંગલાના કંપાઉન્ડમાં એક નાનકડી ઓરડીમાં એક ગરીબ વૃદ્ધ ડોશીમા રહેતા હતા. એ ડોશીમા દરરોજ એક સામાયિક કરતા પણ એમની સામાયિક એટલે સામાયિક. એક કલાક સમતા રસનું પાન કરી લે તેની લહેજત એમને સતત રહેતી હતી. એ ડોશીમાને કોઈ ગાળ દે, ગમે તેમ કહે પણ કદી એમને ક્રોધ આવતો નહિ. પેલા શેઠ દાન દેતા હતા પણ મનમાં અભિમાન હતું કે મારા જેવા કરોડપતિ શેઠ આ નગરમાં વસે છે તો રોજ આટલા ગરીબોને પોષણ મળે છે. મારા જેવો દાનેશ્વરી કોણ છે? હું છું તો એ બધાને પાળું છું. હું ન હોત તો આ બધા કયાં જાત? આ રીતે દાન દેનારને, તપ કરનારને કયારેક અભિમાન આવે છે પણ સમભાવપૂર્વકની સામાયિક કરનારને કદી અભિમાન આવતું નથી. શુદ્ધ સામાયિક કરનાર ડોશીમા મરીને રાજકુમાર બને છે અને હજારોના દાન દેનાર શેઠ માનના કારણે રાજાનો નોકર બને છે. સામાયિકનું મહત્ત્વ બતાવતા આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે

सामाइय वयजुत्तो, जाव मणो होइ नियम संजुत्तो।
छिन्नइ असुह कम्मं, सामाइय जत्तिया वाश॥

ચંચળ મનને નિયંત્રણમાં રાખતા જ્યાં સુધી સામાયિક વ્રતની અખંડ ધારા ચાલુ રહે છે ત્યાં સુધી અશુભ કર્મ ક્ષીણ થયા કરે છે. પુનીયા શ્રાવકની સામાયિકના તો ખુદ ભગવાન મહાવીરે પણ કેટલા ગુણ ગાયા છે. એક વખતના પ્રસંગમાં મગધાધિપતિ શ્રેણીક મહારાજા એ પ્રભુને પ્રશ્ન કર્યો કે હું મરીને કયા જઈશ? ત્યારે પ્રભુએ કહ્યું હે શ્રેણીક! તું નરકમાં જઈશ. આ સાંભળીને શ્રેણીક રાજાને ખૂબ દુઃખ થયું. પ્રભુના ચરણમાં આળોટીને કહ્યું, પ્રભુ! શું હું નરકમાં જઈશ? હું નરકમાં ન જાઉં તે

માટેનો કોઈ ઉપાય બતાવો, ત્યારે ભગવાને તેમના સંતોષના કારણે ચાર ઉપાયો બતાવ્યા. તેમાંનો એક ઉપાય એ હતો કે પુનીયો શ્રાવક એક સામાયિકનું ફળ આપે તો તારું નરકમાં જવાનું અટકે. આ સાંભળીને શ્રેણીક રાજાને જેમ રંકને રત્નોનો રાશિ મળતાં આનંદ થાય તેથી પણ અધિક આનંદ થયો અને હર્ષભેર ગરીબ પુનીયા શ્રાવકને ઘેર આવ્યા ને સામાયિકના ફળની ભિક્ષા માંગવા હાથ જોડીને ઊભા રહ્યા. પુનીયા શ્રાવકે કહ્યું, મહારાજા ! પધારો. આજે આ ગરીબની ઝુંપડી પાવન થઈ. ફરમાવો, શું આજ્ઞા છે ? ત્યારે મહારાજાએ કહ્યું, કે હે શ્રાવક ! તમારે ત્યાં તો રોજ કોડો કિરણોનો પ્રકાશ ફેંકતો સામાયિકનો સૂર્ય ઉગે છે તો હું એમાંથી વધારે નહિ એક કિરણ માંગું છું. સૂર્યનું એક કિરણ પણ રાત્રીના ગાઢ અંધકારનો ક્ષણવારમાં નાશ કરે છે તેમ તમારી સામાયિકનું એક કિરણ મારા પાપ રૂપ અંધકારનો નાશ કરશે.

બંધુઓ ! વિચાર કરો. ખુદ ભગવાને પુનીયા શ્રાવકની સામાયિક વખાણી છે. તો એ સામાયિક કેવી હશે ? તમે આજ સુધીમાં કેટલી સામાયિકો કરી ? પણ સમતા રસનું પાન કર્યું ? કંઈક વૃદ્ધમાજી ઉપાશ્રયેથી સામાયિક કરીને ઘેર જાય. ઘેર વહુએ રસોઈ ન બનાવી હોય તો ધમધમાટી બોલાવે, ક્રોધનો પાર નહિ. આવો ક્રોધ જોઈને કંઈક યુવાનો એમ કહે છે કે અમારા માજી આખો દિવસ ઉપાશ્રયમાં રહીને સામાયિક કરે છે પણ ઘેર આવીને ધમધમાટ કરે છે. એમને સુધારો તો સારું. તમે રોજ સાંભળો છો પણ હજુ ક્રોધ જતો નથી તેથી સાંભળવું સંતોને પડે છે. માણસને ખૂબ તરસ લાગી હોય ત્યારે બે ગ્લાસ ઠંડુ પાણી અગર વાટકો છાશ પીવે તો તૃષા શાંત થઈ જાય. ભૂખ લાગે ને એક બે કેળા ખાઈ લે તો કલાક બે કલાક ક્ષુધા શાંત થઈ જાય. માથુ દુઃખતું હોય ને એક એસ્પ્રો કે એનાસીનની ટીકડી લઈએ તો માથાનો દુઃખાવો મટી જાય અને તમે દરરોજ સામાયિક કરો ને શું તમારા કષાયો મંદ ન પડે ? જીવનમાં શીતળતા ન આવે ! આવી ધર્મક્રિયાઓ વર્ષો સુધી કરો પણ વર્તન નહિ સુધરે ત્યાં સુધી કલ્યાણ થવાનું નથી. તમે અહીં સામાયિક કરીને સમતારસનું એવું અમૃત પીને ઘેર જાઓ પછી વહુ તમને ગમે તેમ કહે, ક્રોધ આવવાનો પ્રસંગ આવી જાય છતાં ક્રોધ ન આવે, ત્યારે વહુના મનમાં એમ થાય કે આજે મારા સાસુજી ક્યાં જઈને આવ્યા કે એમની પ્રકૃતિ તદ્દન બદલાઈ ગઈ ! વહુને ખબર પડે કે મારા સાસુજી ઉપાશ્રય જઈને સમતારસનું પાન કરી આવ્યા છે. પછી એ જ વહુ સાસુના ચરણમાં પડીને માફી માંગશે અને એની પ્રકૃતિનું પરિવર્તન થઈ જશે, પછી સંસારમાં પણ સ્વર્ગ જેવા સુખોની મોજ માણી શકાશે, અને આત્માની સ્મૃતિ થશે.

જ્યાં છે સંસારની સ્મૃતિ, ત્યાં છે આત્માની વિસ્મૃતિ,
જ્યાં છે આત્માની સ્મૃતિ, ત્યાં છે સંસારની વિસ્મૃતિ.

સામાયિકના શુદ્ધ સ્વરૂપને જીવ સમજે છે ત્યારે સંસારમાં બેઠો હોય છે છતાં એને સંસાર ભૂલાઈ જાય છે અને ઓઘસંજ્ઞાથી સામાયિક કરનારાઓ સામાયિકમાં બેઠા હોય છે છતાં એમને ક્ષણે ક્ષણે સંસારનું સ્મરણ થયા કરે છે. બે ચાર સરખે સરખી બહેનો સામાયિક લઈને બેઠી હોય ત્યારે પણ સંસારની વાતો ચાલતી હોય છે. હું તો તમને બધાને કહું છું કે બાહ્યભાવે ઘણી સામાયિક કરી, સંસારની વાતો ઘણી કરી. હવે તો આત્માની વાતો કરો. ધર્મચર્ચા કરો તો તમારી નાનકડી ધર્મક્રિયા પણ મહાન ફળને આપનારી બને.

શ્રેણીક રાજા પુનીયા શ્રાવકને ઘેર એક સામાયિકનું ફળ માંગવા ગયા ત્યારે શ્રાવકે કહ્યું મહારાજા ! એક શું, આપને જેટલી સામાયિકનું ફળ જોઈએ તેટલું આપી દઉં, ત્યારે મહારાજા શ્રેણીક કહે છે શ્રાવકજી ? તમારી એક સામાયિકના ફળનું જેટલું મૂલ્ય થતું હોય તેટલું પહેલા લઈ લો, મારે મફત નથી જોઈતું. જેના રોમેરોમમાં સમતારસ ભરેલો છે એવો શ્રાવક કહે છે કે એનું મૂલ્ય કેટલું છે તે હું જાણતો નથી. તમને જેણે લેવા મોકલ્યા હોય તેમને પૂછી આવો. શ્રેણીક મહારાજા ભગવાનને પૂછવા માટે ગયા ત્યારે ભગવાને કહ્યું હે શ્રેણીક ! પુનીયા શ્રાવકની સામાયિક એ માત્ર દેહની સામાયિક નથી પણ આત્મિક ગુણોની સામાયિક છે. એનું મૂલ્ય જગતમાં કોઈ પણ વસ્તુથી આંકી શકાય તેમ નથી. આ તો માત્ર તમને આશ્વાસન માટે કહ્યું હતું. ભગવાને આ પ્રમાણે કહ્યું ત્યારે શ્રેણીક રાજાને સામાયિકનું મૂલ્ય સમજાયું. બાળક નાનો હોય ત્યારે સ્કુલે પાટી અને પેન લઈને ભણવા જાય છે. પહેલા તો તે આડાઅવળા લીટા દોરે છે પાટી પછાડે છે ને કંઈક કરે છે. છતાં એના ટીચર સમતા રાખે છે કે ભલે, મારો વિદ્યાર્થી લીટા દોરે ને પાટી પછાડે. આમ કરતાં છ મહિને તો એકડો લખતા શીખશે ને ? અને બાળક છ મહિને એકડો લખતા શીખે છે પછી ક્રમે ક્રમે આગળ વધતાં એ જ ઠોઠ વિદ્યાર્થીઓમાંના કોઈ ડોકટર, કોઈ વકીલ, કોઈ એન્જીનીયર, બેરીસ્ટર, ટીચર બને છે. તો અહીં તમે વર્ષોથી આવો છો, સામાયિકાદિ કરો છો, છતાં સમતારસનો એકડો હજુ ન આવડયો તો અમારે તમને કેવા કહેવા ? વર્ષોથી સામાયિક કરવા છતાં જે એનું મૂલ્ય સમજતા નથી એ ઠોઠ વિદ્યાર્થી કરતા પણ ઠોઠ છે.

શુદ્ધ સામાયિક કરવી તેમાં ભગવાનની આજ્ઞાનું પાલન થાય છે. પ્રભુની આજ્ઞાનું પાલન કરવામાં પણ જીવને મહાન ફળની પ્રાપ્તિ થાય છે. જે ભગવાનની આજ્ઞાનું પાલન કરતા નથી તેનો અનંતો સંસાર વધે છે, જમાલી એક વખતના ભગવાનના ભાણેજ અને જમાઈ હતા. તેમણે ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. ખૂબ જ્ઞાન ભણ્યા, પછી એક વખત પ્રભુને કહે છે આપની આજ્ઞા હોય તો હું મારા ૫૦૦ શિષ્યોની સાથે અલગ વિચારું. ભગવાન એનું ભાવિ જાણતા હતા એટલે માન રહ્યા.

ભગવાને એમના જ્ઞાનના બળથી એ પણ જાણી લીધું કે હું એમને જવાની આજ્ઞા આપીશ તો એનું પરિણામ સારું નથી અને ના પાડીશ તો રહેવાનો નથી, એટલે મૌન રહ્યા, ત્યારે જમાલીએ મૌનનો અર્થ ઉંધો-કર્યો કે મને જવાની આજ્ઞા આપી. તેઓ અલગ વિચરવા લાગ્યા. આ વાત તો લાંબી છે પણ હું તમને ટૂંકમાં કહું છું. એક વખત પ્રસંગ ઉપસ્થિત થતાં એમણે ભગવાનના વચન ઉથલાવ્યા. એક તો ભગવાનની આજ્ઞા વિના અલગ થયા ને બીજું ભગવાનના વચન ઉથલાવ્યા તો મરીને કિલ્વિષી દેવ થયા. સમજ્યાણું ને? ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી જીવને કેટલું નુકશાન થાય છે. સાંભળો, એક વ્યવહારિક જ્ઞાન આપીને સમજાવું.

"લંડન જતા રોકતો ચોકીયાત" :–એક કરોડાધિપતિ શેઠ હતા. એમનો મોટો વિશાળ બંગલો હતો. બંગલાને ફરતો વિશાળ બગીચો હતો. આ બગીચાનું ધ્યાન રાખવા માળીઓ અને નોકરો રાખ્યા હતા અને બંગલાનું ધ્યાન રાખવા માટે બે ચોકીયાતો રાખ્યા હતા. તેમાં એક રાતનો અને બીજો દિવસનો ચોકીયાત હતો. બંને શેઠના બંગલાને ફરતા આંટા મારતા ને બંગલાનું બરાબર ધ્યાન રાખતા. એક વખત શેઠને લંડન જવાનું નક્કી થયું. એમની ટિકિટ પણ આવી ગઈ. એક દિવસ શેઠ સવારના પ્રહરમાં ચા–પાણી પીતા હતા તે સમયે રાતનો ચોકીયાત દોડતો આવીને શેઠના પગ પકડીને કહે છે શેઠજી! આપ ત્રણ દિવસ પછી લંડન જવાના છો પણ હું આપને નહિ જવા દઉં. ચોકીયાતની વાત સાંભળીને શેઠને ખૂબ ક્રોધ આવ્યો. અરે, એવકૂફ! મારે લંડન જવાનું છે ને તું ક્યાં અપશુકન કરવા આવ્યો! તારા જેવા અભણ અને જડ માણસને મારી વાતમાં ડખલગીરી કરવાનો શું અધિકાર? ગેટ આઉટ! ઓ મૂર્ખ! તું અહીંથી ચાલ્યો જા. શેઠે તો ગુસ્સાથી આંખ લાલ કરીને કહી દીધું છતાં પેલો ચોકીયાત તો શેઠના પગમાં પડીને કરગરે છે કે શેઠ! આપ મને ગેટ આઉટ કરો કે મારી નાંખો, જે કરવું હોય તે કરો પણ હું આપને નહિ જવા દઉં. ખૂબ કરગરવા લાગ્યો ત્યારે શેઠના શેઠાણી બાજુમાં બેઠા હતા એમના મનમાં થયું કે આ ચોકીયાત શેઠને લંડન નહિ જવા દેવા માટે આટલું કરગરે છે તો એને પૂછું તો ખરી કે એ શા માટે ના પાડે છે? શેઠ કહે છે એ અબૂધને શું પૂછવું છે. જવા દે, પણ શેઠાણીએ પૂછયું, ભાઈ! તું શા માટે ના પાડે છે? ત્યારે કહે છે બા! આજે રાત્રે મને એવું સ્વપ્ન આવ્યું છે કે શેઠ જે પ્લેનમાં જવાના છે તે પ્લેન સળગ્યું ને ધરતી ઉપર તૂટી પડયું. આ સાંભળીને શેઠાણી ચમકયા ને એમણે પણ પેલા ચોકીયાતની માફક શેઠને કહ્યું તો તો હું પણ તમને નહિ જવા દઉં. ટિકિટ કેન્સલ કરાવી દો. ન કરે નારાયણ અને એનું સ્વપ્ન સાચું પડી જાય તો? ત્યારે શેઠે તાડૂકીને કહ્યું કે તું પણ એના જેવી બુધ્ધુ ક્યાં બને છે? એવા સ્વપ્ના કંઈ સાચા પડતા હશે? હું એવા સ્વપ્ના કંઈ માનતો નથી. હું તો ચોક્કસ જવાનો જ. તને કંઈ ભાન છે કે નહિ? મારે ત્યાં

કેટલી મિટિંગો હોય, કેટલી એપોઇન્ટમેન્ટો હોય, એ બધું કેન્સલ કેવી રીતે કરાવાય? મારા વિના ત્યાં કેટલું કામ અટકી જશે? તમે બધા મારા પ્રવાસને શું તીન પત્તીની રમત સમજો છો? શેઠ તો ખૂબ ગરમ થઈ ગયા હતા પણ શેઠાણીએ હઠ પકડી કે ગમે તેટલું નુકશાન ભલે થાય, જે થવું હોય તે થાય પણ હું તમને નહિ જવા દઉં. હવે શેઠ શું કરે? પેલા ચોકીયાતને ગેટ આઉટ કર્યો પણ કંઈ શ્રીમતીજીને ગેટ આઉટ કરાય? એમની આજ્ઞા તો માનવી જ પડે ને? (હસાહસ) શેઠાણીના હઠાગ્રહની આગળ શેઠને નમતું મૂકવું પડયું. અંતે ટિકિટ કેન્સલ કરાવી.

ત્રીજે દિવસે એ પ્લેન ઉપડયું. થોડે દૂર પહોંચ્યું ને ટાંકી ફાટી જવાથી પ્લેન સળગ્યું ને જમીન ઉપર પડયું. પ્લેનમાં બેઠેલા બધા માણસો મરી ગયા. છાપામાં આ સમાચાર પ્રગટ થતાં શેઠનું આખું કુટુંબ આનંદમાં આવી ગયું. શેઠના છોકરાઓ કહે છે ચોકીયાત! તેં તો અમારા બાપુજીની જિંદગી બચાવી. શેઠાણી કહે છે ભાઈ! તેં તો મારા પતિને બચાવીને મારો સૌભાગ્યનો ચાંદલો અમર રખાવ્યો. પોતે બચી ગયા બદલ શેઠને ખૂબ આનંદ થયો. દુનિયામાં સ્વાર્થ કેવી ચીજ છે! પ્લેનમાં શેઠ જવાના હતા ને બચી ગયા એટલે શેઠના આખા કુટુંબને અને બીજા સગા સ્નેહીઓને આનંદ થયો પણ પ્લેનમાં બિચારા કેટલા મરી ગયા. એમના બૈરા–છોકરાનું શું થશે? એનું કોઈના દિલમાં દુઃખ થયું? આવો આ તમારો સંસાર સ્વાર્થ ભરેલો છે.

"આજ્ઞા ભંગ કરતા ચોકીયાતને કરેલો ટીસમીસ" :– શેઠ મોટા મિલમાલિક હતા. બીજે દિવસે શેઠે મિલના તમામ માણસોને અને પોતાના સગા સ્નેહીઓને બધાને બોલાવ્યા. બધાને ભેગા કરીને આ ચોકીયાતે પોતાના પ્રાણ બચાવ્યા તે બદલ તેની ખૂબ પ્રશંસા કરી. બીજા લોકોએ પણ એની પ્રશંસા કરી. શેઠે ફૂલહાર કરી રૂપિયા પાંચ હજારનો ચેક તેના હાથમાં મૂકયો. સાથે સાથે એને નોકરીમાંથી કાયમ માટે સસપેન્ટ કરવામાં આવે છે એમ જાહેર કર્યું. શેઠે ચોકીયાતની પ્રશંસા કરી ફૂલહાર પહેરાવ્યા ને પાંચ હજારનો ચેક આપ્યો તેથી સૌ ખુશ થયા પણ એને નોકરીમાંથી કાયમ માટે રીટાયર કરવામાં આવ્યો તેનું કારણ કોઈ સમજી શકયું નહિ એટલે બધા એકી અવાજે બોલી ઊઠયા કે આ શું? આમ કેમ? જેણે શેઠને બચાવ્યા તેનો ઉપકાર તો જિંદગીભર ન ભૂલવો જોઈએ. ચોકીયાતે પણ શેઠને કહ્યું; શેઠ! મારે નોકરીમાંથી છૂટા થવું નથી. આ તમારો ચેક ને ફૂલહાર પાછા લઈ લો ને મને કાયમ માટે પાછો નોકરીમાં સ્વીકારી લો, તે મારી નમ્ર વિનંતી છે, ત્યારે શેઠે કહ્યું–ભાઈ! તેં મારા પ્રાણ બચાવ્યા તે બદલ તારો ઉપકાર તો માનીને તારો સત્કાર કરીને રૂા. પાંચ હજારનો ચેક લખી આપ્યો પણ મારી તને આજ્ઞા શું હતી ને તેં શું કર્યું? મારી આજ્ઞા એ હતી કે આખી રાત એક પણ ઝોકું ખાધા વિના ખડે પગે ચોકી કરવાની, ત્યારે તું કહે છે કે મને આવું સ્વપ્ન આવ્યું તો તું કહે કે સ્વપ્ન કયારે આવે?

ઊંઘ્યો હોય તો જ સ્વપ્ન આવે ને? રાતના ચોકીયાતથી ઉંઘાય ખરું? આ રીતે આખી રાત જાગવાની મારી આજ્ઞાનો તેં ભંગ કર્યો છે. આજ્ઞાનો ભંગ કરીને થતો કોઈ પણ લાભ મારે માટે નકામો છે. ભલે, તેં મારો જાન બચાવ્યો. એ બદલ ઉપકાર માનીને મેં તારો સત્કાર કર્યો. ફૂલહાર પહેરાવી બહુમાન કર્યું પણ મારી આજ્ઞાનો ભંગ કર્યો એના દંડ રૂપ હું તને નોકરીમાંથી કાયમ માટે રજા આપું છું.

બંધુઓ! આજ્ઞા પાલનનું કેટલું મહત્ત્વ છે એ તમે સમજ્યા ને? ચોકીયાતે શેઠની આજ્ઞાનો ભંગ કર્યો તો શેઠે એને કાયમ માટે નોકરીમાંથી રદ કર્યો. તે વાત આપણે પણ સમજવાની છે. મિલમાલિક શેઠ તે પરમાત્મા અને ચોકીયાત સમાન જીવાત્મા. જ્યારે અમે દીક્ષા લઈએ ને તમે સામાયિક લો ત્યારે આપણે વીતરાગ પ્રભુને કોલ આપીએ છીએ કે હે પરમાત્મા પ્રભુ! હું આપની આજ્ઞા પ્રમાણે જીવીશ. મારા પ્રાણ કુરબાન કરીશ પણ આપેલ પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું યથાતથ્ય પાલન કરીશ. દીક્ષા લઈને જે આત્માઓ મૂળ ગુણ અને ઉત્તર ગુણોમાં વફાદાર ન રહે તેમને પુણ્ય બંધાય અને તેનાથી પાંચ હજાર રૂપિયાના ચેકનો જેમ દેવલોકના સુખો પ્રાપ્ત થાય પણ તે પુણ્યનો ભોગવટો પૂર્ણ થઈ જાય પછી શું? અધોગતિના દ્વારે ઉઘડવાના કે બીજું કંઈ? અને આ જીવાત્મા રૂપી ચોકીયાતને માનવભવમાંથી ઘણાં લાંબા કાળ માટે સસપેન્ટ જ થઈ જવું પડે.

આટલા માટે આપણે સમજવું જોઈએ કે ભગવાનની આજ્ઞાનો ભંગ કરીને ગમે તેટલો લાભ થતો હોય તો એવા લાભની અમારે જરૂર નથી, કારણ કે ભગવાનની આજ્ઞા એ જ અમારો શ્વાસ અને પ્રાણ છે. વીતરાગની આજ્ઞા એ જ અમારું જીવન છે. આજે ઘણાં માણસો બોલે છે કે સાધુ સાધ્વીઓએ હવે માઈકનો ઉપયોગ કરવો જોઈએ. જમાનો બદલાયો છે હવે એમના જુના સિદ્ધાંતો બદલવા જોઈએ. જો માઇકનો ઉપયોગ કરે તો ઘણો માનવમેદની લાભ લે. ભાઈ! લાભની વાત આગળ કરીને ભગવાનની આજ્ઞાનો ભંગ કરીને જૈન સાધુ સાધ્વીઓએ માઇકમાં બોલવું તે બિલકુલ ઉચિત નથી. બીજા તો સાંભળીને કેટલું આચરણ કરશે તે તો જ્ઞાની જાણે પણ અમે બીજાને લાભ મળે તે માટે ભગવાનની આજ્ઞાનો ભંગ કરીને ગુન્હેગાર બન્યા ને? માટે આવું ન બોલશો. આવું બોલનાર શ્રાવકો પણ ભગવાનની આજ્ઞાનો ભંગ કરવામાં નિમિત્ત બનીને પાપના ભાગીદાર બને છે, માટે હવે કદી આવું બોલશો નહિ. શ્રાવક બનીને સાધુના ચારિત્રના લૂંટાવનાર ન બનશો પણ સાધુ જિનશાસનને વફાદાર રહે એની પૂરી તકેદારી રાખજો. સાધુના મેલા કપડા જોઈને દુગંછા ન કરશો. એવું ન બોલશો કે સાધુ સ્નાન કરતા નથી એટલે ગંદા છે. આવું બોલવાથી પણ અનંતો સંસાર વધે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનની વાત ચાલે છે. તેમાં બે સાધુએ દુગંછા કરી તો ભવ કરતા કરતા ચંડાળ કુળમાં ઉત્પન્ન થયા. બંને બુદ્ધિશાળી છે,

સ્વરૂપવાન છે અને સંગીત નૃત્યાદિ કળાઓમાં ખૂબ પ્રવીણ છે છતાં એમની નીચ જાતિના કારણે લોકોના કહેવાથી રાજાએ તે બંને ભાઈઓને નગરની બહાર કાઢી મૂક્યા. તેમના દિલમાં ખૂબ દુઃખ થયું. આપણી જાતિ હલકી છે તેથી લોકો આપણી કળાની કદર કરતા નથી. આ રીતે અપમાનિત થયેલા તે બંને ભાઈઓ નગરની બહાર દૂર જંગલમાં જઈને રહેવા લાગ્યા. ઘણું સમય પછી વારાણસી નગરીમાં એક વખત કૌમુદી મહોત્સવ શરૂ થયો. દૂર જંગલમાં વસતા ચિત્ત અને સંભૂતિ આ બંને ભાઈઓને સમાચાર મળ્યા કે નગરીમાં કૌમુદી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે, એટલે કૌમુદી મહોત્સવની મોજ માણવાની એમને ઇચ્છા થઈ. માણસને જ્યારે કોઈપણ ચીજની પ્રબળ ઇચ્છા થાય છે ત્યારે તે પૂરી કર્યે છૂટકો કરે છે. આ બંને ભાઈઓને ઉત્સવમાં જવાની પ્રબળ ઇચ્છા થઈ તેને રોકી ન શકયા. આ સમયે રાજાએ પોતાને કાઢી મૂક્યા છે તે વાત ભૂલી ગયા, અને કૌમુદી ઉત્સવમાં ભાગ લેવા માટે બંને ભાઈઓ વારાણસી નગરીમાં આવ્યા. નગરીમાં આવીને પોતાના મુખ સફેદ વસ્ત્રોથી ઢાંકીને એક બાજુ પર ઊભા રહીને ઉત્સવ જોવા લાગ્યા. એ વખતે ત્યાં સંગીતના મધુર સૂરો રેલાઈ રહ્યા હતા. આ બંને જણાતો સંગીતકળામાં અજોડ હતા. જેને જે કળા આવડતી હોય તેમાં તેને રસ વધુ હોય તે સ્વાભાવિક છે. સંગીતના રસની પ્રકર્ષતાથી સ્વભાવતઃ તેમના મોઢામાંથી આપોઆપ સંગીતના સૂર વહેવા લાગ્યા.

"જાતિ દ્વેષના કારણે પડેલો માર." એમના મુખમાંથી સંગીતના સૂર છૂટયા એટલે પશુઓ પણ દોડીને ત્યાં આવીને સ્થિર થઈ ગયા. આવા શ્રુતિમધુર અને હૃદયદ્રાવક એમના ગીતને સાંભળીને ઉત્સવમાં આવેલી જનતા આશ્ચર્યચકિત બનીને જોવા લાગી કે આવું શ્રુતિ રસાયન સ્વરૂપ અને સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારને રોકનાર આ ગીત કોણ ગાઈ રહ્યું છે? આ સંગીત ગાનાર કોઈ કિન્નર છે કે ગાંધર્વ? કે કોઈ અપ્સરા ગાઈ રહી છે? જે દિશામાંથી સૂર આવતો હતો તે દિશા તરફ સૌ ચાલ્યા. શોધતા શોધતા લોકોએ મુખ ઉપર વસ્ત્ર ઢાંકીને ઉભેલા બે ચંડાળ પુત્રોને જોયા. એમને જોતાં જ લોકોએ મોઢા ઉપર ઢાંકેલા વસ્ત્રોને ખેંચીને ફગાવી દીધા. મોઢા ઉપર ઢાંકેલું વસ્ત્ર દૂર થતાં જ લોકોએ તેમને ઓળખી લીધા કે અહો! આ વસંતોત્સવ વખતે રાજાએ જેમને નગર બહાર કાઢી મૂક્યા હતા તે જ આ ચંડાળ પુત્રો છે. જે સંગીત એમના હૈયાને હિલોળે ચઢાવતું હતું ત્યાં રાગનું સ્થાન દ્વેષે જમાવ્યું. પ્રેમનું સ્થાન ઈર્ષાએ લીધું. આ રીતે એકાએક નગરજનોના દિલમાં પરિવર્તન થતાં લોકો તેમના પર ક્રોધે ભરાયા અને કોઈ લાતોથી, કોઈ મુઠ્ઠીથી તેમને માર મારવા લાગ્યા. માર તો માર્યો પણ એવો ઢોર માર માર્યો કે બંને ભાઈઓ બેભાન થઈને જમીન ઉપર પડી ગયા. હવે તે બંને ભાઈઓ ભાનમાં આવશે, ને શું વિચાર કરશે ને કયાં જશે તેના ભાવ અવસરે કહેવાશે. (આજે ખંભાત સંપ્રદાયના સ્વ. ગચ્છાધિપતિ

આચાર્ય ૧૦૦૮ પૂજ્ય હરખચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથિ હોવાથી પૂ. મહાસતીજીએ તેમના પ્રભાવશાળી અને જ્ઞાન-દર્શન-ચારિત્રની રોશનીથી ઝગમગતા જીવન ઉપર ખૂબ સુંદર પ્રકાશ પાડ્યો હતો. જે સાંભળતા શ્રોતાજનોની આંખો આંસુથી છલકાઈ ગઈ હતી.) સમય તો થયો છે પણ થોડીવાર ચરિત્ર લઈએ.

ચરિત્ર :- "ગુરૂદેવ પધાર્યાની વધામણીમાં રાજાએ વનપાલકને કરેલો ન્યાલ" :- જિતારી રાજા અને ગુણસુંદરી રાણી બંને જણા પુત્રોને પરણાવ્યા પછી સંસારમાં રહેવા છતાં અનાસક્ત ભાવે રહે છે. તેમનું મન ધર્મ તરફ વિશેષ ઢળ્યું. સમય જતા એક દિવસ ચંદ્રપ્રભ મહારાજ સાહેબ ગ્રામાનુગ્રામ વિચરતા અનેક જીવોને ધર્મનો લાભ આપતા વિશાળ શિષ્ય પરિવાર સાથે ઉજ્જૈની નગરીના આંગણે પધાર્યા. આચાર્ય ભગવંત ઘણાં વિદ્વાન અને સકલ શાસ્ત્રમાં પારંગત હતા. તેમની વાણી ઘણી અસરકારક હતી. એવા જ્ઞાની ગુરૂ ભગવંત ઉજ્જૈની નગરીની બહાર આવેલા ઉદ્યાનમાં પધાર્યા. વનપાલકે તેમને વંદન કર્યા બાદ ઉતરવાની આજ્ઞા આપી તેમજ તેમને ઉતરવાની સગવડ કરીને હર્ષભેર દોડતો જિતારી રાજાને જ્ઞાની ગુરૂ પધાર્યાની મંગલ વધામણી આપવા માટે રાજમહેલમાં આવ્યો. આવીને મહારાજાને બે હાથ જોડીને કહ્યું, હે મહારાજાધિરાજ! આપણા ઉદ્યાનમાં ભવતારક, મહાજ્ઞાની ગુરૂરાજ પધાર્યા છે. આપ જલ્દી તેમના દર્શનાર્થે પધારો. જિતારી રાજાએ શુભ સમાચાર સાંભળીને પોતાના હાથમાં પહેરેલી બધી વીંટીઓ વનપાલકને ભેટ આપી દીધી. આગળના રાજા મહારાજાઓ ધર્મના પ્રેમી હતા. ગુરૂ પધાર્યાની વધામણી દેવા આવનાર વનપાલકને ન્યાલ કરી દેતા. કેટલી ગુરૂભક્તિ હશે! તમને કોઈ ગુરૂ પધાર્યાના સમાચાર દેવા આવે તો તમે આવનારને શું આપશો? (હસાહસ) વનપાલક સમાચાર આપી ખુશ થઈને ચાલ્યો ગયો. આચાર્યશ્રીના આગમનથી ગુણસેનનું હૈયું નાચી ઊઠ્યું. રાજકાજના બધા કામ પડતા મૂકીને ગુરૂ ભગવંતના દર્શન કરવા માટે પહોંચી ગયા. ગુરૂદેવના દર્શન કરીને બેઠા એટલે આચાર્ય ભગવંતે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો.

હે ભવ્યાત્માઓ! આ જગતમાં ધર્મથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. ધર્મ સર્વ મનોરથો પૂરા કરવામાં કલ્પવૃક્ષ સમાન છે, પાપ રૂપ વૃક્ષોને ભેદવામાં હસ્તિ સમાન છે અને સુકૃતને વધારવામાં મુખ્ય કારણ રૂપ કોઈ હોય તો તે ધર્મ છે. ધર્મથી કષ્ટો અને વિઘ્નો દૂર થાય છે. ધર્મના આરાધનથી આત્માને લાગેલા કર્મો ક્ષીણ થતા જાય છે અનેક પ્રકારના દાનોમાં જેમ અભયદાન શ્રેષ્ઠ છે, સર્વ ગુણોમાં જેમ ક્ષમા ગુણ શ્રેષ્ઠ છે તેમ સર્વ સાધ્યોમાં ધર્મ શ્રેષ્ઠ છે. જેણે એકવાર ધર્મામૃતનું પાન કર્યું હોય તે આત્માના સર્વ કાર્ય સિદ્ધ થયા એમ સમજવું. કારણ કે જેમને દૂધ મળ્યું હોય છે તેના માટે પછી દહીં, ઘી વગેરે પદાર્થો સુલભ હોય છે તેમ જેને ધર્મરૂપી રત્ન મળ્યું છે તેના સર્વ કાર્યો સિદ્ધ થાય છે. હે ભવ્યાત્માઓ! આ સંસારમાં દેવોને

પણ અતિ દુર્લભ એવો મનુષ્ય જન્મ પામીને જેઓ ધર્મની આરાધના નથી કરતા તે મહામહેનતે મેળવેલા ચિંતામણી રત્નને સમુદ્રમાં ફેંકી દે છે.

હે રાજન્! હવે ધર્મ કહેવો કેને? જેનામાં મુખ્ય દયા હોય તેને ભગવાને ધર્મ કહ્યો છે. જેનામાં દયા નથી તે સાચો ધર્મ નથી. જેમ નાયક વિનાનું સૈન્ય ગમે તેટલું મોટું હોય તો પણ તે નિષ્ફળ નીવડે છે, તેમ દયા વિનાનો ધર્મ નિષ્ફળ નીવડે છે, માટે દયાને પ્રધાન ગણવામાં આવી છે.

"ગુરૂ મહારાજના ઉપદેશથી જિતારી રાજાનું મંથન કરતું મન." : ગુરૂ ભગવંતના મુખેથી આવી અમૂલ્ય અમૃતમય વાણી સાંભળીને જિતારી રાજાના હૈયામાં હર્ષોલ્લાસના મોજા ઉછળવા લાગ્યા. વ્યાખ્યાન સાંભળી ગુરૂને વંદન કરીને મહારાજા પોતાના રાજભવનમાં આવ્યા અને પોતાના રાજકાર્યમાં જોડાયા, પણ ગુરૂ ભગવંતનો ઉપદેશ એમના મગજમાં ગૂંજવા લાગ્યો. આખો દિવસ પૂર્ણ થયો. રાત્રિના શાંત વાતાવરણમાં એકાંતમાં રાજા આત્મચિંતન કરવામાં જોડાયા. અહો! મેં આજ સુધી મને મળેલો ઉત્તમ માનવભવ અર્થહીન પ્રવૃત્તિમાં વેડફી નાંખ્યો. ભૌતિક સુખો માટે મેં રાત દિવસ ધાંધલ અને ધમાલ કરી અને શાશ્વત સુખ આપનાર ધર્મની આરાધના કરી નહિ. એ મહાત્માઓને ધન્ય છે કે જેઓએ આ સંસારનો ત્યાગ કર્યો છે. સંસારથી, સંસારની વાસનાથી વિરકત થઈને જેઓ માત્ર આત્મજ્ઞાન અને આત્મચિંતનમાં રત રહે છે તેવા મુનિ ભગવંતોને હજારો વાર ધન્યવાદ છે. તેમનું જીવન જીવ્યું સાર્થક છે.

સવાર અને સાંજ, સુખ અને દુઃખ, આશા અને નિરાશા, જય અને પરાજય અમીરાઈ અને ગરીબાઈ એમ દ્વન્દ્વો જગતમાં ચાલ્યા કરે છે. કાળનું ચક્ર નિરંતર અવિરતપણે ઘૂમતું રહે છે. ક્ષણે ક્ષણે આયુષ્યક્ષીણ થતું રહે છે. અંતે આ જીવ કાળનો કોળિયો બની જાય છે ત્યારે માનવીના પરિવારમાંથી કોઈ તેની સાથે જતું નથી. પુત્ર, પત્ની, માતા-પિતા, સ્વજન, મિત્ર એ સમયે કંઈ કામ લાગતા નથી. એ બધાને અહીં મૂકીને પરલોકગમન કરવું પડે છે. તે સમયે તો આ ભવે જે કંઈ સુકૃત અને દુષ્કૃત કર્યા હોય તે સાથે આવે છે. બાકીનું બધું અહીં રહી જાય છે. ગુરૂદેવે કહ્યું છે તે સાવ સત્ય છે. સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલો જૈન ધર્મ કલ્યાણકારી છે અને તેમાં પણ નિવૃત્તિનો માર્ગ તો અનંત કલ્યાણકારી છે. તેની આરાધનાથી સમસ્ત આધિ-વ્યાધિ-ઉપાધિ, જન્મ-જરા અને મરણનો સર્વથી નાશ થાય છે. મારે પણ હવે એ જ ધર્મનું આરાધન કરવું જોઈએ. કાળરાજા મારો કોળિયો કરી જાય તે પહેલા મારે ધર્મની સાધના કરી લેવી જોઈએ, કારણ કે આયુષ્યનો શું ભરોસો છે? આ રીતે જિતારી રાજાએ આખી રાત આત્મચિંતનમાં પસાર કરી. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. – ૧૩

શ્રાવણ સુદ ને ૩ ગુરૂવાર **તા. ૨૬–૭–૭૯**

અનંતજ્ઞાની, શાસન સમ્રાટ, પરમાર્થદર્શી તીર્થંકર દેવોએ ભવ્ય જીવોના એકાંત હિત માટે ઉપદેશ આપતા કહ્યું કે હે મહાનુભાવો ! દ્રવ્યથી ત્રસપણું, પંચેન્દ્રિયની પટુતા, સુકુલોત્પતિ તેમજ મનુષ્ય જન્મ વગેરે મળ્યું છે. ક્ષેત્રથી આર્યક્ષેત્ર. આ ભારત ભૂમિમાં બત્રીસ હજાર દેશો છે તેમાં આર્યક્ષેત્ર ફક્ત ૨૫॥ છે. બાકીના બધા અનાર્યક્ષેત્રો છે. તો આર્યક્ષેત્રમાં જન્મ થવો મુશ્કેલ છે. આર્યક્ષેત્રમાં પણ આર્યકુળ અને આર્યત્વપણું પ્રાપ્ત કરવું કઠીન છે. ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રમાં બોલ્યા છે કે

लध्धूण वि माणुसत्तणं, आरियतं पुणरावि दुल्लहं ।
बहवे दसुया मिलक्खुया, समयं गोयम मा पमायए ॥ અ. ૧૦ ગાથા ૧૫

મનુષ્યભવ પ્રાપ્ત કર્યા પછી પણ જીવને આર્યદેશોના આર્યકુળમાં જન્મ મળવો તે ઘણો દુર્લભ છે. આર્યકુળમાં જન્મ મળ્યા પછી આર્યત્વ પ્રાપ્ત કરવું કઠીન છે, કારણ કે મનુષ્ય ભવ પામીને પણ ઘણાં ચોર અને મ્લેચ્છો થાય છે, માટે તમારો સમય પ્રમાદમાં વ્યતીત કરશો નહિ. કાળથી અવસર્પિણી કાળના ચોથા આરાનો સમય પ્રાપ્ત થવો મુશ્કેલ છે કે જે સમયે ધર્મકરણી સુગમ રીતે થાય છે, અને ભાવથી શાસ્ત્રશ્રવણ, ધર્મશ્રદ્ધા, ચારિત્રાચરણ અને કર્મ ક્ષયોપશમાનુસાર વિરતિ પરિણામ વગેરે સમય મળેલો છે. દ્રવ્ય સામગ્રી ક્ષેત્ર સામગ્રીની ખાસ અપેક્ષા રાખે છે, જે ક્ષેત્રમાં ધર્મચર્યા નથી હોતી તે ક્ષેત્રમાં દ્રવ્ય સામગ્રી અનર્થને પેદા કરે છે. દ્રવ્ય સામગ્રી અને ક્ષેત્ર સામગ્રી બંનેનો સમાગમ થાય પણ જો કાળસામગ્રી ન હોય તો કાર્યસિદ્ધિ થઈ શકે નહિ, કારણ કે જે કાળમાં તીર્થંકરોનો યોગ હોય અથવા સુવિહિત આચાર્ય, ઉપાધ્યાય અને મુનિવરોનો યોગ હોય તો આત્માઓ પૂર્વોક્ત બંને સામગ્રીઓનો લાભ લઈ શકે. આવી સુંદર સામગ્રીઓના સુયોગ સાથે આવું રૂડું જિનશાસન મળ્યું છે. જેને જિનપ્રભુનું શાસન મળ્યું તેના ભાગ્ય ઉઘડી ગયા. સમજી લો, ભગવાનનું શાસન કેવું છે ?

મહાવીર પ્રભુજીનું શાસન કેવું, જાણે ચમકતા ચંદ્ર જેવું,
કેવું છે આ શાસન કેવું (૨) શીતળ કેવું
માર્ગ ભૂલ્યા જીવોને સન્માર્ગ બતાવતા, કુમતી હઠાવીને સુમતિ એ સૂઝાડતા,
ઝગમગતા દિપકની જ્યોતિ જેવું.....મહાવીર.....

આખા દિવસની ગરમીથી તપી ગયેલી પૃથ્વીને ચંદ્ર શીતળ બનાવી દે છે. ચંદ્રની શીતળતાથી જીવો શાતા પામે છે. અંધકારને દૂર કરી સારી અવનિને પ્રકાશથી ઝગમગતી બનાવી દે છે તેમ પ્રભુજીનું શાસન અનાદિકાળથી ભવાટવીમાં ભૂલા પડેલા

જીવોને સાચો માર્ગ બતાવે છે. કુમતિ દૂર કરીને સુમતિ આપે છે. આવું ઉત્તમ શાસન મળે પછી જીવને કંઈ કમીના રહે ખરી? જેમ કોઈના છોકરાને કોઈ નામાંકિત શ્રીમંત શેઠની પેઢી ઉપર બેસાડવામાં આવે ને એ સુખી થાય ત્યારે કોઈ પૂછે કે ભાઈ! તમારો દીકરો શું કામ કરે છે? તો કહે કે ફલાણા શેઠની પેઢીમાં કામ કરે છે. પેઢીનું નામ સાંભળીને પૂછનાર વ્યક્તિ કહેશે કે આ તો ન્યાલ થઈ જવાય એવી ઉજળી પેઢી છે, આ સંસારની દ્રવ્ય પેઢી સારી હોય તો એમ માનો છો કે ન્યાલ થઈ ગયા તો હવે વિચાર કરો. આવા ઉત્તમ માનવભવમાં વીતરાગ પ્રભુની નામાંકિત અને ઉજળી પેઢી મળી છે તો આ પેઢી ઉપર બેસનારો કેટલો ન્યાલ બની જાય! મહાવીર પ્રભુના શાસનની પેઢીનું સ્ટેટ મળવું એ સહેલી વાત નથી. મહાન પુણ્યોદયે જે સ્ટેટ મળ્યું છે તેને આ ભવમાં બરાબર સાર્થક કરી લેજો.

વીર પ્રભુના મુખકમળમાંથી ઝરેલી અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનમાં ચિત્ત અને સંભૂતિની વાત ચાલે છે. ચિત્ત અને સંભૂતિ નામના બંને ચંડાળ પુત્રો કૌમુદ્દી ઉત્સવમાં આવ્યા. તેમના મુખમાંથી વહેતી સંગીતધાર સાંભળવામાં લોકો ગાંડાતૂર બન્યા, પણ જ્યાં મોઢેથી કપડું ખસેડીને જોયું કે આ તો પેલા ભૂત્તદત્ત ચંડાળના પુત્રો છે. ત્યાં લોકો એમને પથરા મારવા લાગ્યા તો કોઈ પગથી તો કોઈ લાઠીથી પ્રહાર કરવા લાગ્યા. એવો મૂઢ માર માર્યો કે બંને ભાઈઓ મારની અસહ્ય પીડાથી બેભાન થઈને પડી ગયા. એક તો ચંડાલ જાતિનો તિરસ્કાર અને બીજું એક વખત રાજાએ એમને શિક્ષા કરીને કાઢી મૂકયા હતા, છતાં પાછા ફરીને આવ્યા એટલે લોકો એમ બોલવા લાગ્યા કે એમણે રાજ્યઆજ્ઞાનો લોપ કર્યો છે તેથી રાજ્યશાસનનો એ બંને દ્રોહ કરનારા છે તેથી એમને મારીને કાઢી મૂકો.

બંધુઓ! આ બંને છોકરાઓ કેટલા હોંશિયાર છે છતાં એમની નીચ જાતિને કારણે નગરજનો એમનો કેટલો તિરસ્કાર કરે છે? આ તિરસ્કાર થવામાં મુખ્ય કારણ જીવના કર્મ છે. જ્યાં સુધી કાયાનો સંગ છે ત્યાં સુધી કર્મ રહેવાના છે. કાયા એટલે કે આ શરીર છે ત્યાં બધી ઉપાધિ છે. જ્યાં શરીર છે ત્યાં જન્મ છે. ખાવું-પીવું-કમાવું આ બધી ઉપાધિ પણ શરીરને માટે છે. દગા-પ્રપંચ વગેરે પણ શરીરના પોષણ માટે કરવા પડે છે ને? દગા પ્રપંચ કરીને ખૂબ ધન કમાયા એટલે જીવની તૃષ્ણા પણ વધતી જાય છે. તૃષ્ણા વધે એટલે દગા, પ્રપંચ, કાવાદાવા આ બધું વધ્યા કરવાનું છે. સાથે કર્મબંધન પણ વધતું જવાનું છે પણ તૃષ્ણાવંત મનુષ્ય પાછળનો વિચાર નથી કરતો કે આવી રીતે ધન મેળવીને મારું પરભવમાં શું થશે? બસ, એની તૃષ્ણા વધતી જાય છે. આકાશ જેટલી મોટી ચાદર બનાવીને હીરા-માણેક, મોતી વગેરે ધનથી ભરી આપવામાં આવે તો પણ તૃષ્ણાવંત મનુષ્યની તૃષ્ણાશાંત થતી નથી. જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. હું તમને

પૂછું છું કે તમે બધા સુરત આવ્યા ત્યારે તમારી કેટલી ઇચ્છા હતી ? અહીં બેઠેલામાં સૂરતના વતની તો આંગળીના વેઢે ગણી શકાય તેટલા છે. બાકી તો બધા અલગ અલગ દેશના વતની છો. અહીં આવ્યા ત્યારે જે હતું તેના કરતાં અત્યારે કેટલા બધા સુખી છો છતાં તૃષ્ણાનો તાગ આવ્યો છે ? ના. એક દુકાન ધમધોકાર ચાલે છે તો હવે બીજી કરું. એક ફેકટરી કરી, બરાબર કમાણી થઈ તો હવે બીજી ફેકટરી નાખું. આ રીતે દિવસે દિવસે તૃષ્ણા વધતી જાય છે. ભર્તૃહરિએ વૈરાગ્યશતકમાં કહ્યું છે કે.

निः स्वो वष्टि शती दशशतं लक्षं सहस्राधिपो,
लक्षेशः क्षितिराजतां, क्षितिपति स्वक्रेशता वाञ्छति ।
चक्रेशः सुरराजतां, सुरपतिर्ब्रह्मास्पदं वाञ्छति,
ब्रह्मा विष्णुपदं हरिः शिवपदं तृष्णावधिं को गतः ॥

નિર્ધન માણસ સો રૂપિયાની, સત્તાધીશ હજારની, સહસ્રાધીશ લક્ષાધિપતિ બનવાની, લક્ષાધિપતિ રાજા બનવાની, રાજા ચક્રવર્તિ પદ મેળવવાની, ચક્રવર્તિ સુરેન્દ્ર પદની, સુરેન્દ્ર બ્રહ્માજીનું પદ પ્રાપ્ત કરવાની, બ્રહ્માજી વિષ્ણુના પદની અને વિષ્ણુજી મહાદેવના પદની ઇચ્છા કરે છે. હવે વિચાર કરો. તૃષ્ણાને કોણ જીતી શકયું છે ? તૃષ્ણાવંત મનુષ્ય તૃષ્ણાને જીતી શકતા નથી. તૃષ્ણા જેવું આ સંસારમાં બીજું કોઇ મોટું દુઃખ નથી. તૃષ્ણાવંત મનુષ્ય જ્યારે જોઈએ ત્યારે દુઃખીને દુઃખી હોય છે.

બે પાડોશી વહેપારીઓએ દિવાળી નજીક આવતા ચોપડા તપાસી નફાતોટાનું સરવૈયું કાઢયું. એમાં એકને ત્રણ લાખનો નફો થયો ને બીજાને છ લાખનો નફો થયો. એટલે ત્રણ લાખનો નફો થયો છે તેના દીકરાઓ હરખાવા લાગ્યા કે આ વર્ષ આપણું ઘણું સારું ગયું. પત્નીને ખબર પડી એટલે એ પણ હરખાઈ ગઈ, ત્યારે એનો પતિ ઘેર આવીને રડવા લાગ્યો. એની પત્ની પૂછે છે નાથ ! આજે તો આનંદનો દિવસ છે. છોકરા ખબર લાવ્યા છે કે આ વર્ષે ત્રણ લાખનો નફો થયો. આ નફાની ખુશાલીમાં આજે આપણે કંસાર બનાવીને જમવો જોઈએ. તેના બદલે તમે તો આટલું બધું રડો છો ? ત્યારે પેલો રડતો રડતો કહે છે અરે....ન રડું તો શું કરું ? આપણાં પાડોશી ફકીરચંદને છ લાખનો નફો થયો ને આપણને તો ફક્ત ત્રણ લાખનો નફો થયો. (હસાહસ) એમની પત્ની કહે છે તમારા નામના મારે કેટલા બળાપા કરવા ? ફકીરચંદને ભલે છ લાખનો નફો થયો. એમાં આપણે રડવાનો કયાં જરૂર છે ? ગયા વર્ષે તો માંડ માંડ ચાલીસ હજારનો નફો થયો હતો ને આ વર્ષે ત્રણ લાખનો નફો થયો તે આપણા માટે ઘણું છે. એમ સમજીને સંતોષ રાખો. જુઓ, તૃષ્ણા કેટલી ભયંકર છે ! તમે એક વિચાર કરો કે પહેલા આપણી પાસે કંઈ ન હતું તેના બદલે આજે દાળ, ભાત, રોટલી, શાક ખાઈએ છીએ. થીગડાં વિનાના કપડા પહેરવા માટે છે ને રહેવા માટે સારું ઘર છે. આટલું મળ્યા પછી વધારે શું જોઇએ?

માણસની પાસે ગમે તેટલી મિલકત હોય પણ આજ સુધી તમે કયાંય એવું સાંભળ્યું છે કે માણસ હીરા, સોનું કે રૂપિયા ખાય છે. બહુ તો રોજ નવા નવા મિષ્ટાન્ન ખાય પણ હીરા–મોતી કોઈ ખાઈ શકે ? ના. આ અમારી બહેનોમાં કોઈની પાસે પચ્ચીસ, કોઈની પાસે પચ્ચાસ તો કોઈની પાસે સો સાડલા હશે, ઘેર કબાટના કબાટ ભર્યા હશે પણ કોઈ એક સાથે બે સાડી પહેરી શકે છે ? ના. છતાં જીવની તૃષ્ણા કેટલી છે ?

દેવાનુપ્રિયો ! ભગવંત કહે છે અનાદિકાળથી જીવ તૃષ્ણા કરતો આવ્યો છે. હવે સમજો ને તૃષ્ણા ઓછી કરીને સંતોષના ઘરમાં આવો. તૃષ્ણા તો એવી ભયંકર છે કે એ તૃષ્ણા પૂરી કરવા માટે જીવ દગા પ્રપંચ કરે છે, અન્યાય કરે છે, જૂઠું બોલે છે. કોઈનું ખૂન કરતાં ને વિશ્વાસઘાત કરતા પણ પાછો પડતો નથી. અતિ તૃષ્ણા લોભ ઉત્પન્ન કરાવે છે. સર્વ પાપનો બાપ જો કોઈ હોય તો લોભ છે. લોભ કેવો ભયંકર છે તે ઉપર એક બનેલી સત્ય ઘટના કહું. લોભી માણસ જેટલા પાપ ન કરે તેટલા ઓછા છે. બીજા અવગુણો તો એકેક ગુણોનો નાશ કરે છે, પણ લોભ તો મનુષ્યના સર્વગુણોનો નાશ કરે છે. દશવૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું છે ને કે

कोहो पीइं पणासेइ, माणो विणय नासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्व विणासणो ॥ अ. ८ गाथा ३८

જ્યારે માણસને ખૂબ ક્રોધ આવે છે ત્યારે મુખમાંથી ન કહેવાના શબ્દો બહાર કાઢે છે, એટલે બીજાને દુઃખ થાય છે અને એકબીજા વચ્ચેની પ્રીતિની ગાંઠ છૂટી જાય છે. જ્યારે માન આવે છે ત્યારે એમ થાય છે કે હું કંઈક છું. અભિમાનથી અક્કડ થયો એટલે એનામાંથી વિનય ગુણ વિદાય થઈ જાય છે. માયાવી માણસ બહારથી જુદુ બોલે ને અંતરમાં પણ જુદુ હોય છે. મીઠુ બોલીને માણસને દગો દેવાથી એકબીજા સાથેની મિત્રતા તૂટી જાય છે. આ ત્રણ તો એકેક ગુણનો નાશ કરે છે પણ જીવનમાં રહેલા બધા ગુણોને નાશ કરનાર જો કોઈ હોય તો લોભ છે, કારણ કે લોભી માણસ દંભ કરે, દગા પ્રપંચ કરે, છળકપટ કરે, વિશ્વાસઘાત કરે છે. લોભ એ સર્વ ગુણોને ભક્ષી જનારો ભયંકર રાક્ષસ છે. માટે એનાથી ખૂબ સાવધાન રહો. લોભી માણસ કેવા કેવા પાપો કરે છે અને એ પાપ એને કેવું ફળ આપે છે તે ઘટના સાંભળીને તમને સમજાશે.

માણેકચંદ અને મોતીચંદ નામના બે વહેપારી હતા. એ બંને મિત્રો હતા. બંનેને એકબીજા પર ખૂબ વિશ્વાસ હતો. બંને એકબીજા પાસેથી માલની લેવડદેવડ કરતા. એક વખત મોતીચંદે માણેકચંદ પાસેથી કિંમતી હીરા ખરીધ્યા. એ હીરા માણેકચંદભાઈએ એક ડબ્બીમાં મૂકીને મોતીચંદભાઈને આપ્યા. એ જ ડબ્બીમાં કાગળ નીચે બીજા ચાર કિંમતી હીરા હતા, પણ એનો માણેકચંદભાઈને ખ્યાલ ન રહ્યો. ડબ્બી લઈને મોતીચંદ એને ઘેર ગયો ને રાત્રે પોતે ખરીદેલા નંગ બહાર કાઢીને જોવા લાગ્યો.

ડબ્બીમાંથી પોતે ખરીદેલા નંગ કાઢયા એટલે કાગળના પડ નીચે બીજું કંઈક છે એમ લાગ્યું તેથી કાગળ બહાર કાઢીને જોયું તો નીચે ચાર અમૂલ્ય હીરા હતા. ઝગમગતા હીરા જોઈને મોતીચંદની દાનત બગડી. એણે તો લઈને તિજોરીમાં મૂકી દીધા. આ ચાર હીરા એક મુસ્લીમ ઝવેરીના હતા. એ થોડા દિવસ પહેલા જ માણેકચંદને ત્યાં મૂકી ગયો હતો. આ વાત માણેકચંદથી વિસ્મૃત થઈ ગઈ પણ પંદરેક દિવસ પછી એને એ વાત યાદ આવી. તપાસ કરી પણ હીરા ન મળ્યા એટલે માણેકચંદને યાદ આવ્યું કે મેં મોતીચંદને જે ડબ્બીમાં હીરા આપ્યા છે તેમાં જ કાગળ નીચે મેં મૂકેલા હતા પણ એમના મનમાં થયું કે મોતીચંદ તો બહુ ખાનદાન છે અને મારો મિત્ર છે. એને એ વાતની ખબર નહિ હોય. ખબર પડશે કે તરત મને સામેથી આવીને આપી જશે. પોતાના મિત્ર પર આટલો વિશ્વાસ હતો, પણ મોતીચંદ ફરીને દેખાયો નહિ એટલે માણેકચંદભાઈ હાલીચાલીને એને ઘેર ગયા.

"મોતીચંદે કરેલો વિશ્વાસઘાત" :– ઉપરથી મીઠો અને મનનો મેલો મોતીચંદ માણેકચંદભાઈને પોતાને ઘેર આવતો જોઈને કહે છે પધારો....પધારો. આજે આપના પુનીત પગલા મારે ઘેર થયા. મને ખૂબ આનંદ થયો. એમ કહીને બેસાડયા. પછી માણેકચંદે કહ્યું ભાઈ! મેં તમને જે ડબ્બીમાં હીરા મૂકીને આપ્યા હતા તે ડબ્બીમાં કાગળના પડ નીચે ચાર હીરા ભૂલથી રહી ગયા છે. તે મને પાછા આપો ને? ત્યારે મોતીચંદે કહ્યું ભાઈ હીરા શું ને વાત શી? તમારી ડબ્બીમાં કાંઈ હતું જ નહિં. માણેકચંદે કહ્યું ભાઈ! હું સત્ય કહું છું કે એ જ ડબ્બીમાં કાગળના પડ નીચે ચાર હીરા મૂકયા હતા. તે મારી શરત ચૂકથી રહી ગયા છે, ત્યારે મોતીચંદ ગુસ્સે થઈને બોલ્યો કે તમારા હીરા કે કંઈ હતું જ નહિ. તમે મને ખોટા ગળે પડો છો. જો જો કોઈના મોઢે કહેતા નહિ. આ સાંભળી માણેકચંદભાઇ તો સ્થિર થઈ ગયા. નક્કી કિંમતી હીરા જોઈને એની દાનત બગડી લાગે છે. મારા પોતાના હોત તો કાંઈ ચિંતા નહિ પણ આ તો પારકાના છે. હવે શું કરવું? એને વિશ્વાસ હતો કે મોતીચંદ વિશ્વાસઘાત નહિ કરે પણ આ તો ઉલ્ટું બન્યું.

દેવાનુપ્રિયો! પૈસો ચીજ એવી છે કે ભલભલા માણસની બુદ્ધિ બગાડે પણ યાદ રાખજો કે દગો કોઈનો સગો નથી. પેલા મોતીલાલે દગો કર્યો. માણેકચંદને ખૂબ દુઃખ થયું કે મારા મિત્રે આવો દગો કર્યો! આ વાતને થોડા દિવસ થયા ત્યાં જેના હીરા હતા. તે મુસ્લીમ વહેપારીએ પોતાના હીરા માંગ્યા એટલે માણેકચંદે કહ્યું ભાઈ! હું સત્ય કહું છું કે મેં એ ડબ્બીમાં બીજા હીરા મૂકીને ભૂલથી કોઈને આપી દીધા છે. મેં એને માટે તપાસ કરી છે. પણ હવે એ હીરા કોઈ રીતે પાછા મળે તેમ નથી. તમારા હીરાની જેટલી કિંમત હોય તેટલી ખુશીથી કહો હું ચૂકવી દેવા તૈયાર છું. માણેકચંદ ખૂબ નીતિવાન હતો. એ કદી કોઈને દગો કરતો નહીં એટલે

આ બાબતનું એના દિલમાં ખૂબ દુઃખ છે. જે અનીતિ કરનારા છે તેના દિલમાં દુઃખ થતું નથી. એ તો બીજાને કચડીને પણ આનંદ માને છે. બંધુઓ! આ ઉત્તમ માનવજન્મ પામીને દગા પ્રપંચ ન કરશો.

મુસલમાન ઝવેરીએ કહ્યું માણેકચંદભાઈ? અમારે એ હીરા કોઈ સંયોગોમાં વેચવાના નથી. જ્યારે મારા લગ્ન થયા ત્યારે એ હીરા લગ્ન પ્રસંગે ભેટ મળેલા છે. એટલે એ અમારે મન શુકનના હીરા છે. પહેલા અમે ગરીબ હતા પણ જ્યારથી એ હીરા અમારા ઘરમાં આવ્યા ત્યારથી અમારે ઘેર પાણીના પૂરની જેમ લક્ષ્મી આવી છે ને આજે અમે મોટા શ્રીમંત બની ગયા છીએ. એટલે અમારે તો અમારા એ હીરા જ પાછા જોઈએ. માણેકચંદે મુસ્લીમ ભાઈને ખૂબ સમજાવ્યા પણ કોઈ રીતે સમજ્યા નહિ એટલે ફરીને માણેકચંદ મોતીચંદને ઘેર ગયાને હીરા આપવા માટે ખૂબ સમજાવ્યો ને કહ્યું ભાઈ! તું કહે તેટલા પૈસા આપું પણ એ હીરા મને પાછા આપી દે તો તારો મોટો ઉપકાર માનીશ પણ જેને પચાવી પાડવું હોય તે કયાંથી સમજે? માણેકચંદભાઈ સીધા મુસ્લીમ ઝવેરીને ઘેર ગયા ને વાત કરી કે મેં મોતીચંદને ખૂબ સમજાવ્યો પણ કોઈ રીતે એ કબૂલ થતો નથી. હવે હું શું કરું? મારો કોઈ ઉપાય નથી. હવે તો તમે જે ભાવ કહો તે ભાવ હું આપી દેવા તૈયાર છું, ત્યારે મુસલમાન ઝવેરી કહે છે માણેકચંદ! અમારે એ હીરા વેચવા જ નથી. તમે લાખો રૂપિયા આપો તો અમારે નથી જોઈતા, બીજા રૂમમાં આ મુસલમાન ઝવેરીના પિતા અલીહુસેન બેઠા હતા. તેમણે આ બધી વાત સાંભળી તેથી તરત બહાર આવ્યા. છોકરાઓને કહ્યું "અરે, કયા બાત હૈ? "माणेकचंद शेठ अपने घर आये है!" એટલે માણેકચંદે અલીહુસેનને બધી વાત કરી. આ અલીહુસેન માણેકચંદના જૂના મિત્ર હતા. અલીહુસેન મોટા વહેપારી હતા. તેમનું બજારમાં ઘણું માન હતું, પણ હમણાં થોડા સમયથી ધંધો છોડી ખુદાની બંદગી કરતા. તેઓ માણેકચંદ કેવો ખાનદાન અને પ્રમાણિક વહેપારી છે તે જાણતા હતા. એટલે એમણે કહ્યું દેખો माणेकचंद शेठ! मुझे तुम्हारा पर पूरा विश्वास है, मैं तुम्हारी बात मानता हूं, तुम मोतीचंद को हमारे यहां ले आओ और तुम मुझे वकाद बना दो. मैं जो ईंसला करु तो मान लेना" માણેકચંદ એ વાત કબૂલ કરીને મોતીચંદને બોલાવવા માટે ગયા. માણેકચંદ બોલાવવા આવ્યો એટલે મોતીચંદે એને ઉદ્ધતાઈથી કહ્યું તું મને ચોર ઠરાવે છે? મેં તારા હીરા નથી લીધા. શા માટે મારે ઘેર કૂતરાની જેમ હાલ્યો આવે છે? કેવા અપમાનજનક શબ્દો કહ્યા? પોતાની ચીજ જવા છતાં આવું અપમાન સહન કરવું પડે છે. પણ શું થાય? આજે સાચાની દુનિયા નથી. એક જમાનો એવો હતો કે આવું કંઈ બને તો ખુદ રાજા એનો ન્યાય કરતા. જે ગુન્હેગાર નીકળે તેને સજા કરતા ને પ્રમાણિક હોય તેને શાબાશી આપતા, એટલે રાજાઓ પ્રજાને પ્રિય બનતા ને પ્રજા પણ રાજાને માટે પ્રાણ પાથરતી.

વીરધવલ રાજાના જીવનનો એક પ્રસંગ છે. વીરધવલ રાજા ધોળકામાં રાજ્ય કરતા હતા. પહેલા ધોળકા વિરાટ નગરના નામથી ઓળખાતું હતું. આજ એ નાનું ગામ બની ગયું છે પણ પહેલા મોટું શહેર હતું. એની જાહોજવાલી ખૂબ હતી. વીરધવલ રાજાએ ખૂબ લોકપ્રિયતા મેળવેલી. જ્યારે એ મૃત્યુ પામ્યા અને સ્મશાનમાં અગ્નિસંસ્કાર કરવાનો થયો ત્યારે લોખંડના તારની વાડ બાંધવી પડી હતી. જે રાત્રે રાજા ગુજરી ગયા હતા તે જ રાત્રે રાજ્યના ગુપ્તચરો દ્વારા ખબર પડી કે આવતી કાલે રાજાની ચિતામાં એકસો દસ યુવાનો ઝંપાપાત કરવાના છે કારણે કે રાજા મૃત્યુ પામતા નગરજનોના હોશકોશ ઉડી ગયા ને જીવનમાંથી રસપણ ઊડી ગયો કે અમારા પાલકપિતા, પરદુઃખભજન, દુઃખીઓના બેલી ચાલ્યા ગયા. હવે અમારે જીવીને શું કામ છે? એમ સમજીને યુવાનો વીરધવલ રાજાની ચિતામાં પડીને બળી મરવાના હતા. એ યુવાનો રાજાની ચિતામાં ઝંપાપાત ન કરી શકે તે માટે ચિતાને ફરતી લોખંડના તારની વાડ કરી હતી. અને ચોકીદારો ખડે પગે ચોકી કરવા ઊભા રહ્યા. ટૂંકમાં એ રાજાઓ કેવા હશે કે પ્રજાજનો એમની પાછળ પોતાના પ્રાણનું બલિદાન દેવા તૈયાર થઈ જતા, આજે તો કોઈ પ્રજાને આવો ન્યાય આપનાર નથી.

"અલીહુસેને કરેલો ન્યાય" : માણેકચંદ શેઠે જેમ તેમ કરીને મોતીચંદને સમજાવ્યો અને બીજે દિવસે મુસ્લીમ ઝવેરીને ઘેર લઈ આવ્યો ને બધા બેઠક રૂમમાં બેઠા એટલે અલીહુસેન બાજુના રૂમમાંથી યા ખુદા ....યા ખુદા કરતા ત્યાં આવ્યા ને કહ્યું કયોં મોતીચંદભાઇ, કયા બાત હૈ? માણેકચંદ શેઠ કા હીરા કી કયા બાત હૈ? તુમ લોગ સમજદાર ઈમાનદાર જૌહરી હૈ ઔર એ સબ કયા બાત હૈ? મોતીચંદે કહ્યું ચાચા! ડબ્બીમાં તો મેં જે હીરા ખરીદ કર્યા તે હતા. માણેકચંદ તદ્દન જુઠું બોલે છે ત્યારે અલીહુસેને કહ્યું–યદિ ને તુમ સચ્ચે હો તો ખુદા કા નામ લેકર યહ મેરી કુરાન પર હાથ રખ્ખો. મોતીચંદે કહ્યું – હા હું હાથ મૂકવા તૈયાર છું માણેકચંદે કહ્યું હું પણ તમે જેમ કહો તેમ કરવા તૈયાર છું, ત્યારે મોતીચંદ ઉછળીને કહે છે અલીચાચા! જો તમને એથી પણ મારા ઉપર વિશ્વાસ ન હોય તો મારા એકના એક દીકરાના કસમ ખાઈને કહું છું કે તમારા હીરા એ ડબ્બીમાં ન હતા. અલીહુસેને કહ્યું અરે મોતીચંદ! તુમને યે કયા કિયા? ઇતની સી બાતમેં ભી લડકે કી કસમ ખાલી! અચ્છા નહિ કિયા. યા અલ્લા! યા ખુદા!

ક્રમનો પ્રકોપ : અલીહુસેનના બેઠક રૂમમાં આ પ્રમાણે વાતચીત થતી હતી ત્યાં તો માણસો પોકાર કરતાં ત્યાં દોડતા આવ્યા કે મોતીચંદશેઠ, દોડો.... દોડો. તમારા કલૈયા કુંવર જેવા એકના એક દીકરાને ગાડી લઈને ફરવા જતાં ગાડી સાથે ખટારો અથડાવાથી એકસીડન્ટ થયો છે ને ખૂબ વાગ્યું છે. મોતીચંદ શેઠ દોડતા ત્યાં

પહોંચી ગયા. જઈને જુએ તો દીકરાના માથાની ધોરી નસ તૂટી જવાથી પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. વીજળીના કરંટની જેમ આંચકો લાગ્યો. પોક મૂકીને રડયોને એના મનમાં થઈ ગયું કે મારા હાથના કર્યા હૈયે વાગ્યા. મેં માણેકચંદના હીરા પચાવી પાડયા તો એ પાપનો બદલો મને અહીંને અહીંજ મળી ગયો. મારો એકનો એક લાડકવાયો આમ ચાલ્યો ગયો. આવા પાપ કરીને મેળવેલી સંપત્તિને મારે શું કરવી છે ? અહીં તો મારો દીકરો ચાલ્યો ગયો એ દુઃખ કંઈ ઓછા છે ? અને પરલોકમાં મારે કેવા દુઃખો ભોગવવા પડશે ? હવે એની આંખ ખુલી ગઈ એટલે બીજે જ દિવસે મુસ્લીમ ઝવેરીના શુકનવંતા ચાર હીરા લઈને મોતીચંદ માણેકચંદ શેઠને ઘેર આવ્યો ને ખોળામાં માથું મૂકી છૂટે મોઢે રડીને કહ્યું–ભાઈ! મેં તારો ઘણો મોટો અપરાધ કર્યો છે. મને મારા અપરાધની મારા કર્મે સજા કરી દીધી છે. આ તારા હીરા લઈને તું પણ મને માફી આપ. હવે આવી સજા ભોગવવાની મારામાં તાકાત નથી. માણેકચંદે તેને આશ્વાસન આપી શાંત કર્યો ને પેલા મુસ્લીમ ઝવેરીના હીરા એમને સોંપી દીધા. આ વાત આખા ગામમા વાયુવેગે ફેલાઈ ગઈ કે મોતીચંદ શેઠે માણેકચંદ શેઠના હીરા પડાવી લીધા હતા તેથી કુદરતે મહાકોપ કર્યો. આ ઘટનાથી જેણે જેણે પારકાનું ધન પચાવી પાડયું હતું. તેમને એમ થયું કે આપણે પારકું ધન લઈએ તો આપણા છોકરા આવી રીતે મરી જાય. માટે આપણે જેના પૈસા પચાવો પાડયા છે તે આપી દઇએ. આ બનાવથી બીજા લોકોને પ્રેરણા મળી અને જેનું ધન પચાવી પાડયું હતું તેનું તેમને આપી દીધું. ટૂંકમાં પૈસાનો લોભ કેટલો અનર્થ અને દગાપ્રપંચ કરાવે છે. અજ્ઞાની જીવો દગા પ્રપંચ કરીને ધન મેળવીને ખુશ થાય છે પણ એ પાપકર્મો ઉદયમાં આવે છે ત્યારે જીવ રડી રડીને ભોગવે છે.

આપણા ચાલુ અધિકારમાં ચિત્ત અને સંભૂતિ બંનેને માર પડવાથી બેભાન થઈ ગયા. કુદરતી શીતળ પવનની લહેરો આવવાથી બંને જણા સ્વસ્થ થયા. ભાનમાં આવ્યા. પોતાની આ દશા જોઈને દિલમાં ખૂબ દુઃખ થયું ને વિચારવા લાગ્યા કે અહો ! ધિક્કાર છે આ નગરને ! નગરજનોને કે અમારી હીનજાતિના કારણે અમારા ગુણોની કોઈ કદર કરતું નથી. આ રીતે તે બંને ભાઈઓ ખેદથી ખિન્ન બનીને નગરથી બહાર દૂર દૂર ઉદ્યાનમાં ચાલ્યા ગયા. ત્યાં જઈને વિચાર કરવા લાગ્યા કે ધિક્કાર છે આપણી નીચ જાતિને ! કે આ નીચ જાતિના કારણે માનવજાતિએ માન્ય રાખેલ કળાઓનો પણ તિરસ્કાર થાય છે. કળાના તિરસ્કારનું કારણ આપણે પોતે જ છીએ. આ કળાઓ જો આપણામાં ન આવી હોત તો તેનો અનાદર ન થાત. આ ચંડાળની જાતિએ જ આપણું રૂપ, લાવણ્ય, યૌવન, નૃત્ય, ગીત, સંગીત આદિ કળાના કલાપને સમસ્ત જનતા તરફથી અપમાનિત બનાવેલ છે. તો હવે આવા અપમાન ભરેલા જીવને જીવવામાં શું મઝા છે ? આના કરતાં તો આપઘાત કરીને મરી જવું

શ્રેયકારી છે. એમ વિચાર કરીને બંને ભાઈઓ માતાપિતાની રજા લીધા વિના દક્ષિણ દિશા તરફ ચાલી નીકળ્યાં. ચાલતા ચાલતા ઘણે દૂર નીકળી ગયા. ત્યાં તેમણે એક ઊંચો પર્વત જોયો એટલે વિચાર કર્યો કે આ પર્વત ઉપર ચઢીને ખૂબ ઊંચેથી જમીન ઉપર પડતું મૂકવું એ જ આપણા માટે યોગ્ય છે. આવો નિશ્ચય કરી બંને ભાઈઓ પર્વત ઉપર ચડ્યા. તે વખતે એમની નજર એકાએક એક શિલા નીચે બેઠેલા મુનિરાજ ઉપર પડી.

મુનિરાજ અઘોર તપસ્વી હતા, એટલે ઉગ્ર તપના કારણે એમનું શરીર તદ્દન સૂકાઈ ગયું હતું. આ વખતે મુનિરાજ ધ્યાનાવસ્થામાં મગ્ન હતા. આ મુનિરાજને જોઈને બંને ભાઈઓને ખૂબ આનંદ થયો. એમના મનમાં થયું અહો! આપણે પુણ્યવાન છીએ. મરતા મરતા પણ આવા પવિત્ર મહાત્માના આપણને દર્શન થયા. આપણે આ મુનિની પાસે જઈ એમના દર્શન કરીને પછી આપઘાત કરીએ તો આપણું જીવન સફળ થાય. આવો વિચાર કરીને તેઓ બંને જણ મુનિ પાસે આવ્યા ને ભક્તિભાવપૂર્વક સંતના ચરણમાં મસ્તક ઝૂકાવ્યું. બરાબર એ જ સમયે મુનિરાજે ધ્યાન પાળ્યું ને પૂછયું–ભાઈ! તમે બંને કોણ છો? ને આવા ઘોર જંગલમાં શા માટે આવ્યા છો? આ બંને બાળકોને ભાઈ! આવું કહેનાર પણ કોઈ ન હતું, કારણ કે જ્યાં જાય ત્યાં તેમનો તિરસ્કાર થતો હતો. તેના બદલે પ્રેમથી નીતરતા મુનિના શબ્દો સાંભળીને તેમની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા, ત્યારે કરૂણાના સાગર મુનિરાજે કહ્યું હે બાળકો! તમે રડો નહિ. તમારે શું દુઃખ છે? જે હોય તે મને કહો, ત્યારે બંને બાળકોએ રડતા હૃદયે પોતાની જીવનકહાની મુનિરાજ સમક્ષ કહી સંભળાવી. પોતે પર્વત ઉપર આપઘાત કરવા માટે ચઢયા છે તે વાત પણ કહી સંભળાવી. હવે મુનિરાજ તેમને શું ઉપદેશ આપશે તેના ભાવ અવસરે.

(આજે સ્વ. મહાન વિદુષી સરળ સ્વભાવી સિધ્ધાંતપ્રેમી પૂ. જશુબાઈ મહાસતીજીની પુણ્યતિથિ હોવાથી પૂ. મહાસતીજીએ તેમના ચારિત્રસભર જીવનમાં રહેલા વિશિષ્ટ ગુણોનું વર્ણન કરી અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલી અર્પી હતી.)

ચરિત્ર :- જિતારી રાજાએ ચંદ્રપ્રભસૂરીશ્વરજી મહારાજની વાણી સાંભળી તેનું આખો રાત ચિંતન કર્યું. એ ઉપદેશ એવો એમના હૃદયમાં જડાઈ ગયો કે હવે તેઓ વિશેષ પ્રકારે ધર્મારાધનામાં રક્ત રહેવા લાગ્યા. રાજ વૈભવમાં વસવા છતાં તે ઉદાસીન ભાવે રહેતા હતા.

એક સમય નરનાથ બાગમેં, શિલાપટ દેખ સપૂર,
ધર્મારાધન કરને બેઠે, વસ્ત્રાભૂષણ કર દૂર.

હવે જિતારી રાજાની કરેલી પરીક્ષા :–એક દિવસ મહારાજા બગીચામાં ગયા. બગીચામાં ફરતા ફરતા એક સુંદર શિલા તેમના જોવામાં આવી. શિલા જોઈને રાજાના

મનમાં થયું કે આ શાંત વાતાવરણમાં ધ્યાન કરવાનો ખૂબ આનંદ આવશે. એમ વિચાર કરીને મહારાજા પોતાના વસ્ત્રાભૂષણો ઉતારી બાજુમાં મૂકી શિલા પર પદ્માસન લગાવીને ધ્યાનમાં બેસી ગયા. આ સમયે કોઈ દેવનો ઉપયોગ રાજા તરફ આવ્યો. રાજાને ધ્યાનાવસ્થામાં લીન બનેલા જોઈને દેવને પરીક્ષા કરવાનું મન ગયું. દેવને પૃથ્વી ઉપર ઉતરતા શી વાર! એક ચપટી વગાડીએ એટલા સમયમાં તો જંબુદ્વીપને ફરતા સાત ચક્કર મારી આવે એવી દેવની શક્તિ છે. આ દેવ રાજાની પરીક્ષા કરવા માટે મૃત્યુ લોકમાં આવ્યો. આવીને કીડીઓના અસંખ્ય રૂપ બનાવીને રાજાને ચટકા ભર્યા પણ રાજા ડગ્યા નહિ, ત્યારે વીંછી, સર્પ, વગેરેના રૂપ બનાવીને રાજાને ડંખ દીધા તો પણ રાજા ધ્યાનથી ચલિત ન થયા, ત્યારે છેવટે વસ્ત્રાભૂષણો ઉઠાવી લીધા તોપણ રાજાનું મન ડગ્યું નહિ. રાજાનું આવું અડગ ધ્યાન જોઈને દેવ રાજા ઉપર પ્રસન્ન થયા. રાજાનું ધ્યાન પૂરું થયું ત્યારે દેવે કહ્યું હે રાજન્! તારું અડગ ધ્યાન જોઈને હું તારા ઉપર પ્રસન્ન થયો છું. તારી ઇચ્છા હોય તે તું વરદાન માંગી લે, ત્યારે રાજાએ કહ્યું મારે કોઈ ચીજની કમીના નથી. સંસાર સુખની સમગ્ર સામગ્રી મારી પાસે મોજુદ છે. ચિંતામણી રત્ન સમાન કેવળી પ્રરૂપિત ધર્મ મળ્યો છે. હવે તમે જ કહો મારે બીજું શું જોઈએ? મારે કોઈ ચીજની જરૂર નથી, ત્યારે દેવે ફરીને કહ્યું કે હે રાજન્! દેવદર્શન કદી ખાલી જતું નથી. જેને દેવના દર્શન થાય એ તો ન્યાલ થઈ જાય છે, માટે કંઈક માંગ....તો પણ રાજા માંગતા નથી.

"રાજાની દૃઢતાથી મળેલ દેવતાઈ આંબાનું વૃક્ષ" :– બંધુઓ! આ જિતારી રાજા ઉપર દેવ પ્રસન્ન થયો છે ને એને કંઈક માંગવા વિનંતી કરે છે છતાં રાજા કંઈ માંગતા નથી, પણ હું આપને પૂછું છું કે તમારા ઉપર દેવ પ્રસન્ન થઈને વરદાન માંગવાનું કહે તો શું કરો? રાજાની જેમ કહો કે માંગી લો? (હસાહસ) અરે, તમે તો એવું માંગો કે કંઈ બાકી ન રાખો, કારણકે ચતુર વણિક છો ને? રાજાને ખૂબ કહ્યું પણ તેમણે બધી ના પાડી. છેવટે દેવ અહીં આવ્યો હતો તેની યાદી કાયમ રાખવા માટે મહારાજા જે બગીચામાં બેઠા હતા ત્યાં દેવે એક દેવતાઈ આંબાનું વૃક્ષ રોપીને કહ્યું કે હે રાજન્! આ આંબા ઉપરથી તમને દરરોજ છ કેરીના ફળ મળશે. એ ફળ ખાવામાં અત્યંત મધુર લાગશે. એમ કહીને દેવ રાજાના ચરણમાં નમીને ચાલ્યો ગયો. હવે રાજાને તો ખાવાપીવાની કોઈ મમતા ન હતી. આ તો દેવતાઈ આંબો હતો એટલે બીજે દિવસથી દરરોજ સવારે આંબા ઉપર મઝાની સુંદર મોટી છ કેરીઓ આવી જતી. બગીચાનો માળી ઉતારીને રાજાને આપી આવતો. રાજા ત્રણ ત્રણ કેરી બંને પુત્રોના મહેલ પર મોકલાવી દેતા ને પોતે આનંદથી રહેતા, પણ રાજાને સંસાર કાંટાની જેમ ખટકવા લાગ્યો કે આ જિંદગી તો કાચી માટીના કુંભ જેવી છે. કાચી માટીના કુંભને ફૂટતા વાર લાગશે પણ મારા આયુષ્યનો કુંભ

ફૂટતા વાર નહિ લાગે. માટે હવે મારે ભીમસેનકુમારને રાજ્યનો ભાર સોંપીને દીક્ષા લઈ લેવી જોઈએ.

આવી સંપત્તિ અને સમૃદ્ધિના શિખરે બેઠેલા મહારાજાને પણ સંસાર ખટકયો કે હવે મારે જલ્દી દીક્ષા લેવી છે પણ અહીં બેઠેલામાંથી ઘણાંના દીકરા દુકાનનો ભાર ઉપાડી લેતા હશે છતાં કોઈને એમ થાય છે કે સંસારની વેઠ ઉતારી મારા આત્માનું કલ્યાણ કરવા ધર્મારાધના કરું ! (હસાહસ) જિતારી રાજાને જલ્દી દીક્ષા લેવાની ભાવના જાગી છે. હવે પોતાની ભાવના વ્યક્ત કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૧૪

શ્રાવણ સુદ ૪ ને શુક્રવાર **તા. ૨૭-૭-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની મહાનપુરૂષો જગતના જીવોને બોધ આપતા ફરમાન કરે છે કે અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવને સંગ તો ઘણાં થયા છે પણ કલ્યાણમિત્રનો સંગ થવો એ અતિદુર્લભ છે. કલ્યાણમિત્ર એટલે કોણ ? આપ જાણો છો ? કલ્યાણમિત્ર એટલે ધર્મ. કોઈ માણસ સંસારમાં રહીને એમ કહે કે સંગની શી જરૂર છે ? તો એ વાત બની શકે એમ છે ? 'ના'. આ સંસાર એક એવી ચીજ છે કે જીવ એમાં એકલો રહી શકતો નથી. એને સંસાર સુખની ગમે તેટલી સામગ્રી મળે છતાં એકલો રહીને તે પોતાની જાતને સુખી માનતો નથી. એ તો બીજાના સહવાસમાં રહીને પોતાની જાતને સુખી માને છે. એ કેવી રીતે ? સાંભળો. જેમ કે કોઈ માણસને સાત માળનો સુંદર બંગલો, ધનના ઢગલા, ધાન્યના કોઠાર, મોટર, ટી. વી, ફ્રીજ વગેરે સંસાર સુખની બધી સામગ્રી આપીને કહેવામાં આવે કે તારે એકલા જ આ બંગલામાં રહેવાનું. તો એ તરત કહી દેશે કે આ બધાને હું શું કરું ? મારે તો નોકર-ચાકર અને સગાવહાલા બધા જોઈએ. આવા સંગ જીવને જોઈએ છે. તો જ એ પોતાની જાતને સુખી માને છે. માત્ર સિદ્ધ ભગવંતો એવા સુખી છે કે જે એકાકી રહીને અનંત સુખ ભોગવી શકે છે. સંસારી જીવોની એ તાકાત નથી, કારણ કે એ તો એમ ફરિયાદ કરે છે કે આવા મોટા બંગલામાં હું એકલો શું કરું, આળોટું ? ધનના શું બાચકા ભરું ? ધાન્યના ઢગલામાં શું ઈયળ થઈને રહું ? મારે પત્ની અને પુત્ર પરિવાર કયાં છે ? એના વિના આ બધી સામગ્રીને હું શું કરું ? કરોડો રૂપિયાની સંપત્તિ હોય પણ સ્વજનો અને સ્નેહીઓ વિના માણસ એકલો સુખ ભોગવી શકતો નથી. તમે જોશો તો દરમાં ભાગ્યે જ એક કીડી જોવા મળશે, બાકી ઘણી કીડીઓ હોય છે.

જીવ માત્રને સંગ જોઈએ છે પણ જ્ઞાનીપુરૂષો કહે છે કે સંસાર છે ત્યાં સંગ છે અને સંગ છે ત્યાં દુઃખ છે. જ્યાં સુધી પત્નીનો સંગ નહોતો ત્યાં સુધી જીવ વલખા મારતો હતો પણ પત્નીનો સંગ થયા પછી એનું સુખ વધ્યું ખરું ? 'ના'. ઘણાં તો કહે છે કે "પરણીને પસ્તાયા". પરણ્યા પછી જો સંતાન ન હોય તો મનમાં વસવસો રહે કે મારે પુત્ર નથી પણ પુત્ર થયા પછી જો એ મૂર્ખો પાક્યો, બજારમાં બધું સાફ કરી નાંખે એવો ઉડાઉ પાક્યો અથવા જન્મથી રોગી પાક્યો અગર જન્મીને થોડા સમયમાં પરલોક ચાલતો થયો તો જેટલું દુઃખ પુત્ર નહોતો તેનું હતું તેના કરતાં પણ વધારે દુઃખ પુત્ર થયા પછી થાય છે. તેની ચિંતામાં રાત-દિવસ હૈયું બળ્યા કરે છે. આ ઉપરથી સમજી શકાય છે કે જ્યાં સંગ છે ત્યાં દુઃખ છે. કદાચ સુખનો અનુભવ થાય તો તે માત્ર બિન્દુ જેટલો અને તેની પાછળના દુઃખો સિન્ધુ જેટલા છે. ભગવાને કહ્યું છે ને કે "**खणमित्तसोक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसोक्खा**।" સંસારમાં વિષયના સંગનું સુખ થોડું અને દુઃખમય કષ્ટ ઘણું છે. દેવોને દિવ્ય વિમાન, દિવ્ય વૈભવ અને દિવ્ય અપ્સરાઓનો સંગ થાય છે છતાં એ દેવ ઇર્ષ્યા અને લોભથી જલ્યા કરતો હોય છે. એમાં પણ જ્યારે છ માસ બાકી રહે ત્યારે બધું ઝાંખુ લાગવાથી અને સામે મરણ તેમાં પણ કદાચ નીચી ગતિમાં જવાનું દેખે તો જેમ પાણીમાંથી કાઢેલી માછલી ગરમ રેતીમાં તરફડે તેમ એ દેવ તરફડે છે. ગળામાં રહેલી કુલની માળા કરમાય છે. દેવીઓ માન ઓછું આપે છે. એ બધું જવાની નોટીસો આપી રહ્યું છે. તે તેનાથી સહન થતું નથી. પોતાના મૃત્યુની વાત તો પછી પણ દેવીનું મૃત્યુ પણ એને અસહ્ય થઈ પડે છે. સંગ છે ત્યાં ભંગ તો થવાનો જ. સંગના સુખ કરતાં ભંગનું દુઃખ વધારે છે, માટે જ્ઞાની કહે છે કે સંગ એ તો દુઃખનું મૂળ છે માટે સંગ છોડો. જો સંગ કરવો હોય તો કલ્યાણમિત્રનો સંગ કરો. કલ્યાણમિત્ર એવા એક ધર્મનો જીવને સંગ થઈ જાય તો પછી જીવનમાં અનેક સદ્‌ગુણો પ્રગટે છે. દાન દયા-સરળતા-ક્ષમા જીવનમાં વણાઈ જાય છે, પછી સર્વ જીવોને પોતાના આત્મ સમાન માને છે. કોઈનું દુઃખ દેખીને એનું દિલ કરૂણાથી છલકાઈ જાય છે.

એક શ્રીમંત શેઠનો લાડીલો દીકરો આઠ વર્ષનો હતો. એને સારા વસ્ત્રાભૂષણો પહેરવાનો ઘણો શોખ હતો. સ્કુલે ભણવા જાય તોપણ રોજ રોજ નવા નવા પોશાક પહેરીને જતો. માતાપિતા ખૂબ ધનવાન હતા એટલે એને જે ગમે તે પહેરાવતા. એક દિવસ માથે ઝરીનો સાફો બાંધી પગમાં ચમકતી મોજડી પહેરીને તે સ્કુલે જતો હતો. નોકર ચોપડીઓની થેલો ઊંચકીને એને મૂકવા માટે જતો હતો. સારા વસ્ત્રો પહેર્યા છે, માથે ઝરીનો સાફો બાંધ્યો છે, એનું રૂપ પણ અથાગ છે, એટલે કોઈ રાજકુમાર ભણવા જતો હોય એવો એ લાગતો હતો. સ્કુલે જતા રસ્તામાં એક ગાયને ફરતા

કાગડા કા....કા....કરીને ઘેરી વળ્યા હતા. તે જોઈને આ છોકરાના મનમાં થયું કે આ ગાયને આટલા બધા કાગડા કેમ ઘેરી વળ્યા છે ? લાવ જોઉં તો ખરો.

"ગાય ઉપર કરૂણા વરસાવતો બાળક" :– આ આઠ વર્ષનો બાલુડો ગાયની પાસે ગયો. જઈને જોયું તો ગાયની પીઠ ઉપર એક ચાંદુ પડેલું હતું, એટલે કાગડા એમાં ચાંચો મારીને એને હેરાન કરતા હતા. જાણે મીજબાની મળી ગઈ હોય એમ કા....કા....કરીને બીજા કાગડાને બોલાવતા. ગાયને અસહ્ય પીડા થતી તેથી આમતેમ આળોટતી પણ પેલા કાગડાનું ટોળું તો એને હેરાન કરતું. આ દૃશ્ય જોઈને આઠ વર્ષના બાળકના દિલમાં કરૂણાની કંપારી આવી ગઈ. એની અસહ્ય પીડા જોઈને એના રૂંવાડા ખડા થઈ ગયા. એના મનમાં થયું કે થોડા દિવસ પહેલા મને એક ગુમડું થયું હતું. તેના ઉપર ભૂલથી કોઈનો હાથ અડી જતો તો કેટલું દુઃખ થતું ! તો આ બિચારી ગાયને આટલા બધા કાગડા જોરજોરથી ચાંચો મારે છે તો એને કેટલું દુઃખ થતું હશે ? એણે ગાયને હેરાન કરતા કાગડાઓને ઉડાડી મૂક્યા ને પોતાના માથે બાંધેલો કિંમતી સાફો છોડીને ગાયને ઓઢાડી દીધો. પેલા નોકરે કહ્યું બાબા ! આ શું કરે છે ? આવો સરસ સાફો ગાયને ઓઢાડી દેવાય ? ત્યારે છોકરાએ કહ્યું આ ગાયની પીડા તો જુઓ. મારો સાફો ઓઢાડતા જો એ જીવને સુખ થતું હોય તો શા માટે ન ઓઢાડું ? એની અસહ્ય વેદના આગળ મારા સાફાની કોઈ કિંમત નથી. નોકર કહે છે, પણ જલ્દી ચાલ, તારે સ્કુલે જવાનું મોડું થશે. ભલે થાય. મારાથી બનતી સેવા કરીને જ સ્કુલે જઈશ. એણે તો આજુબાજુમાંથી પાણી લાવીને ગાયની પીઠ ઉપર પડેલા ચાંદાને સાફ કર્યું, પછી એના ખિસ્સામાં પૈસા હતા તેમાંથી વૈદ પાસે જઈને દવા લઈ આવ્યો ને ગાયના ચાંદા ઉપર લગાવી રૂ મૂકી તેના ઉપર પાટાને બદલે પોતાનો સાફો બાંધી દીધો. રસ્તે આવતા જતા માણસો જોવા માટે ઊભા રહ્યા. તેમાં ઘણાં એમ બોલવા લાગ્યા કે જોયો મોટો દયાનો દીકરો ! આવી તે સેવા કરવાની હોય ? ત્યારે ઘણાં એની કરૂણા જોઈને પ્રશંસા કરવા લાગ્યા કે ધન્ય છે એના માતા-પિતાને કે આવો સંસ્કારી દીકરો એમને ઘેર જન્મ્યો છે. આટલો નાનો છે છતાં એનામાં કરૂણા કેટલી છે ! તો એ મોટો થશે ત્યારે કેવો દયાળુ બનશે !

કામ પતાવીને બાળક સ્કુલે ગયો ત્યારે એના ટીચરે પૂછ્યું કે આજે આટલો બધો મોડો કેમ આવ્યો ? ત્યારે છોકરાએ કહ્યું કે સાહેબ ! આપે જ અમને શીખવાડ્યું છે કે પ્રાણીમાત્રની દયા કરવી તે પહેલો ધર્મ છે, તેથી હું કામ માટે રસ્તામાં રોકાઈ ગયો ને અહીં આવતા મોડું થયું. આ સાંભળીને ટીચરને ખૂબ આનંદ થયો. અહો, આપણે તો માત્ર બોલીને બીજાને ઉપદેશ આપીએ છીએ પણ જીવનમાં અપનાવતા નથી, જ્યારે આ વિદ્યાર્થીએ તો જીવનમાં અપનાવ્યું છે. શિક્ષકને લાગ્યું કે જરૂર

આ વિદ્યાર્થી કોઈ પુણ્યાત્મા છે. સમાજને દયા અને પ્રેમનાં પાઠ ભણાવવા એ જન્મ્યો લાગે છે. નહીં તો આવા નાના બાળકમાં પશુ પ્રત્યે આટલી દયા કયાંથી હોય ?

બંધુઓ ! અનુકંપા એ સમ્યક્ત્વનું લક્ષણ છે. આ છોકરાના રોમેરોમે અનુકંપા ભરી હતી. આવો દીકરો જેને ત્યાં હોય તે માતાપિતા પણ ભાગ્યશાળી બને છે. જે માતાપિતા પોતાના સંતાનોના જીવનનું ઘડતર કરે છે તેના સંતાનો ભવિષ્યમાં મહાન સદ્‌ગુણી બને છે. આજે તો મા-બાપ પોતાના સંતાનોને ભણાવવાની, પરણાવવાની અને પૈસા કમાવાની ચિંતા કરે છે પણ એમના જીવનમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કરીને એના જીવનનું ઘડતર કરવાની કોઈ ચિંતા કરતું નથી. જો દરેક માતાપિતા શ્રમ લઈને પોતાના સંતાનોના જીવનનું ઘડતર કરે તો માનું છું કે દરેક ઘરમાં એકેક સંતાનો રત્ન જેવા બને ને જિનશાસન ઝગમગતું થઈ જાય. માતાપિતાને પણ વૃદ્ધાવસ્થામાં સુખ મળે, ઘરમાંથી કલેશ ચાલ્યો જાય, રાગ-દ્વેષ અને ઈર્ષ્યાની આગ ઓલવાઈ જાય.

આપણે ઉત્તરાધ્યયનસૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. ચિત્ત અને સંભૂતિ સારા સંગીતકાર હોવાથી તેના ઉપર ઈર્ષ્યા આવી, તેથી તેમની કદર ન કરી. બાકી ગુણવાન વ્યક્તિઓ હોત તો એમના ગુણની કદર કરત. ગુણીયલ આત્માઓ બીજાનો એક નાનકડો ગુણ જોઈને પણ હરખાઈ જાય છે અને પ્રભુને પ્રાર્થના કરે છે કે અમારામાં આવા ગુણ કયારે આવશે ? તેવા આત્માઓનો ઉદ્ધાર થાય છે પણ જે આત્માઓ કોઈના ગુણની કદર કરતા નથી અને બીજાના દુર્ગુણો જોયા કરે છે તેનો કદી ઉદ્ધાર થતો નથી. તે પોતે ડૂબે છે ને બીજાને ડૂબાડે છે. સ્વભાવે આત્માનો ગુણ નિર્મળ અને પવિત્ર છે પણ વિષય કષાયોના સંગે ચઢીને મલીન બની ગયો છે. એને વિશુદ્ધ બનાવવા માટે આ માનવભવ મળ્યો છે, માટે બને તેટલા સદ્‌ગુણોને કેળવી ધર્મારાધના કરો. જીવનમાં રાગ, દ્વેષ, મોહ, ઈર્ષ્યા આદિ દુર્ગુણો પ્રવેશ ન કરી જાય તેનો ખૂબ ખ્યાલ રાખો.

"ભાડૂત કેવા રાખશો ?" :- તમે તમારું મકાન કોઈ ભાડૂતને ભાડે આપો છો ત્યારે આગળ પાછળનો કેટલો ખ્યાલ રાખો છો ? પહેલા એ તપાસ કરો છો કે ભાડૂતની નાત-જાત કેવી છે ? એની ખાનદાની પણ જુઓ છો. જો બરાબર તપાસ કર્યા વિના ગમે તેવા હલકી જાતિના ભાડૂતને ઘર આપી દેવામાં આવે તો એ ભાડૂત સમય આવ્યે ઘરને ઘસારો આપીને ભાડું આપ્યા વગર નાસી જાય છે. એ જ પ્રમાણે આપણા આત્મામાં પણ એવા હલકી જાતિના ભાડૂતો પેસી ન જાય એ માટે ખ્યાલ રાખવાનો છે. રૂના કોઠારમાં ભજીયાવાળાને ભાડૂત રાખવામાં આવે તો એક દિવસ રૂની રાખ જ બનવાની ને ? કારણ કે એક બાજુ રૂ ભર્યું હોય અને બીજી બાજુ ભજીયાવાળો સગડી પેટાવીને ભજીયા કરે. કોઈકવાર એકાદ તણખો ઉડીને રૂમાં પડે

તો રૂની વખાર બળીને રાખ જ થઈ જાય ને કે બીજું કંઈ ? એવી રીતે ચિત્રશાળામાં લુહારને ભાડે રાખવામાં આવે તો ચિત્રશાળા પણ ધૂમાડાનું સંગ્રહસ્થાન જ બની જાય ને ? બસ, આ ન્યાયથી સમજો. આપણો આત્મા, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ અને વિષયારંભ જેવા ભાડૂતને સોંપી દઈએ ને પછી આશા રાખીએ કે આપણું કલ્યાણ થાય, આપણો આત્મા શુદ્ધ બને તો એ કેવી રીતે બની શકે ? વિષવૃક્ષની વાવણી કરીને અમૃતની આશા કદી ફળીભૂત થાય ખરી ? એ વિષયકષાયાદિ ભાડૂતો તો એવા જબરા લૂંટારા છે કે ભાડું આપવું તો દૂર રહ્યું પણ ઉલ્ટું લાગ આવશે તો આત્મિક ગુણોને ચોરી જશે અને વધારામાં કોડપૂર્વના ચારિત્રને ક્ષણવારમાં સાફ કરી નાંખશે.

બંધુઓ ! આ તો તમારા અનુભવની વાત છે કે ઘણી વખત માણસ થોડા લાભમાં મોટો લાભ ગુમાવી બેસે છે એટલું જ નહિ પણ એ વધારામાં મોટી નુકસાનીમાં ઉતરી પડે છે. આવા લૂંટારા જેવો ભાડાવાળાનો એવો ધંધો હોય છે કે એ લાડવા પેંડા અને માલમલીદાની ભેટ ધરીને તમને રાજી રાખે પણ વખત આવ્યે જીવને રડાવીને પલાયન થઈ જાય. બાનદાન ભાડૂત કદી પણ એવી ખોટી ખુશામત કરતો નથી. એ તો વખત આવ્યે માથે ચઢેલું ભાડું ચૂકવી દે છે, એમ આ વિષય કષાયો પણ જીવને ક્ષણિક આનંદમાં લપેટાવી દે છે અને જીવ પણ એ ક્ષણિક આનંદના પ્રવાહમાં તણાયા કરે છે ને છેવટે "લાખના બાર હજાર" જેવા કમનશીબ પરિણામનો ભોગ જીવ બને છે માટે હે મહાનુભાવો ! તમારા આ હાડપિંજરના માળામાં ભાડૂતો ઘર ન કરી જાય તે માટે રાત-દિવસ જાગતા રહો, અને જેનાથી ધર્મકરણીમાં ઉત્તેજન મળે એવા ગુણો તમારામાં વસાવો. નહિતો યાદ રાખજો કે એ મેવા મીઠાઈના ઢગલામાં એ સ્પર્શ, રસ, ગંધ વગેરેના સેવનમાં તમારો આત્મા ડૂબી જશે અને છતાં પૈસે દેવાળું કાઢવા જેવી જીવની દશા થશે. આવું સમજીને તમે વિષય કષાયોનો સંગ છોડી દો. જડ પુદ્ગલોનો મોહ છોડી દો. અનાદિકાળથી આ આત્મા જડને માટે જ જહેમત ઉઠાવી રહ્યો છે.

જડ માટે ઝઝૂમી મરે, કોહીનુરની કદર ન કરે,
કષાય કાજળ આંખે ધરે, અમૂલ્ય રત્નો અળગા કરે.

જે મનુષ્યોને જડ કે ચેતનનું ભેદજ્ઞાન થયું નથી તે જીવો રાત-દિવસ જડ પુદ્ગલો મેળવવા માટે ઝઝૂમે છે. એ મેળવતા ચીકણા કર્મો બાંધે છે. એ બિચારા અજ્ઞાની જીવડાને ખબર નથી કે મારો આત્મા પોતે ચૈતન્યસ્વરૂપ છે. અનંત જ્ઞાનાદિ ગુણોનો ભંડાર છે. કોહીનુરના હીરા કરતાં પણ અનંતગણો કિંમતી અને તેજસ્વી છે. જ્ઞાનાદિ અનંત ગુણોથી ભરેલો છે. તો હવે આ જડ પુદ્ગલોની મમતા મારે શા માટે રાખવી જોઇએ ? જ્ઞાન દર્શનાદિ આત્માના અનંત ગુણોરૂપી રત્નોને લૂંટાવીને મારે કષાયરૂપ

કાજળથી શા માટે આત્માને મલિન બનાવવો જોઈએ! પણ જેને જડ અને ચેતનની પીછાણ થઈ છે અને ધર્મરૂપી કલ્યાણમિત્રનો સંગ થયો છે તે જીવ કદી જડ પૌદ્ગલિક સુખો પાછળ પાગલ બનતો નથી. દુઃખના પ્રસંગમાં પણ મનમાં કષાયનો કણીયો આવવા દેતો નથી. ભૌતિક સુખ જતું કરીને પણ ધર્મમિત્રનો સંગ છોડતો નથી. તેનું ધર્મરૂપ કલ્યાણમિત્ર કેવી રીતે રક્ષણ કરે છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજવું.

એક રાજાનો મંત્રી જૈન ધર્મી અને વીતરાગ-પ્રભુનો ચુસ્ત ઉપાસક હતો. તે કદી કોઈનું અહિત થાય તેવું કામ કરતો નથી. દરેક જીવોનું ભલું કરવામાં તે તત્પર રહેતો. મંત્રી આવો દૃઢધર્મી હતો ત્યારે રાજાને ધર્મ ઉપર બિલકુલ શ્રદ્ધા ન હતી. મંત્રીનું ધર્મનિષ્ઠ જીવન એમને પસંદ ન હતું, પણ મંત્રી રાજાના કોઈ ગુનામાં સપડાતા ન હતા. એ મંત્રીપદને બરાબર વફાદાર રહેતા અને એવું કામ કરતા કે જેથી રાજા એને શું કહી શકે? મંત્રી પોતાના ગુણોથી અને કામથી એ રાજાને ખૂબ પ્રિય થઈ પડયા હતા. સાથે પોતાની ધર્મારાધના પણ ચૂકતા ન હતા. એની ખૂબ પ્રશંસા થાય તે બીજા અમલદારોથી સહન થતું ન હતું. પ્રધાનનું કેમ નિકંદન કાઢવું તે માટે લાગ શોધતા હતા. એક વખત મોટી પૂનમનો દિવસ આવ્યો. તે દિવસે ગામમાં સાધુ હાજર હતા એટલે પ્રધાનને થયું કે જ્ઞાની ગુરૂજી પધાર્યા છે તો મને ધર્મ ચર્ચા કરવાનો લાભ મળશે એમ સમજીને મંત્રીએ પૌષધ લીધો ને ધર્મક્રિયામાં લાગી ગયા. તે દિવસે રાજાને કોઈ કારણસર મંત્રીની ખાસ જરૂર પડી પણ મંત્રીએ તો પૌષધ કરેલો હતો. એટલે રાજદરબારમાં હાજર થયા ન હતા, તેથી રાજાએ રાજસેવકોને પ્રધાનને બોલાવવા મોકલ્યા. સેવકો મંત્રીને ઘેર ગયા તો ખબર પડી કે મંત્રીએ પૌષધ કર્યો છે એટલે રાજસેવકો ઉપાશ્રયે પહોંચ્યા ને રાજાની આજ્ઞા પ્રધાનને કહી સંભળાવી. મંત્રીએ કહ્યું હું આજે પૌષધમાં બેઠેલો છું એટલે દરબારમાં હાજરી આપી શકીશ નહિ.

મંત્રીની થયેલી આકરી કસોટી" :- સેવકોએ મંત્રીએ કહેલી હકીકત રાજાને કહી સંભળાવી. આ સાંભળી રાજાને ખૂબ ક્રોધ આવ્યો. આ તકનો લાભ લઈને પ્રધાનના ઈર્ષ્યાળુઓએ પણ રાજાના કાન ભંભેર્યા, એટલે રાજાના ક્રોધની પારાશીશી ડબલ ઊંચે ચઢી. ક્રોધે ભરાયેલ રાજા બોલી ઊઠયા કે મંત્રી મારા હુકમનો અનાદર કેમ કરી શકે? એ એના મનમાં શું સમજે છે? પગાર મારો ખાવો છે ને સેવા ધર્મની કરવી છે એ કેમ ચાલે? હવે તેને બરાબર બતાવી દેવું જોઈએ. આમ વિચારીને રાજાએ પોતાના વિશ્વાસુ એક અંગરક્ષકને મંત્રી પાસે મોકલ્યો ને કહેવડાવ્યું કે રાજદરબારમાં હાજર થાઓ નહિતર રાજ્યની મંત્રીમુદ્રા પાછી આપી દો. આ અંગરક્ષક જાતિનો હજામ હતો. હજામનો સ્વભાવ તો તમે જાણો છો ને! એ તો રૂઆબભેર મંત્રી પાસે ગયો ને કડકાઈથી રાજાનો સંદેશો કહ્યો. મંત્રીને માથે ધર્મસંકટ આવ્યું.

ને એ મંત્રીપદનો ત્યાગ કરે તો પાછળ આજીવિકાનો પ્રશ્ન ઊભો થાય ને બીજું કીર્તિને કલંક લાગે કે આમ એકદમ મંત્રીની પદવી રાજાએ કેમ લઈ લીધી હશે? શું પ્રધાને કોઈ અઘટિત કાર્ય કર્યું હશે? હવે શું કરવું? હું તમને બધાને પૂછું છું કે આ જગ્યાએ તમે હો તો શું કરો? મંત્રીનું પદ છોડી દો કે પૌષધ પાળીને રાજસભામાં જાઓ? (હસાહસ) તમે જવાબ નહિ આપો. હસીને જ પતાવી દેશો. જેની રગેરગમાં ધર્મની શ્રદ્ધા હોય એ જ આવા કટોકટીના સમયે ધર્મમાં સ્થિર રહી શકે.

પ્રધાને નિર્ણય કર્યો કે જે થવું હોય તે થાય. મારો ધર્મ પહેલા ને પ્રધાન પદવી પછી. તરત જ પ્રધાને મંત્રીમુદ્રા હજમને આપી દીધી ને પોતે મંત્રીપદેથી છૂટો થયો, અને મનમાં વિચાર કર્યો કે હાશ....હવે મને શાંતિ થઈ. **"ભલું થયું ને ભાંગી જંજાળ, સુખે કરશું ધર્મધ્યાન."** અત્યાર સુધી હું સુખેથી ધર્મ કરી શકતો ન હતો. હવે ઉપાધિથી નિવૃત્ત થઈને શાંત ચિત્તે હું ધર્મની આરાધના કરીશ. આ તરફ હજમના હાથમાં મંત્રીમુદ્રા આવતા મનમાં ફુલાયો કે અહો! અત્યારે તો મારા હાથમાં મંત્રીમુદ્રા આવી છે ને વળી હમણાં મારા ઉપર રાજાની ઘણી મહેરબાની છે તો હું રાજા પાસે પહોંચું ત્યાં સુધી તો મંત્રીની મુદ્રા પહેરીને મંત્રીપદની મોજ માણી લઉં, પછી દેખા જાયેગા. એમ વિચારીને હજમભાઈ એ તો આંગળીમાં મંત્રીમુદ્રા પહેરી લીધી. એના મનમાં તો એવો ફાંકો આવી ગયો કે મેં મંત્રીમુદ્રા પહેરી એટલે હું જ મંત્રી છું એમ સમજીને પોતે મંત્રીપદ પામ્યો છે એમ બતાવવા અન્દરમાં થઈને ચાલ્યો. પહેલી દુકાન પાનવાળાની આવી ગઇ એટલે હજમભાઈ એ મંત્રીમુદ્રાવાળી આંગળી ઊંચી કરી, તેથી પાનવાળો બોલ્યો પધારો....પધારો મંત્રીરાજ! એમ કહીને એનું સન્માન કર્યું, અને મજાનું મસાલેદાર પાન બનાવી આપ્યું. તે ખાઈને હજમભાઈ આગળ ચાલ્યા ને મીઠાઈવાળાની દુકાને ગયા તો ત્યાં પણ મંત્રીનું સન્માન થયું ને મીઠાઈવાળાએ બરફી–પેંડાનું બોકસ આપ્યું. આવું સન્માન જોઈને હજમભાઈ તો હર્ષમાં આવીને ફુલાઈ ગયા કે શું મારું માન છે!

"બનાવટી પદની મોજ માણતા મૃત્યુના શરણે" :– અત્યાર સુધી પ્રધાનની ન્યાયનિષ્ઠાને કારણે ઈર્ષ્યાળુઓ ફાવી શકતા ન હતા. આજે પ્રધાનને પરલોક પહોંચાડવાની અમૂલ્ય તક છે એમ સમજીને પ્રધાનનું ખૂન કરવા માટે ચાર મારાઓને મોકલ્યા હતા. એ મારાઓ પ્રધાનને ઓળખતા ન હતા. તેમણે ગામમાં પ્રવેશ કર્યો એટલે પહેલી દુકાન પાનવાળાની આવી. તેમણે પાનવાળાને પૂછ્યું કે અહીંના રાજમંત્રી કયાં રહે છે? ત્યારે પાનવાળાએ આંગળીથી બતાવીને કહ્યું જુઓ, પેલા ચાલ્યા જાય તે જ મંત્રી છે. ત્યાંથી મારાઓ મીઠાઈવાળાની દુકાને પહોંચ્યા તો સુખડીયાએ પણ કહ્યું કે જુઓ, પેલા જાય છે તે પ્રધાનજી છે. દુકાનદાર સમજ્યા કે આ લોકોને પ્રધાનનું કામ હશે તેથી જ પૂછતા હશે. પેલા ચાર મારાઓને ખાત્રી થઈ કે આ જ

પ્રધાનજી છે એટલે તેની પાછળ ગયા. થોડે દૂર જતાં એક વસ્તી વિનાની ગલી આવી. હજામમંત્રી ગલીમાં દાખલ થયો એટલે ચાર માણસો એના ઉપર તૂટી પડયા. એનું ખૂન કરીને ભાગી છૂટયા. આ તરફ રાજા વિચાર કરતા હતા કે મારો અંગરક્ષક હજુ સુધી પાછો કેમ ન આવ્યો ? શું મંત્રીએ તેને મુદ્રા પાછી નહિ આપી હોય ? મારે જાતે જ તપાસ કરવા જવું જોઈએ. આમ વિચારી રાજા મંત્રીના ઘર તરફ ચાલ્યા. ત્યાં પેલી ગલી તરફ જતાં ધૂમ સાંભળી કે મંત્રી મરાયા, એટલે રાજા ઘોડા ઉપરથી નીચે ઉતરીને ગલીમાં જઈને જુવે છે તો અંગરક્ષક હજામ મરેલો પડયો છે ને તેની આંગળીમાં મંત્રીમુદ્રા ચમકી રહી છે. આ જોઈને રાજાના મનમાં શંકા થઈ કે મંત્રીમુદ્રા આપવી પડી એટલે મંત્રીએ જ મારા અંગરક્ષકનું ખૂન કરાવ્યું લાગે છે.

"ગુપ્ત ભેદનો ઉકેલ કરતા રાજા" :- મંત્રી તો એના પૌષધવ્રતમાં લીન છે. એને સ્હેજ પણ ગભરાટ કે ચિંતા નથી કે મેં મંત્રીમુદ્રા પાછી આપી દીધી છે તો કાલે મારું શું થશે ? આ તરફ રાજાના વિચારો પલટાયા ને વિચાર થયો કે મંત્રી તો ખૂબ ધર્મનિષ્ઠ છે. એ ગુના વગર હજામનું ખૂન કરે તેવો નથી. બંધુઓ ! આ રાજાને ધર્મ કરવો ગમતો ન હતો પણ ધર્મીષ્ઠ પ્રધાન ઉપર આટલી શ્રદ્ધા હતી. રાજાના મનમાં થયું કે નક્કી આ બાબતમાં કંઈક ભેદ છે. નહિતર આમ ન બને, માટે હવે મારે આ ખૂન કરનારાઓને વહેલી તકે પકડી લેવા જોઈએ, તો તેમની પાસેથી બધો ભેદ જાણવા મળશે, એટલે તરત રાજાએ સેવકોને હુકમ કર્યો કે ખૂન કરનારાઓને પકડીને મારી સમક્ષ હાજર કરો. થોડા સમયમાં સિપાઈઓએ ખૂન કરનારાઓને શોધીને રાજા પાસે હાજર કર્યા, એટલે રાજાએ કહ્યું કે તમે મારા અંગરક્ષકનું ખૂન શા માટે કર્યું ? ખૂનીઓએ કહ્યું કે અમે આપના અંગરક્ષકનું નહિ પણ મંત્રીનું ખૂન કર્યું છે, તેથી રાજાએ ફરીને પૂછયું કે તમને મંત્રીનું ખૂન કરવાનું કોણે કહ્યું હતું ? સાચું બોલો. નહિતર તલવારથી તમારું માથું ઉડાવી દઈશ. રાજાએ આવી ધમકી આપી એટલે ખૂનીઓએ ડરના માર્યા સાચા નામ આપી દીધા, એટલે રાજા બધી પરિસ્થિતિ સમજી ગયા કે હજામ મંત્રીમુદ્રા લઈને આવતા મંત્રીપદ ભોગવવા જતાં માર્યો ગયો અને મંત્રી ન્યાયનિષ્ઠ અને ધર્મીષ્ઠ છે એટલે બીજા ફાવી શકતા નથી. તે ઈર્ષ્યાને કારણે અમલદારોએ સાચા મંત્રીને મારવા માટેનું આ કારસ્તાન કર્યું છે.

"છેવટે ધર્મનો જયજયકાર" :- રાજાને સાચા મંત્રી પ્રત્યે માન ઉપજ્યું, એની માફી માંગવા માટે તે મંત્રી પાસે પહોંચી ગયા. રાજાને પોતાની પાસે આવતા જોઈને પ્રધાનના મનમાં વિચાર આવ્યો કે શું રાજા મને મારી નાંખવા આવતા હશે ? શું મને મારી નાંખશે ? પણ બીજી જ ક્ષણે વિચાર કર્યો કે હે આત્મા ! તેં પહેલા આવા ઘણાં દેહ ધારણ કર્યા હશે ને છોડયા હશે પણ ધર્મને માટે ધર્મમાં સંનિષ્ઠ રહીને એકેય વખત દેહ નહીં છોડયો હોય, માટે હે જીવ ! રખે ડરતો. આ તો તારી

કસોટીનો અવસર ગણાય, માટે તું મોતથી ડરતો નહિ. રાજાને તું શત્રુ ન માનીશ. મિત્ર માનજે. એ તો નિમિત્ત છે. તેમના પર રોષ રાખવાનો હોય નહિ. હે આત્મા! આવા સમયે તું શાંતિ ધરજે. કલ્યાણમિત્ર સમાન ધર્મ તને સંસાર સાગર તરવામાં સહાયભૂત બનશે. હવે મૃત્યુથી ડરવું શા માટે? મંત્રીએ આ પ્રમાણે મનમાં હિત શિક્ષા ગ્રહણ કરીને નિશ્ચય કર્યો. રાજા પ્રધાન પાસે આવીને કહેવા લાગ્યા કે હે મંત્રીશ્વર! તમારી ધર્મ ઉપરની દૃઢ શ્રદ્ધાથી તમે બચ્યા. હું પણ બચ્યો ને રાજ્ય પણ સલામત રહ્યું, માટે તમે આ મંત્રીમુદ્રાનો પુનઃ સ્વીકાર કરો. આજથી તમારો પગાર ડબલ કરવામાં આવે છે. તેમજ હવે પછી તમારા ધાર્મિક અનુષ્ઠાનોમાં કોઈ ડખલ ઊભી ન થાય તેવો પ્રતિબંધ યોજવામાં આવશે. તમારી ધર્મક્રિયા પૂર્ણ થાય એટલે ફરજ બજાવવા હાજર થજો અને મારા જેવા નાસ્તિકને પણ ધર્મના માર્ગે વાળજો. એમ કહીને રાજા પ્રધાનને માનભેર રાજદરબારમાં લઈ ગયા. બંધુઓ! ધર્મનો પ્રભાવ કેવો છે! પ્રધાનની કસોટી થઈ પણ જે દૃઢ રહ્યા તો કસોટીમાંથી પાર ઉતરી ગયા ને આખરે ધર્મનો જયજયકાર થયો. હીરાને સરાણે ચડવું પડે છે ત્યારે તેના મૂલ્ય અંકાય છે. સોનાને અગ્નિમાં બળવું પડે છે ત્યારે તેની તેજસ્વીતા દેખાય છે ને એની કિંમત અંકાય છે. એમ ધર્મમાં પણ કસોટીના સમયે જે સ્થિર રહે છે તેના જીવનના મૂલ્યાંકન થાય છે.

હવે આપણા ચાલુ અધિકારની વાત કરીએ. બંને ભાઈઓને પોતાની જાતિનું અપમાન સહન નહિ થવાથી આપઘાત કરવા માટે પર્વત ઉપર ચઢયા પણ એમના મહાન પુણ્યોદયે ત્યાં એમને સંતના દર્શન થયા. સંતે એમને અહીં આવવાનું કારણ પૂછયું, એટલે બાળકોએ અથથી ઈતિ સુધીની બધી વાત મુનિ સમક્ષ રજુ કરી, ત્યારે કરૂણાસાગર મુનિએ કહ્યું કે બાલુડા! આ રીતે આપઘાત કરીને મરી જવાથી કંઈ તમારા સત્કાર-સન્માન થવાના છે? તમે બંને આટલી બધી કળાઓ શીખેલા છો? એટલે તમે બુદ્ધિશાળી ઘણાં છો, તો મહાન પુણ્યોદયે મળેલા મનુષ્યભવને આવી નાની બાબતોમાં આપઘાત કરીને વેડફી નાંખવો એ શ્રેયકારી નથી. તમારા જેવા બુદ્ધિમાનોને આવું શોભાસ્પદ નથી. તેના કરતા તો સર્વોત્તમ માર્ગ તો એ જ છે કે તમે મુક્તિમાર્ગનો આશ્રય લઈને તમારા મનુષ્યજન્મને સફળ કરો. મુનિરાજની આવી દિવ્યવાણી સાંભળીને બંને ભાઈઓને વૈરાગ્ય આવ્યો ને દીક્ષા લીધી. દીક્ષા લઈને આગમોનું સારી રીતે અધ્યયન કર્યું. બંને ગીતાર્થ બન્યા. ગુરૂદેવની આજ્ઞાથી તેઓ છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશ, અર્ધમાસ. માસખમણ વગેરે તપશ્ચર્યાઓ કરતા ગ્રામાનુગ્રામ વિહાર કરતા હસ્તિનાપુર આવ્યા અને નગર બહાર ઉદ્યાનમાં ઉતર્યા.

એક વખત માસખમણના પારણાને દિવસે સંભૂતિ મુનિ નગરમાં જઈને એક ઘેરથી બીજા ઘેર ગૌચરી માટે ભ્રમણ કરી રહ્યા હતા. જ્યારે તે ફરતા ફરતા રાજમાર્ગ

ઉપર આવ્યા તે સમયે મકાનની ગેલેરીમાં ઊભેલા નમુચિ મંત્રી એ સંતોને ઓળખી ગયો કે મેં જેમને બાલપણમાં ગુપ્ત રીતે એના ઘરમાં રહીને ભણાવ્યા હતા. તે બંને ભાઈઓ મારા પૂર્વના ચારિત્રને તો સારી રીતે જાણે છે માટે આ મુનિ મારા પૂર્વના દુષ્કૃત્યને અહીંની જનતા સમક્ષ કહી દેશે તો મારી કીર્તિને કલંક લાગશે. તેના કરતાં હું એમનો વિનાશ કરું. નમુચિ મંત્રી આવું વિચારી રહ્યા છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : જિતારી રાજા પોતાના જીવનનો વધુ સમય ધર્મારાધનામાં ગાળતા હતા. એક વખત રાત્રે ધર્મ ચિંતવના કરતા નક્કી કરી લીધું કે હવે મારે જલ્દી દીક્ષા લેવી છે, તેથી બીજે દિવસે સવારના તેમણે પોતાના મંત્રીઓને બોલાવીને કહ્યું હે મારા વહાલા મંત્રીઓ! ઘણાં સમય સુધી મેં આ રાજકાજની પ્રવૃત્તિ કરી. તે માટે મેં ઘણાં પાપ બાંધ્યા. હવે મારી ઉંમર થઈ છે ને ભીમસેન પણ રાજ્યને લાયક થયો છે. મેં ઘણાં વિચાર અને મનોમંથન કર્યા બાદ વિચાર કર્યો છે કે હું આ માનવભવ હારી જાઉં તે કરતાં બાકીનું જે આયુષ્ય છે તેનો અપ્રમતપણે ઉપયોગ કરી લઉં. આ માટે મેં સંસાર છોડી દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય કર્યો છે. જેથી મારો આ લોક અને પરલોક બંને સુધરી જાય. રાજાનો આ વિચાર સુમિત્ર નામના એક મંત્રીને ન ગમ્યો. તેણે રાજા સામે ખૂબ તર્ક વિર્તક કર્યા, અનેક દલીલો કરી પણ રાજાના વૈરાગ્યભર્યા સચોટ જવાબોથી તેની હાર થઈ ને મહારાજાનો વૈરાગ્ય વિજયવંત બન્યો, પછી તરત રાજાએ ભીમસેનને બોલાવ્યો. ભીમસેન પિતાજીને પ્રણામ કરીને બોલ્યો : પિતાજી! આજે આપે મને કેમ યાદ કર્યો?

"ભીમસેનનો રાજ્યાભિષેક" : રાજાએ કહ્યું બેટા! તું જાણે છે કે હવે મારી ઉંમર થઈ છે. કોને ખબર છે આયુષ્ય કયારે પૂરું થઈ જાય. તું મારો મોટો પુત્ર છે. મારા પછી તારે જ આ ગાદી સંભાળવાની છે એટલે હવે હું દીક્ષા લઈને ધર્મધુરંધર થાઉં ને તું રાજધુરંધર થા. ભીમસેને કહ્યું કે પિતાજી! આપ આવું અમંગળ ન બોલો. રાજ્ય સંભાળવાને માટે હજુ મારી યોગ્ય ઉંમર થઈ નથી, માટે આ સિવાય પિતાજી મને બીજી કોઈપણ આજ્ઞા ફરમાવો. ભીમસેને રાજ્ય નહિ લેવા માટે ઘણી આનાકાની કરી પણ જિતારી રાજા અને મંત્રીઓએ ભીમસેનને રાજ્યગાદીનો સ્વીકાર કરવા ઘણું સમજાવ્યો. પિતાજી અને મંત્રીઓ બધાનો ઘણો આગ્રહ જોઈને ભીમસેને પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. સારા દિવસે ને શુભ ચોઘડિયે જિતારી રાજાએ ભીમસેનનો રાજ્યાભિષેક કર્યો. તેને રાજમુગટ અને રાજમુદ્રા આપતી વખતે પિતાએ કહ્યું બેટા! આ રાજમુગટ અને રાજમુદ્રાનું ગૌરવ બરાબર જાળવજે. આપણી પ્રજાને પોતાના સંતાન સમાન ગણીને તેનું જતન કરજે. તું ન્યાયી તેમજ નીતિપરાયણ બનજે, પ્રજાના સુખ-દુઃખમાં ભાગીદાર બનજે. રાજ્યની આબાદી અને જાહોજલાલી

વધુ વધે તેવી રીતે રાજ્યવહીવટ કરજો. રાજ્યના બધા ધર્મોને સરખું માન આપજો. સાધુસંતો તેમજ વિદ્વાનોનું સન્માન કરજો, પ્રમાદનો ત્યાગ કરીને રાજકાર્ય કરજો. ભીમસેને વિધિપૂર્વક પિતાની આજ્ઞા માથે ચઢાવી અને પછી પ્રજાજનોએ જોરશોરથી ભીમસેન રાજાનો જય હો, વિજય હો, એવા ધ્વનિથી રાજસભાને ભરી દીધી.

પછી જિતારી રાજાએ જલ્દી દીક્ષાની તૈયારી કરી. ગુણસુંદરી રાણી પણ રાજાની સાથે દીક્ષા લેવા તૈયાર થયા. બંને જણાએ ચંદ્રપ્રભ મહારાજ પાસે આવીને દીક્ષા અંગીકાર કરી. આ ઉપરાંત બીજા ઘણાં ભવ્ય જીવોએ રાજા-રાણી સાથે દીક્ષા લીધી. તે સિવાય કોઈએ બાર વ્રત અંગીકાર કર્યા, તો કોઈએ એક ચોથું વ્રત અંગીકાર કર્યું ત્યારબાદ ઘણાં વર્ષો સુધી રાજા-રાણી ચારિત્રરત્નનું નિરતિચાર સમ્યગ્ પાલન કરીને આયુષ્ય પૂર્ણ કરીને અનુત્તર દેવલોકમાં ગયા. ત્યાંથી મનુષ્યભવ પામીને મોક્ષમાં જશે. રાજા-રાણીએ તો પોતાનું કાર્ય સાધી લીધું. હવે આ બંને ભાઈઓની શી વાત ચાલશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૧૫

શ્રાવણ સુદ ૫ને શનીવાર **તા. ૨૮-૭-૭૬**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની મહાપુરૂષો ફરમાવે છે કે આ વિરાટ વિશ્વના વહેતા પ્રવાહમાં અનેક જીવો પોતાનું જીવન જીવે છે ને સમય પૂરો થતાં કાળરાજાના સકંજામાં સપડાય છે. આ પ્રમાણે અનંતા કાળચક્રો પસાર કર્યા. આ કાળરાજાની કેદમાંથી મુક્ત બનાવી આધ્યાત્મિક વિકાસની કેડી પર ચઢાવનાર જો કોઈ જીવન હોય તો તે માનવજીવન છે. માનવજીવન પામીને આધ્યાત્મિક વિકાસની જેને જિજ્ઞાસા જાગી હોય તેને ભગવાન કહે છે કે હે સાધક! તું સાવધાન બની જા.

મુહું મુહું મોહગુણે જયન્તં, અણેગરુવા સમણં ચરન્તં।
ફાસા ફુસન્તિ અસમંજસં ચ, ન તેસિં ભિક્ખુ મણસા પઉસે॥ ઉત્ત. અ.૪ ગાથા ૧૧

સાધુ મોહયુક્ત શબ્દાદિકને વારંવાર જીતે, સંયમને વિષે પ્રવર્તતા એવા સાધુને આકરા તથા સુવાળા શબ્દાદિક ફરસે તો પણ તે મનથી તેના પર દ્વેષ ન કરે,

વારંવાર મોહને જીતીને સંયમી જીવનને સફળ બનાવવું સહેલ નથી. ભગવાન આ ગાથામાં સાધક આત્માને જાગૃત કરતા કહે છે કે હે આત્મિક સુખ પિપાસુ સાધક! તારી શય્યા કંટકોથી બીછાવેલી છે. શત્રુઓનું મોર આવાનું નિમંત્રણ તેં સામેથી સ્વીકારેલું છે. મોહરૂપી શત્રુને મારીને આત્માનું અખંડ જીવીતવ્ય જાળવવું એ તારા હાથની વાત છે. સાધકની સામે મોહના અનેક તોફાનો અને પ્રહારો આવે છે પણ તે પ્રહારોનો ઘા ઝીલતી વખતે એના પરિણામની ધારામાં દ્વેષનો અંકુર પણ ન ફૂટે

તે સાધકની સાચી સાધના છે. પ્રતિકૂળતામાં પણ પરિષહો સામે પરાભવ ન પામીને પ્રસન્નતા જાળવવી તે જ સાચી સાધના. તે જ અંતિમ આરાધના, તે જ સાચી પ્રગતિ સંયમી સાધકને પોતાના સંયમી જીવનમાં ઘણી પ્રતિકૂળતાઓ અને પરિષહો આવે છે. કોઈ તેમની પ્રશંસા કરે, માન આપે તો કોઈ તેમની નિંદા કરે, અપમાન કરે આવા પ્રસંગોમાં પણ ભગવાનની આજ્ઞાને શીર સાટે વધાવનારો સાધક આત્મભાવમાં ઝલતો રહી પોતાની સમાધિ ન ગુમાવે. પ્રતિકૂળ સંયોગો તથા અમનોજ્ઞ વિષયોમાં પણ ચિત્તની પ્રસન્નતા વચનથી કે કાયાથી તો ન ગુમાવે પણ મનથી પણ દ્વેષનો ભાવ ન જન્માવે. પ્રતિકૂળ સંજોગોમાં જ્ઞાનીપુરૂષો પોતાના અનુભવો જગત સામે ધરીને કહે છે જે કાંઈ વર્તમાનના સંયોગો છે તે તારી ભૂતકાળની ભૂલોનું પરિણામ છે. તો હવે તે સંયોગોનો સહર્ષ સ્વીકાર કર અને ફરીથી તારી ભૂલ ન થાય તે માટે જાગૃતિ રાખ. બસ, આ બે વાતો જો સાધકના જીવનમાં સમજાઈ જાય તો અનુકૂળતા કે પ્રતિકૂળ, ઈષ્ટ કે અનિષ્ટ સંજોગોમાં પણ તેને રાગ કે દ્વેષ ન થાય. રાગ–દ્વેષ ન કરવા તે વીતરાગતાની પ્રાપ્તિનો અમોઘ ઉપાય છે. દેહ ઉપરથી માલિકીપણાનો ભાવ ઉઠાવીને માલિકને ભેટવાની તૈયારીવાળો સાધક ગમે તેવા પ્રસંગોમાં, ગમે તેવા સામે આવેલા સંયોગોમાં પણ આત્માનું ભાન ભૂલે ખરો ? અને જો ભૂલે તો તેની કેવી દશા થાય ? હું એક ન્યાય આપીને સમજાવું.

એક ગામમાં ધન મેળવવા માટે કેટલાક માણસો પરદેશ જવા તૈયાર થયા. તે સમયે પ્લેનની સગવડ ન હતી એટલે સ્ટીમર દ્વારા મુસાફરી કરીને પરદેશ જવાતું હતું, બધા મુસાફરો સ્ટીમરમાં બેઠા, બધા મુસાફરોએ પોતાની સર્વ સલામતી સ્ટીમરના કપ્તાનને સોંપી દીધી. સ્ટીમર થોડે દૂર પહોંચી ત્યાં એકાએક દરિયામાં ભયંકર તોફાન શરૂ થયું. ઉછળતાં મોજાઓ વચ્ચે સ્ટીમર હાલકડોલક થવા લાગી. કપ્તાને ઘણો પુરૂષાર્થ કર્યો. છતાં હવે કપ્તાનને બચવાની કોઈ આશા ન લાગી. જો સ્ટીમરની સમતુલા ન જળવાય તો બધાના જીવન ત્યાં ને ત્યાં ખતમ થઈ જાય. કપ્તાન બધા મુસાફરોના રક્ષણ માટે તેમનો જીવ બચાવવા માટે ઘણી મહેનત કરી રહ્યો છે. જ્યારે સ્ટીમરમાં બેઠેલા અજ્ઞાન અને મૂર્ખ મુસાફરો વિચાર કરે છે કે સમુદ્રમાં ભયંકર તોફાન થઈ રહ્યું છે. આવી મુસ્કેલીમાં પણ જો કપ્તાન આ સ્ટીમર ક્ષેમકુશળ સામે કિનારે ન લઇ જાય તો તે કપ્તાન શા કામનો ?

બંધુઓ ! મૂર્ખાઓની મૂર્ખતા તો જુઓ. બધાએ ભેગા મળીને નક્કી કર્યું કે હવે આપણે કપ્તાનની કોઈ જરૂર નથી. તેને સમુદ્રમાં ફેંકી દો. બધાએ સંપીને ભેગા થઇને કપ્તાનને ઉપાડીને દરિયામાં ફેંકી દીધો. આ મુસાફરોએ એટલો વિચાર ન કર્યો કે કપ્તાનને ફેંકી દઈશું તો પછી તોફાન શાંત થયા પછી સ્ટીમર કોણ ચલાવશે ? કપ્તાનને દરિયામાં ફેંકી દીધા પછી તોફાન તો ઘણું વધી ગયું. મુસાફરોને સ્ટીમર

ચલાવતા તો આવડતી નથી તેથી સ્ટીમર ચલાવવાની અણઆવડતને કારણે પોતે બધા સમુદ્રમાં ડૂબી ગયા ને બધા મૃત્યુને ભેટયા. કપ્તાનને તો તરતા આવડતું હતું તેથી તે તો તરતા તરતા કિનારે પહોંચી ગયો, પણ મુસાફરોની દશા શું થઈ તે તમે સાંભળ્યું ? કપ્તાનને ફેંકીને મુસાફરી કરનાર આત્માઓને મૃત્યુ સિવાય બીજું શું હોય ? બસ, આ જ ન્યાય આપણા જીવન સાથે ઘટાવીએ. માનવીની જીવન નૈયાનો નાવિક આત્મા છે જો માનવ પોતાના આત્મારૂપી નાવિકને ભૂલી જશે તો તે સંસાર રૂપી સમુદ્રમાં ફેંકાઈ જશે. આત્મ પરિણામની સમતુલા જાળવવામાં જેટલી સાવધાની વિશેષ તેટલી મંઝીલ તેની સામે. મોક્ષમંઝીલે જવા માટે મનુષ્ય જન્મ એ મોટું જંકશન છે. તપ ત્યાગ કરવાનો બધો યોગ મળ્યો છે છતાં પથારા પાથરીને બેસી ગયા છો તો હવે કંઈક જાગૃત થાઓ. ગુંદરની જેમ સંસારને ચીટકી ગયા છો તો હવે ઉખડો. (હસાહસ) જો તમારી જાતે નહિ ઉખડો તો તમને પરાણે ઉખેડવા પડશે.

તમે મંકોડા તો જોયા છે ને ? આ ચોમાસાના દિવસોમાં મંકોડા થાય. એ મંકોડા માણસના પગે ચોંટે ત્યારે એને ઉખેડવા માટે પ્રયત્ન તો કરે જ ને ? બોલો તો ખરા, તમને કરડયો છે ખરો ? માનવના હૃદયમાં દયા હોય એટલે મંકોડો મરી ન જાય તે માટે સાચવીને ઉખેડવાનો પ્રયત્ન કરે. ઘણાં પ્રયત્ન કરવા છતાં ન ઉખડે તો હાથ વડે પરાણે ઉખેડો છો ને ? એની કેવી દશા થાય છે ? અડધો ચોંટી રહે છે ને અડધો ઉખડે છે, એટલે એની કેડ ભાંગી જાય છે. જો એ મંકોડો ઉખડી ગયો હોત તો કેડ ભાંગત નહિ. આ તો મંકોડાની વાત કરી પણ હવે તમારી વાત કરું. તમે સંસારને કેવા ચીટકી ગયા છો ? સદ્‌ગુરૂઓ તમને સમજાવીને કહે છે મોહ, માયા અને મમતાની ચીકાશ છોડી સંસારની આસક્તિ ઘટાડો. તમને બે ત્રણ વખત આ પ્રમાણે ભાર દઈને કહે છતાં આસક્તિ નહિ છોડો તો યાદ રાખજો કે તમારી કેડો મંકોડાની જેમ ભાંગી જશે, માટે સમજીને ઉખડી જાઓ. આ જિંદગી તો પાણીના પૂરની જેમ પૂરવેગે ચાલી રહી છે. નદીના પૂરના પ્રવાહને રોકવા કોઇ સમર્થ નથી છતાં દૈવી શક્તિથી કોઈ રોકો શકે. ટ્રેઈન ઉપડવાનો સમય થઇ ગયો હોય છતાં એંજિન ડ્રાયવર સાથે લાગવગ હશે તો ઉપડતી ટ્રેઈન પણ રોકી શકશો. પ્લેનના પાયલેટ સાથે લાગવગ હશે તો ઉપડતા પ્લેનને પણ રોકી શકાશે પણ કાળરાજાની સવારી આવશે ત્યારે એને રોકવાની કોઈની તાકાત નથી. એક સેકન્ડ પણ નહિ રોકાય. ત્યાં કોઈની લાગવગ નહિ ચાલે, માટે આ કરોળિયાની જાળમાંથી બહાર નીકળો. એમાંથી બહાર નીકળવું એ તમારા હાથની વાત છે. આ સમય ફરી ફરીને પાછો નહિ મળે. ઘણાં એમ માને છે કે આજે નહિ, કાલે ધર્મધ્યાન કરીશું. કાલ કરતા મહિના ને વર્ષો ચાલ્યા ગયા. યાદ રાખો કે કાલની કોને ખબર છે. કાલે શું થવાનું છે તે કોઈ જાણે છો ? ગોઠવેલા પોગ્રામોને કાલે કેન્સલ કરવાનો પ્રસંગ આવી જાય છે. માણસ ધારે છે કંઈ ને બને છે જુદું.

કહેવાય છે ને કે **"ન જાણ્યું જાનકી નાથે, કાલે સવારે શું થવાનું છે."** આ તો તમને બધાને આવડે છે. મારી પહેલાં તમે બોલી ગયા, છતાં સંસારમાં કેમ બેસી રહ્યા છો ? સમજીને ચેતી જાવ. કાલ કોણે જોઈ છે ?

રામચંદ્રજીને જે દિવસે રાજતિલક કરવાનું હતું તે દિવસે પ્રભાતના પ્રહરમાં પિતાજી પાસે આશીર્વાદ લેવા ગયા ત્યારે પિતાજીએ કૈકેયીને આપેલા વચનની વાત કરી. પિતાજીની વાત સાંભળી પિતૃઆજ્ઞાનું પાલન કરવા રામચંદ્રજી હસતે મુખડે વનમાં જવા તૈયાર થયા. રામચંદ્રજી પિતા દશરથ રાજાના આશીર્વાદ લઈને માતા કૌશલ્યાના મહેલે ગયા. કૌશલ્યા માતાનું હૈયું આજે હર્ષના હિલોળે ચઢયું હતું. એને એવો આનંદ હતો કે હું રાજરાણી તો છું ને ? આજે હું રાજમાતા બનીશ. મારો રામ આજે રાજા બનશે. ત્યાં રામચંદ્રજી માતા કૌશલ્યા પાસે આવે છે ને માતાના ચરણમાં વંદન કરી પ્રાર્થના કરે છે કે હે માતા ! હું આજે તને એક આનંદની વાત કરવા આવ્યો છું. માતા કૈકેયી ચૌદ વર્ષ માટે મને વનવાસ મોકલે છે અને મારો નાનો ભાઈ રાજગાદી પર બેસે છે. પિતાજીનું વચન અને માતાની આજ્ઞાનું પાલન કરવા માટે હું વનવાસ જાઉં છું તો મને પ્રેમથી આશીર્વાદ આપ.

"રામચંદ્રજીની વાત સાંભળતા માતાનું રૂદન" :- પુત્રની વાત સાંભળીને માતા કહે છે બેટા ! તું શું બોલે છે ? તું મને અને અયોધ્યાનું વિશાળ રાજ્ય છોડીને વનવગડાની વાટે જઈશ ! ત્યારે રામચંદ્રજી કહે છે માતા ! તું એમાં દુઃખી શા માટે થાય છે ? ભરત રાજગાદીએ બેસે, લક્ષ્મણ બેસે કે હું બેસું એમાં શું ફરક પડવાનો છે ? શું અમે ભાઈઓ નથી ? અમે એક જ છીએ ને ? ત્યારે માતા કૌશલ્યા આંખમાંથી ચોધાર આંસુ સારતી કહે છે બેટા ! રાજગાદી પર કોઈ પણ બેસે એનું મને બિલકુલ દુઃખ નથી, પણ તારા જેવા વિનયવંત અને ભક્તિશીલ પુત્રનો મને વિયોગ પડશે. ચૌદ વર્ષ સુધી તારું મુખડું મને જોવા નહિ મળે તેનું મને દુઃખ છે. બેટા ! તારો વિયોગ મારાથી સહન નહિ થાય, એમ કહીને માતા ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. બંધુઓ ! માતાને પોતાના સંતાનો કેટલા વહાલા હોય છે ! મા શબ્દ જ એવો છે કે જે બોલતા મધુર ને આલ્હાદક લાગે છે. મા શબ્દનું ઉચ્ચારણ કરતા રોમેરોમ ઉલ્લસિત થઈ જાય છે. હૃદયનો ખૂણે ખૂણો ગુંજિત બની જાય છે. મન મલકાય છે. મુખ ભર્યું ભર્યું લાગે છે. એનું કારણ એ જ છે કે મા શબ્દને જીવનસાત્ બનાવનારી માતા પોતાના જીવનનું અમૃત અર્પે છે. તેના હૃદયમાંથી અવિરત, અખૂટ, અસ્ખલિત વાત્સલ્યનો ઝરો નિરંતર વહ્યા કરે છે. માતાના રોમેરોમે સંતાનોને સુખી કરવાની અબાધિત અભિલાષા પ્રત્યક્ષ દેખાતી હોય છે. સંતાનોના હિત ખાતર પોતાનું અહિત કરતી, પોતે પણ દુઃખી થતી, સંતાનોના સુખને ઝંખતી વ્યક્તિ તે જ માતા છે. માતા સદા સંતાનોના જીવનની આબાદી અને આયુષ્યને ચિરંજીવી ઈચ્છે છે.

સંતાનોના આરોગ્ય ખાતર પોતાના આરોગ્યની પરવા ન કરનાર એવી વ્યક્તિ જો કોઈ દુનિયામાં હોય તો તે એક માતા છે. મા શબ્દનું ઉચ્ચારણ વિનાનું એક પણ મનુષ્યનું મુખ નહિ હોય. જે મા શબ્દમાં આટલી તાકાત છે તે માતામાં કેટલી શક્તિ હશે ? પણ આજે તો માતાને બદલે મધર કહેતા થઈ ગયા ને માને અદ્ધર ઉડાડતા થયા. અરે....હવે તો મધર ગઈ ને મમ્મી આવી. મમ્મી કહેતા થયા ને વાત્સલ્યનું અમી ચાલ્યું ગયું.

કૌશલ્યા માતાના દિલમાં પુત્ર પ્રત્યેનો અપાર પ્રેમ હતો એટલે પુત્રના વનવાસ જવાની વાત સાંભળી પારાવાર દુઃખ થયું. માતાના હૃદયની વેદના અને માતાના અંતરનો પ્રેમ તો સાચો ભક્તિવાન પુત્ર સમજી શકે. આજકાલના પુત્રોને માતાની કિંમત નથી. કળિયુગમાં એવા દીકરાઓ પણ હોય છે કે માતાની વેદના કે રૂદન જોઈને પણ અંતરમાં દયા ઉત્પન્ન થતી નથી. મા પોતાના બાળકોને કેટલા કષ્ટો વેઠીને પાલન પોષણ કરી મોટા કરે છે. એ તો જનેતા સિવાય બીજું કોણ સમજી શકે ?

माता यस्य गृह नास्ति, भार्या या प्रियवादनी।
अरण्यम् तेन गन्तव्यम्, यथा अरण्यम् तथा गृहम्॥

જેના ઘરમાં જનેતા કે પ્રિયવાદીની પત્ની ન હોય એ માનવ માટે ઘર પણ અરણ્ય સમાન છે. જેને માતા હોય એ ભાગ્યશાળી ગણાય. માતા કૌશલ્યાએ રામને વનમાં ન જવા માટે ઘણો આગ્રહ કર્યો, ઘણું સમજાવ્યા પણ રામે માતાને ખૂબ પ્રેમથી સમજાવીને રજા મેળવી, અને માતાએ આશીર્વાદ આપ્યા કે બેટા ! તારા પિતાની આજ્ઞાનું પાલન કર. માતાના આશીર્વાદ લઈને રામચંદ્રજી પોતાના મહેલમાં આવ્યા. અત્યારે સીતાજીને પણ આનંદનો પાર ન હતો કે આજે હું રાજરાણી બનીશ. ત્યાં અચાનક પતિને આવતા જોયા એટલે પ્રેમથી સ્વાગત કર્યું. પતિને આનંદિત અને પ્રસન્ન જોઈને અચાનક આગમનનું કારણ પૂછયું ત્યારે રામચંદ્રજી બધી હકીકત કહે છે ને કહે છે સાચો પુત્ર તો એ જ કહેવાય કે જે માતા–પિતાના વચન અને આજ્ઞાનું પાલન કરે. આજે એ અવસર મને પ્રાપ્ત થયો છે. હું વનવાસ જાઉં છું. જો તમારી ઈચ્છા હોય તો અહીં રહીને સાસુ સસરાની સેવા કરજો. સેવા કરવી એ તમારી ફરજ છે. કદાચ પિયર જવાનું મન થાય તો પણ ખુશીથી જજો.

પતિના મીઠા મધુરા વચનો સાંભળીને સીતાજીને એક તરફ આનંદ અને બીજી તરફ દુઃખ થયું. માતાપિતાની આજ્ઞાનું પાલન કરવા માટે પતિ સ્વર્ગીય સુખોને છોડીને વનવાસ જાય છે એવા મહાન પતિની પત્ની બનવાનું સૌભાગ્ય મળ્યું છે તેનો સીતાજીને આનંદ અને ગૌરવ થાય છે ને અહીં રહેવાનું કહ્યું તેનું દુઃખ થયું. તે બોલ્યા કે નાથ ! તમને તમારા ધર્મનું પાલન વહાલું છે તેમ મને પણ મારો ધર્મ વહાલો છે. સતી સ્ત્રીનો ધર્મ પતિની સાથે રહીને એમની સેવા કરવાનો છે. આપ

વનવગડામાં દુઃખ વેઠો ને હું રાજભવનમાં રહી સુખ ભોગવું એ કદી બને નહિ. જ્યાં વૃક્ષ ત્યાં છાયા તેમ જ્યાં પતિ ત્યાં પત્ની શોભે છે, માટે હું તો આપની સાથે જ આવીશ. આજના જમાનામાં તો કદાચ એમ કહી દે કે તમારે મા-બાપની આજ્ઞાનું પાલન કરવા વનવાસ જવું છે તો શું મારે જુવાની આમ વેડફી નાંખવી ? કંઈ નથી જવું. જાય ડોસાડોસી (હસાહસ)

સતી સીતાજી પતિવ્રતા માટે સર્વસ્વ છોડી વનમાં જવા તૈયાર થઈ ત્યારે રામચંદ્રજી એને કહે છે સીતા ! વનમાં આવવું સહેલ નથી. ત્યાં તારે ઘણાં કષ્ટો સહન કરવા પડશે. વનમાં જવા માટે રથ નથી, પગે ચાલવું પડશે. રસ્તે ચાલતા ખાડા ટેકરા આવશે, પગમાં કાંટા કાંકરા વાગતા લોહીની ધાર થશે. સૂવા માટે સૂકા ઘાસનું બિછાનું અને શિલાનું ઓશીકું કરવું પડશે. કયારેક ખાવાનું પણ નહિ મળે. વૃક્ષના પાંદડા ખાઈને રહેવું પડશે. આ બધું સહન થશે ? ત્યારે સીતાજી હસતા મુખે કહે છે આ દુઃખ મને દુઃખ રૂપ નથી લાગતા. પતિની સાથે રહીને નરક જેવું દુઃખ મને સ્વર્ગ જેવું લાગશે અને પતિના વિયોગમાં સ્વર્ગ સમાન સુખ નરક જેવું લાગશે. મારો ધર્મ મારા પતિની સાથે રહેવામાં છે.

બંધુઓ ! આવી મહાન પવિત્ર સતીના શરીરના એકેક અંગમાં મહાન તાકાત છે. મહાભારતનો એક પ્રસંગ છે. કૌરવો અને પાંડવો વચ્ચે ભયંકર યુદ્ધ થયું ત્યારે દુર્યોધનના ૯૯ ભાઈઓ યુદ્ધમાં ખતમ થઈ ગયા. એનું સૈન્યબળ, શસ્ત્રબળ, ભુજબળ બધું ઘટી ગયું. આથી દુર્યોધન હતાશ થઈને પોતાનો જીવ બચાવવા યુદ્ધમાંથી છટકીને એક સરોવરમાં ત્રણ દિવસ સુધી સંતાઈ ગયો. એને લાગ્યું કે હવે હું અહીં જ પૂરો થઈ જઈશ. એ વિચારથી ઉદાસ બનીને સરોવરમાંથી બહાર નીકળી એક વૃક્ષ નીચે બેઠો, ત્યારે એના સાગરિતો પૂછે છે મહારાજા ! આપ ચિંતા શા માટે કરો છો ? ત્યારે દુષ્ટ બુદ્ધિ દુર્યોધન કહે છે કે આ પાંડવોએ મારા બધા ભાઈઓને મારી નાંખ્યા છે ને એ જીવતા રહ્યા એ મારાથી સહન થતું નથી. પાંડવો પર વિજય મેળવવા મારે શું કરવું ? એ માટે સાચી સલાહ આપનાર કોઈ છે ? ત્યારે એના સાગરિતો કહે છે આ દુનિયામાં પોતાના પ્રાણના ભોગે પણ જો કોઈ સાચી સલાહ આપનાર હોય તો તે ધર્મરાજા છે. આ સંસારમાં આ બાબત માટે સાચી સલાહ આપનાર બીજું કોઈ નથી. શત્રુઓના મનમાં પણ ધર્મરાજા પ્રત્યે આટલી શ્રધ્ધા અને આત્મવિશ્વાસ હતો કે ધર્મરાજા કોઈ દિવસ ખોટું બોલશે નહિ અને ખોટી સલાહ આપશે નહિ. શત્રુઓના દિલમાં પણ આવો વિશ્વાસ કયારે બેસે ? એ વ્યક્તિમાં કેટલી પવિત્રતા હશે ! આજે તો પત્નીને એના પતિ ઉપર વિશ્વાસ ન હોય અને પતિને પત્ની ઉપર વિશ્વાસ નહિ. બોલો છે આવો વિશ્વાસ ? (હસાહસ) જ્યાં પોતાના કુટુંબીજનોને વિશ્વાસ નથી ત્યાં શત્રુની તો વાત જ કયાં કરવી ?

દુર્યોધનને આ વાત ગળે ઉતરી એટલે તે પાંડવોની છાવણી પાસે આવ્યો. એને આવતો જોઈને ધર્મરાજા વિચારે છે કે ૯૯ ભાઈઓ લડાઈમાં મરી જવાથી દુર્યોધન નિઃસહાય થઈ ગયો છે તેથી સંધિ કરવા આવ્યો લાગે છે. તો આપણે સંધિ કરી લેવી. આપણને પાંચ ગામ આપશે તો પણ ચાલશે. આપણે તો પાંચ ગામની માંગણી કરી હતી પણ તે આપવા તૈયાર ન થયો ત્યારે યુદ્ધ કરવું પડયું ને? હવે જો સંધિ કરવા માંગે તો આપણે લડવું નથી. એમ નકકી કરીને દુર્યોધનને અંદર બોલાવીને ધર્મરાજા એને ભેટી પડયા ને આંખમાં હર્ષના આંસુ આવ્યા. તેને પાસે બેસાડીને આવવાનું પ્રયોજન પૂછયું, ત્યારે દુર્યોધને કહ્યું કે આપની હાર થાય ને અમારી જીત થાય એ માટે શું કરવું તે સલાહ લેવા આવ્યો છું. આ સાંભળીને ધર્મરાજાએ કહ્યું ભાઈ! તમે કંઈ ભાંગ તો નથી પીધી ને? ના....ના....ભાંગ નથી પીધી. હું ખરા અંતઃકરણથી સાચી સલાહ માંગુ છું, આ સંસારમાં આપના સિવાય સાચી સલાહ આપનાર કોઈ નથી. ધર્મરાજા કેટલા પવિત્ર હશે કે શત્રુને પણ શ્રધ્ધા છે કે ધર્મરાજા કોઈ દિવસ ખોટું નહિ બોલે. બોલો, હવે ધર્મરાજા શું કરે સલાહ આપે કે ન આપે? તમે શું કરો?

ધર્મરાજા વિચાર કરે છે કે ભલે મારી જીત થાય કે હાર થાય પણ સાચો માર્ગ બતાવવો એ મારો ધર્મ છે. એમ વિચારીને કહે છે ભાઇ! અમને જીતવાનો ઉપાય તો તમારા ઘરમાં છે. ત્યાં દુર્યોધન કહે છે શું કયો ઉપાય? મને જલ્દી બતાવો. ભાઈ! તારી માતા ગાંધારીએ પોતાના પતિ ધૃતરાષ્ટ્ર સિવાય કોઈનું મુખ જોયું નથી. ભૂલેચૂકે પતિ સિવાય બીજા કોઈ પુરૂષનું મુખ જોવાઈ ન જાય તે માટે આખી જિંદગી આંખે પાટા બાંધી રાખે છે, એટલે એમના સતીત્વમાં એવી શક્તિ પ્રગટ થઈ છે કે એ પાટો ખોલીને જેના દેહ ઉપર દૃષ્ટિ નાંખે તેનું શરીર વજ્રનું બની જાય, તો તમે વસ્ત્રો ઉતારી નગ્ન બનીને તમારી માતા સામે જઈને ઊભા રહો અને માતા ગાંધારી આંખેથી પાટો ખોલીને તમારા સમસ્ત શરીર ઉપર દૃષ્ટિ ફેરવે તો તમારું શરીર વજ્ર જેવું બની જાય, પછી અમારા જેવા પાંચ તો શું, પાંચસો પાંડવોને હરાવવા એ તમારા માટે રમત વાત છે. તમારા શરીરને કોઈપણ શસ્ત્ર વાગશે નહિ. આ વાત સાંભળીને દુર્યોધનના આનંદનો પાર ન રહ્યો. હર્ષભેર માતા પાસે જવા દોડયો.

આ તરફ કૃષ્ણજી પાંડવોને મળવા માટે જતા હતા ત્યાં દુર્યોધન ઉતાવળો જતો સામે મળ્યો. એના મુખ ઉપર આનંદનો પાર ન હતો, કૃષ્ણજી પૂછે છે દુર્યોધન! આજે તારા મુખ ઉપર આટલો બધો આનંદ કેમ છે? ને ઉતાવળો કયાં જઈ રહ્યો છે? ત્યારે દુર્યોધને કહ્યું કે તમે તો પાંડવોનો પક્ષ લીધો છે. અમારો કયાં લીધો છે? તમે તો મહાકપટી છો. તમારા જેવા કપટીને વાત નહિ કરું, પણ કાલે યુદ્ધભૂમિ ઉપર બતાવી આપીશ. કૃષ્ણજીએ કહ્યું ભાઈ! હું કોઈનો પક્ષ લેતો નથી પણ મને

જ્યાં ન્યાય દેખાય તેનો પક્ષ લઉં છું, પણ તું કયાં ને શા માટે જાય છે એ તો મને કહે. કૃષ્ણજીએ ખૂબ આગ્રહ કર્યો એટલે દુર્યોધને પોતાના વિજય માટે ધર્મરાજાએ બતાવેલા ઉપાયની વાત કહી. આ સાંભળીને કૃષ્ણજીએ વિચાર કર્યો કે આ ધર્મરાજાએ તો કંઈ બાકી રાખી નહિ, અને ભીમે તો પ્રતિજ્ઞા કરી છે કે હું દુર્યોધનની જાંઘ ચીરું તો પાંડુપુત્ર ભીમ સાચો. તો આ પ્રતિજ્ઞા કેવી રીતે પૂરી થશે? કૃષ્ણજી તો હતા મહાન બખડજંતર. એટલે કહે છે ભાઇ! તને ધર્મરાજાએ સલાહ તો સાચી આપી પણ એક ભૂલ કરી છે. તને ગમે તો હું ભૂલ બતાવું.

દુર્યોધન કહે છે હા, બતાવો, એટલે શ્રીકૃષ્ણે કહ્યું બાલપણામાં માતાની પાસે નગ્નાવસ્થામાં હરવું, ફરવું, આનંદવિનોદ કરવો એ શરમજનક નથી પણ આજે તું કેટલો મોટો કહેવાય? સો ભાઈઓમાં તું સૌથી મોટો ભાઇ, તું કેટલા સંતાનોનો બાપ છે અને તારું શરીર પહાડ જેવું છે. આ અવસ્થામાં નગ્નાવસ્થામાં ઊભા રહેવું એ કેટલું શરમજનક કહેવાય! અરે, તારી માતાને પણ લાજ આવશે અને એનું ગૌરવ પણ કેવી રીતે જળવાય? માતાનું ગૌરવ જાળવવું એ તો પુત્રનો ધર્મ છે, તો બાલી એક નાનકડી ચડ્ડી પહેરીને માતા સામે ઊભા રહેવામાં શું વાંધો છે? દુર્યોધનને કૃષ્ણજીની વાત સત્ય લાગી. એ તો માતા પાસે ગયો ને બધી વાત કરી. માતાને તો પુત્ર પ્રત્યે કેટલું વાત્સલ્ય હોય છે એ તો તમે જાણો છો ને? પોતાના પુત્રનો વિજય થાય તે માટે ગાંધારીએ આંખેથી પાટો છોડીને જોયું તો દુર્યોધન એક ચડ્ડી પહેરીને ઊભો છે. ગાંધારીએ તેના સામે દૃષ્ટિ કરી તો દુર્યોધનનું વસ્ત્ર વિનાનું શરીર વજ્ર જેવું થઇ ગયું. ટૂંકમાં જે માતાની આંખમાં પોતાના દીકરાનું શરીર વજ્ર જેવું બનાવવાની તાકાત છે તેના સમગ્ર શરીરમાં કેટલી તાકાત હશે? એ તાકાત અને શક્તિ સતીવ્રત પાળવાને કારણે છે.

રામચંદ્રજીએ સતી સીતાને વનવાસ નહિ આવવા માટે ખૂબ સમજાવ્યા પણ સીતાજી કંઈ સમજે? એમણે તો એમના પતિવ્રતા ધર્મનું પાલન કરવાનો દૃઢ નિશ્ચય કર્યો છે. સ્વર્ગ જેવા સુખોને લાત મારીને સીતાજી રામચંદ્રજી સાથે વનમાં જવા તૈયાર થયા.

જબ વન જાનેકા રંગ હુઆ, સીતા કા દિલ ભી સંગ હુઆ,
સુખ દુઃખમેં પતિ કે સાથ રહૂં, બતલા દિયા જનકદુલારીને
સતી ધર્મકા ડંકા દુનિયામેં, બજવા દિયા જનકદુલારીને.

જગતમાં મહાન વ્યક્તિઓનું અનુકરણ જગતના દરેક માનવીઓ કરે છે. આ મહાસતી સીતાજી પણ પોતાના ત્યાગ અને સતીત્વ દ્વારા સ્ત્રીઓને માટે ઉદાહરણ રૂપ છે. સીતાજી રામ સાથે વનવાસ જવા તૈયાર થયા. લક્ષ્મણજી પણ મોટાભાઈ અને ભાભીની સેવા માટે રાજભવન અને યુવાન પત્નીને છોડીને ગયા હતા. ત્યાં તેમણે

રામ અને સીતાજીની કેવી સેવા બજાવી તે તમે જાણો છો. ભાઈ ભાઇ વચ્ચે કેવો પ્રેમ હોવો જોઇએ તે રામ લક્ષ્મણના જીવનમાંથી જાણવા મળે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનની વાત ચાલે છે સંભૂતિ મુનિ સંયમ લઈને નિર્દોષ આહારની ગવેષણા માટે હસ્તિનાપુરમાં ઘરઘરમાં ફરે છે. નમુચિએ તેમને જોયા એટલે ઓળખી ગયો. એમના મનમાં થયું કે આ સાધુ મારા પાપની વાત પ્રગટ કરશે તો મારી પ્રધાનપદવી ચાલી જશે એટલે પોતાના પાપને ઢાંકવા માટે નમુચી પ્રધાને પોતાના દૂત મારફત સંભૂતિ મુનિને ગડદા, પાટુ વગેરેનો ખૂબ માર મરાવીને નગરની બહાર કાઢી મૂકાવ્યા. મુનિરાજ તો માર ખાઇને ઉદ્યાનમાં ચાલ્યા ગયા. ત્યાં ગયા પછી પ્રધાનના આવા દુષ્કર્તવ્યના કારણે સંભૂતિ મુનિને ખૂબ ક્રોધ આવી ગયો એટલે મુનિના મોઢામાંથી ધુમાડાના ગોટા નીકળવા લાગ્યા, અને એ નગરીમાં છવાઈ ગયા. આ મુનિને ઉગ્ર તપના પ્રભાવે તેજુલેશ્યા પ્રગટ થઈ હતી તેથી એ તેજુલેશ્યાની જ્વાળાના પ્રકાશથી આખું નગર વ્યાપ્ત થઇ ગયું. હવે એની નગરમાં કેવી અસર થશે, ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- જિતારી રાજાએ પોતાના મોટા પુત્ર ભીમસેનને રાજ્યનો કારભાર સોંપી દીક્ષા લીધી. ગુણસુંદરી રાણીએ પણ દીક્ષા લીધી. ઉગ્ર ચારિત્રનું પાલન કરી બંને એકાવતારી બન્યા. આ તરફ ભીમસેન રાજા બન્યા ને સુશીલા રાજરાણી બની. ભીમસેન રાજા ખૂબ ધર્મપરાયણ અને પાપભીરૂ હતા. એમને રાજકાજમાં ઓછો રસ હતો. છતાં નિરસ ભાવથી રાજ્યના દરેક કામ ન્યાય નીતિપૂર્વક કરતા, પણ એમને લાગ્યું કે હું એકલો રાજ્ય કરું તેના કરતાં નાનાભાઈ હરિસેનને પણ જો રાજ્યની થોડી જવાબદારી આપવામાં આવે તો પોતાનો ઘણો ભાર હળવો થઈ જાય. આ વિચાર ભીમસેને મંત્રીને જણાવ્યો. મંત્રીઓને આ વાત ગમી એટલે એ વાત સૌએ વધાવી લીધી. પછી શું કર્યું ?

સારે દેશ આણ ફિરવાદી, જય જય ભીમ નરેશ,
લઘુ બાંધવકો યુવરાજ પદ દીના, પ્રીતિભાવ સુવિશેષ.

એક શુભ દિવસે પ્રધાનોએ ભેગા થઈને ભીમસેન રાજાનો જયજયકાર બોલાવી દેશોદેશમાં એમના નામની આણ ફેરવાવી અને નાનાભાઈ હરિસેનને યુવરાજપદે સ્થાપન કર્યો. બંને ભાઈઓ વચ્ચે રામ લક્ષ્મણ જેવો પ્રેમ હતો. બંને ભાઈની પત્નીઓ સુશીલા અને સુરસુંદરી વચ્ચે સગી બહેનો જેવો પ્રેમ હતો. બંને ભાઇઓ ખૂબ સારી રીતે રાજતંત્ર ચલાવતા પોતાના મહેલમાં આનંદથી રહેતા હતા. થોડા સમયમાં બંને ભાઈઓ પ્રજાને પ્રિય થઈ પડયા અને દેશોદેશમાં એમની ખ્યાતિ ફેલાઈ ગઈ. હરિસેને રાજ્યનું ઘણું કાર્ય ઉઠાવી લીધું હતું એટલે ભીમસેનને અર્ધી ઉપાધિ ઓછી થઈ ગઈ. બંને ભાઈઓ આનંદપૂર્વક સ્વર્ગ જેવા સુખો ભોગવી રહ્યા હતા.

એક વખત ભીમસેનની પત્ની સુશીલા સુખરૂપે શાંત રાત્રીએ દિવ્ય શય્યામાં સૂતી હતી ત્યારે તેણે સ્વપ્નામાં અનેક પ્રકારના ઉચ્ચકોટિના વિવિધ રત્નોની કાંતિથી સૂર્યની પ્રભાને ઝાંખી પાડી દે એવું દિવ્ય વિમાન જોયું. સ્વપ્ન જોયા પછી નવકાર મંત્રનું સ્મરણ કરતી ભીમસેનના શયનખંડમાં જઈ મધુર સ્વરે પોતાના સ્વપ્નની વાત જણાવી. આ સાંભળીને ભીમસેન રાજાએ કહ્યું પ્રિયે ! તને આવેલું સ્વપ્ન ઘણું શ્રેષ્ઠ છે. આ સ્વપ્ન એમ સૂચવે છે કે આપણા કુળને દીપાવે એવા યશસ્વી અને પ્રભાવશાળી પુત્ર રત્નની તને પ્રાપ્તિ થશે. આ સાંભળીને સુશીલા રાણીને ખૂબ આનંદ થયો, ત્યાર પછી સુશીલાને દાન કરવાની, ગુરૂદેવના દર્શન કરવાની શુભ ભાવનાઓ થવા લાગી. રાણીને જે શુભ દોહદ થતાં તે રાજા પ્રેમથી પૂરા કરતા હતા. સમય જતાં સવા નવ માસે રાણીએ પુત્રનો જન્મ આપ્યો. પુત્રનો જન્મ થતાં જ દાસીએ જઈને ભીમસેન રાજાને વધામણી આપી. આ ખુશખબર સાંભળીને રાજાનું હૈયું નાચી ઊઠયું ને વધામણી દેવા આવનાર દાસીને હીરાજડિત વીંટીની ભેટ આપી. યાચકોને ખૂબ દાન દીધું. બારમા દિવસે કુટુંબીજનોની હાજરીમાં પુત્રનું નામ દેવસેન જાહેર કર્યું. દેવસેન દેવકુમાર જેવો તેજસ્વી અને રૂપાળો હતો. તે માતા-પિતા તથા અનેક દાસ-દાસીઓના હાથમાં રમતો દિવસે દિવસે મોટો થવા લાગ્યો.

ત્યાર પછી બે વર્ષે ફરીને સુશીલાએ સ્વપ્નમાં સુંદર વિમાન પર રહેલો ઘણો ઊંચો ઈન્દ્રધ્વજ જોયો. રાણીએ રાજાને સ્વપ્નની વાત કરી. ભીમસેને કહ્યું દેવી ! આ સ્વપ્નના પ્રભાવે કુળમાં દીપક સમાન પુત્ર જન્મશે. સમય જતાં તેણે સુંદર લક્ષણોથી શોભતા એવા પુત્રને જન્મ આપ્યો. દાસીએ રાજાને આ વધામણી આપી એટલે રાજાએ દાસીને કિંમતી રત્નોનો હાર ભેટ આપ્યો. દાસી ખુશ ખુશ થઇ ગઈ. બારમા દિવસે બધા સગા સ્નેહીઓની હાજરીમાં બાળકનું નામ કેતુસેન પાડયું. બંને બાળકો એક બીજા સાથે પ્રેમથી રમતા હતા. આ બંને બાળકોને ભીમસેન કયારેક બગીચામાં તો કયારેક ધર્મસ્થાનકોમાં ફરવા લઈ જતો.

ભીમસેનના રાજમહેલથી થોડે દૂર એક બગીચો હતો. એ બગીચો અનેક પ્રકારના ફળ-ફુલોથી સુશોભિત હતો. તેની વચમાં દેવે વાવેલો એક આંબો હતો, એ આંબા ઉપર દરરોજ છ ફળ આવતા હતા ને બંને ભાઈઓને ત્રણ ત્રણ ફળ આપવામાં આવતા, આ આંબાના કારણે બંને ભાઈઓના સુખમય સંસારમાં કેવી આગ ચંપાશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં.-૧૬

આવણ સુદ ૬ ને રવીવાર "માનવતાની મહેંક" તા. ૨૯-૭-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આગમના આખ્યાતા, વિશ્વના વિખ્યાતા અને નિર્વાણપંથના નેતા એવા તીર્થંકર ભગવંતે ઘાતી કર્મો ઉપર ઘા કરી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી. કેવળજ્ઞાનના પ્રકાશમાં જગતના જીવોને શુભાશુભ કર્મો પ્રમાણે અનેકવિધ સુખ-દુઃખ ભોગવતા જોયા. શુભ કર્મના ઉદયથી જીવો ભૌતિક સુખમાં મગ્ન બની આનંદ કિલ્લોલ કરે છે અને અશુભ કર્મના ઉદયથી જીવો એવા દુઃખો ભોગવે છે કે જે જોતાં પણ આપણાં હૃદયમાં કંપારી છૂટે છે, ત્યારે જ્ઞાની પુરૂષો કહે છે હે જીવાત્મા ! એમાં હર્ષ કે ખેદ કરવા જેવું નથી, કારણ કે કર્મ બાંધતી વખતે આત્મા કાંઈ વિચાર કરતો નથી. કર્મના બંધ ડગલે ને પગલે જીવને બંધાતા હોય છે. જેવા પ્રકારના કર્મો જીવે બાંધેલા હોય તેવા તેને ભોગવવા પડે છે. કર્મરાજાની સત્તા કોઈની શરમ ભરે તેમ નથી.

"जं जारिसं पुव्वमकासि कम्मं, तमेव आगच्छइ संपराए।" સૂય. સૂત્ર

જ્ઞાની કહે છે કે પૂર્વભવમાં જીવે જેવા કર્મો કર્યા હોય તેનું ફળ જીવને આ ભવમાં કે કોઈ ભવમાં ભોગવવું પડે છે, પછી કર્મકરનારા રાજા હોય કે રંક હોય પણ કર્મો કોઈને છોડતા નથી. ત્યાં કોઈની લાગવગ કે લાંચરૂશ્વત ચાલે તેમ નથી. ખુદ તીર્થંકર ભગવાનને પણ કર્મે છોડયા છે ? 'ના', તો પછી આપણા જેવા પામર જીવોની વાત કયાં કરવી ! આ સંસારમાં જીવને ડગલે ને પગલે જાણતાં અજાણતાં કર્મો બંધાતા જાય છે. તેમાં ઘણાં તો એવા જીવો હોય છે કે જાણીબૂઝીને ઈરાદાપૂર્વક કર્મો બાંધે છે અને પાછા પોતાના કરેલા પાપની પ્રશંસા કરે છે. જોયું ને હું કેટલો બધો હોંશિયાર છું, કેવો બહાદુર છું. વળી પાછા આવું પાપ કરવાની બીજાને અનુમોદના આપે છે, શાબાશી આપે છે પણ એને ખબર નથી કે મારા કરેલા કર્મો મારે જ ભોગવવા પડશે. તે વખતે કોઈ છોડાવનાર કે ભાગ પડાવનાર નથી. જેમ આપણને કોઈ રોગ થયો તો પીડા આપણે ભોગવવી પડે છે ને ? ઘરના માણસો ડોકટર લાવે, દવા કરે, સેવાચાકરી કરે પણ વેદનામાં ભાગ પડાવવા કોઈ સમર્થ થાય છે ? કોઈ નહિં. માટે સમજો. આ સંસારમાં જીવ એકલો આવ્યો ને એકલો જવાનો છે. યાદ રાખજો, કર્મ બાંધીને ભેગી કરેલી રિદ્ધિ-સિદ્ધિ સાથે આવવાની નથી, અને નાહકના કર્મબંધન કરી અનંતા જન્મ મરણ વધે છે. ચોર્યાશી લાખ જીવાયોનિના લાયસન્સો લેવા પડે છે. કર્મસત્તા એવા સ્થાનમાં એવી ગતિમાં જીવને ધકેલી દે છે કે પછી એના દુઃખનો આરો આવતો નથી, માટે જ્ઞાનીપુરૂષો વારંવાર જીવને ટકોર કરે છે કે હે જીવ ! કર્મ બાંધતા પહેલાં તું ખૂબ વિચાર કર. એક સામાન્ય વાતમાં પણ જીવને

એવું કર્મ બંધાઈ જાય છે કે તે ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. કર્માધીન જીવે ચતુર્ગતિ સંસારમાં કેટલા ચક્કર લગાવ્યા છે તે બતાવતા શાસ્ત્રકાર કહે છે,

एगया देवलोएसु, नरएसु वि एगया।
एगया आसुरं कायं, अहा कम्मेहिं गच्छइ ॥ उत्त. अ. ३ गाथा ३

કર્માનુસાર જીવ કયારેક દેવલોકમાં, તો કયારેક નરકમાં, તો કયારેક અસુરકાયમાં જાય છે. જીવે દેવલોકના મહાન સુખો ભોગવ્યા ને કર્મવશ નરક ગતિના અનંતા દુઃખો પણ વેઠયા છતાં હજુ જીવ સમજતો નથી. આ બધી વાતો ઘણી ઝીણી ઝીણી છે. જૈનદર્શનનાં કર્મબંધનું નિરૂપણ ઘણું સુંદર છે.

આજે માસખમણના ઘરનો પવિત્ર દિવસ છે. ઘર એટલે શું? ધારણ કરવું, પકડવું. આ દિવસ શું પકડવાનું કહે છે ને શું છોડવાનું કહે છે તે તમે સમજ્યા? આજથી તપ, ક્ષમા, દયા, સરળતા, દાન વગેરે ધર્મોને પકડી લેવા અને ક્રોધ, માન, લોભ, હિંસા વગેરેને છોડી દેવા. પૈસાનું મમત્વ છોડીને દાન દેવું. ક્રોધને છોડીને ક્ષમા ધારણ કરવી. આહારસંજ્ઞાને તોડવા તપ કરવો. જે ભાઈ બહેનોને માસખમણ તપની આરાધના કરવી હોય તે આજથી મંગલ શરૂઆત કરશે. આત્મા અનાદિકાળથી ખાનપાનમાં પડયો છે. આહારસંજ્ઞાને તોડવા માટે તપ કરવાની જરૂર છે. માસખમણના ઘરનો દિવસ આજથી આપણને ચેતવણી આપે છે કે કર્મની કાલિમાથી મલીન બનેલા હે જીવાત્મા! આજથી બરાબર ત્રીસમા દિવસે સંવત્સરી પર્વ આવશે, માટે તારા આત્મા ઉપર લાગેલા કર્મોની મલીનતા ધોવા માટે સજાગ બનીને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની આરાધના કરવા તૈયાર થઈ જા. આપણે ત્યાં પવિત્ર આત્માઓએ તપની આરાધનાની મંગલ શરૂઆત કરી દીધી છે. તપસ્વી ચારૂણહેનને આજે ૨૩ મો, વસુબહેનને ૨૧ મો, ભિનાક્ષીબહેનને ૯મો એમ ઘણી બહેનોને ઉપવાસ ચાલુ છે. તમે શું કરશો? તપ કરવાની શક્તિ ન હોય તો આજીવન બ્રહ્મચર્યમાં આવો. "**મોહ સામે મુકાબલો કરવા ધર્મસત્તાના શિખરે ચઢો.**" જ્ઞાન, દર્શન, ચારિત્ર, દાન, શીલ, તપ, અને ભાવની આરાધના કરતા, બાહ્ય આભ્યંતર તપનું શરણું લેતાં, આત્મકલ્યાણની ભાવના કરતાં, સંસારની અસારતાનું ચિત્ર આંખ સામે રાખતા, અનિત્યાદિબાર ભાવના ભાવતા, અનેક પ્રકારની પ્રતિકૂળતાને સહન કરતા આત્માને બળવાન બનાવીને આગળ વધતા કર્મોના ભૂક્કા બોલાવીને આત્મા અનંત સુખનો ભોક્તા બને છે, આત્માને અનંત સુખનો ભોક્તા બનાવવા માટે ને સિદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા માટે ઘણાં પ્રકારના યુદ્ધો ખેલવા પડે છે કારણ કે એક તરફ ધર્મરાજા છે. તેમના હાથમાં ધર્મસત્તા છે અને બીજી તરફ મોહરાજા છે તેમના હાથમાં કર્મસત્તા છે. આત્મા અને જડનો સબંધ અનાદિ કાળનો છે, છતાં બંને એકબીજાથી અલગ છે ને તેમની પ્રવૃત્તિ પણ અલગ અલગ છે. ધર્મરાજા ધર્મ દ્વારા આત્માને કર્મસત્તાથી

મુક્ત બનાવવા ઈચ્છે છે ત્યારે મોહરાજા કર્મસત્તા દ્વારા આત્માને બંધનથી બાંધવા ઈચ્છે છે. મન એ મોહરાજાનો મુખ્ય અને આજ્ઞાંકિત સેનાપતિ છે. તે સદા તેની આજ્ઞાને તાબે રહેનાર છે. તેની નીચે ચાર કષાયો મનના હુકમનો આદર કરનાર છે. ત્યારપછી પાંચ ઈન્દ્રિયો અને તેના વિષયો તેની આજ્ઞામાં અડીખમ ઊભા છે, અને અઢાર પ્રકારના પાપસ્થાનો તો આત્માને ડૂબાડવા માટે તૈયાર જ છે. મોહરાજાની એટલી બધી ધાક, જોર અને બળ છે કે તે આત્માને ધર્મસન્મુખ થવા દેતો નથી. જો કોઈ આત્મા ધર્મસત્તાને શરણે જાય તો તે આત્માને ઠરીને ઠામ રહેવા દેતો નથી. આટલી બધી પ્રચંડ શક્તિ ધરાવતા મોહરાજાને જીતવો સહેલ નથી. તે એટલી બધી યુક્તિ પ્રયુક્તિ દ્વારા જીવને જકડી રાખે છે કે આત્મા બંધનથી મુક્ત થઈ શકતો નથી. એક આત્મા ખૂબ તપ કરે ત્યારે મોહરાજા એને પછાડવા માટે ક્રોધને હુકમ કરે એટલે બસ આત્માનું આવી બન્યું.

કહ્યું છે ને કે જે ક્રોધ સહિત ક્રોડ પૂર્વ સુધી તપ કરે કે સંયમ પાળે તો તેનું ફળ લેખે લાગતું નથી. ઘણી આરાધના કરી પણ જો સમય આવ્યે જાગૃત ન રહ્યા તો મોહરાજા પોતાની સત્તા દ્વારા આત્માને એવો પછાડે કે કરેલું બધું ધૂળમાં મળી જાય. દાન દેનાર પાસે માનને મોકલે કે હું કેવો મોટો દાની છું. એમ બધે કહેતો ન ફરે ત્યાં સુધી એને ચેન ન પડે મેં અહીં આટલા આપ્યા ને ત્યાં આટલા આપ્યા આમ બધે જાહેરાત કરતો ફરે એટલે દાન કરેલું ધૂળધાણી. તપસ્વી આયંબીલ કરતો હોય ત્યારે સમતા ન રહેવા દે. આવી ઠંડી રોટલી, આવી દાળ, બીજું કંઈ તો ઠેકાણું જ નહિ. પારણાના દિવસે રાબડી ન બનાવી, મગ ન બનાવ્યા, કોઈ મને શાતા પૂછતું નથી. મારી સંભાળ લેતું નથી આવી દુર્ભાવના કરાવે એટલે બધું પાણીમાં જાય. આવી રીતે સામાયિક કરતા, માળા ફેરવતા, વ્યાખ્યાન શ્રવણ કરતા વગેરે કોઈ પણ પ્રકારની ધર્મકરણી કરતા મોહરાજાના સૈનિકો હરતા ફરતા રહે છે અને તેના મુખ્ય સેનાપતિ રૂપી મન તો હરદમ બધી જગ્યાએ પહોંચી જાય છે. ગમે તેટલો ઊંચો ચઢેલો આત્મા એના સકંજામાં આવી જાય છે અને તે મોહરાજા આત્માને ચોરાશીના ચક્કરમાં અને ચાર ગતિના ચોગાનમાં એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિયના વિવિધ પ્રકારના સ્થાનમાં ધકેલી દે છે જેથી ફરીને આવતા ઊંચો આવી શકે નહિ. છતાં આત્મા મિથ્યાત્વના ઘરમાંથી બહાર નીકળીને સમકિતના ઘરમાં આવી જાય તો ગમે ત્યારે ગમે તે વખતે ઈચ્છિત સ્થાન મેળવી શકશે તેમાં બે મત નથી. જેને મોક્ષમાં જવાની ઈચ્છા છે, મોક્ષની ટિકિટ કપાવવી છે તેને તો મોહરાજાના તોફાન સામે ઝઝૂમવું પડશે. તાકાતથી સામનો કરવો પડશે. મોહરાજાના જબ્બર તોફાનની સામે ઝઝૂમતા ધર્મરાજાનું શરણ સ્વીકારવું પડશે. એક વખત મોહરાજાના પાશમાંથી છૂટી ધર્મરાજાનું શરણું સ્વીકારી લીધું તેનો જરૂર ઉદ્ધાર થવાનો છે,

બંધુઓ ! આવું સાંભળ્યા પછી મોહરાજાને કેવી રીતે જીતાય, કર્મબંધન કેવી રીતે છૂટે, ડગલે પગલે બંધાતા કર્મોથી આત્મા કેવી રીતે મુક્ત બને તે માટે કેવી તૈયારી કરવી પડશે તેનો વિચાર કરજો. બાકી મોહરાજા તોફાન કરવામાં બાકી રાખતો નથી. મોહરાજાએ તો ઘણાં ઊંચે ચઢેલાને પાડી નાંખ્યા છે. ભલભલાના ગોટલા અને છોતરા કાઢી નાંખ્યા છે. જેઓ મોહરાજાની મહાસેના જોઈને ડર્યા નહિ, પાછા પડયા નહિ, ગમે તેવી મુશીબતો સામે નોડર રહીને ધર્મરાજાને શરણે જઈ તેમનું શરણ સ્વીકાર્યું તે આત્માઓ અનંત સુખના ભોક્તા બની ગયા. જો મારે ને તમારે પણ એવા સુખના ભોક્તા બનવું હોય તો જ્ઞાની કહે છે કે,

"એવી કદી ન કરીએ મોજ, પાછળથી આવે કર્મની ફોજ,
ખબરદાર તો કરે સાચી ખોજ, એમાં બને દિવાના રોજ."

હે આત્મા ! તું મોહરાજાને તાબે થઈને મોજમઝા ઉડાવવામાં ભાન ન ભૂલીશ. આ સ્થાન તો એવું છે કે સ્હેજ ભાન ભૂલ્યા તો પાછળ કર્મરાજાની મોટી ફોજ તારી પાછળ ઉભેલી છે તે તને એવી ઘેરી વળશે કે એમાંથી છૂટવું મુશ્કેલ થઈ પડશે. જેને કર્મરાજાની ફોજમાંથી મુક્ત થવાની લગની લાગી છે એ તો સતત સાવધાન બનીને આત્માની ખોજ કરે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩મા અધ્યયનની વાત ચાલે છે. નમુચિ પ્રધાને સંભૂતિ મુનિને ખૂબ માર માર્યો એટલે મુનિના દિલમાં ક્રોધાગ્નિએ પ્રવેશ કર્યો. સમતારૂપ રૂપ જળ બળી ગયું. ભયંકર ક્રોધ આવવાથી તેજુલેશ્યાના કારણે મુનિના મુખમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળ્યા ને હસ્તિનાપુરમાં વ્યાપી ગયા. જેમ અગ્નિના ભડકા બળતા હોય તેવી ગરમી લાગી, તેથી નગરજનો ડરથી આમતેમ નાસભાગ કરવા લાગ્યા. શા માટે આમ બન્યું છે તેની કોઈને ખબર નથી. આ કોઈ દૈવી કોપ થયો છે એમ સમજતા હતા. આ તો અગ્નિનો ભય છે પણ ઘણી વખત માણસનો ક્રોધ એવો ભયંકર હોય છે કે માણસ ધ્રુજી ઊઠે છે, પણ આ તો "બહુરત્ના વસુંધરા" આ પૃથ્વી તો ઘણાં રત્નોને ધારણ કરનારી છે. એમાં કંઈક જીવો ક્રોધી હોય છે તો કોઈ ક્ષમાશીલ હોય છે. તેમને માથે ગમે તેવા સંકટ આવે છતાં ક્ષમા છોડતા નથી. અંતે એની ક્ષમા અને શીતળતા રૂપ પાણી આગળ ક્રોધાગ્નિને ઠરી જવું પડે છે. એનો પુરાવો આપતી એક કહાની તમને સંભળાવું.

એક માતાને બે દીકરા અને એક દીકરી એમ ત્રણ સંતાનો હતા. મોટા પુત્રનું નામ વિજય અને નાનાનું નામ સુરેશ હતું. પુણ્યોદયે સંપત્તિ ખૂબ હતી પણ સંતાનોને મૂકીને પિતા સ્વર્ગવાસ થયા. વિજય અને સુરેશ વચ્ચે દસ વર્ષનું અંતર હતું. વિજય વીસ વર્ષનો થયો ત્યારે સુરેશ દશ વર્ષનો હતો. પાપ કર્મના ઉદયે સુરેશ જન્મથી મૂંગો ને બહેરો હતો પણ ગમે તેવો દીકરો હોય તો પણ માતાને તો વહાલો

હોય છે, એટલે માતા સુરેશને પ્રેમથી ઉછેરતી હતી. વિજય બાવીશ વર્ષનો થયો એટલે એને કોઈ સારા ઘરની સંસ્કારી કન્યા સાથે ખૂબ ધામધૂમથી પરણાવ્યો. કન્યાનું નામ સુનંદા હતું. જેવું એનું નામ હતું તેવા જ એના ગુણ હતા. સુનંદા બહુ ડાહી ને ગંભીર હતી. બોલે તો જાણે એના મુખમાંથી અમી ઝરે, પણ એનો પતિ વિજય ખૂબ ક્રોધી હતો. તેને નાનો ભાઈ સુરેશ તો પહેલેથી જ ગમતો ન હતો, પણ જ્યાં સુધી માતા બેઠી હોય ત્યાં સુધી એનું શું ચાલે? આ બે દીકરાથી દીકરી મોટી હતી. એ તો એના પિતાજી જીવતા સાસરે ગઈ હતી, તેનું નામ શર્મીલા હતું. એને પણ નાનો ભાઈ ગમતો ન હતો. માતા બધું સમજતી હતી કે હું છું ત્યાં સુધી આ છોકરાને પાળીશ પછી આ ભાઈ કે બહેન એને પાળે તેવી આશા નથી. સુરેશ બિચારો બોલી શકતો ન હતો, કંઈ સાંભળતો ન હતો પણ અંદરથી બધું સમજતો હતો. માણસના મુખ જોઈને એ બધું સમજી જતો કે આને મારા ઉપર પ્રેમ છે કે નહિ!

"વહુને ભલામણ કરતા સાસુ" :- મોટાભાઈ કે મોટી બહેન સુરેશ તરફ કદી પ્રેમભરી દૃષ્ટિથી જોતા ન હતા કે કદી એક લોહીની સગાઈની લાગણી વ્યક્ત કરતા ન હતા. બહેન તો કયારેક આવતી પણ ભાઈ તો ઘરમાં રહેતો એટલે બિચારો રાંક પશુ જેવો સુરેશ વિજયની મુખાકૃતિ જોઈને ધ્રુજી ઉઠતો. જેમ પારેવું બિલાડીને જોઈને ફફડે તેમ એ ફફડતો હતો. સુનંદા પરણીને આવ્યા પછી મહેમાનો બધા પોતપોતાને ઘેર વિદાય થયા. વિજય કામધંધા માટે બજારમાં ગયો એટલે સાસુ-વહુ અને સુરેશ ત્રણ જણા ઘરમાં હતા. સાસુજી જમીને સૂતા ત્યારે વિનયી વહુ સુનંદા સાસુજીના પગ દાબવા ગઈ, ત્યારે સાસુએ ખૂબ નમ્રતા અને મીઠાશથી કહ્યું બેટા સુનંદા! તું ખૂબ સંસ્કારી ને ડાહી છે, વળી શ્રીમંત ઘરની છે એટલે તારામાં ઉદારતા પણ ઘણી છે. મને તો તારું મુખ જોઈને એમ જ લાગે છે કે તું મારા ઘરની કુળદેવી છે. બેટા! હું તારી પાસે એક વચન માંગુ છું. ઘરમાં લક્ષ્મીનો તૂટો નથી, બધી રીતે સુખ છે પણ મારા પૂર્વકર્મના ઉદયથી આ મારો સુરેશ જન્મથી મૂંગો ને બહેરો છે. બિચારો પશુ જેવો છે. એને ખાવા આપીએ તો ખાય ને પાણી પીને એક ખૂણામાં બેસી રહે છે. હું જીવું છું ત્યાં સુધી તો કોઈ ચિંતા નથી પણ આ જિંદગીનો શું ભરોસો છે? મારા અંતિમ સમયે કદાચ હું બેભાન હોઉં, કદાચ ભાનમાં હોઉં ને બોલી ન શકું તો તમને ભલામણ કરવાની રહી જાય તેથી અત્યારથી તારી પાસે વચન માંગુ છું. તું મારા સુરેશને સાચવજે. એની ખબર લેજે, નહિતર એની હાલત કૂતરા જેવી થઈ જશે. બેટા! લોકો મૂંગા પશુઓનો દયા કરે છે, એને પાળે છે ને પોષે છે. તો આ એક પશુ જેવા ગરીબ બાળકને તું પાળજે. ભગવાન તને સુખી કરશે. બાકી મારો વિજય કે શર્મીલા તો એના સામું જોવે તેવા નથી, તેમા પણ વિજય તો એને પશુખાનામાં મૂકી આવશે. એને જરા પણ દયા નથી. આટલું બોલતાં સાસુનો કંઠ રૂંધાઈ ગયો ને આંખમાંથી ઘોર ઘોર જેવા આંસુડા સરી પડયા.

"સુનંદાએ સાસુને આપેલું આશ્વાસન" :–વિનયવંત સુનંદા કહે છે બા! તમે રડશો નહિ, મૂંઝાશો નહિ. હું આપને વચન આપું છું કે મારા નાના દિયરીયાને પેટના દીકરા જેવો ગણીશ. એને જમાડીને હું જમીશ, એને સૂવાડીને હું સૂઈશ. હું એના સાજામાંદાની સંભાળ લઈશ, મારા પ્રાણની જેમ એને સાચવીશ. બા....તમે ચિંતા ન કરશો. એમ કહીને સાસુને છાના રાખ્યા. વહુને પરણીને આવ્યા હજુ ત્રણ દિવસ થયા છે ને એના આવા અમી ઝરતા વચન સાંભળીને સાસુને શાંતિ થઈ. તેમના મનમાં આનંદ થયો કે શું મારી વહુ ડાહી, ગુણીયલ ને ગંભીર છે! નહિતર હજુ પરણીને આવી છે ને આવું વચન કોણ આપે? બીજી વહુ હોય તો એમ કહી દે કે એ પળોજણ હું કયાં કરું! હજુ તો પરણીને આવી છું ને મારા માથે ભાર કયાં નાંખો છો? તમે તમારા દીકરાને સંભાળી લેજો. મારા પુણ્યોદયે મને આવી ગુણીયલ વહુ મળી. છ મહિના આનંદથી પસાર થયા. કુદરતને કરવું એક દિવસ અચાનક સાસુની તબિયત બગડી. એક જ દિવસની બિમારીમાં સાસુજી દુનિયા છોડીને ચાલ્યા ગયા. માતા સમાન પ્રેમાળ સાસુ જતાં સુનંદાના દુઃખનો પાર ન રહ્યો. એ કરૂણ સ્વરે રડતી કહેવા લાગી હે કાળરાજા! હજુ તો મને પરણ્યા છ મહિના થયા છે. મારા કંકુપગલા લૂછાયા નથી તે પહેલા મારી માતા સમાન સાસુજીને કયાં ઝડપી લીધા! એ ક્રૂર કાળરાજા! તને જરા પણ દયા ન આવી તે આ શું કર્યું?

"સુરેશનો કરૂણ કલ્પાંત" :– પેલો મૂંગોને બહેરો સુરેશ બિચારો બોલી શકતો નથી. ભાભીના કરૂણ શબ્દો સાંભળી શકતો નથી, પણ એના મુખ ઉપરના હાવભાવ જોઈને બધું સમજી જાય છે. એ પણ અંદરથી પોકાર કરે છે મને પાળનારી મારી મમતાળુ માતા મને છોડીને ચાલી ગઈ! માતાનું શબ પડયું છે. એના પેટ ઉપર માથું મૂકીને ચોધાર આંસુએ રડતો અંતરથી પોકાર કરે છે હે ભગવાન! તને આ પશુ જેવા છોકરાની દયા ન આવી! હવે મારું શું થશે! અરેરે....મા, તું મને મૂકીને કયાં ચાલી ગઈ? મને તારી સાથે જ લઈ જા ને! તારા વિના આ દુનિયામાં મારું કોણ સગું છે? એમ અંતરથી માતાને કહેતો હોય તેવો હાવભાવ વ્યકત કરે છે. ભાભી એના માથે હાથ ફેરવીને કહે છે કે ભાઇ! આપણા બા ચાલ્યા ગયા. તમે દૂર જઈને બેસો. એમ ઈશારાથી કહે છે પણ માનો પ્રેમ છે ને? એ દૂર ખસતો નથી. માતાને જોઈ જોઇને રડે છે ત્યારે મોટોભાઇ વિજય એને ઢસેડીને દૂર મૂકી આવ્યો ને કહે છે એ ખૂણામાં બેસી રહે. હવે અહીં આવીશ નહિ. માની લાગણીના પ્રદર્શન નથી કરવા. એક તો માતાનો વિયોગ છે ને બીજી તરફ મોટાભાઇનો ક્રોધ એટલે બિચારો સુરેશ ફફડી ઊઠયો, ત્યારે સુનંદા એના પતિને કહે છે નાથ! તમે આવું શા માટે કરો છો? તમને એમ નથી થતું કે મારા ભાઇને માથે હાથ ફેરવીને હું છાનો રાખું ને ઉપરથી ક્રોધ કરો છો? અત્યારે તો સગાવહાલા બધા ભેગા થયા હતા એટલે કંઈ ન બોલ્યો. દુઃખિત દિલે માતાની અંતિમ ક્રિયા પતાવી.

જ્યારથી સાસુજી ગયા ત્યારથી સુનંદા જેમ સાસુ સુરેશને સાચવતી એના કરતાં પણ અધિક સાચવતી હતી. એ ઊઠે ત્યારથી એ ઊંઘે ત્યાં સુધી એની પૂરેપૂરી સંભાળ રાખતી ત્યારે વિજય કહેતો સુનંદા ! હવે તું આ મૂંગા પશુની મમતા છોડી દે. તું એની પાછળ કેટલો ભોગ આપે છે. હવે હું એને ઘરમાં રાખવા માંગતો નથી. બા હતા ત્યાં સુધી હું કંઇ બોલી શકતો ન હતો પણ હવે તો મારું ધાર્યું થશે. સુરેશ મોટાભાઈનાં મુખ ઉપરના હાવભાવથી સમજી જતો કે આ શું કહેવા માંગે છે ? ત્યારે સુનંદા કહેતી કે નાથ ! આપ આ શું બોલો છો ? દુનિયામાં લોકો આવા મૂંગા–બહેરા છોકરાઓની દયા કરે છે. એમને માટે અનાથાશ્રમ બોલીને સેવા કરે છે તો આ તો આપણો ભાઈ છે. શું તમને તમારા ભાઈની દયા નથી આવતી ? આ શબ્દો તમારા મુખમાં શોભે છે? આપણું ઘરમાં શું દુઃખ છે? રોટલા ભેગો રોટલો ખાય છે ને આટલા મોટા ઘરમાં એક ખૂણામાં સૂઈ જાય છે. જે ખાવા આપીએ તે ખાઈ લે છે. જેવા કપડા પહેરાવીએ તે પહેરી લે છે. એ બિચારો કંઇ માંગે છે ? છતાં તમે શા માટે આમ કરો છો ? ત્યારે વિજયે સુનંદાને ન કહેવાના શબ્દો કહ્યા. ક્રોધ કરીને એને મારી બેસતો, ત્યારે મૂંગો સુરેશ રડી પડતો ને ભાભીને ઇશારાથી સમજાવતો કે ભાભી ! મારા નિમિત્તે તમારે માર ખાવો પડે છે તો મને જવા દો, મને ભગવાન લઇ જશે ત્યાં જઇશ. સુરેશના ભાવ જાણી ભાભી ખૂબ રડયા. આથી સુરેશ ભાભીને વળગી પડયો. ભાભી વિના એનું કોઇ સગું ન હતું.

"દિયર માટે કષ્ટ વેઠતી ભાભી" :– દરરોજ દિવસ ઉગે ને વિજય કકળાટ કરે કે આ સુરેશને હવે અનાથાશ્રમમાં મૂકી દો. એ ત્યાં જિંદગી પૂરી કરશે ત્યારે સુનંદા કહેતી કે જો તમારે એને મૂકી આવવો હોય તો પહેલા મને મૂકી આવો. મારા દેહમાં પ્રાણ છે ત્યાં સુધી હું એને નહિ મૂકવા દઉં. દરરોજ ઘરમાં કંકાસ થતો જોઈને સુરેશ મનમાં મનમાં વિચાર કરતો, અરેરે....ભાભી મારા માટે કેટલું સહન કરે છે ? મારી પાછળ એણે તો ભેખ લીધો છે. આ રીતે કલેશમાં ને કલેશમાં ત્રણ વર્ષ વીતી ગયા, પછી એક દિવસ સુનંદાની માતા સીરીયસ થઈ ગઈ તેથી તેને પિયર જવું પડે તેમ હતું. એટલે વિજય કહે છે હવે તું આ પશુને શું કરીશ ? સુનંદા કહે છે હું એને સાથે લઈ જઈશ, ત્યારે કહે છે એ તને ત્યાં હેરાન કરશે, માટે મારું કહ્યું માનીને તું એને અહીં મૂકીને જા. હું એને કયાંય મૂકી આવીશ, ત્યારે સુનંદા ગુસ્સે થઈને કહે છે નાથ ! તમારું કાળજું તો જાણે પથ્થર જેવું લાગે છે કે એક લોહીની સગાઇ છતાં ભાઇને માટે તમારા દિલમાં સ્થાન નથી. એમ કરીને ખૂબ રડી. એના પતિને ખૂબ શિખામણ આપી. બીજે દિવસે સુનંદા સુરેશને લઈને પિયર આવી. ત્યાં માતાએ પ્રાણ છોડી દીધા. સુનંદા છાતીફાટ રૂદન કરવા લાગી. અહો પ્રભુ ! આ શું કર્યું ? સાસરેથી સ્નેહાળ સાસુજી ગયા ને પિયરમાંથી

મમતાળુ માતાએ વિદાય લીધી. હવે મારું કોણ ? સગાવહાલાઓએ એને આશ્વાસન આપી શાંત પાડી. સુનંદા એના માતા-પિતાને એક જ દીકરી હતી, એટલે વૃદ્ધપિતાએ પોતાના મૃત્યુ બાદ સ્થાવર અને જંગમ બધી મિલકતના વારસદાર તરીકે સુનંદાને જાહેર કરીને સોલીસીટર પાસે તૈયાર કરાવેલો દસ્તાવેજ સસરાએ વિજયના હાથમાં મૂકયો. બે દિવસ રોકાઈને વિજય ઘેર આવ્યો ને સુનંદા થોડા દિવસ સુરેશને લઈને પિયર રોકાઈ. પોતાની દીકરીને મૂંગા સુરેશની સેવા કરતી જોઈને એના પિતા કહે, છે બેટા ! તું આ ગરીબ ગાય જેવા છોકરાની પ્રેમથી સેવા કરે છે તેથી મને ખૂબ આનંદ થાય છે. પિતાજી ! એ તો આપના સંસ્કાર છે. આ તો મારો ભાઈ જ છે ને ! ભાઈની સેવા તો કરવી જ જોઈએ ને ! એમાં કંઈ વિશેષ નથી. પુત્રીનો વિનય વિવેક જોઈને પિતાને ખૂબ આનંદ થયો. થોડા દિવસ પિયર રહીને સુનંદા સાસરે આવી.

"અભિમાની શર્મિલાએ કાઢેલા વેણ" :- સુરેશને કાઢી મૂકવા માટે વિજય સુનંદાને ખૂબ સમજાવતો અને આડકતરી રીતે અનેક પ્રયત્નો કર્યા પણ કોઈ રીતે સુનંદા સમજતી નથી એટલે તે ખૂબ કંટાળી ગયો. અને પોતાની બહેન શર્મીલા અને બનેવી રાજેશને પત્ર લખીને તેડાવ્યા. બીજે દિવસે તેઓ ગાડી લઈને આવી ગયા. સુનંદાએ નણંદ અને નણદોઈનો સત્કાર કર્યો. જમી પરવારીને બધા દિવાનખાનામાં બેઠા. સુનંદા પણ કામકાજથી નિવૃત્ત થઇ એટલે આવીને બેઠી. સુરેશ પણ ભાભીની ગોદમાં લપાઈને બેઠો, ત્યારે શર્મીલા સુરેશ તરફ જોઈને બોલી ભાભી ! તમે આ જાનવરને કયાં સુધી જાળવી રાખશો ? વિજયભાઈને આને માટે કેટલી બધી વ્યથા ભોગવવી પડે છે અને તમે આની આટલી બધી ચિંતા કરો છો એ જ મને નવાઈ લાગે છે. હવે એ છોકરો શું ખપનો છે ? મારે અને ભાઇને એના લીધે કેટલું શરમાવું પડે છે. અમારે તો કોઈને કોઇ પાર્ટી અને પોથામોમાં જવાનું હોય છે અને તમે આને સાચવવામાં રહીને સાથે કયાંય જાવ આવો નહિ એ કેમ ચાલે ? નણંદના વચનો સાંભળીને સુનંદા સ્તબ્ધ બની ગઈ. સત્તર વર્ષનો સુરેશ ચિંતામાં ને ચિંતામાં માતાના ગયા પછી ગળીને નાનકડા દશ વર્ષના બાળક જેવો થઈ ગયો છે. તે બહેનના શબ્દો સાંભળતો નથી પણ બધું સમજતો હતો એટલે એરકંડીશન દિવાનખાનામાં પણ જાણે એ ધગધગતા રેગિસ્તાનમાં આવીને બેઠો હોય એવું લાગતું હતું. એ સુનંદાની ગોદમાં વધુ લપાઈ ગયો એટલે શર્મીલાનો આંખમાંથી તિરસ્કાર છૂટયો. તે મોઢું બગાડીને કહે છે છી....છી....ભાભી ! તમને આવું કેમ ગમે છે ? એને મેન્ટલ હોસ્પિતાલમાં ધકેલી દો.

" દિયર માટે ભાભીએ છોડેલા સુખ " :- સુનંદાએ ગંભીર સ્વરે કહ્યું બહેન ! એ કંઈ પાગલ થોડો છે ? જન્મથી મૂંગા અને બહેરા બાળકને મેન્ટલ હોસ્પિતાલમાં મૂકવાનો શો અર્થ ? વિજયે લાલઘૂમ આંખ કરીને કહ્યું હવે હું એક

ક્ષણ એને ઘરમાં રાખવા ઈચ્છતો નથી. હું એનાથી ત્રાસી ગયો છું. એને મેન્ટલ કિલનિકમાં ખસેડવાનું મેં નક્કી કર્યું છે. એમ કહીને વિજયે ફાઈલમાંથી કાગળો કાઢીને કહ્યું કે સંમતિ પત્ર પર તું સહી કરી આપ. એ ફોર્મને પકડતા સુનંદાનો હાથ ધ્રુજી ઊઠયો ને આંખમાં આંસુ લાવીને બોલી–આપ આવું શા માટે કરો છો ? આખરે તો એ તમારો ભાઈ છે ને? કુટુંબમાં એનો હક્ક અને હિસ્સો છે. સુનંદા ! તારી દલીલો સાંભળીને હું ત્રાસી ગયો છું. પ્લીઝ, એ જુની રેકાર્ડ હવે ખૂબ ઘસાઈ ગઈ. મેન્ટલ સર્જનના સર્ટિફિકેટ પછી હક્ક અને હિસ્સાની વાત ખતમ થઈ જાય છે, અને હા....બોલતા બોલે એક પત્ર ફાઈલમાંથી બહાર કાઢયો ને કહ્યું આ સર્ટિફિકેટ ઉપર પણ તારી સહીની જરૂર છે. સુનંદાએ કરાર પત્ર વાંચી ગઈ. પિતા તરફથી મળેલી સઘળી સ્થાવર જંગમ મિલકતના વહીવટકર્તા તરીકે વિજયનું નામ એમાં બતાવવામાં આવ્યું હતું. સુનંદા તરફથી મિલકતના જજમેન્ટ તરીકેનું એ મુખત્યાર નામું હતું. આખરે આ બધું શા માટે? કાગળો ટેબલ ઉપર મૂકીને એ ઊભી થઈ ગઈ ને સુરેશનો હાથ પકડીને બોલી હું અને સુરેશ ઘરમાંથી સાથે જ નીકળીશું. જ્યાં મારો સુરેશ ત્યાં હું ને હું ત્યાં સુરેશ. તમે સોલીસિટર પાસે એક વધુ ડ્રાફ્ટ તૈયાર કરાવો ડાયવોર્સ માટેનો. હું એ તમામ કાગળો ઉપર સાથે સહી કરી આપીશ, કારણ કે તમારે આ લાખોની મિલકતનો વારસો જોઈએ છે ને ? ત્યારે વિજયે મોટેથી કહ્યું શું તું મને ધમકાવવા માંગે છે? ત્યાં તો શર્મીલા ગર્જી ઊઠી ભાભી ! તમે તો વિજયને અન્યાય કરો છો. એ ધારે તો બધું કરી શકે તેમ છે. સુનંદાએ કહ્યું સાચી વાત છે. શ્રીમંતો દુનિયામાં શું નથી કરી શકતા ? બહેન ! એ નહિ સમજે. એણે મારી સાથે લગ્ન નથી કર્યા, સુરેશ સાથે કર્યા છે. આ શબ્દો સુનંદાને હાડહાડ લાગી આવ્યા તે ખૂબ રડી. ભાઈ અને બહેન એક થઈ ગયા ને કહે છે જો તારે સુરેશને છોડવો ન હોય તો આ ઘર છોડીને સુરેશને લઈને ચાલી જા. બહેનનો સાથ મળ્યો એટલે વિજય સુનંદાને કાઢી મૂકવા ઊઠયો. સુનંદા કહે. ભલે, પણ મારી એક વાત સાંભળી લો કે મેં તમારી સાથે લગ્ન કર્યા છે પણ સુરેશ સાથે નહિ. મુખ ઉપર હાસ્ય વેરતી એ બોલી મારી ઈચ્છા તો ઘરને નંદનવન બનાવવાની હતી પણ નંદનવનને બદલે વેરાન વન બની ગયું. પોતાના નિમિત્તે ઘરમાં કાળો કકળાટ જોઈને સુરેશનું હૃદય ચીરાઈ ગયું. ભગવાન....મારી માતા મને મૂકીને ગઈ ત્યારે આ બન્યું ને ? મારા કારણે દયાના અવતાર સમા મારા ભાભીને કેટલું સહન કરવું પડે છે. એને એની માતા યાદ આવી ગઈ. ઓ....મા ! તું શા માટે મને મૂકીને ગઈ? ભાઈ કે બહેન કોઈ મારા સગા નથી. અત્યારે સાચા સગા મારા ભાભી છે. ભાભી ન હોત તો મારું શું થાત ? મારે કારણે મારા ભાભીના માથે તો દુઃખના ઝાડ ઉગ્યા છે. મા....મારી રડતી ભાભીને આશ્વાસન દેવા તો એકવાર

આવ. એ મા ? તું કેમ આવતી નથી ને બોલતી નથી ? મારા માથે વહાલભર્યો હાથ કેમ નથી ફેરવતી ? એમ કહી આંખમાંથી આંસુ સારતો એની મૂક ભાષામાં માતાને પોકાર કરે છે.

ઓ...મા...ઓ...મા...પેલું પંખી બોલે, સૌ માનવ બોલે,
પણ તું કેમ ના બોલે મારી મા...મને કોઈ બતાવો (૨)
કોઈ કહે છે ગઇ આકાશે, ઊંચે ઊંચે પ્રભુ પાસે,
ઓ ભગવાન મને તું લઇ લે, પણ પાછી દેને મારી મા...ઓ..મા...

"સુરેશનો પોકાર" :– હે પંખીડા ! તું મારી માતાને મારો આટલો સંદેશો આપી આવ કે તારો સુરેશ તારા વિના ઝૂરે છે અને સુરેશનું રક્ષણ કરનાર તારી પુત્રવધૂના માથે તો દુઃખના ડુંગરા તૂટી પડયા છે માટે તું જ્યાં હોય ત્યાંથી આવીને તારા સુરેશને લઈ જા. આમ કહીને રડે છે. સુરેશના મુખ સામે જોવાતું નથી. આ જોઈને સુનંદા બોલી ઉઠી અહો....આટલી મોટી આ પૃથ્વી ઉપર મને અને મારા સુરેશને થોડી જમીન નહિ મળે ? શું આકાશનો એક નાનકડો ટુકડો છાપરા માટે નહિ મળે ? હું જાઉં છું ત્યારે ભાઈ–બહેન કહે છે ભલે જા, પણ આ કાગળીયા ઉપર સહી કરતી જા. પિયરની મિલકતના કાગળ ઉપર સહી કરાવી અને છૂટાછેડા કરવાના કાગળ ઉપર પણ સહી કરાવી. સુનંદાએ હસતા મુખડે સહી કરી આપી અને સુરેશને સાથે લઈ ઘરમાંથી કંઈ પણ લીધા વિના ચાલી નીકળી. ઘરની સાક્ષાત્ કુળદેવી સમાન સુનંદાને જતી જોઈને લોકો બોલવા લાગ્યા કે આ વિજયને વિનાશકાળે વિપરીત બુદ્ધિ સૂઝી છે. આ પવિત્ર બાઈને કાઢી મૂકશે તો દુઃખી દુઃખી થઈ જશે. એની બહેન પણ એના જેવી છે કે એના ભાઈને સાચી સલાહ આપતી નથી. આ મૂંગા છોકરાના પુણ્યે એ સુખી છે પણ અભિમાનમાં એ ભાન ભૂલ્યો છે. આડોશી પાડોશી સામેથી સમજાવવા ગયા પણ કોઈની વાત સાંભળી નહિ.

સુનંદા સુરેશને લઈને ગામની બહાર નીકળી. ત્યાં એક કૂવો આવ્યો, ત્યારે સુરેશ ઈશારો કરીને ભાભીને કહે છે ભાભી ! તેં તો મારા માટે દુઃખ વેઠવામાં બાકી નથી રાખ્યું. આ પાપીને જીવાડવામાં શું સાર છે ? તું મને આ કૂવામાં ફેંકી દે ને તું ઘેર જા. ભાભી તેને ઈશારાથી સમજાવે છે કે તમને કૂવામાં ફેંકી દેવા માટે ઘર નથી છોડયું. ચાલતાં ચાલતાં તેઓ એક ગામડામાં આવ્યા. ત્યાં એક ઝુંપડી બાંધીને દિયર ભોજાઈ રહ્યા. સુનંદાની પાસે થોડા પૈસા હતા તેમાંથી ખાવાનું લાવીને બંનેએ ખાધું. સુનંદા લોકોના કામ કરીને પેટ ભરવા લાગી. પાસે થોડા પૈસા વધ્યા એટલે પીપરમીટ વગેરે ચીજોની નાનકડી દુકાન કરી જે મળે તેમાંથી ગુજરાન ચલાવવા લાગ્યા.

"વિજયને કર્મે આપેલી થપ્પડ" :– આ તરફ સુનંદાના નીકળ્યા પછી આઠ દિવસમાં વિજયને વહેપારમાં ખોટ ઉપર ખોટ આવવા લાગી. બહારગામથી

સમાચાર આવ્યા કે પેઢીમાં આગ લાગી અને બધું બળી ગયું. પોતાના ઘરમાં પણ આગ લાગી અને બધું રસાતાળ થઈ ગયું. વહેપારમાં ખોટ જાય તો પણ ઘરમાં તો કંઈક હોય પણ જ્યાં અગ્નિનો પ્રકોપ બધે થાય ત્યાં શું બચે ? વિજય નિરાધાર બની ગયો, ત્યારે લોકો બોલવા લાગ્યા કે સતી સુનંદાને અને રાંકડા ભાઈને તેં કાઢી મૂકયા એના નિઃસાસા લાગ્યા, તેથી તું દુઃખી દુઃખી થઈ ગયો. હવે એ તારી પત્નીને શોધી લાવ તો તારું ઠેકાણું પડશે. હવે વિજયની આંખ ખુલી ગઈ એટલે પ્રેમાળ પત્ની યાદ આવી. ચારે તરફ સુનંદાને શોધવા લાગ્યો. શોધતા શોધતા બાર મહિને પત્તો મળ્યો. વિજય સુનંદાના ચરણમાં પડયો ને કહ્યું સુનંદા....તું ચાલ. તારા ગયા પછી આઠ દિવસમાં મારી આ દશા થઇ છે. મને હવે મારી ભૂલનું ભાન થયું છે. સુનંદાએ કહ્યું તમે તો છૂટાછેડા માટે સહી કરાવી લીધી છે એટલે હું તમારી સાથે નહિ આવું. મને અહીં સ્વતંત્ર જીવન જીવવામાં ઘણી શાંતિ છે. તમે ખુશીથી બીજીવાર લગ્ન કરો. વિજયે દુઃખની બધી કહાની સુનંદાને કહી, ત્યારે દયાળુ સુનંદાએ કહ્યું હું આવું પણ સુરેશ તો જિંદગીભર મારી સાથે જ રહેશે. તે કબૂલ હોય તો જ આવીશ. વિજયે હા પાડી એટલે ત્રણે જણા ગામમાં આવ્યા. સુનંદા પાસે જે કંઈ પૈસા હતા તેમાંથી પોતાનું મકાન હતું તે જગ્યાએ નાનકડું ઘર બનાવ્યું ને ત્યાં રહેવા લાગ્યા. હવે તો વિજય સુરેશને પ્રેમથી રાખે છે.

"સુરેશે બતાવેલ ચરૂ" :– એક દિવસ સુરેશ ઈશારો કરીને સુનંદાને કહે છે અહીં ખોદો. ભાભીએ ખોદ્યું તો રત્નનો ભરેલો ચરૂ નીકળ્યો. સુનંદાએ વિજયને કહ્યું જુઓ, આ તમારા લાડીલા ભાઈએ ચરૂ બતાવ્યો. હવે તો સુરેશ વિજયને શ્વાસ–પ્રાણ વહાલો થઈ પડયો. પાસે ધન આવવાથી પહેલાના જેવો બંગલો બંધાવ્યો. વહેપાર શરૂ કર્યો. થોડા સમયમાં પહેલાની જેમ સુખી થઈ ગયા ને આનંદપૂર્વક રહેવા લાગ્યા. સુનંદા ધર્મીષ્ઠ હતી. તે દરરોજ ધર્મની આરાધના કરતી. એના સંગે વિજય પણ ધર્મીષ્ઠ બની ગયો. એને માટે સુનંદા હવે ભગવાન તુલ્ય હતી. તે દરેક કાર્ય એની સલાહ લઇને કરતો. એક વખત ગામમાં અવધિજ્ઞાની સંત પધાર્યા. સુનંદા અને વિજય સુરેશને સાથે લઈને ગુરૂના દર્શન કરવા ગયા. ગુરૂના દર્શન કર્યા. વ્યાખ્યાન સાંભળ્યા પછી બધા લોકો ચાલ્યા ગયા પણ સુનંદા અને વિજય બેસી રહ્યા.

"સંયમ માર્ગે પ્રયાણ" :– ગુરૂદેવને થયું કે આ જિજ્ઞાસુ જીવો કંઈ પૂછવા માટે બેઠા લાગે છે. ત્યાં સુનંદાએ ગુરૂભગવંતને વંદન કરીને પૂછયું ગુરૂદેવ ! આજે આપે વ્યાખ્યાનમાં કર્મનું સ્વરૂપ સમજાવ્યું, તો આ મારો દિયર કયા કર્મના ઉદયથી જન્મથી બહેરો ને મૂંગો છે તે આપ મને કહો. ગુરૂએ ઉપયોગ મૂકીને જોયું, પછી કહ્યું : બહેન ! આ તો પવિત્ર આત્મા છે. એણે પૂર્વભવમાં ચારિત્ર લીધું હતું પણ એક ચારિત્ર માર્ગમાં કલેશ થવાથી એણે ગુરૂની ઘોર અશાતના કરી હતી. એનું પ્રાયશ્ચિત

કે આલોચના કરી નહિ તેથી તેની આ દશા થઈ છે. સુરેશ ગુરૂના મુખના હાવભાવ ઉપરથી કંઈક સમજ્યો. એની શ્રોતેન્દ્રિય ખુલી ગઈ. કાને સંભળાવા લાગ્યું. પોતે પૂર્વભવમાં ગુરૂની કરેલી અશાતનાનું ફળ સાંભળીને મુખેથી પ્રાયશ્ચિત માંગે છે ત્યાં એની વાચા ખુલી ગઈ અને ગુરૂ પાસેથી પોતે કરેલી અશાતનાનું પ્રાયશ્ચિત લીધું. આલોચના કરીને કર્મો ખપાવ્યા. સુનંદા તથા વિજયને ખૂબ આનંદ થયો. સુરેશ સુનંદાના ચરણમાં ઝૂકી પડયો ને મુખેથી બોલ્યો ભાભી....ભાભી... તું તો મારી મા છે. તું ન હોત તો હું જીવતો ન હોત. તેં મારે માટે કેટલા કષ્ટો સહન કર્યા. તારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. એમ કહીને ચોધાર આંસુએ રડીને માફી માગી. સુનંદાએ કહ્યુ ભાઈ! એમાં મેં કંઈ વિશેષ નથી કર્યું. મેં તો ભાભી તરીકે મારી ફરજ બજાવી છે. એમ કહીને પોતાના લાડકા દિયરને ભેટી પડી, પછી સુરેશે મોટા ભાઈના ચરણમાં પડીને કહ્યું મોટાભાઈ! મારા નિમિત્તે આપને આજ સુધીમાં જે કંઈ દુઃખ થયું હોય તેની ક્ષમા માંગુ છું. આપ મને ક્ષમા આપો. વિજય ગળગળો થઈને કહે છે ઓ મારા લાડીલા વીરા! ક્ષમા તો તારે મને આપવાની છે. મેં તને ખૂબ કષ્ટ આપ્યું છે. મને માફ કર. મેં તને ઓળખ્યો નહિ. તેં તો મારું કંઈ અહિત કર્યું નથી. તું તો નિર્દોષ છે એમ કહીને બંને ભાઇઓ એકબીજાને ભેટી પડયા. અરસપરસ માફી માંગી. હર્ષના આંસુ વહાવ્યા, પછી સુરેશે કહ્યું ભાઈ–ભાભી! આપ મને ચારિત્ર માર્ગે જવાની રજા આપો. મારા કર્મોદયે મેં ઘણાં દુઃખ ભોગવ્યા. હવે સર્વથા દુઃખથી મુક્ત થવા માટે ચારિત્ર એ જ શ્રેષ્ઠ ઉપાય છે. નાના ભાઈનો વૈરાગ્ય જોઈ ને મોટાભાઇ પણ પાપનું પ્રાયશ્ચિત કરવા દીક્ષા લેવા તૈયાર થયા. સુનંદા તો એક સાધ્વી જેવી જ પવિત્ર હતી. એણે પણ દિક્ષા લેવાનો નિર્ણય કર્યો. પોતાની બધી મિલકત દાનમાં વાપરીને ત્રણે પવિત્ર આત્માઓ સંયમના માર્ગે સિધાવ્યા ને ઉગ્ર ચારિત્ર પાળી આત્માનું કલ્યાણ કર્યું.

આજે મહિનાના ઘરનો પવિત્ર દિવસ છે. કર્મોના કાટ ઉખેડવા માટે તપની આરાધના કરવા તૈયાર થજો. આજે સમય ઘણો થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. – ૧૭

શ્રાવણ સુદ ૭ ને સોમવાર તા. ૩૦–૭–૭૯

અનેકાંતવાદ દ્વારા સત્યનું સંશોધન કરનારા, સ્યાદ્વાદ દ્વારા સર્વનયોને અપનાવી સત્ય ધર્મનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવનારા, વિશ્વની વિરાટ અને વિરલ વિભૂતિ ભગવાન મહાવીર સ્વામીએ માનવજીવન પામી, દિવ્ય જીવન જીવી પરમેશ્વર પદ પ્રાપ્ત કર્યું.

ઉગ્ર સાધના કરી કર્મો સામે કેશરીયા કરી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી સ્વાનુભવ દ્વારા જીવોને ઉપદેશ આપ્યો. ભગવાનનો ઉપદેશ સાંભળી ભવ્યજીવો ઉન્માર્ગને છોડીને સન્માર્ગે વળે છે. અજ્ઞાનના અંધકારમાં આથડતા જીવો જ્ઞાનના પ્રકાશને પામે છે. અંધકારનું સામ્રાજ્ય ત્યાં સુધી ટકે કે જ્યાં સુધી સૂર્યના પ્રકાશનું એક પણ કિરણ બહાર નીકળ્યું નથી. જ્યાં સૂર્યનો પ્રકાશ થયો કે અંધારું સર્વથા વિલય થઈ જાય, તેમ જ્યાં સુધી જીવનમાં જ્ઞાનનો પ્રકાશ થયો નથી ત્યાં સુધી અજ્ઞાન અંધકાર ટકી શકે છે. જ્ઞાનનો પ્રકાશ આપનારા તીર્થંકર ભગવંતો આપણા અનંતાનંત ઉપકારી છે.

णेया जहा अंधकारंसि राओ, मग्गं ण जाणाइ अपस्समाणे।
से सूरिअस्स अब्भुग्गमेणं, मग्गं वियाणाइ पगासियंसि ।। સૂય.અ.૧૪ ગાથા ૧૨

સૂયગડાયંગ સૂત્ર એ સાધુ સાધ્વીના પિતાનું કામ કરે છે ને આચારંગ સૂત્ર એ માતાનું કામ કરે છે. આચારાંગ સૂત્રમાં સાધુ સાધ્વીનો આચાર કેવો હોય, સાધુ સાધ્વીએ કેવી રીતે જીવન જીવવું જોઈએ તે આચાર વિધિ સમજાવી છે, અને સૂયગડાયંગ સૂત્ર પિતાની માફક ટકોર કરે છે હે મારા સાધક ! તેં સ્વ પર હિત માટે જે શ્રધ્ધાથી ચારિત્રમાર્ગ અપનાવ્યો છે તેનું બરાબર યથાતથ્ય પાલન કરજે પણ સંસારના માન સન્માનના વાવાઝોડામાં અટવાઈને તારું ચારિત્ર ગુમાવીશ નહિ. આ ગાથામાં ભગવાન શું કહે છે !

જેમ માર્ગદર્શક પુરૂષ અંધારી રાત્રિમાં અંધકારના કારણે માર્ગ નહિ દેખાતો હોવાથી માર્ગને જાણી શકતો નથી, પણ સૂર્યનો ઉદય થતાં પૃથ્વી ઉપર પ્રકાશ ફેલાતા માર્ગને જાણી લે છે એવી રીતે વીતરાગ પ્રભુના ઉપદેશથી–જ્ઞાનથી જીવ સન્માર્ગને જાણી લે છે. અજ્ઞાનરૂપ અંધકારમાં ફસાઈ રહેલ આત્માઓ, જિનમાર્ગને નહિ જાણનારા સદ્‌ગુરૂના ઉપદેશથી સંસારના સ્વરૂપને જાણી સંસાર ભાવનો ત્યાગ કરી પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા બાદ સદ્‌ગુરૂના સમાગમથી અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થતાં જ્ઞાનરૂપી દીપકના પ્રકાશને પ્રાપ્ત કરી, મોક્ષ માર્ગને પ્રાપ્ત કરવાના જ્ઞાનને પ્રાપ્ત કરી લે છે. વીતરાગ પ્રભુની વાણીના જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે જીવનમાં સદ્‌ગુરૂના સત્સંગની જરૂર છે. સત્સંગ દ્વારા જીવનું અજ્ઞાન ટળે છે. સાચા સદ્‌ગુરૂ સાધકના જીવનમાં રહેલી ભૂલોને ટકોર કરીને સુધારે છે.

જ્ઞાતાજી સૂત્રમાં મેઘકુમારની વાત આવે છે. મેઘકુમારે ભગવાનની વાણી સાંભળી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. દીક્ષા લીધી તે દિવસે મેઘકુમાર સ્વાધ્યાય, ધ્યાનાદિ કરીને સંથારીયા ઉપર સૂઈ ગયા. ભગવાનના ચૌદ હજાર સંતો હતા. તે રાત્રે શરીરના કારણે ઊઠીને પરઠવવા માટે જતા આવતા. તેથી તેમની ઠોકર મેઘકુમારને વાગવા લાગી. આથી મેઘકુમારની નિદ્રા ઉડી ગઈ ને મનમાં વિચારવા લાગ્યા કે હવે મારાથી ચારિત્ર

પાળી શકાશે નહિ. રોજ આવી રીતે થાય ને મારી ઉંઘ ઉડી જાય તે કેમ સહન થાય ? સવાર પડે એટલી વાર. ભગવાનની પાસે જઈને એમનો વેશ પાછો સોંપી દઉં. મનમાં આવા માઠા પરિણામ આવ્યા પણ તમારામાં ને એનામાં ફરક એટલો કે આજે જો કોઈને આવા ભાવ આવે તો ગુરૂને કહેવા પણ ન જાય ને સીધા રવાના થઈ જાય, પણ મેઘકુમારના ભાવ એવા ન હતા. એમણે એક જ વિચાર કર્યો કે જેનું લીધું છે તેનું પાછું આપીને જવું. સવાર પડી એટલે મેઘકુમાર ભગવાનની પાસે ગયા ને હાથ જોડીને ઊભા રહ્યા. ભગવાન તો સર્વજ્ઞ હતા. સમય સમયની, ઘટ ઘટની અને મન મનની વાત જાણી દેખી રહ્યા હતા. એમને ખબર હતી કે મારો મેઘ શા માટે આવ્યો છે ? ભગવાન મીઠી વાણીથી કહે છે હે મેઘ ! જરા વિચાર કર. તારા મનમાં આવો વિચાર કેમ આવ્યો ? તારા જેવા પુરૂષને આ શોભે છે ? તું આવો સુકુમાલ મેઘ કયાંથી થયો ? આવા સુખો કેમ મળ્યા ? તારું પૂર્વ જીવન તો તપાસ. તને મારા સંતોની સહેજ ઠોકર વાગી તેમાં સાધુપણું છોડવા ઉઠયો ? આટલું તારાથી સહન ન થયું ? પણ ગતભવમાં તેં કેટલું કષ્ટ સહન કર્યું ?

યાદ કર યાદ કર હાથીના તનમાં, સસલું બચાવ્યું શરણાકારમાં,
કેમ મેઘ મનડાએ આવું વિચાર્યું, આજ મને સંતોએ ઠેબું માર્યું.

ભગવાને કહ્યું હે મેઘ ! તારું પૂર્વજીવન તપાસ. તેં પૂર્વભવમાં શું કર્યું ? તેં હાથીના ભવમાં તારા રક્ષણ માટે એક યોજન પ્રમાણ માંડલું બનાવ્યું હતું. વનમાં ભયંકર દાવાનળ લાગ્યો ત્યારે પશુ પક્ષીઓ પોતાનો જીવ બચાવવા માટે માંડલામાં આવીને ભરાઈ ગયા, ત્યારે એક સસલું રહી ગયું. એને માટે જગ્યા ન હતી. બિચારું જીવવાની આશાથી દાવાનળથી બચવા માટે આમતેમ ફાંફા મારતું હતું. એવામાં તને પગમાં ખણ આવવાથી તેં પગ ઉંચો કર્યો એટલે સસલું ત્યાં આવીને ભરાઈ ગયું. મૃત્યુના ભયથી વ્યાકુળ બનેલો માણસ કે પશુ જ્યાં સ્થાન મળે ત્યાં પેસી જાય છે પણ એ વિચાર નથી કરતો કે અહીં ઊભા રહેતા કચરાઈ તો નહિ જવાય ને ? એનો વિચાર કર્યા વિના સસલું ત્યાં ભરાઈ ગયું. હે મેઘ ! તું હાથી જેવો તિર્યંચ પ્રાણી હોવા છતાં તેં વિચાર કર્યો કે આ બિચારું સસલું જીવવાની આશાથી અહીં આવીને ભરાઇ ગયું છે. જો હું પગ નીચે મૂકીશ તો એ કચરાઈ જશે. એવી કરૂણાથી દાવાનળ શાંત ન થયો ત્યાં સુધી તેં પગ ઉંચો રાખ્યો. અઢી દિવસ પછી દાવાનળ શાંત થયો. પશુપક્ષીઓ સૌ પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા પછી તું પગ નીચે મૂકવા જતા પડયો. તે સમયે તારા ભાવ શુદ્ધ હતા. તમ્મર ખાઈને નીચે પડતા તારા પ્રાણ ચાલ્યા ગયા. હાથીના ભવમાં પોતાના પ્રાણની પરવા કર્યા વિના સસલાની કરૂણા કરીને બચાવ્યું. તેના પ્રભાવે હે મેઘ ! તું આ ભવમાં મગધ સમ્રાટ શ્રેણીક રાજાનો પુત્ર બન્યો અને વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. હે મેઘ ! એ ભવને તું યાદ કર. ભગવાનના

શબ્દો સાંભળતા જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું. એટલે હાથીનો ભવ પ્રત્યક્ષ જોયો. ત્યાં વિચાર થયો અહો ! ત્યાં કેટલું સહન કર્યું ને અહીં મારા વડીલ સંતો કે જેમની ચરણરજ મને સ્પર્શે તો પણ હું પાવન થઈ જાઉં. એવા સંતોની ઠોકર વાગી તે મારાથી સહન ન થઈ, તેથી મહાન પુણ્યોદયે મળેલા ચારિત્રરત્નને છોડી દેવા તૈયાર થયો ! ધિક્કાર છે મને ! મેઘમુનિને ભૂલનું ભાન થયું. ઠોકર ખાઈને ઠાકોર બની ગયા. પ્રભુના ચરણમાં મસ્તક મૂકીને કહે છે અહો મારા પ્રભુ! હવે આજથી આપના ચરણકમલમાં મારું જીવન અર્પણ કરી દઉં છું. ફક્ત આંખની ફરતી કીકી અને શ્વાસોચ્છ્વાસ એ બે સિવાય હું એક પણ વાત આપનાથી છૂપાવીશ નહિ. આપની ગમે તેવી આજ્ઞા હશે તો પાળવા તૈયાર છું. મારા સંતોની સેવામાં તત્પર રહીશ. વધુ શું કહું, આ દેહ આપણા ચરણે ધરી દઉં છું.

બંધુઓ ! મેઘમુનિ પ્રભુને અર્પણ થઈ ગયા. અર્પણતા વિના ત્રણ કાળમાં તપર્ણતા નહિ મળે. પારસમણી સાથે લોખંડનો સ્પર્શ કરાવવામાં આવે તો લોખંડ સોનું બની જાય પણ બેની વચ્ચે બારીક કાગળનું અંતર હોય તો લોખંડ સોનું બને ? 'ના', તેમ ગુરૂને અર્પણ થતાં અંતર નહિ રાખો તો **"વો લોહ સોના કરે, વો કરે આપ સમાન"** પારસમણી તો માત્ર લોખંડને સોનું બનાવે છે પણ સંત તો પોતાની પાસે આવનારને પોતાના સમાન બનાવી દે છે. વિનીત અને આજ્ઞાંકિત શિષ્ય તો એ જ વિચારે કે મારા ગુરૂ મારા હિતસ્વી છે. એ જે કંઈ આજ્ઞા કરતા હશે તે **"મમ લાભોત્તિ પેદ્દાય"** મારા હિતને માટે જ કરતા હશે. મેઘમુનિ જગતગુરૂ મહાવીર પ્રભુના ચરણમાં અર્પણ થઈ ગયા, ત્યારે પ્રભુ એને મધુર વચનોથી કહે છે હે મેઘ !

"થા અલખ તણો અણગારી, તારી સુરત લે શણગારી,
ચમકે ચિદાનંદ ચીનગારી, તો તો જરૂર છે ભવપારી,"

તારું જીવન આજે ધન્ય બની ગયું. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનયાદિ ગુણોથી તારો દેહ અને આત્મા સુશોભિત બની ગયા છે. એક વચને તારો ચિદાનંદ સ્વરૂપ આત્મા ચમકી ઊઠયો છે. જા હવે તારા ભવનો બેડો પાર થઈ જશે. પ્રભુના વચન સાંભળીને મેઘમુનિના હર્ષનો પાર ન રહ્યો. સારું યે જીવન મેઘમુનિએ પ્રભુની આજ્ઞામાં અર્પણ કર્યું. ભગવાનની આજ્ઞાનું પાલન કરી, સંતોની સેવા કરીને મેઘમુનિ આયુષ્ય પૂર્ણ કરીને અનુત્તર વિમાનમાં ગયા. ત્યાંથી મનુષ્ય ભવ પામીને મોક્ષમાં જશે. મેઘમુનિએ પ્રભુનો સમાગમ કર્યો તો અજ્ઞાનનો અંધકાર ટળ્યો ને જ્ઞાનનો પ્રકાશ થતાં મુક્તિનો માર્ગ મળ્યો ને ભવનો બેડો પાર થયો. દરેક જીવો આવી રીતે પ્રભુની આજ્ઞાને આધીન બની જાય તો આ વિરાટ વિશ્વ ઉપર શાંતિનું સામ્રાજ્ય સ્થપાઈ જાય ને સૌ જીવોના આત્માનું કલ્યાણ થાય.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩મા અધ્યયનમાં ચિત્ત અને સંભૂતિની વાત ચાલે છે. એ બંને ભાઈઓને સદ્‌ગુરૂનો સમાગમ થતાં અજ્ઞાન ટળી ગયું ને જ્ઞાનનો પ્રકાશ મળ્યો એટલે સંસારને ભયાનક અટવી સમજીને તેમાંથી પાર થવા માટે ગુરૂની પાસે સંયમ લીધો ને ત્યાગ વૈરાગ્યના ઝુલણે ઝુલવા લાગ્યા અને આત્મસ્વરૂપનું ચિંતન અને મનન કરવા લાગ્યા કે અહો! આપણો આત્મા તો અજર-અમર છે. આત્મા સિવાયના પ્રત્યેક પદાર્થો જડ છે. ભગવાન કહે છે કે હે જીવ! તું જે કંઈ વાંચે કે સાંભળે તેનું ચિંતન અને મનન કર. મનન કર્યા પછી એનું આચરણ કર. આચરણ કર્યા વિના કર્મનો મેલ ઉખડતો નથી. એક ન્યાય આપું.

જેમ કોઈ માણસના પેટમાં મળ જામી ગયા હોય ત્યારે ડોકટર કહે કે ભાઈ! મળ ખૂબ જામી ગયા છે. એને બહાર કાઢવા માટે તમારે દિવેલ પીવું પડશે. તે સિવાય મળ શુદ્ધિ નહિ થાય. અજ્ઞાનીએ વિચાર કર્યો કે પાશેર પીવા કરતા બશેર શરીર ઉપર રેડુ તો મારા મળ નીકળી જશે તેમ સમજી આખા શરીર ઉપર દિવેલ રેડવા માંડયું. આવા દર્દીને ડોકટર શું કહેશે? મૂર્ખો કે બીજું કંઈ? (હસાહસ) મૂર્ખ. આવી જ રીતે આપણા આત્મા ઉપર અનાદિકાળથી કર્મના મળ જામી ગયા છે તેને સાફ કરવા માટે દિવેલ રૂપ ચિંતન કે મનનની ચિનગારીઓ હૃદયમાં ન ઉતારીએ, આચરણ ન કરીએ ને માત્ર શબ્દોમાં જ રાખીએ તો શું લાભ થાય? કર્મના મળ સાફ થાય? 'ના'. કર્મના મળને દૂર કરી આત્મશુદ્ધિ કરવા માટે વીતરાગ વાણીનું શ્રવણ કે વાંચન કરી ચિંતન મનન કર્યા પછી આચરણમાં ઉતારવું જોઈએ.

ચિત્ત અને સંભૂતિ નામના બંને અણગારો ખૂબ જ્ઞાન મેળવી તપ અને સ્વાધ્યાયમાં રમણતા કરતા હસ્તિનાપુરમાં પધાર્યા છે. માસખમણના પારણાને દિવસે સંભૂતિમુનિ ગૌચરી માટે હસ્તિનાપુરમાં ફરી રહ્યા છે. સાધક આત્મા જ્યારે દીક્ષા લે છે ત્યારે પહેલા જ ગુરૂ સમજાવે છે કે હે સાધક! તું ઉમંગભેર દીક્ષા લે છે તો તારે જીવનના અંત સુધી દશ પ્રકારના યતિધર્મનું પાલન કરવું પડશે. દશ પ્રકારના યતિ ધર્મોમાં સૌથી પ્રથમ ધર્મ છે ખંતી. ખંતી એટલે ક્ષમા. સુભાષિતકારો કહે છે કે "**ક્ષમા તુલ્યં તપો નાસ્તિ**" આ દુનિયામાં ક્ષમા જેવો બીજો કોઈ તપ નથી. તો હે સાધક! તું ગમે ત્યાં જાય, ચાહે વિહાર કરતો હોય કે ગૌચરી જતો હોય કોઈ ત્યારે તારું અપમાન કરશે, માર મારશે, અરે, કોઈ વધ કરે એવા પ્રસંગો આવશે, સાધુ જીવનમાં ઉપસર્ગો અને પરિષહોના ઝંઝાવાતો આવશે ત્યારે તારે ક્ષમા ધારણ કરવી પડશે, જો ક્ષમા નહિ રાખે તો તારા આત્માનું બગડી જશે. સંસારમાં પણ જીવને કેટલી ક્ષમા રાખવી પડે છે. માનો કે કોઈ ઘરમાં આનદાન કુળની દીકરી પરણીને સાસરે આવી છે. વહુ ખૂબ સંસ્કારી અને ડાહી છે, પણ એના એવા જબ્બર પાપકર્મનો ઉદય છે કે તે ઘરમાં કોઈને ગમતી નથી. ઘરમાં પતિથી માંડીને બધા હડધૂત કરે છે. ઘરનું

બધું કામકાજ કરવા છતાં એનું પળે પળે અપમાન કરે છે. એક નોકરાણીનું ઘરમાં માન છે એટલું વહુનું માન નથી. કોઈ એને પ્રેમથી બહેન કે બેટા કહીને બોલાવનાર નથી, છતાં એ વહુ વિચાર કરે છે કે મારા જબ્બર કર્મનો ઉદય છે તેથી મને દુઃખ પડે છે, છતાં ઘરમાં રહીશ તો બે પાંચ વર્ષે પણ મારા પુણ્ય જાગશે ને મને સુખ આવશે, પણ જો ઘરમાંથી પગ કાઢીશ તો હું કયાં જઈને રહીશ ? ખાનદાન કુળની દીકરી બધું સહન કરીને હસતે મુખે ઘરમાં રહે છે તો સમય આવતાં એની કદર થાય છે ને એનું દુઃખ ટળી જાય છે, ત્યારે સાધુ તો બધું સમજીને દીક્ષા લે છે તો એમણે કેટલી ક્ષમા રાખવી જોઈએ ! જે સમયે કર્મનો ઉદય થાય ત્યારે સાધુએ એવો વિચાર કરવો જોઈએ કે ભલે મારી કાયાને અત્યારે કષ્ટ પડે પણ મારા કર્મો ખપે છે ને ? જ્યારે મારા બધા કર્મો ખપી જશે ત્યારે મને સુખ જ મળવાનું છે ? અનંતકાળથી આત્મા ઉપર જે કર્મો લાગ્યા છે તે કર્મો મને ભવાટવીમાં ભ્રમણ કરાવે છે. એ કર્મોને ખપાવવા માટે મેં ચારિત્ર લીધું છે. કર્મોનો ક્ષય કરાવી, શાશ્વત સુખ અપાવનાર એવા ચારિત્ર માર્ગને હું છોડી દઈશ અર્થાત્ ચારિત્રના વેશમાં હોવા છતાં ચારિત્રના ભાવને છોડીને બાહ્ય ભાવોમાં રમણતા કરીશ તો મારી કઈ દશા થશે ? ગમે તેટલું કષ્ટ પડે છતાં ચારિત્ર માર્ગમાં ટકી રહીશ તો મહાન સુખનો ભાગી બનીશ. સંયમના ઘરમાં હોઈશ તો મારી ભૂલ થશે તો મારા ગુરૂવર્યો મને ટકોર કરીને મારી ભૂલ સુધારશે પણ જો ક્રોધાવેશમાં આવીને નીકળી જઈશ તો મને સુધારનાર કોણ ? આવું સમજીને પહેલો યતિધર્મ જીવન સાથે જડીને સાધુએ વિચારવું જોઈએ.

બંધુઓ ! ભગવાનનો માર્ગ કેવો ઉત્તમ છે. એનો વિચાર કરીએ તો એમ જ થાય કે મોક્ષનું સુખ ત્યાગ માર્ગમાં જ છે. અમારા જેવું સુખ કોઈને નથી. કદાચ સાધુમાર્ગમાં ઉપસર્ગ આવી જાય તો ભગવાન કહે છે હે મારા સાધકો ! શ્રમણો અને શ્રમણીઓ ! ઉપસર્ગ આપનાર પ્રત્યે તમે ક્રોધ ન કરો. ઉપસર્ગ કે પરિષહ આવતા દુઃખ પડે ત્યારે હે જીવ ! તું એવો વિચાર કરજે કે મારો આત્મા નરકગતિમાં ગયો ત્યાં પરમાધામીએ મને ભાલાની અણીથી વીંધ્યો, કરવતથી કાપ્યો, ઝાડ ઉપર લટકાવીને નીચે અગ્નિ જલાવીને બાળ્યો, કયારેક ભડભડતી અગ્નિમાં નાંખ્યો. આવા ભયંકર દુઃખો મેં નરક ગતિમાં વેઠયા છે. અહીં ગમે તેવા દુઃખો પડે પણ તે નરક જેવા તો નથી ને ? તો શા માટે ક્રોધ કરવો જોઈએ ? તિર્યંચ ગતિમાં પણ પરાધીનપણે કેવા દુઃખો વેઠયા છે ? ત્યાં ભૂખ લાગે, તરસ લાગે, થાક લાગે છતાં કહેવાય નહિ. મૂંગે મોઢે બધું સહન કરવાનું. માલિકે ગજા ઉપરાંત ગાડામાં વજન ભર્યા તે ખેંચીને ચાલી શકાતું નથી. મોઢે ફીણ આવી ગયા છે, પગે આંટીઓ વળી જાય છે એટલે પગ ઉપડતા નથી. તે વખતે માલિક લોખંડની તીક્ષ્ણ આર ભોંકીને લાકડીના માર મારે છે. કવિઓ પણ કહે છે

પેલા પશુડા પાડે પોકાર, મળે આહાર માંગે ત્યાં માર,
આંખો આંસુડા સારે, માને ધિક્ મારો અવતાર,
આવો થયો કંઈવાર બેહાલ, હવે એહીંયા થાવા નિહાલ,
આવો મોંઘો જન્મ, એમાં ઉજાળી લે આતમ.

તિર્યંચ ગતિમાં પરાધીનતાના ઘણા દુઃખો વેઠયા છે. એ દુઃખો વેઠતાં આંખોમાંથી આંસુની ધાર થતી હતી છતાં કોઈ સામું જોનાર નહોતું. આવા દુઃખો વેઠી આત્મા બેહાલ બની ગયો. હવે આ સુંદર માનવ જન્મ પામ્યા પછી આત્માને ઉજ્જવળ બનાવી દે જેથી ફરીને દુઃખો વેઠવા ન પડે.

સંભૂતિમુનિ માસખમણને પારણે ગૌચરી કરવા હસ્તિનાપુરમાં પધાર્યા છે. નમુચિ પ્રધાને એમને જોયા ને ઓળખી ગયા. આ મુનિ મારા દુષ્કર્તવ્યને જાણે છે એટલે રખે મારું પોકળ ખુલ્લું કરી દેશે એવા વિચારથી મુનિને ખૂબ માર મરાવી નગરની બહાર કાઢી મૂકયા. મુનિ પોતાના સ્થાને ચાલ્યા ગયા પણ વાર વાર જાતિના કારણે તિરસ્કાર થવાથી પોતાના પ્રથમ ધર્મખંતીને ભૂલી ગયા. અંતરમાં ક્રોધનો દાવાનળ ભભૂકી ઉઠયો. જ્યારે માણસને કાળીયો ક્રોધ આવે છે ત્યારે હું કોણ છું. કયા સ્ટેટ ઉપર છું એ વાતને પણ ભૂલી જાય છે, અને મોટો અનર્થ સર્જી દે છે. સંભૂતિ મુનિના મનમાં એમ થયું કે અરેરે....અમે સંસાર છોડી સાધુ બન્યા છતાં પણ અમારો આ તિરસ્કાર! અમારે કયાંય સુખશાંતિથી રહેવાનું નહિ! અમે આ નગરજનોનો કંઈ અપરાધ કર્યો નથી છતાં આ દશા કરી? આવો ભાવ જાગ્રત થવાથી ક્રોધાવેશમાં આવી ગયા. મહાન તપશ્ચર્યાને કારણે તેમને તેજુલેશ્યા પ્રાપ્ત થઈ હતી તે છોડી એટલે એમના મુખમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળીને આખા હસ્તિનાપુરમાં વ્યાપી ગયા ને આખું નગર તેજુલેશ્યાની જવાળાના પ્રકાશથી છવાઈ ગયું. તેજુલેશ્યાના ધૂમાડાની ગરમીથી લોકોના શરીર જલવા લાગ્યા. ભયાનક આગ લાગે છે ત્યારે ધૂમાડાના ગોટેગોટા નીકળે છે પણ એ ધૂમાડો કોઈના શરીરને બાળતો નથી. માત્ર આંખો બળે છે પણ આ ધૂમાડાથી તો નગરજનોને બળી જવાય તેવી ગરમી લાગવાથી આમથી તેમ નાસભાગ કરવા લાગ્યા. અમે કયાં જઈએ તો બચીએ! હસ્તિનાપુરની જનતાની આવી પરિસ્થિતિ થઈ. આખા નગરમાં ધૂમાડો વ્યાપી ગયો. રાજા વિચારમાં પડી ગયા ત્યાં તો નગરજનો ઉપદ્રવથી ત્રાસીને રાજાને ફરિયાદ કરવા આવ્યા કે આ ત્રાસથી બચાવો. સનતકુમાર ચક્રવર્તિએ વિચાર કર્યો કે ખરેખર, આ કોઈ દૈવી કોપ લાગે છે, અથવા મારી નગરીમાં સાધુ પધાર્યા છે એમની કોઈએ અશાતના તો નહિ કરી હોય ને? બધેથી બચી શકાય છે પણ સાધુ પુરૂષની અશાતના કરનાર બચી શકતો નથી, દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે

जो पव्वयं सिरसा भित्तुमिच्छे, सुत्तं वा सीहं पडि बोहइज्जा।
जो वा दए सत्ति अग्गे पहारं, एसोवमासायणया गुरुणं॥ अ. ९. उ. १ गाथा ८

કદાચ કોઈ પ્રભાવક અતિશયના બળથી મસ્તકથી પર્વતને ભેદે, મંત્રાદિ કોઈ પ્રયોગથી કોપેલો સિંહ એનું ભક્ષણ ન કરે એ જ રીતે પ્રયોગથી ભાલારૂપ શસ્ત્રની અણી ઉપર પગથી પ્રહાર કરવા છતાં પગ ભેદાય નહિ એ રીતે ગુરૂની અશાતના કરવાથી મોક્ષ પામે જ નહિ.

સનત્કુમાર ચક્રવર્તિને થયું કે કોઈ અજ્ઞાન માણસે સાધુની અશાતના કરી છે માટે તેમના કોપાનલથી આ પરિસ્થિતિ સર્જાઈ ગઈ છે. આ ઉપદ્રવથી બચવું મુશ્કેલ છે છતાં ત્યાં જઈને મુનિરાજની પાસે ક્ષમા માંગીએ તો કદાચ બચી શકાય. આમ વિચાર કરી સનત્કુમાર ચક્રવર્તિ ઘણાં નગરજનો સાથે ઉદ્યાનમાં મુનિરાજો પાસે આવ્યા. મુનિઓને વંદન કરી જે મુનિના મુખમાંથી ધુમાડાના ગોટા નીકળતા હતા તેમની પાસે આવીને વિનયપૂર્વક તેમને શાંત કરવા માટે વિનવતા કહે છે **"क्रोधं प्रभो संहर संहरेति"** હે પ્રભુ ! આપ આ ક્રોધાનલને શાંત કરો ને તેજુલેશ્યાનું સંહરણ કરી લો. આ સમયે ચિત્ત મુનિ પણ એમને ક્રોધ શાંત કરી તેજુલેશ્યા પાછી ખેંચી લેવા સમજાવી રહ્યા હતા ત્યાં સનત્કુમાર ચક્રવર્તિ આગળ આવી હાથ જોડીને કહે છે હે ભગવંત ! અમારા સઘળા અપરાધોને ક્ષમા કરો ને આપ આ ક્રોધાનલને શાંત કરો, કારણ કે સાધુપુરૂષો સદા ક્ષમાભૂષણ હોય છે. સત્કાર સન્માન કરનાર પર જેમ પ્રસન્ન રહે છે તેમ તિરસ્કાર કરનાર, ઉપસર્ગ આપનાર પર પણ પ્રસન્ન રહે છે. કદી કોપાયમાન થતા નથી. જુઓ, આપના કોપાનલથી સઘળા હસ્તિનાપુરવાસીઓ દાઝી રહ્યા છે. આપ તેમના ઉપર દયા લાવીને એમની રક્ષા કરો. એમના સમસ્ત અપરાધોની ક્ષમા આપો આ પ્રકારે સનત્કુમાર ચક્રવર્તિએ અને જનતાએ ખૂબ વિનંતી કરી. એમને પ્રસન્ન કરવા માટે ખૂબ પ્રયાસો કર્યા પણ કોઈ રીતે સંભૂતિમુનિ પ્રસન્ન ન થયા ત્યારે ચિત્તમુનિએ ફરીથી સંભૂતિમુનિને કહ્યું હે મુનિ ! આપ આ શું કરી રહ્યા છો ? શું આપને ખબર નથી કે આ કોપાનલ ચારિત્રરૂપી ચંદનવનને ક્ષણવારમાં બાળીને ભસ્મ કરનાર છે. તમે જરા સમજો ને ક્રોધ શાંત કરો. જ્ઞાનીપુરૂષોએ શું કહ્યું છે સાંભળો.

"देशोनपूर्व कोटया यदर्जीतं भवति विमल चारित्रम् ।
तदपि हि कषाय कलुषो, हारयति मुनि मुहुर्तेन ॥
यथा वनदेवो वनं शीघ्रं, प्रज्वाल्य क्षणेन निर्दहति ।
एवं कषाय परिणतो , जीवस्तप : संयमं दहति ॥

મુનિ દેશોનપૂર્વકોટી એટલે એક ક્રોડપૂર્વમાં કંઈક ઓછું એટલું ચારિત્ર ઉપાર્જિત કરે છે. એ સમસ્ત ચારિત્રને તે મુનિ ક્રોધના આવેશમાં આવીને એક મુહુર્ત માત્રમાં નાશ કરી બેસે છે. જેવી રીતે દાવાનળ જોતજોતામાં આખા જંગલને બાળીને ખાખ કરી નાંખે છે. એવી રીતે કષાય પરિણત જીવ પણ તપ અને સંયમને બાળીને ખાખ

કરી નાખે છે. આ ક્રોધ શ્રેયસ્કર નથી પણ ક્રોધ પ્રીતિનો નાશ કરનાર, દુર્ગતિને વધારનાર અને સંતાપને વધારનાર છે, માટે આપ એવા અનિષ્ટના વધારનાર ક્રોધનો સર્વથા પરિત્યાગ કરી દો. ચિત્તમુનિના આવા પ્રકારનો હિતકર ઉપદેશ સાંભળીને સંભૂતિમુનિનો કોપ શાંત થઈ ગયો એટલે તેમણે તેજુલેશ્યાનું સંહરણ કરી લીધું. તેથી સનત્કુમાર ચક્રવર્તિ મુનિને વંદન કરી અપરાધની ક્ષમા માંગી નગરજનો સાથે પાછા નગરમાં ચાલ્યા ગયા, પછી ચિત્ત અને સંભૂતિ મુનિએ વિચાર કર્યો કે આપણે માસખમણના તપસ્વી તો છીએ. હજુ પારણું કર્યું નથી. પારણા માટે ગોચરી ગયા તો આવી કદર્થના થઇને ? આપણે વારંવાર તિરસ્કારને પાત્ર બનીએ છીએ. તો હવે આપણે અનશન-સંથારો કરવો એ ઉચિત છે. આવો વિચાર કરીને બંને મુનિરાજોએ અનશન કરવાનો પ્રારંભ કર્યો.

સનત્કુમાર ચક્રવર્તિએ હસ્તિનાપુરમાં જઈને વિચાર કર્યો કે આવા પવિત્ર મુનિરાજની મારી પ્રજામાંથી કોણે અશાતના કરી હશે કે એમને આવો ક્રોધ આવ્યો ? એની મારે તપાસ તો કરવી જોઈએ. આમ વિચારીને તપાસ કરી તો ખબર પડી કે નમુચિપ્રધાને જ આ બધું કરાવ્યું છે, તેથી સનત્કુમાર ચક્રવર્તિ નમુચિ પ્રધાન ઉપર ખૂબ ગુસ્સે થયા. હવે તેને કેવી શિક્ષા કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- દેવે જિતારી રાજા ઉપર પ્રસન્ન થઈને આંબો વાવ્યો હતો ત્યારથી દેવના વચન મુજબ છ ફળો ઉતરતા હતા, પણ દૈવયોગે તે આંબા ઉપરથી આજે પાંચ આમ્રફળ ઉતર્યા હતા. દરરોજ બંને ભાઈઓની દાસીઓ ફળ લેવા માટે આવતી. વનપાલક બંનેને ત્રણ ત્રણ ફળ આપી દેતો, પણ આજે તો છને બદલે પાંચ જ કેરીઓ ઉતરી એટલે વનપાલક મનમાં મૂંઝાતો કેરીઓ લઇને બેઠો હતો. થોડીવારમાં બંને દાસીઓ ફળ લેવા માટે આવી. ભીમસેન રાજાની દાસીનું નામ યશોદા હતું ને હરિસેનની દાસીનું નામ કુંતી હતું. વનપાલકને એ મૂંઝવણ હતી કે ત્રણ ફળ કોને દેવા ને બે કોને દેવા ? એટલે તેણે પાંચે ફળ રાજાની દાસી યશોદાને આપીને કહ્યું કે તમે બંને વહેંચી લેજો. યશોદાએ ત્રણ ફળ પોતાની પાસે રાખ્યા ને કુંતીને કહ્યું કે હું મહારાજા ભીમસેનની દાસી છું માટે ત્રણ ફળ લઈશ પણ

તૂં દાસી હરિસેણ દાસકી, કીમત હીન કમીન,
લે જા દો ફલ એંઠ ગઈ તો, યહ ભી લૂંગી છીન.

હે કુંતી ! તું તો યુવરાજની દાસી કહેવાય. રાજા આગળ યુવરાજ તો દાસ જ કહેવાય ને ? દાસની કિંમત કંઈ ન હોય માટે તું બે આમ્રફળ લઈજા. જો બહુ બકવાદ કરીશ તો એ પણ ઝૂંટવી લઈશ. એમ કહી કુંતીને ધુત્કારીને તેની સામે બે આમ્રફળ ફેંક્યા. આથી કુંતીને ખૂબ ગુસ્સો આવ્યો કે તું એમ કહેનારી કોણ ? શું તારી રાણી ત્રણ કેરી ખાય ને મારી રાણીને બે જ મળે ? મારે તો ત્રણ જ ફળ જોઇએ ? બંને દાસીઓ વચ્ચે મોટો ઝઘડો થયો.

બંધુઓ ! વાત તો ઘણી નાની છે. ફળ તો રાજાની રાણીઓ આવાની છે, પણ વગર લેવાદેવાની દાસીઓ ઝઘડી પડી. જો યશોદાએ શાંતિથી કહ્યું હોત કે બહેન ! આજે પાંચ ફળ છે તો હું ત્રણ લઇ જાઉં છું પણ ફરીથી આવું બનશે ત્યારે હું બે લઈ જઈશ ને તું ત્રણ લઈ જજે તો કંઈ ઝઘડો થાત ? ભીમસેન રાજાને મન તો શી વાત નાનો ભાઈ છે પણ આ દાસીએ કહ્યું કે હરિસેન તો દાસ છે. એ દાસની તું દાસી છે માટે તને બે જ ફળ મળશે. આ શબ્દો કુંતીને હાડહાડ લાગી આવ્યા કે બસ મારા રાજાની ને રાણીની આટલી જ કિંમત ? પોતાના રાજા-રાણીનું અપમાન એને ખૂબ સાલ્યું એટલે એ બે ફળ ત્યાં ને ત્યાં જ ફેંકી દઈ ને ક્રોધથીધમધમતી રડતી રડતી સુરસુંદરી રાણીના મહેલમાં ગઇ. યશોદા તો ત્રણ ફળ લઈને હરખાતી હરખાતી સુશીલાના મહેલે ગઇ. એણે રાણીને કંઈ વાત ન કરી કે અમે બે દાસીઓ વચ્ચે આવો ઝઘડો થયો છે. ક્રોધે ભરાયેલી કુંતી મહેલમાં જઈને રીસાઈને એક ખૂણામાં જઇને સૂઈ ગઈ. રોજ તો કેરી લઈને દોડતી આવતી ને રાણીને આપતી પણ આજે તો આવીને સૂઈ ગઈ એટલે રાણીના મનમાં થયું કે આજે દાસી ફળ લઈને કેમ ન આવી ? એને શું થયું છે ? લાવ હું એની પાસે જઈને પૂછું એટલે તેની પાસે આવી.

"દાસીએ વાવેલા વેરના બીજ" :- સુરસુંદરીએ પૂછ્યું હે કુંતી ! તું આવી ગઈ તો કેરી કેમ નથી લાવી ? પણ દાસીએ કંઈ જવાબ ન આપ્યો એટલે રાણીએ ફરીથી પૂછ્યું-કુંતી ! તું આટલી બધી ઉદાસ કેમ છે ? તારી આંખોમાં આંસુ કેમ છે ? તું બગીચામાં ફળ લેવા ગઈ ત્યાં કંઈ થયું છે ? ત્યારે દાસીએ રૂઆબથી કહ્યું હું ઉદાસ ન રહું તો શું હસું ? બા ! હું તો તમારી દાસી છું પણ તમે તો રાજ્યના દાસી છો, ગુલામડી છો. ચતુર સુરસુંદરી સમજી ગઈ કે નક્કી કંઈક બન્યું છે. રાણી કહે-કુંતી ! શું બન્યું છે. તે મને શાંતિથી વાત કર. બા ! કંઈ કહેવાની વાત નથી. આજે તો મને ઝેર ખાઈને મરી જવા દો. આવા અપમાન સહન કરવા કરતા તો ઝેર ખાઈને મરી જવું સારું છે. એમ કહી જોરથી પોતાનું ગળું દબાવી મરવાનો ઢોંગ કર્યો ને રડવા લાગી એટલે રાણીએ કહ્યું આટલું બધું શું છે. જે હોય તે મને તરત કહી દે તો એનો ફેંસલો થાય. કુંતીએ જાણ્યું કે હવે બરાબર રંગ જામ્યો છે એટલે મરચું, મીઠું નાંખી વાત બરાબર બનાવીને કરી કે બા ! શું વાત કરું ? કેરી લેવા ગઈ ત્યારે આજે આંબા ઉપર પાંચ ફળ આવ્યા હતા તે વાત કરીને કહ્યું મારું અપમાન કર્યું હોત તો ઠીક પણ આ તો ભેગું તમારું પણ ઘોર અપમાન કર્યું છે. એ યશોદાડી શું સમજે છે ? હું એને બરાબર બતાવી આપીશ. એ મારા રાજા અને રાણીનું અપમાન કરનારી કોણ ! બા ! મેં તો ત્રણ ફળની માંગણી પણ કરી નથી પણ પાંચ ફળ જોઈને યશોદાએ મને રૂઆબથી કહ્યું કે તને આમ્રફળ લેવાનો શું હક્ક છે ? તું તો અમારા રાજાના દાસની ગુલામડી છે. જ્યારે

હું તો રાજાની રાણીની દાસી છું, માટે તું બે ફળ લઈ જા. તને ત્રણ ફળ તો નહિ જ આપું. એમ કહીને એણે બે ફળનો મારા ઉપર છૂટો ઘા કર્યો. બા! જેટલા એ દાસીના માન છે એટલા તમારા કે મારા માન નથી. આવા રાજ્યમાં જીવીને શું કામ છે? એમ કહીને કુંતી ભીંત સાથે માથા કૂટવા લાગી ત્યારે રાણીએ કહ્યું કુંતી! તું શાંત થા. તારે રડવા કૂટવાની જરૂર નથી. હું આ અપમાનનો પૂરેપૂરો બદલો લઈશ. એ યશોદા અને સુશીલા એમના મનમાં શું સમજે છે? રાજ્યનો બધો કારભાર તો મારા પતિ કરે છે. સાચા રાજા તો એ જ છે. ભીમસેન તો માત્ર શોભાના જ રાજા છે, માટે તું ચિંતા ન કર. હું મારા પતિને બધી વાત કરીને એ લોકોને બતાવી દઈશ. એમ કહીને સુરસુંદરીએ સ્ત્રીચરિત્ર ભજવવાની શરૂઆત કરી. સ્ત્રીચરિત્રને દુનિયામાં કોઈ પહોંચી શકે તેમ નથી.

રાણીએ ભજવેલું સ્ત્રીચરિત્ર :- સુરસુંદરીએ માથાના વાળ વીંખી નાંખ્યા. આંખોને ચોળીને લાલઘૂમ કરી દીધી. કપડા પણ મેલાને જુના પહેરી લીધા ને મોઢું ચઢાવીને મહેલના એક અંધારા ઓરડામાં જઈને સૂઈ ગઈ. થોડીવારમાં હરિસેન આવ્યો એટલે દાસીને પૂછયું કે રાણી કયાં ગયા? કુંતીએ રૂઆબથી કહ્યું કે મને શી ખબર? હશે, મહેલના કયાંક ખૂણામાં પડયા હશે. તમે તપાસ કરો ને! દાસીનો જવાબ સાંભળી હરિસેન સજ્જડ થઈ ગયો. એને થયું કે નક્કી કંઈક બન્યું લાગે છે. હવે હરિસેન સુરસુંદરી પાસે જશે ત્યારે સુરસુંદરી કેવું સ્ત્રીચરિત્ર ભજવશે ને રજનું ગજ કરશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. - ૧૮

શ્રાવણ સુદ ૮ને મંગળવાર **તા. ૩૧-૭-૭૮**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો! રાગની આગ ઓલવી શાંતિના સદનમાં મહાલવાનો માર્ગ બતાવનાર તીર્થંકર ભગવંત આગમની વાણીનું નિરૂપણ કરતા કહે છે હે ભવ્ય જીવો!

अंतं करंति दुक्खाणं, इहमेगेसि आहियं।
आघायं पुण एगेसिं, दुल्लभेय समुस्सए॥ સૂય અ. ૧૫ ગા. ૧૭

દુઃખોનો અંત કરવાની તક કહો કે સીઝન કહો તો આ માનવભવ છે. અહીં કયા દુઃખની વાત કરી? તમે દુઃખ કોને માનો છો? અને કયા દુઃખોનો અંત કરવા ઈચ્છો છો? તમારી પાસે પૈસા ન હોય, પુત્ર પરિવાર ન હોય અને કદાચ હોય તો આજ્ઞાંકિત ન હોય, પત્ની કજીયાળી હોય, રહેવા માટે પોતાનું ઘર ન હોય, સમાજમાં

પ્રતિષ્ઠા ન હોય તો એમ માનો છો કે અમે દુઃખી છીએ પણ જ્ઞાની પુરૂષોની દૃષ્ટિએ આ દુઃખ તો સામાન્ય છે. જ્ઞાની કહે છે કે **"अहो दुक्खो हु संसारो"** અહો ! આ સંસાર માત્ર દુઃખથી ભરેલો છે. તેમાં એકેક જીવો અનેક પ્રકારના દુઃખોથી પ્રજળી રહ્યા છે. તમે તો પૈસાવાળાને સુખી માનો છો ને ? પણ એ જ શ્રીમંત પાસે ગમે તેટલું ધન હોય પણ જો એના અંતરમાંથી અસંતોષની આગ ઓલવાઈ નથી ને તૃષ્ણાના તરંગો શાંત થયા નથી તો એ સુખી નથી. સુભાષિતકારો પણ કહે છે કે **"न च संतोषात्परं सुखं न च तृष्णा परोव्याधि"** સંતોષ જેવું કોઈ સુખ નથી ને તૃષ્ણા જેવી કોઈ વ્યાધિ નથી.

બંધુઓ ! અસંતોષી માણસ પાસે લાખ્ખો કે કરોડો રૂપિયા હોય છતાં એ અસંતોષની આગમાં જલ્યા કરે છે. પોતાની પાસે ૫૦ લાખની મિલકત હોય પણ એ કરોડપતિની લક્ષ્મી જોઈને જલતો હોય છે કે આ ભાઈની પાસે કરોડ રૂપિયા છે ને મારી પાસે નહિ ? આ બહેનો પાસે ઘણાં દાગીના હોય પણ કોઈ બહેનના હાથમાં નવા ઘાટની બંગડી જોશે તો એમ થશે કે હું આવા ઘાટની બંગડી બનાવું. એને મન થાય એટલે જ્યાં સુધી એવા ઘાટની બંગડી ન બને ત્યાં સુધી ચેન ન પડે. **"જ્યાં સુધી મળે ન એવો ઘાટ ત્યાં સુધી બહેનનો જાએ નહિ ઠાઠ"**. જ્યારે એને મનગમતું મળે ત્યારે એને સંતોષ થાય છે, માટે કહ્યું છે કે અસંતોષી સદા દુઃખી છે.

તીર્થંકર પ્રભુ ઉપરની ગાથામાં જગતના જીવોને ઉદ્‌ઘોષણા કરીને કહે છે કે હે ભવ્ય જીવો ! મનુષ્ય ભવમાં જ સમસ્ત દુઃખોનો અંત કરી શકાય છે. મનુષ્ય ભવ સિવાય બીજા કોઈ પણ ભવમાં સર્વ દુઃખોનો નાશ થઈ શકતો નથી, કારણ કે જ્ઞાન સહિત યથાતથ્ય ચારિત્રનું પાલન મનુષ્ય દેહથી થઈ શકે છે, પણ મનુષ્યભવની પ્રાપ્તિ થવી જીવને અતિ દુર્લભ છે. ઘણી કઠીનતાથી મનુષ્યભવ મળે છે, કારણ કે ભદ્ર પ્રકૃતિ, વિનય, અનુકંપા, અને અહંભાવ રહિતપણાનું સેવન તથા દાન, દયા, વ્રત, નિયમ આદિ ધર્મની આરાધના જેણે ન કરી હોય તેને મનુષ્યભવની પ્રાપ્તિ થતી નથી. જેમ સમુદ્રમાં પડી ગયેલ રત્ન ફરીને પ્રાપ્ત થવું દુર્લભ છે તેમ મનુષ્યભવ પ્રાપ્ત થવો પણ અતિ દુર્લભ છે. ઘણાં એમ કહે છે કે અનુત્તર વિમાનના દેવોને માટે તો મોક્ષ તદ્દન નજીક છે. એક કૂદકો મારે ને ત્યાં પહોંચી જવાય તેમ છે છતાં શા માટે મનુષ્યભવમાં આવવું પડે છે ? ત્યાંથી સીધા મોક્ષમાં જાય તો શું ખોટું ? પણ એમ બની શકતું નથી, કારણ કે દેવને પણ મનુષ્ય થયા વિના મોક્ષમાં જઈ શકાતું નથી. હું તમને સમજાવું. તમે ખાવા માટે હાથમાં ભોજનનો કોળીયો લો છો તે મોઢામાં મૂકીને પેટમાં ઉતારો છો ને ? કોઈ વિચાર કરે કે મારે મોંઢામાં મૂક્યા વિના આવું છે તો તે બને ખરું ? "ના", તેવી રીતે મનુષ્યભવ સિવાય બીજે કયાંયથી મોક્ષમાં જઈ શકાતું નથી.

સર્વવિરતિ ચારિત્ર મનુષ્યભવ સિવાય બીજે ક્યાંય નથી, માટે મનુષ્યભવ પામીને એની ક્ષણે ક્ષણ જૈનધર્મ દ્વારા સફળ કરી લેવી જોઈએ. કારણ કે ધર્મ મનવાંછિત સુખ આપનાર છે માટે ધર્મની આરાધનામાં આ માનવજન્મનો મહા કિંમતી સમય લેખે લાગે છે. **જેમ મારવાડમાં દુર્લભ પાણીનું એક ટીપું પણ વેડફી નંખાતું નથી તેમ મનુષ્ય જન્મની અતિ કિંમતી એકેક ક્ષણ પણ વેડફી ન નંખાય. મનુષ્ય જન્મની ક્ષણેક્ષણનો સદુપયોગ કરી લેવો જોઈએ.** સમય ક્યાં વેડફાઈ જાય અને ક્યાં લેખે લાગે ? હિંસાદિપાપો, ક્રોધાદિ કષાયો અને શબ્દાદિ ઇન્દ્રિયોના વિષયોમાં સમય વેડફાઈ ગયો કહેવાય અને દાન-શીલ-તપ-ભાવના તથા સમ્યકદર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનામાં સમય લેખે લાગ્યો કહેવાય. અઢાર પાપસ્થાનકોમાં સમય વેડફાઈ જાય છે. જીવ અનાદિકાળથી મોહવશ અજ્ઞાન અને મૂઢ બની માનવભવને કિંમતી સમય પાપકાર્યમાં વેડફી નાંખે છે ત્યારે સંત સમાગમથી જીવ વિવેકી બની ધર્મ આરાધના કરી જીવન સફળ કરે છે. જ્ઞાનીઓ કહે છે કે પાપ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત બની માનવજીવનની ક્ષણેક્ષણ ધર્મારાધનામાં જોડો દો.

નિવૃત્તિ અને પ્રવૃત્તિ બે, વૃત્તિઓ સર્વ જીવને,
પ્રવૃત્તિ સંયમે રાખો ને નિવૃત્તિ અસંયમે

દરેક જીવોને પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંને હોય છે, પણ સંસારરસિક જીવોની પ્રવૃત્તિ પાપમાં હોય છે અને ધર્મના કાર્યોમાં નિવૃત્તિ હોય છે. આ પ્રવૃત્તિ અને નિવૃત્તિ આત્માનું કલ્યાણ કરાવી શકતી નથી, માટે તમારી કાર્યવાહીને બદલો. પાપના કાર્યોથી નિવૃત્તિ લો અને સંયમ, ધર્મ આદિ કાર્યોમાં પ્રવૃત્તિ કરો. સંસારની પ્રવૃત્તિ પતન કરાવશે અને ધર્મની પ્રવૃત્તિ પ્રગતિ કરાવશે, માટે તમારો કિંમતી સમય ધર્મ આરાધનામાં વીતાવો. આ સંસારમાં રખડતા જીવનો જો ખરેખર પ્રેમાળ પિતા કોઈ હોય તો ધર્મ છે. ધર્મ અત્યંત સ્નેહથી ભરેલ માતા છે. પોતાના વિચારોથી જરા પણ જુદાઈ ન બતાવે તેવો ધર્મ ખરેખરો ભાઈ છે. સુખદુઃખમાં સાથે રહેનાર સર્વદા એક સરખો પ્રેમ રાખનાર ધર્મ એક કુશળ મિત્ર છે. **જીવન જીવવું તો છે જ પણ પ્રમાદમાં જીવવાને બદલે ધર્મની આરાધનાપૂર્વક જીવવું તો માનવજીવન પામ્યા તે લેખે લાગે.**

અનુત્તર વિમાનના મહાન સુખી દેવો પણ આવા મનુષ્યભવને પ્રાપ્ત કરવા તલસી રહ્યા છે કારણ કે મનુષ્યભવ સિવાય સર્વદુઃખોનો અંત કરીને મોક્ષમાં જવાનું શક્ય નથી, એટલે દેવો મનુષ્યભવને ઝંખી રહ્યા છે ત્યારે આજનો માનવી દેવલોકના સુખો માટે તલસી રહ્યો છે. એ દેવના ભવને ઝંખી રહ્યો છે. બોલો, તમારે દેવની કૃપા જોઈએ છે ને ? (હસાહસ) યાદ રાખો. "**देवा वि तं नमंसंति, जस्सधम्मे सया मणो** જેનું મન સદા ધર્મમાં લીન રહે છે તેના ચરણમાં દેવો પણ નમસ્કાર કરે છે, પણ

જેનું મન ધનમાં લીન રહે છે તેને નહિ હોં, ભૌતિક સુખની ભૂતાવળ જીવને ધર્મારાધનામાં જોડાવા દેતી નથી. જેના શરીરમાં પારકો પહલો પ્રવેશેલો હોય તેને રાત-દિવસ ચેન પડતું નથી. એનું મન સ્થિર થતું નથી. એના જીવનમાં કોઈ આનંદ કે રસ રહેતા નથી. એને માટે ગમે તેટલા દવા ઉપચારો કરવા છતાં રોગ જતો નથી ત્યારે તમે કહો છો ને કે એના શરીરમાં પારકો પહલો પ્રવેશેલો છે, તેમ જેના જીવનમાં મોહરૂપી પારકો પહલો પ્રવેશેલો છે તે રાત દિવસ ભૌતિક સુખ મેળવવા માટે ભમ્યા કરતો હોય છે. એને ગમે તેટલું મળે તો પણ એની ઈચ્છા પૂર્ણ થતી નથી, તેથી રાત દિવસ જ્યાં ને ત્યાં ફાંફા માર્યા કરે છે. પેલો પહલો તો જાય છે પણ મોહરૂપી પારકો પહલો કયારે કેડો છોડશે તેની ખબર નથી. એ પહલાને કાઢવા માટે જીવને સત્સંગની ખાસ જરૂર છે. સત્સંગથી ભયંકરમાં ભયંકર વિષયોના વિષ ઉતરી જાય છે, મોહરાજાના તોફાનો શમી જાય છે ને આત્મા પવિત્ર બની જાય છે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

ઉજ્જૈનીના મહારાજાને મનોરમા નામે એકની એક લાડકવાયી પુત્રી હતી. એ મોટી થઈ એટલે એના મા-બાપ વિચાર કરવા લાગ્યા કે કુંવરી યુવાન થઈ છે તો હવે એના માટે મુરતીયો શોધવો જોઈએ. અનાદિકાળથી જીવની દૃષ્ટિ વિષયવાસના તરફ ઢળેલી છે તેથી દીકરી મોટી થાય એટલે માબાપ મુરતીયો ગોતવાની વાત કરે છે પણ એને દીક્ષા આપવા માટે ગુરૂ-ગુરૂણીની શોધ કરે છે ખરા ? (હસાહસ) ગુરૂ-ગુરૂણી શોધવાની વાત તો બાજુમાં રહી પણ એના દીકરા-દીકરી હળુકર્મી હોય ને દીક્ષા લેવાનું કહે તો ઉપાશ્રયે જવાનું બંધ થઈ જાય. મનોરમા રાજકુમારી રૂપરૂપનો અવતાર હતી. એણે નિર્ણય કર્યો હતો કે જે પુરૂષ સૌથી વધારે રસિક હશે તેની સાથે લગ્ન કરીશ. મનોરમાના રૂપની પ્રશંસા સાંભળી કંઈક રાજકુમારો એની માંગણી કરવા આવ્યા. મનોરમા દરેકની પરીક્ષા કરતી પણ એની રસિકતાને અનુરૂપ કોઈ રસયોગી ન મળ્યો. સૌ એને નિરસ અને યાંત્રિક જેવા લાગ્યા. આમ કરતાં બે ત્રણ વર્ષો વીતી ગયા પણ મનોરમા કોઈને પસંદ કરતી નથી, આથી રાજા-રાણીને ચિંતા થવા લાગી કે શું આપણી દીકરી કુંવારી રહેશે ? આ વિપુલ રાજવૈભવને ભોગવનાર કોઈ નહિ રહે ? એકએકથી ચઢિયાતા રાજકુમારો આવે છે છતાં રાજકુંવરી કોઈને પસંદ કરતી નથી તો તેને કેવો રાજકુમાર પસંદ પડશે ? તેઓ મનોરમાને ખૂબ સમજાવવા લાગ્યા.

મનોરમાના મનમાં થયું કે મારા માતાપિતા મારા માટે ખૂબ ચિંતાતુર રહે છે તો હવે હું મારી જાતે જ મુરતીયો શોધવા જાઉં, એમ વિચાર કરીને મનોરમા પાલખીમાં બેસીને બહાર નીકળી. પાલખી રાજમાર્ગ ઉપરથી પસાર થઈ રહી હતી. ત્યાં કોઈ મકાનમાંથી થોડા વાક્યો એના કર્ણપટ પર અથડાયા. સૌથી પ્રથમ તો એ બોલનારના

કંઠની મધુરતાથી મુગ્ધ બની ગઈ. અહો ! જેના કંઠમાં આટલું માધુર્ય છે તે કોઈ રસયોગી જરૂર હશે. પણ એને કયાં ખબર હતી કે યોગી પુરૂષોના કંઠમાં નૈસર્ગિક રસમાધુર્ય કેવું પ્રગટે છે ! એણે તો આ મકાનમાં રસની તાજગીથી યુક્ત પોતાને પસંદ પુરૂષ હશે એમ માનીને પાલખી ઊભી રખાવી, એટલે શબ્દો સ્પષ્ટ સંભળાવા લાગ્યા. જેમ જેમ સાંભળતી ગઈ તેમ તેમ તેના હૈયામાં હર્ષની ઉર્મિઓ ઉછળવા લાગી. તેને થયું કે હવે મને ઇચ્છિત વરની પ્રાપ્તિ થશે. આ વખતે અભયદેવસૂરિ મહારાજે કોઈ ભાવવાહી સ્તવનની કડી એમના શિષ્ય પરિવારને સમજાવી રહ્યા હતા. તેમાં જિનેશ્વર દેવની ભક્તિમાં તરબોળ બનેલી અપ્સરાઓ પૃથ્વી પર ઉતરતી હતી તેમનું વર્ણન ચાલતું હતું. જેમ જેમ રાજકુમારી સાંભળતી ગઈ તેમ તેમ એનું દિલ એ તરફ આકર્ષાવા લાગ્યું. એને ખબર નથી કે આ વ્યક્તિ કોણ છે ? તે એકદમ પાલખીમાંથી ઉતરીને ઉપરથી અવાજ આવતો હતો એટલે ઝટપટ ઉપર ગઈ તો એકલો સાધુ સમુદાય બેઠો હતો. અભયદેવસૂરિ પાટે બેસીને એમના શિષ્યોને સમજાવી રહ્યા હતા.

રસની મધુરતાની રસિક મનોરમા તો ઝડપભેર અભયદેવસૂરિના ચરણ નજીક પહોંચી ગઈ ને બે હાથ જોડીને કહે છે હે રસેશ્વર ! આપ મારો સ્વીકાર કરો. આ દુનિયામાં મારી દૃષ્ટિએ સૌથી રસિક પુરૂષ આપ છો. હવે હું મારું ભાગ્ય આપની સાથે જ જોડીશ. કૃપા કરીને તમે મારું પાણિગ્રહણ કરો. એને ખબર નથી કે આ જૈનના સાધુ કહેવાય. એ સ્ત્રીઓનો સંગ ન કરે. એણે તો તરત જ અનુચરોને મોકલીને રાજરાણીને સંદેશો મોકલાવ્યો કે તમારા રાજ્યનો વારસદાર મને મળી ગયો છે. મેં મનવાંછિત પતિને પસંદ કરી લીધો છે. એને વધાવવા માટે હીરા-મોતીના થાળ ભરીને જલ્દી આવો. એવો સંદેશો મોકલાવી તે મુનિના ચરણનો સ્પર્શ કરવા જાય છે ત્યાં મુનિ કહે છે બહેન ! તું દૂર રહે. અમે જૈન સાધુ છીએ. અમે બાલપણથી સંસાર છોડીને સાધુ બન્યા છીએ એટલે અખંડ બ્રહ્મચારી છીએ. અમે સ્ત્રીના સામે દૃષ્ટિ પણ ન કરીએ તો સ્પર્શની તો વાત જ કયાં રહી !

દેવાનુપ્રિયો ! બ્રહ્મચારીના જીવનમાં અલૌકિક શક્તિ હોય છે. જે મનુષ્ય માત્ર કાયાથી બ્રહ્મચર્ય પાળે છે તેના જીવનમાં પણ શક્તિ પ્રગટ થાય છે તો જે યોગી પુરૂષો મન, વચન અને કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે તેમની શક્તિની તો વાત જ કયાં ! બ્રહ્મચર્યની શક્તિ આગળ દેવોની શક્તિ પણ કામ કરી શકતી નથી. ભલભલા દેવો બ્રહ્મચારીના ચરણમાં નમે છે. આવા બ્રહ્મચર્યના કંઈક દાખલાઓ આપણા જૈન શાસનમાં બનેલા છે. સિદ્ધાંતોમાં પણ બ્રહ્મચર્યના ખૂબ ગુણ ગવાયા છે. બ્રહ્મચર્યમાં કેટલી શક્તિ રહેલી છે તે પૂરવાર કરતા ઐતિહાસિક દાખલા પણ ઘણાં છે. ટંકારામાં દયાનંદ સરસ્વતી થઇ ગયા. શુદ્ધ બ્રહ્મચર્યના પાલનથી એમનામાં મહાન શક્તિ પ્રગટી

હતી. એમની શક્તિની ખૂબ પ્રશંસા સાંભળીને એક મલ્લ એમની પરીક્ષા કરવા આવ્યો, ત્યારે દયાનંદ સરસ્વતીએ સ્નાન કરીને વસ્ત્ર નિચોવીને મૂકયું, તેમણે મલ્લને કહ્યું આપણે કુસ્તી કરીશું તો હાડકા ખોખરા થશે તેના કરતા આ મારા નીચોવેલા વસ્ત્રમાંથી પાણી કાઢીશું તો હું માનીશ કે તું મારાથી વધુ બળવાન છે. મલ્લે વસ્ત્ર લઈને નિચોવ્યું તો એક ટીપું પાણી ન નીકળ્યું ને દયાનંદ સરસ્વતીએ નિચોવ્યું તો પાણી નીકળ્યું. આ હતી એમના બ્રહ્મચર્યની શક્તિ. છેવટે મલ્લ ચરણમાં પડીને ચાલ્યો ગયો.

સ્વામી વિવેકાનંદે અમેરિકા જેવા અનાર્ય દેશની પ્રજાને મુગ્ધ કરી એ શેના પ્રભાવે ? શું પૈસાથી ? બાહ્ય ભણતરથી ? ના.....ના.....શુદ્ધ બ્રહ્મચર્યથી. એમનાં વસ્ત્રો ભગવાં હતાં. આવા વિવેકાનંદ સ્વામીએ પરદેશી પ્રજાને ગાંડી બનાવી. અમેરિકામાં એમના તેજસ્વી વ્યાખ્યાનોએ અજબગજબનો જાદુ કર્યો. તેમના વ્યાખ્યાનોથી પ્રભાવિત થઈને ઘણા અમેરિકનો એમના શિષ્યો બન્યા. એમનામાં જે આવી શક્તિ પ્રગટ થઈ હોય તો તે એમના શુદ્ધ બ્રહ્મચર્યનો પ્રભાવ હતો. પોતાનું કાર્ય પરિપૂર્ણ કરીને સ્વામી વિવેકાનંદ ભારતમાં આવ્યા, ત્યારે તેમના કેટલાક ભાવિ અમેરિકન શિષ્યો પણ એમની સાથે ભારતમાં આવ્યા. એક દિવસ સ્વામી વિવેકાનંદ પોતાના શિષ્યો સાથે જ્ઞાનચર્ચા કરી રહ્યા હતા; ત્યારે એક અમેરિકન શિષ્યે ઊભા થઈને નમ્ર નિવેદન કર્યું: સ્વામીજી ! ઘણા વખતથી એક વાત પૂછવાનું મન થાય છે, પણ પૂછી શકાતી નથી. અમેરિકાથી છેક ભારત સુધી ખેંચાઈને આવવાનું મારું પ્રયોજન પણ આ જ છે." અમેરિકન શિષ્યનો વાત સાંભળી સૌ તેની સામે જોવા લાગ્યા. સ્વામીની અનુમતિ મળી એટલે શિષ્યે દિલની દાઝડી ખોલતા કહ્યું, "સ્વામીજી ! હજારો અમેરિકનો આપની વાણી અને વ્યક્તિત્વથી પ્રભાવિત થયા છે. એ સૌના મનમાં એક તીવ્ર જિજ્ઞાસા છે કે જેમનું પોતાનું વ્યક્તિત્વ આવું પ્રભાવશાળી અને તેજસ્વી છે તો એમના ગુરુનું વ્યક્તિત્વ કેવુ ભવ્ય હશે ! અમને આપના ગુરુદેવના દર્શન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડશે ખરું ?" સ્વામીજી આ શિષ્યની વાત સાંભળી એકીટશે એમના સામું જોઈ રહ્યા, અને પછી મલકાતા મુખડે કહ્યું, "અરે, એમાં શી મોટી વાત છે ? ચાલો, અત્યારે જ તમને મારા ગુરુદેવના દર્શન કરાવું," ત્યારે શિષ્યે પૂછયું કે "જતાં પહેલાં એપોઈન્ટમેન્ટ' તો લેવી પડશે ને ?" આ સાંભળીને સ્વામીજી ખડખડાટ હસી પડયા ને કહ્યું "અમારા ભારતમાં સાધુ સંતોના દર્શન માટે સમયની કોઈ મર્યાદા હોતી નથી. ચોવીસ કલાકમાં જ્યારે ઇચ્છા થાય ત્યારે સંતોના દર્શન કરી શકાય છે. સંતોના નિવાસસ્થાનના દ્વાર સૌને માટે સદા ખુલ્લાં રહે છે.

શિષ્ય સ્વામીજી સાથે વાતો કરતાં નદી કિનારે રામકૃષ્ણ પરમહંસ ધ્યાનાવસ્થામાં બેઠા હતા ત્યાં આવ્યા. ગુરૂદેવને જોતા સ્વામી વિવેકાનંદ એમના ચરણમાં ઢળોટી

પડયા અને તેમની ચરણરજ મસ્તકે ચઢાવી પોતાના દેહને પાવન કર્યો. સ્વામીજી ઊભા થઈને કંઈક કહે તે પહેલાં એક અમેરિકન શિષ્યે બીજાના કાનમાં ધીમેથી કહ્યું, "અરે, આમના ગુરુ તો કેવા છે. એમના કપડાનું પણ કંઈ ઠેકાણું નથી. આ રંગીલંગી જેવો એમનો વેશ છે." સ્વામીજીના કાન સરવા હતા. તેઓ આ શબ્દો સાંભળી ગયા, એટલે ગુરુદેવને વંદન કરી ઊભા થઈને કહ્યું–ભાઈઓ ! ભારતની અને અમેરિકાની સંસ્કૃતિ ભિન્ન ભિન્ન છે. અમેરિકામાં કોઈ પણ માણસની કિંમત એણે પહેરેલાં વસ્ત્ર ઉપરથી અંકાય છે. માનવ ભલે મામૂલી હોય પણ અપટુડેટ કપડાં પહેરે તો ત્યાં એની ઝાઝી કિંમત અંકાય છે. બીજા શબ્દોમાં કહું તો અમેરિકામાં મામૂલી માણસને એક કુશળ દરજી ભદ્ર પુરુષ બનાવી શકે છે. જ્યારે ભારતમાં તો માત્ર સદાચાર જ ભદ્રપુરુષ બનાવી શકે છે. સ્વામીજીની વાત સાંભળીને અમેરિકન શિષ્યોને સાચી વાતનું ભાન થયું. પોતાની ભૂલ સમજાતાં સૌએ માફી માંગી અને ગુરુ ચરણમાં વંદન કર્યાં. સ્વામી વિવેકાનંદ અમેરિકા જેવા વિલાસી દેશની જનતાના દિલ પીગળાવી શકયા હોય તો તે એમના અખંડ બ્રહ્મચર્યની તાકાત હતી.

અહીં અભયદેવ સૂરિની વાણીમાં આવું સુંદર રસમાધુર્ય પ્રગટ થયું હોય તો તે પણ એમના બ્રહ્મચર્યની તાકાત હતી કે જેનો સૂર સાંભળીને મનોરમા જેવી રૂપરૂપના અંબાર સમી કન્યા મંત્રમુગ્ધ બની હતી. એ સંતના ચરણનો સ્પર્શ કરવા આવી ત્યાં મુનિએ કહી દીધું, "બહેન ! અમે સ્ત્રીના સંસર્ગની સ્વપ્ને પણ ઇચ્છા ન કરીએ, માટે તું અમારાથી દૂર રહે." એના હાવભાવ અને બોલવાની રીતભાત જોઈને અભયદેવસૂરિજી પરિસ્થિતિ સમજી ગયા. એ બ્રહ્મચારી સંયમમૂર્તિએ મધુર સ્વરે કહ્યું, "બહેન ! જે વર્ણન સાંભળીને તું મારા પ્રત્યે આકર્ષાઈ છે, મુગ્ધ બની છે તે વર્ણન તો હજુ અધૂરું છે. તે તું સાંભળ." આમ કહીને અભયદેવસૂરિજીએ શૃંગારરસની દાહક જ્વાળાને પરમ શાંતરસની જ્યોતિમાં પલટાવી દીધી. સાચું સૌંદર્ય, સાચું ધન અને સાચું માધુર્ય શું છે તે અનુભવની ચાવીથી ખોલી બતાવ્યું.

આ તરફ મનોરમાનો મોકલેલો સંદેશો સાંભળીને એના માતા–પિતા હીરામોતીના થાળ ભરીને હર્ષભેર ત્યાં આવી પહોંચ્યા ને હીરા મોતીથી જમાઈરાજને વધાવવા અને જોવા અધીરા બનેલા રાજા રાણીએ પૂછયું–"બેટા ! તેં પસંદ કરેલા તારા સૌભાગ્યશાળી પતિ અને અમારા જમાઈરાજ કયાં છે ? તું અમને જલદી બતાવ." માતાપિતાના આવાં વચનો સાંભળીને કુમારી મનોરમાએ કહ્યું કે, "હે માતા–પિતા ! મેં જે પતિ શોધ્યા હતા તે હવે ગુરુ બની ગયા છે. મેં જેમને પસંદ કર્યા હતા તે હવે તમારા જમાઈરાજ નથી પણ યોગીરાજ છે. પહેલા મને અબર ન હતી કે આ યોગીશ્વર છે તેથી સમાચાર મોકલ્યા. હવે હું એમની પત્ની થવા નથી સર્જાઈ પણ શિષ્યા થવા સર્જાઈ છું. હું દીક્ષા લેવાની છું." પુત્રીના શબ્દો સાંભળીને માતાપિતા કહે છે, "બેટા ! એવું તે કંઈ

હોય ? એ ભલે યોગીરાજ હોય, તને બીજો વર મળી રહેશે. બહુરત્ના વસુંધરા છે." ત્યારે મનોરમા કહે છે, "હે માતા–પિતા ! સતી સ્ત્રીને પતિ એક જ હોય. એમનો મધુર સ્વર સાંભળીને મને એમ લાગ્યું કે આ પુરુષ રસમાધુર્યથી ભરેલો હશે. મેં એમને જોયા ન હતા તેથી મનથી પતિ તરીકે માની લીધા. એમને મારા પ્રત્યે કોઈ રાગ નથી. હવે તો એમનો જે માર્ગ છે તે જ મારો માર્ગ. એ જ મારા સાચા ગુરુ છે. તેમણે ઉપદેશ આપતા મને સમજાવ્યું છે કે,

"ઓ આતમ તારે તરવું છે તો સદ્‌ગુરુ શરણ સ્વીકારી લે,
વીતરાગી પદને વરવું છે તો વીરનો માર્ગ વિચારી લે,
તું અખંડ સુખનો સ્વામી છે તારી આત્મઋધ્ધિનો પાર નથી,
સ્વરૂપનું સાચું ભાન થતાં, સિદ્ધિ મળતા કંઈ વાર નથી,
તારે આતમદશામાં ઠરવું છે તો વીરનો માર્ગ વિચારી લે."

"હે માતા–પિતા ! આ વાત મને બરાબર સમજાઈ ગઈ છે. મારા હૃદયતલને સ્પર્શી ગઈ છે. શૃંગાર રસનું બરું માધુર્ય અને વીતરાગ દશાની પરમ શાંતિનું સ્વરૂપ આ મારા પરમ ઉપકારી ગુરુએ મને સમજાવ્યું છે, માટે હવે હું દીક્ષા લઈશ. મારે પરણવું નથી. મને દીક્ષાની આજ્ઞા આપો." એનો તીવ્ર વૈરાગ્ય જોઈને માતાપિતાએ એને દીક્ષાની આજ્ઞા આપી અને મનોરમાએ દીક્ષા લીધી. એક વખતની કોડ ભરેલી, રંગભરેલી, યૌવનની મસ્તીથી મદમસ્ત બનેલી મનોરમા વરણાગી વરને શોધવા માટે નીકળી હતી તે વીતરાગ માર્ગની ઉપાસિકા સાધ્વી બની ગઈ. બંધુઓ ! મનોરમાએ તો જૈન મુનિને કદી જોયા ન હતા એટલે મુનિને પતિ તરીકે સ્વીકારવા તૈયાર થઈ, પણ સાચી વાત સમજતા વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. પણ તમે તો કેટલા સંતોના દર્શન કર્યા ને કેટલો ઉપદેશ સાંભળ્યો છતાં તમારા હૃદયમાં વીતરાગ વાણી ઊતરતી નથી. તમારા હૃદયની ભીંત કેવી મજબૂત બનાવી દીધી છે કે વીતરાગ વચનની એક નાનકડી ખીલી પણ અંદર જતી નથી. મને તો લાગે છે કે તમે બધા પથરણું ખંખેરો છો તેમ હૃદયને ખંખેરીને જતા લાગો છો, એટલે વૈરાગ્ય નથી આવતો. સાંભળીને એકાદ શબ્દ પણ જીવનમાં અપનાવશો તો કલ્યાણ થશે. બાકી તો આવ્યા તેમ જવાનું છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનની વાત ચાલે છે. સનતકુમાર ચક્રવર્તિ મુનિઓના દર્શન કરીને પોતાના મહેલે પાછા ફર્યા. પછી તેમને વિચાર થયો કે ક્ષમાના સાગર, ભવ્ય જીવોના તારણહાર, જ્ઞાન–ધ્યાન અને તપમાં મસ્ત રહેનારા આવા પવિત્ર સંતોને કોણે સંતાપ્યા હશે ? મારું કર્તવ્ય છે કે સંતને સતાવનારની શોધ કરી તેને શિક્ષા કરવી જોઈએ કે જેથી ફરીને આવું કામ કોઈ કરે નહિ. મુનિના દર્શન કરવા માટે ખુદ ચક્રવર્તિ આવ્યા, નગરીના બધા લોકો આવ્યા પણ નમુચિ પ્રધાન ન આવ્યો. તેના મનમાં ભય હતો. સનત્‌કુમાર ચક્રીએ તપાસ કરાવી તો જે માણસોએ

મુનિઓને માર માર્યો હતો તે પકડાઈ ગયા. ચક્રવર્તિએ તેમને મારી નાંખવાની ધમકી આપી એટલે મરણના ભયથી તેમણે સત્ય વાત કહી દીધી કે અમને પ્રધાને આ કામ સોંપ્યું હતું. આ સાંભળતાની સાથે રાજાને ખૂબ ક્રોધ આવ્યો. નમુચિને બોલાવીને ખૂબ મજબૂત દોરડાના બંધનથી હાથ પગ વગેરે અંગોપાંગને બાંધી દીધાં.

એવા ગાઢ બંધને નમુચિને બાંધવામાં આવ્યો કે શ્વાસ પણ લઈ શકાય નહિ. આવી રીતે બાંધીને આખા નગરમાં એના ગુનાની જાહેરાત કરાવતા દૂતોની સાથે મુનિરાજો પાસે ઉદ્યાનમાં મોકલ્યો. આ સમયે ચિત્ત મુનિના સમજાવવાથી સંભૂતિ મુનિનો ક્રોધ શમી ગયો હતો. પછી બંને ભાઈઓ વિચાર કરવા લાગ્યા કે આપણા કેવા ઘોર કર્મનો ઉદય છે કે આપણે જ્યાં જઈએ છીએ ત્યાં આપણો તિરસ્કાર થાય છે. આહાર લેવા ગયા તો આહાર ન મળ્યો પણ પ્રહાર પડયા. તો આપણા એ કર્મોને ખપાવવા માટે સંથારો કરીએ. આવો વિચાર કરી સર્વ જીવોને ખમાવી ઉચ્ચાર પાસવણ ભૂમિનું પડિલેહણ કરીને સંથારાના પચ્ચખાણ કરવાની તૈયારી કરે છે ત્યાં રાજાના માણસો નમુચિ પ્રધાનને બંધને બાંધીને લાવ્યા. નમુચિની આવી કરુણાજનક દશા જોઈને બંને મુનિરાજોને ખૂબ દયા આવી, કારણ કે વીતરાગી સંતો તો કરુણાના સાગર હોય છે. તેઓ એક કીડીને પણ દુભવતા નથી તો માનવીની આવી દશા કેમ જોઈ શકે ? હવે તો પોતાને માર મરાવનાર પ્રત્યે પણ દ્વેષ ન હતો. શત્રુ મિત્ર પ્રત્યે સમભાવ આવી ગયો હતો તેથી નમુચિને બંધનથી મુક્ત કરાવ્યો. તે જેવો બંધનથી છૂટયો તેવો ભાગ્યો. હવે ફરીને ચક્રવર્તિ દર્શન કરવા આવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– દાસીના ચઢાવવાથી ચઢી ગયેલી સુરસુંદરી રાણી મહેલના એક અંધારા ખૂણામાં જઈને સૂઈ ગઈ. હરિસેને ઘેર આવીને દાસીને પૂછયું કે, "રાણી ક્યાં ગઈ ?" તો એણે બરાબર જવાબ ન આપ્યો, એટલે હરિસેન જાતે રાણીની તપાસ કરવા મહેલમાં આમતેમ ઘૂમી વળ્યો. શોધતા શોધતા એક અંધારા ઓરડામાં બેહાલ દશામાં સુરસુંદરીને સૂતેલી જોઈને પૂછયું, "હે સુરસુંદરી ! આજે તને શું થયું છે ? તારા મુખ ઉપર આટલી બધી ઉદાસીનતા કેમ ? રડીરડીને તેં આંખો કેમ સૂજાડી છે ?" રાણીએ હરિસેનના સામું ન જોયું. હરિસેને ફરીથી પૂછયું :

"પ્યારી અપમાન કિસને કિયા, તુમ જલ્દી કહો હવાલ,
આંસુ પોંછન લગા પ્રિયાકા, લેકર ખુદ રૂમાલ"

"હે રાણી ! શું તારું કોઈએ અપમાન કર્યું છે ? કોઈએ તને કટુ શબ્દ કહ્યા છે ? જે હોય તે જલદી કહે તો કહેનારને હું શિક્ષા કરું." સુરસુંદરીએ જાણ્યું કે હવે બરાબર વાતનો રંગ જામશે એટલે તેણે સ્ત્રીચરિત્રનું નાટક ભજવવાની શરૂઆત કરી. તે એકદમ ગુસ્સામાં આવીને કહે છે કે, તમને કહેવાથી શું ? આ રાજ્યમાં તમારો

અધિકાર કેટલો ? તમે તો ભીમસેનના નોકર છો. નોકરથી શું બની શકે ? આથી તમને કહેવું વૃથા છે. પત્નીની વાત સાંભળી હરિસેને કહ્યું, "સુરસુંદરી ! તું આ શું બોલે છે? જરા વિવેક તો રાખ. આવી ગોળ ગોળ વાત કરવા કરતા જે બન્યું હોય તે મને શાંતિથી કહે, પણ મારું લોહી ઊકળે તેવું વચન ન બોલ," એટલે રાણીએ વધારે મસાલો ભેળવીને કહ્યું, સ્વામીનાથ ! આપણાં લગ્ન થવાના હતા તે પહેલાં થોડા દિવસ અગાઉ મેં અમારી કુળદેવીની આરાધના કરી હતી ત્યારે કુળદેવી મારા ઉપર પ્રસન્ન થયા ને મને વરદાન માંગવાનું કહ્યું એટલે મેં વચન માંગ્યું કે, મારા લગ્ન પછી બાર વર્ષે મારા પતિને રાજ્ય મળવું જોઈએ. જો બાર વર્ષે મારા પતિને રાજ્ય નહિ મળે તો મારું મસ્તક ઉતારીને તને ચઢાવીશ, ત્યારે કુળદેવીએ મારા પર પ્રસન્ન થઈને મને વરદાન આપ્યું કે, બેટા ! તારે મરવાની જરૂર નથી. બારમા વર્ષે તારા પતિને અવશ્ય રાજ્ય મળશે. સ્વામીનાથ ! એ દિવસો પાકી ગયા છે અને તમે જાણો છો કે દેવ–દેવીઓનું વચન કદી નિષ્ફળ જતું નથી. વળી તમે તો હવે રાજકારભારમાં નિપુણ બની ગયા છો. બધો વહીવટ તમે સંભાળો છો છતાં પણ સુશીલાની તરકડા જેવી દાસી તમને એમ કહે કે એ તો ભીમસેનનો દાસ છે, નોકર છે એ મારાથી કેમ સહન થાય ? હવે મારાથી આ ગુલામી સહન થતી નથી. આવા અપમાન સહન કરવા અને દાસમાં ગણાવું તેના કરતા તો ગળે ફાંસો ખાઈને મરી જવું શ્રેષ્ઠ છે. મારે હવે આ કૂતરાના અવતાર જેવું જીવન જીવવું નથી. સુરસુંદરીની વાત સાંભળી અપમાનની દાહક જવાળાથી હરિસેનના રોમેરોમમાં બળતરા ઉપડી. ત્યાં ફરીને રાણીએ કહ્યું, "નાથ ! આપણાં લગ્ન થયા ને બાર વર્ષો વીતી ગયાં. આજે દેવીએ વચન આપ્યાનો છેલ્લો દિવસ છે પણ હજુ સુધી તમને રાજ્ય મળ્યું નથી. એટલે મારે તો દેવીને મારું મસ્તક ચઢાવવું જોઈએ."

ભીમસેનને રાજ્યભ્રષ્ટ કરવા ઈચ્છતી સુરસુંદરી : સુરસુંદરીના વચનો સાંભળીને હરિસેને કહ્યું, હે પ્રિયે ! હવે તું શાંતિ રાખ. રાજ્યનો કર્તાહર્તા તો હું જ છું. નગરજનો મારી આજ્ઞાનું પાલન કરે છે. ભીમસેન તો નામના જ રાજા છે. એમને તો કોઈ ઓળખતું નથી. એ આ રાજ્યમાં કંઈ કરવા સમર્થ નથી, કારણ કે મારી આજ્ઞા વિના નગરમાં પાંદડું પણ હાલતું નથી, માટે તું ચિંતા ન કરીશ. તું તો મારું જીવન છે. તારા વિના હું ક્ષણ વાર ટકી શકું તેમ નથી. તારા સર્વ મનોરથો હું પૂરા કરીશ. તું શ્રદ્ધા રાખ કે આપણા આખા નગરમાં મારી આણ વર્તાય છે ને હું ધારું તેમ કરી શકું છું. નાથ ! તમારી બધી વાત સાચી છે પણ જે રાજગાદીએ બેઠા હોય તે રાજા ગણાય. નોકરની માફક કારભાર કરે તે કંઈ રાજા ન કહેવાય. લોકો રાજાને જેટલું માન આપે તેટલું તો તમને ન જ આપે ને ? ભીમસેન રાજા તો કંઈ કામ કરતા નથી. એ તો આખો દિવસ રંગમહેલમાં સ્વર્ગના સુખમાં મ્હાલે છે અને

તમે તો આખો દિવસ ગપ્પાગોતરું કરો છો જેથી તમને તો ચિંતા અને દુઃખ સિવાય બીજું શું મળે છે? જો ભીમસેન રાજા છે તો તમારે આવું નકામું કામ શા માટે કરવું જોઈએ? તમે જ્યારે ભીમસેનને રાજ્યથી ભ્રષ્ટ કરી રાજ્યપદ પામશો ત્યારે મારો જન્મ સફળ થયો એમ હું માનીશ.

વિચારો, સુરસુંદરીએ કેવું ચરિત્ર ભજવ્યું? એને કોઈ કુળદેવીએ કંઈ કહ્યું ન હતું પણ વાત એવી ગોઠવીને કરી કે હરિસેનના મગજમાં વાત બરાબર ઊતરી ગઈ. એટલે તરત જ કહ્યું, હે રાણી! તારી વાત તદ્દન સત્ય છે. કાલે હું રાજગાદીએ બેસીશ ને આખા નગરમાં મારી આણ ફેલાવીશ, અને ભીમસેનને રાજ્યથી ભ્રષ્ટ કરીને રાજ્યની તમામ સત્તાનો દોર મારા હાથમાં લઈશ. દૈવયોગે કદાચ એમ નહિ બને તો હું ભીમસેન, સુશીલા અને એમના બે પુત્રોને મારી નાંખીશ, પછી તને ચિંતા છે? હું તારા બધા મનોરથો પૂરા કરીશ. તું ચિંતા ન કરીશ. હરિસેનના વચન સાંભળી સુર સુંદરી હસતી થઈ ગઈ. હવે ભીમસેનને કેવી રીતે પદભ્રષ્ટ કરવો તે હરિસેન વિચારે છે.

આ તરફ બે દાસીઓ વચ્ચે ઝઘડો થયો છે તે સુશીલા કે ભીમસેન જાણતા નથી પણ એમની દાસી યશોદાના મનમાં થયું કે આજે કેરી માટે અમે બે દાસીઓ ઝઘડી છે. મેં એનું અપમાન કર્યું છે તેથી કદાચ એની રાણી સુરસુંદરીને ચઢાવી તો નહિ હોય ને? આ તો રાજ્યની ખટપટ કહેવાય. આવા વિચારથી રાત્રિના સમયે યશોદા મહેલની પાછળ જઈને છાનીમાની ઊભી રહી. કહેવત છે ને દીવાલને પણ કાન હોય છે તેથી સુજ્ઞજનો આવી કોઈ અાનગી વાત કરે ત્યારે એકાંત સ્થાનમાં જઈને ખૂબ ધીમા અવાજે કરે છે. એક કાનેથી બીજા કાને ન જાય તેની ખૂબ તકેદારી રાખે છે, પણ હરિસેને એવી કોઈ સાવધાની ન રાખી અને મોટા અવાજે બોલ્યો.

ભીમસેનને પદ ભ્રષ્ટ કરવાની અને તેમ ન બની શકે તો રાણી અને કુંવરો સાથે તેમને મારી નાંખવાની વાત સાંભળીને યશોદા નખથી શીખ સુધી ધ્રૂજી ઊઠી, અને કોઈ ન જાણી જાય તે રીતે છાનીમાની ચાલી ગઈ. આ વાત સાંભળીને યશોદાને ખૂબ દુઃખ થયું કે રાજા-રાણીને કંઈ ન હતું. બે ભાઈઓ શાંતિથી સુખો ભોગવતા હતા પણ અમે હલકા પેટની દાસીઓએ ઝઘડો કર્યો તો કેટલું મોટું સ્વરૂપ બની ગયું. હવે મારા રાજાનું શું થશે? હું ન બોલી હોત તો સારું થાત પણ હવે શું થાય? યશોદા તો થરથર ધ્રૂજવા લાગી. ધ્રૂજતા પગે શ્વાસથી હાંફતી હાંફતી ભીમસેન રાજાના મહેલે પહોંચી ગઈ. ભીમસેન રાજા તે વખતે ઊંઘતા હતા. હવે દાસી ભીમસેનને જગાડશે ને બધી વાત કરશે, પછી શું બનશે તે અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૧૯

શ્રાવણ સુદ ૯ ને બુધવાર તા. ૧-૮-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે આ સંસાર મહાન વિરાટ છે. આ વિરાટ વિશ્વમાં જીવો વિવિધ ગતિઓમાં ને વિવિધ યોનિઓમાં અનંતકાળથી પરિભ્રમણ કરે છે. આપણા આત્માએ અનંતકાળથી ચોરાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરતાં મહાન પુણ્યનો સંચય થતાં આજે માનવભવ પ્રાપ્ત કર્યો છે. આ જીવન અણમોલ છે. કોઈ પણ વ્યક્તિ લાખો કે કરોડો રૂપિયા આપીને અથવા ચક્રવર્તિ જેવા સમર્થ પુરુષો પોતાનું છ ખંડનું રાજ્ય અને પોતાનું સર્વસ્વ આપીને પણ માનવજીવન ખરીદી શકતા નથી, એટલે આ માનવ ભવનો મહિમા અપરંપાર છે. દેવોનું વૈભવથી છલકતું જીવન પણ માનવ જીવનની તોલે આવી શકતું નથી, કારણ કે આધ્યાત્મિક દૃષ્ટિથી વિચાર કરતા અને વીતરાગ પ્રભુના વચનોને વાગોળતા સમજાય છે કે આત્મિક સુખની ચરમસીમા સુધીનો વિકાસ માત્ર મનુષ્ય કરી શકે છે. ભલે કે મનુષ્ય કરતાં દેવોનું સુખ અનેકગણું અધિક છે પણ જ્યારે આત્મસાધના અને આત્મસિદ્ધિની વાત આવે છે ત્યારે દેવો પાછળ હઠી જાય છે કારણ કે દેવો વધુમાં વધુ ચોથું ગુણસ્થાનક પામી શકે છે. જ્યારે આત્માની અનંત શક્તિનો ઉપયોગ કરવામાં સમર્થ એવો મનુષ્ય ચૌદે ચૌદ ગુણસ્થાનોને પાર કરીને પરમાત્મપદ પ્રાપ્ત કરી શકે છે. એટલા માટે કહ્યું છે ને કે **धर्मार्थ काम मोक्षाणाम् मुलमुक्ति कलेवरम्।** ધર્મનું, ધનનું, કામ અને મોક્ષપ્રાપ્તિનું સાધન આ માનવ શરીર છે. આવો ઉત્તમ માનવ જન્મ પામીને જે મનુષ્ય અન્યાય, અનીતિ, દગાપ્રપંચ આદિ પાપકર્મો કરીને ધન ઉપાર્જન કરે છે તે આત્મા મરીને કયાં જાય છે? ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે,

"जे पावकम्मेहिं धणं मणूसा, समाययन्ती अमइं गहाय।
पहाय ते पास पयट्ठिए नरे, वेराणुबद्धा नरयं उवेन्ति॥" અ. ૪. ગા. ૨

જે મનુષ્ય દુર્બુદ્ધિના ચક્કરમાં ફસાઈને ખેતી, વહેપાર આદિમાં અન્યાય, અનીતિ, વિશ્વાસઘાત આદિ પાપકર્મો કરીને ધન ઉપાર્જન કરે છે, ધન કમાય છે તે પુત્ર કલત્રાદિ રૂપબંધનોમાં જકડાઈ રહે છે અને આ સંસારમાં વૈરનો અનુબંધ કરતાં કરતાં અંતે રાગદ્વેષથી સહિત બનીને તે મનુષ્ય ધન, વૈભવાદિ છોડીને મરીને રત્નપ્રભાદિ નરકોમાં ઉત્પન્ન થાય છે ને ત્યાં પાપકર્મનાં ફળરૂપે પારાવાર વેદના ભોગવે છે.

બંધુઓ! ખરેખર, આ સંસારમાં ધન અનર્થનું કારણ છે, છતાં મનુષ્ય પોતાની પત્ની, પુત્રપરિવાર, સગાંવહાલાંને રાજી કરવા અને સમાજમાં માનપ્રતિષ્ઠા મેળવવા

પાપ કરીને મનુષ્ય ધન કમાઈ લાવે છે. ધનથી પુત્ર પરિવાર બધાં રાજી થશે અને પત્ની કહેશે કે, "વાહ વાહ નાથ! શું તમારી બુદ્ધિ છે! બાપા તો નિર્ધન મૂકીને ગયા હતા પણ આપે તો શૂન્યમાંથી સર્જન કર્યું." આ સાંભળી પુરુષ હરખાય છે પણ એને ખબર નથી કે આવું ઘોર પાપ કરીને મેળવેલી લક્ષ્મી મને નરકના રૌ રૌ દુઃખ ભોગવવા લઈ જશે, ત્યારે કોઈ છોડાવવા નહિ આવે. અરે, લક્ષ્મી પણ સાથે નહિ આવે. આટલા માટે જ્ઞાની પુરુષો કહે છે, હે માનવ! આવો ઉત્તમ ભવ પામીને ધન પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિ કરવાને બદલે પ્રમાદ છોડીને ધર્મ ઉપાર્જન કરવાની પ્રવૃત્તિ કરવી જોઈએ. ધનનો અતિ લોભ કેવા ક્રૂર કર્મો કરાવે છે તે ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ચોર હતો. તે ખૂબ ઉસ્તાદ હતો તેથી ઘણાં મોટાં ઘરોમાં ચોરી કરીને ખૂબ ધન લાવતો. તે કયારેય પકડાતો નહિ. ધન સાચવવા માટે તેણે એક ખાનગી ઢાંકણાવાળો કૂવો રાખ્યો હતો. તેમાં તે ધન નાંખતો. કયારે પણ કોઈને ગંધ સરખી આવતી ન હતી. માત્ર તેની પત્ની અને બાળક જાણતાં. એક દિવસ ચોરના મનમાં વિચાર થયો કે, અહો! હું આ ધન લાવીને કૂવામાં નાંખું છું તે વાત આ સ્ત્રી અને છોકરાઓ બધા જાણી ગયા છે તો આટલું કષ્ટ વેઠીને મેં ધન ભેગું કર્યું છે તેનો આ લોકો નાશ કરશે. માટે હું એવું કરું કે" **ન રહે વાંસ અને ન વાગે વાંસળી**" આ કહેવત પ્રમાણે એવું કરું કે કોઈ જીવતું ન રહે. આ બધાંને મારી નાંખું તો મારું ધન એ લોકો વાપરી ન શકે. હું એકલો જ બધું ધન ભોગવું. જુઓ ધન કેટલી કુમતિ કરાવે છે? ધનમાં આસક્ત બનેલો ચોર પોતાની પત્ની અને પુત્રોને મારી નાંખવાનો વિચાર કરીને એક દિવસ બજારમાં જઈ લાડવામાં ભારે વિષ નંખાવીને લઈ આવ્યો ને ઘેર આવીને પત્ની તથા પુત્રોને કહે છે, "લો, હું આજે તમારા માટે બજારમાંથી લાડવા લાવ્યો છું. પેટ ભરીને ખાઓ, એટલે એની પત્ની અને પુત્રો પ્રેમથી લાડવા ખાવા બેસી ગયા. લાડવામાં ભારોભાર ઝેર નંખાવ્યું હતું એટલે લાડવા ખાવા પછી થોડી વારમાં ચોરની પત્ની અને બાળકો ઢળી પડયા એટલે તરત ચોરે એ બધાંને ઊંચકીને બીજા ખાલી કૂવામાં નાખી દીધા ને કૂવા ઉપર મજબૂત ઢાંકણું ઢાંકી દીધું. એને શાંતિ થઈ કે, હાશ! હવે બધું ધન હું એકલો ભોગવીશ. થોડા દિવસ થયા એટલે આડોશીપાડોશી પૂછવા લાગ્યા કે તમારા બૈરા છોકરાં કયાં ગયાં? ત્યારે કહે છે એ તો પિયર ગઈ છે. થોડા દિવસ પછી એણે વાત બહાર પાડી કે ત્યાં ખાવામાં ઝેરી પદાર્થ આવવાથી બધા મરી ગયાં.

બંધુઓ! જોયું ને ધનનો અતિ લોભ કેવો અનર્થકારી છે! જે ધન માટે ચાર ચાર જીવોની ઘાત કરી તે ધન શું પરલોકમાં સાથે આવવાનું છે? ના, છતાં જીવને કેટલી મમતા છે! ચોરે લક્ષ્મીના લોભ ખાતર પત્ની અને પુત્રોને મારી નાંખ્યાં. પછી

થોડા સમયમાં તે ફરીને પરણ્યો. એ સ્ત્રી ખૂબ રૂપાળી હતી. ચોર એના રૂપમાં ઘણો મુગ્ધ હતો. એને એક પુત્ર થયો. એ પત્ની પણ જાણી ગઈ કે આ બધું ધન લાવીને કૂવામાં નાંખે છે પણ એનામાં આસક્ત હોવાથી એને મારી નાંખવાનું મન થતું નથી. એનો દીકરો આઠ વર્ષનો થયો. એક દિવસ તે નિર્દોષ ભાવે રમતો હતો. તેને જોઈને ચોરને વિચાર આવ્યો કે મેં મોહાસક્ત બનીને સ્ત્રીને જીવતી રાખી તે મોટી ભૂલ કરી. મારે તો તે બંનેને મારી નાંખવા જોઈએ. વિચાર કરીને બારણું બંધ કરીને પત્નીની છાતી પર ચઢી બેઠો, એટલે સ્ત્રીએ ચીસ પાડી તો મોઢામાં ડુચો ભરાવી એનું ગળું દબાવીને મારી નાંખીને તરત કૂવામાં ફેંકી દીધી. આ દૃશ્ય જોઈને છોકરો ધ્રૂજી ઊઠ્યો. પોતાની માતાને આ રીતે મારી નાંખવાથી રડતો રડતો ભયભીત બનીને ઘરની બહાર નીકળી ગયો ને દૂર જઈને જોરજોરથી ચીસો પાડીને કરુણ સ્વરે રુદન કરવા લાગ્યો.

બાળકનું કરુણ રુદન સાંભળી રસ્તે આવતા જતા લોકો એને ઘેરી વળ્યા ને પુછવા લાગ્યા કે, "છોકરા ! તું શા માટે આટલું બધું રડે છે ?" બાળકે બધી વાત કરી કે, મારા બાપે મારી માને મારીને કૂવામાં નાંખી છે. આથી લોકોએ પોલીસને જાણ કરી. સૌ ભેગાં થતાં ચોર પકડાયો. કૂવામાં તપાસ કરતાં મરેલી સ્ત્રી અને અગાઉ મરેલાંનાં હાડકાં નીકળ્યાં, પછી બીજા કૂવામાં તપાસ કરી તો અઢળક ધનના ઢગલા નીકળ્યા. એટલે ચોર પાકો ગુનેગાર ઠર્યો. બધું ધન રાજાના સિપાઈઓએ જપ્ત કરી લીધું અને ચોરને મુશ્કેટાટ બાંધીને રાજાની સમક્ષ હાજર કર્યો. ધનને માટે ચોરે કેટલા જીવોની ઘાત કરી. રાજાએ ચોરનું બધું ધન જપ્ત કર્યું અને માલના સાચા માલિકોની તપાસ કરાવી તેમને તેમનું ધન સુપ્રત કર્યું અને ચોરને કડક શિક્ષા કરી કે રોજ પાંચસો કોરડાના માર મારો. ખૂબ માર માર્યો ને રીબાઈ રીબાઈને જીવ ગયો, અને છેવટે તે નરક ગતિમાં ચાલ્યો ગયો. બંધુઓ ! પરિગ્રહે કેવો અનર્થ કર્યો ? પાપ કરીને ધન લેગું કર્યું પણ શું એ ધન ભોગવી શક્યો ? અહીં ભયંકર દુઃખો ભોગવ્યા ને મરીને નરકમાં ગયો. ત્યાં પણ એને કરેલાં કર્મોનાં ફળરૂપે ભયંકર દારૂણ દુઃખો ભોગવવાં પડ્યાં. આટલા માટે જ્ઞાની પુરુષો પડકાર કરીને કહે છે કે, હે ભવ્ય જીવો ! ધનની તૃષ્ણાનો ત્યાગ કરી ધર્મની આરાધના કરો. સદાચારનું સેવન કરો.

એક તત્ત્વચિંતકે ત્રણ બોલ લખ્યા છે : ૧. ભલાઈ કર. ૨. બૂરાઈથી બચ. ૩. કુસંગતિથી દૂર રહે. તત્ત્વજ્ઞ પુરુષો શું કહે છે ? હે જીવ ! વહેલા કે મોડા એક દિવસ તો તારે આ બધું છોડીને જવાનું છે તો આ મળેલા મનુષ્યભવમાં જેમ બને તેમ પરોપકાર, દયા, સેવા આદિ દ્વારા કોઈનું ભલું કરો. જો બની શકે તો કોઈના માર્ગમાં, ફૂલ બનીને પથરાઈ જજો પણ કંટક કદી બનશો નહિ. બનવું હોય તો પુલ બનજો, સેતુ બનજો

પણ કાતર કદી ન બનશો. પુલ નદીના બે કિનારાને જોડે છે તેમ તમે પણ કોઈના તૂટેલા હૃદયને જોડનાર પુલ બનજો. જેથી કર્મબંધન ન થાય. ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવની પટ્ટરાણી ઋક્ષ્મણીએ આગલા ભવમાં સહેજ આનંદ ખાતર તાજી મેંદી મૂકેલા હાથે મોરલીનાં ઈંડા પકડ્યાં. તે ઈંડાને મેંદીનો રંગ લાગતા મોરલી પોતાના ઈંડાને ઓળખી ન શકી. તેથી સોળ ઘડી સુધી એણે ઈંડાંનું સેવન કર્યું નહિ તો ઋક્ષ્મણીને એવું કર્મ બંધાયું કે એને સોળ સોળ વર્ષો સુધી પુત્રનો વિયોગ પડયો. ઋક્ષ્મણીના કોઈને દુઃખી કરવાના ભાવ ન હતા છતાં કર્મ બંધાણું. તો જે જીવો હસી હસીને ઇરાદાપૂર્વક કર્મ બાંધે છે એને તો કેવાં ચીકણાં કર્મ બંધાય ?

બીજો બોલ છે બૂરાઈથી બચો. જ્ઞાની કહે છે હે માનવ ! તારાથી જો બને તો બીજાનું ભલું કર. ભલાઈના માર્ગે ચાલ. અગર જો તું કોઈનું ભલું ન કરી શકે તો કોઈનું બૂરું તો કદી કરીશ નહિ.

तू भला किसीका कर न सके तो बूरा किसीका मत करना

આજે તો મોટા ભાગે માણસો પોતાના મનોરંજન ખાતર કેટલાં પાપ કરે છે. શિકારી લોકો પોતાના મનોરંજન ખાતર ગગનમાં મસ્તપણે ઊડતા નિર્દોષ પક્ષીઓને ગોળીથી વીંધી નાંખે છે. પારધીઓ જંગલમાં મસ્તપણે આમથી તેમ કૂદતા હરણ આદિ પક્ષીઓને તીરથી વીંધી નાંખે છે. એ નિર્દોષ પ્રાણીઓએ એમનું શું બગાડ્યું છે ?. બહેનો ઘરનાં કાર્યોમાં અસાવધાની રાખે તો કેટલાય જીવોની હિંસા થઈ જાય છે. એંઠાં વાસણો રાત્રે મૂકી રાખે તો તેમાં માખી, કુદા આદિ જીવોની હિંસા થઈ જાય છે, માટે જતના ધર્મને સમજો તો પાપકર્મનું બંધન ઓછું થશે.

ત્રીજો બોલ છે કુસંગતિથી દૂર રહો. તત્ત્વજ્ઞાની ત્રીજા બોલમાં કહે છે, હે માનવ તું ભલાઈના માર્ગે ચાલ્યો, બૂરાઈથી બચી ગયો પણ જો કુસંગતિનો ત્યાગ નહિ કરો તો પરિણામ કેવું આવશે ? તે એક ન્યાય આપીને સમજાવું. અમારી બહેનોના અનુભવની વાત છે. એમને પૂછો. એ જુદી જુદી જાતનાં અથાણાં જુદી જુદી બરણીમાં નાંખે છે. પણ ખાવા માટે તો બરણીમાંથી થોડું થોડું કાઢે છે. તે શું લોટવાળા કે એંઠા હાથથી અથવા દાળશાકવાળા એંઠા ચમચાથી કાઢે છે ખરા ? 'ના'. એ તો ઊટકેલા સ્વચ્છ ચમચાથી કાઢે છે, કારણ કે જો એંઠા હાથથી કે ચમચાથી કાઢે તો અથાણું બગડી જાય એવી જ રીતે માણસ થોડો સમય પણ દુર્ગુણીના સંગમાં રહે તો એને દુગુણી બનતા વાર લાગતી નથી. જેમ કોઈ ચતુર માણસ કાજળની કોટડીમાં ગમે તેટલી સાવધાનીપૂર્વક જાય તો પણ તેના સ્વચ્છ વસ્ત્રો ઉપર કંઈને કંઈ કાજળનો ડાઘ લાગે છે એવી રીતે ગુણવાન વ્યકિત દુર્ગુણી આત્માના સંગમાં રહીને ગમે તેટલી સાવધાની રાખે છતાં એનામાં કંઈને કંઈ દુર્ગુણ આવી જાય છે, માટે કુસંગતિથી દૂર રહો.. લીંબુ કે કેરીનું અથાણું બગડી જાય તો બીજે વર્ષે નવું બનાવી શકાય છે.

એમાં માત્ર એક વર્ષ બગડે છે પણ જો મનુષ્ય જન્મરૂપી અથાણું બગડી જાય તો જન્મોજન્મ બગડી જાય, માટે તત્ત્વજ્ઞ પુરુષો કહે છે કે કુસંગતિનો ત્યાગ કરીને સજ્જનનો સંગ કરો. સજ્જનનો સંગ પાપીમાં પાપી માનવને પવિત્ર બનાવે છે ને ક્રૂરમાં ક્રૂર માનવીને કરુણાવંત બનાવે છે. તે એક દૃષ્ટાંત આપીને સમજાવું.

અન્ય ધર્મમાં ઉગ્રાનંદ નામના એક પવિત્ર સંત થયા છે. દયા, ક્ષમા અને બીજાનું હિત કરવાની પરોપકાર ભાવના–એ ત્રણ ગુણો જેનામાં હોય તે સાચો સંત છે. આવા ગુણો જેનામાં હોય તે સંસારી હોવા છતાં સાધુ જેવો છે. આ ઉગ્રાનંદ સ્વામી પ્રત્યેક આત્મામાં પરમાત્માનું દર્શન કરનારા ઉચ્ચ કોટિના પવિત્ર સંત હતા. તેમની પાસે જે કોઈ આવે તેને ધર્મનો ઉપદેશ આપી તેના જીવનમાં ધર્મના સંસ્કારોનું સિંચન કરતા. એક વખત ઉગ્રાનંદ સ્વામી કોઈ એક ગામની બહાર એકાંત સ્થાનમાં જઈ એક વૃક્ષ નીચે ધ્યાનમાં બેસી આત્માનંદની મસ્તીમાં ઝૂલતા હતા. તે જ રાત્રે એ ગામમાં વસતા એક ખેડૂતના બળદ કોઈ ચોરી ગયું.

ખેડૂતને મન બળદ એની મૂડી છે. ૫૦૦ રૂપિયાની બળદની જોડી હતી. બળદ નહિ જડવાથી ખેડૂત આકુળવ્યાકુળ થઈ ગયો. બધા શોધવા નીકળ્યા. શોધતા શોધતા જ્યાં ઉગ્રાનંદ સ્વામી પ્રભુના ધ્યાનમાં લીન બનેલા હતા ત્યાં આવ્યા ને બોલવા લાગ્યા કે, આ સાધુડો જ આપણા બળદ ચોરી ગયો લાગે છે. બળદને કયાંક સંતાડીને પ્રભુની ભક્તિ કરવા બેસી ગયો છે. એમને ઢંઢોળીને કહે છે, એ સાધુડા ! અમારા બળદ કયાં ગયા ? જલદી અમને કહે, નહિ આપે તો તને બતાવી દઈશું, પણ આ તો ક્ષમાના સાગર કંઈ બોલતા જ નથી, એટલે પેલા ખેડૂતો ઉગ્રાનંદ સ્વામીને મારવા લાગ્યા. કોઈએ લાકડીના માર માર્યા, કોઈએ પગની લાતોથી માર માર્યો. એવા માર્યા કે એમના મુખમાંથી લોહી નીકળવા લાગ્યું, છતાં સ્વામીજીએ ખૂબ ક્ષમા રાખી. મનથી પણ ક્રોધ ન કર્યો. મનમાં એક જ વિચાર કર્યો કે આ તો મારી કસોટીનો પ્રસંગ છે કે હું કેટલા અંશે ક્રોધને જીત્યો છું. આમ સમજીને એક શબ્દ પણ બોલ્યા નહિ.

ખેડૂતો બોલવા લાગ્યા કે આ તો પાકો ઠગ છે. બળદ લઈ ગયો છે એટલે બોલતો નથી માટે એને કોથળામાં પૂરીને થાણેદાર પાસે લઈ જઈએ એટલે બોલશે. એમ વિચાર કરીને એક મોટો કોથળો લાવીને ઉગ્રાનંદ સ્વામીને કોથળામાં પૂરી દીધા. છતાં એક શબ્દ બોલતા નથી. તેઓ એમ માનતા હતા કે આ લોકોને હું ગમે તેમ કહીશ છતાં સમજવાના નથી. મારા કર્મનો ઉદય છે તો સમભાવે સહન કરી લઉં. કોથળામાં પૂરીને સવાર પડતાં પોલીસના થાણામાં લઈ ગયા, થાણેદારના મનમાં થયું કે આ લોકો કોથળામાં શું લાવ્યા હશે ? એમણે કોથળામાંથી ઉગ્રાનંદ સ્વામીને બહાર કાઢયા. સ્વામીને જોઈને થાણેદાર તો એમના ચરણમાં પડી ગયો, કારણ કે થાણેદાર ઉગ્રાનંદ સ્વામીનો ભક્ત હતો. એના મનમાં થયું કે આવા પવિત્ર મહાત્માની આવી દશા કેમ

થઈ ? ખેડૂતને પૂછયું કે 'તમે આ પવિત્ર સંતને કોથળામાં શા માટે પૂર્યા છે ? એમના શરીર ઉપર ઘા પડયા છે, મોઢામાંથી લોહી નીકળ્યા છે. શું તમે તેમને માર્યા છે ?' 'હા સાહેબ ! એ તો ચોર છે. આ વચન સાંભળતા થાણેદાર ખૂબ ગુસ્સે થયો ને કહ્યું : હે દુષ્ટો ! આ મહાત્મા તો એક કીડીના પ્રાણ દુભવે તેવા નથી તે શું તમારા બળદ ચોરી લે ? નિર્દોષ મહાત્માને દુઃખી કર્યા છે માટે તમને જ હું કેદમાં પૂરી દઈશ. પોલીસોને બોલાવીને હુકમ કર્યો કે આ ખેડૂતોને કેદમાં પૂરીને ખૂબ માર મારો. આ ખેડૂતો થરથર ધ્રૂજવા લાગ્યા. ઉગ્રાનંદ સ્વામીએ થાણેદારને કહ્યું, ભાઈ ! જો તું મારો સાચો ભક્ત હોય તો આ બધાંને મીઠાઈ મંગાવીને ખવડાવ. થાણેદારે કહ્યું : સ્વામીજી ! આપ આ શું બોલી રહ્યા છો ? જેમણે આપને આટલો બધો માર મારીને મરણતોલ કરી નાંખ્યા. એટલેથી ન પતયું તે કોથળામાં પૂર્યા. એવા અપરાધીઓને તો શિક્ષા જ કરવી જોઈએ, એના બદલે મીઠાઈ આપું ? ત્યારે સ્વામીએ કહ્યું, એ બિચારાએ આખી રાત બળદ શોધ્યા, મને માર માર્યો. હવે થાકી ગયા હશે. તે ભૂખ્યા છે. સ્વામીજીના કહેવાથી થાણેદારે ખેડૂતોને મારને બદલે મીઠાઈ ખવડાવી.

બંધુઓ ! તમે જ કહો. આવા મહાત્માનો કેવો પ્રભાવ પડે ! ખેડૂતોનાં મન ઉપર કેવી અસર થાય ? આજે તો દુનિયા એમ માને છે કે શઠની સામે શઠ થવું જોઈએ, પણ એ માન્યતા ખોટી છે. શઠની સામે શઠ બનવાથી સામી વ્યક્તિ સુધરતી નથી પણ વધારે ક્રોધી બને છે. ઉગ્રાનંદ સ્વામીની ક્ષમાથી ખેડૂતોના હૃદયનું પરિવર્તન થયું. સ્વામીના ચરણમાં પડીને માફી માંગી કે, સ્વામીજી ! અમારા અપરાધને માફ કરો. તેમની આંખમાંથી પશ્ચાત્તાપના આંસુ આવી ગયા અને એ બધા ખેડૂતો ઉગ્રાનંદ સ્વામીના ભક્ત બની ગયા. હવે ચરિત્ર કહું,

ચરિત્ર :– "યશોદા રાજાના મહેલમાં" : ભીમસેનની દાસી યશોદાએ હરિસેનના મહેલેથી વાત જાણીને ભીમસેનને જગાડયા. યશોદા ભયથી થરથર ધ્રૂજવા લાગી. ભીમસેને પૂછયું, યશોદા ! આમ રાત્રિના સમયે અચાનક કેમ આવવાનું બન્યું ? અને તું આમ ગભરાઈને શા માટે ધ્રૂજી રહી છે ? એણે રાણીના શયનગૃહમાં જઈને રાણીને પહેલા જગાડયા, પછી ભીમસેનને તથા સુશીલાને એક ખૂણામાં બેસાડીને કોઈ જાણી ન જાય તે રીતે સાવધાનીપૂર્વક ધીમા અવાજે બનેલી વાત કરી. સુશીલાએ કહ્યું : યશોદા ! તેં એક કેરી માટે આટલું બધું કર્યું ? આવું બન્યા પછી પણ તેં મને વાત ન કરી ? વાત કરી હોત તો હું મારી દેરાણી પાસે જઈને કેરી આપી આવત ને એની માફી માંગત. તો આ વખત તો ન આવત ને ? યશોદાને પણ ખૂબ પસ્તાવો થયો કે મેં આવું શા માટે કર્યું ? મેં ઝેરનાં ઝાડ વાવ્યાં અને આ મારા નિર્દોષ રાજારાણીને એના ફળ ખાવાનો વખત આવ્યો ને ?

ભીમસેન રાજા આ વાત સાંભળીને ઊંડા વિચારમાં પડી ગયા. તે વિચારવા લાગ્યાઃ અહો! કર્મની ગતિ કેવી વિચિત્ર છે! મારો સગો ભાઈ મને મારી નાંખવા તૈયાર થયો છે. સ્ત્રીમાં મોહાંધ બની આજે તે વિવેક અને ભાન ગુમાવી બેઠો છે. આ બધી કર્મની વિચિત્રતા જ છે ને? નહિતર સગો ભાઈ આજે આવું અકાર્ય કરે ખરો? ખરેખર, કર્મ જીવને ભાન ભૂલાવે છે ને ન કરવાનાં કામ કરાવે છે. હરિસેન પણ કર્મને વશ થઈને આજે આવું દુષ્કૃત્ય કરવા તૈયાર થયો છે. મારે હવે સાવધ બનીને મારી રાણીના તેમ જ બંને કુમારોના જાનમાલની રક્ષા કરવી જોઈએ, કારણ કે જો હું જીવતો હોઈશ તો આ રાજસંપદા પાછી મેળવી શકીશ. આમ વિચારીને ભીમસેને પોતાના એક વિશ્વાસુ અને અંગત અનુચરને બોલાવીને પવનવેગી રથ તૈયાર કરી લાવવાની આજ્ઞા કરી અને રાણી તથા કુંવરોને સાથે લઈને જવા માટેની તૈયારી કરવા લાગ્યો. આ તરફ ભીમસેન પોતાના પ્રાણ બચાવવાની તૈયારી કરે છે ત્યારે હરિસેન તેના મહેલમાં ભીમસેનના પ્રાણ લેવાની તડામાર તૈયારી કરી રહ્યો હતો.

"શયનરૂમમાં હરિસેનને ચેતવતી રાણી :"–બીજી તરફ હરિસેન પોતાના શયનરૂમમાં જઈને ભીમસેનને તેની રાણી અને બે પુત્રો સહિત કેવી રીતે મારી નાંખવો તેની વિચારણા કરતો હતો ત્યાં સુરસુંદરીના મનમાં વિચાર થયો કે અમે જે વાત કરી તે કોઈ સાંભળી તો નહિ ગયું હોય ને! એ વિચાર આવતાની સાથે હરિસેનની પાસે આવીને કહેવા લાગીઃ સ્વામીનાથ! મારા મનમાં એમ થાય છે કે આપણી વાત કોઈ સાંભળી તો નહિ ગયું હોય ને? કદાચ કોઈ સાંભળી ગયું હોય ને જઈને ભીમસેનને વાત કરી દે તો જરૂર એ નાશી જશે, અને કદાચ નાસી ન જાય તો તમારા ઉપર હુમલો કરે ને યુદ્ધ કરે. જો કે મને તો તમારા બળ અને પરાક્રમ ઉપર પૂરો વિશ્વાસ છે, છતાં શત્રુને તો ઊગતો ડામી દેવો જોઈએ. જેથી તે કદી માથું ન ઊંચકી શકે, માટે તમે હમણાં જ ભીમસેનના રાજમહેલને ફરતો ચોકી પહેરો ગોઠવી દો. જેથી તે કોઈ નાશી છૂટે નહિ. તમે આ રીતે કરશો તો મારા મનોરથો પૂરા થશે. પત્નીના શબ્દો સાંભળી હરિસેન ખુશ થઈને બોલી ઊઠયો : સુરસુંદરી! તારી બુદ્ધિને ધન્ય છે. તેં મને યાદ કરાવ્યું તે ઠીક થયું. હું હમણાં જ તે માટેનો પ્રબંધ કરું છું.

"ભીમસેનના બંગલા ફરતી ખુલ્લી ચોકી :"–સુરસુંદરીની વાત સાંભળી હરિસેને અનુચરને-લશ્કરના મુખ્ય સુભટને બોલાવી લાવવા હુકમ કર્યો. યુવરાજની આજ્ઞા થતાં તરત સુભટ હાજર થયો ને હાથ જોડીને બોલ્યો : રાજન્! ફરમાવો, શી આજ્ઞા છે? હરિસેને કહ્યું જુઓ, અત્યારે ને અત્યારે આપણી સશસ્ત્ર ટુકડીને લઈને તમે ભીમસેનના મહેલને ફરતો સખ્ત ચોકી ગોઠવી દો. મારી આજ્ઞા વિના એ મહેલમાંથી કોઈને બહાર જવા દેશો નહિ તેમ જ કોઈને અંદર પ્રવેશ કરવા દેશો નહિ. જો એમ કરતાં કોઈ પણ માણસ નજરે પડે તો ત્યાંને ત્યાં તેનો વધ કરી નાંખજો. જેવી આજ્ઞા, એમ કહીને

સુભટ ત્યાંથી ચાલ્યો ગયો, અને હરિસેનની આજ્ઞા મુજબ ભીમસેનના મહેલને ફરતી સશસ્ત્ર ચોકી ગોઠવી દીધી ને દરેકને સખ્ત ચેતવણી આપી કે મહેલમાંથી કોઈ બહાર જાય નહિ અને મહેલમાં કોઈ પ્રવેશ કરવા પામે નહિ. એમ કરવામાં જે ભૂલ કરશે તેનું માથું ધડથી જુદું કરવામાં આવશે. સેના નાયકની આવી સખ્ત આજ્ઞા સાંભળીને શૂરા સૈનિકો સાવધાન બનીને મહેલને ફરતો ઝીણી નજરે જોવા લાગ્યા.

"સુશીલા બેભાન અને રાજા મૂંઝવણમાં" :–આ તરફ ભીમસેને મહેલની બારીમાંથી બહાર દૃષ્ટિ કરી તો હરિસેનના સૈનિકો ખુલ્લી તલવારે ચોકી કરે છે. આ જોઈને તે ભયભીત બની ગયો. હવે બહાર કેવી રીતે નીકળવું ? જો બહાર નીકળીએ તો માથું ને ધડ જુદાં થઈ જાય. હવે શું કરવું ? પોતાના મહેલને ફરતી ખુલ્લી તલવારે ચોકી કરતા સૈનિકોને જોઈને સુશીલાનું તો હૃદય ચીરાઈ ગયું. એના કોમળ હૃદય ઉપર ભારે આઘાત લાગ્યો. અરેરે....આ મારાં કુમળાં ફૂલ જેવાં બે બાલુડાંનું શું થશે ? એમને લઈને હું કેવી રીતે જઈશ ? એમનું શું થશે ? આ ચિંતામાં સુશીલા બેભાન થઈને પડી ગઈ.

ભીમસેન અને યશોદા ત્યાં જ હતા. ભીમસેને સુશીલાનું માથું પોતાના ખોળામાં લીધું ને યશોદાએ શીતળ જળનો છંટકાવ કર્યો એટલે સુશીલા ભાનમાં આવી અને કાંઈક કલ્પાંત કરવા લાગી ત્યારે ભીમસેને તેને શાંત કરતાં કહ્યું : સુશીલા ! આમ રડવાથી શું વળશે ? જ્યાં આપણું ભાગ્ય જ પરવારી ગયું ને ગાઢ કર્મનો ઉદય થયો ત્યાં હિંમત રાખ્યે જ છૂટકો છે, ત્યારે સુશીલા રડતી રડતી કહે છે, નાથ ! મને બીજી કોઈ ચિંતા નથી, પણ મને આ મારા બે બાલુડાંની ખૂબ ચિંતા થાય છે. આપણે તો આટલું સુખ ભોગવ્યું પણ બે કુમળાં બાલુડાંને તો આ નાની ઉંમરમાં દુઃખ આવ્યું. એ બિચારા કેવી રીતે ચાલી શકશે ? એમ કહીને ખૂબ રડી પણ ભીમસેને તેને સમજાવીને શાંત કરી. ત્યાં યશોદા કહે છે, રાજન્ ! હવે તમે ઉતાવળ કરો ને જલદીથી રાણી અને કુંવરોને લઈને નાસી જવાની તૈયારી કરો. ભીમસેને કહ્યું–યશોદા ! બહાર તો સખ્ત ચોકી પહેરો છે. જવું કેવી રીતે ? યશોદા કહે છે, રાજન્ ! તમે ભંડારમાંથી રત્નો, સોનામહોરો વગેરે કીમતી ચીજો લેવાની હોય તે લઈને ઝટ તૈયાર થઈ જાઓ, પછી બધું થઈ પડશે. ભીમસેન અને સુશીલા જવા માટે તૈયારી કરે છે ને બહાર ચોકી પહેરો ગોઠવ્યો છે. હવે તેઓ કેવી રીતે જશે ને શું બનશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૨૦

શ્રાવણ સુદ ૧૦ ને ગુરુવાર **તા. ૨-૮-૭૬**

સુજ્ઞ બંધુઓ ! સુશીલ માતાઓ ને બહેનો ! અનાદિ કાળથી આ સંસારમાં જન્મ અને મરણનો પ્રવાહ ચાલી રહ્યો છે. જન્મ લેવો અને મરવું, આ જન્મ–મરણની પરંપરાને નષ્ટ કરવાને માટે જ્ઞાની પુરુષોએ સ્વયં પ્રયત્ન કરીને જન્મ મરણનો અંત કર્યો અને અન્ય જીવોને પણ એ માર્ગે ચાલવાનો ઉપદેશ આપ્યો. ઠાણાંગ સૂત્રના બીજા ઠાણામાં જ્ઞાનીએ કહ્યું, હે ભવ્યજીવો ! જો તમારે જન્મ મરણની આ દુઃખદાયી શૃંખલાને તોડવી હોય તો બે વાતો અપનાવવી પડશે. **"विज्जाए चेव चरणेण चेव।** પહેલું જ્ઞાન અને બીજું ચારિત્ર. જ્ઞાન અને ચારિત્રનો સમ્યગ્ સુમેળ જન્મ મરણના ચક્રને અટકાવી શકે છે. જ્ઞાન મનના સમસ્ત વિકારોને નષ્ટ કરીને શુદ્ધ અને પવિત્ર બનાવે છે. જ્ઞાન પ્રત્યેક મનુષ્યમાં સ્વતઃ વિદ્યમાન છે પણ એના ઉપર અજ્ઞાનનો મજબૂત પડદો ઢંકાયેલો છે. તેને પુરુષાર્થ દ્વારા ખસેડ્યા વિના શક્તિ પ્રગટ થતી નથી. જ્યારે ચાર ઘાતી કર્મોનો પડદો સંપૂર્ણપણે આત્મા ઉપરથી હટી જાય છે ત્યારે સર્વજ્ઞ બને છે. આ કાળમાં અહીં આપણે સર્વજ્ઞ બની શકીએ તેમ નથી પણ અંશે અંશે અજ્ઞાનનો પડદો ખસેડીએ તો પણ આત્મજ્ઞાન દ્વારા જાણીને પાપકર્મો કરતા અટકે છે.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી કદાચ મનુષ્ય ઘણું જ્ઞાન મેળવી લે પણ જ્ઞાન સાથે આચરણ–ચારિત્ર જોઈએ, કહ્યું છે ને કે **"ज्ञान भारः क्रियां विना"** સમ્યક્ ચારિત્ર વિના જ્ઞાન કેવલ ભાર સ્વરૂપ છે. **आचारः प्रथमो धर्मः** આચાર અર્થાત્ ચારિત્ર પ્રાણી માત્રને માટે ઉત્કૃષ્ટ ધર્મ છે. મનુષ્ય ગમે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરે, ઘણાં શાસ્ત્રોના અર્થમાં પ્રવીણ બની જાય, મોટા મોટા ગ્રંથો કંઠસ્થ કરી લે પણ જો એનું ચારિત્ર ઉત્તમ નથી, હૃદયમાં વિવેક નથી તો એના જ્ઞાનની કોઈ કિંમત નથી. ભલે, થોડું જ્ઞાન હોય પણ એનું ચારિત્ર નિર્મળ છે, વિવેકવાન છે અને વીતરાગ વચન ઉપર અચલ શ્રદ્ધા છે તે જ્ઞાનીની કોટિમાં આવીને પોતાનું જીવન સફળ બનાવી લે છે. ચારિત્રથી રહિત વ્યક્તિનું જ્ઞાન નિરર્થક હોવાથી ફળશૂન્ય હોય છે, અને સમ્યગ્ જ્ઞાનથી રહિત મનુષ્યની ક્રિયા પણ ભારભૂત હોવાથી વ્યર્થ બને છે.

સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ ક્રિયાના સુમેળથી આત્મસાધનાની ગાડી ચાલે છે. આપ જાણો છો ને કે પૃથ્વી ઉપર રથ બે પૈડાંથી ચાલે છે. એ બે પૈડાંમાંથી એક પણ પૈડું તૂટી જાય તો રથ અટકી જાય છે. આકાશમાં પક્ષી ઊડે છે તે પણ પોતાની બે પાંખો દ્વારા ઘણે ઊંચે ઉડ્ડયન કરે છે પણ એક પાંખ કપાઈ જાય તો તે ઉડ્ડયન કરવામાં સમર્થ બની શકતું, નથી એવી, જ રીતે આપણો આત્મા પણ એક પક્ષી સમાન છે. એને ઊડીને ઉચ્ચ ગતિમાં જવું છે તો એની જ્ઞાન અને ક્રિયાની બે પાંખ બરાબર મજબૂત હોવી જોઈએ. એક પાંખ તૂટી જાય તો મોક્ષમાં જવું મુશ્કેલ છે. આટલા

માટે જ્ઞાની પુરુષો કહે છે કે મુમુક્ષુ આત્માઓએ સર્વ પ્રથમ સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઈએ. જ્ઞાન પ્રાપ્ત કરીને ચારિત્ર એટલે કે આચરણમાં ઉતારવું જોઈએ. જો જ્ઞાનને આચરણમાં ઉતારવામાં નહિ આવે તો તે પ્રાપ્ત કરેલું જ્ઞાન વ્યર્થ છે. જેમ તિજોરીમાં ધન ભરેલું છે પણ તેની ચાવી ખોવાઈ ગઈ છે તો તે ધન શા કામનું ? એવી રીતે આચરણ વિનાનું જ્ઞાન પણ વ્યર્થ છે, માટે જેટલું જ્ઞાન પ્રાપ્ત થાય તે પ્રમાણે આચરણ કરીને જ્ઞાન અને ચારિત્ર દ્વારા મુક્તિને પ્રાપ્ત કરવા સદા પ્રયત્નશીલ બનવું જરૂરી છે.

સદ્જ્ઞાન અને સચ્ચારિત્રનો માર્ગ બતાવનાર મહાવીર પ્રભુની અંતિમવાણી ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. ચિત્ત અને સંભૂતિ એ બે મુનિરાજો સંથારો કરવાની તૈયારી કરતા હતા ત્યાં નમુચિ પ્રધાનને ગાઢ બંધનોથી બાંધીને દૂતોની સાથે સનતકુમાર ચક્રવર્તિએ મોકલ્યો. આ જોઈને કરુણાવંત મુનિઓનું હૃદય દ્રવી ઊઠયું. એમને ખબર પડી કે અમને જેણે માર મરાવ્યો હતો એ જ આ માણસ છે, છતાં મુનિના દિલમાં કષાયનો કણિયો ન આવ્યો કારણ કે હવે એમનો રોષ ઓલવાઈ ગયો હતો. છદ્મસ્થ દશામાં કષાય આવી ગઈ પણ પછી કષાયને નાબૂદ કરી. કષાયને નાબૂદ કરવા માટે ઉપશમભાવ જરૂરી છે. જેટલા પ્રમાણમાં ઉપશમભાવ આવે તેટલા પ્રમાણમાં આત્મામાં સુખનો અનુભવ થતો જાય છે, અને સંપૂર્ણ કષાયના નાશથી આત્મા વિતરાગ બને છે. રાગ દ્વેષથી થતાં નુકસાનનો વિચાર આવે તો ક્ષયોપશમ ભાવ આવતા વાર નહિ લાગે, અથવા જ્યારે દ્વેષ કરવાનો પ્રસંગ આવે તે વખતે વ્યક્તિમાં રહેલા ગુણનો એકાદ ઉપકારનો વિચાર કરવામાં આવે તો દ્વેષનું જોર નહિ ચાલે. આ વાતને સમજવા માટે વિક્રમ રાજાના જીવનનો એક પ્રસંગ તમારી સમક્ષ રજૂ કરું.

"વનની વાટે કષ્ટમાં સપડાયેલા રાજા" :–એક વખત વિક્રમ રાજા જંગલમાં ફરવા ગયેલા. ફરતા ફરતા ઊંધે રસ્તે ચઢી જવાથી રાજા અને એમના સાથીદારો એકબીજાથી છૂટા પડી ગયા, રાજા સાચો રસ્તો શોધવા માટે આમથી તેમ ભમવા લાગ્યા, પણ નથી મળતો માર્ગ કે નથી મળતો માર્ગ બતાવનાર કોઈ માણસ. હવે શું કરવું ? સમય જતાં રાજાને ખૂબ ભૂખ તરસ લાગવાથી રાજાનું મન આકુળવ્યાકુળ થયું ને પાણીની શોધ કરવા લાગ્યા પણ વાવ કે સરોવર કંઈ દેખાતું નથી. છેવટે એક ઝૂંપડી જોઈ તેથી આશાભેર વિક્રમરાજા ઝૂંપડી પાસે પહોંચ્યા પણ ભૂખ તરસની પીડાથી ચક્કર આવવાથી ત્યાં બેસી ગયા, એટલે ઝૂંપડીના માણસોએ રાજાને ઠંડું પાણી આપીને સ્વસ્થ બનાવ્યા, પછી ભોજન બનાવીને સારી રીતે જમાડયા, ત્યાર બાદ રાજાએ પોતાની બધી કહાની કહી એટલે ઝૂંપડીના માણસોએ તેમને સાચા માર્ગે ચઢાવ્યા. આથી રાજાના મનમાં થયું કે આ લોકોએ મારા ઉપર ખૂબ ઉપકાર કર્યો છે. અત્યારે તો ઉપકારનો બદલો વાળવા મારી પાસે કંઈ નથી. એટલે વિક્રમ રાજાએ

કહ્યું, "ભાઈ! તમે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. તમે જ્યારે ઉજ્જૈની નગરીમાં આવો ત્યારે મારી પાસે જરૂર આવજો. અરે, ત્યાં તો વિક્રમ રાજા રહે છે. ભાઈ! તે જ હું છું." આ સાંભળીને બધાને ખૂબ આનંદ થયો. આજે અમારા ભાગ્ય જાગ્યા. આપના પુનિત પગલાં અમારે ત્યાં થયા. રાજાને ફરીને તકલીફ ન થાય તે માટે એક ભોમિયો આપ્યો. ભોમિયાની સાથે રાજા જંગલમાંથી પોતાની નગરીમાં આવી ગયા. એક વખત ઝૂંપડીમાં રહેનારો માણસ કોઈ કામ પ્રસંગે ઉજ્જૈની નગરીમાં આવ્યો. તેના મનમાં થયું કે આવ્યો છું તો રાજાને મળતો જાઉં. આમ વિચાર કરીને તે રાજદરબારમાં આવ્યો.

"ઉપકારીના ગુણ ગાતા રાજા" :- વિક્રમ રાજા તેને ઓળખી ગયા એટલે તેનું સન્માન કર્યું અને પોતાની સભામાં સભાસદ તરીકે રાખી લીધો. તેને રહેવા માટે સુંદર મકાન આપ્યું, આ માણસ દરરોજ સભામાં જાય છે ને રાજા જે કાર્ય કરવાનું કહે તે બરાબર કરે છે. રાજા પણ અવારનવાર સભામાં આ માણસના ગુણ ગાતા ને કહેતા કે આ માણસે ભયંકર અટવીમાં મારો જીવ બચાવીને મારું રક્ષણ કર્યું હતું. આમ ભરસભામાં રાજા વારંવાર પ્રશંસા કરતા. આથી પેલા માણસને વિચાર આવ્યો કે મારી પ્રશંસા માત્ર શબ્દોના આડંબરથી છે કે હૃદયથી તે પરીક્ષા કરવી જોઈએ. આવો વિચાર કરીને એક દિવસ રાજાના નાના કુંવરને છાનોમાનો ઉપાડી પોતાના મકાનમાં સંતાડી દીધો.

"કુંવરની થતી શોધ" :- આ તરફ થોડી વાર કુંવર નહિ દેખાવાથી શોધાશોધ થઈ. તપાસ કરતા કુંવરનો પત્તો ન પડવાથી આખી નગરીમાં વાત ફેલાઈ ગઈ કે રાજાના નાના કુંવરને કોઈ ઉઠાવી ગયું છે. ઘણા દિવસો ગયા છતાં કુંવરનો પત્તો પડતો નથી. આખા રાજ્યમાં દુઃખની લાગણી ફેલાઈ ગઈ, પછી પેલા માણસે રાજકુમારનું એક આભૂષણ નોકરને આપીને કહ્યું કે આ દાગીનો બજારમાં જઈને વેચી આવ. નોકરે બજારમાં જઈને બે ત્રણ દુકાને દાગીનો બતાવ્યો. તેમાં એક વેપારીને આ દાગીનો જોઈને શંકા થઈ કે આ રાજાના કુમારનો હોય તેમ લાગે છે. એટલે તે નોકરને દુકાને બેસાડી પોલીસને ખબર આપી, તેથી નોકર પકડાઈ ગયો ને તેને રાજા પાસે હાજર કરવામાં આવ્યો. રાજાએ તેને ખૂબ ધમકી આપીને પૂછયું એટલે નોકરે શેઠનું નામ આપી દીધું કે મને શેઠે આ દાગીનો વેચવા મોકલ્યો હતો એટલે રાજાએ તેના શેઠને પકડવા માણસો મોકલ્યા.

પોલીસોએ તરત પેલા માણસને પકડીને રાજા પાસે હાજર કર્યો. રાજાએ પૂછયું કે શું હકીકત છે? જે હોય તે સત્ય વાત કહી દો. તે માણસ આંખમાં શ્રાવણ ભાદરવો વરસાવતો બોલ્યો : હે રાજન્! તમારા કુંવરના શરીર ઉપર પહેરાવેલા અલંકારો જોઈને મારી બુદ્ધિ બગડી એટલે કુંવરને હું છાનોમાનો ઉઠાવી ગયો ને લોભને વશ થઈ એના શરીર ઉપરના અલંકારો ઉતારી લીધા. એટલેથી હું અટકયો નહિ. મારી કુબુદ્ધિના કારણે મારા હાથે કુંવરનું ખૂન થઈ ગયું છે. હવે આપને જે ઠીક લાગે તે

શિક્ષા કરો. આ સાંભળતાં બાજુમાં બેઠેલા સામંતોની આંખમાંથી અગ્નિ ઝરવા લાગી. એકે કહ્યું, આવા કૃતઘ્નીને તો બરાબર શિક્ષા થવી જોઈએ. એના શરીરના રાઈ રાઈ જેવડા ટુકડા કરી પક્ષીઓને બલી આપવો જોઈએ. બીજો બોલ્યો, આવા માણસને તો કાંટામાં સુવાડીને બાળી મૂકવો જોઈએ. ત્રીજો બોલ્યો કે, આને તો જીવતો જમીનમાં દાટી દેવો જોઈએ. ચોથો બોલ્યો કે આને તો હાથીના પગ નીચે છૂંદી નાંખવો જોઈએ. આમ સૌ પોતપોતાનો અભિપ્રાય પ્રગટ કરવા લાગ્યા.

"ઉપકારનો બદલો વાળતા રાજા" :–રાજાએ શાંત ચિત્તે બધું સાંભળીને સભા તરફ દૃષ્ટિ કરીને કહ્યું કે, હે સભાજનો ! જે બનવાનું હતું તે બની ગયું. હવે એના ઉપર ક્રોધ કે દ્વેષ કરવો તે બિલકુલ યોગ્ય નથી, કારણ કે જ્યારે હું જંગલમાં ભૂલો પડયો હતો ત્યારે એણે જ મને પાણી અને ભોજન આપીને જીવાડયો હતો ને નગરીમાં પહોંચાડયો હતો, માટે એનો આ ગુનો માફ કરું છું. એમ કહી સિપાઈઓને કહ્યું કે, આને બંધનથી મુક્ત કરી દો. રાજાનો હુકમ થતા માણસને બંધનમાંથી છૂટો કરવામાં આવ્યો. જે પરીક્ષા કરવાની હતી તે થઈ ગઈ. રાજા કેવળ શબ્દના સાથિયા પૂરતા ન હતા પણ હૃદયથી ઉપકાર માનતા હતા. આ માણસે પોતાને ઘેર આવી કુંવરને લઈને રાજસભામાં હાજર થયો. હસતા ખેલતા કુંવરને જોઈ ને બધાને આશ્ચર્ય લાગ્યું કે, આ શું ? એમણે કુંવરને મારો નાંખ્યો હતો ને જીવતો કયાંથી આવ્યો ? સામંતોએ આનું કારણ પૂછયું તો આ માણસે કહ્યું કે, સાંભળો. રાજા સભામાં વારંવાર મારી પ્રશંસા કરતા હતા, તેથી મને થયું કે તેઓ મારો સાચો ઉપકાર માને છે કે ખોટો ? એ જાણવા માટે મેં આ પ્રમાણે કર્યું હતું.

દેવાનુપ્રિયો ! આ પ્રસંગ ભયંકર ક્રોધ આવે ને દ્વેષ થાય તેવો હતો ને ? છતાં વિક્રમ રાજાએ તેનો ઉપકાર માનીને તેના ઉપર ક્રોધ કે દ્વેષ ન કર્યો અને ઉપરથી તેનો ગુનો માફ કરીને છોડી મૂકયો. આ દૃષ્ટાંત સાંભળીને આપણે તો એટલો જ સાર લેવો છે કે કષાય થાય એવા પ્રસંગે સમતા રાખીને જીવે શું વિચારવું જોઈએ ? કે મારા પાપ કર્મનો દોષ છે. એમાં બીજા કોઈનો દોષ નથી. બીજા તો નિમિત્ત માત્ર છે. આ રીતે શુભાશુભ કર્મના ઉદય વખતે શુભાશુભ કર્મની પ્રકૃતિનો વિચાર કરીએ તો આપણને કોઈના ઉપર ક્રોધ કે દ્વેષ આવે નહિ. દરેક જીવો પ્રત્યે પ્રેમ થાય માટે અપરાધી પ્રત્યે પણ ક્ષમા રાખી આત્માને ઉજ્જવળ બનાવવો જોઈએ.

સંભૂતિ મુનિને સખત માર મરાવનાર નમુચિ પ્રધાન ઉપર મુનિઓએ દ્વેષ ભાવ ન રાખતા તેને બંધનમાંથી મુક્ત કરાવ્યો. નમુચિ છૂટયો એવો ત્યાંથી જીવ લઈને ભાગી ગયો, અને મુનિરાજોએ પૂર્વકૃત કર્મોનો ઉદય જાણી કર્મો ખપાવવા માટે અનશન કર્યું. આ તરફ સનત્કુમાર ચક્રવર્તિને ખબર પડી કે સમતાના સાગર મુનિરાજોએ અપરાધીને બંધનથી મુક્ત કરાવ્યો ને અનશન કર્યું છે. આ સાંભળીને

ખૂબ આનંદ થયો. અત્યંત હર્ષોલ્લાસથી પુલકિત થઈને ભક્તિભાવપૂર્વક અંતઃપુરને સાથે લઈને બંને મુનિરાજોના દર્શન કરવા માટે ઉદ્યાનમાં આવ્યા. અત્યંત ભક્તિથી એ બ્રહ્મચારી મુનિરાજોના ચરણોમાં તેમણે પોતાનું શીર ઝૂકાવ્યું. આ બંને મુનિરાજો શુદ્ધ બ્રહ્મચારી હતા. એમણે છોટી વયમાં દીક્ષા લીધી હતી. પોતે ચાંડાલના પુત્રો હતા પણ એમના મુખ ઉપર બ્રહ્મચર્યના તેજ ઝળકી રહ્યા હતા. મહાપુરુષોએ બ્રહ્મચર્યનો મહાન મહિમા ગાયો છે.

એક ગામમાં મધ્યમ સ્થિતિનું કુટુંબ વસતું હતું. તેમને એક દીકરી હતી. પોતાની સમાન કક્ષાના કુટુંબના દીકરા સાથે દીકરીનું સગપણ કરેલું પણ થોડા સમય પછી છોકરાના માબાપ ખૂબ ગરીબ થઈ ગયા. છોકરી મોટી થઈ એટલે એના માબાપે વિચાર કર્યો કે આવા તદ્દન ગરીબને ઘેર દીકરી પરણાવીએ તો શું સુખી થાય ? હવે આપણે ત્યાં પરણાવવી નથી. બીજે કયાંક પરણાવી દઈશું. આ વાત છોકરીના જાણવામાં આવી એટલે છોકરીએ મા-બાપને કહી દીધું કે, તમે જ્યાં મારી સગાઈ કરી છે એ મારો પતિ બની ચૂકયો છે. હવે આ ભવમાં મારે બીજો પતિ ન જોઈએ. જો તમારે મને પરણાવવી હોય તો ત્યાં જ પરણાવો, નહિતર જીવનભર કુંવારી રહીશ. દીકરીનો નક્કર નિશ્ચય જાણી માતાપિતાએ ત્યાં જ પરણાવવાનું નક્કી કર્યું. વેવાઈને ત્યાં લગ્ન માટે કહેવડાવ્યું, ત્યારે જમાઈના સમાચાર આવ્યા કે હું જાન જોડીને આવી શકું તેમ નથી. ફક્ત હું એકલો આવીશ.

શુભ દિવસે મુહૂર્ત જોવડાવી લગ્નનો દિવસ નક્કી કરવામાં આવ્યો, પણ વેવાઈના ઘેરથી મોટી કે નાની જાન આવવાની હોય તો કન્યાને ઘેર ધમાલ દેખાય પણ આ તો ઘરમાં ચોરી બાંધીને પરણાવવાની છે તેથી લગ્ન જેવું લાગતું નથી. હવે બને છે એવું કે કન્યાએ મુરતિયો નથી જોયો ને મુરતિયાએ કન્યાને નથી જોઈ. બોલો, આજે આમ ચાલે ખરું ? (હસાહસ) આ છોકરાનું નામ લોચનદાસ હતું. ખૂબ સીધો, સાદો ને સંસ્કારી હતો. લગ્નના દિવસે કન્યા ગામના પાદર કૂવાકાંઠે પાણી ભરવા ગઈ હતી અને આ તરફથી લોચનદાસ લગ્ન કરવા માટે સાસરે આવી રહ્યો હતો. જેની સાથે આજે રાતના હસ્તમેળાપ થવાનો હતો એ જ કન્યાને લોચનદાસે પૂછયું, ઓ બહેન ! આ ગામમાં ફલાણા ભાઈનું ઘર કયાં આવ્યું ? કન્યાએ આંગળી ચીંધીને જ ઘરની પૃચ્છા કરતો હતો તે ઘરનો રસ્તો બતાવ્યો. એકબીજાને કદી જોયા ન હતા એટલે કયાંથી ઓળખી શકે ?

રાતના બંનેના લગ્ન થયા. કન્યા પરણીને સાસરે આવી. શયનખંડમાં બંને ભેગા થયા ત્યારે બંનેને એકદમ કંઈક ભૂતકાળનું સ્મરણ તાજું થતું હોય તેમ સ્તબ્ધ બની ગયા. થોડી વાર મૌન રહ્યા પછી નવપરિણીત કન્યાએ મૌન તોડતા કહ્યું, આપ આજે પરણવા માટે આવી રહ્યા હતા તે વખતે કૂવાને કાંઠે મને બહેન કહીને બોલાવી હતી

ને ? લોચનદાસે કહ્યું–હા, હું તને ઓળખતો ન હતો એટલે બહેન જ કહું ને ? ત્યારે કન્યાએ કહ્યું : બસ, આપે મને બહેન કહીને બોલાવી છે તો હું આજથી આપની બહેન બનીને રહીશ. આપ ફરીને લગ્ન કરો, પણ મારી એક નમ્ર પ્રાર્થના સ્વીકારજો કે આજીવન પર્યંત મને આપની સેવા કરવાનો લાભ મળવો જોઈએ. હું આપની બધી સેવા કરીશ ને આ ઘરમાં રહીશ. આપના સુખમાં કદી આડખીલ નહિ બનું. હું તો આપની સેવાની ભૂખી છું, વાસનાની ભૂખી નથી. પત્નીના આવા શબ્દો સાંભળીને લોચનદાસે કહ્યું, મેં તને બહેન કહી તો હું તારો ભાઈ જ થયો ને ? જો તું મારી બહેન બનીને જીવનભર મારી સેવા કરવા ઇચ્છે છે તો શું હું બીજી કન્યા સાથે લગ્ન કરીને સુખ ભોગવું ? હું કંઈ વાસનાનો ભૂખ્યો નથી. હું દેહનો પૂજારી નથી પણ આત્માના ગુણનો પૂજારી છું. આપણે સદાના સાથી સગા ભાઈ–બહેન બનીને રહીશું. બંધુઓ ! સંસારના સુખ માણવા ઝંખતા એક વખતના પતિપત્ની ભૌતિક સુખને લાત મારીને શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવા તૈયાર થયા. ભરયુવાનીમાં બ્રહ્મચર્યનું પાલન કરવું એ કાંઈ સામાન્ય વાત નથી. મહાદુષ્કર છે. ધન્ય છે આવા પવિત્ર બ્રહ્મચારી આત્માઓને !

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ. ચિત્ત અને સંભૂતિ એ બંને મુનિઓએ અનશન કર્યું છે. બીજી તરફ સનતકુમાર ચક્રવર્તિ પોતાના અંતેઉર સહિત તેમના દર્શન કરવા માટે આવ્યા છે. બ્રહ્મચર્યના તેજથી ઝળહળતું લલાટ જોઈને સનતકુમાર ચક્રવર્તિ મુનિરાજોની સ્તુતિ કરતા કહે છે, અહો મુનિરાજ ! ધન્ય છે આપને ! આપે લઘુવયમાં ભોગ છોડીને યોગનો માર્ગ અપનાવ્યો છે. આમ કહીને મુનિના ચરણમાં વંદન કરે છે ત્યારે ચક્રવર્તિની મુખ્ય પટ્ટરાણી સ્ત્રીરત્ન સુનંદા પણ અત્યંત ભાવથી મુનિને વંદન કરવા લાગી. સ્ત્રીઓએ દૂર રહીને સાધુને વંદન કરાય પણ આ સનત્કુમાર ચક્રવર્તિની પટ્ટરાણી અત્યંત હર્ષાવેશમાં ભાન ભૂલીને નજીક જઈને વંદણા કરવા લાગી. એના માથાનાં વાળ ખૂબ લાંબા હતા. એ સમયમાં સ્ત્રીઓની શોભા એના લાંબા-ને સુંદર કેશકલાપથી વધતી હતી, જે સ્ત્રીના વાળ વધારે લાંબા હોય તે વધારે ભાગ્યવાન ગણાતી હતી, પણ આજે તો ઊલટી ગંગા વહી રહી છે. અમારી બહેનોને લાંબા વાળ ગમતા નથી એટલે કાપીને ટૂંકા કરાવે છે ને ભાઈઓ વાળ વધારે છે. કેમ બરાબર છે ને ? (હસાહસ) આ સુનંદા રાણીનો ચોટલો ઘણો લાંબો હતો. તેમાંથી એક લટ છૂટી પડી ગઈ ને સંભૂતિ મુનિના શરીરને તેનો સ્પર્શ થયો. સુનંદા રાણીના સુંવાળી અને સુગંધિત તેલથી મહેંકતી કેશરાશિનો સ્પર્શ થતાં મુનિને સુખનો અનુભવ થયો એટલે ઊંચે જોયું. ચક્રવર્તિની સ્ત્રીરત્નને જોઈ. એનું રૂપ જોઈ સંભૂતિ મુનિ ભાન ભૂલ્યા.

બંધુઓ ! આ સંભૂતિ મુનિએ જ્યારે નમુચિ પ્રધાને માર મરાવ્યો ત્યારે પણ ભાન

ભૂલ્યા હતા ને ક્રોધાવેશમાં આવીને તેજુલેશ્યાનો પ્રયોગ કર્યો હતો. ચિત્તમુનિના સમજાવવાથી ક્રોધ શાંત થયો ને તેજુલેશ્યાનું સંહરણ કરી લીધું ને સંથારો કર્યો, ત્યાં પાછા આ સ્ત્રીરત્ન સુનંદાના વાળનો સ્પર્શ થતાં સંભૂતિ મુનિનું મન એ તરફ ઢળ્યું. મનમાં થયું, કેવું સુંદર રૂપ છે! કેવું સૌંદર્ય છે! એના કેશરાશિના સ્પર્શ માત્રમાં પણ આટલો બધો સુખાનુભવ થયો તો આવી સ્ત્રી મળે તો એ સુખની તો વાત જ શી કરવી? સંભૂતિ મુનિના મનમાં આવા ભાવ આવ્યા એટલે તેઓ નિયાણું કરવા તૈયાર થયા. તેમના મુખ ઉપરના તરવરતા ભાવોને જોઈને ચિત્ત મુનિ સમજી ગયા. બંધુઓ! મનુષ્યનું મુખ એ કેમેરો છે. કેમેરો મનુષ્યની જેવી મુખાકૃતિ હોય તેવી ઝડપી લે છે, તેમ માણસના મુખ ઉપરથી એના મનના ભાવો જાણી શકાય છે. તે રીતે ચિત્તમુનિએ સંભૂતિ મુનિના હૃદયના ભાવોને જાણીને વિચાર કર્યો કે અહાહા.... મોહરાજાની દુર્જયતા કેવી છે અને ઇન્દ્રિયોની કેવી નિર્બળતા છે કે જેની પ્રબળતાથી સદા તપ અને સંયમમાં રમણતા કરનારા એવા આ મારા ભાઈ સંભૂતિમુનિ કે જેઓ જિનવચનના રહસ્યના જ્ઞાતા છે તેઓ આ ચક્રવર્તિના સ્ત્રીરત્નના કેશરાશિના સ્પર્શથી નિયાણું કરવા તરફ ઝૂકવાની તૈયારી કરી રહ્યા છે. નિયાણું કરીને તે એમના આત્માનું અહિત કરશે, માટે મારે એમને ચેતવવા જોઈએ. હવે ચિત્ત મુનિ એમને કેવી રીતે સમજાવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : "રાજમહેલને છોડતા રાજા રાણી":–યશોદા દાસી ભીમસેન રાજાને કહે છે હવે તમે જલદી આ રાજમહેલ છોડી દો. નહિતર મોટી મુસ્કેલીમાં આવી જશો. રાણીનું હૈયું હાથ રહેતું નથી. નાનાં બે બાલુડાં સામે નજર કરે છે ને રડે છે. માતાને રડતી જોઈને બાળકો પણ રડવા લાગે છે. ભીમસેન રાજાએ હિંમત કરીને તિજોરીમાંથી બહુ મૂલ્યવાન રત્નો, મોતી વગેરે ઝવેરાતની એક પોટલી બાંધી. અમુક શસ્ત્રો લીધા. બધાએ જોડી વસ્ત્રો લીધાં. આ બધું તૈયાર કરીને બહાર દૃષ્ટિ કરે છે તો હરિસેનનું સૈન્ય સજ્જ બનીને ખુલ્લી તલવારે ચોકી કરે છે. આ જોઈને ભીમસેન રાજા ગળગળા થઈને યશોદાને કહે છે જીવ બચાવવા ગમે તેમ કરીને નાસી છૂટવું છે પણ જવું કેવી રીતે? મહેલની ચારે તરફ સૈનિકો ગોઠવાઈ ગયા છે. હાથે કરીને મોતને ભેટવા જવું તેનાં કરતાં મોત આવશે ત્યારે જોયું જશે. યશોદા ગંભીર હતી. એણે કહ્યું, મહારાજા! તમે ગભરાઓ નહિ, ચિંતા ન કરો. મને મહેલના ગુપ્ત માર્ગની ખબર છે. હે મહારાજા! તમે બધા મારી પાછળ પાછળ ચાલ્યા આવો. આપણા મહેલમાંથી એક ગુપ્ત સુરંગ છે. એ સુરંગના માર્ગેથી તમે જલદી બહાર નીકળી જશો અને સવાર સુધીમાં તો તમે આ નગરીથી ઘણે દૂર જંગલમાં જશો તેની કોઈને ખબર પણ નહિ પડે. યશોદાની વાત સાંભળીને રાજા રાણી બંને બાળકોને લઈને ઝડપભેર તૈયાર થઈ ગયા. સાથે હીરા, મોતી અને સોનામહોરોની પોટલી, કપડાં અને શસ્ત્રો વગેરે લઈને

સજ્જ થયા. બંને બાળકોને બંને જણાએ તેડી લીધા અને યશોદાએ એક મશાલ સળગાવીને હાથમાં લીધી અને બધાં મહેલના ગુપ્ત ભોંયરામાં થઈને અશ્વશાળામાં આવ્યા. અશ્વશાળામાંથી ગુપ્ત સુરંગ નગર બહાર જતી હતી. અંદર જઈને યશોદાએ સુરંગની કળ દબાવી એટલે સુરંગનું દ્વાર તરત ખૂલી ગયું. સૌ સુરંગમાં ઊતર્યા એટલે યશોદાએ સુરંગનું દ્વાર બંધ કરી દીધું અને મશાલ પકડીને સૌની આગળ ચાલવા લાગી.

"રાજપરિવાર સુરંગની વાટે":–ચાલતાં ચાલતાં ભીમસેને કહ્યું, યશોદા! અત્યાર સુધી મને તેં આ સુરંગની વાત કેમ ન કરી? અને સુરંગ છે એ તને શી રીતે ખબર પડી? યશોદા વિનયપૂર્વક બોલી–મહારાજા! કેટલીક બાબતો એવી ગૂઢ હોય છે કે તેની કોઈને ખબર કહેવાની હોતી નથી. સમય આવે ત્યારે જ તેનો પ્રકાશ કરવાનો હોય છે. આજે એવો સમય આવ્યો ત્યારે મેં તમને આ સુરંગ બતાવી. મારી માતાએ મરવા પહેલાં થોડા દિવસ અગાઉ મને એક દિવસ આ ગુપ્ત સુરંગ બતાવી હતી, અને આ દ્વાર બોલવાની કળ કેવી રીતે દબાવવી, દ્વાર કેમ બોલવું ને બંધ કરવું બધું શીખવાડીને કહ્યું હતું કે કટોકટીનો પ્રસંગ આવે ત્યારે આ સુરંગ રાજાને બતાવજે, એટલે આજ સુધી આ સુરંગની વાત આખા રાજમહેલમાં મારા સિવાય કોઈ જાણતું નથી. આમ વાત કરતાં કરતાં બે ત્રણ યોજન જેટલો પંથ ઝડપભેર કાપી નાંખ્યો, પછી યશોદાએ કહ્યું, મહારાજા! હવે મારે પાછા ફરવું જોઈએ. તમને આવી રીતે અસહાય દશામાં છોડીને જતાં મારું મન માનતું નથી. મારું હૈયું હાથ રહેતું નથી. અંતર વલોવાઈ જાય છે પણ મારે ગયા વિના છૂટકો નથી. હવે તમે અહીંથી અર્ધા યોજન જેટલું ચાલશો એટલે સુરંગ પૂરી થશે ને ગાઢ જંગલ શરૂ થશે. એ જંગલ પસાર કરતા એક ગુફા આવશે. એ ગુફા પસાર કરીને બહાર નીકળશો એટલે વસ્તી આવશે. ત્યાંથી તમે ઠીક લાગે ત્યાં ચાલ્યા જજો.

"રડતી આંખે યશોદાએ છેલ્લે કહેલા શબ્દો":– મહારાજા સાહેબ! મારા પાપે આપને આ દુઃખ ભોગવવાનું આવ્યું છે. હું તો એક દાસી છું. તમને વધારે કહેવાનો અધિકાર નથી પણ લાગણીવશ કહેવાઈ જાય છે કે આપ ખૂબ હિંમત રાખજો ને મારા રાણીમા તેમ જ આ બંને કુમળાં બાળકોની તમે ખૂબ સંભાળ રાખજો. ધર્મનું જતન કરજો. નવકારમંત્રનું નિરંતર સ્મરણ કરજો. તેના પ્રભાવથી સૌ સારાં વાનાં થશે. આટલું બોલતાં બોલતાં યશોદા ચોધાર આંસુએ રડી પડી. સુશીલા અને ભીમસેનની આંખોમાં પણ આંસુ ઉભરાઈ આવ્યાં. જતાં જતાં સુશીલાને ગળે વળગીને ખૂબ રડી, ત્યારે ભીમસેને તેને એક સોનામહોર આપવા માંડી પણ યશોદાએ ન લીધી અને રડતી આંખે તેણે બધાને વિદાય આપી. રાજારાણી દેખાતા બંધ થવા ત્યાં સુધી એ મશાલ ધરીને ઊભી રહી, પછી તરત ઉતાવળી ગતિએ પાછી ફરી અને

સુરંગ ઉઘાડી કોઈને ખબર ન પડે તે રીતે બંધ કરીને પોતાના રૂમમાં ચાલી ગઈ. જાણે કંઈ બન્યું જ નથી તે રીતે બધી પ્રવૃત્તિ કરવા લાગી.

આ તરફ યશોદાના બતાવ્યા મુજબ ભીમસેન, સુશીલા અને બંને કુંવરોએ અર્ધો યોજન કાપી નાંખ્યું. ચાલતાં ચાલતાં તેઓ સુરંગની બહાર નીકળી ગયા, ત્યાં તો ઘોર, ગાઢ અને ભયાનક જંગલ શરૂ થયું. આ જંગલમાં એટલાં બધાં નાનાં મોટાં અને વિશાળ વૃક્ષો હતાં. કે જેનો કોઈ પાર ન હતો. ત્યાં સિંહની ભયંકર ગર્જનાઓ, વાઘની ભયંકર ત્રાડો, તેમ જ અનેક જંગલી પશુઓના વિકરાળ અવાજો સંભળાવા લાગ્યા તેથી છાતી થડકવા લાગી છતાં હિંમતથી આગળ વધ્યા, પણ ફૂલ જેવાં બાલુડાં તો કેટલું ચાલી શકે? થોડું ચાલે છે ને થાકી જાય છે એટલે થોડો વાર બેસી જાય ને પાછા ચાલવા માંડે છે.

યમધર જૈસા વન ભયકારી, ઠારી અરૂ અંધકાર,
કુશ કંકર લાગે ચરણોંમેં, પડે રક્ત કી ધાર.

એ વન એવું બિહામણું લાગે કે ભલભલા જબ્બર પુરુષની છાતી ફાટી જાય. એવા ગાઢ જંગલમાં ભીમસેન રાજા, અને સુશીલારાણી પોતાના બે બાલુડાંને લઈને નિરાધારપણે એકલા અટૂલા ચાલ્યા જાય છે. શિયાળાના દિવસો હતા એટલે કડકડતી ઠંડી હતી અને વનમાં ચારે તરફ વૃક્ષોને કારણે અંધકાર લાગતો હતો. રસ્તો પણ ખૂબ કાંટાળો અને પથ્થરવાળો હતો. આ બિચારા પુણ્યવાન જીવો કોઈ દિવસ પગે ચાલ્યા ન હતા. તેમને આજે ખુલ્લા પગે ચાલવાનો વખત આવ્યો. ચાલતાં ચાલતાં પગમાં પથ્થરની ઠોકર વાગે એટલે પડી જાય છે. ઊઠીને ચાલે ત્યાં પાછા કાંટા વાગે એટલે પગમાં લોહીની ધાર થવા લાગી. કયાંક પગમાં કાંટાના ઝાંખરાં ભરાઈ જવાથી પગમાં ઉઝરડા પડી ગયા ને કપડામાં કાંટાના ઝાંખરા ભરાવાથી ફાટી ગયા, આ નાનાં ફૂલ જેવાં બાલુડાં દેવસેન અને કેતુસેન તો બિચારા ચાલી શકતા નથી એટલે રડવા લાગ્યા, કેસરિયા દૂધ પીતા સૂવે ને ઊઠે એવાં બાલુડાં ખૂબ ભૂખ્યાં થયાં એટલે કહે છે બા! અમને બહુ ભૂખ લાગી છે. દૂધ આપને. રોજ તો કેટલું બધું દૂધ આપતી હતી ને આજે કેમ નથી આપતી? બા! આપણો મહેલ કયાં ને આપણે અહીં કેમ આવ્યાં છીએ? હવે તો અમારાથી ચલાતું નથી. અમને દૂધ આપ. એમ બાળકો હઠ કરે છે. બાલુડાંના કાલાકાલા બોલ સાંભળીને મા-બાપની આંખમાં આંસુ આવી ગયા. હવે તેઓ બાળકોને કેવી રીતે સમજાવશે ને કયાં જશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૨૧

શ્રાવણ સુદ ૧૧ને શુક્રવાર **તા. ૩-૮-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! પરમ પંથના પ્રકાશક, ભવ્ય જીવોના ઉદ્ધારક, રાગ-દ્વેષના વિનાશક, એવા અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોએ જગતના જીવોને આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો. સૂયગડાયંગ સૂત્રમાં શ્રી જંબુસ્વામી શ્રી સુધર્માસ્વામીને પૂછે છે કે, હે ભગવંત! સર્વ દુઃખોથી મુક્ત કરાવનાર, સર્વથી શ્રેષ્ઠ મોક્ષમાર્ગ શ્રી તીર્થંકર દેવોએ કહેલા માર્ગને આપ જાણો છો તો સરળ મોક્ષમાર્ગ, સર્વ કર્મનો ક્ષય કરાવનાર અને મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એવો માર્ગ અમને બતાવો. ત્યારે સુધર્માસ્વામી પોતાના પ્રિય શિષ્ય જંબુસ્વામી આદિ શિષ્યોને તે માર્ગનું સ્વરૂપ સમજાવતાં કહે છે.

अणुपुव्वेण महाघोरं, कासवेण पवेइयं।
जमादाय इओ पुव्वं, समुद्दं ववहारिणो॥ अ, १९. गाथा ५.

શાસનપતિ, ત્રિલોકીનાથ ભગવાન મહાવીર સ્વામીએ કહેલા મોક્ષમાર્ગને હું તમોને અનુક્રમથી બતાવું છું તે તમે સાંભળો. જેમ વેપાર કરનાર વેપારી લોકો વહાણ, સ્ટીમર આદિ સાધનથી સમુદ્રને પાર કરે છે એટલે સમુદ્ર તરીને પોતાને જે સ્થળે જવું હોય તે સ્થળે પહોંચી શકે છે તેમ શ્રી તીર્થંકર ભગવંતોએ બતાવેલ મોક્ષમાર્ગનો આશ્રય સહારો લઈ ભૂતકાળમાં ઘણાં જીવો આ સંસાર સાગરને તરી ગયા છે અને પોતાના ધારેલ સ્થળ સિદ્ધિ ગતિને પ્રાપ્ત કરેલ છે. મોક્ષમાર્ગનું આરાધન મહાકઠિન છે. મનુષ્ય જન્મ, ધર્મ શ્રવણનો યોગ, સમ્યક્ત્વ રૂપ શ્રદ્ધા, અને ચરિત્ર, પાલનની શક્તિ એ બધું પ્રાપ્ત થાય ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે. જેથી અલ્પ શક્તિવાળાને માટે આ મોક્ષમાર્ગનું આરાધન મહાકઠિન છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપ ધર્મની આરાધના સંપૂર્ણ ઉપયોગવંત રહીને કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

મોક્ષમાર્ગની આરાધના કરી રહેલા ચિત્ત અને સંભૂતિ મુનિની વાત ચાલે છે. તેમાં સંભૂતિ મુનિ સનત્કુમાર ચક્રવર્તિની સ્ત્રીરત્નના સુંવાળા કેશના સ્પર્શના શીતળ અનુભવથી સંયમથી ચલાયમાન થયા. તેમનું મન ચક્રવર્તિના વૈભવ અને વિલાસની મોજ માણવા તરફ આકર્ષાયું, તેથી મુનિનું મન સંયમથી ચલિત બન્યું. સ્ત્રીરત્નનું મનમોહક સૌંદર્ય જોતાં ચિત્ત ચલાયમાન બન્યું. આવો બીજો એક પ્રસંગ છે. શંકરજી જંગલમાં ધ્યાન કરવા જતા ત્યારે એક દિવસ પાર્વતીજી કહે છે તમે ધ્યાન તો બરાબર કરો છો ને? ત્યારે શંકરજી કહે છે, મારું ધ્યાન એટલે ધ્યાન. મને કોઈ ડગાવી ન શકે. એક દિવસ પાર્વતીજીના મનમાં વિચાર આવ્યો કે, લાવ, હું પરીક્ષા

તો કરું કે એમનું ધ્યાન કેવું છે? એટલે પાર્વતીજી સોળે શણગાર સજી, પગે ઘૂઘરા બાંધી ભીલડીનું રૂપ લઈને શંકરજી પાસે આવ્યા ને નાચવા લાગ્યા એટલે શંકરજી ધ્યાનમાંથી ચલિત બન્યા ને આમ જોયું ત્યાં ભીલડીને નાચતી જોઈ. રૂપરૂપનો અવતાર અને ઘૂઘરાનો રણકાર કરતી ભીલડીને જોઈને શંકરજીનું ધ્યાન તો હવામાં ઊડી ગયું ને ભીલડીના રૂપમાં મુગ્ધ બન્યા. અહો, આ શું ભીલડી છે! ભીલડીને કહે છે, તું મારે ઘેર ચાલને! ત્યારે ભીલડી કહે છે, તમારે ઘેર શું આવે? તમારે ઘેર તો જીવતી ને જાગતી શોકય પાર્વતી બેઠી છે. અરે, તું શા માટે ચિંતા કરે છે? હું પાર્વતીને પિયર મોકલી દઈશ, પણ તું મારે ઘેર ચાલ. ત્યાં પાર્વતીજીએ પોતાનું અસલરૂપ પ્રગટ કર્યું એટલે શંકરજી શરમાઈ ગયા. પાર્વતીજી કહે છે, મેં જોઈ લીધું તમારું ધ્યાન કેવું છે!

અહીં ચક્રવર્તિની સ્ત્રીરત્નના સ્પર્શથી સુખાનુભવ થતાં સંભૂતિ મુનિનું ચિત્ત ચલાયમાન થયું, અને નિયાણું કરવાની તૈયારી કરવા માંડી. જુઓ, એક જ માતાના જાયા બંને ભાઈ છે પણ બંનેમાં કેટલો ફરક છે. ચિત્તમુનિનું ચિત્ત મોક્ષના સુખો મેળવવા માટે ઝંખી રહ્યું છે ત્યારે સંભૂતિ મુનિનું મન ભૌતિક સુખો મેળવવા માટે ઝંખી રહ્યું છે, તેથી અમૂલ્ય સંયમ અને તપની કરણીને વેચવા તૈયાર થયા, ત્યારે ચિત્તમુનિએ પોતાના બંધુ મુનિરાજને કહ્યું–ભાઈ! આવા પ્રકારના દુર્ધ્યાનથી, ખોટા અધ્યવસાયથી મનને પાછું વાળો. ભોગના સુખ મેળવવાની લાલસામાં તમે તમારા કર્તવ્ય પંથને ભૂલીને આત્માને દુઃખી બનાવવાના પંથે આગળ વધી રહ્યા છો તે સર્વથા નિઃસાર છે. એનું પરિણામ મહાભયંકર છે. વિચાર કરો, ભાઈ! જેમ કિંપાક વૃક્ષના ફળ દેખાવમાં મનોહર ને સ્વાદમાં મધુર છે પણ એને ખાવાથી પરિણામે મોત નીપજે છે તેમ જે કામ ભોગના સુખો મેળવવા તમે આતુર બન્યા છો તે આત્માને દુર્ગતિમાં લઈ જનાર છે. અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે માટે તમે ભૂલેચૂકે એવું નિયાણું કરશો નહિ. આપણો સાધુનો આચાર શું છે એ તો તમે જાણો છો ને? ભગવાને શું કહ્યું છે તેનો વિચાર કરો.

लद्धे कामे ण पत्थेज्जा, विवेगे एवमाहिए।
आयरियाइं सिक्खेज्जा, बुद्धाणं अंतिए सया ॥सूय. अ. ९ गाथा ३२

વીતરાગ પ્રભુનો વિદ્વાન સાધુ પ્રાપ્ત થતાં કામભોગોને ગ્રહણ કરવા ઇચ્છે નહિ. તેનું સેવન કરે નહિ, કદાચ તપના પ્રભાવથી પ્રાપ્ત થયેલ લબ્ધિથી ગમનાદિ શક્તિ પ્રાપ્ત થાય તો પણ તેનો ઉપયોગ ન કરે. તે સાચા સાધુનો વિવેક ગણાય. શુદ્ધ આચાર ગણાય. તેમ જ ભોગો માટે નિયાણું ન કરે પણ ગુરુવાસમાં ગુરુની પાસે રહીને સદા જ્ઞાન–દર્શન–ચારિત્ર આદિ શિક્ષાગ્રહણ કરતાં થકા સંયમનું પાલન કરે. હે મુનિ! ભગવાનની આવી હિત શિખામણ ભૂલીને તમે શું કરવા ઊઠ્યા છો? જે કામભોગોને

વિષના કટોરા જેવા સમજીને એક વખત છોડી દીધા એને મેળવવા અમૂલ્ય તપનો લાભ વેચી દો છો? તપ અને સંયમ રૂપી નંદનવનમાં ભોગની આગ લગાડી આત્મબાગ બાળવા ઊઠયા છો? ચારિત્રરૂપી પવિત્ર ગંગાજળને પગ ધોવામાં વાપરી રહ્યા છો? કોડી સાટે તમે અમૂલ્ય રત્નને ગુમાવી રહ્યા છો? આવો ખોટનો ધંધો કોણ કરે? નિયાણું કરવાથી અતિ ઘોર તપ અને સંયમનું જે ફળ મળવું જોઈએ તે નહિ મળે. એનાથી અંતે તો દુઃખના દાવાનળમાં બળવાનું છે, તમે સમજી થઈને પરમાં શા માટે રમણુતા કરો છો? આ તન, રૂપ અને યૌવનમાં મુગ્ધ બન્યા છો તે તમને ક્યાં લઈ જશે? મારી વાત સાંભળો.

"તને અભિમાન છે રૂપનું રે જુવાની તણું, ચમકશે ક્યાં સુધી ગાલનું ગુલાબીપણું"

તમે રૂપ, યૌવન અને રમણીના ગુલાબીગાલ જોઈ તેમાં આસક્ત બની અનંત સુખ આપનાર તપ અને સંયમને વેચી રહ્યા છો પણ વિચાર કરો. આ ચામડીની લાલી ક્યાં સુધી મનમોહક લાગશે? જ્યાં સુધી શરીરમાં રોગ અને ઘડપણ નથી આવ્યું ત્યાં સુધી. પછી શું?

ચામડીના તેજને ઝાંખાતા વાર નહિ, જોમ ભર્યા દેહને નંખાતા વાર નહિ.
ઇન્દ્રિયોના નૂરને હણાતા વાર નહિ, આશાભરી આંખડી મીંચાતા વાર નહિ,

જેમાં તમે મુગ્ધ બન્યા છો તે ચામડીનું રૂપ ઝાંખું પડી જશે, આ શરીરમાં જે જોમ દેખાય છે તે ઊતરી જશે. ઇન્દ્રિયોનું નૂર ઝાંખું થઈ જશે, ત્યારે જે સુખમાં મુગ્ધ બન્યા છો તે પણ અપ્રિયકારી લાગશે. વહેલા કે મોડા એક દિવસ શરીર છોડવું પડશે, આંખ મીંચાઈ જશે પણ આ તન, યૌવન અને સૌંદર્યમાં મુગ્ધ બનીને કરેલાં પાપકર્મો તો તમારી સાથે આવશે, એ ભોગવતી વખતે કારમા લાગશે માટે સમજીને નિયાણું ન કરો. આ રીતે ચિત્તમુનિએ સંભૂતિમુનિને ખૂબ સમજાવ્યા છતાં પણ તેઓ એ રાહથી પાછા હટયા નહિ ને તેમણે દૃઢ સંકલ્પ કર્યો કે **"જો મારા તપ અને સંયમનું ફળ હોય તો હું એના પ્રભાવે હવેના ભવમાં ચક્રવર્તિ બનું."** આ પ્રકારનું નિયાણું કર્યું. આ સમયે ચિત્તમુનિએ સંભૂતિમુનિને કહ્યું કે, તમે નિયાણું કર્યું હોય તો એનું પ્રાયશ્ચિત કરી લો, આલોચના કરો પણ સંભૂતિમુનિ આલોચના કરી નહિ. માનવી ભાન ભૂલે ને પાપ કરે પણ પછી હૃદયના પશ્ચાત્તાપપૂર્વક જો એ આલોચના કરે તો એ કર્મના ભારથી હળવો બની શકે છે. ગૌતમ સ્વામીએ ભગવંતને પ્રશ્ન કર્યો કે, હે ભગવંત! **आलोयणयाए णं भन्ते जीवे किं जणयइ?** આલોચના કરવાથી જીવને શો લાભ થાય છે? ત્યારે ભગવંતે કહ્યું હે ગૌતમ!

आलोयणयाएणं माया नियाण मिच्छादंसण सल्लाणं मोक्ख मग्ग विग्घाणं अणंत संसार बन्धणाणं उद्धरणं करेइ, उज्जुभावं च जणयइ, उज्जुभावपडिवन्ने यणंजावे अमाई इत्थीवेयनपुंसगवेयं च न बन्धइ ॥ पुव्वबद्धं चणं निज्जरेइ ॥

આલોચના કરવાથી જીવ મોક્ષ માર્ગ વિઘાતક અનંત સંસાર વર્ધક એવા માયા, નિદાન અને મિથ્યા દર્શન શલ્યને દૂર કરે છે, અને ઋજુભાવને પ્રાપ્ત કરે છે. ઋજુભાવથી માયારહિત બને છે. માયારહિત બનીને સ્ત્રીવેદ અને નપુસંકવેદનો બંધ કરતો નથી. પૂર્વે બાંધેલાં કર્મોની નિર્જરા કરે છે. આલોચના કરવામાં આવો મહાન લાભ રહેલો છે, પણ સંભૂતિમુનિએ ભારે કર્મીપણાને કારણે ચિત્તમુનિએ સમજાવવા છતાં આલોચના કરી નહિ. ત્યાં મુનિપણાનું આયુષ્ય પૂર્ણ કરીને બંને મુનિરાજો પહેલાં સૌધર્મ દેવલોકમાં ગયા.

બંધુઓ ! માનવ માત્ર ભૂલને પાત્ર છે. છદ્મસ્થપણામાં માણસથી ભૂલ થઈ જાય પણ ભૂલ થયા પછી પોતાની ભૂલનું ભાન થાય અને ભૂલનો પશ્ચાત્તાપ થાય તો માણસનું જીવન સુધરી જાય છે. માણસના મહાન પુણ્યનો ઉદય હોય તો પોતાની ભૂલ બતાવનાર મળે છે, ભૂલનું ભાન કરાવે છે, અને થઈ ગયેલી ભૂલનું પ્રાયશ્ચિત કરાવે છે. સંભૂતિ મુનિને ચિત્તમુનિએ ઘણું સમજાવ્યા, આલોચના કરવાનું કહ્યું છતાં સમજ્યો નહિ તેનું પરિણામ કેવું આવશે તે આગળ આવશે. બાકી ભૂલ કરનાર જો ભૂલ સુધારે તો માનવમાંથી મહામાનવ, પાપીમાંથી પુનિત, ખૂનીમાંથી મુનિ અને ભાલાધારી ભક્ત બની જાય છે. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું :

ખાનદાન કુટુંબના માતા-પિતાને એક દીકરો હતો. પિતા પુત્રને નાનો મૂકીને ચાલ્યા ગયા હતા. આ છોકરો મોટો થતાં કુમિત્રોની સંગે ચઢી ગયો. બાલપણ વીતાવી યુવાન બન્યો. એનું નામ નામદેવ હતું. ડાકુ જેવા મિત્રોના સંગથી ખાનદાન કુળમાં જન્મેલો નામદેવ મોટો ડાકૂ બની ગયો. લોકોના ધનમાલ લૂંટી લઈને તેમને જાનથી મારી નાંખતો હતો. નામદેવ નામથી દેવ હતો પણ એના કામ તો દાનવથી પણ વધારે ક્રૂર હતા. ખાનદાન કુળમાં એ અંગારો પાકયો હતો. પુત્રના આવા દુષ્કર્તવ્યથી કુળવાન માતાનું અંતર વલોવાઈ જતું હતું. કુળની કીર્તિ પર કુકર્મનો કાળો કુચડો ફેરવીને કુલાંગાર બનેલા પુત્રની પાપી પ્રવૃત્તિથી તે કંટાળી ગઈ હતી. ઘણી વાર એની માતા કહેતી, બેટા ! તું કંઈક તો વિચાર કર. આપણું કુળ કોણ ? અને તું આવો પાકયો ? આના કરતાં પથરો પાકયો હોત તો લોકો કપડાં ધોવત. આમ ઘણી વાર કહે પણ નામદેવ માતાની વાત સાંભળતો નથી, એટલે માતાના દિલમાં ખૂબ દુઃખ થતું. સમાજમાં મુખ બતાવતાં પણ એને શરમ આવતી.

એક દિવસ નામદેવની માતા કહે છે, બેટા ! હું તને કહી કહીને થાકી. હવે એક મારી છેલ્લી શિખામણ તારા ગળે ઊતરે તો સારી વાત છે. નહિતર હું માનીશ કે હું છતે દીકરે વાંઝણી છું. તારા જેવા પાપી પુત્રની માતા કહેવડાવવા કરતાં વાંઝિયાપણું મને વધારે વહાલું છે. તારા જેવો દીકરો હોય તો શું ને ન હોય તો શું ? સાંભળ.

एकेन शुष्क वृक्षेण, दह्यमानेन वह्निना ।
दह्यते तद्वनं सर्वं, कुपुत्रेण कुलं तथा ।।

જેમ અગ્નિથી બળતું એક જ સૂકું વૃક્ષ આખા વનને બાળીને ભસ્મ કરી દે છે એવી રીતે ખાનદાન કુળમાં પાકેલો એક જ કુપુત્ર કુળને નષ્ટ કરી દે છે. કુળની ઉજ્જવળ કીર્તિને કલંકિત કરી દે છે. આટલું બોલતાં માતાના હૃદયમાં દુઃખ ભરાઈ આવ્યું. માતાની ગદ્‌ગદ્‌ વાણી સાંભળીને કઠોર હૃદયના નામદેવનું હૃદય કંઈક પીગળ્યું એટલે એણે માતાને કહ્યું. મા ! તું મને શું કહેવા માંગે છે ? બેટા ! મારે તને એક પ્રતિજ્ઞા આપવી છે. નામદેવના મનમાં થયું કે મારી માતાને મારી આવી પ્રવૃત્તિ ગમતી નથી. એ ખૂબ રડે છે, એના દિલમાં દુઃખ થાય છે તો એની એક વાત માનીને એ જે કહે તે પ્રતિજ્ઞા લઉં તો એના જીવને શાંતિ થાય. વિચાર કરીને કહ્યું: મા ! તારે મને જે પ્રતિજ્ઞા આપવી હોય તે આપજે. એનું મારા જાનના જોખમે પાલન કરીશ પણ તું એટલો ખ્યાલ રાખજે કે હું ડાકુ છું ને ડાકુ રહેવા જ માગું છું, માટે મારી લૂંટફાટની પ્રવૃત્તિ આડે પાળ ન બંધાય એવી પ્રતિજ્ઞા આપજે.

પુત્રની વાત સાંભળીને માતાનું હૃદય હરખાઈ ગયું ને બોલી, બેટા ! તારી પ્રવૃત્તિમાં મારી પ્રતિજ્ઞા બિલકુલ આડખીલીરૂપ નહિ બને. સાંભળ, તારે સવારના પ્રહરમાં કોઈ એકાંત સ્થાનમાં જઈને ફક્ત ૦૧ કલાક એકાગ્ર ચિત્તે પ્રભુનું ધ્યાન ધરવું પછી બીજી પ્રવૃત્તિમાં પડવું પણ એ ધ્યાન એવું હોવું જોઈએ કે ધ્યાનમાં નશ્વરના નખરા ભૂલાઈ જાય. ફક્ત એક ભગવાન જ તારી આંખ અને અંતર સામે વ્યાપેલા જણાય. માતાની વાત સાંભળીને એના મનમાં થયું કે, આમાં મારી પ્રવૃત્તિને કયાં આંચ આવવાની છે ? એણે ખુશ થઈને કહ્યું : માતાજી ! તમે થાઓ રાજી. પ્રાણની બાજી લગાવીને પણ હું આ ટેકને સાજી રાખીશ. તમે આપેલી પ્રતિજ્ઞાનું હું ગમે તેવા કપરા પ્રસંગોમાં પણ પાલન કરીશ. પુત્રનું વચન સાંભળીને માતાજીને ખૂબ આનંદ થયો ને પ્રભુને પ્રાર્થના કરવા લાગી કે, હે પ્રભુ ! મારા દીકરાની આ કાળીવૃત્તિની વાદળીને પ્રતિજ્ઞાની આ પ્રકાશભરી કિનાર કયારેક ઉજ્જવળ બનાવે તો કેવું સારું ? માતાએ નામદેવને અંતરથી આશીર્વાદ આપ્યા કે, જા બેટા ! તારો પ્રતિજ્ઞા પંથનો પ્રવાસ સફળ નીવડો.

બંધુઓ ! નામદેવ કુસંગે ચઢીને ભયાનક ડાકુ બની ગયો હતો છતાં ભારતની પવિત્ર ધરતી પર પેદા થયેલો એ માનવ હતો. બીજા દિવસથી પ્રતિજ્ઞાનો અમલ કરવાનો આરંભ કર્યો. સવારમાં પથારીમાંથી ઊઠીને ભગવાનના મંદિરમાં જઈને એકાગ્ર ચિત્તે ધ્યાન કરતો. જ્યાં સુધી મન એકાગ્ર ન થાય ત્યાં સુધી એ મંદિરમાંથી બહાર નીકળતો નહિ. મન એકાગ્ર બન્યા પછી ૧૫ મિનિટ ધ્યાન કરતો. મંદિરના પગથિયાં ઊતરી ગયા પછી તો જાણે એ ભગવાનને માનતો જ ન હોય એવી પ્રતીતિ કરાવતા પાપના

પંથે પવન વેગે દોડી જતો. એનો ધંધો લૂંટફાટનો હતો એટલે ભાગ્યે જ લૂંટફાટ અને ખૂન વિનાનો દિવસ જાય. આવાં પાપની પ્રવૃત્તિમાં પણ એની પ્રતિજ્ઞા ઘણું વખત સુધી અખંડ રહી.

દેવાનુપ્રિયો ! જે પ્રતિજ્ઞા કરે એની કયારેક પરીક્ષા થાય છે પણ જે કોઈ પ્રતિજ્ઞા લેતા નથી તેની પરીક્ષા કયાંથી થાય ? નામદેવની પ્રતિજ્ઞાનો પંથ એક દિવસ પરીક્ષાનો પંથ બની ગયો. ચારે તરફ નામદેવના નામની હાક વાગે છે. એનું નામ સાંભળીને લોકો ધ્રૂજી ઊઠતા. આવો નામદેવ એક વહેલી સવારે મંદિરમાં જઈને ધ્યાન કરવા બેઠો પણ એનું ચિત્ત ભગવાનમાં એકાકાર થતું નથી. મનમાં એક પછી એક વિચારો આવ્યા જ કરે છે. સળંગ ૧૫ મિનિટ ચિત્ત પ્રભુ ભક્તિમાં એકાગ્ર થયા વિના ઊઠી જાય તો માતાનો વિશ્વાસઘાત કર્યો કહેવાય. એટલે એમ કરવામાં તે રાજી ન હતો. વહેલી સવારનો મંદિરે આવ્યો છે. સૂર્યના સોનેરી કિરણો પૃથ્વી ઉપર પ્રસરવાની તૈયારીમાં હતા. નામદેવે ચિત્તના ચાકરને ચાબૂક મારીને એકાગ્રતાના ઓટલે બાંધવા ઘણા પ્રયત્નો કર્યા પણ ચોક અને ચોરામાં ભમતું ચિત્ત એકાગ્ર ન થયું. ત્યાં એણે મંદિરમાં એક બાળકનો રડવાનો અવાજ સાંભળ્યો.

બાળક રડતો રડતો એની માતાને કહેતો હતો, બા! મને આ મીઠાઈ ખાવા આપને! ત્યારે એની માતા બાળકને સમજાવીને કહેતી હતી કે, બેટા ! આ મીઠાઈ તો ભગવાનને ધરાવવાની છે. તે ધરાવ્યા વિના આપણાથી ન ખવાય. ભગવાનને ધરાવ્યા પછી તને પ્રસાદ આપીશ, પણ મીઠાઈ મેળવવા મથતો બાળો છાનો રહેતો નથી. આ સાંભળીને નામદેવના મનમાં થયું કે આ બાળક રડે છે તેથી મારું ચિત્ત એકાગ્ર થતું નથી. એટલે ઊભા થઈને બાળકની માતાને કહ્યું–'માડી ! મારી અનાડી ચિત્તવૃત્તિઓ આજે પ્રભુભક્તિમાં એકાગ્ર થતી નથી. મને લાગે છે કે આ બાળક રડે છે તેના અવાજથી મારું ચિત્ત એકાગ્ર નહિ થતું હોય, માટે તમે આ બાળકને લઈને થોડી વાર બહાર જાઓ તો મારી પ્રતિજ્ઞા પૂર્ણ થાય.' સ્ત્રીએ કહ્યું, 'ભાઈ! હું નિરાધાર છું. દુઃખિયારી છું. જેનો કોઈ બેલી નથી એનો ભગવાન બેલી છે. બધેથી જાકારો મળશે પણ ભગવાનના દ્વારેથી જાકારો નહિ મળે. શ્રીમંત અને ગરીબ માટે ભગવાનનાં દ્વાર ખુલ્લાં છે, આ બાળક મીઠાઈ ખાવા હઠ કરે છે. હું એને મીઠાઈ કયાંથી લાવી આપું !'

કરુણ કહાની સાંભળતા નામદેવનો જીવનપલટો : નામદેવે કહ્યું, માડી ! કંદોઈની દુકાનના દરવાજા કંઈ બંધ નથી થઈ ગયા ત્યાં જઈને બાળકને એક ટુકડો અપાવશો તો એ તરત રડતું બંધ થઈ જશે. માતૃત્વ ધરાવતી નારીને બાળક કેમ છાનું રાખવું એ શીખવાડવાનું હોતું નથી. નામદેવની વાત સાંભળીને આંખમાં આંસુ સારતી વેદનાભરી વાણીથી બાઈ એ નામદેવને જવાબ આપ્યો કે, ભાઈ! અરેરે....મારી પાસે મીઠાઈ ખરીદવાના પૈસા હોત તો મારા આ વહાલસોયા દીકરાને મીઠાઈના ટુકડા માટે રડાવત

શા માટે ? એક વખત હું શ્રીમંત ઘરની શેઠાણી હતી. પૈસાની કમીના ન હતી પણ હવે ગઈ ગુજરી યાદ કરવાથી શું ? બાઈનું કરુણ રુદન અને એનું દયામણું મુખ જોઈને નામદેવને દયા આવી. એણે પૂછયું–મા ! તારી આંખમાં આંસુ કેમ છે ? ત્યારે બાઈ રડતી રડતી કહે છે, પોતાની દુઃખની કહાની બીજાને કહેવાથી કંઈ દુઃખ થોડું મટી જવાનું છે ? ત્યારે નામદેવ કહે છે, માડી ! હું તારો પુત્ર છું એમ સમજીને મને બધી વાત કર પણ કહેતી નથી, પણ જ્યારે નામદેવે ખૂબ કહ્યું ત્યારે પાલવના છેડે આંસુ લૂછતી બાઈ કહે છે, બેટા ! મારો ભૂતકાળ ઘણો રમ્ય અને ભવ્ય હતો, પણ પેલો નિષ્ઠુર નામદેવ ડાકુ એક દિવસ અમારે ઘેર ચોરી કરવા આવ્યો ને એણે અમારી લીલીછમ વાડી વેરાન વન જેવી બનાવી દીધી. વૈભવની વાડીની ડાકણ જેવા એ ડાકુએ લૂંટ ચલાવી. એટલેથી પતાવ્યું હોત તો સારું હતું, પણ એટલેથી એ અટક્યો નહિ. એણે મારા અંતરનાં આધાર અને મારા હૈયાના હાર જેવા એવા મારા પતિને તલવારના એક ઝાટકે મારી નાંખ્યા ને મારા સૌભાગ્ય કંકણને તોડી નાંખ્યું. મારા સેંથીનું સિંદૂર લૂછી નાંખ્યું, અને એ હત્યારાએ આ મારા દીપકને નબાપો બનાવ્યો. ઘરનો મોભ તૂટી પડતાં અમે નોધારા બની ગયા. દીકરા ! મારો પતિ ચાલ્યો જતાં આવક તો બંધ થઈ ગઈ ને જાવક ચાલુ રહી. ઘરમાં હાંલ્લા કુસ્તી કરે છે. એક ટંક પણ ખાવાનું મળી રહે તો ભગવાનની કૃપા માનું છું. આજે તો અમારે અન્ન અને દાંતને વૈર ઉખળ્યો છે. હવે આ મારા આ કાળજાની કોર જેવા લાડીલાને મીઠાઈ ક્યાંથી ખવડાવું ? આટલું બોલી નોધારી સ્ત્રીની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા. બાઈની કરુણ કહાની સાંભળીને કઠોર હૃદયનો નામદેવ ડાકુ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો. આખું વાતાવરણ કરુણ બની ગયું. એનું રુદન જોઈને પવન પણ જાણે સ્થંભી ગયો હોય એમ લાગતું હતું.

પોતાની કેડે ભરાવેલી કટાર કાઢીને પેલી દુઃખિયારી સ્ત્રીના હાથમાં આપીને કહ્યું, હે માડી ! આ કટાર તારા હાથમાં પકડીને આ દુષ્ટનું મસ્તક ઉડાવી દે. તારી લીલીછમ વાડીને વેરાન વન જેવી બનાવનાર, તારો સૌભાગ્ય ચાંદલો લૂછનાર હત્યારો પાપી નામદેવ ડાકુ હું પોતે જ છું. મને જીવવાનો હવે બિલકુલ અધિકાર નથી. મને મારીશ તો તને પુણ્ય બંધાશે અને જીવતો રાખીશ તો પાપનું કલંક તારા કપાળે ચોંટશે. ગૈરની વસૂલાતનું ઝનૂન સેવતી એ દુઃખિયારી બાઈ આર્યભૂમિમાં જન્મેલી હતી. પોતાની સામે નામદેવને ભોતની ભીખ માંગતો જોઈને એનું હૃદય પીગળી ગયું. એના અંતરાત્મા અંદરથી બોલી ઊઠયોઃ અહો ! શત્રુને ક્ષમા આપવી એ જ ગૈરની વસૂલાતની વીરતાભરી વાટ છે. તલવાર ચલાવવાથી શત્રુ મરે છે પણ શત્રુતા વધતી જાય છે. એમ સમજીને એ સ્ત્રી બોલીઃ નામદેવ ! તેં મને માડી કહીને બોલાવી તો હવે તું મારો દીકરો ખરોને ? હવે તું જ કહે, માડી દીકરા ઉપર તલવાર ચલાવે ખરી ?

મારા પૂર્વભવના કોઈ પાપ કર્મોદયે મને નિરાધાર બનાવી છે, મારા દીકરાને નબાપો બનાવ્યો છે, પણ હવે હું કોઈ મા બાપને નપુત્રિયા બનાવીને મારા પાપકર્મને પ્રબળ બનાવવા ઇચ્છતી નથી,

બેટા ! હું તને ક્ષમા આપું છું. તારા જેવા નામાંકિત ડાકુને શિખામણ દેવાનો મને અધિકાર નથી, છતાં તેં મને માતા માની છે એટલે કહું છું, "**બેટા ! હવે આજથી હત્યાની આ હોળી બુઝાવી દઈને દયાની દિવાળી પ્રગટાવજે અને મહાપુણ્યે માનવદેહ મળ્યો છે તેનાથી નવી કમાણી ન થાય તો હજુ બહુ વાંધો નહિ પણ ગતજન્મની કમાણીને ધુળધાણી તો ન કરતો.**" આ પ્રમાણે કહીને પેલી દુઃખિયારી બાઈ પોતાના રડતા બાળકને તેડીને ચાલતી થઈ ગઈ, પણ નામદેવના અંતરમાં પોતે કરેલા પાપના વલોપાતના વલોણાં ઘમ્મર ઘમ્મર ઘૂમવા લાગ્યા. મંદિરમાં વાતાવરણ શાંત હતું. ફરીથી તે ધ્યાન ધરવા બેઠો પણ ચિત્ત એકાગ્ર ન જ થયું એટલે એની પ્રતિજ્ઞાનો ભંગ થયો. હવે એના અંતરમાં વિચારોનું વેગીલું વાવાઝોડું પાપકર્મનાં દુઃખની વેદનાનાં વાદળોને ખેંચી લાવ્યું હતું. અંતરમાં પાપનો પશ્ચાત્તાપનો પાવક જલવા લાગ્યો.

ભગવાન સામે જોઈને આંખમાં આંસુ સારતો બોલે છે હે ભગવાન ! મારા ચિત્તની લોહિયાળ ચાદરને ધોવા માટે આ પૃથ્વીના પટ ઉપર કોઈ પાણી હશે ખરું ? મેં પાપીએ કેટલા લોકોની પ્રાણસમી વહાલી લક્ષ્મી લૂંટી ? કેટલી સૌભાગ્યવંતી સુંદરીઓનાં સૌભાગ્યકંકણ મેં તોડાવ્યાં ! મારી આ તીક્ષ્ણ તલવારે કેટલાય પુત્રોને નબાપા બનાવ્યા ને કેટલા માતાપિતાને અપુત્રિયા બનાવ્યા ! ધિક્કાર છે મારા પાપી જીવનને ! હવે તો આ પાપના તંતનો અંત લાવવા માટે મારે સંત બન્યા વિના બીજો કોઈ માર્ગ નથી. મારી માતાનું ભલું થજો કે એણે મને પ્રભુનું ધ્યાન કરવાની પ્રતિજ્ઞા આપી. આ પ્રતિજ્ઞાએ મને પાપથી બચાવી લીધો, અને સંયમની સોહામણી સૃષ્ટિનો માર્ગ બતાવ્યો. વાલિયા લૂંટારાને નારદઋષિનો સમાગમ થતાં એ વાલિયા લૂંટારામાંથી વાલ્મિકી ઋષિ બન્યા. રોજના સાત જીવોની ઘાત કરનારો અર્જુનમાળી ભગવાનનો ભેટો થતાં સાધુ બની ગયો અને નામદેવ એની માતાએ આપેલી પ્રતિજ્ઞાના પ્રભાવે નામથી દેવ હવે કામથી દેવ બની ગયો. એણે મનથી નક્કી કરી લીધું કે બસ, આ શેતાનના જીવનને આજથી સો સો સલામ. હું હવે ભાલાધારી ખૂની નહિ પણ માલાધારી મુનિ ! અંતરમાં જલતા પશ્ચાત્તાપના પાવકને બૂઝાવી નામદેવ એની માતા પાસે આવ્યો ને નમ્રતાપૂર્વક ગદ્‌ગદ્ કંઠે કહે છે, મા ! તારી આપેલી પ્રતિજ્ઞાનો આજે મારાથી ભંગ થયો છે. પ્રતિજ્ઞા ભંગનું પ્રાયશ્ચિત કરવા આ તારો દીકરો સંત થઈ જાય તો તું રાજી છે ને ? તારી મને આજ્ઞા છે ને ? આજે મારી એકાગ્રતા તૂટી ગઈ છે. એના પ્રાયશ્ચિત માટે મેં સંત થવાનો નક્કર નિર્ધાર કર્યો છે.

ધ્યાનની એકાગ્રતા કેમ તૂટી એ બધી વાત નામદેવે એની માતાને વિસ્તારપૂર્વક કહી સંભળાવીને સંત બનવાની આજ્ઞા માંગી. માતાએ એને આજ્ઞા આપી અને અંતરના આશીર્વાદ આપતી બોલી : 'બેટા નામદેવ ! જેમ સર્પ કાંચળીને છોડીને જાય તેમ તું સંસાર વાસનાને છોડતો જજે. તારું કલ્યાણ થાઓ. હવે મને સંતોષ થયો, હવે હું એમ માનીશ કે નામદેવ મારા પેટે કુલદીપક પાકયો,' ત્યારે નામદેવે માતાના ચરણમાં પડીને કહ્યું, મા ! આ શેતાનનું જીવન છોડીને સંતના માર્ગે લઈ જનાર હોય તો તારી એક નાનકડી પ્રતિજ્ઞા છે. તારી પ્રતિજ્ઞાના પ્રભાવે ભાલાધારી ડાકુ નામદેવ માલાધારી સંત બનવા જાય છે. માતાએ એને ફરીને અંતરના આશીર્વાદ આપીને કહ્યું : બેટા ! સંયમના પંથે સુખેથી સિધાવો. " **शिवास्ते सन्तु पन्थान :** " આટલું બોલતાં માતાની આંખમાં આંસુ વહેવા લાગ્યા. આજે એનો પુત્રપ્રેમ આંસુવાટે ઊભરાઈને બહાર આવ્યો. એ આંસુના ટીપાને નામદેવે ગંગાજળ માનીને મસ્તકે ચઢાવ્યા અને વાસનાના વમળમાંથી બહાર નીકળી ઉપાસનાની ઊર્ધ્વ કેડીએ કદમ ઊઠાવ્યા, અને ભાલાધારી ડાકુ મટીને માલાધારી સંત બનેલા નામદેવ પોતે જ " સંત નામદેવ " તરીકે જગતમાં પ્રસિદ્ધિ પામ્યા.

ટૂંકમાં, આપણે આ દૃષ્ટાંતથી એક જ વાત સમજવી છે કે માનવ માત્ર ભૂલને પાત્ર છે પણ જ્યારે પોતાની ભૂલ સમજાય છે ત્યારે તેની સાન કેવી ઠેકાણે આવી જાય છે. નામદેવ કેવો ડાકુ હતો પણ માતાએ આપેલી પ્રતિજ્ઞાના અણીશુદ્ધ પાલનથી એ કેવો ઠેકાણે આવી ગયો. પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા સંત બની ગયો. સમય થઈ ગયો છે. થોડીવાર ચરિત્ર લઈએ.

ચરિત્ર :– ભીમસેન રાજા, સુશીલા રાણી અને તેમના બંને બાલુડાંઓ જંગલના ત્રાસ વેઠતા પંથ કાપી રહ્યા છે. દેવસેન અને કેતુસેન બંને ખૂબ થાકી ગયા. હવે ચાલી શકતા નથી. એટલે કહે છે, બા ! અમને બહુ ભૂખ લાગી છે. હવે ચલાતું નથી. એમ કહીને ખૂબ રડવા લાગ્યા એટલે બંનેને સમજાવીને કહે છે, બેટા ! હમણાં ખાવાનું મળશે. એમ કહીને દેવસેનને ભીમસેને ઊંચકી લીધો અને નાના કેતુસેનને સુશીલાએ તેડી લીધો. આ બંને બાલુડાંને તેડીને રાજા–રાણી બિચારા અથડાતાં ને ઠોકરો ખાતાં ધીમે ધીમે ચાલવા લાગ્યા. રાણી અને આ બાળકો જંગલના ભયથી ધ્રૂજી ઊઠયા હતા. કયારેક તો એમના મુખમાંથી વેદના અને ડરથી ચીસ નીકળી જતી હતી ત્યારે ભીમસેન એમને સમજાવતો કે, બેટા ! આ જંગલમાં આપણે ખૂબ સાવધાનીથી જવાય, આપણા અવાજથી જો કોઈ હિંસક પશુને આપણી ગંધ આવશે તો તેઓ આપણને જીવતા નહિ છોડે, માટે બધા દુઃખોને મૌનપણે સહન કરીને નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં આ જંગલને પસાર કરો. નવકારમંત્રનો મહિમા અપાર છે. નવકારમંત્રને જપનારો ભવસિન્ધુ તરી જાય છે તો શું આપણે આ અટવી પાર નહિ કરી શકીએ ?

જરૂર કરી શકીશું. ભીમસેનના કહેવાથી બધા નવકારમંત્રનું સ્મરણ કરતાં આગળ ચાલ્યાં, તો યશોદાના કહેવા મુજબ એક ગુફા આવી તેમાં તેઓ દાખલ થયાં.

"વનવગડામાં કષ્ટ વેઠતો રાજપરિવાર :" સુરંગમાંથી નીકળ્યા પછી જંગલનો માર્ગ ઘણો વિકટ હતો તે પસાર કરી ગુફામાં પેઠા તો ગુફામાં પણ ઘનઘોર અંધારું હતું અને જીવ ગૂંગળાઈ જાય તેવી ગંદી હવા હતી, પણ તેમાં દાખલ થયા વિના છૂટકો જ ન હતો. સૌ નવકાર મંત્રનું સ્મરણ કરતાં ગુફામાં દાખલ થયા. તેમનો પગરવ થતાં ચામાચિડિયાં ઉડાઉડ કરવા લાગ્યાં. ઝેરી સર્પો ફુત્કાર કરતા આમથી તેમ દોડવા લાગ્યા. જંગલ કરતાં તો ગુફા વધુ ભયાનક હતી. ભીમસેન ચકમક ઘસતો ને અજવાળું કરતો બધાની સાથે હિંમતથી આગળ વધી રહ્યો હતો. તે આ ભય અને આપત્તિથી મુક્ત થવા ધૈર્યથી શ્રદ્ધાપૂર્વક નવકારમંત્રનું સતત સ્મરણ કરતો ચાલતો હતો. ચાલતાં ચાલતાં ઘણી વારે આ ત્રાસદાયક, ભયજનક સફરનો અંત આવ્યો. સૌ ગુફાની બહાર આવી ગયા ત્યાં એક ઝૂંપડી તેમના જોવામાં આવી. બંને એટલા બધા થાકી ગયા હતા કે હવે એક પગલું ભરવાની શક્તિ ન હતી છતાં મન મક્કમ કરીને ધીમે ધીમે ચાલીને ઝૂંપડી આગળ પહોંચી ગયા. બંને બાળકો ભૂખ અને થાકથી પીડાતા જમીન ઉપર સૂઈ ગયા. વાહ રે કર્મરાજા વાહ ! તારી કેવી અજબ લીલા છે ! કયાં રાજમહેલના સુવર્ણ પલંગ અને સુકોમળ મખમલની શય્યામાં સૂનારા આ રાજકુમારો ! ને કયાં આજે ભોંય પથારી કરી હાથનું ઓશીકું કરીને સૂતા છે ! કયાં એ રાજમહેલના વૈભવ અને ઠાઠ ને કયાં આ જંગલની ગરીબાઈનાં કષ્ટો ! કયાં રોજ નવાં મિષ્ટાન્ન જમનારા અને કયાં આજે તેને રોટીના સાંસા ! કયાં એ રાજમહેલની સુખસગવડો અને કયાં આ ધૂળથી ખરડાયેલા શરીરો ! બંધુઓ ! ખરેખર, કર્મની લીલા અપરંપાર છે. તેને પાર પામવી બહુ મુશ્કેલ છે. કર્મના પ્રભાવે એક વાર જીવ અપૂર્વ સુખ-સાહ્યબીમાં મહાલે છે ને એ જ જીવ કયારેક મહાન દુઃખો ભોગવે છે.

બંને બાળકો ભૂખ અને દુઃખના કારણે જમીન પર સૂઈ ગયા. કર્મની વિચિત્ર ઘટના જોઈને રાજા રાણીની આંખમાં આંસુ આવી ગયાં, છતાં ધર્મને સમજેલા હતા એટલે વિચાર કરતાં કે પોતે પૂર્વભવમાં એવાં ગાઢ કર્મો કર્યાં હશે તેનું ફળ આ ભવમાં ભોગવવાનું આવ્યું છે. બંને બાળકો ઊંઘી ગયા એટલે ભીમસેને પોતાની સાથે લાવેલું ઝવેરાત અને સોનામહોરોનો ડબ્બો ઝૂંપડીના એક ખૂણામાં ખાડો કરીને દાટી દીધો, કારણ કે ખુલ્લો મૂકે તો કોઇ ઉઠાવી જાય. દાગીનાનો ડબ્બો દાટીને ભીમસેન સૂઈ ગયો. સૌથી છેલ્લે સુશીલા રાણી સૂતી. પતિવ્રતા આર્યનારી પતિના સૂતા પછી સૂઈ જાય છે. ચારે જણને એટલો બધો થાક લાગ્યો હતો કે થોડી વારમાં સૌ નિદ્રાધીન થઈ ગયા.

મધરાત થઈ ત્યાં બંને કુમારો એકદમ ચીસ પાડીને જાગી ગયા. એ ચીસ

સાંભળીને રાજા રાણી બંને સફાળા જાગી ગયા ને પૂછયું : બેટા ! શું થયું ? કેમ રડો છો ? એટલે બાળકો કહે છે, બા–બાપુજી ! અમને પગમાં કંઈક થાય છે ને બળે છે. અંધારામાં કંઈ જીવજંતુ કરડયું હશે પણ ત્યાં દેખાય કેવી રીતે ? હાથ ફેરવીને જોયું તો લોહી નીકળતું હતું. નક્કી કંઈક કરડી ગયું છે. સુશીલાએ પોતાની સાડી ફાડીને બંનેના પગે પાટો બાંધ્યો અને સમજાવીને પાછા સૂવાડી દીધા. તેઓ પણ થોડી વારમાં ઘસઘસાટ ઊંઘી ગયા. બંધુઓ ! એમના પાપકર્મનો ઉદય છે એટલે આવી ચિંતાગ્રસ્ત સ્થિતિમાં ને આવા વિષમ સ્થાનમાં પણ ઊંઘ આવે છે. ચારે બાજુથી ચિંતાએ ઘેરી લીધા હોય, પેટમાં ભૂખ લાગી હોય ત્યારે માણસને ગમે તેટલો થાક લાગ્યો હોય ને ઊંઘવા માટે પ્રયત્ન કરે તો પણ ઊંઘ ઊડી જાય. જ્યારે અહીં ભીમસેન અને સુશીલાને ઊંઘ આવી ગઈ.

મૂર્છાગત થયેલી સુશીલા :–તેઓ ઘસઘસાટ ઊંઘતા હતા તે સમયે ચોર લોકો ગામમાંથી ચોરી કરીને આવ્યા ને એ પર્ણકુટિરની પાછળ લાવેલા માલનો ભાગ પાડવા બેઠા. ત્યારે આ ચોરોને લાગ્યું કે આ ઝૂંપડીમાં કોઈ સૂતું લાગે છે. એમ માનીને એક ચોર ઊઠીને અંદર જોવા ગયો તો ભીમસેન આદિને સૂતેલા જોયા. જોવા ગયો ત્યારે ભીમસેને જે ખૂણામાં ડબ્બો દાટયો હતો તે જગ્યાએ પગ આવતા જમીન પોચી લાગવાથી તેને વહેમ પડયો કે અહીં સૂતેલા માણસોએ અહીં માલમત્તા દાટી લાગે છે. બધાને ઘસઘસાટ ઊંઘતા જોઈને ચોરે ખાડો ખોદીને પેલો ડબ્બો લઈ લીધો ને ત્યાંથી રવાના થઈ ગયા તો પણ ભીમસેન કે સુશીલા કોઈ જાગ્યા નહિ. પરોઢિયું થયું ને કૂકડો બોલ્યો તો પણ જાગ્યા નહિ. છેવટે સૂર્યનાં કિરણો ઝૂંપડીમાં પ્રવેશ્યા ત્યારે તેઓ જાગૃત થયા. જાગૃત થતાં જ સુશીલા અને બંને કુમારોએ ભીમસેનને પ્રણામ કર્યા. પછી સૌએ નવકારમંત્રનું સ્મરણ કર્યું, પછી ભીમસેને જ્યાં પોટલી સંતાડી હતી તે જગ્યાએ ખોદીને જોયું તો ત્યાં ડબ્બાને બદલે ધૂળનાં ઢેફાં સિવાય કંઈ ન હતું. સોનામહોરો અને ઝવેરાતનો ભરેલો ડબ્બો કોઈ લઈ ગયું હતું. આ જાણી ભીમસેનના દિલમાં ચરોડો પડયો ને સુશીલાને આ વાતની ખબર પડી એટલે એ તો મૂર્છિત થઈને જમીર ઉપર ઢળી પડી. અરેરે....અમારાં કર્મો કેવાં કઠણ છે કે જે કંઈ થોડું લાવ્યા હતા તે પણ ચાલ્યું ગયું. આ નાનાં બાળુડાં ભૂખ્યાં થયાં છે હવે તેને શું ખવડાવીશું ? સોનામહોરો હોત તો કોઈ ગામમાં જઈ વેચીને ખાવાનું લાવીને ખવડાવત. હવે શું કરીશું ? એ ચિંતામાં બેભાન બની ગઈ. ભીમસેને બોટલામાંથી શીતળ જળ લાવીને એના મુખ ઉપર છાંટયું તો થોડી વારે સુશીલા ભાનમાં આવી, એટલે એને આશ્વાસન આપીને શાંત કરતાં કહ્યું : પ્રિયે ! જે બનવાનું હતું તે બની ગયું. આપણાં એવાં કર્મોનો ઉદય છે કે આપણે ગમે તેટલું સાચવીશું તો પણ રહેવાનું નથી. એક શ્રીમંતને ઘેર સોનાની ઘણી થાળીઓ હતી. એના પાપકર્મનો ઉદય થયો એટલે બધી લક્ષ્મી તો

ચાલી ગઈ. સાથે સોનાની થાળીઓ પગ કરીને જાય તેમ જવા લાગી, ત્યારે પેલા શેઠે જતી થાળીઓને પકડવા માંડી પણ રહી નહિ. છેલ્લી થાળીને હાથમાં પકડી તો એનો કાંઠો હાથમાં રહી ગયો ને થાળી ચાલી ગઈ, માટે સુશીલા ! ભાગ્ય રૂઠે ત્યારે પહેરેલું કપડું પણ સગું થતું નથી, માટે તું શાંતિ રાખ.

વિવેકી આત્માઓ ગયેલી ચીજનો શોક કરતા નથી. તું વિવેકી છે માટે શોક છોડીને સ્વસ્થ બન. વળી આવા દુઃખના વખતમાં આપણને અહીં કોઈ દુષ્ટ માણસ ઓળખી જશે તો ઉપાધિમાં મૂકાઈ જઈશું, માટે ચિંતા છોડીને નવકારમંત્રનું સ્મરણ કરી આગળ ચાલવા માંડીએ. સુશીલા સમજી ગઈ કે સ્વામીનાથ કહે છે કે તે વાત સાચી છે. જે વસ્તુ ચોરાઈ ગઈ છે તે પાછી મળવાની નથી. એનો શોક કરવો વૃથા છે. હજુ તો ઘણું સહન કરવાનું છે. જો હું હિંમત હારીને રડવા બેસી જઈશ તો આ કુમારો કોના આધારે હિંમત રાખશે ? એમ સમજીને ચાલવા તૈયાર થયા. હવે એ લોકો અહીંથી આગળ ચાલશે ને શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૨૨

શ્રાવણ સુદ ૧૩ ને રવિવાર **તા. ૫-૮-૭૯**

અનંત કરુણાનિધિ, જગત ઉદ્ધારક, પરમપિતા વીર પ્રભુએ ભવ્ય જીવોના કલ્યાણ માટે વાણીનો ધોધ વહાવ્યો છે. એ ધોધની ધારા જંબુસ્વામીની જેમ જિજ્ઞાસુ બનીને અંતરમાં ઝીલવામાં આવે તો અનુપમ બોધની પ્રાપ્તિ થઈ શકે છે.

વીતરાગ પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનની વાત ચાલે છે. તેમાં ચિત્તમુનિ અને સંભૂતિમુનિ બંને ભાઈઓ કાળધર્મ પામીને પહેલાં દેવલોકમાં ગયા. ત્યાંનું આયુષ્ય પૂરું કરીને તે બંને કયાં કયાં ઉત્પન્ન થયા તે વાત શાસ્ત્રકાર ભગવંત તેરમા અધ્યયનની પ્રથમ ગાથામાં બતાવે છે :

जाई पराजिओ खलु, कासि नियाणं तु हत्थिणपुरम्मि।
चुलणीए बंभदत्तो, उववन्नो पउमगुम्माओ ॥ १ ॥

ચાંડાલ જાતિથી પૂર્વ ભવમાં એટલે સંભૂતિના ભવમાં પરાજિત બનેલા એ સંભૂતિમુનિએ હસ્તિનાપુરમાં સનત્કુમાર ચક્રવર્તિની સુનંદારાણી મુનિને વંદન કરવા માટે આવી ત્યારે સંભૂતિમુનિએ વિચાર્યું કે મારા તપનું ફળ હોય તો "હું આવતા ભવમાં ચક્રવર્તિ થાઉં." આવા પ્રકારનું નિયાણું બાંધીને કાળધર્મ પામ્યા. ત્યાંથી કાળ કરીને તેઓ સૌધર્મ દેવલોકના પદ્મગુલ્મ નામના વિમાનમાં દેવની પર્યાયમાં ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતાં એ પદ્મગુલ્મ વિમાનથી ચવીને બ્રહ્મરાજાની પત્ની ચુલની રાણીની કૂખે "कंपिले संभूओ" કાંપિલ્ય નામના નગરમાં ઉત્પન્ન થયા.

બંધુઓ ! મહાન પુણ્ય કર્યા હોય ત્યારે ચક્રવર્તિની પદવી પ્રાપ્ત થાય છે. ચક્રવર્તિ જન્મે ત્યારથી કંઈ ચક્રવર્તિ બની જતો નથી, પણ જ્યારે તેમને ચૌદ રત્નો અને નવ નિધિ પ્રાપ્ત થાય પછી છ ખંડનું રાજ્ય મેળવે ત્યારે ચક્રવર્તિ બને છે. પોતાના પૂર્વભવના સંચિત પુણ્યના ઉદયથી ચક્રવર્તિ બને છે. તે છ ખંડના રાજ્યની આસક્તિ છોડી શકે છે, પણ જે નિયાણું કરીને ચક્રવર્તિ પદ પામે છે તે છોડી શકતા નથી. બાર ચક્રવર્તિમાં આઠમા સુભૂમ ચક્રવર્તિ તૃષ્ણાને ન જીતી શક્યા. તે સાતમો ખંડ સાધવા જતા મરણ પામ્યા અને મરીને નરકે ગયા, બ્રહ્મદત્ત ચક્રવર્તિ નરકે ગયા. સનત્કુમાર ચક્રવર્તિ અને મઘવા ચક્રવર્તિ ત્રીજે દેવલોકે ગયા ને બાકીના આઠ ચક્રવર્તિ મોક્ષમાં ગયા છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તિએ આગલા ભવમાં ઘણી અઘોર સાધના કરી પણ એક સુંવાળા સ્પર્શમાં લપટાઈને અમૂલ્ય સાધનાના ચંદનવનમાં નિદાનશલ્ય રૂપી અંગારો ચાંપી દીધો એટલે બધી સાધનાના ફળરૂપે એક ચક્રવર્તિનું પદ પ્રાપ્ત કર્યું પણ એ સુખ ભોગવ્યા પછી એનું પરિણામ તો નરક જ ને ? આટલા માટે ભગવાન કહે છે કે, હે આત્મા ! તું તારાથી જે થાય તે ધર્મક્રિયાઓ કર પણ એમાં સંસાર સુખની બિલકુલ આકાંક્ષા ન રાખીશ. આકાંક્ષા રાખીશ તો તારી ધર્મક્રિયાનું મહાન ફળ લૂંટાઈ જશે. સંભૂતિમુનિએ ચિત્તમુનિની શિખામણ માની નહિ. બંને મુનિ કાળ કરીને દેવલોકમાં ગયા. પાંચ ભવ સુધી બંને સાથે રહ્યા. છઠ્ઠા ભવે બંને જુદા પડયા. જુદા કેમ પડયા ? તપ સંયમની સાધના તો બંનેએ સરખી કરી પણ સંભૂતિ મુનિએ નિયાણું કર્યું તેથી જુદા પડયા.

સંભૂતિ મુનિનો જીવ કાંપિલ્યપુર નગરમાં બ્રહ્મરાજાની ચુલની રાણીની કુક્ષીમાં પદ્મગુલ્મ નામના વિમાનમાંથી ચવીને ઉત્પન્ન થયા ત્યારે ચુલની રાણીએ ચૌદ સ્વપ્નો જોયાં. તીર્થંકર પ્રભુની માતા પણ ચૌદ સ્વપ્ના દેખે છે. એ જ સ્વપ્ના ચક્રવર્તિની માતા દેખે છે, પણ બંનેમાં ફરક એટલો છે કે તીર્થંકર પ્રભુની માતા ચૌદ સ્વપ્નો સ્પષ્ટ દેખે છે ને ચક્રવર્તિની માતા ઝાંખા દેખે છે. ચુલની રાણીએ કંઈક ઊંઘતા ને કંઈક જાગતા એવી અવસ્થામાં ચૌદ સ્વપ્નો જોયાં. જોઈને સુખશય્યામાંથી જાગૃત થઈને પોતાના પતિ બ્રહ્મરાજ પાસે આવી જે સ્વપ્ના આવ્યાં હતાં તે બધી વાત કરી. સ્વપ્નની વાત સાંભળીને બ્રહ્મરાજા પણ હર્ષિત થયા અને કહ્યું હે, રાણી ! તમે ભાગ્યવાન છો. તમારી કુક્ષીએ ચક્રવર્તિનો જન્મ થશે. આ પ્રમાણે કહ્યું એટલે ચુલની રાણીને ખૂબ આનંદ થયો. વધુ ખાતરી કરવા બ્રહ્મરાજાએ સ્વપ્ન પાઠકોને તેડાવીને સ્વપ્નનું ફળ પૂછયું. તેમણે પણ એ જ જવાબ આપ્યો કે મહારાણીએ ચૌદ સ્વપ્નો જોયાં છે તે શુભ છે, મંગલકારી છે. એનું ફળ જોતા લાગે છે કે મહારાણીની કુક્ષીએ ચક્રવર્તિનો જન્મ થશે. આ મંગલ વધામણી સાંભળી રાજરાણી ખુશ થયા ને સ્વપ્ન પાઠકોને ખૂબ દાન આપી ખુશ કરીને વિદાય કર્યા.

આ તરફ ચુલની રાણીના આનંદનો પાર નથી. અહો ! હું તો માંડલિક રાજાની નહિ, બલદેવની કે વાસુદેવની નહિ પણ ચક્રવર્તિની માતા બનીશ. ચક્રવર્તિની માતા બનવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. આજે મારો જન્મારો સફળ બની ગયો. એમ હર્ષમાં આવી ગઈ. જ્ઞાની ભગવંતો કહે છે કે કર્મની લીલા કંઈ ઓર છે. માણસ ધારે છે કંઈ ને બને છે કંઈ. ગમે તેટલો હોશિયાર માણસ હોય પણ કર્મરાજાની કરામત આગળ હોશિયાર માણસની તીક્ષ્ણ બુદ્ધિ પણ બુઠ્ઠી બની જાય છે. કર્મરાજા મનુષ્યને ઘડીકમાં ઊંચે ચઢાવી દે છે ને ઘડીકમાં ઊંચે ચઢેલાને નીચે પછાડી દે છે, માટે આજે સુખમાં આનંદ માનવો ને કાલે દુઃખ આવે ત્યારે શોક કરવો વૃથા છે.

બંધુઓ ! જીવનનો પંથ કંટક અને સંકટથી ભરેલો છે. કર્મરાજાની વિચિત્રતાને કારણે આપણો આત્મા અનાદિ અનંતકાળથી વિષય કષાયના વિષથી પોષાઈ રહ્યો છે તેથી આત્માનું અમરત્વ અને સ્વસ્વરૂપ ભૂલાઈ ગયું છે. આત્મા અનંત શક્તિનો સ્વામી હોવા છતાં પામરથી પણ પામર બની રહ્યો છે. પર પુદ્ગલોના પ્રેમમાં પાગલ બની ચોરાશીના ચક્કર લગાવી રહ્યો છે. આ બધી કર્મરાજાની લીલા છે. એક કવિએ પણ કહ્યું છે કે,

રંક બને કોઈ રાય બને છે, જેવી જેની કરણી,
નાના મોટા સહુને માટે, સુખ દુઃખની નિસરણી;
કર્મ પ્રમાણે પ્રાણીમાત્રને, સુખ દુઃખનો આધાર છે.

સુખ દુઃખ એ તો એક સિક્કાની બે બાજુ છે. તડકો ને છાંયડો છે. કર્મ પ્રમાણે સુખ દુઃખ મળે છે. કર્મની આ રમત છે, માટે કહ્યું છે કે,

"સુખ દુઃખકી ચિંતા ન કરો, વે યાં હી આતે જાતે હૈં ।
ફૂલ સદા કાંટો મેં ખીલતે, સેજો પર મૂરઝાતે હૈં ॥"

સુખ દુઃખની ઘટમાળ હરહંમેશ ચાલ્યા કરે છે. કાંટાની વેદનાનો સતત અનુભવ હોવા છતાં ફૂલ સદા ખીલેલું રહે છે. જ્યારે કાંટાથી છૂટા પડેલા ફૂલને પલંગ પર બિછાવવામાં આવે તો ઘડી બે ઘડીમાં એ કરમાઈ જાય છે.

સતત સહે કંટક છતાં, પુષ્પ પ્રસારે સુવાસ,
રહીને તું સુખ ચેનમાં, કાં સરજે વિનાશ ?

ગુલાબનું ફૂલ સદા કાંટાથી ઘેરાયેલું રહીને કંટકની વેદના સહન કરે છે છતાં બીજાને તો સુવાસ જ આપે છે ત્યારે આજનો માનવી તો સુખમાં મશગૂલ રહીને પણ બીજાનું અહિત કરે છે. જે મનુષ્ય કર્મનો ગુલામ બનતો નથી તે કર્મના કરજથી મુક્ત બની આત્મિક સુખનો અપૂર્વ આનંદ પ્રાપ્ત કરી શકે છે. કર્મરાજા જીવને કેવા ખેલ કરાવે છે ને કયાં સુખમાંથી દુઃખમાં લઈ જાય છે તે ઉપર એક બનેલી કહાની:

એક સામાન્ય કુટુંબ હતું. તેમાં પતિ-પત્ની અને બે દીકરા. આ ચાર માણસનું

કુટુંબ સુખપૂર્વક પોતાનું જીવન વીતાવી રહ્યું હતું. બે દીકરામાં મોટાનું નામ મોહન અને નાનાનું નામ કિશોર હતું. માતા-પિતા શ્રીમંત ન હતા પણ સંસ્કારી ઘણા હતા. બંને પુત્રોના જીવનમાં માતા પિતાએ સારા સંસ્કારોનું સિંચન કર્યું હતું. જીવનમાં સંસ્કાર એ સાચું ધન છે. જો જીવનમાં સારા સંસ્કારો હશે તો માણસ દુઃખમાં ટકી શકશે. ગાઢ કર્મના ઉદય વખતે પણ સમભાવ રાખી શકશે. મોહન પંદર વર્ષનો હતો ને કિશોર દશ વર્ષનો હતો. માતાપિતાએ મોટા દીકરાને ભણાવ્યો, ગણાવ્યો ને સારી નોકરીએ લગાડયો. નાનો કિશોર હજુ ભણતો હતો ત્યાં માતા પિતા બંનેને અચાનક બિમારી આવતા પરલોકના પંથે ચાલ્યા ગયા. બંને ભાઈઓને ખૂબ આઘાત લાગ્યો. ઘરની આર્થિક સ્થિતિ તો નબળી હતી. પૈસાની પૂંજી ન હતી એટલે મોહનભાઈની કમાણી ઉપર જીવનનો આધાર હતો. મોહનભાઈને ત્રણ બાબા અને એક બેબી એમ ચાર સંતાનો હતા. કિશોર ભણવામાં ખૂબ હોશિયાર હતો. એ ભણતો હતો એટલે માત્ર મોટાભાઈની કમાણી ઉપર ઘરનો આધાર હતો. સ્થિતિ નબળી હતી પણ ખાનદાની ખૂબ હતી. કિશોર બી. કોમ. પાસ થયો, તેના માટે સારા ઘરની કન્યાઓનાં કહેણ આવવાં લાગ્યાં. કિશોરની હમણાં લગ્ન કરવાની ઇચ્છા ન હતી પણ ભાઈ ભાભીના આગ્રહથી લગ્ન કર્યાં.

કિશોર ભણવામાં ખૂબ તેજસ્વી હતો એટલે એના શિક્ષકો આગળ ભણવા માટે ખૂબ આગ્રહ કરવા લાગ્યા પણ કિશોરે કહ્યું કે, મારા મોટાભાઈની કમાણી ઉપર અમારો નિર્વાહ ચાલે છે માટે હું આગળ ભણી શકું તેમ નથી. એણે મોટાભાઈને કહી દીધું કે, ભાઈ! હવે મારે ભણવું નથી. મોટાભાઈએ કહ્યું : હું તકલીફ વેઠીશ, પેટે પાટા બાંધીને પણ મારે તને ભણાવવો છે. ભાઈના આગ્રહને વશ થઈને એ ભણ્યો ને ડબલ ગ્રેજ્યુએટ પાસ થયો. તેને પણ બે સંતાન હતાં. કિશોર ભણી રહ્યા પછી તરત મોટાભાઈની લાગવગ અને મહેનતથી વિમા કંપનીમાં સારા હોદ્દાની નોકરી મળી ગઈ. મોટોભાઈ નાના ભાઈને કહે છે, ભાઈ! તું હવે નોકરીએ લાગી ગયો એટલે મને શાંતિ થઈ. આપણા બંનેના પગારમાંથી આપણા જીવનનો નિર્વાહ સુખેથી કરી શકાશે, પછી આપણે બંને મળીને કંઈક ધંધો શરૂ કરીશું ને સુખી થઈશું. આવા મનના મનોરથો સાથે દિવસ વીતાવતા હતા, પણ કર્મની લીલા ન્યારી છે. એને કોઈ પહોંચી વળતું નથી. માણસની મનની મુરાદો મનમાં રહી જાય છે.

પુત્રની પાછળ મગજ ગુમાવતા પિતા :- બંને ભાઈઓ પ્રેમથી રહેતા હતા. એમાં એક દિવસ મોટાભાઈનો દશ વર્ષનો દીકરો સ્કૂલેથી ભણીને આવતો હતો. રસ્તામાં મોટર એક્સિડન્ટ થવાથી ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામ્યો. ખબર પડતાં આખું કુટુંબ દોડીને ત્યાં ગયું. આ કરુણ દૃશ્ય જોઈને મોટાભાઈને ખૂબ જ આઘાત લાગવાથી તેના મગજ ઉપર અસર થઈ. તે ગાંડા જેવા થઈ ગયા, એટલે કુટુંબની

સમથ જવાબદારી કિશોરના માથે આવી પડી. અહાહા ! થોડા દિવસ પહેલાં કુટુંબ કેવું કિલ્લોલ કરતું ને આજે આ શું બની ગયું ? મોહનભાઈ સૂનમૂન બેસી રહેતા. કોઈ એમને કંઈ પૂછે તો એમ કહેતા મારો બાબો મને લાવી આપો. એ ક્યાં ગયો ? એને કોઈ બોલાવી લાવો ને ?

કોઈ બોલાવી લાવો (૨) મારા બાલુડાંને કોઈ લઈ આવો,

આમ બોલીને રડી પડતા. એને બીજું કાંઈ ગમતું ન હતું. આ સમયે ગંગા આંખમાં આંસુ સારતી પોતાના પતિને સમજાવતી : નાથ ! તમે આમ શા માટે કરો છો ? વહેલા કે મોડા એક દિવસ આપણે બધાએ જવાનું છે.

આ જગપંખીનો મેળો, કેમ રહેશે સદૈવ ભેળો...
કોઈ ક્યાંથી (૨) એક વૃક્ષની ડાળે, પંખીડાં સૌ આવી બેઠાં કોઈ ડાળે કોઈ માળે (૨)
પ્રભાતના પચરંગી રંગે, જાતાં સૌ વિખરાઈ (૨)...આ...

આ સંસાર પંખીના મેળા જેવો છે, સૌ જુદી જુદી દિશામાંથી આવીને અહીં ભેગા થયા છીએ. આયુષ્ય પૂર્ણ થતાં આ મેળામાંથી ઊડી જવાનું છે, માટે વિચાર કરો. અમારું બધાનું શું થશે ? તમારા સહારે તો અમારી બધાની જિંદગી છે. તમે આવું ઝૂર્યા કરશો તો કેમ ચાલશે ? તમે તમારી જાતે પુત્રને અગ્નિદાહ દીધો છે તે શું હવે આપણા ઘેર આવવાનો છે ? બધાં ઘણું સમજાવે છે પણ મન ઉપરથી અસર જતી નથી. ગંગા ખૂબ સમજુ હતી એટલે મનને વજ્ર જેવું બનાવીને પતિને સમજાવતી હતી.

બીજી તરફ પોતાના લાડકવાયા દિયરને માથે ઘરનો બધો ભાર આવી પડયો. આ કારમી મોંઘવારીમાં ત્રણ બાળકો, પતિ-પત્ની, દિયર, દેરાણી અને તેમના બે સંતાનો એમ નવ નવ માણસોનું એક જણના પગારમાં પોષણ કરવું એ કંઈ સહેલ વાત નથી. આવા કપરા સમયમાં કિશોરના મનમાં થતું કે જો મારા લગ્ન ન થયા હોત તો પોતાની પત્ની અને બે બાળકોની જવાબદારી તો મારા માથે ન હોત ને ? મારા ભાઈએ કેવી કસોટી વેઠીને મને ભણાવ્યો છે. આ વિચાર આવતા તે રડી પડતો અને બોલતો, એમના ઉપકારનો બદલો વાળવા હું સમર્થ નથી. કિશોરની પત્નીનું નામ શાંતા હતું શાંતા ખરેખર શાંતિનું સરોવર હતી. એ એના પતિને કહેતી કે, તમે કદી મોટાભાઈની સેવા કરવામાં પાછી પાની ન કરશો. મોટાભાઈને બાબાના આઘાતથી મગજ ઉપર અસર થઈ ગઈ છે તો આપણે કોઈ સારા મગજના સ્પેશ્યાલીસ્ટ ડોકટરને બતાવીએ ને મોટાભાઈને સારું થાય. કિશોરે કહ્યું....હા....એમ કરીએ. કોઈ સારા ડોકટરને બતાવ્યું ત્યારે ડોકટરે કહ્યું કે, શોર્ટ આપવા પડશે ને છ મહિના હોસ્પિટલમાં રાખવા પડશે. હોસ્પિટલમાં દાખલ તો કરીએ પણ ખર્ચનું શું કરવું ? સજ્જન માણસો કોઈની પાસે હાથ ધરતા નથી. ગંગાએ વિચાર કર્યો કે મારા પતિને જો સારું થશે તો દાગીના ઘણાં મળશે. એમના કરતાં દાગીના કંઈ વિશેષ

નથી. તો દાગીના વેચીને પણ પતિને હોસ્પિટલમાં દાખલ કરવા. આવો વિચાર કરીને ગંગાએ પોતાના દિયરને વાત કરી.

ભાઈ! તમે એકલા કમાવનારા છો, નવ નવ જણાનો બોજો તમારા માથે છે. તમે કેટલી મહેનતે પૂરું કરો છો એ બધું હું સમજું છું. તમે ચિંતા ન કરો. આ મારા દાગીના વેચીને તમારા ભાઈને હોસ્પિટલમાં દાખલ કરો, ત્યારે દેરાણી શાંતાએ કહ્યું : ભાભી ! મોટાભાઈ અને તમે કેટલું કષ્ટ વેઠીને એમને ભણાવ્યા ને પરણાવ્યા છે તો હવે કુટુંબની જવાબદારી એમના માથે છે એટલે ખર્ચને પહોંચી વળવાની ફરજ એમની છે. એમને મદદ કરવી તે મારો ધર્મ છે, માટે મારા દાગીના વેચવા જોઈએ, ત્યારે જેઠાણી કહે છે, બહેન ! તું હજુ ઊગીને ઊભી થાય છે. તારા દાગીનાને ઓપ પણ ચઢયો નથી. શું મારા પતિની સેવા માટે તારા દાગીના વેચવા દઉં ખરી ? મારા પતિની સેવા માટે જો મારા દાગીના કામ નહિ આવે તો કરવાના શું ? આમ બંને દેરાણી જેઠાણી પોતાના દાગીના આપવા માટે વિવાદ કરે છે. આ જમાનામાં આવી દેરાણી જેઠાણી મળવી મુશ્કેલ છે.

ખરેખર ! કર્મના ઉદયથી દુઃખ તો આવ્યું પણ સાથે એ પુણ્યનો ઉદય છે કે ઘરમાં દેરાણી જેઠાણીને મા-દીકરી જેવો પ્રેમ છે. છેવટે કિશોરે કહ્યું : ભાભી ! તમે ખેંચતાણ રહેવા દો. એક દાગીનો તમારો ને એક દાગીનો શાંતાનો વેચવા દો એટલે બંનેની ફરજ અદા કરી શકાય. બંનેનો એકેક દાગીનો વેચીને પૈસા લાવ્યા. મોટાભાઈને છ મહિના હોસ્પિટલમાં રાખ્યા પણ અંશ માત્ર ફેર પડયો નહિ, ત્યારે ડોકટરે બીજા છ મહિના વધારે રાખવાનું કહ્યું એટલે આ લોકોના પગ ઢીલા થઈ ગયા. હોસ્પિટલમાં તો રાખીએ પણ ખર્ચનું શું ? ગંગાના દુઃખનો પાર ન રહ્યો, ત્યારે કિશોર અને શાંતાએ કહ્યું, ભાભી ! ચિંતા ન કરો. બીજો દાગીનો વેચી નાંખીશું પણ મોટાભાઈ સાજા થાય તો આપણને બધાને સારું છે ને ? એમ કહીને બીજા છ મહિના હોસ્પિટલમાં રાખ્યા.

"પતિને શિખામણ આપતી પત્ની" :– બીજા છ મહિનામાં આઠ દિવસ બાકી રહ્યા પણ કંઈ સારું થવાનાં ચિહ્ન ન દેખાયાં, ત્યારે એક દિવસ ગંગા એના પતિને કહે છે, નાથ ! બાબાને ગયા એક વર્ષ વીતી ગયું પણ હજુ તમારા મન ઉપરથી શોક જતો નથી પણ મને ચિંતાનો પાર નથી. એકલા નાનાભાઈ માથે કેટલો ભાર આવી પડયો છે ? આ બધાનું પૂરું કરતાં એમના નાકે દમ આવે છે, માટે તમે કંઈક સમજો. હવે આઠ દિવસ પછી ઘેર જઈશું ત્યારે તમે બજારમાં જજો. કંઈક કામ કરજો. છતાં, મોહન કંઈ જવાબ આપતો નથી. સૂનમૂન બેસી રહ્યો છે ત્યારે ગંગા કહે છે. અરેરે....નાથ ! મારો તો વ્હાલસોયો લાલ ગયો સાથે પતિનું મગજ પણ ગયું. વિચાર કરો નાથ ! આ સંસારમાં કોઈ કોઈનું નથી. જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ

અવશ્ય છે. સર્વ સબંધો અનિત્ય છે. આપણો લાલ આ દુનિયામાંથી વિદાય લઈને ચાલ્યો ગયો તે હવે થોડો પાછો આવવાનો છે? તમે રડો નહિ, શોક ન કરો, એના ઉપર તમારો રાગ હતો, ગાઢ સ્નેહ હતો તે વાત સાચી છે પણ એક વાત તમે જરૂર યાદ રાખો કે સંયોગ માત્રનો વહેલો કે મોડો અંત આવે છે ને સંયોગનો વિયોગ થાય છે. કોનો સંયોગ કાયમ રહ્યો છે? એવો એક પણ દાખલો બતાવો કે સંયોગ પછી જેનો વિયોગ ન હોય! જેની સાથે સંબંધ જોડો તે સમજીને જોડજો કે આ સંબંધનો કયારેક અંત આવવાનો છે. દેવાનુપ્રિયો! સંયોગ નિત્ય નથી, અનિત્ય છે માટે સંયોગજન્ય સુખ મેળવવાની આશા ત્યજી દો. સર્વ દુઃખો સંયોગમાંથી જન્મે છે. તમારે એની સાથે ગાઢ સંબંધ હતો, તેના પર તમારો વિશ્વાસ પણ પૂર્ણ હતો પરંતુ આજે તેણે તમારા સબંધનો બંધ તોડી નાંખ્યો. આપણી લેણાદેણી પૂરી થઈ.

"ગંગાને લાગેલો આઘાત" :– ગંગાએ એના પતિને ખૂબ સમજાવ્યો પણ કંઈ સમજ્યો નહિ. તેણે મગજશક્તિ સાવ ગુમાવી દીધી છે. હવે દવાખાને કયાં સુધી રાખવા? તેને ઘેર લાવ્યા. આમ સૂનમૂન બેસી રહે પણ કયારેક મોટર દેખે કે પથરા મારે. બસ, આણે જ મારા દીકરાનો જીવ લીધો છે. મરણ પામેલા બાબા જેવો કોઈ બાબો દેખે તો તેને વ્હાલથી ઊંચકીને વાત કરવા જતો પણ બાળકો એનાથી ડરે એટલે રડવા લાગે તો પણ છોડે નહિ. આ રીતે અનેક પ્રકારના ત્રાસથી કિશોર મૂંઝાયો. એમાં એક દિવસ થાકીને ઘેર આવતો હતો ત્યાં મોહને ગાડી ઉપર પથરા ફેંકયા. લોકો ફરિયાદ લઈને આવ્યા તેથી કિશોરને ખૂબ ક્રોધ આવ્યો ને મોટાભાઈને તમાચો માર્યો, આથી ગંગાને ખૂબ આઘાત લાગ્યો. અરે, કિશોરભાઈ! તમે આ શું કરો છો? એ તો ગાંડા છે પણ તમે આ શું કરો છો? આમ કરતા ગંગા ખૂબ રડી. દેરાણી ખૂબ હિંમત આપે છે. શાંતા પોતાના પતિને ઠપકો આપે છે.

ગંગાએ વિચાર કર્યો કે, મારા દિયર ઉપર બોજો ઘણો છે. તેમનો કોઈ દોષ નથી. હું ભણી નથી તેથી બીજું શું કરું? પણ જરૂર ઘરઘરમાં કંઈક કરી શકું તેમ છું તેથી તેણે પોતાની દેરાણીને બોલાવી પણ તેને જેઠાણી પાસે આવતા લજ્જા આવતી કે મારા જેઠને તેમના ભાઈએ તમાચો માર્યો છે. હું ભાભીને કેવી રીતે મારું મોઢું બતાવું. છેવટે જેઠાણીના આગ્રહથી ગઈ ને ડૂસકા ખાતાં બોલી: ભાભી! ગઈકાલે એમણે મોટાભાઈને તમાચો માર્યો તેથી હું શરમિંદી બનીને તમારી સાથે બોલી શકતી નથી. બાકી તમે એમ ન રાખશો કે મને ખોટું લાગ્યું છે, એટલે હું નથી બોલતી. ભાભી! રાત્રે મેં એમને કહેવામાં બાકી રાખ્યું નથી. દેરાણીના શબ્દો સાંભળીને ગંગા પણ ખૂબ રડી. બંનેનાં હૈયાં રડીને હળવા બન્યા એટલે ગંગાએ કહ્યું, તમે બંનેએ જે કર્યું ને કરો છો એ બીજાથી થાય એવું નથી. મારે તો એની કદર કરવી જોઈએ. એના બદલે હું તમને અપયશ આપું તો મારા જેવી દુનિયામાં મૂર્ખ કોણ? પણ

મારી બહેન, એક વાત સાંભળ. મારા દિયર એકલા આટલું કામ કરે છે. એ હવે થાકી જાય છે. એકલો માણસ કેટલું ખેંચે ! એટલે ચિંતા તો થાય તે સ્વાભાવિક છે. આવા સમયમાં હું મારી જાતને સાચવીને બેસી રહું તેના કરતાં કંઈક કામ કરું તો ઘરમાં થોડો ઉમેરો થાય. ભાભો ! પારકાં કામ કરવાં તેમાં આપણી આબરૂ શું ? તે કરતાં ભાભી તમે ઘરકામ સંભાળો. હું ભણેલી છું. નોકરી કરું. ગંગા કહે, અરે ! મારા માટે તારે નોકરી કરવાની? ના....હું જ કામ કરીશ. ખૂબ સમજાવ્યા પછી ગંગાએ હા પાડી.

"શિક્ષિકાની નોકરી કરતી શાન્તા":–બીજે દિવસે શાંતાએ પોતાના પતિ પાસે વાત કરી, તેથી કિશોરે શિક્ષિકાની નોકરી કરવાની સંમતિ આપી. શાંતાને સ્કૂલમાં શિક્ષિકાની નોકરી મળી ગઈ. શાંતાનો સ્વભાવ એવો હતો કે એ જે કામ કરે એમાં જ એનો જીવ પરોવાયેલો રહે. એના પતિની સાથે વાત કરે તો પણ સ્કૂલની કરતી. બીજી કંઈ વાત જ નહિ. અત્યાર સુધી શાંતાના સ્વભાવની એ ખૂબ પ્રશંસા કરતો પણ નોકરી કર્યા પછી એ કંટાળી જતો. એના મનમાં થતું હતું કે આને નોકરી કરવાની રજા આપી એ જ મેં ખોટું કર્યું છે. બસ, આ લોકોના પાપે મારો સંસાર બગડી ગયો. હું થાકયો પાકયો આવું ત્યારે મારી સાથે કોઈ આનંદ વિનોદની વાત નહિ. એની સ્કૂલની વાતો કર્યા કરે. બીજું ઘર સાંકડું છે એટલે છૂટથી રહી શકતા નથી. કામના હિસાબે હરવા ફરવા જવાની શાંતા ના પાડે તેથી કિશોરને ખૂબ દુઃખ થતું. તે પળે પળે શાંતા સાથે ઝઘડો પડતો. ગંગા સમજતી હતી કે પોતાને લીધે દિયર દેરાણી વચ્ચે કલેશ થાય છે પણ તે મૂંગે મોઢે સહન કરતી. પોતાનો પતિ તો નિમિત્ત હતો ને પોતે પણ આ કલેશમાં નિમિત્ત ન બને તે માટે ખૂબ સંભાળીને રહેતી. શાંતાના બાળકો માતાને ભૂલી જાય તે રીતે એમને રાખતી. પોતાના બાળકો કરતા દેરાણીના બાળકોને બધી રીતે હૈયા ઉપર રાખતી ને સવાયા સાચવતી. ઘરનું બધું કામકાજ કરતી. દેરાણી કહે, ભાભી ! આમ નહિ કરવાનું, તમારાં બાળકો તે મારાં છે. બંનેને સરખાં રાખો. શાંતાને ભાભી માટે ખૂબ હતું.

"શિવલિંગ ફૂટવાથી ગંગાને થયેલી ચિંતા" :– જ્યારથી દિયરે પોતાના પતિને તમાચો માર્યો ત્યારથી ગંગાનું મન ઘરમાંથી ઊઠી ગયું હતું પણ જો એ અત્યાર સુધી ઘરમાં ટકી શકી હોય તો તે શાંતાના સૌજન્યશીલ સ્વભાવથી, પણ દિયરનું વર્તન જોઈને ગંગાના મનમાં એમ થતું કે દિયરને હવે અમે ભારરૂપ લાગીએ છીએ. જો હવે દિયરને આ જવાબદારીથી મુક્ત નહિ કરું તો એનું પરિણામ એક દિવસ કરુણ આવશે. પોતાને લાત ખાઈને પણ ઘર છોડવું પડશે. આ રીતે ફફડાટથી દિવસો વીતાવતી હતી તેમાં એક દિવસ એવો કારમો ઊગ્યો કે એના પતિએ એના દિયરને અતિપ્રિય એવી શિવ–પાર્વતીની મૂર્તિ ભાંગી નાંખી. ગાંડા માણસને કંઈ ભાન થોડું

હોય છે? આ મૂર્તિ કિશોરને શ્વાસપ્રાણ વહાલી હતી. એને પગે લાગી એ બહાર જતો ને આવે એવો તરત દર્શન કરતો. એ મૂર્તિ મોહને ભાંગી તેથી ગંગાના ફફડાટનો પાર ન રહ્યો. દિયર આવશે ને આ વાત જાણશે ત્યારે ગુસ્સે થશે. અરેરે....શું કરું? ગંગાના મનમાં થયું કે નવી મૂર્તિ મળે તો હું લાવીને મૂકી દઉં, પણ એ ક્યાં મળતી હશે? કદાચ મળે તો પણ એ લાવવાના પૈસા પણ મારી પાસે ક્યાં છે? પતિના સામું જોઈને એ ગુસ્સો કરવા ગઈ પણ એના મુખમાંથી બોલ નીકળે તે પહેલાં એને વિચાર થયો કે ડાહ્યા હતા ત્યારે પાઈ પાઈની ચિંતા કરનાર આજે આવું નુકસાન કરે ખરા? આ બધું ગાંડપણના કારણે છે. એમાં એમનો દોષ નથી. એના ઉપર ગુસ્સો કરવો કે ઠપકો દેવો એ પણ એક પ્રકારનું ગાંડપણ જ છે ને?

"ભાઈએ ભાઈ પર કરેલો જુલમ" :– ગંગાએ પતિ ઉપર ક્રોધ ન કરતાં મીઠાશથી કહ્યું કે, તમે નાનાભાઈ ઓફિસેથી આવે તે પહેલાં કયાંક બહાર ચાલ્યા જજો. એ મારા પર ગુસ્સો ઉતારે ત્યાર પછી તમે આવજો, ત્યારે ગાંડો પતિ કહે છે કે, શું હું કંઈ ભાઈથી ડરી જાઉં તેવો છું? મારો આ ઘરમાં રહેવાનો હક્ક નથી તે ચાલ્યો જાઉં? ગંગાએ વિચાર કર્યો કે ઠીક, દિયરને આવવાનો સમય થશે ત્યારે ફરીથી સમજાવીને બહાર મોકલી દઈશ. સાંજ પડી. ગંગાએ પતિને બહાર જવા કહ્યું, પણ એ તો હઠે ચઢયો. બહાર ન ગયો. કિશોરને ઓફિસેથી આવવાનો સમય થયો. ગંગાને ખૂબ ફિકર છે. સાંજે કિશોર ઓફિસેથી ઘેર આવે છે ત્યાં મોટાભાઈનો નાનો બાબો સામો ગયો ને કહેવા લાગ્યો કે, કાકા....મારા બાપુજીએ શિવપાર્વતીની મૂર્તિ ફોડી નાંખી. બાળકને કંઈ ભાન છે? ભદ્રિકભાવે કહી દે છે. આ વાતથી કિશોરને તો ખૂબ ગુસ્સો આવ્યો ને પોતાના પગમાંથી બૂટ કાઢીને મોટાભાઈના બરડામાં બૂટથી ફટકા મારવા લાગ્યો. ખૂબ મારીને ચોકમાં એક લીંબડાનું ઝાડ હતું તેની સાથે જોરથી બાંધી દીધો ને ગમે તેવા શબ્દો બોલવા લાગ્યો. ચોકમાં માણસો ભેગા થઈ ગયા.

"રુદન કરતી ઘર છોડતી ગંગા":–પતિની આ દશા જોઈને ગંગા કકળી ઊઠી. અહો! ડાહ્યા હતા ત્યારે એમની કેવી બુદ્ધિ હતી. પાંચમાં પૂછાય એવા હતા. એમની દિયરે આજે આ દશા કરી? એને ખૂબ આઘાત લાગ્યો. રડતી કકળતી ચોકમાં આવીને એણે પોતાના પતિનું બંધન છોડી નાંખ્યું જેનો એને ફફડાટ હતો તે ઘડી આવી પહોંચી. એણે પોતાનો પાલવ ધરીને કહ્યું, દિયરજી! આટલો ગુનો માફ કરો. હું એમને લઈને અત્યારે જ ચાલી જાઉં છું. એટલે ફરીને તમારો આવો ગુસ્સો કરવો ન પડે, પણ એક વાત યાદ રાખજો કે એક માટીના પૂતળાના શિવજી ભાંગતા તમને આટલું બધું દુઃખ થાય છે તો મારા જીવતા ને જાગતા શિવજીને તમે બૂટના ફટકા મારો, ઝાડ સાથે કચકચાવીને બાંધો ત્યારે મને કંઈ ન થાય? ત્યારે કિશોર ગંગા સામે જોઈને ક્રોધથી બોલ્યો કે, ભાભી! બસ કરો. તમે તો મને આવા શબ્દો કહીને

ખીવડાવેા છેા. આંખમાંથી આંસુ લૂછતી ગંગા બેાલી કે, હું તમને ખીવડાવતી નથી તેમ તમને ખેાટા પણ કહેતી નથી. તમે જે સહન કર્યું છે તે બીજા ન કરી શકે એ પણ હું સમજું છું પણ મારા કર્મો કઠણ છે એમાં તમારેા શું દેાષ ? પેાતે જાણે પૂરી તૈયારી કરી હેાય તેમ દયામણા મેાઢે આંખમાં આંસુ સારતી એના પતિને કહે છે, ચાલેા, આપણાં કર્મ આપણે ભેાગવીશું. તે વિના કર્મની કઠણાઈ કેવી છે તેની શું ખબર પડે? ખરેખર, આ સંસારનું સ્વરૂપ જ એવું છે. હે જીવ !

સ્વજન માન્યાં સૌ તે તારાં, પણ મધલાળે શું માખી
પાયમાલ થયેા ને પ્રીત તૂટી,એ સંસારી સુખની ઝાંખી–અરે આ રે...

તેં જેને આજ સુધી તારા માન્યા તે કેાઈ તારા નથી. ઋણાનુબંધ સંબંધે બધાં ભેગાં થયાં છીએ. આજે આપણેા સંબંધ પૂરેા થયેા એટલે હવે આ દશા થઈ છે. ખરેખર આ સંસાર દુઃખનેા ભંડાર છે. એમાં કેાઈ જીવ સુખી નથી, માટે નાથ ! ચાલેા, આપણું ભાગ્ય જ્યાં લઈ જશે ત્યાં જઈશું. એમ કહી ગાંડા પતિનેા હાથ પકડીને ચાલી. એનાં સંતાનેા પણ આંખમાં આંસુ સારતાં માબાપની પાછળ ચાલ્યાં.

કિશેારના મનમાં થયું કે ભાભી આટલાં બધા માણસેા વચ્ચે મને ખેાટેા દેખાડે છે, વગેાવે છે તેથી એનેા ક્રેાધ ભભૂકી ઊઠયેા. ભાઈ ભાભીને જતાં અટકાવવાને બદલે કહે છે, મેં તમારે લીધે આટલું બધું દુઃખ વેઠયું છતાં જશને બદલે જુત્તા આપવા હેાય તેા મારી તમને રજા છે. ખુશીથી જાએા. કિશેારના બેાલ સાંભળીને ભેગા થયેલા લેાકેા પણ ક્રૂજી ઊઠયા ને ગંગાને જતી રેાકવાની કેાઈની હિંમત ચાલી નહિ. ગંગા, એનેા ગાંડેા પતિ મેાહન અને એના ત્રણ બાળકેા આંખમાં આંસુ સારતા શેરીમાંથી બહાર નીકળ્યા. એ કરુણ દૃશ્ય જોઈને ભેગા થયેલા લેાકેા પણ રડી પડયા. આ બધું બન્યું ત્યારે શાન્તા તેા સ્કૂલે હતી. તે બરાબર સમયે આવી ગઈ. એને આવતી જોઈને સૌના મનમાં થયું કે હવે શાંતિ થઈ જશે. હમણાં શાન્તા એના જેઠ–જેઠાણીને પાછા વાળશે. પેાતાના ઘર આગળ લેાકેાનું જામેલું ટેાળું અને જેઠ–જેઠાણીને પેાતાના બાળકેા સાથે જતાં જોઈને એના હૈયામાં ફાળ પડી કે જરૂર કંઈક નવાજૂની થઈ હેાવી જોઈએ. શું બીના બની છે તે પૂછવા જાય તે પહેલાં તેા કિશેાર શાન્તાનેા હાથ પકડીને તેને ઢસેડીને ઘરમાં લઈ ગયેા ને ઓરડામાં પૂરી દીધી. શાન્તાએ પૂછયું પણ છે શું એ તેા મને કહેા ? ત્યારે ક્રેાધથી આંખ લાલ કરીને કહ્યું કે, એમણે આપણેા ભવાડેા કર્યો છે તેા હવે પૂરેા ભજવી લેવા દેા. ભાભી એના શિવજીને માથે લઈને ભલે ફરે. મારે એમને મનાવવા જવું નથી, ત્યારે શાન્તાએ કહ્યું : નાથ ! શું બન્યું એ તેા કહેા, ત્યારે કિશેારે પેાતાની શિવ–પાર્વતીની મૂર્તિ ભાંગી નાંખ્યાની વાત કરી. શાન્તાએ કહ્યું, એવી મૂર્તિ તેા ઘણી મળશે પણ તમે મેાટાભાઈને બૂટથી માર્યા ને બાંધી દીધા એ સારું નથી કર્યું. આજે જો તમે આટલા આગળ આવ્યા હેાય તેા

કોનો પ્રતાપ છે ? એમની આ દશા કરાય ? એમના પાપકર્મનો ઉદય થયો ત્યારે એ ગાંડા થયા ને ? નહિતર શા માટે આવું બને ? આપણે શાંતિ રાખવી જોઈએ. આ જગ્યાએ આપણું આવું બન્યું હોત તો શું કરત ?

"પત્નીના એક્સિડન્ટથી થયેલો ચમત્કાર" :– આ તરફ ગંગા, એનો પતિ અને બાળકો શેરીની બહાર નીકળ્યા ત્યારે એમને ખબર ન હતી કે પોતે કયાં જશે ? ક્રોધાવેશમાં ઘર છોડીને તો નીકળી ગયા પણ હવે કયાં જવું ? તેના વિચારમાં ને વિચારમાં ગંગા મેઈન રોડ ઉપર ચાલી રહી હતી. બાળકો પણ એટલા ડરી ગયા હતા કે આપણે કયાં જઈએ છીએ તે પૂછવાની હિંમત કરી શકતા ન હતા. મેઈન રોડ ઉપરથી ફંટાઈને ગંગા સ્ટેશન તરફ વળી. ત્યાં રસ્તામાં મોટરની ટક્કર માથામાં વાગતાં બેભાન થઈને પડી ગઈ. લોહી નીકળ્યું પણ ભાગ્ય સારા કે ધોરી નસ ન તૂટી કે ખોપરી ન ફૂટી ગઈ. પત્નીના એક્સિડન્ટના આઘાતમાં પતિનું બસી ગયેલું મગજ એકદમ ઠેકાણે આવી ગયું. કેવો ચમત્કાર થયો ! કે પુત્રના એક્સિડન્ટના આઘાતથી ચસ્કી ગયેલું મગજ પત્નીના એક્સિડન્ટના આઘાતથી એકદમ ઠેકાણે આવી ગયું. નાનાભાઈએ શું કર્યું તેનો એમને ખ્યાલ નથી. એ તો જાણે જવાબદારીપૂર્વક પોતાની જૂની દુનિયામાં દાખલ થતા હોય તેમ પોતાના દીકરાને કહે છે, બેટા ! તું જલદી દોડ ને કાકાને ખબર આપ કે તારી બાને મોટર સાથે અથડાવાથી એક્સિડન્ટ થયો છે, અને હોસ્પિતાલમાં દાખલ કરું છું ત્યાં જલદી આવી પહોંચે. એટલે મોટી દીકરી રડતી રડતી ઘેર આવીને કાકા કાકીને ખબર આપ્યા કે મારી બાને એક્સિડન્ટ થયો છે. મારા પિતા તેને હોસ્પિટલમાં લઈ ગયા છે ને આપને બોલાવવા મને મોકલી છે.

ભૂલનો પશ્ચાતાપ કરતો કિશોર :– આ સમયે શાંતાના સમજાવવાથી કિશોરનો ક્રોધ શાંત થઈ ગયો હતો ને પોતાની ભૂલનો પશ્ચાતાપ કરતો હતો. ત્યાં છોકરીએ આવીને સમાચાર આપ્યા એટલે કિશોર અને શાંતા બંને દોડતા હોસ્પિટલમાં આવ્યા. આ સમયે મોટાભાઈ ડાહ્યા માણસની જેમ પત્નીની ચિંતા કરતા હતા ને દોડાદોડ કરતા હતા. એને સારું તો થઈ જશે ને ? તે માટે ડોકટરને પૂછપરછ કરતો હતો. ત્યાં પોતાના નાનાભાઈને આવતો જોઈને સામે ગયો ને ભાઇને બાથમાં લઈને બોલ્યો: ભાઈ ! તું આવ્યો ! બંને ભાઈની આંખમાંથી હર્ષના આંસુ વહેવાં લાગ્યાં. આ વખતે ગંગા તો બેભાન હતી. બંને ભાઈઓ અને શાંતા એના પલંગ પાસે બેસીને કેટલા વર્ષે આજે સુખ દુઃખની વાત કરી રહ્યા હતા. બંને ભાઈઓને એમ થયું કે કેટલા સમયે આજે આપણે ભાઈભાઈનો પ્રેમ જોયો. કિશોરે પોતાના મોટાભાઈને માથે ને ઝાડ સાથે બાંધ્યો હતો તે બનાવથી તેને શરમ આવતી હતી, તેથી ઊંચું જોઈ શકતો ન હતો. મોટાભાઈએ કહ્યું, ભાઈ ! તું શા માટે શોચ કરે છે ? હું ગાંડો થયો

ને તારા માથે બધી જવાબદારી આવી પડી ત્યારે તારે આવું કરવું પડયું ને? તારી જગ્યાએ હું હોત તો હું પણ એવો બની જાત, માટે તું સંકોચ ન રાખ. શાંત થા. મોટાભાઈએ એને ખૂબ સમજાવ્યો એટલે એનું હૈયું હળવું પડયું ને મોટાભાઈના ચરણમાં પડીને માફી માંગી.

બંને ભાઈઓને પરસ્પર વાતો કરતા જોઈને શાન્તાના આનંદનો પાર ન રહ્યો. એ પ્રભુને પ્રાર્થના કરતી હતી કે, ભગવાન! તેં આટલાં વર્ષે અમારા સામું જોયું છે તો મારા માતા સમાન ભાભીને આઘાતમાંથી બચાવી લેજે. બીજે દિવસે ગંગા ભાનમાં આવી ત્યારે પતિના ડાહ્યા થયાના સમાચાર જાણતાં તેને ખૂબ આનંદ થયો. સાથે દિયર દેરાણી બંનેને આવેલા જોયા ને બંને ભાઈઓને પ્રેમથી વાતો કરતા જોઈને એના આનંદનો પાર ન રહ્યો. ગંગાને સારું થયું એટલે પ્રેમથી પહેલાંની જેમ રહેવા લાગ્યા, પછી તો એમનો પુણ્યોદય જાગતા કોઈ સજ્જનનો સહકાર મળતાં વેપાર કર્યો ને મોટા શ્રીમંત બની ગયા. શ્રીમંત બનવા છતાં પોતાનું પૂર્વજીવન ભૂલ્યા ન હતા. પુણ્યોદયથી મળેલા ધનનો ગરીબોની સહાયમાં સદુપયોગ કરતા હતા.

બંધુઓ! આ કહાની સાંભળીને તમને સમજાઈ ગયું ને કર્મરાજાની કળા કેવી વિચિત્ર છે! કર્મરાજા જીવને કયાંથી કયાં પટકી દે છે. માણસની પાસે ગમે તેટલી લક્ષ્મી હોય ને એ માને કે હું તો મહાન સુખી છું પણ કર્મરાજા એને સુખમાંથી દુઃખમાં કયારે મૂકી દેશે તેની ખબર નથી. ચુલની રાણી ચૌદ સ્વપ્નાનું ફળ સાંભળીને આનંદથી નાચી ઉઠી કે હું તો ચકવર્તિની માતા બનીશ. અહાહા.... હું કેટલી ભાગ્યશાળી કે આવા પુત્રની માતા બનવાનું સૌભાગ્ય મને મળ્યું. હજુ શું બનશે તે અવસરે.

ચરિત્ર :- "મહેલમાં ભીમસેનની શોધ કરતો હરિસેન" :- ભીમસેન સુશીલા અને બંને બાલુડાં તો વગડામાં મહાન કષ્ટ ભોગવી રહ્યાં છે. આ બાજુ સવાર પડતાં હરિસેન ભીમસેનને જીવતો પકડી લેવાના તોરમાં ક્રોધથી ધમધમતો ચકમકતી નાગી તલવાર લઈને ભીમસેનના મહેલમાં આવ્યો, પણ મહેલ તો સૂનકાર દેખાય છે. નથી ભીમસેન, નથી સુશીલા કે નથી એમાંથી એક પણ રાજકુમાર. મહેલના એકએક ખંડમાં હરિસેન ઘૂમી વળ્યો પણ રાજા, રાણી કે કુંવરોનો પત્તો ન લાગ્યો, એટલે હરિસેન ક્રોધથી ધમધમતો પગ પછાડતો જોરથી બરાડી ઊઠયો કે, અરે! અહીં કોઈ છે કે નહિ? એટલે યશોદા થરથર ધ્રૂજતી ત્યાં આવીને ઊભી રહીને પ્રણામ કરીને બોલી : જી રાજન્! એને જોઈને હરિસેન તાડૂકી ઊઠયો–ભીમસેન કયાં ગયો? રાણી અને કુંવરો પણ દેખાતા નથી તો બધાં ગયાં કયાં? યશોદાએ કહ્યું : સાહેબ! હું તો મારા રૂમમાં સૂતી હતી. રાજા રાણી કયાં ગયા એની મને કંઈ ખબર નથી, એટલે હરિસેને ચોકી કરનાર સુભટોના સેનાપતિને બોલાવ્યો ને પૂછયું, કે અહીંથી કોઈ બહાર ગયું હતું? સુભટે કહ્યું: સાહેબ! અહીંથી તો એક ચકલું પણ ફરકયું નથી. અમે તો ઉઘાડી આંખે ને નાગી તલવારે

ચોકી કરી રહ્યા છીએ. તો પછી એ બધા મહેલમાંથી ગયા કેવી રીતે? ને કયાં ગયાં? તમે બધાએ કેવી ચોકી કરી? સુભટ શું જવાબ આપે? યશોદા અને સુભટ બંને મૌન ઊભા રહ્યા. આથી હરિસેને પગ પછાડીને સુભટોને હુકમ કર્યો કે જાઓ, નગરના ખૂણે ખૂણે ઘૂમી વળો ને ભીમસેનની તપાસ કરીને મારી પાસે હાજર કરો. સુભટોએ આખી નગરી અને નગરીની બહાર ઘણે દૂર સુધી તપાસ કરી પણ કયાંય પત્તો મળ્યો નહિ. આથી હરિસેનને ખૂબ આનંદ થયો. ટાઢા પાણીએ ખસ ગઈ. મારે એને મારવાનું પાપ ન લેવું પડયું. જે થાય તે સારા માટે.

"પ્રજાજનોમાં થયેલો હાહાકાર" :– હરિસેને ઉજ્જૈની નગરીમાં પોતાના નામની દાંડી પીટાવી અને રાજ્યાભિષેકની તૈયારી કરવાની જાહેરાત કરી. આ સાંભળીને ઉજ્જૈની નગરીમાં હાહાકાર મચી ગયો. આ શું? આપણા ભગવાન તુલ્ય ભીમસેન મહારાજા કયાં ગયા? એમનું શું થયું? કે અચાનક હરિસેન યુવરાજમાંથી રાજા બને છે. સત્તા શું નથી કરી શકતી? એમાં પણ આ તો હરિસેન, તેનો ક્રોધ ઘણો હતો. એના અવાજ માત્રથી નગરજનો ધ્રૂજતા હતા. મંત્રીમંડળ પણ એની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની હિંમત પણ કરી શકતા નહિ. એક તરફ હરિસેનના રાજ્યાભિષેકની તૈયારીઓ ચાલે છે. બીજી તરફ પ્રજાજનો કહે છે કે,

ભીમ ભૂપકા કત્લ કિયા થા, દિન્હા તખ્ત ઉતાર,
યા જનપદસે બાહર નિકાલા, ઘટના કૌન પ્રકાર.

કાં તો હરિસેન રાજ્યના લોભથી એમની કતલ કરાવી નાંખી હોવી જોઈએ. કાં તો ગુપ્ત રીતે એમને દેશનિકાલ કર્યો હોવો જોઈએ. બાકી સાચું છે તે જ્ઞાની જાણે. આખી નગરીમાં હાહાકાર છવાઈ ગયો કારણ કે ભીમસેન રાજા ખૂબ ન્યાયી ને પ્રજાવત્સલ હતા. પ્રજાના હૃદય સિંહાસન ઉપર એમણે સ્થાન જમાવ્યું હતું. એ પ્રજાને પ્રાણથી અધિક પ્રિય હતા તેથી આખી નગરીમાં હરિસેનની નિંદા થવા લાગી. કંઈક સ્ત્રીઓ તો એમના નામના છાજિયા લેવા લાગી. આ વાત એના કાને પહોંચી ગઈ. એક તરફ એનો રાજ્યાભિષેક થવાનો હોય ને બીજી તરફ એના છાજિયાં લેવાતાં હોય તો એને તો અપશુકન થાય ને? એટલે એણે આખા નગરમાં દાંડી પીટાવી કે જે કોઈ હરિસેનની નિંદા કરશે ને ભીમસેનના ગુણ ગાશે તેને હરિસેન ફાંસીએ ચઢાવી દેશે. આ તો રાજાનો હુકમ થયો એટલે કોણ બોલી શકે?

હરિસેનની બીકથી મુખ ઉપર હાસ્ય અને અંતરમાં દુઃખ રાખીને ઢીલા પ્રધાનો અને પ્રજાજનોએ મળીને રાજ્યાભિષેક કર્યો. શુભ ચોઘડીએ હરિસેનને રાજમુગટ પહેરાવીને રાજમુદ્રા આપી. ભાટ ચારણોએ હરિસેનની સ્તુતિ કરી અને રાજા હરિસેનનો "જય હો, વિજય હો" એવા જયનાદ કર્યા અને આખા નગરમાં એની આણ વર્તાવી પણ પ્રજાજનોના મુખ ઉપર ઉમંગ કે આનંદ નથી, પણ સુરસુંદરીના આનંદનો પાર

નથી. રાજા બન્યા પછી હરિસેન સુરસુંદરી પાસે જઈને કહે છે, દેખ, મારું તેજ કેવું છે? તું એક જ દિવસમાં મહારાણી બની ગઈ ને? ત્યારે રાણી કહે છે, આજે મારા મનોરથો પૂરા થયા. એના આનંદનો પાર નથી. હવે ભીમસેનનું જંગલમાં શું થયું તેના ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. ૨૩

શ્રાવણ સુદ ૧૪ ને સોમવાર **તા. ૬-૮-૭૯**

અનંતજ્ઞાની મહાન પુરુષોએ જગતના જીવોના એકાંત હિત અને કલ્યાણ માટે આગમવાણી પ્રકાશી છે. એ વાણીનું એક જ વખત શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવાથી જીવ કર્મબંધનના ત્રાસથી મુક્ત બને છે. ચંદનવૃક્ષને ફરતાં અનેક ઝેરી સર્પો વીંટળાયેલા હોય છે પણ મોરના એક જ ટહુકારથી અનેક સર્પો પળવારમાં પલાયન થઈ જાય છે, તેમ આપણો આત્મા પણ અપેક્ષાએ ચંદન વૃક્ષ જેવો છે. તેના ઉપર કર્મરૂપી અનેક ઝેરી સર્પો વીંટળાયેલા છે પણ વીરવાણીરૂપી મોરના એક જ ટહુકારે કર્મોરૂપી સર્પો પલાયન થઈ જાય છે.

આત્મ ચંદન પર કર્મ સર્પનું, નાથ અતિશય જોર,
દૂર કરવા તે દુષ્ટોને, આપ પધારો મોર...આવો, આવો.

જે મનુષ્યના અંતર સુધી વીતરાગ વાણીનો ટહુકારો પહોંચે છે તેના સંસારના ઝેર ઊતરી જાય છે. તે એમ વિચારે છે કે અનાદિકાળથી પરને સ્વ માનીને હું ચતુર્ગતિ સંસારમાં ઘણું ભટક્યો પણ સાચું સુખ પામી શક્યો નહિ. સાચું સુખ પ્રાપ્ત કરવા માટે હવે સત્સંગ કરવાની ઘણી જરૂર છે. જ્ઞાની પુરુષોનો સંગ એ જ સાચો સત્સંગ છે. સત્સંગ આત્માને ભવસાગરથી તારનાર છે અને કુસંગ જીવને ભવોભવમાં મારનાર છે. જીવન તો જ્ઞાનીનું વ્યતીત થાય છે ને અજ્ઞાનીનું પણ વ્યતીત થાય છે પણ બંનેમાં ફરક છે. ફરક શું છે એ તમે જાણો છો? જ્ઞાનીઓ દુઃખને શોધે છે. અજ્ઞાની સુખને શોધે છે. જ્ઞાની સુખદુઃખમાં કર્મનિર્જરા કરે છે, અજ્ઞાની સુખ-દુઃખમાં કર્મબંધ કરે છે, જ્ઞાની સ્વેચ્છાએ દુઃખ સહન કરે છે, અજ્ઞાની અનિચ્છાએ દુઃખ સહન કરે છે. જ્ઞાની પાપને ધિક્કારે છે, અજ્ઞાની પાપીને ધિક્કારે છે. અજ્ઞાની પોતે સુખી થઈ બીજાને દુઃખી બનાવે છે. જ્ઞાની પોતે દુઃખી થઈ બીજાને સુખી બનાવે છે. જ્ઞાનીએ ઇન્દ્રિયોને ગુલામ બનાવી છે. અજ્ઞાનીને ઈન્દ્રિયોએ ગુલામ બનાવ્યો છે. જ્ઞાની જડના રાગને દુઃખનું કારણ માને છે અજ્ઞાની જડના રાગને સુખનું કારણ માને છે. જ્ઞાનીની સાધનામાં પરમાર્થ હોય છે, અજ્ઞાનીની સાધનામાં સ્વાર્થ હોય છે. જ્ઞાની આત્માને જ્યારે અશુભ કર્મનો ઉદય થાય ત્યારે એ ખૂબ સમતા રાખે છે. એ કહે છે કે મેં પૂર્વભવમાં કર્મો બાંધ્યાં છે તે મને ઉદયમાં આવ્યા છે. એ તો હોય....એમાં શું નવાઈ છે! ખુદ તીર્થંકર પ્રભુને પણ જ્યારે કર્મોએ છોડ્યાં નથી તો મારા જેવા સામાન્ય જીવની તો શું વાત કરવી? જ્યારે અજ્ઞાની જીવો અશુભ કર્મનો ઉદય થાય ત્યારે શું કહે છે, હાય....હાય....આ દુઃખ મને ક્યાંથી આવ્યું? આવો રોગ મને ક્યાંથી

થયો ? હાય....હાય....આ બધું મારાથી કેમ સહન થશે ? એમ કહીને રડે છે, ઝુરે છે, ગભરાઈ જાય છે, આકુળ વ્યાકુળ થાય છે. ત્યારે જ્ઞાની તો સમભાવથી વેદે છે. જે કર્મ ઉદયમાં આવ્યું તેને હોય....હોય કરીને પણ ભોગવવાનું છે ને હાય હાય કરીને પણ ભોગવવાનું છે. હોય....હોય કરીને ભોગવનાર જ્ઞાની આત્માઓ કર્મને ખપાવે છે ને હાય.... હાય કરીને ભોગવનાર અજ્ઞાની જીવો નવાં કર્મો બાંધે છે, માટે જો તમારે જલદી કર્મોનો ક્ષય કરવો હોય તો જ્ઞાની આત્માઓનો સંગ કરો.

જ્ઞાની કરે એવી વાત, સંસારને મારે લાત ।
ઘાતી કર્મની કરે ઘાત, તો આત્માને બનાવે ઉન્નત. ।।

જ્ઞાની પુરુષોની વાત કેવી હોય તે જાણો છો ? એ તો એક જ વાત સમજાવશે કે આત્મા કર્મબંધનથી કેવી રીતે મુક્ત થાય ? જીવ કેવી રીતે કર્મો બાંધે છે ? કર્મોનું સ્વરૂપ શું છે ? કર્મો આત્માને કેટલા હેરાન કરે છે અને ધર્મ આત્માને કેટલો લાભદાયી છે. આવી બધી વાતો કરીને પાસે આવનાર વ્યક્તિને ત્યાગનો માર્ગ સમજાવે છે. જો હળુકર્મી જીવ હોય તો સંતોની વાત એના અંતરમાં ઊતરી જાય એટલે સંસારને લાત મારીને નીકળી જાય. જે મનુષ્ય જ્ઞાની પુરુષોનો સંગ કરીને સંસારને લાત મારીને નીકળી જાય છે તે આત્મા અપ્રમત્ત બનીને સદા કર્મ સામે જંગ ખેલવામાં જાગૃત રહે છે એટલે અનુક્રમે કર્મોનો ક્ષય થતાં ચાર ઘાતી કર્મોનો ક્ષય કરે છે. ઘાતી કર્મો કોને કહેવાય ? જે આત્માના જ્ઞાનાદિ ગુણો ઉપર ઘા કરે તેને ઘાતી કર્મ કહેવાય. ઘાતી કર્મો આત્માને અનાદિ કાળથી હેરાન પરેશાન કરી રહ્યા છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો ઉપર જેણે વિજય મેળવ્યો એ કર્મના જંગને જીતી ગયા. ઘાતી કર્મોની ઘાત થાય એટલે આત્માની મલિનતા દૂર થાય, અને આત્મામાં કેવળજ્ઞાનની ઝળહળતી જ્યોતિ પ્રગટે છે. આપણા પરમ પિતા ભગવાન મહાવીર સ્વામીએ ઘાતી કર્મો ઉપર વિજય કરી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટ કરી, ત્યાર પછી જ જગતના જીવોને ઉપદેશ આપ્યો છે, એવા ભગવાનની વાણી ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનની વાત ચાલે છે.

સંભૂતિ મુનિનો જીવ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને કાંપિલ્યપુર નગરમાં બ્રહ્મરાજાની ચુલણી નામની રાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો. ગર્ભની સ્થિતિ પૂર્ણ થતાં એનો જન્મ થયો. એ ગર્ભમાં આવ્યો ત્યારે માતાએ ચૌદ સ્વપ્નો જોયેલાં, એટલે તેમને ખબર છે કે આ પુત્ર ભવિષ્યમાં ચક્રવર્તિ બનશે. બ્રહ્મરાજાએ પુત્રના જન્મ મહોત્સવની ખુશાલીમાં જેલમાં પૂરેલા બંદીવાનોને મુક્ત કર્યા. રાજકુળમાં રાજપુત્રનો જન્મ થાય છે ત્યારે જન્મટીપની સજાવાળા કેદીઓને પણ મુક્તિ મળે છે. જ્યારે તીર્થંકર પ્રભુનો જન્મ થાય છે ત્યારે નરકમાં પ્રકાશ પ્રકાશ પથરાઈ જાય છે અને બે ઘડી માટે મારકૂટ બંધ થઈ જાય છે. જ્યાં આંખના પલકારા જેટલો સમય પણ મારકૂટ બંધ થતી નથી

ત્યાં બે ઘડી માટે મારફૂટ અંધ થઈ જાય છે તે સમયે મહાન દુઃખો ભોગવતા અને ઘોર અંધકારમાં અટવાતા જીવોને કેટલી શાતા વળે ? આ વખતે નારકીના જીવો એકબીજાને પૂછે છે કે આજે એવું શું છે કે આપણને મારફૂટ અંધ થઈ અને પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો, ત્યારે એમને કોઈ કહે છે કે આજે મૃત્યુલોકમાં ત્રિલોકપતિ, શાસનનાયક તીર્થંકર પ્રભુનો જન્મ થયો છે. આ સમયે નારકીઓ વિચાર કરે છે કે જે ભગવાનનો જન્મ થતાં આપણને આટલી શાતા વળી તો એમના શરણે જઈએ તો કેવો મહાન લાભ થાય!

બ્રહ્મદત્ત કુમારના જન્મ નિમિત્તે જીવનભરની સજાવાળા જેલીઓને કાયમ માટે મુક્ત કરવામાં આવ્યા. ગરીબ લોકોને પુષ્કળ દાન દીધું. પ્રજાજનોના કરવેરા માફ કરવામાં આવ્યા. તે સિવાય અનેક દુઃખીઓના દુઃખ દૂર કર્યા. બંધુઓ ! આ બ્રહ્મરાજાએ તો પુત્ર જન્મની ખુશાલી નિમિત્તે આ બધું કર્યું છે પણ આગળના રાજાઓ એવા ન્યાયી અને દયાળુ હતા કે પોતાની નગરીમાં કોઈને દુઃખી રાખવા ઈચ્છતા ન હતા. જો કોઈને પણ દુઃખી દેખે તો તરત એનું દુઃખ દૂર કરતા, પણ આજની રાજનીતિમાં પ્રજાને ફફડાટનો પાર નથી. કોઈ કોઈની ઉન્નતિ જોઈ શકતું નથી. તેના ઉપર એક રાજ્યકહાણી છે.

એક નગરમાં એક રાજા હતા. તે કોઈની પ્રશંસા સાંભળી શકતા નહિ. બીજાની પ્રશંસાથી તેના દિલમાં દાહજ્વર જેવી બળતરા થાય. માનવ જ્યારે ઈર્ષ્યાની આગમાં ઝડપાય છે ત્યારે તેને સારાસારનો વિવેક રહેતો નથી. પોતે કોની અને શા માટે ઈર્ષ્યા કરે છે તેનું પણ તેને ભાન રહેતું નથી. પરિણામે સામી વ્યક્તિને ઉતારી પાડવાની અને પોતાની જાતને મહાન તરીકે પ્રખ્યાત કરવાની વૃત્તિ અંદરથી જોર પકડતી જાય છે. આ રાજાના નગરમાં એક શેઠ રહેતા હતા. શેઠ ઘણા સમજુ, સરળ અને વિવેકી હતા. શેઠની પાસે ધન પણ ખૂબ હતું ને જમીન જાગીર પણ ઘણી હતી. પોતાના માણસો પાસે પ્રેમથી કામ લેતા અને એનું વળતર પણ પૂરતું ચૂકવતા હતા, એટલે માણસો પણ તન તોડી અને મન દઈને શેઠનું કામ પ્રેમથી કરતા હતા. શેઠ પોતાની સંપત્તિ પ્રમાણે દાન ખૂબ કરતા. કોઈ પણ માનવી રડતો આવે તો હસતો થઈને જતો હતો. શેઠના આવા ગુણોના કારણે આખા ગામમાં એમની પ્રશંસા ખૂબ થતી. શેઠની પ્રશંસા ઠેઠ રાજાના કાને આવી એટલે રાજા ઈર્ષ્યાની આગથી બળવા લાગ્યા, અને કોઈ પણ સંજોગોમાં શેઠનો કાંટો કાઢવાનો વિચાર કરવા લાગ્યા.

બંધુઓ ! આજે દુનિયામાં કોઈ કોઈનું સુખ જોઈ શકતું નથી. રાજા પ્રજાનું સુખ જોઈ શકતા નથી. પ્રજાજનો પણ પરસ્પર એકબીજાનું સુખ અને ઉન્નતિ સહન કરી શકતા નથી. એક વખત કોઈ અત્તર બનાવનારો ગુલાબના ફુલોને અરલમાં પીસી રહ્યો હતો ત્યારે કોઈ દાર્શનિકે પૂછયું: હે ગુલાબ ! તેં શું અપરાધ કર્યો કે તારે અરલમાં પિસાવું પડે છે ? ત્યારે ગુલાબના ફૂલે જવાબ આપ્યો કે આ દુનિયા તો ઈર્ષ્યાળુ છે. એનાથી મારો સદા હસતા રહેવાનો સ્વભાવ સહન થતો નથી પણ હું તો જીવતાં કંટક

વચ્ચે સદા હસતું રહીને બીજાને સુગંધ આપું છું ને મરીને અત્તર બનીને પણ લોકોને સુગંધ આપતું રહીશ. એક ગુલાબનું ફૂલ પણ કેવું વિશાળ હૃદયનું છે ! જ્યારે માણસનું માનસ એટલું બધું સંકુચિત છે કે તે કોઈની પ્રશંસા સહન કરી શકતો નથી.

"શેઠનું કાસળ કાઢવા રાજાએ શોધેલો રસ્તો" :- અહીં રાજા પેલા શેઠનો વિનાશ કરવાનો ઉપાય શોધવા લાગ્યા. વિચાર કરતા તેમને રસ્તો મળ્યો એટલે શેઠને બોલાવ્યા. શેઠ તો હર્ષભેર રાજા પાસે આવ્યા. રાજાએ શેઠનો આદર સત્કાર કર્યો. થોડી વાર શાંતિથી તેમની સાથે વાતચીત કરી, પછી પોતાની મૂંઝવણ વ્યક્ત કરતા હોય તેવા મુખ ઉપર ભાવો બતાવીને રાજાએ શેઠને કહ્યું કે, શેઠજી ! ઘણાં સમયથી ત્રણ પ્રશ્નો મારા મનમાં ઘોળાયા કરે છે તેનો ઉકેલ જડતો નથી. એ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં મદદ કરશો ? ભલા ને ભોળા શેઠ તો રાજાની માયાવી વાગ્જાળમાં ફસાઈ ગયા. શેઠે નમ્રતાપૂર્વક કહ્યું–જી, સાહેબ ! આપના પ્રશ્નો શું છે તે ફરમાવો. મારાથી શક્ય હશે તો હું એ પ્રશ્નોનો ઉકેલ લાવવા અવશ્ય પ્રયત્ન કરીશ. રાજાએ પોતાની વાગ્જાળમાં શેઠને ફસાવવાનો કિમિયો રચીને કહ્યું, શેઠ ! તમારી વાત તો બરાબર છે પણ જો તમે મારા પ્રશ્નોના જવાબ ન આપી શકો તો શું ? રાજાની માયાજાળ શેઠ સમજી શક્યા નહિ એટલે કહ્યું કે આપને જેમ ઠીક લાગે તેમ કરજો. રાજાએ કહ્યું: શેઠજી ! સાંભળો. જો તમે મારા પ્રશ્નોના જવાબ ન આપી શકો તો તમારી તમામ માલ મિલકત મૂકીને રાજ્યનો ત્યાગ કરીને ચાલ્યા જવાનું. રાજાનો ચૂકાદો સાંભળીને શેઠને જરા આંચકો તો લાગ્યો છતાં હિંમતથી કહ્યું, સાહેબ ! આપના પ્રશ્નો શું છે ? એટલે રાજાએ કહ્યું : જુઓ શેઠજી ! મારો પહેલો પ્રશ્ન છે કે હું કેટલું જીવીશ ? બીજો પ્રશ્ન છે, હું કેટલા સમયમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકું ? અને ત્રીજો પ્રશ્ન છે કે હું અત્યારે શું વિચારી રહ્યો છું ? આ મારા ત્રણ પ્રશ્નોના જવાબ તમારે પંદર દિવસમાં શોધી લાવવા પડશે, જો પંદર દિવસમાં નહિ શોધી લાવો તો તમારી બધી મિલકત લૂંટી લઈને તમને મારા રાજ્યની હદપાર કરી દેવામાં આવશે.

"શેઠને ચિંતામાં મૂકતા રાજાના પ્રશ્નો":–રાજાના આવા વિચિત્ર પ્રશ્નો સાંભળીને શેઠ તો સ્તબ્ધ બની ગયા. એમની ચિંતાનો પાર ન રહ્યો. ચિંતાતુર વદને શેઠ ઘેર આવ્યા પણ ઘરમાં કયાંય ચેન પડતું નથી, કારણ કે મનમાં ચિંતા છે ને ? ચિંતા બહુ બૂરી ચીજ છે. જો પંદર દિવસમાં રાજાના પ્રશ્નોના પ્રત્યુત્તર નહિ આપી શકાય તો મારે આ બધી મિલકત, ઘરબાર, બધું મૂકીને અહીંથી રવાના થઈ જવું પડશે. ચિંતામાં દશ દિવસ તો પસાર થઈ ગયા, પણ પ્રશ્નોના જવાબ જડતા નથી. શેઠને ખાવું પીવું ભાવતું નથી. ઊંઘ તો ઊડી ગઈ છે. હરવું–ફરવું કે કોઈની સાથે વાતચીત કરવી પણ એમને ગમતી નથી એટલે કયાંય બહાર જતા નથી. શેઠનો એક જિગરજાન મિત્ર હતો. તેને શેઠ રોજ મળતા પણ આ વખતે દશ દિવસથી મિત્રનું મુખ જોયું નથી એટલે મિત્ર હાલીચાલીને શેઠને ઘેર મળવા આવ્યો ને પૂછયું, ભાઈ!

દશ દિવસથી આપણે મળ્યા નથી તો શું તમે બહાર નથી નીકળ્યા ? અને તમારા મુખ ઉપર આટલી બધી ઉદાસીનતા અને ફિકાશ કેમ છે ? અને ચિંતાની રેખાઓ તરવરે છે તો શું છે ? જે હોય તે મને કહો તો મારાથી બનતી મહેનતે તમારી ચિંતા દૂર કરીશ.

દશ દશ દિવસથી શેઠ ચિંતાતુર બનીને ફરતા હતા, પણ કોઈ પૂછનાર ન હતું. આજે મિત્રના આવા દિલાસાભર્યા શબ્દો સાંભળીને કંઈક હિંમત આવી અને રાજાના પ્રશ્નોના જવાબ પંદર દિવસમાં ન આપી શકાય તો બધું છોડીને ચાલ્યા જવાની સજાની વાત કરી. શેઠનો મિત્ર ઘણો બુદ્ધિશાળી અને હાજરજવાબી હતો. એણે શેઠને કહ્યું : મિત્ર ! આ પ્રશ્નો તો મારે માટે સામાન્ય છે. હું એનો જવાબ આપીશ, ત્યારે શેઠે કહ્યું–ભાઈ ! તમે જવાબ આપો તે ઉત્તમ છે પણ રાજા એમ કહેશે કે તેં કયાં જવાબ આપ્યો છે ? એ તો તારા મિત્રે આપ્યો છે, એટલે વળી આવા બીજા પ્રશ્નો પૂછશે. મિત્રને શેઠની વાત વ્યાજબી લાગી, તેથી મિત્રે શેઠને પ્રશ્નોના જવાબ સમજાવ્યા એટલે શેઠના આત્માને શાંતિ થઈ.

બંધુઓ ! આજે સંસારમાં મિત્ર તો ઘણાં હોય છે પણ મોટા ભાગના મિત્ર તો સુખમાં સાથે રહેનારા હોય છે પણ દુઃખના વખતે તો કયાંય પલાયન થઈ જાય છે. મિત્ર કરો તો કેવા કરો ?

મિત્ર ઐસા કીજિયે, દાલ સરિખા હોય,
દુઃખમેં તો આગે રહે, સુખમેં પાછા હોય.

શેઠનો મિત્ર દુઃખમાં સાથ આપનારો હતો. એણે જવાબ આપી દીધા. પંદર દિવસ પૂરા થયા ને સોળમે દિવસે શેઠ રાજસભામાં હાજર થયા. પ્રશ્નોના જવાબ બરાબર મળી ગયા હતા એટલે શેઠના મુખ ઉપર તેજ હતું ને પત્રમાં ક્ષેમ હતું. આ જોઈને રાજાના મનમાં થયું કે, શેઠ મારા પ્રશ્નોના જવાબ લઈને આવ્યા લાગે છે. રાજાએ હસતાં હસતાં કહ્યું: અહો શેઠ ! તમે આવી ગયા ? તમે મારા પ્રશ્નોના જવાબ લઈને આવ્યા છો ને ? શેઠે હાથ જોડીને કહ્યું: જી સાહેબ ! આપ આપના પ્રશ્નો પૂછો. હું જવાબ આપવા તૈયાર છું. એટલે રાજાએ પૂછયું, મારા પહેલા પ્રશ્નનો જવાબ આપો કે, હું કેટલું લાંબું જીવીશ ? શેઠે કહ્યું: સાહેબ ! જ્યાં સુધી મોત નહિ આવે ત્યાં સુધી તમે જીવી શકશો. રાજાના મનમાં થયું કે, શેઠે તો ભારે કરી. એણે મારા પ્રશ્નનો ઉત્તર આપી દીધો. ઠીક, હજુ તો બીજા બે પ્રશ્નો બાકી છે. ચિંતા નહિ. રાજાએ કહ્યું, શેઠજી ! મારો બીજો પ્રશ્ન એ છે કે હું કેટલા સમયમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકું ? ત્યારે શેઠે હસીને કહ્યું: સાહેબ ! આપ સૂર્ય ઉપર બેસો તો ૨૪ કલાકમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકો. આ પ્રશ્નનો જવાબ પણ બરાબર આવ્યો, પછી રાજાએ કહ્યું, શેઠ ! હવે મારો ત્રીજો પ્રશ્ન છે કે, અત્યારે હું શું વિચારું છું ? સાહેબ ! તમે અત્યારે એ વિચારો છો કે શેઠને હું કેમ કરીને હરાવું ને એની મિલકત લઈ લઉં. શેઠ મારા નગરમાંથી

ચાલ્યા જાય તો એમની પ્રશંસા થતી અટકી જાય. બોલો, તમારા મનમાં અત્યારે આવા પ્રકારના વિચારો ચાલે છે ને? રાજાએ કહ્યું–હા. શેઠના જવાબથી રાજા ખુશ થઈ ગયા, અને કહ્યું: ધન્ય છે તમારી બુદ્ધિને! શેઠ કહે, રાજાજી! આ છે મારા ધર્મનો પ્રતાપ. મને ધર્મ મિત્ર મળ્યો છે ને તેણે મને બચાવ્યો છે. રાજાને શેઠ પ્રત્યે ઈર્ષ્યા હતી તે છોડી દીધી ને શેઠને મિત્ર બનાવી દીધો. શેઠના સંગથી રાજા પણ ધર્મ પામી ગયા.

હવે આપણી મુખ્ય વાત ઉપર આવીએ બ્રહ્મરાજાએ બ્રહ્મદત્તકુમારના જન્મ મહોત્સવ નિમિત્તે ઘણું દાન કર્યું. પ્રજાના કર માફ કર્યા. આ રીતે ખૂબ ધામધૂમથી પુત્રનો જન્મ મહોત્સવ ઉજવ્યો, અને બારમા દિવસે પુત્રનું નામ બ્રહ્મરાજા ઉપરથી બ્રહ્મદત્તકુમાર રાખવામાં આવ્યું. બ્રહ્મદત્તકુમારને ઉછેરવા માટે અઢાર દેશની દાસીઓ રાખવામાં આવી. અઢાર દેશની દાસીઓ રાખવાનું પ્રયોજન શું તે જાણો છો? અઢાર દેશની દાસીઓ અઢાર દેશની ભાષાઓ બોલે એટલે બાળકને રમાડતી વખતે સૌ પોતપોતાની ભાષામાં બોલે તેથી કુંવરને આપોઆપ અઢાર દેશની ભાષાઓ આવડી જતી. બાળકનું મગજ કુલપાવર હોય છે એટલે એને જલ્દી યાદ રહી જાય છે. અહીંયાં સવારે રોજ ભક્તામર સ્તોત્રની પ્રાર્થના ચાલે છે. પ્રાર્થનામાં નાનાં બાળકો આવે છે એમને રોજ બધાની સાથે બોલતાં વગર ગોખ્યે ભક્તામર સ્તોત્ર કંઠસ્થ થઈ જશે, કારણ કે બાળકોની મગજશક્તિ તીવ્ર હોય છે. એ જલદી કેચઅપ કરી શકે છે. ટૂંકમાં બ્રહ્મદત્તકુમાર માટે અઢાર દેશની દાસીઓ અને પાંચ ધાવમાતાઓ એનું લાલનપાલન કરતી. અનેક દાસદાસીઓ અને ધાવમાતાઓના લાડ–પ્યારથી કુમાર દિવસે દિવસે મોટો થવા લાગ્યો.

બ્રહ્મરાજાને ચાર મિત્રો હતા. તે ચારે મિત્રો કુલીન હતા. જેમના નામ કાશીરાજ કટક, બીજા ગજપુર નરેશ કણેરદત્ત, ત્રીજા કૌશલાધીશ દીર્ઘ અને ચોથા ચંપાપતિ પુષ્પચુલ હતા. આ ચાર અને પાંચમા બ્રહ્મરાજા. આ પાંચ મિત્રોની મંડળી હતી. આ પાંચે મિત્રોમાં પરસ્પર ખૂબ સ્નેહ હતો. તેઓ એકબીજાથી ઘડી પણ છૂટા રહી શકતા ન હતા. એકાદ ઘડીનો વિયોગ પણ તેમને માટે દુઃખદાયક બનતો. દરેક રાજા વિશાળ રાજ્યવાળા હતા એટલે દરેકને રાજ્યનો વહીવટ સંભાળવાનો હોય તેથી બધા કાયમ માટે તો એક સ્થાને રહી શકે નહિ, અને એકબીજાની પ્રીતિ એવી હતી કે એકબીજા વિના રહી શકતા ન હતા, એટલે એમણે નક્કી કર્યું કે એકબીજાને ત્યાં એકબીજાએ વારાફરતી એકેક વર્ષ રહેવું, તેથી સૌ એકબીજાને ત્યાં એક વર્ષ વારાફરતી પરિવાર સહિત રહેવા લાગ્યા, અને વિવિધ સુખોનો અનુભવ કરવા લાગ્યા. આમ કરતાં ચાર મિત્રોને ત્યાં રહેવાનો વારો પૂરો થયો અને હવે પાંચમા મિત્ર બ્રહ્મરાજાને ત્યાં રહેવાનો વારો આવ્યો. હવે ચારે મિત્ર રાજાઓ બ્રહ્મરાજાને ત્યાં એક વર્ષ માટે રહેવા આવશે ત્યારે શું પ્રસંગ બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :– ઉજ્જૈનીમાં હરિસેન રાજાની આણ વર્તવા લાગી. એની બીકથી લોકો બોલી શકતા નથી પણ દરેકના દિલમાં એક વસવસો છે કે ભીમસેન રાજાનું શું થયું? આ પાપી હરિસેને એમનું ખૂન તો નહિ કર્યું હોય ને? પણ ભીમસેન ગુપ્ત રીતે નાસી ગયો છે તે વાત યશોદા દાસી સિવાય કોઈ જાણતું નથી. હરિસેન રાજા બન્યો ને સુરસુંદરી રાણી બની. એની ઇચ્છા પૂરી થવાથી એના આનંદનો પાર ન રહ્યો. હરિસેન અને સુરસુંદરી બંને સ્વર્ગીય સુખો ભોગવવા લાગ્યા.

આ તરફ સોનામહોરો અને ઝવેરાતથી ભરેલો ડબ્બો ચોરાઈ જવાથી ભીમસેન તથા સુશીલાને ખૂબ આઘાત લાગ્યો, પણ હવે શું થાય? મન મનાવ્યા વિના કોઈ ઉપાય ન હતો. ઝૂંપડીમાં આરામ કરવાથી તેમનો થાક થોડો હળવો થયો હતો તેથી તેઓએ આગળ પ્રયાણ કર્યું. પ્રયાણ કરતાં પહેલાં ભીમસેને સુશીલાને કહ્યું:

तन पर जेवर खूब सज्ज है, ईम धर दिल संतोष.
सब उतार बांधी એક पुट्टी, फिर आया दो कोस.

હે સુશીલા! આપણો સોનામહોરો અને ઝવેરાતનો ભરેલો ડબ્બો તો ચોરો ચોરી ગયા, તેનો અફસોસ કરવો હવે નકામો છે, પણ આપણા શરીર ઉપર કીમતી અલંકારો ઘણાં પહેરેલાં છે. આ વનવગડાની વાટે કોઈ ચોર લોકો આપણને મળશે તો આપણાં દાગીના લૂંટી લેશે. તેના કરતાં બધા અંગેથી ઉતારીને એની એક પોટલી બાંધીને તું તારા માથે મૂકીને ચાલ. સુશીલાને આ વાત બરાબર લાગી એટલે પતિની આજ્ઞા પ્રમાણે પોતાના અંગે જે આભૂષણો પહેરેલાં હતાં તે બધાં ઉતારીને એક ફાટલા કપડાથી પોટલી બાંધીને સુશીલા માથે મૂકીને ચાલવા લાગી. જેણે કદી પાશેર વજન પણ ઊંચકયું ન હોય તેને માટે આટલી નાની પોટલી પણ વજનદાર લાગે. સુશીલા એક હાથે પોટલી સંભાળતી હતી ને બીજા હાથે કેતુસેનને પકડીને ચાલતી હતી. ભીમસેન દેવસેનનો હાથ પકડીને ચાલતો હતો. થોડું ચાલ્યા ત્યાં દેવસેન અને કેતુસેન કહે છેઃ બા! અમને ખૂબ તરસ લાગી છે તો થોડું પાણી લાવી આપ ને! સુશીલાએ બંને બાલુડાંઓને પંપાળીને કહ્યું: બેટા! જુઓ, સામે નદી દેખાય છે ત્યાં સુધી ચાલો, પછી તમને પાણી પીવડાવું. એમ સમજાવી ધીરે ધીરે ચાલતા ચારે જણા નદી કિનારાની નજીક આવી ગયા. ત્યાં એક ઘટાદાર વૃક્ષ હતું. તેની શીતળ છાયામાં થાકયાપાકયા ચારે જણા બેસી ગયા.

"થયેલો ઘોર પાપનો ઉદય" : ભીમસેને સુશીલાને કહ્યું: તમે બધાં થોડી વાર અહીં આરામ કરો. ત્યાં સુધીમાં હું આ નદીમાં કેટલું પાણી છે તે માપતો આવું ને પાણી લેતો આવું. એમ કહીને ભીમસેન નદીના પાણીનું માપ કાઢવા નદીમાં પડયો અને પોતાની સશક્ત ભુજાઓના બળથી નદીના નીરને ચીરતો નદી પાર કરવા લાગ્યો. આ તરફ દેવસેન અને કેતુસેન કહે છેઃ બા! હવે અમારાથી તરસ સહન થતી

નથી, ગળું સૂકાઈ જાય છે ને આંખે અંધારા આવે છે. ત્યારે સુશીલા બંને બાળકોને કહે છે, બેટા ! હમણાં તારા બાપુ પાણી લઈને આવશે. એમ કહીને બાળકોને સમજાવવા લાગી. આ તરફ ભીમસેન નદીની મધ્યમાં જઈને પાણીનું માપ કાઢે છે ત્યાં તો પોતાના બંને કુંવરો કારમી ચીસ પાડીને જોરજોરથી બોલવા લાગ્યા કે, હે પિતાજી ! દોડો દોડો. મારી બાને કંઈક થઈ ગયું છે, એમ જોરથી બૂમો પાડવા લાગ્યા. પોતાના બાળકોની કારમી ચીસો અને રડવાનો અવાજ સાંભળીને ભીમસેને ઝડપભેર તરીને નદીને પાર કરી. ભીમસેન રાજા દોડતો રાણી બેભાન પડી છે ત્યાં આવીને બાળકોને પૂછે છેઃ બેટા ! તારી માતાને શું થયું ? પિતાજી ! આપણી દાગીનાની પોટલી કોઈ લઈ ગયું. એટલે માતા રડતી રડતી બેભાન થઈને પડી છે. ભીમસેને બાળકોને રડતા શાંત કરી નદીમાંથી પાણી લાવીને સુશીલાના શરીર ઉપર છાંટયું ને તેના માથે હાથ ફેરવવા લાગ્યો. શીતળ જળ અને સ્નેહાળ સ્વામીનો સ્પર્શ થતાં સુશીલા થોડી વારે ભાનમાં આવી. ભાનમાં આવતાની સાથે હયાફાટ રડવા લાગી ને નિઃશાશા નાખવા લાગી કે હાય....હાય....હવે અમારું શું થશે ? એટલે ભીમસેને એને સમજાવીને શાંત કરીને પૂછયું: સુશીલા !ઘરેણાંની પોટલી કોણ લઈ ગયું ? ત્યારે કહે છે, સ્વામીનાથ ? આપણાં નસીબ બે ડગલાં આગળ ને આગળ છે. કર્મની કઠણાઈ કેવી છે ! તમે અમને અહીં બેસાડીને ગયા પછી હું આ બે બાલુડાંને પંપાળતી બેઠી હતી. દાગીનાની પોટલી પણ મારી પાસે હતી. કોઈ ચોર અહીં આવ્યો ને પોટલીમાં મિલકત સમજીને મારા પગ આગળથી પોટલી ઉઠાવી. હું એને પકડવા ઘણી દોડી પણ એ પકડાયો નહિ ને પોટલી લઈને રવાના થઈ ગયો. સ્વામીનાથ ! આપણે ખર્ચી માટે લાવેલું ધન ગયું. શરીર ઉપરથી ઉતારીને સાચવવા માટે પોટલી બાંધીને જીવની જેમ સાચવતી હતી તે પણ ગઈ. હવે આપણું શું થશે ? આપણે તો કદાચ ભૂખ–તરસ સહી શકીશું પણ આ કોમળ કેળ જેવાં બાળકોનું શું થશે ? આમ કરીને સુશીલા પાછી રડવા લાગી.

વાત જાણી ભીમસેને, ત્યાં સખત આઘાત લાગે,
હવે હું શું કરીશ આજે, કોણ સાંભળશે મારી વાત.

આ વાત સાંભળીને ભીમસેનને ખૂબ આઘાત લાગ્યો. તેનું હૃદય ચીરાઈ ગયું. પણ જો એ ઢીલા થઈ જાય તો સુશીલા અને બાળકોનું શું થાય ? એટલે મનને મક્કમ બનાવીને મનમાં વિચાર કરવા લાગ્યો કે, હે ભગવાન ! હવે હું ક્યાં જઈશ ? મારા દુઃખની વાત હું કોને જઈને કરીશ ? મારી વાત સાંભળનાર કોણ છે ? મને કયા ભવનાં પાપ ઉદયમાં આવ્યાં છે ? કે મારો સગો ભાઈ આજે મારો દુશ્મન બન્યો ! મારું રાજ્ય ગયું. સ્વજનોનો વિયોગ પડયો, વનવગડે ભૂખ તરસનાં દુઃખો વેઠવાં પડયાં. તેમાં બાકી હતું તે ચોરો આવીને અમારું ધન લૂંટી ગયા. અમારા પાપકર્મના ઉદય સિવાય આવું બને નહિ.

"કર્મની વિચિત્રતા" :– આ રીતે ભીમસેન કર્મની વિચિત્રતાનો વિચાર કરીને પોતાના મનને મનાવવા લાગ્યો. ફરી ફરીને એના મનમાં વિચારો ઘૂમવા લાગ્યા કે હવે હું ધન વિના શું કરીશ ? આજે જગતમાં ધનવાન પૂજાય છે. ગરીબના કોઈ ભાવ પૂછતું નથી. ધન હોય તો સગાં સંબંધીઓ સ્નેહ રાખે છે ને નિર્ધનની ઉપેક્ષા કરે છે. રાજા વિચારે છે અમારું બધું ધન લૂંટાઈ ગયું ને સાવ ગરીબ બની ગયા. વસ્ત્રો મેલાં ને ગંધાતાં છે, આ બાલુડાં ભૂખ્યાં થઈ ગયાં છે ને ખાવાનું માંગે છે. રાણી પણ હતાશ બની ગઈ છે. હવે હું શું કરું ? કયાં જાઉં ? ખરેખર, મારા કર્મે જ મારી આ દશા કરી છે. મારું દુઃખ તો જ્ઞાની સિવાય કોણ જાણી શકે ? આજે હું મારા કયા કર્મોનું ફળ ભોગવી રહ્યો છું એ તો સર્વજ્ઞ ભગવંતો જ કહી શકે છે. આ બધી કર્મની વિટંબણા છે. મોટા મોટા ચમરબંધી અને શહેનશાહોની પણ કર્મરાજાએ પરવા કરી નથી. કર્મે રામચંદ્રજીને વનવાસ મોકલ્યા, પાંચ પાંડવો, દ્રૌપદી અને કુંતાજીને વનવગડે રખડાવનાર હોય તો કર્મ છે. નળરાજાને પોતાની પ્રિય રાણી દમયંતીને વનવગડે ટળવળતી મૂકવાનો બુદ્ધિ કરાવનાર કર્મ છે. આ બધા મહાપુરુષોએ જીવનમાં બીજાં કેટલાંય દુઃખો વેઠયાં છે ! ખરેખર, હે કર્મરાજા ! તારી સત્તા અમાપ છે. પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઊગે, મેરુપર્વત કદાચ ડોલાયમાન થાય; અગ્નિ કદાચ શીતળ બને પણ કર્મના લેખમાં કદી ફેરફાર થતો નથી. આજે મારાં કર્મો ઉદયમાં આવ્યા છે તે મારે ભોગવ્યા સિવાય છૂટકો નથી. આ રીતે કર્મની વિચારધારામાં તણાતો ભીમસેન સુશીલાને કહે છે, આજે આપણાં કર્મોનો ઉદય થયો છે તેથી આપણું બધું ચાલ્યું ગયું. ચોરો દાગીના લઈ ગયા છે. એવાં કર્મોનો ઉદય થશે તો આપણને જીવતાં મારી નાંખશે, માટે હવે અહીંથી જલદી વિદાય થઈએ. હવે ભીમસેન પોતાના પરિવારને લઈને કયાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

○ ○ ○

વ્યાખ્યાન નં. – ૨૪

શ્રાવણ સુદ ૧૫ ને મંગળવાર **તા. ૭–૮–૭૯**

અનંતજ્ઞાની મહાનપુરુષોએ જગતના જીવોના એકાંત હિત અને કલ્યાણ માટે આગમવાણી પ્રકાશી છે. ભગવાન કહે છે, હે જીવાત્માઓ ! જો તમારે જલદી આત્મકલ્યાણ કરવું હોય તો વિષયોથી વિરક્ત બનો. વિષય સુખોની આસક્તિ છોડયા વિના અને વિરક્તિ કેળવ્યા વિના મોક્ષના સુખો મળવાના નથી. આ સંસારમાં બે પ્રકારના જીવો છે એક રક્ત અને બીજા વિરક્ત. રક્ત અને વિરક્ત કોને કહેવા એ જાણો છો ? ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫ મા અધ્યયનમાં સમજાવ્યું છે કે રક્ત એટલે રાગી જીવો. જે વિષયોમાં ચોંટી જાય. વિરક્ત એટલે વિરાગી. જે વિષયોથી

નિર્લેપ રહે છે. આ વાતને બરાબર સમજવા માટે એક ગાથામાં ન્યાય આપીને સમજાવ્યું છે:

उल्लो सुक्खो य दो छूढा, गोलया मट्टियामया।
दो वि आवडिया कुड्डे, जो उल्लो सोऽत्थ लग्गई ॥ ४२ ॥

માટીનો ભીનો અને સૂકો એમ બે પ્રકારના ગોળા છે. તે બંને પ્રકારના ગોળામાં જે ભીનો માટીનો ગોળો છે તેને દીવાલ પર ફેંકવામાં આવે તો તે ભીંત ઉપર ચોંટી જાય છે, કારણ કે તેમાં ચીકાશ છે, અને સૂકો ગોળો એ જ ભીંત ઉપર ફેંકવામાં આવે તો તે ત્યાંથી નીચે પડી જાય છે, કારણ કે તેમાં ચીકાશ નથી. આ વાત તમને સામાન્ય લાગશે પણ એમાં ગૂઢ ભાવો ભરેલા છે. વીતરાગ પ્રભુની વાણીના ભાવો જીવને વીતરાગતા પ્રાપ્ત કરાવનાર છે. સંસારના સ્વરૂપનું ભાન કરાવી, સંસારની અસારતા સમજાવીને ત્યાગ તરફ વાળે છે. તેમાં જે રાગી જીવો છે તે વીતરાગ વાણીના ભાવને સમજતા નથી. જે રીતે ભીનો ગોળો દીવાલ ઉપર ચોંટી જાય છે તે રીતે રાગી જીવો અંતરમાં પડેલી રાગ-દ્વેષની ચીકાશના કારણે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શાદિ ઇન્દ્રિયોના વિષયોમાં એવી ચોંટી જાય છે કે પછી તેઓ સામાન્ય પ્રયત્નથી ઊખડી શકતા નથી. વિષયોની તીવ્ર આસક્તિ એ જીવોને એવા ગૃધ્ધ બનાવી દે છે કે એને રાગમાં જ રમણુતા કરવી ગમે છે. રાગના રંગે રંગાઈને આખી જિંદગી કામભોગમાં પસાર કરીને અંતે માનવ જિંદગીને હારી જાય છે. જ્યારે "**विरत्ता उ न लगन्ति**" વિરક્ત જીવો વીતરાગ વાણીના ભાવો સમજતા હોવાથી અને એમાં શ્રદ્ધા હોવાથી એમને આત્માનું જ્ઞાન થાય છે જેથી તે જાગૃત આત્માઓ ભોગોને ભયંકર સમજી, વિષયોને વિષની વેલ જાણી તેમાં ચોંટતા નથી, તેમાં આસક્ત બનતા નથી પણ તેનાથી દૂર રહે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનની વાત ચાલે છે. બ્રહ્મરાજા અને તેમના મિત્રો બધા વર્ષવર્ષ વારાફરતી એકબીજાના ઘેર રહેતા. પ્રેમ જાળવી રાખવા બધા સાથે રહેતા, સાથે જમતા. કહેવત છે ને કે અન્ન જુદાં તેના મન જુદાં. એક ઘરમાં બાપદીકરો બંને જણા દરરોજ સાથે બેસીને જમતા હતા પણ એક દિવસ દીકરાએ નક્કી કર્યું કે હવે મારે બાપાની સાથે જમવું નથી, એટલે એણે એના બાપાને કહ્યું કે, હવે મારે તમારી સાથે જમવું નથી. બાપે કહ્યું: ભલે બેટા, જેવી તારી ઇચ્છા. એ જમાનામાં આજની જેમ ખુરશી-ટેબલ ન હતા. નીચે બેસીને જમતા. બીજે દિવસે દીકરો એકલો જમવા બેઠો એટલે તેના પિતા એની બાજુમાં થાળી વાડકો લઈને જમવા બેસી ગયા ત્યારે દીકરાએ કહ્યું: બાપા! મેં તમને કાલે ના કહી છે ને કે મારે તમારી સાથે જમવું નથી છતાં તમે મારી સાથે શા માટે જમવા બેઠા? ત્યારે બાપે પ્રેમથી કહ્યું: બેટા! તેં એમ કહ્યું હતું કે હું તમારી સાથે નહિ જમું, પણ મને તારી સાથે કંઈ વાંધો ખરો? પિતાની વાત સાંભળી દીકરો પગમાં પડી ગયો.

બ્રહ્મરાજાને ઘેર એના ચાર મિત્રો આવ્યા છે. બધા પ્રેમથી ચર્ચા વિચારણા અનેક પ્રકારે આનંદ કિલ્લોલ કરી રહ્યા છે, પણ જ્ઞાની કહે છે કે તારા રંગમાં ક્યારે ભંગ પડશે તેની ખબર નથી, માટે સમજીને ચેતી જા. ક્ષણે ક્ષણે તારું આયુષ્ય કપાઈ રહ્યું છે. આ પાંચ મિત્રોની મંડળી આનંદમાં મસ્ત હતી પણ કુદરતની કળા ન્યારી છે. કર્મરાજાની લીલાને કોઈ પહોંચી શકતું નથી. કર્મયોગે બ્રહ્મરાજાને અચાનક માથામાં ભયંકર દર્દ થવા લાગ્યું. તરત મોટા મોટા ડોકટરો અને રાજવૈદોને બોલાવ્યા. તેમણે પોતાની શક્તિની અજમાશ કરીને મૂલ્યવાન ઔષધિઓ દ્વારા બ્રહ્મરાજાને કેમ જલદી સારું થાય તે માટે યોગ્ય ચિકિત્સા કરવા માંડી, પણ રાજાનું દર્દ અંશ જેટલું પણ ઓછું ન થયું, ત્યારે મંત્રવાદીઓ અને તંત્રવાદીઓને બોલાવ્યા. એમણે પોતાના મંત્ર અને તંત્રની અજમાશ કરી તેનાથી પણ રાજાની વેદના શાંત ન થઈ ત્યારે રાજાને એમ લાગ્યું કે, હવે મારો અંતિમ સમય નજીક આવ્યો છે. આ બીમારીમાંથી હું બચી શકું તેમ નથી, તેથી બ્રહ્મરાજાએ પોતાના ચારેય મિત્રોને પાસે બેસાડીને કહ્યું: હે મારા પ્રાણસમા વહાલા મિત્રો! હવે હું જીવી શકું તેમ લાગતું નથી તો મારો આ એકનો એક પુત્ર બ્રહ્મદત્તકુમાર મને ખૂબ વહાલો છે. એ ગર્ભમાં આવ્યો ત્યારે એની માતાએ ચૌદ સ્વપ્નો જોયા હતા. ચૌદ સ્વપ્ન સૂચિત એનો જન્મ થયો છે માટે એ અનુમાન પ્રમાણે બારમા ચક્રવર્તિ થવાના છે, માટે હું તમોને સોંપું છું. જ્યાં સુધી રાજ્યની ધૂરાને વહન કરવાની એની ઉંમર ન થાય ત્યાં સુધી તમે બધા એને સાચવજો, પછી એને રાજ્ય સોંપજો. આ વાતથી મિત્રોએ બ્રહ્મરાજાને વચન આપ્યું કે તમે પુત્રની કે રાજ્યની બિલકુલ ચિંતા ન કરશો.

મિત્રોએ આ પ્રમાણે વચન આપ્યા બાદ થોડા સમયમાં જ બ્રહ્મરાજા મૃત્યુ પામ્યા એટલે મિત્ર રાજાઓના દિલમાં ખૂબ દુઃખ થયું. આપણા પાંચ મિત્રોની કંપનીમાંથી એક મિત્ર આમ ચાલ્યો ગયો! દુઃખિત દિલે ચારે મિત્રોએ મળીને બ્રહ્મરાજાની અંતિમ ક્રિયા કરી. અંતિમ ક્રિયા પતાવ્યા પછી મૃત આત્માની શાંતિ માટે જે જે ક્રિયાઓ કરવામાં આવે છે તે સઘળાં કાર્યો પણ પૂરાં કર્યાં. મૃત આત્મા સંબંધી ઉત્તરક્રિયા પતાવ્યા પછી ચારેય મિત્રોએ એક દિવસ ભેગા મળીને વિચાર કર્યો કે બ્રહ્મરાજાએ આપણને આ રાજ્યનો ભાર ઉપાડવાનું કામ સોંપ્યું છે. તો આપણે બધાએ સાથે મળીને આ કાર્ય કરવું જોઈએ, અને આ બ્રહ્મદત્તકુમારને રાજ્ય સંચાલનની યોગ્ય વિધિનું જ્ઞાન આપવું જોઈએ. આપણો મિત્ર ચાલ્યો ગયો તેથી બધાએ એક રાજ્યમાં બેસી રહેવાની જરૂર નથી. તેના કરતાં આપણા ચારમાંથી એકને આ કાર્યવાહી સોંપી દઈએ, પછી બધા અવારનવાર ધ્યાન રાખીશું તો બધું કાર્ય વ્યવસ્થિત થાય. આમ વિચાર કરીને મિત્રોએ કોશલાધિપતિ દીર્ઘરાજાના હાથમાં રાજ્યનું શાસન સોંપ્યું.

દીર્ઘરાજાએ રાજ્યનું સંચાલન ખૂબ યોગ્યતાથી કરવા માંડયું. સેના અને સીમાનું

નિરંતર નિરીક્ષણ કરવું એ તેમનું રાજનું કાર્ય હતું. પ્રજાજનોનું અને રાજ્ય-ભંડારનું યથાવિધિ પાલન અને દેખરેખનું કામ તેમણે પોતાના હાથમાં રાખ્યું હતું. રાજકુમારની દેખરેખ રાખવાની સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવી. રાજકુમાર શું કરે છે? એના મિત્રો કેવા છે? એને કેવી પ્રવૃત્તિમાં વધુ રસ છે એ બધું જાણવા માટે એણે ખાસ ગુપ્તચરો રાખ્યા હતા. થોડા દિવસોમાં દીર્ઘરાજાએ સમગ્ર રાજ્ય વ્યવસ્થા ઉપર પોતાનો કાબૂ મેળવી લીધો. એમના બધા પ્રયત્નો સફળ બનવા લાગ્યા, તેથી એમને ચારે તરફથી સારા રાજ્યકર્તા તરીકેની ખ્યાતિ મળવા લાગી. રાજમાતા ચુલની પણ એમના રાજ્ય ચલાવવાની બુદ્ધિ ઉપર આશ્ચર્ય પામી થયા. દીર્ઘરાજા અવારનવાર રાજમાતા ચુલની પાસે આવતા અને રાજ્યની સુવ્યવસ્થા અંગે વિચારોની આપ લે કરતા. રાજમાતા ચુલની ધીમે ધીમે દીર્ઘરાજાના વાક્‌ચાતુર્યમાં અંજાઈ ગયા. દીર્ઘરાજા યુવાન હતા ને ચુલની રાણી પણ યુવાન હતી. પોતાના પતિ બ્રહ્મરાજાના અકાળ અવસાનને કારણે એ અતૃપ્ત જ હતી.

રાજમાતા ચુલની સાથે દીર્ઘરાજાના રોજના સહવાસના કારણે તેના દિલમાં કુવાસના જાગી. દીર્ઘરાજાનું હૃદય કામવેગથી આંધળું બની ગયું. ચુલની ઉપર તે આસક્ત બન્યો દેવાનુપ્રિયો! એકાંત બહુ બૂરી ચીજ છે. એકાંત મળે, સત્તાના સર્વોચ્ચ સિંહાસનો, યૌવનનું આકર્ષણ અને અનુકૂળ વ્યક્તિ મળે પછી શું બાકી રહે? આટલા માટે શાસ્ત્રકાર ભગવંતો કહે છે. બ્રહ્મચારી આત્માઓએ વૃદ્ધમાં વૃદ્ધ સ્ત્રી સાથે પણ એકાંતમાં રહેવું નહિ. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે

हत्थ पाय पडिच्छिन्नं, कन्न नास विगप्पियं।
अवि वाससयं नारिं, बंभयारिविवज्जए ॥ अ. ८, गाथा ५६

જે સ્ત્રી વૃદ્ધ ઉંમરની હોય; જેના હાથ, પગ, કાન, નાક કપાયેલા હોય એવી સ્ત્રીનો પણ એકાંત સંગ ન કરવો. દીર્ઘરાજા અને ચુલની રાણી બંને યુવાન હતા. તેમાં એકાંત વાસ મળ્યો એટલે બંનેના દિલમાં એકબીજા પ્રત્યે કુદૃષ્ટિ થઈ, બંને વિષયાસક્ત બની ગયા. હવે કોણ કોને સુધારી શકે? જો એમાંથી એક વ્યક્તિ સારી હોય તો બીજાનું જીવન ઉન્નતિના શિખરે ચઢાવી શકે છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છેઃ

અવંતી દેશના સંકાશ્ય ગામમાં દેવર્ષિ પુરોહિત હતો. તે ચાર વેદ, પુરાણો, ન્યાય અને વ્યાકરણમાં નિપુણ હતા. એ રાજાના માનનીય પુરોહિત હતા એટલે રાજા તરફથી એમને ઘણું ધન મળતું હતું પણ કહેવાય છે કે સંપત્તિ અને સરસ્વતિને યુગોના યુગોથી જૂના વૈર છે. વિદ્યા અને વૈભવ બંને એક ઠેકાણે ભાગ્યે જ કોઈ પુણ્યવાનને ઘેર જોવા મળે છે. આ દેવર્ષિ પંડિત પુરોહિતના મહાન પુણ્યનો ઉદય હતો એટલે એમની પાસે વિદ્વતા હતી ને વૈભવ પણ ઘણો હતો. એને સર્વદેવ નામે

એક પુત્ર હતો. એ પણ ભણીગણીને તૈયાર થયો. વિદ્યામાં એના પિતા જેવો જ હતો. પિતાથી ચઢે પણ ઊતરે તેવો નહિ. સમય જતાં પિતાજી મરણ પામ્યા. દેવર્ષિ પુરોહિતના ગુજરી ગયા પછી લક્ષ્મી એકદમ ઘટતી ગઈ. ધીમે ધીમે એવી પરિસ્થિતિ આવી ગઈ કે ખાવાનાં પણ સાંસા પડયાં, ત્યારે લોકો એમ બોલવા લાગ્યા કે સર્વદેવના પિતા દેવર્ષિ પુરોહિત પુણ્યવાન હતા. જેથી એમને ઘેર લક્ષ્મી હતી, પણ એમના મરણ પછી તે સાવ ગરીબ બની ગયો. તે ભણેલો ઘણો હતો પણ કર્મે ગરીબ બનાવ્યો.

"ધનની મમતાથી સંત પાસે ગયેલો સર્વદેવ":–સર્વદેવ પંડિતને બે દીકરા હતા. મોટો ધનપાલ અને નાનો શોભન. બંને દીકરા રૂપમાં દેવકુમાર જેવા હતા ને વિદ્યાસંપન્ન હતા, પણ કહેવત છે કે "વસુ વિના નર પશુ." જ્ઞાન અને રૂપ ગમે તેટલું હોય પણ ગરીબ માણસોના કોણ ભાવ પૂછે ? આ શંકાસ્ય ગામમાં એક વખત મહેન્દ્રસૂરિજી નામે પ્રખર સંત પધાર્યા. આખા અવંતી દેશના ખૂણે ખૂણે એમની કીર્તિ ફેલાયેલી હતી. ખૂણે ખૂણે લોકો એક જ વાત કરતા કે સંયમ, સરસ્વતી અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ તો આચાર્યશ્રીમાં જ છે. શું એમનું જ્ઞાન છે ને શું એમની વાણી છે ! એક વાર જો સાંભળે તો બેડો પાર થઈ જાય. આ રીતે ખૂબ પ્રશંસા થવા લાગી. મહેન્દ્રસૂરિજીની પ્રશંસાની પરિમલ સર્વદેવના નાકને સ્પર્શી અને એમની કીર્તિની કથા એના કાને અથડાઈ, એટલે સર્વદેવને વિચાર થયો કે મારા પિતાજી તો રાજ્યના માનનીય પુરોહિત હતા. રોજની હજ્જર સોનામહોરો એમને દાનમાં મળતી હતી. એ બધું ધન ક્યાં ગયું હશે ! ઘરમાં કયાંક તો દાટેલું હશે જ. મેં ઘણી તપાસ કરી પણ મળતું નથી. આ મહારાજ તો બહુ જ્ઞાની છે. એમને બતાવશે તો હું એમની પાસે જાઉં. આવો વિચાર કરીને સર્વદેવ ઉપાશ્રયે આવ્યો. મહારાજશ્રીને વંદન કરી ચરણરજ મસ્તકે ચઢાવીને ઊભો રહ્યો. મહારાજ પાસે ઘણાં શ્રાવકો બેઠેલા હતા. જ્ઞાનચર્ચા ચાલતી હતી. કોઈ કોઈ પંડિતો એમની પાસે વેદ–પુરાણ સબંધી ચર્ચા કરવા આવતા હતા પણ આચાર્યશ્રી પાસે નિરુત્તર બનીને પાછા ચાલ્યા જતા સર્વદેવ પણ વિદ્વાન હતો. એને જ્ઞાન ચર્ચાનો ખૂબ આનંદ આવ્યો. એમના દિલમાં જૈન ધર્મ પ્રત્યે અહોભાવ જાગ્યા કે કેવું સુંદર આ જીવન ! આ સંસારની કોઈ જંજાળ નહિ. એ ભલા ને એમના ધર્મના ગ્રંથો ભલા. થોડી વારે મહેન્દ્રસૂરિજીની દૃષ્ટિ સર્વદેવ ઉપર પડી. એમના મનમાં થયું કે આ બ્રાહ્મણ વળી અહીં કયાંથી આવ્યો ? જૈન ધર્મ સાથે તો બારમો ચંદ્રમા ! એ શા માટે આવ્યો હશે ? એમણે પ્રેમથી પૂછયું: સર્વદેવ ! આપને કેમ આવવાનું બન્યું ? આમ તો બ્રાહ્મણભાઈ મહારાજનો ભાવ પૂછે એમ ન હતો પણ આ તો ગરજે ગધેડાને બાપ કહેવો પડે. એવી સ્થિતિ હતી એટલે મહારાજને ફરીથી લળી લળીને વંદન કર્યા. પગેથી ચરણરજ ઘસી ઘસીને માથે ચઢાવીને કહ્યું.

"સંતને પ્રશ્ન પૂછતો સર્વદેવ બ્રાહ્મણ" :– મહારાજ ! આપ તો ખૂબ

જ્ઞાની છો. મારે આપને એકાંતમાં એક વાત પૂછવી છે. મહારાજ કહે, પૂછ. મારા પિતાજી હતા ત્યારે લક્ષ્મી અને સરસ્વતી અમારા ઘરમાં સંપીને રહેતા હતા. મારા પિતાજી ગયા ને લક્ષ્મીજી પણ એમની પાછળ રીસાઈને ગઈ છે. અમારે તો ખાવાનાં પણ સાંસા છે, પણ મારા પિતાજીને રોજ હજાર સોનામહોરો દાનમાં મળતી હતી તે એમણે ઘરમાં કયાંક તો દાટી હશે ને? મેં તો ઘરમાં ઘણી જગ્યાએ ખોદયું પણ કંઈ મળતું નથી. તો આપના જ્ઞાનમાં કોઈ ગુપ્ત સ્થળ દેખાય તો બતાવશો? તો હું આપનો મોટો ઉપકાર માનીશ. આટલું બોલતાં સર્વદેવ ગળગળો થઈ ગયો. મહેન્દ્રસૂરિ તો જ્ઞાની હતા પણ જૈન સાધુઓ આવા કામમાં માથું મારે નહિ પણ તેનું ભાગ્ય જોઈને કહ્યું: સર્વદેવ! તમારી સચેત કે અચેત મિલકતમાંથી મને જે ગમે તે અડધો ભાગ અમને આપવાનું વચન આપ તો બતાવીએ. મહેન્દ્રસૂરિજીએ લાભ એ જોયો હતો કે એના બંને દીકરામાંથી શોભન શાસનને ચરણે સમર્પિત થઈ જાય તો જિનશાસનની શાન વધે. આ તરફ સર્વદેવે વિચાર કર્યો કે અત્યારે મારી પાસે કંઈ જ નથી. તો જે નીકળશે તેમાંથી અડધું તો મળશે ને? એટલે મહારાજને કહ્યું: ભલે, તમને અડધો ભાગ આપીશ.

"સંતોને આવતા જોઈને બ્રાહ્મણપુત્રોના મનમાં શંકા" :– મહારાજ થોડા શિષ્યોને લઈને બ્રાહ્મણને ઘેર આવ્યા, ત્યારે સર્વદેવના બે પુત્રો ધનપાલ અને શોભન તો સ્તબ્ધ થઈ ગયા કે આ જૈનના સાધુઓ એમના જૈનોનું ઘર મૂકીને આપણે ઘેર કેમ આવ્યા? સર્વદેવે ઈશારાથી બધી વાત પુત્રોને સમજાવી દીધી. મહારાજ આખું ઘર જોયા પછી એક ઓરડામાં ખૂણામાં થોડી વાર ઊભા રહ્યા ને પછી ચાલ્યા ગયા. આથી તે સમજી ગયો અને સર્વદેવે તે જગ્યાએ સહેજ ખોદ્યું તો ત્યાં એક મોટો ચરુ નીકળ્યો. ચરૂમાં ચાલીસ હજાર સોનામહોરો ભરેલી હતી. તેમાંથી સર્વદેવ વીસ હજાર સોનામહોરો લઈને મહારાજ પાસે આવ્યો ને મહારાજશ્રીના ચરણમાં ઢગલો કરીને કહ્યું કે, આપે બતાવેલી જગ્યામાં ખોદતા ચાલીસ હજાર સોનામહોરો ભરેલો ચરુ મળ્યો. તો આ વીસ હજાર સોનામહોરો આપ લઈ લો. સોનામહોરોના ઢગલા આગળથી પગ ખસેડીને મહારાજે કહ્યું: ભાઈ! આ પરિગ્રહ રૂપ કાળાનાગનો પડછાયો અમને ન ખપે. તો આપે વચન માંગ્યું હતું ને? મહારાજે હસીને કહ્યું સર્વદેવ! મેં એમ નહોતું કહ્યું કે, જમીનમાંથી જે મિલકત નીકળે એમાંથી અડધો ભાગ આપજે પણ મેં તો એમ કહ્યું હતું કે, સચેત, અચેત મિલકતમાંથી મને જે ગમે તે અડધો ભાગ આપવાનો. બ્રાહ્મણે બહુ બહુ વાનાં કર્યાં, પગમાં પડીને કરગર્યો તો પણ મહારાજે સોનામહોરો ન લીધી એટલે સર્વદેવના દિલમાં ખૂબ દુઃખ થયું.

એના મનમાં વિચારો ઘૂમવા લાગ્યા કે મહારાજને મિલકતની જરૂર નથી તો એમણે શેમાં અડધો ભાગ મગ્યો હશે? એમનો મારા ઉપર મહાન ઉપકાર છે. તો

હું એમના ઉપકારનો બદલો પણ વાળી ન શકયો? એ વિચારે સર્વદેવ રાત દિવસ ગમગીન રહેવા લાગ્યો. ત્યારે નાના પુત્ર શોભને પૂછયું: પિતાજી! હવે તો આપણે આટલા સુખી થઈ ગયા, છતાં આપ શા માટે ઉદાસ રહો છો? ત્યારે પિતાજીએ એને દિલની વાત કરી. શોભનના દિલમાં થયું કે, એ મહારાજ જ્ઞાની છે, પરોપકારી અને દયાળુ છે. હું તેમના દર્શન કરવા જાઉં. એમ વિચારી શોભન મહારાજના દર્શને આવ્યો. મહારાજ તેને ઓળખી ગયા. શોભન દર્શન કરીને મહારાજ પાસે બેઠો ત્યારે મહારાજે એને જૈન ધર્મનો મર્મ સમજાવીને સંસાર કેવો દુઃખમય છે તેનું આબેહૂબ વર્ણન કર્યું. જૈન મુનિનો ઉપદેશ સાંભળી પવિત્ર આત્મા શોભનને વૈરાગ્ય આવ્યો. ઘેર આવીને કહે છેઃ પિતાજી! મને આ સંસાર અસાર લાગે છે. આ દુઃખના દાવાનળ જેવા સંસારમાં હું એક ક્ષણ પણ રહી શકું તેમ નથી. મને દીક્ષાની રજા આપો ત્યારે સર્વદેવે કહ્યું: બેટા! તને આ શું થઈ ગયું તું તો મને ખૂબ વહાલો છે. બીજું આપણે તો બ્રાહ્મણ છીએ. હું તને જૈન ધર્મની દીક્ષા નહિ આપું, પણ જેને વૈરાગ્ય આવ્યો તેને કોણ રોકી શકે? છેવટે સર્વદેવ શોભનને લઈને મહેન્દ્રસૂરિ પાસે આવ્યો ને એની ઇચ્છા પ્રદર્શિત કરી.

મહારાજે કહ્યું: સર્વદેવ! મેં અડધા ભાગની માંગણીમાં તારા પુત્રનું ભાગ્ય જોયું હતું કે, તારા ઘરે હળુકર્મી જીવ છે. બસ, આજે મને અડધો ભાગ મળી ગયો. ત્યાં શોભને દીક્ષા લીધી પણ એના મોટા ભાઈ ધનપાલને આ વાત ગમી નહિ, એના મનમાં એમ જ થયું કે જૈન સાધુએ મારા ભાઈને ભરમાવ્યો. આ વાતનું દુઃખ એના મનમાં રહેવા લાગ્યું. હવે તો એ સુખી થઈ ગયા હતા. એમની વિદ્વતાથી એ રાજદરબારમાં માનનીય પુરોહિતની પદવી પામ્યા. એક દિવસ જ્ઞાનચર્ચા કરતાં એમની સમજાવવાની શૈલી જોઈ રાજા ખુશ થયા ને કહ્યું: પુરોહિતજી! આપની જે ઇચ્છા હોય તે ખુશીથી માંગી લો. હું આપ જે કહેશો તે આપવા તૈયાર છું. સમય જોઈને ધનપાલે સોગઠી મારી. મહારાજા! આપણો વૈદિક ધર્મ છે ત્યારે આપણા અવંતી દેશમાં હમણાં જૈન સાધુઓનું જોર ખૂબ વધ્યું છે. એ જૈન સાધુઓ આપણાં ધર્મનો વિરોધ કરીને એમના જૈનધર્મનો ખૂબ જોરશોરથી પ્રચાર કરે છે. આ મારાથી સહન થતું નથી. આપણો વૈદિક ધર્મ ટકાવી રાખવો હોય તો અવંતીમાંથી જૈન સાધુઓને કાઢી મૂકો. રાજાને આ વાત ગમી એટલે અવંતી દેશમાં ઢંઢેરો પીટાવ્યો કે જે સાધુઓ અવંતીમાં હોય તે અવંતી દેશ છોડીને ચાલ્યા જાય ને નવા સાધુઓ અવંતીમાં પ્રવેશ કરે નહિ.

"અવંતીમાંથી સાધુઓની વિદાય":–રાજસત્તા આગળ કોઈનું ચાલે નહિ. જૈન સાધુઓ અવંતીમાંથી વિહાર કરવા લાગ્યા. સાધુઓને તો ઘણું ગામ હોય છે એટલે વાંધો નથી આવતો પણ શ્રાવકોને તો દુઃખ થાય ને? સાધુઓને વિહાર કરતા જોઈને શ્રાવક શ્રાવિકાઓ રડવા લાગ્યા. અરેરે... આપણે કેવા કમભાગી છીએ કે

આપણા દેશમાંથી આપણા ધર્મગુરુઓનો બહિષ્કાર થયો ? આપણે હવે દર્શન કરવા કયાં જઈશું ? આપણે દાન કોને આપીશું ? વિના સ્વાર્થે અમીરસ વાણી કોણ સંભળાવશે ? આવા નિસ્પૃહી ગુરુદેવોએ રાજાનું શું બગાડયું છે કે એમને દેશનિકાલ કર્યા ? જૈનો ખૂબ રડવા લાગ્યા ત્યારે સંતો એમને સાંત્વન આપતા કહે છે કે અમને ભગવાનની એવી આજ્ઞા છે કે જ્યાં રહેવાથી કોઈને દ્વેષ થતો હોય, અપ્રીતિ થતી હોય તો એ સ્થાન કે દેશને છોડી દેજો, એટલે હવે અમારાથી રહેવાય નહિ. જ્યારે ક્ષેત્ર સ્પર્શના હશે ત્યારે પાછા આવીશું. તમે બને તેટલી ધર્મારાધના કરજો. થોડા દિવસમાં તો આખો અવંતી દેશ જૈન સાધુ વિનાનો બની ગયો, એટલે ધનપાલને શાંતિ થઈ કે મેં કેવું વેર વાળ્યું !

જૈન સંઘોને ગુરુની ખોટ ખૂબ સાલવા લાગી. એક વખત અવંતીના મુખ્ય શ્રાવકો બાનગીમાં ભેગા થયા. બધાએ ભેગા થઈને કરેલા નિર્ણય પ્રમાણે એક પત્ર લખીને મહેન્દ્રસૂરિને આપવા એક બ્રેપિયો રવાના કર્યો. બ્રેપિયો ઘોડા પર બેસીને રવાના થયો. મહેન્દ્રસૂરિ તો અવંતીથી ઘણે દૂર વિચરતા હતા. શોભનમુનિ તો હવે મહાપંડિત બની ગયા હતા. ધનપાલને પણ ટક્કર ખવડાવી દે એવું અજોડ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, પણ અવંતીમાંથી સાધુઓનો બહિષ્કાર કરવામાં આવ્યો તેની એમને ખબર નથી. ઘણા મહિને પેલો બ્રેપિયો શોધતો શોધતો મહેન્દ્રસૂરિ પાસે પહોંચ્યો ને પત્ર આપ્યો. પત્ર વાંચીને એમણે શોભનમુનિને કહ્યું: શોભન ! તારા ભાઈ ધનપાલે તો અવંતીના જૈનો ઉપર કાળો કેર વર્તાવ્યો છે ને સાધુઓને તો દેશનિકાલની સજા થઈ છે. લે, આ પત્ર વાંચ. પત્ર વાંચીને શોભનમુનિએ કહ્યું: ગુરૂદેવ ! આ કાળા કેરનું નિમિત્ત જ હું છું. જો આપની આજ્ઞા હોય તો ધનપાલની સાન ઠેકાણે લાવીને એને ધર્મનો મર્મ સમજાવવા જાઉં. ગુરુને પોતાના તેજસ્વી શિષ્ય રત્ન શોભનમુનિ ઉપર વિશ્વાસ હતો એટલે પીઠ થાબડીને કહ્યું: જા, શોભન ! તારા ભાઈને સાચો માર્ગ ચીંધજે ને જૈન શાસનનો જયજયકાર બોલાવીને પાછો ફરજે.

"અવંતીના આંગણે શોભન મુનિનું આગમન" :– શોભનમુનિ એકલા વિહાર કરીને અવંતી તરફ પધાર્યા. અવંતીના ગામડામાં લોકો કહેવા લાગ્યા કે, ગુરુદેવ ! રાજાનું ફરમાન છે ને આપ શા માટે જાઓ છો ? ત્યારે મુનિ એમ જ કહેતા કે હું તો ધનપાલનો ભાઈ છું. શું મને પણ ધનપાલ જાકારો આપશે ? લોકોને આ પ્રમાણે કહેતા કહેતા શોભનમુનિ એક દિવસ અવંતીના રાજા રહેતા હતા તે નગરમાં પહોંચી ગયા. નગરમાં જેવો પ્રવેશ કર્યો તેવો જ ધનપાલ તેમને સામો મળ્યો. શોભનમુનિ ધનપાલને ઓળખી ગયા, પણ ધનપાલે તેમને ઓળખ્યા નહિ. આમ તો જૈન ધર્મનો કટ્ટર દ્વેષી હતો. જૈન મુનિને જોઈને એને ક્રોધ ક્રોધ આવી જતો પણ આ તેજસ્વી યુવાન મુનિને જોઈને ધનપાલને ક્રોધ ન આવ્યો ને સામેથી

પૂછયું કે, મહારાજ! તમે કોને ત્યાં ઊતરશો? મુનિને તો માન અપમાનનો પ્રશ્ન જ ન હતો. એ તો ખાસ કરીને એને સુધારવા માટે જ આવ્યા હતા એટલે સામેથી કહ્યું કે, ભાઈ! બીજે તો કયાં જાઉં? તારા ઘેર જ ઊતરીશું. મને જગ્યા તો મળશે ને? એટલે ધનપાલે કહ્યું કે મારે ઘેર તો ઘણી જગ્યા છે. ધનપાલ શોભનમુનિને લઈને પોતાને ઘેર આવ્યા. લોકોના મનમાં આશ્ચર્ય થયું કે, આ શું? ધનપાલ તો જૈન સાધુને પોતાને ઘેર લઈ જાય છે.

શોભનમુનિને પોતાને ઘેર ઉતાર્યા પછી મુનિ ગૌચરી જઈને આવ્યા પછી ધનપાલે લાડવાનો થાળ હાથમાં લઈને કહ્યું કે, મહારાજ! આ લાડવાનો થાળ હમણાં જ મારા માટે આવ્યો છે. આપ વહોરીને મને કૃતાર્થ કરો, ત્યારે મુનિએ કહ્યું: મારે લાડવાનો બધ નથી, ત્યારે ધનપાલે મુનિની મજાક ઉડાવતાં કહ્યું કે, શું આમાં ઝેર છે કે તમે લેવાની ના પાડો છો? મુનિએ કહ્યું–હા. આમાં ઝેર છે. જો આ લાડવા ઉપર માખીઓ બેઠી છે તે બધી મરી ગઈ છે. ધનપાલને વાત સાચી લાગી તેથી તપાસ કરાવી તો વાત સાચી નીકળી. ધનપાલ ઉપર ઈર્ષ્યાથી બળતા પંડિતોએ એનું કાસળ કાઢવા માટે ઝેરવાળા લાડવાનો થાળ ભરીને મોકલ્યો હતો. ધનપાલ મનમાં સાધુનો ઉપકાર માનવા લાગ્યો. જો આ મુનિ આજે આવ્યા ન હોત તો હું લાડવા ખાઈને મરી જાત. મુનિ ગૌચરી વાપરી રહ્યા પછી ધનપાલે એમની પાસે જઈને પૂછયું: મહારાજ! તમે મહેન્દ્રસૂરિને ઓળખો ખરા? એ મારા નાનાભાઈ શોભનને ઉપાડી ગયા છે, ત્યારે મુનિએ કહ્યું–હા, હું એમને સારી રીતે ઓળખું છું. તે તારા ભાઈને ઉપાડી નથી ગયા પણ કલ્યાણ કરાવ્યું છે. ધનપાલે ફરીને પૂછયું કે, તો તમે કોણ છો? ત્યારે મુનિએ કહ્યું કે, હું પોતે જ શોભનમુનિ છું.

ધનપાલનો જીવનપલટો :– આ સાંભળીને ધનપાલ આશ્ચર્ય પામ્યો ને ભાઈને ભેટી પડતાં કહ્યું: ભાઈ! શું તું પોતે શોભન છે? તેં તો આજે મારો જીવ બચાવ્યો છે, ત્યારે મુનિએ કહ્યું ધનપાલ! તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરીને આવ્યો છું તેની ક્ષમા માંગું છું, ત્યારે ધનપાલે શરમાઈને કહ્યું–ભાઈ! તેં તો આજે મારા પ્રાણ બચાવ્યા છે. તને જોઈને મારું હૃદય પલટાઈ ગયું છે. બસ, હવે મને તારો જૈન ધર્મ સમજાવ. ત્યાં શોભનમુનિએ ધનપાલને જૈન ધર્મનો મર્મ સમજાવ્યો એટલે એને જૈન ધર્મ પર શ્રદ્ધા થઈ અને શ્રાવક ધર્મ અંગીકાર કર્યો, પછી જૈન ધર્મના તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો. એનું જીવન પલટાઈ ગયું, પછી તેણે જૈન સાધુઓને અવંતીમાં પધારવા માટેની જાહેરાત કરાવી.

બંધુઓ! જો શોભનમુનિ જૈન ધર્મ પામ્યા ને સાધુ બન્યા તો પોતાના ભાઈને પણ સુધારી શકયા, પણ જો પોતે જૈન ધર્મ પામ્યા ન હોત તો સુધારી શકત નહિ. અહીં દીર્ઘરાજા અને ચુલની રાણી બંને એકબીજામાં મોહાંધ બન્યા છે, એટલે કોણ

કોને સુધારી શકે ? ચુલની રાણીએ વિચાર ન કર્યો કે, મેં ચક્રવર્તિને જન્મ આપ્યો છે. ચક્રવર્તિ જેવા ઉત્તમ પુરુષની માતા બનીને હું આ શું કરી રહી છું ? આગળ શું બનશે તેના ભાવ અવસરે.

ચારિત્ર :– કર્મની વિચિત્રતાનો વિચાર કરતો ભીમસેન પોતાની પત્ની અને બાળકોને લઈને નદી કિનારેથી આગળ ચાલ્યા. થોડું આગળ ચાલ્યા ત્યાં તો એવા થાકી ગયા કે સુશીલા અને બંને બાળકો તો મૂર્છા ખાઈને જમીન ઉપર ઢળી પડયા. બધાની આ દશા જોઈને ભીમસેનને ખૂબ આઘાત લાગ્યો એટલે એ પણ બેભાન થઈને ઢળી પડયો. ચાર ચાર માણસો વનવગડામાં બેહાલ દશામાં પડયા છે પણ અહીં એમની ખબર લેનાર કે પાણી છાંટનાર કોણ છે? થોડી વારે શીતળ પવન આવ્યો એટલે ભીમસેન ભાનમાં આવ્યો ને જોયું તો પત્ની અને બાળકો તો બેભાન દશામાં જ પડયા છે. એટલે ભીમસેન ઊભો થઈને એટલામાં કયાંકથી પાણી શોધી લાવ્યો ને એમના ઉપર પાણી છાંટી પવન નાંખીને જાગૃત કર્યા ને કહ્યું: તમે બધા હિંમત રાખો. આમ ગભરાઈ જવાથી શું વળવાનું છે? એમ કહીને બધાંને ઊભા કર્યા એટલે ધીમે ધીમે ચાલવા લાગ્યા. ચાલતાં પગ પણ ધ્રૂજતા હતા કારણ કે થાક અને ભૂખ બધું ભેગું થયું છે. ચાલવાની શક્તિ નથી પણ મન મક્કમ કરીને પરાણે પગ ઢસડીને ચાલી રહ્યા છે, કારણ કે કોઈ નગરમાં પહોંચી જવાય તો જ ખાવાની ને રહેવાની સગવડ મળે. કેતુસેન કહે છે, બા ! મારાથી ભૂખ્યા નથી ચલાતું. એમ કહીને રડવા લાગ્યો પણ બિચારો ભીમસેન કયાંથી ખાવાનું લાવી આપે ? ઘરેણાં અને ધન બધું ચોરાઈ ગયું હતું. ગામ હજુ દૂર હતું. જંગલનો માર્ગ વિકટ હતો. પોતાના પુત્રોને દુઃખથી પીડાતા જોઈને મા–બાપનું હૃદય વલોવાઈ ગયું. બંનેની આંખોમાં આંસુ આવી ગયાં. અહાહા ! શું કર્મની ગતિ છે ! અઢળક સુખ અને વૈભવમાં રહેનાર ભીમસેનને આજે વનવન રખડતો કંગાળ બનાવી ગયો.

"ભૂખ તરસનું દુઃખ વેઠતું રાજકુટુંબ" :– દેવસેન અને કેતુસેન કહે છે, પિતાજી ! જો તમે અમને ખાવાનું લાવી આપો તેમ નથી તો તમારી કેડેથી કટાર કાઢીને અમને મારી નાંખો તો બધાં દુઃખનો અંત આવી જાય. હવે અમારે જીવવું નથી. દીકરાના આવા કરુણાજનક શબ્દોથી મા તો પછાડ ખાઈને તરત બેભાન બની ગઈ. ભીમસેનને તો દુઃખનો પાર નથી. તે પણ ભૂખ્યો તરસ્યો ને થાકેલો છે, છોકરાઓને ને સુશીલાને ક્ષેમકુશળ કેમ સાચવવા ને શું કરવું ? તેની ચિંતા કરતાં સુશીલાને પાણી છાંટયું તે ભાનમાં આવી. મા દીકરા કરુણ સ્વરે રડે છે. ભીમસેન કહે છે, બેટા ! જુઓ, સામે મોટું શહેર દેખાય છે. સવાર થતાં આપણે ત્યાં પહોંચી જઈશું, એટલે હું શહેરમાં જઈને તમારા માટે બરફી પેંડા બધું લાવી આપીશ ને ખવડાવીશ, મારા વહાલા દીકરાઓ ! તમે થાકી ગયા છો, રાત પડી છે માટે સૂઈ જાવ. આમ

સમજાવી સૂવાડયા. નવકારમંત્રનું સ્મરણ કરી પોતે સૂઈ ગયો પણ ઊંઘ ન આવી. સવાર પડી એટલે બાળકોને લઈને ચાલવા માંડયું. બાળકોને ઊંચકીને ચાલવાનું, થાક, ભૂખ અને ઉજાગરા બધું ભેગું થતાં ભીમસેનને ચાલતા ચક્કર આવવા લાગ્યા. કયાં મીઠાં મધુરાં ભોજન જમનાર ને કયાં આજે પાંદડાં ચાવીને પેટ ભરનાર ! કયાં હેમહિંડોળે ઝૂલનાર ને કયાં વનવગડે ઘૂમનાર ? શું કર્મરાજાની કરામત છે ? બધાએ પાણી પીધું ને પછી ચાલવા માંડયું.

"જંગલમાં મંગલ":–ત્યાં એક મુનિરાજને જોયા તેથી ભીમસેન અને સુશીલાના હર્ષનો પાર ન રહ્યો. અહો ! આજે આપણે પાવન બની ગયા. આજે જંગલમાં મંગલ થયું, એમ કહીને હર્ષભેર મુનિરાજને વંદન કર્યું. જાણે પોતાના સ્વજન મળ્યા ન હોય ! એવો આનંદ થયો, આંખમાં આંસુ આવી ગયાં. સંતે પૂછયું: ભાઈ ! તમે કોણ છો ? આટલું પૂછયું ત્યાં ભીમસેને પોતાની બધી કહાની સંતને કહીને કહ્યું: ગુરુદેવ ! અમારું દુઃખ કયારે મટશે ? સંત જ્ઞાની હતા. એમના જ્ઞાન બળથી જાણ્યું કે આ જીવોનો જબ્બર પાપકર્મનો ઉદય છે. ઘણું ભોગવવાનું બાકી છે છતાં આશ્વાસન આપવા કહ્યું: મહાનુભાવ ! તમે દુઃખમાં ધર્મને ભૂલશો નહિ. પુણ્યથી પાપ ઠેલાય છે ત્યારે રાજા કહે છે, મહારાજ ! છોકરાઓ ભૂખે ટળવળે છે. હું કયાં જાઉં ? શું કરું ? સંતે કહ્યું, નજીકમાં એક મોટું શહેર છે. ત્યાં જાવ. સૌ સારાં વાનાં થશે. આમ આશ્વાસન આપીને સંત ચાલ્યા ગયા. આગળ શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૨૫

શ્રાવણ વદ ૧ ને બુધવાર રક્ષાબંધન તા. ૮–૮–૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, શાસનપતિ તીર્થંકર ભગવંતોએ જગતના જીવોનું કલ્યાણ કેમ થાય એવી પારમાર્થિક દૃષ્ટિથી ઉપદેશ આપતાં ફરમાન કર્યું કે, હે ભવ્ય જીવો ! મહાન પુણ્યોદયે મળેલો મોંઘેરો ભવ ભોગના ગુલામ બનવા માટે નહિ પણ યોગના સાધક બનવા માટે છે. યોગના સાધક બનવા માટે આપણે ભોગને ગુલામ બનાવવા પડશે. મોટા રાજા હોય પણ રાજ્ય કયારે સારું ચલાવી શકે ? એ રાણીઓના ગુલામ ન બને તો. આજ સુધીમાં રાણીઓના ગુલામ બનેલા કંઈક રાજાઓ નાલેશી લઈને ગયા અને જે ગુલામ ન બન્યા તે શાબાશી લઈને ગયા. એવી રીતે આત્મામાં યોગનું સામ્રાજ્ય સ્થાપવું હોય તો સર્વપ્રથમ ભોગની ગુલામી ફગાવી દેવી પડશે.

ભોગ અને ભોગના સાધનોની ગુલામી એ એક પ્રકારનું બંધન છે. એમાં બંધાયેલા પામર જીવો અંતે બેહાલ દશામાં મરે છે. અમેરિકામાં રોકફેલર નામનો અબજોપતિ

રોજની કરોડોની આવકવાળો હતો પણ એ લક્ષ્મીનો ગુલામ હતો. જો તેની લક્ષ્મી થોડી પણ ખર્ચાઈ જાય તો પોક મૂકીને રડતો. એક વખત એણે માલના વહાણો ભરીને પરદેશ રવાના કર્યાં. એના સેક્રેટરીને એણે પૂછયું કેઃ તમે વીમો ઉતરાવ્યો છે? સેક્રેટરીએ કહ્યું: ના, સાહેબ! એટલે રોકફેલરે ગુસ્સો કરીને કહ્યું, તમે મૂર્ખના સરદાર લાગો છો. એટલું પણ ભાન નથી કે કદાચ વહાણ ડૂબી જાય તો? ભલે સાહેબ! હમણાં જ વીમો ઉતરાવી આવું. ૧૫૦ ડોલરના પ્રિમિયમની રસીદ લાવીને રોકફેલરના ટેબલ પર રજૂ કરી. એ જોઈને રાજી થયા ત્યાં સામા બંદરેથી ખબર આવ્યા કે વહાણો ક્ષેમકુશળ આવી ગયા છે. તાર ટેબલ પર આવીને પડયો. એ વાંચતા રોકફેલર કપાળે હાથ લગાડીને બોલી ઊઠયો : હાય....હાય....મારા ૧૫૦ ડોલર નકામા ગયા. આ વીમો ઉતરાવવાની ખોટી ઉતાવળ કરી. બોલો, આ લક્ષ્મીનો ગુલામ કહેવાય કે માલિક કહેવાય? કરોડોની આવકવાળો ૧૫૦ ડોલર કાયદેસર ગયા એમાં હાય....હાય કરે ખરો? રોવા બેસે ખરો? એ તો ગુલામ હોય તો જ રડે ને હાય-હાય કરે, માલિક ન કરે.

બંધુઓ! લક્ષ્મીના ગુલામો અંતકાળે રોઈરોઈને મરે. જુઓ, મમ્મણ શેઠ પાસે સોનાના રત્નજડિત બળદની જોડી હતી પણ અંતકાળે ભયંકર દુર્ધ્યાનમાં મરીને નરકે ગયો. કયાં એવી લખલૂટ સંપત્તિથી લાખો દુઃખીઓના દુઃખ નિવારીને આધ્યાત્મિક શાંતિ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય અને કયાં એની ગુલામી કરીને અંતે રોતા કકળતા છોડીને નરક ગતિના દારૂણ દુઃખો ભોગવવાનું દુર્ભાગ્ય! આવું સાંભળીને અને વાંચીને તમે માનવભવનું મૂલ્ય સમજો ને વિચાર કરો કે આ માનવજીવન નાશવંત સંપત્તિ અને વિષય સુખોના બંધન વધારવા માટે નથી મળ્યું પણ જન્મ મરણના ત્રાસથી છૂટી મોક્ષની પ્રાપ્તિ કરવા માટે મળ્યું છે. માનવજીવન પામીને મોક્ષ મેળવવા માટેનો પુરુષાર્થ જોઈશે. ભગવાને મોક્ષ મેળવવા માટે કેવો અજોડ પુરુષાર્થ કર્યો? એ તો જાણો છો ને? સર્વપ્રથમ તો રાજવૈભવ, મહેલ-મહેલાતો, પત્ની, ભાઈ, પુત્રી આદિ સમસ્ત કુટુંબનો ત્યાગ કર્યો. ત્યાગ કર્યા પછી પણ એ શાંતિથી બેઠા નથી પણ ૧૨॥ વર્ષ ને ૧૫ દિવસ સુધી ઉગ્રતપની સાધના કરી તો આપણે પણ એવી જ સાધના કરવી જોઈશે ને?

જે આત્માઓને પાપ છોડવાની વાત ગમતી નથી એને મોક્ષ કે મોક્ષની વાતો ગમતી નથી. આજે પશ્ચિમના ઝેરી વાતાવરણમાં અજ્ઞાની જીવો મુગ્ધ બની ગયા છે, જેથી એને પાપ છોડવાની, વિષયોની ગુલામી ઓછી કરવાની ને એ ઓછી કરવા માટે વ્રતનિયમ આદરવાની વાતો ગમતી નથી પણ એના બદલે આજે સિનેમાઓ, હોટલો, કલબો બાથ, કારખાના, ઉદ્યોગો વગેરેના ગુણ ગવાય છે, પણ કોઈ દાનશાળા, પૌષધશાળા, યોગશાળા વગેરેના ગુણ ગવાતા નથી. તેઓની દૃષ્ટિમાં મોટો શ્રીમંત,

કરોડપતિ કે અબજોપતિ માનનીય લાગે છે પણ મોટા વ્રતધારી પવિત્ર પુરુષ, બ્રહ્મચારી કે ઉગ્ર તપસ્વી સાધુ માનનીય નથી લાગતા. એની દૃષ્ટિ જડ પદાર્થો તરફ દોડી રહી છે પણ આત્મા તરફ લક્ષ નથી. મોટાઈ તો આજે રૂપિયાના કાટલે મપાય છે પણ સત્ય નીતિના કાટલે મપાતી નથી, તેથી માણસ મોટા કામ કરતા લેશમાત્ર અચકાતો નથી, પણ એને કર્મરાજાના અદલ ઇન્સાફની ખબર નથી પડતી કે મારા પાપકર્મનો બદલો મારે કેવો ભોગવવો પડશે !

ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. એક કોન્ટ્રાકટરે રેલવેનો પૂલ બાંધવાનો કોન્ટ્રાકટ લીધો. પૂલ બાંધવામાં એણે હલકો માલ વાપરીને રૂપિયા બે લાખ પચાવી પાડયા. સરકારી ઇન્સ્પેકટર વગેરેને રૂપિયા ખવડાવી પૂલ પાસ કરાવી દીધો, પછી તો ભાઈ ગુલાબના ગોટાની જેમ ખીલી ઊઠયા. મનમાં ને મનમાં હરખાવા લાગ્યા કે ચાલો ઠીક થયું. બે લાખ રૂપિયા તો મળી ગયા પણ એના મનમાં એમ નથી થતું કે મેં આ શું કર્યું ? પૈસા વધ્યા કે પાપ વધ્યું ? પોતે અનીતિ કર્યાનો કોઈ અફસોસ નથી પણ કુદરત એ કંઈ સહન કરે ખરી ? કરેલાં પાપ કંઈ થોડાં છાનાં રહે છે ? એ પૂલ ઉપર રેલવે ટ્રેઈનો પસાર થવા લાગી. થોડા દિવસ પછી દૈનિક પત્રના આગળના પેજ પર મોટા કાળા અક્ષરે એ પૂલ તૂટવાથી ટ્રેઈન અકસ્માત થયાના સમાચાર વાંચતા કોન્ટ્રાકટરની છાતીના પાટિયાં બેસી ગયાં કારણ કે એ જ ટ્રેઈનમાં એનું આખું કુટુંબ આવી રહ્યું હતું પણ હવે શું વળે ! એનું કુટુંબ એમાં ખતમ થઈ ગયું, કારણ કે પોતાના કરેલાં કર્મો પોતાને ભોગવવાં પડે છે, જે કુટુંબ માટે અનીતિનું પાપ બાંધ્યું એ કુટુંબ તો ખતમ થઈ ગયું.

દેવાનુપ્રિયો ! આટલા માટે જ્ઞાની પુરુષો કહે છે કે આ માનવભવ અનાદિકાળની આહાર સંજ્ઞા, વિષય સંજ્ઞા, ક્રોધ સંજ્ઞા, માન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા વગેરેના બંધનથી છૂટવા માટે છે, પણ એ બંધનોને પોષવા માટે નથી મળ્યો. આ વાત સમજાય તો આત્મા પાપકર્મોથી પાછો હટે. જીવની સાચી સ્વાધીનતા આ સંજ્ઞાઓની ગુલામીમાંથી મુક્ત થવામાં છે, માટે એ સંજ્ઞાઓની ગુલામીમાંથી મુક્ત બનવા માટે મહાનપુરુષોએ જે પુરુષાર્થ કર્યો તેવો આપણે કરવો પડશે. તે સિવાય મુક્તિ નહિ મળે.

આજનો દિવસ ત્રિવેણી સંગમ તરીકે ઓળખાય છે. દેવતા ઉપર રાખ વળી ગઈ હોય ત્યારે ભૂંગળી વડે ફૂંકીને રાખ ઉડાડી મૂકવામાં આવે છે તેવી રીતે ધર્મભાવના ઉપર ચઢી ગયેલી રાખને કાઢવા માટે પર્વોના દિવસો ભૂંગળીરૂપ છે. આજે હિન્દુઓનું ધાર્મિક પર્વ છે. હવે પર્યૂષણ પર્વના દિવસો નજીકમાં આવી રહ્યા છે. બધા પર્વોમાં પર્વાધિરાજ પર્યૂષણ પર્વ મહાન છે. પર્વ ગમે તે હોય પણ જ્ઞાન-વિવેક દૃષ્ટિથી તેનું રહસ્ય વિચારવામાં આવે તો આત્મા પાપથી પાછો પડે છે. આટલા માટે જ્ઞાની કહે કહે છે કે, હે જીવ ! તારી વિવેક દૃષ્ટિ ખોલ, અને જ્ઞાન પ્રાપ્ત કર. જ્ઞાન હશે તો તું પાપકર્મ કરતા અટકીશ. સૂત્રમાં ભગવાને કહ્યું છે કે **"पढमं नाणं तओ दया**

પહેલાં જ્ઞાન પછી દયા. જ્ઞાન હશે તો જીવ અજીવનું ભાન થશે. તો જીવોની દયા પાળી શકાશે, કારણ કે કહ્યું છે કે "**जो जीवे वि जाणाइ अजीवे वि जाणाइ**" જે જીવને જાણે, અજીવને જાણે, જીવાજીવને જાણે છે તે એની દયા પાળી શકશે પણ જે જીવ, અજીવ કે જીવાજીવને નથી જાણતો તે સંયમ કેવી રીતે પાળી શકશે આંખને સાફ કરવા માટે તમે આંખમાં અનેક પ્રકારના અંજન આંજો છો પણ એ દ્રવ્ય આંખને સાફ કરે છે પણ ભાવચક્ષુને સાફ કરવા માટે તો જ્ઞાનનું અંજન આંજવું પડશે.

અંજન આંજો તમે ઝાંઝ જ્ઞાનનાં રે, જાશે અજ્ઞાનના અંધકાર (૨)–અંજન...

અજ્ઞાનના કારણે અનંતકાળથી જીવ ભવાટવીમાં પરિભ્રમણ કરી રહ્યો છે, એને દૂર કરવા જ્ઞાનનાં અંજન આંજો, કારણ કે અજ્ઞાન એ દુઃખનું મૂળ છે. આ જગતમાં અજ્ઞાન જેવું કોઈ દુઃખ નથી ને જ્ઞાન જેવું કોઈ સુખ નથી. અજ્ઞાન જેવો કોઈ અંધકાર નથી ને જ્ઞાન જેવો કોઈ પ્રકાશ નથી. કહ્યું છે કે,

तन रोगोंकी खान है, धन भोगों की खान,
ज्ञान सुखोंकी खान है, दुःख खान अज्ञान.

આ ઔદારિક શરીર એ રોગોની ખાણ છે. આપણા શરીર ઉપર સાડા ત્રણ કોડ રોમરાય છે. તેમાં એકેક રોમરાય ઉપર પોણા બબ્બે રોગ રહેલા છે, માટે અશાતાનો ઉદય થયો નથી ત્યાં સુધી ધર્મારાધના સુખપૂર્વક કરી શકાશે. ધન એ ભોગોની ખાણ છે. તમને બધાને ખબર છે ને કે માનવી પાસે જેમ ધનના ઢગલા ખડકાતા જાય તેમ તેના મોજશોખ અને ભોગવિલાસો વધતા જાય છે, સાથે પાપકર્મનાં બંધનો પણ વધતા જાય છે, માટે કહ્યું છે કે ધન એ ભોગોની ખાણ છે અને જ્ઞાન એ સુખોની ખાણ છે, કારણ કે જેમ જીવનમાં આત્મજ્ઞાનનું આગમન થાય છે તેમ જીવને વિષયો પ્રત્યેથી વિરાગભાવ આવે છે. જ્ઞાન દ્વારા શુભાશુભ કર્મના ફળને જીવ જાણી શકે છે. જ્ઞાન દ્વારા સમભાવથી ઉદયમાં આવેલા કર્મોને ભોગવીને ખપાવે છે. "**ज्ञानाग्नि सर्वकर्माणि, भस्मसात् कुरुते क्षणात्।**" સમ્યક્ જ્ઞાનરૂપી અગ્નિનો એક તણખો કર્મના ગંજને ક્ષણવારમાં બાળીને ભસ્મીભૂત કરી દે છે. જ્ઞાની આત્મા દુઃખમાં ગભરાતો નથી પણ દુઃખના મૂળ કારણને શોધે છે ને તેને નાબૂદ કરવાના ઉપાય શોધીને એક દિવસ સર્વથા દુઃખથી મુક્ત બની જાય છે.

આપણે આજના દિવસને અનુલક્ષીને વાત ચાલતી હતી કે આજનો દિવસ ત્રિવેણી સંગમ તરીકે ઓળખાય છેઃ (૧) નાળિયેરી પૂર્ણિમા, (૨) બળેવ અને (૩) રક્ષાબંધન. નાળિયેરી પૂર્ણિમા તરીકે મનાતો આજનો દિવસ તમને શું સૂચન કરે છે? એમાં પણ જ્ઞાનની દૃષ્ટિએ ઘણું રહસ્ય રહેલું છે. નાળિયેરનું ઉપરનું કાચલું બહુ કઠણ હોય છે, પણ અંદર રહેલું ટોપરું ખૂબ પોચું ને શ્વેત હોય છે. ખાવામાં પણ ટોપરું મીઠું લાગે છે, તેમ આપણો આત્મા પણ શ્વેત અને શુદ્ધ છે. નાળિયેરમાં ટોપરાનો

ગોટો રહેવા છતાં બંને એકબીજાથી ભિન્ન છે તેમ દેહ અને આત્મા બંને એકબીજાથી ભિન્ન છે. બંનેના સ્વભાવ પણ ભિન્ન છે. કાચલી સમાન આપણું શરીર છે ને ટોપરા સમાન આત્મા છે. આત્માને દેહના કાચલાથી સ્વતંત્ર બનાવવા માટે આજથી પુરુષાર્થ કરવા માંડો.

બીજું, આજના દિવસને બળેવ પણ કહેવામાં આવે છે. બળેવના દિવસે બ્રાહ્મણો દરિયા કિનારે જઈને જનોઈ બદલે છે. બ્રાહ્મણને મન બળેવનો મહિમા ઘણો હોય છે. પહેલાની જનોઈમાં ને અત્યારની જનોઈમાં ઘણો ફરક છે. પહેલાં તો ચારિત્ર પાલનમાં પૂરી પ્રમાણિકતા હોય તેને જનોઈ પહેરાવવામાં આવતી હતી. જનોઈના ત્રણ તાર છે. દરેક માનવીના માથે ત્રણ પ્રકારનાં ઋણ હોય છે. તે ઋણમાંથી કેમ મુક્ત થવાય તે વિચારવાનું આ પર્વ છે. બીજી રીતે જેમ જનોઈના ત્રણ તાર છે તેમાંથી એક તાર તૂટી જાય તો એક પગલું પણ આગળ ચલાય નહિ. જેમ જૈન મુનિઓને રજોહરણ વિના ન ચલાય તેમ બ્રાહ્મણને જનોઈ વિના ચલાય નહિ. એક તાર તૂટે તો પણ ન ચલાય. એવી રીતે મન-વચન અને કાયાના ત્રણ તાર છે. એ ત્રણ તારમાંથી એક પણ તાર અશુદ્ધ થાય તો તેને શુદ્ધ કર્યા વિના આત્મા ઊર્ધ્વગમન કરી શકતો નથી, માટે મન વચન અને કાયાના ત્રણ તારને સદા પાપની પ્રવૃત્તિમાંથી અટકાવી ધર્મપ્રવૃત્તિમાંથી વાળી વીતરાગ વાણીના પવિત્ર પાણીથી શુદ્ધ બનાવી ઊંચે લઈ જવો એ આ બળેવના પર્વનું મહત્ત્વ છે.

ત્રીજી રીતે આજનો દિવસ રક્ષાબંધનના નામે ઓળખાય છે. **રક્ષાબંધનનો દિવસ શત્રુને સ્વજન બનાવે છે, વૈરીને વહાલા બનાવે છે અને દુશ્મનને દોસ્ત બતાવે છે.** આજના દિવસે બહેન ભાઈને રાખડી બાંધે છે. ભાઈ બહેનને પોતાને ઘેર જમાડીને પોતાની શક્તિ પ્રમાણે કોઈ સાડી, કોઈ સો, કોઈ પચાસ તો કોઈ પચ્ચીસ કે પાંચ રૂપિયા આપે છે. સુરતમાં ઝરી અને રેશમની બનાવેલી રાખડી બાંધવામાં આવે છે પણ મારવાડમાં તો સોનાની, ચાંદીની, મોતીની અને હીરાની રાખડી બાંધવાનો રિવાજ છે. આ પ્રથાનું મહત્ત્વ ખૂબ સમજવા જેવું છે. બહેન ભાઈને રાખડી બાંધે છે એટલે ભાઈ બહેનને જમાડીને કંઈક આપે છે. તે આપવા માત્રથી પતી જતું નથી પણ બહેનના રક્ષણની જવાબદારી ભાઈના માથે આવે છે.

બહેનની રક્ષા માટે ભાઈનો શુભ સંકલ્પ એટલે રક્ષાબંધન. જગતના સર્વ સંબંધોની વચ્ચે નિઃસ્વાર્થ અને પવિત્ર સંબંધ હોય તો ભાઈ-બહેનનો છે. બહેન માટે ભાઈ અને ભાઈ માટે બહેન એ સ્નેહનું સરોવર છે. ભાઈ બહેનની પ્રીતડી એટલે જાણે ખારા સમુદ્રમાં પણ એક નાની મીઠી વીરડી. આ દિવસની એ મહત્તા છે કે બહેની હર્ષઘેલી બની ભૈયાના હાથે રક્ષા બાંધે છે ને જીવનનો અમૂલ્ય લ્હાવો માણે છે. માત્ર રક્ષા બાંધવાથી પતી જતું નથી પણ રક્ષા બાંધવાની સાથે ભાઈના કાનમાં

સંદેશા પાઠવી જાય છે. હે મારા લાડીલા વીરા ! આ રાખડીના પ્રત્યેક તંતુમાં બહેનના હૃદયનો નિર્વ્યાજ અખૂટ પ્રેમ ભરેલો છે. જેના પ્રત્યેક તારોમાં બહેનના દિલની લાગણી ભરેલી છે. રાખડી એ માત્ર સૂતરનો દોરો નથી પણ શીલ અને સ્નેહનું રક્ષણ કરવાની, તારી પવિત્ર ફરજની યાદી અપાવતું પવિત્ર બંધન છે. રક્ષાબંધનનું આ પવિત્ર પર્વ માત્ર શારીરિક રક્ષા માટે નથી પણ ધર્મ, પવિત્રતા અને સદાચારની રક્ષા માટેનું છે. બહેન ભાઈને રક્ષાબંધન-રાખડી બાંધતા એવી શુભ ભાવના ભાવે છે કે મારો ભાઈ પાંચે ઇન્દ્રિયો પર વિજય મેળવી, કામ ક્રોધાદિ કષાયો રૂપ મહારોગમાંથી મુક્ત થઈ નિરોગી બની, તન મનને તંદુરસ્ત બનાવી કુળને ઉજ્જવળ બનાવે. આ પવિત્ર પર્વનું આધ્યાત્મિક રહસ્ય જાણવું ખૂબ જરૂરી છે. આ પર્વ કહે છે, પવિત્ર બનો. કામ, ક્રોધાદિ વિકારો પર વિજય મેળવો. રક્ષાબંધન દુશ્મનાવટ દૂર કરવામાં અતિ ઉપયોગી છે. અગાઉ હિન્દુ રાજા ઉપર મુસ્લિમ રાજાઓ આક્રમણ કરતા ત્યારે હિન્દુ રાજાની રાણીઓ પતિના દુશ્મન રાજાને રાખડી મોકલાવતી, એટલે બહેનનો સંબંધ બંધાતો, અને પરિણામે દુશ્મનાવટનો અંત આવતો. એટલું જ નહિ પણ એ દુશ્મન રાજા જરૂર પડે બહેનને સહાય કરવા તત્પર બનતો.

રક્ષાબંધન ઉપર ઘણી ઐતિહાસિક કહાનીઓ બનેલી છે. તેમાં રા'નવઘણની એક કહાની પ્રચલિત છે. જૂનાગઢના મહિપાલ રાજાની સોનલદેવી નામની રાણીની કૂખે રા'નવઘણનો જન્મ થયો હતો. એક વખત દિલ્હીના સમ્રાટ અનંગપાળ રાજાનું સૈન્ય જૂનાગઢ ઉપર ચઢી આવ્યું, એટલે મહિપાળ રાજા યુદ્ધ કરવા તૈયાર થયા પણ અનંગપાળનું સૈન્ય વિશાળ હોવાથી મહિપાળ રાજાની સેના ખતમ થઈ ગઈ એટલે જીવનનો મોહ છોડીને મહિપાળ રાજાએ યુદ્ધમાં કેશરિયા કર્યા ને અનંગપાળે જૂનાગઢ સર કર્યું. પતિના મૃત્યુ બાદ સોનલદેવીએ વિચાર કર્યો કે હવે જીવીને શું કરવું છે ? જો જીવતા રહીશું તો મુસ્લિમ રાજા શિયળ લૂંટશે. તેના કરતા પતિની પાછળ અગ્નિસ્નાન કરી મરી જવું શ્રેષ્ઠ છે. હું તો પતિની પાછળ જાઉં છું પણ જો આ મારો નવઘણકુમાર જીવતો હશે તો કોઈક દિવસ એના પિતાનું રાજ્ય પાછું મેળવશે. એમ વિચાર કરી પોતાની વફાદાર દાસીને નવઘણને સોંપી બધી ભલામણ કરીને પોતે અગ્નિસ્નાન કરી મરણ પામી.

બંધુઓ ! એ સમયની દાસીઓ પણ કેટલી વફાદાર હતી ! જૂનાગઢથી નવઘણને લઈને જવું એના માટે સહેલ ન હતું, છતાં જાનના જોખમે દાસી નવઘણને ટોપલામાં નાંખી ભોંયરામાંથી છૂપી રીતે જૂનાગઢના દરવાજા બહાર નીકળી ગઈ. ચાલતી ચાલતી છ મહિને ગીરના નાકે અલીદાર ભોડીદાર નામના ગામમાં આવી. દાસીએ ત્યાંના દેવાયત નામના આહિરની ખૂબ પ્રશંસા સાંભળી હતી એટલે શોધતી શોધતી દેવાયતને ઘેર ગઈ, અને ઓરડામાં લઈ જઈને બધી વાત કરીને કહ્યું: વીરા ! જૂનાગઢની ગાદી

શોભાવનાર આ નવઘણકુમારને જાનના જોખમે મૃત્યુ સાથે જંગ ખેલીને તારે ત્યાં લાવી છું. તેનું તું રત્નની જેમ જતન કરજે. આ રાજ્યનું બીજ છે. જો તે જીવતો હશે તો મોટો થતાં રાજ્યને મુસલમાનના પંજામાંથી છોડાવશે. દાસી આ ફૂલ જેવા બાળકને સોંપીને ભલામણ કરી ચાલી ગઈ. આ દેવાયત આહિરને ઉગા નામનો પુત્ર અને જાહલ નામની છ મહિનાની દીકરી છે. જાહલ અને નવઘણ સરખી ઉંમરના છે. આહિર વિચારે છે કે આ રાજ્યનું બીજ છે. એના ઉપર આશાના મિનારા છે. એ જીવતો હશે તો હિંદુઓનું રક્ષણ કરશે. એટલે જાહલની માતા પોતાની દીકરીને દૂધપાન કરાવતી છોડાવીને નવઘણને દૂધપાન કરાવતી, અને જાહલને બીજું દૂધ પીવડાવતી. બાલપણથી નવઘણના કપાળમાં રાજ્યનું તેજ ઝળહળતું હતું. ગામડાના ભરવાડી વેશમાં પણ દેખાઈ આવતો કે આ રાજકુમાર છે. સમય જતાં નવઘણ ૧૦ વર્ષનો થયો.

એક વખતના પ્રસંગમાં દેવાયતને તેના ભાઈ સાથે તકરાર થઈ એટલે મનમાં વૈરની ગાંઠ બાંધી લીધી અને જૂનાગઢના રાજાને ચઢાવ્યો ને કહ્યું, તમે શાંતિથી બેઠા છો પણ બોડીદાર ગામમાં દેવાયત આહિરને ત્યાં તમારો શત્રુ નવઘણ તૈયાર થઈ રહ્યો છે. આ સમાચાર સાંભળીને જૂનાગઢના રાજા દેવાયતને ત્યાં આવ્યો. આવીને કહે છે તું જે માંગે તે આપું પણ મને રા'નવઘણને સોંપી દે. દેવાયત કહે છે, મારે ઘેર રા'નવઘણ છે જ નહિ તો કયાંથી આપું ? આખરે દેવાયત ન માન્યો તેથી તેના પર રાજ્યદ્રોહનો આરોપ મૂકી જૂનાગઢ લઈ જઈ કેદમાં પૂરી દીધો અને એવી કડક શિક્ષા કરવા લાગ્યો કે એના પગની ઘૂંટીમાં સારડી મૂકીને લાકડાની જેમ વીંધતા પગ અને હાથસારડી મૂકીને કાણાં કરી નાંખ્યાં ને આખું શરીર વીંધી નાંખ્યું. કેવી ભયંકર વેદના થઈ હશે ? પણ એટલું ઝનૂન છે કે મારા પ્રાણ જશે તો કુરબાન પણ શરણે આવેલાનું રક્ષણ તો કરવું જ જોઈએ. મારા મરણ પછી રા'નવઘણનું શું થશે એમ વિચાર કરી બોલ્યો : મને આવું કષ્ટ ન આપશો. રા'નવઘણ મારે ઘેર છે. તે વખતે હું અસત્ય બોલ્યો હતો. હું તમને મંગાવી આવું છું.

દેવાયતે ચિઠ્ઠી લખી સૂબાના માણસને તેની પત્ની પાસે મોકલ્યો. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે મારાથી કષ્ટો સહન થતા નથી, માટે તું રા'રાણીને વાત કરજે ને નવઘણને અહીં મોકલી દેજે. આહિર રાણી ચિઠ્ઠી વાંચીને સમજી ગઈ ને પોતાના પુત્ર ઉગાને બોલાવીને કહે છે, ઉગા ! આજે મારી ને તારી કસોટી છે. બેટા ! મોટું ધર્મસંકટ આવ્યું છે. બધી વાત કરી. શું કરવું તે સમજ પડતી નથી છતાં મનમાં હિંમત રાખીને પુત્રને કહે છે: બેટા ! તું મને હૈયાના હાર જેવો વહાલો છે. તારા જેવા ગુણિયલ પુત્રને મૃત્યુના મુખમાં ધકેલવાનો સમય આવ્યો છે. આપણું સર્વસ્વ જતું કરીને રાજાનું રક્ષણ કરવું તે આપણી ફરજ છે. તારા બાપે તો રાજાનું રક્ષણ કરવા

જાત ખુવાર કરી નાંખી. પોતે ચાલ્યા જાય તો નવઘણનું શું થાય એ વિચારથી પત્ર લખ્યો છે ત્યારે ઉગો કહે છે, માતા ! તું શા માટે ગભરાય છે ? જોજો, નાના બાળકના જવાબમાં પણ કેટલી ખુમારી ભરી છે.

રા'નો રાખણહાર, જગમાં જશ બહુ વધશે,
ધીરજ મનમાં ધાર, ઉગો તું જ કૂખે ઉપન્યો.

પુત્ર કેવો ડાહ્યો છે. પોતે હસતે મુખડે મૃત્યુને ભેટવા તૈયાર થયો, માતા ! આ તો હું એક જ છું પણ રાજાનું રક્ષણ કરવા માટે મારા જેવા હજારો ઉગાનો ભોગ આપવો પડે તો આપવો જોઈએ. રા'નવઘણને સંતાડી તેનો વેશ ઉગાને પહેરાવી દીધો, રાજાએ સૂબાને કહ્યું હતું કે રા'નવઘણ આપે ત્યારે તું તેનો ચહેરો જોજે. રા'નવઘણ નહિ હોય ને એનો પુત્ર હશે તો એનો ચહેરો કરમાઈ જશે અને એનો નહિ હોય તો ચહેરો નહિ બદલાય. આહિર રાણીએ હસતા મુખે પુત્રને સોંપ્યો, એટલે આવનાર સમજી ગયો કે આ તેનો પુત્ર નથી પણ રા'નવઘણ છે. જીવતા દીકરાને મૃત્યુના મુખમાં મોકલી દેવો એ જેવું તેવું કામ નથી.

"નવઘણને બચાવવા પુત્રનો આપેલો ભોગ" :–ઉગાને લઈને સૂબાના માણસો આવી પહોંચ્યા. નવઘણના વેશમાં ઉગાને આવેલો જોઈને દેવાયતને આનંદ થયો. ચડાઉ માણસ હજુ રાજાને કહે છે કદાચ તેનો પુત્ર પણ હોય માટે તેની પરીક્ષા કરવા દેવાયતના હાથમાં તલવાર આપી તેની પાસે મરાવો ને તેની આંખના ડોળા કાઢીને તેની પત્ની પાસે ચગદાવી નાંખો. આમ કરે તો માનજો કે આ રા'નવઘણ છે. સૂબાના કહેવા પ્રમાણે હૈયામાં હિંમત ભેગી કરીને તલવારના એક ઝાટકે ઉગાના બે કટકા કરી નંખાવ્યા અને તેની સ્ત્રીને બોલાવીને ડોળા પગ નીચે કચરાવી નાંખ્યા છતાં આંખમાં આંસુનું એક ટીપું પણ ન આવવા દીધું. જો આંસુ પડે તો સમજી જાય કે આ રા'નવઘણ નથી પણ તેનો પુત્ર છે. એક રાજકુમારને બચાવવા પોતાના પુત્રનું બલિદાન આપ્યું. અહાહા....શરણે આવેલાનું કેટલું રક્ષણ ! રા'નવઘણ અને જાહલ સગા ભાઈ બહેનની જેમ રહે છે. જ્યારે રક્ષાબંધનનો દિવસ આવે ત્યારે જાહલ નવઘણને રાખડી બાંધતી, નવઘણ એને કંઈક આપવાની ઇચ્છા કરતો પણ ત્યારે એની પાસે શું હોય ? ત્યારે જાહલ કહેતી વીરા ! મારે અત્યારે તારી પાસેથી વીરપસલી નથી જોઈતી પણ જ્યારે તું જૂનાગઢનો મહારાજા બનીશ તે વખતે જરૂર પડશે ત્યારે હું તારી પાસેથી વીરપસલી માંગી લઈશ.

સમય જતાં જાહલ મોટી થઈ. એના લગ્ન લીધા. લગ્નમાં દેશોદેશમાં જેટલા આહિર લોકો રહેતા હતા તે બધાને આમંત્રણ આપીને બોલાવ્યા. જાહલના લગ્ન થઈ ગયા. આ વખતે રા'નવઘણ અઢાર વર્ષનો થયો છે. જાહલના લગ્ન પછી બધા આહિરોને સાથે લઈને જૂનાગઢ ઉપર ચઢાઈ કરી અને જૂનાગઢ જીતી લીધું. ને રા'નવઘણને જૂનાગઢનો રાજા બનાવ્યો. રા'નવઘણ રાજા બન્યો પણ માતા પિતાનું સારી

રીતે રક્ષણ કરે છે. થોડા સમય પછી દેવાયત અને તેની પત્ની મૃત્યુ પામ્યા. નવઘણે એના માતા-પિતાને ઉગાની ખોટ જરા પણ સાલવા દીધી ન હતી, અને બહેન જાહલનું પણ પૂરું ધ્યાન રાખતો હતો, જાહલના લગ્ન વખતે નવઘણ હાથગરણું આપવા ગયો. ત્યારે જાહલે કહ્યું હતું કે, 'વીરા ! અત્યારે મારે તારી પાસે કંઈ જોઈતું નથી, પણ જ્યારે મારા માથે આભ ફાટે ત્યારે તું થીંગડું દેવા આવજે, ત્યારે હું પસલી લઈશ.'

"શીલની રક્ષા માટે બહેનનો ભાઈને સંદેશો" :- એક દિવસ એવો આવ્યો કે જાહલ જે દેશમાં રહે છે ત્યાં ભયંકર દુષ્કાળ પડયો એટલે આહિરો પોતાનું પશુધન લઈને સિંધમાં ગયા. એક વખત હમીર સુમરો (સિંધનો રાજા) ઘોડે બેસીને ફરવા જતો હતો ત્યારે જાહલને તળાવમાં સ્નાન કરતી જોઈ ગયો ને તેના રૂપમાં મુગ્ધ બન્યો. અહો ! આતો કોઈ દેવાંગના લાગે છે! તેના રૂપમાં મોહિત થઈને તેના શિયળ પર તરાપ મારવા તેની ઝૂંપડીએ આવ્યો, એટલે જાહલ ચારિત્રના રક્ષણ માટે ખોટું બોલી કે, મેં છ મહિનાનું બ્રહ્મચર્યનું વ્રત લીધું છે. તે વ્રત મને પૂરું કરવા નહીં દો તો હું જીભ કરડીને મરી જઈશ. સિંધ દેશના રાજાએ જાહલને નજર કેદમાં રાખી. જાહલનો પતિ ખૂબ રડે છે, ત્યારે જાહલ કહે છે આપ રડશો નહિ. તેણે એક ચિઠ્ઠી લખીને બારણાની તિરાડમાંથી નાંખી અને કહ્યું, તમે જૂનાગઢ પહોંચી જાવ. મને વિશ્વાસ છે કે મારો ભાઈ જરૂર મારી વહારે આવશે. ચિઠ્ઠીમાં લખ્યું છે, મારા ધર્મવીરા ! મારા પર સંકટ આવી પડયું છે. હમીર સુમરાએ મને રોકી રાખી છે. મેં તેને છ માસની મુદત આપી છે. આ તારી બહેન તારા પર મીટ માંડીને બેઠી છે, માટે મારા વીરા ! તું વહેલો આવજે.

હું દેવાયત તણી વીરા, જાહલના માથે દુઃખના દરિયા ફરિયા,
મુજને નવસોરઠના નૃપતિ, મારી જીભના માનેલ મામરિયા.

તારી બહેનના માથે આજે દુઃખના ડુંગરા ઊતરી પડયા છે. મારા લગ્નના માંડવા નીચે વીરા તેં કોલ દીધો હતો તે દિવસે તારી પાસે કંઈ માંગ્યું ન હતું, ત્યારે તેં કહ્યું હતું કે, બહેન ! તારે જ્યારે જરૂર પડે ત્યારે તું માંગી લેજે, વીરા ! એ કોલના મૂલ અત્યારે થાય છે. તું રાજા થઈને ભૂલી જઈશ નહિ. તારી રક્ષા ખાતર મા જણ્યો એકનો એક ભાઈ હોમાઈ ગયો. તને બચાવવા માતાએ મને દૂધપાન કરતી છોડાવીને તને દૂધપાન કરાવ્યા છે. તું સુખમાં પડીને મને ભૂલી ગયો ને માતા પિતાના ઉપકારને ભૂલ્યો. ભલે તું બધાને ભૂલ્યો પણ તારી બહેનને એક સતી સમજીને એના શિયળનું રક્ષણ કરવા બહેનની વહારે વહેલો આવજે. જો તું વહેલો નહિ આવે તો હું જીભ કરડીને મરી જઈશ પણ મારું ચારિત્ર જવા દઈશ નહિ.

જો મુદત માસ છની વીતશે, તને સત્ય વચન કહે વીર,
જાહલ મુખ જોઈશ નહિ, ને રોતો રહીશ રણધીર.

વીરા ! યાદ રાખજે. છ માસની મુદત પૂરી થશે પછી એક દિવસ પણ હું

જીવવાની નથી, પછી તું ગમે તેટલા માથા પછાડીશ તો આ બહેન તને મળવાની નથી. આ મારો દૃઢ નિશ્ચય છે. જો મોડો પડીશ તો હે જૂનાગઢના રાજા! તારી બહેનનું મુખ તું નહિ જોવે. કલેવર જોઈશ પછી મનની મનમાં રહી જશે અને મારી વીરપસલી તથા કપડાનું દેણું તારા માથે રહી જશે, માટે હે વીરા! તું વહેલો આવજે. મને વિશ્વાસ છે કે મારો વીરો આવ્યા વિના નહિ રહે.'

બંધુઓ! કંઈક બહેનોના આંસુ લૂછવા ધર્મના ભાઈ બનજો. કદાચ કોઈ પાપના ઉદયથી ભાઈ-બહેન સાથે અણબનાવ થયો હોય તો આજે તોડી નાંખજો ને બહેનની આંતરડી ઠારજો. રા' નવઘણ સંદેશો વાંચે છે. તેના લગ્નના ચાર દિવસ બાકી છે. પહેલા ચિઠ્ઠી વાંચતા ખ્યાલ ન આવ્યો કે કોનો સંદેશો છે? પછી બનેવીને જોઈને ઓળખી ગયો. અહો, હું ક્યાં ભૂલ્યો? જેમ ચિઠ્ઠી વાંચતો ગયો તેમ બાલપણની સ્મૃતિ તાજી થઈ. આંખમાંથી દડદડ આંસુ પડયા....જ્યારે જાહલ રાબડી બાંધતી ત્યારે કહેતી. વીરા! મારે અત્યારે કંઈ નથી જોઈતું. મને સમય આવ્યે બદલો આપજે. અત્યારે સાચી વીરપસલી આપવાનો સમય આવ્યો છે. લગ્નના ચાર દિવસ બાકી છે. હવે ક્યાં જવું એવો વિચાર ન કર્યો. તરત સૈન્ય લઈને સિંધ દેશમાં પહોંચી ગયો, અને હમીર સુમરાને હરાવીને બતાવી દીધું કે, મારી બહેન નિરાધાર એકલી નથી પણ હજાર હાથવાળો ભાઈ તેની રક્ષામાં તૈયાર બેઠો છે. રા' નવઘણે બહેનને હમીરના પંજામાંથી મુક્ત કરાવી એના શીલનું રક્ષણ કર્યું. આનું નામ સાચો વીરો. ભાઈ બનો તો આવા બનજો. (આ કહાની પૂ. મહાસતીજીએ ખૂબ વિસ્તારપૂર્વક રજૂ કરી હતી. અહીં તેની ટૂંકી નોંધ લખી છે.)

ચરિત્ર :-ચરિત્રમાં પણ કાળજું કંપાવતી કરુણ કહાની આવી છે. જંગલમાં ભીમસેન અને સુશીલાને સંતના દર્શન થયા. સંત ચાલ્યા ગયા પછી આ લોકો આગળ ચાલ્યા, પણ કેમેય કર્યું શહેર આવતું નથી. દૂરથી દેખાય છે પણ થાકેલા પગે ને ભૂખ્યા પેટે જાણે દૂર દૂર જતું હોય તેમ લાગ્યું. હવે તો આટલું ચાલવું પણ ભારે થઈ પડયું છે. છોકરાઓ તો ખાવાનું માંગે છે ત્યારે શું આપવું તે ચિંતામાં સુશીલા અને ભીમસેનના હોશકોશ ઊડી જાય છે કે શું કરવું? બંને જણાં ખૂબ રડે છે. છોકરાઓનું દુઃખ જોયું જતું નથી. મા-બાપને રડતા જોઈને છોકરાઓ કહે છે, બા-બાપુજી! અમે ખાવાનું માંગીએ ત્યારે તમે રડો છો. બેભાન થઈ જાઓ છો. તો હવે અમે ખાવાનું નહિ માંગીએ, પણ તમે છાના રહો. એમ કહીને મા બાપને સમજાવે છે. આમ કરતાં ચાલતાં ચાલતાં આગળ જાય છે ત્યાં વચમાં એક નાનકડું ગામડું આવ્યું એટલે તેઓ ગામડામાં ગયા. આ ગામડામાં પટેલના ઘર હતા. એક પટલાણીને આ લોકોની ખૂબ દયા આવી. પટેલ તો સવારના ઊઠીને બેતરમાં ગયો હતો. પટલાણીએ એમને પ્રેમથી બોલાવીને પોતાના ઓટલે બેસાડયા ને પાણી પાયું, એટલે એમના

મનમાં થયું કે આ ભાઈ બહુ દયાળુ છે. એ જરૂર આપણને ખાવાનું આપશે, ને એના ઓટલે રહેવા દેશે તો આપણે મજૂરી કરીને કામ કરીને આઈશું. પટલાણીએ પૂછયું કે તમે કોણ છો ? ત્યારે કહે છે, બહેન ! અમે દુઃખના માર્યા આવ્યા છીએ. આ છોકરા ખૂબ ભૂખ્યા થયા છે. તે ખાવા માટે કજિયા કરે છે ને અમારી પાસે કંઈ નથી. એટલું બોલતાં ભીમસેન અને સુશીલાની આંખમાં આંસુ આવી ગયા, પટલાણી ખૂબ દયાળુ હતી. એણે કહ્યું, તમે ચિંતા ન કરો. હું તમને બધાને હમણાં ખાવાનું આપું છું. તમે ખૂબ થાકી ગયેલા છો તો ખાઈ પીને આજની રાત મારા ઓટલે સૂઈ રહેજો. એમ કહીને પટલાણીએ ગરમાગરમ રોટલા-શાક બનાવ્યા ને સાથે છાશ આપીને બધાને જમાડયા. કેટલા દિવસે આજે રોટલો ને શાક મળ્યા, તે જોઈને છોકરાઓ તો હરખાઈ ગયા. પહેલા બે'ને છોકરાને પેટ ભરીને જમાડયા, પછી જે વધ્યું તે બે'ને જણાએ ખાઈ લીધું, પછી હાશ કરીને પટલાણીના ઓટલે સૂતા.

"ખેતરમાંથી આવેલા પટેલે ભીમસેન અને સુશીલાને આપેલી ધમકી" :-સંધ્યાકાળ સમયે પટલાણીનો પતિ પટેલ ખેતરમાંથી ગાડું ને બળદ લઈને થાકયો પાકયો ઘેર આવ્યો, ત્યારે આ તો બિચારા થાકયા પાકયા બટકું રોટલો ખાઈને સૂતા હતા. તેમને જોઈને ખૂબ ક્રોધે ભરાયો ને જોરથી બોલી ઊઠયો કે, આ ભિખારા કોણ ઓટલે સૂતા છે ? ઊભા થાઓ ને ચાલ્યા જાઓ, ત્યારે ભીમસેન અને સુશીલાએ નમ્રતાથી કહ્યું: ભાઈ! અમે અજાણ્યા માણસો છીએ. દુઃખના માર્યા બહેનની રજાથી ઓટલે સૂતા છીએ. અમે કંઈ માંગીશું નહિ ને સવાર પડતાં સામેના શહેરમાં ચાલ્યા જઈશું. આજની રાત અહીં સૂઈ રહેવા દો. ખૂબ આજીજી કરી પણ પટેલ સમજ્યો નહિ. એ તો લાકડી લઈને મારવા ઊઠયો. તમે જાઓ છો કે નહીં ? નહિતર આ લાકડી જોઈ છે ? તમારું માથું ફોડી નાંખીશ. પટલાણીએ પટેલને ખૂબ સમજાવ્યો પણ એ ન સમજ્યો, એ લોકોને સૂતેલા ઊઠાડીને કાઢી મૂકયા, ત્યારે નિઃસાસો નાંખતા ભીમસેન કહે છે, અરેરે ક્રૂર વિધાતા ! તને અમારી જરા પણ દયા નથી આવતી ? એક રાત તો અમને શાંતિથી સૂઈ રહેવા દેવા હતા ને ? એમ કહીને ખૂબ રડયા.

બંધુઓ ! કર્મો ભીમસેન રાજા આદિને કેવા કષ્ટ આપે છે ? જે સાંભળતાં આપણું હૃદય કામ કરતું નથી, તો એમણે કેવી રીતે સહન કર્યું હશે ! ભીમસેન, સુશીલા અને બે'ને બાળકો રાત્રે ગામડાની બહાર જંગલમાં આવ્યા, અને એક ઝાડ નીચે સૂઈ ગયા. જેમ તેમ કરીને રાત પસાર કરી. સવાર પડી એટલે રોજના નિયમ મુજબ નવકારમંત્રનું સ્મરણ કરીને આગળ ચાલ્યા. પગ ઊપડતા નથી ને ચાલ્યા વિના છૂટકો નથી. છોકરાઓ તો પાછા ભૂખ્યા થઈ ગયા ને ખાવાનું માંગવા લાગ્યા. એક તો ઘણાં દિવસના ભૂખ્યા હતા. તેમાં પટલાણીએ રોટલો ને શાક આપ્યા. થોડું ખાધું એમાં કંઈ ભૂખ થોડી મટી જાય. આ પેટ તો દુકાળિયું છે. ઘણી ભૂખ લાગી હોય ત્યારે

થોડું ખાવાનું મળે ત્યારે ઊલટી ડબલ ભૂખ લાગે છે. ભીમસેન અને સુશીલાએ તો બટકું બટકું રોટલો ખાધો હતો. તેઓ મનમાં વિચાર કરવા લાગ્યા કે, અરેરે....આપણાં કેવાં કર્મોનો ઉદય છે કે કોઈ આપણને ઓટલે પણ સૂવા દેતું નથી. એમ કર્મોને દોષ આપતા પુત્રોને સમજાવતાં ધીમે ધીમે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના બાહરમાં આવી પહોંચ્યા.

એક સરોવર દેખ મનોહર, શીતલ છાયા આંબ,
તીનોં જો રખકર ભૂપ શહરમેં, ચલા ન કરી વિલંબ.

નગરના બાહરમાં એક સુંદર મનોહર સરોવર જોયું. તેની બાજુમાં એક મોટું આંબાનું વૃક્ષ હતું. ભીમસેન પણ ખૂબ થાકી ગયો હતો એટલે બધા આ સરોવરની પાળે આંબાના ઝાડ નીચે બેસી ગયા. થોડી વાર વિસામો ખાઈને ભીમસેને સુશીલાને કહ્યું–તું અને આ બંને કુમારો ઝાડ નીચે બેસીને આરામ કરો. હું નગરમાં જઈને તમારા બધા માટે ખાવાનું લઈને તરત પાછો આવું છું. એમ કહીને ભીમસેન નગરમાં ગયો ને સુશીલા અને બંને બાળકો આંબાના ઝાડ નીચે બેસીને નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા.

"ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ભીમસેનનું પ્રથમ વાર આગમન" :– ભીમસેન ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના મુખ્ય દરવાજે થઈને ચાલતો ચાલતો મધ્ય બજારમાં આવ્યો. મુખ્ય બજારમાં ઘણી મોટી મોટી દુકાનો હતી. વેપાર ધમધોકાર ચાલતા હતા. લોકો અનેક જાતની ખરીદી કરતા હતા એટલે બજારમાં ખૂબ ભીડ હતી. એ ભીડમાંથી પસાર થઈને ભીમસેન એક વેપારીની દુકાન આગળ આવ્યો. બધી દુકાનોમાં એ એક જ એવી દુકાન હતી કે જ્યાં કોઈ ઘરાક ન હતું. બાકી દરેક દુકાને ઘરાકોની ભીડ હતી, એટલે આ વેપારી આતુર નયને ગ્રાહકો સામે જોતો હતો. ભીમસેનને બીજી દુકાનના ઓટલે જગ્યા મળે તેમ ન હતું, તેથી આ ઘરાક વિનાની દુકાનના ઓટલાની એક બાજુએ જ્યાં કોઈને આવવા જવાની અગવડ ન પડે તે રીતે બેઠો ને વિચાર કરવા લાગ્યો કે હવે મારે શું કરવું ? ભોજનની વ્યવસ્થા કયાંથી કરવી ?

"ભીમસેનના પગલે ઘરાકોની ભરતી" :– ભીમસેન દુકાનના ઓટલે આવીને બેઠો ને થોડી વારમાં જ અચાનક આ ઘરાક વિનાની સૂની દુકાને કીડીયારાની માફક ઘરાકો ઊભરાયા. એટલી બધી ભીડ જામી ગઈ કે જોતજોતામાં વેપારીનો બધો માલ ખપી ગયો ને વેપારમાં સારો નફો થયો. વેપારી વિચાર કરવા લાગ્યો કે, અહો ! આજે આ શું ? મારે ત્યાં ઘરાક આવતા જ નથી ને આટલી બધી ભીડ ! અને આજના જેટલો નફો મેં જિંદગીમાં પ્રથમ વાર જોયો. મારો બધો માલ ખપી ગયો, માટે મારી દુકાને આજે કોઈ પુણ્યવાન પુરુષના પગલા થયા હોવા જોઈએ. એમ વિચાર કરીને શેઠે બહાર નજર કરી તો પોતાની દુકાનના ઓટલા પર ભીમસેનને બેઠેલો જોયો. એને

જોઈને શેઠના મનમાં થયું કે નક્કી આ કોઈ પ્રભાવશાળી પવિત્ર પુરુષ છે. એના પગલાથી આજે મારે સારો વેપાર થયો છે. ભીમસેનને જોતા શેઠને લાગ્યું કે આ તેજસ્વી પુરુષ છે પણ એની મુખમુદ્રા જોતા લાગે છે કે એ કોઈ મોટી ઉપાધિમાં આવી પડયો છે. લાવ, હું એને પૂછું ને મારાથી બનતી મદદ કરું, એટલે શેઠે પૂછયું: ભાઈ! તું કોણ છે? કયાંથી આવે છે? આ નગરમાં તારે શા માટે આવવું પડયું છે? મેં તને કદી આ નગરમાં જોયો નથી, તેથી એમ લાગે છે કે તું કોઈ પરદેશી માણસ છે. હવે ભીમસેન આ શેઠને પોતે કોણ છે તે કહેશે, પછી શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૨૬

શ્રાવણ વદ ૨ ને ગુરુવાર તા. ૯-૮-૭૯

પરમ તત્ત્વના પ્રણેતા અને પરમ પરમાર્થના પુરુષાર્થ દ્વારા જેમણે આત્મિક શુદ્ધિ પ્રાપ્ત કરી છે તેવા ભગવંતના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. મોહ અને પ્રમાદની ગાઢ નિદ્રામાં સૂતેલા જીવોને વીતરાગ ભગવાન જગાડવા માટે પ્રયત્ન કરીને કહી રહ્યા છે.

"ઊંઘ મત પંથીજન! સંસાર હૈ અટવીવન, કાયા રૂપી નગરમેં રહે કામ ચોર હૈ।"

જે રીતે રાત્રીએ કોઈના ઘરના દરવાજા ખુલ્લા હોય તો તરત ચોકીદાર તેને બૂમ પાડીને દરવાજા બંધ કરવાની અને સજાગ રહેવાની ચેતવણી આપે છે તે રીતે જ્ઞાની પુરુષો ચેતવણી આપે છે કે, દેવાનુપ્રિય! મોહનિદ્રામાં કયાં સુધી સૂઈ રહેશો? હવે તો જાગ, રાગ-દ્વેષ, કષાય, મદ આદિ અનેક ચોર તારા આંતરમાનસના ખુલ્લા દરવાજા તરફ તાકીતાકીને ઊભા છે. જો તું અસાવધાન રહીશ તો બરાબર મોકો મેળવીને એ દુષ્ટ લૂંટારા તારું આત્મિક ધન ચોરી જશે, માટે હવે ઊંઘમાંથી જાગૃત થા. આ સંસાર એક ભયાનક અટવી છે. અનંતકાળથી એમાં ભટકતા ઘણાં પુણ્યોદયે જીવે માનવ શરીર રૂપી નગરને પ્રાપ્ત કર્યું છે. જો કે એનું જવાનું સ્થાન મોક્ષ તો હજુ ઘણું દૂર છે અને આત્માને ત્યાં પહોંચવાની અભિલાષા છે. પરંતુ મહાયાત્રા કરતો કરતો આવેલો હોવાથી થાકી જવાથી આ સુવિધાજનક પડાવ પર આવીને સૂઈ ગયો છે. સૂતો તો એવો સૂતો છે કે પ્રમાદના કારણે ઊઠવાનું નામ લેતો નથી. આત્મા એ ભૂલી ગયો છે કે આ કાયા નગરીમાં કામ, ક્રોધ, લોભ અને વિષયભોગ આદિ અનેક ઠગારા છે. જે પ્રતિક્ષણ આત્મધન લૂંટવા માટે આજુબાજુ ઘૂમી રહ્યા છે. આપણે જોઈએ છીએ કે જે મિથ્યાત્વના અંધારામાં મોહનિદ્રાને વશ થઈને સજાગ નથી રહેતો તેનું સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ ચારિત્ર રૂપી અમૂલ્ય ધન કષાય આદિ ઠગ અને વાસનારૂપી ઠગારીઓ ચોરી લે છે. પરિણામે આત્મા મોક્ષ મંજિલે પહોંચાડનારી

પૂંજીને ગુમાવી બેસે છે અને સંસાર રૂપ અટવીમાં પરિભ્રમણ કરે છે, માટે જ્ઞાની પુરુષો કેટલા મીઠા અને કોમળ શબ્દોથી જગાડે છેઃ હે આત્મા ! હવે તારી નિદ્રામાંથી તું જાગ. ચોકીદાર સમાન સદ્‌ગુરુઓ પ્રમાદરૂપી નિદ્રાથી સજાગ બનાવી રહ્યા છે. તો તેમની શિક્ષાને ગ્રહણ કરીને જાગૃત બનો અને સાવધાનીથી આગળ કદમ ભરો.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં બ્રહ્મદત્ત કુમારની માતા ચુલની રાણી દીર્ઘરાજામાં વિષયાસક્ત બની છે. વિષયોને આધીન બનેલા આત્મા સારાસારનો વિવેક ભૂલી જાય છે. ચૂલની રાણી દીર્ઘરાજાને વારંવાર એકાંતમાં મળવાનું બન્યું એટલે દૃષ્ટિ બગડી. કહ્યું છે કે એકાંતવાસ, હાંસી મશ્કરી અને અધિક પ્રમાણમાં રસોનું સેવન આ બધા વિષયવાસનાને ઉત્તેજન આપનારા છે. ચારિત્રના લૂંટારા છે. દીર્ઘરાજા અને ચુલની રાણીને વિષય વાસનાનો ભડકો થવાના બધા સાધનો મળી ગયા પછી બાકી રહે ખરું ? વિષયવાસનામાં અંધ બનેલા જીવોની કેવી દશા થાય છે તે બતાવતાં ભગવાન બોલ્યા છે કે,

भोगा मिसदोस विसन्ने, हिय निस्सेय सबुद्धि वोच्चत्थे ।
बाले य मन्दिए मूढे, बज्झई मच्छिया व खेलम्मि ॥ उत्त अ.८ गाथा ५

જેમ લાળ, લીંટ કે બળખામાં માખી સપડાઈ જાય તેમ કામભોગ રૂપ આમિષ (માંસાદિક પદાર્થ) ને વિષે અજ્ઞાની, વિપરીત બુદ્ધિનો ધણી ફસાઈ જાય છે. આત્મહિત અને મોક્ષ માર્ગનું આરાધન તેને રુચતું નથી. આથી તે ધર્મ માર્ગમાં પ્રમાદી બને છે. અજ્ઞાની અને મૂર્ખ જીવો કામભોગની ઇન્દ્રજાળમાં ફસાઈને પોતાના આત્મિક ગુણોનો નાશ કરે છે. કાદવનો કીડો જેમ કાદવમાં મસ્ત રહે છે, તેમ વિષયનો કીડો વિષયભોગમાં મસ્ત રહે છે. કિંપાકના ફળની માફક તેનું સેવન કરતા આખરે પસ્તાવું પડે છે. જગતના બધાં ઝેર કરતાં વિષયનું વિષ ભયંકર કોટિનું છે. વિષયનું વિષ અંગમાં વ્યાપી ગયા પછી બધા જ મંત્રો ત્યાં નાકામિયાબ નીવડે છે. વિષયના વિષચક્રમાં એક વખત ફસાઈ ગયા પછી તેમાંથી બહાર નીકળવું મુશ્કેલો ભરેલું બની જાય છે. વિષયના ઝેર ચઢવાથી અંતરમાં અંધાપો વ્યાપી જાય છે. છતી વસ્તુને પણ તે જોઈ શકતો નથી. વિષય વાસનાનો વાવંટોળ વિહ્વળતા સાથે વિવેક દૃષ્ટિવિહોણા બનાવે છે, સાધના માર્ગથી ભ્રષ્ટ બનાવી દે છે. ક્ષણિક સુખની લાલસામાં અનંતકાળનું દુઃખ વહોરી લેવું એના જેવું કર્મબંધન બીજું કયું હોઈ શકે ? વિષયોની બીમારી ચિત્તની ખુમારી અને અંતરની અમીરી તને હરી લે છે. એક વખત વિષયોનો વિચાર જાગ્યા પછી એ વધતો જાય છે. ઊંઘ અને ભૂખ પણ હરામ બને છે. બધી જ બીમારીના કદાચ ઉપાયો થાય પણ વિષયની બીમારી મારવાનો ઉપાય મળતો નથી. અનાદિના કર્મોની સાંકળોને તોડવા માટે મહાન પુરુષોએ કામભોગને છોડી દીધા છે.

આપણા પરમપિતા મહાવીર પ્રભુએ પણ ત્રીસ વર્ષની ભરયુવાનીમાં સંસારના

ભોગો છોડી દીધા ને સંયમ માર્ગ અંગીકાર કર્યો. ભગવાને રાજવૈભવના સુખો છોડી શા માટે સંયમનો સ્વીકાર કર્યો તે વાત તો તમે જાણો છો ને ? કર્મની ભેખડો તોડવા માટે આપણા પરમ ઉપકારી ભગવંતે એ જ ફરમાવ્યું છે. હે આત્માઓ ! આત્માની જે કર્માધીન અવસ્થા છે તે સંસાર છે અને કર્મરહિત અવસ્થા તે મોક્ષ. આપણો આત્મા કર્મથી ઘેરાયેલો છે. આ બધી સુખસામગ્રી કર્મજન્ય છે. કર્મો એ આત્માના કટ્ટા શત્રુ છે. શત્રુએ બિછાવેલી સામગ્રીને સાવધાની રાખ્યા વિના આનંદપૂર્વક ભોગવનાર મૂર્ખ છે. હવે તમે તમારા મનથી સમજી લેજો કે તમે કોણ છો ? મૂર્ખ કે ડાહ્યા ? (હસાહસ) મારે તમને કંઈ કહેવું નથી, પણ માની લો કે કોઈ તમારો કટ્ટો દુશ્મન છે તેણે અવસર જોઈને તમને ભોજન કરવા માટે આમંત્રણ આપ્યું. તમે જમવા માટે ગયા ને સહેજ ગંધ આવી કે મિષ્ટાન્નમાં ભારોભાર ઝેર નાંખ્યું છે. તો પછી તમે શું કરો ? ભોજન કરો કે પેટમાં દુઃખવાનું બહાનું કાઢીને ઊભા થઈ જાઓ ? (શ્રોતામાંથી જવાબ : સાહેબ ! ઝેરવાળું ભોજન જમાય ? તરત ઊભા થઈ જઈએ.) આ ન્યાયથી તમે સમજો. કર્મોરૂપી શત્રુઓએ માયાજાળ બિછાવી છે એવું તમને જ્ઞાની પુરુષોના વચન દ્વારા જાણવા મળ્યું પછી તમારાથી સંસારમાં બેસી રહેવાય ખરું ? અનંત જ્ઞાનીઓના વચન ઉપર જો શ્રદ્ધા હોય તો કર્મશત્રુથી ચેતતા રહો, પણ આ ચેતવણી તમારા મગજમાં કયારે ઊતરે ? અંતરમાં શ્રદ્ધા પ્રગટે ત્યારે. વીતરાગ વચન પ્રત્યે શ્રદ્ધા પ્રગટે ત્યારે મિથ્યાત્વ જાય. મિથ્યાત્વે જીવને અત્યાર સુધી સાચી વાત સમજવા દીધી નથી. તેણે અનંતજ્ઞાનીના વચનથી જીવને અનાદિકાળથી અલગ રાખ્યો છે.

આ મિથ્યાત્વના કારણે જેનો રાગ કરવા જેવો હતો તે ન કર્યો, પણ આત્માથી પર એવા શરીરનો તેમ જ પરપુદ્ગલોનો રાગ કર્યો છે પણ યાદ રાખજો કે આ શરીરને તમે ગમે તેટલું સાચવશો તો પણ એક દિવસ તો સૌને છોડવાનું છે. આ રીતે સંસારના ભૌતિક સુખોની જે સામગ્રી મળી છે તે બધી એક દિવસ તમારી ઇચ્છા હશે કે નહિ હોય પણ છોડવું પડશે. છોડ્યા વિના છૂટકો નહિ થાય. તમે નહિ છોડો તો એ તમને છોડી દેશે. આજે તમે નજર સમક્ષ દેખો છો ને કે આજનો લાખોપતિ આવતી કાલે ભિખારી બને છે. આજનો નિરોગી કાયાવાળો કાલે ભયંકર રોગથી ઘેરાઈ જાય છે. બોલો, આનો મોહ રાખવા જેવો છે ખરો ? "ના." તો ભગવાનના વચન ઉપર શ્રદ્ધા કરી મિથ્યાત્વના તિમિર ટાળી આત્માના સ્વરૂપને નિહાળો.

બંધુઓ ! ભગવાને આ જીવને સંસારમાં રખડાવનાર ત્રણ પ્રકારના શલ્યો બતાવ્યા છે. પ્રતિક્રમણમાં ચોથા શ્રમણસૂત્રમાં બોલો છો ને કે " **पडिक्कमामि तिहिं सल्लेहिं, माया सल्लेणं, नियाणु सल्लेणं, मिच्छादंसणु सल्लेणं.** " આ ત્રણ પ્રકારના શલ્ય જીવને દુર્ગતિમાં લઈ જનાર છે. ત્રણ શલ્યમાં પહેલું શલ્ય છે માયાશલ્ય. માયા એટલે ભગવાન કહે છે મા + યા. રખે ને તું એની પાસે જતો.

એની પાસે ગયો તો સપડાઈ જઈશ. માયાની જાળમાં ફસાયેલો માનવી ધર્મની કે સંસારની કોઈ પણ ક્રિયા કરે તો તે અંતરમાં માયા રાખીને કરે છે. પરિણામે તેને આત્માનો લાભ પ્રાપ્ત થતો નથી. બીજું શલ્ય છે નિયાણું. નિયાણું એટલે તો તમે સાંભળી ગયા ને? કરેલી કરણીને વેચવું તેનું નામ નિયાણું. ધર્મમાર્ગની, સંયમ માર્ગની, આરાધના કરતાં મને આ ભવમાં માન-પાન, સુખ સમૃદ્ધિ મળે, પરભવની અંદર દેવેન્દ્ર કે ચક્રવર્તિની સિદ્ધિ મળે એવી અભિલાષા સેવવી નહિ. ધર્મ પ્રભાવે સુખની ઇચ્છા કરવા જતાં ભવોની વૃદ્ધિ થાય છે ને આત્મસમૃદ્ધિ ખતમ થાય છે. સંભૂતિ મુનિએ નિયાણું કર્યું તો બ્રહ્મદત્ત ચક્રવર્તિ બન્યા. જે વ્યક્તિ ધર્મકરણીના ફળનું નિયાણું કરે છે તેના ફળ સ્વરૂપે ભૌતિક સુખ મળે છે પણ આત્માનો અખંડ આનંદ લૂંટાઈ જાય છે. તે જીવો કામ ભોગમાં અને પરિગ્રહમાં મસ્ત રહેવાથી દુર્ગતિમાં જાય છે.

ત્રીજું શલ્ય છે મિથ્યાદર્શનશલ્ય. આ શલ્ય જીવને જિનવચન ઉપર શ્રદ્ધા થવા દેતું નથી. ક્ષણે ક્ષણે એ જીવને ખોટા સંશયો ઊભા કરાવે છે. જિનવચનમાં શંકા થાય એટલે સમ્યક્ત્વ જાય. શંકાશીલ વ્યક્તિ કોઈનો પ્રેમ સંપાદન કરી શકતી નથી. એ ગુણવાન વ્યક્તિના પણ છિદ્ર જોયા કરે છે, પણ એના પ્રેમભાવની કદર કરી શકતો નથી. શંકા એ ડાકણ જેવી છે. દુનિયામાં રોગનું ઔષધ છે પણ વહેમ-શંકાનું કોઈ ઔષધ નથી. હું એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક ગુણિયલ ને પવિત્ર બહેન પરણીને સાસરે આવી ત્યારે મરનાર બહેનનો એક બાબો હતો. તેને તે ખૂબ વહાલથી ને પ્રેમથી રાખતી. સમય જતાં તેને પણ બે બાબા થયા. આ બહેન ખૂબ સમજુ અને વિચારશીલ હતી. તેને વિચાર થયો કે લોકો કહે છે કે "ઓરમાયા ઓશિયાળા" તો આ કહેવતને મારે ખોટી પાડવી છે. હું મારા દીકરા કરતા ઓરમાન દીકરાને વધુ સાચવીશ. આ માતા પોતાના દીકરા કરતાં ઓરમાન દીકરાને વધારે સાચવે છે. કપડાં પહેરવામાં, જમવામાં, દૂધ પીવામાં બધામાં પોતાના પુત્રો કરતાં ઓરમાન પુત્રને અધિક રાખે છે. ઓરમાન પુત્રનું નામ છે મહેશ. મહેશને વાયાપ્રકૃતિ વધારે હતી એટલે માતા એને દૂધમાં બે ત્રણ કાળા મરીના દાણા નાંખીને આપતી. માતાના ખૂબ પ્રેમને લીધે મહેશને ક્યારે એમ નથી થયું કે મારે માતા નથી. પત્નીનો બાળક પ્રત્યે અતિસ્નેહ જોઈને પતિને ખૂબ સંતોષ હતો. આ કુટુંબ આનંદથી રહેતું હતું, પણ આ સંસાર એવો વિચિત્ર છે કે કોઈનો આનંદ કે સુખ કોઈનાથી સહન થતું નથી.

"ઇર્ષ્યાળુ ડોશીમા" :-એમની બાજુમાં એક વૃદ્ધ ડોશીમા રહેતા હતા. એનાથી આ લોકોનું સુખ સહન થયું નહિ એટલે કંઈક પથરો મૂકું તો ઠીક થાય એમ વિચાર કરીને ડોશીમા મહેશને કહે છેઃ બેટા! અહીં આવ. મહેશ એની પાસે

ગયો એટલે ખોળામાં બેસાડીને પૂછે છે કે તારી મા તને બરાબર સાચવે છે ને? કેવી રીતે સાચવે છે? મહેશ કહે, દાદીમા! મારી મા તો મને ખૂબ સાચવે છે. મારી મા તે મા જ છે. દુનિયામાં એવી મા કોઈને નહિ હોય, ત્યારે ડોશીમા કહે છે, એ તને ગમે તેવું સાચવતા હોય પણ તારી સગી મા નથી. એ તો તું જાણે છે ને? મહેશ કહે–દાદી! તમે આમ કેમ કહો છો? મારી મા તો મને એટલો બધો સાચવે છે કે સગી કે ઓરમાન માતાનો ભેદ રાખતી નથી. મને તો એટલો બધો સાચવે છે કે મારી સગી માની યાદ આવવા દેતી નથી, માટે તમે મને એવું ન કહેશો. એમ કહીને છોકરો ચાલ્યો ગયો.

બંધુઓ! ઈર્ષ્યાની આગ કેવી ભયંકર છે! ઉન્નતિના શિખરે પહોંચનાર પવિત્ર મનુષ્યને પણ અધોગતિની ખાઈમાં પટકી દેનાર ઈર્ષ્યા છે. ઈર્ષ્યાળુ માણસ બીજાની ઉન્નતિ જોઈને બળી જાય છે અને બીજાને કેમ હલકો પાડવો એવી એની દૃષ્ટિ હોય છે. ઈર્ષ્યાળુ માણસ ઈર્ષ્યાની આતશબાજીમાં રાજી થઈ પોતાની જાતને કાજી ભલે માનતા હોય પણ બાજીમાં એનો પ્રથમ નંબર છે. ઈર્ષ્યાળુ કોઈ પણ કામ શાંત ચિત્તે કરી શકતો નથી. તે બીજાની શાંતિમાં આગ ચાંપવાની પ્રવૃત્તિ કરે છે. ખરેખર, તે પોતાની દૃષ્ટિ પ્રમાણે જગતને માપે છે. પોતાના સિવાય એને કોઈ સારું દેખાતું નથી. કોઈની પ્રશંસા સાંભળીને એના કાનમાં જાણે કડકડતું તેલ રેડાતું ન હોય એવી વેદના થાય છે. એ બીજાના દોષ ન હોય તો પણ એનામાં દોષોનું આરોપણ કરી નિર્દોષને દોષિત ઠરાવે છે ને પોતાને સારો બતાવે છે. આ દુનિયામાં બધું ત્યાગવું સહેલું છે પણ ઈર્ષ્યાનો ત્યાગ કરવો ઘણો મુશ્કેલ છે. ઈર્ષ્યા એ એક ડાકણ છે. એ જેને વળગે એ બીજાની સામે ધુરકિયાં કરી હેરાન પરેશાન કરે છે. ઈર્ષ્યાળુ માણસ પોતાની આરાધના ચુકાવે છે ને બીજાને હેરાન કરે છે. હાથમાં માળા ફેરવતો હોય પણ મનમાં તો બીજાને સપડાવવાની ઘટમાળા રચતો હોય છે. જ્યારે માનવીના મનમાં ઈર્ષ્યાનો આવેગ ઉછાળા મારે છે ત્યારે માનવ માનવ નથી રહેતો પણ દાનવ બની જાય છે. બીજાનું અહિત કરતાં એને સહેજ પણ આંચકો નથી આવતો. ઈર્ષ્યાળુ વૃત્તિ એટલે શ્વાનવૃત્તિ. એક કૂતરો ગોળ ખાતો હોય ને બીજો કૂતરો રોટલાનું બટકું ખાતો હોય તો પેલો કૂતરો ગોળનું બટકું છોડીને પેલા કૂતરાના મોંમાંથી રોટલાનું બટકું પડાવી લેવા ભસવા લાગે છે. પરિણામે ગોળ અને રોટલો બંને ગુમાવી દે છે. પોતે ખાતો નથી ને બીજાને ખાવા દેતો નથી. આ રીતે ઈર્ષ્યાળુ માણસ પણ અતોભ્રષ્ટ, તતોભ્રષ્ટ જેવો બની જાય છે. ઈર્ષ્યાનું કુટુંબ ઘણું વિશાળ છે. સાંભળો. ઈર્ષ્યાના પિતા ક્રોધ, નિંદા એની માતા, માન મોટોભાઈ અને મમતા એની બહેન છે. આ વિશાળ કુટુંબમાં વસેલી ઈર્ષ્યાના પાશમાં સપડાયા પછી છટકવું બહુ મુશ્કેલ છે. ઈર્ષ્યાળુ ઈર્ષ્યાના જોરથી પોતાનું બધું જલાવી દઈને પણ બીજાને બરબાદ કરવા મથે છે. ભલે મારું સુખ ચાલ્યું જાય પણ બીજો સુખની શય્યામાં આળોટવો ન જોઈએ.

આ ઈર્ષ્યાળુ ડોશીમા મહેશને વારંવાર બોલાવીને એની માતાના અવગુણ બોલવા લાગી ત્યારે છોકરો કહે છે, દાદીમા ! તમે એવું ન બોલશો. મારે નથી સાંભળવું. તો પણ ડોશીમા તો લેકચર ચાલુ રાખતા. એક દિવસ કહે છે, દીકરા ! તું મારી વાત સાચી નથી માનતો પણ તું ભૂલે છે. તારી મા તો સ્ત્રી ચરિત્ર ભજવી રહી છે. એને કોઈ પહોંચી શકે નહિ. ભલભલા બ્રહ્માજી પણ સ્ત્રી આગળ પાણી ભરે છે. નારીઓને તો ઘણાં નાટકો ભજવતાં આવડે. તું તો હજુ નાનો છે, તને શું ખબર પડે કે સ્ત્રીઓના મોંઢામાં મધ હોય છે ને હૃદયમાં તો ઝેર ભર્યું હોય છે. બેટા ! તું મને સાચું કહે કે એ તને શું ખાવાનું આપે છે ? છોકરો કહે, દાદીમા ! મારી માતા એના દીકરા કરતાં પણ મને વધારે દૂધ આપે છે. એમાં કાળું કાળું કંઈક નાંખે છે જો બેટા ! એ કાળું કાળું જે નાંખે છે ને એ ઝેર જ નાંખતી હશે, માટે કાલથી તું દૂધ પીતો નહિ, નહિતર મરી જઈશ, ત્યારે મહેશ કહે છેએતો મને રોજ એવું નાંખીને આપે છે. જો ઝેર હોય તો હું મરી પડે ? એ ધીમું ધીમું ઝેર નાંખતી ન જાઉં ! એટલે ડોશીમા કહેઃ બેટા ! તું નાનો કહેવાય, તને શું ખબર હશે. એક દિવસ એ તારા પ્રાણ લેશે, માટે હવે તું દૂધને અડીશ નહિ.

"ચઢવણીથી ચઢેલા બાળકની માતા પ્રત્યે શંકા" : કુમળા ફૂલને જેમ વાળો તેમ વળી જાય. મહેશના મનમાં આ વાત ઠસી ગઈ. બીજે દિવસે માતાએ રોજની જેમ પ્રેમથી દૂધનો ગ્લાસ આપ્યો પણ હવે તો એને માતાના પ્રેમભર્યા વર્તન ઉપર શંકા થઈ છે, એટલે કહે છે મારે દૂધ નથી પીવું, ત્યારે પ્રેમાળ માતા કહે છેઃ બેટા ! તને શું થયું છે ? તું દૂધ પીવાની કેમ ના પાડે છે ? તને ઠીક નથી ? ત્યારે મહેશ ગુસ્સો કરીને કહે છે, મારે નથી પીવું. એમ કહીને રમવા ચાલ્યો ગયો. બપોરે જમવા બોલાવ્યો તો પણ ન આવ્યો, એટલે માતા કહે છે બેટા ! તું શા માટે આમ કરે છે ? તારે જે ખાવું હોય તે બનાવી દઉં પણ તું ખાઈ લે. તું ભૂખ્યો રહે તો મને ખાવું કેમ ભાવે ? આ રીતે માતા કાળો કલ્પાંત કરે છે પણ છોકરો ખાતો નથી ને કેમ નથી ખાવું એ કહેતો નથી. બપોરે એના પિતા ઘેર આવ્યા એટલે માતાએ એના બાપને વાત કરી કે જુઓ ને આપણા મહેશને શું થયું છે તે મેં એને કેટલું સમજાવ્યો છતાં ખાતો નથી. બાપે પણ છોકરાને ખૂબ સમજાવ્યો તો પણ ખાતો નથી એટલે કહે છે ભલે ભૂખ્યો રહે. કયાં સુધી નહિ ખાય ? એ સ્કૂલે જાય ત્યારે વાપરવાના પૈસા આપે એમાંથી ચણા મમરા ખાઈ લેતો. અગર એના મિત્રને ઘેર જાય ને આગ્રહ કરે તો જમી લે પણ ઘરમાં કાંઈ પણ ન ખાય.

માતા તો વલોપાત કરે છે કે મારા દીકરાને શું થઈ ગયું છે કે એ ખાતો નથી. આઠ દિવસ એણે ખાધું નહિ તો એની માતા પણ એની પાછળ અડધી થઈ ગઈ. સમજાવી સમજાવીને થાકી પણ ન ખાવાનું કારણ પણ ન જણાવ્યું ત્યારે માતાને

ગુસ્સો આવ્યો તેથી એક તમાચો માર્યો એટલે છોકરો રડવા લાગ્યો ને એની શંકા મજબૂત થઈ કે હું નથી ખાતો એટલે ખવડાવીને મારી નાંખવા માટે આમ કરે છે. છોકરાની પાછળ માને ઝૂરતી જોઈને એના પિતાને પણ ગુસ્સો આવ્યો. એના પિતાએ બે તમાચા માર્યા. છોકરો રડતો રડતો ડોશીમા પાસે ગયો ને બધી વાત કરી. મહેશની વાત સાંભળી ડોશીમાને પાણી ચઢયું ને બોલી ઊઠીઃ બેટા ! હું ખોટું કહું છું ? તારો બાપ પણ તારી નવી માનો નચાવ્યો નાચે છે. હું તો જોયા જ કરું છું કે તારી મા એના છોકરાને કંઈ નથી કહેતી ને એની ચઢવણીથી તારા બાપે તને કેટલો માર માર્યો ? મારો તો જીવ બળી ગયો. બેટા ! બાલપણમાં કોઈની મા ન મરશો. આમ કહીને ડોશી રડવા લાગી, એટલે છોકરાના મનમાં થયું કે દાદીમાને મારા ઉપર કેટલી લાગણી છે ! બાળકને એવી રીતે સમજાવવા લાગી કે એની શંકા મજબૂત થવા લાગી. એની માતા તો એને સાચવવા ઘણું કરે, સ્કૂલેથી આવે એટલે બાથમાં લઈ લે, વહાલ કરે પણ એના મનમાં એવો વહેમ ઠસી ગયો હતો કે મારી મા મને મારી નાંખશે. એ વહેમમાં ને વહેમમાં બાધાપીધા વગર એનું શરીર સૂકાવા લાગ્યું.

"છોકરાની શંકાનું થયેલું સમાધાન":–આ વાત બાજુમાં રહેતા એક સજ્જન પુરુષના જાણવામાં આવી એટલે એને ઘેર આવીને કહે છેઃ બેટા ! તું કેમ બીતો પીતો નથી ? તારી માતા તને બાવાનું નથી આપતી ? ત્યારે કહે છે મારી બા મને દૂધમાં ઝેર નાંખીને આપે છે. તે કેવી રીતે પીવું ? સજ્જન માણસને એ જોવું હતું કે છોકરો નથી ખાતો એનું મૂળ કારણ શું છે? એટલે એના પક્ષમાં ભળી ગયો ને અવળી ચાવી લગાડીને વાત કઢાવવા માટે કહ્યુંઃ બેટા ! તારી મા એવી છે તો કંઈ નહિ, આપણે નહિ બાવાનું પણ એ દૂધમાં ઝેર નાંખે છે એવી તને કેવી રીતે ખબર પડી ? છોકરો કહે, કાકા ! આ બાજુમાં દાદીમા રહે છે એમણે મને કહ્યું. કાકા સમજી ગયા કે નક્કી આ દાદીમાના કારસ્તાન લાગે છે, એટલે કહે છે બેટા ! તારી મા તને કેવું ઝેર નાંખીને આપે છે એ મારે જોવું છે. જા, તું તારી માતા પાસેથી દૂધ લઈ આવ. દીકરાએ આજે ઘણા દિવસે દૂધ માંગ્યું એટલે માતાને હરખનો પાર ન રહ્યો. હાશ....આજે મારા લાલે દૂધ પીવા માંગ્યું. માતાએ હરખભેર ગ્લાસ ભરીને દૂધ આપ્યું. અંદર ત્રણ ચાર મરીના દાણા નાંખ્યા. એ દૂધનો ગ્લાસ લઈને છોકરો દોડતો આવ્યો ને કહ્યુંઃ જુઓ, કાકા, આ ઝેર નાંખ્યું છે. કાકા તો જાણતાં હતાં કે એની મા કેટલી લાગણીશીલ છે. એમણે શાંતિથી કહ્યું, બેટા ! આ ઝેર નથી. આ તો મરી કહેવાય. તને વાયુ ન થાય એટલા માટે તારી માતા દૂધમાં નાંખીને આપે છે. લે, આ દૂધ તું પી જા પણ છોકરાની શંકા મટતી નથી એટલે પીતો નથી. ત્યારે કાકાએ કહ્યું કે, જો તને વહેમ હોય તો લાવ હું પી જાઉં ! પેલા ભાઈ દૂધનો ગ્લાસ પી ગયા એટલે છોકરાની શંકા દૂર થઈ. એને ખાતરી કરાવવા માટે ડબ્બામાં

વધારે મરી હતા તે મંગાવીને ખાતરી કરાવી કે આ ઝેર નથી. સાથે સમજાવ્યું કે, બેટા! આવા કાચા કાનના ન થઈએ. દાદીમા તો પહેલેથી ઈર્ષ્યાળુ છે. તે કોઈનું સુખ જોઈ શકતા નથી. જેના તેના ઘરમાં આગ લગાડે છે. કાકાના કહેવાથી છોકરાની શંકાનું સમાધાન થયું એટલે પહેલાંની જેમ પ્રેમથી રહેવા લાગ્યો, તેથી એના મા-બાપને આનંદ થયો. મહેશની શંકા ગઈ તો જીવનમાં આનંદ આનંદ છવાઈ ગયો. અહીં શંકા વિષે બીજી એક વાત યાદ આવે છે તે સાંભળો,

એક વખત એક ભાઈ સંડાસ ગયેલા ત્યાં એક કાચંડો ભાઈના પગ ઉપરથી નીકળીને અલોપ થઈ ગયેલો. તે પછી જોવામાં ન આવ્યો. પેલા ભાઈના મનમાં એમ થયું કે નક્કી કાચંડો પૂંઠેથી મારા પેટમાં પેસી ગયો, એટલે ભાઈસાહેબ તો ઘેર આવીને પથારીમાં લાંબા થઈને સૂઈ ગયા. બોલવા ચાલવાના હોશ ન રહ્યા. આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા, અને વારંવાર પેટ ઉપર આંગળી મૂકીને બધાને બતાવવા લાગ્યા કે મને પેટમાં કંઈક થાય છે. ભયની વિહ્વલતાથી ભાઈને તાવ આવી ગયો, એટલે ડોકટરને બોલાવ્યા. ડોકટરે તપાસ્યા પછી દવા આપીને કહ્યું, હમણાં તમને મટી જશે. શાંતિ રાખો. એમ થોડું સાંત્વન આપીને પૂછયું: ભાઈ! તમને શું થાય છે? ત્યારે પેલો ભાઈ કહે છે કે મને જે થાય છે તે મારું મન જાણે છે. આજે હું સંડાસ ગયો ત્યારે મારા પેટમાં કાચંડો પેસી ગયો છે. એ પેટમાં ઊભો થઈને કૂદાકૂદ કરી રહ્યો છે. ડોકટર સાહેબ! મને લાગે છે કે નક્કી હું મરી જઈશ.

ડોકટર ખૂબ હોશિયાર અને અનુભવી હતા. તે દર્દીનું દર્દ પારખી ગયા ને કહ્યું, એક દિવસ તમારે હોસ્પિટલમાં દાખલ થવું પડશે. એમ કહીને દર્દીને દવાખાને લઈ ગયા. ટેબલ પર સૂવાડયા ને ઓપરેશનની તૈયારી કરીને કહ્યું: ભાઈ! ચિંતા ન કરો. હમણાં ઓપરેશન કરીને કાચંડાને બહાર કાઢી નાંખીશું. તમને કંઈ ઈજા નહિ થાય. દર્દી રડતો રડતો કહે છેઃ સાહેબ! હું બચી જાઉં તેમ કરજો હોં....તમે મારા ભગવાન છો. તમારા વિના મને કોઈ નહિ બચાવે. હોંશિયાર ડોકટરે ક્લોરોફોર્મ સૂંઘાડયું. ટબમાં મરેલો કાચંડો શોધી લાવીને પહેલેથી મૂકી રાખ્યો હતો. દર્દી ભાનમાં આવતાં કાચંડો તેને બતાવ્યો એટલે તેને શાંતિ થઈ ને એનું દર્દ મટી ગયું. આવા વિરલ વૈદ્ય કે ડોકટર મળી જાય તો દર્દીના વહેમ દૂર કરી શકે. બાકી તો જીવનમાં એવાં વર્તુળો રચાતા હોય છે કે માણસની શંકાને મજબૂત બનાવે. મનુષ્યના જીવનમાં કોઈ પણ જાતની શંકા ઉત્પન્ન થાય તો એ શંકા ટળે નહિ ત્યાં સુધી એના જીવનમાં કોઈ જાતની મઝા આવતી નથી. વહેમ તો જળના વહેણ જેવો છે. એ જ્યાં માર્ગ ન હોય ત્યાં મોટો માર્ગ બનાવી દે છે. જળ અને સ્થળનો ભેદ ભૂલાવી દે છે. શંકાની દૂષિત હવા વાતાવરણને દૂષિત બનાવે છે, ઘરમાં આગ પેટાવે છે. અંતરમાં ઈર્ષ્યાની હોળી જ જલાવે છે, શંકા રૂપી ડાકણી ડાકલા વગાડતી તમારા દ્વાર ખખડાવી રહી

છે એને અંદર પેસવા દેશો તો તમારું જીવન ઝેર જેવું બની જશે. એને વિદાય આપશો તો અમૃતનો આસ્વાદ લઈ શકશો, માટે ધર્મના કાર્યમાં ને સંસારના કાર્યમાં બધેથી શંકા ટાળી દો. આપણે શંકા વિષે વાત ચાલતી હતી. જ્યાં સુધી મિથ્યાત્વ જાય નહિ ત્યાં સુધી જીવને સાચી વાત સમજાય નહિ. તેના કારણે જિનવચનમાં શંકા કરે છે પણ જ્યારે જિનવચન ઉપર શ્રદ્ધા થાય છે ને સંતો દ્વારા સાચી વાત સમજાય છે ત્યારે એનો ભ્રમ ટળી જાય છે.

ચાલુ અધિકારમાં ચુલની રાણી અને દીર્ઘરાજા બંને મોહાંધ બન્યા છે. બંને જણાં સ્વચ્છંદપણે એકબીજામાં આસકત બનીને રહેવા લાગ્યા. એમનું બોલવું, ચાલવું, હસવું વગેરે વર્તન પતિપત્ની જેવું બની ગયું. ધીમે ધીમે આ વાત રાજાના ધનુ નામના પ્રધાનના જાણવામાં આવી. માણસ માને કે મારા દુષ્કર્તવ્યને કોઈ જાણતું નથી પણ પાપ કંઈ છાનું રહેતું નથી. પાપનો ઘડો ભરાય એટલે ફૂટે છે. ધનુમંત્રી ખૂબ વિચક્ષણ ને ડાહ્યો હતો. એના મનમાં થયું કે અરેરે....ખુદ મહારાણી આવા અનાચારનું સેવન કરે છે! તેને એટલો પણ વિચાર નથી આવતો કે હું કેવા પરાક્રમી પુત્રની માતા છું! કામી મનુષ્ય હિતાહિતનો વિચાર નથી કરતો, માટે ભવિષ્યમાં નક્કી રાણી રાજકુમારના હિતને નુકસાન પહોંચાડશે, માટે મારે આ બાબતથી બ્રહ્મદત્ત કુમારને વાકેફ કરવો જોઈએ.

હવે પ્રધાનનો પુત્ર વરધનુ બ્રહ્મદત્તનો ખાસ મિત્ર હતો. તે બ્રહ્મદત્તની સાથે જ રહેતો, એટલે ધનુપ્રધાને એ વાત વરધનુને કહીને કહ્યું: બેટા! તું આ વાત રાજકુમારને બાનગીમાં કરજે. મોહની વિચિત્રતા કેવી છે કે જે રાજરાણી ધર્મના સમજનાર ને સતી જેવા હતા તે પણ ઇન્દ્રિયોની દુર્નિગ્રહતાને કારણે આજે કામાંધ બની વ્યભિચારમાં રક્ત બની ગયા છે. ધિક્કાર છે આ વિષયવૃત્તિને! અફસોસની વાત છે કે કામાંધ બનેલ જીવો પોતાના સુવિચારો અને વિવેકને ક્ષણમાત્રમાં ભૂલી જાય છે. આ પ્રમાણે સમજાવીને પ્રધાને પોતાના પુત્ર વરધનુને રાજમાતાના અનાચારની વાત સ્પષ્ટપણે સમજાવી દીધી. સમય મળતાં વરધનુએ એકાંતમાં રાજકુમારને બધી વાત કહી સંભળાવી.

માતાના દુશ્ચારિત્રની વાત સાંભળીને રાજકુમારને ખૂબ ક્રોધ આવ્યો પણ કુમારે નક્કી કર્યું કે હું બાનગી રીતે તપાસ કરી લઉં, પછી જે કરવું હશે તે કરીશ. બ્રહ્મદત્તકુમારે બાનગી રીતે દીર્ઘરાજા અને ચુલની રાણીનો વર્તાવ જોયો એટલે તેને ખૂબ દુઃખ થયું. એના મનમાં થયું કે હું આ મારી તીક્ષ્ણ તલવારથી પાપી દીર્ઘરાજાના રાઈ રાઈ જેટલા ટુકડા કરી નાંખું. ઘડીકમાં એમ થતું કે હું મારી માતાને જ એવી કોઈ શિક્ષા કરું કે જેથી સુધરી જાય, તો ઘડીકમાં એના મનમાં થતું કે આવા પાપભર્યા સંસારનો ત્યાગ કરીને વનમાં ચાલ્યો જાઉં. ઘણાં વિચારને અંતે દીર્ઘરાજા અને ચુલની રાણીને પોતાની ભૂલનું ભાન કરાવવા માટે એને એક વિચાર સૂઝયો.

રાજકુમારે જંગલમાંથી એક કાગડો અને એક હંસલી, અને બીજું ગોનસ સર્પ અને પદ્મનાગણી એમ બે જોડી મંગાવી. તેમાં એક સોયમાં કાગડો અને હંસલી, અને બીજી સોયમાં ગોનસ સર્પ અને પદ્મનાગણીને પરોવીને દીર્ઘરાજા અને ચુલની રાણી બેઠા હતા ત્યાં આવીને તમારા દુશ્ચરિત્રને હું જાણું છું એમ સંકેત કરવા બંને જોડા એમની સામે ધરીને કહે છેઃ હે માતા ! આ કાગડો ને હંસલી અને ગોનસ સર્પ પદ્મનાગણી સાથે કુચાલે ચાલે છે, તેથી મેં એમને સોયથી વીંધી નાંખ્યા છે. મારા રાજ્યમાં આ લોકોની માફક જે કુચાલે ચાલશે તેને હું ભાલાની અણીથી વીંધી નાંખીશ. આવો સખ્ત દંડ આપીશ એમ કહીને કુમાર બહાર નીકળી ગયો.

આ રીતે બ્રહ્મદત્તકુમારે આડકતરી રીતે સમજાવવા માટે પ્રયત્ન કર્યો. રાજકુમારના આવા પ્રકારના વર્તન જાણીને દીર્ઘરાજાના દિલમાં શંકા થઈ કે રાજકુમારને અમારા દુષ્કૃત્યની જાણ થઈ ગઈ લાગે છે. આ પ્રમાણે તર્કવિતર્ક કરતા દીર્ઘરાજાએ રાણીને કહ્યુંઃ પ્રિયે ! આપણો આ મીઠો સંબંધ તમારા પુત્રની જાણમાં આવી ગયો છે, તેથી તેણે કાગડો અને હંસલી, ગોનસ સર્પ અને પદ્મનાગણી આ બંને યુગલને સોયમાં પરોવીને આપણને બતાવ્યા છે. આ ઉપરથી એ આપણને કહી ગયો છે કે જે આવા પ્રકારના અનાચારનું સેવન કરશે તેને હું દંડ આપીશ. તો શું રાજકુમાર મને કાગડા અને ગોનસ સર્પ જેવો માનીને તેમ જ તને હંસલી અને પદ્મનાગણી રૂપ માનીને આ જાતનું દૃશ્ય આપણને બતાવે છે ! મને તો આથી ચોક્કસ ખાતરી થાય છે કે આપણા બંને વચ્ચેની પ્રીતિને એ સહન કરી શકતો નથી, તેથી ગુસ્સે થઈને આપણો સંબંધ તોડાવવા માટે એ તત્પર થયો છે. આટલું બોલીને દીર્ઘરાજાએ રાણીની સાથે હસવું-બોલવું, ચાલવું બંધ કરી દીધું.

ચુલની રાણીએ દીર્ઘરાજાને કહ્યુંઃ હે મારા પ્રાણેશ ! તમે આવી શંકા ન કરશો. એ મારો પુત્ર હજુ નાનો છે. એને સંસાર વ્યવહારની, દુનિયાદારીની કંઈ ખબર નથી. એ બાળક છે તેથી મનમાં આવે તેમ બોલે છે, માટે આપે એના માટે કોઈ શંકા કરવાની જરૂર નથી, ત્યારે દીર્ઘરાજાએ કહ્યુંઃ હે પ્રિયે ! તું ગમે તેમ કહે પણ મને તો લાગે છે કે મારી શંકા સાચી છે. એ આપણા માટે કડક પગલું ભરે તે પહેલાં આપણા માર્ગમાં કંટક રૂપ એવા રાજકુમારને આપણે દૂર કરી દેવો જોઈએ. બંધુઓ ! ભગવાને આઠ પ્રકારના અંધ કહ્યા છે તેમાં જે કામાંધ છે તે બહુ ખરાબ છે. કાગડો રાત્રે આંધળો, ઘુવડ દિવસે આંધળું પણ કામીપુરુષો તો રાત્રે અને દિવસે બંને વખત આંધળા છે. પોતે કોણ છે તે વાત ભૂલી જાય છે. દીર્ઘરાજા તો કામાંધ બન્યો પણ ચુલની રાણી તો ધર્મને સમજનારી પતિવ્રતા સતી હતી તે પણ ભાન ભૂલી ગઈ. જેની કુક્ષીએ ચક્રવર્તિ જેવો પુણ્યાત્મા જન્મ્યો હોય તે આવી કુસંગી બને ખરી ? દીકરો હવે મોટો થયો છે ને હું આ શું કરી રહી છું ? શું મને આવું વર્તન કરવું શોભે છે ? એવો પણ વિચાર ન કર્યો. દીર્ઘરાજાને તો નિશ્ચય થઈ ગયો

છે કે બ્રહ્મદત્તકુમાર વિફર્યા છે પણ કામાંધ રાણીની આંખ ઊઘડતી નથી. હજુ પણ તે રાણી રાજાને કેવા મોહભર્યા શબ્દો કહેશે તે અવસરે.

ચરિત્ર :– ઉજ્જૈની નગરીનો ભીમ જેવો ભડવીર ભીમસેન રાજા આજે રાંક બની ગયો છે. એક વખત જ્યાં પાણી માંગે ત્યાં દૂધ હાજર થતા, જ્યાં રોટી માંગે ત્યાં મિષ્ટાન્ન મળતા તેના બદલે આજે બિચારા એક લૂખી સૂકી રોટી માટે તરફડે છે. કર્મે કેવી બેહાલ દશા કરી દીધી ! ભીમસેન લક્ષ્મીદત્ત શેઠની દુકાનના ઓટલે બેઠો ને શેઠની ઘરાકી વધી ગઈ. શેઠે પૂછયું કે, ભાઈ! તું કોણ છે ને કયાંથી આવ્યો છે? શા માટે આવ્યો છે? તે મને વિના સંકોચે ખુશીથી કહે. શેઠના આવા સહાનુભૂતિભર્યા શબ્દો સાંભળીને ભીમસેન બોલ્યો

મૈં ક્ષત્રિયકી જાત શેઠજી, ઉજ્જૈની સે આયા,
પેટ ભરનકે કારણ ભટકા, ઈસ વસ્તીમેં આયા.

હે શેઠ ! હું જ્ઞાતિએ ક્ષત્રિય છું ને ઉજ્જૈની નગરીથી આવું છું. મારા પૂર્વના પાપકર્મોનું ફળ ભોગવી રહ્યો છું. ઉદરપૂર્તિ કરવા માટે આ નગરમાં આવ્યો છું. ભીમસેનની દયાજનક સ્થિતિ જોઈને શેઠનું હૈયું દયાથી છલકાઈ ગયું. તે બોલ્યા : ભાઈ ! ખરેખર તારું મુખડું જોતાં અને તારા બોલવા ચાલવા ઉપરથી એમ લાગે છે કે તું કોઈ સારા ઘરનો માણસ છે પણ તારા પૂર્વભવના કોઈ પાપોદયે તું દુઃખી બન્યો છે પણ ચિંતા ન કરીશ. આજથી મારી દુકાને રહેજે ને કામ કરજે. આ શેઠના મનમાં એમ છે કે જો આ મારી દુકાને રહી જાય તો મારું કામકાજ બરાબર ચાલે ને હું મોટો શ્રીમંત બની જાઉં. ભીમસેનને તો અત્યારે જે રાખે તેને ત્યાં જવું એવા ભાવ હતા. તેણે કહ્યું, શેઠજી ! આપે તો દયા કરીને મને આપની દુકાને રહેવાનું કહ્યું પણ હું કંઈ એકલો નથી. મારી પત્ની અને બે બાળકો છે. તેમને હું આ નગરીની બહાર, સરોવરની પાળે, આંબાના વૃક્ષ નીચે બેસાડીને આવ્યો છું. એ લોકો મારી રાહ જોતા હશે,

"શેઠનું શરણું મળતાં થયેલો આનંદ" :–શેઠે કહ્યું–ભાઈ ! તું તારા કુટુંબને ખુશીથી અહીં લઈ આવ. એ બધાનો મારે ત્યાં સમાવેશ થઈ જશે. મારે તારા જેવા માણસની જરૂર છે. હું આવા માણસની શોધમાં હતો ત્યાં અનાયાસે તું મળી ગયો, એટલે મને આનંદ છે. મારી બધી ચિંતા દૂર થઈ ગઈ છે. બીજું હું તને મારી વાત કરું. અમે પાંચ સગા ભાઈઓ હતા. અમારા દરેક વચ્ચે અતૂટ પ્રેમ હતો. અમે બધા જૈન ધર્મનું પાલન કરનારા હતા. મોટા થતાં અમારા માતા પિતાએ ઉત્તમ કુળની કન્યાઓ સાથે અમારા લગ્ન કર્યા. અમારા પાંચે ભાઈઓનો જીવનવ્યવહાર ખૂબ આનંદપૂર્વક ચાલતો હતો. સૌ સુખ અને સંપથી દિવસો વ્યતીત કરતા હતા, પણ પાપોદય જાગ્યો કે મારા ચારે ભાઈઓ સ્વર્ગવાસ પામ્યા. હું અને મારી પત્ની બંને જીવતા રહ્યા છીએ, તેથી મારા ભાઈઓના ઘર ખાલી પડયા છે. તેમાંથી તને એક

ઘર રહેવા માટે આપીશ, તેમાં તું સુખેથી રહેજે. જા, તું જલદી તારા કુટુંબ પરિવારને લઈ આવ. તમે બધા મારે ઘેર જમજો. જો તમને મારે ઘેર જમવાનું ન ફાવે તો હું અનાજ આપીશ, તમે તમારી જાતે રસોઈ બનાવી લેજો ને પહેરવા માટે કપડાં આપીશ. આ ઉપરાંત મહિને બે રૂપિયા પગાર આપીશ. તું મારી દુકાને કામકાજ કરજે ને તારી સ્ત્રી મારા ઘરનું કામકાજ કરશે. ખાવા પીવા ઉપરાંત તમારે બીજે કોઈ વસ્તુની જરૂર હશે તો હું જરૂર પૂરી કરીશ. તારા આખા કુટુંબની ચિંતા મારા માથે. બોલ, તને આ વાત મંજૂર છે ને? આ રીતે લક્ષ્મીપતિ શેઠે પૂછયું, એટલે ભીમસેનના આનંદનો પાર ન રહ્યો. પોતાની રહેવાની, ખાવાની વગેરે ચિંતા સહેજે દૂર થતી હતી તેથી ભીમસેન કૃતજ્ઞ ભાવે બોલી ઊઠયો કે ધન્ય છે શેઠ તમને! આપનો ઉપકાર હું કદી નહિ ભૂલું. તો જા ભાઈ....જલદી તારા કુટુંબને લઈ આવ. ભીમસેને કહ્યું: શેઠજી! અમે છેલ્લા ત્રણ ચાર દિવસથી ભૂખ્યા છીએ. અમે અનાજનો એક કણ પણ જોયો નથી, તો ખાવાની તો વાત જ કયાં કરવી? ભૂખથી સૌના પેટ ભડકે બળી રહ્યા છે. મારા બે બાલુડા તો પાણી વિના જેમ માછલી તરફડે તેમ ખાધા વિનાના ભૂખ્યા તરફડે છે. પત્નીને પણ ચાલતાં આંખે અંધારા આવે છે, તો શેઠ તેમની ભૂખ મટે તેમ કરો. પછી હું લાવીશ.

લક્ષ્મીપતિ શેઠે બન્દરમાંથી મગફળી, ગોળ, સેવ અને ચવાણું વગેરે મંગાવી આપ્યું. એ બધું લઈ ને ભીમસેન જલદી જલદી હર્ષભેર સરોવરની પાળે પુત્રોને અને પત્નીને બેસાડયા હતા ત્યાં આવ્યો. અત્યાર સુધી બાળકોની ભૂખનું દુઃખ જોયું જતું ન હતું. છોકરાઓ કહે, બાપુજી! તમે અમારા માટે ખાવાનું લાવ્યા? એમ કહીને છલાંગ મારીને બાળકો રાજાને વળગી પડયા. ભીમસેને કહ્યું: બેટા! લો, હું તમારા માટે ભોજન લાવ્યો છું તે ખાઈ લો. એમ કહીને ભીમસેને પોતે લાવેલું ભાતું આપ્યું અને સરોવરમાંથી ઠંડું પાણી લાવી આપ્યું. ભૂખ્યા પેટમાં ભોજન જવાથી કેતુસેન અને દેવસેનના પેટમાં ઠંડક થઈ અને તેઓ ઉત્સાહમાં આવીને કહે છેઃ પિતાજી! આજે તો તમે બહુ સરસ ખાવાનું લાવ્યા. હા, બેટા! તમારા પુણ્યે મળી ગયું છે. પુત્રો શાંત થયા એટલે ભીમસેન અને સુશીલાને શાંતિ થઈ, પછી બંને જણાએ વધેલું ભાતું ખાઈ લીધું ને સરોવરનું શીતળ પાણી પીધું. ખાઈપીને નિવૃત્ત થયા પછી સુશીલાએ કહ્યું: સ્વામીનાથ! આપણું આજનું દુઃખ દૂર થયું પણ હવે પછી શું? ભીમસેન સુશીલાને શું કહેશે તે અવસરે.

(આજે પૂ. પરસનબાઈ મહાસતીજીની પુણ્યતિથિ હોવાથી પૂ. મહાસતીજીએ તેમના વિનય, વૈયાવચ્ચની ખીલેલી જીવનવાડી અને સેવાના સુમનોની સૌરભથી મઘમઘતાં જીવનનું ટૂંકમાં પણ ખૂબ સુંદર રીતે વર્ણન કરીને તેમને ભાવભીની શ્રદ્ધાંજલી અર્પી હતી.)

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૨૭

શ્રાવણ વદ ૩ ને શુક્રવાર **તા. ૧૦-૮-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કરુણાનિધિ શાસ્ત્રકાર ભગવંત જગતના જીવોને ઉપદેશ આપતા સમજાવે છે કે, હે ભવ્ય જીવો ! તમે બધા સુખના અભિલાષી છો. રાત-દિવસ સુખને ઝંખો છો અને તે સુખો મેળવવા માટે દોડાદોડી કરી રહ્યા છો પણ સાચું સુખ કયું છે, તે સુખ કેવી રીતે મળે છે તે સમજ્યા વિના સાચા સુખની પ્રાપ્તિ થતી નથી. આજનો માનવી ઇન્દ્રિયોના મનગમતા વિષયોમાં સુખ માને છે પણ એ સાચું સુખ નથી. **इन्द्रियप्रभवं सौख्यं सुखाभासं न तत्सुखम्।** ઇન્દ્રિયોના વિષયોમાં ઉત્પન્ન થતું સુખ તે વાસ્તવિક સુખ નથી પણ સુખાભાસ છે. સાચું સુખ કોને કહેવાય તે જાણો છો ?

दुक्खी सुखं पत्थयति, सुखी मिच्चेापि इच्छति ।
उपेक्खा पन सन्तत्ता, सुख मिच्चेव भासिता ॥

આ સંસારમાં દુઃખી માણસ સુખની ઇચ્છા કરે છે, સુખી માણસ અધિક સુખની ઇચ્છા કરે છે પરંતુ સુખ અને દુઃખમાં ઉપેક્ષા-તટસ્થ ભાવ રાખવો એ વસ્તુતઃ સાચું સુખ છે. આત્માના સુખ આગળ સંસારના ભૌતિક સુખો કંઈ વિસાતમાં નથી.

શાસ્ત્રકાર ભગવંતો આત્માના સુખ અને ભૌતિક સુખોની તુલના કરતા સમજાવે છે કે ચૌદ રાજલોકમાં રહેલા દરેક આત્માનું ભોગજન્ય પૌદ્ગલિક સુખ એકઠું કરવામાં આવે અને બીજી બાજુ જે આત્મિક સુખની લહેજત માણી રહ્યા છે એવા સિદ્ધ ભગવંતોનું સુખ મૂકવામાં આવે તો ચૌદ રાજલોકના સમગ્ર જીવોનું સુખ સિદ્ધના અનંતમા ભાગે પણ નહિ આવે. એ સુખની લહેજત તો અનુભવવાથી માણી શકાય છે. કોઈ કહે કે એ સુખનું વર્ણન કરી બતાવો તો આચારાંગ સૂત્રમાં ભગવાને કહ્યું કે કે **"उवमा जस्स न विज्जइ, अरुवी सत्ता, अपयस्य पयं नत्थि।"** સિદ્ધ ભગવંતના સુખ માટે આ સંસારમાં કોઈ ઉપમા નથી. તેઓ અરૂપી સત્તાવાળા છે. સ્થૂલ અવસ્થા રહિત છે જેથી તેમનું વર્ણન કરવા માટે કોઈ પદ નથી. સિદ્ધ ભગવંતના સુખની ઉપમા અપાય એવા કોઈ શબ્દો આપણી પાસે નથી. ઉપમા કોની અપાય ? સામે તેના સમાન બીજી કોઈ વસ્તુ વિદ્યમાન હોય તેની અપાય ને ? તમે છાશ પીઓ છો, તે મીઠી હોય તો કહો છો ને કે આજે છાશ દૂધ જેવી મીઠી છે. છાશની સામે દૂધ છે તો તમે છાશને દૂધની ઉપમા આપી શકયા પણ જેની સામે બીજી કોઈ પણ વસ્તુ જ ન હોય તો તેને કોની ઉપમા આપી શકાય ?

સોનાની સરખામણી સોના સાથે થાય, પિત્તળ સાથે ન થાય. બીજા કોઈ પણ સોનાને સો ટચના સોના સાથે સરખાવીને કહી શકીએ કે આ સોનામાં ને પેલા

સોનામાં કેટલો ફરક છે પણ જે સોનું જ નથી માત્ર પિત્તળ જ છે તેને સરખાવીને શું કહી શકાય ? સો (૧૦૦)ની સંખ્યાને કોઈ પણ સંખ્યાથી ભાગો તો ભાગમાં કંઈક આવે પણ શૂન્યનો શૂન્યની સાથે ભાગાકાર કરશો તો શું આવશે ? શૂન્ય જ આવે. તેમ જે સુખ નથી તેને સુખ માનીને દોડી રહ્યા છો પણ એ તમારા સુખો શૂન્ય જેવા છે, માટે ભૌતિક સુખોની આત્મિક સુખો સાથે સરખામણી કરી શકાતી નથી. યાદ રાખો, સંસારનું સુખ કાલ્પનિક, ભ્રમપૂર્ણ અને તુચ્છ છે. છતાં તમે એમ માનીને બેઠા છો કે એ સાચું સુખ છે. જેમ નાના બાળકો પોતાનો અંગૂઠો ચૂસતા હોય છે તો તેને છોડાવવા પ્રયત્ન કરો છો પણ તે અણસમજુ બાળકો છોડતા નથી, કારણ કે તેમાં એને આનંદ છે. અંગૂઠામાં કાંઈ નથી છતાં છે તેમ માનવું તે ભ્રમ છે. આત્માના સુખ આગળ ભૌતિક સુખ શૂન્ય જેવું છે. સંસારનો એક પણ પદાર્થ ધન, વૈભવ, સત્તા, સંતાનો, પત્ની વગેરે સુખના સાધનો નથી. એ પદાર્થો જેમ જેમ મળતા જાય તેમ તેમ સુખને બદલે દુઃખ વધતું જાય છે. જો એમાં સુખ હોત તો મહાનપુરુષો એ વૈભવને છોડીને શા માટે ચાલી નીકળ્યા હોત ! એ મહાનપુરુષો એમ સમજતા હતા કે સંસારના સુખો પાપજનક ને દુઃખવર્ધક છે. એ સુખોમાં મસ્ત બનીને **"સુખ હસી હસીને ભોગવીએ તો પાપ વળગી જાય અને દુઃખ હસી હસીને ભોગવીએ તો પાપ સળગી જાય."** અજ્ઞાની જીવો એમ માને છે કે **"हत्थागया ईमे कामा"** જે કામભોગ હાથમાં આવ્યા છે તેને શા માટે ન ભોગવવા ? ભવિષ્યકાળના સુખો માટે વર્તમાનના સુખોને શા માટે જતા કરવા જોઈએ ? તમે તો પ્રત્યક્ષ દેખાય તેને માનનારા છો. ભૌતિક પદાર્થોમાં જેટલો રાગ તેટલું દુઃખ. જો તમે શ્રાવક હો તો આવા સુખો તમને તુચ્છ લાગે. સુખની ઈચ્છા થશે તો પણ એમ જ થશે કે આવા સુખો શા કામના ? આ સુખની મારી ઇચ્છા જ ખોટી છે. **"જેને સુખની ઈચ્છા થવા છતાં સુખ ખોટા લાગે તે શ્રાવક છે."**

જેમ કોઈ એક તદ્દન ગરીબ માણસ હતો. પાસે એક રાતી પાઈ પણ ન હતી. એવી કંગાલ હાલતમાં એ સુરત કે મુંબઈ જેવા મોટા શહેરમાં આવ્યો. ખૂબ મહેનત કરીને પૈસા કમાયો. એના પુણ્યોદયે કોઈ એવી સારી લાઈન એના હાથમાં આવી ગઈ. પુણ્યોદય જાગતા થોડા સમયમાં એ પાંચ લાખ રૂપિયા કમાઈ ગયો. હવે તમે વિચાર કરો કે જેની પાસે રાતી પાઈ પણ ન હતી એને રૂ. પાંચ લાખ મળી જાય તો કેટલો આનંદ થાય ? મૂડી વધતા વધતા આ માણસની પાસે આઠ, દશ લાખ રૂપિયા થઈ જાય તો એના આનંદની સીમા રહે ખરી ? એ આનંદ કેવો હોય તે તો તમે જાણી શકો. એ બાબતમાં તમે ચતુર છો પણ ચતુર કયાં નથી તે કહું ? જીવતત્ત્વ, અજીવતત્ત્વ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ કોને કહેવાય એ જાણો છો ? એ તત્ત્વોને જે સમજે તેનો આનંદ કેવો હોય એની તમને ખબર નહિ

પડે, કારણ કે એ બાબતમાં તમે ચતુર નથી. વેપારમાં દશ લાખ મળ્યા પણ ફટકો લાગતાં એ દશ લાખના ઘટતા ઘટતા પાંચ લાખ થઈ જાય તો શું થાય? શ્રોતામાંથી જવાબ :– અફસોસનો પાર ન રહે. જ્યારે પહેલા પાંચ લાખ મળ્યા ત્યારે અત્યંત આનંદ થયો. મૂડી વધીને દશ લાખ થયા ત્યારે એથી અધિક આનંદ થયો. એમાં ઘટાડો થઈને દશ લાખમાંથી પાંચ લાખ થયા ત્યારે તે માણસ ખેદ કરવા લાગ્યો. અસ્વસ્થ થઈ ગયો. તેનું કારણ શું? પહેલાં એને એમ હતું કે મારી મૂડી વધી રહી છે એટલે એને આનંદ હતો, પછી એને એમ થયું કે મારી મૂડી ઘટી ગઈ એટલે ખેદ થયો. જો ધનમાં સુખ હોત તો પહેલા પાંચ લાખ મળ્યા ત્યારે જે આનંદ હતો તે ઘટીને પાંચ લાખ થયા ત્યારે પણ રહેવો જોઈએ, કારણ કે ભલે મૂડી ઘટી ગઈ પણ પાંચ લાખ તો છે ને? બરોબર જો આ સાચું સુખ હોત તો દુઃખ ન થાત. એટલા માટે જ્ઞાની પુરુષો કહે છે કે આ સંસારનું સુખ કાલ્પનિક છે.

ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં પણ એવી જ વાત આવી છે કે ચુલણી રાણી અને દીર્ઘરાજાના દુષ્કૃત્યને સુધારવા માટે બ્રહ્મદત્તે ટકોર કરી તો તેઓને બ્રહ્મદત્ત કંટક રૂપ લાગ્યો, તેથી એ કંટકને પોતાના સુખના માર્ગમાં આડો આવતો હોવાથી એનું નિકંદન કાઢવા ઇચ્છે છે. દીર્ઘરાજા રાણીને કહે છે કે, તારો પુત્ર આપણી બધી વાત જાણી ગયો છે માટે હવે હું તારી પાસે આવીશ નહિ. દીર્ઘરાજાની વાત સાંભળીને વિષયાંધ બનેલી ચુલણી રાણી કહે છે કે, નાથ! તમે આ શું બોલ્યા? તમારા વિના તો હું એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી. તમે મારા પુત્રની બીકથી ડરો નહિ. એ તો હજુ નાનો છે. એને આવી કંઈ ખબર પડતી નથી માટે એ આપણા સુખની આડે નહિ આવે. આ તો એણે કોઈ રમત ઊભી કરવા લાગે છે તેથી આ કાગડો અને હંસલી લઈ આવીને આવું બોલે છે. જુઓ, ચુલણી રાણી કેટલી મોહાંધ બની છે! એને તો એમ લાગે છે કે મારો પુત્ર હજુ નાનો છે. એને સંસાર બાબતની કંઈ ખબર પડતી નથી, પણ એ વાત ભૂલી ગઈ છે કે હું કોની માતા છું? મારો પુત્ર ભવિષ્યમાં કોણ બનનાર છે! હવે તો પુત્ર મોટો થયો છે. શું એ સમજી શકે તેમ નથી? પણ કામાંધ માણસોની સ્થિતિ જ એવી હોય છે. કામાંધ માનવ પોતે જે કંઈ કરે છે તે કોઈ જોતું નથી તેમ માને છે, આટલા માટે જ્ઞાની પુરુષો કહે છે કે કામાંધ જેવો બીજો કોઈ આંધળો નથી. **"कामातुराणं न भयं न लज्जा।** કામાતુર પુરુષોને કોઈનો ભય પણ નથી લાગતો કે કોઈની લજ્જા પણ નથી આવતી. લાજ શરમ તો નેવે જ મૂકી દે છે.

"ભોગમાં અંધ બનેલી ચુલણીએ આપેલો જવાબ" :– લાજ શરમ છોડીને ચુલણી રાણીએ કહ્યું કે, નાથ! તમારો વિયોગ હું સહન કરી શકીશ નહિ. મારા પુત્ર વિષે તમે કદી એવી શંકા કરશો નહિ. રાજા કહે છે રાણી! તમને પુત્ર

પ્રત્યે વાત્સલ્ય છે એટલે સાચી વાત સમજી શકતા નથી. બાકી હવે એ આપણા સુખમાં કાંટો બની ગયો છે. હું તો માનું છું કે એ કંટકને ઉખેડીને ફેંકી દેવો જોઈએ. નહિતર આપણા ઉપર ચઢી બેસે, માટે જો હું તને વહાલો હોઉં, જીવનભર મારી સાથે રહેવા ઈચ્છતી હોય તો હું સ્પષ્ટ શબ્દોમાં તને કહું છું કે તારા પુત્ર બ્રહ્મદત્તને તારે પરલોક ભેગો કરી દેવો પડશે. તે સિવાય હવે મારાથી અહીં રહેવાશે નહિ, કારણ કે આપણી મદમસ્તી ભરી દુનિયામાં એ પથરો થઈને પડયો છે. હવે કાં હું તારો નહિ કે કાં એ તારો નહિ ! બોલ, હવે તારે કોણ જોઈએ ? પુત્ર કે પ્રિયતમ ! એ બાબતનો નિર્ણય કરી લેવાની પળો આવી ચૂકી છે. દીર્ઘરાજાના વચનો સાંભળીને ચુલણી રાણી કહે છેઃ એ મારા પ્રાણાધાર ! એમાં પૂછો છો શું ? તમારા માટે તો હું મારા પ્રાણ પાથરી દેવા તૈયાર છું. આપણા સુખમાં ડખલગીરી કરનાર કાળોતરા નાગ જેવા એ બ્રહ્મદત્તને પરલોક પહોંચાડવો એમાં તે શી મોટી વાત છે ? કારણ કે હજુ એ કંઈ રાજા બની ગયો નથી. રાજ્યની તમામ સત્તાનો દોર આપણા હાથમાં છે. આપણી સત્તાથી આપણે જે કરવું હોય તે કરી શકીએ તેમ છીએ.

બંધુઓ ! જુઓ, આ સંસાર કેવો સ્વાર્થમય છે ! એક તો વિષયવાસનાનું હલાહલ ઝેર અને બીજું સત્તાનું અભિમાન માણસને કયાં લઈ જાય છે ? સત્તાના મદમાં માણસ પોતાનો વિવેક અને જ્ઞાન પણ ગુમાવી દે છે. માતા જેવી માતા બનીને પોતાની મલિન વાસનાનું પોષણ કરવા ખાતર પુત્રને પરલોક પહોંચાડવા ઊઠી છે, કારણ કે એને સત્તાનું અભિમાન છે કે હું રાજ્યની સ્વામિની છું. મારી ઇચ્છા પ્રમાણે કરી શકું તેમ છું. એ છોકરો મારા સુખમાં આડે આવનાર કોણ ? મોહ અને અભિમાનમાં એને ખબર નથી પડતી કે હું આવું દુષ્કૃત્ય કરવા બેઠી છું તો મારું શું થશે ? આ પાપકર્મનું પરિણામ કેવું વિષમ આવશે ? આ સત્તાની ખુમારી એક દિન મારી કેવી ખુવારી કરી નાંખશે ? એ તો પોતાના સુખમાં મસ્ત રહે છે, પછી એને કોઈની સારી વાત પણ ગમતી નથી. જ્યારે પોતાના પાપકર્મનું ફળ ભોગવવાનો વખત આવે ત્યારે એની સાન ઠેકાણે આવે છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું :

એક મોટા શહેરમાં એક શ્રીમંત શેઠ શેઠાણી મોટા આલેશાન ભવન જેવા બંગલામાં રહેતા હતા ને સંસારના સુખ ભોગવતા હતા. એમને ધનનું ખૂબ અભિમાન હતું. અભિમાન તો કેવું ? એમના આંગણે કોઈ ગરીબ દુઃખી માણસ માંગવા આવે તો એનું મુખ જોવામાં પણ આ શેઠ શેઠાણી નાનપ સમજતા. અભિમાન માનવીને ઊંચેથી નીચે પછાડનાર છે. એક અભિમાનની પાછળ ઘણા દુર્ગુણો ખેંચાઈને આવે છે. જુઓ, અભિમાનની પાછળ ક્રોધ ખેંચાઈને આવે છે ને તૃષ્ણાની પાછળ માયા ખેંચાઈને આવે છે. આમ ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયોના મૂળ ઉપર સંસાર વૃક્ષ લીલુંછમ ને ફાલ્યું ફૂલ્યું રહે છે. દશવૈકાલિક સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે,

कोहो य माणो य अणिग्गहीया, माया य लोभो य पवड्ढमाणा ।
चत्तारि एए कसिणा कसाया, सिंचन्ति मूलाइं पुणब्भवस्स ॥ અ. ૮ ગાથા ૪૦

વશ નહિ કરેલા ક્રોધ, માન, માયા અને લોભ વૃદ્ધિ પામતા રહેતા આ ચારે સંપૂર્ણ અને ક્લિષ્ટ કષાયો પુનર્જન્મ રૂપી વૃક્ષના મૂળને અથવા આઠ કર્મરૂપી મૂળોને અથવા મિથ્યાત્વ આદિને અશુભ ભાવરૂપી પાણીથી સિંચે છે એટલે જન્મ મરણની વૃદ્ધિ કરાવે છે, પણ અભિમાનમાં અંધ બનેલાને આ બાબતનો ખ્યાલ કયાંથી આવે ?

એક દિવસ આ શ્રીમંત શેઠને ઘેર એક સંન્યાસી સંત પધાર્યા. સંન્યાસીને પોતાને ઘેર આવતા જોઈને શેઠના મનમાં થયું કે આ બાવો ભીખ માંગવા નીકળી પડયો છે. એને કંઈ કામધંધો છે ? જાણે એમના માટે જ ન કમાતા હોઈએ ! જેથી આપણા ઘેર ભીખ માંગવા આવ્યો છે. શેઠે પોતાના બંગલાને સાચવનાર ગુરખાને બોલાવીને કહ્યું કે, જા, આ બદમાશ, હરામીને ફિટકારીને બહાર કાઢો. સાધુ શેઠના મુખના ભાવ જોઇને સમજી ગયા કે હું આવ્યો તે શેઠને ગમ્યું નથી. ત્યાં તો ગુરખો આવીને રૂઆબથી કહે છે, બાવાજી ! ખડે રહો. અંદર જાનેકી મનાઈ હૈ. સાધુએ કહ્યું: ભાઈ ! તારા શેઠને જઈને કહે કે એ મારા પર ગુસ્સો ન કરે. હું તમારી પાસે માંગવા નથી આવ્યો પણ તમને કંઈક આપવા માટે આવ્યો છું, એટલે ગુરખાએ જઈને શેઠને વાત કરી કે, શેઠજી ! મહારાજ તો એમ કહે છે કે હું તમારી પાસે કંઈ માંગવા નથી આવ્યો પણ તમને કંઈક દેવા આવ્યો છું, એટલે શ્રીમંત શેઠે પોતાના મુનિમને બોલાવીને કહ્યું કે, આ બાવો શું કહે છે ? એ શું દેવા આવ્યો છે ? એની વાત સાંભળીને એને ઝટ રવાના કરો.

બંધુઓ ! અભિમાન કેટલું ભયંકર છે ! સાધુ બિચારા એની દયા ખાઈને એને કંઈક દેવા માંગે છે છતાં એમના સામું જોવું પણ ગમતું નથી તો પછી એમની વાત સાંભળવાની તો વાત જ કયાં ! શેઠના હુકમથી મુનિમજી સાધુ પાસે આવ્યો ને પૂછયું મહારાજ ! તમારે મારા શેઠને શું આપવું છે ? ત્યારે સાધુએ કહ્યું મુનિમજી ! તમારા શેઠજી જે ચોપડામાં જમા-ઉધારનો હિસાબ લખે છે તે ચોપડો મારી પાસે લાવો. સંતના કહેવાથી મુનિમજીએ ચોપડો એમના હાથમાં આપ્યો. સાધુએ ચોપડો ખોલીને પહેલાં જ પાને એક લીટીમાં કંઈક લખ્યું ને પછી ચોપડો બંધ કરીને ચાલ્યા ગયા. મુનિમે જૂનો ચોપડો આપ્યો હતો. એણે કબાટમાં ચોપડો મૂકી દીધો. શેઠને તો અભિમાનમાં એ જાણવાની પણ કયાં પડી હતી કે સાધુ ચોપડામાં શું લખી ગયા ? મુનિમજીએ કે શેઠે કોઈએ કંઈ વાંચ્યું નહિ.

કર્મરાજાના કાયદા અને નિયમ બહુ વિચિત્ર છે. કર્મરાજા ભલભલાના અભિમાન એક રાતમાં તોડાવીને રાયને રંક બનાવી દે છે ને રંકને રાય બનાવી દે છે. ચમરબંધીને

ચીંથરેહાલ અને ચીંથરેહાલને ચમરબંધી બનાવી દે છે. કોના અભિમાન કાયમ ટકી શકે છે? રાવણ જેવો રાજા પણ એક દિવસ અભિમાનના કારણે રાખમાં રોળાઈ ગયો. એનું નામનિશાન ન રહ્યું. આ શેઠને ત્યાં પણ એવું જ બન્યું. શેઠનો ધમધોકાર ચાલતો વેપાર ધીમે ધીમે મંદ પડયો ને એક દિવસ શેઠને વેપારમાં મોટી ખોટ આવી. મોટો ધક્કો લાગ્યો તેથી શેઠની એવી પરિસ્થિતિ આવી ગઈ કે ખાવાનાં સાંસા પડયાં. આલેશાન ભવન જેવા વિશાળ બંગલા, ગાડી, વાડી, શેઠાણીના દાગીના બધું વેચાઈ ગયું. એક વખતના જિગરજાન દોસ્તો પણ દુશ્મન બની ગયા. એવા જબ્બર પાપકર્મનો ઉદય થયો કે બધું ચાલ્યું ગયું. પાપ કંઈ કોઈને છોડે છે? વહેલા કે મોડા કોઈના પણ પાપ પ્રગટ થયા વિના રહેતા નથી.

ન પાપ અંધારે રહે, છાનું કરો કે ચોકમાં,
અંતે પુકારી ઊઠશે, આ લોક કે પરલોકમાં.

શેઠના પાપ આજે પ્રગટ થયા એટલે તે દુઃખી દુઃખી થઈ ગયા. સગાંવહાલાં કે સ્વજન સંબંધી કોઈ એમના સામું જોતા નથી. શેઠાણીનું અભિમાન ઓસરી ગયું. એમના હાથ હેઠા પડી ગયા. પૈસાની મગરૂરીમાં માણસ ધરતીને ધ્રૂજવે છે ત્યારે એને કોઈ ગરીબના સામું જોવું ગમતું નથી, પણ જ્યારે પાપકર્મનો ઉદય થાય છે ત્યારે ખ્યાલ આવે છે કે ગરીબાઈના દુઃખ કેવાં હોય છે! હવે શેઠ શેઠાણીને પોતાનું જીવન અકારું લાગ્યું. એમને લાગ્યું કે આવી સ્થિતિમાં જીવવું તેના કરતાં આપઘાત કરીને જીવનનો અંત લાવીએ. બંને જણા આપઘાત કરવા તૈયાર થયા તે જ વખતે શેઠાણીના મનમાં એક ચમકારો થયો. અચાનક કંઈ યાદ આવ્યું હોય તેમ શેઠને કહ્યું:

'સ્વામીનાથ! તમને યાદ છે? એક દિવસ આપણા આંગણે સાધુ મહાત્મા આવ્યા હતા. તમે એને કાઢી મૂકતા હતા ત્યારે એમણે કહ્યું કે, હું તમારી પાસે લેવા નથી આવ્યો પણ દેવા આવ્યો છું. તમે ગુસ્સે થઈને લપમાંથી છૂટવા મુનિમજીને મોકલ્યા હતા. એમણે મુનિમ પાસે ચોપડો મંગાવ્યો ને પછી ચોપડામાં એ કંઈ લખી ગયા હતા. તો આપણે આ દુનિયામાંથી વિદાય લઈએ તે પહેલાં એ ચોપડો તપાસી લઈએ.' શેઠને શેઠાણીની વાત ગમી એટલે શેઠ શેઠાણી ચોપડાના પાનાં ફેરવવા લાગ્યા, ફેરવતા ફેરવતા એક જુના ચોપડામાં પહેલા પાને લખ્યું હતું કે,

"વહ દિન ન રહા તો યહ દિન કયા રહેગા?"

આ વાકય શેઠે વાંચ્યું ને એના ઉપર મનન કર્યું તો સમજાયું કે મહાત્માએ એમ લખ્યું છે કે શેઠ! તમારા સુખના દિવસો સદા માટે ન રહ્યા તો આ દુઃખના દિવસો પણ કયાં સુધી રહેવાના છે? સુખ અને દુઃખ એ તો સંસારની ઘટમાળ છે, માટે સુખમાં છલકાઓ નહિ ને દુઃખમાં ગભરાઓ નહિ. તન, ધન અને યૌવન ચાર દિવસના ચમકારા છે માટે એનો ગર્વ ન કરો. સંતના એક વાકયનું ગૂઢ રહસ્ય સમજીને શેઠના જીવનમાં શાંતિ થઈ ગઈ ને વિચાર કરવા લાગ્યા કે સંત મહાત્માઓ

કેવા પરોપકારી હોય છે. મેં તો એમના સામું નથી જોયું તો પણ એમણે મારા ઉપર કેવો મહાન ઉપકાર કર્યો! સંતનું એક વચન હૃદયમાં ઊતરી ગયું પછી આપઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો ને બંને જણાં ધર્મમય જીવન ગાળવા લાગ્યા. ફરીને પુણ્યોદય થતાં હતી તે સ્થિતિ આવી ગઈ, પણ અભિમાન ચાલ્યું ગયું એટલે જીવનમાં સદાચાર, નમ્રતા, દયા આદિ અનેક સદ્‌ગુણો ખીલી ઊઠયા, તેથી આખું જીવન પરોપકારમય જીવને જીવ્યા ને આત્માનું કલ્યાણ કર્યું.

આપણે તો અભિમાન ઉપર વાત ચાલતી હતી. સત્તાનો મદ, ધનનો ગર્વ, કેવી બૂરી ચીજ છે! આ શેઠ શેઠાણીને ધનનો કેટલો ગર્વ હતો! પણ સંતના એક વાકયે એમનો ગર્વ ગળી ગયો ને ઠેકાણે આવી ગયા. એમને તો ધનનો ગર્વ હતો તેથી ઠેકાણે આવ્યા પણ ચુલની રાણીને તો એની રાજસત્તાનું અભિમાન છે. બીજું એની દૃષ્ટિ વિકારમય બનેલી છે. જેની દૃષ્ટિમાં વિકાર ભર્યો હોય ને બીજું અભિમાન હોય પછી શું બાકી રહે? ચુલણી રાણી દીર્ઘરાજાના મોહમાં પાગલ બની ને ભાનભૂલી ગઈ છે. એના વિવેકચક્ષુ બંધ થઈ ગયા છે તેથી દીર્ઘરાજાને પ્રેમભર્યા શબ્દો કહે છે. મોહાંધ રાણી પોતાના એકના એક પુત્રને મારી નાંખવાનું કહેતા બોલતી અચકાતી નથી. હજુ આગળ ચુલણી રાણી દીર્ઘરાજાને શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : ભીમસેન અને સુશીલાએ બાળકોને બચરાવ્યા પછી બાધું. ભીમસેન પોતાની તલવાર અને ઢાલ શેઠની દુકાને મૂકીને આવ્યો હતો. બાધા પછી સુશીલાએ પૂછયું: સ્વામીનાથ! તમે આ બધું બાવાનું લઈને તો આવ્યા પણ આપની કેડે ઢાલ ને તલવાર કેમ દેખાતી નથી? હે નાથ! તલવાર અને ઢાલ વેચીને તો બાવાનું નથી લાવ્યા ને? કારણ કે તલવાર અને ઢાલ એ તો ક્ષત્રિયપણાનું ચિહ્ન કહેવાય. ભલે, એક વખત ભૂખ્યા મરી જઈએ પણ એ વેચાય નહિ, એટલે ભીમસેને કહ્યું, સુશીલા! હું તલવાર અને ઢાલ કદી વેચીશ નહિ. અત્યારે પણ કંઈ વેચીને નથી આવ્યો પણ મને લક્ષ્મીપતિ શેઠની સહાય મળી છે. ત્યાં ગયા પછી શું બન્યું ને કેવી રીતે બાવાનું લાવ્યો તે બધી વાત વિસ્તારપૂર્વક કહી સંભળાવી અને કહ્યું, શેઠ બહુ સારા છે. આપણને બંનેને એમને ત્યાં નોકરીએ રાખી લીધા છે. હું એમની દુકાનનું કામ કરીશ ને તારે એમના ઘરનું કામ કરવાનું, બાવા-પીવાનું કપડાં તથા રહેવાનું આપશે. તે ઉપરાંત મહિને બે રૂપિયા પગાર આપશે, માટે આપણે જલદી ત્યાં જવાનું છે. તો આપ બધા હવે ચાલો.

અહાહા! કર્મની કળા વિચિત્ર છે. એક વખતના સત્તાધીશ રાજા અને રાજાના રંગભવનમાં સંસારનું મહાસુખ ભોગવનારી રાણી આજે એક વણિકને ઘેર નોકર બનીને રહેશે. કેવી કરુણાજનક પરિસ્થિતિ! અત્યારે એમના ગાઢ કર્મનો ઉદય છે એટલે ભીમસેન રાજાએ આટલી બધી મજૂરી કરવાની છતાં માત્ર મહિને બે જ

રૂપિયાનો પગાર આપવાનું કહ્યું તે સ્વીકારી લીધું. સુશીલાએ કહ્યું: નાથ! તમે નક્કી તો કરી આવ્યા પણ આપણે રહેવાનું કયાં? એ શેઠના ઘરમાં હું નહિ રહું. એક તો મારું રૂપ છે ને બીજું યુવાની છે. માણસને પોતાનું રૂપ પણ કયારેક દુઃખદાયી બને છે. મુશ્કેલીમાં મૂકી દે છે. આજે આપણા પાપકર્મનો ઉદય છે. તેમાં વળી જો શેઠની દૃષ્ટિ બગડે તો માથે દુઃખના ડુંગરા તૂટી પડવામાં બાકી નહિ રહે ત્યારે ભીમસેને કહ્યું: સુશીલા! એ શેઠે મને કહ્યું છે કે, મારા ચાર ભાઈ ગુજરી ગયા છે. એમના ઘર ખાલી પડયા છે. તેમાંથી આપણને એક ઘર રહેવા માટે આપશે એટલે આપણે ત્યાં રહેવાનું, કામ કરવા માટે મારે દુકાને જવાનું ને તારે એમના ઘેર જવાનું.

સુખશાતાસે સમય કટેગા, કરસ્વા ઉનકા કામ,
આયે ચાલ દુકાન શેઠજી, ચારેં કો નિજઘર લાયા.

આપણા દુઃખના દિવસો ત્યાં પસાર થશે માટે તમે બધા જલદી ચાલો. આપણે શેઠને ત્યાં જઈએ. ભીમસેનના કહેવાથી સુશીલારાણી, દેવસેન અને કેતુસેન ચારે જણાં ધીમા પગલે ચાલતાં ચાલતાં લક્ષ્મીપતિ શેઠની દુકાને આવ્યા. શેઠ એ ચારેને લઈને પોતાને ઘેર આવ્યા. આ શેઠ તો ભલા ભોળા ને દયાળુ હતા. એમને સંતાન પણ ન હતું. પરિવારમાં શેઠ શેઠાણી બે જણા હતા. શેઠાણીનું નામ ભદ્રા હતું પણ નામ પ્રમાણે એનામાં ગુણ ન હતા.

"નામ ભદ્રા કામ કુભદ્રા":–એનું નામ તો મઝાનું ભદ્રા હતું પણ સ્વભાવથી એ કુભદ્રા હતી. પોતાનું કામ કોઈની સાથે લડી ઝઘડીને કરાવી લેવામાં હોશિયાર હતી. તેના શરીરનો રંગ કાળો, મુખ ભયંકર બિહામણું, તેમ જ આંખો બિલાડી જેવી હતી. જેને જોતાં ભય લાગે એવો એના શરીરનો દેખાવ હતો. એને ક્રોધ આવે ત્યારે રાક્ષસણી જેવી બની જતી કે જાણે હમણાં બધું બાળી મૂકશે એમ લાગતું. એની જીભ તો ઘણી લાંબી ને કડવી હતી. જાણે જીભમાં ઝેર ભર્યું ન હોય! પરનિંદા કરતાં તો એની જીભ સ્હેજ પણ થાકતી ન હતી. જ્યારે કોઈની સાથે ઝઘડો થાય ત્યારે તો એની જીભ તીખી મરચા જેવી બની જતી. કૂડ કપટ અને કુકર્મો કરવામાં તો એ પૂરી પાવરધી હતી. લાજ શરમ તો નેવે મૂકી દીધેલી હતી. એના હૃદયમાં દયાનો છાંટો તો હતો નહિ. ધર્મ–પુણ્યની કે દાનની વાતો એને ગમતી નહિ. આવી ભદ્રા શેઠાણી હતી.

"શેઠની શેઠાણીને ભલામણ":–શેઠ આ ચારેને લઈને પોતાને ઘેર આવ્યા ને પોતાની પત્નીને કહ્યું: હે સુંદરી! ભદ્રા દેખાવમાં સુંદર ન હતી પણ ગમે તેવી તોય પોતાની પત્ની છે ને! એટલે શેઠે એને કહ્યું, હે સુંદરી! આ ચારે ય આત્માઓ પવિત્ર ને ભાગ્યશાળી છે, પણ એમના કોઈ પૂર્વ ભવના પાપકર્મના ઉદયથી એમની આવી દુઃખદાયક દશા થઈ છે. આપણાં ભાગ્યોદયે તેઓ આપણે ત્યાં આવ્યા છે. કામ કરવામાં આ બંને પતિ પત્ની કુશળ છે તેથી મેં તેમને આપણે ત્યાં કામ કરવા

નોકર તરીકે રાખ્યા છે. આ પુરુષ છે તે મારી દુકાનનું કામકાજ કરશે ને આ સ્ત્રી છે તે તને ઘરકામમાં મદદ કરશે. આ બે એમના છોકરાઓ છે તે પણ એમની સાથે રહેશે. હે ભદ્રા ! તું એમની પાસે નરમાશથી પ્રેમથી કામ લેજે. એમને હલકા માણસોની જેમ હડધૂત ન કરીશ કે એક પણ કટુ વચન કહીશ નહિ. જમવાનો સમય થાય ત્યારે આપણે જે જમીએ તે એમને પેટ ભરીને બરાબર જમાડજે. એમના દિલને દુઃખ થાય એવું એક પણ કામ એમની પાસે કરાવીશ નહિ. એ આપણા ઘર કામ કરશે ને ખાશે. રાત્રે આપણી બાજુના જૂના ઘરમાં રહેશે. એમ કહીને શેઠ ભીમસેનને દુકાને લઈ ગયા. સુશીલાને મૂકીને તો ગયા પણ એ તો ભદ્રાનું બેડોળ રૂપ જોઈને થરથર ધ્રૂજવા લાગી. પેલા બાળકો પણ ડરીને સુશીલાને વળગી પડયા ને કહે છેઃ બા ! અમને બીક લાગે છે. સુશીલા અને બાળકો શેઠાણીનું બિહામણું રૂપ જોઈને ડરી ગયા છે. હવે શેઠાણી એમના બાળકો ઉપર કેવો જુલ્મ કરશે તેના ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. – ૨૮

શ્રાવણ વદ ૪ ને શનિવાર તા. ૧૧-૮-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની તીર્થંકર ભગવંત જગતના જીવોને ઉપદેશ આપતા ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! આ સંસારમાં જ્યાં જુઓ ત્યાં ચારે તરફ દુઃખ, દુઃખ અને દુઃખ જ દેખાય છે. સંસાર જાણે એક દુઃખનો દરિયો જ ન હોય ! જેમ દરિયામાં દૃષ્ટિ કરીએ તો દૂર દૂર સુધી પાણી દેખાય છે. ક્યાંય એનો કિનારો દેખાતો નથી તેમ આ જ્ઞાની-પુરુષો પણ સંસારથી પર બનીને સંસાર તરફ દૃષ્ટિ કરે છે તો એમને સંસાર દુઃખથી ભરેલો દેખાય છે, તો વિચારવા જેવી વસ્તુ છે કે સંસારમાં દુઃખ શાથી ? આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨ મા અધ્યયનમાં કહે છે કે,

दुक्खं हयं जस्स न होइ मोहो, मोहो हओ जस्स न होइ तण्हा ।
तण्हा हया जस्स न होइ लोहो, लोहो हओ जस्स न किंचणाइ ॥८॥

જ્યાં મોહ છે ત્યાં દુઃખ છે. જેને મોહ નથી તેને આ સંસારમાં કોઈ જાતનું દુઃખ નથી. જેનો મોહ નાશ પામે છે તેનું દુઃખ પણ નાશ પામે છે. જ્યાં વસે છે મોહ ત્યાં રહે છે દુઃખ. મોહ એટલે શું ? પર વસ્તુ અને પર વ્યક્તિ પ્રત્યેની આસક્તિ. પરને પોતાનું કરવાની લાલસા અને મમતા તેનું નામ મોહ. આવો મોહ ટળે તો દુઃખ સહેજે ટળી જાય. જેની તૃષ્ણા યુવાન છે ત્યાં સુધી મોહ પણ વૃદ્ધ ક્યાંથી થાય ? જ્યાં સુધી તૃષ્ણા જીવતી ને જાગતી છે ત્યાં સુધી મોહનું અસ્તિત્વ રહેવાનું. લોભનો નાશ થાય ત્યારે તૃષ્ણા ચાલી જાય છે. તમને થશે કે તૃષ્ણા અને લોભમાં શું ફરક છે ? અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ માટેની તીવ્ર ઝંખના એનું નામ તૃષ્ણા, અને

પ્રાપ્ત વસ્તુને પોતાની કરીને સાચવી રાખવી તેનું નામ લોભ છે. જ્યારે જીવને કોઈ પણ જાતની ઇચ્છા કે આકાંક્ષા ન રહે ત્યારે લોભનો નાશ થાય છે. આ ગાથાનો નિચોડ એ છે કે મોહમાંથી દુઃખ જન્મે છે. તૃષ્ણાના તારથી મોહ ટકે છે. લોભના લોહચુંબકથી તૃષ્ણાનો તાર લંબાય છે, અને અંતરમાં છૂપાયેલી ઇચ્છાઓથી લોભનો ઉદય થાય છે માટે સર્વ ઇચ્છાઓના નાશથી લોભનો નાશ, લોભના નાશથી તૃષ્ણાનો નાશ, તૃષ્ણાના ક્ષયથી મોહનો ક્ષય અને મોહના ક્ષયથી દુઃખનો વિનાશ થાય છે, એટલે જેનો મોહ, તૃષ્ણા અને લોભ ક્ષય થાય તેનું દુઃખ અવશ્ય નાશ પામે છે. મોહમુક્તિ એ જ દુઃખમુક્તિ છે.

બંધુઓ ! આટલા માટે અમે ભગવાનના વચનાનુસાર તમને કહીએ છીએ કે હે જીવાત્માઓ ! તમે આ સંસારનો મોહ છોડો, પરિગ્રહની મમતા છોડો. જગતના જીવો પર મોહનું એટલું બધું વર્ચસ્વ છે કે ભલભલાને પણ મોહ દુર્જય છે. જેના ઉપર તમે મોહ રાખો છો, એવું આ શરીર અને પરિગ્રહ બધુ જીવને બંધનકર્તા છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી શરીર રહેવાનું છે. કર્મને આધીન બનીને જીવને સંસારની જેલમાં રહેવું પડે છે. જેલમાં રહેવું તમને ગમે ખરું ? માનો કે સરકારના ગુનામાં પકડાઈ ગયા ને જેલમાં પૂરાવું પડયું તો એમ થાય છે ને કે જેલમાંથી છૂટું ! ઝેર પીને મરી જવું સારું પણ જેલમાં પૂરાઈ રહેવું ખોટું એટલે માણસ ગમે તેમ કરીને પોતાની સ્થિતિ હોય કે ન હોય છતાં પૈસાના પાણી કરીને પણ જામીન પર છૂટી જાય છે, પણ જેલમાં રહેતા નથી. તો પછી જીવ અનંતકાળથી શરીરની જેલમાં પૂરાઈ રહ્યો છે. એને મુક્ત કરવાની ભાવના કેમ થતી નથી ? આ જેલમાંથી કયારે છૂટું એનો જીવને તલસાટ થવો જોઈએ.

જે કાયાની માયામાં જીવ અટવાઈ ગયો છે, જે કાયાનો મોહ રાખીને મુક્તિના મહાન સુખ માણવાને બદલે એના બંધનમાં બંધાઈ રહ્યો છે એ શરીર કેવું છે ? ચામડાં, હાડકાં, લોહી, અને માંસનું બનેલું છે. આવું શરીર વહાલું લાગે છે પણ અનંત ગુણોથી ભરેલો સત ચિત્ અને આનંદમય એવો આત્મા વહાલો લાગતો નથી. શરીરમાં કંઈ સાર નથી. એના પર રાગ ન કરો. રાગ કરી કરીને શરીરને શુદ્ધ કરવાનો પ્રયત્ન કરો છો પરંતુ શરીર શુદ્ધ થવાનું નથી. આજે તમે શરીરને શુદ્ધ કર્યું તે કાલે અશુદ્ધ બની જશે. આજે જેને માલ મલીદા ખવડાવીને પુષ્ટ બનાવ્યું તે કાલે સ્વયં નિર્બળ બની જવાનું છે. કોલસાને ધોવા માટે તમે સાબુ લગાડીને ગમે તેટલી મહેનત કરો પણ એ કાળો ને કાળો જ રહેવાનો, તેમ શરીરનો સ્વભાવ પણ એવો છે, માટે શરીરની ચામડીને ન જુઓ પણ શરીરમાં જે આત્મા છે તેને જુઓ. રૂપ એ તો પુદ્ગલની માયા છે. આત્મા અરૂપી છે માટે આ શરીરના સ્વભાવનો વિચાર કરીને એનો રાગ છોડો.

પુદ્ગલની માયાના પાયા પર સંસારનો મોટો મહેલ ઊભો છે, પણ વિચાર કરજો કે આ સંસાર મહેલ નથી પણ જેલ છે. સ્વાર્થમય છે, આ સંસારમાં કોઈ કોઈનું નથી. જ્યાં સુધી મનુષ્યનું પુણ્ય કામ કરે છે ત્યાં સુધી સૌ તેને બોલાવે છે ને માન-પાન આપે છે પછી કોઈ કોઈને પૂછતું નથી, માટે જ્ઞાની પુરુષો કહે છે કે પુણ્યનો દીપક જલે છે ત્યાં સુધી કામ કાઢી લો. એ દીપક બૂઝાઈ ગયા પછી જીવનમાં અંધકાર છવાઈ જશે. દિશા પણ સૂઝશે નહિ. જ્યારે માણસના પુણ્ય ખલાસ થઈ જાય છે ત્યારે ભલભલો બુદ્ધિવાન પણ બેવકૂફ બની જાય છે. માણસ ગમે તેટલો બુદ્ધિશાળી હોય, ચતુર હોય, સદાચારી હોય પણ પુણ્ય ન હોય તો દુનિયા એના ગુણોની કદર કરતી નથી, પણ જેનો પુણ્યોદય છે તેવો માણસ બુદ્ધિહીન હોય છતાં તે સમાજમાં બુદ્ધિવાન મનાય છે. આવો સંસારનો ખેલ છે.

તમે નાટક જોવા જાઓ છો ને? અહીં બેઠેલામાંથી ઘણાને નાટક જોવું ગમતું હશે. ચાર ચાર દિવસ અગાઉથી નાટકની ટિકિટ મંગાવીને રાખે છે પણ વિચાર કરજો. આ તમારો સંસાર એ પણ એક પ્રકારનું નાટક છે. નાટકમાં જુદાં જુદાં પાત્રો જુદા જુદા પાઠ ભજવે છે. ત્યાં તમે પ્રેક્ષક બનીને જાઓ છો ને? નાટકમાં ગમે તેવું કરુણ દૃશ્ય આવે કે હાસ્યજનક દૃશ્ય આવે તો તેની તમને કોઈ અસર થાય છે? કદાચ કરુણ દૃશ્ય આવે તો ઘડી વાર અસર થઈ જાય છે પણ પછી તો એને કંઈ યાદ નથી કરતા. નાટક પૂરું થાય એટલે તરત ત્યાંથી ઊઠીને ઘર ભેગા થઈ જાઓ છો ને? એ રીતે તમે આ સંસારમાં પણ પ્રેક્ષક બનીને રહો. જો મારાપણાની મમતા કરી તો મરી ગયા સમજો પણ મમતારહિત પ્રેક્ષક ભાવથી રહેશો તો તમને ગમે તેવા પ્રસંગોમાં પણ દુઃખ નહિ થાય. પુણ્યોદયથી લક્ષ્મી મળી હોય તો તેનો દાનપુણ્યમાં સદુપયોગ કરો. શરીર સારું હોય તો તપ કરો, સેવા કરો, બ્રહ્મચર્યનું પાલન કરો. હવે પર્યૂષણ પર્વના દિવસો નજીક આવી રહ્યા છે. ઘણાં ભાઈ બહેનોએ તપશ્ચર્યા શરૂ કરી છે પણ હવે જેણે કંઈ કર્યું નથી તેમણે એ વિચાર કરવાનો છે કે મારે શું કરવું? જે કરશો તે સાથે આવવાનું છે. બાકી કંઈ સાથે આવવાનું નથી. એમ સમજીને મોહ છોડો. જે આત્માઓ આંખો બંધ કરીને સંસારના મોહમાં ફસાય છે તે ઘોર પાપ કર્મનું આચરણ કરતાં અચકાતા નથી.

આપણા ચાલુ અધિકારમાં દીર્ઘરાજા અને ચુલણી રાણી કેવા મોહમાં પડયા છે! એમનું પોકળ બ્રહ્મદત્તકુમારની જાણમાં આવી ગયું, એટલે દીર્ઘરાજાના દિલમાં ચમકારો થયો કે હવે જો આ બ્રહ્મદત્તકુમાર જીવતો રહેશે તો અમારું સુખ લૂંટાઈ જશે. માટે ગમે તેમ કરીને એના જીવનનો અંત લાવવો પડશે. દીર્ઘરાજાએ આવું કહ્યું તો પણ રાણીની આંખ ખૂલી નહિ. કદાચ મોહવશ ભાન ભૂલે પણ જ્યારે પોતાના એકના એક પુત્રને મારી નાંખવાનું કહ્યું તો પણ ચુલણીને એમ ન થયું કે હે રાજા!

તમે આ શું બોલો છો ? તમને મારા પતિએ જે દીકરાનું અને રાજ્યનું રક્ષણ કરવા માટે રાખ્યા તેના બદલે રક્ષક જ ભક્ષક બનવા ઊઠયા ! ખેતરનું રક્ષણ કરવા માટે વાડ હોય છે પણ જ્યારે વાડ જ ચીભડાં ગળી જાય તો ફરિયાદ કોને કરવી ? હું તમારા પ્રેમમાં મુગ્ધ બનીને ભાન ભૂલી પણ જો મારા દીકરાને તમે મારવા ઊઠયા છો તો હવે મારે તમારી જરૂર નથી, ચાલ્યા જાઓ. જો એનામાં સુધારો થયો હોત તો પોતાના પુત્રને મારી નાંખવા તૈયાર ન થાત. જો બેમાંથી એક પણ વ્યક્તિ સારી હોત તો ભાન ભૂલ્યાં પણ ઠોકર વાગતાં ઠેકાણે આવી જાત, પણ આતો બંને જણા પતનના પંથે ગયેલાં છે એટલે કોણ કોને સુધારે ?

ચુલણીએ દીર્ઘરાજાને કહ્યું: ઓ મારા હૈયાના હાર ! મારી આંખની કીકી સમા વહાલા પ્રાણનાથ ! હું દીકરાનો મોહ છોડી શકીશ પણ તમારો મોહ નહિ છોડી શકું. દીર્ઘરાજાએ જાણ્યું કે ચુલણી બરાબર પોતાનામાં મુગ્ધ બની છે. માછલી બરાબર જાળમાં સપડાઈ ગઈ છે એટલે હવે વાંધો નહિ આવે. એમ માનીને ખડખડાટ હસી પડયા. ચુલણી રાણી પણ મોહથી ભરેલા ચેનચાળા કરવા લાગી અને દીર્ઘરાજાને કહે છે, હે પ્રિયતમ ! બ્રહ્મદત્તને ખતમ કરવાનો ઉપાય તમે જ બતાવો, એટલે હું એને જલદી ખતમ કરી નાંખું. સમય ઘણો થઈ ગયો હતો એટલે દીર્ઘરાજાએ કહ્યું કે, હું આજે મારા મહેલમાં જાઉં છું. કાલે એ કાંટાને ખતમ કરવાનો ઇલાજ જરૂર શોધી લાવીશ.

બંધુઓ ! સંસાર જીવને મધ જેવો મીઠો લાગ્યો છે પણ જોઈ લો, સંસાર કેટલો સ્વાર્થી છે ! જ્યાં સ્વાર્થ આવીને ઊભો રહ્યો ત્યાં માતા એ માતા ન રહી ને પાલક એ પાલક ન રહ્યો. સંસારમાં કોને કોની પ્રીત છે ? કોણ કોને ચાહે છે એ ખબર પડતી નથી. આખી દુનિયા આવા શંકામાં વર્તુળોમાં ફસાયેલી છે. દીર્ઘરાજા પોતાના મહેલે જઈને સૂઈ ગયા પણ ઊંઘ આવતી નથી, કારણ કે માણસના મનમાં જે ઝેર પ્રગટયું છે તેને જે કાર્ય કરવું છે તે કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી એને બીજું કંઈ દેખાતું નથી. એની ઉંઘ ઊડી જાય છે ને ભૂખ ભાંગી જાય છે. તેમાં પણ બ્રહ્મદત્ત કુમારને મારી નાંખવો એ કંઈ સહેલ વાત નથી. દીર્ઘરાજા ચુલણી રાણીમાં આસક્ત બન્યો હતો પણ એ સમજતા હતા કે આ બ્રહ્મદત્તકુમાર એ કાંઈ સામાન્ય નથી. મહાતેજસ્વી ને મહાપરાક્રમી છે. હવે યૌવનને આંગણે આવીને ઊભો છે. પ્રજાના તેના ઉપર ચાર હાથ છે. રાજાનો એકનો એક પુત્ર છે. એને એકદમ મારી નાંખવો એ કંઈ સહેલી વાત નથી. એને માટે તો કંઈક ઉપાય શોધવો જોઈએ કે જેથી કોઈને ખબર ન પડે. આમ વિચાર કરતાં પોતાના સુખની આડે આવનાર, પોતાના છિદ્ર જોનાર બ્રહ્મદત્તકુમાર ઉપર દીર્ઘરાજાને એવો ક્રોધ આવી ગયો કે સૂતા સૂતા દાંત પીસવા લાગ્યા ને મુઠ્ઠીઓ વાળીને કંઈક બબડવા લાગ્યા, ત્યારે બાજુમાં સૂતેલી

એની રાણી ઝબકીને જાગી ગઈ ને પૂછવા લાગી કે, સ્વામીનાથ ! તમને શું થાય છે? કેમ ઊંઘ નથી આવતી ? તમને ઠીક નથી કે કોઈ ચિંતાનું કારણ છે ? જે હોય તે મને કહો, ત્યારે દીર્ઘરાજા કહે છે તને કહેવાય તેમ નથી. રાણી કહે છે, હું તો તમારી અર્ધાંગના કહેવાઉં. મને તમારા સુખ દુઃખની વાત નહિ કરો તો કોને કરશો ? કહો તો ખરા. કેમ ઊંઘ નથી આવતી ? ખૂબ પૂછયું પણ આ વાત કંઈ રાણીને કહેવાય તેમ હતી ? રાજાએ કંઈ ન કહ્યું એટલે રાણીએ એમ માન્યું કે કોઈ રાજ્ય કાર્યની ચિંતા હશે તેથી મને કહેવાય તેમ નહિ હોય. એમ માનીને રાણી ઊંઘી ગઈ પણ રાજાને ઊંઘ આવતી નથી કારણ કે એને બ્રહ્મદત્તનું કેમ કાટલું કાઢવું તેનો ઉપાય શોધવો છે તેથી ચિત્ત બીજે કયાંય ચોંટતું નથી. જેના મનમાં જે વિચારો ચાલતા હોય તે કાર્ય ન થાય ત્યાં સુધી તેને ચેન પડતું નથી. એક દૃષ્ટાંત આપીને સમજાવું:

વિક્રમપુરના નગરશેઠને રૂપવતી નામની એકની એક લાડકવાયી પુત્રી હતી. તેનું રૂપ કોઈ અલૌકિક હતું. રૂપની સાથે તેનામાં બુદ્ધિ, વિનય, નમ્રતા આદિ અનેક ગુણો હતા. રૂપવતી યુવાન થતા તેના માતા પિતા મુરતિયાની શોધ કરવા લાગ્યા, પણ દીકરીને યોગ્ય વર કયાંય જડતો નથી. કોઈ જગ્યાએ રૂપ હોય તો ગુણ ન હોય, કોઈ જગ્યાએ ગુણ હોય તો રૂપનું મીંડું દેખાતું, આથી રૂપવતીના પિતાને ખૂબ ચિંતા થવા લાગી કે શું મારી દીકરીને યોગ્ય વર નહિ મળે ? મારી દીકરી આવી ગુણિયલ ને હું તેને ગમે ત્યાં પરણાવી દઉં ? 'ના', એવું મારે નથી કરવું. મારે તો દીકરીને યોગ્ય વર મળે ત્યારે જ પરણાવવી છે. આમ કરતાં ત્રણ વર્ષ વીતી ગયાં છતાં દીકરીને યોગ્ય વર ન મળ્યો એટલે એક દિવસ શેઠ લમણે હાથ દઈને ઉદાસ થઈને બેઠા છે. આ વખતે રૂપવતી અચાનક ત્યાં આવી ચઢી. પિતાજીને ચિંતાતુર જોઈને ચતુર દીકરી ચિંતાનું કારણ સમજી ગઈ. તે પિતાજીને કહે છે, બાપુજી ! તમે મારી આટલી બધી ચિંતા શા માટે કરો છો ? મારે યોગ્ય જીવનસાથી સામેથી આવીને ઊભો રહેશે અગર હું મારી જાતે શોધી લઈશ તે દિવસે હું આપને કહીશ કે આ મને યોગ્ય છે. ત્યાં સુધી હું સાધનામય જીવન ગાળું એવી મારી ભાવના છે. આપ મારા ઉપર વિશ્વાસ રાખજો. હું આપણા કુળને કલંક નહિ લગાડું. પુત્રીના મીઠાં મધુરાં વચનો સાંભળીને પિતાની ચિંતા દૂર થઈ. શેઠ ઘણા સુખી હતા. એમના બંગલાની આસપાસ ફરતો બગીચો તો બંગલાની બાજુમાં એક નાનકડો બંગલો હતો. રૂપવતીએ કહ્યું: પિતાજી ! હું મારી સાધના કરવા માટે આ બાજુના બંગલામાં એક દાસીને સાથે લઈને રહું ? પિતાજીને દીકરી ઉપર પૂરો વિશ્વાસ હતો એટલે રહેવાની રજા આપી. રૂપવતી એની દાસીને લઈને મહેલમાં ગઈ. રૂપવતીએ વિચાર કર્યો કે હું અનંતકાળથી સંસારમાં ભમું છું. મેં ઘણી વાર લગ્ન કર્યા. હવે મારે એવા લગ્ન કરવા નથી. મારે તો અંદર બેઠેલા ચૈતન્યદેવના દર્શન કરવા છે. જેની સાથે લગ્ન કર્યા પછી રંડાપો ન આવે એવો ધણી મારે શોધવો છે.

ધ્યાનમાં મસ્ત બનેલી રૂપવતી :– બંગલામાં રૂપવતી અને એની દાસી સિવાય કોઈ આવતું ન હતું, એટલે એકાંતમાં એને ધ્યાન ધરવા માટે અનુકૂળ વાતાવરણ હતું. મહેલમાં પણ એને ધ્યાન કરવા માટે અલગ રૂમ હતો. રૂપવતી એ રૂમમાં બેસીને દિવસભર પ્રભુના ધ્યાનમાં લીન બની જતી હતી. ઘણી વખત તો એવી લીન બની જતી કે દાસી એને ઢંઢોળીને જગાડે. દિવસમાં એક ટંક ખાધું ન ખાધું એ તો ધ્યાનમાં બેસી જતી. ધ્યાનમાં પ્રભુના ગુણોનું ચિંતન કરતી. પોતે શ્વેત કપડા પહેરતી ને સાદું ભોજન જમતી, છતાં એના મુખ ઉપર અલૌકિક તેજ ઝગારા મારતું હતું. જાણે કોઈ સાક્ષાત્ દેવી જ ન હોય !

"રૂપવતીના રૂપમાં મુગ્ધ બનેલો ભંગી" :– કોઈ વખત ઊગતા પ્રભાતમાં મહેલની બારીએ ઊભી રહીને કુદરતી સૌંદર્યનાં દર્શન કરતી હતી. એક દિવસ તે સમયે મહેલના ચોગાનમાં ઝાડુ વાળનારો ભંગી એનો સાવરણો લઈને આવ્યો. એણે બારીમાં ઊભેલી સૌંદર્યસુંદરી રૂપવતીને જોઈ. એને મનમાં થયું કે, અહો ! આ કોણ ? દેવલોકની અપ્સરા તો નહિ હોય ને ? ભંગી તો રૂપવતીના રૂપમાં એવો મગ્ન બની ગયો કે એના હાથમાંથી સાવરણો નીચે પડી ગયો ને એ તો ત્યાં ને ત્યાં સ્થિર થઈ ગયો. રૂપવતી તો અંદર જઈને પ્રભુના ધ્યાનમાં લીન બની ત્યારે ભંગી એના રૂપમાં તલ્લીન બન્યો. રૂપવતી તો ક્યારનીય ચાલી ગઈ છે પણ ભંગી તો બારીની સામે આંખો તાકીને રૂપવતી એની સામે ન ઊભી હોય ને પોતે જોતો હોય એમ ઝાડના ઠૂંઠાની જેમ ત્યાં ને ત્યાં સ્થિર ઊભો રહ્યો. પાંચ–છ કલાક થયા છતાં ત્યાં ને ત્યાં ઊભો રહ્યો. ભૂખ–તરસ પણ ભૂલાઈ ગયા. ઘણો સમય થવા છતાં ભંગી ઘેર ન ગયો એટલે એની પત્ની ઝકલી અનેક જાતની ચિંતાઓ કરતી શોધવા આવી તો પતિને રૂપવતીના મહેલની બારીમાં તાકીને ઊભેલો જોયો. ઝકલી પાસે જઈને ઢંઢોળીને કહે છેઃ કેટલા વાગ્યા છે ? કંઈ ખબર છે ? જલદી ઘેર ચાલો. એમ કહીને ઝકલી તો હાથ પકડીને એના પતિને ઘેર લઈ ગઈ. પત્નીની સાથે બોલ્યા ચાલ્યા વગર ને જમ્યા વિના એ તો ખાટલો ઢાળીને સૂઈ ગયો. ઝકલીના મનમાં થયું કે કંઈ ભૂત, પલીત તો નહિ વળગ્યું હોય ને ! એ માટે ઘણાં ઉપચારો કર્યા છતાં કંઈ સુધારો ન થયો. બીજે દિવસે જમવાનું કહ્યું તો પણ ન જમ્યા. આથી પત્ની મૂંઝાઈ ગઈ કે આમને શું થઈ ગયું ?

"ઝકલીએ પતિને આપેલું આશ્વાસન" :– બીજે દિવસે રાત્રે ઝકલીએ એના પતિને કહ્યું–તમને શું થયું છે ? મને કહો તો ખરા. તમારા માટે તમે જે કહો તે કરવા હું તૈયાર છું. પતિ મૂંઝાય છે કે આ વાત કેવી રીતે કહું ? છતાં કહેવત છે ને કે "કામ ભૂલાવે ભાન." ભંગીએ તો શરમ છોડીને પોતાના મનની વાત કહી દીધી ને કહ્યું, જો તું મારું આટલું કામ કરીશ તો જ હું જીવી શકીશ,

નહિતર મારું પ્રાણ પતંગિયું રૂપવતીની રૂપજ્યોતની પાછળ પાગલ બનીને ભસ્મ થઈ જશે. ઝકલીએ કહ્યું: તમે ચિંતા ન કરો. હું હમણાં જ શેઠાણીના ઘેર જાઉં છું. આ વાત સાંભળી ભંગીના આનંદનો પાર ન રહ્યો. ઝકલી માટે આ કામ ઘણું કપરું હતું છતાં હૈયામાં પતિપ્રેમ અને હાથમાં શ્રદ્ધાનો દીવડો લઈને શેઠને ત્યાં પહોંચી પણ મનમાં વિચાર આવે છે કે ક્યાં નગરશેઠની અપ્સરા જેવી રૂપવતી દીકરી અને ક્યાં કાળો ભીલ જેવો મારો પતિ! આ બંનેનું મિલન થવું એ આકાશ પાતાળ એક કરવા જેવું છે.

"ઝકલી રૂપવતીના મહેલે" :– રૂપવતી એના રૂમમાં હતી ને દાસી બહાર હતી. ઝકલીએ દાસીને કહ્યું મારે રૂપવતીબહેનને મળવું છે. દાસી કહે, શું સવારના પ્રહરમાં હાલી નીકળી છે. જા, બહેન અત્યારે નહિ મળે. રૂપવતી ધ્યાનમાં બેઠી ન હતી એટલે દાસીના શબ્દો સાંભળીને પૂછયું કે, કોણ આવ્યું છે? દાસી કહે–બહેન! પેલી ઝકલી ભંગડી અત્યારમાં તમને મળવા આવી છે. રૂપવતીએ એને અંદર બોલાવીને પૂછયું: બહેન! તું શા માટે આવી છે? જે હોય તે ખુશીથી કહે. ઝકલીને કહેતા ધ્રૂજારી છૂટી અને આંખમાં આંસુ આવી ગયાં. બોલી શકતી નથી ત્યારે રૂપવતીએ કહ્યું તારે શું દુઃખ છે? મને વિના સંકોચે કહે. એટલે ઝકલીએ હૃદય ખોલીને રૂપવતીને પોતાના પતિની વાત કરી. રૂપવતી કહેઃ બહેન! તું ગભરાઈશ નહિ. આમાં શું મોટી વાત છે? તું તારા પતિને કહેજે કે, સતત સાત દિવસ સુધી એકાગ્ર ચિત્તે રામનામનો જાપ કરે. જો મનમાં બીજો સહેજ પણ વિચાર આવે તો ફરીથી જાપ કરવો પડશે. જો બરાબર રામનામ લેશે તો આઠમા દિવસે રૂપવતી તમને પરણશે.

"રૂપવતી મેળવવા રામનામનો જાપ" :– રૂપવતીની વાત સાંભળીને ઝકલી તો ખુશ થઈ ગઈ ને ઘેર આવીને એના પતિને રૂપવતીએ કહેલી બધી વાત કરી, એટલે ભંગીના તો આનંદનો પાર ન રહ્યો. રૂપવતીના રૂપમાં દિવાનો બનેલો એ જે કહે તે કરવા તૈયાર હતો. એ તો સાત દિવસ એકાગ્ર ચિત્ત રામનામનો જાપ કરવા તૈયાર થઈ ગયો. જેની જેમાં રમણતા હોય તે મેળવવા માણસ પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થઈ જાય છે. એણે તો નગરની બહાર જઈ ઝાડને ફરતો ઓટલો હતો તેના પર બેસીને ધ્યાન કરવાનું નક્કી કર્યું. બીજે દિવસે ધ્યાનની ધૂણી ધખાવવા ઊપડયો. જતી વખતે એની પત્નીને કહી દીધું કે, હું સાત દિવસ જગતમાં છું જ નહિ એમ માનજે. સાત દિવસ સુધી હું આંખ પણ ખોલીશ નહિ. હું ભલો ને મારો રામ ભલો. શુદ્ધ વસ્ત્રો પહેરીને ભંગી તો ઝાડ નીચે ઓટલા ઉપર પલાંઠી વાળીને બેસી ગયો. રૂપવતીના રટણને બદલે હવે રામનું રટણ શરૂ થયું. શરૂઆતમાં તો રામના બદલે રમામાં મન ચાલ્યું જતું. એને ઠેકાણે લાવવા પ્રયત્નશીલ બનતો. ત્રીજા દિવસે તો એવો એકાગ્ર બની ગયો કે કોણ આવ્યું ને કોણ ગયું. એની પણ ખબર નથી. દિવસો જતાં એકાગ્રતાથી એને આત્માનો સાક્ષાત્કાર થયો.

"રામનામના જાપનો પ્રભાવ" :– નગરવાસીઓને આ વાતની જાણ થઈ, કે આપણા નગર બહાર સાક્ષાત્ ભગવાન જેવા સંત પધાર્યા છે, એટલે બધા લોકો ભંગી સંતના દર્શન કરવા આવવા લાગ્યા. કોઈ ભગવાન માનીને ફૂલ ચઢાવવા લાગ્યા તો કોઈ પૈસા મૂકવા લાગ્યા, પણ ભંગી તો રામનામમાં એવો લીન બની ગયો છે કે પોતાની પાસે થતા કોલાહલની એને બિલકુલ ખબર નથી. જેમ વાત પ્રસરતી ગઈ તેમ લોકોનાં ટોળેટોળાં ઊભરાવાં લાગ્યાં. છઠ્ઠે દિવસે તો ત્યાં એક મોટું તીર્થધામ હોય એવું વાતાવરણ બની ગયું પણ ભંગી તો રામનામનું રટણ કરતાં કરતાં અંદરની દુનિયામાં લીન બનતો ગયો. નગરશેઠના કાને આ વાત આવી એટલે એ પણ સંતના દર્શન કરવા આવ્યા. સંતની એકાગ્રતા અને પ્રશાંત મુખમુદ્રા જોતાં શેઠને એવી શાંતિનો અનુભવ થયો કે જે શાંતિ બંગલામાં કદી મળી ન હતી. શેઠને તો ત્યાંથી ઊઠવાનું મન થતું ન હતું પણ ન છૂટકે ઘેર આવ્યા ને રૂપવતીને બધી વાત કરી. પિતાની વાત સાંભળીને રૂપવતીના મનમાં થયું કે પેલો ભંગી તો નહિ હોય ને? લાવ, હું પણ દર્શન કરી આવું. રૂપવતી પોતાની દાસીને લઈને સંતના દર્શન કરવા ગઈ. દૂરથી જોયું તો પોતાના રૂપમાં મુગ્ધ બનેલો ભંગી છે. મારા રૂપમાં દિવાનો બનેલો ભંગી આજે ભગવાનના નામમાં દિવાનો બન્યો છે. મેં સાતમા દિવસે એને પરણવાનો કોલ આપ્યો છે. એ તો કામ કાઢી ગયો. હવે મારે મારું વચન પાળવાનું છે.

રાત પડી એટલે ભંગીની પાસે માણસો આવતા બંધ થઈ ગયા ત્યારે રૂપવતી એની પાસે જઈને કહે છે, હે સંત! આંખડી ખોલો ને મારા સામું જુઓ. ભંગી તો ધ્યાનમાં મસ્ત છે. વારંવાર કહેવાથી કાને અવાજ જતાં પૂછયું કે, તું કોણ છે? રૂપવતીએ કહ્યું કે, જેના રૂપમાં મુગ્ધ બનીને જેને માટે સાત સાત દિવસ એકાગ્ર ચિત્તે રામનામનું રટણ કર્યું છે એ હું પોતે રૂપવતી છું. આપના ચરણ કમળની દાસી આપના ચરણોમાં જીવન અર્પણ કરી મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે આવી છું. આપ મારો સ્વીકાર કરો, ત્યારે સંતે આંખડી ખોલ્યા વિના જ કહી દીધું કે, હે રૂપવતી! જે રૂપના માટે મેં રામનામનું રટણ કર્યું એ રામનામે તો મારા જીવનમાં કમાલ કરી છે. એ રામનામે તો આજે મને અરૂપી એવા આત્માના દર્શન કરાવી દીધા છે. જેનું રૂપ રૂપાતીત છે. જેના રૂપનાં તેજ આગળ જગતના તમામ રૂપો પાણી ભરે છે ને તમામ સૌંદર્ય ફિક્કા લાગે છે એવા અરૂપી આત્માના અલૌકિક સૌંદર્યનો મને સાક્ષાત્કાર થયો છે. તેની આગળ રૂપવતીના રૂપ સૌંદર્ય મને ફિક્કા લાગે છે. મારે તો રૂપસુંદરીનો મોહ તોડી મુક્તિસુંદરી સાથે સંબંધ જોડવો છે, માટે હવે તું મારી માતા અને બહેન સમાન છે. ભંગીને આત્મસાક્ષાત્કાર થયો છે એ જાણી રૂપવતીની આંખમાં આંસુ આવી ગયાં. અહો! એક વખત ચામડાના રૂપમાં મુગ્ધ બનેલો આજે આત્મામાં મુગ્ધ બની ગયો! એ તો પામી ગયો ને હું રહી ગઈ! રૂપવતી પણ આખું જીવન જ્ઞાન ધ્યાનમાં વીતાવીને આત્મિક સુખ પામી ગઈ. ભંગી જેવો ભંગી સુધરી ગયો પણ દીર્ઘરાજા ન સુધર્યા.

બ્રહ્મદત્તકુમારનો નાશ કેવી રીતે કરવો તેના વિચાર કરતાં તેમને કંઈક રસ્તો જડયો. તે હર્ષભેર ચુલણી રાણી પાસે આવ્યો ને ગુપ્તખંડમાં જઈને ચુલણી સાથે એકાંતમાં બેસીને કહ્યું: દેવી! આપણા માર્ગમાં કંટક બનીને પથરાતા એવા તારા પુત્ર બ્રહ્મદત્તનો વિનાશ કરવાનો શ્રેષ્ઠ માર્ગ આપણને આજે મળી ગયો છે. એનો હવે જલદી વિનાશ કરવામાં આપણું શ્રેય છે. તું એમ ન માનીશ કે મારા પુત્રને મારી નાંખ્યો. જ્યારે હું એનાથી નિર્ભય બની જઈશ ત્યારે મારાથી તને એવા પુત્રોની પ્રાપ્તિ થશે, માટે તું ચિંતા ન કરીશ. હું કહું છું તેમ કુમારને મારવાથી લોકોને શંકા નહિ થાય. સાંભળ, હવે વહેલી તકે તમે બ્રહ્મદત્ત માટે કોઈ કન્યા શોધી કાઢો ને ધામધૂમથી એના લગ્ન કરો. હું એક નવો લાખનો મહેલ બનાવવાની તૈયારી કરું છું. એના લગ્ન થાય તે પહેલા તાબડતોબ દેખાવમાં સુંદર લક્ષગૃહ તૈયાર કરાવી દઉં. પરણ્યાની પ્રથમ રાત્રે નૂતન વરવધૂને સૂવા માટે ત્યાં મોકલી દેવા. આટલું બોલીને દીર્ઘરાજાએ રાણીની નજીક જઈને ધીમેથી કહ્યું કે, પછી મધરાત્રે હું આખું લક્ષગૃહ સળગાવી મૂકીશ. આટલું બોલીને મોહાંધ બનેલા પાપી દીર્ઘરાજા અને ચુલણી રાણી બંને ખડખડાટ હસ્યા. એ જ વખતે ગુપ્ત ખંડમાં સહેજ ઉંકાર સંભળાયો તેથી દીર્ઘરાજાના મનમાં થયું કે નક્કી કોઈ ગુપ્તચર અમારી વાત જાણી ગયો લાગે છે. તરત જ ઊભા થઈને ખૂણે ખાંચે તપાસ કરી પણ કોઈ દેખાયું નહિ એટલે માની લીધું કે આ તો ખોટો ભ્રમ છે.

વાત એમ બની હતી કે દીર્ઘરાજા અને ચુલણી રાણીના આવા વર્તનથી પ્રધાન અને પ્રધાનનો પુત્ર બંને સજાગ બની ગયા હતા. જૂના પ્રધાનને બ્રહ્મદત્તકુમાર પ્રત્યે ખૂબ લાગણી હતી, એટલે એણે નક્કી કર્યું હતું કે ગમે તેમ કરીને બ્રહ્મદત્તકુમારને બચાવી લેવો. એના પુત્ર વરધનૂને પણ કહી દીધું હતું કે, બેટા! બ્રહ્મદત્તકુમારને બચાવતાં કદાચ આપણું બંનેનું મૃત્યુ થઈ જશે તો વાંધો નથી પણ બ્રહ્મદત્તને આપણે બચાવી લેવો. એ જીવતો હશે તો આપણા રાજાનું નામ રાખશે. બ્રહ્મદત્તકુમારના પુણ્યનો સિતારો ચમકતો હતો એટલે એને આવા રાજભક્ત પ્રધાન અને તેના પુત્રનો પૂરો સાથ હતો. બ્રહ્મદત્તનું રક્ષણ કરવા માટે પ્રધાનના પુત્ર વરધનૂ દીર્ઘરાજાની પાછળ પડયા હતા એટલે જ્યારે આ વાત દીર્ઘરાજાએ રાણીને કરી ત્યારે બાનગી રીતે ગુપ્ત ખંડના પડદા પાછળ આવીને ઊભો રહ્યો હતો ને ગુપ્ત વાત સાંભળી તમામ બાતમી મેળવીને ત્યાંથી સાપની જેમ ઝડપભેર સરકી ગયો. ઘેર આવીને વરધનૂએ પોતાના પિતા ધનુપ્રધાનને બધી વાત કરી ત્યારે પ્રધાનના દિલમાં પારાવાર દુઃખ થયું, અહો! આ સંસાર કેવો ભયંકર સ્વાર્થમય છે કે માતા જેવી માતા પોતાના એકના એક પુત્રને સળગાવી દેવા તૈયાર થઈ છે. ધિક્કાર છે એને! આમ કહી ધનુપ્રધાન ચિંતામગ્ન બન્યા, હવે બ્રહ્મદત્તકુમાર માટે શું વિચારશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૨૯

શ્રાવણ વદ ૫ ને રવિવાર **તા. ૧૨-૮-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! શાસનપતિ ત્રિલોકીનાથ, ત્રૈલોક્ય પ્રકાશક, જગત ઉદ્ધારક, રાગ-દ્વેષ વિનાશક, એવા અનંતાનંત ઉપકારી ભગવાન જગતના જીવોને આત્મકલ્યાણનો માર્ગ સમજાવતા કહે છે કે, હે જીવો ! જો તમારે પરિભ્રમણને પરિમીત કરવું હોય ને કર્મબંધનથી અટકવું હોય તો જ્ઞાનીએ બતાવેલા માર્ગનો સહારો લો. ભવવનની અંદર માર્ગ ભૂલેલા માનવીને ભગવાનનો માર્ગ એ એક સાચો સથવારો છે. જે ભૂલેલાને સાચા રાહે ચઢાવે છે, પણ એ માર્ગનો સહારો હજુ આત્માએ લીધો નથી. માનવીને લાંબી મુસાફરી કરવી હોય અથવા કોઈ અજાણ્યા સ્થળે જવું હોય તો તેના મનમાં એ ભાવ થાય છે કે મને કોઈ સારો સથવારો મળે તો માર્ગમાં કોઈ મુશ્કેલી કે આપત્તિ આવે તો મને આશ્વાસન મળે ને મારો લાંબો પ્રવાસ આનંદપૂર્વક પૂર્ણ થાય. પગે ચાલીને પ્રવાસ કરવો હોય, રેલ્વેની કે બસની મુસાફરી કરવી હોય તો સારા સથવારાને બધા ઇચ્છે છે. માનવીએ સથવારો સારો માનીને લીધો પણ પછી જો તે પ્રવાસમાં સહારા રૂપ ન બનતા બોજારૂપ બની જાય તો મુસાફરીમાં કંટાળો આવે છે. અહીં જ્ઞાનીઓ આપણને સમજાવે છે કે જો આત્મા સામાન્ય મુસાફરીમાં પણ સારા સથવારાને ઇચ્છે છે તો પછી આ આત્માને તો અહીંથી પરલોકની લાંબી મુસાફરી કરવાની છે તો તેના માટે કેવો સથવારો જોઈશે ? જેના સહારાથી આત્મા સુખી બને તેવો સથવારો જોઈએ છે કે આત્મા દુઃખી બને તેવો સથવારો જોઈએ છે ?

આ જીવને હજુ સારો સથવારો કોને કહેવાય ને ખોટો કોને કહેવાય તેની ખબર નથી. સંસાર સુખમાં મસ્ત બનેલા કંઈક જીવો એમ માને છે કે જીવન તો બહુ અલ્પ છે. આ ટૂંકા જીવનમાં જો ભૌતિક સુખો નહિ ભોગવીએ તો મનની મનમાં રહી જશે. તે સુખો મેળવવા માટે ધનની જરૂર છે, માટે જીવનનો સાચો સથવારો ધન છે. કોઈ પોતાને સુંદર મનગમતી અનુકૂળ પત્ની મળે એને જીવનનો સાચો સથવારો માને છે. કોઈ કીર્તિને સહારો માને છે. જો કીર્તિ ન હોય તો બધાં સુખ ઝાંખાં દેખાય છે. કોઈ મનગમતા મિત્રનેજીવનનો સાચો સથવારો માને છે. માનવી આવી અનેક કલ્પના કરે છે પણ જ્ઞાની કહે છે તારા માનેલા આ બધા સથવારા શું ચિરસ્થાયી છે ? જો પાપનો ઉદય થાય તો ધન વરાળ માફક વેરાઈ જાય ત્યારે તે દુઃખી થાય છે. અનુકૂળ સૌંદર્યવાન પત્ની પણ સંસારમાં કયારેક અધવચ્ચે કાળના અંધકારમાં અદૃશ્ય થઈ જાય છે. શરીર એ રોગનું ઘર છે. કયારે એના પર દર્દના હુમલા આવશે ને આરોગ્ય વિદાય લેશે તેની ખબર નથી. કીર્તિ પણ કયારેક એક ભૂલના કારણે નાશ થઈ જાય છે. આ રીતે સત્તા, બળ, સંપત્તિ વગેરે આકર્ષક જણાતી વસ્તુઓ ચિરસ્થાયી રહેવાની નથી. કાં તો આપણે

એનો ત્યાગ કરીને જવું પડે છે અથવા જીવનની સફર પૂરી થતાં પહેલાં એ આપણને છોડીને ચાલ્યા જાય છે. તો હવે અહીં આપના મનમાં પ્રશ્ન થશે કે ચિરસ્થાયી અને સાચો સથવારો કયો ?

આ પ્રશ્નનો સુંદર જવાબ જૈનદર્શને આપ્યો છે. એ ચિરસ્થાયી સથવારાનું નામ છે જ્ઞાન અને દર્શન. આ સથવારા જન્મ મરણની ઘટમાળમાંથી મુક્તિ અપાવીને શાશ્વત સુખ અપાવી શકે છે. જ્ઞાન–દર્શન અને ચારિત્ર રૂપ સથવારાની પ્રાપ્તિ અતિ અલ્પ સમયમાં ભવભ્રમણનો અંત લાવી જે સુખની કલ્પના કરી શકાય નહિ એવા શિવસુખને આપે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩મા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચુલની રાણી અને દીર્ઘરાજા બંને એકબીજાના પ્રેમમાં ફસાઈ ગયા છે. એમને સારાસારનો વિવેક નથી, કામભોગમાં મદમસ્ત બન્યા છે. કામવાસના મનુષ્યનો મોટામાં મોટો દુશ્મન છે, પ્રેમના સોહામણા શબ્દ કવચમાં લપેટાઈ મનુષ્યને ભોળવી જાય છે. એ પ્રેમ નથી પણ માત્ર વાસના છે. ભગવાન કહે છે કે જે મનુષ્ય પોતાના ચારિત્રને ચોખ્ખું રાખે છે તે મહાન છે અને જે મનુષ્ય પોતાના ચારિત્રને ગુમાવે છે એ તો અધમમાં અધમ છે. જેણે ધન ગુમાવ્યું છે તેણે કંઈ નથી ગુમાવ્યું, આબરૂ અને તંદુરસ્તી ગુમાવી એણે કંઈક ગુમાવ્યું છે પણ જેણે ચારિત્ર ગુમાવ્યું તેણે તો બધું જ ગુમાવ્યું છે. ચુલની રાણી અને દીર્ઘરાજાએ ચારિત્ર ગુમાવીને પોતાના જીવનની બરબાદી તો કરી. એમના સુખમાં બ્રહ્મદત્તકુમાર એમને આડખીલ રૂપ લાગે છે એટલે એને મારી નાંખવાનું કાવતરું પણ ઘડાઈ ગયું. દૂધ જો દૂધના રૂપમાં હોય તો પી શકાય પણ જો દૂધ ફાટી જાય તો એ બેસ્વાદ બની જાય છે, તેમ ચુલની અને દીર્ઘરાજા બંને ફાટેલા દૂધ જેવા બની ગયા છે. એ મનુષ્ય મટીને ક્રૂર રાક્ષસ જેવા બની ગયા છે, એટલે એમને આવા ભરયુવાન પુત્રને મારી નાંખવાની બુદ્ધિ થઈ છે, પણ ચુલનીને બબર નથી કે મારો પુત્ર કોણ છે ?

બંધુઓ ! કર્મની વિચિત્રતા કેવી છે ! બ્રહ્મદત્ત ચક્રવર્તિએ પૂર્વભવમાં પોતાની અમૂલ્ય સાધના વેચીને ચક્રવર્તિનું પદ માંગ્યું. એમની સાધના તો ચક્રવર્તિ પદથી પણ અધિક સુખ આપે એવી હતી પણ કર્મે ભાન ભૂલાવ્યો ને નિયાણું કર્યું, અને ચૌદ સ્વપ્ન સૂચિત એનો જન્મ થયો તે માતા જાણે છે છતાં એની કેવી દશા કરવા ઊઠી ? કયાં બાલપણમાં એના પિતા બ્રહ્મરાજાનું અચાનક મરણ થવું ને કયાં એક વખત સતી કહેવાતી ચુલની રાણીને દીર્ઘરાજાની સાથે પતનના પંથે જવું ને બ્રહ્મદત્ત કુમારના માથે આ અણધારી વિપત્તિની વિજળી તૂટી પડવી. દીર્ઘરાજા અને ચુલની રાણીએ બ્રહ્મદત્તકુમારનો જડમૂળમાંથી નાશ કરવાનું નક્કી કર્યું છે, પણ બ્રહ્મદત્તકુમારના પાપની સાથે પુણ્યનો પણ ઉદય હતો એટલે એને ધનુ પ્રધાનની પૂરી સહાય હતી.

રાજ્યનો વારાફરતી કારભાર ચલાવતા નરબંકાઓમાં ધનુ પ્રધાન એક રાજભક્ત પુરુષ હતા. વફાદારીમાં તો એમનો જોટો ન મળે. આ ધનુપ્રધાને બ્રહ્મદત્તકુમારના પિતાજી બ્રહ્મ મહારાજાની આજીવન ખૂબ સેવા કરી હતી. રાજ્યનો વિકાસ કરવામાં એમનો ઘણો મોટો ફાળો હતો. દીર્ઘરાજાના કાવાદાવા અને પ્રપંચી સ્વભાવથી તેઓ પૂરા માહિતગાર હતા, તેથી તેઓ બ્રહ્મદત્તકુમારનું રક્ષણ કરવા માટે ખૂબ સાવધાન બની ગયા હતા. પોતાના પુત્ર વરધનુને બ્રહ્મદત્તકુમારના પડછાયાની જેમ ગોઠવી દીધો હતો.

પ્રધાનપુત્ર વરધનુ બ્રહ્મદત્ત કુમારનો મિત્ર હતો એટલે તે બ્રહ્મદત્તકુમારનું ધ્યાન રાખતો હતો. સાથે દીર્ઘરાજા અને ચુલની રાણી શું કરી રહ્યા છે તેનું પણ ગુપ્ત રીતે નિરીક્ષણ કરતો હતો તેથી ગુપ્ત બંડમાં દીર્ઘરાજાએ ચુલની રાણીને બ્રહ્મદત્તકુમારને કેવી રીતે મારી નાંખવો તે વાત કરી તે જાણી શકયો, અને ઘેર આવીને એના પિતાજીને બધી વાત કરી, એટલે ચતુર મંત્રીએ બીજે જ દિવસે રાજસભાનું કાર્ય પૂરું થયા પછી રાજમાતા ચુલની અને દીર્ઘરાજા સમક્ષ એવી વિનંતી કરી કે હવે હું વૃદ્ધ થઈ ગયો છું. રાજ્યનું કાર્ય મારાથી સંભાળી શકાતું નથી, તેથી મારી ભાવના એવી છે કે મારા ઉપરનો ભાર મારા પુત્ર વરધનુને સોંપીને ઘડપણના દિવસોમાં મારા પરલોકના હિત માટે દાન, તપ આદિ ધાર્મિક અનુષ્ઠાનો કરું.

ધનુમંત્રીની વાત સાંભળીને દીર્ઘરાજાએ વિચાર કર્યો કે આ પ્રધાન તો મોટા ભાગે રાજકાર્યમાં મારી સાથે રહે છે ને મારા દુષ્કર્તવ્યને પણ એ જાણે છે, માટે અહીંથી નિવૃત્ત થઈને બીજા ગામમાં જશે તો ત્યાં એ મારા અવગુણોને જાહેર કરશે ને મારી વાત બધા જાણી જશે માટે એ ભલે પ્રધાનની નોકરીમાંથી છૂટો થાય પણ એને મારે આ નગર છોડીને બીજે જવા દેવો જોઈએ નહિ. જેથી એ મારા દુગુર્ણોની જાહેરાત બીજે કરે નહિ. આ પ્રમાણે વિચાર કરીને દીર્ઘરાજાએ મંત્રીને કહ્યું: મંત્રીજી! તમારો પુત્ર ભલે તમારું મંત્રી પદ સંભાળે એમાં મને કોઈ હરકત નથી, પણ તમે આ નગર છોડીને બીજે કયાંય જશો નહિ. અહીં રહીને જ ધર્મધ્યાન કરો. હું તમને આ નગર છોડીને બીજે કયાંય નહિ જવા દઉં, એટલે ધનુમંત્રીએ રાજાની વાતનો સ્વીકાર કર્યો. દીર્ઘરાજાના દિલમાં બ્રહ્મદત્ત કુમારનું જલ્દી કાસળ કાઢવાની તાલાવેલી છે. ત્યારે ધનુમંત્રીને એ જ બ્રહ્મદત્તકુમારને એના કાવતરામાંથી બચાવી લેવાની તાલાવેલી છે. માણસ તો બંને છે ને? છતાં બંનેના ગુણમાં કેટલો ફરક છે. આ તો બંને અલગ ઘરના છે. ઘણી વાર એક જ માતાની કૂખે જન્મેલા બે સગા ભાઈઓ હોવા છતાં એમની દૃષ્ટિમાં ને સ્વભાવમાં કેટલું અંતર હોય છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક ગરીબ મા બાપના બે દીકરા હતા. તેમાં મોટાનું નામ શાંતિ અને નાનાનું નામ સુરેશ હતું. મોટો દીકરો શાંતિ પાંચ ચોપડી ભણી રહ્યો એટલે એના મા-બાપે કહ્યું: બેટા! હવે તું ભણવાનું છોડીને કયાંક નોકરીએ લાગી જા તો ઘરખર્ચમાં રાહત

થાય. બાપ એક નાનકડી હાટડી જેવી દુકાન ચલાવતો હતો. તેમાંથી માંડ પૂરું થતું. ઘણી જગ્યાએ આવું બને છે કે મા-બાપની આર્થિક સ્થિતિ નબળી હોય એટલે મોટા છોકરાનું ભણવાનું બગડે. એમ આ શાંતિલાલને પણ ઘરના સંયોગોના કારણે ભણવાનું છોડી દેવું પડયું. શાંતિલાલ ખૂબ ડાહ્યો, ગંભીર ને વિવેકી છોકરો હતો. શાંતિ અને સુરેશ બંને એક માતાના બાલુડાં હતાં પણ બંનેના સ્વભાવમાં આસમાન જમીન જેટલું અંતર હતું. શાંતિ પહેલેથી સ્વભાવે નમ્ર, નિરાભિમાની, દયાળુ અને મિલનસાર સ્વભાવનો હતો ત્યારે સુરેશ અક્કડ, અતડો ને જિદ્દી હતો. તે નાનો એટલે મા-બાપનો લાડકો હતો. શાંતિ ભણી ન શકયો તેથી નોકરી ન મળી એટલે બાપની હાટડીમાં બેઠો. સુરેશ મેટ્રિક પાસ થયા પછી કોલેજમાં ગયો. તે સારા માર્કે પાસ થતો હતો. મા-બાપે શાંતિના સુશીલ સંસ્કારી કન્યા સાથે લગ્ન કર્યાં. સમય જતાં મા બાપ એકાએક બિમાર પડયા, ત્યારે શાંતિને ભલામણ કરી કે તું સુરેશને ભણાવજે ને ખૂબ સાચવજે. આ પ્રમાણે કહીને માતા પિતાએ દેહ છોડયો. એમની અંતિમ ક્રિયા કરી. ધીમે ધીમે શોક વિસારે પડયો. શાંતિલાલ મા-બાપની આજ્ઞા મુજબ પોતાના નાનાભાઈ ને ભણાવવો ને સાચવવો તે બરાબર કરતા.

શાંતિલાલ સમજતા હતા કે ભલે, આપણને અત્યારે કષ્ટ પડશે પણ સુરેશ ભણી રહેશે પછી એ નોકરી ધંધામાં લાગી જશે પછી કોઈ ચિંતા નથી. આવી આશામાં ને આશામાં દુઃખ વેઠીને પણ નાનાભાઈને ભણાવવાનો આનંદ માનતા, કારણ કે હજારો નિરાશાઓમાં એક અમર આશા છૂપાયેલી છે. પણ આ સંસારમાં આશાઓ કોની પૂરી થાય છે? સંસાર જ સ્વપ્ન જેવો છે. કહ્યું છે ને કે,

સુપને સબ કુછ દેખિયે, જાગે તો કુછ નહી,
ઐસા યહ સંસાર હૈ, સમજ દેખે મન માંહી.

સ્વપ્નમાં માણસ દેખે છે કે હું મોટો કરોડપતિ બન્યો. આવું મહાન સુખ ભોગવી રહ્યો છું પણ જ્યાં સ્વપ્ન પૂરું થયું ને આંખ ખુલી એટલે કાંઈ નહિ. આ સંસારનું સુખ પણ આવું છે. શાંતિલાલ અને એની પત્ની આશા બંને ભાવિના સંસાર સુખના રંગીન સ્વપ્નો જોઈ રહ્યાં હતાં પણ ભાવિ તો કંઈક જુદું જ ઘડાઈ ચૂકયું હતું. સુરેશે કોલેજમાં ડોકટરી લાઇન લીધી. ભાઈ કષ્ટ વેઠીને ભણાવે છે. ભણતાં ભણતાં સુરેશ ડૉકટર બન્યો, ત્યારે મોટાભાઈ શાંતિ અને તેની પત્નીએ શાંતિનો દમ ખેંચ્યો કે હાશ....હવે અમારે કંઈક સુખના દિવસો આવશે, પણ કર્મની ગતિ વિચિત્ર છે. સુરેશ ડૉકટરની ડિગ્રીમાં પાસ થતા મોટી હોસ્પિટલમાં દાખલ થતાં પગાર સારો શરૂ થયો. સુરેશ ડૉકટર બન્યો એટલે સારા ઘરની સુખી દીકરીઓના કહેણ આવવા માંડયાં. ભાઈએ સારી કન્યા સાથે પરણાવ્યો. તેને પગાર સારો, વળી સાસરિયા સુખી એટલે મોટાભાઈ ભાભીને તો હર્ષનો પાર નથી. શી વાત સુરેશભાઈ, શું બોલ્યા ને શું બોલશે? પણ ડૉકટરને આ ગામડિયા હવે ગમતા નથી. એને મન તો ભાઈ ભાભી નોકર જેવા

લાગતા હતા. એક દિવસ એના ભાઈને કહે છે, તમે બધા હવે આ ઘર છોડીને ચાલ્યા જાઓ. બાપની મિલકત કહો કે જે કંઈ કહો તે એક ઘર અને એક નાની હાટડી હતી. બીજું કંઈ જ ન હતું એટલે શાંતિએ કહ્યું: ભાઈ! અમે કયાં જઈએ? ત્યારે કહે છે, આ હાટડીની પાછળ એક ઓરડી છે તેમાં રહેજો. તમે મારા ભેગા નહીં, ત્યારે શાંતિ કહે છે. ભાઈ! તું કંઈક તો વિચાર કર. તને મેં દુઃખ વેઠીને કેવી રીતે ભણાવ્યો છે એનો બદલો તું આમ વાળે છે? ત્યારે સુરેશે કહ્યું: એમાં શું નવાઈ કરી? તમારી ફરજ હતી ને? હવે હું મોટો ડોકટર કહેવાઉં. મને મળવા મારા મિત્રો અને ડોકટરો આવે, ત્યારે તમે તો મારા ઘરના નોકર જેવા દેખાઓ છો. મને તમારી ગામડિયા જેવી વર્તણુક બિલકુલ પસંદ નથી માટે ત્યાં જલદી ચાલ્યા જાઓ.

"મકાનમાંથી ધક્કો મારતો સુરેશ" : શાંતિ ગળગળો થઈને કહે છે, ભાઈ! આ મકાન તો બાપાનું છે. એમાં મારો ભાગ છે, ત્યારે સુરેશે કડકાઈથી કહી દીધું, તમારો એમાં બિલકુલ હક્ક નથી, ત્યારે શાંતિલાલની પત્ની આશા કહે છે, સ્વામીનાથ! તમે ને મેં તો એમના માટે જાત ઘસી નાંખી છે. એને આપણે શું નથી આપ્યું? બધું જ આપ્યું છે તો હવે આ ઘરના ઓરડામાં શું છે? આપી દો. આપણે આપણી હાટડીની પાછળની ઓરડીમાં ખુશીથી રહીશું ભલે, એ સુખી થાય. એમ કહીને બંને માણસો થોડા વાસણ ને પોતાના કપડાં લઈને ઘરમાંથી નીકળી ગયા ને હાટડીના રૂમમાં રહેવા લાગ્યા. આગળ નાનકડી હાટડી ને પાછળ પોતે રહે છે. જેના ઉપર આશાના મિનારા બાંધ્યા હતા તે તૂટી ગયા, એટલે મોટાભાઈનું હૃદય પણ તૂટી ગયું. અરેરે....જે ભાઈને માટે મેં બાલપણમાંથી જ કષ્ટ વેઠયું, પેટે પાટા બાંધીને ભણાવ્યો. એણે આ દશા કરી? મેં પૂર્વભવમાં કેવાં પાપકર્મો કર્યાં હશે કે મેં મા-બાપના લાડ તો જોયા જ નહિ. દુઃખ વેઠીને મોટો થયો ને ભાઈને પણ દુઃખ વેઠીને મોટો કર્યો. એ સુખી થયો ને હું તો ગરીબનો ગરીબ રહ્યો. ભગવાન! તું મારા સામું તો જો. એમ કહીને ખૂબ રડે છે ત્યારે એની પત્ની કહે છેઃ નાથ! હોય, એમાં રડવાનું શું? એના પુણ્યનો ઉદય છે એટલે એ સુખ ભોગવે છે ને આપણા પાપકર્મનો ઉદય છે એટલે દુઃખ ભોગવીએ છીએ, પણ આપણા કર્મો ખપે છે માટે શાંતિ રાખો.

"ડોકટરના આંગણે શાંતિનું આગમન" :-શાંતિલાલને એક બેબી હતી. જુદા થયા બે વર્ષ થયા પણ સુરેશ કદી મોટાભાઈના સામું જોતો નથી. છતાં ભાઈને જોઈને એનું હૈયું હરખાઈ જતું કે મારા ભાઈને મળી આવું પણ નાના ભાઈને તો એના સામું જોવાની પણ પડી નથી, કે મારો ભાઈ શું કરે છે? એટલે શાંતિ મળવા કેવી રીતે જાય? હયાનો હર્ષ હૈયામાં જ શમાવીને બેસી રહેતો. એક દિવસ એવો પ્રસંગ બન્યો કે મોટાભાઈની પાંચ વર્ષની એકની એક વહાલી બેબી મંજુને એકદમ પાંચ તાવ ચઢી ગયો. ઠંડા પાણીના પોતા મૂક્યા પણ તાવ ઓછો થતો નથી. શરીર

લોઢાની જેમ ધ્રીખી રહ્યું છે. કુમળી ફુલ જેવી બેબી તાવમાં કરમાઈ ગઈ એટલે શાંતિને થયું કે બીજા ડૉકટરને કયાં શોધવા જાઉં ! હું મારા ભાઈને જ બોલાવી આવું. મારા માટે તો ભલે ન આવે પણ આ કુમળી ફૂલની કળી જેવી ભત્રીજીએ એનું શું બગાડયું છે? એને માટે તો મારો ભાઈ જરૂર આવશે. એ તો હાંફતો હાંફતો નાના ભાઈને ઘેર આવ્યો. ડોકટર સાહેબ સૂઈ ગયા હતા. ડૉકટરની પત્નીને ધ્રૂજતા ધ્રૂજતા કહ્યું: મારો ભાઈ કયાં છે? એને જલદી ઘેર મોકલો ને. મંજુને સખ્ત તાવ ચઢયો છે. બેભાન જેવી થઈ ગઈ છે.

"સુરેશે મોટાભાઈનું કરેલું અપમાન" :–રમાએ તરત પોતાના પતિને જગાડીને કહ્યું: જલદી ઊઠો. આપણા મોટાભાઈની બેબી સિરિયસ થઈ ગઈ છે. શાંતિલાલ ત્યાં ઊભો હતો. એને જોઈને સુરેશને ખૂબ ગુસ્સો આવ્યો. પલંગમાંથી ઊઠીને શાંતિને જોરથી ધક્કો મારતા કહે, છે તું શા માટે મારે ઘેર આવ્યો છે? તને શરમ નથી આવતી ? મારી સાથે તમારે શું લેવા દેવા ? આ ગામમાં મારા સિવાય બીજા કોઈ ડૉકટર નથી કે મારે ત્યાં હાલ્યા આવો છો ? જાવ અહીંથી. આવા શબ્દો કહ્યા તો પણ શાંતિલાલે કહ્યું: ભાઈ! હું બીજા ડૉકટરને બોલાવવા જાઉં ત્યાં તો મંજુનું શું થઈ જાય એ કંઈ કહેવાય નહિ, માટે તું જલદી ચાલ. સુરેશે કહ્યું, ભલે ને મરી જાય એમાં મારે શું ? ત્યારે રમાએ કહ્યું. નાથ ! કંઈક તો વિચાર કરો. શું કાલના દિવસો તમે ભૂલી ગયા ? આવા મોટા ડૉકટર બનાવનાર કોણ છે ? આવા મોટાભાઈના તો પગ ધોઈને પીવા જોઈએ તેના બદલે તમે આવા શબ્દો કહો છો ? તમને શરમ નથી આવતી ? એમને સારા પ્રસંગે ન બોલાવો તો કાંઈ નહિ પણ એમની એકની એક બેબી મરવા પડી છે એના સામું તો જુઓ. આવા પ્રસંગે તમે કામ નહિ લાગો તો કયારે લાગશો ? મોટાભાઈ ઉપર કરેલો ક્રોધ જોઈને ડૉકટરની પત્ની રમા ખૂબ ઊકળી ગઈ. હજુ એ આગળ કંઈક બોલવા જાય ત્યાં તો ચાર લાફા મારીને કહે છે, આવા ભિખારીને તેં ઘરમાં પેસવા જ કેમ દીધો ? ઘરમાં પેસાડીને પાછી એમાં ભળી જાય છે? એવા જોરથી લાફા માર્યા કે રમા તો ભોંય પડી ગઈ.

નાનાભાઈનો કાળી નાગણ જેવો ક્રોધ જોઈને શાંતિ તો પોતાને ઘેર પાછો આવ્યો ત્યારે બેબી સૂઈ ગઈ હતી. થોડી વાર થઈ પણ બેબી બોલતી ચાલતી નથી એટલે બીજા ડૉકટરને બોલાવ્યો. ડોકટરે આવીને જોયું તો બેબીનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. ડૉકટર હાથ ખંખેરીને ઊભા થઈ ગયા ને કહ્યું: શાંતિભાઈ! હવે આ બેબી તમારી નથી. એ તમને છોડીને ચાલી ગઈ. દીકરો ગણો કે દીકરી ગણો એક જ હતી એટલે ખૂબ વહાલી હતી. તે એક જ દિવસના તાવમાં ચાલી ગઈ. મા બાપ કાળાપાણીએ રડે છે. સુરેશને ખબર પડી કે બેબી ગુજરી ગઈ આથી રમાને ખૂબ આઘાત લાગ્યો ને પતિને કહે છે ચાલો, ત્યાં જઈએ. સુરેશે કહી દીધું કે, મારે કે તારે કોઈને જવાનું નથી. રમાએ ઘણું સમજાવ્યો પણ તે માન્યો નહિ. એકની એક બેબી ચાલી ગઈ છતાં ભાઈ આવ્યો નહિ એટલે શાંતિને

ખૂબ આઘાત લાગ્યો. અરેરે....આપણા કેવાં પાપ કર્મનો ઉદય થયો છે કે આપણું કોઈ નહિ. જેના ઉપર આશાના મિનારા બાંધીને ભણાવ્યો એ મિનારા જમીન દોસ્ત થઈ ગયા, અને આપણી એકની એક લાડકવાયી બેબી પણ સૌને રડાવી ચાલી ગઈ. એમ કરીને પતિ-પત્ની ડ્રસ્કે ને ડ્રસ્કે રડે છે ત્યારે આડોશી પાડોશી બંનેને આશ્વાસન આપીને શાંત પાડે છે. છેવટે હૈયું જરા હળવું બન્યું એટલે પોતાના આત્માને કહે છે કે

દુઃખ આવે મનવા જ્યારે ત્યારે રોવું શા માટે ?
જે વાવ્યું તે ઊગે છે એનો શોક શા માટે ?

હે જીવાત્મા ! તને જે દુઃખ આવ્યું છે તે તારા પાપકર્મના ઉદયથી આવ્યું છે. આપણાં કર્મો જ આપણાં ઉપર રૂઠ્યાં છે એમાં ભાઈનો દોષ નથી, કારણ કે જ્ઞાની સંતો ઘણી વાર સમજાવે છે કે હે આત્મા ! આ સંસાર જ વિચિત્ર પ્રકારનો છે. **"જ્યાં જન્મ છે ત્યાં મૃત્યુ છે, જ્યાં યૌવન છે ત્યાં વૃદ્ધત્વ છે, જ્યાં સંયોગ છે ત્યાં વિયોગ છે, જ્યાં કાયા છે ત્યાં રોગ છે, જ્યાં સુખ છે ત્યાં દુઃખ છે, જ્યાં હાસ્યની છોળો ઊડે છે, ત્યાં રુદનનાં ડૂસકાં પણ હોય છે, આ બંનેને સમજે છે તે સાચો ધર્મી કહેવાય છે."**

જ્યાં પુણ્યની પ્રધાનતા હોય છે ત્યાં સુખની છોળો ઊછળે છે ને જ્યાં પાપની પ્રધાનતા છે ત્યાં દુઃખની ઝડીઓ વરસે છે. આવું સમજીને જે મનુષ્ય સુખ-દુઃખમાં સ્થિર રહે છે તેનું માનવજીવન સફળ બને છે, બાકી કર્મો તો કોઈને છોડનાર નથી. આવા વિચારો કરીને શાંતિલાલ અને તેની પત્ની આશા પોતાના દિવસો શાંતિથી ધર્મ-આરાધનામાં પસાર કરવા લાગ્યા. નાનો ભાઈ સુરેશ પણ સુખમાં એના દિવસો પસાર કરે છે. એક વખત સુરેશભાઈના પુણ્યનું પાંદડું ખસ્યું. રવિવારનો દિવસ હતો એટલે સુરેશ અને તેની પત્ની બંને સિનેમા જોવા ગયેલા. સિનેમા જોઈને આવ્યા ને ઘસઘસાટ ઊંઘી ગયા ત્યાં અચાનક કોણ જાણે ઘરમાં આગ લાગી. પાંચ વર્ષનો બાબો અચાનક જાગી ગયો ને આગના ભડકા જોઈને બૂમાબૂમ કરવા લાગ્યો. એટલે સુરેશ અને તેની પત્ની બંને જાગ્યા ને બૂમો મારી કે આગ લાગી છે. બચાવો બચાવો.... ઘરમાંથી નીકળવાના બારણા તરફ જ આગ લાગી હતી. પાછળના ભાગમાં બારણું નથી એટલે કયાંથી નીકળવું તે કંઈ સૂઝતું નથી. લોકો દોડતા આવ્યા ને બૂમરાટ કરવા લાગ્યા પણ કોઈ બચાવી શકે તેમ ન હતું. આગ ઓલવવા બંબા બોલાવ્યા પણ એ આવે ત્યાં સુધીમાં તો આગ ત્રણેને ભરખી જાય તેમ હતું. બાબો બીજા રૂમમાં અટવાઈ ગયો હતો. શું કરવું તે દિશા સૂઝતી નથી.

"અપકાર ઉપર ઉપકાર કરતા મોટાભાઈ" :- આ બાજુ મોટાભાઈને આગના સમાચાર મળતા તે જલદી દોડ્યા કે મારા ભાઈને બચાવું. સુરેશ અને રમાએ અગ્નિના ભડકામાંથી મોટાભાઈને દોડતા જોયા, એટલે એમના મનમાં થયું કે

આપણે એમની સાથે સંબંધ નથી રાખ્યો માટે તેઓ આપણને બચાવવા નથી આવતા. આમ બંને જણાં ધ્રૂજતા હૃદયે વાત કરે છે ત્યાં તો મોટાભાઈએ લોખંડની પાઈપ લઈને બારી તોડી નાંખીને ભીંતમાં મોટું બાકોરું પાડયું ને ધૂમ મારી સુરેશ-રમા! હવે તમે બહાર કૂદી પડો. બંને માણસ કૂદી પડયા પણ જીવ બચાવવા જતાં એકનો એક બાબો અંદર રહી ગયો. અરેરે....એનું શું થશે? એમ કહીને બંને માણસો મોટી પોકે રડવા લાગ્યા પણ કોઈ અંદર જવાની હિંમત કરતું નથી. આ સમયે જેનું હૃદય શાંતિથી છલકાઈ ગયેલું છે એવા શાંતિભાઈ ભડભડતી આગમાં અંદર જઈને બાબાને લઈ આવ્યા. બાબાને બચાવવા જતા પોતે અડધા બળી ગયા. બાબાને આપ્યા બાદ તરત તે બેભાન બની ગયા.

"હૃદયથી પશ્ચાતાપ કરતો નાનોભાઈ" :- તરત જ બંનેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આગ બૂઝવવા બંબાવાળાને બોલાવ્યા. આગ બૂઝાઈ ગઈ. સાથે સુરેશના હૃદયમાં શાંતિભાઈ ઉપર ક્રોધની જે આગ ભભૂકતી હતી તે પણ ઓલવાઈ ગઈ. એના દિલમાં પોતાનું પાપ શૂળની જેમ સાલવા લાગ્યું. પોતાની ભૂલો યાદ આવી કે ભાઈની બેબી બીમાર પડી ત્યારે ભાઈ મને બોલાવવા આવ્યો તે સમયે મેં કેવું ઉદ્ધત વર્તન કર્યું હતું! મને એમણે આટલા દુઃખ વેઠીને ઊછેર્યો, ભણાવ્યો, પરણાવ્યો. એમની સેવા કરવાને બદલે મેં એમની આવી દશા કરી? બેબી ગુજરી ગઈ છતાં આશ્વાસન દેવા ગયો નથી. તે સિવાય પાંચ પાંચ વર્ષમાં મેં એમની ભૂખ્યા તરસ્યાની સંભાળ લીધી છે? પોતાની ભૂલોથી ભરેલો ભૂતકાળ એની નજર સમક્ષ ખડો થઈ ગયો. આંખમાં પશ્ચાતાપના આંસુ આવી ગયા કે, ધિક્કાર છે મને પાપીને! ક્યાં હું દાનવ અને ક્યાં દેવ સમાન મોટાભાઈ! હોસ્પિતાલમાં જઈને હૃદયપૂર્વકના પશ્ચાતાપ સાથે સારવાર કરી રહ્યો છે. હે પ્રભુ! મારા ભાઈને જલદી સારું થઈ જાય તેમ કરજો. ક્યારે ભાઈ ભાનમાં આવે ને હું મારા પાપનું પ્રાયશ્ચિત કરું. એ વિચારમાં રાહ જોઈને બેઠો હતો. બીજે દિવસે બાર વાગે બાબો ભાનમાં આવ્યો ને મોટાભાઈ બે વાગે ભાનમાં આવ્યા. આંખ ખોલીને જોયું તો નાનોભાઈ પોતાના પલંગ ઉપર બેઠો છે.

ભાઈની સાથે આંખેઆંખ મળી એટલે સુરેશ એના મોટાભાઈને વળગી પડયો ને કહ્યું, મોટાભાઈ! આજે તો મને સાચા પારસમણિનો સ્પર્શ થયો. તમે ખરેખર પારસમણિ છો. મેં આવા પવિત્ર મોટાભાઈને આજ સુધી ઓળખ્યા નહિ. તમે તો દરેક વખતે ધૂપસળી બનીને રહ્યા છો. પોતે ખુદ બળીને સુવાસ ફેલાવી છે. એની સુગંધ મેં આજ સુધી ન માણી, પણ આજે મારું અભિમાન ઓગળી ગયું છે. હું આપની માફી માંગું છું. આપના પગ ધોઈને પીઉં કે મારી ચામડીના જુત્તા બનાવીને આપને પહેરાવું તો પણ ઓછા છે. આપે તો અપકારનો બદલો ઉપકારથી વાળ્યો છે. એમ કહીને મોટાભાઈના પગ પકડીને ધ્રૂસ્કે ને ધ્રૂસ્કે રડવા લાગ્યો ત્યારે પોતાના ભાઈને

બાથમાં લેતા શાંતિલાલે કહ્યું: ઓ મારા વહાલા ભાઈ સુરેશ ! મેં તો કાંઈ કર્યું નથી. માત્ર મારી ફરજ બજાવી છે, દુનિયામાં છોરુ કછોરુ થાય પણ માવતર કમાવતર થતાં કયાંય સાંભળ્યા છે ? હોય, ચુલની રાણી જેવા કોઈક. ભાઈ! આજે તારા હૃદયનું પરિવર્તન થતાં મારી દાઝયાની બળતરા પણ શાંત થઈ. આજે મને મારા અંતરમાં અલૌકિક શીતળતા, શાંતિ અને આનંદનો અનુભવ થાય છે. બસ, આજે મને મારો ભાઈ મળી ગયો, પછી તો સુરેશે મોટાભાઈની ખૂબ સારી રીતે સેવા કરી. એની સેવા ફળી અને મોટાભાઈને દાઝયાના ઘા રૂઝાઈ ગયા. આબો પણ સારો થઈ ગયો, પછી બંને ભાઈઓનું કુટુંબ ભેગું રહેવા લાગ્યું.

સુરેશે કહ્યું : મોટાભાઈ! તમે ઘણી મજૂરી કરી છે. હવે તમારે કંઈ કામ કરવાનું નથી. તમે શાંતિથી બાઈપીને ભગવાનનું નામ લો, પણ ભાઈ ! હું તમને એક વાત પૂછું છું કે, તમારા જીવનમાં આટલું દુઃખ પડવા છતાં આટલી શાંતિ રાખવાનું કોણે શીખવાડયું? ત્યારે શાંતિલાલે કહ્યું: ભાઈ ! એક તો આપણા માતાપિતાના સંસ્કાર છે કે બેટા ! તારે બને તેટલો સંત સમાગમ વધુ કરવો. વધુ નહિ તો ઓછામાં ઓછો દશ મિનિટ તો સંત સમાગમ કરવો. સંત ન હોય ત્યારે ઓછામાં ઓછું ૧૫ મિનિટ વાંચન કરવું, તેથી હું અવારનવાર સંતોની પાસે જાઉં છું, વાંચન કરું છું તેથી મારા જીવનમાં શાંતિ આવી છે. આ સાંભળીને નાનો ભાઈ સુરેશ ડૉકટર પણ ધર્મના માર્ગે વળી ગયો.

આપણે ત્યાં મહાવીર હોસ્પિટલના ચીફ સર્જન ડૉ. આનંદલાલ બી. કોઠારીને આજે ૧૫ મો ઉપવાસ છે. વસુબેનને આજે ૩૫મો ઉપવાસ છે. ૫૧ ઉપવાસના ભાવ છે. બહેનોને ઘણાંને ઉપવાસ છે. જૈન સમાજમાં આવા ડૉકટર તપ કરે છે એ ગૌરવની વાત છે. ઉપવાસની સાથે ઓપરેશન કરી દર્દીને શાતા ઉપજાવવાની સેવા ચાલુ છે. ધન્ય છે આવા તપસ્વીઓને ! આપ બધા આજથી તપના માંડવડા નીચે આવી જાવ અને કર્મના ગંજને બાળી નાંખો.

ચરિત્ર :– કર્મના યોગે ભીમસેન રાજા અને સુશીલા રાણી, લક્ષ્મીપતિ શેઠને ઘેર નોકર બનીને રહ્યા. શેઠ ભલા હતા તેથી શિખામણ આપીને ગયા પણ શેઠની શિખામણ ઝાંપા સુધી. ભદ્રા શેઠાણીએ એનું પોત પ્રકાશ્યું. પ્રથમ દિવસથી સુશીલાની અગ્નિપરીક્ષા શરૂ થઈ. એક તો શેઠાણીનું રૂપ બિહામણું રાક્ષસી જેવું હતું એટલે ખુદ સુશીલા જ એનાથી ડરી ગઈ હતી તો બાળકોની તો વાત જ શું કરવી ! એ કહે છે: બા ! આ કોણ છે ? અમને બહુ બીક લાગે છે. સુશીલા કહે છે, બેટા ! તમે ડરો નહિ. એ તો આપણાં બા છે. એમ કહીને પોતાને વળગી પડેલા છોકરાને છૂટા પાડે છે પણ છોકરા તો માતાથી વિખૂટા પડતા નથી. ત્યાં તો શેઠાણી ગુસ્સો કરીને કહે છે તારા છોકરાને રમતા મૂકી દે ને જલદી કામ શરૂ કર. વાંસડાની જેમ શું ઊભી રહી છે ?

ઘરમાં તો આટલું બધું કામ પડયું છે તેની તને કંઈ ખબર પડે છે કે નહિ ? ભદ્રાએ વગર વાંકે સુશીલાને ધમકાવી નાંખી. શેઠાણીનો કર્કશ અવાજ સાંભળીને સુશીલા તો થરથર ધ્રૂજવા લાગી. એને ખૂબ દુઃખ થયું. એને પોતાનું અપમાન થતું લાગ્યું, કારણ કે ગમે તેમ તોય રાજાની રાણી છે. એના મહેલમાં તો ઘણાં નોકરચાકર અને દાસ દાસીઓ હતા. પોતે રાજરાણી હોવા છતાં એવી સરળ ને ભદ્ર પ્રકૃતિની હતી કે એ પોતાના નોકરચાકરને પણ ઊંચા સાદે કંઈ કહેતી ન હતી એટલે એને તો દુઃખ થાય ને ! પણ અત્યારે એના ઘોર પાપકર્મનો ઉદય હતો એટલે સ્વમાન સાચવવાનો પ્રશ્ન જ કયાં ? એણે મૌનપણે શેઠાણીના કઠોર શબ્દો સાંભળી લીધા અને પોતાના બાળકોને કહ્યું: બેટા ! તમે અહીં રમો પણ આ છોકરાઓ તો રડવા જ લાગ્યા કે બા અમે તો તારી સાથે જ રહીશું, એકલા નહિ. સુશીલાએ સમજાવીને દૂર મોકલી દીધા ને પછી ભદ્રાને કહ્યું: બા ! મારે શું કામ કરવાનું છે તે કહો એટલે હું કરવાની શરૂઆત કરું.

"સુશીલા ઉપર ભદ્રાનો જુલમ" :–તરત જ ભદ્રાએ બે મોટા માટલા આપીને કહ્યું, લે, અહીંથી એક માઈલ દૂર મીઠા પાણીનો કૂવો છે ત્યાં જઈને પાણી ભરી આવ. રાજાની રાણીએ કોઈ દિવસ પાણી ભર્યું નથી. બેડું હાથમાં કેમ ઊંચકાય એની ખબર નથી છતાં શેઠાણીના હુકમને માથે ચઢાવીને એક માટલું કાંખમાં ને એક માથે મૂકીને હાથમાં દોરડું લઈને પાણી ભરવા ચાલી. નવકારમંત્રનું સ્મરણ કરતી કૂવાના કાંઠે પહોંચી પણ દોરડું માટલાને કેવી રીતે ભરાવવું એની પણ ખબર નથી, એટલે કૂવે પાણી ભરવા આવેલી સ્ત્રીઓને કહે છેઃ બહેન ! તમે મને દોરડું ભરાવી આપોને. બાઈઓ કહે છેઃ બહેન ! તમે કોણ છો ? તમે જાણે રાજાની રાણી ન હો એવી તમારી મુખમુદ્રા છે. તમે કોઈ દિવસ કંઈ કામ ન કર્યું હોય એવું લાગે છે, ત્યારે સુશીલા કહે છેઃ બહેન ! હું રાજાની રાણી હોત તો શા માટે પાણી ભરત ! મારા કર્મે મને દાસી બનાવી છે. દયાળુ બહેને માટલાને દોરડું બાંધી આપ્યું. મહામુશીબતે બે માટલાં પાણી સીંચ્યું પણ રાજરાણીની હથેળીઓ તો સુંવાળી મખમલ જેવી હોય તેથી હાથમાં છાલાં પડી ગયા ને સખ્ત બળતરા થવા લાગી. માથે મોટા વજનદાર પાણીના ભરેલા બે માટલા મૂકીને ચાલવા લાગી. કોઈ દિવસ માથે પાણીનું બેડું મૂકીને ચાલી ન હતી. ચાલતાં ચાલતાં પાણી ઘણું છલકાઈ ગયું. એના મનમાં એમ થતું કે માથેથી બેડું પડી જશે તો ? આવી બીકથી ધીમે ધીમે ચાલતી મહામુશીબતે પાણી ભરીને ઘેર આવીને બેડું ઉતાર્યું. એની કેડ અને ડોક ખૂબ દુઃખતા હતા એટલે વિસામો ખાવા બેઠી. એના મોઢા ઉપર થાક થાક તરી વળે છે. શરીર પસીનાથી રેબઝેબ થઈ ગયું છે પણ આ નિર્દય ભદ્રા શેઠાણીના દિલમાં દયાનો છાંટો ન હતો, હવે એ સુશીલાને કેવી ધમકાવશે ને કેવા કઠોર શબ્દો કહેશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૩૦

શ્રાવણ વદ ૬ ને સોમવાર તા. ૧૩-૮-૭૯

અનંતજ્ઞાની, ત્રિલોકીનાથ, સર્વજ્ઞ ભગવંતો ફરમાવે છે કે, હે ભવ્ય જીવો ! આ સંસાર સર્વાંગે દુઃખમય છે. સર્વાંગે સુખ તો તારા પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપમાં છે, આત્મસ્વરૂપની રમણતામાં છે. તે સિવાય જડ પદાર્થોના સંયોગોમાં તો સુખાભાસ છે, સુખના પડછાયા છે. તે પણ પાછળ મહાન દુઃખની ફોજને લાવનારા છે. ત્યાં સુખની આશા કયાંથી હોય ? જો જડમાંથી સુખ મેળવવાની આશા ઠગારી છે તો પછી જડ પદાર્થો મેળવવા પાછળ આટલી બધી વ્યાકુળતા શા માટે કરવી ? સંસાર સર્વાંગે દુઃખમય છે. એમાં એક અંશ જેટલું પણ સુખ નથી છતાં સંસાર રસિક જીવો દીન બનીને સુખ મેળવવા રાત દિવસ અવિરતપણે પ્રયત્નશીલ રહે છે, અને પુણ્ય પ્રમાણે નાશવંત સુખ મેળવે છે. સંસાર સુખમાં મૂઢ બનેલો જીવ આત્માનું અવિનાશી, અપરાધીન, એકાંત સુખ જડ પુદ્ગલના સ્વરૂપમાં શોધે છે, પણ એને ભાન નથી કે પુદ્ગલ તો નાશવંત છે, પરાધીન છે અને પુદ્ગલના પ્યાસીને દુઃખ દેવાના સ્વભાવવાળા છે. ત્યાં સુખ કયાંથી જડે ? અમૃતની શોધ સર્પના મુખમાં કરાય ? 'ના' ત્યાં તો ઝેર જ છે. આટલા માટે જ્ઞાની પુરુષો કહે છે કે, હે જીવાત્મા ! જો તારે સાચા સુખી થવું હોય તો સંસારનો વિશ્વાસી ન બન. સંસાર એટલે જ ઓછપ. ત્યાં કદી પૂર્ણતા ન હોય, તેથી થોડામાં સંતોષ માનીને વિચાર કર કે મારામાં શેની ખામી છે ? મારી પાસે શું નથી ? બધું જ છે. એમ મનને મનાવીને સંતોષ માનો, આવો સંતોષ જીવને કયાંથી આવે ? આ વીતરાગ વાણીના શ્રવણથી. વીતરાગ વાણીનું જે આત્માઓ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે છે. એનો અહં ઓગળી જાય છે, મદ મરી જાય છે ને વાસનાઓ વિરમી જાય છે. જેનો મદ મરી જાય, અહં ઓગળી જાય ને વાસનાઓ વિરમી જાય અને પછી સંસારનો મોહ લોભ કે તૃષ્ણા રહે ખરી ? 'ના'. તો તમે પણ રોજ વીતરાગ વાણી સાંભળો છો ને ? તો તમારા જીવનમાંથી લોભ અને ક્રોધાદિ કષાયો ઓછા થયા હશે ને ? તમારી સામે બે અધિકાર વંચાય છે. નાના સતીજીઓ ઉત્તરાધ્યયન સૂત્રનું નવમું અધ્યયન વાંચે છે.

નવમા અધ્યયનમાં નમિ રાજર્ષિનો અધિકાર આવે છે. એ પહેલેથી કંઈ સાધુ બની ગયા નથી. પહેલા તો રાજા હતા છતાં એમને નમિરાજર્ષિ કહીને સૌ બોલાવતા હતા. એનું કારણ શું હતું ? રાજ્યમાં વસવા છતાં અનાસક્ત ભાવથી રહેતા હતા.

"દેહ છતાં જેની દશા વર્તે દેહાતીત, તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણિત": રાજ્યના વૈભવોથી તો અનાસક્ત હતા પણ પોતાના દેહથી પણ અનાસક્ત ભાવે રહેતા હતા. દેહમાં વસવા છતાં એ સમજતા હતા કે આ દેહ અને અંદર વસવાવાળો ચૈતન્ય સ્વરૂપ મારો આત્મા બંને ભિન્ન છે. પોપટને પિંજરમાં પૂરવામાં

આવે છે તો શું પોપટ અને પિંજર એક થઈ જાય છે ખરા ? પોપટ પિંજરથી ભિન્ન છે તેમ આ શરીર તે પિંજર છે ને આત્મા એ પિંજરામાં રહેવાવાળો પોપટ છે. પોપટને રોજ દાડમની કળીઓ મળતી હોય ને સોનાના કટોરામાં પાણી પીવા મળતું હોય તો પણ પોપટને પિંજરું ગમતું નથી. એમાંથી કયારે છૂટું એની તક શોધતો હોય છે તેમ આત્માને દેહ દ્વારા ઈન્દ્રિયજનિત વિવિધ પ્રકારના વિષય સુખો મળે તો પણ એને ગમતા નથી. કયારે આ કર્મરાજાની સત્તાથી તૈયાર કરેલા દેહપિંજરામાંથી છૂટું. આ દેહના નાશે કંઈ મારો નાશ નથી. દેહ તે હું નથી પણ અનંતશક્તિનો સ્વામી આત્મા છું. આવી જેને ભાવના હોય તે સંસારમાં રહેવા છતાં અનાસક્ત ભાવથી રહી શકે છે ને સમય આવતા સંસાર છોડીને સંયમી બને છે. સંયમી બનીને એવી સાધના અને પુરુષાર્થ કરે છે કે કર્મરાજાએ બાંધેલા દેહરૂપી પિંજરાને તોડીને મોક્ષમાં પહોંચી જાય છે.

નમિરાજર્ષિનો જન્મ જંગલમાં થયો હતો. તેની માતા જન્મ આપીને તેને કપડાથી વીંટાળી ઝાડે ઝોળી બાંધીને સૂવાડી નદીએ શરીર સાફ કરવા ગઈ. ત્યાં હાથી દોડતો આવ્યો અને તેને સૂંઢ વડે ઉછાળી. ત્યાં વિદ્યાધરનું વિમાન જતું હતું. મયણરેહાને નીચે પડતી વિદ્યાધરે પોતાના વિમાનમાં ઝીલી લીધી. તેને વિમાનમાં બેસાડીને વિદ્યાધર ચાલતો થયો. મયણરેહાને જોતા વિદ્યાધરની દૃષ્ટિ બગડી. સંતના દર્શને જતાં તેમના ઉપદેશથી વિદ્યાધરની મતિ સુધરી ગઈ અને મયણરેહાને પોતાની બહેન માનીને તેની પાસે પોતાની ભૂલોની માફી માંગી, છેવટે મયણરેહાએ સમસ્ત સંસારનો ત્યાગ કરી દીક્ષા લીધી.

બીજી બાજુ કુંવર ઝોળીમાં સૂતો છે ત્યાં પદ્મરથ રાજા આવે છે. કુંવરને જોતાં તેમને ખૂબ પ્રેમ જાગ્યો ને પોતાના ઘેર લઈ ગયા. આ કુમારના પ્રભાવથી પદ્મરથ રાજાના બધા શત્રુઓ તેમને નમતા આવ્યા તેથી તેમનું નામ નમિરાજ પાડયું. નમિરાજ યુવાન થતાં તેમને રાજ્યનો ભાર સોંપી રાજાએ દીક્ષા લીધી. નમિકુમારે આખી મિથિલાનો સ્નેહ સંપાદન કરી લીધો. એમના પરાક્રમના પ્રભાવથી અનેક રાજાઓ એમના મિત્ર બની ગયા પણ સુદર્શન નગરીના રાજા ચંદ્રયશ મિથિલાપતિ નમિરાજના તાબે રહેવા માંગતા ન હતા. ચંદ્રયશ નમિરાજની વિરુદ્ધમાં હતા, પણ બળમાં સુદર્શન કરતા મિથિલા અજેય હતી. સુદર્શનનું બળ મિથિલાનો મુકાબલો કરી શકે તેમ ન હતું પણ ઈર્ષ્યા આ બધું કરાવે છે.

નમિરાજના મનમાં એમ હતું કે, આવા બળવાન મિથિલા નરેશના તાબે સુદર્શન નરેશ કેમ ન થાય ? ગમે તેમ કરીને યુદ્ધ દ્વારા પણ ચંદ્રયશને મારે નમાવવો છે, ત્યારે ચંદ્રયશ એમ કહેતો કે નમિરાજ બળવાન અને મિથિલા મોટી એમાં મારે શું લાગેવળગે ? એ એના ઘરનો બળવાન, એમાં અમારે શા માટે એના હાથ નીચે દબાવવું જોઈએ ?

બંને જણા પરસ્પર યુદ્ધ કરવા માટે કોઈ નિમિત્તની રાહ જોઈ રહ્યા હતા. ત્યાં એક દિવસ યુદ્ધની ચિનગારી ચંપાઈ ગઈ. એવું બન્યું કે નમિરાજનો શ્વેત પદ્મહસ્તિ ઉન્મત્ત બનતા સ્થંભને ઊખેડીને ભાગી ગયો. એ હાથી માત્ર નમિરાજને નહિ પણ આખી મિથિલાના નગરજનોને પ્રિય હતો. શ્વેત એનો વર્ણ, લાંબા બે દંતશૂળ, અને એની ચાલમાં એવું ચાતુર્ય હતું કે જ્યારે એ રાજમાર્ગ ઉપરથી પસાર થતો હતો ત્યારે જનતા એને પ્રેમભરી નજરે જોઈ રહેતી. એ હાથી ચાલતો ચાલતો અનેક નદી પર્વત અને જંગલો વટાવતો વિંધ્યાચલની ગીચ ઝાડીમાં ફરવા લાગ્યો. એક દિવસ ચંદ્રયશ રાજાના ગુપ્તચરો વિંધ્યાચળની તળેટીમાં ફરતા હતા. ત્યાં તેમણે આ શ્વેત હાથીને જોયો. એમની નજર આ હાથી પર ઠરી ગઈ. એમણે જઈને ચંદ્રયશ રાજાને વાત કરી એટલે ચંદ્રયશ રાજાએ આજ્ઞા કરી કે ગમે તેમ કરીને એ શ્વેત હાથીને પકડી લાવો. તરત જ મહાવતો ઊપડ્યા. તેમણે ઘણા હાથી જોયા હતા પણ આવો હાથી કદી જોયો ન હતો. ખૂબ પ્રયત્ન કરીને હાથીને પકડીને ચંદ્રયશની હસ્તિશાળામાં લઈ ગયા. આ વાતની મિથિલાપતિને જાણ થઈ. આ એક યુદ્ધની ચમકતી ચિનગારી ચંપાઈ ગઈ. નમિરાજે એક રાજદૂતને રવાના કરીને કહેવડાવ્યું કે, આ હાથી મિથિલાપતિ નમિરાજનો છે માટે મને સોંપી દો અને હાથી ન સોંપો તો યુદ્ધ કરવા તૈયાર થાઓ.

હાથી માટે યુદ્ધની થયેલી તૈયારી :– નમિરાજની આજ્ઞાથી દૂત ઊપડ્યો ને થોડા દિવસમાં સુદર્શન નગરમાં આવી પહોંચ્યો ને નમિરાજનો સંદેશો કહી સંભળાવ્યો, એટલે ચંદ્રયશે કહ્યું કે, તારા નમિરાજને કહેજે કે મિથિલાનો મુકાબલો કરવાનું મારામાં બળ છે. રત્નો પર કોઈના નામ અંકિત હોતા નથી. જેના બાહુમાં બળ હોય તે જ રત્નોનો સ્વામી બની શકે, માટે એ હાથી નહિ મળે. એના માટે યુદ્ધ ખેલવા ચંદ્રયશ તૈયાર છે. ચંદ્રયશને મિથિલાની સામે મોરચો માંડવો હતો. તેમાં નિમિત્તરૂપે હાથી મળી ગયો, એટલે દૂતને આવો જવાબ આપીને રવાના કર્યો. દૂતે આવીને નમિરાજને વાત કરી. આ સાંભળીને નમિરાજ ધમધમી ઊઠ્યા. બસ, યુદ્ધની ભયંકર જ્વાળાઓ ફાટી નીકળી. મિથિલામાં યુદ્ધની તૈયારીઓ થવા લાગી. નમિરાજને ખબર નથી કે પોતે જેની સામે યુદ્ધ કરવા તૈયાર થયો છે તે કોણ છે? પોતાના સાચા માતા–પિતા કોણ છે એ પણ નમિરાજ જાણતા ન હતા. એતો પદ્મરથ રાજા અને પુષ્પમાલા રાણીને પોતાના માતાપિતા માનતા હતા.

મિથિલાપતિ નમિરાજ સુદર્શનપતિ ચંદ્રયશની સાથે યુદ્ધ કરવા માટે મોટું સૈન્ય લઈને જાય છે. આ વાત સાધ્વી મયણરેહાના સાંભળવામાં આવી. એમને ખબર હતી કે પુત્રને પોતે જંગલમાં એકલો મૂકયો છે તે કયાં મોટો થયો છે એ વાત તેણે મુનિ પાસેથી જાણી હતી એટલે આ યુદ્ધની વાત સાંભળતા સાધ્વીજીના અંતરમાં ખેદ થયો. હાય....શું ભાઈ ભાઈ લડી મરશે? લડાઈમાં અનેક માણસોના કચ્ચરઘાણ કાઢીને

મહાન પાપનાં પોટલાં બાંધીને નરકમાં જશે ? હું એમ નહિ થવા દઉં. બંને પોતાના પુત્રો છે. આવા ઉત્તમ કુળમાં જન્મવા છતાં બિચારા અજ્ઞાન અને મોહવશ આવું ખતરનાક યુદ્ધ કરવા તૈયાર થયા છે.

બંધુઓ ! ભૌતિક સામ્રાજ્ય જ એવું છે કે એની હકૂમતમાં રહેલાને એ અજ્ઞાન અને મોહમાં ગળાબૂડ ડૂબાડૂબ રાખે. ઘોર પાપકર્મોનું આચરણ કરાવે અને નરકમાં ધકેલી દે. સાધ્વી મયણરેહાએ વિચાર કર્યો કે મારા પુત્રોનું પતન થાય તે મારાથી કેમ જોઈ રહેવાય ? હું ત્યાં યુદ્ધભૂમિમાં જાઉં ને બંનેને ઓળખાણ આપી શાંત પડવા સમજાવું. ખરેખર, આ સાધ્વીજી કેટલા પવિત્ર છે ! તેમને સર્વના કલ્યાણ મિત્ર બનવાની ઉત્તમ ભાવના હતી. સર્વ પ્રથમ પોતાના જેઠ મણિરથ રાજાને કલ્યાણ મિત્ર તરીકે સલાહ આપી, પછી પોતાના પતિ યુગબાહુને કલ્યાણમિત્ર બની નરકને બદલે સ્વર્ગમાં લઈ જનાર બની, પછી પોતાના ઉપર કુદૃષ્ટિ કરનાર મણિપ્રભ વિદ્યાધરની કલ્યાણમિત્ર બની. ત્યાર પછી પોતાના આત્માનો કલ્યાણ મિત્ર બનીને ચારિત્ર લીધું. હવે પોતાના પુત્રોના કલ્યાણમિત્ર બનવા તૈયાર થાય છે. કેવું ધન્ય જીવન ! દિલ સરળ અને પવિત્ર હોય, મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવથી ઓતપ્રોત હોય, અંતરમાંથી સ્વાર્થની લાલસા બળીને ખાખ થઈ ગઈ હોય અને પરમાર્થની ભાવના જાગી હોય તે જ માનવી આવું ધન્ય જીવન જીવી શકે છે.

ગુરુની પાસે આજ્ઞા માંગતા મયણરેહા :– મયણરેહા સાધ્વીજીને બંને સગા ભાઈઓની વચ્ચે થતો ભયંકર સંગ્રામ અને લાખો નિર્દોષ જીવોનો સંહાર થતો અટકાવવાની ભાવના જાગી એટલે તેઓ પોતાના ગુરુણી પાસે ગયા ને વંદન કરી વિનયપૂર્વક કહ્યું: હે મારા ગુરુણીદેવ ! આપની આજ્ઞા હોય તો હું સુદર્શનની યુદ્ધ ભૂમિમાં જાઉં. આ બંને સગા ભાઈઓ એકબીજાને ઓળખતા નથી. તો હું એમને મારી ઓળખાણ આપીને લોહીની નદીઓ વહેતી અટકાવું ને યુદ્ધ વિરામનો સાદ કરું. આ સાંભળીને એમના ગુરુણી ગંભીર બની ગયા. એમણે મયણરેહા સાધ્વીજીને કહ્યું: ભૂખ્યા સિંહના મુખમાંથી હજુ સસલું છોડાવી શકાય પણ રણશૂરા રાજવીઓના હાથમાંથી શસ્ત્રો ન છોડાવી શકાય. તને તારા માતૃપદ ઉપર વિશ્વાસ છે પણ એ વિશ્વાસ તને છેલ્લી ક્ષણે દગો તો નહિ દે ને ! એક વાક્યમાં ગુરુણીએ ઘણું ઘણું પૂછયું. મયણરેહા સાધ્વીજીને દૃઢ વિશ્વાસ હતો કે પોતે બંને ભાઈઓ વચ્ચે યુદ્ધવિરામ કરાવી શકશે. એમની દૃઢતા અને પવિત્રતા જોઈને ગુરુણીને લાગ્યું કે જરૂર યુદ્ધવિરામ કરાવી શકશે. એટલે એમણે કહ્યું–ભલે તમે ખુશીથી જાવ ને યુદ્ધવિરામ કરાવીને આવજો.

બંધુઓ ! જૈનના સાધુ સાધ્વીઓ જ્યાં ખૂનખાર જંગ મચ્યો હોય, યુદ્ધના નગારા વાગતા હોય ત્યાં કદી જાય નહિ પણ આ તો ચંદ્રયશ અને નમિરાજની માતા હતી. એને અટલ વિશ્વાસ હતો કે હું આ યુદ્ધને અટકાવી શકીશ, એટલે અનિવાર્ય કારણે મયણરેહા સાધ્વીજી પોતાના પરિવાર સાથે યુદ્ધભૂમિમાં જવા માટે વિહાર કરી ગયા,

કારણ કે મિથિલાનું વિરાટ સૈન્ય સુદર્શન નગરમાં ન પહોંચે તે પહેલાં પોતે પહોંચી જાય તો જ ત્યાં જવાનો અર્થ સફળ થાય. હૃદયમાં અટલ શ્રદ્ધા હતી કે પોતે યુદ્ધવિરામ કરાવી શકશે એટલે જે દિવસે મિથિલાપતિ નમિરાજે પોતાના વિરાટ સૈન્ય સાથે સુદર્શનમાં પગ મૂકયો તે જ દિવસે સાધ્વીજી પણ સુદર્શનપુરમાં પધાર્યા.

"યુદ્ધનીછ ાવણીમાં સતી મયણરેહા" :– નમિરાજે સુદર્શનનગરને ફરતો ઘેરો નાંખ્યો ને પોતાની છાવણીમાં જઈને ચંદ્રયશને હરાવવાની યુક્તિ ગોઠવવાના વિચારમાં બેઠા હતા. ત્યાં તો સાધ્વીજી મયણરેહાએ યુદ્ધભૂમિમાં આવીને સીધા નમિરાજની છાવણીમાં પ્રવેશ કર્યો. સાધ્વીજીને જોઈને નમિરાજ આશ્ચર્ય પામ્યા કે સમરાંગણમાં સાધ્વીજી કયાંથી ? આ તો અસંભવિત વાત છે. તરત જ નમિરાજા પોતાના આસન ઉપરથી ઊભા થઈ ગયા ને વિનયપૂર્વક વંદન કરીને કહે છે પધારો ....પધારો,એમ કહીને સ્વાગત કર્યું. એ જમાનામાં રાજા મહારાજાઓમાં પણ કેટલો વિનય હતો ! સાધુ સાધ્વીઓ પ્રત્યે એમના દિલમાં કેટલું માન હતું. સામાન્ય રાજાઓ તો ઠીક પણ ચક્રવર્તિ જેવા ચક્રવર્તિઓ પણ સાધુ સંતોનો વિનય, આદરમાન અને સ્વાગત કરતા હતા. તે એમ સમજતા હતા કે લાખો દુર્જય સંગ્રામોમાં વિજય મેળવવો સહેલ છે પણ કામ રૂપી યોદ્ધાને જીતવો દુષ્કર છે. એમણે એને જીત્યો છે માટે એ મહાન છે. માટે એમના ચરણમાં ઝૂકી જવું જોઈએ. એમનું બહુમાન કરવું જોઈએ. બોલો, આજે એવી ભાવના છે ? મોટા રાજા મહારાજાઓ અને પ્રધાનમાં તો આવી ભાવના છે જ નહિ પણ એમની દૃષ્ટિએ સામાન્ય ગણાતા શ્રીમંતો અને શ્રેષ્ઠીઓમાં પણ આવી ભાવના બહુ જોવામાં આવતી નથી. આ કેવો વિષમ અને વિનાશક યુગ ચાલે છે !

આગળના રાજાઓ પણ એમ સમજતા હતા કે અમારી કોર્ટો, હાઈકોર્ટો અને અમારા કાયદા અને અમારા પોલીસોથી નગરજનોમાં જે ચોરી, અનીતિ, લૂંટફાટ, અસત્ય અને ભ્રષ્ટાચાર અટકી શકતા નથી તે આવા સાધુ સંતોના પવિત્ર જીવન અને ધર્મોપદેશથી અટકે છે. જે દુરાચારથી દેશનું સત્યાનાશ થઈ રહ્યું છે તેને સુધારનાર જો કોઈ હોય તો આવા ત્યાગી, સંયમી, મહાન વિભૂતિઓ છે. ચોરને શાહુકાર, ખૂનીને મુનિ, પાપીને પુનિત અને ગુંડાને ગૃહસ્થ બનાવનાર આ સંતો છે અમે નહિ. ખરેખર આવા શ્રેષ્ઠ અને મનુષ્યો ઉપર મહાન ઉપકાર કરનાર સાધુસંતો તો અમારા રાજ્યના ને સમસ્ત વિશ્વના અલંકાર સમાન છે. એમનો તો આપણે મહાન ઉપકાર માનવો જોઈએ. વળી એ રાજાઓ એમ પણ સમજતા હતા કે અમે તો પ્રજાનું ચોર ડાકુથી રક્ષણ કરીએ છીએ. થોડી ઘણી બાહ્ય સગવડ કરી આપીએ છીએ ત્યારે સંતો તો પ્રજાજનોને મહાન કલ્યાણકારી ધર્મ સમજાવે છે. જગતપિતા પરમેશ્વરના ભક્ત બનાવે છે, દયા અને દાનના ઉપાસક બનાવે છે, પરોપકારનું સુકૃત કરાવે છે ને

દુકાળ જેવા સમયમાં સુખી માણસોને પરિગ્રહની મમતા છોડાવીને ધન–ધાન્યની નદીઓ વહેવડાવે છે. એમાંનું અમે કંઈ જ કરી શકતા નથી. તેઓ તો જગતને ત્યાગ, વૈરાગ્ય, સદાચાર, સંતોષ, સંપ અને સહાનુભૂતિ વિગેરે શીખવાડે છે. નમિરાજાના વિચાર આવા ઊંચા હતા. તે વંદન કરીને નમ્ર શબ્દોથી પૂછે છે.

"મયણુરેહાનો પડકાર" :–અહો સતીજી ! આપશ્રીને યુદ્ધભૂમિમાં કયા કારણે પધારવાનું બન્યું ? સાધ્વીજીએ ટૂંકમાં જવાબ વાળતા કહ્યું હે રાજન્ ! "યુદ્ધ વિરામ". આ સાંભળતાં નમિરાજની આંખો પહોળી થઈ ગઈ. યુદ્ધ વિરામ ? હાં....રાજન્ ! યુદ્ધ વિરામ. યુદ્ધ એટલે શું એ તમે સમજો છો ? "માનવતાનું મોત. કરુણાનું કમકમાટી ભર્યું ખૂન અને દયાનું કરુણ રુદન." હા, સતીજી ! હું બધું સમજું છું પણ યુદ્ધ વિના વિરામ શકય જ નથી. શત્રુની શત્રુતા શસ્ત્ર વિના મટે ખરી ? સાધ્વીજીએ પ્રશ્ન કર્યો કે તમારો શત્રુ કોણ ? ચંદ્રયશ. હે રાજન્ ! જો તમે સમજો તો આ દુનિયામાં કોઈ કોઈનો શત્રુ નથી, કારણ કે અનંત કાળથી અનંત ભવના ફેરા ફરતા ફરતા પ્રત્યેક જીવોની સાથે પ્રત્યેક જીવે અનંતીવાર સ્નેહના સંબંધ બાંધ્યા છે. તે દૃષ્ટિએ વિચાર કરશો તો આ સંસારમાં કોઈ કોઈના શત્રુ નથી પણ બધા સ્વજનો છે. હે નરેન્દ્ર ! આ રાજ્યલક્ષ્મી તો શરદૃઋતુના મેઘની જેમ ચંચળ છે. એવી ચંચળ લક્ષ્મી ખાતર તમે તમારા મોટાભાઈની સામે લડવા તૈયાર થયા છો ? મહાનુભાવ ! જીવન જળબિંદુના સમાન ક્ષણિક છે. એમાં મહાસુકૃતો કરવાનું છોડીને આ તમારા મોટાભાઈની સાથે ઝઘડવાનું મહા અકાર્ય કરવા તૈયાર થયા છો ? આ શરીરનો શું ભરોસો છે ? અનેક રોગોનું ઘર છે. રોગ અને વૃદ્ધાવસ્થાથી જર્જરિત થઈ જાય તે પહેલા એમાંથી ધર્મારાધના કરી કસ ખેંચી લેવાનો કે મોટાભાઈ સાથે યુદ્ધ કરીને પાપ બાંધવાના ? યુદ્ધમાં થતી હિંસાથી જીવને નરકમાં જવું પડે છે. માટે કંઈક સમજ.

"પૂર્વ પરિચય આપતા સાધ્વી મયણુરેહા" :–નમિરાજે ક્રોધ કરીને કહ્યું સાધ્વીજી ! તમે એને મારા મોટાભાઈ કેવી રીતે કહો છો ? એ તો મારો પાકો દુશ્મન છે દુશ્મન. અરે, તારો દુશ્મન કેવી રીતે છે તે સમજાવીશ ? એણે મારો શ્વેત હાથી લઈ લીધો છે. તે સિવાય અમારી બંનેની વચ્ચે વર્ષોથી વૈરની વણઝાર ચાલી આવે છે. એ મારાથી કેમ સહન થાય ? આ સાંભળીને સાધ્વીજી સમજ્યા કે, આની સામે સર્વ વાત ખુલ્લી કર્યા વિના છૂટકો નથી. એમ સમજીને મયણુરેહા સાધ્વીજીએ કહ્યું હે રાજન્ ! તું ભલે પદ્મરથ અને પુષ્પમાલાના પુત્ર તરીકે તને માને પણ એ વાત તદ્દન ખોટી છે. તારા માતા–પિતા કોણ એની કયાં તને ખબર છે ? સાધ્વીજીના વચન સાંભળીને નમિરાજ ચમકયો. શું–હું મારા સાચા માતાપિતાનું નામ નથી જાણતો ? આ સાધ્વીજી શું કહી રહ્યા છે ? એ જાણવા નમિરાજા આતુર બન્યા એટલે સાધ્વીજીએ પૂર્વનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. તેથી માનેલી માતા પુષ્પમાળાને પૂછયું હે

માતાજી ! આ વાત સાચી છે ? વીંટી અને કાંબળ તમે રાખ્યા છે ખરા ? પુષ્પમાળાએ કહ્યું, હા. એ બધી વાત સત્ય છે અને પદ્મરથ રાજા જંગલમાંથી એને કેવી રીતે લાવ્યા હતા તે બધી વાત કરી, એટલે સાધ્વીજીના વચનમાં શ્રદ્ધા થઈ.

આ બધું જાણીને નમિરાજ સ્તબ્ધ બની ગયા ને મનમાં એમ થયું કે, અહોહો કેવો વિચિત્ર કર્મ સંયોગ ! પણ યુદ્ધવિરામ કરવાની વાત હજુ એને રુચતી નથી. કારણ કે ગમે તેમ તોય ક્ષત્રિયના બચ્ચા છે ને ? એટલે એનું માન હણાઈ જાય તે બિલકુલ ગમતું નથી. એના મનમાં એમ થાય છે કે ભલેને એ મોટોભાઈ છે ને હું નાનો ભાઈ છું, પણ હું કયાં ગુનેગાર છું ! મોટાભાઈએ મારો હાથી કબજે કર્યો છે ને એ માંગવા છતાં પાછો ન આપતા મને યુદ્ધ કરવાની હાકલ કરે છે તો હવે મારાથી પાછા કેમ જવાય ? જો પાછો જાઉં તો એ મને કાયર જ કહે ને ? નમિરાજને મન મોટાભાઈ કરતાં પોતાનું સન્માન વધારે વહાલું હતું. હું પાછો ફરીશ તો દુનિયા મને શું કહેશે ? એક વખત મોટાભાઈ ઉપર વિજય મેળવી લઉં. પછી હું એમના ચરણમાં પડીને માફી માંગી લઈશ પણ અત્યારે તો યુદ્ધવિરામ નહિ જ કરું. એવો નિશ્ચય કરી લીધો. બીજી બાજુ માતાનો નિર્ણય હતો કે યુદ્ધવિરામ કરાવીને જ જંપીશ.

નમિરાજે કહ્યું, હે માતા ! ચંદ્રયશ મારા મોટાભાઈ છે એ વાત સાચી પણ મિથિલાના આજે ગુનેગાર છે માટે મારાથી યુદ્ધવિરામ નહિ થઈ શકે. આ સાંભળીને સાધ્વીજીના દિલમાં આંચકો લાગ્યો છતાં એ હતાશ તો ન જ બન્યા. માતૃત્વ ઉપરથી એની શ્રદ્ધા ઊઠી નહિ. એ નમિરાજ પાસેથી ઊઠીને ચંદ્રયશને મળવાને અને તેને યુદ્ધવિરામનો સંદેશો આપવા ચાલી નીકળ્યા. ચંદ્રયશ તો સાધ્વીના વેશમાં પોતાની માતાને તરત ઓળખી ગયા. પિતાના ખૂન પછી ચંદ્રયશે માતાની ખૂબ તપાસ કરાવેલી પણ આજ સુધી એનો પત્તો નહિ મળવાથી ખૂબ આઘાત લાગ્યો હતો. તે માતા આજે નજર સમક્ષ આવીને ઊભી રહી ને તે પણ સાધ્વીજીના વેશમાં જોઈને ચંદ્રયશની આંખમાં આંસુ આવી ગયા. થોડી વારે હૈયું હળવું કરીને આશ્ચર્યચકિત થઈને પૂછયું માતા ! અત્યારે અચાનક કયાંથી પધાર્યા ? ત્યારે મયણરેહાએ એના પતિનું ખૂન થયું ત્યારથી લઈને એના માથે શું શું વીતક વીતી, પોતે કેવી રીતે દીક્ષા લીધી ને અહીં શા માટે આવી છે તે અથથી ઇતિ સુધીની સર્વ વાત કહી સંભળાવી.

"માતાના ઉપદેશથી થયેલો ચમત્કાર" :– ચંદ્રયશ રાજા પોતાની માતા સાધ્વીના મુખેથી રોમાંચક ઘટનાનું વર્ણન સાંભળીને રડી પડયો અને વિશેષમાં નમિરાજ પોતાના નાના ભાઈ છે એ જાણીને ખૂબ ખુશી થયો. એના હયામાં ભ્રાતૃ વાત્સલ્ય ઉછળ્યું એટલે ઝટ ઊભા થઈ ગયા અને માન મૂકીને મોટા વૈભવ સાથે નમિરાજાની સામે ગયા. નમિરાજ પોતાનો નાનો ભાઈ છે એમ ખબર પડતા હર્ષથી પોતાના ભાઈને મળવા ચાલ્યો. ચંદ્રયશને પોતાની સામે આવતા જોઈને નમિરાજ ઊભા થઈને મોટાભાઈની સામે આવ્યા અને ભાઈના ચરણમાં નમી પડયા. ચંદ્રયશે એને ખૂબ વાત્સલ્યભાવથી

બાથમાં લઈ લીધો. બંને ભાઈઓ ચંદ્ર-સૂર્યની જેમ શોભી ઉઠ્યા. યુદ્ધ વિરામ થઈ ગયું. આનંદની શરણાઈઓ વાગી ને ધૂણ ઠાઠમાઠથી ચંદ્રયશ નમિરાજને પોતાના નગરમાં લઈ ગયો. નગરમાં પહોંચ્યા પછી કહ્યું ભાઈ નમિ! પિતાજીનું મૃત્યુ થયું ને માતાજીની ખોટ પડી પછી મને ઘરમાં ક્યાંય આનંદ ન હતો. સંસાર ઉપરથી મન ઉઠી ગયું હતું પણ રાજ્યનો ભાર ઉપાડી શકે એવો માણસ મળ્યો ન હતો તેથી અનિચ્છાએ આટલો વખત રોકાઈ જવું પડ્યું. એમાં પણ આજે માતાજીની બધી હકીકત સાંભળીને મારો વૈરાગ્ય એકદમ તીવ્ર બન્યો છે અને તું રાજ્ય સંભાળનારો મળી ગયો. તો હવે તું આ સુદર્શનનું રાજ્ય સંભાળી લે અને બંને રાજ્યનો સ્વામી બન. ચંદ્રયશની કેટલી ઉદારતા! ચંદ્રયશની ઉદારતા, ભ્રાતૃ વાત્સલ્ય વિગેરે જોઈને નમિને એના પ્રત્યે પ્રેમ ઊભરાયો છે. હવે એ મોટાભાઈને એમ જવા દે ખરો? એમણે મોટાભાઈના ચરણમાં પડીને કહ્યું મોટાભાઈ! આ બંને રાજ્ય તમારા છે ને હું તો તમારો સેવક છું. ત્યારે ચંદ્રયશે કહ્યું ભાઈ! હું તો એકને છોડવા માંગું છું ત્યારે તું બીજું મને ક્યાં વળગાડે છે?

નમિરાજે કહ્યું, તમે મને પિતાજીના સ્થાને મળી ગયા. પછી મારે શા માટે વડીલોની શીતળ છાયા ન ભોગવવી? વડીલની શીતળ છાયામાં જે આનંદ છે તે સ્વતંત્ર રહેવામાં નથી. અરે ભાઈ! તું તારું એકનું ન જોતાં મારું જો. તેં માતાનું કરુણ જીવન સાંભળ્યું? એમણે શું કર્યું? હું હવે ભૌતિક સામ્રાજ્યની લીલા જોવા સંસારથી થાકી ગયો છું. હવે તો આધ્યાત્મિક સામ્રાજ્યવાળો પ્રભુનો માર્ગ મારે પકડવો છે. તે માર્ગે જવામાં મારો તું કલ્યાણ મિત્ર બન. ચંદ્રયશે નમિને સમજાવીને આગ્રહપૂર્વક મનાવી ધૂણ ધામધૂમથી રાજગાદી ઉપર એનો અભિષેક કર્યો ને પોતે દીક્ષા લીધી. પછી નમિરાજને મહાવૈભવની પ્રાપ્તિ થઈ પણ અનાસક્તભાવથી તેઓ રાજ્ય ચલાવવા લાગ્યા. તેથી તેઓ સંસારમાં હોવા છતાં નમિરાજર્ષિ કહેવાયા. છેવટમાં તેઓએ પણ સંસાર છોડ્યો ને દીક્ષા લીધી.

હવે આપણા મૂળ અધિકારની વાત કરું. આજે તમે બધા એમ માનો છો કે દીકરા માટે બધું કરું પણ યાદ રાખો કોઈ કોઈનું નથી. બ્રહ્મરાજાએ પુત્ર માટે બધું કર્યું પણ આજે કોણ ભોગવવા તૈયાર થયા છે? ખરેખર શાસ્ત્રકારે કહ્યું છે કે,

तओ तेणज्जिए दव्वे, दारे य परिरक्खिए ।
किलन्तिन्ने नरा राय, हट्ठ तुट्ठ मलंकिया ॥ उत्त. सू. १८ गाथा १६

કોઈક વાર મરનારની પાછળ મરનારે ભેગા કરેલા ધનાદિકના ધણી બીજા થાય છે અને જે સ્ત્રીનું ઘણું રક્ષણ કરેલું હોય છે તે સ્ત્રી સાથે બીજા નરકીડા કરે છે. તે પણ મરનારે તૈયાર કરાવેલા વસ્ત્રાલંકારો પહેરીને હર્ષ અને પ્રીતિ સહિત તે સ્ત્રી પર પુરુષની સાથે વિષયસુખ ભોગવે છે. બ્રહ્મરાજા માટે આમ જ બન્યું ને? પોતે નાની

ઉંમરમાં મૃત્યુ પામી ગયા ને એમની રાણી દીર્ઘરાજા સાથે સુખ ભોગવવા લાગી. તેમાં પોતાના પુત્રનો પ્રેમ પણ વીસરી ગઈ ને દીર્ઘરાજાની ચઢવણીએ ચઢી એકના એક લાડકવાયા પુત્રને મારી નાંખવા તૈયાર થઈ. દીર્ઘરાજા જે કાવતરું ઘડી લાવ્યા તેનો તેણે સહર્ષ સ્વીકાર કરી લીધો. અહાહા ! સંસાર આવો છે છતાં તમને ખૂબ વહાલો લાગે છે.

બ્રહ્મદત્તકુમારના પુણ્ય પ્રબળ છે એટલે ધનુમંત્રી એની તરફેણમાં છે. વરધનુને રાજા રાણીના કાવતરાની ખબર પડી એટલે તે પ્રધાનપદથી નિવૃત્ત થયા અને નગર બહાર એક દાનશાળા ખોલી. આખો દિવસ મંત્રીજી ત્યાં રહેતા હતા અને આખો દિવસ જે યાચકો અને દુઃખિતો આવતા તેમનો સત્કાર કરતાં ને પેટ ભરીને જમાડતા. બીજી બાજુ રાજમાતા ચુલની તરફથી અનુપમ લક્ષાગૃહ તૈયાર થવા લાગ્યું ને ત્રીજી તરફ બ્રહ્મદત્તકુમાર માટે યોગ્ય કન્યા શોધવા લાગ્યા. આ પ્રમાણે સૌ પોતપોતાના કાર્યમાં મગ્ન છે. હવે ધનુમંત્રી શું કરશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– બંધુઓ ! કર્મની કુટિલતા કેવી છે એનો તમને આ ચરિત્ર સાંભળતા ખ્યાલ આવશે. એક સિદ્ધ ભગવંતના જીવોને છોડીને આખું જગત કર્મરાજાની હકૂમત પ્રમાણે ચાલી રહ્યું છે માટે પુણ્યનો દીવડો જ્યાં સુધી બળે છે ત્યાં સુધી કામ કાઢી લો. કર્મરાજા કોને ક્યાં મૂકી દેશે તેની ખબર નથી. આજે તમે 'ગુજરાત મિત્ર' પેપરમાં વાંચ્યું હશે ને કે મચ્છુ નદીનો ડેમ તૂટવાથી હજારો માણસો પાણીના ભોગ બન્યા. આ છે કર્મોદય ! ભદ્રા સુશીલા સામું જોઈને બરાડા પાડીને બોલી. એક બેડું પાણી ભરીને આવી ત્યાં તો શેઠાણીની જેમ બેસી ગયા. જો શેઠાઈ કરવી હોય તો નોકરી કરવા શા માટે આવી ? ઉઠ ઉભી થા. એક બેડામાં શું થાકી ગઈ ? હજુ તો આવા દશ બેડા પાણી ભરીને લાવવાનું છે. પછી ચૂલો સળગાવીને રસોઈ બનાવવાની છે. પછી વાસણ ઉટકવાના છે, કપડાં ધોવાના છે, ઘર સાફસૂફ કરવાનું છે. અનાજ વીણવાનું છે. આવાં ઘણાં ઘણાં કામ કરવાના છે. ઊભી થઈને જલ્દી જલ્દી બધું કામ કરવા માંડ. ધનના મદમાં છકી ગયેલી ભદ્રાને રાણીની બિલકુલ દયા નથી આવતી.

તુચ્છ શબ્દસે સંબોધન કર, રાની કો બતલાય,
સાત પ્રહર ધંધેમેં જોડી, ક્ષિણ બૈઠન દે નાંય.

એના પતિએ તો કહ્યું હતું કે, તું આ બાઈ પાસે નરમાશથી કામ કરાવજે, એને તુંકારે બોલાવીશ નહિ પણ એ તો ગમે તેવા શબ્દોથી બોલાવે છે ને એક પછી એક કામ ચીંધ્યા જ કરે છે. એક મિનિટ પણ વિસામો ખાવા દેતી નથી. આ તો બિચારી કોમળ રાણીએ કંઈ કામ કરેલું નહિ. તેમાં ગજા ઉપરાંતનું કામ કરવું પડે એટલે કેવું થાય ? છતાં સુશીલા મૂંગે મોંઢે પોતાનાથી થાય તેટલું ઝડપથી કામ કરતી પણ ભદ્રા તો એને વારંવાર તતડાવ્યા કરતી ને તાડૂકીને કહેતી કે જો તેં આ ઝાડૂ કાઢ્યું છે પણ કેટલો કચરો રહી ગયો છે. તારી આંખો ફૂટી ગઈ છે ? આ

વાસણ તો કેટલા ચીકણા રાખ્યા છે! જરા ઘસીને માંજતા શીખ. તારા હાથની મેંદી સૂકાઈ નહિ જાય.

"ભદ્રાનો વધેલો ત્રાસ" :– આમ ભદ્રા ધમકાવે છે ત્યાં પેલા બે બાળકો રમતાં રમતાં માતાની પાસે દોડીને આવ્યા ને કહે છે બા! તું અમને મૂકીને કયાં ગઈ હતી? એમ કહીને સુશીલાને વળગી પડયા, એટલે ભદ્રા કહે છે, મોટી રાજાની રાણી બનીને આવી છે? તારા છોકરાને સાચવવા હતા તો અહીં શા માટે આવી છે? તું મારા ઘરની નોકરડી બનીને કામ કરવા આવી છે, છોકરાં ઉછેરવા નથી આવી, સમજીને? આવી રીતે ભદ્રા કટકટ કરતી, અને સુશીલાને ન કહેવાના વેણ કહી નાંખતી ત્યારે સુશીલાને ખૂબ દુઃખ થતું એટલે છાનીમાની ખૂણામાં જઈ ને રડી લેતી. પોતે ભીમસેનને પણ વાત કરતી ન હતી. બધું સમભાવે સહન કરી લેતી. કયારેક બાળકો એની માતાને પજવતા, આવા માટે કજિયા કરતા ત્યારે ભદ્રા બાળકોને મારતી ને કયારેક દોરડી લઈને થાંભલા સાથે બાંધી દેતી. આ જોઈને સુશીલાનું કાળજું કપાઈ જતું હતું. જ્યારે ભદ્રા આવો કેર કરતી ત્યારે રાત્રે સુશીલા પોતાના બંને બાળકોને ખોળામાં સુવાડી વહાલથી પંપાળીને ખૂબ રડતી કે, હે ભગવાન! આ મારા ફૂલ જેવાં બાળકોએ તારો શું ગુનો કર્યો છે કે બિચારાને વગર વાંકે આવાં દુઃખો સહન કરવા પડે છે. માણાથી આ છોકરાંઓનું દુઃખ જોયું જતું નથી. આમ કરીને ખૂબ રડતી. થોડા દિવસોમાં તો ભદ્રાએ સુશીલા અને તેના બાળકોની દશા અધમૂઆ જેવી કરી નાંખી.

"કાળી મજૂરી કરાવતી ભદ્રા" :– સવારમાં ઊઠે કે તરત સુશીલાને એ કામે જોડી દેતી. સૌથી પ્રથમ દળણું દળવાનું કામ સોંપ્યું. દળીને ઊઠે કે તરત વાસી કચરો કાઢવાનો. પછી તળાવે પાણી ભરવા જવાનું. એ પછી લૂખોસૂકો નાસ્તો કરવા આપતી. નાસ્તો કરે કે તરત નદીએ કપડાં ધોવા મોકલતી. કપડાં ધોઈને આવે એટલે તરત બપોરના વાસણ માંજાવતી. પછી બાવા આપતી. બપોરના ભોજનમાં શું આપતી હતી? પતિ–પત્ની અને બે બાળકો એ ચાર વચ્ચે ગણીને લૂખીસૂકી ચાર ભાખરી આપતી ને સાથે બાટી છાશ આપતી. શાક કે દૂધ–દહીં તો આટલા દિવસમાં જોવા પણ મળ્યા નથી. લૂખો ભાખરી ભાવે નહિ છતાં સુખેદુઃખે ખાઈ લેતા ને દિવસો પસાર કરતા. જમ્યા બાદ ભદ્રા સુશીલા તથા બાળકો પાસે કપડા વળાવતી. એ કામ પતે એટલે અનાજ સાફ કરવાનું કામ કાઢતી. મોડી રાત સુધી સુશીલા અને બાળકો પાસે પગ દબાવતી. પથારીઓ પથરાવતી. પછી મોડી રાત્રે એમને ઘેર સૂવા માટે મોકલતી. દરેક કામમાં એનું ગાળો દેવાનું ને વચ્ચે કટકટ કરવાનું કામ ચાલુ રહેતું હતું. કયારેક તો બિચારા બાળકો બાલી રમતા હોય તો ધમકાવતી અને આંખો કાઢીને ડરાવતી. આ સુશીલાથી સહન થતું નથી. શરીર ચાલતું નથી. ભદ્રાની શેઠાઈ અને સુશીલાની ગુલામીના દિવસો પસાર થાય છે. હજુ કેવાં દુઃખો પડશે તે અવસરે.

○ ○ ○

વ્યાખ્યાન નં. – ૩૧

શ્રાવણ વદ ૭ ને મંગળવાર **તા. ૧૪–૮–૭૯**

શાસ્ત્રકાર ભગવંતોએ કર્મબંધનમાંથી મુક્ત થવાનો મહાન માર્ગ બતાવ્યો. સર્વજ્ઞ ભગવંતોનો આપણા ઉપર એ મહાન ઉપકાર છે કે એમણે આત્માનું એવું સાયન્સ બતાવ્યું છે કે બંધનો કેવી રીતે આત્માને બંધાય છે ને તે બંધનો તોડવા આત્માએ કેવા ઉપાયો કરવા જોઈએ. કેવળી ભગવંતોના જ્ઞાનમાં કંઈ જોવામાં બાકી નથી. તેઓ તો સર્વદ્રવ્યો અને પર્યાયોને જાણે છે. જગતમાં સુવર્ણ બનાવી શકે તેવી ઔષધિઓ, મંત્રો ઇત્યાદિ બધું જાણવા છતાં તેમણે એ બતાવ્યું નથી પણ એ જરૂર બતાવ્યું છે કે આત્માના બંધન કેવી રીતે તૂટે ? જગતના જડ પદાર્થો ઋદ્ધિ, માલમિલકત આદિ ક્ષણવાર ભપકાદાર સ્થિતિ સર્જીને દીર્ઘકાળ સુધી સંસારમાં રગદોળી નાંખનારા અને આત્માને કર્મના બંધનથી બાંધનારા છે. આ બધાં બંધનો તોડો તો જ ઊંચી ગતિઓ મળે છે. સર્વજ્ઞ વિના આ ઉપાય બીજો કોણ બતાવી શકે ? કારણ કે જેના જ્ઞાનમાં દરેક વસ્તુ અને વસ્તુના પરિણામો દેખાય તે જ એ વિવેક કરી શકે છે કે આ વસ્તુ જીવને અરેખર લાભદાયી છે અને આ બીજી વસ્તુ દેખાવમાં લાભદાયી હોવા છતાં અંતે નુકસાનકર્તા છે.

જો આત્માને જ્ઞાનીના વચનો પર શ્રદ્ધા થાય કે આત્મા નિત્ય છે, આત્માએ કરેલાં કર્મોનાં ફળ એને પોતાને ભોગવવાં પડે છે તો એ આત્મા વિચારશે કે જો મોહના અને કર્મના બંધનો ઊભાં રાખ્યાં તો એના ભયંકર કટુફળ મારે ભોગવવાં પડશે. માટે આ ભવમાં આત્માના બંધન તોડી નાંખવાં જોઈએ. નહિતર ભાવિમાં ઘણા કાળ સુધી ભટકવું પડશે. માનવજીવનની આજ વિશેષતા છે કે બીજા ભવોમાં આત્માને બંધનોથી બાંધવાનું બને છે ત્યારે આ ભવમાં એ બંધનોને ઓછાં કરી શકાય છે, અને મન-વચન કાયાની શક્તિનો પૂર્ણ વિકાસ જો આત્મ સાધનામાં કરે તો સર્વ બંધનોનો ક્ષય કરી વીતરાગતા અને મોક્ષની નજીક પણ પહોંચી શકાય. એ બંધનો તોડવાની કળા એજન્સીવાળા માનવભવમાં છોડીને બીજો ધંધો કરવો એ બિન સાવધાની છે. તેથી ચિંતામણીરત્નથી અધિક કિંમતી એવો માનવભવ હારી જવાય છે. આ માનવજીવનને સફળ કરવા રાગ–દ્વેષ, અભિમાન, હર્ષ, ખેદ વગેરેના આવેશ અને આવેગ ઓછા કરવા પડશે અને અધ્યવસાયના સંકલેશને બદલે અધ્યવસાયની વિશુદ્ધિ કરવા તરફ ખાસ લક્ષ આપવું પડશે.

સંકિલષ્ટ અધ્યવસાય એ સંસારવર્ધક છે. સુખ–દુઃખ કેવું ને કેટલું એનો કોઈ હિસાબ નથી પણ જો ચિત્તના અધ્યવસાય સંકલેશવાળા હોય તો એનાથી સંસાર વધે છે, ભવના ફેરા વધે છે, દુર્ગતિની શેરીઓ ખુલ્લી થઈ જાય છે અને પછી હલકા જીવનોમાં સંકલેશનું તાંડવ મચે છે પછી પાપમાં શું બાકી રહે ? એકલું

પાપાચરણથી ભરેલું જીવન મળે છે. આટલા માટે જ્ઞાની પુરુષો કહે છે કે હે જીવ! તારે ક્ષણે ક્ષણે ખૂબ સાવધાની રાખવાની જરૂર છે. સુખ કે દુઃખ ગમે તે આવે પણ ચિત્તને સંક્લેશમાં પડવા દેવું ન જોઈએ. જીવનની પ્રત્યેક પળે અધ્યવસાય નિર્મળ રાખવા જોઈએ. વિશુદ્ધ અધ્યવસાય એટલે વૈરાગ્યના ભાવ, ઉપશમભાવ, ક્ષમા, ઉદારતા, પરાર્થવૃત્તિ, દયા, સહાનુભૂતિ, તત્ત્વચિંતન. દુન્યવી પૌદ્ગલિક વસ્તુ ગમે તેવી સારી મળી હોય પણ એને જોઈને એ જ વિચારવાનું કે આમાં શો માલ છે. અંતે તો સડન, પડન અને વિધ્વંસન સ્વભાવવાળું પુદ્ગલ છે ને? અંતે તો એને મૂકીને જવાનું છે તો પછી એ મળવાથી હરખાવાનું શું? આવા વિનશ્વરના સંયોગમાં હું મારા આત્માને રાગ, દ્વેષ અને અહંત્વ વિગેરે કીચડથી શા માટે ખરડું? એ ચીજ તો ચાલી જશે પણ એ કીચડના લપેડા તો મારા આત્મા પર ચોંટી રહેશે. આવી જાગૃતિ ક્ષણે ક્ષણે રાખવામાં આવે તો અધ્યવસાય નિર્મળ રહે. દુઃખ, પ્રતિકૂળતા આદિના પ્રસંગમાં પણ એને ક્ષણિક અને વિનશ્વર સમજીને દ્વેષ, ઉકળાટ પેદા ન થવા દેતા શાંતિ, સૌમ્યતા, જીવો પર ભાવ દયા, આપણા આત્માની નિંદા, જુગુપ્સા વગેરે ભાવો જાગૃત રાખીએ તો અધ્યવસાય નિર્મળ રહે. આત્માની નિંદા અને ગર્હા એટલે શું? તે જાણો છો? ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ભગવંતને પ્રશ્ન પૂછયો કે **निंदणयाएणं भन्ते जीवे किं जणयइ?** હે ભગવંત! આત્માની નિંદા કરવાથી જીવને શું લાભ થાય? ત્યારે ભગવંતે કહ્યું કે, ગૌતમ! **" निंदणयाएणं पच्छाणुतावं जणयइ। पच्छाणुतावेणं विरज्जमाणे करणगुण सेढिं पडिवज्जइ, करणगुणसेढिं पडिवण्णेयणं अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ "**। આત્મનિંદાથી પશ્ચાત્તાપ થાય છે. પશ્ચાત્તાપથી વૈરાગ્યવંત બનીને ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરે છે. ક્ષપક શ્રેણીવાળો જીવ મોહનીય કર્મનો નાશ કરે છે. સ્વનિંદાથી જીવને આવો મહાન લાભ થાય છે. હવે ગર્હા એટલે શું? ગર્હા એટલે ગુરુની સમીપે પોતાના પાપની નિંદા કરવી. ગર્હા કરવાથી પણ જીવને મહાન લાભ થાય છે. **" गरहणयाएणं भन्ते जीवे किं जणयइ? गरहणयाएणं अपुरक्कारं जणयइ, अपुरक्कारगएणं जीवे अप्पसत्थेहिन्तो जोगेहिंतो नियत्तेइ पसत्थेय पडिवज्जइ, पसत्थजोग पडिवण्णे य णं अणगारे अणंत घाइ पज्जवे खवेइ।"**

હે ભગવંત! ગર્હાથી–આત્મતિરસ્કારથી જીવને શું લાભ થાય? ગર્હા કરવાથી આત્મામાં નમ્રતા આવે છે. આત્મા નમ્રતાથી, અપ્રશસ્ત યોગોથી નિવૃત થઈને પ્રશસ્ત યોગોની પ્રાપ્તિ કરે છે. પ્રશસ્ત યોગ પામીને તે અણગાર અનંતઘાતી પર્યાયોનો ક્ષય કરે છે.

બંધુઓ! જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી સર્વ જીવો છદ્મસ્થ છીએ. છદ્મસ્થપણામાં જીવો ભૂલો કરે છે પણ આવો અમૂલ્ય માનવભવ અને ગુરુનો યોગ મળ્યો છે તો હવે ભૂલો સુધારવાની જરૂર છે. ભૂલ ન સુધરે તો આ માનવજિંદગી

ડૂલ થઈ જાય છે. આ માનવભવમાં તો દુર્ગુણો છોડીને સદ્‌ગુણોરૂપી અમૂલ્ય રત્નો ગ્રહણ કરી લેવાના છે, પણ મોટાભાગના જીવોનો સ્વભાવ એવો હોય છે કે પરનિંદા, ઈર્ષ્યા વગેરે અવગુણોને ગ્રહણ કરે છે. જેમ કૂકડાને ઉકરડા ફીંદવાની આદત હોય છે. ઉકરડો ફીંદતા ફીંદતા કદાચ હીરાકણી એને મળી જાય તો એને ફેંકી દઈને એંઠવાડના કણ એ ગ્રહણ કરશે. કાગડો દ્રાક્ષના માંડવાને છોડીને લીંબોળીઓ ગ્રહણ કરે છે તેમ અજ્ઞાની આત્માઓ હીરાકણી જેવા સંપ-સદાચાર-શીયળ-દયા-ક્ષમા-નિર્લોભતા વિગેરે ગુણોરૂપી હીરાકણીઓને છોડી દઈને દુર્ગુણો ગ્રહણ કરે છે તેથી અસંતોષથી બળે છે ને તૃષ્ણાના પૂરમાં તણાય છે. તૃષ્ણા એવી છે કે વધતી જ જાય છે. કહ્યું છે કે, "**अपूर्णः पूर्णतामेतिपूर्यमाणस्तु हीयते।**" જે તૃષ્ણાને પૂરતો નથી તેની તૃષ્ણાની ખાઈ ભરાઈ જાય છે. જે તૃષ્ણાને પોષણ આપે છે તેની તૃષ્ણાની ખાઈ ઊંડી થતી જાય છે, એટલે કે તૃષ્ણા વધતી જાય છે.

બંધુઓ! જે આત્માઓ તૃષ્ણાના પૂરમાં તણાયેલા છે તેવા આત્માઓ સુખી નહિ દેખાય કારણ કે તેને કેમ મેળવવું તે જ હાય બળતરા હોય છે. આજે તૃષ્ણાને કારણે ખૂન કેટલા થાય છે? ચોરીઓ કેટલી બધી? જૂઠ, પ્રપંચ, ઠગાઈ કેટલી ચાલે છે? તૃષ્ણાથી સુખ નથી વધતું પણ દુઃખ વધે છે. તૃષ્ણાથી મળતાં બાહ્ય સુખના રસમાં આવું રૂડું વીતરાગ પ્રભુનું શાસન આપણને સ્પર્શ્યા વિના બાજુએ રહી જાય છે. આયુષ્ય પૂરું થયા પછી બીજા ભવમાં વીતરાગ શાસનથી દૂર થઈ જવાશે તેનું ભાન છે? અફસોસની વાત છે કે આવું ઉત્તમ શાસન મળવા છતાં માનવી એના મહત્ત્વને સમજતો નથી ને જીવન જુદા પ્રકારનું જીવી રહ્યો છે. જીવન તો વીતરાગ પ્રભુના શાસનની આજ્ઞા પ્રમાણે જીવવું જોઈએ. જીવનમાં તૃષ્ણાનું રસાયણ ટળે તો જિનશાસનનો પ્રકાશ મળે. આપણે તૃષ્ણાને નવપલ્લવિત નથી બનાવવી પણ સૂકાવી નાંખવી છે. કારણ કે વૈરાગ્યરસથી ભરપૂર ઉપદેશ સાંભળવા છતાં પણ ચારે તરફ ખૂબ વિસ્તૃત અને નવપલ્લવિત થયેલી પૌદ્‌ગલિક તૃષ્ણાની વેલ હૃદયમાં મોક્ષ કે મોક્ષમાર્ગની સાધનાની લગની લાગવા દેતી નથી, માટે એને સૂકવી નાંખીએ તો જ મોક્ષ મેળવવાની લગની લાગે.

આપણે મુખ્ય વાત ઉપર આવીએ. ચુલની રાણી અને દીર્ઘરાજા વિચારે છે કે બ્રહ્મદત્તકુમારનું મૂળ ઉખેડી નાંખીને કાંપિલ્યપુરનું રાજ્ય સુખેથી ભોગવીએ. મનુષ્યના મનમાં વિકાર જાગે છે ત્યારે એના વિવેકચક્ષુ બંધ થઈ જાય છે. જેનો વિકાર નષ્ટ થઈ જાય છે તેના અંતરમાં વિવેકનો દીપક પ્રગટે છે. મહાભારતનો એક નાનકડો પ્રસંગ છે.

વ્યાસજીને શુકદેવ નામે એક પુત્ર હતો. શુકદેવને આ સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો એટલે સાધુ બનવા તૈયાર થયા, ત્યારે એના પિતા વ્યાસજી કહે છે કે તું હમણાં સંસારમાં રહે. સંસાર સુખનો અનુભવ કર, પછી સંસારનો ત્યાગ કરજે પણ શુકદેવને એ વાત રુચતી નથી. એ તો ઘર છોડીને ચાલ્યા ત્યારે વ્યાસજી પુત્રને પકડવા એની

પાછળ દોડી રહ્યા છે. રસ્તામાં એક સરોવર આવ્યું. એના કિનારે કેટલીક કન્યાઓ સ્નાન કરી રહી હતી, પણ શુકદેવજી તો નીચું જોઈને આગળ ચાલ્યા જાય છે ને પાછળ વ્યાસજી આવી રહ્યા છે. શુકદેવજી સરોવર પાસેથી પસાર થયા ત્યારે કન્યાઓ સ્નાન કરતી રહી પણ વ્યાસજી આવ્યા ત્યારે કન્યાઓએ ઝટ ઝટ કપડાં પહેરી લીધાં ને પોતાનાં અંગ ઢાંકી દીધાં. વ્યાસજીએ આ બંને પ્રસંગો જોયા. એમના મનમાં આશ્ચર્ય થયું કે મારો યુવાન દીકરો પસાર થયો ત્યારે આ કન્યાઓ સ્નાન કરતી રહી અને મારા જેવા વૃદ્ધને જોઈને વસ્ત્રો પહેર્યાં એનું કારણ શું ? પાછા વળતા વ્યાસજીએ એ કન્યાઓને પૂછયું કે, જ્યારે મારો યુવાન પુત્ર જતો હતો ત્યારે તમે નિઃશંક બનીને સ્નાન કરતી હતી ને મને જોઈને તમે વસ્ત્રો કેમ પહેરી લીધાં ? આનું કારણ શું ? વ્યાસજીની વાત સાંભળી કન્યા હસતી હસતી બોલી તમને કહું ખરી પણ ખોટું તો નહિ લાગે ને ? વ્યાસજીએ કહ્યું ના, ખોટું નહિ લાગે. તમે ખુશીથી કહો.

બંધુઓ ! આ કન્યાનો જવાબ સાંભળવા જેવો છે. એણે કહ્યું વ્યાસજી ! વિકારોનો સંબંધ વર્ષો સાથે નહિ પણ વૃત્તિ સાથે છે. "જેવી જેની વૃત્તિ તેવી તેની પ્રવૃત્તિ." શુકદેવજીના જીવનમાં જાગૃતિની જ્યોત ઝગમગતી હતી કે માનવદેહ વિકારો માટે નહિ પણ વિવેકપૂર્વકના વિચાર માટે છે. શુકદેવે અમારી સમક્ષ નજર સરખી કરી નથી પણ તે વખતે તમારા મનમાં શું વર્તતું હતું તે કહો. તમારી નજર કયાં હતી ? વ્યાસજી બધી વાત સમજી ગયા કે વર્ષો વધતા વિકારો ઘટે છે એવું નથી. વિવેકપૂર્વકના વિચારોથી વિકારો ઘટે છે. અને ત્યારે અંતરમાં આંતર વૈભવ પ્રગટે છે. બ્રહ્મચર્ય એ તો જીવનનું સાચું કોહિનૂર છે. બ્રહ્મચર્ય એ માનવનો શણગાર છે. બ્રહ્મચર્ય જેવું દુનિયામાં કોઈ નૂર નથી. બ્રહ્મચર્ય એ દ્રવ્યરોગ અને ભાવરોગ નાબૂદ કરવાની અમોઘ જડીબુટ્ટી છે, અને અનેક ગુણોને ખેંચી લાવનાર લોહચુંબક છે. એક બ્રહ્મચર્યનું પાલન કરનારના જીવનમાં બીજા અનેક ગુણો આપમેળે ખેંચાઈને આવે છે ને એક બ્રહ્મચર્યવ્રત ખંડિત થાય તો તેની પાછળ અનેક દુર્ગુણો ખેંચાઈને આવે છે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે,

जंमिय भग्गंमि होइ सहसा सव्वं संभग्ग मथिय चुन्निय कुसल्लिय पल्लटपडिय खंडिय परिसडिय विणासियं विणय सील तव नियमगुणसमूहं । એક બ્રહ્મચર્યનો ભંગ થવાથી તરત જ વિનય, શીલ, તપ, નિયમ, આદિ સમસ્ત ગુણોનો સમૂહ ભગ્ન, મથિત, ચૂર્ણિત, કુસલિત, ખંડિત, ગલિત અને વિનષ્ટ થઈ જાય છે. આ ભગવાનના વચન છે. માટે દરેક જીવોએ સમજીને વિશેષમાં વિશેષ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. એક બ્રહ્મચર્યનો ગુણ ચાલ્યો જાય છે તો એની પાછળ કેવા મહાન ગુણો ચાલ્યા જાય છે. જે જીવનમાંથી ગુણોનું સત્ત્વ ચાલ્યું જાય છે તે જીવન નિસ્તેજ બની જાય છે. એની બુદ્ધિ વિવેકહીન ભ્રષ્ટ બની જાય છે એટલે તે જીવોની હિંસા કરતા પણ અચકાતા નથી.

બ્રહ્મદત્તકુમારની માતા ચુલની રાણીએ એક સામાન્ય સ્ત્રીને પણ ન છાજે એવું વર્તન કર્યું છે, નહિતર જે સ્ત્રીનો પતિ મરણ પામે એણે તો બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. એને બદલે એણે તો બ્રહ્મચર્યવ્રતને ફગાવી દીધું. એક બ્રહ્મચર્યનો મહાન ગુણ એના જીવનમાંથી ગયો ત્યારે એ પુત્રને મારવા તૈયાર થઈ ને? નહિતર કઈ માતા એવી હોય કે પોતાના પુત્રને જીવતો બાળી મૂકવા તૈયાર થાય? બ્રહ્મદત્તકુમાર અને એની પત્ની એ લક્ષાગૃહમાં બળશે કે નહીં બળે એ તો એના ભાગ્યની વાત છે પણ દીર્ઘરાજા અને ચુલની રાણીએ તો નિશ્ચય કરીને પાપ બાંધી દીધું ને? બ્રહ્મદત્ત તો ભવિષ્યમાં ચક્રવર્તિ બનનાર છે. આપણે ૬૩ શલાકા પુરુષો કહીએ છીએ તેમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તિ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ આ ૬૩ શલાકા પુરુષોનું આયુષ્ય નિકાચિત હોય છે. એમને કોઈ મોટા પર્વત ઉપરથી પછાડે કે અગાધ પાણીમાં ડૂબાડી દે કે અગ્નિમાં નાંખે પણ એ જેટલું આયુષ્ય બાંધીને આવ્યા છે તે પૂરું થયા વિના મરે નહિ. આપણું મનુષ્ય અને તિર્યંચોનું આયુષ્ય સોપક્રમ હોય છે તે કાચા સૂતરના તારની જેમ તૂટી જાય છે. કોઈ મંત્ર-મૂઢ આદિથી તૂટે છે. દેવતા, નારકી, યુગલિયા અને ૬૩ શલાકા પુરુષોનું આયુષ્ય નિરૂપક્રમ હોય છે એટલે એ પૂરું થયા વિના અધવચ્ચ કોઈ પ્રયોગથી તૂટતું નથી.

"પુત્રને મારવાના કપટથી લક્ષાગૃહની તૈયારી કરતી રાણી" :- બ્રહ્મદત્તકુમાર પણ ચક્રવર્તિ છે, એની માતા જાણે છે કે મારો પુત્ર ભવિષ્યમાં ચક્રવર્તિ થનાર છે છતાં પણ જેના અંતરમાંથી વિવેકનો દીપક બૂઝાઈ ગયો છે ને કામવાસનામાં અંધ બની છે એવી માતા ચુલની રાણી પોતાના પુત્રને બાળી મૂકવા માટે લક્ષાગૃહ તૈયાર કરાવી રહી છે પણ એને ખબર નથી કે આવો ભાવિમાં થનાર મહાપુરુષ કંઈ આમ મરી જશે! છતાં મારવાનો ઘાટ ઘડે છે. ત્યારે ધનુમંત્રી એને બચાવવા ઘાટ ઘડે છે. ધનુમંત્રીએ મંત્રીપદેથી નિવૃત્ત થઈને નગરની બહાર ગંગાનદીના કિનારે પોતાને માટે રહેઠાણ કર્યું. વિશાળ ભોજનશાળા તૈયાર કરાવી. તેમાં અપંગ, અનાથ અને યાચકો જે આવે તેનું સ્વાગત કરીને સહુને પેટ ભરીને જમાડતા. આ રીતે તેમનું કાર્ય શરૂ કરી દીધું. બીજી તરફ રાજમાતા ચુલની તરફથી અનુપમ લક્ષાગૃહ તૈયાર કરવાનો આરંભ થઈ ગયો. દીર્ઘ રાજા અને ચુલની રાણીનો કુલ ઓર્ડર છે કે જગતભરમાં કયાંય ન હોય એવું, નકશી કોતરણી કરીને સુંદર લક્ષાગૃહ વહેલી તકે તૈયાર કરો. રાજા મહારાજાને ત્યાં મહેલ ઊભો કરવોએમાં શી વાર? હજારો માણસો કામે લગાડી દીધા એટલે થોડા સમયમાં મનોહર લાખનો મહેલ તૈયાર થઈ ગયો. આ વાત દૂર દૂર સુધી ફેલાઈ ગઈ હતી એટલે લક્ષાગૃહનું નવનિર્માણ કાર્ય જોવા માટે લોકોના ટોળે ટોળાં આવતાં હતાં.

"ગુપ્ત રીતે ભોંયરું બનાવતો ધનુમંત્રી" :- બીજી તરફ જ્યારથી લક્ષાગૃહ બનાવવાનો આરંભ થયો ત્યારથી ધનુમંત્રીએ પણ પોતાના શુભ કાર્યનો આરંભ કરી દીધો

હતો. લક્ષાગૃહનું કાર્ય દિવસે ધમધોકાર ચાલતું હતું ત્યારે ધનુમંત્રીએ પોતાના વિશ્વાસુ મજૂરોને તૈયાર કર્યા હતા. તેઓ ગુપ્ત રીતે રાતના દાનશાળાએ આવી જતા અને લક્ષાગૃહની નીચેની ભૂમિમાં ભોંયરું કોતરવાનું કામ શરૂ કરતા. થોડા સમયમાં ભોંયરું પણ તૈયાર થઈ ગયું. એનું એક દ્વાર લક્ષાગૃહમાં નીચે બનાવીને મોટી પથ્થરની શીલાથી ઢાંકી દીધું હતું ને બીજું દ્વાર ઠેઠ જંગલમાં કાઢવામાં આવ્યું હતું. ધનુમંત્રીએ ભોયરું સુરંગ તૈયાર થઈ એટલે પોતાના પુત્ર વરધનુને બતાવી દીધું. સુરંગનું દ્વાર લક્ષાગૃહમાં કઈ જગ્યાએ છે, કયાંથી કેવી રીતે ખોલવું અને કયાં નીકળવું તે બધું ગુપ્ત રીતે બતાવી દીધું. આ તરફ ચુલની રાણી અને દીર્ઘરાજાએ પણ પ્રચાર કર્યો છે કે આ લક્ષાગૃહ તો ખાસ કરીને બ્રહ્મદત્તકુમારને માટે જ બનાવ્યું છે. એમના લગ્ન થશે એટલે તેઓ એ મહેલમાં જ રહેશે.

"બ્રહ્મદત્તકુમારની લગ્નની થતી તૈયારી" :- બ્રહ્મદત્તકુમારની સગાઈ પુષ્પચુલ રાજાની પુત્રી પુષ્પાવતી સાથે નક્કી કરવામાં આવી. દીર્ઘરાજા અને ચુલની રાણી બંને બ્રહ્મદત્તકુમારના લગ્ન માટે ખૂબ હોંશથી બધી તૈયારીઓ કરવા લાગ્યા. સૌના દિલમાં એમ જ થતું કે રાજમાતાને પોતાના પુત્રને પરણાવવાનો કેટલો હરખ છે! અને પાલક પિતા સમાન દીર્ઘરાજા પણ કુમારના લગ્નમાં કેટલો ભોગ આપે છે કે આ સમયે એના પિતાજીની યાદને ભૂલાવી દે. લગ્નના મુહૂર્ત જોવાયાં. બ્રહ્મદત્તકુમારના લગ્નોત્સવ માટે આખું નગર શણગારવામાં આવ્યું. સૌભાગ્યવંતી સ્ત્રીઓ મંગલ ગીતો ગાવા લાગી. ઠેરઠેર લગ્નના વાજાં અને શરણાઈઓ વાગવા લાગી. આખું કાંપિલ્યપુર વાજાના ધ્વનિથી અને લગ્નના મંગલ ગીતોથી ગાજી ઊઠયું હતું. દીર્ઘરાજા પણ લગ્નમહોત્સવમાં આવેલા રાજાઓ તેમ જ બીજાના મોઢે હર્ષ વ્યક્ત કરતા કહેતા હતા કે, હાશ....હવે હું મારા મિત્રના ઋણમાંથી મુક્ત થયો છું. બ્રહ્મદત્તકુમાર હવે રાજ્યકાર્ય સંભાળવામાં કુશળ થઈ ગયા છે. એના લગ્ન થઈ જાય એટલે એનો રાજ્યાભિષેક કરીને હું મારા રાજ્યમાં ચાલ્યો જઈશ.

લગ્નનો દિવસ આવી ગયો. ખૂબ ધામધૂમથી મોટા ઠાઠમાઠ સહિત બ્રહ્મદત્તકુમારની જાન ચાલી, ત્યારે રાજભક્ત ધનુપ્રધાને વરધનુ સાથે બ્રહ્મદત્તના સસરાને ગુપ્ત સંદેશો કહેવડાવ્યો. તેમાં ચુલની રાણી અને દીર્ઘરાજાના કાવતરાની સંપૂર્ણ જાણ કરીને જણાવ્યું હતું કે તમે તમારી પુત્રીના સ્થાને કોઈ દાસીની કન્યાને મોકલજો. બ્રહ્મદત્તકુમાર ચુલની માતા અને દીર્ઘરાજા વિગેરે વડીલોના આશીર્વાદ લઈને વિદાય થયા. પુષ્પચુલ રાજાને ત્યાં જાન પહોંચી. ધામધૂમથી બ્રહ્મદત્તકુમારના પુષ્પાવતી સાથે લગ્ન થઈ ગયા. લગ્નની તમામ વિધિ પૂર્ણ થયા પછી વરધનુકુમારે પિતાજીનો સંદેશો પુષ્પચુલ રાજાને આપ્યો. આ સાંભળીને રાજા ધમધમી ઊઠયા. જો પહેલાં સમાચાર આપે તો વાત ફૂટી જાય એટલે પછી જ કહેવાય, પણ રાણીના કાવતરાની વાત જાણીને રાજાને ખૂબ ક્રોધ ચઢયો,

પણ ખબર પડી કે પોતાના જમાઈ તો ચક્રવર્તિ બનનાર છે. ત્રણ કાળમાં એમનો કોઈ વાંકો વાળ કરી શકે તેમ નથી. તેથી ખુશ થયા ને મંત્રીની સૂચના મુજબ પોતાની દાસીની એક સૌંદર્યવાન કન્યાને તૈયાર કરીને વળાવી. નવદંપતિ પરણીને આવ્યાં. અતિ ભવ્ય લક્ષાગૃહના પટાંગણમાં ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો. ચારે દિશામાંથી હજારો લોકોએ આ રાજલગ્નમાં હાજરી આપી હતી. ચુલની રાણીનો ઉત્સાહ અને આનંદ જોઈને લોકોના મનમાં એમ થઈ ગયું કે શું બ્રહ્મદત્તકુમારની માતા છે! માતા હો તો આવી હોજો. દુનિયામાં અસલી વસ્તુ કરતાં નકલી વસ્તુ વધુ ચમકે છે તેમ સાચા પ્રેમ કરતા નકલી પ્રેમ વધુ ચમકી ઊઠે છે. જેના પેટમાં દગો હોય તે મીઠું બોલીને માણસને ગોળગોળ કરી નાંખે છે. ચુલનીને બ્રહ્મદત્તકુમાર પ્રત્યે કેવો પ્રેમ છે તે તો તમે સાંભળ્યું ને? નવદંપતિ પરણીને આવ્યા એટલે માતા ચુલનીને પગે લાગ્યા ત્યારે માતાએ બંનેના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા કે, બેટા! તમે ઘણું જીવો અને આ વિશાળ રાજ્યનો તું સ્વામી બન.

બંધુઓ! હવે પોતાના પુત્રને કેટલો જીવાડવો છે એ તો એ જાણે છે, પણ દગાબાજ માણસને મીઠું બોલતા બહુ આવડે છે. લગ્નનો દિવસ વીતી ગયો. જમીને સ્વજનો પોતપોતાને ઘેર ગયા. રાત પડી એટલે નવદંપતિને રાજમાતાએ આશીર્વાદ આપીને લક્ષાગૃહમાં સૂવા માટે મોકલ્યાં. વરધનુ પ્રધાનને પળેપળે પોતાના મિત્રના રક્ષણ માટે સજાગ બનવાનું હતું. વરધનુએ કહ્યું: કુમાર! હું તમારી સાથે મહેલમાં સૂવા આવીશ. કુમારે કહ્યું–ભાઈ! ત્યાં તારી શી જરૂર છે? વરધનુએ કહ્યું–ભાઈ! હવે મારે તારી સાથે જ રહેવું છે. હું એક ક્ષણ તારો વિયોગ સહન કરી શકું તેમ નથી. તમે તમારા શયનગૃહમાં સૂઈ જજો. હું બહાર સૂઈ જઈશ એટલે તું ઊઠે કે તરત મને તારા મુખના દર્શન થાય ને? બ્રહ્મદત્તકુમારને એની માતા દીર્ઘરાજા સાથે બરાબર થઈ છે એ ખબર હતી પણ આ મહેલ પોતાને બાળી નાંખવા માટે બનાવ્યો છે તે વાતની ખબર ન હતી. આ કાવતરાની વાત તો ધનુપ્રધાન અને વરધનુ બે જ જાણતા હતા. આજે રાત્રે જ આગ લગાડશે એ તો વરધનુને પણ ખબર ન હતી, પણ વરધનુકુમાર સાવધાન બનીને જાગતો સૂતો છે. નવદંપતિ લગ્નજીવનનો આનંદ માણીને શાંતિથી સૂઈ ગયા છે. હવે શું બનશે તે અવસરે.

ચરિત્ર :– ભદ્રા શેઠાણી સુશીલાને ખૂબ દુઃખ આપે છે. હવે બીજી બાજુ ભીમસેન રાજાની શું પરિસ્થિતિ છે તે વિચારીએ. લક્ષ્મીપતિ શેઠ સ્વભાવે દયાળુ ને નમ્ર હતા. સામા માણસના દુઃખ દર્દ અને શક્તિ–અશક્તિ જાણતા હતા. શેઠ–શેઠાણીમાં આસમાન જમીન જેટલું અંતર હતું. તેમણે ભીમસેનને બધું કામ શીખવાડયું. ઘરાકોને માલ કેવી રીતે આપવો, દુકાનમાં માલ કેવી રીતે ગોઠવવો, ઘરાકો સાથે કેવી રીતે વર્તવું, કયા માલની શું કિંમત અને કેટલા ભાવે વેચવો વગેરે અનેક વાતો શીખવાડી.

બંધુઓ ! ભીમસેન રાજકુળમાં જન્મેલો હતો. જન્મથી રાજવૈભવના સુખો જોયા હતા. રાજગાદીએ બેઠાં પહેલાં ને પછી પણ એમણે તો માત્ર હુકમો કર્યા હતા. એમને કોઈનો હુકમ ઝીલતા કયાંથી આવડે ? પણ પરિસ્થિતિ આગળ માનવીને નમવું પડે છે. જે કદી ન કર્યું હોય તે કરવું પડે છે અને ન આવડતું હોય તે પણ શીખવું પડે છે. લક્ષ્મીપતિ શેઠે ભીમસેનને દુકાનનું કાર્ય શીખવાડીને પછી ઉઘરાણીના કામે મોકલવા માંડયો. તમે તો ઉઘરાણીના કામમાં પૂરા માહિતગાર છો ને ? વેપારમાં ઉઘરાણીનું કામ ઘણું કઠિન હોય છે. ચઢી ગયેલી ઉઘરાણીને વસૂલ કરતા શેઠિયાઓને નાકે દમ આવી જાય છે. માણસોને ઘણીવાર ધક્કા ખવડાવવા પડે છે. માણસોને સમજાવવા પડે છે. જો સમજીને પૈસા ન આપે તો તેમની સામે કડકાઈથી કામ લેવું પડે છે. આ લક્ષ્મીપતિ શેઠની નગરમાં ઘણી ઉઘરાણીઓ બાકી હતી, એટલે શેઠ ભીમસેનને દિવસમાં બે ચાર જગ્યાએ ઉઘરાણી કરવા મોકલતા.

"ઉઘરાણીએ જતો ભીમસેન" :–ભીમસેન ગમે તેમ તોય રાજા હતા. રાજાને કદી માંગતા ન આવડે. સ્વભાવથી શરમાળ પ્રકૃતિના હતા, એટલે માંગતા શરમ આવતી. એ જ્યાં ઉઘરાણી જાય ત્યાં એટલું જ કહેતા કે મારા શેઠની આટલી રકમ તમારી પાસેથી નીકળે છે તે આપીને તમે મારા શેઠ ઉપર ઉપકાર કરો. આવું બોલે એટલે કોઈ પૈસા આપે ખરું ? જ્યાં જાય ત્યાંથી ખાલી હાથે પાછા ફરતા. થોડી પણ ઉઘરાણી વસૂલ કરી શકતા ન હતા. જેની પાસે માંગવા જાય તે એની નમ્ર વાણી સાંભળીને મજાક ઉડાવતા ને અવારનવાર ધક્કા ખવડાવતા. ઘણા દિવસ સુધી ઉઘરાણી ગયા પણ કંઈ ન લાવ્યા તેથી એક દિવસ શેઠનો મિજાજ ગયો. ગમે તેમ એતો વેપારી વણિક કહેવાય ને ? એ પાઈ પાઈનો હિસાબ ગણનારા હતા. ભીમસેનના પગલે શેઠને ધૂમ કમાણી થઈ હતી છતાં એ વાત ભૂલી ગયા ને વિચાર કરવા લાગ્યા કે હું ચાર ચાર જણના પેટ ભરું છું ને આ તો કંઈ કામ કરતો નથી.

"ભીમસેનને દમદાટી આપતા શેઠ" :– એક દિવસ શેઠે ગરમ થઈને કહ્યું, અરે ભાઈ! તું તો કામ કરે છે કે વેઠ ઉતારે છે ? આટલા દિવસથી તને ઉઘરાણી કરવા મોકલું છું પણ એક દોકડો હજુ સુધી વસૂલ કરીને લાવ્યો નથી. તું જો બરાબર કામ નહિ કરે તો હું તને પગાર નહિ આપું. ત્યારે ભીમસેને નમ્રતાથી કહ્યું, શેઠ ! હું દરરોજ ઉઘરાણીએ જાઉં છું ને બધાને કહું છું કે મારા શેઠ તમારી પાસે પૈસા માંગે છે તે આપીને મારા શેઠ ઉપર ઉપકાર કરો પણ મને કોઈ પસા આપતું નથી. હું શું કરું ? ત્યારે શેઠે ગુસ્સો કરીને કહ્યું: અરે મૂર્ખના સરદાર ! લેણદારોની સાથે એવી રીતે વાત કરાય ? એમ કંઈ ઉઘરાણી મળી જતી હશે ? એ આપણા ઉપર ઉપકાર શેના કરે ? એમને મુશ્કેલીમાં ઉધાર માલ આપીને મેં એમના ઉપર ઉપકાર કર્યો છે. આપણે એમને ધમકાવવા જોઈએ. એવી કડકાઈથી વાત કરીએ કે એ લોકો

આપણા પગમાં પડે. એના બદલે તું એમના પગે લાગે છે. તું તો બિલકુલ ગમાર છે ગમાર ! તેં તો ખાઈ પીને શરીર તગડું કરી જાણ્યું છે. બુદ્ધિનું તો તારામાં સાવ દેવાળું છે. હવે હું તને મારે ત્યાં કેવી રીતે નોકરી રાખી શકું ! ચાલ્યો જા અહીંથી. શેઠના આવા કડક વચનો સાંભળીને ભીમસેન ધ્રૂજી ઉઠ્યો, અરેરે....શેઠ મને કાઢી મૂકશે તો હું કયાં જઈશ ? નોકરી જવાના ભયથી ગળગળો થઈને શેઠના ચરણમાં પડી ગયો ને કહેવા લાગ્યો કે શેઠ ! હું ગરીબ માણસ છું, તમે તો દયાળુ છો. મારા મહાન ઉપકારી છો. તમે મને નોકરીમાંથી કાઢી મૂકશો તો હું કયાં જઈશ ? મારું શું થશે ? હું તો આપનો દીકરો છું. આપ મારા ઉપર ક્રોધ ન કરો. હવેથી હું બરાબર ધ્યાન રાખીને કામ કરીશ. આવા દીન વચનો સાંભળીને શેઠને દયા આવી એટલે કહ્યું ઠીક, હવેથી કામમાં બરાબર ધ્યાન રાખજે અને કડક રીતે ઉઘરાણી કરજે.

ભીમસેન પછી કામમાં બરાબર ધ્યાન રાખવા લાગ્યો. પોતાની કંઈ ભૂલ ન થાય તેની કાળજી રાખતો. હવે ઉઘરાણીમાં પણ ઉગ્ર થવા લાગ્યો, એટલે લોકો એને ઉઘરાણી આપવા લાગ્યા. તેથી એનું ગાડું તો ઠીક ઠીક ચાલતું પણ કર્મોને એનું ગાડું સીધું ચાલે તે પસંદ ન હતું. હજુ તો કર્મો એની ઘણી કસોટી કરવા માંગે છે. બિચારી સુશીલાનું શરીર પણ કામ કરીને ઘસાઈ ગયું હતું. એથી કયારેક ભીમસેનને કહેતી સ્વામીનાથ ! હવે મારાથી કામ થતું નથી. કામ જરા ધીમેથી થાય કે ભૂલ થાય તો શેઠાણી મારવા ઉઠે છે. આ સાંભળીને ભીમસેનની આંખમાં દડદડ આંસુ પડી જતા, પણ શું થાય ? એ સુશીલાને કહેતો, હું બધું સમજું છું પણ જો આપણે નોકરી છોડી દઈએ તો જશું કયાં ? ભલે આપણને મારે છે, ઝૂડે છે, કામ ખૂબ કરાવે છે છતાં બે ટંક ખાવા તો આપે છે ને ? અંગ ઢાંકવા ફાટયાં તૂટયાં કપડાં પણ આપે છે ને ! અને રહેવા ઘર પણ આપ્યું છે ને ? દુઃખે સુખે આપણા કર્મો ભોગવી લેવાના. એમ કહીને સમજાવીને દિવસો ગુજારે છે ત્યાં એક દિવસ શું બન્યું.

એક સમય ઘર મધ્ય ચોકમેં, શેઠ બીરાજે આય,
કોઈક મેરા હાથ ધુલા દો, રાની પાની લાય.

શેઠ બપોરના સમયે સંડાસ જવા ઘેર આવ્યા. શેઠ બહાર જઈને આવ્યા એટલે કહ્યું મારા હાથપગ ધોવડાવો. ત્યારે નોકરની ફરજ છે ને ! એટલે સુશીલાએ પાણી લઈને શેઠના હાથ પગ ધોવડાવ્યા. બરાબર આ સમયે શેઠાણીએ ઉપરની બારીમાંથી આ દશ્ય જોયું. સુશીલા નીચી નજરે શેઠના હાથ પગ ધોવડાવતી હતી પણ તે સમયે પવનથી તેનો ઘૂંઘટ ખસી ગયો. તેના નિસ્તેજ અને નિર્દોષ મુખ ઉપર શેઠની કરુણાભાવે દૃષ્ટિ પડી. આ ભદ્રા શેઠાણી જોઈ ગઈ, એટલે એના ક્રોધનો પાર ન રહ્યો. એના દિલમાં ઈર્ષ્યાનો આગ ફાટી નીકળી. હવે સુશીલાને માથે શેઠાણી કેવા આળ ચઢાવશે ને તેને કેવા દુઃખો પડશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૩૨

શ્રાવણ વદ ૮ ને બુધવાર "પંદરમી ઓગષ્ટ" તા.૧૫-૮-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આત્મિક સુખની ખોજ કરવા, ઘાતી કર્મોની ફોજને હટાવી, અનંત સ્વતંત્ર સુખોની મોજ માણનાર એવા તીર્થંકર ભગવંતોએ ભવ્ય જીવો ઉપર મહાન કરુણા કરી કલ્યાણનો ધોરી માર્ગ બતાવ્યો. ભગવાનની વાણી આપદાને ભેદનારી, આત્માની અનંત સંપદાને આપનારી, મિથ્યાત્વના મહાન રોગને નાબૂદ કરનારી ને ભવભ્રમણને મટાડનારી છે. તમે માનતા હશો કે શરીરના રોગો મટાડવા કઠણ છે પણ એ રોગ તો અશાતા વેદનીય કર્મ શાંત થઈ જશે ત્યારે મટી જશે, અથવા તો અશાતા વેદનીય કર્મનું પ્રબળ જોર હશે ને રોગ નહીં મટે તો મરણ સુધી રહેશે અને શરીર છૂટી જતાં એ રોગ અહીં જ રહી જશે પણ મિથ્યાત્વનો મહારોગ તો જીવને અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરાવે છે, કારણ કે મિથ્યાત્વ એ સંસારની જડ છે. જ્યાં સુધી એના મૂળિયાં સજીવન છે ત્યાં સુધી સંસાર પણ સજીવન છે. જેમ અડદનો દાણો આખો છે ત્યાં સુધી તે વાવ્યો ઊગી શકશે પણ તેનું ફોતરું ઊડી જાય છે ત્યારે તે વાવ્યો ઊગી શકતો નથી. તે રીતે આત્મા ઉપરથી મિથ્યાત્વનું ફોતરું ઊડી જશે ત્યારે આત્મા સમ્યક્ત્વના ઘરમાં આવી જશે. મિથ્યાત્વ જીવનું કેટલું અહિત કરનાર છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ મા અધ્યયનમાં ભગવંત ફરમાવે છે કે,

मिच्छा दंसणरत्ता, सनियाणा कण्हलेसमोगाढा ।
इय जे मरंति जीवा, तेसिं पुण दुल्लहा बोही ॥ २५२ ॥

જે જીવ મિથ્યા દર્શનમાં અનુરક્ત છે, નિદાન સહિત કર્મ કરનાર છે અને કૃષ્ણલેશ્યાથી યુક્ત છે તેને મૃત્યુ પછી અન્ય જન્મોમાં બોધિબીજ–સમ્યક્ત્વની પ્રાપ્તિ અત્યંત કઠિન છે. આવું તમે ઘણી વાર સાંભળ્યું હશે છતાં તમને એમ થાય છે ખરું કે મારો મિથ્યાત્વનો રોગ જલ્દી કેમ મટે ? 'ના'. કારણ કે શરીરને નિરોગી રાખવા માટે તમારી જેટલી સાવધાની છે તેટલી આત્માને નિરોગી બનાવવા માટે નથી. શરીરનો રોગ તો એક ભવ પૂરતું નુકશાન કરે છે પણ મિથ્યાત્વનો રોગ તો આ ભવ અને પરભવ બંનેમાં નુકસાન પહોંચાડે છે. તમે એક મકાન લો તો હવા ઉજાશવાળું લો કે અંધારાવાળું લો ? (શ્રોતામાંથી અવાજ :– હવા ઉજાશવાળું.) બરાબર છે ને ? 'હા', તેમ આત્મામાં અનાદિકાળથી અંધકાર છવાયેલો છે તેને દૂર કરવાનું મન થાય છે ? સમ્યક્ત્વ એ આત્માનો પ્રકાશ છે. સમ્યક્ત્વ જીવને કેટલું લાભકારી છે તે જાણો છો ?

अंतो मुहुत्तमित्तं पि फासियं हुज्ज जेहिं सम्मत्तं ।
तेसिं अवड्ढपुग्गल, परियट्टो चेव संसारो ॥

જે જીવ અંતર્મુહૂર્ત માત્ર પણ સમ્યક્ત્વનો સ્પર્શ કરી લે છે તેનો અર્ધપુદ્ગલ પરાવર્તન સંસાર બાકી રહે છે, એટલે કે તે આત્માને અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી વધારે કાળ સંસારમાં પરિભ્રમણ કરવું પડતું નથી. જ્યાં તડકો હોય ત્યાં છાયા રહી શકતી નથી. જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર રહી શકતો નથી. એવી રીતે જ્યાં સમ્યક્ત્વનો સૂર્ય ઉદયમાન થાય છે ત્યાં મિથ્યાત્વનો ગાઢ અંધકાર ટકી શકતો નથી. આ બંધા એકબીજાના પ્રતિપક્ષી છે. જ્ઞાની પુરુષો કહે છે કે, હે આત્મા! જો તારે સાચું સુખ અને સ્વતંત્રતા જોઈતી હોય તો સૌથી પ્રથમ મિથ્યાત્વના મહાન રોગને નાબૂદ કરવાની જરૂર છે. મિથ્યાત્વ કોને કહેવાય? જે આત્માને સાચો માર્ગ સૂઝવા દે નહિ. સાચી વસ્તુને સાચી રીતે ઓળખવા દે નહિ અને આત્માને એના પોતાના વિષયમાં પણ ભ્રમ પેદા કરાવે તેનું નામ મિથ્યાત્વ. કહ્યું છે કે,

"આતમ ભ્રાન્તિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ,
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."

આત્મભ્રાન્તિ જેવો બીજો કોઈ રોગ નથી. આજે આત્માના વિષયમાં ઘણાંને શંકા છે. સૌ સૌની માન્યતા પ્રમાણે પ્રચાર કરવા લાગ્યા છે. કોઈ કહે છે એકલા જ્ઞાનથી મોક્ષ છે. કોઈ કહે છે એકલી ક્રિયાથી મોક્ષ છે, ઘણાને આત્મા છે કે નથી એ વિષયમાં પણ શંકા છે. કોઈ આત્માને એકાંત નિત્ય માને છે કોઈ આત્માને એકાંત અનિત્ય માને છે, કોઈ આત્માને ક્ષણિક માને છે. જો આત્મા ક્ષણિક હોય તો કરેલાં કર્મો ભોગવે કોણ? આ બધી ભ્રાન્તિઓરૂપ આત્માના રોગને કોણ મટાડી શકે? "સદ્‌ગુરુ વૈદ સુજાણ". આત્માના રોગને પારખનાર સદ્‌ગુરુરૂપી વૈદ્યો આ બધી ભ્રાન્તિઓ મટાડે છે, પણ તમને આત્માના ડૉકટરો પાસે આવવું ગમતું નથી. તમે વકીલ ફેમિલી રાખ્યો, એન્જિનિયર ફેમિલી રાખ્યો, ને ડૉકટર પણ ફેમિલી રાખ્યો છે. તમે કહો છો ને કે આ અમારા ફેમિલી ડૉકટર છે, પણ કોઈ દિવસ કહો છો કે મારા ગુરુ ફેમિલી છે?

સદ્‌ગુરુઓ તમને એક જ ઉપદેશ આપે છે કે હે મહાનુભાવો! આવો દુર્લભ મનુષ્ય જન્મ પામીને તમે પ્રમાદ ન કરો. ઘાતી કર્મો ઉપરે ઘા કરો. કર્મો આઠ છે તેમાં ચાર ઘાતી કર્મો છે ને ચાર અઘાતી કર્મો છે. અઘાતી કર્મો આત્માને નડતર રૂપ નથી. ઘાતી કર્મોની ગાંઠ એવી મજબૂત ને ચીકણી છે કે તેને તોડવા માટે મંદ પુરુષાર્થ કામ નહિ આવે પણ તીવ્ર પુરુષાર્થ જોઈશે. જેમ લાકડાની કોઈ મજબૂત ગાંઠને ચીરવી હોય તો બૂઠો કુહાડો અને વૃદ્ધ પુરુષ કામ આવતો નથી. ત્યાં તીક્ષ્ણ કુહાડો અને બળવાન યુવાન પુરુષ જોઈશે. લાકડાની ગાંઠ તો તીક્ષ્ણ કુહાડો લઈને બળવાન પુરુષ ચીરી નાંખશે પણ ઘાતી કર્મોની ગાંઠ તો એવી મજબૂત છે કે એને ચીરવા જબ્બર પુરુષાર્થ કરવો પડશે. જ્યાં સુધી તન સારું છે, ઇન્દ્રિયો બરાબર કામ

કરે છે ત્યાં સુધી તપ અને ત્યાગનો તીક્ષ્ણ કુહાડો લઈને ઘાતી કર્મોની મજબૂત ગાંઠને ચીરી નાંખો.

દેવાનુપ્રિયો ! મોરબીમાં કર્મરાજાએ કેવો કાળો કેર કર્યો ? જ્યાં માણસના કર્મ રૂઠે ત્યાં કોણ કોને ફરિયાદ કરે ? વેપારમાં કોઈએ કંઈ પડાવી લીધું હોય તો માણસ કોર્ટમાં ફરિયાદ કરે છે પણ જ્યાં માણસોના કર્મો રૂઠે ત્યાં પાણીની ને અગ્નિની હોનારતો સર્જાય. લાખોના જનમાલની ખુવારી થઈ જાય છે તે વખતે કોને ફરિયાદ કરવા જવાય છે ? કાળ ગોઝારો કોને ક્યારે ઉપાડી જશે તેની ખાતરી નથી જીવે કેવા ચીકણાં કર્મો બાંધ્યાં હશે તો આ પરિસ્થિતિ સર્જાઈ ને ? આવા કર્મના સ્વરૂપને સમજીને જીવનમાં ધર્મને અપનાવો ને કર્મને બાળીને સાફ કરી નાંખો. મહાનપુરુષો આવો ઉત્તમ મનુષ્યભવ પામીને કર્મો કેમ જલદી ખપે, ઘાતી કર્મની ગાંઠ કેમ જલદી ભેદાઈ જાય તે માટે સદા જાગ્રત રહીને પુરુષાર્થ ઉપાડે છે. કર્મના કાષ્ઠોને બાળવા માટે તપની ધૂણી ધખાવે છે. આપણે ત્યાં ઉગ્ર તપસ્વીઓ તપ સાધના કરી રહ્યા છે.

ઉગ્ર તપસ્વીઓને જોઈને અમારા ઉગ્ર તપસ્વી પૂ. ગુલાબચંદ્રજી મહારાજ સાહેબની યાદ આવે છે. ખંભાત સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ. ગુલાબચંદ્રજી મહારાજ સાહેબ ઉગ્ર તપસ્વી હતા. એમનો તપ તો કેવો હતો ? કયારેક છઠ્ઠને પારણે છઠ્ઠ, અઠ્ઠમના પારણે અઠ્ઠમ, ચારને પારણે ચાર ઉપવાસ કરતા હતા. એ તપ એક બે વર્ષનો નહિ, વર્ષો સુધી એવી તપશ્ચર્યા ચાલુ રાખી હતી. એક વખત તેઓ અમદાવાદમાં ચાતુર્માસ બિરાજતા હતા ત્યારે તેઓના ચાર ઉપવાસના પારણાના દિવસે ધોધમાર વરસાદ તૂટી પડયો. બાર કલાકમાં ૨૪ ઇંચ પાણી પડયું. હવે પારણું કયાં થાય ? પૂ. ગુરૂદેવને પાંચમો ઉપવાસ થયો. છઠ્ઠા દિવસે વરસાદ બંધ થયો. શ્રાવક શ્રાવિકાઓને ખૂબ ચિંતા થઈ. અમુક જણાએ તો મનમાં નક્કી કર્યું કે પૂ. ગુરૂદેવ પારણું કરે પછી આપણે જમવું. આ છે ગુરૂભક્તિ. દેવ-ગુરૂ અને ધર્મની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત પામવાનું લક્ષણ છે. છઠ્ઠા દિવસે શ્રાવક શ્રાવિકાઓ ભાવના ભાવે છે કે ભાગ્યશાળીને પારણાંનો લાભ મળશે. ગુરૂદેવે તો પાંચ ઉપવાસમાં ચાર ઉપવાસ ભેળવી દીધા. બધા ભાવના ભાવે છે. કોઈને ઉપવાસની ખબર નથી, એટલે બધા કહે છે: ગુરૂદેવ ! લાભ આપો, પણ એ તો મૌન રહ્યા. એમના તપના પારણાની કોઈને જાણ કરતા નહિ. એવા ગુપ્ત તપસ્વી હતા, પછી શ્રાવકોને જાણ થઈ કે નવ ઉપવાસના પચ્ચખાણ થઈ ગયા છે, ત્યારે બધાની આંખમાં આંસુ આવી ગયા અને મુખમાંથી શબ્દો સરી પડયા 'ધન્ય છે મહાન તપસ્વી ગુરૂદેવને !'

છેલ્લું ચાતુર્માસ એમણે અમદાવાદ કર્યું. ખૂબ ઉગ્ર તપશ્ચર્યાને કારણે શરીર ખૂબ અશક્ત થઈ ગયું હતું, પણ આત્મબળ અલૌકિક હતું. છેલ્લે કારતક સુદ બીજના દિવસે વ્યાખ્યાન આપતાં બી.પી. એકદમ ઘટી જવાથી પાટ ઉપર ઢળી પડયા. શ્રાવકો

ડૉકટર લાવ્યા પણ વિલાયતી દવા ન લીધી. પછી તબિયત સુધરી ને પાછી કારતક વદ દશમના દિવસે તબિયત બગડી. પોતાને મૃત્યુની ખબર પડી ગઈ હતી. ભીંત બાજુ મુખ રાખી સાધના કરી રહ્યા હતા. દેહ છોડવા અગાઉ થોડી વાર પહેલાં અમારા હાલના પૂ. કાંતિઋષિજી મહારાજ સંસારમાં હતા. સંસારમાં એમને સૌ શકરાભાઈ કહેતા. તેઓ ત્યાં હાજર હતા. તેમને પૂછે છે શકરાભાઈ! કેટલા વાગ્યા ? તો કહે છે સાહેબ ! દોઢ વાગ્યો. ત્યારે કહે છે હજુ થોડી વાર છે. પોતાને બે વાગે દેહ છોડવો છે. દશ મિનિટ અગાઉ લોકોની સમક્ષ મુખ કરીને સૌને દર્શન આપ્યા ને કારતક વદ દશમના દિવસે બે વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેઓ તો આત્મકલ્યાણ કરી ગયા. ધન્ય છે ઉગ્ર તપસ્વી ગુરૂદેવને !

આજે પંદરમી ઑગસ્ટનો સ્વાતંત્ર્ય દિન છે. અંગ્રેજોએ ભારત ઉપર અઢીસો વર્ષ રાજ્ય કર્યું. તે દરમ્યાન ભારતને અંગ્રેજોની ગુલામી ખટકી તેથી એ ગુલામીમાંથી મુક્ત થવા માટે ભારતે કેટલી ઝુંબેશ ઉઠાવી. કેટલાય નવયુવાનો પોતાના લોહી રેડીને શહીદ બન્યા ને ભારતના ઇતિહાસને પાને પોતાનું નામ અમર બનાવી ગયા. પોતાનું લોહી રેડીને, પ્રાણ આપીને પણ અંતે ભારત દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કર્યો. તેને આજે ૩૨ વર્ષ પૂરાં થયાં ને ૩૩મું વર્ષ બેસે છે. દેશને અંગ્રેજોના બંધનમાંથી છોડાવ્યો છતાં આજે ક્યાંય શાંતિનું નામનિશાન દેખાય છે ? અંગ્રેજોના રાજ્યમાં પ્રજાને આટલો ત્રાસ ન હતો. આજે તો સરકારના કેટલા કાયદા વધતા જાય છે. પ્રજાને કેટલી ચિંતા વધી છે. છતાં જીવ સંસારને સ્વર્ગ માનીને આનંદ માની રહ્યો છે, પણ સાચું પૂછો તો દેશ સ્વતંત્ર બનવાને બદલે પરતંત્ર બની રહ્યો છે.

તમને અંગ્રેજોની ગુલામી સાલી ને તેમાંથી મુક્ત થવા માટે જહેમત ઉઠાવી તેમ આત્મારૂપી ભારત ઉપર કર્મરૂપી અંગ્રેજો રાજ્ય કરી રહ્યા છે. તેની ગુલામી ખટકે છે ખરી ? અંગ્રેજોએ તો માત્ર ૨૫૦ વર્ષ રાજ્ય કર્યું પણ કર્મરૂપી બ્રિટિશ સરકાર અનંતકાળથી રાજ્ય કરી રહી છે. એની ગુલામીમાંથી મુક્ત થવાનું કેમ મન થતું નથી ? જ્યારે મીસા કાયદો આવ્યો ને માણસોને પકડયા ત્યારે મીસાનો કાયદો એવો હતો કે એની સામે કોઈની અપીલ કે દલીલ ચાલી શકતી ન હતી. એટલે કોઈ કોઈને જામીન ઉપર છોડાવી શકતા ન હતા. એ મીસામાંથી કયારે છૂટા થવાશે એની ખબર ન હતી છતાં રાજ્યપલટો થયો તો મીસા ઉઠી ગઈ અને કેદ પકડાયેલા છૂટા થયા પણ કર્મરાજાની મીસા કયારે ઉઠશે એની ખબર નથી. યાદ રાખો, જો આત્મા પુરુષાર્થ કરે તો કર્મની ગુલામીમાંથી જરૂર સ્વતંત્ર બને.

આત્મા આઠમા ગુણસ્થાનકેથી ક્ષપક શ્રેણી માંડીને દશમેથી બારમે આવે. ત્યાં બારમા ગુણસ્થાનકના છેલ્લા સમયે મોહનિયાદિ ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને તેરમા ગુણસ્થાનકે આવી જાય પછી એના કોઈ દુશ્મનો રહેતા નથી. ઝગમગતી કેવળજ્ઞાનની

જ્યોતિ પ્રગટ કરીને જીવ સ્વતંત્રપણે વિચરી શકે છે. પછી એને કદી પરતંત્ર થવાનો ભય નથી. આજે તમે જેને સ્વતંત્રતા માનો છો એ સાચી સ્વતંત્રતા નથી. સાચી સ્વતંત્રતાને હજુ તમે સ્વપ્નમાં પણ જોઈ નથી, પણ નકલી સ્વતંત્રતાએ મનુષ્યોને દિવાના બનાવી દીધા છે. **"સાચી સ્વતંત્રતા તો એને જ કહેવાય કે જ્યાં બધું જ સ્વતંત્ર હોય, પરતંત્રતાનો પડછાયો પણ ન હોય અને સ્વતંત્રતાનો સૂર્ય કદી અસ્ત ન થાય. એનું નામ સાચી સ્વતંત્રતા."** આવી સ્વતંત્રતા સંસારમાં કદી સિદ્ધ થતી નથી. **"આવો સ્વતંત્ર દેશ જો કોઈ હોય તો તે એક નિર્વાણ નગરી મોક્ષ જ છે."**

દેવાનુપ્રિયો ! આત્મા ઉપરથી આઠે આઠ કર્મના લેપ ઉખાડીને મોક્ષમાં જવાય ત્યારે સાચી સ્વતંત્રતા કહો કે સાચી આઝાદી કહો તે મળે છે. આ સ્વતંત્રતાનો આનંદ અમર છે. આઝાદી એ હૈયાને આનંદ આપનારો કેવો મનોહર શબ્દ છે ! આઝાદી આવી ને મુક્તિના ગીત ગવાયા. ઉષા ઊગી ને તેજ કિરણો પ્રસરાયાં. સ્વરાજના નૂતન પ્રકાશમાં રંગભર રાચતા જીવો આઝાદીનો આનંદ માનવા લાગ્યા, પણ અરેખર આજે આઝાદી જીવનમાં આબાદી લાવી કે બરબાદી ? સ્વતંત્રતા લાવી કે સ્વચ્છંદતા ? ન્યાય પક્ષનું ધોરણ ઊંચું આવ્યું કે લાંચરુશ્વતખોરી કે કાળાં બજારનું ? આ બધી બાબતો ખૂબ વિચારવા જેવી છે. દુર્ગુણોની દુર્વાસના જ્યારે દિલમાંથી દૂર થશે ને જીવનમાં દયા અને દિવ્યતાની દિવ્યજ્યોતિ ઝળહળી ઉઠશે ત્યારે આંગણે આવકાર નહિ આપવા છતાં આઝાદી અમર બનીને તમને વિજયમાળા પહેરાવશે. જ્યારે આત્મા કર્મથી મુક્ત બની સચ્ચિદાનંદી બનશે ત્યારે આઝાદીનો સાચો પ્રકાશ પૂર્ણપણે પ્રકાશી ઊઠશે. એ આઝાદી જીવન અને મૃત્યુની સાંકળ ભેદી નાંખશે ત્યારે જ આઝાદીનો અમર અને અપૂર્વ આનંદ અનુભવી શકાશે, માટે આઝાદી કે સ્વતંત્રતા મેળવો તો એવી મેળવો કે જે મહાનપુરુષો મેળવી ગયા છે, ને આત્માનો અપૂર્વ આનંદ માણી રહ્યા છે.

આપણે ચિત્ત–સંભૂતિનો અધિકાર ચાલે છે. એમાં ચુલની રાણી અને દીર્ઘરાજાએ પોતાનું ઉત્તમ ચારિત્ર ગુમાવી દીધું ચારિત્ર એ તો જીવનનો પ્રાણ છે. દેહમાંથી પ્રાણ ગયો એટલે તેને મડદું કહેવાય તેમ જેના જીવનમાંથી ચારિત્ર ગયું એનું જીવન મડદા જેવું છે. ચુલની રાણી અને દીર્ઘરાજા બંને ચારિત્રથી ભ્રષ્ટ થયા છે તેથી એમનું જીવન જીવતા છતાં મડદા જેવું છે. આગળની સતી સ્ત્રીઓએ મૃત્યુને વહાલું કર્યું છે પણ ચારિત્ર છોડયું નથી. ચારિત્ર માટે મયણરેહાએ કેટલું વેઠયું.

માલવ દેશમાં સુદર્શનનગરમાં મણીરથ રાજા હતા ને તેમનો નાનો ભાઈ યુગબાહુ યુવરાજ હતો. એની પત્નીનું નામ મયણરેહા હતું. એક વખત કોઈ કારણસર મણીરથને પોતાના નાના ભાઈ યુગબાહુના મહેલે જવાનું બન્યું ત્યારે મયણરેહા પોતાના માથામાં તેલ નંખાવી રહી હતી. અચાનક જેઠ આવ્યા જોઈને તરત મયણરેહાએ પોતાના

મુખ આડું કપડું ધરી દીધું પણ મણિરથની દૃષ્ટિ એના ઉપર પડી ગઈ. બરાબર એનું સૌંદર્ય નિહાળી લીધું. મયણરેહાનું સૌંદર્ય અથાગ હતું. સૌંદર્યની સાથે શીલનો સંગમ હતો. એટલે મયણરેહાનું રૂપ કોઈ દેવાંગના સમાન દીપતું હતું. સ્ત્રીઓનું સૌંદર્ય એ દૂધના કુંભ જેવું ગણાય. દૂધના કુંભને જોઈને બિલાડી દૂધ પીવા તરાપ મારે એમ સતી સ્ત્રીના સૌંદર્યનું પાન કરવા કામી પુરુષો એના ઉપર તરાપ મારે છે. એમ મયણરેહાને જોઈને મણિરથની દૃષ્ટિમાં વિકૃતિ અને વિકાર ઉભરાયા, એટલે એ મનમાં જ બોલી ઊઠ્યો. જ્યાં સુધી મયણરેહાને મારી પટ્ટરાણી ન બનાવું ત્યાં સુધી મારું જીવન વ્યર્થ છે. એ કામ પતાવીને પોતાના મહેલે ગયો. એની નજર સમક્ષ તો મયણરેહા જ દેખાવા લાગી. એને મારે કેવી રીતે મેળવવી એના વિચારમાં જ એ મશગૂલ રહેવા લાગ્યો, કારણ કે જેની દૃષ્ટિમાં જે ભર્યું હોય એ જ એને દેખાય છે.

મયણરેહા એક શીલવતી સન્નારી હતી. હજુ મણિધર નાગના મસ્તકેથી મણિ મેળવવો સહેલ છે પણ મયણરેહાને મેળવવી મુશ્કેલ છે. એ જાણતો હતો છતાં પોતાના મનની મેલી મુરાદ પૂરી કરવા માટે એણે પોતાની એક ચતુર દાસીને બોલાવીને હીરા માણેક–મોતીનો થાળ ભરીને આપ્યો ને કહ્યું કે, તારે આ થાળ મયણરેહાને આપીને કહેવાનું કે, હે યુવરાણી ! મણિરથ રાજા તમારા ગુણો જોઈને પ્રસન્ન થયા છે ને આપના ગુણોને યાદ કરે છે, અને આપને આ બહુમૂલ્ય ઝવેરાતનો થાળ ભેટ મોકલાવ્યો. છે તે આપ સ્વીકારી લો. બંધુઓ! જેવી દૃષ્ટિ તેવું દર્શન, અને આંખ તેવું અવલોકન. મયણરેહા તો પવિત્ર હતી. એને એવી કલ્પના પણ ન હતી કે આ ભેટની પાછળ કોઈ જીવલેણ વાસના રાસડા લઈ રહી હશે. ગુણવાન આત્માને બધે ગુણ દેખાય છે. એના મનમાં થયું કે મારામાં તો કંઈ એવા ગુણો નથી પણ મારા જેઠ કેવા ગુણાનુરાગી છે કે એમણે મારામાં ગુણો જોયા. એમની મારા ઉપર કેટલી કૃપા છે એમ સમજીને ભેટનો પ્રેમથી સ્વીકાર કર્યો એટલે મણિરથ ખુશ થયો. પછી તો અવારનવાર જુદી જુદી ભેટો મોકલાવવા લાગ્યો ત્યારે મયણરેહા તો જેઠની મારા ઉપર કૃપા છે એમ સમજીને સ્વીકાર કરવા લાગી.

આ તરફ મણિરથ મયણરેહામાં આસક્ત બન્યો છે. એ ક્યાં સુધી છાનો રહે ? એક દિવસ લાજશરમ છોડીને એણે દાસી દ્વારા ખુલ્લા શબ્દોમાં કહેવડાવી દીધું કે મણિરથ રાજા તમારા શરીરના સરોવરે ખીલેલાં સૌંદર્યના કમળ દળની પરાગ પીવા ખૂબ આતુર છે. આ સાંભળીને સતી મયણરેહા ધ્રૂજી ઊઠી. એના દિલમાં થયું કે ચાંદનીમાંથી ચિનગારીઓ ઝરે ? જળમાંથી જ્વાળાઓ ભભૂકી ઊઠે ખરી ? એ કદી નહિ બને. એણે દાસીને ખુલ્લા શબ્દોમાં કહી દીધું કે, મહારાજાને કહેજે કે સતી સ્ત્રીને પતિ એક જ હોય. સિંહ ભૂખ્યો મરે પણ કદી ઘાસ ન ખાય. આ ભેટ મોકલવાની પાછળ જેઠની આવી મલિન ભાવના હશે એવી મને ખબર ન હતી. હું

પેટમાં કટાર ભોંકીને હસતા મુખે મૃત્યુના મુખમાં ચાલી જઈશ પણ આ વાત કદી નહિ બને. આ તરફ દાસી શું સમાચાર લઈને આવે છે એ જાણવા કામાતુર મણિરથ આતુર બનીને ઊભો હતો.

માણસ જ્યારે કામાંધ બને છે ત્યારે એ જન્માંધ કરતાં પણ વધુ કંગાળ બને છે. જન્માંધ તો દેખતો જ નથી પણ કામાંધ તો જે નથી તે દેખે છે. જેમ સર્પના મુખમાં અમૃત નથી છતાં પણ કોઈ ઘેલો માણસ અમૃત છે એમ સમજીને સર્પના મુખમાં હાથ નાંખે તો એનું પરિણામ શું આવે? મરે કે બીજું કંઈ? એવી રીતે સતી સ્ત્રીઓમાં જ્યાં દુરાચાર પ્રત્યે કોઈ આકર્ષણ કે પ્રલોભન નથી છતાં કામી પુરુષો એની કલ્પના કરીને દોડી જાય તો ઘોર અનર્થ જ સર્જાય ને? સતી સ્ત્રી પોતાના પતિ સાથે સંસાર સુખમાં પડી હોય તો પણ દુરાચાર, મર્યાદા ઉલ્લંઘન અને પ્રલોભનોના પૂરની સામે તો પથ્થરની મજબૂત દીવાલ સમાન અડગ રહે. એમાં તણાઈ ન જાય. સતી મયણરેહા તો જિનવચનની શ્રધ્ધાવાળી હતી. કપડાંની અંદર મૂકેલી કસ્તૂરી કે અત્તરનું પૂમડું જેમ કપડાને સુવાસિત કરી દે છે તેમ જિનવચનની શ્રદ્ધાએ આ સતીની મતિના ખૂણે ખૂણાને સુવાસિત બનાવી દીધો હતો. અત્તરવાળા કપડાના કોઈ પણ ભાગને સૂંઘો તો એમાંથી સુગંધ સુગંધ મ્હેંકી ઊઠે છે તેમ આ સતી મયણરેહાની બુદ્ધિનો, વિચારણાનો કે એના મનોરથના કોઈ પણ ભાગને તપાસવામાં આવશે તો એમાંથી જિનવચનની સુવાસ જ મહેકતી દેખાશે. રાજવૈભવમાં ઉછરી હોવા છતાં એના માતા પિતાએ બાલપણથી કેવા સંસ્કારનાં બીજ વાવ્યાં હશે! જ્ઞાનથી એના આત્માને કેવો પ્રકાશિત કરી દીધો હશે! એણે વિચાર કર્યો કે શીલભંગ કરીને રાજરાણી બનવાની કિંમત નથી. જ્યાં યૌવન અને આયુષ્યરૂપી ઘાસ નિરંતર કાળની ક્ષણ ક્ષણ રૂપી દાવાનળની પ્રબળ જ્વાળાના સમૂહથી સળગી રહ્યું છે ત્યાં આવા દુરાચારમાં રમણતા કેમ કરાય? જે મનુષ્યો કામની પરવશતામાં પડે છે એને તો ત્રણે લોકમાં અપયશ મળે છે ને પોતાના જ હાથે નરકના દુઃખોને ખરીદી લઈને ઘોર નરકમાં જવું પડે છે.

"મયણરેહાએ મણિરથને આપેલો જડબાતોડ જવાબ":– દાસી મયણરેહાનો સંદેશો લઈને મણિરથ પાસે ગઈ. વાત સાંભળીને મણિરથની આશાના મિનારા તૂટી ગયા, પણ કોઈ હિસાબે મયણરેહાને મેળવવી એ સાચી. એનું ચિત્ત રાજકાજમાં લાગતું નથી. એ લાગ શોધતો હતો કે કયારે મયણરેહાને મળું. એક દિવસ બપોરના સમયે યુગબાહુ મહેલમાં ન હતો. તે અવસર જોઈને મણિરથ મયણરેહાના મહેલમાં ગયો. જેઠને આવતા જોઈને એ સમજી ગઈ કે આ શા માટે આવ્યા છે? છતાં જેઠનો વિનય વિવેક કર્યો. મણિરથે થોડી આડી અવળી વાતો કર્યા પછી પોતાની કુવાસના પ્રગટ કરતા કહ્યું–આજની યુવરાજ પત્ની આવતી કાલની મહારાણી

બની શકે એવી લાખેણી પળ આજે સામા પગલે તિલક કરવા આવી છે. આટલું બોલીને મણિરથ અટકયો. એના જવાબમાં મયણરેહાએ કહ્યું આપના નાનાભાઈ આવતી કાલના રાજા છે તો હું મહારાણી બનવાની છું, ત્યારે મણીરથે કહ્યું કે, એવી આવતી કાલો કેટલીય ઊગી ઊગીને આથમી જશે. જો તું મારી વાત માને તો મારે એ કાલ જલ્દી ઉગાડવી છે. આટલું બોલીને મણિરથ અટકયો. હવે મયણરેહા વધુ જાગૃત બની. શીલ રક્ષા કાજે એનામાં જુસ્સો આવી ગયો. અહો ! મારા જેઠની આંખમાં આ વિકૃતિ આવી ? આ હું શું સાંભળી રહી છું ? તમારી અમૂલ્ય ભેટની પાછળ વાસનાની ડાકણ ડોકિયાં કરી રહી છે. એ વાતની મને પાછળથી ખબર પડી. નહિતર હું એનો સ્વીકાર ન કરત. પણ મોટાભાઈ! સાંભળો મારો જવાબ એક જ છે ને એક જ રહેવાનો કે સતીને પતિ એક જ હોય. આ સૌંદર્યની કમળ પરાગને પીનારો ભોગી ભ્રમર એક જ હોઈ શકે. આપણા કુળને કલંકિત કરનારો આવો દુષ્ટ વિચાર તમને કેમ આવ્યો એ જ મને નથી સમજાતું. ચાલ્યા જાઓ અહીંથી. એના ગુસ્સાનો જુસ્સો જોઈને મણિરથ ક્રૂજી ઊઠયો ને હતાશ થઈને ચાલ્યો ગયો પણ મનમાં એને કેમ મેળવવી એના વિચારો ચાલુ રહ્યા.

ખૂબ વિચારને અંતે એણે નક્કી કર્યું કે કોઈ પણ રીતે યુગબાહુનું ખૂન થાય તો જ મને મયણરેહા મળે. જુઓ, કામવાસના કેવી ભયાનક છે ! ચુલની રાણી એની વાસનાને તૃપ્ત કરવા માટે ભવિષ્યમાં ચક્રવર્તિ થનાર પોતાના એકના એક પુત્રને બાળી નાખવા તૈયાર થઈ છે. અહીં પણ મેલી વાસનાનું પોષણ કરવા માટે પોતાના નાના ભાઈનું ખૂન કરવાનો વિચાર કરતાં પણ અચકાતો નથી. ધિક્કાર છે આવી કામવાસનાને ! બાકી તો જેનો બાપ મરી ગયો હોય એના મોટાભાઈ તો નાનાભાઈના પિતા સમાન હોય ને તેના બદલે મોટાભાઈ નાનાભાઈનું ખૂન કરવા ઉઠે એ તો હદ થઈ ગઈ કહેવાય ને! કામાંધ બનેલો મણિરથ અવસરની રાહ જોવા લાગ્યો. આ તરફ મયણરેહા વિચારતી હતી કે મેં જે જવાબ આપ્યો છે તેથી મારા જેઠની કુમતિ સુધરી હશે. તેના બદલે તેની વિષયવાસના વધુ પ્રજ્વલિત થતી જતી હતી. સમયની રાહ જોતાં સમય આવી ગયો.

" દુષ્ટ વાસનાએ કરાયેલું નાનાભાઈનું ખૂન " એક વખત વસંતઋતુ ખીલી હતી ત્યારે યુગબાહુ અને મયણરેહા સવારથી ક્રીડા કરવા માટે બગીચામાં ગયા હતા. મણિરથે તપાસ કરી તો ખબર પડી કે તેઓ બગીચામાં રાત ગાળવાના છે. આ વાત જાણીને એનું મન ખૂબ પ્રસન્ન થઈ ગયું ને પોતાના નામવાળી કટાર કમ્મરે ખોસીને બગીચા તરફ દોડતો આવ્યો ને દ્વારપાળોને પૂછયું કે, મારો ભાઈ કયાં છે? હું તો એની રાહ જોઈ જોઈને થાકયો. મોડી રાત સુધી ન આવ્યો એટલે એની તપાસ કરવા આવ્યો છું. જાણે ભાઈ ઉપર કેટલું હેત ઉછળતું હોય એવો ભાવ બતાવતાં

આ પ્રમાણે કહ્યું એટલે દ્વારપાળના મનમાં પણ એમ થયું કે મહારાજાને એમના ભાઈ પ્રત્યે કેટલી લાગણી છે! મહારાજાને નમન કરીને કહ્યું સાહેબ! યુવરાજ આજે વસંતક્રીડા કરતા ખૂબ થાકી ગયા ને સાંજ પડી ગઈ હોવાથી બગીચાની લતાકુંજમાં આરામ કરતા હશે. અહો! આવા નિર્જન બગીચામાં કંઈ એકલા પડી રહેવાતું હશે? ચાલો, હું તેને રાજભવનમાં લઈ જાઉં. એમ કહીને મણિરથ દોડતો યુગબાહુ જ્યાં સૂતો હતો ત્યાં આવ્યો ને યુગબાહુને હેતથી ઢંઢોળીને કહે છે, વીરા! તું અહીં વગડામાં ક્યાં રોકાઈ ગયો? તને રાજમહેલમાં ન જોતાં મારો જીવ અદ્ધર થઈ ગયો, એટલે તારી શોધ કરતો કરતો હું અહીં આવ્યો. વીરા! અહીં રાત્રે ન રહેવાય. ચાલ, આપણે રાજભવનમાં જઈએ. પોતાના વડીલ બંધુનો પ્રેમ જોઈને યુગબાહુ ઊભો થઈ ગયો ને હાથમાં હાથ મિલાવતા કહ્યું મોટાભાઈ! આપે મારા માટે કેટલી બધી તકલીફ લીધી. આખા દિવસના થાકયા પાકયા પાછા રાત્રે મને બોલાવવા આવ્યા. ચાલો, અમે આવીએ છીએ, એમ કહીને યુગબાહુ ઊભો થયો ત્યાં તો મણિરથે ઝડપભેર પોતાની કમ્મરેથી કટાર કાઢીને નાનાભાઈના પેટમાં ભોંકી દીધી, ત્યારે એના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ, એટલે મયણરેહા દોડતી ત્યાં આવી. જેઠને દોડતો જોઈને અને પતિને ઘાયલ થયેલો જોઈને પરિસ્થિતિ સમજી ગઈ. પતિના પેટમાંથી લોહીની ધારા વહેવા લાગી ને મયણરેહાની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી.

"પતિનો અંતિમ સમય સુધારતી મયણરેહા" :- બંધુઓ! મયણરેહા એ યુગબાહુની પત્ની જ નહિ પણ ધર્મપત્ની હતી. એણે જાણ્યું કે પતિ હવે મૃત્યુ શૈયામાં પોઢયા છે ત્યારે એમનું મરણ સુધારવું એ મારી પહેલી ફરજ છે. અંતરમાં જબ્બર આઘાત હતો. આંખની પાંપણ પાછળ આંસુઓનો સાગર લહેરાઈ રહ્યો હતો, પણ એ રુદનને દાબી દઈને પોતાના પતિને સંસાર ભૂલાવી ધર્મની યાદ આપતા કહ્યું: નાથ! આ સંસારની માયા છોડી દેજો. આંખ સામે અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મને રાખીને એમનું શરણ સ્વીકારજો. આત્માનો કોઈ દુશ્મન નથી કે દોસ્ત નથી. દોસ્ત કહો કે દુશ્મન કહો એ પોતાનો આત્મા જ છે, આ કટારી આપના ભાઈએ નહિ પણ કર્મે મારી છે માટે એમના ઉપર દ્વેષભાવ નહિ કરતા. સર્વ જીવોની સાથે વૈરનું વિસર્જન અને સ્નેહનું સર્જન કરીને મૃત્યુને મહોત્સવ બનાવી લેજો. આવો સુંદર ઉપદેશ આપીને સંથારો કરાવી નવકારમંત્રના શરણાં દેવા લાગી. થોડી વારમાં પતિનું પ્રાણપંખેરું ઊડી ગયું. સતીના ઉપદેશથી યુગબાહુ એની સાધના સાધી ગયો.

બીજી તરફ યુગબાહુને મારીને મણિરથ જઈ રહ્યો હતો. કોઈ જોઈ ન જાય તે ભયથી જલદી દોડવા ગયો, એટલે પોતાની નામવાળી લોહીથી ખરડાયેલી કટાર ત્યાં જ પડી રહી. મણિરથે વિચાર કર્યો કે મોટા રસ્તેથી જઈશ તો મને કોઈ જોઈ જશે

એટલે તે નાળાના ટૂંકા રસ્તેથી પસાર થતો હતો. માણસના પેટમાં દગો હોય ત્યારે એને કંઈ સૂઝતું નથી. ઉતાવળો ચાલ્યો જાય છે. રાતનો સમય છે એટલે કંઈ દેખાતું નથી. એક ભયંકર લોરિંગ સર્પ એના પગ નીચે આવી જવાથી એણે ક્રોધાયમાન થઈને ડંખ દીધો. ત્યાં ને ત્યાં મણિરથનું પ્રાણપંખેરું ઊડી ગયું. જુઓ, હાથના કર્યા હૈયે વાગ્યાં ને? તીવ્ર પાપ કર્યું તો એને તરત ઉદયમાં આવ્યું. જે કામવાસનાને કારણે પોતાના ભાઈને મારી નાંખવાનું ઘોર પાપ કર્યું એ તો કર્મ બંધાઈ ગયું. તે પાપ કર્મનું ફળ ભોગવવા માટે નરકે ચાલ્યો ગયો.

એક જ માતાની કૂખે જન્મેલા બે ભાઈ છતાં બંનેમાં કેટલો ફરક છે! એક પવિત્ર અને એક પાપી. એક દેવલોકમાં સર્વોચ્ચ સુખ ભોગવવા ગયો ને બીજો નરકની રૌ રૌ વેદના ભોગવવા ગયો. સવાર પડતાં મહારાજા કે યુવરાજ બંને ન દેખાતા નગરમાં ધમાલ મચી ગઈ. તપાસ કરી તો યુવરાજ બગીચામાં પડયા છે. પતિ પરલોકે પ્રયાણ કરી ગયા પછી સતી મયણરેહા પોતાના શીલનું રક્ષણ કરવા માટે ચાલી ગઈ. યુગબાહુનું ખૂન થયું છે. પાસે લોહીથી ખરડાયેલી મણિરથના નામની કટાર પડી છે. એ જોઈને અનુમાન થયું કે નક્કી કોઈ પણ કારણે મહારાજાએ યુવરાજનું ખૂન કર્યું છે, પણ મહારાજા કયાં ગયા? તપાસ કરતાં એમનું શબ મળી ગયું. શરીર લીલું કાચ જેવું થઈ ગયું છે, કપડાં લોહીવાળાં છે, એટલે શંકા દૃઢ બની કે યુવરાજને મારનાર એના મોટાભાઈ છે. એને મારીને ભાગી જતા હશે ને રસ્તામાં ઝેરી સર્પના ભોગ બની ગયા લાગે છે. પછી તો બગીચાના રખેવાળોએ કહ્યું કે, રાત્રે મહારાજા આવ્યા હતા. દાસીએ વાત પ્રગટ કરી કે મહારાજાની મયણરેહા ઉપર કુદૃષ્ટિ હતી. આ વાતની આખા ગામમાં જાણ થતાં મણિરથે મયણરેહાને મેળવવા માટે ઈરાદાપૂર્વક યુવરાજ યુગબાહુનું ખૂન કર્યું છે એ કાવતરું ખુલ્લું પડી ગયું. બંને ભાઈઓની એક સાથે સ્મશાનયાત્રા નીકળી, યુવરાજ ઉપર લોકો આંસુઓની અંજલિ આપતા હતા જ્યારે મણિરથ ઉપર ફિટકાર વરસાવી રહ્યા હતા. મણિરથની દુષ્ટ કામના તો પૂરી ન થઈ પણ ભયંકર પાપ બાંધ્યું એ તો તરત ઉદયમાં આવ્યું. ટૂંકમાં, મારે તો તમને એ સાર સમજાવવો છે કે જે આત્માઓ વિષયવાસનામાં લપટાય છે તે કેવા ક્રૂર બની જાય છે. મણિરથ પોતાના ભાઈનું ખૂન કરતા પણ અચકાયો નહિ.

આ રીતે ચુલની રાણીએ પણ પુત્ર બ્રહ્મદત્તકુમાર અને તેની પત્નીને તૈયાર કરાવેલા લક્ષાગૃહમાં સૂવા માટે મોકલી દીધા. રાત પડી એટલે સૌ સૌના ઘેર ગયા. આખી નગરીની પ્રજા સૂઈ ગઈ. રાજમહેલમાં નોકર ચાકરો અને દાસદાસીઓ બધા લગ્નના કાર્યથી થાકયા પાકયા સૂઈ ગયા પણ ચુલની રાણી અને દીર્ઘરાજાને ઊંઘ આવતી નથી, કારણ કે અંદર કપટ છે. જલ્દી પુત્રનું કાસળ કાઢવું છે. લક્ષાગૃહમાં પ્રધાનપુત્ર વરધનુને ઊંઘ આવતી નથી, કારણ કે પોતાના મિત્રનું રક્ષણ કરવું છે.

જેનું અન્ન આપણા પેટમાં પડયું હોય એનો ઉપકાર કેમ ભૂલાય ? મિત્ર હો તો આવા હોજો કે જે દુઃખમાં પણ સાથે રહે. આજે તો મિત્રો કેવા હોય છે ? જેના ખિસ્સા ભારે હોય, માલપાણીની મિજબાનીઓ ઉડાવતો હોય, હોટેલો અને સિનેમા જોવા લઈ જતો હોય તે મિત્ર સારો, પણ જ્યાં ખબર પડી કે ખિસ્સા ખાલી થઈ ગયા ત્યાં બધા મિત્રો ખસી જાય છે પણ આ મિત્ર તો જાન આપે એવો છે. ધનુમંત્રીની એ જ આજ્ઞા છે કે, બેટા ! કુમારનું રક્ષણ કરતાં મારું કે તારું મોત ભલે થઈ જાય પણ કુમારને આપણે કોઈ પણ રીતે બચાવવો છે.

કુમાર સૂઈ ગયો. મિત્ર જાગતો જ બારણાં પાસે સૂતો છે. બરાબર રાત્રીના બે વાગ્યા. ચુલનીએ જાણ્યું કે, રાજમહેલની અંદર કે બહાર કોઈ જાગતું નથી. બધે તપાસ કરીને મહેલમાંથી બહાર નીકળીને લક્ષાગૃહના ગુપ્તદ્વારેથી અંદર પ્રવેશીને રાજમાતા ચુલનીએ પોતાના હાથથી જ એ લક્ષાગૃહમાં આગ ચાંપીને કોઈ ન દેખે તેમ ઝડપભેર રવાના થઈ ગઈ. આ તો લાખનો મહેલ હતો. એને બળતા શી વાર ? ચોકીદારોએ બૂમાબૂમ કરી મૂકી. દોડો....દોડો....મહેલમાં આગ લાગી છે. રાજકુમારને કોઈ બચાવો....બચાવો ....બૂમરાટ થતાં માણસો દોડી આવ્યા ને સાથે ચુલની રાણી અને દીર્ઘરાજા પણ દોડતા દોડતા આવ્યા. ચુલની રાણી તો પછાડે પછાડો ખાવા લાગી કે આ શું થઈ ગયું ? આ વિકરાળ આગ ક્યાંથી લાગી ? મારા નવપરણિત દીકરા વહુનું શું થશે ? એમ કહીને કરુણ રુદન કરવા લાગી. ચુલની રાણીની માયાજાળ તો જુઓ ! આ સંસારમાં બધાને મારા માનો છો પણ સ્વાર્થ આગળ કોઈ કોઈનું નથી. સ્વાર્થ આગળ ભવિષ્યમાં ચક્રવર્તિ બનનાર પુત્ર પણ માતાને વહાલો ન લાગ્યો. આગ લાગી છે. બધા બૂમરાટ કરે છે. ચુલની રાણી અને દીર્ઘરાજા પણ દેખાવ કરવા માટે રડે છે. હવે મહેલમાં કુમાર, એની પત્ની અને વરધનુનું શું થશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૩૩

શ્રાવણ વદ ૧૦ ને શુક્રવાર **તા. ૧૭-૮-૭૬**

અનંતજ્ઞાની, ત્રૈલોક્ય પ્રકાશક, શાસનપતિ, તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના કલ્યાણને માટે શાસ્ત્રની વાણી પ્રકાશી. ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચુલની રાણી પોતાની વિષયવાસનાનું પોષણ કરવા માટે પોતાના એકના એક પુત્રને મારી નાંખવાના પ્રયત્નો કરતા પણ અચકાઈ નહિ. જુઓ, આ સંસાર ! સંસારી જીવો માને છે કે "माया मे, पिया मे, भाया मे, भयणीओ मे, भज्जा मे, पुत्ता मे, धुया मे, न्हुसा मे," માતા, પિતા, સ્વજનો, ભાઈઓ, બહેનો બધા મારા છે. પણ વિચાર કરો કે આ સંસારમાં કોણ કોનું છે ? કોઈ કોઈનું નથી.

સૌ સ્વાર્થના સગા છે. તમે જેમને મારા માનો છો, જેમના ઉપર રાગ રાખો છો ને જેમને માટે રાત-દિવસ કર્મનું બંધન કરો છો એ તમને કર્મ ભોગવતી વખતે સાથ આપવા નહિ આવે. પાપકર્મ કરતી વખતે તમે એટલો જરૂર ખ્યાલ રાખજો કે કર્મ મને ત્રણ કાળમાં છોડનાર નથી. આપણો આત્મા અનંતકાળથી કર્મરાજાની કેદમાં ફસાયેલો છે. કર્મસત્તાનું ઝેર ભયંકર છે. જેવા કર્મ બાંધશો તેવા વહેલા કે મોડા એક દિવસ ભોગવવા તો પડશે જ. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાન કહે છે કે,

अस्सिं च लोए अदुवा परत्था, सयग्गसो वा तह अन्नहा वा।
संसार मावन्न परं परं ते, बंधति वेयंति य दुन्नियाणी ॥ अ. ७ गाथा ४

જીવોએ ભૂતકાળના બાંધેલાં કર્મો કે વર્તમાન ભવમાં બાંધેલાં કર્મો પૈકી કેઈ કર્મ ચાલુ ભવમાં કર્તાને વિપાક ફળ આપે છે. વળી કેઈ કર્મ પાસેના બીજા ભવમાં ફળ આપે છે અને કેઈ કર્મો એક ભવમાં અગર સેંકડો ભવમાં ફળ આપે છે, અને સેંકડો ભવે પણ ભોગવવા પડે છે. કેઈ કર્મ ચાલુ ભવમાં અને કેઈ કર્મ બીજા ત્રીજા ભવમાં કે સેંકડો ભવમાં ઉદય આવતા ભોગવવા પડે છે. કેઈ કર્મ જે પ્રમાણે બાંધ્યાં હોય એવા પ્રકારે ભોગવવા પડે છે તો કેઈ કર્મ અન્યથા પ્રકારે ભોગવવા પડે છે. કેઈ કર્મના ફળ એક વાર ભોગવવા પડે છે તો કેઈ કર્મના ફળ વિશેષ પ્રકારે ભોગવવા પડે છે. કર્મના બંધ જીવના પરિણામ મુજબ તીવ્ર કે મંદ, દીર્ઘ સ્થિતિ કે અલ્પ સ્થિતિના પડે છે. એક કર્મના ફળ ભોગવતા રાગ-દ્વેષ કરીને, આર્તધ્યાન કરીને નવા નવા કર્મના બંધ બાંધે છે. આવી રીતે પોતાના કરેલાં કર્મોનાં ફળ સૌ કેઈ ભોગવે છે. જે કર્મો શીઘ્ર ફળ દેનારા હોય તે ચાલુ ભવમાં ભોગવવા પડે છે. વળી કેઈ કર્મો અન્ય ભવોમાં નરક, તિર્યંચ, મનુષ્ય આદિ ભવોમાં ભોગવવા પડે છે. જે પ્રકારે શુભ કે અશુભ કર્મો કરે એ પ્રમાણે તેના વિપાક ફળો ભોગવવા પડે છે. કેઈ પણ કર્મોના ફળ ભોગવ્યા વિના છૂટકારો થાય તેમ નથી.

ચુલની રાણીએ બ્રહ્મદત્તકુમારને બાળવા માટે બધો પ્રપંચ કર્યો એ પણ કર્મની વિચિત્રતા છે ને! નહિતર મા જેવી મા થઈને દીકરાને બાળીને ભડથું કરવા તૈયાર થાય ખરી? મા-દીકરા વચ્ચે પૂર્વભવના કેઈ વૈર હશે એટલે સાંકડી સગાઈમાં ઉત્પન્ન થયા ને આ વૈર વાળ્યા, અને બ્રહ્મદત્તકુમારને વનવગડે રખડતો કર્યો. નળરાજા અને દમયંતી રાણીની કર્મે કેવી દશા કરી એ તો તમે જાણો છો ને?

"નળરાજાને દમયંતી રાણી, વનવગડે મૂકી એને ટળવળતી,
એક કપડું પણ સાથે ન રહ્યું, આ તો કર્મ તણી છે બલિહારી."

નળરાજાને દમયંતી રાણી કેટલી વહાલી હતી, પણ એના કર્મોદયે વનવગડામાં જવાનું આવ્યું. છતાં વનવગડામાં પતિ-પત્ની સાથે રહીને આનંદ માનતા હતા પણ કર્મરાજાને એ ન ગમ્યું. તો કર્મરાજાએ નળરાજાની મતિ બદલાવી અને દમયંતીને

વનવગડામાં એકલી અટૂલી ઘસઘસાટ ઊંઘતી મૂકીને ચાલ્યા ગયા. જુઓ, કર્મના ખેલ કેવા છે! અહીં ચુલની રાણીએ મધરાતે લક્ષાગૃહને આગ લગાડી અને પાછી શાહુકાર થઈને રડવા લાગી. આ મહેલમાં વરધનુ મંત્રી બરાબર સજાગ હતો. જેવી આગ ચાંપી તેવો મહેલ ભડભડ બળવા લાગ્યો. આગ ચારે બાજુ ફેલાઈ ગઈ. વરધનુએ તરત જ પોતાના મિત્ર બ્રહ્મદત્તકુમારને નિદ્રામાંથી જગાડીને કહ્યું–કુમાર! આ મહેલને તમારી માતાએ આગ લગાડી છે, માટે હવે એક ક્ષણ પણ અહીં રહેવું જોખમ ભરેલું છે, ત્યારે બ્રહ્મદત્ત કહે છે મિત્ર! બહાર નીકળવાની દિશા સૂઝતી નથી. હવે કયાં જઈશું? ત્યારે વરધનુએ કહ્યું ભાઈ, તમે ચિંતા ન કરો, હું તમને માર્ગ બતાવું છું. જુઓ, પ્રધાન પુત્ર વરધનુ પોતાના મિત્રને ખાતર કેટલો સાવધાન હતો! એને શંકા હતી કે આજે જરૂર કંઈક નવાજૂની બનશે એટલે પહેલેથી જ બે પુરુષ અને એક સ્ત્રી એમ ત્રણ મડદા ગુપ્ત રીતે મંગાવીને પેટીમાં રાખ્યા હતા તે પેટીમાંથી કાઢીને ત્યાં મૂકી દીધાં, અને ત્રણે જણા અગાઉથી ધનુમંત્રીએ તૈયાર કરાવેલી સુરંગનું ગુપ્ત દ્વાર ખોલીને સુરંગમાં દાખલ થયા. પછી વરધનુકુમારે સુરંગનું દ્વાર બંધ કર્યું ને પછી ત્રણે જણા સુરંગની વાટે ચાલીને ગામ બહાર જંગલમાં નીકળ્યા. ત્યાં આવ્યા એટલે પ્રધાને દાસી કન્યાને અગાઉથી પ્રબંધ કર્યો હતો તે મુજબ એના પિયર મોકલી દીધી. તેમ જ તેણે એક નાઈ અને બે પાણીદાર ઘોડા તૈયાર રાખ્યા હતા એટલે જેવા આવ્યા તેવા તરત જ બંનેના માથા મુંડાવી નાંખ્યા ને વેશપલટો કરી ઘોડા પર બેસી ઝડપભેર રવાના થયા. ઘોડા ચલાવતાં તેઓ ઘણે દૂર નીકળી ગયા.

આ તરફ આખો મહેલ બળી ગયા પછી તપાસ કરાવી તો અંદર ત્રણ મડદા બળેલા પડયા હતા તેથી દીર્ઘરાજા અને ચુલની રાણીએ શાંતિનો શ્વાસ લીધો. હાશ ....હવે આપણે નિર્ભય બન્યા. એમણે તો પોતાના મહેલમાં આવીને ખૂબ આનંદ પ્રમોદ કર્યો. કેવાનુપ્રિયો! આ સંસારનું સ્વરૂપ કેવું ભયાનક છે? મા જેવી મા ડાકણ બની અને વિશ્વાસુ પિતા સમાન દીર્ઘરાજા દ્રોહી બન્યા. બ્રહ્મદત્તકુમાર અને વરધનુ ઘોડાને માર માર ચલાવીને ઘણે દૂર નીકળી ગયા. પછી ખૂબ થાકયા એટલે એક ઝાડ નીચે બેઠા ને ઘોડાને ઝાડ સાથે બાંધ્યા. સતત ચાલવાથી ઘોડા ખૂબ થાકી ગયા હતા. ખૂબ થાકને કારણે બંને ઘોડાઓ પહતાની સાથે મરી ગયા. જુઓ, કર્મનો ઉદય થાય છે ત્યારે માણસ કેવી વિપત્તિમાં મૂકાઈ જાય છે. હજુ તો પરણીને આવ્યો, પરણ્યાની પ્રથમ રાત્રે માતાએ મહેલને આગ લગાડી અને તેઓ ભાગ્યા. બંનેને ઘોડાનો સહારો હતો એ ઘોડા પણ મરી ગયા. કહેવત છે ને કે કર્મનો ઉદય થાય ત્યારે પંડ પર પહેરેલું કપડું પણ સગું ન થાય. એ રીતે આ બ્રહ્મદત્તકુમારના કર્મનો ઉદય થયો છે. એમને ગુપ્તવેશે રહેવાનું છે. જો સાચા વેશમાં રહે તો કોઈ ઓળખી જાય ને મુસ્કેલી ઊભી થાય તેથી બંને ભગવો વેશ પહેરી સંન્યાસી બન્યા ને પગપાળા

ચાલવા લાગ્યા. ચાલતા ચાલતા ખૂબ થાકી ગયા. રાજકુમાર બ્રહ્મદત્ત તો કદી પગે ચાલ્યો ન હતો. કાંટા કાંકરા વાગે છે ને પગમાંથી લોહીની ધારા વહે છે. ભૂખ તરસ ખૂબ લાગી છે એટલે હવે પગ કામ કરતા નથી. બ્રહ્મદત્તકુમાર એના મિત્રને કહે છે ભાઈ! ખાવાનું તો દૂર રહ્યું પણ મને કયાંકથી થોડું પાણી લાવી આપ. પાણી વિના મારા પ્રાણ ચાલ્યા જશે, એટલે વરધનુ બ્રહ્મદત્તકુમારને એક ઝાડ નીચે બેસાડીને પાણી લેવા ગયો. વરધનુને પણ ખૂબ તરસ લાગી હતી. પગ ચાલતા ન હતા પણ પોતાના મિત્રને માટે એણે ભેખ લીધો છે. પોતાને દુઃખ સહન કરીને પણ બીજાનું રક્ષણ કરવું છે એટલે પાણી લેવા માટે ગયો.

બંધુઓ! કર્મરાજાના ખેલ તો દેખો. માણસને કયારે કેવી સ્થિતિમાં મૂકી દે છે. એક વખત જેને પાણી માંગતા દૂધ મળતું હતું તે કુમાર આજે વનવગડામાં પાણી માટે તલફવલફ થઈ રહ્યો છે, પાણી માટે તરફડે છે. બીજી તરફ પોતાના સુખમાં કંટક બનેલો બ્રહ્મદત્તકુમાર બળી ગયો એમ સમજીને દીર્ઘરાજા અને ચુલની રાણી આનંદથી મસ્ત બનીને રહેવા લાગ્યા પણ એમને હત્યારો આનંદ ઝાઝો સમય ટકી શકયો નહિ. ત્રીજે દિવસે દૂરથી મારતે ઘોડે એક ગુપ્તચર આવ્યો ને દીર્ઘરાજા અને ચુલની રાણીને પ્રણામ કરીને હાંફતો હાંફતો કહેવા લાગ્યો કે મહારાજા! આપણા બ્રહ્મદત્તકુમાર બળી ગયા નથી. એ જીવતા છે. હે માતા! તમે રડશો ઝૂરશો નહિ. એમની પાછળ કલ્પાંત કરશો નહિ. એ માણસને રાણીના કાવતરાની ખબર ન હતી, પણ જ્યારે મહેલમાં આગ લાગી ત્યારે રાણી ખૂબ ઝૂરાપો કરતી હતી એટલે એમ માન્યું કે હું કુમાર જીવતા છે એવા સમાચાર આપીશ તો રાજમાતા તરફથી મોટું ઇનામ મળશે. એમ સમજીને દોડતો કહેવા આવ્યો. રાણીએ સમાચાર લઈ આવનાર માણસને કહ્યું, અરેરે....ભાઈ! મારો બ્રહ્મદત્તકુમાર તો બળીને ખાખ થઈ ગયો છે. એ હવે કયાંથી મળે? એ તો તેં બીજા કોઈને જોયો હશે. કુમાર તો જીવતા છે જ નહિ. તારો ભ્રમ છે. એમ કહીને ચુલની માતા રડવા લાગી, ત્યારે ગુપ્તચરે કહ્યું ના....ના....મારો ભ્રમ નથી. મેં નજરોનજર અહીંથી પચાસ કોસ દૂર બ્રહ્મદત્તકુમારને જોયો છે. તેમની સાથે વરધનુ પણ હતા ને બંનેએ માથું મુંડન કરાવી સંન્યાસીનો વેશ પહેર્યો હતો. આ મારો ભ્રમ નથી. સાચા બ્રહ્મદત્તકુમાર હતા.

આવેલો માણસ તો ઇનામની આશા રાખીને આવ્યો હતો પણ ઇનામ ન મળ્યું. એ તો સમાચાર આપીને ચાલ્યો ગયો, પણ આ વાત સાંભળીને દીર્ઘરાજા અને ચુલની રાણીના હોશકોશ ઊડી ગયા. જો એ જીવતો હશે તો પાછો આપણને હેરાન કરશે. માટે તપાસ કરવી જોઈએ. આમ તો લક્ષાગૃહમાં આગ લાગ્યા પછી તપાસ કરતાં બે પુરુષો અને એક સ્ત્રી એમ ત્રણ શબ મળ્યા હતા એટલે આ લોકોને શંકા ન હતી. છતાં વધુ ચોકસાઈ કરવા માટે તપાસ કરાવી તો ભોંયરું નીકળ્યું, એટલે એમના મનમાં

પેલા માણસે સમાચાર આપ્યા તે શંકા દૃઢ થઈ. નક્કી આ લોકો ભોંયરામાં થઈને ભાગી ગયા ને આપણને રમાડી ગયા છે. ગુપ્તચરની વાત સાચી છે. એમ સમજીને રાજાએ બ્રહ્મદત્તકુમારને પકડવા માટે ચારે દિશામાં સૈનિકોને દોડાવ્યા. દીર્ઘરાજા અને ચુલનીરાણીને બ્રહ્મદત્તકુમાર ઉપર ક્રોધ ક્રોધ આવી ગયો. હવે જો એ પકડાઈ જાય તો એને આપણી નજરે જ મારી નાંખવો એટલે આવું તો ન થાય. સમજો, સંસાર કેવો છે! મનુષ્યનું જીવન અધ્રુવ, અશાશ્વત છે. એમાં આત્માને શરણભૂત હોય તો તે એક ધર્મ છે પણ ભોગમાં પડેલા જીવોને ભાન નથી તેથી આવા અકૃત્યો કરે છે, પણ ભગવાન શું કહે છે?

अधुवं जीवियं नच्चा, सिद्धिमग्गं वियाणिया।
विणियट्टिज भोगेसु, आउं परिमिय अप्पणो ॥ दश. अ. ८. गाथा ३४

ભોગમાં ભાન ભૂલેલા માનવો! આ જીવન અધ્રુવ છે, ક્ષણિક છે. પાણીના પરપોટાને ફૂટતા વાર લાગશે પણ આયુષ્યને તૂટતા વાર નહિ લાગે. એમ સમજીને મોક્ષ મેળવવા માટે તમે ભોગોનો ત્યાગ કરો ને ત્યાગનો રાગ કરો. સંસાર ત્યાગીને સાધુ બની જવાય તો બહુ આનંદની વાત છે પણ જો સંસાર ત્યાગી ન શકો તો એટલું તો નક્કી કરો કે ભલે કદાચ ઘરમાં રહો પણ તમારા અંતરમાં કોઈ ન રહેવું જોઈએ. જો આટલું કરી શકો તો આ મોંઘેરો માનવભવ સફળ થઈ જાય, પણ જેમને મોહનો લોરિંગ ડંખ્યો છે એવા આત્માની રગેરગમાં વિષ વ્યાપ્યા હોય ત્યાં કડવા લીંબડા જેવા ભોગ સુખોમાં જીવને અદ્‌ભૂત મીઠાશનો અનુભવ થાય એમાં શી નવાઈ! પણ ભોગરસિક જીવોએ એટલો ખ્યાલ રાખવાનો છે કે ભોગ સુખો અત્યંત વિનાશી છે. જે જીવન તમને અત્યંત વહાલું છે તે જીવન પણ અત્યંત ક્ષણિક છે. આ સુખોનો વિરહ તો અવશ્ય પડશે, અને વિરહની એ પળ તમને પોક મૂકીને રડાવશે. એના કરતા અવિનાશી એવા સિદ્ધપદની સાથે પ્રીતિ બાંધી લો જેથી પછી રડવું ન પડે. આ જીવનનો શું ભરોસો છે? ઘણાં માણસો એમ કહે છે કે હમણાં ધર્મધ્યાન નથી કરવું, પછી ઘડપણમાં કરીશું. આ પર્યુષણ પર્વ આવે છે એટલે તપની બંસરી જોરશોરથી વાગી રહી છે, ત્યારે ઘણાં એમ કહે છે કે આ વર્ષે નહિ, આવતા વર્ષે તપશ્ચર્યા કરીશું પણ આવતા વર્ષે હયાત હોઈશું કે નહિ એની ખબર છે? કાલે શું થશે તેની કોને ખબર છે? બીજી વાત તો જવા દો પણ હાલમાં મોરબીના પાણીની હોનારતે સર્જેલી તારાજી આપણને તાજુબ બનાવી દે છે. માટે જ્ઞાની ભગવંત કહે છે કે, જૈન કુળમાં જન્મીને વીતરાગ પ્રભુનું શાસન પામ્યા પછી સત્તા, સંપત્તિ અને શક્તિનો અભિમાન રાખવા જેવું નથી. અભિમાન ભલભલાને ઊંચેથી નીચે પટકાવે છે. અહીં મને એક દૃષ્ટાંત યાદ આવે છે.

ધોળકામાં મહારાજા વીરધવળ રાજ્ય કરતા હતા તે સમયની આ વાત છે.

મહારાજા વીરધવળ દરેકની ખૂબ કદર કરનારા હતા એમના દરબારમાં સોમેશ્વર નામના એક પંડિત હતા. તેમને સૌ રાજગુરૂ તરીકે ઓળખતા. એ રાજગુરૂ પંડિત નવા નવા કાવ્યો બનાવીને રાજાને સંભળાવીને ખુશ કરતા. રાજા પણ એમની સારી એવી કદર કરીને સારું ઇનામ આપતા. રાજગુરુ કાવ્યશાસ્ત્રમાં ખૂબ પ્રવીણ હતા. વીરધવળ રાજાને એમના પંડિત માટે ખૂબ માન હતું. એક વખત રાજાની સભામાં દૂર દેશાવરથી એક નવો પંડિત આવ્યો. એમનું નામ હરિહર શાસ્ત્રી હતું. શાસ્ત્રીજી રૂપેરંગે શોભતા હતા. કોઈ નવો માણસ આવે એટલે એનો સત્કાર કરવો એ માનવમાત્રની ફરજ છે. એમનો સત્કાર કરીને પૂછયું પંડિતજી ! તમે ક્યાંથી આવો છો ? કંઈ નવીન કાવ્ય પ્રસાદી લાવ્યા છો ? મારે ત્યાં તો પંડિતોની પરિષદ છે, એટલે શાસ્ત્રીજીએ નવીન કાવ્ય લલકાર્યું. એમના કંઠમાં કોમળતા હતી. એમનું કાવ્ય સાંભળીને સભાજનો અને પંડિતો તેમની પ્રશંસા કરવા લાગ્યા. આનું નામ કાવ્ય કહેવાય. કાવ્ય સાંભળીને સોમેશ્વર રાજગુરૂને ખૂબ આનંદ થયો. મહારાજાએ પોતાના રાજગુરૂ સોમેશ્વરને કાવ્ય લલકારવાનું કહ્યું એટલે રાજગુરૂએ પોતાની કાવ્યગંગા વહાવી. એ સાંભળીને હરિહર શાસ્ત્રી પણ એક વાર તાજુબ થઈ ગયા પણ એના કાળજામાં ઈર્ષ્યાની આગ ભભૂકી ઉઠી, અને મોટેથી બોલ્યા રાજગુરૂ ! આ કાવ્યો તમે પોતે જ રચેલાં છે ? પંડિત કહે છે, હા. ત્યારે શાસ્ત્રીએ કહ્યું, મને તો એમ લાગે છે કે તમે સાહિત્યની ચોરી કરી છે.

" ઈર્ષ્યાની ભયંકર આગે આપેલી ખોટી આળ ":– હરિહર શાસ્ત્રીની વાત સાંભળીને સભા દિગ્મૂઢ બની ગઈ. સૌને રાજગુરૂ ઉપર અતૂટ વિશ્વાસ હતો કે આપણા રાજગુરૂ કદી કોઈના કાવ્યની ચોરી કરે એવા નથી ને આ શું ? રાજગુરૂને પણ દુઃખ થયું, છતાં શાંતિથી કહ્યું શાસ્ત્રીજી ! તમારી પાસે જો કોઈ પુરાવો હોય તો મને ચોર તરીકે પુરવાર કરી આપો. પછી હું મારી જાતને શાહુકાર તરીકે સિદ્ધ કરી આપીશ. રાજા વીરધવળ રાજગુરૂને પોતાની સભાની શોભા માનતા હતા. એમણે કહ્યું શાસ્ત્રીજી ! સો ગુનેગાર છટકી જાય એ પાલવે પણ એક બિન ગુનેગાર માર્યો જાય એ ન પાલવે. માટે મારા રાજગુરૂ ઉપર ચોરીની ચાદર ઓઢાડતા પહેલાં તમે પુરાવા આપો, ત્યારે હરિહર શાસ્ત્રી અભિમાનથી ઉછળીને બોલ્યા મહારાજા ! રાજગુરૂ બોલ્યા એ બધા કાવ્યો હું અક્ષરેઅક્ષર બોલી જાઉં એ શું ઓછો પુરાવો છે ? બોલો, રાજગુરૂ તમારા બધાં કાવ્યો હું અક્ષરેઅક્ષર બોલી જાઉં તો તમે ચોર ખરા ને ? આ વાત તમને માન્ય છે ? રાજગુરૂને પોતાની સચ્ચાઈ ઉપર પૂરો વિશ્વાસ હતો. એણે છાતી ઠોકીને કહ્યું શાસ્ત્રીજી ! એ વાત મને મંજૂર છે. અત્યારે હું જે કાવ્ય બોલ્યો તે તમે બોલી જાઓ ને મને ચોર તરીકે પુરવાર કરી આપો. રાજગુરુની હિંમતભરી હાકલ સાંભળીને સભાજનોની છાતી ગજગજ ઉછળવા લાગી. ત્યાં તો શાસ્ત્રીજીએ રાજગુરૂએ જે કાવ્યો ગાયા હતાં તે અક્ષરશઃ ગાઈ બતાવ્યાં. આ સાંભળીને

આખી સભા છક થઈ ગઈ. રાજા વીરધવળ પણ શરમથી નીચું જોઈ ગયા, અને સોમેશ્વર રાજગુરૂના તો છાતીનાં પાટિયાં બેસી ગયાં. અહો, આ શું ? મેં જે કાવ્યો ગાયા તે બધાં મેં પોતે જ બનાવ્યાં છે ને તદ્દન નવા છે ને આ શાસ્ત્રીજી કઈ રીતે બોલી શકયા ? આજે મારી જિંદગીભરની કીર્તિની કમાણી ધૂળધાણી થઈ ગઈ. આમ વિચારતા હતા ત્યાં શાસ્ત્રીજી મોટેથી બોલ્યા ઓ ચોર ગુરૂ ! હવે બીજો કોઈ પુરાવો જોઈએ છે ? મેં તમને ચોર તરીકે પુરવાર કરી બતાવ્યા. હવે તમે તમારી જાતને શાહુકાર તરીકે સિદ્ધ કરી આપો. હું પણ જોઉં.

"સોમેશ્વર રાજપંડિતને લાગેલો આઘાત" :– સભામાં એકદમ શાંતિ પથરાઈ ગઈ. કોઈ કંઈ બોલી શકયું નહિ. છેવટે સભા વિસર્જન થઈ. નિર્દોષ રાજગુરૂ ભારે પગે વિદાય થયા ત્યારે શાસ્ત્રીજી ગર્વથી પગ પછાડતા બહાર નીકળ્યા. દુનિયા તો દોરંગી છે. સૌ શાસ્ત્રીજીના બે મોઢે વખાણ કરવા લાગ્યા ને રાજગુરૂની ચાર મોઢે નિંદા કરવા લાગ્યા. જે સમજુ ને શાણા હતા તે મૌન રહ્યા. આ બનાવ બન્યા પછી દિવસો ઉપર દિવસો વીતવા લાગ્યા. રાજગુરૂને હવે જીવવું ઝેર જેવું લાગ્યું. એમણે રાજસભામાં જવાનું બંધ કર્યું. આખો દિવસ સૂનમૂન બેસી રહેતા. જે માણસ તદ્દન નિર્દોષ હોય છતાં એના માથે ભરસભામાં ચોરીનું કલંક આવે તો કેવું દુઃખ થાય ! જાણે ધરતી ફાટે તો સમાઈ જાઉં. એવી એને લજ્જા આવી ગઈ, પણ શું થાય ? જેમ તેમ દિવસો વીતાવતા હતા.

આ વાત ફેલાતી ફેલાતી સ્તંભતીર્થમાં મંત્રીશ્વર તેજપાલના કાને પહોંચી. તેજપાલને રાજગુરૂની વિદ્વતા ઉપર ખૂબ માન હતું. સાથે રાજગુરૂ સાથે મિત્રતા હતી. એમના દિલમાં થયું કે નક્કી કોઈ પ્રપંચ કરીને શાસ્ત્રીજીએ રાજગુરૂને છેતર્યા લાગે છે. તેઓ વહેલી તકે ધોળકા આવીને રાજગુરૂને ઘેર પહોંચી ગયા ને બધી પરિસ્થિતિ જાણી લીધી. વાત જાણીને મંત્રીશ્વરના દિલમાં થયું કે નક્કી આ કોઈ માયાજાળ છે. એમણે રાજગુરૂને આશ્વાસન આપતાં કહ્યું સાચને કદી આંચ આવતી નથી. તમે સાચા છો. તમારા કાવ્યો કાચા નથી એ તમારી વાચા ઉપરથી જણાઈ આવે છે. પાપ કદી છૂપું રહેતું નથી. હવે એ પ્રપંચના પડદાનું રહસ્ય જાણવા માટે હું હરિહર શાસ્ત્રીના ઘેર જાઉં છું. એમ કહીને તેજપાલ મંત્રી હરિહર શાસ્ત્રીના નિવાસસ્થાને ગયા. મંત્રીશ્વરને પોતાને ત્યાં આવતા જોઈને શાસ્ત્રીજી હરખાઈ ગયા કે અહો ! મારું માન વધી ગયું છે. ઠેરઠેર મારી પ્રશંસા થાય છે. ખુદ રાજા પણ મારા ગુણ ગાય છે. મારો કેટલો બધો પ્રભાવ છે કે ખુદ મંત્રીજી પણ સામે ચાલીને મને મળવા આવી રહ્યા છે. એમ હરખાતા હરખાતા શાસ્ત્રીજીએ મંત્રીશ્વરનો સત્કાર કર્યો. મંત્રીશ્વરે પણ શાસ્ત્રીને કુશળ સમાચાર પૂછયા. પછી બંને એક આસને બેઠા.

મંત્રીશ્વરે શાસ્ત્રીજીની વિદ્વતાની પ્રશંસા તો ખૂબ સાંભળી હતી, પણ પ્રત્યક્ષ

મળવાનો તો આ પહેલો પ્રસંગ હતો, એટલે કહ્યું શાસ્ત્રીજી ! ચાલો, આપણે થોડો શાસ્ત્રવિનોદ કરીએ. થોડી વાર શાસ્ત્રની વાતો–ચર્ચા વિચારણા કરી પણ શાસ્ત્રીજીએ રાજગુરૂને ચોર ઠરાવીને જે વિજય મેળવ્યો છે એ વાત મંત્રીશ્વરને જણાવવી હતી પણ એવી કંઈ વાત નીકળ્યા વિના કેવી રીતે સ્વપ્રશંસા કરાય ? મંત્રીશ્વર કંઈ વાત ઉચ્ચારે તે પહેલા વાતની પૂર્વભૂમિકા રચવા માટે શાસ્ત્રીએ કહ્યું મેં તો સાંભળ્યું હતું કે ધોળકાની પંડિત સભા તો બૃહસ્પતિને પણ હરાવી દે તેવી છે. તેથી મને એમ હતું કે ત્યાં જઈશ તો આનંદ આવશે પણ મારી એ આશાઓ ધૂળમાં મળી ગઈ, પણ આજે આપના સહવાસથી મને કંઈક આનંદ આવ્યો. મંત્રીજી પણ એ વાત કાઢવાની તકની રાહ જોતા હતા એટલે એમણે પૂછયું અમારા રાજગુરૂ તો ભલભલાને પાણી ભરાવે એવા છે. એમના જ્ઞાનનો લાભ આપને નથી મળ્યો ? એટલે તરત હરિહર શાસ્ત્રીએ અભિમાનથી અક્કડ થઈને કહ્યું કોણ પેલા ચોર ગુરૂ સોમેશ્વરજી ? એમણે તો મારા સાહિત્યની ચોરી કરી છે. મેં તો એમને પહેલે દિવસે જ ભરસભામાં સાહિત્ય ચોર તરીકે પુરવાર કર્યા છે. એવા ચોરની સાથે ચર્ચા કોણ કરે ? એ તો ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન એવી વાત છે. હું તો એને પંડિત કહું જ નહિ. મેં એમને ચોર તરીકે પુરવાર કર્યા ત્યારથી એક પણ દિવસ સભામાં આવ્યા નથી.

મંત્રીશ્વરે કહ્યું–હા, મેં સ્તંભતીર્થમાં થોડા દિવસ પહેલાં એવી વાત સાંભળી હતી કે રાજગુરૂને શાસ્ત્રીજીએ ચોર તરીકે સાબિત કર્યા તો શું એ શાસ્ત્રીજી આપ પોતે જ છો ? તો તો મારું આવવાનું સફળ બની ગયું કે આપ જેવા પંડિતનું મને મિલન થયું. ધન્ય છે આપના જ્ઞાનને ને કાવ્યકળાને ! મંત્રીએ ખૂબ પ્રશંસા કરી એટલે પોતાની હોંશિયારી બતાવતા અભિમાનથી કહ્યું કે, મંત્રીશ્વર ! આ તો સરસ્વતી દેવીની કૃપા છે. તેના પ્રતાપે મેં એકલા સોમેશ્વરને જ નહિ પણ આજ સુધીમાં તો ઘણા રાજગુરૂઓને ચોર તરીકે પુરવાર કર્યા છે. આ સાંભળીને મંત્રી તેજપાલના મનમાં થયું કે નક્કી આ શાસ્ત્રીજી સરસ્વતીની કૃપાનો દુરુપયોગ કરી રહ્યો છે. નક્કી મારા રાજગુરૂ સાચા છે પણ આણે એની પ્રપંચ જાળમાં પકડીને એમને ખોટી રીતે ચોર ઠરાવ્યા છે. હવે એના પ્રપંચનું પોકળ ખુલ્લું ન કરું તો મારું નામ તેજપાલ નહિ. આમ વિચારી જવા માટે ઊભા થયા ને કહ્યું શાસ્ત્રીજી ! આપની સાથે શાસ્ત્રવિનોદ કરતા મને ખૂબ આનંદ આવ્યો. હવે હું જાઉં છું પણ આપની કોઈ નવી કાવ્યકૃતિ હોય તો મને આપો. જેથી હું વાંચન કરીને આપને યાદ કરું. શાસ્ત્રીજીએ પોતાની પેટી ખોલીને એક પોથી કાઢીને મંત્રીને આપતા કહ્યું– આ મારી હમણાંની છેલ્લી કાવ્યકૃતિ છે તે તમે લઈ જાઓ, ત્યારે મંત્રીશ્વરે કહ્યું– શાસ્ત્રીજી ! મારે તો આજે જ સ્થંભતીર્થ પાછા જવું પડે એમ છે પણ આપને ત્યાં પધારવાનું મારું

આમંત્રણ છે. આપને લેવા માટે મારા માણસોને મોકલીશ. જો રજા હોય તો હું આ પોથી લેતો જાઉં. આપ ત્યાં પધારશો ત્યારે હું આપને આપી દઈશ. શાસ્ત્રીએ કહ્યું, ખુશીથી લઈ જાઓ. આપના આમંત્રણને કંઈ ઠેલાય? હું જરૂર ત્યાં આવીશ.

આ પ્રમાણે વાતો કરીને બંને છૂટા પડયા. એકના દિલમાં અભિમાનનાં મોજાં ઊછળી રહ્યાં હતાં ત્યારે બીજાના દિલમાં મિત્રનું ઋણ અદા થઈ શકે એવી ભૂમિકા રચાયાનો સંતોષ હતો. જુઓ, અભિમાન શું કરે છે? અભિમાનને બીજા શબ્દમાં દર્પ પણ કહેવામાં આવે છે. જ્ઞાનીપુરુષો કહે છે કે, સર્પનો દર્પ હણવો સહેલો છે પણ દર્પના સર્પને કરંડિયામાં પૂરવો મુશ્કેલ છે. એક મદારી જેવો મદારી પણ સર્પનો દર્પ ઉતારીને કરંડિયામાં પૂરી શકે છે, જ્યારે મહાપંડિત જેવી વ્યક્તિને પણ દર્પનો સર્પ પોતાના સકંજામાં સહેલાઈથી સપડાવી શકે છે. આ દર્પના સર્પના સકંજામાં સપડાઈ ગયેલા શાસ્ત્રીજી મહામંત્રી તેજપાલ અને વસ્તુપાલના સંદેશાની રાહ જોતા હતા. થોડા દિવસમાં મંત્રીશ્વરનો એક સેવક સંદેશો લઈને આવ્યો એટલે શાસ્ત્રીજીએ તો મોટા ઠાઠમાઠથી સ્તંભતીર્થ તરફ પ્રયાણ કર્યું ને થોડા દિવસોમાં એ ત્યાં પહોંચી ગયા ને મંત્રીશ્વરના મહેમાન બની ગયા. પોતે જે નવા કાવ્યની પોથી મંત્રીશ્વરને આપી હતી તેની પ્રશંસા સાંભળવા માટે શાસ્ત્રીજી તલપાપડ થઈ રહ્યા હતા એટલે બપોરના સમયે જ્ઞાનગોષ્ઠી કરતાં કહ્યું મંત્રીશ્વર! આપ હાલમાં કઈ કાવ્યકૃતિનું વાંચન કરો છો?

"પ્રપંચનો ખુલ્લો થયેલો પહદો :-" શાસ્ત્રીજીની વાત સાંભળીને મંત્રીશ્વરે કહ્યું શાસ્ત્રીજી! ઠીક આપે મને યાદ કરાવ્યું. અહીં આવીને હું કાવ્ય "નવ્યનૈષધ" જે પોથી આપી હતી તે આખું વાંચી ગયો. મને તો ખૂબ મજા આવી. શું આપનું કળાકૌશલ્ય છે? મેં વાંચીને અમારા મુખ્ય પંડિતજીને વાંચવા આપ્યું. તો એ પંડિતજી વાંચીને મારી પાસે આવીને મને કહેવા લાગ્યા કે આ કાવ્ય મૌલિક નથી પણ ચોરેલી ચીજ છે. મેં તો એમની વાત સાચી માની નહિ, ત્યારે એ જ્ઞાનભંડારમાંથી "નવ્ય નૈષધ" નામની એ પ્રાચીન હસ્તલિખિત પ્રત લઈ આવ્યા ને મને આપીને કહ્યું કે આ પ્રત ઉપરથી અક્ષરેઅક્ષર ઉતારો કર્યો છે. જો મારી વાત આપને માનવામાં ન આવતી હોય તો આ બંને પ્રતો મેળવી લેજો, એટલે હાલમાં હું આ બંને પ્રતો મેળવી રહ્યો છું. મને અમારા મુખ્ય પંડિતજીની વાત સાચી લાગે છે. આ પ્રમાણે મંત્રીશ્વરે કહ્યું એટલે શાસ્ત્રીજી તો ઉછળીને બોલી ઉઠયા શું "નવ્યનૈષધ" મેં ચોરેલી કાવ્ય કૃતિ છે. એમ! એટલે વસ્તુપાલે કહ્યું, આપણે આ બંને પ્રતો મેળવીએ એ જ આપણને ચુકાદો આપશે.

શાસ્ત્રીજીએ જૂની પ્રત ખોલીને વાંચવા માંડી તો એમાં અને પોતાની કૃતિમાં મીંડાં કે માત્રાનો ફરક ન હતો. ફરક માત્ર કવિ તરીકેના નામનો હતો. આ વાંચીને શાસ્ત્રીજીની

છાતીમાં થડકારો થવા લાગ્યો. એ મનમાં વિચારવા લાગ્યા કે રાજગુરૂ સોમેશ્વરને ચોર ઠરાવનાર હું પોતે જ ચોર ઠરીશ કે શું? આમ વિચારમાં હતા એટલામાં વસ્તુપાલ જોરથી બોલી ઊઠયા રાજગુરૂ સોમેશ્વરને ભરી સભામાં ચોર ઠરાવનાર ઓ શાહુકાર! બોલો, તમે ચોર છો કે શાહુકાર? આ પ્રાચીન પ્રત તમારી ચોરીનો પાકો પુરાવો છે ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું મંત્રીશ્વર! હું ભગવાનના સોગન ખાઈને કહું છું કે આ નવ્યનૈષધ મારી જ કૃતિ છે. મેં રાતના ઉજાગરા વેઠીને આવું સર્જન કર્યું છે પણ મને લાગે છે કે મારી સાથે કોઈ પ્રપંચના પાસા રમાઈ રહ્યાં છે. મંત્રીશ્વરે કહ્યું શાસ્ત્રીજી! સાચું બોલો. રાજગુરૂને ચોર તરીકે ઠરાવવામાં તમે કયો પ્રપંચનો પડદો ઊભો કર્યો હતો? ત્યારે શાસ્ત્રીજીએ બે હાથ જોડીને કહ્યું મંત્રીશ્વર! મને માફ કરજો. મારા ઉપર સરસ્વતી દેવીની કૃપા છે તેથી કોઈ એક વાર બોલે ને મને અક્ષરેઅક્ષર યાદ રહી જાય છે. આ સરસ્વતી દેવીની કૃપાનો અવળો ઉપયોગ કરીને મેં રાજગુરૂને ચોર ઠરાવ્યા છે. મારી આ યાદશક્તિના કારણે હું આજ સુધી બધાને ચોર ઠરાવતો હતો.

સત્ય વાત પ્રગટ થતા રાજગુરૂનું સન્માન :–શાસ્ત્રીજીએ સત્ય વાત પ્રગટ કરી એટલે મંત્રીશ્વરે પણ વાતનો ભેદ બોલતા કહ્યું કે તો આ નવ્યનૈષધ પણ તમારું જ છે. આતો પ્રપંચનો પડદો ચીરવા મેં માયાજાળ રચી હતી. તમારા કાવ્યની કોપી કરાવીને એના ઉપર ધુમાડો અપાવ્યો ને પછી ભોંસની પીઠ ઉપર ઘસીને એ પ્રતને પ્રાચીન બનાવવાની તરકીબ રચી હતી. તમે રાજગુરૂને સાચા ઠરાવ્યા છે તેથી હવે હું પણ તમને સાચા ગણું છું. નહિતર તમારી બરાબરની ફજેતી કરત. શાસ્ત્રીજી! આ અભિમાનના અજગરથી ખૂબ સાવધ રહેવાની જરૂર છે. આપણું અભિમાન આપણને નીચે પછાડયા વિના રહેતું નથી પણ હવે તમારે એક કામ કરવું પડશે. શાસ્ત્રીજીએ કહ્યું–શું? તમે રાજગુરૂને જાહેરમાં ચોર ઠરાવ્યા છે તો જાહેરમાં ધોળકાના દરબારમાં જ તમારે રાજગુરૂની માફી માંગીને પ્રપંચનો પડદો હટાવી નાંખવો પડશે. મંત્રીશ્વરની વાતને હરિહર શાસ્ત્રીએ મિત્રભાવે સ્વીકારી લીધી ને થોડા દિવસમાં શાસ્ત્રીજી ધોળકા પાછા આવ્યા ને ભરસભામાં પોતાના પ્રપંચનો પડદો ખુલ્લો કરી રાજગુરૂ પાસે માફી માંગી. આ પ્રપંચનો પડદો ખૂલી જતાં રાજગુરૂનું જેવું માન અને સન્માન હતું તેથી વિશેષ સન્માન વધ્યું અને શાસ્ત્રીજીએ જાહેરમાં પોતાની ભૂલ કબૂલ કરી તેથી તેમના પ્રત્યે પણ સૌને માન જાગ્યું. આ દૃષ્ટાંત ઉપરથી આપણે એ સમજવાનું છે કે અભિમાન કેટલું ભયંકર છે! પોતાના અભિમાનનું પોષણ કરવા માટે માણસ સાચા માણસને ખોટો ને નિર્દોષને દોષિત ઠરાવતા પણ અચકાતો નથી.

આપણી મૂળ વાતમાં દીર્ઘરાજા અને ચુલની રાણીને ખબર પડી કે નક્કી ભોંયરા વાટે બ્રહ્મદત્તકુમાર ભાગી ગયો છે એટલે એને પકડવા માટે ચારે તરફ સૈનિકોને

દોડાવ્યા છે. હવે પકડાય તો જીવતો છોડવો નથી. વિષયલંપટ માણસો પોતાના સુખ ખાતર બીજાના પણ પ્રાણ લેતા અચકાતા નથી. ચંડાળના હાથમાં ગયેલો માનવ હજુ બચી શકે પણ આવા લંપટ માણસોના હાથમાંથી બચવું મુશ્કેલ છે, કારણ કે એના દિલમાંથી દયાનો દેશનિકાલ થઈ ગયો હોય છે. કામાસક્ત માણસ ચંડાળ અને કસાઈથી પણ વધારે નિર્દય હોય છે.

આ તરફ વરધનુ બ્રહ્મદત્તને ઝાડ નીચે બેસાડીને પાણી લેવા માટે ગયો છે. પાણીની શોધ કરતાં એક સરોવર જોયું એટલે એને આનંદ થયો. હાશ, હવે જલ્દી પાણી લઈને જઉં ને મારા મિત્રની પ્યાસ બૂઝાવું. એમ વિચારી પાંદડાનો પડિયો બનાવીને તેમાં પાણી લીધું. પોતે તો હજુ પાણી પીધું નથી. મિત્રને માટે પાણી લઈને જઈ રહ્યો છે ત્યાં દીર્ઘરાજાના સૈનિકો એને જોઈ ગયા. જેવા જોયા એવા ચારે તરફથી ઘેરી વળ્યા. સૈનિકો ઘણું હતા ને વરધનુ એકલો હતો. એનું શું ચાલે? સૈનિકોએ પકડીને બાંધી દીધો ને ખૂબ માર મારીને કહ્યું બ્રહ્મદત્તકુમાર ક્યાં છે? અમને જલ્દી બતાવ. લક્ષાગૃહમાંથી તેં જ કુમારને ભગાડયો છે. આ બધા તારા જ પ્રપંચ છે. તું હવે જલ્દી બ્રહ્મદત્ત ક્યાં છે તે બોલી જા. જો નહિ બતાવે તો તને અહીં ને અહીં પૂરો કરી નાંખશું પણ વરધનુ જવાબ આપતો નથી. જુઓ. પોતાના મિત્ર માટે કેટલું દુઃખ સહન કરે છે. ખૂબ માર પડવા છતાં વરધનુ કુમારે જવાબ આપ્યો નહિ તેથી સૈનિકો વધારે મારપીટ કરવા લાગ્યા. હવે શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :–"ભદ્રાએ સુશીલા પર મૂકેલો આરોપ" :–સુશીલાએ શેઠને હાથ પગ ધોવડાવ્યા તેથી શેઠાણીને ઈર્ષ્યા આવી અને વિચાર કર્યો કે આ લોકોને ઘરમાંથી કાઢવા જોઈએ. તે માટે ઉપાયો શોધવા લાગી. ઘરમાંથી વાસણો, કપડાં અને દાગીના બધું પોતાના પિયર મૂકી આવી. એક દિવસ અંધારના સમયે શેઠ ઘેર જમવા માટે આવ્યા ત્યારે શેઠાણીએ સુશીલાને કહ્યું થાળી–વાટકો લાવ. સુશીલા લેવા ગઈ. એક પણ વાસણ નહિ હોવાથી તે પાછી આવી. શેઠાણીએ ગુસ્સે થઈને કહ્યું–થાળી વાટકો કેમ ન લાવી? એનો ગુસ્સો જોઈને બિચારી સુશીલા તો ધ્રૂજી ઉઠી ને ડરતી ડરતી બોલી, બા ત્યાં થાળી વાટકો નથી. હેં શું કહ્યું? ત્યાં થાળી વાટકો નથી તો ક્યાં ગયા? તેં જ સવારે મૂકયા હતા ને ક્યાં જાય? સુશીલાએ નમ્રતાથી કહ્યું–બહેન! મને ખબર નથી. તને ખબર નથી તો શું મને ખબર? કેટલાય દિવસથી મારા વાસણ ખૂટે છે. પણ હું બોલતી નહોતી ને શેઠને પણ કહેતી ન હતી, પણ આજે મેં જ તને થાળી વાટકો લઈને બહાર જતા જોઈ છે ને પાછી શાહુકારી કરે છે કે મને ખબર નથી. આમ જ તું બધા વાસણો ચોરી જતી લાગે છે. બોલ, થાળી અને વાટકો ક્યાં મૂકી આવી છે? કોને ત્યાં વેચી આવી છે? કેમ બોલતી નથી? શું તારા મોંમાં મગ ભર્યા છે?

"ભદ્રાએ ભજવેલી ભવાઈ" :–શેઠાણીના વચન સાંભળીને બિચારી શીલસુલ

તો નીચું જોઈને ઊભી રહી. ભીમસેન અને શેઠ પણ આ વાત સાંભળીને સજ્જડ થઈ ગયા. સુશીલાને મૌન ઊભેલી જોઈને ભદ્રા પાછી તાડૂકી ઉઠી. બિચારી શેની બોલે? બોલે તો બે ખાય ને? મને તો એના લક્ષણ પહેલેથી સારા દેખાતાં ન હતાં. આજે તો મારા વાસણ ચોર્યા ને કાલે મારા ઘરેણાં નહિ ચોરે કોને ખબર છે? નાથ! હું એકલી પંડે ઘરમાં કેટલું ધ્યાન રાખું? હું ગમે તેટલું ધ્યાન રાખું પણ હું એકલી ને એ ચાર જણા છે. એમને ક્યાંથી પહોંચી શકું? માટે હવે હું તમને સાચું કહું છું કે તમે આ લોકોને ઘરમાં રાખશો નહિ. કાઢી મૂકો. જો આજે તમે મારી વાત નહિ માનો તો પસ્તાવાનો વખત આવશે, ત્યારે મને યાદ કરશો, પણ શેઠે એ વાતમાં ધ્યાન આપ્યું નહિ, ત્યારે શેઠાણી વધુ ક્રોધાયમાન થઈને કહે છે કે મારા વાસણો તો ચોરી ગઈ. લાવ, તપાસ કરું દાગીના તો ચોરી ગઈ નથી ને? એમ બોલીને પોતાના દાગીના અને વસ્ત્રોની તપાસ કરવા લાગી. દાગીનો ન મળ્યો એટલે છાતી અને માથા કૂટતી જોરજોરથી રડતી રડતી બોલવા લાગી કે, અરેરે....આ રાંડે તો મારાં દાગીના અને ભારે કપડાય ચોરી લીધાં. હાય....હાય હવે હું શું કરીશ? જાણે સાત બેટનો ભરયુવાન દીકરો મરી ગયો ન હોય તે રીતે છાતીફાટ રડવા લાગી.

ભદ્રાનો રડવાનો અવાજ સાંભળીને આડોશીપાડોશી બધા દોડીને આવ્યા. તમાસાને કંઈ તેડું હોય! વગર આમંત્રણે એક પછી એક આવવા લાગ્યા ને એકબીજાને પૂછવા લાગ્યા કે, શું થયું? શેઠાણી કેમ રડે છે? માણસોને જોઈને ભદ્રા વધુ જોરથી રડવા લાગી એટલે શેઠ એને છાની રાખવા શાંતિથી કહે છે ભદ્રા! આ બિચારા એવા માણસો નથી. ગરીબ ગાય જેવા છે. મને તો લાગે છે કે આ કોઈ ઉત્તમ કુળના પુણ્યવંત માણસો છે પણ એમના પાપનો ઉદય છે તેથી આપણા ઘેર આવ્યા છે. તું એમના પર ખોટી આળ ન ચઢાવીશ. કોઈના ઉપર ખોટી આળ ચઢાવવાથી મહાન પાપકર્મ બંધાય છે. હસીહસીને પાપ બાંધીએ છીએ તે રડી રડીને ભોગવતા પણ પાર આવતો નથી. માટે તું શાંત થા. વાસણ ઘરમાં જ હશે. ઘરમાંથી ક્યાં જવાનાં છે. ક્યાંક આડાંઅવળાં મૂકાઈ ગયા હશે. શેઠે આમ કહ્યું એટલે શેઠાણી તો વધુ વિફર્યા. ક્રોધથી લાલઘૂમ આંખો કરીને કહે છે હા....હા....હું તો એમના ઉપર આળ ચઢાવું છું. અરેરે....તમે મને ન ઓળખી! હું તો વર્ષોથી તમારી સેવા કરું છું ને આ તો હજી આજકાલ આવી છે. હું જૂઠું બોલું છું ને આ તો જાણે સત્યવાદી હરિશ્ચંદ્રની દીકરી! અરેરે....હું મારું દુઃખ કોને કહું? જ્યાં ધણી જ એક ગુલામડીના રૂપમાં આંધળો હોય ત્યાં મારું શું ચાલે? આ દાસીએ તો મને બરબાદ કરી નાંખી. એક તો મારા વાસણ એણે વેચી નાંખ્યાં. ઘરેણાં ને કપડાં ચોરી ગઈ ને હવે મારા ધણીને વશ કરવા બેઠી છે.

ભદ્રાનું નવું સ્વરૂપ જોઈને સુશીલા, ભીમસેન અને શેઠ એ ત્રણેય સજ્જડ થઈ

ગયા. સુશીલાના શરીરમાંથી તો જાણે લોહી ઉડી ગયું. અંદરથી હૃદય રડી ઉઠયું. અરેરે....મારી આ દશા ! ચોરીનો આક્ષેપ તો સમભાવથી સહન કરી લીધો પણ ભદ્રાએ ચારિત્ર ઉપર આક્ષેપ આપ્યો એ એનાથી સહન ન થયું. છતાં મનનો કાબૂ ગુમાવ્યા વિના ખૂબ શાંતિ અને નમ્રતાથી એણે કહ્યું બા ! તમે આ શું બોલો છો ? શેઠ તો મારા પિતા સમાન છે ને હું તો તમારી દીકરી સમાન છું. બા ! તમે મને આ શું કહી રહ્યા છો ? આ સાંભળીને ભદ્રા બોલી, જોઈ મોટી દીકરી બનવા આવી છે ! તને આ શબ્દો બોલતાં શરમ નથી આવતી ? ક્યાં તું એક ગુલામડી અને ક્યાં અમે ! આમ કાલું કાલું બોલીને જ તેં મારા પતિને ફસાવ્યો છે. હું તને બરાબર ઓળખું છું. તેં તો મારા જેવી કેટલીયનાં ઘર ભાંગ્યાં હશે ! એક તો મારા ઘરમાં ચોરી કરી અને પાછી શાહ થવા આવે છે. આમ બોલતા બોલતા ભદ્રાનું રડવાનું ચાલુ જ રહ્યું. ત્યાં અગાઉથી નક્કી કર્યા પ્રમાણે એના પિતા અને ભાઈઓ બધા ત્યાં દોડી આવ્યા. ભદ્રાને તો રોતી તી ને પિયરિયા મળ્યાં. એમને જોઈને વધુ રડવા લાગી ને છાતી ફૂટવા લાગી.

ભદ્રાના પિયરિયા લક્ષ્મીપતિ શેઠ ઉપર તૂટી પડયાં ને કહ્યું શેઠ ! તમે કંઈક તો વિચાર કરો. આવા દુષ્ટ અને નીચ માણસોને કંઈ ઘરમાં રખાતા હશે ? તેમને તમે અત્યારે કાઢી મૂકો ને કકળાટ શાંત કરો. પોતાના સાસુ, સસરા અને સાળાની વાત સાંભળીને શેઠે કહ્યું આ માણસો બિચારા સાદા ને સીધા છે. એ કોઈ દુષ્ટ કે ચોર નથી. એમના કર્મની કઠણાઈને કારણે મારે ઘેર નોકરી કરે છે. દુકાનમાં આટલો બધો માલ ભર્યો છે પણ આ માણસ એક ચીજને ઉઠાવતો નથી ને હું જે કામ બતાવું છું તે કામ તન તોડીને કરે છે. બાઈ પણ કાળી મજૂરી કરે છે. આટલું કામ કરવા છતાં એ વધારે પગાર માંગતા નથી, હું જે આપું છું તેમાં એ સંતોષ માને છે ને આનંદથી મારું તથા ઘરનું કામ કરે છે. આવા માણસોની આપણે દયા કરવી જોઈએ. ને બને તેટલી મદદ કરવી જોઈએ તેના બદલે તેમના ઉપર જુલમ ગુજારવો ને તેમને કાઢી મૂકવા તે યોગ્ય નથી.

ભદ્રાએ જોયું કે, શેઠ તો એમનાં ગાણાં ગાયા કરે છે ને બાજી બગડતી જાય છે. હવે હું મૌન બેસી રહીશ તો મારી બાજી બધી ઊંધી વળી જશે, એટલે આટલા બધા માણસો વચ્ચે મોટા અવાજે શેઠને કહેવા લાગી. રહેવા દો હવે. હું પણ તમારા લક્ષણ પારખી ગઈ છું. તમે આ દુષ્ટ દાસીના રૂપમાં મુગ્ધ બની ગયા છો એટલે તમે એ રૂપાળીના વખાણ કર્યા કરો છો પણ હવે હું નહિ ચલાવી લઉં. હવે આ લોકો મારા ઘરમાં એક ઘડી પણ ન જોઈએ, હમણાં ને હમણાં એમને ઘરમાંથી કાઢી મૂકો. ભદ્રાના શબ્દો સાંભળીને શેઠનું મોઢું પડી ગયું. એમને એટલી શરમ આવી ગઈ કે મારી પત્ની જ ઊઠીને મારા ઉપર આવું કલંક ચઢાવે છે તો મારે કોને કહેવું ? શેઠ તો લજ્જાઈને બીજા ખંડમાં ચાલ્યા ગયા. માણસોનું મોટું ટોળું જામ્યું છે. બધા અંદરોઅંદર

વાતો કરવા લાગ્યા કે શેઠ અને સુશીલા બાઈ બંને પવિત્ર છે, પણ ભદ્રાનો સ્વભાવ જ દુષ્ટ છે.

"પવિત્ર આત્માઓ ઉપર ભદ્રાએ વર્તાવેલો કેર" :– શેઠ અંદર ગયા એટલે ભદ્રાએ ગુસ્સે થઈ ને કાને ન સંભળાય તેવાં વેણ કહ્યાં ને પછી સુશીલા તેમ જ બંને બાળકોને બાવડેથી પકડીને ઢસેડ્યા. જેમ કૂતરાને ઢસેડે તેમ ત્રણેને ઢસેડીને ભદ્રાએ જોરથી ધક્કો માર્યો કે તે ડેલીના બારણાં સાથે અથડાયા. એટલેથી પત્યું નહિ તે હાથમાં લાકડી લઈને મારતી મારતી કહે છે હે પાપી! રાંડ! નીકળ મારા ઘરમાંથી. મારે તારું જરાય કામ નથી. જો હવે ફરીને મારા ઘરના ઉંબરે પગ મૂક્યો છે તો જોયા જેવી કરીશ. એમ કહીને ધક્કા મારીને ઘરની ડેલીની બહાર કાઢી મૂક્યા. હવે શું બનશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૩૪

શ્રાવણ વદ ૧૨ ને રવિવાર **તા. ૧૯–૮–૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની, વિશ્વદ્રષ્ટા એવા તીર્થંકર ભગવંતોએ ઘાતી કર્મોના કચરાને બાળી, આત્માને ઉજ્જવળ બનાવી કેવળજ્ઞાનની ઝગમગતી જ્યોતિ પ્રગટાવ્યા બાદ આગમની વાણી પ્રકાશી. એમાં ભગવંતો અમૃતધારા વહાવતા કહે છે કે, હે આત્માઓ!

स पुव्वमेवं न लभेज्जपच्छा, एसोवमा सासयवा इयाणं।
विसीयइ सिढिले आउयम्मि, कालोवणीए सरीरस्सभेए ॥ उत्त. ४-६

ઉત્તમ મનુષ્યભવ ધર્મની કમાણી કરવાની તક છે. આ તકને તમે જલ્દી ઝડપી લો. જેણે પહેલી અવસ્થામાં ધર્મ કર્યો નથી તે પાછલી અવસ્થામાં ધર્મ કરવા ન પામે. જેને પોતાના આયુષ્યનો નિશ્ચય છે કે હું આટલું જીવવાનો છું એવા નિશ્ચયવાદીનું કથન કદાચ અંશે ઠીક હોય પણ જેને પોતાના જીવનનો ભરોસો નથી એવા પ્રમાદી મનુષ્યો આયુષ્ય શિથિલ થતાં શરીરના નાશ વખતે મૃત્યુ નજીક આવે છે ત્યારે ખેદ કરે છે. તેના કરતાં પહેલેથી નયનની નિદ્રા ઉડાડીને આંખ ખોલીને આ વિશ્વના વિષચક્રનું અવલોકન કરી લો.

આ સંસાર સાગરના પ્રવાહમાં તણાતા અજ્ઞાની જીવો પોતે ભૂતકાળમાં ભૂલો કરીને બાંધેલા કર્મો ઉદયમાં આવે છે ત્યારે એને ભોગવતાં હાયવોય કરી પાછા નવા કર્મોનો બંધ કરે છે. આનું નામ કર્મચક્ર છે. આ અનાદિકાળના કર્મચક્રમાંથી છટકવા માટે આત્માએ પરભાવને છોડીને સ્વભાવમાં સ્થિર બનવું પડશે. સ્વભાવમાં આત્મા સ્થિર બને છે, ત્યારે એને ખ્યાલ આવે છે કે જે વ્યક્તિ કર્મો બાંધે છે એ કર્મો એને

વહેલા કે મોડા ઉદયમાં આવે છે ને ભોગવવા પડે છે. તે સમયે જીવ આર્તધ્યાન-રૌદ્રધ્યાનમાં જોડાય તો નવાં કર્મો બાંધે અને કર્મચક્રમાંથી છૂટવાને બદલે એમાં ફસાય છે, પણ જો કર્મના ઉદય વખતે જ્ઞાતા અને દ્રષ્ટા બનીને સાક્ષીભાવે વેદે તો નવા કર્મબંધન થતાં અટકી જાય. આવું અમૂલ્ય તત્ત્વજ્ઞાન આપણને મળ્યું છે અને વીર પ્રભુના મુખમાંથી ઝરેલી અમૃતવાણી પીને અમર બનવાની કલા પણ હસ્તગત થઈ છે જેનું યથાર્થપણે શ્રદ્ધાપૂર્વક પાન કરીને આચરણ કરવામાં આવે તો જીવ સર્વજ્ઞ બની શકે છે. અરે....એના એક બિન્દુનું આસ્વાદન કરો તો પણ આ સ્વાર્થ ભરેલા સંસારમાંથી તમને સરકી જવાનું મન થશે પણ આજના જીવોની દશા એવી છે કે હજુ તેને આત્માના જ્ઞાનની રુચિ થતી નથી. સાચું જ્ઞાન તો તે છે કે જે આત્માને સળગતા સંસાર દાવાનળમાંથી બચાવે. આવું સત્ય જાણવા છતાં જીવની આંખો કેમ ખૂલતી નથી એ એક પ્રશ્ન છે.

અનંત પુણ્યનો રાશિ એકઠો થાય ત્યારે આ મહામૂલું માનવજીવન મળે છે. દેવોના પલ્યોપમ અને સાગરોપમના આયુષ્ય આગળ મનુષ્યનું જીવન કેટલું અલ્પ છે? આપણી જિંદગી ટૂંકી છે ને કામ તો હજુ ઘણું કરવાનું છે. અનાદિકાળથી કાળનો પ્રવાહ અવિરતપણે વહી રહ્યો છે. તેમાં મહાન ભાગ્યોદયે આત્માની સાધના કરવાનો સુઅવસર પ્રાપ્ત થયો છે. આવા સમયે આરાધના કરવા ઉદ્યમવંત નહિ બનો તો ક્યારે બનશો? હે માનવ! ટૂંકી જિંદગીમાં તું પ્રભુની બંદગી કરી લે. "**પ્રભુની બંદગી વિનાની જિંદગી ગંદકી જેવી છે.**" વરસાદના કાળાં વાદળાંથી છવાયેલા આકાશમાં વીજળીનો ઝળકાટ ક્ષણ વાર પ્રકાશ પાથરી જાય છે પછી તો ઘમઘોર અંધકાર છવાઈ જાય છે. આપણું જીવન પણ "**विज्जु संपाय चंचल**" વીજળીના ચમકારા જેવું ક્ષણિક છે. આવા ક્ષણિક જીવનમાં જો સમ્યક્ત્વ બીજની પ્રાપ્તિ નહિ થાય તો સમજી લેજો કે આવો પ્રકાશ કાયમ ટકવાનો નથી. આટલા માટે પરમકૃપાળુ પરમાત્મા આપણને મોહનિદ્રામાંથી ઢંઢોળીને જાગૃત કરતાં કહે છે કે "**स पुव्वमेवं न लभेज्ज पच्छा**" જે પહેલાં પ્રાપ્ત થાય છે તે પછી પ્રાપ્ત થઈ શકતું નથી. શું પહેલાં ને શું પછી? એ વાત તમને સમજાય છે? જ્ઞાની ભગવાનના આ વચનમાં ગૂઢ રહસ્ય છૂપાયેલું છે એ તો જેને ભગવાનના વચનમાં શ્રદ્ધા હોય, રસ હોય તેને સમજાય. એ સમજવા માટે આંતરદૃષ્ટિ ખોલવી પડશે. ભગવાન કહે છે કે જે પહેલાં પ્રાપ્ત થાય છે તે પછી નથી થતું. તેનો ગૂઢ અર્થ એ છે કે પહેલી વયમાં જે કમાણી થઈ શકે છે તે પાછલી વયમાં થઈ શકતી નથી. તમને થશે કે શેની કમાણી કરવાની? તમે તો ધનરસિક છો એટલે ધનની કમાણી જ યાદ આવે ને? પણ આ વાત ભૌતિક ધનની કમાણી કરવાની નથી પણ આત્માની કમાણી જ્ઞાન-દર્શન-ચારિત્રની છે. જેમ ભૌતિક લક્ષ્મીની કમાણી કરવા યુવાવસ્થા શ્રેષ્ઠ છે તેમ આત્મિક લક્ષ્મીનો કમાણી કરવા માટે પણ યુવાની શ્રેષ્ઠ છે. ઘડપણમાં ધારી કમાણી થઈ શકતી નથી.

જ્યારે શરીર શિથિલ થાય છે, આયુષ્યનો દીપક બૂઝાવાની તૈયારી થાય છે ત્યારે મેં કંઈ ન કર્યું. હું આવું માનવજીવન પામીને હારી ગયો! એવો અફસોસ થાય છે ખેદ થાય છે. આ ખેદ થવાનું કારણ તમને સમજાય છે? હું આપને એક ન્યાય આપીને સમજાવું. જેમ કોઈ માણસ પોતાનો દેશ છોડીને પરદેશ કમાણી કરવા ગયો. પચ્ચીસ વર્ષ સુધી સતત પરિશ્રમ કરીને ઘણું ધન કમાયો. એ લઈને હર્ષભેર પોતાના વતન તરફ પાછો ફર્યો. રસ્તામાં લૂંટારા મળ્યા ને એની પચ્ચીસ વર્ષની કમાણી લૂંટી લીધી. બોલો, હવે એની દશા કેવી થાય? કેવી કરૂણ પરિસ્થિતિ સર્જાય! એનું હૈયું રડી ઉઠે. એને કોઈ આશ્વાસન દેવા જાય તો પણ રડી ઉઠે છે, પણ શું કરવાનું? જ્યાં ભાગ્ય જ રૂઠયું હોય, પુણ્ય પરવારી ગયું હોય, શાંતિ સળગી ગઈ હોય ત્યાં આનંદ કે હર્ષ કયાંથી હોય? ભૌતિક સંપત્તિનો વિયોગ માનવીને કેવું રૂદન કરાવે છે! વિનશ્વર સંપત્તિના વિયોગની ચિંતાને ભગવાન આર્તધ્યાન કહે છે. તેમાં જો આયુષ્યનો બંધ પડે તો દુર્ગતિમાં ઉતારા થાય ને? આવી રીતે અનંતકાળથી ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કરતા આપણા જીવે મહાન કષ્ટ વેઠીને પુણ્યની મૂડી ભેગી કરી. તેનાથી મનુષ્યભવ પામ્યો પણ સાચી સમજણ આવી નહિ, સાવધાન બન્યો નહિ તેથી ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ રૂપી લૂંટારાઓએ એની કમાણી લૂંટી લીધી. પછી પશ્ચાત્તાપ, અફસોસ–દુઃખ અને રૂદન વિના બીજું શું હોય? માટે શરીરમાં જોમ છે, હૈયામાં હોંશ છે, ભાવોમાં જોશ છે ને અંતરમાં વિવેક છે ત્યાં સુધી ધર્મની આરાધના કરી લો. આવા શુભ સમયે જો ધર્મકાર્ય નહિ થાય તો પછી વૃદ્ધાવસ્થામાં તો કયાંથી કરી શકાશે? કારણ કે આયુષ્ય અલ્પ છે, જિંદગી ટૂંકી ને ક્ષણભંગુર છે. આ તમારો ને મારો દેહ કયારે દગો દેશે તેની ખબર નથી. જ્યારે મરણની ઘડીઓ ગણાતી હોય ત્યારે કોઈ ભાગ્યશાળી આત્માને જ એમ થાય કે અરેરે.... મેં જિંદગીમાં કંઈ ન કર્યું. હાથમાં આવેલા અમૂલ્ય અવસરને હાથે કરીને ગુમાવ્યો. કમાણીના સમયે મેં ખોટનો ધંધો કર્યો, પણ હવે શું થાય? કાલે કરીશ. જેમ ભરતી કોઈની રાહ જોતી નથી તેમ કાળ પણ કોઈની રાહ જોતો નથી. એ તો આયુષ્ય પૂરું થતાં સૌ કોઈને ઉપાડી જાય છે.

જ્ઞાની પુરુષો વારંવાર કહે છે કે, હે જીવડા! જે જન્મે છે તે મરે છે, માટે દેહલક્ષી મટી આત્મલક્ષી બનો તો જતી વખતે ખેદ નહિ થાય. માનવજીવન પામીને કંઈક કર્યાનો આનંદ થશે. કહ્યું છે કે "**जाविन्द्रिया न हायन्ति, ताव धम्मं समायरे।**" જ્યાં સુધી ઇન્દ્રિયો ક્ષીણ થઈ નથી ને પાંચે ઇન્દ્રિયો પોતાનું કામ યોગ્ય રીતે કરે છે ત્યાં સુધી ધર્મની આરાધના કરી લો. પછી ગમે તેટલો અફસોસ કરશો તો પણ કામ નહિ આવે, જ્યાં સુધી આયુષ્યનો દીપક જલે છે ત્યાં સુધી આત્માના સ્વરૂપને ઓળખી આત્મસાધના સાધી લો. જેમ યુવાનીમાં કમાયેલું ધન વૃદ્ધાવસ્થામાં કામ

લાગે છે, શાંતિ અને સમાધિ આપે છે તેમ યુવાનીમાં કરેલી ધર્મની આરાધના આ ભવના અંતિમ સમયે સમાધિ અને શાંતિ આપે છે ને પરલોકમાં પણ જીવને મહાન સુખનો ભાગી બનાવે છે. આ વાતને બરાબર સમજવા માટે સર્વ પ્રથમ જીવે જ્ઞાન મેળવવું પડશે. જ્ઞાન નહિ હોય તો માર્ગ નહિ સૂઝે. તમારે કોઈ પણ જાતનો વેપાર કરવો હોય તો તે વિષયનું જ્ઞાન મેળવવું પડે છે ને ? કેવો માલ કેટલા ભાવે વેચવો, ક્યારે ખરીદી કરવી ને ક્યારે વેચાણ કરવું, કઈ ક્વોલિટીનો માલ છે, આ બધું જ્ઞાન મેળવવું પડે છે. જો જ્ઞાન મેળવ્યા વિના ધંધો કરે તો છેતરાઈ જાય. એને નફો મળવાની વાત તો દૂર રહી પણ ઉપરથી ખોટ જાય છે તે રીતે આત્મિક ધન કમાવા માટે એ વિષયનું જ્ઞાન મેળવવું જોઈએ ને ? જ્ઞાન સહિતની ક્રિયા મહાન ફળ આપનારી બને છે. માટે જ્ઞાન મેળવો. બાહ્ય ભણતર ગમે તેટલું હોય પણ એની આત્મિક દૃષ્ટિએ કોઈ કિંમત નથી. આજે ભણતર ઘણું વધ્યું છે, જ્ઞાન ઘણું વધ્યું છે પણ જ્ઞાનનો વિકાસ કે પ્રકાશ નથી. અંતરનો ઉકેલ નથી. ગણતર અને ચણતર વિનાનું ભણતર નકામું છે. કહ્યું છે ને કે,

"ભણ્યા પણ ચિત્ત ન ઠરતું, ભૂલ પડી એ ભણતરમાં
મહેલ ચણાવ્યો પણ જો હાલે, ભૂલ પડી એ ચણતરમાં."

ગમે તેટલું જ્ઞાન મેળવો પણ ચિત્ત સ્વસ્થ ન થાય, અંતરમાં શાંતિ ન થાય અને હૈયાની સૂઝ ન આવે તો એ જ્ઞાન શા કામનું ? લાખોના ખર્ચે મોટો સાત માળનો હવાઈ મહેલ ચણાવ્યો પણ પાયો મજબૂત ન હોય તો ભયંકર વરસાદ, વાવાઝોડું કે આંધી આવતાં એ મકાન હચમચી ઊઠે છે ને મહેલ જમીનદોસ્ત થઈ જાય છે. આવું ચણતર શા કામનું ? એવી રીતે જે જ્ઞાનથી આત્મામાં પવિત્રતા ન પ્રગટે, દુઃખમાં સ્થિર રહેવાની શક્તિ ન પ્રગટે એ જ્ઞાન શા કામનું ? આગળના માણસો ભણેલા ન હતા પણ એમનામાં અંતરની સૂઝ, વિવેક ઘણો હતો.

એક વખત એક શ્રીમંત ઘરમાં ગ્રેજ્યુએટ થયેલી વહુ પરણીને આવી. સાસુના મનમાં થયું કે મારી વહુ રૂપાળી ને રંગીલી છે વળી ભણેલી ગણેલી છે પણ વ્યવહારિક જ્ઞાન કેવું છે એની હું પરીક્ષા કરું. એમ વિચારી સાસુએ વહુને કહ્યું વહુ બેટા ! હું આજે બહાર જવાની છું તો તમે ઘરમાં અંધારી ફોજ ન પેસી જાય તેનો ખ્યાલ રાખજો. આમ કહીને સાસુ બહાર ગયા પણ વહુ વિચાર કરવા લાગી કે અંધારી ફોજ વળી કેવી હશે ! હું તો આટલું બધું ભણી પણ આવો શબ્દ ક્યાંય નથી આવ્યો ને મારી સાસુ તો ફક્ત ત્રણ જ ચોપડી ભણ્યા છે તો એમના ભણતરમાં આવો અઘરો શબ્દ ક્યાંથી આવ્યો હશે ? અંધારી ફોજ એટલે શું ? સાંજ પડી. સૂર્યાસ્ત થયો ને અંધારું છવાવા લાગ્યું. એ જમાનામાં લાઇટો ન હતી. વહુ ભણી હતી પણ ગણી ન હતી. તેથી બારણાં બંધ કર્યાં. મુખ્ય દરવાજે ઊભી રહી. રાત પડતા ઘરમાં ઘોર

અંધારું થયું. મનમાં થયું કે અંધારો ફોજ પેસી ગઈ. લાકડી લઈને અંધારાને ઝૂડવા લાગી. ઘરમાં ઘણું નુકસાન થયું. સાસુજી આવ્યા, બધી વાત સમજી ગયા. દીવો પ્રગટાવી ઘરમાં અજવાળું કર્યું ને વહુને સાચું સમજાવ્યું.

આ જ રીતે આત્મામાં અનંતકાળથી અજ્ઞાનનો ગાઢ અંધકાર છવાયેલો છે. એને દૂર કરવા માટે સમ્યગ્જ્ઞાનની એક નાનકડી દીવડી બસ થઈ જશે. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પાથરવા માટે આવતી કાલથી પર્વાધિરાજ આવે છે. એક મહિના અગાઉથી આપણને ચેતવણી આપી દીધી છે કે, હે આત્માઓ! તમે તપ અને ત્યાગથી તમારા આત્માને નિર્મળ બનાવો. અજ્ઞાનના અંધારા ઊલેચી જ્ઞાનની ઝળહળતી રોશની પ્રગટાવો. આત્મોત્થાનના સાધનો લઈને પર્યુષણ પર્વની સવારી રૂમઝુમ કરતી આવે છે. જન્મ મરણની મહાબીમારીને દૂર કરવા તપ ત્યાગની અનુપમ જડીબુટ્ટી લઈને આવે છે. અનેક વર્ષોથી નહિ પણ અનેક જન્મોથી એકઠાં કરેલાં કર્મોના સમૂહને હલકો કરવા માટે તપ-ત્યાગ સંયમ દાન વિગેરે વિવિધ અનુષ્ઠાનો લઈને લોકોત્તર મહાપર્વ પર્યુષણની પધરામણી થઈ રહી છે. મોહરૂપ મદિરાની પ્યાલી પીને એના ઘેનમાં ચકચૂર બનેલા માનવીને જાગૃતિ આપવા પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવી રહ્યા છે. કર્મરૂપ કરોળિયાની જાળમાંથી આત્માને મુક્ત કરવા પર્યુષણ પર્વની પધરામણી થઈ રહી છે. બોલો, આ મોંઘેરા મહેમાન કેટલું બધું કીમતી ભાતું લઈને આવે છે! તો તમે એના વધામણાં કેવી રીતે કરશો? પર્વાધિરાજનું સ્વાગત કેવી રીતે કરવું એ તો તમે વિચારી રાખ્યું હશે.

પર્વાધિરાજ આપણને આત્માની સ્મૃતિ કરાવવા આવ્યા છે. એ કહે છે કે હે જીવ! આત્માની સન્મુખ થયા વિના ધર્મસાધનાનો આનંદ નહિ અનુભવાય, કારણ કે ધર્મસાધના આત્માની સન્મુખ થવા માટે છે. આત્માના લક્ષપૂર્વક થતી ધર્મક્રિયા જ ધર્મક્રિયા કહેવાય. જો આત્માનું લક્ષ કેળવ્યા વિના જીવનનો અંત આવી જશે તો પરલોકમાં શું થશે? માટે દાન કરો, બ્રહ્મચર્યનું પાલન કરો, સંયમ લો. આ પ્રત્યેક ક્રિયાઓ કરતાં પહેલાં હું આત્મા છું. મારે મારા આત્માને વિશુદ્ધ કરવો છે આ વિચાર હોવો જોઈએ. પર્યુષણ પર્વમાં પેટ ભરીને આત્માની સાધના કરી લો. કાલ કેવી ઉગશે તેની ખબર નથી.

એક મોટા શહેરમાં એક સંપત્તિવાન સુખી શેઠ રહેતા હતા. પાસે ધનની કોઈ કમીના ન હતી. શેઠ-શેઠાણીને એક દીકરી હતી. તેનું નામ ગુણવંતી હતું. ધીમે ધીમે ગુણવંતી આઠ વર્ષની થઈ. ગુણવંતી ખરેખર ગુણોની ખાણ હતી, દેખાવમાં રૂપવંતી હતી ને ગુણમાં ગુણવંતી હતી. માતા પિતાને એ હૈયાના હાર જેવી વહાલી હતી. ત્રણે જણા આનંદથી રહેતા હતા. શેઠ શેઠાણી ધનવાન હતા ને સાથે ધર્મવાન પણ હતા, એટલે પોતાની દીકરીને પણ બાલપણથી ધર્મના સંસ્કારોનું સિંચન કરતા. બધા

આનંદથી રહેતા પણ કુદરતને એ સુખ ના ગમ્યું. એક જ દિવસની બીમારીમાં ગુણવંતીના પિતાજી ગુજરી ગયા, એટલે આનંદમય વાતાવરણ શોકમય બની ગયું.

"કાલે હતો જે દેહ ધબકતો, દેખ્યો આજ નનામીમાં,
સુંદર કાયા રાખ સ્વરૂપે, વહેતી દીઠી પાણીમાં,
સમજાવે આભ ઉપરથી ખરતો સિતારો કયાં સમજું છું."

જે પિતા કાલે તો એની લાડીલી દીકરી ગુણવંતીને લાડ લડાવતા હતા, જે પતિ પોતાની પ્યારી પત્નીને પ્રેમથી સાચવતા હતા તે પતિ આજે પળવારમાં પરલોકવાસી બની ગયા. એની સુંદર કાયા અગ્નિમાં જલાવી દેવામાં આવી. આવી રીતે આપણે દરેકે એ સમજવાનું છે કે વહેલા કે મોડા સૌને એક દિવસ આ દુનિયામાંથી ડેરા ઉઠાવીને જવાનું છે માટે કોઈની મમતા રાખવા જેવી નથી.

પતિનું અવસાન થવાથી ગુણવંતીની માતા છાતીફાટ રૂદન કરવા લાગી. અહો નાથ! આપ મને મૂકીને કયાં ચાલ્યા ગયા? સ્ત્રીઓને ગમે તેટલું સુખ હોય પણ એનો પતિ ચાલ્યો જતાં એનું સર્વસ્વ લૂંટાઈ જાય છે. પતિ ગયા પછી ગમે તેટલો પૈસો હોય તો પણ શું કરવાનો? સગાવહાલા બધા ગુણવંતીની માતાને આશ્વાસન આપે છે, સમજાવે છે પણ કોઈ રીતે એનું મન વળતું નથી. સગાવહાલા કયાં સુધી આવે? થોડા દિવસ પછીઆવતા બધા બંધ થઈ ગયા, પણ બહેનનું મન શાંત થતું નથી, ત્યારે આઠ વર્ષની ગુણવંતી એની માતાને સમજાવે છે બા! તું શાંત થા. જો તું આમ કલ્પાંત કર્યા કરીશ તો મારું કોણ? મને પણ મારા પિતાજી ખૂબ યાદ આવે છે. એમ કહીને માતાના ખોળામાં માથું મૂકીને ખૂબ રડી. પછી બોલી કે, બા! આપણને ગુરુદેવે કેવું સરસ સમજાવ્યું છે. માટે હવે તું રડીશ નહિ. આ રીતે માતાને સમજાવતી. થોડા દિવસોમાં પતિનો વિયોગ થોડો વિસારે પડયો. પછી મા દીકરી ધર્મધ્યાન કરવા લાગ્યા. મા દીકરી શાંતિથી રહેતા હતા. ત્યાં અચાનક માતાને બીમારી આવી ને તે પણ ચાલી ગઈ, આથી ગુણવંતીને ભયંકર આઘાત લાગ્યો, અને ભગવાનને પ્રાર્થના કરતી કહેવા લાગી અરેરે....ભગવાન! મેં એવાં તે શું પાપ કર્યાં કે બાલપણમાં મારા માતાપિતા મને છોડીને ચાલ્યા ગયા! પિતાનો આઘાત તો હજુ ભૂલાયો ન હતો ત્યાં માતા તું કયાં ચાલી ગઈ! માતા હતી તો મને મીઠી હૂંફ મળતી હતી. હવે મારું કોણ? કુટુંબમાં કાકા કાકી કે ભાઈ કોઈ ન હતું. માસી પણ ન હતા. મોસાળમાં એક મામા અને મામી હતા. કાકા અને મામા ગમે તેટલું સાચવે પણ માતાપિતાની તોલે તો ન આવી શકે ને? ગુણવંતીના પિતાજી પૈસો ખૂબ મૂકીને ગયા હતા એટલે દૂરના સગા પણ સગપણ કાઢીને આવે છે, પણ જો પાસે પૈસો ન હોય તો દૂરના કે નજીકના કોઈ સગા સામું જોવા આવતા નથી. જેના મા-બાપ સંતાનોને બાલપણમાં મૂકીને ચાલ્યા જાય છે એના છોકરાઓને ચૌદશના વા વાઈ જાય છે એટલા માટે કહેવાય છે ને કે "**આ બાલપણમાં કોઈના મા-બાપ તો મરશો નહિ.**"

ભલે ગમે તેવા ગરીબ મા–બાપ હોય પણ મા–બાપને પોતાના સંતાનો વહાલા હોય છે. મીઠી ફૂંક આપનાર મા–બાપ ચાલ્યા જતાં સંતાનોને કોઈ સગું રહેતું નથી. આ ગુણવંતી માતા–પિતાના વિયોગમાં ઝૂરી ઝૂરીને શોષાઈ ગઈ. એના મામા મામી કહે છે, ગુણવંતી! તું અમારે ઘેર ચાલ, ત્યારે ગુણવંતી કહે છે મામા! તમે અહીં જ રહો ને. મામા કહે, બેટા! અમારાથી કાયમ તારે ઘેર રહેવાય નહિ ને તને એકલી મૂકાય નહિ, માટે તું અમારે ઘેર ચાલ. એમ કહી સમજાવીને મામા–મામી ગુણવંતીને પોતાને ઘેર લાવ્યા. મામા તો બહુ ભલા છે પણ મામી તો કાફર છે. ગુણવંતીના મા–બાપની બધી મિલકત પોતાના કબજે કરી દીધી ને ગુણવંતીની પાસે ઘરનું કામકાજ કરાવવા લાગી. આજ સુધી એણે કંઈ કામ કર્યું ન હતું. તે હવે મામીનું બધું કામકાજ કરવા લાગી. આ તો ખૂબ સંસ્કારી હતી. દરરોજ સામાયિક કરવાની, ચૌવિહાર કરવાનો વિગેરે એને નિયમો હતા. ઘરનું કામકાજ કરીને નિવૃત્ત થયા પછી ગુણવંતી સામાયિક લઈને બેસી જતી પણ મામીને એ સામાયિક કરે તે બિલકુલ ગમતું ન હતું. એ સામાયિક લઈને બેસે એટલે કહે કે રોજ સામાયિક લઈને શું બેસી જાય છે? મારા ઘરમાં આવું બધું ધતીંગ નહિ ચાલે. આ બિચારી કહે છે, મામી! મારે સામાયિક કરવાનો નિયમ છે. હું ઘરનું બધું કામ કરીને પછી સામાયિક કરું છું. મને શા માટે આમ કરો છો? આમ કહે એટલે મામીનો ક્રોધ વધી જતો.

ગુણવંતી તો ગુણવંતી જ હતી. જેવા નામ તેવા જ ગુણ હતા. આજે કંઈક બહેનોનું નામ ચંદનબહેન હોય પણ એનામાં શીતળતાનો છાંટો હોતો નથી, પણ ગુણવંતી તો એના નામ પ્રમાણે ગુણથી ભરેલી હતી. એણે નક્કી કર્યું કે મારા નિમિત્તે મામીને જો આટલી બધી કષાય થાય છે તો હવે મારે એ સૂઈ જાય અગર બહાર જાય ત્યારે જ સામાયિક કરવી, એટલે એ મામી ઊંઘી જાય ત્યારે સામાયિક લઈને બેસતી પણ મામી ખૂબ ભારે કર્મી હતા. ઘણી વાર ઊંઘમાંથી ઉઠીને જોવા આવતા કે સામાયિક લઈને તો નથી બેઠી ને? જો જોઈ જાય તો ગુણવંતીના બાર વાગી જાય. કદાચ મામી બહાર ગયા હોય ને સામાયિક લઈને બેસે તો મોડા આવવાના હોય તો વહેલા આવી જાય અને કાળો કેર મચાવી દે, ત્યારે ગુણવંતીની આંખમાંથી ટપટપ આંસુ સરી પડતાં, અને એની માતા યાદ આવી જતી. અહો મા! તું મને મૂકીને ચાલી ગઈ ત્યારે મારી આ દશા થઈને? મામાના ઘરની બાજુમાં વસતા પાડોશીની દીકરી ગુણવંતીના જેવી જ હતી. એની સાથે એનું મન ખૂબ મળી ગયું હતું એટલે ગુણવંતી એના સુખદુઃખની વાત એની પાસે કરતી. આ બહેનપણી મામી બહાર જાય ત્યારે એના ઘેર આવતી ને મામી આવતા પહેલાં ચાલી જતી.

આમ કરતાં ગુણવંતીની માતાને ગુજરી ગયા એક વર્ષ પૂરું થયું, એના માતાની

પુણ્યતિથિનો દિવસ આવ્યો એટલે માતાને યાદ કરી ખૂબ રડી. તે દિવસે તેણે ઉપવાસ કર્યો હતો ને નિશ્ચય કર્યો કે આજે ગમે તેમ કરીને મારે ઉપાશ્રયે જવું છે ને સામયિક કરવી છે. ઘરનું કામકાજ બધું કરી લીધું. પછી મામીને કોઈને ઘેર લગ્નમાં જવાનું હતું એટલે એ લગ્નમાં ગયા ને ગુણવંતી એની સખીને સાથે લઈને ઉપાશ્રયે ગઈ. ઉપાશ્રયમાં સાધ્વીજી બિરાજતા હતા. સાધ્વીજીને વંદન કરી સામાયિક લઈને એક બાજુ બેસીને ગુણવંતી માળા ગણવા લાગી, ત્યારે સાધ્વીજીની નજર એના ઉપર પડી. સાધ્વીજી ખૂબ ગુણિયલ ને ગંભીર હતા. એનું મુખ જોઈને પારખી ગયા કે આ કોઈ હળુકર્મી જીવ લાગે છે, પણ એના માથે સંકટ હોય તેમ લાગે છે. ગુણવંતીને તો સામાયિક પૂરી થાય એટલે તરત જવાનું હતું. મામીના ભયથી સામાયિક પૂરી થતાં ઘેર જાય છે ત્યારે સાધ્વીજી કહે છે, બહેન ! સંસારમાં કંઈ સાર નથી. ગુણવંતીના ભાવ ઊંચા હતા. લગ્ન કરવાની એની ઇચ્છા ન હતી એટલે કહ્યું સતીજી ! આપની વાત સત્ય છે.

"કટુ વચનોના પ્રહાર વેઠતી ગુણવંતી" :– ગુણવંતી ઘેર આવી ત્યારે મામી સાહેબ તો આવી ગયા હતા. તે ગુસ્સો કરીને કહે છે, કયાં ભટકવા ગઈ હતી ? ત્યારે ગુણવંતી નમ્રતાથી કહે છે મામી ! હું કયાંય ગઈ ન હતી. હું અહીં નજીકમાં ઉપાશ્રયે ગઈ હતી, પણ મામીએ તો ગાળોની ઝડી વરસાવીને કહ્યું કે, હવે તને ઝટ પરણાવી દઉં તો ભટકતી તો અટકે. ગુણવંતી કહે, મામી ! હું લગ્ન કરવાની નથી. જીવનભર બ્રહ્મચારી રહેવાની છું ને સંયમી બનવાની છું. મામી કહે–હા, તારે તો ન જ પરણવું હોય ને ! પણ મારે તને પરણાવવી છે. એના મામા દુકાનેથી સાંજે ઘેર આવ્યા એટલે કહે છે હવે આ ગુણવંતીને જેમ બને તેમ જલ્દી પરણાવી દો. એ બહુ ભટકતી થઈ ગઈ છે, ત્યારે એના મામા કહે છે કે તું જે બોલ તે વિચારીને બોલ. મારી ભાણેજ એવી નથી. આ તો કોઈ પવિત્ર અને હળુકર્મી જીવ છે. આપણું મહાન પુણ્યે આપણા ઘેર એના પગલાં થયાં છે. સાચું કહું તો જ્યારથી એ આપણે ઘેર આવી ત્યારથી આપણે ખૂબ સુખી થયા છીએ, માટે તેને તું કંઈ કહીશ નહિ. ગુણવંતી કહે, મામા ! મારે બ્રહ્મચારી રહીને દીક્ષા લેવી છે. હા, બેટા ! તું કહીશ તેમ કરીશ.

"ગુણવંતીને પરાણે પરણાવતી મામી" : થોડા વખત બાદ મામાને બહારગામ જવાનું થયું. પાછળથી મામી સગપણ નક્કી કરીને આવ્યા ને ખોટું બોલી ભાણેજને નાનકડા ગામમાં લઈ ગઈ. ત્યાં એક છોકરા સાથે લગ્ન કરવાની તૈયારી કરી. ગુણવંતી ખૂબ રડી. મામી ! મારે જીવનભર બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે પણ બળજોર કરી પરણાવીને ચાલી ગઈ. સમય થતાં તેના પતિને કહ્યું કે તમે મારા ભાઈ છો. મારે પ્રતિજ્ઞા છે. ઘણું સમજાવવા છતાં જ્યારે તે માનતો નથી ત્યારે તેણે આઠ દિવસની મુદ્દત માંગી. આઠ દિવસ પતિને ઘણું સમજાવ્યો છતાં તે ન માન્યો. તેની વહાલી સખીને ખબર

પડી કે મામીએ આવો કાળો કેર કર્યો છે તેથી તે ગુપ્ત રીતે મળવા આવી અને બંને જણાએ હૈયાવરાળ કાઢી અને છેવટનો તેનો નિર્ણય કહ્યો કે, બેન! હું બ્રહ્મચર્ય તો ખંડન નહિ કરું. આ માટે હું ઝેર પીને મરીશ પણ મારું વ્રત તો અખંડિત રાખીશ. તેની વાત સાંભળીને તેની બહેનપણી ખૂબ રડી. અહાહા! તારા મા-બાપ ચાલ્યા ગયા ત્યારે તારી આ દશા થઈ ને!

"દઢ પ્રતિજ્ઞાથી પતિનો જીવનપલ્ટો :-" પોતાના જીવનનો અંત આણવાની તૈયારી કરતી ગુણવંતી જ્યાં સોમલ હલાવીને પીવા જાય છે ત્યાં તેનો પતિ આવી ચઢે છે ને તેના હાથમાંથી ઝૂંટવી લે છે. તે સમયે તેનો આત્મા રડી પડે છે ને કહે છે કે, હે સતી! હવે હું તને ઝેર નહિ પીવા દઉં. તારા જેવી પત્નીનો પતિ બની મારું જીવન ધન્ય બન્યું છે. જા, હું આજથી અખંડ બ્રહ્મચર્ય પાળીશ. આથી ગુણવંતીને ખૂબ સંતોષ થયો. ગુણવંતીની કેટલી ગંભીરતા! એનું શિયળ કેટલું પવિત્ર હતું કે એના પ્રભાવે એનો પતિ એની સાથે બ્રહ્મચર્યનું પાલન કરવા તૈયાર થયો. ખરેખર, ગુણવંતી આટલી કસોટીમાં સ્થિર રહીને પતિને સમજાવી શકી હોય તો તે છે માતાપિતાના સંસ્કારનું બળ. **"સંતાન એ સંસ્કૃતિનું સ્મારક છે."** જીવનના પાયામાં સંસ્કારોનું ઘડતર કરવામાં આવે છે તેનું જીવન દિવ્ય અને ભવ્ય બને છે. ભલે એના માતા પિતા ચાલ્યા ગયા પણ ગુણવંતીનું જીવન તો શીલ અને સંસ્કૃતિની સુવાસથી મઘમઘી ઉઠયું હતું. ગુણવંતીને પરણ્યા આઠ દિવસ થયા અને તેનો પતિ ખૂબ ધર્મી બની ગયો ત્યારે ગુણવંતીએ કહ્યું વીરા! જો તું મને રજા આપે તો હું સંયમ લઉં. તેનો પતિ કહે, હું પણ સંયમ લઉં. બંને દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે ગુણવંતીની સખી પણ સાથે તૈયાર થતાં ત્રણે જણાએ ચારિત્ર અંગીકાર કરી જીવન ધન્ય બનાવ્યું.

આપણા ચાલુ અધિકારમાં બ્રહ્મદત્તને ઝાડ નીચે બેસાડી વરધનુ પાણી લેવા ગયો છે. ત્યાં દીર્ઘરાજાના સૈનિકોએ એને પકડી લીધો. પછી ગડદા, પાટુ અને લાકડીથી ખૂબ માર માર્યો છતાં બ્રહ્મદત્તકુમાર કયાં છે તે કહેતો નથી, કારણ કે પોતાના પ્રાણના ભોગે પણ એને તો બ્રહ્મદત્તકુમારની રક્ષા કરવી હતી. સૈનિકોએ એને મારી નાંખવાની ધમકી આપી છતાં કુમાર કયાં છે એ કહ્યું નહિ. ત્યારે સૈનિકો એને બાંધીને ઢસેડી ઢસેડીને જ્યાં બ્રહ્મદત્તકુમાર બેઠો હતો તે તરફ લઈને ચાલ્યા. કુમાર ઝાડ નીચે બેઠો હતો તે વરધનુ જાણતો હતો એટલે તેણે તે તરફ દૃષ્ટિ રાખી. વરધનુ અને કુમારની દૃષ્ટિ એક થતા કુમારે દૂરથી જોઈ લીધું કે મારી પાછળ પ્રાણ આપનાર મિત્ર તો દીર્ઘરાજાના સૈનિકોના હાથમાં ઝડપાઈ ગયો છે. વરધનુએ બ્રહ્મદત્તને ત્યાંથી ભાગી છૂટવાનો સંકેત કર્યો. આ સંકેત સૈનિકોની જાણમાં ન આવ્યો. વરધનુનો સંકેત સમજીને બ્રહ્મદત્તકુમાર તો ત્યાંથી જીવ લઈને નાઠો. પેટમાં ભૂખ કકડીને લાગી હતી ને તરસથી

આકુળવ્યાકુળ થઈ ગયો હતો. આંખે અંધારા આવતા હતા. એક પગલું પણ ચાલવાની શક્તિ ન હતી પણ સૈનિકોને જોયા એટલે લાગ્યું કે હું પકડાઈ જઈશ તો બધો મામલો ખતમ થઈ જશે, એટલે ભૂખ તરસને ભૂલીને પોતાનો જાન બચાવવા મૂઠીઓ વાળીને ભાગ્યો ને મહા ભયંકર જંગલમાં પહોંચ્યો. ભૂખ તરસથી પીડાતો કુમાર ત્રણ ત્રણ દિવસ સુધી જંગલમાં ભટકયો પણ એને ખાવાપીવાનું મળ્યું નહિ. હવે ચલાતું નથી. કયાં જવું ને શું કરવું એ સૂઝ પડતી નથી. છેવટે થાકેલો બ્રહ્મદત્તકુમાર એક ઝાડ નીચે બેઠો ને મનમાં વિચાર કરવા લાગ્યો કે, અહો ભગવાન! મેં પૂર્વભવમાં એવાં શું પાપ કર્યાં હશે કે આ દુનિયામાં મારું કોઈ ન રહ્યું! હરીફરીને એક મિત્ર મારો હતો, મારા સુખ દુઃખનો વિસામો હતો તે પણ મારાથી વિખૂટો પડી ગયો! હવે હું કયાં જાઉં? મારાં કર્મો કેવાં કઠણ છે! ખરેખર, મેં પૂર્વભવમાં પુણ્ય કર્યું હશે તેથી રાજાને ઘેર મારો જન્મ થયો પણ સાથે પાપ ઘણું કર્યું હશે જેથી દુઃખ ભોગવવાનો સમય આવ્યો. નહિતર આવું દુઃખ મને કયાંથી આવે? ખરેખર આ સંસારમાં બે પ્રકારની વ્યક્તિઓ હોય છે. એક ધર્મ કર્યા વગર સંસારમાંથી લૂંટાઈને જાય છે ત્યારે બીજા સંસારમાં ધર્મ કરીને પોતાના કર્તવ્યનું પાલન કરીને પુણ્ય લૂંટીને જાય છે. આવી રીતે હું પૂર્વભવમાં ધર્મ કરીને પુણ્ય લૂંટીને તો આવ્યો છું પણ સાથે પાપ લૂંટીને લાવ્યો છું. નહિતર મારી આ દશા હોય ખરી? આમ વિચાર કરીને બ્રહ્મદત્તકુમાર જંગલમાં આમ તેમ ફરી રહ્યો હતો. ત્યાં ત્રીજે દિવસે એક તાપસને જોયો.

"જંગલમાં ઘૂમતા બ્રહ્મદત્તને મળેલા તાપસ" :– ત્રણત્રણ દિવસથી બ્રહ્મદત્ત એકલો જંગલમાં ઘૂમતો હતો. કોઈ માણસ જોયું ન હતું. આજે એણે તાપસને જોયો, એટલે એના મનમાં થયું કે નક્કી આટલામાં કોઈ આશ્રમ હોવો જોઈએ. તેથી મને કંઈક આશ્રય મળશે એવા વિચારથી બ્રહ્મદત્તને કંઈક શાંતિ વળી ને પોતાના જીવનની આશા બંધાઈ. બ્રહ્મદત્તકુમારે તાપસની પાસે જઈને પૂછયું ભાવન્! આપનો આશ્રમ કયાં છે? ત્યારે તાપસે કહ્યું ભાઈ! અમારો આશ્રમ અહીં નજીકમાં જ છે. ચાલો, હું તમને લઈ જાઉં. એમ કહીને તાપસ બ્રહ્મદત્તકુમારને લઈને પોતાના કુલપતિ પાસે આશ્રમે આવ્યા. કુલપતિને જોઈને બ્રહ્મદત્તકુમારે નમસ્કાર કર્યા. એનું મુખ જોઈને તાપસના કુલપતિના મનમાં થયું કે નક્કી, આ કોઈ રાજકુમાર લાગે છે, પણ દુઃખનો માર્યો આ જંગલમાં આવી પહોંચ્યો છે. બંધુઓ! અત્યારે બ્રહ્મદત્તકુમાર કર્મના ઉદયે દુઃખમાં છે પણ ભવિષ્યમાં ચક્રવર્તિ બનનાર છે. ભૂતકાળમાં ખૂબ તપ કરીને આવ્યા છે એટલે એમના મુખ ઉપરના તેજ છાનાં રહે ખરાં? ચંદ્ર–સૂર્ય ગમે તેવા વાદળ નીચે ઢંકાઈ ગયા હોય પણ એના તેજ છૂપાં રહે ખરાં? 'ના', એ તો દેખાઈ જ આવે છે. એવી રીતે પુણ્યવાન જીવો ઉપર ગમે તેવા વિપત્તિના વાદળાં આવી ગયાં

હોય પણ એના તેજ છાનાં રહેતાં નથી. એમ કુલપતિ બ્રહ્મદત્તનું મુખ જોઈને સમજી ગયા કે આ કોઈ પુણ્યવાન આત્મા છે.

"કુલપતિના સમાગમથી બ્રહ્મદત્તને થયેલો સંતોષ" :– કુલપતિએ બ્રહ્મદત્તકુમારને પૂછયું ભાઈ! તમે કયાંથી આવો છો? આજે ઘણાં વખતે બ્રહ્મદત્તે ભાઈ શબ્દ સાંભળ્યો. એના રોમે રોમે આનંદ થયો. એણે કહ્યું, ભગવન્! હું ખૂબ ભૂખ્યો તરસ્યો છું. મારાથી ભૂખ–તરસ સહન થતી નથી. મને કંઈક ખાવાનું આપો એટલે તાપસોએ એને ભોજન કરાવ્યું ને ઠંડુ પાણી આપ્યું. એની ભૂખ તરસ શાંત થયા પછી કુલપતિએ પૂછયું, હવે તમે કહો કે આ વનમાં તમારું આગમન કયાંથી થયું? બ્રહ્મદત્તને વાત કરવાનો કોઈ વિસામો ન હતો. એને થયું આ તો મહાત્મા લોકો છે એટલે મારી ગુપ્ત વાત કોઈને કરશે નહિ. એમ સમજીને પોતાના પિતાજી ગુજરી ગયા પછી માતા દીર્ઘરાજામાં મોહાંધ બની છે ને પોતાને બાળી મૂકવા કેવું કપટ કર્યું ને પોતે અહીં કેવી રીતે આવ્યો તે બધી વાત કુલપતિને કહી. કુમારની વાત સાંભળીને કુલપતિએ કહ્યું બેટા! હું તારા પિતા બ્રહ્મરાજાનો મોટો ભાઈ છું. મેં બાલપણથી તાપસપણું અંગીકાર કર્યું છે. તો હવે આ તારા પિતાનું જ ઘર છે. હવે તું કોઈ જાતની ચિંતા ન કરીશ. આ તારું ઘર માનીને આનંદથી રહે. તાપસના આશ્વાસનભર્યા મધુર વચનો સાંભળીને જાણે એના બાપ મળ્યા હોય એવો બ્રહ્મદત્તને આનંદ થયો અને સુખપૂર્વક ત્યાં રહેવા લાગ્યો. પોતે તો અહીં શાંતિથી રહે છે પણ પોતાના જીવનસાથી વરધનુનું શું થયું હશે? એની કઈ દશા હશે? એની કુમારને ખૂબ ચિંતા થવા લાગી. બ્રહ્મદત્ત કુમારને તાપસના આશ્રમે લગભગ એક વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો.

"કુમારનું અજોડ પરાક્રમ" :– ગમે તેમ તોય ક્ષત્રિયનો બચ્ચો છે ને! એટલે એને નવરા બેસી રહેવું ગમે નહિ. આ તાપસોને ધનુર્વિદ્યા આવડતી હતી. તેમની પાસેથી કુમારે એક વર્ષમાં ધનુર્વિદ્યા બરાબર શીખી લીધી. એક વખત શરદ્-ઋતુના દિવસો ચાલતા હતા. તાપસો પોતાની ભોજન સામગ્રી મેળવવા માટે બહાર જતા હતા ત્યારે બ્રહ્મદત્તકુમાર પણ એમની સાથે ચાલ્યો. વનની શોભા જોતા જોતા બધા ચાલ્યા જતા હતા ત્યાં અચાનક એક ગાંડોતૂર બનેલો મદોન્મત હાથી દોડતો એની સામે આવ્યો. તાપસોએ કહ્યું કુમાર! તમે બાજુમાં ખસી જાઓ પણ કુમાર ખસ્યા નહિ. હાથી દોડતો એની પાસે આવ્યો. ઘણાં જોરથી ચીત્કાર કર્યો. ચીત્કાર સાંભળીને કુમારે પોતાનું ઉત્તરીય–ઉપરનું વસ્ત્ર ઉતારીને તેના પર ફેંકયું. તે હાથીએ પોતાની સૂંઢથી પકડીને ઊંચે આકાશમાં ઉછાળ્યું ત્યારે કુમારે એ વસ્ત્રને કુશળતાથી અદ્ધર ઝીલી લીધું. ક્રોધથી ધમધમતા હાથીને પોતાના તરફ દોડી આવતો જોઈને કુમાર આમથી તેમ ગોળ ગોળ ફરવા લાગ્યો, એટલે હાથી પણ એની પાછળ ફરવા

લાગ્યો. આમ કરતા ઘણી વાર થઈ એટલે હાથી તો થાકી ગયો પણ કુમાર ન થાકયો. છેવટે થાકીને હાથી શાંત થઈને મંદમંદ ગતિએ ચાલવા લાગ્યો. કુમાર પણ એની પાછળ ચાલવા લાગ્યો. હાથી ચાલતો ચાલતો પૂર્વ દિશા તરફ વળ્યો. થોડે દૂર ચાલ્યા ત્યાં એક જીર્ણ નગર આવ્યું. નગર તો ઘણું વિશાળ અને સુંદર હતું પણ શૂન્ય હતું. જેમ મોરબી શહેર ગાજતું ને ગૂંજતું હતું પણ આજે પાણીએ વિનાશ સર્જ્યો ને મોરબી શહેર વેરવિખેર થઈ ગયું છે. માણસોની બેહાલ દશા થઈ ગઈ છે. જ્યાં ને ત્યાં માણસોની લાશો પડેલી છે. ઘણાં ઘરો પડી ગયાં છે. માલ-સામાન પાણીમાં તણાઈ ગયા છે, પણ ધર્મસ્થાનકોને આંચ નથી આવી. તેમ જ કંઈક બચી ગયા છે. અહાહા....આ શું ? પુણ્યપાપના ખેલ.

જ્યાં કુમાર જાય છે ત્યાં ગામ સલામત છે પણ વસ્તી નથી. આથી તેને વિચાર થયો કે નગર કેમ શૂન્ય દેખાય છે ? આશ્ચર્યચકિત બનીને ચારે બાજુ નજર નાંખતો નગરના દરવાજેથી તેણે પ્રવેશ કર્યો. નગરમાં જતાં રસ્તામાં વાંસની જાળ પાસે એક બાણ અને તલવાર જોયા, એટલે કુમારના મનમાં થયું કે આવી આ-વંશજાળ-વાંસડાની જાળ કોણે રચી હશે ને આ તલવાર કોણે મૂકી હશે ? એમ વિચાર કરીને તલવાર ઉંચકીને વાંસડાની જાળ ઉપર ફેંકી એટલે તરત વાંસડાની જાળ કપાઈ ગઈ ને તેમાંથી એક માણસનું ધડ કપાઈને નીચે પડયું. તલવાર લોહીથી ખરડાઈ ગઈ. આ જોઈને બ્રહ્મદત્ત કુમારના મનમાં થયું કે, અહો ! આ શું ? આ નગરમાં તો એક ચકલું પણ ફરકતું નથી ને આ જાળમાં માણસ કયાંથી ? કુમારે ઝીણવટથી તપાસ કરીને જોયું તો જેનું ધડ એક બાજુ પડયું હતું ને મસ્તક બીજી બાજુ પડયું હતું. એ કોઈ સુંદર પુરુષ હતો. એના હાથમાં પાન, કંકુ, નાડાછડી વગેરે વસ્તુઓ હતી. આ બધું જોઈને બ્રહ્મદત્ત કુમારના દિલમાં ખૂબ દુઃખ થયું. અહો, હું કેવો પાપી છું ! અધમ છું ! વગર વિચાર્યે મેં આ કોઈ નિરપરાધી મનુષ્યને કાપી નાંખ્યો. એના મનમાં થયું કે નક્કી આ કોઈ વિદ્યાસાધક પુરુષ હશે. એ કેટલી હોંશથી, મનના કેટલા મનોરથો સાથે વિદ્યાની સાધના કરી રહ્યો હશે ! મેં એના તલવારના એક ઝાટકે બે ટુકડા કરી નાંખ્યા !

બ્રહ્મદત્તને આ માણસને મારવાના ભાવ ન હતા. એને ખબર ન હતી કે આ વાંસડાની જાળ નીચે કોઈ પુરુષ છે. એણે તો સહેજે તલવાર વાંસડાની જાળ ઉપર ફેંકી અને નિરપરાધી પુરુષ કપાઈ ગયો, તેથી બ્રહ્મદત્તના દિલમાં ખૂબ દુઃખ થયું. તે પોતાના પાપનો પશ્ચાતાપ કરતો પોતાને હજારો વાર ધિક્કારતો આગળ ચાલ્યો. પોતાની ચકોર દૃષ્ટિ ચારે તરફ ફેરવતો નગરને જોતો આગળ ગયો. ત્યાં તેણે એક સુંદર મઝાનો રંગબેરંગી સુગંધિત પુષ્પો અને વિવિધ પ્રકારના ફળના વૃક્ષોથી યુક્ત બગીચો જોયો એટલે તરત તે બગીચામાં જવાનું મન થયું. બગીચો ખૂબ આકર્ષક ને

મનોહર હતો. કુમારે બગીચામાં પ્રવેશ કર્યો. બગીચાની શોભા નિહાળતો તે આગળ ચાલ્યો. જેમ જેમ આગળ ચાલતો ગયો તેમ તેમ તેનું આશ્ચર્ય વધતું ગયું કે, અહો ! આવા નિર્જન અને ઉજ્જડ શહેરમાં આવો સુંદર નંદનવન જેવો બગીચો કયાંથી ? વસ્તી વગર બગીચો નવપલ્લવિત કયાંથી ? આમ અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરતો આગળ ચાલ્યો. ત્યાં તો એણે સાત માળનો એક ભવ્ય મહેલ જોયો. આથી કુમારનું આશ્ચર્ય વધ્યું. આશ્ચર્ય મુગ્ધ બનેલા બ્રહ્મદત્ત મહેલમાં પ્રવેશ કર્યો. સીડી ચઢતા ચઢતા સાતમા માળે પહોંચ્યો. ત્યાં શું આશ્ચર્ય જોશે તે વાત અવસરે.

ચરિત્ર :– ભદ્રાએ સુશીલા અને તેના બાળકોને ઢસેડીને ઘરની બહાર કાઢી મૂકયા. પોતાની પત્નીની ને પુત્રોની આ દશા જોઈને ભીમસેનનું હૃદય કંપી ઊઠયું. અરેરે.... કર્મે મને છિન્નભિન્ન કરી નાંખ્યો. રાજરાણી સુશીલાની આ દશા ! મારા જીવતાં એને આવાં દુઃખો ભોગવવાં પડે છે ! ભીમસેન પણ આ અપમાન સહન ન કરી શકયો. કુલિન પુરુષો ભૂખનું દુઃખ સહન કરી શકે છે, ગરીબાઈને જીરવી શકે છે પણ આવું કલંક અને અપમાન સહન કરી શકતા નથી. આથી ભીમસેન રડતી આંખે ને બળતા હૈયે સુશીલા તથા બાળકોને રડતા કકળતા લઈને શેરીની બહાર નીકળ્યો. તે વખતનું દૃશ્ય ખૂબ કરૂણ હતું. લોકો બોલવા લાગ્યા કે આ બિચારા નિર્દોષ માણસોના માથે ભદ્રાએ કેર કર્યો. ભૂખ્યા તરસ્યા બિચારા કયાં જશે ? એમ મોઢેથી બોલીને દયા કરવા લાગ્યા.

"નિષ્ઠુર હૃદયી ભદ્રા" :– ભીમસેન અને સુશીલાને રડતા જોઈને દેવસેન અને કેતુસેન પણ હીબકાં ભરીને રડવા લાગ્યા ને સુશીલાના ગળે વળગીને પૂછવા લાગ્યા કે બા ! શેઠાણીએ આપણને કેમ કાઢી મૂકયા ? એ લાંબા લાંબા હાથ કરીને તને કેમ વઢતી હતી ? ત્યાં તો નાનો કેતુસેન પૂછે છે : બા–બાપુજી ! હવે આપણે કયાં જઈશું ? બેટા ! ભાગ્ય લઈ જશે ત્યાં જઈશું. ચારે જણને નિરાધાર જતા જોઈને શેઠનું દિલ દ્રવી ઊઠયું. અરેરે....આ શું કરશે ? શું ખાશે ? આ કુમળાં ફૂલ જેવાં બાળકોનું હવે શું થશે ? લાવને થોડું અનાજ આપું. તો ગમે ત્યાં જઈને રાંધી ખાશે. એમ વિચાર કરીને થોડા ઘઉં, બાજરી, ચોખા, દાળ વગેરેની એક પોટલી બાંધીને શેઠાણીથી છાનામાના પોટલી સંતાડીને ભીમસેનને આપવા માટે બહાર નીકળ્યા. ત્યાં ભદ્રાને જોઈ ગઈ એટલે તરત વાંદરાની જેમ કુદકો મારીને એણે શેઠના હાથમાંથી પોટલી ઝૂંટવી લીધી ને કહ્યું, હું ખોટું કહું છું કે તમારી દાનત જ ખરાબ છે. એમ કહીને એક સળગતા લાકડાનો જોરથી શેઠ ઉપર પ્રહાર કર્યો તેથી શેઠનું મન ઉદ્વિગ્ન બની ગયું. શેઠ કંટાળીને દુકાને ચાલ્યા ગયા ને ભદ્રા તો જાણે કંઈ બન્યું નથી એવો દેખાવ કરીને સૂઈ ગઈ.

ભીમસેન, સુશીલા અને બંને બાળકો ચારે જણા રડતી આંખે ગામની ભાગોળે

એક ઝાડ નીચે જઈને બેઠા. પછી ભીમસેન શેઠની દુકાને આવી હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યો કે, શેઠજી ! શેઠાણીએ તો અમને ધક્કા મારીને કાઢી મૂકયા. તમે દયા કરીને અનાજ આપવા આવ્યા તે પણ શેઠાણીએ ઝૂંટવી લીધું. તો હવે અમારે શું ખાવું ? મારો એક મહિનાનો પગાર ચઢયો છે તે તમે મને આપી દો, તો અમે કંઈક લાવીને ખાઈ શકીએ. ભીમસેનની વાત સાંભળીને શેઠ તો વિચારમાં પડી ગયા, કારણ કે એમણે નક્કી કર્યું હતું કે દુકાનમાંથી એક રાતી પાઈનો ખર્ચ ન કરવો, અને બીજી જે કંઈ રકમ હતી તે બધી ઘેર છે ને તે ભદ્રાને ખબર છે તેથી લઈ શકાય તેમ નથી. આ તો ચઢેલો પગાર દેવાનો હતો છતાં શેઠ મૌન રહ્યા. શેઠ દયાળુ ખૂબ હતા પણ સાથે લોભી ઘણા હતા. એટલે ગાંઠેથી પૈસા છૂટતા ન હતા, પણ ચઢેલો પગાર તો આપવો પડેને ? શેઠે બે રૂપિયા આપીને કહ્યું : લે આ તારો પગાર.

"લોભી શેઠના દિલમાંથી વિદાય લેતી દયા" :– શેઠે પગારના બે રૂપિયા આપ્યા તેમાંથી ભીમસેને એક રૂપિયામાં થાળી–વાટકો ને લોટો ખરીદ કર્યા, અને એક રૂપિયામાંથી લોટ દાળ, ચોખા, ઘઉં વગેરે અનાજ લાવ્યો. હવે રહેવા માટે ઘર ન હતું એટલે એમણે લાકડા, ઘાસ વગેરે શોધી લાવીને એક ઝૂંપડી બનાવીને તેમાં રહેવા લાગ્યા. એક રૂપિયામાંથી જે અનાજ લાવ્યો હતો તેનાથી છ દિવસ ટૂંકા થયા પછી બધું ખલાસ થઈ ગયું, એટલે આજીવિકાનો પ્રશ્ન તો પાછો ઊભો જ રહ્યો. હવે કયાં જાઉં, શું કરવું તે ભીમસેનને સૂઝતું નથી. છતાં વિચાર કર્યો કે લાવ, મારા ઉપકારી શેઠ પાસે જાઉં એ જરૂર મને મદદ કરશે. એમ વિચારી પાછો શેઠની પાસે આવ્યો ને બે હાથ જોડીને આજીજી કરતો કહે છે : શેઠ ! તમે આપેલા બે રૂપિયા ખલાસ થઈ ગયા. હવે અમારું શું ? અમે કયાં જઈએ ? શેઠજી ! આપ તો ખૂબ દયાળુ છો, સજ્જન પુરુષો તો હંમેશા દુઃખી ઉપર દયા કરે છે. આપ મારા ઉપર દયા કરો ને મને ભોજન માટે કંઈક વ્યવસ્થા કરી આપો. કાં તો મને તમારે ત્યાં ફરીથી નોકરીએ રાખી લો. શેઠે કહ્યું : મારાથી હવે કાંઈ બને તેમ નથી. શેઠની વાત સાંભળીને ભીમસેન વિચાર કરવા લાગ્યો કે અમે બંને માણસોએ આ શેઠને ત્યાં તન તોડીને કામ કર્યું છતાં આજે મારા સામું જોતા નથી. એમના ઘેરથી હાથેપગે નીકળ્યા છીએ છતાં મારા પગાર ઉપરાંત રાતી પાઈ આપી નથી. ભીમસેન શેઠને ખૂબ કરગર્યો પણ શેઠે દાદ ન દીધી એટલે ભીમસેન દીન વદને ખાલી હાથે શેઠની દુકાનેથી પાછો ફર્યો ને ચિંતા કરતો કરતો ચાલવા લાગ્યો.

"દુઃખ દૂર કરવા બતાવેલો રસ્તો" :– એના મનમાં હજારો પ્રશ્નો ઊઠતા હતા કે હવે મારે કયાં જવું, શું કરવું ? જઈશ એટલે બાળકો પૂછશે કે બાપુજી ! કંઈ ખાવાનું લાવ્યા, તો હું શું આપીશ ? અરેરે....ભગવાન ! આ દુઃખોનો અંત કયારે આવશે ? આમ ચિંતાતુર બનીને ભીમસેન લમણે હાથ દઈને રસ્તામાં એક

બાજુ પર બેઠો છે ને આંખોમાંથી આંસુ પડે છે. તે વખતે ત્યાંથી એક સજ્જન પુરુષ નીકળ્યો. એણે ભીમસેનનો ગ્લાન ચહેરો જોઈને પૂછ્યું કે, તું કોણ છે ? તારી મુખમુદ્રા જોતા એમ લાગે છે કે તારા ઉપર ઘણી મોટી આફત આવી ગઈ છે. ભાઈ ! જે હોય તે તું મને કહે. મારાથી બનતી સહાય કરીશ. સજ્જન માણસની પવિત્રતા અને ગંભીરતા જોઈને ભીમસેને પોતાની વીતકકથા કહી સંભળાવી. એની કહાનીએ સજ્જન માણસના દિલને ડોલાવ્યું. અરેરે....માનવી જેવા માનવીની આ દશા ? વિધિના લેખ અલૌકિક છે. બરેબર, કર્મસત્તા ઘણી નિષ્ઠુર છે. ભીમસેનની વાત સાંભળીને એને ખૂબ દયા આવી એટલે કહ્યું–ભાઈ ! તમારું દુઃખ દૂર કરવા માટે એક ઉપાય બતાવું. સાંભળો.

બારહ યોજન આપ પધારો, નગરી પુરપઈઠાન,
બત્રીસ રૂપિયા રાજા દેવે, રહને કાજે મકાન.

અહીંથી બાર જોજન દૂર પઈઠાણપુર નામનું એક નગર છે. એ નગરમાં ઘણા ધનવાનો અને ઉદાર પુરુષો રહે છે. એ નગરમાં અરિજય નામે રાજા રાજ્ય કરે છે. એ રાજા ઘણા દયાળુ ને પરોપકારી છે. તે દર છ મહિને પ્રજાના દુઃખ દર્દ જાણવા બહાર નીકળે છે, અને અનેક દુઃખીઓને મદદ કરી તેમનો ઉદ્ધાર કરે છે. જરૂરિયાતવાળાને ધન આપે છે. ભૂખ્યાંને ભોજન અને નવસ્ત્રાંને વસ્ત્ર આપે છે. ઘરબાર વિનાનાને રહેવા માટે ઘર આપે છે, બેકારોને નોકરી આપે છે, અપંગોનું રક્ષણ કરે છે, સાધુસંતોની સેવા કરે છે. પોતાના કર્મચારીઓને યોગ્ય ઇનામો આપે છે. જીવનનિર્વાહ માટે તે દરેક કર્મચારીઓને પ્રતિમાસે બત્રીસ રૂપિયા આપે છે. આમ અનેક રીતે દયા ધર્મનું પાલન કરે છે. આ રાજાના જમાઈ તો તેમનાથી પણ વધુ સહાય આપે છે. દર મહિને તે ચોસઠ રૂપિયા આપે છે. જમાઈનું નામ જિતશત્રુ છે. તો ભાઈ ! બધી ચિંતાઓ છોડી તમે પુરપઈઠાન નગરે પહોંચી જાઓ. ત્યાં તમારું જલ્દી કલ્યાણ થશે. હવે આ બાબતમાં ભીમસેન સુશીલાને પૂછશે ત્યારે સુશીલા શું કહેશે તે અવસરે.

બંધુઓ ! સમય તો થઈ ગયો છે. આવતી કાલે આપણા ભોંયરા મહેમાન પર્યુષણ પર્વની પધરામણી છે. આજનો દિવસ આપણને મંગલ વધામણી આપે છે. હવે આ પર્વના દિવસોમાં શું કરવું તેનો વિચાર કરી આરાધનામાં ઉજમાળ બનશો. ૐ શાંતિ

વ્યાખ્યાન નં. ૩૫

શ્રાવણ વદ ૧૩ ને સોમવાર "અઠ્ઠાઈ ધર" તા. ૨૦-૮-૭૯

"આરાધનાનું એલાર્મ"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કરૂણાસાગર, શાસન સમ્રાટ

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સાડાબાર વર્ષ ને એક પખવાડિયા સુધી અઘોર સાધના કરી કર્મ જંજીરોને તોડવા સમ્યક્ પુરુષાર્થના કુહાડા ઉપાડ્યા અને ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળ જ્ઞાનની દિવ્ય જ્યોતિ પ્રગટાવી. એવા ભગવાને આરાધના કરવા માટે આ પર્વનું પર્યુષણ પર્વ રજૂ કર્યું. આ પર્વ લોકોત્તર પર્વ છે. જે પર્વની આરાધના કરવાથી આત્મા લોકના માથે એટલે કે મોક્ષ મંજિલે પહોંચી જાય છે. પર્વાધિરાજ પર્યુષણ પર્વ એટલે આત્માને પાપથી પેલે પાર પહોંચાડનાર પાવન પર્વ. સમસ્ત સંસારને સંગ્રામ નહિ પણ ક્ષમાનો સંદેશો સુણાવતું, હિંસાના ઘોર વટવૃક્ષના મૂળને ઉખેડીને અહિંસાના અંકુર રોપાવતું, આ મહાન મંગલકારી પર્વ આપણને એલાન કરીને કહે છે કે શત્રુના હૃદયમાં રહેલી શત્રુતાને પ્રેમની તલવારથી તોડી નાંખો, પ્રેમનું પાણી પીવડાવો, ક્ષમાનું સરબત ધરો તો શત્રુ પણ તમારો મિત્ર બનીને તમારા ચરણમાં આળોટશે. પ્રેરણાવંતુ પાવનકારી પર્યુષણ પર્વ જેના પુનિત પગલે માનવમાં પડેલી સુષુપ્ત શક્તિઓ જાગ્રત બને છે. વર્ષમાં કંઈ ન કરનાર આ પર્વની પ્રેરણા પામી પાવનકારી બને છે. એક શહેર, એક ગામ કે જૈનોનું એક ઘર એવું નહિ હોય કે જે પાવનકારી મહાપર્વના પનોતા પગલાથી નવપલ્લવિત ન બન્યું હોય! આકાશમાં કરોડો તારાઓનો પ્રકાશ સૂર્યના પ્રકાશમાં સમાઈ જાય તેમ આ મહાપર્વનો પ્રકાશ બહારની રોશનીને ઝાંખી પાડી અંતરના અંધકારનો નાશ કરી આત્મપ્રકાશની દિવ્યજ્યોતિ પ્રગટાવે છે.

આ પર્વાધિરાજ પર્વનું મંગલ આગમન થતાં નાના મોટા સૌના અંતરમાં આનંદની સરવાણીઓ ફૂટે છે. નવપલ્લવિત ગુલાબ પોતાની મઘમઘાટ ભરી સુવાસને ચારે બાજુ પ્રસરાવે તેમ ધર્મ રૂપી પુષ્પની સુવાસને પ્રસરાવતું આ પર્વ આપણા આંગણે આવીને ઊભું છે. આ પર્વ સૌના દિલમાં મૈત્રીભાવનું તથા અહિંસાનું પવિત્ર ઝરણું રેલાવે છે. વિષયોમાં પાગલ બનેલાઓની શાન ઠેકાણે લાવે છે. મોહની ગાઢ નિદ્રામાં પોઢી રહેલા આત્માઓને જાગૃત કરે છે. અનાદિકાળના મોહના તથા કુવાસનાના સંસ્કારને દૂર કરી આત્મારૂપી ઉપવનમાં ધર્મની પમરાટ પ્રસરાવે છે. આત્મામાં અપૂર્વ ઉત્સાહ અને બળ પ્રગટાવે છે. આત્મા સાથે ચિરકાળથી સંગ્રામ ખેલી રહેલા આઠ કર્મો રૂપી મહા બળવાન યોદ્ધાઓનો સામનો કરી આત્માને જ્વલંત વિજય પ્રાપ્ત કરાવી મોક્ષના મહાસુખોનો ભોક્તા બનાવે છે.

પર્વ બે પ્રકારના છે. લૌકિક અને લોકોત્તર. જે પર્વોમાં કેવળ રંગરાગનું પ્રાધાન્ય હોય છે તે લૌકિક પર્વ. આ પર્વોનું આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ નથી. પર્વાધિરાજ પર્યુષણ પર્વ આત્માને ઊર્ધ્વગતિના સોપાન સર કરાવનાર લોકોત્તર પર્વ છે. આ પર્વમાં રંગરાગનું મહત્ત્વ નથી. રંગરાગને તો તિલાંજલી આપવામાં આવે છે. આ પર્વમાં તો મહત્ત્વ છે વિરાગ અને ત્યાગનું. આ પર્વની આરાધના કરવાથી લોકોત્તર

દિવ્ય સુખો મળે છે. આ પર્વ જિનશાસનના શણગાર રૂપ છે. આ પર્વના વધામણાં કેવી રીતે કરશો ? આ પર્વના સોનેરી દિવસોમાં અંતરના આંગણે ક્ષમાના આસોપાલવ બાંધી, આરાધનાની વિવિધ રંગોળી પૂરી તપ ત્યાગની દિવેટ પૂરીએ જેથી આત્માના ઓરડામાં ઝળહળતો પ્રકાશ ફેલાશે.

આ મંગલકારી દિવસોમાં બધાના દિલ કોમળ રહે છે. આ પર્વ આપણને એ સંદેશો આપે છે કે આ દિવસોમાં દિલ સ્વચ્છ, શુદ્ધ ને નિર્મળ બનાવજો, અને એટલો નિર્ણય કરજો કે જે મારી જીવનજ્યોતને બૂઝવી નાંખે છે. સદ્‌ગુણોનો નાશ કરે છે તેવા ક્રોધાદિ કષાયોને મારે જીતવા છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારે કષાયો છે. કષાયોથી આત્મા મલીન બને છે. કષાય એટલે કષ+આય. જેનાથી સંસારનો લાભ થાય, સંસારમાં રખડવું પડે તેનું નામ કષાય. તમને કપડાં સ્વચ્છ ગમે છે, સૂવાની શય્યા સ્વચ્છ ગમે છે. જમવાની થાળી, બેસવાના સોફા બધું સ્વચ્છ ગમે છે તો જ્ઞાની કહે છે કે આ દિવસોમાં તમારા આત્માને પણ સ્વચ્છ નિર્મળ અને પવિત્ર બનાવજો. આજના દિવસનું નામ છે અઠ્ઠાઈધિર. ધર એટલે પકડવું. શું પકડવું ? પૈસા પકડવા ? સંસાર અને સંસારના સુખ પકડવા ? ના....ના....આ માટે ભગવાન ફરમાવે છે કે આજથી આઠમા દિવસે સંવત્સરી મહાપર્વ આવશે. એ પર્વને પકડીને, લક્ષમાં રાખીને કષાયો પર વિજય મેળવીને તારા જીવનની દીવાલ નિર્મળ અને શુદ્ધ બનાવ. એક સુભાષિતકારે કષાયને અગ્નિ સાથે સરખાવી છે. ભયંકર ભડકા રૂપે દેખાતી અગ્નિનું મૂળ એક નાનકડો તણખો હોય છે તેમ ક્રોધમાંથી જાગતા ભયંકર વિરોધનું મૂળ શરૂઆતમાં તો એક નાનકડી ભૂલ હોય છે. અગ્નિ જ્યાંથી પ્રગટે ત્યાં એને પહેલાં બાળે છે જ્યારે ક્રોધ બીજાને તો બાળે ત્યારે બાળે પણ પહેલાં તો એ પોતાના આત્માના ગુણોને બાળે છે. અગ્નિ સળગે પછી એને માણસોનું કે ધનસંપત્તિનું કોઈનું ભાન રહેતું નથી તેમ ક્રોધી માણસને પણ નાના મોટાનો, અપરાધી કે નિરપરાધીનો ખ્યાલ રહેતો નથી. કષાયો આપણો કેડો પકડીને જીવનને બરબાદ કરી રહ્યા છે. કષાયો આત્માનું કેટલું નુકસાન કરે છે તે બતાવતા શાસ્ત્રકાર ભગવાન બોલ્યા છે કે,

अहे वयन्ति कोहेणं, माणेणं अहमा गइ।
माया गइ पडिग्घाओ, लोभाओ दुहओ भयं ॥ उत्त. अ. ९गाथा ५४

ક્રોધથી જીવ નરકગતિમાં જાય છે, માનથી નીચ ગતિમાં જાય છે, માયાથી સદ્‌ગતિની પ્રાપ્તિમાં રૂકાવટ થઈ જાય છે, અને લોભથી આ લોક અને પરલોક સંબંધી ભય રહે છે, માટે કષાયો રૂપી દુશ્મનોની દોસ્તી કરવા જેવી નથી.

એક વખત એક શિષ્ય વિનયપૂર્વક ગુરૂદેવને વંદન કરીને પ્રશ્ન પૂછે છે કે હે ગુરુ ભગવંત! આપ મને કોઈ એવો સુંદર ને સરળ માર્ગ બતાવો કે જેથી હું

મુક્તિનગરીને મેળવી શકું, ત્યારે ગુરૂએ કહ્યું હે શિષ્ય ! સાંભળ. કષાયો ઉપર સંપૂર્ણ વિજય મેળવે તો જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ભગવાનને પ્રશ્ન કર્યો છે હે ભગવંત! **કસાય પચ્ચક્ખાણેણં ભંતે ! જીવે કિં જણયઈ ?** કષાયોના પચ્ચક્ખાણથી જીવને શું ફળ પ્રાપ્ત થાય ? ત્યારે ભગવાને કહ્યું **'કસાય પચ્ચક્ખાણેણં વિયરાગભાવં જણયઈ, વીયરાગભાવં પડિવન્ને વિયણંજીવે સમસુહદુક્ખે યાવિ ભવઈ !!** કષાયના પચ્ચક્ખાણથી જીવને વીતરાગ ભાવની પ્રાપ્તિ થાય છે. વીતરાગ ભાવને પામેલા જીવને સુખ અને દુઃખ બંને સમાન હોય છે.

કષાયોને દૂર કરવાથી આત્મસાધના થાય છે. જેમ જેમ કષાયો ઘટતી જાય, દૂર થતી જાય તેમ તેમ આત્મા ગુણસ્થાનક ઉપર ચઢતો જાય છે. કષાય અગિયારમા વીતરાગી ગુણસ્થાનક સુધી છે. ૧૧ મા ગુણસ્થાનક સુધી ચઢેલો જીવ જો સુક્ષ્મ લોભનો ઉદય થાય તો કષાય અગ્નિ પ્રગટતાં નીચે છેક પહેલાં ગુણસ્થાનક સુધી પટકાઈ જાય છે. તમારું ગુણસ્થાનક પાંચમું છે ને અમારું ગુણસ્થાનક છઠ્ઠું છે. અહીં પણ કષાયો છે, પણ પુરૂષાર્થ કરવાથી તે ધીમે ધીમે મંદ થઈ જાય છેઃ આ મંગલ પર્વની આરાધના સારા મૂલ્યવાન વસ્ત્રો અને કીમતી અલંકારો પહેરવાથી થતી નથી પણ કષાયો ઉપર વિજય મેળવવાથી થાય છે. ક્રોધે સર્જેલો આજ સુધીનો કરૂણ ઈતિહાસ જો કોઈ ખુલ્લી આંખે એક વાર વાંચે તો એને ક્રોધ ઉપર ક્રોધ આવ્યા વિના રહે નહિ. જેટલો ક્રોધ ભયંકર છે તેટલા માન, માયા અને લોભ પણ ભયંકર છે. જીવનું જ્યાં માન હણાય ત્યાં ક્રોધ અગ્નિ પ્રજળી ઉઠે છે. માનરૂપી અજગરને જીતવો સહેલો નથી. માયા અને લોભ પણ ભયંકર છે. કષાયો શત્રુ ઉત્પન્ન કરાવે છે ને પરસ્પર મિત્રતાને તોડાવે છે, માટે ભગવાન પણ કહે છે કે આત્માઓ ! જો તમે **चभे चत्तारि दोसो उ इच्छन्तो हियमप्पणो** । આત્માનું હિત ઇચ્છતા હો તો ચાર કષાય રૂપ દોષોનું વમન કરી દો. કષાયો પાપી છે, એ સંસારરૂપી વૃક્ષના મૂળમાં પાણી સીંચવાનું કામ કરે છે તેથી સંસાર વૃક્ષ ફાલ્યું ફૂલ્યું રહે છે, માટે કષાયો રૂપી આંતરશત્રુ સામે ખૂબ સાવધાન રહેવાની જરૂર છે.

જેમ ખંધો એટલે પાકટ માણસ એક વખત ઘરમાં પેઠો કે પછી નીકળે નહિ તે રીતે કષાયો પણ ખંધા માણસ જેવી છે. તેની ખંધાઈ તો કેટલી બધી છે કે સાધુપણાની ઉચ્ચ કક્ષાએ પહોંચવા છતાં આ કષાયો એમને ગળચીમાંથી પકડે છે. એક સામાન્ય દુશ્મન હોય તો પણ આપણે એનાથી સાવધાન રહીએ છીએ. જો જરા ગાફેલ રહ્યા તો એ લાકડી મારી જાય છે ત્યારે અહીંયા કષાય એ તો સામાન્ય દુશ્મન નહિ પણ ગળાવાઢ દુશ્મન છે. પાછો તે એક વખતનો કે એક ભવનો દુશ્મન નહિ પણ ભવોભવનો દુશ્મન છે. તો તેનો ભય કેટલો હોવો જોઈએ ?

જરા ક્રોધ કર્યો, માન, માયામાં ફસાયા કે લોભમાં લલચાયા ત્યાં બસ એ તમારા પર ચઢી બેસી દુર્ગતિમાં રોળી નાંખવા તૈયારી થઈ જાય, માટે હવે એ કષાયો સામે આપણા આત્માનું રક્ષણ કરવું જોઈએ કે એના શરણે જવું જોઈએ ? હજુ કષાયોની ભયંકરતા અને એનો પીછો પકડવાની કટ્ટરતા પિછાની નથી એટલે બેફિકર થઈને ફરીએ છીએ નહિતર તો મવાલી ગૂંડાની જેમ એના પડછાયાથી દૂર ભાગતા હોત.

બંધુઓ ! દૂધમાં સાકરને બદલે મીઠું પડી ગયું તો અરરર....આ શું કર્યું ? એમ થઈ જાય. દવા પીવા માટે દવાની બાટલી ખોલી દવા પીવા લીધી ત્યાં બાટલી પર નજર ગઈ કે આ પોઈઝન છે તો ત્યાં એકદમ અરેરે....મેં આ દવા કયાં પીવા લીધી એમ થાય છે. મકાનની સીડી ચઢતાં એક પગથિયું ભૂલથી ચૂકાઈ ગયું ને ગબડી પડયા તો અહાહા થાય છે પણ જીવનમાં ક્રોધ, માન, માયા, લોભ આવી જાય ત્યારે અરરર....મેં આ શું કર્યું ? એવો અફસોસ ભર્યો રણકાર આત્મામાં થાય છે ? લૌકિક નુકસાનનો ખટકારો છે એટલો આત્મિક નુકસાનનો નથી. તમે જૈનકુળમાં જન્મ્યા છો. જિનશાસનને માનનારા છો તો જિન એટલે શું ? ખબર છે ? કષાયોને જીત્યા તે જિન અને કષાયો રૂપી પરદેશી શાસકોને ભગાડવા માટે ઝંડા લઈને ફરે તે જૈન. કષાયોની સામે તેની આંખો લાલચોળ હોય. જેમ પરદેશી પ્રજા તમારા દેશ પર આક્રમણ કરે ત્યારે તેની સામે કેટલા પાવરવાળા અને ખૂનસવાળા રહો છો ? બસ, એ પરદેશીઓને તો ભારતની ગદ્દાર ભગાડી મૂકીએ. એમણે તો અમને કચરી નાંખ્યા છે. આ ન્યાયે સમજો. કષાયો શું પરદેશી નથી ? કષાયો એ આત્માની વિભાવ દશા છે એટલે એ પરદેશી છે. એણે શું આત્માના ગુણોનો સત્યાનાશ નથી સર્જ્યો ? આ કષાયો રૂપી દુશ્મનોની સહાયથી આત્મા પોતે જ પોતાનું નિકંદન કાઢે છે. કષાયોના પરિણામે સંસાર અખંડ રહે છે. સંસારને પુષ્ટ કરનારા પાપોનો જેને ખપ નથી તેણે કષાયથી દૂર રહેવું જોઈએ. કષાય આવે કે સમજવું કે પાપનો પહેરેગીર આવ્યો. કષાયથી પાપ, પાપથી કર્મ અને કર્મથી સંસાર ઉભો રહે છે. સંસાર ઉભો છે તેને તો પછી પૂછવાનું શું ?

સંસારમાં દુઃખોના મોટા સમુદાય ખડકાયેલા છે, દુઃખોના ટોળા ફરે છે માટે જે કષાયોથી કંટાળ્યા હોય તેમણે કષાયોને છોડી દેવા જોઈએ. અનંતકાળથી કષાયોની ચાલી આવતી કુટેવ સામે કિલ્લેબંધી કરવી જોઈએ, એટલે ક્રોધની સામે ક્ષમા, માનની સામે નમ્રતા, માયાની સામે સરળતા અને લોભની સામે સંતોષ રૂપ કિલ્લેબંધી થાય તો આ કષાય રૂપી ડાકુઓ આત્મામાં પ્રવેશી શકે નહિ, માટે ભગવંત કહે છે કે, આ આંતરદુશ્મનોની મસ્તી અને દોસ્તી કરતા નહિ. જો કરશો તો અનંત ભવ સુધી ઠેકાણું નહિ પડે. કષાયો કેટલું અહિત કરે છે તે ન્યાય આપીને સમજાવું.

એક વખત બે બેનડીઓ ગુરૂદેવના દર્શન કરવા ગઈ. દર્શન કરી ગુરૂદેવને વંદન નમસ્કાર કરીને પૂછે છે અહો ગુરૂ ભગવંત ! અમારા દીક્ષિત બનેલા ભાઈ કયાં છે ? જ્યારે ચૌદપૂર્વનું જ્ઞાન અપાતું હતું તે સમયની આ વાત છે. તે મુનિએ ખૂબ વિનય વિવેકપૂર્વક ગુરૂદેવ પાસેથી જ્ઞાન મેળવ્યું હતું. જ્ઞાની કહે છે કે જો જ્ઞાન વિનય અને સમજણપૂર્વક ભણાય તો તે મંત્રરૂપ બની જાય છે. નવકારમંત્ર એ મહાનમંત્ર છે. જો તેને શ્રદ્ધાથી વિનય સહિત ભણવામાં આવે તો એ મહાનમંત્ર બની જશે. શબ્દ તેના તે છે પણ ભાવમાં ફરક છે.

એક ગામમાં એક વૃદ્ધ માતાને એક દીકરો હતો. માતા ખૂબ દુઃખીયારી છે. મહેનત મજૂરી કરીને આજીવિકા ચલાવે છે. ગરીબી છે પણ ગરીબાઈમાં અમીરી ઘણી છે. તેના છોકરાનું નામ હંસ હતું. માતાએ પોતાના લાડકવાયા પુત્રનું જીવન ઘણાં સુંદર સંસ્કારોથી ઘડયું હતું તેથી હંસનું જીવન પણ સદ્‌ગુણોની સુવાસથી મ્હેંકી રહ્યું હતું. હંસ મોટો થતાં માતાએ તેને ઘણાં કષ્ટ વેઠીને ભણાવ્યો. હંસ ભણીગણીને હોશિયાર થયો, પણ માતૃભક્તિ તે ભૂલતો નથી. માતાની સેવા ખૂબ કરે છે આથી માતાને ખૂબ સંતોષ થયો. હંસ ભણીગણીને તૈયાર થયો એટલે તેને કોઈ સારી મીલમાં નોકરી મળી ગઈ. હવે મા દીકરો સુખપૂર્વક જીવન નભાવવા લાગ્યા. માતાને પુત્ર પ્રત્યે ખૂબ લાગણી છે, વાત્સલ્યના વહેણ વહે છે. માતા તો સદા સંતાનો માટે હિત ઈચ્છતી હોય છે. તેનો પ્રેમ નિઃસ્વાર્થ હોય છે. આ પુત્રને માતા ઉપર ખૂબ પ્રેમ અને પૂજ્યભાવ છે, માતૃદેવોભવઃ એ સૂત્ર તેના હૃદયમાં કોતરાઈ ગયું છે. ખરેખર જે સંતાનોથી માતાપિતાને શાંતિ મળે અને તેમનું હૈયું ઠરે તે સાચા દીકરા પણ જે સંતાનો મા-બાપને અશાંતિ કરે, તેમનું હૈયું બાળે, તેમની આજ્ઞાનો અનાદર કરે તે દીકરા નહિ પણ દીકરા છે. એ સંતાન નથી પણ શેતાન છે. આ હંસને જે પગાર મળે છે તેમાંથી બંનેનો સંતોષથી જીવનનિર્વાહ થઈ શકે છે. આ બંનેની ધર્મ પ્રત્યેની ભાવના અને શ્રદ્ધા પણ ખૂબ છે.

એક વખતના પ્રસંગમાં એવું બન્યુ કે હંસને નોકરીએથી આવતાં મોડું થઈ ગયું. સૂર્યાસ્ત થઈ ગયો. અમાસ જેવું ઘમઘોર ભયંકર અંધારું છવાઈ ગયું, તે સમયમાં અત્યારના જેવી લાઈટો ન હતી. આવા અંધારામાં આવતાં ઘરની બહાર તેને એક ઝેરી સર્પે આવીને ડંખ માર્યો એટલે તેના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ, હંસની ચીસ સાંભળીને તેની માતા એકદમ ઘરમાંથી બહાર દોડી આવી અને પૂછયું કે દીકરા ! તને એકદમ શું થયું ? હંસે કહ્યું માતા ! મને સર્પ કરડયો છે. માતાએ અંધારામાં સર્પને જતાં જોયો પણ ધૂમાધૂમ ન કરી, કારણ કે કદાચ કોઈ ધૂમ સાંભળે તો સર્પને મારી નાંખે. તેના જીવનમાં અહિંસા ધર્મ વસેલો હતો. તે સમજતી હતી કે જગતના સર્વ જીવો જીવવાને ઇચ્છે છે. કોઈ મૃત્યુને ઈચ્છતું નથી. બધાને

જીવન પ્રિય છે ને મરણ અપ્રિય છે. એટલે ધૂમાધૂમ ન કરતાં તે દીકરાને ઘરમાં લઈ ગઈ, હંસકુમારને ધીમે ધીમે શરીરમાં ઝેર ચઢવા લાગ્યું. કુમાર સર્પના કાતીલ ઝેરથી બેભાન બની ગયો. માતા ખૂબ ઝૂરવા લાગી ને રડવા લાગી. છેવટે પુત્રનું બોળું માથામાં લીધું. ઘણાં ઉપચારો કર્યા છતાં મૂર્છા ન વળી, આંધળાની લાકડી સમાન, જીવનદીપક સમાન પોતાના એકના એક પુત્રની આવી દશા જોઈ માતા ખૂબ ગભરાઈ ગઈ, તે રડતી રડતી કહે છે હે વહાલા હંસ! તને શું થયું? તું એક વાર તો બોલ. હે હંસ! તારી આ વૃદ્ધ માતાનું શું થશે? તારી માતાનો પોકાર તો સાંભળ. આમ કરૂણ સ્વરે કલ્પાંત કરતી બોલી રહી છે. તેનો અવાજ સાંભળીને આડોશીપાડોશી બધા ભેગા થઈ ગયા. તે બધા કહે, મા! તારા દીકરાને સર્પદંશ થયો છે. તેને ભયંકર ઝેર ચઢી ગયું છે. તેં ઝેર ઉતારવા ઘણાં ઉપચારો કર્યા પણ ઝેર લોહીમાં ભળી ગયું લાગે છે.

હંસને જોઈને તેની માતા તો કાળો કલ્પાંત કરે છે. હે મારા લાલ! તું એક વાર તો બોલ. આંખ ખોલીને એક વાર મારા સામું તો જો. શું તું તારી પ્રેમાળ, મમતાળુ માતાને મૂકીને ચાલ્યો જઈશ? હે પુત્ર! આ તારી રાંક માતાનું શું થશે? શું આ રાંક માતાનું રત્ન રોળાઈ જશે! તારા વિના હું એક ક્ષણ પણ કેવી રીતે જીવી શકીશ? હે હંસ! તું શું મારાથી રિસાઈ ગયો છે કે જવાબ પણ આપતો નથી! આમ આખી રાત રડતી રડતી માતા 'હે હંસ! હે હંસ!' એમ પુત્રનું નામ લઈને કલ્પાંત કરી રહી છે. આમ થતાં આખી રાત પૂરી થઈને સવારનો સમય થયો ત્યાં પુત્રની લીલીછમ કાયા ધોળી થઈ ગઈ. થોડી વાર પછી ઉલ્ટી થઈ એટલે બધું ઝેર નીકળી ગયું ને હંસ ધીમે ધીમે ભાનમાં આવ્યો. આથી માતાના આનંદની અવધિ ન રહી. હંસને સર્પનું ઝેર ઉતરવાનું કારણ એ હતું કે માતા પોતાના પુત્રનું નામ હંસ હોવાથી વારંવાર કલ્પાંત કરતી હંસનું નામ બોલતી હતી, પરંતુ હં અને સ એ બંને અક્ષરો ગારૂડિક મંત્રના બીજક હોવાથી વારંવાર એ અક્ષરોનો પ્રયોગ થતાં ઝેર ઉતરી ગયું. માતા એ જાણતી ન હતી કે હંસ એ ગારૂડિક મંત્રના બીજક અક્ષરો છે. પુત્ર બેભાન અવસ્થામાં પડેલો હતો. આવા સંયોગોમાં પણ હંસ એવા અક્ષરોનું વારંવાર ઉચ્ચારણ કરવા માત્રથી હંસ શબ્દ મંત્ર રૂપ બની ગયો ને તેથી ઝેર ઉતરી ગયું.

બંધુઓ! શબ્દ તેના તે હોય પણ તેમાં જો ભાવ જોડાય અને શ્રદ્ધા સહિત તેનું સ્મરણ કરવામાં આવે તો તે મંત્ર રૂપ બની જાય છે. મોતી પડીકામાં હોય તો તેને મોતી કહેવાય પણ તે જ મોતીને દોરામાં પરોવાય તો તેને મોતીની માળા કહેવાય છે. તેમ જૈનદર્શન પણ એમ કહે છે કે જેના જીવનમાં એક વાર સમ્યક્ત્વનો દોરો પરોવાયો તેણે મોક્ષની ટિકિટ મેળવી લીધી. તે વીતરાગ બનવાને લાયક બન્યો. દોરા

વગરની સોય ખોવાઈ જશે પણ જો સોયમાં દોરો પરોવેલો હશે તો ગમે ત્યાંથી જડી જશે, તેમ જેના જીવનમાં સમ્યક્ત્વનો દોરો પરોવેલો છે તે આત્મા ચાર ગતિમાં ક્યાંય ખોવાઈ ગયો હશે તો તે ઠેકાણે આવી જશે. સમ્યક્ત્વ તો પારસમણી કરતાં પણ મહાન છે. પારસમણી તો લોખંડને સોનું બનાવે છે. પણ પારસમણી નથી બનાવતા જ્યારે સમકિત તો આત્માને પરમાત્મા, જીવમાંથી શિવ અને નરમાંથી નારાયણ બનાવે છે.

"અવિરતિ રૂપી ડાકણને દૂર કરો":–આત્મા સમ્યક્ત્વ પામ્યો પણ સમકિત પામ્યા પછી જો તેણે વિરતિ ધર્મનો સ્વીકાર કર્યો નથી તો તેને જોખમનો કોઈ પાર નથી. જે સમ્યક્ત્વ આત્માને મોટામાં મોટા અર્ધપુદ્ગલ પરાવર્તનકાળે મોક્ષ અપાવે છૂટકો કરે એવા સમ્યક્ત્વની કિંમત કેટલી? આ સમ્યક્ત્વને સાચવવા માટે, તેના રક્ષણ માટે વિરતિ અંગીકાર કરવી પડશે. જેની પાસે વિરતિ નથી એવા સમ્યક્ત્વી આત્માની સાથે અવિરતિ નામની જે બાઈ બેઠી છે તે કોઈ સામાન્ય નથી, એ તો મોટી ડાકણ છે. એનો વિશ્વાસ કયારે પણ કરશો નહિ. આ ડાકણને જ્યારે તક મળે છે ત્યારે તે જ પળે સમ્યગ્ દર્શન રૂપી બાળકને પીસી નાંખે છે. આમ વિચાર કરશું તો સમજાશે કે અવિરતિ રૂપી ડાકણ કરતાં સમ્યક્ત્વનું બળ ઘણું છે. વિરતિ હોય પણ જો સમ્યક્ત્વ ન હોય તો તેની કિંમત એકડા વગરના મીંડા જેવી છે. જો આ સમ્યક્ત્વ રૂપી મહાન રત્નને સાચવવું હોય તો અવિરતિને દૂર ખસેડવી પડશે. સમ્યક્ત્વ રત્નની સંપૂર્ણ રક્ષા માટે તો સર્વવિરતિ ધર્મ એ દાબડો છે. સમ્યક્ત્વી આત્મા સંસારમાં રહે તો આ રત્ન ચોરાઈ જવાની સંભાવના રહે ખરી, માટે તેની સંપૂર્ણ જાળવણી માટે સર્વવિરતિ ધર્મ એટલે ચારિત્ર માર્ગને અંગીકાર કરવો શ્રેષ્ઠ છે. સંયમ માર્ગની આસપાસ એવું અનુકૂળ વાતાવરણ સર્જાયેલું રહે છે કે જેથી આ રત્ન જલ્દી ચોરાઈ જતું નથી. જ્યારે સમકિત પામેલા પણ સંસારમાં રહેતા આત્માઓનું આજુબાજુનું વાતાવરણ ખૂબ લપસણું ને સુંવાળું હોય છે, સુંવાળી લપસણી જગ્યામાં સાચવીને પગ મૂકવા છતાં કયારેક પગ લપસી જાય છે ને પડતા હાડકાં ભાંગે છે તેમ લપસણા સંસારમાં રહેતાં સમકિત આત્માને કયારેક આ રત્ન જોખમમાં મૂકાઈ જાય છે. એક કવિએ આ સંસારને ચોરોની પલ્લી સાથે સરખાવ્યો છે. આપણી ચારે બાજુ અને આપણા ઘરમાં એ ચોરો રહેલા છે પણ તેમને ઓળખવા મુશ્કેલ છે. સગાંસંબંધી, માતા–પિતા, કુટુંબ પરિવાર તેમજ જડ પુદ્ગલો એ બધાના મોહાદિના કારણે સમ્યક્ત્વ રૂપી રત્નને લૂંટાઈ જતાં વાર લાગતી નથી. આ રત્નને મેળવવું ઘણું મુશ્કેલ છે. કહ્યું છે કે,

મહા રાજ્યસત્તાકા પાના, પુણ્ય યોગસે કઠિન નહીં,
પાના વિજય શત્રુઓ પર ભી, નહીં જગતમેં કઠિન કહીં,
તપ બલસે સુરપતિકા વૈભવ, કઠિન નહીં હૈ પા જાના,
પર અતિ દુર્લભ બોધિરત્નકા, મહા કઠિન જગમેં પાના.

મોટીસભા કે કૉંગ્રેસ જેવી મોટી સંસ્થાના પ્રમુખ તરીકેનું પદ મળવું અતિ મુશ્કેલ નથી. સાધારણ કુટુંબમાં જન્મેલા માણસને રાજ્ય મેળવવાની ઇચ્છા થાય અને પરાક્રમથી સતત પુરૂષાર્થ કરે તો સૈન્ય એકઠું કરી શત્રુની સાથે લડી કદાચ રાજ્ય પણ મેળવી શકે. શિવાજીએ સાધારણ સ્થિતિમાંથી પુરૂષાર્થ કરી મરાઠા સૈન્યને ભેગું કરી પરાક્રમથી લડાઈ કરી રાજ્યનો વિસ્તાર વધાર્યો. તપના બળથી ઇન્દ્રની પદવી પણ પ્રાપ્ત થાય છે. તામલિ તાપસે ઈશાનેન્દ્રની અને કાર્તિક શેઠે શકેન્દ્રની પદવી તપોબળથી મેળવી છે. પ્રમુખપદ, રાજ્યપદ અને ઇન્દ્રપદ એ ત્રણ પદવીઓ પ્રયત્ન દ્વારા મેળવી શકાય છે. આ ત્રણ પદવીઓ ભભકાદાર અને મોટી લાગે છે પણ બોધિરત્ન એટલે સમ્યક્ત્વ જેટલી તેની મહત્તા નથી. તે પદવીઓ થોડા માસ કે થોડા વર્ષો સુધી પોતાનો ચળકાટ બતાવે છે. તે એક ભવ પૂરતી છે. જ્યારે બોધિરત્નનો પ્રકાશ ભવોભવ સુધી રહે છે. એટલું જ નહિ પણ અનંત, અક્ષય, અવ્યાબાધ, મોક્ષનો શાશ્વત આનંદ આપનાર પણ તે જ છે.

આજનો દિવસ કેવો પવિત્ર ને મંગલકારી છે કે ઉપાશ્રયે નહિ આવનારા પણ આજે બધા આવે છે. આ પવિત્ર દિવસોમાં દેવો નંદીશ્વર દ્વીપે જઈને મહોત્સવ ઉજવશે. જ્યારે તમને સામાયિક લઈને બેઠેલા દેખે કે તપ કરતા દેખે કે સંયમી આત્માને દેખે ત્યારે જે સમકિતી દેવો છે તે બોલે છે કે ધન્ય છે આ મહાન ત્યાગી સંયમી આરાધકોને ! ધન્ય છે આ તપસ્વીઓને અને દેશવિરતિ શ્રાવકોને ! કે જેઓ ઉગ્ર તપશ્ચર્યાઓ કરી રહ્યા છે. સંયમી સાધકો રત્નત્રયીની સાધના વડે પ્રબળ પુરૂષાર્થ ખેડી કર્મની કાતીલ જંજીરોને તોડી રહ્યા છે. હે ભગવાન ! અમને આવો અવસર ક્યારે આવશે ? દેવોની પાસે ગમે તેટલા ભૌતિક સુખો હોય પણ તેમની પાસે વિરતિ નથી. સમ્યક્ત્વ પામેલા હોવા છતાં અવિરતિના ઘરમાં બેઠા છે. સમકિતી દેવો રોજ શું ભાવના ભાવે છે ? અહો હે પ્રભુ !

આવો અવસર અમને ક્યારે આવશે, ક્યારે પામીશું આર્ય નર અવતાર જો,
સર્વ દુઃખોનું અંત કરવાનું સ્થાન જ્યાં, જૈન શાસનમાં લેશું સંયમ ભાર જો.

અમને એવો સુંદર અમૂલ્ય અવસર ક્યારે આવશે કે આ અવિરતિના બંધન તોડી વિરતિને પામવા કીમતી માનવદેહ ક્યારે પામીશું ? જે શરીર દ્વારા સર્વવિરતિ એટલે ચારિત્ર માર્ગને અંગીકાર કરી સમ્યક્ પુરૂષાર્થ દ્વારા કર્મબંધન તોડી મોક્ષના મહાન સુખને મેળવી શકાય છે. એવો આર્ય ભૂમિમાં માનવદેહ ક્યારે પામીશું ? સમકિતી દેવો આર્યભૂમિ, માનવદેહ, જૈનશાસન, જૈનધર્મ અને સંયમ માર્ગને ઝંખતા હોય છે. તેમને દેવોના ભૌતિક સુખોમાં આનંદ નથી આવતો. મિથ્યાત્વી દેવોને એ સુખો છોડવાના થાય ત્યારે દુઃખ થાય છે, માટે ચતુર્ગતિમાં રખડતા આત્માને ઠેકાણે લાવવા સમ્યક્ત્વ રૂપી રત્નને પ્રાપ્ત કરવાની જરૂર છે.

આજે પર્યુષણ પર્વનો પ્રથમ દિવસ છે. આ પર્વ આપણા અંતરના બારણે ટકોરા વગાડીને કહે છે, હે આત્મા ! આ પર્વના દિવસોમાં તું કષાયો ઉપર વિજય મેળવ, આપણે વાત ચાલતી હતી કે કષાયો આપણું કેટલું અહિત કરે છે. બે બેનડીઓ ગુરૂદેવ પાસે આવીને વંદન કરીને પૂછે છે ગુરૂદેવ ! અમારા દીક્ષિત બનેલા ભાઈ કયાં ગયા ? ત્યારે ગુરૂદેવ કહે છે તેઓ જંગલમાં ગયા છે. ગુરૂદેવની વાત સાંભળી બંને બહેનો તે મુનિના દર્શન કરવા જંગલમાં ગઈ. જંગલમાં મુનિને શોધે છે પણ કયાંય દેખાતા નથી. છેવટે તેમની દૃષ્ટિમાં એક સિંહ પડે છે. મુનિને ન જોવાથી બહેનો પાછી આવીને ગુરૂદેવને કહે છે, ગુરૂદેવ ! અમે જંગલમાં ગયા પણ કયાંય મુનિ જોવામાં ન આવ્યા. એક સિંહ ઊભેલો જોયો. ગુરૂદેવ સમજી ગયા કે આ શિષ્યને જ્ઞાન પચ્યું નથી. તેમણે લબ્ધિથી સિંહનું રૂપ કર્યું હશે. તેમને જ્ઞાનનું અભિમાન આવી ગયું લાગે છે. હવે આ શિષ્યને વિદ્યા આપવાથી તેને જ્ઞાન પાચન થશે નહિ. જ્ઞાન પચે તેને અપાય છે, માટે માનને જીતવાની જરૂર છે. માયા અને લોભ પણ કષાય છે. હજારો વર્ષો સુધી તપ કર્યા પણ જો કષાયો પર વિજય મેળવ્યો નથી તો કેવળજ્ઞાન થવાનું નથી. તપ કરનારા પણ કષાયો પર વિજય નહિ મેળવનારા રહી ગયા અને કષાય વિજેતા, ક્ષમાસાગરો કલ્યાણ કરી ગયા. તેવા કંઈક દાખલાઓ છે.

આ પર્વમાં ચાર બોલની આરાધના કરવાની છેઃ દાન,શીયળ, તપ અને ભાવ. પરિગ્રહ સંજ્ઞાના વિષ ઉતારવા માટે દાન છે. જેમ કોઈને સર્પ કરડયો ને ઝેર ચઢયું તો તે ઝેર ઉતારવા ગારૂડી કે ગરૂડ પક્ષી આવે તો તે ઝેર ઉતરી જાય તેમ પરિગ્રહના ઝેર ઉતારવા માટે દાન એ સંજીવની છે. દાન કંઈ ફેંકી દેવા જેવો કે લૂંટાવી મારવા જેવો ત્યાગ નથી. એ તો જીવન રૂપ ધરતીમાં ધાન્યનું વાવેતર છે. જે અનેક ગણું થઈને પાછું મળવાનું છે. મૈથુન સંજ્ઞાને તોડવા માટે શીયળ છે. આહાર સંજ્ઞાને તોડવા અને અણાહારિક પદને પ્રાપ્ત કરવા તપ છે. અને ભયસંજ્ઞાને તોડવા માટે ભાવ છે. આ રીતે ધર્મ ચાર પ્રકારથી થઈ શકે છે. આજે જેની પાસે અઢળક સંપત્તિ છે તેઓમાં ઘણાં વ્યસની અને ઉડાઉ નજરે પડે છે. જરૂરિયાત વિનાની નકામી વસ્તુઓ પાછળ ધન વેડફી દેવાય છે. સંસારના કાર્યોમાં કરકસર કરો પણ દાન આપવામાં નહિ. ધર્મના ક્ષેત્રે ધનનો સદુપયોગ કરો. માત્ર સંગ્રહ કરવાની ભાવના ન રાખતા દાન ત્યાગની શુદ્ધ ભાવનાથી પણ જીવન પવિત્ર બને છે. શુદ્ધ ભાવનાથી પણ મહાન લાભ થાય છે. ભરત મહારાજાએ અરિસા ભવનમાં શુદ્ધ ભાવના ભાવતા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. પવિત્ર ભાવનાઓથી પર્યુષણ પર્વની આરાધના થઈ શકે છે. સમય ચાલ્યો જશે પછી પસ્તાવાનો પાર નહિ રહે. જે સમયને ઓળખીને એનો બરાબર લાભ લઈ લે એ બુદ્ધિમાન કહેવાય છે.

એક શ્રીમંત શેઠને ત્રણ દીકરાઓ હતા. વૃદ્ધાવસ્થાને કારણે શેઠનું શરીર ધીમે ધીમે અશક્ત થવા લાગ્યું. શેઠના મનમાં થયું કે હવે કાળરાજાની નોબત વાગી રહી છે. તો આ લક્ષ્મી ઉપર મારે મમત્વ શા માટે રાખવું ? એટલે શેઠે ત્રણ દીકરાઓ અને પુત્રવધૂઓને બોલાવી બધી મિલ્કત સરખા ભાગે વહેંચી આપી. શેઠની પાસે હવે એક ચંદ્રકાંત મણી છે. શેઠે કહ્યું હું જ્યાં સુધી જીવતો છું. ત્યાં સુધી આ મણી મારી પાસે રાખી! મારા મૃત્યુ બાદ તમે ત્રણે જણા વારા ફરતી ચાર ચાર મહિના રાખજો. મણીના ગુણ, તેની વિશેષતાઓ સમયે આવ્યે હું બતાવીશ.

આસો માસની શરદ્ પૂર્ણિમાની રાત્રી આવી. શેઠે આજે રાત્રે ત્રણે પુત્રોને બોલાવીને ચંદ્રકાંત મણીનું મહત્ત્વ બતાવવાનું નક્કી કર્યું. શેઠે રાત્રે ૧૧ વાગે ત્રણે પુત્રોને જગાડવા મોકલ્યા. પિતાની મિલ્કત તો મળી ગઈ હતી એટલે સૌથી મોટા અને બીજા નંબરના બે ભાઈઓએ વિચાર કર્યો કે અત્યારે મજાની સુવર્ણ ઊંઘ આવે છે તો આવી ઊંઘ બગાડીને આપણે જવું નથી. કાલે સવારે જશું, એમ વિચારીને આળસ કરીને તેઓ પિતાજી પાસે ન ગયા. નાનો છોકરો વિચાર કરે છે પિતાજી હવે વૃદ્ધ અને ખૂબ અશક્ત બની ગયા છે. તેમણે બોલાવ્યા ને જો હું ન જાઉં તો તેમને કેટલું દુઃખ થાય ? એમ વિચારી તે રાત્રે પિતા પાસે પહોંચી ગયો. દીકરો ગયો ત્યારે બાપા માળા ગણતા હતા એટલે છોકરાને થયું કે, બાપાજીની તબિયત તો સારી છે તો શું કામ માટે બોલાવ્યા હશે ? તેણે વિનયપૂર્વક પિતાજીને પૂછ્યું–પિતાજી ! ફરમાવો. આપની શું સેવા છે ? વિનયી સંતાનો માતા પિતા પાસે જઈને વિનયપૂર્વક તેમની ચરણરજ માથે ચઢાવી પૂછે છે કે અહો કૃપાળુ માતાપિતા ! આપની શું સેવા છે ? મારા લાયક સેવા ફરમાવો. અહીં નાના પુત્રે પણ એમ જ પૂછ્યું કે પિતાજી ! અમારા લાયક આજ્ઞા ફરમાવો. એમ ન કહ્યું કે અડધી રાત્રે તમે મારી ઊંઘ બગાડી. ભાષામાં પણ વિનય હોવો જોઈએ. શત્રુને મિત્ર અને મિત્રને શત્રુ બનાવનાર ભાષા છે.

નાના દીકરાનો વિનય વિવેક જોઈને પિતાજી ખુશ થયા ને કહ્યું તારા બંને ભાઈઓ કેમ નથી આવ્યા ? આજે મને મારું મૃત્યુ સૂજી આવ્યું છે. તો હું તમને બોલાવીને આ ચંદ્રકાંત મણીના વિધિવિધાન સમજાવી દઉં. શેઠ રાત્રે ૧૨ વાગે નાના પુત્રને લઈને અગાશીમાં ગયા. અડધો પાણીનો ભરેલો કુંભ મંગાવ્યો. ચંદ્રકાંતમણી મંગાવ્યો અને ઘરમાં જેટલું લોઢું હતું તે બધું મંગાવી ઢગલો કર્યો. ચંદ્રકાંતમણીને પાણીથી ભરેલા કુંભમાં મૂકી દીધો. ચંદ્ર અને મણીના કિરણો જ્યારે એક થાય છે, ત્યારે મણીમાંથી સુવર્ણરસ નીકળીને લોઢા ઉપર ફેંકાય છે અને લોઢું સુવર્ણ બની જાય છે. નાના પુત્રને આ મણીની ઓળખાણ થઈ ગઈ. તેના વિધિવિધાનો બધા સમજી લીધા. પિતાએ આ ચંદ્રકાંતમણી તેને સોંપી દીધો અને દરેક ભાઈના ઘેર ત્રણ ત્રણ મહિના રાખવાનું કહ્યું, પછી પિતાજી બધું આલોવી, વ્રત નિયમ લઈને તરત પરલોકવાસી

થયા. નાનો પુત્ર દોડતો બધાને બોલાવવા ગયો. અને છેવટે અંતિમ ક્રિયા કર્યા બાદ નાનાભાઈએ ચંદ્રકાંતમણી મોટાભાઈને આપ્યો.

આ મણી રાત્રે ચંદ્રના પ્રકાશની જેમ અજવાળા પાથરવા લાગ્યો. ઘરમાં ઝાકઝમાળ અજવાળા પથરાઈ ગયા. તેણે વિચાર્યું કે હાશ, હવે દીવો કરવો મટી જશે. બીજા ભાઈએ જોયું કે આ મણીથી પ્રકાશ ખૂબ પથરાયો છે તો આપણા ઘરમાં માંકડ બહુ કરડે છે. આ મણીના પ્રકાશમાં બરાબર માંકડ વીણી શકાશે. આ રીતે બધો સમય તેણે માંકડ વીણવામાં પસાર કર્યો. છેલ્લે નાનાભાઈની પાસે આ મણી આવ્યો. એણે તો પિતાની બતાવેલી રીત પ્રમાણે લાખો મણ લોઢું સુવર્ણ બનાવી દીધું ને લાખોની સંપત્તિનો માલિક બની ગયો. આ જોઈને બંને ભાઈઓના મનમાં થયું કે પિતાજીએ ચંદ્રકાંતમણીના વિધિવિધાન, તેનું રહસ્ય એ ફક્ત નાનાભાઈને બતાવ્યું લાગે છે. આપણને તો કંઈ બતાવ્યું નથી. ખરી રીતે તો જો આપણે સમજીએ તો પિતાજીએ તો ત્રણે પુત્રોને બોલાવ્યા હતા પણ મોટા બે ભાઈઓને મીઠી ઊંઘ છોડીને પિતાજી પાસે જવું ગમ્યું નહિ. આપણે તો અહીં એ સમજવું છે કે બે મોટા છોકરાઓ પ્રમાદ કરીને રાત્રે ન ગયા તો દ્રવ્ય લાભ મળતો ગુમાવી દીધો, તેમ આપ બધા આજે નહિ કાલે કરીશું એમ માનીને બેસી ગયા છો પણ વિચાર કરો બાલપણ તો બેલકૂદમાં ગુમાવ્યું, જુવાની બેશઆરામમાં વીતાવી અને વૃદ્ધાવસ્થામાં તો પરાધીન દશા થઈ જાય છે તો પછી ધર્મ ધ્યાન ક્યારે કરશો ? ગયેલો સમય ફરીને પાછો આવતો નથી.

આ પર્વના દિવસોમાં ઉપાશ્રયે નહિ આવનારા ઉપાશ્રયે આવશે, સામાયિક પ્રતિક્રમણ કરશે, યથાશક્તિ તપ કરશે, દિવાળી આવે ત્યારે તમે ચોપડા ચોખ્ખા કરો છો. આ વર્ષમાં નફો કેટલો થયો તેનું સરવૈયું કાઢો છો, આ પર્યુષણ પર્વમાં આત્માએ સરવૈયું કાઢવાનું કે મારા જીવનમાંથી ક્રોધ–માન–લોભ કેટલા ઓછા થયા ? આજનો દિવસ એ સૂચન કરે છે કે

પુદ્ગલભાવની દૂર થાયે પસ્તી, અંતરમાં જાગે આત્મભાવની મસ્તી,
અનાદિની પ્રકૃતિ ત્યાંથી ખસતી, પછી નથી ત્યાં કોઈ જાતની તસ્તી.

આત્માને પુદ્ગલ પસ્તી જેવા લાગે અને તે પસ્તીને દૂર કરે તો આત્મભાવની મસ્તી જાગે. આત્મભાવની મસ્તી જાગવાથી કર્મબંધન કરાવે એવી પ્રકૃતિ દૂર ખસે. પ્રકૃતિ દૂર ખસે પછી કોઈ જાતની તસ્તી રહેતી નથી માટે પુદ્ગલ ભાવની પસ્તીને દૂર કરો. જીવ આખો દિવસ શરીરની આળપંપાળમાં વીતાવે છે. તપ કરવાનું કહીએ તો કહેશે કે મારાથી તપ બની શકતો નથી. પુરાણા કર્મોને બાળવા માટે તપ એ અમોઘ હથિયાર છે. આ મંગલ દિવસોમાં ભગવાન મહાવીરનું સ્મરણ કરીએ કે તેમણે કેટલા ઉગ્ર તપ કર્યા ? ચોમાસી, છમાસી, બે માસી વગેરે અનેક તપ કર્યા. પાંચ મહિના ને ૨૫ દિવસનો પણ તપ કર્યો. તેમાં તો ૧૩ બોલનો અભિગ્રહ હતો. અભિગ્રહ

એટલે રોજ ઘરઘરમાં ગોચરી નીકળવું પડે. જો અભિગ્રહ પૂરો થાય તો પારણું નહિતર ઉપવાસ કરવો પડે.

આપણા શાસનપતિ ભગવાન પાંચ માસ ને ૨૫ દિવસથી ફરે છે પણ અભિગ્રહ પૂરો થતો નથી. દેવો પણ વિચાર કરે છે કે જગત ઉદ્ધારક, શાસનનાયક ભગવાનનું પારણું કયારે થશે ? આમ ફરતાં ફરતાં ભગવાનને છેલ્લો દિવસ આવી ગયો અને એક ઘરના આંગણે જઈ ચઢયા. તો ત્યાં નિર્દોષ બાળા ઉંબરામાં બેઠી છે. એક પગ ઉંબરામાં છે ને બીજો પગ ઉંબરા બહાર છે. મુખે અઠ્ઠમ છે, હાથપગમાં બેડીઓ છે, માથે મુંડન છે. ભગવાનના અભિગ્રહના બધા બોલ પૂરા છે. એક બોલ અધૂરો છે તેથી ભગવાન પાછા વળ્યા, એટલે સતી ચંદનબાળાના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ ને આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. ચીસના અવાજે ભગવાને જોયું તો સતીની આંખમાં આંસુ જોતા ભગવાન પાછા વળ્યા. ભગવાનને પાછા વળતા જોઈ ચંદનબાળાના હૃદયમાંથી રણકાર નીકળ્યો.

"આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર મારા આંગણા સૂના.
રોતી રોતી ચંદનબાળા વિનવે છે આજ મારા આંગણા સૂના,
અહો પ્રભુ શું ઓછું આવ્યું દડ દડ આંસુ પડ્યા...મારા.

"આંખના આંસુએ પાછા વળેલા ભગવાન" :– હે ભગવાન ! આપ પધારો. મારા મનના આંગણીયા સૂના પડી ગયા છે. બંધુઓ ! આ ચંદનબાળાના માથે કષ્ટોના પહાડ તૂટી પડયા છતાં તેની આંખમાં આંસુ આવ્યા નથી, પણ પ્રભુને પાછા વળતા જોયા ત્યાં એનું હૈયું હાથ ન રહ્યું ને આંખમાંથી આંસુની ધાર થઈ. ચંદનબાળા એક સામાન્ય ઘરની દીકરી ન હતી પણ એક રાજકુમારી છે. મહાન રાજસુખમાં ઉછરેલી છે. યુદ્ધમાં પિતા મરી જવાથી ધારણી માતા અને પુત્રી ચંદનબાળા શીલ સાચવવા ત્યાંથી ભાગી છૂટયા. સારથીની ધારણી રાણી પર કુદૃષ્ટિ થતાં રાણી શીલ સાચવવા ગળે ટૂંપો દઈને મરી ગઈ. માતાના પ્રેમ અને વાત્સલ્ય ગુમાવેલી ચંદનાને આઘાત લાગ્યો. સારથીએ ચંદનાને વેશ્યાને ત્યાં વેચી પણ ચંદનાનો શીલ સાચવવા માટેનો અંતરનો પોકાર શાસનના દેવોએ સાંભળ્યો ને તેને ત્યાંથી છોડાવી, પછી શેઠ તેમના ઘેર લઈ આવ્યા.

"દુઃખમાં સુખનો અનુભવ કરતી ચંદના" :– ત્યાં મૂળા શેઠાણીએ તેના હાથપગમાં બેડીઓ નાંખી માથે મુંડન કરી ભોંયરામાં પૂરી દીધી. કર્મની ફિલોસોફીને સમજેલી ચંદના ભોંયરામાં બેઠા બેઠા મહાવીરાય નમઃ નો જાપ કરતી દુઃખમાં પણ સુખનો અનુભવ કરતી હતી. મૂળા શેઠાણીએ માથે મુંડન કર્યું ત્યારે એણે એ જ વિચાર્યું કે મારી પાલક માતાએ મારા પર કેટલો ઉપકાર કર્યો કે માથું ઓળવામાં સમય બગડે છે તે સમય ન બગડે ને હું પ્રભુ સ્મરણ વધુ કરી શકું તે માટે માથે

મુંડન કરાવ્યું છે. હાથપગમાં બેડીઓ નાંખી તો તેણે એ જ વિચાર કર્યો કે જો બેડી ન હોય તો ઉઠવા બેસવાનું મન થાય પણ આ તો નિરાંતે પ્રભુભક્તિ કરું તે માટે મને કેટલી અનુકૂળતા કરી આપી છે! કેટલી સુંદર વિચારણા! દુશ્મન પ્રત્યે પણ પ્રેમ દૃષ્ટિ! અવગુણમાં પણ ગુણ જોવાની કેવી ભવ્ય ભાવના!

આવી ચંદનબાળાના માથે દુઃખની ઝડીઓ વરસી છતાં એક આંસુ નહિ પણ ભગવાન પાછા વળ્યા ત્યાં આંસુનો બંધ છલકાઈ ગયો. અહો પ્રભુ! આપને શું ઓછું આવ્યું કે આપ પાછા વળ્યા? ચંદનાનો પોકાર સાંભળી બધા બોલ પૂરા થતા ભગવાન પાછા વળ્યા. તેણે અંતરના ઉમળકાથી, હૈયાના હેતથી ભગવાનને બાકુળા વહોરાવ્યા. ત્યાં દેવોએ ઘોષણા કરી ધન્ય છે ધન્ય છે સતી ચંદનબાળાને! ત્યાં સાડા બાર કોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. તેના બેડીના બંધન પણ તૂટી ગયા. ત્યાંના રાજા પણ ચિંતા કરતા હતા કે ભગવાનનું પારણું કયારે થશે? ત્યાં ખબર પડી કે ભગવાનને પારણું થઈ ગયું એટલે રાજારાણી આવ્યા. જોયું તો પોતાની ભાણેજને જોઈ. તેની માસી મૃગાવતી કહે, તને આવા દુઃખો પડયા છતાં તું મારે ત્યાં ન આવી? પણ તે સમયે તેના કર્મો એવા હતા કે જો તે ગઈ હોત તો પણ માસી સગી ન થાત. હવે તેના કર્મો પૂરા થયા. ચંદનબાળા દીક્ષા લઈને ભગવાનના ૩૬૦૦૦ શિષ્યાઓમાં વડેરા સાધ્વી બન્યા. કહેવાનો આશય એ છે કે ચંદનબાળાને આટલા ઉપસર્ગો આવ્યા છતાં શત્રુ પર તેણે ક્રોધ ન રાખ્યો પણ ક્ષમા રાખી.

આપણે પણ આ પર્વના દિવસોમાં શત્રુને ક્ષમા આપવાની છે. કર્મોના કાજળને ધોવાના આ પવિત્ર દિવસો છે. તપના માંડવડા આપણે ત્યાં રોપાઈ ગયા છે. આ પર્વાધિરાજના સ્વાગત તપ અને ક્ષમાથી કરવાના છે. પાણીને સ્વચ્છ કરવા ફટકડી, કપડાને સ્વચ્છ કરવા સાબુ, સોનાને શુદ્ધ કરવા તેજાબ અને અગ્નિની જરૂર છે, મશીનરી સાફ કરવા પેટ્રોલની જરૂર છે તેમ અનંતજ્ઞાનીઓ કહે છે કે જીવનને પવિત્ર, નિર્મળ અને શુદ્ધ બનાવવા તપની જરૂર છે. કરોડો ભવોના સંચિત કરેલા કર્મોને બાળવા માટે તપ રૂપી અગ્નિની જરૂર છે. આપણે ત્યાં વસુબહેનને આજે ૪૩ મો ઉપવાસ છે. ડોકટર કોઠારી સાહેબને ૨૩ મો અને પ્રફુલ્લાબહેનને ૨૩ મો ઉપવાસ છે. તેમના તપ જોઈને આપ પણ તપનો રંગ લગાડજો. તપ વિના કર્મ ચકચૂર નહિ થાય. એક શ્લોકમાં કહ્યું છે કે,

"मलं स्वर्णगतं वन्हि, हंस क्षीर गतं जलं।
यथा पृथक्करोत्येवं, जन्तो कर्ममलं तपः॥

તપ રૂપી તાપ વિના તેજસ્વીતા પ્રાપ્ત થવી અશકય છે. ખાણમાંથી નીકળેલું સોનું મેલમિશ્રિત હોય છે. કેટલાય વર્ષોથી એ સુવર્ણ સાથે એકમેક થઈ ગયેલા મેલને છેદવાની તાકાત એક માત્ર અગ્નિ છે. દૂધ સાથે એકમેક થઈ ગયેલા પાણીને અલગ

કરવાની શક્તિ હંસ ધરાવે છે. એમ આપણો આત્મા અનંતકાળથી કર્મના કચરાથી મેલો બની ગયેલો છે. એ મેલનો નાશ કરવાની તાકાત તપ ધરાવે છે. તપની ધૂણી ધખાવીએ એટલે આત્મા નિર્મળ બનતો જાય. જીવ જન્મે છે ત્યારથી એ આહાર સંજ્ઞાની આરતી ઉતારવા મંડી પડે છે. એની આ આરતી મૃત્યુની છેલ્લી પળ સુધી ચાલુ રહે છે. એક દૃષ્ટિએ એમ કહી શકાય કે આહાર સંજ્ઞાની આધારશિલા પર ભયસંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા ફાલેફૂલે છે. આ ચારે સંજ્ઞાના કારણે ચોરાશીના ચક્કરમાં પીસાતા માનવે મુક્તિના સુખનો આનંદ લૂંટવો હોય તો સૌ પ્રથમ આહારસંજ્ઞા પર કાબૂ મેળવવો જોઈએ. આહારસંજ્ઞા પર કાબૂ આવી જાય તો પછી બીજી ત્રણ સંજ્ઞાઓ ધીમેધીમે નિર્બળ બન્યા વિના રહે નહિ. આહારસંજ્ઞા તપની તાકાતથી કાબૂમાં આવી શકે છે. આપ બધા આ પર્વના દિવસોમાં તપ ત્યાગમાં જોડાજો. વધુ ભાવ અવસરે.

○ ○ ○

વ્યાખ્યાન નં. ૩૬

શ્રાવણ વદ ૧૪ મંગળવાર "મોક્ષ એટલે શું?" તા. ૨૧-૮-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! આજે તો પાવનકારી પર્યુષણ પર્વનો બીજો દિવસ છે. અધ્યાત્મવાદની મધુરી વીણા વગાડવાના આ પવિત્ર દિવસો છે. આવા મહાન પર્વો સંસારી આત્માઓને ભવસાગરમાં ઝોલા ખાતી જીવન નૌકાને પાર પહોંચાડવા માટે દીવાદાંડી સમાન બની રહે છે, કોઈ પણ આત્મા સાથે વૈર વિરોધ થયા હોય તેની સાથે સાચા હૃદયે હાર્દિક ક્ષમાપના કરવાની હાકલ કરે છે. પર્વાધિરાજ પર્વની પધરામણી થતા શુભ ભાવોની માળાના ગંજ ખડકાતા જાય છે. અનંતકાળના ભવોની ભૂલો સુધારવા, ગુણોનો સરવાળો અને બૂરાઈની બાદબાકી કરવા આ મંગલ પર્વનો પર્વ આપણા આંગણે આવ્યું છે. પર્વાધિરાજનો બીજો દિવસ તો આવી ગયો. સારા દિવસો જતા વાર લાગતી નથી. દુઃખના દિવસો ડુંગર જેવડા લાગે છે ને સુખના દિવસો રાઈ જેવડા લાગે છે. આ મંગલ દિવસોમાં આરાધકોના અંતરમાં ભાવનાની ભરતી આવે છે. પુનમ અને અમાસના દિવસે દરિયામાં પૂરજોશમાં ભરતી આવે છે. બીજા દિવસોમાં તેટલી ભરતી નથી આવતી, તેમ આ દિવસોમાં તપ ત્યાગની વધુ ભરતી આવે છે. આ દિવસોની વિશેષ મહત્તા છે. શાસ્ત્રકાર ભગવાન આ પર્વનો મહિમા બતાવતા કહે છે કે મંત્રોમાં પરમેષ્ઠિ મંત્ર, સર્વદાનોમાં અભયદાન, વ્રતોમાં બ્રહ્મચર્ય, ગુણોમાં વિનય શ્રેષ્ઠ છે તેમ સર્વ પર્વોમાં પર્યુષણ પર્વ એ શ્રેષ્ઠ કોટીનું પર્વ છે. આ પર્વ સર્વ પર્વોનો રાજા છે.

આ પર્યુષણ પર્વમાં ઘેર ઘેર તપની મ્હેંક મ્હેંકી ઉઠી છે. નાના મોટા સર્વ આનંદના હિંડોળે હિંચકા ખાઈ રહ્યા છે. આપણી જીવન નદી સંસારના વિલાસી વાતાવરણથી ઐફામ બની ગઈ છે. જીવન નદીના એ વહેણને વાળવા માટે જૈન શાસને પર્યુષણ પર્વની બંધ યોજના યોજી છે. દર વર્ષે આ બંધ યોજનામાંથી આઠ દિવસની આરાધનાની નહેર દ્વારા સંવત્સરી પર્વના પ્રાણ સમ "મિચ્છામિ દુક્કડં" રૂપી જળ લોકોને અપાય છે. જેમ શરીર ગંદું ને મેલું હોય તો મનનો આનંદ માર્યો જાય છે. શુદ્ધ પાણી દ્વારા શરીરને શુદ્ધ બનાવે છે ત્યારે જીવ આનંદ અનુભવે છે તેમ "મિચ્છામિ દુક્કડં" ના શુદ્ધ પાણી દ્વારા વૈર વિરોધ અને ક્રોધાદિ કષાય રૂપ આત્માના મેલ ધોવાય છે તેથી આત્મામાં કોઈ અલૌકિક આનંદ અને પ્રસન્નતાનો અનુભવ થાય છે. પર્યુષણ પર્વ એટલે કમાણી કરવાની સાચી સીઝન. જેમ વહેપારી લોકો વહેપારની સીઝનમાં આખા વર્ષની કમાણી કમાઈ લે છે તેમ આ પર્વમાં દાન, શીયળ, તપ, ભાવ, સદાચાર, સંયમ, પ્રતિક્રમણ, પૌષધ આદિ અનુષ્ઠાનો દ્વારા ભવ્ય આત્માઓ ધર્મની સાચી કમાણી કરી લે છે.

બંધુઓ! આજના યુગમાં માનવી ક્રોધ વિરોધની અવાવરી ઓરડીઓમાં ગુંગળામણ અનુભવી રહ્યો છે. માનવીના અંતરને પ્રેમનો થોડો પવન મળવો પણ અશક્ય બની ગયો છે. મૈત્રી મોંઘી બની રહી છે, સ્નેહની સરિતા સૂકાઈ રહી છે. વિશ્વાસ નિઃશ્વાસ લઈ રહ્યો છે. દુશ્મનાવટ દમકી રહી છે. પ્રેમ પાતાળમાં પહોંચી રહ્યો છે. આવા સમયે આ પર્વાધિરાજ પર્વ ક્ષમાના નીર છાંટીને મૈત્રી ભાવની મધુરી માદક મ્હેંકાવે છે. એકબીજા વચ્ચે ગૈરની સાંકળ તોડીને પ્રેમની પરિમલ પ્રસરાવે છે. દુશ્મનને દોસ્ત અને ગૈરીને વહાલા બનાવે છે. ભૂતકાળમાં આપણો ભારત દેશ અહિંસાની આરામશય્યા પર આરામ કરતો હતો. આજે તે જ દેશમાં ભયંકર હિંસાના તાંડવ સર્જાઈ રહ્યા છે. અહિંસાની આહૂલેક પૂકારતું પર્યોતું પર્વ અહિંસાનો દિવ્ય સંદેશો આપે છે. આ પર્વ આવતા તપ કરનારાઓની ભાવના ઓર વધી જાય છે. કોઈ પણ દિવસ તપ નહિ કરનારા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠાઈ, સોળભથ્થુ અને માસખમણ આદિ મોટી તપશ્ચર્યાઓ કરીને જીવનને પવિત્ર બનાવે છે. આ દિવસોમાં શું કરવાનું છે તે માટે કહ્યું છે કે,

ભાવનામાં ભરતી લાવો, જાગૃતિ જીવનમાં લાવો,
અવસર આ અણમોલો છે વધાવી લો, વધાવી લો.

શુભ ભાવનામાં ભરતી લાવો. જીવનમાં જાગૃતિ લાવો. શ્રદ્ધાના દીપક પ્રગટાવો, હજુ જીવને ધર્મ પ્રત્યે શ્રદ્ધા નથી. કંઈક અજ્ઞાની જીવો એમ બોલે છે કે અમને ધર્મનું ફળ પ્રત્યક્ષ બતાવો. તો હું તેવા જીવોને પૂછું છું કે તમે નારંગી, સંતરા બધું દેખો છો પણ તેના મૂળને જોઈ શકો છો? ના. ઝાડના ફળ, ફૂલ, પાંદડાં બધું

દેખાય પણ તેના મૂળીયાં ન દેખાય તેથી એમ માનવું કે મૂળીયું નથી ! ઝાડ છે તો મૂળીયું છે જ. એમ શ્રદ્ધા રાખવી પડે. ભગવાન બોલ્યા છે કે **"आहच्च सवणं लच्छुं, सध्धा परम दुल्लहा"** । કદાચિત વીતરાગ વાણીનું શ્રવણ કરવાનું મળી જાય પણ તેના પર શ્રદ્ધા થવી બહુ મુશ્કેલ છે. જેને શ્રદ્ધા થાય છે તેનો બેડો પાર થાય છે. એકલવ્ય દ્રોણાચાર્ય પાસે વિદ્યા મેળવવા ગયો. ગુરૂદેવ ! મને વિદ્યા આપો. દ્રોણાચાર્યે પૂછયું તું કઈ જાતિનો છે ? હું કોળી જાતિનો છું. ગુરૂદેવે કહ્યું કોળીને ધનુર્વિદ્યા નહિ આપું. એકલવ્યના મનમાં થયું કે જ્ઞાન આપવામાં પણ જાતિભેદ ? તે નિરાશ થઈ ગયો. થોડી વારે નિરાશામાં આશાનું કિરણ પ્રગટયું. ગુરૂદેવે ભલે મને ના પાડી પણ મેં તેમના દર્શન કરી લીધા. તેમની આકૃતિ મારા હૃદયમાં સ્થાપિત થઈ ગઈ છે, તેથી તેણે દ્રોણાચાર્યની આકૃતિ જેવું માટીનું પૂતળું બનાવ્યું. તે રોજ તેની પાસે જઈને બેાપડી મૂકે ને પેાતે પાઠ લે. આ રીતે હૃદયમાં શ્રદ્ધાપૂર્વક ગુરુનું સ્થાપન કરી ધનુર્વિદ્યા શીખી ગયા, અને અર્જુન કરતાં પણ ચઢી જાય એવી વિદ્યા પ્રાપ્ત કરી. આ છે શ્રદ્ધાનેા પ્રભાવ.

આજના મંગલ દિવસે એક શિષ્યે ગુરુદેવને પ્રશ્ન કર્યો કે ગુરૂદેવ ! મેાક્ષ એટલે શું ? મેાક્ષ કેવી રીતે મળે ? જે આત્માને જાણવાની જિજ્ઞાસા થઈ તે કંઈક પામી શકશે. જિજ્ઞાસા થઈ એટલે બીજના ચંદ્ર સમાન બન્યેા. બીજના ચંદ્રમાંથી છેવટે પુરૂષાર્થ વધતાં પૂર્ણિમાનેા ચંદ્ર બની શકશે. ભગવતી સૂત્રમાં પૃચ્છા થઈ કે ભવી કેાને કહેવાય અને અભવી કેાને કહેવાય ? ત્યારે ભગવાને કહ્યું જેના મનમા સંશય થાય છે કે હું ભવી છું કે અભવો ? તે ભવી સમજવેા. અભવીને આવી શંકા થાય નહિ. શિષ્યે જ્યારે ગુરુદેવને આ પ્રશ્ન કર્યો ત્યારે ગુરૂદેવ કહે છે **"कृत्स्न कर्मक्षयो मोक्ष :"** હે શિષ્ય ! આઠે કર્મોનેા સર્વથા નાશ થઈ જવેા તેનું નામ મેાક્ષ. જ્યાં સુધી આત્મા ઉપર કર્મો લાગેલા છે ત્યાં સુધી તેનેા મેાક્ષ થતેા નથી. જેને મેાક્ષની ચાહના છે તેને સંસારના સુખ સારા લાગતા નથી. જેને મેાક્ષ જોઈએ તેને સંસાર સુખ ન ગમે. મેાક્ષના અભિલાષી જીવોની પાસે સંસારના વૈભવ વિલાસની ગમે તેવી મોટી વાતેા ચાલતી હેાય તેા પણ એના દિલમાં ઉમળકેા કે ઉલ્લાસ ન આવે. એ તેા એ જ વિચારે કે જે સંસારના ભેાગ ૦ા કલાક હસાવી પાંચ કલાક રડાવે છે તેમાં આનંદ શું ? સંસારના ભેાગ એટલે પુણ્ય બધું વટાવી ખાવાનું અને શિરપાવમાં અઢાર પાપસ્થાનકની રમતના ચેાગે અઢળક પાપના વારસા મળે. સંસાર એટલે શું ? માલ ખાવાની વાત પેાકળ (બાજુમાં રહી) પણ દુર્ગતિમાં માર ખાવાનેા નક્કી. સંસાર સુખો ભેાગવતાં આત્મિક માલ તેા ન મળે પણ નરક, તિર્યંચ આદિ દુર્ગતિના દુઃખો ભેાગવવાના નક્કી. દા. ત. બ્રહ્મદત્ત ચક્રવર્તિએ છ ખંડની સાહ્યબી ભેાગવી, ચક્રવર્તિના મહાન સુખો ભેાગવ્યા પણ તેના પરિણામમાં શું ? કંઈ માલ મળ્યેા ? અરે, આત્મિક માલ મળવાની વાત તેા બાજુમાં રહી પણ

નરકગતિના ભયંકર માર મળ્યા. મોક્ષ એટલે જ્યાં માર ખાવાની તો વાત જ નહિ પણ માલ મળવાનો નકકી. જ્યાં કર્મો છે ત્યાં જીવને માર ખાવો પડે છે પણ મોક્ષમાં ગયા એટલે આત્મા સર્વથા કર્મથી રહિત થઈ ગયો એટલે માર ખાવાનો બંધ થયો. કર્મથી રહિત થયો એટલે એને અનંતજ્ઞાન, અનંતદર્શન, સુખ, વીર્ય આદિ આત્મિક માલ મળવાનો. હવે હું તમને પૂછું છું કે તમારે શું જોઈએ છે? જ્યાં માલની નકકર વાત છે ને માલ પોકળ છે તે ખપે? કે જ્યાં માર નકકી છે ને માલ પોકળ છે તે જોઈએ છે? અનાદિ અનંતકાળથી આ આત્મા કર્મબંધનના કારણે સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે ને કર્મોના માર ખાઈ રહ્યો છે. જે આત્માને મોક્ષ મેળવવાની જિજ્ઞાસા જાગી છે તે આત્મા પોતાના સમ્યક્ પુરૂષાર્થ દ્વારા મોક્ષ મેળવવા માટે પ્રયત્ન કરશે.

એક સામાન્ય ન્યાય આપું. વહેપારીના દીકરાને સામાન્ય રીતે બધા શેઠ કહીને બોલાવે, પરંતુ જે છોકરો લેવડદેવડના કામમાં સમજતો નથી, નામું જાણતો નથી તેને તમે ગલ્લા પર બેસાડો ખરા? ન બેસાડો કારણ કે એનામાં યોગ્યતા નથી. ચોથું ગુણસ્થાનક એ મોક્ષનો ગલ્લો છે. આ ગલ્લા ઉપર તો તે જ બેસી શકે કે જેનામાં મોક્ષની સાધ્યતા પ્રત્યે વિવેક હોય. જે જૈનકુળમાં જન્મ્યો છે તે મહાન ભાગ્યશાળી છે પણ જે તમામાં આ મોક્ષનો વિવેક છે, મોક્ષ એ જ એક સાધ્ય છે. એવી જેના આત્મામાં શુદ્ધ શ્રદ્ધા થઈ છે તે ચોથા ગુણસ્થાનને યોગ્ય છે. યુદ્ધમાં લડાઈના કેદી તરીકે શત્રુના કબજામાં ગયેલો માણસ શત્રુના રક્ષણ માટે કિલ્લો ચણે છે, પરંતુ તેના હૃદયમાં તો એ જ ભાવના હોય છે કે કયારે લાગ મળે અને આ કિલ્લાને ઉડાવી દઉં! આ ન્યાય આપણા આત્માને લાગુ પડે છે. આત્મા શરીરના આશ્રયે રહેલો છે. પરંતુ તે આત્માની ઇચ્છા એક જ હોવી જોઈએ કે કયારે સમય મળે ને આ શરીર આદિનો વ્યવહાર છોડીને એક માત્ર મોક્ષની આરાધના કરું. ચોથા અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનકથી આ ભાવનાની શરૂઆત થાય છે. તે ભાવના ૧૩ મા ગુણસ્થાનક સુધી રહે છે. જ્યારે કર્મના કિલ્લાનો નાશ થાય છે ત્યારે આ ભાવના પણ જાય છે. આત્મા ૧૩ મા ગુણસ્થાનકે આવે છે ત્યારે તેના ઘાતી કર્મોનો નાશ થઈ જાય છે પછી આવી ભાવના રહેવા પામતી નથી. જે આત્મા તેરમા ગુણસ્થાનકે પહોંચ્યો છે તેને એવા વિચારોની જરૂર હોતી નથી કે મારા લશ્કરનો વિજય થાઓ કે કર્મના કિલ્લાનો નાશ થાઓ. મોક્ષનો વિચાર પણ તેને કરવાનો હોતો નથી, કારણ કે ત્યાં આત્મા ઘાતી કર્મોથી નિવૃત્ત થયો છે ને મોક્ષના દ્વારમાં ઉભો છે પછી તેને મોક્ષનો વિચાર કરવાનો ન હોય એ તો સહેજે સમજી શકાય તેવું છે. સાથે એક વાત યાદ રાખજો કે જે વાત તેરમા ગુણસ્થાનકે છોડવાની છે તેને પહેલેથી છોડી દેશો તો પછી તમારો કયાંય પત્તો નહિ લાગે. આત્મા તેરમા ગુણસ્થાનકે પહોંચ્યો એટલે કેવળી બની ગયો. જેમ વૈદ પોતે નિરોગી હોવા છતાં બીજાને માટે પોતે દવાનો બાટલો હાથમાં લે છે તે રીતે કેવળી ભગવંતો પણ બીજા માટે મનનો ઉપયોગ કરે છે. રોગીને માટે

જેમ વૈદ દવા વાપરે છે તેમ કેવળી ભગવંતો જે અનુત્તર વિમાનના દેવો મન વડે શંકાશીલ થઈને મન દ્વારા પ્રશ્ન કરે છે તેમના સમાધાન માટે પોતાના મનના પુદ્ગલો પરિણમાવે છે.

આપણે વાત ચાલતી હતી કે શિષ્યે ગુરૂને પ્રશ્ન કર્યો કે મોક્ષ કોને કહેવાય? અને મોક્ષ કેવી રીતે મળે? મોક્ષ કોને કહેવાય તે વાત આપણે કરી. હવે મોક્ષ કેવી રીતે મળે તે પ્રશ્નનો જવાબ આપતા ગુરૂદેવ સમજાવે છે કે કર્મના બે પ્રકાર છે. નિદ્ધત કર્મો અને નિકાચીત કર્મો. જે કર્મો તપ, બ્રહ્મચર્ય, જ્ઞાન, શુભ ભાવના, ગુરૂની, તપસ્વીની વૈયાવચ્ચ, ભક્તિ, સેવા આદિ દ્વારા નાશ થાય છે. તે નિદ્ધત કર્મ કહેવાય છે. કોડો ભવોના પૂરાણા કર્મો તપ દ્વારા ખપાવી શકાય છે. આપણે ગમે તેટલી ક્રિયા કરીએ છતાં જે કર્મો ભોગવ્યા વિના છૂટકારો થાય નહિ એ નિકાચિત કર્મ કહેવાય. ન્યાય આપીને સમજાવું. કોઈ એક બહેનને લાડવા બનાવવાની ઇચ્છા થઈ. એણે ઘી, લોટ, ગોળ વગેરે સામગ્રી કાઢી. આ ત્રણે વસ્તુ જ્યાં સુધી જુદી જુદી પડી હોય ત્યાં સુધી બહેનને વિચાર થાય કે મારે લાડવો નહિ પણ શીરો બનાવવો છે તો એ લાડવાને બદલે શીરો બનાવી શકે પણ ત્રણે વસ્તુ ભેગી કરી લાડવા કરી દીધા ને પછી જો શીરો બનાવવાની ઇચ્છા થાય તો શીરો બનાવી શકાય નહિ, પછી તો લાડવા જ ખાવા પડે. આ રીતે કર્મો જ્યાં સુધી આત્માની સાથે એકરૂપ થયા ન હોય ત્યાં સુધી કર્મોને તપાદિ દ્વારા ખપાવી શકાય છે પણ એકરૂપ થયા પછી તો તેને ભોગવવા જ પડે છે.

આત્મા ત્રણ પ્રકારે કર્મ બાંધે છે. મણ દંડેણું, વય દંડેણું, કાય દંડેણું. ગુન્હેગાર જેમ ગુનાથી દંડાય છે તેમ આત્મા પણ મન, વચન, કાયાની દુષ્ટ પ્રવૃત્તિથી દંડાય છે. આ ત્રણ દંડ કર્મના પ્રવાહને અવિચ્છિન્નપણે આત્મ તળાવમાં આવવા દે છે ત્યારે ત્રણ ગુપ્તિઓ તે પ્રવાહને અટકાવે છે. જો કે સર્વથા યોગ અટકી શકતો નથી કારણ કે કેવળી થયા પછી પણ તેરમા ગુણસ્થાનકે યોગ રહે છે અને તેથી ત્યાં આત્મા "**પઢમ સમયે બધ્ધં, બિઇય સમય વેઇયં, તઇય સમય નિજ્જિણ્ણં।**" પહેલા સમયે કર્મ બાંધે છે, બીજા સમયે વેદે છે ને ત્રીજા સમયે નિર્જરી નાંખે છે. જીવ ચૌદમા ગુણસ્થાનકે પહોંચે ત્યારે અયોગી અવસ્થા પ્રાપ્ત થાય છે, ત્યારે સર્વથા કર્મબંધન અટકી જાય છે. આત્મા મનથી, વચનથી કે કાયાથી ત્રણ પ્રકારે કર્મો બાંધે છે. મનથી થોડા સમયમાં ઘણાં કર્મો બાંધી શકાય છે. તંદુલીયો મચ્છ કે જેનું શરીર ચોખા જેટલું હોય છે. તે મગરમચ્છની આંખની પાંપણમાં પેદા થાય છે. જેનું આયુષ્ય માત્ર એક અંતર્મુહુર્તનું હોય છે. મગરમચ્છ પાણી પીવે ત્યારે પાણીની સાથે ઘણાં માછલા તેના પેટમાં જાય છે. જ્યારે કૂં કરીને પાણી બહાર કાઢે ત્યારે નાની નાની ઘણી માછલીઓ બહાર નીકળી જાય છે. આ જોઈને તંદુલીયો મચ્છ મનમાં વિચાર

કરે છે કે જો હું આ મગર જેટલો મોટો હોત તો એક પણ જીવને બહાર કાઢત નહિ. આ મગર કેવો મૂર્ખ છે કે પાણીની સાથે જીવો પણ બહાર કાઢે છે. બસ, મનથી એણે દુષ્ટ કર્મો બાંધ્યા અને પરિણામે સાતમી નરકે ૩૩ સાગરોપમના આયુષ્યે ઉત્પન્ન થયો, માટે જ્ઞાની કહે છે કે મનમાં સહેજ પ્રવેશે કે તરત એને દૂર કરજો. આગળ વધવા દેશો નહિ. વાણી પ્રિય અને હિતકારી બોલજો પણ બીજાને દુઃખ થાય તેવી કટુ વાણી બોલશો નહિ. કાયાથી કોઈનું અહિત ન કરશો. મન, વચન અને કાયા એ ત્રણ યોગ દ્વારા જે કર્મબંધ થાય છે તે નિકાચીત થાય છે માટે મન, વચન અને કાયાને પવિત્ર ને નિર્મળ રાખો.

"અકબરે કરેલી બીરબલની મશ્કરી" :—એક વખત અકબર બાદશાહ અને બીરબલ બંને ઘોડે બેસીને ફરવા જતા હતા. રસ્તામાં અકબર બાદશાહ કહે પ્રધાન ! હું તને એક વાત કરું. પ્રધાન કહે સાહેબ ! કરો. અકબરે કહ્યું બીરબલ ! આજે રાત્રે મને એક સ્વપ્ન આવ્યું. બીરબલ સમજતો હતો કે બાદશાહ ઘણી વાર પાયા વિનાની ભીંત ઉભી કરે છે અને વગર પાણીએ સરોવર ઉભું કરે છે. બીરબલ ખૂબ ગંભીર હતો. તેણે કહ્યું બાદશાહ ! શું સ્વપ્ન આવ્યું ? જહાંપનાહ ! આપ જલ્દી કહો. આપને શું સ્વપ્ન આવ્યું હતું ? બીરબલ ! બહુ વિચિત્ર સ્વપ્ન હતું. હું અને તું બંને ઘોડા પર બેસીને કયાંક ફરવા જઈ રહ્યા છીએ. ફરતાં ફરતાં આપણે એક વિકટ વનમાં પહોંચી ગયા. ત્યાં બે કુંડ હતા. બીરબલે પૂછ્યું આપે એ કુંડમાં શી વિચિત્રતા જોઈ ? ત્યારે અકબર બાદશાહ કહે છે, એ બે કુંડમાં એક કુંડ કીચડ અને ગંદકીથી ભરેલો હતો ને બીજા કુંડમાં અમૃત ભરેલું હતું. ઘોડાએ આપણને બંનેને પછાડયા. હું અમૃતના કુંડમાં પડયો ને તું કીચડથી ભરેલા કુંડમાં પડયો. આ વિચિત્ર સ્વપ્ન જોઈને મારી નિદ્રા એકદમ ઉડી ગઈ. બાદશાહના સ્વપ્નની વાત સાંભળી બધા હસવા લાગ્યા. તેમાં પણ જેમને બીરબલ પ્રત્યે ઈર્ષ્યા હતી તેઓ તો ખડખડાટ હસ્યા ને તાળીઓ પાડવા લાગ્યા. તેમના મનમાં થયું કે ઠીક થયું. તેમને જેટલો આનંદ બાદશાહ અમૃતના કુંડમાં પડયા તેનો ન હતો તેથી વધુ આનંદ બીરબલ કીચડના કુંડમાં પડયો તેનો હતો.

બંધુઓ ! બીરબલે રાજાની વાત સાંભળી. બીરબલ ચતુર અને બુદ્ધિશાળી હતો. તે રાજાથી ઉતરે તેવો ન હતો પણ મહા વિચિક્ષણ હતો. ઈર્ષ્યાળુઓના મનમાં જે આનંદના ફુવારા ઉડી રહ્યા હતા તેમની વચમાં તે બોલી ઉઠયો મહારાજા ! આપે જેવું સ્વપ્ન જોયું તેવું જ મેં પણ ગઈ રાત્રે એક વિચિત્ર સ્વપ્ન જોયું, પણ છેલ્લે થોડો ફરક છે. આપણે બંને ફરવા નીકળ્યા. એક નિર્જન વનમાં પહોંચ્યા. ત્યાં કીચડનો ને અમૃતનો કુંડ આવ્યો. હું કીચડના કુંડમાં પડયો ને તમે અમૃતના કુંડમાં પડયા. એ પણ સત્ય છે પણ મેં આપનાથી એટલું વિશેષ જોયું કે આપ અમૃતના કુંડમાં

પડ્યા પછી મને ચાટતા હતા. આ વાત સાંભળી આખી સભા ખડખડાટ હસી પડી. અકબર બાદશાહ તો ઝાંખા પડી ગયા. બધા બીરબલની બુદ્ધિ ઉપર સ્તબ્ધ થઈ ગયા. બાદશાહે જો વાણીથી બીરબલની મશ્કરી કરી તો તેનું પરિણામ શું આવ્યું ? બીરબલે શું કહ્યું એ આપે સાંભળ્યું ને ?

આ તો એક રૂપક છે. આ સાંભળીતે તમને હસવું આવે તે સ્વાભાવિક છે, પણ આનો સાર માત્ર હસવું એટલો નથી પણ આપણે એમાંથી બોધ ગ્રહણ કરવાનો છે. અહીં જ્ઞાની સમજાવે છે કે સમકિત એ અમૃતનો કુંડ છે અને મિથ્યાત્વ એ કીચડનો કુંડ છે. મિથ્યાત્વી આત્મા અનંતકાળથી ધન, માલ, પુત્ર પરિવાર, સત્તા અને સંપત્તિમાં આસક્ત બન્યો છે. મિથ્યાદૃષ્ટિ વારંવાર ભોગરૂપી કાદવમાં ડૂબકી લગાવ્યા કરે છે. જ્યારે સમ્યકૃદૃષ્ટિ આત્મા ભલે ને કુટુંબ પરિવાર કે સમાજના કુંડમાં રહે કે પછી ગમે ત્યાં રહે પણ તેના જીવન ઉપર કોઈ અસર થતી નથી. તે કદાચ કીચડના કુંડ સમાન સંસારમાં પડે તો પણ અમૃતના કુંડનો આનંદ અનુભવે છે. સમય આવે સમકિતી આત્મા આ કીચડના કુંડ સમાન સંસારને છોડીને અમૃતના કુંડ સમાન ચારિત્ર માર્ગને ગ્રહણ કરે છે. હું તો કહું છું કે ચારિત્રના સુખમાં જે આનંદ અને મસ્તી છે તે સ્વર્ગના દેવો પાસે પણ નથી. આત્મા ચારિત્ર માર્ગને અપનાવે છે ત્યારે તેના ગુણસ્થાનની શ્રેણી વધે છે. ચોથું ગુણસ્થાનક અવિરતિ સમ્યકૃદૃષ્ટિનું છે. પાંચમું ગુણસ્થાન દેશવિરતિ શ્રાવકનું છે અને છઠ્ઠું ગુણસ્થાનક સાધુનું છે.

છઠ્ઠા ગુણસ્થાનકે ભાવમન અને દ્રવ્યમન બંને હોય છે. મન એવું ભાંજગડીયું ને પંચાતીયું છે કે તે નિરાંતે શાંત બેસી શકતું નથી. તેને કાંઈ ને કાંઈ ભાંજગડ ઉભી હોય છે. એટલા માટે છઠ્ઠા ગુણસ્થાનકે મનને લોકવ્યવહારથી દૂર રાખેલું છે. દુનિયામાં કોર્ટો, ન્યાયાધીશો એ બધું જગતના કજીયા કંકાસને આભારી છે. જો કજીયા, કંકાસ કે પક્ષાપક્ષી ન હોય તો ન્યાયાધીશ અને કોર્ટોની જરૂર ન પડત. આ સ્થિતિ મનની છે. જગતની ભાંજગડો એ કજીયા છે ને મન ન્યાયાધીશ છે. જેમ કજીયા કંકાસ ન હોય તો ન્યાયાધીશની અસ્તિ વ્યર્થ છે તેમ જગતની ભાંજગડો ન હોય તો મન પણ નકામું છે. જ્યાં સંપૂર્ણ ભાંજગડ જાય એટલે જીવ કેવળી બની જાય છે. કેવળી થયા પછી મનના ઉપયોગની ખાસ જરૂર રહેતી નથી એટલે કેવળી ભગવાનને અનિન્દ્રિયા કહેવાય છે. છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનકે સંસારની ભાંજગડો એટલે કે ચિંતા હોતી નથી. એ ચિંતાઓનો ત્યાં અંત આવે છે પણ એક નવી જાતની ચિંતાનો પ્રારંભ થાય છે. એ ચિંતા કઈ? તે હું આપને સમજાવું.

છઠ્ઠા ગુણસ્થાનકે લૌકિક ચિંતાઓનો અંત આવે છે ને લોકોત્તર ચિંતાનો પ્રારંભ થાય છે. લોકોત્તર ચિંતા એટલે મોક્ષ માર્ગને મેળવવાની ચિંતા, સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય આદિની ચિંતા. આ ચિંતા મુનિઓના દિલમાં રાત

દિવસ ચાલ્યા કરે છે. તમારી ચિંતાઓ પાપમય છે જ્યારે સાધક આત્માની ચિંતા ધર્મમય છે. સાધક આત્માની ચિંતા કરે. સાધુ રાત્રે સૂવે તો અઢાર પાપસ્થાનકની ક્રિયા વોસરાવીને સૂવે. ઉંઘમાં પડખું બદલવું હોય તો પણ જમીન અને શય્યા પૂંજીને ફેરવે. સાધુ ઉંઘે કે જાગે પણ સ્વ આત્માની ચિંતા કરતો હોય. સાધક આત્મા ચોવીસે કલાક આત્મશ્રેયની ઝંખનામાં રોકાયેલા હોય. સાધુની ચિંતા લોકોત્તર ચિંતા છે. એ ચિંતા લાડી, વાડી અને ગાડી માટેની નથી તેથી તેમની ચિંતા આદરણીય કહી છે, અને સંસારની ચિંતા હેય કહી છે.

એક રીતે જોઈએ તો તમારી ચિંતા એવી છે કે શત્રુને આવવા ન દેવો. તેનાથી રક્ષણ કરવું, જ્યારે અમારી ચિંતા એવી છે કે કર્મ શત્રુનો જડમૂળથી નાશ કરવો જેથી એ શત્રુઓ ફરીને ઉભા ન થાય. અમારે કર્મ શત્રુઓની સાથે ઝઝૂમી તેના ઉપર વિજય મેળવવો છે. શત્રુથી બચી જવાની સ્થિતિ તમારી છે પણ કર્મશત્રુઓને મૂળથી નાશ કરવા એ શક્તિ તમારામાં છે ખરી ? નથી. તમે માનતા હો કે સાધુને શું ચિંતા હોય ? એ ચિંતા વિનાના છે. એ માન્યતા ભૂલભરેલી છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો તમારા કરતા વધુ ચિંતા સાધુને હોય છે. એમની ચિંતા સંસારમાં રચ્યા-પચ્યા રહેવા માટેની નથી પણ સંસારને તરી જવાની છે. અમે રાત દિવસ કર્મશત્રુઓને હટાવવાનો વિચાર કરીએ છીએ.

બંધુઓ ! તમને શંકા થાય કે અમારા શત્રુઓ કયા ને તમારા શત્રુઓ કયા ? તો સાંભળો. તમારા શત્રુઓ ચેતન છે. તેમને નાશ કરવાના વિચારો કરવા એ મહાપાપ છે. અમારી વાત એનાથી સાવ અલગ છે. અમારા શત્રુઓ કર્મ છે, અમારે એ શત્રુઓને નાશ કરવાના છે પણ એ શત્રુઓ એવા નથી કે જેનો નાશ કરતા પાપ લાગે કે હિંસા થાય. કર્મશત્રુઓને મારીએ તેથી કદી હિંસા થવાની નથી. આવા ભાવ શત્રુઓને નાશ કરવાની ચિંતાવાળા મુનિઓ છઠ્ઠા ગુણસ્થાને વિચરે છે. આવા સાધક આત્માઓ ભયંકર અને અતિ વિષમ એવા ભવ પર્વતને ઓળંગી જાય છે. ભગવાન સૂયગડાયંગ સૂત્રમાં બોલ્યા છે કે,

जं मयं सव्वसाहूणं, तं मयं सल्लगत्तणं ।
साहइत्ताणं तं तिन्ना, देवा वा अभविंसु ते ॥ અ. ૧૫ ગાથા ૨૪

જે સર્વ સાધુઓને માન્ય છે તે સંયમ આઠ કર્મ રૂપી શત્રુનો નાશ કરનાર છે. તે સંયમનું પાલન કરી ઘણાં જીવો સંસાર સાગરને તરી ગયા છે. સિદ્ધ ગતિને પામ્યા છે, અને શેષ કર્મો બાકી રહી જાય તો વૈમાનિક દેવમાં ઉત્પન્ન થાય છે, પછી દેવોનો ભવ પૂર્ણ કરી ત્યાંથી ચવીને મનુષ્ય ભવ પામી સંયમ લઈને મોક્ષ ગતિ પ્રાપ્ત કરે છે, માટે કહું છું કે ચારિત્ર જેવો આનંદ કે સુખ બીજે કયાંય નથી. આપ આપના હૃદયમાં કોતરી રાખજો કે "**લેવા જેવી હોય તો દીક્ષા છે ને**

મેળવવા જેવો મોક્ષ છે," પણ મેળવવા જેવું ધન નથી. ગમે તેટલું મેળવશો પણ આંખડી મીંચાયા પછી તમારું કંઈ નથી. જે ધન સ્વધર્મીની સેવામાં, દુઃખીના આંસુ લૂછવામાં, પરદુઃખભંજન બનવામાં ને જ્ઞાન પ્રચારમાં વાપરશો તે તમારું છે. જીવદયાનો ધર્મ અલૌકિક છે. સમકિતના પાંચ લક્ષણમાં અનુકંપા તે પણ એક લક્ષણ છે. અનુકંપા હોય તે જીવોની દયા કરી શકે. જ્ઞાની કહે છે કે તમે પાપને નિંદજો પણ પાપીની નિંદા કરશો નહિ. આજનો પાપી કાલે પવિત્ર બની જાય છે. આજનો ક્રૂર કાલે કોમળ બની જાય છે. શેતાન સંત બને છે ને હેવાન માનવ બને છે.

રામપુર ગામમાં રામસીંગ નામે એક બહારવટિયો થઈ ગયો. તે ચારે બાજુ લૂંટ ચલાવે, ધાડ પાડે ને પ્રજાને હેરાન પરેશાન કરી દે. રામસીંગ બહારવટિયો હતો છતાં એના હૈયામાં ઊંડે ઊંડે કરૂણા ભરી હતી. ઘણી વખત કહેવાતા શાહુકારોમાં જોવા ન મળે એવી કરૂણા બહારવટિયા તરીકે પંકાયેલા વ્યક્તિના જીવનમાં જોવા મળે છે. આ રામસીંગ બહારવટિયો બિનહરીફ બહાદુરી ધરાવતો. તેની બહાદુરી કરૂણાસભર હતી.રામસીંગના ત્રાસથી રાજા અને પ્રજા કકળી ઉઠયા. રાજાએ ઈનામ બહાર પાડયું કે જે રામસીંગ બહારવટિયાને પકડી લાવશે તેને મહારાજા પાંચ હજાર રૂપિયા ઈનામમાં આપશે. રામસીંગને પકડવો એટલે પવનને પકડવો. જેમ પવનને પકડવો મુશ્કેલ છે તેમ આ રામસીંગને પકડવો મુશ્કેલ હતો, છતાં જ્યારે પુણ્ય પરવારે છે ત્યારે તે ગમે તે રીતે છટકવા જાય છતાં પકડાઈ જાય છે.

રામસીંગ માટે એક વાર આવું બન્યું. એક દિવસ ગોઝારો આવી ગયો કે સિપાઈઓની નજરમાં અનેક વાર છટકી ગયેલો રામસીંગ એક વાર સિપાઈઓના સાણસામાં સપડાઈ ગયો. ઈનામ મેળવવાની આશામાં રાચતા સિપાઈઓ એને રાજદરબારમાં લઈ ગયા. એને જોતાં મહારાજાની આંખમાંથી આગ વરસવા લાગી. તેમના મનમાં થયું કે જો આને ફાંસીની શિક્ષા આપીશ તો ઘડીનું દુઃખ ભોગવી ચાલ્યો જશે પણ એને એવી શિક્ષા કરું કે તે રિબાઈ રિબાઈને મરે. આમ વિચારી રાજાએ કહ્યું કાળી કાજળ જેવી અંધારી કોટડીમાં એને કેદ કરો. પવન કે પ્રકાશ એની કોટડીમાં પ્રવેશી ન શકે એવી કેદમાં પૂરો. એને અન્ન–પાણી પણ હમણાં આપશો નહિ. એના અપરાધોની લાંબી હારમાળા જોતાં મારા અંતરમાં આગ વ્યાપી જાય છે. દેહાંત દંડ કરતાં ભયંકર સજા આના માટે અપૂરતી છે. જેલમાં ચકલું ય પ્રવેશી ન શકે એવી જેલનો મહેમાન બનેલો રામસીંગ જેલમાંથી છટકી જઈને દરબારની આબરૂને ધૂળધાણી કરવાના કિમિયા વિચારવા લાગ્યો. એના મનમાં થયું કે જો હું આવી જેલમાંથી ભાગી છૂટું તો બહારવટિયાની નાતમાં મારી બહાદુરીની પ્રશંસા થાય. આ બહાદુર બહારવટિયાને એકાદ બારી કે બાકોરું મળી જાય તો બારી કે બાકોરાને બારણું બનાવીને છટકી જવાની અગમ્ય કળા એને આવડતી હતી.

"ભીંત તોડીને ભાગી છુટેલો રામસીંગ :" ખૂબ વિચારને અંતે રામસીંગને જેલમાંથી નાશી છૂટવાનો એક રસ્તો મળી ગયો. જેલના પાછલા ભાગમાં એક કાચી ભીંત હતી. પોતાનું બળ અજમાવી હાથ પગની બેડીઓ તોડી નાંખી અને પગથી ભીંતમાં એવી જોરથી લાત મારી કે એ ભીંતમાં એક બાકોરું પડયું. બાકોરામાંથી બારી અને બારીમાંથી બારણું બનાવવાની કળામાં એ પાવરધો હતો. એક રાત્રે રામસીંગ આ બાકોરામાંથી ભાગી છૂટયો. બીજા દિવસે ચોકીયાતો જોવા ગયા તો ભીંતમાં મોટું બાકોરું જોયું અને રામસીંગને ન જોયો. રામસીંગ બહારવટિયાની બહાદુરીને બિનહરીફના બિરૂદથી બિરદાવતી આ ઘટના ગામમાં ફેલાઈ ગઈ. જેણે આ વાત સાંભળી તેમને બધાને હૃદયમાં એક આંચકો લાગ્યો. શું દીવાલો તોડીને રામસીંગ ભાગી છૂટયો ? સમુદ્રને પાર થયેલી કિનારે આવેલી નૌકા ડૂબી જાય ને જે આઘાત લાગે તેવો આઘાત રાજાના દિલમાં લાગ્યો. દરિયાના પાણીમાં હાથથી સરકી ગયેલી માછલી જો હાથમાં આવે તો રામસીંગને ફરી પકડી શકાય.

"રાજાનું કડક ફરમાન":–હવે ગામમાં શું બને છે તે જોવા માટે રામસીંગ વેશપરિવર્તન કરીને ગામમાં ફરે છે. લોકો રામસીંગના બળ-કળની પ્રશંસા કરતા હતા. રામસીંગ એની કીર્તિકથા સાંભળતો ત્યારે પોતે ખૂબ ગૌરવ અનુભવતો. રામસીંગને પકડવા માટે બધા ત્રણ ત્રણ દિવસ ગામમાં ફર્યા પણ બધાના પ્રયત્ન નિષ્ફળ ગયા. કોઈ રામસીંગને મેળવી શકયું નહિ. આથી રાજા ખૂબ ગુસ્સે ભરાયા. તેમનો ક્રોધ હદ વટાવી ગયો. લૂંટારા પરનો ક્રોધ સિપાઈઓ પર ઉતર્યો. રાજાએ ચોકીદારોને કહ્યું રામસીંગ ભાગી ગયો એમાં તમારો હાથ લાગે છે. તમે ભગાડી મૂકયો લાગે છે. તમારી ચોકી કડક હોત તો એની શી તાકાત હતી કે જેલની દીવાલો તોડી શકે. જો ત્રણ દિવસમાં તમે રામસીંગને પકડીને હાજર નહિ કરો તો ચોથા દિવસની સવાર તમારા માટે ગોઝારી નીવડશે અને તમને ફાંસી આપવામાં આવશે. આ કડક શિક્ષા સાંભળીને બધા ધ્રૂજી ઉઠયા. ચોકીદારોના તો મોતિયા જ મરી ગયા. હવે મૃત્યુ આંખ સામે દેખાવા લાગ્યું. જ્યાં ભલભલા સિપાઈઓ પણ રામસીંગને મેળવવામાં હાર પામ્યા હતા ત્યાં ચોકીદારોનું શું ગજું !

મૃત્યુદંડની આ ભયંકર શિક્ષા જેના કાને અથડાઈ એ બધાના દિલ દ્રવી ગયા. પ્રજા તો જાણે ઠીક પણ ખુદ રામસીંગનું કાળજું પણ કરૂણાથી પીગળી ગયું. મૃત્યુ દંડની આ સજા રામસીંગના દિલમાં એક આંદોલન જગાવી ગઈ. તેનું હૈયું કરૂણાથી છલકાઈ ગયું. શું મારા એકના પાપે ૪૦ જીવોની હત્યા ! ગુનો મારો અને શિક્ષા બીજાને ! આ દુનિયાની દૃષ્ટિએ હું કદાચ નિર્દોષ ઠરીશ પણ મારા દોષનો દંડ પરભવમાં મને અનેક ગણો મળ્યા વિના રહેવાનો નથી. તેના અંતરમાં મંથન શરૂ થયું. શું કરું ? દ્રવ્ય મન કહે છે ભલે, એ બધા મરે. હું તો બળથી છૂટયો છું. મેં કયાં

ગુનો કર્યો છે ? ભાવ મન કહે છે ના....ના....તારા એક ખાતર બીજા નિર્દોષને શા માટે મરવા દેવા ? રામસીંગ બહારવટિયો હતો પણ દિલમાં કરૂણા ભરી હતી. નિર્દોષ ચોકીદારોના જીવન મરણની ચાવી રામસીંગના હાથમાં હતી. પોતે એક જો મૃત્યુ વહોરી લે તો અનેક નિર્દોષના જીવન સહીસલામત રહી શકે. તેનું ખમીર ઉછળ્યું. ભાવ મને વિજય મેળવ્યો અને પોતે ફાંસીના માંચડે લટકી જઈને ચોકીદારોના જીવન બચાવવાનો નિર્ણય કર્યો. એ અભણ હતો પણ સમજતો હતો કે પાપ કર્યા પછી એના કડવા ફળ મારે ભોગવવા પડશે, તેથી સમજીને સામા પગલે મૃત્યુદંડનો સ્વીકાર કરવા અને અનેક જીવોની રક્ષાનું પુણ્ય બાંધવા તૈયાર થયો.

"શેતાન કે સંત" :– બીજે દિવસે સવારે રામસીંગ પોતાનો વેશ પહેરીને રાજ દરબારમાં હાજર થઈ ગયો ને પોતાની ઓળખાણ આપતા કહ્યું હે દરબાર ! જેલમાંથી ભાગી છૂટવાના જેના અપરાધને કારણે આપ ૪૦ નિર્દોષ ચોકીયાતોને ફાંસી આપવાના અફર નિર્ણય પર આવ્યા છો એ બહારવટીયો રામસીંગ હું પોતે જ છું. જેલની દીવાલ તોડીને ભાગી છૂટવાનો ગુનો મેં કર્યો છે તેથી ગુનેગાર હું છું. ચોકીદારો તો બિચારા સાવ નિર્દોષ છે. એમની શિક્ષા રદ કરો. ફાંસીના માંચડે મને ચઢાવી દો, અને બધાને જીવતદાન આપો. મરતા મરતા ય આટલા માણસોનો સંહાર અટકાવવાનું કાર્ય થશે તો માનીશ કે હું કંઈક પુણ્ય કરી શકયો છું. દરબાર પૂછે છે કે શું તું સાચો રામસીંગ છે ? હા. મહારાજ ! મેં બધી વાત સાંભળી છે તેથી અહીં આવ્યો છું. એક શેતાનના દિલમાં જાગેલી સંતવૃત્તિ બધાને અજબગજબની લાગી. દરબારને હજુ વિશ્વાસ બેસતો ન હતો કે આ રીતે રામસીંગ પોતાની જાતે પકડાઈ જઈને પોતે મોત વહોરીને બીજાને બચાવવા તૈયાર થાય ! પાકી ખાતરી કરવા ચોકીયાતને પૂછયું આ રામસીંગ છે ને ? ચોકીયાતો કહે–હા. તે દિવસે જેલમાં પૂર્યો હતો તે જ છે.

"જીવદયાનું ફળ" :– રામસીંગની આ જીવદયા કાજેની પોતાની જાન કુરબાની જોઈને રાજા ચકિત થઈ ગયા. ભૂલ તો દરેક કરે છે પણ ભૂલને ભૂલ માને તે માનવમાંથી મહામાનવ બની શકે છે. રામસીંગે પોતાની ભૂલ કબૂલ કરી. રાજા તેના પર પ્રસન્ન થયા ને પોતાના નિર્ણયને સાવ બદલી નાંખ્યો. મૃત્યુની શિક્ષાને બદલે અભયદાન આપતાં કહ્યું હે રામસીંગ ! ધન્ય છે તારા જીવનને ! તારી આ કરૂણાનો પૂરો બદલો આપવા તો હું સમર્થ નથી છતાં આજથી તને હું મારા રાજ્યનો એક સારો હોદ્દો આપવાનું વચન આપું છું. તારા જેવા કરૂણાવંત અને દયાળુને હું દંડું તો કુદરત મારા પર રૂઠવામાં બાકી ન રહે ! આમ કહી રાજાએ તેને બાથમાં લઈ લીધો ને તેને ભેટી પડયા. એક વખતનો પાપી પુનિત બની ગયો. ડાકુ મટીને ધર્મી બની ગયો, માટે પાપીને ધિક્કારશો નહિ.

હું આપને કહી ગઈ કે શિષ્યે ગુરૂદેવને પ્રશ્ન પૂછ્યો કે મોક્ષ પ્રાપ્ત કેવી રીતે થાય ? ગુરૂદેવે કહ્યું મોક્ષ મેળવવા માટે કર્મશત્રુનો સામનો કરવો પડશે. કર્મશત્રુઓ ઉપર વિજય મેળવવા સંયમ અને તપની જરૂર છે. જો સંયમ ન લઈ શકો તો મરીને દુર્ગતિમાં ન જવાય તે માટે સંસારમાં રહીને પણ બે ગુણો ઉપર તો અધિકાર મેળવી લેવો જોઈએ. એક ભીતિ અને બીજો પ્રીતિ. ભીતિ પાપની રાખો ને પ્રીતિ પરમાત્માની કરો. સંસારની, ધનની, કુટુંબ પરિવારની અને જડ પુદ્ગલોની પ્રીતિ તો જીવે અનંતકાળથી કરી છે. એ પ્રીતિથી તો આત્માનું પતન થયું છે, માટે એ પ્રીતિ કરવા જેવી નથી. સંસારની પ્રીતિ સ્વાર્થી છે અને પરમાત્માની પ્રીતિ નિઃસ્વાર્થી છે. રોજના સાત સાત ખૂન કરનારા અર્જુનમાળીને સુદર્શન શેઠનો સમાગમ થતાં પાપની ભીતિ લાગી અને ભગવાનના શરણે જઈ પ્રભુ સાથે પ્રીતિ કરી તો પરમાત્મા બની ગયા. સિદ્ધાંતમાં આવા કંઈક દાખલા છે.

આજે પર્વાધિરાજનો બીજો દિવસ તો આવી ગયો. તપસ્વીઓએ તો કર્મ નિર્જરાના અર્થે ઉગ્રતપ કર્યા છે. તમારાથી બની શકે તો તપ કરજો પણ કોઈને અંતરાય ન પાડશો. કૃષ્ણ વાસુદેવે દીક્ષાની દાંડી પીટાવી તમે તપની દાંડી પીટાવજો. માનવને મુક્તિ ભણી દોરી જતા રાજમાર્ગોમાં ત્રીજો નંબર તપનો છે. તપ એ કર્મના કાંળા ડિબાંગ વાદળને વિખેરી નાંખનાર વંટોળ છે. સંસારની અંધારી ખીણમાંથી સિદ્ધશિલાની જ્યોતિર્મય ભૂમિકા પર પહોંચાડનાર પગથાર કોઈ હોય તો તપ છે. **"જેનામાં જાગે તૃપ્તિની તલપ એને ન ગમે ખાવાની લપછપ."** આહાર સંજ્ઞાને અભયદાન એટલે તપ. ધનનું દાન કરવું સહેલું છે પણ અનંત અનંત યુગોથી જીવ જેના કારણે રખડપટ્ટી કરી રહ્યો છે, એવી આહાર સંજ્ઞાને તિલાંજલી આપવી મુશ્કેલ છે. તપ એટલે આત્માનું ઘર અને આહાર એટલે શત્રુનું ઘર. તપને આત્માનું ઘર શા માટે કહ્યું ? તપ એ આત્માનો ગુણ છે. આ આહારને શત્રુનું ઘર એટલા માટે કહ્યું કે આહાર એ આત્માનો ગુણ નથી. આત્માનો ગુણ અણાહારિક છે. આત્મા સ્વભાવે અણાહારિક છે. કર્મને વશ થઈને તેને આહાર કરવો પડે છે. સમ્યક્ત્વી આત્મા જમવા બેઠો હોય, તેના ભાણામાં ૩૨ જાતના પકવાન અને ૩૩ જાતના શાક આવે તો તેને જોઈને તેની આંખમાં આંસુ આવી જાય. તેવા આત્મા જમતા જમતા પણ કર્મ તોડે છે. જ્યારે મિથ્યાત્વીને સારા પકવાન આદિ જોઈને જીભમાં પાણી છૂટે. તે ખૂબ ટેસ્ટથી ને વખાણી વખાણીને જમતા હોય, આવા જીવો ખાતા ખાતા કર્મો બાંધે છે.

જ્ઞાની કહે છે તપનો રાગ એટલે અણાહારીપદનો રાગ. તપમાં રહેલી સર્વ પાપને નાશ કરવાની શક્તિને વર્ણવતા અનેક દાખલાઓ સિદ્ધાંતમાં મોજુદ છે. આપ જાણો છો કે દ્વારકા નગરીમાં જ્યાં સુધી એક પણ તપ ચાલુ હતો ત્યાં સુધી દેવ પણ

તેનો નાશ કરવાને સમર્થ થઈ શકયા નહિ. તપનો પ્રભાવ અજબગજબનો છે. એક સંસ્કૃત શ્લોકમાં તપનો મહિમા બતાવતા કહ્યું છે કે

तपांसि तान्याद् द्विविधानी नित्यं, मुखे कटुन्यायति सुन्दराणि ।
निघ्नन्ति तान्येव कुकर्मराशिं, रसायनानीव क्षुरामयान यत् ॥

દુષ્ટ રોગોને નાશ કરનારા રસાયણો છે, માટે આરોગ્યની પ્રાપ્તિનો ઇચ્છુક રસાયણોનું સેવન કરે છે, એમ ભાવ આરોગ્યનો અભિલાષી આત્મા તપ રૂપી રસાયણનું સેવન કરે છે, કારણ કે કુકર્મોની રાશિઓના ભુક્કા કરવાની તાકાત તપમાં છે. ભલે, તપ શરૂઆતમાં કદાચ આકરો લાગતો હોય પણ પરિણામે તે ખૂબ સુંદર છે, માટે મોક્ષાભિલાષી આત્માએ અવશ્ય તપની આરાધના કરવી જોઈએ. તપના મંગલ દિવસો ચાલી રહ્યા છે. આપ બધા તપની આરાધનામાં વધુ ને વધુ જોડાવ. તપથી આત્મા ઉજ્જવળ બને છે. વધુ ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. ૩૭

શ્રાવણ વદ અમાસને બુધવાર "શ્રદ્ધાનો દીપક" તા. ૨૨-૮-૭૬

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત જ્ઞાની ભગવાને જગતના જીવોના આત્મ કલ્યાણ માટે આગમ વાણી પ્રકાશી. તેમાં મંગલકારી પર્વાધિરાજ પર્યુષણ પર્વનું સ્વરૂપ સમજાવ્યું. આ સુંદરતમ પર્વના તેજસ્વી કિરણો આત્માના અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનના અજવાળા પાથરે છે. પર્વોમાં મહાશિરતાજ પર્યુષણપર્વની સોહામણી આત્મતારક આરાધના કરવાનો સુયોગ મળ્યો છે, તો પ્રમાદના થરો દૂર કરી આ પર્વને વધાવી લો. વિનય વિનાની વિદ્યા અને સુગંધ વિનાનું પુષ્પ જેમ શોભતું નથી તેમ પર્યુષણ પર્વની સુંદરતમ સાધના, આરાધના ઉલ્લાસ વિના શોભતા નથી. ધનની ઘેલછા ભરી મૂર્છાને ઉતારવા માટે પર્યુષણની સોનેરી તક મળી છે તો ભવભવમાં ભટકાવનાર ધનની મમતા છોડો. મનને ધર્મધ્યાનમાં જોડો અને અનાદિના સંચિત કર્મોની જડને તોડો. પાપના પૂંજને પખાળવા આ પર્વની આરાધના કરો. આજે પર્યુષણ પર્વનો ત્રીજો દિવસ આવી ગયો. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપથી આ પર્વના વધામણા કરો. પર્વની આરાધના કરવા ભગવાને અનેક માર્ગો બતાવ્યા છે.

ભગવાન કહે છે જ્યાં સુધી સમ્યક્‌દર્શન પ્રાપ્ત થયું નથી ત્યાં સુધી તેની ક્રિયાઓ કર્મનિર્જરા રૂપ બનતી નથી. સમ્યક્‌દર્શન પ્રાપ્ત કરવા માટે સર્વ પ્રથમ વિષયો પ્રત્યે વિરાગ કેળવવો પડશે. વિષયો પ્રત્યે વિરાગ કેળવવાથી સમ્યગ્‌દર્શનની સન્મુખ થવાય છે. મેગ્નેમિટરને ચુંબકશક્તિ આપનાર યંત્ર વડે જમીનની અંદર કયા કયા પદાર્થો છે તે ખબર પડે છે તેમ સમ્યગ્‌દર્શન રૂપ મેગ્નેમિટરને ચુંબકશક્તિ આપનાર યંત્ર

વડે આત્માને કયા કયા પાપો હેરાન કરી રહ્યા છે તેનું જ્ઞાન થાય છે, અને તે જ્ઞાન દ્વારા આત્મામાં સ્થિર રહી શકાય છે. ગેસ નીકળે ત્યારે તેની આજુબાજુમાં તેલ હોય છે તેમ સમ્યગ્દર્શનની આસપાસ સાધુતા રમતી હોય છે. સમ્યક્ત્વી આત્મા સંસારમાં રહેતો હોય પણ એની એ જ ભાવના હોય છે કે હું કયારે આ સંસાર જેલમાંથી છૂટું ને સંયમ માર્ગને અંગીકાર કરું. તે સંસારમાં માલિક બનીને નહિ પણ મહેમાન બનીને રહેતો હોય છે. તે આત્મા દુઃખના દ્વેષથી અને સુખના રાગથી મુક્ત હોય છે. દુઃખના દ્વેષ ઉપર પણ તેને દ્વેષ હોય છે ને સુખના રાગ ઉપર પણ તેને દ્વેષ હોય છે. ડ્રીલીંગ મશીન દ્વારા હજારો ફૂટ ઉંડું પાણી હોય તે પણ ખબર પડે છે, તેમ સમ્યગ્દર્શન એ આત્માને ઉંડે ઉતારનાર ડ્રીલીંગમશીન છે. આ મશીન દ્વારા જેમ જમીનમાંથી તેલ પ્રાપ્ત થાય છે તેમ આત્મામાં સમ્યગ્દર્શન રૂપ ડ્રીલીંગ મશીનથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ડ્રીલીંગ મશીન પહેલા પાણી અને માટીને દૂર કરે છે તેમ સમ્યગ્દર્શન રૂપ મશીન વિષય કષાય રૂપ પાણી અને માટીને દૂર કરે છે, પછી તેમાંથી અનંત જ્ઞાન, દર્શન રૂપ તેલના કુવારા ઉડે છે.

સમ્યગ્દર્શન એટલે શુધ્ધ શ્રદ્ધા. સમ્યગ્દર્શન કોને કહેવાય તે બતાવતા ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રમાં બોલ્યા છે કે

तहियाणं तु भावाणं, सब्भावे उवएसणं ।
भावेणं सद्दहन्तस्स, सम्मत्तं तं वियाहियं ॥ અ. ૨૮ ગાથા ૧૫

જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ નવ પદાર્થોના યથાર્થ ભાવોની સ્વભાવથી અથવા ઉપદેશથી ભાવપૂર્વક શ્રદ્ધા કરવી તેનું નામ સમ્યગ્દર્શન એટલે કે સમ્યક્ત્વ. સમ્યક્ત્વ એટલે સાચી શ્રદ્ધા.

મહાન પુણ્યોદયે જિનશાસન અને તીર્થંકર ભગવાનની વાણીનું શ્રવણ કરવા મળ્યું પણ તેના પ્રત્યે શ્રદ્ધા થવી એ બહુ દુર્લભ છે. શ્રદ્ધા વિનાની ધર્મક્રિયાઓ એકડા વિનાના મીંડા જેવી, પાયા વિનાના મકાન જેવી અને છાર ઉપર લીંપણ જેવી છે. શ્રદ્ધા પ્રગતિનું પગથિયું છે. મુક્તિ મહેલની નિસરણી છે અને આત્મદર્શન કરાવનાર દૂરબીન છે. સમકિત સહિત થોડી કરણી ઘણું ફળ આપે છે ત્યારે સમ્યક્ત્વ વગરની કરણી થોડું ફળ આપે છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે

जे या बुद्धा महाभागा, वीरा असमत्तदंसिणो ।
असुद्धं तेसि परक्कंतं, सफलं होइ सव्वसो ॥ અ. ૮ ગાથા ૨૨

જે પુરૂષ જગતમાં પૂજનીય ગણાતો હોય, મહા ભાગ્યવાન મનાતો હોય, શત્રુની સેનાનો નાશ કરવામાં સમર્થ હોય, શાસ્ત્રોમાં તથા વ્યાકરણમાં કુશળ હોય, પંડિત કહેવાતો હોય, બાહ્ય તપ-ત્યાગ આદિથી જગતમાં પ્રશંસનીય હોય પરંતુ ધર્મના સ્વરૂપને જાણતો ન હોય, સમ્યક્ત્વ રહિત હોય તેવા સાધકના તપ, જપ, નિયમ,

સંયમ આદિ ધર્મક્રિયાઓ અશુભ અને કર્મબંધન વધારનાર છે, અને સમ્યક્ત્વ સહિતના અનુષ્ઠાનો કર્મબંધનને તોડનાર છે. સમકિત એ ચારિત્રનું ભાજન છે, સમ્યક્ત્વ હોય ત્યાં ચારિત્રની ભજના એટલે ચારિત્ર હોય પણ ખરું ને ન પણ હોય, પણ સમ્યક્ ચારિત્ર હોય ત્યાં સમ્યક્ત્વ નિયમા (અવશ્ય) હોય. જ્યારે જીવ સમકિત પ્રાપ્ત કરે છે ત્યારે તેની સ્થિતિ ઉનાળાની શુષ્કભૂમિ જેવી નહિ પણ ચોમાસાના વરસાદ પછી નવપલ્લવિત બનેલી ભૂમિ જેવી બને છે. ખોદેલી જમીનમાંથી જેમ પાણી આવ્યા કરે તેમ દુઃખી પ્રાણીઓને જોઈ તેનું અંતર દ્રવ્યા કરે, અનુકંપાના મધુર ટીપાં અંતઃકરણમાંથી પડયાં કરે. કોઈ પણ મોહક ચીજમાં મોહ ન પામતાં તેનું મન તેનાથી અલિપ્ત રહે. કષાયનો ઉદય કદાચ થાય તો તરત ઓલવાઈ જાય. લાંબો વખત ટકે નહિ, વેરઝેર, કલેશથી હંમેશા દૂર રહે. આવી સ્થિતિ સમ્યક્ત્વી આત્માની છે. વીતરાગ ભગવાનના વચનોમાં જો યથાર્થ શ્રદ્ધા થાય તો અનંતા કર્મો ખપી જાય. શ્રદ્ધા હશે તો તમે તરશો ને તમારા સમાગમમાં આવનારને પણ તારશો.

અમેરિકામાં એક મોટરના કારખાનાવાળા જેણે કરોડો રૂપિયા ધંધામાં રોકયા હતા એવા એક શ્રીમંતને મોટરનો એકસીડન્ટ થતાં પગમાં નુકસાન થયું. તે તો ખૂબ શક્તિસંપન્ન હતા એટલે ઇલાજો, ઉપચારો કરવામાં બાકી ન રાખ્યું, તેથી પગ સુધર્યો પણ જરા અસર રહી ગઈ. ચાલે તો લંગડાતા પગે ચાલવું પડે. મોટા કરોડપતિ શેઠને લંગડાતા પગે ચાલવું પડે એટલે એને શરમ આવતી. ધનનું અભિમાન છે. હું આવો મોટો ને મારો પગ લંગડો દેખાય એ સારું ન લાગે. તે માટે દુનિયાના નામાંકિત મોટા ડોકટરોને બોલાવ્યા પણ સારું ન થયું. અહીં જ્ઞાની આપણને એ સમજાવે છે કે અબજો રૂપિયાની સંપત્તિ હોય પણ કર્મ આગળ એ નાકામિયાબ બની જાય છે.

પેલા મોટર કંપનીના માલિકે ઘણા ઘણા ઉપાયો કર્યા છતાં પગે સારું થતું નથી. એક વાર ભારતનો એક જૈન મિત્ર ત્યાં ગયો. તે આ શ્રીમંત શ્રેષ્ઠીનેં ત્યાં ઉતર્યો. શેઠનો પગ લંગડાતો જોઈને એણે પૂછયું તમારી આવી સ્થિતિ કેમ થઈ? શેઠે બધી વાત કરી અને કહ્યું મેં ઘણા ઇલાજો કર્યા પણ એકે ઇલાજ સફળ ન થયો. આવનાર ભારતીય મિત્રે કહ્યું હું તમને એક ઇલાજ બતાવું ? તે તમે કરશો ? શેઠ કહે જો મારો પગ સુધરતો હોય તો તમે કહો તે કરવા તૈયાર છું. મિત્ર કહે તમે રોજ સવારમાં એક જગ્યાએ બેસીને ભગવાનની પ્રાર્થના કરો. આ સાંભળીને શેઠ હસવા લાગ્યા. હેં, શી વાત કરો છો ? શું પ્રાર્થનાથી આ પગ સારો થાય ? હું તો ઈશ્વરમાં માનતો નથી, ત્યારે મિત્ર કહે છે તમે નહિ માનતા હો પણ ઈશ્વર છે એ સત્ય હકીકત છે. ઈશ્વરની પ્રાર્થનાથી હજારોના દુઃખ ટળ્યા છે. અરે, પણ મુખેથી પ્રાર્થના બોલી જઈ એ એથી શરીરનું અંગ શું સાજું થઈ જાય ?

મિત્ર કહે શેઠ ! માત્ર આ મોઢેથી બોલવાની વાત નથી. હૃદયથી એક ચિત્તો

એક ધ્યાને બેસીને પ્રાર્થના કરવાની છે. એની તાકાત અચિંત્ય છે, કારણ કે ઈશ્વરની શક્તિ અચિંત્ય છે. હું તમને કહું છું કે તમે ઉપાયો તો ઘણા કર્યા. હવે હારીને બેઠા છો તો બસ આ ઉપાય કરી જુઓ. હૃદયપૂર્વક ભગવાનની પ્રાર્થના કરવાથી તમારો પગ જરૂર સુધરી જશે. આ તો નવા ઘડા હતા. શેઠનું હૃદય પીગળી ગયું. રીઢા ઘડા જેવા હોય એને કંઈ અસર ન થાય. આ શેઠના મનમાં થયું. આ મિત્ર મને ઘણા દાખલા સહિત વાત કરે છે, માટે જરૂર ઈશ્વરીય જેવું તત્ત્વ હશે ખરું. તો લાવને હું પણ આ પ્રયોગ અજમાવી જોઉં. બધા ડોકટરોએ તો હાથ ખંખેરી નાંખ્યા છે, પછી આ કરવામાં મારું શું જવાનું છે? શેઠે કહ્યું, મિત્ર! ભલે તમારા કહ્યા પ્રમાણે કરીશ. મિત્રના કહેવા પ્રમાણે શેઠ દરરોજ સવારમાં એક સ્થાનમાં બેસીને હૃદયપૂર્વક પ્રાર્થના કરવા લાગ્યા. શુદ્ધ ભાવથી કરાતી પ્રાર્થનાથી શેઠનો પગ સુધરતો ગયો, એટલે શેઠને ચમત્કાર તો લાગ્યો, તેથી એમની શ્રદ્ધા વધવા લાગી. એક મહિનામાં તો પગ સાવ સાજો થઈ ગયો. એ ઈશ્વરનો પ્રેમી બની ગયો. નાસ્તિક હતો તે આસ્તિક બની ગયો. આ છે શ્રદ્ધાનો પ્રભાવ. આપણે સમ્યક્‌દર્શનની વાત કરી. હવે સમ્યક્‌જ્ઞાન તરફ જરા દૃષ્ટિ કરીએ.

નંદી સૂત્રમાં ભગવાને પાંચ જ્ઞાનનું સુંદર વર્ણન કર્યું છે. જ્ઞાન પાંચ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે જ્ઞાન અન્યોઅન્ય પરસ્પર માંહોમાંહે ક્ષીરનીરની જેમ રહે છે. "**जत्थ आभिणीबोहियनाणं तत्थ सुयनाणं, जत्थ सुयनाणं तत्थ आभिणीबोहियनाणं।**" જ્યાં મતિજ્ઞાન હોય છે ત્યાં શ્રુતજ્ઞાન હોય છે. જ્યાં શ્રુતજ્ઞાન હોય છે ત્યાં મતિજ્ઞાન હોય છે. જીવ મતિએ કરી જાણે તે મતિજ્ઞાન અને શ્રુતે કરીને જાણે તે શ્રુતજ્ઞાન. સર્વ જીવને સર્વપ્રદેશે અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન સદા ઉઘાડું છે. જો તેટલું જ્ઞાન પણ ઢંકાઈ જાય તો જીવ મટીને અજીવ થાય, અને ચૈતન્ય મટીને જડ થાય. જેમ વર્ષાકાળે વાદળાથી સૂર્ય તથા ચંદ્ર ઢંકાવા છતાં સૂર્ય ચંદ્રની પ્રભા સર્વથા ઢંકાઈ જતી નથી તેમ ગાઢ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય હોવા છતાં ચૈતન્યપણું સર્વથા આવરાતું નથી. નિગોદના જીવને પણ અક્ષરના અનંતમા ભાગે જ્ઞાન સદા ખુલ્લું રહે છે. ત્રીજું અવધિજ્ઞાન રૂપી પદાર્થોને જાણે છે. તેના મુખ્ય બે ભેદ છે. ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક. નારકી અને દેવતાને ભવપ્રત્યયિક અવધિજ્ઞાન હોય છે, એટલે તે ઉત્પન્ન થાય ત્યારથી તે ભવના અંત સુધી તેમને હોય છે. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન સંજ્ઞી મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચને હોય છે. તે ક્ષયોપશમ ભાવથી અથવા ક્ષમાદિક ગુણે કરી સહિત જીવોને થાય છે. ચોથું મનઃ પર્યવજ્ઞાન અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયના મનોગત ભાવને જાણે છે.

આજની સાયકોલોજી બાહ્ય આકૃતિના ચોક્કસ આકાર મુજબ માણસના સ્વભાવ

આદિ કહી દે છે, પરંતુ મનઃપર્યવજ્ઞાની તો મનોવર્ગણાના ચોક્કસ આકૃતિના પુદ્ગલને જોઈને તે વખતે મનના અધ્યવસાયને કહી શકે છે. આજે મનોવર્ગણાના, કર્મવર્ગણાના પુદ્ગલ પકડવાની વાતો થઈ રહી છે, પણ તે થવું અસંભવિત છે. મનોવર્ગણા કરતાં કર્મવર્ગણાના પુદ્ગલો બારીક હોય છે. મનોવર્ગણાના પુદ્ગલો એક વાર પકડવા કઠિન છે, તો પછી કર્મવર્ગણાના પુદ્ગલો શી રીતે પકડી શકે! આજના કાળમાં કોઈને મનઃપર્યવજ્ઞાન કે કેવળજ્ઞાન થતું નથી. જંબુસ્વામી મોક્ષે પહોંચ્યા પછી તે વિચ્છેદ ગયું છે. આજની સાયકોલોજી ઇંગિત આકાર મુજબથી માણસના સ્વભાવને કહે છે પણ તે વાત સાયકોલોજી ખોટી પણ પાડે છે. ચોરને પકડવા માટે અમેરિકાએ આજે મશીન શોધ્યું છે. તેની નાડીના ને છાતીના ધબકારા દ્વારા તે ચોરને પકડી શકશે, પરંતુ તે મશીન ખોટવાઈ જાય કે ખોટી ગણતરી થઈ જાય તો નિર્દોષ માણસ કોઈ વાર માર્યો જાય પણ વિશિષ્ટ અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાનીની વાતો કયારે પણ ખોટી નહિ પડે. મનઃપર્યવજ્ઞાની તો કયા માણસે શું શું વિચાર કર્યા હતા ને શું શું વિચાર કરવાનો છે અને શું શું વિચાર કરી રહ્યો છે તે બધું જાણે છે. મનઃપર્યવજ્ઞાન દીક્ષા લીધા પછી થાય છે.

નંદીસૂત્રમાં ભગવાનને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! **मणपज्जवनाणं किं मणुस्साणं उपज्जइ अमणुस्साणं**? મનઃપર્યવજ્ઞાન મનુષ્યને ઉત્પન્ન થાય કે અમનુષ્યને? ભગવાને કહ્યું હે ગૌતમ! મનુષ્યને થાય પણ અમનુષ્યને ન થાય. મનુષ્યમાં પણ સંખ્યાતા વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યના પર્યાપ્તાને થાય, પણ અસંજ્ઞી મનુષ્ય અને અસંખ્યાતા વર્ષના આયુષ્યવાળા અકર્મભૂમિને ન થાય. ગર્ભજ મનુષ્યમાં પણ પર્યાપ્તા હોય, સમકિત દૃષ્ટિ હોય, અપ્રમત સંયતિ હોય ને લબ્ધિધારી હોય તેને થાય પણ મિથ્યાદૃષ્ટિ કે મિશ્રદૃષ્ટિ હોય, પ્રમત્ત સંયતિ હોય ને અલબ્ધિધારી હોય તેને ન થાય. તીર્થંકર થનાર આત્માને જન્મથી ત્રણ જ્ઞાન હોય છે. જ્યારે દીક્ષા લે ત્યારે ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. અહીં આપણને જ્ઞાની એ સમજાવે છે કે વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે સંયમ માર્ગની જરૂર છે. આ જ્ઞાન છઠ્ઠા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. સર્વવિરતિ સંયમી સાધકનું ગુણસ્થાનક છઠ્ઠું છે. સંયમી આત્માઓ અનેક જીવોને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ભાવના શીખવાડે છે. આ પંચમ કાળમાં જગતના જીવો ઉપર સૌથી મહાન ઉપકાર સાધુઓનો છે. દેશના વડાપ્રધાન કરતા સંયમી આત્મા આ રીતે દેશનું ઉત્થાન વધારે કરે છે. મનઃપર્યવજ્ઞાની એટલે મનોગત ભાવને જાણનારા સ્પેશ્યાલીસ્ટ ડોકટર. મનઃપર્યવજ્ઞાન પછી પાંચમો નંબર આવે કેવળજ્ઞાનનો. જે જ્ઞાન ચાર ઘાતી કર્મોનો સંપૂર્ણ ક્ષય કર્યા પછી થાય છે. કેવળજ્ઞાની **सर्व द्रव्यपर्यायेषु केवलस्य** સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયોને જાણે છે. કેવળજ્ઞાનમાં પ્રથમ ચારે જ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. જેમ

ચંદ્રના પ્રકાશમાં તારાઓના તેજ સમાઈ જાય છે તેમ કેવળજ્ઞાનમાં ચારે જ્ઞાન સમાઈ જાય છે. શિષ્યે ભગવાનને પ્રશ્ન કર્યો કે અહો ભગવંત! એકી સાથે એક જીવને કેટલા જ્ઞાન હોય? ભગવાને કહ્યું એકી સાથે એક જીવને બે જ્ઞાન હોય તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. ત્રણ હોય તો મતિ, શ્રુત અને અવધિજ્ઞાન અથવા મતિ, શ્રુત અને મનઃપર્યવ અને ચાર હોય તો મનઃપર્યાયજ્ઞાન વધ્યું. એક હોય તો માત્ર કેવળજ્ઞાન હોય. એક સાથે કોઈને પાંચ જ્ઞાન ન હોઈ શકે કારણ કે કેવળજ્ઞાન થાય પછી બીજા જ્ઞાનોની જરૂર રહેતી નથી. આ પાંચ જ્ઞાનની વાત કરી. સમ્યક્ જ્ઞાનથી જીવને સારા ખોટાનો વિવેક થાય છે. હેય, જ્ઞેય અને ઉપાદેયનું ભાન થાય છે, સમ્યક્દર્શનથી વીતરાગના વચનો પ્રત્યે અખૂટ શ્રદ્ધા થાય છે. સમ્યક્ચારિત્ર દ્વારા જીવ નવા આવતા કર્મોને રોકે છે. ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં બોલ્યા છે કે

नाणेण जाणइ भावे, दंसणेण य सद्दहे।
चरित्तेण निगिण्हाइ, तवेण परिसुज्झई ॥ ३५ ॥

જ્ઞાનથી જીવ યથાતથ્ય ભાવોને જાણે છે, દર્શનથી તેના પર શ્રદ્ધા કરે છે, ચારિત્રથી આવતા કર્મોને રોકે છે અને તપથી જૂના કર્મો ખપવાથી શુદ્ધિ થાય છે.

ચારિત્ર અંગીકાર કર્યા પછી સંયમી સાધકને અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો સહન કરવા પડે છે. તે ગૌચરી જાય ત્યારે કયારેક માન સન્માન મળે ને કયારેક તિરસ્કાર મળે, કોઈ પ્રશંસા કરે, કોઈ નિંદા કરે, બધામાં સમભાવ રાખે. ભગવાન બોલ્યા છે કે

हम्ममाणो ण कुप्पेज्ज, वुच्चमाणो न संजले।
सुमणे अहिया सिज्जा, ण य कोलाहलं करे ॥ सूय. अ. ९ गाथा ३१

કોઈ વ્યક્તિ સાધુને લાઠી, મૂઠી આદિથી માર અથવા ગાળો આપે, આક્રોશ વચનો કહે તો પણ સાધુ ક્રોધ કરે નહિ. મનથી પણ દ્વેષ ન કરે, તથા વિપરીત વચન ન કહે, સામનો ન કરે પણ પ્રસન્ન ચિત્તથી સમભાવે સહન કરે. અને **मणुस्सुओ उरालेसु** ॥ મનોહર શબ્દાદિક વિષયોમાં ઉત્કંઠિત ન બને. ઉલ્લાસ ન લાવે. તે જગતથી નિરાળા રહે. જગત સારા કહે કે ખોટા કહે તેની પરવા ન કરે, કારણ કે દુનિયા દોરંગી છે. ઘડીકમાં આમ બોલે ને ઘડીકમાં તેમ બોલે. જગતને કોઈ પહોંચ્યું નથી.

એક વખત શંકરજી પાર્વતીને કહે છે આ જગતને કોઈ પહોંચી શકયું નથી ને પહોંચી શકશે નહિ. જો એના રાહે ગયા તો આવી જ બન્યું સમજો. પાર્વતીજી કહે એમ ન હોય. શંકરજી કહે તો ચાલો આપણે પરીક્ષા કરીએ, તેથી શંકરજી ઘોડા પર બેસીને ફરવા નીકળ્યા. પાર્વતીજી તેમની સાથે પગપાળા ચાલે છે. લોકોએ તેમને જોયા એટલે બોલવા લાગ્યા કે આ પુરૂષમાં તો કંઈ બુદ્ધિ છે! પોતે ઘોડા પર બેઠો છે ને

પત્નીને ચલાવે છે. શંકરજી પાર્વતીને કહે છે સાંભળ્યું ? લોકો કેવું બોલે છે. હવે તમે ઘોડા પર બેસો ને હું ચાલું, પછી જોઈએ શું બોલે છે ? પાર્વતીજી ઘોડા પર બેઠા ને શંકરજી ચાલવા લાગ્યા. આ રીતે જોઈને લોકો કહેવા લાગ્યા કે આ સ્ત્રીમાં તે કંઈ બુદ્ધિ છે ! પોતે ઘોડા પર બેઠી છે ને પોતાના પતિને ચલાવે છે. પાર્વતીજી ! સાંભળ્યું ને ? હવે લોકો કેવું બોલે છે. તમે ચાલતા હતા ત્યારે મને કહ્યું અને હું ચાલ્યો ત્યારે તમને કહ્યું. આ દુનિયા દોરંગી છે. એને જેમ ફાવે તેમ બોલે છે. હવે એમ કરીએ આપણે બંને ઘોડા પર બેસી જઈએ. શંકર-પાર્વતી બંને ઘોડા પર બેસી ગયા. બંનેને બેઠેલા જોઈને લોકો બોલવા લાગ્યા કે આ તો કેવા નિર્દય અને દયાહીન છે ! એમના જીવનમાં કરૂણા જેવું કંઈ દેખાતું નથી. આ ઘોડો બિચારો હૃષ્ટપુષ્ટ નથી, દુબળો છે અને આ બંને જણા એના પર બેઠા છે. હમણાં બિચારો ઘોડો બંનેના ભારથી મરી જશે. આ સાંભળી શંકરજી પાર્વતીને કહે છે જુઓ, સાંભળ્યું ને ? હું એકલો બેઠો તો મને કહ્યું, તમે એકલા બેઠા તો તમને કહ્યું ને બંને જણા બેઠા તો આવું બોલ્યા. હવે શું કરવું ? હવે આપણે ઘોડા પર બેસવું નથી. બંને ચાલીને જઈએ, પછી શું કહે છે તે સાંભળીએ. બંને ઘોડા પરથી ઉતરી ગયા ને ચાલવા લાગ્યા. સાથે ઘોડો પણ ચાલે છે. આ સ્થિતિ જોઈને કંઈક બોલવા લાગ્યા કે આ તો કેવા મૂર્ખ છે ! ઘોડો સાથે છે છતાં બંને પગપાળા ચાલે છે. આ નકામી વેઠ સાથે રાખી છે. આ સાંભળતા પાર્વતીજીને ભાન થઈ ગયું કે આ જગતનો વિશ્વાસ કરવા જેવો નથી. ઘડીઘડીમાં જુદું જુદું બોલે. આ જગતને કોઈ પહોંચી શકે નહિ, માટે કોઈ પણ કાર્ય કરવું હોય તો આત્માને પૂછીને જે સત્ય લાગે તે કરવું.

આપણે સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રની વાત કરી. આ રત્નત્રયીની આરાધનામાં જેનો પુરૂષાર્થ હોય તે સાચા સ્વરૂપને મેળવી શકે છે. આવા આત્માઓ પાપના કાર્યથી ડરતા હોય છે. જેને પાપનો ડર લાગે તેને આત્માની લગની લાગે. જ્ઞાની કહે છે **"પાપથી ડરે તે નાનો હોય તો ય ડાહ્યો અને પાપથી ન ડરે તે મોટી ઉંમરનો હોય તો ય ગાંડો. પાપથી ડરે તે ઓછું ભણેલો હોય તો ય પંડિત અને પાપથી ડરે નહિ, તે ગમે તેટલું ભણેલો હોય તો ય મૂરખ."** માટે ડર પાપનો રાખો, ભીતિ ભવની રાખો, લગની આત્માની લગાડો ને પ્રીતિ પરમાત્માની કરો.

"ભવની જેને હોય ભીતિ, તેને થાય આત્માની સાથે પ્રીતિ,
એ છે સાચી જીવનની રીતિ, સદા રહે સાધકમાં એ જ નીતિ."

જેને ભવની ભીતિ લાગે એને આત્મા પ્રત્યે પ્રીતિ જાગે. આત્માની પ્રીતિ થાય એને મોક્ષની રુચિ થાય. આજે આત્મા પરમાં પડી ગયો છે ને સ્વને ભૂલી ગયો છે. જેણે આત્મા સાથે પ્રીત કરી છે તેવા આત્માઓને પૈસા કરતા પરમેશ્વર, સંતાનો

કરતાં સંત અને ધન કરતા ધર્મ વહાલો લાગે છે. મહાન પુણ્યોદયે આપણને જિનશાસન અને કિંમતી મનુષ્ય જન્મ મળ્યો છે. આ શાસનને પામીને પણ જો આત્મા સ્વને ભૂલી પરની પંચાતમાં પડી જશે તો તેનો આંટો નિષ્ફળ જશે. તમે ઉધરાણી લેવા ગયા ને દેણીયાત ન મળે તો કહેશો કે મને આંટો પડયો. કોઈ સ્વજન આવવાના છે તેને લેવા સ્ટેશને ગયા ને તે ન આવ્યા તો કહેશો કે આંટો પડયો. અરે, વધુ શું કહું! ઉપાશ્રયે આવ્યા ને સંતો કોઈ કારણથી વ્યાખ્યાન ન આપી શકયા તો કહેશો કે મને આંટો પડયો. અરે, આ આંટો નથી પડયો પણ મહાન લાભ થયો છે.

એક શ્રાવક સંતને વંદન કરવા જતો હતો. રસ્તામાં મિશ્રદૃષ્ટિવાળો મિત્ર મળ્યો તેણે પૂછયું કયાં જાઓ છો? શ્રાવક કહે સંતને વંદન કરવા જઈએ છીએ, એટલે મિશ્રદૃષ્ટિવાળો કહે એમને વંદન કરવાથી શું લાભ થાય? શ્રાવક કહે મહાલાભ થાય. ત્યારે મિશ્રદૃષ્ટિવાળો કહે હું પણ આવું. એમ કહીને તેણે વાંદવાને પગ ઉપાડયો. રસ્તામાં બીજો મહામિથ્યાત્વી મિત્ર મળ્યો. તેણે પૂછયું કયાં જાવ છો? મિશ્રદૃષ્ટિવાળો કહે સંતને વંદન કરવા જઈ એ છીએ, ત્યારે મહામિથ્યાત્વી કહે એમને વંદન કરવાથી શું લાભ થાય? એ તો મેલાઘેલા હોય એમ કહીને ભોળવી નાંખ્યો તેથી મિશ્રદૃષ્ટિવાળો પાછો ગયો. શ્રાવકે જઈને જ્ઞાની સંતને પૂછયું ગુરૂદેવ! વંદન કરવા પગ ઉપાડયો તેમાં શું લાભ થયો? ગુરૂદેવે કહ્યું, કાળા અડદ જેવો હતો તે છડીદાળ સરખો થયો. કૃષ્ણપક્ષી ટળીને શુકલપક્ષી થયો. અનાદિ કાળનો ઉલટો હતો તે સુલટો થયો. તે જીવ ૪ ગતિ, ૨૪ દંડકમાં ભમીને પણ દેશે ઉણું અર્ધપુદ્ગલ પરાવર્તનમાં ઉત્કૃષ્ટો સંસારનો પાર પામશે. માત્ર વંદન કરવા પગ ઉપાડયો. હજુ વંદન કર્યા નથી છતાં કેટલો મહાન લાભ મેળવ્યો? તમારા સંસારમાં એવી કોઈ ક્રિયા છે કે જે આવો લાભ અપાવી શકે! ત્યાં તમારા આંટા નિષ્ફળ છે. ઉપાશ્રયે આવવાનો આંટો નિષ્ફળ જતો નથી.

બંધુઓ! આ માનવભવ પામીને એવી સુંદર આરાધના કરી લો કે જેથી તમારો આંટો નિષ્ફળ ન જાય. આ માટે (૧) ઉદારતા (૨) વિશાળતા (૩) ગંભીરતા (૪) મધુરતા. આ ગુણો ખૂબ જરૂરી છે. આજે પર્વાધિરાજ પર્વનો ત્રીજો દિવસ છે. આપ આટલી બધી વિશાળ સંખ્યામાં આવીને એકત્ર થયા છો પણ મોટા ભાગના લોકો સૌ મનથી પોતાને મોટા માનતા હોય છે. કેમ સાચી વાત છે ને? પણ સાચી મોટાઈ મેળવવા માટે ઉપરના ચાર ગુણો કેળવવા જરૂરી છે. પહેલાના રાજાઓ એટલે માત્ર જમીનના ટુકડાના બાદશાહ નહિ પણ મનના પણ બાદશાહ. ભયંકરમાં ભયંકર દુશ્મનને પણ સુધર્યા પછી એના ગુનાની ક્ષમા આપી દે. જો એટલી ક્ષમા આપવાની તૈયારી ન હોય તો મોટાઈ ટકી પણ ન શકે. જો એને સાચી મોટાઈનું ભાન ન હોય તો ગુનેગાર પસ્તાવો કરે,માફી માંગે તો પણ એની સત્તાથી એને કચડી નાંખે. જો ગુણની મોટાઈ જોઈતી હોય

તો પહેલા નંબરે ઉદારતા કેળવો. ઉદારતા એટલે શું ? મારું જે બધું દેખાય છે તે માત્ર મારું નહિ પણ મારા કુટુંબનું, મારા સંઘનું, મારા સગાંસંબંધીઓનું અને મારા આશ્રિતોનું. ઉદારતાનો ગુણ કેળવવા માટે પરની વસ્તુઓમાં તો પોતાનું–મારાપણું નહિ લઈ જવાય પણ પોતાની ગણાતી વસ્તુઓમાંથી પણ સ્વત્વની ભાવના ઉઠાવી લઈ એમાં પરકીયત્વની ભાવના જમાવવી જોઈએ. જો પોતે મોટા ને સુખી છે તો બધી સગવડો પોતે ભોગવે એમ નહિ પણ એ સગવડો નાનાઓ ભોગવે ને પોતે ખૂબ સાદાઈથી રહે. સમયે પોતે અગવડ વેઠી લે પણ જ્યાં પ્રસંગ આવે ત્યાં બીજાની સેવામાં પોતાના તન, મન, ધનની ઉદારતા કરે. કોઈએ પોતાનું ખરાબ કર્યું હોય પણ ખરાબ કરનારને પોતાની ભૂલનો પશ્ચાત્તાપ થાય તો પછી એણે એ ભૂલ કરી છે એ વાત પોતાના મનમાંથી પણ કાઢી નાંખે. મન એટલું બધું સહિષ્ણુ ને ક્ષમાશીલ બનાવી દે કે એ ગુનેગારની ગુનાની માફી તો આપે પણ સાથે ઇનામ આપે. દિલમાં ડંખ ન હોય તો જ આ રીતે કામ કરી શકે. આ ઉદારતાનો ગુણ આપણા માટે મહાને આદર્શરૂપ છે.

બીજો ગુણ છે વિશાળતા. તેનું હૃદય એટલું વિશાળ હોય છે કે બધાની ભૂલો એમાં સમાઈ જાય. જેમ મોટા વિશાળ સાગરમાં ગમે તેટલી સારી કે ખરાબ વસ્તુઓ નાંખવામાં આવે તો તેમાં બધું સમાઈ જાય તેમ વિશાળ હૈયામાં બધી ભૂલો સમાઈ જાય એટલે કે બીજાની ભૂલો શોધીશોધીને માત્ર અંતરમાં રાખે એમ નહિ પણ એ ભૂલોને ભૂલી જાય. કયારે યાદ પણ ન કરે. જો તેનું હૃદય વિશાળ ન હોય તો એ ભૂલોને ફરી ફરીને યાદ કરે. જો બાળકે ભૂલ કરી હોય તો વિશાળ હૃદયનો માનવી એવો વિચાર કરે કે હોય, બાળક છે ભૂલ કરે. મેં તો જીવનમાં કેટલી બધી ભૂલો કરી છે. કોઈ યુવાન કે વૃદ્ધ માણસે ભૂલ કરી હોય તો વિચારે કે હોય. જુવાનીનું જોર છે. તે બિચારો અજ્ઞાન છે. નહિ તો આવી ભૂલ ન કરે. સમય આવે તેમને હિત શિખામણ આપે. તેમનું હૃદય એટલું વિશાળ હોય છે કે એમાં સામી વ્યક્તિ પ્રત્યેની અનેક ઉજ્જવળતાઓ રમતી હોય. "**આવા વિશાળતાના મહાન ગુણવાળા ઉંમરમાં નાના હોય તો પણ મોટા છે. આ ગુણ વિનાના મોટા હોય તો પણ નાના છે.**" આ વિશાળતાનો ગુણ જેનામાં છે તેના જીવનમાં આનંદ કોઈ અલૌકિક હોય છે. ગુનેગાર પ્રત્યે પણ તેની ભાવના ક્ષમાની હોય. તેના પ્રત્યે રાગ કે રોષ હોતો નથી, એટલે કર્મબંધન થતું નથી. જેનું હૃદય વિશાળ નથી પણ છીછરું છે તે એવું વિચારે કે આણે મારું આવું કર્યું. આ માણસો બધા કેવા છે કે આપણું કોઈ સાંભળે નહિ, આપણું કંઈ માન નહિ. આની સાથે હું કયાં ફસાઈ ગયો ! આવા છીછરા વિચારમાં રમવાથી નુકસાન કેટલું થાય ! એ ગમે તેવા માલ મિષ્ટાન્ન જમે છતાં શરીરની પુષ્ટિ ન થાય કારણ કે દિલમાં આનંદ નથી. એ અંતરમાં ખોટા

વિચારોથી બળતો હોય છે. વિશાળ હૃદયી સૂકો રોટલો ને છાશ ખાશે તો પણ હૃષ્ટપુષ્ટ રહેશે, કારણ કે એ બધી વાતોને ભૂલી જાય પછી એને બળવાનું રહેતું નથી. સદાય આનંદ આનંદ હોય છે. છીછરા દિલવાળો એમ વિચારે કે શું સામાની બધી ભૂલો મારે સહન કરી લેવાની! ત્યારે વિશાળ હૃદયી કહે ભાઈ! આ દુનિયામાં એક ચીજ એવી નથી કે જેમાં ભૂલ ન હોય. બધામાં કાંઈ ને કાંઈ વાંધો તો હોય છે. જમીએ છીએ તે ભોજન શેમાંથી બન્યું? ઘઉં અને વનસ્પતિમાંથી. તે ઘઉં વિગેરેમાં કયા પુદ્ગલ ભળ્યા? ખાતરના. તે ખાતર કેવું? અશુદ્ધ મેલા પદાર્થોનું બનેલું.

એક શૌચવાદી બ્રાહ્મણ હતો. શૌચ એટલે શુદ્ધિ. તે બહારની શુદ્ધિમાં ખૂબ માને. બ્રાહ્મણના એક ચંડાળ પાસે પૈસા લેણા હતા. ચંડાળ એક દિવસ પૈસા લઈને આપવા આવ્યો. શૌચવાદી બ્રાહ્મણ એટલે ચંડાળના પૈસા તેને ધોવરાવીને લેવા હતા, પણ તે કર્યા પહેલા ચંડાળે પૈસા બ્રાહ્મણના ઘરમાં ફેંકયા. બ્રાહ્મણનો તો મિજાજ ગયો. તે ભભૂકી ઉઠયો અરે નાલાયક! બેશરમ! તેં આ શું કર્યું? જુલ્મ થઈ ગયો. મારું આખું ઘર અભડાવી દીધું. આ સાંભળીને ચંડાળ બિચારો તો બરફની માફક ઠરી ગયો. અરે શેઠજી! પણ મેં શું કર્યું છે? શું શું કર્યું? તારા પૈસા મારે પાણીથી ધોઈને લેવાના હતા એના બદલે તેં તારાથી અભડાયેલા જ ફેંકી દીધા? શેઠજી! માફ કરજો, પણ હું આપને પૂછું તો એ પાણી પણ શું ચોખ્ખું છે? એને પણ અમારા જેવા અડેલા તો ખરા જ ને? બ્રાહ્મણ કહે અરે બદમાશ! એક તો મારું ઘર અભડાવ્યું ને પાછો ઉપરથી દોઢ ડહાપણ કરે છે. ચાલ્યો જા અહીંથી. ચંડાળ તો ગયો પણ બ્રાહ્મણના દિલમાં ચંડાળના શબ્દોએ ચોટ લગાડી. હા. એની વાત તો બરાબર છે. ચંડાળના કહેવા પ્રમાણે બધું જ મેલું. તો આ પૃથ્વી પર ચંડાળો પણ વસ્યા છે તો મારાથી આ પૃથ્વી પર પણ ન રહેવાય. બધું અભડાયેલું. બસ, હું એવી ભૂમિ પર જાઉં કે જ્યાં આવા માનવો ન હોય. અહીં તો ધરતી પણ કયાંથી ચોખ્ખી હોય! જે ભૂમિ પર ચંડાળો ચાલે ત્યાં હું ચાલું? બસ, હવે આ ધરતી હરામ! જ્ઞાની કહે છે કે બાહ્ય શુદ્ધિ ગમે તેટલી હશે પણ અંતરશુદ્ધિ ન હોય ત્યાં સુધી કલ્યાણ થવાનું નથી.

બ્રાહ્મણ તો ભૂખ્યો ભૂખ્યો ત્યાંથી નીકળી ગયો ને દરિયાકિનારે પહોંચ્યો. ત્યાં જઈને વહાણમાં બેસી ગયો. દરિયાની વચ્ચે એક નિર્જન બેટ આવ્યો. ત્યાં નાવિકને કહે છે ભાઈ! મને અહીં ઉતારી દે. ખલાસીને પણ આશ્ચર્ય થયું કે આ નિર્જન બેટમાં ઉતરીને શું કરશે? બ્રાહ્મણ ઉતરી ગયો. તેણે જૂના કપડા કાઢીને દરિયામાં ફેંકી દીધા ને નવા કપડા પહેરી લીધા. પછી હરખાવા લાગ્યો કે બસ, હવે બરાબર શુચિધર્મ પળાશે. બ્રાહ્મણને પવિત્રતાની લગની લાગી છે પણ હું તમને પૂછું છું કે માત્ર કપડાં બદલવાથી શું પવિત્ર થવાય? ના, પવિત્ર બનવા માટે દિલને પવિત્ર

બનાવવું પડશે, અંતરમાં રહેલી અશુદ્ધિઓને દૂર કરવી પડશે. આ બ્રાહ્મણ તો બેટ પર ચાલ્યો જાય છે. ભૂખ કકડીને લાગી છે પણ બાવું શું ? ત્યાં ફળવાળું ઝાડ જોયું. અહો ! આ ઝાડ પર ફળ તો છે પણ એને પંખીઓ અડયા હોય. તેમણે ચાંચો મારી હોય તેથી અશૌચવાળા (અશુદ્ધ) કહેવાય, આ તો મારાથી ન ખવાય. ભૂખ લાગી છે પણ અશુદ્ધ ને મેલા ફળ કેમ ખવાય ? એ તો આગળ ગયો. એણે દૂરથી કંઈક પડેલું જોયું. બસ, આ મારે ખાવા માટે બરાબર છે કારણ કે પંખીઓ તો ઝાડ પર ખાવાનું પડતું મૂકીને નીચે ન આવે. પશુ પણ દેખાતા નથી માટે એને શુદ્ધ માનીને જમીન પર પડેલા ફળ ખાધા. વાવડીનું પાણી લાવીને પીધું. હવે મારી પવિત્રતાને આંચ નહિ આવે. ત્યાં એક વાર બીજો માણસ તેને ભેટી ગયો.

બ્રાહ્મણે પૂછયું તમે કોણ છો ? હું પરદેશી છું. મારું વહાણ દરિયામાં ભાંગી ગયું છે તેથી અહીં ફરું છું, પણ તમે કોણ છો ? ભાઈ ! હું બ્રાહ્મણ છું. શૌચ ધર્મને પાળવા અહીં આવ્યો છું. શું તમારા દેશમાં શૌચ ધર્મ નહોતો પળાતો ? ના. ભાઈ ! જ્યાં જોઈએ ત્યાં અપવિત્રતા છે. નદી, તળાવના પાણી ચંડાળથી અભડાયેલા છે. જે ભૂમિ પર ભંગી ચાલે ત્યાં આપણે ચાલવું પડે. ખેતરોમાં અનાજ મેલા ખાતરથી પાકે, પૈસા પણ ચંડાળના અભડાયેલા આપણી પાસે આવે. પેલા માણસને થયું કે આ તો કોઈ પાગલ લાગે છે. તેણે પૂછયું. શું તમને અહીંયા ફાવી ગયું ? હા. તો અહીં શું ખાઓ છો ? બ્રાહ્મણે કહ્યું. તમે મને શું સમજો છો ? હું કંઈ જેવો તેવો નથી. બરાબર જોઈ વિચારીને કામ કરું છું. શું હું આ ઝાડ પરના ફળ બાઉં છું એમ તમે માનો છો ? એ તો પક્ષીઓના બાધેલા હોય તેથી અપવિત્ર હોય એટલે હું ભોંય પડેલાં ફળ બાઉં છું. જુઓ આ રહ્યા. એમ કહીને પોતાની પાસે જે ફળ હતા તે બતાવ્યા. આ જોઈને પેલા ભાઈ તો બડબડાટ હસવા લાગ્યા. બ્રાહ્મણ કહે છે તમે હસો છો કેમ ? તમને શું કહું ? એ તો આ દ્વીપના ઉંડાણમાં જે ઉંટ રહે છે તે ત્યાંની શેરડી બાય છે તેના આ લીંડા છે લીંડા. આ સાંભળી બ્રાહ્મણ શરમાઈ ગયો. આ ઉપરથી એ સમજવાનું કે જેની દૃષ્ટિ ટૂંકી અને વાતવાતમાં કચકચ કરે તે પ્રત્યક્ષ પણ સુખી નથી. જ્યાં હૃદયની વિશાળતા નથી ત્યાં આમ બને છે. વિશાળતા નથી ત્યાં સાચી મોટાઈ નથી. વિશાળતા માટે દૃષ્ટિને ખૂબ વિશાળ બનાવો. જેથી જીવનમાં આનંદ ને સંતોષ અનુભવી શકાય.

ત્રીજો ગુણ છે ગંભીરતા. મોટાઈ મેળવવા માટે હૃદયમાં ગંભીરતા જોઈએ. બીજાની કોઈ ગુપ્ત વાત જાણતો હોય તો ગમે તેવા પ્રસંગમાં પણ તે બહાર ઉછળી ન આવે. પ્રાણ જાય પણ તેના પેટમાંથી વાત ન જાય. એ ગુણથી આપણે બીજાના હૃદય સિંહાસને પ્રેમભર્યું સ્થાન જમાવી શકીએ છીએ. ગંભીરતાથી બધું પચાવતા આવડે છે. ચોથો ગુણ છે મધુરતા. ઉપરના ત્રણ ગુણો હોય પણ ચોથો ગુણ

મધુરતાનો ન હોય તો ન ચાલે. સામાની ભૂલો પચાવી જાય પણ સ્વભાવમાં કડવાશ હોય ને મધુરતા ન હોય તો બધા ગુણો ઝાંખા પડી જાય છે. સ્વભાવ તો હંમેશા મીઠો ને મધુરો હોવો જોઈએ. જો મોટાઈ જોઈતી હોય તો વાણી મુલાયમ અને મીઠી મધુરી બોલો. વ્યવહાર પણ મધુર રાખો. તેમાં પણ જ્યારે પોતે કોઈ ઉંચી પદવી પર બેઠા હો ત્યારે તો ખાસ મધુરતા જોઈએ. આ ચારે ગુણો જ્યારે જીવનમાં આવે છે ત્યારે તે મોટાઈ મેળવી શકે છે. તેનું જીવન ગુલાબના ફૂલની માફક સુગંધિત બને છે. તેનો માનવ જીવનનો આંટો સફળ બને છે અને તે કર્મના ભારથી હળવો બને છે.

પર્યુષણ પર્વના દિવસોમાં કર્મના કચરાને દૂર કરવાનો છે. તે કચરાને દૂર કરવા તપ રૂપી સાવરણીની જરૂર છે. આ દિવસોમાં દાન, શિયળ, તપ અને ભાવનાનો જે વેગ હોય છે તે બીજા દિવસોમાં નથી આવતો. પોતાની શક્તિ પ્રમાણે દાન દેવાનું મન થાય છે. આ દિવસોમાં આપણે વીર ભામાશાહ, જગડુશાહ, જેમો દેદરાણી વિગેરેને યાદ કરીએ છીએ. શા માટે ? શું તેમની પાસે લક્ષ્મી હતી તેટલા માટે ? ના....ના ....હરગીજ નહિ. કંઈક ધનવાન પુરૂષો થઈ ગયા પણ તેમને કોઈ યાદ કરતું નથી. તેઓ જન્મે છે ને મરે છે. તેમનો કોઈ ભાવ પૂછતું નથી, અને આ પુરૂષોને યાદ કરીએ છીએ તેનું કારણ શું ? તેઓએ પોતાની લક્ષ્મી સમાજનું દુઃખ દૂર કરવા સમાજને ચરણે ધરી હતી. મહારાણા પ્રતાપ જ્યારે જંગલમાં ભટકી રહ્યા હતા ત્યારે વીર ભામાશાહે પોતાનો આખો ભંડાર તેમના ચરણે ધર્યો અને કહ્યું કે આ લક્ષ્મીથી આપ લશ્કર એકઠું કરીને મેવાડને સ્વતંત્ર કરો. આથી મહારાણા પ્રતાપમાં હિંમત આવી. તેમણે તે ધનથી લશ્કર ભેગું કર્યું અને મેવાડને ગુલામીના પંજામાંથી મુક્ત કર્યું.

ચાંપાનેરમાં ચાંપશી મહેતા નામના મહાજન થઈ ગયા. તેઓ એક વાર બાદશાહના દરબારમાં જઈ રહ્યા હતા ત્યારે એક ચારણે તેમનું સ્વાગત કરવા કહ્યું, પધારો "શાહ પહેલો અને બાદશાહ પછી". બાદશાહે આ શબ્દો સાંભળ્યા તેથી તેમને ચાનક લાગ્યું. શું મારા કરતા વણિક ચઢી જાય ? ઠીક. સમય આવ્યે જોઈ લઈશ. એક વખત એવો પ્રસંગ આવ્યો કે દેશમાં ભયંકર દુષ્કાળ પડયો. લોકો, ભૂખ તરસથી તરફડવા લાગ્યા. જીવન જીવવું પણ મુશ્કેલ થઈ પડયું. પ્રજાએ રાજાને અરજ કરી કે અમારું રક્ષણ કરો. બાદશાહે કહ્યું પ્રજાનું રક્ષણ કરવું એ મારી પહેલી ફરજ છે પણ બાદશાહથી શાહ મોટા છે તે પ્રજાનું રક્ષણ કરે. બાદશાહે શાહને બોલાવીને કહ્યું આ દુષ્કાળમાં પ્રજાજનોને અનાજ પૂરું પાડો. જો નહિ પાડી શકો તો તમારું શાહ પદ લઈ લેવામાં આવશે. આ વણિકો ઢીલા પોચા ન હતા. ખમીરવંતા હતા. પોતાના શાહ પદને શોભાવવા પોતાનું સર્વસ્વ દઈ દેવું પડે તો દેવા તૈયાર હતા.

શાહ નામને શોભાવવા વણિકોએ કેડ બાંધી. ગામોગામ ફરીને ટીપ કરવા લાગ્યા.

૩૬૦ દિવસ નોંધવાના છે. કોઈએ પોતાનો સ્વતંત્ર એક દિવસ નોંધાવ્યો. કોઈ આઠ દશ માણસો ભેગા થઈને લખાવે. આ રીતે કરતા ૧૬૫ દિવસ નોંધાઈ ગયા. મહાજન ફરતું ફરતું પગપાળા ચાલીને એક ગામથી બીજે ગામ જઈ રહ્યું છે. ત્યાં એક ગામના પાદરમાં એક માણસને જોયો. તેણે માથે સાફો બાંધ્યો હતો ને કેડીયા જેવું પહેર્યું હતું. આ માણસ મહાજનને જોઈને હરખાઈ ગયો. પહેલાં સ્વધર્મીની સેવા ખૂબ થતી, સ્વધર્મી પ્રત્યે માન અને પ્રેમ હતું. સ્વધર્મીની સેવામાં મહાન લાભ સમજતા હતા. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં ગૌતમસ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો. અહો, મારા ત્રિલોકીનાથ પ્રભુ! **गुरु साहम्मिय सुस्सूसणयाएणं भन्ते जीवे किं जणयई?** ગુરૂ અને સ્વધર્મી જનોની સેવા કરવાથી જીવને શું લાભ થાય? ત્યારે ભગવાને કહ્યું હે ગૌતમ! **"गुरुसाहम्मिय सुस्सूसणयाएणं विणय पडिवत्तिं जणयई. विणय पडिवन्ने य णं जीवे अणच्चासायणसीले नेरइय तिरिक्खजोणिय मणुस्सदेव दुग्गइओ निरुम्भई, वण्ण संजलण भत्ति बहु माणयाए मणुस्सदेवग्गइओ निबन्धई, सिद्धि सुग्गई च विसोहेइ, पसत्थाई चणं विणयमूलाई सव्वकज्जाई साहेई, अन्नेय बहवे जीवा विणिइत्ता भवई।"** ગુરૂ અને સ્વધર્મીની સેવા કરવાથી વિનય ગુણની પ્રાપ્તિ થાય છે. વિનયથી અનાશાતના શીલ–સત્કાર કરતા કરતા જીવ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી દુર્ગતિને રોકી દે છે. (અકર્મભૂમિ આદિમાં જન્મની અપેક્ષાએ મનુષ્ય ગતિને દુર્ગતિરૂપી કહી છે, કિલ્વિષિકાદિ દેવોમાં જન્મની અપેક્ષાએ દેવગતિને દુર્ગતિ રૂપ કહી છે. અને શ્લાઘા, પ્રશંસા, ભક્તિ, બહુમાન મેળવતો મનુષ્ય અને દેવ સબંધી સુગતિ બાંધે છે અને સિદ્ધગતિની વિશુદ્ધિ કરે છે તથા વિનયમૂલ બધા પ્રશસ્ત કાર્યોને સાધી લે છે. તે સાથે બીજા અનેક જીવોને વિનય ધર્મમાં યોજે છે.

મહાજનને જોઈને આ વણિક પૂછે છે આપ કયાં જાવ છો? મહાજન કહે ભાઈ! દેશમાં ભયંકર દુષ્કાળ પડયો છે તેથી એક વર્ષની ટીપ કરવા નીકળ્યા છીએ. ૧૬૫ દિવસો નોંધ્યા છે. બાકીના દિવસો બાકી છે. બાદશાહે કહ્યું તમે દુષ્કાળમાં બધાને અનાજ પૂરું પાડો ને શાહ નામને દીપાવો. આ વણિક કહે આપ કૃપા કરીને મારે ઘેર પધારો ને મને પાવન કરો. થોડું ઉનું પાણી પીતા જાવ. મહાજનના મનમાં થયું કે આ તો સાવ ગરીબ જેવો લાગે છે. આ આપણને શું આપવાનો છે? વણિકના ખૂબ આગ્રહથી મહાજન તેના ઘેર ગયું. તેની ઝૂંપડી જોઈને મહાજનના મનમાં એમ થયું કે આ નકામો આપણને ખોટી કરવા લાવ્યો છે. વણિકે ખૂબ આદર સત્કારથી બધાને મીઠું ભોજન જમાડયું, પછી ગરીબ દેખાતો વણિક કહે મારે પણ ટીપમાં કંઈક લખાવવું છે. એમ કહીને તેના પિતા પાસે જઈને વાત કરી. પિતા કહે તારી શું ઇચ્છા છે? પિતાજી! મારા સ્વધર્મીબંધુઓની સેવા માટે મારું સર્વસ્વ દઈ દેવું

પડે તો હું દેવા તૈયાર છું. પુત્રની આવી ભાવના જોઈને પિતાની છાતી ગજગજ ઉછળવા લાગી. પિતાએ કહ્યું. ગુરૂ અને સ્વધર્મીની સેવા કરવામાં મહાન લાભ છે. આવો અવસર ફરીને નહિ મળે માટે જેટલો લાભ લેવાય તેટલો લઈ લો.

વણિકે મહાજનને કહ્યું આપ મારા પર કૃપા કરો. મહાજનના મનમાં થયું કે આ કૃપા કરવાનું શા માટે કહે છે? કદાચ બે દિવસની આવક માંગશે તો? મહાજન કહે સાહેબ! શું માંગણી છે? વણિક કહે હું નાનો માણસ છું. આપને મારી એટલી વિનંતી છે કે આપ આપની લખેલી ટીપ ફાડી નાંખો, અને ૩૬૦ દિવસો મારા લખી દો. આ સાંભળી મહાજન તો સ્થંભી ગયું. ભાઈ! આટલો મોટો ખર્ચો તું એકલો કેવી રીતે પૂરો કરી શકીશ? ત્યારે તે ખૂબ નમ્રતાથી કહે છે આપે મારે ઘેર પગલાં કરી મને પાવન કર્યો છે તો ફૂલ નહિ ને ફૂલની પાંખડી હું આપના ચરણે ધરું છું. આપ મારા ઉપર કૃપા કરી મારી નાની શી ભેટનો સ્વીકાર કરો. એમ કહી કમ્મરે બાંધેલી વાંસળીમાં રૂપિયાની નોટોની થપ્પીઓ ભરી હતી તે કાઢીને મહાજનને આપી દીધી. આ વણિક બીજો કોઈ નહિ પણ ખેમો દેદરાણી. આનું નામ સાચો દાનવીર. બાદશાહને ખબર પડી કે એક જ શાહે બાર મહિનાની જવાબદારી લીધી છે, ત્યારે તેમનો ગર્વ ઉતરી ગયો.

જૈનદર્શનમાં દાનનો મહિમા અપૂર્વ બતાવ્યો છે. જો દાન ધર્મ હોત નહિ તો ભગવાને દીક્ષા લેતા પહેલાં એક વર્ષ સુધી વર્ષીદાન દીધું તે ન આપત. તે વર્ષીદાન દઈને દીક્ષા લે છે આથી દાનધર્મનો મહિમા ખૂબ ગવાયો છે. જગડુશાહે પણ દુષ્કાળના સમયે પોતાની ધાન્ય સામગ્રી અને લક્ષ્મી સમાજના ચરણે ધરી હતી, અને દુષ્કાળની ભયંકરતામાંથી પ્રજાને ઉગારી લીધી હતી. આપણે તેઓને યાદ કરીએ છીએ તેનું કારણ એ છે કે તેમણે પોતાની લક્ષ્મીનો ઉપયોગ પરમાર્થ કાજે કર્યો, તેથી તે બધાના નામ ઈતિહાસમાં સોનેરી અક્ષરે અંકિત થાય છે. પોતાના તન, મન, ધન જે સમાજને ચરણે ધરે છે તે અમરત્વ પ્રાપ્ત કરી શકે છે. જેઓ સુખ સાહ્યબીના સાધનો એકઠા કરવામાં રચ્યાપચ્યા રહે છે, પોતાના સ્વાર્થમાં જેઓ મગ્ન છે તેમણે આવા મહાન પુરૂષોના જીવનને યાદ કરીને તેમના ગુણો અપનાવવાની જરૂર છે.

આપની સમક્ષ ઘણા ઘણા મહાનપુરૂષોના જીવનના સ્મરણો રજૂ કર્યા. તે સાંભળીને હવે તમે નિર્ણય કરજો કે તમે કેવું જીવન જીવવા માંગો છો? જીવનનો ઉપયોગ સ્વાર્થમાં કરવો છે કે પરમાર્થમાં? ભોગોપભોગમાં કે ત્યાગમાં? દેહના ઉપભોગમાં કે આત્મોન્નતિમાં? આ નિર્ણય તમારે કરવાનો છે. લક્ષ્મી, સત્તા, પુત્ર-પરિવાર, દેહ વિગેરે ક્ષણિક વસ્તુઓ પાછળ પ્રયત્ન કરવો એ રેતી પર મકાન ચણવા જેવું છે. આ બધું ક્ષણિક, નાશવંત છે. આત્માએ વિચાર કરવો જોઈએ કે "एगोऽहं नत्थि

મે કોઇ" આ સંસારમાં ધન મારું નથી, સત્તા-સંપત્તિ, પુત્ર પરિવાર કોઈ મારું નથી. હું કોઈનો નથી. આ બધી ખોટી ઘટમાળ મેં ઉભી કરી છે. આ સંસાર આખો સ્વાર્થનો ભરેલો છે, માટે ચેતી જાવ ને આરાધના કરવા તૈયાર થાવ. ધનનો રાગ છોડી દાન કરો, કાયાનો મોહ છોડી તપ કરો. તપ વગર મુક્તિ નથી. આપણે ત્યાં મહાન તપસ્વીઓ ઉગ્ર સાધના કરી રહ્યા છે. ધન્ય છે આવા તપસ્વીઓને. ૐ શાંતિ.

વ્યાખ્યાન નં. ૩૮

ભાદરવા સુદ ૧ ને ગુરૂવાર **તા. ૨૩-૮-૭૬**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત ઉપકારી કેવળજ્ઞાની ભગવંતોએ ભવ્ય જીવોના આત્મશ્રેય માટે આગમની પ્રરૂપણા કરી. વીતરાગ ભગવાનની વાણી મિથ્યાત્વરૂપી મહારોગનું ઔષધ છે. મોહ વેલડીના મૂળને નાશ કરવામાં અંગારસમ છે. ભવભ્રમણ નિવારનાર મહાભોમિયો છે. દુઃખની જડ ઉખેડી સુખના સામ્રાજ્ય સ્થાપનાર વિજયી સેનાપતિ છે. કર્મ જંજીરોને તોડવા માટેનું અખૂટ બળ છે. અનંત અનંત કાળની ભવ કેદમાંથી છોડાવનાર વિભૂતિ છે. એવા જિનેશ્વર ભગવાનના વચનને મહાન વિદ્વાન ગણધરદેવ જેવાએ પણ માથે ધર્યા છે અને દેવેન્દ્રો જેવાએ એના અભિનંદન કર્યા છે. જિનવચનની તાકાત એટલી જબરદસ્ત છે કે કુસંસ્કારોના વજ્ર જેવા પાયાને પણ હચમચાવી નાંખે છે. તેના દ્વારા દુઃખમય સંસારની ઓળખાણ થાય છે, પાપનો ભય લાગે છે અને મોક્ષ માટે ધર્મ કરવાની લેશ્યા જાગે છે. આ જિનવચનની શ્રદ્ધામાં એવા અડગ દૃઢ બન્યાના સિદ્ધાંતમાં કંઈક દાખલા છે કે જેમની પરીક્ષા કરવા દેવ આવ્યા છતાં જરા પણ ડગ્યા નહિ. એમને જિનવચનના મૂલ્યાંકન સમજાઈ ગયા હતા. તેમના મનમાં એ દૃઢ પ્રતીતિ હતી કે દુન્યવી મહાન રિદ્ધિ સિદ્ધિ જિનવચન રૂપી ખજાના આગળ કાંઈ જ વિસાતમાં નથી. કયાં એ ભવબંધનની બેડીમાં જકડી રાખનારી દુન્યવી રિદ્ધિ સિદ્ધિ અને કયાં ભવબંધનથી મુકત કરાવનાર જિનવચન! દુન્યવી સમૃદ્ધિ મારક છે અને જિનવચન તારક છે. જેને જિનવચન મળ્યું અને અપૂર્વ શ્રદ્ધાથી એને હૃદયંગમ કર્યું એટલે તેને તો તાત્વિક રીતે વીતરાગ બનવાનો પંથ હાથમાં આવ્યો.

બંધુઓ! જિનવચન પામવું બહુ દુર્લભ છે. આજે જગતમાં જોઈએ છીએ ને કે જિનવચન કેટલાને મળ્યું છે? જૈનકુળમાં જન્મથી જિનવચન મળેલાને જિનવચનની દુર્લભતા ન સમજાય એ એની ભારે કમનસીબી છે, પછી કેટલાય લાંબા સમય સુધી જિનવચન મળવું દુર્લભ બને છે. દેવલોકના દિવ્ય ઠાઠ મળવા સહેલા છે. થોડું અજ્ઞાન તપ કરે તો પણ દેવલોક મળે પણ જિનવચન મળવું અતિ દુર્લભ છે. જો એ મળવું

સહેલું હોત તો તો જગતમાંથી ઘણાંનો ઉદ્ધાર થઈ ગયો હોત. માત્ર વર્તમાનકાળ નહિ પણ ભૂતકાળનો હિસાબ જોવામાં આવે તો બીજા જીવો કરતાં જિનવચન પામેલા જીવો ઓછા મળવાના. એમની સંખ્યા બહુ અલ્પ. એવી અલ્પ સંખ્યાવાળા ભાગ્યશાળીમાં આપણો નંબર લાગી ગયો. કેવું મહાન ભાગ્ય કહેવાય ! આવા દુર્લભ જિનવચનનો ઉપયોગ ભવરોગ દૂર કરવામાં છે. જેનો ભવરોગ નાબૂદ થાય એની સંસારની વિટંબણાઓ પરાધીનતા અને સમસ્ત દુઃખનો પણ નાશ થાય. જિનવચન ભવરોગને કેવી રીતે નાબૂદ કરે છે ? ભવરોગના કારણભૂત મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગને દૂર કરવાનો ઉપાય બતાવે છે, માટે સંસારરોગને નાશ કરનાર કોઈ હોય તો મહાસમર્થ જિનવચન છે.

આજે પર્વાધિરાજ પર્યુષણ પર્વનો ચોથો દિવસ છે. આ પવિત્ર દિવસોમાં ત્યાગ, વૈરાગ્ય અને સંયમનું વાતાવરણ સતેજ બને છે. તેમ જ તપનું વાતાવરણ તો અજોડ હોય છે. આ ભૌતિકવાદના વિષમકાળમાં પણ અઠ્ઠાઈથી એકાવન ઉપવાસ જેવા દુષ્કર તપ કરનારા તપસ્વીઓના આપણને દર્શન થાય છે. સ્વાતિ નક્ષત્રમાં છીપમાં પડેલાં પાણીનાં બિન્દુ જેમ પાણીદાર અને મહામૂલ્યવાન મોતી બને છે તેમ આ પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં કરેલી સમતાપૂર્વકની થોડી પણ આરાધના ઘણાં કર્મોની નિર્જરા કરાવી આપે છે. આવું સમજીને અને સાંભળીને ભવ્ય જીવોએ આ ધર્મ આરાધના કરવાની અમૂલ્ય તકને ઝડપી લેવી જોઈએ. દુનિયામાં સર્વશ્રેષ્ઠ અને ધર્મારાધનાની બંસરી બજાવતું આ અનુપમ પર્વ બાર મહિને એક જ વાર આવે છે. જે ભાગ્યશાળી આત્માઓ આરાધના કરે છે એમનું જીવન સફળ બને છે. પર્યુષણ પર્વ એટલે આત્માની વસંતઋતુ. વસંતઋતુના આગમનથી જેમ ઝાડ ફળ, ફૂળથી લચી જાય છે તેમ પર્યુષણ પર્વના આગમનથી દાન, શીલ, તપ, ભાવના, ક્ષમા, સમતા, કરૂણા આદિ સુંદર ભાવોથી ભાવિક આત્માઓના હૈયાં પુલકિત બની જાય છે.

મંગલમય પર્વની આરાધના કરીને તમારું જીવન મંગલમય બનાવો. મંગલ એટલે શું ? મં+ગલ્ અનાદિકાળથી આત્મા ઉપર કર્મનો કચરો જામ્યો છે. તેને તપ, બ્રહ્મચર્ય આદિ ધર્માનુષ્ઠાનો દ્વારા ગાળી નાંખવા તેનું નામ મંગલ છે. કર્મ રૂપી કચરાને સાફ કરવા માટે આપણે તપ–ત્યાગની ઔષધિ લેવાની જરૂર છે. તપ અને સંયમ વિના આત્મા ઉપર જામેલા કર્મના થર સાફ થવાના નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે

જહા મહાતલાગસ્સ, સન્નિરુદ્ધે જલાગમે ।
ઉસ્સિંચણાએ તવણાએ, કમેણું સોસણા ભવે ।। ૫ ।।

જેમ મોટા તળાવમાં પાણી આવવાના માર્ગને રોકીએ, એનું પાણી ઉલેચીએ તો પછી રહેલો કાદવ સૂર્યના તાપથી સૂકાઈ જાય છે.

એવં તુ સંજયસ્સાવિ, પાવકમ્મનિરાસવે।
ભવ કોડી સંચિયં કમ્મં, તવસાનિજ્જરિજ્જઇ ॥ ૬ ॥

તે રીતે સંયમી પુરૂષ નવાં પાપકર્મો રોકીને કરોડો ભવના સંચિત કરેલા કર્મોને તપ દ્વારા ખપાવે છે.

આત્માને શુદ્ધ કરવાની ક્રિયામાં જેટલું તપ ધર્મનું મહત્ત્વ છે તેટલું મહત્ત્વ ચારિત્ર ધર્મનું છે. બંને એકબીજાના પૂરક બનીને આત્માને મોક્ષ પ્રાપ્તિમાં સહાયક બને છે, માટે તપ અને સંવર દ્વારા કર્મના પ્રવાહને અટકાવી દેવા કટિબદ્ધ બનો. કર્મ પ્રવાહને રોકવા માટે સર્વપ્રથમ રાગ-દ્વેષને અટકાવવા પડશે, કારણ કે કર્મ પ્રવાહનું મૂળ રાગ અને દ્વેષ છે. "**रागो य दोसो विय कम्मबीयं**" રાગ અને દ્વેષ એ બે કર્મનાં બીજ છે. મોંઘેરા માનવભવનું મૂલ્ય જેને સમજાય છે એની આત્માના રાગાદિ ભાવો તરફ કરડી નજર થાય છે. એ કોઈ પણ રીતે રાગાદિ અશુભ ભાવોમાં જોડાતો નથી. પર્યુષણ પર્વ આત્માને જાગૃત કરવા એલાર્મ છે. **"પર્યુષણ પર્વના પુનિત પધરામણાં થયા ને આત્માને પવિત્ર બનાવવાના સંદેશા લાવ્યા. સાથે તપ-ત્યાગની રૂડી નવી નવી ભેટો લાવ્યા."**

આત્માના ખૂણે ખાંચે ભરાઈ રહેલા કર્મના કચરાને સાફ કરવા માટે પર્વાધિરાજ પર્વ નવા સંદેશા લઈને આવ્યા છે ને સાથે તપ-ત્યાગની નવી નવી ભેટો લાવ્યા છે. તમારા દીકરા દીકરીના લગ્ન હોય ત્યારે સગાસ્નેહીઓ, મિત્રો અને સખીઓ બધા જાતજાતની અને ભાતભાતની નવી ભેટો લાવે છે ને? એનો તમે પ્રેમથી સ્વીકાર કરો છો. એવી રીતે પર્વાધિરાજની ભેટનો પણ સ્વીકાર કરશો ને? તમારી સોનાચાંદીની ભેટો બધી અહીં રહી જશે પણ પર્વાધિરાજની ભેટ તમારી સાથે આવશે. જેનાથી તપ થાય તે તપ કરો. પરિગ્રહની મમતા છોડો, બ્રહ્મચર્યનું પાલન કરો. આ બધામાં સર્વશ્રેષ્ઠ તો સંયમ છે. તેના વિના ત્રણ કાળમાં સિદ્ધિ થવાની નથી. આત્મા ઉપર આવતા કર્મ પ્રવાહને રોકવા માટે સંયમની જરૂર છે. સંયમ લેવાને માટે રાગાદિ બંધનો તોડવા પડે છે. રાગાદિ કર્મનો વિપાક કેવો હોય છે તે હું આપને સમજાવું.

એક વખત એક નગરની બહાર ઉદ્યાનમાં એક જ્ઞાની સંત પરિવાર સહિત પધાર્યા. નગરજનોને ખબર પડી કે આપણાં નગરની બહાર ઉદ્યાનમાં જ્ઞાની સંત પધાર્યા છે એટલે અત્યંત હર્ષ થયો. હર્ષભેર નગરજનો ગુરૂને વંદન કરવા માટે મોટી સંખ્યામાં આવવા લાગ્યા. એ જમાનામાં રાજા અને પ્રજા બધા સંતના દર્શન કરવા આવતા, કારણ કે એ સમજતા હતા કે જીવન ક્ષણિક છે. ધન, વૈભવ, લાડી, વાડી, ગાડી બધું છોડીને એક દિન સૌ કોઈને જવાનું છે. સાથે તો ધર્મ સિવાય કોઈ આવનાર નથી. ધર્મનું સ્વરૂપ સમજાવનાર કોઈ હોય તો સંતો છે. એમ સમજીને

બને તેટલો સત્સંગ કરતા હતા. આ નગરના રાજા પોતાના પ્રજાજનો સહિત સંતના દર્શને આવ્યા. દર્શન કરીને પ્રવચન સાંભળવા બેઠા. આચાર્યશ્રી ધર્મદેશનાનો મેઘ વરસાવી રહ્યા હતા. રાજા અને પ્રજાજનો એકાગ્ર રીતે ઉપદેશનું અમૃત ઝીલી રહ્યા હતા. જેમ ચાતકનું પક્ષી વરસાદનું પાણી અદ્ધર ઝીલી લે છે તેમ જનતા આચાર્યશ્રીની અમૃત વાણી ઝીલી રહી હતી. આ સમયે આસપાસમાં ઝાડ ઉપર કૂદાકૂદ કરતી એક વાંદરી ઝાડ ઉપરથી નીચે ઉતરીને આચાર્ય મહારાજની બરાબર સામે આવીને બેસી ગઈ, અને એક ચિત્તે ધર્મોપદેશનું શ્રવણ કરવા લાગી. જેવી આચાર્ય મહારાજની ધર્મદેશના પૂરી થઈ એવી જ વાંદરી ઉભી થઈને આચાર્ય મહારાજની સામે ઉભી રહીને નાચવા ને કૂદવા લાગી.

"નગરજનોને થયેલ આશ્ચર્ય":"–આ દૃશ્ય જોઈને રાજા તથા નગરજનોને ખૂબ આશ્ચર્ય થયું કે અહો, આ શું? મનુષ્યો તો મહારાજના વ્યાખ્યાનમાં આવે પણ આ વાંદરી કે જે એક ઠેકાણે બેસે નહિ, એક ઝાડેથી બીજા ઝાડે કૂદાકૂદ કરે એ અહીં આવીને આટલી વાર બેઠી ને એક ચિત્તે વ્યાખ્યાન સાંભળ્યું અને સાંભળ્યા પછી એનો હર્ષ વ્યક્ત કરતી હોય તેમ આચાર્ય ભગવંતની સામે નાચે છે ને કૂદે છે. આ શું? આ આશ્ચર્યકારી દૃશ્ય જોઈને રાજાએ વિનયપૂર્વક વંદન કરીને પૂછયું, ભગવંત! આ વાંદરીએ પહેલા એક ચિત્તે આપનું વ્યાખ્યાન સાંભળ્યું ને પછી આપને જોઈને વારંવાર નાચે છે, કૂદે છે ને હર્ષનો અનુભવ કરે છે. એનું કારણ શું? અમે તો ઘણી વાર આ ઉદ્યાનમાં આપના જેવા ગુરૂ ભગવંત પધારે છે ત્યારે દર્શન કરવા અને ધર્મોપદેશ સાંભળવા આવીએ છીએ પણ આવી રીતે વાંદરી ઉપદેશ સાંભળવા માટે આવી હોય અને કોઈ સાધુને જોઈને આવી હર્ષિત બની હોય એવું અમે જોયું નથી, તેથી અમને ખૂબ આશ્ચર્ય લાગે છે. તો આ બાબતમાં શું સત્ય છે તે કૃપા કરીને અમને કહો. રાજા તથા નગરજનોને આશ્ચર્યનો પાર નથી. હવે ગુરૂદેવ શું કહે છે તે સાંભળવા માટે બધા આતુર બની ગયા છે.

આવું જ આશ્ચર્ય મહાવિદેહક્ષેત્રમાં ત્યાંના ચક્રવર્તિને થયેલ, તે કેવી રીતે? કૃષ્ણ વાસુદેવની પટ્ટરાણી ઋક્ષ્મણીના પુત્ર પ્રદ્યુમ્નકુમારને તેનો જન્મ થયા પછી છઠ્ઠી રાત્રે કોઈ પૂર્વભવનો વૈરી દેવ તેનું અપહરણ કરીને લઈ ગયો. તે વખતે ઋક્ષ્મણી ભરનિદ્રામાં હતી. જ્યારે જાગી ત્યારે પડખામાં પોતાના પુત્રને ન જોયો ત્યારે પોતાની દાસીઓ અને સખીઓને પૂછયું કે મારા લાલને રમાડવા કોઈ લઈ ગયું છે? બધાએ ના પાડી એટલે ઋક્ષ્મણીને ખૂબ આઘાત લાગ્યો કે મારા લાલને નક્કી કોઈ ઉઠાવી ગયું લાગે છે, એટલે ઋક્ષ્મણી કાળો કલ્પાંત કરવા લાગી. આ વાતની કૃષ્ણ વાસુદેવને ખબર પડી એટલે તે દોડતા ઋક્ષ્મણીના મહેલે આવ્યા ને ઋક્ષ્મણીને આશ્વાસન આપતા કહ્યું કે હે ઋક્ષ્મણી! તું રડીશ નહિ, ઝૂરીશ નહિ. કલ્પાંત કરીશ નહિ. હું ત્રણ

ખંડનો અધિપતિ વાસુદેવ છું. તારા પુત્રને ગમે તે ઉઠાવી ગયું હશે તો પણ હું તેને શોધી લાવીશ. કૃષ્ણે પોતાના પુત્રની શોધ કરવા પોતાના ખાસ સુભટોને ચારે દિશામાં દોડાવ્યા. સુભટો ચારે બાજુ કૃષ્ણની જ્યાં હાક વાગે ત્યાં નગર, ચૌટા, ચોરા, બજારો, પર્વતો, ખીણો, જંગલ, નદી, નાળાં દરેક ઠેકાણે તપાસ કરીને પાછા આવ્યા, પણ કયાંય પ્રદ્યુમ્નકુમારનો પત્તો પડયો નહિ, તેથી કૃષ્ણ વાસુદેવ, દાસ–દાસીઓ, નોકર ચાકરો, આદિ સારો પરિવાર ઉદાસ બની ગયો. સારી દ્વારકા નગરીમાં હાહાકાર મચી ગયો. અત્યાર સુધી હૈયામાં હામ હતી પણ પોતે ખૂબ તપાસ કરી ને સુભટો દ્વારા તપાસ કરાવી છતાં જ્યારે પત્તો ન પડયો ત્યારે કૃષ્ણજીના પગ ઢીલા થઈ ગયા કે અહો ! હું એક હાકે ધરતી ધ્રુજાવનારો ને મહેલને આટલો સખ્ત ચોકી પહેરો હોવા છતાં મારા લાલને કોણ લઈ ગયું ?

"કૃષ્ણજીને પ્રશ્ન કરતા નારદજી" :– કૃષ્ણ વાસુદેવ, રૂક્ષ્મણી અને આખો પરિવાર ઝૂરે છે, કયાં જાઉં ને શું કરું ? રૂક્ષ્મણીએ ખાવાપીવાનું છોડી દીધું બધા કાળો કલ્પાંત કરે છે. તે સમયે નારદઋષિ આકાશગમન કરતાં દ્વારકામાં કૃષ્ણજીના મહેલે આવ્યા. કૃષ્ણજીને ઉદાસ જોઈને નારદજીએ કહ્યું અહો ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવ ! આજે આપ આટલા બધા ઉદાસ કેમ છો ? ત્યાં કૃષ્ણજીએ ઉંચે જોયું ને ઉભા થઈને નારદજીનો સત્કાર કરી આસન ઉપર બેસાડયા. કૃષ્ણજીના મનમાં થયું કે નારદજી તો ગગનવિહારી છે, એ જરૂર મારું દુઃખ દૂર કરશે. તેથી કહ્યું–ઋષિશ્વર ! રૂક્ષ્મણીની કૂક્ષીથી ઉત્પન્ન થયેલા મારા પુત્રનું કોઈ દેવ અગર દાનવે અપહરણ કર્યું છે, તેથી મારું મન અત્યંત વ્યાકુળ છે. ખૂબ તપાસ કરાવી છતાં પત્તો પડતો નથી. હવે મારે શું કરવું ? કંઈ સૂઝ પડતી નથી. કૃષ્ણના દુઃખમય વચનો સાંભળીને નારદજીને પણ ખૂબ દુઃખ થયું પણ હિંમત કરીને કહ્યું કે હે ત્રિખંડ અધિપતિ ! તમે શાંતિ રાખો. આપની ચિંતા મને સોંપી દો. હું આપના પુત્રની શોધ કરી લાવીશ. આપ સુખેથી પ્રજાનું પાલન કરો. આ પ્રમાણે નારદજીના વચન સાંભળીને કૃષ્ણજીને શાંતિ મળી. હિંમત આવી અને તેમનું હૈયું હળવું બન્યું એટલે નારદજીને કહ્યું કે હું તો કંઈક શાંતિ રાખી શકું છું પણ પુત્ર વિયોગથી દુઃખી બનેલી રૂક્ષ્મણીનું મન કોઈ રીતે વળતું નથી તો આપ એને સાંત્વન આપીને સમજાવો.

"રૂક્ષ્મણીને આશ્વાસન આપતા નારદજી" : કૃષ્ણજીનું વચન સાંભળીને નારદજી રૂક્ષ્મણીના મહેલે ગયા. રૂક્ષ્મણીએ એમનો વિનયપૂર્વક આદરસત્કાર કરીને યોગ્ય આસને બેસાડયા. આવા પુત્ર વિયોગના દુઃખમાં પણ રૂક્ષ્મણીનો વિનય જોઈને નારદજી પ્રસન્ન થયા ને રૂક્ષ્મણીની પ્રશંસા કરતા કહ્યું બેટા ! તું તો મારી દીકરી છે. તું ચિંતા ન કરીશ. તારું દુઃખ દૂર થઈ જશે. તારા પુત્રનું કોઈ દેવે હરણ કર્યું લાગે છે. તારો પુત્ર ગમે ત્યાં હશે તો તે મહાન સુખમાં હશે. તું રડીશ નહિ,

ગૂરીશ નહિ. હું તારા પુત્રને થોડા સમયમાં જરૂર શોધી લાવીશ. રૂક્મણીએ કહ્યું– મુનિશ્વર ! ત્રિખંડ અધિપતિએ ત્રણે ત્રણ ખંડના ખૂણે ખૂણે તપાસ કરાવી છતાં કોઈ જગ્યાએ પત્તો પડયો નથી. એટલું જ નહિ પણ એના કાંઈ સમાચાર પણ નથી. આટલું બોલતાં તો તેની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા. નારદજીએ રૂક્મણીને હિંમત આપતા કહ્યું, દીકરી ! ગભરાઈશ નહિ. હું મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી પાસે જઈને તારા પુત્ર વિષે પૃચ્છા કરીને તેના સમાચાર લઈને આવીશ. ત્યાં કોઈ પગે ચાલનાર માનવી જઈ શકતો નથી પણ હું તો આકાશમાર્ગે ગમન કરનારો છું.

બંધુઓ ! નારદજી શુદ્ધ બ્રહ્મચારી હતા. એમનું બ્રહ્મચર્ય એવું ઉત્તમ કોટીનું હતું કે એ ગમે ત્યારે ગમે તે રાજાના અંતેઉરમાં જાય પણ એમના વિષે કોઈને શંકા ન હતી. ખુદ ઇન્દ્રની અપ્સરા એમને ચલાયમાન કરવા માટે આવે તો પણ એમનું મન ચલે નહિ એવું એમનું શુદ્ધ બ્રહ્મચર્ય હતું. એવા બ્રહ્મચર્યના પ્રભાવથી આકાશગમન કરવાની શક્તિ પ્રગટ થઈ હતી. એવા બ્રહ્મચારી નારદજી રૂક્મણીને આશ્વાસન આપીને દ્વારકા નગરીથી આકાશગામિની વિદ્યાના બળથી ઉપડયા. અનેક પહાડો, પર્વતો બધું જોઈ વળ્યા પણ કયાંય પ્રદ્યુમ્નકુમારનો પત્તો પડયો નહિ, એટલે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી ભગવાન પાસે ઉપડયા. એમને આકાશમાર્ગે ઉડતા શી વાર ?

મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરગિરી નગરીમાં જ્યાં સીમંધર સ્વામી ભગવાન બિરાજમાન હતા ત્યાં નારદજી પહોંચી ગયા. ભગવાન સમવસરણમાં બેસીને બાર પ્રકારની પર્ષદાને ધર્મનો ઉપદેશ આપી રહ્યા હતા. સમવસરણની શોભા અપૂર્વ લાગતી હતી. નારદજી ભગવાનને વંદન કરી, સ્તુતિ કરીને યોગ્ય સ્થાને બેસી ગયા. ભગવાનની અમીરસ વાણીનો વરસાદ વરસી રહ્યો હતો. સાંભળતાં સૌના હૈયાં હરખાઈ રહ્યા છે ત્યાં નારદજીને વિચાર આવ્યો કે અહીંના મનુષ્યોના શરીર મોટા ભાગે પાંચસો ધનુષ્યની અવગાહનાવાળા છે, અને હું દશ ધનુષ્યની કાયાવાળો છું. એમના દેહમાન આગળ તો હું કીડી મંકોડા જેવો છું. આ લોકોના પગ નીચે ચગદાઈ જઈશ. આમ વિચાર કરીને નારદજી પોતાનું રક્ષણ કરવા સીમંધર પ્રભુના સિંહાસનની નીચે જઈને બેસી ગયા.

"પદ્મ નામના ચક્રીને થયેલું આશ્ચર્ય" :– જેમ આપણા ભરત ક્ષેત્રમાં ચક્રવર્તિ હોય છે તેમ ત્યાં મહાવિદેહ ક્ષેત્રમાં પણ ચક્રવર્તિ હોય છે. ત્યાંના પદ્મ નામના ચક્રવર્તિ ભગવાનની દેશના સાંભળવા આવ્યા હતા. પ્રભુના સિંહાસન નીચે આવું અદ્દષ્ટ પૂર્વ રૂપ જોઈને વિચાર કરવા લાગ્યા કે અહો ! દેવ, મનુષ્ય કે તિર્યંચમાંથી આ કોણ હશે ? આ કઈ જાતનું જીવડું કે પક્ષી હશે તે સમજાતું નથી. એનો આકૃતિ મનુષ્ય જેવી છે પણ મનુષ્યના આકારનું કોઈ જીવડું લાગે છે એમ

સમજીને નારદજીને પદ્મ ચક્રવર્તિએ એક નાનકડા જીવડાની માફક હાથમાં લીધા ને એમને રમાડવા લાગ્યા. એમના અંગોપાંગને કુતૂહલતાપૂર્વક જોવા લાગ્યા કે આ કઈ યોનિનું પ્રાણી છે.

"શ્રી સીમંધર ભગવાનને પ્રશ્ન પૂછતા પદ્મચક્રી" :- ચક્રવર્તિને મન તો નારદજીને ઉંચકવા ને એક કીડીને ઉંચકવી એ બંને સરખા હતા. લોકોને પણ ખૂબ આશ્ચર્ય થયું. ભગવાનની દેશના પૂરી થઈ એટલે ચક્રવર્તિએ પ્રભુને પૂછયું- ભગવંત ! આ કઈ ગતિનો જીવ છે ? ભગવંતે કહ્યું કે આ કોઈ જીવજંતુ કે પશુ નથી પણ આ તો ભરત ક્ષેત્રમાં મનુષ્ય યોનિમાં જન્મેલા નારદઋષિ છે, તેઓ શુદ્ધ બ્રહ્મચારી છે. લોકોમાં તેમનું નામ પ્રખ્યાત છે. તે તપસ્વી છે ને સંસારથી વિરક્ત છે. તેઓ મને એક પ્રશ્ન પૂછવા માટે અહીં આવ્યા છે, ત્યારે પદ્મ ચક્રવર્તિ પૂછે છે ભગવંત ! તે શું પ્રશ્ન પૂછવા આવ્યા છે તે કૃપા કરીને અમને કહો. નારદજીના મનમાં એમ હતું કે ભગવાનની દેશના પૂરી થાય એટલે હું એમને પ્રશ્ન પૂછીશ. ત્યાં તો ચક્રવર્તિએ પ્રશ્ન પૂછી લીધો એટલે એમને તો પૂછવાનું રહ્યું જ નહિ.

"ચક્રીના પ્રશ્નના જવાબ" :- ભગવાન કહે છે હે ચક્રવર્તિ ! તમે સાંભળો. ભરતક્ષેત્રમાં દેવલોક જેવી શોભાયમાન દ્વારકા નામની નગરી છે. ત્યાં ત્રિખંડ અધિપતિ કૃષ્ણ નામના વાસુદેવ વસે છે. તેમને રૂક્મણી નામની એક પટ્ટરાણી છે. તેણે એક પુત્રને જન્મ આપ્યો. તેનો જન્મ મહોત્સવ ધામધૂમથી ઉજવાઈ રહ્યો હતો, અને છઠ્ઠો દિવસ પૂરો થતાં મધ્યરાત્રિના સમયે તે પુત્રનું પૂર્વના વૈરના કારણે દેવે અપહરણ કર્યું. આથી આખી દ્વારકા નગરી શોકસાગરમાં ડૂબી ગઈ છે. જેમ તમે છ ખંડના ધણી છો તેમ કૃષ્ણ વાસુદેવ ત્રણ ખંડના ધણી છે. તેમણે ત્રણે ત્રણ ખંડમાં તપાસ કરાવી પણ તેમના પુત્રનો કયાંય પત્તો મળ્યો નહિ તેથી તેની માતા રૂક્મણી તો કાળા પાણીએ રડે છે, ઝૂરે છે. એને શાંતિ થાય તે માટે નારદજીએ પ્રદ્યુમ્નકુમારનું શું થયું ? એ જીવતો છે કે મૃત્યુ પામ્યો છે ? એને કોણ લઈ ગયું છે ને હાલ કયાં છે એ વિષયમાં પ્રશ્ન પૂછવા માટે તેઓ ભરતક્ષેત્રમાંથી અહીં આવ્યા છે. સીમંધર સ્વામીના મુખેથી આ વાત સાંભળીને ચક્રવર્તિ આદિ ત્યાંના લોકોને તે પ્રદ્યુમ્નકુમાર કયાં છે તે જાણવાની જિજ્ઞાસા થઈ એટલે પૂછયું-પ્રભુ ! એ પુત્ર કયાં છે ? એનું કોણ વૈરી દુષ્ટ દેવ અપહરણ કરી ગયો છે ? ત્યારે ભગવાને એમના બધા પ્રશ્નોના ખુલાસા કર્યા ને નારદજીને કહ્યું તમે રૂક્મણીને કહેજો કે એનો પુત્ર મહાસુખમાં વિદ્યાધરને ત્યાં ઉછરી રહ્યો છે, તે સોળ વર્ષનો થશે ત્યારે ઘણી જાતની લબ્ધિઓ અને શક્તિઓ લઈને આવશે. એ દ્વારકામાં આવશે ત્યારે ત્યાં શું શું બનાવો બનશે તે પણ કહ્યું, ત્યારે નારદજીએ કહ્યું ભગવંત ! એની માતા ખૂબ રડે છે તો શું કૃષ્ણજી પોતે ત્યાં જાય તો પુત્ર મળે ખરો ? ભગવંતે કહ્યું, નારદજી ! એક શું, એવા સાત કૃષ્ણજી

જાય તો પણ એમને એમનો પુત્ર નહીં મળે, કારણ કે કર્મ બળવાન છે. રૂક્મણીએ પૂર્વ ભવમાં મોરલીના ઈંડાંને મેંદીવાળા હાથે ઉંચકયા હતા ને મેંદીનો રંગ લાગી જવાથી મોરલીએ સોળ ઘડી સુધી ઈંડાંને સેવ્યા નહિ. તે સમયે એણે કર્મ બાંધ્યું છે તેથી કર્મ પૂરું થયા વિના લાખો ઉપાયો કરવા છતાં પુત્ર નહિ મળે, માટે અત્યારે શાંતિથી ધર્મધ્યાન કરે તેમ કહેજો.

બંધુઓ ! જેમ નારદજીને જોઈને મહાવિદેહક્ષેત્રના ચક્રવર્તિને આશ્ચર્ય થયું તેવી રીતે અહીં વાંદરીને જોઈને ગુરૂદેવની વાણી સાંભળવા આવેલા રાજા તથા પ્રજાજનોને ખૂબ આશ્ચર્ય થયું, તેથી આચાર્યશ્રીને પૂછયું કે ભગવંત ! એ વાંદરી કોણ છે ? સંતો અસત્ય બોલે નહિ. સંતે રાજા અને પ્રજાજનોની વચ્ચે સત્ય વાત રજૂ કરતાં ફરમાવ્યું કે હે રાજન્ ! જગતમાં મોહનીય કર્મની ગતિ વિચિત્ર છે. કર્મના ખેલ આગળ રાજા, રંક, શેઠ, નોકર કોઈનું ચાલતું નથી.

પૂર્વભવ કહેતા આચાર્યશ્રી :–વાંદરી મારી પૂર્વભવની પત્ની છે, અને આ સામે બેઠેલી ધનવતી મારી પુત્રી છે ને ધનદત્ત મારો જમાઈ છે. એક વખત અમારા નગરમાં એક મહાન પ્રતિભાસંપન્ન મહાનજ્ઞાની, આચાર્ય ભગવંત વિશાળ પરિવાર સાથે પધાર્યા. એમની વાણીમાં એવી શક્તિ હતી કે એક વખત વાણી સાંભળે ને તેને સંસારની અસારતાનું ભાન થઈ જાય ને દીક્ષા લેવા તૈયાર થઈ જાય. અમારા નગરમાંથી ઘણાં આત્માઓ વૈરાગ્ય પામી ગયા. મને પણ જ્ઞાની ગુરૂની વાણી સાંભળીને વૈરાગ્ય આવ્યો એટલે મેં મારી પત્ની પાસે દીક્ષાની આજ્ઞા માંગી, પણ મારા પ્રત્યે પત્નીને ખૂબ અનુરાગ હોવાથી દીક્ષાની રજા આપતી ન હતી. છતાં ખૂબ સમજાવીને મેં દીક્ષા લીધી. દીક્ષા લઈને ઉગ્ર તપ અને સંયમની સાધના કરવા લાગ્યો. ગુરૂકૃપાથી હું અનેક શાસ્ત્રોમાં પારંગત બન્યો. ગુરૂ આજ્ઞામાં રહીને જ્ઞાન ભણતાં વિનય, તપશ્ચર્યાદિ કરતા જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થતાં મને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું, પછી મારા ગુરૂદેવે મને આચાર્ય પદવી આપી અને ઘણાં શિષ્ય પરિવાર સાથે જુદા વિચરવાની આજ્ઞા આપી તેથી આત્મકલ્યાણની ભાવના સાથે અનેક જીવોને જિનવાણીનું અમૃતપાન કરાવતાં કરાવતાં અમે તમારા નગરમાં આવી પહોંચ્યા.

આ તરફ મારા દીક્ષા લીધા પછી મારી પત્ની મારી પાછળ ખૂબ ઝૂરવા લાગી ને ઝૂરતી ઝૂરતી થોડા વખતમાં મરીને માછલી થઈ. ત્યાં થોડું આયુષ્ય ભોગવીને બીજા ભવમાં તે આ વાંદરી થઈ. પ્રાયઃ કરીને આર્તધ્યાનથી જીવ તિર્યંચ ગતિમાં જાય છે. રૌદ્રધ્યાનથી નરકગતિમાં, ધર્મધ્યાનથી દેવગતિમાં ને શુકલધ્યાનથી મોક્ષમાં જાય છે. શુભ પરિણામથી મનુષ્યગતિ પામે છે. એ અનુસાર મારી પાછળના આર્તધ્યાનના કારણે આ વાંદરી બની છે, તેથી મને જોઈને મારા પૂર્વભવના સ્નેહનાં કારણ હરખાય છે,

કૂદે છે ને નાચે છે. ગુરૂમહારાજના મુખેથી વાંદરીના પૂર્વભવનો વૃતાંત સાંભળીને રાજા તેમજ પ્રજાજનો કર્મની ગતિનો વિચાર કરવા લાગ્યા કે અહો! કર્મ જીવને કેવા કેવા નાચ નચાવે છે! માટે કર્મ કરતાં પહેલા ચેતી જવું જોઈએ. કયાં આવા જ્ઞાની ગુરૂમહારાજ! અને કયાં એમના વિયોગમાં આર્તધ્યાન કરીને એમની પત્ની માછલી થઈ! વળી માછલી મરીને એક ઝાડેથી બીજા ઝાડે કૂદકા ભરનારી વાંદરી થઈ! આવું આર્તધ્યાનનું પ્રત્યક્ષ ફળ જોઈને આપણે આર્તધ્યાન ન કરવું. આવી ઘણા જીવોએ પ્રતિજ્ઞા કરી.

ગુરૂ ભગવંતના મુખેથી વાણી સાંભળીને એમની સંસાર અવસ્થાની પુત્રી ધનવતી રડવા લાગી. હે માતા! તારી આ દશા થઈ! આમ બોલતી જાય ને રડતી જાય. આ દૃશ્ય જોઈને ગુરૂમહારાજે કહ્યું હે ધનવતી! તું શા માટે રડે છે? સમજ. કર્મની ગતિ દુષ્કર છે. સંસાર સાગરને પાર કરવા માટે સમર્થ નાવડી હોય તો તે એક ધર્મ છે.

"કાયા મહિં આસક્તિ જે, તે દુઃખનું કારણ કહ્યું.
ધર્મમાંહી અનુરક્તતા જે, તે સુખનું કારણ કહ્યું."

દુર્લભ મનુષ્ય જન્મ પામીને જે જીવાત્માઓ કાયાની માયા કરે છે, જે અંતિમ સમય સુધી એના મોહમાં મૂરઝાયા કરે છે તેની આવી દુર્દશા થાય છે અને જે ધર્મમાં અનુરક્ત બને છે તે મહાન સુખોના ભાગી બને છે, માટે દુર્લભ એવો મનુષ્ય જન્મ પામીને જે જીવો ત્રિકરણે શુધ્ધ જિનધર્મની આરાધના કરે છે તે જન્મ મરણના દુઃખોનો અંત લાવીને મોક્ષપદને પ્રાપ્ત કરે છે. આચાર્ય મહારાજ ધનવતીને જે ઉપદેશ આપતા હતા તે આ વાંદરી ધ્યાનપૂર્વક સાંભળી હતી, કારણ કે વાંદરી સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે ને પૂર્વભવની આચાર્ય ભગવંતની અનુરાગી છે, એટલે એમની વાણી સાંભળીને એને પોતાના પાપનો પશ્ચાત્તાપ થયો કે હું કેવી દુર્ભાગી! મારા પતિને તો સંસારમાં કોઈ પ્રત્યે રાગ નથી કે કોઈ પ્રત્યે દ્વેષ નથી. મારા કે તારાના એમને ભેદભાવ નથી દરેક આત્માઓ પ્રત્યે સમભાવ છે. એમણે તો મને ઘણું ઘણું સમજાવ્યું હતું પણ રાગના કારણે સમજી નહિ ને મેં આર્તધ્યાન કર્યું તો મારી આ દશા થઈ ને? આ રીતે પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતા વાંદરીને જાતિ સ્મરણ જ્ઞાન થયું.

"સંતના ઉપદેશથી બોધ પામેલી વાંદરી :- વાંદરીએ જાતિસ્મરણજ્ઞાન થવાથી જાણ્યું કે આચાર્ય ભગવંત પોતાના પૂર્વભવના પતિ છે. ધનવતી પુત્રી અને ધનદત્ત જમાઈ છે. એમને ઓળખીને વાંદરી પણ અત્યંત ખેદ કરવા લાગી. તે સમયે આચાર્ય મહારાજે બોધ આપ્યો કે હે ભદ્રે! હવે ખેદ કરવાથી શું? મોહની ગતિ જ આવી છે. મેં દીક્ષા લીધા પછી તેં મારા વિયોગમાં અંતિમ સમય સુધી ખૂબ આર્તધ્યાન કર્યું. તે કર્મના ઉદયથી તું મરીને માછલી બની ને ત્યાંથી મરીને વાંદરી બની. જીવ પોતાના દોષથી દુર્ગતિમાં ભમે છે. સર્વજીવો સ્વકર્માનુસાર સુખદુઃખનો

અનુભવ કરે છે. પૂર્વકૃત કર્મો ભોગવ્યા વિના, ઉગ્ર તપશ્ચર્યા કર્યા વિના કર્મનો ક્ષય થઈ શકતો નથી. તું પણ પંચેન્દ્રિય છે. પાંચમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરવા યોગ્ય છે માટે તું યથાશક્તિ તપ કર. મનમાં નવકારમંત્રનું સ્મરણ અને ધ્યાન કર. જેના પ્રતાપે આ દુર્ગતિમાંથી તારો છૂટકારો થાય, અને પરંપરાએ તું મોક્ષ પામીશ. આ ધનવતી તારું પાલન કરશે ને તને સહાયક થશે. આ પ્રમાણે આચાર્ય ભગવંતનો ઉપદેશ સાંભળીને વાંદરીએ પોતાના પાપકર્મોનું પ્રાયશ્ચિત કરવા જાવજીવ સુધી એકાંતર ઉપવાસ કરવાનો નિયમ લીધો. ગુરૂ ભગવંતે જ્ઞાન દ્વારા જાણીને ધનવતીને કહ્યું કે આ વાંદરીને તારે ઘેર લઈ જા. એણે એકાંતર ઉપવાસ કરવાનો નિયમ લીધો છે માટે તું એને સાચવજે. માતાના ઉપકારના ઋણમાંથી મુક્ત થવાનો તને આ અવસર મળ્યો છે. ધર્મથી વિમુખ બનેલી તારી પૂર્વભવની માતાને ધર્મમાં જોડવા માટે તું સહાયક બન, જેથી તમારો મા-દીકરીનો સંબંધ સફળ થાય.

ધનવતી ગુરૂ ભગવંતનું વચન શિરોમાન્ય કરીને વાંદરીને પોતાને ઘેર લઈ આવી અને તેનું બરાબર પાલન કરવા લાગી. વાંદરીને પણ જ્ઞાન થયું એટલે એને પોતાનો વાનર જાતિનો સ્વભાવ બિલકુલ યાદ આવતો નથી. એક ઝાડ પરથી બીજા ઝાડે કૂદવાનું મન થતું નથી. એ તો ઘરમાં એક બાજુ બેસીને નવકારમંત્રનું ધ્યાન અને સ્મરણ કરવા લાગી. દીકરી ધર્મના પુસ્તકોનું વાંચન કરે, પ્રતિક્રમણ કરે તે એક ચિત્તે સાંભળતી હતી. ધનવતીએ પોતાના પુત્ર તથા પુત્રવધૂને કહી રાખ્યું હતું કે કદાચ મારું આયુષ્ય પૂરું થાય ને હું અચાનક મરી જાઉં તો તમને કહી રાખું છું કે આ વાંદરી મારી પૂર્વભવની માતા છે. એના કર્મોદયે એની આવી દશા થઈ છે પણ અત્યારે એ બોધ પામી છે. જાતિસ્મરણજ્ઞાનથી યુક્ત છે. એણે તો એકાંતર ઉપવાસ કરવાનો નિયમ લીધો છે માટે તમારે બંનેએ એના પારણા વિગેરેનું ધ્યાન રાખવું.

"વાંદરીનો સુધરેલો ભવ :"—વાંદરી પણ તપશ્ચર્યાની સાથે નવકાર મંત્રનું સ્મરણ કરતી ને ધ્યાન ધરતી. થોડા સમયમાં ત્યાંથી મૃત્યુ પામીને પહેલા સૌધર્મ દેવલોકમાં દેવીપણે ઉત્પન્ન થઈ. જ્ઞાન દ્વારા તે આચાર્ય મહારાજને પોતાના ઉપકારી જાણીને તેમને સહાય કરવા લાગી. જુઓ, વાંદરી જ્યારે મનુષ્ય હતી ત્યારે એને એના પતિ પ્રત્યે પ્રેમ હતો, પણ પતિએ દીક્ષા લીધી ત્યારે એ પ્રેમ આર્તધ્યાનમાં પરિણમ્યો હતો. જેથી પાપ કર્મનું બંધન કરીને તિર્યંચ બની અને તિર્યંચ ગતિમાં પોતાના પતિને જોઈને પ્રેમ ઉભરાયો ને અબર પડી કે સાધુ મહારાજ પોતાના પતિ છે. પોતે પોતાના કર્મના વિપાકથી માછલી થઈ ને પછી વાંદરી થઈ તેથી એને ખૂબ દુઃખ થયું, અને એ જ પ્રેમ પશ્ચાત્તાપ રૂપે પરિણમ્યો. પાપનો પશ્ચાત્તાપ અને તપ દ્વારા પ્રાયશ્ચિત કરીને દેવલોકમાં ગઈ. હવે તેને પતિ પ્રત્યેનો શુદ્ધ પ્રેમ કેવો હોય તેનું ભાન થયું હતું એટલે દેવી બનીને ધર્મની જાહોજલાલી કરવામાં, જૈનશાસનની

જ્યોત કેમ વધુ પ્રગટે તે માટે સહાય કરવા લાગી. આ દૃષ્ટાંતનો સાર એટલો છે કે જો તમારે દુર્ગતિના દ્વાર ન ખખડાવવા હોય તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરતાં અટકો અને સમજો કે આયુષ્ય પાણીના પૂરની જેમ વહી રહ્યું છે, માટે પાણી પહેલાં પાળ બાંધી લો ને વિચાર કરો કે આ કર્મોથી મને સુખ મળશે કે દુઃખ ? તેના પરિણામનો વિચાર કરી શુભ ધ્યાનની લગની લગાવીને મોક્ષ મંઝીલને સર કરો.

આજે આપણે ત્યાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાઓ છે. બ્રહ્મચર્ય એ આત્માને નિરોગી બનાવનાર મહામૂલ્યવાન ઔષધ છે. જો આત્મા બ્રહ્મચર્યનું પાલન કરે તો જન્મમરણની સાંકળથી મુક્ત થઈ જાય છે. તમે ધનવંતરી આદિ વૈદોના નામ તો સાંભળ્યા હશે. એ વૈદો એવા હતા કે માણસોને સર્વ રીતે સુખી બનાવી શકતા. એક વખત એક માણસ ધનવંતરી વૈદ પાસે જઈને પૂછે છે કે આપ મહાન વૈદ છો. આપ ભયંકરમાં ભયંકર રોગોનું નિદાન કરી રોગીઓના રોગ મટાડીને સાજા કરો છો પરંતુ આપની પાસે એવી કોઈ દવા છે કે જેનાથી મનુષ્ય જન્મ મરણથી મુક્ત થઈ જાય, ત્યારે વૈદ કહે છે હા, મારી પાસે એવી અમોઘ ઔષધિ છે. જો આપની ઇચ્છા હોય તો આપું. બોલો છે ઇચ્છા ? 'હા.' તો સાંભળો.

मृत्यु व्याधि जरा नासि, पियुष परमोषधम् ।
ब्रह्मचर्य महायत्नम्, सत्यमेव वदाम्यहम् ॥

મૃત્યુ, વ્યાધિ અને વૃદ્ધાવસ્થાને દૂર કરનારી અને જન્મ મરણથી મુક્ત કરનારી મારી પાસે એક દવા છે બ્રહ્મચર્યનું પાલન. જો અંતઃકરણપૂર્વક શુદ્ધ ભાવથી બ્રહ્મચર્યનું પાલન કરવામાં આવે તો બધા વ્રતો સરળતાથી પાળી શકાય છે. મહાનમાં મહાન અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો કોઈ તપ હોય તો બ્રહ્મચર્ય છે. કહ્યું છે કે "**ब्रह्मणि चरति इति ब्रह्मचर्य ।**" જે આત્મામાં, નિજસ્વભાવમાં રમણતા કરે એનું નામ બ્રહ્મચર્ય. આત્મભાવમાં અને નિજસ્વરૂપમાં તલ્લીન રહે તે સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે. બ્રહ્મચર્યનું પાલન કરવા માટે એક મહાન શક્તિની જરૂર છે. બ્રહ્મચારી આત્માઓને દેવો પણ નમસ્કાર કરે છે. બ્રહ્મચર્ય વ્રતનો મહાન પ્રભાવ છે. સમય થઈ ગયો છે. હવે બ્રહ્મચર્ય વ્રત લેનાર આત્માઓને પ્રતિજ્ઞા કરાવું છું. ॐ शांतिः

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૩૯

ભાદરવા સુદ ૨ ને શુક્રવાર "મહાવીર જયંતિ" તા. ૨૪-૮-૭૯
"પ્રગટયો શાસન સિતારો"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! મહાન મંગલકારી પર્યુષણપર્વના એકેક પવિત્ર દિવસો રોજ આપણા જીવનમાંથી પસાર થાય છે ને સાથે આપણી

જિંદગીનો એકેક સોનેરી દિવસ પણ પસાર થાય છે. આ એકેક દિવસો આત્મશુદ્ધિનો મંગલ મંત્ર આપતા જાય છે, તેથી આ દિવસો ખૂબ મહત્ત્વના છે. વિશિષ્ટ જ્ઞાનીપુરૂષો પણ આ પર્વનો મહિમા કહેવાને અસમર્થ છે. આજે આપણી સમક્ષ કેવળી ભગવંત કે તીર્થંકર ભગવંત ઉપસ્થિત નથી એટલે કેવળજ્ઞાનના અભાવે વર્તમાનમાં શ્રુતજ્ઞાન દ્વારા થોડો ઘણો મહિમા સમજાવાય છે. શ્રુતજ્ઞાનથી પણ આ પર્વનો મહિમા સમજવો આજે કઠિન બની ગયો છે. શ્રુતજ્ઞાન છે સાગર જેટલું ને આપણી બુદ્ધિ છે ગાગર જેટલી, એટલે શ્રુતજ્ઞાનના બળે આ પર્વના મહા મહિમાનું વર્ણન કરવું તે બે હાથ પહોળા કરીને સમુદ્રનું માપ બતાવવા બરાબર છે.

પર્યુષણ પર્વનો આજે પાંચમો દિવસ છે. આજનો દિવસ મહાવીર જયંતિના નામથી ઓળખાય છે. મહાવીર પ્રભુનો જન્મદિન તો ચૈત્ર સુદ ૧૩ નો છે પણ આ પર્વમાં ઘણાં માણસો લાભ લઈ શકે તેથી આજના દિવસે ભગવાન મહાવીરસ્વામીનો જન્મ વંચાય છે એટલે આજના દિવસને મહાવીર જયંતિના નામથી નિર્માણ કરવામાં આવ્યો છે. આપણા પરમપિતા પ્રભુ મહાવીરસ્વામી કેવા હતા ? એમણે મનુષ્ય લોકમાં જન્મીને શું શું કાર્યો કર્યો છે ? જગતના જીવોને શું આપ્યું છે તેનો ખ્યાલ આવે. આજે ભારતભરમાં અને પરદેશમાં વસતા જૈન સંઘોમાં મહાવીર પ્રભુનો જન્મ વંચાશે. ભગવાન મહાવીરસ્વામીને મોક્ષમાં ગયા ૨૫૦૫ વર્ષો થઈ ગયા છતાં એમનું નામ સાંભળતા દરેકના દિલમાં અનેરો આનંદ થાય છે. એવા ભગવાન મહાવીરસ્વામીને આપણે એક વર્ષમાં ત્રણ વાર યાદ કરીએ છીએ. ચૈત્ર સુદ તેરસના દિવસે, ભાદરવા સુદ બીજના દિવસે અને આસો વદી અમાસના દિવસે તેમનો નિર્વાણ દિન ઉજવીએ છીએ. આ રીતે એક વર્ષમાં ત્રણ ત્રણ વખત મહાવીર પ્રભુને યાદ કરીને એમના જીવનમાં રહેલા મહાન ગુણોનું સ્મરણ કરીએ છીએ.

જેમ ઘોર અંધકારમાં સૂર્યના કિરણો બહાર આવે એટલે પૃથ્વીના પટ ઉપરથી અંધકાર વિલીન થઈ જાય છે તેમ આ જગતમાં જ્યારે અજ્ઞાન રૂપી અંધકાર છવાયો હતો ત્યારે ઉપદેશ રૂપી જ્ઞાનના કિરણો વડે અજ્ઞાન રૂપી આંધીમાં પડેલા માનવને ભગવાને જ્ઞાન રૂપ કિરણો ફેંકીને અજ્ઞાનનો અંધકાર દૂર કરાવી માર્ગદર્શન કરાવ્યું છે. એવા ભગવાનનું શાસન આજે જયવંતુ વર્તે છે. ભગવાને આપણા જેવા અલ્પ જીવો ઉપર મહાન કરૂણા અને મહાન ઉપકાર કરી આપણું ભવભ્રમણ કેમ જલ્દી ટળે એ માટે આત્મ કલ્યાણનો માર્ગ બતાવ્યો છે. માણસ ત્રણ કે ચાર સીડી એક સામટી ચઢે છે તો શ્વાસ પણ ધમણ થઈ જાય છે ને થાકીને હાશ કરીને બેસી જાય છે પણ અનાદિકાળથી ચતુર્ગતિ સંસારની સીડીઓ ચઢીને ઉતરી રહ્યો છે. તેનો કદી જીવને થાક લાગ્યો છે ખરો ? એ થાકથી કંટાળીને હાથ કરીને બેસવાનું મન થાય છે ખરું ? ભગવાન મહાવીરસ્વામીએ મનુષ્ય જન્મ પામીને પ્રબળ પુરૂષાર્થ કરીને

માથેથી કર્મના કરજ ઉતારી નાંખ્યા. એમને ભવના ફેરાનો થાક અને માથે કર્મના કરજનો ભાર લાગ્યો હતો એટલે જબ્બર પુરૂષાર્થ કરી કર્મનો બોજો ઉતાર્યો અને આપણને કર્મનો ભાર ઉતારવાનો ઉપદેશ આપ્યો છે.

"તારે માથે (૨) છે કર્મની હેલ, એને ઉતારી અળગી મેલ."

હે ભવ્ય જીવો! અનાદિકાળથી તમે કર્મના કરજમાં ડૂબી રહ્યા છો તો હવે માથેથી કર્મના કરજનો ભાર ઉતારો. આ ભવમાં નહિ ઉતારો તો ક્યારે ઉતારશો? આગળના જમાનામાં બહેનોને માથે પાણીના બેડા ભરીને લાવવા પડતા હતા. આજે તો ઘરઘરમાં નળ આવી ગયા. હજુ કોઈ કોઈ ગામડામાં દૂર દૂર કૂવેથી પાણી ભરી લાવવા પડે છે. તો ત્રણ ચાર વખત બહેનો પાણીના બેડા ભરી લાવે તો થાકી જાય છે, માથું તપી જાય છે. એ સમયે એના માથેથી કોઈ એક ઘડો ઉતારી લે તો એનો ભાર હળવો થઈ જાય છે' પછી ઘરમાં આવીને સંપૂર્ણ ભાર ઉતારી નાખે છે ત્યારે હાશ કરીને બેસી જાય છે. જ્ઞાની પુરૂષો કહે છે હે જીવ! પાણીના બેડાનો ભાર ઉતારનાર તને કોઈ ને કોઈ મળી રહેશે પણ અનાદિકાળથી માથે કર્મના ભારા ઉંચકીને ફરે છે તે તારા પુરૂષાર્થથી ઉતારી શકાશે. આ કર્મનો ભાર પ્રત્યેક સંસારી જીવોના માથે ૨૫, ૩૦ વર્ષોથી નથી પણ અનાદિકાળથી છે. આવો ભાર ઉપાડીને જીવ કાળ રૂપી ચક્કીના પૈડા નીચે પીસાઈને જન્મ મરણ કર્યા કરે છે. એમાંથી બચવું હોય તો ૧૮ પાપ છોડો. જડ પુદ્ગલો પ્રત્યેની મમતા ઘટાડો. આ સંસારમાં આત્મા સિવાયના પ્રત્યેક પુદ્ગલો પર છે. એ પર પુદ્ગલની મમતા જીવને પોતાના સ્વરૂપનું ભાન થવા દેતી નથી.

રત્નત્રયીનો વહેપારી (૨) પરની માંગે બની ગયો છે ભિખારી,
પર્યાયે તું સંસારી (૨) દ્રવ્ય લક્ષે શિવપદનો અધિકારી,
નિશ્ચયની દૃષ્ટિથી સુખનો સ્વામી છે, કર્તાબુદ્ધિ એ તો ભવનો ગામી છે.

તમારા સંસારમાં હીરાનો વહેપારી ઝવેરી કહેવાય છે ને? તેમ આપણો આત્મા પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ રત્નોનો ઝવેરી છે. એના વહેપારમાં કદી ખોટ આવતી નથી ને સુખમાં ઓટ આવતી નથી, પણ અજ્ઞાન દશાના કારણે પર પુદ્ગલના રાગે એવો રંગાઈ ગયો છે કે પોતાના સ્વરૂપનું ભાન ભૂલીને ખોટનો ધંધો કરી ખુવાર બની ગયો છે. ભિખારી જેવો કંગાલ બનીને બહાર સુખની માંગણી કરી રહ્યો છે. જીવ પર્યાય દશામાં ભલે સંસારી હોય પણ આત્મદ્રવ્યના લક્ષે મોક્ષના શાશ્વત સુખનો અધિકારી છે. અનંત સુખનો સ્વામી છે પણ સંસાર સુખમાં મારાપણાની બુદ્ધિથી ભવની પરંપરા વધારીને ભવમાં ભમી રહ્યો છે. બાકી આત્માની શક્તિ કંઈ જેવી તેવી નથી. જેવો ભગવાન મહાવીર સ્વામીનો આત્મા છે તેવો જ આપણો આત્મા છે. એમણે જેવો આત્મપ્રકાશ પ્રગટ કર્યો તેવો આપણે કરી શકીએ તેમ છે. એમનામાં ને આપણામાં કોઈ ફરક નથી. ફરક હોય તો તે એટલો જ છે કે એમણે સમ્યક્ પુરૂષાર્થ

કરીને જ્ઞાન દીપકની જ્યોતિ જલાવી અને આપણે મિથ્યા પુરૂષાર્થ કરીને આત્માને અંધકાર તરફ ઢસડી રહ્યા છીએ.

બંધુઓ ! હજુ સુધી આત્મામાં સમ્યક્‌જ્ઞાનનો દીપક પ્રગટયો નથી, જ્ઞાનદીપના અજવાળા થયા નથી. જ્ઞાનદીપના અજવાળા એટલે આત્મસ્વરૂપનો પ્રકાશ. જેના અંતરમાં એ પ્રકાશ પ્રગટયો હોય તે આત્માનું જીવન એટલું બધું પવિત્ર હોય છે કે ક્રોડો દેવોના સ્વામી ઈન્દ્ર પણ એના ચરણમાં નમસ્કાર કરે છે, પણ જ્ઞાનદીપકના પ્રકાશને પ્રગટાવવા માટે રાત દિવસ ભગીરથ પુરૂષાર્થ કરવો પડે છે. સૂર્યોદય થતાંની સાથે જગત પરનો અંધકાર દૂર થઈ જાય છે એ રીતે જ્ઞાનદીપ પ્રગટ થતાં અજ્ઞાન રૂપી અંધકાર દૂર થઈ જાય છે. આ બધું થાય કયારે ? સ્વ તરફ દૃષ્ટિ કરો ને બાહ્યભાવને છોડો ત્યારે.

એક વૃદ્ધ ડોશીમા સાંજે સૂર્યાસ્ત થવાના સમયે ઘરમાં બેસીને કપડા સીવી રહ્યા હતા. સીવતા સોય પડી ગઈ. ડોશીમા સોય શોધવા ચોગાનમાં પ્રકાશ હોવાથી ત્યાં ગયા. આ સમયે એક સમજણવાળા ભાઈ ત્યાંથી નીકળ્યા. એમણે પૂછયું માડી ! તમે શું શોધો છો ? ત્યારે માડી કહે છે બેટા ! કપડાં સીવતા સોય ખોવાઈ ગઈ છે તે શોધું છું ત્યારે કહે છે કપડા કયાં સીવતા હતા ? તો કહે કે ઘરના ઓરડામાં. પેલા ભાઈ કહે માડી ! ચાલો, તમારા ઘરમાં. કયાં સીવતા હતા તે મને બતાવો. હું તમને શોધી આપું. માડી પેલા ભાઈને લઈને પોતાના ઘરમાં આવ્યા. ઘરમાં જઈને શોધ ચલાવી તો તરત જ મળી ગઈ.

"શું શોધવું છે ને કયાં શોધી રહ્યા છો ?" આવી રીતે અનાદિકાળથી માનવ પોતાના શુદ્ધ સ્વરૂપના પ્રકાશને મેળવવા પર્વતો અને જંગલમાં ઘૂમે છે પણ એને ખબર નથી કે પ્રકાશ તો મારા આત્મામાં છે ને સુખ પણ મારામાં ભરેલું છે. તેથી માનવ જગતના ઝાકઝમાળ વચ્ચે સુખની ખોજ કરવા નીકળી પડયો છે, પણ જગતના ઝાકઝમાળમાં મળવું તો સાવ અશકય છે. ઘરના અંધારા ખૂણે ખોવાયેલી સોય હજી કદાચ જગતના ચોગાનમાં મળી શકશે પણ સુખ તો જગતના ચોગાનમાં ન જ મળી શકે. તે તો આત્મામાંથી જ મળવાનું છે. કબીરજીએ એક દોહામાં કહ્યું છે કે

મુઝ કો કહાં ઢૂંઢે બંદે, મેં તો તેરે પાસમેં,
નહિ મંદિરમેં નહિ મસ્જિદમેં, નહિ કાશી કૈલાસમેં !
ઘાસ કુસમેં હમ નહિ રહેતે, હમ તો હૈં વિશ્વાસ મેં,

હે આત્મા ! તું બહાર શું ભટકી રહ્યો છે ? તું જેને બહાર શોધી રહ્યો છે તે તારા પોતાનામાં જ છે, એ ચૈતન્યદેવનો પ્રકાશ કોઈ મંદિરમાં, કોઈ મસ્જિદમાં કે કોઈ કાશી મથુરા આદિ તીર્થસ્થાનોમાં નથી કે કૈલાસ પર્વત ઉપર નથી પણ તારા પોતાના અંતરમાં સહસ્રરશ્મિનો પ્રકાશ ઝળહળી રહ્યો છે. આત્મા અનંત પ્રકાશનો

સ્વામી છે. અનંત જ્ઞાનશક્તિનો ધણી છે પણ એના ઉપર મોહનીયાદિ કર્મોનો પડદો આવી ગયો છે તેથી તેને પોતાનો પ્રકાશ દેખાતો નથી. સુખનો અનુભવ થતો નથી. એટલે સુખ શોધવા બહાર ભટકી રહ્યો છે માટે જ્ઞાની કહે છે કે સ્વને ઓળખો તો આત્માનો પ્રકાશ અને આત્માનું સુખ પ્રાપ્ત થશે.

"સમકિતની પ્રાપ્તિ કયારે ?" :– આજે આપણા પરમપિતા, શાસનપતિ, મહાવીર પ્રભુનો જન્મદિન વાંચવાનો પવિત્ર દિવસ છે. મહાવીર ભગવાનનો આત્મા પણ એક વખત આપણી જેમ ભવમાં ભટકતો હતો, પણ જ્યારે નયસાર સુથારના ભવમાં સમકિત પામ્યા ત્યારથી તેમના ભવની ગણતરી થઈ છે, અને ત્યારથી આપણે તેમને ઓળખીએ છીએ. સમ્યકૃત્વ એક અમૂલ્ય રત્ન છે. એ જેને મળે છે એનો માનવ જન્મારો સફળ બની જાય છે. સમ્યકૃત્વ પામ્યા પછી આત્માના વિચારો પણ કેટલા ઉંચા હોય છે. હું કેમ અલ્પારંભી બનું ? અલ્પ પરિગ્રહી કેમ બનું ? વહેપાર ધંધાની મમતા ઉઠાવી લઉં. આવા ભાવો પ્રગટે છે. તમને આવા વિચારો આવે છે ખરા ? તમે એટલું જરૂર યાદ રાખજો કે સમકિત પામ્યા વિના કોઈ કાળે આત્માનો મોક્ષ થવાનો નથી. સમકિત પામવા માટે જીવને લાયકાત કેળવવી પડે છે. જેમ કાળી ભૂમિમાં થોડો વરસાદ પડે છે તો તરત તે ભૂમિ વાવણીને યોગ્ય બની જાય છે તેમ આપણું જીવન પવિત્ર અને સરળ બનશે, તત્ત્વો ઉપર યથાર્થ શ્રદ્ધા જાગશે ત્યારે સમ્યકૃત્વની પ્રાપ્તિ થઈ શકશે. સમ્યકૃત્વ પ્રાપ્ત કરવા બાહ્ય પ્રવૃત્તિ સંકેલવી પડશે ને આત્માનું ચિંતન કરવું પડશે, કારણ કે સમ્યકૃત્વ એ કંઈ બહારની ચીજ નથી. એ તો આત્માનો ગુણ છે. ભગવાનના વચનામૃતો ઉપર શ્રદ્ધા કરવાથી અને તેનું વારંવાર ચિંતન મનન કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

બંધુઓ ! આજે જો તમે સમજો તો આપણે કેટલા પુણ્યવાન છીએ કે જૈન દર્શનના તત્ત્વજ્ઞાનના નિચોડ રૂપે સિદ્ધાંતો આપણને મળી ગયા છે. શાસ્ત્રનું એકેક પાનું વાંચતા આત્મામાં એટલી જાગૃતિ આવશે કે તમને સંસાર અસાર લાગ્યા વિના નહિ રહે. શાસ્ત્ર વાંચતા આત્માને જ્ઞાન થશે ત્યારે અંતરાત્મા બોલી ઉઠશે કે અરે ! આ રાગ–દ્વેષથી ભરેલા સંસારથી નિવૃત્ત કયારે થાઉં ! અક્ષય આનંદ સ્વરૂપ આત્મસુખ કેમ પામું ? મોક્ષનું પરમ સુખ પામીને કયારે હું શાંતિથી ઠરીને બેસીશ ? અંતરમાં આવી ભવ્ય ભાવનાઓના ઉભળકા આવશે. તમને ધન–દોલત, કુટુંબ–કબીલા, બંગલા, ગાડી, દાસ–દાસી, પુત્ર, પત્ની વિગેરે તરફ ઉદાસીનવૃત્તિ જાગશે. ત્યાગ અને વૈરાગ્યની રુચિ જાગશે. યાદ રાખજો, ચિત્ત શુદ્ધિ વિના આત્મદર્શન નહિ થાય. દર્પણ શુદ્ધ છે તો તમે તમારું મુખ જોઈ શકો છો પણ જો તેના ઉપર કોઈ સફેદાની પીંછી ફેરવી દે તો શું તમે જોઈ શકશો ? ના. તમારા ઓરડામાં અંધારું છે પણ તમે બટન દબાવો કે અજવાળું ફેલાઈ જાય છે પણ તેના બલ્બ ઉપર કોઈ ડામર ફેરવી દે તો

શું પ્રકાશ દેખાશે ખરો ? એ ન્યાયે આપણો આત્મા પરમાર્થ દૃષ્ટિએ જોવામાં આવે તો વીજળીના બલ્બ જેવો છે, પણ રાગ–દ્વેષ અને મોહનો ડામર આત્માના પ્રદેશે પ્રદેશે પથરાઈ ગયો છે, તેથી પ્રકાશ કયાંથી દેખાય ? રાગ–દ્વેષ અને મોહના કારણે અનંતકાળથી આ જીવ પોતાનું સ્વરૂપ ભૂલ્યો છે. તેણે પર વસ્તુમાં મારાપણું માન્યું છે. ઘણો કાળ એમાં વીતાવ્યો હવે આત્મા તરફ વળવાની જરૂર છે.

આજે ભગવાન મહાવીર સ્વામીનો જન્મદિન વાંચવાનો પવિત્ર દિન છે. તો એમના જીવન તરફ થોડી દૃષ્ટિ કરીએ. વર્તમાનના શાસનપતિ અનંત ઉપકારી શ્રી ભગવાન મહાવીર સ્વામીનું શાસન આજે જયવંતુ વર્તી રહ્યું છે. તેવા ભગવાનનું પૂર્વ જીવન કેવું હતું તે વિચારીએ. શ્રી તીર્થંકર દેવોના ભવની ગણતરી પણ તે તારકો જે ભવમાં સમ્યક્ત્વ પામે ત્યારથી થાય છે. ભગવાન મહાવીર સ્વામીનો આત્મા નયસારના ભવમાં સમ્યક્ત્વ પામ્યો છે. પશ્ચિમ મહાવિદેહમાં આવેલા 'મહાવપ' નામના વિજયમાં 'જયંતી' નામની નગરીમાં ન્યાયી, પરાક્રમી, પરદુઃખભંજન શત્રુમર્દન નામના રાજા હતા. તે રાજાની રાજધાનીમાં આવેલા "પૃથ્વી પ્રતિષ્ઠાન" નામના ગામમાં નયસાર નામે સુથાર હતા.

"સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલાનું પણ જીવન કેવું આદર્શ" :– નયસારનો આત્મા એ જ વર્તમાન શાસનના નાયક ભગવાન શ્રી મહાવીર પ્રભુનો આત્મા છે. સમ્યગ્દર્શન પામ્યા પહેલાં પણ નયસારનો આત્મા ઉત્તમ ગુણ સંપદાને ધરનારા હતા. ધર્મશાસ્ત્રોના શ્રવણથી જ્ઞેય, હેય અને ઉપાદેયના વસ્તુ સ્વરૂપને જાણનારા હતા. વિશિષ્ટ પ્રકારના આચારોનું પરિપાલન કરવામાં પરાયણ હતા. ગંભીરતા આદિ ગુણોના સમૂહથી યુક્ત હતા. સરળતા, વિનય–વિવેક, પ્રિયવાદિતા અને પરોપકાર ભાવના એ બધું તેમનામાં સ્વભાવથી હતું. પરને પીડા કરવાથી પરાંગમુખ હતા. પરના છિદ્રો જોવા માટે તો ચક્ષુ વિનાના હતા. આવા અનેક ગુણોને કારણે તે શત્રુમર્દન રાજાના પરમ વિશ્વાસપાત્ર બન્યા હતા. નયસાર આવા સદ્ગુણી હોવા છતાં તેમના વડીલોએ આપેલી હિતશિક્ષાને ગ્રહણ કરતા.

"રાજાની આજ્ઞાથી શ્રી નયસાર મહા અટવીમાં" એક વખત રાજાને સુંદર મહેલ બાંધવો હતો તેથી સારા લાકડાની જરૂરત હતી. નયસાર લાકડા પારખવામાં ખૂબ હોંશિયાર હતા. એટલે રાજાએ નયસારને બોલાવીને કહ્યું હે નયસાર ! તમે ઘણાં લોકોના કાફલા સાથે ગાડાઓ લઈને લાકડા લેવા માટે મહાઅટવીમાં જાવ. રાજાની આજ્ઞાને તહત્ કરી નયસાર વિશિષ્ટ પ્રકારના ભાતા સાથે સર્વ સામગ્રીથી સજ્જ થઈને માણસોના કાફલા સાથે મહાઅટવીમાં જવાને માટે નીકળ્યા. ચાલતા ચાલતા તે મહાન વિશાળ અટવીમાં આવી પહોંચ્યા. અટવીમાં પહોંચ્યા પછી નયસારે અમુક પુરુષોને જરૂરી ઉત્તમ લાકડા કાપવાનું કામ સોંપ્યું. આ રીતે નોકરો દ્વારા લાકડા કપાવવાનું કાર્ય કરતાં બરાબર મધ્યાહ્નનો સમય થયો. નયસાર આદિ બધા જમવા માટે સજ્જ થયા.

"નયસારની અતિથિ ભાવના":–એ વખતે પુણ્યાત્મા શ્રી નયસાર વિચાર કરે છે કે કોઈ શ્રમણ કે અતિથિ જો અહીં આવે તો તેમને આપીને પછી હું ભોજન કરું. આ પ્રમાણે વિચાર કરીને નયસારે થોડે દૂર સુધી જઈને ચારે બાજુ અવલોકન કર્યું. નયસાર હજુ સમ્યક્ત્વ પામ્યા નથી છતાં આવા ઉત્તમ વિચારો આવે છે. બરાબર મધ્યાહ્નનો સમય થઈ ગયો છે, પેટમાં ભૂખ લાગી છે, આંખ સામે વિશિષ્ટ પ્રકારના ભોજન તૈયાર છે છતાં આવી સુંદર ભાવના થઈ એ જ બતાવે છે કે એ આત્મામાં ઉત્તમતા છે જ. વિશિષ્ટ કોટિના આત્મામાં ઉત્તમતા હોય તે સ્વાભાવિક છે. મિથ્યા દૃષ્ટિપણાની દશામાં પણ તીર્થંકર બનનાર આત્માઓ બીજા આત્માઓ કરતાં ઉત્તમ હોય છે. નયસાર એ ચોવીસમા પરમ તીર્થંકર મહાવીરસ્વામીનો જીવ હોવાથી તે આત્માની ઉત્તમતા ઝળકયા વિના રહે નહિ તે સ્વાભાવિક છે.

"માર્ગ ભૂલેલા મુનિનું તે પ્રદેશમાં આગમન":– નયસાર કોઈ શ્રમણ કે અતિથિ માટે ચારે બાજુ દૃષ્ટિ કરે છે ત્યાં પોતાના સાર્થથી છૂટા પડેલા, ભૂખ–તરસથી પીડાતા, ગરમીથી આકુળવ્યાકુળ બનેલા એક સંતને જોયા. સંતને જોતા તેના રોમરાય આનંદથી પુલકિત બની ગયા. એકદમ ઉજ્જડ અને વેરાન માર્ગમાં મુનિને આવતા જોઈને નયસારના મનમાં આશ્ચર્ય થયું કે સાર્થ નહિ, રક્ષક નહિ, હથિયાર નહિ. જે માર્ગમાં શસ્ત્રધારી પણ આવી ન શકે એવી ભયંકર અટવીમાં ખૂબ થાકી ગયેલા, ભૂખ–તરસથી પીડાતા, જેમના શરીર ઉપરથી પરસેવાના ટીપાંઓ પડી રહ્યાં છે એવા મુનિ એકલા કેમ આવતા હશે ? મુનિને જોઈને નયસાર મુનિની સન્મુખ ગયા. મુનિને જોતાં જેનું દિલ કરૂણાથી છલકાઈ રહ્યું છે, અંતરમાં આનંદની ઊર્મિઓ ઊછળી રહી છે એવા નયસારે મુનિને પ્રશ્ન કર્યો કે હે ભગવાન ! આપ આવા વેરાન વનમાં વિહારમાં એકલા કેમ છો ? આ ભયંકર મહાટવી છે, ત્યારે મુનિએ કહ્યું–ભાઈ ? હું એકલો નથી. હું મારા સાધુ સમુદાય સાથે વિહાર કરતો હતો, રસ્તામાં શરીરના કારણે જરા રોકાયો તેથી પરિવારથી વિખૂટો પડી ગયો ને રસ્તામાં બે માર્ગ આવવાથી હું માર્ગ ભૂલી ગયો છું. નયસાર કહે આપ મારા પર કૃપા કરી મારા આવાસે પધારો ને મને પાવન કરો.

"મુનિવર નયસારના આવાસે":–ભાગ્યશાળીને ઇચ્છે તે આવી મળે અને પાપી ઇચ્છે તે તેનાથી દૂર ભાગે. અહીં તો અતિથિ એવા આવ્યા કે જેનો જગમાં ભેટો ન મળે. અતિથિ અનેક પ્રકારના હોય છે, પણ આ અતિથિ તો એવા હતા કે જેના સમાગમથી આત્મા જાગૃત થઈ જાય. નયસાર મુનિને ઓળખતા નથી પણ સાધુના વેષમાં આવી રહેલા, અતિ થાકથી શ્રમિત થયેલા, પરસેવાથી રેબઝેબ થયેલા, ભૂખ–તરસથી આકુળવ્યાકુળ બનેલા મુનિને જોયા. જ્યાં સામાન્ય અતિથિ પ્રત્યે પણ પ્રેમ અને સદ્‌ભાવ હોય ત્યાં કંચન, કામિનીના ત્યાગી, જગતથી સાવ નિરાળા, માયા–મમતાના ત્યાગી અને આવી મુશ્કેલીમાં પણ શાંતિથી ચાલ્યા આવતા અતિથિ મળી જાય પછી

આનંદની અવધિ હોય ખરી? તે મુનિને કહે છે આજે મારું ભાગ્ય ફળ્યું કે મને આવા ભગવાન સમાન ગુરૂદેવ મળ્યા. આપ મારા રહેઠાણે પધારો. મને લાભ આપી મારો નિસ્તાર કરો. આહાર પાણી લો પછી હું આપને સાચા માર્ગે ચઢાવી દઈશ. બધાને જમવા માટે રસોઈ અને સ્નાન કરવા ગરમ પાણી બનાવેલા તૈયાર હતા. મુનિએ આહાર પાણી સૂઝતા જોઈને ગૌચરી કરી, પછી મુનિને તેમના સાધુ સમુદાય સાથે ભેગા કરવા નયસાર માર્ગ બતાવવા મુનિની સાથે ચાલ્યા.

સમ્યગ્‌દર્શન રૂપી અમૂલ્ય રત્નની પ્રાપ્તિ :– મુનિ વિચાર કરે છે આ આત્મા યોગ્યતાવાળો છે કે જેને સાધુ પર આટલો બધો પ્રેમ છે. તેના અંતરમાં અમુક જાતનો વિવેક પ્રગટયો છે. જેના હૈયામાં સાચા પ્રત્યે રુચિ અને ખોટા પ્રત્યે તિરસ્કાર જાગ્યો છે તેવો આત્મા અમારા સંગમાં આવે ને કંઈ પણ ન પામે તો સુંદર સંયોગ શા કામનો? માર્ગ ભૂલેલા એવા મને તેણે દ્રવ્ય માર્ગ બતાવ્યો તો હું ભવવનમાં ભૂલેલાને સાચો ભાવ માર્ગ બતાવું. મુનિએ નયસારને સાચો ભાવ માર્ગ બતાવ્યો. વિધિપૂર્વક નવકારમંત્ર શીખવાડયો. એના ચિંતનમાં એ ભગવાન મહાવીર સ્વામીનો આત્મા નયસારના ભવમાં સમ્યગ્‌દર્શન પામ્યો. સમ્યગ્‌દર્શન પામ્યા પછી એમના ભવની ગણતરી થઈ. તેમનો નંબર નોંધાયો. દુનિયામાં શ્રેષ્ઠ કોટિમાં ગણાયા. એક વાર જીવ સમ્યક્‌ત્વ પામે તે વધુમાં વધુ સંસારમાં રહે તો અર્ધપુદ્‌ગલ પરાવર્તનકાળ, એથી વધુ નહિ. તે પછી સંસાર એને રાખે નહિ. સમ્યક્‌દૃષ્ટિ આત્મા સાથે સંસારને ફાવે નહિ. એ સંસારથી વાંકો ચાલે. સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થવાથી શ્રી નયસારના ભવથી ભગવાન મહાવીરસ્વામીના ભવોની ગણતરી શરૂ થઈ. ભગવાનના ૨૭ ભવ માંહેનો પહેલો ભવ છે. (નયસારના ભવથી માંડીને સત્તાવીસમા ભવે ભગવાન દેવાનંદા માતાની કૂક્ષીમાં આવ્યા ત્યાં સુધીના બધા ભવોની વાત પૂ. મહાસતીજીએ ખૂબ વિસ્તારપૂર્વક સમજાવી હતી પણ આ વાત આગળના પુસ્તકોમાં ખૂબ વિસ્તારપૂર્વક છપાઈ ગઈ હોવાથી અહીં લખ્યું નથી.)

"દેવાનંદાના ભાગ્યે લીધેલો પલટો" :– ભગવાન મોટા ૨૬ ભવો કરીને સત્તાવીશમા ભવે માહણકુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં દેવાનંદા બ્રાહ્મણીની કૂખે ઉત્પન્ન થયા, ત્યારે દેવાનંદાએ એક પછી એક ચૌદ મહા સ્વપ્નો જોયાં. ચૌદ સ્વપ્નો જોતાં દેવાનંદા બ્રાહ્મણીના આનંદનો પાર ન રહ્યો તેણે હર્ષવિભોર બનીને એને પોતાને આવેલા સ્વપ્નની વાત કરી ઋષભદત્ત બ્રાહ્મણે કહ્યું અહો દેવાનંદા! તારા સ્વપ્નાનું ફળ બહુ ઉત્તમ છે. તું જરૂર તીર્થંકર પ્રભુની માતા બનીશ. તું મહાન ભાગ્યશાળીછે. મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે તીર્થંકર પ્રભુની માતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય. દેવાનંદાના હર્ષનો પાર ન રહ્યો. તે હર્ષથી નાચી ઊઠી. ભગવાન ૮૨॥ રાત્રી દેવાનંદાના ગર્ભમાં રહ્યા. ત્યાં શક્રેન્દ્ર

મહારાજનું આસન ચલાયમાન થયું, ત્યારે શક્રેન્દ્ર મહારાજને ક્રોધ આવ્યો કે કોણ મહાદુષ્ટ છે કે મારું આસન ડોલાવી મારા સુખમાં ભંગ પાડી રહ્યું છે. શક્રેન્દ્રની આંખ ક્રોધથી લાલ બની ગઈ. બધા સામાનિક દેવો દોડીને આવ્યા ને શક્રેન્દ્ર મહારાજને વંદન કરીને કહ્યું મહારાજા ! અહીં તો આપનો કોઈ દુશ્મન દેખાતો નથી, ત્યારે શક્રેન્દ્ર મહારાજે ઉપયોગ મૂકીને જોયું તો ભગવાનને ભિક્ષુક કુળમાં ઉત્પન્ન થયેલા જોયા ત્યારે એમનો ક્રોધ શમી ગયો. પોતાના સિંહાસનેથી નીચે ઉતરીને ભગવાન જે દિશામાં હતા તે દિશામાં સાત આઠ પગલા સામા જઈને ભગવાનને વંદન નમસ્કાર કરીને ક્ષમા માંગી. અહો પ્રભુ ! મેં આપને જોયા નહિ ને મિથ્યા ક્રોધ કર્યો. આપ મને ક્ષમા કરજો. આમ પ્રભુ પાસે માફી માંગીને વિચાર કર્યો કે તીર્થંકર ભગવાનનો આત્મા ક્ષત્રિયકુળ સિવાય બીજે ઉત્પન્ન ન થાય ને ભગવાન તો બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયા છે. આ એક આશ્ચર્ય છે, એટલે તરત હરણગમેષી નામના દેવને બોલાવીને આજ્ઞા કરી કે માહણકુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં દેવાનંદા બ્રાહ્મણીની કૂક્ષીમાં ભગવાન મહાવીર સ્વામીનો આત્મા ગર્ભપણે રહેલો છે તેનું સાહારણ કરીને ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાને ઘેર ત્રિશલાદેવી રાણીની કૂંખે મૂકો અને ત્રિશલાદેવીના ગર્ભમાં પુત્રીપણે જે ગર્ભ છે તે દેવાનંદાની કૂંખે મૂકો.

બંધુઓ ! આમ બનવાનું કારણ દેવાનંદા અને ત્રિશલાના કર્મો હતા. આગલા ભવમાં દેવાનંદા અને ત્રિશલા બંને દેરાણી જેઠાણી હતા. ત્રિશલા દેવીના રત્નનો દાભડો દેવાનંદાએ ચોરી લીધો હતો તેથી આ ભવમાં રત્નના દાભડા કરતા અધિક વહાલા એવા એના ગર્ભનું સાહારણ થયું. અહીં શક્રેન્દ્રની આજ્ઞા થવાથી હરણગમેષી દેવે તે પ્રમાણે કર્યું તેથી દેવાનંદાના મુખમાંથી એક પછી એક સ્વપ્નો નીકળીને ત્રિશલા રાણીની પાસે જવા લાગ્યા, એટલે દેવાનંદાના દિલમાં ખૂબ દુઃખ થવા લાગ્યું કે અહો ! આ શું ? મારા સ્વપ્નો બધા કયાં ચાલ્યા જાય છે ? આ બધું શું થઈ રહ્યું છે ? એમ કરીને રડવા ને ઝૂરવા લાગી.

એક દેવાનંદા દુઃખીયારી (૨) સુખના સ્વપ્નો ખૂબ નિહાળ્યા,
પામી ના કાંઇ બિચારી એવી દેવાનંદા દુઃખિયારી.
દેવે આવી ગર્ભ હર્યો ને બદલે કન્યા દીધી, દુઃખના ઉંડા સાગરે હાથ ઝબોળી દીધી,
કોમળ એનું કાળજું કોરાયું, સ્વપ્ન ભયંકર આવ્યું એમાં,
સુખનું સ્વપ્ન ભૂલાયું, એનું નાજુક હૈયું નંદવાણું-એક દેવાનંદા.

ચૌદ સ્વપ્ના આવ્યા ત્યારે દેવાનંદા ખૂબ આનંદથી છલકાઈ ઉઠી હતી પણ જ્યાં એના મુખમાંથી સ્વપ્ના નીકળીને ચાલ્યા ત્યારે અત્યંત શોકાતુર બની ગઈ પણ આ તો કર્મરાજાના ખેલ છે ! કર્મરાજા એક ક્ષણમાં હર્ષના સ્થાને શોકમય વાતાવરણ સર્જી દે છે ને જ્યાં શોકમય વાતાવરણ હોય ત્યાં આનંદમય બનાવી દે છે.

"ભાગ્યશાળી બનેલા ત્રિશલા માતા" :– દેવાનંદાના સ્વપ્ના એક પછી એક ત્રિશલા રાણીને આવવા લાગ્યા એટલે ત્રિશલા રાણી હરખાવા લાગ્યા. દેવાનંદાને રડાવી અને ત્રિશલાદેવીને હરખાવી. ત્રિશલાદેવી રાણી ચૌદ સ્વપ્ના જોઈને સિદ્ધાર્થ રાજા પાસે ગયા ને પોતાને આવેલા સ્વપ્નાની વાત કરી. હે નાથ! મને આ પ્રમાણે ચૌદ સ્વપ્ના આવ્યા છે. મહારાજા સ્વપ્નની વાત હૃદયમાં અવધારીને કહે છે હે ત્રિશલા રાણી! તમે મહાન બડભાગી છો. તમે રત્નકૂક્ષી છો. તમારી કૂક્ષીમાં ત્રિલોકીનાથ પધાર્યા છે. તમે ચૌદ ઉત્તમ સ્વપ્ના જોયા છે. તે એકેક સ્વપ્ન સૂચવે છે કે તમે મહાન તીર્થંકર પ્રભુને જન્મ આપશો. આ સાંભળીને ત્રિશલાદેવીનું હૈયું હર્ષથી નાચી ઊઠયું. તીર્થંકર પ્રભુની માતા બનવાનું સૌભાગ્ય મળે તો કોને આનંદ ન થાય? સવાર થતાં સિદ્ધાર્થ રાજાએ સ્વપ્નના ફળ જોવા માટે સ્વપ્ન પાઠકોને તેડાવ્યા. સ્વપ્ન પાઠકો સંપ કરીને આવ્યા હતા. સૌથી મોટા સ્વપ્ન પાઠકે રાણીને આવેલા ચૌદ સ્વપ્નાની વાત સાંભળીને કહ્યું હે મહારાજા! ત્રિશલા દેવીએ જે ચૌદ ઉત્તમ સ્વપ્ના જોયા છે તે તીર્થંકર જન્મ સૂચિત છે. તેમના ગર્ભમાં તીર્થંકરનો આત્મા ઉત્પન્ન થયો છે. હે રાજન્! તમે મહા ભાગ્યશાળી છો ને ત્રિશલાદેવી પણ મહાન ભાગ્યશાળી છે. એમની કૂક્ષીએ તમારા વિશુદ્ધ વંશમાં સૂર્ય સમાન તેજસ્વી પુત્રરત્ન અવતરશે. એ પુત્રરત્નના પ્રભાવથી તમારા કુળમાં અનંતગણા આનંદનો વધારો થશે. તમારા ભંડારમાં લક્ષ્મીની વૃદ્ધિ થશે. તમારી રાજસત્તા વિસ્તૃત બનશે. સર્વગુણાલંકૃત એ પુત્ર તમારા કુળનો ઉદ્ધાર કરશે ને સાથે સમસ્ત જગતનો પણ ઉદ્ધારક બનશે. તમારો યશ, કીર્તિ દિગંતમાં ફેલાશે. ચૌદે સ્વપ્નોનું આ સામૂહિક ફળ છે. હવે એકેક સ્વપ્નોનું અલગ અલગ ફળ સાંભળો.

(૧) પહેલા સ્વપ્નમાં ચાર દંતશૂળવાળો હાથી જોયો તેના ફળ સ્વરૂપે તમારો પુત્ર જગતમાં દાન, શિયળ, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મની પ્રરૂપણા કરશે. (૨) બીજા સ્વપ્નમાં હે મહારાણી! તમે વૃષભ જોયો છે તેથી એ પુત્ર ધર્મની ધૂરાને ધારણ કરી ભવ્ય જીવોના હૃદય રૂપી ક્ષેત્રમાં બોધિબીજનું વાવેતર કરી સમકિત રૂપ ધર્મના બીજનું આરોપણ કરશે. (૩) ત્રીજા સ્વપ્નમાં સિંહ જોવાથી તમારો એ લાડકવાયો પુત્ર સિંહ સમાન સાત્ત્વિક વૃત્તિને ધારણ કરી જગતના જીવોને સત્ત્વશીલ સમજૂતી આપી ભવ્યાત્માઓનો રક્ષક બનશે ને સૌનો ઉદ્ધારક બનશે. (૪) ચોથા સ્વપ્નમાં અભિષેક કરાતા લક્ષ્મીદેવીને જોયા. એનો અર્થ એવો થાય છે કે તે અબોડ દાનધારા વહાવીને પોતે અકિંચન અને નિર્મોહી બનીને તીર્થંકર પદની અનુપમ આત્મિક લક્ષ્મીને ભોગવશે. (૫) પાંચમા સ્વપ્નમાં અનુપમ પુષ્પમાળાને જોઈ. એનો ભાવ એવો છે કે એ પુત્ર ત્રણે ભુવનમાં માનનીય અને પૂજનીય સ્થાનને પામશે. (૬) છઠ્ઠા સ્વપ્નમાં ચમકતો ચંદ્ર જોયો તેથી તમારો પુત્ર સર્વજન વલ્લભ બની સર્વ

જગતનો પ્રીતિપાત્ર બનશે. એનું દર્શન સૌને પ્રિય લાગશે. (૭) સાતમા સ્વપ્નમાં સૂર્યને જોયો તે એવું સૂચવે છે કે તમારો લાડીલો દેદિપ્યમાન કાંતિ અને મહાતેજથી ભૂષિત થશે ને સૂર્યની જેમ પ્રતાપી બનીને તેજ વહાવશે. (૮) આઠમા સ્વપ્નમાં અનુપમ ધ્વજને જોઈ. એનાથી એવું સૂચિત થાય છે કે એ સુપુત્ર ધર્મધુરંધર બનીને જગતમાં ધર્મની ધ્વજા ફરકાવશે. (૯) નવમા સ્વપ્નમાં કળશ જોયો એનું ફળ એ છે કે આપનો પુત્ર ધર્મની પૂર્ણતાએ પહોંચશે. (૧૦) દશમા સ્વપ્નમાં જોયેલા પદ્મ સરોવરનું રહસ્ય એ છે કે તમારો સહૃદય પુત્ર દેવરચિત સુવર્ણ કમળ પર પદાર્પણ કરી વિહરનારો થશે. (૧૧) અગિયારમાં સ્વપ્નમા જોયેલા ક્ષીરસમુદ્રનું ફળ એ છે કે શક્તિસંપન્ન આપનો એ પુત્ર પરિપૂર્ણ જ્ઞાનનો અધિપતિ સર્વજ્ઞ બનશે. (૧૨) બારમા સ્વપ્નમાં જોયેલા દેવવિમાનની ફલશ્રુતિ એવી છે કે ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચારે પ્રકારના દેવો એની સેવા કરશે ને પૂજા કરશે. (૧૩) તેરમા સ્વપ્નમાં ચમકતા રત્નરાશિને જોવાથી તેનું ફળ એવું જણાય છે કે દિવ્ય લક્ષ્મીથી સુશોભિત રત્નોથી મઢેલા સમવસરણમાં બેસીને શ્રી તીર્થંકર સૂચિત અનંત લક્ષ્મીને ભોગવશે. (૧૪) ચૌદમા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિને જોવાથી આપનો બડભાગી પુત્ર પોતાના જ્ઞાન અને તપની શક્તિથી અનેક ભવ્યાત્માઓને સુવર્ણસમ નિર્મળ બનાવી પાપરહિત સ્થાને પહોંચાડશે. વળી આ ચૌદ સ્વપ્નોના મંગળ ધ્વનિનો સૂર એવો છે કે ચૌદ રાજલોકના અગ્રભાગે બિરાજી અગ્રેસરપણું ભોગવશે. ટૂંકમાં લોકના માથે બિરાજમાન થશે એટલે કે સિદ્ધ પદને પામશે.

ચૌદે સ્વપ્નોનું વિસ્તૃત ફળ સાંભળીને સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવી રાણીને ખૂબ હર્ષ થયો. સ્વપ્નપાઠકોને જીવનભર ખૂટે નહિ તેટલું દ્રવ્ય અને ઉત્તમ વસ્ત્રાલંકારો આપીને તેમનો સત્કાર કર્યો ને સંતોષ પમાડીને સ્વસ્થાનકે વિદાય કર્યા. ત્રિશલામાતા આનંદપૂર્વક ગર્ભનું પાલન કરવા લાગ્યા. ભગવાન તો દયાના સાગર હતા તેથી વિચાર કર્યો કે મારા હલનચલનથી માતાને પીડા થાય છે તેથી ભગવાને હલનચલન બંધ કર્યું ત્યારે માતાના દિલમાં એમ થયું કે મારો ગર્ભ ચોરાઈ ગયો કે શું ? એટલે ત્રિશલામાતા રડવા લાગ્યા. વાજા અને શરણાઈઓ વાગતા બંધ થયા ત્યારે ભગવાને જાણ્યું કે આ આ તો સુખ કરતાં દુઃખ થયું એટલે હલનચલન શરૂ કર્યું. ભગવાન ત્રણ જ્ઞાનના ધણી હતા તેમણે વિચાર કર્યો કે જો મારા હલનચલન બંધ કરવાથી માતાને આટલું દુઃખ થયું તો હું દીક્ષા લઈશ ત્યારે કેટલું દુઃખ થશે ? જ્ઞાન દ્વારા જોયું કે મારું આયુષ્ય કેટલું છે ને માતા પિતાનું આયુષ્ય કેટલું છે. એ જોઈને નિર્ણય કર્યો કે મારે મારા માતાપિતાની હયાતીમાં દીક્ષા ન લેવી. જોજો, તમે એવું ન વિચારતા કે મારે મારા મા-બાપની હયાતી બાદ દીક્ષા લેવી. તે તો આયુષ્ય જાણી શકયા હતા પણ તમને મન થાય તો ઉભા થઈ જાવ. (હસાહસ)

"જન્મ્યો રાજદુલારો" :- આમ કરતા નવ માસ અને સાડાસાત દિવસ પૂર્ણ થતાં ચૈત્ર સુદ તેરસની રાત્રે ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર અને શુભ યોગમાં શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીનો જન્મ થયો. જ્યાં મહાપ્રકાશ પ્રગટ થયો એ ક્ષત્રિયકુંડ ભૂમિને પણ ધન્ય! તેમના માતા-પિતાને પણ ધન્ય!

જૈન શાસનમાં પ્રગટ્યો એક દિવડો રે લોલ,
સારી આલમમાં વાગ્યો એનો ડંકો ચારે કોર
ત્રિશલાની કૂખે જન્મી એક એવી મહાવિભૂતિ,
શુકનવંતી રહી જગાડી સુદી તેરસ ચૈત્રની
મહાવીર નામે પ્રગટી બની જગતની જ્યોતિ.

ભગવાનનો જન્મ થતાંની સાથે સારી યે આલમમાં પ્રકાશ પ્રકાશ પથરાઈ ગયો. મનુષ્યલોકમાં તો ઠીક, નરકમાં પણ અંધકારનો કાળો પડદો ચીરાઈને પ્રકાશ પ્રકાશ થઈ ગયો, અને બે ઘડી માટે મારકૂટના દુઃખો બંધ થઈ ગયા. વનસ્પતિઓ ખીલી ઊઠી ને પૃથ્વી પર ચંદનના વિલેપન કરતાં વધુ શીતળતા પ્રસરી ગઈ. દેવોના હૃદયો આનંદથી થનગની ઉઠયાં. છપ્પન દિગ્કુમારીઓ ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવવા આવી. ઇન્દ્રોના ઇન્દ્રાસન ડોલી ઉઠયા, ઇન્દ્રો અને ક્રોડો દેવોએ ભેગા થઈને ભગવાનને હર્ષપૂર્વક મેરૂ પર્વત ઉપર લઈ જઈને સ્નાન કરાવીને જન્મ મહોત્સવ ઉજવ્યો ને પછી પાછા ભગવાનને એમની માતા પાસે મૂકીને દેવો અને દિગ્કુમારીઓ આનંદભેર આવ્યા હતા તેમ સ્વસ્થાનકે ચાલ્યા ગયા.

"ભગવાનનો જન્મ મહોત્સવ ઉજવતા સિદ્ધાર્થ રાજા" :- સિદ્ધાર્થ રાજાએ પોતાના નગરમાં ખૂબ ઉત્સાહપૂર્વક જન્મ મહોત્સવ ઉજવ્યો. જન્મ પછી બારમા દિવસે માતા-પિતા સ્વજનો અને કુટુંબ બધાએ મળીને કુમારનું વર્ધમાનકુમાર એવું શુભ નામ પાડયું. ધીમે ધીમે વર્ધમાનકુમાર મોટા થવા લાગ્યા. એમનું મુખ તો પૂર્ણિમાના ચંદ્રની જેમ શોભતું હતું. આ ત્રિશલાનો લાલ સૌને હૈયાના હાર જેવો વહાલો લાગતો હતો. વર્ધમાનકુમાર આઠ વર્ષના થયા એટલે દેવ એમની કસોટી કરવા આવ્યા, ત્યારે વર્ધમાન કુમારે પોતાની અનોડ શક્તિથી દૈવી શક્તિ ધરાવનાર દેવને પણ હરાવ્યો, તેથી દેવે ખુશ થઈને મહાવીર નામ આપ્યું.

માતાપિતાએ વર્ધમાન કુમારને નિશાળે ભણવા મૂકયા ત્યાં ટીચરના પ્રશ્નનું સમાધાન કરીને ટીચરને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. વર્ધમાનકુમાર ભણીગણીને યુવાન થયા ત્યારે એમના રાજકુમારી યશોદા સાથે લગ્ન કરવામાં આવ્યા, પણ કુમાર તો અનાસક્ત ભાવે સંસારમાં રહેતા વિચારે છે કે આ બધા સુખના સાધનો દુઃખના નિમિત્તો છે. હવે હું એવું કોઈ દિવ્ય રસાયણ શોધું કે જે બધા જીવોને ઉપયોગી નીવડે. ભગવાન ૨૮ વર્ષના થયા માતા પિતાનો અંતિમ સમય નજીક આવ્યો જાણીને સંથારો કરાવીને પાવન કર્યા. માતા-પિતા કાળ કરીને સ્વર્ગે ગયા પછી ભગવાન દીક્ષા

લેવા તૈયાર થયા, પણ મોટાભાઈ નંદીવર્ધનના આગ્રહથી બે વર્ષ વધારે સંસારમાં રોકાઈ ગયા પણ તે કેવી રીતે રહ્યા ? ભાવ સાધુની જેમ રહ્યા હતા.

"રાજપાટનો ત્યાગ કરતા વર્ધમાનકુમાર" :–૩૦ વર્ષની ભરયુવાનીમાં રાજપાટને રજા આપી, વૈભવ વિલાસોને ઠોકર મારી વર્ધમાનકુમારે સંયમ માર્ગને અંગીકાર કર્યો. રાજયની મોટી મહેલાતો એમને ઝેર સમાન લાગી ને વગડાની વિકટ વાટો વહાલી લાગી. જેમના નયનોમાં કરૂણા અને પ્રેમ છલોછલ છલકે છે, જેમના તન મનમાં ત્યાગ અને તપના તીર વાગ્યા છે એવા માયા–મમતા અને રાજપાટનો વૈભવ તજી દઈને ગરીબ નવાજ ભગવાન મહાવીર વનની વિકટ વાટે ચાલી નીકળ્યા. રાજમહેલમાં વસનાર જંગલમાં વસનાર થયા. કયાં રાજવૈભવના સુખ સાધન અને કયાં વગડાના વાયરા ! કયાં રેશમ જેવી પથારી અને કયાં પથ્થરની પથારી ! ભગવાનને મન તો રેશમ અને પથ્થર બંને સમાન છે. સંસાર ત્યાગી પ્રભુ બહારની દુનિયાને ભૂલી અંતરની દુનિયામાં ઉતરી મોટા ભાગે ધ્યાનમાં રહેવા લાગ્યા ને અઘોર તપશ્ચર્યા કરવા લાગ્યા.

"હસતા મુખડે કર્મ સાથે કેસરિયા કરતા પ્રભુ" :– બંધુઓ ! ભગવાને આ દુનિયામાં જન્મ લઈને કેવા કેવા કાર્યો કર્યા છે, ને કેટલા કષ્ટો સહન કર્યા છે. સંગ્રામમાં વિજય મેળવવા પહેલા રણયોદ્ધાને મરણિયા જંગ ખેલવા પડે છે તેમ સિદ્ધિના સિંહાસને બિરાજતા પહેલાં સંતપુરૂષોને પણ મરણાંતિક કષ્ટોમાંથી પસાર થવું પડે છે. આત્મિક સામ્રાજ્યની પ્રાપ્તિ માટે તારક ભગવાનની જાગૃત દશા સતેજ બની. એમના માથે ઉપસર્ગોના પહાડ તૂટી પડયા પણ પ્રભુ જરાય ન ડગ્યા. ભગવાનને જે ઉપસર્ગો આવ્યા છે તેનું વર્ણન સાંભળતા આપણું કાળજું કંપી જાય છે. સાંભળો, ભાન ભૂલેલા ભરવાડે ભગવાનના કાનમાં ખીલા નાંખ્યા, સંગમાસૂરે કાળચક્ર મૂકયું, ગોશાલકે ઘેલછા કરી તેજુલેશ્યા છોડી. આવા જીવો ઉપર પણ ભગવાને તો ભાવદયાની અમીવર્ષા વરસાવી. દૃષ્ટિવિષ કાળોતરા નાગે પગે ડંખ દીધો તો એને પણ મીઠા મધુરા શબ્દોથી કહ્યું. સમજ....સમજ....ઓ ચંડકૌશિક ! તું કંઈક સમજ. દૂધથી ભરેલા ઘડામાં વિષનું એક ટીપું પડે તો દૂધ ઝેર બની જાય છે તેમ ક્રોધ જીવનની સર્વસંપત્તિનો વિનાશ નોતરે છે. કેટલા ભવોની બાજી તું ક્રોધમાં હારી ગયો. ભગવાનની અમીરસ ઝરતી મીઠી વાણી સાંભળીને દૃષ્ટિવિષ ચંડકૌશિક સર્પ શાંત બની ગયો. તે ભગવાનના ચરણમાં નમી પડયો ને પોતાનું જીવન સુધાર્યું.

ભલભલા કઠોર હૃદયના માનવીની આંખના ખૂણા ભીના કરે એવી ભગવાન મહાવીર સ્વામીની સાધના હતી. સાડા બાર વર્ષ ને પંદર દિવસ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરી. કેવળજ્ઞાનની પ્રાપ્તિ સુધી પ્રભુ આ ભૂમિ ઉપર પલાંઠી વાળીને બેઠા નથી. સાડા બાર વર્ષમાં શાંતિથી એક કલાક ઊંઘ લીધી નથી. ઊંઘ અને આરામ તજી મૌનની સાધના આદરી. આત્મહિતની ભાવના સાથે વિશ્વકલ્યાણની ભવ્ય ભાવના હતી. અનેક આકરી કસોટીઓમાંથી પસાર થયા ત્યારે ભગવાન મહાવીર પ્રભુની સાધના ફળી અને વૈશાખ

સુદ દશમના દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. તેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. વૈશાખ સુદ ૧૧ ના દિવસે તીર્થની સ્થાપના કરી અને જગતના જીવોને તત્ત્વજ્ઞાન સમજાવ્યું. અહિંસા પરમો ધર્મનો મંગલ સંદેશો આપ્યો. "જીવો અને જીવવા દો" એ સિદ્ધાંત સમજાવ્યો. પોતે આચરણમાં મૂકીને જગતના જીવોને સમજાવ્યું. મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાના ગૂઢ ભાવોને સમજાવી સ્યાદ્‌વાદ માર્ગની પ્રરૂપણા કરી જગતના જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. જેમની આંખમાંથી અમીની ધારા વહે છે. જેમના વચને વચને વાત્સલ્યનો વારિધિ છલકાય છે, જેમના વાકયે વાકયે વિશ્વમાં વિમલતા વ્યાપી છે, જેમના પડછાયે પડછાયે પવિત્રતા પથરાઈ છે, જેમના પગલે પગલે પારાવાર પ્રેમ પ્રગટયો છે એવા મહાવીર પ્રભુના યશોગાન અને એમની કીર્તિની કથાઓ આપણા જીવનમાં અવનવો આનંદ અને ઉત્સાહ આપે છે. લોહીના અણુઅણુમાં નવું ચૈતન્ય રેડે છે એટલું જ નહિ પણ એ આપણા તનમાં તાજગી આપે છે. મનમાં મસ્તી આપે છે ને અંતરમાં આરામ આપે છે. આવા ભગવાનનો આજે આપણે જન્મદિન ઉજવ્યો છે તો ભગવાનના જીવનમાંથી કંઈ ને કંઈ પ્રેરણા લેતા જશો.

"દુનિયા યાદ કોને કરે" :– આ દુનિયામાં અનેક વ્યક્તિઓ જન્મે છે ને મરે છે પણ દરેક માણસોને દુનિયા કંઈ યાદ કરતી નથી. કોઈ પણ ક્ષણ એવી નહિ જતી હોય કે માણસ જન્મ પામ્યો કે મરણ પામ્યો ન હોય ! દરેક ક્ષણે જન્મ મરણ તો થયા કરે છે, પણ એ બધાની જગતના ઈતિહાસમાં નોંધ લેવાતી નથી. જે વ્યક્તિએ પોતાનું જીવન સ્વાર્થમાં ગાળ્યું હોય, પરોપકારના કાર્યો કર્યા ન હોય, ધન હોવા છતાં કોઈ દુઃખીના આંસુ લૂછ્યા ન હોય તેને મરણ પછી કોઈ યાદ કરતું નથી, પણ જે બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી બને છે ને બીજાના દુઃખ દૂર કરવામાં પ્રયત્નશીલ રહે છે તેને દુનિયા યાદ કરે છે. ભગવાન મહાવીર સ્વામીને મોક્ષમાં ગયા આટલાં વર્ષો વીતી ગયા છતાં આપણે તેમને દર વર્ષે યાદ કરીએ છીએ, કારણ કે દુનિયાને દુઃખથી મુક્ત કરવાનો માર્ગ બતાવી ગયા છે. જગત સમક્ષ અનુકરણીય આદર્શ મૂકતા ગયા ગયા છે. જે વય ભોગની ગણાય તે વયે ભગવાને ભોગનો ત્યાગ કર્યો. જે વય ધન ઉપાર્જનની ગણાય, સત્તા અને અધિકાર મેળવવાની ગણાય તે વયે ભગવાને ધનનો ને રાજપાટનો ત્યાગ કર્યો, સાથે સ્ત્રી, પરિવાર વિગેરેનો ત્યાગ કરીને સંયમની કાંટાળી કેડીએ કદમ ઉઠાવ્યા. ઉગ્ર તપશ્ચર્યા કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. એટલું કરીને અટકયા નહિ પણ જગતના ખૂણે ખૂણે વિચરીને દુનિયાને દુઃખમાંથી મુક્તિ મેળવવાનો અને જન્મ–મરણના ફેરા ટાળવાનો માર્ગ દર્શાવતા ગયા છે, માટે આપણે દર વર્ષે આવી વિભૂતિઓને યાદ કરીએ છીએ. આજે મહાવીર ભગવાનના જીવન વિષે ઘણું કહેવાઈ ગયું છે. સમય થઈ ગયો છે. આપણે સૌ ભગવાનના દિવ્ય જીવનમાંથી કાંઈક લઈએ તે જ મનીષા. ૐ શાંતિ.

વ્યાખ્યાન નં. ૪૦

ભાદરવા સુદ ૩ ને શનિવાર તા. ૨૫-૮-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! પાવનકારી, મંગલમય પર્વાધિરાજ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો ચાલી રહ્યા છે. મંગલકારી આઠ દિવસોમાં પાંચ દિવસો તો પસાર થઈ ગયા. ચાલુ દિવસો કરતાં પર્વના આ દિવસોમાં આરાધના જોરદાર થાય છે. જ્ઞાની કહે છે કે પર્યુષણ મહાપર્વ એ મોહનગરી પર બોમ્બમારો કરવાનો સુવર્ણ અવસર છે, કારણ કે આ દિવસોમાં ચાલુ દિવસો કરતાં દાન, શિયળ, તપ અને ભાવની વિવિધ આરાધનાઓ સતત આઠ દિવસ સુધી ભરચક થાય છે. આ જોરદાર આરાધના મોહનગરી પર એકધારા આક્રમણરૂપ બને છે. ભરચક આરાધનાઓ એ મોહનગરી પર એકધારો સખ્ત મારો છે. જેમ જ્યારે દેશમાં રાજા રાજાઓ વચ્ચે યુદ્ધ થાય છે ત્યારે મોટા વિશાળ સૈન્યવાળો રાજા જો શત્રુના સૈન્ય પર પોતાના લશ્કરથી એકસરખો સખ્ત મારો ચલાવે તો શત્રુ રાજાનું સૈન્ય હિંમત ગુમાવી દે છે ને પોતાના શસ્ત્ર સરંજામ નીચે મૂકી મોટા રાજાના શરણે આવે છે તેમ જ એમનો રાજા પણ મોટા રાજાના ચરણમાં નમીને ખંડિયા રાજા તરીકે ગુલામી સ્વીકારી લે છે. કયારેક એવું પણ બને છે કે નાના રાજા મોટા રાજાના સૈન્યને ગફલતમાં રાખી ચારે બાજુ પોતાનું સૈન્ય ગોઠવી એકસામટા હુમલા કરે છે તો નાનો રાજા પણ વિજય મેળવી શકે છે. અહીંયા વિશેષતા નાના મોટાની નથી પણ જેનો એકધારો જોરદાર મારો તેનો વિજય પહેલો. આ રીતે પર્યુષણ મહાપર્વમાં મોહરાજાના લશ્કર પર દાન, શીલ, તપ આદિ આરાધનાઓનો જોરદાર એકધારો હુમલો થાય છે તેથી મોહરાજાના લશ્કરને હારવું પડે છે. દા. ત. આ દિવસોમાં દાન કરવાનો સારો અવસર મળે છે. દાન કરવાથી ધનની મમતા પર બોમ્બમારો થાય છે તેથી પરિગ્રહની મમતા છૂટે છે. બ્રહ્મચર્ય પાળવાથી મૈથુન સંજ્ઞા પર હુમલો થાય છે, તપ કરવાથી આહાર સંજ્ઞા પર જોરદાર આક્રમણ થાય છે તેથી ખાનપાનનો મોહ કપાય છે. આ મંગલ દિવસોમાં સવારે ને સાંજે પ્રતિક્રમણ કરવાનું મન થાય એટલે એમાં નિદ્રાનો મોહ કપાય. સામાયિક કરવાથી સર્વથા પાપનો ત્યાગ થાય. તેમાં ચૌદ રાજલોકના સર્વ જીવોને અભયદાન મળે તેથી જીવહિંસાના મોહ પર મારો થાય. રોજ ઉપાશ્રયે નહિ આવનારા આ આઠ દિવસ રોજ વ્યાખ્યાન સાંભળવા આવે છે. વીતરાગ ભગવાનની અમૃતમય વાણીનું પાન કરતાં આત્માના કષાયો મંદ પડે છે તેથી કષાય પર જોરદાર આક્રમણ થાય છે. આ રીતે અનેકાનેક ભરચક આરાધનાનું આ મહાપર્વ મોહરાજાના અનેક સુભટો પર સખ્ત બોમ્બમારો કરવાનો અમૂલ્ય અવસર છે, માટે શક્તિ પ્રમાણે બને તેટલી આરાધના કરવી એ જ માનવભવની સાર્થકતા છે.

બંધુઓ! દેવોને પણ દુર્લભ એવો માનવભવ તમને મળ્યો છે એ સંસારના

સુખોમાં ગળાબૂડ ખૂંચી જવા માટે નહિ, ભોગવિલાસ માટે નહિ પણ તપ–ત્યાગ માટે છે. જે આવી અમૂલ્ય માનવ જિંદગી મોજશોખ, એશઆરામ અને ભોગવિલાસમાં ખર્ચી નાંખે છે તે અરાવત હાથી વેચીને ગધેડા, ચિંતામણી રત્ન વેચીને કાચના ટુકડા ખરીદવાનું અને કલ્પવૃક્ષને છેદીને ધંતુરાનો છોડ વાવવા જેવું કામ કરે છે. કરોડો ને અબજો સોનામહોરો આપવા છતાં આ માનવજિંદગી તો શું, તેની એક ક્ષણ પણ ખરીદી શકાતી નથી. જેમ રત્નોમાં ચિંતામણી રત્ન, પક્ષીઓમાં હંસ, પશુઓમાં કેશરીસિંહ અને હાથીઓમાં ગંધહસ્તિ શ્રેષ્ઠ છે તેમ "**भवेषु मानुष्य भवः प्रधानः।**" સર્વ ભવોમાં માનવભવ પ્રધાન છે. કરોડો ચિંતામણી રત્નોના મૂલ્ય એમાં સમાઈ જાય છે. એવા પૂર્વના પ્રબળ પુણ્યોદયે માનવ જિંદગી મળી છે. માનવદેહ ચંદનના બગીચા સમાન મૂલ્યવાન છે. દરેક વસ્તુમાં દુર્લભ અને મોક્ષપ્રાપ્તિમાં અસાધારણ નિમિત્ત છે. એવા માનવદેહને પામીને જે મનુષ્ય જીવનમાં સત્ય, નીતિ અને સદાચાર અપનાવતો નથી ને વિષય વિલાસોમાં, મોજશોખમાં મોહાંધ બનીને માનવજીવનની અમૂલ્ય ક્ષણોને ફોગટ ગુમાવે છે તે આત્મા પુણ્યોદયે પ્રાપ્ત થયેલ ચંદનવૃક્ષના અમૂલ્ય બગીચાને બાળીને તેને કોલસા બનાવવા જેવું કાર્ય કરે છે. માનવભવ કલ્પવૃક્ષ સમાન છે, માટે આવા પવિત્ર દિવસોમાં અંતરના અંધારા ઉલેચીને જ્ઞાનની જ્યોતિ ઝગમગાવો. વેરઝેરના ભયંકર ઝંઝાવાતોના ઉકરડા દૂર કરવા હૈયામાંથી ક્રોધની દુર્ગંધ દૂર કરીને ક્ષમાની સુગંધ પ્રસરાવો. દાન–શિયળ–તપ–ભાવનાના માંડવડા શણગારી પર્યુષણ પર્વની આરાધના કરી માનવજીવનને સફળ બનાવો.

દાન એ ધર્મનું પ્રથમ સોપાન છે. અક્ષરની આદિ 'અ'થી થાય છે. અંકની આદિ એકથી થાય છે તેમ ધર્મની શરૂઆત દાનથી થાય છે. ધર્મનું પહેલું પગથિયું દાન છે. દાન, શીલ, તપ અને ભાવ આ એકેકથી ચઢિયાતા ધર્મો હોવા છતાં દાનને ધર્મમાં પ્રથમ પગથિયાનું સ્થાન આપવામાં આવ્યું છે તો એ દાન કેવું દિવ્ય અને ભવ્ય હશે તેનો આપણે વિચાર કરવો જોઈએ. સર્વપ્રથમ દાન એટલે શું ? એ આપણે વિચારીએ. સંસ્કૃતમાં "**दैव शोधने**" આ ધાતુ ઉપરથી દાન શબ્દ બન્યો છે. એટલે દાનને આત્માની શુદ્ધિ કરવાની પ્રક્રિયાનું પ્રથમ પ્રતીક ગણી શકાય. "**પાપના પરિગ્રહનો મેલ ધોઈને આત્માને જે નિર્મળ બનાવે તે દાન, પરિગ્રહના પાપનું પ્રાયશ્ચિત એટલે દાન.**" જેમ ધર્મની આદિ દાનથી થાય છે તેમ અધર્મની આદિ અર્થથી થાય છે. અર્થ એટલે પૈસો, અર્થની વાસના ઘણાંને જીવનના અંત સુધી હોય છે. અર્થવાસના રૂપી તોફાની ઘોડાને બાંધવામાં ન આવે ત્યાં સુધી દાન ધર્મ રૂપી પવિત્ર ધરતી ઉપર મનુષ્ય પ્રવાસ ખેડી શકતો નથી. દાન એ અર્થના અશ્વને કાબૂમાં લેવા માટેની લોખંડી લગામ છે માટે એ ધર્મની આદિ ગણાય છે.

આપણે દાનનો સામાન્ય રીતે એટલો જ અર્થ કરીએ છીએ કે "દઈ દેવું"

પણ દાન એ કંઈ માત્ર દઈ દેવા જેવી મામૂલી ક્રિયા નથી પણ દાન તો ધરતીમાં ધાન્ય વાવવા જેવી મહત્ત્વની ક્રિયા છે. ખેડૂત ધાન્યની વાવણી કરે છે. વાવણીમાં પોતાનો ઉપકાર મુખ્ય છે તેથી ખેડૂત પોતે સોંઘું ને સસ્તું અનાજ ખાય છે પણ ધરતીમાં વાવવા માટે તો સારામાં સારું ને મોંઘું અનાજ લાવે છે ને વાવે છે. દાતારોએ પણ ખેડૂતની માફક બીજાના ઉપકાર માટે નહિ પણ પોતાના ઉપકાર માટે દાન દેવાનું છે. દાન દેતી વખતે દાતાર એવો વિચાર કરે છે કે હું જે દાન દઈ રહ્યો છું તે લેનાર ઉપર કંઈ ઉપકાર કરતો નથી પણ હું તો મારા પોતાના ઉપર ઉપકાર કરી રહ્યો છું. તો દાતારનું દાન નમ્રતાથી શોભી ઊઠે ને માનના મેલથી અલિપ્ત રહી શકે. માન રહિત અને નમ્રતાથી દીધેલું દાન ધરતીમાં વાવેલા એક કણ મણ બનીને બહાર આવે છે તેમ થોડું દાન પણ ભવિષ્યમાં મહાન ફળ આપનાર બને છે, અને પોતાના ઉપર ઉપકાર કરવાની સાથે જગત ઉપર પણ ઉપકાર કરનાર બને છે.

બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો દાન એ અહિંસક જીવન જીવવાની એક અનોખી કળા મનુષ્યને શીખવાડે છે. ભગવાને કહ્યું છે કે "**दाणाणं सेट्ठं अभयप्पयाणं**" સર્વ દાનોમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જો કોઈ દાન હોય તો અભયદાન છે. અહિંસક જીવન સાધ્ય છે ને અભયદાન એનું સાધન છે. આપણું જીવન એવું હોવું જોઈએ કે આપણા તરફથી કોઈ જીવને ભય ન રહે તે માટે સર્વ જીવોને અભયના દાતા બનવું જોઈએ, અને જે અભયદાન દેનાર બને છે એનું જીવન અહિંસક બન્યા વિના રહેવાનું નથી, એટલે અહિંસક જીવનના વિરાટ વડલાનું બીજ અભયદાન છે, માટે શીલ તપ અને ભાવની પવિત્ર ધરતી ઉપર મુસાફરી કરવી હોય તો સર્વપ્રથમ દાનનું પગલું ભરવું પડશે. આટલા માટે જ્ઞાની પુરૂષો કહે છે કે **શીલનું શિખર સર કરતા પહેલાં, તપના તેજ પામતા પહેલાં, અને ભાવનાની ભવ્યતાને ભેટવા જતા પહેલાં આપણે પાયાનું મૂળ સૂત્ર યાદ કરવું જોઈએ કે "धर्मस्यादि पदं दानं"** ધર્મની આદિ દાનથી થાય છે. દાનનો મહિમા અપરંપાર છે. શુદ્ધ ભાવથી આપેલું દાન કયારે પણ નિષ્ફળ જતું નથી. એક સંસ્કૃતના શ્લોકમાં કહ્યું છે કે

"पात्रे धर्मनिबन्धनं तदितरे श्रेष्ठं दयाख्यापकं,
मित्रे प्रीतिविवर्धनं, तदितरे वैरापहारक्षमम् ।
भृत्ये भक्तिभरावहं नरपतौ संमानसंपादकं,
भट्टादौ सुयशस्करं वितरणं न क्वाप्यहो निष्फलम् ।।"

સુપાત્રને દાન દેવાથી ધર્મ થાય છે. અન્ય ગરીબોને દાન દેવાથી દયા પળાય છે, મિત્રને દાન દેવાથી પ્રેમ વધે છે, શત્રુને દાન દેવાથી વૈરનો નાશ થાય છે, નોકરોને દાન દેવાથી ભક્તિ પેદા થાય છે, રાજાને આપવાથી સન્માન વધે છે અને ભાટચારણોને દાન દેવાથી એ યશ કીર્તિ ફેલાવે છે.

જુઓ, દાન દેવામાં કેટલો બધો લાભ છે અને દાન દીધા પછી દાનનો આનંદ પણ અનોખો હોય છે. શાલિભદ્રના જીવે આગલા ભવમાં માગી તાગીને ભેગી કરેલી ખીર માસખમણના તપસ્વી સંતને ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવી દીધી. વહોરાવ્યા પછી પણ એના અંતરમાં કેટલો અપૂર્વ આનંદ! પરિણામે બીજા ભવમાં શાલીભદ્રની ઋદ્ધિ પામ્યો. મને આવી ઋદ્ધિ મળો એવા ભાવથી દાન દીધું ન હતું પણ ઉત્કૃષ્ટ ભાવથી દાન દીધું હતું. તમે બેસતા વર્ષે શારદાપૂજન કરો છો ત્યારે ચોપડામાં લખો છો ને કે શાલિભદ્રની ઋદ્ધિ મળજો પણ સાથે એ લખો છો કે શાલિભદ્રે લખલૂટ ઋદ્ધિનો ત્યાગ કરી સંયમ લીધો તો અમને પણ એવા સંયમના ભાવ આવજો. (હસાહસ) ઋદ્ધિ તો મમ્મણ શેઠને પણ મળી હતી પણ એને એની ઋદ્ધિની આસક્તિ નરકમાં લઈ ગઈ ને શાલિભદ્રે એની ઋદ્ધિને ત્યાગી તો અનુત્તર વિમાનમાં ગયા ને એકાવતારી બન્યા.

"ભાવનામાં આવેલું આસક્તિનું ઝેર" :– મમ્મણ શેઠની આવી દશા કેમ થઈ એ જાણો છો ને? મમ્મણ શેઠના આગલા ભવમાં એમના ઘેર માસખમણના તપસ્વી સંત પધાર્યા, ત્યારે એના ઘરના બધા જમવા ગયા હતા ને શેઠ ઘેર હતા. એમના માટે પીરસણું આવ્યું હતું. સંતને પોતાને ઘેર પધારતા જોઈને શેઠ હર્ષઘેલા બની ગયા. પધારો....પધારો....ગુરૂદેવ! મહારાજ પધાર્યા. પોતાને માટે પીરસણામાં આવેલા લાડવા મહારાજને વહોરાવે છે. મહારાજ કહે છે ભાઈ! એક જ લાડવો લો પણ એણે તો ખૂબ આગ્રહ કર્યો એટલે સંતે કહ્યું ભાઈ! તમારી ખૂબ ભાવના છે તો બે લાડવા લો પણ શેઠે તો ઉત્કૃષ્ટ ભાવે ચાર લાડવા આવ્યા હતા તે ચારે ચાર વહોરાવી દીધા. મહારાજ તો વહોરીને ગયા. શેઠના અંતરમાં આનંદ સમાતો ન હતો. મને આજે તપસ્વી સંતને વહોરાવીને સુપાત્ર દાન દેવાનો લાભ મળ્યો, પણ પાછળ લાડવાની કણી ખાધી ને તેનો સ્વાદ આવ્યો કે તેમના ભાવમાં પલટો આવ્યો. અહાહા....આ શું કર્યું? એક રાખ્યો હોત તો સારું હતું. એમ વિચારીને તે સંતની પાછળ ગયો ને ઉપાશ્રયમાં પડેલા પાતરામાંથી લાડવો લઈ લીધો. શેઠે ઉત્કૃષ્ટ ભાવે દાન દીધું તેથી પુણ્ય બંધાઈ ગયું એટલે ઋદ્ધિ તો પુણ્યફળ મળી પણ પાછળથી દીધેલું પાછું લાવ્યા તેના કારણે મમ્મણ શેઠ બન્યા, પણ એવા કંજૂસ કે પોતે ખાય નહિ ને બીજાને ખાવા દે નહિ. એને તો તેલ ને ચોળા સિવાય કંઈ સૂઝે જ નહિ. જો તમારે આવી દશા ન કરવી હોય તો તમારા પુણ્યે તમને જે સંપત્તિ મળી છે તેનો સદુપયોગ કરો. પરિગ્રહની મમતા ઘટાડો. લક્ષ્મીને તિજોરીમાં પૂરી રાખશો તો એ કંટાળી જશે પણ જો તેને છૂટા હાથે દાનમાં વાપરશો તો લક્ષ્મી તિજોરીમાં વધતી જશે. આ ભારત ભૂમિમાં કેવા મહાન દાનેશ્વરી પુરૂષો થઈ ગયા છે. ઇતિહાસના પાને એમના નામ સુવર્ણાક્ષરે લખાયા છે.

પાવરધા રાજાની રાજ્યકળા દુશ્મનોને પાછા પાડે છે, તેવા રાજાને જોઈને દુશ્મનો ઢીલા થઈ જાય છે, હોંશિયાર ડૉકટરની ચિકિત્સા રોગીના રોગ મંદ પાડે છે તે રીતે ધર્મકળાથી આત્માના ગુણોને નાશ કરનાર શત્રુઓ નબળા અને શક્તિહીન બને છે.

સુંદર માનવજીવન પામ્યા પછી હવે સજાગ બનો, જાગૃત બનો. સંસારની કળામાં ઓતપ્રોત રહીને સંસાર ઘણો વધાર્યો. હવે બને તેટલી ધર્મકળા વધુ ને વધુ વિકસાવી સંસારને ઓછો કરવાની કિંમતી તક આપણા હાથમાં આવી છે. એ તકને બરાબર વધાવી લો. આ જીવન તો ક્ષણભંગુર છે. જોતજોતામાં તે પૂરું થઈ જશે, માટે સંસારકળાઓ પડતી મૂકીને ધર્મકળામાં વિકાસ કરતાં જાઓ તો ભાવિ અનંતકાળ ઉજ્જવળ બનશે. દાન કરવાનો સમય આવ્યો ને સંસારકળા અજમાવીને તેમાંથી છટકી ગયા, તો પુણ્ય કમાયા કે ગુમાવ્યું ? સંસારકળા ઘણી જાણીએ છીએ ને વાપરીએ છીએ. ભલું થોડું કરી બહાર ઘણું બતાવીએ છીએ, હૃદયમાં ઝેર ભર્યું છે પણ ઉપરથી મીઠું બોલીને યશ મેળવીએ છીએ. આવી સંસારકળાને અપનાવવાથી ઉત્તમ ભવ હારી જવાય છે. અનંતકાળે મળેલ આત્મસંશોધન અને આત્મસ્વાતંત્ર્યની તક બરબાદ થઈ જાય છે માટે સંસારકળાને પડતી મૂકો ને ધર્મકળાને અપનાવો. સંસારનું સ્વરૂપ સમજાવતા અનંત ઉપકારી, કેવળજ્ઞાની ભગવંત બોલ્યા છે કે,

संसारम्मि असारे जाइ–जरा–मरण विप्पगहियंमि ।
जीवस्स नत्थि सोक्खं, तम्हा मोक्खो उवाएओ ॥महानिशीथ सूत्र

જન્મ–જરા–મૃત્યુથી પકડાયેલો આ સંસાર અસાર છે, તેથી જીવને એમાં સુખ નથી, માટે જન્મ–જરા–મૃત્યુથી પર એવો મોક્ષ પ્રાપ્ત કરવા યોગ્ય છે. મોક્ષ પ્રાપ્ત કરવા માટે સંસાર કળાને છોડી દઈ ધર્મકળાને અપનાવવી પડશે. મોક્ષ એ એક એવી અવસ્થા છે કે જે પામ્યા પછી કંઈ મેળવવાનું બાકી રહેતું નથી, ત્યારે સંસાર એક એવી અવસ્થા છે કે જેમાં કાંઈ ને કાંઈ મેળવવાનું બાકી ને બાકી રહે છે. **સંસાર એટલે હંમેશા કાંઈને કાંઈ મેળવવાનું બાકી.** દા.ત. છોકરો ભણીગણીને હોંશિયાર થયો, યુવાન બન્યો એટલે માતાપિતા કહેશે કે હવે પત્ની મેળવો એટલે કે લગ્ન કર. પત્ની મળી ગઈ પછી ઘર મેળવો. ઘર વસાવ્યું એટલે સુંદર ફર્નીચર, ઉપભોગના સાધન મેળવો. આ રીતે એક પછી એક મેળવવાની ઇચ્છા વધતી જાય. છતાં એમાં કયાંય કાયમી તૃપ્તિ કે આનંદ તો છે જ નહિ. તમે લાખ ચીજો મેળવો છતાં અંતે મેળવેલું મૂકાવનાર મૃત્યુ તો ઊભું જ છે. હજુ કર્મો બાકી છે એટલે મૃત્યુ પછી જન્મની કેદ. અંતે પાછું મૃત્યુ ને ફરી જન્મની કેદ. આવા સંસારમાં જીવને સુખ કયાંથી મળે ? સુખ તો છે મોક્ષમાં કે જ્યાં શરીરની કેદ નહિ. સર્વ કર્મોથી આત્મા મુક્ત બન્યો એટલે આત્મા અશરીરી બની ગયો. શરીર નથી ત્યાં કંઈ મેળવવાનું બાકી નથી. શરીર છે તો બધી ઉપાધિ છે. એ માટે પાપ કરવાં પડે. શરીર નથી

ત્યાં તે માટે કોઈ પાપ નહિ. પાપ નહિ એટલે કર્મબંધન નહિ. કર્મ નહિ એટલે જન્મ-જરા અને મૃત્યુ આદિ કંઈ દુઃખ નહિ, માટે ભગવાન કહે છે કે આ કિંમતી માનવ ભવમાં મોક્ષ મેળવવા માટે પ્રયત્ન કરો.

જ્ઞાનીપુરૂષોની આ વાત જો બરાબર મગજમાં ઠસી જાય તો સંસારના દુઃખદ જન્મોની હારમાળા લાવે એવાં કાર્યો કરતાં તેના અંતરમાં આંચકો આવે કે અરે, હું શું કરી રહ્યો છું? જન્મ-મરણની પરંપરા વધારે એવા આરંભ સમારંભ, રાગ-દ્વેષ, ક્રોધાદિ કષાયો તથા વિષયોપભોગની પ્રવૃત્તિ કરી રહ્યો છું કે એને ઘટાડી મોક્ષની નજીક થવાની પ્રવૃત્તિ કરું છું? જેને જન્મ-મરણની પરંપરાની બીક નથી એને પોતાના આત્માની કોઈ પડી નથી. અરે, આજે કંઈક જીવો એવા છે કે જેને આત્માની શ્રદ્ધા નથી. જેને આત્માની શ્રદ્ધા હોય એને જન્મ-મરણની હારમાળા જોઈને એનું હૈયું કંપે નહિ! બંધુઓ! હું તમને પૂછું છું કે તમને આત્માની શ્રદ્ધા છે? જો શ્રદ્ધા છે તો આત્માએ અનંતા જન્મ મરણ કર્યા ને હજુ વિષયરાગ, વિષય સુખોની લીનતાથી, પાપકાર્યોથી, નવા જન્મ મરણ ઊભા થઈ રહ્યા છે એના તરફ દૃષ્ટિ છે? ખેદ કે ભય છે? જો ખેદ છે તો વિષયસુખોમાં આનંદ માનવાનું, એમાં મસ્ત રહેવાનું શા માટે કરો છો? જ્યાં મોટા ઈન્દ્ર, ચક્રવર્તિને પણ અંતે મરણને શરણ થવું પડે છે ત્યાં તું ગમે તેવા વિષય સુખોમાં લુબ્ધ બને તો ય મરણ તો આવવાનું છે તો આ વિષય સુખો મૂકીને ધર્મ સાધના કરવાનું મન થતું નથી? મહાન પુણ્યોદયે જિનશાસન મળ્યું છે. એની કિંમત હજી જીવને સમજાઈ નથી તેથી સામાયિક, પ્રતિક્રમણ, સંત-સમાગમ, તપ-ત્યાગ, ક્ષમા સરળતા, પરોપકાર ભાવના બધું કરવાનું છોડીને વિષયોની ગુલામીમાં ડૂબેલો રહે છે.

જગત તરફ દૃષ્ટિ કરશું તો જણાશે કે ધન, માલમિલ્કત, કુટુંબ પરિવાર, ખાનપાન વિગેરે વિષયોનું એટલું અંજામણ છે કે એ જ એનો પ્રાણ અને એ જ એનું સર્વસ્વ, એજ જીવનનો સાચો લ્હાવો અને એ જ આધાર, તેથી એ મેળવવા, સાચવવા વધારવા અને ભોગવવા સતત મનમાં મૂંઝવણ ચાલ્યા કરે છે. આ આત્મા જન્મોજન્મ વિષયોની કારમી ભૂખ રાખી એની ભીખ માંગતો રહ્યો છે. એ ભીખ માટે નવી કાયા અને ઈન્દ્રિયો એ ભીખ માગવાના રામપાત્ર (ઠીકરું) છે. આ જીવ એક ભિખારી છે. એની કાયા એ ભીખ માંગવાનું રામપાત્ર છે. એમાં જીવ વિષયો રૂપી એંઠવાડ માંગીને ખાય છે. જ્ઞાની કહે છે કે વિષયો તરીકે ક્રોડોની મિલ્કત હોય, ચક્રવર્તિનું છ ખંડનું સામ્રાજ્ય હોય, નવયુવાન રૂપાળી રમણીઓ હોય કે સુંદર પકવાન હોય પણ એ બધું એંઠવાડ છે. તમને કદાચ પ્રશ્ન થાય કે લાડી-વાડી, ગાડી, લક્ષ્મી બધું એંઠવાડ કેવી રીતે? જમ્યા પછી એંઠું જૂઠું વધ્યું હોય એને એંઠવાડ કહેવાય તેમ આ બધી ભૌતિક સામગ્રી ધન આદિ પૂર્વના કોઈ ને કોઈ જીવે ભોગવેલી છે. તેમજ વિષયોના ભોગવટાથી કર્મનું અજીર્ણ થાય છે અને રાગાદિ રોગો થાય છે માટે વિષયો એ એંઠવાડ છે.

વિષયોના કારણે અહીં આ જન્મમાં પણ ચિંતા, શોક, સંતાપ, વ્યાધિ, ઉપાધિ, આદિ કેટલાય દુઃખ પેદા થાય છે ને પરલોકમાં અહીં એનાથી (વિષયોથી) બંધાયેલા કર્મો દુઃખી કરે છે. તેમજ વિષયો રાગ-દ્વેષ, આસક્તિ, તિરસ્કાર, ક્રોધ, માન આદિ કષાયો રૂપી રોગો ઊભા કરે છે. આ જીવરૂપી ભિખારી વિષયોના એંઠવાડ ભોગવી કર્મસંચયના અજીર્ણ અને રાગાદિ રોગોવાળો બન્યો છે.

પુણ્યોદયે મળેલું જિનશાસનરૂપી રાજ્ય : આ જીવરૂપી ભિખારી સંસારની શેરીઓમાં ભટકતો ભટકતો મહાન પુણ્યોદયે જિનશાસનરૂપી રાજ્યમાં આવી ચઢયો છે. આ જિનશાસનરૂપી રાજ્યના સમ્રાટ મહારાજા અરિહંત ભગવાન છે. જીવના કર્મોમાં કંઈક ગાબડું પડયું એટલે જિનશાસનરૂપી રજવાડામાં પ્રવેશ મળ્યો. જંગલમાં ભટકતા મુસાફરે જેણે કોઈ દિવસ રાજ્યની શોભા જોઈ ન હોય એને પ્રસંગોપાત જોવા મળે તો કેટલો આનંદ થાય? આચારાંગસૂત્રમાં ભગવાને કાચબાનો ન્યાય આપ્યો છે. શેવાળથી આચ્છાદિત જળમાં એક દિવસ જોરદાર પવન આવતા શેવાળનું પડ ખસ્યું તેથી કાચબો બહાર આવ્યો, ત્યારે શરદપૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ ખીલેલો હતો. તે સુંદર દૃશ્ય જોતા એને અપૂર્વ આનંદ આવ્યો, કે અહો! આ તો કયારેય મેં નહિ જોયેલું અનુપમ, આલ્હાદક, રમણીય દૃશ્ય છે. તે રીતે જીવરૂપી ભિખારીએ જિનશાસનરૂપી રાજ્યની શોભા જોઈ. એના મનમાં થયું કે અહો! આ તો મેં પહેલા કયારેય જોયું નથી. કેવું સુંદર! જેમ રજવાડામાં પ્રધાનો હોય, દિવાનો હોય, રત્નોનો ખજાનો હોય તેમ આ રાજ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નોના ગંજ છે. મહાન ગણધરો, આચાર્યોરૂપી પ્રધાનો છે. મુનિઓ રૂપી લડવીર સુભટો છે. સિદ્ધાંતોનો એમાં કિંમતી ખજાનો છે. ઉપાશ્રયો એમાં મહેલાતો છે. ચારિત્રરૂપી અદ્‌ભૂત ઔષધિ છે જે રાગાદિ સર્વ રોગોને નિવારી અદ્‌ભૂત તાજગી આપે છે. આ જિનશાસનરૂપી રાજ્યની શોભા કોઈ અલૌકિક છે. તમને એમાં પ્રવેશ મળી ગયો તો તેનો આનંદ છે કે નહિ? તમને એમ થાય છે કે અહો! એક વખતનો હું સંસારરૂપી શેરીઓના વિષયોના એંઠવાડનો ભિખારી, અને મને શું આ જિનશાસનમાં પ્રવેશ મળી ગયો!

બંધુઓ! આપ દુનિયામાં દૃષ્ટિ કરો તો આપને જણાશે કે જિનશાસન કેટલાને મળ્યું છે. તેની સંખ્યા બહુ અલ્પ છે. એ તમને અનાયાસે મળી ગયું છે. એટલે જિનશાસન શોધવાનો પરિશ્રમ નથી કર્યો પરંતુ જૈનકુળમાં જન્મવા માત્રથી તમને એ મળી ગયું છે. તો એનો આનંદ કેવો હોય! જિનશાસનરૂપી નિધાન મળ્યા પછી એ આત્માને દુન્યવી અગવડોમાં દુઃખ બહુ ન લાગે પણ નહિવત્ લાગે. ચૂંટણીના પ્રસંગમાં લાખો, કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા ને પછી પ્રધાનની સીટ મળી તો એનો આનંદ એટલો બધો હોય છે કે લાખો, કરોડો રૂપિયાનો ધુમાડો કર્યો તેનું દુઃખ નથી લાગતું, કારણ કે એ સમજે છે કે પ્રધાન બન્યા પછી લાખોના લાખો રૂપિયા

મળવાના છે. તો શું અહીં તમને શ્રદ્ધા નથી? જિનશાસન મળ્યા પછી લાખો શું કરોડોના કરોડો મળવાના છે. માત્ર ફરક એટલો છે કે ચૂંટણીમાં થોડા કાળમાં મળે છે ને અહીં જરા વિલંબે પરલોકમાં મળે છે. જેના હૈયામાં જિનશાસન ઓતપ્રોત વસી ગયું છે એને ક્રોડોનું ધન તુચ્છ લાગે, ભારભૂત અને આત્માને કર્મબંધન કર્તા લાગે. કંઈક જીવો એવા છે કે જિનશાસનમાં પ્રવેશ મળવા છતાં વિષયોના ઐંઠવાડની આસક્તિ છોડી શકતા નથી. તેમની દશા કેવી થાય છે એક ન્યાય આપીને સમજાવું.

એક વખત એક ગરીબ ભિખારીને રાજમહેલમાં પ્રવેશ મળી ગયો. મહારાજાની એના પર દૃષ્ટિ પડી, એટલે રસોડાના મેનેજરના મનમાં વિચાર આવ્યો કે આ ભિખારીને રજવાડી જોઈ ખૂબ ચમત્કાર લાગે છે ને આનંદ પણ થાય છે. તો, લાવ હું એને દૂધપાકનું જમણ જમાડું. એમ વિચારીને ભિખારીને દૂધપાક લેવા માટે બોલાવે છે પણ ભિખારીને એના પર વિશ્વાસ નથી બેસતો. એટલે ફરી વાર મેનેજર કહે છે ભાઈ! તું તારા રામપાત્રમાં જે ઐંઠવાડ છે તે ફેંકી દે ને તારું રામપાત્ર ધોઈને એમાં આ સુંદર દૂધપાક લે. આ વાત સાંભળતા ભિખારીના મનમાં શંકા થઈ કે મારો ઘણા દિવસ સુધી ચાલે એવો સારો ઐંઠવાડ ફેંકાવી દઈને મને ભૂખ્યો તો નહિ રાખે ને?

બંધુઓ! જુઓ, આ ભિખારીની કેવી દુર્દશા! કેટલાય દિવસના ઐંઠા દાળ ભાત ને તેય પણ સડી ગયેલા, છતાં એને સારા લાગે છે ને એની સામે સુગંધિત સુંદર દૂધપાક મળે છે છતાં એ સારો નથી લાગતો. રસોડાનો મેનેજર ખૂબ દયાળુ છે. એના મનમાં એમ થાય છે કે આ જીવ અભાગિયો લાગે છે. એણે પહેલા ઐંઠવાડ ખૂબ ખાધો છે તેથી તેના અજીર્ણના કારણે એને આવા સુંદર દૂધપાકનું પણ મન થતું નથી. એને દૂધપાક કરતા ઐંઠવાડ સારો લાગે છે, માટે લાવ, એને અંજન આંજું ને એની દૃષ્ટિ જો સુધરે તો ઐંઠવાડ અને દૂધપાકનો ભેદ તો ખ્યાલ આવે. એમ વિચારીને એક સળી પર અંજન લઈ ભિખારીને આંજવા જાય છે. ભિખારીના મનમાં ડર છે કે કદાચ આ મારા રામપાત્રની વસ્તુઓ ફેંકી દઈને એમાં એનો માલ નાંખશે તો? એ ડરથી તે રામપાત્ર મજબૂત પકડી આંખો બંધ કરીને ઉભો રહ્યો. આંખ ખોલે તો અંજન અંજાય ને?

મેનેજર ખૂબ હોંશિયાર હતો એટલે તેણે યુક્તિથી એની આંખ જરા ખોલી અંજનની સળી ફેરવી દીધી. આંખમાં અંજન જતાં ભિખારીને ઠંડક વળી, તેથી એના મનમાં થયું કે આ માણસ સારો છે. એણે મારી બળતી આંખમાં ઠંડક કરી. હવે દૃષ્ટિ નિર્મળ થતાં આંખ ખોલીને જોયું તો દૂધપાક સારો દેખાયો ને રામપાત્રના માલમાં શંકા પડી કે આ મારો માલ મને રોગ કરનારો તો નહિ હોય ને? મેનેજર પ્રત્યે હવે તેને વિશ્વાસ બેઠો એટલે કહે છે કે આ તમે શું આંજ્યું? મને સારું

લાગે છે. મેનેજર કહે તને સારું અંજન આંજ્યું એટલે તારા રોગ કંઈક શમ્યા તેથી સારું લાગે છે. તો હવે આ સરસ દૂધપાક છે તે લે અને તારા રામપાત્રનો એંઠવાડ ફેંકી દે. પોતાને અતિપ્રિય એંઠવાડ ફેંકી દેવાની વાત સાંભળતા તે ગભરાઈ ગયો. હાય ! શું આ મારું ફગાવી દેશે ? મારું મને કેટલું બધું વહાલું છે ! ઘણી મહેનતથી મેળવેલું છે એ શું ફેંકી દેવા લાયક છે ?

મેનેજર વિચાર કરે છે કે અહો ! આ બિચારાને એંઠવાડના અજીર્ણના રાગનું કેટલું જોર ! સામે વસ્તુ સારી જોવા છતાં મન શંકાશીલ રહે છે તો લાવ હવે જરા દિવ્ય પાણી પીવડાવું. એથી એના રોગની કંઈક શાંતિ થાય તો એને આ દૂધપાક પર વિશ્વાસ બેસે ને એંઠવાડની મમતા ઓછી થાય. મેનેજરે દિવ્ય પાણી મંગાવી ભિખારીને આપ્યું, પણ તે પીતો નથી. દયાળુ મેનેજરે પરાણે તેને પાણી પીવડાવી દીધું. દિવ્ય પાણી પેટમાં જતા ટાઢક વળી; રોગોની ઉગ્રતા મોળી પડી એટલે એને લાગ્યું કે આ માણસ સાચો છે. ખરેખર મારો માલ રોગકારી અને આ ભાઈનો માલ દૂધપાક, અંજન, દિવ્ય પાણી વિગેરે આરોગ્યકારક છે. મેનેજર કહે. લે, ત્યારે તારો આ રોગભર્યો એંઠવાડ ફેંકી દે. તારું પાત્ર ધોઈ નાખ ને આ દૂધપાક લઈ લે. બોલો, હવે ભિખારી શું કરશે ? દૂધપાક લેશે ? ના. પોતાને વસ્તુની અરાબી સમજાવા છતાં એ છૂટતું નથી. એ તો શું વિચારે છે ? મારી ચીજ તો ઘણી મહેનતથી મેળવેલી, કેટલીય શેરીઓમાં રખડ્યો, ઘર ઘર ભીખ માંગી, કંઈકના અપમાન–તિરસ્કાર વેઠયા એમ કરતાં મારું આ પાત્ર ભરાયું છે તે શું હવે ફેંકી દેવાય ? જો ફેંકી દઉં તો જ્યારે મને ભૂખ લાગે ત્યારે શું ખાઉં ! ભૂખે જ મરવું પડે. કેટલી ઘેલછા છે ભિખારીની ! સામે સારો સુંદર સ્વાદિષ્ટ દૂધપાક આપે છે તેની કિંમત નથી ને પોતાના કેટલાય દિવસોના ભેગા કરેલા ને સડી ઉઠેલા એંઠવાડિયા દાળભાતની કિંમત છે. દાળભાત ભેગા કરતાં ખૂબ મહેનત પડી છે માટે એની કિંમત આંકે છે ને દૂધપાક વગર મહેનતે મળે છે માટે એની કિંમત નથી. કેટલી મૂઢતા !

બસ, સંસારી જીવોની આવી દશા છે. ઈન્દ્રિયોના વિષયો, ધન–માલ, પરિવાર જે કર્મબંધન કરાવે છે તેમજ રાગ–દ્વેષ, કામ-ક્રોધ, લોભ વિગેરે રોગોને ઉભા કરે છે તેથી એ એંઠવાડ સમાન છે. મહેનત કરીને મેળવેલ ધન, માલ મહત્વના લાગે છે ને આપની સામે ગુરૂઓ મફતમાં ધર્મ બતાવે છે કે જે ધર્મ આત્માનું ઉત્થાન કરાવે છે તેના ભાવ રોગને દૂર કરે છે એવા ધર્મની કિંમત નથી સમજાતી. વિષયોમાં ગૃધ્ધ બનેલો જીવ એમ કહે છે આ લક્ષ્મી, માલ મિલ્કત બહુ મહેનતે મળ્યા છે માટે એને ન છોડાય પણ એને ભાન નથી કે પેલા ભિખારીની જેમ આ જીવને ભવાટવીમાં વિષયોની ભીખ માંગતા ભટકતા ભટકતા મહામહેનતે જિનશાસન મળ્યું છે તો તેની કિંમત ખરી કે નહિ ? પૂર્વભવોની કેટલીય આરાધનાથી આ જિનશાસન જોવા મળ્યું છે તો હવે વિષયોમાં ગૃદ્ધ બનવું શોભે ?

સંસારમાં દીકરો લગ્ન કરીને કન્યા પરણીને આવ્યો. આ કન્યાને પોતાની સાસુ સાથે કે દેરાણી જેઠાણી સાથે મનમેળ મળતો નથી તેથી કયારેક અવારનવાર કલેશના પ્રસંગો ઉભા થાય છે. તો દીકરો આખા કુટુંબને છોડીને પોતાની પત્નીને લઈને જુદો થાય છે ને? આટલા વર્ષોના પરિચિત અને સાથે રહેલા હોવા છતાં મનદુઃખ થવાથી જુદા થવામાં આનંદ માને છે. તો પછી આત્માના હિત માટે ધન, માલ મિલ્કત, કુટુંબ પરિવાર છોડવાની વાત આવે ત્યારે એમ કેમ થાય છે કે ઘણી મહેનતે મેળવેલા અને વર્ષોના સંબંધવાળા તે કેમ છૂટે? જો સંસારમાં આવા મનદુઃખ થાય છે તો સંસાર સાથે મનદુઃખ કરવું હોય તો થાય કે નહિ? ભગવાન કહે છે મનદુઃખ કરો તો સંસાર, વિષય કષાયો સાથે કરો. એની સાથે મનદુઃખ કરવાથી એનાથી અલગ રહી શકશો. જેટલા સંસારથી, વિષયોથી ને કષાયોથી અલગ તેટલા કર્મબંધન અલ્પ, પણ આપણો આત્મા અનાદિકાળથી મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભ યોગ આદિના કારણે ઘોર કર્મબંધન કરી રહ્યો છે, તેને જિનશાસન અને સદ્‌ગુરૂનો યોગ મળવા છતાં હજુ સુધી જીવનમાં જાગૃતિનો પ્રાદુર્ભાવ થયો નથી. જ્યાં સુધી જીવનમાં જાગૃતિનો પ્રાદુર્ભાવ થાય નહિ ત્યાં સુધી ભવકટી થવી મુશ્કેલ છે. ભવકટી કરવા માટે ઈન્દ્રિયિક સુખમાં અમોહ બનવું જોઈએ. અમોહ દશા કયારે પ્રાપ્ત થાય? સમ્યગ્ દર્શન પ્રગટે ત્યારે, સમ્યગ્દર્શન એટલે શું? જે દર્શનની પાછળ મહાન આબાદી મળે, આંતરશક્તિઓ ભરપૂર ખીલે, આત્માપરની અનંતાનંત કર્મબેડીઓ ફટાફટ તૂટવા લાગે તે દર્શનનું નામ સમ્યગ્દર્શન. જુઓ, સમ્યગ્દર્શનના તેજનો કેટલો ચમત્કાર છે!

શ્રી ભગવાન મહાવીર સ્વામીના મુખેથી નંદીષેણે એકવાર દેશના સાંભળી અને એમનો આત્મા દીક્ષાની ભિક્ષા લેવા તૈયાર થયો, ત્યારે પ્રભુએ કહ્યું કે વિકારના વાયુ રૂપી તોફાન એક વાર તારા જીવનને પતનના પંથે લઈ જશે, છતાં નંદીષેણે અડીખમ બનીને કર્મની સામે કારસ્તાન કરવાનું નક્કી કર્યું અને દીક્ષા લીધી. દીક્ષા લઈને એ નંદીષેણ મુનિએ શરીર ઉપર તપશ્ચર્યાના કોરડાઓ વીંઝવા માંડયા. કર્મના અણુની છાતી ચીરવા કઠોર સંયમરૂપી વાઘના નખ લીધા. એ સંયમ રૂપી નખથી કેટલાય કર્મોને ચીરી નાંખ્યા પણ જે નિકાચિત કર્મો હતા તે માટે તેમની છાતી તો લોખંડી હતી પણ ત્યાં વાઘ નખ બુઠ્ઠા બન્યા. નંદીષણ જેવા મહાન આત્મા પણ મહાત બની ગયા, પરમ આત્મા પામર બની ગયા ને ધર્માત્મા કર્માત્મા બની ગયા.

નંદીષેણે પોતાના જીવનમાં વિચાર્યું કે મારા કર્મ રૂપી વિકારના વાયુમંડળ મને હેરાન કરે છે. તે માટે તેમણે ઘણા ઉપાયો વિચાર્યા પણ એકે ઉપાય કામ ન આવ્યો તેથી મનમાં થયું કે જીવું તો આ જંજાળ અને મરું તો મૂકું કર્મચંડાળ. છેવટે તેમણે જીવનને ન્યોચ્છાવર કરવાનું વિચાર્યું. વિકારની ધગધગતી જ્વાળામાં ઝંપલાવવા કરતાં શરીરનો નાશ શ્રેષ્ઠ લાગ્યો, તેથી અરિહંતાદિના ચાર શરણાં સ્વીકારીને આકાશને અડતી પર્વતમાળા ઉપરથી તોતીંગ ખાઈમાં ઝંપાપાત કર્યો પણ નિકાચિત કર્મો કયાં

તેને છોડે તેમ હતા ! પર્વત ઉપરથી પડતા દેવે તેમને ઝીલી લીધા. નંદીષેણ મુનિએ કર્મની સામે નાની કારતૂસ નહિ પણ ભયંકર મશીનગન લીધી. આકરી વિહારની તોપો ચલાવી. ધગધગતા તાપમાં આતાપના રૂપ એટંબબોંબ ફોડયા અને કર્મોને તોડવા પ્રબળ પુરૂષાર્થ આદર્યો, પણ અચળ હોય તેને ચળ કોણ કરી શકે ? અફળ હોય તેને વિફળ કોણ કરી શકે ? જે અડીખમ હોય તેને ધડીખમ કોણ કરી શકે. માસખમણના પારણે માસખમણની તપશ્ચર્યા ચાલુ રાખી.

એક વાર પારણાના દિવસે ફરતા ફરતા વેશ્યાના બારણે જઈ ચઢયા ને બોલ્યા "ધર્મલાભ". ધર્મલાભ સાંભળીને વેશ્યા વિચાર કરવા લાગી કે આ કોણ ધર્મલાભ આપનારો ગમ વિનાનો અગમ હાલ્યો આવ્યો છે ? કાપડિયાની દુકાને સોનાના કચોરા માંગનારો કોણ ધમંડી છે ? ગાંધીની દુકાનના ત્રાજવે હીરાને જોખવાનું કામ કરવાનું સાહસ કોણ અવળચંડાએ કર્યું છે ? એમ વિચારીને ગણિકા બોલી મહારાજ ! શું તમે માર્ગ ભૂલ્યા ? અહીં ધર્મલાભ નહિ પણ અર્થલાભ છે. એ તમારું ગજું નહિ માટે આપ તરત સીધા પાછા વળો. કામલત્તાના કઠોર શબ્દો સાંભળતા મુનિની સમતુલા ચાલી ગઈ. તેમના મુખ ઉપર વિષાદની એક છાયાએ હલ્લો કર્યો. કેમ, તારે જોઈએ છે અર્થલાભ ? લે ત્યારે. એમ કહીને લબ્ધિના બળે એક તરણું તોડયું ને સોનૈયાનો મૂશળધાર વરસાદ વરસ્યો. સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. કામલત્તાના કામણગારા કટાક્ષમાં મુનિ સંયમથી સરકી ગયા. પ્રગતિના પંથેથી પતનના પંથે, વિરાગમાંથી વિલાસના પંથે જવા તૈયાર થયા.

બંધુઓ ! તપમાં એવી કોઈ અપૂર્વ શક્તિ છે કે દરિયાના ઉંડાણના તળિયે રહેલા મહામૂલા મોતીને સપાટી પર લાવી શકે અને સપાટી પર રહેલા ખરબચડા પથ્થરને પાતાળના તળિયે પેસાડી શકે. બસ, મહામુનિ નંદીષેણના જીવનમાં અર્થ માટે એવું બન્યું. મેકસીકો પાસે આજે દરિયાની નીચે એવા કૂવાઓ તૈયાર કરાયા છે કે ફૂટબોલના મેદાન જેવા તેલના કૂવાઓ એક ચાંપ દાબતા દરિયાની સપાટી ઉપર તરી આવે ને બીજી ચાંપ દાબતા નીચે સરકી પડે. આવી રીતે શુભ ભાવથી કરેલી તપશ્ચર્યા એક ક્ષણમાં મુનિને મુક્તિ અપાવી દે છે ને અશુભ ભાવથી કરેલી તપશ્ચર્યા નીચે નરકમાં ધકેલી દે છે. તપ દ્વારા લબ્ધિ મળવી સહજ છે પણ લબ્ધિને પચાવવી અતિ કઠિન છે.

નંદીષેણ મુનિએ બ્રહ્મચર્યને સાચવવા તપશ્ચર્યા કરી પણ મોહરાજા એ મહાભયંકર ડાકૂ છે. એક રૂપમાં તે ફાવે તો અનેક રૂપ કરે. જ્ઞાનમાં કાબૂ મેળવ્યો તો આહારમાં ફસાવે ને આહારમાં કાબૂ મેળવ્યો ને તપ કર્યો તો અભિમાન લાવે, તેથી ભગવાને સંયમમાં બધે ચેતતા રહેવાનું કહ્યું છે. વહાણમાં પડેલું એક છિદ્ર વહાણમાં બેસનારા બધાને જોખમમાં મૂકી દે છે. વહાણની એક બાજુની અસાવધાની જીવનને ખતમ કરી

નાંખે છે. નંદીષેણ મુનિમાં આવું જ બન્યું. નંદીષેણને ગણિકાનું અપમાન નડયું ને જીવનમાં માન આવ્યું તેથી કામલત્તાની કામણગારી વાણીથી મુનિ સંયમથી પતિત થયા, પણ આ તો કોણ? નંદીષેણનો મહાન આત્મા. શરીર ઉપરનો મેલ શરીરને અશોભતું બનાવે છે, પણ મેલ નીચે ચામડી તો પ્રકાશિત હોય છે. જેમ માટી નીચે દટાયેલું રત્ન ઝળકતું હોય છે તેમ અહીં આ મુનિનો આત્મા નિકાચિત કર્મોદયે સંયમ માર્ગથી ખસ્યો પણ અંદર તો શ્રદ્ધાના લાખ લાખ તેજે પ્રકાશી રહ્યો હતો. અંધકારમાં રહેલો એ આત્મા પ્રકાશ તરફ જવા તરફડિયાં મારી રહ્યો હતો.

મુનિ સંયમ ભાવથી ખસ્યા પણ મનમાં પસ્તાવો છે કે હાય! મારો વિરાટ આત્મા વામન બની ગયો! મરદ આત્મા માટી થઈ ગયો! એક બાજુ વિરાટ આત્માનું વિશાળ તેજસ્વી સ્વરૂપ દેખાય છે ત્યારે બીજી બાજુ વિકારનો સિંહ ઘૂઘવાટા કરી રહ્યો છે. મનની મથામણને અંતે નંદીષેણ મુનિએ દરિયામાં ડૂબકી મારી ઝળહળતું કિંમતી મોતી મેળવી લીધું ને મનમાં નક્કી કર્યું કે દરરોજ મારે દશ આત્માઓને પ્રતિબોધ પમાડવા ને પછી અન્નપાણી વાપરવા. બંધુઓ! વિચાર કરજો. ગણિકાના આવાસમાં રહીને રોજ દશ જીવોને પ્રતિબોધ પમાડવા એ કાંઈ નાની સૂની વાત છે? તે કર્યા પહેલાં અન્નપાણી નહિ, કેવી કડક પ્રતિજ્ઞા! આ છે સમ્યક્ દર્શનનો ચમત્કાર. ગુહારથી પડવા છતાં આત્મા કેટલો જાગૃત હશે?

ખરેખર સમ્યક્દર્શનની એવી તાકાત છે કે કદાચ કર્મોદયે સત્યથી સરકે પણ તેના આત્મામાં તો તે પાપની અકથ્ય વેદનાના અંગારા ચંપાતા હોય તેમ પશ્ચાત્તાપ થાય છે. તેમાંથી બહાર નીકળવા તે તરફડિયા મારતો હોય છે. જો એક વાર પણ સમ્યક્દર્શનનો સ્પર્શ થઈ જાય તો તેના હૃદયરૂપી આકાશમાં પણ મિથ્યાત્વની અંધારી રાતમાં પણ ઊંડા ઊંડા ચમકતા તારાઓ પડેલા છે. સમ્યક્દર્શનની તાકાત તો જુઓ. એક વાર સમ્યગ્દર્શન સ્પર્શી જાય તો આત્મા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં સંસારના બંધનો ફગાવી દઈને કર્મબંધનથી મુક્ત બનીને ઊંચે સિદ્ધશીલામાં બિરાજી જાય છે. સિદ્ધ બન્યા પછી આત્મા સ્થિર જ્યોતિની માફક પ્રકાશિત રહ્યા કરે છે. ત્યાં આત્મા અડોલ ગિરીશૃંગ સમાન બને છે. મોતી એક વાર વીંધાયા પછી ફરીને મોતીને પરોવવા માટે વીંધાવાનું રહેતું નથી તેમ સિદ્ધપદને પામ્યા પછી ફરીથી જીવને સંસારમાં વીંધાવાનું રહેતું નથી. સમ્યક્દર્શન અનેક દોષોને ગુણમાં ફેરવે છે. ન્યુકલીઅર રેડીએશન અણુવિષયક કિરણોત્સર્ગથી નેપોલીયનના એક વાળ પરથી નક્કી થયું છે કે નેપોલીયનનું મૃત્યુ સોમલથી થયું છે. તેમ સમ્યક્દર્શન એટલે દોષોને પકડવા માટેનું ન્યુકલીઅર રેડીએશન અણુવિષયક કિરણોત્સર્ગ કિરણ છે.

નંદીષેણ મુનિ દેહથી પડવાઈ થયા પણ તેમનો જાગૃત આત્મા અંદરથી જાગતો હતો. તેઓ રોજ દશ દશ આત્માઓને પ્રતિબોધ પમાડી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરી

શાંતિનો શ્વાસ લેતા અને પછી ભોજન જમતા. તેઓ સવારના કર્મ સામે સિંહ સમાન શૂરવીર બનીને ઝઝૂમતા કારણ કે દશ જીવોને પ્રતિબોધ પમાડયા પહેલાં જમતા નથી તેથી કર્મો સામે સિંહ સમાન બનતા. સાંજના કર્મો સામે શિયાળ સમાન બની જતા. સમય વીતતા બાર બાર મહિના નહિ પણ બાર બાર વર્ષોના વહાણાં વાયા.

એક વાર થોડા સમયમાં નંદીષેણે નવ જીવોને પ્રતિબોધ પમાડયા પણ દશમો જીવ એવો મગશેલીયો પથ્થર જેવો સોની મળ્યો કે એ કોઈ રીતે બૂઝતો નથી ત્યારે "બાધા મારી તું મા, દાળ ઉપરથી ઊઠી શીરા ઉપર જા." એવું આ નંદીષેણ કરતા નથી. કામલત્તા કહે છે તમારા ભોજનના ઠીકરા કયાં સુધી સંભાળું ! સાંજ પડવા આવી તોય હજુ પરવારતા નથી. ભારે ગુંદર જેવા ચીકણા. એક જીવ ઓછો બૂઝશે તો તેમાં તમારી લંકા કયાં લૂંટાઈ જવાની છે! નંદીષેણનો નિયમ એટલે નિયમ. દશમો સોની કોઈ રીતે બૂઝતો નથી ને બીજો કોઈ દેખાતો નથી, ત્યારે કામલત્તા કંટાળીને કહે છે કે બીજો કોઈ દશમો ન મળે તો તમે તો છો જ ને !

મજાકના આ શબ્દોએ તો સાચું તાકયું તીર
જાગ્યો કેશરી સિંહ સૂતેલો તોડીને જંજીર,
ગણિકાના વિનોદી વેણે આજ ઉઘાડયા નેણ
પીરસ્યા ભોજન પડયા રહ્યા ને નીકળ્યા નંદીષેણ.

કામલત્તા નંદીષેણના વિલાસને જાણતી હતી પણ વિરાગને પિછાણતી ન હતી. વિલાસથી વિરાગનું તત્ત્વજ્ઞાન ગહનમાં ગહન ને સૂક્ષ્મમાં સૂક્ષ્મ છે. માનવીની જડ આંખની કીકી ફેરવવા માટે ઓપરેશન કરવું પડે છે અને તેમાં બસો સૂક્ષ્મ દોરા વાપરવામાં આવે છે, તે દ્વારા એક ઝીણી ગાંઠ મરાય છે, તેથી લોહી આંખની નસમાં ફરતું થઈ જાય છે, તેમ વિલાસને જ્યારે વિરાગમાં ફેરવવામાં આવે છે ત્યારે સૂક્ષ્મ તપ અને સંયમરૂપી ગાંઠ દ્વારા આત્માનું જ્ઞાન–દર્શન ચારિત્રરૂપ લોહી ફરતું થઈ જાય છે. વિલાસ જ્યારે વિરાગના રૂપમાં ફેરવાય છે ત્યારે દુનિયાના પાતાળમાં રહેલી વસ્તુ થોડી વારમાં સપાટી ઉપર લાવી શકાય છે અને એક ચપટીમાં જગતને થૂં પણ કરી શકાય છે.

કામલત્તાએ નંદીષેણને કહ્યું કે "દશમા તમે." આ શબ્દોથી તરત જ નંદીષેણના વિચારે વળાંક લીધો અને કામલત્તાને હાથતાળી દઈને નિર્મળ ઝરણાની માફક ગુરૂ પાસે પ્રાયશ્ચિત લેવા ચાલી નીકળ્યા, ત્યારે કામલત્તાના દિલમાં આંચકો આવ્યો પણ નંદીષેણ મહર્ષિ હવે લપટાય ખરા ? ના. હવે લપટાય તે બીજા. નિકાચિત ભોગાવલી કર્મ પૂરું થયું. નંદીષેણ મહર્ષિનો મહાન આત્મા ગુરૂ શરણમાં પહોંચી ગયો. વિલાસના પંથે ગયેલો આત્મા વિરાગી બની ગયો. ગુરૂદેવ પાસે પ્રાયશ્ચિત લઈને પોતાનું જીવન સુધારી લીધું. નંદીષેણે જ્યારે આત્મા તરફ દોટ મૂકી એવા તરત જ

ગુરૂ ચરણમાં જઈને આલોચના કરી લીધી. અહીં વિચારવાનું એ છે કે છદ્મસ્થ અવસ્થામાં આત્મા કયારેક ભૂલ કરી બેસે પણ ભૂલને ભૂલ માનીને તરત ગુરૂ ચરણમાં જઈને આલોચના કરી લેવી જોઈએ. કયારે પણ પાપ છૂપાવવા નહિ. આત્માએ એ વાત ખાસ લક્ષમાં રાખવાની છે. પાપ છોડવામાં કયારે પણ અકડાઈ રાખવી નહિ. થયેલા પાપનો નિકાલ કરવા આળસ છોડીને ઝટ ગુરૂના શરણે પહોંચી જવાનું, અને હું ગુરૂ પાસે કેમ કહું એવી અકડાઈ દૂર કરી નિર્દોષ ભાવે કહી દઈ પ્રાયશ્ચિત લેવાનું. આલોચના અને પ્રાયશ્ચિતની વિધિ તો મહાન જબરદસ્ત રસાયણ છે. એનાથી પાપનો તો ક્ષય થાય અને તે ઉપરાંત શુભ અધ્યવસાયના કારણે બીજા કંઈક અશુભ કર્મો ક્ષીણ થાય છે ને અશુભ કર્મો ક્ષીણ થવાથી આત્મહિતની મહાન કમાણી થાય છે.

આપણે લાખ રૂપિયાનું ખાઈ એ છીએ, પહેરીએ છીએ ને ભોગવીએ છીએ પરંતુ એના પર કરોડ, અબજો રૂપિયાથી પણ અધિક આત્મહિતની કમાણી કરવાની ચીવટ અને ચોકસાઈ રાખીએ છીએ ખરા ? આત્મહિતની કમાણીમાં પ્રથમ તો એ આવે કે બધી સુખ સગવડ પર હૈયામાં વૈરાગ્ય ઝળહળતો રહે. તેના મનમાં એમ થાય કે મને તો શું મળ્યું છે ? આના કરતાં લાખ કરોડગણું વધારે ભરત ચક્રવર્તિને મળ્યું હતું છતાં એ એને તુચ્છ ગણતા, એ સુખસગવડો આત્મહિતના ઘાતક અને મારક દેખાતા. તો જ અરિસાભવનમાં સમય આવતાં એક મિનિટમાં એનો મોહ ઉતારી વીતરાગી બનીને કેવળજ્ઞાન પામી ગયા. ભરત ચક્રવર્તિએ જડ દૃષ્ટિના હિસાબ એક મિનિટમાં પડતા મૂકયા અને આત્મભાવની વિચારધારાએ ચઢી એક મિનિટમાં શું કેવળજ્ઞાન પામે એમ બની શકે ? તો પછી ભલેને આપણે જીવનભર જડ દૃષ્ટિએ ગાડું હંકાર્યે રાખી અંતકાળે એક મિનિટમાં આત્મદૃષ્ટિએ હિસાબ માંડીને ન્યાલ થઈ શકીએ ને ? ના....ના....રખેને જોજો એવું સમજતા. ભરત ચક્રવર્તિ એમ ન્યાલ થઈ ગયા નથી. એ તો એમણે તેમના પિતા ઋષભદેવ ભગવાનના ઉચ્ચ વૈરાગ્યમય જીવનને જોયું પછી ભગવાનનું કઠોર સંયમી જીવન જોઈ તથા ભગવાન તીર્થંકર બન્યા પછી એમનો ઉપદેશ સાંભળી એમાંથી વૈરાગ્યની પ્રેરણા લેતા રહ્યા હતા અને વર્ષોના વર્ષો જડ દૃષ્ટિની વચ્ચે આત્મદૃષ્ટિના હિસાબ માંડી વૈરાગ્યભાવને વિશેષ વિશેષ ઝગમગાવતા રહ્યા હતા. એનું ફળ અરિસાભુવનમાં જડ દૃષ્ટિમાંથી એક મિનિટમાં આત્મદૃષ્ટિના હિસાબમાં ચઢી જતા કેવળજ્ઞાન પામ્યા. આપણે પણ જેમ જેમ જડ દૃષ્ટિના હિસાબ ઓછા કરી આત્મદૃષ્ટિના હિસાબમાં આગળ વધશું તેમ આત્મગુણોની વધુ ખીલવટ કરી શકશું. આ કરવા માટે આ માનવજીવન એ સુંદર અમૂલ્ય સમય છે. આત્મા પર ભવોભવના કર્મો અને અનંત ભવોની કુવાસનાઓના જંગી ભાર લદાયેલા છે. એનો નિકાલ કરવાનો આ ઉત્તમ માનવભવ છે. ધ્યાનમાં રાખજો કે અનેક યુગોના અંધારપટ પછી પ્રાપ્ત થયેલ આ ટૂંકો પ્રકાશકાળ ભાવિદીર્ઘ અંધારિયા કાળને સર્જનારો ન બને,

માટે વીતરાગ ધર્મ રૂપી શાશ્વત લક્ષ્મીની કમાણી કરી લો જેથી માનવજીવન સફળ બને ને ભવોભવ આપણા સુધરી જાય.

પર્વાધિરાજનું મંગલ સ્વાગત કરતા આજે સાતમો દિવસ તો આવી ગયો. હવે ફક્ત આવતીકાલનો એક દિવસ જેના મૂલ્યાંકન થઈ શકે નહિ એવો ક્ષમાપનાનો પવિત્ર દિવસ છે. જે દિવસને આપણે આદાન-પ્રદાનના પર્વ તરીકે ઓળખીએ છીએ. આ શબ્દોના અર્થો તમે સમજી ગયા ને? લેવું ને દેવું. બોલો, શું આપશો ને શું લેશો? (શ્રોતામાં-શાંત વાતાવરણ) બધાય શાંત થઈ ગયા. જોજો કાલનો દિવસ ભૂલતા નહિ હોં. ક્ષમા લેવાની અને ક્ષમા દેવાની. ક્ષમા એ સાચું કોહિનૂર છે. સમય થઈ ગયો છે. આજે ચાર દંપતિ આજીવન બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા લેવાના છે. તેમને હવે પ્રતિજ્ઞા કરાવવામાં આવે છે. ॐ શાંતિ.

○ ○ ○

વ્યાખ્યાન નં ૪૨

ભાદરવા સુદ ૫ ને સોમવાર "સંવત્સરી" તા. ૨૭-૮-૭૯

"દુશ્મનાવટનું રાજીનામું"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો! આપણે અંતરના ઉમળકાથી જેની ઘણાં સમયથી પ્રતીક્ષા કરી રહ્યા હતાં તે પનોતા પર્યુષણપર્વના પવિત્ર દિવસો આપણા આંગણે પધાર્યા. તેમાં આજના દિવસનો મહિમા વિશેષ છે, કારણ કે સાત સાત દિવસ ધર્મની આરાધના કર્યા પછી આજે સંવત્સરી પર્વનો મહામંગલકારી દિન આવે છે. **"સાધનાના સાત દિવસ અને સિદ્ધિનો ક્ષમાપનાનો આઠમો દિવસ."** સાત સાત દિવસ સુધી સતત તપ ત્યાગ, ધર્મશ્રવણ અને પ્રાયશ્ચિત આદિથી દિલના કષને દૂર કરીને પવિત્ર બન્યા પછી આજે સંવત્સરી મહાપર્વના દિવસે ક્ષમાની સરિતામાં સ્નાન કરીને આત્માને શીતળ બનાવવાનો છે. આજના દિવસનો મુખ્ય ઉદ્દેશ ક્ષમાનું આદાન-પ્રદાન કરવાનો છે. ક્ષમા આપનાર અને ક્ષમા માંગનાર બંનેનું હૃદય અરિસા સમાન ઉજ્જવળ બને છે ને રૂની પૂણી સમાન પોચું બને છે. આ સંસારમાં ભાઈ ભાઈ વચ્ચે, સ્વજનો વચ્ચે, મિત્રો વચ્ચે, જ્ઞાતીજનો અગર સ્વધર્મી બંધુઓ સાથે વેર ઝેર અને કલેશ થયેલા જોવા મળે છે, જેથી એકબીજાનું દિલ દુભાવાથી મનદુઃખના કારણે એકબીજાનું દિલ તૂટી જવાથી એકબીજાના સામું જોતા નથી. એકબીજાના ભાંગ્યા હૈયાને સાંધવા માટે સોલ્યુશન સમાન જો કોઈ પર્વ હોય તો તે સંવત્સરી મહાપર્વ છે, માટે આજના દિવસે આપણે નમ્ર બનીને અંતરના શુદ્ધ ભાવથી એકબીજાની પાસે માફી માંગીને ક્ષમાપના કરીને શુદ્ધ બનવાનું છે, અને જીવનને મૈત્રીની મ્હેંક અને ક્ષમાની સૌરભથી ભરી દેવાનું છે. જીવન રૂપી શેરીઓમાં હેત અને પ્રીતના તોરણ બંધાય અને ભૂલોની શૂલો ઉખડી જાય તેનું નામ ક્ષમાપના છે.

દર વર્ષે પર્યુષણપર્વ આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે ને પ્રેમનો પયગામ અને અવૈરની આહ્વલેક પુકારી જાય છે છતાં આત્મા ઉપર એની અસર કેમ દેખાતી નથી. આનું કારણ શું ? કોઈ માણસને રોગ થાય છે ત્યારે તે ડોકટર કે વૈદ્ય પાસે દવા લેવા માટે જાય છે. ઘણા વખત સુધી દવા લેવા છતાં જો દર્દ મટે નહિ તો તમે શું શું કહેશો ? **"દવા લીધી છતાં દર્દ મટયું નહિ, વૈદ્ય મળ્યા છતાં વેદના ગઈ નહિ,"** તેમ અહીં પણ વર્ષોથી પર્યુષણ પર્વની ઉજવણી કરી, સંવત્સરીના દિવસે મોટા અવાજે મિચ્છામિ દુક્કડં દીધા ને પ્રાણીમાત્રની સાથે ક્ષમાપના કરી છતાં હતા તેવા ને તેવા જ રહ્યા તો મારે શું કહેવું ? **"ક્ષમા માગી છતાં ક્ષાર ગયો નહિ,"** આનો અર્થ તો એવો જ થયો ને કે કાંતો દવા લીધી નથી, કાં તો દવા લીધી છે તો દવા એ દવા નથી પણ દવાના નામે દગો છે. તેવી રીતે ક્ષમા માંગી છતાં ક્ષાર રહી ગયો તો માનવું પડશે કે આપણે ક્ષમા હૈયાથી નહિ પણ હોઠેથી માંગી છે. હૈયાથી માંગેલી ક્ષમા એ અમૃત સમાન છે, પણ આજે તો એવી દશા છે કે માણસ ક્ષમા માંગે છે પણ પાછો સામાની ક્ષતિઓ-ભૂલો જોયા કરે છે અને એ ક્ષતિઓને જોઈને સામી વ્યક્તિ ઉપર ક્ષાર રાખ્યા કરે છે. આ છે આજના જીવોની દશા, તેથી કહ્યું છે

અમૃત પીધું પણ અમર થયો નહિ, પીવાની રીત ના જાણી,
કાં તો અમૃત ઘટમાં ગયું નહિ, કાં તેં પીધું પાણી.

અહીં ક્ષમાને અમૃત સમાન ગણી છે. હે જીવ ! તેં ક્ષમા માંગી છતાં તારા અંતરમાંથી ક્ષાર એટલે રાગ-દ્વેષ, કષાય વિગેરે જતા ન હોય તો સમજી લેજો કે હજુ સાચી ક્ષમાપના કરી નથી. સર્વ જીવોની સાથે ક્ષમાપના કરીને મૈત્રી સાધવાનો અવસર મળ્યો છતાં હૈયામાં ક્રોધની હોળી શમી નથી. વાત્સલ્યની આવી કેટલીય વસંતો આવી ને ગઈ છતાં આપણો જીવનબાગ હરિયાળો બનેલો દેખાતો નથી. તો સમજી લેજો કે આપણને આવો ક્ષમાપના કરવાનો અવસર મળ્યો તેટલું સદ્ભાગ્ય છે પણ ક્ષમાપના કરવાની સાચી રીતને સમજ્યા નથી એટલું દુર્ભાગ્ય છે. તમે માનતા હો કે મેં મિચ્છામિ દુક્કડં દીધા એટલે મારે બધા જીવો સાથે મૈત્રી થઈ ગઈ, પણ એ તમારી માન્યતા ભૂલ ભરેલી છે, કારણ કે તમે કોની સાથે મિચ્છામિ દુક્કડં કરો છો ? કોને ખમાવો છો ? બપોરે તમે આલોચના કરશો ને સાંજે પ્રતિક્રમણ કરશો ત્યારે તમે મોટા અવાજે બોલશો કે સાતલાખ પૃથ્વીકાય આદિ ચોરાશી લાખ જીવાયોનીના જીવોમાં કોઈ પણ જીવની મારાથી વિરાધના થઈ હોય તો તસ્સ મિચ્છામિ દુક્કડં. હવે તમે જ કહો કે તમે પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયના તેમ જ બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોમાં નારકી, દેવો, ગાય, ભેંસ આદિ તિર્યંચોની સાથે લડવા કે ઝઘડવા ગયા છો ? એમની સાથે મન દુઃખ

થયું છે કે એને ખમાવો છો? પંચેન્દ્રિયમાં મનુષ્યો આવી ગયા પણ ચૌદ લાખ મનુષ્યોમાં તમારે બધાની સાથે વૈર થયું છે? એ તો તમે એક પરંપરાગત વ્યવહારથી ખમાવ્યા પણ જેની સાથે તમારે મનદુઃખ થયું છે, વૈર થયું છે તેની સાથે તમે ક્ષમાપના કરો તો સાચી ક્ષમાપના કરી કહેવાય ને બધા જીવો સાથે તમારો મૈત્રીભાવ જામે, બાકી તો આવી ક્ષમાપના વર્ષો સુધી કરતા રહેશો તો પણ મૈત્રીભાવ સંધાવાનો નથી.

દવા પીધી તો ત્યારે જ પ્રમાણ કહેવાય કે જ્યારે દર્દીનું દર્દ દૂર થઈ જાય. સાચા વૈદ્ય ત્યારે જ મળ્યા કહેવાય કે જ્યારે દેહની વેદના વિદાય થઈ જાય. એવી રીતે ક્ષમાયાચના સાચી ત્યારે જ કહેવાય કે જ્યારે આત્મામાંથી કષાયનો ક્ષાર ક્ષીણ થઈ જાય. દરેક જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટ થાય. બાકી તો ઉપરથી ક્ષમાપના કરી છે. આપણા પરમપિતા ભગવાન મહાવીર સ્વામીને દીક્ષા લીધા પછી દેવસંબંધી, મનુષ્ય સંબંધી અને તિર્યંચ સબંધી કેવા કેવા કઠોર ઉપસર્ગો અને ઉપદ્રવો સહન કરવા પડયા છતાં કોઈ જીવો ઉપર ક્રોધ કે દ્વેષ કર્યો છે? 'ના'. મારનાર ઉપર પણ ક્ષમાનું અમૃત વરસાવ્યું ને પૂજનાર ઉપર પણ રાગ ન કર્યો. અઘોર કષ્ટો આપનારને પણ ક્ષમા આપી. આટલું કષ્ટ સહન કર્યું ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ને પછી પ્રભુએ તીર્થની સ્થાપના કરી, અને જગતના જીવોને ક્ષમા આદિ ધર્મોનું પાલન કરીને મોક્ષમાં જવાનો માર્ગ બતાવ્યો. આપણે આવા ભગવાનના સંતાન છીએ. તો આપણા જીવનમાં એવી ક્ષમા આવવી જોઈએ ને? એવી ક્ષમા આવે તો જ આપણા આ અનંત કાળના જન્મ-મરણના ફેરા ટળશે ને મોક્ષ મળશે.

"આત્માને જાગૃતિ આપતું પર્વ" :-બંધુઓ! આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો માનવજીવનને પવિત્ર અને ધન્ય બનાવનાર છે, માટે આ દિવસોમાં આપણે ખૂબ જાગૃત બનીને ધર્મારાધના કરી લેવી જોઈએ. માનવજીવન એ ધર્મની આરાધના કરવા માટેની સીઝન છે. જેમ વહેપારની સીઝનમાં વહેપારીઓને વહેપાર કરવાનો ખૂબ રસ હોય છે તેથી તેઓ ભૂખ-તરસ-ઊંઘ વિગેરેને દૂર કરીને અપ્રમત્તભાવે કામ કરીને નાણાં કમાઈ લે છે, તેમ સર્વ મનુષ્યોએ પણ પર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં ખાવું, પીવું, હરવું, ફરવું બધું છોડીને દાન, શીલ, તપ, ભાવ, અહિંસા, સંયમ, જ્ઞાન, ક્ષમા આદિ ધર્મોની અપ્રમત્ત બનીને આરાધના કરી લેવી જોઈએ. જેઓ રોજ ધર્મની આરાધના કરતા નથી એવા મનુષ્યો પણ આ પર્વનાં દિવસોમાં ધર્મારાધના કરવા સહેજે ઉત્સુક બને છે. પર્વના દિવસોમાં વાતાવરણ, વાતચીતો, ધર્મ કરવા માટેનો ઉત્સાહ વધારે તેવા હોય છે, તેથી આ પર્વના દિવસોમાં સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ચારિત્ર ધર્મની આરાધના કરીને પોતાના પાપરૂપી મળને ધોઈને જીવનને નિર્મળ અને નિષ્પાપ બનાવે છે.

"સંવત્સરીના દિવસે શું કરશો" ?:-પર્વાધિરાજ પર્યુષણ પર્વ સર્વ પર્વોમાં

શિરોમણી છે. સંસારમાં વિષય-કષાય, મોહ, પ્રમાદ, હિંસા, અસત્ય આદિ પાપોનો ભાર આત્મા ઉપર પડયા કરે છે. આ પાપકર્મોનો ભાર હળવો બનાવવામાં પર્યુષણ પર્વની આરાધના સહાયક બને છે. પર્વાધિરાજ પર્વની આરાધના એ પવિત્રતા શીતળતા અને શુદ્ધિ માટેનું ગંગાસ્થાન છે. બાર બાર મહિનાથી વૈર, રાગ, ઈર્ષ્યા, નિંદા વિગેરેના કાદવથી બરડાયેલા આત્માને પર્વાધિરાજમાં કરેલી આરાધના વિશુદ્ધ બનાવે છે. ક્ષમાપના એ પર્વાધિરાજનો પ્રાણ છે. બાર મહિનામાં જે કોઈની સાથે કંઈ પણ મમતાના કારણે કદાગ્રહ, સ્વાર્થ, રાગ દ્વેષ, ઇત્યાદિના યોગે બોલવા ચાલવામાં, લેવા મૂકવાના વ્યવહારમાં વૈરભાવ બંધાઈ ગયો હોય તે વૈર મનના મળ કે હૃદયના ભેદો ટાળી સાત પેઢીના દુશ્મનો સાથે પણ હૃદયની સરળતાપૂર્વક ક્ષમા માંગીને આત્માને હળવો બનાવવો જોઈએ. ક્ષમા માંગનાર મહાન છે અને અંતરના વૈર દૂર કરી ક્ષમા આપનાર પણ મહાન છે. આ રીતે પરસ્પર ક્ષમાપના કરનાર જીવનની ક્ષણભંગુરતા, સંપત્તિની ચંચળતા તથા સંસાર સંબંધોની અસારતાનું જેને સતત ભાન છે એવો જાગૃત આત્મા પર્વાધિરાજની આરાધના માટે જીવનમાં દરેક પ્રકારની તૈયારીઓ કરી રાખે છે, અને બાર મહિનાની પુણ્ય-પાપની પ્રવૃત્તિઓનું સરવૈયું કાઢીને પરસ્પર વૈર વિરોધની ક્ષમાપના કરીને માનવજીવનને ઉજ્જવળ બનાવે છે. ક્ષમા એ મોક્ષનું ભવ્ય દ્વાર છે, માટે આજના પવિત્ર દિવસે દરેક જીવોએ જેને જેની સાથે વૈરભાવ હોય, એકબીજા સાથે મનદુઃખ થયેલું હોય તેણે દિલના દરવાજા ખોલીને અંતઃકરણપૂર્વક ક્ષમાપના કરી લેવી જોઈએ. હૈયામાં વૈરની આગ સળગતી હોય તે બૂઝાવીને સામી વ્યક્તિ સાથે ક્ષમા ન કરે ત્યાં સુધી તેની આરાધના આરાધક ભાવને પામતી નથી. પછી ભલે તે તપસ્વી, ત્યાગી, જ્ઞાની કે ધ્યાની હોય. ભગવાને જે ખમાવે તેને આરાધક અને ન ખમાવે તેને વિરાધક કહ્યા છે. જેમ કે ચંદનબાળા અને મૃગાવતીજી. જેવી રીતે મૃગાવતીજીએ પોતાના ગુરૂણીજી ચંદનબાળાને ખમાવ્યા ને પોતાની ભૂલનો પશ્ચાતાપ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે ચંદનબાળાએ પણ ક્ષમાપના કરીને કેવળજ્ઞાન મેળવ્યું તેમ આપણે પણ પરસ્પર ખમતખામણા કરવા જોઈએ. જો એ પ્રમાણે એકબીજા સાથે ક્ષમાપના ન કરીએ તો ભવની પરંપરા વધી જાય અને આત્માને ભવોભવમાં મહાન દુઃખો ભોગવવા પડે.

ઉદાયન રાજાને ચંડપ્રદ્યોત રાજા સાથે ભયંકર યુદ્ધ થયું. એમાં ચંડપ્રદ્યોત રાજાને ઉદાયન રાજાએ જીતી લીધા. એમને પાંજરામાં પૂરી સાથે લઈને પોતાના ગામ આવતા હતા ત્યાં વચમાં સંવત્સરીનો દિવસ આવી ગયો. માણસ સંવત્સરી પ્રતિક્રમણનો અધિકારી કયારે બની શકે ? જેની સાથે વૈર વિરોધ થયા હોય તેની સાથે ક્ષમાપના કરે ત્યારે. ઉદાયન રાજા પ્રતિક્રમણ કરતા પહેલાં ચંડપ્રદ્યોતની પાસે ક્ષમા માંગવા ગયા ને કહ્યું કે ભાઈ ! હું તારી પાસે ક્ષમા માંગું છું, ત્યારે ચંડપ્રદ્યોતે કહ્યું કે હું તમને

ક્ષમા નહિ આપું. આપણે કોઈની પાસે ક્ષમા માંગીએ પણ જો સામી વ્યક્તિ ક્ષમા ન આપે તો એ શા માટે ક્ષમા નથી આપતો તે જાણવું ને પછી તે કારણ દૂર કરી તે આત્માને સંતોષ થાય તે રીતે ક્ષમા માંગીએ છતાં પણ એ ક્ષમા ન આપે તો એના ભાવે પણ આપણે તો ક્ષમા માંગી લેવી જોઈએ. ઉદાયન રાજાએ ચંડપ્રદ્યોતને પૂછયું કે ભાઈ! હું શું કરું તો તું મને ક્ષમા આપે? ત્યારે કહે છે કે તમે મારી દાસીને લઈ લીધી છે તે મને પાછી આપી દો તો હું તમને ક્ષમા આપીશ. જેને સાચી ક્ષમાપના કરવી હતી તેવા ઉદાયન રાજાએ જે દાસી માટે ભયંકર યુદ્ધ કર્યું હતું ને ચંડપ્રદ્યોતને પકડી લીધો હતો, જે પોતાનો કટ્ટો દુશ્મન હતો તેને એની દાસી પાછી આપી દીધી, અને ચંડપ્રદ્યોત પાસેથી ક્ષમા લીધી. આ આત્માઓને મન ક્ષમાપનાનું કેટલું મહત્ત્વ હશે? તેનો વિચાર કરો, અને આવી ક્ષમાપના કરતા શીખો. આજે રાજા મહારાજાઓ જેવી લડાઈ અને વૈર ન હોય, સામાન્ય બોલાચાલીથી મન દુઃખ થયેલું હોય છે છતાં મનની મડાગાંઠો છૂટતી નથી. તે છોડી દેવી જોઈએ. કંઈક પવિત્ર આત્માઓ આ પવિત્ર પર્વની પ્રેરણા લઈને મનની મડાગાંઠોને છોડી દે છે. એક નાનકડું દૃષ્ટાંત આપું. સાંભળો.

એક ગામમાં દિનેશ અને મિનેશ નામના બે મિત્રો રહેતા હતા. બંને વચ્ચે ગાઢ મિત્રતા હતી. બંને એક સાથે અભ્યાસ કરતા. હરવા ફરવા ગમે ત્યાં જાય તો પણ તેઓ સાથે ને સાથે રહેતા હતા. બંનેને એકબીજા વિના ચાલતું ન હતું. એવી ગાઢ મિત્રતા હતી. આમ કરતા પરીક્ષાના દિવસો નજીક આવ્યા એટલે બંને જણા એકબીજાને ઘેર વારાફરતી વાંચવા માટે જતા હતા. આમ કરતા પરીક્ષાનો દિવસ આવી ગયો. બંને જણા પરીક્ષા આપવા માટે ગયા. પરીક્ષામાં ગણિતનું પેપર આવ્યું. દિનેશ ગણિતના વિષયમાં કાચો હતો ને મિનેશ ખૂબ હોંશિયાર હતો. બંનેના બેસવાના નંબર સાથે હતા. દિનેશે મિનેશને ઈશારો કરીને કહ્યું કે તું મને આ દાખલાનો જવાબ લખી આપ, મને આવડતો નથી.

મિનેશ બહુ સત્યવાદી અને સુશીલ હતો. પરીક્ષામાં ચોરી કરવી અને કરાવવી એમાં બહુ પાપ માનતો હતો. ચોરી કરીને કે કોઈને જવાબ કહી દઈને પાસ કરાવવામાં એ આનંદ માનતો નહિ. એ એમ માનતો હતો કે ચોરી કરીને પાસ થવું એમાં આનંદ શેનો? પોતાની મહેનતથી ભણીને પાસ થવાય એમાં જ સાચો આનંદ છે તેથી એણે તરત જ દિનેશને દાખલાનો જવાબ લખી આપવાની ના પાડી, એટલે દિનેશને ખૂબ દુઃખ થયું કે અહો! અમારા બંને વચ્ચે કેટલો પ્રેમ છે! અમે બંને જીગરજાન મિત્રો છીએ છતાં એણે મને આટલી મદદ ન કરી? દુઃખમાં સહાય કરે એને મિત્ર કહેવાય. મિનેશે મારા માટે એટલો વિચાર પણ ન કર્યો કે દિનેશ એક પેપર માટે નાપાસ થશે તો?

આ પ્રસંગ બન્યો ત્યારથી દિનેશ અને મિનેશ વચ્ચે અબોલા થઈ ગયા. બંને વચ્ચેથી મિત્રતાનો તાર તૂટી ગયો. જેઓ જિગરજાન મિત્રો હતા, જેમને એકબીજાને મળ્યા વગર ચાલતું નહિ એવા દિનેશ અને મિનેશ બંને દોસ્ત મટીને એકબીજાને દુશ્મન જેવા બની ગયા. એકબીજા સામા મળે તો પણ આડું જોઈને ચાલ્યા જતા, પણ એકબીજાની સાથે બોલતા ચાલતા નથી. સ્કૂલના છોકરાઓના મનમાં થયું કે આ તો બંને જિગરજાન દોસ્તો હતા ને આ શું થઈ ગયું ? કેમ એકબીજા સાથે બોલતા નથી ? ઘણું દિનેશ-મિનેશને પૂછવા લાગ્યા પણ અંતરની સાચી વાત કોઈને કહેતા નથી. એટલી એમનામાં ખાનદાની હતી. સમય જતાં ચોમાસું આવ્યું. આ વખતે ગામમાં કોઈ જ્ઞાની સંતનું ચાતુર્માસ હતું. બંને મિત્રો જૈનના દીકરા હતા એટલે ઉપાશ્રયે જતા આવતા હતા. આમ કરતાં આવા પર્યુષણ પર્વના પવિત્ર દિવસો આવ્યા.

" સંતની ચિઠ્ઠી રૂપી પ્રભાવનાએ છોડાવેલા વૈર " :-પર્યુષણના દિવસોમાં દિનેશ અને મિનેશ દરરોજ વ્યાખ્યાનમાં જતા હતા. વ્યાખ્યાન બાદ દરરોજ પ્રભાવનાઓ થતી હતી. સંવત્સરીના દિવસે સંત કહે કે આજે આલોચના કરી છે માટે અમારી પ્રભાવના લેતા જાવ. અમારી પ્રભાવના તમારા જેવી નથી હોં. અમારી પ્રભાવનામાં ચિઠ્ઠી રાખી છે. એ ચિઠ્ઠીમાં જે લખ્યું હોય તે નિયમ તમારે લેવાનો. મહારાજે વ્યાખ્યાનમાં કહ્યું એટલે બધાએ આ ચિઠ્ઠીની પ્રભાવના લીધી. પ્રભાવનાની ચિઠ્ઠીમાં કોઈને ઉપવાસ, કોઈને આયંબીલ, એકાસણું, નવકારશી, માળા, નાટક સિનેમાનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન કરવું વિગેરે ઘણી જાતના નિયમો લખેલા હતા. એ સિવાય અમુક ચિઠ્ઠીઓમાં એવું લખ્યું હતું કે **" તમારે જેની સાથે વૈર થયું હોય તેની સાથે સાચી ક્ષમાપના કરજો."** કુદરતે દિનેશ-મિનેશને આવા લખાણવાળી ચિઠ્ઠી આવી. હવે શું કરવું ? ચિઠ્ઠીમાં જે લખ્યું હોય એ નિયમ તો લેવો જ પડે. બંને ધર્મિષ્ઠ છોકરા હતા. ચિઠ્ઠીનો નિયમ હવામાં ઉડાડી દે તેવા ન હતા. દિનેશ ચિઠ્ઠી લઈને મિનેશ જ્યાં બેઠો હતો ત્યાં આવ્યો ને પ્રેમથી પૂછયું મિનેશ ! તારે ચિઠ્ઠીમાં શું આવ્યું ? મિનેશે પોતાની ચિઠ્ઠી બતાવી એટલે દિનેશે માન છોડીને મિનેશને કહ્યું ભાઈ! હું તારી પાસે ક્ષમા માંગું છું. તારી તો ભૂલ હતી જ નહિ. મારી જ ભૂલ હતી કે ચોરી કરીને પરીક્ષામાં પાસ ન થવાય છતાં મેં તારી પાસે જવાબ માંગ્યો, પણ તું બરોબર સત્યવાદી રહ્યો ને મને પણ સત્યવાદી બનવાનો આદર્શ શીખવાડયો, છતાં મેં તારા ઉપર અત્યાર સુધી રોષ રાખ્યો. પ્રાણ સમા મિત્રને શત્રુની દૃષ્ટિથી જોયો, માટે તું મને ક્ષમા આપ. મિનેશે કહ્યું ભાઈ! આપણે બંને ભૂલને પાત્ર છીએ. તું મારી સાથે ન બોલ્યો તો હું પણ તને બોલાવવા ન આવ્યો ને ? એ મારી પણ ભૂલ છે. આપણે બંને પરસ્પર ક્ષમા માંગી લઈએ. એમ કહીને બંને એકબીજાને ભેટી પડયા અને બંનેના અંતરમાં પહેલાંની જેમ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું વહેવા લાગ્યું. આ છે સંતની પ્રભાવનાનો ને પર્યુષણ પર્વનો પ્રભાવ.

બંધુઓ! સંવત્સરી મહાપર્વનો કેવો પ્રભાવ છે! કંઈક જીવો વીતરાગ પ્રભુના પ્રવચનની પ્રભાવના લઈને ઘણાં વર્ષોના જૂના વૈરનું વિસર્જન કરીને જીવનમાં સ્નેહનું સર્જન કરે છે. ક્ષમાપના એટલે શું? **"દુશ્મનાવટનું રાજીનામું, વૈરનું વિસર્જન, સ્નેહનું સર્જન, હૃદયની વિશાળતા અને વિશુદ્ધિને આપવાનો આપદંડ."** બીજાએ કરેલા અપરાધ કે ભૂલને શુદ્ધ દિલથી માફ કરવી, માફી આપી દેવી અને પોતે કોઈનો અપરાધ કર્યો હોય તો પોતે સામા પગલે જઈને પોતાની ભૂલનો એકરાર કરીને નમ્રભાવે તેના પ્રત્યેનો દુર્ભાવ દૂર કરીને શુદ્ધ હૃદયથી ક્ષમાયાચના કરવી, તેનું નામ છે સાચી ક્ષમાપના. ધર્મિષ્ઠ મનુષ્યથી હૃદયમાં વૈરની ગાંઠ ન રખાય. શત્રુ સાથે શત્રુતા હોય તો છોડી દેવી જોઈએ. સાચો જૈન એમ માને કે આ જગતમાં મારો કોઈ દુશ્મન જો હોય તો તે મારા અશુભ કર્મો છે, અને એ જ મારું બગાડે છે. બીજા તો તેમાં નિમિત્ત માત્ર છે.

એક વખત સાચા હૃદયથી ક્ષમાનું આદાન પ્રદાન કરી લીધા પછી ફરીને એવો કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે એ વાત સામી વ્યક્તિને આપણાથી યાદ ન કરાવાય. દોષિત વ્યક્તિના જે દોષોને (ભૂલોને) આપણે માફ કરી દીધા પછી તેને તેના અપરાધો ફરી યાદ ન કરાવાય. તેની ભૂલને સાવ ભૂલી જ જવાની. સામી વ્યક્તિ દોષિત હતી તે વાત ભૂલી જ જવાની, અને તેની સાથે સદ્‌વ્યવહાર રાખવાનો. પર્યુષણ પર્વ એટલે વૈરનું વમન કરવાનું પર્વ. વૈરનું વમન કર્યા વિના વીતરાગ વચન હૃદયમાં નહિ ઉતરે અને વીતરાગ શાસનની સમ્યગ્ સેવા અને આરાધના નહિ થાય. વૈરની મડાગાંઠ છૂટ્યા વિના ગાઢ બંધનો નહિ છૂટે. અંતરમાં વૈરભાવને રાખી મૂકવું તે મહાપાપ છે. આ મહાપાપથી પાછા ફર્યા વિના આપણા ભવના ફેરા નહિ ટળે. આપણા પર્વાધિરાજ પર્યુષણ પર્વ સંસારના જીવોને ક્ષમાધર્મના ગીત ગાવાની હાકલ કરે છે, અને શત્રુને નહિ પણ શત્રુમાં રહેલી શત્રુતાને પ્રેમની તાતી તલવારથી તોડી નાંખવાનું એલાન કરે છે કે પ્રેમનું પાણી પીવડાવો, ક્ષમાનું શરબત ધરો, પ્રીતિના પુષ્પોથી વધાવો પછી જોઈ લો. શત્રુ તમારા ચરણોમાં આળોટશે, શત્રુતા કબરમાં દટાઈ જશે ને મિત્રતાની મહેબત સધાઈ જશે. તેનાથી એવો મહાન લાભ થશે કે તમારો અનંત સંસાર કપાઈ જશે.

બંધુઓ! ખાટલાના પાયા ચાર હોય છે તેમ આ સંસારના પાયા પણ ચાર છે. ક્રોધ, માન, માયા અને લોભ. એ ચાર સંસારના મજબૂત પાયા છે. આ ચાર પાયા જેટલા મજબૂત તેટલો સંસાર પણ મજબૂત એમ સમજી લેજો. ક્રોધને વશ થયેલ જીવો અનેક જીવો સાથે વૈરભાવ બાંધે છે. જો જીવનમાં ક્ષમાધર્મની પ્રાપ્તિ થઈ જાય તો વૈરભાવનો નાશ થયા વિના રહે નહિ. આપણા જૈન ધર્મમાં તો ક્ષમાવંત મહાન પુરૂષોના અનેક દૃષ્ટાંતો છે, પણ ઇતર ધર્મોમાં પણ ક્ષમાનું મહત્ત્વ બતાવતાં ઉદાહરણો

છે. એક તાપસ મહાન ક્રોધી હોવા છતાં બીજા આત્માની ક્ષમા જોઈને કેવો ક્ષમાવંત બની ગયો તે ઉપર ક્ષમાની મહત્તા બતાવતું એક દૃષ્ટાંત આપું.

એક નગરની બહાર આવેલા ઉદ્યાનમાં એક તાપસ અજ્ઞાનપણે તપ કરી રહ્યો હતો. તપનું વાસ્તવિક ફળ તો કર્મની નિર્જરા છે. આ તાપસ પણ તપ કરીને ઘણું કષ્ટ સહન કરતો હતો પણ અજ્ઞાન દશાના કારણે વાસ્તવિક ફળ એને પ્રાપ્ત ન થયું. અવિવેકી–અજ્ઞાની તાપસ અભિમાનથી એવો વિચાર કરવા લાગ્યો કે આ જગતમાં મારો કોઈ પરાભવ કરનાર નથી. જે કોઈ મારો પરાભવ કરશે તેને હું મારી દૃષ્ટિના વિષ દ્વારા બાળીને ભસ્મ કરી દઈશ. એણે બાલ તપ કરીને દૃષ્ટિની શક્તિ મેળવી હતી. એક વખત તાપસ વૃક્ષ નીચે બેસીને તપ ધર્મની સાધના કરતો હતો ત્યારે એક ચકલી એના મસ્તક ઉપર ચરકી. આથી તાપસે ક્રોધાવેશમાં આવીને ચકલી ઉપર વિષભરી દૃષ્ટિ ફેંકી. ચકલી બળીને ભસ્મ થઈ ગઈ. અજ્ઞાની જીવો પોતાને મળેલી શક્તિનો કેવો ભયંકર દુરૂપયોગ કરે છે? એને ભાન નથી રહેતું કે હું આવાં પાપકર્મો કરીને કયાં જઈશ?

થોડા દિવસ પછી તાપસ એક દિવસ એક શેઠને ઘેર ભિક્ષા લેવા માટે ગયો ત્યારે શેઠાણીએ ભિક્ષામાં એને ઠંડો આહાર આપ્યો. તાપસે ઠંડો આહાર ન લીધો, એટલે શેઠાણી બોલ્યા હે ભિક્ષુક! હવે તમને જ્યાં ગરમ ભોજન મળે ત્યાં તમે જમજો. આ સાંભળતા તાપસને શેઠાણી ઉપર ખૂબ ક્રોધ આવ્યો એટલે વિષમય દૃષ્ટિથી શેઠાણીને બાળી નાંખવા માટે લાલ આંખ કરી. આ જોઈને તરત જ શેઠાણી બોલ્યા કે જંગલમાં ઉડતી ચકલીને તમે બાળી નાંખી એવી હું નથી. એ તમે ધ્યાન રાખજો. આ સાંભળીને તાપસને ખૂબ આશ્ચર્ય થયું કે જંગલમાં બનેલી ચકલીની હકીકત આણે કેવી રીતે જાણી? તાપસે શેઠાણીને પૂછયું કે તમે આ વાત કેવી રીતે જાણી? જવાબમાં શેઠાણીએ કહ્યું કે હે ભિક્ષુક! ઉત્તમ મનુષ્યો કોઈ દિવસ પોતાના મુખે પોતાની પ્રશંસા કરતા નથી માટે તું અયોધ્યા નગરીમાં એક દેવડ નામનો કુંભાર રહે છે તેની પાસે જા. તે તને બધી હકીકત કહેશે, એટલે તાપસ અયોધ્યા નગરીમાં દેવડ કુંભારનું ઘર શોધતો શોધતો પહોંચી ગયો. કુંભારે તેનો આદર સત્કાર કર્યો, પછી પોતાને ઘેર આવવાનું કારણ પૂછયું, ત્યારે તાપસે કુંભારને કહ્યું કે જંગલમાં ચકલી સંબંધી બનેલી હકીકત શેઠાણીએ કેવી રીતે જાણી? તેમના કહેવાથી તમને પૂછવા માટે હું આવ્યો છું. તો તમે મને કહો.

કુંભારે તાપસને કહ્યું કે તે શેઠાણી ક્ષમાનો ભંડાર છે. ક્રોધ કરવાના ગમે તેટલા નિમિત્તો મળવા છતાં પણ એ કયારેય ક્રોધ કરતા નથી. જગતમાં ક્રોધ એ આત્માનો શત્રુ છે. જ્ઞાનીઓએ ક્રોધને દાવાનળની ઉપમા આપી છે. દાવાનળ જેમ ક્ષણ માત્રમાં આખા જંગલને બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે તેવી રીતે ક્રોધ પણ ક્રોડ પૂર્વના

સંયમનો ક્ષણ માત્રમાં નાશ કરી નાંખે છે. આત્માના અદ્‌ભૂત ગુણોનો નાશ કરનાર હોય તો તે ક્રોધ છે. આ શેઠાણી આવું સમજનારા છે તેથી તેમણે જીવનભર ક્રોધ ન કરવો એવી પ્રતિજ્ઞા કરી છે. તેની અલૌકિક ક્ષમા અને સાધનાના પ્રતાપે તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે. તે જ્ઞાનના પ્રભાવે તે ચકલીની વાત જાણે છે. મહાપુરૂષો કહે છે કે

क्षमा खड्ग करे यस्य दुर्जनः किं करिष्यति।
अतृणे पतितेा वह्निः, स्वयमेव प्रशाम्यति ॥

ક્ષમા રૂપ એક અદ્‌ભૂત તલવાર છે. આવી તલવાર જેના હાથમાં આવે એની પાસે ક્રોધથી ધમધમી રહેલ દુર્જન પણ ઠંડોગાર બની જાય છે અને તેને કંઈપણ કરવા માટે શક્તિમાન રહેતો નથી. જેમ ઘાસ વગરના સ્થાનમાં પડેલી અગ્નિ પોતાની મેળે જ શાંત થઈ જાય છે તેમ ક્રોધથી સળગેલો આત્મા પણ ક્ષમાવંતને જોતાં પોતાની મેળે શાંત થઈ જાય છે.

કુંભારની વાત સાંભળીને તાપસે પૂછયું કે તમે શેઠાણીનું સ્વરૂપ કેવી રીતે જાણી શકો છો ? એટલે કુંભારે કહ્યું કે મારું સ્વરૂપ તમને શેઠાણી કહેશે, પછી તાપસ અયોધ્યાથી પાછો શેઠાણી પાસે આવ્યો ને કુંભારનું સ્વરૂપ પૂછયું ત્યારે શેઠાણીએ કહ્યું કે એ પણ ક્ષમા દ્વારા મારી માફક બધું જાણી શકે છે. તાપસે શેઠાણીને પૂછયું કે તમે આવી ક્ષમા જીવનમાં કેવી રીતે અપનાવી ? શેઠાણીએ કહ્યું કે અમારા ગુરૂદેવ પાસેથી ઉપદેશ દ્વારા અમને ક્ષમાનું મહત્ત્વ સમજાયું છે. તાપસે કહ્યું–બહેન ! મને પણ તમે સમજાવો. તો હું તમારો મહાન ઉપકાર માનીશ. શેઠાણીએ ક્રોધ એ કેવા અનર્થનું મૂળ છે ને ક્ષમા કેટલા ગુણનો ભંડાર છે એ વાત સુંદર રીતે તાપસને સમજાવી એટલે તાપસે પણ જીવનમાંથી ક્રોધનો ત્યાગ કરીને ક્ષમા ધર્મને અપનાવ્યો અને સમતાપૂર્વક તપ ધર્મની આરાધના કરીને તાપસ દેવલોકમાં ગયો.

બંધુઓ ! શેઠાણીની ક્ષમા જોઈને ક્રોધીમાં ક્રોધી તાપસે પણ ક્રોધનો ત્યાગ કરી જીવનમાં ક્ષમાનું અમૃત અપનાવીને જીવન અને મરણ સુધાર્યા તો આપણે પણ આવા પવિત્ર પર્યુષણ પર્વના દિવસોમાં વ્યાખ્યાન વાણી સાંભળીને જીવનમાંથી ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરીને ક્ષમા, સરળતા, નમ્રતા આદિ ગુણોને અપનાવવા જોઈએ. આ પર્વ ખૂબ પ્રેરણાદાયક છે. એના પગલે વાતાવરણમાં પ્રસન્નતા આવે છે. સંવત્સરીના પવિત્ર દિવસે શ્રાવકોને પાંચ નિયમોનું પાલન કરવાનું હોય છે. શ્રાવક શ્રાવિકાઓએ બે વખત પ્રતિક્રમણ કરવું, યથાશક્તિ દાન દેવું, શિયળ પાળવું, જેની જેની સાથે વૈર બંધાયું હોય તેની અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવી અને કોઈએ તમારો અપરાધ કર્યો હોય તે તમારી પાસે ક્ષમા માંગવા આવે ત્યારે તેને મુક્ત હૃદયે ક્ષમા આપવી, અને યથાશક્તિ તપ કરવો. આ રીતે સાધુને પણ પાંચ નિયમોનું પાલન કરવાનું હોય છે. સંવત્સરીના દિવસે ચૌવિહારો ઉપવાસ કરવો, બે પ્રતિક્રમણ કરવા, લોચ કરવો,

સૌની સાથે ક્ષમાપના કરવી, શાસ્ત્ર સિદ્ધાંતનું વાંચન કરવું. સાધુજીવનની અંતિમ ઘડી હોય, અગર ગમે તેવી ભયંકરમાં ભયંકર માંદગીના બિછાને સૂતેલો હોય તો પણ તેમને આજે ચૌવિહારો ઉપવાસ ફરજિયાત કરવાનો. આજે વૈર-ઝેર અને વિષય કષાયોના કાંટા-કાંકરા કાઢીને હૃદયની ભૂમિને પવિત્ર બનાવવાનો મંગલ દિવસ છે. ખેડૂત ખેતરમાં વાવણી કરતા પહેલાં જમીનમાંથી કાંટા કાંકરા કાઢીને જમીનને ખેડીને પોચી બનાવીને તૈયાર રાખે છે, પછી વરસાદ પડતાની સાથે વાવણી થાય છે તેમ આ પર્યુષણ પર્વના સાત દિવસ વીતરાગ વાણી સાંભળીને હૃદયરૂપી ભૂમિના ક્ષેત્રને કોમળ અને વિશુદ્ધ બનાવી દીધું હશે તો આજે ક્ષમાનો સંદેશ બરાબર ઝીલી શકશો. વેરઝેરને ભૂલીને જીવન પવિત્ર બનાવી આજના સંવત્સરીના દિવસને સાર્થક બનાવી શકશો. જીવનમાં થયેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરવાથી આત્મા પવિત્ર બની શકશે. તમને ન્યાય આપીને સમજાવું.

શયતાનમાંથી સંત :- એક પડછંદ કાયાવાળો, ચાલતાં ધરતી ધ્રુજાવનારો માણસ નગરની બહાર જંગલમાં બેઠો બેઠો પોતાના પાપનો પોકાર અને પશ્ચાત્તાપ કરતા એ બોલતો હતો કે હે ભગવાન! મારું શું થશે? મને આવી કુમતિ ક્યાંથી સૂઝી? હું તો પૂરો પાપી છું. આ દુનિયામાં મારા જેવો દુષ્ટ અને પાપી જીવ બીજો કોઇ નહિ હોય. હવે હું ક્યાં જાઉં? શું કરું? હે ભગવાન! આ જીવનભર ભયંકરમાં ભયંકર ઘોર પાપ કર્મો કરનારને તું બચાવ....બચાવ. આ હત્યારા, દુષ્ટ અને પાપી નરાધમને તું બચાવ. આ રીતે શરીરથી કદાવર દેખાતો માણસ એકદમ અશક્ત અને ઢીલો બની આંખે અશ્રુધાર વહાવતો, નીચી દૃષ્ટિએ ભૂમિ નિહાળતો, હાથડિયાં ખાતો બેબાકળો બની વિલાપ કરી રહ્યો હતો. એના પાપકર્મોના વલોપાત એના અંતરને વલોવી રહ્યા હતા. એના પાપકર્મના સાચા પશ્ચાતાપની અરજી જાણે ભગવાને સાંભળી હોય તેમ એ સમયે બે ચારણમુનિઓ આકાશમાર્ગેથી નીચે ઊતર્યા. મુનિરાજોને જોઈને પેલો માણસ દોડતો એમની પાસે જઈને દંડવત્ પ્રણામ કરતો એમના ચરણમાં ઝૂકી પડ્યો ને નત મસ્તકે આંખમાંથી આંસુ સારતો દંડવત્ પ્રણામ કરીને કહે છે મહાત્મા મને બચાવો....બચાવો. મારું રક્ષણ કરો. સંતોનું હૃદય કરૂણાથી ભરેલું હોય છે. એ કોઈ પણ દુઃખીના દુઃખને જોઈ શકતા નથી. કહ્યું છે કે,

વજ્રાદપિ કઠોરાણિ, મૃદુનિ કુસુમાદપિ ।
લોકોત્તરાણાં ચેતાંસિ, કો નુ વિજ્ઞાતુમર્હતિ ।

સંત પુરૂષોનું હૃદય કેવું હોય છે એ જાણો છો? પોતાના કર્મોની સામે વજ્રથી પણ અત્યંત કઠોર હોય છે. પોતાના કર્મોનો ક્ષય કરવા માટે ગમે તેટલા દુઃખો આવે ત્યારે તેઓ પોતાનું હૃદય વજ્ર જેવું કઠોર બનાવી દે છે પણ જ્યારે એમની સામે

કોઈ દુઃખી માણસ આવે ત્યારે એના દુઃખને જોઈને એમનું હૃદય ફૂલ કરતાં પણ અધિક કોમળ બનાવી દે છે, એટલે સંતોનું હૃદય કર્મો ક્ષય કરવાની અપેક્ષાએ વજ્રથી પણ કઠોર હોય છે ને દુઃખીઓના દુઃખ મટાડવામાં ફૂલથી પણ કોમળ હોય છે આ વાત કોણ જાણી શકે છે? જે જ્ઞાની હોય તે જ જાણી શકે. અહીં પેલા માણસને રડતો ને ઝૂરતો જોઈને ચારણ મુનિનું હૃદય કરૂણાથી પીગળી ગયું. એને પૂછયું ભાઈ! તું કોણ છે ને શા માટે રડે છે? તું કહે છે કે બચાવો....બચાવો....તો શું કોઈ દુશ્મનો તારી પાછળ પડયા છે? કોઈ ચોર લૂંટારુ તારી પાછળ પડયા છે? શેનાથી તારે બચવું છે? ત્યારે કહે છે ના. મહારાજ! મારી પાછળ કોઈ દુશ્મન, શત્રુ કે ગુંડા પડયા નથી. એનાથી બચાવવાનું હું કહેતો નથી, પણ મને મારા પાપકર્મોથી બચાવો. મારા કરેલા પાપકર્મોની મારા હૃદયમાં ખૂબ બળતરા થાય છે. એ મારા પાપકર્મોથી મને બચાવવા માટે તમે જે કહેશો તે કરીશ. ભૂખ્યા રહેવાનું કહેશો તો ભૂખ્યો રહીશ. જો તમે કહેશો કે ધગધગતી શીલા ઉપર સૂઈ જા. તો હું એ કરવા તૈયાર છું, પણ મને પાપથી બચાવો. આટલું બોલતાં પેલો માણસ મુનિના ચરણમાં પડીને ચોધાર આંસુએ રડવા લાગ્યો, ત્યારે મહારાજે કહ્યું ભાઈ! તેં શું પાપ કર્યું છે એ તો કહે.

"અંતરથી પાપનો પોકાર કરતો લૂંટારો" :- પેલો માણસ કહે છે મહારાજ! મારા પાપની તો કોઈ સીમા જ નથી. હું જેવો તેવો નથી પણ એક ભયંકર લૂંટારો છું. મારું નામ સાંભળીને લોકો ધ્રુજી ઊઠે અને નાના બાળકો રડતા હોય તો મારું નામ સાંભળીને ચૂપ થઈ જાય છે. કોઈને એમ ખબર પડે કે આ લૂંટારો આવ્યો તો ગામ અને ઘર છોડીને ભાગી જાય છે. હું જેને ઘેર ધાડ પાડવા જાઉં એનું ધન તો લૂંટી લઉં. એને બધી રીતે સાફ કરી નાંખું ને ઉપરથી તલવારના એક ઝાટકે માણસના બે ટુકડા કરી નાંખું. મારે મન ચીભડા ચીરવા ને માણસ ચીરવા સરખા છે. દયાનું તો મારા દિલમાં બિલકુલ સ્થાન કે માન નથી. એવો હું ભયંકર પાપી રાક્ષસ છું. મહાત્મા! મેં આજ સુધી ઘણાં માણસોને લૂંટયા ને ઘણાંને માર્યા પણ આજે હું જે પાપ કરીને આવ્યો છું તેનાથી મારું હૃદય વલોવાઈ જાય છે. એ પાપકર્મથી મારા હૃદયમાં જે ધ્રૂજારી છૂટી છે તે કેમે ય કરી બંધ થતી નથી. સાંભળો એ પાપની કહાની.

હું આ સામેના નગરમાં મારા સાગરિતોને લઈને ચોરી કરવા માટે ગયો હતો. આ નગરનું નામ કુશસ્થળ છે. મેં મારી ટોળીને લઈને જ્યાં કુશસ્થળ નગરમાં પ્રવેશ કર્યો ત્યાં આખા નગરના લોકો ભયભીત બની ગયા ને આ પાપીના પંજામાંથી છૂટવા માટે ચારે તરફ ભાગાભાગ કરવા લાગ્યા. હું તો એક ગરીબ બ્રાહ્મણના ઘરમાં ગયો. મને ખબર નહિ કે આ બ્રાહ્મણ ખૂબ ગરીબ છે. એ બ્રાહ્મણનું નામ દેવશર્મા હતું. એને એક પત્ની અને બે બાળકો હતા, અને એક સુકલકડી ગાય એના આંગણામાં

બાંધેલી હતી. એવો ગરીબ બ્રાહ્મણ હતો કે માંડ માંડ એનું ગુજરાન ચલાવતો હતો. આડોશી પાડોશીના છોકરાઓને ખીર ખાતા જોઈને આ બ્રાહ્મણના છોકરાઓએ ખીર ખાવા માટે કજિયો કર્યો. જ્યાં ખાવાના સાંસા હોય ત્યાં ખીર ક્યાંથી લાવવી ? પણ છોકરાઓએ ખીર ખાવાની હઠ કરી તેથી બ્રાહ્મણ અને બ્રાહ્મણી આજુબાજુમાં પાડોશીને ઘેરથી દૂધ, ચોખા અને સાકર માંગી લાવ્યા એટલે બ્રાહ્મણીએ તપેલું ભરીને ખીર બનાવી.

"આશાભેર બેઠેલા બાળકની લૂંટેલી ખીર" :- હજુ બાળકોએ ખીર ખાધી નથી પણ એમના દિલમાં એટલો હરખ હતો કે હાશ–આજે આપણને ખીર ખાવા મળશે. આડોશી પાડોશીને ઘેર જઈને પણ એ બાળકો એવો હરખ કરી આવ્યા કે તમે દૂધ આપ્યું, ચોખા અને સાકર આપ્યા તો અમને ખીર ખાવા મળશે. બ્રાહ્મણીએ ખીર બનાવી. બાળકો ખીર ખાવા માટે તલપાપડ બની ગયા હતા એટલે બે થાળીમાં માતાએ ખીર ઠારીને ઓસરીમાં બાળકોને બેસાડી પોતે ઘરમાં કામ કરવા લાગી. બ્રાહ્મણ નદીએ સ્નાન કરવા ગયો હતો. ખીર બહુ ગરમ હતી. ઠરે એટલે બાળકો ખાવા માટે આતુર બનીને બેઠા હતા. ત્યાં હું પહોંચી ગયો. આખી શેરીમાં શોરબકોર મચી ગયો કે ભાગો....ભાગો....બચાવો....ચોર આવ્યા, લૂંટારા આવ્યા. જોતજોતામાં તો આવા બૂમબરાડા સાથે લૂંટારુઓના હાકોટા અને માનવોના હૃદયભેદક ચિત્કારોથી આખાં નગરમાં ખળભળાટ મચી ગયો. હું ને મારો સાગરિત તો પેલા બ્રાહ્મણના છોકરાઓ થાળીમાં ખીર ઠરે ને આપણે ખાઈએ એની રાહ જોઈને બેઠા હતા, ત્યાં પહોંચી ગયા. અમે ચોર લોકો ગમેતેટલું ધન ચોરી લાવીએ પણ કોઈનું અન્ન ન ખાઈએ, અને જેનું ખાઈએ તેને ઘેર ચોરી ન કરીએ પણ કોણ જાણે કેમ અમે તો પેલા બાળકોને માટે ઠારેલી ખીર ખાવા મંડી પડ્યા, એટલે છોકરાઓ રડવા લાગ્યા, ચિચિયારીઓ પાડવા લાગ્યા કે મા....જોને ચોર આવ્યા છે, તે અમારી ખીર ખાઈ જાય છે.

"બાળકોની વહારે આવતા માતાએ ગુમાવેલા પ્રાણ" :- બાળકોની બૂમ સાંભળીને બ્રાહ્મણી દોડતી બહાર આવી અને પોતાના બાળકોની ખીર ખાઈ જતાં જોઈને મૂઠી વાળીને અમારી સામે ધસી. ત્યાં મેં તો તલવારના એક ઝાટકે એના બે ટુકડા કરી નાંખ્યા. એ બ્રાહ્મણી ગર્ભવતી હતી એટલે એના પેટમાં રહેલો ગર્ભ પણ તલવારની ધારથી કપાઈને તરફડતો નીચે પડ્યો. નદીએ સ્નાન કરવા ગયેલા બ્રાહ્મણને ખબર પડી કે ગામમાં ચોરો પેસી ગયા છે, એટલે દોડતો ઘેર આવ્યો. ત્યાં તો પોતાની પત્નીનું ખૂન થઈ ગયું છે. બાળકો બૂમબરાડા પાડે છે. બચાવો....બચાવો. આ ચોરો મારી માતાને મારે છે. બાળકો રડે છે, પત્ની નીચે પડી છે ને લોહીની ધાર વહે છે. આ ક્રૂર બનાવ જોઈને બ્રાહ્મણ ક્રોધથી સમસમી ઉઠ્યો. ચોરોનો સામનો કરવા આવ્યો પણ જમાદાર જેવા અમારી સામે રાંકડા બ્રાહ્મણનું શું ગજું ? મેં તો અમારો સામનો કરવા આવનાર બ્રાહ્મણને પણ તલવારથી માર્યો એટલે તે પણ તરફડતો

નીચે પડયો. ફળિયામાં બાંધેલી ગાય પણ માલિકની આ દશા જોઈ ને બધું બળ એકઠું કરીને જમીનમાંથી ખીલો કાઢીને દોડતી આવીને અમારી સામે થઈ. જ્યાં માણસનું બળ ન ચાલે ત્યાં બાધાપીધા વગરની સૂકલકડી ગાયનું શું ગજું ! અમે તો એને પણ કાપી નાંખી. આ જોઈ ને બાળકો તો કાળો કલ્પાંત કરતા બોલવા લાગ્યા કે અરેરે....આ દુષ્ટ ચોરોએ તો મારી માને મારી નાંખી, બાપને મારી નાંખ્યો. એક ગાય હતી તેને પણ મારી નાંખી. અરેરે....અમે ક્યાં જઈશું ? આ પાપીઓ હમણાં અમને પણ મારી નાંખશે.

"બાળકોના કલ્પાંતથી શયતાનોના હૃદયનો પલટો" :– મા–બાપ મરી ગયા એટલે નિરાધાર બનેલા બાળકો કહે છે હવે અમને પણ મારી નાંખો. અમારે હવે જીવીને શું કામ છે ? તમારી તલવાર અમારા ગળા ઉપર ફેરવી દો. એમ કરીને રડવા લાગ્યા. મહાત્માજી ! આ દૃશ્ય ખૂબ કરૂણ હતું. ચાર ચાર નિર્દોષ જીવોની હત્યા અને આ બાળકોનો કારમો ને કરૂણ વિલાપ સાંભળીને મારા હાથમાંથી તલવાર નીચે પડી ગઈ. હૃદય ધ્રૂજી ઊઠયું. ચિત્ત ચગડોળે ચઢયું એટલે હું બધું છોડીને શાંતિની શોધ માટે ત્યાંથી ભાગીને અહીં આવ્યો. એ કરૂણ દૃશ્યને ભૂલવા માંગું છું, પણ મારાથી ભૂલાતું નથી. મારો આત્મા એ પાપથી બળભળી ઉઠયો છે. પ્રભુ ! હવે આજથી હું એ લૂંટ–ખૂન અને ચોરીના પાપને તિલાંજલિ આપું છું. હવે કદી એવા અધમ કાર્યો નહિ કરું. હવે મને શાંતિનો રાહ બતાવો.

"પાપનો પશ્ચાતાપ કરતો લૂંટારો" :– પ્રભુ ! હું પહેલેથી લૂંટારો નથી. હું પણ બ્રાહ્મણનો દીકરો છું. મારા પિતાજીનું નામ સમુદ્રદત્ત અને માતાનું નામ સમુદ્રદત્તા હતું. હું મા–બાપનો એકનો એક લાડકવાયો પુત્ર હોવાથી ખૂબ મોઢે ચઢાવેલો તેથી ખૂબ તોફાની હતો. આજુબાજુમાં વસતા છોકરાઓને મારીઝૂડીને એમની વસ્તુઓ પડાવી લેવામાં હું બહુ હોંશિયાર બન્યો. મને તો એમાં બહુ આનંદ આવવા લાગ્યો, પણ મારા માતા પિતાએ મારા દુર્ગુણો તરફ લક્ષ ન આપ્યું ને મને અટકાવ્યો નહિ એટલે હું તો ધીમે ધીમે ચોરી કરતા શીખ્યો. મને મારા જેવા મિત્રો મળી ગયા, એટલે મોટી ચોરી કરવાનું શરૂ કર્યું, પછી તો ચોરી કરવામાં જે કોઈ આડખીલ કરવા આવે તેને અમે યમસદન પહોંચાડી દેતા અચકાતા નહિ. ચોરીથી ગામના લોકો ત્રાસી ગયા ને રાજા પાસે ફરિયાદ પહોંચી ગઈ. એક દિવસ હું પકડાઈ ગયો. રાજાએ ખૂબ શિક્ષા કરી પણ હું સુધર્યો નહિ એટલે રાજાએ મને દેશનિકાલ કર્યો, તેથી હું દૂર દૂર જંગલમાં ચાલ્યો ગયો. ત્યાં એક ચોરપલ્લી આવી. એ ચોરોના પલ્લીપતિને મળ્યો ને એમાં ભળી ગયા. પલ્લીપતિએ મને બધા ચોરોનો નાયક બનાવ્યો. હું ચોરોનો ઉપરી બનીને આજુબાજુના ગામની પ્રજાને રંજાડવા લાગ્યો. મેં આજ સુધીમાં ઘણાં ખૂન કર્યા છે પણ આજે જે ચાર ખૂન કર્યા છે તેથી અને વિશેષ એ બાળકોનો કલ્પાંત સાંભળીને મારું હૃદય ધ્રૂજી ઊઠયું છે. ભગવાન !

આ પાપમાંથી મારો છૂટકારો થાય એવો કોઈ ઉપાય હોય તો બતાવો. મારા પાપકર્મો ભોગવવા હું કયાં જઈશ ? હું પોતે બ્રાહ્મણ છું ને બ્રાહ્મણની હત્યાએ મને જગાડયો. મારા મહાન સદ્‌ભાગ્ય છે કે આજે મને પાપીને આપ જેવા ભગવાન મળ્યા છે તો હવે મને જલ્દી બચાવો. એમ કહીને હિબકાં ખાઈને રડવા લાગ્યો.

કર્મો કરેલા મુજને નડે છે, હિબકા ભરી ને હૈયું રડે છે,
જીવવા ચાહું તો જીવાતું નથી, મરવા ચાહું તો મરાતું નથી,
કોઈ જન્મે કરમ મેં હસીને કર્યા, આંસુડાં આજ મારા નયનમાં ભર્યાં...

હે ભગવંત ! મેં પૂર્વભવમાં કેવા કર્મો કર્યા હશે તે આવા ઉત્તમ બ્રાહ્મણ કુળમાં જન્મીને હું આવો પાપી બન્યો ! આ તલવાર, બંદુક, લાઠી, પિસ્તોલ હવે મારે ન જોઈએ. હસીહસીને મેં કર્મો બાંધ્યા છે એ ભોગવવા હું કયાં જઈશ ? મને બચાવો ને પાપથી છૂટવાનો માર્ગ બતાવો મહાત્મા કહે છે ભાઈ ! જો તારે તારા પાપકર્મોને જલ્દી ધોવા હોય તો મારા જેવો સાધુ બનીને ઉગ્ર તપશ્ચર્યા કર તો તારા આત્માનો ઉદ્ધાર થશે.

દેવાનુપ્રિયો ! જ્યારે માણસના દિલમાં પાપ ખટકે છે ત્યારે એ પાપનો ક્ષય કરવા તૈયાર થાય છે, પછી એ માટે ગમે તેટલું કષ્ટ પડે તો એ કષ્ટ એને કષ્ટરૂપ લાગતું નથી. ચોરે એ જ સમયે દીક્ષા લઈ લીધી. દીક્ષા લઈને ગુરૂની આજ્ઞા માંગી કે ગુરૂદેવ ! મેં આ નગરના ઘણાં માણસોને માર્યા છે તો આપની આજ્ઞા હોય તો આજથી જ્યાં સુધી મારા પાપકર્મો નષ્ટ ન થાય ત્યાં સુધી મારે અન્નજળનો ત્યાગ કરી આ નગરના એકેક દરવાજે દોઢ દોઢ મહિના સુધી કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર બનું. ગુરૂદેવે પોતાના જ્ઞાનથી જાણ્યું કે ભલે એક વખત મહાન પાપી બન્યો પણ હવે એને એના પાપનો ખૂબ પશ્ચાતાપ થઈ રહ્યો છે. આ પ્રમાણે કરવાથી એના કર્મો ખપી જવાના છે એટલે એ પ્રમાણે કરવાની આજ્ઞા આપીને ચારણમુનિ ચાલ્યા ગયા.

" ખૂનીમાંથી મુનિ " :– ખૂનીમાંથી મુનિ બનેલા સંત જ્યાં સુધી મારા પાપકર્મો ન ખપે ત્યાં સુધી " અન્નજળનો ત્યાગ " એવો અભિગ્રહ કરીને નગરના દરવાજે જઈ કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર થયા. દરવાજેથી જતા આવતા લોકો એને કહેવા લાગ્યા કે આ લૂંટારુ, ચોર, પાપી, નરાધમે તો અમને બેહાલ બનાવી દીધા. કોઈ કહે મારા પતિનો મારનાર છે, કોઈ કહે મારા પુત્રને, માતાને, પિતાને, ભાઈને મારનારો છે પણ અત્યારે સાધુનો ઢોંગ કરીને ઊભો છે. આમ બોલી કોઈ લાકડીથી, કોઈ પથ્થરથી, તો કોઈ શસ્ત્રથી એને મારવા લાગ્યા, ત્યારે આ સાધુ તો એવો વિચાર કરવા લાગ્યો કે આ બિચારાઓની વાત તો સાચી જ છે ને ? એ બધા મને જે કંઈ શિક્ષા કરે તે યોગ્ય જ છે. એ તો બધામને પથ્થરથી, લાકડીથી ને શસ્ત્રોથી મારે

છે પણ મારો જીવ તો લેતા નથી ને ? મેં તો એમના સ્વજનોના જીવ અને કાયા જુદા કર્યા છે. મને તો જેટલી શિક્ષા થાય તેટલી ઓછી છે. મુનિ આ રીતે પોતાના પાપનો પશ્ચાતાપ કરવા લાગ્યા. પાપનો પશ્ચાત્તાપ કરવાથી પણ જીવ કેવો મહાન લાભ મેળવે છે. મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે,

कृत्वा पापं हि संतप्य, तस्मात्पापात्प्रमुच्यते ।
नैवं कुर्यां पुनरिति, निवृत्त्या पूयते तु स ॥

જેણે પાપ કર્યું છે તે એના હૃદયપૂર્વક પશ્ચાતાપ કરે તો તે પાપકર્મથી મુક્ત બની જાય છે, અને ફરીથી એવાં પાપકર્મો હું નહિ કરું એવા શુભ સંકલ્પથી તો મહાન પવિત્ર બની જાય છે. આ સંત પણ પશ્ચાતાપપૂર્વક એવો સંકલ્પ કરીને જે કષ્ટ પડે છે તે બધું સમભાવથી હસતા મુખે સહન કરતા વિચારે છે કે જીવ ! હસી હસીને કર્મો બાંધ્યા છે તે હસી હસીને ભોગવ. મુનિ નગરના ચારેય દરવાજે દોઢ દોઢ મહિનો ધ્યાન લગાવીને ઊભા રહ્યા. શરીર પણ લોહીલુહાણ બની ગયું. લોકો પણ એમને પ્રહાર કરી કરીને થાકી ગયા પણ સંતની દૃઢતા ખૂટી નહિ. સમતાભાવે સહન કરવાથી એમના બધાં કર્મો બળીને ખાખ થઈ ગયા.

"तलवार चलावनारो कर्म सामे अनेलो दृढप्रहारी" "पच्छाणुतावेण विरज्जमाणे करणगुण सेढिं पडिवज्जइ। કાઉસગ્ગમાં ઉત્તમ શ્રેણીએ ચઢી ગયા. કરેલા પાપકર્મનો પશ્ચાતાપ કરવાથી જીવ વૈરાગ્યવંત બનીને ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરે છે તે રીતે આ મુનિ પણ શુભ ધ્યાનની ધારાએ ચઢતા ક્ષપક શ્રેણીએ ચઢી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા. આકાશમાં દેવ દુંદુભી વાગી અને અચેત પુષ્પોની વૃષ્ટિ થઈ. આ વાત વાયુવેગે નગરમાં પ્રસરી ગઈ ને લોકોના ટોળે ટોળા એક વખતના લૂંટારા-શયતાનમાંથી સંત બનેલા કેવળી ભગવાનના દર્શને આવવા લાગ્યા. દેવોએ એમના કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. આ મહાત્મા તે બીજા કોઈ નહિ પણ દૃઢપ્રહારી. તલવારના દૃઢપ્રહારો કરનાર દૃઢપ્રહારીએ કર્મસત્તા ઉપર દૃઢ પ્રહારો કરીને છ મહિનામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને લોકોને ભયથી મુક્ત કર્યા ને પોતે પણ પાપકર્મોના બંધનથી આત્માને મુક્ત કર્યો. હવે એમના કોઈ શત્રુ કે મિત્ર ન હતા. આ દૃઢપ્રહારી મુનિ અનેક જીવોનો ઉદ્ધાર કરી મોક્ષમાં ગયા. એક વખતના પાપીમાં પાપી કરપીણ ખૂન કરનાર પણ કેવળજ્ઞાન પામીને મોક્ષમાં ગયા તો શું આપણો મોક્ષ ન થાય ? થાય. આજે તમે સંસારમાં પાપ કરો તો આના જેવું પાપ કરવાના છો ? 'ના'. એ જીવો કર્મ કરવામાં શૂરા હતા અને ધર્મ કરી કર્મોનો ક્ષય કરવામાં પણ શૂરવીર હતા. એ મહાત્મા દૃઢપ્રહારી જગતના જીવોને એ સંદેશો આપી ગયા છે કે **" ભયંકર પાપો કરનાર પાપી પણ પશ્ચાતાપના પુનિત જળ વડે પાપોને ધોઈને આત્મકલ્યાણ**

કરી શકે છે." ધન્ય છે આવા મહાત્માઓને કે જગતમાં જન્મીને જીવન જીવી ગયા ને એમનું નામ અમર બનાવી ગયા. પાપનું પ્રાયશ્ચિત કરી આત્માને વિશુદ્ધ બનાવવાનો આજનો મંગલ દિન છે.

વિશ્વ આપણું છે ને આપણે વિશ્વના છીએ. એવું જીવન બનાવવા માટે આ સંવત્સરી મહાપર્વનો સુવર્ણદિન છે. દુનિયા માત્રના દોષોને ભૂલી જઈને હૃદયથી ક્ષમાની આપ-લે કરી અને વિશ્વના પ્રાણીમાત્રને આપણા માની હૃદયમાંથી પ્રેમ, સ્નેહ અને બંધુતાની સરિતા વહાવવી એ જ સંવત્સરી પર્વનો ઉદ્દેશ છે. ક્ષમાપનાનો જાદુ અલૌકિક છે. ક્ષમા રાખવાથી જીવને કેટલો બધો મહાન લાભ થાય છે.

"यस्य क्षान्तिमयं शस्त्रं, क्रोधाग्ने रुप शामनाम्,
नित्यमेव जयस्तस्य, शत्रुणामुदव : कुत : ।
स शूर : सात्त्विको विद्वान, स तपस्वी जीतेन्द्रिय :,
येन क्षान्त्यादि खड्गेन क्रोध शत्रु निंपातित : ॥"

જેની પાસે ક્રોધ અગ્નિને શાંત કરનાર ક્ષમારૂપ શસ્ત્ર છે તેનો સદા જય થાય છે. કારણ કે ત્યાં શત્રુનો ઉદય હોતો નથી. જેણે ક્ષાન્ત્યાદિ ખડ્ગ દ્વારા ક્રોધાદિ શત્રુઓને નષ્ટ કરી દીધા છે તે સાચા શૂરવીર છે, બળવાન છે, વિદ્વાન છે, તપસ્વી છે ને જિતેન્દ્રિય છે. ક્ષમા ગુણમાં આવો મહાન લાભ છે. સાધુના દશ ધર્મોમાં સૌથી પ્રથમ ક્ષમા છે. ક્ષમાનો પ્રભાવ પણ મહાન છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યયનમાં ગૌતમ સ્વામીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે હે ભગવંત! ક્ષમાપના કરવાથી જીવ શું ફળ પ્રાપ્ત કરે છે? ત્યારે ભગવંતે કહ્યું કે હે ગૌતમ!

"खमावणयाए णं पल्हायणभावं जणयइ, पल्हायणभावमुवगए य सव्वपाण भूयजीवसत्तेसु मित्तीभाव मुप्पाएइ, मित्तीभावमुवगए यावि जीवे भावविसोहिं काउण निब्भए भवइ।

"ક્ષમાપના કરવાથી ચિત્તની પ્રસન્નતા થાય છે. ચિત્ત પ્રસન્ન બને એટલે ચિત્તમાંથી ઉદ્વેગ, ખેદ, વિષાદ ચાલ્યો જાય છે. ચિત્તની પ્રસન્નતાથી, પ્રાણીમાત્રથી મૈત્રીભાવ કરીને ભાવ વિશુદ્ધિ કરીને જીવ નિર્ભય થાય છે, માટે આજે તમે બધા સર્વ જીવોની સાથે ક્ષમાપના કરીને પવિત્ર બનજો. વૈરનું વિસર્જન કરીને સ્નેહનું સર્જન કરવાની સોનેરી ઘડી છે. તમે આટલું સમજી લેજો કે **"વૈરમાં વાંધો છે ને સ્નેહમાં સાંધો છે. વૈરમાં વિકૃતિ છે ને સ્નેહમાં સંસ્કૃતિ છે. વૈરમાં વમળ છે ને સ્નેહમાં કમળ છે. વૈરમાં વકીલાત છે ને સ્નેહમાં કબુલાત છે. વૈરમાં વિલાપ છે ને સ્નેહમાં મિલાપ છે. વૈરમાં વિસર્જન છે ને સ્નેહમાં સર્જન છે."** માટે આજે તમે બધા અંતરના ખૂણેખૂણેથી ક્રોધાદિ કષાયોને કાઢીને ક્ષમાના પવિત્ર નીરમાં સ્નાન કરી પાપોનું પ્રક્ષાલન કરીને આત્માને પવિત્ર અને

નિર્મળ બનાવજો. આજે ક્ષમાના વિષયમાં ઘણું ઘણું કહેવાઈ ગયું છે. હવે આજે આપણે ત્યાં પાંચ દંપતિ બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા લેવાના છે. તેની આલોયણા શરૂ થાય છે.

સંવત્સરીના શુભ દિને ક્ષમા મનથી કરજો,
વૈરઝેર વિસારીને પ્રેમની જ્યોત પ્રગટાવજો,
ખમત ખામણા ખમાવી પુનિત ભાવના રાખજો
પ્રતિક્રમણ કરી શુદ્ધ ભાવે મિચ્છામિ દુક્કડં દેજો.

વ્યાખ્યાન નં. ૪૩

ભાદરવા સુદ ૮ ને ગુરૂવાર **તા. ૩૦-૮-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંતની વાણી પ્રકાશી છે. તેનું જો જીવ એક ચિત્તે શ્રવણ કરે તો એના ભવના ફેરા ટળી જાય. જેમ કોઈ મધુર કંઠે ગીત ગાનાર સંગીતકાર આવ્યો હોય ત્યારે તમે બધા એક ચિત્તે સાંભળો છો ને ? તેમાં તલ્લીન બની જાઓ છો ત્યારે શાસ્ત્રની વાણીના સંગીતકાર તો ત્રણ જગતના નાથ તીર્થંકર ભગવાન છે. એ ત્રણે જગતના લોકોનું હિત કરનાર છે. એવા સર્વજ્ઞ ભગવાનની વાણી સાંભળવામાં જો મનુષ્યનું ચિત્ત એકાગ્ર બને તો ભવના ફેરા ટળી જાય પણ આજે તમારામાં એકાગ્રતા છે ખરી ? યાદ રાખો, નાટક સિનેમાના ચિત્રો જોવામાં અને વહેપારના દરેક કાર્યોમાં એકાગ્રતા કરો છો તેવી એકાગ્રતા ભવના બંધન ટાળવા માટે વીતરાગવાણીનું શ્રવણ કરવામાં કરો.

જન્મ મરણની જંજાળમાંથી મુક્ત બનવા માટે ભગવાને સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું. જ્યાં સુધી જીવ સર્વ કર્મોનો ક્ષય ન કરે ત્યાં સુધી જન્મ મરણની પરંપરા ચાલુ રહેવાની છે. આ સંસારમાં જન્મ અને મરણ બંને ખોટા છે. તે ખોટા કેવી રીતે તે વાત વિચારીએ. માણસનો જન્મદિન આવે ત્યારે એ દિવસ ઊજવે છે, અને કંઈક મોટી આફત કે વિપત્તિ આવે કે દુઃખ આવે ત્યારે એ મૃત્યુને ઈચ્છે છે. જ્ઞાની કહે છે કે આ બંને ભાવ ખોટા છે. જન્મ કે મરણ એકે આનંદની વસ્તુ નથી. જન્મ એટલા માટે ખોટો છે કે જન્મ થતાંની સાથે ઇન્દ્રિયો રૂપી ચોરો આપણા આત્માની સાથે થઈ જાય છે. તમે રસ્તામાં ચાલ્યા જતા હો ને ચોરો સાથે થઈ જાય તો શું તમને આનંદ થાય ખરો ? આ ચોરોનો સાથ મળ્યો તો સારું થયું એવા ભાવ આવે ખરા ? ન આવે, કારણ કે ચોરનો ભય છે કે મારી પાસે જે સંપત્તિ છે તે લૂંટી તો નહીં લે ને ? જીવ માટે જન્મ એવું સ્થાન છે કે જન્મ થતાંની સાથે ઇન્દ્રિયો રૂપી

ચોરો સાથે થાય છે ને રહે છે પણ પાસે ને પાસે રહે છે જરા પણ દૂર ખસતી નથી. તે હંમેશા આત્મધન લૂંટવાની પ્રવૃત્તિવાળી હોય છે.

તમને કદાચ પ્રશ્ન થાય કે ઇન્દ્રિયો શું ચોર છે? તે આત્માનું શું લૂંટી લે છે? આપને સમજાવું. ઇન્દ્રિયો આત્માનું ધન જેવા કે વિષયવિરાગ, વિષયત્યાગ, ક્ષમા, સહિષ્ણુતા, સરળતા, જ્ઞાન, દર્શન આદિ ગુણોરૂપી ધન પર લૂંટ ચલાવે છે. આંખને સારું રૂપ જોવા મળે, કાનને મીઠા શબ્દો સાંભળવા મળે, સ્પર્શેન્દ્રિયને મનગમતા સુંવાળા સ્પર્શ મળે, રસેન્દ્રિયને સારા સ્વાદિષ્ટ ભોજન મળે, નાકને સારા સુગંધી પદાર્થો મળે એટલે આત્માના વૈરાગ્યના ને અનાસક્ત ભાવના કુરચા ઊડે છે. આ વિષયોનો ત્યાગ દુઃખ રૂપ લાગે પછી ત્યાગરૂપી આત્મધન શાનું ગમે? વૈરાગ્ય અને ત્યાગ રૂપી આત્મધનને લુંટનાર કોણ? ઇન્દ્રિયો. જીવ ક્રોધ કરીને ક્ષમાધન ગુમાવે છે. એ શાથી? કોઈને કોઈ ઇન્દ્રિયોના ગમતા વિષયો માટે. આ રીતે આત્મા ક્ષમા, નમ્રતા, સરળતા, લઘુતા, નિઃસ્પૃહતા. નિર્મમતા વિગેરે પોતાનું ધન ગુમાવે છે. ઇન્દ્રિયો આત્મધનની ચોર છે. સંસારમાં જન્મ પામીને ઇન્દ્રિયો તો કોટે વળગી છે. એણે રાત દિવસ ધંધો શું કર્યો? આત્મધન ચોરવાનો. આત્માને એની ગુણસંપત્તિથી દૂરને દૂર રાખવાનો, માટે આવા ચોરોને સાથે લાવનાર જન્મ ખોટો છે. તો જે જન્મ ખોટો છે તેની દર વર્ષે ઉજવણી કરવાની હોય કે ફરીથી સંસારમાં મારો જન્મ ન થાય ને અજન્મ દશા પ્રાપ્ત થાય તેવો પુરૂષાર્થ કરવાનો હોય!

જન્મ છે ત્યાં મૃત્યુ તો અવશ્ય છે. મૃત્યુ પામવા માત્રથી નવો જન્મ અટકતો નથી. નવો જન્મ મળે એટલે ધુતારી ઇન્દ્રિયો સાથે મળવાની ને એ આત્મધન ચોરવાનું કામ કરવાની. આ જન્મ મળ્યા પછી આત્મા જો શુભ કમાણી કરી લે ને પ્રબળ પુરૂષાર્થ કરી ઘાતી અઘાતી કર્મોનો ક્ષય કરે તો મૃત્યુ પામ્યા પછી તેને ફરીથી જન્મ લેવો ન પડે. જન્મ નથી ત્યાં મૃત્યુ નથી. માટે અજન્મ દશા પ્રાપ્ત કરવા માટે પ્રભુની આજ્ઞાનો સહારો સાથે રાખી ઇન્દ્રિયોને એને ગમતા વિષયોને બદલે આત્માને હિતકારી વિષયોમાં કામે લગાડી આત્મધનની કમાણી કરી લેવી.

હવે આપણો ચાલુ અધિકાર વિચારીએ, બ્રહ્મદત્તકુમાર ચાલતા ચાલતા બગીચામાં આવ્યા. ત્યાં મહેલ જોયો એટલે મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે કમળ સમાન મુખવાળી એક સૌંદર્યવાન કન્યાને જોઈ. આથી તે વધુ આશ્ચર્યચકિત બન્યો. કુમારે કન્યા સામું જોઈને પૂછયું હે ભદ્રે! તમે કોણ છો? આ વિશાળ બંગલામાં એકલા શા માટે રહો છો? તે જો આપને હરકત ન હોય તો મને કહો. કુમારના વચન સાંભળીને કન્યાએ કહ્યું કે હે કુમાર! મારી જીવનકહાની ખૂબ લાંબી છે, માટે તમે કોણ છો ને કયાંથી આવો છો તે વાત મને પહેલાં કહો, ત્યારે કુમારે કહ્યું કે હું પાંચાલ દેશના બ્રહ્મરાજાનો બ્રહ્મદત્ત નામે પુત્ર છું. મારી આ દશા થવાથી ભાગીને ફરતો ફરતો અહીં આવ્યો છું. એમ બધી વાત બ્રહ્મદત્ત કુમારે કહી સંભળાવી.

"ઓળખાણ થતાં કુમારને થયેલો આનંદ" :- બ્રહ્મદત્ત કુમારનો પરિચય સાંભળીને કન્યાને ખૂબ આનંદ થયો ને તેની આંખમાં હર્ષના આંસુ ઉભરાયા. તે કુમારના ચરણમાં પડીને કહેવા લાગી કે હું તમારા મામાની પુત્રી છું. મારા પિતાએ આપની સાથે પરણાવવાનો મને નિશ્ચય કર્યો છે. એમ કહીને ખૂબ રડવા લાગી ત્યારે કુમારે એને હિંમત આપીને કહ્યું કે હે કુમારી! તમે મને સત્ય કહો કે તમારી આ દશા કોણ દુષ્ટે કરી છે? ત્યારે કુમારીએ કહ્યું કે જ્યારથી મારા પિતાજીએ આપની સાથે મારા વિવાહ કરવાનું નક્કી કર્યું ત્યારથી હું આપના મધુર મિલનના સોનેરી સ્વપ્નામાં સમય પસાર કરતી હતી. એક દિવસ હું બગીચામાં ફરવા ગઈ ત્યારે કોઈ દુષ્ટ વિદ્યાધરે મને જોઈને મારું અપહરણ કર્યું, અને મને અહીં લઈ આવ્યો. અહીં લાવીને મારું શિયળ ખંડિત કરવા ઘણાં પ્રયત્નો કર્યા. મને ઘણું કષ્ટ આપ્યું છતાં મેં મારું શિયળ અખંડ રાખ્યું છે. મારા માતા-પિતા ભાઈ વિગેરેથી વિખૂટી પડી વિરહ રૂપી અગ્નિથી દિવસો વીતાવતી હતી. ત્યાં આજે આપના દર્શનની અમૃતવૃષ્ટિએ મને પ્રફુલ્લિત બનાવી છે. કન્યાના આવા પ્રકારના વચન સાંભળીને કુમારે કહ્યું હે સુભગે! તારું અપહરણ કરનાર અને મારો શત્રુ એ વિદ્યાધર ક્યાં રહે છે? મારે એને જોવો છે કે એ કેટલો બળવાન છે.

કુમારની વાત સાંભળીને કુમારીએ કહ્યું-કુમાર! એ દુષ્ટ વિદ્યાધરે મને વશ કરવા માટે શાંકરી નામની વિદ્યા આપવાનું કહ્યું છે. એ વિદ્યાનો પ્રભાવ એવો છે કે જ્યારે તું એ વિદ્યાને યાદ કરીશ ત્યારે એ વિદ્યા દાસ-દાસીઓ, સખીઓ આદિ પરિવાર સાથે સ્વયં પ્રગટ થશે ને તેને તું કહીશ તે તારા દરેક કામો કરી આપશે. તારો જે કોઈ શત્રુ હશે તેનો પણ તે વિનાશ કરી આવશે. હું તારાથી દૂર હોઈશ તો પણ મારો વૃત્તાંત પૂછવાથી એ મારા સમાચાર આપશે. આવો એ વિદ્યાનો પ્રભાવ છે માટે હું એ વિદ્યા સાધવા જાઉં છું. એમ કહીને એ વિદ્યાધર એક વાંસડાની જાળમાં વિદ્યા સાધવા બેઠો છે. આ સાંભળીને કુમારે કહ્યું તો તો હવે તારે ભય રાખવાની જરૂર નથી, કારણ છે શાંકરી વિદ્યા સિદ્ધ કરવા માટે વાંસડાની જાળમાં બેઠેલો વિદ્યાધર આ રીતે મારાથી હણાઈ ગયો છે ને મરણ પામ્યો છે. આ સાંભળીને કુમારી નિર્ભય બની અને ત્યાં ગાંધર્વ વિધિથી તેમણે લગ્ન કર્યા ને સંસારના સુખ ભોગવવા લાગ્યા.

થોડા દિવસ વીત્યા બાદ એક દિવસ દિવ્ય આભરણનો રણકાર સંભળાયો. આ સાંભળીને કુમારે પોતાની પત્નીને પૂછયું કે આ રણકાર શાનો સંભળાય છે? રાજકન્યાએ કહ્યું સ્વામિન્! એ વિદ્યાધર વિદ્યા સાધીને આવ્યા પછી મારી સાથે લગ્ન કરવાનો હતો. એણે એના મનથી મારી સાથે લગ્ન કરવાનો આજનો દિવસ નક્કી કરેલો હતો. તેથી એ દુષ્ટ વિદ્યાધરની બહેન વિદ્યાધર કુમારિકાઓને સાથે લઈને વિવાહના સાજ

સામાન સાથે અહીં આવી છે. એનું નામ શણુશાખા છે. આ અવાજ વિદ્યાધર કુમારિકાઓએ પહેરેલા કંકણનો છે. હવે તમે અહીંથી ચાલ્યા જાઓ ને દૂરથી મારી પ્રવૃત્તિ ઉપર ધ્યાન રાખજો. એ વિદ્યાધરની બહેન એના ભાઈને નહિ દેખે એટલે મારા ઉપર ક્રોધાયમાન થશે, છતાં હું એ જોઉં છું કે એનો મારા ને તમારા ઉપર કેવો સદ્‌ભાવ છે. જો એનો સદ્‌ભાવ હશે તો હું તમને લાલ કપડું બતાવીશ અને સદ્‌ભાવ નહિ હોય તો સફેદ કપડું બતાવીશ. સફેદ કપડું બતાવું તો તમે અહીંથી દૂર ચાલ્યા જજો. આમ નક્કી કરીને બ્રહ્મદત્તકુમાર ત્યાંથી ચાલ્યો ગયો ને એક ગુપ્ત સ્થળમાં રહીને શું બને છે તે જોવા લાગ્યો, પછી પેલા વિદ્યાધરની બહેન ઘણી વિદ્યાધર કન્યાઓ સાથે આવી પહોંચી ને પેલી કન્યાને ખૂબ ધમકાવવા લાગી કે મારો ભાઈ કયાં ગયો ? ત્યારે કન્યાએ જે બન્યું હતું તે સત્ય વાત કહી દીધી, એટલે એ વિદ્યાધરી ક્રોધથી લાલચોળ બની ગઈ. કન્યાએ જાણ્યું કે આ તો બરાબર વિફરી છે. હમણાં કુમારની તપાસ કરશે ને મારી નાંખશે, એટલે એણે સફેદ કપડું બતાવ્યું તેથી બ્રહ્મદત્તકુમાર ઝડપભેર ત્યાંથી ચાલ્યો ગયો.

કુમાર ચાલતો ચાલતો એક પહાડ ઉપર પહોંચ્યો. ખૂબ થાકી ગયો હોવાથી એક વૃક્ષ નીચે વિસામો ખાવા બેઠો. ત્યાં વિચાર કરવા લાગ્યો, અહો, કર્મરાજા ! તારી લીલા તો કોઈ ઓર છે. કયાં મારી માતા ને કયાં મારા પિતા ! કયાં રાજમહેલ અને કયાં મારો સુખદુઃખનો ભાગી મિત્ર ! મારી જન્મદાતા માતા પણ મારી ન થઈ. હરીફરીને મને મારા મિત્રનો સાથ હતો તે પણ ચાલ્યો ગયો. એમ વિચાર કરતો થોડી વાર વિસામો લઈને પહાડ ઉપર એક સરોવરમાં સ્નાન કર્યું. સ્નાન કરીને સરોવરના પશ્ચિમ કિનારા તરફ ગયો, ત્યાં તેણે રૂપ લાવણ્ય યુક્ત એવી એક કન્યા જોઈ. એ જ પ્રમાણે ત્યાં રહેલા મંત્રીએ પણ કુમારને જોયો, એટલે મંત્રીએ કુમારને બોલાવવા માટે એક દાસીને મોકલી. દાસીએ આવીને કુમારને મંત્રીનો સંદેશો પાઠવ્યો. કુમારના મનમાં થયું કે અહીં મને વળી કોણ બોલાવનાર નીકળ્યો ? લાવ, ત્યારે હું ત્યાં જાઉં. એમ વિચાર કરીને કુમાર તે દાસીની સાથે મંત્રીના નિવાસસ્થાને ગયો. મંત્રીએ કુંવરનું ખૂબ સુંદર રીતે સ્વાગત કર્યું ને પોતાને ઘેર રાખ્યા. બીજે દિવસે મંત્રી પોતાની સાથે કુમારને રાજસભામાં લઈ ગયા.

"બ્રહ્મદત્ત કુમારનો સત્કાર કરતા રાજા" :– રાજાએ કુમારનો પરિચય પૂછયો ને કુમાર કોણ છે તે બધી વાત જાણી લીધી, પછી એને એક સુંદર આસન ઉપર બેસાડયો. સભાનું કાર્ય પૂરું થયા પછી રાજા કુમારને પોતાના મહેલે લઈ ગયા, અને અનેક પ્રકારની ભોજન સામગ્રીથી કુમારનું સ્વાગત કર્યું. ભોજન કર્યા પછી રાજાએ કુમારને ખૂબ વિનયપૂર્વક કહ્યું, કુમાર ! હું તમારું સંપૂર્ણપણે સ્વાગત કરવા શક્તિમાન નથી છતાં મારી શક્તિ પ્રમાણે એક ભેટ આપીને આપનું સ્વાગત

કરવા ઈચ્છું છું. તો આપ એનો સ્વીકાર કરો. આ પ્રમાણે કહીને રાજાએ પોતાની કન્યા કુમારને અર્પણ કરવા માટે ખૂબ આગ્રહ કર્યો. કુમારે રાજાનો ખૂબ પ્રેમભાવ જોઈને તેમની વાતનો સ્વીકાર કર્યો, પછી એક શુભ દિવસે ને શુભ મુહૂર્તે તેમના લગ્ન કર્યા. બ્રહ્મદત્તકુમાર ત્યાં પોતાની પત્ની સાથે સુખ ભોગવતો આનંદથી રહેવા લાગ્યો, પણ એને એનો મિત્ર વરધનુ ખૂબ યાદ આવવા લાગ્યો કે અહો! હું તો રાજમહેલમાં સુખ ભોગવું છું ને મારો મિત્ર મારા માટે કેટલું કષ્ટ સહન કરે છે? હવે મારો મિત્ર મને કયારે મળશે? એમ મિત્રની ચિંતા કરતો દિવસ વીતાવે છે.

"બ્રહ્મદત્તો રાજકુમારીને કરેલો પ્રશ્ન" :–એક દિવસ કુમારે એની પત્નીને પૂછયું હે સુંદરી! મારા જેવા રખડતા માણસ સાથે તારા પિતાએ તને કેમ પરણાવી? રાજકુમારીએ કહ્યું નાથ! સાંભળો. એક વખત ઘણા શત્રુઓ મારા પિતાજીની પાછળ પડયા હતા. તેઓ વારંવાર ખૂબ હેરાન કરતા, પછી તો એક વખત મારા પિતાજીનું રાજ્ય પણ શત્રુઓએ લઈ લીધું ને મારા પિતાને ભાગી જવું પડેલું. પોતાના રાજ્યમાંથી ભાગીને તેમણે આ વિષમ સ્થળનો આશ્રય લીધો. મારે ચાર ભાઈઓ છે. સૌથી નાની હું છું. મારી માતાનું નામ શ્રીમતી છે. મારું નામ શ્રીકાંતા છે. હું મારા પિતાને ખૂબ વહાલી હોવાથી યુવાન થઈ એટલે મને મારા પિતાજીએ કહ્યું–બેટા! આજે તો બધા રાજાઓ મારા દુશ્મન બની ગયા છે, છતાં હું તારા માટે યોગ્ય વરની શોધમાં છું. એટલામાં મારા ભાગ્યોદયે મંત્રીજીએ આપને જોયા ને ત્યાર પછીની બધી વાત આપ જાણો છો. એ રીતે કુમારીએ કુમારને બધી વાત કરી એટલે એને ખૂબ આનંદ થયો.

આ બ્રહ્મદત્તના સસરા પાસે સૈન્ય ઘણું હતું એટલે તેઓ સૈન્ય સજ્જ કરીને પોતાના જમાઈ બ્રહ્મદત્તકુમારને સાથે લઈને શત્રુઓ સાથે સંગ્રામ કરવા માટે નીકળ્યા. બ્રહ્મદત્તકુમાર ભવિષ્યમાં ચક્રવર્તિ બનવાનો છે એટલે એનામાં પરાક્રમ તો હોય જ ને? કુમારે પોતાના પરાક્રમથી જેટલા પોતાના સસરાના શત્રુઓ હતા તેમને લડાઈમાં હરાવી દીધા, અને પોતાના સસરાને વિજયની વરમાળા પહેરાવી. સસરાને પોતાના જમાઈનું પરાક્રમ જોઈને ખૂબ આનંદ થયો ને બ્રહ્મદત્તકુમારને ખૂબ ધન્યવાદ આપ્યા. હવે બ્રહ્મદત્તકુમાર પાછો ફરતો હતો ત્યાં જંગલમાં બ્રહ્મદત્તકુમારે અચાનક પોતાના વ્હાલસોયા મિત્ર વરધનુને આવતો જોયો. જેને માટે રાત દિવસ ચિંતા કરતો હતો એવા વરધનુને જોઈને બ્રહ્મદત્તકુમારના સાડાત્રણ કોડ રોમરાય ખીલી ઉઠયા ને દોડતો એની સામે જઈને ભેટી પડયો. વરધનુ પણ પોતાના મિત્રને જોતાં ડૂસકે ને ડૂસકે રડી પડયો. બ્રહ્મદત્તનું હૈયું ભરાઈ આવ્યું. થોડી વાર તો બંને એકબીજાના સામું જોઈ રહ્યા. કોઈ કંઈ બોલી શકયું નહિ, મન હળવું થયા પછી બ્રહ્મદત્તકુમારે કહ્યું મિત્ર! તેં તો મારા માટે તારી કાયા કુરબાન કરી છે. તેં મારા માટે ઘણું

કષ્ટ વેઠયું છે. વીરા ! મારાથી છૂટા પડયા પછી તારું શું થયું તે મને કહે, ત્યારે વરધનુએ કહ્યું. મિત્ર ! મારી રામકહાની ઘણી લાંબી છે. પહેલાં તારું શું થયું. તું અહીં કેવી રીતે આવ્યો તે મને કહે, એટલે બ્રહ્મદત્તકુમારે અત્યાર સુધી આપણે જે વાત આવી તે બધો વૃત્તાંત વરધનુને કહી સંભળાવ્યો. હવે વરધનુ પોતાની કહાની બ્રહ્મદત્તકુમારને કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આજનો દિવસ આપણને એ સૂચન કરે છે કે હે જીવ ! અનાદિકાળથી આઠ કર્મો તને હેરાન કરે છે. તેને તું તપ–ત્યાગ બ્રહ્મચર્ય પાલન, આદિ ધર્મક્રિયાઓ કરીને દુબળા કરી નાંખ. દુબળી આઠમ એટલે મનના પરિણામો દુબળા ન પડવા જોઈએ પણ કર્મો અને કષાયો દુબળા પાડવા જોઈએ. પર્યુષણ પૂરા થયા ને તપસ્વીઓના પારણા થયા પણ હજુ ચાતુર્માસ પૂરું થયું નથી. હજુ મહાસતીજીઓના તપ ચાલે છે. બા. બ્ર. પૂ. ચંદનબાઈ મહાસતીજીને આજે ૧૯ મો ને બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજીને ૧૧ મો ઉપવાસ છે. તેમને હજુ આગળ વધવાના ભાવ છે. નવસારીમાં બા. બ્ર. પૂ. હર્ષિદાબાઈ મહાસતીજીને આજે ૨૮ મો ઉપવાસ છે. રવિવારે તેમને પારણાના ભાવ છે. આ રીતે તપશ્ચર્યા ચાલે છે, માટે સૌ આરાધના કરવા તત્પર બનજો. હવે થોડીવાર ચરિત્ર કહું છું.

ચરિત્ર :– ભદ્રા શેઠાણીએ ભીમસેન, સુશીલા અને તેના બાળકોને કાઢી મૂકયા એટલે એ તો બિચારા નિરાધાર થઈને ચાલવા લાગ્યા. ગામના પાદરમાં જઈને હવે કયાં જાઉં, શું કરવું તેની ચિંતામાં ભીમસેન ગમગીન બનીને બેઠો હતો. ત્યાં એક સજ્જન માણસે તેને ચિંતાનું કારણ પૂછયું. એ વાત જાણીને સજ્જને કહ્યું. ભાઈ! તું પ્રતિષ્ઠાનપુરમાં જા. ત્યાંના રાજા અને તેમના જમાઈ ખૂબ દયાળુ અને પરોપકારી છે, માટે તું ત્યાં જા. જરૂર તારું દુઃખ દૂર થઈ જશે. આ વાત સાંભળીને ભીમસેનને ખૂબ આનંદ થયો. તેને ત્યાં જવાનું મન થઈ ગયું એટલે પોતાની પત્ની સુશીલા તથા કુમારો પાસે આવીને બધી વાત કરીને ભીમસેને સુશીલાને કહ્યું તું મને રાજીખુશીથી જવાની રજા આપ તો.

"મેં જાઉં પઈઠાણનગરમેં, લે પગાર દો તીન માસ,
પીછા જલ્દી ચલ આઉંગા, કરજો યહીં નિવાસ."

હે પ્રિયા ! હું પ્રતિષ્ઠાનપુરમાં જાઉં અને બે ત્રણ મહિના નોકરી કરી પગાર લઈને જલ્દી પાછો આવી જઈશ. ત્યાં સુધી તું અને બાળકો અહીં જ રહેજો, પણ સુશીલાએ કંઈ જવાબ ન આપ્યો કારણ કે જો પતિને જવાની રજા આપે તો પોતાને પતિનો વિયોગ સહન કરવો પડે અને અજાણ્યા નગરમાં રહી બાળકોને ઉછેરવા કેવી રીતે ? અને જો ના પાડે છે તો દુઃખ દૂર થાય તેમ નથી, એટલે એ તો જવાબ આપ્યા વિના મૌન બેસી રહી. પત્નીને મૌન જોઈને ભીમસેન એને સમજાવતા કહે

છે સુશીલા ! તું જરા પણ ચિંતા ન કરીશ. કાર્યની સિદ્ધિ થશે એટલે દોડતો આવી પહોંચીશ. તું તો ઘણી સમજુ છે એટલે જાણે છે કે જે પુરૂષ ઘર છોડીને દેશાંતર જતો નથી, જે નવી નવી ભાષાઓ, રીતરિવાજો અને વિવિધ સંસ્કારોને જાણતો નથી તે માણસની બુદ્ધિ ખીલતી નથી. તે સદાય સંકુચિત રહે છે. જેમ પાણીમાં પડેલું ઘીનું ટીપું વિસ્તાર પામે છે તેમ જેઓ દેશાંતર કરે છે, નવા નવા માણસોના વિવિધ સંસ્કાર અને રીતભાતોના સંપર્કમાં આવે છે તેમની બુદ્ધિ વિકાસ પામે છે અને જેઓ પ્રમાદ કરીને એક જગ્યાએ પડયા રહે છે તેઓ તો દરિદ્રતાને વરે છે, માટે તું મારા વિયોગનું દુઃખ સહન કરીને પણ મને જવાની રજા આપ. થોડા સમયમાં ઘણું ધન મેળવીને આવી જઈશ. ત્યાં સુધી તું મહેનત મજૂરી કરીને તમારું ત્રણેનું પાલન પોષણ કરજે.

"ભીમસેનની જવાની વાતથી સુશીલાને લાગેલો આઘાત" :–ભીમસેન જેમ જેમ જવાની વાત કરતો ગયો તેમ તેમ સુશીલાનું હૃદય વીંધાતું ગયું. પતિના વિયોગનો વિચાર આવતાં એનું અંતર રડી ઊઠયું ને આંખમાં આંસુ સારતી બોલી ઉઠી હે સ્વામીનાથ ! આવા દુઃખના સમયે આપ અમને એકલા છોડીને ચાલ્યા જાઓ તે કેવી રીતે યોગ્ય ગણાય ? દુઃખમાં તો કુટુંબીજનો ઉપકારક છે માટે હે નાથ! આપ અમને આપની સાથે જ લઈ જાઓ. મૂકીને ન જાઓ. અમે તો ત્રણેય તમારી સાથે આવીશું. અહીં એકલા નહિ રહીએ. સુશીલાએ સાથે આવવાનું કહ્યું એટલે ભીમસેને કહ્યું સુશીલા ! તારી વાત સાચી છે, પણ હું ત્યાં તમને ત્રણેને કેવી રીતે લઈ જાઉં ? હું ત્યાંનો અજાણ્યો છું. ત્યાં કેવા માણસો હોય, કયાં રહેવાનું મળે. અજાણ્યા સ્થાનમાં તારા જેવી રૂપવંતી સ્ત્રીને લઈને રહેવું તે મને યોગ્ય લાગતું નથી. એ રીતે રહેવાથી બીજી ઘણી નવી ઉપાધિઓ આવી પડે છે, માટે હે વલ્લભા ! તું એટલો સમય ભગવાનનું સ્મરણ કરતી મારા વિયોગને સહન કરજે. હું જેમ બને તેમ જલ્દી ધન કમાઈને પાછો ફરીશ ને તું અહીં રહીને આપણા બાળકોનું રક્ષણ કરજે, કારણ કે એ જ આપણું સંસ્કાર ધન છે. આ વાત ચાલતી હતી ત્યાં દેવસેન અને કેતુસેન બંને બાળકો રડતાં રડતાં એના પિતાજીને કોટે વળગી પડયા ને કહેવા લાગ્યા **"નહિ જવા દઉં નહિ જવા દઉં."** બાળકોની આંખો નિસ્તેજ બની ગઈ હતી. પંડ ઉપરના વસ્ત્રો પણ જીર્ણ થઈ ગયા હતા, ને મુખ તો સાવ કરમાઈ ગયા હતા. આવા બાળકોએ કહ્યું પિતાજી ! તમે અમને મૂકીને જવાની વાત કયાં કરો છો ? હે પિતાજી ! તમે અમને આવી દુઃખી હાલતમાં નિરાધાર મૂકીને ન જાઓ, તમે અમને મૂકીને ચાલ્યા જવાના હો તો હે પિતાજી ! આ તમારી તલવાર વડે અમારું મસ્તક ઉડાવી દો અને પછી તમે સુખેથી પરદેશગમન કરો. બાકી અમે તમને નહિ જવા દઈએ. પુત્રોના આવા બોલ સાંભળીને ભીમસેનને ઘણું દુઃખ લાગ્યું. પત્ની અને બાળકોને મૂકીને જવાની એની

બિલકુલ ઇચ્છા નથી, પણ મૂકીને ગયા સિવાય છૂટકો ન હતો એટલે દેવસેન અને કેતુસેન એ બંનેને વહાલથી પંપાળ્યા, થોડી વાર રમાડયા અને તેમને સમજાવીને કહ્યું "**નહિ જાઉં બેટા! હોં નહિ જાઉં.**" તમે સુખેથી ઊંઘી જાઓ. એમ કહીને બંને બાળકોને સૂવાડી દીધા.

"**અશ્રુભીની આંખે સુશીલાએ પતિને આપેલી વિદાય**" :– પિતાજીના વચન ઉપર વિશ્વાસ રાખીને બંને બાળકો સૂઈ ગયા. બંને બાળકોને ઘસઘસાટ ઊંઘતા જોઈને વહેલી સવારે ભીમસેન જાગ્યો. સુશીલા તો જાગતી જ પડી હતી. પતિને બેઠા થયેલા જોઈને એ પણ બેઠી થઈ ગઈ ને તેણે પતિને પ્રણામ કર્યા. ભીમસેને સુશીલાને જેમતેમ કરીને સમજાવી. દુઃખિત દિલે સુશીલાએ ભીમસેનને જવાની રજા આપી. ભીમસેને તેના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા અને બાળકો જાગી ન જાય તે રીતે ખૂબ ધીમા અવાજે તેને મીઠા શબ્દોથી બધી સલાહ–સૂચના આપીને સુશીલા તરફ એક મીઠી કરૂણ નજર નાંખીને ત્યાંથી વિદાય થયો. પતિના જવાથી સુશીલાને ઘણો આઘાત લાગ્યો. પતિને જતા જોઈને સુશીલા જ્યાં સુધી ભીમસેન દેખાયો ત્યાં સુધી આંખમાં આંસુડા સારતી પતિના સામે જોતી ઊભી રહી. ભીમસેન તલવાર અને ઢાલ લઈને નવકારમંત્રનું સ્મરણ કરી ચાલી નીકળ્યો. માણસ કોઈ પણ કાર્ય કરવા માટે જાય છે ત્યારે મનમાં મોટી આશા લઈને જાય છે, એમ ભીમસેનને પણ આશા હતી કે અરિંજય રાજા એનું દુઃખ દૂર કરશે. એવી આશા અને ઉમંગથી ઝડપભેર ચાલવા માંડયું. વહેલી સવારથી બપોર સુધી ચાલતો. બપોરના ઝાડ નીચે શીતળ છાયામાં વિસામો ખાતો ને બપોર નમતા પાછો ચાલી નીકળતો. રાત્રે કોઈ ધર્મશાળા, મંદિર કે ગામના ચોરા ઉપર સૂઈ જતો અને ભૂખ લાગે ત્યારે રસ્તામાં વનફળ મળે તો ખાઈ લેતો અને નદી–સરોવરનું પાણી પી લેતો. આમ સવાર સાંજ બે વખત દડમજલ કરતાં ચોથે દિવસે ભીમસેન પ્રતિષ્ઠાનપુરના પાદરમાં પહોંચ્યો. એ બિચારો નગરનો અજાણ્યો હતો ને પાછું રાજાને મળવું હતું એટલે પાદરમાંથી આવતા જતા માણસોને પૂછયું. ભાઈ! આ ગામના રાજા અને એમના જમાઈ દીનદુઃખીઓના દુઃખ દૂર કરવા માટે કયારે બહાર નીકળે છે? નગરજનોએ કહ્યું, ભાઈ! ગઈ કાલે જ રાજાના જમાઈ મોટી સવારી સાથે નીકળ્યા હતા ને એમણે કંઈક દુઃખીઓના દુઃખ દૂર કર્યા છે. તું એક દિવસ મોડો પડયો. કાલે આવ્યો હોત તો તારું કામ થઈ જાત. હવે કયારે આવશે? લોકો કહે છે હવે તો છ મહિના પછી રાજા પોતે નીકળશે. ત્યાં સુધી તું અહીં રોકાઈ જા. એ સિવાય તારા માટે બીજો કોઈ ઉપાય નથી. આ સાંભળીને ભીમસેનની આંખે અંધારા આવવા લાગ્યા. શરીર ઠંડું પડી ગયું કારણ કે પોતે જે આશાથી આવ્યો હતો તે આશા ઉપર તો પાણી ફરી વળ્યું હતું, તેથી તે ખિન્ન ને ઉદાસ બની ગયો. હૈયું ભારે બની ગયું, મન વિષાદ અનુભવવા લાગ્યું ને બોલવા લાગ્યો.

"નબળાનું ભાગ્ય નબળું" :- હાય....નબળાનું ભાગ્ય નબળું જ હોય છે. અરેરે....હે ભાગ્ય ! તું કેટલું બધું નિર્દય છે. જો તારે મને દુઃખ જ આપવું છે તો હવે મને તું મોત આપને ! મારાથી હવે આ દુઃખ સહન થતું નથી. મારા મહાન પુણ્યોદયે મને આવો મનુષ્યભવ મળ્યો છે. પૂર્વે કંઈક સુકૃતો કર્યાં હશે તેથી રાજવૈભવ અને સુખસાહ્યબી મળ્યા. તે ભોગવતા મેં કદી પ્રમાણિકતા, ન્યાય અને નીતિનું ઉલ્લંઘન કર્યું નથી છતાં આજે મારી કેવી બૂરી હાલત થઈ છે ! મારે જંગલે જંગલ ભટકવું પડે છે. ભૂખ્યા ને તરસ્યા આથડવું પડે છે. મારા બાળકોને પણ મારે ભૂખ્યા સૂવાડવા પડે છે. મારી સાથે મારી પત્નીને પણ બધા દુઃખો સહન કરવા પડે છે. અરેરે....ભગવાન ! મારા દુઃખોનો તો કોઈ પાર નથી. કોણ જાણે કયારે આ દુઃખમાંથી મારો છૂટકારો થશે ? હવે કયાં જવું ? શું કરવું ? છ મહિનાનો સમય કેવી રીતે પસાર કરવો ? મારે ત્યાં સુધી કયાં રહેવું ? આ નગરમાં મને કોઈ ઓળખતું પિછાણતું નથી, તો બીજું કોણ નોકરી રાખે ? આમ અનેક પ્રકારના વિચારો કરતો બેઠો હતો. હવે ત્યાં ભીમસેનને કોણ મળશે ને શું બનશે તેના ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. ૪૪

ભાદરવા સુદ ૯ ને શુક્રવાર **તા. ૩૧-૮-૭૯**

અનંતજ્ઞાની, વાત્સલ્ય વારિધિ, વીતરાગ પ્રભુના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંતની વાણીના શબ્દે શબ્દમાં ગહન ભાવો ભરેલા છે. શાસ્ત્રનું કામ સત્યનો પ્રકાશ કરવાનું છે. જે વસ્તુ જેવી હોય તેને તેવા સ્વરૂપે બતાવવાનું કામ શાસ્ત્રનું છે. કયાં આત્માનું હિત છે ને કયાં અહિત છે તેને સ્પષ્ટ બતાવે તે શાસ્ત્ર. માટે સર્વજ્ઞ પુરૂષોએ રચેલા પવિત્ર શાસ્ત્રોના વચન પર કદી અશ્રદ્ધા કે અવિશ્વાસ ન કરવો. મોક્ષાભિલાષી મનુષ્યોના જીવનમાં તો શાસ્ત્રો મુખ્ય હોય છે. શાસ્ત્ર કહે એ જ સાચું. આવી દૃઢ શ્રદ્ધા મુમુક્ષુ મનુષ્યની હોય છે. શાસ્ત્રની શ્રદ્ધા કર્યા સિવાય કદી મોક્ષ મળતો નથી. આપમતિનું વિસર્જન કરીને શાસ્ત્રમતિને ધારણ કરવાથી મોક્ષની સિદ્ધિ થાય છે. શાસ્ત્રવચનમાં શંકા કરવાથી સાધના ડહોળાઈ જાય છે. શાસ્ત્રના માર્ગદર્શન અનુસાર આત્માએ મોક્ષમાર્ગે આગળને આગળ કદમ ઉઠાવતા રહેવું જોઈએ. શાસ્ત્રને આગળ કરીને ચાલ્યા સિવાય મોક્ષમાર્ગ ઉપર આગળ નહિ વધાય. શાસ્ત્રવચનને આગળ કરીને ચાલનાર જીવ સહેલાઈથી સંસાર અટવીને ઓળંગી શકે છે. શાસ્ત્ર તો મુમુક્ષુની આંખ છે. મુમુક્ષુ જીવ એ આંખથી જોઈને દરેક કાર્ય કરે છે. આત્માર્થી જીવ શાસ્ત્રને ખૂબ માન આપે અને શાસ્ત્રના દરેક અભિપ્રાયને માન્ય રાખે. તેને શાસ્ત્ર પ્રાણથી

પણ અધિક પ્રિય હોય છે. શાસ્ત્રના પવિત્ર પાણી વિના આત્મશુદ્ધિ થતી નથી, માટે દરેક મનુષ્યે શાસ્ત્રના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખવી જોઈએ.

મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે આપણને જિનવચન સાંભળવા મળે છે. જિનવચન ભવસાગરથી તારનાર છે. જિનવચન કેવા મંગલમય છે! મંગલકારી જિનવચને રાજાઓને તાર્યા ને રંકને તાર્યા, અભણ અને વિદ્વાનોને, બાળકો અને બુઢ્ઢાઓને પણ તાર્યા છે. સર્વ જીવોની દયા, સર્વ પાપોનો ત્યાગ બતાવનારા જિનવચનો કેવા હિતકારી છે! આ રીતે મનથી પણ જિનવચનના ગુણગાન કર્યા કરો તો એની સારી અસરથી મલિન ભાવો ન જાગે અને જીવ પાપ પરિણતિમાં પણ જોડાય નહિ. જિનવચનના ગુણગાન અંતરમાં વારંવાર ચાલતા હોય તો દૃષ્ટિ જાગૃત બને, અને જાગૃત દૃષ્ટિ વિષયો સામે આવતા જીવને સાવધાન બનાવે છે કે આ ઝેરી નાગ તારી સામે આવ્યા. દિલમાં જિનવચન પ્રત્યે શ્રદ્ધા હોય, બહુમાન હોય અને એના જ ગુણગાન ગવાતા હોય પછી વિષયો પ્રત્યે એ જીવને આસક્તિ હોય ખરી? ના. તેને તો વિષયો કાનિલ ઝેર જેવા લાગે. આવા જાગૃત જીવને વિષયો પ્રત્યે બિલકુલ આસક્તિ કે આકર્ષણ ન થાય. ધર્મ પરિણતી જાગતી રહે. છતાં માનો કે અનાદિના કુસંસ્કારવશ વિષયો તરફ આસક્તિ કે આકર્ષણ થાય તો પણ એની ઝેર રૂપે ઓળખાણ હૈયામાં જાગતી પડેલી હોય એટલે એના મનમાં થયા જ કરે કે હું ખોટા માર્ગે જઈ રહ્યો છું, ઝેર ખાઈ રહ્યો છું. કયાં સુધી આ ઝેર ખાવાના! જો આવો ઓળખાણ અને સંતાપ હૈયામાં જાગૃત હોય તો એ ધર્મપરિણતિ છે.

જિનવચનની શ્રદ્ધાવાળા જીવને પાપકર્મ કરવા પડે તો એના દિલમાં ખટકયા કરે છે કે આ સંસારમાં બેઠો છું એટલે પાપસ્થાનક સેવવા પડે છે. કયારે હું આ પાપમાંથી છૂટીશ? આગળના રાજા મહારાજાઓ જિનવચન સાંભળીને એવી ભાવના કરતા હતા કે કયારે આ રાજવૈભવના પિંજરમાંથી છૂટકારો થાય! આ રાજવૈભવ અને સુખ એ કંઈ ધર્મપ્રવૃત્તિ નથી પણ પાપની પ્રવૃત્તિ છે. આવી સુખની સાહ્યબીમાં પણ આવી જાગૃતિ, વૈરાગ્યભાવના અને ચારિત્ર લેવાના કોડ જાગવા એ કંઈ સામાન્ય વાત નથી. અંતરમાં જિનવચનની શ્રદ્ધાની જ્યોત જલતી હોય, ધર્મપરિણતિ જીવતી ને જાગતી હોય ત્યારે આવી ભાવના થાય છે, આટલા માટે તમને વારંવાર ટકોર કરીએ છીએ કે જિનવચન પ્રત્યે શ્રદ્ધા કરો અને રત્ન જેવું જિનશાસન મળ્યું છે તેનો સદુપયોગ કરી લો. હવે આપણે મૂળ વાત વિચારીએ.

"બ્રહ્મદત્તને પોતાની વીતક કહાની કહેતો વરધનુ" :– બ્રહ્મદત્તને ઘણા સમયે પોતાનો મિત્ર વરધનુ મળ્યો તેથી બંનેના હર્ષનો પાર ન રહ્યો. વરધનુના કહેવાથી બ્રહ્મદત્તે પોતાની કહાની બધી કહી સંભળાવી, પછી વરધનુ કહે છે હે કુમાર! હું તમને વૃક્ષ નીચે બેસાડીને પાણી લેવા ગયો. ત્યાં પાણીની શોધમાં ભટકતો હતો

ત્યારે અચાનક દીર્ઘરાજાના સૈનિકોએ મને પકડી લીધો ને ખૂબ માર મારીને મારા હાડકાં ભાંગી નાંખ્યા ને કહ્યું અમને બ્રહ્મદત્તકુમાર બતાવ, નહિ બતાવે તો તને જાનથી મારી નાંખીશું પણ હું તો કંઈ બોલ્યો નહિ, એટલે હું તમને જ્યાં બેસાડીને આવ્યો હતો તે રસ્તે મને મારતા મારતા લઈને ચાલ્યા. મેં જાણ્યું કે આ લોકો કુમારને જોશે તો પકડીને મારી નાંખશે, માટે મેં એ લોકોની નજર ચૂકવીને તમને ત્યાંથી જલ્દી ભાગી જવા ઈશારો કર્યો, એટલે તમે ત્યાંથી તરત ભાગી ગયા. મેં જોયું કે તમે ત્યાંથી ચાલ્યા ગયા છો એટલે તમે જે સ્થળે બેઠા હતા તે જગ્યા બતાવીને કહ્યું કે બ્રહ્મદત્ત કુમાર અહીં બેઠા હતા પણ અત્યારે અહીં દેખાતા નથી માટે મને એમ લાગે છે કે આ વિકરાળ જંગલમાં કોઈ વાઘ-વરૂ કે સિંહ આદિ ખાઈ ગયું હશે પણ મારા વચન ઉપર એમને વિશ્વાસ ન બેઠો, એટલે ફરીથી એ લોકોએ મને ખૂબ માર માર્યો. મને ખૂબ પીડા થવા લાગી ત્યારે મારા મનમાં થયું કે આ લોકો હવે મને જીવતો નહિ છોડે ત્યારે મને એક પરિવ્રાજકે આપેલી ગોળી હતી તે મેં મોઢામાં મૂકી દીધી. એ ગોળીનો એવો પ્રભાવ છે કે માણસ નિશ્ચેતન બની જાય. ગોળી મોઢામાં મૂકવાથી હું નિર્જીવ જેવો બની ગયો તેથી એ લોકોએ માન્યું કે આ મરી ગયો એટલે સૈનિકો ત્યાં જ પડતો મૂકીને ચાલ્યા ગયા. આ સમયે હું તો મારની અસહ્ય વેદનાથી બેભાન બની ગયેલો હતો. એમના ગયા પછી બે દિવસે હું ભાનમાં આવ્યો ત્યારે મેં મોઢામાંથી ગોળી બહાર કાઢી એટલે હું પહેલાંની જેમ ચેતનવંત બની ગયો પણ મને માર ખૂબ સાલતો હતો. ચાલવાની શક્તિ ન હતી, છતાં મનને મક્કમ કરીને તમારી શોધ કરતો આમતેમ જંગલમાં ભટકવા લાગ્યો.

બંધુઓ! દુનિયામાં મિત્ર તો ઘણા હોય છે પણ આવા મિત્રનો જોટો કયાંય મળતો નથી. મિત્ર હો તો આવા હોજો. સુખદુઃખમાં સાથે રહેનાર મિત્ર તો કોઈક જ હોય છે. અંજના સતીને વસંતમાલા સખી એવી મળી હતી કે જે અંજના સતીની સાથે બાર બાર વર્ષ સુધી સુખદુઃખમાં સાથે રહી હતી. આનું નામ સખી. વરધનુ પોતાના દુઃખની કહાની બ્રહ્મદત્તને કહેતા કહે છે કે હે મિત્ર! હું તમારી શોધ કરતો વને વને ઘૂમતો હતો. આપની શોધ કરતો કરતો હું એક ગામમાં ગયો. ત્યાં તમે ન મળવાથી હું નિરાશ થઈને બેઠો હતો ત્યાં એક તાપસ આવ્યા ને મને પૂછયું બેટા! તું કોનો પુત્ર છે? અને ઉદાસ થઈને અહીં કેમ બેઠો છે? ત્યારે મેં એમને મારી ઓળખાણ આપી એટલે એમણે કહ્યું કે મને તારું મુખ જોઈને લાગ્યું કે તું મારા ભાઈનો પુત્ર છે. હું તારા પિતાનો નાનો ભાઈ સુભગ છું એમણે મને ખબર આપી કે તમે લક્ષાગૃહમાંથી ભાગી છૂટયા પછી ત્રણ ચાર દિવસે દીર્ઘરાજા અને ચુલની રાણીને ખબર પડી કે તમો બંને જીવતા છો એટલે એ વૈરનો બદલો લેવા દીર્ઘરાજાએ તારા પિતાજીને ખૂબ ત્રાસ આપ્યો. તેથી તેઓ કયાંક ભાગી છૂટયા છે, અને તારી માતાને તેણે માતંગ

નામના ચાંડાલને ઘેર મૂકી છે. આ સમાચાર જાણીને મને ખૂબ દુઃખ થયું. માતાને દુઃખમાંથી છોડાવવી એ પણ મારી ફરજ હતી એટલે હું મારા મૂળ વેશે તો ત્યાં ન જઈ શકું, તેથી હું સંન્યાસીનો વેશ લઈને માતંગ ચાંડાલની પાસે ગયો ને તેને ખૂબ સમજાવીને મારી માતાને ત્યાંથી છોડાવીને મારા પિતાજીના મિત્ર દેવશર્મા બ્રાહ્મણને ત્યાં મૂકીને તમને શોધતો શોધતો આજે અહીં પહોંચ્યો. આપનું મિલન થતાં મારું બધું દુઃખ ચાલ્યું ગયું.

"બ્રહ્મદત્ત અને વરધનુનો પીછો કરતા સૈનિકો" :- આ રીતે વરધનુએ પોતાની વીતકકથા બ્રહ્મદત્ત કુમારને કહી. વાત પૂરી થઈ એ જ વખતે ત્યાં એક માણસ દોડતો આવ્યો ને તેમને કહ્યું કે આપ બંને જલ્દી અહીંથી ભાગી જાઓ, કારણ કે દીર્ઘરાજાના સૈનિકો આપની તપાસ કરતાં અહીં આવી રહ્યા છે. જુઓ, હજુ તો બંને મિત્રો મળ્યા ને સુખદુઃખની વાતો કરીને હૈયું હળવું કર્યું. માંડ શાંતિનો શ્વાસ લીધો ત્યાં તો ભાગવાનો વખત આવ્યો. દીર્ઘરાજાના સૈનિકો તમને શોધતા આવે છે. આ સમાચાર સાંભળીને બંને જણા જીવ લઈને ત્યાંથી શ્વાસભેર નાઠા. ચાલતા ચાલતા તેઓ કૌશાંબી નગરીમાં પહોંચ્યા. આ નગરી બહાર બગીચામાં બંને મિત્રો વિસામો ખાવા બેઠા. આ બગીચામાં સાગરદત્ત અને બુદ્ધિલ નામના બે વહેપારી પુત્રો પોતાના બે કુકડાને સામસામી યુદ્ધ કરાવતા હતા. તેમાં એવી શરત હતી કે જેનો કુકડો હારે તેણે એક લાખ રૂપિયા આપવાના. આવી શરત કરીને બંને કુકડાને સામસામી યુદ્ધ કરાવતા હતા. ઘણાં માણસો આ યુદ્ધ જોવા માટે આવ્યા હતા. બ્રહ્મદત્તકુમાર અને વરધનુ બંને મિત્રો પણ આ યુદ્ધ જોવા ઉભા રહ્યા. થોડીવારમાં બુદ્ધિલના કુકડાએ સાગરદત્તના કુકડાને હરાવ્યો, તેથી સાગરદત્તને ખૂબ દુઃખ થયું, અને તેણે પોતાના કુકડાને બુદ્ધિલના કુકડા સાથે લડવા ખૂબ પ્રેરણા કરી પણ એનો કુકડો ફરીથી લડવા તૈયાર ન થયો. આ જોઈને વરધનુએ સાગરદત્તને કહ્યું હે શ્રેષ્ઠી! તમારો કુકડો સારી જાતિનો છે છતાં બુદ્ધિલના કુકડા સાથે લડવામાં કેમ હારી ગયો? આ વાતનું મને ખૂબ આશ્ચર્ય થાય છે.

તમારામાંથી કોઈને વાંધો ન હોય તો મારે જોવું છે કે બુદ્ધિલનો કુકડો કેવો છે! વરધનુની વાત સાંભળીને સાગરદત્તે કહ્યું-ભાઈ! ખુશીથી જુઓને. કુકડાને જોવામાં કોણ વિરોધ કરી શકે તેમ છે? હું એક લાખ રૂપિયા હારી ગયો એની મને ચિંતા નથી પણ મારી પ્રતિષ્ઠા ગઈ એનું મને દુઃખ છે. તમે બુદ્ધિલના કુકડાને ખુશીથી જોઈ શકો છો, એટલે વરધનુ બુદ્ધિલના કુકડાને જોવા લાગ્યો, ત્યારે બુદ્ધિલના મનમાં થયું કે આ માણસ મારા કુકડાને જોઈ રહ્યો છે માટે હમણાં મારી પોલ પકડાઈ જશે, એટલે એણે વરધનુને આનગીમાં કહી દીધું કે હું તમને ૫૦૦૦૦ રૂપિયા આપીશ પણ તમે મારી વાત બહાર પાડશો નહિ. એમ કહી દો કે કુકડામાં કાંઈ નથી. વરધનુ

બુદ્ધિલને શાંત રહેવાનું કહીને કુકડાને ધારીધારીને જોવા લાગ્યો. તો જોયું કે કુકડાના પગમાં ઝીણી સોય બાંધેલી હતી. તેના કારણે ત્રાસ પામીને સાગરદત્તનો કુકડો હારી ગયો હતો. વરધનુએ ધીમે રહીને કોઈ ન જાણે તેમ એ સોય કાઢી લીધી ને જાહેરમાં કહ્યું કે મેં બુદ્ધિલનો કુકડો જોઈ લીધો. એમાં કંઈ નથી. એમ કહીને વરધનુ ત્યાંથી એક બાજુ પર ખસી ગયો ને સાગરદત્તને બાનગીમાં સત્ય વાત જણાવી દીધી, એટલે સાગરદત્તે ફરીથી પોતાના કુકડાને બુદ્ધિલના કુકડા સાથે લડાઈ કરવા તૈયાર કર્યો. બંને કુકડા ફરીથી લડવા લાગ્યા. આ વખતે સાગરદત્તના કુકડાએ બુદ્ધિલના કુકડાને હરાવી દીધો એટલે બુદ્ધિલ પણ એક લાખ રૂપિયા હારી ગયો. આ વખતે સાગરદત્ત ખૂબ પ્રસન્ન થયો ને એણે વરધનુને કહ્યું હે આર્ય ! આપની કૃપાથી મારો કુકડો આ વખતે જીત્યો છે, એટલે મારી પ્રતિષ્ઠા પણ જળવાઈ ગઈ છે, માટે આપ મારા ઘેર પધારો તો મને ખૂબ આનંદ થશે. એમ કહીને સાગરદત્ત બંને મિત્રોને પોતાના રથમાં બેસાડીને પોતાના ઘેર લઈ ગયો ને તેમનો ખૂબ આદર સત્કાર કર્યો. સાગરદત્તનો પ્રેમ જોઈને બંને જણા ત્યાં આનંદથી રહેવા લાગ્યા સાગરદત્ત બંને મિત્રોને પોતાના જમાઈની જેમ સાચવે છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- "ભીમસેનને ચિંતાતુર જોઈને મોદીએ આપેલું આશ્વાસન" :- દુઃખીઓના દુઃખ દૂર કરવા રાજાના જમાઈ સવારી સાથે ગઈ કાલે નીકળ્યા હતા અને હવે છ મહિના પછી રાજા નીકળશે. આ સમાચાર જાણીને ભીમસેન એકદમ ઉદાસ થઈ ગયો. હવે છ મહિનાનો સમય કેવી રીતે ને ક્યાં પસાર કરવો ? એમ અનેક પ્રકારના વિચારો કરતો બેઠો હતો. ધનસાર નામનો એક મોટો અનાજનો વહેપારી જે રાજાનો મોદી હતો તે તે વખતે ત્યાં હતો. ભીમસેનના મુખ ઉપરના ભાવો જોઈને તે સમજી ગયો કે નક્કી આ માણસ ખૂબ દુઃખી છે. દુઃખનો માર્યો આવ્યો છે પણ હવે છ મહિના કેમ કાઢવા તેની ચિંતામાં પડયો છે. એણે કહ્યું ભાઈ ! તમે કોણ છો ને કયાંથી આવો છો ? ભીમસેને પોતાની બધી કહાની ધનસારને કહી સંભળાવી. ધનસારને ભીમસેનની ખૂબ દયા આવી તેથી એણે મમતાથી કહ્યું-ભાઈ ! હોય, આપણું ભાગ્ય જ જ્યાં રૂઠયું હોય ત્યાં કોને દોષ દેવો ? સૌ જીવો ભાગ્યને આધીન છે. તું મુંઝાઈશ નહિ. આ છ મહિના તું મારે ઘેર રહેજે, ખાજે, પીજે ને મારી દુકાનનું કામ કરજે. છ મહિના તો કાલે વીતી જશે ને તારું દુઃખ દૂર થશે, માટે તું ઊઠ, ઊભો થા. તું ચિંતા છોડીને મારે ઘેર ચાલ. આવા જબ્બર પાપોદયમાં પણ પુણ્યનું કિરણ ફૂટયું. ધનસારના આવા વચન સાંભળીને ભીમસેનને કંઈક હિંમત આવી એટલે તે ધનસારનો ઉપકાર માનતો કર્મની લીલાથી આશ્ચર્ય અને દુઃખ પામતો એ તેને ઘેર આવ્યો ને દુકાનના કામે લાગી ગયો. પોતાની તલવાર અને ઢાલ ધનસારને સાચવીને મૂકવા

આપી દીધા ને પોતે દુકાનનું કામ કરવા લાગ્યો. આમ કરતાં જોતજોતામાં તો છ મહિના પૂરા થઈ ગયા.

"પાપ શું નથી કરતું ?" :– છ મહિના પૂરા થતાં પ્રતિષ્ઠાનપુરમાં અરિંજય રાજાની સવારી નીકળી. અનેક ગરીબ યાચકો ત્યાં આવીને પોતાના દુઃખની અરજ કરવા માટે ત્યાં આવીને ઊભા હતા. ત્યાં ભીમસેન પણ જઈને ઉભો રહ્યો. એનો વારો આવ્યો એટલે એ બે હાથ જોડીને નમ્રતાપૂર્વક રાજાને વિનંતી કરવા લાગ્યો કે હે પરમ દયાળુ મહારાજા ! હું ખૂબ જ દુઃખી માણસ છું અને આપના શરણે આવ્યો છું. મને શ્રદ્ધા છે કે આપ જરૂર મારા દુઃખ દૂર કરશો જ. આપ મને ગમે તે કામ આપીને પણ મારા દુઃખનો અંત લાવો, એટલે રાજાએ પૂછયું કે તું કોણ છે ને કયાંથી આવ્યો છે ? તે બધી વિગત મને જણાવ. આ ભીમસેન ભલો ને ભોળો માણસ છે. એને કૂડકપટ કરતા આવડતું નથી. આવા દુઃખમાં પણ કદી એ અસત્ય બોલતો નથી. એટલે સત્ય વાત કરી કે હું ઉજ્જૈની નગરીનો રહેવાસી છું ને મારા કર્મોદયથી દુઃખી છું તેથી આપની પાસે આવ્યો છું, ત્યારે રાજાએ પૂછયું કે ત્યાંના રાજા કોણ છે ? હરિસેન. આ સાંભળીને અરિંજય રાજાએ કહ્યું તારો રાજા હરિસેન તો દયાળુ છે. એના રાજ્યમાં કોઈ દુઃખી નથી. એ પણ મારી જેમ દુઃખીઓના દુઃખ દૂર કરે છે તો તું એની પાસે કેમ ન ગયો ? કદાચ તું ગયો હોઈશ ને તારામાં લાયકાત નહિ હોય માટે નહિ રાખ્યો હોય. તો હું પણ તારા જેવા અજાણ્યા માણસને રાખીને શું કરું ? મને તો તું કોઈ ધૂર્ત જેવો લાગે છે માટે હું તને કાંઈ મદદ કરી શકું તેમ નથી. હમણાં મારે માણસની જરૂર નથી. માટે તારે જ્યાં જવું હોય ત્યાં ચાલ્યો જા. એમ કહીને રાજા તો ચાલ્યા ગયા.

કર્મની દશા કેવી વિચિત્ર છે ! ભીમસેન તો અહીં મોટી આશાથી આવ્યો હતો. એ સમજતો હતો કે રાજા મને કંઈ ને કંઈ કામ આપશે ને મારા દુઃખનો અંત આવી જશે, પણ અહીં તો એનાથી ઊલટું જ બન્યું. હજારોની દયા કરનારા રાજા એને માટે નિર્દય બની ગયા. એને કામ આપવાની સ્પષ્ટ ના પાડી એટલે ભીમસેનનું હૈયું ચીરાઈ ગયું. એની આશાના મિનારા ભાંગીને ભુક્કા થઈ ગયા, અને ભાંગેલા હૈયે ભીમસેન ધનસારને ત્યાં આવ્યો. એનું મુખ ઉદાસ જોઈને ધનસારે પૂછયું–કેમ ભાઈ! શું થયું ? ત્યારે ધનસારે વ્યથિત હૃદયે બધી વાત કરી. ધનસારે કહ્યું–ભાઈ! જેવી ભવિતવ્યતા. તું વૃથા શોક ન કરીશ. હિંમત રાખ. દુઃખ કાયમ ટકવાનું નથી.

રાજ જમાઇ નિકલેગા, જબ ઉતસે મિલના યાર,
વો રખેંગે જરૂર તુમકો; દયાવંત દાતાર.

છ મહિના પછી રાજાના જમાઈ આવશે તેને તું મળજે. તે તારું દુઃખ જરૂર દૂર કરશે. ત્યાં સુધી ભલે તું મારી દુકાને કામ કરજે. આમ કહીને ધનસારે ભીમસેનને આશ્રય

અને આશ્વાસન આપ્યા એટલે ભીમસેનને હિંમત આવી. સુખના સ્વપ્ના સેવતો દિવસો પસાર કરવા લાગ્યો. સમય જતાં બીજા છ મહિના પૂરા થયા ને રાજાનો જમાઈ જિતશત્રુ આવ્યો. ભીમસેન દોડતો એમની પાસે ગયો ને પોતાના દુઃખની કહાની કહેવા લાગ્યો. જિતશત્રુએ એને પૂછયું કે ભાઈ! તું કેટલા વખતથી અહીં રહે છે? ભીમસેને કહ્યું કે હું તો બાર મહિનાથી અહીં આવ્યો છું ને આપની રાહ જોઉં છું. તો છ મહિના પહેલાં મારા સસરા અરિંજય રાજાની પાસે તું કેમ ન ગયો? ભીમસેને બધી વાત કરી એટલે જિતશત્રુ વિચારમાં પડયો કે મારા સસરા તો મહાદયાળુ છે તો આ દુઃખી માણસ ઉપર દયા કેમ નહિ કરી હોય! આવું તો કયારે પણ બન્યું નથી. તો શું આ માણસ સારો નહિ હોય! આમ અનેક તર્કવિતર્ક કરવા લાગ્યો.

"તૂટી પડેલા આશાના મિનારા" – આ જોઈને ભીમસેન આર્જવભર્યા કંઠે બોલ્યો–રાજન્! આપ તો મહાદયાળુ છો. આપ જે કામ કહેશો તે કરીશ પણ મારું દુઃખ દૂર કરો. હું આપના શરણે છું, ત્યારે જિતશત્રુએ કહ્યું– મારા સસરાએ જે કર્યું છે તે યોગ્ય જ કર્યું હશે. એમને તારામાં યોગ્યતા નહિ લાગી હોય તેથી તને મદદ કરી નથી તો હું કેવી રીતે કરી શકું? હું પણ તને મદદ નહિ કરી શકું. આ શબ્દો સાંભળતા ભીમસેનની આંખમાંથી અશ્રુની ધારા વહી અને કહ્યું હે રાજન્! શું આપ પણ મને કામ નહિ આવો? હું તો આપની આશાએ બેઠો હતો. આપે પણ મને નિરાશ કર્યો? અરેરે....હવે મારું શું થશે? હે ભગવાન! હું કોનાં શરણે જાઉં? આમ વિલાપ કરતો ઢગલો થઈને ઢળી પડયો. આટલો કરૂણ વિલાપ સાંભળવા છતાં જિતશત્રુને દયા ન આવી ને ત્યાંથી ચાલ્યો ગયો.

બંધુઓ! કર્મની કેવી કઠણાઈ છે! જયારે માણસનું પુણ્ય ખતમ થાય છે ત્યારે દયાળુ પણ નિર્દય બનીને ચાલ્યા જાય છે. નહિતર જિતશત્રુ તો રાજા કરતા પણ વધારે દયાળુ હતા છતાં ભીમસેન માટે આમ કેમ બને? કોઈને નિરાશ ન કરનારો એને જ શા માટે નિરાશ કરે? આ બધા કર્મના ખેલ છે. ભીમસેન કર્મની વિચિત્રતાનો વિચાર કરતો પોતાના પાપને નીંદતો ભાંગેલા હૈયે ને ભાંગેલા પગે ધનસારની દુકાને આવ્યો એટલે ધનસારે પૂછયું–કેમ, આજે તો તારું દુઃખ દૂર થઈ ગયું ને? ભીમસેને દુઃખિત દિલે કહ્યું– શેઠ! મારા નસીબ ઘણા વાંકા છે એટલે હું જયાં સુખની આશાથી દોડું છું ત્યાં મારું નસીબ બે ડગલાં આગળ આવીને ઉભું રહે છે. લાખો ગરીબો ઉપર દયા કરનાર જિતશત્રુએ પણ મને ના પાડી દીધી. જે આશાથી હું બાર બાર મહિના રહ્યો એ આશા માટીમાં મળી ગઈ. હવે હું મારા બાળકો તથા પત્નીને શું મુખ બતાવીશ? એ બિચારા શું કરતા હશે? શેઠ! હવે મારે અહીં રહીને શું કામ છે? હવે જયાં કોઈ આશા જ નથી ત્યાં વૃથા સમય શા માટે ગુમાવવો? હવે હું

જઈશ. આપે તો મને રાખીને મારા ઉપર ઉપકાર કર્યો છે. હું આપના ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી. હવે મારે જવું છે. મને મારા શસ્ત્રો, ઢાલ અને તલવાર પાછા આપો, એટલે હું અહીંથી જાઉં. જુઓ, માણસનું પુણ્ય ખલાસ થઈ જાય છે ત્યારે તેની કેવી દશા થાય છે કે ચોતે સાચો હોય તો પણ જૂઠો ઠરે છે ને પુણ્યવાન જૂઠો હોય તો પણ સાચો ઠરે છે. અહીં પણ આવું જ બન્યું. ભીમસેને ધનસાર પાસે શસ્ત્રો અને ઢાલ પાછા માંગ્યા. હવે ધનસાર પણ કેવો ફરી જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૪૫

ભાદરવા સુદ ૧૦ ને શનિવાર તા. ૧-૯-૭૯

પરમ પંથના પ્રણેતા, મોક્ષ માર્ગના નેતા, આગમના આખ્યાતા, વિશ્વમાં વિખ્યાતા એવા કેવળજ્ઞાની ભગવંતો આપણને પડકાર કરીને જાગૃત થવા માટે કહે છે કે માનવજીવન એ આત્મસંપત્તિ કમાઈ લેવાનો અપૂર્વ અવસર છે. તો આ કમાણી કરવાનો અપૂર્વ લ્હાવો શા માટે ન લઈ લેવો ? સંસારમાં માનવી દરેક કાર્ય કરતાં વિચારે છે કે આમાંથી મને લાભ મળશે ને? દા. ત. બહેનો કપડા ધોવા બેસે ત્યારે કપડાને સાબુ લગાડે, ધોકા મારે પછી તે જોશે કે કપડું ઉજળું થયું કે નહિ ? જો બરાબર ઉજળું ન લાગે તો બે ત્રણ વાર સાબુ લગાડે. જો કપડાની બાબતમાં આટલો લાભ દેખો છો તો આત્માના સંબંધમાં આવું લક્ષ્ય છે કે નહિ ? કપડા પર સાબુ લગાડયો, ધોકા માર્યા છતાં જો તેમાં ઉજ્જવળતા ન દેખાય તો તે જરૂર વિચાર કરશે કે આમ કેમ ? શું કપડું તેલિયું છે ? ઉજળું કેમ નથી થતું ? તો પછી આત્મા પર જે કર્મના મેલના થર જામી ગયા છે તેને ઉજળા કરવા ઉત્તમ માનવભવમાં આત્મા તરફ કંઈ ધ્યાન નહિ આપવાનું ? બહેનો કપડા ધોવા માટે સાબુ, પાણી અને સમય બગાડે છતાં જો કપડા ઉજળા ન થાય તો એને તમે શું કહેશો ? કુવડ. તો પછી આ સુંદર જીવનમાં પુણ્ય અને પુરૂષાર્થ ખર્ચાતા જાય છતાં આત્મામાં જરા પણ ઉજ્જવળતા ન આવે તો જ્ઞાનીની દૃષ્ટિએ આપણે પણ કુવડ જેવા જ ગણાઈ એ ને ?

અહીં કદાચ તમને પ્રશ્ન થાય કે આત્માની ઉજ્જવળતા કઈ ? નિઃસ્વાર્થભાવે દુઃખી જીવોના દુઃખ દૂર કરવા, સર્વ જીવો પ્રત્યે દયાભાવ કેળવવો, જગતના સર્વ જીવોને પોતાના સમાન ગણવા, વિષયો પ્રત્યે વિરાગભાવ કેળવવો, સંસાર પ્રત્યેથી નિર્વેદ ભાવ લાવવો, અરિહંત પરમાત્મા પ્રત્યે અને એમની આજ્ઞા ઉપર અપરંપાર પ્રેમ અને અતૂટ શ્રદ્ધા રાખવી અને છેવટે સંસારના સર્વ બંધનો તોડી સંયમ માર્ગે પ્રયાણ કરવું. જીવનમાં આટલું કરવાથી આત્મા પર લાગેલા કર્મના થર જરૂર પાતળા પડવાના

ને આત્મા ઉજ્જવળ બનવાનો. માટે આત્મસંપત્તિની કમાણી કરવાના સુઅવસરને વ્યર્થ ન ગુમાવતાં તેનો અપૂર્વ લ્હાવો લઈ લો.

આપણા રાજાના અધિકારમાં બ્રહ્મદત્તકુમાર અને વરધનુ બંને જણા સાગરદત્ત શેઠને ત્યાં આનંદથી રહે છે. ત્યાં એક દાસ આવ્યો. એણે વરધનુને એકાંતમાં બોલાવીને એક ડબ્બો આપીને કહ્યું કે તમે કુકડાના પગમાં જે સોય હતી તે ગુપ્ત રીતે કાઢી હતી. તેના બદલામાં આપને પચાસ હજાર રૂપિયા આપવાનું કહ્યું હતું તો તે નિમિત્તે તેણે હાર મોકલેલ છે. એમ કહીને હારનો ડબ્બો આપીને ચાલ્યો ગયો. વરધનુ હારનો ડબ્બો લઈને બ્રહ્મદત્તકુમાર પાસે આવ્યો અને બુદ્ધિલે દાસ મારફત જે સમાચાર મોકલ્યા હતા તે કહી સંભળાવ્યા, અને ડબ્બામાંથી હાર કાઢીને તેણે કુમારને બતાવ્યો. કુમારે તે હારનું નિરીક્ષણ કરવા માંડયું. જોતાં જોતાં તેના એક ભાગમાં પોતાના નામથી અંકિત એક લેખ જોયો. એ જોઈને કુમારે વરધનુને કહ્યું મિત્ર! જો તો ખરો કે આ હારમાં મારા નામનો લેખ લખેલો છે. તો તે કોણે લખ્યો હશે? કુમારની વાત સાંભળીને સમાધાન ખાતર વરધનુએ કહ્યું કે બ્રહ્મદત્ત નામની તમારા સિવાય બીજી અનેક વ્યક્તિઓ આ જગતમાં હોય, તેમાં કોણ જાણે કયા બ્રહ્મદત્તનું નામ અહીં લખવામાં આવ્યું હશે! આ પ્રમાણે કહીને વરધનુ કુમારની પાસેથી ચાલ્યો ગયો, અને લેખને ખોલ્યો તો તેમાં આ પ્રમાણે ગાથા લખેલી જોઈ.

प्रार्थ्यते यद्यपि जनो, जनेन संयोगजनित यत्नेन।
तथापि त्वामेव रमणं, रत्नवती मन्यते मनसा॥

વરધનુએ સૂક્ષ્મ બુદ્ધિથી આ ગાથાના અર્થનો વિચાર કર્યો તો એને અર્થ સમજાયો. બીજે દિવસે ત્યાં એક પરિવ્રાજિકા આવી ને તેણે કુમારને ચોખાથી વધાવીને આશીર્વાદ આપ્યા કે હે કુમાર! તમે એક લાખ વર્ષના આયુષ્ય ભોગવનાર બનો. આ પ્રમાણે આશીર્વાદ આપીને તેણે વરધનુને એકાંતમાં બોલાવીને તેની સાથે કંઈક ગુપ્ત વાતચીત કરીને ચાલી ગઈ, ત્યાર પછી કુમારે વરધનુને કહ્યું હે મિત્ર! એ પરિવ્રાજિકાએ તમને શું કહ્યું? વરધનુએ કહ્યું–મિત્ર! સાંભળો. તેણે મને એમ કહ્યું કે બુદ્ધિલે તમને ડબ્બામાં જે હાર મોકલાવ્યો છે તેમાં જે લેખ છે તેની મને નકલ કરવા દો, ત્યારે મેં તેને એમ કહ્યું કે આ લેખ તો બ્રહ્મદત્તના નામથી અંકિત છે તો તમે મને પહેલાં એ કહો કે એ બ્રહ્મદત્ત કોણ છે? ત્યારે એણે મને કહ્યું કે હું તમને એ વાત કહું છું પણ તમે ગુપ્ત રાખજો. કોઈને પણ કહેશો નહિ. સાંભળો.

આ નગરના કોડાધિપતિ નગરશેઠને રત્નવતી નામની એકની એક પુત્રી છે. તે બુદ્ધિલની બહેન થાય છે. બાલપણથી એને મારા પ્રત્યે ખૂબ સ્નેહ છે. એના પિતાએ એને અનેક પ્રકારની કળાઓ, શાસ્ત્રો વિગેરે ભણાવીને હોંશિયાર બનાવી. હવે તે યુવાન

થઈ છે. અત્યારે તો એને સમસ્ત સ્ત્રીઓમાં એક સ્ત્રીરત્ન સમાન માનવામાં આવે છે. એક દિવસ એ રત્નવતી ખૂબ ચિંતાતુર બની ગઈ. એને કયાંય ચેન પડતું ન હતું. એની આવી સ્થિતિ જોઈને મેં એને પૂછ્યું કે બેટા! સદા કમળની માફક પ્રફુલ્લિત રહેતું તારું મુખકમળ આજે કેમ કરમાઈ ગયું છે? આવા મોટા શ્રીમંત પિતાની પુત્રીને એવું તે શું માનસિક દુઃખ છે? તું તારા દુઃખનું કારણ જો મને નહિ કહે તો કોને કહીશ? તને મારા ઉપર વિશ્વાસ નથી? બીજું કોણ એવું તારું વિશ્વાસ પાત્ર છે કે જેના મોઢે તું દુઃખની વાત કહીશ. બંધુઓ! આજે દુનિયામાં માણસો તો ઘણાં હોય છે પણ વિશ્વાસપાત્ર વ્યક્તિ તો કોઈક જ હોય છે. અરે, જેના ઉપર પૂરો વિશ્વાસ હોય છે એવા જિગરજાન મિત્રો હોવા છતાં કયારે એ વિશ્વાસને બદલે વિશ્વાસઘાત કરી બેસે છે તે કહી શકાતું નથી. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક ગામમાં શાન્તિલાલ અને સવાઈલાલ નામના બે મિત્રો રહેતા હતા. બંને વણિક પુત્રો બાલપણના ગોઠિયા હતા. બંને વચ્ચે સારી મિત્રતા હતી. એકબીજાને એકબીજા પ્રત્યે ખૂબ વિશ્વાસ હતો. સ્હેજ પણ અવિશ્વાસ ન હતો. બંને સુખી ખૂબ હતા પણ સૌની સ્થિતિ સદા એકસરખી રહેતી નથી. તે અનુસાર સવાઈલાલની સ્થિતિ ઘસાવા લાગી. પૈસાટકે ખૂબ ઘસાઈ ગયા, પણ સમાજમાં એનો મોભો સારો હતો. એક વખત સવાઈલાલને ઘેર લગ્નનો પ્રસંગ આવ્યો. એમની સ્થિતિ ઘસાઈ ગઈ હતી એટલે તેણે પોતાના વિશ્વાસપાત્ર મિત્ર શાંતિલાલને ઘેર જઈને માંગણી કરી કે હે મિત્ર! મારે ઘેર લગ્નનો પ્રસંગ છે ને મારી સ્થિતિ તું જાણે છે તો લગ્નમાં પહેરવા માટે તારે ત્યાંથી દાગીના આપ તો મારી આબરૂ જાય નહિ. જો આપે તો તારી મહેરબાની. લગ્ન પતશે એટલે તરત હું પાછા આપી જઈશ, તેથી ઉદાર દિલના શાંતિલાલે હીરાના દાગીનાનો દાબડો આપ્યો.

"દાગીના જોતા બગડેલી બુદ્ધિ" :–દાગીનાથી ભરેલો દાબડો લઈને સવાઈલાલ પોતાને ઘેર આવ્યો. હીરાનો હાર, બંગડી, વીંટી, બુટીયા વિગેરે હીરાના દાગીના હતા. એ બધા એની પત્નીએ લગ્નમાં પહેર્યા. સારી રીતે લગ્નનો પ્રસંગ પતી ગયો એટલે દાગીના તો મિત્રના પાછા આપી દેવા જ જોઈએ ને? પણ આ કિંમતી દાગીના જોઈને સવાઈલાલની દાનત બગડી. એણે સવા લાખ રૂપિયાની કિંમતનો હીરાનો હાર લઈ લીધો ને બાકીના દાગીના દાબડામાં ભરી જ્યારે શાંતિલાલની દુકાને ઘણાં માણસો બેઠા હતા. એ ખૂબ કામમાં હતા તે સમયે લઈને આવ્યો ને કહ્યું–ભાઈ! આ તમારા દાગીનાનો દાબડો સંભાળી લો. તમે મને આ દાગીના આપ્યા તે બદલ હું તમારો મોટો ઉપકાર માનું છું. આપ બરાબર જોઈ લેજો. આ વખતે શાંતિલાલ ખૂબ કામમાં હોવાથી મિત્ર ઉપર વિશ્વાસ રાખીને દાગીના જોયા વિના દાબડો તિજોરીમાં મૂકી દીધો. એને સવાઈલાલ ઉપર અવિશ્વાસ ન હતો એટલે દાગીના જોયા નહિ. આ વાતને

ત્રણ ચાર મહિના વીતી ગયા પણ શાંતિલાલે હાર માટે ધૂમ પાડી નહિ એટલે સવાઈલાલે માન્યું કે હવે હાર આપણને પચી ગયો. એ તો શાંતિથી બેઠા હતા.

એક દિવસ શાંતિલાલના સંબંધીને ઘેર લગ્નનો પ્રસંગ આવ્યો એટલે લગ્નમાં પહેરવા માટે દાગીનાનો દાબડો ખોલ્યો તો મુખ્ય હાર નથી, તેથી એમના મનમાં થયું કે કદાચ સવાઈલાલને ઘેર રહી ગયો હશે. એની તપાસ તો મારે કરવી જોઈએ. એટલે એ તો સવાઈલાલના ઘેર આવ્યાને હારની વાત કરી ત્યારે સવાઈલાલે કહ્યું હે મિત્ર ! મેં તો તમને બધા જ દાગીના આપી દીધા છે. એ વાતને ત્રણ ચાર મહિના વીતી ગયા ને હવે મને ગળે પડો છો ? તેં ભાંગ તો નથી પીધી ને? હાર શું ને વાત શી ? આ તો સાવ નામક્કમ જ ગયો, ત્યારે શાંતિલાલે કહ્યું મેં તો તેં દાગીનાનો દાબડો આપ્યો તે ખોલીને જોયો યે નથી. તારા વિશ્વાસે તું આપી ગયો તેમ મૂકી દીધો. આજે જરૂર પડી એટલે ખોલ્યો ત્યારે હાર ન મળ્યો. હું તને કહેવા આવ્યો ત્યારે તું તો વાત જ ઉડાડી મૂકે છે. બંને વચ્ચે ખૂબ બોલાચાલી થઈ. લોકો ભેગા થઈ ગયા ને અંતે આ ઝઘડો રાજદરબારમાં પહોંચ્યો.

"વિશ્વાસુમાંથી બનેલો વિશ્વાસઘાતી" :–બંને જણાં રાજા પાસે હાજર થયા. રાજાએ સવાઈલાલને પૂછયું કે તમે હાર લીધો હતો ? હા સાહેબ. તો તમે પાછો કેમ નથી આપ્યો ? ત્યારે સવાઈલાલે રૂઆબથી કહ્યું મહારાજા ! મેં તો એના બધા જ દાગીના હાર સહિત આપી દીધા છે. એના ઘરમાં જ હશે પણ નકામો એ મારી આબરૂનું લીલામ કરે છે ને મને હેરાન કરે છે, ત્યારે શાંતિલાલે કહ્યું સાહેબ ! મેં તો એના ઉપર વિશ્વાસ રાખીને દાગીના આપ્યા અને વિશ્વાસ રાખીને આપ્યો તેવો દાબડો જોયા વગર તિજોરીમાં મૂકી દીધો. પણ આજે મારી પત્નીને લગ્નમાં પહેરવા માટે જોઈતા હતા તો ડબ્બો કાઢયો તો તેમાં હાર ન જોયો. તેથી તેને ઘેર ગયો તો તેણે વાત અદ્ધર હવામાં જ ઉડાડી દીધી. ખરેખર એણે વિશ્વાસઘાત કર્યો છે. આપ મારો સવા લાખની કિંમતનો હીરાનો હાર પાછો અપાવો. રાજાએ સવાઈલાલને ઘણું સમજાવ્યો પણ એણે તો એક જ વાત કરી કે મેં હાર લીધો જ નથી. પછી કયાં વાત રહી ?

"સત્યની પરીક્ષા કરવા દિવ્ય આપતા રાજા" :–છેવટે રાજાએ બંનેને દિવ્ય આપવાનું નક્કી કર્યું. દિવ્ય એટલે તમે સમજો છો ને ? અગ્નિમાં હાથ રાખવાના. જે સાચો હોય તેને અગ્નિ બાળી ન શકે. ગુનેગાર હોય તેના હાથ બળી જાય. આ રીતે બંનેને અગ્નિમાં હાથ રાખવાનું દિવ્ય નક્કી કર્યું. તે માટેનો દિવસ, સમય નક્કી થઈ ગયા. એ દિવસે રાજાનો દરબાર ચિક્કાર ભરાઈ ગયો હતો. તમાસાને કંઈ તેડું હોય ? બધા જોવા ભેગા થયા. શાંતિલાલ અને સવાઈલાલ બંને આવી ગયા. રાજા પણ આવી ગયા. વચમાં અગ્નિની ભઠ્ઠી સળગાવવામાં આવી. શાંતિલાલને વિશ્વાસ હતો કે

સવાઈલાલના હાથ જરૂર અગ્નિ બાળશે ને મને મારો હાર મળી જશે. આમ વિચાર કરતા હતા ત્યાં રાજાનો હુકમ થયો કે શાંતિલાલ! તમે પહેલા અગ્નિમાં તમારો હાથ ધરો એટલે તરત શાંતિલાલ ઉભા થયા. તેઓ પોતાની સાથે પાણીનો ઘડો લાવ્યા હતા તેમાંથી થોડું પાણી લઈને પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરીને બોલ્યા કે હે અગ્નિદેવ! જો મારો હાર મને સવાઇલાલે પાછો આપ્યો હોય ને મારી પાસે હોય તો મારા હાથ બાળજો. આમ કહીને અગ્નિમાં પોતાનો હાથ નાંખ્યો, પણ હાથ બળ્યા નહિ. એતો જાણે ઠંડા પાણીમાં હાથ બોળીને બેઠા હોય તેમ લાગ્યું, એટલે રાજા અને સભા ખુશ થયા. રાજાએ તેમને હાથ કાઢી લેવા માટે કહ્યું. શાંતિલાલે હાથ બહાર કાઢયા એટલે લોકોએ એમનો જયજયકાર બોલાવ્યો ને શેઠને પણ આનંદ થયો.

"**સત્યનો જય**" :– હવે રાજાએ સવાઈલાલને અગ્નિમાં હાથ નાંખવાનો હુકમ કર્યો. સૌને એમ હતું કે નક્કી સવાઈલાલના હાથ બળી જશે. સવાઇલાલ પણ પાણીનો ઘડો ભરીને લાવ્યો હતો. એણે થોડું પાણી હાથમાં લઈને પોતાનો ઘડો શાંતિલાલને પકડવા આપીને પોતે અગ્નિ પાસે ગયો ને બોલ્યો કે હે અગ્નિદેવ! જો મેં શાંતિલાલને હીરાનો હાર હાથોહાથ ન આપ્યો હોય તો મારા હાથ બાળજો. એમ કહીને સવાઈલાલે અગ્નિમાં હાથ નાંખ્યા પણ બિલકુલ બળ્યા નહિ. પાંચ સાત મિનિટ બાદ રાજાએ હાથ કાઢી લેવા કહ્યું એટલે આનંદભેર પાછો ફર્યો. આથી શાંતિલાલનું મુખ કરમાઈ ગયું. રાજા અને સભાજનો બધાને પણ આશ્ચર્ય થયું કે આ શું? શું આ બંને જણા નિર્દોષ છે? તો પછી હાર ગયો કયાં? આમ સૌ વિચારમાં હતા ત્યાં સવાઈલાલ પોતે નિર્દોષ ઠર્યો ને હાર પોતાને મળી ગયો એ આનંદના અતિરેકમાં ઝડપભેર શાંતિલાલના હાથમાંથી ઘડો લીધો પણ ઉતાવળથી લેવા જતાં એના હાથમાંથી છટકી ગયો ને નીચે પડી ગયો. માટીનો ઘડો ફૂટતા શી વાર? હીરાનો હાર પણ નીચે પડયો. આ જોઈને રાજા અને સભાજનો બધા હાર જોઈને સવાઈલાલની કરામત સમજી ગયા. તમે બધા પણ સમજી ગયાને? આ વાતમાં તો મારે તમને વધુ સમજાવવું પડે તેમ નથી. પાણીના ઘડામાં હીરાનો હાર શાંતિલાલના હાથમાં આપીને કપટથી સવાઈલાલ દિવ્યમાં જીત્યો પણ અંતે પાપનો ઘડો ફૂટયો.

રાજા સવાઈલાલ ઉપર ખૂબ ક્રોધાયમાન થયા, અને તેને ખૂબ માર મરાવ્યો ને આકરી સજા કરી અને શાંતિલાલનો હાર એમને આપી દીધો, તેથી એ પ્રસન્ન થયો. અંતે સત્યનો જય થયો ને પાપનો પરાજય થયો. "**પાપ છૂપા ના રહે, રહે તો મોટા ભાગ, દાબી ડૂબી નવિ રહે, રૂઈ લપેટી આગ.**" દુનિયામાં પાપને છૂપાવવા માણસ લાખો પ્રયત્નો કરે પણ પાપ કંઈ છૂપું રહી શકતું નથી. જુઓ, સવાઈલાલે પાપ કર્યું તો છાનું રહ્યું? એના પાપનો ઘડો ભરાઈ ગયો તો ફૂટી ગયો. ત્યારથી આ કહેવત પડી છે કે "પાપનો ઘડો ફૂટયા વિના ન રહે." આવું સમજીને તમે પણ વિશ્વાસઘાત, અસત્ય, ચોરી વિગેરે પાપકર્મો કરતાં પાછા હઠજો.

આપણે બ્રહ્મદત્તકુમારની વાત ચાલતી હતી તેમાં પેલી પરિવ્રાજિકા રત્નવતીને પૂછે છે કે બેટા ! તારા મનમાં જે હોય તે તું મારા પર વિશ્વાસ રાખીને મને કહે. મારાથી બનશે ત્યાં સુધી હું તારું દુઃખ દૂર કરવા માટે પ્રયત્ન કરીશ. તો પણ રત્નવતી શરમથી નીચું જોઈને બેસી રહી. મને કંઈ જવાબ ન આપ્યો ત્યારે તેની પાસે બેઠેલી તેની પ્રિય સખી પ્રિયંગુલિકાએ કહ્યું માતા ! એ લજ્જાને કારણે તમને કંઈ કહેતી નથી પણ હું તમને કહું સાંભળો. એ થોડા દિવસ પહેલાં ઉદ્યાનમાં ફરવા ગઈ હતી ત્યારે ત્યાં એના ભાઈ બુદ્ધિલ અને સાગરદત્તના કુકડા વચ્ચે થતું યુદ્ધ તે જોતી હતી. ત્યાં તેણે એક તેજસ્વી સુંદર યુવાનને જોયો. એને જોતાં જ તેણે તેની સાથે લગ્ન કરવાનો નિર્ણય કર્યો છે. રત્નવતીની વાત સાંભળીને મેં એને કહ્યું પુત્રી ! તું ધીરજ રાખ. સૌ સારા વાનાં થશે. તારા મનોરથ પૂર્ણ થાય તે માટે મારાથી બનતા પ્રયત્નો હું કરી છૂટીશ. હું એ બ્રહ્મદત્તકુમારને જાણું છું, મારા આવા શબ્દો સાંભળીને તેને શાંતિ વળી છે, અને તેને મારી વાત ઉપર વિશ્વાસ બેસે તે માટે આ નિમિત્તે બુદ્ધિલભાઈના બહાના હેઠળ આ હાર બ્રહ્મદત્તના નામથી અંકિત કરીને એને ડબ્બામાં મૂકીને કોઈ માણસ સાથે મોકલાવો. આ માટે મેં ગઈ કાલે હાર આપને મોકલાવ્યો છે. આ પ્રમાણે કહીને અંતમાં એણે એ પણ કહ્યું કે જે ગાથા હારની સાથે મોકલાવી છે તેનો પ્રત્યુત્તર પણ તમારે આપવો જોઈએ, તેથી મેં પણ એના પ્રત્યુત્તરના સમાચાર રૂપે નીચેની ગાથા લખેલી છે કે

उचितत्वाद्वरधनुना, सुहृदोक्तो ब्रह्मनामपि ।
स्त्रीरत्नं रत्नवती, मिच्छति गोविंद इव कमलाम् ॥

મિત્ર વરધનુ દ્વારા ઉચિત રૂપમાં કહેવામાં આવ્યું કે જેવી રીતે લક્ષ્મી વિષ્ણુને ચાહે છે તેવી રીતે બ્રહ્મદત્ત રત્નવતી જેવી સ્ત્રીરત્નને ચાહે છે. આ પ્રમાણે વરધનુએ કહેલો વૃત્તાંત સાંભળીને બ્રહ્મદત્તકુમાર રત્નવતીમાં અનુરક્ત બન્યો. આ બનાવ બન્યા પછી વરધનુ નગરની બહાર ફરવા ગયો, ત્યારે તેને સમાચાર મળ્યા કે દીર્ઘરાજાના ગુપ્તચરો આપણને શોધવા માટે અહીં આવ્યા છે ને અહીંના રાજાનો તેમાં સાથ છે. વરધનુએ બ્રહ્મદત્તકુમારને કહ્યું મિત્ર ! હવે આપણા માટે અહીં રહેવું તે હિતકારક નથી, માટે આપણે બંને જલ્દી અહીંથી ચાલ્યા જઈએ. એમ વિચારી સાગરદત્તને વાત કરી. સાગરદત્તે તેમને ભોંયરામાં સંતાડી દીધા પણ બંને જણાએ કહ્યું અહીં રહેવામાં અમારું જોખમ છે માટે જવા દો. સાગરદત્તને આ વાત ઠીક લાગી એટલે રાત્રીના સમયે તે બંનેને નગરની બહાર ઘણે દૂર સુધી પહોંચાડી પાછો ફર્યો. હવે તેઓ બંને કયાં જશે તે અવસરે.

ચરિત્ર :– રાજા અને જમાઈ બંનેની સવારી ગઈ પણ ભીમસેનનું દુઃખ ટળ્યું નહિ તેથી ભીમસેને ધનસાર શેઠને કહ્યું, દયાળુ શેઠ ! તમે મારી તલવાર અને ઢાલ

પાછા આપો એટલે હું અહીંથી જાઉં. જુઓ માણસનું પુણ્ય ખલાસ થઈ જાય છે ત્યારે તેની કેવી દશા થાય છે કે પોતે સાચો હોય તો પણ જૂઠો ઠરે છે અને પુણ્યવાન જૂઠો હોય તો પણ સાચો ઠરે છે. અહીં પણ આવું જ બન્યું. ભીમસેને ધનસાર પાસે પોતાના શસ્ત્રો માંગ્યા ત્યારે ધનસારે શું કહ્યું "**બારહ મહિના રોટી ખાઈ, લજ્જા હીન ગમાર.**" તને દુઃખી જાણીને મેં તને બાર બાર મહિના મારે ઘેર રાખ્યો, રોટલા ખવડાવ્યા ને પાછો મારા ગળે પડે છે? તને કોઈ લાજ શરમ છે કે નહિ?

"**ભીમસેનના ઢાલ અને તલવાર પડાવી લેતો ધનસાર**" :–ધનસારે ગુસ્સો કરીને કહ્યું કે ઢાલ અને તલવાર શી ને વાત શી? તેં મને કયાં શસ્ત્રો આપ્યા છે કે તે મારી પાસે માંગે છે? ત્યારે ભીમસેને નમ્રતાથી કહ્યું શેઠ! તમે તો મને નિરાધારને આશ્રય આપીને મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. તમારા ઋણમાંથી હું મુક્ત થઈ શકું તેમ નથી, પણ હું આવ્યો ત્યારે મારા શસ્ત્રો તમને સાચવીને મૂકી દેવા આપ્યા છે. કદાચ આપને એ વાત વિસ્મૃત થઈ ગઈ હોય તો તપાસ કરો,. ધનસારે પાટલી ફેરવી તેનું કારણ એ છે કે બાર મહિના દુકાનમાં ભીમસેને ખૂબ કામ કર્યું હતું એટલે બદલામાં કંઈક પગાર તો આપવો પડે ને? પણ જો અત્યારે એની લાચારીનો લાભ ઉઠાવીને એને જૂઠો પાડી દઉં તો એને પગાર આપવો મટી જાય ને મારે ધન બચી જાય. આવા ગરીબ માણસને જોઈને દયા આવવી જોઈએ, તેના બદલે ધનસાર નિર્દય બની ગયો. કેવો કર્મનો ખેલ છે! ધનસારે આંખ ફેરવીને કહ્યું કે એક તો દુઃખી જાણીને મેં તારા પર દયા કરીને તને મારે ઘેર રાખ્યો. એક બાજુ તું મારો ઉપકાર માને છે ને બીજી બાજુ મારા પર આળ મૂકે છે? ખરેખર, તું કોઈ ઠગ માણસ લાગે છે. જો તું સારો હોત તો તને અરિંજય રાજા કે જિતશત્રુ મદદ ન કરત! તારા લક્ષણે જ તને મદદ નથી કરી. બસ, હવે તું ચાલ્યો જા. એમ ખૂબ બોલાચાલી થઈ એટલે દુકાને માણસો ભેગા થયા. ભીમસેન બિચારો ઘણું સાચું કહે છે પણ એની વાત કોણ સાંભળે? સૌ ધનવાનની વાત સાંભળે છે. સૌએ ધનસારનો પક્ષ લીધો અને ભીમસેનને ધૂત્કારવા લાગ્યા, ત્યારે ભીમસેને ગળગળા થઈને કહ્યું કે અરેરે....શેઠ! હું જીવતો મરેલા જેવો થઈ ગયો છું. મારે હવે એ શસ્ત્રનો જ આધાર છે. આપ મને મરતાને ન મારો. ત્યાં તો ધનસારે એને ધક્કો મારીને કાઢી મૂકયો. એક તો રાજા તથા જમાઈએ કંઈ મદદ ન કરી. બીજી તરફ પોતાના શસ્ત્રો પણ ધનસારે ન આપ્યા, એટલે ભીમસેન વધારે દુઃખી થઈને પોતાની પત્ની તથા પુત્રોની ચિંતા કરતો ઘર તરફ પાછો ચાલ્યો. અરેરે....હું ઘેરથી નીકળ્યો ત્યારે શેર બાજરી પણ મૂકીને નીકળ્યો નથી. મારા વહાલા દેવસેન અને કેતુસેનને ભૂખ્યા તરસ્યા સૂવાડી, સુશીલાને રડતી મૂકીને એક મહિનામાં પાછો આવીશ એમ કહીને નીકળ્યો હતો. તેને બદલે પૂરા બાર મહિના થઈ ગયા. એમનું શું થયું હશે? સુશીલા બિચારી શું કામ કરતી હશે?

આ કડકડતી ઠંડીના દિવસોમાં એમની પાસે પહેરવા માટે જાડા કે પાતળા કપડા પણ હશે કે નહિ ? ભયંકર દુઃખમાં એ લોકો દિવસો ગુજરતા હશે ને હું તો હતો તેવો ને તેવો પાછો જાઉં છું.

"કિમ કુટુંબકો મુખ દિખલાઉં, કૈસી વક્ત ક્લિષ્ટ,
પૂછેંગે કયા લાયા, મૈં કર આયા સર્વ અનિષ્ટ."

હું ત્યાં જઈશ એટલે સુશીલા, દેવસેન અને કેતુસેન બધા મને વીંટળાઈ વળશે ને પૂછશે કે તમે બાર બાર મહિનાથી અમને મૂકીને ગયા હતા તો શું લાવ્યા ? હું એમને શું કહીશ ? હું એમને શું મોઢું બતાવીશ ? કારણ કે હું કંઈ લાવ્યો તો નથી પણ તલવાર અને ઢાલ જે મારું ક્ષત્રિયનું ચિહ્ન છે તે પણ મૂકીને આવ્યો છું. અરેરે.... ભગવાન ! અમારું શું થશે ? એમ ચિંતા કરતો ભૂખ તરસથી પીડાયેલો ને ઘણા દિવસની સફરથી થાકેલો ભીમસેન રાત્રીના સમયે પોતે જ્યાં રહેતો હતો ત્યાં ક્ષિતિપ્રતિષ્ઠ નગરના બાદરમાં પહોંચ્યો. રાત પડી ગઈ છે પણ પોતાની પત્ની તથા બાળકોને મળવા માટે અધીરો બનેલો પોતાની ઝૂંપડીએ આવ્યો, તો ઝૂંપડી બંધ હતી, એટલે એના મનમાં થયું કે હું આ કાણામાંથી જોઉં કે બધા શું કરે છે ?

"બાળકોનો કરૂણ કલ્પાંત" :– ઘાસની ઝૂંપડીમાં છિદ્રો દ્વારા ભીમસેને અંદર દૃષ્ટિ કરીને જોયું તો ભલભલા કઠોર હૃદયના માનવીનું કાળજું કંપી ઉઠે તેવું એ દૃશ્ય હતું. ઝૂંપડીમાં ફાટેલા તૂટેલા એક કંતાન ઉપર બે બાલુડા હતા. સુશીલા બાજુમાં જમીન પર સૂતી હતી. એમના ત્રણેના શરીર તો હાડપિંજર જેવા થઈ ગયા હતા. બંને બાળકો ઉઘાડા શરીરે ટૂંટિયું વાળીને સૂતા હતા. શિયાળાની કડકડતી ઠંડી અને પવન ફૂંકાઈ રહ્યો હતો, તેથી ત્રણેના શરીર ઠંડીથી થરથર ધ્રૂજતા હતા. ત્યાં કેતુસેન ઝબકીને જાગ્યો ને બોલ્યો બા....બા....મને બહુ ભૂખ લાગી છે ને ખૂબ ઠંડી લાગી છે. તો મને તું કંઈક ખાવાનું આપ અને કંઈક ઓઢાડને. ત્યાં તો દેવસેન પણ બેઠો થઈ ગયો ને એ પણ રડવા લાગ્યો, ત્યારે સુશીલાએ પોતાના વહાલસોયા બાલુડાઓને પોતાનો ફાટલો સાડલો ઓઢાડયો. ત્યાં બંને કહે છે બા....ખાવું છે. બેટા ! હજુ રાત બાકી છે. રાત્રે ન અવાય. સૂઈ જાઓ મારા લાલ. હું તમને સવારે ખાવાનું આપીશ, ત્યારે દેવસેન અને કેતુસેન કહે છે બા ! તું તો રોજ અમને સમજાવે છે. અમે બબ્બે દિવસના ભૂખ્યા છીએ. સુશીલા પોતે પોતાની સાડી બાળકોને ઓઢાડીને ટૂંટિયું વાળીને બેઠી છે. બાળકો રડે છે. આ દૃશ્ય જોઈને ભીમસેનનું હૈયું ચીરાઈ ગયું. અરેરે....મારી પત્ની અને બાળકોની આ દશા ! હવે સુશીલા બાળકોને શું કહેશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૪૬

ભાદરવા સુદ ૧૧ ને રવિવાર **તા. ૨-૯-૭૯**

અનંતજ્ઞાની, અનંત દર્શની, વાત્સલ્ય વારિધિ, પ્રેમના પયોનિધિ, એવા તીર્થંકર ભગવંતોએ જગતના જીવોને ઉદ્બોધન કરતા કહ્યું કે હે આત્માઓ! "**संबुज्झह्ह जंतवो माणुस्सं**" તમે બોધને પ્રાપ્ત કરો. મનુષ્યભવ ફરીથી પ્રાપ્ત થવો મહાદુર્લભ છે, અને તેમાં જૈનશાસન અને ધર્મની પ્રાપ્તિ થવી એ તો અતિ દુર્લભ છે. બધી અનુકૂળતાવાળો કિંમતી માનવભવ આપણને મળી ગયો. આ સોનેરી તકને કેવી રીતે વધાવી લેવી એ આપણે વિચારવાનું છે. પૌદ્ગલિક સુખના પિપાસુ આત્મા સંસારના રંગરાગમાં ને જડ પુદ્ગલો મેળવવાની મથામણમાં પોતાની તક ગુમાવી દે છે. આજે માનવી વહેપાર ખુવાર થતા દેખે છે ત્યારે તેને હાય લાગે છે. અરેરે....એકસોવીસના માત્ર વીસ. કેટલા ભાવ પડી ગયા! જીવને એ ખુવારી દેખાય છે પણ માનવજીવનના મહા કિંમતી સમયની ખુવારી થઈ રહી છે તે નથી દેખાતું. પહેલા પાંચ હજારમાં ઘર મળતું હતું ત્યારે વિચાર કરવા રહ્યા ને લીધું નહિ અને આજે પાંચના પચ્ચીસ હજાર થઈ ગયા. ખરેખર મેં એ તક ગુમાવી દીધી એમ થાય છે પણ અસંખ્ય વર્ષના દેવલોકના સુખ પછી ઊંચું ને સુંદર માનવજીવન તેમાં આત્મકલ્યાણ કરવાની વર્તમાન જીવનની સોનેરી તક પાપકાર્યમાં ખુવાર કરી નાંખી તેની હાય થાય છે?

જો જીવ સંસાર સુખ મેળવવામાં પોતાની તકને ન ગુમાવે તો પોતાના જીવનનો ઘણો સદુપયોગ કરી શકે. આ એક ભવ દ્વારા અનંત સંસારનો ઉચ્છેદ કરી શકાય. અનંતકાળથી ભવોનું લંબર ચાલી આવ્યું છે. ભવ પર ભવ, ભવ પર ભવ. આ એક જીવનમાં એ સામર્થ્ય છે કે અનંત કર્મોના ભાર નીચે ઉતારી શકાય, અને ભવોના લંબરને તોડી શકાય. આ જીવને જગતની અંદર એક હલકા નાટકિયાની જેમ નવા નવા વેશ કરી મોહરાજાના હુકમ મુજબ નાચ કરવા પડે છે. આ બધી સ્થિતિ અનંતકાળથી ચાલી આવી છે છતાં હજુ ઓછી થતી નથી. કર્મની પરાધીનતામાં જકડાયેલા આત્માએ આજ સુધી અનંત પ્રકારના વેશ ભજવ્યા. હવે એ બધાનો સરાસર અંત લાવવો હોય તો માનવજીવન એ અમૂલ્ય તક છે. વર્તમાન સમયે અસંખ્ય જીવો સાત નરકમાં મહાન ભયંકર દુઃખો ભોગવી રહ્યા છે તે જ સમયે અનંતાનંત સિદ્ધ પરમાત્માઓ અનંત સુખમાં મહાલે છે, કારણ કે એમને કર્મની પરાધીનતા કે ગુલામી નથી જ્યારે નરકના જીવોને કર્મની ગુલામી છે, તેથી એ બિચારાને પરમાધામી આગળ ક્રૂર, હાસ્ય, મજાકના પાત્ર તરીકે નાટક ભજવવા પડે. આ બધી ખરાબ દશા અનંતકાળથી ચાલી આવેલી છે. જેનો અંત આ જીવનના સોનેરી સમયના સદુપયોગથી કરી શકાય. પાપકર્મ ખપાવવાનો આ અમૂલ્ય સમય છે, માટે આ સમયે

પાપ ડાકુને બહાર કાઢવાને બદલે નવા પાપ ડાકુ અંદર પેસી ન જાય તે ધ્યાન રાખવાની જરૂર છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. સાગરદત્ત શેઠ બંને મિત્રોને નગર બહાર થોડે દૂર સુધી મૂકવા ગયા. પછી બંને મિત્રો આગળ ચાલ્યા તો થોડે દૂર જતાં તેમણે એક યક્ષનું મંદિર જોયું. એ મંદિરના આગળના ભાગમાં એક સૌંદર્યવતી કન્યા બેઠી હતી. યક્ષના મંદિર સામે વૃક્ષ નીચે અસ્ત્ર શસ્ત્રથી યુક્ત એક રથ પણ તૈયાર હતો. આ કન્યાએ આ બંને મિત્રોને આવતા જોયા એટલે ઉભી થઈને ખૂબ આદર કરીને નમ્રતાપૂર્વક કહેવા લાગી કે આપને અહીં આવતા ઘણી વાર લાગી. હું તો કયારની આપની રાહ જોતી અહીં આવીને બેઠી છું. કુમારીના આવા મધુર વચન સાંભળીને કુમારને ખૂબ આશ્ચર્ય થયું કે જ્યાં વાર વાર નાસભાગ કરવી પડે છે ત્યાં વળી મારી રાહ જોનાર કોણ સુંદરી હશે ? એટલે આશ્ચર્યથી પૂછયું કે અમે કોણ છીએ એ તમે જાણો છો ? ત્યારે કન્યાએ કહ્યું–'હા'. હું જાણું છું. આપ બ્રહ્મદત્તકુમાર છો અને બીજા આપના મિત્ર વરધનુકુમાર છે, ત્યારે કુમારે ફરીથી પૂછયું કે તમને અમારો પરિચય કેવી રીતે મળ્યો ? કન્યાએ કહ્યું કે સાંભળો. આ નગરમાં ધનપ્રવર નામે એક મહાન શ્રીમંત શેઠ વસે છે. તેમની પત્નીનું નામ ધનસંચયા છે. તેમને આઠ પુત્રો છે, અને એકની એક વહાલસોયી હું દીકરી છું. હું આઠ આઠ ભાઈની લાડીલી બહેન છું. મારું નામ રત્નવતી છે. મને મારા માતા પિતાએ ખૂબ ભણાવી ગણાવીને હોંશિયાર બનાવી. હું બાલપણ વટાવીને યૌવન અવસ્થામાં પહોંચી ત્યારે મારા માતા પિતાએ મારા માટે યોગ્ય વરની શોધ કરી પણ તેમને સંતોષ થાય તેવો છોકરો નહિ મળવાથી તેમને ખૂબ ચિંતા થઈ, ત્યારે મેં કહ્યું કે તમે મારી ચિંતા ન કરશો. હું જીવનભર કુંવારી રહીને બ્રહ્મચર્યવ્રતનું પાલન કરીશ.

મારી માતાએ મારી આ વાતનો સ્વીકાર ન કર્યો ને કહ્યું તું તારી ઇચ્છા પ્રમાણે કોઈ શ્રીમંત શ્રેષ્ઠી પુત્રને પસંદ કરી લે જેથી તારા પિતાજીની ચિંતા ઓછી થાય. મેં આ વાતનો સ્વીકાર ન કર્યો ત્યારે મને કહ્યું કે બેટા! સારા વરની પ્રાપ્તિ માટે યક્ષની આરાધના કર તો તારી ઇચ્છા પૂરી થશે. આ રીતે માતાના કહેવાથી મેં યક્ષની આરાધના કરવા માંડી. સાથે ઉગ્ર તપ વ્રત અને નિયમોનું આચરણ કર્યું, તેથી યક્ષ મારા ઉપર પ્રસન્ન થયો ને મને આશીર્વાદ આપીને કહ્યું કે બેટા ! ભવિષ્યમાં ચક્રવર્તિ બનનાર બ્રહ્મદત્તકુમાર તારો પતિ થશે ને તેઓ તેમના મિત્ર વરધનુકુમારની સાથે અહીં આવશે. એ વાત તું લક્ષ્યમાં રાખજે. આ પ્રમાણે વાત કરીને રત્નવતીએ કહ્યું કે યક્ષના કહેવાથી મેં આપને માટે હાર મોકલાવ્યો, વિગેરે શું શું કર્યું એ વાત આપના ધ્યાનમાં છે. રત્નવતીની વાત સાંભળીને બ્રહ્મદત્તકુમારને ખૂબ આનંદ થયો ને માન્યું કે આ કન્યાને મારા પ્રત્યે સાચો પ્રેમ છે. એમ માનીને કુમાર તેના પ્રત્યે આકર્ષાયો, અને

મધુર વચનોથી તેને આશ્વાસન આપ્યું, ત્યારબાદ રત્નવતીએ કહ્યું કે આ રથ આપને માટે જ તૈયાર કરાવીને લાવી છું એટલે કુમાર, રત્નવતી અને વરધનુ ત્રણે જણા રથમાં બેસી ગયાં, પછી બ્રહ્મદત્તે રત્નવતીને પૂછયું કે હે ભદ્રે! તમે જ કહો કે હવે આપણે અહીંથી કયાં જવું ? ત્યારે રત્નવતીએ કહ્યું કે મારી વાત સાંભળો, મગધદેશમાં શિવપુરી નામે નગરી છે. ત્યાં મારા કાકા રહે છે. તેમનું નામ ધનસાર્થવાહ છે. તેમને ખબર પડશે કે રત્નવતી, બ્રહ્મદત્તકુમાર, અને એમના મિત્ર બધા અહીં આવે છે તો એ જાણીને એમને ખૂબ આનંદ થશે માટે આપણે ત્યાં જઈએ, પછી જેવી આપની ઇચ્છા. રત્નવતીની વાત સાંભળીને બ્રહ્મદત્તકુમારે મગધદેશ તરફ જવાનું નક્કી કર્યું. હવે રસ્તામાં તેમને કેવા કષ્ટ આવશે ને શું બનશે તે વાત અવસરે વિચારીશું.

આજે અમારી જીવનનૈયાના તારણહાર, અમારા મહાન ઉપકારી અમારા જીવન ઉદ્ધારક પૂજ્ય **ગચ્છાધિપતિ, શાસન શિરતાજ, વ્યાખ્યાન વાચસ્પતિ, પંડિતરત્ન સ્વ. બા. બ્ર. પૂ ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની ૩૧ મી પુણ્યતિથિનો પવિત્ર દિવસ છે.** એ ઉપકારી ગુરુદેવના જેટલા ગુણ ગાઈએ તેટલા ઓછા છે. પૂ. ગુરૂદેવની પુણ્યતિથિના પવિત્ર દિવસે એમના જીવનમાં રહેલા પવિત્ર ગુણોનું સ્મરણ કરીને આપણે આપણું જીવનને ધન્ય બનાવીએ અને ઉપકારી ગુરૂદેવના ઉપકારના ઋણમાંથી યત્કિંચિત પણ મુક્ત બનીએ.

ગૌરવવંતી ગુજરાતના એક ખૂણામાં પવિત્ર સાબરમતી નદીના કિનારે આવેલું ગલિયાણા નામે એક ગામ છે. એ ગામની પાવનકારી ભૂમિ એ ક્ષત્રિયોની જન્મભૂમિ છે. જ્યાં આત્માનું ક્ષાત્રતેજ પ્રગટ કરનાર આપણા પૂજ્ય ગુરૂદેવનો જન્મ થયો હતો. ગલિયાણા ગામમાં જેતાભાઈ નામે એક ક્ષત્રિય ગરાશીયા વસતા હતા. તેમના ધર્મપત્નીનું નામ જયાકુંવરબહેન હતું. જયાકુંવરબહેને સંવત ૧૯૪૨ ના કારતક સુદ અગિયારશના પવિત્ર દિવસે એક પુત્રરત્નને જન્મ આપ્યો. એમનું નામ રવાભાઈ પાડવામાં આવ્યું. આજે દુનિયામાં નામ તો ઘણાં સુંદર પાડવામાં આવે છે પણ નામ પ્રમાણે ગુણ હોતા નથી. જ્યારે રવાભાઈમાં તો નામ તેવા ગુણ હતા. દહીંને વલોવવા માટે રવૈયો રાખવામાં આવે છે તેમ આ રવાભાઈ પણ જીવનમાંથી અસાર ચીજોને છોડીને સારરૂપ તત્ત્વ માખણને મેળવનારા હતા. રવિ એટલે સૂર્ય જેમ અંધકારનો નાશ કરે તેમ આ રવાભાઈ રૂપી રવિ અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરીને જ્ઞાનરૂપ સૂર્યના કિરણો દ્વારા જીવનમાં પ્રકાશ પાથરનારા હતા. બાલપણથી જ રવાભાઈનું જીવન ઉચ્ચ સંસ્કારોથી ભરેલું હતું. કહેવત છે ને કે "પુત્રના લક્ષણ પારણામાં ને વહુના લક્ષણ બારણામાં." એ રીતે રવાભાઈ નાના હતા ત્યારથી એમના મુખ ઉપર જણાઈ આવતું હતું કે આ નાનકડા રવામાંથી ભવિષ્યમાં અમૂલ્ય તેજસ્વી રત્ન બનશે. તેઓ બે ભાઈ અને એક બહેન હતા. માતા પિતા ત્રણે સંતાનોને બાલ્યાવસ્થામાં મૂકીને સ્વર્ગના પંથે સીધાવ્યા હતા, એટલે આ ત્રણે બાળકો એમના કાકાને ઘેર ઉછરવા લાગ્યા.

"રવાભાઈની કુશળતા" :– તેઓ જ્ઞાતિના ક્ષત્રિય હતા એટલે એમની જમીનજાગીર ઘણી હતી. એમનો મુખ્ય ધંધો ખેતીનો હતો. રવાભાઈ ૧૩ વર્ષના થતાં ખેતીના કાર્યમાં હોંશિયાર બન્યા. એક વખત કોઈ પ્રસંગે રવાભાઈને ગલિયાણાની નજીકમાં આવેલા વટામણ નામના ગામમાં જવાનું બન્યું. એમના સંબંધીનું ઘર જૈન ઉપાશ્રયની બાજુમાં હતું. આ રવાભાઈ સંબંધીને ઘેર રાત રોકાયા હતા. સાંજના જમી પરવારીને ચોકમાં ખાટલામાં તેઓ બેઠા હતા. આ સમયે વટામણમાં બંભાત સંપ્રદાયના પૂજ્ય મોંઘીબાઈ મહાસતીજી બિરાજતા હતા. એ સાધ્વીજી એ જમાનામાં પણ સંસ્કૃત–પ્રાકૃત વિગેરેનું અજોડ જ્ઞાન ધરાવતા હતા. પ્રખર વિદ્વાન સાધ્વીજી હતા. એમનો કંઠ ખૂબ મધુર હતો. તેઓએ પ્રતિક્રમણ કરીને આધ્યાત્મિક રસથી ભરપૂર એક સ્તવન મધુર કંઠે ગાયું.

"સતીજીનું સ્તવન સુણી, અંતરમાં વૈરાગ્યની વીણા વાગી."

ચોકમાં બેઠેલા રવાભાઈએ સતીજીના પવિત્ર મુખે ગવાતા સ્તવનના સૂર સાંભળ્યા ને રવાભાઈના કાન ચમકયા. અહો, આ શું ? આવું સુંદર ભજન કોણ ગાઈ રહ્યું છે ? પોતાના સબંધીને પૂછયું–કાકા ! આવું મસ્ત ભજન કોણ ગાઈ રહ્યું છે ? ત્યારે કાકાએ કહ્યું ભાઈ રવા ! એ તો આ આપણી બાજુના ઉપાશ્રયમાં જૈન સતીજી ગાઈ રહ્યા છે. રવાભાઈ કહે છે કાકા ! ચાલોને આપણે ઉપાશ્રયમાં સાંભળવા માટે જઈએ. કાકાએ કહ્યું ભાઈ ! આ સાધ્વીજી પાસે સૂર્યાસ્ત થયા પછી પુરૂષે ન જવાય. આપણે સવારે જઈશું. રવાભાઈને તો લગની લાગી કે કયારે સવાર પડે ને હું ભજન સાંભળવા જાઉં. લગની લાગે તો અગની જાગે. તેર વર્ષના રવાભાઈના અંતરમાં સ્તવન સાંભળવાની લગની લાગી, એટલે ઉંઘ પણ ન આવી. સવાર પડતા રવાભાઈ પોતાના સંબંધીને લઈને ઉપાશ્રયે ગયા. સતીજીને વંદન નમસ્કાર કરીને બેઠા ને કહ્યું સતીજી ! આપે રાત્રે જે ભજન ગાયું હતું તે મને સંભળાવો. મહાસતીજીએ ભજન સંભળાવ્યું. એક સાંભળ્યું એટલે કહે છે હવે બીજું સંભળાવો. એમની જિજ્ઞાસા જોઈને સતીજીએ બીજું સ્તવન સંભળાવ્યું. સ્તવન સાંભળીને એમનું હૃદય હર્ષથી નાચી ઉઠયું. અહો ! શું સુંદર ભજનમાં ભાવ ભર્યા છે ! આવું ભજન તો મેં કદી સાંભળ્યું નથી.

"રવાભાઈને જોતાં સતીજીને આવેલો વિચાર" :– સતીજીએ જાણ્યું કે આ કોઈ હળુકર્મી જીવ છે. એનું લલાટ જોતાં લાગે છે કે આ કોઈ મહાન પુરૂષ બનશે, એટલે સતીજીએ તેને સાદી અને સરળ ભાષામાં ધર્મ–અધર્મ અને પુણ્ય પાપનું સ્વરૂપ સમજાવ્યું. આ સાંભળીને તેર વર્ષના રવાભાઈએ કહ્યું કે સતીજી ! તમારા સમજાવવા પ્રમાણે તો સંસારમાં બધા કાર્યોમાં પાપ, પાપ ને પાપ જ છે, તો જ્યાં પાપ ન હોય એવું તો કંઈક બતાવો. સતીજીએ કહ્યું ભાઈ ! અમારા જૈન ધર્મના નિયમ પ્રમાણે તો અસાવધાનીપૂર્વક ચાલવામાં, ઉભા રહેવામાં, બેસવામાં, સૂવામાં, ખાવામાં ને બોલવામાં બધે પાપ છે, પણ

जयं चरे जयं चिट्ठे, जयं मासे जयं सए।
जयं भुजन्तो भासंतो, पावकम्मं न बंधइ ॥ दश. सू. अ. ४ गाथा ८

સાધુ-સાધ્વી કે શ્રાવક શ્રાવિકા ગમે તે હોય પણ જો તે યતનાપૂર્વક ચાલે, ઉભો રહે, બેસે, સૂવે, ખાય અને બોલે તો એને પાપકર્મનું બંધન થતું નથી, માટે આ બધા કાર્યો આત્મકલ્યાણના ઇચ્છુક દરેક આત્માઓએ કોઈપણ જીવની હિંસા ન થાય તેની સાવધાનીપૂર્વક કરવા જોઈએ, તો એને પાપ ન લાગે. બાકી તો દરેક કાર્યમાં પાપ રહેલું છે. સતીજીનો આવો સચોટ ઉપદેશ સાંભળીને રવાભાઈના અંતરમાં વૈરાગ્યની ભાવના જાગૃત થઈ. મનમાં એક વાત ઠસી ગઈ કે આત્મકલ્યાણ કરવું હોય તો આવી દીક્ષા લેવી જોઈએ, પણ એમના પિતાજીનો મૂળ ધર્મ સ્વામીનારાયણનો હતો. તેઓ બીજે દિવસે તો પાછા ગલિયાણા પોતાને ઘેર આવી ગયા પણ એમને કયાંય ચેન પડતું નથી. એમના હૃદયરૂપી સીતારમાં સતીજીના સ્તવન અને ઉપદેશના સૂરો ગૂંજી રહ્યા હતા.

"કપાસ વીણતા જાગેલી વૈરાગ્યની જ્યોત" :– આ સમયે ખેતરમાં રૂના કાલા વીણવાની સીઝન હતી, તેથી રવાભાઈ ઘણાં માણસોને સાથે લઈને ખેતરમાં રૂના કાલા વીણવા માટે ગયા. પોતે રૂના કાલા વીણતા હતા ને બીજા પાસે વીણાવતા હતા. કપાસના છોડ ઉપર હસતા ને ખીલેલા રૂના કાલા વીણતાં વીણતાં રવાભાઈના મનમાં વિચાર આવ્યો કે અહો! પેલા સતીજી તો એમ કહેતા હતા કે એક લીલું પાંદડું તોડવામાં પણ પાપ છે, તો હું આટલા બધા કાલાને એના છોડ ઉપરથી તોડીને જુદા કરું છું તો મને કેટલું બધું પાપ લાગશે! હવે આ કાલા મારાથી વીણાશે નહિ. એમ વિચાર કરી રૂના કાલા વીણવાનું કામ પડતું મૂકીને પોતે ઘેર આવ્યા ને એમના કાકા કાકીને કહ્યું હે મારા કાકા! આ સંસારમાં તો પગલે ને પગલે જ્યાં જુઓ ત્યાં પાપ, પાપ ને પાપ છે. મારાથી હવે આ પાપથી ભરેલા સંસારમાં નહિ રહેવાય, માટે મારે તો જૈનના સાધુ બનીને આત્મકલ્યાણ કરવું છે. આપ મને સાધુ બનવાની રજા આપો.

"સંયમ સ્થાનની પરીક્ષા." :–કાકા કાકીએ તેમને ખૂબ સમજાવ્યા પણ એ તો એમના વિચારમાં દૃઢ રહ્યા, ત્યારે કાકા કાકીએ જાણ્યું કે હવે આ છોકરો સંસારમાં નહીં રહે, એટલે કાકાએ કહ્યું બેટા! તારે આત્મકલ્યાણ કરવું છે તો ભલે ખુશીથી કર. અમારી ના નથી પણ આપણો ધર્મ સ્વામીનારાયણનો છે માટે તું સ્વામીનારાયણ પંથની દીક્ષા લે, તેથી રવાભાઈ સ્વામીનારાયણની ગાદીનું ગામ ગઢડા શહેરમાં આવ્યા. ત્યાં સ્વામીનારાયણના મંદિરમાં જઈને ત્યાંના મુખ્ય મહંતને મળ્યા. મહંતને વિનયપૂર્વક વંદન કરીને રવાભાઈએ પોતાના મનની ઇચ્છા મહંત પાસે વ્યક્ત કરી. મહંતે કહ્યું 'ભાઈ તું કયાંથી આવ્યો છે? તારું નામ શું છે? ત્યારે રવાભાઈએ

પોતાનો પરિચય આપ્યો. એમનું તેજસ્વી લલાટ જોઈને મહંત સમજી ગયા કે આ છોકરો મહાતેજસ્વી બનશે અને યોગ્ય આત્મા છે એટલે કહ્યું ભાઈ! તારા હિસ્સાની જેટલી મિલકત હોય તે તું અહીં લઈ આવ ને ગાદીને અર્પણ કરી દે, પછી તને અમારા પંથનો સાધુ બનાવીએ. આ શબ્દો સાંભળીને તેર વર્ષના નાનકડા રવાભાઇના મનમાં વિચાર આવ્યો કે અહો! આ શું? આત્મકલ્યાણ કરવામાં લક્ષ્મીની શી જરૂર? જ્યાં ત્યાગનું સ્થાન હોય ત્યાં પરિગ્રહની શી જરૂર? પરિગ્રહ અને સંયમ એ બે અલગ માર્ગ છે. જ્યાં લક્ષ્મી લેવાની લાલચ હોય, પરિગ્રહના પોટલા ભેગા કરવાની વાતો થતી હોય અને જ્યાં આરંભ સમારંભ હોય ત્યાં સંયમ શી રીતે હોઈ શકે? આત્મકલ્યાણ કેવી રીતે થાય? પેલા સતીજી તો એમ કહેતા હતા કે પરિગ્રહ એ પાપ છે. અમારાથી પૈસા રખાય નહિ. ગાડી મોટર વિગેરે કોઈ પણ વાહનમાં બેસાય નહિ. કાચું પાણી, અગ્નિ વિગેરેને અડાય નહિ. પંખા વિગેરેથી પવન ખવાય નહિ. ઝાડનું એક પાંદડું પણ તોડાય નહિ અને પરિગ્રહ રખાય નહિ. આ બધામાં ઘણું પાપ છે. અહીં તો આ બધા પાપોનું સેવન છૂટથી થાય છે તો અહીં મારા આત્માનું કલ્યાણ કેવી રીતે થઈ શકે? મારાથી એવા પાપ નહિ થાય. તેર વર્ષના બાલુડાની કેવી ઉચ્ચ ભાવના! આવી નાની ઉંમરમાં પોતે જૈન ન હોવા છતાં એક જ દિવસના થોડીવારના સતીજીના પરિચયમાં કેવું તત્ત્વજ્ઞાન તારવતા આવડ્યું!

તમે બધા કેટલા વર્ષોથી ઉપદેશ સાંભળો છો છતાં તમને આવા ભાવ થાય છે કે સંસાર એ પાપનો અખાડો છે, સ્વાર્થનું સમરાંગણ છે ને ઉપાધિનો ઉકરડો છે તો આત્માનું કલ્યાણ કરવા દીક્ષા લઈએ. રવાભાઈ તો ગઢડાથી પાછા ફર્યા ને પોતાના કાકા પાસે આવીને કહ્યું કાકા! ત્યાં તો આત્મકલ્યાણને બદલે પરિગ્રહ ભેગો કરવાની વાતો થાય છે. જૈન સાધ્વીજીએ મને જે ત્યાગની વાતો સમજાવી હતી તેવું ત્યાં કંઈ જ નથી માટે ત્યાં આત્માનું કલ્યાણ થાય તેવું મને લાગતું નથી, માટે આપ મને આજ્ઞા આપો તો હું જૈન સાધ્વીજી પાસે જાઉં. કાકા-કાકીએ એમને ખૂબ સમજાવ્યા પણ રવાભાઈ સમજ્યા નહિ એટલે કાકા-કાકીને રજા આપવી પડી.

"દૃઢ વૈરાગી રવાભાઈ":- રવાભાઈ કાકા કાકીની રજા લઈને વટામણ સતીજીની પાસે આવ્યા. આ બાલુડાને ખબર નથી કે આ સાધ્વીજી છે માટે મારાથી એમની પાસે ન રહેવાય. એમણે તો સતીજીના ચરણમાં મસ્તક નમાવીને કહ્યું. મહાસતીજી! મને આપનો શિષ્ય બનાવો. પૂ. મહાસતીજીએ કહ્યું ભાઈ! અમે તો સાધ્વીજી છીએ એટલે તમારે અમારી પાસે રહી શકાય નહિ, માટે જો તમારી ઇચ્છા હોય તો અમારા ગુરૂદેવ **પૂ. શ્રી છગનલાલજી મહારાજ સાહેબ** ખંભાતમાં બિરાજે છે ત્યાં તમને મોકલું. રવાભાઈએ હા પાડી એટલે મહાસતીજીએ તેમને ખંભાત

ગુરૂદેવ પાસે અભ્યાસ કરવા માટે મોકલ્યા. પૂ. ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ સાહેબ એક પ્રભાવશાળી, પવિત્ર અને વિચક્ષણ સંત હતા. તેઓ પણ જાતિના ક્ષત્રિય હતા. રવાભાઈનું લલાટ જોઈને તેમણે ભાખી લીધું કે આ કોઈ ચીંથરીએ બાંધેલું અમૂલ્ય રત્ન છે. રવાભાઈએ ગુરૂના ચરણમાં શિર ઝૂકાવીને કહ્યું, ગુરૂદેવ! મને આપનો શિષ્ય બનાવો. મારે જલ્દી આત્માનું કલ્યાણ કરવું છે. ગુરૂદેવે કહ્યું, ભાઈ! અમારાથી તરત દીક્ષા ન અપાય. હમણાં તું અભ્યાસ કર, પછી વાત. આ તો સ્વામીનારાયણ ધર્મના હતા એટલે એમને સામાયિક આવડતી ન હતી. સામાયિક શું કહેવાય એ પણ ખબર ન હતી, એટલે પૂ. ગુરૂદેવે રવાભાઈને સામાયિક શું ચીજ છે? પ્રતિક્રમણ શું ચીજ છે? એનું સ્વરૂપ શું? અને શા માટે સામાયિક પ્રતિક્રમણ કરવા જોઈએ તે બધી વાત સમજાવી.

દેવાનુપ્રિયો! જેને અંતરની લગની લાગે છે તેને કોઈ કાર્ય કઠિન લાગતું નથી. બે દિવસમાં સામાયિક અને આઠ દિવસમાં પ્રતિક્રમણ અર્થ સહિત શીખી ગયા. સામાયિક, પ્રતિક્રમણ શીખ્યા પછી કહે છે ગુરૂદેવ! હવે મને દીક્ષા આપો, ત્યારે ગુરૂદેવે કહ્યું ભાઈ! હજુ તું અભ્યાસ કર. એક વર્ષમાં તો રવાભાઈએ શાસ્ત્રોનો ઘણો અભ્યાસ કરી લીધો. દીક્ષા માટે તલસતા રવાભાઈએ નમ્રતાપૂર્વક ગુરૂદેવના ચરણમાં પડીને કહ્યું ગુરૂદેવ! હવે મને સંસારથી જલ્દી બહાર કાઢો એટલે ગુરૂદેવે કહ્યું. ભાઈ! તું આજ્ઞા લઈને આવ. રવાભાઈ પોતાના કાકા-કાકી પાસે આવ્યા ને નમ્રતાપૂર્વક આજ્ઞા માંગતા કહે છે.

સંયમની ધૂન લાગી ને આતમ પ્યાસ જાગી.
આપો મને આપો મને દીક્ષાની ભિક્ષા...અરે...સંયમની.

રવાભાઈની વાત સાંભળીને કાકા-કાકી કહે છે દીકરા! હજુ તો તું કેટલો નાનકડો કિશોર છે ને જૈનધર્મની દીક્ષા એટલે મહાન કઠિન કામ છે. એ બધું આટલી નાની વયમાં તારાથી કેમ સહન થશે? માટે હમણાં તું ગુરૂ પાસે રહીને અભ્યાસ કર, પછી આજ્ઞા આપીશું, ત્યારે રવાભાઈએ કહ્યું કાકા-કાકી! આયુષ્ય વીજળીના ચમકારા જેવું ક્ષણિક છે. કાલનો ભરોસો નથી. હું એક વર્ષ ત્યાં રહીને આવ્યો છું. મને દીક્ષાનું પાલન કરવામાં બિલકુલ વાંધો નહિ આવે. રવાભાઈની મક્કમતા જોઈને કાકા-કાકી તેમજ સગા સ્નેહીઓએ ગુરૂદેવની સમક્ષમાં રવાભાઈને દીક્ષાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાં રવાભાઈના સાડાત્રણ કોડ રોમરાય ખીલી ઉઠયા ને મનનો મયૂર નાચી ઉઠયો. અહો! આજે મારી ભાવના પૂર્ણ થઈ. હવે હું જલ્દી સંયમ લઈને આત્માનું કલ્યાણ કરીશ. વિક્રમ સંવત ૧૯૫૬ ના મહા સુદ પાંચમ વસંતપંચમીના પવિત્ર દિવસે ખંભાત શહેરમાં ખૂબ ઉત્સાહપૂર્વક પૂ. છગનલાલજી મહારાજસાહેબ પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. પૂ. ગુરૂદેવે તો પહેલેથી જ ભાખ્યું હતું કે આ નાનકડા રવામાંથી

અમૂલ્ય રત્ન બનવાનું છે એટલે તેમનું ભાવિ જીવન ઉજ્જવળ જોઈને રત્નચંદ્રજી મહારાજ સાહેબ નામ પાડયું. આ રવાભાઈ એક દિવસ સાચા રત્ન બની ગયા. રત્ન સમાન રત્નચંદ્રજી મહારાજ સાહેબ સંયમ લઈને પૂ. ગુરૂદેવના ચરણકમળમાં અર્પણ થઈ ગયા. સંયમ લેવો સહેલો છે પણ ગુરૂ ચરણમાં અર્પણ થવું એ તો મહામુશ્કેલ છે. ગુરૂના ચરણમાં અર્પણ થયા પછી એમની આજ્ઞા એ જ મારો શ્વાસ અને એ જ મારો પ્રાણ હોવો જોઈએ. એમાં કોઈ જાતની દલીલ કે અપીલ ન હોવી જોઈએ. તો જ ગુરૂના હૃદયમાં શિષ્યનો વાસ થાય છે. આપણા ગુરૂદેવે દીક્ષા લઈને મન-વચન અને કાયાથી પોતાની જીવનનૈયા ગુરૂ ચરણમાં અર્પણ કરી દીધી.

અર્પણતાનો અજબ નમૂનો, જેથી મળ્યો જ્ઞાન ખજાનો,
ક્ષમાની અજોડ મૂર્તિ ગુરૂજી, દેશો દેશમાં પામ્યા રે ખ્યાતિ.

જે શિષ્ય ગુરૂના ચરણમાં અર્પણ થઈ જાય છે તેનો બેડો પાર થઈ જાય છે. પૂ. ગુરૂદેવના જીવનમાં એક ક્ષમા અને બીજી કોમળતા એ બે ગુણો વિશેષ હતા. ગમે તેવો પ્રસંગ આવે પણ પૂ. ગુરૂદેવના જીવનમાં કદી ક્રોધ આવતો નહિ. જ્યારે જુઓ ત્યારે તેમનું મુખડું હસતું ને હસતું જ હોય કયારે પણ મુખ ઉપર ઉદાસીનતા જોવા ન મળે. અરે કોઈ ક્રોધથી ધમધમતો આવ્યો હોય, પણ પૂજ્ય ગુરૂદેવનું તપ, ત્યાગ અને બ્રહ્મચર્યના તેજથી ચમકતું શીતળ સૌમ્ય મુખકમળ જોતા ઠરી જાય ને એમના ચરણમાં પડી જાય. આ છે ગુરૂદેવની ક્ષમાનો પ્રભાવ! પૂ. ગુરૂદેવ એમના ગુરૂદેવનો વિનય કદી ચૂકતા નહિ.

એક વખત પૂજ્ય છગનલાલજી મહારાજસાહેબની તબિયત બરાબર ન હતી એટલે આજ્ઞા કરી કે રત્નચંદ્રજી! આજે તમે વ્યાખ્યાન વાંચી આવજો. "તહેત ગુરૂદેવ!" એમ કહી ગુરૂદેવને વંદન કરી ઉપર વ્યાખ્યાન વાંચવા માટે ગયા પણ બાજોઠ ઉપર બેઠા. શ્રાવકો કહે છે ગુરૂદેવ! પાટે બેસો, ત્યારે કહે છે હું નાનો છું. મારા ગુરૂદેવ જે આસને બેસતા હોય ત્યાં મારાથી કેમ બેસાય? અહાહા....કયાં તેમનો વિનય અને ગુરૂભક્તિ! અને કયાં આજનો વિનયને વિદાય કરતો યુગ! ગુરુદેવ લગભગ રાત્રે મોટા ભાગે ધ્યાનમાં બેસતા. ગુરૂ શિષ્યનો પ્રેમ ક્ષીરનીર જેવો હતો પણ કાળની ગતિ ન્યારી છે. પૂ. ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ સાહેબ સંવત ૧૯૯૫ ના વૈશાખ વદ દશમના દિવસે કાળધર્મ પામ્યા.

"આચાર્ય પદવી પ્રદાન" પૂ. ગુરૂદેવના સ્વર્ગવાસથી ગુરૂદેવના દિલમાં વિયોગનો ઘણો આઘાત લાગ્યો, કારણ કે દુનિયામાં ગુરૂવિયોગ જેવું બીજું કોઈ મોટું દુઃખ નથી. પોતાના ગુરૂદેવની શીતળ છાંયડી ચાલી જતાં ખંભાત સંપ્રદાયનું સુકાન પૂજ્ય ગુરૂદેવના હાથમાં આવ્યું. સંવત ૧૯૯૫ ના વૈશાખ વદ ૧૧ના દિવસે તેમને આચાર્ય પદવી પ્રદાન કરવામાં આવી. એ વર્ષે ૧૯૯૫નું ચાતુર્માસ કરવા સાણંદ

પધાર્યા. પૂ. ગુરૂદેવ સાણંદ ચાતુર્માસ પધારતા શ્રી સંઘમાં આનંદ આનંદ છવાઈ ગયેા. ચાતુર્માસમાં ધર્મ આરાધનાના પૂર આવ્યા. પૂ. ગુરૂદેવ ચાતુર્માસ પધાર્યા ત્યારથી એમનેા એક જ ધ્યેય હતેા કે ભાવિની પેઢી જૈન ધર્મનેા ફેલાવેા કરે. તે માટે તેમણે જૈનશાળા, શ્રાવિકા શાળા, યુવકમંડળ આદિ અનેક સંસ્થાઓ જ્ઞાન પ્રચાર માટે ઉભી કરી. તે ચાતુર્માસમાં પૂ. ગુરૂદેવના સદુપદેશથી અમારા જીવનમાં વૈરાગ્યની જ્યેાત પ્રગટી.

"રત્ન જેવા રત્ન ગુરૂજી મળ્યા, જીવનબાગના માળી બન્યા,
મને આપ્યું સંયમ રત્ન, હું કરું ગુરૂદેવને કોટીવંદન."

સંવત ૧૯૯૧ ના વૈશાખ સુદ છઠ્ઠને સેામવારના પવિત્ર દિવસે પૂ. ગુરૂદેવે મને તથા જશુબાઈ મહાસતીજીને ઉત્તમ ચારિત્ર રત્ન આપ્યું. દુનિયામાં માણસ કેાઈના ઉપર એક સામાન્ય ઉપકાર કરે છે તેા પણ એનેા ઉપકાર ભૂલતા નથી. તેા આ તેા સંયમ જેવું અલૌકિક ને ઉત્તમ રત્ન આપનાર તારણહાર ગુરૂદેવનેા ઉપકાર કેમ ભૂલાય ? પૂ. ગુરૂદેવ અમને સંયમ રત્ન આપીને અમારા જીવનબાગના માળી બન્યા. જેમ માળી પેાતાના બગીચાનું રાતદિવસ જતન કરે છે તેમ પૂ. ગુરૂદેવ પણ અમારા સંયમી જીવનરૂપ બગીચાના માળી બનીને જ્ઞાનનું સિંચન કરવા લાગ્યા. સંયમ લઈને જીવન કેમ જીવવું જોઈએ, સંયમના આચાર કેમ પળાય ? ગુરૂનેા વિનય કેવી રીતે કરવેા જોઈએ, વિનય એ કેવું વશીકરણ છે, ગુરૂનેા વિનય કરવાથી શું લાભ થાય છે ? ગૌતમ સ્વામી મહાવીર ભગવાનનેા વિનય કરીને કેવી કેવી શક્તિઓ અને લબ્ધિઓ પામ્યા હતા. આવું વિનયનું સ્વરૂપ અમને પૂ. ગુરૂદેવ સુંદર રીતે સમજાવતા હતા. આવા મહાન ઉપકારી ગુરૂદેવ જીવનમાં કયારે પણ ભૂલાશે નહિ. પૂ. ગુરૂદેવે ઘણાં શાસ્ત્રો લખ્યાં છે. તેમના પ્રભાવશાળી પ્રવચનેા તેમજ તેમના જીવનમાં રહેલા અદ્‌ભુત ગુણેાથી ઘણાં જૈન જૈનેતરેા પ્રતિબેાધ પામ્યા છે. અત્યારે પણ ઘણાં જૈનેતરેા એ મહાવીર અને ગૌતમની જોડલી સમાન ગુરૂદેવેાને યાદ કરે છે.

"મૃત્યુની આગાહી સૂચવતા શબ્દેા" :– આવા ઉપકારી ગુરૂદેવે અનેક જીવેાને ધર્મ પમાડતા સંવત ૨૦૦૦ માં હર્ષદમુનિને આ સુરત શહેરમાં દીક્ષા આપી, અને ૨૦૦૩ નું ચાતુર્માસ સુરત કરીને ખંભાત તરફ વિહાર કર્યેા ત્યારે ઝવેરી માણેકલાલભાઈએ પૂછયું–ગુરૂદેવ ! આપનું આવતું ચાતુર્માસ કયાં છે ? તેા કહે છે મારું છેલ્લું ચાતુર્માસ ખંભાત છે, પણ આવા સંકેતની કેાઈને શું ખબર પડે ? સંવત ૨૦૦૪ નું ચાતુર્માસ કરવા તેઓ પેાતના બે શિષ્યેા કુલચંદ્રજી મહારાજ સાહેબ તથા હર્ષદમુનિ મહારાજને લઈને ખંભાત પધાર્યા. પૂ. ગુરૂદેવ ચાતુર્માસમાં મેાટા ભાગે વ્યાખ્યાનમાં ભગવતી સૂત્રનેા અધિકાર વાંચતા પણ આ ચાતુર્માસમાં ઉત્તરાધ્યયન સૂત્રનું પાંચમું અધ્યયન સકામ–અકામ મરણનું લીધું. શ્રાવકેાએ પૂ. ગુરૂદેવને પૂછયું કે આ વખતે આપે ભગવતી સૂત્રનેા અધિકાર કેમ ન લીધેા ? ત્યારે કહે છે કે આ વખતે

મારે તમને સકામ અકામ મરણના ભાવ સમજાવવા છે ને મારે પણ સમજવા છે. આ વખતના છેલ્લા ચાતુર્માસમાં ખૂબ ધર્મારાધના થઈ. તપ ત્યાગના પૂર ઉમટયા. ખૂબ સુંદર અને ભવ્ય ચાતુર્માસ થયું.

"અંતિમ સમયના ઉદ્‌ગારો" :- પૂ. ગુરૂદેવ કયારે પણ બીમાર પડયા ન હતા પણ સંવત ૨૦૦૪ ના ખંભાતના ચાતુર્માસમાં સંવત્સરીના દિવસે પૂ. ગુરૂદેવને શરદી થઈ હતી તે તો મટી ગઈ. પૂ. ગુરૂદેવે પોતાના જીવનમાં કયારે પણે દવાનો ઉપયોગ કર્યો ન હતો. ભાદરવા સુદ દશમના દિવસે તેમના શિષ્ય કુલચંદ્રજી મહારાજને ૩૮ ઉપવાસ પૂર્ણ થયા. તેમણે પોતાને ઘણી સારી શાતા હોવાથી ૪૧ ઉપવાસ કરવાની ઇચ્છા દર્શાવી, ત્યારે પૂ. ગુરૂદેવે કહ્યું કે આજે હું તને છેલ્લું પારણું કરાવી લઉં પણ તેમના આ ગૂઢ સંકેતને કોઈ સમજી શકયું નહિ કે આમ શા માટે કહે છે ? તે દિવસે પૂ. ગુરૂદેવ લગભગ આખા ખંભાત સંઘના ઘરઘરમાં ફરીને ગૌચરી કરીને આવ્યા પછી ૧ વાગે તપસ્વી કુલચંદ્રજી મહારાજ સાહેબને સ્વહસ્તે ખૂબ પ્રેમથી પારણું કરાવ્યું, પછી પોતાના બંને શિષ્યોને સંયમમાં દૃઢ બનવાની ને ચારિત્ર માર્ગ દીપાવવાની હિત શિખામણ આપી, પછી અંતિમ જે જે કહેવું હતું તે દરેકને કહ્યું. સાંજના પ્રતિક્રમણ પૂરું થયા પછી પોતાના શિષ્યોને કહ્યું કે આજે રાત્રે તમને વિયોગનો ઉપસર્ગ આવશે. આપ ખૂબ હિંમત રાખજો. છ છ મહિના અગાઉથી પૂ. ગુરૂદેવને મૃત્યુ સુચી આવવાથી દરેક રીતના સંકેતો કર્યા પણ આ સંકેતોને કોઈ સમજી શકયું નહિ. આવા પૂ. ગુરૂદેવને પ્રતિક્રમણ બાદ રાતના નવ વાગે એકાએક શરદીનું જોર વધ્યું ને હાર્ટ ઉપર અસર થવા લાગી. તે સમયે પૂ. ગુરૂદેવે પોતાના શિષ્યોને તથા શ્રીસંઘને કહી દીધું કે મારી ૪૮ વર્ષની સંયમપર્યાયમાં સ્હેજ પણ દોષ લાગે એવો એક પણ ઉપચાર ન કરશો. આ રીતે ઘણી ભલામણ કરીને શિષ્યોને કહ્યું કે તમે સ્વાધ્યાય બોલો. રાતના બાર વાગે ચાર આંગળા ઉંચા કરીને સંકેત કર્યો કે આ નશ્વર દેહ ચાર વાગે છૂટી જવાનો છે. પૂ. ગુરૂદેવની તબિયત બગડી છે એવા સમાચાર મળતાં રાત્રે ને રાત્રે ખંભાતની જનતા દર્શન માટે ઉમટી.

પૂ. ગુરૂદેવના સંકેત તથા તબિયત સામું જોતાં શ્રાવક શ્રાવિકાઓની આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. આત્મસમાધિમાં રમણતા કરતા હજારો માનવીઓની વચ્ચેથી રત્ન સમાન તેજસ્વી એવા પૂજ્ય ગુરૂદેવ બરાબર પરોઢિયે ચાર વાગે આ નશ્વર દેહનો ત્યાગ કરીને સૌને રડતા મૂકીને તેમની સાધના સાધીને ચાલ્યા ગયા. ગામેગામ તાર અને ટેલીફોનથી સમાચાર મળતા સૌની આંખો અશ્રુથી છલકાઈ ગઈ ને બોલવા લાગ્યા અહો ! શું આ શાસનનું રત્ન ચાલ્યું ગયું ! **"ન જાણ્યું જાનકીનાથે કાલે સવારે શું થવાનું છે."** એ પ્રમાણે કાલની કોને ખબર છે ? કાળના ક્રૂર ઝપાટાએ અનેક જીવોના લાડીલા અને માનવંતા શાસન શિરતાજને ખૂંચવી લીધા. ખરેખર ! એ

ગુરૂદેવની ખોટ હૃદયમાં ખૂબ ખટકે છે. અમારું જીવન નાવિક વિનાની નૈયા જેવું બની ગયું છે. એ તારણહાર ગુરૂદેવના હું જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. કહ્યું છે કે

तिर्यंक समोऽपि पुरुषः सुगुरोः कृपातः, सम्यक्त्वरत्नमनघं लभते चरित्रम् ।
सर्वज्ञतां च तरसा हयजरामरत्वं, किं वर्णयामि सुगुरोः करुणा महत्वं ॥

જેમની કૃપાદૃષ્ટિથી પશુતુલ્ય પુરુષ પણ નિર્મળ સમ્યક્ત્વ રત્ન, સમ્યક્ ચારિત્ર અને સર્વજ્ઞતા તથા અજરઅમર પદને કરી લે છે એ ગુરૂકૃપાની કેટલી પ્રશંસા કરું ? ગુરૂ અને ગુરૂકૃપામાં કેટલું બળ છે ! એનો કેટલો મહિમા છે ! પૂ. ગુરૂદેવના ગુણોની હું ગમે તેટલી મોટી કિતાબ લખું તો પણ ગુણો પૂરા થાય તેમ નથી.

સાગરમાં સફર કરતાં સાર્થવાહને એકાએક જહાજ ભાંગી જતાં હાથમાં ફલક આવી જાય, અટવીને પસાર કરતાં ભૂલા પડેલા મુસાફરને કોઈ પથદર્શક ભોમિયો મળી જાય, સહરાના રણમાં કોઈ તૃષાતુરને મીઠી મધુરી પાણીની વીરડી મળી જાય તો કેટલો આનંદ થાય તેવી રીતે ભવવનમાં ભૂલા પડેલા એવા અમારા જેવા પામર જીવોને પૂજ્ય ગુરૂદેવનો યોગ મળતા અમારું જીવન ધન્ય બની ગયું. એમના અસીમ ઉપકારનો બદલો આ ભવમાં તો શું ભવોભવમાં અમે વાળી શકીએ તેમ નથી. ખંભાત સંપ્રદાયમાં આજે આટલા બધા સંતો અને સતીજીઓ બિરાજમાન હોય અને ખંભાત સંપ્રદાય જો ફાલ્યોફૂલ્યો હોય તો તે પૂ. તારણહાર ગુરૂદેવનો પ્રતાપ છે.

આજના દિવસે હું મારા વતી તેમ જ મારા સમસ્ત સતીવૃંદ વતી એ મારા પરમોપકારી ગુરૂદેવ જ્યાં બિરાજતા હતા ત્યાં તેમને ભાવભીની અંજલિ અર્પું છું ને પ્રાર્થના કરું છું કે હે ગુરૂદેવ ! આપ જ્યાં હો ત્યાંથી અમારા ઉપર કૃપાદૃષ્ટિ વરસાવી આપના જેવા બનવાની પ્રેરણા આપતા રહેજો.

દિપક બુઝાયો પ્રકાશ અર્પી, ફૂલ મુરઝાયું સુવાસ સમર્પી,
તૂટ્યા તાર પણ સૂર વહાવી, ગુરૂદેવ ચાલ્યા નૂર પ્રગટાવી.

પૂ. ગુરૂદેવનું જીવન સાંભળીને એમના જીવનમાંથી એકાદ ગુણનું કિરણ પ્રાપ્ત કરીએ તો જ આપણે સાચી શ્રદ્ધાંજલી અર્પણ કરી કહેવાય. આજે પૂ. ગુરૂદેવની ૩૧ મી પુણ્યતિથિ હોવાથી આપ ઓછામાં ઓછા કંઈ ને કંઈ ૩૧ દિવસના પ્રત્યાખ્યાન કરશો. સમય ઘણો થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. ૪૭

ભાદરવા સુદ ૧૨ ને સોમવાર **તા. ૩-૯-૭૯**

અનંતજ્ઞાની મહાનપુરૂષો ફરમાવે છે કે હે જીવાત્મા ! તું અનાદિકાળથી સંસારના રંગમંચ ઉપર નાચી રહ્યો છે છતાં આશ્ચર્યની વાત તો એ છે કે હજુ તને થાક

લાગ્યો નથી. " **पुनरपि जनन पुनरपि मरणम् ।**" વારંવાર જન્મ અને જન્મ પછી મરણ. જન્મ-મરણની સાંકળ તોડવાનું હજુ તને મન થતું નથી. કોઈ હળુકર્મી મુમુક્ષુ આત્માને જ્યારે જન્મ-મરણની સાંકળનું બંધન ખટકે છે ત્યારે ભગવાનને પ્રાર્થના કરતાં બોલી ઉઠે છે કે હે ભગવંત! " **ભવમંડપમાં રે નાટક નાચિયો રે, હવે મુજને દાન દિયોને,** " આ સંસારના રંગમંડપમાં હું ખૂબ નાચ્યો. હવે હું થાકી ગયો છું માટે હવે મને દાન આપો.

પહેલાના જમાનામાં સિનેમાના થીએટરો ન હતા. નાટકકારો ઠેરઠેર પોતાની નાટક મંડળી લઈને ફરતા હતા. તેઓ મોટા મોટા રાજા મહારાજાઓના રાજદરબારમાં નાટક કરવા માટે જતા હતા. નાટયકારો ખૂબ સુંદર રીતે પોતાની બધી શક્તિઓનો અજમાશ કરીને રાજા અને પ્રજા સમક્ષ નાટક કરીને રાજા, મહારાજા અને પ્રજાજનોને ખુશ કરતા, પછી ખુશ થયેલા રાજા પહેલા એ નાટયકારને બક્ષીસ આપે, ઈનામ આપે ને પછી પ્રજાજનો પોતપોતાની શક્તિ અને ખુશી પ્રમાણે દાન આપતા ને નાટયકારની ઝોળી છલકાવી એને ખુશખુશાલ કરી દેતા હતા. આ નાટયકાર સમાન આપણો આત્મા છે. એ અનાદિ અનંતકાળથી પોતાના કર્માનુસાર નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ યોનિમાં ભમીને વિવિધ પ્રકારના નાટક ભજવી રહ્યો છે. એમાં જે સાધક આત્માઓ છે એમને આવા નાટક કરી કરીને ખૂબ થાક લાગ્યો છે એટલે આંખમાં આંસુડા લાવીને કહે છે કે હે ભગવાન! હું ભવોભવથી નાટયકારની માફક ખૂબ નાચ્યો. નાચી નાચીને હું થાકી ગયો. હવે તો મારા ઉપર પ્રસન્ન થઈને મને દાન આપો.

બંધુઓ! તમને એમ થશે કે પેલા નાટયકારને તો પૈસાના દાનની જરૂર હતી પણ સાધક આત્માને વળી કયા દાનની જરૂર છે? તમે જાણો છો ને કે સાધકને કયુ દાન ખપે છે? એ કહે છે કે " **ત્રણ રત્ન આપો મુજને ભગવંતજી.**" હે ભગવંત! મને ત્રણ રત્ન આપો. મારે બીજું કંઈ નથી જોઈતું. એ ત્રણ રત્નો કયા છે? આ તમારા ઝવેરાત કે હીરા નહિ હોં. જે રત્નત્રયીના નામથી પ્રસિદ્ધ છે એ ત્રણ રત્નો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર. આ ત્રણ રત્નોનું દાન સાધક આત્મા માંગે છે. એટલેથી પણ સાધકને સંતોષ થતો નથી એટલે કહે છે કે હે પ્રભુ! મારે તો તારી પદવી જોઈએ. પ્રભુ! મારે તારા જેવું થવું છે. આ તો સાધક આત્માની વાત થઈ, પણ તમે ભગવાનને પ્રાર્થના કરતા શું માંગો છો? લાડી, વાડી અને ગાડી રૂપ ત્રણ રત્નો માંગો છો કે મેં જે કહ્યા એવા રત્નો માંગો છો? એવું કદી કહો છો કે હે ભગવાન! હવે મારો સંસારનો રઝળપાટ કયારે ટળશે? અને આવું કદાચ કહેતા હો તો ભવભ્રમણના ખેદથી તમારું અંતર પશ્ચાત્તાપના આંસુથી છલકાઈ જાય છે ખરું? જેને ભવભ્રમણનો ખેદ થતો હોય એ જ આત્મા ભવભ્રમણને ટાળી શકે.

તમે બધા નાટક સિનેમા જોવા જાઓ છો ત્યારે પ્રેક્ષક બનીને જાઓ છો. સિનેમા નાટકમાં ગમે તેવા પ્રસંગો આવે છતાં તેની અસર તમને થતી નથી, તેમ આ સંસારના સારા ને ખોટા ગમે તે પ્રસંગોમાં તમે પ્રેક્ષક બનીને સાક્ષીભાવથી રહો. જ્યાં મારાપણું માનીએ ત્યાં દુઃખ છે. મારાપણામાં રાગદ્વેષના તોફાન હોય છે, પણ સાક્ષીભાવમાં એવા તોફાન હોતા નથી. દા. ત. જેમ પોતાના ઘર ઉપર માણસને સામાન્ય રીતે રાગ હોય છે તેથી કોઈ સગાસ્નેહી કે બીજા ગમે તે માણસો પોતાના મકાનની બાંધણી , રંગરોગાન વિગેરે ઘણું સરસ બનાવ્યું છે એવી પ્રશંસા કરે તો મકાનનો માલિક ખુશ ખુશ થઈ જાય છે અને જો એ મકાનમાં તિરાડો પડી જાય તો એના હૈયામાં ફાસ્કો પડે છે. આનું નામ મારાપણાની મમતા. પોતાના મકાનના બદલે બીજાના મકાનમાં તિરાડ તો શું પણ મોટા મોટા બાકોરાં પડી જાય તો સ્હેજ પણ દુઃખ થતું નથી, કારણ કે ત્યાં પોતે મકાનનો માલિક કર્તા છે એવો ભાવ નથી હોતો પણ સાક્ષીભાવ છે, ઉદાસીનભાવ છે.

સનત્કુમાર ચક્રવર્તિના શરીરમાં સોળ સોળ રોગો ઉત્પન્ન થયા ત્યારે શરીર આવું અશુચિનું ભરેલું છે! જે દેહ અને દેહના સૌંદર્ય પ્રત્યે મને રાગ હતો તે જ દેહે મને દગો દીધો ? બસ, આટલા વિચારે વૈરાગ્ય આવી ગયો ને છ છ ખંડની સમૃદ્ધિને લાત મારીને દીક્ષા લીધી, અને શરીરનો રાગ છોડીને આત્માને રોગ રહિત બનાવવા માટે ઉગ્ર તપશ્ચર્યા આદરી. રોગગ્રસ્ત શરીર હોવા છતાં માસખમણના પારણે માસખમણ કરતા હતા. એમના દેહ ઉપરના વૈરાગ્યની પ્રશંસા સાંભળી બે દેવો વૈદનું રૂપ લઈને તેમની પરીક્ષા કરવા આવ્યા ને કહ્યું, મુનિરાજ! આપ અમને આજ્ઞા આપો તો અમે આપના રોગોને દૂર કરી દઈએ. મુનિ કહે છે મારે રોગ તો મટાડવા છે પણ આ શરીરના નહિ પણ આત્માના. હું કર્મરોગોથી ઘેરાયેલો છું. એ રોગોને દૂર કરવા છે. બોલો, એ રોગોને દૂર કરવાની તમારામાં શક્તિ છે ? મુનિની વાત સાંભળીને દેવોએ તેમના ચરણમાં પડીને માફી માંગી. મુનિરાજ! આપ અમારા અપરાધોની ક્ષમા કરો. અમે આપને ન ઓળખ્યા. આ મુનિને તપના પ્રભાવે અનેક લબ્ધિઓ અને શક્તિઓ પ્રગટ થઈ હતી. તેઓ પોતાની થૂંકવાળી આંગળી રોગભર્યા શરીર ઉપર ફેરવે તો રોગ મટી જાય ને કાયા કંચનવર્ણી બની જાય, છતાં એમણે રોગ મટાડવાની ઇચ્છા ન કરી. કેટલી એમની દેહ પ્રત્યે નિઃસ્પૃહતા! દેહમાં રહેવા છતાં દેહની મમતા ન હતી. એ તો સાક્ષી ભાવે દેહમાં વસતા હતા.

બંધુઓ! આપણે આવો સાક્ષીભાવ, નિઃસ્પૃહ ભાવ પ્રાપ્ત કરવો હોય તો આવા મહાન પુરૂષોના દૃષ્ટાંતો વાંચી તેના ઉપર ચિંતન મનન કરો તો જ્યારે રોગ આવશે ત્યારે સમભાવ રહેશે. ભલે, દર્દ મટી જતું નથી પણ આવા મહાન પુરૂષોના સાક્ષીભાવના દાખલાઓ ભયંકરમાં ભયંકર વેદનાઓ સમતાપૂર્વક સહન કરવાનું બળ આપે છે.

માટે સંસારમાં દરેક વસ્તુની મમતા છોડીને સાક્ષીભાવથી રહેા. આપણે ત્યાં આવા મહાન તપસ્વીઓ ઉગ્ર તપશ્ચર્યાઓ કરી રહ્યા છે તે કેવી રીતે કરે છે ? એમણે દેહ ઉપરથી મમત્વભાવ ઉતાર્યો છે. બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને આજે ૨૩ મેા ને બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજીને ૧૫ મેા ઉપવાસ છે. તેઓ દરરોજ વગર ટેકે વ્યાખ્યાનમાં બેસે છે. આખેા દિવસ સ્વાધ્યાય, ધ્યાન બધું કરે છે. તમે ગઈ કાલે મેાટી સંખ્યામાં નવસારી બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને માસખમણ તપના પારણે શાતા પૂછવા ને વંદન કરવા માટે ગયા હતા.

આ ઉત્તમ માનવ દેહ પામીને તપ–ત્યાગ આદિ ક્રિયાઓ કરીને જલ્દીથી આત્માને કર્મ રહિત કરવાનેા ઉત્તમ પુરૂષાર્થ કરેા. માનવભવ એ મેાક્ષ મેળવવા માટેનું નેાલેજ મેળવવાની કેાલેજ છે. વિદ્યાર્થી એસ. એસ. સી.માં પાસ થયા પછી કેાલેજમાં આવે છે. કેાલેજમાં આવ્યા પછી જે ડીગ્રી મેળવવી હેાય તે મેળવી શકાય છે, તેમ માનવભવમાં આવ્યા પછી મેાક્ષની મહાન ડીગ્રી મેળવી શકાય છે. માનવભવ એ પરીક્ષામાં પાસ થવાનેા હેાંશિયાર કલાસ છે. બીજા ભવ તેા ઠેાઠ કલાસ છે. વિદ્યાર્થી સારી ડીગ્રી મેળવવા માટે રાત–દિવસ તનતેાડ મહેનત કરે છે. જો મહેનત ન કરે ને ફેઈલ થાય તેા એની આબરૂ જાય છે તેમ આ આત્મા માનવભવ પામીને મેાક્ષમાં જવા માટે મહેનત ન કરે અને હતા તેવા ને તેવા જો પાછા જાય તેા ઇજ્જત જાય ને ? આજે માણસ પેાતાના ઘરની, ગામની ઇજ્જત સાચવવા કેટલા વાનાં કરે છે ! અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

"અત્તરના વહેપારીનું ઉદયપુરમાં આગમન :– મેવાડ દેશની આપણે ઘણી ઘણી પ્રશંસા સાંભળી છે. જે ભૂમિમાં મહારાણા પ્રતાપ જેવા શૂરવીર અને ધીર પુરૂષનેા જન્મ થયેા હતેા. એવા મેવાડ દેશની રાજધાની ઉદયપુરમાં બનેલેા આ પ્રસંગ છે. ઉદયપુરના મહારાજાની ખ્યાતિ સાંભળીને ઘણાં દૂર દૂર દેશથી અત્તરના વહેપારીઓ કીંમતીમાં કીંમતી ઉંચી જાતના અત્તર લઈને વેચવા માટે ઉદયપુરમાં આવ્યા. આ સમયે મહારાજા પેાતાના દિવાનખાનામાં બેઠેલા હતા. ત્યાં દ્વારપાલે આવીને ખબર આપ્યા કે પરદેશથી કેાઈ મેાટેા વહેપારી આપના દર્શનાર્થે આવ્યેા છે. મહારાજાએ કહ્યું એમને અંદર આવવા દેા. મહારાજાની આજ્ઞા થતાં પરદેશી વહેપારી મહારાજા પાસે આવ્યેા એટલે મહારાજાએ એનેા આદર સત્કાર કરીને બેસાડયેા પછી પૂછયું કે તમે કયાંથી આવેા છેા ? આવનાર વહેપારીએ કહ્યું કે સાહેબ ! આપની ખ્યાતિ અને પ્રશંસા સાંભળીને હું ઘણાં દૂર દૂર દેશથી આવું છું, પછી પેાતાની પાસે રહેલી અત્તરની પેટી ખેાલતા કહ્યું કે હું અત્તરનેા વહેપારી છું. ઉંચામાં ઉંચી જાતના અત્તરેા લઈને આપની પાસે આવ્યેા છું.

આજે ઘણાં ભાઈ બહેનેા પેાતાના કાનમાં અત્તરના પુમડા ભરાવે છે અને કપડા

પર પરદેશી સેન્ટ છાંટીને સુગંધથી મઘમઘતા બનીને બહાર જાય છે પણ વિચાર કરો. આ અત્તરની સુગંધથી કંઈ આત્મા સુગંધિત નહિ બને. જે અત્તર અને સેન્ટની સુગંધનો મોહ રાખે છે એને ખાસ સમજવાની જરૂર છે કે પરદેશી સેન્ટ અને અત્તર આદિ દરેક ચીજો હિંસક હોય છે. પરદેશી હિંસક ચીજો વાપરીને મારો આત્મા કયાંય દુર્ગતિ રૂપ ક્રૂર દેશમાં દારૂણ દુઃખો ભોગવવા ચાલ્યો જશે.

"ઉદયપુરના રાજાની પવિત્ર ભાવના" :– ઉદયપુરના મહારાજાને પરદેશી વહેપારી પોતાની પેટીમાંથી એક પછી એક અત્તરની શીશીઓ કાઢી કાઢીને બતાવવા લાગ્યો. મહારાજાએ બધા અત્તરો જોયા અને દરેક અત્તરોના ભાવ પૂછયા. એકેકથી ચઢિયાતા બધા ઉંચી જાતના અત્તરો હતા. રાજા મહારાજાઓ સિવાય ખરીદવાની કોઈની શક્તિ ન હતી. ઉદયપુરના મહારાજાએ વિચાર કર્યો કે આટલા બધા ઉંચી જાતના અત્તરોમાં આટલા બધા નાણાં ખર્ચી નાંખવાનો શું અર્થ ? આ મહારાજાને આવા ખોટા ઠાઠમાઠ પસંદ ન હતા. એમની એવી માન્યતા હતી કે મારા ભંડારમાં જે નાણાં છે તે મારા નથી પણ પ્રજાના છે. પ્રજાના પૈસા પ્રજાના કલ્યાણમાં અને પ્રજાની ઉન્નતિમાં વપરાવા જોઈએ. પોતાના મોજશોખ અને ઠાઠમાઠ માટે ન વપરાવા જોઈએ. એમ વિચાર કરીને મહારાજાએ વહેપારીને કહ્યું, ભાઈ! મારે અત્યારે અત્તરની જરૂર નથી. આ શબ્દો સાંભળીને વહેપારીનું મન ઉદાસ થઈ ગયું. વહેપારી વીલે મોઢે રાજમહેલના પગથિયા ઉતરી ગયો. એના મનમાં થઈ ગયું કે જેની ખ્યાતિ સાંભળીને આટલે દૂરદૂરથી હું આવ્યો એ મહારાજા તો સાવ કંજૂસ છે. જેના મહારાજા આવું કીમતી અત્તર ખરીદવા માટે શક્તિમાન નથી તો એની પ્રજા તો શું ખરીદી શકવાની છે ?

"નિરાશા મળતા વહેપારીનું દિલ્હી તરફ પ્રયાણ" :– વહેપારીએ વિચાર કર્યો કે અહીં મારા અત્તરનો ખરીદનાર ન મળ્યો તો હવે હું દિલ્હી જાઉં. ત્યાંના અકબર બાદશાહ જરૂર મારું અત્તર ખરીદશે. એમ મન સાથે નક્કી કરીને પોતાની ઘોડી ઉપર બેસીને દિલ્હીના માર્ગે રવાના થયો. બપોરનો સમય થયો એટલે એક ઝાડ નીચે વિસામો ખાવા બેઠો. હવે દિલ્હી જવું છે પણ ઉદયપુરમાં પોતાનું અત્તર ન વેચાયું એટલે મુખ ઉપર ઉદાસીનતાનો પાર નથી, કારણ કે દિલ્હી જાઉં છું તો ખરો પણ ત્યાંના બાદશાહ ઉદયપુરના મહારાજાની જેમ મને નિરાશ તો નહિ કરે ને! આમ વિચાર કરતો હતો ત્યાં સામેથી એક ઘોડેસ્વારને આવતો જોયો. ઘોડેસ્વારે વહેપારીનું મુખ ઉદાસ જોયું એટલે પોતાનો ઘોડો ઉભો રાખીને પૂછયું કે ભાઈ! તમે કયાંથી આવો છો ? અને આપનું મુખ આટલું બધું ઉદાસ કેમ છે ? વહેપારીએ કહ્યું કે હું આવું છું તો ઉદયપુરથી પણ ત્યાંથી નિરાશા મળતાં હવે દિલ્હી તરફ જાઉં છું.

"દેશ માટે ખમીર ધરતો યુવાન" : આવનાર ઘોડેસ્વાર ચાલાક હતો. એણે પૂછયું કે ભાઈ! એવી તે તમારી કઈ મોટી આશા હતી કે જે ઉદયપુરમાં ન ફળી અને દિલ્હીમાં ફળશે? ત્યારે વહેપારીએ કહ્યું કે ઉદયપુરના મહારાજાની ખ્યાતિ સાંભળીને આવ્યો હતો ને ત્યાં ઘણી મોટી આશા લઈને ગયો હતો પણ મારા અત્તરની એક પણ બાટલી ત્યાંના મહારાજા ખરીદ કરી શકયા નહિ, તો પ્રજા તો બિચારી કયાંથી ખરીદી શકે? ત્યારે મારા મનમાં એમ થયું કે આવા અમૂલ્ય અત્તરો તો કોઈ બાદશાહ જ ખરીદી શકે. આવા સામાન્ય રાજાનું શું ગજું! માટે હવે હું દિલ્હી જાઉં છું. આ સાંભળીને ઘોડેસ્વાર સમજી ગયો કે નક્કી અમારા મહારાજા પૈસાનો આવા અત્તર જેવી મોજશોખની ચીજમાં દુરૂપયોગ કરે તેવા નથી, માટે એનું અત્તર ખરીદ કર્યું નહિ હોય, પણ આ પરદેશી વહેપારી દિલ્હીમાં જઈને અકબર બાદશાહ પાસે મારા મહારાજાને કંજૂસ તરીકે જાહેર કરશે તો મારા મહારાજાની ઈજ્જત જશે, એટલે પોતાના દેશનું અને મહારાજાનું ગૌરવ વધારવા ઘોડેસ્વારે રોકડા પૈસા આપીને વહેપારીનું બધું અત્તર ખરીદી લીધું.

"યુવાનની દેશગૌરવતા" :– ઘોડેસ્વારે બધું અત્તર ખરીદીને વહેપારીની નજર સમક્ષ પોતાના ઘોડાને અત્તરથી નવડાવી દીધો, ત્યારે વહેપારીએ કહ્યું અરે! ભાઈ! આવા કિંમતી અત્તરોનો તેં આ શું દુરૂપયોગ કર્યો? ઘોડેસ્વાર કહે છે ભાઈ! દુરૂપયોગ નથી કર્યો પણ સદુપયોગ કર્યો છે. અમારા મહારાજા કંજૂસ નથી પણ તારા જેવા અત્તરથી તો અમારા ઉદયપુરમાં ઘોડાને સ્નાન કરાવવામાં આવે છે. આવા અત્તરની અમારા રાજ્યમાં કંઈ કિંમત નથી. અમારા રાજ્યમાં તો સત્ય, નીતિ, સદાચાર, શીલ અને અહિંસારૂપી કિંમતી અત્તરો વપરાય છે. એ અત્તરો આગળ તારા અત્તરની શી કિંમત? આ શબ્દો સાંભળીને વહેપારીના આશ્ચર્યનો પાર ન રહ્યો ને એના મુખમાંથી શબ્દો સરી પડયા કે ધન્ય છે મેવાડ તારી પવિત્ર ભૂમિને!

એક યુવાને અત્તર ખરીદ્યું છે તેવી જાણ થતાં ઉદયપુરના મહારાજાને ખૂબ ક્રોધ ચઢયો કે 'જે અત્તર મેં ન ખરીદ્યું તે અત્તર મારા હાથ નીચેના માણસે ખરીદ કરીને મારું ઘોર અપમાન કર્યું છે. તરત જ મહારાજાએ એને બોલાવીને કહ્યું કે મેં અત્તર ન ખરીદ્યું તે અત્તર તેં ખરીદીને મારું ભયંકર અપમાન કર્યું છે તે બદલ તને ફાંસીની શિક્ષા કરવામાં આવે છે, પેલો માણસ કહે છે, ભલે સાહેબ! ફાંસીની શિક્ષા ફરમાવશો તો હું ફાંસીએ ચઢવા તૈયાર છું પણ ફાંસીએ ચઢાવતા પહેલા તમે મારી એક વાત સાંભળી લો. એ માણસ પણ કંઈ રસ્તે રખડતો સામાન્ય ન હતો કે એમ રાજાનો ગુસ્સો જોઈને ગભરાઈ જાય કે ફાંસીએ ચઢાવવાની બીકથી ડરી જાય. એણે મહારાજાને ધડાકાબંધ કહી દીધું–સાહેબ! એ અત્તર મારા માટે નહિ પણ આપણા મેવાડ દેશની રાજધાની ઉદયપુરનું નાક રાખવા અને મેવાડનું ગૌરવ વધારવા

ખરીધું હતું. જો મેં અત્તર ન ખરીધું હોત તો મેવાડનું નાક આજે જવાનું હતું. અહીં તમે અત્તર ખરીદ્યું નહિ એટલે એ વહેપારી દિલ્હીના બાદશાહ પાસે જતો હતો. ત્યાં જઈને એમ જ કહેવાનો હતો કે ઉદયપુરના મહારાજા ઘણા કંજૂસ છે. હું ઘણી મોટી આશાએ ગયો હતો. મારું અત્તર એમને ગમ્યું અરુ પણ ખર્ચ ઘણો થઈ જાય એ ડરથી મારું અત્તર ખરીધું નહિ.

"ધન્ય છે મેવાડ તારી ધરતીને!" :- આ પરદેશી વહેપારીની વાત સાંભળીને દિલ્હીમાં અકબર બાદશાહને મેવાડ અને મેવાડના બધા મહારાજાઓની મસ્કરી કરવાનો મોકો મળી જાત ને મેવાડની ફજેતી થાત અને ઉદયપુરના મહારાજા મખ્ખીચૂસ-કંજૂસ છે. એવી જાહેરાત થાત. એ માટે મેં ખૂબ વિચાર કરીને વહેપારી પાસેથી અત્તર ખરી ' હતું ને આપનું અપમાન ન થાય તે માટે એ વહેપારીની સામે જ મેં એ બધું અત્તર ઘોડા ઉપર ઢોળી દઈને ઘોડાને અત્તરથી નવરાવી દીધો. આ જોઈને વહેપારીએ મને પૂછ્યું કે આવા કિંમતી અત્તરનો તેં આ કેવો દુરૂપયોગ કર્યો? ત્યારે મેં એને કહી દીધું કે અમારા મેવાડમાં તો આવા અત્તરથી ઘોડાને નવડાવવામાં આવે છે. આ અત્તરની કોઈ કિંમત નથી. અમારે ત્યાં તો આથી પણ વધુ કિંમતી સત્ય, નીતિ, સદાચાર, શીલ વિગેરેના અત્તર વપરાય છે, પછી તારા આવા મામૂલી અત્તરને કોણ ખરીદે? મારી વાત સાંભળીને વહેપારી પોતે બોલી ઉઠ્યો કે ધન્ય છે મેવાડ તારી ધરતીને!

મહારાજા સાહેબ! મેવાડની ધરતીનું ગૌરવ વધારવું એમાં જો આપને આપનું અપમાન લાગતું હોય તો આપ જે શિક્ષા કરો તે હસતા મુખે સહેવા તૈયાર છું. મેવાડની ધરતીનું ગૌરવ વધારવા લાખો રૂપિયા ખર્ચી નાંખનાર એ નવયુવાનની નિર્લોભતા અને વફાદારી જોઈને મહારાજાની આંખમાં આંસુ આવી ગયા અને મહારાજા પોતાના સિંહાસનેથી ઊભા થઈને એને ભેટી પડયા. રાજ્ય તરફથી એને મોટું ઇનામ આપ્યું. એ જમાનામાં પોતાના દેશ પ્રત્યેનો પ્રેમ અને દેશનું ઋણ અદા કરવા ખાતર આવા પ્રજાજનો લાખ્ખો રૂપિયા કાચી સેકંડમાં ન્યોચ્છાવર કરી દેતા. બોલો આજે છે દેશનું આટલું ગૌરવ!

આપણા ચાલુ અધિકારમાં રત્નવતીના કહેવાથી બ્રહ્મદત્તકુમાર, તેનો મિત્ર વરધનુ અને રત્નવતી ત્રણ જણાએ રથમાં બેસીને મગધ દેશ તરફ જવાનું નક્કી કર્યું. વરધનુ રથ ચલાવવા લાગ્યો. ખૂબ ઝડપથી રથ ચાલવા લાગ્યો. વત્સ દેશની સીમા ઓળંગીને તેઓ ઘણા દૂર નીકળી ગયા. ચાલતા ચાલતા ગિરિગુહા નામની એક ભયંકર અટવીમાં તેઓ આવી પહોંચ્યા. ત્યાં એક ચોરપલ્લીમાં ચોરોના કંટક અને સુકંટક નામના મુખ્ય સેનાપતિઓ રહેતા હતા. તેમણે આ રથને જતો જોયો એટલે રથને લૂંટવા માટે એ ચોરો એમની ટોળી સહિત રથની નજીક આવવા લાગ્યા. બ્રહ્મદત્તકુમાર સમજી ગયો

કે ચોર લૂંટારાઓ આપણને લૂંટવા માટે આવી રહ્યા છે એટલે કુમારે પોતાના પરાક્રમથી બાણ વડે ચોરોને હરાવીને જર્જરિત બનાવી દીધા, તેથી ચોરો ત્યાંથી નાસી છૂટયા, અને નિર્ભય બન્યા ત્યારે વરધનુએ કહ્યું કે તમે ચોરો સાથે યુદ્ધ કર્યું એટલે ખૂબ થાકી ગયા હશો, માટે તમે રથમાં થોડી વાર આરામ કરો. જુઓ, મિત્રને બ્રહ્મદત્તકુમાર ઉપર કેટલી લાગણી છે ! વરધનુના કહેવાથી બ્રહ્મદત્તકુમાર રથમાં સૂઈ ગયા. ચાલતા ચાલતા માર્ગમાં એક પહાડી નદી આવી. ઘોડાઓ પણ ખૂબ થાકી ગયા હતા એટલે નદી પાર કરવાની એમનામાં તાકાત ન હતી તેથી ત્યાં જ અટકી ગયા. આ વખતે બ્રહ્મદત્તકુમાર જાગી ગયા, ત્યારે તેમણે પોતાના મિત્ર વરધનુને જોયો નહિ એટલે વિચાર કર્યો કે કદાચ રથ થોભાવીને એ પાણી લેવા ગયો હશે. એમ સમજીને થોડી વાર રથને ત્યાં ઉભો રાખ્યો, પણ વરધનુ ન આવ્યો ત્યારે કુમારને ચિંતા થવા લાગી કે મારો મિત્ર કયાં ગયો ? હજુ તે કેમ પાછો ન આવ્યો ? એ કયાં ગયો હશે ? એનું શું થયું હશે ? એમ અનેક પ્રકારની અનિષ્ટની શંકાઓથી આકુળવ્યાકુળ બનીને કુમારે આજુબાજુ દૃષ્ટિ ફેરવી તો રથના અગ્રભાગને લોહીથી ખરડાયેલો જોયો.

"બ્રહ્મદત્તનો કરુણ વિલાપ" :– લોહીથી ખરડાયેલા રથના અગ્રભાગને જોતા કુમારે વિચાર કર્યો કે નક્કી કોઈ દુષ્ટે મારા મિત્ર વરધનુને મારી નાંખ્યો લાગે છે. આ વિચારે તેનું હૃદય ભરાઈ આવ્યું ને એ કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યો કે અરેરે.... મિત્ર ! તું મને આ વનમાં એકલો છોડીને કયાં ચાલ્યો ? તું કયાં ગયો છે ? જ્યાં ગયો હોય ત્યાંથી જલ્દી દોડીને મારી પાસે આવી જા, મને વિપત્તિમાં સહાય કરનારા હે મિત્ર ! તારા જેવો મિત્ર હવે મને કયાંથી મળશે ? અરે....ઓ કાળગોઝારા ! તેં નિર્દય બનીને મારા મિત્રને કયાં લઈ લીધો ? તેં મારા આ મિત્રનું હરણ કર્યું તો એના પહેલા તારે મને જ ઉપાડી લેવો હતો ને ! આ પ્રકારે કરૂણ વિલાપ કરતા કરતા બ્રહ્મદત્તકુમારને મૂર્છા આવી ગઈ. કુમારને બેભાન થયેલો જોઈને રત્નવતીએ શીતળ પાણી છાંટયું, પવન નાંખ્યો. આ રીતે ઉપચારો કરવાથી કુમારની મૂર્છા દૂર થઈ અને તે શુદ્ધિમાં આવ્યો ત્યારે તે ફરીને વિલાપ કરવા લાગ્યો ને વડના ઝાડ સામું જોઈને ધ્રૂસ્કે ને ધ્રૂસ્કે રડતો કહેવા લાગ્યો કે હે વૃક્ષરાજ ! મારા મિત્રને તમે જોયો છે ? હે પંખીડા ! મારો મિત્ર કયાં ગયો છે ? એનો સંદેશો તું મને લાવી આપને !

કોઈ લાવી આપો (૨) મારા મિત્રનો સંદેશો મને કોઈ લાવી આપો.
કયાં ગયો એ કયાં ગયો (૨) મારો લાડકવાયો મિત્ર કયાં ગયો
ઓ પંખીડા (૨) મારા મિત્રનો સંદેશો જલ્દી લઈ આવો.

આમ કરુણ સ્વરે વિલાપ કરતો બ્રહ્મદત્તકુમાર આખા વનમાં ફરી વળ્યો પણ કયાંય એને મિત્રનો સંદેશો ન મળ્યો. આથી હતાશ થઈને પડયો. આ સમયે રત્નવતીએ

મીઠા શબ્દોથી સાન્ત્વન આપતાં કહ્યું કે ચિંતા ન કરશો. આપના મિત્ર જરૂર આપણને મળી જશે ત્યારે કુમારે કહ્યું રત્નવતી! વરધનુ મરી ગયો છે કે જીવતો છે, એનું શું થયું તે કંઈ જ ખબર પડતી નથી. તો હવે મારું કર્તવ્ય છે કે મારે એની શોધ કરવા જવું જોઈએ, માટે તું અહીંયા રથમાં બેસી રહેજે. હું એની શોધ કરવા જાઉં છું. કુમારની વાત સાંભળીને રત્નવતીએ કહ્યું કે આર્યપુત્ર! મિત્રની શોધ કરવા જવું એ તમારી ફરજ છે પણ અત્યારે આ ચોર લૂંટારા અને હિંસક પ્રાણીઓથી ભરેલા જંગલમાં મને એકલી મૂકીને જવું એ યોગ્ય નથી. આ વનમાં માણસોના પગલાં દેખાય છે તેથી એમ લાગે છે કે અહીં નજીકમાં ગામ હોવું જોઈએ. તો આપ મને ગામમાં કોઈ સુરક્ષિત સ્થાને રાખીને આપ મિત્ર વરધનુની શોધમાં જાઓ એ ઠીક છે. કુમારનો વિલાપ સાંભળીને ઝાડે પંખી પ્રાણી ઉઠયા. જંગલી પશુઓ પણ સ્થિર થઈ ગયા. એવો વિલાપ કરતાં કરતાં રત્નવતીને લઈને ક્ષિતિપુર ગામમાં પહોંચ્યો.

કુમારે જ્યારે ક્ષિતિપુર ગામમાં પ્રવેશ કર્યો ત્યારે અનેક માણસોની વચમાં ઉભેલા ક્ષિતિપુરના રાજાએ કુમારને જોયો. એને રથમાં બેસીને આવતો જોઈને રાજાના મનમાં થયું કે મારા ગામમાં આવનાર આ વ્યક્તિ કોઈ સામાન્ય પુરૂષ નથી પણ કોઈ ઉત્તમ આત્મા લાગે છે. એ એમના મુખ ઉપરથી જણાઈ આવે છે. મારું સૌભાગ્ય છે કે આવી પુણ્યવાન વ્યક્તિ મારા નગરમાં આવે છે તો મારે એમનું સન્માન કરવું જોઈએ. એમ વિચારી રાજા એમનું સ્વાગત કરીને પોતાના મહેલમાં લઈ ગયા અને તેમને રહેવા માટે એક મહેલ આપ્યો. બ્રહ્મદત્તકુમાર અને રત્નવતી બંને જણા ત્યાં રહેવા લાગ્યા પણ બ્રહ્મદત્તકુમારને એનો મિત્ર ભૂલાતો નથી. એને યાદ કરીને ઉદાસ રહેવા લાગ્યો, ત્યારે ક્ષિતિપતિએ પૂછયું કે હે કુમાર! આપ આટલા બધા ચિંતાતુર કેમ દેખાઓ છો? કુમારે કહ્યું, ભાઈ! મારા દુઃખની શી વાત કરું? અમે ત્રણે જણા રથમાં બેસીને અહીં આવતા હતા ત્યાં રસ્તામાં એક ચોરપલ્લી આવી. ત્યાં મેં ચોરોનો સામનો કરીને તેમને પાછા હઠાવ્યા. ચોરો તો ભાગી ગયા પછી મારા મિત્રે મને સૂઈ જવાનું કહ્યું એટલે હું રથમાં ઉંઘી ગયો. તે સમયે મારા મિત્રનું શું થયું તે મને કંઈ ખબર નથી. મારો જીવનસાથી કહું, સગો ભાઈ કહું કે જે કહું તે મારો મિત્ર જ હતો. ખૂબ તપાસ કરી છતાં મારો મિત્ર મને ક્યાંય મળતો નથી. તમે મારા મિત્રને જોયો છે ખરો? ક્ષિતિપતિએ કહ્યું ના ભાઈ! મેં તારા મિત્રને જોયો નથી, ત્યારે બ્રહ્મદત્તકુમારે કહ્યું તો મારે મારા મિત્રને શોધવા માટે જવું છે. આટલું બોલતાં બ્રહ્મદત્તકુમારની આંખો આંસુથી છલકાઈ ગઈ.

"વરધનુની શોધમાં નીકળ્યો":- કુમારની આવી દુઃખદ સ્થિતિ જોઈને ક્ષિતિપતિ રાજાને ખૂબ દુઃખ થયું. એણે કહ્યું કુમાર! આપ ચિંતા ન કરો. આપને

શોધવા જવાની કોઈ જરૂર નથી. હું મારા સુભટોને તમારા મિત્રની તપાસ કરવા માટે મોકલું છું. જો એ જંગલમાં હશે તો જરૂર મળી જશે. આ પ્રમાણે કહીને કુમારને સાંત્વન આપીને પોતાના સુભટોને વરધનુની શોધ કરવા મોકલ્યા. રાજાના સુભટો ચારે તરફ વરધનુની શોધ કરવા લાગ્યા. જંગલમાં પહાડ પર, ગુફાઓમાં બધે વરધનુની શોધ ચલાવી પણ વરધનુનો પત્તો ન મળ્યો એટલે બધા સુભટો પાછા ફર્યા. પાછા ફરતા રસ્તામાં એક બાણ એમને મળ્યું. બાણ લોહીથી ખરડાયેલું હતું. સુભટોએ આવીને રાજાને કહ્યું કે સાહેબ ! અમે ખૂબ તપાસ કરી પણ આ એક બાણ રસ્તામાંથી જડયું છે. બાકી વરધનુનો પત્તો મળ્યો નહિ. આ સાંભળીને બ્રહ્મદત્તકુમારને ખૂબ દુઃખ થયું. જે બાણ સુભટોને મળ્યું હતું તેને ખૂબ ધારી ધારીને જોયું તો બાણ ઉપર વરધનુનું નામ હતું. બાણ લોહીથી ખરડાયેલું હતું. આ જોઈને બ્રહ્મદત્તકુમારે નિશ્ચય કર્યો કે મારો મિત્ર મરી ગયો છે એટલે જ્યાં સુધી તે ક્ષિતિપુરમાં રહ્યો ત્યાં સુધી તેને વરધનુના મરણનું દુઃખ ઓછું ન થયું. હવે તે વરધનુની શોધ કરવા જશે ને રસ્તામાં શું બનશે તેના ભાવ અવસરે.

"ચરિત્ર" :– ઝૂંપડીમાં દેવસેન અને કેતુસેન બંને ભૂખના કારણે વારંવાર ઉંઘમાંથી જાગી જાય છે ને આવાનું માંગે છે ત્યારે સુશીલા કહે છે બેટા ! હું શું કરું ? હું જેને ત્યાં કામ કરું છું તે શેઠાણીએ મને કંઈ જ ખાવાનું ન આપ્યું એટલે મારે તમને ભૂખ્યા રાખવા પડયા. બેટા ! હું બીજા શેઠને ત્યાં કામ કરું છું એમણે મને દાળ, ચોખા, ઘી, સાકર, લોટ બધું આપવાનું કહ્યું છે એટલે મને આપશે તો હું તમને રસોઈ બનાવીને જમાડીશ. હે મારા વહાલા બેટા ! તું સૂઈ જા, ત્યારે નાનકડા કેતુસેને રડતાં રડતાં કહ્યું. બા ! હવે તો આ દુઃખ સહન થતું નથી. કયાં સુધી આપણે દુઃખ વેઠવાનું ? સુશીલા કહે છે બેટા ! હવે આપણે બહુ દુઃખ નથી વેઠવાનું. સાંભળ, તારા પિતાજીને ગયા ઘણો સમય થઈ ગયો છે એટલે મારું મન કહે છે કે જાણે કાલે જ તારા પિતાજી ખૂબ ધન કમાઈને આવશે. તમારે માટે તો પેંડા, બરફી, જલેબી આદિ જાતજાતની ને ભાતભાતની મીઠાઈઓ તથા કાજુ, બદામ આદિ મેવો લાવશે, પછી હું તમને રોજ રોજ પેટ ભરીને મીઠાઈ ખવડાવીશ. એમ કરીને કેતુસેનને વાત્સલ્ય ભર્યો હાથ ફેરવીને સૂવાડયો. બાળકનો સ્વભાવ છે કે જાગે ત્યારે ખાવાનું માંગે પણ માતાના હાથમાં એવું જાદુ છે કે એનો સ્પર્શ થતાં ભૂખ્યું બાળક પણ નિરાંતે ઉંઘી જાય છે. એ રીતે માતાનો વાત્સલ્ય ભર્યો હાથ ફરતાં કેતુસેન ઉંઘી ગયો.

"પત્ની અને બાળકોનું દુઃખ જોતો ભીમસેન" :– ભીમસેન ઝૂંપડીની બહારથી પોતાની પત્ની અને બાળકોની કેવી પરિસ્થિતિ છે તે ફાટી આંખે નિહાળી રહ્યો છે. જ્યાં કેતુસેન ઉંઘી ગયો ત્યાં દેવસેન જાગ્યો ને કહે છે બા....બહુ ઠંડી લાગે

છે ત્યારે સુશીલા કહે છે બેટા ! હવે મારી પાસે કંઈ જ નથી રહ્યું. મારો પહેરેલો સાડલો પણ ઓઢાડી દીધો. હવે હું કપડા કયાંથી લાવીને ઓઢાડું. બેટા ! તમને ભૂખથી પીડાતા ને ઠંડીમાં ઠરી જતાં જોઈને મારું કાળજું બળી જાય છે પણ શું કરું ? લાચાર છું, પણ બેટા ! આજનો દિવસ તું ઠંડી સહન કરી લે.

બેટા કલ તુમ્હારા પિતા આયગા, લેકર મોટી પોટ,
ધોતી પાજામા કુરતા, અંગી ગર્મ ઉનકા કોટ.

બેટા ! તારા પિતાજી પરદેશ ધન કમાવા માટે ગયા છે. એ આવશે એટલે તમારા ને મારા માટે કપડાનું પોટલું લઈને આવશે. તમારે ને મારે માટે સુંદર કપડાં, ઠંડીમાં પહેરવા માટે ગરમ ઉનના કોટ લાવશે. સૂવા માટે પોચી ગાદી અને તકિયા લાવશે, અને ઓઢવા માટે ગરમ ધાબળા લાવશે એટલે આપણી ઠંડી ઉડી જશે, માટે બેટા ! તું સૂઈ જા. એમ કહી સમજાવીને દેવસેનને પણ સૂવાડી દીધો પણ સુશીલા તો કયાંથી ઉંઘે ! આજે કંઈક સંતાનો મા-બાપને ભૂલી જાય છે, પણ વિચાર કરો. માતા પોતાના સંતાનોનું રક્ષણ કરવા માટે કેટલું કષ્ટ સહન કરે છે ! સુશીલા તો થરથર ધ્રૂજે છે. દેવસેનને ઉંઘ આવતી નથી. પોતાની માતાને ઠંડીથી ધ્રૂજતી જોઈને કહે છે અરેરે....બા ! તું તો કેટલી બધી ધ્રૂજે છે ! તારો સાડલો પણ તેં અમને ઓઢાડી દીધો છે. સુશીલા કહે છે બેટા ! શું કરું ? હવે બીજા કપડાં નથી પણ તું ચિંતા ન કરીશ હોં....કાલે તારા પિતાજી મારે માટે કપડા લઈને આવવાના છે. આમ સુશીલા બાળકોને સમજાવે છે પણ અંદરથી એનો આત્મા રડી રહ્યો છે. બાળકોને સૂવાડી પોતે ઠંડીથી ધ્રજતી (૨) રડવા લાગી.

બંધુઓ ! દુઃખની પણ હદ હોય છે. માણસ સહન કરી કરીને કેટલું કરે. એક દુઃખમાંથી મુક્ત ન થાય ત્યાં બીજું દુઃખ આવીને ઊભું રહે છે. જ્યારથી રાજમહેલ છોડીને નીકળ્યા છે ત્યારથી બિચારાના માથે દુઃખ, દુઃખ ને દુઃખ આવ્યા કરે છે. સુખના દર્શન થતાં જ નથી, છતાં ભીમસેન હતો ત્યાં સુધી હિંમતથી બધું સહન કરતા હતા. એક મહિનામાં આવવાનું કહીને ગયો ને બાર મહિના થયા છતાં ભીમસેન ન આવ્યો. બીજી તરફ બાળકોનું રૂદન જોવાતું નથી, એટલે સુશીલાનું હૃદય રડી ઉઠયું. મોટેથી ડુસકા ભરીભરીને રડવા લાગી. માતાનો રડવાનો અવાજ સાંભળીને બંને બાળકો જાગી ગયા. ગળે વળગીને પૂછવા લાગ્યા કે માતા ! તું કેમ રડે છે ? તને શું થયું છે ? સુશીલાએ કહ્યું-બેટા ! કંઈ નથી થયું....હું કયાં રડું છું ? એ તો મારી આંખમાં કંઈક પડયું છે એટલે તમને એમ લાગે છે. બાળકો કહે-બા ! તું સાચું બોલને ! શા માટે અમને જૂઠું કહે છે ? નાનકડો કેતુસેન કહે છે હું માતા ! હું રડું છું ને ખાવાનું માંગુ છું એટલે તું રડે છે ને ? તો હવે તું ન રડીશ. અમે ખાવાનું ને કપડાં કંઈ નહિ માંગીએ. તું છાની રહી જા. એમ કહેતાં બંને બાળકો

રડવા લાગ્યા. સુશીલાએ બંને બાળકોને છાતી સરસા ચાંપતા કહ્યું બેટા ! તમે બંને ખાવાનું ને ઓઢવાનું માંગો છો એટલે કંઈ હું નથી રડતી.

" પતિની યાદમાં હૈયાફાટ રૂદન કરતી સુશીલા " :– બેટા ! આજે આપણે આટલું દુઃખ વેઠીએ છીએ. આ દુઃખમાં આપણને કોનો આધાર છે ? એક તારા પિતાનો આધાર છે. એ ગયા ત્યારે મહિનામાં ધન કમાઈને આવવાનું કહી ગયા છે પણ એક મહિનાને બદલે બાર બાર મહિના થઈ ગયા છતાં આવ્યા નહિ. અરે, પૈસા મોકલ્યા હોત તો પણ મારે તમને ભૂખ્યા ને ઉઘાડા ન રાખવા પડત ને ? હવે આપણી પાસે કંઈ નથી. મને આવી ખબર હોત તો હું એમને જવા જ ન દેત. મને એમની ચિંતા થાય છે કે હજુ કેમ ન આવ્યા ? કોણ જાણે કયારે એમના દર્શન થશે ? માર્ગમાં કંઈ અમંગળ તો નહિ થયું હોય ને ? નહિતર આપણને બીજું કંઈ નહિ તો સંદેશો પણ મોકલે ને ! આવો વિચાર આવતાં હું રડી પડું છું, ત્યારે બંને બાલુડાઓ કહે છે બા ! તું અમને કહેતી હતી ને કે એક બે દિવસમાં તારા પિતાજી આવી જશે. માટે તું ધીરજ રાખ. આટલા મહિના આપણે રાહ જોઈને કાઢયા હવે શું બે ચાર દિવસ નહીં નીકળી જાય ! જરૂર મારા પિતાજી આવી જશે. એમ કહીને બંને બાળકો માતાને આશ્વાસન આપે છે. અત્યાર સુધી મા દીકરાઓને આશ્વાસન આપતી હતી હવે દીકરાઓ માતાને આશ્વાસન આપે છે. આ બધું દૃશ્ય ભીમસેન ઝૂંપડીની બહાર રહીને ગુપ્ત રીતે જોઈ રહ્યો છે. બહાર ઉભા ઉભા પત્ની અને પુત્રોના શબ્દો સાંભળતા ભીમસેનનું હૃદય વલોવાઈ ગયું. એ વિચારવા લાગ્યો કે આ લોકો મારા આગમનની કેટલી આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આજે આવશે....કાલે આવશે એમ રોજ મારી રાહ જોવે છે ને મારા ઉપર કેવી કેવી આશાના મિનારા બાંધીને દિવસો પસાર કરે છે, ત્યારે હું તો ખાલી હાથે આવ્યો છું. અરે, હતું તે પણ ગુમાવીને આવ્યો છું. આ વાત આ ત્રણે જાણશે ત્યારે એમના અરમાન ઉપર કેવી વીજળી તૂટી પડશે ! સુશીલાનું હૈયું તો ભાંગીને ભુક્કો થઈ જશે. હવે ભીમસેન શું કરશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૪૮

ભાદરવા સુદ ૧૪ ને મંગળવાર **તા. ૪–૯–૭૯**

સુજ્ઞ બંધુઓ ! અનંતજ્ઞાની, શાસનસમ્રાટ, શાસ્ત્રના પ્રતિપાદક એવા તીર્થંકર ભગવંતોના મુખકમળમાંથી જે વાણીનો ધોધ છૂટયો તે ગણધર ભગવંતોએ ઝીલ્યો. ભગવાનના મુખમાંથી અર્થ રૂપે વાણી નીકળે છે અને ગણધર ભગવંતો એની સૂત્ર રૂપે ગૂંથણી કરે છે, પછી મહાન વિદ્વાન અને બહુશ્રુત આચાર્ય ભગવંતોએ એને તાડપત્ર અને પાના–પુસ્તકમાં લખી છે. એ વાણી પરંપરાગત આપણી પાસે આવી છે. જિનેશ્વર

ભગવાનની વાણી પાવનકારી, કલ્યાણકારી અને જીવના ભવરોગ નાબૂદ કરનારી છે. જિન કોને કહેવાય ? "**जयति राग द्वेष मोहान्निति जिन :**" જેમણે રાગ-દ્વેષ અને મોહને જીત્યા છે તે જિન કહેવાય. ભગવાન રાગ-દ્વેષ અને મોહ ઉપર વિજય મેળવીને જિન બન્યા ત્યારે આપણે તો એ ત્રણ મહાન શત્રુઓથી જીતાઈ ગયા છીએ. એના તાબેદાર થઈ ગયા છીએ, પછી આપણા ભવરોગ કયાંથી નાબૂદ થાય? ભગવાને તો એ ત્રણ મહાન શત્રુઓને જીત્યા પછી આપણને જીતવાનો ઉપદેશ આપ્યો છે. આ ભવરોગ નાબૂદ કરવાને માટે આ વીતરાગ શાસન રૂપી હોસ્પિતાલમાં જિનેશ્વર ભગવંત રૂપી સાચા સર્જન ડોકટરો મળ્યા છે. એમની વાણી રૂપી અમૂલ્ય ઔષધિ મળી છે પણ હજુ આપણે એ સર્જન ડોકટરને ઓળખી શકયા નથી.

આજે તમને કોઈ દેહનો રોગ થાય ત્યારે તમે ડોકટરની પાસે જાઓ છો. ડોકટર તમારા રોગનું નિદાન કરીને દવા આપે પછી એ દવા લાવીને તમે શોકેશના કબાટમાં મૂકી દો તો રોગ મટે ખરો? બોલો ભાઈલાલભાઈ, બચુભાઈ! 'ના.' તો રોગ કયારે મટે? દવા પીવામાં આવે તો જ મટે. દવા માત્ર ખાઈ જવાથી નહિ પણ સાથે પરેજી પાળવાથી રોગ મટે, પરેજી પાળ્યા વિના દવા ખાવાથી પણ રોગ મટતો નથી. ડાયાબિટીશ થયો. ડોકટરે ખાંડ ખાવાની મનાઈ કરી પણ દદી કહે કે મારે બરફી પેંડા વિના ચાલશે નહિ તો ડાયાબિટીશનો રોગ મટે ખરો? ન મટે. સમજો, તમે બધા અહીં શા માટે આવો છો? ભવરોગ નાબૂદ કરવા માટે ને? હા, તો જિનેશ્વરપ્રભુની વાણીરૂપી ઔષધિ લઈ જાઓ છો પણ એનો ઉપયોગ કરતા નથી. માત્ર સાંભળવા પૂરતી છે તો ભવરોગ કયાંથી મટે? સાંભળ્યા પછી તેનું આચરણ થવું જોઈએ ને સાથે તપ-ત્યાગ રૂપી પરેજી પાળવી જોઈએ. પરેજી સહિત દવાનું પાન કરવામાં આવે તો ભવરોગ નાબૂદ થયા વિના રહે નહિ.

બંધુઓ! તપ-ત્યાગ કરવાની સાથે ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયો રૂપ દુર્ગુણોને પણ છોડવા પડશે. એ નહિ છૂટે તો પણ કલ્યાણ નહિ થાય. જિનવાણીના શ્રવણ પછી એના ઉપર શ્રદ્ધા કરી કષાયાદિના ત્યાગ કર્યા પછીની તપ-ત્યાગ રૂપ સાધના એ સાચી સાધના છે. જેમ ઘરમાં પ્રવેશ કરવા માટે સુથાર બારણું તો મૂકે છે પણ એ બારણું બારણું કયારે કહેવાય? બારણાને ખીલી, મજાગરા વિગેરેથી ફીટ કરવામાં આવે, સ્ટોપરો અને સાંકળો જડવામાં આવે તો એ બારણું કહેવાય, પણ જો એને ખીલી, મજાગરા, સ્ટોપર કે સાંકળ કાંઈ જડેલું ન હોય તો એને બારણું કહેવાય? ના....એ તો પાટીયું કહેવાય. એવી રીતે કષાયોના ત્યાગ વગરની સાધના એ સાધના ન કહેવાય પણ દેહનું દમન કર્યું કહેવાય. અજ્ઞાનપણામાં જીવે દેહનું દમન ઘણું કર્યું છે પણ એથી કંઈ આત્માનું કલ્યાણ થયું નથી. હવે આ ભવમાં આપણને ભવતારણી જિનવાણી મળી છે. એ ભવ્ય જીવોને સાચી સાધના કરવાનો માર્ગ બતાવે છે.

વાણી રે વાણી મહાવીર કેરી વાણી, છલ છલ વહેતી જાણે એ સરવાણી,
મહાવીરની આ વાણી સુણતાં, દુઃખ સઘળા ટળી જાયે,
શુદ્ધ ભાવથી શ્રવણ કરે તો સુખ સાગર લહેરાયે,
અંતર પટમાં ધારણ કરતાં સુખ રહે છે માણી.....વાણી રે વાણી.

જેમ પર્વતમાંથી નદીઓ નીકળે છે. એ નદીઓના ખળ ખળ વહેતા પાણીને સાગર ઝીલી લે છે ને પોતાનામાં સમાવી લે છે, એમ મહાવીર પ્રભુના મુખકમળ રૂપી હિમાલયમાંથી વહેતી વાણીની સરવાણીને જે આત્મા પોતાના હૃદયરૂપી સાગરમાં ઝીલીને શમાવી લે છે એના ભવદુઃખ શમી જાય છે. તીર્થંકર ભગવાનને કોઈ બોધ આપતું નથી. આપણે નમોત્થુણંના પાઠમાં તીર્થંકર પ્રભુની સ્તુતિ કરતાં બોલીએ છીએ ને કે "**सयंसंबुद्धाणं**" હે ભગવાન! આપ તો સ્વયં બોધને પામેલા છો. ભગવાન પોતે સ્વયં બોધ પામેલા છે ને એમના મુખમાંથી વાણી પણ સ્વયં નીકળેલી છે. આવી ભગવાનના મુખમાંથી વહેલી વાણીરૂપ સરવાણીનું આત્મા એકાગ્ર ચિત્તે પાન કરે તો એના સઘળા પાપો ધોવાઈ જાય, પણ આજે તો ચિત્ત કયાંય ભમતું હોય છે. (શ્રોતામાંથી અવાજ :–મન સ્થિર રહેતું નથી.) હું તમને પૂછું રૂપિયાની નોટો ગણતા, નામાનો હિસાબ મેળવતા ચિત્ત એકાગ્ર થાય છે કે નહિ? થાય છે. જીવને કર્મબંધન તોડવાના સ્થાનમાં આ બધું નડે છે. સહેજ તાવ આવે ને માથું દુઃખે તો કહેશે કે આજે ઉપાશ્રયે નથી જવું પણ ચાર ડીગ્રી તાવ આવ્યો હોય ને એક મોટો ઘરાક રોકડેથી રૂપિયા દશથી પંદર હજારની ખરીદી કરવા આવ્યો હોય તો તમારો તાવ કયાં ભાગી જાય? ત્યાં માથું પણ ઉતરી જાય ને પગમાં થતું કળતર પણ મટી જાય છે. આ સમયે શું તમારો તાવ ઉતરી ગયો? 'ના', તાવ છે, માથું પણ દુઃખે છે ને પગમાં કળતર પણ થાય છે છતાં પૈસા કમાવાનો રસ છે એટલે એમાં ઉપયોગ જોડાવાથી બધું મટી ગયું એમ લાગે છે. જેટલો રસ ધન કમાવાનો છે એટલો રસ ધર્મમાં પેદા કરો. ધર્મમાં શ્રદ્ધા કરો પછી જુઓ કેવી મઝા આવે છે!

એક ધર્મિષ્ઠ શેઠ હતા. તેમને વહેપાર ઘણો મોટો હતો. પૈસાનો તો પાર નહિ છતાં કયારે પણ સાધુ સાધ્વીની સેવા કે વ્રત નિયમ છોડયા નથી. લાખો રૂપિયાના વહેપાર કરતાં પણ આત્માને ભૂલ્યા નથી. આવા શેઠને એકવાર કસોટીનો સમય આવ્યો. માલ ભરીને જે વહાણ ગયા હતા તે માલ વેચીને નવો માલ લઈને વહાણ આવી રહ્યા હતા પણ ગમે તે બન્યું. મુદત પ્રમાણે વહાણ નહિ આવવાથી શેઠ ચિંતાતુર બન્યા. લોકોમાં વાત ચાલી કે વહાણ ડૂબી ગયા. આથી પૈસા ધીરનાર બધા શેઠને ત્યાં આવવા લાગ્યા, ને કહેવા લાગ્યા કે અમારા પૈસા આપો. શેઠ મૂંઝાયા. હવે બધા લેણીયાતો લેવા આવશે. હું શું કરીશ? મારી આબરૂ કેવી રીતે રહેશે? બધા લેવા આવતા પહેલા હું ઝેર પીને મરી જાઉં પણ પાછો વિચાર આવ્યો કે મારે રોજ

એક સામાયિક કરવાનો નિયમ છે તો સામાયિક કરીને પછી ઝેર પીઉં તો સારું. શેઠે સામાયિક કરી. સામાયિક પૂરી થઈ એટલે શેઠ ઝેરનો કટોરો હાથમાં લઈને હોઠે અડાડવા જાય છે ત્યાં દરવાજે ટકોરા પડયા. શેઠના મનમાં હતું કે લેણીયાત આવ્યા લાગે છે. જેને જેની મનમાં ભીતિ હોય તેનો જ વિચાર આવે ને! ત્યાં ફરીને ટકોરા પડયા ને અવાજ આવ્યો કે શેઠજી! જરા દરવાજા ખોલજો, ત્યારે શેઠને લાગ્યું કે આ અવાજ કોઈ લેણદારોનો નથી પણ પ્રધાનજીનો હોય તેમ લાગે છે.

શેઠે ઝેરનો કટોરો હાથમાંથી નીચે મૂકીને દરવાજો ખોલ્યો ત્યારે પ્રધાનજી હીરા, માણેક, મોતી, દાગીના અને રોકડ રકમના ડબ્બા ભરીને મકાનમાં આવ્યા. આ બધી સંપત્તિ શેઠના ચરણમાં મૂકીને પ્રધાનજીએ કહ્યું શેઠજી! આ બધી મારી સંપત્તિ સાચવજો. હું મારા કુટુંબ સહિત અહીંથી જાઉં છું. જો ભવિષ્યમાં અમારા પુણ્યનો ઉદય થશે તો ને નિર્દોષ ઠરીશ તો હું આ ગામમાં પાછો આવીશ અને મારી સંપત્તિ આપની પાસેથી પાછી મેળવીશ. જો કદાચ હું ઘણાં વર્ષો સુધી પાછો ન આવું તો આપને જેમ યોગ્ય લાગે તેમ આ મારી બધી સંપત્તિનો સદ્વ્યય કરજો. મારી તમને રજા છે. આટલું બોલતાં બોલતાં તો પ્રધાનજી ભાંગી ઉઠયા ને આંખમાં આંસુડાં આવી ગયા, ત્યારે શેઠે કહ્યું પ્રધાનજી! આપને માથે એવું તે શું કષ્ટ આવી પડયું છે કે આપ આટલા ચિંતાતુર અને ગભરાયેલા દેખાઓ છો? પ્રધાનજી કહે– શેઠ! અત્યારે મારા ઘોર પાપકર્મનો ઉદય થયો છે. હું અમારા રાજાને એમના સગા ભાઈ જેટલો વહાલો છું પણ કોણ જાણે આજે મારા એવા પાપકર્મનો ઉદય થયો છે કે રાજાના ખૂનનો મારા ઉપર આરોપ મૂકવામાં આવ્યો છે. રાજા મને પકડીને જેલમાં પૂરી કડક શિક્ષા કરવાના છે એટલે રાજા મને પકડે તે પહેલાં હું અહીંથી નાસી જાઉં છું. આટલું કહીને પ્રધાનજી ઝડપભેર ત્યાંથી વિદાય થઈ ગયા.

"શેઠનો જાગેલો પુણ્યોદય" :– હવે આ શેઠને ઝેર પીવાની જરૂર ન હતી. પ્રધાનજીની રોકડ રકમ ઘણી હતી, એટલે વિચાર કર્યો કે મારે પ્રધાનજીની મિલ્કત પચાવી પાડવી નથી. મને મળશે એટલે હું તેમની સંપત્તિમાં મૂકી દઈશ. એમ વિચાર કરીને જ્યાં ઝવેરાતના ડબ્બા તિજોરીમાં મૂકી દીધા ત્યાં તો લેણદારોનો દરોડો પડયો, એટલે શેઠે બધાને રોકડ રકમમાંથી આપવા માંડયું તેથી લેણદારો પણ આશ્ચર્ય પામી ગયા કે આપણે જેવું સાંભળ્યું હતું તેવું કંઈ દેખાતું નથી એટલે કહે છે કે હવે અમારે પૈસાની જરૂર નથી. શેઠ! આપને ત્યાં જ રહેવા દો, પણ શેઠ કહે છે ના, હવે મારે તમારા પૈસાની જરૂર નથી. ખુશીથી લઈ જાઓ. બીજી તરફ થોડા દિવસમાં શેઠના વહાણ પણ આવી ગયા એટલે પ્રધાનજીની મિલ્કત પાછી મૂકી દીધી.

આ શેઠ ઘણા પ્રમાણિક ને ઉદાર હતા. એમને રાજા સાથે પણ ઘણો સારો

સંબંધ હતો એટલે અવારનવાર રાજાની પાસે જવાનું બનતું હતું અને પ્રધાન સાથે તો શેઠને ઘણી મિત્રતા હતી એટલે શેઠ વિચાર કરવા લાગ્યા કે રાજાના પ્રધાનજી તો ઘણા ધર્મિષ્ઠ છે. સત્ય, નીતિ અને સદાચારના પ્રેમી છે, અને રાજા પ્રત્યે તો એમને ઘણું માન છે. આવો પ્રધાન કંઈ રાજાનું ખૂન કરવા ઉઠે ખરો ? આ વાત મારા માનવામાં આવતી નથી. તો હવે મારે રાજા પાસે આ વાતનો ખુલાસો કરવો જોઈએ. એક દિવસ રાજા ખુશ મિજાજમાં હતા ત્યારે અવસર જોઈને શેઠે પૂછયું સાહેબ ! આપના પ્રધાનજી હમણાં કેમ દેખાતા નથી ! અને એમના ઘરબાર આપે જપ્ત કર્યા છે તે સાચી વાત છે ?રાજાએ કહ્યું–હા. પ્રધાનજી તો કયાંક ભાગી ગયો છે. એ પ્રધાન તો મહા કપટી હતો. એણે મને મારી નંખાવવાનું કાવતરું ગોઠવ્યું હતું પણ મારા અંગરક્ષકોના રૂડા પ્રતાપ કે મને મારવા આવેલા ગુંડાઓનો એમણે સામનો કરીને મને બચાવી લીધો. અને ગુંડાઓને પકડીને કેદમાં પૂર્યા છે. મેં એમને પૂછયું ત્યારે એમણે કહ્યું કે અમને તો મંત્રીએ ખૂન કરવા મોકલ્યા હતા.

"શેઠની ચાલાકીથી ખુલ્લું થયેલું પાપ" :– શેઠે કહ્યું સાહેબ ! એમ ગુંડાઓની વાત ઉપર વિશ્વાસ ન રખાય. કદાચ એમ પણ બની શકે કે કાવતરું કરનાર બીજા હોય ને પોતે પકડાઈ ગયા એટલે પ્રધાનનું નામ દઈ દીધું હોય, માટે આ બાબતમાં આપણે ઉંડી તપાસ કરવી જોઈએ. રાજા કહે છે કે હવે કેવી રીતે તપાસ કરવી ? ત્યારે શેઠે કહ્યું સાહેબ ! એમાં તે શી મોટી વાત છે ? આપે ગુંડાઓને પકડીને કેદમાં પૂરેલા છે ને ? એમને બોલાવીને બરાબર ધમકી આપીને પૂછો કે તમને મને મારી નાખવાનું કોણે કહ્યું હતું ? સાચું બોલશો તો જેલમાંથી કાયમ માટે મુક્ત કરીશ અને સાચું નહિ બોલો તો તમને બધાને ફાંસીએ ચઢાવી દઈશ. આ રીતે પૂછો તો જરૂર આપણને સાચા સમાચાર મળી જશે. શેઠના કહેવા મુજબ રાજાએ ગુંડાઓને બોલાવીને આંખ લાલ કરીને કહ્યું કે હે ગુંડાઓ ! તમે સાચું બોલજો કે તમને મારું ખૂન કરવાનું કોણે કહ્યું હતું ? જો ખોટું બોલશો તો ફાંસીએ ચઢાવી દઈશ. જ્યાં ફાંસીની વાત આવી એટલે સત્ય વાત તો કહેવી જ પડે. ગુંડાઓએ કહ્યું સાહેબ ! અમને તો તમારા રાજકુમારે આપનું ખૂન કરવા મોકલ્યા હતા, અને પકડાઈ જઈએ તો અમને પ્રધાનજીનું નામ આપવાનું કહ્યું હતું એટલે અમે પ્રધાનજીનું નામ દીધું છે.

ગુંડાઓની વાત સાંભળીને રાજા ચમકયા હેં....શું ? મારા કુમારે જ મને મારવા માટે કાવતરું કર્યું ? અને પોતાનું પાપ છૂપાવવા માટે નિર્દોષ અને પવિત્ર એવા મારા પ્રધાનજીને દોષિત ઠરાવ્યા ? હવે રાજાને પોતાના પુત્ર ઉપર ક્રોધ આવ્યો ને કહેવા લાગ્યા કે બસ, હવે તો એ પુત્રને જ મારી નાંખું, ત્યારે દયાળુ શેઠે કહ્યું કે જુઓ સાહેબ, તમારા પુત્રનો પણ દોષ નથી. દોષ આપનો છે. આપના પુત્રને આપનું ખૂન

કરવાની બુદ્ધિ કેમ થઈ? આપ હવે વૃદ્ધ થવા આવ્યા છો છતાં હજુ રાજસત્તાનો મોહ છોડતા નથી તેથી મને એમ લાગે છે કે આપનો દોષ ગણાય. જો તમે તમારા પુત્રને રાજ્યનો ભાર સોંપી દીધો હોત તો એને આપનું ખૂન કરવાની બુદ્ધિ ન થાત. કારણ કે સંસારમાં દરેક જીવોને પરિગ્રહની મૂર્છા છે. કોઈના ઉપર મમત્વ ભાવ રાખવા જેવો નથી.

जहाहि वित्तं पसवो य सव्वं, जे बंधवा जे य पियाय मित्ता
लालप्पइ सेऽवियएइ मोहं, अन्नेजणा तंसि हरंति वित्तं ॥ सू. अ. १०-१९

માતા-પિતા, બાંધવ, મિત્ર, પુત્ર આદિ સ્વજનો અગર ધનસંપત્તિ વિગેરે કોઈ આત્માને શરણભૂત થતા નથી. સુખ-દુઃખ પોતાને એકલાં ભોગવવા પડે છે. પરભવમાં જીવ એકલો જાય છે. એમ સમજીને મનુષ્યે ધન-ધાન્ય, પશુ તથા સ્વજનોના મમત્વને ત્યાગી, આરંભ પરિગ્રહનો ત્યાગ કરી જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધના કરવી જોઈએ. જીવો સ્વજન વિગેરે સંબંધીના વિયોગે રૂદન કરે છે ને મોહની વૃદ્ધિ કરે છે પરંતુ પોતાના મૃત્યુ બાદ મરનારને ભૂલી સ્વજનો આદિ તેના ધનને હરણ કરે છે. ધનને વહેંચી લઈ આનંદ ભોગવે છે. મનુષ્યો પોતાના સ્વાર્થ માટે પ્રાણી જીવોની હિંસા કરી કષ્ટ ભોગવી ધન ઉપાર્જન કરી કર્મની ગાંસડી બાંધી ધનને છોડીને પરલોકમાં ચાલ્યા જાય છે. સ્વાર્થમય સંબંધીઓ તેના જીવતા પણ ધનાદિમાંથી ભાગ પડાવે છે ને મરણ પછી પણ તેના ધનને ગ્રહણ કરી મોજ ઉડાવે છે. મરનારને કોઈ સ્વજનો યાદ કરતા નથી માટે આત્માર્થી જીવોએ ધર્મારાધન કરી આત્માની સાધના કરી લેવી જેથી ભવિષ્યકાળ સુખરૂપ બને અને શુભ ગતિ પ્રાપ્ત થાય.

રાજાને શેઠની વાત ઉચિત લાગી, એટલે પોતાના પુત્રને રાજગાદી સોંપી દીધી અને પોતાના નિર્દોષ પ્રધાનની તપાસ કરાવીને માન સહિત રાજ્યમાં લાવ્યા. પ્રધાનજી આવ્યા એટલે શેઠે એમની મિલ્કત એમને પાછી સોંપી દીધી. બંધુઓ! આ શેઠ ધર્મિષ્ઠ હતા પણ દુઃખમાં આવતા ઝેર પીને મરવા તૈયાર થયા હતા પણ ઝેરનો પ્યાલો પીતા પહેલા ધર્મનું શરણું લીધું, સામાયિક કરી તો માથે આવેલી આપત્તિ દૂર થઈ. શેઠે નિશ્ચય કર્યો કે ધર્મે મને મરતા બચાવ્યો ને મારી જતી ઈજ્જત રાખી તો હવે મારે મારા જીવનમાં વિશેષ ધર્મારાધના કરવી જોઈએ. રાજાને પોતાના પુત્ર તરફથી ફટકો વાગતા શેઠના સમજાવવાથી આંખ ખુલી ગઈ. પ્રધાન નિર્દોષ હોવા છતાં અણધારી ઉપાધિ આવી ગઈ તેથી એમની પણ આંખ ખુલી અને શેઠ ધર્મના પ્રતાપે મોટી આપત્તિમાંથી બચી ગયા, એટલે આ ત્રણે આત્માઓ સ્વજન, સંપત્તિ અને સંસારનો મોહ છોડીને આત્મકલ્યાણ કરવા લાગ્યા. તમારે પણ આવા દૃષ્ટાંતો સાંભળીને બને તેટલો સંસાર ઉપરથી રાગ ઘટાડવો જોઈએ. જો રાગ નહિ છોડો તો કર્મબંધન બંધવાના છે.

આપણા ચાલુ અધિકારમાં વરધનુને શોધવા ગયેલા સુભટોને વરધનુનો પત્તો ન પડયો પણ લોહીથી ખરડાયેલું બાણ મળ્યું. તેના પર વરધનુનું નામ હતું એટલે બ્રહ્મદત્તે માન્યું કે મારો મિત્ર મરી ગયો છે. એક વખત આ ક્ષિતિપુરને લૂંટવા માટે ચોરોની એક ટોળી આવી ત્યારે કુમારે ધનુષ્ય બાણ લઈને આ ચોરોનો સામનો કર્યો એટલે ચોરો બ્રહ્મદત્તકુમારનું પરાક્રમ જોઈને ત્યાંથી ભાગી ગયા. ગામને સહેજ પણ આંચ ન આવી તેથી ક્ષિતિપતિ તેના ઉપર પ્રસન્ન થયા ને એને ખૂબ શાબાશી આપી. થોડા દિવસ ત્યાં રોકાઈને બ્રહ્મદત્તે રાજા પાસે જવાની રજા માંગી. રાજાની રજા લઈને બ્રહ્મદત્તકુમાર અને રત્નવતી બંને ત્યાંથી ચાલતાં ચાલતાં શિવપુરી પાસે પહોંચ્યા. રસ્તામાં એક સંન્યાસીનો આશ્રમ આવ્યો. એ આશ્રમમાં તપસ્વી અને બ્રહ્મચારી તાપસોને જોઈને કુમારના મનમાં થયું કે આ તાપસના વિષય વિકારો તો તપથી બળી ગયા હોય માટે રત્નવતીને અહીં મૂકીને મારા મિત્રની તપાસ કરવા જાઉં. કદાચ ભાગ્યમાં હોય તો એ મળી જાય. બ્રહ્મદત્તે આશ્રમમાં જઈ તાપસોને નમસ્કાર કરી ક્ષેમકુશળ પૂછીને કહ્યું હું મારી પત્નીને તમારા પાસે મૂકીને મારા મિત્રની તપાસ કરવા માટે જાઉં છું. આપ એને સાચવજો. હું સાંજે પાછો આવી જઈશ. એમ કહીને તે ચાલી નીકળ્યો. બ્રહ્મદત્તે વરધનુની ખૂબ તપાસ કરી પણ કયાંય એના મિત્રની ભાળ મળી નહિ, એટલે ખૂબ હતાશ થઈને સાંજે તે તાપસના આશ્રમે આવ્યો. આશ્રમમાં જઈને જુવે તો ન મળે રત્નવતી કે ન મળે તાપસો, તેથી કુમારની ચિંતા ખૂબ વધી.

બ્રહ્મદત્તકુમાર કહે છે હે ભગવાન! હું તો કોને શોધું ને કોને રડું! મેં પૂર્વભવમાં કેવા પાપ કર્યા હશે કે મારા મિત્રનું દુઃખ તો હજુ ભૂલ્યો નથી ત્યાં મારી પત્નીનો મને વિયોગ પડયો! અરેરે....એ કયાં ગઈ હશે? અહીં કોઈ તાપસ પણ નથી કે હું એમને પૂછું. આ મારી પત્ની કયાં ગઈ હશે? અરેરે....મિત્ર! તું મને મૂકીને કયાં ચાલ્યો ગયો! અરે, રત્નવતી તું પણ મને મૂકીને કયાં ચાલી ગઈ! આમ અનેક પ્રકારના વિચારો કરતો ચિંતાતુર બનીને આંખમાં આંસુ સારતો બ્રહ્મદત્ત વ્યગ્ર ચિત્તવાળો બનીને રત્નવતીને શોધતો આમથી તેમ ભટકી રહ્યો હતો. એવામાં એક માણસને તેણે જોયો, એટલે કુમારે તેની પાસે જઈને પૂછયું–ભાઈ! ગઈ કાલે અગર આજે આપે આવા પ્રકારના વેશવાળી આટલી ઉંમરની કોઈ સ્ત્રીને જોઈ છે ખરી? કુમારની વાત સાંભળીને તે માણસે કહ્યું–હા. ગઈ કાલે સાંજના સમયે એક નવયુવાન અને રૂપરૂપનો અંબાર એવી કન્યાને મેં અહીં ચોધાર આંસુએ રડતી જોઈ હતી. મેં એને પૂછયું દીકરી! તું કોણ છે? અહીં કયાંથી આવી છું ને તું શા માટે રડે છે? તારે કયાં જવું છે? આ પ્રમાણે મેં તેને પૂછયું એટલે એ રડતી બંધ થઈ ગઈ ને એણે મને એનો બધો વૃત્તાંત સંક્ષેપમાં કહી સંભળાવ્યો.

એના વૃત્તાંત સાંભળીને મેં કહ્યું હે પુત્રી! તો તું મારી દોહિત્રી થાય છે, પછી

તો હું એને શિવપુરી નગરીમાં એના કાકા ધના સાર્થવાહ રહે છે ત્યાં લઈ ગયો. એના કાકા પણ એને જોઈને ખુશ થઈ ગયા છે. અત્યારે એ ત્યાં જ છે. એનું નામ રત્નવતી છે. તો શું આપ એ રત્નવતીને શોધી રહ્યા છો ? હા, ભાઈ. આવનાર માણસે પૂછયું કે તો શું એ રત્નવતી આપની પત્ની છે ? કુમારે કહ્યું—હા, ત્યારે માણસે કહ્યું કે તો તો ચાલો. હું શિવપુરીથી આપની શોધ કરવા માટે જ આવ્યો છું. હું આપની શોધ કરતો હતો ત્યાં જ આપ મને મળી ગયા. ચાલો બહુ આનંદ થયો એમ કહીને તે પુરૂષ બ્રહ્મદત્તકુમારને સાથે લઈને શિવપુરી નગરીમાં રત્નવતીના કાકા ધના સાર્થવાહને ત્યાં પહોંચ્યો. ત્યાં આ બંને જણા આનંદપૂર્વક રહેવા લાગ્યા.

"શિવપુર નગરમાં બંને મિત્રોનું થયેલું મિલન" :– એક વખત શિવપુર નગરમાં કોઈ મોટો મહોત્સવ હતો. બહારથી ઘણાં લોકો આ ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા. બ્રહ્મદત્તકુમાર અને રત્નવતી પણ ઉત્સવ જોવા માટે ગયા ત્યારે વરધનુ બ્રાહ્મણના વેશમાં ઉત્સવની શોભા જોવા માટે આવ્યો હતો. બ્રાહ્મણના વેશમાં ઉભેલા વરધનુને બ્રહ્મદત્ત ઓળખી ગયો ને દોડતો એની પાસે જઈને બે હાથથી ભેટી પડયો. ઘણાં દિવસથી જે મિત્રને શોધવા માટે વનવગડે ભટકતો હતો. એ મિત્ર આમ અચાનક મળી જવાથી જેમ આંધળાને આંખ મળે, ભૂખ્યા ને ભોજન મળે, ગરીબને ધન મળે ને વાંઝીયાને પુત્ર મળે ને જેટલો આનંદ થાય એનાથી પણ અધિક આનંદ વરધનુ મિત્ર મળવાથી થયો. એ સમયનો આનંદ અવર્ણનીય હતો. વરધનુના મિલનથી કુમારના જીવમાં જીવ આવ્યો. મિત્રના મિલનથી હર્ષોન્મત્ત બનેલા કુમારની બંને આંખોમાંથી શ્રાવણ ભાદરવાની ઝડીઓ વરસવા લાગી. ઘણાં સમયે પોતાનું સ્વજન મળે ત્યારે માણસની આંખમાં હર્ષના આંસુ આવી જાય છે. હવે બ્રહ્મદત્તકુમાર એના મિત્રને પૂછશે કે તું અમને મૂકીને કયાં ગયો હતો તે બધી વાત વરધનુ કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– "વિધાતાને ઓલંભા આપતી સુશીલા" :– હે વિધાતા ! કઈ અભાગણી માતા પોતાના બાળકોને દુઃખી જોઈ શકે ! મારાથી હવે મારા આ લાલનું દુઃખ જોયું જતું નથી. કયાં એ રાજકુળના સંતાનો ! એક વખતના છત્ર પલંગમાં પોઢનારા, મેવા મીઠાઈ જમનારા, સોનાના ઝુલણે ઝુલનારા, સોનાના રત્નજડિત રમકડે રમનારા, કીનખાબ અને ઝરીના વસ્ત્રો પહેરનારાને આજે રોટલાના ને કપડાના પણ સાંસા ! કહેવત છે કે વિધાતા માણસને ભૂખ્યા ઉઠાડે પણ ભૂખ્યા સૂવાડે નહિ. તો હે વિધાતા ! હું તને પૂછું છું કે એ તારો ન્યાય કયાં ગયો ? મારા બાલુડા બે દિવસથી ભૂખ્યા સૂઈ જાય છે ને ભૂખ્યા જ ઉઠે છે અને જ્યારે આવાનું મળે ત્યારે લૂખુંસૂકું ને ઓંઠું મળે છે. અરે ઓ વિધાતા ! તું મારા બાળકોને શા માટે હેરાન કરે છે ? એમને સુખેથી તું જીવાડ ને એમને રાજ્ય, સોનાના ઝુલણિયા, કેશરિયા દૂધ, મેવા-મીઠાઈ, પહેરવા માટે કિંમતી પોશાક આ બધું ન આપે તો કંઈ નહિ,

માત્ર બે ટંક ખાવા માટે લૂખોસૂકો રોટલો ને અંગ ઢાંકવા કપડાં તો આપ. જેથી તે નિરાંતે ઉંઘી શકે. આ સિવાય મારે બીજું કંઈ જોઈતું નથી. હે વિધાતા ! તારી નિર્દયતાની વાત મારે કોને કરવી ? તને આ મારું દુઃખ ઓછું લાગતું હતું કે તેં મારા સ્વામીને પણ પરદેશ મોકલી દીધા ! જળ વિના માછલી તરફડે તેમ હું મારા પતિના વિયોગથી તરફડી રહી છું. તેઓ એક મહિનામાં પાછું આવવાનું કહી ગયા હતા. આજે એમને ગયા બાર બાર મહિના વીતી ગયા છતાં હજુ મને એમના દર્શન થતા નથી. એ મારા સ્વામી કયાં છે એ તો મને કહે. મારા પતિ જ્યાં છે ત્યાં સુખી તો છે ને ? એમનું શરીર તો સારું છે ને ? વાયદો આપીને ગયા પણ હજુ કેમ પાછા ફર્યા નથી ? અરે ઓ નિષ્ઠુર વિધાતા ! તું મને કંઈક જવાબ તો આપ. આમ પોતાના પતિની યાદ આવતા, સુશીલા મોટેથી રડી પડી.

"ચોધારા આંસુએ રડતો ભીમસેન" :– પોતાની પત્નીની આ દશા જોઈને ભીમસેનની આંખમાં ચોધાર આંસુ વહેવા લાગ્યા, અને બેભાન થઈને ત્યાં જ પડી ગયો. સુશીલા ખૂબ ચિંતાતુર અને રડતી હોવાથી અવાજ સાંભળી શકી નહિ. ભીમસેન થોડી વારે ભાનમાં આવીને પોતાના કર્મને દોષ દેતો કહે છે હે ભગવાન ! હું મારા બાળકોને કેવી રીતે સુખી કરું ? મારી પત્નીને કેવી રીતે શાંતિ આપી શકું ! નિર્ધન અને અકિંચન એ જીવોને કેવી રીતે સુખ શાતા આપી શકીશ ? અરેરે....આવા જીવને જીવવા કરતાં તો મૃત્યુ ઘણું ઉત્તમ છે, માટે હે મારા ભાગ્યવિધાતા ! આ દુઃખ હવે હું જોઈ શકતો નથી. હવે તો તારી પાસે બે હાથ જોડીને એક જ યાચના કરું છું કે મારી જીવન દોરી ટૂંકી કરીને મને ઉપાડી લે. એમ કહીને ભીમસેને પોતાની પત્ની સુશીલા તેમજ પ્યારા દેવસેન અને કેતુસેન સામે એક મમતાભરી દૃષ્ટિ ફેંકી અશ્રુભરી આંખે કુટુંબ પરિવારનો મોહ છોડી મૃત્યુને ભેટવા ત્યાંથી ચાલી નીકળ્યો.

"દુઃખનો માર્યો જીવનનો અંત લાવવાનો વિચાર કરતો ભીમસેન" :– બંધુઓ ! આ જીવોના કેવા ગાઢ કર્મનો ઉદય છે કે આટલું આટલું દુઃખ પડવા છતાં પણ ભાગ્ય એને સાથ આપતું નથી. કેવા અંતરાય કર્મનો ઉદય કે પતિ ઘેર આવ્યો છતાં પોતાના કુટુંબને દુઃખથી મુક્ત કરવા શક્તિમાન ન હોવાથી કોઈને મળ્યા વિના મન મક્કમ કરીને ચાલ્યો ગયો. પત્ની અને બાળકો માટે અનેક પ્રકારના વિચારો કરતો ભીમસેન ચાલતો ચાલતો નગરની બહાર નીકળી ગયો ને એક વડના ઝાડ નીચે જઈને ઉભો રહ્યો. વડની વડવાઈઓ ફણિધર નાગની જેમ નીચે લટકી રહી હતી. એ જોઈને ભીમસેને વિચાર કર્યો કે આ વડની વડવાઈઓ વડે હું ગળે ફાંસો ખાઉં. ભીમસેને પોતાના દુઃખી જીવનનો અંત લાવવાનો પાકો નિર્ણય કરી લીધો. હવે પોતાનું મૃત્યુ નજીકમાં છે એમ સમજીને પોતાનો અંતિમ સમય સુધારવા માટે એકાગ્ર ચિત્તે નવકારમંત્રનું સ્મરણ કર્યું, પછી પોતાના જીવન દરમ્યાન જે કંઈ જાણતાં અજાણતાં

સ્થૂળ કે સૂક્ષ્મ અપરાધો કર્યા હોય તેને યાદ કરવા લાગ્યો અને જગતના સમસ્ત જીવો સાથે ક્ષમાપના કરી, પછી બોલે છે હે મારી વહાલી સુશીલા! મારા પ્યારા દેવસેન અને કેતુસેન! આ પાપીને તમે માફ કરજો, કારણ કે મારા પાપીના કારણે તમારે આવા ભયંકર દુઃખો ભોગવવા પડયા છે. હું એક રાજા થઈને કેવો પામર, રંક બની ગયો! એક સામાન્ય માણસ પણ પોતાની પત્ની અને બાળકોનું પ્રેમથી પાલનપોષણ કરે છે જ્યારે હું એક વખતનો મોટો રાજા થઈને આજે પોતાની પત્ની અને બાળકોનું પાલનપોષણ ન કરી શકયો! તેથી તમને બધાને ટળવળતા નિરાધાર મૂકીને પાપી ભીમસેન મરવા માટે ભાગી છૂટયો. તમે મને ક્ષમા આપજો. આ પ્રમાણે કહીને ભીમસેને શું કર્યું?

"મૃત્યુના મુખમાંથી બચાવતો શેઠ" :- છેલ્લે ભીમસેને બધા જીવોને ખમાવી, પોતે કરેલા પાપોના મિચ્છામિ દુક્કડં દઈને શું કહે છે હે અરિહંત ને સિદ્ધ ભગવંત! તમને મારા નમસ્કાર હો. હે પ્રાતઃસ્મરણીય આચાર્ય, ઉપાધ્યાય અને શ્રમણ ભગવંતો! મારા તમને છેલ્લા નમન. એમ કહીને વડની વડવાઈઓને ગળે વીંટાળીને ચસકાવીને બાંધીને ફાંસો નાંખીને લટકવાની અણી ઉપર છે પણ કર્મની લીલા કોઈ ઓર છે. ભીમસેન દુઃખથી કંટાળીને મોતને ભેટવા તૈયાર થયો છે પણ માંગ્યું મોત મળતું નથી. અહીં શું બન્યું કે કોઈ શેઠનો સાર્થ એ વડલાના ઝાડની નજીકમાં પડાવ નાંખીને સૂતો હતો. ઠંડીના દિવસો હતા એટલે ઠંડીને દૂર કરવા માટે તાપણી કરી હતી. તાપણી ભડભડ બળતી હતી. તેની અગ્નિશીખાથી ચારે તરફ થોડે સુધી અજવાળું પડતું હતું. આ સમયે સાર્થના મુખ્ય શેઠની નજર એ અજવાળામાં ભીમસેન તરફ ગઈ. તેમણે દૂરથી જોયું કે એક માણસ ગળે ફાંસો નાંખી જીવનનો અંત આણી રહ્યો છે એટલે એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના શેઠ પોતે તલવાર લઈને દોડયા, એમનું હૃદય કરૂણાથી દ્રવી ઉઠયું. શેઠ વેગથી દોડતા ભીમસેન પાસે પહોંચ્યા ને તરત જ તલવારના એક ઘાથી વડવાઈને કાપી નાંખી અને ભીમસેનને માણસોએ ઝીલી લીધો. જમીન ઉપર સૂવાડીને ગળામાં નાંખેલા ફાંસાને કાઢી પવન નાંખવા લાગ્યો. સૌને થયું કે આ પુણ્યવાન યુવાન શા માટે ફાંસો ખાઈને જીવનનો અંત લાવતો હશે? ખૂબ પવન નાંખતા ભીમસેન ભાનમાં આવ્યો. હવે શેઠ તેને પૂછશે ને શું બનશે તે અવસરે.

○ ○ ○

વ્યાખ્યાન નં. ૪૯

ભાદરવા સુદ પુનમ ને બુધવાર તા. ૫-૯-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! શાસનપતિ તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના ઉદ્ધાર માટે અનંત કરૂણાનો ધોધ વહાવી આગમવાણી પ્રકાશી. આજે

જિનેશ્વર ભગવાન આપણી પાસે હયાત નથી. કેવળી ભગવંત નથી. મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાની નથી. આવા સમયમાં જો આપણી પાસે જિનાગમ ન હોત તો આપણું શું થાત ? જિનાગમ એટલે શું ? પ્રાણથી કિંમતી પ્રિય ચીજ. અપૂર્વ નિધાન. ભવોભવ અજવાળનારી ઉમદા ચીજ. જિનાગમ એટલે કલ્યાણની કેડી માટે એ જ ઉપાસ્ય અને આરાધ્ય છે. રાત દિવસ સ્મરણીય, ચિંતનીય અને જીવનમાં આદરવા યોગ્ય છે. આ મળેલા ઉત્તમ માનવ જન્મમાં જો જિનાગમને આરાધવાને બદલે જગતને આરાધ્યા કરીશું તો ફરી કોણ જાણે કયારે જિનાગમ મળશે ? જગતમાં બધું મળવું સહેલું છે અને તે પાછું વારંવાર મળી શકે છે પરંતુ જિનાગમ વારંવાર તો શું એકાદ વાર મળવું પણ મુશ્કેલ છે. સુખ અને ઉન્નતિના સાચા રસ્તા જિનાગમમાં બતાવેલા છે. ખરેખર જિનાગમ એ દીપક છે.

જેમ અંધારી ગુફામાં ગમે તેવા રત્નોના ઢગલે ઢગલા પડયા હોય પણ દીપક વગર એ શી રીતે દેખાય ? અને જો દેખાય નહિ તો એને ગ્રહણ કેવી રીતે કરી શકાય ? તેમ આ અંધકારભર્યા જગતમાં કે અંધારાભર્યા આત્મામાં ગમે તેવા રત્નો હોય પણ જિનાગમના દીપક વિના એ શી રીતે મેળવી શકાય ? મોક્ષ છે, મોક્ષના ઉપાય છે પરંતુ એ બધાનું સાચું ભાન કરાવનાર તો જિનાગમ જ છે. આગમ રૂપી ચક્ષુથી સાચું દર્શન કરીને કંઈક આત્માઓ અલ્પકાળમાં આત્માનું કલ્યાણ કરી ગયા છે. ભવના ભ્રમણને તોડી નાંખ્યું છે. કર્મના બંધનો તો અનંતકાળથી આત્મામાં ભેગા થયેલા છે. એ કર્મબંધનોને જિનાગમનો સહારો લઈને કંઈક જીવોએ અલ્પકાળમાં તોડી નાંખ્યા છે. અત્યારે વર્તમાન પંચમ આરામાં તરવાનું સાધન જિનાગમ છે. સાચે જ જિનાગમ એ જીવન સાર્થક કરવાનો એક સચોટ ઉપાય છે. આપણા આત્માએ કેઠ નિગોદમાંથી નીકળી ઊંચે ચઢતાં ચઢતાં જે સુંદર માનવજીવનની પ્રાપ્તિ કરી છે તેમાં જો જિનાગમનું શરણું સ્વીકારાય તો માનવજીવન મળ્યું સાર્થક થાય. માણસને ધર્મ કરવો હોય, એ માટે ઉપાસનાના અનુકુળ સંયોગો હોય પરંતુ જિનાગમ ન મળે તો એ શું સાધના કરી શકે ? કાયાશક્તિ, વિચારશક્તિ, વાણીશક્તિ વિગેરેને ઉચ્ચ સંયમ માર્ગે વાળી જીવનમાં સફળતા કરાવી આપનાર જિનાગમ છે. ખરેખર જો આ જિનાગમનું શરણું ન મળ્યું હોત તો હું મદ, અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય આદિમાં સબડી આ ભયંકર ભવાટવીમાં રખડી રખડીને મરી જાત, માટે જિનાગમ એ મહામૂલ્યવાન કોહિનૂર છે.

જિનાગમના પ્રણેતા ભગવાન મહાવીર સ્વામીને સંગમદેવે એક રાત્રિમાં વીસ વીસ મહાકષ્ટદાયી ઉપસર્ગો આપ્યા. કીડી, વીંછી, સર્પ વિગેરેના રૂપ બનાવી ભગવાનને જે દુઃખ દીધા છે ને જે કારમા કષ્ટ આપ્યા છે એનું વર્ણન સાંભળતા તો આપણાં રૂંવાડા ખડા થઈ જાય છે ને કાળજું કંપી જાય છે. સંગમે આવા ઘોર ઉપસર્ગો

આપ્યા છતાં ભગવાને એના ઉપર મનથી પણ ક્રોધ કે દ્વેષ કર્યો નથી કે વચનથી બોલ્યા નથી કે હે સંગમ! તું આ શું કરે છે? કાયાથી એમનો સામનો કરવા ગયા નથી. એટલું જ નહિ પણ એમના લોહી કે અણુમાં પણ સંગમ પ્રત્યે રોષ કે દ્વેષ આવ્યો નથી. આવા મહાન કષ્ટો સહન કરીને ભગવાને "**क्षमा वीरस्य भूषणम्**" એ સૂત્રને સાર્થક કરી બતાવ્યું. ક્રોધની ભીષણ આગને ઠારવા માટે ક્ષમા એ શીતળ પાણી છે. અહીં મને એક વાત યાદ આવે છે.

કોઈ એક ગામમાં મોતીચંદ નામના ઝવેરી વસતા હતા. આ ગામમાં મોતીચંદ ઝવેરીનું ખૂબ માન હતું. પસા ટકાની કોઈ કમીના ન હતી. નોકર ચાકર બગીચાથી હર્યોભર્યો એનો સુંદર બંગલો હતો. મોતીચંદ શેઠે એના બાપદાદાની આબરૂને સવાઈ કરીને પ્રતિષ્ઠા વધારી હતી. પાસે લક્ષ્મી ખૂબ હતી પણ એમના જીવનમાં નામ અભિમાન ન હતું. દિલ પણ દિલાવર હતું. એ કોઈ દુઃખીના દુઃખની વાત સાંભળે તો તરત તેના દુઃખને દૂર કરવા પોતાની જાતે પહોંચી જતા. આ શેઠ નિરાભિમાની, દાનેશ્વરી અને સ્વભાવે શાંત હતા. એમને કદી ક્રોધ આવતો ન હતો. આવા પવિત્ર ને ભદ્રિક મોતીચંદ શેઠ બધી વાતે સુખી હતા પણ એક વાતનું મોટું દુઃખ હતું. આ શેઠના શેઠાણીનું નામ કમળા હતું. એનો સ્વભાવ ખૂબ ક્રોધી હતો. એ સ્હેજ સ્હેજ વાતમાં ક્રોધ કરતા. દિવસ ઉગ્યા વિના રહે કે શેઠ સાથે ઝઘડ્યા વિના રહે. આડોશી પાડોશી સાથે પણ ઝઘડ્યા કરતી. નામ તો મઝાનું કેવું સરસ કમળા છે. કમળા એટલે લક્ષ્મી, પણ એવા એમનામાં ગુણ ન હતા. જો એમના જીવનમાં શેઠના જેવા ગુણો હોત તો કમળા ઘરની લક્ષ્મી બની જાત, પણ એના ક્રોધી સ્વભાવને કારણે લોકો એને કજીયાળીના ઉપનામથી બોલાવતા હતા. શેઠ હતા શીતળ પાણી ત્યારે શેઠાણી હતા આગ ઝરતો બોમ્બ. વાતવાતમાં એનું ઝઘડવાનું ચાલુ જ હોય. કામ કરનાર નોકરો પણ કમળા શેઠાણી પાસે ટકે નહિ. બે ચાર દિવસ રહે ને એની કટકટથી કંટાળીને બિચારા ચાલ્યા જાય.

શાંત સ્વભાવના મોતીચંદ શેઠ ઠંડા કલેજે આ બધું સહન કર્યા કરતા, પત્નીના ક્રોધી સ્વભાવથી શેઠના દિલમાં ઘણું દુઃખ થતું હતું પણ જો કોઈ કંઈ કહેવા જાય તો પેટ્રોલની ટાંકી ફાટે ને મોટી આગ ભભૂકી ઉઠે તો એને ઠારવી મુશ્કેલ થઈ પડે. બીજું જો પોતે સામા કંઈ કહે તો બોલાચાલી થાય ને લોકો સાંભળી જાય તો ઘરની ફજેતી થાય. ઇજ્જત ખુલ્લી થઈ જાય તે માટે સહન કરતા. સાથે એ પણ વિચાર કરતા કે ક્રોધ એ આત્માનો શત્રુ છે. ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે. ક્રોધ કરવાથી આત્માને દુર્ગતિમાં જવું પડે છે. ક્રોધ ભયંકર નુકશાનકારક છે. ક્રોધરૂપી દાવાનળની જ્વાળામાં બીજા અનેક ગુણો ક્ષણવારમાં બળીને ભસ્મીભૂત બની જાય છે. મહાનપુરૂષો પણ કહે છે કે

कोहेण अप्पंडहति परं च अत्थं च धम्मं च तहेव कामं ।
तिव्वं पि वेरंपि करंति कोहा, अधरं गतिं वावि उविंति कोहा ।

ક્રોધથી આત્મા સ્વ અને પર બંનેને જલાવે છે. એટલે કે પોતે પણ બળે છે ને બીજાને પણ બાળે છે. ક્રોધ એ ધર્મ–અર્થ–કામને પણ જલાવે છે. તીવ્ર વૈર પણ ઉત્પન્ન કરે છે અને નીચ ગતિને પ્રાપ્ત કરે છે. સાડાનવ ઘંટા સુધી શારીરિક શ્રમ કરવાથી જેટલી શક્તિ ક્ષીણ થાય છે તેટલી શક્તિ પંદર મિનિટ ક્રોધ કરવાથી ક્ષીણ થાય છે. આવું સમજતા હોવાથી શેઠ પોતે ક્રોધ કરતા નહિ ને બીજાને ક્રોધ કરાવવામાં નિમિત્ત પણ બનતા નહિ. શેઠાણી નોકરચાકરો ઉપર ક્રોધ કરતાં ત્યારે શેઠ નોકર ચાકરોને સમજાવતા કે આગની સામે તમે પાણી બની જાઓ તો જ આનંદ માણી શકશો.

" શેઠની ક્ષમા અને શેઠાણીનો ક્રોધ " :– કમળા શેઠાણી હીરાની વીંટી પહેરતા હતા. એક દિવસ એમની વીંટીનો હીરો ખોવાઈ ગયો. એ હીરો ઘણો કિંમતી હતો. શેઠાણીએ શેઠને વીંટીનું ખોખું આપતાં કહ્યું કે આ વીંટીનો હીરો ખોવાઈ ગયો છે તો આ વીંટી લઈ જાઓ ને નવો હીરો જડાવી લાવજો. કિંમતી હીરો ખોવાઈ ગયો છતાં શેઠ શેઠાણી ઉપર જરા પણ ગરમ ન થયા કે હીરો કયાં ખોઈ નાંખ્યો? તમે ઘરમાં તપાસ કરી કે નહિ? કંઈ જ ન બોલ્યા. શેઠ તો વીંટી ખિસ્સામાં મૂકીને બજારમાં ગયા. એ દિવસે દુકાને બહારગામથી ઘણા વહેપારીઓ આવ્યા હતા. માલની ખરીદી અને વેચાણની લેવડદેવડમાં શેઠને વીંટીમાં હીરો જડાવવાની વાત તો વિસ્મૃત થઈ ગઈ. આખો દિવસ દુકાનમાં ખૂબ કામ ચાલ્યું હતું એટલે શેઠને ભૂખ અને થાક ખૂબ જ લાગેલા. ઘેર હજુ ઉંબરામાં પગ મૂકે છે ત્યાં જ કમળા શેઠાણી સિંહ જેવી ગર્જના કરીને બોલ્યા કે કેમ, વીંટીમાં હીરો જડાવી લાવ્યા કે નહિ? લાવો, મારી વીંટી , થાકેલા શેઠને સાંત્વના આપવાને બદલે ક્રોધથી ભભૂકી ઉઠી.

શેઠે કહ્યું કે આજે દુકાને ઘણું કામ હતું એટલે વીંટીની વાત મારાથી ભૂલાઈ ગઈ છે. ત્યાં તો શેઠાણીના ક્રોધનો પારો આસમાને ચઢી ગયો. ક્રોધથી ધમધમાટ કરતી કહે છે કે તમને તો ભૂલી જ જવાય ને? શાનું યાદ રહે? આખા ગામના લોકો ઉપર ઉપકાર કરવા નીકળી પડયા છો. એ બધું તમને યાદ આવે છે પણ ઘરના માણસની તો તમને કાંઈ કિંમત નથી. કોઈક દિવસ કામ બતાવ્યું હોય તો પણ ન કરે. કયાં મારા ભોગ લાગ્યા કે તમારા જેવા નમાલા ધણીને પરણીને આવી. આમ બોલતા બોલતા કમળા શેઠાણી કપાળ કૂટવા લાગ્યા ને મોટેથી રડવા લાગ્યા. શેઠ તો બિચારા દિવાનખાનામાં જઈને બેસી ગયા. પત્ની કયાં ભૂખ્યા-તરસ્યા કે થાકયાપાકયાનો ભાવ પૂછે તેમ હતા. શેઠ ભૂખ્યા તરસ્યા મૌન લઈને બેસી રહ્યા, એટલે શેઠાણી થોડી વારે શાંત થયા, પછી મોં ચઢાવીને શેઠ પાસે આવીને બોલ્યા કે મને ખાતરી જ હતી

કે તમારાથી કંઈ નહિ થાય. લાવો વીંટી મને આપી દો. હું મારા ભાઈ પાસે જ કરાવી લઈશ.

શેઠે વીંટી લેવા માટે ખિસ્સામાં હાથ નાંખ્યો તો વીંટી જ મળતી નથી, એટલે શેઠે શાંતિથી જવાબ આપ્યો કે વીંટી ખોવાઈ ગઈ લાગે છે. શેઠાણીએ કહ્યું એટલી મારી વીંટી પણ સાચવી ન શકયા ? સારું થયું કે તમે ખોવાઈ ન ગયા. આજે તો વીંટી ખોવાઈ ગઈ ને કાલે બધું ખોવાઈ જશે. તમને યાદ જ શું રહેવાનું છે? શેઠાણીનો ક્રોધ વધુ ભભૂકી ઉઠ્યો. શેઠ તો શાંત ચિત્તે દિવાનખાનામાં બેસી રહ્યા. એ સમજતા હતા કે એની સામે બોલવાથી શું વળવાનું છે? બોલવાથી વાત બગડી જશે, બે જણા સરખા ભેગા થઈશું તો ઘરની આબરૂના કાંકરા થશે ને લોકોના ટોળા જોવા મળશે, એટલે કંઈ જ બોલતા નથી, પણ શેઠાણીનું તો જેમ ફાવે તેમ બોલવાનું ચાલું હતું. ત્યાં શેઠના ખાસ મિત્રો મળવા આવ્યા. શેઠે એમનો પ્રેમથી આદર સત્કાર કર્યો ને શેઠાણી બોલી રહ્યા છે તે વાત મિત્રો સાંભળી ન જાય તે માટે મોટેથી વાતો કરવા લાગ્યા પણ માથા ઉપર કટકટ ચાલતી હોય તે કંઈ છાની રહે ખરી? શેઠ તો એની વાત ઉપર લક્ષ આપતા નથી. મિત્રોની સાથે પ્રેમથી વાતચીત કરતા જોઈને એના મનમાં થયું કે આ તો મારી વાત સાંભળતા જ નથી એટલે વધુ ક્રોધની આગ ભભૂકી ઉઠી, અને મન ફાવે તેમ બકવાદ કરવા લાગી. તો પણ શેઠ કંઈ બોલ્યા નહિ, ત્યારે શેઠાણીએ મિત્રોની વચમાં બેઠેલા શેઠના ઉપર પાણીની ભરેલી ડોલ લાવીને ઠલવી દીધી.

શેઠના મિત્રો તો આ જોઈને સ્થિર થઈ ગયા ને શેઠને કહ્યું કે તમારા ઉપર આટલો બધો જુલમ કરે છે? કયારના જેમ ફાવે તેમ બોલે છે. એટલેથી ન પત્યું તે પાછા અમે આટલા બધા બેઠા છીએ છતાં લાજશરમ છોડીને તમારા ઉપર આવી ઓંઠાજૂઠા ને ગંદા પાણીની ડોલ ઠલવીને તમારું કેટલું ઘોર અપમાન કર્યું છતાં તમે આટલા બધા શાંત રહ્યા. આ તો મોટું આશ્ચર્ય ગણાય. અમે તો આવું જરા પણ સહન ન કરી શકીએ. મિત્રોની વાત સાંભળીને શેઠે કહ્યું કે આપણી કહેવત છે કે "ગાજ્યા મેઘ વરસે નહિ" પણ તમારા ભાભી ગાજ્યા અને વરસ્યા બંને કર્યું. શેઠની વાત સાંભળતા શેઠાણી ઠરી ગયા ને પશ્ચાતાપ સાથે આંસુ સારતા ધિક્કાર છે મારા ક્રોધને! આમ વિચાર કરી શેઠના ચરણોમાં પડીને રડતા રડતા પોતાની ભૂલની માફી માંગવા લાગ્યા, ત્યારે શેઠે એટલું જ કહ્યું કમળા! તારી વીંટીનો હીરો તો ફરીને મળશે પણ જો સમતા રૂપી હીરો મેં ગુમાવ્યો હોત તો મારું શું થાત? કમળા શેઠાણીએ કહ્યું કે આજથી પ્રતિજ્ઞા કરું છું કે હવે હું કદી ક્રોધ નહિ કરું. મારા ક્રોધની સામે આપની ક્ષમાએ તો કામણ કર્યું. નાથ! મને આજે મારો સાચો

હીરો મળી ગયો. એમ કહીને શેઠાણીએ શેઠને અને શેઠના મિત્રોને પ્રેમથી જમાડયા. શેઠને આનંદ થયો ને શેઠાણીને પોતાનો સમતા રૂપી સાચો હીરો જડયાનો સંતોષ થયો. બંનેએ ક્ષમાવાન બની ધર્મારાધના કરી આત્માનું કલ્યાણ કર્યું. ટૂંકમાં ક્ષમા જેવો કોઈ તપ નથી. ક્ષમા એ વીર પુરૂષોનું ભૂષણ છે.

આપણા ચાલુ અધિકારમાં બ્રહ્મદત્તકુમાર વરધનુને પૂછે છે હે મિત્ર! તું મને રથમાં સૂવાડીને કયાં ચાલ્યો ગયો હતો? અને આટલો વખત કયાં રોકાયો? વરધનુએ કહ્યું મિત્ર! સાંભળો. તમે અને રત્નવતી રથમાં નિદ્રાધીન હતા ત્યારે વંશજાળમાં છૂપાયેલો એક ચોર બહાર આવ્યો અને તેણે મારા પગ ઉપર બાણોનો જોરથી પ્રહાર કર્યો, એટલે મને ખૂબ વેદના થવા લાગી. સખત વેદનાને કારણે હું રથમાંથી નીચે પડી ગયો. બ્રહ્મદત્તે કહ્યું કે ભાઈ! આવું બન્યું ત્યારે તેં મને કેમ જગાડયો નહિ? ત્યારે વરધનુએ કહ્યું-મિત્ર! તમને જગાડું તો તમે ચિંતા કરો તેથી મેં તમને જગાડયા નહિ, અને રથ તો પળવારમાં ઘણો આગળ નીકળી ગયો. મને જરા કળ વળી એટલે હું ઉભો થયો પણ લંગડાતા પગે રથને પકડી શકાય તેમ ન હતું, તેથી હું તો લાકડીના ટેકે ધીમે ધીમે ક્ષિતિપુર કે જ્યાં તમે અને રત્નવતી રહ્યા હતા ત્યાં પહોંચ્યો. તમને જે ક્ષિતિપુરપતિએ આશ્રય આપ્યો હતો તેમનો મને દૈવયોગે ભેટો થયો ને તેમણે મારી ખૂબ સેવા કરી એટલે મારા પગનો ઘા ધીમે ધીમે રૂઝાવા લાગ્યો. મને આપના કુશળ સમાચાર દરરોજ મળતા હતા પણ આપ ત્યાંથી ચાલ્યા ગયાના સમાચાર મળ્યા ત્યારે મારા પગનો ઘા બરાબર રૂઝાઈ ગયો હતો તેથી હું પણ ત્યાંથી નીકળી ગયો અને ચાલતો ચાલતો આજે અહીં આવ્યો, ત્યાં મારા પુણ્યોદયે મને આપના દર્શન થયા.આ રીતે વરધનુએ પોતાનો બધો વૃત્તાંત બ્રહ્મદત્તકુમારને કહ્યો.

"બ્રહ્મદત્તનો હાથી સામે પડકાર":- એક વખત એ ગામના નાગરિકો વસંતોત્સવ ઉજવવા નગરની બહાર ગયા. કુમાર અને વરધનુ પણ વસંતોત્સવ જોવા માટે નગરની બહાર આવ્યા. આ સમયે શિવપુરીના રિપુમર્દન રાજાનો હાથી એકાએક મદોન્મત્ત બનીને મહાવતને જમીન પર પછાડી દઈ બિલકુલ નિરંકુશ બનીને ઉપદ્રવ મચાવતો બેફામ બનીને દોડતો એ તરફ આવવા લાગ્યો. ગાંડા હાથીને આ તરફ આવતો જોયો એટલે નગરજનોમાં હાહાકાર મચી ગયો અને મરણના ડરથી ભયભીત બનીને આમથી તેમ નાસભાગ કરવા લાગ્યા, એટલે વસંતોત્સવનો રંગ તૂટી ગયો. લગભગ મોટા ભાગના માણસો ભાગી ગયા ત્યારે એક કન્યા બહુ જલ્દી દોડી શકતી ન હતી. એ ધીમે ધીમે દોડતી હતી. આ હાથી એની પાછળ પડયો, ત્યારે એ કન્યા ભયભીત બનીને બચવાની આશાથી કોઈ મને બચાવો....બચાવો એમ બૂમો પાડવા લાગી. આ સમયે બ્રહ્મદત્તકુમાર ત્યાં જ ઉભેલો હતો. ભયભીત બનેલી બાલિકાને બચાવવા માટે કુમારે હાથીની સામે આવીને પડકાર કર્યો. કુમારનો પડકાર સાંભળીને હાથી એ કન્યાને

છોડીને કુમારની પાછળ પડયો એટલે કુમારે પોતાના ખભે રહેલું વસ્ત્ર ઉતારીને હાથી પર ફેંકયું. હાથીએ કુમારનું ઉત્તરીય વસ્ત્ર પોતાની સૂંઢમાં ઝીલી લઈને ઊંચે ઉછાળ્યું. એ વસ્ત્ર નીચે પડયું. હાથીએ તેને ફરીથી ઉંચે ઉછાળવા માટે પોતાની સૂંઢ નીચી કરી કે તરત બ્રહ્મદત્તકુમાર ઉછળીને તેના ગંડસ્થળ ઉપર સ્વાર થઈ ગયો અને એના મસ્તકમાં મુઠ્ઠીઓના પ્રહારથી તેના કુંભસ્થળને ઢીલું પાડી દીધું.

"બ્રહ્મદત્તના પરાક્રમને અભિનંદન આપતી પ્રજા" :– હાથી શાંત પડયો ત્યારે બ્રહ્મદત્તકુમારે એને મધુર વચનોથી પંપાળ્યો અને તેના ઉપર ઘણો પ્રેમભાવ બતાવ્યો એટલે મદોન્મત્ત હાથી કુમારને વશ થઈ ગયો. બ્રહ્મદત્તકુમારને હાથીની પીઠ ઉપર બેઠેલો જોઈને લોકો ઘૂમાઘૂમ કરવા લાગ્યા કે આ યુવાન છોકરો કોણ છે? શા માટે આવા ગાંડા હાથીની પીઠ પર ચઢી બેઠો છે? હમણાં એને આ હાથી મારી નાખશે. આ પ્રમાણે કહે છે પણ હાથીને કુમારથી શાંત થયેલો જોઈ સૌ ધન્યવાદ આપવા લાગ્યા. સૌની સાથે બ્રહ્મદત્તકુમાર હાથી ઉપર બેસીને શિવપુરીમાં રિપુમર્દન રાજા પાસે આવ્યો. કોઈથી વશ ન થાય એવા હાથીને કુમારે વશ કર્યો તે જોઈને રાજાને પણ ખૂબ આશ્ચર્ય થયું. તેને ધન્યવાદ આપીને પોતાના રાજ્યમાં રાખી લીધો. એનું પરાક્રમ, હિંમત અને બુદ્ધિચાતુર્ય જોઈને રાજા ખુશ થયા અને પોતાના મંત્રીને પૂછયું કે આ છોકરો કોણ છે? મંત્રીએ કુમારનો પરિચય જાણી લીધેલો હતો એટલે તેણે રાજાને કહ્યું મહારાજા! આ તો પાંચાલ દેશના બ્રહ્મરાજાનો પુત્ર બ્રહ્મદત્તકુમાર છે. આ વાત જાણીને રાજા એના ઉપર ખુશ થયા ને કુમારનો ખૂબ સત્કાર કર્યો.

"રિપુમર્દન રાજાની કુંવરીઓ સાથે બ્રહ્મદત્તના લગ્ન" :– રિપુમર્દન રાજાને રૂપ અને ગુણમાં એકએકથી ચઢિયાતી આઠ દીકરીઓ હતી. તે આઠેય કન્યાઓને કુમાર સાથે પરણાવી અને તેમને રહેવા માટે એક ભવ્ય મહેલ આપ્યો. બ્રહ્મદત્તકુમાર પોતાની પત્નીઓ અને વરધનુની સાથે આનંદથી રહેવા લાગ્યા. એક વખત એક સ્ત્રીએ આવીને બ્રહ્મદત્તકુમારને કહ્યું કે કુમાર! મારે આપને કંઈક કહેવું છે. કુમારે કહ્યું કે બહેન! તમારે જે કહેવું હોય તે ખુશીથી કહો, ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે આ નગરીમાં વૈશ્રમણ નામે એક સાર્થવાહ છે. તેમને સકલ કલાઓમાં નિપુણ એવી શ્રીમતી નામે એક પુત્રી છે. વસંતોત્સવમાં હાથી ગાંડો થઈને દોડાદોડ કરતો હતો તે વખતે આપે તેનું રક્ષણ કર્યું હતું અને જીવતદાન આપ્યું હતું. તે કન્યાએ એવો નિશ્ચય કર્યો છે કે મને જીવતદાન આપનાર સિવાય બીજા કોઈ સાથે હું પરણીશ નહિ, એટલે એ આપના સિવાય બીજા કોઈ સાથે પરણવા ચાહતી નથી માટે આપ એનો સ્વીકાર કરો. કુમારે એ સ્ત્રીના વચનોનો સ્વીકાર કર્યો ને એક શુભ દિવસે શ્રીમતી સાથે બડી ધામધૂમથી લગ્ન થયા, ત્યાર પછી ત્યાંના સુબુદ્ધિ નામના મંત્રીની નંદના નામની પુત્રી સાથે વરધનુના લગ્ન કરવામાં આવ્યા. કુમાર અને વરધનુ બંને જણા ઘણાં સમય

સુધી સસરાના ગામમાં સુખપૂર્વક રહ્યા. અહીં રહેવાથી બંનેની ખૂબ પ્રસિદ્ધિ થઈ. હવે બ્રહ્મદત્તકુમારના બરાબર પુણ્ય જાગ્યા. મહાન રાજાના જમાઈ બન્યા ને બધાનો સહકાર મળવા લાગ્યો. હવે આગળ કેવું પુણ્ય જાગશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેન થોડો ભાનમાં આવ્યો એટલે એના મુખમાંથી શબ્દો સરી પડયા કે "નમો અરિહંતાણું." આ શબ્દો સાંભળીને શેઠ ચમકયા, કારણ કે પોતે જૈનધર્મી હતા, એટલે વિચાર કરવા લાગ્યા કે આ માણસ આટલા દુઃખમાં પણ અરિહંત પ્રભુનું સ્મરણ કરે છે, માટે જૈન હોવો જોઈએ. એમના હૈયામાં આનંદ છવાયો ને એમનું અંતર પોકારી ઉઠયું કે અરે ! આ તો મારો ભાઈ–સ્વધર્મીબંધુ જૈન છે. નહિતર એના હોઠે અરિહંતનું નામ કયાંથી આવે ? હું તો એને એક દુઃખી માણસ સમજીને બચાવવા માટે આવ્યો હતો ને એને બનતી મદદ કરવાનો હતો પણ હવે તો સ્વધર્મીને મદદ કરવાની મારી ફરજ છે, તેથી શેઠ પ્રગટ રૂપે બોલ્યા, ભાઈ! તું કોણ છે ? અને આવો ઉત્તમ માનવભવ પામીને આમ અકાળે તારા જીવનનો અંત લાવવા કેમ તૈયાર થયો છે ? તારે જે દુઃખ હોય તે તું મને ખુશીથી કહે. હું તને મારાથી બનતી બધી સહાય કરીશ. આજથી તું મને તારો ભાઈ માનજે.

"શેઠના મીઠા શબ્દોથી મળેલું આશ્વાસન :–" શેઠના શબ્દો સાંભળીને ભીમસેનની આંખમાં આંસુ આવી ગયા. અહો ! જ્યારથી ઉજ્જૈનીનો રાજમહેલ છોડીને નીકળ્યો છું ત્યારથી મને કોઈ ભાઈ કહેનાર મળ્યું નથી, અને આશ્વાસન આપનાર કોઈ મળ્યું નથી. બે શેઠ મળ્યા પણ બંને દુઃખ દેનાર મળ્યા. લક્ષ્મીપતિ શેઠને ત્યાં આટલી નીતિથી કામ કર્યું છતાં બે રૂપિયા માંડ માંડ આપતા. પ્રતિષ્ઠાનપુરમાં ધનસારે આશ્રય આપ્યો પણ છેલ્લે ઢાલ અને તલવાર લઈ લીધા, પણ આ શેઠ તો કોઈ દેવ જેવા લાગે છે. એમ સમજીને ભીમસેને કહ્યું હે દયાળુ ! તમે કોણ છો ? હું તો એક દુઃખી માણસ છું. દુઃખથી કંટાળીને આપઘાત કરવા આવ્યો છું. મેં અસહ્ય દુઃખ વેઠયા છે. અત્યાર સુધીમાં મને કોઈ તું મારો ભાઈ છું. હું તને દુઃખમાં સહાય કરીશ એવા શબ્દો કહેનાર મળ્યું નથી. મને આપ જ મળ્યા છો. એમ કહીને ભીમસેને શેઠને પોતાની બધી દુઃખની કહાની કહી સંભળાવી અને કહ્યું કહો શેઠ ! હવે હું આપઘાત ન કરું તો શું કરું ? મર્યા સિવાય મારે છૂટકો ન હતો પણ વિધિને એ મંજૂર નથી લાગતું, એટલે તમે મને દયાભાવથી મુક્ત કર્યો ને જીવતદાન દીધું પણ હવે હું કયાં જાઉં ? શું કરું ? અને મારું ગુજરાન કેવી રીતે ચલાવીશ ?

શેઠે કહ્યું મહાનુભાવ ! તારી જીવન કહાની કરૂણ છે. સાંભળીને મારા રૂંવાડા ખડા થઈ ગયા પણ હવે ધીરજ રાખ. આ માનવભવ મહાન પુણ્યોદયે મળ્યો છે. વારંવાર મળવો દુર્લભ છે. તેમાં જો માણસ આપઘાત કરે તો આર્તધ્યાન અને

રૌદ્રધ્યાનના યોગે નરકગતિને પામે છે. તું તો સુજ્ઞ અને સમજદાર લાગે છે માટે તારે આ રીતે હિંમત હારીને જીવનનો અંત લાવવો તે યોગ્ય નથી. તું જીવતો હશે તો કંઈક પામી શકશે. કહેવત છે ને કે "જીવતો નર ભદ્રા પામે." માટે ભાઈ તું હિંમત ન હાર. નિરાશ ન થા. સાંભળ, સુખ-દુઃખ એ તો સમય સમયની છાંયડી છે. કર્માનુસાર સુખ દુઃખ દરેક જીવોને આવે છે પણ એથી ગભરાવાની જરૂર નથી. ભાઈ! એમ દુઃખોથી હારી જઈને આવું અવિચારી સાહસ કરીએ તો એનું પરિણામ ખરાબ આવે છે. પૂર્વે કર્મો બાંધ્યા હોય તો દુઃખ આવે છે. એને ભોગવતાં આર્તધ્યાન રૌદ્રધ્યાન કરીએ તો નવા કર્મો બંધાય છે. રામચંદ્રજી, હરિશ્ચંદ્ર રાજા, નળરાજા અને પાંચ પાંડવોને કર્મોના ઉદયથી કેવા દુઃખો ભોગવવા પડયા! ઘોર કષ્ટો સહન કર્યા પણ હિંમત ન હાર્યા ને જીવતા રહ્યા તો જે સુખ હતું તેનાથી પણ વધારે સુખ-સંપત્તિ પામ્યા. કર્મે તો ખુદ તીર્થંકર ભગવાન અને ચક્રવર્તિ જેવા પુરૂષોને પણ છોડયા નથી તો મારા ને તારા જેવાની તો શું તાકાત! માટે તું સમભાવ રાખ. આ તારા અશુભ કર્મોનું પરિણામ છે. તારા પુણ્ય પ્રગટશે ત્યારે જરૂર તારા દુઃખનો અંત આવશે. આ રીતે શેઠે ભીમસેનને આશ્વાસન આપ્યું એટલે ભીમસેનનું હૈયું હળવું બન્યું. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૫૦

ભાદરવા વદ ૨ ને શુક્રવાર **તા. ૭-૯-૭૬**

અનંત ઉપકારી, શાસનપતિ ભગવાન જગતના જીવોને પડકાર કરીને જગાડતા કહે છે હે જીવો! હવે તો જાગો. કયાં સુધી સૂઈ રહેશો? માતા પિતા પોતાના સંતાનોને દ્રવ્ય નિદ્રામાંથી જગાડે છે જ્યારે ભગવાન આપણને ભાવ નિદ્રામાંથી જગાડે છે. ભાવનિદ્રા એટલે શું? સમજો છો? આંખ ખુલ્લી છે, જાગતા છીએ, સંસારના કાર્યોમાં પૂરવેગથી પ્રવર્તમાન છીએ પરંતુ જો આત્મહિતનો ઉપયોગ નથી, ભાન નથી, લક્ષ નથી તો ભાવનિદ્રામાં પોઢયા છીએ. દ્રવ્ય નિદ્રામાં કાયા કે બહારના પદાર્થોનું ભાન નથી અને ભાવનિદ્રામાં આત્માનું કે આત્મહિતનું ભાન નથી. દ્રવ્ય નિદ્રાથી એટલું નુકસાન કે ઘરનું કામકાજ કે ધંધો બંધ રહે ત્યારે ભાવનિદ્રાથી તો નુકસાન અપરંપાર. જીવને અજ્ઞાન, રાગ-દ્વેષ, તૃષ્ણા, કષાયો રૂપી કેટલાય સર્પો અને વીંછીઓ ફરડી ખાય છે છતાં ભાવનિદ્રાથી બેભાન બનેલાઓને કરડવાની ખબર નથી પડતી. કરડયાનું દુઃખ કે શોક નથી. મનુષ્યભવ આમ ને આમ પસાર થઈ જાય એ કેટલી મોટી કમનસીબી! ભગવાનનું વિરાટ શાસન મળ્યા છતાં જાગવું નથી તો પછી કયાં જગાશે? માટે જાગો. જાગો. એ માટે આત્મચિંતા, પરમાત્મચિંતન, મૈત્રી આદિ ભાવો, વૈરાગ્ય ભાવનાઓ, દાન, શીલ, તપ વિગેરેમાં જોડાઈ જાઓ.

આ ઉત્તમ માનવભવ પામીને જો આત્મા કંઈ સાધના નહિ કરે ને કર્મના કરજ ભરપાઈ નહિ કરે તો કર્મ ઉદયમાં આવશે ત્યારે બાપલિયા બોલાવશે। તો ય કોઈ છોડાવવા નહિ આવે. તમે માનતા હો કે આ બધા મારા છે પણ સંસારમાં કોઈ કોઈનું નથી. કર્મનો ઉદય થશે ને લેણાદેણી પતી જશે એટલે કોણ પિતા ને કોણ પુત્ર, કોણ પતિ અને કોણ પત્ની, કોણ માતા અને કોણ પુત્ર! કોઈ કોઈને ઓળખતું નથી. રાજ્યલક્ષ્મીના લોભે પુત્ર કોણિકે પિતાને પાંજરામાં પૂર્યા. રોજ લંગડી પગે ઉભા રાખી બરડો ખુલ્લો કરાવી મીઠાના પાણી છાંટીને રોજ ૫૦૦ ચાબખાના માર મારતો હતો. બોલો, કયાં ગઈ આ પિતા અને પુત્રની સગાઈ! મયણરેહાના રૂપમાં આસક્ત બની મણીરથે યુગબાહુનું ખૂન કર્યું. કયાં ગઈ ભાઈ ભાઈની સગાઈ! પરદેશી રાજાને સૂરીકંતાએ ઝેર આપ્યું. કયાં ગઈ પતિ પત્નીની સગાઈ! આવી રીતે આપણા ઉત્તરાધ્યયન સૂત્રના ચાલુ અધિકારમાં પણ એ જ વાત આવે છે.

બ્રહ્મદત્તને મારવા ચુલની માતાએ, લાખના મહેલ બનાવ્યા,
વિષયાંધ બની અતિ દુઃખ દીધા, તો કયાં ગઈ માત સગાઈ.

દીર્ઘરાજાના મોહમાં પડેલી ચુલની રાણીએ પોતાના એકના એક વહાલસોયા પુત્ર બ્રહ્મદત્તકુમારને મારી નાંખવા માટે લાખનો મહેલ બનાવ્યો, અને જે દિવસે પરણીને આવ્યો તે જ દિવસે લાખના મહેલમાં પુત્ર અને પુત્રવધૂને સૂવા માટે મોકલ્યા ને મધરાત્રે મહેલને આગ લગાડી. એણે એટલો પણ વિચાર ન કર્યો કે આ વરઘોડિયું હજુ તો પરણીને આવ્યું છે. એમના મનમાં સંસાર સુખ ભોગવવાના કેટલા કોડ હશે! એમના કોડને હું બાળીને ભસ્મીભૂત કરવા ઉઠી છું! આટલો પણ વિચાર ન કર્યો? આનું કારણ પૂર્વભવનાં કર્મો છે. એવા કર્મનો ઉદય હોય છે તો એક માતાના બે સંતાનોમાં માતાને એક દીકરો વહાલો હોય ને બીજા પ્રત્યે બિલકુલ પ્રેમ ન હોય. એક માતાની કૂખે જન્મેલી બે સગી બહેનો છે છતાં કયારેક સગી બહેન પ્રત્યે જેટલી લાગણી ન હોય તેથી અધિક ધર્મની માનેલી બહેન પ્રત્યે હોય છે. કંઈક સંતાનોને માતા–પિતા પ્રત્યે જેટલો પ્રેમ ન હોય તેટલો કાકા કાકી પ્રત્યે હોય છે. આ બધા પૂર્વના ઋણાનુબંધ સંબંધો છે. જ્યારે ઋણાનુબંધ સંબંધો પૂરા થાય છે ત્યારે કોઈ કોઈને ઓળખતું નથી. અને જો પૂર્વભવના વૈર બાંધેલા હોય તો માતા અને પુત્ર, પિતા અને પુત્ર, કે સગા ભાઈઓ તરીકે જન્મીને એ વૈરનો બદલો લે છે. આટલા માટે ભગવાન કહે છે કે હે જીવ! તું કર્મ કરતી વખતે ખૂબ વિચાર કર. તારા ગાઢ કર્મનો ઉદય થશે ત્યારે તારી માતા પણ તારી નહિ રહે.

એક ગામડામાં ખેડૂતના બે પુત્રો હતા. એક વખત ગાડામાં બેસીને બંને ભાઈઓ બહારગામ જઈ રહ્યા હતા. નાનો ભાઈ ગાડુ હાંકતો હતો ને મોટો ભાઈ ગાડામાં બેઠો હતો. ઘણે દૂર જંગલમાં નીકળી ગયા ત્યારે મોટાભાઈને ખૂબ તરસ લાગી એટલે

નાનાભાઈને કહે છે ભાઈ! તું ગાડું ઊભું રાખ. મને ખૂબ તરસ લાગી છે એટલે હું પાણી પીને આવું છું, તેથી નાનાભાઈએ ગાડું ઊભું રાખ્યું ને મોટોભાઈ પાણી પીવા માટે ગયો. જંગલમાં આમતેમ ખૂબ તપાસ કરી તો એક તળાવ જોયું. તેણે પાણી પીધું ને નાનાભાઈને માટે પાણી લઈને આવી રહ્યો છે. ત્યાં જે ચીલામાં પોતાના ભાઈએ ગાડું ઉભું રાખેલું છે, એ જ ચીલામાં એક આંધળી નાગણ પડી છે, એટલે મોટાભાઈએ નાનાભાઈને કહ્યું કે ભાઈ! આ ચીલામાં એક આંધળી નાગણ પડી છે, માટે તું ગાડું આ ચીલેથી ફેરવીને બીજા ચીલા ઉપર લઈ જા. ચીલો બદલાવી નાંખ, ત્યારે નાનો ભાઈ કહે છે ભાઈ! જરા ઓછો ધરમ ઢીંગલો થા. ચાલ બેસી જા ગાડામાં. જંગલમાં તો એવા ઘણા જીવો હોય. એને બચાવવા રહીશું તો જ્યાં જવાનું છે ત્યાં ક્યારે પહોંચીશું?

મોટાભાઈના મનમાં હતું કે હું ગમે તેમ કરીને આ ચીલેથી બીજા ચીલે ગાડું લેવડાવીશ, એટલે તે ગાડામાં બેસીને નાનાભાઈને કહે છે ભાઈ! તું સમજ. આપણે આ ચીલે જો ગાડું ચલાવીશું તો બિચારી આંધળી નાગણ મરી જશે. આપણે માણસ છીએ ને એ પશુ છે. માનવ માત્રનો ધર્મ છે કે આવા જીવો ઉપર કરૂણા રાખવી જોઈએ. જેવો આપણો જીવ છે એવો જ એનો જીવ છે. એ બિચારી આંધળી છે એટલે તો ચીલામાં પડી રહી છે. જો દેખતી હોય તો કયારની ભાગી ગઈ હોય, માટે તું ગાડું બીજા ચીલે લઈ લે, પણ નાનો ભાઈ માન્યો નહિ, એણે તો એ ચીલે જ ગાડું ચલાવ્યું. પેલી નાગણીના બે ટુકડા થઈ ગયા. આ જોઈને મોટાભાઈનો આત્મા કકળી ઉઠયો. અરેરે....આજે કેટલું મોટું પાપ થઈ ગયું! નાનાભાઈને કહે છે અરેરે....ભાઈ! તેં મારી વાત માની નહિ! મને તો એટલું દુઃખ થાય કે મારા કેવા ઘોર પાપકર્મનો ઉદય કે મારો ભાઈ આવો નિર્દય! આજે તારી સાથે હું ન આવ્યો હોત તો સારું થાત. આજે હું તારા ગાડામાં બેઠો તો તારી સાથે પાપનો ભાગીદાર બન્યો ને! મોટાભાઈનું અંતર વલોવાઈ ગયું. એની આંખમાં આંસુ આવી ગયા પણ નાનાને એની બિલકુલ અસર થતી નથી ને મોટાભાઈના દિલમાંથી એ પાપની અસર જતી નથી. મોટોભાઈ નાનાને કહે છે ભાઈ! તું કોઈ સંત મહાત્માની પાસે જઈને તારા પાપનું પ્રાયશ્ચિત કરી લે, પણ નાનાને આ વાત ગમતી નથી.

નાગણીના ટુકડા થઈ ગયા. એ નાગણી મરી ગઈ. એ નાગણીનો જીવ એક બ્રાહ્મણને ઘેર દીકરીપણે જન્મ્યો. એ બ્રાહ્મણની પુત્રી મોટી થઈ. એના માતા પિતાએ એને પરણાવી. પરણીને સાસરે ગઈ પછી થોડા સમયમાં પેલા બે ભાઈમાંથી મોટાભાઈ મરીને બ્રાહ્મણની પુત્રીના ગર્ભમાં આવીને પુત્રપણે ઉત્પન્ન થયો. આ દીકરો ગર્ભમાં આવ્યો ત્યારથી બ્રાહ્મણીને ખૂબ આનંદ થઈ ગયો. દાન દઉં, ગુરૂભક્તિ કરું એવા સારા વિચારો આવવા લાગ્યા. ગર્ભસ્થિતિ પૂરી થતાં બાઈએ પુત્રને જન્મ આપ્યો.

આ દીકરા પ્રત્યે બ્રાહ્મણીને અપાર મમતા હતી. એને માટે શું કરું ને શું ન કરું? એટલી લાગણી હતી. પુત્રનું સ્હેજ પણ મન દુભાવતી નહિ. એ જે માંગે તે આપે છે. પુત્ર સ્હેજ રડે તો એનું કાળજું કપાઈ જાય એવો એને વહાલો હતો. આ છોકરો પાંચ વર્ષનો થયો ત્યારે પેલો નાનોભાઈ પણ મરીને એ બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યો. આ જીવ ગર્ભમાં આવ્યો ત્યારથી બ્રાહ્મણીના મનમાં ઉદ્વેગ....ઉદ્વેગ રહેવા લાગ્યો. એના મનમાં એમ જ થતું કે હું આ જીવને મારી નાંખું. એ મરી જાય તો સારું. એમ વિચાર કરતી ગર્ભને પાડવા માટેના ઉપાયો કરવા લાગી પણ પૂર્વભવના એવા વૈર છે એટલે ગમે તેટલા ઉપાયો કર્યા પણ એ મર્યો નહિ.

બંધુઓ! પૂર્વભવના વૈરભાવ શું કરે છે? આ જીવ પાપકર્મનું ફળ ભોગવવા માટે બ્રાહ્મણીના ગર્ભમાં આવ્યો. તેને મારવા પ્રયત્નો કર્યા પણ મર્યો નહિ. જીવોની હિંસા કરવાથી કેવું ગાઢ કર્મ બંધાય છે! હિંસા એ મોટામાં મોટું પાપ છે. આચારાંગ સૂત્રમાં ભગવાન કહે છે કે "**तं से अहियाए, तं से अबोहियाए, एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए।**" જીવહિંસા અહિત કરનારી છે. અબોધિ એટલે મિથ્યાત્વનું કારણ છે, નિશ્ચય એ આઠ કર્મની ગાંઠ છે, મોહ છે, મૃત્યુ છે અને નરક છે માટે જીવહિંસાથી વિરામ પામો, અને જીવોની દયા પાળો. હિંસાને છોડીને અહિંસાનું પાલન કરવામાં મહાન લાભ રહેલો છે. અહિંસામય જીવન એ સાચું જીવન છે. જૈન શાસ્ત્રોમાં તો ભગવાને અહિંસાનો ઉપદેશ આપ્યો છે. યોગશાસ્ત્રમાં પણ અહિંસાનો મહિમા સમજાવતાં કહ્યું છે કે

दीर्घमायुः परं रुपमारोग्य श्लाघनीयता।
अहिंसायाः फलं सर्वं किमन्यत्कामदेव सा॥

દીર્ઘ આયુષ્ય, શ્રેષ્ઠ રૂપ, નિરોગતા અને પ્રશંસનીયતા એ બધા અહિંસાના ફળ છે. વસ્તુતઃ અહિંસા સર્વ મનોરથોને સિદ્ધ કરનારી કામધેનુ છે, માટે અહિંસાનું અવશ્ય પાલન કરવું જોઈએ.

નાગણી મરી ગઈ તેનો મોટાભાઈને ખૂબ પશ્ચાતાપ થયો હતો. એ હિંસા જોઈને તેનું દિલ દ્રવી ગયું હતું. નાગણીને બચાવવા માટે એના ભાઈને કેટલું સમજાવ્યો હતો. પોતે પાપ કર્યું ન હતું પણ એ માનતો હતો કે હું એ ગાડામાં બેઠો હતો તેથી હું પણ એ પાપમાં ભાગીદાર થયો ને! મરણ સુધી એના અંતરમાં પાપ ખટકયું હતું એટલે બ્રાહ્મણીને એ ખૂબ પ્રિય હતો ને નાના ભાઈએ એને મારી નાંખી હતી તેથી એ જીવ ગર્ભમાં આવ્યો ત્યારથી એને મારી નાંખવાની બ્રાહ્મણીને ભાવના થઈ. છેવટે એનો જન્મ થયો, એટલે બ્રાહ્મણીએ એના પતિને કહી દીધું કે તમે આ છોકરાને જ્યાં મૂકવો હોય ત્યાં મૂકી દો. મારે એનું મુખ જોવું નથી, ત્યારે એનો પતિ કહે છે કે અરે! તું આમ શા માટે કરે છે? જેમ મોટો દીકરો તારો

છે એમ આ પણ તારો જ દીકરો છે. તેં જ જેને જન્મ દીધો એને આમ તરછોડી દેવાય? જરા વિચાર કર, ત્યારે બ્રાહ્મણીએ ગુસ્સાથી કહ્યું કે હું તમને સાફ શબ્દોમાં કહી દઉં છું કે જો આ છોકરો મારી પાસે રહેશે તો હું મારી નાંખીશ. એને જીવતો નહિ મૂકું એવો મને એને જોઈને ક્રોધ આવે છે.

બ્રાહ્મણે એક ધાવમાતાને બાળક સોંપી દીધો. એનો ખર્ચ વિગેરે આપવાનું નક્કી કર્યું. આ છોકરાને ધાવમાતા એને ઘેર ઉછેરવા લાગી. જોઈ લેજો. કર્મના ખેલ કેવા છે! વૈરભાવથી બંધાયેલા કર્મનો કેવો કટુવિપાક છે! મોટો દીકરો એના માતા પિતાના લાડપ્યારમાં ઉછરી રહ્યો છે ને નાનો ધાવમાતાને ત્યાં મોટો થાય છે. બ્રાહ્મણીને પૂર્વભવનું વૈર છે પણ બ્રાહ્મણને વૈર નથી, એટલે એ અવારનવાર છોકરાની ખબર લે છે. એ છોકરો મોટો થયો. નજીકમાં જ રહે છે તેથી નાનો અને મોટો બંને ભાઈ અવારનવાર ભેગા થઈ જાય છે. એક જ લોહીની સગાઈ છે એટલે એકબીજા પ્રત્યે ખૂબ લાગણી છે. મોટાભાઈને એની માતા કંઈ ખાવાનું આપે તો એ છાનોમાનો નાના ભાઈને આપી આવતો. બંને વચ્ચે ખૂબ પ્રીતિ જાગી એટલે એક વખત નાનો ભાઈ મોટાભાઈને કહે છે ભાઈ! જાણે આપણે બંને સગા ભાઈઓ જ ન હોઈએ એવું લાગે છે. આપણે બંને એક માતાના પુત્રો હોત તો કેવું સારું થાત? મોટોભાઈ તો જાણતો હતો કે અમે બંને સગા ભાઈઓ છીએ પણ નાનાને બિચારાને તો જન્મ્યો ત્યારથી માતાએ એને ધાવમાતાને સોંપી દીધો હતો, એટલે એ એમજ સમજે છે કે આજ મારી માતા છે.

એક દિવસ છોકરાના બાપને બહારગામ જવાનું થયું એટલે જતાં જતાં મોટા દીકરાને ભલામણ કરતો ગયો કે તું નાનાભાઈને લઈને કદી તારી માતા પાસે જઈશ નહિ, કારણ કે માતા એની પૂર્વભવની વૈરી છે, એટલે એને જોશે તો મારી નાંખશે. મોટાએ કહ્યું કે ભલે, બાપુજી! બાપ તો બહારગામ ગયો. એક દિવસ બંને ભાઈઓ શેરીમાં રમતા હતા ત્યારે નાનાભાઈએ ફરીને મોટાભાઈને કહ્યું કે આપણે બંને એક જ માતાના પુત્ર હોઈએ તો કેવું સારું! ત્યારે મોટાભાઈને કહ્યું કે ભાઈ! આપણે બંને એક જ માતાના પુત્રો છીએ. મારી મા એ જ તારી મા છે, ત્યારે નાનોભાઈ કહે છે ના. મારી માતા તો આ છે, ત્યારે મોટો કહે છે કે ના ભાઈ. આપણે બંને સગા ભાઈઓ છીએ, પણ કોઈ કારણસર તને અહીં રાખ્યો છે. અત્યાર સુધી એને ખબર ન હતી કે મારી સાચી મા કોણ છે? પણ હવે ખબર પડી કે આ મારી સાચી માતા છે, એટલે એને મા પાસે જવાનું મન થઈ ગયું. તે મોટાભાઈને કહે છે તો ચાલ. મારે પણ માતા પાસે આવવું છે. એને માતાને મળવાના કોડ જાગ્યા પણ મોટાભાઈએ કહ્યું ના....હોં. તું કદી માતા પાસે આવવાનું નામ ન લેતો. બાપુજી ના પાડીને ગયા છે, પણ એ તો હઠે ચઢયો કે મારે તો માતા પાસે આવવું જ છે. મોટાએ ઘણું

સમજાવ્યો પણ સમજ્યો નહિ. એ મોટાભાઈની સાથે ઘરમાં આવ્યો. આ વખતે માતા ગરમાગરમ ભજીયાં બનાવી રહી હતી ને આ છોકરો મા....મા કરતો હેત કરવા જાય છે ત્યાં તો એને જોઈને માતાને એવો ક્રોધ આવ્યો કે ભજીયાં તળવા માટે જે તેલની કડાઈ મૂકી હતી તે ઉકળતું તેલ એના ઉપર રેડી દીધું. પાંચ છ વર્ષનો કુમળો ફૂલ જેવો બાલુડો કેટલું સહન કરી શકે ? એ ખૂબ દાઝી ગયો.

મોટોભાઈ પૂર્વભવથી સંસ્કારી હતો એટલે એણે કહ્યું જો ભાઈ! તું મા ઉપર ક્રોધ ન કરીશ. તારે પૂર્વભવનું એવું કોઈ મા સાથે વૈર હશે જેથી આવું બન્યું છે. એમ કહી એને અંતિમ સમયે નવકારમંત્ર સંભળાવ્યા. તે બાજુમાં વસતા જૈનના છોકરા સાથે સાધુ પાસે ગયેલો ત્યારે સંતે એને નવકારમંત્રનું સ્વરૂપ સમજાવેલું. ત્યારથી એ નવકાર મંત્ર શીખી ગયો હતો. એને નવકારમંત્ર ઉપર ખૂબ શ્રદ્ધા હતી. અંતિમ સમયે ભાઈને નવકારમંત્ર સંભળાવ્યા. છોકરો ખૂબ દાઝયો હતો પણ અંતિમ સમયે ક્ષમા ભાવ રાખી નવકારમંત્રનું શ્રવણ કરતો દેવલોકમાં ગયો. જો એણે મા ઉપર વૈર રાખ્યું હોત તો વૈરની પરંપરા ચાલત પણ આ છોકરાએ ક્ષમા રાખી તો પરસ્પર વૈર પતી ગયું.

ટૂંકમાં આપણે તો આ દૃષ્ટાંતમાંથી એટલો સાર ગ્રહણ કરવાનો છે કે જીવ કર્મબંધન કરે છે ત્યારે એને ભાન નથી રહેતું કે મને આવા ગાઢ કર્મો બંધાશે. આપણે સહજભાવે કોઈની મજાક કરીએ તો પણ કર્મ બંધાઈ જાય છે. વડના બીજ જેટલું નાનકડું કર્મ પણ જ્યારે ભોગવવાનો સમય આવે છે ત્યારે મોટું વડલા જેવું બની જાય છે, માટે ભગવાન કહે છે કે સંસારમાં ક્ષણે ક્ષણે ખ્યાલ રાખો કે મારાથી કયાંય પાપકર્મ ન બંધાઈ જાય. આખો સંસાર કર્મરાજાની સત્તા નીચે ચાલી રહ્યો છે. સંસારમાં કર્મ જીવને સુખી બનાવે છે ને કર્મ દુઃખી બનાવે છે.

આપણો ચાલુ અધિકાર બ્રહ્મદત્તકુમારે રિપુમર્દન રાજા પાસે જવાની રજા માંગી. સસરાએ રોકાવા માટે ઘણો આગ્રહ કર્યો, પણ બ્રહ્મદત્ત રોકાયો નહિ. મોટા રસાલા સાથે શિવપુરથી નીકળીને બ્રહ્મદત્તકુમાર અને વરધનુ બંને જણા બ્રહ્મરાજાના જિગરજાન મિત્ર કટક રાજા રહેતા હતા તે વારાણસી નગરીમાં આવ્યા. વારાણસી નગરીની બહાર ઉદ્યાનમાં પહોંચ્યા એટલે બ્રહ્મદત્તકુમારને ઉદ્યાનમાં બેસાડીને વરધનુ કટક રાજા પાસે ગયો. જઈને એણે સંદેશો આપ્યો કે આપના મિત્ર બ્રહ્મરાજાના પુત્ર બ્રહ્મદત્તકુમાર આવ્યા છે ને નગરની બહાર રોકાયા છે.

"બ્રહ્મદત્તકુમારનું સ્વાગત કરતા કટક રાજા" :– આ સમાચાર સાંભળીને કટક રાજાને ખૂબ આનંદ થયો, કુમારનું સ્વાગત કરવા માટે આખું નગર ધ્વજા પતાકાઓથી શણગાર્યું, અને બડી ધામધૂમથી કટક રાજા બ્રહ્મદત્તકુમારનું સ્વાગત કરવા માટે મોટી સ્વારી લઈને નગર બહાર જ્યાં કુમાર હતો ત્યાં આવી પહોંચ્યા.

કટક રાજા જેમ બ્રહ્મરાજાનું સ્વાગત કરતા હતા તેમ બ્રહ્મદત્તકુમારને હાથી ઉપર બેસાડીને ઠાઠમાઠથી નગરમાં પ્રવેશ કરાવ્યો ને પોતાના રાજમહેલમાં લઈ ગયા, પછી એકબીજા પ્રેમથી ભેટી પડયા, અને કટક રાજાએ બ્રહ્મદત્તકુમારને પૂછયું બેટા! તું ઘણા વખતે મળ્યો. રાજમાતા ચુલની દેવી તો મઝામાં છે ને? એમ કુશળ સમાચાર પૂછયા ત્યારે બ્રહ્મદત્તકુમારે સઘળી વાત વિસ્તારથી કહી સંભળાવી. આ વાત સાંભળીને કટક રાજાએ એક લાંબો નિસાસો નાંખ્યો ને બોલી ઉઠયા કે હાય! કયાં એક વખતની શીલવંતી ચુલની 'અને કયાં આ કુલટા, પતિ દ્રોહિણી, પુત્રઘાતિની ચુલની! ખેર, બેટા! કર્મની આ બધી રમતો છે. હવે તું જરા પણ ચિંતા ન કરીશ. તારું જ ઘર સમજીને અહીં આરામથી રહે.'

કટક રાજાના શબ્દો સાંભળીને બ્રહ્મદત્તકુમારને જાણે એના પિતાજી મળ્યા ન હોય એવો આનંદ થયો. કુમાર આટલી કન્યાઓ પરણીને આવ્યો છે, એનો આટલો બધો ઠાઠમાઠ છે ને આટલું માન છે, વળી પરાક્રમી પણ ખૂબ છે. આ બધું જોઈને કટક રાજાએ પણ પોતાની કનકાવતી નામની પુત્રી બ્રહ્મદત્તકુમાર સાથે પરણાવી. કરિયાવરમાં રાજાએ હાથી, ઘોડા, જર ઝવેરાત, દાગીના વિગેરે ઘણું આપ્યું અને રહેવા માટે એક સુંદર અને ભવ્ય મહેલ આપ્યો. ત્યાં બ્રહ્મદત્તકુમાર કનકવતી સાથે રહેવા લાગ્યો. ત્યાં ચક્રવર્તિ પદના દ્યોતક ચક્રાદિ રત્નો પ્રગટ થયા એટલે ચક્રવર્તિએ એની જે વિધિ કરવી જોઈએ તે કરી. કટકરાજાને ચક્રાદિ રત્નો પ્રગટ થયાની ખબર પડી એટલે એમણે વિચાર કર્યો કે આ બ્રહ્મદત્તકુમાર ચક્રવર્તિ બનવાના છે તો હવે અમારે તેમનો રાજ્યાભિષેક કરવો જોઈએ. આમ વિચાર કરીને કટક રાજાએ પોતાના દૂતોને પુષ્પચુલ, કણેરદત્ત આદિ જે પોતાના મિત્રો હતા તેમની પાસે પોતપોતાની સૈન્યાદિ સામગ્રી લઈને વારાણસી આવવા માટેનું આમંત્રણ આપવા મોકલ્યા, એટલે બધા રાજાઓ પોતાની સૈન્ય સામગ્રીથી સુસજ્જ થઈને વારાણસી આવ્યા. બધાએ ભેગા થઈને એક શુભ દિવસે બ્રહ્મદત્તકુમારનો રાજ્યાભિષેક કર્યો અને વરધનુને સેનાપતિનું પદ આપવામાં આવ્યું.

હવે બ્રહ્મદત્તકુમારે વિચાર કર્યો કે હું મારા બાહુબળથી મારા પિતાનું રાજ્ય પાછું મેળવું. એ બાબતમાં કટકાદિ બધા રાજાઓ સંમત થયા. હવે બ્રહ્મદત્તની પાસે પીઠબળ ઘણું છે. એક તો ચક્ર આદિ રત્નો પ્રગટ થયા છે ને બીજા પિતાના મિત્ર રાજાઓની પૂરી સહાય મળી એટલે બ્રહ્મદત્ત ચક્રવર્તિ બધા રાજાઓ સાથે મોટું લશ્કર લઈને દીર્ઘરાજા સાથે સંગ્રામ કરવા નીકળ્યો. ચાલતાં ચાલતાં બ્રહ્મદત્તકુમાર એક દિવસ કાંપિલ્યપુર નગરની બહાર આવી પહોંચ્યો, અને દૂતો દ્વારા દીર્ઘરાજાને સંદેશો આપ્યો કે તમારો શત્રુ બ્રહ્મદત્તકુમાર યુદ્ધ કરવા માટે આવી પહોંચ્યો છે માટે તમે યુદ્ધ કરવા તૈયાર થાઓ.

દીર્ઘરાજાને પણ ખબર પડી ગઈ કે બ્રહ્મદત્ત ચક્રવર્તિ બનવાનો છે, અને ચક્રાદિ

રત્નો સહિત મોટું લાવલશ્કર લઈને આવ્યો છે. તો હવે એમણે સમજવું જોઈએ કે ચક્રવર્તિના બળ આગળ મારું બળ કેટલું ? ચક્રવર્તિ તો મહા બળવાન હોય છે. દાખલા તરીકે નદીના કિનારે મોટું લશ્કર દોરડાનો એક છેડો પકડીને ઉભું હોય ને બીજો છેડો સામે કિનારે એકલા ચક્રવર્તિ પકડીને ઉભા છે પણ જો ચક્રવર્તિ એક જ આંચકો મારે તો આખું લશ્કર દરિયામાં પડે. આવું છે ચક્રવર્તિનું બળ. એમની સાથે બાથ ભીડવી એ સામાન્ય વાત નથી, પણ દીર્ઘરાજાએ એ વાતનો વિચાર ન કર્યો. કહેવત છે ને કે " વિનાશકાળે વિપરિત બુદ્ધિ." તે અનુસાર બ્રહ્મદત્તકુમાર સામે યુદ્ધ કરવા તૈયાર થયો. હવે બ્રહ્મદત્તકુમાર અને દીર્ઘરાજા વચ્ચે કેવું ભયંકર યુદ્ધ થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- " ભીમસેનને શેઠનો મળેલો પૂરો સહકાર " :- ભીમસેનને જાણે દુઃખના વાદળા વિખરાતા હોય તેમ લાગ્યું ને નિરાશાનો અંધકાર ભેદાતો લાગ્યો. એણે શેઠને નમ્રતાથી કહ્યું કે આપના પ્રેરક વચનોથી મને ઘણી શાંતિ થઈ છે, પણ મારી શાંતિ કાયમ માટે ટકી શકે તે માટે આપ મને નોકરીએ રાખો તો મારું ગરીબાઈનું દુઃખ ટળે. હું આપનો ઉપકાર કદી નહિ ભૂલું. આપ જે કામ બતાવશો તે હું કરીશ, ત્યારે શેઠે કહ્યું ભાઈ! તું મારો સ્વધર્મી ભાઈ છે એટલે મારો સગો ભાઈ. હવે તું ચિંતા ન કરીશ. શેઠે કહ્યું કે જો ભાઈ! અહીંથી ધન્નાપન્ના દેશ છે. ત્યાં રોહણાચલ નામનો પર્વત છે ત્યાં ઝવેરાતની ઘણી ખાણો છે. એ ખાણોમાં રાજાઓના મુગટમાં જડવાના, સૌંદર્યવતી સ્ત્રીઓના ગળામાં શોભતા નવલખા હારમાં જડવાના હીરાઓ છે. પન્ના, મોતી, માણેક, નીલમ વિગેરેની ખાણો છે. ત્યાં તું ખોદજે, જો તારા ભાગ્યમાં હશે તો તને રત્નો મળશે અને નહિ મળે તો હું તને મહેનતાણું આપીશ. હવે આજીવિકાની તું ચિંતા ન કરીશ. નવકારમંત્રનું સ્મરણ કરીને તું અમારી સાથે ચાલ. આ પ્રમાણે શેઠે ભીમસેનને આશ્વાસન આપ્યું ને કહ્યું હવે સવારે અહીંથી જવાનું છે માટે અત્યારે શાંતિથી તંબૂમાં સૂઈ જાઓ. એમ કહીને સરસ પલંગ ઉપર પોચું ગાદલું પાથરેલું હતું ત્યાં શેઠે ભીમસેનને સૂવાડયો.

ઘણા સમયે ભીમસેનને આવા સરસ ગાદલા ઉપર સૂવાનું મળ્યું. એ સૂતો તો ખરો પણ ઉંઘ આવતી નથી. આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર ખીલ્યો હતો. એના અજવાળા તંબૂમાં પથરાતા હતા. એ ચંદ્ર સામે જોઈને વિચાર કરવા લાગ્યો કે અહો! હું તો આવા મખમલના સુંવાળા ગાદલામાં સૂતો છું પણ મારી પત્ની અને બાળકોની કેવી કંગાલ દશા છે! એ બિચારા કુમળા બાલુડાઓ થરથર ધ્રુજે છે ને એક વખતની રાજરાણી સુશીલા આજે રાંકડી બનીને બેહાલ દશામાં બેઠેલી મેં નજરે જોઈ છે. બબ્બે દિવસથી બાવા અન્નનો કણ મળ્યો નથી. એ બધા આવા દુઃખ ભોગવતા હોય તો મારાથી પલંગમાં કેમ સૂવાય ? તરત જ પલંગમાંથી ઉભો થઈ ગયો ને જમીન

ઉપર હાથનું ઓશીકું કરીને સૂઈ ગયો. મનમાં વિચાર થાય છે કે આટલે આવ્યો ને સુશીલાને મળ્યો નહિ. જો મળવા જાઉં તો મને શેઠ સાથે નહિ જવા દે. તો ભલે, હવે આટલા ભેગું વધારે દુઃખ ભોગવશે પણ આવા દયાળુ શેઠનો મને જે સહકાર મળ્યો છે તે કેમ જવા દેવાય ? આમ વિચાર કરતો થોડી વારમાં ઉંઘી ગયો.

"વિનય વિવેકથી શેઠના હૃદયમાં મેળવેલું સ્થાન" :– સવાર પડતાં શેઠના માણસો ડેરા તંબુ ઉઠાવીને ગાડામાં માલસામાન ભરવા લાગ્યા. ભીમસેન પણ સૌને કામ કરવામાં મદદ કરવા લાગ્યો. બધો માલસામાન ભરીને બધા ત્યાંથી ચાલવા લાગ્યા. સવારે સફર, બપોરના શીતળ છાયા આવે ત્યાં આરામ કરતા ને પાછું ચાલવા માંડતા અને રાત પડે એટલે કોઈ ગામના પાદરમાં ડેરા તંબુ તાણીને સૂઈ જતા. આમ સૌ આગેકૂચ કરતા. ભીમસેન કયારેક પગપાળા ચાલતો, કયારેક ઘોડા ઉપર તો કયારેક ગાડામાં બેસી જતો. તેને આ સફરમાં સાથીદારો સાથે ખૂબ આનંદ આવતો, એટલે પોતાનું દુઃખ ધીમે ધીમે ભૂલતો જતો હતો, પણ વચમાં કયારેક પોતાના પરિવારની દુઃખી કરૂણ દશા યાદ આવતી. ભીમસેન શેઠનો ખૂબ વિનય કરતો. બધા માણસોની સાથે કામકાજે લાગી જતો, ત્યારે શેઠ એને કામ કરવાની ના પાડતા. ભાઈ! તું કંઈ મારો નોકર નથી. તું તો મારો સ્વધર્મી બંધુ છે, માટે તારે મજૂરી કરવાની નથી પણ ભીમસેન ખૂબ પ્રમાણિક હતો કામ કર્યા વગર હરામનું ખાવું એને ગમતું ન હતું. કયારેક શેઠની સાથે ધર્મચર્ચા પણ કરતો. ભીમસેનનો વિનય, વિવેક, પ્રમાણિકતા, કામ કરવાની કુશળતા, ધર્મભાવના આદિ જોઈને શેઠનો એના ઉપર ખૂબ પ્રેમ વધ્યો. તેથી શેઠ પોતે જ ભીમસેનનું ખાવા પીવાનું બધું ધ્યાન રાખતા.

"ભૂમિ પરીક્ષક ભીમસેન" :– ઘણા દિવસ સુધી પ્રવાસ કરીને એક દિવસ તેઓ રોહણાચલ પર્વત પાસે પહોંચી ગયા. હવે તેમને મંજિલ મળી ગઈ. આગેકૂચ કરવાની ન હતી. હવે તો કમર કસીને કામ કરવાનું હતું. રોહણાચલ પર્વતની એક તળેટીમાં એમણે મુકામ કર્યો. એ દિવસે તો બધા ખૂબ થાકેલા હોવાથી આરામ કર્યો. બીજે દિવસે પહાડ ઉપર જઈને સૌ ખાણો ખોદવા લાગ્યા. શેઠે ભીમસેનને કહ્યું. ભાઈ! તું પણ તારી જ્યાં ઈચ્છા હોય ત્યાં કોદાળી પાવડો વિગેરે લઈને ખોદવા માંડ. ભીમસેન રાજકુમાર હતો ત્યારે ૭૨ કળા શીખ્યો હતો. તેમાં ભૂમિ પરીક્ષાનો અભ્યાસ કર્યો હતો. તે આજે એને અહીં કામ લાગી ગયો. ભીમસેને એક દિવસ તો બધી જમીન તપાસી. પછી મારે કયાં કયાં ખોદવું તે માટેના નિશાન કર્યા ને મનમાં એક પ્લાન ઘોર્યો.

બીજા દિવસથી ભીમસેને સવારમાં વહેલો ઉઠી નવકારમંત્રનું સ્મરણ કરી કોદાળી પાવડો લઈને જમીન ખોદવાનું શરૂ કર્યું. ત્રણ ચાર દિવસમાં તો ચકમકતા

રંગબેરંગી પથ્થરો, માટીમાં જડાઇ ગયેલા હીરા અને રત્નો લઈને શેઠની પાસે ગયો. શેઠ તો એનો માલ જોઈને ખુશ ખુશ થઈ ગયા. તેના કામને ધન્યવાદ આપતા શાબાશી આપીને બરડો થાબડયો. બંધુઓ! ભીમસેને ઘણી મહેનત અને સખત પરિશ્રમ કરીને રત્નો મેળવ્યા હતા. એ રત્નો પોતે રાખી લે તો પેઢીઓની પેઢીઓનું દરિદ્ર ટળી જાય એવા કિંમતી રત્નો હતા પણ ભીમસેને તો એમાંથી એક પણ રત્ન લીધું નહિ ને તમામ રત્નો શેઠને આપી દીધા. શેઠે કહ્યું ભાઈ! તું આ રત્નો લઈને ગામમાં જઈને ઝવેરીની દુકાને વેચી આવ. શેઠને ભીમસેન ઉપર ખૂબ વિશ્વાસ હતો. ભીમસેન રત્નોને લઈને ગામમાં ગયો. જઈને ઝવેરીને બધા રત્નો બતાવ્યા. તો કોઈએ તેની કિંમત બે લાખ, કોઈએ ત્રણ લાખ એમ અલગ અલગ કહી. એમ કરતાં એક પ્રમાણિક ઝવેરી મળી ગયો. એણે કહ્યું ના ભાઈ! આ માલ દશ લાખ રૂપિયાનો છે પણ હું તને દશ લાખ આપી દઉં તો મને શું કમાણી થાય? માટે હું એક લાખ રૂપિયા નફો ખાઉં છું ને તને નવ લાખ રૂપિયા આપું છું. ભીમસેન નવ લાખ રૂપિયા લઈને શેઠ પાસે આવ્યો ને વિનયપૂર્વક કેવી રીતે માલ વેચ્યો, કયાં વેચ્યો, બધી હકીકત જણાવી.

"ભીમસેનની પ્રમાણિકતા ઉપર તાજુબ થયેલા શેઠ" :– શેઠ તો ભીમસેનની પ્રમાણિકતા જોઈને ખુશ થયા. તેમના મનમાં થયું કે આ માણસ કેટલો પ્રમાણિક છે! નવલાખને બદલે એણે મને ફક્ત ચાર કે પાંચ લાખ આપ્યા હોત તો પણ મને શું ખબર પડવાની હતી. ખરેખર જો એણે એની પ્રમાણિકતા નથી છોડી તો મારે પણ એની કદર કરવી જોઈએ. શેઠે કહ્યું ભીમસેન! તેં તો ઘણી મહેનત કરી છે ને ઘણું સરસ કામ કર્યું છે માટે આ નવ લાખ રૂપિયા તો તું જ લઈ લે. ભીમસેને કહ્યું શેઠ! મારે આટલા બધા પૈસા નથી જોઈતા, તમે મને મારી મહેનતનું ફળ આપો. બાકી મારે ન જોઈએ. શેઠે કહ્યું કે ભલે, તને એમ થાય છે તો આ નવ લાખ તને હું તારી મહેનતના ફળ રૂપે મહેનતાણું આપું છું અને હવે તું જે રત્નો મેળવી આપે તે મારા, પણ આ નવલાખ રૂપિયા ઉપર તારો અધિકાર છે. શેઠના ઘણા આગ્રહથી ભીમસેને લઈ લીધા ને ફરીને ખોદકામ શરૂ કર્યું. ખોદતા ઘણા મૂલ્યવાન હીરા વિગેરે નીકળ્યું. તે શેઠને બધુ સોંપી દીધું. શેઠ ખૂબ ખુશ થયા, પછી ભીમસેન કહે કે હવે આ ધરતીમાં માલ નથી. આપ મને રજા આપો તો હું જાઉં. મારા બાળકો, પત્ની બધા મારા વગર ઝૂરે છે. શેઠને ભીમસેનને જવા દેવાનું મન નથી પણ ન છૂટકે શેઠે આંખમાં આંસુ પાડતા રજા આપી. બંને જણા એકબીજાને ભેટીને ખૂબ રડયા. હવે ભીમસેન હર્ષભેર નવલાખ લઈને જઈ રહ્યો છે. ઘણાં વર્ષે આટલી મિલ્કત મળવાથી તેને ખૂબ આનંદ થયો છે. મનમાં અનેક વિચારો કરતો ભીમસેન જઈ રહ્યો છે. હવે તેનું શું થશે તેનો ભાવ અવસરે.

○ ○ ○

વ્યાખ્યાન નં. ૫૧

ભાદરવા વદ ૩ ને શનિવાર **"જીવન સંગ્રામ"** **તા. ૮-૯-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! આપણા જીવે અનંતી વખત જન્મ મરણ કર્યા. તે આજ સુધી હજુ ચાલુ ને ચાલુ જ છે. એનો અંત આવ્યો નથી. કયારે અંત આવશે એ પણ દેખાતું નથી, ત્યારે વર્તમાન જીવન ઉપર એવી કોઈ શાબાશી લઈ શકીએ એવું કોઈ કાર્ય કરેા છેા કે જેનાથી ભવિષ્યમાં જન્મ-મરણની ઘટમાળ બંધ થાય. જીવ અનંતી વખત માતાના ગર્ભમાં આવ્યો, નવ નવ મહિના સુધી ગર્ભની કોટડીના દુઃખ સહન કરીને જન્મ લીધેા. જન્મ લીધા પછી આત્મા માટે કોઈ પુરૂષાર્થ વિનાનું જીવન વીતાવવું અને કરૂણ રીતે મરણને શરણ થવું એમાં આત્માનું દળદર શું ફીટે ? તમને આત્માનું દળદર ફીટે એવું લાગે છે ખરું ? જો એમ જ ફીટતું હોત તેા આજ સુધી શા માટે રખડી રહ્યો છે ? આનું કારણ એક જ છે કે **વસ્તુ સ્વરૂપના પ્રકાશને બદલે મહા અંધકારમાં આથડયા કરે છે તેથી આત્માની સ્થિતિ કેવી રીતે સુધરે** ? જન્મમરણની ઘટમાળ ચાલુ છે તેને બંધ કરવા માટે જીવનસંગ્રામની જરૂર છે.

જીવનસંગ્રામ એટલે રાજા મહારાજાઓ એકબીજાનું રાજ્ય પડાવી લેવા માટે જે સંગ્રામ કરે છે એવા સંગ્રામની વાત નથી. આપણે જે સંગ્રામની વાતેા કરીએ છીએ તે સંગ્રામ જુદા પ્રકારનેા છે. અનાદિકાળથી ચાલી આવતી અને અહીં પણ જીવને સતાવતી અંતરની મલિન વૃત્તિઓ સાથે અને કર્મ સાથે ઝઘડવાનું છે. મોહાંધતા, ક્રોધાંધતા, વિષયાંધતા વિગેરેની મલિન વૃત્તિઓ સાથે જીવનભર ઝઘડી, મોહનિદ્રા ત્યજી, તત્ત્વ જાગૃતિમય જીવન જીવવું એનું નામ જીવનસંગ્રામ. જ્યાં સુધી મોક્ષમાં ન જવાય ત્યાં સુધી આવેા સંગ્રામ ખેલવેા પડશે. જીવનભર સંગ્રામ ખેલ્યા વિના આ હઠીલી પ્રકૃતિઓ આત્માથી અળગી નહિ થાય. અનાદિકાળથી આત્માની પાછળ લાગેલા કર્મ શત્રુ સામે ઝઝૂમવામાં બધી શક્તિ ખર્ચી નાંખવી પડશે. તેા જ આ જીવનસંગ્રામનેા અંત આવશે.

જ્ઞાની પુરૂષેા કહે છે કે હે ભવ્ય જીવેા ! તમે જીવનસંગ્રામ એવેા ખેલેા કે જેથી શાશ્વત જીવન (સિદ્ધ અવસ્થા) મળી જાય. વારંવાર બદલવા પડતા જીવનેાની પરંપરા અટકે. આ જીવન ખાવાપીવા અને ખેલવા માટે નથી. એવું બધું તેા કાગડા કૂતરાના ભવમાં પણ જીવે ઘણું કર્યું છે. દેહ મળ્યો છે એને ટકાવવા માટે આવું પીવું પડે છે પણ દેહ ટકાવીને કરવા જેવી હોય તેા તે ધર્મસાધના છે. એ વાત બિલકુલ ન ભૂલશેા. સાધનથી સાધ્ય અવશ્ય સાધી લેા. સાધ્ય અજબ કોટિનું છે એ વાત નજર સમક્ષ રાખેા. જગતમાં શાબાશી મળે એવું જીવન જીવેા. જીવનસંગ્રામનેા એક પ્રેરક પ્રસંગ હું તમને કહું સાંભળેા.

સમરાદિત્ય કેવળી થઈ ગયા. એમના નવ ભવની વાત જેણે સાંભળી હોય એને તો હું માનું છું ત્યાં સુધી તો વૈરાગ્ય જ આવી જાય. મોહની તાકાત નથી કે એ આત્માને મૂંઝવી શકે. એની પાસે મોહનું શસ્ત્ર બૂઠું થઈ જાય. મોહનું મર્મસ્થાન ભેદાઈ જાય. મિથ્યાત્વનો અંધકાર નષ્ટ થઈ જાય ને સમ્યક્ત્વનો પ્રકાશ ઝળહળી ઉઠે. એવી એ સમરાદિત્ય કેવળીના નવ ભવની વાત છે. તેમાંના છેલ્લા ભવનો એક પ્રસંગ વિચારીએ. સમરાદિત્યનો જીવ સર્વાર્થ સિદ્ધ વિમાનમાંથી ચ્યવીને રાજકુમાર તરીકે જન્મ્યો છે. પિતાજીને ત્યાં વૈભવવિલાસ અને ઠાઠમાઠની કોઈ કમીના નથી. ખૂબ લાડકોડથી ઉછરે છે. ધીમે ધીમે કુમાર મોટો થયો પણ એને સંસારના કોઈ કાર્યમાં રસ ન હતો. પૂર્વભવમાં આરાધના કરીને આવ્યો છે ને એ જ ભવમાં મોક્ષે જવાનો છે એટલે એ બાલપણથી ઉદાસીન ભાવે રહે છે. આ જોઈને એના પિતાજીના મનમાં થયું કે મારો દીકરો તો વૈરાગી થઈ જશે. એનો વૈરાગ્ય ઉતરી જાય ને કોઈ રીતે એને સંસારમાં રસ જાગે તે માટે વસંતોત્સવ ઉજવવાનો એક પ્રસંગ યોજ્યો.

વસંતોત્સવ ઉજવવાના દિવસો આવ્યા એટલે આખા નગરને ખૂબ સારી રીતે શણગારવામાં આવ્યું. માર્ગમાં વિવિધ પ્રકારના દૃશ્યો ગોઠવવામાં આવ્યા. એ જમાનામાં એવો રિવાજ હતો કે રાજાની સાથે પ્રજાએ ઉત્સવમાં ભાગ લેવો જોઈએ. નગર બહાર જઈને ઉજાણી કરવી જોઈએ, એટલે વસંતોત્સવની બધી તૈયારીઓ કરીને મહાજન રાજા પાસે આવ્યું અને રાજાને વિનંતી કરી કે મહારાજાધિરાજ! બધા નગરજનો વસંતોત્સવ ઉજવવા માટે તૈયાર છે. જેમ ચકોર ચંદ્રની રાહ જુએ અને ચક્રવાક સૂર્યની રાહ જુએ તેમ સૌ આપની રાહ જોઈ રહ્યા છે. પધારો....બાપુ....પધારો. રાજાએ બરાબર તક જોઈને કહ્યું મારા વહાલા પ્રજાજનો! મેં તો ઘણી વખત વસંતોત્સવ ઉજવ્યો ને ઘણી ઉજાણીઓ જોઈ છે પણ આજે તમે આ સમરાદિત્યકુમાર જે ભવિષ્યના તમારા રાજા છે એમને લઈ જાઓ. પ્રજાજનોએ આનંદથી એ આદેશને વધાવી લીધો ને સમરાદિત્યને સમાચાર આપ્યા. આમ તો સમરાદિત્યકુમાર એ બાબતમાં નિરસ હતો પણ આજ્ઞાંકિત હતો એટલે પિતાજીની આજ્ઞાનું પાલન કરવા માટે વસંતોત્સવમાં જવા તૈયાર થયો. મોટી સવારી નીકળી. કુંવર પ્રજાજનોની સાથે અનેક પ્રકારના દૃશ્યો જોતો જોતો ઝળહળતા સોનેરી રથમાં બેસીને પસાર થઈ રહ્યો છે. બંદીજનો છડી પોકારી રહ્યા છે, વાજિંત્રોના મધુર સ્વરો ગુંજી રહ્યા છે. આખું નગર એના આનંદમાં ગરકાવ છે ત્યારે પવિત્ર આત્મા સમરાદિત્યકુમારની નજર જુદું જ નિહાળી રહી છે.

"શબ જોતાં કુંવરે સારથીને કરેલા પ્રશ્નો" :- સ્વારી જઈ રહી છે. સમરાદિત્યે માર્ગમાં ઓટલા પર પડેલા એક માણસને જોઈને પૂછ્યું હે સારથી!

આ કઈ જાતનું દૃશ્ય રાખ્યું છે? એનું રહસ્ય શું છે? સારથીએ કહ્યું–બાપુ! એ કોઈ દૃશ્ય નથી. એ તો એક માણસ મૃત્યુ પામ્યો છે. અરે ભાઈ! મૃત્યુ પામ્યો એટલે શું થઈ ગયું? ભલે ને એ મૃત્યુ પામ્યો. એ આ બધા લોકો સાથે કેમ બોલતો, ચાલતો કે નાચતો કૂદતો નથી? સારથી કહે એનો જીવ જ ઉડી ગયો પછી કઈ રીતે એ બોલે ચાલે? આ તો એનું શબ છે. કુમાર કહે શું મૃત્યુ આવું જુલમગાર છે? મારા પિતાજી તો એક હાકે ધરતી ધ્રુજાવે એવા બળવાન છે. તેઓ પોતાના રાજ્યમાં ચોર ડાકુને પણ રહેવા દેતા નથી તો પછી આવા પ્રાણ હરનારા જુલમગાર મૃત્યુને પોતાના રાજ્યમાંથી શા માટે હાંકી કાઢતા નથી? સારથીએ કહ્યું કુમાર! એ મૃત્યુ ઉપર તમારા પિતાજીની સત્તા ચાલે તેમ નથી. ખુદ તમારા પિતાજીને પણ એક દિવસ મૃત્યુના તાબે થવું પડશે. તીર્થંકર, ચક્રવર્તિ, બધાને એક દિવસ મૃત્યુને તાબે થવું પડે છે. તત્ત્વજ્ઞકુમારે કહ્યું–ભાઈ! જો એક દિવસ બધાને મૃત્યુ આવવાનું છે તો પછી આ બધી ધાંધલ અને ધમાલ શા માટે? આ બધા દૃશ્યોના ધાંધલ શું મૃત્યુથી બચાવશે ખરા? ગમે તેવી બળવાન સરકાર પ્રજાનું રક્ષણ કરવાનો દાવો રાખતી હોય તો પણ મૃત્યુ તો પ્રાણને હરી લે છે. પ્રાણ લૂંટાવાની સાથે એનું બધું લૂંટાઈ જાય છે.

મૃત્યુને તો રાજા–રંક, રોગી–નિરોગી, બળવાન–નિર્બળ, સજ્જન–દુર્જન, જ્ઞાની કે અજ્ઞાની કોઈની પરવા નથી. એ તો બધા ઉપર એનો એક સરખો ડંડો ફેરવે છે. માણસે મનમાં ગમે તેટલા મનોરથોના હવાઈ મહેલ ચણ્યા હોય પણ મૃત્યુ એ બિચારાના મનોરથોના મહેલને એક ઝપાટે જમીનદોસ્ત કરી નાંખે છે. માણસે ગમે તેવી યોજના ઘડી રાખી હોય તો એ બધી મૃત્યુથી એમ જ સ્થગિત થઈ જાય છે. માણસના ધનમાલ ઉપર ગમે તેવા મજબૂત ચોકીપહેરા હોય અને કાયા ઉપર ઉંચામાં ઉંચા વૈદ્ય કે ડૉકટરોની જોરદાર દેખરેખ હોય છતાં મૃત્યુ તો બધાને એમ જ કહે છે કે તમારા વૈદ્ય, ડોકટર અને ચોકીપહેરા ભલે સલામત હોય પણ ખુદ તમે પોતે અસલામત છો માટે તમે પોતે અહીંથી નીકળો. તમારા વૈદ્યો અને ડોકટરો ભલે તમારી કાયાની નાડ પકડીને ઉભા રહે, ઇંજેકશનો આપે પણ તમે પોતે જ આ કાયામાંથી "ગેટ આઉટ" થાઓ. (બહાર નીકળી જાઓ.) જે માણસ એક મોટો વહેપારી ગણાતો હતો. જેને નોકરચાકરો જી સાહેબ....જી સાહેબ કરતા હતા એ બધું મૃત્યુનું આક્રમણ થતાં હતું ન હતું થઈ જાય છે.

"સમરાદિત્ય કુમારનું તત્ત્વજ્ઞાન":– સમરાદિત્યકુમાર કહે છે કે જો મૃત્યુ નિરંકુશપણે જીવનની બધી બાજી રદબાતલ કરનાર છે તો પછી આવા ઉત્સવનો શો અર્થ? શું આ ઉત્સવ ઉજવવાથી મૃત્યુની જાલિમ જોહુકમી અટકાવી શકાશે? ના. શું આ મૃત્યુની પીડા એક જ વાર છે? 'ના,' જ્યાં સુધી મોક્ષમાં ન પહોંચીએ ત્યાં સુધી એ વેદના ચાલુ છે. તો પછી તમને એમ નથી લાગતું કે જગતમાં એવી

કોઈ સાધના છે કે જેથી મૃત્યુ સામે જીવનજંગ ખેલી એનું આગમન સદા અટકાવી શકાય. ક્રૂર મૃત્યુની તલવાર માથે ઝઝૂમતી હોય ત્યારે આવા આનંદ અને ઉત્સવની લીલા કરવી એ કર્મના ગુલામ જીવને માટે શરમજનક નથી લાગતી ? કુમારના તત્ત્વજ્ઞાન ભરેલા વચનથી લોકો ચકિત થઈ ગયા. કુમારે બધાને સમજાવ્યું કે **"મનુષ્યજીવન ભયંકર મૃત્યુ પર કાયમી વિજય મેળવવા માટે ને મહાન સંગ્રામ ખેલવા માટે મળ્યું છે,"** માટે તમે આવા ઉત્સવ, મહોત્સવ અને બાહ્ય ઠાઠમાઠમાં માનવ જીવનનો અમૂલ્ય સમય ગુમાવશો નહિ. આ પ્રમાણે કહ્યું પછી સ્વારી આગળ ચાલી. આગળ ચાલતા બીજા પ્રકારનું દૃશ્ય જોયું. આ ઉત્સવમાં વિવિધ પ્રકારના ઘણાં દૃશ્યો ગોઠવવામાં આવ્યા હતા પણ સમરાદિત્યકુમાર જેવી તત્ત્વદૃષ્ટિ ભાગ્યે જ કોઈ પુરૂષની હશે ! એમની આધ્યાત્મિક દૃષ્ટિ ખીલી ઊઠી હતી તેથી બીજા કોઈ દૃશ્ય ઉપર દૃષ્ટિ ન પડતા માણસના મડદા ઉપર એની દૃષ્ટિ પડી.

"સમરાદિત્યે જોયેલું બીજું દૃશ્ય" :– આગળ ચાલતાં બીજું દૃશ્ય એની નજરે પડયું. એક વૃદ્ધ માણસનું શરીર થરથર ધ્રૂજતું હતું. મોઢામાંથી દાંત પડી ગયા હતા ને લાળ ઝરતી હતી અને એ વૃદ્ધ ડોસો બૂમો પાડતો હતો કે મને કોઈ પાણી આપો, ખાવાનું આપો પણ કોઈ એના સામું જોતું નથી. આ વૃદ્ધ પુરૂષને જોઈને કુમારે પૂછયું,? આ દૃશ્ય કેવું છે ? સારથીએ કહ્યું હે કુમાર સાહેબ ! આ માણસને બિચારાને ઘડપણે ઘેરી લીધો છે. કુમાર કહે, ભાઈ! ઘડપણ એટલે શું ? સારથીએ કહ્યું સાહેબ ! બત્રીસી પાડી નાંખે, માથાના વાળ ધોળા કરી નાંખે, કાને ઓછું સાંભળવા દે. ચામડીને કરચલીઓ પાડી દે, ઇન્દ્રિયો અને અવયવો ઢીલા કરી નાંખે એનું નામ ઘડપણ. કુમારે કહ્યું મારા પિતાજી આવા ધુરંધર રાજા થઈને આવા ઘડપણને કેમ દેશવટો નથી આપતા ? એને શા માટે પોતાના ગામમાં રહેવા દે છે? ત્યારે સારથીએ કહ્યું કે બાપુ ! ઘડપણ એ તો મૃત્યુનો દૂત છે. એ અગાઉથી આવીને મનુષ્યની જીવન શક્તિને હણવાનું કાર્ય કરે છે. એની પાસે આપના પિતાજીનું કંઈ ચાલે તેમ નથી, કારણ કે એમના ઉપર પણ ઘડપણનો કોપ ઉતરશે, ત્યારે કુમારે કહ્યું તો પછી આવું ધાંધલ શા માટે માંડયું છે ?

બંધુઓ ! વિચાર કરો. સમરાદિત્યે અહીં પણ જીવન સંગ્રામની દૃષ્ટિ કેળવી છે. જેમ મૃત્યુ આવતા પહેલા મૃત્યુની સામે ઝઝૂમવવાનું છે તેમ ઘડપણની સામે પણ ઘડપણ આવતા પહેલાં ઝઝૂમવાનું છે, કારણ કે ઘડપણનો હલ્લો થયા પછી કંઈ જોરદાર કામ નહિ થઈ શકે. યુવાનીમાં બળનો, શક્તિનો, ભૂખનો, પાચનનો વિગેરે ફાંકો રાખનારને ઘડપણમાં ફાંકો ભૂલી જવો પડે છે. **સ્નેહીઓ અને સબંધીના પ્રેમ પણ આપણા શારીરિક ઘડપણે ઘડપણ પામે છે ત્યારે ત્યાગ, તપશ્ચર્યા, ધાર્મિક ક્રિયાઓ, આત્મહિત કરવાની દોડધામ વિગેરે કરવાની શક્તિ**

ઘડપણ આવતાં ઘરડી થઈ જાય છે. એટલે સમરાદિત્ય કુમાર પૂછે છે કે આવું ઘડપણ જો અવશ્યંભાવી આવતું હોય તો પછી આટલા ઉત્સવ અને ઉજાણીનો શો અર્થ? જો ઘડપણ આવવાનું જ હોય અને ભાવિ ભવોના પણ ઘડપણ એ નિવારી શકતું ન હોય તો ખરેખર એવા કાર્યમાં લાગી જવું જોઈએ કે જેથી ઘડપણનો નિર્મૂલ નાશ થઈ જાય. આપણે તો જન્મોજન્મ આવતા ઘડપણને રોકવાના છે, તેથી ઘડપણના સંસારી જીવન સામે સંગ્રામ ખેલી લેવાનો છે પણ એ ક્યારે બની શકે? આવા સોનેરી સમયનો આવા ગીત નૃત્યાદિ ઉત્સવમાં દુરપયોગ ન કરાય ત્યારે. ઘડપણ આવતા પહેલાં ખોટી લાલચો અને લાગણીઓ રૂપી પાપ પ્રવૃત્તિઓ સામે પૂર્વાવસ્થાના જીવન કાળમાં સંગ્રામ ખેલી એને હટાવવાની છે, પછી વૃદ્ધાવસ્થાના સમયમાં થાય તેટલી સાધના કરીને સંગ્રામનું બાકી રહેલું કાર્ય સાધવાનું છે.

"સમરાદિત્યે જોયેલું ત્રીજું દૃશ્ય":- આગળ ચાલતા સમરાદિત્યકુમારે ત્રીજું એક દૃશ્ય જોયું. એક માણસને ખાટલામાં નાંખીને ચાર જણા ખાટલો ઉંચકીને લઈ જાય છે. આ દૃશ્ય જોઈને કુમારે સારથીને પૂછયું–આ દૃશ્ય વળી કેવું છે? સારથીએ કહ્યું, કુમારસાહેબ! આ દૃશ્ય નથી પણ આ માણસ રોગથી પીડાયેલો છે એટલે તેને વૈદ્યને ત્યાં લઈ જવામાં આવે છે. કુમારે પૂછયું–ભાઈ! વ્યાધિ એટલે શું? વ્યાધિ જેની ચોટલી પકડે છે તેની શું આટલી બધી કરૂણ દશા થાય છે? મારા પિતાજી આવી કર્કશા ડાકણને તલવારથી કેમ મારી નાંખતા નથી? આટલું બોલીને કુમારે મ્યાનમાંથી તલવાર કાઢી હાથમાં લઈને એવો દેખાવ કર્યો કે જાણે વ્યાધિ રૂપ ડાકણીને હમણાં ને હમણાં હણી નાંખશે. સારથીએ કહ્યું:- ભાગ્યવાન કુમાર! ઘણી ખમ્મા તમને! જરા શાંત થાઓ, ધીરા પડો. આપ તો જાણકાર છો, ધીર, વીર ને ગંભીર છો. હું જાણું છું કે આપ બીજાને પ્રતિબોધ આપવા માટે આવી પવિત્ર પ્રવૃત્તિ કરી રહ્યા છો. ધન્ય છે તમને! સારથીના કહેવાથી કુમારે તલવાર મ્યાન કરી ત્યારે સારથીએ કહ્યું કે કુમાર સાહેબ! આપની પુણ્યાઈ જબરી હોય તો આપને વ્યાધિનો અનુભવ ન હોય એ બનવા જોગ છે. બાકી વ્યાધિ પણ જરાની જેમ મૃત્યુનું દૂત કાર્ય કરે છે. વ્યાધિ, જરા અને મૃત્યુની યોજનામાંથી જીવ છટકી શકે તેમ નથી.

આ સાંભળીને કુમારે એક જ વાત કરી કે જો માણસ મૃત્યુ, જરા અને વ્યાધિનો શિકાર છે તો પછી આવા ઉત્સવ, નૃત્ય વિગેરે ધાંધલ ધમાલ કરવાનો શો અર્થ? કુમારે તો ત્રણે પ્રસંગે આ એક જ પ્રશ્ન કર્યો છે. એની પાછળ ગઢ તત્ત્વજ્ઞાન છૂપાયેલું છે. એનો કહેવાનો આશય એમ નથી કે તમે ઉત્સવ, મહોત્સવની મોજ છોડીને ઘરમાં બેસી રહો પણ કુમારનું કહેવું એમ છે કે જે જીવનના માથે રોગ–જરા અને મૃત્યુના ડંડા ઝઝૂમે છે એને દૂર કરવા તપ ત્યાગાદિ સાધના કરવાને બદલે રોગ જરા અને મૃત્યુની વૃદ્ધિ કરાવનારા ઉત્સવ નૃત્યાદિમાં આવું અમૂલ્ય જીવન વેડફી

નાંખવું એ કેટલી મૂર્ખાઈ છે. આ ત્રણ દૃશ્ય નજર સમક્ષ રાખીને માણસે પોતાના દુર્ગુણો અને દુષ્કૃત્યોથી પાછા ફરી જવું જોઈએ. હવે તો આ રંગ-રાગ, ઈર્ષ્યા, અનીતિ, ક્ષુદ્રતા વિગેરે દોષોથી હું થાકી ગયો છું. મારે એમની જરૂર નથી. હવે તો મારે વિરાગ-પ્રમોદ-મૈત્રી આદિ ગુણો વિકસાવીને દુર્ગુણો સામે ઝઝૂમવું છે. સદ્ગુણો પ્રગટાવીને દુર્ગુણોની સામે ઝઝૂમવું એનું નામ જીવન સંગ્રામ.

સમરાદિત્યકુમાર પ્રજાજનોને ઉદ્દેશીને કહે છે કે પ્યારા પ્રજાજનો ! જન્મ પામેલા માટે વ્યાધિ અને વૃદ્ધાવસ્થા તો આવે ત્યારે આવે પણ મૃત્યુ તો નિશ્ચિત છે. તો આ ગીતગાન, નાચરંગ વિગેરે જલસા અને ઉજાણીનો કોઈ અર્થ નથી. જેમ પતંગિયું દીવાની આસપાસ ઘૂમતા થોડી વારમાં સ્વાહા થઈ જાય છે તેમ આપણી આસપાસ ઘૂમતા કાળરાજા કયારે આપણને સ્વાહા કરી જશે તેની ખબર નથી. હવે તમે જ કહો. જેનું પરિણામ આખરે વિનાશ અને વિલાપમાં આવે એવા રંગરાગમાં શું જીવનનો કિંમતી સમય ફેંકી દેવો ? 'ના.' આ અમૂલ્ય અવસર તો આ ત્રણેની સામે ઝઝૂમવાનો છે. મૃત્યુ-જરા અને વ્યાધિ આ ત્રણેનું મૃત્યુ થઈ જાય તે માટે આત્મસાધનામાં મથવાનો છે.

આ શું બતાવ્યું ? જીવનસંગ્રામ. કુમારે પ્રજાજનોને એવી છટાથી ઉપદેશ આપ્યો કે લોકોને માર્ગમાં જ સ્થંભિત કરી દીધા ને કંઈક જીવોને વૈરાગ્યના રંગે રંગી દીધા. ઉજાણી ઉજાણીના સ્થાને રહી ને મામલો બદલાઈ ગયો. આ બાજુ અધિકારીઓએ જઈને રાજાને વિનયપૂર્વક આ વાત કરી. રાજાએ કુમારને મોકલ્યો ત્યારે એમને સ્હેજ પણ એવી કલ્પના ન હતી કે મારો દીકરો વૈરાગી બની જશે. રાજાએ તો કુમારના જીવનમાં સંસારનો રસ પ્રગટે એ માટે આ વસંતોત્સવની ઉજાણી કરવાનું આયોજન કર્યું હતું. તેના બદલે ઉત્સવના એકેક દૃશ્યો જોઈને કુમારનું હૃદય પીગળી ગયું ને એનો વૈરાગ્ય દૃઢ બન્યો. હવે સમરાદિત્યકુમાર સંસારમાં અનાસક્ત ભાવથી રહે છે ને જગતના જીવોને સંસારથી અનાસક્ત રહેવા માટે સમજાવે છે. મોક્ષમાં જવું હોય તો કર્મની સામે જીવનસંગ્રામ ખેલવા પડશે. એ સંગ્રામ ખેલવા માટે તપશ્ચર્યા, જ્ઞાન, ધ્યાન, વિનય, ભક્તિ આદિ સાધનામાં રચ્યાપચ્યા રહેવું પડશે તો જ જીવન સાથે કર્મસંગ્રામ ખેલાશે.

આપણે મોક્ષ પ્રાપ્તિ માટે કર્મની સામે જીવનસંગ્રામની વાત કરી ત્યારે બ્રહ્મદત્ત કુમાર પિતાજીનું રાજ્ય પાછું મેળવવા માટે દીર્ઘરાજા સાથે સંગ્રામ ખેલવા આવી રહ્યો છે. દીર્ઘરાજાને ખબર પડી કે બ્રહ્મદત્ત ચક્રવર્તિ બનનાર છે, એને અનેક રાજાઓની સહાય છે છતાં બ્રહ્મદત્ત સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. આ બાજુ દીર્ઘરાજામાં મોહાંધ બનેલી ચુલની રાણીને ખબર પડી કે બ્રહ્મદત્તકુમાર મોટું લશ્કર લઈને યુદ્ધ કરવા આવ્યો છે. એ તો જાણતી હતી કે મારો પુત્ર કોણ છે ? પોતે ચૌદ સ્વપ્ના જોઈને

એને જન્મ આપ્યો હતો. આવી ચુલની રાણી વિચાર કરવા લાગી કે ધિક્કાર છે મારા પાપથી ભરેલા જીવનને ! મેં દીર્ઘરાજાના મોહમાં પડી કેવા કેવા પાપકર્મો કર્યા ! મારા એકના એક દીકરાને હું બાળવા ઉઠીને ! એ તો એના પુણ્યોદયે જીવતો રહ્યો. હવે મારાથી પુત્રને કેમ મોઢું બતાવાય !

આવો વિચાર કરીને ચુલની રાણી ગુપ્ત માર્ગેથી ગામની બહાર નીકળી ગઈ. ચાલતા ચાલતા તેને એક પવિત્ર સાધ્વીજી મળી ગયા ને દીક્ષા લઈ લીધી. દીક્ષા લઈને પોતે કરેલા ઘોર કર્મની સાથે સંગ્રામ કરવા માટે તીવ્ર તપશ્ચર્યા કરીને શરીરને સુકકેલુકકે કરી નાંખ્યું. ત્યાંથી મરીને ચુલની સદ્ગતિને પામી. આ તરફ બ્રહ્મદત્તના સૈન્યે નગરને ચારે તરફથી ઘેરી લીધું. દીર્ઘરાજાને ખબર પડી કે બ્રહ્મદત્તના સૈન્યે નગરને ચારે તરફથી ઘેરો નાંખ્યો છે. તો હવે હું જાતે જ યુદ્ધના મેદાનમાં જઈ બ્રહ્મદત્તકુમારને મારા શૌર્યનું ભાન કરાવું. આવો નિશ્ચય કરીને દીર્ઘરાજા મોટું જબરદસ્ત સૈન્ય લઈને નગરની બહાર રહ્યા, પછી યુદ્ધના સમયે યુદ્ધભૂમિમાં આવ્યા. બંને સેનાઓ વચ્ચે ભયંકર સંગ્રામ શરૂ થયો. ભયાનક યુદ્ધ ખેલાવા લાગ્યું. લોહીની નદીઓ વહેવા લાગી. આકાશમાં ધડ, માથા અને હાથપગના ટુકડા ઉડવા લાગ્યા. નિર્દોષ સૈનિકો લડાઈમાં ખપી ગયા. આ કરૂણ દૃશ્ય જોઈને બ્રહ્મદત્તકુમાર વિચાર કરવા લાગ્યો કે રાજ્ય તો મારે લેવું છે છતાં મારા કારણે આ બધા નિર્દોષ જીવોના ધડ પૃથ્વી ઉપર પડેલા છે ને હજુ યુદ્ધ ચાલુ રહેશે તો કેટલાય જીવોનો સંહાર થઈ જશે, એના કરતાં હું જાતે જ દીર્ઘરાજાની સાથે યુદ્ધ કરું. હવે બ્રહ્મદત્તકુમાર દીર્ઘરાજા સાથે કેવી રીતે યુદ્ધ કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્રઃ– શેઠે ભીમસેનને દુઃખિત દિલે રજા આપી અને પોતાની પત્ની તથા બાળકોને મળવા ઉત્સુક બનેલો ભીમસેન ત્યાંથી નીકળ્યો. મનમાં વિચાર કર્યો કે હું એકલો જ છું ને મૂડી નવ લાખ રૂપિયાની છે. કદાચ ચોર મળે તો ? આથી તેણે નવ લાખ રૂપિયામાંથી રત્નો ખરીદી લીધા ને એક કંતાનની ગોદડી બનાવી તેમાં ભરી દીધા. ગોદડીને બરાબર ટાંકા માર્યા ને તેને રેતીમાં રગદોળી દીધી. ભીમસેન પોતે ભિખારી જેવા વેશમાં રવાના થયો. જાણે સાક્ષાત્ ભિખારી હોય તેવી દશા બનાવી છે. ભીમસેન ગોદડી લઈને મનમાં અનેક પ્રકારના મનોરથો ઘડતો ચાલ્યો જાય છે.

આ બાજુ સુશીલા અને તેના બાળકો ઝૂંપડીમાં મહાન દુઃખો ભોગવી રહ્યા છે, અને ઝૂરતા ઝૂરતા બોલે છે એક મહિનો કહીને ગયા હતા પણ હજુ આવ્યા નહિ. શું થયું હશે ? શું અમને ભૂલી ગયા હશે ? અરે, બીજું કંઈ તો નહિ થયું હોય ને ? આમ અનેક પ્રકારના વિચારો કરે છે. પાડોશીને ત્યાં દળણાં દળી, કામ કરીને પેટ ભરે છે. બાળકો પણ કાલે અમારા પિતાજી ઘણું ધન લઈને આવશે એવી સુખની આશામાં દિવસો પસાર કરતા હતા પણ કુદરત જુદું જ વિચારી રહી છે. એક દિવસ

સુશીલા પોતાની ઝૂંપડીમાં જુવાર–બાજરી ને ચોખાની ઘેંસ બનાવતી હતી અને કેતુસેન અને દેવસેન આનંદથી ઝૂંપડી પાસે રમતા હતા. એ ભૂખ્યા ખૂબ હતા તેથી માને કહે છે બા! ઘેંસ થાય કે તરત અમને બોલાવજે. બંને બાલુડા ઘેંસ ખાવા માટે અધીરા બન્યા છે ને સુશીલા પોતાના ભૂખ્યા બાલુડાને ખવડાવવા અધીરી બની છે, પણ કર્મરાજા કહે છે હે સુશીલા! કાળી મજૂરી કરીને લાવેલી ઘેંસ પણ તારા કે તારા બાલુડાના ભાગ્યમાં ખાવાની નથી, એટલે ત્યાં શું બન્યું કે લક્ષ્મીપતિ શેઠના ધર્મપત્ની ભદ્રા શેઠાણી ત્યાંથી ફરવા જવા માટે નીકળ્યા, ત્યારે દેવસેન અને કેતુસેનને ઝૂંપડી પાસે રમતા જોયા એટલે ભદ્રા શેઠાણીનું લોહી ઉકળી ઉઠયું. એનો ઈર્ષ્યાળુ સ્વભાવ સળગી ઉઠયો. એ તો સીધી ઝૂંપડીમાં દાખલ થઈ અને સુશીલાનું કાંડું પકડીને કહે છે કે અરે કુલટા! હજુ પણ તું અહીં મરી ગઈ છે? તને કંઈ લાજ છે કે નહિ? મારા ઘરમાંથી તો તને કાઢી મૂકી છતાં અહીં આવીને રહી છે? તારી દાનત હજુ સુધરી નથી. આ ઝૂંપડી તારા બાપની નથી. ચાલ....નીકળ ઝૂંપડીની બહાર. સુશીલા કહે આ તો અમે બનાવી છે. તમારી નથી. ત્યાં તો કહે જો ઝૂંપડી બહાર નહિ નીકળે તો તને જીવતી સળગાવી મૂકીશ.

"ભદ્રાનો ભયંકર પ્રકોપ" :–સુશીલા તો શેઠાણીનો ક્રોધ જોઈને સજ્જડ થઈ ગઈ કે હું એને ઘેર જતી નથી, કંઈ માંગતી નથી છતાં વગર વાંકે શા માટે મને હેરાન કરે છે? એ વિચારમાં કંઈ બોલી શકતી નથી. તે ઉભી ઉભી થરથર ધ્રૂજવા લાગી. બે બાળકો પણ સુશીલાને પકડીને ભદ્રાથી ડરતા ને ધ્રૂજતા ઉભા રહ્યા છે. ત્યાં તો ભદ્રા ઝૂંપડીમાં રહેલા માટીના વાસણો ઉપાડીને ફેંકવા લાગી. સુશીલા કહે છે અમારા વાસણો શા માટે ફેંકી દો છો? અમે શેમાં ખાઈશું ને શું કરીશું? ત્યાં તો સુશીલાને ચોટલો પકડીને ધક્કો મારીને ઝૂંપડીની બહાર કાઢી મૂકી, ત્યારે છોકરાઓ કહે છે અમારી માને ન મારશો, ન મારશો કરતાં રડવા લાગ્યા પણ શેઠાણીને દયા આવતી નથી. એને ઢસેડીને, ગડદા પાટુ મારીને ઝૂંપડીની બહાર ધકેલી મૂકી. છોકરાઓ પણ તેની સાથે ફેંકાઈ ગયા. ભદ્રાને આટલેથી સંતોષ ન થયો એટલે એની ઝૂંપડીને આગ લગાડી દીધી. ઘાસની ઝૂંપડીને બળતાં શી વાર? ભડભડ કરતી ઝૂંપડી બળી ગઈ.

ભાંડ વસ્ત્ર જલ ખાક હો ગયે, તીનોં ભાગ ગયે બહાર,
દિન ભર ભટકે ફિરે શહરમેં, કોઈ ન રખે દ્વાર.

ઝૂંપડીને ભદ્રાએ આગ લગાડી ત્યારે સુશીલા, દેવસેન અને કેતુસેને કાળો કલ્પાંત કર્યો કે અરેરે....અમારી ઝૂંપડી ન બાળશો. અમે ગરીબ માણસો કયાં જઈશું? અમારું શું થશે? માણસો ઘણાં ભેગા થઈ ગયા. બધા લોકોને આ ત્રણેનો પોકાર સાંભળીને દયા આવી પણ એમના કર્મ એવા બળવાન છે કે કોઈ ભદ્રા શેઠાણીને કહી

શકતું નથી કે તમે આ ગરીબની ઝૂંપડી શા માટે જલાવી દીધી ? કે એમને કોઈ મદદ પણ કરતું નથી કે કોઈ આશ્રય આપતું નથી. ઝૂંપડીમાં એમના ફાટયા તૂટયા કપડા હતા તે પણ બળી ગયા. માટીના વાસણો હતા તે બધા ભદ્રા શેઠાણીએ ફોડી નાંખ્યા. મહેનત કરીને માંડમાંડ ઘેંસ બનાવી હતી તે પણ બળી ગઈ ને બધા ભૂખ્યા તરસ્યા રહી ગયા. હવે કયાં જવું ને શું કરવું તેનો સુશીલા વિચાર કરવા લાગી. અન્ન, વસ્ત્ર અને ઘર બધાંથી નિરાધાર બનેલી સુશીલા પોતાના બાલુડાંને લઈને નવકારમંત્રનું સ્મરણ કરતી ઘણી વાર સુધી ત્યાં ને ત્યાં ઉભી રહી પણ આમ ને આમ કયાં સુધી ઉભા રહેવાય ? અને ઉભા રહેવાથી શું વળે ? થોડી વારે અંતરની પૂરી સ્વસ્થતા મેળવી સુશીલા કામની શોધ કરવા માટે ચાલી અને રહેવા માટે બીજા કોઈ સ્થાનની તપાસ કરવા લાગી.

"ઘરઘરમાં ભમતી સુશીલા" :- સુશીલા પોતાના બંને બાળકોને લઈને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના ઘરઘરમાં ફરવા લાગી ને લોકોને પૂછવા લાગી કે હે બહેન ! તમારે કોઈ કામ કરનારી બાઈની જરૂરત છે? હું તમારા ઘરનું તમામ કાર્ય કરીશ. અમને કોઈ નોકરી રાખો. લોકો એને જોઈને કહેવા લાગ્યા કે આ બાઈ કેવી સારી છે ! કોઈ ઉત્તમકુળની સ્ત્રી હોય એમ લાગે છે પણ એના કર્મે એને ઘેરી છે. આ બે બાળકો પણ કેવા મઝાના સરસ છે ! આમ કહે છે પણ કોઈને એમ નથી થતું કે લાવો આવી દુઃખિયારી બાઈને આપણે આપણા ઘેર રાખીએ. ભાઈ ! કર્મના ઉદયે દયાળુ માણસ પણ નિર્દય બની જાય છે. આ ભીમસેન અને સુશીલાના જીવનમાં પણ આવું બન્યું છે. જેના રાજયમાં હજારો માણસો નોકર તરીકે રહેવા માટે લાચારી કરતા હતા એ જ રાજયના રાજા-રાણી આજે એક રોટીનો ટુકડો મેળવવા નોકરી માટે ઘરઘરમાં લાચારી કરે છે છતાં એને કોઈ આશ્રય આપતું નથી. ફરી ફરીને સુશીલાના પગ થાકી ગયા. બબ્બે દિવસ સુધી તે આખા ગામમાં સારા સારા શ્રીમંતોના અનેક ઘરોમાં ફરી પણ કયાંય એને કામ ન મળ્યું. સૌએ તેને તિરસ્કાર કરીને ધુત્કારો આપ્યો. મા-દીકરા બબ્બે દિવસો ભૂખ્યા ને ભૂખ્યા ફર્યા. છેવટે તેઓ સાવ નિરાશ થઈ ગયા. હવે કયાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

* * *

વ્યાખ્યાન નં. ૫૨

ભાદરવા વદ ૪ ને રવિવાર "વિસામાનો વડલો જિનવાણી" તા. ૯-૯-૭૬

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાનીના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાનની વાણી મંગલકારી, પાવનકારી અને ભવજલતારણી છે. તીર્થંકર પ્રભુની વાણી સાંભળતા ભૂખ-તરસ કે થાક કંઈ ન લાગે.

એવો તેમની વાણીનો અદ્‌ભુત પ્રભાવ છે. પ્રભુની વાણીની અપ્રતિમ વિશેષતાઓ અવર્ણનીય હોય છે. દા.ત. ભગવાન એક જ ભાષામાં બોલે છતાં દેવો, અસુરો, માનવો, ભિન્ન ભિન્ન જાતિના પશુપક્ષીઓ પોતપોતાની ભાષામાં સમજી જાય છે. કેવી અજોડ એ વાણીની વિશેષતા ! એમ પ્રભુના એક વાકયથી હજારો શ્રોતાજનોના સંદેહનો જવાબ મળી જાય. એ કેવી અનુપમ શક્તિ ! આવી વાણી આપણને સાક્ષાત્ સાંભળવા મળે તો કેટલો આનંદ આવે ? ભગવાનની વાણીનું મહત્ત્વ સમજાવતા કવિઓએ એક રૂપક ગાયું છે.

જિનમુખ દીઠી વાણી મીઠી સુરતરુ વેલડા, દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે પીલે રસ શેરડી,
સાકર સેતી તરણા હોતી મુખે પશુ ચાવતી, અમૃત મીઠું સ્વર્ગે દીઠું સુરવધૂ ગાવતી.

પ્રભુના મુખેથી અપૂર્વ મીઠાશવાળી વાણી પ્રગટતી જોઈને કલ્પવૃક્ષની વેલડી તો જાણે વિહાસે–આકાશમાં એટલે કે દેવલોકમાં ભાગી ગઈ. દ્રાક્ષ બિચારીએ તો વનવાસનું શરણું સ્વીકાર્યું અથવા કલ્પવૃક્ષની વેલડી જેવી મીઠી વાણીને જોઈને પોતાની મશ્કરી લાગવાથી દ્રાક્ષ વનવાસ કરવા ચાલી ગઈ, અને શેરડી તો બિચારી કોલુમાં ભરાઈને બેઠી તેથી એને પીલાવાનો વખત આવ્યો. જિનવાણી પાસે સાકર પણ મીઠાશમાં ઝાંખી પડી જવાથી શોષાઈ જાય છે. નાના સ્વરૂપવાળી બની ગઈ છે, ત્યારે ઘાસમાં મીઠાશ હોય છે પણ તેય હારી જવાથી કોઈ એનો ભાવ પૂછતું ન હતું, તેથી જનાવરો એને મુખમાં લઈને ચાવવા લાગ્યા. બાકી અમૃત પણ જિનવાણી આગળ એવું પરાજય પામી ગયું કે અહીંથી એ સ્વર્ગમાં ભાગી ગયું. એવી વિજયવંતી અને અમૃતથી પણ ઉત્કૃષ્ટ મીઠાશનો અનુભવ કરાવનારી જિનવાણીના ગુણગાન દેવો, ઇંન્દ્રો અને અપ્સરાઓ કરે છે. આવી વાણીના રસનો અનુભવ કરનારને એનો ખ્યાલ આવે છે.

પ્રભુએ ભવ્ય જીવોના કલ્યાણ માટે આગમની વાણી રેલાવી છે. એ વાણીમાં કેટલી બધી મીઠાશ હોય છે તે જાણો છો ? ગમે તેટલી કકડીને ભૂખ લાગી હોય કે ગમે તેટલો થાક લાગ્યો હોય તો પણ ભગવાનની વાણી એ ભૂખ અને થાક બધું ભૂલાવી દે છે. એવી અજબ શક્તિ અને મધુરતા પ્રભુની વાણીમાં રહેલી છે. જેમ કોઈ વૃદ્ધ ડોશીમા શરીરે બહુ અશક્ત છે. જંગલમાં લાકડા શોધતી નિરાશ થઈને પાછી આવી હોવાથી શેઠે ગુસ્સો કરીને ખાવાનું આપવાની ના પાડી, અને ફરીથી લાકડા લેવા માટે મોકલી. એ બિચારી વનવગડામાં બહુ મહેનત કરીને લાકડા લઈને માથે ભારો ચઢાવી સૂર્યના પ્રખર તાપમાં ચાલી આવતી હોય ત્યારે વિચાર કરો કે કેટલો થાક હશે ! કેટલી ભૂખ ! આ બધું હોવા છતાં પણ જો ત્યાં નજીકમાં સમવસરણમાંથી પ્રભુની વાણીનો અવાજ કાને સંભળાય તો તે સમયે એ ડોશી પોતાના ભારામાંથી નીચે પડી ગયેલું લાકડું લેવા વાંકી વળી હોય તો એવી ને એવી વાંકી સ્થિતિમાં સ્થંભી જાય

અને જિનવાણી સાંભળવામાં લયલીન બની બધા દુઃખો ભૂલી જાય. આવો જિનવાણીનો મહિમા અને પ્રભાવ છે.

આવી મહા પવિત્ર અને મહા પ્રભાવશાળી જિનવાણી ઉપર જો જીવને શ્રદ્ધા થાય તો એના ભવોભવના દુઃખો ગયા વિના ન રહે. સાચા શ્રાવકને વીતરાગ પ્રભુના વચને વચને અનન્ય શ્રદ્ધા હોય. એ એક જ વિચાર કરે કે મારા જિનેશ્વર ભગવાનના એકેક વચન ટંકશાળી છે. અફર છે, નિઃશંક છે. ભલેને સાક્ષાત દેવોના ગુરૂ બૃહસ્પતિ કેમ ન આવે ! પણ મારા ભગવાનના વચનમાં એ ફેરફાર કરવા શક્તિમાન નથી. **"સકલ કર્મોનો અને પાપોનો વિનાશ કરી, આધિ-વ્યાધિ અને ઉપાધિથી સંતપ્ત બનેલા જીવો માટે વિસામાનો વિશાળ વડલો હોય તો એક જિનવાણી છે. અનેક પ્રકારના સંકટોની સાંકળ તોડનાર જિનેશ્વર પ્રભુની વાણી છે. જીવને ભવસાગરથી પાર ઉતારનાર સ્ટીમર હોય તો તે વીતરાગ પ્રભુની વાણી છે."** તમે બધા પણ શ્રાવક છો ને ? બોલો, તમારામાં જિનવાણી પ્રત્યે આવી શ્રદ્ધા છે ? બોલોને ? કેમ જવાબ આપતા નથી ? હું સાચું કહું તો પેક કરેલા ગોળના રવામાં મંકોડા પેસી ગયા ને બધો ગોળ ખાઈ ગયા પણ ઉપરનું પેકીંગ તો પેક રહ્યું પણ જ્યારે વહેપારીએ બારદાન ખોલ્યું તો અંદરથી ગોળ બધો ગેપ થઈ ગયેલો જોયો. બોલો, તમારી દશા પણ આવી છે ને ? જૈનકુળમાં જન્મ્યા છો એટલે તમે જૈનનું લેબલ લગાવ્યું છે. ઉપરથી જૈન તરીકેનું, સીલ પેક છે પણ અંદરથી જૈનધર્મની શ્રદ્ધા રૂપી માલ ગેપ છે, માટે મારે તમને કહેવું જ પડશે કે **"સીલ પેક ને માલ ગેપ."** કેમ છગનભાઈ મારી વાત બરાબર છે ને ? (હસાહસ) તમે આવી છાપ ન રાખશો. આજથી આ છાપ બદલી નાંખજો ને સાચા શ્રાવક બની જજો.

ભગવાનના શ્રાવકો જેવા તેવા ન હોય. એ દૃઢધર્મી અને પ્રિયધર્મી હોય. **"उपासन्ते सेवन्ते साधून् इति उपासकाः श्रावकाः।"** સાધુઓની ઉપાસના-સેવા કરે છે તેથી શ્રાવક ઉપાસક કહેવાય છે. સાધુ સંતોની સમીપમાં વસનારા, સાધુઓની સેવા ભક્તિ કરનારા, આજે ઘણાં ઘણાં શ્રાવકો છે. સંતો પ્રત્યેની ઘણાંને લગની છે એટલે સહેજે સમજી શકાય છે કે મારા વીતરાગ પ્રભુના શાસનમાં જન્મેલા મોટા ભાગના શ્રાવકો પ્રિયધર્મી તો જરૂર છે, પણ જેટલા પ્રિયધર્મી છે એટલા દૃઢધર્મી નથી. આજે સુરત સંઘના આંગણે અમદાવાદ સંઘ, કાંદીવલી સંઘ, માટુંગાથી પ્રાર્થનામંડળ, ઘાટકોપર આદિ સંઘો, મંડળો, મહિલા મંડળો વિગેરે દર્શનાર્થે આવેલા છે. આ શું બતાવે છે? બધા શ્રાવકો પ્રિયધર્મી છે. કોઈક દૃઢધર્મી હશે. (શ્રોતામાંથી અવાજઃ-આજે જાણે દીક્ષા ન હોય.) અરે, કોઈક ઉભા થઈ જાવ તો કેવું સારું ! (હસાહસ) ભગવાનના શ્રાવક ભલે કર્મોદયે સંસારમાં રહેતો હોય પણ ભાવના તો સદા સાધુ બનવાની જ હોય.

अंतरङ्गारिषड्वर्गं, परिहार परायणाः ।
वशीकृतेन्द्रियग्रामो, गृहिधर्माय कल्पते ॥

શ્રાવકના જીવનમાં કેવા કેવા ગુણો હોવા જોઈએ ? કામ ક્રોધાદિ આંતરિક છ શત્રુઓનો ત્યાગ કરવામાં સદા તૈયાર હોય અને પોતાની પાંચે ઇન્દ્રિયો અને છઠ્ઠા મનને વશમાં રાખનાર હોય, શ્રાવકની ઇન્દ્રિયોના ઘોડા બેફામ છૂટા ન હોય. જો ઘોડા બેફામ હશે તો ઠોકણા ખાવા પડશે.

એક રાજાએ પોતાના નગરમાં જાહેરાત કરી કે જે કોઈ પોતાની બકરીને પેટ ભરીને ખવડાવીને લાવશે અને હું ચારો આપું એમાં મોઢું નહિ નાંખે તો એના માલિકને હું એક હજાર રૂપિયાનું ઇનામ આપીશ. રાજાની જાહેરાત સાંભળીને જેની જેની પાસે બકરીઓ હતી તે બધા પોતાની બકરીઓને રોજ લીલું ઘાસ, ઘઉં, બાજરો, મઠ વિગેરે ધરાઈને ખવડાવવા લાગ્યા. કંઈક તો પોતાને ઘેર બકરી ન હતી તે વેચાતી લઈ આવ્યા. રાજાએ બકરીઓની પરીક્ષા લેવાનો દિવસ, ટાઇમ જાહેર થતાં બધાએ ખૂબ જ પેટ ભરીને ખવડાવ્યું. બકરીના માલિકો ટાઇમ પ્રમાણે લઈને આવ્યા. રાજાએ લીલુંછમ ઘાસ અને બાફેલું સરસ અનાજ તૈયાર રાખ્યું હતું. જેટલી બકરીઓ આવી તે બધીએ એમાં મોંઢું નાંખ્યું પણ એક બે બકરીએ લીલુંછમ ઘાસ જોયું, અનાજના કુંડા જોયા પણ એમાં મોંઢું નાંખ્યું નહિ, એટલે એના માલિકની જાહેરાત પ્રમાણે રાજાએ રૂા. ૧૦૦૦નું ઇનામ આપ્યું. ઇનામ મળવાથી બકરીનો માલિક રાજી થઈને જાય છે ત્યારે એને રાજાએ પૂછ્યું કે ભાઈ! બધી બકરીઓએ અનાજ અને ઘાસમાં મોંઢું નાંખ્યું પણ તારી બકરીએ કેમ ન નાંખ્યું ? ત્યારે બકરીના માલિકે કહ્યું કે સાહેબ ! આ જાત જ એવી છે કે ધરાય જ નહિ પણ મારી બકરી જ્યાં ખાવા માટે મોંઢું નાંખે ત્યાં બે દિવસથી હું તેને સીધી લાકડી મારું, આથી તે ખૂબ ભય પામી ગઈ તેથી ખાવામાં મોંઢું નાંખ્યું નહિ.

બંધુઓ ! આપણી ઇન્દ્રિયો પણ બકરી જેવી જ છે ને ? ઇન્દ્રિયોને મનગમતા વિષયો મળે છે છતાં એને તૃપ્તિ થાય છે ખરી ? પાંચે ઇન્દ્રિયોની આ દશા છે. તેને વ્રત નિયમથી દમન કરવામાં આવે તો એ વશ થાય છે. ઋષિભાષિતમાં પણ કહ્યું છે કે

"दुद्दंता इन्दि_ पंच, संसाराए सरीरिणं ।
ते चेव णियमिया संता, णेज्जाणाए भवन्ति हि ॥"

દુર્દાંત એટલે મહા મુશ્કેલીથી દમન કરી શકાય એવી ઇન્દ્રિયો પ્રાણીઓને સંસારમાં ભટકાવનારી છે, પણ જો એ જ ઇન્દ્રિયો સંયમિત બને તો મોક્ષનો હેતુ બની શકે છે. ઇન્દ્રિયો તો એની એ જ છે પણ એનો ઉપયોગ કરવામાં ફેર છે. આજ સુધી જે જે આત્માઓ મોક્ષમાં ગયા એ બધા ઇન્દ્રિયોના વિજેતા બનીને ગયા

છે, પણ ઇન્દ્રિયોના ગુલામ બનીને નથી ગયા, માટે બને તેટલો ઇન્દ્રિયો ઉપર વિજય મેળવો, અને માનવજીવનની મ્હેંક મ્હેંકાવતા જાઓ. ફૂલ બગીચામાં ખીલે છે ને કરમાય છે પણ એ એની મ્હેંક મ્હેંકાવતું જાય છે એમ તમે પણ માનવ જીવનની સૌરભ ફેલાવતા જાઓ. આ પૃથ્વી ઉપર એવા ઘણાં મનુષ્યો થયા છે કે જેમને ગયા વર્ષો વીતી ગયા છતાં આજે તેનું નામ આ પૃથ્વી ઉપર અમર છે. એમનું નામ ગાજતું ને ગાજતું છે.

આજે ઘણી જગ્યાએ ઝંડુ ફાર્મસીની દવાઓ મળે છે. ઘણી દુકાનો ઉપર બોર્ડ લગાવેલું હોય છે કે " ઝંડુ ફાર્મસીની દવાઓની પ્રખ્યાત દુકાન." એ ઝંડુ ફાર્મસીની દવાઓ બનાવનાર કોણ હતો? અને એનું જીવન કેવું પવિત્ર હતું એ જાણો છો? ઘણાં વર્ષો પહેલા ઝંડુ ભટ્ટ થઈ ગયા, પણ આજે એની સૌરભ પ્રસરી રહી છે. માનવતાના ઝળહળતા દીવડા કાયમ જગત ઉપર પ્રકાશ પાથરતા રહે છે. એમાંનો આ ઝંડુ ભટ્ટ પણ એક ઝગમગતો દીવડો હતો. એ દીવડો જામનગરની પવિત્ર ભૂમિમાં પ્રગટયો હતો. આ ઝંડુ ભટ્ટ નાડી પારખવામાં ખૂબ હોંશિયાર હતા. એમનું જામનગરના રાજ્યમાં રાજવૈદ્ય તરીકે માન હતું. જામનગરના જામસાહેબ ખૂબ દયાળુ હતા એટલે પોતાના નગરમાં દર્દીઓની સારી ચિકિત્સા થાય ને લોકોને સારી રાહત મળે તે માટે ઝંડુ ભટ્ટને નીમ્યા હતા. આ ઝંડુ ભટ્ટ જ્ઞાતિના બ્રાહ્મણ હતા. એમના ધર્મના ક્રિયા કાંડોમાં પણ ઘણાં ચુસ્ત હતા. રાજ્યમાં રાજવૈદ્ય તરીકે એમનું ઘણું માન હોવા છતાં પોતાના ધર્મના નિયમો અને ક્રિયાકાંડો કદી ચૂકતા ન હતા. વૈદ્યમાં જે જે ગુણો હોવા જોઈએ તે બધા જ ગુણો એમના જીવનમાં મોજૂદ હતા. આ રાજવૈદ્યને રાજ્ય તરફથી રૂપિયા ૨૦૦) મળતા હતા. બસો રૂપિયામાંથી એમને બધું પૂરું કરવાનું હતું. દવાખાનાનો હિસાબ રાખવા માટે એક મુનિમજી રાખ્યા હતા. પરિવારમાં તો પોતે બે જ માણસો હતા. રૂ. ૨૦૦)માંથી મુનિમજીનો પગાર, ઘરનો ખર્ચ, દવા અને દવાઓ પીસવા માટેના નોકરનો પગાર, આ બધું ૨૦૦) રૂપિયામાંથી કાઢવાનું અને પ્રજાને દવા મફત, સેવા પણ મફત, નાના મોટા, શ્રીમંત-ગરીબ વિગેરેના ભેદભાવ રાખ્યા વગર એ સૌની સરખી માવજત કરતા હતા.

એમની દવાથી ઘણા દર્દીઓને રાહત થતી. ચારે તરફ એમની કીર્તિ ખૂબ ફેલાઈ ગઈ હતી. લોકો દૂર દૂરથી દવા લેવા માટે આવતા હતા. એમની સેવાથી ખુશ થઈ ને શ્રીમંતો એમને પૈસા આપવા આવતા ત્યારે ઝંડુ ભટ્ટ કહી દેતા કે ભાઈ! મને રાજ્ય તરફથી પૂરતો ખર્ચ મળી રહે છે, પછી મારે તમારા પૈસા લેવાની શી જરૂર? મારે તમારા પૈસા લઈને ભગવાનના અને રાજાના ગુનેગાર થવું નથી. મને જેમળે છે તેમાં સંતોષ છે. ઝંડુ ભટ્ટના જીવનમાં કેટલો સંતોષ હશે! એને સામેથી મળેછે છતાં લેવાની ઇચ્છા કરતા નથી, પોતે શ્રીમંત નથી, માંડ માંડ પૂરું કરે છે પણ એમનો એક સિદ્ધાંત

છે કે નીતિથી જીવવું ને જીવનમાં સંતોષ રાખવો. "સંતોષી નર સદા સુખી." જેના જીવનમાં સંતોષ નથી તેને ગમે તેટલું ધન મળે છતાં તે સદાને માટે દુઃખી ને દુઃખી છે.

"ગો ધન, ગજધન વાજિધન, ઔર રતન ધન ખાન
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન."

માણસ પાસે ગાયો, ભેંસો, હાથી, ઘોડા વિગેરે ગમે તેટલું પશુધન હોય. જમીનજાગીરો હોય, હીરા, મોતી, માણેક, પન્ના વિગેરે ઝવેરાત અને સોનામહોરો વગેરે ધન હોય પણ જો એક સંતોષ રૂપી ધન ન હોય તો બધું ધન નકામું છે. જેની પાસે એક સંતોષરૂપ ધન છે તેને મન તો આ બધું ધન ધૂળ અને માટીના ઢેફા સમાન છે, કારણ કે સંતોષ એજ મનુષ્યનું સર્વોત્કૃષ્ટ ધન છે માટે તમે તમારા જીવનમાં સંતોષરૂપી ધનને અપનાવો. આજે દુનિયામાં જ્યાં જુઓ ત્યાં કયાંય શાંતિ દેખાતી નથી. ચારે બાજુ દુઃખ, દુઃખ ને દુઃખ દેખાય છે. એનું કારણ શું ? એનું કારણ એક જ છે કે જીવનમાં અસંતોષની આગ સળગી રહી છે. અસંતોષના કારણે જેટલું મળ્યું છે તેટલું પણ સુખે ભોગવી શકતા નથી. અસંતોષી જીવ કોઈનું સુખ જોઈને બળી જાય છે. એ વિચાર કરે છે કે એને ઘેર આટલી સંપત્તિ અને મારે ઘેર નહિ ! એને ઘેર ચાર મોટરો અને મારે ઘેર કેમ નહિ ? આને ચાર ચાર દુકાનો ધમધોકાર ચાલે છે ને મારે બે દુકાનો પણ કેમ બરાબર ચાલતી નથી ? આમ અસંતોષની આગમાં જલે છે ને પોતે પોતાને સુખી હોવા છતાં દુઃખી માને છે.

બંધુઓ ! પાસે પૈસા નથી. મોટર ગાડી અને બંગલા નથી એને તમે દુઃખ માનો છો પણ એ દુઃખ સાચું દુઃખ નથી. ભગવાને તો કોને દુઃખ કહ્યું છે તે જાણો છો ને ? ભગવાને તો કહ્યું છે કે "**जम्म दुक्खं जरा दुक्खं रोगाणि मरणाणि य ।**" હે જીવો ! જન્મ, જરા. મરણ અને રોગ એના જેવું દુનિયામાં બીજું કોઈ દુઃખ નથી, માટે આ દુઃખોને ટાળવા પ્રયત્ન કરો. જન્મ મરણના દુઃખો ટાળવા માટે જો કોઈ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જડીબુટ્ટી હોય તો તે સંયમ છે, ચારિત્ર છે. આટલી વાત તમે તમારા હૃદયમાં કોતરી રાખજો કે "**एगो ऽहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।**" આ સંસારમાં મારું કોઈ નથી ને હું પણ કોઈનો નથી. જીવ એકલો આવ્યો છે ને એકલો જવાનો છે. આ વહાલામાં વહાલું શરીર પણ મારું નથી. આ શરીર તો દગાખોર છે. ઘણી વાર માણસ ઘેરથી બહાર ગયો હોય તો રસ્તામાં ને રસ્તામાં આયુષ્ય પૂરું થતાં એનો સાથ છોડીને અધવચ્ચ ઢળી પડે છે, પણ એવો વિચાર નથી કરતું કે લાવ એને બિચારાને ઘરે તો પહોંચાડી દઉં. શરીર માટે કેટલા કેટલા પાપ કર્યા પણ એ પાપમાં શરીર ભાગીદારી નહિ કરાવે. એ તો આત્માને એકલાને જ ભોગવવા પડે છે. માટે શરીર પણ મારું નથી, હું એકલો જ છું અને જ્યારે એવો વિચાર કરીએ કે હું એકલો કયાં છું ? મારું. કુટુંબ તો ઘણું મોટું છે ત્યારે શું વિચારવાનું તે જાણો

છો ? "आत्मवत् सर्व भूतेषु" જેવો મારો આત્મા છે તેવો જ દુનિયાના દરેક જીવોનો આત્મા છે. એ અપેક્ષાએ "वसुधैव कुटुम्बकम्" આખી પૃથ્વી એટલે કે જીવોની સમાનતાની અપેક્ષાએ આખી પૃથ્વી ઉપર રહેલા સમસ્ત જીવો એ મારું કુટુંબ છે, એટલે અપેક્ષાએ કુટુંબ નાનું પણ છે ને મોટું પણ છે, છતાં સંયમી આત્માને કોઈના પ્રત્યે રાગ કે દ્વેષ નથી. સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ છે. સંયમી સાધકને જોઈતી ચીજ મળે કે ન મળે છતાં જીવનમાં અસંતોષ નથી. સંતોષ છે. ઝંડુ ભટ્ટના જીવનમાં ખૂબ સંતોષ હતો. સાદાઈભર્યું જીવન ગાળતા હતા ને બને તેટલી સેવા કરતા હતા. પોતે ગરીબ હોવા છતાં જે સુખ મોટા કરોડપતિ પાસે ન હતું તે આ ઝંડુ ભટ્ટ પાસે હતું. કહ્યું છે ને કે

संतोषामृत तृप्तानां, यत्सुखं शांत चेतसाम् ।
कुतस्तद् धन लुब्धानां, मितश्चेत श्च धावताम् ।।"

સંતોષ રૂપ અમૃતથી તૃપ્ત શાંત હૃદયી પુરૂષોની પાસે જે સુખ છે તે સુખ આમતેમ ભટકતા ધનના લોભી પુરૂષો પાસે નથી. ઝંડુ ભટ્ટ જેવા સંતોષી, નિખાલસ અને સેવાભાવી વૈદની ખૂબ વાહવાહ બોલાતી હતી છતાં એમનામાં કદી અભિમાન આવતો ન હતો. વૈદના ક્રમકાજમાંથી નિવૃત્ત થાય ત્યારે એમની પત્ની સાથે ધર્મધ્યાન કરવામાં લાગી જતા. આવી રીતે એમના દિવસો પસાર થતા હતા. એમનો મુનિમ પણ એમના જેવો સંતોષી હતો. એનું કામકાજ પૂરી વફાદારીપૂર્વક કરતો હતો, પણ છેલ્લા થોડા દિવસથી એના મુખ ઉપર ઉદાસીનતા દેખાતી હતી. એના કાળજામાં ચિંતાના કાળા ડાઘ પડેલા હતા તે છાના રાખવા મુનિમજી હસતું મુખ રાખવા પ્રયત્ન કરતા પણ એ છાનું રહેતું જ ન હતું.

"મુનિમજીની ચિંતા બાબતમાં પૃચ્છા કરતાં ઝંડુ ભટ્ટ" :– ઝંડુભટ્ટ મુનિમજીનો ઉદાસ ચહેરો જોઈને વિચાર કરવા લાગ્યા કે આ મુનિમજી વીસ વીસ વર્ષથી મારે ત્યાં કામ કરે છે. મારા એક આત્મીય જન તરીકે રહે છે છતાં એમને કયું દુઃખ સતાવી રહ્યું છે ? એ શા માટે ઉદાસ અને ચિંતાતુર રહેતા હશે ? જો મારો આત્મીયજન દુઃખી હોય તો મારાથી આનંદમાં કેમ રહેવાય ? એમના દુઃખનું કારણ તો મારે પૂછવું જોઈએ. આમ વિચાર કરીને ઝંડુભટ્ટે પૂછયું–મુનિમજી ! હમણાં હમણાં એક મહિનાથી તમારા મુખ ઉપર ચિંતાની રેખાઓ દેખાય છે. તો તમારે ચિંતાનું કારણ છે ? ત્યારે મુનિમે કહ્યું કાંઈ નથી. બંધુઓ ! આ સંસાર તો ઉપાધિનો ઉકરડો છે, ચિંતાનો ચોતરો છે, મતલબનું મેદાન છે ને કર્મબંધનનું કારખાનું છે. સંસારવર્તી જીવોને અનેક પ્રકારની ચિંતાઓનો કીડો કોરી ખાતો હોય છે, છતાં તે કોઈની પાસે વ્યક્ત કરી શકતા નથી. કેટલાય જીવોની એવી સ્થિતિ હોય છે. બિલકુલ ચિંતા વગરના અને સુખી હોય તો માત્ર વીતરાગી સંતો છે.

"ઝંડુભટ્ટની ગરીબીમાં અમીરી" :– ઝંડુભટ્ટને દિવસે તો દર્દીઓની સેવામાં ટાઇમ મળે નહિ એટલે મુનિમજીને રાત્રે બોલાવ્યો. રાત્રિની નીરવ શાંતિમાં મુનિમ આવ્યા એટલે એકાંતમાં બેસાડીને પૂછયું મુનિમજી ! સદા હસતા મુખે રહેનાર છેલ્લા એક મહિનાથી આમ એકદમ કેમ ઉદાસ છો ? ભટ્ટજીનો પ્રશ્ન સાંભળીને મુનિમજી સ્તબ્ધ બની ગયા ને કંઈ જવાબ આપ્યા વિના મૌન બેસી રહ્યા ત્યારે ઝંડુભટ્ટે ફરીને પૂછયું કે મુનિમજી ! તમે તો મારા નાનાભાઈ છો. તમારે ગભરાવાની જરૂર નથી. તમારે જે ચિંતા હોય તે મને દિલ ખોલીને કહો. પાસે હોય કે ન હોય, આપવું કે ન આપવું તે વાત જુદી છે પણ દુઃખીને આવું આશ્વાસન આપનાર કોણ છે ?

મુનિમજીએ ગંભીરતાથી કહ્યું કે ભટ્ટજી ! સંસારી જીવોને ચિંતા તો હોય જ. મારી દીકરીઓ હવે મોટી ગઈ છે. તેમાં મોટી દીકરીના આ વર્ષે લગ્ન લેવાના છે પણ મારી પાસે પૈસા છે નહિ તેથી હું મુંઝાઈ રહ્યો છું. મુનિમજીની વાત સાંભળીને ઝંડુભટ્ટે કહ્યું તમારી દીકરીના લગ્ન છે તેને માટે આટલી બધી ચિંતા કરો છો ? મને કેમ વાત કરતા નથી ? મુનિમે કહ્યું કે હું આપને શા માટે ઉપાધિમાં નાંખું ? કારણ કે આપને જે કંઈ મળે છે તેમાંથી આપનું જ માંડ પૂરું થાય છે, આપની પાસે કંઈ જ વધતું નથી પછી આપને વાત કરીને વિમાસણમાં નાંખવાથી શો ફાયદો ? ભટ્ટે કહ્યું–મુનિમજી ! તમારી ચિંતાનું કારણ હવે મને સમજાઈ ગયું. તમારી દીકરી એ મારી જ દીકરી છે. મારી દીકરીને હું કંઈક આપી શકું તો મને સંતોષ થશે. મુનિમે કહ્યું પણ આપની પાસે તો કંઈ જ નથી. આપ જ અકિંચન છો તો શું આપશો ? ભટ્ટજીએ કહ્યું મારી શક્તિ અનુસાર મારી પાસે જે કંઈ હશે તે આપીશ. તમે અહીં બેસો. એમ કહીને ભટ્ટજી એમના પત્ની પાસે ગયા.

પત્નીને કહે છે કે આપણા મુનિમજીની દીકરી એ આપણી દીકરી ખરીને ? પત્નીએ કહ્યું એમ કેમ પૂછો છો ? ત્યારે ઝંડુભટ્ટે કહ્યું દીકરીના લગ્ન છે તો આપણે કંઈ કરવું પડશે ને ? પત્નીએ કહ્યું એમાં મને પૂછવાનું હોય ? તમને જે યોગ્ય લાગે તે કરો. ભટ્ટજીએ કહ્યું વાત સાચી છે પણ આપણા ઘરમાં શું છે તે તું જાણે છે ને ? નાથ ! દીકરીના લગ્ન હોય ત્યારે એવું કંઈ જોવાનું નહિ. પાસે જે હોય તે આપી દેવાનું. બંધુઓ ! આ જમાનામાં આવી પત્ની મળવી મુશ્કેલ છે. માણસની પાસે લાખો રૂપિયા હોય એ તો આપે એમાં બહુ વિશેષતા નથી પણ જેની પાસે કંઈ જ નથી એ પોતાનું સર્વસ્વ ગરીબની સેવામાં અર્પણ કરે એની મહાન વિશેષતા છે.

"પોતાનું સર્વસ્વ-પરણ્યાનું પાનેતર દીધું દાનમાં" :–આ ઝંડુ ભટ્ટની કેટલી આનદાની છે ! જમસાહેબના મહિને ૨૦૦ રૂપિયાના પગારમાં દર્દીઓની દવા, મુનિમજીનો પગાર, દવા વાટનાર મજૂરોનો પગાર અને પોતાનો ઘરખર્ચ. એમાંથી શું બચે ? માંડ પોતાનું ગુજરાન ચલાવતા હતા. છતાં ઝંડુભટ્ટની પત્ની એમના જેવી

ઉદાર હતી. એણે કહ્યું કે નાથ! આપણી પાસે બીજું તો કંઈ નથી, પણ મારું પાનેતર મેં લગ્ન વખતે પહેર્યું છે પછી કોઈ દિવસ પહેર્યું નથી. એ પાનેતર ઘણું કિંમતી છે તો તે આપણે દીકરીને આપી દઈએ. ઝંડુ ભટ્ટે કહ્યું કે મારી પણ એવી જ ઇચ્છા હતી. ખરેખર તને ધન્ય છે! તું મારી પત્ની જ નહિ પણ સાચી ધર્મપત્ની છે. બરા સમયે તું મારા મનના ભાવને બરાબર પારખી ગઈ. પત્નીએ પેટીમાં સાચવીને રાખેલું પાનેતર કાઢીને હર્ષભેર પતિના હાથમાં મૂકી દીધું. ઝંડુભટ્ટ આત્મ સંતોષથી છલકાતા હર્ષભેર મુનિમજી પાસે આવ્યા ને પાનેતર આપતા કહ્યું, મુનિમજી! હું આ મારી દીકરીને કરિયાવરમાં આપું છું. ઝંડુ ભટ્ટની ઉદારતા જોઈને મુનિમનું મસ્તક એમના ચરણમાં ઝૂકી પડયું. ઝંડુભટ્ટના મુખ ઉપર પણ હર્ષનો ભાવ ઉભરાતો હતો. એમની પત્નીને પણ પોતાના લગ્નની યાદીના પ્રતીક સમું વહાલું પાનેતર દીકરીને કરિયાવરમાં આપ્યાનો પૂરો આત્મસંતોષ હતો. સંતોષી, ઉદાર અને સેવાભાવી, દયાર્દ્ર ચિત્તવાળા ઝંડુ ભટ્ટના શુભ ગુણોની યાદી માટે ઝંડુ ફાર્મસી સ્થાપવામાં આવી. સાદા-સરળ-અને અકિંચન છતાં પણ દર્દીઓના દર્દનું સચોટ નિદાન કરનાર એ સેવાભાવી વૈદ્ય સૌના દિલમાં વસી ગયા. કેવા એ પવિત્ર અને સંતોષી જીવો હશે કે પોતાની મૂડીમાં રહેલું પાનેતર પણ હર્ષભેર મુનિમની દીકરીને દઈ દીધું. આજે તો પોતાના સ્વધર્મી બંધુ અગર સગા ભાઈ સામું પણ જોનાર બહુ અલ્પ છે. આ દુનિયામાંથી ચાલ્યા જવા છતાં જો તમારું નામ ભારતના ઇતિહાસનાં પાને અમર બનાવવું હોય તો ઝંડુભટ્ટ જેવા ઉદાર બનજો. ઝંડુભટ્ટને દુનિયામાંથી વિદાય થયા ને કેટલાય વર્ષો વીતી ગયા છતાં આજે એમનું નામ ગાજે છે.

આપણા ચાલુ અધિકારમાં બ્રહ્મદત્ત અને દીર્ઘરાજા વચ્ચે ઘોર યુદ્ધ મચી ગયું. એકબીજા પોતપોતાના શસ્ત્ર અને અસ્ત્રનો એકબીજા ઉપર છૂટથી ઉપયોગ કરવા લાગ્યા. બ્રહ્મદત્તકુમારે ભારે કૌશલ્યથી દીર્ઘરાજાના સઘળા શસ્ત્રોને નાકામિયાબ બનાવી દીધા એટલે એની પાસે શસ્ત્રો પણ ખૂટી પડયા, છતાં બંને વચ્ચે ઘણાં સમય સુધી યુદ્ધ ચાલ્યું. બંનેમાંથી કોઈ કોઈને હરાવી શકયું નહિ. બ્રહ્મદત્ત તો ચક્રવર્તિ હતા એટલે હારે નહિ પણ દીર્ઘરાજા ચક્રવર્તિ ન હતા છતાં એમનામાં બળ ખૂબ હોવાથી કોઈ રીતે એમનો પરાજય થતો નથી, ત્યારે બ્રહ્મદત્તે વિચાર કર્યો કે દીર્ઘરાજા સામાન્ય શસ્ત્રોથી પરાજિત થઈ શકે તેમ નથી એટલે હવે મારે એમના ઉપર મારું છેલ્લું શસ્ત્ર ચક્ર છોડયા વિના છૂટકો નથી. આ દીર્ઘરાજાએ બ્રહ્મદત્તને મારી નાંખવા માટે કાવતરાં ઘડયાં ને એને પકડવા માટે સૈનિકો દોડાવવામાં બાકી રાખી નથી. એ જ બ્રહ્મદત્તના હાથે એનું મોત થવાનો પ્રસંગ આવ્યો. કહેવત છે ને કે "વારા પછી વારો ને મારા પછી તારો". સોય પછી દોરો ને દોરા પછી સોય. કર્મો કોઈને છોડતા નથી. બ્રહ્મદત્તો દીર્ઘરાજા ઉપર ચક્રરત્ન છોડયું. જ્યાં ચક્રવર્તિનું ચક્રરત્ન છૂટે

પછી શું બાકી રહે ? ચક્રરત્ને એનું કામ બરાબર બજાવ્યું. ચક્રના પ્રહારથી દીર્ઘરાજાનું મસ્તક કપાઈને જમીન ઉપર પટકાયું.

"આકાશવાણી ચક્રવર્તિનો જય હો વિજય હો" :– આ સમયે ચારે તરફથી "બ્રહ્મદત્ત ચક્રવર્તિનો જય થાઓ, વિજય થાઓ" ની ઘોષણા નગરજનો કરવા લાગ્યા. આ સમયે દેવોએ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિ ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. સાથે સાથે દેવોએ ઉદ્‌ઘોષણા કરીને નગરજનોને એવી સૂચના કરી દીધી કે આ બ્રહ્મદત્ત બારમા ચક્રવર્તિ તરીકે ઉત્પન્ન થયા છે. એ સમયે દેવોની વાણી સાંભળીને સઘળા લોકોએ બ્રહ્મદત્ત ચક્રવર્તિની સ્તુતિ કરી, સ્ત્રીઓએ તેમની મંગળ આરતી ઉતારી અને ખૂબ ઉત્સાહભેર ઉત્સવ મનાવ્યો. આ પ્રમાણે બ્રહ્મદત્ત ચક્રવર્તિ સઘળા સ્ત્રી પુરૂષોની સ્તુતિ પામ્યા પછી મંત્રીમંડળ વિગેરેએ તેમને ખૂબ વાજતે ગાજતે નગરમાં પ્રવેશ કરાવ્યો. નગરમાં પધાર્યા ત્યારે પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કોઈ એ હીરાથી, તો કોઈએ મોતીથી, કોઈએ પુષ્પોથી તો કોઈએ અક્ષતથી વધાવ્યા. આમ અનેક જનોના સત્કાર સન્માન અને વંદન સ્વીકારતા બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ઘણાં વખતે કાંપિલ્યપુરના રાજભવનમાં પ્રવેશ કર્યો. ત્યાં સઘળા નગરજનોએ અને સામંતોએ મળીને બ્રહ્મદત્તનો ચક્રવર્તિ પદ ઉપર અભિષેક કર્યો. આ રીતે ચક્રવર્તિ પદથી અલંકૃત બનીને બ્રહ્મદત્તકુમાર પોતાના જીવનનો સમય સુખપૂર્વક પસાર કરવા લાગ્યા.

બંધુઓ ! આ અવસર્પિણીકાળમાં આપણાં ક્ષેત્રમાં બાર ચક્રવર્તિઓ થઈ ગયા. તેમાં દશ ચક્રવર્તિઓએ તો દીક્ષા લીધી છે. જે ચક્રવર્તિનું પદ પામે તેને છ ખંડનું રાજ્ય ભોગવવાનું હોય છે. એ છ ખંડનું રાજ્ય મળવા છતાં એ ચક્રવર્તિઓ એને છોડીને દીક્ષા લેતા હતા, કારણ કે તેઓ એમ સમજતા હતા કે જેમ લવણસમુદ્ર ખારા પાણીથી ભરેલો છે તેમ આ સંસાર પણ શારીરિક અને માનસિક દુઃખોથી ભરેલો છે. વળી સ્વપ્નામાં પ્રાપ્ત થયેલ ધનની જેમ આ જગતમાં કંઈ તથ્ય નથી. આ છ ખંડનું રાજ્ય, અશ્વો, મદઝરતા હાથીઓ, સૈન્ય વિગેરે ડાંગરના ફોતરા જેવા અસાર છે. એ બધું વીજળીના ઝબકારા જેવું અત્યંત અસ્થિર છે તથા બાળકોથી કરાતા ધૂળના ઘરની જેમ મનને આનંદ આપનાર છે માટે એનો ત્યાગ કરવો જોઈએ. એમ સમજીને ત્યાગી દેતા. ચક્રવર્તિ જો ચક્રવર્તિપદનો ત્યાગ કરે તો મોક્ષમાં અથવા દેવલોકમાં જાય અને જો અંતિમ સમય સુધી ચક્રવર્તિપદનો મોહ ન છોડે તો નરકમાં જાય આવો નિયમ છે. આ તો ચક્રવર્તિની વાત થઈ પણ કોઈ પણ જીવ જીવનના અંતિમ સમય સુધી સંસારનો મોહ નહિ છોડે તેની પણ એવી દશા થાય છે. સંસાર છોડીને સાધુપણું ન લઈ શકે તો ખેર, પણ સાચા શ્રાવક તો જરૂર બનો ભગવાનનો શ્રાવક કર્મોદયે સંસારમાં રહે ખરો પણ એનું મન તો સદા ત્યાગમાં રમતું હોય. સંસારમાં રહેવા છતાં આસક્તિ ન હોય, કારણ કે એ સમજે છે કે **"જ્યાં આસક્તિ ત્યાં આપત્તિ**

ને વિરક્તિ ત્યાં મુક્તિ." જ્યાં આસક્તિ છે ત્યાં આપત્તિ–દુઃખ છે ને જ્યાં વિરક્તિ છે ત્યાં મુક્તિ જેવું અનંત સુખ છે. તમે પણ આવી સમજણવાળા શ્રાવક બનો. તમારી જિંદગીનો અમૂલ્ય સમય સંસારની જૂઠી વાતોમાં, હરવા ફરવામાં ને ખાવાપીવામાં ગુમાવો નહિ. સમય તો પાણીના વહેણની જેમ ચાલ્યો જશે ને પછી પેલા ખલાસીની જેમ પસ્તાવો થશે.

એક ખલાસી દરિયા કિનારે હોડી ચલાવતો હતો. દરિયા કિનારે સહેલ કરવા આવતા સહેલાણીઓને તે સામે પાર લઈ જતો ને સામે પારથી આ પાર લાવતો હતો ને પોતાનું જીવન ગુજારતો હતો. એક દિવસ સાંજના સમયે નાવિક પોતાની હોડી ઘર તરફ હંકારી જતો હતો. એવામાં નાવિકની નજર એક બેટ ઉપર પડી. એ બેટમાં પડેલા ચળકતા કાંકરાઓ જોઈને નાવિકનું મન હર્ષથી નાચી ઊઠયું. પોતાની હોડીને થોભાવીને એણે એ બધાં કાંકરા હોડીમાં ભરી દીધા ને પછી હોડી ઘર તરફ હંકારી, પણ એણે તો હોડીમાં બેઠા બેઠા નાના બાળકની જેમ એક એક કાંકરો ઉપાડીને પાણીમાં દૂર દૂર ફેંકવા લાગ્યો. કિનારે પહોંચતા સુધીમાં તો બધા કાંકરા રમત કરતા સાગરમાં ફેંકી દીધા. માત્ર ત્રણ ચાર કાંકરા રહી ગયા એ ત્યાં ને ત્યાં રહેવા દઈ નાવિક પોતાને ઘેર ચાલ્યો ગયો.

બીજે દિવસે સવારમાં મુસાફરોને લઈને હોડી હંકારી. સૂર્યના તેજસ્વી કિરણો હોડીમાં પડતાં ગઈ કાલના રહી ગયેલા ત્રણ ચાર ચળકતા કાંકરા પ્રકાશથી ઝગમગી ઉઠયા. એનો અનુપમ પ્રકાશ જોઈ નાવિક તો સ્તબ્ધ બની ગયો. એના મનમાં થયું કે કાંકરા નથી પણ કિંમતી રત્નો છે. એણે પેલા ત્રણ ચાર કાંકરા લઈને ખિસ્સામાં મૂકી દીધા, અને બીજા કાંકરા હોડીના ખૂણે ખાંચરે પડયા હોય તો શોધવા લાગ્યો, પણ કયાંય કાંકરો મળ્યો નહિ ત્યારે જાણે એના બાર વહાણ દરિયામાં ડૂબી ગયા હોય એવું દુઃખ થયું અને મુખ ઉપર નિરાશાની છાયા છવાઈ ગઈ.

હોડીમાં બેઠેલા મુસાફરોમાંથી એક મુસાફરે નાવિકને પૂછયું કેમ ભાઈ ! અમે બધા તારી હોડીમાં બેઠા ત્યારે તું આનંદમાં હતો ને આમ અચાનક એકદમ ઉદાસ ને નિરાશ કેમ બની ગયો ? નાવિકે પોતાની વાત કરી. પેલા ચાર કાંકરા મુસાફરની સામે ધર્યા. આ મુસાફરો દેવચંદભાઈ અને બાબુભાઈ જેવા ઝવેરી હતા, એટલે તરત કાંકરાને પારખી લીધા ને કહ્યું ભાઈ ! આ તો મહામૂલ્યવાન રત્નો છે. આવા રત્નો મળ્યા તો હવે તારું તો ભાગ્ય ખુલી ગયું. તારે હવે આ ધંધો નહિ કરવો પડે, ત્યારે નાવિક કપાળ કૂટીને કહે છે શું ખુલી ગયું ? મારું ભાગ્ય તો ફૂટી ગયું. ગઈ કાલે સાંજે મેં મૂર્ખાએ આવા અનેક રત્નો રમતમાં ને રમતમાં પાણીમાં ફેંકી દીધા. બસ, હવે તો આ બે ચાર રહી ગયા છે તેથી મારું મન ઉદાસ થઈ ગયું છે.

"**ઝવેરીઓએ નાવિકને આપેલું આશ્વાસન**" :– નાવિકની વાત સાંભળીને

મુસાફરોએ કહ્યું ભાઈ! આ એકેક રત્નો સવાલાખની કિંમતના છે. તને ચાર રત્નોના પાંચ લાખ રૂપિયા મળશે. શા માટે અફસોસ કરે છે? નાવિક કહે એ વાત સાચી પણ જો વધારે રત્નો હોત તો વધારે પૈસા મળત ને! એમ કહીને નાવિક રડવા લાગ્યો ત્યારે મુસાફરોએ કહ્યું, ભાઈ! થઈ ગયું તે થઈ ગયું. હવે તું રડીશ કે ઝૂરીશ તેથી કંઈ સાગરમાં ફેંકાઈ ગયેલા રત્નો હાથમાં આવવાના નથી પણ જેટલા હાથમાં છે એટલાનો પણ જો તું સમજણપૂર્વક સદુપયોગ કરીશ તો તારું જિંદગીનું દરિદ્ર ટળી જશે. મુસાફરના આ શબ્દોથી નાવિકને આશ્વાસન મળ્યું પણ રત્નો ગુમાવ્યાનો દિલમાં અફસોસ જીવનભર સુધી રહ્યો. આ ન્યાય આપણા ઉપર ઘટાવવો છે. આપણા જીવનની એકેક ક્ષણ કિંમતી રત્ન સમાન છે. અરે, કિંમતી રત્નોનું તો મૂલ્ય અંકાય પણ માનવજીવનની કિંમતી ક્ષણોનું મૂલ્ય આંકી શકાતું નથી. એવી અમૂલ્ય ક્ષણોને ખાવાપીવામાં, હરવાફરવામાં, વિષય વિલાસમાં તો વ્યર્થ ગુમાવતા નથી ને? અજ્ઞાન દશામાં જે ક્ષણો ગુમાવી તેનો અફસોસ ન કરતાં જે ક્ષણો હાથમાં છે એનો સદુપયોગ કરીએ તો માનવજીવન સફળ બની જાય.

બ્રહ્મદત્તકુમાર હવે બ્રહ્મદત્ત ચક્રવર્તિ બન્યા. ચક્રવર્તિને ચૌદ રત્નો અને નવ નિધાન હોય છે. તેમના વૈભવ કેવા હોય છે તે અવસરે.

ચરિત્ર :– સુશીલા કામ માટે આખા ગામમાં ને ઘરોમાં ફરી પણ કયાંય કામ ન મળવાથી નિરાશ થઈ ગઈ, છેવટે ફરતી ફરતી ગામના કોટ પાસે એક કુંભારનું ઘર હતું ત્યાં આવી. કુંભાર માટલા ઘડતો હતો ને કુંભારણ માટી ખૂંદતી હતી. ત્યાં આવીને સુશીલા કુંભારને કહે–છે ઓ વીરા! તું મને તારે ઘેર કામ કરવા માટે રાખ. તું કહેશે તે બધું કરીશ. અમે બબ્બે દિવસના ભૂખ્યા છીએ. તમે કંઈ કામ આપો તો મજૂરી કરીને બે પૈસા મેળવીએ અને ખાવા ભેગા થઈએ. સુશીલાના કરૂણ અને નમ્ર વચનો સાંભળીને કુંભારને દયા આવી એટલે કહ્યું ભલે, બહેન? હું તને કામ આપીશ પણ અમે જાતિના કુંભાર છીએ એટલે અમારે ત્યાં તો શું કામ હોય તે તું જાણે છે ને? સાંભળ.

તારે ગધેડા ઉપર છાલકું નાંખીને માટી ખાણેથી માટી ખોદી લાવવી પડશે, પછી પાણી ભરવા જવું પડશે, માટીને ખૂંદવી પડશે, વાસણ માંજવાના, ઢળાણાં ઢળવાના અને એથી વધારે ટાઈમ હોય તો આ તૈયાર કરેલા માટલા બજારમાં જઈને વેચવાના. આ બધા કામ પેટે પગારમાં તને આખા દિવસમાં છ રોટલી ખાવા આપીશું, બોલ કબૂલ છે? તારાથી કામ થાય તો ખુશીથી મારે ઘેર કામ કર. આ કોટની પાસે થોડી જમીન છે ત્યાં ઝૂંપડી બાંધીને રહેજે. કુંભારે કેટલું બધું કામ બતાવ્યું. કામ આટલું બધું કરવાનું છતાં પગાર કહો કે જે કહો તે ફક્ત છ રોટલી જ આપવાની. છતાં સુશીલાએ કબૂલ કર્યું, કારણ કે પેટ માણસને બધી વેઠ કરાવે છે.

"રાજરાણીને કર્મે બનાવેલી કુંભારણ :– સુશીલા કુંભારના ઘરની નજીકમાં ગામના કોટ આગળ ઘાસની ઝૂંપડી બાંધીને રહેવા લાગી, અને કુંભારના ઘરનું બધું કામકાજ કરવા લાગી. પાણી ભરી લાવે, માટી ખોદી લાવે, માટી ખૂંદી આપે. આ બધું કામકાજ કરીને બરા બપોરે કુંભાર એને માટલા લઈને બજારમાં વેચવા મોકલે. જેણે કદી તડકો જોયો ન હતો તે સુશીલા ખુલ્લા પગે ધોમધખતા તડકામાં માટીના વાસણ વેચવા માટે જાય છે. અહાહા.... કર્મરાજાની કેવી કરામત છે! એક વખતની રાજરાણી આજે ભરબજારે માટીના વાસણ વેચવા લાગી. જે બહેનો માટલા માટલી લેવા આવતી તેને કહેતી બહેન! મારા માટલા બહુ સારા છે. બહુ ઠંડા છે, શિયાળુ માટલા છે તમે લો. જો થોડા ઘણા પણ વાસણ વેચાય તો વાંધો ન આવે પણ જે દિવસે એક પણ વાસણ ન વેચાય તે દિવસે સુશીલા બિચારીનું આવી બનતું. આટલું કામ કરે છે ત્યારે માત્ર છ જણી ને લૂખા રોટલી ખાવા મળે છે. એમાં ત્રણ ત્રણ જણને ખાવાનું. એમાં શું પેટ ભરાય? સમય સમયની કેવી બલિહારી! માતાનો જીવ છે. દીકરાને વધુ ખાવા આપે તો દેવસેન કેતુસેન ના પાડે. ના....બા અમે નહિ ખાઈએ. તું તો કેટલું બધું કામ કરે છે એટલે તને ભૂખ વધારે લાગે. હવે ત્રણે જણા ભીમસેનની રાહ જુએ છે. ભીમસેન આવશે ને શું બનશે તે અવસરે.



વ્યાખ્યાન નં. ૫૩

ભાદરવા વદ ૫ ને સોમવાર ચક્રવર્તિના સુખો કેવા? તા. ૧૦-૯-૭૯

અનંતજ્ઞાની ભગવાન ફરમાવે છે કે હે ભવ્ય જીવો! "**धर्मेण शाश्वत सुखम्**" ધર્મથી જીવને શાશ્વત સુખ મળી શકે છે. ત્રિભુવનમાં સર્વ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ચીજ હોય તો તે ધર્મ છે. ધર્મ જીવને શાશ્વત, અવિનાશી સુખ આપી શકે છે. ધર્મ એ શાશ્વત વસ્તુ છે માટે શાશ્વત એવા ધર્મ દ્વારા જીવ શાશ્વત સુખની પ્રાપ્તિ કરી શકે છે. આ સંસારની દરેક વસ્તુઓ અનિત્ય ને નાશવંત છે. માત્ર ધર્મ એ જ શાશ્વત છે. શાશ્વતની સાધના માટે મળેલો મોંઘેરો માનવભવ નાશવંતની સાધનામાં વેડફી નંખાય નહિ. ધર્મથી ઉત્તમ કુળમાં જન્મ, સુંદરરૂપ, આરોગ્ય, બુદ્ધિ, બળ, સુસંસ્કારી મા–બાપ, સારી પત્ની, સારો પરિવાર, ધનસંપત્તિ, માન, મોભો અને અધિકાર બધું મળે છે અને મરણ પછી ધર્મથી સ્વર્ગ અને મોક્ષના સુખો મળે છે. સર્વ સુખોનું મૂળ ધર્મ છે. ધર્મ વિના સુખ મળતું નથી, એટલા માટે જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે "**सुखं धर्मात् दुःखं पापात्**" ધર્મથી સુખ અને પાપથી દુઃખ મળે છે. વર્તમાનમાં આપણે જે સુખ ભોગવીએ છીએ તે સુખ પણ ધર્મથી મળેલું છે, માટે સુખમાં પણ ધર્મ ન ભૂલવો જોઈએ. સુખમાં જે ધર્મને છોડતા નથી એને સુખ કદી છોડતું નથી, માટે સુખી અને

દુઃખી, શ્રીમંત અને ગરીબ, રોગી અને નિરોગી, દરેક મનુષ્યોએ ધર્મની વિશેષ પ્રકારે આરાધના કરવી જોઈએ. ધર્મથી સુખી થવાય છે. એ ધર્મ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આવો ધર્મ જીવને વારંવાર મળતો નથી, માટે જ મળ્યો છે તેનો બરાબર સદુપયોગ કરી લો. એને મોજમઝામાં ને ભોગવિલાસમાં ગુમાવશો નહિ કારણ કે સંસાર તો એક મોટો મેળો છે. મેળો વિખરાઈ જતાં બધું ચાલ્યું જવાનું છે.

મોટા મેળામાં શું હોય છે? મેળામાં અનેક પ્રકારના મનુષ્યો ભેગા થાય છે. આજુબાજુના ગામડામાંથી પણ માણસો મેળામાં આવે છે. જે માણસો ગામડામાંથી મેળામાં આવ્યા હોય તે પોતપોતાનું સાથે લાવેલું ભાતું ખાય અને મેળામાં અનેક પ્રકારના માલ વેચાવા આવ્યા હોય તેમાંથી પોતાને જે જે માલની જરૂરત હોય તે માલ ખરીદે, હરે, ફરે ને આનંદ મનાવે. મેળો વિખરાતા સૌ પોતપોતાના સ્થાને ચાલ્યા જાય, તેમ જ્ઞાની પુરૂષો કહે છે કે આ સંસાર પણ એક મોટા મેળા જેવો છે. એમાં કોણ કોનું સ્વજન અને કોણ પારકું. આ સંસારમાં કોઈ કોઈનું નથી. સૌ પોતપોતાની કરણી અનુસાર કર્મો ઉપાર્જન કરે છે અને ઉપાર્જન કરેલાં કર્મો ઉદયમાં આવતાં ભોગવે છે. સંસાર એટલે કદાચ પુત્ર મરીને વૈરી થાય અને વૈરી મરીને પુત્ર કે પિતા થાય છે. આવા તદ્દન ચંચળ સ્વભાવવાળા જીવ રૂપી રમકડા પર મોહ રાખવા જેવો નથી. સંસારના સ્વજનો ઉપર આસક્તિ રાખવા જેવી નથી. અસ્થિર ભાવોથી ભરેલા સ્વજનો અને સ્નેહીઓ ઉપર આસક્તિ ધરવી એ મૂર્ખતા છે. અજ્ઞાન દશા છે. આ મારો સ્નેહી છે તેને હું કાયમ સાચવીશ. આવો મમત્વભાવ કરવો એ મોહનું ફળ છે. સદ્‌બુદ્ધિનું ફળ નથી. સદ્‌બુદ્ધિ હોય તો વિચાર કરે કે હું કોણ છું? પછી બરાબર સાવધાન બને.

રેલ્વેના પાટાની વચ્ચે ઉભેલો માણસ કેટલો સાવધાન હોય છે! ફાટક ક્રોસ કરતાં કદાચ ખિસ્સામાંથી પૈસા પડી જાય અને એ જુએ કે સામેથી ટ્રેઈન આવી રહી છે તો એ પૈસા લેવા માટે ઉભો રહે ખરો? 'ના.' અને કદાચ લે તો કેટલી સાવધાનીથી લે. ત્યાં ગફલત ચાલે ખરી? તેમ માનવ જીવનની કટોકટી ભરેલી સ્થિતિમાં જો ધન વિગેરેનો લોભ અને મમતાને કૂદી જતા આવડે તો ભાવિ અનંત સંસાર રૂપી ટ્રેઈનોની કચરામણમાંથી બચી જવાય ને જો કૂદતા ન આવડે તો મામલો ખતમ. પૈસા-સ્નેહી-સ્વજનો અને શરીરની પણ આ જ સ્થિતિ છે. એમના ઉપર ગમે તેવા રાગ કર્યા પણ એમાં જીવનું કંઈ વળતું નથી. ઊલ્ટો પાપથી ભારે થાય છે ને કર્મબંધન કરે છે. માણસ રસ્તે જનાર ત્રાહિત માટે જે પાપ નહિ કરે તે પાપ પોતાના સ્નેહી પાછળ કરશે. પરિણામે પોતાને ભાવિમાં ભયંકર દુઃખ ભોગવવું પડે છે. આ બધી પરિસ્થિતિઓમાં જીવે પોતાનું રક્ષણ કરી લેવું તે આખા ઉપદેશનો સાર છે. "आत्मानं रक्ष" આત્માને પાપમાંથી બચાવો, આત્માને બચાવવા માટે ખોળિયા સાથેની રમત દૂર ખસેડો. આ

દુનિયાના સ્વજનો ખોળિયા સાથે રમત રાખે છે પણ અંદરથી આત્મા રૂપી પંખીડું ઉડી ગયું એટલે એ જ સ્વજનો ખોળિયાને બાળીને ફૂંકી દેવાના છે. આવા સંસારમાં રાગ ધરવો ને એમાં જ ભૂલા પડી જવું તે બધું મિથ્યામતિનું ફળ છે. આ સંસાર રૂપ મેળો વિખરાઈ જતાં જીવો પોતપોતાના શુભાશુભ કર્મો ભોગવવા કરેલા કર્માનુસાર ગતિમાં ચાલ્યા જાય છે, પછી આ મેળો ખતમ અને મામલો પણ ખતમ. મામલો ખતમ થતાં પહેલા જેટલી બને તેટલી સાધના કરી લો, અને આત્માના સ્વરૂપને ઓળખી લો. તત્ત્વજ્ઞાની પુરૂષો કહે છે કે જેને આત્માનો પ્રેમ હોય, આત્મસ્વરૂપને પામવાની તાલાવેલી હોય તેને વિષયો તો વિષ કરતા પણ ભયંકર લાગે છે.

"यस्य ज्ञान सुधा सिन्धुः, परब्रह्मणि मग्नता।
विषयान्तरसंचारः, तस्य हलाहलोपमः॥"

જે પવિત્ર પુરૂષની જ્ઞાન રૂપી પરબ્રહ્મમાં મગ્નતા છે તેને વિષયો વિષ કરતાં પણ અધિક ભયંકર લાગે છે. સદાચારનો ગુણ જેના અંતરમાં વસ્યો હોય તેને ડગલે ને પગલે વિષયો વિષથી પણ વધારે ખટકે, કારણ કે વિષયોનો આંધળો રાગ સદાચારનું નિકંદન કાઢે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં બ્રહ્મદત્ત કુમારે પૂર્વભવમાં ચક્રવર્તિપણાનું સુખ મેળવવા માટે નિયાણું કર્યું. એમણે માંગીને ચક્રવર્તિનું સુખ લીધું હતું, તેથી ચક્રવર્તિ પદ મેળવ્યું. પ્રત્યેક ચક્રવર્તિની પાસે સાત સાત એકેન્દ્રિયરત્નો અને સાત સાત પંચેન્દ્રિય રત્નો હોય છે. પોતપોતાની જાતિમાં જે શ્રેષ્ઠ હોય છે એ રત્ન કહેવાય છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિની આયુધશાળામાં સૌથી પ્રથમ ચક્ર રત્ન ઉત્પન્ન થયું હતું, પછી એકેક પછી સાત એકેન્દ્રિય રત્ન ઉત્પન્ન થાય છે. તે આ પ્રમાણે છેઃ (૧) ચક્રરત્ન (૨) છત્રરત્ન (૩) ચર્મરત્ન (૪) દંડરત્ન (૫) ખડ્ગ રત્ન (૬) મણી રત્ન અને (૭) કાકિણી રત્ન. આ સાત એકેન્દ્રિય રત્નો છે. તે પૃથ્વીકાય રૂપ છે.

"સાત રત્નોના કાર્ય":- "ચક્રરત્ન" ચક્રવર્તિની સેનાની આગળ આકાશમાં ગડગડાટ શબ્દ કરતું ચાલે છે અને તે છ ખંડ જીતવાનો માર્ગ બતાવે છે. (૨) "છત્રરત્ન" સેના ઉપર બાર યોજન લાંબા અને નવયોજન પહોળા છત્રરૂપ બની જાય છે, અને ઠંડી-તાપ-વાયુ વિગેરેથી રક્ષણ કરે છે. (૩) "દંડરત્ન" વિષમ સ્થાનને સમ કરી રસ્તો સાફ સડક જેવો કરી દે છે અને વૈતાઢય પર્વતની બંને ગુફાના દ્વાર ખુલ્લા કરે છે. આ ત્રણેય રત્નો ચાર ચાર હાથ લાંબા હોય છે. (૪) "ખડ્ગરત્ન" પચાસ આંગુલ લાંબું, સોળ આંગુળ પહોળું, અર્ધા આંગળ જાડું અને અતિ તીક્ષ્ણ ધારવાળું હોય છે, અને હજારો ગાઉ દૂર રહેતા શત્રુનું માથું છેદી નાંખે છે. આ ચારેય રત્નો ચક્રવર્તિની આયુધશાળામાં ઉત્પન્ન થાય છે. (૫) "મણિરત્ન" ચાર

આંગુળ લાંબું ને બે આંગુળ પહોળું હોય છે. તેને ઊંચે મૂકવાથી ચંદ્રમાની જેમ બાર યોજન સુધી પ્રકાશ કરે છે અને હાથીના મસ્તકે બાંધવાથી સ્વારને કોઈ પણ જાતની બીક રહેતી નથી. (૬) "ચર્મરત્ન" બે હાથનું લાંબું હોય છે. તે બાર યોજન લાંબો અને નવ યોજન પહોળી નાવ-હોડીરૂપ બની જાય છે. તેમાં ચક્રવર્તિની સેના સ્વાર થઈ ગંગા સિંધુ જેવી મહા નદીઓથી પાર થઈ જાય છે. (૭) "કાકિણી રત્ન" છ એ બાજુથી ચાર ચાર આંગુલ લાંબું, પહોળું સોનાની એરણ સમાન, છ તળિયા, આઠ ખૂણા, બાર હાંસિયાવાળું અને વજનમાં આઠ સોનૈયા જેટલું ભારે હોય છે. એમાંથી વૈતાઢય પર્વતની બંને ગુફાઓમાં એક એક યોજનના આંતરે ૫૦૦ ધનુષ્યના ગોળાકાર ૪૯ મંડળ થાય છે. તેનો ચંદ્ર સમાન પ્રકાશ જ્યાં સુધી ચક્રવર્તિ જીવતા રહે ત્યાં સુધી રહે છે. (આ ત્રણેય રત્નો લક્ષ્મીના ભંડારમાં ઉત્પન્ન થાય છે.)

બંધુઓ ! આ સાત એકેન્દ્રિય રત્નોની વાત થઈ. જુઓ, ચક્રવર્તિના એકેક રત્નોમાં કેટલી બધી શક્તિ હોય છે ! આવા રત્નો મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે પ્રાપ્ત થાય છે ત્યારે એની સહાયથી ચક્રવર્તિ છ ખંડ ઉપર જીત મેળવે છે. જ્યારે ચક્રવર્તિ ચક્રવર્તિની પદવી ઉપર આવે ત્યારે છ છ ખંડ ઉપર એમની સર્વોપરી સત્તા હોય છે. જ્યારે તેઓ છ ખંડ સાધવા જાય છે ત્યારે કંઈક રાજાઓ સામેથી એમના ચરણમાં પડી જાય છે અને ઘણા રાજાઓ નમતા નથી ત્યારે ચક્રવર્તિને એની સાથે યુદ્ધ કરવું પડે છે. યુદ્ધ કરીને રાજાને જીતે છે. આવી રીતે છ ખંડ જીતવા જતાં તો કેટલા મોટા સંગ્રામો કરવા પડે છે. આવા મહાન સંગ્રામો કરીને જે રાજ્ય મેળવે છે એવા રાજ્યને ચક્રવર્તિઓ છેલ્લે અસ્થિર, અધ્રુવ, અશાશ્વત અને અનર્થનું કારણ સમજીને છોડીને દીક્ષા લે છે. દીક્ષા લેનારને તો સંસારની તમામ સંપત્તિ તણખલા તુલ્ય લાગે છે. એમને મન જેટલું ત્યાગનું મહત્ત્વ હોય છે તેટલું રાજવૈભવનું મહત્ત્વ નથી હોતું. તેમજ સંસાર ત્યાગીને સાધુ બન્યા પછી પણ નામ અભિમાન નથી રહેતું કે હું તો મોટો ચક્રવર્તિ છું, છ છ ખંડની સમૃદ્ધિ અને વૈભવને છોડીને આવ્યો છું. એ તો એક જ વિચાર કરે કે વીતરાગ પ્રભુના શાસનમાં ચક્રવર્તિ કે ચમરબંધી, શ્રીમંત કે ગરીબના કોઈ ભેદભાવ નથી. સંપત્તિથી કોઈ અહીં મોટા બની શકતા નથી, પણ જે દીક્ષા પહેલાં લે તે મોટા ગણાય છે. આવા ભગવાનના સાધુઓ નાવ સમાન છે. પોતે ભવસાગર તરે છે ને બીજાને તારે છે. જેમ હોડી પાણીમાં રહે છે. એમાં જ એની ગતિનો આધાર છે, પણ જ્યારે એ ચાલતી હોય ત્યારે હલેસા કાપવામાં જરા પણ તે સંકોચાતી નથી. સાધક મોક્ષમાં ન જાય ત્યાં સુધી તે સંસારમાં રહે છે પણ સંસારની વાસનાઓ એની સાધનામાં વિઘ્ન નાંખે છે માટે તેનો સંઘર્ષ કરવામાં જરા પણ વિલંબ નહિ કરો. સાધક આત્મા ગમે તેવા સંજોગોમાં પણ પોતાની સાધના ચૂકતા નથી, અને પોતાની પાસે આવનાર સુખી હોય કે દુઃખી હોય દરેકને ધર્મનો સાચો રાહ બતાવી કલ્યાણના માર્ગમાં જોડે છે.

એક વખત એક શ્રીમંત શેઠના પાપકર્મનો ઉદય થયો. પહેલા એની પાસે કરોડોની સંપત્તિ હતી પણ પુણ્યની ટાંકી ખાલી થઈ ગઈ એટલે અચાનક એના ધંધામાં ખોટ આવી અને એવી ભીંસમાં આવી ગયા કે ઘરબાર, મોટરગાડી અને પત્નીના દાગીના બધું જ વેચવાનો વખત આવ્યો, ત્યારે શેઠના મનમાં થયું કે હવે હું શું કરું ? ઝેર પીને મરી જાઉં ? આવી ગરીબાઈ ભરેલા જીવને જીવવાનો શું અર્થ ? ઝેર પીને મરી જવાનું નક્કી કર્યું, પછી શેઠને વિચાર આવ્યો કે સંતો એમ કહે છે કે આ મનુષ્ય જન્મ દુર્લભ છે. આ સંસારમાં દુઃખથી કંટાળેલા જીવનું શરણ ધર્મ છે. તો હું પણ મરતા પહેલા એક વખત તો સંતના દર્શન કરી લઉં, પછી વાત. આમ વિચાર કરીને શેઠ ગુરૂની શોધ કરવા નીકળ્યા. એક આત્માર્થી સંત ગામ બહાર જંગલમાં એક વૃક્ષ નીચે બેસી એમની સાધના કરી રહ્યા હતા.

આ શેઠને સંત સારી રીતે ઓળખતા હતા. સાચા વીતરાગી સંતોને મન શ્રીમંત શું કે ગરીબ શું, કોઈના ભેદભાવ હોતા નથી. બધાને સમાનભાવથી જુએ છે. જ્યારે આ શેઠ શ્રીમંત સ્થિતિમાં સંતની પાસે આવતા ને જે ઉપદેશ આપતા હતા તેવો જ ઉપદેશ અત્યારે ગરીબાઈના સમયમાં આપ્યો, પછી શેઠને પૂછયું કે આજે આપની આ દશા કેમ થઈ ? ત્યારે શેઠે પોતાના દુઃખની કહાની સંભળાવી ને કહ્યું ગુરૂદેવ ! હવે હું ક્યાં જાઉં ? શું કરું તે મને સમજાતું નથી, ત્યારે કરૂણાના સાગર સંત કહે છે છે ભાઈ ! આ સંસાર એક સિક્કો છે. સુખ અને દુઃખ એ સિક્કાની બે બાજુ છે, માટે પુણ્યનો ઉદય હોય ત્યારે સુખ આવે છે ને પાપનો ઉદય થતાં સુખ ચાલ્યું જાય છે. આવું સમજીને સમતાભાવ રાખો.

"ચલિત થવાના પ્રસંગે પણ શેઠની સંયમની દૃઢતા" :– આ શેઠને સંસારની ક્ષણિકતાનું ભાન થયું એટલે એમણે સંતને વિનંતી કરી કે ગુરૂદેવ ! હવે મારે આ દુઃખથી ભરેલા સંસારમાં રહેવું જ નથી. આપ મને દીક્ષા આપો. સંતે શેઠને સંયમમાં કેમ રહેવાય, પરિષહો આવશે ત્યારે સમતાભાવ રાખવો પડશે, આ બધું શેઠને સમજાવ્યું, પણ શેઠ અડગ રહ્યા. સંત એમને દીક્ષા આપવા તૈયાર થયા. આ સમયે શેઠના માણસો તો તપાસ કરતા કરતા ત્યાં આવ્યા ને શેઠને કહ્યું શેઠજી ! જલ્દી ઘેર ચાલો. હવે પુનઃ તમારા પુણ્યનો ઉદય થયો છે. દરિયામાં ઘણાં વખતથી અટવાઈ ગયેલા વહાણો આજે આવી ગયા છે. જે લેણિયાતો પૈસા માટે દરોડો પાડતા હતા તે હવે સામેથી આપવા આવે છે, માટે જલ્દી ઘેર ચાલો. આ વખતે તમે હો તો શું કરો ? આવું બધું સાંભળીને સંસારમાં પડવાનું મન થાય કે વૈરાગ્યના ભાવ ટકી રહે ? આ શેઠે તો કહી દીધું કે તમારે જેમ કરવું હોય તેમ કરો. સુખ દુઃખથી ભરેલા આ સંસારમાં હવે મારે પડવું નથી. જો સંપત્તિમાં સુખ હોત તો મારી આ દશા થાત ? માટે હવે મારે સંસાર ન જોઈએ. આ શેઠ પોતાના નિર્ણયમાં દૃઢ રહ્યા ને સંયમ લઈને ખૂબ સુંદર રીતે સાધના કરીને આત્માનું કલ્યાણ કર્યું.

ચક્રવર્તિના સાત એકેન્દ્રિય રત્નોની આજે આપણે વાત કરી. હવે પંચેન્દ્રિય રત્નો કેવા હોય અને એ રત્નો ચક્રવર્તિનું શું શું કાર્ય કરે છે તે વાત અવસરે કહેવાશે. આજે અમારા ગુરૂભાઈ બા. બ્ર. પૂ. હર્ષદમુનિ મહારાજ સાહેબની પુણ્યતિથિનો દિવસ છે. (હર્ષદમુનિ મહારાજ સાહેબના જીવનમાં સરળતા, નમ્રતા, વિનય આદિ કેવા મહાન ગુણો હતા, સંયમ લેતા પહેલા એમની કેવી કસોટી થઈ ને ત્યારે તેઓ કેવા મક્કમ રહ્યા, દીક્ષા લઈને ગુરૂની કેવી ભક્તિ કરતા, એમનામાં કેવો વિનય હતો, ગુરૂદેવની સાંનિધ્યમાં કેટલું જ્ઞાન મેળવ્યું. ૧૮ વર્ષની છોટી વયમાં સંયમ લઈને ફક્ત નવ વર્ષ ચારિત્ર પાળી કેવી કઠોર સંયમ સાધના કરી, આવા એક યુવાન સંતરત્નની ખંભાત સંપ્રદાયને અને સારા યે જૈન સમાજને ખોટ પડી છે એવા બા. બ્ર. પૂ. હર્ષદમુનિ મહારાજ સાહેબના તપ-ત્યાગ અને જ્ઞાન ધ્યાનથી ઝળકતા તેજસ્વી જીવનમાં રહેલા ગુણોનું પૂ. મહાસતીજીએ આબેહૂબ વર્ણન કર્યું હતું. જે સાંભળતા શ્રોતાજનોના રૂંવાડા ખડા થઈ ગયા ને આંખો અશ્રુથી ભરાઈ ગઈ હતી. સૌએ અશ્રુભીની આંખે પૂ. ગુરૂદેવને ભાવભીની અંજલિ અર્પી હતી.)

ચરિત્ર :-"ઓ વિધાતા ! આમ કયાં સુધી દુઃખ વેઠવાના ?" કુંભાર સુશીલા પાસે કાળી મજુરી કરાવે છે. બજારમાં માટલા વેચવા મોકલે, સવારમાં વહેલી ઉઠાડીને કુંભારણ દળણાં દળવા બેસાડે. આટલી કાળી મજૂરી કરે છે. હવે દુઃખની હદ આવી છે. લૂખું સૂકું ખાવાનું તે પણ પેટ ભરીને નહિ. તેમાં પગ કયાં સુધી ચાલે ? હવે તો સુશીલા દુઃખથી કંટાળીને ભગવાનને પ્રાર્થના કરતી હતી કે હે ભગવાન ! અમારા નસીબમાં આવા દુઃખ કયાં સુધી વેઠવાના હશે ? હવે દુઃખ સહન થતું નથી. ભગવાન ! તું હવે મારા સામું જો, અને મારા પતિને જલ્દી મોકલ. એમના દર્શન કરીને હું મરી જાઉં તો મારી સદ્ગતિ થાય. આમ સુશીલા ભગવાનને પ્રાર્થના કરતી હતી. ખરેખર એની પ્રાર્થના તો ભગવાને જરૂર સાંભળી એટલે ભીમસેન આ તરફ આવી રહ્યો છે, પણ હજુ એના દુઃખનો અંત આવશે કે કેમ એ તો જ્ઞાની જાણે છે.

ભીમસેને ઉજ્જૈની નગરીનું રાજ્ય છોડયું ત્યારથી દુઃખ જ વેઠયું છે. પહેલી જ વખત આટલું અઢળક ધન હાથમાં આવ્યું છે. રોહણાચલ પર્વત ઉપર પોતે કરેલી કાળી મજુરી ઉગી નીકળી હતી. મહેનતનો બદલો એને પૂરેપૂરો મળ્યો હતો. નવ લાખની કિંમતના રત્નો મળતા ભીમસેનની તમામ ચિંતાઓ દૂર થઈ હતી. સુખના સોનેરી સ્વપ્ના સેવતો ઝડપભેર ક્ષિતિપ્રતિષ્ઠિત નગર તરફ આવી રહ્યો હતો. રત્નોની ગોદડી ગંધાતી બનાવી અને પોતે ભિખારી જેવા કપડાં પહેરીને આશાભેર ચાલ્યો આવતો હતો. રસ્તામાં વનફળ મળે તો ખાઈ લેતો. ઘણાં લાંબા સમયથી પત્ની અને પુત્રોને જોયા ન હતા. તેમને મળવા અને શુભ સમાચાર આપવા માટે તેનું મન હવે અધીરું બની ગયું હતું. એ અધીરાઈમાં ઘણી ઝડપથી ચાલતા એક દિવસ તે

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરની નજીકમાં આવી ગયેા. હવે તમને એમ થશે કે એની પત્ની અને બાળકોને મળી જશે ને નવ લાખના રત્નો હાથમાં આવ્યા છે એટલે એના દુઃખનો અંત આવી જશે. પણ એના દુઃખનો અંત આવે એ વિધાતાને માન્ય ન હતું. ક્ષિતિપ્રતિષ્ઠિત નગરની નજીક એક સુંદર સરોવર હતું. તેના નિર્મળ પાણીમાં ગુલાબી કમળો ખીલી રહ્યા હતા.

"તૂટી પડેલા આશાના મિનારા" :- ભીમસેન ખૂબ ચાલવાથી થાકી ગયેા હતેા. એના વસ્ત્રો પણ ઘણાં મેલા ને ફાટેલા હતા. શરીર પર ઘણેા મેલ જામ્યેા હતેા એટલે વિચાર કર્યો કે હું આવા ભિખારીના વેશે મારી પત્ની અને પુત્રોને મળીશ તેા એ મારે માટે શું વિચાર કરશે ? એ તેા મારેા આવેા વેશ જોશે એટલે એમ જ માનશે કે લોટિયા બાવા જેવા ગયા હતા તેવા જ પાછા આવ્યા લાગે છે. એક તેા દુઃખથી કંટાળી ગયા છે ને તેમાં જો હું આવા વેશે જઈશ તેા મને જોઈને બેભાન થઈ જશે, માટે મારે આવા વેશે તેમને મળવું નથી. હવે કંઈ નગર દૂર નથી. હું આ સરોવરમાં સ્નાન કરી ઠીક કપડા પહેરીને હું મારી પત્ની અને મારા વહાલા દેવસેન અને કેતુસેનને મળીશ. આ પ્રમાણે ભીમસેને મનથી નક્કી કર્યું અને અરિહંતનું નામ લઈને સરોવરમાં સ્નાન કરવા ગયેા. ભીમસેને સરોવરમાં ડૂબકી મારી. સરોવરના શીતળ જળના સ્પર્શથી એનેા થાક ઉતરવા લાગ્યેા એટલે એકાદ બે વધુ ડૂબકી મારીને આનંદ અને ઉલ્લાસથી સ્નાન કરવા લાગ્યેા. જુઓ, એના કર્મ કેવા બળવાન છે! એ કેટલી સાવધાનીથી ચારે બાજુ તપાસ કરીને નહાવા ગયેા હતેા પણ કર્મ કહે છે કે તું ગમે તેટલી સાવધાની રાખ પણ હું તેા અદૃશ્યપણે તારી સાથે ને સાથે જ છું. ભીમસેન સરોવરમાં સ્નાન કરતેા હતેા તે સમયે એક વાંદરેા દોડતેા દોડતેા સરોવરની પાળે આવ્યેા ને ભીમસેનની જીગરજાન વહાલી ગોદડી લઈને ઝડપભેર સામેના ઝાડ ઉપર જઈને બેઠેા. ભીમસેન સ્નાન કરીને સરોવરમાંથી બહાર નીકળ્યેા કે તરત એની નજર ગોદડી તરફ ગઈ પણ ગોદડી હેાય તેા દેખાયને ! ગોદડી ન જોઈ એટલે ભીમસેનની આંખે અંધારા આવવા લાગ્યા, જીવ ગભરાવા લાગ્યેા. હજુ નાહીને ભીના કપડા પણ બદલ્યા ન હતા તે પહેલાં આ બનાવ બની ગયેા. ચારે બાજુ નજર કરી તેા કોઈ માણસ ન દેખાયેા કે જમીન પર માનવના પગલાં પણ ન દેખાયા. તેા ગોદડી કોણ લઈ ગયું હશે ? ભીમસેન હતાશ બની ગયેા. કિનારે આવેલી નૌકા ડૂબી ગઈ એટલે એની આશાના મિનારા તૂટી પડયા.

"ભીમસેનનેા ભગવાન પાસે પેાકાર" :- ભીમસેન એકદમ નિરાશ થઈને બેાલ્યેા-અરે વિધાતા ! આ મારા કર્મની કેવી ફર વિટંબણા છે ! આટલા દુઃખેા સહન કર્યા છતાં હજુ મારા દુઃખેાનેા અંત આવતેા નથી. ભગવાન ! તને મારી, મારી રાંક પત્ની સુશીલા કે કુમળા ફૂલ જેવા દેવસેન અને કેતુસેનની પણ દયા ન આવી ! હું

કેટલી આશાથી ધન કમાઈને આવ્યો હતો ને તેં આ શું કર્યું ? એમ બોલતો એ બેભાન થઈ ને ધરતી પર ઢળી પડયો, પણ જંગલમાં એને કોણ પવન નાંખે ? જંગલનો શીતળ પવન આવ્યો ત્યારે થોડી વારે ભાનમાં આવ્યો ને પોતાના કર્મોને દોષ દેતો આમથી તેમ નજર કરે છે ત્યાં સામેના ઝાડ ઉપર બેઠેલા વાંદરાએ હુપાહુપ અવાજ કર્યો. ભીમસેને ઉંચું જોયું તો વાંદરાના હાથમાં ગોદડી હતી. વાંદરો ગોદડીને હાથમાં લઈને આમ તેમ ઝુલાવી રહ્યો હતો. તેને દાંત મારી રહ્યો હતો, નખ ભરી રહ્યો હતો ને તેની સાથે આનંદથી રમી રહ્યો હતો. ભીમસેન ઉભો થઈ ને ઝાડ પાસે ગયો. ઝાડ નીચે ઉભા રહીને તેણે હાકોટા કર્યા. એ સાંભળીને વાંદરાએ જોરથી હુપાહુપ કરવા માંડયું. ભીમસેને એની સામે પથ્થર ફેંકયો તો વાંદરાએ ઘા ચૂકવી દીધો ને છલાંગ મારીને બીજા ઝાડ ઉપર ચઢી ગયો ત્યારે ભીમસેન પણ ઝાડ ઉપર ચઢયો, તો વાંદરો કૂદીને બીજા ઝાડે ગયો. હજુ ભીમસેન વાંદરાના હાથમાંથી ગોદડી મેળવવા શું શું પ્રયત્નો કરશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૫૪

ભાદરવા વદ ૬ ને મંગળવાર **તા. ૧૧-૯-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની ભગવંતો ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! અનંતકાળથી મોહરાજા અને તેમના સૈનિકોએ આપણો પરાજય કર્યો છે. આપણા આત્માની અનંત અક્ષય સંપત્તિ એ મહા મોહરાજાએ હરી લીધી છે અને આત્માને રખડતા ભિખારીથી પણ વધુ ભયંકર હાલતમાં મૂકી દીધો છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ એ ત્રણેય મોહરાજાના સેનાપતિઓ છે. એ ત્રણેય સેનાપતિઓમાં એવી કોઈ અદ્‌ભુત મંત્રશક્તિ છે કે વિશ્વના સર્વ જીવોને અંધ અને પરવશ બનાવ્યા છે. અનંતકાળથી આત્માનો પરાજય કરનાર મોહ અને તેના સેનાપતિઓને સાથે રણસંગ્રામ કરી વિજય મેળવવા તૈયાર થવું જોઈએ. મિથ્યાત્વ વિગેરે મોહના સેનાપતિઓએ વિશ્વના સર્વ જીવોને કેવી રીતે અંધ અને પરવશ બનાવ્યા છે તે જાણવું જરૂરી છે. આત્મા પોતાના સ્વરૂપે અનંતજ્ઞાનમય છે. દરેક આત્માના પ્રદેશો અસંખ્યાત છે. કીડીના આત્મપ્રદેશોની સંખ્યા ઓછી અને કુંજરના આત્મપ્રદેશોની સંખ્યા વધારે એવું નથી. સંસારની ચોરાશી લાખ જીવાયોનિ પકી ગમે તે જીવાયોનિમાં આત્મા કર્મયોગે ઉત્પન્ન થયેલો હોય, ચાહે નરકમાં હોય કે નિગોદમાં હોય, દેવ હોય કે દાનવ હોય, એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય હોય, આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર હોય, હજાર યોજનનું હોય કે લાખ યોજનનું ઉત્તર વૈકય શરીર હોય પરંતુ દરેક કોઈ આત્માના આત્મપ્રદેશોની સંખ્યા સમાન છે. કર્મયોગે નાનું શરીર પ્રાપ્ત

થાય તો તેમાં આત્મા સંકુચિત થઈને રહે છે, અને હાથી જેટલું મોટું શરીર હોય તો આત્માના પ્રદેશો વિસ્તૃતપણે રહે છે.

કર્મયોગે ગમે તે યોનિમાં આત્મા વર્તતો હોય પરંતુ આત્મપ્રદેશોની સંખ્યા અસંખ્યાતી ત્રણે કાળમાં સમાન છે. આત્માના અસંખ્યાત પ્રદેશોમાં એક પણ આત્મ પ્રદેશોનો વધારો થતો નથી કે ઘટાડો થતો નથી, અને એ અસંખ્યાત આત્મપ્રદેશોમાંથી એક પણ આત્મપ્રદેશ છૂટો પડતો નથી. પુદ્ગલ સ્કંધમાંથી પ્રદેશો છૂટા પડે અને નવા પ્રદેશો તેમાં આવીને મળે. પુદ્ગલમાં ભેદ અને સંઘાત બને છે પણ આત્માના પ્રદેશોમાં એમ નથી બનતું. ચાર હાથના એક કપડાના બે, પાંચ કે તેથી વધારે ટુકડા થશે, સોનાચાંદીના પણ ટુકડા થશે. પરમાણુ સિવાય પુદ્ગલના પણ વિભાગ થઈ શકશે પણ આત્મપ્રદેશોના વિભાગ નહિ થઈ શકે. આત્માનું છેદન ભેદન થતું નથી. જ્યારે ઉપસર્ગના પ્રસંગો આવે ત્યારે આત્માર્થી સંયમી પુરૂષો આત્માને એ જ શિક્ષણ આપે છે કે હે આત્મા તું સ્વયં અચ્છેદ્ય, અભેદ્ય છે. જે છેદનભેદન થાય છે તે તત્ત્વદૃષ્ટિએ તારું છેદનભેદન થતું નથી, માટે તું સમતામાં ટકી જા. આર્તધ્યાનાદિ ન થાય તેનો ઉપયોગ રાખ. કાયાના છેદનભેદનમાં તારું છેદનભેદન નથી. તું તો ત્રિકાળી અખંડ અવિનાશી દ્રવ્ય છે.

બંધુઓ ! આપણે આત્માની વાત ચાલી રહી છે. જ્ઞાન અને દર્શન એ આત્માના સ્વાભાવિક ગુણ છે. પોતાના સ્વરૂપથી આત્મા પરિપૂર્ણ જ્ઞાનમય પ્રકાશથી યુક્ત છે. પરંતુ જેવી રીતે સૂર્યને વાદળાના આવરણ આચ્છાદિત કરી લે છે તેવી રીતે પ્રકાશપુંજ આત્મા કર્મોથી આચ્છાદિત થઈ રહ્યો છે. જેવી રીતે બુદ્ધિવાન પુરૂષ પણ મદિરાપાન કરીને વિવેક રહિત બની જાય છે તેમ આત્મા મોહનીય કર્મના નશાના કારણે વિવેક શૂન્ય બની જાય છે, પરંતુ જેવી રીતે વાદળાના આવરણ દૂર થતાં સૂર્ય પોતાના અસલી સ્વરૂપમાં પ્રકાશે છે અને મદિરાની અસર દૂર થવાથી મનુષ્ય પોતાના રૂપમાં આવી જાય છે તેવી રીતે મોહનીય આદિ કર્મોના નાશ થવાથી આત્માનું અસલ સ્વરૂપ પ્રગટ થાય છે ને બધી વિકૃતિ દૂર થાય છે. તીર્થંકર ભગવંત મોહનીય આદિ કર્મોનો નાશ કર્યા પછી સર્વજ્ઞ અને સર્વદર્શી બને છે, અને પછી ધર્મનો ઉપદેશ આપે છે.

આમ તો બધા કર્મો આત્મામાં કોઈને કોઈ પ્રકારના વિકાર ઉત્પન્ન કરે છે પણ તે બધામાં મોહનીય કર્મ પ્રબળ છે. તે આઠે કર્મોમાં રાજા સમાન છે. આ કર્મના રહેવા પર બધા કર્મોની હયાતી રહે છે અને તેનો નાશ થયા બાદ બધા કર્મોનો નાશ થાય છે. મોહનીય કર્મમાં ઘણી તાકાત છે. તે આત્માના સમ્યગ્દર્શનનો ઘાતક છે. ચારિત્રનો પણ નાશ કરે છે. સમ્યગ્દર્શનને નષ્ટ કરવાવાળા દર્શન મોહનીય અને ચારિત્રમાં અટકાયત કરવાવાળા કર્મને ચારિત્ર મોહનીય કર્મ કહેવાય છે. જેવી રીતે ૧૦૫ ડિગ્રી તાવવાળાને ભોજનની રુચિ થતી નથી તે રીતે દર્શન મોહનીયના ઉદયવાળાને

ધર્મની રુચિ થતી નથી. જેને પિત્ત જ્વરનો રોગ લાગુ પડયો હોય તેને કેશરિયું મધુર દૂધ, બદામનો હલવો એવી મીઠી વસ્તુઓ પણ કડવી લાગે છે, તેવી રીતે મોહનીય કર્મની પ્રબળતાથી ધર્મ જેવા મધુર અને ઉપકારક તત્ત્વ પણ મિથ્યાદૃષ્ટિવાળાને રુચિકર થતા નથી, પરંતુ મોહનીય કર્મ શિથિલ થતાં જીવને ધર્મની રુચિ ઉત્પન્ન થાય છે.

મિથ્યાત્વ આદિ કારણોથી સંસારી જીવોને હંમેશા આશ્રવ અને બંધ થયા કરે છે. બંધના મુખ્ય કારણ પાંચ છે : મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ. પહેલા ગુણસ્થાનકમાં બંધના પાંચે કારણો વિદ્યમાન છે. ચોથે ગુણસ્થાનકે મિથ્યાત્વ સિવાયના ચાર કારણોથી બંધ થાય છે. પાંચમા ગુણસ્થાનકમાં દેશવિરતિ થઈ જાય છે એટલે આંશિક રૂપમાં અવિરતિ દૂર થાય છે, તેથી ત્યાં પૂર્ણ રૂપથી ત્રણ કારણ અને દેશરૂપથી અવિરતિજન્ય કર્મોનો બંધ થાય છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં અવિરતિ સંપૂર્ણપણે દૂર થઈ જાય છે તેથી ત્યાં પ્રમાદ, કષાય અને યોગ એ ત્રણ કારણથી બંધ થાય છે. સાતમાથી તે દશમા ગુણસ્થાનક સુધી કષાય અને યોગ એ બે કારણથી બંધ થાય છે. દશમા ગુણસ્થાનકના અંતમાં કષાયનો ક્ષય અથવા ઉપશમ થવા પર આગળના તેરમા ગુણસ્થાનક સુધી ફક્ત યોગ કર્મબંધનમાં કારણ છે. ચૌદમા ગુણસ્થાને યોગનો નિરોધ થઈ જાય છે તેથી ત્યાં કર્મબંધનનું કોઈ કારણ નથી. તે ગુણસ્થાનકે પૂર્ણ અબંધક દશા પ્રાપ્ત થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આશ્રવ અને બંધના કારણોની પ્રબળતાથી આત્મા અધિક કર્મબંધન કરે છે, અને તેના વિરોધી સંવર અને નિર્જરાની પ્રબળતાથી આત્મા કર્મબંધન ઘટાડી નાંખે છે. આ રીતે આત્માના સ્વાભાવિક ગુણોનો વિકાસ થાય છે. આ વિકાસની અંતિમ સીમા તે મોક્ષ.

ઉપરની વાતથી તમને સમજાશે કે બંધના અભાવનો અથવા સંવરનો પ્રારંભ સમ્યક્ત્વથી થાય છે, અને ઉપર કહી ગયા કે સમ્યક્ત્વ ચોથા ગુણસ્થાનમાં હોય છે તેથી કહી શકાય કે મોક્ષ માર્ગની શરૂઆત ચોથા ગુણસ્થાનથી થાય છે. જો કે ચોથા ગુણસ્થાનકવાળા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ હોવાથી વ્રતોનું આચરણ કરી શકતા નથી છતાં પણ શરાબ પીવી, દારૂ પીવો આદિ દુર્વ્યસનો તથા ખરાબ કામો છોડી દે છે. સમ્યગ્દૃષ્ટિ હિંસા, જૂઠ, ચોરી, કુશીલ આદિ પાપોને હેય સમજે છે અને આ પાપોનું આચરણ કરવામાં તેની રુચિ રહેતી નથી. જો કે તે અહિંસા આદિ વ્રતોને અંગીકાર કરી શકતા નથી પણ મિથ્યાદૃષ્ટિની જેમ પાપને સારા સમજતા નથી અને કદાચિત ન છૂટકે પાપનું આચરણ કરવું પડે તો તે પોતે પોતાને ધિક્કારે છે કે અરેરે....મારે આવું પાપ કરવું પડયું ? આ પાપ કર્મને ભોગવવા હું કયાં જઈશ ? એવી અરેરાટી એના અંતરમાં ચાલુ જ હોય.

બ્રહ્મદત્તને ચક્રવર્તિનું પદ મેળવવા માટેના ચક્રરત્ન આદિ સાધનો મળી ગયા

પણ છ ખંડની પ્રાપ્તિ કરવા માટે એમને પુરૂષાર્થ તો કરવો પડે છે. બ્રહ્મદત્તે પૂર્વભવમાં કર્મની કોડો ખપી જાય એવી ઉગ્ર સાધના કરી હતી પણ ધર્મકરણીનો સોદો કરીને ચક્રવર્તિની પદવી ખરીદી. પુણ્યનું વેચાણ કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તિની માફક પદવીઓ ખરીદી શકાય છે અને અભ્યાસ કરીને ડિગ્રીઓ મેળવી શકાય છે પરંતુ સદ્‌ગુણ એક એવો સિક્કો છે કે જે કોઈ પણ કિંમતે ખરીદી શકાતો નથી. કોઈ પણ પદવી મળે પણ એની સાથે સદ્‌ગુણ હોય તો જીવ પદવીના મોહમાં કે સત્તામાં આસક્ત બનતો નથી. બ્રહ્મદત્ત ચક્રવર્તિએ તો ઉત્તમ કોહિનૂર જેવી કરણીના બદલામાં કાંકરા જેવી પદવી ખરીદી. તમારા સંસારમાં કોઈ કોહિનૂર આપીને કાંકરા ખરીદે તો તમે એને કેવો કહેશો ? મૂર્ખને ? એવી જ રીતે અમૂલ્ય કરણી ભૌતિક પદવી માટે વેચી દેનાર પણ જ્ઞાનીની દૃષ્ટિએ મૂર્ખ છે. મહાન પુરૂષોને મન આત્મિક સંપત્તિ આગળ ભૌતિક સંપત્તિનું કંઈજ મહત્વ નથી.

આત્માના અખંડ ઉપાસક અધ્યાત્મયોગી આનંદઘનજી મહાત્મા થઈ ગયા. એમણે જ્યારે દીક્ષા લીધી ત્યારે એમનો એક મિત્ર પણ એમની સાથે દીક્ષા લેવા તૈયાર થયો ત્યારે એમણે કહ્યું, ભાઈ! જૈન ધર્મની દીક્ષા બહુ કઠિન છે. તારામાં એવી યોગ્યતા દેખાતી નથી. સાધુનો વેશ પહેરી લેવા માત્રથી કલ્યાણ થઈ જતું નથી પણ વેશ પરિવર્તનની સાથે પ્રકૃતિનું પરિવર્તન થાય તો જ આત્માનું કલ્યાણ થાય છે, એટલે એમના મિત્રે સંન્યાસીની દીક્ષા લીધી અને આનંદઘનજીએ જૈન ધર્મની દીક્ષા લીધી. આનંદઘનજી યોગી મહારાજ સંયમ લઈને આત્માનંદમાં મસ્ત બન્યા. લોકોને એમના ઉપર એવી શ્રદ્ધા હતી કે આ મહાત્માના દર્શન કરીએ તો આપણાં પાપ ધોવાઈ જાય. એમની ચરણરજ મસ્તકે ચઢાવીએ તો આપણા દુઃખ અને દરિદ્ર દૂર થઈ જાય, તેથી લોકો એમની પાસેથી ખસે જ નહિ. આખો દિવસ માણસો ભરાયેલા રહે, ત્યારે મહાત્મા આનંદઘનજીએ વિચાર કર્યો કે હું વસ્તીમાં રહીશ તો આ લોકો મને જંપવા દેશે નહિ. મારે તો આત્માની સાધના કરવી છે. આત્મસાધના કરવા માટે આનંદઘનજી નગર છોડીને જંગલમાં જઈને વસ્યા. એમને સત્કાર સન્માનની કે ખાવા પીવાની પડી ન હતી. એમને તો બસ એક આત્મકલ્યાણ કરવાની લગની હતી. તેઓ ગામ છોડીને જંગલમાં ગયા તો જંગલમાં પણ એમની પાછળ લોકોના ટોળેટોળાં ઉમટવા લાગ્યા પણ એ તો મોટાભાગે આત્માની સાધના કરવામાં લીન બન્યા.

એમના મિત્ર જે સંન્યાસીની દીક્ષા લીધી હતી તે પણ સંન્યાસીનો વેશ પહેરીને પર્વત, ગુફા અને જંગલમાં રહેવા લાગ્યો. જંગલમાં અનેક પ્રકારની વનસ્પતિઓમાંથી ખૂબ મહેનત કરીને એક પ્રકારનું રસાયણ પ્રાપ્ત કર્યું. એ રસાયણનું એક ટીપું જો લોખંડ ઉપર પડે તો લોખંડ સોનું બની જાય. સંન્યાસીએ વિચાર કર્યો કે મેં આવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે તો મારા મિત્ર આનંદઘનને હું રસાયણ મોકલાવું. એમ વિચાર

કરીને સંન્યાસીએ એક કાચની શીશીમાં રસાયણ ભરીને પોતાના શિષ્યને કહ્યું કે મારા મિત્ર જૈન સાધુ છે. એનું નામ આનંદઘનજી છે. મોટાભાગે તે જંગલમાં આત્માનંદમાં મસ્ત રહે છે માટે તું વનવન ફરવું પડે તો ફરજે પણ મહાત્મા આનંદઘનજીને શોધીને રસની બાટલી તું હાથોહાથ આપજે. શિષ્ય તો લઈને ગયો. શોધતાં શોધતાં એક વર્ષ થયું ત્યારે જંગલમાં એક પથ્થરની શિલા ઉપર મસ્ત બનીને બેઠેલા મહાત્મા આનંદઘનજીનો ભેટો થયો. સંન્યાસીએ આનંદઘનજી મહાત્માના ચરણમાં નમન કરીને રસાયણની બાટલી આપી, ત્યારે મહાત્માએ પૂછયું કે ભાઈ! આ શું છે? ને તું ક્યાંથી લાવ્યો છે? મિત્રના શિષ્યે કહ્યું–મહાત્માજી! આપના મિત્રે સંન્યાસીની દીક્ષા લીધી છે. એમનો હું શિષ્ય છું એમણે બાર વર્ષ સુધી સાધના કરીને જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે આપને ભેટ મોકલી છે. આ અમૂલ્ય રસાયણ છે. એનું એક જ ટીપું લોખંડ ઉપર નાંખવામાં આવે તો હજારો મણ લોખંડનું સોનું બની જાય છે. આખી દુનિયાની સંપત્તિ આ શીશીમાં સમાયેલી છે.

જેમને માત્ર આત્મ સિદ્ધિની જ ઝંખના છે અને આત્માની સિદ્ધિ માટે જ જેઓ તપ–ત્યાગ, ધ્યાનાદિ સાધના કરી રહ્યા હતા તેમને મન આવી સિદ્ધિનું શું મહત્ત્વ હોય એમણે તો શીશી હાથમાં લઈને પોતે જે પથ્થરની શિલા ઉપર બેઠા હતા તેના ઉપર જોરથી પછાડી, એટલે શીશી ફૂટી ગઈ ને રસાયણ ઢોળાઈ ગયું. આ જોઈને સંન્યાસીના શિષ્યને ખૂબ ક્રોધ આવ્યો, અરે, મારા ગુરૂએ આ મૂર્ખને આવું કિંમતી રસાયણ શા માટે મોકલાવ્યું? જેની પાછળ બાર બાર વર્ષો ગુમાવ્યા એ રસાયણનો એણે આ દશા કરી! આના કરતાં ન મોકલાવ્યું હોત તો સારું થાત. એના મુખ ઉપરના ભાવ જોઈને આનંદઘનજીએ કહ્યું–કેમ ભાઈ! તને ક્રોધ આવ્યો? ત્યારે કહે છે મારા ગુરૂએ તમને કેટલા પ્રેમથી આવું કિંમતી રસાયણ મોકલાવ્યું. એની સિદ્ધિ કરતા એમને બાર વર્ષ થયા ને તમને શોધતાં મને એક વર્ષ લાગ્યું ત્યારે મને આજે તમારા દર્શન થયા. મને તો એમ હતું કે મારા ગુરૂના મિત્ર કેવાય હશે, પણ તમે તો મૂર્ખના સરદાર લાગો છો કે મારા ગુરૂએ પ્રેમથી મોકલાવેલા રસાયણને તમે ઢોળી નાંખ્યું, પછી ક્રોધ ન આવે તો શું થાય?

આનંદઘનજીએ કહ્યું–તારા ગુરૂએ બાર બાર વર્ષ સુધી સાધના કરી ત્યારે લોખંડને સુવર્ણ બનાવવાની સિદ્ધિ મેળવી કે બીજું કંઈ? એની સિદ્ધિ તો લોખંડને સોનું બનાવે છે પણ પથ્થરને સોનું બનાવી શકતી નથી, ત્યારે મારી પાસે તો લોખંડ અને પથ્થર બંનેને સોનું બનાવવાની સિદ્ધિ છે. એમ કહીને પોતાની લઘુનીતિ પથ્થરની શીલા ઉપર છાંટી તો પથ્થરની શીલા સોનાની બની ગઈ. એને પ્રત્યક્ષ બતાવીને કહ્યું કે જા....તારા ગુરૂને કહેજે કે આત્મસાધનાનો અમૂલ્ય સમય તે આ નજીવી સિદ્ધિમાં ગુમાવ્યો! આત્મસિદ્ધિ માટેની સાધના કરતા આવી સિદ્ધિ તો સહેજે પ્રાપ્ત થાય

છે, એને માટે કોઈ સાધના કે મહેનત કરવી પડતી નથી. મને તો વગર મહેનતે આવી સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. પ્રત્યક્ષ પુરાવો જોઈને સંન્યાસીનો શિષ્ય ઠંડોગાર બની ગયો કે શું આ મહાત્માની સાધના છે ને શું એમની સિદ્ધિ છે! દ્રવ્યસિદ્ધિ બતાવવા આવેલો શિષ્ય ભાવ આત્મસિદ્ધિનો સંદેશો લઈને ગયો.

બ્રહ્મદત્ત ચક્રવર્તિએ અમૂલ્ય સાધના ગુમાવીને આ ભૌતિક ઋદ્ધિ-સિદ્ધિ માંગી અને માંગ્યા પ્રમાણે મળી ગઈ. ચક્રવર્તિના જે ચૌદ રત્નો અને નવ નિધિ હોય છે તે બધું સામેથી એમને આવીને મળે છે. ગઈ કાલે ચક્રવર્તિના ચૌદ રત્નોમાં સાત એકેન્દ્રિય રત્નો શું શું કાર્ય કરે છે તે વિષે સમજાવ્યું હતું. હવે સાત પંચેન્દ્રિય રત્નો કયા? (૧) સેનાપતિ રત્ન (૨) ગાથાપતિ રત્ન (૩) વાર્ધિક રત્ન (૪) પુરોહિત રત્ન (૫) સ્ત્રી રત્ન (૬) અશ્વરત્ન (૭) ગજરત્ન. આ સાત પંચેન્દ્રિય રત્નો છે.

"સાત પંચેન્દ્રિય રત્નોનું કાર્ય" :- (૧) "સેનાપતિ રત્ન" વચલા બે ખંડોને તો ચક્રવર્તિ જીતે છે અને ચારે ખૂણાના ચારે ખંડ સેનાપતિ જીતે છે. વૈતાઢય પર્વતની ગુફાના દ્વાર દંડરત્નથી ખોલે છે અને મ્લેચ્છોનો પરાજય કરે છે. (૨) "ગાથાપતિ રત્ન" ચર્મરત્નને પૃથ્વીના આકારે બનાવી તેના ઉપર ચોવીસ પ્રકારનું ધાન્ય, બધી જાતના મેવા, મસાલા અને શાકભાજી વિગેરે દિવસના પ્રથમ પ્રહરે વાવે છે તે બીજા પ્રહરમાં પાકી જાય છે ને ત્રીજા પ્રહરે તૈયાર કરીને ચક્રવર્તિને અવડાવી દે છે. તમારું વિજ્ઞાન ગમે તેટલું આગળ વધ્યું હોય પણ એનામાં આવી શક્તિ છે કે પહેલા પ્રહરે વાવણી કરે, બીજા પ્રહરે અનાજ પાકી જાય ને ત્રીજા પ્રહરે એ ખાવામાં કામ લાગી જાય! આ તો વિજ્ઞાન કરતાં પણ આગળ વધી જાય તેવું આ વિજ્ઞાન છે. (૩) "વાર્ધિક રત્ન" :- (સુથાર) એ મુહુર્ત માત્રમાં બાર યોજન લાંબા ને નવ યોજન પહોળા ૪૨ માળના મહેલો, પૌષધશાળા, રથશાળા, પાકશાળા, બજાર વિગેરે બધી સામગ્રીથી પરિપૂર્ણ નગર વસાવી દે છે. માર્ગે જતાં ચક્રવર્તિ તેમાં સપરિવાર નિવાસ કરે છે. (૪) "પુરોહિત રત્ન" શુભ મુહુર્ત બતાવે છે. હસ્તરેખા, તલ-મસ વિગેરે, સ્વપ્ન, અંગનું ફરકવું વિગેરેના ફળ કહે છે. શાંતિપાઠ કરે, જાપ કરે છે. આ ચારેય રત્નો ચક્રવર્તિના નગરમાં હોય છે. (૫) "સ્ત્રી રત્ન" વૈતાઢય પર્વતના ઉત્તર શ્રેણીના માલિક વિદ્યાધરની પુત્રી હોય છે. એ મહા રૂપવતી અને સદા કુમારિકા જેમ યુવતી રહે છે. એનું દેહમાન ચક્રવર્તિથી ચાર આંગુલ ઓછું હોય છે. એ પુત્ર પ્રસવ કરતી નથી. (૬) "અશ્વરત્ન" :- પૂંછડેથી મુખ સુધી ૧૦૮ આંગુલ લાંબો, ખુરથી કાન સુધી ૮૦ આંગુલ ઉંચો, ક્ષણભરમાં ધારેલા સ્થાને પહોંચાડનારો અને વિજયપ્રદાન કરનારો હોય છે. (૭) "ગજરત્ન" :- ચક્રવર્તિથી બમણો ઉંચો હોય છે. મહા સૌભાગ્યશીલ, કાર્યદક્ષ અને અતિસુંદર હોય છે. આ ઘોડો અને હાથી બંને વૈતાઢય પર્વતના મૂળમાં ઉત્પન્ન થાય છે. આ બધા રત્નો ચક્રવર્તિ મહારાજાના હોય છે અને નવનિધિ હોય

છે. એ નવ નિધિ કઈ તે જાણો છો ? ચૌદ રત્નની વાત કરી. હવે સાથે નવનિધિની વાત વિચારીએ. (૧) "નૈસર્પનિધિ"–થી ગ્રામાદિ વસાવવાની, સેનાનો પડાવ નાંખવાની સામગ્રી અને વિધિ પ્રાપ્ત થાય છે. (૨) "પંડૂક" નિધિથી ધન અને ફળ મળે છે. (૩) "સર્વરત્નનિધિ"થી ચક્રવર્તિના ચૌદ રત્નો તથા સર્વ જાતના ઝવેરાતની પ્રાપ્તિ થાય છે. (૪) "પિંગલનિધિ"થી મનુષ્ય અને પશુના આભરણોની પ્રાપ્તિ થાય છે. (૫) "મહાપદ્મનિધિ"થી બધી જાતના વસ્ત્રોની તથા વસ્ત્રોને રંગવા ધોવાની વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. (૬) "કાલનિધિ"થી અષ્ટાંગ નિમિત્તના ઇતિહાસના તથા કુંભકારાદિ કર્મના શિલ્પશાસ્ત્રની પ્રાપ્તિ થાય છે. (૭) "મહાકાલનિધિ"થી સોનું વિગેરે બધી જાતના ધાતુના વાસણો તથા રોકડ ધનની પ્રાપ્તિ થાય છે. (૮) "માણવક મહાનિધિ"થી બધી જાતના અસ્ત્ર શસ્ત્રોની પ્રાપ્તિ થાય છે. (૯) "શંખનિધિ"થી ધર્મ, અર્થ, કામ અને મોક્ષના સાધન બતાવનાર શાસ્ત્રોની તથા પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, સંકીર્ણ, ગદ્યપદ્યમય શાસ્ત્રોની તથા બધી જાતના વાજિંત્રોની પ્રાપ્તિ થાય છે. આ નવ મહાનિધિ પેટીની જેમ બાર યોજન લાંબી, નવ યોજન પહોળી, આઠ યોજન ઊંચી, આઠ પૈડાવાળી જ્યાં સમુદ્રની સાથે ગંગાનદી મળી છે ત્યાં રહે છે. જ્યારે ચક્રવર્તિ અઠ્ઠમ તપ કરીને એનું આરાધન કરે છે ત્યારે ત્યાંથી નીકળીને ચક્રવર્તિના પગમાં નીચે આવીને રહે છે. એમાંથી દ્રવ્યમય વસ્તુઓ તો સાક્ષાત્ નીકળે છે અને કર્મરૂપ (કાર્ય કરવા રૂપ) વસ્તુને બતાવતી વિધિઓના પુસ્તકો નીકળે છે. જેને વાંચીને ઇષ્ટ અર્થની સિદ્ધિ કરી શકાય છે.

આ ચૌદ રત્નો અને નવનિધિઓ આ બધું જ્યાં સુધી રાજ્યમાં ચક્રવર્તિ રહે છે ત્યાં સુધી રહે છે. જો ચક્રવર્તિ દીક્ષા લે તો એમના દીક્ષા લીધા બાદ અગર જો દીક્ષા ન લે અને સંસારમાં રહે તો તેમનું આયુષ્ય પૂરું થયા બાદ એ પોતપોતાના સ્થાને ચાલ્યા જાય છે, પછી ચક્રવર્તિના પુત્રને માટે રહેતા નથી. કારણ કે એ બધું ચક્રવર્તિની પુન્નાઈથી મળે છે, એટલે બીજા કોઈ એને ભોગવી શકતા નથી. એ ચૌદ રત્નો અને નવનિધિનું રક્ષણ કરવા માટે ચૌદ હજાર દેવો નિયુક્ત કરેલા હોય છે. તે દેવો જ આ બધું કાર્ય કરે છે. આવા ચક્રવર્તિના ચૌદ રત્નો અને નવનિધિ હોય છે. ચક્રવર્તિની બીજી ઋદ્ધિ કેટલી હોય છે તેના વિશેષ ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેન રાજાના કેવા ગાઢ કર્મનો ઉદય થયો છે. જે સાંભળતા પણ આપણું હૃદય કંપી જાય છે. કેટલી હોંશે નવલાખની મિલકત લઈને આવતો હતો ને આ શું થયું ? વાંદરો ગોદડી લઈ ગયો. ગોદડી લઈને વાંદરો ઝાડે ઝાડે ફૂદકા ભરવા લાગ્યો. જોતજોતામાં તો વાંદરો દેખાતો બંધ થઈ ગયો ને કયાંનો કયાંય પહાડ ઉપર ચાલ્યો ગયો. ભીમસેન તો જોતો જ રહી ગયો, એના બધા પ્રયત્નો નિષ્ફળ ગયા.

"તટી પડેલું ભીમસેનનું હૃદય" :" હવે તો ગોદડી મળવાની કોઈ આશા જ ન રહી. ભીમસેનનું હૈયું નંદવાઈ ગયું. ઘોર નિરાશાથી એનું મન ભાંગી ગયું.

એના મુખ ઉપર ભારે વિષાદના વાદળો છવાઈ ગયા અને કકળતા હૈયે વિચાર કરવા લાગ્યો. અરે, ભગવાન ! આ તે મારી કેવી જિંદગી છે ! સુખનો શ્વાસ તો મેં માંડ હજુ લીધો હતો ત્યાં હે વિધાતા ! તેં આ દુઃખનો દીર્ઘ નિઃશ્વાસ મને ક્યાં આપ્યો ? કેવા ઉમંગ અને ઉલ્લાસથી હું સ્નાન કરી રહ્યો હતો ! કેટલા અરમાનોથી હું મારા હૈયાને ભરી રહ્યો હતો. સુશીલાની સ્મૃતિમાં હું સ્ફૂર્તિ અનુભવી રહ્યો હતો. ઘણાં સમયે મને મારી પત્ની અને પુત્રોનું મિલન થશે. હાથમાં હવે આટલું બધું ધન આવ્યું છે એટલે અમારી ગરીબાઈ અને ભૂખમરાનો અંત આવશે. સુખેથી રોટલો ખાઈને શાંતિથી નિંદર લઈશું, અને મારા વહાલા દેવસેન અને કેતુસેન પણ લાડ-પ્યાર અને સુખ સગવડમાં ઉછરશે. કેટલું રમ્ય સ્વપ્ન હું નિહાળી રહ્યો હતો. પણ....હાય....મારા ભાગ્યને કંઈ જુદું જ મંજૂર છે. આમ કહેતો કપાળ કૂટવા લાગ્યો ને રડવા લાગ્યો કે અરેરે....મારે સ્નાન કર્યા વિના શું નહોતું ચાલતું ! ભિખારીના વેશે ગયો હોત તો શું સુશીલા મને કાઢી મૂકવાની હતી ? આ મારી મૂર્ખાઈનું પરિણામ છે. હવે આ યાતનાઓ મારાથી સહન થતી નથી. સુશીલા અને કુમળા ફૂલ જેવા બાળકો તો બિચારા હજુ ખીલીને વિકસ્વર થાય તે પહેલાં એમના પર દુઃખની ઝડીઓ પડવા માંડી છે. એમની કેવી કરૂણ સ્થિતિ હશે ! હે ભગવાન ! હવે તો હદ થઈ ગઈ. સ્વજનોની વેદના અને પરિતાપ મારાથી સહન થતા નથી. હવે કોઈ પણ રીતે જીવનનો અંત લાવવો છે.

"બીજી વાર જીવનનો અંત લાવતો ભીમસેન." :- આ પ્રમાણે નિશ્ચય કરીને તરત જ ભીમસેને મરવાની તૈયારી કરી. ત્યાં નજીકમાં જ એક વડલાનું ઝાડ હતું ત્યાં ગયો. વડલાની વડવાઈઓ જમીન સુધી પથરાયેલી હતી. તે તેણે પોતાના ગળે વીંટાળી બરાબર બાંધી ફાંસો બરાબર નાંખીને લટકવા લાગ્યો. વડવાઈઓના કઠણ પાશથી તેનો શ્વાસ રૂંધાવા લાગ્યો. આંખો ઊંચે ચઢી ગઈ. નસો તણાઈને બહાર ઉપસી આવી. રૂંવાડા ખડા થઈ ગયા. હવે જીવન અને મૃત્યુને બે ઘડીનું છેટું હતું, પણ દુઃખના સમયે મૃત્યુ પણ એને વહાલું નથી બનતું. જેટલા આવેગથી ને આવેશથી એ મૃત્યુને ભેટવા ગયો એના બમણા આવેગથી મૃત્યુ એનાથી દૂર ભાગતું હતું.

"મૃત્યુના મુખમાંથી બચાવતાં સંન્યાસી." :-ભીમસેન જીવન અને મૃત્યુની વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. તે જ વખતે એક જટાધારી સંન્યાસી બાવાએ લટકતા ભીમસેનને જોયો. આ દૃશ્ય જોતાં સંન્યાસીના મનમાં થયું કે આ યુવાન શા માટે આમ મરે છે ? તેથી એકદમ ત્રિશૂળ વડે વડની વડવાઈને છેદી નાંખી. તરત ભીમસેન જમીન ઉપર પડ્યો, ગળામાંથી ફાંસો કાઢી સંન્યાસીએ ભીમસેનને કમંડળમાં ઠંડું પાણી હતું તે છાંટ્યું, અને પોતાના ખોળામાં એનું માથું લઈને પ્રેમથી પંપાળવા લાગ્યો. આ રીતે ઘણી વાર કર્યું ત્યારે ભીમસેન કંઈક શુદ્ધિમાં આવ્યો. જેવો શુદ્ધિમાં આવ્યો એવો જ એના મુખમાંથી શબ્દ નીકળ્યો. "અરિહંત" આ સાંભળીને સંન્યાસીના મનમાં

થયું કે આ માણસ જૈનધર્મી લાગે છે. એને ધર્મની કેટલી શ્રદ્ધા છે કે મૃત્યુના મુખમાં સૂતો છે છતાં ભગવાનનું નામ ભૂલતો નથી. થોડી વારે ભીમસેન સંપૂર્ણ ભાનમાં આવ્યો ત્યારે પોતાનું માથું એક સંન્યાસીના ખોળામાં જોયું એટલે પૂછયું–મહાનુભાવ ! આપ કોણ છો ? અને હું અહીં કયાંથી આવ્યો ? ત્યારે સંન્યાસીએ સત્ય વાત કહી દીધી.

ભીમસેને કહ્યું–મહાત્મા ! તમે મને શા માટે બચાવ્યો ? મને મરવા દેવો હતો ને ! ત્યારે સંન્યાસીએ કહ્યું કે ભાઈ ! યુવાનીમાં તું મોતને ભેટવા ઉઠયો છે તેથી લાગે છે કે તું ઘણો દુઃખી છે. તારા દુઃખનું શું કારણ છે તે મને કહે. હું મારાથી બનતા પ્રયત્ને તારું દુઃખ દૂર કરવાનો પ્રયત્ન કરીશ. સાધુના આશ્વાસન ભરેલા શબ્દો સાંભળીને ભીમસેને પોતાની દુઃખથી ભરેલી સઘળી કહાની કહી સંભળાવી. એ કહેતાં કહેતાં પણ એની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યા. એના દુઃખની કહાની સાંભળીને સંન્યાસીની આંખો પણ કરૂણાથી ભીની થઈ અને એણે કહ્યું–વત્સ ! તું હિંમત ન હાર. બનવા કાળે બધું બન્યા કરે છે. તેનો શોક ન કર. હવે જટાધારી સંન્યાસી ભીમસેનને પોતાની સાથે કયાં લઈ જશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૫૫

ભાદરવા વદ ૭ ને બુધવાર "પ્રમાદનો ત્યાગ" તા. ૧૨-૯-૭૯

અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોએ જગતના જીવો ઉપર સ્નેહની સરવાણી વહાવીને સિદ્ધાંત રૂપ વાણીનું નિરૂપણ કર્યું છે. વીતરાગ પ્રભુની વાણી ભવ્ય જીવોને સંસાર રૂપી જેલમાંથી મુક્ત કરાવનારી છે. જેમ કોઈ માણસ ગુનો કરે તો એને સરકાર જેલમાં પૂરે છે તેમ આ જીવ અનંતકાળથી પાપકર્મ રૂપી ગુના કરી રહ્યો છે, તેથી કર્મરાજાએ એને શરીર રૂપી જેલમાં પૂરી દીધો છે. જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી જીવ જેલમાં છે. કર્મ પૂરા થાય એટલે જેલમાંથી મુક્ત થવાનું છે. જ્યાં શરીર છે ત્યાં વૃદ્ધત્વ છે, રોગ છે, અનેક પ્રકારની ઝંઝટો છે. એટલા માટે ભગવાન કહે છે કે **कम्मुणा उवाहि जायइ**। કર્મથી ઉપાધિઓ ઉત્પન્ન થાય છે. આ ઉપાધિઓમાંથી જલ્દી મુક્ત થવા માટેનું જો કોઈ સાધન હોય તો ચારિત્ર છે. ચારિત્ર વિના ત્રણ કાળમાં ઉદ્ધાર થવાનો નથી, માટે આત્માને કર્મની કેદમાંથી મુક્ત કરવો હોય તો પ્રમાદનો ત્યાગ કરી સંયમ માર્ગ અપનાવો. સંપૂર્ણ ત્યાગ માર્ગ ન અપનાવી શકો તો ખેર, જેટલી બને તેટલી આરાધના તો કરો. આજે કરીશ....કાલે કરીશ....એમ પ્રમાદમાં પડીને માનવજીવનનો અમૂલ્ય સમય ગુમાવો નહિ. મહાન પુરૂષો કહે છે કે,

जं कल्ले कायव्वं, अज्जेव तं वरं कालं ।
मच्चु अकरण हिअओ, न हु दीसइ आवयन्तो वि ॥

કાલ ઉપર કોઈ કામ રાખશો નહિ. કાલે કરવાનું શુભકાર્ય આજે જ કરી લો, કારણ કે મૃત્યુ મુખ ફાડીને સામે ઉભું છે. કાલે આપણે અહીં રહીશું કે નહિ તેની આપણને ખબર નથી. આ શ્લોક આપણને કેવી સુંદર હિત શિખામણ આપે છે કે કોઈ પણ શુભકાર્ય કાલ ઉપર રાખો નહિ. કાલ ઉપર રાખવાથી શો ફાયદો ? શુભ કાર્યમાં આત્મસાધના કરવાના અમૂલ્ય સમયમાં આળસ અને પ્રમાદ જો પગદંડો જમાવીને બેસી જશે તો જે કરવા જેવું છે તે બાજુમાં રહી જશે. મહાન પુરૂષો માનવ સામે એક પ્રશ્ન કરે છે કે હે માનવ ! આ ઉત્તમ માનવદેહ પામીને તારું કર્તવ્ય શું ? ત્યારે કોઈ કહેશે કે ધન મેળવવું અને માન, પ્રતિષ્ઠા મેળવવા માટે મરી ફીટવું એ કર્તવ્ય છે, ત્યારે બીજા કોઈ એમ કહે છે કે આનંદ મેળવવા માટે કટિબદ્ધ બનવું એ કર્તવ્ય છે, કોઈ કહે છે કે ખાવું, પીવું, ખેલવું, સારા વસ્ત્રાભરણોથી શરીરને સજાવવું ને મોજમજા માણવી એ કર્તવ્ય છે. આ રીતે જુદા જુદા કર્તવ્યોના સંબંધમાં ફસાયેલ માનવ એ જ દિશામાં ડગ ભરે છે ને પરિણામે જે કરવા જેવું છે તે કાલ ઉપર રહી જાય છે.

આજનો માનવ ક્યાંય પગ વાળીને બેસતો નથી. જેટલી ઝડપે તે દોડી રહ્યો છે, આકાશને આંબી રહ્યો છે ને પૃથ્વીના પેટાળમાં પેસી રહ્યો છે, જગતનો ખૂણેખૂણો એ ખૂંદી રહ્યો છે છતાં એને હજુ કર્તવ્યની દિશા મળી નથી ને શાંતિનો સાચો રાહ એણે અપનાવ્યો નથી. આનંદના અખૂટ ભંડાર એના અંતરના ઓરડામાં ભરેલા છે. પણ આત્મસાધના દ્વારા ખોલવા માટે જરા પણ પ્રયત્ન કરતો નથી, માટે માનવે કર્તવ્યની ભૂમિકા સમજવાની ખાસ જરૂર છે. કર્તવ્ય સમજાશે તો કોઈ કામ કાલ ઉપર રાખવાનું મન નહિ થાય. અરે ! વ્યવહારમાં પણ આજનું કામ કાલ ઉપર રાખવા જતાં ઘણાં માણસો જીવનમાં હાર ખાઈ જાય છે પછી એ જલ્દી ઉંચા આવી શકતા નથી.

ચિકાગોથી ભરેલું વહાણ દરિયા કાંઠે આવી પહોંચ્યું ને શેઠને સમાચાર આપવામાં આવ્યા કે વહાણ આવી ગયું છે. આપ આવો તો માલ ઉતારી લઈએ. આ વખતે શેઠ પત્તાની રમત રમવા મશગૂલ હતા. ઉંચું જોવાની એમને ફુરસદ ન હતી. થોડી વાર પછી આવું છું એવો જવાબ આપ્યો. રમતનો રંગ બરાબર જામ્યો હતો. શેઠને બીજો કોઈ વિચાર કરવાની ફુરસદ ન હતી. સાંજ પડવા આવી. દરિયા કિનારેથી વારંવાર તેડા આવવા લાગ્યા છતાં શેઠ ન ગયા, છેવટે કહેવડાવી દીધું કે આજની રાત એમ જ રહેવા દો. કાલે માલ ઉતારી લઈશું. રાત્રે સમુદ્રમાં ભયંકર તોફાન જાગ્યું, શેઠનું વહાણ ભાંગીને ભુક્કો થઈ ગયું, અને ધનવાન શેઠ રસ્તે રખડતા ભિખારી જેવા થઈ ગયા. થોડી આળસને કારણે પરિણામ વિપરિત આવ્યું. આટલા માટે મહાન પુરૂષો વારંવાર આપણને કહી રહ્યા છે કે કાલે કરવાનું કાર્ય આજે કરો ને આજે

કરવાનું કાર્ય હોય તે હમણાં જ કરી લો. કોઈ પણ કાર્યને કાલ ઉપર રાખવું એ મૂર્ખતા છે તો પછી આત્મ-સાધનાના કાર્યને આવતી કાલ ઉપર રખાય જ કેમ! કાલની વિકરાલ તલવાર માથા ઉપર લટકી રહી છે છતાં માનવ ભાન ભૂલીને ભોગમાં મશગૂલ બની રહ્યો છે. તેને સમયની કિંમત સમજાતી નથી.

ભગવાન મહાવીર સ્વામી પણ ગૌતમસ્વામીને વારંવાર ટકોર કરતા હતા કે **"સમયં ગોયમ મા પમાયએ."** હે ગૌતમ! એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ. સાધક જો પ્રમાદને પરવશ બની જાય તો એની બધી બાજી ઉંધી વળી જાય. મોહની ઘેરી નિદ્રાને છોડીને જાગૃત દશા સુધી પહોંચવું છે તો એ માટેનો પ્રયત્ન કાયમ ચાલુ રાખવો પડશે. સંસારના પાપના કાર્યો કાલ ઉપર રાખો પણ ધર્મના કાર્યો કાલ ઉપર રાખશો નહિ. સૈન્યના મોખરે રહેલા વીર સૈનિકો જો થોડી પણ આળસ કરે તો એમની જીતની બાજી હારમાં પલ્ટાઈ જાય. પેઢીઓનો વહીવટ ચલાવનાર શેઠ જો પૂરતું ધ્યાન ન આપે તો એમના ઉડતા પતંગની દોરી કટ થઈ જતાં વાર ન લાગે. વિમાનનો પાયલોટ જો સ્હેજ ગફલત કરે તો વિમાન સાથે એના પણ ભુક્કા બોલી જાય. આ જ વાત આપણા જીવનમાં ઉતારવાની છે. પ્રમાદની પરવશતા જીવને પ્રગતિની પગદંડીએથી ગબડાવી દેનારી છે. એવું સમજીને આપણે આળસ અને પ્રમાદને દૂર કરીને આગળ વધવા માટે ભગીરથ પુરૂષાર્થ કરવાની જરૂર છે.

બંધુઓ! આટલું વાકય તમારા અંતરમાં લખી રાખો કે "કોઈ પણ શુભ કાર્ય કાલ ઉપર રાખો નહિ." આજે સુયોગ છે. સાધનાનો સુસમય છે માટે આજનું કાર્ય આજે કરો. મૃત્યુ તો માનવમાત્રની પાછળ ભમી રહ્યું છે. કાળ કયારે એના જડબામાં ઝડપી લેશે તેની ખબર નથી, છતાં મોજશોખ અને વૈભવ વિલાસમાં શું પડી રહ્યા છો? હવે જાગૃત બનો. શુભકાર્યમાં પ્રમાદ ન કરો.

ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રેન નહિ જો સોવત હૈ,
જો જાગત હૈ સો પાવત હૈ, જો સોવત હૈ વો ખોવત હૈ

હે આત્માઓ! પ્રમાદની પથારી અને આળસનું ઓશીકું છોડીને બેઠા થાઓ. આંખમાંથી ઉંઘ ઉડાડો. રાત્રિ પૂરી થઈને પ્રભાત પ્રગટયું છે. હવે નહિ જાગો તો કયારે જાગશો? જે અવસરને ઓળખીને જાગે છે તે જીવનમાં કંઈક પામે છે અને જે મોહનિદ્રામાં ભાન ભૂલીને ઘસઘસાટ ઉંઘ્યા કરે છે તે આત્મકલ્યાણ કરવાની અમૂલ્ય તકને ગુમાવી દે છે, પછી ફરી ફરીને આવી અમૂલ્ય તક જીવનમાં આવવી મુશ્કેલ છે. આવો ઉત્તમ મનુષ્યભવ, આર્યદેશ, ઉત્તમ કુળ અને આત્મકલ્યાણ કરવા માટે જિનશાસન મળ્યું છે. એમાં પાછી વીતરાગ ભગવાનની વાણી સાંભળવાનો યોગ મળ્યો છે તો આ તકને કેમ ચૂકાય? ભગવાનની વાણી તો ભવસાગરમાં ભૂલા પડેલા માનવીને સાચો રાહ બતાવનારી છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાન કહે છે કે

वणंसि मूढस्स जहा अमूढा, मग्गाणुसासंति हियं पयाणं।
तेणेव मज्झ इणमेव सेयं, जं मे बुहा समणुसासयंति ॥ अ. १४. गाथा १०

ઘોર જંગલમાં દિશામૂઢ થયેલો, માર્ગ ભૂલેલો માનવી માર્ગ ભૂલવાથી ગભરાઈ જાય છે. આમતેમ ભટકે ને આકુળવ્યાકુળ બની જાય છે. આવા સમયે એને કોઈ માર્ગ બતાવનાર ભોમિયો મળી જાય તો તે માણસ કેટલો ખુશ થાય છે? પોતાને માર્ગ બતાવનારને જીવિતદાન આપનાર માનીને તેના ઉપર પ્રસન્ન થઈને તેનો મહાન ઉપકાર માને છે. એક સામાન્ય ઉપકાર કરનાર ઉપકારીને પણ જીવનભર ભૂલતા નથી તો પછી જે ભગવાને અનાદિકાળથી ભૂલા પડેલા એવા આપણને બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો તો એમનો આપણે કેટલો ઉપકાર માનવો જોઈએ? ભલે અત્યારે તીર્થંકર ભગવાન આપણી સામે ઉપસ્થિત નથી પણ ભગવાનની વાણી તો આપણી પાસે મોજૂદ છે. ભગવાનની વાણી ભવાટવીમાં ભૂલા પડેલા જીવરૂપ મુસાફરને માટે ભોમિયા સમાન છે. એના સહારે આપણે તરવાનું છે. આવા ભગવાનનો આપણે કેટલો ઉપકાર માનવો જોઈએ!

આપણે અધિકારમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિની વાત ચાલે છે. ચક્રવર્તિને ૧૪ રત્નો અને ૯ નિધિ પ્રાપ્ત થાય છે તે વાત આપ સાંભળી ગયા. હજુ ચક્રવર્તિ મહારાજની રિદ્ધિ કેટલી હોય છે તે બતાવતા કહે છે કે ચક્રવર્તિને બે હજાર આત્મરક્ષક દેવો, બત્રીસ હજાર દેશોના બત્રીસ હજાર મુકુટબંધી રાજા તેમના સેવક હોય છે, ચોસઠ હજાર રાણીઓ હોય છે. ચોરાશી લાખ હાથી, તેટલા ઘોડા, તેટલા જ રથ અને છન્નુ કોડ પાયદળ, ૩૨,૦૦૦ નૃત્યકાર, ૧૬,૦૦૦ રાજધાની, ૧૬,૦૦૦ દ્વીપ, નવ્વાણું હજાર દ્રોણમુખ, છન્નુકોડ ગ્રામ, ઓગણપચાસ હજાર બાગ, ચૌદહજાર મહામંત્રી, સોળહજાર મ્લેચ્છ રાજા સેવક, સોળ હજાર રત્નોની ખાણ, વીસ હજાર સોના ચાંદીના ભંડાર, ૪૮,૦૦૦ પાટણ, ત્રણકોડ ગોકુળ (દશ હજાર ગાયોનું એક ગોકુળ), ૩૬૦ રસોઈયા, આઠહજાર પંડિતો, ચોસઠ હજાર બેતાળીશ માળના મહેલો, ૪ કરોડ મણ અનાજ રોજ વપરાય, ૧૦ લાખ મણ મીઠું રોજ વપરાય, ૭૨ મણ હિંગ રોજ વપરાય. આટલી ચક્રવર્તિની રિદ્ધિ હોય છે. હવે તેઓ છ ખંડ કેવી રીતે સાધે છે તે વાત વિચારીએ.

ચૌદ રત્નો પ્રાપ્ત થયા પછી ચક્રવર્તિ છ ખંડ સાધવા માટે જાય છે, ત્યારે ચક્રરત્ન આગળ ચાલે છે. તેની પાછળ ચક્રવર્તિ મહારાજા સૈન્ય સહિત ચાલે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ છ ખંડ સાધવા માટે કાંપિલ્યપુરથી નીકળ્યા. ચક્રની પાછળ બ્રહ્મદત્ત ચક્રવર્તિ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાંના રાજાઓ ચક્રવર્તિની આણ સ્વીકારી લઈ તેને સોનું, રૂપું અને રત્નોની ભેટ આપે છે. એમ ચાલતાં ચાલતાં માગધતીર્થ પાસે આવે છે. ત્યાં ૧૨ × ૯ યોજનમાં પડાવ નાંખે છે. વાર્ધિક રત્ન ચક્રવર્તિ માટે એક પૌષધશાળા તૈયાર કરે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ માગધતીર્થના દેવને સાધવા માટે પૌષધ

શાળામાં જઈને અઠ્ઠમ કરે છે, પછી સૈન્ય સહિત લવણ સમુદ્રમાં થોડે સુધી ગયા ને પછી ધનુષ્ય પર બાણ ચઢાવીને બોલ્યા કે જે નાગ, અસુર કે સુવર્ણદેવ હોય તે મારી આજ્ઞા સ્વીકારો. એમ કહીને બાણ છોડયું. તે બાણ બાર યોજન દૂર રહેલ માગધતીર્થના અધિપતિના ભવનમાં જઈને પડયું. બાણ જોઈને પહેલાં તો તે ખૂબ ગુસ્સે થાય છે, પણ જ્યારે તે બાણ ઉપર બ્રહ્મદત્ત ચક્રવર્તિનું નામ જોયું ત્યાં દેવ શાંત થઈ ગયો, અને પછી વિચાર કર્યો કે પૂર્વે થઈ ગયેલા, વર્તમાનમાં હું અને ભવિષ્યમાં જે કોઈ આ જગ્યાએ માગધતીર્થકુમાર દેવ થશે તે બધાનો એ જીત આચાર છે કે ચક્રીને ભેટ આપે. એમ વિચાર કરીને હાર, મુકુટ, વસ્ત્ર, આભરણ, તીર્થનું પાણી વિગેરે લઈને બ્રહ્મદત્ત ચક્રવર્તિ પાસે આવ્યો અને અંતરિક્ષ આકાશમાં રહીને નાની નાની ઘૂઘરીઓ ઘમકાવતો પાંચ રંગના ઉત્તમ વસ્ત્રો પહેરેલ એવો તે દેવ બ્રહ્મદત્ત ચક્રવર્તિને બે હાથ જોડી જય વિજય શબ્દોથી વધાવીને કહેવા લાગ્યો કે,

"બ્રહ્મદત્ત ચક્રીના ચરણમાં દેવો" :- હે દેવાનુપ્રિય! હું આપનો આજ્ઞાધારક નોકર છું. આપ મારી આ ભેટ સ્વીકારો. બ્રહ્મદત્ત ચક્રવર્તિએ તેની ભેટ સ્વીકારી. તેનો સત્કાર સન્માન કરી રવાના કર્યો, પછી બ્રહ્મદત્ત ચક્રીએ રથને પાછો ફેરવી માગધતીર્થથી લવણ સમુદ્ર પાર કર્યો. ત્યાં પ્રજાને બોલાવી ૮ દિવસ આનંદ કરવા કહે છે, પછી ચક્ર વરદામ તીર્થ તરફ ચાલે છે. બ્રહ્મદત્ત મહારાજા સૈન્ય સહિત તેની પાછળ ચાલે છે. પછી આગળની જેમ વરદામ તીર્થનો દેવ બ્રહ્મદત્ત ચક્રીની પાસે આવે છે ને અનેક જાતની ભેટ આપે છે, પછી ચક્ર પ્રભાસતીર્થ તરફ ચાલે છે. ત્યાં ચક્રી ૩ ઉપવાસ કરે છે. ત્યાંનો દેવ આવીને ભેટો આપે છે. પછી ચક્ર ત્યાંથી સિંધુ નદી તરફ ચાલે છે. ત્યાં ત્રણ ઉપવાસ કરે છે તેથી સિંધુ દેવીનું આસન ચળે છે. દેવી ઉપયોગ મૂકીને જુએ છે, પછી ભેટો લઈને બ્રહ્મદત્ત મહારાજા પાસે આવે છે અને ભેટો આપે છે. અઠ્ઠમનું પારણું કરી પ્રજાને બોલાવી આઠ દિવસનો મહોત્સવ કરે છે. પછી ચક્ર વૈતાઢય પર્વત તરફ ચાલે છે. ચક્રી ૩ ઉપવાસ કરે છે. વૈતાઢય ગિરિકુમાર દેવનું આસન ચલે છે. દેવ ઉપયોગ મૂકીને જુએ છે તો બ્રહ્મદત્ત ચક્રીને દેખે છે. તે ઉત્તમ પ્રકારનું ભેટણું લઈને ચક્રવર્તિને આપે છે ને દેવ ચાલ્યો જાય છે. પછી ચક્ર તિમિસ્ર ગુફા તરફ ચાલે છે. ચક્રી ૩ ઉપવાસ કરે છે. કૃતમાલ દેવનું આસન ચલે છે. તે ભેટણું લઈને ચક્રી પાસે આવે છે. આ દેવ જે ભેટણું લાવે છે તેમાં ખાસ કરીને ચક્રવર્તિના સ્ત્રીરત્ન માટે તિલક પ્રમુખ ૧૪ પ્રકારના આભરણ લાવે છે. તે આ પ્રમાણે (૧) હાર (૨) અર્ધહાર (૩) એકાવલી (૪) કનકાવલી (૫) રત્નાવલી (૬) મુક્તાવલી (૭) કેયુર (૮) કડા (૯) ત્રુટિત (૧૦) મુદ્રા (૧૧) ઉરસૂત્ર (૧૨) ચુડામણી (૧૩) કુંડલ અને (૧૪) તિલક.

અહીં સુધી ચક્રવર્તિએ છ તેલા (અઠ્ઠમ) કર્યા, પછી બ્રહ્મદત્ત ચક્રીએ પોતાના

સેનાપતિને બોલાવીને કહ્યું કે હે દેવાનુપ્રિય! તમે સિંધુ નદીની પશ્ચિમ દિશાએ રહેલ નાનો ખંડ સાધો અને વિજય પ્રાપ્ત કરીને વજ્ર, રત્ન વગેરે લાવો. આ સેનાપતિ કાંઈ સામાન્ય નથી હોતા. એ ચક્રવર્તિના ૧૪ રત્ન માંહેનો એક રત્ન છે. તે કેવા છે? તેનું વર્ણન કરતા શાસ્ત્રકાર કહે છે કે તે ચતુરંગ (હાથી, ઘોડા, રથ અને પાયદળ) લશ્કરના સ્વામી, ભરતક્ષેત્રમાં પ્રસિદ્ધ, મહા પરાક્રમવંત, મહાત્મા, ઓજસ્વી, તેજસ્વી, મ્લેચ્છ લોકોની બધી ભાષાના જાણકાર, અનેક જાતની મનોહર ભાષા બોલવાવાળા, ભરત ક્ષેત્રના બધાં વિષમ, ગુપ્ત અને ગંભીર સ્થાનોના જાણકાર, અર્થ અને નીતિશાસ્ત્રના જાણકાર હોય છે.

આવા સેનાપતિ રત્ન બ્રહ્મદત્ત ચક્રવર્તિની આજ્ઞા સાંભળીને ખુશ થયા ને બંને હાથ જોડી નમસ્કાર કરીને વિનયપૂર્વક કહેવા લાગ્યા કે "તહત્તિ" આપની આજ્ઞા મુજબ કરીશ. એમ કહીને સૈન્યને તૈયાર કરી સિંધુ નદીની પાસે આવ્યા અને ચર્મરત્ન હાથમાં ગ્રહણ કર્યું. તરત જ તે ચર્મરત્ન નાવ જેવું બની ગયું. તેના ઉપર આખું એ સૈન્ય સિંધુ નદી પાર કરી ગયું અને ઘણા દેશ સાધી તેમની પાસેથી વસ્ત્ર આભૂષણનાં ભેટણાં લીધા, પછી બ્રહ્મદત્ત ચક્રવર્તિ પાસે આવીને બધી વાત કરી અને જે જે દેશો પોતે જીત્યા હતા તેની વિગત કહી સંભળાવી તેથી ચક્રવર્તિ મહારાજા ખુશી થયા અને સેનાપતિને ધન્યવાદ આપી વિદાય કર્યો. હજુ બ્રહ્મદત્ત ચક્રવર્તિ સેનાપતિને શું આજ્ઞા કરશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેનને આપઘાત કરતા સંન્યાસીએ બચાવ્યો અને આપઘાત કરવાનું કારણ પૂછયું ત્યારે ભીમસેને પોતાની સઘળી કહાની કહી સંભળાવી. એ સાંભળીને સંન્યાસીનું હૃદય પીગળી ગયું ને કહ્યું ભાઈ! તું ચિંતા ન કર. મારી સાથે ચાલ. હું સુવર્ણ-સિદ્ધિનો પ્રયોગ કરવા જાઉં છું. મારા એ પ્રયોગમાં તું મને સાથ આપ. તારી તો નવલાખ રૂપિયાની મિલ્કત ગઈ છે પણ હું જે સુવર્ણસિદ્ધિ કરવા જાઉં છું ત્યાં તો ક્રોડો રૂપિયાનો માલ મળશે. કાર્ય બધું મારે કરવાનું છે. તારે તો માત્ર હું કહું એમ જ કરવાનું છે. મારું કાર્ય સિદ્ધ થશે પછી તને કોઈ જાતનું દુઃખ નહિ રહે. આવા આશ્વાસન ભર્યા શબ્દો સાંભળીને ભીમસેનને ખૂબ આનંદ થયો ને ઉપકારની લાગણીથી ભીમસેનનું હૈયું ગદ્‌ગદિત બની ગયું ને તે સંન્યાસીના પગમાં પડયો. સંન્યાસીએ તેના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા એટલે ભીમસેનના પગમાં જોમ આવ્યું ને કહ્યું–મહાત્માજી! મારા પુણ્યોદયે તમે મને મળ્યા. તમે મને મરતા બચાવ્યો ને હવે તો તમે મને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા એટલે મને તો લાગે છે કે હવે મારું બધું દુઃખ ચાલ્યું ગયું. આપની કૃપાથી હું સુખી થઈશ. હું આપની સાથે આવવા તૈયાર છું. ભીમસેન બધી નિરાશા ખંખેરીને સંન્યાસીની સાથે ચાલવા લાગ્યો.

"જટાધારી જોગીની સાથે ગયેલો ભીમસેન" :– બંને જણા ચાલતાં ચાલતાં અતિ ઘનઘોર અને નિબિડ જંગલમાં આવ્યા. આ જંગલમાંથી પસાર થતા સંન્યાસીએ રસ્તામાં કયાંકથી ચાર તુંબડા લીધા. પોતાને જે પ્રયોગ કરવાનો છે તેથી તેણે પોતાના પ્રયોગ અનુસાર જ્યાં જ્યાંથી અનુકૂળ ને જરૂરી સામગ્રી મળી ત્યાં ત્યાંથી તેણે ભેગી કરવા માંડી ચાર તુંબડામાંથી બે તુંબડામાં સંન્યાસીએ તેલ ભર્યું અને બે તુંબડા ખાલી રાખ્યા. ખાલી તુંબડા પોતાની પાસે રાખ્યા ને તેલથી ભરેલા તુંબડા ભીમસેનના હાથમાં આપ્યા. બંને હાથમાં એકેક તુંબડું પકડીને ભીમસેન કર્મની વિચિત્રતા ઉપર વિચાર કરતો ચાલતો હતો. ચાલતાં ચાલતાં બંને જણા જંગલ વટાવી એક પર્વત આગળ આવી પહોંચ્યા. બંને જણાં પર્વત ઉપર થોડું ચઢયા પછી એક મોટી ગુફા આવી, એટલે તેઓ ગુફામાં દાખલ થયા. આ ગુફામાં ખૂબ અંધારું હતું. તેથી એક મશાલ સળગાવી. તે પ્રકાશના સહારે બંને આગળ વધવા લાગ્યા. ગુફામાં ઝેરી જનાવરો અને પક્ષીઓના ચિત્કાર સંભળાતા હતા. પર્વતની કંદરાઓમાં સૂતેલા વાઘ–સિંહની ત્રાડો સંભળાતી હતી. કાચાપોચા માણસનું તો હાર્ટ જ બેસી જાય એવી એ ભયાનક ગુફા હતી, પણ આ તો બંને જણા ભડવીર હતા. તેમાંય પાછા સ્વાર્થ માટે સાહસ કરવા નીકળ્યા હતા એટલે ડર રાખે કેમ પાલવે ? જંગલી સર્પનાગ, ચામાચિડિયા વિગેરેથી બચતા ને તેનાથી સાવધ બની તેઓ એક કુંડ પાસે આવીને ઉભા રહ્યા.

"સુવર્ણરસની સિદ્ધિ" :– આ કુંડમાં ચળકાટ મારતો સુવર્ણરસ ઉછળી રહ્યો હતો. તે રસ એટલો બધો ગરમ હતો કે દૂર સુધી તેની અગનઝાળ લાગતી હતી. આ સંન્યાસીએ તો દૂરથી કંઈક મંત્રોનો જાપ કર્યો ને ભીમસેનને આંખો બંધ કરવાનું કહ્યું. જાપ પૂરો કરીને સંન્યાસીએ કહ્યું ૐ સ્વાહા....ૐ સ્વાહા....ભીમસેને પણ સૂચના મુજબ એ બે શબ્દોનું બે વાર પુનરાવર્તન કર્યું, એટલે અગનઝાળ શીતળ થવા માંડી. સંન્યાસીએ બે ખાલી તુંબડા કુંડમાં બોળ્યા એટલે ગડડડ....ગડડડ અવાજ થયો. એ સાથે જ ભીમસેને તેમાં તેલની ધાર ભેળવી. સંન્યાસીએ પાછા કંઈક મંત્રોચ્ચાર કર્યા, પછી ફરીથી બને જણાએ ૐ સ્વાહાનો સાત વાર જાપ કર્યો અને ચારે તુંબડા ભરીને બંને જણા ગુફાની બહાર આવ્યા ને પહાડ પરથી નીચે ઉતર્યા.

સંન્યાસીએ કહ્યું–વીર ભીમસેન ! આ તુંબડાઓમાં સુવર્ણરસ છે તેનું એક ટીપું સો મણ લોખંડ ઉપર નાંખવામાં આવે તો તે બધું સોનું બની જશે. વર્ષોની મહેનત બાદ મેં આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. હું તને એક તુંબડું આપું છું. તેનો તું સદુપયોગ કરજે. તેનાથી તારી નિર્ધનતાનો અંત આવશે. ભીમસેને કહ્યું–મહાત્મા ! આપની મારા ઉપર અપરંપાર કરૂણા છે. આપે મારા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. હું આ રસના એકેક બુંદનો સદુપયોગ કરીશ. એમ કહીને તે સંન્યાસીના ચરણમાં પડયો, પછી

સંન્યાસીએ કહ્યું, ભાઈ! ચાલ, હવે આપણે ક્ષિતપ્રષ્ઠિત નગરમાં પહોંચી જઈએ. સંન્યાસી અને ભીમસેન બંને ચાલતાં ચાલતાં ક્ષિતપ્રષ્ઠિત નગરના પાદરમાં આવી પહોંચ્યા. વિષમવનમાં એકધારો ઝડપભેર સતત પ્રવાસ કર્યો હતો એટલે ભીમસેન ખૂબ થાકી ગયો હતો, પણ સુવર્ણરસની પ્રાપ્તિ થઈ હતી તેથી બંનેને ખૂબ આનંદ હતો. બંને જણા નગરની બહાર એક યક્ષના મંદિરની નજીક એક વડલાની છાયામાં વિસામો ખાવા બેઠા. થોડી વાર પછી સંન્યાસીએ કહ્યું, ભીમસેન! મને ખૂબ ભૂખ લાગી છે. મારું પેટ ભૂખથી ભડકે બળે છે. તને પણ ભૂખ તો લાગી હશે. તો લે આ એક રૂપિયો ને તું આ નગરમાંથી મીઠાઈ લઈ આવ, પછી આપણે બંને ભેગા બેસીને ખાઈએ. પછી તો આપણે કયારેય મળીશું! ભીમસેન કહે–ભલે, હું મીઠાઈ લેવા જાઉં છું. એક રૂપિયો લઈને ભીમસેન મીઠાઈ લેવા જશે ને પાછળથી સંન્યાસીની બુદ્ધિ કેવી રીતે બદલાશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૫૬

ભાદરવા વદ ૮ ને ગુરુવાર "કર્મનું નાટક" **તા. ૧૩-૯-૭૯**

અનંતજ્ઞાની ભગવંતે કહ્યું કે હે ભવ્ય જીવો! કર્મો જીવને વિવિધ પ્રકારની યોનિઓમાં જન્મ–મરણ કરાવે છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે

सव्वे सयकम्म कप्पिया, अवियत्तेण दुहेण पाणिणो
हिंडन्ति भयाउला सढा, जाइ जरा मरणेहिंऽभिदुया ॥अ.२. उ.३ गाथा १८

સંસારના ઉદર રૂપી આવાસમાં નિવાસ કરવાવાળા સર્વ પ્રાણીઓ સંસારમાં પર્યટન કરતા થકા સ્વયં જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના પ્રભાવથી સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, એકેન્દ્રિયાદિ અવસ્થાઓ કર્માનુસાર પ્રાપ્ત કરે છે, અને એ અવસ્થાઓમાં અલક્ષિત દુઃખોથી દુઃખી હોય છે ને અરહટ યંત્રની માફક વારંવાર યોનિઓમાં પરિભ્રમણ કરતા જન્મ–જરા–મરણથી પીડિત અને ભયથી વ્યાકુળ બનેલા પ્રાણીઓ વારંવાર સંસારચક્રમાં પરિભ્રમણ કરે છે. અનંતાકાળથી પોતાના કરેલા કર્મો જીવને ભવોભવમાં ભમાવે છે.

પૂર્વ પાપ ફલસે નિગોદ, ગોલે મેં પડા જીવ દુઃખવંત,
સૂક્ષ્મ ઔર બાદર શરીર ધર, વહાં બિતાયા કાલ અનંત
નિકલ વહાંસે પંચ સ્થાવર, ગતિમેં ભટકા કાલ અનંત,
ભોગા કષ્ટ વહાં જો ઈસને, કહતે ઉસે ન આયા અંત.

ભૂતકાલમાં પાપકર્મના યોગે, અશુભ કર્મના દબાણથી આ જીવ નિગોદના ગોળા કે જ્યાં ચૈતન્યશક્તિ એકદમ દબાયેલી હોય છે. એક સ્પર્શેન્દ્રિય પણ જ્યાં બહુ ઓછી

શક્તિવાળી હોય છે ત્યાં ઉત્પન્ન થયો, અને અનંતા જીવો વચ્ચે એક શરીર પામ્યો એટલું જ નહિ પણ સૂક્ષ્મ અને બાદર નિગોદમાં થઈને અનંત કાળ સુધી નિવાસ કર્યો. એકેન્દ્રિયમાં ભ્રમણ કરતાં, દુઃખ વેઠતાં કર્મો ઓછા થયા ત્યારે કંઈક ઉંચી પદવી પર આવ્યો, એટલે એકેન્દ્રિયમાંથી બેઈન્દ્રિય થયો. ત્યાં સંખ્યાતકાળ સુધી પર્યટન કરીને અનુક્રમે તેઇન્દ્રિય અને ચઉરિંદ્રિયમાં ઉત્પન્ન થયો. ત્યાં પણ દુઃખ ભોગવતા સંખ્યાત કાળ સુધી ભમ્યો, ત્યાર પછી પંચેન્દ્રિયમાં પ્રવેશ કર્યો. તેમાં પણ નારકી તિર્યંચ કે જ્યાં દુઃખ જ છે ત્યાં સુખ વગરનો કાળ વ્યતીત કર્યો.

બંધુઓ! જીવને ઉપજવાનું ક્ષેત્ર લોકાકાશ પરિમિત છે. ઉપજવાની યોનિઓ અનેક છે, પણ કાળ અપરિમિત છે. આ કારણે કર્મવશ જીવને ઘણું પરિભ્રમણ કરવું પડયું છે. આ સંસાર સમુદ્રમાં તરવાના સાધનો કરતા ડૂબવાના સાધનો ઘણાં વધારે છે. શાસ્ત્રમાં પુણ્ય બાંધવાના નવ પ્રકાર કહ્યા છે ને પાપ બાંધવાના અઢાર પ્રકાર કહ્યા છે. ધર્મ કરવાનો કાળ સ્વલ્પ છે ત્યારે પાપને માટે તો અનંતકાળ છે. સાધારણ રીતે જોઈએ તો જ્યાં ને ત્યાં આ જીવને પાપનો યોગ મળવાથી અશુભ કર્મનો લેપ થવાથી નીચ યોનિમાં ઘણો સમય પસાર કરવો પડયો. એકેક ઠેકાણે કેટલો કાળ પસાર કરવો પડયો તે વાત આપણે પહેલાં કહી ગયા.

આ લોકમાં નિષ્કૃષ્ટમાં નિષ્કૃષ્ટ સ્થાન હોય તો તે નિગોદનું છે, કારણ કે ત્યાં અનંત જીવોની ભાગીદારી વચ્ચે એક જ શરીર હોય છે. તમે વહેપારમાં ભાગીદારી કરો, એક બાપને ચાર દીકરા હોય ને રહેવા માટે એક જ ઘર હોય તો તે પણ સરખે ભાગે વહેંચી આપવું પડે એટલે એક ઘરમાં ચાર ભાઈઓ વચ્ચે ભાગીદારી થઈ શકે છે. બાપની મિલકતમાં જેટલા દીકરા હોય તેટલા ભાગીદારી કરી શકે છે. બીજી દરેક ચીજોમાં ભાગીદારી કરી શકાય છે પણ શરીરમાં ભાગીદારી કરી શકાતી નથી, પણ નિગોદમાં તો જીવે શરીરમાં ભાગીદારી કરી છે. એક શરીરમાં ભાગીદાર ઘણાં ને પાછું શરીર કેટલું? કીડી કે કંથવા જેટલું હોત તો હજુ પણ ઠીક પણ એ તો એનાથી પણ અત્યંત સૂક્ષ્મ હોય છે. જેમ કે એક સોયના અગ્ર ભાગ ઉપર કંદનો જેટલો ભાગ રહી શકે તેટલામાં અસંખ્યાત શ્રેણી અને પ્રતર છે. એકેક શ્રેણી ઉપર અસંખ્યાત ગોળા છે અને એકેક ગોળામાં અસંખ્યાત શરીરો છે તો વિચાર કરો કે એક શરીરમાં કેટલી થોડી જગ્યા આવી? આવા નિષ્કૃષ્ટ ક્ષુદ્ર શરીરમાં ઇન્દ્રિય માત્ર એક સ્પર્શેન્દ્રિય છે અને પર્યાપ્તિ ચાર છે, પણ તે અનંત જીવો વચ્ચે છે. એટલે અનંતા જીવોને એક શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિથી શ્વાસ લેવાનો હોય છે. તે જીવોની ભવસ્થિતિ ઘણી થોડી છે. તંદુરસ્ત માણસના એક શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં તો તેના ઝાઝેરા સાડાસત્તર ભવ થઈ જાય છે. એટલી વાર જન્મે છે ને મરે છે. આશ્ચર્યની વાત તો એ છે કે મરીને પુનઃ તે કાયમાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ સૂક્ષ્મ નિગોદ

અને બાદર નિગોદમાં થઈને અનંતકાળ સુધી નિગોદમાં ભવ કર્યા છે. આને કાયસ્થિતિ કહેવામાં આવે છે. એક ભવની જે સ્થિતિ હોય તે ભવસ્થિતિ અને બીજી કાયમાં ગયા વિના એક જ કાયમાં ઉત્પન્ન થયા કરે તેને કાયસ્થિતિ કહેવામાં આવે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ ભગવાને કહ્યું છે કે,

पुढवीकायमइगओ, उक्कोसं जीवा उ संवसे।
कालं संखाइयं, समयं गोयम मा पमायए॥ अ १०, गाथा ५

આ જીવ સૂક્ષ્મ પૃથ્વીકાય અને બાદર પૃથ્વીકાયમાં ગયો ત્યાં વધુમાં વધુ રહે તો અસંખ્યાત કાળ સુધી રહે છે. એવી રીતે અપકાય, તેઉકાય, વાઉકાયમાં પણ વધુમાં વધુ અસંખ્યાત કાળ સુધી રહે અને વનસ્પતિકાયમાં અનંતકાળ સુધી રહે. આ રીતે પાંચ સ્થાવરમાં દરેક જીવોને ઉત્કૃષ્ટો આટલો વખત નિવાસ કરવો પડયો છે. આ સ્થાવર નામ કર્મનો વ્યય થતાં જ્યારે ત્રસનામ કર્મનો ઉદય થયો ત્યારે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિયમાં ક્રમે ક્રમે ચઢયો. ત્યાં પણ દરેક સ્થળે રોકાણ તો ઘરું જ. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય એ ત્રણેની કાયસ્થિતિ ઉત્કૃષ્ટ સંખ્યાત વર્ષની છે. કર્મનું જો વધારે દબાણ હોય તો એ દરેકમાં ઉત્કૃષ્ટ કાયસ્થિતિએ સમય પસાર કરતો જ્યારે જીવ પંચેન્દ્રિયમાં આવે ત્યારે નારકી દેવતામાં તો એકેક ભવ થાય છે, કારણ કે ત્યાં ભવસ્થિતિ એ જ કાયસ્થિતિ છે.

મનુષ્ય અને તિર્યંચમાં નિરંતર સાત આઠ ભવનો નિવાસ થઈ શકે પણ એમાં મનુષ્યભવ તો પૂરા પુણ્યના યોગે જ મળે. બાકીને માટે તો તિર્યંચનો ભવ છે ત્યાં ઉત્કૃષ્ટ સાત આઠ ભવ કરે. આ કાયસ્થિતિ પ્રમાણે એકેક સ્થાવરમાં લગોલગ અસંખ્યાતા અને વનસ્પતિકાયમાં તો અનંતા ભવ કર્યા. કારણ કે પૃથ્વીકાયની ભવસ્થિતિ ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની, પાણીની સાત હજાર વર્ષની, અગ્નિની ત્રણ અહોરાત્રિની, વાયરાની ત્રણ હજાર વર્ષની. વનસ્પતિમાં પ્રત્યેકની દશ હજાર વર્ષનો અને સાધારણની અંતમુહુર્તની, બેઇન્દ્રિયની બાર વર્ષનો, તેઈન્દ્રિયની ૪૯ દિવસની, ચઉરિન્દ્રિયનો છ માસની, નારકી, દેવતાની તેત્રીસ સાગરોપમની અને મનુષ્ય તિર્યંચની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે. નારકી અને દેવની જઘન્ય ભવસ્થિતિ દશ હજાર વર્ષની છે. બાકી બધાની અંતર્મુહુર્તની છે. અંતર્મુહુર્તના અનેક ભેદો હોવાથી અંતર્મુહુર્તમાં એક ભવ પણ થાય ને અનેક ભવ પણ થાય છે તે એટલે સુધી કે સાધારણ વનસ્પતિમાં નાનામાં નાના ભવો એક અંતર્મુહુર્તમાં ૬૫૫૩૬ થાય છે. પ્રત્યેક વનસ્પતિમાં ૩૨૦૦૦, પૃથ્વી પાણી, અગ્નિ અને વાયુમાં ૧૨૮૨૪, બેઈન્દ્રિયમાં ૮૦, તેઈન્દ્રિયમાં ૬૦, ચઉરિન્દ્રિયમાં ૪૦, અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ૨૪ અને સંજ્ઞી પંચેન્દ્રિયમાં એક અંતર્મુહુર્તમાં એક ભવ થાય છે. આવી રીતે નાના અને મોટા ભવો સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા કર્યા. મનુષ્ય અને દેવ સિવાય દરેક યોનિમાં પાર વિનાનું દુઃખ ભોગવ્યું અને અવ્યક્તપણામાં અનંતો કાળ પસાર કર્યો.

આ રીતે અનંતકાળ સુધી વિવિધ યોનિઓમાં ભવભ્રમણ કરતા અને દુઃખો ભોગવતાં જ્યારે વધારે અશુભ કર્મો ક્ષીણ થયાને શુભ કર્મોનો ઉદય થયો અથવા ત્યાં કાંઈ સુકૃતનો યોગ મળતા પુણ્યનો સંચય થયો ત્યારે અતિ પુણ્યના યોગથી ચિંતામણી રત્ન કરતા પણ વધારે કિંમતી અને ઘણી મુશ્કેલીથી મળી શકે તેવો આ મનુષ્ય ભવ પ્રાપ્ત થયો. આવા ઉત્તમભવમાં મનુષ્યે જાગૃત બનીને બને તેટલી આત્મસાધના કરી લેવી જોઈએ. જે આવું અમૂલ્ય જીવન પામીને કંઈ આત્મસાધના કરતો નથી, હિંસા જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ જેવા પાપકર્મોમાં રક્ત રહે છે તેને ઉપર કહી ગયા પ્રમાણે અનંતા ભવો કરવા પડે છે ને ભયંકર દુઃખો ભોગવવા પડે છે માટે આવું સમજીને પાપકર્મથી અટકો. માણસ પરિગ્રહની મમતાથી એક સામાન્ય ચોરી જેવું પાપ કરે છે તો પણ એને અહીં સરકાર પકડે છે ને ગુનાની સજા કરે છે તો પછી ભયંકર પાપકર્મોની પરભવમાં કેવી સજા ભોગવવી પડે!

એક શહેરમાં એક ગરીબ વિધવા માતાને એકનો એક છોકરો હતો. માતા લોકોના કામકાજ કરીને પેટ ભરતી હતી. આમ કરતા આ છોકરો બાર વર્ષનો થયો ત્યારે એની માતા એને એક છાબડીમાં પૂરીઓ બનાવીને વેચવા મોકલતી. આ છોકરો જ્યાં માણસોની વધુ અવરજવર હોય ત્યાં જઈને પૂરીઓ વેચવા બેસતો. એમાંથી જે કંઈ ત્રણ ચાર આના મળે અને માતા લોકોના કામ કરે એમાંથી પોતાનો નિર્વાહ કરતા. એક વખત ગામ બહાર મેળા જેવો પ્રસંગ હતો ત્યારે આ છોકરો પૂરીઓની છાબડી લઈને વેચવા ગયો. એક પથ્થરની શીલા ઉપર બેઠો. એક આનામાં બે પૂરી આપતો. નાના બાલુડાની કાલી બોલી સાંભળીને દયાળુ માણસો એક આનો આપીને બે પૂરી ખરીદતા ને પ્રેમથી ખાઈ જતા. છોકરો જે પૈસા આવતા તે બધા છાબડીમાં નાંખતો. એક આનામાં બે પૂરી આપતો એટલે લગભગ બધી આનીઓ ભેગી થઈ હતી. એની બધી પૂરીઓ વેચાઈ જવા આવી હતી. થોડી જ બાકી હતી. એ સમયે એક માણસ પૂરી ખરીદવા આવ્યો ત્યારે નાનકડા છોકરાની છાબડીમાં બધી આનીઓ જોઈને એની દાનત બગડી. છોકરાને કહે છે–ભાઈ! તારી પૂરીનો શું ભાવ છે? છોકરાએ કહ્યું એક આનાની બે પૂરી. શેઠ! હવે તો ચાર પૂરી છે. તમારે જોઈએ તો લઈ લો.

છોકરાથી થોડે દૂર એક ગરીબ વૃદ્ધ માણસ બેઠો હતો. એના સામું જોઈને કહે છે કે મારે પૂરી બાવી નથી પણ સામે પેલો ગરીબ માણસ ભૂખ્યો છે એને મારે પૂરી ખવડાવવી છે માટે તું એમ કર. આ ચાર પૂરી એને આપો આવ, પછી હું તને બે આના આપું છું ત્યાં સુધી હું અહીં ઉભો છું. છોકરો બિચારો ભદ્રિક હતો. એના મનમાં કે આ સજ્જન માણસ છે, કેવો દયાળુ છે કે ગરીબની દયા કરે છે, એટલે ખવડાવવા ગયો. ત્યાં પેલો માણસ છાબડીમાંથી આનીઓ લઈને પલાયન થઈ

ગયેા. પચાસ આનીએા હતી. છેાકરેા પૂરીએા આપીને આવે ત્યાં આનીએા નહિ ને પેલેા માણસ પણ નહિ. છાબડી ખાલી પડી છે. આ ગરીબ છેાકરેા તેા બિચારેા કાળા પાણીએ રડવા લાગ્યેા. અરેરે....મારી આનીએા કયાં ગઈ? છેાકરેા તેા પથ્થર સાથે માથા પટકાવે છે ને રડે છે, કારણ કે ગરીબ હતેા. માંડ માંડ આટલા પૈસા મળ્યા હતા, તેમાંથી લેાટ, તેલ વિગેરેના પૈસા ભરવાના હતા. એમાંથી થેાડેા નફેા મળે તે લેવાનેા હતેા. છેાકરાનેા કરૂણ કલ્પાંત જોઈને ભલભલાનું હૃદય કંપી ઉઠતું હતું. આ સમયે એક દયાળુ વકીલ ત્યાંથી નીકળ્યેા. આ છેાકરાને રડતેા જોઈને એની પાસે આવીને પૂછયું કે બેટા! તું કેમ રડે છે?

છેાકરાએ કહ્યું–સાહેબ! આ પથ્થરની શીલા મારી પચાસ આનીએા ગળી ગઈ છે. એનેા ન્યાય કરેા. મારે એની સામે કેાર્ટમાં કેશ કરવેા છે. વકીલ સમજી ગયા કે શીલા કંઈ થેાડી પૈસા ગળી જાય, પણ કેાઈ ઉઠાવી ગયું હશે. તેમણે છેાકરાને પૂછયું કે પૈસા મૂકીને તું કયાંય ગયેા હતેા? ત્યારે છેાકરાએ રડતા રડતા બધી વાત કહી, એટલે હેાશિયાર વકીલ બધી વાત સમજી ગયેા ને છેાકરાને રડતેા છાનેા રાખીને કહ્યું–બેટા! કાંઈ નહિ. કાલે કેાર્ટમાં આ પથ્થરની શીલા સામે કેશ માંડીશું. એમ કહીને વકીલ પથ્થરની શીલા કેાર્ટમાં લઈ ગયેા ને આ છેાકરાને કેાર્ટમાં આવવાનું કહ્યું. અને જાહેરાત કરી કે આવતી કાલે અદાલતમાં આ નાનકડેા છેાકરેા પથ્થરની શીલા સામે ફરિયાદ કરે છે તેનેા કેશ ચાલશે ને તેનેા યેાગ્ય ન્યાય કરવામાં આવશે. સાથે એ પણ જાહેરાત કરાવી કે જેને જોવા આવવું હેાય તેને એક આની સાથે લેતા આવવું. આની સિવાય કેાઈ પૈસા નહિ લાવવાના. આવી વાત સાંભળીને લેાકેાને ખૂબ આશ્ચર્ય લાગ્યું કે નાનકડેા છેાકરેા પથ્થરની શીલા સામે શું ફરિયાદ કરશે? અને વકીલ એનેા શું ન્યાય કરશે? આવું જોવાનું તેા બહુ ગમેને?

લેાકેાના ટેાળેટેાળાં તમાસેા જોવા માટે ઉમટયા. વકીલે શીલા પાસે પાણીથી ભરેલી બાલ્ટી મૂકાવી અને બે માણસેા ઉભા રાખ્યા. એમને બરાબર સૂચના આપી દીધી. દરવાજા પાસે પહેરેગીરેા ઉભા રાખેલા હતા. જે જોવા આવે તે આની નાંખે. તેના ઉપર માણસેા ખૂબ ધ્યાન રાખતા. આમ કરતા આનીએા ચેારનાર પણ આવ્યેા. તેણે એક આની પાણીની બાલ્ટીમાં નાંખી. આની ચીકણી હેાવાથી પાણીમાં નાંખી કે ચીકાશ ઉપર આવી. તેલનેા સ્વભાવ છે કે તે તરત જણાઈ આવે. જેવી ચીકાશ દેખી કે તરત તેને પકડી લીધેા. ને વકીલને હવાલે કર્યેા. વકીલે પૂછયું તેં આ છેાકરાની આનીએા ચેારી લીધી છે ને? તેા તેણે ના કહી. વકીલ કહે તમારી ચીકણી આની ઉપરથી તમે પકડાઈ ગયા છેા. તમે ચેાર છેા. એમાં શંકા નથી, ત્યારે છેાકરાએ કહ્યું–હા સાહેબ! આ માણસ જ હતેા. એણે મને કહ્યું કે તું સામે બેઠેલા ગરીબ માણસને પૂરી આપી આવ. હું તને પછી પૈસા આપું છું. હું પૂરી આપીને આવ્યેા ત્યાં તેા ન મળે માણસ કે ન મળે મારી આનીએા, માત્ર ખાલી છાબડી જ પડી હતી.

પેલા માણસને વકીલે કહ્યું કે તમે આ છોકરાની પચાસ આનીઓ આપી દો. અને ચોરી કરી તેના દંડપેટે રૂપિયા સો આ છોકરાને આપો. નહિતર હાથકડી કરીને જેલમાં પૂરી દેવામાં આવશે. હવે સો રૂપિયા આપવા જ પડે ને? પેલા માણસે ખિસ્સામાંથી આનીઓ કાઢી તો છોકરાના કહ્યા પ્રમાણે બધી આની ચીકણી નીકળી. વકીલ દયાળુ ને હોશિયાર હતા તો સાચો ન્યાય કર્યો ને ગરીબ છોકરો ખુશ થયો. સાચો ન્યાયાધીશ કોઈની શરમ ભર્યા સિવાય સાચો ન્યાય કરે છે. એવી રીતે કર્મરાજાની અદાલતમાં પણ સહુને સરખો ન્યાય મળે છે. ત્યાં કોઈની લાંચરુશ્વત કે લાગવગ ચાલતી નથી. કર્મ કરતી વખતે ખ્યાલ નહિ રાખો તો કર્મરાજાની કોર્ટમાં કેવો આકરો દંડ આપવો પડશે!

હવે ચાલુ અધિકારનો વિચાર કરીએ. બ્રહ્મદત્ત ચક્રવર્તિ છ ખંડ સાધવા માટે નીકળ્યા છે. ચક્રરત્ન એમને જે જે માર્ગ બતાવે છે તે રીતે બ્રહ્મદત્ત ચક્રવર્તિ આગળ વધતા જાય છે. જે જે ચક્રવર્તિ બને છે તેઓ પહેલા મધ્યખંડને સાધે છે, પછી સેનાપતિ રત્ન દ્વારા સિંધુ ખંડને જીતે છે, ત્યાર પછી ગુણનુપ્રવેશ નામના રત્ન દ્વારા વૈતાઢય પર્વતનું ઉલ્લંઘન કરીને ત્યાંના મધ્યખંડને જીતે છે, પછી ગંગાખંડ અને સિંધુખંડને સાધીને તે પોતાની રાજધાનીમાં આવે છે. ગંગાખંડ અને સિંધુખંડની ગંગાદેવી અને સિંધુદેવી ચક્રવર્તિઓની સેવિકા બનીને રહે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ છ ખંડ ઉપર વિજય મેળવીને પોતાની રાજધાનીમાં આવ્યા. પ્રજાજનોએ ખૂબ ઉત્સાહ અને ઉમંગભેર બ્રહ્મદત્ત ચક્રવર્તિનું સ્વાગત કર્યું. બ્રહ્મદત્ત ચક્રવર્તિ વાજતે ગાજતે હર્ષભેર પોતાના મહેલે આવ્યા ને ચક્રવર્તિપણાના સુખો ભોગવવા લાગ્યા. તે સમયે શું બનાવ બને છે.

"સિંહાસને બેઠેલા ચક્રવર્તિ પાસે નાટયકળા બતાવતા નાટયકારો"

મનુષ્યલોકમાં ચક્રવર્તિની સાહ્યબી જેવી કોઈની સાહ્યબી હોતી નથી. ચક્રવર્તિને ત્યાં રોજ સંગીત, નાટક આદિ મનોરંજનના કાર્યક્રમો ચાલતા હોય છે. એક વખત બ્રહ્મદત્ત ચક્રવર્તિની નાટયશાળામાં કોઈ બહારના નટે આવીને નાટકનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. ઘણી મોટી સંખ્યામાં માણસો નાટક જોવા માટે આવ્યા હતા. બ્રહ્મદત્ત ચક્રવર્તિ પણ નાટક જોવા માટે નાટયશાળામાં આવ્યા ને ઉત્તમ સિંહાસને બેઠા. નાટયકારો ચક્રવર્તિ મહારાજાને પ્રસન્ન કરવા માટે પોતાની શક્તિનો અજમાશ કરીને સુંદર રીતે નાટક કરવા લાગ્યા. આ તરફ બ્રહ્મદત્ત ચક્રવર્તિ આવીને બેઠા ત્યારે દાસીએ આવીને ગુલાબ, મોગરો, આદિ ઉત્તમ જાતિના સુગંધી પુષ્પોના ગુચ્છો જેને આપણે છડી કહીએ છીએ તે ચક્રવર્તિના હાથમાં આપ્યો. એ ફૂલની છડીમાંથી ખૂબ સુગંધ મહેંકવા લાગી. તેથી એમનું મન ખૂબ પ્રસન્ન થયું. શું સરસ સુગંધ આવે છે! ફૂલ વનસ્પતિકાય છે, એકેન્દ્રિયની જાતિ છે છતાં આટલી સુગંધ મહેંકાવી શકે છે. માનવીના મનને પ્રસન્ન

કરે છે તો મનુષ્ય શીલવ્રતનું પાલન કરે તો કેટલી સુગંધ મહેંકાવી શકે ! શીલની સુગંધ અલૌકિક છે. ઘણી વખત પતનના પંથે ગયેલો આત્મા પણ પોતાના જીવનને પવિત્ર બનાવી શીલની સુગંધ કેવી રીતે પ્રસરાવે છે ને શીલ માટે કેટલી કુરબાની કરે છે એ એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

ઔરંગઝેબ બાદશાહના સમયની આ વાત છે. એક નગરમાં એક રામદુલારી નામની વેશ્યા રહેતી હતી. અક્કા નામની એની નાયિકા ખૂબ હોશિયાર હતી. એક વખત રામદુલારી વેશ્યાને એક દીકરો થયો. માતા બનેલી વેશ્યા બાળાને લાડ લડાવવામાં એવી ગૂંથાઈ ગઈ કે હવે એ પોતાના ધંધા તરફ બેધ્યાન રહેવા લાગી. પરપુરૂષોની સામે પ્રેમ દૃષ્ટિથી જોતી નથી. હાવભાવ કરતી નથી. બસ, એનું ધ્યાન, એનું ચિત્ત એના વહાલા બાળકમાં મસ્ત રહેતું હતું. આ જોઈને એની નાયિકા અક્કા વિચાર કરવા લાગી કે આ રામદુલારી તો એના બાળકમાં જ મુગ્ધ બની ગઈ છે. મારો ધંધો તો કરતી જ નથી. મારે આવક બંધ થઈ છે, એક દિવસ રામદુલારી કોઈ કામ પ્રસંગે બહાર ગઈ ત્યારે એની નાયિકાએ છ મહિનાના ફૂલ જેવા હસતા ને ખેલતા બાળાને મહેલના ત્રીજે માળેથી ફેંકી દીધો. ફૂલ જેવું બાળક ત્રીજે માળેથી ફેંકાઈ જાય તો જીવી શકે? એનું શું બન્યું ! બાળો તરત મરણ પામ્યો. રામદુલારી બહારથી આવી. પોતાના બાળાની આ દશા જોઈને એના અંતરમાં જબ્બર આંચકો લાગ્યો. અહો.... આ સંસારમાં કોણ કોનું છે ? આ દુઃખદ ઘટનાથી રામદુલારી પાગલ જેવી બની ગઈ. એણે ધંધો સાવ છોડી દીધો. રાત દિવસ એના બાળાનું રટણ કરવા લાગી. એની જિંદગી ઝેર જેવી બની ગઈ.

એ નગરની બહાર એક બ્રહ્મચારી સંત રહેતા હતા. રામદુલારીની સખી એક વખત એને સંત પાસે લઈ ગઈ. બ્રહ્મચારી સંતના મુખ ઉપર રહેલા બ્રહ્મચર્યના તેજ અને મસ્તી જોઈને વેશ્યા સ્તબ્ધ બની ગઈ. સંતના દર્શન કરી એમની સામે બેસી ગઈ એટલે સંતે એને ધર્મનો ઉપદેશ આપ્યો. આ સાંભળીને રામદુલારીના દિલમાં લાગ્યું કે સંસાર અસાર છે. જીવનનો સાચો આનંદ આવા ત્યાગી મહાન સંતો પાસેથી મળે છે. એણે સંતને પૂછ્યું–મહાત્માજી ! જીવનમાં આવો આનંદ ને મસ્તી કયાંથી મળે છે? સંતે કહ્યું ભગવાનની ભક્તિથી. એના મનમાં થયું કે તો હું પણ હવે આજથી ભગવાનની ભક્તિ કરું. બસ, એ જ દિવસથી રામદુલારી ભગવાનની ભક્તિમાં મસ્તાની બની ગઈ. ત્રણ ચાર કલાક તો એ ભગવાનની ભક્તિમાં મસ્ત બનીને મંદિરમાં રહેતી હતી.

"ભગવાનમાં મસ્ત બનેલી રામદુલારી" :– જેમ મીરા સંસારનો મોહ છોડીને કૃષ્ણની ભક્તિમાં મસ્ત રહેતી હતી, આનંદવિભોર બનીને પગે ઘૂઘરા બાંધી હાથમાં કરતાર લઈને નાચતી કૂદતી હતી ત્યારે એને દુનિયાનું કોઈ ભાન રહેતું ન

હતું. તેમ આ રામદુલારી પણ વેશ્યા ફીટીને ભગવાનની સાચી ભક્તા બની ગઈ. નગરજનો પણ એને ભક્તા કહીને બોલાવવા લાગ્યા. આવી રામદુલારી પ્રભુમય બનીને પ્રભુમાં લીન રહેવા લાગી. એક વખત બાદશાહ ઔરંગઝેબ મોટું સૈન્ય લઈને નીકળ્યા. એ હિંદુ ધર્મનો નાશ કરવા ઇચ્છતા હતા, તેથી જ્યાં હિંદુઓના મંદિર દેખે, મહાદેવની, રામ, કૃષ્ણ આદિ કોઈ પણ હિંદુ ધર્મના ભગવાનની મૂર્તિ દેખે કે ભાંગીને ટુકડા કરીને ફેંકી દેતા. એક દિવસના ગોઝારા પ્રભાતે રામદુલારી મહાદેવજીના મંદિરમાં ભક્તિમાં એકતાર બનીને નાચતી હતી. તે વખતે ઔરંગઝેબ વિરાટ સૈન્ય સાથે મહાદેવજીના મંદિરમાં ઘૂસ્યો. મંદિરને તોડી નાંખ્યું. શિવલિંગના ટુકડા કરી નાંખ્યા. અને રામદુલારીના રૂપમાં મુગ્ધ બની ગયો.

"બ્રહ્મચર્યની ખુમારી" :– એને ઉઠાવીને દિલ્હીના દરબારમાં લઈ ગયા ને કહ્યું કે દુલારી ! હું તારા રૂપમાં મુગ્ધ બન્યો છું. તારા પ્યારનો હું પ્યાસી છું. મને તારો પ્યાર આપ. દુલારીએ કહ્યું બાદશાહ ! જો તારે પ્યાર કરવો હોય તો આ કાયામાંથી હંસલો ઉડી ગયા પછી મડદાનો મળશે પણ મારા જીવતા તો નહિ મળે. ખૂબ ખૂબ સમજાવી પણ ન માની ત્યારે બાદશાહે એને ચકચકતી તલવાર બતાવીને મારી નાંખવાની ધમકી આપી, ત્યારે રામદુલારીએ કહ્યું બાદશાહ ! મરી જઈશ તે કબૂલ પણ જ્યાં સુધી આ દેહમાં પ્રાણ છે ત્યાં સુધી મારું શિયળ ખંડિત નહિ કરું. મારા જીવતા તું આ દેહને આંગળી નહિ અડાડી શકે. જાતિએ તો વેશ્યા છે પણ સાચું સમજ્યા પછી ચારિત્રની કેટલી ખુમારી છે ! એ વિચાર નથી કરતી કે આ બાદશાહ આગળ મારી એકલીનું શું ગજું ! ભોગનો કીડો બનેલા બાદશાહે એને કહ્યું દુલારી ! તું કહે તો મારી બધી બેગમોમાં તને મુખ્ય બનાવું. તું કહે તો તારી ચરણરજ મસ્તકે ચઢાવું. તું કહે તો તારો દાસ બનીને રહું પણ હવે તું મારી વાત માની લે.

"શીલના રક્ષણ માટે શોધેલો કીમિયો" :– વાસનાના ભૂખ્યા બાદશાહ ઉપર ફીટકાર વરસાવતી દુલારીએ કહ્યું કે હું તમને પ્યાર આપવા તૈયાર છું પણ એક શરતે. બાદશાહે કહ્યું–શું ? તું જલ્દી કહે, ત્યારે કહે છે કે જે જગ્યાએ મારા મહાદેવજીનું મંદિર હતું તે જ જગ્યાએ મંદિરનું નવનિર્માણ કરાવી દો. ઔરંગઝેબ હિંદુઓનો પાકો દુશ્મન હતો. એ બોલી ઉઠયો : દુશ્મનોના મંદિરનું નવનિર્માણ ! એ તો મારાથી કદાપિ નહિ બને. દુલારી ! તું બીજું કંઈક માંગ, ત્યારે દુલારીએ પણ સત્તાવાહી સૂરથી બાદશાહને કહી દીધું કે તો આવા શક્તિહીન નામર્દોને હૈયાનો પ્યાર આપવાની વાત મારાથી નહિ બને. બાદશાહ ! આટલું તમે પણ સમજી લેજો. ભોગના ગુલામ બનેલા બાદશાહે અનિચ્છાએ લાચાર બનીને મંદિરનું નવનિર્માણ કર્યું. આ સમયે મુસ્લીમ પ્રજાજનોએ હાહાકાર મચાવ્યો. અહો ! મહારાજા મુસ્લીમ બનીને શા માટે હિંદુનું મંદિર બંધાવે છે ? પ્રજાએ બાદશાહના માથે ઘણું કર્યું પણ રાજા પાસે

રૈયતનું શું જોર ચાલે ? મંદિર તૈયાર થઈ ગયા પછી બાદશાહે પોતાની મલીન ઇચ્છા પૂરી કરવા વિનંતી કરી, ત્યારે રામદુલારીએ બાદશાહને કહ્યું–હવે મને છેલ્લી વખત મારા ભગવાનની સામે મન મૂકીને નૃત્ય કરી લેવા દો, પછી આ દેહ તમને સોંપી દઈશ. પછી આ દેહ તમારો ને હૈયાનો પ્યાર પણ તમારો, બાદશાહે આ વાત કબૂલ કરી.

"ચારિત્ર માટે પ્રાણ આપતી દુલારી" :– એ દિવસે પૂનમની રાત હતી. સોળ શણગાર સજીને દુલારીએ રાતના દશ વાગે મંદિરમાં જઈ નૃત્ય શરૂ કર્યું. સામે બાદશાહ પણ ગાદી તકિયા પર બેસી ગયા. રાત વીતતી ગઈ તેમ દુલારીની ભક્તિ પણ જામતી ગઈ. આમ કરતા પરોઢિયાના ચાર વાગ્યા. દુલારી નૃત્ય કરી કરીને થાકી ગઈ હતી એટલે નીચે બેસી ગઈ ને મહાદેવના ચરણમાં શીર ઝુકાવ્યું. સાષ્ટાંગ દંડવતનો અભિનય શરૂ કર્યો. આંગળીએ પહેરેલી વિષ પાયેલી હીરાની વીંટી ચૂસી લઈને રામદુલારીએ મહાદેવને સાષ્ટાંગ પ્રણામ કર્યા. એ જ સમયે એના પ્રાણ ચાલ્યા ગયા. ઘણી વાર એમને એમ પ્રણામ કરતી જોઈને બાદશાહના મનમાં થયું કે આ કેમ હાલતી નથી ? ઉઠીને જોયું તો રામદુલારીના દેહમાંથી પ્રાણપંખેરું ઉડી ગયું હતું. આ જોઈને બાદશાહના દિલમાં પારાવાર દુઃખ થયું. ધિક્કાર છે મારી કામવાસનાને ! હું એની પાછળ પડયો ત્યારે એને પ્રાણ તજવા પડયાને ! એનું અંતર કકળી ઉઠયું, અને "યા ખુદા" ! કહેતો ઔરંગઝેબ દિગ્મૂઢ બનીને દુલારીના નિષ્પ્રાણ દેહની સામે જોતો રહી ગયો ને દુલારી તો ચાલી ગઈ.

બંધુઓ ! આ દૃષ્ટાંતમાંથી મારે તો તમને એક જ વાત સમજાવવી છે કે એક વખત પતીત બનેલી વેશ્યા પણ ચોંટ લાગતા કેવી પવિત્ર બની ગઈ !, શીયળ માટે કાયા કુરબાન કરી પણ શીયળ છોડયું નહિ. શીલ ધર્મની સૌરભ પ્રસરાવીને ઇતિહાસના પાને એનું નામ અમર બનાવી ગઈ. ફૂલની સુગંધ તો ઘડી બે ઘડી ટકે છે પણ શીલની સુગંધ તો યુગોના યુગો સુધી મહેંકતી રહે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ નાટક જોતાં જોતાં સુગંધિત ફૂલોની છડી પ્રેમથી સૂંઘી રહ્યા છે. હવે સૂંઘતા સૂંઘતા તેમને શું વિચાર આવશે તે અવસરે.

ચરિત્ર :– ભીમસેન અને સંન્યાસી બંને જણા સુવર્ણ રસના તુંબડા ભરીને ક્ષિતિપ્રતિષ્ઠ નગરની બહાર યક્ષના મંદિર પાસે શીલા ઉપર બેઠા. ભીમસેનને જલ્દી જવું છે પણ યોગી કહે કે મને ગામમાંથી મીઠાઈ લાવી આપ, પછી જજે. ભીમસેનને થયું કે જેણે મારા ઉપર ઉપકાર કર્યો છે તેનું કામ કરવું જોઈએ એટલે હા પાડી. ભીમસેન પોતાની તુંબડી લઈને જાય છે ત્યારે સંન્યાસી કહે તુંબડી મૂકીને જા. પછી લઈ જજે. ભીમસેન સંન્યાસીના વિશ્વાસે મૂકીને ગયો.

"ઉઠાવગીરી કરતો સંન્યાસી" :– ભીમસેન દેખાતો બંધ થયો કે તરત

જ સંન્યાસીએ પોતાની મલીન ભાવનાનો અમલ કરવા વિચાર કર્યો. હું શા માટે આ ભિખારી જેવા ભીમસેનને મારો આ મહામૂલો સુવર્ણરસ આપી દઉં ! મહેનત બધી મેં જ કરી છે અને એનું ફળ આ રંકને આપવાથી શો ફાયદો ? આવા રંક અને દીન તો દુનિયામાં ઘણાં ય રખડે છે. સૌ સૌનાં કર્મો ભોગવે છે. મારા પુણ્યથી મને આજે સુવર્ણરસ મળ્યો છે. તો ભીમસેનને શા માટે આપી દઉં ? આમ વિચાર કરીને તેણે ભીમસેનને મીઠાઈ લેવાના બહાને નગરમાં મોકલી દીધો અને પોતે ત્યાંથી ઝડપથી પલાયન થઈ ગયો. આ તરફ ભીમસેને નગરમાં જઈને મીઠાઈ ફળ ફૂલ લીધા અને ઝડપભેર મંદિર તરફ આવ્યો. આવીને જુએ છે તો સંન્યાસી ક્યાંય દેખાયો નહિ. સંન્યાસીને નહિ જોતાં જળ વિના માછલી તરફડે તેમ ભીમસેન તરફડવા લાગ્યો, અને હાંફળો ફાંફળો બની ગયો. એને દુનિયા ફરતી લાગી. હૈયું બેસી જતું હોય તેમ લાગ્યું. આંખે અંધારા આવવા લાગ્યા. મનમાં વિચાર કરવા લાગ્યો કે મહાત્મા ક્યાં ગયા હશે ? શું એમની મતિ બદલાઈ ગઈ હશે ? એમના દિલમાં પાપ પેઠું હશે ? શું અગાઉથી એમણે નક્કી કરી રાખ્યું હશે કે મને મીઠાઈ લેવાના બહાને નગરમાં મોકલીને પોતે અહીંથી પલાયન થઈ જવું ? અરેરે....ભગવાન ! તેં આ શું કર્યું ? તને આ ગરીબની દયા ન આવી ! મેં પૂર્વભવમાં કેવાં પાપ કર્યાં હશે ! આટલું બોલતા ભીમસેન બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડયો. હજુ કેવો ઝૂરાપો કરશે ને શું બનશે તે અવસરે.

▦ ▦ ▦

વ્યાખ્યાન નં. ૫૭

ભાદરવા વદ ૧૦ ને શનિવાર " સંતોષ એ જ સાચું ધન" તા. ૧૫-૯-૭૯

શાસ્ત્રકાર મહર્ષિ ભગવંતોએ ભવસાગર તરવા માટેના અદ્‌ભુત ઉપાયો બતાવ્યા છે. સમ્યક્‌જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ભવસાગરથી તરવાના અદ્‌ભુત ઉપાયો છે. આ ચારની સાધના સિવાય કર્મોનો ક્ષય થાય નહિ. કર્મોના ક્ષય વિના ભયંકર ભવસાગર તરાય નહિ. શાસ્ત્ર દ્વારા મળેલો પ્રકાશ અને તેનાથી વિકસાવેલી દૃષ્ટિ સાધનાને સફળ કરાવી આત્માને ભવસાગરથી પાર ઉતારે છે. જેને વીતરાગ ધર્મની રોમે રોમે શ્રદ્ધા હોય, ભવસાગર તરવાની લગની હોય એ તો એક જ વિચાર કરે કે હું જૈન ન હોત ને માત્ર શ્રીમંત જ હોત અગર સત્તાધીશ હોત ને ધર્મી ન હોત, આબરૂદાર હોત ને આસ્તિક ન હોત તો હું કમભાગી હોત. ભલે, મારી પાસે ધન નથી પણ ધર્મિષ્ઠ છું, જૈન છું, આસ્તિક છું તો હું મહાન ભાગ્યશાળી છું. આવી ખુમારી આત્મામાં એક અજબ પ્રકારની પરિણતિ ઘડે છે. એ આત્મા જગતમાં મગરૂર થઈને ફરે છે પણ દીનહીન બનીને ફરતો નથી. એને તો એવી ખુમારી હોય છે કે હું આસ્તિક છું તો બધી સુખ સમૃદ્ધિ અને સગવડ મારી પાસે

છે, કારણ કે એમાં ભવસાગરથી તરવાના ઉપાયોને અવકાશ છે, અવસર છે. હવે મારે જલ્દી ભવના બંધનો કાપવા છે. એ જ લગની હોય છે.

બંધુઓ ! તમને એમ થશે કે ભવને ભયંકર કેમ કહ્યો છે ? ભવ એટલે સંસાર. આ સંસાર દેખીતો જ પોતાની ભયંકરતા રજૂ કરે છે. જુઓ ને ગઈ કાલના રાજા મહારાજાઓ આજે પદભ્રષ્ટ થઈ ગયા છે. ગઈ કાલના આબરૂદાર અને સત્તાધીશો આજે ગુલામ થઈ ગયા છે. કાલના કરોડપતિ આજે રોડપતિ જોવામાં આવે છે. ગઈ કાલે જેને લોકો ખમ્મા ખમ્મા કરતા હતા તેની સામું આજે કોઈ જોનાર નથી. જે સંસાર આવું પ્રત્યક્ષ દેખાડે છે તેને કેવો માનવો ? ભયંકર કે સુંદર ? સંસાર દેખીતો ભયંકર છે પણ હજુ તમને ભયંકર લાગ્યો નથી. જેટલો સંસાર સુખની સામગ્રી પ્રત્યે જીવને પ્રેમ છે એટલો ધર્મારાધનાની સામગ્રી પ્રત્યે પ્રેમ નથી.

મનુષ્ય ભવમાં જીવને જેમ પુણ્યથી આરાધનાની સામગ્રી મળે છે તેમ પુણ્યયોગે સંસાર સુખની પણ સામગ્રી મળે છે. મારે તમને એ પૂછવું છે કે બંને પ્રકારની સામગ્રીમાં તમને કઈ સામગ્રી પ્રત્યે અધિક પ્રેમ છે ? સંસાર સુખની સામગ્રીમાં કે ધર્મ આરાધનાની સામગ્રીમાં ? સુખની સામગ્રી એટલે તમે સમજ્યા ને ? પૈસા, ખાનપાન, મકાન, પત્ની, પુત્ર પરિવાર, બંગલા, ગાડી, મોટર, ટી.વી., ફ્રીજ આ બધી સંસાર સુખની સામગ્રી મનાય છે અને આરાધનાની સામગ્રી એટલે ? જિનેશ્વર પ્રરૂપિત ધર્મનો યોગ, સદ્‌ગુરૂનો ને શાસ્ત્ર શ્રવણનો યોગ. આ બધી આરાધનાની સામગ્રી છે. હવે તમારા હૈયાને પૂછો કે તને સુખની સામગ્રી ગમે છે કે આરાધનાની સામગ્રી ગમે છે ? કઈ સામગ્રી ગમે છે ? અહીં આપણે જેને સુખની સામગ્રી કહીએ છીએ તે વાસ્તવિક સુખની સામગ્રી નથી. એ ધ્યાન રાખજો પણ મોહાંધ આત્માઓને સાચો ખ્યાલ નથી. અંતરથી વિચારો કે પૈસા, કુટુંબ-પરિવાર, ભોગ સામગ્રી માટે શું શું કર્યું ? અને વીતરાગ દેવ, નિર્ગ્રંથ ગુરૂદેવ, અને ત્યાગમય એવા જિનશાસન અને જિનધર્મની ભક્તિ માટે શું શું કર્યું ? અહીં જ તમને સમજાશે કે મારો પ્રેમ કઈ બાજુ વધારે છે ? વિચાર કરતા તમને જણાશે કે સુખ સામગ્રી માટે મેં મારો આત્મા હોમી દીધો જ્યારે ધર્મસામગ્રી માટે હજુ સુધી મેં કંઈ કર્યું નથી. આ જાતની હૃદયના મંથનપૂર્વકની વિચારણા એ પણ ધર્મપ્રાપ્તિની પૂર્વભૂમિકા છે.

આજે તમારો ઝોક કયાં છે ? આત્માને રોજ પૂછો કે તેં પ્રભુના અનુપમ શાસનની આરાધના માટે આ ભવમાં શું કર્યું ? શાસન ખાતર પ્રાણની, દેહની કે ઇન્દ્રિયોની કેટલી કુરબાની આપી ? એક વસ્તુ ધ્યાનમાં રાખજો કે આરાધનાની સામગ્રીનો સદુપયોગ કરવાથી નિયમા સદ્‌ગતિ છે. જ્યારે સંસાર સુખમાં પાગલ બનવાથી દુર્ગતિ છે. મકાન, ધન, સ્ત્રી, પુત્ર-પરિવાર, પેઢી એ બધી બાહ્યસુખની સામગ્રી છે જ્યારે ધર્મ, ધર્મગુરૂઓ, ધર્મશાસ્ત્રો, ધર્મસ્થાનકો એ ધર્મસામગ્રી છે. તમારો પ્રેમ કઈ સામગ્રી

ઉપર છે? તમારી પેઢીમાં નુકસાન થાય તો દુઃખ થાય કે ધર્મસ્થાનકમાં નુકસાન થાય તો દુઃખ થાય? (હસાહસ) હસીને પતાવી દીધું. બરોબર આરાધનાની સામગ્રી પ્રત્યે પ્રેમ જાગ્યો હોય તો તે તરફ અધિક ઝોક કે વળાંક હોવો જોઈએ. સંસારરૂપી સામગ્રીમાં મોહરાજાનું એવું ભયંકર નાટક છે કે તે શાંતિથી જંપવા ન દે.

આપણા અધિકારના નાયક બ્રહ્મદત્ત ચક્રવર્તિ નાટક જોવાના મોહમાં મસ્ત બનેલા છે. બંધુઓ! તમે બધા પણ નાટક સિનેમા જોવા જાઓ છો ને? પણ ખ્યાલ કરો કે આ સંસાર એક નાટક છે. જેમ નાટકમાં સુખના, દુઃખના, હસવાના અને રડવાના બધા દૃશ્યો દેખાય છે તેમ આ સંસારમાં પણ સુખ-દુઃખ, હસવાનું-રડવાનું બધું રહેલું છે. જેમ નાટક સિનેમામાં ગમે તેવા દૃશ્યો જોવા છતાં એની તમને કંઈ અસર થતી નથી તેમ સંસારમાં ગમે તેવા પ્રસંગો આવે ત્યારે સમભાવ રાખતા શીખો. તમે કાવાદાવા -દગા પ્રપંચ કરીને ધન કે સત્તાની ખુરશી મેળવશો પણ અંતે તો બધું છોડીને જવાનું ને! એક કાંકરી જેટલું પણ સાથે આવશે? આવવાનું હોય તો કહી દેજો. જો સાથે આવતું હોત તો છ છ ખંડના સ્વામીઓ બધું છોડીને દીક્ષા લેત નહિ. પણ અંતે તો એને છોડવાનું જ છે એમ સમજીને એ પહેલેથી છોડી દે છે. જેથી અંતિમ સમયે પસ્તાવાનો વખત ન આવે. જિંદગીભર પાપની પ્રવૃત્તિ કરીને જે મેળવ્યું છે અંતિમ સમયે છોડવાનું છે. તે સમયે ધર્મ વિના બીજું કોઈ શરણભૂત થવાનું નથી. જુઓ, એક ઐતિહાસિક દાખલો આપું.

"તૃષ્ણાની આગે કરાવેલી ૧૭ વાર લડાઈ" :-મહંમદ ગિઝનીએ હિંદુસ્તાન ઉપર નાની મોટી ૧૭ વખત લડાઈઓ કરી. લડાઈ કરવાનું કારણ જમીનના ટુકડાની ભૂખ, સત્તાની ભૂખ અને પરિગ્રહની અત્યંત તૃષ્ણા. આ ત્રણ ચીજોને માટે ખૂનખાર જંગ ખેલ્યા, લોહીની નદીઓ વહાવી છે. નિર્દોષ જીવોના પ્રાણ લીધા હતા. આ મહંમદ ગિઝની હિંદુઓના મંદિરોનો ખૂબ દ્વેષી હતો. જ્યાં મંદિર દેખે ત્યાં તૂટી પડતો. ૧૭ ચઢાઈમાં એક વખત એણે સોરઠના પ્રભાસપાટણના સોમનાથ તીર્થ ઉપર ચઢાઈ કરી. મંદિરનું રક્ષણ કરવા માટે હિન્દુ રાજાઓ ખૂબ ઝઝૂમ્યા પણ ફાવ્યા નહિ. હિન્દુઓને પાછા હઠાવીને મહંમદ ગિઝનીએ મહાદેવનું મંદિર તોડયું. તેમાંથી અપાર સોનું, રૂપું, હીરા-માણેક વિગેરે ઝવેરાતના ગાડા ભર્યા. સોમનાથ મહાદેવના મંદિરને તોડયું ને આટલી મિલ્કત લીધી છતાં એની ભૂખ મટી નહિ, ત્યારે સોમનાથ મહાદેવના લિંગને તોડવા ઉઠયો. વિચાર કરો કે એ કેટલી ક્રૂરતા હશે! એની ક્રૂરતાએ કંઈક યુવાન પત્નીઓને પતિ વગરની બનાવી દીધી. કંઈક મા-બાપ દીકરા વિનાના ઝૂરતા થઈ ગયા તો કંઈક સંતાનો મા-બાપ વગરના બની ગયા. સૌંદર્યવતી નવયુવાન રમણીઓને ઉઠાવીને એના જનાનખાનામાં લઈ જતો. એના દિલમાં દયાનો તો છાંટો પણ ન હતો.

"મહાદેવના લિંગને તોડતો મહંમદ" :– તે જ્યારે મહાદેવના લિંગને તોડવા ઉઠ્યો ત્યારે હિંદુ રાજાઓએ સોમનાથના લિંગને કાયમ રાખવા માટે ઘણી વિનંતી કરી, સોનાની લાલચ આપી છતાં મહંમદે એ વાત ન માની અને લિંગ તોડ્યું. તેની નીચેથી પણ પુષ્કળ હીરા–માણેક મોતી વગેરે ઝવેરાત નીકળ્યું, કારણ કે ઘણાં વખતનું જૂનું મંદિર હતું. તેમાં ઘણી સંપત્તિ એકઠી કરવામાં આવી હતી. આ લૂંટ કરીને ગુજરાતમાંથી જતા અણહિલપુર પાટણની ભૂમિ ફળદ્રુપ હોવાથી મહંમદને પસંદ પડી તેથી ત્યાં રહેવાનું મન કર્યું પણ લોકો સાથે ફાવતું ન આવવાથી એક વર્ષ રહીને સ્વદેશ તરફ રવાના થયો. અજમેરના રસ્તે રજપૂત રાજાઓ ભેગા થયા છે એવી બાતમી મળવાથી કચ્છ–સિંધ અને મૂલતાનને રસ્તેથી તે ગીઝની જવા નીકળ્યો. રસ્તામાં તેના લશ્કરને ઘણી મુશ્કેલીઓ નડી. એના મોટા ભાગના લશ્કરનો ત્યાં નાશ થયો. પોતે મહામુસીબતે ગીઝની આવ્યો પછી તે હિન્દુસ્તાનમાં આવ્યો નહિ. તેણે મુસલમાન રાજાઓમાં સુલતાનનું પદ મેળવ્યું હતું. હિન્દુસ્તાન ઉપર સત્તર સત્તર વખત લડાઈઓ કરીને, લૂંટ કરીને અખૂટ ધન મેળવ્યું હતું. છતાં તેની તૃષ્ણા મટી ન હતી. બસ, કેમ ધન વધારે મેળવું ? વધારે સત્તા મેળવું એ જ એની ભૂખ હતી.

"મરણ વખતે શું ઝવેરાત બચાવી શકે ?" બંધુઓ ! આવો મોટો સત્તાધીશ સુલતાન અખૂટ સંપત્તિનો સ્વામી બન્યો પણ કાળ અને કર્મ કોને છોડે છે ? આખરે ઈ. સ. ૧૦૩૦ માં તે બીમાર પડ્યો ત્યારે મોટા મોટા ડોકટરો, વૈદો અને હકીમોને બોલાવીને એના શરીરની ચિકિત્સા કરાવવામાં આવી છતાં એની વેદના ઓછી થતી નથી. શું સંપત્તિ પીડા લઈ શકે છે ? આજ સુધી કોઈએ સાંભળ્યું છે કે મોટો સમ્રાટ હોય એને હીરાજડિત ચાદર પથારી ઉપર બિછાવીને સૂવાડે તો વેદના શાંત થાય ? અબજોપતિને મોતીની ચાદર બિછાવીને સૂવાડે તો એની વેદના મટે આવું કદી બને ખરું ? ના. તો પછી શા માટે આટલો બધો મોહ રાખો છો ? જેને મેળવતાં ઘોર કર્મો કર્યાં છે તે જ વસ્તુઓ કર્મના ઉદય વખતે સહારો આપતી નથી. એવું સમજીને પણ એની મમતા છોડવી જોઈએ. મહંમદ ગીઝની વૃદ્ધ થયો, માંદો થયો ને મરવા પડ્યો ત્યારે એને માટે લાખ્ખો ઇલાજો વ્યર્થ ગયા, ત્યારે એને નજર સમક્ષ હજારો મણ જેટલી સોના ચાંદીની પાટો તરવા લાગી. બે હજાર મણ હીરા દેખાવા લાગ્યો. રૂપ સુંદરીઓનું દર્શન થવા લાગ્યું. હાય....હાય....આ બધું છોડીને મારે જવું પડશે ? આ પ્રશ્ને એને પાગલ બનાવી દીધો. ગાંડાની જેમ લવારો કરવા લાગ્યા. છેવટે એને હવે બચવાની કોઈ આશા ન રહી ત્યારે તેણે વજીરને હુકમ કર્યો કે મારી સઘળી દોલત બજનામાંથી બહાર કાઢી એક મેદાનમાં ગોઠવો. મારે એનું અંતિમ દર્શન કરવું છે. સુલતાને મહંમદ ગીઝનીના હુકમ પ્રમાણે હીરા, માણેક,

મોતી, નીલમ, પાના, સોનું, રૂપું વિગેરે સઘળું દ્રવ્ય, હાથી, ઘોડા, રથ, પાયદળ, લશ્કર વિગેરે બધું વ્યવસ્થાપૂર્વક ગોઠવ્યું. એક તરફ ઝવેરાતના ઢગલા, બીજી તરફ સોના રૂપાના ઢગલા, ત્રીજી તરફ હાથી, ઘોડા રથ વિગેરે અને ચોથી તરફ પાયદળ, લશ્કર, નોકર ચાકરો ગોઠવ્યા, પછી મહંમદ ગીઝનીનો પલંગ ત્યાં લાવવામાં આવ્યો. પલંગ ઉપર પડયા પડયા ચારે બાજુ પોતાની દોલત તરફ દૃષ્ટિ કરી. અપાર દોલત જોઈને એ મોટેથી બબડવા લાગ્યો કે આટલી બધી દોલત મેં ભેગી કરી એ શું મારે મૂકીને જવાનું ? એ દોલત અને વૈભવો સામે જોવા લાગ્યો. જેમ જેમ જોતો ગયો તેમ તેમ તેનું ગાંડપણ વધવા લાગ્યું અને જોરજોરથી ચીસો પાડવા લાગ્યો. આ બધા સંયોગોનો એકડી સાથે થનારા વિરહની યાદ એને સળગાવતી હતી. સુખીમાં સુખી ગણાતો સુલતાન અંતે પાગલ બનીને હાથ ઘસતો ચાલ્યો ગયો પણ એની સમૃદ્ધિ એને બચાવી શકી નહિ કે સાથે કોઈ ગયું નહિ. આવા દાખલાઓ સાંભળીને જીવનમાંથી મોહ-મમતા ઓછા કરો. સંસાર એક નાટક છે. એમ સમજી આશ્રવનું ઘર છોડી સંવરના ઘરમાં આવો.

બ્રહ્મદત્ત ચક્રવર્તિ નાટક જોવામાં મસ્ત બન્યા કે અહો ! શું આ સુંદર નાટક છે ! નાટક જોતાં જોતાં સુગંધિત પુષ્પોની છડી સૂંઘવા લાગ્યા. એ ગુલાબ-મોગરો આદિ ઉત્તમ પ્રકારના પુષ્પોની છડી સૂંઘતા સૂંઘતા તેમના મનમાં વિચાર આવ્યો કે મેં પૂર્વે આવા પુષ્પોની છડી કયાંય સૂંઘેલ છે. તેમ જ આવા પ્રકારનું નાટક પણ કયાંક જોયેલ છે. તેમ આવું ગીત પણ કયાંક સાંભળ્યું છે, પણ આ બધું મેં કયાં અનુભવેલું છે તે યાદ આવતું નથી. આવો વિચાર કરતાં કરતાં બ્રહ્મદત્ત ચક્રવર્તિને મૂર્છા આવી ગઈ, એટલે દાસ-દાસી, નોકર, ચાકરો વિગેરે ભેગા થઈ ગયા. અહો ! આપણા મહારાજાને આ એકદમ શું થઈ ગયું ? કોઈ પંખો વીંઝે છે, કોઈ ચામર ઢોળે છે, કોઈ શીતળ પાણી છાંટવા લાગ્યા તો કોઈ ચંદનનું વિલેપન કરવા લાગ્યા. ચક્રવર્તિને મૂર્છાવસ્થામાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. એના પ્રભાવથી એમણે પોતાના પાછલા પાંચ ભવ જાણી લીધા એટલે એને નિશ્ચય થઈ ગયો કે જ્યારે હું પહેલા સૌધર્મ દેવલોકમાં પદ્મગુલ્મ નામના વિમાનમાં હતો ત્યારે મેં આવું નાટક જોયું હતું. આવી ઉત્તમ પ્રકારના ફૂલોની છડી (ગુચ્છો) સૂંઘેલ હતી, અને આવું ગીત પણ સાંભળેલ. આવી વાત મૃગાપુત્રમાં બની છે. મૃગાપુત્ર એમના મહેલના ઝરૂખામાં ઉભા હતા. નગરની વચ્ચે મહેલ હતો. ચાર રસ્તા પડતા હોવાથી સેંકડો માણસોની અવરજવર છે. મૃગાપુત્ર ગોખે ઉભા જોતા હતા એમાં એમની દૃષ્ટિ સમતાના સાગર, નયનોમાં નેહ છે, અંતરમાં કરૂણા છે અને જેમના મુખ ઉપર સંયમના તેજ ઝગારા મારી રહ્યા છે એવા ત્યાગી સંત ઈર્યા સમિતિનું પાલન કરતાં નીચી દૃષ્ટિએ ચાલ્યા જાય છે તેમના ઉપર પડી. સંતને જોતાં મૃગાપુત્રને વિચાર થયો કે મેં આવું કયાંક જોયું

છે. એ ચિંતનમાં જોડાતા મોહનીય કર્મની ઉપશાંત થતા જાતિસ્મરણ જ્ઞાન થયું. એ જ્ઞાનમાં પોતાના પૂર્વભવો જોયા.

અહીં પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિએ જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વના પાંચ ભવો જોયા ને વિચાર આવ્યો કે મારો સંગાથી મારી સાથે ને સાથે રહેનારો મારો ભાઈ હાલ ક્યાં હશે? તેની શોધ કરવા બ્રહ્મદત્તે એક અડધો શ્લોક રચ્યો "**आस्व दासौ मृगौ हंसौ, मातंङ्गा वमरौ तथा।**" આ શ્લોકની રચના કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તિએ પોતાના પ્રિય મિત્ર અને મુખ્ય પ્રધાન વરધનુને બોલાવીને કહ્યું કે તમે આખા નગરમાં ખૂણે ખૂણે જાહેરાત કરાવો કે જે વ્યક્તિ આ શ્લોકના ઉત્તરાર્ધની પૂર્તિ કરી આપશે એને રાજા અડધું રાજ્ય આપશે. આ પ્રમાણે સૂચના કરી. આ જાતની જાહેરાત થતાં લોકો એ શ્લોકની પૂર્તિ કરવા તનતોડ મહેનત કરવા લાગ્યા. આ મહેનત શા માટે થઈ તે સમજાણું ને? રાજ્ય માટે. લક્ષ્મી તો બધાને ખૂબ વહાલી છે. કેમ બરાબર ને?

એક શ્રીમંત શેઠને સુધીર નામે એક પુત્ર હતો. સુધીરના પિતાજી એકાએક મરણ પામ્યા. થોડા દિવસ પછી પિતાજીનો શોક વિસારે પડયો ત્યારે સુધીરે એના વૃદ્ધ મુનીમજીને કહ્યું કે તમે બરાબર હિસાબ કરીને મને કહો કે મારા પિતાજીની મિલ્કત કેટલી છે? મુનીમે ત્રણચાર દિવસ સુધી ખૂબ મહેનત કરીને બરાબર કયાસ કાઢયો, પછી સુધીરને કહ્યું ઓ મારા નાના ને નવા શેઠ! તમારા પિતાજી તો તમને હીરાથી તોળે એટલી મિલ્કત મૂકીને ગયા છે. સુધીરે કહ્યું એટલે કેટલી મિલ્કત કહેવાય? ત્યારે મુનીમે કહ્યું ઓછામાં ઓછું તમારી ચાર પેઢી સુધી તો ન જ ખૂટે એટલું ધન છે, માટે હવે તમારે કોઈ જાતની ચિંતા કરવાની જરૂર નથી, પણ તે દિવસથી સુધીરની ભૂખ ને ઉંઘ ચાલ્યા ગયા ને શરીર સૂકાવા લાગ્યું. પત્ની પૂછવા લાગી–નાથ! તમને શું ચિંતા છે? હું તમારી અર્ધાંગના છું. તમારા સુખ દુઃખમાં ભાગીદાર છું. જો મને નહિ કહો તો કોને કહેશો? સુધીરને ઘણું સમજાવ્યો છતાં કંઈ બોલતો નથી. સૂનમૂન જેવો બની ગયો. પોતાના પુત્રની આવી દશા જોઈને એની માતા પણ પૂછવા લાગી કે બેટા! તને શું થાય છે? તારું શરીર દિવસે દિવસે કેમ સૂકાતું જાય છે. તારા પિતાજી આટલી બધી મિલ્કત મૂકીને ગયા છે ને તારે શી ચિંતા છે? તો પણ કંઈ બોલ્યો નહિ. આથી માતાને ઘણા વિચાર આવવા લાગ્યા.

આ સમયે એક સંન્યાસી ભિક્ષા માંગવા માટે આવ્યો. એ સંન્યાસીને સુધીરની માતાએ કહ્યું મહારાજ! મારા દીકરાની આવી દશા થઈ છે. હવે આપ એને માટે કંઈ ઉપાય બતાવો. સંન્યાસીએ સુધીરનો રોગ પારખીને એની માતાને કહ્યું કે તમારો દીકરો રોજ એકાદ ગરીબને શેર બાજરી અગર ઘઉંનો લોટ આપીને જમે તો એને

સારું થશે. સુધીરને આવો નિયમ લેવડાવ્યો. સુધીર દરરોજ આ રીતે કરે છે પણ એક દિવસ એવો આવ્યો કે કોઈ લેનાર ન મળ્યું. ત્યાં ત્રણ વાગે એક ભિખારી નીકળ્યો. તેને બોલાવે છે ને આપવા તૈયાર થાય છે ત્યારે ભિખારી કહે છે કે હું મારી પત્નીને પૂછીને આવું છું. સુધીરે કહ્યું તું ભિખારી છે તો તારે લોટની જરૂર હશે જ ને! એમાં પૂછવાનું શું? ભિખારી કહે છે ના....મારી પત્નીની રજા સિવાય હું લોટ નહિ લઉં. હું પૂછીને તરત આવું છું.

પેલો ગરીબ ભિખારી એને ઘેર ગયો ને પત્નીને પૂછયું કે આપણાં ઘરમાં કેટલા દિવસ ચાલે તેટલું અનાજ છે? પત્નીએ કહ્યું કે આજનો દિવસ ચાલે એટલું અનાજ છે, માટે આપણે આજે જરૂર નથી. ભિખારીએ સુધીર પાસે આવીને કહ્યું શેઠ! અમારી પાસે આજના દિવસનું છે માટે અમારે જરૂર નથી. સુધીર કહે ભલે રહ્યું પણ કાલે ચાલશે. ભિખારીએ હસતા હસતા કહ્યું શેઠ! અમે તો કાલની ચિંતા કરતા જ નથી. ભિખારીની વાત સાંભળીને સુધીર મુગ્ધ બની ગયો કે આની પાસે કાંઈ નથી છતાં કાલની ચિંતા કરતો નથી અને મારી પાસે ચાર પેઢી ચાલે એટલું છે છતાં હું રડું છું. ધિક્કાર છે મારી વૃત્તિને! ખરેખર સંતોષ રૂપી ધન એ સાચું ધન છે અને લક્ષ્મીનો સંગ્રહ કરવાના આનંદ કરતા દાનનો આનંદ શ્રેષ્ઠ છે. આવું સમજી સુધીર લક્ષ્મીનો સદુપયોગ કરવા લાગ્યો. એનું જીવન પલ્ટાઈ ગયું.

હવે આપણી મૂળ વાત ઉપર આવીએ. બ્રહ્મદત્ત ચક્રવર્તિની થયેલી જાહેરાત પ્રમાણે નાના મોટા બધા અડધો શ્લોક બોલે છે. દરેકના મનમાં એવી ભાવના છે કે આપણે અડધો શ્લોક જોડીને અડધું રાજ મેળવીએ પણ જ્યાં મોટા મોટા વિદ્વાનો અને પંડિતોની મતિ ચાલતી નથી ત્યાં બીજાની તો વાત જ ક્યાં? કોઈ શ્લોકનું પદ જોડી શકતા નથી. આગળ શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્રઃ- "વગડામાં ભીમસેનનો કલ્પાંત." સંન્યાસી વિશ્વાસઘાત કરીને ચાલ્યો ગયો, તેથી ભીમસેનને ખૂબ આઘાત લાગ્યો. તે એકલો બેઠો બેઠો અફસોસ કરવા લાગ્યો કે હાય વિધાતા! તેં મારી જિંદગી સાથે કેવી ક્રૂર રમત બેલી? આજે મારી જીતની બાજી હારમાં પલ્ટાઈ ગઈ છે. કેટલા કષ્ટ વેઠીને હું સંન્યાસી સાથે ગયો હતો. મેં ભૂખ-તરસ, ટાઢ-તડકાની પરવા ન કરી. મેં ખૂબ સાવધાનીપૂર્વક વફાદારીથી એમને એમના કાર્યની સિદ્ધિમાં પૂરેપૂરો સાથ આપ્યો. એનો મને આ જ બદલો મળ્યો! મારા પ્રયત્ન અને પ્રમાણિકતાનું આ જ પરિણામ! હે કર્મરાજા! મારા કયા કર્મોની તું મને શિક્ષા ફટકારી રહ્યો છે? આ ભવમાં તો મેં ખૂબ શુદ્ધ જીવન વીતાવ્યું છે. ન્યાય અને નીતિથી મેં રાજ્યશાસન કર્યું છે. કોઈને પણ કષ્ટ ન પડે એ રીતે હું જીવન જીવ્યો છું. સ્વપત્નીમાં મેં સંતોષ માન્યો છે. પરસ્ત્રીને મેં મારી માતા અને બહેન સમાન ગણી છે. વ્યસનો અને ભભૂકતી વાસનાઓથી હું સદાય દૂર

રહ્યો છું. મેં યથા શક્તિ તપ કર્યું છે. સુપાત્ર દાન દીધા છે. વ્રતનિયમોનું પણ મેં યથાર્થ ને શુદ્ધ રીતે પાલન કર્યું છે. તો પણ હે કર્મરાજા! મારી આવી અવદશા શા માટે કરી? મારા આ ભવના કોઈ કર્મનું આ પરિણામ તો નથી જ, પણ મેં પૂર્વ-ભવમાં કરેલાં પાપકર્મોનું આ પરિણામ છે.

"પાપનો પશ્ચાતાપ કરતો ભીમસેન" :- પૂર્વભવમાં મેં એવા ઘોર કર્મો બાંધ્યા હશે તેથી જ્યાં સુખની વેળા આવે છે ત્યાં પાછું કોઈને કોઈ રીતે દુઃખ આવીને ઉભું રહે છે. મેં પૂર્વભવમાં કોઈ જીવોને ખાવાપીવામાં, સુખ ભોગવવામાં દરેક રીતે અંતરાય પાડી હશે. જંગલમાં લીલાછમ ઝાડો કપાવ્યા હશે અગર વનમાં આગ લગાડીને લીલા ઝાડને ઉભા ને ઉભા સળગાવી મૂકયા હશે! માતાથી બાળકને વિખૂટા પડાવ્યા હશે! માર્ગે જતાં નિર્દોષ વટેમાર્ગુઓને લૂંટયા હશે! જંગલમાં મોજ કરતા નિર્દોષ પશુઓના શિકાર કર્યા હશે! કોઈની થાપણ ઓળવી હશે! કોઈના માથે ખોટી આળ ચઢાવી હશે! સ્ત્રીઓ ઉપર અત્યાચાર કર્યા હશે! દગા પ્રપંચથી કોઈનું ધન મેં લૂંટી લીધું હશે! ન જાણે મેં કયા કયા પાપો કર્યા હશે! સર્વજ્ઞ ભગવંત સિવાય બીજું કોણ કહી શકે?

"પુણ્યહીન પૂરા મુજ જૈસા, મિલે નહીં સંસાર,
સહાયક અગર મિલે તો બદલે, વો ભી કર્માનુસાર."

હે ભગવાન! આ સંસારમાં મારા જેવો પુણ્યહીન, હતભાગી બીજો કોઈ નહિ હોય. ધન વિના મારા અને મારા કુટુંબનો જીવનનિર્વાહ કેવી રીતે ચલાવવો? હવે તો શરીર પણ કામ આપતું નથી. મને જે થોડી ઘણી હિંમત આવી હતી તે પણ સંન્યાસીએ કરેલા વિશ્વાસઘાતથી ચાલી ગઈ છે. મારા જીવનને ધિક્કાર છે! મારુ જીવતર વ્યર્થ છે. હું મારી પત્નીને કે મારા બાળકોને ઉપયોગી થઈ શકતો નથી. આવા જીવને જીવવા કરતાં મારા માટે મૃત્યુ શ્રેષ્ઠ છે. એમ વિચારી ત્રીજી વખત ગળે ફાંસો ખાઈને મરવા તૈયાર થયો.

ભીમસેન હવે જીવનને છેલ્લા રામ રામ કરવા લાગ્યો. એ હામ ગુમાવી બેઠો હતો. પણ એણે સદ્બુદ્ધિ ગુમાવી ન હતી. અંદરથી એની જાગતી સદ્બુદ્ધિએ પડકાર કરીને કહ્યું કે ભીમસેન! તારું આખું જીવન તો ધૂળમાં ગયું. હવે જ્યારે તેં આ જીવનનો અંત લાવવાનો જ નિશ્ચય કર્યો છે તો પછી તું છેલ્લી જિંદગી સુધારી લે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરીને તું આવતા ભવને બગાડીશ નહિ. મૃત્યુને તારે ભેટવું જ છે તો હસતા હસતા અંતરના ઉમળકાથી એનું સ્વાગત કર. શુભ ધ્યાન ધર. પ્રભુનું નામ સ્મરણ કર ને તારા અંતને ઉજળો બનાવ. હવે ભીમસેન શું કરશે તેના ભાવ અવસરે.

આપણે ત્યાં ઉગ્ર તપસ્વી બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીને જે તપ કરવાની

તીવ્ર ભાવના હતી તે ભાવના પૂ. ગુરૂદેવની કૃપાથી અને શાસનદેવની સહાયથી આજે પરિપૂર્ણ થાય છે. આજે એમને ૩૫ મો ઉપવાસ છે. આવતી કાલે પારણાના ભાવ છે. આપ બધા તપસ્વીના બહુમાન નિમિત્તે ૩૫ દિવસનો શું ત્યાગ કરવો તેનો વિચાર કરીને આવશો. બા. બ્ર. ભાવનાબાઈને પણ આજે ૨૭ મો ઉપવાસ છે. શાસનદેવ તેમની ભાવના પૂર્ણ કરે.

વ્યાખ્યાન નં. ૫૮

ભાદરવા વદ ૧૧ ને રવિવાર "તપસાધના એટલેશું?" તા. ૧૬-૯-૭૬

બા. બ્ર. ઉગ્ર તપસ્વીની પૂ. ચંદનબાઈ મહાસતીજીનો ૩૫ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાના પારણા પ્રસંગે આપેલું મનનીય પ્રવચન.

મોક્ષ માર્ગના નેતા, રાગ-દ્વેષના વિજેતા એવા કેવળજ્ઞાની ભગવંતો સિદ્ધાંતમાં જીવોને આત્મકલ્યાણનો પંથ બતાવતા સમજાવે છે કે હે આત્માઓ! આત્મસાધના કરવાનું કોઈ ક્ષેત્ર કે સ્થાન હોય તો માનવભવ છે. અનંતકાળથી રખડતા આત્માએ મહાન પુણ્યનો પુંજ એકઠો કર્યો હશે ત્યારે આ જન્મ મળ્યો છે. આ આત્મા ચતુર્ગતિ સંસારની અંદર પ્રવાસ ખેડી રહ્યો છે. આ પ્રવાસમાં ફરતા ફરતા આપણે એક એવી અલબેલી નગરીમાં આવી ચઢયા છીએ કે જ્યાં અચિંત્ય પુણ્યાનુબંધી પુણ્ય અને ઘોધમાર પાપક્ષયની કમાણીનો ધર્મ વહેપાર થઈ શકે છે. ભલે, આવા અનુપમ સ્થળે કદાચ અજાણ્યા આવી ચઢયા હોઈએ પણ આવી મહાન, ભવ્ય, આત્માને અનુપમ સુખ આપનાર કમાણીના વહેપાર જાણ્યા પછી એ વહેપાર કરવાની તકને કોણ ચૂકે? અને જો ચૂકે તો પછી તેના પસ્તાવાનો પાર ન રહે.

આવું કિંમતી જીવન મળ્યા પછી જીવનને અજવાળું છે કે અંધકારમય રાખવું છે? જીવનને પ્રકાશમય બનાવવું હોય તો જે જડ વસ્તુઓના રાગમાં રંગાયા છો તે રાગને છોડો. જડની ગમે તેટલી સેવા કરશો પણ એની જાત તમે ઓળખો છો? એ તમને તરછોડીને કાઢી મૂકશે. મહેલ મહેલાતોમાં મુગ્ધ બનેલાને પણ મૃત્યુ પામતા મહેલની બહાર કાઢશે. તિજોરીની પાસે ને પાસે સૂનારા પણ એ ધનના કારણે કંઈક વાર ખંજરથી મરાયા અથવા છેવટે મરીને તિજોરી છોડીને ચેહ ભેગા થયા, માટે જડ પદાર્થોનો રાગ છોડો ને સુકૃતો કરવામાં લાગી જાવ. જીવનમાં સુકૃતો એ દીવા સમાન છે.

આત્મા અનંતકાળથી અનેક પ્રકારની પુદ્ગલની બેડીઓમાં જકડાઈ રહ્યો છે. એનું કારણ છે મિથ્યાત્વ, આહારાદિ સંજ્ઞાઓ, ચાર કષાયો અને હિંસાદિ અનેક પાપોની દોડધામ. આ બધી આત્માની વિકૃતિ છે. આત્મા વિકૃતિને વશ થઈ ગયો તેથી અનંત અનંતકાળથી એ પરાધીન, દુઃખી અને હડધૂત બની ગયો. આત્માનું અસલી સ્વરૂપ

તો અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત સુખ અને અનંત વીર્યમય છે, પણ આજે એની દશા કઈ છે ? વિકૃતિ જીવને કર્મ અને કાયામાં જકડે છે. તેને પરવશ બનેલા આત્માઓ કર્મની બેડીઓથી જકડાય છે કે જે કર્મની સાંકળાઓ એના અનંતજ્ઞાન અને અનંત સુખાદિ પર તાળાં મારી દે છે. જાણે કર્મરાજા જીવને કહે છે "**सब कुछ तमारा मगर हुकम हमारा.**" બધું અંદર છે. કંઈ ખોવાઈ ગયું નથી માત્ર સીલ લાગી ગયા છે. કર્મ સરકારની ચિઠ્ઠી ફાટે ત્યારે રેશન મળે, કારણ કે જીવ સંસ્કૃતિને ભૂલ્યો ને વિકૃતિના પનારે પડી ગયો. આહારાદિ ચાર સંજ્ઞાઓએ વિકૃતિ છે. હું ખાઈ લઉં, ભેગું કરી લઉં, હું ભોગવી લઉં આ બધી વિકૃતિ છે. એ જીવને વારંવાર કાયાનો કેદમાં પૂરે છે ને કહે છે આ તારો મહેલવાસ. દુનિયાની જેલમાં રહેલા કેદીને જેલના રંગરોગાન કરવાનું મન ન થાય પણ આ જીવ તો કાયા રૂપી જેલમાં જન્મે ત્યારથી મરે ત્યાં સુધી હોંશથી આ દેહ રૂપી જેલની સેવા સરભરા કરવામાંથી ઊંચો નથી આવતો. સંસારી જીવ સંસારમાં દેહનો, કુટુંબનો અને દ્રવ્ય એટલે પૈસા, વહેપારધંધા આ ત્રિપુટીની સેવા કરી રહ્યો છે. આ ત્રિપુટીની સેવા જીવને સંસારમાં રઝળાવે છે. આ ત્રિપુટીની સેવામાં ઓતપ્રોત બનેલો જીવ દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રિપુટીને ભૂલી જાય છે.

બંધુઓ ! હું તમને પૂછું કે કાયારૂપી કોટડીની સેવા કેટલી કરો છો અને અનંતજ્ઞાની, ગુણનિધિ એવા પરમ ઉપકારી પ્રભુની ભક્તિ કેટલી કરો છો ? કુટુંબ પરિવારની સેવા કરો છો તેટલો જીવનમાં અનુપમ જ્ઞાનનો પ્રકાશ આપનાર, માર્ગ ભૂલેલાને સાચા રાહે ચઢાવનાર, ગુરૂ ભગવંતોની સેવા ભક્તિ કરો છો ખરા ? જેટલા પ્રેમથી વહેપાર ધંધા અને પૈસાટકાની સેવા કરો છો તેટલા પ્રેમથી દુર્ગતિથી બચાવનાર, કર્મબંધનને તોડનાર કેવળી પ્રરૂપિત ધર્મની સેવા કરી છે ખરી ? આ બંને જાતની ત્રિપુટીમાં કઈ ત્રિપુટી પ્રત્યે તમારા હૈયામાં બહુમાન અને સત્કાર સન્માન છે ? જો આત્માની પ્રગતિ કરવી હોય તો ખરી રીતે કાયા કરતા પ્રભુ પ્રત્યે વિશેષ બહુમાન જાગવું જોઈએ. કુટુંબ અને કામિની કરતાં ગુરૂ પ્રત્યે અને ધન કરતાં ધર્મ પ્રત્યે આદરભાવ હોવો જોઈએ.

देहे द्रव्ये कुटुम्बे च सर्वं संसारिणां मतिः।
जिने जिनमते संघे, पुनर्मोक्षाभिलाषिणाम्॥

મોક્ષનો અભિલાષી તે કહેવાય કે જેણે એક ત્રિપુટી પરથી દૃષ્ટિ ઉઠાડી બીજી ત્રિપુટી પર દૃષ્ટિ સ્થાપિત કરી હોય. કાયા, કુટુંબ અને ધન એ ત્રિપુટી પર જ્યાં સુધી પ્રેમભરી દૃષ્ટિ છે ત્યાં સુધી જીવ સંસારનો અભિલાષી છે. આ ત્રિપુટીમાં કોણ ફસાયું નથી ? કીડી પણ કણનો સંગ્રહ કરે છે. દેહની સરભરા પાછળ કોણ પાગલ નથી ? વિષ્ટાનો કીડો પણ દેહની દરકાર કરે છે. એના રક્ષણ માટે એ દોડાદોડ કરે

છે. તિર્યંચો પણ આ કરે છે તો પછી માનવ આટલું કરે એમાં શી વિશેષતા ? જ્ઞાની કહે છે જો હવે આત્માનું ભાન થતું હોય તો કાયા પરથી દૃષ્ટિ ફેરવીને પ્રભુ તરફ દૃષ્ટિ કર. જે કિંમત પ્રભુની ભક્તિની છે તે કાયાની સેવા નથી. કાયા તો પાપની પ્રેરણાઓ કરે છે, માટે કાયાની સેવા છોડીને પરમાત્મા પ્રભુની સેવા કરો. કુટુંબ પરિવારની સેવા છોડીને ગુરૂ ભગવંતોની સેવા કરો, ધનમાલ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી ધર્મ પર સ્થિત કરો. જ્યારે ધર્મ પર દૃષ્ટિ થશે ત્યારે ચકમકતા સોના, હીરા, પૈસા પર જે ધનબુદ્ધિ થતી હતી તે હવે દાન–શીલ–તપ–ભાવ આદિ પર થશે અને એની કમાણી કરવાનું મન થશે.

આપણા જૈન ધર્મમાં તપનો મહિમા ખૂબ છે. જૈન ધર્મના તપ આગળ અન્ય ધર્મીઓના મસ્તક પણ ઝૂકી જાય છે. જિનશાસનમાં તપના તેજ અનેરો ઝળકાટ પાથરી જિનશાસનને ઝગમગતું બનાવી રહ્યું છે. તપ કરવાથી આત્માને મહાન લાભ થાય છે. આત્મા પવિત્ર, નિર્મળ અને હળવો બને છે. તપ લોકોત્તર કાર્યોની સિદ્ધિ કરનાર છે. તપની આરાધના કરવાથી અનેક પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થાય છે ને પૂર્વકૃત કર્મોનો ક્ષય થાય છે. તપ એ અનેક ગુણોની ખાણ છે. આવો અનેક ગુણોની ખાણ સમાન તપધર્મ આપણા જિનશાસનમાં સદા જયવંતો વર્તી રહ્યો છે.

બંધુઓ ! જેવી રીતે જમીન, ખાતર અને પાણીની બરાબર અનુકૂળતા મળે તો તે વનસ્પતિ સુંદર રીતે ખીલી ઉઠે છે તેવી રીતે ધર્મી આત્માને ચાતુર્માસમાં સંત સતીજી આદિનો સંયોગ મળે છે ને વીતરાગ વાણી સાંભળવા મળે છે. સાથોસાથ કુદરતનું વાતાવરણ પણ તપશ્ચર્યા કરવામાં સહાયતા આપે છે કારણ કે ચાતુર્માસના દિવસોમાં વાતાવરણ ઠંડકભરેલું અને તડકા વગરનું હોવાથી તપ સારી રીતે થઈ શકે છે, તેથી જીવનબાગ ગુણોની સુવાસથી મહેંકી ઉઠે છે. કર્મોનો ક્ષય કરવા માટે તીર્થંકર ભગવાને અનેક રસ્તાઓ બતાવ્યા છે. તેમાં તપ એ ધોરી માર્ગ છે જેમ જંગલને બાળવા માટે દાવાનળ સિવાય બીજું કોઈ સમર્થ નથી. દાવાનળને ઓલવવા માટે મેઘ અને મેઘને વિખેરી નાંખવા પવન સિવાય બીજું કોઈ સમર્થ નથી તેમ કર્મોના સમૂહને નાશ કરવા માટે તપ સિવાય બીજું કોઈ સમર્થ નથી.

"भवकोडी संचियं कम्मं, तवसा निज्जरिज्जइ।"

કોડો ભવના સંચિત કરેલા કર્મો તપથી ક્ષય પામે છે. આવો મહાન તપ આપણે માનવભવમાં કરી શકીએ છીએ, જીવ અનંતકાળથી ચાર ગતિમાં ભ્રમણ કરે છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવલોક. તિર્યંચ ગતિમાં કોઈ સમજણના ઘરમાં આવે તો તપધર્મની આરાધના કરી શકે છે, નરક ગતિમાં અત્યંત મારપીટ અને દુઃખના કારણે એ જીવ તપની આરાધના કરી શકતો નથી. દેવભવમાં સુખ તો ઘણું છે, પણ ત્યાં વ્રત પચ્ચખાણ નથી. દેવોને અવિરતિનો ઉદય હોય છે તેથી તેઓ નવકારશી જેવું નાનકડું

પચ્ચખાણ પણ કરી શકતા નથી. ચાર ગતિમાં મુખ્યતયા માત્ર મનુષ્યભવમાં તપ કરી શકાય છે. તેના અંતરમાં આવો ઉત્કૃષ્ટ તપ ધર્મ વસેલો હોય છે તેને દેવો પણ નમસ્કાર કરે છે. તપના મુખ્ય બે ભેદ છે. એક બાહ્ય અને બીજો આભ્યંતર તપ. બાહ્ય તપના છ ભેદ છે. અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ અને પ્રતિસંલીનતા. આ બાહ્ય તપથી પાંચ ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવી શકીએ છીએ, અને શરીરની આરોગ્યની રીતે પણ શુદ્ધિ થાય છે. આભ્યંતર તપના પણ છ ભેદ છે. પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસગ્ગ, આભ્યંતર તપથી આંતરિક શત્રુઓ જેવા કે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો પાતળા પડે છે, આત્મા સ્વ–સ્વભાવમાં રમણતા કરે છે. બાહ્ય તપ કરતાં આભ્યંતર તપ સામાન્ય માનવી માટે અઘરો છે. તેનાથી પણ કર્મનો ક્ષય થાય છે. તપમાં આવી મહાન તાકાત રહેલી છે. એક સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે,

तपसा क्षीयते कर्म, केवली कर्मणः क्षयात् ।
वृणुयात्तं च मुक्ति स्त्री, तत्र सौख्यं निरंतरम् ॥

તપથી કર્મનો ક્ષય થાય છે. કર્મના ક્ષયથી જીવ કેવળજ્ઞાની બને છે. તથા તેને મુક્તિ રૂપી સ્ત્રી વરે છે ને ત્યાં નિરંતર અવ્યાબાધ સુખ મળે છે.

દરેક મનુષ્યને પોતાના પુરાણા કર્મોના ક્ષય માટે અવશ્ય તપ ધર્મનું શરણું સ્વીકારવું પડે છે. કર્મને કોઈ શરમ નથી. ભગવાન મહાવીર સ્વામીએ કર્મની નિર્જરા માટે સાડા બાર વર્ષ અને પંદર દિવસ સુધી સતત કઠોર તપ કર્યો ત્યારે કર્મોનો ક્ષય થયો ને કેવળજ્ઞાન પામ્યા. જૈન ઇતિહાસમાં ઘણાં ઉદાહરણો છે કે જેમને તપથી અનેક પ્રકારની લબ્ધિ, અષ્ટ–મહાસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. સનતકુમાર ચક્રવર્તિના શરીરમાં સોળ સોળ મહારોગો ઉત્પન્ન થયા ત્યારે એમણે એ રોગોને નાબૂદ કરવા સંયમ લીધો. સંયમ લઈને માસખમણને પારણે માસખમણ જેવા ઉગ્ર તપની સાધના કરીને અનેક પ્રકારની લબ્ધિઓ મેળવી હતી. દૃઢપ્રહારી જેવો ચોર, રોજના સાત સાત જીવોની ઘાત કરનારો અર્જુનમાળી તપશ્ચર્યાથી કર્મનો ક્ષય કરીને મહાસુખ મેળવી ગયા છે. તપનું આવું ફળ જાણ્યા પછી કયો આત્મા પ્રમાદ કરે ? કોઈ નહિ.

"કર્મો ખપાવવાનું હથિયાર તપ" :– દેવાનુપ્રિયો! તપની આરાધનાનો અપૂર્વ અવસર આવે ત્યારે આત્માના અલંકાર સમાન તપને સાધવા વધુ ઉદ્યત બનવું જોઈએ. કોઈ પણ જાતના સુખની આકાંક્ષા રહિત કરાતો તપ આત્મકલ્યાણની અનેરી આભા પ્રસરાવી શકે છે. હું તો અમારા આ બંને તપસ્વીઓને કહું છું કે તમે તપ કરીને એક જ લક્ષ રાખજો કે અનાદિ કાળના મારા પુરાણા કર્મોનો જલ્દી કેમ ક્ષય થાય ? અને હું કર્મોના મેલને તપરૂપી અગ્નિમાં બાળીને જલ્દી ભવસાગર તરી જાઉં. એવી ભાવના રાખજો. આ સંસારની સળગતી જ્વાળાઓને શાંત કરવાને માટે

તપ રૂપ પાણીનું સિંચન કરો. અનાદિકાળની આહાર–સંજ્ઞાનો ત્યાગ કરી અનાહારક દશા પ્રાપ્ત કરવા માટે તપના અમૃતને આરોગો. વિષયબંધનને ભેદી મુક્તિ મંજિલે પહોંચવા માટે તપધર્મનો સહારો સ્વીકારો. તપના પ્રભાવે કર્મના રાશિ ક્ષણમાં ભસ્મીભૂત થઈ જાય છે.

"ઇન્દ્રિયો ઉપર એક તે જ તપ" :– ઇચ્છાઓને રોકવી અને જીભ ઉપર કાબૂ મેળવવો એ સાચો તપ છે. આવી ઉગ્ર તપશ્ચર્યાઓ કરીને રસેન્દ્રિયની ગુલામી દૂર કરવાની છે. આપણા જૈનશાસનમાં તપનું એક અનોખું સ્થાન છે. જૈનશાસન જેટલી તપની મહત્તા બીજે કયાંય જોવા કે સાંભળવા મળતી નથી. કુકર્મોનો નાશ કરવામાં તપ એ અનન્ય સાધન છે. હમણાં જ હું કહી ગઈ ને કે મહાવીરસ્વામીએ તપ રૂપી અગ્નિ દ્વારા કર્મ રૂપ કાષ્ઠોને બાળીને સાફ કર્યા. ગૌતમ સ્વામીએ પણ તપ દ્વારા અનેક લબ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એ લબ્ધિના પ્રભાવે એક વાટકી ખીરથી ૧૫૦૦ તાપસોને પારણા કરાવ્યા. આયંબીલતપ દ્વારા શ્રીપાળ મહારાજાનો ભયંકર કોઢનો રોગ નાશ થયો. ભયંકર પાપીમાં પાપી અને ખૂનીમાં ખૂની મનુષ્યોએ જીવોની હત્યાઓ કરીને કઠોર કર્મો બાંધ્યાં છતાં તપ દ્વારા કર્મોથી વિમુક્ત બન્યા. આ છે તપનું ફળ. આ છે તપનો પ્રકાશ. આ છે તપનો પ્રભાવ.

તપ ધર્મના સામર્થ્યના પ્રેરણાદાયક દૃષ્ટાંતો આપણા જૈન શાસ્ત્રોમાં સ્થળે સ્થળે શ્રેણીબદ્ધ જોવા મળે છે. તપ એ ઉત્કૃષ્ટ મંગળ છે. તપથી સબળ વિઘ્નો ક્ષણ વારમાં નિર્બળ બની જાય છે. દુષ્ટ દેવો પણ તપથી અનુકૂળ બની જાય છે ને ચરણોમાં નમે છે. આ કળિયુગમાં આજે અનેકવિધ તપશ્ચર્યાઓ થાય છે તે ખરેખર પ્રશંસનીય ને અનુમોદનીય છે. બીજી બાજુ દૃષ્ટિ કરીએ તો જોવા મળે છે કે આજે જીભ ઉપરનો બેકાબૂ વધતો જાય છે. ભક્ષ્યાભક્ષ્યનો વિવેક શૂન્ય થતો જાય છે. જે વાનગી બનતી વખતે જોવી પણ ન ગમે તે વાનગી તૈયાર થયા પછી રસનાના સ્વાદથી હોંશેહોંશે ખાતા જોવામાં આવે છે. આવો ઉગ્ર તપ કર્યા પછી જીવનમાં અમુક પ્રકારનો ત્યાગ આવવો જોઈએ તો જ તપ કર્યાની સાર્થકતા છે. તપના પારણા કર્યા પછી ઇન્દ્રિયો ઉપર કાબૂ રાખવો જોઈએ.

"કષાયો ઉપર વિજય એ જ સાચી તપ આરાધના"– જેમ તપથી ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવવાનો છે તેવી રીતે ક્રોધાદિ શત્રુઓ ઉપર પણ વિજય મેળવવાનો છે. કષાય એ ખરેખર ભડભડતી જ્વાળાવાળી પ્રચંડ અગ્નિ છે. જેના સ્પર્શ માત્રથી આત્માના ઉચ્ચ કોટિના ગુણો ક્ષણમાત્રમાં બળીને ભસ્મીભૂત થઈ જાય છે. કષાય એ કોડો વર્ષો સુધી સુંદર રીતે પાલન કરાયેલા સંયમની કતલ કરનારા કસાઈ સમાન છે. આત્માને મોક્ષથી દૂર લઈ જનારા કષાયો જીવને ઉંડા પાણીમાં ઉતારી દે છે. આવી કષાયો જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી તપના ફળ રૂપે ઉન્નતિના શિખરો

સર કરી શકાતા નથી પણ ત્યાંથી ગબડીને જીવ ભયંકર ખીણમાં પટકાઈ જાય છે. ક્રોધની કારમી ગુલામી નીચે આવી પડેલો આત્મા કર્તવ્યાકર્તવ્યના વિવેકથી રહિત બની જાય છે. જુઓ, ક્રોધના કારણે મહાન ઉગ્ર તપસ્વી સંત ચંડકૌશિક સર્પ બન્યા હતા. આવી રીતે કષાયાધીન બનેલા અનેક આત્માઓ નારકીના અસહ્ય દુઃખોના ભોક્તા બન્યા છે. તપથી મળતા મહાન ફળોનો કોળિયો કરી જાય છે. ક્રોધ સહિત કરવામાં આવતો તપ કાયાને કષ્ટ આપનાર બને છે. જેમ જેમ તપમાં વૃદ્ધિ થતી જાય તેમ તેમ ક્રોધમાં હાનિ થતી જાય તો સમજવું કે સાચો તપ કર્યો છે. ક્રોધ વિનાનો અને નિર્દોષ તપ બીજા માણસોને તપમાં સામેલ થવા પ્રેરણાદાયક બને છે. પ્રતિકૂળતાના પ્રસંગોમાં પણ સમભાવથી કરેલો સોહામણો તપ પામરને પણ પરમ બનાવે છે. આત્માના મૂળ સ્વરૂપને પૂર્ણ રૂપે પ્રગટ કરવામાં તપ સહાયક બને છે. મહાન પુરૂષો પણ કહે છે કે

કાળ અનાદિકો કર્મ સંગતિ થૈં, જાઉં પડીયો જ્યૂં ખટપટમાં,
તાસ વિયોગ કરણ એ કરણું, જેણે નવિ ભમીએ ભવતટમાં,
તપ કરીએ સમતા રાખી ઘટમાં...

અનાદિ કાળથી જીવ કર્મની સંગતિથી ખટપટમાં પડયો છે. તે ખટપટ દૂર કરવા માટે આપણે તપ કરવાનો છે. તપ કરવાથી કર્મોનો ક્ષય થાય. કર્મોનો ક્ષય થાય પછી સંસારમાં ભમવાનું રહે નહિ. ચંપાબહેન નામની શ્રાવિકાના છ માસના ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા સાંભળીને મુસ્લીમ અકબર બાદશાહ આશ્ચર્યમુગ્ધ બની ગયા હતા, અને પોતાની સમક્ષમાં ચંપા શ્રાવિકાને છ માસનો તપ કરાવ્યો. એનો તપ અને સમતા જોઈ ને અકબર બાદશાહ એના ચરણમાં ઝૂકી પડયા. ચંપાબાઈના તપથી અને હીરસૂરિશ્વરજી મહારાજ સાહેબના સદુપદેશથી અકબર બાદશાહ અહિંસા પ્રેમી બન્યા અને પોતાના આખા રાજ્યમાં હિંસા નહિ કરવા માટેનો અમારિ પડહ વગડાવ્યો, અને જૈન શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરી. આ હતો આસક્તિ વિનાનો અખંડ તપ. શ્રી જૈનશાસન તપશ્ચર્યાના સ્થંભ ઉપર આધારિત છે. ચારેય પ્રકારના આહારનો ત્યાગ અને મર્યાદિત નિયમનવાળો તપ કેવળ શ્રી વીતરાગ પરમાત્મા ભાષિત જિનધર્મ સિવાય બીજે કયાંય નથી. આત્માના સહજ અને ચિદાનંદ સ્વરૂપને પ્રગટ કરવા માટે તેના પરમ દુશ્મનરૂપ વિભાવ–પૌદ્ગલિક રમણતા અને દુર્ભાવ સંકલેશ, રાગ–દ્વેષ વિગેરેને દૂર કરવા માટે પણ જીવનમાં તપ સાધના કરવાની જરૂર છે.

તન તપમાં જોડાઈ જાય, વચન સ્વાધ્યાયમાં કે ભગવાનના ગુણસ્તવનમાં જોડાઈ જાય અને મન તત્ત્વચિંતન કે શુભ ધ્યાનમાં, પરમાત્મ–મગ્નતામાં લીન બની જાય તો આત્મા ઉત્તરોત્તર નિર્મળ પરિણામવાળો બનતો જાય. આત્માના અતિ નિર્મળ પરિણામનું કાર્ય ઘાતી કર્મોને ઉખેડવાનું છે. ઘાતી કર્મો દૂર થતાં કેવળ જ્ઞાન પ્રગટે

છે. આત્માના નિર્મળ પરિણામના બાધક મિથ્યાત્વ, વિષયાસક્તિ, કષાયોના ઉકળાટ આદિ દોષો છે. જિન વચનના શ્રવણ, મનન અને મંથનથી તત્ત્વ શ્રદ્ધાના પ્રકાશે મિથ્યાત્વ દૂર થાય છે. બાહ્ય તપથી વિષયાસક્તિ દૂર થાય છે. આભ્યંતર તપથી કષાયો દૂર થાય છે. અનંતકાળના સંસારના મોહક રસથી ઉપાર્જેલા સઘળા દોષોને દૂર કરવા માટે અને અનંત ગુણમય શાશ્વત સામ્રાજ્ય પ્રાપ્ત કરવા માટે કરૂણાના ભંડાર અનંત જ્ઞાનીઓએ પામરને પરમ બનાવે, પરાજિતને વિજયી બનાવે, રાગીને વિરાગી બનાવે, ક્રોધીને શાંત બનાવે, લોભીને નિઃસ્પૃહી બનાવે, અજ્ઞાનીને જ્ઞાની બનાવે, અધર્મીને ધર્મી બનાવે, અને ભવોભવના પીડિતને પરમસુખી બનાવે એવો ભગવાને આત્મહિતકર, તપ–ત્યાગનો ભવ્ય ઉપદેશ ભવ્ય જીવોના કલ્યાણ માટે ફરમાવ્યો છે.

મહાનપુરૂષોએ આ શરીરથી જેટલું થાય તેટલું કરી લીધું છે. કયાં સુધી એમણે દેહનું દમન કર્યું છે! કેવા ઉગ્ર તપ કર્યા છે! શાસ્ત્રમાં તે મહાનપુરૂષોના તપનું વર્ણન કરવામાં આવ્યું છે. તે વાંચતાં આપણું કાળજું કંપી જાય છે. અનુત્તરોવવાઈ સૂત્રમાં ધન્ના અણગારના તપનું કેવું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તે ધન્નાકુમારે એક જ વખત ભગવાનની દેશના સાંભળીને સંસારના કામભોગોનો ત્યાગ કર્યો હતો. એ ધન્નાકુમારને વૈરાગ્ય કેવી રીતે આવ્યો હતો.

એક વખત ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા કાકંદી નગરીમાં પધાર્યા. તે વખતે કાકંદી નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. એ જ નગરમાં ભદ્રા નામની સાર્થવાહિની રહેતી હતી. તેને ધન્નાકુમાર નામનો એક પુત્ર હતો. તે ખૂબ વૈભવશાળી હતો. તે રજવાડા જેવા સુખો ભોગવતો હતો. તેને એક–બે નહિ પણ બત્રીસ બત્રીસ પત્નીઓ હતી. આ સમયે શાસનપતિ ભગવાન મહાવીર સ્વામી કાકંદી નગરીમાં પધાર્યા. ભગવાન પધાર્યાના સમાચાર મળતાં જિતશત્રુરાજાના સાડાત્રણ કોડ રોમરાય ખીલી ઉઠયા. અને રાજા પ્રમુખ નગરજનો ભગવાનના દર્શને જવા તૈયાર થયા. આખી કાકંદી નગરીમાં આનંદનું વાતાવરણ છવાઈ ગયું છે. લોકોના ટોળેટોળાં તથા રાજા બધા ભગવાનને દર્શને જઈ રહ્યા છે. ધન્નાકુમારે ઝરૂખામાંથી બધાને જતા જોઈને પૂછયું કે આજે નગરીમાં કોઈ ઉત્સવ છે કે આટલા બધા સંખ્યાબંધ લોકો જઈ રહ્યા છે? ત્યારે માણસોએ કહ્યું કે ત્રિલોકીનાથ ભગવાન મહાવીરસ્વામી નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા છે. તેમના દર્શને આપણા મહારાજા તથા નગરજનો જઈ રહ્યા છે. આ સાંભળી ધન્નાકુમારના મનમાં થયું કે જે ભગવાનના દર્શને ખુદ મહારાજા જાય છે તો એ ભગવાન, કેવા હશે? હું પણ ભગવાનના દર્શન કરવા જાઉં. એમ વિચારીને તે પણ ભગવાનના દર્શને ગયા. ભગવાનની અમૃતમય મીઠી મધુરી દેશના સાંભળતાં તેમના દિલમાં ઝણઝણાટી થઈ. ભગવાને દેશનામાં પુદ્ગલ પરાવર્તનની વાત સમજાવી કે આ જીવે અનંતાકાળથી

કેટલા પુદ્ગલ પરાવર્તનો કર્યા, પણ હજુ ભવનો અંત આવ્યો નહિ, ત્યારે ધન્નાકુમારે ભગવાનને બે હાથ જોડી વિનયપૂર્વક પૂછયું કે હે પ્રભુ ! પુદ્ગલ પરાવર્તન એટલે શું ? ભગવાન કહે છે કે આહારકને છોડીને ઔદારિક આદિ શરીરની વર્ગણાઓને યોગ્ય ચૌદ રાજલોકવર્તી સમસ્ત પરમાણુઓનું સમસ્ત રૂપથી સંમિલન એ જ પુદ્ગલ પરાવર્તન છે. તે જેટલા કાળના થાય છે તે કાળ પણ પુદ્ગલ પરાવર્તન કહેવાય છે. તેનું પરિમાણ (કાળમાન) અનંત ઉત્સર્પિણીઓ અને અનંત અવસર્પિણીઓ છે. આ પુદ્ગલ પરાવર્તન સાત પ્રકારનું છે. (૧) ઔદારિક પુદ્ગલ પરાવર્તન (૨) વૈક્રિય પુદ્ગલ પરાવર્તન (૩) તૈજસ પુદ્ગલ પરાવર્તન (૪) કાર્મણ પુદ્ગલ પરાવર્તન (૫) મનપુદ્ગલ પરાવર્તન, (૬) ભાષા પુદ્ગલ પરાવર્તન (૭) શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્તન. આ સાત પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ ભગવાને ખૂબ સુંદર રીતે સમજાવ્યું.

ભગવાનની વાણી સાંભળીને ધન્નાજીના હાડહાડની મીંજમાં વૈરાગ્યનો રંગ લાગી ગયો. તેમણે વિનયપૂર્વક બે હાથ જોડી ભગવાનને કહ્યું-હે પ્રભુ ! હવે મને સંસાર અસાર લાગે છે. આપની વાણી મને ખૂબ રૂચી છે. હવે હું ઘેર જઈને માતાની આજ્ઞા લઈને જલ્દી આપની પાસે સંયમ લેવા આવું છું. આપ ત્યાં સુધી અહીં સ્થિરતા કરજો. ભગવાને કહ્યું- **"अहा सुहं देवाणुप्पिया ! मा पडिबंध करेह ।"** હે દેવાનુપ્રિય! તમને જેમ સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં વિલંબ ન કરો. ધન્નાકુમારે ઘેર આવીને માતા પાસે જઈને પોતે ભગવાનના દર્શને ગયા. ભગવાનની વાણી સાંભળી વિગેરે વાતો કરતા છેલ્લે વૈરાગ્યની વાત કરી. તે વાત સાંભળતા માતા ધરતી ઉપર ઢળી પડી. ભાનમાં આવતા રડવા ઝૂરવા લાગી છતાં ધન્નાકુમારનું મન જરાયે પણ ઢીલું ન પડયું. તે સમજતો હતો કે માતા મારા પ્રત્યે મોહના કારણે આમ કરે છે. છેવટે ધન્નાકુમારે માતાને ખૂબ સમજાવી. માતાએ જાણ્યું કે મારો પુત્ર હવે સંસારમાં રોકાય તેમ નથી એટલે દીક્ષાની આજ્ઞા આપી અને પોતે સામેથી ચાલીને પોતાના પુત્રને ભગવાનને અર્પણ કરવા ગઈ. ધન્નાજીએ ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી.

જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે ધન્ના અણગારે ભગવાનને વંદન નમસ્કાર કરીને વિનયપૂર્વક કહ્યું હે પ્રભુ ! જો આપની આજ્ઞા હોય તો હું જીવનભર છઠ્ઠ-છઠ્ઠના પારણા કરું. પારણાના દિવસે આયંબીલ કરું. એવી રીતે છઠ્ઠ છઠ્ઠને પારણે આયંબિલ કરતાં તપ સંયમથી પોતાના આત્માને વિશુદ્ધ કરી વિચરું. છઠ્ઠના પારણાને દિવસે વિકૃતિ રહિત રૂક્ષ અન્ન અચેત પાણીમાં નાંખી એક જ આસને બેસી આયંબિલનો આહાર કરું, પણ આયંબિલ વિનાનો નહિ. **"तंपि य संसट्ठं, नो चेव णं असंसट्ठं, तंपि यणं उज्झियधम्मियं, नो चेव णं अणुज्झियधम्मियं, तं पि य जं अण्णे बहवे समण, माहण अतिहि किवण, वणीमगा नावकंखंति ।"** તે રૂક્ષ અન્ન પણ ખરડેલ (લોટ આદિથી ભરેલ) હાથથી દીધું હોય તો કલ્પે પરંતુ મારા માટે હાથ ખરડીને

આપે તો ન કલ્પે. તે આહાર પણ નિરસ હોવાથી નાંખી દેવા જેવું હોય પણ ખાવાના ઉપયોગમાં આવવા જેવું ન હોય. તે આહારને બીજા કોઈ શ્રમણ, શાકયાદિક બ્રાહ્મણ, યાચક, અતિથિ, ભિખારી, કૃપણ, દરિદ્રી, વનીપક, કરૂણાભર્યા અવાજથી ભોજન માંગતા અત્યંત ભૂખ્યા મનુષ્ય પણ લેવાની ઇચ્છા ન કરે એવો આહાર મારે પારણાના આયંબિલ માટે ગ્રહણ કરવો કલ્પે. ભગવાને એમની યોગ્યતા જોઈને એ પ્રમાણે કરવાની આજ્ઞા આપી.

કાલનો મહાન વૈભવશાળી જે ભાણા ઉપર જમવા બેઠો હોય તેના ઉપર એક માખી બેસે તો એ ભાણું છોડીને ઉભો થઈ જનારો આજે કેવા આહાર પાણી લેવા તૈયાર થયો! જ્યારે આપણે તો "**लड्डु भी खाना ने मोक्ष भी जाना....ऐसी बात हो तो कहना, नहीं तो मत बोलना.**" (હસાહસ) બંધુઓ! આ હસીને પતાવવાની વાત નથી. જો કર્મના મેલને બાળવા હશે તો અવશ્ય તપ કરવો પડશે. આ ધન્ના અણગારને કયારેક ભિક્ષામાં આહાર મળે તો પાણી નહીં અને પાણી મળે તો આહાર નહીં. આહારમાં અમૂર્છિત-વર્ણ રસ આદિમાં ગૃદ્ધ ન થતા. માધ્યસ્થભાવે તીવ્ર વૈરાગ્ય ભાવનાથી પૂર્વે કરેલ સુંદર તથા સરસ આહારનું સ્મરણ ન કરતા, રાગદ્વેષ રહિત કોઈ પણ સ્વાદ વિના આહાર કરતા. તે આહારને પણ એકવીસ વાર પાણીથી ધોઈ નિરસ તેમ જ સત્ત્વહીન કરીને આહાર કરતા હતા. જેવી રીતે સર્પ બિલમાં પ્રવેશ કરતી વખતે બિલના બંને ભાગને સ્પર્શ્યા વગર મધ્ય ભાગથી તેમાં પ્રવેશ કરે છે તેવી રીતે ધન્ના અણગાર પણ મુખના બંને ભાગોથી આહારને સ્પર્શાયા વગર સ્વાદ રહિત આહાર કરતા હતા.

આ રીતે છઠ્ઠ છઠ્ઠની આવી ઉગ્ર તપશ્ચર્યાઓ કરીને શરીરને સુકકે ભુકકે કરી નાંખ્યું. આ ઉગ્ર તપના કારણે તેમનું પેટ તો રોટલી શેકવાની લોઢી અથવા લોટ બાંધવાની કથરોટ અંદરથી ઊંડી હોય છે તેવું માંસ, લોહીના અભાવથી શુષ્ક, રૂક્ષ, તેમ જ ઊંડું થઈ ગયું હતું. એ ચાલે ત્યારે જેમ સૂકા મગ અને ચોળીની શીંગો ખખડે તેમ એમના હાડકા ખખડતા હતા, આ રીતે ઉગ્ર તપના કારણે ધન્ના અણગારનું શરીર લોહી માંસના અભાવે સર્વથા સૂકાઈ ગયું હતું. તેમનામાં શારીરિક શક્તિ જરાય ન હતી. ગૌચરી, પડિલેહણ, સ્વાધ્યાય, ધ્યાન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ આદિ સર્વ કાર્યો તેઓ આત્માના વીર્યગુણની સહાયતાથી કરતા હતા. ઉગ્ર તપના કારણે શરીર સૂકાઈ ગયું હતું પણ સંયમ અને તપથી તેમનું આત્મતેજ ઝળકી ઉઠયું હતું.

આવા ઉગ્ર તપસ્વી ધન્ના અણગાર ભગવાન મહાવીર સ્વામીની સાથે ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા એક વખત રાજગૃહી નગરીમાં પધાર્યા. શ્રેણિક મહારાજાને ખબર પડી કે ભગવાન પધાર્યા છે એટલે સપરિવાર તેઓ હર્ષભેર ભગવાનની દેશના સાંભળવા આવ્યા, શ્રેણિક મહારાજા ભગવાનની દેશના સાંભળીને તરત જ પાછા ફરે તેવા ન

હતા પણ એ જાણવાની જિજ્ઞાસાવાળા હતા, એ જ્યારે જ્યારે દેશના સાંભળવા જતા ત્યારે ભગવાનને કંઈક ને કંઈક પ્રશ્નો પૂછતા હતા. તેમણે ભગવાનની દેશના સાંભળ્યા પછી ભગવાનને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે પૂછ્યું : "**इमेसिणं भन्ते ! इन्दभूइ पामोक्खाणं,चौद्दसण्हं समण साहस्सीणं कयरे अणगारे महादुक्कर कारए चेव महा. निज्जरतराए चेव ?**"

હે પ્રભુ ! ઇન્દ્રભૂતિ પ્રમુખ આપના ચૌદ હજાર શિષ્યોમાં મહાન દુષ્કર કરણી કરનાર અને મહાનિર્જરા કરનાર કયા શિષ્ય છે ? ભગવાને કહ્યું શ્રેણિક ! મારા ચૌદ હજાર શિષ્યોમાં કોઈ જ્ઞાનમાં આગળ છે, કોઈ તપસ્વી છે, કોઈ વિનયવાન છે, કોઈ વૈયાવચ્ચમાં આગળ છે, કોઈ રસના ત્યાગી છે. આ રીતે મારા બધા શિષ્યો ગુણવાન છે, મોતીની માળા સમાન છે પણ તારો પ્રશ્ન એ જાતનો છે કે અત્યારે દુષ્કર કરણીના કરનાર કોણ છે તો સાંભળ.

અમે ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા કાકંદી નગરીમાં ગયા હતા. ત્યાં જિતશત્રુ રાજા પ્રમુખ બધા દર્શને આવ્યા હતા. તેમાં ભદ્રા સાર્થવાહીના પુત્ર ધન્યકુમારે એક જ વખત દેશના સાંભળીને વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસથી તે છઠ્ઠ-છઠ્ઠના પારણા કરે છે. પારણાને દિવસે તેઓ આયંબિલ કરે છે. આયંબિલમાં પણ ખૂબ રૂક્ષ આહાર વાપરે છે. આવી એ દુષ્કર કરણી કરે છે, તેથી ધન્ના અણગારનું શરીર તદ્દન સુકકેલુકકે થઈ ગયું છે. ચામડી લટકે છે, હાડકા ખખડે છે. હે શ્રેણિક ! હાલ મારા ચૌદ હજાર સંતોમાં દુષ્કર કરણી કરનાર ધન્ના અણગાર છે. ધન્ના અણગારની વાત સાંભળીને શ્રેણિક રાજા ચકિત થઈ ગયા, અને તેમને ધન્ના અણગારના દર્શન કરવાની ભાવના જાગી, એટલે શ્રેણિક રાજા ભગવાનને વંદન નમસ્કાર કરીને મોતીની માળા સમાન ચૌદ હજાર પવિત્ર સંતોને વંદન કરતા કરતા જ્યાં ઉગ્ર તપસ્વી ધન્ના અણગાર બિરાજતા હતા ત્યાં આવ્યા. આવીને શું કર્યું ? ધન્ના અણગારને વંદન નમસ્કાર કરીને કહે છે "**धन्नेसिणं तुमं देवाणुप्पिया ! सुपुण्णे, सुकयत्थे, सुकयलक्खणे, सुलद्धेणं, देवाणुप्पिया ! तव माणुस्सय जम्मजीविय फले !**" હે દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, દેવતાઓ દ્વારા પ્રશંસનીય છો, આપ મહા પુણ્યશાળી છો, આપે સંયમ લઈને તરત જ સંયમ તથા તપની આરાધના શરૂ કરી છે. આપ કૃતાર્થ છો કારણ કે આપે આત્માનું કલ્યાણ કર્યું છે. આપ કૃતલક્ષણ છો. કારણ કે આપે સમ્યક્ચારિત્ર સાથે તપની આરાધના કરી લીધી છે. ખરેખર આપે જન્મ અને જીવતરનું ફળ પ્રાપ્ત કરી લીધું છે. આ પ્રમાણે કહીને શ્રેણિક રાજાએ ધન્ના અણગારની સ્તુતિ કરી, પછી વંદન નમસ્કાર કરીને પાછા ભગવાન પાસે આવ્યા ને ભગવાનને વંદન કરીને ચાલ્યા ગયા. ધન્ના અણગારે તપ કરીને શરીરમાંથી કસ કાઢી લીધો. હવે આ શરીર દ્વારા કંઈ થઈ શકશે નહિ, એમ વિચારી ભગવંતની આજ્ઞા લઈ સ્થવિર

ભગવંતોની સાથે વિપુલાચલ પર્વત ઉપર જઈને પાદોપગમન સંથારો કર્યો. એક માસનો સંથારો ચાલ્યો. માત્ર નવ માસની દીક્ષા પર્યાયમાં કામ કાઢી ગયા. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચવી એકાવતારી થઈને મોક્ષમાં જશે. તપ દ્વારા મહાન કર્મોની નિર્જરા થાય છે. શરીર સારું છે ત્યાં સુધી બને તેટલો તપ કરીને શરીરમાંથી કસ કાઢી લો. એ ન બને તો બ્રહ્મચર્યાદિ વ્રત નિયમોનું પાલન કરો.

આજે આપણે ત્યાં બા. બ્ર. ઉગ્ર તપસ્વી ચંદનબાઈ મહાસતીજીને ૩૫ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાનું પારણું છે. તેઓ તપશ્ચર્યા કરીને મહાન કર્મની ગ્રંથિઓ તોડી રહ્યા છે. બા. બ્ર. ઉગ્ર તપસ્વી ભાવનાબાઈ મહાસતીજીને આજે ૨૮ મો ઉપવાસ છે અને ૩૪ કરવાના ભાવ છે. હમણાં તો આપણે ત્યાં તપશ્ચર્યા મહોત્સવ ખૂબ ઉજવાઈ રહ્યા છે. ભાદરવા સુદ ૧૧ ને રવીવારે નવસારીમાં બા. બ્ર. ઉગ્ર તપસ્વી હર્ષિદાબાઈ મહાસતીજીના માસખમણના પારણાનો દિવસ હતો. આજે ચંદનબાઈ મહાસતીજીની તપશ્ચર્યાના પારણાનો દિવસ છે. અનેક ગામોથી ઘણા સંઘો, મંડળો, મહિલામંડળો, આવ્યા છે. સહેજે સહેજે આવા તપસ્વીઓના દર્શનનો લાભ મળી ગયો. મહાન ભાગ્ય હોય ત્યારે આવા તપસ્વીઓના અને સંતોના દર્શનનો લાભ મળે છે. હમણાં તમે સાંભળી ગયા ને કે ધન્ના અણગારે ઉગ્ર તપની સાધના કરીને ફક્ત નવ મહિનામાં કામ કાઢી લીધું. શ્રેણીક રાજા જેવા રાજા પણ એમના તપની વાત સાંભળીને એમના દર્શન કરવા ગયા. તેમને જોઈને એમનું હૈયું આનંદથી નાચી ઉઠયું! નેખૂબ ધન્યવાદ આપ્યા.

આ કાળમાં ધન્ના અણગાર તો નથી પણ આવા તપસ્વી સંતસતીજીઓ આપણને એ મહાન પુરૂષોની યાદ તાજી કરાવે છે. તપ એ કર્મરોગને નાબૂદ કરવાનું શ્રેષ્ઠ ઔષધ છે. તપ એ પાપ રૂપી અંધકારનો નાશ કરવા માટે સૂર્ય સમાન છે. તપથી ભવનો તાપ દૂર થાય છે. આવો તપનો મહિમા છે. એવું સમજીને અમારા બંને સતીજીઓએ તપની સાધના કરી છે. બંને સતીજીઓએ પોતાની પ્રત્યેક ક્રિયા જાતે કરી સ્વાધ્યાય, મનન, વાંચન સહિત તપશ્ચર્યા કરી છે. બા. બ્ર. ચંદનબાઈ મહાસતીજીએ એમના જીવનમાં ત્રણ માસખમણ કર્યા છે. આજે ચોથી વખત ૩૫ ઉપવાસની સાધના કરી છે. તે સિવાય ૨૨-૨૧-૨૦-૧૬ ઉપવાસ આદિ તેમ જ છઠ્ઠનો વર્ષીતપ વિગેરે બીજી ઘણી તપશ્ચર્યાઓ કરેલી છે. આવી રીતે મહાન તપ કરીને એમણે એમના જીવનને તેજસ્વી બનાવ્યું છે અને હજુ પણ આવી ઉગ્ર તપશ્ચર્યાઓ કરી કર્મની ગ્રંથિઓને તોડી, ભવના ભુક્કા કરીને આત્માને અમર બનાવે. આજના દિવસે હું મારા તરફથી અને મારા સતીવૃંદ તરફથી એમને અંતરના આશીર્વાદ અને અભિનંદન આપું છું કે આપ જ્ઞાન-ધ્યાન અને તપમાં વૃદ્ધિ કરી આત્માનું કલ્યાણ કરો.

આ સંપ્રદાયના મહાન તપસ્વીઓ પૂ. છોટાલાલજી મહારાજ, પૂ. ગુલાબચંદ્રજી

મહારાજ, પૂ. ફૂલચંદ્રજી મહારાજ અને વર્તમાનમાં પૂ. કાંતિઋષિજી મહારાજ તથા પૂ. સૂર્યમુનિ મહારાજ, પૂ. પ્રકાશમુનિ મહારાજ આજે પણ મહાન તપ કરીને આત્માને ઉજ્જવળ બનાવી રહ્યા છે. તેમને લાખો વાર મારા વંદન હો.

O O O

વ્યાખ્યાન નં. ૫૯

ભાદરવા વદ ૧૨ ને સોમવાર "સાચી સમાધિ કયારે ?" તા. ૧૬-૯-૭૯

અનંતકાળથી જીવ કર્મના કારણે સંસારચક્રોમાં પીસાઈ રહ્યો છે. એ કર્મને દૂર કરવા માટે આ માનવભવમાં કમ્મર કસીને પુરૂષાર્થ કરી લો. ભગવાન કહે છે કે "**रागो य दोसो वि य कम्मबीयं**" ! રાગ અને દ્વેષ એ બંને કર્મના બીજ છે. બીજી રીતે કહીએ તો રાગ અને દ્વેષ એ બંને અનાદિકાળથી આત્માનું અહિત કરનાર મોટામાં મોટા શત્રુઓ છે. આ બે શત્રુઓએ તો આત્માનું સત્યાનાશ વાળી નાંખ્યું છે. આ બે શત્રુઓના કારણે આત્મા દુઃખી છે, એટલે જે આત્માઓ આ બે શત્રુઓ ઉપર વિજય મેળવે છે એને કોઈ જાતનું દુઃખ હોતું નથી, અને જે આત્માઓ એની સત્તા નીચે દબાયેલા છે એમને કોઈ જાતનું સુખ હોતું નથી, કારણ કે રાગ અને દ્વેષ સતત કર્મોનું ઉત્પાદન કર્યા કરે છે અને તે ઉત્પન્ન થયેલા કર્મો આત્માને દુઃખ આપ્યા કરે છે.

સુખનો રાગ અને દુઃખ પ્રત્યેનો દ્વેષ, મિત્ર ઉપરનો રાગ અને શત્રુ પ્રત્યે દ્વેષ, સારા રૂપ ઉપરનો રાગ અને ખરાબ રૂપ ઉપરનો દ્વેષ, સારા રસવાદિષ્ટ પદાર્થ ઉપરનો રાગ અને અસ્વાદિષ્ટ પદાર્થ ઉપરનો દ્વેષ, માન-સન્માન આપનાર ઉપરનો રાગ અને અપમાન-તિરસ્કાર ઉપરનો દ્વેષ, સોના ઉપરનો રાગ અને માટીના ઢેફા ઉપરનો દ્વેષ, આમ રાત દિવસ રાગ અને દ્વેષરૂપ શત્રુઓનું તોફાન જીવનમાં સતત ચાલતું હોય છે. આ રાગ-દ્વેષથી અલિપ્ત રહેવું એનું નામ સમાધિ, સમતા અને સમભાવ. સાચું સુખ સમાધિ, સમતા અને સમભાવમાં રહેલું છે. માટે રાગ-દ્વેષથી મુક્ત એવા વીતરાગ પરમાત્માનું રોજ ધ્યાન ધરવું જોઈએ, વીતરાગ પ્રભુના ધ્યાનથી વીતરાગતા પ્રગટે છે, અને રાગીના ધ્યાનથી રાગ વધે છે, માટે રાગ-દ્વેષનો સંપૂર્ણ નાશ કરવા માટે રોજ વીતરાગ પ્રભુનું ધ્યાન ધરવું જોઈએ. વીતરાગ પ્રભુની વાણીનું શ્રવણ કરવું જોઈએ. વીતરાગ પ્રભુની વાણીનું શુદ્ધ ભાવથી શ્રવણ કરતાં જીવને ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે અને જઘન્ય રસ આવે તો અનંતા કર્મની કોડો ખપાવીને પવિત્ર બને છે.

એવી વીતરાગ પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિને નાટક જોતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને જ્ઞાનમાં એમણે પૂર્વના પાંચ ભવો જોયા. પાંચ પાંચ ભવ સુધી પોતે બંને ભાઈઓ

સાથે ને સાથે રહ્યા હતા પણ આ ભવમાં છૂટા પડી ગયા છે, તેથી વિચાર થયો કે આ ભવમાં એ મારો વહાલો બંધવો કયાં હશે ?

"બંધુની ભાળને માટે અર્ધો શ્લોક બનાવીને, સર્વત્ર રાજ્યમાં એનો સંદેશો પાઠવે નૃપ,
અર્ધા રાજ્ય તણો ભાગી હું બનાવીશ એહને, ઉત્તરાર્ધ શ્લોકનો જેહ બનાવી આપશે મને."

બ્રહ્મદત્ત ચક્રવર્તિએ પોતાના વહાલા બંધુની તપાસ કરવા માટે અડધો શ્લોક બનાવ્યો અને આખા નગરમાં એવી જાહેરાત કરાવી કે જે કોઈ પણ વ્યક્તિ આ શ્લોકનો ઉત્તરાર્ધ એટલે નીચેનો અડધો શ્લોક પૂરો કરી આપશે તેને હું મારું અડધું રાજ્ય ઇનામમાં આપી દઈશ. બ્રહ્મદત્ત ચક્રવર્તિએ શ્લોક બનાવી આપશે તેને અડધું રાજ્ય આપવાની જાહેરાત કરી. વિચાર કરો કે એને પોતાનો ભાઈ કેટલો વહાલો હશે ! બ્રહ્મદત્ત ચક્રવર્તિ સમજતા હતા કે મારા ભાઈ વિના બીજો કોઈ આ શ્લોક બનાવી શકશે નહિ. જો શ્લોકની પૂર્તિ થશે તો મારો ભાઈ મને અવશ્ય મળી જશે. આપણે તો બંને ભાઈઓ સાધુપણામાં કાળ કરીને દેવલોકમાં ગયા પછી બ્રહ્મદત્ત દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને કયાં જન્મ્યો તેની વાત કરી પણ ચિત્તમુનિ કયાં જન્મ્યા તે વાત કરી નથી, એટલે હવે બંને ભાઈઓને ભેગા કરવા છે તો પહેલાં એ જાણવું પડશે ને કે ચિત્તમુનિનો જીવ દેવલોકમાંથી ચવીને કયાં આવ્યો ? તે વાત સૂત્રકાર ભગવંત બતાવે છે.

कंपिले संभूओ चित्तो, पुण जाओ पुरिमतालम्मि ।
सेट्ठि कुलम्मि विसाले, धम्म सोऊण पव्वइओ ॥ २ ॥

પૂર્વભવમાં સંભૂત કે જે ચિત્તમુનિના નાનાભાઈ હતા તેમનો જન્મ કાંપિલ્યપુર નગરમાં બ્રહ્મરાજાને ઘેર ચુલની રાણીની કૂખે થયો હતો અને જે મોટાભાઈ ચિત્ત હતા તે પુરિમતાલ નામના નગરમાં ધનસાર નામના એક ઈભ્ય શેઠને ઘેર ગુણસાર નામે પુત્રરૂપે જન્મ્યો હતો.

ચિત્તમુનિ જેને ઘેર જન્મ્યા તે શેઠ કંઈ સામાન્ય ન હતા પણ ઈભ્ય શેઠ હતા. જેને ઘેર પાંચસો હાથ ઊંચો હાથી અંબાડી સહિત હીરા, માણેક, મોતી વિગેરે ઝવેરાતથી ઢંકાઈ જાય, એટલું ધન જેના ઘરમાં હોય એ ઈભ્ય શેઠ કહેવાય. ચિત્તમુનિનો જીવ જેને ઘેર જન્મ્યો તે ધનસાર શેઠ આવા સમૃદ્ધિશાળી હતા. એમને ઘેર ભૌતિક સુખની બિલકુલ કમીના ન હતી. એ શેઠ ઉદાર અને વિશાળ હૃદયના હતા. આજે ઘણાં માણસો ઉદાર હૃદયના હોય છે પણ એ ઉદારતા પોતાના સુખ પૂરતી હોય છે. પોતાના મોજશોખ માટે, સુખ સગવડો માટે, જેઓ હજારો રૂપિયા વાપરે છે પણ બીજાને માટે વાપરતા નથી, ત્યારે બીજા ઉદાર અને વિશાળ હૃદયના મનુષ્યો હોય છે, જેઓ પોતાના આત્મા સમાન બીજા દરેકના આત્માને સમજે છે. પોતાને સારું ગમે છે, સુખ સગવડો ગમે છે તો દરેક આત્માને પણ એવું સુખ ગમે છે. એમ સમજીને પોતાને માટે જેમ લક્ષ્મીનો વ્યય કરે છે તે રીતે બીજાને માટે પણ છૂટા હાથે વાપરે છે.

ચિત્તમુનિ જેમને ઘેર જન્મ્યા હતા તે ધનસાર શેઠ પણ આવા ઉદાર અને વિશાળ હૃદયના હતા. સાથે ધર્મિષ્ઠ પણ ખૂબ હતા, તેથી સત્સંગ ખૂબ કરતા હતા. જેવા માતાપિતાના સંસ્કાર હોય છે તેવા સંતાનોમાં પણ સંસ્કાર આવે છે. આ ધનસાર શ્રેષ્ઠીનો પુત્ર ગુણસાર પણ બાલપણથી સંસ્કારી અને ધર્મિષ્ઠ હતો. એક વખત પોતાના નગરમાં કોઈ જ્ઞાની સંત પધાર્યા ત્યારે ગુણસાર પણ માતાપિતાની સાથે ધર્મોપદેશ સાંભળવા ગયો. સંતે ઉપદેશ આપતા કહ્યું, હે જીવો! આ જીવન ધનુષ્યના રંગ જેવું ને વીજળીના ઝબકારા જેવું ક્ષણિક છે માટે પ્રમાદ કરવા જેવો નથી. મનુષ્યનું જીવન ક્ષણિક છે, ક્ષણિક જીવનમાં બને તેટલી સાધના કરી લો. જેનો આત્મા હળુકર્મી હોય છે તે એક ટકોરે જાગી જાય છે. એને વધારે ઉપદેશની જરૂર રહેતી નથી.

તુર્કસ્તાનમાં એક બાદશાહ થઈ ગયા. એમનું નામ સિરાજુદ્દુલ્લા હતું, પણ તુર્કસ્તાનની પ્રજા એને સિરાજુ કહેતી હતી. અઢળક સંપત્તિ અને અમર્યાદિત સત્તાના પુણ્યથી એના રાજ્યનો સૂર્ય કદી આથમતો ન હતો પણ સત્તા અને સંપત્તિના કેફ કોને નથી ચઢયા? સત્તા અને સંપત્તિના કેફ વિનાના રાજા તો કોઈક વિરલા હોય છે. આ સિરાજુ બાદશાહ પણ સત્તા અને સંપત્તિના નશાથી મુક્ત રહી શકયા ન હતા. યૌવનના ઉંબરે પગ મૂકતા પહેલાં એણે પોતાના જીવનની ચાદર અનાચારના કાજળથી કાળીમેશ બનાવી દીધી હતી. સુરા અને સુંદરી એનું જીવન બન્યું હતું. પ્રજાની નાખુશીની એને કોઈ પરવા ન હતી. એણે આ ધરતી ઉપર નશાબાજીનું સ્વર્ગ ઉતાર્યું હતું એટલે સ્વર્ગમાં જવાની પણ એને ચિંતા ન હતી. ઘણી વખતે એની બેગમ એને કહેતી કે તમે રાજસભામાં જાઓ, ન્યાય કરો. આ અમારા મોહમાં ને મોહમાં બેસી રહેવું શોભે નહિ, તો પણ રાજસભામાં જતા ન હતા. સુરા અને સુંદરીમાં મસ્ત રહેતા હતા.

આવા ભોગ વિષયના ક્રીડા જેવા સિરાજુ બાદશાહે પોતાના દરબારમાં ધર્મગોષ્ઠિનો પોગ્રામ ગોઠવ્યો હતો. એમના ધર્મના મોલવીઓ અને ફકીરોને આમંત્રણ આપવામાં આવ્યા. સુંદરીઓના નાચગાન પૂરા થઈ જાય કે તરત જ એ સભા ધર્મસભામાં ફેરવાઈ જતી. મોલવીઓ કુરાનની વાતો સંભળાવતા અને એના રહસ્ય ગંભીર અર્થો સંભળાવતા. એ સાંભળીને સિરાજુ માથું ધુણાવતો અને યા....ખુદા....યા....ખુદા વગેરે શબ્દો બોલીને આવેલા મોલવીઓને પ્રસન્ન કરતો. ખુશામતખોર મોલવીઓને સિરાજુના વિષયભોગથી ભરેલા અંધકારમય જીવનની કોઈ પરવા ન હતી પણ એક વૃદ્ધ મોલવીને આ વસ્તુ સ્થિતિ ખૂબ સાલતી હતી, એટલે એ ઘણી વાર સિરાજુને સત્ય વાત સમજાવતો હતો. તે બાદશાહ સિરાજુને ગમતું ન હતું એટલે ઘણી વખત ગુસ્સે થઈને કડવા શબ્દો કહી દેતો હતો, છતાં એ કડવા ઘૂંટડા પીને પણ એ મોલવી સિરાજુને સત્ય વાત સમજાવતો હતો. તક મળે કે તરત સુરા અને સુંદરીના વિલાસથી ભરપૂર જીવનથી

મુક્ત થઈને ખુદાની બંદગી કરવાનું સમજતવતા, પણ અફસોસ ! પથ્થર ઉપર પાણી પડે તો નિષ્ફળ જાય તેમ મોલવીનો ઉપદેશ નિષ્ફળ ગયો, પણ સિરાજુના અંધકારમય અને પાપી જીવનમાં એક દિવસ સોનાનો સૂરજ ઊગ્યો. મોલવીના ઉપદેશના યુગો એના જીવનને પલટાવી શકયા નહિ. એ એની બેગમની દાસીના એક જ વાકયે સિરાજુના જીવનની રોનક બદલાવી નાંખી. જીવનમાં તક તો સદાય બારણે આવીને ઊભી હોય છે પણ અભાગીને એ દેખાતી નથી. બિચારો એની રાહ જોતાં જોત જ પોતાનું જીવન પૂરું કરે છે. જ્યારે સમજદાર માણસ બારણે આવેલી તકને જલ્દી ઝડપી લે છે, અને એ જ પળે દિવસની રાહ જોયા વિના પોતાના જીવનમાં રહેલી ખામીઓને દૂર કરી, જીવનનો પલ્ટો કરી નાંખે છે.

"ઈધર ચલણા હૈ. મગર રેણા 'નહિ" :– એક દિવસ બપોરના સમયે સિરાજુ બાદશાહ ભોજન કરીને હિંચકા ઉપર આરામ કરતા હતા. એ સમયે એના મોટા બેગમ સાહેબ સીવણનું કામ કરતા હતા. બેગમને કંઈક યાદ આવ્યું એટલે બહાર બેઠેલી એની બાંદી (દાસી) ને બૂમ પાડીને કહ્યું કે "**વહાં ચલણાકે નીચે રેણા હૈ વો ઈધર લે આય.**" (ત્યાં ચાલણીની નીચે રીંગણાં છે તે અહીં લઈ આવ) બેગમ સાહેબનો હુકમ થતાં જ દાસી પોતાની જગ્યાએથી ઊભી થઈને રીંગણાં લેવા માટે ગઈ પણ ત્યાં ચાલણીની નીચે રીંગણાં ન હતા, એટલે દાસી સ્તબ્ધ બની ગઈ ને મનમાં બોલી ઉઠી કે "**ઈધર રેણા તો હય નહિ,**" ત્યાં ઉભા ઉભા દાસીએ બૂમ પાડીને મોટા બેગમ સાહેબને કહ્યું કે બેગમ સાહેબ ! "**ઈધર ચલણા હૈ મગર રેણા નહિ.**" અહીં ચાલણી તો છે પણ રીંગણા નથી. હિંચકા ઉપર સૂતેલા સિરાજુ બાદશાહે દાસીનું આ વાકય સાંભળ્યું અને એના અંતરને ભારે આંચકો લાગ્યો ને એ મનમાં જ બોલી ઉઠયો કે, શું ! એક વાર મારે અહીંથી ચાલવાનું જ છે ! અહીં રહેવાનું નથી. વાકય એવું જ છે ને કે "ચલણા હૈ મગર રેણા નહિ." એટલે આગળની વાત જે ન જાણતો હોય એ તો એનો અર્થ એમ જ સમજે કે મારે વહેલા કે મોડા એક દિવસ અહીંથી ચાલવાનું છે પણ રહેવાનું નથી.

"એક વાકયે જાગી ઉઠેલો સિરાજુ" :– બાદશાહ સિરાજુ પણ એવું જ સમજ્યો. આજ દિન સુધી સુરાપાન કરી સુંદરીઓ સાથે ભોગ વિષયમાં મસ્ત રહેનારો બાદશાહ આ વાકય સાંભળીને જાગી ગયો. બસ, આ રાજ વૈભવ, મારી વહાલી બેગમો, ધન–ધાન્ય, બાગ, બંગલા બધું છોડીને એક દિવસ તો મારે જવું જ પડશે, તો હું મારી જાતે જ શા માટે ન છોડી દઉં ? એ જ પળે બાદશાહ સિરાજુ ફકીરનો વેશ પહેરીને રાજમહેલમાંથી નીકળી ગયો. ફકીર બનીને બાદશાહને જતાં જોઈને એની બેગમો રડવા લાગી. એના માણસો રડવા લાગ્યા, અને સિરાજુને રોકવા માટે ખૂબ વિનવવા લાગ્યા, પણ સિરાજુએ તો બધાને કહી દીધું કે વહેલા કે મોડા એક દિવસ

તો સૌને બધું છોડીને અહીંથી ચાલવાનું જ છે તો હું પહેલા જ ચાલવા માંડું છું. તમે પણ જ્યાં રહેવાનું નથી એવા સંસારને વળગી પડશો નહિ. આમ કહીને બાદશાહ ફકીર બનીને રાજમહેલ અને વૈભવવિલાસ છોડીને ચાલતા થઈ ગયા.

આપણા અધિકારમાં પુરિમતાલ નગરમાં ધનસાર શેઠનો પુત્ર ગુણસાર પોતાના માતાપિતાની સાથે શુભચંદ્ર નામના મહાનજ્ઞાની મુનિના દર્શન કરવા માટે ગયો. મુનિના દર્શન કરીને એમના મુખેથી શ્રુત ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ સાંભળ્યો. ઉપદેશ સાંભળીને એમના અંતરમાં વૈરાગ્ય ભાવના જાગી. એક જ વખત ઉપદેશ સાંભળ્યો ને વૈરાગ્ય આવ્યો. તમે કેટલી વખત ઉપદેશ સાંભળ્યો ? પણ સંસાર છોડવાનું મન થાય છે ખરું ? ભોગમાં મસ્તાન બનેલો સિરાજુ બાદશાહ પણ દાસીના એક જ વાકયમાં જાગી ગયો. આ ગુણસાર પણ એક જ વખત ઉપદેશ સાંભળીને જાગી ગયા ને દીક્ષા લીધી. દીક્ષા લઈને ગુણસાર મુનિરાજ ખૂબ જ્ઞાન-ધ્યાન અને તપમાં મસ્ત રહેવા લાગ્યા. એમનું મોહનીય કર્મ ઉપશાંત થતા એમને પણ અવધિજ્ઞાન (ગ્રંથકારના આધારે) થયું એટલે પૂર્વના પાંચ ભવો જોયા, તેથી એમના મનમાં પણ એમ થયું કે અહો ! અમે બંને ભાઈઓ પાંચ પાંચ ભવ સુધી સાથે રહ્યા, અને આ છઠ્ઠા ભવમાં અમે બંને જુદા પડી ગયા છીએ.

પૂર્વભવમાં કરેલા નિયાણાના બળે એ તો ચક્રવર્તિ બન્યા છે. ચક્રેશ્વરી તે નરકેશ્વરી. જે ચક્રવર્તિ ચક્રવર્તિપણામાં મરે તે નરકે જાય છે તો હું સાધુપણું પાળીને સદ્ગતિમાં જાઉં ને મારો ભાઈ શું નરકમાં જાય ? એવું હું નહિ થવા દઉં. જ્યાં મારો ભાઈ છે ત્યાં હું જાઉં ને એને ધર્મનો બોધ આપીને વૈરાગ્ય પમાડું ને મારા જેવો સાધુ બનાવી દઉં. બીજા લોકોને હું ઉપદેશ આપું છું કે હે ભવ્ય જીવો ! તમે મોહનિદ્રાનો ત્યાગ કરી પ્રમાદને ખંખેરી નાંખો ને જાગૃત થાઓ. નરક-તિર્યંચ જેવી દુર્ગતિઓમાં આપણો આત્મા ખૂબ રખડયો ને ખૂબ દુઃખ પામ્યો. એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયના ભવમાં કપાયો, છેદાયો, ભેદાયો. ત્યાં કોઈ રાડ કે બૂમ સાંભળનાર ન હતું. તિર્યંચ પંચેન્દ્રિયના ભવમાં ઘેટા-બકરાં-ગાય-ભેંસ આદિમાં જન્મ્યો ત્યાં કતલખાનામાં કપાયો ને કેવા કેવા કરૂણ દુઃખો ભોગવ્યા ! એનો કોઈ સુમાર નથી. આજે કોઈ માણસનું ખૂન થાય તો એના સગાંવહાલાં બધા કોર્ટમાં કેસ દાખલ કરે પણ આજની સરકાર પોતે જ કતલખાના ખોલાવે, નિર્દોષ જીવોને મશીન દ્વારા મારી નાંખે એનો ન્યાય કરવા માટે કોઈ કોર્ટ છે ? એને માટે કોઈ સરકાર સામે કેસ કરનાર છે ? આજે તમારા મોજશોખ માટે જે જે મુલાયમ ચીજો બને છે તે એકાંત જીવહિંસાથી બને છે. એ વસ્તુઓ બનાવવા માટે જીવોને કેવી રીતે રીબાવી રીબાવીને મારે છે તેનો ખ્યાલ કરો ને હવે નક્કી કરી લેજો કે જીવહિંસાથી જે વસ્તુ બનતી હોય તે મારે વાપરવી નહિ તો તમે પાપમાંથી થોડા ઘણાં અંશે પણ છૂટી શકશો.

મહાન પુણ્યોદયે માનવભવ પામ્યા છો તો આ ભવમાં એવી સાધના કરો કે જીવનનૈયા ભવસાગર તરી જાય. કાંઠે આવેલી નૈયા ડૂબે નહિ. આ મનુષ્યભવ રૂપી કિનારે આવી ગયા છીએ. હવે તો થોડો પુરૂષાર્થ કરવાની જરૂર છે. આપણા માટે આ કાળ એવો સુવર્ણ સમય છે કે અલ્પ કરણીમાં મહાન કર્મની નિર્જરા થાય છે. આવો સમય હાથમાંથી ચાલ્યો ન જાય તેનો ખ્યાલ રાખજો. અહીં મનુષ્ય ભવની દુર્લભતા સમજીને ગુણસાર શ્રેષ્ઠીપુત્રે અઢળક સંપત્તિનો ત્યાગ કરીને દીક્ષા લીધી. દીક્ષા લઈને મારો ભાઈ કયાં હશે ! હું હવે જલ્દી તેની પાસે જાઉં ને એના આત્માને જગાડું. એવા ભાવથી ચિત્ત મુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને પ્રતિબોધ પમાડવા માટે આવશે ને બંને ભાઈઓનું કેવી રીતે મિલન થશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- "પંચ પરમેષ્ઠિ પદનું શરણું લેતો ભીમસેન" : ભીમસેને બબ્બે વખત ગળે ફાંસો ખાધો પણ બચાવનાર મળી ગયા. હવે ત્રીજી વખત ગળે ફાંસો આઈને મરવા તૈયાર થયો. વડની વડવાઈઓનો ફાંસો તૈયાર કર્યો. ત્યાં અંદરથી એની સદ્બુદ્ધિએ એને જાગૃત કર્યો કે હે ભીમસેન ! જતાં જતાં પણ તારું જીવન તો સાર્થક બનાવતો જા. બુદ્ધિની ટકોરે ભીમસેન જાગૃત બન્યો. ફાંસો ગળામાં પહેરી લીધો, પણ લટકયો ન હતો. તે પહેલાં એણે શું કર્યું ? પૂર્વ દિશા તરફ ઊભા રહીને બે હાથ જોડયા. આંખો બંધ કરીને મહા મંગલકારી નમસ્કાર મહામંત્રનું ભાવપૂર્વક રટણ કરવા લાગ્યો. નમો અરિહંતાણું....નમો સિદ્ધાણું....નમો આયરિયાણું....નમો ઉવજ્ઝાયાણું....નમો લોએ સવ્વસાહૂણું. એમ એકાગ્ર ચિત્તે, શુદ્ધ ભાવપૂર્વક એકેક પદ બોલતો ગયો અને આંખો બંધ કરીને જેમ કલ્પનાથી અરિહંત ભગવાનને, સિદ્ધ ભગવાનને સાક્ષાત્ નિહાળતો હોય એમ એકેક પદ બોલીને મસ્તક નમાવવા લાગ્યો. તેમાં પહેલાં બે પદ નમો અરિહંતાણું....નમો સિદ્ધાણું બોલ્યા પછી ત્રીજું પદ નમો આયરિયાણું'નું આવ્યું. ત્યાં તો એના રૂંવાડાં ખડા થઈ ગયા. આચાર્ય ભગવાનને નમસ્કાર કરતા એના જાગૃત આત્મામાં ઉત્કૃષ્ટ ભાવનાનો ઉછાળો આવ્યો.

"અંતિમ સમયે ગુરૂદર્શનનો તલસાટ" :-તે મનમાં વિચારવા લાગ્યો કે અહો ! આ સમયે મારા ગુરૂ ભગવંત કયાં બિરાજમાન હશે ! આ સમયે જો મને એમના દર્શન થાય તો મારું જીવન સફળ બની જાય, પણ એવું મારું ભાગ્ય કયાંથી હોય ? હું તો વનવગડામાં ઊભો છું. મને મારા ગુરૂભગવંતના દર્શનનો યોગ જ કયાંથી મળે ! (પૂ. મહાસતીજીએ અહીં પરદેશી રાજાની ગુરૂભક્તિની ભાવના સમજાવી હતી.) ભીમસેન ભગવાનને પ્રાર્થના કરતા કહેવા લાગ્યો કે હે ભગવાન ! શું મારો અવતાર ગુરૂ ભગવંતના દર્શન વિના એળે જશે ? હે વિધાતા ! આજ સુધી મેં તારી પાસે સુખ અને સંપત્તિ માંગી છે. તેના બદલે તેં મને દુઃખ અને વેદના આપી છે. તો પણ મેં તેને હસતા હસતા સ્વીકાર્યા છે. આજે મરણ પણ એ જ રીતે સ્વીકારું છું. મરતા માણસની એક અંતિમ અભિલાષા પણ હે વિધાતા ! તું પૂરી નહિ કરે ?


મારા જીવનની અંતિમ પળે મને એક જ ઝંખના છે કે મને મારા સંસાર તારક આચાર્ય ભગવંતના દર્શન મળે તો મારા ભાગ્ય ખુલી જાય. આમ અંતરથી ભાવપૂર્વક ભીમસેને પૂર્વ દિશા તરફ મસ્તક નમાવ્યું, અને બોલ્યો કે મારા તરણતારણ, મારા અનંત ઉપકારી, મારા પૂજ્ય આચાર્ય ભગવંતને મારા અંતિમ સમયના લાખ લાખ નમસ્કાર હો. આ પ્રમાણે ભાવપૂર્વક નમસ્કાર કરીને તરત જ ભીમસેને શું કર્યું ?

"શુદ્ધ ભાવનાનો ચમત્કાર" : ભીમસેને પંચ પરમેષ્ઠિ ભગવંતનું ધ્યાન ધરી, સ્મરણ કરીને તૈયાર કરી રાખેલો ફાંસો ગળામાં પહેરી લીધો. ત્યાં શું બન્યું ? બરાબર એ જ સમયે એક જંઘાચારણ સંત આકાશ માર્ગે ઉડતા ચાલ્યા જતા હતા. એમણે જાણે ભીમસેનના અંતરની આરજુ સાંભળી ન હોય તેમ ત્યાં આવી પહોંચ્યા ને ઊંચેથી ભીમસેનને ગળે ફાંસો ખાતો જોયો એટલે એકદમ આકાશ માર્ગેથી નીચે ઉતર્યા અને મધુર અવાજે બોલ્યા કે, ધર્મલાભ–ધર્મલાભ. વનના શીતળ અને શાંત વાતાવરણમાં આ અવાજ ગુંજી ઉઠયો. ધર્મલાભ શબ્દ સાંભળતા ભીમસેન આશ્ચર્ય ને આનંદથી એકદમ ચમકી ઉઠયો ને ઉભો થઈ ગયો અને મનમાં બોલી ઉઠયો કે અહીં આ જંગલમાં મને ધર્મલાભ આપનાર મારા ગુરૂ ભગવંત કયાંથી હોય ! એ તો મારી ખોટી ભ્રમણા છે, છતાં અવાજ સંભળાયો હતો એ વાત તો સાચી છે, એટલે જમીન ઉપર ઉભો થઈને ચારે તરફ જોવા લાગ્યો. ત્યાં તો એની અંતિમ સમયની ભાવના સાકાર બનેલી જોઈ. અહો, આ શું ?

મહા તપોનિધિ દા માસ, તપ જ્ઞાનવંત યોગિંદ,
શમ દમ ગુણ કે સાગર, પૂરણ પગ પૂજે ધરણિંદ.

પોતાની સામે એક મહાન ઉગ્ર તપસ્વી, મહાનજ્ઞાની, શમ, દમ આદિ ગુણોના ભંડાર એવા સંતને પોતાની સામે સાક્ષાત્ આવીને ઉભેલા જોઈને ભીમસેનનું હૈયું હર્ષથી નાચી ઉઠયું, એની આંખોમાં આનંદ ઉભરાઈ આવ્યો. એના સાડા ત્રણ કોડ રોમરાય ખીલી ઉઠયા ને ઘણું ભાવપૂર્વક ભીમસેને વિધિપૂર્વક વંદણા કરી સુખશાતા પૂછી, પછી એમના ચરણનો સ્પર્શ કરીને આનંદથી છલકાતી આંખોએ બે હાથ જોડી ઉભો રહ્યો.

આ જંઘાચરણ સંત ધર્મઘોષસૂરિ હતા. આજે એમને ૧૦ ઉપવાસ (બે માસખમણ) ના પારણાંનો દિવસ હતો એટલે ગૌચરી માટે તે આકાશગમન કરીને કોઈ નગર તરફ જઈ રહ્યા હતા. ત્યાં તેમની કરૂણાર્દ્ર નજર ભીમસેન ઉપર પડી. વડની નીચે ગળે ફાંસો નાંખતો ભીમસેનને જોયો. બે હાથ જોડીને નમસ્કાર મહામંત્રનું રટણ કરતા ભીમસેનને સાંભળ્યો, એટલે તરત જ તેઓ નીચે ઉતર્યા અને ભીમસેનને આત્મહત્યાના મહાપાપમાંથી ઉગારવા તેની સમીપ આવીને ઉભા રહ્યા અને 'ધર્મલાભ' એમ બોલીને આવીને ઉભા રહ્યા. મરતાં મરતાં પણ પોતાની આશા ફળી અને ગુરૂના દર્શન થયા તેથી તેના હર્ષનો પાર નથી. હવે સંત ભીમસેનને શું કહેશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૬૦

ભાદરવા વદ ૧૩ ને મંગળવાર **તા. ૧૮-૯-૭૬**

અનંત ઉપકારી, ત્રૈલોક્ય પ્રકાશક, કરૂણાસિંધુ, શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના એકાંત હિત માટે ઉપદેશ આપતાં ફરમાન કર્યું કે હે જીવો! "**सुखानि संतोष सारणि**" સર્વને સુખ બહુ પ્રિય છે પણ સાચું સુખ શેમાં છે તેની ખબર નથી. સમસ્ત સુખો સંતોષ પ્રધાન છે. સુખનો સાચો સાથી સંતોષ છે. જ્યાં સંતોષ છે ત્યાં સુખ છે. ત્યાં દુઃખ બિચારું ફરકી શકતું નથી, માટે જે કાંઈ પૂર્વકૃત કર્માનુસાર મળે તેમાં સંતોષ માનો. તમારા કરતા વધુ શ્રીમંતો તરફ અને સત્તાધીશો તરફ તો જોશો નહિ. જો તેમના તરફ જોશો તો તમારા સુખી સંસારમાં આગ ચંપાશે અને સુખી સંસાર પણ દુઃખી દુઃખી બની જશે.

જો તમારે જોવું જ હોય તો ધર્મના ક્ષેત્રમાં આપણી આગળ હોય તેની તરફ જોવું અને સાંસારિક ક્ષેત્રમાં જે આપણાથી પાછળ હોય એના તરફ જોવું. સાચા સંતોષીને સુખ કદી છોડતું નથી અને અસંતોષીને દુઃખ કદી છોડતું નથી, માટે ઇચ્છાઓને ઘટાડશો તો દુઃખ ઘટશે ને સુખ વધશે. વિવિધ અને વિચિત્ર ઇચ્છાઓ ઇન્સાનને ઈશ્વર તરફ જતાં આડી આવે છે માટે ઇચ્છાઓ ઉપર નિયંત્રણ મૂકો. ઇચ્છાઓ ઇન્સાનને અચ્છો બનવા દેતી નથી. વધુ પડતી ઇચ્છાઓના કારણે આજનો માનવી ન્યાય નીતિના માર્ગથી ચલિત બન્યો છે. શીલ અને સદાચારને છેલ્લી સલામ ભરી છે. અમર્યાદિત ઇચ્છાઓએ આજે માનવીને દુરાચારી, ભ્રષ્ટાચારી, વ્યભિચારી, અન્યાયી અને અનીતિખોર બનાવ્યો છે. જેની ઇચ્છાઓ મર્યાદિત હોય તે ધર્મના માર્ગે અણુનમ ઉભો રહી શકે, માટે સંતોષ જેવું સુખ કે ધર્મસાધન નથી માટે સંતોષી બનોને સુખી થાઓ.

બંધુઓ! સંતોષ એ માનવ જીવનનું અમૂલ્ય કોહિનૂર છે. કોહિનૂર રત્નને કોણ પિછાણી શકે? રત્નનો પારખનાર તો ઝવેરી જ હોય ને! સાચો ઝવેરી નજર પડે ને ઝવેરાતને પારખી જાય કે આ સાચું ઝવેરાત છે કે કાચના ટુકડા છે? એવી રીતે ધર્મને પામેલો આત્મા તરત સમજી શકશે કે ક્ષમા, સંતોષ આદિ રત્નોનું જીવનમાં કેટલું મૂલ્ય છે! એ ગુણ રૂપી રત્નો કેટલા બધા કિંમતી છે. એ રત્નો માનવ જીવનમાં જડાઈ જાય તો જીવન કેવું તેજસ્વી ઝગમગતું બને છે એ તો ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારા ઉત્તમ જીવો સમજી શકે છે. જીવનમાં સંતોષ આવ્યા પછી બહારનો ઉકળાટ શમી જાય છે અને જીવનમાં સુખ શાંતિનો અનુભવ થાય છે પણ જેના જીવનમાં ક્ષમા નથી તે સદા કષાયોની આગમાં જલતો રહે છે અને જેના જીવનમાં સંતોષ નથી એને ઘેર રાજા મહારાજા જેવી સાહ્યબી હોવા છતાં એ અસંતોષની આગમાં બળતો રહે છે ને તૃષ્ણાના પૂરમાં તણાતો રહે છે.

આપણે ચિત્ત અને બ્રહ્મદત્તની વાત ચાલે છે. એમાં બ્રહ્મદત્તે ચક્રવર્તિ બન્યા પછી તેમના ભાઈની શોધ માટે અડધો શ્લોક રચ્યો છે અને જાહેર કર્યું છે કે જે આ શ્લોક પૂરો કરશે તેને અડધું રાજ્ય મળશે. આથી આખા નગરના પ્રજાજનોએ **"आस्वदासौ मृगौ हंसो मातङ्गा बमरौ तथा ।"** આટલો શ્લોક કંઠસ્થ કરી લીધો અને ભણેલા, અભણ, બાળક, બુઢ્ઢા, યુવાન સર્વના મુખમાં આ શ્લોકનું રટણ હતું. પણ કોઈ આ શ્લોક પૂરો કરી શકતું નથી. બ્રહ્મદત્ત ચક્રવર્તિ પોતાના ભાઈને મળવા આતુર બન્યા છે.

"પૂર્વબંધુ વિયોગથી થયો તે દુઃખી રાજવી, જરા એ સુખના પામે વૈભવો કે વિલાસમાં"

પોતાનો ભાઈ ક્યાં છે તે બ્રહ્મદત્ત ચક્રવર્તિ જાણી શકતા નથી, તેથી તેમના દિલમાં ખૂબ દુઃખ થયા કરે છે. જેને ઘેર છ છ ખંડની સમૃદ્ધિ છે, ૩૨ હજાર ઋતુ કલ્યાણિકા અને ૩૨ હજાર જનપદ કલ્યાણિકા એમ ૬૪ હજાર રાણીઓ હોય છે. ઋતુ કલ્યાણિકા એટલે જેનો સ્પર્શ ઉષ્ણઋતુમાં શીતળ લાગે અને શીતઋતુમાં ઉષ્ણ લાગે અને છ ઋતુમાં સુખદાયી હોય એવી ૩૨ હજાર રાણીઓ છે. તેમને ઋતુ કલ્યાણિકા કહેવામાં આવે છે, અને જે બધા દેશોની સ્ત્રીઓમાં અતિ ઉત્તમમાં ઉત્તમ હોય એવી ૩૨ હજાર રાણીઓ છે. તેમને જનપદ કલ્યાણિકા કહેવામાં આવે છે. આમ ચક્રવર્તિને ૬૪ હજાર રાણીઓ હોય છે. ચક્રવર્તિઓનું ભોજન કલ્યાણ ભોજન કહેવાય છે. એ વિષયમાં એવું કથન છે કે રોગરહિત એક લાખ ગાયોનું દૂધ દોહીને તે પચાસ હજાર ગાયોને પીવડાવી દેવામાં આવે છે. એ પચાસ હજાર ગાયોનું દૂધ દોહીને પચીસ હજાર ગાયોને પીવડાવી દેવામાં આવે, એવી રીતે કરતાં કરતાં અનુક્રમે છેલ્લે એ દૂધ એક ગાયને પીવડાવી દેવામાં આવે, પછી એ એક ગાયનું દૂધ દોહીને તેમાં ઉત્તમ જાતિના ચાવલ નાંખીને ખીર બનાવવામાં આવે, તેમાં ઉત્તમ જાતિના મસાલા, પદાર્થો નાંખવામાં આવે છે. આવી ખીરનું ભોજન કલ્યાણ ભોજન કહેવામાં આવે છે. ચક્રવર્તિ અને એમની પટ્ટરાણી સિવાય બીજું કોઈ એ ખીર ખાઈ શકતું નથી. અને કદાચ ખાઈ જાય તો એને પચાવી શકતા નથી પણ એમના શરીરમાં મહાન ઉન્માદ પેદા થાય છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તિની પટ્ટરાણી (સ્ત્રીરત્ન)નું નામ કુરૂમતી હતું. ચક્રવર્તિની એવી શક્તિ હોય છે કે તે મૂળ રૂપે તો પટ્ટરાણી પાસે રહે છે તે સિવાયની બધી રાણીઓ પાસે વૈક્રિય રૂપે રહે છે, એટલે સૌને એમ લાગે કે ચક્રવર્તિ પોતાની પાસે છે. આટલા વૈક્રિય રૂપો કરી આટલી રાણીઓની સાથે ચક્રવર્તિ એકસાથે ભોગ ભોગવે છે. જેમની આટલી ઋદ્ધિ, સંપત્તિ અને વૈભવ વિલાસો છે એવા બ્રહ્મદત્ત ચક્રવર્તિને પોતાના પૂર્વભવના ભાઈના વિયોગના કારણે ક્યાંય ચેન પડતું નથી તેથી પોતાના ભાઈની તપાસ કરવા માટે જે અડધો શ્લોક પૂરો કરી આપશે તેને અડધું રાજ્ય આપવામાં આવશે એવી જાહેરાત કરાવી છે.

બંધુઓ ! અહીં સમજવાનું એટલું છે કે બ્રહ્મદત્ત ચક્રવર્તિના આ ભવનો ભાઈ નથી છતાં એમનું ભાઈ માટે કેટલું લોહી ઉછળે છે ! ભાઈ પ્રત્યે કેટલી લાગણી છે કે ભાઈને માટે અડધું રાજ્ય આપવા પણ તૈયાર થયા છે ! આજે આવા ભાઈ મળવા મુશ્કેલ છે. આજે તો એક માતાની કૂખે જન્મેલા બે ભાઈઓ હોય તેમાં એક ભાઈ લાખોપતિ હોય ને બીજો સાધારણ સ્થિતિનો હોય, માંડ માંડ એના પેટ પૂરું કરતો હોય છતાં ભાઈની ખબર લેતો નહિ હોય. પોતાની વાહવાહ માટે, પોતાને દાનેશ્વરી કહેવડાવવા માટે હજારો ને લાખો રૂપિયા પળવારમાં વાપરી નાંખે પણ પોતાનો સગો ભાઈ રડે છે, ભૂખ્યો ટળવળે છે એની ખબર લેતો નથી. તમને જો તમારા પુણ્યથી લક્ષ્મી મળી હોય તો પહેલા તમારા ભાઈની સંભાળ રાખો. પછી જ્ઞાતિજનોની, સ્વધર્મી બંધુઓની, પછી ગામના માણસોની સંભાળ લો. દુઃખીઓની સેવા કરો પણ પોતાના સુખમાં જ લક્ષ્મીનો સદ્વ્યય ન કરો. જે પોતાને મળ્યું છે એમાંથી પોતાની શક્તિ પ્રમાણે ગરીબોને-દુઃખીને આપે છે એ સાચો માનવ છે. આજે અમીરીમાં ગરીબી બતાવનાર ઘણાં છે પણ ગરીબીમાં અમીરી બતાવનાર બહુ ઓછા છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક તદ્દન ગરીબમાં ગરીબ કુટુંબ એક નાનકડી ઝૂંપડીમાં વસતું હતું. કુટુંબમાં પતિ-પત્ની અને એક ત્રણ વર્ષનો બાબો હતો. એ ત્રણે જણા ઝૂંપડીમાં રહેતા હતા ને માંડ માંડ પોતાનું ગુજરાત ચલાવતા હતા. એક દિવસ રાત્રે અચાનક કોઈએ ઝૂંપડીનું બારણું ખખડાવ્યું એટલે બાઈએ બારણું ખોલીને જોયું તો એક તદ્દન ગરીબ જેવો માણસ આંગણે આવીને ઉભો હતો. બાઈએ પૂછ્યું કે ભાઈ! શા માટે અત્યારે તમારે મારી ઝૂંપડીનું બારણું ખખડાવવું પડયું ? ત્યારે આવનાર વ્યક્તિ કહે છે બહેન ! વરસાદ ખૂબ પડે છે. મારા કપડાં ખૂબ ભીંજાઈ ગયા છે એટલે ઠંડી ખૂબ લાગે છે. તો મને તમારી ઝૂંપડીમાં થોડી વાર ઉભો રહેવા દેશો ? તો હું તમારો મહાન ઉપકાર માનીશ, ત્યારે બાઈએ મીઠો આવકાર આપતા કહ્યું-ભાઈ! આવો ને ! એમાં મારો ઉપકાર માનવાની જરૂર નથી. જો માનવ માનવને સહકાર નહિ આપે તો બીજા કોને આપશે ? આપ આવો....ખુશીથી આવો.

એમ કહી આવકાર આપીને પોતાની ઝૂંપડીમાં બોલાવ્યો. ઝૂંપડીમાં એક ખૂણામાં ખાટલા ઉપર એનો પતિ સૂતો હતો ને બાજુમાં નીચે એનો બાબો સૂતો હતો, એક બાજુ પોતે ફાટલા તૂટલા કપડાં સાંધતી હતી. ઘેર મહેમાન આવ્યા એટલે બાઈએ એના પતિને જગાડયો ને કહ્યું, ઉઠો! આપણે ઘેર મહેમાન પધાર્યા છે. તેથી એનો પતિ પણ બેઠો થયો ને એણે પણ અતિથિનો આદર સત્કાર કર્યો ને કહ્યું-ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે આજે અમારે ઘેર પધારીને અમારી ઝૂંપડી પાવન કરી. બંને માણસોના પ્રેમભાવ જોઈને આવનાર તો આશ્ચર્ય ચકિત બની ગયો કે શું ! આ બંને

માણસોની ખાનદાની છે ને ગરીબીમાં પણ અમીરી છે! આમ વિચાર કરતો હતો ત્યાં ભાઈના પતિએ કહ્યું-ભાઈ! તમારા કપડાં ખૂબ ભીંજાઈ ગયેલા છે તો એ ઉતારીને આ મારા એક જોડી કપડા છે તે પહેરી લો, ત્યારે આવનાર વ્યક્તિએ કહ્યું, ભાઈ! મારે કપડાં બદલવા નથી. તમે મને તમારી ઝૂંપડીમાં બેસવા દીધો એ તમારો મોટો ઉપકાર છે, ત્યારે કહે છે-ભાઈ! એમાં અમે કંઈ ઉપકાર નથી કર્યો. ઉપકાર તો તમે અમારા ઉપર કર્યો છે કારણ કે અમે રહ્યા ગરીબ માણસ. અમારા ઘરના મહેમાન બનવા કોણ આવે? જ્યાં અમે જ ભિખારી હોઈએ ત્યાં અમારી પાસે કોણ માંગવા માટે આવે? આજે અમારા મહાન સદ્‌ભાગ્યે અમારે ત્યાં પધાર્યા છો તેથી તમે અમારા ઉપર ઉપકાર કર્યો છે. ભાઈ! તમે ભૂખ્યા થયા હશો તો અમારા ઘરમાં લૂખો સૂકો અડધો રોટલો પડયો છે, તે ખાઈ લો.

આવનાર કહે છે ભાઈ! મારે નથી ખાવું. તો પણ પરાણે આગ્રહ કરીને રોટલો ખવડાવ્યો. માણસ પ્રેમથી લૂખો રોટલો ખવડાવે તો પણ મીઠો લાગે. સવાર પડી એટલે આવનાર વ્યક્તિએ કહ્યું-મને મારા કપડાં પાછા આપો. હવે હું જાઉં છું, ત્યારે કહે છે, ભાઈ! હજુ કપડાં પૂરા સૂકાયા નથી ને તમે જવાની વાત કરો છો? ત્યારે કહે હા....મારે જવું છે. મારા કપડાં આપો. ગરીબીમાં પણ અમીરી બતાવનારે કહ્યું-તમારા કપડાં છે તે મારા છે ને મારા છે તે તમારા છે. તમે ખુશીથી પહેરી જાઓ, પણ પેલાએ ઘણ કહ્યું એટલે એના કપડા પાછા આપી દીધા ને જવા માટે રજા લે છે ત્યારે કહે છે આજે મારા બાબાને ત્રણ વર્ષ પૂરા થયા ને આજે ચોથું વર્ષ બેસે છે. અમે અમારા પ્રમાણમાં બાબાની વર્ષગાંઠ ઉજવવાના છીએ. અમે બીજું તો કંઈ કરી શકીએ તેમ નથી, પણ બાજરીનો સવાશેર લોટ કોઈ ગરીબને આપીશું પણ તમે રોકાઈ જાઓ તો અમને વિશેષ આનંદ આવે.

આવનાર વ્યક્તિએ કહ્યું ઠીક, તમે મારી રાહ જોજો. હું થોડી વારમાં આવું છું. એમ કહીને એ માણસ પોતાના મહેલમાં ચાલ્યો ગયો. મહેલમાં જઈને સ્નાન કરી સારા કિંમતી વસ્ત્રો પહેર્યા, અને સાથે હીરા-માણેક-પન્ના-મોતી વિગેરે ઘણી જાતનું ઝવેરાત, સોનામહોરો, રોકડનાણું, અનાજ, વાસણો, વસ્ત્રો, ઘી, તેલ, ગોળ, ખાંડ વિગેરે ઘણી વસ્તુઓ લઈને મોટા લશ્કર સાથે રાજા ત્યાં આવ્યા, ત્યારે પેલું ગરીબ યુગલ તો બિચારું ધ્રૂજી ઉઠયું કે આપણો શું ગુન્હો છે કે રાજા આપણે ત્યાં આવે છે? શું એ આપણને પકડીને લઈ જશે? આમ અનેક વિચારો કરવા લાગ્યા. ત્યાં તો રાજાએ બધી ચીજો ઝૂંપડીના દરવાજા આગળ ખડી કરી દીધી ને કહ્યું કે બાબો કયાં ગયો? એને મારી પાસે લાવો. મારે એનો જન્મદિવસ ઉજવવો છે. આ ગરીબ દંપતિ પૂછે છે મારા દીકરાનો જન્મદિન છે તે આપને કયાંથી ખબર પડી? રાજાએ કહ્યું કે તમે મને ન ઓળખ્યો? જે મહેમાનને તમે રાત્રે આશ્રય આપ્યો હતો તે હું

પોતે જ છું. હું રાત્રે એ જોવા માટે નીકળ્યો હતો કે મારી પ્રજામાં અમીરી અને સજ્જનતા કેટલી છે. તમારે ઘેર આવતા પહેલાં હું દશ શ્રીમંતોના બંગલા ખખડાવીને આવ્યો હતો પણ મને કોઈએ આશ્રય ન આપ્યો. માત્ર તમે જ આપ્યો. તમારી સજ્જનતા અને ગરીબીમાં પણ આવી ઉત્તમ અમીરી જોઈને ખૂબ આનંદ થયો. મને સંતોષ થયો કે મારી પ્રજા આવી ગરીબીમાં પણ અમીરી બતાવી શકે છે. હું તમારા ઉપર ખૂબ પ્રસન્ન થયો છું. એમ કહીને બાળાને સારા મૂલ્યવાન વસ્ત્રો અને દાગીનાથી શણગારી દીધો, અને લાખોની મિલકત આપી એની ગરીબાઈ ટાળી દીધી. ઝૂપડીમાંથી શહેરમાં લઈ જઈને એક સારું મકાન બંધાવીને રહેવા આપ્યું ને ભાઈને પોતાના રાજ્યમાં સારા હોદ્દેદાર તરીકે નિમણૂંક કરી. ગરીબ માણસ મહાન સુખી થઈ ગયો, પણ એનામાં નામ માત્ર અભિમાન ન આવ્યો કે ન તો પોતાની અમીરી છોડી. જીવનભર એણે દુઃખીની સેવા કરીને પોતાનું જીવન ઉજ્જવળ બનાવ્યું.

બ્રહ્મદત્ત ચક્રવર્તિએ પોતાના ભાઈને શોધવા માટે અડધો શ્લોક બનાવી આપવા માટે જાહેરાત કરાવી છે. બીજી તરફ ચિત્તમુનિ કે જેમનું નામ અહીં ગુણસાર છે. એ ગુણસાર ખૂબ ધનવાન કુટુંબમાં જન્મ્યા છે. એમણે એક જ વખત શુભચંદ્ર નામના આચાર્યના મુખેથી જિનવાણી સાંભળીને એમને વૈરાગ્ય આવ્યો ને મહાન સુખ સંપત્તિનો ત્યાગ કરીને સંયમ લીધો. સંયમ લીધા પછી આ ગુણસાર મુનિરાજ ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા. વિચરતાં વિચરતાં અનેક જીવોને ધર્મનો ઉપદેશ સંભળાવતા, ઘણાં જીવોનું કલ્યાણ કરાવતાં કરાવતાં એક દિવસ કાંપિલ્યપુર નગરની બહાર ઉદ્યાનમાં પધાર્યા. મુનિરાજ તો પોતાના આત્મભાવમાં, જ્ઞાન–દર્શન અને ચારિત્રમાં રમણતા કરનાર છે. એમને જગતની પડી નથી. એમનું કામ તો માત્ર જીવોને ધર્મનો ઉપદેશ આપવાનું છે અને સ્વાધ્યાય, ધ્યાનમાં મસ્ત રહેવાનું. ત્યાં શું બન્યું.

"અધરા શ્લોકની પૂર્તિ કરતા મુનિ" :– એ ઉદ્યાનના એક સુંદર બગીચામાં જ્યાં મુનિરાજ ઉતર્યા હતા તે બગીચાનો માળી રેંટ ચલાવીને કૂવામાંથી પાણી કાઢીને બગીચામાં રહેલા વૃક્ષોને પાણી સિંચી રહ્યો હતો. એ માળી પાણી સિંચતા સિંચતા બ્રહ્મદત્ત ચક્રવર્તિએ બનાવેલા અડધા શ્લોકનું રટણ કરતો હતો. આ રટણ બગીચામાં બેઠેલા મુનિરાજે સાંભળ્યું. સાંભળીને મનમાં થયું કે આ તો અમારી બે ભાઈની વાત છે તે આ માળી કયાંથી જાણી ગયો? મુનિએ એ માળીને પોતાની પાસે બોલાવી કહ્યું કે ભાઈ! આ તું શું બોલે છે? માળીએ કહ્યું–મહાત્મા! આ અડધો શ્લોક તો અમારા બ્રહ્મદત્ત મહારાજા જે ચક્રવર્તિ છે તેમણે બનાવ્યો છે ને એમણે જાહેરાત કરાવી છે કે જે માણસ શ્લોકને પૂરો કરી આપશે તેને અડધું રાજ્ય આપશે પણ હજુ સુધી કોઈએ આ શ્લોક પૂરો કર્યો નથી. મોટા મોટા વિદ્વાનો અને પંડિતોએ પણ આ શ્લોક પૂરો કર્યો નથી. આ સમયે મુનિરાજે પેલા માળીને કહ્યું કે ભલે કોઈ આ શ્લોક પૂરો

કરી શકયું ન હોય પણ હું તને હમણાં જ પૂરો કરી આપું. આ વાત સાંભળીને પેલો માળી તો રાજી રાજી થઈ ગયો, અને હર્ષ પામતો બોલી ઉઠયો કે મહારાજ! તો તો હું આપનો મહાન ઉપકાર માનીશ. આ સંતને તો કોઈ રાજ્ય જોઈતું નથી પણ પોતાના સ્વાનુભવની આ વાત હતી એટલે એમણે તરત પેલા અડધા શ્લોકની નીચે બીજા બે પદ લખી દીધા. "**पषा नौ षष्ठिका जातिरन्योन्याभ्यां विमुक्तये :**"

ઘણાં માણસો આ શ્લોક પૂરો કરવા મથતા હતા, પણ કોઈ પૂરો કરી શકયું નથી, પણ આજે આ બગીચાના માળીના ભાગ્યના દ્વાર ખૂલી ગયા કે એના બગીચામાં સંતના પાવનકારી પગલાં થયા ને સહેજ વારમાં શ્લોક પૂરો કરી આપ્યો, એટલે માળી ખુશ ખુશ થઈ ગયો. હાશ....હવે મને અડધું રાજ્ય મળશે. મારું દુઃખ અને દરિદ્ર ટળી જશે. એવા વિચારો કરતો શ્લોક લઈને અત્યંત પ્રસન્ન ચિત્ત બનીને હર્ષભેર મુનિ પાસેથી નીકળીને રાજભવનમાં આવ્યો.

"શ્લોક સાંભળતા મૂર્છિત થયેલા ચક્રવર્તિ" :– બ્રહ્મદત્ત ચક્રવર્તિ આ સમયે સિંહાસને બિરાજતા હતા ત્યાં ગયો ને ચક્રવર્તિને નમન કરીને આખો શ્લોક સંભળાવ્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તિ સમજતા હતા કે મારા ભાઈ સિવાય કોઈ આ શ્લોક પૂરો કરી શકે તેમ નથી. તો નક્કી આ મારો ભાઈ જ લાગે છે, તેથી શ્લોક સાંભળતાં જ પૂર્વભવના ભાઈના સ્નેહથી ગદ્‌ગદિત થઈને બ્રહ્મદત્ત ચક્રવર્તિ મૂર્છા ખાઈને સિંહાસન ઉપરથી નીચે પડી ગયા. ચક્રવર્તિ મૂર્છા ખાઈને પડયા એવા જ એમના દાસ દાસીઓ ત્યાં દોડી આવ્યા ને સૌના મનમાં એમ થયું કે આ માણસ અહીં આવ્યો ને એણે મહારાજાને કંઈક જંતરમંતર કર્યા. એણે કંઈક કહ્યું ને તરત મહારાજા બેભાન બની ગયા છે, માટે નક્કી આ માણસે કંઈક કર્યું છે. એમ સમજીને રાજાના માણસો એને ખૂબ માર મારવા લાગ્યા. હવે એ માળી રાજાના માણસોને શું કહેશે અને બ્રહ્મદત્ત ચક્રવર્તિ ભાનમાં આવશે ત્યારે શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેનને ગુરૂદર્શનની લગની હતી. ગુરૂના દર્શન થતાં એના આનંદની અવધિ ન રહી. મારા ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય કે આજે મારી ઇચ્છા થતાંની સાથે છકાયના રક્ષણહાર મારા ગુરૂભગવંતના મને દર્શન થયા. ભીમસેન તરત જ ગુરૂદેવના ચરણમાં પડી ગયો. ઘણાં સમયે ગુરૂદેવના દર્શન થવાથી આજે એના હૈયામાં અલૌકિક આનંદની લહરીઓ લહેરાવા લાગી.

"ભીમસેનને મીઠો ઠપકો આપતા મુનિ" :– પૂજ્ય આચાર્ય ભગવંત ખૂબ જ્ઞાની હતા. તેઓ ભીમસેનને ઓળખી ગયા. એમણે વડની વડવાઈ ઓના બનાવેલા ફાંસા તરફ જોઈને કહ્યું–હે ભીમસેન! તું આ શું કરી રહ્યો છે? આ સંત ભીમસેનને ઓળખતા હતાં, એટલે નામ દઈને કહ્યું કે તું તો ઉજ્જૈની નગરીનો મહારાજા, મહા શૂરવીર–ધીર બનીને આવા અકામ મરણે મરવું તને શોભે છે? તું આ રીતે આત્મહત્યા

કરીને તારા અનંતા ભવો બગાડવા બેઠો છે ! હે રાજન્ ! તું તો સુજ્ઞ છે. તું જાણે છે કે આ સંસારમાં સુખ અને દુઃખ બધું કર્માધીન છે. અશુભ કર્મના ઉદયથી જીવને દુઃખ મળે છે ને શુભ કર્મના ઉદયથી સુખ મળે છે. જીવનનો અકાળે અંત લાવીને જો કર્મોનો ક્ષય થઈ જતો હોત તો કોણ જીવવાનું પસંદ કરે ? બધા તારી જેમ ગળે ફાંસો ખાઈને જીવનનો અંત લાવી દેત, પણ એવું નથી બનતું.

હે ભીમસેન ! તું તો ભવ્યાત્મા છે. પૂર્વના પુણ્યોદયે તને આવું ઉત્તમ જૈન શાસન મળ્યું છે, વીતરાગ પ્રભુનો ધર્મ મળ્યો છે. આવો ઉત્તમ ધર્મ પામીને પણ તું આ રીતે આવા અકામ મરણે મરી રહ્યો છે ? હે રાજન્ ! તું તારા આત્માને જાગૃત કર. પૂર્વકર્મથી તારા માથે આવી પડેલા દુઃખોને સમભાવે સહન કર. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનને દૂર કર. એ બે ધ્યાનથી તો દુઃખો ઘટવાને બદલે વધતા જશે. કર્મોના આવરણ પાતળા પડવાને બદલે જાડા બનતા જશે. માટે તું આવું અકાર્ય ન કર. શુભ ધ્યાન ધર. કર્મોને ભોગવતા ભોગવતા પણ કર્મોની નિર્જરા કર. તું એવો વિચાર કર કે આ જે દુઃખો તને પડી રહ્યા છે તે તને નહિ પણ તારા દેહને પડી રહ્યા છે. તું દેહ નથી પણ તું અનંત સુખમય આત્મા છે. દુઃખ તો દેહને હોય, આત્માને ન હોય. માટે હે ભીમસેન ! તું સાવધ બન. મનની નિર્બળતાને ખંખેરી નાંખ, આત્મવીર્યને ફોરવ અને મહાપુણ્યોદયે મળેલા માનવજન્મને સુકૃત્યો કરીને સાર્થક કર. આચાર્ય ભગવંત ધર્મઘોષ મુનિની મંગળ અને મંજુલવાણી સાંભળીને ભીમસેનના બધા પરિતાપ શાંત પડી ગયા. મનની તમામ નિરાશાઓ અને દુર્બળતાઓ ભસ્મીભૂત થઈ ગઈ. તેનો આત્મા ચૈતન્ય સ્વરૂપનો આનંદ અનુભવવા લાગ્યો, અને દુઃખથી થાકેલી કાયામાં તાજગીનો સંચાર થયો.

"જીવનની ધન્યતા અનુભવતો ભીમસેન" :– ગુરૂદેવનો ઉપદેશ સાંભળીને ભીમસેન ગદ્‌ગદ કંઠે બોલી ઉઠ્યો હે ગુરૂદેવ ! આપ તો કરૂણાના સાગર છો. સંસાર સમુદ્રથી પોતે તરનારા છો અને મારા જેવા અભાગી પામર જીવોને તારનારા છો. આપે સમયસર અહીં પહોંચીને મને મરતા બચાવી લીધો. જો આપ ન પધાર્યા હોત તો હું ફાંસો ખાઈને મરવાની તૈયારીમાં હતો. ગુરૂદેવ ! આજે મારો જન્મારો સફળ થઈ ગયો. આપના દર્શન માત્રથી મારા સમસ્ત દુઃખો દૂર થઈ ગયા હોય તેમ લાગે છે. આપનું કહેવું યથાર્થ છે. સુખ અને દુઃખ કર્માધીન છે. જીવનનો અકાળે અંત લાવવાથી કર્મસત્તાની કેદમાંથી છૂટકારો થવાનો નથી. મનની દુર્બળતાના કારણે હું આપઘાત કરવા તૈયાર થયો હતો, પણ આપે સવેળાએ આવીને મને ઉગારી લીધો. ગુરૂદેવ ! આપને મારા કોટી કોટી પ્રણામ. આપનો ઉપકાર કદી પણ ભૂલાશે નહિ. એમ કહીને ભીમસેને તિકખુત્તોનો પાઠ ભણીને ગુરૂના ચરણમાં વંદણા કરી ત્યારે મુનિરાજે કહ્યું– હે રાજન્ ! તારા આત્મધર્મને તું ભૂલીશ નહિ. તેનું યથાર્થ રીતે આરાધન કરજે.

એમ છેલ્લા બે શબ્દો કહીને મુનિરાજ જવા માટે તૈયાર થયા, ત્યારે ભીમસેને વિનયપૂર્વક પૂછયું–ભગવંત! આપ અહીંથી કઈ તરફ પધારી રહ્યા છો? સંતે કહ્યું કે આજે મારે ૬૦ ઉપવાસનું પારણું છે, માટે કોઈ મોટા શહેરમાં ગૌચરી માટે જાઉં છું. આ શબ્દો સાભળીને ભીમસેનને આનંદ થયો. હવે તે મુનિરાજને વિનંતી કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

* * *

વ્યાખ્યાન નં. ૬૧

ભાદરવા વદ અમાસ ને ગુરૂવાર **તા. ૧૯–૯–૭૯**

" માનવજીવનની સાર્થકતા શેમાં ? "

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની ભગવંતો સંસારને એક બંધન રૂપ કહે છે. જ્યાં સુધી સંસારની લપ જીવને વળગેલી રહેશે ત્યાં સુધી પરમાત્મા બનવાની પરમ શક્તિ ધરાવતો આત્મા પણ પિંજરમાં પૂરાયેલા મહાન બળવાન સિંહની માફક રાંક અને બળહીન બનીને રહેશે. આટલા માટે આત્મતત્ત્વનો અને આત્માની પરમ શક્તિનો સાક્ષાત્કાર કરવા ઇચ્છનાર માણસે સૌથી પહેલાં એ આત્મશક્તિને રૂંધી રાખનાર સંસારની બેડીને તોડીને એના ટુકડે ટુકડા કરી નાંખવા જોઈએ. આટલા માટે શાસ્ત્રકાર ભગવંતોએ શાસ્ત્રોમાં એ બેડીને તોડવાના એટલે કે એ સંસાર રૂપ મહા સમુદ્રને ઓળંગવાના સાધનોનું ખૂબ વિસ્તારપૂર્વક વર્ણન કર્યું છે. તમે સમજી લેજો કે નાનામાં નાના કાર્યથી માંડીને મહાનમાં મહાન કાર્ય સુધીનું કોઈ પણ કાર્ય એવું નથી કે જે કોઈ પણ પ્રકારના સાધનોનો ઉપયોગ કર્યા વિના માત્ર એમને એમ સિદ્ધ થઈ શકે, એટલે દરેકનું સૌથી પહેલું કાર્ય એ છે કે આવા ઉત્તમ સાધનોને શોધીને એનો ઉપયોગ શરૂ કરવો. સાધન હશે તો સાધ્ય મળશે પણ જ્યાં સાધન નહિ હોય ત્યાં સાધ્યનો પડછાયો પણ કયાંથી મળવાનો છે?

શાસ્ત્રોમાં આપણાં પરમ ઉપકારી તીર્થંકર ભગવંતોએ સંસાર સમુદ્રને તરવાના જે જે ઉપાયો અને સાધનોનું વર્ણન કર્યું છે એ બધામાં સૌથી પ્રથમ અને સૌથી મહત્ત્વના સાધન તરીકે મનુષ્ય જન્મને ગણવામાં આવેલ છે. દેવપણું એ કોઈ અપેક્ષાએ મનુષ્યપણા કરતાં જરૂર ચઢિયાતું ગણવામાં આવે છે પણ એ તો કેવળ ભૌતિકસુખ, વૈભવ અને સાંસારિક આનંદ વિલાસની દૃષ્ટિએ જ. જો કેવળ આધ્યાત્મિક દૃષ્ટિને લક્ષમાં રાખીને આ બંનેનું નિરીક્ષણ કરવામાં આવે તો નિર્વિવાદપણે મનુષ્યપણું સર્વોત્તમ ગણાય. દેવપણું ગમે તેટલું ભોગવે છતાં ત્યાંથી સંસારથી મુક્તિ ન થઈ શકે. એ તો મનુષ્ય થાય ત્યારે થઈ શકે છે. આટલા માટે શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે મનુષ્યપણાનેએક ઉચ્ચ અવસ્થા તરીકે ગણવામાં આવે છે.

બંધુઓ! મનુષ્યપણું એ કોઈ ઉધાર લઈ શકાય એવી વસ્તુ નથી કે જેને જીવ મનમાં આવે ત્યારે મેળવી શકે અને મનમાં આવે ત્યારે પાછી આપી શકે. એ તો પૂર્વના કોઈ મહાપુણ્યના ફળ રૂપે નદી પાષાણ ન્યાયે કરીને સ્વયં પોતાની મેળે મળતી વસ્તુ છે. અનંત આત્માઓએ આ સાધારણ દેખાતા માનવદેહથી પોતાના આત્માની મુક્તિ મેળવી છે. વર્તમાનમાં મેળવે છે ને અનંત આત્માઓ ભવિષ્યમાં મેળવશે. આટલા માટે મનુષ્યભવને મહાદુર્લભ અને મહામૂલ્યવાન ગણવામાં આવે છે. સંસારમાં કોઈ પણ વસ્તુ એવી નથી કે જેનું મૂલ્ય એના કોઈ પણ પ્રકારના ઉપયોગનું નિરીક્ષણ કર્યા વિના થઈ શકતું હોય. ખરી રીતે તો દરેક વસ્તુના મૂલ્ય પ્રમાણે એનો ઉપયોગ થાય છે. જે વસ્તુનો ઉપયોગ જેટલો મહાન એટલી વસ્તુ વધુ મહત્ત્વની હોય છે. ભલે, પછી એ વસ્તુ દેખાવમાં ગમે તેવી લાગતી હોય. આ જ હિસાબ માનવ દેહ માટે છે. માનવ દેહથી થતી સાધના અતિ મહાન છે. યાવત્ મોક્ષ મેળવવા સુધીની એ સાધનાની મર્યાદા છે. મોક્ષ મેળવવા માટે માનવદેહની મહત્તા છે. જેટલી સાધના મહાન એટલી મહત્તા પણ મહાન, તેથી માનવદેહની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. માનવદેહ પ્રાપ્ત થયા પછી મનુષ્યપણાની પ્રાપ્તિ થવી અત્યંત દુર્લભ છે. શા માટે? જીવાત્માએ પૂર્વભવમાં કેટલું'ય પુણ્ય સંચિત કર્યું હોય, કેટલીય શુભ પ્રવૃત્તિઓ આદરી હોય અને કેટલું'ય તપ કર્યું હોય ત્યારે આ મનુષ્યપણું પ્રાપ્ત થાય છે. આટલા માટે એને મુશ્કેલ માનવામાં આવે છે.

બંધુઓ! આ રીતે મનુષ્યપણું ભગવાને મહાદુર્લભ કહ્યું છે. તમને આ વાત સમજાણી? સંસાર રૂપ કેદખાનામાં પેસવાના બારણાં ઘણાં છે પણ એમાંથી નીકળવાનું બારણું તો એક મનુષ્યભવ છે. પહેરેગીર ભૂલથી જેલનો દરવાજો ખુલ્લો મૂકીને કદાચ ચાલ્યો જાય, કેદીના હાથપગમાં બેડી નાંખવાનું પણ કદાચ ભૂલી જાય તો તે સમયે કેદી જેલમાં પૂરાઈ રહે ખરો? ના. તેમ જીવને સંસારરૂપી જેલમાં પૂરનાર મોહરૂપી પહેરગીરે ભૂલથી દરવાજો ખુલ્લો મૂક્યો છે. મતલબ કે મોહરૂપી પહેરેગીરે જીવને સંસારરૂપી જેલમાં પૂર્યો પણ એ પહેરેગીરની નજર ચુકાવી સંસાર રૂપી જેલમાંથી છોડાવે એવો ધર્મ અને જિનશાસન મળ્યું. મનુષ્ય જન્માદિ સામગ્રી મળી, હાથ પગમાં નાંખેલી કષાયરૂપી બેડીઓ ઢીલી થઈ ગઈ છે, ઉપશમી છે તો સમય ઓળખીને આ જેલમાંથી નાસી છૂટો. બાકી આ જેલમાંથી છૂટવું મહામુશ્કેલ છે. વિષય કષાયો આ જીવને જેલમાં જકડી રાખે છે. એમાંથી છૂટવા દેતા નથી. વિષય કષાયોએ તો આપણા આત્માના ગુણોને ખુવાર કરી નાંખ્યા છે. વિષય ભોગો ભોગવવાથી પુણ્યની પાયમાલી થાય છે ને પાપની કમાણી ઉભી થાય છે. વિષયો એ વિષ છે એ જ્યારે સમજાશે ત્યારે ધર્મ એ અમૃત છે એ વાત સમજાશે. વિષયો અને કષાયોના કચરાને દૂર કરવા બ્રહ્મચર્યનું પાલન કરો. વિષય કષાયના આવેશ હોય ત્યાં ગુણસમૃદ્ધિ

આવતી નથી ને વૈરાગ્યનો પ્રકાશ હોતો નથી. બ્રહ્મચર્ય એ મહાન તપ છે. મહાન પુરૂષોના જીવનમાં તપ-ત્યાગ-શીલ-સંયમ-સદાચારની સૌરભ મ્હેંકતી હોય છે. આવા ગુણિયલ મહાપુરૂષો સંસારમાં રહીને પણ ત્યાગી જેવું જીવન જીવતા હોય છે. કયારેક એવા પુરૂષોથી ભૂલ થાય તો એ ભૂલનું પ્રાયશ્ચિત કરવા માટે કાયા કુરબાન કરી દે છે. શીલ ધર્મને નિર્મળ રાખવા આગળના માણસોએ કેવું બલિદાન આપ્યું છે! અહીં મને એક વાત યાદ આવે છે:

ભારતના એક રાજ્યમાં વલ્લરાજ નામે એક પવિત્ર રાજા થઈ ગયા. એ ભગવાનના પરમ ભક્ત હતા. ન્યાય, નીતિ અને સદાચાર આદિ ગુણોથી અલંકૃત હતા. એમના વિશુદ્ધ જીવનના પ્રભાવથી એમનું રાજ્ય સમૃદ્ધ ને સ્વસ્થ હતું. પ્રજાજનોને ખૂબ શાંતિ હતી. પ્રજા રાજાને દિલથી ખૂબ ચાહતી હતી. આ ધર્માત્મા વલ્લરાજને એક પુત્ર હતો. એ પણ પિતા જેવો ધર્મપ્રેમી, ન્યાયપ્રેમી, શીલપ્રેમી અને સત્સંગપ્રેમી હતો. એને સંસારનો જરા પણ મોહ ન હતો. આવા પુત્રને જોઈને પિતાની છાતી ગજગજ ફૂલી જતી હતી. આવા વલ્લરાજને એક વખત યાત્રા કરવા જવાનું મન થયું, તેથી પોતાના ધર્મિષ્ઠ પાટલીપુત્ર પાસે જઈને કહ્યું-બેટા! મારી છ મહિના યાત્રાએ જવાની ભાવના છે. જ્યાં જ્યાં સંત સતીજીઓ હશે ત્યાં હું જઈશ ને એમની પાસેથી સત્સંગનો લાભ લઈશ. તિથિને દિવસે પૌષધ કરીશ, અને મારી ઇચ્છા પ્રમાણે બે ત્રણ દિવસ રોકાઈને છ મહિને પાછો આવીશ. ત્યાં સુધી તું રાજ્યનું બરાબર સંચાલન કરજે.

"પુત્ર તરફથી પિતાને મળેલો સંતોષ":- રાજકુમારે કહ્યું-પિતાજી! આપ રાજ્યની બિલકુલ ચિંતા ન કરશો. આપને જ્યાં સુધી સત્સંગનો લાભ લેવાની ઇચ્છા હોય ત્યાં સુધી લેજો. પુત્રના વચનોથી સંતુષ્ટ થઈને રાજાએ તેને રાજ્ય સોંપીને એક શુભ દિવસે રાજ્યમાંથી પ્રયાણ કર્યું. યુવરાજ બરાબર રાજતંત્ર સંભાળવા લાગ્યો. જ્યારે રાજકાર્યમાંથી નિવૃત્ત બનતો ત્યારે પોતાના મિત્રો સાથે ધર્મચર્ચા કરતો ને આત્માની વાતો કરતો ને આનંદથી દિવસો પસાર કરતો. રાજાને ગયા ને ત્રણ ચાર મહિના થયા હશે ત્યાં એક દિવસ એવો ગોઝારો ઉગ્યો કે યુવરાજના જીવનમાં એક ભયંકર દુર્ઘટના બની ગઈ.

"પનિહારીઓને જોતા કુમારને આવેલો વિચાર":- એક દિવસ યુવરાજ અને એમના મિત્ર મંહેલના ઝરૂખે પોતાના મિત્રો સાથે વાતો કરતા બેઠા હતા. તે વખતે નગર બહાર કૂવેથી પાણી ભરીને પનિહારીઓ પસાર થઈ રહી હતી. તેમાં બે યુવાન પનિહારીઓ માથે પાણીનું ચકમકતું બેડું લઈને જતી હતી એમના ઉપર યુવરાજની દૃષ્ટિ પડી. આ બંને પનિહારીઓ જાણે કોઈ સ્વર્ગમાંથી દેવાંગનાઓ ન ઉતરી પડી હોય એવી સૌંદર્યવાન હતી. એને જોઈને પવિત્ર હૃદયના શીલપ્રેમી

યુવરાજના દિલમાં વિકાર ભાવ જાગ્યો ને મનમાં બોલી ઉઠયો કે કેવી સૌંદર્યવાન સુંદરીઓ છે ! આ રાજદરબારમાં શોભી ઉઠે તેવી છે. કુમાર આમ વિચાર કરતા રહ્યા ને પનિહારીઓ ચાલી ગઈ. એમની તો આ તરફ દૃષ્ટિ પણ ન હતી. એમના ગયા પછી યુવરાજ એકદમ સ્વસ્થ બની ગયા ને એમના ચિત્તના ગગન ઉપર ધસી આવેલી વિકારની કાળી વાદળી એકદમ વિખરાઈ ગઈ. ગમે તેમ તો ય ઉત્તમ આત્મા હતો. હૃદય પવિત્ર હતું એટલે પોતાના મનમાં આવેલા કુવિચારનો ખૂબ પશ્ચાતાપ વધવા લાગ્યો. અરે, મારા મનમાં આવો વિચાર આવ્યો જ કયાંથી ? મારાથી આવું અકાર્ય થઈ ગયું ! આવા પ્રકારની ચિંતાથી યુવરાજને કયાંય ચેન પડતું નથી. એનું મન ઉદાસ બની ગયું. કીડીના ચટકાની જેવી વેદના થાય તેમ પાપકર્મની કીડીઓના ચટકાની વેદના થવા લાગી, એટલે મુખ કરમાઈ ગયું.

"પાપનું પ્રાયશ્ચિત કરવા કુમારે છોડેલા પ્રાણ" :– બીજે દિવસે યુવરાજના મિત્રે પૂછયું–યુવરાજ ! આજે તમારું મુખ કેમ કરમાઈ ગયું છે ? તમને શું ચિંતાનું કારણ છે ? ત્યારે યુવરાજે કહ્યું કે ગઈકાલે આપણે ઝરૂખામાં બેઠા હતા. તે વખતે બે સૌંદર્યવતી પનિહારીઓને જોઈને મારા મનમાં વિકારભાવ જાગ્યો હતો. તેનો મને ખૂબ પશ્ચાત્તાપ થાય છે કે મેં આ શું કર્યું ? હવે મારે એનું પ્રાયશ્ચિત કરવું છે. મિત્રે કહ્યું આપણે કોઈ મહાત્મા પાસે જઈને કરી લઈશું. પણ અત્યારે તમારો પશ્ચાતાપ એટલો બધો છે કે એમાં જ તમારા પાપનું પ્રાયશ્ચિત થઈ રહ્યું છે. પાપનો પશ્ચાતાપ જેમ તીવ્ર તેમ પાપનો વધુ નાશ. પાપનો પશ્ચાતાપ માનવીને ધર્મના મહેલ ચણી આપે છે. યુવરાજે કહ્યું કે મિત્ર ! તમારી વાત સાચી છે, પણ મને તો એમ જ થાય છે કે આજે મારાથી મનથી પાપ થઈ ગયું છે પણ કોણ જાણે કાલે કાયાથી શું પાપ નહિ થાય ! અને મારું જીવન ભ્રષ્ટ થઈ જાય તો પહેલાં મારે તો મારા પાપનું પ્રાયશ્ચિત કરવું છે. એમ કહેતાંની સાથે મહેલની ગેલેરીમાંથી પડતું મૂકયું. ધરતી ઉપર પડતાની સાથે ખોપરી ફૂટી ગઈ ને યુવરાજ તરત મરણ પામ્યા.

"કુંવરના મૃત્યુથી લાગેલો આંચકો" :– આ દૃશ્ય જોઈને મિત્ર તો સ્તબ્ધ બની ગયો. થોડી જ વારમાં આ વાત વાયુવેગે આખા નગરમાં પ્રસરી ગઈ. લોકો દોડતા આવ્યા ને પૂછવા લાગ્યા કે યુવરાજને આપઘાત કરવાનું કારણ શું ? ત્યારે મિત્રે પૂછનારને સત્ય વાત કહી, એટલે એ વાત પણ ભેગી ફેલાતી ગઈ. પેલી બે સૌંદર્યવતી પનિહારીઓને પણ યુવરાજના આપઘાતની ખબર પડી, તેથી એ પણ જોવા આવી. એમણે પણ પૂછયું કે યુવરાજને શા માટે આપઘાત કરવો પડયો ? ત્યારે કોઈએ એમને કહ્યું કે એમણે આપઘાત નથી કર્યો પણ બે સૌંદર્યવતી પનિહારીઓને જતી જોઈને મનમાં વિકાર ભાવ જાગ્યો તેનું પ્રાયશ્ચિત કર્યું છે. આ સાંભળીને બે બંને યુવતીઓ વિચારમાં પડી ગઈ કે નક્કી આપણે બંને કાલે સાથે પાણી ભરવા ગયા હતા

ને આ ગામમાં આપણા જેવું સૌંદર્ય કોઈની પાસે નથી માટે નક્કી આપણું રૂપ જ યુવરાજનો પ્રાણ લેવામાં નિમિત્ત બન્યું છે. આ હકીકત જાણીને બે પનિહારીઓને ખૂબ આઘાત લાગ્યો.

"પનિહારીઓએ છોડેલા પ્રાણ" :– આ બંને સગી બહેનો હતી. એમણે વિચાર કર્યો કે આપણી પવિત્રતામાં ખામી છે. જો આપણું બ્રહ્મચર્ય નિર્મળ હોય તો આપણને જોઈને વિકારીના વિકાર પણ શમી જવા જોઈએ. તેના બદલે આપણું રૂપ જોઈને યુવરાજનું મન બગડયું. એ મનના પાપનું પ્રાયશ્ચિત કરવા એમણે પ્રાણ છોડ્યા. હે ભગવાન ! આ શું થઈ ગયું ? બંને યુવતીઓએ વિચાર કર્યો કે આપણામાં ખામી છે. જેના કારણે આ પરિસ્થિતિ બની છે. આવતી કાલે આપણું પતન નહિ થાય તેની શું ખાત્રી ? આવું પતિતાનું જીવન જીવવા કરતાં તો બહેતર છે કે પવિત્ર જીવનમાં આપણે પ્રાણ છોડી દેવા. એમ વિચાર કરીને બંને યુવતીઓએ એ જ રાત્રે પોતાના મકાનની બારીમાંથી પડતું મૂકીને પ્રાણ છોડી દીધા. બીજે દિવસે સવારના પ્રહરમાં આ દુર્ઘટનાના સમાચાર આખા નગરમાં વ્યાપી ગયા, ત્યારે પવિત્ર નારીઓએ એ બંને યુવતીઓને અંતરથી વધામણાં આપ્યાં ને એમના શબ ઉપર પુષ્પોની અંજલિ અર્પી. વૃદ્ધ સ્ત્રીઓ કહેવા લાગી કે આ બલિદાનો એળે નહિ જાય. ભારતની ધરતી ઉપર થનારી ભાવિ પ્રજાના શીલનો આ ગઢ આ બલિદાનોના રક્તથી વધુ અમર બની ગયો.

"પુત્રનું બલિદાન જાણવા છતાં ગૌરવ ધરતા રાજા" :– અહીં આ વસ્તુ બની ગઈ. હવે મહારાજા વલ્લરાજ કયાં છે એની કોઈને ખબર ન હતી એટલે સમાચાર કયાં મોકલવા ? યુવરાજ સૌને પ્રિય હતા એટલે એના અવસાનથી આખી નગરીમાં ગાઢ શોક વ્યાપી ગયું. સર્વત્ર ઉદાસીનતાનું વાતાવરણ છવાઈ ગયું. દિવસો જતાં થોડા જ સમયમાં રાજા વલ્લરાજ નગરમાં આવ્યા. નગરમાં પગ મૂકતા વાતાવરણ શોકમય લાગ્યું. લોકો ઘણું છુપાવવા જાય પણ છાનું રહે ખરું ? મહારાજા રાજમહેલમાં પહોંચ્યા ત્યાં તો વાતાવરણ ગમગીન હતું. રાજાએ સૌને ઉદાસીનતાનું કારણ પૂછ્યું પણ કોઈ કહેવાની હિંમત કરી શકતું નથી. સૌના દિલમાં એમ હતું કે મહારાજા આ વાત જાણશે ત્યારે એમને કેવો ભયંકર આઘાત લાગશે ? યુવરાજ મહારાજાને પ્રાણ સમા વહાલા હતા. એમનો આઘાત મહારાજા નહિ જીરવી શકે. તો આપણે કદાચ રાજા વિનાના બની જઈશું ને આપણું શું થશે ? એટલે કોઈ જવાબ આપી શકતું નથી, ત્યારે મહારાજા વલ્લરાજે પૂછ્યું કે યુવરાજ કયાં ગયા ? હું આવ્યો ને એ કેમ દેખાતા નથી, એટલે વાતાવરણ વધુ શોકમય બન્યું. હવે તો કહ્યા વિના છૂટકો ન હતો. અંતે પ્રધાને ગંભીર અવાજે સત્ય હકીકત રજૂ કરી. આ સમયે મહારાજાના દિલમાં આઘાત તો લાગ્યો. પુત્ર વિયોગનું દુઃખ થયું છતાં સ્વસ્થ મનથી વલ્લરાજે બધાની વચમાં કહ્યું કે હજુ મારા પૂર્વજોના પુણ્યનો સૂર્ય મધ્યાહ્ને તપી

રહ્યો છે એથી મારા વ્હાલસોયા પુત્ર અને મારી બે દીકરીઓ માનસિક કુશીલતાનો માનસિક સ્પર્શ પણ ન કરી શકયા ! જીવનમાં કોઈ કલંકનો કાળો ડાઘ લાગતા પહેલાં જ એમણે પોતાના પવિત્ર દેહમાંથી પ્રાણ છોડી દીધા. ધન્ય છે એમના પવિત્ર જીવનને ! એમણે મારું ગૌરવ વધાર્યું છે. દુનિયામાંથી ભલે તેઓ ચાલ્યા ગયા પણ એમનું જીવન અમર બનાવી ગયા છે અને મારા પ્રજાજનોમાં કોઈના મનમાં પણ આવી કુવાસના જાગશે તો આ પવિત્ર આત્માઓને યાદ કરીને પોતાનું જીવન સુધારશે. મહારાજાની વાત સાંભળીને પ્રજાજનોએ પવિત્ર જીવને જીવવાનો સંકલ્પ કર્યો.

આપણે ચિત્ત અને બ્રહ્મદત્તનો અધિકાર ચાલી રહ્યો છે. મુનિએ પૂરો કરી આપેલ શ્લોક માળી હરખાતો લઈને બ્રહ્મદત્ત ચક્રવર્તિની પાસે આવ્યો. બ્રહ્મદત્ત ચક્રવર્તિ શ્લોક વાંચતાની સાથે એકદમ મૂર્છિત થઈને સિંહાસનેથી નીચે પડી ગયા ત્યારે રાજાના માણસો આવનારા માળીને ખૂબ મારપીટ કરવા લાગ્યા. આમ તો માળી પહેલાં કહેવાનો ન હતો કે મેં આ શ્લોક બનાવ્યો નથી, કારણ કે જો એમ કહે કે મેં શ્લોક પૂરો કર્યો નથી તો એને અડધું રાજ્ય મળે નહિ પણ એ શ્લોક વાંચીને ચક્રવર્તિ બેભાન બની ગયા એટલે રાજાના માણસો એને ખૂબ મારપીટ કરવા લાગ્યા તેથી માળી સાચું બોલી ગયો કે ભાઈ! તમે મને મારો નહિ. મેં આ શ્લોક પૂરો કર્યો નથી. એ તો મારી વાડીમાં કોઈ જૈનના સાધુ આવ્યા છે. હું આ અડધો શ્લોક બોલતો હતો તે સાંભળીને એમણે આ શ્લોક પૂરો કરી આપ્યો છે. મેં તો એ શ્લોક અહીં આવીને મહારાજાને સંભળાવ્યો. એમાં મહારાજાને શું થઈ ગયું એની મને ખબર પડી નહિ.બ્રહ્મદત્ત ચક્રવર્તિ શ્લોક લઈને આવેલા માળીને જોઈને એમ સમજ્યા કે આ જ મારો ભાઈ છે. હું મોટો ચક્રવર્તિ રાજા અને મારો ભાઈ આવો ગરીબ માળી બન્યા છે! એની આવી દશા ! એના આઘાતમાં બેભાન બની ગયા. એનું કારણ પૂર્વભવનો સ્નેહ છે ને ? આ બે ભાઈઓ પાંચ પાંચ ભવથી સાથે રહ્યા હતા અને નેમનાથ ભગવાન અને રાજેમતી નવ નવ ભવ સુધી સાથે રહ્યા હતા. (અહીં પૂ. મહાસતીજીએ નેમનાથ રાજેમતીના નવ ભવનું સુંદર વર્ણન કર્યું હતું.) ચંદનાદિ શીતળ ઉપચારોથી બ્રહ્મદત્ત ચક્રવર્તિ સ્વસ્થ બની ગયા ને પૂછયું પેલો માણસ કયાં ગયો ? એને જલ્દી મારી પાસે લાવો. માળીને રાજા પાસે હાજર કર્યો ને પૂછયું કે આ શ્લોક પૂરો કરનાર ભાગ્યવાન તમે છો ? માળીએ કહ્યું–મહારાજા ! મારા બેતરમાં એક જૈન મુનિ પધાર્યા છે. તેમણે શ્લોકના બે પદ જોડી આપ્યા છે.

આ સાંભળીને બ્રહ્મદત્ત ચક્રવર્તિ સમજી ગયા કે હું જેમને મળવા માટે તલસી રહ્યો છું, જેમના વિયોગથી ઝૂરી રહ્યો છું. એ મારા પૂર્વભવના વડીલ બંધુ મુનિ અવસ્થામાં ઉદ્યાનમાં પધાર્યા છે. એટલે ખુશ થઈને બ્રહ્મદત્ત ચક્રવર્તિએ માળીને ઘણું દ્રવ્ય આપીને સંતુષ્ટ કર્યો. ધન મળવાથી ગરીબ માળીનું દરિદ્ર ટળી ગયું, એટલે

ખુશ થઈ ગયો અને ચક્રવર્તિને પ્રણામ કરીને ચાલ્યો ગયો. હવે બ્રહ્મદત્ત ચક્રવર્તિને પોતાના ભાઈને જલ્દી મળવાની લગની લાગી છે.

कंपिल्लम्मि य णयरे, समागया दो वि चित्त संभूया ।
सुह दुक्ख फल विवागं, कहंति ते एक्कमेक्कस्स ॥३॥

બ્રહ્મદત્ત ચક્રવર્તિ પોતાના ભાઈને મળવા માટે જવા તૈયાર થયા. પોતે મોટા ચક્રવર્તિ છે છતાં એમ વિચાર ન કર્યો કે હું માણસો મોકલીને મારા મોટાભાઈને અહીં બોલાવી લઉં. તેઓ જાણે છે કે હું એમનો નાનો ભાઈ છું ને એ મારા મોટાભાઈ છે. તો નાનાએ મોટાના સામે જવું જોઈએ એમાં મારી શોભા છે. એમ વિચાર કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તિ પોતાના અંતઃપુરથી પરિવૃત થઈને મોટા ઠાઠમાઠ સાથે અત્યંત ઉત્કંઠાથી પોતાના ભાઈ એવા મુનિરાજના દર્શન માટે ઉદ્યાનમાં આવ્યા. ઉદ્યાનમાં પહોંચતા એમના પ્રેમનો ઉભરો ખૂબ વેગવાન બન્યો. પહેલાં કરતાં પણ એમનો પ્રેમ-સ્નેહ અધિક સ્વરૂપમાં ઉછળવા લાગ્યો. ત્યાં પહોંચીને મુનિરાજના દર્શન કર્યા. એમની બંને આંખો આંસુથી ઉભરાઈ ગઈ, અને સ્નેહવશ બ્રહ્મદત્ત ચક્રવર્તિ મુનિપણામાં રહેલા પોતાના ભાઈને ભેટી પડ્યા. આ રીતે બંને ભાઈઓ મળ્યા અને તેમણે પરસ્પર પોતપોતાના પુણ્ય પાપના ફળના વિપાકની કથા કહી. આ ગાથામાં ચિત્ત સંભૂતિના નામથી જે કહ્યું છે તે પૂર્વભવના નામની અપેક્ષાએ કહ્યું છે. પોતપોતાના સુખ દુઃખની વાત કરી રહ્યા પછી શું બન્યું :

चक्कवट्टी महिड्ढिओ, बंभदत्तो महायसो ।
भायरं बहुमाणेणं, इमं वयणमब्बवी ॥४॥

સર્વોત્કૃષ્ટ ઋદ્ધિસંપન્ન, છ છ ખંડના અધિપતિ, યશકીર્તિને પામેલા બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ઘણું જ આદર અને વિનયપૂર્વક પોતાના મોટાભાઈ કે જે શ્રીમંત શ્રેષ્ઠીના કુળમાં ઉત્પન્ન થયા હતા અને જ્યારે પોતે મળ્યા ત્યારે દીક્ષાથી અલંકૃત છે એટલે કે મુનિવેશમાં છે. એવા પોતાના મોટાભાઈને આ પ્રમાણે કહ્યું :

आसिमो भायरा दोवि, अन्नमन्नवसाणुगा ।
अन्नमन्न मणुरत्ता, अन्नमन्नहिएसिणो ॥५॥

હે મુનિરાજ ! આપણે બંને પૂર્વભવમાં સહોદર ભાઈઓ હતા. તમે મારા મોટાભાઈ હતા ને હું તમારો નાનોભાઈ હતો. આપણે બંને ભાઈઓ વચ્ચે ગાઢ પ્રેમ હતો. આપણે સાથે રમતા, જમતા ને ફરતા. આવા પ્રેમસંપન્ન અને એકબીજાના હિતસ્વી આપણે ભાઈઓ હતા. આ પ્રમાણે કહીને મુનિરાજને વંદન કરીને બ્રહ્મદત્ત ચક્રવર્તિ કહે છે કે હે મુનિરાજ ! જે રીતે આપે મને આપના દર્શનથી સંતુષ્ટ કરેલ છે એ જ રીતે અર્ધા રાજ્યનો સ્વીકાર કરીને આપ મને સંતુષ્ટ કરો. આપ મારા પૂર્વભવના

ભાઈ છો. વળી આપે જ શ્લોક પૂરો કરી આપ્યો છે તેથી મારી જાહેરાત પ્રમાણે તમે અર્ધા રાજ્યના માલિક તો ખરા જ ને? માટે આપ અડધું રાજ્ય લઈને સુખી થાઓ. મને તમારી આવી દશા જોઈને ખૂબ દુઃખ થાય છે. આપણે આગળના ભવમાં ક્યાં હતા?

दासा दसण्णे आसी, मिया कालिंजरे नगे ।
हंसा मयंगतीरे य, सोवागा कासीभूमिए ॥६॥

બ્રહ્મદત્તના મનમાં એમ છે કે હું જ્ઞાનના બળથી જાણું છું કે આગળના પાંચ ભવમાં આપણે કોણ હતા? તેથી પોતે ચિત્ત મુનિને કહે છે કે હે મુનિવર! આપણે બંને પહેલાં દશાર્ણ દેશમાં શાંડિલ્ય બ્રાહ્મણની યશોમતી નામે દાસીના પુત્ર થયા. ત્યાં દાસપણે સાથે હતા. ત્યાં સર્પદંશ થવાથી સાથે મર્યા. ત્યાંથી મરીને કાલિંજર પર્વત ઉપર હરણ રૂપે અવતર્યા. ત્યાં શિકારીઓએ આપણને મારી નાંખ્યા ત્યાંથી મરીને આપણે મૃતગંગા નદીના કિનારે હંસ થયા. ત્યાં પણ શિકારીએ આપણને બાણથી વીંધી નાંખ્યા, એટલે ત્યાંથી મરીને આપણે બંને કાશી નગરમાં ચાંડાલને ત્યાં પુત્રરૂપે અવતર્યા. ત્યાં આપણી નીચ જાતિના કારણે આપણો પરાભવ થયો તેથી અપમાનિત બનેલા એવા આપણે આપઘાત કરવા માટે જંગલમાં ગયા. ત્યાં આપણને સંતના દર્શન થયા. એમણે આપણને ધર્મનો ઉપદેશ આપ્યો તેથી આપણે દીક્ષા લીધી. દીક્ષા લઈને ખૂબ ઉગ્ર સાધના કરીને આયુષ્ય પૂરું થતાં કાળધર્મ પામીને આપણે બંને ભાઈઓ દેવલોકમાં ગયા. આ રીતે આપણે બંને ભાઈઓ પાંચ પાંચ ભવ સુધી સાથે ને સાથે રહ્યા. (ઉપરની ત્રણ ગાથાનું વર્ણન આગળ વિસ્તારપૂર્વક આવી ગયું છે તેથી અહીં તેનું વિવેચન કર્યું નથી.) આ પ્રમાણે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિને કહ્યું. ચિત્તમુનિ એમની બધી વાત મૌનપણે સાંભળી રહ્યા છે. હજુ બ્રહ્મદત્ત પૂછશે ને ચિત્તમુનિ શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેને મુનિને પૂછ્યું કે આપ ક્યાં પધારો છો? ત્યારે કહ્યું મારે આજે ૬૦ ઉપવાસનું પારણું છે, માટે નિર્દોષ આહારની ગવેષણા કરવા માટે જાઉં છું. આ સાંભળીને ભીમસેને વિચાર કર્યો કે મારી પાસે મીઠાઈ પડી છે તે હું સંતને વહોરાવીને લાભ લઉં. આમ વિચાર કરીને ભીમસેને કહ્યું કે હે મારા ઉપકારી પરમ કૃપાળુ ગુરૂદેવ! હું મારા માટે ને સંન્યાસીને આવા માટે મીઠાઈ અને ફરસાણ લાવ્યો હતો. સંન્યાસી મારું સુવર્ણરસનું તુંબડું લઈને ચાલ્યો ગયો છે. અમારા માટે લાવેલું છે, તદ્દન નિર્દોષ છે ને આપને કલ્પે તેમ છે. તો આપ કૃપા કરીને મને લાભ આપો તો મારો ભવ સાર્થક બની જશે. અંતરની ભાવનાથી ભીમસેને ખૂબ આગ્રહ કર્યો એટલે મુનિએ એની ભાવના અને આહાર શુદ્ધ અને નિર્દોષ છે એમ જાણીને પાત્ર ધર્યું. ભીમસેને અત્યંત ઉલ્લાસભાવથી વહોરાવ્યું. એના હૈયામાં હર્ષ સમાતો નથી. ઉત્કૃષ્ટ ભાવે દાન દેવામાં ભીમસેનના ઘણાં કર્મો ખપી ગયા.

"સુપાત્ર દાનનો ચમત્કાર" :– જે સમયે ભીમસેને સંતના પાત્રમાં વહોરાવ્યું તે જ સમયે આકાશમાં દેવદુંદુભીના સૂર ગૂંજી ઊઠયા. દેવ વિમાનોમાંથી દેવોએ પારિજાતક પુષ્પોની વૃષ્ટિ કરી. સુગંધિત જળની વર્ષા કરી. દિવ્ય વસ્ત્રોનો વરસાદ વરસાવ્યો. અને સાડા બાર ક્રોડ સોનામહોરોની વૃષ્ટિ કરી. બુલંદ સ્વરે અહો દાનં....અહો દાનં....ના ઘોષપૂર્વક ધર્મઘોષ મુનિનો જયનાદ કર્યો અને ધરતી ઉપર આવીને દેવ દેવીઓએ વિધિપૂર્વક આચાર્ય ભગવંતને વંદના કરી તેમજ ભીમસેને આવા તપસ્વી સંતને સુપાત્ર દાન આપ્યું. તે માટે તેની ખૂબ પ્રશંસા કરી. દેવોએ પોતાની જાતે જ રાજાનો પોશાક તેમજ મૂલ્યવાન આભૂષણો પહેરાવી દીધા. તેથી ભીમસેન એક દિવ્ય પુરૂષની માફક શોભવા લાગ્યો. પહેલા રાજા તો હતા જ પણ એના પાપકર્મના ઉદયે એને ભિખારી બનાવ્યો હતો. હવે એનું દુઃખ અને દરિદ્ર બધું ટળી ગયું. દેવો એની પ્રશંસા કરતા બોલવા લાગ્યા કે ખરેખર ! આ માનવભવ ઉત્તમ છે. જીવને મોક્ષમાં લઈ જનાર એક માનવ જન્મ છે. "મહામાનવ ભીમસેનનો જય હો." એમ જયનાદ કરીને દેવો તો અદૃશ્ય થઈ ગયા, પણ આ દેવદુંદુભીના સૂર કંઈ છાના રહે ખરા ? એ તો ઘણે દૂર સુધી સંભળાય છે.

દેવદુંદુભીનો કર્ણપ્રિય અવાજ સાંભળીને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના પ્રજાજનોને ખૂબ આશ્ચર્ય થયું કે દેવદુંદુભીનો અવાજ કયાંથી આવ્યો ? આ નગરના વિજયસેન મહારાજાએ પણ આ નાદ સાંભળ્યો. આ રાજા જૈનધર્મી અને શ્રદ્ધાળુ હતા. જૈનધર્મનું જ્ઞાન પણ પ્રાપ્ત કરેલું હતું એટલે સમજી ગયા કે આ અવાજ દેવદુંદુભીનો છે. કોઈ દાતારે પ્રભુને દાન વહોરાવીને પુણ્ય પ્રાપ્ત કર્યું લાગે છે. તેથી અહો દાનં....અહો દાનં....એવી ઘોષણા થઈ રહી છે.

દેવદુંદુભી બે કારણે વાગે છે. જ્યારે તીર્થંકર પ્રભુને કોઈ દાતાર દાન દે અગર તીર્થંકર પ્રભુ કે કોઈ પવિત્ર સંતને કેવળજ્ઞાન થાય ત્યારે દેવો દેવદુંદુભી વગાડે છે. તીર્થંકર પ્રભુને દાન દે ત્યારે દેવો આવા પાંચ દિવ્યોની વૃષ્ટિ કરે છે. અગર કોઈ તપસ્વી પવિત્ર સંત હોય, દ્રવ્યથી ને ભાવથી શુદ્ધ હોય આવા સંતોને દાન દેતા હોય ત્યારે દેવો એમના ઉપર પ્રસન્ન થઈને પંચ દિવ્યની વૃષ્ટિ કરે છે ને દેવ દુંદુભી વગાડે છે. હરકેશી મુનિને જ્યારે દાન દીધું ત્યારે પણ આવી વૃષ્ટિ થઈ હતી. અહીં પણ ભીમસેને જંઘાચરણ ઉગ્ર તપસ્વી સંતને દાન દીધું એટલે પંચ દિવ્યની વૃષ્ટિ થઈ અને આકાશમાં દેવદુંદુભી વાગી. આ સાંભળીને વિજયસેન રાજા રાજ્યના હજારો કામ પડતા મૂકીને પોતાના રાજશાહી રસાલા સાથે જે તરફથી અવાજ આવતો હતો તે દિશા તરફ ચાલ્યા. આ તરફ ભીમસેન રાજા મુનિ જાય છે તેમની પાછળ જાય છે. એને આટલી સોનામહોરો વિગેરે વરસ્યું છે એ લેવાનો મોહ નથી. એની દૃષ્ટિમાં એને સંત સિવાય બીજું કોઈ દેખાતું નથી.

વિજયસેન રાજાની પાછળ ઘણા પ્રજાજનો પણ ચાલ્યા. બધા ચાલતાં ચાલતાં જ્યાં આચાર્ય ભગવંત બેઠા હતા ત્યાં આવ્યા. રાજાએ તો દૂરથી સંતને જોયા એટલે ઘોડા ઉપરથી નીચે ઉતરી ગયા. માથેથી મુગટ ઉતાર્યો, શસ્ત્રાસ્ત્ર બાજુમાં મૂક્યા. ઉઘાડા પગે ધર્મઘોષ મહારાજ પાસે આવ્યા. ઉત્કૃષ્ટ ભાવથી વંદણા કરી, નગરજનોએ પણ વંદણા કરી. જોતજોતામાં તો નગરના બાદરમાં ઘણી માનવમેદની એકત્ર થઈ ગઈ એટલે એક વડના વૃક્ષ નીચે આચાર્ય ભગવંતે તે સૌને ધર્મદેશના આપવાનો પ્રારંભ કર્યો. દેશના પૂરી થયા બાદ મુનિ આકાશગમન કરીને ચાલ્યા ગયા, કારણ કે તે જંઘાચરણ મુનિ હતા. તેઓ ગયા પણ તેમના દર્શનથી અને વાણીથી જે આનંદ થયો છે તે આનંદમાં ભીમસેન મસ્ત બની ગયો છે.

ભીમસેનને અત્યારે દેવોએ રાજશાહી પોશાક અને દિવ્ય અલંકારોથી શણગારી દીધો હતો છતાં ઘણું દુઃખ વેઠયું છે તેથી એના દેહ ઉપર દુઃખોના ઉઝરડા અને શરીર સૂકાઈ ગયેલું દેખાતું હતું. ઘણાં સમય પહેલાં આ વિજયસેન રાજાએ ભીમસેનને ઉજ્જૈનીમાં જોયો હતો તેમાં ને અત્યારે એમને ઘણો ફરક દેખાતો હતો તેથી ભીમસેનને ઓળખવો મુશ્કેલ હતો છતાં ધારીધારીને જોતાં એને ઓળખી કાઢયો ને વ્યાખ્યાન પૂરું થતાં મુનિરાજ ચાલ્યા ગયા એટલે તરત એમણે ભીમસેનને પ્રેમથી બોલાવ્યો કે અહો ! અવંતી નરેશ ભીમસેન ! આજે આપ મારા આંગણે પધાર્યા છો ? આ શબ્દો સાંભળતા ભીમસેનની ભાવસમાધિ પૂરી થઈને તરત વિજયસેન રાજા સામે જોયું. અહો ! આ તો પોતાના સાઢુભાઈ છે. ઘણાં વર્ષે પોતાના સ્નેહીનું મિલન થતાં એમની આંખો હર્ષના આંસુથી ઊભરાઈ ગઈ ને હૈયું હર્ષથી નાચી ઊઠયું, અને બોલી ઉઠયા હે વિજયસેન નરેશ ! આપ અહીં કયાંથી ?

"દોનોં સાઢુ મિલે પ્રેમસે, કબસે આપ પધારે,
નીચ અનુજ પરસંગ, તુમહેં ચારોં પરદેશ સિધારે."

બંને સાઢુભાઈઓ એકબીજાને ભેટી પડયા ને પ્રેમથી મળ્યા. આ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજા પોતાના સાઢુભાઈ થાય છે. એમની રાણી સુલોચના સુશીલાની સગી બહેન હતી. આ વાત ભીમસેન જાણતો હતો, પણ ઉત્તમ અને સજ્જન પુરૂષો દુઃખના સમયે કોઈ સગા કે સ્નેહીને ઘેર જવાનું પસંદ કરતા નથી. જો ભીમસેન આવ્યો ત્યારે રાજાની પાસે ગયો હોત ને પોતાના દુઃખની વાત કરી હોત તા આટલાં દુઃખ વેઠવા ન પડત. પણ સ્વમાની આત્માઓ દુઃખ સહન કરે છે પણ દુઃખમાં કોઈના આશ્રયે જતા નથી. તે રીતે ભીમસેન કે સુશીલા રાજા પાસે ગયા ન હતા પણ આજે અનાયાસે બંને ભેગા થઈ ગયા. ભીમસેને સુપાત્ર દાન દીધું ને દેવોએ દુંદુભી વગાડી તેથી વિજયસેન રાજાને આવવાનું બન્યું અને તેમણે પોતે જ ભીમસેનને ઓળખ્યો, બંને સાઢુભાઈઓ મળ્યા. બંનેની આંખમાંથી મિલનના હર્ષાશ્રુઓ વહી રહ્યા. ત્યાં વિજયસેન રાજા બોલી ઊઠયા,

"ભીમસેનને પૃચ્છા કરતા વિજયસેન રાજા" :– અહો ભીમસેન ભૂપાળ! આપ અચાનક કયાંથી પધાર્યા? આપ પધાર્યા છો તો સાથે સૈન્ય, સેનાપતિ કે પ્રધાન કોઈ કેમ નથી? આપે આવો રાજશાહી પોશાક પહેર્યો છે પણ ક્ષત્રિયના ચિહ્ન રૂપ તલવાર કે ઢાલ એ કંઈ આપની પાસે કેમ નથી? અને આપ આમ એકલા કેમ છો? હા....ઘણા સમય પહેલા મને સમાચાર મળ્યા હતા કે આપના નાનાભાઈ હરિસેને કંઈક ખટપટ ઉભી કરી હતી. તેના કારણે આપ, આપના મહારાણી, અને બંને બાળકો સહિત ઉજ્જૈની નગરી છોડીને ચાલ્યા ગયા હતા ત્યાર પછી આપના કંઈ સમાચાર મળ્યા ન હતા. તો ત્યાર પછી શું બન્યું? આપ અત્યાર સુધી કયાં હતા? અને આજે રાજાના પોશાકમાં હોવા છતાં રાજાના નિશાનોથી રહિત એકલા કેમ છો? મારી સાળી સુશીલા રાણી અને નાનકડા દેવસેન અને કેતુસેન એ બંને બાલુડાં બધા કયાં છે? તમે એમને કયાં મૂકીને આવ્યા છો? આપ આ નગરમાં કયારે પધાર્યા છો? તે મને જલ્દી કહો. વિજયસેન રાજાને આ જાણવાની લગની લાગી છે. હવે ભીમસેન વિજયસેન રાજાને પોતાના દુઃખની કહાની કહેશે ને શું બનશે તે અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૬૨

આસો સુદ ૧ ને શુક્રવાર "અપ્રમત્ત દશા એ જાગૃત દશા" તા. ૨૧–૯–૭૬

અનંતજ્ઞાની, ત્રિકાળદર્શી, વાત્સલ્ય વારિધિ, પ્રેમના પયોનિધિ સર્વજ્ઞ ભગવંતોએ કેવળજ્ઞાનની ઝગમગતી જ્યોતિ પ્રગટાવવાને માટે સંયમ લઈને સર્વ પ્રથમ પ્રમાદનો ત્યાગ કરી ભગીરથ પુરૂષાર્થ કર્યો ને ભવ્યજીવોને સમજાવ્યું કે તમે પણ આત્મ કલ્યાણ કરવા માટે પ્રમાદનો ત્યાગ કરો. ઉત્તરાધ્યયન સૂત્રના દશમા અધ્યયનમાં ભગવાન કહે છે કે,

एवं भव संसारे, संसरइ सुहासुहेहि कम्मेहिं।
जीवो पमाय बहुलो, समयं गोयम मा पमायए ॥ १५ ॥

હે ગૌતમ! મહાપ્રમાદી જીવ આ જન્મ–મરણ રૂપ સંસારમાં શુભાશુભ કર્મો પ્રમાણે પરિભ્રમણ કરે છે, માટે સમય માત્રનો પ્રમાદ ન કરો. પ્રમાદ કોને કહેવાય? જે ક્રિયાથી જીવ બેભાન થાય છે, હિતાહિતના વિવેક રહિત બને છે. જેને વશ થઈને જીવ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રૂપ મોક્ષ માર્ગ તરફ પ્રયત્ન કરવામાં શિથિલતા લાવે છે. તેને પ્રમાદ કહેવામાં આવે છે.

પ્રમાદ એ ખરી રીતે તો આત્માનો આનંદ મેળવવામાં વિઘ્નરૂપ છે. એના કારણે જીવ પોતાના તરફ દૃષ્ટિ કરી શકતો નથી. જ્યાં સુધી જીવ પોતાના સ્વરૂપમાં રમણતા નથી કરતો ત્યાં સુધી તેને ભવભ્રમણથી છૂટકારો મળતો નથી, તેથી જે જીવોને સંસાર ભયંકર લાગે છે, સંસારના વિષયભોગોની અસારતા સમજાય છે અને જે સ્વભાવિક

સુખોની ઇચ્છાવાળા છે એમણે પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ. અપ્રમત્ત દશા એ જાગૃતિની દશા છે. અપ્રમત્ત દશામાં જીવ હિતાહિતનો વિવેક કરી શકે છે. એ દશામાં પોતાના અંતઃકરણમાં પ્રવેશતા પાપરૂપ ચોરોથી પોતાના આત્માની રક્ષા કરી શકે છે. પ્રમત્ત દશા એ સુષુપ્ત દશા છે. જેમ દ્રવ્ય નિદ્રામાં આંખ બંધ થાય છે તેમ ભાવનિદ્રામાં આંતરિક નેત્રો પર પડદા પડી જાય છે. સૂતેલો પુરૂષ જેમ હિત કે અહિતનો વિચાર કરી શકતો નથી તેમ ભાવનિદ્રામાં પડેલો આત્મા હિત કે અહિતનો વિચાર કરી શકતો નથી. ગાઢ નિદ્રામાં સૂતેલો પુરૂષ પોતાના ધન વિગેરેનું રક્ષણ કરી શકતો નથી તેમ પ્રમાદી જીવ પોતાના આત્મિક ધનનું રક્ષણ કરી શકતો નથી. ઉંઘ વખતે દુનિયા અંધકારમય લાગે છે તેમ પ્રમાદી પુરૂષના ભાવનેત્રો સામે અજ્ઞાનનો ગાઢ અંધકાર ફેલાઈ જાય છે. માટે સુજ્ઞ પુરૂષોએ પ્રમાદનો અવશ્ય ત્યાગ કરવાની જરૂર છે.

બંધુઓ ! પ્રમાદ એ કર્મ રૂપી રોગને ઉત્પન્ન કરનાર છે. ત્યારે અપ્રમાદ એ કર્મ વ્યાધિને નાબૂદ કરવા માટે અમોઘ ઔષધ છે. દરેક સંસારી જીવોને અનાદિ કાળથી કર્મ રૂપ વ્યાધિ લાગેલો છે. એમાં મૂળ કારણ પ્રમાદ છે. હવે એ કર્મ વ્યાધિને જો જડમૂળથી નાશ કરવાની ઇચ્છા હોય તો અપ્રમાદ નામના ભાવ ઔષધનું સેવન કરો. પ્રમાદને જીવનમાં પેસવા દેશો નહિ. પ્રમાદ કરવાથી તો કર્મ વ્યાધિ વધે છે. માટે મદ્ય, વિષય-કષાય-વિકથા, નિદ્રા, અવ્રત, અસંયમ, ધર્મપ્રત્યે અનાદર, અજ્ઞાનતા અને અસદાચાર રૂપી પ્રમાદોનો ત્યાગ કરી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ દાન-શીલ-તપ ભાવરૂપી અપ્રમાદ નામના ઔષધનું નિયમિત, અને શ્રદ્ધાથી સતત સેવન કરો.

અનાદિ કાળથી જીવે સતત પ્રમાદનું સેવન કર્યું છે. જીવન ઘરમાં અડ્ડો જમાવી ગયેલા એ પ્રમાદ રૂપી કૂતરાને કાઢવા માટે અપ્રમાદની લાકડી લઈને હાંકી કાઢવા પ્રયાસ કરવો પડશે. કોઈ વાર થોડું દાન આપીને નિરાંતે બેસી રહેવાશે નહિ. થોડું શીલ પાળીને સંતોષ માની લેવાશે નહિ, કોઈક વાર થોડો તપ કરીને પછી રાત દિવસ ખા ખા કરાશે નહિ. કોઈક વાર થોડો સંત સમાગમ કરી લેવાથી નહિ ચાલે. કલાક, બે કલાક આત્મધ્યાનથી કામ નહિ પતે. અનાદિકાળથી ખૂબ જ અભ્યસ્ત કરેલો પ્રમાદ સતત સાદર અપ્રમાદનું સેવન કરવાથી દૂર થશે. પ્રમાદ એ પાપ છે અને એ સંસારનો માર્ગ છે. જ્યારે અપ્રમાદ એ મોક્ષનો માર્ગ છે. સકલ દુઃખોનું મૂળ જે કર્મ વ્યાધિ છે તેનો જડમૂળથી નાશ કરવા અપ્રમાદનું ઔષધ સૌ ખાઓ અને સદા માટે નિરોગી બનો.

ज्वरे निवृत्ते रुचिरेधते यथा, मलेगते शाम्यति जाठरि व्यथा।
तथा प्रमादे विगते ऽभिवर्द्धते, गुणोच्चयो दुर्बलता य नश्यति॥

માણસને તાવ ઉતરી ગયા પછી જેમ ભોજન લેવાની રૂચિ ઉત્પન્ન થાય છે, જેમ પેટમાં જામેલ મળ નીકળી ગયા પછી જઠરની પીડા શાંત થાય છે તેવી રીતે જ્યારે પ્રમાદ દૂર થાય છે ત્યારે આત્મિક ગુણો ઉત્પન્ન થવા માંડે છે. જ્યાં ગુણો

ઉત્પન્ન થયા ત્યાં દોષો વિલય થવાની સાથે મન અને આત્માની દુર્બળતા દૂર થાય છે. પ્રમાદ એ આત્માનો એક રોગ છે. એની હયાતિ રહે ત્યાં સુધી આત્મિક ગુણોનો વિકાસ થતો નથી. આ રોગને દૂર કરવા માટે સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અનંતાનુબંધીની ચોકડી, અપ્રત્યાખ્યાનીની ચોકડી, પ્રત્યાખ્યાનીની ચોકડી, અને સંજ્વલનો ક્રોધ એ મોહનીયની ૧૬ પ્રકૃતિને ઉપશમાવવી કે ખપાવવી જોઈએ. એ ૧૬ પ્રકૃતિઓ ખપાવે કે ઉપશમાવે ત્યારે અપ્રમત્તાવસ્થા પ્રાપ્ત થવાની સાથે સાતમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય.

નિરોગી અને બળવાન માણસ જેમ સહેલાઈથી ઉંચાણવાળા પ્રદેશમાં ચઢી શકે છે તેમ અપ્રમાદના યોગથી બળવાન થયેલો આત્મા સહેલાઈથી ઉપશમ કે ક્ષપક શ્રેણીએ ચઢી શકે છે. સૂક્ષ્મ પ્રમાદનો ત્યાગ કરવા માટે સ્થૂલ પ્રમાદનો ત્યાગ કરવો જોઈએ. શક્તિ, સામગ્રી અને અનુકૂળ સમય મળ્યો હોય છતાં ધર્મકરણી કરવામાં ઉપેક્ષા કરવી, આળસ કરવી, અવશ્ય કરવાની ક્રિયાને અનાવશ્યક માની શુષ્ક બની જવું તે સર્વે સ્થૂલ પ્રમાદ છે. આ પ્રમાદને દૂર કરીને દરરોજ બે વખત આત્મચિંતનની સાથે પાપાલોચન કરવું જોઈએ. વ્રતોમાં લાગેલા પાપોનો પશ્ચાતાપ કરવો. આ કાર્ય નિયમિત કરવાથી પ્રમાદ દૂર થતાંની સાથે મન અને આત્માની સ્વચ્છતા થાય છે. એક દિવસ પણ આળસ કરવાથી અંતઃકરણ રૂપ ઘટમાં પાપ રૂપ કચરો ભેગો થાય છે, અને તેથી આંતરિક દિવ્યતા નષ્ટ થાય છે. પ્રમાદથી જીવનું કેટલું પતન થાય છે ને આત્માનો લાભ કેટલો ગુમાવે છે તે ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

કોઈ એક જ્ઞાની, વિદ્વાન સાધુ પાસે એક ભાઈએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. ગુરૂએ સાધુપણાની પ્રત્યેક ક્રિયા યતનાપૂર્વક કરવાનું એને શીખવાડયું. ગુરૂની હિત શિખામણ મુજબ શિષ્ય પણ સાધુપણાની પ્રત્યેક ક્રિયા અપ્રમત્તપણે કરવા લાગ્યો. સ્વાધ્યાય, ધ્યાન, જ્ઞાન ભણવું, ગૌચરી, પડિલેહણ, પ્રતિક્રમણ આદિ બધી ક્રિયાઓ સમયસર અપ્રમત્તપણે કરતો. આ પ્રમાણે સાધુ જીવનની નિયમિત ક્રિયાઓથી તેનો આખો દિવસ કયાં પસાર થતો તે ખબર ન પડતી. કસરત થવાથી શરીર તંદુરસ્ત અને મન પ્રસન્ન રહેતું. આ રીતે ગુરૂની સેવાભક્તિ, જ્ઞાન-ધ્યાન વિગેરે કરવાથી ગુરૂની પણ એના ઉપર કૃપાદૃષ્ટિ વધતી જતી હતી.

ઘણાં સમય સુધી શિષ્ય આ પ્રમાણે કરતો રહ્યો પણ પછી શિષ્યને ક્રિયાઓ ઉપર કંટાળો આવવા લાગ્યો કે દરરોજ પ્રતિક્રમણ શા માટે કરવું જોઈએ ? પંદર દિવસે કે મહિનામાં એક જ વખત કર્યું હોય તો ન ચાલે ? રોજ શા માટે પડિલેહણ કરવું જોઈએ ? કપડામાં કયાં સર્પ કે ઉંદર ભરાઈ જાય છે ! આ રીતે કંટાળો આવવાથી એની ક્રિયાઓ મંદ પડવા લાગી. પડિલેહણ એક દિવસ કરે તો ચાર દિવસ ન કરે. પ્રતિક્રમણ પણ નિયમિત ન કરે. ગુરૂનો વિનય તેમજ કામકાજ કરવામાં

પણ આળસ આવવા માંડી. આવી અનિયમિતતાથી એના શરીરની તથા મનની સ્થિતિ બગડી. એનો વૈરાગ્ય પણ મંદ પડવા લાગ્યો. તપ કરવાનો બંધ થયો. ખાવાની આસક્તિ વધી. તેથી જઠરમાં અજીર્ણનો સંચય થતાં બિમારી લાગુ પડી. એનું શરીર ક્ષીણ થવા લાગ્યું. જુઓ, પ્રમાદે કેટલું નુકસાન કર્યું? પહેલા આ શિષ્યનું જીવન કેટલું નિયમિત અને જાગૃત હતું, અને હવે કેવું અનિયમિત અને શુષ્ક બની ગયું! આત્મસાધનામાં કેટલી ખોટ આવી? આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે પ્રમાદ એટલું પતન અને જાગૃતિ એટલું જીવન. પ્રમાદ એ આત્માનું વિસ્મરણ કરાવનાર છે માટે એનાથી સાવધ રહો. પ્રમાદ એ મહાન દોષોની ખાણ છે. જીવને અધોગતિમાં લઈ જનાર છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાને,

पमायं कम्ममाहंसु, अप्पमायं तहावरं।
तब्भावा देसओ वावि, बालं पंडियमेव वा ॥ अ. ८, गाथा ३

પ્રમાદને કર્મબંધન કરાવનાર અને અપ્રમાદને કર્મબંધનથી મુક્ત કરાવનાર કહ્યો છે. પ્રમાદી મનુષ્ય બાલ–અજ્ઞાની કહેવાય છે ને અપ્રમાદી પંડિત કહેવાય છે. અહીં આ શિષ્ય પહેલા પંડિત હતો. હવે પ્રમાદ આવતા બાલ–અજ્ઞાની બની ગયો. શિષ્યનું આવું પતન થતું જોઈને ગુરૂના દિલમાં ખૂબ દુઃખ થયું. ગુરૂ શિષ્યને સુધારવા માટે હિતશિખામણ આપવા લાગ્યા.

સાધુઓ જે ઉપાશ્રયમાં રહેતા હતા તેની બાજુમાં એક ગૃહસ્થનો બંગલો હતો. બંગલાને ફરતો વિશાળ બગીચો હતો. બંગલાના માલિકની દેખરેખથી માળી બગીચો ખૂબ સુંદર, વ્યવસ્થિત રાખતો. એક વાર શેઠને પરદેશ જવાનું થયું, તેથી માળી બગીચાની સંભાળ રાખવામાં તદ્દન બેદરકાર બની ગયો, અને તેથી નંદનવન જેવો રમણીય દેખાતો બગીચો છિન્ન ભિન્ન થઈ ગયો. શિષ્યને શિખામણ આપવાની તક જોઈને ગુરૂ આ પ્રમાદી શિષ્યને બગીચામાં લઈ ગયા. બગીચો જોઈને શિષ્યે પૂછયું– ગુરૂદેવ! સુંદર ને રમણીય દેખાતો બગીચો છિન્નભિન્ન કેમ દેખાય છે?

શિષ્યની વાત સાંભળીને ગુરૂદેવે કહ્યું હે શિષ્ય! બીજાના દોષો જોવા કે કાઢવા સહેલા છે પણ પોતાના દોષ તરફ કોણ દૃષ્ટિ કરે છે? તું તારા શરીર તરફ દૃષ્ટિ કર કે પહેલાં તારું શરીર કેવું સરસ હતું ને આજે કેવું ખરાબ થઈ ગયું છે! તને ખોરાક પણ પચતો નથી. ઝીણો ઝીણો તાવ પણ આવ્યા કરે છે. તારો ચહેરો સાવ ફિક્કો પડી ગયો છે. આમ કેમ બન્યું? આનું કારણ શું? તેનો તને વિચાર આવે છે ખરો? શિષ્યે કહ્યું–ગુરૂદેવ! વિચાર તો થાય છે પણ એનો ઉપાય શું? આ તો શરીરનો ધર્મ છે. દેહના દંડ દેહને ભોગવવા પડે છે. ગુરૂએ કહ્યું, ભાઈ! આમાં દેહનો દોષ નથી, પણ તારો પોતાનો દોષ છે. આ બગીચાની અને તારા શરીરની સ્થિતિ લગભગ સરખી થઈ ગઈ છે. આ બગીચાનો માલિક હાજર હતો ત્યારે બગીચો

નિયમિત રીતે સાફસૂફ થતો હતો, તેથી રમણીય લાગતો હતો પણ એનો માલિક હમણાં પરદેશ ગયો છે એટલે માળી એની બરાબર સંભાળ રાખતો નથી. તેથી એની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે, તેમ તું પણ પહેલાં નિયમિત રીતે દરેક ક્રિયાઓ કરતો હતો તેથી તારું શરીર સારું રહેતું હતું ને મન પણ શુદ્ધ રહેતું હતું પણ કેટલાક વખતથી તું ક્રિયાઓ કરવામાં પ્રમાદી બની ગયો છે. દરરોજ આ ક્રિયાઓ કરવાની શું જરૂર છે? એ ન કરીએ તો એથી શું નુકસાન! એમ માનીને તને ક્રિયાઓ ઉપર કંટાળો આવ્યો અને બધી ક્રિયાઓ કરવી છોડી દીધી. તેનું તને આ ફળ મળ્યું છે તે તું આજે ભોગવી રહ્યો છે. માળીની અનિયમિતતા અને પ્રમાદથી જેમ બગીચાની દુર્દશા થઈ છે તેમ તારા પ્રમાદથી તારી પણ આ દુર્દશા થઈ છે. ગુરૂની હિતશિખામણ શિષ્યના હૃદયપટ પર કોતરાઈ ગઈ અને તે જ દિવસથી શિષ્ય પ્રમાદનો ત્યાગ કરીને પુનઃ પૂર્વવત્ બધી ક્રિયાઓ કરવા લાગ્યો, તેથી તેમનું શરીર અને મન બંને સુધરી ગયા, અને છેક સુધી અપ્રમત્ત જીવને જીવી સુંદર રીતે સંયમનું પાલન કરી આત્માનું શ્રેય સાધી ગયા. જુઓ, પ્રમાદથી જીવન કેટલું બગડયું ને અપ્રમાદથી જીવન કેટલું સુધર્યું!

બંધુઓ! આ દૃષ્ટાંત સાંભળીને તમે પણ તમારા જીવનમાંથી પ્રમાદને ખંખેરી નાંખજો. પ્રમાદ જીવને ભવવનમાં ભમાવે છે ને અનેક પ્રકારના કષ્ટો આપે છે, આટલા માટે ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જ્ઞાતા પટ્ટ ગણધર ગૌતમ સ્વામી જેવા મહાન પુરૂષને પણ ભગવાને ટકોર કરી કે "**समयं गोयम मा पमायए.**" હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કરો. આ ટકોર આપણે પણ ગ્રહણ કરવાની છે. ભગવાનના વચનની એક ટકોરે ચકોર બની જાઓ. ટકોરે ચકોર બને તે હોંશિયાર અને ટકોરે ચકોર ન બને તે હેવાન. બોલો, તમારો નંબર શેમાં છે? (હસાહસ) તમારા મનથી તમે સમજી લેજો. ભગવાનની આજ્ઞા પ્રમાણે જે ચાલે છે તેનું કલ્યાણ થઈ જાય છે.

આપણા અધિકારમાં ચિત્તમુનિ જેમણે સંસારના સુખ-વૈભવોનો ત્યાગ કરીને દીક્ષા લીધી છે. ચિત્તમુનિ અને બ્રહ્મદત્ત ચક્રવર્તિ બંનેનું મધુરું મિલન થયું. તેમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિ મુનિને કહે છેઃ

"देवा य देवलोगम्मि, आसी अम्हे महिड्ढिया।
इमा णो छट्ठिया जाइ, अन्नमन्नेण जा विणा ॥७॥"

સાધુપણામાં અંતિમ સમયે સંથારો કરીને આપણે પહેલાં દેવલોકમાં પદ્મગુલ્મ નામના વિમાનમાં મહર્ધિક દેવ થયા. ત્યાંથી ચવીને (છઠ્ઠી પર્યાયમાં) છઠ્ઠા ભવમાં આપણે બંને એકબીજાથી વિખૂટા પડી ગયા. આવું કેમ બન્યું?

" કયા દોષે થયા જુદા, આપણ બેઉ બાંધવા,
કારણ એનું કહો ભાઈ, જાણવા ચિત્ત ઉલસે. "

હે મુનિરાજ ! આગલા ભવમાં આપણે એકબીજા વિના રહી શકતા ન હતા. આપણો પ્રેમ દૂધ સાકર જેવો હતો. આ ભવમાં એ સ્નેહની સાંકળ તૂટી ગઈ. તો આ ભવમાં આપણે કેમ વિખૂટા પડી ગયા તે મને કહો. એ જાણવાને માટે મારું દિલ થનગની રહ્યું છે. એ જાણવાની મને ખૂબ જિજ્ઞાસા છે. માટે તમે મને જલ્દી કહો. ચિત્તમુનિ કહે છે, હે બ્રહ્મદત્ત ! તારે જાણવું છે તો સાંભળ :

कम्मानियाणपगडा, तुमे राय! विचिंतिया ।
तेसिं फलविवागेणं, विप्पओग मुवागया ॥८॥

હે રાજન્ ! સંભૂતના ભવમાં એટલે કે ચંડાળના ભવમાં જાતિથી પરાભવ પામીને આપણે બંનેએ દીક્ષા લીધી હતી. દીક્ષા લઈને જ્ઞાન–ધ્યાન સાથે તપ કરતા આપણે હસ્તિનાપુરમાં ગયા. ત્યાં માસખમણના પારણાને દિવસે તું ગૌચરી ગયો ત્યારે એક ઉપસર્ગ આવ્યો. નમુચિ પ્રધાને ખૂબ માર મરાવ્યો તેથી તમને ખૂબ ક્રોધ આવ્યો ને તેજુલેશ્યા છોડી તેથી આખા નગરમાં ધૂમાડા વ્યાપી ગયા. એનાથી આખા નગરના લોકો બળુ બળુ થઈ ગયા ને બચવા માટે નાસભાગ કરવા લાગ્યા, તેથી હસ્તિનાપુરમાં રાજ્ય કરતા સનત્કુમાર ચક્રવર્તિના મનમાં થયુ કે આ કોઈ દૈવી પ્રકોપ છે. નક્કી મારા નગરમાં કોઈએ સાધુની ઘોર અશાતના કરી છે. તેનું જ આ પરિણામ છે. માટે હું એમની પાસે જઈને માફી માંગુ જેથી આ પ્રકોપ શાંત થાય, અને પ્રજાને અને મને પણ શાંતિ મળે. એ દૃષ્ટિથી સનત્કુમાર ચક્રવર્તિ એમના મુખ્ય પટ્ટરાણી તેમજ સર્વ પરિવારને લઈને આવ્યા ને તમારા ચરણોમાં પડી ઢળી ઢળીને પોતાનાથી અગર કોઈ પણ પ્રજાજનથી અપરાધ થયો હોય તેની માફી માંગી. મેં પણ તમને ઘણું સમજાવ્યા ત્યારે તમારો ક્રોધ શાંત થયો ને તેજુલેશ્યા પાછી ખેંચી એટલે ગરમી શાંત–શીતળ બની ગઈ.

તમારો ક્રોધ શાંત થયો તે સમયે ચક્રવર્તિની પટ્ટરાણી આપના દર્શન કરતી હતી ત્યારે એના વાળની લટનો સહેજ સ્પર્શ તમને થયો. એ સુંવાળો સ્પર્શ થતાં ને ઋદ્ધિ તથા રમણી જોતાં તમારું મન સંયમથી ચલિત થયું. તે સમયે તમે નિયાણું કર્યું કે મારા તપનું ફળ હોય તો હું આવતા ભવમાં આવો મોટો ચક્રવર્તિ બનું. હે રાજન્ ! એ ભવની તમારી સાધના મહાન કર્મોના ભુક્કા બોલાવી દે તેવી અને ચક્રવર્તિના સુખથી પણ અનંતગણું સુખ અપાવે એવી હતી પણ તમે મોહમાં ભાન ભૂલી ગયા ને નિયાણું કર્યું. હાથી આપીને ગર્દભ લીધા, હીરા આપીને કાંકરા લીધા, હાથીની અંબાડી ઉપર સ્વારી કરવાનું છોડીને ગધેડા ઉપર બેઠા. ક્યાં સાધુપણાના શાશ્વત સુખ અપાવે એવી ઉત્તમ સાધના ! અને ક્યાં આ ચક્રવર્તિપણાના વિનશ્વર

અને તુચ્છ સુખો! સાધના વેચીને નિયાણું કર્યું. એ કારણથી આ ભવમાં આપણે બંને જુદા પડી ગયા. ચિત્ત મુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને હજુ શું કહેશે તેના ભાવ અવસરે.

"ચરિત્ર" :–ભીમસેન અને વિજયસેન બંને એકબીજા પ્રેમથી મળ્યા. પછી વિજયસેન રાજા પૂછે છે તમે એકલા જ કેમ આવ્યા છો? સુશીલાબહેન, દેવસેન અને કેતુસેનને કયાં મૂકીને આવ્યા છો? એ તમે મને જલ્દી કહો, ત્યારે ભીમસેન ઉજ્જૈનીથી કેવી રીતે ને શા માટે રાજ્ય છોડીને નીકળ્યો અને નીકળ્યા પછી કેવા કેવા દુઃખો વેઠયા એ બધી વાત વિજયસેન રાજાને કહી સંભળાવી. ભીમસેનના દુઃખની કરૂણ કહાની સાંભળતાં વિજયસેન રાજાનું કાળજું કંપી ગયું, આંખમાંથી ચોધારા આંસુ વહેવા લાગ્યા. ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યા. અરેરે....ભાઈ તમે આટલાં બધા દુઃખો વેઠયાં, અને તે પણ મારા જ ગામમાં! ધિક્કાર છે મને! મારા જ ગામમાં મારી સાળી અને સાઢુભાઈએ આવા દુઃખ વેઠયાં! ભાઈ! તમારે મારે ત્યાં જ સીધા આવવું હતું ને!

ભીમસેને કહ્યું–ભાઈ! જ્યારે માણસના ઘોર પાપકર્મનો ઉદય હોય છે ત્યારે સગા પણ શત્રુ બની જાય છે. જો મારા ભાગ્યમાં સુખ ભોગવવાનું હોત તો મારો સગો ભાઈ આવો હશે શા માટે કરત! વગર વાંકે અમારે રાજ્ય છોડીને ભાગવું પડયું ને? એ સમયે હું તમારે ત્યાં આવ્યો હોત તો તમે પણ મારા સામું જોવત નહિ. સતી અંજના સો સો ભાઈની એકની એક લાડીલી બહેન હતી પણ એના કર્મનો ઉદય થયો ત્યારે મા–બાપ કે ભાઈઓએ કોઈએ એના સામું ન જોયું. અરે, સામું તો ન જોયું પણ એક પ્યાલો પાણી પણ ના પાયું. એમાં કોઈનો દોષ નથી. કર્મનો ઉદય હતો. ભીમસેનના દુઃખની વાત સાંભળીને વિજયસેન રાજાને લક્ષ્મીપતિ શેઠ અને ભદ્રા શેઠાણી ઉપર ખૂબ ક્રોધ ચઢયો. મારી સાળી અને સાઢુભાઈને દુઃખ દેનારને તો બરાબર શિક્ષા કરીશ.

"વિજયસેન રાજાએ આપેલું આશ્વાસન" :– વિજયસેને પૂછયું કે સુશીલા અને બાળકો વિગેરે કયાં છે? ભીમસેને કહ્યું કે અમને કાઢી મૂકયા પછી અમે તો ગામ બહાર ઝૂંપડી બનાવીને ત્યાં રહેતા હતા. હું તો ઘણાં સમયથી નીકળી ગયો છું એટલે એ લોકો ત્યાં ઝૂંપડીમાં મહા દુઃખ વેઠતા રહેતા હશે. પોતે ઝૂંપડી પાસે આવીને પત્ની તથા પુત્રોની કરૂણ હાલત જોઈ હતી, અને પોતે ગળે ફાંસો ખાવા ગયો, કોણે બચાવ્યો તે બધી વાત કરી, એટલે વિજયસેને કહ્યું–ભીમસેન! હવે તમે બિલકુલ ચિંતા ન કરો. હું સુશીલા રાણી અને બંને કુમારોને લેવા માટે સુભટોને મોકલું છું. એમ કહી સુભટોને ઝૂંપડીમાં સુશીલા તથા કુમારોને લેવા મોકલ્યા, અને બીજા સુભટોને હુકમ કર્યો કે તમે હમણાં ને હમણાં લક્ષ્મીપતિ શેઠને ઘેર જાઓ ને તેમને અને તેમની પત્ની ભદ્રાને મુશ્કેટાટ બાંધીને બંદીખાનામાં પૂરી દો. રાજાની આજ્ઞા થતાં સુભટો ઘોડે બેસીને લક્ષ્મીપતિ શેઠને ત્યાં ગયા ને બોડા સુશીલા રાણીને તેડવા ગયા.

"પત્ની અને પુત્રોના દુઃખમાં સુખના સાધનો શું શોભે ?" :-

સુભટોના ગયા પછી વિજયસેન રાજાએ પ્રેમથી ભીમસેનને કહ્યું હે ઉજ્જૈની નરેશ ! આપના આગમનના આનંદથી આ અશ્વો પણ હણહણાટ કરી રહ્યા છે. આપ પધારો. અશ્વારૂઢ બનો ને મારા રાજમહેલને પાવન કરો, ત્યારે ભીમસેને કહ્યું કે વિજયસેન નરેશ ! જ્યાં મારા કુમળા ફુલ જેવા બાળકો ભોંય પથારી કરીને આળોટતા હોય ત્યાં મને શું મખમલની શય્યાનો આરામ શોભે ? જ્યારે મારી પત્ની ઉઘાડા પગે લોકોને ઘેર કાળી મજુરી કરીને થાકીને લોથ બની જતી હોય ત્યારે મને શું આ અશ્વોની સવારી કરવી શોભે ? તમારી લાગણી ને પ્રેમ છે પણ જ્યાં સુધી મારું કુટુંબ મને ભેગું નહિ થાય ત્યાં સુધી ઘોડા ઉપર નહિ બેસું એટલું જ નહિ પણ એક પણ સુખના સાધનનો ઉપભોગ નહિ કરું, માટે તમે મને ક્ષમા કરો. વિજયસેને કહ્યું આપની વાત સાચી છે પણ હવે તમારું દુઃખ ગયું સમજો. દુઃખનો કાળ વીતી ગયો. હવે સુખનો કાળ આવ્યો છે, માટે ચિંતા ન કરો, સુભટો સુશીલા રાણીને લેવા માટે ગયા છે તે એમને લઈને સીધા રાજમહેલે જશે. તો આપની ઈચ્છા ઘોડા પર બેસવાની નથી તો આપણે સૌ પગપાળા ચાલીને ત્યાં જલ્દી પહોંચી જઈએ. એમ કહીને બંને રાજાઓ ઘણાં માણસો સહિત પગપાળા ચાલીને નગરમાં જાય છે. ત્યાં આકાશમાંથી દેવવાણી થઈ કે

"સુવર્ણમુદ્રા ભીમસેનકી, જો લેવેગા ઔર,
શીશ ઉડેગા ઈસી વક્ત મેં મિલસી દંડ કઠોર."

હે નગરજનો ! તમે સાંભળી લેજો, જે સાડા બાર કોડ સોનામહોરોની વૃષ્ટિ થઈ છે તે બધી ભીમસેન મહારાજાની છે. કોઈએ ભૂલથી પણ સોનામહોર લેવી નહિ. જે કોઈ લઈ જશે તેનું મસ્તક ધડથી જુદું થઈ જશે, માટે કોઈ એને અડશો નહિ. ભીમસેનને તો સોનામહોરો પણ યાદ આવતી ન હતી. ત્યાં દેવવાણી થઈ એટલે વિજયસેન રાજાએ તરત જ સોનામહોરો ભેગી કરાવીને રથમાં ભરાવીને રાજમહેલમાં લઈ જઈને અલગ રાખવાની સૂચના કરી અને થોડું આગળ ચાલ્યા ત્યાં તો સુશીલા રાણીને લેવા માટે ગયેલાં સુભટો પાછા આવ્યા.

વિજયસેને કહ્યું તમે બધા રાણીને લીધા વિના કેમ પાછા આવ્યા ? ત્યારે સુભટોએ કહ્યું મહારાજાધિરાજ ! મહારાણી અને રાજકુમારોને તે ભદ્રા શેઠાણીએ માર મારીને કાઢી મૂકયા છે, અને તેઓ જે ઝૂંપડીમાં રહેતા હતા તે ઝૂંપડીને પણ એ ભદ્રા શેઠાણીએ બાળી મૂકી છે, અને તેઓ કયાં રહે છે તેની કોઈને ખબર નથી. ત્યાં રહેતા પાડોશીએ આ સમાચાર આપ્યા છે. આ સમાચાર સાંભળતાં ભીમસેનના હૈયા ઉપર વીજળી તૂટી પડી. એના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ ને મૂર્છિત થઈને જમીન પર પડી ગયો. બીજી તરફ ભદ્રાના આવા વર્તનથી રાજાને ક્રોધ તો હતો જ તેમાં આ સાંભળી વિશેષ ક્રોધ આવ્યો. હવે વિજયસેન રાજા ભીમસેનને સમજાવશે ને પછી જાતે સુશીલાની શોધ કરવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

આસોસુદ ૨ ને શનિવાર **તા. ૨૨-૯-૭૯**

અનંતજ્ઞાની કહે છે કે **सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्ग :** । સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર એ ત્રણનો સુયોગ થાય ત્યારે જીવનો મોક્ષ થાય છે. સમ્યક્ત્વ વિના કરેલી ક્રિયાઓ બહુ ફળદાયી બનતી નથી. સમ્યક્ત્વ સહિત કરેલી ક્રિયાઓ જીવને મહાન ફળ આપનારી બને છે. જેવી રીતે જે ધનથી લેશ માત્ર સુખ મળતું નથી તેનું નામ ધન નથી. જે સુખમાં સંતોષ કે સમતાનો આવિર્ભાવ નથી તેનું નામ સુખ નથી. જે સંતોષમાં આત્મસંયમ નથી તેનું નામ સંતોષ નથી અને જે સંયમમાં સમ્યક્દૃષ્ટિ નથી તેનું નામ સંયમ નથી. સમ્યક્ત્વ સહિત સંયમ એ જ સાચો સંયમ છે. ધન તો તે સાચું કહેવાય કે જે ધન સુખ આપે. સુખ તે છે કે જે સુખથી મનમાં સંતોષ અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. સંતોષ પણ તે જ છે કે જે સંતોષથી ચિત્તવૃત્તિઓ શાંત થઈ સંયમમાં પરિણત થાય છે. તેમ સંયમ પણ તે જ છે કે જેનું મૂળ સમકિતદૃષ્ટિમાં રોપાયેલું છે, માટે દરેક જીવોએ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની જરૂર છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા ચાહે તે ક્રિયા કરતો હોય તો પણ તેમાં આત્મિક ભાવ ભરેલો હોય છે. સમકિતી જીવ રામાયણ, મહાભારત આદિ સૂત્રો વાંચતો હોય તો પણ એને ભગવતી આદિ સમ્યક્સૂત્રો વાંચે તેવા ભાવ આવે છે. જે આત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે તે આત્મા પરિતસંસારી બની જાય છે.

એકવાર સમકિત સ્પર્શે, નિકટભવી બની જાયે,
માર્ગ એનો વિશુદ્ધ બને તો વૈમાનિક ગતિ પામે,

વૈમાનિક ગતિ પામે, મિથ્યાભાવને વમે, ત્રણ કે પંદર ભવે મોક્ષ ગતિમાં જાયે...જાયે
આત્મ ભાવથી શ્રદ્ધા થાતાં સમકિતી કહેવાયે, સમકિતી પામીને માનવ સંયમ પંથે જાયે

જિનેશ્વર ભગવાનના વચનમાં અનુરક્ત બનેલો સમકિતી જીવ નિકટભવી એટલે કે ઓછા ભવ કરીને મોક્ષમાં જાય છે. તે ઓછામાં ઓછા ત્રણ ને વધુમાં વધુ પંદર ભવે એ મોક્ષમાં જાય છે સમ્યક્ત્વરૂપી સૂર્યનો ઉદય થતાં મિથ્યાત્વનો ગાઢ અંધકાર ચાલ્યો જાય છે અને જીવને મોક્ષની રૂચી જાગે છે. સમકિતીને મોક્ષ પ્રત્યે પ્રેમ હોય છે ને સંસાર પ્રત્યે અણગમો હોય છે. જેમ એક બાપને બે દિકરા હોય. તેમાં એક દીકરો એવો ઉડાઉ પાકયો છે કે વહેપારમાં પૈસા ગુમાવ્યા જ કરે છે. બાપ એને કહે બેટા ! તું વહેપાર ન કરીશ તો પણ ન માને બાપની આજ્ઞા વિરુદ્ધ કામ કરે છે, છતાં આબરૂ ઈજ્જત જાળવવા માટે એને અલગ કરી શકાતો નથી, તેથી એને સાચવવો પડે છે, પણ અણગમાથી. એના ઉપર રાગ હોતો નથી. એવી રીતે સમકિતી જીવ સંસારને સાચવે ખરો પણ પ્રેમથી નહિ, પણ અણગમાથી સાચવે છે. બીજો દીકરો કમાઉ છે. જે વહેપાર કરે તેમાં કમાણી કરીને આવે એવો છે. સાથે વિનયવંતને

ભક્તિવંત છે. નામ દીપાવે એવો છે. આ દીકરાને બાપ સાચવે છે પૂર્ણરાગથી. એના પર પૂરો પ્રેમ છે. આવો રાગ સમ્યક્ત્વીને મોક્ષ પર છે.

"સમકિતી સંસારને હરામખોર માને છે" પણ પેલા ઉડાઉ દીકરાની માફક એને અલગ કરી શકતો નથી. તત્ત્વ ઉપરની રૂચી બીજા કુળદીપક દીકરા સમાન છે. તે જીવને તારણહાર છે. **"સમકિતી જીવ સંસારને ગુંડાની ગલી માને છે ને એનાથી ચેતતો રહે છે."** એને છોડીને જવામાં પોતાનું હિત માને છે. એ સમજે છે કે અંતે મધમાખીને જેમ પગ ઘસવા પડે છે અને વાઘરી બધું લૂંટી જાય છે એવી રીતે મૂર્ખ જીવે ઉભા કરેલ આખા સંસારને કાળ રૂપ વાઘરી લઈ જશે અને જીવ બેહાલ બની જશે, માટે જ્ઞાની કહે છે કે હે જીવો! તમે ચેતો અને દૃષ્ટિ ફેરવો. સંસારને, જડ પદાર્થોને અને કષાયોને મિત્ર ન માનો, ઉપકારી ન માનો. સંસાર એ તો મોહ દુશ્મનનો કિલ્લો છે. એનાથી છૂટો. સંયોગો તેમાંથી ન નીકળવા દે તો પણ તેને લૂંટારો માનો. જૈનકુળનો એ પ્રભાવ છે કે જન્મથી વૈરાગ્યના વાતાવરણ જોવા મળે, સાંભળવા મળે, ગળથુથીમાં સંસારની અસારતાના પાન કરવાના મળે છે. કેવું મહાન સદ્ભાગ્ય છે આવું રૂડું જૈનશાસન અને જૈનકુળ આપણને મળ્યું છે તો એનો બરાબર લાભ ઉઠાવો ને સંસાર તરફનો રાગ ઘટાડો. જે સંસારનો રાગ ઘટાડે છે તે મોક્ષની ટિકિટ ખરીદે છે.

ચાલુ અધિકારમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને પૂછે છે કે હે ભાઈ! આપણે પાંચ પાંચ ભવ સુધી સાથે રહ્યા ને આ છઠ્ઠાભવમાં જુદા કેમ પડી ગયા? ચિત્તમુનિ કહે છે સાંભળ.

નિરખી ઋદ્ધિ અને રમણી વળી, ચક્રવર્તિ સનત્કુમારની,
ક્ષણિક સૌખ્ય વિષે બની આંધળા, પરમદુઃખ તણા બીજ વાવીયા.

સાધુપણામાં સનત્કુમાર ચક્રવર્તિની ઋદ્ધિ અને રમણી આ બધું જોઈને તું અંજાઈ ગયો અને એ સુખો મેળવવા માટે તેં નિયાણું કર્યું. ભૌતિક સુખોના ટુકડા મેળવવા માટે આવું ઉત્તમ મોક્ષનું સુખ આપનાર ચારિત્રને તું હારી ગયો. ચારિત્રની અખૂટ પુંજીને ગિરે મૂકીને ભૌતિક સુખના ટુકડા માંગ્યા. મોક્ષના મહેલમાં મહાલવાની મોજ છોડીને આ સંસારના ઝુંપડામાં પડી રહેવાનું તે પસંદ કર્યું.

"વાર્યો તું ને તદપિ ન સૂઝયું, મોહમાં ભાન ભૂલ્યો,
કોડી સાટે અમૂલખ હીરો, હાથથી તેં ગુમાવ્યો,
કર્મગ્રંથી નિયતિ થકી તેં મૂર્ખ થઈને વધારી
જ્ઞાનાદ્રિ જે નિજ ગુણ તણી, ચિર શાન્તિ ગુમાવી."

તેં નિયાણું કર્યું ત્યારે મેં તને ખૂબ સમજાવ્યો પણ જેમ કોઈને સર્પદંશથી ઝેર ચઢયું અને બેભાન બન્યો પછી ઢોલનગારા વાગે તો પણ તે જાગતો નથી. તેમ તને પણ મોહના હલાહલ ઝેર ચઢી ગયા હતા. એ મોહના ઝેરથી બેભાન બનેલા

તેં મારી વાત સાંભળી નહિ. સંયમના સુખો આગળ આ તારા ચક્રવર્તિના સુખો તો તુચ્છ છે. એ કોડી જેવા સુખો માટે તેં અમૂલ્ય કોહીનુર હીરો આપી દીધો. હીરો આપીને કોડી લેવાની મૂર્ખાઈ કોણ કરે? આપણે તો કયાં ચાંડાળ જેવા નીચ કુળમાં જન્મ્યા ને કયાં સંતનો યોગ મળ્યો! સંતે દયા કરીને અમૂલ્ય કોહીનુર જેવું સંયમ રત્ન આપણને આપ્યું. સંયમ લઈને તેં ઉગ્ર તપશ્ચર્યાઓ કરી કાયાને સૂકવી નાંખી પણ તેં કામને સૂકવ્યો નહિ. સંસારનો ત્યાગ કર્યો પણ વાસનાનો ત્યાગ ન કર્યો એટલે તેં નિયાણું કર્યું.

હે બ્રહ્મદત્ત! ચક્રવર્તિની સ્ત્રીરત્નને અને તેની ઋદ્ધિને તેં જોઈ અને તારું મન સંયમથી ચલાયમાન થયું. જો આ વખતે તેં કામ શત્રુ ઉપર વિજય મેળવેલો હોત તો તારી પાસે ખુદ ઈન્દ્રની ઈન્દ્રાણી આવે કે ચક્રવર્તિની સ્ત્રીરત્ન આવે તો પણ તારી દૃષ્ટિમાં કાષ્ટની પુતળી દેખાત, હાડકાનો માળો દેખાત, લોહી-માંસ અને પરૂથી ભરેલી અશુચીની ગટર જેવું તને દેખાત પણ તું તો રમણીના રૂપમાં મુગ્ધ બન્યો, અને ચક્રવર્તિની ઋધ્ધિ જોઈને અંજાઈ ગયો, પણ પછી મારું શું થશે તેનો તેં વિચાર ન કર્યો. ઉત્તમ ચારિત્રરૂપ બગીચામાં વિચરવાનું છોડીને ચતુર્ગતિના ચોગાનમાં ભમવાનું કામ કર્યું. મેં તને નિયાણાની આલોચના કરવાની કહી, તો પણ તું સમજ્યો નહિ. વિષય વાસનામાં તારું ચિત્ત જોડાયું. કયાં ગયું તારા સંયમનું સત્વ! બંધુઓ! સત્ત્વ એટલે શું? અંતરમાં જાગતી ક્ષુદ્ર વૃત્તિઓને દબાવવી. આવેશને દબાવવો, આત્મહિતકર વૃત્તિ વિકસાવવી તેનું નામ સત્વ. વ્રત લઈને તેને પાળવામાં સાહસિક થવું તે સત્ત્વ. સત્ત્વશાળી પુરૂષ દીન ન હોય. શૂરવીર ને ધીર હોય. કાયર ન હોય. સંસારી જીવોમાં પણ કેટલું સત્ત્વ હોય છે! વિક્રમાદિત્યના જીવનનો એક પ્રસંગ છે.

જે પરદુઃખભંજન વિક્રમરાજા થઈ ગયા તે જ્યારે રાજા બન્યા ન હતા ત્યારે એક વખત એમના મિત્રની સાથે ફરવા ગયા. ફરતા ફરતા એક દિવસ રોહણાચલ પર્વત ઉપર પહોંચ્યા. રોહણાચલ પર્વત ઉપર રત્નો ઘણાં મળે છે, પણ જેને રત્ન જોઈએ તે જમીનમાં કુહાડો મારીને એમ બોલે હા....શ. એમ બોલીને રડે તો એને રત્નો મળે. એવી એની વિધિ હતી. આ વાતની વિક્રમાદિત્યના મિત્રને ખબર હતી એટલે એણે વિક્રમાદિત્યને વાત કરી કે મિત્ર! તમારે રત્ન જોઈએ છે? જો રત્નોની જરૂર હોય તો તમે હાથમાં કુહાડી લો ને આ જગ્યાએ જમીન ખોદવા માટે કુહાડાનો ઘા કરો ને સાથે એમ બોલો કે હા....શ. આટલું બોલીને રડવાનું. તો રત્નો તમને મળશે, ત્યારે વીર વિક્રમે કહી દીધું કે મારે એવી રીતે રત્નો જોઈતા નથી. શું હું રત્નો માટે હા....શ કહું ને રડું? હું તુચ્છ રત્નો માટે એવો દીન નહિ બનું. એમ કહીને વિક્રમે આગળ ચાલવા માંડયું, ત્યારે મિત્રના મનમાં થયું કે અત્યારે વિક્રમ પાસે ધન નથી. અમારે આગળ જવું છે તો ધનની તો જરૂર પડશે. ધન નહિ હોય

તો હેરાનગતિ થશે. એમ વિચારીને એના મિત્રે એક યુક્તિ કરી. વિક્રમના હાથમાં કુહાડી આપીને કહ્યું ભલે, તમે હા....શ ન બોલશો ને રડશો પણ નહિ. માત્ર કુહાડીનો ઘા તો કરો. વિક્રમે કહ્યું–હા....તો કરીશ. એમ કહી હાથમાં કુહાડી લઈને જેવો વિક્રમ ઘા કરે છે તે જ વખતે મિત્રે વિક્રમના કાનમાં કહ્યું. અરે, માતાજી ગુજરી ગયા. આ સમાચાર સાંભળતા વિક્રમના મુખમાંથી શબ્દો સરી પડયા. હેં....હા....શ મારી માતા ગુજરી ગયા ? આટલું બોલતાં આંખમાંથી આંસુ સરી પડયા, એટલે તરત કુહાડીના એક જ ઘાએ રત્નો નીકળ્યા. પછી મિત્રે વિક્રમને છાનો રાખતા કહ્યું રડશો નહિ. એ વાત ખોટી છે. કોઈના સમાચાર આવ્યા નથી, પણ આ તો રત્નો મેળવવા માટે એક યુક્તિ રચી હતી. આ સાંભળીને વિક્રમે તરત જ રત્નો કાંકરાની જેમ ફગાવી દીધા. તમે કપટ કરીને મને દીન બનાવ્યો ને ! એ દીનતાથી મળેલું દ્રવ્ય મારે ન જોઈએ. વિક્રમમાં ક્ષત્રિયપણાનું કેટલું સત્ત્વ હતું ! કેટલું ખમીર ને ગૌરવ હતું !

બંધુઓ ! જેનામાં સત્ત્વ હોય તેનામાં વધારે પડતો ક્રોધ, મદ, લોભ કે કામ ન હોય. સત્ત્વશાળી વ્યક્તિ ક્રોધ, લોભ આદિ ન કરે. આજે આ પવિત્ર દેશમાં ગુણનો, સત્યાદિનો, સત્ત્વનો હ્રાસ થઈ રહ્યો છે. પાશવી વૃત્તિઓ ફેલાઈ રહી છે ને દિવ્ય વૃત્તિઓને તો દેશવટો અપાઈ રહ્યો છે. સત્ત્વશીલ માણસ કદી અકળાય નહિ. એક કૂતરું બીજું નવું કૂતરું દેખે તો ત્યાં ભસવા લાગી જાય અને કોઈ એને રોટલાનો ટુકડો આપે ત્યાં પગ ચાટવા, ગેલ કરવા ને પૂંછડી પટપટાવવા સુધીની દીનતા કરવા લાગી જાય. જ્યારે હાથી કેવો સત્ત્વશીલ ! એની સામે સો–સો કૂતરાઓ ભસે તો પણ ગણકારે નહિ. એની સામે નજર સરખી ન કરે. એ તો એની મસ્તીમાં મસ્ત હોય. ઈન્દ્રિયોના વિષયોને વશ થવું એ શ્વાન જેવું વર્તન છે. આર્યદેશનો સાત્વિક મનુષ્ય તો આંખને કહી દે કે પરસ્ત્રીનું રૂપ મારે જોવું હરામ છે. સ્વસ્ત્રીમાં સંતોષી એમ કહી દે કે આજે તો પર્વતિથિનો દિવસ છે માટે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. સંગીતના સૂર કાને અથડાય ત્યાં કહી દે કે હમણાં મારું ચિત્ત ભગવાનના ગુણ સ્મરણમાં રોકાયેલું છે, માટે હમણાં આ સાંભળવાની મને કુરસદ નથી. આવું સત્ત્વ તમારા જીવનમાં ખીલવો, અને અરિહંત પ્રભુના શરણે જાઓ તો ક્રોધ કપાઈ જશે, માન મરી જશે, ખુમારીની ખુવારી થઇ જશે. કામ, માયા, લોભ, ઈર્ષ્યા વિગેરે દુગુર્ણો જીવનમાંથી ચાલ્યા જશે ને જીવન સુખી અને ઉન્નત બનશે. ટૂંકમાં ભોજન વિના ચાલશે પણ સત્ત્વ વિના જીવનમાં નહિ ચાલે. સત્ત્વ વિનાનું જીવન પ્રાણ વિનાના કલેવર જેવું છે.

ચિત્ત મુનિ બ્રહ્મદત્તને કહે છે કે હે બ્રહ્મદત્ત ! જે માણસ જીવનમાંથી સત્ત્વને જતું કરે છે તે શૂરવીર નહિ પણ કાયર છે. તેં આવું નિયાણું કરીને તારા જીવનમાં રહેલું સત્ત્વ બાળી નાંખ્યું ને ચારિત્રથી કેટલો દૂર ફેંકાઈ ગયો ! હવે કોણ જાણે કયારે ચારિત્ર મળશે ? તને ખબર છે કે સંસાર તો ભડભડતો દાવાનળ છે. આવું

જાણ્યા છતાં તેં આવી હલકી ઈચ્છા કરી ! તેં નિયાણું કર્યું તેથી આપણે બંને ભાઈઓ જુદા પડયા. આ વાત સાંભળીને બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને શું કહેશે તે અવસરે.

ચરિત્ર:– ભીમસેન રાજા અને વિજયસેન રાજા બંને પગપાળા ચાલીને રાજમહેલમાં જઈ રહ્યા હતા. પાછળ ઘણા માણસો હતા. તે વિજયસેન રાજા અને ભીમસેન રાજાનો જયજયકાર બોલાવતા બોલાવતા ચાલતા હતા. જુઓ, આ કર્મના ખેલ કેવા છે ! આજ સુધી ભીમસેન આ નગરમાં જ રહેતો હતો ને ? ત્યારે એનો કોઈ ભાવ પૂછનાર ન હતું ને ભૂખ્યા તરસ્યાની કોઈ ખબર લેતું ન હતું. આજે એના પુણ્યનો ઉદય થયો છે એટલે એના નામનો જયજયકાર બોલાવી રહ્યા છે. એને ધમ્મા ધમ્મા કરે છે. કર્મની ગતિ ન્યારી છે. ઘડીકમાં રાજાને રંક અને રંકને રાજા બનાવે છે. ભીમસેનના જીવનમાં આવું જ બન્યું છે. પોતે પહેલા રાજા હતા અને નાનાભાઈ હરિસેનના પ્રકોપના કારણે ઉંઘમાંથી જાગીને રાજમહેલ છોડીને ભાગવું પડયું હતું.

ભીમસેન અને વિજયસેન રાજા રાજમહેલ તરફ જાય છે ત્યારે રસ્તામાં સુભટો આવ્યા. તેમણે સુશીલા અને બાળકોની વાત કરી. આ સાંભળતાં ભીમસેન બેભાન બની ગયો. વિજયસેન રાજાએ ફૂંક પવન નાંખ્યો. લોકોએ હળવો ઉપચાર કર્યા ત્યારે ભાનમાં આવ્યા. વિજયસેને કહ્યું, ભીમસેન ! તમે ઢીલા ન થાઓ. સ્વસ્થ બનો. સુશીલાદેવી અને બંને કુમારોને હમણાં શોધી કાઢીશું. જુઓ, મેં બધા સુભટોને તેમની તપાસ કરવા મોકલી દીધા છે, માટે તમે ધીરજ રાખો. હમણાં થોડીવારમાં જ આપણને એમનું મિલન થશે. ભીમસેને કહ્યું–મહારાજ ! મેં ઘણી ધીરજ રાખી. ઘણો વિયોગ સહન કર્યો. હવે હું એક ક્ષણ પણ એમનો વિયોગ સહન કરી શકું તેમ નથી. મારું અંતર મારી પત્ની અને બાળકોને મળવા માટે અધીરું બન્યું છે. અહો ! એ બિચારા અત્યારે કયાં રહેતા હશે ? કયાં ગયા હશે ને શું ખાતા હશે ? હું જાતે જ એમની શોધ કરવા જઈશ. એ મળશે તો જ રાજમહેલમાં આવીશ, બાકી મારે તમારા મહેલમાં આવવું નથી. મારી પત્ની અને બાળકો દુઃખમાં હોય તો મારે રાજમહેલમાં આવીને શું કરવું છે ? એમ કહીને ભીમસેન રાજા ઉભા થઈ ગયા ત્યારે વિજયસેને કહ્યું, ચાલો, હું પણ તમારી સાથે આવું છું. આ બંને રાજાઓ ઘણાં મોટા સુભટોના સમુહ સાથે નગરમાં ને નગરની બહાર શોધાશોધ કરે છે. નગરની ગલીગલીમાં બધે જ તપાસ કરે છે, પણ કયાંય એમનો પત્તો પડતો નથી. હવે શું બનશે તે વાત અવસરે.

આજે બા.–બ્ર. ભાવનાબાઈ મહાસતીજીની મંગલ તપશ્ચર્યાની પૂર્ણાહુતિનો છેલ્લો દિવસ છે. એમની ૩૪ ઉપવાસની ભાવના આજે પરિપૂર્ણ થઇ છે. આવતી કાલે તેમનું પારણું છે. આપ સૌ ૩૪ દિવસના સારા વ્રત નિયમ લેવાનો નિર્ણય કરીને આવશો.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૬૪

આસો સુદ ૩ ને રવીવાર "તપના તેજ" તા. ૨૩-૯ ૭૯

બા. બ્ર. ઉગ્ર તપસ્વિની પૂ. ભાવનાબાઈ મહાસતીજીની ૩૪ ઉપવાસની તપશ્ચર્યાના પારણા પ્રસંગે આપેલું મનનીય પ્રવચન

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત જ્ઞાનીઓએ તપની ખૂબ વિશેષતા બતાવી છે, માટે હું આજે થોડું તપ ઉપર કહેવા માંગું છું. ખાનપાન પ્રત્યેની આસક્તિ અને દેહના મમત્વને દૂર કરવા માટે તપ એ સર્વશ્રેષ્ઠ સાધન છે. તપથી કર્મની પરંપરા અને અનાદિકાળથી બંધાયેલા ચીકણા કર્મો બળીને ભસ્મીભૂત થાય છે. જ્યાં સુધી શરીર પરનું મમત્વ દૂર ન થાય ત્યાં સુધી તપ થઈ શકતો નથી.

તપ જપની આરાધનાથી અનેક પ્રકારની લબ્ધિઓ અને શક્તિઓ પ્રાપ્ત થાય છે. અંતરાત્મામાંથી શક્તિઓનો શ્રોત વહેવા માંડે છે. તપ કરવાથી ભલે શરીર સૂકાઈ જાય છે પણ આત્મબળ વધે છે. આત્માનું તેજ ઝળકી ઉઠે છે. તપમાં આવી મહાન શક્તિ રહેલી છે. જીવનમાં આવતા અનેક પ્રકારના અવરોધો, અંતરાયો અને વિઘ્નો તપ ધર્મની આરાધનાથી દૂર થાય છે. તપ દ્વારા શરીરમાં વર્તતા ભયંકર રોગો પણ દૂર થાય છે. કોઈ ધાતુને શુદ્ધ કરવા માટે પ્રથમ એને તપાવવી પડે છે, તેમ કર્મરૂપી કથીર વડે ખરડાયેલા આત્માને શુધ્ધ કરવા માટે તપ દ્વારા તપાવવો પડે છે.

તપ વિના તૃપ્તિ નહિ, તૃપ્ત વિના શુદ્ધિ નહિ અને શુદ્ધિ વિના સિદ્ધિ નહિ..."

આવી મંગલમય તપની આરાધના કરવામાં પ્રમાદ ન કરો. જીવનની વિશુધ્ધિ માટે અંતરના અહોભાવથી તપ ધર્મનું આરાધન કરો કે જેથી જીવન મંગલમય, કલ્યાણમય અને કર્મમલથી રહિત તેજસ્વી બને. આપણા કર્મો લીલા લાકડા જેવા છે. કર્મરૂપી લીલા લાકડાને સૂકવવા માટે આપણે તપ કરવાની જરૂર છે. તપ એ કર્મ રૂપી શત્રુને જીતવા માટેનું અમોઘ શસ્ત્ર છે. ઉત્તરાધ્યયન સૂત્રના નવમા અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે

तवनारायजुत्तेण, भित्तूण कम्मकंचुयं ।
मुणी विगय संगामो, भवाओ परिमुच्चइ ॥ २२ ॥

વીતરાગ ભગવાનના સંતો કર્મ રૂપી શત્રુને જીતવા માટે હાથમાં તપરૂપી ધનુષ્ય લે છે. જેના હાથમાં ધનુષ્ય હોય તેને વાઘ-સિંહ આદિ જંગલી પશુઓનો ભય રહેતો નથી. એ નિર્ભયપણે જંગલ પસાર કરી જાય છે તેમ ભવાટવીમાં ભ્રમણ કરતા જીવો પણ વીતરાગ પ્રભુનું આવું અનુપમ શાસન પામીને સંસારથી વિરક્ત બની જાય છે અને તપ રૂપી ધનુષ્ય હાથમાં લે છે તે ધનુષ્યથી કર્મરૂપી કંચુકને એટલે કે કર્મરૂપી શત્રુને ભેદીને સંગ્રામ રહિત બને છે, એટલે કે કર્મરૂપી શત્રુઓ ઉપર વિજય મેળવે છે અને ચતુર્ગતિનું ચક્કર છોડી પંચમગતિ મોક્ષને મેળવે છે.

બંધુઓ ! આપણે બધાએ પણ મોક્ષમાં જવું છે ને ? મોક્ષમાં જવા માટે સર્વ પ્રથમ દશ સંજ્ઞાઓ ઉપર વિજય મેળવવો પડશે. દશ સંજ્ઞાઓ કઈ છે તે જાણો છો ? આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા ને પરિગ્રહ સંજ્ઞા, ક્રોધ-માન-માયા-લોભ, લોકસંજ્ઞા અને ઓઘસંજ્ઞા. એ દશ સંજ્ઞાઓ અનાદિકાળથી જીવને વળગી છે. એનો પ્રતિરોધ કરવાનો છે. જીવનમાં સંજ્ઞાઓના ઘોડાપૂર આવે છે, તેની સામે ફિલ્લેબંધી કરવાની છે. એ ફિલ્લેબંધીમાં એક પણ કાણું હશે તો નહિ ચાલે. નહિતર એમાંથી પૂરના પાણી પેસી જઈને અવસરે ભયંકર વિનાશ સર્જે છે. સંજ્ઞાઓના તોફાને ચઢેલા જગતના બૂરા હાલ આજે કયાં પ્રત્યક્ષ નથી દેખાતા ? સંજ્ઞાની જીવનભર લત રાખવાથી પરમ પવિત્ર પરમાત્મા, સદ્‌ગુરૂ અને સદ્‌ધર્મની સેવા મૂકીને મોહાંધ અને અજ્ઞાન એવા અધમ આત્માઓને ૧૮ પાપની કાળી રમતો રમવી પડે છે. એ કયાં અનુભવની બહાર છે ! એ કેટલું દુઃખદ અને શરમજનક છે. સંજ્ઞા એ જન્મસિદ્ધ આંધાપાની જેમ, એથી અનંતગુણ કષ્ટદાયી જન્મસિધ્ધ રોગ છે. એણે શું કરાવ્યું ? બધું યાદ રખાવ્યું. માત્ર આત્માને જ ભૂલાવ્યો. એણે અનેક પ્રયત્નો કરાવ્યા પણ તે બધા સ્વાર્થના. પરમાર્થના નહિ. સંજ્ઞાઓએ માનવભવની સફળતા ઉડાવી દીધી. સંજ્ઞાઓને આધીન બનેલાનું શરીર માનવનું હોય છે પણ હૃદય પશુ જેવું બની જાય છે. પછી પશુના હૃદયવાળા માનવશરીરે એ બળીયાના બે ભાગ એ ન્યાયે નિર્બળને કચરશે. કુટુંબને ત્રાસ આપશે, મિત્રદ્રોહ, દેશદ્રોહ, ધર્મદ્રોહ કરતા નહિ અચકાય. અભિમાન અને દંભનો તો જાણે ઈજારદાર બનવાનો. ત્યાગી, વિરાગી અને ધર્માત્માઓનો નિંદક બનવાનો. અહાહા....હે સંજ્ઞા ! તારો કેવો જુલ્મ ! માટે પ્રભુ પાસે આપણે એટલું માંગીએ છીએ કે હે પ્રભુ ! મને આ સંજ્ઞા રૂપ ડાકણના પાશમાંથી જલ્દી મુક્ત કરાવ.

દશ સંજ્ઞાઓમાં સૌથી પ્રથમ આહારસંજ્ઞા છે. આહારસંજ્ઞા એટલે શું ? એ સમજો છો ને ? બસ, ખાઉં ખાઉં ને ખાઉં. શરીરને ખવરાવ્યું છતાં સંજ્ઞા છૂટતી નથી, એટલે ખાવા છતાં એમ થાય છે કે આજે બરાબર ખવાયું નથી. કોણ જાણે પેટમાં શું થઈ ગયું ? અરે, ભલા ! ઓછું ખવાયું તેનો શોક શા માટે કરે છે ? એટલામાં કંઈ શરીર નહિ ઉતરી જાય. ઓછી ભૂખ લાગી ને ઓછું ખાધું તેમાં તારું શું બગડયું ? એમ સમજો કે જેટલી પુદ્‌ગલની ઓછી વેઠ કરવી પડી એટલું સારું. શું એટલામાં કાયાથી બધા કામ અટકી પડયા બરા ? "ના." તો પછી વધારે ખાવામાં શાબાશી છે ? એથી પરલોકમાં કીર્તિ વધે ? પરભવમાં ઈનામ મળે ? અરે, ઈનામ નહિ પણ જુલમ મળે. અનંતકાળથી આહારની વેઠ કરી, માટે જ તે કોટે વળગીને જીવને હેરાન પરેશાન કરી રહી છે. આ વેઠ એવી છે કે જેમ જેમ તેને પોષતા જાઓ તેમ તેમ તે જીવને વધારે વળગતી જાય પણ જો એને લાત મારો તો એ મુડદાલ થઈને નાસી જાય.

આહારસંજ્ઞા અને બીજી સંજ્ઞાઓને ભગવાને કેવી લાત મારી હતી ! ભગવાને

દીક્ષા લીધા પછી છઠ્ઠથી ઓછો તપ કર્યો નથી એટલે બે દિવસ સુધી તો આહારને યાદ નહિ કરવાનો. આ તો ઓછામાં ઓછો તપ છે પણ ભગવાને તો કેવા કેવા ઉગ્ર તપ કર્યા છે! પૂર્વભવમાં ભગવાને માસખમણને પારણે માસખમણ કર્યા. એ માસખમણ હજાર, બે હજાર નહિ પણ ૧૧ લાખ ને ૮૧ હજાર માસખમણ કર્યા હતા, અને અહી પણ નવ ચોમાસી, બે છમાસી તપ કર્યા. એથી અધિક આગળ વધીને કેવો ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો હતો કે રાજકુમારી હોય, હાથપગમાં બેડી હોય, ઘરના ઉંબરા વચ્ચે બેઠેલી હોય, માથે મુંડીત હોય, સુપડામાં અડદના બાકળા, અઠ્ઠમ તપ હોય, રડતી વહોરાવે વિગેરે ૧૩ બોલનો અભિગ્રહ કેવો કઠીન ને ઘોર અભિગ્રહ! કર્મ ખપાવવા કેવા ઉગ્ર કઠીન તપ કર્યા! યાદ રાખજો. સંજ્ઞાના પગે પડીએ, એને માથે લઈને ફરીએ ત્યાં સુધી આપણને છોડવાની નથી.

અનાદિકાળની આહારની, વિષયની, પરિગ્રહની વેઠને કહી દો. હવે એ બધું આપવાના દિવસો ગયા. જૈન કુળમાં જન્મેલો શ્રાવક તો સિંહ છે અને સંજ્ઞા શિયાળ છે. સિંહ દબાય કે શિયાળ? આ વેઠો જ્યાં સુધી ઉભી છે ત્યાં સુધી ચિત્ત પરમાત્મામાં રહી શકશે નહિ. જેમ સંજ્ઞાને આધીન રહેનાર કોઈ માણસ આકુસ કેરીના ટુકડાની ડીસ મોઢા સામે રાખીને ચિત્ત શુદ્ધ કરવાની વાતો કરે તો તે બની શકે ખરી? ના. આ તો વેવલી વાતો જ છે ને? આ જગતમાં વધુમાં વધુ તોફાન સંજ્ઞાના છે. તેમાં પણ આહાર સંજ્ઞા તો જાણે મહારાણી! જેનું ચિત્ત ભોજનમાં લીન છે તે ભજનમાં કયાંથી ભળી શકે! ભોજનમાં ચિત્ત ઓતપ્રોત એટલે શું? તમે સમજ્યા ને? ભજનમાંથી બાદ. તીર્થંકર પ્રભુનું જીવન આપણને બતાવે છે કે જો તમારે પરમાત્માના ચરણે ચિત્ત જોડવું હોય તો આ પાપી સંજ્ઞાઓને કાઢો. મનને કહો કે જો મારું ચાલે તો આ પેટને બબ્બે દિવસને આંતરે ખાવાનું આપું. જો એમ ન બને તો એકેક દિવસના આંતરે આપવાનું. એ પણ ન બને તો દિવસમાં એક જ વખત દેવાનું. એ પણ જો ન બની શકે તો આખા દિવસમાં છેવટે બે ટંક ત્રણ ટંક એટલે સમજ્યા ને? ભાણે બેસીને જમવું. જેટલા ટંક નક્કી કર્યા હોય એટલા ટંકથી ઉપરાંત એક દાણો ય નહિ લેવાનું. આહાર સંજ્ઞાની લોથ જ્યાં સુધી ઓછી ન થાય ત્યાં સુધી પ્રગતિની ઉંચી પાયરીએ ચઢી શકાય નહિ. સંજ્ઞાઓ કાપવા માટે સંજ્ઞાઓથી થતી બરબાદી તથા ભાવિ કટુ પરિણામનો વિચાર કરો.

મથુરામાં આર્યમંગુ નામના આચાર્ય થઈ ગયા. તે આહાર સંજ્ઞામાં તણાઈને હલકી યક્ષયોનિમાં ગયા ને ત્યાં ચોકી ઉઠવાથી પોતાના શિષ્યોને રસ અને આહારસંજ્ઞાના ગુલામ ન બનવા માટેનો ઉપદેશ આપ્યો. એ જ ઉપદેશ આપણે લેવાનો છે. આપણે તો રસના ત્યાગ અને ટંકની તપશ્ચર્યાના ઝવેરાતના વહેપાર કરવા જોઈએ. એ માટે સતત ન બને તો અનુક્રમે થોડો થોડો પણ સતત પ્રયત્ન આદરવો જોઈએ. પછી

ભલે આજે એક પણ ચીજનો ત્યાગ ન કર્યો હોય પણ માત્ર એકાદ ચીજમાંથી પ્રમાણ ઓછું કર્યું પણ બીજે દિવસે એના તપ ત્યાગથી આગળ વધતા રહેવું જોઈએ.

આહાર સંજ્ઞાની ભાવિમાં કેવી વિકરાળતા થાય છે તે જુઓ. અજ્ઞાની જીવ સંજ્ઞાથી ઉંધુ માને છે ને ઉંધુ કરે છે. બસ, ખાધા વિના કેમ ચાલે ? એમાં શું પાપ છે ? પણ એને એવો વિચાર નથી આવતો કે હું આ ભવમાં આંખો મીંચીને ખાધા કરું છું, આહારસંજ્ઞામાં જોડાયેલો રહું છું. તેના સંસ્કારો ભવાંતરમાં મને ભયંકર ભૂખ લગાડશે. પછી ત્યાં ક્યાં જઈશ ? જ્યારે અહીં ભૂખ એટલી તીવ્ર નથી, તેમ છ કલાક પહેલા તો ખાધેલું છે. જીવનમાં એકવાર નહિ પણ એકેક મહિનામાં કેટલીય વાર મનગમતા રસો ચાખેલા છે. તો પણ આહારસંજ્ઞા જોરદાર પીડી રહી છે. રોજ દિવસ ઉગે ને એની વેઠ અને એની ગુલામી કર્યે રાખવી પડે છે. એમાં પણ કાલના રસ કરતાં આજે જુદા જુદા રસ જોઈએ. ઈષ્ટ રસોની આટલી બધી અસહ્ય ભૂખારવી દશા છે તો પછી ખબર નથી કે જ્યારે ભવાંતરમાં જીવ નરકમાં જશે ત્યારે અસંખ્ય વર્ષોની કારમી ભૂખ વેઠવી પડશે. રોજ એકાદ વાર તો નહિ પણ આખા આયુષ્યકાળ દરમ્યાનમાં એકેય વાર ખાવાનું નહિ મળે ત્યાં પછી મનગમતા રસોની તો વાત જ ક્યાં કરવાની ! ત્યાં કારમી ભૂખની વ્યથા કેવી રીતે સહન થશે ? આટલા માટે જ્ઞાની ભગવંતો વારંવાર ટકોર કરીને કહે છે હે ભવ્ય જીવો ! આહાર સંજ્ઞાને ઘટાડી તમે બને તેટલો તપ કરો. આહારસંજ્ઞા ઉપર કાપ આવી જવાથી ચિત્તની સ્વસ્થતા આવે છે. ચિત્તની સ્વસ્થતા આવવાથી દુર્ગતિના દ્વાર બંધ થાય છે. તેમજ ભવિષ્યમાં એ સંજ્ઞાની લત જીવને સતાવી શકતી નથી. ભવિષ્યના આ મહાન લાભનો વિચાર કરીને સંજ્ઞાઓ ઉપર કાપ મૂકી માનવજીવનને સફળ બનાવી દો.

દેવાનુપ્રિયો ! પુદ્ગલની સેવા રૂપી ભોજન એ જ્ઞાનપ્રકાશી અને જ્ઞાનાનંદી ચેતનનો સ્વભાવ નથી. સહજાનંદી આત્માનો સ્વભાવ અભોજન, અનાહારીપણું અને તપ છે. સમગ્ર વિશ્વમાં માનવની જે કોઈ મહાન શક્તિ હોય તો તે તપની છે. વિવિધ પ્રકારના તપથી આત્માનું પરિવર્તન કરી શકાય છે, તપ રૂપી ધીખતી અગ્નિમાં કર્મના ગંજ બળીને સાફ થઈ જાય છે. એ માટે આપણા શાસનપતિ, ચરમ તીર્થંકર મહાવીર ભગવાને અઘોર તપ કર્યા છે. તપથી રાગ-દ્વેષ, કામ, ક્રોધ, મદ, મત્સરાદિ અનેક દોષોને દૂર ફગાવી શકાય છે. તપમાં આત્માનું મહાન ઓજસ વધે છે. મહાન ગુણો ખીલે છે ને શક્તિ વિકસ્વર થાય છે. શ્રી જિનેશ્વરદેવે બતાવેલા તપમાર્ગની આરાધના શૂરવીર ને ધીર આત્માઓ કરી શકે છે. પછી ભલે ને એ સ્ત્રી હોય કે પુરૂષ હોય. આત્માની શક્તિ અનંત છે. આજના કાળમાં ભાઈઓ કરતાં બહેનો વધારે તપ કરે છે. બાકી શારીરિક દૃષ્ટિએ જોઈએ તો પુરૂષો કરતાં સ્ત્રીઓનું શરીર વધારે કોમળ હોય છે છતાં તપશ્ચર્યામાં તમારા કરતાં બહેનોનું પરાક્રમ વધારે હોય છે ને પુરૂષ વધુ

બળવાન શરીરવાળા હોવા છતાં તપમાં એમની કાયરતા દેખાય છે. આનું કારણ શું ? તમને એમ છે કે ભલે, બહેનો વહેલી મોક્ષમાં જાય ? યાદ રાખજો, આ સંજ્ઞાઓ હાડકા ભાંગી નાંખશે. સંસારના સુખ માટે કલાકોના કલાકો ભૂખ્યા રહી શકાય તો પછી શું મોક્ષ માટે તપ ન કરી શકાય ? જ્યાં વિષયોનો રાગ હોય, શરીરનો રાગ હોય ત્યાં તપ નહિ થાય. શાસન પર, દેવ-ગુરૂ અને ધર્મપર હૃદયનો જ્વલંત રાગ હોય તો તપ વિગેરે બધું શકય છે.

પુરાણા કર્મોની કેદમાંથી મુક્ત થવાને માટે તપ કરવાનો સુવર્ણ અવસર પાછો કયારે પ્રાપ્ત થશે ? એમ વિચાર કરી ઉમળકાભેર બને તેટલો તપ કરી લો. અનંત ભવમાં ભમતા આપણાં જીવે "इमं च अत्थि इमं च नत्थि" આ મારું છે ને આ મારું નથી. આમ મારા તારાના રાગમાં પડી અઢાર પાપનું સેવન કરીને અજ્ઞાનપણે જીવે કેવા કેવા કર્મો બાંધ્યા છે. અજ્ઞાનને વશ બનેલો આત્મા પાંચમું પાપ પરિગ્રહની મમતામાં કેવા કેવા કર્મો બાંધે છે. જે પોતાનું હોતું નથી પણ પારકાનું પડાવી લઈને પોતાનું બનાવવા ઈચ્છે છે પણ એને ખબર નથી કે પરભવમાં મારા કેવા બૂરા હવાલ થશે ને આ લોકમાં પણ કેવી સજા ભોગવવી પડશે.

એક ગામમાં એક વોરા રહેતો હતો. એની દુકાન ગામમાં ઘણી મોટી ને પ્રખ્યાત હતી. બાજુમાં રહેલા એક વણિકને એની સાથે લેવડદેવડ સારી હતી. આ વણિક કર્મોદયે ખૂબ ગરીબ હતો પણ ભલો ને ભોળો હતો. આમ તો વાણિયા ભલા ને ભોળા ઓછાં હોય કારણ કે વાણિયા માત્ર પૈક હોય. (હસાહસ) સોમાં એકાદ ભલો ભોળો ભટકાઈ જાય. આ ભોળો વાણિયો એનો કેટલોક માલ વટાવથી વેચવા માટે વોરાભાઈની દુકાને મૂકી ગયેલો. એના માલમાં લોખંડની અમુક ચીજો હતી. સાબુ હતો ને કંકોડી હતી. આ ત્રણે ચીજો વાણિયાએ વોરાભાઈને ખૂબ ભલામણ કરીને દુકાનમાં મૂકીને કહ્યું કે જો જો હોં શેઠ ! સારા ભાવ આવે તે રીતે વેચજો. હું તો ગરીબ માણસ છું. મારી મૂડી કહું કે માલ કહું જે કહું તે આ છે, તમે મારો માલ બરાબર સાચવજો ને ચઢીયાતા ભાવે વેચજો. એમ ભલામણ કરી વાણિયો ઘેર ગયો.

વણિકનો માલ જોઈને વોરાભાઈની બુદ્ધિ બગડી. આ બાજુ પંદર દિવસ થયા એટલે વાણિયાના મનમાં થયું કે હવે માલ વેચાઈ ગયો હશે. એમ માનીને વોરાની દુકાને પૈસા લેવા આવ્યો ત્યારે વોરો એની કાલી ભાષામાં કહે છે "ભાઇ તમે આયા ? પણ મેં કહું સું ! સું વખત બી બીગરી ગઓ ?" ત્યારે વાણિયાએ પૂછયું કે શું ! માલ ઉધાર આપ્યો છે ? પૈસા નથી આવ્યા ? ત્યારે વોરો કહે છે અરે યાર ! એમ તો આ બંદા ખાસરા મારીને પૈસા પરાવે એવા છે. પણ વાત એમ બની છે કે ખુદાના સોગંદ ખાઈને કહું છું કે

"લોહડું ચુઆ ખાઇ ગયા, સાબુરી સરી ગઇ ને કંકોરોમાં કીરા પરા."

વોરાની દાનત બગડી એટલે એણે વાણિયાને શું કહ્યું, તે તમે સમજી ગયા ને? લોહું ઉંદરડા ખાઈ ગયા, સાબુ સડી ગયો ને કંકોડીમાં કીડા પડી ગયા. બોલ ભાઈ! હવે તારા માલના પૈસા ક્યાંથી લાવવા? (હસાહસ) વાણિયો ભલો હતો પણ કંઈ ખોટ ન હતો એટલે વોરાનો ખોટી દાનત સમજી ગયો. માલ આપ્યો હતો પણ કંઇ લખાણ કરેલું ન હતું, તેથી વાણિયો વિચાર કરવા લાગ્યો કે આ કામ કળ વિના થાય તેમ નથી. એમ સમજીને વાણિયાએ વાત ઉથલાવીને કહ્યું ખરું છે શેઠ. તમે એમાં શું કરો? આ જમાનો બદલાઈ ગયો છે. આ જમાનાના ઉંદરો પણ લોહું ખાતા થઈ ગયા છે. કંકોડીમાં કીડા પડયા ને સાબુ પણ સડી ગયો. એમાં તમે શું કરો? એ તો હોય જેવી ખુદાની મરજી! એમ કહીને વાણિયો તો ચાલ્યો ગયો પણ વછી તો આ વાણિયો ગામડામાંથી શહેરમાં રહેવા આવી ગયો ને વોરાની સાથે મૈત્રી સારી જમાવી.

આ વોરાને ત્રણ ચાર વર્ષની હુરબાઈ નામની છોકરી હતી. તે અવાર નવાર વાણીયાને ઘેર આવતી જતી હતી. આ જોઇને વાણિયાના દિલમાં એક બુદ્ધિ જાગી એટલે એક દિવસ વાણિયાએ પીપરમીન્ટ, ગાંઠીયા, ચવાણું વિગેરેની લાલચ આપીને હુરબાઈને પોતાના ઘરના એક ઓરડામાં સંતાડી દીધી. આ તરફ ઘણીવાર થઈ છતાં પણ હુરબાઈ ઘેર ન આવી ત્યારે વોરાભાઈ એની શોધાશોધ કરવા લાગ્યા. ખૂબ શોધ કરવા છતાં હુરબાઈ ન મળી ત્યારે વોરો વાણિયાની પાસે આવ્યો ને પૂછયું કે હીરાલાલ શેઠ! અમારી હુરબાઈને તમે દીઠી છે? ત્યારે વાણિયાએ કહ્યું હા શેઠ હા! ઈસ્માઈલજી શેઠ! મેં તમારી હુરબાઈને સગી આંખે દીઠી. ખુદા તમને સહાય કરે, મારી જીભે કેમ કહેવાય! કહેતા જીભ ઉપડતી નથી પણ કહેવું પડશે. તમારી હુરબાઈ અહીં આટલામાં રમતી હતી ત્યાં બગલા આવ્યા ને હુરબાઈને ચાંચમાં નાંખીને લઈ ગયા. (હસાહસ)

વોરો વાણિયાનું ગપ્પુ સમજી ગયો. નક્કી મારી હુરબાઈને આ વાણિયાએ સંતાડી દીધી લાગે છે, એટલે એણે તો બિચારા વાણિયાને ખૂબ દમદાટી દીધી, પણ આ વાણિયો હવે ગામડામાંથી શહેરમાં આવીને હોંશિયાર થઈ ગયો હતો એટલે વોરાથી ગાંજ્યો જાય એવો ન હતો. વોરાએ વાણીયાને ફરિયાદની ધમકી આપી પણ વાણિયાએ કંઈ દાદ ન દીધી. એ તો ચાલ્યો ગયો, વાણિયાએ હુરબાઈને માલપાણી ખવડાવીને ખુશખુશ ને સાજી તાજી રાખી છે. આ તરફ વોરાભાઈએ કોર્ટમાં ફરિયાદ કરી કે "મારી દીકરી હુરબાઈને આ વાણિયાએ સંતાડી છે. એને પછી અપાવો. એને ત્યાં એ રમવા માટે જતી હતી અને મેં પૂછયું ત્યારે વાણિયો પોતે એમ કહે છે કે હુરબાઈને બગલા લઈ ગયા. શું આ વાત શક્ય છે? બિલકુલ બનાવટી વાત છે.

ન્યાયાધીશે વાણિયાને પૂછ્યું કેમ ભાઈ! આ વાત સાચી છે? ત્યારે વાણિયાએ ઠંડે કલેજે કહ્યું હા....મેં મારી નજરે હુરબાઈને બગલામાંએ લઈ જતાં જોઈ છે, ત્યારે ન્યાયાધીશે આશ્ચર્ય પામીને પૂછ્યું એમ તે કંઈ હોય? વાતમાં કંઈ ભેદ લાગે છે, વાત શું છે? જે હોય તે સાચું કહો. વાણિયાએ મોં ઠાવકું રાખીને કહ્યું સાહેબ! **જે જમાનામાં સાબુ સડી જાય, કંકોડીમાં કીડા પડે અને ઉંદરડા લોઢું ચાવી જાય એ જમાનામાં શું બગલા હુરબાઈને ન લઈ જાય સાહેબ! (હસાહસ)** મેજીસ્ટ્રેટ બધી વાત સમજી ગયો ને વણિકને વિગતથી વાત પૂછી એટલે વાણિયાએ અથથી ઈતિ સુધી બધી વાત કરી. વોરો તો ખોટો હતો એટલે બોલતો બંધ થઈ ગયો. પરિણામે મેજીસ્ટ્રેટે માલનો નફો અને એના વ્યાજ સહિત પૈસા વાણિયાને વોરા પાસેથી અપાવ્યા, એટલે વાણિયાએ હસતી રમતી હુરબાઈને પાછી આપી. ન્યાયાધીશે વોરાભાઈ પાસેથી રૂ. ૫૦૦ દંડના લીધા ને એક મહિનો જેલમાં પૂર્યા. એક પાપની કેટલી બધી શિક્ષા ભોગવવી પડી!

અનીતિ કરવાની ટેવથી ટેવાયેલા વોરાને એના પાપનું ફળ ભોગવવું પડ્યું. આ દૃષ્ટાંત સાંભળીને અન્યાય અને અનીતિને છોડો. પારકું ધન તફડાવી લેવાની આદતથી બચો, રોજ સાંજે તમે સરવૈયું કાઢો કે હું આવી મહાન તપશ્ચર્યા કરી શકતો નથી પણ મેં સત્યનું કેટલું પાલન કર્યું? મારાથી સુકૃત કેટલું થયું? ગુણો પ્રત્યે સુરુચિ કેટલી કેળવાઈ? સત્સંગ કેટલો થયો? એ રીતે જીવનમાં સત્ત્વ કેટલું વિકસાવ્યું? આવો વિચાર કરીને મહામૂલા માનવભવમાં કંઈક ધર્મ કરો. તપ-ત્યાગ કરીને ચીકણા કર્મો ખપાવો.

આ વોરાની જેમ આપણા જીવે અનંત ભવમાં ભમતા ભમતા ઘણું ઘણું કર્મો બાંધ્યા હશે. આપણો આત્મા કેટલા મોટા કર્મોના પહાડ નીચે દબાઈ રહેલો છે. એ પુરાણા કર્મોના પહાડને તોડવા માટે તપની અવશ્ય જરૂર છે. **તપ એ કર્મોરૂપી મજબૂત પથ્થરના પહાડના ચૂરેચૂરા કરવા માટે વજ્ર સમાન છે. તપ રૂપી મંત્ર દ્વારા મોહનું ઝેર દૂર થાય છે. તપ રૂપી તોપથી કર્મરાજાની સેના ધ્રુજી ઉઠે છે.** તપમાં આવી મહાન શક્તિ રહેલી છે, માટે જીવનમાં નવકારશી તપથી માંડીને તમારાથી જેટલો બને તેટલો તપ કરો. આ જીવે અનાદિકાળથી ઘણું ખાધું છે. એનો તો કોઈ હિસાબ નથી. આ જીવને જો પાપ કરવું પડતું હોય તો ખાવા માટે. પાપ એ આત્માને માટે ઝેર છે એમ સમજીને તપ કરો. બોલો, તમને આવા ભાવ આવે છે? આવું સમજીને ઉપવાસ કરો છો? જીવને ખાવું હોંશેહોંશે ગમે છે પણ ઉપવાસ એટલી હોંશથી નથી થતો, એટલે ઉપવાસને દિવસે મોઢું જોયું હોય તો કરમાઈ ગયેલું દેખાય છે, અને ખાધું હોય ત્યારે જાણે પ્રફુલ્લિત બની ગયા હોય તેમ દેખાઓ છો. જરા વિચાર કરો. જ્ઞાની પુરૂષો કહે છે કે-

" ખાવું એ તો પરઘરમાં જવા જેવું છે ને ઉપવાસ એ પોતાના ઘરમાં આવવાસમાન છે. "

પોતાને ઘેર આવવાનું હોય ત્યારે આનંદ હોય કે કરમાઈ જવાનું હોય ? કોઈની કાણ મોંકાણે જવાનું હોય ત્યાં આનંદ ન હોય તે વાત બરાબર છે. એને ઘેર ખૂબ આગ્રહ કરીને જમાડે, ચા-પાણી નાસ્તા કરાવે છતાં ત્યાં આનંદ આવતો નથી, કારણકે ત્યાં ખાવા-પીવા કે ચા-નાસ્તા કરવા હોંશથી ગયા નથી કે ચાર દિવસ મહેમાનગતિની મોજ માણવા ગયા નથી તેથી આનંદ કે ઉલ્લાસ નથી પણ ઉદાસીનતા છે. એમ અહીં ખાવું એ પાપ છે ને ખાનપાનના પુદ્ગલો રૂપી પરઘેર જવું એ કાણ મોંકાણે જવા જેવું છે. જેમ કાણ મોંકાણે ગયેલાને ખાવાપીવામાં આનંદ કે ઉલ્લાસ હોતો નથી તેમ આત્માર્થી જીવને ખાનપાનના પુદ્ગલો રૂપી પરઘેર જવામાં આનંદ ઉલ્લાસ હોતો નથી પણ ઉદાસીનતા હોય છે, તેથી ઉપવાસના દિવસે એમ લાગે કે આજે કાણે જવાનું નથી પણ તેને ઉપવાસ કર્યાનો આનંદ હોય, પણ આજે તો તમારી બધાની કઈ દશા છે ? ઉપવાસના દિવસે હજુ તો દશ વાગ્યા હોય છતાં મોઢું જોઈએ તો જાણે દિવેલ પીધેલું ન હોય ! એવું સુસ્ત અને ઉદાસ લાગે છે. કોઈ પૂછે કે કેમ ઢીલા છો ? તો કહેશે કે આજે મારે ઉપવાસ છે.

બંધુઓ ! ભોજનને ઝેર માન્યા સિવાય તપ ઉપર ખરો આદર નહિ થાય. ખાવું એ પાપ છે એમ લાગે તો જ તપ એ ધર્મ છે એમ સમજાય ને ધર્મની કિંમત અંકાય. પાપ માલ વિનાના લાગે તો ધર્મ કિંમતી લાગે, અને ધર્મ કરવાનું મન થાય, રૂચી થાય. તપશ્ચર્યા એ કર્મને ગાંઠોને ઓગાળવા માટેની અકસીર ટેબ્લેટ છે. એ તમે ભાવથી લેવા માંડો તો કર્મની ગાંઠો ઓગળી જશે. તપ કરવાથી પેટના મળનું શુદ્ધિકરણ થાય છે, તેથી ધ્યાન પણ સારું ધરી શકાય છે. તપ કરનારને શરૂઆતમાં આકરું લાગે પછી લાંબા અભ્યાસથી ખાવાપીવાના કોઈ વિચાર આવતા નથી. આજે ઘણાં એમ પ્રશ્ન કરે છે કે તપ આદિ દ્વારા આત્માને દમવાથી શું લાભ થાય છે ? સાંભળો. દમને થયેલી વસ્તુ દુનિયામાં વધારે ઉપયોગી થાય છે. જેમ સોયમાં દોરો પાતળો કર્યા પછી નાકામાં પેસે છે તે રીતે કર્મના મળ કાઢયા પછી ધ્યાન સારું ધરી શકાય છે. કર્મના મળ કાઢવા માટે તપ એ અમોઘ સાધન છે. ઘરમાં બારણું બેસાડતા બારણું મોટું હોય તો તેને છોલવું પડે છે પછી તે ફીટ બેસી જાય છે. તે રીતે કર્મથી છોલાયેલો આત્મા ધ્યાનમાં ફીટ બેસી જાય છે. તપ કરવાથી શરીર પાતળું પડે છે, તેથી માણસને દુઃખ થતું નથી, કારણ કે જેમ વ્યવહારમાં પેટમાં ગાંઠ થઈ હોય તો ગાંઠનું ઓપરેશન થયા પછી વજન ઓછું થાય છતાં આનંદ પામે છે તે રીતે તપશ્ચર્યાથી કર્મની ગાંઠ નીકળી જાય છે તેથી સમકિતી જીવોને આનંદ થાય છે.

ભારે વસ્તુ હોય તો પાણીમાં નીચે બેસી જાય છે અને હલકી વસ્તુ તરે છે તેથી પથ્થર લઈને તરી શકાતું નથી પણ પાટીયું લઈને તરી શકાય છે, તેવી રીતે

ભવસમુદ્રમાં કર્મથી હલકા થયેલા માણસો તરી શકે છે. પાતળો માણસ જેટલું દોડી શકે તેટલું જાડો માણસ દોડી શકતો નથી, તેવી રીતે તપ દ્વારા કર્મથી હલકો થયેલો માણસ મોક્ષ તરફ જલ્દી દોટ મૂકી શકે છે, માટે તપ અવશ્ય કરવા જેવો છે. પ્રાકૃતિક ચિકિત્સામાં પણ શરીરને સુંદર કરવા માટે તપ કરાવવામાં આવે છે. એટલે તપશ્ચર્યા બાહ્ય મળ અને આભ્યંતર મળ બે ય કાઢે છે.જૈન ધર્મમાં તો તપનું મહાન મહત્વ બતાવ્યું છે, પણ અન્ય ધર્મોમાં પણ કહ્યું છે કે

तपसा प्राप्यते सत्त्वं सत्त्वात् संप्राप्यते मनः ।
मनसा प्राप्यते त्वात्मा, ह्यात्मापत्या निवर्तते ॥

તપ દ્વારા સત્ત્વ પ્રાપ્ત થાય છે. સત્ત્વથી મન વશ થાય છે. મન વશ થવાથી આત્માની (પિછાણ) થાય છે. આત્માની પિછાણ થવાથી જીવ સંસારથી છૂટકારો મેળવી શકે છે. તપની આવી મહાન શક્તિ છે, માટે જે આત્માઓ આવી ઉગ્ર તપશ્ચર્યા કરે છે એવા તપસ્વીઓનું બહુમાન કરવું જોઈએ. આજે બા. બ્ર. ઉગ્ર તપસ્વી ભાવનાબાઈ મહાસતીજીનું આપણે અંતરના અહોભાવથી બહુમાન કરવાનું છે. જે તપસ્વીનું બહુમાન કરે છે તે તપધર્મનું બહુમાન કરે છે. તપ ધર્મ અને તપસ્વીનું બહુમાન કરવાથી આપણા જીવનમાં તપ ધર્મની પધરામણી થાય છે. તપધર્મની પધરામણી થવાથી જીવનમાં આવતા અમંગલો દૂર થાય છે. તપ એ મહામંગલકારી છે. ગમે તેવા પહાડ જેવા વિઘ્નોનો નાશ કરવાની પ્રચંડ શક્તિ તપમાં રહેલી છે.

શત્રુને મિત્ર, આપત્તિને સંપત્તિ અને ઝેરને અમૃત બનાવવાની તાકાત શુદ્ધ નિષ્કામ તપધર્મમાં રહેલી છે. તપસ્વીઓનું બહુમાન કરવાથી તપ કરવામાં આડે આવતા અંતરાયો હોય તે દૂર થાય છે ને તપમાં પ્રગતિ થાય છે, માટે તપસ્વીઓનો સાચા હૃદયથી વિનય કરવો, તેમની સેવાભક્તિ કરવી, તેમના તપની પ્રશંસા કરવી, અનુમોદના કરવી, તેઓને તપ કરવામાં બનતી બધી સહાય કરવી, તપસ્વીઓને જોઈને આનંદિત થવું. આવી રીતે તપની અનુમોદના કરવાથી પણ આપણા કર્મો ખપે છે. તપસ્વીઓ તો વિશ્વનો શણગાર છે, આધાર છે. તેમના દર્શનથી દુઃખો ભાગી જાય છે. પાપોનો ક્ષય થાય છે ને જીવન ધન્ય ધન્ય બની જાય છે.

બા. બ્ર. ભાવનાબાઈ મહાસતીજીએ પણ આવી મહાન તપશ્ચર્યા કરીને પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે. ભાવનાબાઈએ આટલી નાની ઉંમરમાં અગાઉ પાંચ માસખમણ કર્યા છે, અને આ છઠ્ઠું માસખમણ-૩૪ ઉપવાસ થયા. તે સિવાય ૧-૮-૯-૧૦-૧૧-૧૬-૧૮ આદિ તપશ્ચર્યાઓ ઘણી કરી છે. એમનો તપ જ્ઞાન---ધ્યાન-સ્વાધ્યાય-વાંચન આદિ સહિત, પોતાની બધી ક્રિયાઓ સહિત છે. આત્મજાગૃતિપૂર્વક મહાન તપની સાધના એમણે પૂર્ણ કરી છે. આવા મહાન તપસ્વીનું બહુમાન કરવા આજે ઘણાં ગામના સંઘો અને મહેમાનો આવ્યા છે. તે સિવાય આ તપની અનુમોદનામાં હળુકર્મી જીવો પ્રાપ્તવ્યં

વ્રત અંગીકાર કરવાના છે. આપણે ત્યાં પહેલા સાત પ્રતિજ્ઞાઓ થઈ છે. અષાડ સુદ પૂર્ણિમાથી મહાન તપના માંડવડા રોપાયા હતા તે તપશ્ચર્યાનો અખંડ શ્રોત આજ સુધી ચાલુ રહ્યો છે. વસુબહેને શરૂઆત કરી હતી ને ભાવનાબાઈ મહાસતીજી તેની પૂર્ણાહુતિ કરે છે. આજના દિને તપસ્વી ભાવનાબાઈને અંતરના અભિનંદન સાથે આશીર્વાદ આપું છું કે તે ભવિષ્યમાં આથી પણ વધુ ઉગ્ર તપશ્ચર્યા કરી કર્મોના કાષ્ઠોને બાળી આત્માને તેજસ્વી બનાવે.

વ્યાખ્યાન નં. ૬૫

આસો સુદ ૪ ને સોમવાર **તા. ૨૪-૯-૭૯**

અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોએ ભવ્ય જીવોના આત્મકલ્યાણ માટે ઉદ્‌ઘોષણા કરી કે હે ભવ્ય જીવો ! જાગો. ભાવ નિદ્રામાંથી જાગો. કયાં સુધી ઉંઘ્યા કરશો ? ભાવનિદ્રા એટલે " **भावनिद्रा नाम ज्ञान, दर्शन चारित्र शून्यता** " જીવનમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની શૂન્યતા. અનાદિકાળથી જીવ ભાવનિદ્રામાં સૂતો છે. ભાવનિદ્રામાં સૂતેલા જીવને એ ભાન રહેતું નથી કે મારું સ્વરૂપ શું ? હું કોણ છું ? મારું શું છે ? તેથી જે પોતાનું નથી તેને પોતાનું માનીને પકડી બેઠો છે ને જે પોતાનું છે તેને સાવ છોડી દીધું છે. આ જીવને સ્વથી સુખ મળે છે ને પરથી પીડા મળે છે. આ જીવ સ્વને છોડીને પરના પ્રેમમાં પડેલો છે તેથી સુખી થવાને બદલે દુઃખી બન્યો છે. આત્માને જે પોતાનું કંઈ પણ હોય તો તે જ્ઞાનદર્શન ચારિત્ર છે.

एगो मे सासओ अप्पा, नाणदंसण संजुओ ।
सेसा मे बाहिरामावा, सव्वसंजोगलक्खणा ॥

જ્ઞાન દર્શનથી યુક્ત એવો એક મારો આત્મા જ શાશ્વત છે. બાકી તો બધા બાહ્ય ભાવો છે, અને એ સર્વ સંયોગોના લક્ષણો છે.

જ્ઞાન એટલે તત્ત્વનો સાચો બોધ. દર્શન એટલે તત્ત્વની સાચી શ્રદ્ધા અને ચારિત્ર એટલે તત્ત્વમાં રમણતા. આ જ્ઞાન, દર્શન, ચારિત્રને જૈન ધર્મમાં રત્નત્રયી કહેવામાં આવે છે. આ રત્નત્રયી આત્માને અત્યંત હિતકારી છે. આ રત્નત્રયી એ પરમયોગ છે. એ જ પરમધર્મ છે. જેને આ રત્નત્રયી મળે તેનું જીવન ધન્ય ધન્ય બની જાય છે. જેને આ રત્નત્રયીની પ્રાપ્તિ નથી થઈ તે સંસારિક દૃષ્ટિએ કદાચ ધનવાન હોય પણ આધ્યાત્મિક દૃષ્ટિએ તો તદ્દન ગરીબ છે.

આ માનવભવરૂપી રત્નદ્વીપમાં આવીને આ દુર્લભ કિંમતી રત્નો મેળવી લેવાના છે. આ રત્નો જેની પાસે હોય તે કદી દુઃખી થતો નથી. રત્નત્રયી વિનાનું જીવન મીઠા વિનાના ભોજન જેવું નિરસ છે, શૂન્ય છે. માનવજીવનનો સાચો આનંદ રત્નત્રયીની

સાધનામાં છે. રત્નત્રયીની નિર્મળ સાધનાથી જીવને મોક્ષ મળે છે, માટે સદ્‌ગુરૂઓ પાસે આવીને વિનય અને બહુમાનપૂર્વક રત્નત્રયીનું સ્વરૂપ સમજો. રત્નત્રયીનો મહિમા શું છે તે જાણો. રત્નત્રયી એ માનવજીવનનું સારભૂત તત્ત્વ અને શાશ્વતધન છે. એ આત્માને પરમ શ્રેયકારી છે, માટે ભાવનિદ્રાનો ત્યાગ કરીને જેમ બને તેમ જલ્દી રત્નત્રયીની ઉપાસના–આરાધના કરી લો.

રત્નત્રયીની આરાધના કરનાર ચિત્તમુનિ બ્રહ્મદત્તને કહી રહ્યા છે કે હે રાજન્! તમે નિયાણું કરીને જ્ઞાન, તપ અને સંયમની સાધના દ્વારા મળતી આત્માની શાંતિ ગુમાવી દીધી. તમારી કરણી માત્ર ચક્રવર્તિપદ મળે એટલી જ ન હતી પણ મોક્ષના મહાન સુખ અપાવે તેવી હતી પરંતુ તમે નિયાણું કરીને એક ચક્રવર્તિ પદ મેળવવા માટે બધી ઉત્તમ સાધના ગુમાવી દીધી, અને દેવલોકમાંથી ચવીને મનુષ્યભવ પામીને ચક્રવર્તિ બન્યા છો. પૂર્વના નિયાણાના કારણે આપણે આ ભવમાં જુદા પડયા છીએ. આ પ્રમાણે ચિત્તમુનિનો જવાબ સાંભળીને બ્રહ્મદત્ત ચક્રવર્તિ શું કહે છે.

सच्च सोयप्पगडा, कम्मा मए पुराकडा ।
ते अज्ज परिभुंजामो, किं नु चित्ते वि से तहा ॥ ९ ॥

હે ચિત્તમુનિ! તમે એમ કહો છો કે પૂર્વભવમાં મેં અને તેં સાથે દીક્ષા લીધી હતી, અને તપ, જપ આદિ અનુષ્ઠાનો સાથે કર્યા હતા તો પછી જો એમ જ હોય તો હું પૂર્વભવમાં મૃષાવાદનો ત્યાગ કરીને સત્ય બોલ્યો, માયાકપટ રહિત શુદ્ધ જીવન ગુજાર્યું, માસખમણને પારણે માસખમણ એવી ઉગ્ર તપશ્ચર્યાઓ કરી એના શુભ ફળો હું આજે ભોગવી રહ્યો છું પણ હે ચિત્તમુનિ! તમે આવી દશા કેમ પામ્યા? તમે કરેલા શુભ કર્મો કયાં ચાલ્યા ગયા કે તમારે ઘરઘરમાં ટુકડા માંગીને ખાવાનો વખત આવ્યો! ચક્રવર્તિના વચન સાંભળીને મુનિ કહે છે ભાઈ! તું આવી ભાષા બોલીને પાપ ન બાંધ. આ ગૌચરી કરવી એટલે ઘરઘરના ટુકડા માગવાના નથી પણ ગૌચરીથી તો મહાન કર્મોની નિર્જરા થાય છે ને આત્મા સુગતિને મેળવે છે. તમે જે સંસાર સુખમાં રાચ્યા છો ત્યાં તો પાપ, પાપ ને પાપ જ છે. હિંસાદિ અઢાર પાપનું સેવન કરી કર્મના કોથળા ભરશો તો એ કર્મની સજા ભોગવવી પડશે, પછી એમાંથી તમારો છૂટકારો નહિ થાય. પાપ કરીને માલ લાવશો તમે, ને માલપૂઆ ઉડાવશે બીજા. એ ખાસ યાદ રાખજો.

એક વખત એક ગામના રાજાના મનમાં થયું કે હું મારી પ્રજાને માલપૂઆ ખવડાવું. શ્રીમંતો તો ખાય છે પણ ગરીબોને કોણ ખવડાવે? તેથી આખા ગામમાં ઘર દીઠ બબ્બે માલપૂઆ આપવાનું નકકી કરીને એ પ્રમાણે માલસામાન મંગાવ્યો, અને માલપૂઆ બનાવવા માટે કંદોઈને બોલાવ્યા. કંદોઈઓ માલપૂઆ બનાવવા માટે બેઠા છે, ચોખ્ખા ઘીના મઝાના ઘીથી લસલસતા માલપૂઆ બની રહ્યા છે. માલપૂઆ ચોરાઈ

ન જાય તે માટે રાજાએ સખત ચોકી પહેરો ગોઠવી દીધો છે, એટલે કંદોઈ માલપૂઆમાં ગપચી મારી શકે જ નહિ. ઘણાં કંદોઈઓ માલપૂઆ તળી રહ્યા છે. આ સમયે એક કંદોઈના મનમાં વિચાર થયો કે આ....હા....કેવા સરસ માલપૂઆ બની રહ્યા છે! આપણને તો બે જ માલપૂઆ જ મળશે. અમે ચાર માણસો છીએ તેથી અડધો અડધો ખાવા મળશે. જો અહીંથી બે માલપૂઆ ચોરીને ઘેર લઈ જાઉં તો આખો માલપૂઓ ખાવા તો મળે!

બંધુઓ! જીભને માલપૂઆ ખાવાનું મન થયું. એટલે ચોરી કરવાનું મન થયું. એક પાપ જીવને કેટલા પાપકરાવે છે! કંદોઈ માલપૂઆની ચોરી કરવાનો લાગ શોધતો હતો, પણ એની પાસે જે ચોકીદાર હતો તે બહુ કડક હતો બરાબર ધ્યાન રાખતો હતો. ત્યાંથી સહેજ પણ ખસતો ન હતો એટલે બિચારો ચોરી કેવી રીતે કરી શકે? જ્યારે બીજા કંદોઈઓના મનમાં ચોરી કરવાની ભાવના ન હતી. ત્યાં ચોકીદારો સારા હતા, એટલે બહુ બારીકાઈથી ધ્યાન રાખતા ન હતાં. થોડીવાર બીજે આંટો મારી આવતા. પેલા કંદોઈનો નાનો છોકરો કોઈ કામે ત્યાં આવ્યો, એટલે કંદોઈના મનમાં થયું કે મારો છોકરો સહેજે સહેજે આવ્યો છે તો લાવને બે માલપૂઆ ઘેર મોકલાવી દઉં પણ ચોકીદાર ખસતો નથી. કેવી રીતે પોતાની ભાવના પૂરી કરવી? કંદોઈએ ચોકીદારને કહ્યું–ભાઈ! અત્યારે બહુ ગરમી છે. ખાઈને તરત આ ગરમીમાં તાવડા પર બેઠો છું એટલે મને વોમીટ થાય એવું થાય છે તો તું મારા માટે એક સોડાની બાટલી લઈ આવ. ચોકીદાર બહુ જબરો હતો. કહે ભલે, લઈ આવું છું. એ સોડાની બાટલી લેવા તો ગયો પણ એની જગ્યાએ બીજા ચોકીદારને મૂકતો ગયો. એ ચોકીદાર એના જેવો જ હતો. પેલો સીધી રીતે જોયા કરે ને આ આડકતરી રીતે જોયા કરે છે. આંખ બીજે રાખે છે ને ધ્યાન આ તરફ હોય છે.

કંદોઈના મનમાં થયું કે આ ચોકીદાર સારો છે. એની નજર બીજી તરફ જોઈ એણે બે માલપૂઆ છોકરાને આપી દીધા. એ માને છે કે કોઈ જોતું નથી પણ ચોકીદારનું બરાબર ધ્યાન હતું પણ એ કંઈ બોલ્યો નહિ. કંદોઈએ માની લીધું કે મેં જે ચોરી કરી તે કોઈ જાણતું નથી પણ ભગવાન કહે છે કે તમે પાપ ગુપ્તપણે કરો કે પ્રગટપણે કરો એ કદી છાનું રહેવાનું નથી. નાનું સરખું કરેલું પાપ પણ છાનું રહેતું નથી. પગમાં વાગેલો નાનકડો કાંટો પણ ખૂંચે છે ને પીડા કરે છે. આંખમાં પડેલું નાનકડું કણું પણ બેચેન બનાવે છે. મનમાં ચોંટેલી નાની ચિંતા પણ ઉદ્વેગ કરાવે છે. આગનો એક નાનકડો તણખો મોટા મોટા વન બાળીને ભસ્મીભૂત કરે છે. **સ્ટીમરમાં પડેલું નાનું કાણું મોટા મકાન જેવી સ્ટીમરને દરિયામાં ડૂબાડી દે છે અને ઝેરની નાનકડી પ્યાલી માનવીના પ્રાણ લઈ લે છે એવી રીતે કરેલું નાનકડું પાપ પણ માનવીને મહાન દુઃખના સાગરમાં ધકેલી દે છે.**

જીવનમાં કરેલું નાનકડું પાપ સાધનાનું બધું સત્ત્વ બાળી નાંખે છે. માટે પાપ કરતી વખતે ખૂબ વિચાર કરો કે આ મારું પાપ મને કયાં લઈ જશે? પાપ કોઈને છોડતું નથી.

કંદોઈએ બે માલપૂઆ ઘેર મોકલાવી દીધા, અને બીજા બે રાજા તરફથી વહેંચવાના શરૂ થઈ ગયા હતા. જેમ માલપૂઆ બનતા ગયા તેમ નંબર પ્રમાણે એકેક ઘરે બબ્બે માલપૂઆ અપાતા ગયા, તેથી આ કંદોઈને ઘેર તો ચાર માલપૂઆ પહોંચી ગયા. માલપૂઆ બનાવવાનું કાર્ય પૂરું થઈ ગયું. કંદોઈઓ સૌ સૌને ઘેર ગયા. પેલો કંદોઈ તો આખો માલપૂઓ ખાવાની હોંશમાં ને હોંશમાં ઘેર આવ્યો પણ એનું કર્મ કયાં એને માલપૂઓ ખાવા દે તેમ હતું. ભૂખ્યો ડાંસ જેવો થઈને ઘેર ગયો ત્યાં તો એની પત્નીએ રોજની જેમ રોટલો ને શાક ભાણામાં પીરસ્યા, ત્યારે કંદોઈએ પૂછયું કે આજે તો આખો માલપૂઓ ખાવાનો છે ને રોટલો કેમ મૂકયો? પત્ની કહે છે કે નાથ! તમે બે માલપૂઆ મોકલ્યા હતા ને બે રાજા તરફથી આવ્યા હતા. તેમાંથી એક મેં ખાધો, એક બાળાએ ખાધો, એક બેણીએ ખાધો ને એક તમારા માટે રાખ્યો હતો તે જમાઈ આવ્યા હતા તેમને પીરસી દીધો. બસ....પતી ગયું ને! કંદોઈ ભાઈનો આખો માલપૂઓ ખાવાની હોંશ મનમાં રહી ગઈ અને રોટલો ને શાક ખાવા બેઠો. હજુ રોટલાનું બટકું મોંમાં મૂકવા જાય છે ત્યાં શું બન્યું?

"માલપૂઆને બદલે મળેલો માર" :- રાજા તરફથી બધા માલપૂઆ વહેંચાઈ ગયા. માત્ર એક ઘર બાકી રહ્યું ત્યારે રાજા પૂછે છે કે મેં બધો માલ બરાબર આપ્યો હતો ને માલપૂઆ ઘટયા કેમ? ખૂબ તપાસ કરાવી ત્યારે ચોકીદારે કહ્યું સાહેબ! ફલાણા કંદોઈને બોલાવો. એણે બે માલપૂઆ ચોરીને ઘર ભેગા કર્યા છે. આમ વાત બની એટલે પેલાને મોઢામાં રોટલાનું બટકું મૂકવું ને રાજાના માણસોનું આવવું બન્યું. કંદોઈને કહે છે ચાલ, તને રાજા બોલાવે છે. આ સાંભળીને કંદોઈ ભાઈના હોશકોશ ઉડી ગયા. રાજાના માણસો એને પકડીને લઈ ગયા. રાજાએ એને પૂછયું કે બોલ. તેં માલપૂઆની ચોરી કરી છે ને? સાચું બોલી જા. જો ખોટું બોલીશ તો ફાંસીએ ચઢાવીશ. હવે સાચું બોલ્યે જ છૂટકો થાય ને! કંદોઈ સાચું બોલી ગયો. રાજાએ એને ખૂબ માર માર્યો ને છ મહિનાની જેલની સજા કરી.

બંધુઓ! વિચાર કરો. બે માલપૂઆની નજીવી ચોરીના પાપમાં કેટલું દુઃખ ભોગવવું પડયું. દુઃખ તો ભોગવ્યું છતાં માલપૂઓ ખાવા તો મળ્યો નહિ. આટલા માટે જ્ઞાનીઓ કહે છે ને કે માલ ખાઈ જાય બીજા ને માર ખાય કર્મ કરનારા. બે માલપૂઆની કંઈ કિંમત નથી છતાં માલપૂઆએ માર ખવડાવ્યો. આવું સમજીને પાપકર્મ કરતા અટકો. પરિગ્રહ સંજ્ઞાનો મોહ ઓછો કરો. નાનકડું પાપ પછી મોટું પાપ કરાવે છે. જ્યાં સુધી માણસ પાપ નથી કરતો ત્યાં સુધી બધે પાપથી ડરે છે,

પણ એકવાર નાનું પાપ કરશે પછી એના દિલમાં પાપનો આંચકો નહિ લાગે. માનવી જ્યારે પહેલી વાર પાપ કરે છે ત્યારે એનો આત્મા પાપથી ભયભીત બની જાય છે. આંચકો અનુભવે છે. બીજી વાર કરે ત્યારે ઓછો ભયભીત બને છે અને વારંવાર પાપ કરતો થઈ જાય છે ત્યારે તેનો ભય નીકળી જાય છે. પાપ પ્રત્યેની ઘૃણા પણ છૂટી જાય છે, પાપની પાપ તરીકેની ઓળખ પણ મટી જાય છે ને છેવટે પાપ એ એક વ્યસન બની જાય છે. પછી એને પાપનો ડર રહેતો નથી, માટે પાપના નાનકડા કણીયાને પણ તમે જીવનમાં પ્રવેશવા ન દેશો. નાનકડું પાપ પરલોકમાં તો કેટલા ગણું થઈને ભોગવવું પડશે એ તો જ્ઞાની જાણે છે પણ આ લોકમાં માણસની આબરૂ ઈજ્જત ફના થઈ જાય છે ને સજા ભોગવવી પડે તે વાત જુદી, માટે સમજીને પાપ છોડો તો સારી વાત છે નહિતર પરલોકમાં પીડાનો પાર નહિ રહે. જ્ઞાની કહે છે કે **"પાપ અને પાપની વાસનાના એટમબોંબથી જે સતત સાવધ રહીને જીવે તે સાચો જૈન.**

સર્વથા પાપથી છૂટવા જેમણે ચારિત્ર માર્ગ અપનાવ્યો છે એવા ચિત્તમુનિએ બ્રહ્મદત્તને કહ્યું તમે પૂર્વભવમાં સંયમ લઈને નિયાણું કરીને મહાન સાધના વેચી દીધી. નિયાણું એ એક શલ્ય છે. શલ્ય પણ પાપની જેમ ખટકવું જોઈએ. તેના બદલે ઉપર જતાં બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને શું કહે છે.

સરળ સત્ય તપાદિક જે કર્યા, શુભ ફળો અનુભોગું હું એહના,
તપ સુસંયમના ફળ જે રૂડા, ચિત્તમુનિ તમને કેમ ના મળ્યા....

હે ચિત્તમુનિ! તમે તમારા તપ અને સંયમની મહત્તા બતાવો છો. જો એમ જ છે તો એ બતાવો કે મેં પૂર્વભવમાં સત્ય અને સરળ ભાવે જે તપ કર્યો અને સંયમનું પાલન કર્યું એના શુભફળો ભોગવી રહ્યો છું. જુઓ તો ખરા! મારી સાહ્યબી અને વૈભવ કેવો છે! ૬૪ હજાર તો મારે રાણીઓ છે. સોળ સોળ હજાર દેવો તો મારી સેવામાં હાજર રહે છે. છ છ ખંડ ઉપર મારું અધિપતિપણું છે. આવી ઋદ્ધિ અને સમૃદ્ધિ મને મળી છે તો તમને કેમ નથી મળી? તમારી આ દશા કેમ છે? મને તો લાગે છે તમને કંઈ જ સુખ મળ્યું નથી. તમારી સંભાળ લેનાર કોઈ નહિ હોય તેથી તમે સાધુ થયા છો. તપ દ્વારા તમારું શરીર પણ કેવું સૂકાઈ ગયું છે! તમારા તપ અને સંયમનું જો તમને ફળ મળ્યું હોત તો તમે પણ મારી માફક સુખો ભોગવતા ન હોત! માટે નક્કી થાય છે કે તમે તપશ્ચર્યા કરીને કાંઈપણ શુભ ફળ ઉપાર્જિત કરેલ નથી.

આ પ્રમાણે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિને કહ્યું. મુનિ તો ક્ષાન્ત, દાન્ત અને ગંભીર છે. એમણે બ્રહ્મદત્ત ચક્રવર્તિની બધી વાત મૌનપણે સાંભળી અને એ શું કહેવા માંગે છે એનો કહેવાનો આશય શું છે તે બરાબર સમજી ગયા. બ્રહ્મદત્ત ચક્રીને એના

ચક્રવર્તીપણાનું અભિમાન છે કે હું કેવો સંપત્તિશાળી છું ! ત્યારે ચિત્તમુનિને પોતાના ચારિત્રનું ઝનૂન છે. વીતરાગી સંતોની પાસે ગમે તેવા ચક્રવર્તિ કે મોટા મુગટબંધી રાજા આવે તો પણ તેઓ કોઈની શેહમાં તણાતા નથી. સત્ય વાતની રજુઆત કરે છે.

આવી જ વાત ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦ માં અધ્યયનમાં અનાથી નિર્ગંથ અને શ્રેણીક રાજાની આવે છે. શ્રેણીક રાજા તે વખતે જૈનધર્મી ન હતા. બૌદ્ધધર્મી હતા. તે સમયે જ્યારે મંડીકુક્ષ બગીચામાં ફરવા માટે આવ્યા ત્યારે બગીચામાં પગ મૂકયો એવો જ એના અંતરમાં અલૌકિક આનંદ, શાંતિ અને શીતળતાનો અનુભવ થયો. વાતાવરણ ખુશનુમા હતું. રાજા આગળ વધ્યા ત્યાં બગીચાના મધ્યભાગમાં એક નવયુવાન અને રૂપરૂપના અવતાર એવા તેજમૂર્તિ મુનિરાજને જોયા. મુનિને જોઈને શ્રેણીકનું દિલડું ઠરી ગયું. શું આ મુનિ છે ! રાજા ઘોડેથી નીચે ઉતરીને મુનિના ચરણમાં પડયા અને વિનયપૂર્વક વંદન કરીને પૂછયું હે મુનિરાજ ! આ ભોગ ભોગવવાની તમારી ઉંમર છે. આવી ભરયુવાનીમાં સંસાર સુખને છોડીને શા માટે તમે સાધુ બન્યા ? ત્યારે મુનિરાજે કહ્યું રાજન્ ! હું અનાથ હતો. રાજા કહે તમે જો અનાથ છો તો હું તમારો નાથ બનીશ.

होमि नाहो भयंताणं, भोगे भुंजाहि संजया।

હે ભગવંત ! હું તમારો નાથ બનું. તમે મારા રાજમહેલમાં ચાલો. તમને હું તમારા જેવી રૂપાળી સુંદરીઓ પરણાવું. તમારા સુખ માટે બધી સામગ્રી હું તમને પૂરી પાડી દઈશ, એની તમે ચિંતા ન કરો. આજથી હું તમારો નાથ બનું. આ સમયે મુનિએ કહ્યું હે રાજન્ ! **अप्पणावि अणाहोसि** તું પોતે જ જો અનાથ છે તો મારો નાથ કેવી રીતે બની શકવાનો છે ? આવું સત્ય કહી દીધું . છેવટમાં સનાથ અનાથ કોને કહેવાય તે બધું સમજાવ્યું. અનાથી મુનિની જેમ ચિત્તમુનિ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને એના પ્રશ્નનો બરાબર સચોટ જવાબ આપશે ત્યારે બ્રહ્મદત્ત કેવી કેવી ઠલીલો કરશે તે વાત અવસરે.

ચરિત્ર :-" સુશીલા અને બાળકોની શોધમાં ભીમસેન " :- ભીમસેન અને વિજયસેન બંને રાજાઓ ઘણાં સુભટો અને નગરજનો સહિત આખા નગરમાં શેરીએ, શેરીએ ને ચૌટે ચૌટે ફરી વળ્યા. નગર બહાર તપાસ કરી પણ કયાંય પત્તો મળ્યો નહિ એટલે બધા નિરાશ થઈ ગયા. તેમાં ભીમસેન તો તદ્દન હતાશ બની ગયો. અરેરે... ભગવાન ! મારી સુશીલા અને બાળકો કયાં ગયા હશે ? ભદ્રા શેઠાણીએ એમને ઝૂંપડીમાંથી મારી ઝૂડીને કાઢી મૂકયા ને ઝૂંપડી બાળી મૂકી તેથી નિરાધાર બની જવાથી દુઃખિયારી બનેલી સુશીલાએ બંને બાળકો સાથે આપઘાત તો નહિ કર્યો હોય ને ? એમનું શું થયું હશે ? આમ અનેક પ્રકારના અશુભ વિચારો કરતાં તપાસ કર્યે જાય છે. બધે તપાસ કરીને ફરતા ફરતા નગરના કિલ્લા આગળ આવ્યા.

કદાચ ગરીબ માણસો કિલ્લાના ઓથે ઝૂંપડી બાંધીને રહેતા હોય ને સુશીલા ત્યાં મળી જાય. એવા ભાવથી ભીમસેન અને વિજયસેન ઝીણવટથી કિલ્લાની એકેક જગ્યા તપાસી રહ્યા હતા, પણ કયાંય પત્તો ન લાગ્યો. ત્યાં ઈંટો ને ધૂળ સિવાય કોઈની વસ્તી ન હતી છતાં સૌએ શોધ ચાલુ જ રાખી.

"નિરાશામાં આશાનું કિરણ" :– ચાલતાં ચાલતાં થોડે દૂર ગયા ત્યાં દૂરથી બાળકનો રડવાનો અવાજ સંભળાયો, એટલે ભીમસેને એ તરફ કાન માંડયા તો એને એમ લાગ્યું કે જાણે મારો કેતુસેન જ ન રડતો હોય! ચોકસાઈથી સાંભળતા ભીમસેનના મનમાં નિશ્ચય થઈ ગયો કે નક્કી મારો કેતુસેન રડે છે, તેથી ભીમસેન હર્ષથી બોલી ઉઠયો વિજયસેન....વિજયસેન....મારા કુમારો મને મળી ગયા. જુઓ, આ બાજુથી મારા કેતુસેનનો રડવાનો અવાજ સંભળાય છે. વિજયસેન રાજાએ એ તરફ કાન માંડયા તો એમને પણ રૂદનનો અવાજ સંભળાયો. તરત જ બધા એ તરફ ચાલવા લાગ્યા. કેતુસેન ભૂખનો માર્યો રડતો હતો ને કહેતો હતો કે દેવસેન! આપણી બા કયારે આવશે? મને ખૂબ ભૂખ લાગી છે. બાપુજી તો આપણને મૂકીને ચાલ્યા ગયા છે. આમ કરીને બંને ભાઈ ખૂબ રડે છે, આળોટે છે ને બાવું બાવું કરે છે. ત્યાં રડવાના અવાજ તરફ ભીમસેન દોડયો અને બોલ્યો એ મારા વહાલા દેવસેન.... કેતુસેન! હું આવી ગયો છું. હવે તમે રડશો નહિ.

દૂરથી આ બૂમ સાંભળીને દેવસેનને લાગ્યું કે જાણે મારા પિતાજીનો અવાજ ન હોય! એણે જમીન ઉપર આળોટતા ને રડતા કેતુસેનને કહ્યું ભાઈ કેતુ....કેતુ! જો તું હમણાં કહેતો હતો ને કે પિતાજી ન આવ્યા તો સાંભળ. આપણા પિતાજીનો અવાજ આવે છે. જો એ આપણને બોલાવી રહ્યા છે. ઉઠ, ઉભો થા, ત્યારે કેતુસેને રડતા રડતા કહ્યું ભાઈ! તું તો ખોટું બોલે છે. કયાં છે પિતાજી! દેવસેને કહ્યું. ભાઈ કેતુ! હું જરા પણ અસત્ય નથી બોલતો. જો તું સાંભળ, કોનો અવાજ આવે છે? કેતુએ બેઠા થઈ ને કાન માંડયા તો ઓ મારા દેવસેન....કેતુસેન....દેવસેન.... કેતુસેન....આમ સાદ પાડતો ભીમસેનનો અવાજ નજીક આવતો જતો હતો, એટલે કેતુસેન ને દેવસેન બંને ભાઈ ઉભા થઈ ગયા.

"પિતા પુત્રોને મળવાનો તલસાટ:–" બંને જણા ઝુંપડીની બહાર નીકળ્યા ને જોયું તો ભીમસેન અને વિજયસેન બંને દોડતા ઝૂંપડી નજીક આવી રહ્યા છે, એટલે બંને બાળકો પણ પિતાજી....પિતાજી કરતાં પિતાજીને મળવા માટે દોડયા. સામેથી ભીમસેન દોડતો હતો ને આ તરફ દેવસેન અને કેતુસેન બંને દોડી રહ્યા હતા. બંને કુમારો અને ભીમસેન સામસામી દિશામાંથી એક થવા માટે તડપી રહ્યા હતા. કેતુસેન અને દેવસેનની દૃષ્ટિ ભીમસેન તરફ હતી. ત્યાં વચમાં એક ખાડો આવતા કેતુસેન પડી ગયો એટલે દેવસેન એને પંપાળીને ઉભો કરવા માટે ત્યાં જ

અટકી ગયો. એ જ સમયે ભીમસેન અને વિજયસેન ત્યાં આવી પહોંચ્યા. બંને બાળકો ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા છે. એમનામાં ચાલવાની તાકાત ન હતી, પણ આ તો પિતાનો પ્રેમ એમને દોડાવતો હતો. અત્યંત ભૂખના કારણે કેતુસેન પડી ગયો હતો. દેવસેન એને પંપાળવા લાગ્યો.

"આંસુની ધારા સાથે પિતા પુત્રોનું મિલન" :– આ સમયે ભીમસેને કેતુસેનને ઉંચકી લીધો ને બીજા હાથે દેવસેનને બાથમાં લઈ બંનેને વહાલથી બરડો પંપાળતો ચુંબન કરવા લાગ્યો. ઘણાં વખતે પુત્રોને જોઈને ભીમસેનની આંખોમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા. તેના ગળે ડૂમો ભરાઈ આવ્યો. આ જોઈને વિજયસેનની આંખમાં પણ આંસુ આવી ગયા. પિતા પુત્રનું મિલન જોઈને એક પળ એમનું હૈયું આનંદ અનુભવતું હતું તો બીજી પળે પુત્રોના દિદાર જોઈને એમનું અંતર કકળી ઉઠતું હતું. અહો! આ બાળકોની કેવી કરૂણ દશા છે! શું આ રાજકુમારો છે? ઉજ્જૈનના રાજવંશો છે! એમના મુખ ઉપર રાજતેજ કયાં દેખાય છે! આ કુલ જેવા બાલુડા કેવા થઈ ગયા છે! શરીર તો કાળુ પડી ગયું છે. પેટ પાતાળમાં પેસી ગયું છે, એમની આંખોમાં તેજ નથી, ગાલ ઉપર લાલાશ નથી, હાથમાં કૌવત નથી, પગમાં ચેતન નથી, છાતીમાં હામ નથી, શરીરમાં માંસ કે લોહી તો છે જ નહિ. જાણે હાડકાનો માળો જોઈ લો. શરીર ઉપર સત્તર થીગડાના ફાટયા તૂટયા વસ્ત્રો છે. કોણ જાણે આ બાળકો કેટલાય દિવસના ભૂખ્યા હશે! કેટલાય દિવસોથી આ સુકુમાર બાળકો નિરાંતે ઉંઘ્યા નહિ હોય. અરે વિધાતા! તને કોઈ ન મળ્યું? તેં આ કુમળા ફુલ જેવા બાળકો ઉપર જ જુલ્મ કર્યો! ભીમસેનના મનમાં પણ એવા ભાવ આવતા હતા. સાથે આવેલો પરિવાર પણ કુમારોને જોઈને કરૂણાથી રડતો હતો.

"પિતા પાસે પુત્રોએ કરેલો કલ્પાંતઃ–" બંને બાલુડા રડતા રડતા કહે છે પિતાજી....પિતાજી! તમે અમને મૂકીને કયાં ચાલ્યા ગયા હતા? તમારા વિના અમારી દશા કેવી થઈ ગઈ છે? હવે તો તમે અમને મૂકીને નહિ ચાલ્યા જાઓને? તમે અમને સમજાવી પટાવીને ચાલ્યા ગયા હતા ને! હવે અમે તમને નહિ જવા દઈએ હોં.... છોકરાઓને હવે પિતાજી પાછા જતા તો નહિ રહે ને એવો અવિશ્વાસ છે એટલે આમ કહે છે. ત્યાં તો નાનકડો કેતુસેન કહે છે પિતાજી! હવે અમને ભૂખ્યા તો નહિ મારો ને! હવે તો તમે અમને રોજ ખાવાનું આપશો ને? અમારાથી હવે ભૂખ સહન થતી નથી. પિતાજી....એમ કહીને કેતુસેન ભીમસેનને જોરથી વળગી પડયો. ભીમસેને એને વહાલથી ચુંબન કરતા કહ્યું હવે નહિ જાઉં બેટા! હવે તમને મૂકીને હું નહિ જાઉં. હવે હું તમને રોજ સારું સારું ખવડાવીશ, રમવા માટે રમકડા લાવી આપીશ અને તમને ખૂબ આનંદથી ને આરામથી રાખીશ હોં બેટા! હવે તમે જરા પણ ચિંતા ન કરશો. એમ કહી પોતાની આંખોમાંથી આંસુ લૂછવા લાગ્યો.

"સુશીલાની કથની સાંભળતાં લાગેલો આઘાતઃ–" બેટા દેવસેન!

તમારી માતા કયાં છે ? આ પ્રમાણે વિજયસેન રાજાએ પૂછયું ત્યારે દેવસેને કહ્યું. મારી દુઃખીયારી મા અમારા ઉઠતા પહેલા વહેલી સવારમાં કામ કરવા ગઈ છે તે રાત્રે સૂવા સમયે આવશે. મારી માતા મજુરી કરી કરીને મરી જાય છે છતાં ત્રણ ત્રણ દિવસથી અમને ખાવા બટકું રોટલો મળ્યો નથી એવી અમારી સ્થિતિ છે. આ સાંભળીને ભીમસેન અને વિજયસેનની આંખોમાં આંસુ આવી ગયા. ગદ્‌ગદ્‌ કંઠે ભીમસેન રાજાએ પૂછયું કે બેટા દેવસેન! એ કયાં કામ કરે છે ? ત્યારે બંને બાલુડા કહે છે કામ તો ચાર પાંચ ઘરના કરે છે પણ અત્યારે એ નગરશેઠના ઘેર લગ્ન છે એટલે ત્યાં ખૂબ કામ રહે છે. બિચારી અમારી મા તો કામ કરી કરીને ભૂખ તરસ વેઠીને હાડપિંજર જેવી થઈ ગઈ છે. હવે એનામાં પણ તાકાત નથી. એમ કહીને બંને છોકરાઓએ નિસાસો નાંખ્યો, ભીમસેન તો ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો. વિજયસેને કહ્યું ભાઈ! રડો નહિ. જુઓ, આ બાળકો મળી ગયા અને હમણાં જ તમને સુશીલાદેવી મળી જશે. હવે હું એમની તપાસ કરાવું છું. એમ કહીને હિંમત આપી. હવે સુશીલાની તપાસ કરશે ને શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં ૬૬

આસો સુદ ૫ ને મંગળવાર **તા. ૨૫-૯-૭૬**

અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંતે માનવભવની દુર્લભતા ખૂબ ગાઈ છે, કારણ કે સંપૂર્ણ વિરતિ માનવભવમાં મળે છે. દેવલોકમાં વિરતિનું પાલન થઈ શકતું નથી. તેઓ અવિરતિના બંધને બંધાયેલા છે. માત્ર માનવભવ જ એવો છે કે જયાં સર્વવિરતી સુધીની કક્ષાએ પહોંચી શકાય છે. જ્ઞાનીઓએ માનવભવને હોસ્પિતાલની ઉપમા આપી છે. અનંતકાળથી આત્માને રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ-વિષયો પ્રત્યે આસક્તિ, મોહ, મમતા, ઈત્યાદિ રોગો લાગુ પડયા છે. આ માનવભવ રૂપી હોસ્પિતાલમાં આવીને આ રોગો મટાડી શકાય છે. જો અહીં આ રોગો ન મટયા તો માનવજીવનની હોસ્પિતાલમાં આવવાથી શું ? તક તો સુંદર મળી છે પણ આત્માને એ નથી સમજાતું કે આ હોસ્પિતાલમાં આવ્યો છું તો બરાબર દવા અને પથ્યનું સેવન કરી મારા આત્માના રોગ મટાડું. શું આ હોસ્પિતાલમાં પ્રવેશ તમને એમને એમ જ મળી ગયો છે ? ના.....ના.....એ માટે તો કેટલા પુણ્યરાશીની કિંમત ચૂકવવી પડે છે.

દુનિયામાં કોઈ સારામાં સારી હોસ્પિતાલમાં રહેવું હોય તો સેંકડો, હજારો રૂપિયાના ખર્ચા કરવા પડે છે. એટલો ખર્ચો કર્યા પછી પણ જો પથ્ય બરાબર પાળે ને દવા બરાબર લે તો નિરોગી થઈને બહાર નીકળે પણ જો દવા ન ખાય, પથ્ય ન પાળે અને કોઈને કોઈ કુપથ્ય ખાધા કરે તો એક દિવસ તે મહારોગી બનવાનો ને

હોસ્પિતાલમાંથી ડીસમીસ થવાનો. કેમ આ વાત સાચી છે ને? બસ, એ જ રીતે માનવભવમાં સમજવાનું છે. આત્માના રોગો મટાડવા દવા, પથ્ય ન પળાય અને કુપથ્યનું સેવન ચાલુ રાખે તો અંતે મહારોગી બનીને માનવભવમાંથી ડીસમીસ થઈને દુર્ગતિના દુઃખો ભોગવવા ચાલ્યા જવાનું. આત્માને રોગોના જુથ એટલા બધા લાગુ પડયા છે કે જે વિચારતા પણ હૃદય કંપી જાય. તે રોગોને દૂર કરવા માટે ક્ષમા, સરળતા, સમતા, નમ્રતા, સંતોષ, વિષયો પ્રત્યે વિરાગભાવ, ચારિત્ર, અનાસક્તભાવ આદિ અકસીર દવાઓ છે. આ દવાઓનું પાન કરવાથી આત્મા નિરોગી અવસ્થાને પામી શકે છે. આ બધું માનવભવ રૂપી હોસ્પિતાલમાં થઈ શકે તેમ છે, માટે અમૂલ્ય તકને નિરર્થક ન ગુમાવતા આત્મસાધનામાં તેનો સદુપયોગ કરો.

જેમણે આત્માની નિરોગી અવસ્થા પ્રાપ્ત કરવા સંયમ અંગીકાર કર્યો છે તેવા ચિત્તમુનિ અને બ્રહ્મદત્તની વાત ચાલે છે. તેમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિ સમજે છે કે મેં પૂર્વભવમાં જબ્બર પુણ્ય કર્યા તેનું ફળ મને મળી ગયું. ચિત્તમુનિએ મારા જેવી સાધના કરી નથી. જો મારા જેવી સાધના કરી હોત તો શું એમને પણ મારા જેવા મહાન સુખો ન મળત! એમની સ્થિતિ આવી કંગાલ કેમ છે? સંપત્તિ, સુંદરી અને સૌંદર્યના સુખમાં જે મસ્ત બન્યા છે ને જેને મોહનો નશો ચઢયો છે એવા બ્રહ્મદત્ત ચક્રવર્તિ આત્મિક સુખના ભંડારને જોઈ શકતા નથી. ભૌતિક સુખમાં આનંદ છે એમ માનીને ઉત્તમ માનવભવ ભૌતિક સુખોમાં વેડફી રહ્યા છે.

જ્ઞાની આત્માઓ સંસારના સુખો વિષના કટોરા સમાન સમજીને છોડી દે છે. જેવી રીતે કિંપાક વૃક્ષના ફળ આકર્ષક, મનોહર, મધુર અને સ્વાદિષ્ટ છે છતાં તેનું પરિણામ ભયંકર છે તે રીતે સંસારના સુખો દેખાવમાં સુંદર હોવા છતાં તેનું પરિણામ ભયંકર જાણીને મહાનપુરૂષો તેને છોડી દે છે. સંસારિક સુખો ગમે તેટલા મળે ને ગમે તેટલા ભોગવો છતાં તૃપ્તિ થવાની નથી. જેમ સૂર્યમુખી કમળ સૂર્યને દેખીને ખીલે છે ત્યારે ભ્રમર એની ઉપર આવીને બેસે છે. કમળમાં મુગ્ધ બનેલો ભ્રમર સૂર્યોદયથી સૂર્યાસ્ત થવા આવે ત્યાં સુધી એનો રસ ચૂસે છે ને એની સુંગધ લે છે છતાં તૃપ્તિ થતી નથી. છેવટે સાંજ પડતા હમણાં ઉડી જાઉં છું તેમ વિચારે છે પણ મોહ છોડીને ઉડી શકતો નથી ને અંતે મરણને શરણ થાય છે. આવી રીતે જે આત્માઓ સંસારના સુખોમાં જીવનના અંત સુધી મુગ્ધ બનેલા રહે છે, જે સમજીને છોડતા નથી તે એક દિવસ પેલા ભ્રમરની જેમ અંતે મરણને શરણ થઈ દુર્ગતિમાં ચાલ્યા જાય છે, માટે સમજીને સાધના કરી લો.

ચિત્ત મુનિ ત્યાગી છે ને બ્રહ્મદત્ત ભોગી ભ્રમર છે. ચિત્તમુનિની એવી ભાવના કે ચક્રવર્તિ સંસારના સુખોમાં, પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ખૂંચી ગયો છે તો હું એને સાચો માર્ગ સમજાવું. જો સમજીને છોડી દે તો એનું કલ્યાણ થાય. નહિતર એના

માટે તો નરકના કારમા દુઃખો એના લલાટે લખાયા છે, કારણ કે ચક્રવર્તિ જો દીક્ષા લે તો દેવલોક કે મોક્ષમાં જાય અને ચક્રવર્તિપણું ન છોડે તો નિયમા નરકમાં જાય. એટલે ચિત્તમુનિ સમજાવી રહ્યા છે ત્યારે મોહાસક્ત બનેલા બ્રહ્મદત્ત કહે છે હે ચિત્તમુનિ ! તમને મારા જેવા સુખો કેમ નથી મળ્યા ? ત્યારે ચિત્તમુનિ કહે છે હે ચક્રવર્તિ સાંભળ.

सव्वं सुचिण्णं सफलं नराणं, कडाण कम्माण न मोक्ख अत्थि।
अत्थेहि कामेहि य उत्तमेहिं, आया ममं पुण फलोववेए ॥१०॥

હે બ્રહ્મદત્ત ! તું મને કહે છે ને કે હે મુનિરાજ ! તમારા તપ અને સંયમના ફળ મળ્યા નથી એટલે તમે સંસાર ત્યાગીને સાધુ બની ગયા છો. કડકડતી ઠંડીમાં પણ આવા જીર્ણ કપડા પહેરીને બેસી રહો છો, પગપાળા વિહાર કરો છો અને ઘરઘરમાં ફરી રોટીના ટુકડા ઉઘરાવીને તમારો નિર્વાહ કરો છો. બંધુઓ ! અજ્ઞાની જીવને સાધુની ભિક્ષાચરી એ ઘરઘરમાં ભીખ માંગીને ટુકડા ઉઘરાવવા જેવું લાગે છે. પણ જૈનના સાધુની ગૌચરી મહાન નિર્જરાનું કારણ છે. ભિખારીને ભીખ માંગવી પડે છે જ્યારે સંતોને તો શ્રાવકો આદરમાનથી બોલાવી સાધુને ખપતી કિંમતી ચીજ હોય તો પણ પ્રેમથી વહોરાવે છે. જૈન સંતો ગૃહસ્થને ઘેરથી આહાર પાણી લાવી ખાઈપીને તેમાં આસક્ત બનતા નથી પણ જ્ઞાન ધ્યાન આદિ ધર્મપ્રવૃત્તિમાં મસ્ત રહે છે. ધર્મારાધના કરવા માટે ને શરીરનો નિર્વાહ કરવા માટે સંતો આહાર કરે છે. તમે સાધુને સુપાત્ર દાન આપો છો તે લઈને સાધુ કેટલા જીવોને અભયદાન અને કેટલા જીવોને જ્ઞાનદાન આપે છે એટલે સુપાત્ર દાન તો મહાન શ્રેષ્ઠ છે, માટે કહ્યું છે કે

सुक्षेत्रे वापयेद् बीजं, सुपात्रे दापयेद्धनम् ।
सुक्षेत्रे च सुपात्रे च, क्षिप्रंनैव हि दुष्यति ।

સારા ક્ષેત્રમાં વાવેલું બીજ કદી નષ્ટ થતું નથી અને સુપાત્રને આપેલું દાન નષ્ટ થતું નથી આટલા માટે કહેવામાં આવ્યું છે કે સુક્ષેત્રમાં બીજ વાવો અને સુપાત્રને દાન આપો. સારી જમીનમાં વાવેલો એક કણ અનેક કણ આપે છે એવી રીતે સુપાત્રે આપેલું થોડું દાન પણ મહાન કર્મોની નિર્જરા કરાવે છે. અરે ! તીર્થંકર નામ કર્મ પણ બંધાવે છે. તમે કોઈના ઉપર ખુશ થઈને લાખ, બે લાખ કે દશ લાખ રૂપિયા આપી દો એમાં તમને એવો મહાન લાભ નહિ થાય કે કર્મની નિર્જરા નહિ થાય, પણ સુપાત્ર દાન દઈને તમારા હૈયામાં અલૌકિક હર્ષ થાય, અભિમાન ન આવે કે બેઠ ન થાય તો જીવ તીર્થંકર નામ કર્મ બાંધે છે. વિચાર તો કરો કે ક્યાં તમારો આપેલો આહાર અથવા કોઈ વસ્તુ અને ક્યાં તીર્થંકર નામ કર્મ ! આ દુનિયામાં તીર્થંકર પ્રભુથી તો બીજું કોઈ શ્રેષ્ઠ નથી ને ? આવી પદવી દાનથી મળી

શકે છે. સુપાત્ર દાનનો મહિમા અપરંપાર છે, પણ અજ્ઞાની જીવો અભિમાનથી અસભ્ય ભાષા બોલે છે પણ પાછળના પરિણામનો વિચાર કરતો નથી.

ચિત્તમુનિ બ્રહ્મદત્તને કહે છે હે રાજન્! સમસ્ત સુંદર રીતે આચરવામાં આવેલ તપ, સંયમપાલન આદિ સઘળી રીતે સફળ બને છે. પોતે કરેલા કર્મોથી છૂટકારો થતો નથી. અર્થાત્ કરેલા કર્મોનું ફળ અવશ્ય મળે છે. એ કદી અફળ બનતા નથી. કર્મ બે પ્રકારના છે શુભ અને અશુભ. ચાહે તે કર્મ હોય પણ જીવને ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. શુભ કર્મ એ સોનાની બેડી છે ને અશુભ કર્મ એ લોખંડની બેડી છે. મોક્ષમાં જવા માટે તો બંને પ્રકારના કર્મો ખપાવવા પડશે. શુભ કર્મો કરતી વખતે હું મહાન સુખી બનું એવી જ્ઞાની જીવો ઇચ્છા રાખતા નથી. એની તો એક જ ઇચ્છા હોય કે ભગવાન! સર્વ કર્મોને ખપાવીને હું જલ્દી મોક્ષમાં જાઉં! સંસાર ત્યાગીને સાધુ બનેલો શિષ્ય પણ એના ગુરુના ચરણમાં સમર્પણ થઈ જાય છે તે ગુરૂનો વિનય, વૈયાવચ્ચ, આજ્ઞાનું પાલન, સેવાભક્તિ કરે છે તો એનું એકજ લક્ષ હોય છે કે હે ભગવાન! મારા કર્મોનો કેમ જલ્દી ક્ષય થાય. તે ગુરૂ ભગવંતને એક જ વિનંતી કરે છે કે ગુરૂદેવ! જલ્દી મારો મોક્ષ થાય એવી સેવાનું કાર્ય અમને ફરમાવો. આવા વિનયવંત શિષ્યોનું જલ્દી કલ્યાણ થાય છે. વિનય એ મોક્ષનું બીજ છે.

હરિભદ્ર સૂરિશ્વરજીને બે શિષ્યો હતા. એકનું નામ હંસ અને બીજાનું નામ પરમહંસ. આ બંને હરિભદ્ર સૂરિશ્વરના સંસાર પક્ષે ભાણેજો થતા હતા. એમણે વૈરાગ્ય પામીને મામા મહારાજ પાસે દીક્ષા લીધી હતી. બંને ભાઈઓ ગુરૂનો ખૂબ વિનય કરતા, સેવાભક્તિ કરતા. ગુરૂની જીભ ફરે ને શિષ્યોના પગ ફરે. ગુરૂ બોલાવે ત્યાં તહેત્ કરીને ઉભા રહેતા. એવા વિનયવંત રત્ન જેવા શિષ્યો હતા. ગુરૂની સાનિધ્યમાં રહીને શાસ્ત્રોનું ઉંડું જ્ઞાન મેળવ્યું. જ્ઞાન સાથે સ્વાધ્યાય, તપ વિગેરે ક્રિયાઓ ખૂબ કરતા હતા. જૈન ધર્મનું ઘણું જ્ઞાન મેળવ્યા પછી એમને બૌદ્ધ ધર્મનું જ્ઞાન મેળવવાની ઇચ્છા થઈ. અન્યમતનું જ્ઞાન મેળવ્યું હોય તો કયારેક અન્ય દર્શની સામે વિવાદ કરવાનો પ્રસંગ આવે તો વાંધો ન આવે. આમ વિચાર કરીને હંસ અને પરમહંસ બંને ભાઈઓએ ગુરૂદેવ પાસે જઈ બૌદ્ધ મતનો અભ્યાસ કરવા માટે બૌદ્ધના મઠમાં જઈને ગુપ્ત રીતે રહેવાની આજ્ઞા માંગી પણ ગુરૂને એમાં પરિણામ સારું આવે તેવું દેખાયું નહિ અને બીજી તરફ શિષ્યોની તીવ્ર ભાવના છે એટલે ના પાડીશ તો પણ રહેવાના નથી તેથી ગુરૂ મૌન રહ્યા.

હંસ અને પરહંસ બંને ખૂબ વિચક્ષણ અને વિનયવંત હતા. ગુરૂની આજ્ઞા એ જ અમારો શ્વાસ અને એ જ પ્રાણ એમ સમજનારા આજે જ્ઞાન મેળવવાના મોહમાં ભૂલ્યા. ગુરૂના આશિષ ન મળ્યા તો પણ એ બંને વિનય ચૂકીને વેશપલ્ટો કરીને બૌદ્ધના મઠમાં જઈને રહ્યા, અને બૌદ્ધ મતનો અભ્યાસ શરૂ કર્યો. બુદ્ધિ ખૂબ-તીવ્ર

હતી એટલે થોડા સમયમાં ઘણું જ્ઞાન મેળવી લીધું. એક વખત બૌદ્ધાચાર્ય જૈન મતનું ખંડન કેવી રીતે થાય એની યુક્તિઓ સમજાવતા હતા. તે વખતે હંસ અને પરમહંસ મુનિએ એ યુક્તિની નબળી કડીઓ નોંધવાનું ગુપ્ત રીતે શરૂ કર્યું. કાગળની ચબરકી ઉપર આ નોંધ કરી પણ કમનસીબે એ ચબરકી આડી અવળી મૂકાઈ જવાથી એક બૌદ્ધ વિદ્યાર્થીના હાથમાં આવી ગઈ. એણે લઈને બૌદ્ધાચાર્યને આપી. આ ચબરકીના લખાણ ઉપરથી આચાર્યે અનુમાન કરી લીધું કે નક્કી આ મઠમાં ગુપ્ત વેષે જૈનના અનુયાયી આવ્યા હોવા જોઈએ. આટલા વિદ્યાર્થીઓમાં જૈન કોણ છે એની ખાત્રી કરવા માટે એમણે મોડી રાત્રે વિદ્યાર્થીઓના ખંડમાં છત ઉપરથી ઘડા ગબડાવ્યા. એકાએક ધડાકો થયો એટલે બૌદ્ધ વિદ્યાર્થીઓના મુખમાંથી શબ્દો નીકળ્યા કે "બુદ્ધં શરણું ગચ્છામિ," ત્યારે હંસ અને પરમહંસના મુખમાંથી "નમો અરિહંતાણું" શબ્દો નીકળ્યા, એટલે બૌદ્ધાચાર્યને ખાત્રી થઈ ગઈ કે નક્કી આ જૈન છે.

ફરીને વધુ ચોકસાઈ કરવા માટે બીજી પરીક્ષા કરી. તેમાં હંસ અને પરમહંસને લાગ્યું કે નક્કી અમારી પરીક્ષા છે તેથી બંને જલ્દી પાછલા બારણેથી નાસી છૂટયા. બૌદ્ધોએ એમનો પીછો પકડયો. આ બંને ભાઈઓ ઘણું દોડયા પણ હંસમુનિ પકડાઈ ગયા અને બૌદ્ધોએ એમનું કરપીણ રીતે ખૂન કરી નાંખ્યું. પરમહંસમુનિ શૂરપાળ રાજા પાસે પહોંચી ગયા. બૌદ્ધો શોધતા શોધતા ત્યાં પહોંચી ગયા. બૌદ્ધોએ શૂરપાળ રાજાને પરમહંસને પોતાને સોંપી દેવાનું કહ્યું ત્યારે શૂરપાળ રાજાએ કહ્યું કે એ મુનિ મારા શરણે છે. મારું એમને અભય વચન છે, માટે તમે ચાલ્યા જાઓ, એટલે બૌદ્ધો નિરાશ થઈને પોતાના મઠ તરફ ચાલ્યા ગયા, પછી રાજાના ઈશારાથી પરમહંસ મુનિ તક જોઈને ત્યાંથી નીકળી ગયા. આ સમયે એમના ગુરૂ હરિભદ્રસૂરિ ચિતોડમાં બિરાજતા હતા. ભય ભરેલા વાતાવરણમાં પરમહંસ મુનિ ગુરૂદેવ પાસે પહોંચ્યા. આવીને ગુરૂના ચરણમાં પડીને સઘળી વાત કહી. કહેતા કહેતા તો પરમહંસ મુનિની આંખમાંથી ચોધાર આંસુ વહેવા લાગ્યા. તે રડતા રડતા કહે છે ગુરૂદેવ! આપની આજ્ઞા વિના, આપની આશિષ લીધા વિના આપની આજ્ઞાનું ઉલ્લઘંન કરીને અમે ઉપરવટ થઈને અભ્યાસ કરવા ગયા તેનો જ આ કરૂણ અંજામ આવ્યો છે. પોતાના સગા ભાઈ હંસમુનિનું જીવન આ રીતે ખતમ થયું એમ કહીને પોતે અવિનય કર્યા બદલ ડ્રુસ્કે ને ડ્રુસ્કે રડીને ગુરૂની માફી માંગી કે ગુરૂદેવ! હવે કદી આવું નહિ કરું. અવિનયની જે ભૂલ થઈ ગઈ તે થઈ ગઈ પણ મારો ભાઈ તો મેં ગુમાવી દીધો ને! એનો તેમના દિલમાં કારમો આઘાત હતો.

હરિભદ્રસૂરિને પણ આવો રત્ન જેવો શિષ્ય ગુમાવ્યો તેનો સખત આઘાત લાગ્યો. પરમહંસમુનિની વ્યથાનો તો કોઈ પાર જ ન હતો. એ તો જાણે પોતાના ગુરૂદેવને આ દુઃખદ સમાચાર આપવા અને પોતાના ભૂલની માફી માંગવા જ આ

દેહમાં હંસલો ટકી રહ્યો હોય એમ ગુરૂદેવના ખોળામાં માથું મૂકી રડતાં રહતાં જ પરમહંસમુનિએ પ્રાણ છોડી દીધા. હરિભદ્રસૂરિને માટે તો જાણે ઘા ઉપર મીઠું ભભરાવ્યું હોય એવો આઘાત લાગ્યો. અહો ! ભવિષ્યમાં શાસનના સ્થંભ બનનારા, જિનશાસનને ઉજ્જવળ કરનારા એવા મારા શિષ્ય રત્નો આમ ચાલ્યા ગયા ! આવા વિચારે એમનું મન બેચેન બની ગયું. એક દિવસ શાસનદેવીએ હરિભદ્રસૂરિને કહ્યું કે " વિદ્વાન શિષ્યોના વિરહની વ્યથાને શાંત કરો." આપ તો મહાજ્ઞાની છો. આપને શું કહું ? પણ આપને એક વાત જણાવી દઉં કે આપના ભાગ્યમાં હવે કોઈ શિષ્ય પ્રાપ્તિ નથી. આ વિરહ વ્યથાને શાંત કરવા માટે આપ નવા નવા ગ્રંથોના નિર્માણ રૂપ સ્વાધ્યાયમાં લાગી જાઓ તો આપને ખૂબ શાંતિ મળશે, ત્યાર પછી હરિભદ્રસૂરિજીએ ઘણાં ગ્રંથો રચ્યા છે. એમ કરવાથી એમના આત્માને પરમ શાંતિ મળી.

ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે હે રાજન્ ! તું જેમાં સુખ માને છે એ સુખ સાચું સુખ નથી. સંસારના કણ જેટલા સુખની પાછળ મણ દુઃખોની ફોજ દોડતી આવે છે. એટલે કે સંસારના પ્રત્યેક સુખની પાછળ દુઃખ હોય છે. જેવી રીતે **વરસાદની પાછળ કાદવ, ગુલાબની પાછળ કાંટા, પાણી હોય ત્યાં શેવાળ** હોય છે, તેવી રીતે સંસારમાં એક સુખની પાછળ દુઃખ ડોકિયા કરતું હોય છે. સંસારનું સુખ તુચ્છ ને ક્ષણિક છે. આવા સુખમાં ઉન્મત્ત બનીને તું મને કહે છે કે તમને મારા જેવું સુખ નથી મળ્યું ? તમારી કરણીનું ફળ કયા ગયું કે તમારે સાધુપણું લેવું પડયું ? તો સાંભળ. મને સુખ નહોતું મળ્યું એટલે હું સાધુ બન્યો છું એમ નથી. જીવે જે કર્મો કર્યા છે તે ભોગવ્યા વિના ત્રણ કાળમાં મોક્ષ થતો નથી. એક સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે

कृतकर्म क्षयो नास्ति, कल्पकोटि शतैरपि ।
अवश्यमेव भोक्तव्यं, कृत कर्म शुभाशुभम् ॥

કરેલા કર્મો કદી પણ કરોડો શત કલ્પકાળમાં પણ ક્ષય પામતા નથી. ચાહે તે શુભ હોય કે અશુભ, એનું ફળ તો અવશ્ય જીવને ભોગવવું પડે છે, માટે હે ચક્રવર્તિ ! **आवा मम पुण्ण फलोववेय** । મારો આત્મા પણ ઉત્તમ દ્રવ્ય કામ રૂપ અથવા જન પ્રાર્થનીય રૂપ શબ્દાદિકોના ભોગ દ્વારા પુણ્ય ફળોથી યુકત છે.

શુભ અશુભ કર્યા ગત કાળમાં, ન છૂટકે બહુ ભોગવ્યા વિના,
ફળ સુપુણ્ય તણાં મુજને મળ્યા, સુખ વિલાસની ઉણપ ના નૃપ.

બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવવાના શુભ આશયથી ચિત્તમુનિએ કહ્યું હે રાજન્ ! કરેલા શુભ કે અશુભ કર્મોનું ફળ જીવને પોતાને ભોગવવું પડે છે. શુભ કર્મોનો સંચય કર્યો હોય તો સુખ અને અશુભ કર્મોનો સંચય કર્યો હોય તો દુઃખ ભોગવવું પડે છે પણ કરેલા કર્મો ભોગવ્યા વિના જીવનો છૂટકારો નથી. આ એક અટલ સિદ્ધાંત

છે. આ સિદ્ધાંત અનુસાર મને પણ મારા શુભ કર્મના ફળ સ્વરૂપે ઉત્કૃષ્ટ અર્થ, કામ, પાંચ ઈન્દ્રિયોના મહાન સુખો, વૈભવવિલાસ બધું જ મળ્યું હતું, તેથી તમે તમારા મનમાં એવો વિચાર ન કરશો કે આ ભિક્ષુએ પૂર્વે કરેલા તપ આદિ સુકૃત્યો નિષ્ફળ છે. હું તારા જેવો ચક્રવર્તિ નથી બન્યો પણ મને સંસારમાં એક પણ સુખની ઉણપ ન હતી. સંસારના તમામ સુખો મારી પાસે ઉપસ્થિત હતા માટે એમ ન માનશો કે સાધુ પાસે પહેલાં કંઈ નહોતું એટલે સંસાર છોડયો છે. મને કેવા સુખ મળ્યા હતા તે હું તને કહું છું સાંભળ. હવે ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને પોતાને કેવા સુખો મળ્યા હતા તે વાત કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- "કરૂણ કથની સાંભળતા લાગેલો આઘાત" :- વિજયસેન રાજાએ દેવસેન અને કેતુસેનને પૂછયું કે બેટા ! તારી બા કયાં ગયા છે ? ત્યારે કુમારે કહ્યું નગરશેઠને ઘેર લગ્ન છે એટલે એને ત્યાં ખૂબ કામ છે. શેઠ મારી બાને ત્રણ દિવસથી ઘેર આવવા દેતા નથી. શેઠને ઘેર ઘર સાફસૂફી કરવાનું, વાસણ ઉટકવાના, કપડાં ધોવાના, બજારમાંથી માલસામાન લાવવાનું, આવું મજુરીનું કામ કરી કરીને મારી બા અધમૂઈ થઈ ગઈ છે, અને અમને પણ ત્રણ દિવસથી બાવાનું મળ્યું નથી. એમ કહીને બાળકો રડવા લાગ્યા. ભીમસેન પણ પત્નીના દુઃખની વાત સાંભળીને રડવા લાગ્યો. ભીમસેનને સમજાવીને છાનો રાખીને વિજયસેને બાળકોના સામું જોઈને કહ્યું બેટા ! હવે તારી બાને કામ નહિ કરવું પડે હોં....અને તમને પણ દુઃખ નહિ પડે. ચાલો, આપણે સૌએ રાજમહેલમાં જવાનું છે. ત્યાં તમે ખાજો, રમજો, સારા સારા કપડા પહેરજો, અને લીલા લહેર કરજો. એમ કહીને રડતા છાના રાખ્યા, ત્યારે ભૂખ્યા કેતુસેને કહ્યું હેં પિતાજી ! હવે અમને ખૂબ બાવાનું મળશે ને ? નિર્દોષ બાળકોની બાવા માટે કાકલુદી ભરી કોમળ ભાષા સાંભળીને વિજયસેનનું હૈયું ચીરાઈ ગયું. ખરેખર ! આમાં દોષ તો મારો જ છે ને ? મેં રાજા બનીને કોઈ દુઃખીની સંભાળ ન લીધી ત્યારે આ બાળકોની અને સુશીલા રાણીની આ દશા થઈ ને ? મારા જ ગામમાં મારી સાળી, સાઢુભાઈ અને આ કુમળા બાલુડાઓને આવા કારમા દુઃખ ભોગવવા પડયા ને ? આ બાલુડા બાવા માટે કેવા ટળવળે છે ! ધિક્કાર છે મારા રાજવીપણાને ! આમ કહીને પોતાની ભૂલનો પશ્ચાતાપ કરે છે ત્યાં દેવસેન-કેતુસેને પૂછયું હે પિતાજી ! આ કોણ છે ને એ આપણને કયાં તેડી જાય છે ?

ભીમસેને કહ્યું બેટા ! એ આ નગરના મહારાજા છે. તેઓ આપણને એમને ત્યાં લઈ જવા માટે તેડવા આવ્યા છે. વધુ કહું તો એ તમારાં માસા છે. હેં....અમારા માસા છે ? આ જાણીને કુમારો આનંદમાં આવી ગયા ને હસતા હસતા વિજયસેનને ભેટી પડયા. વિજયસેને પણ એમને વહાલથી પંપાળ્યા ને ઉંચકી લીધા, ત્યારે બાળકો કહે છે માસા ! તમે અમને લેવા કેમ ન આવ્યા ? અમને બહુ દુઃખ પડયું. માસા !

તમે કયાં ગયા હતા ?બાળકની કરૂણ કથની સાંભળતા વિજયસેનનું હૃદય ચીરાઈ જવા લાગ્યું પણ હવે શું થાય ? મૌનપણે સાંભળતા કેતુસેનને તેડી લીધો અને દેવસેને ભીમસેનની આંગળી પકડી. સૌ હવે નગર તરફ ચાલવા લાગ્યા.

"બહેનને મળવા ઉત્સુક બનેલી સુલોચના" :- જતાં જતાં વિજયસેને સુભટોને આજ્ઞા ફરમાવી કે જાઓ, મહારાણીને સમાચાર આપો કે તમારા બહેન, બનેવી અને બાળકો આ નગરમાં પધાર્યા છે અને તેઓ રાજમહેલમાં આવી રહ્યા છે. બીજા સુભટને આજ્ઞા કરી કે તમે નગરશેઠની હવેલીએ જાઓ ને ત્યાં જઈ રાણી સુશીલાદેવીને આ શુભ સમાચાર આપો ને તેઓને અત્યંત આદરભાવથી રાજમહેલમાં તેડી લાવો. આજ્ઞાનુ પાલન કરવા માટે બંને સુભટો રવાના થઈ ગયા. નગરના મહારાજા, એમના સાઢુભાઇ અને બે બાળકોને લઇને નગરમાં થઈ પગપાળા ચાલતા રાજમહેલ તરફ પધારે છે. આ વાત કંઈ છાની રહે ? જોતજોતામાં તો વાત આખા નગરમાં પ્રસરી ગઈ. સુભટે ઉતાવળા જઈને મહારાણી સુલોચનાને મંગલ સમાચારની વધામણી આપી, એટલે તરત જ પોતાની મોટી બહેનને મળવા માટે પાલખીમાં બેસીને નગરમાં આવી. ત્યાં જ તેને વિજયસેનના સુભટો મળ્યા. તેમણે કહ્યું સુશીલારાણી નગરશેઠની હવેલીએ કામ કરે છે એટલે રાણીએ પાલખીને નગરશેઠની હવેલી તરફ લેવડાવી.

કોઈએ નગરશેઠને સમાચાર આપ્યા કે તમારે ત્યાં રાણીસાહેબા આવે છે. હવે તમારું આવી બન્યું સમજી લેજો. શેઠ-શેઠાણીને તો બિચારાને વાતમાં કંઈ સમજાયું નહિ. અમારો શું ગુનો છે, વાંક છે કે આવી બન્યું ! એમના તો હાજા ગગડી ગયા. ત્યાં તો સુલોચના રાણી પાલખીમાંથી ઉતરીને હવેલીએ આવ્યા. મહારાણી સુલોચનાને પોતાની હવેલીએ આવેલા જોઈને શેઠ-શેઠાણી હાંફળા ફાંફળા થઈ ગયા. એમના સત્કાર માટે હાથ જોડીને ઉભા રહ્યા અને અત્યંત આદરભાવથી સુલોચના રાણીને પોતાની હવેલીમાં લાવ્યા ને બોલ્યા રાણી મા ! આજે આપ અમારે ઘેર પધાર્યા. ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય અમારા કે અમારું ઘર પાવન થયું પણ જો સંદેશો મોકલ્યો હોત તો હું પોતે આપની સેવામાં હાજર થાત. આપે શા માટે આટલો શ્રમ વેઠ્યો ? એમ કહીને નગરશેઠે વિનય કર્યો.

"બેસતમ કામ કરતી સુશીલા" -: શેઠના આંગણમાં માણસો સમાતા નથી. શોરબકોર મચી ગયો છે પણ બિચારી સુશીલા તો ઘરનું કામ કરી રહી છે. એને આ વાતની કંઈ ખબર નથી કે હવે મારા પાપ પૂરા થયા છે ને પુણ્યનો ઉદય જાગ્યો છે, એટલે મને તેડવા માટે મારી બહેન જાતે આવી છે. એ તો આ નગરશેઠની હવેલીએ કાળી મજુરી કરે છે. ત્રણ ત્રણ દિવસથી પોતાના વહાલસોયા લાલને જોયા નથી. તે શેઠ શેઠાણીને કહેતી કે મને થોડી વાર ઘેર જવા દો. મારા બાલુડા ભૂખ્યા તરસ્યા હશે. એમની ખબર લઈને આવું છું. ત્યારે શેઠ-શેઠાણી કહેતા કે જો તારે

જવું હોય તો જા, પછી અહીં આવીશ નહિ, ત્યારે બિચારી સુશીલા એમ વિચાર કરતી કે રોજના બે રૂપિયા લેખે મહિનો કામ કરીશ તો ૬૦ રૂપિયા મળશે ને લગ્ન આવશે એટલે સારું ખાવાનું મળશે તો મારા બાલુડા રાજી થશે ને જો જઈશ તો મને શેઠ નોકરી રાખશે નહિ, એટલે બધું સહન કરતી હતી. હજુ થોડી વાર પહેલાં લગ્નમાં મોહનથાળ, મેસૂબ, મગસ બધી મીઠાઈ ઓ બનાવવા માટે ચણાની દાળ દળીને ઉઠી હતી એટલે પરસેવે રેબઝેબ થઈ ગઈ હતી. ખૂબ થાકી ગઈ હતી તેથી સહેજ વિસામો ખાવા બેઠી ત્યાં તો શેઠાણીએ ધમકાવી નાંખી કે શું બેસી રહી છે? ઘેર લગ્ન આવે છે ને તારે આરામ કરવો છે? ઉઠ, આ એંઠવાડ કાઢી નાંખ, એટલે બિચારી સુશીલા વાસણ ઉટકતી હતી.

સુલોચના રાણીએ નગરશેઠને કડકાઈથી પ્રશ્ન કર્યો કે આપને ત્યાં સુશીલા નામે કોઈ સ્ત્રી કામ કરે છે? નગરશેઠે કહ્યું. હા. આપને એનું શું કામ છે? રાણીએ કહ્યું મારે એનું કામ છે. શેઠે કહ્યું કે છેલ્લા એક મહિનાથી એ સ્ત્રી મારી હવેલીની સાફસુફીનું કામ કરે છે, વાસણ ઉટકે છે, કપડા ધોવે છે ને અમારી દીકરીના લગ્ન આવે છે એટલે લગ્નનું કામકાજ પણ એ કરે છે. બાઈ ઘણી ભલી છે. કોઈ ઉંચા ખાનદાન કુળની હોય એમ લાગે છે, પણ કર્મના ઉદયથી આ દશા ભોગવી રહી છે. મહિનાથી અમારે ત્યાં આવે છે પણ હજુ મેં એનું મુખ જોયું નથી. એવી મર્યાદાવાળી છે.

"સુશીલાનું દુઃખ જોતા ચોધારા આંસુએ રડતી સુલોચના" :– આ વાત સાંભળીને સુલોચનાનું હૃદય ચીરાઈ ગયું. અહો! મારી મોટી બહેનની આ દશા! હું રાજરાણીનું સુખ ભોગવું ને એ ઘરઘરના વાસણ ઉટકે! કપડા ધોવે ને દળણાં દળે! એ બિચારી કેવા દુઃખો ભોગવી રહી છે! એ વિચારે રાણીની આંખો આંસુથી છલકાઈ ગઈ. આ જોઈને શેઠ શેઠાણીના મનમાં થયું કે રાણીજી શા માટે રડતા હશે? શેઠાણીએ પૂછયું. આપ કેમ રડો છો? શું એ દાસીએ તમારું કંઈ ખરાબ કર્યું છે? એને કયાં ખબર છે કે આ રાણીની બહેન છે. સુલોચનાએ કહ્યું શેઠ! તમે મને જલ્દી એની પાસે લઈ જાઓ. એટલે નગરશેઠ સુલોચનાને જ્યાં સુશીલા વાસણ ઉટકતી હતી ત્યાં લઈ ગયા. સુશીલા બિચારી નીચું જોઈને વાસણ ઉટકતી હતી. શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું હતું. સુશીલાને જોતાં જ સુલોચનાએ દોટ મૂકી ને મોટેથી બોલી ઓ મોટી બહેન....મોટીબહેન....આ સાંભળતા સુશીલા ચમકી, કારણ કે ઉજ્જૈનીનું રાજ્ય છોડયા પછી અત્યાર સુધીમાં મોટીબહેન કહીને કોઈ બોલાવનાર ન હતું. ઉંચું જોયું તો પોતાની નાની બહેન સુલોચના આવે છે, તેથી સુશીલા એકદમ ઉભી થઈ ગઈ. ત્યાં તો સુલોચના આવીને મોટી બહેનને ભેટી પડી, અને બહેનની આ દશા જોઈને એ ચોધાર આંસુએ રડવા લાગી. બંને બહેનો એકબીજાને ભેટી પડી છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૬૭

આસો સુદ ૬ ને બુધવાર **તા. ૨૬-૯-૭૯**

"તૃપ્તિના ઘરમાં આવવા શું કરશો?"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો! જગતના જીવોના કલ્યાણ માટે જ્ઞાનીઓએ આગમ વાણી પ્રકાશી. આગમની વાણી વિકૃતિને દૂર કરી સંસ્કૃતિના સરળ માર્ગે લઈ જનારી છે. આજે જ્યાં જુઓ ત્યાં આર્ય સંસ્કૃતિનું પતન થઈ રહ્યું છે. આ સંસ્કૃતિના પતનકાળમાં એનું સંરક્ષણ કરવાના પ્રયત્નો આર્યદેશમાં થયેલા મહાપુરૂષો અને એમને અનુસરનારા આર્ય લોકો કરતા આવ્યા છે. આજના લોકોને મૂળમાં એ સમજાવવાની જરૂર છે કે પૂર્વે આત્માના ષટ્સ્થાનની ઉચ્ચ શ્રદ્ધાના કાળમાં જે આબાદી, સુખશાંતિ અને માનવતા ખીલેલી હતી તે આજે કયાં દેખાય છે? જો માનવના દિલમાં ષટ્સ્થાનની શ્રધ્ધાનો દિપક જલશે તો એનો ઉધ્ધાર થશે અને તો જ સુખ, શાંતિ, આબાદી અને માનવતાનો ચાંદ સોળે કળાએ ખીલી ઉઠશે. આત્મા છે, તે નિત્ય છે, એણે કરેલા કર્મના ફળ ભોગવવા પડે છે. આ વાત જો લક્ષમાં ન હોય તો એ સંસ્કૃતિનું જીવન કયાંથી જીવી શકે? કારણ કે આ દુનિયા તો પ્રત્યક્ષમાં ધન, સત્તા અને સન્માન બતાવે છે તેથી એનો મોહ કોણ છોડી શકે? જેને ષટ્સ્થાનની પાકી શ્રદ્ધા થાય તેને એમ સમજાય કે જો હું મોહનીયાદિ કર્મના બંધનો ઉભા રાખીશ તો એના ભયંકર કટુફળ મારે પોતાને ભોગવવા પડશે, માટે અહીં આત્માના બંધનો મારે તોડી નાંખવા જોઈએ નહિતર ભાવિ અસંખ્યકાળ ભટકવું પડશે. આત્માના બંધન કેમ તૂટે અને આત્માને અનંતકાળ કેમ રખડવું ન પડે તેવું પ્રત્યક્ષ સમજાવનાર આ કાળમાં અરિહંત ભગવાન કે કેવળી ભગવાનનો યોગ આપણને મળ્યો નથી. અરે! મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાની સંતો પણ આપણી સમક્ષ ઉપસ્થિત નથી, એટલે કોઈ બાબતમાં આપણને સંશય થાય તો એનું નિવારણ કરનાર કોઈ નથી, છતાં એટલું આપણું સદ્ભાગ્ય જરૂર છે કે આલંબન રૂપે આપણને તીર્થંકર ભગવાનની વાણી સાંભળવાનો સુયોગ મળ્યો છે. તીર્થંકર ભગવાનની વાણી કેવી અપૂર્વ છે. તેમની વાણીના પ્રભાવે માનવના જીવનમાં કેટલો પલ્ટો થાય છે! જુઓ.

ભરત ચક્રવર્તિએ રાજ્ય ઉપર પોતાની હકૂમત ચલાવી ત્યારે ૯૮ નાના ભાઈઓ ક્રોધથી ધમધમી ઉઠયા ત્યારે ભગવાન ઋષભદેવે એમને શું ઉપદેશ આપ્યો આ વાત ખૂબ જાણવા જેવી, સમજવા જેવી અને વિચારવા જેવી છે.

"ભગવાન ઋષભદેવ પાસે ફરિયાદ કરતા અઠ્ઠાણું પુત્રો": ઋષભદેવ ભગવાને પોતાના બધા પુત્રોને રાજ્યનો હિસ્સો વહેંચી આપીને દીક્ષા લીધી, ત્યાર પછી ભરત મહારાજાની આયુધશાળામાં ચક્ર રત્ન ઉત્પન્ન થયું, પછી અનુક્રમે ચૌદ રત્નો,

નવનિધિ બધું મળ્યું અને છ ખંડ સાધીને આવ્યા પછી ભરત મહારાજાને સંપૂર્ણ ચક્રવર્તિ બનવું છે એટલે પોતાના ૯૮ નાના ભાઈઓને પોતાની આજ્ઞા માની લેવા દૂત મારફત સમાચાર કહેવડાવ્યા, ત્યારે નાના અઠ્ઠાણું ભાઈઓ ભરત મહારાજા પર ગુસ્સે થઈ ગયા ને કહેવા લાગ્યા શું, બધા રાજ્ય ઉપર એમની જ સત્તા છે? આ તો પિતાજીએ રાજ્ય આપ્યું છે. એને આટલી બધી ખુમારી છે કે પિતાજીએ આપણને આપેલું રાજ્ય પણ પડાવી લેવા ઈચ્છે છે? એ એક છે તો આપણે અઠ્ઠાણું છીએ. એવી એની આજ્ઞા અમારે સ્વીકારવી નથી. અમે એની સામે લડાઈ કરીશું પણ લડાઈ કરતા પહેલાં આપણે પિતા ઋષભદેવ ભગવાનને વાત જણાવી દઈએ. એ શું કહે છે તે જોઈએ, પછી વાત. અઠ્ઠાણું ભાઈઓ ઋષભદેવ ભગવાન પાસે ઉપડ્યા. જઈને કહે છે પિતાજી! આપે અમને રાજ્ય આપ્યા તે લઈને સંતોષથી અમે રાજ્ય કરીએ છીએ, પણ મોટાભાઈ ભરત લોભી બનીને આખા જગતને દબાવી આવ્યો. હજુ પણ એનો લોભ મટયો નથી. તે અમને કહે છે, કે તમે મારા ગુલામ બનો. તો બોલો પિતાજી! હવે અમે એને બતાવી આપીએ ને? ભગવાન આ બાબતમાં શું કહે? વીતરાગ પ્રભુ તો આરંભ સમારંભ અને જીવહિંસાની વાતમાં રસ લે ખરા? 'ના'. પોતાની પાસે ન્યાય કરાવવા આવેલા ૯૮ પુત્રોને વીતરાગ પરમાત્માએ શું આપ્યું? શું શીખવ્યું? તે સાંભળો.

"ભગવાન ઋષભદેવની મીઠી ટકોર" :- અઠ્ઠાણું પુત્રો ભગવાનને વંદન કરી પોતાની વાતની રજુઆત કરીને પ્રખદામાં બેસી ગયા. ઋષભદેવ ભગવાન તો સર્વજ્ઞ હતા. આ નિમિત્તે શું લાભ થવાનો છે તે બધું જાણતા હતા. એટલે એમણે તો જે ઔષધની જરૂર હતી તે પીરસવા માંડવું. જ્યાં કષાયોના ઝેર ઉભરાઈ રહ્યા હતા ત્યાં ઉપશમ રસના-વૈરાગ્યનાં ઝરણા વહેતા કરી દીધા. અમૂલ્ય ઉપદેશ આપતા ભગવાને કહ્યું કે હે રાંકડા જીવો! તમે ભરતને દુશ્મન સમજો છો? દુશ્મન તો તમારી અંદર બેઠેલા છે. ક્રોધ-માન-માયા-લોભ-મોહ-મદ-મત્સર-રાગ દ્વેષ વિગેરે આત્માના ખરા દુશ્મનો છે. અનંતકાળ ભવચક્રમાં ભટકાવનાર છે. એમને જ ઉખેડી નાંખો ને. ભરતને શું બતાવી આપવું છે? ભરતને જીતવા જશો તો તમારા અંદર બેઠેલા દુશ્મનો વધુ બળવાન બનશે. પણ ભગવાન! એ અમારું રાજ્ય લઈ લે છે. અરે! તમે વિચાર તો કરો. રાજ્ય કોનું? આ ધરતી કોઈની થઈ છે? આ ધરતી તમને હસી રહી છે કે તમે કોના ઉપર મમત્વ કરો છો? કંઈકને મેં રવાના કર્યા છતાં હું તો અહીં જ છું અને તમને પણ એક દિવસ રવાના કરવાની છું. ફોગટ ફાંફાં શા માટે મારો છો? બોલો, આ જમીન, રાજ્ય તમારી સાથે આવવાનું છે? અઠ્ઠાણું ભાઈઓએ જવાબ આપ્યો કે "ના." તો પછી શાના ઉપર મમતા કરો છો? ઋષભદેવ ભગવાને એમને વૈરાગ્યથી ભરપૂર ઉપદેશ આપ્યો ને સાથે એક અંગારક નામના વહેપારીનું દૃષ્ટાંત આપ્યું.

અંગારક નામે કોલસાનો મોટો જબ્બર વહેપારી હતો. એ લાકડા બળાવીને કોલસા બનાવતો હતો, તેથી એનું નામ અંગારક હતું. એક વખત અંગારક વહેપારી કોલસા બનાવવા ગયો. સાથે પાણીના મોટા મોટા પીપ ભરીને ગયો હતો. લાકડા સળગાવ્યા ને કામ શરૂ થયું. બપોરનો સમય થયો. સૂર્ય માથે આવ્યો એટલે ગરમી તો એકદમ વધી ગઈ. પાણી સાથે લાવ્યા હતા તે અંગારા ઠારવામાં, શરીરે છાંટવામાં, પીવામાં, ધરતી ઠંડી કરવામાં, વપરાઈ ગયું એટલે તે પાણીની તપાસ કરવા લાગ્યો. પણ એટલામાં તો પાણી કયાંય દેખાતું નથી એટલે એ દૂર દૂર સુધી પાણીની તપાસ કરવા ઉપડયો. એને એટલી બધી તરસ લાગી હતી કે પાણી માટે દોડયો ખરો પણ સખત ગરમી અને અસહ્ય તરસના કારણે કંઠ સૂકાવા લાગ્યો. ચક્કર આવી ગયા એટલે એક વૃક્ષની શીતળ છાયામાં આવ્યો. ત્યાં એને મૂર્છા આવી ગઈ, તેથી એ ત્યાં ઢળી પડયો. મૂર્છાગત અવસ્થામાં એને પાણીનું સ્વપ્નું આવ્યું.

બંધુઓ! મોટા ભાગે તમને સ્વપ્ના શેના આવે છે? આખો દિવસ જેની રટણા કરતા હો, જેની હૈયાહોળી કરી હોય તેના જ સ્વપ્ના આવે ને? આટલા બધા બેઠા છો એમાંથી કોઈને એવું સ્વપ્ન કદી આવ્યું છે બધું કે હું મહાવિદેહ ક્ષેત્રમાં પહોંચી ગયો, મેં સીમંધર ભગવાનના દર્શન કર્યા, એમની મીઠી ને મધુરી દેશના સાંભળી મને વૈરાગ્ય આવ્યો ને મેં દીક્ષા લઈ લીધી. (હસાહસ) બોલો, કદી આવું સ્વપ્ન આવે છે બરું? કયાંથી આવે? આખો દિવસ મનમાં સંસારના રાગની રામાયણ કરી હોય ત્યાં આવા ઉત્તમ સ્વપ્ના કયાંથી આવે? ઘરની ને દુકાનની વાત છોડી દો પણ અહીં ધર્મસ્થાનકમાં આવીને મોઢે મુહપત્તિ બાંધી સામાયિક લઈને બેઠા હો છતાં એમની વાતો સંસારની ચાલતી હોય. દિન-રાત એકલી તુચ્છ પુદ્ગલોની રટણા ચાલે પછી સ્વપ્ના પણ પુદ્ગલોના જ આવે એમાં શી નવાઈ! મોટી નુકશાની તો એ છે કે તુચ્છ પદાર્થોની કરેલી રટણા ભવિષ્યના તુચ્છ ભવોની આગાહી કરે છે. ભવિષ્યમાં જેને હલકા ભવ કરવાના હોય એને અહીં હલકું સૂઝે છે.

"તૃષ્ણાની આગથી જલતો તૃષ્ણાવંત" :- અંગારક વહેપારીને મૂર્છાગત અવસ્થામાં સ્વપ્ન આવ્યું કે સામે તળાવ દેખાયું. તળાવ જોઈને એને ખૂબ આનંદ થયો ને વિચાર કરવા લાગ્યો કે સારું થયું. મને ખૂબ તરસ લાગી છે. એ તો પાણી પીવા માટે સ્વપ્નામાં તળાવ પાસે દોડયો અને ઉંધો પડી લાંબો થઈને દોરની જેમ મોઢું બોળીને પાણી પીવા લાગ્યો. થોડીવારમાં તો આખું તળાવ પી ગયો. ક્રોધ અને તૃષ્ણામાં ધમધમતા ૯૮ પુત્રોની વીતરાગ ભગવાન ઉપદેશ આપે છે કે જુઓ, આ તરસ કેવી છે! પાણી પીને વધે એવી કે ઘટે એવી? ત્યાંથી આગળ દોડયો તો એણે ગંગાનદી જેવી મોટી નદી જોઈ, એટલે ગંગાના કિનારે ઉંધો સૂઈને એણે પાણી પીવા માંડયું.

આખી ગંગાનદી ખાલી કરી નાંખી. આ વાત સાંભળતા તમારા મુખ સામે હું જોઉં છું તો તમને હસવું આવે છે કે એ કેટલો તરસ્યો થયો હશે કે આખા તળાવનું ને નદીનું પાણી પી ગયો ! એને હસવા પહેલા તમારી તૃષ્ણા કેટલી છે ? જો મળી જાય તો આખા જગતનું ભેગું કરી લેવાની દાનત કેવી વિકરાળ છે ! તેનો વિચાર કરી લેજો. અનંતાકાળમાં કેટલું ભેગું નથી કર્યું ! કેટલું ભોગવ્યું નથી ! એનો વિચાર કરીને પછી પેલા વહેપારીની તૃષા ઉપર હસજો. બાકી તૃષ્ણા તો મહા ભયંકર છે. એને કોઈનો ડર નથી. કહ્યું છે કે

यौवनं जराया ग्रस्त, मारोग्यं व्याधिभिर्हतम् ।
जीवितं मृत्युरभ्येति, तृष्णैका निरुपद्रव ।।

યુવાની વૃદ્ધાવસ્થાથી ગ્રસ્ત છે, તંદુરસ્તી બિમારીઓથી હણાયેલી છે, અને જીવનની સામે મૃત્યુ આવી રહ્યું છે પણ તૃષ્ણા જ એક આ જગતમાં નિરૂપદ્રવ છે. એને કોઈનો ભય નથી. આવી તૃષ્ણા ભયંકર રાક્ષસી છે.

પેલા અંગારક વહેપારીએ તો સ્વપ્નામાં કામ ચાલુ જ રાખ્યું. આખી દુનિયામાં ફરી વળ્યો, નદીઓ, કૂવા, સરોવર જે આવ્યા તે બધા પી પીને ખાલી કર્યા છતાં હજુ તૃષા છીપતી નથી. એના મનમાં થાય છે કે હજુ પણ પાણી મળે તો પી જાઉં. આ જીવનું જો ચાલતું હોય તો તૃષ્ણાના બધા દરવાજા ખુલ્લા છે એટલે એ દુનિયાના કોઈ ખૂણામાં ધન રહેવા દે નહિ. તૃષ્ણાની આગ કેટલી સળગી છે ! અગ્નિને પૂછો તને કેટલા લાકડા ખપે ? કેટલા લાકડા મળ્યા પછી તું શાંત થાય ? અગ્નિને જો વાચા હોત તો એ શું કહેત ? દુનિયાભરના લાકડા મને ખપે છે. મને ગમે તેટલા લાકડા આપો તો પણ હું શાંત થવાની નથી. જ્ઞાનીઓ કહે છે કે તૃષ્ણા પણ અગ્નિ જેવી છે, માટે જો તમારે સુખી થવું હોય તો તૃષ્ણા ઓછી કરો. ચક્રવર્તિને ચામરો વીંઝાતા હોય છતાં જો એ ત્યાગનો આશક ન હોય તો એનું અંતર અતૃપ્ત હોઈ શકે છે. અને પર્ણકુટિરમાં વસતા માનવના મુખ પર પણ સંતોષનું સોનેરી સ્મિત ફરકી શકે છે જો એનું જીવન પ્રતિજ્ઞાબદ્ધ હોય તો. **"તૃષ્ણામાંથી તૃપ્તિના મુદ્રાલેખ સાથે અને સંતોષના સથવારે આપણે જે દિવસે ધર્મની ધરતી ઉપર ચાલવા માંડીશું એ દિવસ મુક્તિનગરી આપણને સામેથી તેડવા આવશે."** માટે જો જલ્દી મોક્ષમાં જવું હોય તો તૃષ્ણાનો ત્યાગ કરીને તૃપ્તિના ઘરમાં આવી જાઓ.

વહેપારીએ આખી દુનિયાના પાણી પીધા છતાં એની તૃષા મટી નહિ. હજુપણ ફાંફાં મારે છે પણ હવે તો ક્યાંય એને પાણી દેખાતું નથી. એવામાં ત્યાં તેણે એક ખાબોચિયું જોયું. તેમાં પાણી નથી પણ રગડો કાદવ છે. એમાં એણે પોતાનું કપડું કાઢી કાદવ પર પાથરી દીધું. કપડું ભીંજાયું. એનો લોચો લઈ ઉંચો પકડી મોંમાં નિચોવે છે. એના ટીપા મોંઢામાં પડે છે ને માને છે કે હાશ....પાણી પીધું.

"અઠ્ઠાણું પુત્રોને સમજાવતા ભગવાન ઋષભદેવ" : ઋષભદેવ ભગવાન અઠ્ઠાણું ભાઈઓને પૂછે છે કે કહો ભાઈ! હવે એની તૃષા મટી જવાની ને? અરે પ્રભુ! જગતભરના નદી, કૂવા, અને સરોવરના પાણી પીધા છતાં જે તૃષા ન મટી તે શું આ કાદવના પાણીના ટીપાથી મટે? ન મટે. તો પછી હે પુત્રો! આપણો જીવ નવ ગ્રૈવયેક સુધી જઈને ઘણી વાર વૈભવ વિલાસ ભોગવી આવ્યો. રત્નોના વિમાન, બગીચા, વાવડી, મણિ-માણેકના અલંકારો, સુકોમળ રૂપસુંદરી-દેવાંગનાઓ આ બધું દેવતાઈ સુખ ઘણીવાર મેળવ્યું ને ભોગવ્યું. તો પણ એનાથી જો જીવની તૃષ્ણા ન મટી તો પછી અહીં કાદવના પાણીના એક બિન્દુ સમાન આ પૃથ્વીનો એક નાનકડો ટુકડો અને તુચ્છ સંપત્તિ જે મળી તેનાથી શું જીવની તૃષ્ણા મટશે? જો નહિ મટે તો શું એને પાછી વધે એવું કરવાનું કે એ તૃષ્ણા મટાડવાના સાચા ઈલાજને કરવાના? ઋષભદેવ ભગવાન અઠ્ઠાણું પુત્રોને ઉદ્દેશીને કહે છે કે,

હે રાંકડાઓ! તમને આવા તુચ્છ રાજ્ય પ્રત્યે આટલો બધો રાગ છે? એની આટલી બધી તૃષ્ણા! જે તૃષ્ણા દેવલોકના ઘણીવારના દિવ્ય ભોગોથી પણ શાંત થતી નથી એ તૃષ્ણા અહીં મળેલા સુખોથી શમી જશે એમ માનો છો? અઠ્ઠાણુંએ ભાઈઓ આ સાંભળીને કંપી ઉઠયા ને એમના મનમાં થયું કે અમે કેટલા રાંકડા છીએ! કયાં સુખ માટે ફાંફા મારી રહ્યા છીએ! ઋષભદેવ ભગવાનના અઠ્ઠાણું પુત્રો ભરત મહારાજા સાથે યુદ્ધ કરવાનું પૂછવા આવ્યા હતા તે હવે શાંત બની ગયા. એમની તૃષ્ણા ત્યાંથી જ અટકી ગઈ. ભગવાનનો ઉપદેશ સાંભળીને વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. તેઓ વિચાર કરવા લાગ્યા કે ભરત મહારાજાએ આપણને સમજવાનો આ સારો મોકો આપ્યો. હવે દૃષ્ટિ સવળી થઈ ગઈ. અઠ્ઠાણું ભાઈઓ ભગવાનના ચરણમાં નમી પડયા ને ભગવાનને કહે છે કે પ્રભુ! હવે અમારે કંઈ સંપત્તિ કે રાજ્ય ન જોઈએ. અમારે તો આપનું શરણ જોઈએ. એ એ સમજી ગયા કે ખાવાની તૃષ્ણા ખાવાથી ન મટે, પણ અજ્ઞાની લોકો એમ બોલે છે કે ખાઈએ તો ભૂખ મટે, પણ લોકોત્તર શાસનને પામેલા તો એમ કહે કે "તપ કરવાથી આહારની તૃષ્ણા મટે. ઉનાળાના દિવસોમાં જેમ સરબત પીવાનું મન થાય ને પીવાયે જાય તેમ તરસ વધે છે એવી રીતે ખાનપાનાદિ ભોગથી તૃષ્ણા વધે છે. એમને સમજાઈ ગયું કે આ તૃષ્ણાના પૂરમાં તણાઈ રહ્યા છીએ ને હવે જો તૃષ્ણાની ગુલામી રાખીશું તો ખલાસ થઈ જવાના. એમ સમજીને અઠ્ઠાણુંએ ભાઈઓએ ભગવાન પાસે ચારિત્ર લીધું.

"ભરત મહારાજાને થયેલો પશ્ચાતાપ" :- અઠ્ઠાણું ભાઈઓ ભગવાન પાસે ફરિયાદ કરવા માટે ગયા છે એ વાતની ભરત મહારાજાને ખબર પડી એટલે એમણે તપાસ કરવા દૂતો મોકલ્યા. અહીં તો બધા ભાઈઓ ભગવાનની વાણી સાંભળી અંતરમાં

ઝીલીને સાધુ થઈને બેસી ગયા. દૂતોએ આવીને ભરત મહારાજાને ખબર આપ્યા ત્યારે એમના મનમાં થયું કે મારા ભાઈઓને મેં મારી આજ્ઞામાં રહેવાનું કહ્યું એટલે ખોટું લાગ્યું હશે ને રીસાઈને ત્યાં બેસી ગયા હશે, તેથી તેમને પસ્તાવો થયો અને તરત ત્યાં આવીને ભગવાનને વંદન નમસ્કાર કરી અઠ્ઠાણું ભાઈઓને હાથ જોડીને કહે છે કે મારા વહાલા ભાઈઓ! મારા પર કૃપા કરીને પાછા ઘેર પધારો. મારે તમારા પર સત્તા નથી જમાવવી. તમે રાજમહેલમાં આવીને ખુશીથી સ્વેચ્છાએ રાજપાટ ભોગવો. મારાથી રીસાસો નહિ. આમ નમ્રભાવે વિનવણી કરવા લાગ્યા. છેવટે ભગવાને ખુલાસો કર્યો કે ભરત! તારા ઉપરની રીસથી નહિ પણ સંસારથી વિરક્તિ પામીને આ મહાનુભવોએ ખરેખર ચારિત્ર જીવન સ્વીકાર્યું છે. ક્ષમા શ્રમણ બન્યા છે માટે તું ખોટી કલ્પના ન કરીશ.

તૃષ્ણા અને કષાયથી બળતા આવેલા અઠ્ઠાણું પુત્રોને ઋષભદેવ ભગવાને ઉગારી દીધા ને એ સંસાર ત્યાગી સાધુ બની ગયા. લોહીની નદીઓ વહેતી અટકી અને ભરત મહારાજાને પોતાની હકુમત જમાવવાની ભૂલનો પશ્ચાતાપ થયો. ક્ષમા માંગવા સાથે અઠ્ઠાણું ભાઈઓની પ્રશંસા કરવા લાગ્યા કે અહો! સંસારના ઉદ્વેગથી, ભવના વિરાગથી મારા લઘુ બંધવાઓ સમસ્ત અંતરંગ બંધનો તોડીને બેસી ગયા છે. ધન્ય એમનું જીવન અને ધન્ય એમનો અવતાર! એ આત્માઓ કેવા ઉત્તમ છે કે વિષયોની તૃષ્ણા અને કષાયોને સંસારનું બીજ સમજીને મોક્ષના પંથે ચઢી ગયા! એને ન સમજનારા અધમ છે પણ હું તો આવું જાણવા છતાં એને છોડતો નથી, તેથી હું તો અધમાધમ છું બંધુઓ! જો લડાઈ કરી હોત તો આ ભવ્ય જીવોનો હૃદયપલટા થાત! અને સાચી સંસ્કૃતિના સંવેગ-વિરાગભર્યા માર્ગે વિચરાત! ભાઈઓ મહાસંત બન્યા અને ભરત મહારાજાએ ક્ષમા માંગી ભાઈઓની પ્રશંસા કરી. બંધુઓ! ભગવાન ઋષભદેવે ૯૮ પુત્રોને આપેલો ઉપદેશ આપણા સર્વ માટે વિચારણીય, આદરણીય અને ગ્રહણ કરવા યોગ્ય છે. હવે આપણો ચાલુ અધિકાર વિચારીએ.

બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિને કહ્યું કે મારા પુણ્યકર્મના ફળો તો તમે નજરે જોઈ શકો છો. વધારે જોવું હોય તો મારા રાજભવનમાં પધારો ને જોઓ કે મારી સંપત્તિ કેટલી છે! મારા ભંડાર ઋદ્ધિ સિદ્ધિ અને સમૃદ્ધિથી કેવા છલકાઈ રહ્યા છે! મારી ૩૫ રમણીઓ તો જાણે ઈન્દ્રની અપ્સરા જોઈ લો. આખા રાજ્યમાં મારી કેટલી હકૂમત ચાલે છે મારી એક હાકે ધરતી ધ્રૂજી ઉઠે છે હું સ્હેજ આંચકો મારું તો આખું લશ્કર દરિયામાં પડી જાય એટલી તો મારામાં તાકાત છે. આટલું સુખ મારે ઘેર છે, અને તમારામાં તો મને કંઈ દેખાતું નથી; ત્યારે ચિત્તમુનિએ કહ્યું, હે રાજન્! કરેલા કર્મો કદી નિષ્ફળ જતા નથી. પછી ચાહે તો સત્કર્મો કરીને પુણ્ય બાંધ્યું હોય કે દુષ્કર્મો કરીને પાપ બાંધ્યું હોય. સત્કર્મના શુભ ફળ મળે છે ને દુષ્કર્મના

અશુભ ફળ મળે છે. કર્મના શુભાશુભ ફળ જીવને ભોગવ્યા વિના એમાંથી છૂટકારો થતો નથી. માટે તને જેમ તારા શુભ કર્મના ઉદયથી સુખો મળ્યા છે તેમ મને પણ મારા શુભ કર્મોના ફળો મળ્યા હતા પણ તને ખબર નથી એટલે તું આ પ્રમાણે બોલે છે. મારી વાત તું સાંભળ. ચિત્તમુનિ બ્રહ્મદત્તને કહે છે કે

जाणासि संभूय महाणुभागं, महिड्ढियं पुण्यफलोववेए ।
चित्तंऽपि जाणाहि तहेव रायं, इड्ढी जुई तस्स वियप्पभूया ॥ ११॥

આ ગાથામાં સંભૂયે કહ્યું છે એટલે બ્રહ્મદત્ત ચક્રવર્તિનો પૂર્વભવ એટલે કે દેવલોકથી પહેલાના ભવમાં સંભૂત નામ હતું ને ! આ ગાથામાં ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને જન્માંતરના નામથી સંબોધન કરતા કહ્યું કે હે સંભૂત ! તમને જેવા સુખો મળ્યા હતા તેવા જ મને પણ મળ્યા હતા, પણ વાતને જાણ્યા પહેલાં ખોટા માર્ક મૂકી દેવા એતો મૂર્ખતા છે માટે તમે જેમ તમારી પોતાની જાતને અતિશય મહાત્મ્યથી સંપન્ન અને ચક્રવર્તિ પદની પ્રાપ્તિથી અતિશય વિભૂતિ વિશિષ્ટ માનીને સુકૃત્યના ફળોના ભોગવનાર માની રહ્યા છો એ જ રીતે હે રાજન્ ! આ ચિત્તને પણ તમે એવો જ માનો. જો કે તમે સંસારી છો એટલે તમારી ઋદ્ધિ-સમૃદ્ધિના તમે ગુણગાન કરો, એનું મારી સામે પ્રદર્શન કરો છો પણ હું તો સાધુ છું. જૈન મુનિઓ ગમે તેટલી સંપત્તિ છોડીને આવ્યા હોય છતાં તેઓ ગૃહસ્થની પાસે એમ નથી કહેતા કે મેં આવા સુખો છોડીને દીક્ષા લીધી છે. એટલે મારે પણ તમને કહેવું ન જોઈએ પણ તમારો પ્રશ્ન એવો છે કે જેમ મને મારા સત્ય અને સરળ તપ અને સંયમના ફળ મળ્યા છે તેવા તમને મળ્યા નથી, અને તમે તપશ્ચર્યા કરીને કંઈ ફળ પ્રાપ્ત કર્યું નથી. તમારા મનમાં એવી શંકા થઈ છે તે શંકાનું સમાધાન કરવા માટે હું તમને કહું છું

"સદ્ભાગ્યવાન મનથી તુજને તું માન, તેવો સુભાગી ચિત્તને મનથી પ્રમાણ,
ઋદ્ધિ અને શરીર કાંતિ તણો સુયોગ, પામ્યો હતો ચિત્ત થકી સુખ ભોગ પૂર્ણ."

જેનું ચિત્ત સદા પ્રસન્ન છે, જેના હૈયામાંથી કરૂણાનો સ્રોત વહે છે, નયનોમાંથી અમી ઝરે છે એવા ચિત્તમુનિ કહે છે હે સંભૂતિ ! જેમ કૂવાના દેડકાને કૂવામાં આનંદ આવે છે ને તે એમ સમજે છે કે અહો ! મારું ઘર કેટલું મોટું છે ! પણ સરોવર દેખે તો ખ્યાલ આવે ને કે કોનું ઘર મોટું ? એમ હે સંભૂતિ ! તમારી દૃષ્ટિ પણ કૂવાના દેડકા જેવી છે, તેથી તમારા સુખના ગાણા ગાયા કરો છો પણ સાંભળો હું તો અત્યારે તમારા કરતાં તો અનેક ગણો સુખી છું, કારણ કે સાધુના એક દિવસના સંયમના સુખોની તોલે દેવોના સુખો પણ આવી શકતા નથી એવા ચારિત્રના મહાન સુખો છે. દુનિયામાં સૌથી વધુમાં વધુ ને સાચા સુખી હોય તો **"એકાંત સુખી મુની વીતરાગી"** એ અપેક્ષાએ હું તમારા કરતા અનેક ગણો સુખી છું. ઠીક, આ તો સાધુપણાની વાત થઈ.

હવે તને સંસારની વાત કરું. સંસાર અવસ્થામાં પણ મને એટલે કે ચિત્તના જીવને ઋદ્ધિ, દાસ, દાસી, હાથી, ઘોડા, મણી સુવર્ણ આદિ ધન-ધાન્ય સંપન્ન અને દ્યુતિ-તેજ પ્રતાપ, રૂપ વિપુલ પ્રમાણમાં હતી. આનું તાત્પર્ય એ છે કે જે પ્રકારે તમે નિદાનના કારણે દેવલોકમાંથી ચવીને બ્રહ્મરાજા અને ચુલની રાણીને ત્યાં બ્રહ્મદત્ત નામના પુત્ર રૂપે જન્મીને ચક્રવર્તિ પદને ભોગવી રહ્યા છો એવી જ રીતે હું તમારો ભાઈ ચિત્ત પણ નિયાણા રહિત તપના પ્રભાવથી દેવલોકમાંથી ચવીને સુસમૃધ્ધ ધનસાર શેઠને ત્યાં પુત્રપણે જન્મ્યો છું. જે પ્રકારનો તમારો વૈભવ છે એવો જ મારો વૈભવ હતો. હું પણ એ અવસ્થામાં એટલે કે સંસારમાં હતો ત્યારે દરરોજ એક કરોડ સોનામહોરો દાનમાં આપતો હતો. દરેક ઋતુઓમાં અનુકૂળ, સુખદાયક અને મનોહર ભવ્ય પ્રસાદો હતા. તેમાં નિવાસ કરીને સઘળા ભોગોનો ઉપભોગ કરતો હતો. રથ, ઘોડા અને હાથીની મારે ત્યાં કમીના ન હતી. મારે અનેક સુકુમાર પત્નીઓ હતી. મારે ત્યાં ૩૨ પ્રકારના નાટકો થતા હતા. એ જોતાં હું અલૌકિક સુખો ભોગવતો હતો. ટૂંકમાં મારે ત્યાં કોઈપણ વસ્તુનો અભાવ ન હતો. સંસારના સઘળા સુખો મને પ્રાપ્ત થયા હતા. પૂર્વે કરેલા સુકૃત્યનો પ્રભાવ મને દિન પ્રતિદિન આનંદિત બનાવતો હતો. આ પ્રમાણે ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહ્યું. હવે બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને શું કહેશે તેનો ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૬૮

આસો સુદ ૭ ને ગુરુવાર "સમ્યક્ દર્શનનો પ્રભાવ" તા. ૨૭-૯-૭૬

અનંતજ્ઞાની ભગવંતે અનાદિકાળથી મોહમદિરાના પાન કરી ભવવનમાં ભટકતા જીવોના ઉધ્ધારને માટે દ્વાદશાંગી સૂત્રની રજુઆત કરી. જ્ઞાનીની વાણીના એકેક શબ્દે અલૌકિક ભાવો ભરેલા છે. તેની શ્રદ્ધા થાય તો મોહ મદિરાના કેફ ઉતરે, ભવભ્રમણ ટળે, અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય. સમ્યગ્દર્શન એ જીવને મોક્ષની નજીક લઈ જનારો અલૌકિક ગુણ છે. સમ્યગ્દર્શન થતાં આત્મામાં એક પ્રકારનું તેજ પ્રગટ થાય છે. એ તેજ સંચય કર્યા પછી આત્મા મોહ ઉપર એક નિશ્ચિત પ્રકારનો કાબૂ મેળવે છે. જેમાં એ મોહનીય કર્મથી ઉત્પન્ન થતી ઘણા કાળ સુધીની દૂરગામી અસરોને કોઈને કોઈ પ્રકારે રોકે છે યા નાબૂદ કરે છે. આ રીતે આત્મામાં એક મહત્વનો ગુણ પ્રકાશનો પુંજ વેરે છે. આ ગુણનું નામ છે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી જીવ અર્ધપુદ્ગલ પરાવર્તનકાળમાં સિદ્ધિને હાંસલ કરી લે છે.

જીવ સમ્યગ્દર્શન પામે છે ત્યારે આત્મસંપત્તિમાં સારી વૃદ્ધિ થાય છે. આત્માની ગાડી અધ્યાત્મના સીધા અને સરળ માર્ગે ચઢી જાય છે. સમ્યક્ત્વ દશામાં તો આત્માના ઉપવનમાં સુમધુર સૌરભથી મ્હેંકતી વાસ્તવિક અધ્યાત્મની લાખ લાખ પુષ્પકળીઓ પ્રસન્નતાની પરિમલ પ્રસરાવે છે. સમકિતી આત્માની વૈષયિક રસવૃત્તિની મસ્તી ઓગળી ગયેલા હિમાલયના અવશિષ્ટ હિમસમૂહ જેવી બની જાય છે. સમકિત પામેલો આત્મા સંસારમાં રહે પણ સ્વેચ્છાએ સુખની મસ્તી માણતો નથી, કારણ કે એને સંસારની અને ભોગોની અસારતાનું સ્પષ્ટપણે ભાન થઈ ચૂકયું હોય છે. ભોગાદિ મેળવવાની અને ભોગવવાની પ્રવૃત્તિ ચાલુ હોવા છતાં આત્માની મુખ્ય રસવૃત્તિનું કેન્દ્ર અધ્યાત્મ બની ચૂકયું હોય છે, અને એ અધ્યાત્મની ખિલવટ વૈરાગ્યની કક્ષા સુધી પહોંચે છે. આમ તો સમ્યક્ત્વની અનેક ભૂમિકાઓ છે અને ભૂમિકાના ભેદથી અનેક પ્રકારનું એમાં તારતમ્ય હોય છે પરંતુ સમ્યક્ત્વની ઉચ્ચ ભૂમિકાનું દર્શન–સ્પર્શન તો કોઈ અનેરું હોય છે. સાંભળો.

અનાદિકાલીન ચંચળતામાંથી અપુનર્બંધક દશામાં પ્રગટાવેલી સ્થિરતા વિકસતા વિકસતા અહીં આત્માને એવી પંચવટી ઉપર લાવીને મૂકે છે કે જ્યાં આત્મા શમના સુધાપાનમાં એટલો બધો રસલીન બની જાય છે કે બીજે બધેથી એની રસવૃત્તિ ખેંચાઈને અહીં આવે છે. સંવેગના રસસાગરમાં એ એવું અદ્ભૂત સ્નાન કરતો હોય છે કે વૈષયિક ભોગોપભોગની ઉપસ્થિતિ અને પ્રવૃત્તિમાં પણ ગાઢ આસક્તિના કોઈ રજકણ એને લાગી શકતા નથી. શમના સુધાપાનથી અને સંવેગરસના સ્નાનથી આત્મામાં એક અદ્ભૂત બળ પ્રગટે છે, સ્ફુર્તિ અને તરવરાટ જાગે છે. એના ફલ સ્વરૂપે આત્મા સંસારના તમામ બંધનો છેદીને મુક્ત બનવાની તડપ અનુભવે છે. ભોગપિંજરમાં પડેલું આ આત્મપંખી પિંજરના સળીયા સાથે એકધારો સંઘર્ષ આરંભે છે અને પાંખોનો ફડફટાટ કરી મૂકે છે. આ સંઘર્ષમાં દયાનો દીપ અને શ્રદ્ધાની જ્યોત આત્માને સહાયરૂપ થાય છે.

આ રીતે સમકિતી આત્મા ભોગોની અયોધ્યામાંથી વિદાય લઈ અધ્યાત્મની આ પંચવટીમાં આવીને વિશ્રામ કરે છે. અધ્યાત્મની પંચવટીના રમ્ય ઉદ્યાનમાં આત્મા અધ્યાત્મનો મહાયજ્ઞ આરંભે છે. આમાં આત્મા સતત વિષયો અને કષાયોનો બલિ ચઢાવે જાય છે અને નિર્મળતા પ્રાપ્ત કરતો જાય છે. આમ આત્મા સંસારિક પળોજણ ભૂલતો જાય છે. ભોગોપભોગની રસવૃત્તિનો વધુ ને વધુ અભાવ સાધતો જાય છે. પ્રેમમંત્રના જાપ કરે છે, કરૂણાનો ધોધ વહાવે છે, આનંદની છોળો ઉછાળે છે અને માધ્યસ્થનું મધુર ગીત ગાય છે. આ રીતે નિરંતર સદનુષ્ઠાનમાં રત રહે છે ને અસાર સંસારમાં સારદર્શન કરે છે. આ રીતે સમ્યક્ત્વ એ સંસાર રૂપ મહારોગને જડમૂળથી નાબૂદ કરવા માટેની અમોઘ જડીબુટ્ટી છે.

આજથી મહાન મંગલકારી આયંબીલની ઓળીનો પ્રારંભ થાય છે, આપણા જૈન ધર્મમાં આયંબીલ તપનો મહાન મહિમા છે. જે આત્માઓ આવા મહાન તપની આરાધના કરે છે તેને ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે. એના પ્રભાવે અનાદિકાળનો ભવરોગ નાબૂદ થાય છે. આયંબીલની ઓળીના નવ દિવસ છે. એમાં પાંચ પરમેષ્ઠી ભગવાનના પાંચ પદ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર એમના ગુણો એમ નવપદની આરાધના કરવાની હોય છે. તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાના વીસ બોલ છે તેમાં સૌથી પ્રથમ અરિહંત ભગવાનના ગુણગ્રામ કરવાથી પણ જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે. એ સૌથી પ્રથમ બોલ છે. આયંબીલના પહેલા દિવસે આપણે અરિહંતપદની આરાધના કરવાની છે. જેનાથી આયંબીલ તપ થાય તે આયંબીલ તપ ક્રિયા સહિત કરો અને જેનાથી આયંબીલ ન થાય તે અરિહંત પ્રભુના ગુણગ્રામ કરે, અરિહંત પ્રભુનો જાપ કરે, એમનું ધ્યાન ધરે તો પણ મહાન લાભનું કારણ છે. અરિહંત બનવાને માટે અરિહંત ભગવાનની આરાધના કરવાની જરૂર છે. જે આત્મા પોતે આવો આયંબીલ તપ કરે છે, કરાવે છે ને કરનારને અનુમોદના આપે છે તે મહાન લાભ મેળવે છે. કંઈક જીવો પોતે કરી શકતા નથી પણ જે કોઈ ભવ્ય જીવો આવા મહાન તપની આરાધના કરે છે તેમને જોઈને એમનું અંતર આનંદ અનુભવે છે, અને હું પણ આવી આરાધના કયારે કરું એવી અંતઃકરણપૂર્વક ભાવના ભાવે છે એમાં પણ એના કેટલા કર્મો ખપાવી દે છે.

સાકેતપુર પાટણ નામના નગરમાં હસ્તિપાલ નામે રાજા રાજ્ય કરતા હતા. આ રાજા ઈન્દ્ર જેવા ઐશ્વર્યવાળા અને સૂર્ય જેવા પ્રતાપી હતા. સમુદ્રની જેમ ગુણરત્નોના રત્નાકર હતા. સાથે પરદુઃખભંજન હોવાથી લોકપ્રિય હતા. પ્રજાજનોના દુઃખ ટાળી સૌના ઉપર મહાન ઉપકાર કરતા હતા એટલે પ્રજાજનો આવા મહાન ઉપકારીના ગુણ ગાતા થાકતા ન હતા, આ રાજા આવા પરદુઃખભંજન, નિરાભિમાની ને ન્યાયપ્રિય આદિ ઘણાં ગુણોથી યુક્ત હતા. ન્યાયને સાચવવા માટે અન્યાયોપાર્જિત સુખ સગવડ અને સન્માન એમને ગમતા ન હતા. આવા પવિત્ર રાજાને ચૈત્ર નામનો એક પ્રધાન હતો. એક વખત ચૈત્ર પ્રધાનને રાજ્યના કોઈ કામ પ્રસંગે ચંપા નગરીમાં જવાનું બન્યું. આ પ્રધાન ખૂબ ધાર્મિક, ડાહ્યો ને ગુણવાન હતો. જૈન ધર્મી હતો એટલે રાજ્યના કામે જાય કે ઘરના કામે જાય પણ સંસાર કાર્યની સાથે પોતાનાં આત્માનું કાર્ય કરતો જ્યાં જાય ત્યાં સૌથી પહેલા તપાસ કરતો કે કયાં જૈન સાધુ સાધ્વીજી બિરાજે છે. જો સાધુ સાધ્વીજી હોય તો ત્યાં જઈને દર્શન કરતો. વ્યાખ્યાન વાણીનો લાભ લેતો અને સત્સંગ-ધર્મચર્ચા કરતો. આ ચૈત્ર પ્રધાન ચંપા નગરીમાં જઈને આવ્યો ત્યારે હસ્તિપાળ રાજા પૂછે છે અહો પ્રધાનજી ! તમે ચંપાનગરીમાં ગયા હતા તો ત્યાં નવીન શું જોયું ? નવું શું જાણ્યું ? તે મને કહો. આ ચૈત્ર મંત્રી ચંપાનગરીમાં ગયા હતા ત્યારે આયંબીલની

ઓળીના દિવસો ચાલતા હતા. પ્રધાને આયંબીલ તપની આરાધના કરી. તે સમયે મહાજ્ઞાની, ધ્યાની, મહાન સંયમી અને બહુશ્રુત એવા ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ એમના શિષ્ય પરિવારની સાથે પધાર્યા હતા. આવા પવિત્ર સંતોને જોઈને પ્રધાનને ખૂબ આનંદ થયો. એમના દર્શન કરીને ચૈત્ર પ્રધાન વ્યાખ્યાન સાંભળવા માટે બેઠા. સંતો આયંબીલ તપની આરાધના કરવા માટે જોરશોરથી ઢાંડી પીટાવી રહ્યા હતા કે અહો ભવ્ય જીવો !

આવી રે આવી આયંબીલની ઓળી આવી, લાવી રે એ તો નવલા સંદેશા લાવી.
આયંબીલની ઓળી કરજો રે ભાવે, બાહ્યાભ્યંતર રોગ મીટાવે,
સાચી સાધના મયણા જેવી, શ્રીપાળ સંપત્તિ પામ્યા કેવી.
ગણજો નિત્ય એ નવકાર, તેથી થાશો ભવપાર...આવી રે...

આ સંસારમાં જીવ પોતાના આત્માનું ભાન ભૂલીને અનંતકાળથી રખડે છે. એ ભવભ્રમણને ટાળવા માટે ને સાચું સુખ પ્રાપ્ત કરવા માટે આવા મહાનતપની આરાધના કરો. શ્રીપાળ રાજા અને મયણાસુંદરી કેવા મહાન દુઃખોથી મુક્ત થયા ને મહાન સુખના સ્વામી બન્યા. એમને દ્રવ્ય સુખ તો મળ્યા સાથે આત્માના ભાવ સુખો પણ મેળવી લીધા, કારણ કે ઘણા દુઃખમાં પણ એ જીવો આત્મલક્ષ ન ચૂક્યા તો ભવસાગર તરી ગયા. જો તમારે ભવપાર થવું હોય તો આત્મલક્ષ કરો. અસાર સંસારમાં જીવ પોતાનું ભાન ભૂલીને ચાર ગતિમાં અનંત અનંત કાળથી રખડ્યા કરે છે. જેને પોતાના આત્માનું ભાન નથી તેને આત્માના અક્ષય, અવ્યાબાધ આનંદનું ભાન કયાંથી હોય ? તેથી એ આનંદને ભૂલીને જીવ તુચ્છ ઈન્દ્રિયોના નાશવંત વિષયસુખોમાં રાચી રહ્યો છે, અને એ નાશવંત વિષય આનંદને પરવશ થયેલો જીવ સુખો મેળવવા માટે જીવોની હિંસા કરે છે. એ વિષય સુખોની આસક્તિ અને જીવોની હિંસાના કારણે અનંત જન્મ મરણ કરી રહ્યો છે. અનંતાકાળથી દુઃખો ભોગવી રહ્યો છે. જે આત્માઓને જન્મ મરણની ઘટમાળનો થાક લાગ્યો છે અને કર્મની જાલિમ વિટંબણાનો કંટાળો આવે છે તે જીવને વિષય સુખો ઉપર ઘણા છૂટે છે અને એ સુખ ખાતર જે જીવોની હિંસા કરવી પડે છે એ જીવો પ્રત્યે તે દયાળુ બને છે. જેમ દયાભાવ વધતો જાય તેમ વિષયો પ્રત્યેનો વૈરાગ્ય ભાવ વધતો જાય ને આત્માની કક્ષા વધતી જાય.

"**આ માનવભવ આત્માની કક્ષા ઉન્નત બનાવવા માટે મળ્યો છે અને તે કાર્ય દયામય, વૈરાગ્યમય ધર્મથી બની શકે તેમ છે.**" આપણાં જૈન ધર્મમાં જ્યાં દૃષ્ટિ કરશો ત્યાં વૈરાગ્ય અને જીવદયાની વાતો ઠેર ઠેર તમને સાંભળવાને વાંચવા મળશે. આ સંસારમાં કર્મ વિટંબણાઓ જીવ પર વરસી રહી છે. તેનો જેને થાક લાગ્યો હોય, કંટાળો આવ્યો હોય એ એમાંથી છૂટવા ઈચ્છે છે. એને માટે શુદ્ધ ધર્મ એ જ તારણહાર છે. જીવને શુદ્ધ ધર્મ પુણ્યના યોગે મળે છે, માટે ધર્મની શુદ્ધ ભાવથી આરાધના કરી લો. સર્વ ધર્મોમાં ઉત્કૃષ્ટ ધર્મ દયામય છે. એનું કારણ

એ છે કે જીવોને પોતાના પ્રાણથી બીજું કંઈ વહાલું નથી તેથી એના પ્રાણની રક્ષામાં એ અત્યંત આનંદ માને છે. કહેવત છે ને કે **"ઠાર્યા તેવા ઠરીએ ને બાળ્યા તેવા બળીએ."** આટલા માટે સમજુ આત્માઓ "આત્મવત્ સર્વ ભૂતેષુ" બીજા જીવો પ્રત્યે પોતાના આત્મા સમાન દૃષ્ટિ રાખે છે. પોતાને દુઃખ નથી ગમતું તો બીજાને પણ નથી ગમતું, માટે મારે બીજાને દુઃખ આપવું જોઈએ નહિ, પછી ભલે ને સૂક્ષ્મ એકેન્દ્રિય જેવા જીવો હોય, એને પણ હું દુઃખ ન પમાડું, આ વૃત્તિ જેને નથી તે બીજા જીવોના દુઃખોને જોતો નથી. માત્ર પોતાના ખાનપાન, પરિગ્રહ, વિષયો વિગેરે બાહ્યસ્વાર્થને દેખે છે તેથી આવા આત્મા બહિરાત્મા છે. ત્યારે જેને જીવો પ્રત્યે સમભાવ સમાનભાવ છે અને બીજાનું દુઃખ તે મારું દુઃખ છે એવી સમજણ તે અંતરાત્મા છે. સૂક્ષ્મ જીવોની દયા પાળવા દ્વારા પોતાના આત્માને અંતરાત્મભાવમાં આગળ વધતાં વધતાં પરમાત્મ ભાવ સુધી પહોંચી જાય છે. તે જીવમાંથી શિવ બને છે. આમ તો સર્વ જીવ માત્ર આંતર સ્વરૂપમાં શિવ રૂપ છે. માત્ર કર્મ અને વાસનાઓના બંધન પરમાત્મ દશાને પ્રગટ થવા દેતા નથી. પુરાણમાં પણ કહ્યું છે કે

यत्र जीवः शिवस्तत्र, न भेदः शिवजीवयाः ।
न हिंस्यात् सर्व भूतानि, शिवभक्ति समुत्सुकः ॥

જ્યાં જીવ છે ત્યાં શીવ છે. જીવ અને શીવ વચ્ચે કોઈ ભેદ નથી, માટે શીવની ભક્તિના ઉત્સુક મનુષ્યે કોઈપણ જીવની હિંસા કરવી જોઈએ નહિ. આવું સમજતા જીવને સર્વ જીવો પ્રત્યે કરૂણાભાવ ઉત્પન્ન થાય છે અને એવી ભવ્ય ભાવના જાગે કે હું સર્વ જીવોને સંસારના આ મહા દુઃખમાંથી મુકત થવાનો માર્ગ બતાવું. સર્વ જીવોને શાસનરસી બનાવું. સારા એ જગતના જીવોને ઉગારું એવી પવિત્ર ભાવના જાગતા, તપ–ત્યાગ વિગેરે ધર્મોનું શુદ્ધ ભાવથી પાલન કરતા જીવ તીર્થંકર નામ કર્મ બાંધે છે.

બંધુઓ! સૌના દિલમાં એમ થાય કે હું તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરું પણ એ રહેલ વાત નથી. એ માટે કેટલી ઉગ્ર સાધના કરવી પડે છે. મહાવીર સ્વામીના જીવે નંદરાજાના ભવમાં કેવી ઉગ્ર સાધના કરી હતી. અગિયાર લાખ ને એકયાસી હજાર માસખમણ કર્યા. એ માસખમણ કેવા? એક સ્થાનકે રહીને નહિ કરવાના, વિહાર કરવાના, વિહારમાં પારણાનો દિવસ આવે. આહાર મળે ન મળે. જેવો આહાર મળે તેવો આહાર કરીને બીજું માસખમણ કરી લેવાનું. આ જેવી તેવી સાધના છે! આટલી સાધના કરી ત્યારે તીર્થંકર નામ કર્મ બાંધ્યું. તીર્થંકર નામ કર્મનો બંધ પડયા પછી ત્રીજે ભવે અરિહંત પદની પ્રાપ્તિ થાય છે. અરિહંત પ્રભુ દીક્ષા લઈને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ કર્યા પછી તીર્થની સ્થાપના કરે છે, અને જગતના ખૂણે ખૂણે વિચરીને અનંત ભવ્યાત્માઓને સંસાર સાગરથી તરવાનો માર્ગ બતાવે છે. પોતે તરે છે ને બીજા જીવોને તારે છે. આવા અરિહંત પ્રભુના પદની પ્રાપ્તિ

કરવા માટે અરિહંત પ્રભુની ઉપાસના કરવી જોઈએ. એમાં મુખ્યત્વે અરિહંત પરમાત્માનું ધ્યાન ધરવું જોઈએ. એ ધ્યાન એવું કે જાણે સાક્ષાત્ અરિહંત ભગવાન આપણી સામે જ ન બિરાજમાન હોય ! એવું ધ્યાન આત્માની કર્મ શૃંખલાઓને તોડી નાંખે છે.

"જેવી રીતે વિષની વ્યાધીવાળાને અમૃતનું એક બિંદુ પણ નિર્વિષ કરી નાંખે છે એમ અરિહંત ભગવાનનું ક્ષણવાર પણ લયલીન ધ્યાન કર્મોના ગંજ બાળી નાંખે છે અને દુષ્કૃત્યોની વાસનાના ફૂરચા ઉડાડી દે છે."

આવી રીતે વારંવાર અરિહંત ભગવાનનું ધ્યાન ચાલુ રહે તો આપણા કેટલા કર્મોના ગંજ બળીને સાફ થઈ જાય, અને કેટલી કુવાસનાઓ સાફ થાય પછી અનુક્રમે ઘાતી કર્મોનો ક્ષય થતાં આત્મા કેવળ જ્ઞાન પામી પરમાત્મા સ્વરૂપને પ્રાપ્ત કરે છે. આટલે સુધી જો જીવ પહોંચવાને લાયક બનતો હોય તો તે સમ્યક્ત્વનો પ્રભાવ છે, માટે મનુષ્ય ભવ પામીને ઓછામાં ઓછું સમ્યક્ત્વ રત્ન તો પ્રાપ્ત કરી લેજો, કારણ કે સમ્યક્ત્વ પામ્યા પછી જીવની રોનક બદલાઈ જાય છે. પાપ પ્રત્યે ઘૃણા છૂટે છે. પાપમા એવી જવલંત હેય બુદ્ધિ જાગે છે કે તેથી એનો પાપ કરવાનો રસ મરી પરવારે છે. જો એનું ચાલે તો એ પાપનું સેવન કરે નહિ.

મિથ્યાત્વ ગયા પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, ત્યારે એને પાપ ખરાબ લાગવા છતાં નિકાચિત ચારિત્ર મોહનીય કર્મ બળજબરીથી એની પાસે પાપ કરાવે છે. પાપમાં રસનિર્ભીકતા રખાવનાર કર્મ મિથ્યાત્વ મોહનીય કર્મ છે અને પાપ સેવન કરાવનાર ચારિત્ર મોહનીય કર્મ છે. જેણે મિથ્યાત્વ મોહનીયને કચરી નાંખ્યું હોય તેને પછી પાપ આદરવા જેવું ન લાગે પણ જેને ચારિત્ર મોહનીય કર્મ નિકાચિત કોટીનું અર્થાત્ તીવ્ર ચીકણા કર્મ બંધનવાળું હોય એ જીવને પાપ ત્યાગના વ્રત નિયમનો પુરૂષાર્થ કરવા ન દે. પાપસેવનમાં ડૂબેલો રાખે. પાપમાંથી એને ઉઠવા ન દે. આ નિકાચિત કર્મ લકવાની બિમારી જેવું છે.

જેમ કોઈ માણસને લકવો થયો હોય ને એ પથારીવશ છે. સામેથી સાપ આવી રહ્યો છે. એ આવતા સાપને જોઈને સમજે છે કે મારે અહીંથી ભાગી જવું જોઈએ. નહિ ભાગી જાઉં તો સાપ કરડશે ને હું મરી જઈશ, છતાં એ બિચારો ઉઠી શકતો નથી. સાપના ભયથી બચવા માટે એને ઉઠીને ભાગી જવાનું ઘણું મન થાય છે છતાં લકવા જેવો વ્યાધિ એને ઉઠવા દેતો નથી, તેથી એને તો બળતરાનો પાર નથી. એમ નિકાચિત કર્મ એને પાપમાંથી ઉઠવા દેતું નથી. એટલે કે પાપ ત્યાગ કરવા દેતું નથી, સમ્યક્ત્વના પ્રકાશમાં એને દેખાય છે કે પાપ રૂપી સાપ પોતાને ડંશ દેશે અને એક મોત નહિ પણ અનેક દુઃખદ જન્મ મૃત્યુ આપશે તેથી એને ભારે બળતરા થાય છે એટલે સમજવા જેવું છે કે જો અંતરમાં ખરેખર સમ્યક્ત્વનો પ્રકાશ ઝળહળતો હોય તો પાપ સેવનમાં બળતરાનો પાર ન હોય અને જો પોતાનું ચાલે તો

પાપને ફગાવી દે અને પાપ નહિ કરવાની પ્રતિજ્ઞા લઈ લે છે. સમ્યક્ત્વનું એ નિશાન છે કે પાપ કરવામાં બળતરા થાય અને સદા પાપને છોડવાની ભાવના રહે. જેમ લકવાવાળાને સાપ જોતાં જે બળતરા અને ભય લાગે, છે તેમ સમકિતીને પાપ કરતાં ભય લાગે છે. બળતરા થાય છે. કર્મના ઉદયથી દીક્ષા ન લઈ શકે પણ સમકિતી જીવ એ અવશ્ય સમજે છે કે મારા આત્માને જલ્દી મોક્ષમાં લઈ જવા માટે સમસ્ત પાપોનો ત્યાગ કરી સર્વવિરતિ સ્વીકારી લેવી જોઈએ, અને જો એ ન બની શકે તો અંશે પણ પાપકર્મોનો ત્યાગ કરી દેશવિરતિ સ્વીકારી લેવી જોઈએ. તો જ અરિહંત ભગવાનની ઉપાસના કરી એમના જેવા બની શકાય, માટે મનુષ્યભવ પામીને કંઈક આત્મશ્રેય કરી લો. આવો ગુરૂના મુખેથી ઉપદેશ સાંભળીને મંત્રીએ ખૂબ આનંદ અનુભવ્યો. એમને લાગ્યું કે જન્મ-મરણની જંજાળ અને કર્મની વિટંબણામાંથી છૂટવા માટે અરિહંત પ્રભુનું ધ્યાન કરવું જરૂરી છે, અને એને માટે દેશવિરતિ કે સર્વવિરતિ બનવાની જરૂર છે. એટલે પોતે ત્યાં ગુરૂની પાસે સમ્યક્ત્વ સહિત બાર વ્રત અંગીકાર કર્યા, પછી ગુરૂને વંદણા કરી ખૂબ ઉપકાર માની રાજ્યનું કામ પતાવી પોતાના રાજ્યમાં આવવા પાછો ફર્યો.

મંત્રી માર્ગમાં વિચાર કરવા લાગ્યો કે અહો! મારું જીવન આજે ધન્ય બની ગયું. મને કેવા મહાન ઉપકારી ગુરૂરાજ મળી ગયા! ઘરેથી નીકળ્યો ત્યારે આ કલ્પના ન હતી પણ પરમાત્માનો મહાન ઉપકાર છે કે જ્ઞાની અને ત્યાગી મહાત્મા મળી ગયા. એમની પાસેથી આત્માના ઉધ્ધારનો આ મહાન પ્રકાશ મળ્યો. જીવનને અજવાળનારી મહાન વ્રતોની સમૃદ્ધિ મળી. આખા રસ્તે આના જ વિચારો આવ્યા. આ મહાન સુકૃત પામ્યાનો આનંદ એના મુખ ઉપર તરી વળતો હતો. એ આનંદમાં પોતાને ગામ પહોંચ્યા ને હસ્તિપાળ રાજાની પાસે આવીને નમન કરીને ઉભા રહ્યા, ત્યારે રાજાએ પૂછ્યું કે હે મંત્રીશ્વર! તમે ચંપાનગરીમાં જોવાલાયક શું દીઠું? ચૈત્ર મંત્રીએ હસ્તિપાલ રાજાને કહ્યું મહારાજ! આજે તો હું ન્યાલ થઈ ગયો. મારું જીવન ધન્ય બની ગયું. એમ કહીને મંત્રીએ કહ્યું મહારાજ! હું ચંપા નગરીમાં ગયો ત્યારે આયંબીલની ઓળીના દિવસો હતા. ત્યાં મને જ્ઞાની ગુરૂરાજના દર્શન થયા. મેં એમના મુખેથી ઉપદેશ સાંભળ્યો. અહો! વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાનના કેવા ટંકશાળી વચન! કેવા સરસ એમના કહેલા ત્રિકાલાબાધ્ય તત્ત્વ! જૈન ધર્મમાં કેવું સુંદર યથાર્થ મોક્ષમાર્ગનું પ્રતિપાદન! કેવું સૂક્ષ્મ જીવવિજ્ઞાન અને કર્મવિજ્ઞાન! કેવું સુંદર સમ્યક્ત્વનું સ્વરૂપ! જૈન ધર્મની કેવી અલૌકિક દ્રવ્ય ને ભાવદયાની વાતો! કેવા અલૌકિક બાહ્ય આભ્યંતર તપના પ્રકારોનું પ્રતિપાદન! કેવું અરિહંતાદિ પંચ પરમેષ્ઠિ ભગવાનનું સ્વરૂપ! કેવા વિશ્વશ્રેષ્ઠ જિનાગમ! આ પ્રમાણે ખૂબ પ્રશંસા કરીને ગુરૂના મુખેથી જે ઉપદેશ સાંભળ્યો હતો તે રાજાને વિસ્તારપૂર્વક કહી સંભળાવ્યો.

"ચૈત્ર પાસેની વાતોથી હર્ષિત થયેલ હસ્તિપાલ રાજા" :– આ સાંભળીને હસ્તિપાલ રાજા ગદ્‌ગદ્‌ થઈ ગયા ને હર્ષભેર બોલ્યા કે મંત્રીશ્વર! તમે કેવા મહાન ભાગ્યશાળી કે તમને આવા મહાન ગુરૂના દર્શન થયા ને એમના શ્રીમુખેથી આટલો સુંદર ઉપદેશ સાંભળ્યો! મને તો એમ લાગે છે કે ખરેખર મોટું રાજ્ય મળવાથી જે ભાગ્યશાળી નથી એવું તમે આજે પામ્યા છો. તેની આગળ છ ખંડનું રાજ્ય એ કંઈ મોટી સંપત્તિ નથી. આ દેવાધિદેવ, સદ્‌ગુરૂ અને ધર્મ મળે એ સાચી સંપત્તિ છે, કારણ કે **"દુન્યવી સંપત્તિ આત્માને બરબાદ કરનારી છે, જ્યારે દેવ-ગુરૂ અને ધર્મ વગેરે આત્મિક સંપત્તિ આત્માને આબાદ કરનારી છે. પેલી સંપત્તિ માત્ર એક જન્મની, મૃત્યુએ પહોંચાડનારી, અને પુણ્યને ખુટાડનારી છે ત્યારે આત્મિક સંપત્તિ અક્ષય, અજર, અમર સ્થાને પહોંચાડનારી અને પુણ્યને વધારનારી છે."** હસ્તિપાલ રાજાને ચૈત્ર મંત્રી પાસેથી ગુરૂ મળ્યા ને એમની અમૂલ્ય વાણીનો અહેવાલ સાંભળીને એ આત્મસંપત્તિ સામે પોતાનું રાજ્ય અને સંપત્તિ તુચ્છ લાગવા માંડી, અને મંત્રીની ખૂબ અનુમોદના કરવા સાથે મનમાં એવી ભાવના ભાવવા લાગ્યા કે એ ગુરૂરાજ કયારે અહીં પધારે અને હું એમના પાવનકારી દર્શન કરી પાવન બનું! અને એમના શ્રીમુખેથી હું વાણી સાંભળું! આવી પવિત્ર ભાવનામાં પણ રાજાએ કેટલા કર્મો ખપાવ્યા, અને પોતાનું જીવન સાર્થક કર્યું.

આપણા ચાલુ અધિકારમાં પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને વિષનું વમન, કષાયોનું શમન અને ઈન્દ્રિયોનું દમન કરાવી મોહ રૂપ સર્પનું ઝેર ઉતારનાર ગારૂડી સમાન ગુરૂ ચિત્તમુનિ મળ્યા છે, પણ જેને ભયંકર મોહના ભયંકર ઝેર ચઢયા છે, સંપત્તિની મગરૂરી છે એવા એ બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને કહે છે મહારાજ! તમને મારા જેવી સુખ સંપત્તિ કેમ ન મળી? જવાબમાં મુનિરાજે કહ્યું. બ્રહ્મદત્ત! હું પણ કંઈ સામાન્ય ઘરમાં જન્મ્યો ન હતો. મહાન સુખી, સમૃદ્ધ અને ધર્મીષ્ઠ શ્રેષ્ઠીને ઘેર મારો જન્મ થયો હતો. મારે ઘેર સંસારના તમામ સુખો હતા. એક પણ સુખની કમીના ન હતી. મને તો મારા માતા-પિતા અને પત્નીઓ ખમ્મા ખમ્મા કરતા હતા. શું બોલ્યો ને શું બોલશે, એવો મારા પ્રત્યે સૌનો પ્રેમ હતો. શરીર પણ સુંદર અને નિરોગી હતું. રોજ લાખો રૂપિયાના ચિત્ત દાન આપતો હતો. એવા સુખો મળ્યા હતા, માટે તું આ ચિત્તને કોઈ રાંકડો, ગરીબ કે રખડતો ભિખારી ન માનીશ. તું ચિત્તને તારા જેવો જ માન. આ પ્રમાણે ચિત્ત મુનિએ કહ્યું ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તિ એને કહે છે કે હે ચિત્તમુનિ!

"મળ્યા જે ભોગ એવા તો ભોગવ્યા કેમ ના તમે?
બ્રહ્મદત્તે પૂછયું ત્યારે વદે છે મુનિપુંગવ."

તમે જે એમ કહો છો કે હું આવા સુખી ઘરમાં જન્મ્યો હતો ને આવા સુખો ભોગવતો હતો. આપની પાસે મારા જેવી વિભૂતિ હતી તો પછી તમે એ સુખ સમૃદ્ધિ છોડીને શા માટે દીક્ષા લીધી ? તમે એ સુખો શા માટે ભોગવ્યા નહિ ? અને બધું છોડીને શા માટે સાધુ બની ગયા ? તે મને કહો, મહાનપુરૂષોનો એ સ્વભાવ હોય છે કે કોઈ પણ વાત કોઈ પૂછે તો જ જવાબ આપે. બ્રહ્મદત્તના પૂછવાથી ચિત્તમુનિ કહે છે હે બ્રહ્મદત્ત ! સાંભળ.

महत्थरूवा वयणप्पभूया, गाहाणुगीया नर संघमज्झे।
जं भिक्खूणो सीलगुणोववेया, इहज्जयंते समणोम्हि जाओ ॥ १२ ॥

એક વખત અમારા પુરિમતાલપુરમાં મહાન જ્ઞાની બહુશ્રુત સંતો પધાર્યા. બાલપણથી માતાપિતાના ધર્મના સંસ્કારોના કારણે હું ધર્મના રંગે રંગાયેલો હતો. સાથે સંસારના સુખોમાં પણ એટલોજ ખૂંચેલો હતો, પણ જન્મ-મરણના રોગ મટે એવી અમોઘ ઔષધિ આપનાર વૈદ્ય સમાન જ્ઞાની ગુરૂરાજ પધાર્યા એટલે હું એમના દર્શન કરવા ગયો. ઘણાં ભાગ્યશાળી નર-નારીઓ જ્ઞાની ગુરૂના મુખેથી વાણી સાંભળવા આવ્યા હતા. વિપુલ જનસમુદાયની વચ્ચે ગુરૂરાજે વિસ્તૃત અર્થવાળી ગાથા ગાઈ. જે ગાથાને સાંભળીને ચારિત્ર અને જ્ઞાનગુણથી યુક્ત બનીને આ જૈન શાસનમાં મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બને છે તેમ હું પણ આ ગાથા સાંભળીને સંસાર અને ભોગોથી વિરક્ત થઈને મુનિ બની ગયો છું પણ કંઈ દરિદ્ર હોવાથી મુનિ બન્યો નથી. ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને આ પ્રમાણે જવાબ આપ્યો.

બંધુઓ ! ડાહ્યા અને સુજ્ઞ પુરૂષો સંસારના સુખમાં આનંદ માનતા નથી. એમને તો કંઈક નિમિત્ત મળવું જોઈએ. નિમિત્ત મળતા એ મહાન પુરૂષો જાગી જાય છે. આત્માને કાયાથી અલગ માનનાર આસ્તિક મનુષ્યને પૈસાટકા, માલ મિલકત વિગેરે સંપત્તિ પોતાના આત્માની નહિ પણ કાયાની સંપત્તિ લાગે. પોતાના આત્માની સંપત્તિ રૂપ તો દેવાધિદેવની પ્રાપ્તિ, સદ્‌ગુરૂનો સમાગમ અને સંયમ, સત્ય, શીલ, દાન, તપ, ક્ષમા આદિ સદ્‌ગુણો લાગે.

"આત્મિક સંપત્તિથી પરલોકના લાભનો વાત તો પછી પણ અહીંયા ય ખરેખરી હુંફ, શાંતિ અને પ્રફુલ્લિતતા મળે છે એ દુન્યવી સંપત્તિથી નથી મળતું"

આવા સર્વજ્ઞ ભગવાનના વચન અને સદ્‌ગુરૂના યોગરૂપી આત્મસંપત્તિ અંતરને વાતનો વિસામો અને સાચું માર્ગદર્શન આપે છે ને દિલને પ્રફુલ્લિત બનાવે છે. દુન્યવી સંપત્તિમાં એવું કંઈ મળતું નથી. બાહ્યસંપત્તિથી કંઈ સાચી હુંફ મળતી નથી પણ જિનવાણી, તત્ત્વબોધ મળવાથી હૈયામાં હુંફ અને ખુમારી આવે છે કે મને આ સાચું ઝવેરાત મળ્યું છે તો હવે મને પરલોકમાં પણ ચિંતા નથી. આ ઝવેરાત પરલોકમાં પણ સાથે આવશે. એમાં પરલોકની સલામતી છે, પણ દુન્યવી સંપત્તિ ઉપર આવી

ખુમારી લઈ શકાય ! આ રીતે બાહ્યસંપત્તિ કરતાં આત્મસંપત્તિને શ્રેષ્ઠ માનનારો મનુષ્ય દાન આપીને એ દાનને પોતાની સાચી સંપત્તિરૂપ માનીને એના પર હુંફ અનુભવે છે કે મેં મારા આત્મા માટે આટલી સુકૃતની કમાણી કરીને મારું જીવન સફળ બનાવ્યું. દાન એ સાચી સંપત્તિ છે. એ કેવી રીતે ? એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક વખત એક બાદશાહ પાસે એક બ્રાહ્મણ આવીને કહે છે સાહેબ ! મારે આટલા રૂપિયાની જરૂર છે. મને આપશો ? ત્યારે બાદશાહે પૂછયું ભાઈ ! તારે પૈસા શા માટે જોઈએ છે ? બ્રાહ્મણે કહ્યું મારે અડસઠ તીર્થની યાત્રા કરવી છે ભાઈ ! અડસઠ તીર્થની યાત્રા કરવાથી શું લાભ થાય ? બ્રાહ્મણે કહ્યું સાહેબ ! એનાથી જન્મ પાવન થાય ને ભગવાનને ત્યાં વાસ મળે. બાદશાહે એને જોઈતા હતા એટલા રૂપિયા તો આપ્યા, પછી પૂછયું ભાઈ ! મારે તો આટલા મોટા રાજ્યનો વહીવટ સંભાળવાનો એટલે આ ઝંઝટ છોડીને હું યાત્રા કરી શકું તેમ નથી તો મને ભગવાનને ત્યાં વાસ કેવી રીતે મળે ? બ્રાહ્મણે કહ્યું સાહેબ ! આપ કોઈ સત્યવાદી કે જિંદગીમાં જૂઠું ન બોલ્યો હોય એના દર્શન કરો તો ભગવાનને ત્યાં આપનો વાસ થશે. એમ કહીને બ્રાહ્મણ તો ચાલ્યો ગયો પણ બાદશાહને ભગવાનને ઘેર વાસ કરવાની લગની લાગી.

બીજે દિવસે બાદશાહે મોટી સભા ભરી અને કહ્યું મારા સભાજનો ! બોલો, આટલા બધામાં સાચો સત્યવાદી કોણ છે ? મારે એના દર્શન કરી પાવન બનવું છે ને ભગવાનને ઘેર વાસ કરવો છે. આ સાંભળીને સભાજનો સૌ સ્તબ્ધ બની ગયા. કોઈ જવાબ આપતું નથી, ત્યારે બાદશાહે પ્રધાન સામે જોઈને કહ્યું પ્રધાનજી ! તમે તો સત્યવાદી છો ને ? પ્રધાને કહ્યું સાહેબ ! માફ કરજો. સત્ય બોલીને પ્રધાનપણું ન કરાય. બાદશાહે કહ્યું, હું તમને સત્યનો અવતાર સમજતો હતો. ઠીક પછી બ્રહ્મનચી, ફોજદાર વિગેરે હોદ્દેદારોને પૂછ્યું કે તમે સત્યવાદી છો ને ? બધાએ હાથ જોડીને કહ્યું કે ક્ષમા કરજો. સાહેબ ! જીવન સત્ય ઉપર નભાવવું કઠીન છે.

" નિરાશ થયેલ બાદશાહઃ-" બાદશાહે આખી સભામાં સેનાપતિ, ફોજદાર નગરશેઠ બધાને પૂછયું તો બધાનો એક જ જવાબ મળ્યો કે સત્યથી જીવન ચાલતું નથી. કોઈ સત્યવાદી ન મળ્યું એટલે બાદશાહનું પાણી ઉતરી ગયું. તે નિરાશ થઈને મહેલે આવ્યા ત્યારે બેગમે પૂછયું આજે આપ આટલા બધા ઉદાસ કેમ છો ? બાદશાહે કહ્યું. ભગવાનને ઘેર વાસ કરવા માટે મને કોઈ સત્યવાદીના દર્શન મળતા નથી. એમ કહી બાદશાહે બેગમને બધી વાત કરી. બેગમે કહ્યું નાથ ! એમાં તમે આટલી બધી ચિંતા શા માટે કરો છો ? મારે એક વણિક સખી છે. એનો પતિ સત્યવાદી છે. એના હું તમને દર્શન કરાવું. બાદશાહે કહ્યું આટલા બધામાં તો કોઈ સત્યવાદી નથી નીકળ્યો ને એ શું સત્યવાદી હશે ? બેગમે કહ્યું. હા. એ કદી અસત્ય નથી બોલતા. એમ કહી તરત જ બેગમે પોતાની સખીને બોલાવીને વાત કરી. એટલે એણે ઘેર જઈને એના પતિને બાદશાહ પાસે મોકલ્યો.

વણિક બાદશાહ પાસે આવ્યો એટલે બાદશાહે એનો આદર સત્કાર કરીને પોતાની પાસે બેસાડ્યો અને એ કેટલો સત્યવાદી છે તે જાણવા માટે પૂછયું ભાઈ! તમારી પાસે કેટલી સંપત્તિ છે! વણિકે કહ્યું. દશ હજાર રૂપિયા. ફરીને પૂછયું કે તમારી ઉંમર કેટલી? તો કહે છે ત્રણ વર્ષની. તમારે દીકરા કેટલા? તો કહે છે ચાર. તમારે કેટલા દીકરાને તમારી મિલકત આપવાની છે? વણિકે કહ્યું. સાહેબ! એની મને ચોક્કસ ખબર નથી. વણિકનો જવાબ સાંભળીને બાદશાહને ખૂબ ક્રોધ આવી ગયો કે એની પાસે લાખ્ખોની સંપત્તિ છે છતાં કહે છે દશ હજારની. ઉંમર તો ત્રેપન વર્ષની દેખાય છે ને કહે છે ત્રણ વર્ષની, અને મિલકત કેટલા દીકરાને આપીશ એની શું એને ખબર નથી કે આવું હલાહલ જુઠું બોલે છે! લાલઘૂમ આંખ કરીને બેગમને કહે છે દેખ, આ તારી સખીનો પતિ કેટલો સત્યવાદી છે! તું તો કહેતી હતી ને કે એ બહુ શ્રીમંત છે ને એના મુખ ઉપરથી પણ દેખાય છે કે એ શ્રીમંત છે, છતાં કહે છે કે મારી પાસે તો દશ હજારની સંપત્તિ છે. વળી નજરે ત્રેપન વર્ષનો હોય તેવો દેખાય છે ને કહે છે કે હું તો ત્રણ વર્ષનો છું. તેમજ પોતાના કેટલા દીકરાને સંપત્તિનો વારસો આપવાનો છે એ તો અભણને પણ ખબર હોય ને આ કહે છે મને એની ચોક્કસ ખબર નથી. આ બધું કેવું હડહડતું જુઠું બોલે છે! આને તું સત્યવાદી કહે છે?

બેગમ કહે છે નાથ! જરા શાંત થાઓ. આવું નજરે દેખીતું ફેરફાર બોલે છે માટે એની પાછળ કોઇને કોઈ રહસ્ય હશે. એને પૂછો તો ખરા કે એ કેવી રીતે આમ કહે છે? ડાહ્યા માણસનું કર્તવ્ય છે કે જ્યારે સામા માણસની બોલચાલ અને દેખાવ મગજમાં બંધબેસતા ન આવે ત્યારે તરત જજમેન્ટ આપતા પહેલાં પૂછવું ને વિચારવું જોઈએ કે આમ કેમ કહેતા હશે? માની લો કે કોઈ તમને અહીં આવીને એમ કહી જાય કે "ગધેડું તળાવમાં પડયું ને બળી ગયું." તો શું તમે આ વાતને સાચી માનશો ખરા? 'ના.' તરત જુઠ્ઠી કહી દો. દેખીતી રીતે તો ખોટી જ વાત છે કે ગધેડું કંઈ તળાવમાં બળી જાય ખરું? એ તો ઠરી જાય, પણ ખુલાસો પૂછીએ તો ખબર પડે કે ગધેડા પર ચુનાનું છાલકું હતું ને તળાવમાં પડયું એટલે ચુનો ભીનો થતાં ફદફદી ઉઠયો, તેથી ગધેડો બળી ગયો. (હસાહસ) આ વાત સાચી છે ને? તમે પણ પહેલાં તો સાચી ન માની લો ને? પણ હવે માનશો ને? આવી રીતે ડાહ્યા માણસ બોલે ત્યારે તોલ બાંધતા પહેલાં જ પૂછવું જ જોઈએ કે આમ કેમ? બેગમે કહ્યું આપ પૂછો.

બાદશાહે વણિકને પૂછયું કે શેઠ! તમે ત્રણ વર્ષનો છું એમ શાથી કહો છો? વણિકે કહ્યું નામદાર! હું ત્રણ વર્ષથી ધર્મ પામ્યો છું એટલે એ જ મારી સાચી જિંદગી છે, બાકીની જિંદગી તો ધર્મ વિના એળે ગુમાવી છે. જે મૂર્ખ હોય તે ગુમાવેલી જિંદગીને પોતાની માને. ખરેખર તો ધર્મમાં ગાળેલા વર્ષો ઉંમરમાં ગણાય

એ દૃષ્ટિથી મેં કહ્યું કે મારી ઉંમર ત્રણ વર્ષની છે. વણિકનો જવાબ સાંભળીને બાદશાહ તો સ્તબ્ધ થઈ ગયા, અને પૂછયું કે તમારે કેટલા દીકરાને વારસો આપવાનો છે એની તમને ચોક્કસ ખબર નથી એમ કેમ કહ્યું ? વણિકે કહ્યું-નામદાર ! એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે કે વારસો મારે અંતિમ સમયે આપવાનો છે. એ સમયે મારે કેટલા દીકરા રહે છે એની ચોક્કસ ખબર અત્યારે કેવી રીતે પડે ? કારણ કે કોનું આયુષ્ય કેટલું છે તેની ખબર નથી. કદાચ વારસો આપવાનો રહી જાય ને હું ઢળી પડું, અગર ચાર દીકરામાંથી બેનું આયુષ્ય કદાચ મારાથી પહેલાં પૂરું થઈ જાય ને મરી જાય તો ? અત્યારે હું આપને કહી દઉં કે હું ચારેય દીકરાને આપીશ ને પછી બેને આપવાનો વખત આવે તો હું ખોટો પડી જાઉં ને ? એ દૃષ્ટિથી આમ કહ્યું છે. બાદશાહ આ જવાબ સાંભળીને સજ્જડ થઈ ગયા, અને ફરીથી પૂછયું કે તમારી સંપત્તિ તો લાખોની કહેવાય છે ને તમે દશ હજારની જ કહી એ કેવી રીતે ?

વણિકે જવાબમાં કહ્યું કે નામદાર ! આપે મારી સંપત્તિ પૂછી તો મેં જે સંપત્તિ દાનમાં વાપરી એટલી મારી ગણાય. સંઘરેલી સંપત્તિમાંથી તો કાલે ઓછા થઈ જાય ને અંતકાળે તો એ મારે અવશ્ય મૂકીને જવાનું છે. એ તો નિઃશંક વાત છે. તો એને મારી સંપત્તિ કેવી રીતે ગણું ? પરલોકમાં ન એ સાથે આવે કે ન તો એના બદલામાં કંઈ સંપત્તિ મળે. એ તો અહીં દાન કર્યું હોય તો એનું પુણ્ય પરલોકમાં અઢળક સંપત્તિ અપાવે. માટે દાન એ મારી સાચી સંપત્તિ કહેવાય. હું ત્રણ વર્ષથી ધર્મ પામ્યો છું અને મેં દશ હજાર રૂપિયા દાનમાં વાપર્યા છે. આટલું સુકૃત કર્યું છે તેથી એટલી મારી સંપત્તિ ગણું છું. આ સાંભળીને પણ બાદશાહ સ્તબ્ધ થઈ ગયા ને ખુશ થઈને કહ્યું શેઠ ! ખરેખર, તમે સત્યવાદી છો. તમારા જેવા સત્યવાદીને તો પગલે પગલે પાપનો ડર હોય, તે કદી અસત્ય બોલે જ શેના ? આજે તમારા દર્શનથી હું પાવન થઈ ગયો. ફરીને દર્શન આપતા રહેજો. હું તમારો આભાર માનું છું આવા સત્યવાદીનું જીવન ત્યાગી જેવું હોય છે. એને સંસારના રંગરાગમાં આનંદ આવતો નથી.

બ્રહ્મદત્તે ચિત્તમુનિને પૂછયું કે તમને આવા સુખ મળ્યા હતા તો તમે કેમ ન ભોગવ્યા ? ત્યારે આત્મિક સુખમાં મસ્ત રહેનારા ચિત્તમુનિએ કહ્યું કે મેં મુનિના મુખેથી મહાન અર્થવાળી ગાથા સાંભળી. જેથી મને સંસાર અસાર લાગ્યો, અને મેં વૈભવ-વિલાસનો ત્યાગ કરીને દીક્ષા લીધી છે. હવે બ્રહ્મદત્ત શું કહેશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૬૯

આસો સુદ ૮ ને શુક્રવાર **તા. ૨૮-૯-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો મહાન મંગલકારી, આત્માનું ઉત્થાન કરાવનારી આયંબીલની ઓળીનો આજે બીજો દિવસ છે. આયંબીલની ઓળીમાં નવપદની

આરાધના કરવાની છે. નવપદ એટલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ. આ નવપદની શુદ્ધ ભાવપૂર્વક આરાધના કરનાર ભવસાગર તરી જાય છે. આ સંસારસાગરમાં ડૂબતા સંસારી જીવોને સહારો આપી આબાદ રીતે ઉગારી લેનારી નાવ હોય તો આ નવપદ છે. એ કથીરને કંચન બનાવનાર છે. દાનવને દેવ, ઈન્સાનને ઈશ્વર અને માનવને મહા માનવ બનાવનાર છે, અને આ સળગતા સંસારને શીતળ છાયા આપનાર છે. નવપદમાં આવી મહાન શક્તિ રહેલી છે, માટે શરીરનો મોહ છોડી, પ્રમાદનો ત્યાગ કરીને નવપદનું આરાધન કરી લો.

માણસ સુખી હોય કે દુઃખી હોય. બંનેનો સંસાર અંતે તો સમસ્યામય છે. સુખીની સમસ્યા સુખી જાણતો હોય છે ને દુઃખીની સમસ્યા દુઃખી જાણતો હોય છે. પાપ કર્મના ઉદયથી માણસના માથે પાર વગરનું દેવું ચઢયું હોય ત્યારે એની સ્થિતિ કેવી કફોડી બની જાય છે! શેઠે સર્વીસમાંથી છૂટા થવાનું એકાએક વોર્નિંગ આપી દીધું હોય. બીજે કયાંય કોઈ સર્વીસ રાખવા તૈયાર ન હોય ત્યારે એને થાય છે કે જાણે ઝેરનો કટોરો પી લઉં. એવા સમયે ભાગ્યયોગે જો એને નવપદનું શરણું મળી જાય અને દુઃખીના દિલમાં શ્રદ્ધા જાગે કે નવપદ એ એક જ સાચું શરણ છે. બાકી બધુ અશરણ છે અને પોતે એનો શરણાગત છે. આવા ભાવ એના હૈયામાં રંગેરંગે પ્રસરી જાય અને પછી એની આરાધના શ્રદ્ધાપૂર્વક કરવા લાગે તો એની મૂંઝવણોનો અંત આવતો જાય અને મનમાં પરમ સંતોષ થઈ જાય, ત્યારે એના હૈયામાં ખુમારી પ્રગટે છે કે મને જે મળ્યું છે એ જગતમાં કોઈને નથી મળ્યું. નવપદમાં કેવી મહાન શક્તિ રહેલી છે! એણે મારા જીવનના અંધકાર ઉલેચી નાંખ્યા. ભારેખમ બની ગયેલો એવો મને હળવો ફુલ કેવી રીતે બનાવી દીધો! હવે સુખી મનુષ્યના જીવનની વાત કરીએ.

જેમ કોઈ લાખોપતિ પાર્ટી હોય. બંગલાના કંપાઉન્ડમાં ચાર ચાર કારો ઉભી રહેતી હોય, બજારમાં મોટી પેઢી ધમધોકાર ચાલતી હોય, બહાર લોકો શેઠ સાહેબ.... શેઠ સાહેબ કહીને બોલાવતા હોય, પણ અંદરની વાત તો એ જ જાણતા હોય. પેઢી દેવાળું કાઢવાની તૈયારીમાં હોય. પોલિસ દરોડો પાડવાની છે એવા ઉડતા સમાચાર એક બાજુથી આવી રહ્યા હોય, પેઢીનો મુખ્ય મુનીમ અંગત દુશ્મન થતાં રૂપિયા પચ્ચીસ હજારની ઉથલપાથલ કરી ચોપડાની બધી બ્લેક આઈટમો ડાયરીમાં ઉતારી લઈ સામે પડયો હોય. શેઠ કંઈ કરવા જાય તો જેલમાં બેસાડી દેવાની ધમકી આપતો હોય, ઝેરનો કટોરો પી લેવાની કે દરિયામાં ઝંપલાવવાની હિંમત ચાલતી ન હોય, આખી દુનિયા ફરતી દેખાતી હોય, શું કરવું ને શું ન કરવું એ સમજાતું ન હોય, શી રીતે જીવવું અથવા શી રીતે મરવું એ પણ એક પ્રશ્ન હોય, કોઈ રસ્તો જડતો ન હોય ને એમાં એકાએક એને નવપદ યાદ આવી જાય ને સુખી હોવા છતાં દુઃખની

સળગતી ભઠ્ઠીમાં શેકાતો એ શ્રીમંત નવપદના શરણે પહોંચી જાય અને પોતાની જીવનનૈયા નવપદના શરણમાં ઝુકાવી દઈને એ પોતે નવપદના ધ્યાનમાં તદાકાર બની જાય પછી ભલે દેવાળું નીકળવું હોય તો ય નીકળે ને દરોડો પડવો હોય તો ય ભલે પડે મારું એમાં કંઈ જવાનું નથી, કારણ કે મને તો નવપદ મળી ગયા છે. આવી ખુમારી એનામાં પ્રગટી જાય અને પછી એના જીવનમાં જે ચમત્કારો સર્જાવા માંડે, હૈયામાં જે ઠંડક વળવા માંડે, દુઃખ આવે તો પણ હસતા મુખે સહન કરી લેવાની જે તાકાત પ્રગટવા લાગે એ જોઈને એ શ્રીમંતને પણ કબૂલ કરવું પડે કે બરોબર, નવપદ એ જગતની તમામ તાકાતોને પગ નીચે રાખે એવી એક સર્વોપરિ તાકાત છે.

બંધુઓ ! જીવનમાં નવપદની આંશિક શક્તિનો એક વાર પણ જેને આ રીતે સાક્ષાત્કાર થઈ જાય છે એ જીવનના કોઈ પણ સંયોગોમાં પછી સુખમાં કે દુઃખમાં, સંયોગમાં કે વિયોગમાં, જેલમાં કે મહેલમાં ગમે ત્યાં હોય પણ એ નવપદને ભૂલી શકતો નથી. નિરાશંસભાવે રાત-દિવસ નવપદનું રટણ એ એનું જીવન બની જાય છે. સતી મયણાસુંદરી અને શ્રીપાળ રાજાનું જીવન આજે પણ આ વાતની સાક્ષી પૂરે છે. આમ તો સાગરકિનારે ઘણાં ય લાકડાના પાટીયા અને હોડીઓ ઉભી હોય છે પણ એનું બરું મૂલ્યાંકન કિનારે ઉભેલો માણસ નહિ પણ મધદરિયે ડૂબતો માણસ કે જે એકાદ પાટીયું કે હોડીનો સહારો લઈને મરતા મરતા બચીને કિનારે આવી ગયો હોય એ જ આંકી શકે. નવપદની નૌકા એ તો ભવસાગર તરવાની હોડી છે. ડૂબતા સંસારી જીવો જો એનો સહારો લે તો તર્યા વિના રહે નહિ, પણ આપણી પાસેથી ચાલી જતી એ હોડીને પકડીને આપણે એમાં બેસી જવું પડે. નહિતર તો જે એમાં જઈને બેસી જાય એ સામે કિનારે પહોંચી જાય ને નહિ બેસે એ તો રાહ જોતાં રહી જશે, માટે સમય આવ્યો છે એને વધાવી લો. નવપદ રૂપી નૌકામાં બેસી જાઓ ને માનવજીવનને સફળ બનાવી લો. આવો અવસર ફરીફરીને નહિ મળે.

ગઈ કાલે નવપદમાં પહેલા અરિહંતપદની આરાધના કરવાની હતી. આજે બીજા દિવસે સિધ્ધ ભગવાનની આરાધના કરવાની છે. અનંત અનંતકાળથી કામ, ક્રોધ, લોભાદિ મલિન વૃત્તિઓથી બરડાયેલ આત્માને નિર્મળ બનાવવા માટે આ માનવભવમાં અરિહંત, સિદ્ધ આદિ નવપદની આરાધના એ મહાસ્નાન છે. આ પવિત્ર નવપદની આરાધના અને ઉપાસનામાં આત્માને જેમ જેમ સ્નાન કરાવ્યા કરશો તેમ તેમ એ મલિન વૃત્તિઓનો મેલ દૂર થતો જશે માનવભવમાં આ બધું કરી શકાય છે, તેથી જ્ઞાની ભગવંતોએ માનવભવના ઉંચા મૂલ્ય આંકયા છે. મનુષ્ય ધારે તો અરિહંતપદની અને સિદ્ધપદની આરાધના કરી શકે છે. આ પદોમાં એવી મહાન શક્તિ રહેલી છે કે એની આરાધના કરતાં કરતાં આત્મા ઉપર રહેલી મલીન વૃત્તિઓને દબાઈ જવું પડે છે. આ મલીન વૃત્તિઓ એક પ્રકારની નથી, અનેક પ્રકારની છે. જેમ કે કામ-ક્રોધ, લોભની વૃત્તિ,

રાગ-દ્વેષ અને મોહની વૃત્તિ, મદ-માયા અને ઈર્ષ્યાની વૃત્તિ, આહાર-વિષય અને પરિગ્રહની સંજ્ઞા, હિંસા-જૂઠ, ચોરીના ભાવ વિગેરે અનેક પ્રકારની મલિન વૃત્તિઓ આત્મા ઉપર જામી છે તો એ બધી મલિન વૃત્તિઓને દૂર કરવા માટે એ દરેકની સામે અલગ અલગ આરાધના જોઈએ. જેમ કે કામની સામે બ્રહ્મચર્યની આરાધના ક્રોધની સામે ક્ષમા-મૈત્રીની આરાધના, લોભની સામે સંતોષ અને ત્યાગવૃત્તિની આરાધના. આ નવપદની આરાધના આ બધી આરાધનાઓને સુલભ બનાવે છે, કારણ કે આ નવ દિવસ આયંબીલ તપ થાય, રાત્રિ ભોજનનો ત્યાગ થાય, બ્રહ્મચર્યનું પાલન થાય, માળા, કાઉસગ્ગ, વંદણા આદિ વિધિ વિધાનો થાય છે, તેથી ક્ષમા આદિ ગુણો પણ આવે છે ને મલિન વૃત્તિઓ દૂર થાય છે.

તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાના વીસ બોલમાં પહેલું અરિહંત અને પછી સિદ્ધપદ છે. નવપદમાં પણ એમ જ છે. અરિહંત ભગવાને ચાર ઘાતી કર્મોનો ક્ષય કર્યો છે ને સિદ્ધ ભગવાને આઠે આઠ કર્મોનો ક્ષય કર્યો છે, એટલે સિદ્ધપદ મોટું છે પણ આપણે પહેલા અરિહંત પ્રભુની આરાધના કરીએ છીએ. એનું કારણ એક જ છે કે અરિહંત ભગવાન આપણને સિદ્ધ બનવાનો માર્ગ બતાવે છે, સિદ્ધપદની પ્રાપ્તિ કરવાના ઉપાયો બતાવે છે તેથી એમનો આપણા ઉપર મહાન ઉપકાર છે, એટલે આપણે પહેલા અરિહંત ભગવાનને ભજીએ છીએ. બાકી તો સિદ્ધપદની આરાધનામાં પણ અરિહંત પદની આરાધનાની જેમ એ પદનું ઉંચુ મૂલ્ય હૈયે વસી જાય અને એના ઉપર અથાગ પ્રેમ અને અત્યંત પ્રીતિ ઉભરાય. એમના વારંવાર ગુણગ્રામ કરાય તો એ પદની આરાધના થઈ શકે.

સિદ્ધ પદ એટલે સિદ્ધ અવસ્થા, એટલે કે સર્વ ઉપાધિથી રહિત અવસ્થા. ત્યાં કોઈ કર્મ નહિ, શરીર નહિ, કર્મના ઉદયની વિટંબણા નહિ, ભૂખ નહિ, તરસ નહિ, જન્મ જરા-મરણ નહિ, રોગ-શોક નહિ, ટાઢ કે તાપ નહિ, માન-અપમાન નહિ, આબરૂ-બેઆબરૂનો સવાલ નહિ, હરખ કે ખેદ નહિ, કશી તૃષ્ણા નહિ, કોઈ જાતના વિકલ્પો કરવાનું મન નહિ, ઈષ્ટ અનિષ્ટ વિષયોની, શાતા-અશાતા ભોગવનારી ઈન્દ્રિયો નહિ પછી ત્યાં દુઃખ શું? વિટંબણા, રીબામણી કે સતામણી શેની? જીવને જો સતામણી હોય તો કર્મ, શરીર, મન, ઈન્દ્રિયો વિગેરે ઉપાધિઓની સતામણી છે સિદ્ધ અવસ્થામાં એ કશી ઉપાધિ નહિ પછી સતામણી શેની? પણ મોહમાં ઘેલો બનેલો જીવ જ્યાં આ સતામણી, વિટંબણા અને રિબામણ છે ત્યાં સુખ માને છે ને એની કિંમત આંકે છે. જ્યાં એમાંનું કંઈ જ નથી એવી પરમ આનંદમય સિદ્ધ અવસ્થાની કિંમત આંકતો નથી. આ કેવી ઘેલછા છે! અંતરદૃષ્ટિથી જો વિચાર કરવામાં આવે તો સમજાય કે જ્યાં સુધી સિદ્ધ અવસ્થા પ્રગટ થઈ નથી ત્યાં સુધી આ ઉપાધિઓ અને વિટંબણાઓ મને કેવી સતાવી રહી છે! સવારથી ઉઠ્યો ત્યારથી જોઉં તો મારા જીવનમાં શું ચાલી રહ્યું છે?

ભૂતના વળગાડ જેવી ઉપાધિ જેટલી વધારે એટલી જીવને સતામણી વધુ છે. જાગ્યો ત્યારથી ઉંઘે નહિ ત્યાં સુધી જંપે નહિ. જન્મ્યો ત્યારથી મરે નહિ ત્યાં સુધી એ જંપે નહિ. જેમ ભૂતનો વળગાડ જ્યાં સુધી નીકળે નહિ ત્યાં સુધી જીવને જંપવા દે નહિ, એમ કાયા, ઈન્દ્રિયો, કુટુંબ, કંચન, ઘર, દુકાન, માલસામાન વિગેરે ઉપાધિઓ જીવને સતાવ્યા કરે છે છતાં ખૂબીની વાત તો એ છે કે અજ્ઞાન મૂઢ જીવને એ સતામણીઓ સતામણી રૂપ લાગતી નથી પણ જ્ઞાની ભગવંતો કહે છે કે ઉપાધિ ઓછી એટલી સતામણી અને વલોપાત ઓછા. સિદ્ધ ભગવાનને કંઈ ઉપાધિ નથી તો એમની કંઈ સતામણી નથી. આ ઉપાધિઓના લીધે સંસારી જીવોની દુઃદશાનો પાર નથી. અને સિદ્ધ ભગવાનને ઉપાધિ નથી એટલે અખૂટ, અતૂટ, અનંત આનંદ અને સુખના ભંડાર ભર્યો છે. આવા સિદ્ધ ભગવાનના પદની પ્રાપ્તિ કરવા માટે મન, વચન અને કાયાથી આપણે એમની આરાધના કરીએ, એમનું ધ્યાન ધરીએ, એમના ગુણગાન કરીએ તો આપણાં કર્મોનો ક્ષય થાય અને આપણે એવા સિદ્ધ ભગવંતના ઉચ્ચપદને પામી શકીએ.

જેમને સિદ્ધના શાશ્વતા સુખો મેળવવાની લગની લાગી છે એવા ચિત્તમુનિ અને ભૌતિક સુખો અને સંપત્તિના મહાસાગરમાં મહાલતા બ્રહ્મદત્ત ચક્રવર્તિ બંને વચ્ચે વાર્તાલાપ ચાલી રહ્યો છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિને ખબર નથી કે આત્મિક સુખોનો આનંદ કેવો હોય છે! કહેવત છે ને કે ખાખરની ખિસકોલી સાકરના સ્વાદને શું સમજે? એમ ભોગમાં સુખ માનનારા બ્રહ્મદત્ત ત્યાગીના સુખને કેવી રીતે સમજી શકે? માટે મુનિને કહે છે કે તમે ભોગસુખોને છોડીને દીક્ષા શા માટે લીધી? એ અમને કહો. ત્યારે ચિત્તમુનિ કહે છે હે બ્રહ્મદત્ત સાંભળ.

નવીન શ્લોક કડી શ્રવણે સુણી, ભવનિધિ તરતા કંઈ પ્રાણીઓ,
પરમ રાગી કનેથી જ સાંભળી, વિરતિ ભાવ સ્વ અંતર ઉલસ્યો.

જ્ઞાની ગુરૂરાજે વિશાળ જન સમુદાયની વચમાં એક એવી ગાથા સંભળાવી કે એને સાંભળીને હળુકર્મી જીવો શીલ અને ગુણોથી યુક્ત બની જાય છે. એ ગાથા શ્લોકના અક્ષરો બહુ ઓછા હતા ને એમાં ભાવ ઘણાં હતા. એમાં મુખ્યત્વે જ્ઞાન-દર્શન, ચારિત્ર, દાન, શીલ, તપ વિગેરેનો ઉપદેશ હતો. ઘણાં માણસોએ એ ગાથા સાંભળી. એનો અર્થ-પરમાર્થ અને ભાવાર્થ સાંભળ્યો પણ જેની જેની પાત્રતા હોય છે તે તે પ્રમાણે પોતાના અંતરમાં ઝીલી શકે છે. મુનિનો ઉપદેશ સાંભળીને કંઈક જીવો સંસાર છોડીને સંયમી બની ગયા. કંઈક તપમાં જોડાયા, કંઈક જ્ઞાનમાં જોડાયા, કંઈક ભવભ્રમણ અટકાવનાર સમ્યક્ત્વને પામી ગયા, કંઈક બાર વ્રતધારી બન્યા, અને કંઈકે દાનનો મહિમા સમજ્યા.

બંધુઓ! દાન દાનમાં પણ ઘણો ફરક છે. જે દાનની પાછળ માત્ર સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્રની પુષ્ટિ થાય છે એ દાન સુપાત્ર દાન છે. એવું દાન મુનિની ભક્તિ

કરવામાં છે. મુનિ પોતાના જીવનમાં એકત્વી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના ને વૃદ્ધિ કર્યે જાય છે. તેમજ પોતાના સમાગમમાં આવનારને પણ એની પ્રાપ્તિ કરાવે છે, તેથી મહાલાભ એ થાય કે વીતરાગ પરમાત્મા શ્રી અરિહંત દેવ પ્રત્યે ભક્તિ અને બહુમાન વધે છે, અને એમની પવિત્ર આજ્ઞા જીવનમાં ઉતારતાં હિંસા, જૂઠ, ચોરી, મદ, મત્સર, માયા, આડંબર, વિષય, પરિગ્રહની લોલુપતા, કામ, ક્રોધ, લોભ વગેરે દોષો ઘટતા જાય છે તેથી જાતે તો સુખી થવાય છે ને જગતને પણ આવા ગુણીયલ જીવોના નિમિત્તથી રાહત મળે છે. સુપાત્ર દાનનું મહાન ફળ છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક બ્રાહ્મણ ખૂબ શ્રીમંત હતો. એક વખત એના મનમાં એવો વિચાર થયો કે હું બ્રાહ્મણોની ભક્તિ કરું તો મને પુણ્ય મળે એટલે એણે એક મોટો ભોજન સમારંભ ગોઠવ્યો ને ઘણાં બ્રાહ્મણોને જમવાનું આમંત્રણ આપ્યું, પણ જમણવારમાં કોઈ વ્યવસ્થા કરનારો સારો માણસ તો જોઈએ ને ? એ માણસ શોધતો હતો ત્યાં એને એક ગરીબ જૈન વણિક મળી ગયો. એને બ્રાહ્મણે કહ્યું કે જો ભાઈ! તું આજનો દિવસ અહીં રહેજે અને આ રસોડાનું ધ્યાન રાખજે ને જમવા આવનાર બ્રાહ્મણોને બરાબર પીરસજે. તારી મહેનતના બદલામાં જમણવારમાં જેટલી ચોખ્ખી રસોઈ વધે એ બધી તારી, બોલ કબૂલ છે ને? વણિકે કહ્યું. ભલે, જૈન વણિક બધું કામ કરવા લાગ્યો. બપોરે ટાઈમ થયો. બ્રાહ્મણો અને મહેમાનો બધા જમવા આવ્યા. સૌ જમીને ગયા પછી ઘણી રસોઈ વધી. બ્રાહ્મણના કહેવા પ્રમાણે મીઠાઈ વિગેરે જે વધ્યું એની માલિકી વણિકની થઈ. બ્રાહ્મણે જમણવાર પત્યા પછી કહ્યું કે ભાઈ! આ જે કંઈ વધ્યું છે તે તારું.

વણિક વિચાર કરવા લાગ્યો કે આજે મને સુપાત્ર દાન દેવાનો મહાન લાભ મળે તો કેવું સારું ! તદ્દન નિર્દોષ આહાર છે. એ તો હર્ષભેર શહેરમાં ઉપડ્યો અને જ્યાં જૈન સાધુ સાધ્વીજીઓ બિરાજમાન હતા ત્યાં જઈને નમ્રભાવે ભાવના ભાવી અને કહ્યું કે નિર્દોષ અને સૂઝતો આહાર છે. આ ગરીબ માણસને લાભ આપી કૃતાર્થ કરો તો મારો ઉદ્ધાર થાય ને મારા આત્માનું કલ્યાણ થાય. આ પ્રમાણે ખૂબ આગ્રહપૂર્વક ભાવના ભાવતા ગામમાં જે સંત સતીજીઓ હતા તે ત્યાં પધાર્યા. ઉત્કૃષ્ટ ભાવથી સાધુ સાધ્વીને ગોચરી વહોરાવી. વણિકે ઉત્કૃષ્ટભાવે સુપાત્ર દાન આપ્યું એના પ્રભાવે મરીને શ્રેણીક રાજાનો પુત્ર નંદિષેણ બન્યો. આ છે સુપાત્ર દાનનો પ્રભાવ.

ચિત્ત મુનિ બ્રહ્મદત્તને કહે છે કે અમારા નગરમાં પધારેલા મહાત્માએ અનેક પ્રકારનો ધર્મ સમજાવ્યો. એમાં ઘણાં જીવો વિવિધ પ્રકારે ધર્મ પામ્યા. એ રીતે મને પણ એમની વાણી સાંભળીને સંસાર અસાર લાગ્યો. મનમાં થયું કે આ સંસાર તો એક પાપનું પિંજર છે. સંયોગ અને વિયોગનું ઘર છે **'સંસાર એટલે વિકારો અને તૃષ્ણાને ખીલવવા માટેનું રસાળ ક્ષેત્ર. સંસાર એટલે તૃષ્ણા અને વિકારોની ગુલામીમાં ઈન્દ્રિયોને નાચવા કૂદવાનું કીડાંગણ'.** જે સંસાર રૂપી

ક્ષેત્રમાં વિકારો અને તૃષ્ણાઓ ભરપૂર ખીલે છે. આવા અસાર, અધ્રુવ અને અનિત્ય એવા સંસારમાં રહીને ત્રણે કાળમાં આત્માનું કલ્યાણ થવાનું નથી. આત્મ કલ્યાણ કરવા માટે તો સંયમ શ્રેયકારી છે એમ સમજીને મેં એ સંસારના સુખો છોડીને આત્મ કલ્યાણ કરવા માટે એ મુનિરાજ પાસે દીક્ષા લીધી છે. જે હું આજે તમારી સામે આવીને ઉભો છું સાધુપણામાં તો મહાન સુખો છે. સંયમ એ આત્મ કલ્યાણ કરવા માટેનો શ્રેયકારી માર્ગ છે. આ પ્રમાણે ચિત્તમુનિએ બ્રહ્મદત્તને કહ્યું. હવે બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને શું કહેશે તેના ભાવ અવસરે.

ચારિત્ર :- સુલોચના રાણી પોતાની મોટી બહેન સુશીલાને મળવા માટે આવે છે. કામવાળી રાણીની બહેન છે તે જાણતાં નગરશેઠ અને શેઠાણી ધ્રુજી ઉઠયા. સુલોચના રાણીને સુશીલા કામ કરતી હતી ત્યાં લઈ આવ્યા. સુશીલા તો બિચારી મોટી લાજ તાણી વાસણ ઉટકી રહી હતી. સુલોચના દોટ મૂકીને બોલી મોટી બહેન....મોટી બહેન....સુશીલાએ ઉંચું જોયું કે અહીં વળી મને મોટી બહેન કહીને બોલાવનાર કોણ મળ્યું ? સામે નજર કરી તો પોતાની નાની બહેન સુલોચના દોડતી આવી રહી છે. એ કાંઈ વિચાર કરે તે પહેલાં સુલોચના દોડતી ત્યાં આવી ને બોલી, અરેરે.... મોટી બહેન ! તમારી આ દશા ! એમ કહેતી.

દોનોં લલના લિપટ ગઈ હે, મોહવશ હુઈ મલાલ,
સરવર ઉમડ પડા આંખો સે, ફૂટ પડા પરનાલ.

બંને બહેનો એકદમ ભેટી પડી. એકબીજાના ખંભે માથા મૂકીને ખૂબ રડી. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી, પછી હૈયું હળવું કરીને સુલોચના કહે છે મોટી બહેન ! તમારી આ દશા ! મને ખબર મળ્યા કે મારા નગરમાં તમે ત્રણ ત્રણ વર્ષથી આવ્યા છો ને આવા કાળી-મજુરીના કામ કરો છો ? ત્યાં તો મારું હૈયું ચીરાઈ ગયું. મોટી બહેન ! તમને ખબર તો હતી ને કે આ નગરમાં હું રહું છું તો મને મળવું હતું ને ? શું મોટી બહેન ! તમે મને પારકી ગણી ? એમ કહીને સુલોચના ફરીને ખૂબ રડવા લાગી, ત્યારે સુશીલા કહે છે મારી નાની બહેન ! છાની રહે, રડીશ નહિ, આ તો સૌ કર્મના ખેલ છે. કર્મની સત્તા આગળ કોનું ચાલ્યું છે તે મારું ચાલે ? સૌએ પોતાના કરેલા કર્મો તો ભોગવવા પડે ને ? રડીશ નહિ. ચાલ, એ બધી દુઃખની વાતો જવા દે પણ તું એ કહે કે મારા બનેવી તો ક્ષેમકુશળ છે ને ?

" સુશીલાની સહિષ્ણુતા " :- સુલોચનાએ કહ્યું. મોટી બહેન ! તમે કેટલા બધા સહનશીલતાવાળા છો કે આટલા દુઃખમાં પણ તમે મારા સમાચાર પૂછો છો, પણ આપના દુઃખની કાંઈ વાત કરતા નથી, ત્યારે સુશીલાએ સુલોચનાના સામું જોઈને કહ્યું કે અરેરે....બહેન ! મારી તો હું શી વાત કરું ? મને તો મારા કર્મોએ ચારે બાજુથી સાફ કરી નાંખી છે. હવે મારા જીવનમાં શું રહ્યું છે ? અમે રાજપાટ

છોડયા પછી જ્યાં ગયા ત્યાં દુઃખ સિવાય બીજું કંઈ જોયું નથી, અને હવે તો મને મારા જીવનમાં સુખ આવે તેવું કંઈ દેખાતું નથી. ત્રણ ત્રણ વર્ષથી તારા બનેવી અમને મૂકીને ગયા છે ત્યાર પછી તો અમારા માથે દુઃખ પડવામાં બાકી રહી નથી. એક મહિનામાં પાછા આવવાનું કહીને ગયા તે ગયા ફરીને એમના સમાચાર નથી. એમનું શું થયું હશે ? એ પતિનું મુખ મને ક્યારે જોવા મળશે. આટલું બોલી સુશીલા ખૂબ રડી, ત્યાં સુલોચનાએ કહ્યું મોટી બહેન મોટી બહેન....તમે રડો નહિ. ઉભા થાઓ. હું તમને એક આનંદના સમાચાર આપું. એ જાણીને તમને ખૂબ આનંદ થશે.

"નિરાશામાં પ્રગટેલું આશાનું કિરણ" :– હતાશ થયેલી સુશીલાએ કહ્યું બહેન ! મારા શું આનંદના સમાચાર હોય ! સુલોચનાએ કહ્યું–બહેન ! મારા બનેવી આ નગરમાં પધાર્યા છે, અને તારા બનેવી સાથે બંને બાળકોને સાથે લઈને વાજતે ગાજતે રાજમહેલમાં જઈ રહ્યા છે. આ સાંભળીને સુશીલાની જીવનસિતાર ઝણઝણી ઉઠી. ખુશીનું એક ગીત એના હૈયામાં ગુંજી ઉઠયું. વિરહની આગમાં શેકાઈ ગયેલું તેનું દિલ ફરીથી ખીલી ઉઠયું. સુશીલા આ સમાચાર સાચા માની ન શકી છતાં માનીને પૂછયું તો બહેન ! તારા બનેવી સીધા મારી પાસે કેમ ન આવ્યા ? એ આવ્યા હોય તો મારી પાસે આવ્યા વિના રહે જ નહિ. સુલોચનાએ કહ્યું, મોટી બહેન ! મારા બનેવી તારા બનેવીને મળ્યા એટલે એમણે પહેલા તો તારા સમાચાર પૂછ્યા, તો ખબર પડી કે તું ઝૂંપડીમાં રહે છે. ત્યાં તપાસ કરાવી તો તમે ત્યાં ન હતા. ખબર પડી કે તમારી ઝૂંપડી ભદ્રા શેઠાણીએ બાળી મૂકી છે, અને તમે ને બંને બાળકો ફરીથી ઘર વિનાના નિરાધાર બનીને કયાંક ચાલ્યા ગયા છો, એટલે બંને સાદુભાઈઓએ તમારી નગરની બહાર અને નગરમાં ખૂબ તપાસ કરી. ખૂબ તપાસ કરતાં તમારા બંને બાળકો મળ્યા પણ તમે ન મળ્યા. બાળકો પાસેથી તમે કયાં છો તે સમાચાર મળ્યા. બાળકોએ તમારા દુઃખની થોડી ઘણી વાત કરી. તમારા દુઃખની વાત સાંભળીને મારા બનેવી તો મૂર્છા ખાઈને જમીન ઉપર ઢળી પડયા, અને ભાનમાં આવ્યા ત્યારે બાવરા બનીને એ તારી શોધમાં દોડવા લાગ્યા. ત્યાં એમને ખબર પડી કે તમે અહીં કામ કરો છો એટલે એ આવવા તૈયાર થયા, પણ તમારા બનેવીએ એમને ખૂબ સમજાવીને અહીં આવતા રોકયા, કારણ કે તમને આવા દુઃખમાં જોઈને એમના મન ઉપર અસર થઈ જાય તેથી આવવા ન દીધા, અને મને તેડવા મોકલી. એમનું સ્વાગત કરવા માટે તમારા બનેવીએ હાથી–ઘોડા શણગારીને મંગાવ્યા પણ જ્યાં સુધી તમે ન મળો ત્યાં સુધી એ હાથી કે ઘોડા પર બેસવાની એમણે ચોખ્ખી ના પાડી. તેઓ પગપાળા ચાલતાં હજારો નગરજનો સાથે મહેલ તરફ જઈ રહ્યા છે. હવે તમે પણ જલ્દી પધારો. સુશીલા શેઠની રજા લઈને સુલોચનાની સાથે કેવી રીતે જશે ને શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૭૦

આસો સુદ ૯ ને શનીવાર **તા. ૨૯-૯-૭૬**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓને બહેનો ! આત્મસાધના કરવા માટે ઉંચામાંઉંચી કક્ષાનો જન્મ આપણને મળ્યો છે. આ મનુષ્ય જન્મ આપણી સામે દેખાતા પશુપક્ષીના જન્મ કરતાં ઘણો ઉંચો જન્મ છે. તિર્યંચોને આપણા જેવા હાથપગવાળું શરીર નહિ, આપણા જેવી વાણી નહિ, વિચાર કરવાની બુદ્ધિ કે વિવેકશક્તિ નહિ, શાસ્ત્ર વાંચન કરવાની આવડત નહિ, ઘરમાં રાચરચીલું કે ફર્નીચર તથા જરૂરી વસ્તુની વ્યવસ્થિત ગોઠવણ વિગેરે કંઈ જનાવર પાસે નથી. એ બધું આપણી પાસે છે, તેથી આ બંનેની સરખામણીમાં પશુજન્મ કરતાં લાખ દરજ્જે આપણો જન્મ ઉંચો છે. તો અહીં એ વિચારવાનું છે કે પશુ કરતાં લાખ દરજ્જે ઉંચો જન્મ પામ્યા પછી આપણે પશુ જીવન કરતાં લાખ દરજ્જે ઉંચું જીવન જીવીએ છીએ ખરા ? શું સારું સારું ખાવું, સારું લેવું કરવું ને ભોગવવું એ જ ઉંચું જીવન છે ? સારું સારું મળે તો પશુ પણ ખાય છે, એમાં પશુ કરતાં શું ઉંચુ જીવ્યા ? વિષયસંજ્ઞાને પોષવાનું તો પશુ પંખી દરેકને આવડે છે. હરણીયા સંગીતમાં મસ્ત બને છે. પતંગિયા દીવાના રૂપમાં, હાથી સ્પર્શમાં, સર્પ ગંધમાં અને માછલા માંસમાં ગુલતાન બને છે. ઈન્દ્રિયોના વિષયોની પાછળની દોડધામનું જીવન તો પશુ પક્ષી જીવે છે અને માનવી પણ જો એટલું જ કરતો હોય તો પશુ કરતાં ઉંચું જીવન કેવી રીતે ?

માનવી પાસે વિચાર કરવાની આત્મશક્તિ છે તો તેણે એ વિચારવું જોઈએ કે પશુ કરતા લાખ દરજ્જે ઉંચો અવતાર પામ્યા પછી હું લાખ દરજ્જે ઉંચુ જીવન જીવું છું ? મને વિચાર શક્તિ, વિશિષ્ટ શરીર તથા સુખની બધી સામગ્રી મળી પણ એથી અધિક પુણ્યોદયે તીર્થંકર ભગવાનનું અનુપમ શાસન, વીતરાગ વાણીનું શ્રવણ, અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર માર્ગદર્શક ગુરૂદેવ આવા સુંદર યોગવાળો જન્મ મળ્યો કે જે યોગ મનુષ્યોમાં પણ અનાર્યને નથી મળતો તો હું અનાર્યો કરતા ઉચ્ચ કક્ષાનું જીવન જીવું છું ખરું ? વહેપાર ધંધો, ખાનપાન, કેળવણી, વ્યવહાર સંબંધ તો અનાર્યો પણ કરે છે ને હું પણ જો એટલું કરવા માત્રથી અટકી જતો હોઉં તો મારો જન્મ ઉંચો હોવા છતાં જીવન અનાર્ય જેવું છે.

આ જન્મમાં ભૌતિકતાને નહિ પણ આધ્યાત્મિકતાને વિકસાવવાની છે. આધ્યાત્મિક વિકાસથી જીવન ઉચ્ચ બનવાનું છે. આધ્યાત્મિકતા એટલે આત્માને ઉદ્દેશીને થતી શુભ મન-વચન-કાયાની પ્રવૃત્તિ. જ્યાં આધ્યાત્મિકતાની છાયા નથી ત્યાં માત્ર કાયાની, ઈન્દ્રિયોની ખુશખુશાલીની અને માન સન્માનની દૃષ્ટિ રહે છે. એ મળવાથી જીવ આનંદ અનુભવે છે, પણ કાયાદિના આનંદમાં ને ખુશખુશાલીમાં આત્માની પુણ્ય મૂડી ખર્ચાતી

જાય છે, અને વધારામાં રાગ-દ્વેષ, કષાયો, અવિરતિ વિગેરેના સેવનથી અઢળક અશુભ કર્મબંધનની કમાણી થાય છે. ખાન-પાન અને રંગરાગમાં રમવું એ બધી માટીની રમત છે. એ ક્ષણિક ને નાશવંત છે. એમાં કદી તૃપ્તિ થતી નથી. થોડી વાર તૃપ્તિ લાગે પણ ઉલ્ટું મનનું ભૂખારવાપણું વધતું જાય છે માટે એમાં મોહ રાખવા જેવો નથી. પશુ કરતાં લાખ દરજ્જે ઉંચો જન્મ મળ્યો એ જીવન પશુ કરતા લાખ દરજ્જે ઉંચું જીવવા માટે મળ્યો છે. આપણી જિંદગી બહુ નાની છે. પાંચ પચ્ચીસ વર્ષની જિંદગીમાં કૂદવું હોય તેટલું કૂદી લ્યો પણ એ વાત ન ભૂલશો કે ભાવિ ભયંકર છે.

જંગલમાં બકરા ઘેટા સરોવરમાં પાણી પીતા હોય, પાણી ઠંડુ ને સ્વચ્છ હોય, જંગલ લીલુંછમ હોય, પવન પણ ઠંડો આવતો હોય ત્યાં દૂરથી વાઘ કે સિંહની ગર્જના સંભળાય એટલે બધા ભાગાભાગ કરી મૂકે છે. શીતળ પાણી, લીલુંછમ ઘાસ અને મજાનો ઠંડો પવન આ બધું મૂકીને જીવ લઈને ભાગે છે ને? એ સમજે છે જો નહિ ભાગીએ તો મરી ગયા સમજો. હમણાં સિંહ કે વાઘ આવશે એમ સમજીને જીવવા ખાતર ભાગે છે. એ તો પશુ છે. એમને મરવાની આટલી બધી બીક લાગે છે ત્યારે આપણે તો મનુષ્ય છીએ. તો વિચાર કર્યો કે આપણાં જીવન પર મૃત્યુની તલવાર લટકી રહી છે. એ દરેક દર્શન માને છે ને? અરે, આસ્તિક તો શું? નાસ્તિક પણ માને છે. આયુષ્ય પૂરું થયા પછી એક ક્ષણ પણ તમારું કોઈ સાંભળનાર નથી. હવે આ પુદ્ગલના નાચમાં જો અચાનક આયુષ્યનો બંધ થાય તો કઈ ગતિ થાય? તેનો વિચાર કરો. પુદ્ગલની પળોજણમાં જિંદગીની જિંદગી ચાલી ગઈ ને કંઈ આરાધના કરી નહિ. જેની પળોજણમાં જિંદગી વીતાવીને કર્મો બાંધ્યા એ જીવને પરલોકમાં કર્મ ભોગવતી વખતે સાથ નહિ આપે. એ તો પોતાને બધું ભોગવવું પડશે.

જે કુટુંબને તમે સારી રીતે પાળો છો, પોષો છો અને એના પ્રત્યે મોહ કરો છો એ તમને કયાં સુધી સાથ આપશે? જ્યાં સુધી સ્વાર્થ હશે ત્યાં સુધી. સૌ પોતાના સ્વાર્થના સગા છે. કોઈ આત્માના સગા નથી. આજના કુટુંબમાં વાતાવરણ કેવું છે આરાધનામય કે સ્વાર્થમય? સ્વાર્થમય વાતાવરણ હોય ત્યાં સ્વાર્થની વાતો હોય છે, માની લો કે તમે સુરતથી મુંબઈ જઈને આવો ત્યારે તમારી માતા, પત્ની અને બાળકો શું પૂછે છે? માતા કહેશે કે બેટા! તું આવ્યો? મારા માટે કંઈ લાવ્યો? પત્ની પૂછશે કે મારા માટે ફોરેનની સાડી, વીંટી વિગેરે લાવ્યા કે નહિ? મોટા ભાગે આવું જ પૂછાય છે. નાના નાના બાળકો પૂછે કે બાપાજી....અમારા માટે કંઈ સારું સારું આવાનું લાવ્યા કે નહિ? હું તમને પૂછું છું કે તમે આટલા બધા બેઠા છો એમાં કોઈની માતા પૂછે છે ખરી કે બેટા! મુંબઈ ગયો હતો તો કયા કયા ધર્મસ્થાનકે ગયો હતો? તે સંત સતીજીના દર્શન કર્યા? વ્યાખ્યાન સાંભળ્યું? એમાંથી તેં શું પ્રેરણા લીધી? શું શું વ્રત પચ્ચખાણ કર્યા? અરે! તમારા શ્રીમતીજી પૂછે છે ખરા

કે સ્વામીનાથ ! મુંબઈમાં જઈને અભક્ષ્યનું ભક્ષણ તો નથી કર્યું ને ? નાટક–સિનેમા જોઈને આત્માની ખરાબી તો નથી કરીને ? કોઈની માતા કે પત્ની આવું પૂછે છે ? જ્યાં મોહમય કુટુંબનો મેળો ભેગો થયો હોય ત્યાં આવું કોણ પૂછે ? આવા વિચારો કોને આવે ? પુણ્યવાન જીવો હોય ત્યાં આવી વિચારણા આવે.

શ્રીપાળ મહારાજા જ્યારે પરદેશ જવા પ્રયાણ કરતા ત્યારે પરમ શ્રાવિકા, મહાસતી અને આર્ય સન્નારી ભૂષણ મયણાસુંદરી તેમને શું કહેતી ? સ્વામીનાથ ! આપ સદા કુશલ હો, આપ તો પુણ્યવંત છો. આપ જ્યાં જ્યાં પધારો ત્યાં ત્યાં આનંદ મંગલ પ્રવર્તો. આપના પુણ્યયોગે આપને ડગલે ને પગલે બધુ મળશે પણ નાથ ! મારી એક વિનંતી ધ્યાનમાં લેશો. આ દાસીને કદાચ ભૂલો તો ભલે ભૂલો પણ મહાન પુણ્યોદયે મળેલા આ વીતરાગ શાસનને ભૂલતા નહિ: તમારા ઘરમાં તમને આવું કોઈ કહેનાર છે ? જેના મહાન સદ્‌ભાગ્ય હોય તેને આવી પળે પળે આત્માનું ધ્યાન રાખનારી પવિત્ર પત્ની મળે, બાકી તો પોતે જ પોતાના આત્મા માટે સજાગ રહેવાની જરૂર છે.

સવારના પ્રહરમાં ઉઠીને નવકારમંત્રનું સ્મરણ કરો, આત્મસ્વરૂપનું ચિંતન કરો પછી સંસારના કાર્યમાં જોડાશો તો આત્મામાં કંઈક જાગૃતિ રહેશે, પણ આજે તો મોટાભાગના માણસો ઉઠીને તરત ન્યુઝ પેપર વાંચશે, બાકી હળુકર્મી જીવો ધર્મારાધના કરશે. આપણી જિંદગી કેવી છે ? જેમ કોઈ ભાંગલી ખુરશીમાં બેઠો હોય ને નીચે ભડભડ અગ્નિ સળગતી હોય, માથા ઉપર ખુલ્લી તલવાર લટકતી હોય એ દશામાં એને કોઈ મિષ્ટાન્ન ખાવા આપે તો એને ભાવે ખરું ? જ્ઞાની કહે છે કે તારું આયુષ્ય પણ ભાંગલી ખુરશી જેવું છે. વિષય કષાય રૂપ અગ્નિના ભડકા ભડભડ બળી રહ્યા છે, અને મૃત્યુના ભય રૂપ નગ્ન તલવાર માથે લટકી રહી છે. આવી દશામાં વિવેકી આત્માને જોગો ગમે ખરા ? આ જ વિચાર રોજ એકાંતમાં કરવા જેવો છે. આવી વિચારણા અને ચિંતવણા જો રોજ કરવામાં આવે તો વિરાધના ઉપર તિરસ્કાર છૂટશે ને આરાધના પ્રત્યે પ્રેમ જાગશે. જેને જિનશાસન પ્રત્યે પ્રેમ છે, જિનપ્રરૂપિત ધર્મ પ્રત્યે શ્રદ્ધા છે એવા આત્માને ગમે તેટલી કસોટી આવે, ગમે તેટલા કષ્ટો આવે ને ગમે તેટલા કોઈ પ્રલોભનો આપે છતાં ડગતા નથી, કારણ કે એને મન પોતાની જાત કરતાં જિનશાસન વધારે વહાલું હોય છે.

એક વખત એક ગામમાં કોઈ જ્ઞાની સંત પધાર્યા. લોકો એમની વાણી સાંભળવા માટે આવવા લાગ્યા. સંતે વ્યાખ્યાનમાં બાર વ્રતનું સ્વરૂપ બહુ સુંદર રીતે સમજાવ્યું અને પછી પ્રમુખને ઉદ્દેશીને કહ્યું કે જેમ બ્રાહ્મણને જનોઈ વિના ન ચાલે, તેમ જૈન કુળમાં જન્મેલાએ બાર વ્રત અંગીકાર કરવા જોઈએ. બારે બાર વ્રત અંગીકાર ન કરી શકો તો કોઈ એક, કોઈ બે વ્રત પણ અવશ્ય અંગીકાર કરો. વ્રત વિનાનો દેહ શઢ વિનાની નૌકા જેવો છે. જો માણસને ધન મળ્યું હોય તો ધનનો સાર દાન દેવો તે

છે. વાણીનો સાર મધુર વચન બોલવું, ભગવાનના ગુણલા ગાવા તે છે. એવી રીતે **देहस्य सारो व्रत धारणं च** " આ મનુષ્ય દેહનો સાર વ્રત ધારણ કરવો તે છે. ગાડીને બ્રેકની જરૂર છે, ઘોડાને લગામની જરૂર છે, હાથીને અંકુશની જરૂર છે. નૌકાને શઢની જરૂર છે, પ્લેન ચલાવવા માટે પાયલેટની જરૂર છે, અને સ્ટીમરને ચલાવવા માટે કેપ્ટનની જરૂર છે એવી રીતે માનવ દેહ રૂપી નૌકાને ચલાવવા માટે એને વ્રત નિયમ રૂપી શઢની જરૂર છે. સંતનો ઉપદેશ સાંભળીને સૌએ શક્તિ પ્રમાણે વ્રત. નિયમો અંગીકાર કર્યા. તેમાં સૌથી પહેલું પ્રાણાતિપાત વિરમણ વ્રત છે તેમાં સંતે સમજાવ્યું કે હિંસા કરવાથી કેટલું પાપ કર્મ બંધાય છે ને અહિંસાનું પાલન કરવાથી કેવો મહાન લાભ થાય છે.

कैवल्योदय कारिणी भवतां संतापसंहारिणी,
सद्हृत् पद्मविहारिणी कृतिहरी दीनात्मनां देहिनाम् ।
सद्बोधामृतधारिणी क्षतितले नृणां मनोहारिणी,
जीवाज्जीवदया सतां सुखकरी सर्वार्थसंदादिनी ॥

કેવળ જ્ઞાનનો ઉદય કરનારી, સંસારી જીવોના કષ્ટને હણનારી, શુદ્ધ હૃદયરૂપી કમળમાં વિચરનારી, દીન પ્રાણીઓના દુષ્ટ કર્મને ક્ષય કરનારી, પૃથ્વી ઉપર સમ્યગ્ જ્ઞાન રૂપી અમૃતને વર્ષાવનારી. સજ્જનોના મનને હરનારી, સર્વ મનોરથોને પૂર્ણ કરનારી, સુખદાયી એવી શાસનની વિજયવંતી જીવદયા જીવંત રહો.....અહિંસાનું પાલન કરનાર જીવ આ ભવમાં ને પરભવમાં મહાન સુખી થાય છે. જેણે સઘળાં આગમનો અભ્યાસ કર્યો હોય, મહામહેનતે તપ કર્યો હોય, અત્યંત હર્ષથી સુપાત્રને કિંમતી વસ્તુઓનું દાન કર્યું હોય ગુરૂદેવની ખૂબ ભક્તિ કરી હોય આ બધાની સાથે જો અહિંસાનું પાલન ન કર્યું હોય તો એ બધું નિરર્થક છે. જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી પણ અધર્મ છે. આવો ઉપદેશ સાંભળીને એક શ્રીમંત અને શ્રદ્ધાવંત શ્રાવકે પહેલું વ્રત અંગીકાર કર્યું કે મારે મોટકી હિંસા કરવી નહિ. આ પહેલું વ્રત અંગીકાર કરીને શેઠ ખૂબ સાવધાનીપૂર્વક એનું પાલન કરવા લાગ્યા.

બંધુઓ! વ્રત અંગીકાર કરવું તો સ્હેલ છે પણ જીવન સાટે એનું પાલન કરવું મહામુશ્કેલ છે. શેઠને વ્રત અંગીકાર કર્યા ઘણો સમય થયો. એક વખત એક દેવને વિચાર થયો કે આ શેઠ એના વ્રતનું પાલન તો બરાબર કરે છે પણ કસોટી આવે ત્યારે કેવા મક્કમ રહે છે એની હું પરીક્ષા કરું. પરીક્ષા કરવા માટે શાસનદેવી ઝમઝમ કરતા પધાર્યા ને શેઠને કહ્યું મહાનુભાવ! હું તમારા ઉપર પ્રસન્ન થઈ છું. માંગ....માંગ તું માંગે તે આપું. શેઠે કહ્યું કે દેવી! મારે કોઈ ચીજની કમીના નથી. મારે કંઈ માગવું નથી. આપે મને દર્શન દીધા એ મારું સદ્ભાગ્ય માનું છું કારણ કે દેવના દર્શન મૃત્યુલોકના માનવીને મહા દુર્લભ છે. દેવીએ કહ્યું શેઠ! તમારે ઘેર

બધું સુખ છે પણ તમારી મિલ્કતને ભોગવનારો પુત્ર નથી. આ સંપત્તિ કોણ ભોગવશે ! ઘરનાં દ્વાર ખુલ્લા રાખવાને પારણામાં ઝુલનારો પુત્ર થાય એવું વરદાન માંગો. શેઠે કહ્યું દેવી ! સંતાન પ્રાપ્તિ થવી એ તો ભાગ્યાધીન છે. કોઈ દેવ દેવીની તાકાત નથી કે એ પુત્ર આપી શકે ! તો પછી તમે મને કેવી રીતે પુત્ર આપી શકવાના છો ? મારા ભાગ્યમાં હશે તો થશે ને ભાગ્યમાં નહિ હોય તો નહિ થાય. મને એવી કોઈ લોલુપતા નથી.

શેઠે આવો જવાબ આપ્યો તો પણ દેવીએ કહ્યું "તથાસ્તુ," તારે ઘેર પારણું બંધાશે પણ શેઠ ! તમારે એક બોકડાનો ભોગ આપવો પડશે, ત્યારે શેઠે કહ્યું કે મેં કયાં આપની પાસે પુત્ર પ્રાપ્તિ માટે વરદાન માંગ્યું છે કે મારે ભોગ ચઢાવવો પડે ! મેં માંગ્યું જ નથી પછી વાત જ કયાં રહી ત્યારે દેવી કહે છે મેં "તથાસ્તુ" કહ્યું એટલે તને વરદાન મળી ચૂકયું છે, માટે તારે એ કાર્ય કરવું જ પડશે. શેઠે કહ્યું વરદાન માંગ્યું હોય તો બરાબર છે પણ વગર માંગે તમે કોને "તથાસ્તુ" કહ્યું ? પણ દેવી તો કહે છે શેઠ ! તમારે એ કામ કરવું જ પડશે. શેઠે કહ્યું મેં વ્રત અંગીકાર કર્યું છે. હું અહિંસા ધર્મનો ઉપાસક છું મારા હાથે એવું અઘટિત કાર્ય નહિ થાય, ત્યારે દેવી ક્રૂર ક્રોધે ભરાઈને કહે છે જો તારે સુખી રહેવું હોય તો તારે એ કામ કરવું પડશે નહિતર તું દુઃખી થઈ જઈશ. તારી પત્ની આદિ સમસ્ત કુટુંબનો સંહાર કરી નાંખીશ, એટલે તું જીવતો મરેલા જેવો થઈ જઈશ, ત્યારે શેઠે દઢતાપૂર્વક કહી દીધું કે જે થવું હોય તે ભલે થાય, સંપત્તિ જાય, પત્ની જાય અને મને મારવો હોય તો પણ મારી નાંખો. આ નિમિત્તે મરવાનું હશે તો પાંચમની છઠ્ઠ કોઈ કરી શકવાનું નથી. મને મરણનો ડર નથી. હું મારા પ્રાણનું બલિદાન આપીને પણ પ્રતિજ્ઞાનું પાલન કરીશ, ત્યારે દેવીએ એની પત્નીનું કૃત્રિમ રૂપ બનાવીને એનું ધડ જુદું કરી લોહીથી નીતરતું મસ્તક એની સામે ફેંકયું પણ શેઠ ડગ્યા નહિ, એટલે શેઠને મજબૂત ગાઢ બંધનોથી બાંધીને માર મારવા લાગ્યા તો પણ શેઠના મનમાં પ્રતિજ્ઞા છોડવાનો વિકલ્પ પણ ન આવ્યો ત્યારે દેવી સાક્ષાત્ રૂપમાં પ્રગટ થઈને શેઠના ચરણમાં નમી પડી ને કહ્યું શેઠ ! ધન્ય છે તમારી અડગતાને અને ધન્ય છે તમારી દઢ પ્રતિજ્ઞાને મેં આટલી આટલી કસોટી કરી છતાં તમારું રૂંવાડું ફરકયું નહિ. આવા દઢપ્રતિજ્ઞ શ્રાવકો જિનશાસનને જયવંતુ રાખશે. એમ કહી આશીર્વાદ આપીને દેવી અદૃશ્ય થઈ ગઈ. બોલો, આજે આવી પરીક્ષા થાય તો તમે વ્રતમાં દઢ રહી શકો ખરા ? અરે ! સૌથી પહેલાં તો આવું વ્રત લેવા તૈયાર નથી, અને કદાચ વ્રત લઈ લે તો પાળવામાં મક્કમતા નથી. સહેજ કસોટી આવે તો પ્રતિજ્ઞાને નેવે મૂકી દે. જે વ્રતમાં દઢ રહ્યા એમના નામો સિદ્ધાંતના પાને સુવર્ણાક્ષરે લખાયા.

સંયમમાં દઢપ્રતિજ્ઞ એવા ચિત્તમુનિ કહે છે હે બ્રહ્મદત્ત ! સંસારની અસારતા,

પૌદ્ગલિક પદાર્થોની વિનાશકારિતા અને આયુષ્યની ક્ષણભંગુરતા સમજીને મેં દીક્ષા લીધી છે. આ પ્રમાણે ચિત્તમુનિએ કહ્યું ત્યારે પોતાની સંપત્તિ તરફ મુનિરાજને આકર્ષવા માટે બ્રહ્મદત્ત ચક્રવર્તિ કહે છે હે ચિત્તમુનિ!

उच्चोयए महु कक्के य बंभे, पवेइया आवसहा य रम्मा।
इमं गिहं चित्त धणप्पभूयं, पसाहि पंचाल गुणोववेयं ॥ १३ ॥

તમારે ઘેર ગમે તેટલી સંપત્તિ હશે પણ મારા જેવી સંપત્તિ નહિ હોય. મારે ત્યાં ઉચ્ચ-ઉદય-મધુ-કર્ક અને બ્રહ્મ આ પાંચ પ્રકારના પ્રાસાદો-મહેલો છે. આ મહેલો ખાસ મારા માટે બનાવેલા છે. એ પણ દેવકૃત છે. એમાં તો કંઈ પૂછવાપણું જ ન હોય. તે સિવાય બીજા પણ મારે ઘણાં સુંદર મહેલો છે. તે બધા પ્રચુર-પુષ્કળ મણી માણેક હીરા આદિ રૂપ ધન સમૃદ્ધિથી ઠાંસો ઠાંસ ભરેલા અને પાંચાલ દેશના વિશિષ્ટ એવા સાંદર્ય આદિ ગુણોથી સંપન્ન છે, માટે હે ચિત્તમુનિ! આપ એનો સ્વીકાર કરો. આ પ્રમાણે કહીને બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને કહે છે કે પાંચાલમાં અને ભરતક્ષેત્રમાં જેટલી વિશિષ્ટ વસ્તુઓ છે તે બધી વસ્તુઓ મારા ભવનોમાં છે, માટે આપ આ ભવનોનો સ્વીકાર કરો.

બંધુઓ! ચક્રવર્તિના એવા પ્રબળ પુણ્ય હોય છે કે ચક્રવર્તિને રહેવા માટે જે જે ઋતુમાં જેવી જેવી સાનુકૂળતા જોઈએ તેવા મહેલો, દેવો એમને માટે તૈયાર કરે છે, એટલે કહે છે કે હે મુનિ!

"ઉદય, ઉચ્ચ, મધુ, કર્ક, બ્રહ્મ આ સુખ મહાલય ને વળી રાજ્ય આ."

પાંચ પ્રકારના દેવકૃત મહેલો, ધન-ધાન્ય, ઝવેરાત આદિ સમૃદ્ધિથી ભરેલા છે. તેને આપ સુખપૂર્વક ભોગવો. તમારે ઘેર ગમે તેવા મહેલો ને બંગલા હશે પણ મારા મહેલોની જેમ દેવોએ બનાવ્યા નહિ હોય! પહેલાં તો તમને ખબર ન હતી કે મારા પૂર્વભવના ભાઈને ઘેર આવી સમૃદ્ધિ છે તેથી તમે છોડીને નીકળી ગયા પણ હવે આપણે બંને ભાઈઓ ભેગા થયા છીએ માટે ચારિત્ર છોડી મારા મહેલમાં આવી જાઓ. આ રીતે બ્રહ્મદત્ત ચિત્ત મુનિને પોતાના તરફ આકર્ષવા માટે પોતાની સમૃધ્ધિનું વર્ણન કરે છે. જેમ નદી કિનારે આવેલા હડા નામના વૃક્ષો પાણીના પૂર આવતા. વાવાઝોડું થાતાં જડ મૂળમાંથી ઉખડી જાય છે પણ આ મુનિનો વૈરાગ્ય હડા નામના વૃક્ષ જેવો ન હતો, તેથી ચક્રવર્તિ ગમે તેટલી સંપત્તિના પ્રલોભનો આપશે છતાં એનાથી એમનું મન ચલિત નહિ થાય ને પોતાના સંયમમાં દૃઢ રહીને બ્રહ્મદત્તને કેવા કેવા જવાબ આપશે તે અવસરે.

આજે આયંબીલની ઓળીનો ત્રીજો મંગલકારી દિવસ છે. ત્રીજા દિવસે આપણે ત્રીજા પરમેષ્ઠી ભગવાન આચાર્યદેવની આરાધના કરવાની છે. વડલો જેમ ગંભીર હોય છે તેમ જિનશાસનમાં આચાર્ય ભગવંતો ગુણગંભીર હોય છે. તાપમાં આકુળવ્યાકુળ

થયેલા મુસાફરો બે ઘડી વડલાની છાયામાં વિસામો ખાય છે ને થાક ઉતારે છે એવી રીતે સંસાર તાપથી આકુળ વ્યાકુળ થયેલા મુસાફરો, આચાર્ય ભગવંત રૂપ વડલાની શીતળ છાયામાં વિસામો ખાય છે, શાંતિ અનુભવે છે. આચાર્ય ભગવંતો પોતાના જ્ઞાનના પ્રભાવથી અનેક જીવોને તારે છે. આચાર્ય ભગવંતના ૩૬ ગુણો છે. આજે એમના ગુણોનું ધ્યાન-સ્મરણ આદિ કરીને આપણે એમના પદને પામવા માટે આરાધના કરવાની છે. મહાન પુરૂષોના ગુણલા ગાતા, એમની ઉપાસના કરતા એમના જેવા બની શકાય છે.

ચરિત્ર :- "શેઠના ઘેરથી વિદાય લેતી સુશીલા -" સુલોચના રાણીએ સુશીલાને સમાચાર આપ્યા કે મારા બનેવી અને બંને બાળકો પગપાળા ચાલીને રાજમહેલ તરફ જઈ રહ્યા છે ને હું તમને તેડવા આવી છું, માટે બહેન! તમે જલ્દી ચાલો. નગરશેઠ તો આ બધું સાંભળીને આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયા. એના મનમાં ડર હતો કે હમણાં રાણી મને કંઈક કડક શબ્દો કહેશે પણ સુશીલા બિચારી તો પોતાના કર્મોને દોષ આપે એવી હતી. કોઈનો દોષ કાઢતી નથી. એણે કહ્યું. બહેન! હું મારા શેઠની રજા લઈ લઉં. સુશીલાએ શેઠને નમસ્કાર કરીને કહ્યું. આપે મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. આપની ઉદારતાને ધન્ય છે! હવે આપ રજા આપો તો હું મારી બહેન સાથે જાઉં. આ રીતે વિનયથી સુશીલાએ શેઠને વંદન કરીને રજા માંગી, ત્યારે શેઠે કહ્યું અરે! આપ આ શું કરો છો? વંદનના અધિકારી તો આપ છો. મેં આપની પાસે કામકાજ કરાવીને આપનો અક્ષમ્ય અપરાધ કર્યો છે. મને ક્ષમા કરો. આપ રાજરાણી છો ને મેં આપની પાસે કાળી મજુરી કરાવી! આમ પશ્ચાતાપ કરતા નગરશેઠે કહ્યું મને માફ કરો, ત્યારે સુશીલાએ કહ્યું શેઠ! એમાં આપનો કોઈ અપરાધ નથી. આપનો કોઈ દોષ નથી. દોષ તો મારા પાપ કર્મનો છે. મેં પૂર્વભવમાં એવા કોઈ પાપ કર્મો કર્યા હશે કે એ પાપનો બદલો આજે હું વાળી રહી છું. તમે તો મારા દુઃખને હળવું કર્યું છે. હું તમારે ત્યાં રંક નોકરાણી બનીને દુઃખની મારી આવી હતી હું કંઈ રાણીના રૂપમાં આવી ન હતી, માટે આપે એવો પશ્ચાતાપ કરવાની જરૂર નથી. બસ, હવે મને તમે સુખેથી રજા આપો તો હું વિદાય લઉં. આમ કહીને સુશીલાએ નગરશેઠને સાંત્વન આપ્યું.

બંધુઓ! સુશીલા કેવી પવિત્ર છે! અત્યાર સુધી તો દુઃખો વેઠયા ને કાળી મજુરી કરી. ત્રણ ત્રણ દિવસથી શેઠ-શેઠાણીએ પોતાના બાળકોને મળવા પણ જવા દીધી નથી છતાં એનો કેટલો ઉપકાર માને છે! હવે તો શેઠને ખબર પડી કે આ રાજાની સાળી છે ને પાછી રાજાની રાણી છે. ખુદ મહારાણી એને તેડવા માટે આવ્યા છે. હવે કયાં એને શેઠની રજા લેવાની જરૂર હતી! પણ ગુણવાન આત્માઓ વિનય ગુણ ચૂકતા નથી. નગરશેઠે ખૂબ પ્રેમથી બંને રાજરાણીઓની ભક્તિ કરી અને નજરાણું ભેટ ધર્યું. સુશીલાના શરીર પર કપડા ફાટલા તૂટલા હતા તે બદલાવી સારા વસ્ત્રાલંકારો પહેરાવી દીધા ને પાલખીમાં બેસાડી શેઠે બંનેને ભાવ ભરી વિદાય આપી.

" ભીમસેનનું સ્વાગત અને શેઠ શેઠાણીનો તિરસ્કાર :– સુશીલાને પતિને મળવાનો હર્ષ હતો એટલે પાલખી ઝડપભેર રાજમહેલ તરફ રવાના થઈ. ભીમસેન અને વિજયસેન પણ કુમારો સાથે રાજમહેલ તરફ આવી રહ્યા હતા. ખુદ નગરનરેશ પોતાના સાઢુભાઈ ભીમસેન નરેશની સાથે પગપાળા રાજમહેલ તરફ જઈ રહ્યા છે એ જાણીને તેમને જોવા માટે ને તેમનો સત્કાર કરવા માટે નગરજનો ચોરે ને ચૌટે, ગોખે ને ઝરૂખે ઉભા હતા અને જયાં જ્યાંથી તેઓ પસાર થતાં ત્યાં ત્યાં પ્રજાજનો તેમને પુષ્પોથી, ચોખાથી વધાવતા હતા, અને જોરશોરથી તેમનો જયનાદ બોલાવતા હતા. કંઈક નગરજનો અંદરો અંદર વાતો કરતા હતા કે જુઓ, આ કોણ છે ? ખબર છે ? પેલા લક્ષ્મીપતિ શેઠને ઘેર આ માણસ મહિને બે રૂપિયાના પગારમાં નોકરી કરતો હતો. શેઠ બે રૂપિયામાં તો એની પાસે કેવી કાળી મજુરી કરાવતા હતા, અને એની પત્ની પાસે ભદ્રા શેઠાણી કેટલું કામ કરાવતી હતી, માર મારતી હતી ને છેવટે ભદ્રાએ એના ઉપર કલંક ચઢાવીને બાવડું પકડીને ઢસેડીને બહાર કાઢી મૂકી, અને બિચારી ઝૂંપડી બાંધીને રહેતી હતી તે ઝૂંપડી પણ ભદ્રાએ બાળી મૂકી એટલે નિરાધાર બનીને કુંભારને ઘેર કામ કરતી હતી. ત્યાંથી હમણાં નગરશેઠની હવેલીએ કામ કરે છે. મહારાણી પાલખી લઈને એને તેડવા નગરશેઠને ઘેર ગયા છે. એ પણ હમણાં આવી પહોંચશે. આપણા રાજાની સાળી અને સાઢુભાઈ એ આપણાં જ નગરમાં કેટલા દુઃખ વેઠયા ? અત્યાર સુધી કોઈ એ એમને ઓળખ્યા નહિ. આજે એમના પુણ્યનો ઉદય થયો. હવે એમનું બધું દુઃખ ચાલ્યું ગયું. આમ અંદરોઅંદર વાતો કરતા હતા.

" ભીમસેનને જોતાં વાંદરાને જાગેલો ઉલ્લાસ:–" ચાલતાં ચાલતાં મહારાજા નગરના ચોકમાં આવ્યા. હજારો નગરજનો એમનું સ્વાગત કરે છે. ત્યાં રસ્તાની બાજુ ઉપર ઝાડ હતા. એ ઝાડ ઉપર વાંદરાઓનું ટોળું બેઠું હતું. તેમાંનાં એક કપિરાજને (વાંદરાએ) પ્રજાજનોને રાજાનું સ્વાગત કરતા જોઈ સ્વાગત કરવાનું મન થયું. ઝાડ ઉપર બેઠા બેઠા એણે તો હૂપાહૂપ કરીને પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો. તે કયાંકથી સુગંધી પુષ્પોની એક સુંદર માળા ઉપાડી લાવ્યો હતો તે એવી રીતે ફેંકી કે એ સીધી ભીમસેનના ગળામાં પડી, અને બીજા છૂટ પુષ્પોની વૃષ્ટિ કરી. ભીમસેને ઉચું જોયું તો કપિરાજ એના સામું જોઈને હુપાહુપ કરીને હર્ષની ચીચીયારીઓ કરી રહ્યો હતો. ને બે હાથ જોડી નમન કરી રહ્યો હતો. વાંદરાની આ ભક્તિ જોઈને લોકોને ખૂબ આશ્ચર્ય થયું કે આ ઝાડ ઉપર કૂદાકૂદ કરતો વાંદરો આ શું કરી રહ્યો છે ? ત્યાં વાંદરાએ શું કર્યું ?

મર્કટ કંથા લાકર દીની, ભીમ ભૂપ કે ડાર,
ફેંક ન લગે લોક મત ફેંકો, ઇસમેં માલ અપાર.

સરોવરમાં ભીમસેન સ્નાન કરવા ગયો ત્યારે વાંદરો આવીને એની મેલી ગોદડી ઉઠાવી ગયો હતો તે જ ગંદી અને જીર્ણ ગોદડી વાંદરાએ ઝાડ ઉપરથી ભીમસેન

ઉપર ફેંકી. એ સીધી ભીમસેનના પગ આગળ પડી. ભીમસેને તરત એને હર્ષથી લઈ લીધી, ત્યારે વિજયસેન રાજાએ કહ્યું ભીમસેન ! આ શું કરો છો ? આવા ગંદા ને મેલા ગાભાને તમે શું સ્પર્શ કરો છો ? છી....છી....છી...એને અહીંથી ફેંકી દો. રાજાના માણસો પણ છી....છી....કરીને ભીમસેનના હાથમાંથી લઈને ફેંકી દેવા માટે આવ્યો. ત્યારે ભીમસેને કહ્યું આ ગંધાતો ગાભો નથી. આ તો મહાદુઃખમાં કાળી મજુરી કરીને મેળવેલી આ અમૂલ્ય ભેટ છે. આ માત્ર કંથા નથી પણ અમૂલ્ય રત્નોનો એ ખજાનો છે, પછી ચાલતાં ચાલતાં ભીમસેને કંથાની કથા વિસ્તારપૂર્વક વિજયસેન રાજાને કહી સંભળાવી, એટલે વિજયસેને તરત એ કંથાને સંભાળીને રાખવાની સુભટોને સૂચના કરી.

બંધુઓ ! જ્યારે માણસના પાપનો પડદો ખસે છે ને પુણ્યનો ઉદય થાય છે ત્યારે ચારે બાજુથી બધું મળી જાય છે. જ્યારે મહાન દુઃખમાં હતા ને ધનની જરૂર હતી ત્યારે મહા દુઃખ વેઠીને લાવેલુ ધન વાંદરો હુપાહુપ કરીને ઉઠાવી ગયો ને પૂણ્યનો ઉદય થયો ત્યારે હુપાહુપ કરીને રત્નોની ગોદડી ફેંકી ગયો. ભીમસેનને સાતભાઈ મળ્યા, પુત્રો મળ્યા, રત્નોની ગોદડી મળી. હજુ રાણી સુશીલા મળી નથી. એની રાહ જોવાય છે. હવે સુશીલા રાણીને લઈને સુલોચનારાણી આવી રહી છે. હવે શું બનશે તેનાભાવ અવસરે.

○ ○ ⊙

વ્યાખ્યાન નં. ૭૧

આસો સુદ ૧૦ ને રવિવાર **તા. ૩૦-૯-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનાદિ અનંત સંસારમાં કર્મથી પરવશ બનેલો આત્મા ચાર ગતિઓમાં પાંચ જાતિ રૂપે અનંતકાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે. સુખાભાસ રૂપ સુખોમાં આનંદ, હર્ષ કે ઉન્માદને આધીન બનતો તથા પાપોદય જનિત સાંસારિક દુઃખોમાં શોક, આક્રંદને ધારણ કરતો સંસારી આત્મા અનંત ભૂતકાળમાં ક્યાંયે કોઈ રીતે ઠરીને ઠામ બનીને રહ્યો નથી. જન્મ-જરા-મૃત્યુ અને એના કારણરૂપ કર્મ અને કષાયના કલેશની પરંપરાને વૃદ્ધિ પમાડતો આ જીવાત્મા પોતાના સાચા સ્વરૂપને ખોઈ બેઠો છે. તેથી તેનું સંસાર પરિભ્રમણ સતત ચાલુ રહ્યુ છે. સંસારી જીવને પૌદ્ગલિક ઈષ્ટ સંયોગજન્ય કે અનિષ્ટ વિયોગજન્ય સુખ ગમે છે પણ ઈષ્ટ વિયોગજન્ય કે અનિષ્ટસંયોગજન્ય દુઃખ ગમતું નથી. આવા દુઃખોથી તે ભાગતો ફરે છે.

સંસારી જીવને મૃત્યુ ગમતું નથી. તેના પ્રત્યે તેને ભારે અરૂચી છે. ખૂબ નફરત છે. એને જન્મ ગમે છે. ઈષ્ટ લાગે છે, પ્રિય-અતિપ્રિય લાગે છે. યૌવન ગમે છે. ઈન્દ્રિયો થનગનતી રહે, કાયામાં બળ, જોમ, તાકાત કે સ્ફૂર્તિ રહે તે એને ગમે છે, પણ ડાચા બેસી ગયા હોય, શરીરના અંગેઅંગમાં કરચલીઓ પડી ગઈ હોય, કાને

સાંભળે નહિ, આંખોથી દેખાય નહિ હાથ-પગ ધાર્યું કામ આપે નહિ એવી આ શરીરની અવસ્થા કે જે જરા કહેવાય છે તે સંસારમાં કોને ગમે ? કોણ તેને વધાવે ? પોતાના જીવનમાં પોતાની જાત માટે ન ગમે એટલું જ નહિ પણ કોઈને જરાથી જર્જરિત, બિભત્સ શરીરવાળો જોતાં મન ઉંચું થઈ જાય, આંખને તે અળખામણો અને બિહામણો લાગે, પણ સંસારી જીવોની કરૂણ અજ્ઞાનતા છે, વિષમ વિચિત્રતા છે કે બાવળ વાવ્યા પછી કાંટા ઉગે ત્યારે વાવતી વખતના આનંદ કે ઉન્માદને ભૂલીને શોક તેમજ આક્રંદની ચીચીયારીઓ પાડે છે. જો જન્મને વધાવવો હોય તો મૃત્યુ અનિવાર્ય છે, યૌવન ગમી જતું હોય તો જરા વળગેલી છે, સુખનો આનંદ ગમતો ન હોય તો દુઃખ અનુભવવું પડશે.

જન્મ અને મૃત્યુ, યૌવન અને જરા, સુખ અને દુઃખ આ દ્વંદ્વો સંસારમાં અનાદિકાળથી પ્રત્યેક સંસારી જીવોને વળગેલા છે. એ દ્વંદ્વમાં જન્મના આનંદ કરતા મૃત્યુનું દુઃખ ક્ષણે ક્ષણે જીવનની પ્રત્યેક પળોમાં આત્માને કદર્થના આપી રહેલ છે. યૌવન કરતાં પણ જરાની વેદના આત્માને ભયાનક રીબામણ આપે છે, અને સુખ કરતાં દુઃખ સંસારમાં સર્વ કોઈને અનંત વ્યથા જન્માવે છે. આ સ્થિતિમાં એક જ નિદાન હોઈ શકે અને તે એ કે જન્મ, જરા, મૃત્યુ એ ત્રણેયના સર્વનાશનું જે કોઈ સાધન તે જ આત્માને અનંત વ્યથા, વેદના કે રીબામણમાંથી વિમુક્ત કરવાને સર્વ રીતે સમર્થ છે. ત્રણે ય લોકમાં આવું કોઈ સાધન શોધવા મથો, બુદ્ધિ, બાહુબળ કે ઐશ્વર્યની અમાપ સાહ્યબીથી આવી વસ્તુને મેળવવા મથો તો તમને શ્રી અરિહંતના શાસન સિવાય કોઈ સ્થાને આ સાધન પ્રાપ્ત નહિ થાય. શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા સદ્ધર્મનો એ મહિમા છે. તેમના માર્ગનો એ અનંત ઉપકાર છે કે તેના આરાધક આત્મા મન, વચન તેમજ કાયાથી આ ધર્મારાધનામાં પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દે તો પરિણામે જન્મ-જરા તથા મૃત્યુના પારને પામી આધિ, વ્યાધિ તેમજ ઉપાધિના અનંત સાગરને હળવો કરી તેને તરી જાય છે. તે સાધક આત્માને શ્રી અરિહંત પ્રરૂપિત ધર્મની આરાધનાને અંતે કર્મના કલેશનો નાશ થતાં અવ્યાબાધ, અનંત તેમજ અક્ષય સુખનો સાક્ષાત્કાર થાય છે.

આવા અનંત સુખને આપનાર સદ્ધર્મની પ્રાપ્તિ ભૂતકાળમાં આત્માને થઈ નથી. અગર થઈ હોય તો તેને સફળ બનાવવા આત્માએ પુરૂષાર્થ આચર્યો નથી. આજ કારણે આત્માને જગતના ઐશ્વર્ય, સંપત્તિ કે અખૂટ વૈભવો અને પૌદ્ગલિક સુખોનો વિરાટ સમુદાય પ્રાપ્ત થવા છતાં સુખ, શાંતિ કે સ્વસ્થતાની તેની ભૂખ સાચી રીતે શમી નહિ. આ કારણ જગદ્ગુરૂ, જગતબંધુ, અનંત કરૂણાસિંધુ, દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માનો એ ઉપકાર છે કે તેઓએ સંસારના સમસ્ત આત્માઓના મંગલ કાજે, વાસ્તવિક શ્રેય માટે, અવ્યાબાધ સુખ, અનંત સામર્થ્ય તથા અક્ષય સમૃદ્ધિની પ્રાપ્તિ માટે સદ્ધર્મનો

ભવ્ય સંદેશો વહેતો કર્યો. શરીર, સંપત્તિ તથા સ્વજનની ત્રિપુટીના મોહમાં અંધ બનેલો અને રાગ-દ્વેષ, ક્રોધ, માનાદિ કષાયો તથા અજ્ઞાન, અવિરતિમાં આથડતો આ આત્મા અનંતકાળથી જે અસીમ વેદનાઓના મહાસાગરમાં ડૂબી રહ્યો છે તેમાંથી તેનો ઉદ્ધાર કરનાર, તેનો હાથ પકડી તેને અનંત સુખ સાગરમાં નિમગ્ન રાખનાર દેવ, ગુરૂ તથા ધર્મરૂપ ત્રિપુટી છે, તેમાં ધર્મ સાક્ષાત્ ઉપકારક છે, છતાં તે શુદ્ધ ધર્મરૂપ રત્નનું દાન કરી સમસ્ત સંસારના ભવ્ય જીવો પર અનંત ઉપકાર કરનારા વિશ્વમાં જો કોઈ હોય તો શ્રી અરિહંત પરમાત્મા છે. ધર્મમાર્ગના પ્રવર્તક, પ્રચારક તથા સંસ્થાપક તો શ્રી અરિહંત ભગવંતો છે, માટે વાસ્તવિક રીતે શ્રી અરિહંત પરમાત્માની ઓળખાણ કરવી જરૂરી છે. એ ઓળખાણ રત્નોની ખાણ છે.

બંધુઓ ! સંસારમાં તમે ઓળખાણ તો ઘણી કરી છે, પણ એ ઓળખાણ સ્વાર્થની છે. તે પણ જ્યાં સુધી તમે સાચવો, સૌને અનુકૂળ બનીને રહો, વાર તહેવારે યાદ કરો, બહારગામ રહેતા હોય તો કાગળ-પત્ર લખો તો ઓળખાણ ને સબંધ ચાલુ રહે. આ ઓળખાણ માત્ર આ ભવ પૂરતી છે. જ્યારે દેવ-ગુરૂ અને ધર્મની ઓળખાણ તો ભવોભવ પૂરતી છે, અને પરમાર્થમય છે. તમે ભગવાનની પાસે કે ભગવાનની આજ્ઞામાં વિચરતા સંતોની પાસે ગમે ત્યારે જાઓ કે ધર્મનું શરણું અંગીકાર કરો તો એ તમને દુઃખમાં અવશ્ય સહાયક થવાના, કારણ કે એમનામાં સ્વાર્થ નથી, એકલા પરમાર્થની ભાવના છે, માટે દેવ-ગુરૂ અને ધર્મની ઓળખાણને રત્નોની ખાણ કહી છે. જેને દેવ-ગુરૂ અને ધર્મની શ્રદ્ધા થાય એ આત્મા સમ્યક્ત્વ પામી જાય છે. સમકિત પામ્યા પછી જીવની પ્રવૃત્તિ અને પ્રકૃતિમાં પણ પરિવર્તન આવી જાય છે. કર્મનો ઉદય થાય ત્યારે સમતા રાખવાનું બળ મળે છે. દુઃખ વખતે એ પોતાના કર્મોના દોષ દેખે છે. સુખ મળે તો સમજે કે મારા શુભ કર્મોનો ઉદય છે અને દુઃખ પડે તો સમજે કે મારા અશુભ કર્મોનો ઉદય છે. આવી સમજણ અને વિવેક આપનાર હોય તો ભગવાન મહાવીર સ્વામીના દેવવંશી દૂતો સમાન સંતપુરૂષો છે.

આપણા અધિકારમાં ચક્રવર્તિ ચિત્તમુનિને કહી રહ્યા છે કે હે મુનિ ! મારા દેવકૃત ભવનોમાં દેવાંગના જેવી કન્યાઓ છે. મહેલમાં જે ફર્નીચર છે તે બધું હીરા અને રત્નોથી જડેલું છે. આ મારા ઝગમગતા હીરા અને મણીથી જડેલા સુવર્ણના મહેલો તો દેખો. વધુ શું કહું ! હું આખું રાજ્ય તમારા ચરણોમાં સમર્પિત કરી દઉં, પણ તમે એક વાર મારા મહેલમાં ચાલો.

બંધુઓ ! ભૌતિક સુખનો અર્થી ભોગમાં આનંદ માને છે કારણ કે પૂર્વે નિયાણું કરીને આવ્યા છે. એ સુખને માટે અમૂલ્ય કરણી વેચી નાંખી છે, એટલે એને તો એમાં આનંદ આવે છે અને ત્યાગી મુનિને પણ પોતાના ભેગા ભેળવવા માટે વિનંતી કરે છે. પાપની લક્ષ્મી માણસને ધર્મ ભૂલાવી દે છે ને સંસારના સુખમાં ગળાબૂડ ખૂંચેલા રાખે

છે, અને પુણ્યની લક્ષ્મી માણસ અધમી હોય તો પણ ધર્મની પ્રેરણા આપે છે. તે સારા કાર્યમાં વપરાય છે. આજે જ્યાં જુઓ ત્યાં પૈસા તો ખૂબ દેખાય છે. માણસો દાન પુણ્ય ઘણું કરે છે. લાખો રૂપિયા દાનમાં વાપરે છે પણ પૈસા તો બે નંબરના ને? એક ભક્ત ગાય છે કે

છૂપા દાનો પણ દઉં છું પણ એ દઉં છું ક્યારે?
બે નંબરના નાણાંને સંતાડી શકું ના જ્યારે,
જે મારો ટેક્સ બચાવે હું એને દાન કરું છું,
અને કીર્તિ જે બંધાવે એને હું દાન કરું છું, બાકી જે માંગે એનું અપમાન કરું છું.

જીવની કેવી દશા છે! આ સરકારના લફરા વધ્યા ને તમારા ચોપડા પણ એક નંબરના અને બે નંબરના થઈ ગયા. જીવોના એટલા પુણ્ય ઘટ્યા કે આજની સરકાર તમારા પર કેટલા ટેક્સ નાંખી રહી છે! છતાં વૈરાગ્ય આવે છે! યાદ રાખજો. ધર્મ વગર જીવની સિદ્ધિ નથી.

એક મોટા શહેરમાં સુમનલાલ નામે એક શ્રીમંત શેઠ વસતા હતા. શેઠને ચાર દીકરા હતા. ચારે સુખી ઘેર પરણ્યા હતા. પુણ્યોદયે લક્ષ્મી ઘણી છે. દીકરા વહુ બધા શેઠની આજ્ઞા પ્રમાણે રહે છે. આથી સુમનલાલ શેઠ છાતી કુલાવીને ફરતા કે આ દુનિયામાં મારા જેવું સુખી કોણ છે? શેઠના ઘરમાં ગાડી-મોટર-નોકર ચાકર બધું હતું પણ સુખના મૂળ રૂપ ધર્મનું નામનિશાન દેખાતું ન હતું પૂર્વભવમાં પુણ્યની કમાણી કરીને આવ્યા છે તે આ ભવમાં બેઠા બેઠા ખાઈ રહ્યા છે, આનંદ કરે છે પણ કાયમ માટે દિવસો સરખા રહેતા નથી. એક વખત એ નગરના રાજાનો પ્રધાન બદલાયો. એ નવો પ્રધાન ખૂબ ટૂંકી દૃષ્ટિનો હતો. પ્રજામાં જે કોઈ શ્રીમંતને દેખે કે એનું ધન કોઈને કોઈ રીતે રાજાના ભંડારમાં ભરવું એવી દૃષ્ટિ હતી. એટલે એ નવા નવા ટેક્સ વધારીને પ્રજાને ચૂસવા લાગ્યો. તે સિવાય બીજી ઘણી રીતે પ્રજાને હેરાન કરવા લાગ્યો. તેથી નગરમાં ત્રાસ ત્રાસ વ્યાપી ગયો. પ્રધાનનો ત્રાસ જોઈને મોટા મોટા વેહેપારીઓએ ભેગા થઈને નક્કી કર્યું કે હવે આ નગરમાં રહેવા જેવું નથી. બીજે કયાંક જઈને રહીએ. એમ વિચાર કરીને બધા વહેપારીઓ બધો વહેપાર સંકેલીને બીજા ગામમાં જઈને વસ્યા.

"પુત્રવધુની ચેતવણીથી નગર છોડતા શેઠઃ-" આ સુમનલાલ શેઠના મનમાં એવો અભિમાન છે કે આ નગરમાં હું મોટો છું. મારું કોઈ નામ લઈ શકે તેમ નથી, પણ શેઠના મોટા દીકરાની વહુ મનમાં વિચાર કરવા લાગી કે આ નગરમાં પ્રધાનના ત્રાસના કારણે મોટા મોટા વહેપારીઓ ગામ છોડીને ચાલ્યા ગયા ને મારા સસરા હજુ કેમ શાંતિથી બેઠા છે? એટલે વહુએ સાસુને વાત કરી કે બા! બધા શેઠીયાઓ લગભગ નગર ખાલી કરીને ચાલ્યા ગયા ને મારા સસરા તો નિશ્ચિત બનીને

બેઠા છે. શું એમને ખબર નથી કે આ પ્રધાન કયારે આપણને લૂંટી લેશે તેનો કોઈ ભરોસો નથી. જો આપણે આ નગરનો અને આ બંગલાનો મોહ રાખીને બેસી રહીશું તો ભિખારી થઈ જઇશું. એના કરતાં પાસે જે માલમિલ્કત છે તે લઈને પરદેશ ચાલો. આપણા ભાગ્યમાં જે હશે તે મળી રહેશે. મોટા પુત્રવધુની વાત સાસુને યોગ્ય લાગી, એટલે એણે શેઠને વાત કરી, ત્યારે શેઠે પોતાના ચારે દીકરાઓને બોલાવીને વાત કરી અને પરદેશ જવાનું નક્કી કર્યું. દુકાનમાં જે માલ હતો તે બધો વેચીને પૈસા કરી લીધા, અને પોતાની માલમિલ્કત લઈને શેઠ નગર છોડીને ચાલ્યા ગયા ને બીજા કોઈ સારા શહેરમાં જઈને વસ્યા.

" શેઠનો જાગેલો પુણ્યોદય " :– ત્યાં તેમણે એક મોટો બંગલો લીધો. શહેરના મધ્યભાગમાં એક મોટી દુકાન નાંખી. આ શેઠનું પુણ્ય ઘણું હતું એટલે અહીં પણ વહેપાર ધમધોકાર ચાલવા લાગ્યો. ચાર દીકરાઓ અને પાંચમા શેઠ એમ પાંચ પાંચ જણા કામ કરવા લાગ્યા. બાર મહિનામાં તો શેઠને ખૂબ કમાણી થઈ, તેથી પોતાના વતનમાં બંગલા–બગીચા છોડવા પડ્યા એનો અફસોસ ન રહ્યો. ત્યાંની જેમ જ બંગલા, બગીચા બધું વસાવી દીધું બધા આનંદથી રહેવા લાગ્યા, પણ ત્યાંની બજારમાં બધા વહેપારીઓને ઈર્ષ્યા આવી ગઈ કે આ શેઠ આપણા બધા કરતા ચઢી ગયા. આથી વહેપારીઓએ નક્કી કર્યું કે આજથી આપણે આ શેઠ સાથે કોઈ જાતનો વ્યવહાર રાખવો નહિ. શેઠને કે એના દીકરાઓને કોઈને બોલવવા નહિ. હવે બજારમાં કે બગીચામાં કોઈ શેઠની સાથે વાત કરતું નથી કે શેઠના દીકરાઓને કોઈ બોલાવતું નથી. બધા એમની વિરુદ્ધ વાતો કરવા લાગ્યા.

બંધુઓ ! અત્યાર સુધી આ શેઠના આનંદનો પાર ન હતો. એ એમ માનતા હતા કે મારી પાસે પૈસા ખૂબ છે. પુત્રો પણ બરાબર વહેપાર કરે છે. પુત્રવધૂઓ અને મારી પત્ની બધા સારા છે એટલે મારી પાસે તો હામ–હામ ને હામ બધું છે. ભલે, મારું મૂળ વતન છોડવું પડ્યું પણ હું અહીં બધી રીતે સુખી છું. આમ ખુશ થઈને ફરતા હતા પણ આ ગામમાં આવું ઈર્ષ્યાનું વાતાવરણ સર્જાતા શેઠનો આનંદ ઉડી ગયો.

" કરમ રૂઠે કદી જ્યારે જડે લોહ મેખ કનક થાળે. "

સુમનલાલ શેઠના એવા કર્મનો ઉદય થયો કે આ શહેરમાં, બજારમાં, અને આડોશપાડોશમાં કોઈ એમના આખા કુટુંબને બોલાવતું નથી. એમના પ્રત્યે સહાનુભૂતિ કે પ્રેમ કોઈ દર્શાવતું નથી. હવે કરવું શું ? આ સંસારનું સ્વરૂપ વિચિત્ર પ્રકારનું છે. ગમે તેટલું સુખ હોય પણ જો તેમાં દુઃખની એક જ ચિનગારી ચંપાઈ જાય તો બધું સુખ નષ્ટ થઈ જાય છે. ઘણું સુખ હોવા છતાં એ સુખ દુઃખરૂપ લાગે છે, આટલા માટે જ્ઞાનીઓએ સંસારને અસાર કહ્યો છે. અત્યાર સુધી આનંદમાં મસ્ત રહેનાર સુમનલાલ શેઠનો બધો આનંદ હવે ઓસરી ગયો. એક દિવસ શેઠનું આંખું

કુટુંબ ભેગું થઈને બેઠું. સૌ વિચાર કરવા લાગ્યા કે હવે શું કરવું ? ત્યારે શેઠ કહે છે કે બધા શાંતિ રાખો. થોડો સમય જોઈએ. ધીમે ધીમે આપણે બધા સાથે ભળી જઈશું. પ્રભુકૃપાએ સૌ સારા વાના થશે. શેઠાણી કહે શું શાંતિ રાખે ? આખું ગામ પૂર્વભવનું વૈરી હોય એવો આપણી સાથે વ્યવહાર રાખે છે. મને તો અહીં એક દિવસ પણ રહેવું ગમતું નથી, ત્યારે મોટા દીકરાની વહુ બોલી કે બાની વાત તો સાચી છે. આવા ગામમાં રહીને શું કરવાનું ? જ્યાં પ્રેમ કે આદર નહિ તેવા ગામમાં રહીને આપણે શું સુખી થવાના છીએ ?

બીજી પુત્રવધુ કહે કે ગામ છોડે દુઃખ નહિ ટળે પણ લોકોને રાજી કરો. મોટા માણસોને જમાડો. કોઈને વગર વ્યાજે પૈસા આપો. આમ કરવાથી લોકો આપણા થશે ને આપણું સારું બોલશે. ત્રીજી વહુ કહે પૈસા એવા કેટલા આપશું ? આપશો ત્યાં સુધી સારું લાગશે સાસુ કહે બેટા ! તો શું કરવું ? તમે કહો, ત્યારે વહુ કહે ઠાઠમાઠ ઓછો કરો. સાદું જીવન જીવો. ગાડી મોટર કાઢી નાખો. રસોઈયા, નોકર બધાને રજા આપો. તદ્દન સાદાઈથી જીવો. આ સાંભળીને દીકરાઓ બોલ્યા કે તમે તો બધી મોજ માણી લીધી પણ અમારૂં શું ? મા-બાપ કહે કે બધા દિવસ ઓછું આવું રહેવાનું છે ! ચોથા દીકરાની વહુને આ બધી વાતોથી સંતોષ ન થયો. આ વહુ ખૂબ ગુણીયલ હતી. એનું નામ નિર્વાણી હતું. નામ તેવા જ તેનામાં ગુણ હતા. સાથે તે શરમાળ પણ ખૂબ હતી, એટલે ધીમેથી સાસુને પૂછયું-બા ! મારા બધા ભાભીઓએ તેમનો અભિપ્રાય આપ્યો તો હું કાંઈ કહી શકું ? આ નાની પુત્રવધુ ખૂબ સમજુ અને વિનયવંત હતી અને સૌથી નાની હતી તેથી સાસુને ખૂબ વહાલી હતી.

"વડીલો પ્રત્યે નિર્વાણીની ધર્મ માટે મીઠી ટકોર" :-સાસુજીએ કહ્યું બેટા નિર્વાણી ! તું શા માટે શરમાય છે ? બધાએ પોતપોતાના અભિપ્રાય આપ્યા. હવે તું પણ તારો અભિપ્રાય જણાવ. નિર્વાણી કહે છે આપ બધા મારા વડીલ છો. મારો અવિનય થાય તો માફ કરજો. પણ દુઃખ સાથે મારે કહેવું પડે છે કે હું જ્યારથી આ ઘરમાં પરણીને આવી છું ત્યારથી જોયા કરું છું કે ખાવા પીવા અને ખેલવા સિવાય બીજી કોઈ વાત છે ? ઘરમાં ઘણી બધી વાતો થાય છે પણ ધર્મની કોઈ વાત થાય છે ? બા, બાપુજી, ભાઈઓ અને ભાભીઓ ! બધા જરા વિચાર કરો. આપણે આપણું ગામ અને ઘર બધું છોડીને અહીં આવવું પડયું. અહીં નવા નામે બધું વસાવ્યું. આપણા પોતાના પૈસાથી ધંધો કરીએ છીએ. આ ગામમાં આપણે કોઈનું કંઈ બગાડયું નથી છતાં બધા આપણા ઉપર આટલી બધી ઈર્ષ્યા શા માટે કરે છે ? તેના માટે બધી વિચારણાઓ થઈ. કોઈ કહે ગામ છોડી દો, કોઈ કહે બધાને અવડાવો, અને વગર વ્યાજે પૈસા ધીરો, તો કોઈ કહે કંજુસાઈ કરો પણ એમાં કોઇએ ધર્મ કરવાની વાત કરી ? પહેલા તો આ સુખ સંપત્તિ આપણને કેમ મળી ને એમાં

આવું દુઃખ કેમ આવ્યું ? તેનું મૂળ કારણ વિચારો. સુખ પામવાના અને દુઃખ ટાળવાના ઉપાયો અને યોજનાઓ વિચારો છો પણ એ તો બધી જડ ક્રિયાઓ અને ઉપલકીયા વિચારણાઓ છે. કોઈ દિવસ આ ઘરમાં ધર્મની વિચારણા ચાલતી નથી. હું તો પરણીને આવી ત્યારથી આજ દિવસ સુધીમાં મેં સુપાત્ર દાન દેતા, ધર્મમાં પૈસા વાપરતા કે ગરીબના દુઃખો મટાડતા જોયા નથી. તેમજ સામાયિક પ્રતિક્રમણ કે ચૌવિહાર કોઈ કરતું નથી. જો તમે સમજો તો તમોને જણાશે કે, લોકો આપણા ઉપર ઇર્ષ્યા કરે છે એજ બતાવે છે કે આપણું પુણ્ય હવે ઘટવા માંડયું છે, અને પાપના ઉદયની તૈયારી છે, માટે પાપનો ઉદય થતાં પહેલાં ધર્મની આરાધના કરવા માંડો. આપણું ઘર તો જાણે નાસ્તિકનું જ ન હોય તેમ લાગે છે, મારો અવિનય હોય તો માફ કરજો, પણ મારું અંતર તો દુઃખથી વલોવાઈ રહ્યું છે એટલે મારાથી બોલાઈ જાય છે કે ભગવાન ! મેં પૂર્વભવમાં કેવા પાપ કર્યા હશે કે જે ઘેર ધર્મ નહિ તે ઘેર મારે આવવું પડયું ! આટલું બોલતાં નિર્વાણીની આંખમાં દડદડ આંસુની ધારા વહેવા લાગી હૈયું ભરાઈ ગયું.

નિર્વાણીની આવી કિંમતી બોધભરી વાણી સાંભળીને આખું કુટુંબ સ્તબ્ધ બની ગયું. સાસુ કહે છે બેટા નિર્વાણી ! તારી વાત તદ્દન સાચી છે. તારા એકેક બોલ લાખ રૂપિયા કરતા પણ કિંમતી છે. અમે સુખ ભોગવ્યું પણ સુખ આપનાર ધર્મને કદી યાદ નથી કર્યો ! બેટા ! તું રડીશ નહિ. શાંત થા અને તારે જે કહેવું હોય તે દિલ ખોલીને ખુશીથી કહે. અમને કોઈને દુઃખ થતું નથી. નિર્વાણી કહે છે બા–બાપુજી ! હું મારા પિયરમાં પૂર્વ ધર્મ કરીને આવી છું એટલે મને અહીં ધર્મ નથી મળ્યો એનું પારાવાર દુઃખ થાય છે. મારા પિતાજીને ત્યાં તો દરરોજ નિયમિત ઉપાશ્રયે જવાનું, સાધુ સાધ્વીને ભાવના ભાવનાની, સાધુ સાધ્વીજી પધારે ત્યારે ભાવપૂર્વક દાન દેવાનું, સવારે પ્રાર્થના કર્યા વિના દૂધ પીવાનું નહિ, મહિનામાં દશ તિથિનો લીલોતરીનો ત્યાગ, કંદમૂળ તો કદી ઘરમાં આવે જ નહિ, સાધર્મિક બંધુઓને યથાશક્તિ સહારો દેવાનો, ગામમાં સાધુ સાધ્વીજી બિરાજતા હોય અને સુપાત્રે દાન દેવાનો લાભ ન મળે તો રોજ એક વિગયનો ત્યાગ કરવાનો. દરરોજ સામાયિક પ્રતિક્રમણ કરવાના. આવો અમારે નિયમ હતો. પ્રતિક્રમણ કરીને મારા પિતાજી આધ્યાત્મિક પુસ્તક વાંચે અને અમારું આખું કુટુંબ સાંભળે. હું આવું બધું જોઈને આવી હતી ને અહીં તો મોજમઝા સિવાય બીજું કંઈ ન મળે એટલે મારા હૃદયના ટુકડે ટુકડા થઈ જતા પણ હું સૌથી નાની રહી તેથી મારાથી કેમ બોલાય ? એટલે અકળાઈ મૂંઝાઈને રાત્રે પ્રભુને એક જ પ્રાર્થના કરતી હતી કે,

સહેજે અચકાઉં ના સબળું ભલે ચાહવું જતું,
ખીલે જો બાગ તો એક ફૂલ ભલે કરમાતું,
મારે તો જોઈએ બસ તારું શરણ હે ભગવાન.

હે ભગવાન ! મારું બધું સુખ ભલે ચાલ્યું જાય પણ મારા જીવનના અંત સુધી મને તારું શરણું હોજો. આજે મને બોલવાનો અવસર મળી ગયો. જો હવે આપને બધાને મારી વાત રૂચતી હોય તો જાગ્યા ત્યારથી સવાર સમજીને ધર્મારાધના કરવાની શરૂઆત કરો. ધર્મ જીવને સહાયભૂત છે. આપણે જો પહેલેથી ધર્મ કર્યો હોત તો સ્વદેશ છોડીને પરદેશમાં આવવું ન પડત અને લોકોને આપણાં પ્રત્યે ઈર્ષ્યા ન થાત. મારાથી વધું બોલાયું હોય તો ક્ષમા યાચું છું.

"નિર્વાણીની વાતથી ધર્મ પામેલું કુટુંબ" :–દેવાનુપ્રિયો ! નિર્વાણીની વાણી કેવી કિંમતી ને ડહાપણ ભરેલી છે ! એની વાણીની આખા કુટુંબ ઉપર સારી અસર થઈ. સસરાએ એના એકેક બોલનો તોલ કર્યો. અહો, શું આ વહુમાં ડહાપણ છે ! આવી દેવી જેવી વહુ મારા ઘરમાં હોવા છતાં અમે અંધારામાં જ રઝળ્યા ? શેઠ, શેઠાણી અને દીકરા તથા વહુઓ કહે છે નિર્વાણી તો આપણા ઘરનું રત્ન છે. એણે આજે આપણા અજ્ઞાનનો અંધકાર દૂર કરી સાચો પ્રકાશ પાથર્યો છે. હવે આપણે ધર્મમય જીવન ગાળવું છે. આ સાંભળીને નિર્વાણીના હર્ષનો પાર ન રહ્યો. એનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. સસરાજી કહે છે બેટા ! આજ સુધી અમે જીવનમાં સંસાર સુખની અનેક વાતો કરી પણ ધર્મની વાતો ન કરી. અમે અત્યાર સુધીનું જીવન માત્ર લોકોની વાહવાહમાં વીતાવ્યું. આ લોકમાં ને પરલોકમાં સુખ–શાંતિ અને સમાધિની સગવડતા કરી આપનાર ધર્મને ભૂલ્યા. કેવી અમારી દુર્દશા ! આટલું બોલતાં સસરાની આંખમાં આંસુ આવી ગયા, અને આખું કુટુંબ રડી ઉઠયું, ત્યારે નિર્વાણીને હર્ષ થયો ને બોલી ઉઠી કે આજનો દિવસ મારા માટે ધન્ય બની ગયો કે આપ વડીલોને ધર્મનું સ્વરૂપ સમજાયું.

નિર્વાણીએ આ ધર્મરહિત કુટુંબને ધર્મની રોશનીથી ઝગમગતું કરી દીધું, પછી તો તેમના ઘરમાં ધર્મારાધના કરવા માટેનું ટાઈમટેબલ તૈયાર થઈ ગયું. હવે ઘરમાં ધર્મની વાત સિવાય બીજી વાત નહિ, એની સુવાસ આખા ગામમાં એવી પ્રસરી ગઈ કે આજ સુધી ઈર્ષ્યા દૃષ્ટિથી જોનારા પ્રેમભરી દૃષ્ટિથી જોવા લાગ્યા. આખા ગામમાં એમની પ્રશંસા થવા લાગી. જુઓ, ધર્મની કેવી અજબ તાકાત છે કે જે શેઠને કોઈ બોલાવતું ન હતું તે બધા તેમના અનુરાગી બની ગયા. એવું સમજીને તમે પણ જીવનમાં ધર્મને તાણાવાણાની જેમ વણી લો. તમારા જીવનમાં જો ધર્મ હશે તો તમારા સંતાનોમાં પણ ધર્મનો વારસો આવશે અને સૌનો આ લોક અને પરલોક સુધરશે. જો જીવનમાં ધર્મના સંસ્કારો નહિ હોય તો મહાન દુઃખી થશો. આ લોક તો બગડશે ને પરલોક પણ બગડશે. સાથે પુણ્ય અને પાપ સિવાય કંઈ લઈ જવાનું નથી. અન્યાય, અનીતિ, અને દગા પ્રપંચ કરીને મેળવેલું ધન તો બધું અહીં ને અહીં રહી જશે ને પાપકર્મના વિપાક તો પરલોકમાં તમારે ભોગવવા પડશે.

સિકંદર બાદશાહ થઈ ગયા. એમની વાત તો તમે ઘણી વાર સાંભળી છે. એમણે કેટલી સંપત્તિ ભેગી કરી હતી ! પણ સાથે શું લઈ ગયા ? એમના જીવનના અંતિમ સમયનો એક પ્રસંગ કહું. બાદશાહ સિકંદર એવા જુલ્મી હતા કે એમણે લોકો ઉપર જુલ્મ ગુજારીને ઘણું ધન ભેગું કર્યું. જ્યારે એ છેલ્લે બિમાર પડયા ત્યારે એમને માટે ઘણાં ઈલાજો કર્યા. ઘણાં વૈદો, હકીમો અને ડૉકટરો આવ્યા. સૌએ તન-મન-ધનથી પોતાની શક્તિ રેડીને ઉપચારો કર્યા પણ એમનું દર્દ શાંત થતું નથી, ત્યારે સિકંદરે આવેશમાં આવીને હકીમોને કહી દીધું કે " જો તમે પંદર દિવસમાં મારી બિમારી નહિ મટાડો તો તમને બધાને ઘાણીમાં પીલીને મારી નાંખવામાં આવશે. " આ સાંભળીને હકીમો અને વૈદો તો બિચારા ધ્રુજી ઉઠયા, કારણ કે ઈલાજો અને ઉપચારો કરવામાં બાકી રાખી ન હતી પણ કોઈ ઈલાજ કારગત ન નીવડે એમાં એ શું કરે ? આ બાદશાહ કેવા નિર્દય અને જુલ્મી હતા એ તો સૌ જાણતા હતા, કારણ કે ભયંકર જુલમો કરી કરીને એમણે ધનના ઢગલા ભેગા કર્યા હતા, કંઈકના પ્રાણ લીધા હતા, કંઈકને તારાજ કર્યા હતા. હકીમો તો મરણના ભયથી ડરીને બેગમ પાસે ગયા ને બેગમને બધી વાત કરી. બેગમ પણ સમજી ગઈ કે આ ઠીક નથી. બાદશાહનું આયુષ્ય પૂરું થયું હશે તો રહેવાના નથી પણ આ બિચારા નિર્દોષ હકીમોનો કચ્ચરઘાણ કાઢી નાંખે એ ભયંકર જુલમ કહેવાય છતાં એ હકીમોને ઉપરથી દમદાટી દેતા બોલી કે

" બાદશાહકા હુકમ ઠીક હૈ, તુમ લોગોંને બૈઠે બૈઠે દરમાયા ખાયા હૈ, તો અબ રોગ કયું ન મિટાઓ ! હકીમોએ કહ્યું બેગમસાબ ! હમ કરે કયા ! જબ ખુદાતાલાકી મરજી નહીં તો એક ભી દવાઈ કામ દેતી નહિં. આપણે તો કર્મને દોષ આપીએ છીએ પણ એ લોકો તો ખુદાને દોષ આપે છે, એટલે હકીમો બેગમને કહે છે કે ખુદાની મરજી નથી એટલે આટલી કિંમતી દવાઓ કરવા છતાં બાદશાહને આરામ થતો નથી, ત્યારે બેગમ કહે છે " તુમેરી દવાઈ મેં તિલેસ્માત (ચમત્કાર) હય અયસા સાબુત બાદશાહ કે પાસ બતા દો, ફિર માના જાયગા કિ તુમ્હારી કસુર નહિ, ખુદાતાલાકી મરજી ઐસી હય. " બેગમની વાત સાંભળીને હકીમો ખુશ થયા ને દવાનો ચમત્કાર બતાવવાનું કબૂલ કર્યું. બેગમે કહ્યું કે આવતી કાલે તમે બધા બાદશાહ પાસે આવજો. હું પણ ત્યાં હાજર રહીશ. નક્કી કર્યા મુજબ હકીમો અને વૈદો આવ્યા ને બેગમસાહેબ પણ હાજર થયા. બેગમે બાદશાહની તબિયત બાબતમાં હકીમોને ઘણાં પ્રશ્નો પૂછયા અને બાદશાહને કેમ આરામ નથી થતો એ માટે થોડી દમદાટી પણ દીધી.

હકીમોએ કહ્યું નામદાર ! કયા કરે ? ખુદાતાલાકી મરજી નહિં હય, હમારી કૈસે ભી તિલેસ્માતિક (ચમત્કારીક) દવાઈકા નતીજા નહીં આતા ! બેગમે કહ્યું, યહ કયા કહા ? કિસ કો સમજાતે હો ? દવાઈમેં તિલેસ્માત હય ઔર નતીજા નહિ ? ફિર ભી બીચમેં ખુદાતાલાકો લાતે ? અચ્છા ! બાદશાહ સલામત કો દિખાઓ તુમ્હારી કોઈ ભી દવાઈકા ! તિલેસ્માત હય કયા ? તો ફિર માના જાયગા. ખુદાતાલાકી મરજી હી

અયસી હય. આ બાદશાહ સિંકદર ઘણું જુલ્મી હતા. એમના કોઠામાં દયાનો છાંટો ન હતો, પણ એક વખત એ આર્યદેશમાં આવેલા ત્યારે આર્ય દેશના કોઈ સંત મહાત્માના સંપર્કમાં આવેલા, તેથી એમના દિલમાં એવી છાપ પડી ગયેલી કે આર્ય સંસ્કૃત્તિનો પાયો સત્ય છે. એ વાત ભલભલા જુલ્મગારને પણ સ્વીકારવી પડે છે. સિંકદર જેવાને પણ એ વાત અવસરે સમજાય છે. બેગમના મનમાં પણ એ વાત જચી ગઈ હતી તેથી એણે આવા પ્રયત્નો કર્યા. માણસ ગમે તેવો અનાર્ય કે નાસ્તિક હોય પણ છેલ્લે એના હાથ હેઠા પડે ત્યારે એને પણ ભાન થાય છે કે કોઈ છૂપી શક્તિ કંઈ કામ કરી રહી છે.

બેગમે જ્યાં હકીમોને દવાનો ચમત્કાર બતાવતા કહ્યું એ બાદશાહે સાંભળ્યું. બેગમનું કહેવું એને ગમ્યું. હકીમોએ તરત પાણીના બે ઘડા મંગાવ્યા. એકમાં ઉકળતું પાણી હતું ને એકમાં ઠંડુ બરફ જેવું પાણી હતું. બંનેમાં રાઇના દાણા જેવી ઝીણી ઝીણી પણ જુદી જુદી જાતની એક એક ગોળી નાંખી. તો જે ઉકળતું પાણી હતું તે ઠંડુ બરફ જેવું થઈ ગયું, અને જે બરફ જેવું ઠંડુ પાણી હતું તે ઉકળતું થઈ ગયું. આ જોઈને બેગમે બાદશાહને કહ્યું. જહાંપનાહ દિલાવર ! મુજે તો અયસા માલૂમ હોતા હૈ કિ બિચારે હકીમો તો બેગુનાહ હય, દેખિએ તો દવાઈકા ગજબ તિલેસ્માત, અયસા હકીમો આપ નામદાર કે લીયે કયા ન કરે ? હા, ખુદાતાલાકી મરજી હોગી તો જરૂર અચ્છા હોગા. આ પ્રત્યક્ષ ચમત્કાર જોઈને બાદશાહના મનમાં પણ થઈ ગયું કે ખુદાતાલકી મરજી નહીં તો જીના કૈસા ? બાદશાહની વૃત્તિ એવી ફરી ગઈ કે જુલમગાર તરીકે ઓળખાતી પ્રજા હવે એ સો વર્ષ જીવે એમ ઇચ્છવા લાગી. હકીમો ખુશ ખુશ થઈ ગયા. હકીમોને બચાવવા બદલ બેગમને પણ સંતોષ થયો. પછી તો બાદશાહે ચાર ફરમાનો કર્યા એ વાત બહુ જુની અને જાણીતી છે, પણ ટૂંકમાં આર્યદેશની સંસ્કૃતિના પ્રભાવે છેલ્લે સિંકદરને સત્ય લાધ્યું. પોતે કરેલા અન્યાય, અનીતિ, અત્યાચાર અને જુલમનો તેમના દિલમાં ઘણો પશ્ચાતાપ થયો, અને આ બધું મૂકીને જવું પડશે એમ સમજીને એ મર્યા ત્યારે ચાર ફરમાનો જાહેર કરાવ્યા, અને મંત્રીઓને અગાઉથી કહી રાખ્યું હતું તે મુજબ એની નનામી ખુલ્લા હાથે કાઢવામાં આવી.

જે ધન ખાતર સિકંદરે અપાર જુલ્મ કર્યા હતા તે ધનમાંથી એક પાઈ પણ એ મરતી વખતે સાથે લઈ ગયા ? ના. હકીમોએ નનામી ઉપાડી શા માટે ? એ બતાવવા માટે કે આવા મોટા શક્તિશાળી હકીમો હોવા છતાં રોગમાંથી કે મૃત્યુમાંથી કોઈ બચાવી શકયું નહિ. વળી સાથે લશ્કર ખુલ્લી તલવારે ચાલ્યું. એથી જગતના લોકોને એ સૂચના કરી કે ગમે તેવું બળવાન સૈન્ય પણ રાજાને મૃત્યુમાંથી બચાવી શકયું નથી, તેથી મારા જેવો લોભ અને જુલ્મ કોઈ કરે નહિ. આવા ક્રૂર બાદશાહ પણ આર્ય સંસ્કૃતિના આર્ય સંસ્કારના પ્રતાપે અંતિમ સમયે સુધરી ગયા, તો તમે બધા જન્મથી આર્ય છો માટે વહેલાસર ચેતી જજો અને તમારા જીવનમાં આત્મા માટે કંઈક ભાતું ભરી લેજો.

ૐ શાંતિ.

વ્યાખ્યાન નં. ૭૨

આસો સુદ ૧૧ ને સોમવાર **તા. ૧-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત ઉપકારી તત્ત્વજ્ઞાની મહાનપુરૂષો પોતાના દિવ્યજ્ઞાનની પ્રભાને જગત ઉપર પાથરતા જગતના જીવોને એ વાત ફરમાવે છે છે કે પ્રત્યેક મનુષ્યને રસવાળું જીવન ગમે છે પણ હવે આપણે એ વાત સમજવી છે કે જીવનનો રસ શેમાં રહેલો છે ? આ આર્યદેશની ભારતભૂમિ ઉપર જ્યાં સુધી સંસ્કૃત્તિના વહેણ વહેતા હતા ત્યાં સુધી માણસોને જીવનમાં નિરસતાની ફરિયાદ ન હતી. આજે સંસ્કૃત્તિના વહેણ સૂકાઈ ગયા છે. તો પરિણામ સ્પષ્ટ દેખાય છે કે જ્યાં ને ત્યાં નીરસતાની ફરિયાદ છે, માટે પ્રથમ તો એ વિચાર કરો કે રસ કેટલા પ્રકારના છે ? જ્ઞાની પુરૂષો કહે છે કે કોઈને ઈન્દ્રિયોના વિષયોમાં રસ છે તો કોઈને સારા ભોજનમાં રસ છે તો કોઈને અધ્યાત્મરસથી ભરપૂર શાસ્ત્રોમાં રસ પડે છે. હવે અહીં એ તપાસો કે રસ કયાં તૂટક વહે છે ને કયાં ગંગા પ્રવાહની જેમ અતૂટ ધારાએ વહ્યો જાય છે. એ બતાવતા શાસ્ત્રકાર ભગવંત કહે છે કે માણસ કામમાં ઈન્દ્રિયોના વિષયોમાં રસ લેવા દોડે છે અને એમ માને છે કે મારા જીવનને આનાથી જ રસતરબોળ કરી દઉં પણ રસતરબોળતાનો વિચાર કરતા દેખાય છે શું ? "**रस भोगापधिः कामे.**" ઈન્દ્રિયોના વિષયોમાં રસ માત્ર એના ભોગવટા સુધી. ભોગવટો કરી લીધો કે રસ ખૂટી ગયો ? પછી નવા વિષયના રસની ભૂખ જાગી. એ રસનો ભોગવટો કર્યો ન કર્યો કે રસ ખૂટી ગયો. સહરાના રણમાં દોડતું પામર હરણીયું પાણી માટે દોડે છે. ઝાંઝવાના જળમાં એને રસ દેખાય છે પણ ખરા રીતે તો ત્યાં હતું કંઈ જ નહિ. માત્ર સૂર્યના સોનેરી કિરણો રેતીને ચકમક કરી રહ્યા હતા. પાણીનો માત્ર દેખાવ જ હતો, છતાં એવા પાણીના આભાસમાં દોટ કયાં સુધી ? જ્યાં સુધી કલ્પેલા સ્થાને ન પહોંચે ત્યાં સુધી. ત્યાં જઈને જોયું કે પાણી નથી એટલે નિરાશા છવાઈ ગઈ, અને રસ ખૂટયો. બધી આશા જમીનદોસ્ત થઈ ગઈ. પાછો નવો રસ, નવી આશા અને ફરી દોટ ચાલુ થઈ. ઈન્દ્રિયોના વિષયોની પાછળ દોડનારની પણ આવી જ મૃગજળીયા હરણીયા જેવી કંગાળ દશા છે.

એક ગીત એકવાર સાંભળ્યું કે રસ ખૂટયો. હવે બીજાનો રસ જાગ્યો. સિનેમાનું એક દૃશ્ય જોયું કે રસ ખૂટયો, પછી બીજા દૃશ્ય જોવાનો રસ જાગ્યો. એક ગુલાબનું ફૂલ સૂંઘ્યું કે એનો રસ ખૂટયો ને બીજી જાતના મોગરો, ચંપો વિગેરે જાતના ફૂલ સૂંઘવાનો રસ જાગ્યો. આ શું બતાવે છે ? કે જે વિષયોનો ભોગવટો કર્યો તેનો રસ પૂરો થયો કે નિરસતા આવી ગઈ.

આ જગતમાં એવા બીજા પ્રકારના મનુષ્યો હોય છે કે જેમને પૈસા કમાવાની

લગની ખૂબ હોય છે. એમને પૈસા મળી ગયા પછી એનો રસ પૂર્ણ થઈ જાય છે? ના. ત્યાં તો વધુ તૃષ્ણા જાગે છે. જેમ સનેપાતના તાવવાળાને ડૉકટર મેલેરીયા સમજીને ઇંજેકશન આપે તો સનેપાત વધી જાયને? એમ લક્ષ્મીનો સનેપાત પણ એવો જ છે ને? થોડા ઘણાં રૂકા હાથમાં આવે કે સનેપાત ઓર વધે. મળ્યાનો રસ રહેતો નથી પણ પછી તો નવું મેળવવાનો રસ જાગે છે. કહ્યું છે કે "**शतवान सहस्रमिच्छति लक्षं सहस्राधिपतिः लक्षपतिः कोटिमिच्छति।**" સો રૂપિયા મેળવવાની ઈચ્છા હતી તે સો મળ્યા. હવે એ સોનો રસ ખૂટ્યો ને હજારનો રસ જાગ્યો, પછી લાખની ઈચ્છા, આગળ વધતા કરોડની ઈચ્છા થાય છે. આ શું રસની વૃદ્ધિ છે? ના. અંદરનો સંતાપ દશગણો વધ્યો. ટૂંકમાં આ બધા નાશવંત પદાર્થોમાં તમારો રસ ટકવાનો નથી, માટે જ્ઞાની ભગવંતો કહે છે કે આધ્યાત્મિક શાસ્ત્રમાં અખૂટ ને અતૂટ રસ છે. આધ્યાત્મિક શાસ્ત્રમાં ડૂબકી મારવાથી કેવો અનુપમ રસ આવે છે તે અનુભવો. તે રસ કયારે ખૂટશે જ નહિ એવો અમાપ રસ છે. આ પવિત્ર ભૂમિ પર પહેલા આર્યપ્રજાને આધ્યાત્મ શાસ્ત્રની રૂચી હતી. રાજસભાઓમાં પણ આધ્યાત્મ શાસ્ત્રોના રસની છોળો ઉછળતી હતી. આજે એ બધું નષ્ટ થઈ ગયું છે. આજે તો જ્યાં ને ત્યાં ભૌતિકવાદની દાંડી પીટાય છે. એના કારણે દુઃખ પણ વધ્યું છે. અશાંતિ વધી છે, કલેશ, કષાય અને રગડાઝઘડા વધ્યા છે અને સુખશાંતિ અને સમાધિનો નાશ થઈ ગયો છે. આત્મિક શાંતિ, સુખ અને સમાધિ માટે તો શાસ્ત્રના રસની જરૂર છે.

ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનમાં ચિત્ત અને બ્રહ્મદત્તની વાત ચાલે છે. તેમાં ચિત્તમુનિ આધ્યાત્મિક રસમાં આનંદ માનનારા છે અને બ્રહ્મદત્ત ચક્રવર્તિ ભૌતિક રસમાં આનંદ માનનારા છે, તેથી ચિત્તમુનિને કહે છે કે તમારા ત્યાગમાં કેટલું બધું કષ્ટ છે! જુઓને, તપ કરી કરીને તમારું શરીર કેવું સૂકાઈ ગયું છે! આ બધું બોલાવનાર જો કોઈ હોય તો પોતાના ભાઈ પ્રત્યેનો રાગ છે. રાગના કારણે આવા શબ્દો કહી સંસારના ભોગ-સુખોને ભોગવવાનું આમંત્રણ આપી રહ્યો છે, પણ એની સામે ચિત્તમુનિ પણ જબ્બર વૈરાગી છે. એમણે સંસારનું સ્વરૂપ સમજીને વિચારીને દીક્ષા લીધી છે, એટલે બ્રહ્મદત્ત ચક્રવર્તિ એમને ગમે તેટલા પ્રલોભનો આપે છતાં એમનું મન પીગળે તેમ નથી. એક વખત જેમના દિલમાં એક વાત સમજાઈ ગઈ કે સંસારના સુખો ક્ષણિક ને નાશવંત છે. એ ક્ષણિક સુખોની પાછળ અનંતકાળનું દુઃખ છે.

આ રે વૈભવના ભંડાર પાછળ, દુઃખનો સાગર છલકે
સોનાના પિંજરમાં કેદ પૂરી તને, દુનિયા જોને કેવી મલકે.

સંસારના ક્ષણિક સુખની પાછળ દુઃખનો મહાસાગર ઉછાળા મારી રહ્યો છે. તેની અજ્ઞાની જીવને કયાંથી ખબર પડે! આ સંસારમાં જીવને ગમે તેટલું સુખ ભલે ને હોય પણ જીવને મોક્ષગતિ ન મળે ત્યાં સુધી નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ આ આ ચાર ગતિ રૂપ જેલમાં પૂરાયેલો છે. આ જેલમાં એના ગુના પ્રમાણે સજા ભોગવી

રહ્યો છે. મનુષ્ય અને દેવ એ બે સુગતિ છે. એ ઉજળી જેલ છે અને નરક અને તિર્યંચ એ બે કાળી જેલ છે. અહીં પણ માણસોને જેવો ગુનો તેવી એને જેલ મળે છે. અમુક જેલીઓને તો એના ઘર કરતા પણ વધારે સુવિધાઓ જેલમાં મળે છે ત્યાં મનગમતું ખાવા પીવાનું, હરવા ફરવાનું, રેડિયો સાંભળવાનું, ટી. વી. જોવાનું, પેપર વાંચવાનું બધું હોય છે છતાં માણસ એમ ન વિચારે કે મને મારા ઘર કરતાં પણ અહીં વધારે સુખ છે તો રહી જાઉં, પણ એ તો એક જ વિચાર કરે કે અહીં મને ગમે તેટલા સુખો મળે પણ અંતે જેલ જ છે ને! આ જેલમાંથી મારો કયારે છૂટકારો થાય, એમ જ ઝંખતો હોય છે. એમ આત્માને પણ આ સંસાર એક જેલ છે એમ લાગે તો જેલમાંથી છૂટવાનો પુરૂષાર્થ કરે પણ હજુ તમને આ સંસાર એ જેલ છે એવું લાગ્યું નથી. જેલમાંથી છૂટવા માટે કાયા, કુટુંબ, કંચન અને કામિનીનો રાગ છોડવો પડશે.

ચિત્તમુનિને ચતુર્ગતિની જેલના સળીયા રૂપ આઠ કર્મના બંધનો તોડીને મોક્ષના સુખો મેળવવાની લગની લાગી હતી તેથી સંસારના મહાન સુખો છોડીને સંયમનો માર્ગ લીધો હતો પણ જેને સંસાર જેલ નહિ પણ મહેલ જેવો લાગ્યો છે એવા બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને સંસારના સુખો ભોગવવા માટેનું આમંત્રણ આપતાં શું કહે છે.

नट्टेहिं गीएहि य वाइएहिं, नारी जणाहि परिवारयंतो।
भुंजाहि भोगाइं इमाइं भिक्खू, मम रोयइ पव्वज्जा हु दुक्खं ॥१४॥

હે ભિક્ષુ! મારા દિવ્ય મહેલોમાં સંસારના સુખની સંપૂર્ણ સામગ્રીઓ ભરેલી છે. ત્યાં દરરોજ બત્રીસ પ્રકારના નાટકોના ધમકાર ચાલે છે. એ નાટકોમાં ગવાતા વિવિધ પ્રકારના ગીતો સાંભળો ને નાટકો જુઓ. વાજિંત્રોના સૂર સાંભળો અને એકેક રૂપ રમણીઓની સાથે આપ શબ્દાદિક વિષયભોગોને આનંદથી ભોગવો અને આ સંયમનો વેશ ઉતારી નાંખો, કારણ કે મને તો આપની આ દીક્ષા દુઃખકારક લાગે છે. કાયાને કષ્ટ આપનાર તમારી પ્રવજ્યામાં છે જ શું? આપ કહો તેવી સુંદરીઓ સાથે તમને પરણાવી દઉં. તમને જે મહેલ ગમશે તે આપી દઈશ. કિંમતી આભૂષણોથી આપના દેહને શણગારીશ. મનગમતા વસ્ત્રો પહેરવા આપીશ, અને તમારે સુખ ભોગવવા માટે જે જે ચીજોની જરૂર હશે તે બધી હું પૂરી પાડીશ. કદાચ તમને એમ થતું હોય કે હમણાં તો આ ચક્રવર્તિ મને સુખની બધી સામગ્રી આપી દે પણ પછી મારું શું? તો તમારે એવી પણ ચિંતા કરવાની જરૂર નથી. તમારી બધી જવાબદારી મારા માથે છે. હું જિંદગીભર તમને પાળીશ, પણ તમે આ દીક્ષા છોડીને મારા મહેલમાં પધારો, અને નારીજનોની વચમાં બેસીને ગીત, નૃત્ય અને વાજિંત્રોની સાથે આપના મનને બહેલાવો. આ જીવનને શા માટે વ્યર્થ ગુમાવો છો? આ શુષ્ક તપશ્ચર્યામાં દુઃખ સિવાય બીજું છે શું? આ પ્રમાણે કહીને પૂર્વભવના ભાઈના સ્નેહમાં અનુરક્ત બનેલા એ બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને સંસારના સુખો ભોગવવાનું આમંત્રણ આપે છે પણ

ચિત્તમુનિ એમાં લલચાય એવા ન હતા. એ સમજતા હતા કે સંસાર તો ભડભડતો દાવાનળ છે. એકાંત સ્વાર્થનું ઘર છે. જ્યાં સુધી સ્વાર્થ છે ત્યાં સુધી સગાઈ છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક જંગલમાં એક વૃદ્ધ ડોશીમાં રહેતા હતા. એમને સાત દીકરા હતા. એક વખત અચાનક કોલેરાનો રોગ ફાટી નીકળ્યો. એ રોગમાં ડોશીમાના સાતે સાત દીકરા ભરખાઈ ગયા, એટલે ડોશીમા કરૂણ સ્વરે રૂદન કરવા લાગી. જંગલમાં કોઈ આશ્વાસન આપીને છાની રાખનાર કે પ્યાલો પાણી પાનાર કોઈ ન હતું એકલી અટૂલી રડતી હતી, અને રડતી રડતી બોલતી હતી કે અરેરે....મારા દીકરાઓ ! તમે મને એકલી મૂકી નિરાધાર કરીને ચાલ્યા ગયા ! હવે મારું શું થશે ? આ ઉપરથી સમજાય છે ને કે ડોશી કેમ રડતી હતી ? દીકરા ભરયુવાનીમાં ચાલ્યા ગયા અને મનુષ્ય ભવ હારી ગયા એટલા માટે રડતી ન હતી પણ હવે પોતાનું શું થશે અને પોતે નિરાધાર બની એટલા માટે રડતી હતી. બધા જીવો પોતાના સ્વાર્થના કારણે રડે છે. આ સમયે શંકર-પાર્વતી બંને વિમાનમાં બેસીને ફરવા નીકળ્યા. પાર્વતીજીએ આ ડોશીમાનો કરૂણ વિલાપ સાંભળ્યો ને દૃષ્ટિ કરી તો ડોશીમાં પોતાના દીકરાના મડદા પાસે બેસીને રડે છે. આ કરૂણ દૃશ્ય જોઈને પાર્વતીજીનું હૃદય પીગળી ગયું. એણે શંકરજીને કહ્યું નાથ ! આપ વિમાન નીચે ઉતારો. શંકરજીએ કહ્યું પણ છે શું ? પાર્વતીએ કહ્યું જુઓ તો ખરા, આ વૃદ્ધ ડોશીમાના સાતે સાત વહાલસોયા દીકરા મરી ગયા છે, તેથી બિચારી કેવો કરૂણ વિલાપ કરે છે !

"પ્રેમનું પારખું કરતા શંકરજી !" શંકરજીએ કહ્યું-સંસાર આખો સ્વાર્થનો ભરેલો છે. પાર્વતીજીએ કહ્યું તમારું પુરૂષોનું હૃદય તો કઠોર હોય છે. તમને ન લાગે. માતાને તો દીકરા વહાલા જ હોય ને ! શંકરે કહ્યું કે એ ડોશીને એના દીકરા ઉપર કેવો પ્રેમ છે એનું પારખું કરવું છે ? તો તને બતાવું. પાર્વતીજીએ કહ્યું હા....મને બતાવો એટલે શંકરજીએ દેવમાયાથી ત્યાં એક પાકી કેસરી કેરીઓનું ઝાડ બનાવી દીધું. એની સુગંધ તો એવી મધુર કે ન પૂછો વાત. ડોશીમા તો નીચું જોઈને રડતા હતા. ત્યાં એને કેરીની સુગંધ આવી એટલે ઉંચે જોયું તો સામે આંબાના ઝાડ પર સુંદર પાકી કેરીઓ આવી છે. આ જોઈને કેરી ખાવા માટે ડોશીમાનું મન લલચાયું. સામે સાત સાત દીકરાના મડદા પડયા છે. આવા આઘાતના દુઃખમાં પણ કેરી ખાવાનું મન થયું એટલે વિચાર કરવા લાગી કે મારા દીકરા ગયા એ ગયા. હવે હું ગમે તેમ કરું પણ કંઈએ પાછા મળવાના નથી. હું ભૂખી છું તેથી લાવને કેરીઓ ખાઈ લઉં. કેરી લેવા માટે એણે હાથ લંબાવ્યો પણ ડાળીએ પહોંચી શકયો નહિ. કૂદકો માર્યો તો પણ કેરી હાથમાં આવી નહિ. હવે શું કરવું ? કેરી ખાવાની તીવ્ર ઈચ્છા થઈ છે પણ કેરી મળતી નથી. શું કરવું ? ગમે તેમ કરીને કેરી તો ખાવી જ છે એટલે

ઉંચી થવા માટે પોતાના દીકરાનું મડદું ઢસેડીને લાવી અને એની છાતી ઉપર પગ મૂકીને કેરી લેવા હાથ લંબાવે છે.

વિમાનમાં બેઠેલા શંકરજી કહે છે હે પાર્વતીજી ! આ માતાને દીકરા ઉપર કેવો પ્રેમ છે તે તમે બરાબર જોઈ લેજો. ડોશીમાએ કેરી લેવા હાથ લાંબો કર્યો પણ આ તો દેવની માયા છે એટલે ઝાડ જરા ઉંચુ થયું, ત્યારે ડોશીમાએ દીકરાની છાતી ઉપર ઉભા રહીને બે ત્રણ ઠેકડા માર્યા, પણ ન પહોંચી એટલે બીજું મડદું લાવીને પેલા મડદા ઉપર ગોઠવીને એના ઉપર ચઢી તો પણ ન પહોંચી ત્યારે એક પછી એક એમ સાતેય દીકરાના મડદા એકબીજા પર ગોઠવીને એના ઉપર ચઢી. ત્યાં આંબો અદૃશ્ય થઈ ગયો. આ બધું જોઈને પાર્વતીજી તો સ્તબ્ધ બની ગયા. હાય....આ શું ? કલૈયા કુંવર જેવા દીકરાના મડદા પડયા છે. હમણાં તો કેટલી જૂરતી હતી. એ એનો જૂરાપો કયાં ગયો ? ખરેખર માતાનો પ્રેમ નથી પણ સ્વાર્થ છે. આ દુનિયામાં જ્યાં જુઓ ત્યાં સ્વાર્થ ભરેલો છે.

બંધુઓ ! આ ડોશીમાનું દૃષ્ટાંત સાંભળીને તમને હસવું આવ્યું કે દીકરાના મડદા ઉપર ચઢીને કેરી લેવા ગઈ ! પણ તમે સમજી લો કે સંસાર કેવો છે ? આ સંસાર આખો સ્વાર્થનો ભરેલો છે. આવા સ્વાર્થ ભર્યા સંસારની ઘેલછા છોડીને બને તેટલો જીવનમાં સત્સંગ કરી લો. સત્સંગ જીવને સ્વાર્થ અને પરમાર્થના ભેદને સમજાવનાર છે. જીવનમાં સાધુ સમાગમ બહુ જરૂરી છે. એનાથી જીવનમાં ઘણાં શુભો આવે છે ને જીવનમાંથી પાપ અને દુઃખ ઘટે છે, પણ આજના વિલાસી વાતાવરણમાં કોઈને ધર્મનું નામ સાંભળવું ગમતું નથી ત્યાં સત્સંગ તો કયાંથી ગમે ? અરે, પોતે તો ધર્મ કરતા નથી પણ જે કરે છે એની પણ મજાક ઉડાવે છે, અને ધર્મની પણ હાંસી કરે છે.

એક વખત એક જગ્યાએ આજના સુધરેલા ચાર પાંચ કોલેજીયનો બેઠા હતા. ત્યાંથી એક પ્રૌઢ વયનો ધર્મીષ્ઠ પુરૂષ પસાર થતો હતો તેને દેખીને પેલા કોલેજીયનો પરસ્પર વાતો કરવા લાગ્યા કે આજના જુનવાણીના લોકોને તો જાણે ધર્મની ઘેલછા લાગી છે. સાધુની પાછળ તો જાણે ગાંડાઘેલા બની જાય છે. એ લોકોને બીજું જ્ઞાન પણ શું છે ? ચાર દિવાલોમાં રહીને જોરશોરથી ઉપદેશ આપ્યા કરે અને આવા ભોળા ભગતડા હા જી હા કર્યા કરે છે. એમનાથી તો અમે વધુ જાણીએ છીએ. હવે બીજું જાણવાની જરૂર પણ શી છે ? લાયબ્રેરીમાં બધી જાતના પુસ્તકો છે. ત્યાં જઈને વાંચી લઈએ એટલે બધું જાણવા મળી ગયું. સાધુ નવું શું કહેવાના હતા ? વિલાયતમાં, જર્મનીમાં, જાપાનમાં ને અમેરિકામાં શું ચાલે છે એનું કયાં એમને જ્ઞાન છે ? આ સાધુઓ સમાજને તથા દેશને ભારરૂપ છે. એમની જરૂર જ શી છે ? આ સરકારે તો એવા કાયદા ઘડવા જોઈએ કે સાધુઓ હવે જોઈએ નહિ. પેલા ધર્મીષ્ઠ માણસે આ બધી વાતો સાંભળી તેથી તેનું હૃદય રડી ઉઠયું. એ બિચારો બીજું શું કરે ?

પેલા પ્રૌઢ માણસે જાણે કંઈ જ સાંભળ્યું નથી એવો દેખાવ કરીને એમની પાસે ગયો ને કહ્યું કે ભાઈઓ ! તમે સારા વક્તા લાગો છો. કઈ કોલેજમાં ભણો છો ? એમ પૂછીને ધીમેથી વાતનો વિષય ફેરવ્યો. આજના ભણેલા પ્રૌઢની પ્રૌઢતાને ક્યાંથી પારખી શકે ? કોલેજીયનોએ કહ્યું કે અમુક કોલેજમાં, પ્રૌઢે પૂછયું કે એ કોલેજમાં શિક્ષણ સારું છે ને ? તમારા પ્રોફેસર કેવા છે? ત્યારે પેલાઓએ હસીને કહ્યું કે વાત મૂકો ને આજની પરિસ્થિતિની ! હિસ્ટરીનો પ્રોફેસર તો સાવ તુંડ મિજાજી છે. કેમીસ્ટ્રીનો પ્રોફેસર તો સાવ ધોબા જેવો છે. મેથ્સનો જરા સારો પણ મહેતો મારે ય નહિ ને ભણાવે નહિ એવો. ઈંગ્લીશનો પ્રોફેસર તો કેટલીય વાર ગેરહાજર રહે છે. એકે ય વાતની સરખાઈ નથી. અમને તો હવે આ કોલેજમાં ફાવતું નથી, એટલે કોલેજ બદલવાની વિચારણા ચાલે છે. હવે ક્યાં જવું એ પણ મૂંઝવણ છે. ટાઈપિસ્ટ–શોર્ટહેન્ડ શીખવું છે પણ એ માટેનો કોઈ સારો ક્લાસ શોધ્યો જડતો નથી. કોલેજીયને વાત આગળ ચલાવતાં કહ્યું કે અમારા ભાભીને બ્લાઉઝ સીવતા આવડતું નથી ને દરજી તો પાવરવાળા થઈ ગયા છે. તે સીધો જવાબ પણ આપતા નથી. એમના માટે બ્લાઉઝ વેતરનાર શોધીએ છીએ તે પણ મળતો નથી. અમારા વાઈફ આમ તો મેટ્રિકયુલેટેડ છે પણ રસોઈ કરતાં જ આવડતું નથી. એમને રસોઈ કરતાં શીખવવા માટે રસોઈઓ રાખવો છે તે પણ વિશ્વાસુ કયાં મળે છે? શિક્ષણ બોધું થઈ ગયું છે. આ તે કંઈ લાઈફ છે !

કોલેજીયનોની વાત સાંભળીને પેલા પ્રૌઢે કહ્યું–ભાઈઓ ! તમે શા માટે પ્રોફેસર અને શિક્ષકની ગરજ કરો છો ? ચોપડીઓ મેળવીને, વાંચીને દરેક ચીજ શીખી લ્યો ને ! ઇતિહાસ, ગણિત, ઈંગ્લીંશ. શીવણ, વેતરણ તથા પાકશાસ્ત્રની ચોપડીઓ કયાં નથી મળતી ? ત્યાં તો પેલા કોલેજીયન યુવાનો બોલી ઉઠયા કે મિસ્ટર ! તમે શું કહેવા મ ગો છો ? શું શિક્ષક વિના માત્ર પુસ્તકોથી શિક્ષણ મેળવાતું હશે ? પ્રૌઢે કહ્યું સામાન્ય જ્ઞાન મેળવવા માટે પ્રોફેસર કે શિક્ષક જોઈએ, બ્લાઉઝ વેતરવાનું શીખવા માટે શીખવનાર જોઈએ, તો આધ્યાત્મિક જ્ઞાન શીખવા માટે કોઈ ઉપદેશક ન જોઈએ એમ ? અનંતકાળથી જે અંધકારથી આત્મા અવરાયો છે તેને કોઈ પ્રકાશ આપવાની જરૂર નહિ ? આજે જગતમાં જે શાંતિ છે તે સાધુ સંતોના શિક્ષણને આભારી છે. કેવી રીતે જીવવું એ બતાવનાર સંતો છે. સંતોની સંસ્થા તો આશીર્વાદ રૂપ છે: એને તમે મૂર્ખાઓ ભારરૂપ કહો છો ? કામ, ક્રોધ, મોહ આદિથી બચાવીને આ જગતમાં શાંતિ રખાવનાર હોય તો સંતોનું શિક્ષણ છે. ગમે તેટલા પૈસા મેળવો, વિજ્ઞાનની શોધોની સગવડો મેળવો પણ તમારા જીવનમાં ધનમાલની, વ્યવહારની અનેક ચિંતાઓ નડે છે, એને દૂર કરી તમારા દિલને ઠારવા માટે સાધુ સંત વિના કોણ છે ? સાધુ સંતોનો ત્યાગ કેવો મહાન છે. એમનું પરોપકારી કાર્ય કેવું છે! એ તો તપાસવું

નથી ને ગમે તેમ બોલો છો ? માટે સમજીને ધર્મ ઉપર શ્રધ્ધા કરો અને જીવન પવિત્ર બનાવો. પ્રૌઢના ઉપદેશથી કોલેજીયનોને ધર્મ પ્રત્યે શ્રદ્ધા થઈ.

ભાઈના સ્નેહમાં અનુરક્ત એવા બ્રહ્મદત્ત ચક્રવર્તિ પણ ચિત્તમુનિને કહે છે હે મુનિરાજ ! મને તમારી પ્રવજ્યા બહુ દુઃખરૂપ લાગે છે, માટે એ બધું છોડીને મારા રાજ્યમાં પધારો ને સુખ ભોગવો. હવે ચિત્તમુનિ શું જવાબ આપશે તે અવસરે.

ચરિત્ર :– **" સંન્યાસીને થયેલો પશ્ચાતાપ "** :– ભીમસેન રાજાના પુણ્યનો ઉદય થયો છે એટલે એને પોતાની ચીને સામેથી મળી જાય છે. જેમાં રૂપિયા નવ લાખના રત્નો ભર્યા હતા તે મેલી ગોદડી વાંદરો સામેથી આપી ગયો તે લઈને ભીમસેન રાજા આગળ ચાલે છે. ત્યાં એક અંધ સંન્યાસી આવો દોડતો દોડતો માર્ગ વચ્ચે આવીને બૂમો પાડવા લાગ્યો કે મને કોઈ બચાવો....બચાવો. મને ઘણી વેદના થાય છે. હું તો સાવ લૂંટાઈ ગયો છું. અરેરે....મને આવી કુબુધ્ધિ કયાંથી સૂઝી ? ભીમસેન તરત એ બાવાને ઓળખી ગયો, અને એક સુભટને આજ્ઞા કરી કે એ સંન્યાસીને અહીં લઈ આવો. મારે એમની સાથે વાત કરવી છે. સુભટ સંન્યાસીને લઈ આવ્યો. ભીમસેને કહ્યું. નમસ્કાર સિધ્ધપુરૂષ ! કુશળ તો છો ને ? તમારી આંખોને આ શું થઈ ગયું ? ત્યારે સંન્યાસીએ કહ્યું કોણ ભાઈ! ભીમસેન ! હા, મહાત્મન્ ! હું ભીમસેન છું એટલે સંન્યાસીએ કહ્યું ભાઈ! હું તો તદ્દન બરબાદ થઈ ગયો છું. અરેરે....મેં તને કેટલું દુઃખ આપ્યું છે ! તારી સાથે દગો રમ્યો તેનું હું આ ફળ ભોગવી રહ્યો છું. મહાનુભાવ ! તું મને ક્ષમા કર. મને મારા પૂર્વના પાપનો ખૂબ પશ્ચાતાપ થાય છે. મારું અંતર રોજ રડે છે. ભાઈ! શી વાત કરું ! તારો રસ મેં લઈ લીધો ને વિધાતાએ મારી આંખો લઈ લીધી. મારા એ પાપનો બદલો મને આ ભવમાં મળી ગયો. હું દરરોજ તારી પ્રતીક્ષા કરતો હતો પણ આ અંધને તારા દર્શન કયાંથી થાય ? મારા મહાન પુણ્યોદયે આજે મને તારા દર્શન થયા છે. ભાઈ ભીમસેન ! મારા અપરાધને ક્ષમા કર. હું તો વેશથી સંન્યાસી છું, પણ સંન્યાસીના વેશમાં રહીને મેં તો શેતાનના કામ કર્યા છે. લક્ષ્મીની લાલચમાં લલચાઈને તારા જેવા નિર્દોષની અનેક આશાઓનું ખૂન કર્યું છે. હે ભીમસેન ! તું હવે એ રસની તુંબડીનો સ્વીકાર કર, અને મને મારા પાપના બોજથી હળવો કર. આટલું બોલતાં સંન્યાસીની આંખમાં ચોધાર આંસુ છલકાઈ ગયા, અને રડતો રડતો પોતાના પાપનો પશ્ચાતાપ કરતાં કરતાં ભીમસેનના ચરણમાં નમી પડયો.

"સંન્યાસીએ ગુમાવેલી આંખ" :– સંન્યાસીની અંધ દશા જોઇને ભીમસેનને એની ખૂબ દયા આવી, એણે સંન્યાસીને ઉભા કરીને કહ્યું–મહાત્મા ! આપ એ બધું ભૂલી જાઓ. જે બનવાનું હતું તે બની ગયું. તમારું અંતર પાપના પશ્ચાતાપથી રડી રહ્યું છે એ ઘણું છે. હૈયાનો ભડભડ બળતો પસ્તાવો તમારા જીવનને સુખી કરશે. તમે તો સિદ્ધપુરૂષ છો, સંન્યાસી–જ્ઞાની છો. આપને હું વિશેષ શું કહી શકું ! છતાં

મારા લાયક કંઈ કામ સેવા હોય તો ફરમાવો. ભીમસેન ! તારી ઉદારતાને ધન્ય છે ! તું તો હૈયું વિશાળ રાખીને છૂટી ગયો પણ મારી કઈ ગતિ થશે ? ભાઈ ! તું તારા રસનું તુંબડું સ્વીકારી લે અને મને પાપમાંથી મુક્ત કર. ભીમસેને કહ્યું મહાત્મા ! જેવી આપની ઇચ્છા. એમ કહીને ભીમસેને સંન્યાસીની આજ્ઞાનો સ્વીકાર કર્યો. એ જ પળે સંન્યાસીની આંખમાં અજવાળું થયું. દૃષ્ટિ આગળ બંધાયેલા આવરણો તૂટી ગયા ને અંધત્વ નાશ પામ્યું. સંન્યાસીએ આંખ ખોલીને જોયું તો સામે મુગટધારી વિજયસેન રાજા, અને ભીમસેન રાજા તથા ઘણો મોટો જન સમુદાય ઉભો છે.

"ઉપકારનો બદલો વાળતા સંન્યાસી" :– સંન્યાસીનું અંધત્વ ચાલી જતા એના આનંદનો પાર ન રહ્યો. ફરીથી તે ભીમસેનના ચરણમાં પડી વારંવાર ક્ષમા માંગીને એનો ઉપકાર માન્યો ત્યારે પવિત્ર અને સરળ હૃદયના ભીમસેને કહ્યું મહાત્મન્ ! આમાં મારી કોઈ વિશેષતા નથી, આ બધા કર્મના ખેલ છે. તમારા અશુભ કર્મના કારણે તમને અંધત્વ મળ્યું હતું. એ કર્મ પુરું થયું ને શુભ કર્મનો ઉદય થયો એટલે તમને પ્રકાશ મળ્યો. હું તો નિમિત્ત માત્ર છું. મારું એમાં કાંઈજ નથી. સંન્યાસી આનંદમાં આવીને ઉપકારના ભાવમાં આંસુ સાસ્તો કહે છે તમે સૌ ચાલતા થાઓ. હું હમણાં જ સુવર્ણરસના તુંબડા લઈને આવું છું. હવે મારે કોઈ રસનો ખપ નથી. મને આત્મરસ લાધી ગયો છે. એમ કહીને સંન્યાસી ગયો અને થોડીવારમાં રસના ચાર તુંબડા લઈને આવ્યો, અને ચારે ચાર તુંબડા ભીમસેનને ખૂબ પ્રેમથી અર્પણ કરી એને પગે લાગીને ચાલ્યો ગયો.

આ તરફ સુશીલાને લેવા માટે સુલોચના રાણી ગયા હતા. તે ટૂંકા રસ્તેથી રાજમહેલમાં પહોંચી ગયા, અને રાજાને સમાચાર કહેવડાવી દીધા કે સુલોચના રાણી સુશીલાને લઈને રાજમહેલમાં પહોંચી ગયા છે. જ્યાં સમાચાર મળ્યા ત્યાં ભીમસેનનું હૃદય હર્ષથી નાચી ઉઠયું. હવે જલ્દી સુશીલાને મળવાની અધીરાઈ આવી ગઇ છે. વિજયસેન રાજાએ કહ્યું–ભીમસેન ! હવે તમારું કુટુંબ મળી જશું. તમે હાથી ઉપર બેસો, ત્યારે ભીમસેને ના પાડી. ખૂબ કહ્યું ત્યારે દેવસેન અને કેતુસેનને બેસાડયા ને પોતે તો પગપાળા ચાલ્યા. આ તરફ સુશીલાને પણ પોતાના પતિના દર્શન કરવાની અધીરાઈ આવી છે, કારણ કે ત્રણ ત્રણ વર્ષથી પતિનો વિયોગ છે. એ વિયોગમાં પણ કેવા કારમા ને અસહ્ય દુઃખો વેઠયા છે. જ્યાં પતિને મળવાની આશા પણ છોડી દીધી હતી ત્યાં અચાનક પતિના દર્શન થવાના છે એ વિચારે હર્ષથી એના રોમાંચ ખડા થઈ જતા હતા. એના આનંદની અવધિ ન હતી, તેથી એ ચંચળ મનથી પોતાના પ્રાણવલ્લભ પતિની રાહ જોઈ રહી હતી.

સુશીલાની બહેન સુલોચનાએ રાજમહેલમાં આવીને તરત પોતાની વહાલી મોટી બહેન સુશીલાને રાજરાણીને યોગ્ય વસ્ત્રાલંકારો પહેરાવીને સુશોભિત બનાવી. જ્યારથી

ભીમસેન છૂટો પડયો ત્યારથી તો ઘણું દુઃખો વેઠયા હતા. અન્ન અને દાંતને તો વૈર થયું હતું. માંડ આવાનું મળતું હતું ને પોતે ભયંકર દુઃખો વેઠયા હોવાથી એનું શરીર તદ્દન દુબળું બની ગયું હતું છતાં સતીત્વના તેજથી તેનું મુખ ઝળકી રહ્યું હતું. સુશીલાને સારા વસ્ત્રો તથા અલંકારોથી શણગારી ત્યાં તો વાજિંત્રોનો અવાજ અને ભીમસેનના જયનાદનો મંગલ ધ્વનિ સંભળાવા લાગ્યો એટલે સુલોચનાએ કહ્યું બહેન ! હવે મારા બનેવી આવી ગયા. હમણાં જ તમને એમના દર્શન થશે. સુશીલા તો પતિનું સ્વાગત કરવા હર્ષઘેલી બની ગઈ. હવે સુશીલા એના પતિનું સ્વાગત કેવી રીતે કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૭૩

આસો સુદ ૧૨ ને મંગળવાર **તા. ૨-૧૦-૭૯**

અનંતજ્ઞાની, સ્યાદ્વાદના સર્જક, વિસંવાદના વિસર્જક, તીર્થંકર ભગવંતોએ જગતના જીવોના કલ્યાણ માટે અમૃતમય વાણીનો ધોધ વહાવ્યો છે. ભગવાનની વાણીના એકેક શબ્દે શાશ્વત સુખનો રણકાર રહેલો છે. ભગવાને પોતે શાશ્વત સુખને મેળવવા માટે સંસારના સુખોના સ્વાદ અને પરિગ્રહની મમતા છોડી ત્યારે આત્મિક સુખ મેળવ્યું. જ્યારે આજના યુગમાં માનવ માત્રને સુખ મેળવવાની તીવ્ર તમન્ના છે પણ પરિગ્રહની મમતા છોડવી નથી ને શાશ્વત સુખ મેળવવું છે એ કયાંથી મળે? શાશ્વત સુખ મેળવવું હોય તો સંસારના ભૌતિક સુખોની મીઠાશ અને પરિગ્રહની મમતા છોડવી પડશે. જ્ઞાનીપુરૂષો કહે છે કે જીવને સંસાર ચક્રમાં ઘુમાવનાર હોય તો પરિગ્રહ નામનો એક ગ્રહ છે. પરિગ્રહના પાપનું માપ નીકળી શકે તેમ નથી. પાસે અઢળક ધનના ઢગલા પડયા હોય છતાં વધુ ને વધુ મેળવવાની ઝંખના જીવમાત્રમાં પડેલી છે. જ્યાં સુધી પરિગ્રહની વૃત્તિનું મહાપાપ અંતરના અનંત આકાશમાં ડોકિયું કરતું હોય ત્યાં સુધી આશાના આકાશમાં પ્રગતિના દર્શન થઈ શકતા નથી. ખાવા-પીવા અને ઓઢવાનું મળ્યું હોય છતાં એની તીવ્ર ઝંખનામાં જીવન વીતાવી રહ્યો છે. સવારથી સાંજ સુધી આશાનું ખપ્પર ભરવા માટે પરિગ્રહનો લોલુપ માણસ ભીખ માગતા શરમાતો નથી. જેમ કાણાવાળી ટોપલી કદી ભરાતી નથી તેમ ગમે તેટલી મહેનત કરે છતાં આશા-તૃષ્ણાની ટોપલી કદી ભરાવાની નથી, પણ મનુષ્યને જેમ મળતું જાય છે તેમ અસંતોષની આગ ભડકે બળતી જાય છે. આ સંસાર સુખની સામગ્રી મેળવીને સુખે જીવનાર તો કોઈક જ હશે. મોટર અને બંગલામાં મહાલતા ધનવાનોને પણ એમના સુખમાં ઉણપ લાગે છે જેથી રાત દિવસ કમર કસીને મહેનત કરવામાં મશગૂલ રહે છે. પાંચ સાત પેઢીઓ જમેલી હોય, ધંધો ધીખતો હોય છતાં હજુ સુધી તૃપ્તિના ઘરમાં આવ્યા નથી. માણસ માને કે હું સમૃદ્ધિ મેળવીને શાંતિથી જીવીશ તો તે બની શકવાનું નથી. પીડા વધારીને ક્રીડા કરવા ચાહતા હો તો તે બની શકે?

સંપત્તિના સ્વામીઓ રીબામણમાં પોતાનો અમૂલ્ય સમય વીતાવી રહ્યા છે. મગજ ઉપર અશાંતિની ભઠ્ઠી જલતી રાખી આજના ધનવાનો જીવી રહ્યા છે છતાં ધન મેળવવાની વૃત્તિ તથા તેના માટેની પ્રવૃત્તિમાં વધારો થતો રહ્યો છે. ધનવાન પાસે જઈ જરા એને પૂછો તો ખરા કે આટલી સંપત્તિના સ્વામી બન્યા પછી તમે કેટલા સુખી બન્યા? અરે, સુખની વાત તો દૂર રહી પણ શાંતિથી બે ઘડી જમવા પણ નથી પામતા. એક બાજુ જમવા બેઠા હોય ને બીજી બાજુ ટેલીફોનની ઘંટડી વાગી. રીસીવર હાથમાં લીધું ને સમાચાર સાંભળ્યા ત્યાં એમનો શ્વાસ અદ્ધર થઈ જાય છે. તો હવે વિચાર કરો. જે સંપત્તિ મળ્યા પછી સુખ મળે નહિ, જે સાધન મળ્યા પછી શાંતિનું નામનિશાન નહિ, કેવળ સંપત્તિના દાસ બની એનું રક્ષણ કરવા પાછળ રાત દિવસ વીતતા હોય એ સંપત્તિ શા કામની? આ સંપત્તિએ તો ભાઈ ભાઈ વચ્ચે વેરઝેરના બીજ વાવ્યા છે. અનેક ઘરોને ઉજ્જડ બનાવ્યા છે. સંપત્તિના કારણે આજે બાપ દીકરાનું ખૂન કરે છે ને દીકરો બાપના ઉપર કુહાડીના ઘા કરે છે.

બંધુઓ! જે સંપત્તિ અનેક આપત્તિઓ અપાવનારી છે, માનવીનું હીર ચૂસી જનારી છે એને મેળવવા માનવી કેટલી જહેમત ઉઠાવી રહ્યો છે. સુખની સુંવાળી શય્યા પર સૂઈ જવાની આશા પૂરી થતી નથી છતાં જીવની ઝંખના જરા પણ ઓછી થતી નથી. પરિગ્રહનું પાપ સાપના ડંખ કરતાં પણ વધારે ઝેરી છે. સાપ તો જેને ડંખ દે તે જ મરી જાય છે જ્યારે સંપત્તિની મૂર્છા રાખનાર માનવને પાપના પડછાયા અધોગતિને શરણે સદાને માટે સૂવાડી દે છે. આ પરિગ્રહનું બિહામણું સ્વરૂપ જોઈ લો, વિચારી લો અને પછી પાપના પોટલા બંધાવનાર સંપત્તિની લાલસાને હૃદયમાંથી ઓછી કરવા સજ્જ બનો. શાંતિ-સમતા-સ્વસ્થતા અને સમાધિ પ્રાપ્ત કરવી હોય તો હૈયામાં રહેલ પરિગ્રહ વૃત્તિના પાપને ઓછું કરવા કટિબદ્ધ બનવું પડશે.

આપણા ચાલુ અધિકારમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને કહી રહ્યા છે કે ખરેખર મને તો તમારી દીક્ષા દુઃખકારી દેખાય છે. સુખ તો બધું મારે ત્યાં છે, માટે તમે મારે ત્યાં આવો. જેને જેમાં રસ હોય છે તેને તેમાં આનંદ આવે છે. ભોગના કીડાને ભોગમાં આનંદ આવે છે અને જે આત્મસુખના પિપાસુ હોય તેમને ત્યાગમાં તપમાં આનંદ આવે છે. આ રીતે અહીં એક આત્મા ત્યાગમાં આનંદ માનનારો છે અને બીજો ભોગમાં આનંદ માનનારો છે. ભોગમાં મશગૂલ બનેલા બ્રહ્મદત્ત ચક્રવર્તિને એના ભાઈ પ્રત્યે રાગ છે એટલે રાગમાં મુગ્ધ બનેલા બ્રહ્મદત્ત ચિત્તમુનિને કહે છે ભાઈ! હું તમારો ભાઈ આવો મોટો ચક્રવર્તિ હોઉં ને તમે આ મજુરની જેમ બંભે વજન ઉપાડીને ફરો છો, ઘરઘરમાં ટુકડા માંગીને ખાવ છો.

તમારી આ દશા જોઈને મને ખૂબ દુઃખ થાય છે ને શરમ આવે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિને આવા શબ્દો કોણ બોલાવે છે? પૂર્વભવમાં નિયાણું કરીને આવ્યા છે એટલે

એમને ચક્રવર્તિની સંપત્તિમાં, ભોગવિલાસમાં ખૂબ આસક્તિ છે. ભૌતિક સુખો પ્રત્યેનો ગાઢ રાગ છે. આ સંસારમાં જીવને રીબાવનાર રાગ અને દ્વેષ છે. રાગ કોને કહેવાય અને દ્વેષ કોને કહેવાય? સાંભળો. "**असंयममय सुखाभिप्रायो रागः।**" સંયમહીન પૌદ્ગલિક સુખોની અભિલાષાને રાગ કહેવામાં આવે છે, અને "**द्वेष उपशमत्यागात्मके विकारे।**" ઉપશમના ત્યાગ રૂપ આત્માના વિકારને દ્વેષ કહેવામાં આવે છે. આ રાગ-દ્વેષના કારણે અનંતકાળથી જીવ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. દ્વેષથી દુઃખની પરંપરા ચાલુ રહે છે. દ્વેષ તો દેખીતો ભયંકર છે પણ રાગ એ છૂપી આગ છે. રાગની આગને ઓલવ્યા વિના સંયમનો બાગ નહિ ખીલે. રાગ બે પ્રકારનો છે. એક પ્રશસ્ત રાગ છે ને બીજો અપ્રશસ્ત રાગ છે, એમાં દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેનો રાગ છે તે પ્રશસ્ત રાગ છે અને સંસારના સુખ પ્રત્યેનો રાગ છે તે અપ્રશસ્ત રાગ છે. પ્રશસ્ત રાગ જીવને તારે છે ને અપ્રશસ્ત રાગ જીવને સંસારના કાદવમાં ગળાબૂડ ખૂંચવે છે. એક જ વસ્તુ હોય, એક જ કાર્ય હોય, છતાં એક જ વસ્તુમાં ભિન્નભિન્ન પ્રકારના રાગ હોય છે.

જેમ કે કોઈ બહેન એના પતિને જમાડે છે, પુત્રને જમાડે છે અને સાધુને ગોચરી વહોરાવે છે પણ દરેકમાં રાગની ભિન્નતા હોય છે. પત્ની એના પતિને પ્રેમથી જમાડે છે તે વખતનો રાગ એ કામ રાગ-મોહ છે. પોતાના પુત્રને જમાડે તે સ્નેહરાગ છે અને સાધુને વહોરાવે તે ધર્મરાગ છે. જુઓ, વસ્તુ એક જ છે. એક જ તપેલામાં રસોઈ બની છે અને સ્ત્રી પણ એક જ છે છતાં પતિને જમાડવામાં, પુત્રને જમાડવામાં અને સંતને વહોરાવવામાં જુદા જુદા પ્રકારનો રાગ હોય છે ને? આ ત્રણે ય રાગમાં સાધુને વહોરાવવાનો રાગ પ્રશસ્ત છે, કારણ કે એ ધર્મનો રાગ છે. ધર્મનો રાગ જીવને આગળ જતા વીતરાગ બનાવે છે. સંતોનો પ્રેમ નિઃસ્વાર્થ પ્રેમ છે. સંતોનું દર્શન જીવને મહાન લાભદાયી છે અને સંતોનો સમાગમ તો એથી પણ વિશેષ લાભદાયી છે.

यो नित्यं कुमतिं वहन्ति सततं मोहं विभिन्ते हृदो,
गृह्णीते विनयं रतिं च कुरुते धते गुणानां ततिम्
कीर्तिं वर्धयति व्यपोहति गतिं दुष्टां प्रसूते यमं,
किं नैव गुण गुणिसंगमो जनयति स्वाभिष्ट कार्यं नृणाम् ॥

ગુણીજનોનો સંગ કુમતિ અને હૃદયના મોહને સદંતર સાફ કરે છે. વિનયને શીખવે છે. સુખ, આબાદી અને સદ્ગુણોની અણમોલ ભેટ આપે છે. કીર્તિને વધારે છે, નીચગતિને ટાળે છે, શાંતિને આપે છે. ભલા! ગુણવાનોનો સંગ મનુષ્યના કયા કયા અર્થોને-ઈચ્છાઓને પૂર્ણ કરતો નથી? અર્થાત્ સઘળી ઈચ્છાઓને એ સર્વથા પૂર્ણ કરનારું અમોઘ શસ્ત્ર છે. સત્સંગનો આવો મહાન મહિમા છે. માટે જીવને સત્સંગ મહાન લાભદાયી છે. દરેક મનુષ્યે અવશ્ય સત્સંગ કરવાની જરૂર છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તિને પણ સંતનો સમાગમ થયો છે. એને સંત પ્રત્યે રાગ છે પણ એનો રાગ મોહમયી છે, તેથી ભોગનું આમંત્રણ આપે છે. તેમણે પૂર્વભવમાં ત્યાગનો લાભ વેચીને ભૌતિક સુખ માંગ્યું છે. જે ચીજ માંગીને લીધેલી હોય એમાં એને અતિરાગ હોય છે, તેથી તે એમાં આસક્ત બને છે, અને બીજાને પણ એ તરફ ખેંચવા માટે પ્રયત્ન કરે છે. હવે શાસ્ત્રકાર શું કહે છે.

तं पुव्वनेहेण कयाणुरागं, नराहिवं कामगुणेसु गिद्धं ।
धम्मस्सिओ तस्स हियाणुपेही, चित्तो इमं वयणमुदाहरित्था ॥ १५ ॥

પૂર્વભવના સ્નેહના અનુરાગને આધીન બનેલા, અને મનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં લોલુપ બનેલા એવા બ્રહ્મદત્ત ચક્રવર્તિને ધર્મ માર્ગમાં સ્થિત અને ચક્રવર્તિના હિતના અભિલાષી એવા ચિત્તમુનિ આ પ્રમાણે કહેવા લાગ્યા.

ચિત્તમુનિ શું કહેશે તે વાત આગળ ગાથામાં આવશે પણ બ્રહ્મદત્ત શું કહી રહ્યા છે? હે મુનિ! કષ્ટદાયી ત્યાગ માર્ગ છોડી દો ને મારા રાજમહેલમાં પધારો, ત્યાં તમને કેવા સુંદર નાટક જોવા મળશે, કેવા મધુરા સૂરથી ગવાતા ગીત સાંભળવા મળશે, સારા વસ્ત્રાભૂષણો પહેરવા મળશે, સુંવાળી શય્યામાં છત્રપલંગે પોઢવા મળશે. નિત્ય નવા મિષ્ટાન્ન ખાવા મળશે. અપ્સરા જેવી કન્યાઓ ખમ્મા ખમ્મા કરશે અને દેવોએ બનાવેલા દરેક જાતની સુખ સામગ્રીથી યુક્ત મહેલોમાં મહાલવાનું મળશે. ક્યાં મારા દિવ્ય સુખો અને ક્યાં તમારા ત્યાગના દુઃખો! તમને આવા દુઃખમાં જોઈને મારું તો કાળજું કંપી જાય છે, માટે આ બધું છોડીને તમે મારી સાથે ચાલો. આ પ્રમાણે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિને ઘણું કહ્યું પણ જેમનો આત્મા સંયમ માર્ગમાં સ્થિર છે તેને ગમે તેટલા પ્રલોભનો આપવામાં આવે છતાં તે એના માર્ગથી ચલાયમાન ન થાય. આગળના શ્રાવકો પણ કેવા દૃઢધર્મી હતા! કામદેવ, શ્રાવક, અર્હન્નક શ્રાવક આદિ શ્રાવકોની દેવોએ કેવી આકરી કસોટી કરી હતી છતાં પોતાના શ્રાવક ધર્મમાં કેવા દૃઢ રહ્યા હતા! દેવોએ એમને મારણાંતિક ઉપસર્ગો આપ્યા છતાં ધર્મથી એમનું મન ચલિત ન થયું, તો જેણે સંસારને અસાર સમજીને છોડયો ને પાંચ મહાવ્રત ધારણ કર્યા એવા સંયમી મુનિ તો કેમ ચલાયમાન થાય? આ તો સંસારમાં આવવા માટેના પ્રલોભનો આપે છે પણ એના બદલે દુઃખ આપે તો પણ પોતાના ચારિત્રને છોડે નહિ. પ્રાણ જાય તો કુરબાન પણ ધર્મને છોડે નહિ. ધર્મમાં દૃઢ રહે તે જ સાચો દૃઢધર્મી છે. આજે પ્રિયધર્મી શ્રાવકો તો ઘણાં જોવા મળે છે પણ દૃઢધર્મી બહુ ઓછા જોવા મળે છે. દૃઢધર્મી આત્માઓ પોતાના ધર્મમાં કેવા અડગ રહે છે તે ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક રાજાને જયસુંદર નામે એકનો એક રાજકુમાર હતો. તે પૂર્વભવના સારા સંસ્કારો લઈને આવ્યો હતો, એટલે એના જીવનમાં બાલપણથી વિનય, વિવેક,

ઉદારતા આદિ ઘણાં ગુણો હતા. દિવસો જતાં જયસુંદર કુમાર મોટો થયો. એક વખત એના મિત્રોની સાથે જંગલમાં ક્રીડા કરવા માટે ગયો. આમ કુમાર ઘણો ગુણીયલ હતો પણ રાજકુળમાં જન્મેલો એટલે શિકાર કરવાનો શોખીન હતો, તેથી જંગલમાં જઈને એના મિત્રો સાથે શિકાર કરવાનું શીખવા લાગ્યો. એમના ભયથી જંગલના હરણીયા ભયભીત બનીને આમથી તેમ દોડવા લાગ્યા. કુમાર શિકાર ખેલવાનું કાર્ય શીખવામાં મશગૂલ બન્યો હતો પણ એના પુણ્યયોગે જૈન મુનિઓ વિહાર કરીને એ જંગલમાંથી પસાર થતા હતા. એમણે કુમારને શિકાર ખેલતા જોયો, એટલે કરૂણાવંત જૈન મુનિએ એની પાસે આવીને કહ્યું. મહાનુભાવ તું આ શું કરે છે? આપણાથી બીજા જીવોને હેરાન કરાય? ત્યારે કુમારે કહ્યું મહારાજ! હું કોઈને હેરાન કરતો નથી. આ તો હું રમત રમું છું. મુનિએ કોમળતાથી કહ્યું ભાઈ! આવી રમત રમાય ખરી? વિચાર કર. કોઈ માણસ તને માર મારે ને કહે કે હું રમત રમું છું તો તને ગમે ખરું? તને મારે તો દુઃખ થાય ને? કુમારે કહ્યું–હા. મને મારે તો દુઃખ થાય જ ને? તો તું એક વાત સમજી લે કે તને કોઈ મારે, ત્રાસ આપે તે નથી ગમતું તો બીજાને તું ત્રાસ આપે એ એને ગમે ખરું? તારે મન રમત છે પણ એ જીવો બિચારા તારાથી કેટલા ફફડે છે ને મરણના ભયથી આમ તેમ દોડી રહ્યા છે, માટે તું સર્વ જીવોને તારા આત્મા સમાન ગણ. તને જેમ જીવવું ગમે છે તેમ સૌને જીવવું ગમે છે માટે જીવો અને જીવવા દો આટલો સિદ્ધાંત હૃદયમાં કોતરી લે.

"મુનિના ઉપદેશથી કુમારનો જીવનપલટો" :– જયસુંદર કુમાર હળુકર્મી જીવ હતો, એટલે મુનિની વાત એના અંતરમાં ઉતરી ગઈ. એણે કહ્યું. મહારાજ! આપની વાત તો સાચી છે, ત્યારે સંતે કહ્યું તો હવે આજથી તું એવી પ્રતિજ્ઞા કર કે હું કોઈ જીવને આવી રીતે મારીશ નહિ ને હેરાન કરીશ નહિ. કુમારના કોમળ હૃદયમાં મુનિની મીઠી વાણીની સારી અસર થઈ. એણે પ્રતિજ્ઞા કરી કે મારે કોઈ જીવને મારવો નહિ. હૈયું કોમળ હોય તો સંતપુરૂષના આવા કિંમતી ને હિતકારી વચનો એમાં ઉતરી જાય, પણ હૃદય કોમળ કયારે બને એ જાણો છો? પૈસાનો, હોંશિયારીનો અને સત્તાનો ઘમંડ અંતરમાંથી નીકળે તો. જ્યાં સુધી ઘમંડ હોય ત્યાં સુધી અંતર કુણું ન બને, માટે અભિમાનને દૂર કરવા જેવું છે. જયસુંદર કુમારે એવો અભિમાન રાખ્યો હોત કે હું મોટો રાજકુમાર છું, આ સાધુ મને કહેનાર કોણ? તો એ આવી પ્રતિજ્ઞા કરી શકત નહિ, અને એનું જીવન સુધરત નહિ.

કુમારે તો પ્રતિજ્ઞા લઈ લીધી ને એનું બરાબર પાલન કરવા લાગ્યો. કોઈ જીવને પોતાના તરફથી દુઃખ થાય એવું વર્તન કરતો નહિ. ખાવામાં પણ અભક્ષ ખાતો નહિ પણ એના પિતાજીને ખબર નથી કે મારા દીકરાએ આવી પ્રતિજ્ઞા લીધી છે. એક વખત એવું બન્યું કે એ નગરમાં એક ચોર પેસી ગયો, અને ચોરી કરીને લોકોને ખૂબ

રંજાડવા લાગ્યો. એનો ત્રાસ ખૂબ વધી ગયો ત્યારે લોકોએ રાજાને ફરિયાદ કરી. રાજાએ ચોરને પકડવા માટે સિપાઈઓને હુકમ કર્યો એટલે રાજાના સિપાઈઓ રાત-દિવસ ચોરને પકડવા માટે મહેનત કરવા લાગ્યા પણ કોઈ રીતે ચોર પકડાતો નથી. રાજાએ જયસુંદરકુમારને ચોરને પકડવા માટે જવાની આજ્ઞા કરી એટલે એ પણ રાતના સિપાઈઓની સાથે ચોરને પકડવા માટે ફરવા લાગ્યો. શોધતાં શોધતાં એક દિવસ ચોર પકડાઈ ગયો. ચોરને જોઈને જયસુંદરકુમાર વિચાર કરવા લાગ્યો કે આ ચોરને સિપાઈઓ સવારે પિતાજી પાસે હાજર કરશે અને પિતાજી ચોરને મારી નંખાવશે. તો મારાથી આનું દુઃખ કેમ જોવાશે ? હું એને કંઈક સમજાવીને છોડી દઉં.

"કુમારના ઉપદેશથી ચોરનું પરિવર્તન" :- આવો વિચાર કરીને કુમારે ચોરને કહ્યું કે ચોરી કરીને ઘણાં લોકોને હેરાન કર્યા એમાં તને શું મળ્યું ? ચોરીનું પાપ તેં કર્યું. ચોરીનો માલ તારા ઘરના બધા ખાશે ને પકડાવું તારે પડયું, અને રાજા જે શિક્ષા કરશે એ પણ તારે જ ભોગવવી પડશે ને ? રાજા તો તને ફાંસીએ ચઢાવશે. સમજ્યો ? આ સાંભળીને ચોરની આંખમાં આંસુ આવી ગયા, અને કુમારના ચરણમાં પડીને કહ્યું સાહેબ ! તમારી વાત સાચી છે. ધનના લોભમાં હું ભાન ભૂલ્યો. મેં ઘણાં લોકોને રંજાડયા. ઘણાંને કષ્ટ આપ્યા પણ હવે જો તમે મારા ઉપર દયા કરો ને મને છોડી મૂકો તો હું ફરીને જિંદગીમાં ચોરી નહિ કરું. એમ કહીને કુમારના ચરણમાં પડીને કરગરવા લાગ્યો. કુમારના દિલમાં દયા તો હતી એટલે ચોરને આ રીતે કરગરતો જોઈને સિપાઈઓને કહે છે, આ ચોર હવે કદી ચોરી નહિ કરે માટે એને છોડી મૂકો. સિપાઈઓએ કહ્યું કુમાર ! એમ કંઈ ચોરને છોડી મૂકાય ? એ તો અત્યારે પકડાઈ ગયો એટલે છૂટવા માટે રડે છે પણ પછી આપણને હેરાન કરશે.

"કુમારની કરૂણા" :- કુમારનું હૃદય પવિત્ર હતું એટલે એણે કહ્યું ભાઈ ! મેં એને બરાબર ચકાસી લીધો છે. મને ખાત્રી છે કે હવે એ ચોરી નહિ કરે, માટે પિતાજીને આ વાત કહેતા નહિ. પોલિસોએ તો ઘણી ના પાડી છતાં કુમારે એને છોડી મૂકાવ્યો. ચોરને કુમારે પોતાની પાસેથી પૈસા આપ્યા ને કહ્યું-ભાઈ ! લે, આ પૈસા. એમાંથી કંઈ કામધંધો કરજે પણ હવે ફરીથી કદી ચોરી કરતો નહિ. આથી ચોરના દિલમાં કુમાર પ્રત્યે ખૂબ માન ઉપજ્યું ને હૈયામાં હર્ષ થયો. એના મનમાં થયું કે અહો ! માનવ તો હું પણ છું ને આ પણ માનવ છે, છતાં મારામાં ને એમનામાં કેટલો બધો ફરક છે ! આ રાજકુમારની કેટલી બધી ઉદારતા છે ! ને હું કેવો અધમ પાપી છું ! આમ વિચાર કરતાં ચોરનું હૃદય ભરાઈ આવ્યું, આંખમાં ઝળઝળીયા આવી ગયા. ત્યાં ચોર હૃદયપૂર્વક પ્રતિજ્ઞા કરી કે હવે હું ચોરી નહિ કરું, એટલે કુમારે પોલિસોની ઈચ્છા ન હોવા છતાં એને છોડાવી મૂક્યો. એ તો ખુશ ખુશ થતો કુમારનો ઉપકાર માનીને ચાલ્યો ગયો.

"દયાળુ કુમારે દયા ખાતર સ્વીકારેલ દેશવટો :–કુમારે સિપાઈઓને પિતાજીને કહેવાની ના પાડી હતી પણ માણસના પેટમાં અન્ન ટકે છે, પણ વાત ટકતી નથી, સિપાઈઓએ બાનગીમાં રાજાને વાત કરી દીધી એટલે રાજાને ખૂબ ક્રોધ આવ્યો અને કુમારને પોતાની પાસે બોલાવ્યો ને આંખ લાલ કરીને કહ્યું કે રાત્રે ચોર પકડાયો હતો કે નહિ ? કુમાર સમજી ગયો કે વાત પિતાજીને પહોંચી ગઈ લાગે છે. એટલે કુમારે નીડરતાથી કહ્યું પિતાજી ! ચોર પકડાયો હતો પણ મેં એને છોડાવી મૂકયો. શા માટે છોડાવી મૂકયો ? કુમારે કહ્યું આપ એને મારી નાંખો એ માટે અરે મૂર્ખ ! એને ફરીને ચોરી કરવા માટે તેં છોડાવી મૂકયો ને ? ના, પિતાજી ! મેં એને ચોરી ન કરવાની પ્રતિજ્ઞા કરાવીને છૂટો કર્યો છે. શું આમ રાજ્ય કંઈ દયાથી ચાલતા હશે ? પિતાજી ! દયામાં તો દૈવી તાકાત છે. કદાચ દયાથી રાજ્ય ન ચાલે તો દયા ગુમાવવી પડે એવા રાજ્યને શું કરવાનું ? કુમારનો જવાબ સાંભળીને રાજા ગુસ્સે થયા ને કુમારને ચાર તમાચા મારીને કહ્યું તેં મારી આજ્ઞા વિના ચોરને છોડાવી મૂકયો ? મારાથી આ સહન નહિ થાય. જો આવી દયા રાખવી હોય તો મારા રાજ્યમાંથી ચાલ્યો જા. કુમાર તે જ ક્ષણે કંઈપણ લીધા વિના પિતાજીને પગે લાગીને ત્યાંથી ચાલી નીકળ્યો.

બંધુઓ ! કુમાર દયાનું પાલન કરવામાં કેટલો દૃઢ રહ્યો ! દયા ખાતર હસતા મુખે દેશવટો સ્વીકારી લીધો. સાથે રાતી પાઈ લીધી નથી. તેથી વનવગડામાં જે કંઈ ફળફૂલ મળે તે ખાઈને ચાલતો ચાલતો એક મોટા શહેરમાં પહોંચ્યો. હવે ક્યાં જવું ? પેટ ભરવા માટે નોકરી તો કરવી પડે ને ? અહીં તો કોઈને ઓળખતો નથી. મનમાં વિચાર કરતો રાજદરબારના રસોડા પાસે જઈને ઉભો રહ્યો ત્યારે રસોઇયાએ એને પૂછયું ભાઈ ! તું અહીં શા માટે ઉભો છે ? ત્યારે કુમારે કહ્યું મારે નોકરી કરવી છે, ત્યારે રસોઈયાએ કહ્યું આ રાજાનું રસોડું છે. અમારે રસોડામાં એક માણસની જરૂર છે. તારે રહેવું હોય તો રહી જા. કુમાર રસોડાખાતામાં નોકરી રહ્યો. રસોઈઓ રસોઈ કરે અને જે કામ બતાવે તે કુમારને કરવાનું. રસોડામાં અનાજ લાવવું, સાફ કરવું, શાકભાજી લાવવા વિગેરે કામકાજ કુમાર કરવા લાગ્યો. કર્મની કળા કેવી છે ! કયાં એના પિતાને ત્યાં રાજકુમાર તરીકે એને સન્માન મળતું હતું. ખમ્મા ખમ્મા થતી હતી. રોજ નવા મિષ્ટાન્ન જમતો, ગાડી મોટરમાં ફરતો, સોનાના પલંગમાં મખમલની ગાદીમાં સૂતો, તેના બદલે આજે કયાં એને નોકર બનીને કાળી મજુરી કરવી પડે છે ! છતાં એના મનમાં વિચાર સરખો નથી આવતો કે મારે બીજાના માટે દુઃખ વેઠવા પડયા. એને તો સુખ જતું કરીને અહિંસાનું પાલન થાય છે ને ! એનો આનંદ હતો. એ તો મનમાં એવો વિચાર કરતો હતો કે મને જે દુઃખ આવ્યું છે એ મારા પાપકર્મના ઉદયથી આવ્યું છે. દુઃખ ભોગવતાં મારા પાપકર્મનો કચરો સાફ થઇ રહ્યો છે. દુનિયામાં મારા કરતાં તો ઘણાં જીવો દુઃખી છે. એના કરતાં તો હું ઘણો સુખી છું. આમ વિચારી આનંદથી દિવસો વીતાવતો હતો.

" પ્રાણીના રક્ષણ ખાતર હાથીના પગ નીચે છૂંદાવા તૈયાર થયેલો કુમાર:-" એક દિવસ રસોઈયાએ બે મરઘી આપીને કહ્યું આને સમારી લાવ. જયસુંદર કુમારે કહ્યું મારાથી આ કામ નહિ થાય રસોઈયાએ તાડુકીને કહ્યું-નહીં કેમ બને ? નોકરી કરે છે તો જે કહીએ તે બધું કરવું પડશે. કુમારે કહ્યું તમે જે કહેશો તે બધું કરીશ પણ આ નિર્દોષ જીવોને મારવાનું હિંસાનું કામ મારાથી બિલકુલ નહિ બને, ત્યારે રસોઈયાએ બે તમાચા મારીને કહ્યું જો તું એ કામ નહિ કરે તો હું તને રાજાસાહેબ પાસે લઈ જઈશ. ભલે, ખુશીથી લઈ જા. મરી જવું કબુલ છે પણ કોઈ જીવનો વધ હું નહિ કરું. કુમાર તો મક્કમ રહ્યો ત્યારે રાજાએ ગુસ્સો કરીને કહ્યું-ભાઈ! તું તો નોકરી કરે છે ને આવું કરે તે કેવી રીતે ચાલે ? નોકરી એટલે નોકરી. નોકરીમાં તો શેઠનો જે હુકમ હોય તે બજાવવો પડે. આવી રીતે આજ્ઞાનું અપમાન કરાય ? કુમારે કહ્યું સાહેબ ! બધી આજ્ઞાનું પાલન થશે પણ જીવોને મારવાનું કામ મારાથી નહિ થાય. એ તો તારે પહેલાં જ કરવું પડશે. કુમારે નીડરતાથી કહ્યું સાહેબ ! જો એમ જ હોય તો હું નોકરીમાંથી છૂટો થઈ જઈશ.

રાજા કહે છે હું તને એમ છૂટો નહિ થવા દઉં, તને તો હું ભયંકર સજા કરીશ. આજે તને છૂટો કરું તો કાલે બીજા નોકરો પણ એમજ કરશે. આજે તને સજા કરું તો બીજા નોકરો ઉપર છાપ પડે, માટે હજુ કહું છું કે કહ્યા પ્રમાણે કામ કરવા માંડ, નહિતર હાથીના પગ નીચે કચરીને તને મારી નાંખીશ. આ સમયે કુમાર વિચાર કરે છે કે આજે મારી પરીક્ષાનો દિવસ છે. સોનાની પરીક્ષા અગ્નિમાં થાય. સોનું અગ્નિમાં પડે ત્યારે ચકમકતું થાય. એવી રીતે આત્મા પણ આવી અગ્નિ પરીક્ષા થાય ત્યારે નિર્મળ બને છે. તો પરીક્ષામાં ગભરાવાનું શું ? ભલે ને હાથીના પગ નીચે છૂંદાઈ જવું પડે. હું જીવીને બીજાને મારું એના કરતાં હું પોતે જ મરી જાઉં તે શું ખોટું ? મારો આત્મા તો અમર છે. એ કયાં મરવાનો છે ? એમ વિચારી એણે રાજાને કહી દીધું કે તમારે જે શિક્ષા કરવી હોય તે ખુશીથી કરો, પણ હું કોઈ જીવને મારીશ નહિ.

" છેવટે કુમારનો થયેલો વિજય " :- રાજાએ એને મેદાનમાં સૂવાડયો અને એક ગાંડોતૂર હાથી એને મારવા માટે છોડયો. હાથી દોડતો કુમારની પાસે ગયો પણ નજીકમાં આવતાં એના પગ અટકી ગયા, ત્યારે માણસો હાથીને અંકુશ મારીને કુમારને છૂંદી નાંખવા કહે છે તો પણ હાથી ત્યાં જઈ શકતો નથી. આ જોઈને રાજા પણ સ્થંભી ગયા. નક્કી આ કોઈ દૈવી પુરૂષ છે. આ માણસ જીવોની દયા ખાતર પ્રાણનું બલિદાન આપવા તૈયાર થયો છે ત્યારે હું એને કયાં મારી નાંખું છું ! મારાથી અધમ કોણ ? રાજાનું હૃદય પલટાઈ ગયું ને એની પાસે જઈ એને બાથમાં લઈને કહ્યું હે

દેવી પુરૂષ! તને ધન્ય છે! એમ કહી એને ઉંચકી લીધો અને વાજતે ગાજતે પોતાના મહેલમાં લઈ ગયા. રાજાને પુત્ર ન હતો એટલે એને પોતાનો પુત્ર બનાવીને પોતાનું રાજ્ય સોંપી દીધું હવે એના પુણ્યનો ઉદય થયો હતો એટલે એના પિતાને પણ પોતાની ભૂલનો પશ્ચાતાપ થયો કે એક નજીવી ભૂલના કારણે મેં મારા એકના એક પુત્રને દેશનિકાલ કર્યો? હવે આ રાજ્ય કોણ સંભાળશે? એવામાં સમાચાર મળ્યા કે જયસુંદરકુમાર અમુક શહેરનો રાજા બન્યો છે એટલે એના પિતાજીએ એને પોતાના રાજ્યમાં તેડાવ્યો,, અને પુત્રને રાજતિલક કર્યું. કુમારે બંને રાજ્યમાં અહિંસા ધર્મનો ખૂબ ફેલાવો કર્યો. ગમે તેવા દુઃખ પડ્યા પણ એણે પોતાનું વ્રત છોડ્યું નહિ અને જૈન મુનિ પાસે સાંભળેલું કે "જીવો અને જીવવા દો" એ સિદ્ધાંત જગતના જીવોને આચરણ કરીને બતાવ્યો ને પોતાનું જીવન સાર્થક કર્યું.

આ જયસુંદર કુમાર તો સંસારી હતો છતાં પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવા પ્રાણનું બલિદાન આપવા તૈયાર થયો, પણ પ્રતિજ્ઞા તોડી નહિ, તો શું ચિત્તમુનિ સંસારના પ્રલોભનમાં પડીને સંયમ માર્ગથી ચલિત થાય ખરા? કદી ન થાય. હજુ બ્રહ્મદત્ત ચક્રવર્તિ એમને સંસારના પ્રલોભનો આપશે ને ચિત્તમુનિ શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- ભીમસેનનું સ્વાગત કરતી રાણી" :- ભીમસેન અને વિજયસેન રાજા મોટા જનસમુદાયની સાથે જયજયકાર બોલાવતાં રાજમહેલની નજીક આવી ગયા. સુલોચના રાણી કહે છે મોટા બહેન! તમે મારા બનેવીનું સ્વાગત કરવા તૈયાર થઈ જાઓ. એટલે સુશીલાએ સોનાના થાળમાં નાની નાની દીવોઓ ગોઠવીને દીવા પ્રગટાવ્યા ને સાચા મોતીની ઢગલી કરી, પછી પતિનું મુખ જોવા માટે અધીરી બનીને ઉભી રહી. ત્યાં તો બંને રાજાઓ મહેલના મેઈન દરવાજા પાસે આવી પહોંચ્યા. સુશીલાના હાથમાં સોનાના થાળમાં પવિત્ર જ્યોત રેખાઓ ટમટમી રહી હતી. એ જ્યોત રેખાઓના પ્રકાશમાં તેનું નમણું અને સુકુમાર મુખ પ્રકાશ કરી રહ્યું હતું. ભીમસેને રાજમહેલના દરવાજાના ઉંબરે જેવો પગ મૂક્યો કે તરત સુશીલાએ એને સાચા મોતી અને પુષ્પોથી વધાવ્યો, અને એની આરતી ઉતારી, પછી પોતે પતિના ચરણમાં ભાવથી નમસ્કાર કર્યા. અસીમ દુઃખો સહન કર્યા પછી ત્રણ ત્રણ વર્ષે પતિનું મિલન થયું, એટલે સુશીલાની આંખોમાંથી દડદડ આંસુની ધારા વહેવા લાગી. એનાથી ભીમસેનના પગ ભીંજાઈ ગયા. ભીમસેને પણ ઘણાં કષ્ટ વેઠ્યા અને પુત્રો અને પત્નીની પાછળ ઝૂરતો હતો એમનું મિલન થતાં એની આંખમાંથી શ્રાવણ ભાદરવાના મેઘની જેમ આંસુની ધાર થઈ.

ભીમસેન અને સુશીલાને રડતા જોઈને સુલોચના અને વિજયસેને કહ્યું હવે તો તમારા દુઃખનો અંત આવી ગયો, આજે તો આનંદનો દિવસ છે એમ કહીને બંનેને શાંત કર્યા. ભીમસેને સુશીલાના માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા, પછી સુશીલા બાજુ

પર બેસી ગઈ એટલે ભીમસેન આગળ વધ્યો. દેવસેન અને કેતુસેન બંને બાલુડાઓ બા....બા....કરતાં આગળ આવીને સુશીલાને વળગી પડયા. સુશીલાએ અપૂર્વ વાત્સલ્યથી બંને બાળકોને પોતાની છાતી સરસા ચાંપી દીધા. બાળકો પણ ત્રણ ત્રણ દિવસથી માતાથી વિખૂટા પડેલા હતા. બાળકોને તો માતાનો ત્રણ દિવસનો વિયોગ ત્રણ વર્ષ જેવો હતો એટલે માતાને એવા વળગી પડયા કે હવે માતા મૂકીને પાછી ચાલી ન જાય, પણ આજે તો માતા અને પિતા બંનેને સાથે જોઈને બાળકો ખૂબ આનંદમાં આવી ગયા ને સૌ સાથે રાજમહેલમાં આવ્યા. વિજયસેનના રાજમહેલમાં તો જાણે એક ઉત્સવ થઈ ગયો. સ્નેહીઓના મિલનથી મહેલના ખૂણે ખૂણા ગુંજી ઉઠયા અને ચારે બાજુ આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

બધા આનંદથી મળ્યા પછી સુંદર સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરાવેલા હતા તે જમવાનો સમય થતાં બધા સાથે જમવા બેઠા. વિજયસેન તથા સુલોચનાએ ભીમસેન, સુશીલા તથા બંને બાળકોને ખૂબ પ્રેમથી આગ્રહપૂર્વક જમાડયા. રાજમહેલ છોડયા પછી આજે જ મિષ્ટાન્ન પીરસાયા હતા પણ આજે તો સ્વજનો મળવાથી ભૂખ પણ ભાગી ગઈ હતી છતાં પ્રેમથી જમ્યા. જમ્યા પછી ભીમસેન, સુશીલા, દેવસેન અને કેતુસેન બધા મળ્યા, અને હર્ષ ને શોકનાં આંસુ વહાવ્યા, પછી નાનકડા દેવસેન અને કેતુસેન ભીમસેનની કોટે વળગીને કહે છે પિતાજી! તમે તો અમને ઉંઘતા મૂકીને ચાલ્યા ગયા. ગયા તે ગયા પછી આવ્યા જ નહિ ને? અમારી માતાએ કેટલા દુઃખ વેઠયા? કેવી મજુરી કરી પેટે પાટા બાંધીને અમને ખવડાવતી. ઘણી વાર તો ત્રણ ત્રણ દિવસ ભૂખ્યા રહેવાનો વખત આવી જતો. પિતાજી! અમે તમને ખૂબ યાદ કરતા હતા ને અમારી માતા તો કેવી રડતી હતી! પણ તમે તો અમારી ખબર લેવા જ ન આવ્યા ને? આ સાંભળીને ભીમસેનની આંખમાં આંસુ આવી ગયા. સુશીલાએ બાળકોને કહ્યું તારા પિતાજીને એવું ન કહેવાય. જો એમને કેટલું દુઃખ થાય છે? એમ કરીને ભીમસેનને શાંત કર્યો. ત્યાં વિજયસેન અને સુલોચના પણ આવી પહોંચ્યા.

"જીવનને ધિક્કારતી સુલોચના" :– ત્રણ વર્ષમાં તો ભીમસેન અને સુશીલાના માથે એટલી બધી વીતક વીતી હતી કે વાત કહેતા એનો પાર આવે તેમ ન હતો. બધા ભેગા થઈને દિવાનખાનામાં બેઠા પછી વિજયસેન અને સુલોચનાએ ભીમસેન તથા સુશીલાને પૂછ્યું કે તમારે રાજ્ય છોડવાનું કારણ શું બન્યું? ત્યારે ભીમસેને અથથી ઇતિ સુધીની બધી વાત કહી સંભળાવી પણ એમાં કોઈનો દોષ ન કાઢયો. પોતાના કર્મનો દોષ કાઢયો. ભીમસેન અને સુશીલાના દુઃખની કહાની સાંભળીને વિજયસેન અને સુલોચનાની આંખમાં આંસુની ધાર થઈ. સુલોચના તો મોટી બહેનને ગળે વળગીને રડવા લાગી, અને રડતી રડતી કહે છે અરેરે....મારા બહેન–બનેવીએ મારા જ ગામમાં આવા દુઃખો વેઠયા! હું કેવી કમભાગી કે અમને કાંઈ ખબર જ ન પડી! અમને ધિક્કાર છે કે અમે સુખ

ભોગવ્યા ને તમે આવા દુઃખ વેઠયા ! આમ પરસ્પર વાતો કરીને હૈયા હળવા કર્યા. વિજયસેન રાજા પણ કામકાજ છોડીને ભીમસેન અને સુશીલાની સેવામાં ખડે પગે ઉભા રહ્યા. સૌ જ્યારે ભેગા મળીને વાતો કરતા ત્યારે એમની એક આંખમાંથી હર્ષના આંસુ છલકાતા હતા ને બીજી આંખમાંથી દુઃખના આંસુ ટપકતા હતા. પુનર્મિલનના આનંદથી હૈયું ઘડી હરખાઈ ઉઠતું તો બીજી જ પળે વિયોગની પડેલી યાતનાઓની વાત સાંભળીને હૈયું આક્રંદ કરી ઉઠતું.

દેવસેન અને કેતુસેનને તો રાજમહેલમાં મઝા પડી ગઈ હતી. ઘણાં વખતે એમને પેટ ભરીને ખાવા મળ્યું હતું. રમવા માટે સોનાચાંદીના રમકડા મળ્યા હતા. સૂવા માટે મખમલની શય્યા મળી હતી, માતાની મમતા અને પિતાનું વાત્સલ્ય એક સાથે બંને ઉપર ઘણાં વર્ષે ઢળી રહ્યું હતું, બંને મોજમાં આવીને ખૂબ રમતા, કિલ્લોલ કરતા, અને રમતાં થાકી જતાં ત્યારે ત્યાં ને ત્યાં ઉંઘી જતા. ભીમસેને ઘણાં વર્ષે સુખનો શ્વાસ લીધો હતો. બધા ભેગા મળ્યા પછી ત્રીજા દિવસની બપોરે સૌ ભીમસેનને વીંટળાઈને બેઠા હતા ત્યારે ભીમસેને કહ્યું વિજયસેન ! જોયું ને ! જ્યારે માણસના અશુભ કર્મોનો ઉદય થાય છે ત્યારે માનવી સુખેથી શ્વાસ લઇ શકતો નથી અને શુભકર્મનો ઉદય થાય છે ત્યારે સુખ આવતા પણ વાર લાગતી નથી. સુખ દુઃખનું ચક્ર નિરંતર ફર્યા કરે છે સુખ અને દુઃખ બંને સ્થાયી નથી. બંને અસ્થિરપણે ઘૂમ્યા કરે છે. અમે પૂર્વભવમાં કેવા નિકાચિત અશુભ કર્મો કર્યા હશે કે આ ભવમાં અમારી દશા આવી થઈ, અને હવે અમારા કર્મો પૂરાં થતાં અમને બધું પાછું મળવા લાગ્યું છે. નહિ તો કંથા વાંઢરો ઉઠાવી ગયો ત્યારે અને સંન્યાસી સુવર્ણરસ લઈને ચાલ્યો ગયો ત્યારે તો હું એટલો બધો હતાશ થઈ ગયો કે મને જીવવું દુઃસહ્ય લાગ્યું હતું. તે સમયે મેં જીવનનો અંત લાવવા ગળે ફાંસો બાંધ્યો હતો, પણ કર્મની લીલા વિચિત્ર છે કે એ બંને ચીજો સામેથી મને મળી ગઈ. કંથા અને સુવર્ણરસની વાત આવતા સુલોચના અને વિજયસેનને એકદમ કંઈક યાદ આવ્યું હોય તેમ કહ્યું કે તમારા દાગીના અમારી પાસે છે તે તમને આપી દેવાનું તો અમે ભૂલી જ ગયા. ત્યારે ભીમસેન અને સુશીલાએ કહ્યું કે અમારાં દાગીના અહીં કેવી રીતે આવ્યા ? હવે વિજયસેન અને સુલોચના એ વાત ભીમસેનને કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં ૭૪

આસો સુદ ૧૩ ને બુધવાર **તા. ૩-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, સર્વજ્ઞ, મહાન ઉપકારી તીર્થંકર પરમાત્માએ આ જગતના જીવોના ઉદ્ધાર માટે દ્વાદશાંગી વાણી પ્રકાશી.

ભગવાનની વાણીમાં અદ્‌ભૂત શક્તિ રહેલી છે. જિનવચનમાં જેને યથાર્થ શ્રદ્ધા થાય છે એના ભવોભવના પાતક ટળી જાય છે.

વીરની વાણી છે પાવનકારી, એ જી એ તો પાપીને પાવન કરશે,
વાણીના પ્યાલા જે પ્રેમથી પીશે, જન્મો જન્મના પાતક જાશે
હે જી..એ તો અંતરને નિર્મળ કરશે...વીરની

વીતરાગ પ્રભુની વાણીના પ્યાલા જે આત્માઓ પ્રેમથી પીવે છે એની ભવોભવની તૃષ્ણાની પ્યાસ બૂઝાઈ જાય છે, અને આત્મામાં અલૌકિક આનંદ અને શાંતિનો અનુભવ થાય છે. આત્મા નિર્મળ અને હળવો બને છે. વીતરાગ પ્રભુની વાણીનું પાન કરીને કંઈક આત્માઓ સંસારરૂપ સહરાના રણને પસાર કરી મોક્ષની મહેલાતમાં પહોંચી ગયા છે તો હવે આપણે પણ અનંતભવની રખડપટ્ટી અટકાવી અક્ષય-અવ્યાબાધ અને શાશ્વત સુખની મોજ માણવા, મોક્ષની મહેલાતમાં મહાલવું હોય તો એ વાણીનો સહારો લેવો પડશે.

જ્ઞાની કહે છે કે ધન, સ્ત્રી, પુત્ર-પરિવાર, શરીર, સગાવહાલા, ખાનપાન, ઘર, દુકાન, જમીન જાગીર, સંપત્તિ, બાગ-બગીચા, વસ્ત્રાભૂષણો તથા સંપત્તિ વગેરે ઉપરનું મમત્વ જીવને મોક્ષ તરફ આગળ વધવા દેતું નથી. બસ, આ મારું છે ને તે મારું છે અને હું તેનો માલિક છું, સ્વામી છું. આવા સ્વ સ્વામીત્વ સંબંધના કારણે આત્મસાધના અટકી ગઈ છે, માટે આ દુઃખદાયી મમત્વનો ત્યાગ કરીને સુખદાયી સમતાનું સેવન કરો. મમત્વને દૂર કરીને સમતા લાવવાનો જો કોઈ ઉપાય હોય તો તે એક જ છે કે " **एगो हं नत्थि मे कोइ नाह मन्नस्स कस्सइ ।** " આ અસાર અને ક્ષણિક સંસારમાં હું એકલો જ છું. મારું કોઈ નથી તેમજ હું પણ કોઈનો નથી. હું એકલો આવ્યો છું ને મરીને પરલોકમાં એકલો જવાનો છું. સાથે કાંઈ જ આવવાનું નથી. હું તો આ સંસારમાં ચાર દિવસનો મહેમાન છું. મહેમાનને વળી પારકા ઘરની આટલી બધી મમતા અને મોહ શા માટે હોવો જોઈએ ! મારે એક દિવસ ઓચિંતા આ બધું મૂકીને મરવાનું છે. હું જન્મ્યો ત્યારે આ સંસારની એક પણ વસ્તુ લઈને જન્મ્યો ન હતો, અને અહીંથી આયુષ્ય પૂરું થશે ત્યારે પણ ખાલી હાથે જવાનો છું તો પંછી હે જીવ ! શા માટે મારું મારું કરીને તું મરી જાય છે. તારું જે કંઈ છે તે તારી પાસે છે, માટે મોહ, માયા અને મમતાને તું છોડી દે અને સમતાભાવ જીવનમાં અપનાવી લે. વીતરાગ વાણી ઉપર શ્રદ્ધા કરનાર જીવને જ્યારે આ વાત સમજાઈ જાય છે ત્યારે મોહ માયા અને મમતાના બંધનો તોડી સંસારનો ત્યાગ કરે છે.

આપણા ચાલુ અધિકારમાં ચિત્તમુનિને ઘેર કેટલી સંપત્તિ હતી. વૈભવ વિલાસ હતા પણ એમણે એક જ વખત સંતના મુખેથી વીતરાગ વાણી સાંભળી અને વૈરાગ્ય આવ્યો ને દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી સંયમની કઠોર સાધના કરતાં કરતાં એમને

અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. સમય જતાં બંને ભાઈ મળ્યા. બ્રહ્મદત્ત ચક્રવર્તિએ પોતાના ભાઈને સાધુવેશમાં જોયા એટલે એને ખૂબ દુઃખ થયું કે હું આવો મોટો સંપત્તિશાળી અને મારો ભાઈ આવો સાધુ ! એટલે પૂર્વભવના સ્નેહના અનુરાગથી ચિત્તમુનિને કહે છે હે મુનિરાજ ! તમે આ સાધુપણું છોડીને મારા રાજ્યમાં આવી જાઓ, અને મનગમતા સુખો ભોગવો. મારા મહેલમાં નૃત્યકારો દિલ ખુશ થઈ જાય એવું નૃત્ય કરે છે. સંગીતકારો ગીત ગાય છે, અનેક પ્રકારના આભૂષણો અને વસ્ત્રો છે તે પહેરીને શરીરને સજાવો, અને નવયુવાન રાજરમણીઓ સાથે સંસારના સુખ ભોગવો. આ પ્રમાણે ઘણું ઘણું કહ્યું પણ જેનું મન મેરૂની જેમ અડોલ છે, અંતર વૈરાગ્ય રસથી તરબોળ છે એવા ચિત્તમુનિનું મન એના પ્રલોભનો તરફ જરા પણ આકર્ષાયું નહિ.

બંધુઓ ! સાધુઓને સાધુપણામાં ઉપસર્ગો આવે છે. એની સામે બરાબર ટક્કર ઝીલી શકે તે સાધુપણામાં ટકી શકે છે. ઉપસર્ગ બે પ્રકારના આવે છે. એક અનુકૂળ ને બીજો પ્રતિકૂળ. એમાં પ્રતિકૂળ ઉપસર્ગમાં તો મક્કમ રહી શકે છે પણ અનુકૂળ ઉપસર્ગમાં મક્કમ રહેવું મુશ્કેલ છે. બ્રહ્મદત્તો ચિત્તમુનિને ઘણાં પ્રલોભનો આપ્યા પણ ડગ્યા નહિ પણ પોતાને સંસાર તરફ આકર્ષતા બ્રહ્મદત્ત ચક્રવર્તિને ચિત્તમુનિએ કેવો જડબાતોડ જવાબ આપ્યો કે હે બ્રહ્મદત્ત ! સાંભળો.

सव्वं विलविअं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ १६ ॥

તમે કહો છો ને કે મારે ત્યાં આવા સંગીત ગવાય છે, પણ એ ગીત મારી દૃષ્ટિએ તો વિલાપ જેવા છે. સઘળા નાટકો વિટંબણા રૂપ છે. સઘળા આભરણો ભાર રૂપ છે અને સઘળા ઈન્દ્રિયોના વિષયો મને તો દુઃખદાયક દેખાય છે. જેમ કોઈ બાઈ પરણ્યા પછી છ બાર મહિનામાં વિધવા થાય ત્યારે સગાવહાલા તેને ઘરચોળું પહેરાવે છે, પણ એ ઘરચોળું જ્યારે પરણીને એ શ્વસુરગૃહે આવી ત્યારે એના મનમાં કેટલો આનંદ અને ઉલ્લાસ હતો પણ જ્યારે પતિ મરી જાય ને પહેરાવે ત્યારે એને આનંદ કે ઉલ્લાસ હોય ખરો ? એ સમયે તો એ ઘરચોળું શરીરે અગ્નિ મૂકે ને બળતરા થાય એવી બળતરા કરનારું દુઃખરૂપ લાગે છે. એનો પતિ મરી જવાથી એ જેમ કરૂણ સ્વરે વિલાપ કરે છે, એમ આ તારા સંગીતના સૂર પણ મને તો ભરયુવાનીમાં વૈધવ્ય પામેલી સ્ત્રીના વિલાપ જેવા લાગે છે. આ તારા નાટક ચેટક એ તો મહા કષ્ટદાયી વિટંબણા રૂપ લાગે છે, અને તમે કહો છો કે હીરા-માણેક અને મોતીના આભૂષણોથી શરીરને શોભાવો પણ હે બ્રહ્મદત્ત ! એવા જડ આભૂષણો કોને ગમે ? એ તો મને ભારરૂપ લાગે છે, જે ભૌતિક સુખમાં મુગ્ધ બનેલો બહિરાત્મા હોય તે શરીરે આભૂષણો પહેરીને મલકાય કે હું કેવો સુંદર દેખાઉં છું ! આભૂષણોથી મારો દેહ કેવો દેદિપ્યમાન દેખાય છે ! એમ કહીને આનંદ માને છે પણ જે આત્મિક

સુખમાં મસ્ત બનેલો અંતરાત્મા છે એને મન તો એ બધા આભરણો ભારરૂપ લાગે છે, અને જે શબ્દાદિક વિષયો છે એ તો તૃષ્ણાને વધારનાર હોવાથી દુઃખરૂપ છે.

જેમ સંગ્રહણીના દર્દીને માટે દૂધ ઝેર જેવું છે. ત્રિદોષના દર્દીને માટે પતાસું ઝેર જેવું છે એમ આ તારા સંસારના સુખો મોક્ષ સુખની અભિલાષાવાળા ત્યાગી સંતોને માટે એકાંત ઝેર જેવા છે. ત્યાગીને મન ચક્રવર્તિની તો શું પણ દેવલોકના દેવની ઋદ્ધિ પણ તુચ્છ છે. એને મન બાહ્ય સંપત્તિની કાંઈ કિંમત નથી.

"રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો." આત્માર્થી ત્યાગી આત્માઓને મન માટીના ઢગલા હોય કે એક બાજુ સોના રૂપાના ઢગલા હોય બંને એમની દૃષ્ટિમાં સરખા છે. દેવલોકમાં રહેલા વૈમાનિક દેવની સંપત્તિ હોય કે મૃત્યુલોકના માનવીની સંપત્તિ હોય બધું માટી તુલ્ય છે. એની સામે દેવાંગના આવીને ઉભી રહે કે મૃત્યુલોકની સૌંદર્યવાન સ્ત્રી ઉભી રહે પણ એને મન તો બંને લાકડાની પુતળી જેવી લાગે. હાડકાના માળા જેવી લાગે છે, પછી એમાં કયાં મોહ ઉત્પન્ન થાય? એમાં ત્યાગીને આનંદ કયાંથી આવે? તે સિવાય આ તારો સંસાર તો ભડભડતા દાવાનળ જેવો લાગે છે. એકાંત દુઃખનો ભરેલો છે. જ્યાં એકાંત સ્વાર્થ ભરેલો છે એવા સંસારમાં સુખ કે આનંદ નથી આવતો. ભૌતિક સુખમાં રમણુતા કરનારને સંસારમાં આનંદ આવે છે અને ગમે તેટલું દુઃખ પડવા છતાં એ દુઃખને સુખ માનીને સંસારમાં પડયો રહે છે. સંસાર કેવો સ્વાર્થમય છે! સમય આવ્યે ઉપકારીનો ઉપકાર પણ ભૂલી જઈને કેવો અપકાર કરે છે તે એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક મોટા શહેરમાં એક શ્રીમંત શેઠ-શેઠાણી રહેતા હતા. પુણ્યોદયે લક્ષ્મી ખૂબ હતી. શેઠ શેઠાણી બંને ખૂબ સજ્જન અને ધર્મિષ્ઠ હતા. એમને એક પુત્ર હતો. તેનું નામ સુરેશ હતું. આ શેઠાણી ખૂબ દયાળુ હતા. સાધુ સંતો અને ગરીબોની ખૂબ સંભાળ રાખતા હતા. તે પોતાના પુત્ર સુરેશને ખૂબ સારા સંસ્કાર આપતા. સો શિક્ષક જે સંસ્કાર નથી આપી શકતા તે એક માતા આપી શકે છે, અને સંતાનોના જીવનનું સુંદર ઘડતર કરી શકે છે. સુરેશ દેખાવમાં રૂપવાન હતો સાથે ગુણવાન પણ હતો, તેથી તે માતાપિતાને ખૂબ વહાલો લાગતો હતો. સાથે બીજા લોકોને પણ ઘણો પ્રિય હતો. ખૂબ આનંદથી શેઠનું કુટુંબ વસતું હતું પણ સંસારનું સુખ અને આનંદ કયાં કાયમ માટે ટકવાનું છે! સુખમાં કયારે દુઃખનો તણુખો આવી જાય છે એની કયાં કોઈને ખબર પડે છે!

"માતાનો પ્રેમ આપતી માલતી" :- સુરેશ પાંચ વર્ષનો થયો ત્યાં એની માતાને કાળરાજાએ ઝડપી લીધી. માતાનું અચાનક અવસાન થવાથી સુરેશને તથા એના પિતાને ખૂબ આઘાત લાગ્યો. આવી ગુણીયલ પત્નીનો વિયોગ થવાથી શેઠ ખૂબ ઝૂરાપો કરવા લાગ્યા ત્યારે એમના કુટુંબીજનો કહે છે શેઠ! આમ ઝૂરાપો કરવાથી

શું વળશે ? તમે હવે ફરીથી લગ્ન કરો. શેઠે કહ્યું હવે મારે લગ્ન કરવા નથી, ત્યારે લોકો કહે છે પણ આ નાનકડા સુરેશ માટે તો કંઈક વિચાર કરો. બધાએ બહુ આગ્રહ કર્યો એટલે શેઠે લગ્ન કરવાની હા પાડી. માલતી નામની એક ખાનદાન કુટુંબની કન્યા સાથે શેઠના લગ્ન થયા. શેઠે માલતીને પહેલેથી કહી દીધું હતું કે જો હું સંસાર સુખની આશાથી તારી લાથે લગ્ન કરતો નથી પણ મારા સુરેશની સંભાળ રાખવા માટે ફરીથી લગ્ન કરું છું. માટે મારા સુરેશને એની માતાની જેમ તું બરાબર સાચવજે. માલતી પરણીને આવ્યા પછી ખૂબ આનંદથી રહેવા લાગી ને સુરેશને ખૂબ સાચવતી હતી. તેથી શેઠને ખૂબ સંતોષ હતો. શેઠને ત્યાં પૈસાની કમીના ન હતી. એને ત્યાં પાર વગરનું સંસારનું સુખ હતું પણ શેઠાણી ગુજરી ગયા ત્યારથી શેઠના મનમાં એમ થતું કે બસ, આ બધું છોડીને આમ જ ચાલ્યા જવાનું છે. તો હું બધે છોડીને દીક્ષા લઈ આત્માનું કલ્યાણ કરું. સુરેશ આઠ વર્ષનો થયો ત્યારે માલતીને પણ એક પુત્ર થયો. એનું નામ વિનય પાડયું. આઠ વર્ષે સુરેશે નાનાભાઈનું મુખ જોયું એટલે એને પણ ખૂબ આનંદ થયો. એ નાનાભાઈને પ્રેમથી રમાડતો હતો. આ બંને ભાઈઓ અને માતાનો પ્રેમ જોઈને શેઠને ખૂબ સંતોષ હતો, સમય જતાં સુરેશ પંદર સોળ વર્ષનો થયો ત્યારે શેઠે માલતીને કહ્યું કે આપણા પુણ્યોદયે આપણે ત્યાં સુખની કમીના નથી. મારે મારા આત્માનું કલ્યાણ કરવા દીક્ષા લેવી છે, માટે તું મને રાજીખુશીથી રજા આપ. માલતીએ કહ્યું. ના....તમે સંસારમાં રહીને ધર્મધ્યાન કરો પણ હું તમને દીક્ષાની આજ્ઞા નહિ આપું.

"શેઠના અંતિમ ઉદ્‌ગાર" :– પત્નીએ આજ્ઞા ન આપી એટલે શેઠ દીક્ષા લઈ શકયા નહિ, પણ એમનું મન તો ત્યાગમાં રમવા લાગ્યું, અને કુદરતી બન્યું એવું કે એક મહિનામાં શેઠ અચાનક બિમારીમાં જડપાઈ ગયા. શેઠને લાગ્યું કે હું હવે જીવવાનો નથી એટલે માલતીને ભલામણ કરી કે હું આ પથારીમાંથી ઉઠું એમ લાગતું નથી. તું અત્યારે તો બંને દીકરાને સાચવે છે. પણ મારા ગયા પછી પણ એવો જ સાચવજે. ડાબી ને જમણી આંખ સરખી રાખજે, અને મારી જે ઈજ્જત–આબરૂ છે તે વધે એવું કરજે. આ રીતે બીજી ઘણી ભલામણ કરીને શેઠ પરલોક સીધાવ્યા. પતિના જવાથી માલતી, સુરેશ અને વિનયને ખૂબ આઘાત લાગ્યો, પણ આ તો સંસાર છે ને! દિવસે દિવસે વિયોગનું દુઃખ વિસારે પડવા લાગ્યું. શેઠ ગુજરી ગયા પછી માલતીએ રસોઈ કરવા માટે એક ગરીબ બ્રાહ્મણ બાઈને રસોઈયાણી તરીકે રાખી, અને આનંદથી દિવસો પસાર કરવા લાગી. સુરેશ અને વિનય બંને ભાઈઓ પણ ખૂબ પ્રેમથી એકમેક બનીને રહેવા લાગ્યા. આમ કરતાં સુરેશ ભણીગણીને તૈયાર થયો ને પિતાના ધંધામાં જોડાયો.

"સાવકી માતાની બદલાયેલી બુદ્ધિ" :– સુરેશ ખૂબ હોંશિયાર હતો. આ જોઈને માલતીના મનમાં થયું કે હવે તો સુરેશ કમાતો થયો, કાલે એના લગ્ન થશે. પછી બધી સત્તા એના હાથમાં રહેશે. મારા વિનયને એ શું આપવાનો છે ? અને

અત્યારે છે એવો જ રહે તો પણ મારા દીકરાને તો અડધી જ મિલ્કત મળવાની ને ? એના કરતાં હું કોઈ પણ રીતે એનું કાસળ કાઢી નાંખું તો બધી મિલ્કત મારા વિનયને મળે ને હું ઘરની ઠકરાણી બની જાઉં. બંધુઓ ! જ્ઞાનીએ કહ્યું છે કે સંસાર અસાર છે, સ્વાર્થનો ભરેલો છે. બોલો, તમોને આ સાચું લાગે છે ને ? બંને ભાઈ ઓને કેટલો પ્રેમ છે ! એકબીજાને એકબીજા વિના ચાલતું ન હતું એવો પ્રેમ. વળી સુરેશ મોટો હતો એટલે નાનાભાઈને ખૂબ લાડ લડાવતો હતો. માતાને તો દેવની જેમ પૂજતો હતો છતાં લક્ષ્મીના લોભે માતામાં કેવી સ્વાર્થાંધતા પ્રગટ કરી ! નશ્વર ધનને ઈશ્વર માનીને ઈન્સાન કેવો હેવાન બની જાય છે ! અને ધનને માટે કેવું પાપ કરવા તૈયાર થાય છે ! અને એ ધન પણ ગુણીજનના ગુણ નિહાળવાની શક્તિ હરી લે છે. પરના દુઃખને જોતી, આંખો હરી લે છે, અને એનું જીવન અતમ કરવા સુધી પહોંચી જાય છે. સંસારમાં કેવો એકાંત સ્વાર્થ ભરેલો છે ! કવિઓ પણ કહે છે કે

"સૂતો હતો હું નીંદમાં, જાગી જોઉં જ્યારથી,
સગું કોઈ કોઈનું નથી, દુનિયા બધી છે સ્વાર્થની."

માણસ ગમે તેટલો સંસાર પ્રત્યે મમત્વભાવ રાખે પણ વખત આવે ત્યારે કોઈ સગાઈ રાખતું નથી. કોણ પિતા અને કોણ પુત્ર ! કોણ માતા અને કોણ પુત્ર ! ધિક્કાર છે આવા સ્વાર્થભર્યા સંસારને ! માતા માલતી સુરેશને મારી નાંખવાના ઉપાયો શોધવા લાગી. એક દિવસ કોઈ ઉત્સવનો દિવસ આવ્યો, એટલે લાડવાનું જમણ બનાવ્યું હતું. સુરેશ અલગ બંગલામાં રહેતો હતો. જમવા માટે અગર કામકાજ હોય તો આવતો હતો. બાકી વહેપારનું કામકાજ કરતો સાથે સામાયિક-પ્રતિક્રમણ વિગેરે ધર્મધ્યાન કરતો. આ દિવસે માતાએ લાગ જોઈને બે લાડવા પોતાની જાતે બનાવ્યા પણ એ દિવસે સુરેશને કંઈ કામ હોવાથી જમવા જવાનું મોડું થયું એટલે માતાએ રસોઈયાણી બાઈ સાથે સુરેશ માટે લાડવા અને બીજું બધું ટીફીનમાં ભરીને બંગલે મોકલ્યું. સુરેશે બાઈને કહ્યું કે બહેન ! તમે થોડી વાર બેસો. હું કામ પતાવીને જમી લઉં છું. સુરેશ સરળ હતો. એ સમજતો હતો કે મારી માતાને મારા પ્રત્યે કેટલો પ્રેમ છે ! હું જમવા ન જઈ શક્યો તો મારા માટે અહીં મોકલાવ્યું. સુરેશ કામમાં છે. ત્યાં થોડીવારમાં વિનય દોડતો આવીને સુરેશના ખોળામાં પડ્યો, અને સુરેશને વહાલ કરતા બોલ્યો-મોટાભાઈ ! આજે તો સવારથી તમે મને મળ્યા જ નથી એટલે હું સ્કુલેથી સીધો તમને મળવા આવ્યો છું. સ્કુલમાં ખૂબ રમત રમીને આવ્યો છું એટલે થાકી ગયો છું ને ભૂખ ખૂબ લાગી છે. તો ભાઈ ! મને કંઈક ખાવાનું લાવી આપો ને ? સુરેશે કહ્યું-ભાઈ ! બાએ મારા માટે ટીફીન મોકલ્યું છે. બાજુના રૂમમાં બહેન બેઠા છે એ તને આપશે. તું જમી લે.

"પરનું બૂરું કરવા જતાં પોતાનું બૂરું થયું:-" વિનય બાજુના રૂમમાં

ગયેા ને ખાવાનું માંગ્યું તેથી બાઈએ એને લાડવેા આપ્યેા. હજુ લાડવેા પૂરેા ખાધેા ન ખાધેા ત્યાં તેા વિનયની નસેનસેા ખેંચાવા લાગી ને આંખેાના ડેાળા ચકળવકળ થવા લાગ્યા. શરીર પસીનાથી રેબઝેબ થઈ ગયું. આ જોઇને રસેાઈયાણી બાઈ ગભરાઈ ગઈ ને બૂમ પાડી કે સુરેશભાઈ તમે જલ્દી આવેા. આ નાનાભાઈને કંઈક થઈ ગયું એટલે સુરેશ દેાડતેા વિનયની પાસે ગયેા ને જઈને જુએ છે તેા પેાતાનેા વહાલેા ભાઈ હાથપગ પછાડી રહ્યેા છે. એટલે સુરેશ તરત ડેાકટરને બેાલાવી લાવ્યેા, અને માલતીને પણ બંગલે આવવાનું કહેવડાવી દીધું. ડેાકટર સમજી ગયા કે ભેાજનમાં વિષ પ્રયેાગ છે, તેથી ઝેર કાઢવા તાત્કાલિક ઉપાયેા કરવા માંડયા. બીજી તરફ માલતીને ખબર મળ્યા કે દીકરાને કંઈક થયું છે પણ કયા દીકરાને થયું છે એ કહેનારે કહ્યું નહિ. એને તેા ખબર હતી કે મેં સુરેશને માટે શું કર્યું છે ? પેાતાનેા વિનય ત્યાં ગયેા છે એ તેા કલ્પના પણ ન હતી એટલે ઉપરથી રડવાનેા ડેાળ કરતી પણ અંદરથી હરખાતી બંગલે આવી. ત્યાં પેાતાના દીકરાની આ દશા જોતાં એનાં તરંગેાનેા ભંગ થઈ ગયેા. છાતી અને માથા કૂટવા લાગી ને રડતી રડતી બેાલી કે અરેરે....હાથના કર્યા હૈયે વાગ્યા. આ સાંભળતાં સુરેશ અને ડેાકટર સમજી ગયા કે નક્કી આણે જ કાળેા કેર વર્તાવ્યેા છે. ડેાકટરે અકસીર દવાએા આપીને ઝાડા-ઉલ્ટી વાટે થેાડી વારમાં બધું ઝેર કઢાવી નાંખ્યું, પછી ત્રણ ચાર કલાકે વિનય ભાનમાં આવ્યેા ને આંખ ખેાલી પણ શરીર એકદમ નરવશ બની ગયું હતું, તેથી ડેાકટરે એ માટે ટીટ્રમેન્ટ શરૂ કરી દીધી પછી માલતી સામે જોઈને કહ્યું કે લાડુમાં સર્પ કે ગરેાળીનું ઝેર નથી પણ ભારે સેામલનું ઝેર ભેળવાયું હેાય તેમ લાગે છે. આ લાડુ કેાણે બનાવ્યા છે ? રસેાઈયાણીએ કહ્યું કે આ તેા બાએ બનાવ્યા છે. મેં નથી બનાવ્યા. સુરેશના મનમાં થયું કે માતા ખુલ્લી પડશે એટલે ડેાકટરને કહ્યું સાહેબ ! એ તેા ગમે તે રીતે પડી ગયું હશે. મારી બા કંઈ જાણી જોઈને થેાડું ઝેર નાંખે ! તમે એ વાત જવા દેા. મારા ભાઈને જલ્દી સારું થાય તેમ કરેા.

"માતાના વર્તનથી સુરેશને આવેલેા વૈરાગ્ય:-" પાંચ સાત દિવસે વિનય તદ્દન સ્વસ્થ બન્યેા. સુરેશ માતાનું કારસ્તાન સમજી ગયા, તેથી વિનયને પાસે બેાલાવીને કહ્યું ભાઈ ! તું મને અત્યંત વહાલેા છે પણ હવે હું તને આ બધું સેાંપીને મારા આત્માનું કલ્યાણ કરવા માટે સંસારનેા ત્યાગ કરીશ, કારણ કે હવે મને સંસારની અસારતા સમજાઈ ગઈ છે. ધનને માટે બાએ મારા પ્રાણ લેવા માટે આવું કાવત્રું કર્યું હતું પણ હું ન મર્યેા. મારા બદલે તારા ઉપર પ્રયેાગ થઈ ગયેા. તું મરી જાત પણ મારું ભાગ્ય ઉજળું એટલે તું બચી ગયેા. હવે હું ઉજળે મેાઢે સંસારનેા ત્યાગ કરીને આત્મકલ્યાણ સાધીશ. મારા નિમિત્તે બાને કેટલું પાપ કરવું પડયું ? માટે હવે તું મને રાજીખુશીથી રજા આપ. હવે મારે એક તારી રજા લેવાની છે. હું બાની રજા લેવા જવાનેા નથી. આ સાંભળીને વિનય મૂસકે ને મૂસકે રડવા લાગ્યેા ને કહ્યું મેાટાભાઈ !

તમે મારા ભાઈ છો. માતા અને પિતા પણ તમે છો. મને તમારા વિના ગમશે નહિ. તમે જ્યાં જશો ત્યાં હું તમારી સાથે જ આવીશ. સુરેશે એને ખૂબ સમજાવીને ઘેર મોકલ્યો.

"સુરેશના અંતિમ સમાચારઃ–" આ તરફ સુરેશે કોઈના મોઢે દીક્ષા લેવાની વાત જાણી હશે. એ વાત માલતીને પહોંચી ગઈ, તેથી એના આનંદનો પાર નથી કે ઠીક થયું. મર્યો નહિ પણ સાધુ થશે એટલે ટાઢા પાણીએ ખસ જશે. ત્યાં વિનય બહારથી આવ્યો એટલે એને બાથમાં લઈને કહે છે બેટા! તું તો મહાભાગ્યશાળી છે. હવે સુરેશ સાધુ થશે એટલે સાલ જશે ને તું બધી મિલ્કતનો માલિક બનશે, ત્યારે વિનયે મોઢું ફેરવીને કહ્યું બા...હવે તું છાનીમાની બેસી રહે. તારી માયાજાળ હવે તૂટી પડી છે. બસ કર. મારે તારી વાત સાંભળવી નથી. તેં દેવ જેવા અને મારા બાપથી પણ અધિક એવા મારા મોટાભાઈના પ્રાણ લેવાનું કાવતું કર્યું હતું. તેમાં હું જ કૂટાઈ ગયો પણ મારા ભાઈના પુણ્યે હું બચી ગયો. હવે હું તને અંતિમ સમાચાર આપવા આવ્યો છું. મારા મોટાભાઈ સંસાર ત્યાગી સાધુ બનવા ઈચ્છે છે તો હું પણ એમની સાથે જ જાઉં છું. એમનામાં કેટલા ગુણો છે! એમનો મારા ઉપર કેટલો નિર્મળ અને નિઃસ્વાર્થ પ્રેમ છે એ તું ન સમજી શકી તો તારું ભાગ્ય.... હવે તું સંભાળી લેજે. એમ કહીને તે મોટાભાઈ પાસે ચાલ્યો ગયો. માતા રડતી રહી પણ એના સામું જોવા ન રહ્યો.

બંને ભાઈની દીક્ષા લેવાની ઉત્કૃષ્ટ ભાવના હતી એટલે કુદરતી થોડા દિવસમાં મહાન સંત પધાર્યા. એમની પાસે બંનેએ દીક્ષા લીધી. જે દીકરાને માટે માતાએ સુરેશને મારવાના કામ કર્યા ત્યારે એ જ દીકરો પણ પોતાનો ન રહ્યો. લાખોની સંપત્તિ છોડી બંને યુવાન પુત્રોએ દીક્ષા લઈ લીધી, તેથી એ બહુ દુઃખી થઈ ગઈ અને છ મહિનામાં એના કર્મનો ઉદય થતાં ભયંકર રોગથી ઘેરાઈ ગઈ ને ખૂબ રીબાઈ રીબાઈને મરીને એના કર્મો ભોગવવા દુર્ગતિમાં ચાલી ગઈ, અને બંને પુત્રો ઉગ્ર તપ અને સંયમની સાધના કરીને કામ કાઢી ગયા. જુઓ આ તમારો સંસાર. છે એમાં સુખ? જે મિલ્કતને માટે આટલા કર્મો બાંધ્યા એ તો અહીં ને અહીં પડી રહી. કોઈ ભોગવવા રહ્યું? પાછળથી એ મિલ્કતને સજ્જન પુરૂષોએ શેઠના નામથી ધર્મોદામાં વાપરી નાંખી. ટૂંકમાં આપણે તો એ સમજવું છે કે જે સંસારનો તમને મોહ છે એ કેવો ભયાનક છે! આત્માર્થી જીવોને આવા સંસારમાં ગમે ખરું? આત્મસમાધિમાં લીન એવા ચિત્તમુનિને બ્રહ્મદત્ત ચક્રવર્તિ એમની ઋદ્ધિના ગમે તેટલા પ્રલોભનો આપે છતાં એમને આવા સ્વાર્થ ભર્યા સંસારમાં કયાંથી ગમે?

બંધુઓ! આત્માર્થી પુરૂષોને દેવના બનાવેલા મહેલ પણ જેલ જેવા લાગે છે. એમને એમાં સહેજ પણ આનંદ કે રસ હોતો નથી, એટલે ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહ્યું કે હે રાજન્! હું તો તમારા ઉપર દયા કરીને તમને સંસારથી

બહાર કાઢવા આવ્યો હતો એને બદલે તમે મને તમારા ઘરમાં લઈ જવાની કયાં વાત કરો છો ? મને જે સુખોની લાલચ આપો છો તે સુખ કેવા છે ?

ગીત વિલાપ વિડંબન નૃત્ય છે, વિષમ ભાર ગણું ભૂષણો બધા,
વિષય ભોગ હળાહળ ઝેર છે, ક્ષણિક સૌખ્ય અનંત દુઃખકર.

તારા ગીત અને સંગીત એ તો બધા વિધવા બહેનના વિલાપ જેવા લાગે છે. નાટક તો વિટંબણા રૂપ છે. સર્વ આભરણો ભાર રૂપ છે અને પાંચ ઈન્દ્રિયના વિષયો એ તો ભયંકર વિષમ ઝેર છે. ઝેર તો માણસને એક જ ભવ મારે છે પણ આ વિષય ભોગો તો જીવને ભવોભવ સુધી મારનારા છે. જેમાં ક્ષણિક સુખના સ્વાદ પાછળ લાંબા કાળ સુધી દુઃખો ભોગવવા પડે એવા આ સંસારમાં બનવું જોઈને કોણ પડે ? સંસારનું સ્વરૂપ કેવું બિહામણું છે એ તો તમે દેખો.

નૃત્ય ગાન હોતા થા જિસ ઘર, હાય હાય હો રહી વહાં,
નહીં રોટીયાં ભી મિલતી, લગતા થા ષટરસ ભોગ જહાં
ઇસ ક્ષણભંગુર જગમેં રહતા, સ્થિર સુખકા સાજ નહીં,
નહીં અરે દિખતા ઈસ જગમેં, દુઃખ રહિત સુખ હાય કહીં.

જે ઘરમાં આજે દીકરાના લગ્ન લેવાયા હોય તે ઘરમાં કેટલો આનંદ આનંદ હોય ? ત્યાં સ્ત્રીઓ મીઠા સાદે મંગલ અને મધુર ગીત ગાતી હોય, મંગલ વાજિંત્રો વાગતાં હોય, નૃત્ય ચાલતા હોય એવો ઉત્સવ અને ઉત્સાહ હોય છે. સગાસબંધી અને જ્ઞાતિજનો આનંદ વિભોર બની ગયા હોય છે. એ જ ઘરે બીજે દિવસે કંઈક વાર એકાએક યુવાન દીકરાનું મૃત્યું થતાં આનંદને બદલે શોક છવાઈ જાય છે. મંગલ ગીતો ગવાતા હતાં તેને બદલે કરૂણ રૂદન અને હાય....હાય.....–વિગેરે શબ્દો સાંભળવા મળે છે. જ્યાં હાસ્યના ફુવારા ઉડતા હતા એને બદલે સગા સ્નેહીઓની આંખોમાંથી ચોધાર આંસુની ધારાઓ વહેવા લાગે છે. આ રીતે જે ઘરે આનંદની ઉર્મિઓ ઉછળતી હોય ત્યાં ઉદાસીનતા છવાઈ જાય છે.

ચિત્તમુનિ બ્રહ્મદત્તને કહે છે હે રાજન્ ! તમારું સુખ એ સાચું સુખ નથી, દુઃખમિશ્રિત સુખ છે. કદાચ તમારા ભૌતિક ઠાઠમાઠ ઝાકઝમાળ દેખાતા હોય પણ એ તો ચાર દિવસની ચાંદની ને પછી અંધારી રાત છે. જેમ પૂંઠાની હોડી ગમે તેટલી મનોહર દેખાતી હોય પણ એમાં બેસનારને દરિયામાં અધવચ્ચ ડૂબાડી દે છે. પણ લાકડાની હોડી ભલે દેખાવમાં સાદી દેખાતી હોય પણ એમાં બેસનારને ક્ષેમકુશળ સામે કિનારે લઈ જાય છે. એવી રીતે તારા સંસારના સુખો ભલે મનોહર હોય પણ એ પૂંઠાની હોડી જેવા છે, અને સંયમના સુખો લાકડાની નૌકા જેવા છે. હવે સાચું સુખ કયાં છે તે વાત ચિત્તમુનિ કહેશે તેનો ભાવ અવસરે.

ચરિત્ર :– સુલોચનાએ ભીમસેન તથા સુશીલાને કહ્યું તમારા દાગીના તમને આપી દઉં, ત્યારે ભીમસેન અને સુશીલાએ કહ્યું કે અમારા દાગીના અહીં કયાંથી આવ્યા ?

વિજયસેન રાજાએ કહ્યું અમારા નગરમાં એક મોટા ઝવેરીની દુકાને એક માણસ દાગીનાની પોટલી લઈને આવ્યો ને કહ્યું આ દાગીના મારે વેચવા છે. એની કિંમત કરીને મને પૈસા આપો, ઝવેરીએ દાગીનાની પોટલી છોડીને દાગીના જોયા. એ કિંમતી દાગીના અને એમાં જડેલા મૂલ્યવાન રત્નો, એનો ઘાટ આ બધું જોયું. એકેક આભૂષણ ખૂબ ચકાસણી કરીને જોતાં ઝવેરીના મનમાં લાગ્યું કે આવા મૂલ્યવાન દાગીના શ્રીમંતમાં શ્રીમંત માણસ પણ ઘડાવી શકે નહિ. આવા અલંકારો તો રાજાના રજવાડામાં હોઈ શકે. ખૂબ નિરીક્ષણ કરીને જોતાં આભૂષણો ઉપર ઉજ્જૈનીની મુદ્રા તેના જોવામાં આવી, તેથી ઝવેરીની શંકા દૃઢ થઈ. છતાં ચોક્કસ કરવા માટે ઝવેરીએ પૂછયું ભાઈ! આ આભૂષણો કોના છે?

"**સુલોચના સુશીલાને સોંપતી દાગીના**" :– ત્યારે તે માણસે કહ્યું કે મારા છે. હું પહેલાં ઘણો શ્રીમંત હતો, પણ અત્યારે મારા કર્મોદયે ગરીબ થઈ ગયો છું. હું ભીડમાં આવી ગયો છું, તેથી વેચવા માટે આવ્યો છું. મારા જીવનનો આધાર આ આભૂષણો છે, તેથી ઝવેરીએ એ માણસને કહ્યું કે ભાઈ! તમે અહીં બેસો. તમારા અલંકારો ઘણાં કિંમતી છે એટલે એની કિંમતના દામ લઈને આવું છું. એમ કહી આવનાર માણસને બેસાડીને ઝવેરી મારી પાસે આવ્યો ને બધી વાત કરી. મેં સુભટોને મોકલીને એને કેદ કરાવીને મારી પાસે હાજર કર્યો. મેં એને અલંકારો સંબંધી જુદી જુદી રીતે ફેરવીને પૂછયું પણ એણે તો એક જ વાત કરી કે અલંકારો મારા જ છે, પછી એ અલંકારો મેં જાતે જોયાં ને સુલોચનાને પણ બતાવ્યા. અમે બંનેએ ખૂબ ધારીને જોયા તો એના ઉપર ઉજ્જૈનીની છાપ હતી. વળી અલંકારો સુલોચનાના અલંકારો જેવા જ હતા એટલે અમે અનુમાનથી નક્કી કર્યું કે આ બધા અલંકાર તમારા છે, પણ કોઈ ચોર તમારી પાસેથી ગમે તે રીતે ચોરી લાવ્યો હશે તેથી એ માણસને અમે બંદીખાનામાં પૂરાવ્યો ને અલંકારો મેં સુલોચનાને સાચવવા આપી દીધા.

આ રીતે વિજયસેન રાજાએ વાત કરી ત્યાં સુલોચના અલંકારો લઈને આવી પહોંચી ને સુશીલાને આપતાં કહ્યું લો, મોટી બહેન! આ અલંકારો તમારા જ છે ને? જોઇ લો. ભીમસેન અને સુશીલાએ બધા આભૂષણો બરાબર જોઈ લીધા. એમાંથી એક પણ વસ્તુ ગુમ થઈ ન હતી. એ બધા પોતાના જ આભૂષણો છે. ભીમસેને કહ્યું જોયું ને? આનું નામ કર્મ. આપણાં અશુભ કર્મનો ઉદય હતો ત્યારે એ આપણી પાસેથી ચાલ્યા ગયા ને એ કર્મ દૂર થતાં આપોઆપ આપણને મળી ગયા. વાહ કર્મરાજા વાહ! શું તારી લીલા છે! પછી દાગીના કેવી રીતે ચોર ચોરી ગયો તે બધી વાત સુલોચના તથા વિજયસેનને કહી સંભળાવી. એમના દુઃખની એકેક વાત સાંભળતા સુલોચના અને વિજયસેનની આંખમાં આંસુ આવી જાય છે. હવે ભીમસેન અને સુશીલા કર્મરાજાની લીલા જોતાં આનંદથી રહે છે. ત્યાં શું બનશે તે અવસરે.

વ્યાખ્યાન નં. ૭૫

આસો સુદ ૧૪ ને ગુરૂવાર **તા. ૪-૧૦-૭૬**

અનંત ગુણોના ધારક, મોહના મારક, વિષયોના વારક, એવા ભગવાને ભવ્ય જીવોને આત્મ ઉદ્ધારનો માર્ગ બતાવ્યો. હે જીવો ! જો તમારે આત્માની ઉન્નતિ કરવી હોય તો જે જડ વસ્તુના સુખની પાછળ તમે આકર્ષાયા છો અને જે મેળવવા માટે રાત દિવસ કાળી મહેનત કરો છો તે સુખથી ઉન્નતિ નહિ થાય. આત્મોન્નતિ માટે જડ વસ્તુઓનો રાગ છોડવો પડશે. જેટલો જડનો વિકાસ થાય છે તેટલા આત્માના ગુણોનો નાશ થતો જાય છે. **"જડ જેટલું ખીલે એટલો આત્મા કરમાતો જાય."** જડના વિકાસમાં આત્માનો વિનાશ થતો જાય છે. બંગલા, બગીચા, દુકાન, વહેપાર વિગેરેમાં વિકાસ થવાથી આત્માને શું લાભ થવાનો છે ? જેમ સૂર્યાસ્ત પછી આવેલો અંધકાર દિવસના ફાલીફૂલીને રહેલા પ્રકાશને નાબૂદ કરી નાંખે છે તેમ આ જડના વિકાસમાં પણ એવું છે. પૂર્વના પુણ્યોદયે જડના વિકાસના સાધનો મળ્યા પણ એ મળ્યા પછી જીવ તેમાં લીન બની જાય તો મેળવેલા પુણ્યને સૂકવી દે છે અને તેની ઉચ્ચગતિ અટકી જાય છે.

પહેલાનો ઈતિહાસ તપાસો તો જરૂર સમજાશે કે જેમ જેમ ભૌતિક ઉદય થતો ગયો તેમ તેમ આધ્યાત્મિક વિનાશ થતો ગયો. દા. ત. મનુષ્ય જીવનમાં કોઈ આત્માને સામાન્ય માનવને બદલે રાજાને ત્યાં રાજપુત્ર તરીકે અવતાર મળ્યો. સમય જતાં તે રાજા બન્યો. રાજા બન્યા પછી તે ભૌતિક રાજ્યમાં અને જડ સુખમાં ગરકાવ બન્યો તો તેની ગતિ કઈ ? નરકગતિ. આનું નામ જડનો વિકાસ તો આત્માનો વિનાશ. ચક્રવર્તિની સમૃદ્ધિ કેટલી છે ? છ છ ખંડની મહાન રિદ્ધિ, પણ જો એ સુખમાં રચ્યાપચ્યા રહે અને જડ સુખોને છોડે નહિ તો ઠેઠ સાતમી નરક સુધી પહોંચી જાય. આ શું છે ? જડના વિકાસથી આત્માનો વિનાશ. જડના વિકાસથી આત્માના સુખ-શાંતિ લોપાતા જવાના. ધર્મ વહેપારથી દૂર થતા જવાનું અને એના બદલે પાપ વહેપાર વધતો જવાનો. જડ વિકાસના અંજનમણમાં જીવ એવો અંજાઈ જાય છે કે તેથી પોતાની જાતનું ભાન ભૂલી જાય છે. જડ સુખને વિસ્તારવાની પ્રવૃત્તિ કરનારાને પૂછો કે દુન્યવી પ્રવૃત્તિમાં બહુ લાંબા પહોળા થયા પણ છેવટે તેનું પરિણામ શું ? તો એ કહેશે કે ખૂબ ધન કમાયા, તો એમ કહેનારને પછી પૂછો કે પણ પછી શું ? તો કહેશે કે જીવનમાં ઘણી સગવડો મળી, માન સન્માન મળ્યા, પણ પછી ? તો તે કંઈ ઉત્તર નહિ આપી શકે. આ સ્થિતિ જડ વિકાસની છે જ્યારે આત્માના વિકાસીને આ પ્રશ્ન પૂછશો તો કહેશે કે પૈસાથી શુભ કાર્યોમાં વાવેતર કર્યું, પછી ઉત્તમ ધર્મસાધના અને એ સાધનાથી છેવટે મોક્ષ. પછી તો સંસારમાં ભટકવાનું નહિ.

જડના વિકાસમાં આત્મગુણો બધા કચરાઈ જાય. આ બધો જડ સરંજામ, મોહ, ભોગવિલાસ અને દુર્ગુણો વિગેરે ને પોષનારો છે, તેથી આત્મિક ગુણોનો વિનાશ થાય છે, માટે જ્ઞાની કહે છે કે જેમ કિમિયાગર વૈદ્ય ઝેરી અફીણમાંથી જીવાડનારું ઔષધ બનાવે છે, તેમ તું પણ વિકસેલા જડ પદાર્થોમાંથી એવા આત્મહિતના–પરમાર્થના કાર્ય કરી લે કે જેથી તને ભવિષ્યમાં સારી ગતિ મળે. જો આત્મામાં આવી સાવધાની આવે તો જીવ ભાવિ અનંતકાળને ઉજ્જવળ કરે એવી અવસ્થા પ્રાપ્ત કરે છે. જો ચક્રવર્તિ જડના વિકાસમાં મરે તો નરકે જાય. એવા જડના વિકાસને ભરત ચક્રવર્તિએ અરિસાભવનમાં એવો સંકોચી લીધો કે એમાં આત્માના ગુણોની અનુપમ ખીલવટ થઈ અને કેવળજ્ઞાનનો અપૂર્વ વિકાસ પામ્યા. જડનો વિકાસ જીવનો ઘાતક છે અને જડને સંકોચ જીવનો ઉદ્ધારક બને છે. જડના સરંજામની ફોજ આત્માના ગુણોને સળગાવી નાંખનારી ફોજ છે. જડની અપેક્ષા વધારી એટલે ઔર રાગ વધ્યો, ચિંતા વધી ને પાપબંધો વધ્યા. દેવલોકમાં રહેલા દેવો, રત્નો, વાવડીઓ વિગેરેને ખૂબ સુંદર માની તેના પ્રત્યે મોહ રાખે છે તો એમની કઈ સ્થિતિ થાય છે તે ખબર છે ને? પ્રથમ બે દેવલોક સુધીના દેવો ત્યાંથી ચવીને પૃથ્વી પાણી અને વનસ્પતિકાયમાં ફેંકાઇ જાય છે. કેવી કારમી સજા! માટે વીતરાગના શાસનની હૃદયે સ્પર્શના કરાવી હોય તો જડની જરૂરિયાત ઓછી કરો અને આત્મોન્નતિની જરૂરિયાત વધારો.

આપણા અધિકારમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિ જડના વિકાસમાં અંજાઈ ગયા છે અને ચિત્ત મુનિ આત્મ વિકાસ માટે પુરૂષાર્થ કરી રહ્યા છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ પોતાના પૂર્વના ભાઈ એવા ચિત્તમુનિને સંસારના સુખો ભોગવવા માટે આમંત્રણ આપે છે ને સંસારના સુખોનું પ્રલોભન આપે છે, અને પોતાના મહેલમાં સંસાર સુખની મોજ માણવા માટે બોલાવે છે પણ જેને સમજાઈ ગયું છે કે જડના વિકાસમાં આત્માના ગુણોનો વિનાશ છે એવા ચિત્તમુનિ બ્રહ્મદત્તની વાત ઉપર ધ્યાન આપતા નથી. એક નિયમ છે કે જે ત્યાગે છે તેને લોકો સામેથી આપવા આવે છે, પણ નિશ્ચલ ત્યાગીઓ એમાં લલચાતા નથી. સંયમી મુનિઓને સંયમ લીધા પછી અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો અને પરિષહો સહન કરવા પડે છે. તેમાં મારકૂટ, વધ, બંધન, ક્ષુધા, તૃષા વિગેરે પ્રતિકૂળ પરિષહ આવે છે. તેને મોક્ષાભિલાષી સંતો સમભાવપૂર્વક સહન કરે છે. તે જ રીતે આદર સત્કાર, માન પૂજા, સંસાર સુખના પ્રલોભન વિગેરે અનુકૂળ પરિષહ આવે તેમાં પણ લલચાય નહિ. સૂયગડાયંગ સૂત્રના ત્રીજા અધ્યયનમાં જ્ઞાનીએ કહ્યું છે કે

हत्थऽस्सरहजाणेहिं, विहार गमणेहि य।
भुंज भोगे इमे सग्घे, महरिसी! पूजयामु तं॥ उ-२ गाथा १६

રાજા તથા ચક્રવર્તિ મહારાજા, પ્રધાન, બ્રાહ્મણ, પુરોહિત અથવા ક્ષત્રિય એ બધા ઉત્તમ આચારથી જીવન નિર્વાહ કરવાવાળા યૌવનસંપન્ન સાધુને શબ્દાદિ વિષય ભોગોને

ભોગવવાનું આમંત્રણ આપે છે ને કહે છે હે મહર્ષિ ! તમે હાથી, ઘોડા, રથ, પાલખી, આદિ વાહનોનો ઉપભોગ કરો અને ચિત્ત વિનોદ રૂપ ક્રીડાને માટે બાગ બગીચા આદિ સ્થાનોમાં વિચરતા થકા ઉત્તમ ભોગોને ભોગવો. અમે તમારો પૂજા સત્કાર કરીએ છીએ. વિષયભોગોની સામગ્રી આપીને સત્કારીએ છીએ. આ અનુકૂળ પરિષહ છે.

અહીં બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને પણ એમ જ કહે છે કે હે મુનિ ! તમે એક પ્રકારની હઠ લઈને બેઠા છો કે મારા ત્યાગ માર્ગમાં સુખ છે, પણ તમે એક વાર મારે ત્યાં આવો અને મારું સુખ જુઓ તો ખબર પડે ને ! મારે ત્યાં કેવા મદ ઝરતા હાથીઓ ઝૂલે છે ! પાણીદાર અશ્વો અશ્વશાળામાં કેવા હણહણાટ કરે છે ! બેસીને ફરવા જવા માટે કેવા સુંદર રથ છે ! પાલખીઓ છે ને શિબિકાઓ છે. બે ઘડી મનને શાંત કરવા માટે નંદનવન જેવા બગીચા છે. ત્યાં જઈને બેસશો તો તમારું મન શાંત થઈ જશે. આ વા પ્રલોભનો આપે છે છતાં મુનિ ડગતા નથી ત્યારે કહે છે.

" वत्थ गंध मलंकारं, इत्थीओ सयणाणि य ।
भुंजाहिमाइं भोगाइं, आउसो ! पूजयामु त ॥ सू. अ. ३ उ. २ गाहा १७

હે આયુષ્યમાન્ ! વસ્ત્ર, ગંધ, અલંકારો, સ્ત્રીઓ, શય્યા આદિ ભોગોને આપ ભોગવો. અમે આપની પૂજા કરવા ઇચ્છીએ છીએ. મનને પ્રસન્ન કરે તેવા ભોગોને ભોગવતાં થકા આપ વિચારો. ભોગોપભોગની સામગ્રી આપીને આપનો સત્કાર કરીએ છીએ.

આત્માર્થી પુરૂષોને મન આત્મા સિવાયની બધી વસ્તુઓ પુદ્ગલ છે. રંગબેરંગી મૂલાયમ વસ્ત્રો, જાડા વસ્ત્રો, ગરમવસ્ત્રો અને કિંમતી ઝરીના વસ્ત્રો આ બધું રૂની પૂણી અને સૂતરના ઢગલા જેવા દેખાય છે. સોના રૂપાના કે રત્નોના અલંકારો બધા પૃથ્વી કાય દેખાય છે. સ્ત્રીઓનું શરીર ઉપરથી ગમે તેટલું સોહામણું ને આકર્ષક દેખાતું હોય પણ અંદરથી તો લોહી-માંસ-પરૂ, મળમૂત્ર વિગેરે દુર્ગંધી પદાર્થોથી ભરેલું દેખાય છે. સુંદર દિવ્ય ભવનો બધું ઈંટ, માટી અને ચુનાના ખંડેર દેખાય છે. બાગ બગીચા, સુગંધી પુષ્પો બધું વનસ્પતિકાય દેખાય છે, પછી એમને એમાં શું મોહ ઉપજે ? આ બધું ભોગવવાનું ફળ તો અંતે દુર્ગતિ છે ને ? હાથે કરીને કોણ દુર્ગતિના ખાડામાં પડવા તૈયાર થાય ? ચિત્તમુનિએ ચક્રવર્તિની બધી વાતો શાંતિથી સાંભળી, પછી ચક્રવર્તિને બોધ આપવા માટે શું કહે છે ?

" चित्र विचित्रित महल अतुल बळ, सुंदर बाग रम्य उद्यान,
चंचल रथ घोडे असंख्य वह, यह तेरा कुटुंब सुखदान ।
है कुछ दिन के लिये मूढ रे, यह स्थिर है नहीं कभी,
जब यह तन भी नहीं रहेगा, क्या रह सकते और सभी ।

હે બ્રહ્મદત્તે ! હું જાણું છું કે તું છ ખંડનો અધિપતિ એવો ચક્રવર્તિ છે. તારા

મહેલો દેવકૃત છે. ઝુમ્મરો, અરિસા અને ફર્નીચરથી શણગારેલી આરસપહાણની હવેલીઓ છે. તારામાં માણસને ચક્તિ કરી નાંખે એવું અતુલ શરીર બળ છે. વિવિધ વૃક્ષોના ફૂલની સુગંધવાળા સુંદર બગીચા, પવનવેગે ચાલનાર હજારો હાથી, ઘોડા, રથ અને વિસ્તૃત કુટુંબ આ બધી વસ્તુઓ શું તારી પાસે કાયમ રહેનારી છે? નહિ.... નહિ....ઓ મૂર્ખ! સમજ. જ્યારે આ શરીરમાંથી પ્રાણ ઉડવાની તૈયારી થશે ને આંખો મીંચાઈ જશે ત્યારે આ શરીર કે જે તારું નજીકનું સબંધી છે તે પણ તારું થવાનું નથી તો પછી બીજી વસ્તુઓની તો વાત જ શી કરવી?

આ જગતમાં જેટલી ચીજો દેખાય છે તે બધી ચીજો પુદ્ગલ સ્વરૂપ છે. પુદ્ગલ એટલે "**पूरण गलन स्वभावः पुद्गलः**" પૂરાવું, મળવું, ગળી જવું અને વિખરાઈ જવું એ જેનો સ્વભાવ છે તે પુદ્ગલ કહેવાય છે. ખીલેલા પુષ્પની સુગંધ એ પુદ્ગલ છે. ખાવાના પકવાન્ન, પહેરવાના વસ્ત્રો, આભૂષણો, સૂવાની શય્યા, આસનો, રહેવાની હવેલી વિગેરે પુદ્ગલની વસ્તુઓ છે તેથી તે ક્ષણે ક્ષણે પલટાયા કરે છે. સાંજના સમયે સંધ્યાના રંગથી આકાશ ઝળહળતું દેખાય છે ને પાંચ મિનિટ પછી અંધકાર દેખાય છે. થોડી વાર પછી ચંદ્રનો ઉદય થતાં અંધકાર નષ્ટ થાય છે ને પૃથ્વી પર પ્રકાશ પથરાય છે. રાત્રિ પૂરી થતાં ચંદ્ર અદૃશ્ય થાય છે ને પ્રભાત પ્રગટે છે. એટલે સૂર્યનો ઉદય થતાં આતાપ પ્રસરે છે ને અંધકાર નષ્ટ થાય છે. સૂર્ય પ્રભાતે કિશોર, મધ્યાન્હે યુવાન અને સાંજ પડતાં વૃદ્ધ બની અસ્ત પામી જાય છે ને પ્રકાશને ખેંચી લઈ અંધકારને મૂકતો જાય છે. આ રીતે પ્રકાશ અને અંધકાર એ પુદ્ગલ સ્વરૂપ છે. આ રીતે દરેક વસ્તુઓ પર વિચાર કરશો તો જણાશે કે આત્મા સિવાયના પ્રત્યેક પદાર્થો પર છે, પુદ્ગલ સ્વરૂપ છે, અને એમાં ક્ષણે ક્ષણે પરિવર્તન થયા કરે છે. એક દિવસ બધું છોડીને ખાલી હાથે જવાનું છે. સાથે કંઈ લઈ જવાનું નથી તો પછી આવા પરિવર્તનશીલ પદાર્થો પર આટલો બધો મોહ શું રાખવો? જે વસ્તુ નાશવંત છે એને મેળવવા માટે અજ્ઞાની જીવ રાત-દિવસ તૃષ્ણાવંત બનીને મહેનત કર્યા કરે છે. એને મેળવવાને માટે જીવ કેટલા પાપ કરે છે!

"**સોનાની ભૂખે વર્તાવેલ ત્રાસ**" :- એક વખત એક ગામના રાજાને એવી લગના લાગી કે મારે જ્યાં મળે ત્યાંથી સોનું લાવીને ભેગું કરવું છે, એટલે એણે તો લશ્કરને હુકમ કર્યો કે આજુબાજુના બધા ગામમાં લૂંટ ચલાવીને જેટલું મળે તેટલું સોનું લાવીને મારા ભંડારમાં ભરો. રાજાનો હુકમ થતાં સૈન્ય ઉપડ્યું ને ચારે તરફ લૂંટ ચલાવી. લોકો ત્રાહિ ત્રાહિ પોકારી ગયા કે આ શું? આ તો રાજા છે કે રાક્ષસ? વિના પ્રયોજને શા માટે લૂંટ ચલાવે છે? ઘણું ગામમાં લૂંટ ચલાવી પછી પોતાના ગામમાં લૂંટ શરૂ કરી. લોકોમાં ત્રાસ ત્રાસ થઈ ગયો. જે સોનું ન આપે તેને રાજાના

માણસો મારી નાંખતા. લોકો મરણના ભયથી ડરીને ભાગવા લાગ્યા. માણસો ભાગીને ગામથી ઘણે દૂર જંગલમાં ગયા, ત્યારે ઝાડ નીચે એક મહાત્મા બેઠા હતા. એમની પાસે જઈને લોકોએ વિનંતી કરી કે મહાત્માજી ! આપ તો મહાન શક્તિશાળી પુરૂષ છો. અમને બચાવો....અમારું રક્ષણ કરો. મહાત્માએ કહ્યું ભાઈ શું છે ? તમે આટલા બધા માણસો શા માટે ભયભીત બનીને આમ દોડાદોડ કરી રહ્યા છો ? ત્યારે લોકો આંખમાં આંસુ સારતા કહે છે મહાત્મા ! અમારા ગામના રાજાને સોનાની ભૂખ જાગી છે. એ લોકોને લૂંટીને સોનું લેગું કરે છે. સોનું લેવાની સાથે રાજાના માણસો બીજું ઘણું લૂંટી જાય છે, અને કંઈકને મારી નાંખે છે. જ્યાં રક્ષક જ ભક્ષક બની ગયો. ત્યાં અમે કયાં જઈએ ? અમે ઘરબાર બધું છોડીને જીવવા માટે ભાગી છૂટ્યા છીએ. આપ આ રાજાને સમજાવો ને અમારું રક્ષણ કરો.

"રાજમહેલમાં સંન્યાસીનું આગમનઃ–" આ સંન્યાસી મહાત્મા ખૂબ શક્તિધારી હતા. એમણે વિચાર કર્યો કે જો મને શક્તિ મળી છે તો મારે રાજાની સાન ઠેકાણે લાવવી જોઈએ, અને આ બિચારા પ્રજાજનોનું રક્ષણ કરવું જોઈએ. એમ સમજી દયાળુ મહાત્માએ કહ્યું હે પ્રજાજનો ! તમે હવે કોઈ ડરશો નહિ ને કયાંય જશો નહિ. તમે બધા અહીં રહેજો. હું રાજાને સમજાવવા જાઉં છું. મહાત્મા તો રાજા પાસે આવ્યા. મહાત્માને આવતા જોઈને રાજા બોલ્યા પધારો....પધારો....મહાત્માજી ! કેમ આપનું આગમન થયું ? ત્યારે મહાત્માએ કહ્યું મહારાજા ! તમે બહુ દુઃખી છો એટલે હું તમને સુખી કરવા આવ્યો છું. બોલો, તમારે શું જોઈએ ? તમને શું દુઃખ છે ? તમારું દુઃખ મટાડવા માટે જે ચીજની જરૂર હોય તે આપવા તૈયાર છું.

"સન્યાસી પાસે રાજાએ કરેલી માંગણીઃ–" રાજા વિચાર કરવા લાગ્યો કે અહો ! હું કેવો ભાગ્યવાન કે મહાત્મા પુરૂષ હાલીચાલીને મારું દુઃખ મટાડવા આવ્યા છે. તો હું શા માટે માંગતા ભૂલું ? રાજા કહે છે મહાત્મા ! મને સોનું બહુ ગમે છે. સોનું મળે તો સુખ થાય. હું તમને બધાને પૂછું છું કે તમારી પાસે આવી રીતે કોઈ મહાત્મા આવે ને માંગવાનું કહે તો શું માંગશો ? તમે પણ એવો જ વિચાર કરશો ને કે અત્યારે સોનાના ભાવ આસમાને ચઢી ગયા છે તો સોનું માંગી લઉં. (હસાહસ) રાજાએ સોનું માંગ્યું પણ એ જગ્યાએ કોઈ સમકિતી જીવ હોત તો એવું માંગત કે હે ગુરૂદેવ ! હે ભગવંત ! "आरुग्ग बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु....सिद्धा सिद्धि मम दिसन्तु." મને રોગ રહિતપણું આપો જેથી હું આત્મસાધના કરું. મને સમ્યકૃત્વની પ્રાપ્તિ થાઓ. જેથી ભવરોગ નાબૂદ કરી અનંત સિદ્ધ ભગવંતો બિરાજે છે એવા સિદ્ધક્ષેત્રમાં હું પહોંચી જાઉં ને અનંત અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરું, પણ રાજાને તો તૃષ્ણા હતી. એ તૃષ્ણાના કારણે દુઃખી હતા, એટલે સોનું માંગ્યું, ત્યારે મહાત્માએ કહ્યું. ભલે, તમારે સોનું જ જોઈએ ને ? મારું વચન છે કે

તમે જે ચીજને અડશો તે બધી ચીજો સોનાની બની જશે. એમ કહીને મહાત્મા ચાલ્યા ગયા. રાજાને તો આનંદનો પાર ન રહ્યો. બસ, હવે તો હું જેને અડીશ તે બધું સોનાનું થઈ જશે, એમ વિચાર કરીને રાજા સિંહાસને બેઠા તો સિંહાસન સોનાનું બની ગયું. સિંહાસનેથી ઉઠીને ભીંતને અડયા તો ભીંત સોનાની બની ગઈ. બારણાને અડયા તો બારણું સોનાનું બની ગયું. રાજાને આનંદનો પાર ન રહ્યો. હર્ષમાં ને હર્ષમાં રાણીના મહેલે આવ્યા. રાણી પૂછે છે નાથ! આજે આપના મુખ ઉપર આટલો બધો આનંદ શેનો છે? ત્યારે રાજા કહે છે જો તો ખરી. આજે તો મારા ભાગ્યનો સિતારો જાગ્યો છે કે હું જેને અડું છું તે બધું સોનાનું બની જાય છે. એમ કહીને રાણીને અડયા. તો રાણી સોનાની જડ પૂતળી બનીને જમીન પર પડી ગઈ. બીજી રાણીઓ આવી ને એને અડયા તો એ પણ સોનાની બની ગઈ, પછી તો રાજા કંઈકે દાસ દાસીઓને અડકયા તો બધા સોનાના પૂતળા બનીને પડી ગયા, એટલે સૌના મનમાં થયું કે આ તો રાજા જેને અડે છે તે સોનાનું બની જાય છે એટલે કેટલાક દાસદાસીઓ ભાગી ગયા. રાજાની કુંવરી વિચાર કરવા લાગી કે બધા જ જડ પૂતળા બની જશે તો પછી શું થશે? એ પણ ગભરાઈ ગઈ. રાજા પણ ગભરાઈ ગયા. એમણે માંગ્યું ત્યારે આવો ખ્યાલ નહિ કે આવું બનશે. રાજાને ભૂખ બહુ લાગી એટલે કુંવરીને કહે છે બેટા! મને ખાવાનું તો આપ. બહુ ભૂખ લાગી છે. કુંવરીએ રાજાને થાળમાં ભોજન પીરસ્યું. ભોજનના થાળને અડયા તો એ ભોજન પણ સોનાનું બની ગયું. હવે શું ખાય? સમજાણું?

અતિ લોભ દુઃખ અને પાપનું મૂળ છે. સોનું ગમે તેટલું હોય પણ કંઈ ભૂખ મટાડી શકે છે? રાજાના પેટમાં ભૂખના કારણે બળતરા ઉઠી છે, પણ હવે શું ખાય? સોનાના ટુકડા ખવાય? (હસાહસ) ખાવાનું તો સોનાનું બની ગયું, પછી રાજા કહે છે બેટા! પાણી તો આપ. પાણી આપ્યું તો એ પણ સોનાનો જાડો રસ બની ગયો. આથી રાજા બેબાકળા બની ગયા ને ભૂલથી કુંવરીને અડી ગયા, તો એ પણ સોનાની બની ગઈ. (હસાહસ) એટલે રાજા પાણી....પાણી કરતા ગામ બહાર ઢોડયાને તળાવે પાણી પીવા ગયા તો તળાવ સોનાનુ બની ગયું. વનફળ ખાવા ગયા તો એ પણ સોનાના બની ગયા. રાજા જ્યાં ગયાં ને જેને અડયા છે બધું સોનાનું બની ગયું. રાજા ત્રાસ ત્રાસ પામી ગયા ને મહાત્માને શોધવા લાગ્યા. હવે જો મહાત્મા મળે તો એમની પાસે જઈને એમનું વચન એમને પાછું આપી દઉં. શોધતાં શોધતાં રાજા જ્યાં મહાત્મા બેઠા હતા ત્યાં આવ્યા. મહાત્માના ચરણમાં માથું મૂકીને કહે છે હું તો ત્રાસ....ત્રાસ પામી ગયો. મહાત્મા! બચાવો....બચાવો....મારે હવે સોનું નથી જોઈતું.

મહાત્માએ કહ્યું હે રાજા! તેં સોનાના મોહમાં પડી તૃષ્ણાના પૂરમાં તણાઈને કેટલા લોકોને ત્રાસ આપ્યો? કેટલાના પ્રાણ લૂંટયા? અને સોનાના ઢગલા ભેગા

કર્યા. શું એ સોનું તારી ભૂખ કે તરસ મટાડી શકયું ? શું એ સોનાના ઢગલા પરલોકમાં તારી સાથે આવશે ? બોલ, હવે તું કોઈને લૂંટીશ ? રાજાએ હાથ જોડીને મહાત્માની માફી માંગી અને કહ્યું હવે હું કોઈ જીવને ત્રાસ નહિ આપું, અને જેનું લીધું છે તે બધું જાહેરાત કરાવીને પાછું આપી દઈશ. એવું વચન આપ્યું ત્યારે મહાત્માએ કહ્યું કે ભલે....જા, હવે તારા અડકવાથી જે જે ચીજો સોનાની બની ગઈ છે તે તારા અડકવાથી પાછી હતી તેવી બની જશે. એમ કહીને પોતાની શક્તિ પાછી ખેંચી લીધી ને બધું હતું તેવું બની ગયું, છેવટે રાજાનો મોહ ઉતરી ગયો.

અહીં ચિમુત્તનિ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે હે રાજન્ ! તને જેનો મોહ છે, જેની તૃષ્ણા છે તેનો મને મોહ કે તૃષ્ણા નથી. મને તો તારા સંસારના એકેક પદાર્થો દુઃખદાયી લાગે છે. આ સંસારમાં કયાંય શાંતિનું સ્થાન નથી. આજે આ દુઃખ તો કાલે બીજું દુઃખ. આજનો કરોડપતિ હજારો નોકરોને હુકમ કરે છે ને ભાગ્ય પલટાતા કાલે એમને શેઠનો હુકમ પાળવાનો વખત આવે છે. જયાં જુઓ ત્યાં દુઃખની હાય બળતરા સિવાય આ સંસારમાં કાંઇ નથી, માટે કહું છું કે હે બ્રહ્મદત્ત ! મને તો તારી દયા આવે છે. જો તારે સાચું સુખ જોઈએ તો મારા ઘરમાં આવી જા. હજુ ચિત્તમુનિ આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર "તપની સીડીએ ચઢતા ભીમસેન રાજા" :– ભીમસેનરાજા, સુશીલા રાણી અને બંને બાળકો બધા આનંદથી રહે છે. ભીમસેનના મનમાં થયું કે શુભ કર્મના ઉદયથી બધું સુખ મળ્યું છે તો હું મારા આત્મા માટે કંઈ ધર્મસાધના કરી લઉં ! એમ વિચાર કરીને એક શુભ દિવસે વર્ધમાન તપનો પ્રારંભ કર્યો. આ સમયે વિજયસેન તથા સુલોચનાએ ભીમસેનને ખૂબ સમજાવ્યો ને કહ્યું હમણાં તમે ખૂબ દુઃખ વેઠયા છે. શરીર સાવ સૂકાઈ ગયું છે માટે હમણાં તમે બ્રમી જાઓ. થોડા વખત પછી તપ કરજો. ધર્મારાધના કરવા માટે શરીર સાધન છે, માટેહ મણાં શરીરને સાચવો, તપ ન કરો. ધર્મારાધના કરો પણ તપ કરવા ઉતાવળ ન કરો.

ભીમસેને કહ્યું–ભાઈ ! આજે મને જે કંઈ તમારા સૌના પ્રેમ અને આદરસત્કાર મળ્યો, રહેવા માટે સુંદર આવાસ, ખાવા માટે મિષ્ટાન્ન, પહેરવા સુંદર વસ્ત્રો વિગેરે જે કંઈ મળ્યું તે સૌ ધર્મનો પ્રતાપ છે. મહાન ઉગ્ર તપસ્વી ધર્મઘોષ મુનિને દીધેલા સુપાત્ર દાનનું આ ફળ છે. તપથી તો મારો આત્મા અને કાયા બંને નિર્મળ થશે, માટે તમે મારી ચિંતા ન કરો, તપના પ્રભાવથી બધું સારું થઈ જશે. ભીમસેનની તપ કરવાની અંતિમ ઈચ્છા જોઈને વિજયસેન તથા સુલોચના કંઈ બોલી શકયા નહિ. જીવના જબ્બર પુણ્ય હોય ત્યારે આવો તપ કરવાની ભાવના થાય છે, તપની સાથે સાથે સામાયિક પ્રતિક્રમણ વિગેરે ધર્મક્રિયા કરવા લાગ્યા. સુશીલા અને બંને પુત્રો પણ સાથે ધર્મારાધના કરવા લાગ્યા.

એક દિવસ વિજયસેન રાજા અને ભીમસેન બંને દરબારમાં બેઠા હતા. રાજદરબાર ઠઠ ભરાયેા હતેા. તે સમયે વિજયસેન રાજાએ સુભટોને હુકમ કર્યો કે મારા વડીલ બંધુ સમાન ભીમસેન રાજાને ત્રાસ આપનાર લક્ષ્મીપતિ શેઠ, ભદ્રાશેઠાણી અને પેલા ચોરને ત્રણેને અહીં મારી સામે હાજર કરો, એટલે સુભટોએ હાથપગમાં બેડી સહિત ત્રણેને હાજર કર્યા. રાજાએ શેઠ-શેઠાણી સામે આંખ લાલ કરીને જોયું ને ક્રોધથી બોલ્યા હે શેઠ ! તમે આ ભીમસેન રાજાને એક મહિને માત્ર બે રૂપિયાનો પગાર આપીને દિવસ ઉગ્યાથી રાત સુધી કાળી મજૂરી કરાવી અને આ તમારી પત્નીએ તેા હદ વાળી છે. સુકોમળ સુશીલા પાસે ગજા ઉપરાંત કામ કરાવ્યા છતાં પેટભર આવા દીધું નથી. પગની લાતો મારી, મૂઠ્ઠા માર્યા, બાળકોને બાંધી દીધા, એટલેથી ન પત્યું તેઓના માથે ખોટું કલંક ચઢાવ્યું ને કાને ન સંભળાય તેવા વચનો કહ્યા ને ઘરમાંથી કાઢી મૂકયા. હે પાપણી ! તને એટલેથી શાંતિ ન વળી કે પાછી એને ઝૂંપડીમાંથી બહાર કાઢી ઝૂંપડી જલાવી દીધી. હવે તમે ક્ષમાના બિલકુલ અધિકારી નથી. તમે તેા માનવને ન શોભે એવા કાર્ય કરીને આપણા નગરને કલંકિત કર્યું છે, માટે તમને અને ભીમસેન તથા સુશીલાના દાગીનાની ચોરી કરનાર ચોર એ ત્રણે ને ફાંસીએ ચઢાવવાની શિક્ષા કરું છું એમ કહી સુભટોને કહ્યું જાઓ, આ ત્રણેને ફાંસીએ ચઢાવી દેા.

શેઠ-શેઠાણી અને ચોર ત્રણે જણા મૃત્યુના ભયથી ધ્રુજી ઉઠયા. મરવું કોને ગમે છે ? એ ત્રણે ય આત્માઓએ પોતાની ભૂલ કબૂલ કરી ને કહ્યું ફરી આવું કદી નહિ કરીએ. અમારો અપરાધ ક્ષમેા, પણ રાજાએ કહ્યું ના....હું માફ નહિ કરું. આજે તમને શિક્ષા કરું તેા બીજા આવું કરતા ભૂલી જાય. આ ત્રણે ગુનેગારો મરણના ભયથી ફફડી ઉઠયા છે. આ જોઈને ધર્માત્મા એવા ભીમસેનને તેમની ખૂબ દયા આવી. તે રાજાને કહે છે આ નગરમાં હું બેહાલ દશામાં આવ્યેા ત્યારે મને એમણે સૌથી પહેલા આશરો આપ્યેા છે તેથી એમનેા મારા ઉપર અનહદ ઉપકાર છે. આ શેઠે તેા માનવતાનું કામ કર્યું હતું. અમને બને તેટલી સુખ સગવડ કરી આપી હતી પણ શેઠાણીએ ન કરવાનું ઘણું કર્યું છે ને ન બોલાય તેવું બોલ્યા છે. છતાં હવે એમના મુખ સામે નજર કરો, એમને એમના પાપનેા પશ્ચાતાપ થઈ રહ્યો છે. એમને હાથપગમાં બેડી પહેરાવી તેથી એમની ઈજ્જત તેા ગઈ, આથી બીજી કંઈ વધુ શિક્ષા ! માટે મારી નમ્ર વિનંતી છે કે તમે એમને મુક્ત કરી દેા. કોઈનેા દોષ નથી. આ કર્મના ખેલ છે ! રાજાએ ચોરને પણ ખૂબ ધમકાવ્યેા. બોલ ! હવે ચોરી કરીશ ? ચોરે ચોરી નહિ કરવાની પ્રતિજ્ઞા લીધી.

ભીમસેનના કહેવાથી વિજયસેન રાજાએ ત્રણેને બંધનથી મુક્ત કર્યા, એટલે શેઠ શેઠાણી અને ચોર ત્રણે જણા કૃતજ્ઞ ભાવે ભીમસેનના પગમાં પડયા ને વારંવાર એમનેા ઉપકાર માનવા લાગ્યા. બંધુઓ ! ઉપકાર ઉપર ઉપકાર તેા સો કરે છે પણ ભીમસેને તેા અપકાર ઉપર ઉપકાર કર્યો. આ ત્રણે જીવોને જીવતદાન અપાવી સેાનામહોર આપીને

ખુશ કર્યા ને જવાની રજા આપી ત્યારે સભામાં બેઠેલા પ્રજાજનોએ ભીમસેનનો જય જયકાર બોલાવ્યો. ત્રણે આત્માઓ ભીમસેન તથા વિજયસેનને નમન કરી ભીમસેનની ઉદારતા અને દયાળુતાના ગુણગાન કરતા ચાલ્યા ગયા, પછી સભા વિસર્જન થઈ. સાંજે પ્રતિક્રમણ કર્યા પછી ભીમસેનને વિચાર થયો કે મારી પાસે હવે ધનની કમી નથી, સંસારના કાર્યો તો ઘણાં કર્યા ને હજુ કરીશ પણ આ ગામમાં મારું દ્રવ્ય દુઃખ દૂર થયું તો હું ભાવ દુઃખ ટાળવા માટે એક ભવ્ય ધર્મસ્થાનક બંધાવું.

આ પ્રમાણે વિચાર કરી વિજયસેનની સલાહ લઈ એ શુભ કાર્યનો પ્રારંભ કર્યો. ઘણું ભવ્ય ધર્મસ્થાનક બનાવ્યું. બીજી તરફ દાનશાળા શરૂ કરી. ભીમસેન રાજા ધર્મસ્થાનકનું ઉદ્‌ઘાટન કરવાનો વિચાર કરતા હતા ત્યાં બન્યું એવું કે એ ધર્મસ્થાનકના મુખ્ય દરવાજાની કમાન તૂટી ગઈ, એટલે ફરીથી બનાવી તો પછી તૂટી ગઈ. એમ ઘણી વખત બન્યું ત્યારે રાજાના મનમાં થયું કે આમ કેમ બને છે? આ દૈવીપ્રકોપ છે કે કારીગરોનું કામ બરાબર નથી. શું છે? હવે રાજા એનું કારણ શોધશે ને શું બનશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૭૬

આસો સુદ પુનમને શુક્રવાર તા. ૫-૧૦-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવાનના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. જેને આપણે જિનવાણી કહીએ છીએ. જિનવાણીએ ભવ્યતાના ભાગ્યને જોનાર જોષી છે. નિવૃત્તિ નગરીએ જવા માટેનું જંકશન છે, અને આત્મ ઘરને સ્વચ્છ કરવા માટેની સાવરણી છે. આપણે ત્યાં ચૌદ પૂર્વના સાર રૂપ નવપદ-આયંબીલની ઓળીના મંગલકારી દિવસો ચાલી રહ્યા છે. એમાં આપણે પંચ પરમેષ્ઠિ પદની આરાધના કરી. એમના ગુણ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ છે. તેમાં આજે છેલ્લા પદ તપની આરાધના કરવાનો આજે પવિત્ર દિવસ છે.

નવપદના એકેક અક્ષરમાં અલૌકિક શક્તિ રહેલી છે. સૌથી પહેલું પદ "નમો અરિહંતાણં" ના સાત અક્ષરો સાત ભયનો નાશ કરે છે. નમો અરિહંતાણંનો જાપ કરનારને જગતમાં કોઈ જાતનો ભય રહેતો નથી. પંચ પરમેષ્ઠીની ગોદમાં બેસતાં નિષ્કંપતા, અભયતા અને અમરતા પ્રાપ્ત કરાવે છે. પરમેષ્ઠીને હૃદયમાં ધારણ કરતાં "મારું એ સાચું" ના ઝેરનો નિકાશ થાય છે અને "સાચું એ મારું" ના અમૃતની આયાત થાય છે. રત્ન ચિંતામણી, કલ્પવૃક્ષ, કામકુંભ અને કામધેનુ મળ્યા પછી ધૂળની કિંમત સમજનારો, કાદવને કિંમતી માનનારો જગતમાં હીનતાને પ્રાપ્ત કરે છે, તેમ પંચ પરમેષ્ઠીને પ્રાપ્ત કર્યા પછી પત્ની, પુત્ર પરિવાર, સંપત્તિ, બંગલા, બગીચા,

ગાડી-મોટર, ટેલીફોન, ટેલીવીઝન, નાટક-સિનેમા અને ફર્નીચર રૂપી ધૂળ-કાંકરાને કિંમતી કહેનારા, મહાપુરૂષોની દૃષ્ટિએ તો દયાને પાત્ર બને છે. લોહચુંબકથી જેમ લોખંડ ખેંચાઈને આવે છે તેમ મહામંત્ર નવકારથી સર્વ ગુણો ખેંચાઈને આવે છે, આત્મ કલ્યાણ માટે કરેલી નમસ્કાર મહામંત્રની સાધનાથી જીવન શુદ્ધ બને છે.

મહામંત્રના સાધકોને ખાવું, પીવું, હરવું, ફરવું ને લેવું લેવુંની બૂમો મારતાં અસંતોષીઓ તો સળગતા દાવાનળમાં બળતા દેખાય છે. એમને જોઈને તો એમને કરૂણા ઉત્પન્ન થાય છે. વિરતિના પરિણામ વિના જન્મ-મરણની શૃંખલાઓ તૂટી શકતી નથી. વિવેકની સાચી પ્રાપ્તિ થઈ શકતી નથી. વિરાગી બનવાની તક સાંપડવી મુશ્કેલ બને છે આવું તત્ત્વ મહામંત્રના સાધકોને સહેજે સમજાઈ ગયું હોય છે. વિપત્તિઓના વરસાદમાં સમાધિનો વિજય ધ્વજ ફરકાવનારા, કપરી કસોટીના કષ્ટોમાં ઉત્તીર્ણ બનનારા ગુરૂ સમર્પણતાની વાંસલડીના મીઠા સૂરોમાં આનંદ માનનારા, અહિત કરનારનું પણ ક્ષમા મંત્રથી વશીકરણ કરનારા, આવા લાખ, કરોડ કે અબજ નહિ પણ અનંત અનંત મહાત્માઓનું સ્મરણ, વંદન અને ગુણકીર્તન કરવાનું સદ્‌ભાગ્ય મહામંત્ર ગણવાથી મળી જાય છે.

બંધુઓ! વિક્રમ સંવત માનો કે વીર સંવત માનો, ઈસ્લામ સંવતના કેલેન્ડર સ્વીકારો કે શાકે વર્ષને અપનાવો પણ દરેકને મરણ તો નક્કી છે, પરંતુ મરણ પછી ન થાય અને શાશ્વત સુખ મળે એવું આપનાર તો નમસ્કાર મહામંત્ર છે, મરણનું પણ મરણ કરનાર દયાળુ પંચ પરમેષ્ઠી ભગવાન છે. કોઈપણ જીવો દુઃખી ન થાઓ, જગતના સઘળા જીવો સુખ પામો. આવી સુમધુર ભાવનાના રસ ઘૂંટડા જેમ જેમ હૃદયમાં ઉતરે છે તેમ તેમ આત્માનો મોરલો થનગની ઉઠે છે. જેવી રીતે મેઘના ગડગડાટથી મયૂર નાચે છે તેવી રીતે મૈત્રી આદિ ભાવનાના આચરણથી આત્મ મયૂર નાચી ઉઠે છે ને ખિલખિલાટ કરી મૂકે છે.

સિદ્ધ ભગવંતના સુખો જેણે જાણ્યા છે એને તો આ સંસારના નિર્માલ્ય અને કઠોર સુખોમાં આનંદ આવતો નથી. તુચ્છ લાગે છે. જેણે બંગલાની મોજ માણી હોય તેને ઝુંપડામાં રહેવું પસંદ પડતું નથી. જેને રોજ મેવા-મીઠાઈ અને મલાઈ મળતી હોય તે લૂખા ભોજન શેના આરોગે? નવલખા હાર અને કોહીનુર જેને મળતા હોય તે કાંકરામાં મોહ પામે ખરો? માન સરોવરના હંસને ગંદા અને ગંધાતા પાણીના ખાબોચિયામાં રહેવું ગમે ખરું? ના. તેમ જે જિનશાસનનો સાચો પ્રેમી હોય તે ક્ષણિક સુખોમાં લપટાય ખરો? તેની મીટ તો મોક્ષના શાશ્વત સુખ તરફ હોય અને તે નમસ્કાર મંત્રના ધ્યાનથી મળે છે,

હિમાલયના એવરેસ્ટ પર ચાલીને જવું હોય તો કેટલી મહેનત કરવી જોઈએ? તેમ સિદ્ધોના શૈલેષમાં જવું હોય તો તેના કરતાં અનંત ગણી મહેનત કરવાની જરૂર

છે, અને તેને માટે સર્વવિરતિ બની શકાય તો શ્રેષ્ઠ છે અને જો તે ન બની શકાય તો દેશવિરતિની ઝળહળતી આરાધના વધારવી પડશે. સિદ્ધ ગતિને પ્રાપ્ત કરવા માટે પુરૂષાર્થની પગદંડીએ જેમણે પ્રયાણ આદર્યું છે એવા ચિત્તમુનિ સંયમના ઝુલણે ઝુલી રહ્યા છે ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તિ સંસારની ગંધાતી કાદવથી ભરેલી બાઈમાં રૂલી રહ્યો છે, અને ચિત્તમુનિને એવા સુખો ભોગવવા માટે આમંત્રણ આપી રહ્યા છે. એમના એક જ ભાવ છે કે મારો ભાઈ મારા ઘેર આવે, મારા મહેલ, ભંડાર, સંપત્તિ અને સુંદરીઓને જુવે તો એમને ભાન થાય ને કે મારું સુખ કેવું છે? જોયા વિના એમને કયાંથી ખબર પડે? એક વખત રસ ચાખશે તો પછી સાધુપણામાં જવાનું નામ નહિ લે. ભોગરસિક જીવોની કેવી તુચ્છ અને હલકી ભાવના હોય છે! સૂયગડાયંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે ભોગરસિક જીવો ત્યાગીની પાસે જઈને કેવું કેવું બોલે છે.

चिरं दूइज्जमाणस्स, दोसो दाणिं कुओ तवं ।
इच्चेव णं निमन्तेन्ति, नीवारेण व सूयरं ॥ अ. ३ उ. २ गाथा १९

હે મુનિવર! આપે ઘણાં દીર્ઘકાળ સુધી સંયમના અનુષ્ઠાનો કર્યા તો હવે ભોગો ભોગવતાં આપને કયાંથી દોષ લાગે? એટલે દોષ નહિ લાગે. આવી રીતે ચક્રવર્તિ, રાજા, મહારાજા આદિ તરફથી સાધુને આમંત્રણ આપીને જેમ લોકો સૂઅર-ભૂંડને ચાવલના દાણાનું પ્રલોભન આપીને ફસાવી મારે છે એવી રીતે સાધુને ભોગોનું આમંત્રણ આપી સાધુઓને ફસાવી સંયમ માર્ગથી ભ્રષ્ટ કરાવે છે.

બંધુઓ! જે રંગરાગમાં રમે છે તે આત્માઓ સાધુને કેવા કેવા વચનો કહે છે ને કેવા કેવા પ્રલોભનો આપે છે? જેમ શિકારી ભૂંડને પકડવા ચોખાનું પ્રલોભન આપે છે, માછીમાર માછલાને જળમાં ફસાવવા લોટની ગોળીનું પ્રલોભન આપે છે એમ ભોગી પુરૂષો ત્યાગીને ભોગનું આમંત્રણ આપે છે ને પાછા કહે છે કે હવે તમને દોષ નહિ લાગે. અરે! સમજો. જેમ એક વિષની ગોળી સો વર્ષના માણસને મારી નાંખે છે, એક અગ્નિનો તણખો લાખો મણ રૂની ગંજીને ભસ્મીભૂત કરી નાંખે છે તેમ એક જ દિવસનો અસંયમ, ભોગનો એકજ તણખો હજારો વર્ષો સુધી કષ્ટ વેઠીને ઉગ્ર સાધના કરીને જે લાભ મેળવ્યો હોય છે તેને બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે, પણ જેનું મન મેરૂ જેવું અડોલ છે. નિશ્ચિત છે એને હજારો પ્રલોભનો મળે છતાં એ ફસાતો નથી. જેની રગેરગમાં સંયમની લગની છે એને ગમે તેટલા કષ્ટો પડે, પ્રલોભનો મળે છતાં એ સંસારમાં લોભાતો નથી. આ તો મેં ત્યાગીની વાત કરી પણ કંઈક સંસારી જીવો જે ધર્મમાં અડોલ શ્રદ્ધાવાન હોય છે તેવા જીવો પણ ગમે તેવા કષ્ટો પડે છતાં ધર્મમાં કેવા અડોલ રહે છે. એના અંતરમાં ધર્મ પ્રત્યે એવી શ્રધ્ધાનો દિપક પ્રગટેલો હોય છે કે ધર્મના પ્રતાપે કદી દુઃખ આવતું નથી. એમ સમજી

શ્રદ્ધાપૂર્વક ધર્મ કરે છે, અને અનેક પ્રકારે ધર્મારાધના કરીને પોતાનું જીવન ઉજ્જવળ બનાવે છે. એવા એક દૃઢધર્મી અને ભક્તિવંત શેઠનું દૃષ્ટાંત યાદ આવે છે.

એક વખત એક મોટા શહેરમાં કોઈ મહાન જૈન આચાર્ય ઘણાં શિષ્યપરિવાર સહિત પધાર્યા. ભાવિક ભવ્યજીવો આચાર્ય ભગવંતની વાણી સુણવા આવવા લાગ્યા. મહારાજની વાણીમાં જાદુ હતો. જે કોઈ એક વખત સાંભળવા આવે એને બીજે દિવસે આવવાનું મન થાય જ. બે દિવસમાં તો ચારે ને ચૌટે મહારાજની અમૃતવાણીની પ્રશંસા થવા લાગી. હજારો માણસોની મેદની ભરાય છે. ભવ્ય જીવો વાણી સાંભળીને પોતાનું જીવન ધન્ય બનાવે છે. આ નગરમાં શામળદાસ નામે એક શ્રીમંત શેઠ વસતા હતા. એ દૃઢધર્મી હતા. આજે પ્રિયધર્મી ઘણાં છે પણ દૃઢધર્મી શ્રાવકોનો તૂટો છે. જિનશાસન માટે જાત હોમી દેનાર આમાંથી કેટલા ? આ શેઠ સંસારના હજારો કામ પડતા મૂકીને વ્યાખ્યાન સાંભળવા માટે સમયસર હાજર થઈ જતાં અને મહારાજના મુખમાંથી નીકળતી વીતરાગ વાણીની શીતળ સરવાણીના પ્રવાહમાં ગળાબૂડ ખૂંચી જતા. સમય કયાં સુધી સરકી જાય છે એનો ખ્યાલ પણ રહેતો નથી.

મહારાજ દરરોજ જુદા જુદા વિષયો ઉપર વ્યાખ્યાન ફરમાવતા હતા. વ્યાખ્યાનમાં ભગવાનના વચનાનુસાર કહેતા હતા કે અહો ભવ્ય જીવો ! આપણું શરીર વિનશ્વર છે. તમે એને ગમે તેટલું સાચવશો પણ એ તો એક દિવસ માટીમાં મળી જનારું અને આખમાં ખપી જનારું છે. આવું આ ખતરનાક શરીર જો એના મૂલ્ય રૂપે ઓળખાઈ જાય તો કામ થઈ જાય, પછી એના દ્વારા આત્મા અશરીર બનવાનો ભગીરથ પુરૂષાર્થ ખેડી અજર અમર, ને અશરીરી બની જીવનનું ચરમ ને પરમ ધ્યેય,પ્રાપ્ત કરી કૃતાર્થ બની શકે, માટે આ કાયાથી કામ કાઢી લો,જીવનમાં નમ્રતા અને સરળતા લાવો. નિંદા કૂથલી છોડો "**નમ્રતા એક એવો ગુણ છે કે જે જીવનમાં પ્રાયઃ બધા સદ્‌ગુણોને ખેંચી લાવે છે અને અહં એવી ચીજ છે કે જે જીવનમાં પ્રાયઃ બધા દુર્ગુણોને ખેંચી લાવે છે.**" માટે કોઈના દોષ જોવાના છોડીને ગુણ ગ્રહણ કરવા હોય તો ગુણાનુરાગી બનો. આચાર્યશ્રી એવી સુંદર શૈલીમાં ઉપદેશ આપતા કે સાંભળનારના મગજમાં વાત ઉતરી જતી.

એક વખત મહારાજે વ્યાખ્યાનમાં ફરમાવ્યું કે તમને જો તમારા પુણ્યથી લક્ષ્મી મળી હોય તો તમે લક્ષ્મીના દાસ ન બનશો પણ લક્ષ્મીના પતિ બનો. લક્ષ્મીના દાસ કેવળ લક્ષ્મીનું રક્ષણ કરી જાણે છે જ્યારે લક્ષ્મીપતિ લક્ષ્મીનો ધર્મના માર્ગે સદુપયોગ કરી સદ્‌ગતિનો ભાગી બની શકે છે, માટે તમને જે લક્ષ્મી મળી છે તેનો સદુપયોગ કરો. ધર્મારાધના કરો, કરાવો અને જો તમે ન કરી શકતા હો તો જે કોઈ કરે છે તેને કરવામાં ઉત્તેજન આપો. ગુરૂદેવની વાણી સાંભળીને કંઈક જીવોએ પ્રત્યાખ્યાન કર્યા. કોઈ તપમાં જોડાયા, કોઈએ દાન કરવામાં લક્ષ્મીનો સદુપયોગ કર્યો. જેનાથી જે બની શકે તે જીવનમાં અપનાવ્યું.

"શામળદાસ શેઠની ભવ્ય ઉદારતા" :– શામળદાસ શેઠ પાસે કરોડોની સંપત્તિ હતી. તેઓ ધનને દાનમાં વાપર્યા કરતા હતા. એમણે આજ સુધીમાં ઘણાં સુકૃત્યો કર્યા હતા. ધર્મારાધના પણ ખૂબ કરતા હતા. દાનનો પ્રવાહ પણ ચાલુ હતો. આ શહેરમાં જૈનોની વસ્તી ઘણી હતી પણ ધર્મસ્થાનક ઘણું જુનું ને નાનું હતું એટલે જ્યારે કોઈ વિદ્વાન સાધુ સાધ્વીજી પધારતા ત્યારે ખૂબ માનવમેદની ભરાતી હતી ને બેસવાની ખૂબ સંકડાશ પડતી હતી, તેથી શેઠના મનમાં થયું કે હું આ ધર્મસ્થાનક પાયામાંથી નવું બંધાવીને મારી લક્ષ્મીનો સદ્વ્યય કરું. હજારો જીવો ધર્મસ્થાનકમાં આવીને ધર્મારાધના કરશે એનો મને મહાન લાભ મળશે. એમ વિચારી શેઠે સંઘ સમક્ષ વાત રજુ કરી. સૌના દિલમાં ખૂબ આનંદ થયો. શુભ દિવસે એ કાર્યનો પ્રારંભ કર્યો. ધર્મસ્થાનક નાનું અને જુનું હતું એટલે શેઠે આજુબાજુના ખાલી અને જુના મકાનો હતા તેમના માલિકને ધન આપી વેચાતા લઈ લીધા. એ મકાનો તથા જુના ધર્મસ્થાનકને તોડીને પાયામાંથી નવું બનાવવાનો પ્રારંભ કર્યો. શેઠ પૈસા ખરચવામાં પાછી પાની કરે તેવા ન હતા. પાણીની જેમ પૈસા ખર્ચવા માંડયા. નગરજનો શેઠની ઉદારતાના બે મોઢે પ્રશંસા કરતા કે શું શેઠની ભાવના છે! ધન્ય છે એમની ઉદારતાને! એમને ધન મળ્યું છે તે સાર્થક છે. શેઠ પણ ઉત્સાહથી કાર્ય કરતા હતા. આ શામળદાસ શેઠને શીલવતી નામે પત્ની હતી. એ પણ ધર્મની અનુરાગી હતી. પતિની આવી ઉદાર ભાવના જોઈને તે હર્ષ અનુભવતી હતી.

"મનની મનમાં રહી ગઈ" :– બંધુઓ! ઘણી વખત એવું બને છે ને કે માણસના આદરેલા કાર્યો અધૂરા રહી જાય છે. ધાર્યું કામ પાર પાડતાં અનેક મુશ્કેલીઓ આવીને ઉભી રહે છે. અહીં પણ એવું જ બન્યું. અચાનક શેઠના વહેપારમાં મોટી ખોટ આવી. પાસે હતું તે નાણું ખર્ચાઈ રહ્યું હતું ને નવી આવક બંધ થઈ ગઈ. ધીમે ધીમે એવી પરિસ્થિતિ આવીને ઉભી રહી કે શેઠને બે ટંક રોટીના સાંસા પડી ગયા. ધર્મીષ્ઠ અને પવિત્ર શેઠ શેઠાણીએ જીવનમાં સમજણ આવ્યા પછી કદી કોઈ જીવને દુભાવ્યા નથી, પણ એમના કોઈ પૂર્વભવના પાપકર્મનો ઉદય થયો. શેઠ શેઠાણીના માથે વીજળી તૂટી પડી. પૈસા ખૂટયા એટલે ધર્મસ્થાનકનું કામ બંધ થઈ ગયું. શેઠ–શેઠાણીને પોતાને માથે દુઃખ આવ્યું તેની ચિંતા કે દુઃખ ન હતું, પણ જે ઉત્સાહ અને ઉમંગભેર ધર્મસ્થાનક બનાવવું હતું તે અધૂરું રહ્યું તેનું ખૂબ દુઃખ હતું. ધર્મસ્થાનકની સામે જોએ ને આંખમાંથી બોર બોર જેટલા આંસુ ટપકી પડે છે.

અહો ભગવાન! મારા કયા ભવના પાપકર્મો ઉદયમાં આવ્યો કે એક શુભ કાર્ય પૂરું ન કરી શકયો! ધર્મીજનો ધર્મારાધના કયાં જઈને કરશે? જ્યાં સુધી શેઠની પાસે લક્ષ્મી હતી ત્યાં સુધી તેમની આજુબાજુ સેંકડો માણસો વીંટળાઈને રહેતા. આજે શેઠને આશ્વાસનના બે શબ્દો કહેનાર કોઈ ન હતું. સગાસબંધી દૂર ભાગી ગયા. ગઈ

કાલ સુધી જે શેઠ ઉપર પ્રશંસાના પુષ્પો વેરતા હતા તે બધા આજે શેઠની કંગાળતા ઉપર કડવા વેણનાં પથ્થરો ફેંકી કાળજાને વીંધી રહ્યા હતા. શેઠ શેઠાણી મૌનપણે બધું સાંભળી લેતા. કહેવાય નહિ, સહેવાય નહિ અને રહેવાય નહિ એવી એમની સ્થિતિ હતી પણ શું થાય ? અત્યારે એમના હાથની વાત ન હતી.

એક વખત શેઠાણીએ શેઠને કહ્યું. નાથ ! આમ ચિંતા કરવાથી કંઈ વળવાનું નથી, છતાં પુરૂષાર્થ કરવો જોઈએ. જેથી આપણા પ્રારબ્ધ આડેથી પાંદડું ખસી જાય. શેઠે કહ્યું શીલવતી ! તારી વાત સાચી છે પણ પુરૂષાર્થ શેના સહારે કરું ? આજ સુધી તો વહેપાર ખૂબ કર્યો છે. હવે તો મજુરી મળી શકે તેમ નથી ને હું કરી શકું તેમ પણ નથી, અને વહેપાર માટે તો નાણાંની જરૂર પડે, ત્યારે શેઠાણીએ શેઠને કહ્યું કે નાથ ! આપ મારા પિયર જાઓ. મારા પિતાજી ખૂબ સુખી છે, હું મારા માતા પિતાની એકની એક લાડીલી દીકરી છું. મેં આજ સુધી કંઈ લીધું નથી, માટે મને ખાત્રી છે કે આપણી આવી દુઃખી સ્થિતિમાં જરૂર સહાય કરશે. શીલવતી ! આ જગતમાં સઘળે સ્વાર્થની સગાઈ છે. સુખમાં વગર માંગ્યે દેનાર ઘણાં હોય છે પણ દુઃખમાં તો દિલથી દિલાસો દેનાર પણ બહુ ઓછા હોય છે, માટે દુઃખના વખતે હું નહિ જાઉં પણ શીલવતીએ ખૂબ આગ્રહ કર્યો એટલે જવા તૈયાર થયા. શીલવતીએ જેમ તેમ કરી મરચું–મીઠું, તેલ નાંખી સાત આઠ ઢેબરા બનાવી એક ડબ્બામાં ભરી આપ્યા. તે લઈ ને શેઠ ઘરથી નીકળ્યા ત્યારે એમણે અઠ્ઠમના પચ્ચખાણ કર્યા. ત્રણ દિવસ તો આવું ન હતું એટલે બપોરે કયાંક થોડી વાર વિસામો લેતા, સાંજે પ્રતિક્રમણ કરતા, રાત્રે ઝાડ નીચે સૂઈ જતાં ને સવારે પ્રતિક્રમણ કરીને ચાલતા, આ રીતે ચાલતાં ચોથા દિવસે સવારમાં નવકારશી પચ્ચખાણ પૂરા થયા ને એક તળાવ આવ્યું એટલે શેઠે વિચાર કર્યો કે આ સસરાનું ગામ આવી ગયું, પછી ભાતાની જરૂર નહિ રહે. હું આજે અહીં બેસીને પારણું કરી લઉં. એમ વિચાર કરી શેઠે હાથ પગ ધોઈ તળાવની પાળે બેસી નવકારશી પચ્ચખાણ પાળ્યા.

" જંગલમાં સંતને દાન દેવાનો મળેલો અપૂર્વ લાભ " :– ડબ્બામાંથી ઢેબરા ને મરચું કાઢીને ભાવના ભાવે છે કે કોઈ મુનિરાજનો લાભ મળી જાય તો કેવું સારું ! ખરેખર માણસની શુદ્ધ ભાવના હોય તો ફળ્યા વિના રહેતી નથી. આવી ભાવના ભાવીને શેઠ ચારે તરફ નજર કરે છે તો દૂરથી જૈનના સાધુને આવતા જોયા, એટલે શેઠને હર્ષનો પાર ન રહ્યો. આંખમાં હર્ષના આંસુ આવી ગયા. ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય ! મારે તો જંગલમાં મંગલ થયું. સાત આઠ પગલા સામા જઈને કહ્યું પધારો ગુરૂદેવ ! મને પાવન કરો. આજે મારે અઠ્ઠમ તપનું પારણું છે. મારા માટે ભાતું લાવ્યો છું. તે વહોરીને મને પાવન કરો. મુનિરાજે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ જોઈને પાત્ર ધર્યું. શેઠે બધા ઢેબરા ઉપાડયા, પણ મહારાજે કહ્યું ભાઈ ! એક જ વહોરાવો. પણ

શેઠે તો ઉત્કૃષ્ટ ભાવે બધા ઢેબરા વહોરાવી દીધા. પોતે શું ખાશે તેની ચિંતા ન કરી. સંતને વહોરાવી વંદન કરીને પૂછયું ભગવંત! આપ ક્યાં પધારી રહ્યા છો? એટલે સંતે કહ્યું. ભાઈ! આજે મારે માસખમણનું પારણું છે, તેથી નજીકના શહેરમાં પારણા માટે નિર્દોષ આહારની ગવેષણા કરવા જતો હતો. આ સાંભળી શેઠને ખૂબ આનંદ થયો. અહો, મને લાભ તો મળ્યો, તે પણ માસખમણના ઉપવાસી તપસ્વીનો! આવા દુઃખમાં પણ મારા પુણ્યનો સિતારો ઝગમગે છે. મુનિ તો વહોરીને ગયા પણ શેઠના હૈયામાં હર્ષ સમાતો નથી. સાડા ત્રણ ક્રોડ રોમરાય પુલકિત બની ગયા ને જાણે પારણું કર્યું હોય તેવી મુખ ઉપર તેજસ્વીતા આવી ગઈ.

શેઠના દાનના પુણ્યનો માંગેલો ભાગ :– શેઠ ચાલતાં ચાલતાં નગરમાં ગયા. નગરની વચ્ચે શેઠની મોટી પેઢી છે. સસરાએ ને સાળાએ શેઠને આવતા જોયા, એટલે શેઠને વીંટળાઈ વળ્યા. શેઠની આવી પરિસ્થિતિ થઈ ગઈ છે તેની ખબર ન હતી તેથી ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું ને ઘેર લઈ ગયા. ત્યાં સાસુએ સ્વાગત કર્યું. ખૂબ પ્રેમથી જમાડયા ને પોતાની દીકરીના ખબર અંતર પૂછયા. બે ત્રણ દિવસ તો શેઠને ખમ્મા ખમ્મા કર્યા. આગ્રહ કરીને રોકયા, પછી આમ એકલા અચાનક આવવાનું કારણ પૂછયું એટલે શેઠે બધી હકીકત જણાવી દીધી. સાસુએ કહ્યું કાલે વાત. શેઠ સમજી ગયા કે કાલે ના જ પાડવાના છે પણ શું કરે છે એ તો જોઉં. રાત્રે સાસુને દૈવિક અવાજ આવ્યો કે તમારા જમાઈએ તમારા ગામના તળાવની પાળે માસખમણના એક તપસ્વી મુનિને ઢેબરા વહોરાવીને જબરદસ્ત પુણ્ય બાંધ્યું છે, તેથી એના પુણ્યનો સિતારો ચમકી રહ્યો છે માટે તમે મુનિને દાન આપીને બાંધેલા પુણ્યનો ચોથો ભાગ માંગીને એ જેટલું ધન માંગે તેટલું આપજો. સવારે સાસુએ પોતાના પતિને તથા પુત્રોને વાત કરી, એટલે સાળા, સસરા અને સાસુજીએ ભેગા થઈને શેઠને કહ્યું–જમાઈરાજ! અમે તમે માંગો તેટલું ધન આપવા તૈયાર છીએ પણ આપણે સાટા પાટા કરીએ. તમારું અમને આપો ને અમારું તમને આપીએ. શેઠે કહ્યું મારી પાસે તો કંઈ છે જ નહિ. શેના સાટાપાટા કરવાના છે? ત્યારે કહે છે કે તમે તળાવની પાળે સાધુને વહોરાવીને બાંધેલાં પુણ્યનો ચોથો ભાગ અમને આપો. બદલામાં તમે જે માંગશો તે અમે આપવા તૈયાર છીએ, એટલે શેઠના મનમાં વિચાર આવ્યો કે શું પુણ્ય કંઈ વેચવાનું હોય? સંપત્તિ મળે કે ન મળે એની ચિંતા નથી. એ પુણ્યના બદલામાં મારે કંઈ જોઈતું નથી.

"શેઠની દૃઢતા" :– શેઠે વિચાર કરીને કહ્યું પુણ્ય કંઈ ખરીદવાની ચીજ નથી. એના કંઈ સાટા પાટા ન થાય. મારે પુણ્ય આપીને પૈસા લેવા નથી, એટલે તરત સાસુ, સસરા અને સાળાઓએ મોં બગાડીને કહ્યું–તો એક રાતી પાઈ પણ નહિ મળે. શાંભળશા શેઠે કહ્યું–ભલે, તો હું જાઉં છું. એમ કહીને રવાના થયા પણ કોઈએ

શેઠને આવડ્યો એટલું પણ ન કહ્યું. શેઠ ત્યાંથી નીકળ્યા ત્યારે પાછો અટ્ટમ કર્યો. નવકાર મંત્રનું સ્મરણ કરતાં ચાલ્યા જાય છે. મનમાં ખેદ કે મૂંઝવણ નથી. ચાલતાં ચાલતા ત્રણ દિવસ પસાર થઈ ગયા. પોતાનું નગર થોડું દૂર હતું. શેઠ વિચાર કરવા લાગ્યા કે હું ખાલી જઈશ તો શીલવતી નિરાશ થઈ જશે. હવે મારે શું કરવું ? ત્યાં જ એમની નજર નદીના ગોળમટોળ પથરા ઉપર પડી. શેઠના મનમાં થયું કે આ નદીમાં પથ્થરો ચમકી રહ્યા છે. તેને પોટલી બાંધીને લઈ જાઉં તો શીલવંતીને થશે કે કંઈક લઈને આવ્યા છે. એમ સમજી શેઠે નદીના ચમકતા પથરાનું પોટલું બાંધી માથે મૂકી સીધા ઘેર આવ્યા. શીલવતી પોતાના પતિની રાહ જોઈ રહી હતી. પતિને મોટું પોટલું લઈને આવતાં જોઈને તે હરખાઈ ગઈ ને દોડતી સામે જઈને પોટલું લઈ લીધું. એના મનમાં તો એમ છે કે મારા પિયરથી ઘણું લાવ્યા છે પણ શેઠ તો મનમાં સમજે છે કે શું લાવ્યો છું ? એટલે એક રૂમમાં જઈને સૂઈ ગયા.

"શીલવતીની અધીરાઈ" :- શીલવતીના મનમાં અધીરાઈ આવી ગઈ કે મારા પિયરથી શું લાવ્યા છે ? હું જલ્દી જોઈ લઉં. અમારી બહેનોનો આ સ્વભાવ હોય છે એટલે એણે ઓરડામાં જઈને પોટલું છોડ્યું તો લાખોની કિંમતના અંધારે અજવાળા પાથરે એવા એકેક રત્નો હતા. આ જોઈને શેઠાણી ખુશ ખુશ થઈ ગયા ને મનમાં ધીમેથી બોલી ઉઠ્યા કે અહો ! હું મારા માતા-પિતા અને ભાઈ બોને કેટલી વહાલી છું કે દુઃખી અવસ્થામાં દીકરીને આપતાં પાછું વાળીને જોયું નથી. સવારે શેઠને પારણું છે એટલે શેઠાણી તરત ઉપડ્યા ને ઝવેરીને ત્યાં એક રત્ન વેચીને સવા લાખ રૂપિયા લઈ આવ્યા ને પારણાની કુલ તૈયારી કરી. આ જોઈને છોકરાઓ હરખાઈ ગયા ને કહ્યું-પિતાજી ! ચાલો....ચાલો જલ્દી જમવા.

શેઠ તો પોતાના નિત્ય નિયમથી પરવારીને બહાર આવ્યા એટલે શીલવતીએ કહ્યું નાથ ! નવકારસી આવી ગઈ છે. હવે પારણું કરો. બધી તૈયારી જોઈને કહ્યું અરે શેઠાણી ! તમે આ શું કર્યું ? દેવું કરીને મારા પારણા માટે આટલી ચીજો બનાવવાનું શું પ્રયોજન ? પારણું તો પાણીથી પણ થઈ જાય, ત્યારે શીલવતીએ હર્ષભેર કહ્યું અરે....આપ આ શું બોલ્યા ? મારા માતા પિતાએ તમને આપવામાં કયાં કમીના રાખી છે કે હું ખર્ચવામાં પાછી પડું ? શેઠે કહ્યું-તારા મા-બાપે મને શું આપ્યું છે ? શીલવતીએ કહ્યું. શું કેમ વળી ? આટલા બધા કિંમતી રત્નો તો આપ્યા છે ! એમ કહીને શેઠાણીએ શેઠની સામે રત્નોનો ઢગલો કર્યો. ત્યાં તો અંધારે ઝાકઝમાળ અજવાળા થઈ ગયા. શેઠ બધી વાત સમજી ગયા.

શેઠે શેઠાણીને અથથી ઈતિ સુધીની બધી વાત કરી, અને કહ્યું કે તારા માતા પિતાનું આમાં કંઈ જ નથી. હું તો પથરા બાંધી લાવ્યો હતો પણ માસક્ષમણના તપસ્વી મુનિને આપેલા દાનના પ્રભાવે પથરા દિવ્ય રત્નો બની ગયા. શેઠાણીને આનંદનો

પાર ન રહ્યો. સાથે સંસારનું સ્વરૂપ પણ સમજાઈ ગયું. હવે શેઠને પૈસાની કમીના ન હતી. તેમણે રત્નો વેચીને ધર્મસ્થાનકનું કામ પહેલા શરૂ કરી દીધું. પછી વહેપાર ધંધા શરૂ કર્યા અને નિયમ કર્યો કે જ્યાં સુધી ધર્મસ્થાનકનું કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી અલૂણા આયંબીલ કરવા ને બ્રહ્મચર્યનું પાલન કરવું. શેઠ-શેઠાણીએ આવી પ્રતિજ્ઞા કરી. હવે શેઠનો પુણ્યોદય થયો એટલે ધંધામાં જે પૈસા ખોટવાઈ ગયા હતા તે બધા પાછા આવ્યા. સગાં સ્નેહીઓ, મિત્રો, કુટુંબીઓ પણ પહેલાંની જેમ શેઠના ખડયા બોલ ઝીલવા લાગ્યા. પણ હવે તો શેઠને ભાન થઈ ગયું કે સંસાર કેવો અસાર ને સ્વાર્થમય છે! થોડા સમયમાં સુંદર ધર્મસ્થાનક તૈયાર થઈ ગયું. શેઠ શેઠાણીની ભાવના પૂર્ણ થઈ. એમના આનંદનો પાર ન રહ્યો. ધર્મારાધના ખૂબ થવા લાગી. ટૂંકમાં જે લક્ષ્મીના દાસ બને છે તે જીવનમાં વિનાશને નોતરે છે, અને જે લક્ષ્મીનો સદુપયોગ કરે છે તે જીવનને ધન્ય બનાવી શકે છે.

આજે ઓળીનો છેલ્લો દિવસ છે. આજે તપની આરાધના કરવાની છે. તપથી પુરાણા કર્મોનો ક્ષય થાય છે, માટે તપની આરાધના કરવી અત્યંત જરૂરી છે. તપથી દ્રવ્યરોગ અને ભાવરોગ મટે છે.

આજે અમારા તારણહાર પૂ. ગુરૂણીદેવ પાર્વતીબાઈ મહાસતીજીની પુણ્યતિથિ છે. એટલે એમનું જીવન ટૂંકમાં કહીશ. (પૂ. મહાસતીજીએ પોતાના તારણહાર ગુરૂણીદેવ પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના તપ-ત્યાગની જ્યોતિથી ઝગમગતા અને સહનશીલતાની સૌરભથી મઘમઘતા જીવનમાં રહેલા ક્ષમા-સરળતા વિગેરે અનેક ગુણોનું ખૂબ સુંદર વર્ણન કરી, જગતમાં જન્મીને કેવી રીતે જીવવું ને જીવનને કેવી રીતે સાર્થક કરવું એનું સુંદર રીતે વર્ણન કરી પૂ. ગુરૂણીદેવ પાર્વતીબાઈ મહાસતીજીને અશ્રુભરી આંખે અંજલી અર્પી હતી.)

ચરિત્ર:- ભીમસેને ભવ્ય ધર્મસ્થાનક બંધાવ્યું પણ કોઈ પણ કારણે મેઈન દરવાજાની કમાન વારંવાર તૂટી જાય છે આથી જ્યોતિષીઓને બોલાવીને પૂછ્યું કે શા કારણથી આવું બને છે? જ્યોતિષીઓએ ગ્રહ, નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર, અંશ, અક્ષાંસ વિગેરેનું ગણિત ગણ્યું. એ પણ બધું બરાબર નીકળ્યું, તો પછી રોજ કમાન તૂટીને પડી જવાનું કારણ શું? શું કોઈ દુષ્ટ દેવનો આ ઉપદ્રવ હશે? એ બાબતમાં ભીમસેન તથા વિજયસેને ખૂબ વિચારણા કરી પણ કંઈ સમાધાન ન થયું ત્યારે વિજયસેન તથા ભીમસેન રાજાએ આખા નગરમાં જાહેરાત કરાવી. હે નગરજનો! સાંભળો. જે કોઈ સ્ત્રી કે પુરૂષ આ દરવાજાની કમાન તૂટી જાય છે તેનું કારણ શોધી આપશે તેને રાજ્ય તરફથી મોં માંગ્યું ઈનામ આપવામાં આવશે. ઘણાં દિવસો પસાર થઈ ગયા પણ કોઈ કારણ શોધી શકયું નહિ.

એક દિવસ સવારના પ્રહરમાં પટાવાળાએ ભીમસેન રાજાને સમાચાર આપ્યા કે

વિદેશનો કોઈ મહા નૈમિત્તિક આપને મળવા માંગે છે. ભીમસેને એને પોતાની પાસે બોલાવ્યો ને ક્ષેમકુશળ પૂછ્યા, પછી ભીમસેને કમાન વિષે પૃચ્છા કરી ત્યારે વિદેશી જ્યોતિષીએ કહ્યું કે આ ધર્મસ્થાનકમાં કોઈ શીલવતી સ્ત્રી એના પુત્રો સાથે પ્રવેશ કરશે તે દિવસથી કમાન સ્થિર થઈ જશે પછી એ તૂટશે નહિ. આ સાંભળીને ભીમસેન રાજા ખુશ થયા અને આવેલા વિદેશી જ્યોતિષીને ખૂબ ઈનામ આપ્યું ને તેને પોતાને ત્યાં રોકયો, રાજાએ એ જ દિવસે આખા નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે જે પુત્રવાળી અને શીલવતી સ્ત્રી હોય તે આ ધર્મસ્થાનકમાં પ્રવેશ કરે. આ ઉદ્‌ઘોષણા સાંભળીને નગરની સ્ત્રીઓ ભય પામવા લાગી, કારણ કે વિશુદ્ધ શીલ એટલે મન વચન અને કાયાથી પર પુરૂષનો સંપૂર્ણ ત્યાગ. મનથી પણ દોષ લાગ્યો ન હોય. ન કરે નારાયણ અને પ્રવેશ કરવા છતાં કમાન તૂટે તો શું ? આવું વિચારી નગરની કોઈપણ પુત્રવતી સ્ત્રી ધર્મસ્થાનકમાં પ્રવેશ કરવા તૈયાર ન થઈ, આથી ભીમસેન ઉદાસ થઈ ગયો.

" ભીમસેનની ચિંતા દૂર કરતી સુશીલાઃ–" ભીમસેનને ઉદાસ જોઈને સુશીલાએ પૂછયું સ્વામીનાથ! આપ આટલા બધા ઉદાસ કેમ છો ? આપને તબમાં કોઈ અશાતા તો નથી ને ? ના, દેવી ! તપના પ્રભાવે તો મારા તમામ પરિતાપ ઉપશમી ગયા છે, પણ દરવાજાની કમાન તૂટી જાય છે તેને માટે ચિંતા થાય છે. જ્યોતિષીએ આ પ્રમાણે કહેવાથી મેં આ નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી છે પણ કોઈ સ્ત્રી પ્રવેશ કરવા આવતી નથી. તો શું આ નગરમાં કોઈ વિશુદ્ધ શીલવતી નારી જ નહિ હોય ? ભીમસેને પોતાની ચિંતા વ્યક્ત કરી ત્યારે સુશીલાએ કહ્યું–નાથ ! એવું તો ન જ બને, પણ એવા ઝેરના પારખા કોણ કરે ? સુશીલા આખરે તો એક સ્ત્રી જ હતી ને ? એટલે એ સ્ત્રીની શરમ અને સ્ત્રીના ભયને એ બરાબર સમજતી હતી. એણે કહ્યું કે કંઈ વાંધો નહિ. કાલે દેવસેન અને કેતુસેનને લઈને હું ધર્મસ્થાનકમાં પ્રવેશ કરીશ. ભલે, જગતના લોકો જાણી જાય કે ઉજ્જૈની નરેશની રાણી સતી છે કે અસતી ? ભીમસેને કહ્યું દેવી ! તમે એવું ન બોલો. તમે તો સતી જ છો. તમારા સતીત્વ ઉપર મને પૂરેપૂરી શ્રદ્ધા છે.

સુશીલાએ કહ્યું આપને મારી સતીત્વ ઉપર એટલી બધી શ્રદ્ધા છે. એ તો મારા અહોભાગ્ય છે, પણ હવે મારે એ શ્રદ્ધાને કસોટીએ ચઢાવવી રહી. બીજે દિવસે નગરમાં વાત પ્રસરી ગઈ કે સુશીલાદેવી એમના બે પુત્રોને લઈને ધર્મસ્થાનકમાં પ્રવેશ કરશે, તેથી ધર્મસ્થાનકમાં જવાના માર્ગે માનવ મહેરામણ ઉમટયો, સ્ત્રીઓ તો ચોખા અને પુષ્પોના થાળ લઈને સતીને વધાવવા ઉભી રહી. સમય થતાં સુશીલાદેવી પોતાના બે પુત્રોને લઈ રથમાં બેસીને નીકળ્યા, ત્યારે પ્રભુને પ્રાર્થના કરી કે હે શાસનદેવ ! મેં આજ સુધી મન વચન અને કાયાથી કોઈ પણ પુરૂષને સેવ્યો નથી. આ અંગે જો કોઈ મારી ભૂલ થઈ હોય તો મને શીક્ષા કરજો, અને જો હું અણીશુદ્ધ શીલવતી હોઉં તો કમાન સ્થિર કરજો. આ પ્રમાણે શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરીને સુશીલાદેવીએ

ધર્મસ્થાનકના મુખ્ય દરવાજે પ્રવેશ કર્યો, એવી જ તૂટેલી કમાન સંધાઈ ગઈ. નગરજનોએ મહાન સતી સુશીલાદેવીનો જયજયકાર બોલાવ્યો. સતીના પુનિત પગલાથી ધર્મસ્થાનકનું ભવ્ય ઉદ્‌ઘાટન થઈ ગયું.

રાજાએ એ નિમિત્તે અઠ્ઠમ તપની આરાધના કરાવી ઘણાં લોકોએ અઠ્ઠમ તપ કર્યા એમને રાજાએ કિંમતી પ્રભાવના વહેંચી. આ સમયે ભીમસેન રાજાએ પણ જે વર્ધમાન તપનો પાયો નાંખ્યો હતો તેનું પારણું હતું. પારણું કરતા પહેલા ઘણાં સંત સતીજીઓને ભાવપૂર્વક ગૌચરી વહોરાવીને પારણું કર્યું. દાન અને તપના પ્રભાવે ભીમસેનના સમસ્ત દુઃખોનો અંત આવી ગયો ને સર્વત્ર આનંદ આનંદ વર્તાઈ ગયો. તપ કરવાથી તેમનો આત્મા વિશુદ્ધ બની ગયો. મુખ ઉપર પણ તપના તેજ ઝગારા મારતા હતા, પછી વિજયસેન, સુલોચના અને સુશીલાએ ભીમસેનને શરીરની કાળજી રાખવા ખૂબ વિનંતી કરી. આ સમયે ભીમસેને પણ એમની વિનંતીનો સ્વીકાર કર્યો અને શરીરનું સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવવા યોગ્ય ઔષધી લીધી એટલે થોડા સમયમાં ભીમસેનનું સ્વાસ્થ્ય હતું તેવું થઈ ગયું. સુશીલા અને દેવસેન-કેતુસેનને પણ વિજયસેન રાજાએ ખૂબ ઉંચી જાતની ઔષધીઓ આપી, તેથી શરીર ઉપર રાજતેજ દેખાતું હતું અને મુખમુદ્રા પ્રતાપી અને પ્રભાવી લાગતી હતી. બધા આનંદથી ધર્મારાધના કરતા વિજયસેનના રાજ્યમાં રહે છે. હવે અહીં શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં ૭૭

આસો વદ ૧ ને શનિવાર **તા. ૬-૧૦-૭૯**

અનંત જ્ઞાની કહે છે હે ભવ્ય જીવો ! આ સંસાર આધિ, વ્યાધિ અને ઉપાધિ આદિ અનેક દુઃખોથી ભરેલો છે. સંસારના સ્વરૂપનું જો જીવને સમ્યગ્ રીતે ભાન થાય તો સંસારથી મન વિરક્ત બને છે. સંસારથી વિરક્ત બનેલું મન વીતરાગનું અને વીતરાગ ધર્મનું રાગી બને છે. એક ગતિમાંથી બીજી ગતિમાં, એક યોનિમાંથી બીજી યોનિમાં, એક જાતિમાંથી બીજી જાતિમાં, એક કુળમાંથી બીજા કુળમાં, એક પદાર્થ પરથી બીજા પદાર્થમાં, એક ઇચ્છામાંથી બીજી ઇચ્છામાં નિરંતર સરકયા કરવું એનું નામ સંસાર. સંસારમાં બધું અસ્થિર અને અવ્યવસ્થિત હોય છે. જ્ઞાની કહે છે સંસાર એટલે જ્યાં સાચા સુખની છાયા પણ જોવા મળતી નથી. સંસાર એટલે સાક્ષાત્ સળગતો દાવાનળ. જેમાં જીવો નિરંતર દુઃખરૂપ અગ્નિમાં સળગી રહેલા દેખાય છે. સંસાર એટલે દુઃખરૂપી દૈત્યોનું નિવાસસ્થાન. સંસારમાં જ્યાં નજર નાંખીએ ત્યાં દુઃખરૂપી દૈત્યો દોડતા દૃષ્ટિ ગોચર થાય છે. સંસાર એટલે સાક્ષાત્ સ્મશાનભૂમિ છે કે જ્યાં નિરંતર દુઃખ, દર્દ અને દોષરૂપી ભૂતડા ભટકયા કરે છે. સંસાર એ

મોહરાજાની રાજધાની છે, કારણ કે જ્યાં જુઓ ત્યાં મોહનું સામ્રાજ્ય અને મોહનું નાટક જોવા મળે છે. સંસારની રંગભૂમિ પર જુદા જુદા શરીરરૂપી વેશ ધારણ કરીને જીવો જુદા જુદા નાટક ભજવી રહ્યા છે. સંસાર એટલે જાણે એક સમરાંગણ ભૂમિ કે જ્યાં સંસારી જીવો પરસ્પર એકબીજા સાથે લડતા હોય છે. આ પ્રમાણે વારંવાર સંસારના સ્વરૂપનું ચિંતન કરવાથી જીવને સંસારની અસારતા સમજાય છે, તેથી જીવ સંસારથી વિરક્ત બની ભવસાગર તરી જાય છે.

જેણે સંસારનું આવું સ્વરૂપ સમજીને સંસાર છોડયો છે અને સંયમના સુખનો આનંદ માણી રહ્યા છે એવા ચિત્તમુનિ સંસાર સુખના કીચડમાં ખૂંચી ગયેલા બ્રહ્મદત્ત ચક્રવર્તિ આ બંનેનો સંવાદ ચાલે છે. તેમાં બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિ આગળ પોતાના સુખોની રજુઆત કરી કે મારા ઘેર આવા ભૌતિક સુખો છે. એની મોજ માણવા તમે મારે ઘેર પધારો. મોહમાં ઘેરાયેલો જીવ મોહ તરફ આકર્ષે છે જ્યારે ચિત્તમુનિ એમના ત્યાગ માર્ગની રજુઆત કરે છે કે ત્યાગ માર્ગ સત્યભૂત અને પ્રમાણભૂત છે. જે જીવને મોક્ષમાં જવાની લગની લાગી હશે એ જીવને આ ત્યાગ માર્ગનો આશ્રય લેવો પડશે. ત્યાગ વિના ત્રણ કાળમાં ભવસાગર તરી શકાશે નહિ. ચિત્તમુનિ કહે છે હે બ્રહ્મદત્ત ! તું સંસાર સુખમાં મોહાંધ બનીને મને પણ સંસારમાં આવવાનું આમંત્રણ આપી રહ્યો છે પણ વિચાર કર કે જે તીર્થંકર થવાના છે, નિયમા મોક્ષે જવાના છે એમણે પણ સંસાર ત્યાગીને સંયમ અપનાવ્યો છે. તીર્થંકર, ચક્રવર્તિ અને બળદેવ વિગેરે એ મહાન સમૃદ્ધિનો ત્યાગ કરી સંયમ લીધો છે. તું માને છે કે હું છ ખંડનો અધિપતિ મોટો ચક્રવર્તિ છું. મારા જેવું કોઈને સુખ નથી પણ વિચાર કર. જો એમાં સુખ હોત તો તારા જેવા દશ દશ ચક્રવર્તિઓ શા માટે સંસાર છોડીને ત્યાગના પંથે ચાલી નીકળ્યા ? એમને સંસારના સુખો વિષના કટોરા જેવા લાગ્યા. વિષને વિષ રૂપે જાણ્યા પછી એમાં કોણ આનંદ માને ? સંસાર તો એક નાટ્યભૂમિ છે. તેમાંની નૃત્યકળા કર્મબંધનનો વિષય છે. આખું જગત મોહજાળે વીંટળાયેલું છે. એટલે સંસારનો ત્રિવિધ તાપ મોહનીય કર્મના જોરથી ત્રાસ રૂપ લાગતો નથી. આ જીવનું એક પ્રકારનું અજ્ઞાન જ છે ને ? સાચું સુખ કયાં છે તે તું સાંભળ.

बालाभिरामेसु दुहावहेसु, न तं सुहं कामगुणेसु रायं ।
विरत्त कामाण तवोधणाणं, जं भिक्खुणं सीलगुणे रयाणं ॥ १७ ॥

હે રાજન્ ! અજ્ઞાનીજનોને આનંદનો આભાસ કરાવનાર, આત્મજ્ઞાન વગરના જીવોને મધુર લાગનાર તથા પરિણામમાં દુઃખને આપનાર એવા મનોજ્ઞ શબ્દાદિક વિષયોમાં સુખ નથી કે જે સુખ શીલ ગુણમાં રત રહેનારા, કામભોગના ત્યાગી અને તપ એ જ જેમનું ધન છે એવા ભિક્ષુઓને હોય છે

જે સુખ કામભોગથી વિરક્ત બનેલા તપસ્વી અને શીલવંત સાધુને છે તે સુખ

જગતમાં બીજા કોઈને નથી. અજ્ઞાની જીવો કામભોગમાં મસ્ત રહે છે. જે આત્મજ્ઞાનથી અજાણ છે એવા બાલ-અજ્ઞાની મનુષ્યોને શબ્દાદિક મનોજ્ઞ વિષયો પ્રિયકર લાગે છે, પણ જેની પાસે સંયમરૂપી ધનના ભંડાર ભરેલા છે એવા સંયમી મુનિરાજોને મન તો સંસારના સુખો સર્વથા અસાર અને નિરસ છે માટે જ્ઞાનચક્ષુથી એના સ્વરૂપનું અવલોકન કરશો તો આપને પોતાને જણાશે કે તૃષ્ણાનો ક્ષય કરનાર સંયમી મુનિઓના સુખ આગળ સંસારના સુખની કોડીની પણ કિંમત નથી.

જેમ અજ્ઞાન બાળક વરસાદ પડે છે ત્યારે રેતીના ઘર બનાવીને રમે છે ને કહે છે કે આ મારું ઘર છે, આ ઓફિસ છે, આ દિવાનખાનું છે એમ કહીને હરખાય છે, પણ એને ભાન નથી કે આ રેતીનું ઘર તો બે ઘડી રમત પૂરતું છે એમ અજ્ઞાની જીવને ભાન નથી કે આ સંસાર અસાર છે, મારું આયુષ્ય અલ્પ છે એમાં હું શું આ કામભોગની મેલી રમતો રમી રહ્યો છું. આ રમત પૂરી થશે ને આ ઘરબાર બધું છોડીને જવું પડશે. જ્ઞાનીપુરૂષો કહે છે કે હે મૂઢ જીવ! તારી મૂઢતાનો પાર નથી. ક્ષણે ક્ષણે તારું આયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે, પણ તારી પાપબુદ્ધિ ક્ષીણ થતી નથી. તારી ઉંમર ઘટતી જાય છે પણ વિષયાભિલાષા ઓછી થતી નથી. માંદો પડયો ત્યારે દવામાં મુગ્ધ બન્યો પણ ધર્મરૂપ ઔષધનો તેં જરા પણ ઉપયોગ કર્યો નહિ. હંમેશા સારા ભોગોને ભોગવવાનો તેં ચિત્તમાં વિચાર કર્યો પણ એ રોગરૂપ છે એવો કદી વિચાર કર્યો છે? હંમેશા ધન મેળવવાનો વિચાર કર્યો પણ મરણ નજીક આવે છે તેનો વિચાર કર્યો? સ્ત્રીના સંભોગના વિચારો કર્યા પણ એનાથી તારી કેવી દુર્દશા થશે તેનો વિચાર કર્યો?

જેમ દેવ વિનાનું દેવળ, જળ વિનાનું સરોવર, ચંદ્ર વિનાની રાત્રી અને સુગંધ વિનાનું પુષ્પ શોભતું નથી તેમ સદ્ધર્મની સેવા વિનાનો માનવભવ પણ શોભતો નથી. જેની પાસે લાખોની સાહ્યબી હોય પણ જેના હૈયામાં સદ્ધર્મની શ્રદ્ધા ન હોય તેના જીવનની કોડી જેટલી પણ કિંમત નથી. જેના જીવનમાં ધર્મ નથી તેનું જીવન લુહારના ઘરની ધમણ જેવું છે. તે જીવો માત્ર શ્વાસ લે અને મૂકે એટલું છે બાકી એના જીવનમાં સાચા ચૈતન્યનો ચમકાર નથી. જે જીવો ક્રોધ અગ્નિથી બળી રહ્યા હોય, માનરૂપી અજગરથી જેઓ ગળાઈ રહ્યા હોય, માયાજાળમાં જે ફસાઈ ગયા હોય *અને લોભરૂપી મહાનાગ વડે જકડાઈ રહ્યા હોય તે બિચારા ધર્મની આરાધના કયાંથી* કરી શકે? જેમને સંસારના સુખો ભોગવવાનો રસ છે તે ત્યાગના મધુર સુખોનો આનંદ કયાંથી માણી શકે? જેને હીરાની પીછાણ નથી તે કાચના ટુકડાને હીરા માનીને હરખાય છે. કાચના ટુકડા ઉપર સૂર્યના કિરણો પડે ત્યારે તે હીરા જેવો ચમકે છે ત્યારે અજ્ઞાનીને મન એમ થાય છે કે હીરો કેવો ઝગમગી રહ્યો છે! એમ સમજીને અજ્ઞાની જીવ એને ઉઠાવી લે છે અને મને હીરો મળ્યો એમ માનીને હરખાય છે,

પણ સાચો ઝવેરી હરખાય ? બોલો તો ખરા ? 'ના.' ઝવેરીની તો નજર પડે ને પારખી જાય કે આ તો કાચનો ટુકડો છે. એની શું કિંમત ! એમ આત્મિક સુખને પીછાણનારા જ્ઞાની પુરૂષોને મન ભૌતિક સુખો કાચના ટુકડા કરતાં પણ તુચ્છ છે. સાચો સુખી કોણ છે ? " **एगंत सुही मुणी वीतरागी** " જિનાજ્ઞાનું પાલન કરનાર, જિનેશ્વર ભગવંતે બતાવેલા પંથે ચાલનાર, ત્યાગી, તપસ્વી અને સંયમી મુનિઓ છે. એમના જેવું જગતમાં કોઈ સુખી નથી. જિનાજ્ઞાનું પાલન કરનાર સાધુ ભગવંતો સો ટચના સોના જેવા છે, અને એમનું સુખ પણ સો ટચના સોના જેવું છે.

જેમ સુવર્ણ વિષનું હરણ કરે છે તેમ ભાવ સાધુઓ મોહવિષનું હરણ કરે છે. સુવર્ણનું રસાયણ રાજરોગોને દૂર કરી શરીરને પુષ્ટ બનાવે છે, તેમ ભાવ સાધુઓ ભગવાનના ઉપદેશ રૂપી રસાયણથી કર્મ રોગોને દૂર કરી ભાવ આરોગ્યને પ્રાપ્ત કરે છે, અને બીજાને ભાવ આરોગ્ય અપાવે છે. જેમ સુવર્ણ મંગલરૂપ મનાય છે તેમ ભાવ સાધુઓ તપ-શીલ અને આચારની પવિત્રતાથી મહામંગલ સ્વરૂપ છે. સુવર્ણમાં વાળ્યું વળવાની યોગ્યતા હોવાથી તેના અલંકારો બને છે, તેમ ભાવ સાધુઓ સુવિનીત હોવાથી તેમનું શાસ્ત્રાનુસારી ઘડતર થાય છે જેમ અગ્નિથી તપાવેલું સુવર્ણ પ્રદક્ષિણાકારે ફરે છે તેમ ઉપસર્ગ અને પરિષહના અગ્નિતાપમાં ભાવ સાધુઓ સન્માર્ગને અનુસરે છે, પણ ઉન્માર્ગે જતા નથી. સુવર્ણ જેમ વજનદાર હોય છે તેમ ભાવસાધુઓ ગંભીર આશયવાળા હોવાથી ગૌરવને પાત્ર હોય છે. સુવર્ણ કદી સડતું નથી તેમ ભાવસાધુઓ શીલ ગુણથી સદા સુરક્ષિત છે. સુવર્ણ અગ્નિથી શુદ્ધ બને છે તેમ ભાવસાધુઓ સમ્યગ્ જ્ઞાન, ક્રિયાથી શુદ્ધ બને છે. સાધુઓનું નિષ્પાપ અને પવિત્ર જીવન વિશ્વમાં સાધુતાની સુવાસ ફેલાવે છે. આવા ઉચ્ચ કોટિના જીવન દ્વારા સાધુપુરૂષો પોતાના જીવનમાં મહાન સુખ પામે છે અને પોતાની પાસે આવનાર જીવોને પણ મહાસુખોનો રાજમાર્ગ બતાવી સર્વ સંતાપને હરે છે.

ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે હે રાજન્ ! તારા જેવા અજ્ઞાન જીવો પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે પણ જેમનું તપરૂપી ધન છે અને શીલરૂપી ગુણોમાં જેઓ રક્ત છે એમને જે સુખ છે તેના અંશ ભાગનું સુખ " **न तं सुहं कामगुणेसु राय** । " કામભોગમાં નથી, માટે આ સુખની પાછળ જિંદગી વેડફી નાંખો નહિ.

સંસાર સુખોનો રાગ એકાંત દુઃખરૂપ છે. રાગની આગ આત્મગુણોના બાગને સળગાવી મૂકે છે, માટે જાગો ને તેનાથી દૂર ભાગો, અને સ્વરૂપની પીછાણ કરો. જ્યાં સુધી સ્વ-પરનો ભેદ નહીં સમજાય ત્યાં સુધી ભવના ખેદનો છેદ થવો મુશ્કેલ છે. આવી ગમ નહિ આવે ત્યાં સુધી જમ દમ કાઢયા જ કરશે એટલે કે જન્મ મરણના દુઃખો ભોગવવા પડશે, માટે સંસારમાં સુખ છે એ વાત છોડી દો. બ્રહ્મદત્ત ચક્રવર્તિને અભિમાન છે કે સંસારમાં સુખ છે ત્યાગમાં શું સુખ છે ? પણ જ્ઞાની કહે છે " **જે**

મનુષ્યો શરીર-સંપત્તિ અને સત્તાના અભિમાનથી લક્કડની માફક અક્કડ થઈને ફરે છે તેના જન્મ-મરણની પકકડ મજબુત બની જાય છે. માટે સમજીને સંસારનો રાગ છોડો ને આત્માભિમુખ બનો, આ સંસારના સુખ મેળવવા માટે ગાડાના બેલ બનીને રાત-દિવસ કાળી મજુરી કરી રહ્યા છો પણ એ જ સુખો તમને એક દિવસ દુઃખની ખાઈમાં ધકેલી દેશે. જ્યાં સુધી પુણ્યનો ઉદય છે ત્યાં સુધી આનંદ માણી લો, પછી કેવા હાલ થાય છે એ તો ભોગવનાર જાણે છે. પાપ કરીને એકલું કરેલું ભોગવવા રહેશો કે નહિ એ જ્ઞાની જાણે.

વાસુદેવ અને પ્રતિવાસુદેવમાં કેવો ક્રમ છે તે જાણો છો ? પ્રતિવાસુદેવ સંપત્તિ મેળવીને ભેગી કરે છે અને વાસુદેવ યુદ્ધ કરીને ત્રણ ખંડનું રાજ્ય લઈ લે છે. રાવણ પ્રતિવાસુદેવ હતો. એણે ત્રણ ખંડનું રાજ્ય મેળવ્યું. એની પાસે ચક્રરત્ન હતું. એ ચક્રરત્ન છોડે એટલે સામા શત્રુનું માથું લઈને પાછું આવે એવી એની શક્તિ હોય છે, પણ જ્યારે એનું પુણ્ય ખલાસ થઈ જાય છે ત્યારે કોઈ ને કોઈ નિમિત્ત પામીને વાસુદેવ એના ઉપર ચઢાઈ કરવા આવે છે. રાવણ સીતાજીને અપહરણ કરીને લઈ ગયો એ નિમિત્તે રામ અને લક્ષ્મણ લંકા ઉપર ચઢી આવ્યા. બંને વચ્ચે યુદ્ધ થયું. કોઈ રીતે રામ-લક્ષ્મણ હાર્યા નહિ ત્યારે રાવણે એમને દુશ્મન ગણીને એમના ઉપર ચક્ર છોડ્યું, પણ લક્ષ્મણના પુણ્યનો ઉદય હતો એટલે ચક્ર એનું મસ્તક કાપવાને બદલે એમના ખોળામાં બેસી ગયું અને એ જ ચક્રને ઘુમાવીને લક્ષ્મણે રાવણ ઉપર છોડ્યું તો એ રાવણનું માથું લઈને પાછું ફર્યું. લક્ષ્મણ વાસુદેવ હતા એટલે એમણે રાવણને માર્યો. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે માણસ પોતાની સંપત્તિ અને સાધનો ઉપર ગુમાન કરે છે પણ પોતાના જ સાધનથી પોતાનો વિનાશ થઈ જાય છે, આવો જ બીજો પ્રસંગ રાવણના ભાણેજનો બનેલો છે.

રાવણની બહેન શૂપર્ણખાને શંબૂક નામે એક પુત્ર હતો. તે એક વખત એના મામા રાવણને ત્યાં ગયેલો. ત્યાં એણે મામા પાસે સૂર્યહાસ ખડ્ગ જોયું, એટલે એને મેળવવાનું મન થયું. એ મેળવવા માટે બરાબર બાર વર્ષ અને સાત દિવસ સુધી જંગલમાં જઈને સાધના કરવી પડે છે. એ સાધના કેવી રીતે કરવાની ? બાર વર્ષ ને સાત દિવસ સુધી અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાનું, એમાં વચ્ચે એક વખત પણ વિકલ્પ આવી જાય તો સાધના નકામી જાય. દરરોજ એક મુઠ્ઠી અડદના બાકુળા તે પણ મીઠા વગરના ખાવાના, આવી સાધના કરવા માટે શંબૂક દંડકારણ્યમાં ગયો. ત્યાં વાંસની જાળી બનાવીને ઝાડ સાથે પગ બાંધીને ઊંધે મસ્તકે લટકીને સાધના કરવા લાગ્યો. જુઓ, માણસ એક શસ્ત્ર મેળવવાની સિદ્ધિ માટે કેટલું કષ્ટ વેઠે છે! આ જગ્યાએ આત્મલક્ષે, કર્મનિર્જરા કરવા માટે આટલા દિવસ આયંબીલ તપ કર્યો હોત, વિષયભોગનો ત્યાગ કરવાની બુદ્ધિથી બ્રહ્મચર્યનું પાલન કર્યું હોત તો કેટલા કર્મોની

ભેખડો તૂટી જાત ! ગમે તેવો તપ કરે ને સૂર્યહાસ ખડ્ગ મેળવે એથી એને મળવાનું તો શું ? શસ્ત્રથી તો સંહાર જ થવાનો ને ? આ શંબૂકને દ્રવ્ય શત્રુનો સંહાર કરવા સૂર્યહાસ ખડ્ગ મેળવવા આટલી બધી સાધના કરવી પડી તો આપણે તો અનાદિ કાળથી આત્માને પરેશાન કરનાર કર્મશત્રુઓનો સંહાર કરવા માટે કેટલી ઉગ્ર સાધના કરવી જોઈએ ?

શંબૂકને આ રીતે સાધના કરતા બાર વર્ષને છ દિવસ તો પસાર થઈ ગયા ને સાતમો દિવસ આવ્યો. એ દિવસ પૂરો થાય એટલે એને ખડ્ગ મળી જવાનું છે. એના મનમાં તો પોતાના કાર્યની સિદ્ધિ થશે એ માટે કેટલા અરમાનો છે, સાધનાનું ફળ મળવાની તૈયારી છે. જેમ એક કડિયાએ મહારાષ્ટ્ર સરકારની લોટરીની ટિકિટ ખરીદેલી. એના પુણ્યોદયે લોટરી લાગી. પેપરમાં એનો ફોટો આવ્યો, નામ આવ્યું, હવે એને ઈનામ લેવા જાય એટલી જ વાર છે પણ બન્યું એવું કે કડીયો સાતમે માળે પાલખ પર ચઢી ચણી રહ્યો હતો ત્યાં કોઈએ આવીને કહ્યું કે ભાઈ! હવે તારે આ મજુરી કરવાની જરૂર નથી. તારી લોટરી લાગી. રૂ. ૪૦,૦૦૦ના ઈનામની જાહેરાત સાથે તારો ફોટો પેપરમાં આવી ગયો. હવે તારે ઈનામ લેવા જવાનું છે. આ સમાચાર સાંભળીને કડીયો હરખાઈ ગયો. હે....મને રૂ. ૪૦૦૦૦નું ઈનામ. પેપરમાં મારું નામ અને ફોટો આવ્યો. હર્ષમાં ને હર્ષમાં બિચારો કડીયો નાચવા લાગ્યો પણ એને ભાન ન રહ્યું કે હું કયાં નાચું છું ? તેથી તે પાલખ ઉપરથી પડયો. સાતમે માળેથી પડયો એટલે એની ખોપરી તુટી ગઈ ને પ્રાણ ચાલ્યા ગયા. મહાન પુણ્યે એની લોટરી લાગી. ઈનામ લેવા જાય તેટલી જ વાર હતી પણ બિચારો ફાની દુનિયામાંથી વિદાય થઈ ગયો. તમે બધા પૈસા પાછળ પાગલ બન્યા છો. એક કવિએ ઠીક કહ્યું છે કે

લક્ષ્મી પાછળ ઘેલા બનીને જોયા ન છાયા તાપ... (૨)
ધનના મદમાં મસ્ત બની, કર્યા કંઈક મેં પાપ... (૨)
સગાવહાલાના મોહપાશમાં, જિંદગી ચાલી ગઈ...
પ્રભુ તારી સાથે મારી પ્રીતિ ના થઈ...જિંદગી મારી ધૂળમાં મળી ગઈ

લક્ષ્મીની પાછળ પાગલ બનીને કેટલા કષ્ટો વેઠયા ? કેટલા પાપ કર્યા ? પણ પાછળનો વિચાર કર્યો કે આ મારા પાપકર્મો ભોગવવા હું કયાં ચાલ્યો જઈશ ? લક્ષ્મી મેળવવા માટે કંઈકે પોતાના પ્રાણ ગુમાવ્યા છે પણ લક્ષ્મી કોઈની સાથે જાય છે ખરી ? તમે લક્ષ્મીની પાછળ પાગલ છો પણ એ તમારી પાછળ પાગલ થતી નથી. તમને ચાહતી નથી. લક્ષ્મી મળ્યા પછી ચાલી જાય તો કંઈક રડે છે, કંઈક પાગલ બની જાય છે પણ તમે કોઈ જાઓ તો લક્ષ્મીને કંઈ હરખ શોક નથી. આવું સમજીને પણ હવે એનો મોહ છોડવા જેવો છે.

શંબૂકને સૂર્યહાસ ખડ્ગ મળવાની તૈયારી છે પણ પાપકર્મનો ઉદય થાય ત્યારે

મળેલું સારું ફળ પણ અવળું પડે છે, રામ–લક્ષ્મણ અને સીતાજી દંડકારણ્યમાં કુટીર બાંધીને રહેતા હતા લક્ષ્મણજી ત્યાં થઈને વનફળ લેવા માટે જતા હતા. બરાબર એ જ વખતે સૂર્યહાસ ખડ્ગ આકાશમાંથી નીચે ઉતરતું જોયું, એટલે એમને એ લેવાનું મન થયું. ક્ષત્રિયના બચ્ચાને શસ્ત્ર દેખે એટલે લેવાનું મન થઈ જાય. મળવાનું હતું શંબૂકને પણ વચમાં લક્ષ્મણજી આવી ગયા ને લઈ લીધું. શસ્ત્ર હાથમાં લઈને જોયું. ચકચકતું ધારદાર ખડ્ગ જોઈને એમના મનમાં થયું કે લાવને જોઉં કે ખડ્ગ કેવું પાણીદાર છે! એની ખાત્રી કરવા લક્ષ્મણજીએ વાંસની જાળીમાં જોરથી ખડ્ગનો પ્રહાર કર્યો. એ જ જાળીમાં શંબૂક સાધના કરી રહ્યો હતો. આ સૂર્યહાસ ખડ્ગ એની સાધનાની સિદ્ધિરૂપે આવતું હતું પણ એજ ખડ્ગથી એનું માથું કપાઈ ગયું ને જાળીમાંથી લોહીની ધાર વહેવા લાગી.

લક્ષ્મણજીએ વાંસની જાળીમાંથી લોહીની ધાર વહેતી જોઈ એટલે દોડતા ગયા ને જોયું તો શંબૂક કપાઈ ગયો હતો. ત્યાં પડેલી સામગ્રી અને પગ ઉંચા જોઈને સમજી ગયા કે નક્કી, આ ખડ્ગ માટેની સાધના કરનારો છે. અરેરે....તે મારાથી કપાઈ ગયો! તેમ પશ્ચાતાપ કરતા ઉદાસ બનીને પોતાના સ્થાને આવ્યા. હાથમાં ખડ્ગ જોઈને રામચંદ્રજીએ પૂછયું. ભાઈ! આવું ઉત્તમ ખડ્ગ તમે કયાંથી લાવ્યા? લક્ષ્મણજીએ દુઃખ સાથે કહ્યું–મોટાભાઈ! ખડ્ગ તો મને સહેજે મળ્યું પણ એનું પાણી જોવા જતાં બિચારો નિર્દોષ સાધક કપાઈ ગયો. લક્ષ્મણજીએ બધી વાત કરી. રામે કહ્યું આ ખડ્ગ માટે બાર બાર વર્ષો સુધી કઠોર સાધના કરવી પડે છે.

આ તરફ શંબૂકની માતા શૂપર્ણખા હર્ષભેર એના માટે ભોજન લઈને આવી. એને પણ ખબર હતી કે આજે મારા પુત્રની સાધનાનો છેલ્લો દિવસ છે. આવીને જોયું તો પોતાના પુત્રનું માથું કપાઈ ગયું છે. ધડધડ લોહી વહી રહ્યું છે. આ જોઈને એનું કાળજું ચીરાઈ ગયું. નક્કી મારા પુત્રને સૂર્યહાસ ખડ્ગ મળ્યું હશે, પણ કોઈએ લઈને મારા દીકરાને મારી નાંખ્યો. હું એ દુશ્મનને શોધીને વૈરનો બદલો લઈશ. એમ કહી ક્રોધથી ધમધમતી. ધૂંવાપૂંવા થતી દુશ્મનની શોધમાં નીકળી. શોધતી શોધતી લક્ષ્મણજી હતા ત્યાં આવી. ત્યાં એણે સૂર્યહાસ ખડ્ગ જોયું એટલે સમજી ગઈ કે નક્કી, આજ મારા પુત્રને મારનાર દુશ્મન છે. હવે એને મારી નાંખુ. એ લક્ષ્મણજીની પાસે જઈને કહે છે તમે મારા દીકરાનું માથું કાપી નાંખ્યું? લક્ષ્મણજીએ કહ્યું–હા બહેન! હું તારા પુત્રને મારનાર અપરાધી છું. શૂપર્ણખા શત્રુને મારવા આવી હતી પણ લક્ષ્મણજીનું રૂપ જોઈને મુગ્ધ બની ગઈ. એ સમયે પોતાના જુવાનજોધ દીકરાનું ખૂન કરનાર દુશ્મન છે એ વાત ભૂલી ગઈ સંસારમાં મોહની વિટંબણા કેવી છે! મોહ કેવો ભયંકર રાક્ષસ છે! એણે પોતાની સાથે સંસારના સુખની લક્ષ્મણજીને આજીજી કરી પણ લક્ષ્મણજીએ તો ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે બહેન! મારે

પરસ્ત્રીનો ત્યાગ છે. પોતાની પત્ની સિવાય જગતની તમામ સ્ત્રીઓ મારે માતા અને બહેન છે, માટે તું અહીંથી ચાલી જા. લક્ષ્મણજીએ એની વિનંતીનો સ્વીકાર ન કર્યો ત્યારે ખૂબ ગુસ્સે થઈ ને એના વૈરનો બદલો લેવા પોતાના ભાઈ રાવણ પાસે જઈને કહે છે ભાઈ! તમારા અંતેઉરમાં ગમે તેટલી રાણીઓ ભલે રહી પણ રામની પત્ની સીતાના નખમાં મંદોદરી રાણી પણ ન આવે. એમ કહીને રાવણને પાણી ચઢાવ્યું એટલે રાવણ સીતાજીને ઉપાડી ગયો. એમાંથી મોટી રામાયણ સર્જાઈ ગઈ. કહેવાનો આશય એ છે કે શંબૂકે સૂર્યહાસ ખડ્ગ મેળવવા કેટલી સાધના કરી પણ મેળવ્યું બીજાએ.

ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવે છે કે હે બ્રહ્મદત્ત! તું મને જે સુખો ભોગવવાનું પ્રલોભન આપે છે તે સુખો જીવને કર્મનું બંધન કરાવનાર છે. અંતે એ સુખોને છોડીને જવાનું છે. હવે આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેન રાજા, સુશીલા રાણી, દેવસેન અને કેતુસેન બધા આનંદથી ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં રહે છે. દેવોએ વૃષ્ટિ કરીને ભીમસેનને જે સાડાબાર ક્રોડ સોનૈયાનું ધન આપ્યું હતું તે બધું દાન–પુણ્યમાં છૂટા હાથે વાપરી નાંખ્યું. બંધુઓ! સમયની કેવી બલિહારી છે! આ જ નગરમાં એક વખત ભીમસેન અને સુશીલાએ કેવા કારમા દુઃખો વેઠયા! મહિને બે રૂપિયા માટે કાળી મજુરી કરતો હતો ને સુશીલાને રોટીના ટુકડા માટે કેટલું કામ કરવું પડતું હતું! ખાવા માટે દેવસેન અને કેતુસેન કરગરતા હતા. આવા દુઃખોના ડુંગરા માથે તૂટી પડયા છતાં એ પુણ્યાત્માઓએ કોઈને દોષ દીધો નહિ. સમતાભાવથી ઉદયમાં આવેલા કર્મોને સહન કર્યા તો અશુભ કર્મના વાદળા ખસી ગયા ને શુભ કર્મનો ઉદય થયો. એ નગરના લોકો પણ વિચાર કરતા. અહાહા....કર્મરાજાની કેવી કરામત છે! કે એક વખત આ જીવોને કેવી સ્થિતિમાં મૂકી દીધા. અને અત્યારે કેવા મહાન સુખના સાગરમાં સ્નાન કરી રહ્યા છે!

સુશીલાએ ધર્મસ્થાનકમાં પ્રવેશ કર્યો એટલે એના સતીત્વની સૌને પ્રતીતિ થઈ. ભીમસેને ખૂબ દાન દીધું. જીવોને અભયદાન દીધા, સંતોની સેવાભક્તિ કરી, નિરાધારને આધાર આપ્યો એટલે એમની કીર્તિની સુવાસ ચારે બાજુ પ્રસરી ગઈ. આ વાત પ્રતિષ્ઠાનપુરના રાજા અરિંજયના કાન સુધી પહોંચી ગઈ કે ભીમસેન પોતાના પરિવાર સહિત ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં વિજયસેન રાજાને ત્યાં રહે છે ને આવા શુભ કાર્યો કરે છે એટલે અરિંજય રાજાના મનમાં થયું ને અરે! ભીમસેન તો મારો ભાણેજ થાય છે. એ ત્યાં કયાંથી! લાવ, હું જાતે જ ત્યાં જઈને એમને મળી આવું. આ બંને નગર અતિ દૂર ન હતા, એટલે અરિંજય રાજા વિજયસેન રાજાને ત્યાં આવ્યા. ભીમસેનને ખબર પડી કે મારા મામા આવ્યા છે એટલે મામાને મળવા ભીમસેન રાજમહેલમાં આવ્યો. મામાને જોયા એટલે કહે છે પ્રણામ! કેટલો વિનય છે! આજે તો વિનયને દેશવટો દઈ દીધો છે!

અરિંજય રાજાએ ભીમસેનને બાથમાં લેતા કહ્યું–ભીમસેન ! તું કુશળ છે ને ? મામા ! આપના આશીર્વાદથી બધું ક્ષેમકુશળ ને આનંદ મંગલ છે. ભીમસેનના અવાજનો રણકાર અને બોલવાની છટા ને એનું મુખ જોઈને અરિંજય રાજા તો એમના સામું જોઈ રહ્યા. એના અંતરમાં બળભળાટ થવા લાગ્યો કે મેં આ ભીમસેનને કયાંક જોયેા છે પણ કયાં જોયેા હશે ? ખૂબ વિચાર કરતાં કંઈક યાદ તો આવ્યું, પણ એ જ ભીમસેન હશે કે કેમ ? એ એકદમ નક્કી કરી શકયા નહિ. મામાને વિચારમાં પડેલા જોઈને ભીમસેને પૂછયું મામા શું ઉંડા વિચારમાં પડી ગયા ? ભીમસેન મેં તને પહેલાં કયાંક જોયેા હોય તેમ લાગે છે પણ કયાં જોયેા હશે તે યાદ આવતું નથી, ત્યારે ભીમસેને અસલ વાત છૂપાવીને હસતા હસતા કહ્યું–મામા ! એમાં યાદ શું કરવાનું હોય ?આપે મને ઉજ્જૈની નગરીમાં જોયેા હશે. ના....ના. એમ નથી. તેં ઉજ્જૈની નગરી છોડયા પછી મેં તને વર્ષ પહેલાં જોયેા છે, પણ એ તું જ હશે કે બીજો કોઈ તે નક્કી કરી શકતો નથી.

"અરિંજય રાજાનો પશ્ચાતાપ" :– અરિંજય રાજા કહે છે મેં જેને જોયેા હતો તેનું મુખ તારા જેવું હતું. બોલવાની શૈલી પણ તારા જેવી હતી. ફરક માત્ર એટલેા હતો કે એ માણસ સાવ નિસ્તેજ અને કંગાલ હતો. શરીરે સાવ કૃશ હતો ને એના અંગ ઉપર કપડા પણ તદ્દન ફાટલા તૂટલા હતા. આ સાંભળીને ભીમસેનની આંખમાં આંસુ આવી ગયા, કારણ કે એ દિવસો જ એવા કઠણ હતા કે યાદ કરતાં હૈયું ભરાઈ જાય. ભીમસેનની આંખમાં આંસુ જોઈને મામાએ પૂછયું, ભીમસેન ! તારી આંખમાં આંસુ કેમ ? મામા ! એ કમનશીબ, કંગાળ માણસ બીજો કોઈ નહીં પણ હું જ હતો. તમારી પાસે નોકરી કરવા આવ્યો હતો. આ સાંભળીને અરિંજય રાજાને ખૂબ આઘાત લાગ્યો. તે ઢગલેા થઈને બેસી ગયા. અરેરે....હે ભગવાન ! મેં તને જ ના પાડી દીધી ! મેં ના પાડી તેથી મારા જમાઈએ પણ તને સહારો ન આપ્યો. હે ભગવાન ! મેં આ શું કર્યું ? બેટા ભીમસેન ! મને માફ કર. મેં તને દુઃખમાં સાથ આપવાને બદલે તરછોડી મૂક્યો ? તારા સામું ન જોયું ? હજારોને હું નોકરી આપું ને તને જ ના પાડી ? મેં તને ઘણું દુઃખ આપ્યું છે. હું તને ઓળખી ન શકયેા કે તું મારેા ભાણેજ છે. માફ કર ભીમસેન, મને માફ કર. ભીમસેને કહ્યું. મામા ! એમાં આપનો કોઈ દોષ નથી. દોષ મારા કર્મનો છે. મેં પૂર્વભવમાં કંઈ અશુભ કર્મો કર્યા હશે, નહિ તો રાજ્યના ધણીને નોકરી માટે રઝળવું પડે ખરું ? આ બધી કર્મની લીલા છે. એમાં આપનો શું દોષ છે ? આપ એનો અફસોસ ન કરો. આપનો મારા ઉપર પ્રેમભાવ છે એ જ મારે મન મોટો આનંદ છે. એમ કહીને મામાને શાંત કર્યા, પછી મામાએ પૂછયું ભીમસેન ! પછી તું કયાં ગયો ? એક વર્ષ તેં કયાં ગાળ્યું ? ભીમસેન કહે છે એ વાત હવે છોડી દો, પણ મામાના આગ્રહથી ભીમસેને પોતાની બધી વાત કહી.

ભીમસેનના દુઃખની કહાની સાંભળીને અરિંજય રાજાની આંખમાં આંસુ આવી ગયા. છેવટે જ્યારે ભીમસેને ધનસાર શેઠે તલવાર અને ઢાલ લઈ લીધી તે વાત કરી ત્યારે એમની આંખો ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ. અહો! એ ધનસાર શેઠે આવો જુલમ કર્યો? મારે એને બરાબર શિક્ષા કરવી પડશે. અજાણ્યા પરદેશીઓને આ રીતે લૂંટનાર પ્રજાજનોને તો સખત શિક્ષા કરવી જોઈએ. અરિંજય રાજાને ખૂબ ગુસ્સો આવ્યો છે પણ દયાળુ ભીમસેન મામાને શું કહેશે તેના ભાવ અવસરે.



વ્યાખ્યાન નં. ૭૮

આસો વદ ૨ ને રવીવાર **તા-૭-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોએ જગતના જીવોને આત્મકલ્યાણનો માર્ગ સમજાવતાં કહ્યું કે હે આત્માઓ જો તમારે આ લોકમાં ને પરલોકમાં સુખી થવું હોય તો **अप्पाचेव दमेयव्वो**। આત્માનું દમન કરવું જોઈએ. આત્માનું દમન એટલે શું? આત્મા ભૌતિક સામ્રાજ્યના આદેશો પાછળ રાંકડો થઈને મજુરી કરે છે તેને અટકાવવો, તેને કબજામાં લેવો અને આધ્યાત્મિક સામ્રાજ્યના કર્તવ્યમાં ઓતપ્રોત કરી દેવો. આત્મિક ગુણો રૂપી સંપત્તિ મેળવવામાં પુરૂષાર્થ કરવો, ઈન્દ્રિયોને તૃપ્ત કરવાની ચિંતા છોડી દઈ આંતરિક તૃપ્તિ કેળવવામાં પ્રયત્ન કરવો, અજ્ઞાન અને મિથ્યાજ્ઞાનની પ્રવૃત્તિ ઓછા કરતા જવું ને જ્ઞાનની સુંદર રૂચી અને પ્રવૃત્તિ વધારતા જવી, કષાયો, સંજ્ઞાઓ, વિકથાઓ, અશુભ ધ્યાન ઇત્યાદિ અશુભ ભાવોમાં રમતા પોતાના આત્મા ઉપર કડક અંકુશ મૂકી, ક્ષમાદિ ભાવો, દાનાદિ ગુણો, નિઃશલ્યતા, શુભ ધ્યાન વગેરે શુભ ભાવોમાં લયલીન બનવું. પાંચે ઈન્દ્રિયોને પોતાના વિષયો તરફથી પાછી વાળી ઈન્દ્રિયોનું દમન કરવું. જો ઈન્દ્રિયોનું દમન ન કર્યું અને એને મન ગમતું મળ્યું ત્યાં વળગવા દીધી તો બાર વાગી જવાના.

જ્યારે જીવને આત્મદમનનો માર્ગ સમજાશે ત્યારે એના મનમાં એવા સુંદર ભાવ આવશે કે શા માટે આવી ઈન્દ્રિયોને જ્યાં ત્યાં ફેરવવાની ગોઝારી રમત કરી રહ્યો છું! શા માટે આ વિષય સારો ને આ ખરાબ, આ લઈ લઉં ને આ ફેંકી દઉ એવા અજ્ઞાનતાના ધોરણ બાંધી એને મહત્વ આપી રહ્યો છું! અક્કલ વગરની અને મૂઢ ઇન્દ્રિયોની ગણત્રીએ શું ચાલવું! એમ કરવામાં તો અનંતજ્ઞાની પરમાત્માએ જે ભવ્ય ગણત્રીઓ આપી છે કે વિષયો અસાર છે, દુર્ગતિમાં રઝળાવનારા છે આવા હિસાબ જે આપ્યા એને ઠોકરે મારવાનું થાય છે. અનંતજ્ઞાની કેવળી ભગવાનના વચન પાળવા એ બહુ દુર્લભ છે. એ પુણ્યોદયે મળી ગયા છતાં જો એની અવગણના કરી તો ભવિષ્યમાં દીર્ઘ કાળ માટે એવા તારકના વચન મળવા દુર્લભ થઈ જશે. જે જિનવચનને મોટા

મોટા ચક્રવર્તિઓએ રાજા, મહારાજા અને શેઠ શાહુકારોએ અપનાવ્યા છે. અરે ઇન્દ્રભૂતિ, સુધર્મા સ્વામી જેવા જૈનેતર વિદ્વાનોએ પણ અપનાવ્યા એવા વચનોને બાજુએ મૂકી નાદાન ઇન્દ્રિયોને આધીન કરતાં શરમ નથી આવતી! આટલો ઉંચો દશ દૃષ્ટાંતે દુર્લભ એવો મનુષ્ય ભવ અને આટલી ઉંચી જિન વચનની સામગ્રી ક્યાં મળશે? ઇન્દ્રિયો તો ભવોભવ મળશે પણ જિનવચન અને ભવ્યજીવન મળવાનું આ વિરાટ સંસારમાં અતિ મુશ્કેલ છે, માટે જ્ઞાની કહે છે કે ઇન્દ્રિયોના મનગમતા વિષયરાગ છોડો.

આ વિષયોમાં બધું આવશે. સારા સારા રૂપ, ગન્ધ, રસ, સ્પર્શ અને શબ્દ તો ખરા પણ સાથે રૂપાળી વસ્તુઓ રસદાર વસ્તુઓ વિગેરે આવશે. સાથે ધન માલ મિલ્કત પણ ખરી, બંગલા, બગીચા, સ્ત્રી, પુત્ર પરિવાર પણ ખરો. આ બધાનો રાગ ઓછો કરતા જવાનું. રાગ છોડ્યા વિના વીતરાગ નહિ બનાય પણ વિરાગી બની શકાય. વિષયો પરલોકમાં દુઃખકારી છે માટે વિષયો પ્રત્યે બળતરા ઉભી કરવાની છે. જેમ તમારો કોઈ શત્રુ હોય, તેને ત્યાં તમારી પગ મૂકવાની ઇચ્છા ન હોય પણ અમુક સંજોગવશાત એને ત્યાં જમવાનો પ્રસંગ આવે તો ભાણામાં આવેલું પકવાન મીઠું લાગે, તેના પ્રત્યે રાગ કરાવે પણ એ રાગ કેવો? હૈયાની ભારે બળતરાવાળો ને? તેમ વિષયો પ્રત્યે આવી બળતરા ઉભી કરવાની છે, કારણ કે એ પરલોકમાં દુઃખદાયી છે.

જેમ વહેપાર ધંધા બંધ થઈ ગયા હોય, અગર ધંધામાં ખોટ ગઈ હોય અને સાચવેલી મૂડીમાં ઘર ચલાવવું પડતું હોય તો એ ઘર ચલાવવામાં થોડો સુખનો અનુભવ થાય પણ દિલમાં એ વાત ખટકતી હોય કે હું સુખ ભોગવું છું પણ મારી મૂડી ખવાઈ રહી છે. એ માટે મનમાં ખટકારો હોય. બળતરા હોય. એવી બળતરા વિષયો પ્રત્યે ઉભી કરવાની છે કારણ કે એમાં પુણ્યની ને શુભ ભાવનાઓની મૂડી ખવાઈ રહી છે. દેવું કરીને ઘરના ખર્ચા કાઢવામાં સંસાર સુખના અનુભવ તો મળે પણ એ જીવને શું આનંદપ્રદ લાગે? 'ના' એ તો ઝેર જેવા લાગે તેમ ધર્મીજીવને વિષયના આનંદ ઝેર જેવા લાગે, કારણ કે વિષયસુખો ભોગવતા આત્મામાં પાપની ભરતી થાય છે તેથી પાપનું દેવું વધે છે.

વિષયો વિશ્વાસઘાતી અને ભાડૂતી છે. જેમ વિશ્વાસઘાતી મુનિમ કમાણી કરી આપે તેથી એને જલ્દી કાઢી ન મૂકે પણ એ કમાણીમાં આનંદ સાથે ભય પણ રહ્યા કરે છે તેમ વિષયોના આનંદમાં ભય રહ્યા કરે, કારણ કે એ વિશ્વાસઘાતી છે, ભાડૂતી છે. બીજાના ઘરેણાં પહેરી કોઈ ઉત્સવમાં જવું પડયું પણ એ ઠઠારાનો આનંદ કેવો? નિસાસાભર્યો ને? તેમ વિષયોનો રાગ નિસાસાભર્યો હોવો જોઈએ, કારણ કે વિષયો ભાડૂતી છે. તે આત્માની મિલ્કત નથી. તે પુણ્યની મૂડીને સાફ કરનાર છે, દેવ-ગુરૂ અને ધર્મને ભૂલાવનારા છે ને સંસારમાં ભટકાવનાર છે. પાંચે ઇન્દ્રિયોના મનગમતા વિષયોમાં અનેક જીવો ભૂલા પડયા છે, પોતાના જીવનને બરબાદ કરવાની હદે પહોંચી ગયા છે. વિષયો

યાત્રીને આત્મપથથી ભ્રષ્ટ બનાવી દે છે. ધર્મી માનવીને ઈન્દ્રિયોનું ગુલામીપણું પાલવે નહિ. મનગમતા પદાર્થો મળ્યા પછી ઈન્દ્રિયો બે લગામ બને છે. તેને મેળવતાં ય મૂંઝવણ અને ભોગવતાં પણ મૂંઝવણ ઉભી જ હોય. વિવેકી, ત્યાગી આત્માઓ ઈન્દ્રિયોની આધીનતા કદી સ્વીકારે નહિ. એક વાત મને યાદ આવે છે.

સંત સરયૂદાસ નામના એક સંત થઈ ગયા. તે જૈનધર્મના સંત ન હતા. ઈન્દ્રિઓનું ગુલામીપણું ન આવી જાય એની ખૂબ કાળજી રાખતા. બને ત્યાં સુધી તેઓ ભક્તોને ત્યાં જમવાનું કદી સ્વીકારતા નહિ. એમની સાથે બીજા સંતો ઘણાં હતા. એક દિવસ એક ભક્તના અત્યંત આગ્રહને વશ બની એમણે જમવાનું સ્વીકાર્યું સરયૂદાસ સિવાયના બીજા સંતો વહેલા પહોંચી ગયા. સરયૂદાસજી હજુ આવ્યા નથી. ભક્તને ત્યાં સુગંધથી લચપચતી મીઠાઈ, પકવાન્ન બધું થઈ રહ્યું છે તેની મીઠી સુગંધ બહાર આવી રહી છે. બધા સંતોનું મન જલ્દી જમવા માટે તલપાપડ થઈ રહ્યું છે. છેવટે યજમાન પાસેથી અનુમતી મેળવી બધા જમવા બેસી ગયા. કોઈએ ગુરૂના આગમનની રાહ ન જોઈ અને બધા જમવા માટે બેસી ગયા. બધા સંતો બરાબર જમી રહ્યા છે ત્યાં જ સરયુદાસજી આવી ગયા.

યજમાને એમનો આદર સત્કાર કરી ભક્તિભાવથી બેસાડયા. સોનાની પાટ, સોનાની થાળી, વાટકા અને બત્રીસ પ્રકારના ભોજનો સામે ધરવામાં આવ્યા. સરયૂદાસજી કહે છે ભાઈ! આમાનું મારે કંઈ જ ખપે નહિ. મારે તો પિત્તળની થાળીમાં સામે પડેલો બાજરીનો રોટલો જોઈએ. બીજું કંઈ નહિ. ભક્ત કહે–ગુરૂદેવ! આપ ઘણાં દિવસે મારા આંગણે પધાર્યા. મેં આજે આપની ભક્તિ કરવાનું નક્કી કર્યું છે, અને આપ આમાંનું કંઈ સ્વીકારો નહિ એ કેમ ચાલે? યજમાને ખૂબ આગ્રહ કર્યો. સંતે કહ્યું, ભાઈ! આપ એક અરિસો મંગાવો. અરિસો લાવ્યા પછી સંતે શું કર્યું? એના ઉપર ઘીથી લચપચતા પકવાન્ન મૂકયા પછી પકવાન્નને બાજુમાં મૂકી સંતે કહ્યું જો હવે અરિસામાં કંઈ દેખાય છે? ગુરૂદેવ! ઘીથી ચીકણા અરિસામાં શું દેખાય? કંઈ નહિ, સંતે તરત બાજરીનો રોટલો મંગાવ્યો, ને એનો ચૂરો કરી અરિસા ઉપર ઘસી દીધો એટલે અરિસો સ્વચ્છ બની ગયો, પછી સંત કહે–હવે? સ્વચ્છ સ્પષ્ટ દેખાય છે. બસ, ભાઈ! મારું એ જ કહેવું છે. આપણું મન અરિસા જેવું છે, એને જો વધુ મનગમતા ઈષ્ટ પદાર્થો આપવામાં આવશે તો એની સ્વચ્છતા ચાલી જશે. સ્વચ્છતા કાયમ ટકાવવી હોય તો ઇન્દ્રિયોને સારા પદાર્થોથી પોષવાની કોઈ જરૂર નથી. આ હૃદયવેધક વાણીથી શિષ્યો પણ શરમિંદા બની ગયા.

ચિત્તમુનિ પણ એ જ કહી રહ્યા છે કે હે બ્રહ્મદત્ત! સંસાર તો એકાંત દુઃખનો દરિયો છે. કામભોગમાં ત્રણે કાળમાં સુખ નથી. કદાચ તને તેનો ક્ષણિક આનંદ આવતો હશે પણ એ આનંદ જીવને મહાન દુઃખોની ખાઈમાં ધકેલી દેનાર છે. સંસારના વિષય સુખો કેવા છે તે સાંભળ.

जहा य किंपाग फला मणोरमा, रसेण वण्णेण य भुंजमाणा ।
ते खुड्डए जीविय पच्चमाणा, एओवमा कामगुणे विवागा ॥ उत्त. अ. ३२ गाथा २०

હે રાજન્! જેવી રીતે કિંપાક વૃક્ષનું ફળ દેખાવમાં સુંદર, ખાવામાં મીઠું, સ્વાદિષ્ટ અને મનને રોચક છે પણ એને ખાવાથી જીવનનો નાશ થાય છે, એવી રીતે કામ ભોગોનું પણ કડવું પરિણામ છે. કિંપાક વૃક્ષનું ફળ ખાવામાં મીઠું ને દેખાવમાં સુંદર, મનને ગમે તેવું હોય છે પણ ખાવાથી જીવ અને કાયા જુદા કરે છે. તમે કોઈ આવું ફળ ખાવ ખરા? 'ના'. બરાબર છે ને? તો વિચાર કરો. આ સંસારના સુખો, પાંચ ઇન્દ્રિયોના વિષયોના કામભોગ પણ કિંપાક વૃક્ષના ફળ જેવા છે. એ દેખાવમાં સુંદર, મનોહર અને આકર્ષક લાગે છે, પણ એને ભોગવવાથી જીવને ભયંકર દુઃખોના ભોગ બનવું પડે છે. કામભોગ ઝેર જેવા છે. ઝેર એક ભવમાં મારે છે પણ કામભોગના ઝેર તો જીવને ભવોભવમાં મારનાર છે. આવા દેખીતા ઝેરને પીવું એ તો મૂર્ખતા છે, જાણી જોઈને મરવા જેવું છે. આત્માર્થી, ત્યાગી પુરૂષો એની સામે દૃષ્ટિ પણ કરતા નથી. ત્યાગીને મન ભોગ એ તો મહાદુઃખોની ખાણ છે.

બંધુઓ! સંસારનું એક નાનકડું સુખ પણ મહાન દુઃખોનું જન્મદાતા છે. માનવી જેને સુખ સમજીને એમાં રાચે છે પણ ખરેખર એ તો સુખનો આભાસ હોય છે. આત્માના ઘરનું સુખ એ સાચું સુખ છે. મોહના ઘરનો આનંદ કયારે પણ શાશ્વત આનંદ બની શકતો નથી. ભૌતિકતામાં સુખ શોધવાનો પ્રયત્ન એ જલમંથન કરીને નવનીત કાઢવાનો પ્રયત્ન છે. જે સુખની પ્રાપ્તિ માટે માનવી અનેકાનેક મથામણો કરે છે તે સુખ નશ્વર હોય છે પણ ક્ષણિક સુખમાં લુબ્ધ બની જતો માનવી તેને નિત્ય માનીને બેસે છે. એ સુખ માટેનો તલસાટ એ જ એનું મોટામાં મોટું દુઃખ બની જાય છે. ત્યાગ માર્ગે જીવનનું સાચું સુખ મળે છે. સંસારના ક્ષણિક સુખો પ્રત્યેનો રાગ જીવનનો વિનાશ સર્જે છે. માનવીની મહત્તા તૃષ્ણાવંત બનીને સુખ-વૈભવ પ્રાપ્ત કરવામાં નથી, પણ વિરાગી બનીને મોહ વિજેતા થવામાં છે. સાંસારિક ભોગોથી અલિપ્ત બનવું, અનાસક્ત બનવું એ સુખી બનવા માટેનો સાચો રાજમાર્ગ છે.

ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કામભોગની ભયંકરતા અને ત્યાગ માર્ગની મહત્તા સમજાવતા કહે છે હે બ્રહ્મદત્ત! સંસારના તુચ્છ સુખો માટે શું હું અમૂલ્ય ચારિત્રનો ત્યાગ કરું? આ તો માથા સાટે માલ લીધો છે.

अग्गं वणिएहिं आहियं, धारन्ति राइणिया इहं ।
एवं परमा महव्वया, अक्खाया उ सराइ भोयणा ॥ सूय. अ. २ उ. २ गाथा ३

તારા સંસારના સુખો તો કાંકરા તુલ્ય છે અને મારા સંયમના સુખો રત્નોના ભંડાર જેવા છે. તારા ધનના. ઝવેરાતના ભંડારને લૂંટારા લૂંટી જશે, પાણીના પુરમાં

તણાઈ જશે, અગ્નિમાં બળી જશે પણ મારા જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ અમૂલ્ય રત્નોના ભંડારને કોઈ લૂંટારા લૂંટી શકતા નથી, અગ્નિ બાળી શકતી નથી, પાણીના પૂરમાં એ તણાઈ શકતા નથી એવા અખંડ અને અક્ષય એ ભંડાર છે. એ કિંમતી રત્નોને કોણ ગ્રહણ કરી શકે ? જેમ વહેપારીઓ દુર દૂર દેશાવર વહેપાર કરવા માટે જાય છે. ત્યાંથી ઉત્તમમાં ઉત્તમ કિંમતી વસ્તુઓ જેમ કે રત્નો, વસ્ત્રાભૂષણો લઈ આવે છે. તેને મોટા મોટા રાજા-મહારાજાઓ અગર મોટા શ્રીમંતો ગ્રહણ કરી શકે છે. એને ખરીદવાનું સામાન્ય માણસનું ગજું નથી, એવી રીતે તીર્થંકર ભગવંતો તથા આચાર્યો દ્વારા પ્રતિપાદિત રાત્રીભોજનના ત્યાગ સહિત પાંચ મહાવ્રતો સાધુપુરૂષો ગ્રહણ કરી શકે છે. કાયર મનુષ્યો અગર વિષય લોલુપી જીવો માટે આ મહાવ્રતો ગ્રહણ કરવાનું દુષ્કર હોય છે. ધૈર્યવાન પુરૂષો મહાવ્રતો અંગીકાર કરી શકે છે.

હે બ્રહ્મદત્ત ! મેં મારા ગુરૂની પાસે સિંહની જેમ શૂરવીર અને ધીર બનીને પાંચ મહાવ્રત રૂપ કિંમતી રત્નો લીધા છે. એ ગુરૂદેવે મારા ઉપર મહાન કૃપા કરીને આવો મોંઘો માલ આપ્યો છે. એક વહેપારી જેવો પણ કિંમતી માલ સાચવીને તિજોરીમાં મૂકી દે છે પણ જ્યાં ને ત્યાં મૂકી દેતો નથી કે જેમ તેમ વેડફી નાંખતો નથી, તો હું મારા કિંમતી માલને સંસારના વિષયભોગમાં વેડફી નાંખુ ! કોડી સાટે અમૂલ્ય રત્નો કોણ આપી દે ? જે આપે તે મૂર્ખ ગણાય ! તેં કિંમતી રત્ન જેવું ચારિત્ર વેચીને કોડી જેવી ચક્રવર્તિની પદવી ખરીદી અને મને પણ એ તરફ ખેંચવા માંગે છે ? એ ત્રણ કાળમાં નહિ બને. હું મારા મહાવ્રત રૂપી રત્નોને વેડફીને કામભોગમાં લુબ્ધ નહિ બનું. આ તો તું મને સુખ ભોગવવાના પ્રલોભન આપે છે, પણ કદાચ કોઈ મને એમ કહે કે તારું ચારિત્ર છોડી દે, નહિ છોડી દે તો જાનથી મારી નાંખીશ. આવી ધમકી આપે તો પણ હું ચલાયમાન નહિ થાઉં. સાધુ-સંતોનું જીવન પરોપકારને માટે હોય છે. સંસારમાં મોહમાં પડેલા જીવોને મોહના કીચડમાંથી બહાર કાઢી સાચા સુખનો માર્ગ બતાવવા માટે કદાચ પોતાને કષ્ટ પડે છે તે સહન કરે છે પણ બીજા જીવો કેમ સાચું સુખ પ્રાપ્ત કરે એવી પરોપકાર ભાવના હોય છે. પરમાર્થની દૃષ્ટિ હોય છે. આ તો મેં સાધુની વાત કરી પણ કંઈક સંસારી જીવો પણ પરોપકારને ખાતર કેટલું કષ્ટ સહન કરે છે ! એક દૃષ્ટાંત આપીને સમજાવું.

વૃક્ષો પથ્થરના ઘા સહન કરીને પણ પોતાને મારનારને મીઠા ફળ આપે છે. અગરબત્તી બળીને પણ સંસારના જીવોને સુગંધ આપવામાં ગૌરવ અનુભવે છે. દીવાની જ્યોત પોતે બળીને રાખ થઈને પણ જગતના જીવોને પ્રકાશ આપે છે, તો માનવ પણ શું કોઈ એવો ન નીકળે કે જે પોતે દુઃખ વેઠીને બીજાને સુખ ન આપે ? જરૂર નીકળે. આ પૃથ્વી અનેક રત્નોને ધારણ કરનારી છે. કોઈ એક મોટા શહેરમાં એક મોટો વણિક વહેપારી રહેતો હતો. એને દોશ્રીવ નામે એક પુત્ર હતો. આ દોશ્રીવ ભણીગણીને

હોંશિયાર થયો એટલે પરણાવ્યો. દોશ્રીવ વહેપાર કરવામાં પણ હોંશિયાર હતો. સાથે એના જીવનમાં પરોપકારનો મોટો ગુણ હતો. કોઈ દુઃખી માણસને દેખે એટલે એનું દિલ દ્રવી ઉઠે. દોશ્રીવના પિતાજીએ એને પરદેશ વહેપાર કરવા જવાનું કહ્યું, તેથી એ જવા તૈયાર થયો. કરોડો રૂપિયાનો માલ વહાણમાં ભર્યો. માતાપિતાને નમન કરીને એમના આશીર્વાદ લઈને વહાણમાં બેઠો, ત્યારે એના પિતાજીએ કહ્યું–બેટા ! તું પહેલવહેલો સાગરની સફર કરી પરદેશ ધન કમાવા જાય છે તો તું ફત્તેહ મેળવજે, અને ખૂબ કમાણી કરી વહેલોવહેલો પાછો આવી જજે.

"દોશ્રીવનું પરદેશ પ્રયાણ" :– પિતાજીના આશીર્વાદ લઈને શુભ મુહુર્તે સાગર કિનારેથી વહાણ ઉપાડયું. આખું વહાણ કિંમતી માલથી ભરેલું હતું. પવન પણ અનુકૂળ હતો ને વહાણ ચલાવનાર નાવિક પણ ઘણો અનુભવી હતો. બે દિવસ સુધી સાગરમાં સતત સફર કરી, પછી વહાણ ચલાવનારે કહ્યું–શેઠ ! આપણે બરાબર મધદરિયે આવી ગયા છીએ. આપણી સફર ક્ષેમકુશળ છે. આપણાં સદ્‌ભાગ્યે વાદળા પણ સ્વચ્છ છે. કોઈ જાતનો વાંધો આવે તેમ નથી. આ રીતે નાવિકના કહેવાથી દોશ્રીવને ખૂબ આનંદ થયો. વહાણ પૂરવેગે આગળ વધી રહ્યું હતું. ત્યાં એકાએક કોઈ કરૂણ આક્રંદ કરતું હોય એવો અવાજ સંભળાયો. આટલી બધી કાળી ચીચીયારિઓ કોણ કરતું હશે ? એમ વિચાર કરી દોશ્રીવ આમતેમ જોવા લાગ્યો. તો સામેથી એક વહાણ આવી રહ્યું હતું અને આ રોકકળનો અવાજ પણ એ તરફથી આવતો હતો. થોડીવારમાં તો એ વહાણ આ વહાણની નજીક આવી ગયું. એ વહાણ તુર્કીનું હતું. દોશ્રીવે જોયું તો એ વહાણમાં નવયુવાન અને સ્વરૂપવાન સ્ત્રીઓ બેઠેલી હતી. એ દરેક સ્ત્રીઓના હાથપગ બાંધેલા હતા, ને એમની આંખમાંથી બોર બોર જેવા આંસુ ટપકતા હતા અને મુખેથી કરૂણ વિલાપ કરી રહી હતી.

"માલથી ભરેલા વહાણ આપતો દોશ્રીવ" :– દયાળુ દિલનો દોશ્રીવ આ કરૂણ દૃશ્ય જોઈને ધ્રુજી ઉઠ્યો. આ શું ? એણે તુર્કી વહાણના કપ્તાનને પૂછ્યું કે આ બધી સ્ત્રીઓ કોણ છે ને શા માટે રડે છે ? તુર્કી કપ્તાને કહ્યું કે આ બધા કેદી છે. અમે એને ગુલામ તરીકે વેચવા માટે લઈ જઈએ છીએ. એમને વેચીને અમે પૈસા કમાઈશું. પેલી સ્ત્રીઓ પણ દોશ્રીવને અરજ કરે છે કે વીરા ! અમને આ પાશમાંથી છોડાવ. આ પાપીઓ અમને લઈ જઈને વેચશે. અમારા ચારિત્ર લૂંટાવશે. આ સાંભળીને દોશ્રીવનું હૃદય કરૂણાથી છલકાઈ ગયું. એણે તુર્કી કપ્તાનને કહ્યું ભાઈ ! તમારે આ લોકોને વેચીને પૈસા જ કમાવા છે ને ? તો એમ કરો. તમે માંગો તેટલું ધન હું આપું ને તમે આ સ્ત્રીઓને છોડી દો. અરે ! તું આપી આપીને કેટલું ધન આપશે ? દોશ્રીવે કહ્યું એમ કરો. આપણે અરસપરસ સોદો કરીએ. મારું માલથી ભરેલું વહાણ તમે લઈ લો ને તમારું વહાણ મને આપી દો. તુર્કી કપ્તાને વહાણ ઉપર નજર નાંખીને

જોયું તો દોષ્રીવનું વહાણ માલથી ભરેલું હતું. આવી કમાણી કરવાનો મોકો કોણ જવા દે? બંનેનો સોદો નક્કી થયો ને પરસ્પર વહાણની અદલાબદલી થઈ. તુર્કી કપ્તાન વિચાર કરવા લાગ્યો કે આ માણસ કેવો મૂર્ખ છે કે કરોડોનો માલ આપી દીધો! એણે તો મૂર્ખાઈ કરી પણ મારું તો કામ થઈ ગયું.

દેવાનુપ્રિયો! આ દોષ્રીવ કંઈ મૂર્ખ ન હતો પણ એણે તો માત્ર દયાની ખાતર કરોડો રૂપિયાનો માલ જતો કરી આ સોદો કર્યો હતો. ભલે, પૈસા ગયા પણ આટલા જીવોને ત્રાસમાંથી મુક્ત કર્યા ને તેમના શીયલ સાચવ્યા એનો દિલમાં આનંદ હતો. અઢાર, વીસ, બાવીસ, ચોવીસ વર્ષની અબળાઓ પણ આ વીરાની ઉદારતા અને દયા જોઈ આશ્ચર્ય પામી ગઈ ને એને ધન્યવાદ આપવા લાગી. અહો વીરા! તેં તો અમારા ચારિત્રનું રક્ષણ કરાવ્યું ને અમને જીવતદાન આપ્યું. ધન્ય છે તારી ઉદારતાને! તું ન મળ્યો હોત તો અમારું રક્ષણ કોણ કરત? ભગવાન તને દીર્ઘાયુષ બનાવે, એમ આશીર્વાદ આપવા લાગી. દોષ્રીવે આ બાળાઓના હાથ પગમાંથી બેડીઓ કઢાવી નાંખી અને સૌને સાંત્વન આપીને વહાણ દ્વારા પોતપોતાના ગામ પહોંચાડીને માનવતાનું એક મહાન કર્તવ્ય અદા કર્યાનો સંતોષ અનુભવ્યો. આ બધી કન્યાઓ મોટા શ્રીમંત અને સુખી ઘરની છોકરીઓ હતી. તેમાં રૂસ દેશના રાજાની પણ કુંવરી હતી. બધી કન્યાઓ પોતપોતાના સ્થાને પહોંચી ગઈ, પણ એક રૂસ દેશના રાજાની કુંવરી અને તેની દાસી બે જણા રહ્યા.

દોષ્રીવ ચિંતા કરવા લાગ્યો કે આ બંનેને દેશમાં કેવી રીતે પહોંચાડવા, કારણ કે એનો દેશ ઘણો દૂર હતો ને વહાણ ચલાવનાર કપ્તાન એ માર્ગનો અજાણ હતો. આ કન્યાએ દોષ્રીવની ચિંતા પારખી લીધી. કન્યા તો દોષ્રીવને મનથી પોતાના આરાધ્ય દેવ માનતી હતી કારણ કે આવી ગુલામીમાંથી અહીં ભર દરિયામાં કોણ છોડાવે તેમ હતું? હવે હું લગ્ન કરીશ તો આની સાથે કરીશ. એવો નિર્ણય કરી લીધો ને કહ્યું આપ મારી ચિંતા ન કરશો. હું રૂસ દેશના રાજાની પુત્રી છું. આ વૃદ્ધા મારી દાસી છે. દેશમાં પહોંચવું એ મારા માટે ખૂબ કઠીન છે, પણ આપે મને ગુલામીમાંથી મુક્ત કરાવી છે તો હું આપને પતિ તરીકે અપનાવવાનો નિર્ણય કરી ચૂકી છું. જો આપ મારો સ્વીકાર કરો તો મને મારા દેશમાં પહોંચવાનો મોહ નથી. દોષ્રીવે આ બાબતમાં થોડો વિચાર કરીને કહ્યું કે જેવી તારી ઇચ્છા. રૂસના રાજાની કન્યા દોષ્રીવ જેવા નવયુવાન, સ્વરૂપવાન, દયાળુ અને પરોપકારી પતિને પામીને ખુશ ખુશ થઈ ગઈ. વહાણમાં જ બંનેએ એકબીજાને પતિ-પત્ની તરીકે સ્વીકારી લીધા. હવે વહાણ આગળ લઈ જવાનો કોઈ અર્થ નથી, કારણ કે વહાણ ખાલીખમ હતું. ધન કે માલ કંઈ ન હતું, એટલે વહેપાર શેનાથી કરવો? તેથી દોષ્રીવે વહાણ પોતાના દેશ તરફ પાછું વાળ્યું.

"વહાણ ખાલી જોતાં પિતાની નાખુશી :" :– થોડા દિવસમાં વહાણ બંદર પર આવી પહોંચ્યું. પિતાને સંદેશો મળ્યો કે પુત્ર કમાઈને આવ્યો છે એટલે એના પિતાજી પુત્રને લેવા માટે હર્ષભેર બંદર પર આવ્યા ને જોયું તો વહાણ ખાલીખમ છે. ધન કે માલ કોઈ ચીજ નથી. આ જોઈને પિતાજીએ પૂછ્યું બેટા ! વહાણ કેમ ખાલીખમ છે ? કંઈ નવો માલ નથી ખરીદી લાવ્યો ? દોષ્રીવે વહાણમાંથી નીચે ઉતરીને પિતાજીને પગે લાગીને કહ્યું પિતાજી ! ધન માલ કંઈ નથી લાવ્યો, પણ માફ કરજો. આપની રજા સિવાય આપના ધનથી મેં સો નિરાધાર અબળાઓને જીવતદાન આપ્યું છે ને એમના અંતરના આશીર્વાદ મેળવ્યા છે એટલું જ નહિ પણ ફ્સ દેશના રાજાની કુંવરીને પરણીને લાવ્યો છું. એ પણ એમાં જ હતી. તો આપ જ કહો કે હું જે લાવ્યો છું તે મૂલ્યવાન છે કે જે ખોઈ આવ્યો તે મૂલ્યવાન છે ? આ સાંભળીને એના પિતા નાખુશ થયા પણ હવે શું કરે ? ગમે તેમ તો ય પોતાનો પુત્ર છે ને ? એટલે થોડો ઠપકો આપ્યો કે આટલું બધું ધન તેં આમ વેડફી નાંખ્યું ? પણ હવે ફરીથી કદી આવું કરતો નહિ. દોષ્રીવે કહ્યું, ભલે.

"દોષ્રીવનું ફરી વાર પરદેશ પ્રયાણ" :– બાર મહિના પછી ફરીથી એના પિતાને થયું કે પુત્રને પરદેશ કમાવા મોકલું. એમ વિચાર કરીને પુત્રને કહ્યું– હું તને કમાવા પરદેશ મોકલું છું. ખોવા માટે નથી મોકલતો, માટે આ વખતે બરાબર ધ્યાન રાખજે. દોષ્રીવે કહ્યું કે ભલે, પિતાજી ! આપની આજ્ઞા પ્રમાણ. માલથી ભરેલું વહાણ બંદર પર તૈયાર રાખ્યું હતું. દોષ્રીવ પિતાને પ્રણામ કરીને વહાણમાં બેઠો ને કપ્તાને લંગર છોડીને વહાણ ચલાવ્યું. વહાણ દરિયાઈ માર્ગે સડસડાટ આગળ વધી રહ્યું હતું. વચમાં એક બંદર આવ્યું ત્યાં એક દિવસ વિશ્રાંતિ લેવાની ઈચ્છાથી વહાણ બંદરના કિનારે લાવ્યા. ત્યાં બીજા ઘણાં વહાણો ઉભાં હતા. તેમાંના એક વહાણ ઉપર દોષ્રીવની નજર પડી. તે દશ્ય ખૂબ કરૂણાજનક હતું. ચાર–પાંચ વર્ષના કુમળા બાળકો એક બાજુ ભૂખ્યા તરફડી રહ્યા હતા ને બીજી બાજુ સિપાઈઓ એ બાળકોના ગરીબ મા–બાપોને ચાબૂકના માર મારી હાથ પગમાં બેડી નાંખી કેદ કરીને વહાણમાં બેસાડતા હતા, અને રાજ્યના ટેકસ ન ચૂકવવાના ગુના બદલ એમને કેદી બનાવીને રાજ્યની જેલમાં દાખલ કરવાના હતા. દોષ્રીવના હૃદયમાં દયાનો દિપક પ્રગટી ઉઠ્યો. અરેરે....આ બિચારા ગરીબ માણસો કયાંથી ટેકસ ચૂકવે ? એમના ઉપર આવો જુલ્મ ! આ બાળકો કેવા ભૂખ્યા ટળવળે છે ને આ એમના મા–બાપની કેવી કરૂણ દશા છે ! એમને કોણ બચાવનાર છે ?

દોષ્રીવના મનમાં થયું કે આ કરોડોની સંપત્તિ શું કરવાની ? મારું જે થવું હશે તે થશે પણ મારાથી આ દુઃખ નથી જોવાતું, તેથી સિપાઈઓને કહ્યું–ભાઈ ! આ બિચારા ગરીબોને શા માટે મારો છો ? એમને છોડી દો, ત્યારે સિપાઈઓ એના

પર ગુસ્સે થયા ને કહ્યું અમારે તો ટેકસ જોઈએ. દયાળુ દોશ્રીવે પોતાના વહાણમાં રહેલો બધો માલ ટેકસ રૂપે ચૂકવીને બધાને કેદથી મુક્ત કરાવ્યા. દયાના અવતાર સમા દોશ્રીવને બધા લોકો અંતરના આશીર્વાદ આપતા હસતા હસતા પોતાના સ્થાને પહોંચી ગયા. આટલા બધા માણસોને અભયદાન આપ્યાનો દોશ્રીવને ખૂબ આનંદ થયો ને ખાલી વહાણ લઈને પાછો વળ્યો. તેના પિતાજીને આ વાતના સમાચાર મળ્યા એટલે એના ક્રોધનો પાર ન રહ્યો. તે જોરથી બોલી ઉઠયા. અરે મૂર્ખ ! કરોડોનો માલ આમ વેડફી નંખાય ? એવા તો ઘણાં દુઃખી માણસો હોય. એ બધાની દયા કરવા જઈએ તો આપણે ભિખારી બની જઈએ. તેં તો મારી ઘણી સંપત્તિ લૂંટાવી દીધી. હવે તું આ ઘરમાં ન જોઈએ. એમ કહીને પિતાએ દોશ્રીવ, એની પત્ની અને દાસી એ ત્રણેને ઘરની બહાર કાઢી મૂકયા.

પરોપકાર–દયાને ખાતર દુઃખ સહન કરવું પડે તો કરવા દોશ્રીવ તૈયાર હતો. એ હસતા મુખે ચાલ્યો ગયો. નાનું મકાન ભાડે લઈ ને રહેવા લાગ્યો, અને મહેનત મજુરી કરીને ગુજરાન ચલાવવા લાગ્યો. આ રીતે બે વર્ષ થયા ત્યારે એના પિતાજીના દિલમાં પાછો પુત્રપ્રેમ જાગૃત થયો, તેથી ઘેર બોલાવ્યો. દોશ્રીવ એની પત્ની અને દાસી સહિત ઘેર આવ્યો. એના પિતાએ વિચાર કર્યો કે બે વખત તો સંપત્તિ ગુમાવીને આવ્યો પણ હજુ એક વખત એને પરદેશ ધન કમાવા જવાનો હું ચાન્સ આપું. હવે જો એ ભૂલ કરશે તો હું એના સામું નહિ જોઉં, પછી ભલે એનું ગમે તે થાય. એમ વિચાર કરીને એને ત્રીજી વખત પરદેશ જવાની આજ્ઞા કરીને કહ્યું કે જોજે આ વખતે વહાણ ખાલી લઈને આવીશ તો ફરી કદી તારા સામું નહિ જોઉં. પિતાજીના કડક શબ્દો શિરોમાન્ય કરીને દોશ્રીવ ત્રીજી વખત સાગરની સફરે ઉપડયો. માલ ભરેલા વહાણમાં બેસીને પ્રવાસ શરૂ કર્યો, આ વખતે જો એ સંપત્તિ ગુમાવીને આવે તો એના માટે ઘરમાં કયાંય સ્થાન ન હતું. દોશ્રીવ નીકળ્યો ત્યારે એની યાદી માટે પત્નીએ પોતાની કિંમતી હીરાની વીંટી દોશ્રીવને પહેરાવી હતી. દશ પંદર દિવસની સફર બાદ વહાણ એક અજાણ્યા બંદરના કિનારે પહોંચ્યું. દોશ્રીવ વહાણમાંથી નીચે ઉતર્યો. બંદરનો કિનારો તદ્દન નીરવ હતો, કોઈ માણસો આવતા જતા દેખાતા ન હતા. દોશ્રીવે આજુબાજુ નજર ફેરવી તો થોડે દૂર બે પુરૂષો બાદશાહી પોષાકમાં ઉભેલા જોયા.

થોડી વારમાં એ બંને પુરૂષો દોશ્રીવ ઉભો હતો ત્યાં આવ્યા. દોશ્રીવના હાથમાં કિંમતી હીરાની વીંટી ચમકતી હતી. એ જોઈને પેલા પુરૂષોએ કહ્યું કે આ વીંટી તો મારી પુત્રીની હોય તેવી લાગે છે. તારી પાસે કયાંથી આવી ? તું ચોર છે. દોશ્રીવે કહ્યું હું ચોર નથી, આપ કોણ છો ? હું રૂસ દેશનો બાદશાહ છું ને આ મારો પ્રધાન છે, ત્યારે દોશ્રીવે વીંટીનો આખો ઈતિહાસ કહી સંભળાવ્યો, ત્યારે બાદશાહ અને એમનો પ્રધાન ખુશ થઈ ગયા. અહો ! આપણી ઘણાં વખતથી ગુમ થયેલી પુત્રીને આ

પતિ છે. આણે મારી પુત્રી સહિત આટલી બધી અબળાઓના પ્રાણ બચાવ્યા. ધન્ય છે આપની પરોપકાર વૃત્તિને! તમારા જેવા જમાઈ મળવાથી હું મારું અહોભાગ્ય સમજું છું. બસ, હવે તમે મારી પુત્રી સહિત તમારા સમસ્ત પરિવારને લઈને રૂસ દેશ આવો. હું મારું અર્ધું રાજ્ય આપને બક્ષીસ કરીશ. આ મારા મંત્રીને હું આપની સાથે મોકલું છું. એ પાછા વળતાં તમને રૂસનો માર્ગ બતાવશે. સસરાની વાત સાંભળીને દોષ્રીવે વહાણ દેશ તરફ પાછું વાળ્યું.

બંધુઓ! પરોપકારનું વાવેલું વૃક્ષ જાણે એકાએક ફળોથી લચી પડયું. આ છે દોષ્રીવની પરોપકાર ભાવના અને દયાનું ફળ. વહાણ પોતાના નગરના બંદરે પહોંચ્યું અને પિતાજીને ખબર આપો એટલે પિતાજી હર્ષભેર સામા આવ્યા. દોષ્રીવે પિતાજીને સઘળી હકીકત કહી સંભળાવી. પોતાના પરોપકારી પુત્રના પુણ્યની લીલા જોઈને પિતાના આનંદનો પાર ન રહ્યો. તે વહાલથી પુત્રને ભેટી પડયા, દોષ્રીવ પોતાના કુટુંબ પરિવારને લઈ રૂસ દેશ તરફ જવા રવાના થયો. વહાણ સાગરમાં સફર કરતું આગળ વધી રહ્યું હતું પણ હજુ દોષ્રીવની કસોટી બાકી હતી, તેથી રૂસના મંત્રીના દિલમાં ઈર્ષ્યા જાગી કે આ રસ્તે રખડતો સામાન્ય માણસ રૂસના અડધા રાજ્યનો માલિક બનશે? બસ, કોઈ પણ રીતે એનું કાટલું કાઢી નાંખું. તે માટે શું કરવું તે એણે મનમાં નકકી કરી લીધું. મધરાત્રે બધા ભરનિદ્રામાં હતા તે વખતે મંત્રીએ દોષ્રીવને ભરનિદ્રામાંથી ઉઠાવીને દરિયામાં ફેંકી દીધો. દોષ્રીવનું ભાગ્ય જોર કરતું હતું એટલે દરિયામાં પડતાની સાથે એના હાથમાં એક પાટીયું આવી ગયું. એના સહારે તરતો તરતો કિનારે આવી ગયો.

આ તરફ મંત્રીએ જેવો દોષ્રીવને દરિયામાં ફેંકયો એવો અવાજ થયો એટલે બધા જાગી ગયા. મંત્રી ખોટો ડોળ કરીને રડવા લાગ્યો ને કહ્યું જમાઈ શારીરિક કામે ઉઠયા હતા ને બહાર પાટીયા ઉપર ઉભા રહ્યા, અને ચકકર આવવાથી દરિયામાં પડી ગયા. મેં પકડવા ઘણું કર્યું પણ પકડી શકયો નહિ ને વહાણ દૂર નીકળી ગયું. વહાણમાં તો રોકકળ મચી ગઈ પણ હવે શું થાય? કોઈનો ઉપાય ન હતો. વહાણ રૂસ પહોંચ્યું પણ જમાઈ દરિયામાં પડી ગયાના સમાચાર જાણી ખૂબ દુઃખ થયું હવે દોષ્રીવની આશા ન હતી. આ તરફ દોષ્રીવ કિનારે પહોંચ્યો. ત્યાં એણે એક હોડી જોઈ, એણે હોડીવાળાને કહ્યું ભાઈ! તું મને રૂસ દેશમાં પહોંચાડીશ? હોડીવાળો નાવિક કહે છે રૂસ પહોંચાડું તો ખરો પણ એક શરત! રૂસમાં તમને જે મળે તેમાંથી મને અર્ધો ભાગ આપવાનો. એ શરત મંજુર હોય તો રૂસ પહોંચાડું. દોષ્રીવે શરત મંજુર કરી. ત્રણ દિવસનો ભૂખ્યો હતો એટલે એણે કિનારેથી ફળ ફૂલ લાવીને ખાધા, પછી હોડીમાં બેસીને આગળ ચાલ્યા. છઠ્ઠા દિવસે નાવ રૂસના કિનારે પહોંચી. અહીં તો રૂસના બાદશાહ, એની પુત્રી કે દોષ્રીવના પિતા બધાએ એની આશા છોડી

દીધી હતી. ત્યાં અચાનક દોષ્રીવના આગમનના સમાચાર મળ્યા એટલે બધા ખુશખુશ થઈ ગયા ને ખૂબ ઠાઠમાઠથી દોષ્રીવને રૂસમાં લાવ્યા ને ખૂબ આનંદ મહોત્સવ ઉજવ્યો.

મંત્રીના તો હાજા ગગડી ગયા કે હવે મારી પોલ ખુલ્લી થઈ જશે. બાદશાહે દોષ્રીવને દરિયામાં કેવી રીતે પડ્યો એનું કારણ પૂછતાં દોષ્રીવે સત્ય વાત રજુ કરી એટલે બાદશાહ મંત્રીને શિક્ષા કરવા તૈયાર થયો, પણ દયાળુ હૃદયના દોષ્રીવે મંત્રીને શિક્ષા ન કરવા વિનંતી કરી. પોતાને મારનાર પ્રત્યે પણ કેટલો કરૂણા ભાવ! દોષ્રીવની આવી ઉદારતા, પવિત્રતા અને પરોપકાર પારાયણતા જોઇને એના સસરાએ એનું આખું રૂસનું રાજ્ય એને સોંપી દીધું. એને રાજમુગટ પહેરાવી રાજતિલક કરવાની તૈયારીઓ થવા લાગી. તે વખતે પેલા નાવિકે દોષ્રીવને કહ્યું. કેમ ભાઈ! પેલી શરત યાદ છે ને? દોષ્રીવે તે જ વખતે નાવિકને અર્ધું રાજ્ય આપવાનું લખાણ કરી આપ્યું. એટલે નાવિકે દોષ્રીવના ચરણમાં નમી પડ્યો ને કહ્યું. દોષ્રીવ! ધન્ય છે તારી ઉદારતાને અને તારી પરોપકાર વૃત્તિને! મારે રાજ્યની જરૂર નથી. હું તો તારી પરીક્ષા કરતો હતો. તું આનંદથી રૂસનું રાજ્ય ભોગવ અને સુખી થા. એમ કહીને બે હાથે રાજમુગટ ઉંચકીને દોષ્રીવના માથે પહેરાવી દીધો, પછી પેલો નાવિક અદૃશ્ય થઈ ગયો. આ વખતે દેવે એની પરીક્ષા કરી હતી કે અત્યાર સુધી તો એ પરોપકાર પારાયણ રહ્યો પણ રાજ્ય મળ્યા પછી એના ભાવ કેવા રહે છે એ જોવા માટે દેવ હોડી લઈને નાવિક બનીને આવ્યો હતો પણ એ કસોટીમાંથી પસાર થઈ ગયો અને મહા સુખી સમૃદ્ધ દેશનો રાજા બન્યો. રાજા બનીને પણ એણે ઘણાં પરોપકારના કાર્યો કર્યા ને પોતાના ગુણોની પ્રશંસા જગતમાં ફેલાવી ગયો.

જે ધર્મ કરે છે તેની કસોટી તો અવશ્ય થાય છે. કષ્ટ પડે છે છતાં જે કસોટીના સમયે મજબૂત રહે છે, રહેજ પણ ચલાયમાન થતો નથી તો એના ચરણમાં દેવોને પણ નમવું પડે છે, માટે તમે જે જે વ્રત અંગીકાર કરો તેમાં અડગ રહો. દૃઢ રહો અને જીવનમાં પરોપકાર, સેવા, દયા, સદાચાર, ઉદારતા વિગેરે ગુણોની પરિમલ પ્રસરાવો તો આ માનવભવ સાર્થક થશે. ચિત્તમુનિને પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિએ કેટલા પ્રલોભનો આપ્યા છતાં ચારિત્રમાં કેવા અડગ રહ્યા છે અને સંસારના રંગરાગમાં મોહાંધ બનેલા બ્રહ્મદત્ત ચક્રવર્તિને તેઓ સમજાવે છે કે સાચું સુખ કયાં છે? હજુ ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

○ ○ ○

વ્યાખ્યાન નં. ૭૯

આસો વદ ૩ ને સોમવાર **તા. ૮-૧૦-૭૯**

અનંતજ્ઞાની તીર્થંકર ભગવંતોનો આપણા ઉપર મહાન ઉપકાર છે. કારણ કે નમોત્થુણંમાં આપણે બોલીએ છીએ કે ભગવાન કેવા છે? **"અભયદયાણં, ચક્ખુદયાણં"**

મગ્ગદયાણું." જ્ઞાનરૂપી ચક્ષુના દેનાર છે. મોક્ષ માર્ગના બતાવનાર છે અને જગતના સર્વ જીવોને અભયદાનના દેનાર છે. જેમ કોઈ માર્ગમાં જતા કોઈ પ્રવાસીને લૂંટારા લૂંટીને હાથ પગ બાંધીને તેની આંખે પાટા બાંધીને જંગલમાં રખડતો મૂકી દે તો તે પ્રવાસી આંખે પાટો બાંધેલો હોવાથી પોતાના સાચા રસ્તે જઈ શકતો નથી, વળી ત્યાં જંગલી પશુઓની ભયંકર ગર્જનાઓના કારણે તેને ભય લાગે છે, અતિ ભૂખ-તરસથી આકુળ વ્યાકુળ થયો હોય અને કોઈનો આશરો ન હોય આવી દુઃખી સ્થિતિમાં પીડાતો હોય. તે સમયે કોઈ દયાળુ હથિયારબંધ માનવી આવીને તેના હાથ પગના બંધન તોડી નાંખે, આંખેથી પાટા છોડી દે. તેને સાચો માર્ગ બતાવે. ખાવા પીવાનું લાવી આપે તો પછી એ પ્રવાસી સુખરૂપ પોતાના સ્થાને પહોંચી જાય. તે તેનો કેટલો ઉપકાર માને?

એવી રીતે અનંત કાળથી ભવવનમાં રખડતો આત્મા મિથ્યાજ્ઞાન વિષય-કષાયો વિગેરે લૂંટારાઓથી લૂંટાયેલો પળે પળે દુઃખના ભયથી ફડફડતો રહ્યો છે. મિથ્યાત્વાદિ કર્મના પાટાથી મોક્ષ તરફ જોવા માટે અંધ બન્યો છે, તેથી મોક્ષ માર્ગને બદલે સંસાર વનમાં ભટકયા કરે છે. સંસાર વનમાં ભૂલા પડેલા માનવીને મોક્ષમાર્ગની મુસાફરી યોગ્ય ખાનપાન કે તાકાત મળતી નથી. આવા જીવોને તીર્થંકર ભગવંતો તત્ત્વજ્ઞાન અને આત્માની અનંત શક્તિનું ભાન કરાવી દુઃખના ભયથી મુક્ત કરાવે છે. મિથ્યાત્વાદિના પાટા છોડાવી મોક્ષ માર્ગ તરફની અંધતા દૂર કરાવી મોક્ષમાર્ગનો બોધ આપે છે અને સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર રૂપી ધર્મ સાધનાના ભોજન આપી મોક્ષ તરફ આગેકૂચ કરવાની તાકાત આપે છે. આ સાધના દ્વારા અજ્ઞાનાદિના વિશાળ સમુદ્ર પાર કરાવે છે, અને કેવળ જ્ઞાન રૂપી લક્ષ્મીને પ્રાપ્ત કરાવે છે. અંતે તે જીવ સર્વ કર્મોનો ક્ષય કરી મોક્ષમાં પહોંચી જાય છે. આવા અનંત ઉપકારી પ્રભુના આપણા ઉપર કેટલા અગણિત અને અસીમ ઉપકાર છે! એવા પ્રભુએ આપણને તરવા માટે સિદ્ધાંતની મહામૂડીનું દાન કર્યું છે. એ સિદ્ધાંતમાં આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩મા અધ્યયનનું વાંચન ચાલે છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તિ સંસાર વનમાં ભૂલા પડયા છે. ચિત્તમુનિ તેમને સાચો માર્ગ સમજાવી રહ્યા છે. તે કહે છે હે બ્રહ્મદત્ત ચક્રવર્તિ! અમારા ત્યાગીના સુખ આગળ તમારા સંસારના ઉંચામાં ઉંચા સુખો પણ ડાંગરના ફોતરા જેવા છે. સંયમની મીઠાશ અને સંયમનું સુખ તો તે જ સમજી શકે છે કે જેણે ખુદ સંયમના સુખનો અનુભવ કર્યો હોય, માટે સાચું સુખ કયાં છે તે તું સાંભળ.

સુખ જે રહ્યું તપ ધન તથા ચારિત્રના ગુણ પુંજમાં,
તેમજ અનંતુ સુખ સાચું વિરતિ કેરી કુંજમાં.
તે સુખ ભોગ અનંતમો ના હોય ભોગ વિલાસમાં,
કામાદિમાં જે મોજ માને અંધ તે અજ્ઞાનમાં.

આજનો માનવ સુખની શોધ કરવા માટે આકાશપાતાળ એક કરી રહ્યો છે.

ભૂખતરસ વેઠી, ઉંધ ઉડાડી સુખ માટે દોડાદોડ કરી રહ્યો છે. છતાં એને સાચું સુખ મળતું નથી. તો હવે વિચાર કરો સુખ કયાં છે? સાચો સુખી આ દુનિયામાં કોણ છે? જ્ઞાનીપુરૂષો કહે છે સાચું સુખ ત્યાગમાં છે. જે રાગ–દ્વેષથી મુક્ત થયેલા છે, તપ એ જેનું ધન છે એવા સંયમી મુનિ જે સુખનો અનુભવ કરે છે, જે આનંદનો ઉપભોગ કરે છે તેનો લાખમો ભાગ પણ સંસારના સ્વચ્છંદમાં ફસાયેલા ગમે તેવા સમૃધ્ધિવાન અને શક્તિમાન પુરૂષો નથી કરી શકતા. એટલા માટે કહેવામાં આવે છે કે "**વીતરાગી સદા સુખી**" વીતરાગી મુનિ જેવું બીજું કોઈ સુખી નથી, સંયમી સાચો દયાવાન છે, સાચો પરોપકારી છે, અને સેવાનો સાચો ભેખધારી છે, જેના રોમેરોમમાં સંયમની લગની છે, જે સહુનું કલ્યાણ ઈચ્છે છે અને સહુ આત્માઓ આત્માનું સાચું સુખ પ્રાપ્ત કરે એવું ઈચ્છે છે, તેથી સંયમી પુરૂષ સાચો દયાવાન છે. આજે જગતમાં જે પાપનો પ્રવાહ વહી રહ્યો છે અને જેના લીધે મનુષ્યોને દુઃખ, આફત કે મુશીબતોનો અનુભવ કરવો પડે છે. તે બધાનું મૂળ સ્વદયાનો સિદ્ધાંત નહિ સમજવામાં રહેલું છે. જે મનુષ્ય પોતાના આત્માને પાપમાંથી બચાવતો નથી તે સમગ્ર પાપ પ્રવાહનો ભાગીદાર બને છે અને સ્વયં દુઃખી થાય છે, જ્યારે પોતાના આત્માની દયા ચિંતવનાર સંયમી પુરૂષ પાપ પ્રવાહમાંથી પોતાની ભાગીદારી પાછી ખેંચી લે છે ને પોતે સ્વયં સુખી બની જગતનાં જીવોને સુખી થવાનો માર્ગ બતાવે છે. આસક્તિ અને ભોગવિલાસનું જે વિષવર્તુળ અનાદિકાળથી આ સંસારમાં ચાલી રહ્યું છે તેમાં ભાગીદારી કરવી, તેને ટેકો આપવો કે તેની અનુમોદના કરવી તે સુજ્ઞ પુરૂષનું કામ નથી. સુજ્ઞ પુરૂષ તો તે જ છે કે પોતે તરે છે ને બીજાને તારે છે. જ્યારે મૂર્ખ અને મિથ્યાભિમાની પોતે ડૂબે છે ને બીજાને પણ ડૂબાડે છે. જેઓ સાચું સુખ પામ્યા છે તે મહાત્માઓ બીજા જીવોને સાચું સુખ કયાં છે. એ સુખ કેવી રીતે પ્રાપ્ત કરાય તે સમજાવે છે.

એક ગામમાં એક અન્યદર્શની મહાત્મા પધાર્યા. તેઓ ગામથી બે માઈલ દૂર એક વૃક્ષ નીચે કુટિર બનાવીને ત્યાં રહેવા લાગ્યા. આ મહાત્મા જૈન સાધુ ન હતા. પણ સંન્યાસી હતા, છતાં એમના જીવનમાં નિસ્પૃહતા ખૂબ હતી. તેઓ તપસ્વી હતા. ચાર પાંચ દિવસે ગામમાં ભિક્ષા લેવા જતા હતા. બાકી આખો દિવસ એ પરમાત્માના ધ્યાનમાં લીન રહેતા. જે કોઈ એમની પાસે આવે તેમને ધર્મ સમજાવતા. મહાત્મા ખૂબ જ્ઞાની, નિસ્પૃહ અને તપસ્વી હતા એટલે એમને અમુક લબ્ધિઓ અને વચનસિદ્ધિ મળી હતી. મહાત્માના તપ–ત્યાગની ચારે તરફ પ્રશંસા થવા લાગી. ભાવિક શ્રદ્ધાળુ ભક્તોની એમની કુટિરે ભીડ જામવા લાગી. ધર્મમાં શ્રદ્ધાળુ લોકો તો એમને ભગવાન તુલ્ય માનવા લાગ્યા, અને કેટલાય રોગીઓના અસાધ્ય રોગો પણ મહાત્માના ચરણસ્પર્શથી દૂર થવા લાગ્યા, એટલે લોકોની શ્રધ્ધા વધવા લાગી. આજુબાજુના ગામના લોકોના ટોળે ટોળા તેમની ચૂંપડીએ આવવા લાગ્યા. એમના દર્શન કરવામાં અને એમના મુખેથી

ધર્મનો ઉપદેશ સાંભળવામાં પોતાનું અહોભાગ્ય સમજવા લાગ્યા. મહાત્માનું નિવાસસ્થાન એક તીર્થધામ જેવું બની ગયું.

બીજા બધા લોકો મહાત્માના દર્શન કરી ઉપદેશ સાંભળીને ચાલ્યા જતા પણ એ ગામના ચાર માણસો તો એવા હતા કે તે મહાત્માની રાત દિવસ ખંતથી સેવા કરતા. આમ કરતાં ચાર મહિના પલકારામાં વીતી ગયા. મહાત્માએ ચારે જણને પોતાની પાસે બોલાવીને કહ્યું કે હું હવે અહીંથી પ્રયાણ કરીને કાશી તરફ યાત્રાએ જવા ઇચ્છું છું. તમે ચારે જણાએ અંતરના ભાવથી મારી ખૂબ સેવા કરી છે, માટે તમે ચારે ય જેવા સુખી છો એવા સદા સુખી રહો એવા તમને મારા અંતરના આશીર્વાદ છે. આ ચારે ય ભક્તો મહાત્માના આવા આશીર્વાદ સાંભળીને ઉદાસ બની ગયા. એ ચારમાંથી એક જણે કહ્યું કે ગુરૂદેવ ! આખા ગામમાં અમે ચાર જ માણસો વધુમાં વધુ દુઃખી છીએ. અમે ધર્મ કર્મ કે સંત સેવામાં કંઈ સમજતા નહોતા પણ દુઃખમાંથી મુક્ત થવા માટે જ આપની સેવામાં રહ્યા છીએ. આપની પાસે આટલા દિવસ રહ્યા પણ અમે અમારા દુઃખનો એક શબ્દ પણ આપની સામે ઉચ્ચાર્યો નથી. પણ આખા ગામમાં અમે ચાર વધારે દુઃખી છીએ. આપ તો કરૂણાના સાગર છો, તો અમારા દુઃખ દૂર કરો. અમને આપના વચન ઉપર શ્રધ્ધા છે, એટલે જો આપની કૃપા દૃષ્ટિ થશે તો જરૂર અમારું દુઃખ ટળી જશે.

મહાત્માએ કહ્યું અરે ! તમે આ શું બોલો છો ? મને તો એમ લાગે છે કે આખા ગામમાં તમે ચાર માણસો જ સૌથી વધારે સુખી છો. તમે પૂર્વભવના પુણ્યથી આવું સુખ ભોગવી રહ્યા છો. દરેક મનુષ્યને તમારા જેવું સુખ મળવું દુર્લભ છે. તમે તમારી જાતને ખોટી રીતે દુઃખી માની રહ્યા છો. છતાં જો તમને એમ લાગતું હોય કે અમે દુઃખી છીએ તો કહો તમને શું દુઃખ છે ? ત્યારે એક જણે કહ્યું ગુરૂદેવ ! અમે ચારેય જણા પૂરા અભાગી છીએ. અમારા ચારમાંથી એકેયને પરિવાર ધન, ઘરબાર કે કીર્તિ–ખ્યાતિ નથી, તેથી અમે ચારે જણા એકલા અટૂલા આમથી તેમ ભટકી રહ્યા છીએ. અમે ચારેય મિત્રોએ ધન, સ્ત્રી, ઘરબાર, કીર્તિ, પરિવાર વિગેરે મેળવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા પણ બધા વ્યર્થ ગયા. અમે નિરાશ થઈને આપના શરણે આવ્યા છીએ. હવે જો આપ અમારા ઉપર કંઈક કૃપાદૃષ્ટિ કરો તો અમારું દુઃખ ટળે ને સુખ મળે. મહાત્માએ કહ્યું હે વત્સો ! હજુ તમે ખોટી ભ્રમણામાં છો. હું તો કહું છું કે તમારા જેવું કોઈ સુખી નથી છતાં પણ જો તમારી ઇચ્છા સંસારના દુન્યવી સુખો ભોગવવાની છે તો એમ બનશે પણ તમે ચારે જણાં તમને જે સુખ પસંદ હોય તે ખુશીથી માંગી લો. હું તમારી ઇચ્છા પૂરી કરીશ. બોલો, તમારે શું જોઈએ છે ?

ચારે ય જણાએ વિચાર કરીને મહાત્મા પાસે પોતાના સુખની ઇચ્છા પ્રદર્શિત કરી. પહેલાએ કહ્યું મારે સુંદર સ્ત્રી જોઈએ. બીજાએ કહ્યું મારે પુત્ર પરિવાર સહિત

પત્ની જોઈએ. ત્રીજાએ કહ્યું મારે ખૂબ ધનવાન બનવું છે ને ચોથા એ કહ્યું મારે તો દેશના નેતા બનવું છે. હું મોટો નેતા બનું અને મારી યશ કીર્તિ ખૂબ ફેલાય એવું વચન આપો. ચારે ય જણાએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી એટલે મહાત્માએ કહ્યું "તથાસ્તુ". એમ કહીને ચારે જણાને વિદાય કર્યા, અને મહાત્મા પણ ત્યાંથી ઝૂંપડી છોડીને હાથમાં પોતાનું કમંડળ લઈને વિદાય થયા ને પેલા ચાર મિત્રો પણ ત્યાંથી નીકળીને સૌ સૌના સ્થાને ચાલ્યા ગયા. સમય જતાં સૌને ઇચ્છિત સુખ મળી ગયું. એ સુખ ભોગવતા પલકારામાં વીસ વર્ષો વીતી ગયા, અને મહાત્મા પણ પાછા ફરતા ફરતા એ જ ગામમાં જ્યાં પોતાની કુટીર હતી ત્યાં આવ્યા, ગામના લોકોએ હર્ષભેર એમનું સ્વાગત કર્યું, પણ તેમાં પેલા ચાર માણસો દેખાયા નહિ. મોડી રાત્રે જેણે સ્ત્રીનું સુખ માંગ્યું હતું તે આવ્યો અને મહાત્માને પ્રણામ કરીને એમની પાસે બેઠો. પણ મહાત્માએ એને ઓળખ્યો નહિ, કારણ કે એનું શરીર તદ્દન ફીકકું, પીળા પાંદડા જેવું અને રોગથી ઘેરાયેલું હોય તેવું દેખાતું હતું. વીસ વર્ષ પહેલાં તો એ પહેલવાન જેવો દેખાતો હતો, એટલે મહાત્મા કયાંથી ઓળખી શકે ? આવનારે પોતાની ઓળખાણ આપી એટલે પૂછયું કે સ્ત્રીના સુખની તારી મહેચ્છા પૂરી થઈને ?

મહાત્માના શબ્દો સાંભળીને પેલો ગળગળો થઈ ગયો ને બોલ્યો–ગુરૂદેવ ! હું માનતો હતો કે સુંદર સ્ત્રી મળે એટલે સ્વર્ગ જેવું સુખ મળતું હશે તેથી હું એ સુખ માટે ફાંફા મારતો હતો અને સુંદર સ્ત્રી મળી પણ હું તો સ્ત્રીમાં એવો મુગ્ધ બની ગયો કે ન પૂછો વાત. વિષય વાસનાના પરિણામે હું રોગનો ભોગ બની ગયો ને હવે તો એ સુખથી કંટાળી ગયો છું. મને સંસારમાંથી બચાવો. એવી મારી આપને પ્રાર્થના છે. મહાત્માએ એને સમજાવીને કહ્યું કે તું પછી મારી પાસે આવજે. એમ કહીને મહાત્માએ એને વિદાય કર્યો.

બીજે દિવસે બીજો માણસ આવ્યો. જેણે મહાત્મા પાસે પુત્ર પરિવાર સહિત સ્ત્રીની માંગણી કરી હતી તે આવ્યો. અને મહાત્માને વંદન કરીને એમની પાસે બેઠો. એટલે મહાત્માએ એને પૂછયું કે કેમ ભાઈ! હવે તો તમે સંપૂર્ણ સુખી છો ને ? ત્યારે તેણે દુઃખિત દિલે કહ્યું ગુરૂદેવ ! આ સંસારમાં કંઈ સાર નથી. મારા દુઃખનો તો કોઈ પાર નથી. શું વાત કરું ? આના કરતાં તો હું પહેલા વધારે સુખી હતો. આ પુત્ર તો એવો અભાગી પાકયો છે કે મને રાત–દિવસ સતાવે છે અને મિલકતનો ભાગ માંગી જુદો થવા માંગે છે. ન આપું તો કોર્ટે ચઢીને લેવાની ધમકી આપે છે. ને વ્યસનોમાં પણ પૂરો છે. આવા છોકરા કરતાં વાંઝીયા રહેવું વધુ સારું. હવે તો હું એનાથી ત્રાસી ગયો છું. એ મારી આબરૂના કાંકરા કરવા બેઠો છે. એની મા તો મને ગણકારતી જ નથી. એટલે હું તો દુઃખી દુઃખી થઈ ગયો છું. આ દુઃખમાંથી ઉગરવાનો મને માર્ગ બતાવો તો મને શાંતિ મળે. પુત્ર પરિવાર કે સ્ત્રીમાં કયાંય સુખ

નથી. આટલું બોલતાં તો એની આંખમાંથી આંસુની ધાર થઈ. એ આશાભેર મહાત્મા સામું જોઈ રહ્યો ત્યારે મહાત્માએ કહ્યું–ભાઈ! તું પછી મારી પાસે આવજે. એમ કહીને વિદાય કર્યો.

ત્રીજે દિવસે જેણે ધનનું સુખ માંગ્યું હતું તે માણસ બે ઘોડાની બગીમાં બેસી નોકરચાકરો સાથે ઠાઠમાઠથી આવ્યો. આજુબાજુમાં ઉભેલા માણસોએ એને નમસ્કાર કર્યા, પછી શેઠ એકલા કુટિરમાં ગયા ને મહાત્માને નમસ્કાર કરી ઉભા રહ્યા. મહાત્માએ એને ઓળખ્યો જ ન હોય એમ આશ્ચર્યપૂર્વક એની સામે જોઈ રહ્યા, ત્યારે તે માણસે કહ્યું–ગુરૂદેવ! મને ન ઓળખ્યો? આપની પાસે મેં ધન માંગ્યું હતું અને આપના આશીર્વાદથી હું ખૂબ ધનવાન બન્યો છું. ગુરૂદેવ! હું એમ માનતો હતો કે જેની પાસે ઘણું ધન હોય તે મહાસુખી છે. ધનવાનને સૌ માનપાન આપે છે. ધનથી સમાજમાં પ્રતિષ્ઠા વધે છે પણ એ મારી માન્યતા ઠગારી નીવડી છે. ધનવાન બન્યા પછી તો હું વધારે દુઃખી દુઃખી થઈ ગયો છું. ધન વધતા જંજાળ વધી ગઈ. રાત–દિવસ ધન મેળવવાની અને ધન સાચવવાની ચિંતામાં મને જરા પણ શાંતિ મળતી નથી. ધન માટે વહેપાર વધારવો પડે, એટલે વહેપારીઓ આવે, બીજા લોકો સગા સબંધીઓ પણ જ્યાં ધન હોય ત્યાં વધારે આવે છે. બીજું ધંધો વધે એટલે મગજ પર ટેન્સન વધે છે એટલે તબિયત પણ બગડે છે એને માટે પ્રાઇવેટ ડૉકટર રાખવો પડયો છે. વળી ધન જેમ જેમ મળતું ગયું તેમ તેમ મારો લોભ પણ વધતો ગયો. પાસે જે ધન છે તેને હું પોતે વાપરતો નથી ને બીજાને વાપરવા દેતો નથી. સુખે પેટ ભરીને ખાઈ શકતો નથી ને નિરાંતે ઉંઘ પણ આવતી નથી. ધન મેળવવાના લોભમાં બે ઘડી ભગવાનનું નામ પણ લઈ શકતો નથી. મને તો એમ જ થાય છે કે મારું ધન મને નરકમાં લઈ જશે, માટે ગુરૂદેવ! તમે મને બચાવો....મારો ઉધ્ધાર કરો. આટલું બોલતાં તો એના ગળે ડૂમો ભરાઈ ગયો. મહાત્માએ તેને શાંત કરીને કહ્યું ભાઇ! તું પછી મારી પાસે આવજે. એમ કહીને એને પણ વિદાય કર્યો.

ચોથા દિવસે ચોથો માણસ આવ્યો ને ગુરૂને વંદન કરી તેમની પાસે બેઠો. મહાત્મા એને તરત ઓળખી ગયા, એટલે પૂછયું કેમ, હવે તો તમે મોટા નેતા બની ગયા છો ને? ચારે તરફ કીર્તિ ફેલાઈ ગઈ હશે? તમારી વાહ વાહ બોલાતી હશે! આ સાંભળીને એ ભાઈ તો રડવા જેવો થઈ ગયો ને એણે કહ્યું ગુરૂદેવ! મને જે સત્તાની ભૂખ હતી તે હવે સત્તા મળ્યા પછી ચાલી ગઈ છે. એમાંથી મને કાંઈ સંતોષ કે આનંદ મળ્યો નહિ, પણ એ સત્તા ટકાવી રાખવા માટે મારે દંભ કરવો પડયો છે. પરિણામે મારી સામે દુશ્મનો અને પ્રતિસ્પર્ધીઓ વધ્યા છે. તેઓ મારી વિરૂદ્ધમાં પ્રચાર કરે છે, અને ગુંડાઓ દ્વારા મને મોતની ધમકી આપી રહ્યા છે. આવી પદવીની હવે મારે કોઈ જરૂર નથી. પહેલાં જીવનમાં જે સુખ શાંતિ હતી તે હવે નષ્ટ થઈ ગઈ છે. હવે તો મને જીવન કંટાળા

ભર્યું લાગે છે. ગુરૂદેવ! હવે મારે શું કરવું ? એ માટે મને કોઈ ઉપાય બતાવો. આટલું બોલતાં એ પણ ઢીલો થઈ ગયો.

સમય જતાં મહાત્માએ એ ચારે માણસોને ઉપદેશ આપ્યો કે આ સંસારમાં કયાંય સુખ છે નહિ. મેં તો તમને પહેલાં કહ્યું હતું કે તમે જે સ્થિતિમાં છો તે સ્થિતિમાં મહાન સુખી છો, પણ તમને એ વાત ગળે ન ઉતરી. હવે તો પ્રત્યક્ષ અનુભવ કર્યો ને? હવે જે થઈ ગયું તે ભલે થઈ ગયું. આજથી નવા નામે શરૂઆત કરો. ભૂલ્યા ત્યારથી ફરી ગણો ને તમને જે કાંઈ ધન સત્તા, વૈભવ મળ્યા છે તે પરમાર્થે વાપરશો અને મોહ છોડશો તો સુખી થશો. બાકી વૈભવ વિલાસમાં જીવનની બરબાદી સિવાય બીજું કંઈ પ્રાપ્ત થતું નથી, માટે તમે ચારે જણ સંતોષી અને સંયમી બનો તો સુખી થશો.

દેવાનુપ્રિયો! અહીં ચિત્તમુનિ બ્રહ્મદત્તને પણ એજ કહી રહ્યા છે કે હે બ્રહ્મદત્ત ચક્રવર્તિ! જે સુખ સંયમમાં ને તપમાં છે તે તારી છ ખંડની સાહ્યબીમાં નથી. તારા જેવા ચક્રવર્તિઓ પણ શા માટે ત્યાગના માર્ગે ચાલી નીકળ્યા? એમને સમજાઈ ગયું કે આત્માનું શાશ્વત સુખ ત્યાગમાં છે. તો હવે તારે પણ આ વાત સમજવાની જરૂર છે. હજુ પણ ચિત્તમુનિ શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- ભીમસેન પાસેથી ધનસાર શેઠે તલવાર અને ઢાલ લઈ લીધા તે વાત સાંભળી ત્યારે અરિજંય રાજાને ખૂબ ગુસ્સો આવ્યો ને કહ્યું કે એવાને તો કડક શિક્ષા કરવી જોઈએ કે જેથી બીજા કોઈ ફરીને મારા રાજ્યમાં એવું કામ કરે નહિ. હું ત્યાં જઈને એને સજા કરીશ, ત્યારે દયાળુ ભીમસેને કહ્યું-મામા! તમે એને સજા ન કરશો. એને તો ઈનામ આપવું જોઈએ, કારણ કે એનો મારા પર મહાન ઉપકાર છે. જો એણે મને એક વર્ષ સુધી એને ત્યાં ન રાખ્યો હોત તો તમારા નગરમાં મારું શું થાત! ભલે મેં મજુરી ઘણી કરી પણ એણે મને જો આશ્રય ન આપ્યો હોત તો મારો કોઈ ભાવ પૂછનાર ન હતું, માટે એને નાની કે મોટી કોઈ સજા ન કરશો. એમ કહીને ભીમસેને મામાને શાંત કર્યા. એ જ સમયે દ્વારપાળે આવીને સમાચાર આપ્યા કે પ્રતિષ્ઠાનપુરથી એક શ્રેષ્ઠી આવ્યા છે તે ભીમસેન નરેશને મળવા માંગે છે. ભીમસેને દ્વારપાળને કહ્યું કે એમને આદરથી અહીં લઈ આવ. આવનાર શેઠને દૂરથી જોતાં ભીમસેન સિંહાસનેથી નીચે ઉતર્યો ને શેઠની સામે જઈ તેનું સ્વાગત કરતા બોલ્યો પધારો....પધારો....શેઠ! આપ કઈ બાજુથી પધાર્યા? ભીમસેનનો આદરભાવ જોઈને પેલા શેઠના પગ ધ્રૂજી ઉઠયા. તેમની આંખમાંથી આંસુ ટપકવા લાગ્યા. તે રડતો રડતો કહે છે

મૈં અપરાધી આપકા જબર, માફ કરો સરકાર,
નમ્ર ભાવ કરજોડ મુખાગલ, રખી ઢાલ તલવાર.

હે મહારાજા! મને માફ કરો. હું આપનો અપરાધી છું. મારા એ અપરાધને

માફ કરો. હું તો આપનો દાસ છું. એમ કહીને ભીમસેન રાજાના ચરણમાં પડયો ને તલવાર અને ઢાલ ભીમસેનને હાથમાં આપીને કહ્યું–આ આપના શસ્ત્રોનો આપ સ્વીકાર કરો ને મને પાપમાંથી મુક્ત કરો. આમ કહીને થરથર ધ્રુજતો ઉભો રહ્યો. એના મનમાં એમ થાય છે કે આ તો મોટા મહારાજા છે. વળી અમારા રાજા પણ અહીં જ બેઠા છે. એટલે નક્કી હમણાં મને શિક્ષા કરશે. એવા ડરથી ધ્રુજવા લાગ્યો. ધ્રૂજતો ધ્રૂજતો પણ પોતાનો બચાવ કરવા માટે કહે મહારાજા ! આપ પ્રતિષ્ઠાનપુરમાં પધાર્યા ત્યારે મેં આપને ઓળખ્યા નહિ ને આપની પાસે મહેનત કરાવી અને છેવટે જતી વખતે મારે કંઈક આપવું જોઈએ તેના બદલે મેં ઉલ્ટા તલવાર અને ઢાલ લઈ લીધા ત્યારે ભીમસેને કહ્યું શેઠ ! તે સમયે મારા જબ્બર કર્મનો ઉદય હતો એટલે હું ગરીબ હતો. બટકુ રોટીના સાંસા હતા. તેમાં આપનો કોઈ દોષ નથી. મારા પાપકર્મનો દોષ છે. આપે એમાં અફસોસ કરવાની જરૂર નથી. એમ કહીને શેઠને શાંત કર્યા. આ સમયે ભીમસેનના મામા અરિંજય રાજાએ પૂછયું–ભીમસેન ! તારા શસ્ત્રો લીધા હતા તે આ ધનસાર શેઠ છે ? હા. મામા ! શેઠ તો એ જ છે પણ ત્યારે શેઠને પાપ કોને કહેવાય એજ ખબર ન હતી ને અત્યારે તેમને પાપનો પશ્ચાતાપ થઈ રહ્યો છે.

મામાએ ભીમસેનને ધન્યવાદ આપતા કહ્યું ભીમસેન ! તારી ઉદારતા અને કરૂણાને ધન્ય છે, પછી ભીમસેને તલવાર અને ઢાલ હાથમાં લઈ લીધા ને કહ્યું, શેઠ ! માનવ માત્ર ભૂલને પાત્ર છે પણ એક વાર ભૂલ એ ભૂલ ગણાય. એ જ ભૂલ જો બીજી વાર કરાય તો એ ગુનો બની જાય છે, માટે ફરીને એવી ભૂલ ન કરશો. દેહ પર ડાઘ પડશે તો સ્નાન કરીને દૂર કરી શકાશે પણ આત્મા ઉપર લાગેલો ડાઘ ધોવા માટે તો કોણ જાણે કેટલાય ભવ કરવા પડશે, માટે શેઠ ! આત્માને ઉજળો રાખજો. શેઠે ભીમસેનની સલાહ શિરોમાન્ય કરી ઘણી ઘણીને પ્રણામ કરી ભીમસેનની ઉદારતા જોઈ ખુશ થતાં ત્યાંથી વિદાય થયા. પુણ્યનો ઉદય થાય છે ત્યારે એકેક વસ્તુઓ કેવી સામેથી મળી જાય છે ! પોતાનો ભાણેજ આવો પવિત્ર છે તે જોઈને અરિંજય રાજાની છાતી ગજગજ ફુલવા લાગી. છ સાત દિવસ મામા ભાણેજ ભેગા રહ્યા. એ દિવસોમાં મામા ભાણેજોએ વિચારોની ખૂબ આપ લે કરી, પછી અરિંજય રાજાએ રાણીને ને પુત્રોને અનેક ભેટો આપીને વિદાય લીધી.

આ તરફ દેવસેન અને કેતુસેન મોટા થઈ રહ્યા છે. ભીમસેને બંને બાળકોને કેળવણી આપવામાં ખૂબ ધ્યાન રાખવા માંડયું. બંને પુત્રોને પોતાની જાતે શાસ્ત્રનું જ્ઞાન આપવા માંડયું અને બીજા વિષયોનું જ્ઞાન આપવા માટે શિક્ષકોને પોતાના મહેલમાં બોલાવ્યા ને કુમારોના જીવનનું ઘડતર કરવા માંડયું. દેવસેન અને કેતુસેન બંને ખૂબ ચપળ અને હોંશિયાર હતા, એટલે એમને જે જે પાઠ શીખવવામાં આવે તે જલ્દી ધ્યાનપૂર્વક શીખી લેતા. સંતાનોનો વિકાસ થતો જોઈને ભીમસેન અને સુશીલાને

ખૂબ આનંદ થતો, આ બધો ધર્મનો પ્રતાપ છે એમ સમજીને પોતે ધર્મધ્યાન કરતા હતા. જોતજોતામાં બંને કુમારો પુરૂષની ૭૨ કળામાં પ્રવીણ બની ગયા. હવે તો એમનું શરીર પહેલવાન જેવું બની ગયું. તેમના મુખ ઉપર રાજતેજ ઝળકવા લાગ્યા.

બંને કુમારો એક દિવસ પોતાના માતાપિતાને પૂછે છે કે આપણે તો માસી માસાને ત્યાં રહીએ છીએ તો શું આપણું પોતાનું રાજ્ય નથી? અહીં શા માટે આવ્યા છીએ? ભીમસેન અને સુશીલાએ પોતાના પુત્રોને બધી વાત કરી. આ વાત સાંભળી બંને પુત્રોનું લોહી ઉકળી ગયું કે શું કાકાએ આપણને આવો અન્યાય કર્યો છે? કાકાની ચઢવણીથી કાકાએ પોતાના પિતાને મારી નાંખવા સુધીના કાવત્રા કર્યા, તેથી પોતાના માતા-પિતાને રાતોરાત ઉજ્જૈની છોડીને ભાગવું પડયું. આ બધું સાંભળીને દેવસેન અને કેતુસેન કહે છે પિતાજી! હવે તો આપણે ઉજ્જૈનીનું રાજ્ય મેળવવા કાકા સામે યુદ્ધ કરવું જોઈએ ને એમને બરાબર બતાવવું જોઈએ. આપણે આજ સુધી ઘણું દુઃખ વેઠયું. હવે અમારાથી સહન નહિ થાય. પિતાજી! જો આપ આજ્ઞા આપો તો અમે ઉજ્જૈની ઉપર લડાઈ કરીએ.

ભીમસેને પોતાના પુત્રોને કહ્યું બેટા! તમારી વાત સાચી છે, પણ આપણે એમ ઉતાવળ કરવી નથી. પહેલાં આપણે ગુપ્તચરોને મોકલીને ત્યાંના સમાચાર જાણી લઈએ કે હરિસેનના મનોભાવ કેવા છે? રાજપાટ છોડીને આપણે ચાલી નીકળ્યા પછી એના દિલમાં એણે કરેલા અન્યાયનો કોઈ પશ્ચાતાપ છે! ત્યાંનું વાતાવરણ કેવું છે તે જાણી લઈએ પછી આપણે અહીંથી પ્રયાણ કરીશું. એમ કહીને દેવસેન અને કેતુસેનને શાંત કર્યા. હવે ભીમસેન રાજા પોતાના ગુપ્તચરોને ઉજ્જૈની મોકલશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. ૮૦

આસો વદ ૪ ને મંગળવાર **તા. ૬-૧૦-૭૯**

અનંત ઉપકારી જિનેશ્વર ભગવાન કહે છે કે હે ભવ્યજીવો! મુક્તિપદના પથિક કોણ બની શકે? આ જગતમાં અનેકાનેક જીવો વસેલા છે. તેમાં જે તેજસ્વી બને છે એ આત્માઓ મુક્તિપદના સાધકો બને છે. વ્યવહારમાં દૃષ્ટિ કરશું તો જણાશે કે જે વસ્તુ તેજસ્વી હોય છે તેના મૂલ્ય અંકાય છે. તેજરહિત વસ્તુના મૂલ્ય અંકાતા નથી. જગતની બાહ્ય વસ્તુઓના તેજ વસ્તુની ખાસિયતના હિસાબે હોય છે. તેવી રીતે માનવના તેજ તેની કોઈ પ્રકારની વિશેષતાથી છે. બહારના રૂપ રંગ ગમે તેવા ભપકાદાર હોય પણ અંદર તેના તેજ ન હોય તો તેની કંઈ કિંમત નથી. હીરાની કિંમત શાથી? શું તે માત્ર તેજસ્વી અને ચમકદાર છે એટલે? તેજસ્વી હોવા છતાં જો અંદર કલંક

હોય તો એની કિંમત ખરી ? ના. હીરો તેજસ્વી અને નિષ્કલંક હોય તો તેના મૂલ્ય અંકાય છે. બધા મોતીમાં જે પાણીદાર મોતી હોય તેની વિશેષતા છે. માત્ર ચળકાટ કે ઉજળામણ તે તેજ નથી તેમ કાળાશ એ પણ તેજ નથી પણ જે વસ્તુમાં જેવી ખાસિયત તેવું તેનું તેજ ગણાય છે.

જેમ કસ્તુરી શું સારી, રૂપાળી, સફેદ દૂધ જેવી હોય તો એના મૂલ્ય અંકાય ? 'ના.' કસ્તુરી તો જેમ વધારે કાળી અને ગરમ હોય એમ તેજસ્વી ગણાય છે. પીળું અને ચમકદાર, કોઈ જાતના ભેળસેળ વિનાનું સોનું તેજસ્વી ગણાય. સુખડ તેની શીતળતા અને સુગંધીને લઈને તેજસ્વી ગણાય છે. કેરીની તેજસ્વીતા એના મીઠા મધુરા રસથી છે. જો કેરી કઠણ અને પથરા જેવી હોય તો કાચી ગણાશે. કેરી પોચી હોય તો માલદાર ગણાય અને સોનું નક્કર, રસ વિનાનું હોય તો માલદાર. વસ્તુની ખાસિયત પ્રમાણે તેના મૂલ્ય અંકાય છે. પ્રાણીઓમાં એમ કહેવાય છે કે આ ઘોડો તેજદાર છે, પાણીદાર છે એટલે શું ? જેને ગાડીમાં જોડ્યો ને લગામ નાંખી કે વાયુવેગે ઉપડે, માઈલોના માઈલો સુધી દોડે તો પણ થાકે નહિ એ ઘોડો તેજદાર ગણાય છે. હસ્તિમાં રાજહસ્તિ છે તે તેજસ્વી રત્ન ગણાય છે પણ તેની તેજસ્વિતા ઘોડાની જેમ ન ગણાય. તે જો ઘોડાની જેમ દોડે તો તે જંગલી ગણાય. એના તેજ તો એની પ્રૌઢતા, ગંભીરતા અને વિવેક પર અંકાય. આમ દરેક વસ્તુના તેજ એની જુદીજુદી વિશેષતાઓને કારણે અંકાય છે. હવે માનવના તેજની વાત કરું.

મનુષ્યના તેજ શેમાં છે ? શું માનવીના તેજ એની ગુલાબી ચામડીથી અંકાય ? "ના." ગુલાબી રંગ તો ગુલાબના ફુલમાં પણ છે. તો શું કંઠની મધુરતાથી અંકાય ? 'ના.' કંઠની મધુરતા તો કોયલમાં પણ હોય છે. તો જેને મીઠું મીઠું બોલતાં આવડે તેનામાં તેજસ્વિતા ગણાય ? 'ના'. પોપટ જેવા પક્ષીને જો કેળવણી આપવામાં આવે તો એ પણ મીઠું મીઠું બોલીને માણસને ખુશ કરી શકે છે. તો શું પૈસા એ માનવના તેજ ગણાય ? 'ના'. તો તિજોરીમાં ઘણાં પૈસા ભર્યા હોય છે તો એ પણ તેજવાળી ગણાય ને ? પૈસાથી કંઈ માનવના તેજ ગણાતા નથી. આ જગતની દૃષ્ટિએ જેની પાસે ઘણું ધન અને સત્તા હોય તે તેજસ્વી ગણાય છે પણ જ્ઞાનીની દૃષ્ટિએ તો આવો મનુષ્યભવ પામીને જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ વિગેરે સાધના કરીને આત્માને– કર્મરહિત બનાવવામાં માનવના તેજ રહેલા છે. આ ભવમાં અજ્ઞાનના અંધકાર ટાળી જ્ઞાનનો પ્રકાશ પ્રગટ કરવાનો છે. કાયરતા છોડીને પરાક્રમ તપ–સંયમના માર્ગે ફોરવવાનું છે. જેનામાં દયા, ક્ષમા, સરળતા, સંતોષ, શીલ, સદાચાર આદિ ગુણો છે તેનામાં માનવનાં તેજ છે. જેઓ માનવભવ પામીને આવા ગુણો જીવનમાં અપનાવી ગયા છે એ પોતે સ્વયં તેજસ્વી બનીને જગતના જીવોને માનવના તેજ પ્રગટ કરવાનો માર્ગ બતાવી ગયા છે.

આપણા ચાલુ અધિકારમાં જેમણે માનવના તેજ પ્રગટ કરેલા છે એવા ચિત્તમુનિ

બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવે છે કે હે બ્રહ્મદત્ત! તું મને તારા સુખની મહત્તા બતાવે છે પણ હજુ તને મારા ત્યાગ માર્ગના સુખની મહત્તા સમજાઈ નથી. સંયમના સુખો આગળ સંસારના સુખો શૂન્ય છે. સંસારના સુખો ભોગવવામાં માનવના તેજ પ્રગટ થતાં નથી. સંયમ અને તપનું પાલન કરવાથી માનવના તેજ પ્રકાશે છે. વળી તું કહે છે કે મારી પાસે આટલી આટલી ઋદ્ધિ છે, મારે ઘણું સુખ છે.

यह मेरा घर यह उपवन है, यह है रथ, हय गय मेरे,
यह है दासी, दास सभी हा, यह मेरे सुख के डेरे,
कहता है मेरी मेरी जग, काल कालमें जब जाता,
हाय अकेला रही जाता तब कोई साथ न चल पाता."

આ હવેલી મારી પોતાની છે, મારે ત્યાં તો પાંચ પાંચ પ્રકારના સુંદર મહેલો છે જે દેવોએ બનાવેલા છે. બાગ-બગીચા મારા છે. મારે બેસવા માટે કેવા ઉંચી જાતના હાથીઓ અને ઘોડા છે. દાસ-દાસીઓ અને નોકર ચાકરોનો તો કોઈ હિસાબ નથી. આ બધાને તું મારા મારા કરીને તેના ઉપર મમત્વ ભાવ રાખે છે પણ વિચાર કર. આ બધું તારું કયાં સુધી છે? જ્યાં સુધી કાળરાજાની સવારી નથી આવી ત્યાં સુધી. જ્યારે કાળરાજાનો હુમલો થશે ત્યારે ઇચ્છાએ કે અનિચ્છાએ પણ તારે બધું છોડવું પડશે. મરણ સમયે પણ જો મમતાનું મૂળ હૃદયમાંથી નહિ ઉખડયું હોય તો મરતી વખતે મરણની પીડા કરતા પણ મમતાની પીડા વધારે સહન કરવી પડશે. તેને એમ થશે કે હાય....હાય....આ મારી હવેલી, બંગલા, મહેલ, લાડી વાડી અને ગાડી, આ મારી રત્નની માળાઓ, હાથી, ઘોડા, રથ, પુત્ર, પત્ની, પુત્રીઓ, સગાસબંધીઓ, મિત્રો આ બધું મારું છે. અરેરે....આ બધું છોડીને મારે જવું પડશે. આમ હાયવોય કરતાં હાથ પગ પછાડતાં તે પ્રાણ દેહને છેલ્લી સલામ ભરે છે. હાથ હેઠા પડે છે ને મનની આશા મનમાં રહી જાય છે, અને મહામહેનત કરી સંચિત કરેલી સંપત્તિ બીજાને સ્વાધીન થાય છે. સંપત્તિ અને સાથીદારો બધા આ લોકમાં રહે છે. માત્ર મરનાર આત્મા એકલો જ પરલોકનો પ્રવાસી બને છે. આવા ભયંકર સમયે બધા એનો સાથ છોડી દે છે ત્યારે ધર્મ, અધર્મ, પુણ્ય અને પાપ મરનારની સાથે જાય છે, માટે હે નરદેવ! મોત વખતે મમતા તારા હૃદયને ડંખશે, રડાવશે, મહાદુઃખદાયક થશે, માટે જે મારું મારું કરે છે એ મમતાને છોડી દે. નહિ છોડે તો તારી મમતા તને પોતાને દુર્ગતિમાં ખેંચી જશે, માટે મમતાને દૂર કરીને જીવનમાં સમતાનું સ્થાપન કર. આ અસાર સંસારમાં કોઈ કોઈનું નથી, છતાં જીવને એકેક પદાર્થો પ્રત્યે ઘણી મમતા હોય છે. કોઈને ધનની, કોઈ ને વસ્ત્રોની, કોઈને ખાવાપીવાની તો કોઈને બંગલા અને બગીચાની મમતા હોય છે તો કોઈને વાહ વાહ કહેવડાવવાની મમતા હોય છે. ઘણાં વખત પહેલાં કલકત્તામાં એક બનેલી ઘટના છે.

કલકત્તા શહેરમાં એક ખૂબ શ્રીમંત શેઠ રહેતા હતા. એમણે એ જમાનામાં રૂપિયા સાત લાખ ખર્ચીને એક આલીશાન બંગલો બંધાવ્યો. એ જમાનાના સાત લાખ એટલે આજના સિત્તેર લાખ સમજી લો. શેઠનો બંગલો તૈયાર થઈ ગયો. જેટલા લોકે આ બંગલો જુએ તે બધા જોઈને એમ જ કહેતા કે શું સરસ બંગલો છે! બંગલાની પ્રશંસા સાંભળીને શેઠ ખુશ ખુશ થઈ જતા પણ શેઠના મનમાં થયું, કે હું કોઈ સંતને મારા બંગલામાં પગલા કરવા માટે લઈ આવું. લોકો તો આ ગામમાં મારા બંગલાની પ્રશંસા કરશે પણ જો સંત મુનિરાજ જોશે તો ગામે ગામ મારા બંગલાના વખાણ કરશે, અને લોકો મારી વાહ વાહ કરશે. આ શેઠ ધર્મીષ્ઠ ખૂબ હતા પણ પોતાની વાહ વાહ કહેવડાવવાની મમતા હતી. શેઠના બંગલાના ઉદ્‌ઘાટનનો પ્રસંગ આવ્યો ત્યારે આગલા દિવસે શેઠ ઉપાશ્રયે દર્શન કરવા માટે ગયેલા, ત્યારે સંતને વિનંતી કરેલી કે ગુરૂદેવ! આપ મારે ત્યાં પધારજો. મને લાભ આપજો. જૈનના સંતો કદી નિશ્ચયકારી ભાષા બોલે નહિ. કોને ત્યાં કયારે ગોચરી જવાનું એ પણ નક્કી ન હોય, એટલે કહ્યું અવસરે. શેઠ ઘેર આવ્યા.

બીજે દિવસે પોતાના નવા બંગલાના ઉદ્‌ઘાટન પ્રસંગે પાર્ટીનો પોગ્રામ ગોઠવેલો, એટલે સગા સબંધીઓ, સ્નેહીઓ વિગેરે ખૂબ મહેમાન આવ્યા. કુદરતનેં કરવું કે શેઠને લાભ મળવાનો હશે એટલે સંત એ રસ્તે થઈને ગોચરી જવા માટે નીકળ્યા. શેઠની નજર પડી એટલે શેઠ સંત પાસે ગયા ને વિનંતી કરી કે ગુરૂદેવ! આપ પધારો. મારા બંગલામાં આપના પુનીત પગલા કરો. આજે મારા ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય છે! શેઠની ભાવના જોઈને સંત પધાર્યા. શેઠ ગુરૂદેવની સાથે રહીને પોતાના બંગલાની એકેક રૂમ બોલી બોલીને બતાવવા લાગ્યા. જુઓ ગુરૂદેવ! આ મારું દિવાનખાનું છે. એમાં દેશવિદેશના આધુનિક ઢબના ફર્નીચરો ગોઠવ્યા છે. લાઈટોની રોશની, પંખા આ બધી સામગ્રી દિવાનખાનામાં ગોઠવી છે. સંતે કહ્યું–હા. આગળ વધીને કહે છે આ મારું રસોડું છે. રસોડામાં પણ એવી સુંદર સગવડો કરી છે કે રસોઈ કરનારને વારંવાર ઉભા થવું ન પડે. બધી ચીજો બેઠા બેઠા લઈ શકાય. બધી ચીજો મૂકવા માટે ચારે તરફ કબાટો બનાવ્યા છે. સંત કહે–હા. આગળ વધીને કહે છે આ મારો ઓફીસનો રૂમ છે. આગળ ચાલતાં કહે છે આ મારો સ્વાધ્યાય રૂમ, પૌષધશાળા છે. શેઠ ધર્મીષ્ઠ હતા એટલે પૌષધશાળા બનાવી હતી. આગળ ચાલીને બીજો રૂમ બતાવતાં કહ્યું કે આ મારો શયનરૂમ છે. કોઈ મહેમાન આવે તો તેમને ઉતરવા માટે આ અતિથિગૃહ છે. શેઠે એકેક રૂમ બતાવ્યો ત્યારે શેઠના સગા સબંધીઓ એના બંગલાની પ્રશંસા કરતા હતા ત્યારે સંત તો માત્ર હા....હા....એમ હોંકારો આપીને એક રૂમમાંથી બીજારૂમમાં સ્હેજ ઉભા રહીને પાછા ફરતા હતા.

આખા બંગલામાં રૂમે રૂમે ફર્યા પણ મહારાજના મુખમાંથી હુંકાર સિવાય કોઈ

વાહ....વાહ કે પ્રશંસાનો એક પણ શબ્દ નીકળતો ન હતો. શેઠ તો ગુરૂદેવના મુખેથી બંગલાની પ્રશંસા સાંભળવા તલપાપડ થઈ રહ્યા હતા. શેઠે કહ્યુ–ગુરૂદેવ ! માંગલિક ફરમાવો ! એટલે ગુરૂદેવે માંગલિક ફરમાવી, પછી શેઠથી બોલ્યા વિના રહી શકાયું નહિ, તેથી પૂછયું ગુરૂદેવ ! આપ મારા બંગલામાં પધાર્યા ત્યારે આપના મુખ ઉપર જેવા ભાવ હતા તેવા જ ભાવ અત્યાર સુધી દેખાય છે. તો મારો બંગલો આપને કેવો લાગ્યો ? બંગલો બતાવીને શેઠ શું ચાહે છે એનો મર્મ સંત સમજતા હતા, પણ ત્યાગી સંત પુરૂષો મૌન દ્વારા ઘણો બોધ આપવાનું સામર્થ્ય ધરાવતા હોય છે પણ ધનના વ્યામોહમાં પડેલા અજ્ઞાન જીવોને એનો ખ્યાલ આવતો નથી. આ રીતે શેઠને પણ ખ્યાલ ન આવ્યો એટલે બંગલાની પ્રશંસા સાંભળવાની ઈચ્છાથી પૂછયું કે ગુરૂદેવ ! મારો બંગલો કેવો બન્યો છે ? આમ પ્રશ્ન પૂછીને ગુરૂદેવ શું કહેશે તે સાંભળવા માટે ગુરૂદેવના સામું જોઈ રહ્યા. ત્યાં તો ગુરૂદેવ બોલ્યા.

જૈન મુનિઓ જ્યાં આરંભ સમારંભના કામ હોય, છકાય જીવોની હિંસા થતી હોય એવા કાર્યને કદી સારું કહે નહિ કે ગૃહસ્થના રૂમે રૂમે પગલા કરવા પણ ન જાય. એ તો જે રૂમમાં ગૌચરી લેવાની હોય તે રૂમમાં જાય. એ રૂમમાં પણ એમનું ધ્યાન તો પોતાને જે ચીજ લેવી છે તે સૂઝતી છે કે અસૂઝતી એની ચોકસાઈ કરવા માંટે એ તરફ દૃષ્ટિ કરે છે. બાકી એ રૂમમાં શું હતું તેની સંતને ખબર હોતી નથી, પણ આ તો શેઠની દૃષ્ટિ ખોલાવવી હતી એટલે સંતે આ પ્રમાણે કહ્યું. શેઠ ! બંગલો તો બધી રીતે સારો મઝાનો થયો છે પણ માત્ર એક ખામી રહી ગઈ છે. ગુરૂદેવ જલ્દી બતાવો. શું ખામી રહી ગઈ છે ? અત્યારે આ બંગલો બાંધનાર કોન્ટ્રાકટર અને એના મજુરો બધા હાજર છે એટલે જે ખામી હશે તે તરત દૂર કરી શકશે. આપ આજ્ઞા કરો એટલી વાર છે.

શેઠના મનમાં એમ હતું કે કોઈ બારીબારણાની કે કોઈ રંગરોગાનની કે બહુ બહુ તો કોઈ નાના મોટા રૂમની વ્યવસ્થામાં ખામી હશે. સંતને તો કેવા રૂમ છે, કેવા રંગરોગાન છે. દરેક રૂમમાં શું શું વસ્તુઓ છે એની પણ ખબર ન હતી પણ પ્રશંસાનો અર્થી પ્રશંસા ઈચ્છતો હોય છે એટલે એ ગુરૂદેવ શું કહે છે તેની રાહ જોવા લાગ્યો. એટલામાં મંદમંદ હસતા ગુરૂદેવ બોલ્યા–શેઠ ! આ ખામી કાંઈ ખાસ મોટી નથી. એને સુધારવા માટે કોન્ટ્રાકટર મજુર કે બીજા કોઈનું કામ પડે એમ નથી. આ બંગલામાં બધું છે પણ એને પૈડા મૂકયા નથી એટલી જ ખામી છે, માટે જો આને પૈડા ચઢાવી દો તો તો એ ખામી દૂર થઈ શકે. આ શેઠ બહુ હોંશિયાર હતા એટલે સમજી ગયા કે ગુરૂદેવ પૈડા મૂકવાના બહાને મને કંઈક કહેવા માંગે છે એટલે ફરીને શેઠે પૂછયું–ગુરૂદેવ ! આપે જે કહ્યું તે હું બરાબર સમજી શકયો નથી તો કૃપા કરીને મને ફરીથી આપ સ્પષ્ટ ભાષામાં કહો.

ગુરૂદેવે કહ્યું શેઠ ! આટલો મોટો આલીશાન ભવન જેવો બંગલો કંઈ બેગ કે બીસ્તરાની જેમ થોડો સાથે ફરી શકે ? એને જો પૈડા જોડવામાં આવે તો જ મહાયાત્રામાં સાથે ખેંચી જવાય ને ? ગુરૂદેવના મર્મકારી વચનનો આશય હવે શેઠ સમજી ગયા એટલે તરત જવાબ આપ્યો કે ગુરૂદેવ ! એક કલાકમાં આ બંગલાને પૈડા તો જોડાઈ જશે પણ આપ ત્યાં સુધી આ મહેમાનોને ધર્મનું સ્વરૂપ સમજાવો. હું બંગલાને પૈડા ચઢાવીને એક કલાકમાં આવું છું. એમ કહીને શેઠ તો ગયા અને સંતે બધા મહેમાનોને ત્યાં મોટા હોલમાં બેસાડીને વ્યાખ્યાન શરૂ કર્યું. આ તરફ શેઠ બેરિસ્ટરની સલાહ લઈ તે પ્રમાણે ટ્રસ્ટ કરીને સરકારી સ્ટેમ્પ સાથેનું એક દાનપત્ર તૈયાર કરીને ત્યાં આવી ગયા. બધા લોકો વિચાર કરતા હતા કે મહારાજે બંગલાને પૈડા ચઢાવવાનું કહ્યું ને શેઠે કહ્યું કે હમણાં પૈડા ચઢાવીને આવું છું તો આ શું કરશે ? કેવી રીતે બંગલાને પૈડા બનાવશે. પૈડાવાળો બંગલો તો આપણે કદી જોયો નથી. ત્યાં તો ગુરૂદેવનું વ્યાખ્યાન પૂરું થયું એટલે તરત શેઠ જાહેરાત કરવા ઉભા થયા ને બોલ્યા.

પૂ. ગુરૂદેવની ઈચ્છા મુજબ આ વિશાળ બંગલાને પૈડા જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેની શુભ શરૂઆત રૂપે આજથી આ બંગલાને "વિશ્રામગૃહ" (ધર્મશાળા) તરીકે સમર્પણ કરવામાં આવે છે. આ બંગલાનો ઉપયોગ દરેક ધર્મના સાધુ સંતો, યાત્રાળુઓ અને મુસાફરો બધા સારી રીતે કરી શકશો. શેઠની જાહેરાત સાંભળીને લોકો તો છક થઈ ગયા. અહો ! કલાક પહેલાં તો શેઠને આ બંગલાનો કેટલો મોહ હતો ને ઘડીકમાં આટલો મોટો બંગલો દાનમાં બક્ષીસ કરી દીધો ! ધન્ય છે શેઠની ઉદારતાને ! આજે ગુરૂદેવના પાવનકારી પગલા સફળ બન્યા. ગુરૂદેવ પણ આ જાહેરાતથી પ્રસન્ન થયા કે ખરેખર ! શેઠ એક જ ટકોરે ચકોર બની ગયા, અને એમણે બંગલાને આધ્યાત્મિક પૈડા જોડી દીધા આજે ભલે, એ શેઠ પોતે હયાત નથી પણ કલકત્તામાં આજે પણ એ પૈડાવાળા બંગલા તરીકે ઓળખાતો એક આલીશાન વિશ્રામગૃહ તરીકે અડીખમ ઉભો છે. આજે હજારો લોકો એ વિશ્રામગૃહનો લાભ લઈ રહ્યા છે.

દેવાનુપ્રિયો ! આ શેઠ સંતની એક જ ટકોરે જાગી ગયા. એમને ધનનો, બંગલાનો ને કુટુંબ પરિવારનો મોહ ઉતરી ગયો, અને ધર્મમય જીવન ગાળવા લાગ્યા. અમે તો તમને ટકોર કરી કરીને થાકયા પણ હજુ તમે જાગતા નથી, એકેક દિવસ કરતાં હવે તો ચાતુર્માસ પૂરું થવા આવ્યું. હવે તો અમે સુરતમાં માત્ર છવ્વીસ દિવસ છીએ, પછી ચાતુર્માસ પૂર્ણ થશે અને એક દિવસ આપણી જિંદગી પણ ખલાસ થશે. અત્યારે નહિ જાગો તો કયારે જાગશો ? ચિત્તમુનિ પણ બ્રહ્મદત્તને કહે છે હે રાજન્ ! જે સુખો અને વૈભવ વિલાસોનું તું મને આમંત્રણ આપે છે તે બધા સુખો તને કેવી રીતે મળ્યા છે ? એ સુખોનું મૂળ તો તપ અને સંયમ જ છે ને ? તપ અને સંયમના બળે તમે ચક્રવર્તિની પદવી મેળવી શકયા છો પણ એમાં આસક્ત થવા જેવું નથી. સંસારના

સુખોની આસક્તિ અને વિષયોનો રાગ જીવને ભવમાં ભ્રમણ કરાવે છે માટે રાગ અને આસક્તિ ઘટાડો. અત્યારે આવા સુખ મળ્યા એટલે માને છે કે મારા જેવું કોઈ સુખી નથી, પણ પહેલાં કોણ હતા ?

नरिंद जाइ अहमा नराणं, सोवाग जाइ दुहओ गयाणं ।
जहिं वयं सव्व जणस्स वेस्सा, वसीय सोवाग निवेसणेसु ॥१८॥

હે બ્રહ્મદત્ત ચક્રવર્તિ ! આ સંસારમાં મનુષ્ય જાતિમાં જો કોઈ પણ અધમ-હલકી જાતિ હોય તો તે ચાંડાલની જાતિ છે. આપણે બંને એ જાતિમાં જન્મ પામ્યા હતા. ત્યાં આપની શી દશા હતી એ વાતની શું આપને ખબર નથી ? ત્યાં આપણે બંને જણા સર્વ જનોને માટે એ સમયે દ્વેષનું કારણ બન્યા હતા. એ સ્થિતિમાં આપણે ચાંડાલને ઘેર રહેતા હતા. ધર્મથી જીવને શું ફળ મળે છે એ વાત ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવવા ઈચ્છે છે, તેથી તેઓ તેને પહેલાની સ્થિતિનો ખ્યાલ આપે છે ને કહે છે

નીચ ગણાય મનુષ્યની જાતિ જે, અધમ એવું ય જીવન ભોગવ્યું,
અશુભ કર્મ તણા વિપાકથી, સ્થળે સ્થળે હડધૂત બહુ થાતાં

આપણે બંનેએ કોઇ ભવમાં ચારિત્ર પ્રત્યે દુગંછા કરી હશે એના ફળ રૂપે હલકામાં હલકી ચાંડાળ જાતિમાં જન્મ્યા. એની જાતિના માણસો પ્રત્યે લોકો તિરસ્કારની દૃષ્ટિથી જુએ છે. હે રાજન્ ! આપણી પણ એવી જ દશા હતી. આપણે જો કોઈને સવારના પ્રહરમાં ભૂલેચૂકે સામા મળી ગયા તો ગાળોનો વરસાદ વરસે. એક કપડાનો છેડો જો ભૂલેચૂકે આપણને અડકી જાય તો આપણને કેવી ગાળો દે ને એ સ્નાન કરી આવે. કોઈ આપણી સાથે વાત કરવા પણ ઈચ્છતું ન હતું. એવી આપણી દશા હતી. આપણે મોટા થયાને સંગીતકળા શીખ્યા. આપણાં સંગીતથી જંગલમાંથી હરણીયા દોડીને આવતા ને મનુષ્યો પણ સાંભળીને સ્થિર થઈ જતા, પણ જ્યારે લોકોને ખબર પડી કે આ તો ચાંડાલ જાતિના પુત્રો છે ત્યારે આપણા પ્રત્યે ઘૃણા કરી અને રાજાને ફરિયાદ કરીને આપણને નગરમાંથી કાઢી મૂકાવ્યા. નીચ જાતિના કારણે અશુભ કર્મના ઉદયથી જ્યાં ગયા ત્યાં આપણે હડધૂત થયા. તિરસ્કારને પાત્ર બન્યા એટલે દુઃખથી કંટાળીને આપઘાત કરવા તૈયાર થયાં. પર્વત ઉપરથી પડતું મૂકવાની તૈયારીમાં હતા ત્યાં આપણા પુણ્યોદયે એક સાધુ મહાત્માના દર્શન થયા. એમણે આપણને આપઘાત કરતા બચાવ્યા ને માનવ જીવનની દુર્લભતા સમજાવી, ધર્મની મહત્તા સમજાવી એટલે વૈરાગ્ય પામીને આપણે દીક્ષા લીધી. સંયમ લઈને કેવા ઉપસર્ગો, પરિષહો સહન કર્યા, કેવા ઉગ્ર તપ કર્યા ! સાધુપણામાં સનત્કુમાર ચક્રવર્તિની ઋધ્ધિ જોઈને તમારું મન લલચાયું ને એવા સુખો મેળવવા માટે નિયાણું કર્યું. ત્યાંથી આયુષ્ય પૂરું થતાં દેવલોકમાં ગયા, ત્યાંની

દેવસ્થિતિ પૂરી થતાં તમે બ્રહ્મદત્ત ચક્રવર્તિ બન્યા, અને હું એક શ્રીમંત શ્રેષ્ઠીને ઘેર જન્મ્યો. ત્યાં સ્વર્ગ જેવા સુખો ભોગવતો હતો પણ ગુરૂદેવનો એક વખત ઉપદેશ સાંભળતા મને વૈરાગ્ય આવ્યો ને દીક્ષા લીધી. તમે આ સંસારના ભોગવિલાસમાં, રંગરાગમાં ખૂંચી ગયા છો પણ પહેલાની સ્થિતિ યાદ કરો. હજુ ચિત્તમુનિ બ્રહ્મદત્તને શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– " ભીમસેનના નીકળ્યા પછી હરિસેનના દુષ્ટ વિચારો" ભીમસેને બે ગુપ્તચરોને ઉજ્જૈની મોકલ્યાં. હવે આપણે આ વાત અહીં અટકાવીને ભીમસેનના નીકળ્યા પછી હરિસેનનું શું બન્યું તે તરફ દૃષ્ટિ કરીએ. ભીમસેન એના કુટુંબ પરિવાર સાથે રાજમહેલમાંથી નીકળી ગયો. સવાર પડતાં હરિસેન ક્રોધથી ધમધમતો નગ્ન તલવાર હાથમાં લઈને ભીમસેનના મહેલે આવ્યો, પણ મહેલમાં તો ભીમસેન, સુશીલા કે એના બાળકો કોઈને જોયા નહિ. મહેલ માણસ વિના શૂનકાર લાગતો હતો. ફક્ત યશોદા દાસી સૂતી હતી. તેને જગાડીને કહે છે ભીમસેન અને સુશીલા કયાં ગયા ? દાસીએ કહ્યું મને ખબર નથી. હું તો અત્યારે ઉંઘમાંથી જાગું છું. પોતે કાંઈ જાણતી ન હોય તે રીતે બેબાકળી જાગી હોય તેમ જાગીને રડવાનો ડોળ કરવા લાગી. હરિસેનના મનમાં થયું કે મારે તો એમને રાજ્યમાંથી કાઢવા હતા ને મારે રાજા બનવું હતું એટલે કાં હું એમને મારી નાંખત અગર તો જેલમાં પૂરી દેત તો લોકો મારા માથે પસ્તાર કરત, મારું વાંકું બોલત, અને મને ભાઈની હત્યા કરવાનું પાપ લાગત. એના કરતાં જે થયું તે ઠીક થયું. ટાઢે પાણીએ ખસ ગઈ. એમ કહીને એ ચાલ્યો ગયો, અને પોતે રાજ્યનો માલિક બન્યો. આખા નગરમાં પોતાના નામની આણ ફેરવી દીધી ત્યારે લોકો બોલવા લાગ્યા કે આપણા ભીમસેન મહારાજા કયાં ગયા ? એમનું શું થયું ? નક્કી આ યુવરાજે રાજ્યના લોભમાં પડીને આપણા ભગવાન તુલ્ય પવિત્ર મહારાજાને એણે કાં તો ગુપ્ત રીતે કાઢી મૂક્યા હશે અગર તો જેલમાં પૂર્યા હશે, કાં તો ખૂન કર્યું હશે એમ અનેક પ્રકારની પ્રજાજનો વાતો કરવા લાગ્યા, ત્યારે હરિસેને હુકમ કર્યો કે જે કોઈ મારી નિંદા કરશે તેને પકડીને જેલમાં પૂરી દેવામાં આવશે, એટલે કોઈ હરિસેનની વિરુધ્ધ બોલી શકતા ન હતા પણ મનમાં ખૂબ દુઃખ હતું.

"ભીમસેનના પુણ્યોદયે હરિસેનની બદલાયેલી દૃષ્ટિ" :– હરિસેન રાજા બનીને આનંદથી રહેવા લાગ્યા, પછી એમણે એવી તપાસ પણ ન કરાવી કે આ લોકો મહેલમાંથી ભાગી ગયા તો કયાં ગયા હશે ? હરિસેન અને એની પત્ની રાજા–રાણીનું પદ પામીને મહાસુખના સાગરમાં મહાલવા લાગ્યા. એના મનમાં એમ જ હતું કે મારી બુધ્ધિ કેવી ? મારો પ્રભાવ કેવો કે ભીમસેનને ભાગી જવું પડયું. આમ આનંદથી રાજ્ય ચલાવતા હતા, અત્યાર સુધી તો હરિસેનના મનમાં એમ હતું કે મેં જે કંઈ

કર્યું છે તે બરાબર છે પણ જ્યારે ભીમસેનના પાપકર્મો પૂરા થયા ને એના પુણ્યનો ઉદય થયો ત્યારે એક દિવસ હરિસેન સુખ શય્યામાં સૂતો હતો. તે મધ્યરાત્રિએ એકદમ ઝબકીને જાગ્યા. એમની ઉંઘ ઉડી ગઈ. એમના મનમાં વિચાર થયો કે અહો ! ભગવાન તુલ્ય મારા ભાઈ કયાં હશે ? અરેરે....મેં એક સ્ત્રીની ચઢવણીએ ચઢીને મારા ભાઈને મારી નાંખવા સુધીનો વિચાર કર્યો, જો કે મારા કુકર્તવ્યની એમને કોઈ પણ રીતે ગંધ આવી ગઈ હશે જેથી તેઓ પોતાના પરિવાર સહિત કયાંના કયાંય ચાલ્યા ગયા છે પણ મેં તો પછી કદી એમની તપાસ કરી નથી કે એ કયાં ગયા ? એમનું શું થયું ? અરેરે....હું સ્ત્રીના ફંદમાં કયાં ફસાઈ ગયો ? હે ભગવાન ! હવે મારું શું થશે ? પિતા તુલ્ય એવા મારા મોટાભાઈ આ હત્યારાના ત્રાસથી રાતોરાત ભાગીને કયાં ગયાં હશે ? અને આજે તેઓ કયાં હશે ? સદાય સુખ અને આનંદમાં રહેનારા એવા મારા માતા સમાન પૂજ્ય ભાભીની આજે કેવી દશા હશે ? અને કુમળા ફૂલ જેવા દેવસેન અને કેતુસેનનું શું થયું હશે ? આ વિચાર આવતાની સાથે એમનું હૈયું કકળી ઉઠયું ને અંતરમાં પશ્ચાતાપનો ભડકો સળગ્યો.

"હરિસેનનો કકળી ઉઠેલો આત્મા" :– હે ભગવાન ! હવે મારે નથી જોઈતું આ રાજ્ય ! અને નથી ખપતા મને આ વૈભવ વિલાસ. આવા વિચારમાં એ જોરથી બોલી ઉઠયા બચાવો....બચાવો....મારા અંગે અંગમાં કાળી બળતરા બળે છે. હરિસેનની ચીસ સાંભળીને એની રાણી તેમજ દાસ–દાસીઓ, નોકર ચાકરો બધા દોડી આવ્યા. પ્રધાનને પણ બોલાવવામાં આવ્યા. સૌના દિલમાં એમ થયું કે હરિસેન રાજાને અચાનક શું થઈ ગયું ? સૌ હરિસેન રાજાને સમજાવવા લાગ્યા, ત્યારે કહે છે કે મારા ભાઈ–ભાભી કયાં ગયા ! એમને અહીં લાવી આપો. હે ભગવાન ! એ જ્યાં હોય ત્યાં એમને સુખી રાખજે. આમ બોલ્યા કરે છે ત્યારે સૌ સમજ્યા કે હરિસેનને એમના મોટાભાઈ યાદ આવ્યા છે. એમને હવે પોતાની ભૂલ સમજાઈ ગઈ લાગે છે. પ્રધાન વિગેરે હરિસેનને સમજાવે છે કે મહારાજા ! તમે રડો નહિ, ઝૂરો નહિ. આપણે એમની તપાસ કરાવીશું, પણ હરિસેનને કયાંય ચેન પડતું નથી. રાજપાટ તો એને ઝેર જેવા લાગવા લાગ્યા. ખાવું–પીવું, હરવું–ફરવું બધું ઝેર જેવું થઈ પડયું છે. કયાંય એના ચિત્તને ચેન પડતું નથી. ચિંતામાં ને ચિંતામાં હરિસેનનું મન અસ્વસ્થ બની ગયું. એ બુધ્ધિ ઉપરનો કાબૂ ગુમાવી બેઠા. મંત્રીઓએ રાજવૈદ્યો તેડાવીને હરિસેનની દવા કરાવી ત્યારે માંડ એનું મગજ સ્વસ્થ બન્યું, પણ પહેલાં જેવી સ્ફુર્તિ કે આનંદ જણાતો નથી. પ્રધાન તથા પ્રજાજનોને ચિંતા થઇ કે હરિસેનનું મન અસ્વસ્થ છે. હવે શું થશે ? અને હરિસેનને ચિંતા થાય છે કે મારા ભાઈ–ભાભી અને બાળકો કયાં હશે ! હજુ પણ કેવો ઝૂરાપો કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

◉ ⊙ ○

વ્યાખ્યાન નં. ૮૧

આસો વદ ૫ ને બુધવાર **તા. ૧૦-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની કરૂણાસાગર ભગવંતે જગતના જીવોના ઉધ્ધારને માટે દ્વાદશાંગી સૂત્રની પ્રરૂપણા કરી. ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાનની વાણીમાં અમૂલ્ય ખજાનો ભરેલો છે. જેમ વહેપારીના ચોપડા માટે કહેવાય છે ને કે " પાનું ફરે ને સોનું ઝેર. " જો કુશળ દીકરો હોય તો પિતાએ કઈ અપેક્ષાએ લખ્યું છે તે શોધી નાંખે છે, તેમ ભગવાનના એકેક વચન ઉપર શ્રદ્ધા થાય તો કર્મબંધન તૂટે. ભગવાનની વાણી ઉપર શ્રદ્ધા થાય તો અને એ વચનામૃતોનો સાર સમજાય તો આ સંસાર કેવો છે એ વાતનો ખ્યાલ આવી જાય. જ્ઞાનીઓ કહે છે.

जन्म मृत्यु जरा व्याधि, शोक चिन्ताद्युपद्रते ।
असारे ऽस्मिन तु संसारे, धर्म एव सुखावहः ॥

આ સંસાર જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-શોક-સંતાપ વિગેરે અનેકાનેક ઉપદ્રવોથી ભરેલો છે માટે અસાર છે. આવા સંસારમાં સુખ કયાંથી જોવા મળે? આ સંસારમાં ધર્મ જ સુખકારી છે. સંસાર અનેક ઉપદ્રવોથી ભરેલો છે એટલે ત્યાં સુખની કલ્પના પણ કયાંથી થઈ શકે! છતાં પણ મન અનેક સુખની આશાઓમાં ને તરંગોમાં રમતું હોય તો એ ભારે અવિવેક અને અજ્ઞાન દશા કહેવાય. જ્યાં અનેક ઉપદ્રવોની હારમાળા લાગેલી હોય ત્યાં આનંદ શા? નિશ્ચિતતા કેવી? આશાઓ કેવી? માની લો કે તમે મુસાફરીએ ગયા ને કોઈ ગામમાં ધર્મશાળામાં ઉતર્યા. ત્યાં સાંભળ્યું કે અહીં કયારેક સર્પ અને વીંછી નીકળે છે ત્યાં વળી એકાદ વીંછી નજરે જોયો પણ ખરો. હવે કહો. ઉપદ્રવ ભર્યા સ્થાનમાં તમને શાંતિ રહે ખરી? નિરાંતે ઉંઘ આવે ખરી? 'ના.' સુખે ઉંઘી શકો નહિ ને? તો એવી રીતે તમે જ્ઞાની પુરૂષોના મુખેથી સાંભળ્યું કે સંસાર જન્મમરણાદિ અનેક ઉપદ્રવોથી ભરેલો છે પછી સંસારમાં શાંતિ રહે ખરી? સંસારમાં સુખેથી રહેવાય ખરું? એક નાનકડા ઘરમાં પણ નાના નાના ઉપદ્રવોથી ગભરાઈ જાઓ છો તો પછી આટલા મોટા સંસાર રૂપી ઘરમાં મોટા મોટા ઉપદ્રવો વચ્ચે કંઈ ગભરામણ નથી થતી? શું વારંવાર જન્મ-મરણ આવે એ મોટા ઉપદ્રવ નથી? તમને ભૂતકાળમાં કેવા કેવા દુઃખો વેઠવા એની કદાચ ખબર ન પડે તો ખેર! પણ વર્તમાનકાળમાં તો અનુભવી રહ્યા છો ને કે અહીં જન્મ લીધા બાદ કેટલાય ઉપદ્રવો વેઠવા પડયા. એ પણ પૂર્વજન્મોનું ફળ છે. એ વાત ભૂલતા નહિ.

ઉપદ્રવ એટલે શું? હેરાનગતિ જ ને? તો વારેવારે જન્મ લેવો પડે, મરવું પડે એ શું હેરાનગતિ નથી? (શ્રોતામાંથી અવાજ : છે જ.) હેં....તમને આવું સમજાણું!

તો હવે બહાર નીકળી જાઓ, આ સંસારના ઉપદ્રવ એટલે પીડા. આ શરીરને રોગ થાય, વૃદ્ધ બની જાય, ગાત્રો બધા શિથિલ થઈ જાય, આ બધું પીડા રૂપ જ છે ને? તેમજ રોગ આવે. ઈષ્ટ વસ્તુના વિયોગ થાય ને અનિષ્ટના આગમન થાય, ઉદ્વેગ થાય. શોક થાય, એક પછી એક ચિંતાઓ આવીને ઉભી રહે, સંતાપ જાગે, આ બધી પીડાઓ છે માટે એને ઉપદ્રવ કહેવાય. એ ઉપદ્રવો ચિત્તની શાંતિનો લોપ કરે છે ને અશાંતિ જગાવે છે. આવા ઉપદ્રવોથી ભરેલો સંસાર અસાર છે, છતાં મોહ મૂઢતાને લઈને ધન માલ, પરિવાર અને પ્રતિષ્ઠા મળવાથી જીવ હરખાય છે, એને સાર રૂપ માને છે, પણ એ સારભૂત નથી.

આત્મા તો સ્વતંત્ર છે પણ જન્મ પામીને એ પરાધીન બને છે, અને એને અનેક દુઃખોના ભોગ થવું પડે છે, માટે જન્મ એ દુઃખનું નિમિત્ત છે. આવી સમજણ આવે તો જન્મ-જરા-મૃત્યુ-રોગ-શોક-દરિદ્ર-સંતાપ અને ચિંતાઓથી ભરેલો આ સંસાર જીવને એક ઉપદ્રવ રૂપ લાગે. લાગવું એટલે સમજો છો ને? માત્ર એક વાર જાણી લીધું, ખાલી મનથી વિચારી લીધું એટલું જ બસ નથી પણ દિલમાં સચોટ વસી જાય, પછી દિલથી એના તરફ દૃષ્ટિ ઉપદ્રવ તરીકેની રહે એ લાગ્યું કહેવાય. સંસાર એવો ઉપદ્રવ રૂપ લાગવો જોઈએ કે જેથી તેના તરફ બહુમાન થાય નહિ. એનો પક્ષ કરવાનું મન થાય નહિ.

બંધુઓ! સંસાર અને સંસારના પ્રત્યેક સુખો તમને ઉપદ્રવ રૂપ લાગશે ત્યારે એની સામે ધર્મ એ મહામંગલરૂપ લાગશે. ધર્મ તો સારો છે છતાં આજે મનુષ્યોના મુખ ઉપર ધર્મનો ઉત્સાહ કેમ દેખાતો નથી? ધર્મના કાર્યમાં કંટાળો કેમ આવે છે? એના ઉપર વિચાર કરશો તો સમજાશે કે હજુ સંસાર અને સંસારની દરેક બાબતો જેમ કે વિષય કષાય, માન-સન્માન, માલ મિલ્કત, બધું ઉપદ્રવ રૂપ છે એવું સચોટ સમજાયું નથી એટલે જાણે રોતડની જેમ પરાણે ધર્મ કરતા હોય એવું દેખાય છે. જેને પૈસા એ ઉપદ્રવ રૂપ લાગ્યા હોય એને દાન ધર્મમાં ઉત્સાહ ન હોય એવું બને નહિ. શરીર અને ઈન્દ્રિયો જો ઉપદ્રવ રૂપ લાગે તો પછી શું શીલ, વ્રત, ત્યાગ વિગેરેમાં ઉત્સાહ ન જાગે? જાગે, પણ હજુ ધર્મ કાર્યમાં ઉત્સાહ નથી દેખાતો એનું કારણ એ છે કે સંસાર અને સમસ્ત સાંસારિક પદાર્થો તથા પ્રવૃત્તિ ઉપદ્રવ રૂપ હજુ લાગતા નથી, એટલે ધર્મનો ઉત્સાહ, ધર્મની લગની કે ધર્મના વિચારો આવતા નથી, એ માટે તો વારંવાર એવી ભાવના કરવી જોઈએ કે સંસાર ઉપદ્રવ રૂપ છે, શલ્ય રૂપ છે, જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. આ વાત હૃદયમાં બેસી જાય તો ભવનિર્વેદ જાગે.

ભવનિર્વેદ એ ધર્મનો પાયો છે. જ્યાં સુધી ભવનિર્વેદ ન આવે ત્યાં સુધીની કરેલી ધર્મક્રિયાઓ જીવને મોક્ષની નજીક લઈ જનારી બનતી નથી. કંઈક અભવી જીવો

ચારિત્રનું પાલન કરે છે છતાં એનો સંસાર ઘટતો નથી, એનું પરિભ્રમણ ચાલુ રહે છે કારણ કે એને ભવનિર્વેદ નથી. સંસાર ઉપર અનાદિકાળથી આસ્થા છે, સુખ પ્રાપ્ત કરવાની દૃષ્ટિ છે એ ઓછી થયા વિના કોઈ પણ ધર્મક્રિયાથી સંસાર કયાંથી કપાય? સંસાર ઉપર કંટાળો જાગે, વારંવાર જન્મ-મરણ કરવા પડે એનો ત્રાસ લાગે તો સંસાર ઉપદ્રવ રૂપ લાગે અને ત્યારે સંસાર રોગને કાઢનારા ધર્મ રૂપ ઔષધની તાલાવેલી લાગે. એને સમજાઈ જાય કે સંસાર એ એક રોગ છે ને ધર્મ એ ઔષધ છે, રોગથી દુઃખ અને દવાથી સુખ એમ સંસારથી દુઃખ અને ધર્મથી સુખ થાય છે માટે હવે સંસારને છોડવા જેવો છે. એ છૂટશે તો ભવબંધન કપાશે. આવો નિશ્ચય જેને થાય છે તે જીવ સંસાર છોડીને આત્માનું કલ્યાણ કરી શકે છે.

સંસારથી દુઃખ અને ધર્મથી સુખ મળે છે એવું જેને સમજાયું છે તેવા ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સંસારનું દુઃખમય સ્વરૂપ સમજાવીને એમાંથી મુક્ત કરાવવા માટે આવ્યા છે. તેમને સમજાવતાં શું કહે છે.

तीसे य जाई य उ पावियाए, वुच्छासु सोवाग णिवेसणेसु ।
सव्वस्स लोगस्स दुगंछणिज्जा इहं तु कम्माइं पुरेकडाइं ॥१९॥

આપણે બંને ચાંડાલ જાતિમાં જન્મ્યા ત્યાં આપણી સ્થિતિ કેવી દયાજનક હતી. કોઈ આપણા સામું તો નહોતા જોતા પણ આપણો તિરસ્કાર કરતા હતા. છતાં આપણે ત્યાં રહીને એ સ્થિતિને શાંતિપૂર્વક સહન કરેલ છે. લોકો આપણો કયાં સુધી તિરસ્કાર કરતા હતા કે કોઈ માણસ ઉપર આપણો પડછાયો પડી જાય તો પણ આપણા માથે કંઈક કરતા હતા. અહીં પૂર્વકૃત શુભ કર્મોનું ફળ ભોગવી રહ્યા છીએ. તો હે બ્રહ્મદત્ત ચક્રી! કંઈક પૂર્વના દુઃખનો વિચાર કરીને પણ સંસારની અસારતા સમજ. સમજીને તું સંસારનો ત્યાગ કર.

દેવાનુપ્રિયો! જેને ત્યાગના મીઠા સુખોનો અનુભવ થાય છે તેવો આત્મા ભોગીને ત્યાગી બનવાનો ઉપદેશ આપે છે. આર્ય દેશમાં જન્મેલા આર્ય પુરૂષોની ભાવના તો ઉંચી હોય છે. પાપ કર્મના ત્યાગની જેની ભાવના છે તે આર્ય કહેવાય. આર્યને પાપ કર્મ કરવાનું મન થાય નહિ. કદાચ ન છૂટકે એનાથી પાપકર્મ થઈ ગયું હોય તો પણ એના અંતરમાં એ પાપ કર્મનો બળાપો તો રહ્યા કરે છે. પાપના તાપથી જેટલું બચાય તેટલું બચવા માટે આર્ય હંમેશા તત્પર રહે છે, માટે આર્યદેશમાં જન્મેલા અને આર્યત્વનો અમર વારસો જેને મળ્યો છે એવા જીવની ભાવના સદા ઉંચી હોય છે. આર્ય મનુષ્યને પાપથી ભાગી છૂટવાની ભાવના હોય એટલું જ નહિ પણ મનમાં પાપનો વિચાર આવે તો પણ તે ડંખે આર્યત્વની ઝલક કોઈ જુદી જ હોય છે. જ્યારે અનાર્ય પાપના વિચારો વધુ કરતો હોય છે. પાપકર્મના વિચારો પાપ કરવામાં પ્રેરણા આપતા હોય છે, માટે જ્યાં સુધી પાપની વૃત્તિ દૂર નહિ થાય ત્યાં સુધી પાપની પ્રવૃત્તિ ઓછી થશે નહિ.

જો તમારે આર્ય બનવું હોય તો એક નિર્ણય કરો કે પાપની વૃત્તિને પાપના વિચારોને મારે આત્માથી અળગા કરવા છે.

બોલો, તમારે આર્ય બનવું છે ને ? આર્ય બનવું હોય તો પાપ તમારા દિલમાં કાંટાની જેમ ખટકવું જોઈએ. પાપનો ખટકારો કરવા માટે કાયા, કંચન અને કામિનીનો રાગ ઓછો કરવો પડશે. જો કાયાની કોટડીની સારવારમાં જિંદગી ખતમ કરશો, તો ગર્ભની અંધારી કોટડીમાં વારંવાર પૂરાવાની ઘોર વેદનાનો અંત આવવો મુશ્કેલ છે. કાયાના મોહમાં ધર્મને ભૂલી જનારા ગોળને ભૂલી જઈને ખોળ ખાવાની ગાંડી ચેષ્ટા કરી રહ્યા છે તે પાપકર્મનું આચરણ કરે છે. મોહમાં પડેલા જીવને પાપકર્મ ખટકતું નથી. જેને પાપ ખટકે તે પાપથી અટકે. જ્યાં સુધી પાપ ખટકતું નથી ત્યાં સુધી પાપ કદાચ અટકી ગયું હશે તો પણ સમય મળતાં પાપ ઉભું થવાનું છે. સમય, સાધન અને સંયોગો જ્યાં સુધી પ્રાપ્ત ન થયા હોય ત્યાં સુધી સામાન્યતઃ બહારની દૃષ્ટિએ કદાચ પાપ અટકેલું દેખાય પણ ખરી રીતે તો પાપકર્મ અટકયું ન હતું. મનમાં તો ભાળેલો અગ્નિ બળતો હોય અને બાહ્યથી પાપ વ્યાપારોનો ત્યાગ કર્યો હોય એવા મનુષ્યનું આર્યત્વ ટકી શકતું નથી.

જ્યાં એકાંત પાપનો વ્યાપાર છે એવો આ સંસાર કેવો ભયાનક છે એવો જ્યાં સુધી ખ્યાલ નથી આવતો ત્યાં સુધી એનો વ્યામોહ ઓછો થતો નથી. સંસારી જીવો ધનના વ્યામોહમાં ને વ્યામોહમાં પોતાની જીવનલીલા સમાપ્ત કરે છે. સંપત્તિની સોડમાં સૂતેલા સંસારી જીવોને સંપત્તિમાં કદાચ તાત્કાલિક વિપત્તિના દર્શન ભલે ન થતા હોય પણ છેલ્લે તો પારાવાર મુશ્કેલી વેઠીને જે સંપત્તિ મેળવી, એનાથી શું મેળવ્યું એનો ખ્યાલ આવી જાય છે. બંધુઓ ! તમે ધનના લોભી ન બનશો. એનો માત્ર સંગ્રહ કરી ન જાણશો પણ દાનમાં સદુપયોગ કરજો, જે પોતે મળેલી સંપત્તિનો દાનમાં સદુપયોગ કરે છે તેની લક્ષ્મી એ સાચી લક્ષ્મી છે. દાન રૂપી દોરડાથી મુશ્કેટાટ બાંધેલી લક્ષ્મી તમારી પાસેથી જરા પણ ચસકશે નહિ, પણ તિજોરીમાં ગોંધી રાખેલી લક્ષ્મી તમોને દુઃખથી ગોંધી લેશે. જેમ તમે તમારા સંતાનોને ધન વારસામાં આપીને જાઓ છો તેમ દાન આદિ ધર્મ જો વારસામાં આપીને જશો તો તે પુત્ર ધર્મના ક્ષેત્રે પૈસા વાપરશે, પણ પૈસાં સાથે જો ધર્મ વારસામાં નહિ હોય તો તે પૈસા વ્યસનોમાં ને મોજશોખમાં વાપરશે માટે તમે પોતે દાન આપીને સંપત્તિને સાર્થક બનાવો. લોભી મનુષ્યોને દાન દેવું મુશ્કેલ છે.

એક શેઠે ખૂબ પરિશ્રમ કરીને લક્ષ્મી ભેગી કરી હતી પણ લોભી ખૂબ હતા. એમના હાથની મૂઠી એવી વાળી રાખતા હતા કે દાનમાં કોઈને એક કોડી પણ પરખાવતા નહિ. દાન આપવા માટે એમના દિલના દ્વાર સદા બંધ રહેતા હતા એટલે આખા ગામમાં લોભી તરીકે એમની ખ્યાતિ હતી. કોઈ દિવસ જે કંઈ આપે નહિ એના દ્વારે

કોણ જાય ? જ્યાં મધ હોય ત્યાં માખીઓ જાય, સુગંધ હોય ત્યાં ભમરા ખેંચાઈને જાય છે તેમ જે માણસ સંપત્તિ દાનમાં આપે છે તેને ત્યાં સૌ દોડીને જાય છે.

એક વખત ગામમાં કોઈ સંસ્થાએ રાહતફંડ શરૂ કર્યું. તેઓ ઘણે ઠેકાણે ફર્યા પણ સારી રકમ કોઈ લખાવતું નથી. મામૂલી રકમ લખાવે એમાં મહાન કાર્ય કયાંથી પૂરું થાય ! ને કોઈ ધનવાન સારી એવી રકમ લખાવનાર મળી જાય તો કામ થાય. એ માટે કયાં જવું ? આમ વિચાર કરતાં મહાજનને એક રસ્તો શોધ્યો, અને કંઈક નક્કી કરીને પેલા કંજુસ શેઠને ઘેર ગયા. શેઠે કહ્યું પધારો....પધારો....મહાજન ! એમ કહીને આદરસત્કાર કર્યો. થોડી વાર બેઠા ને આડી અવળી વાતો કરી, પછી મહાજને કહ્યું શેઠ! અમે આપની પાસે એક અગત્યના કામે આવ્યા છીએ. અમારી સંસ્થા રાહતફંડ ભેગું કરે છે. એ વાતની આપને ખબર છે ને? હજુ મહાજને પૈસા લખાવો તેમ કહ્યું નથી તે પહેલાં તો શેઠના શરીરે પરસેવાના છેદ વળી ગયા ને મનમાં વિચારવા લાગ્યા કે આ અણધારી આફત કયાં આવી ? આવ્યા છે એટલે કંઈક તો આપવું જ પડશે ને ? શેઠના મુખ ઉપરના ભાવો જોઈને મહાજન સમજી ગયું ને કહ્યું શેઠ ! ચિંતા ન કરશો. અમે આપની પાસે રકમ લેવા નથી આવ્યા પણ તમે અમારા કાર્યમાં એટલી સહાય કરો કે રૂપિયા દશ હજારનો ચેક લખી આપો. અમે સાંજે તો પાછો આપી જઈશું.

શેઠના મનમાં થયું કે ચેક પાછો આપી જવાનું કહે છે તો મને લખી દેવામાં શું વાંધો છે ? મહાજન ઉપર વિશ્વાસ રાખીને લોભી શેઠે ચેક લખી આપ્યો. મહાજન તો ચેક લઈને ગયું પણ શેઠના મનમાં થયું કે આ તો પૈસાની વાત કહેવાય. કદાચ મહાજન બેંકમાં ચેક વટાવવા જાય તો ? એમ વિચારીને શેઠ તરત બેંકમાં ઉપડયા, અને બેંકના ખાતામાં નવ હજાર ને નવસો રૂપિયા રાખીને વધારાની બધી રકમ શેઠ લઈ આવ્યા. દશ હજાર પૂરા હોય તો જ પૈસા મળે ને ? કદાચ ચેક ગેરવલ્લે જાય તો પણ એના નાણાં ન મળે. એવો પાકો બંદોબસ્ત કરીને શેઠ શાંતિથી બેઠા. આ તરફ મહાજન દશ હજારનો ચેક લઈને ગયું ને દશ હજારની મોટી રકમનું નામ સૌથી મોખરે લખી લીધું, અને જ્યાં જાય ત્યાં શેઠનો ચેક બતાવવા લાગ્યા, તેથી સૌના મનમાં આશ્ચર્ય થયું કે અહો ! આવા લોભી શેઠે આવી મોટી રકમ લખાવી તો પછી આપણે તો લખાવવી જોઈએ ને ? એટલે કોઈ કહે છે મારા પાંચ હજાર લખો. કોઈ કહે છે મારા સાત હજાર, તો કોઈ કહે છે મારા દશ હજાર લખો. આમ આખા દિવસમાં રૂપિયા દોઢ લાખનું ફંડ ભેગું થઈ ગયું.

મહાજન તો વારાફરતી બધાને ઘેર જાય છે પણ આ વાતની જાણ થતાં સૌ શેઠને મળવા આવ્યા. બધા શેઠની પ્રશંસા કરતા કહેવા લાગ્યા કે શેઠ! અત્યાર સુધી અમે આપને ઓળખ્યા નહિ. આપે ઉદાર દિલે દશ હજારનો ચેક લખી આપ્યો.

ધન્ય છે આપની ઉદારતાને! આમ શેઠની પ્રશંસા કરવા લાગ્યા. પ્રશંસાની પરિમલ કોને નથી ગમતી? પોતાની પ્રશંસા સાંભળીને શેઠના આનંદનો પાર ન રહ્યો. સાંજ પડતા મહાજન શેઠનો ચેક પાછો આપવા આવ્યું ને કહ્યું–શેઠ! આજે તમે અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો. તમારા ચેકે અમને ઘણી મોટી રકમ ભેગી કરાવી આપી. બીજાઓ પર એની ખૂબ સારી અસર થઈ. જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અમને ધાર્યા કરતા વધારે સારી રકમ મળી.

મહાજને ખૂબ પ્રશંસા કરી એટલે લોભી શેઠના હૃદયનું પરિવર્તન થઈ ગયું. અહો! મેં તો સાંજે પાછો આપી દેવાની શરતે ચેક આપ્યો. કંઈ દાન તરીકે આપ્યો ન હતો, છતાં મારી આટલી બધી પ્રસંશા થઇ! લોકોમાં મારી ઉદારતાની છાપ પડી. તો હવે મારાથી આ ચેક પાછો લેવાય? થોડા ટાઈમ પૂરતો આપેલો ચેક મહાજનના હાથમાં આપીને કહ્યું આજે તમે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તમે મને દાન દેવાનું શીખવાડયું. આજ સુધી હું દાન દેવામાં સમજતો ન હતો પણ આપના પ્રતાપે મારું અંતર અને આંખ આજે ખુલી ગયા છે. હૈયું, હાથ અને હોઠ ઉઘડી ગયા છે. મેં તો ચેક પાછો લેવા માટે આપ્યો હતો. કંઈ દાનમાં આપવા માટે આપ્યો ન હતો છતાં આપે મારી આટલી બધી પ્રશંસા કરાવી. આ બધો દાનનો પ્રભાવ છે. તમે આ રાહત ફંડમાંથી દુઃખી લોકોને રાહત આપશો ત્યારે એમને કેવી શાંતિ થશે! એ વિચારથી મને ખૂબ આનંદ થયો છે. મારો ચેક તમે આવતી કાલે વટાવી લેજો. મારો ખોટો ચેક તમારા જેવા સેવાભાવી મહાજનના સ્પર્શથી પારસમણિ જેવો બની ગયો.

દેવાનુપ્રિયો! લોભીમાં લોભી શેઠનું હૃદય પણ પીગળી ગયું. સમાજમાં લોભી ગણાતા શેઠ ઉદાર બની ગયા, અને સંપત્તિનો સદુપયોગ કરવા લાગ્યા, સંપત્તિનો સદુપયોગ એ માનવજીવનનો સાચો આનંદ છે. પરોપકારને અર્થે વાપરેલી સંપત્તિ ઘટતી નથી પણ વધે છે, માટે મન મોકળું કરીને તમને જે સંપત્તિ મળી છે તેનો સદુપયોગ કરી લો. બાકી આજે મોટા ભાગના માણસો સંપત્તિ મેળવવા માટે બજારમાં બેસીને ન્યાય નીતિને નેવે મૂકે છે. પોતાના ભાગીદારોને ઠગે છે. સરકારના કરવેરામાંથી છટકવા માટે કાળા નાણાં કઈ રીતે સાચવવા તેની ચિંતા કર્યા કરે છે, અને કાળા નાણાંને ઉજળા કરવા માટે જુદા જુદા ઉપાયો શોધ્યા કરે છે. કોઈની થાપણ હજમ કરી જતાં પણ હૃદયમાં આંચકો લાગતો નથી. વિધવા માતાઓની મૂડી પચાવી લેતા પણ દિલમાં દુઃખ થતું નથી. સગા ભાઈને પણ દગો કરીને ધન ઘર ભેગું કરવાની વૃત્તિ થાય છે. એવા દાખલા સાંભળતાં દિલમાંથી ઉના નિસાસા નીકળી પડે છે ને આંખમાંથી ઉના આંસુ સરી પડે છે. આવી રીતે દગા પ્રપંચ કરીને મેળવેલું ધન જીવને દુર્ગતિમાં લઈ જાય છે, માટે જેમ બને તેમ લક્ષ્મીનો મોહ છોડો અરે, હું તો કહું છું કે સાચું સુખ જોઈએ તો સંસારનો ત્યાગ કરી ત્યાગના ઘરમાં આવી જાઓ. અહીંના જેવું સુખ તો તમને કયાંય નહિ મળે.

ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને પણ એ જ વાત સમજાવે છે કે ત્યાગમાં જે સુખ અને આનંદ છે તે સંસારમાં નથી. હજુ ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને શું કહેશે તે અવસરે.

ચરિત્ર :- "હરિસેનને સત્ય સમજતાં થયેલો પશ્ચાતાપ :- હરિસેન રાજાને હવે એના મોટાભાઈ ભીમસેન રાજા, ભાભી સુશીલા રાણી અને બે ભત્રીજા દેવસેન અને કેતુસેન બધા ખૂબ યાદ આવ્યા છે, અને પોતે કરેલા હડહડતા અન્યાય બદલ ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો. ભાઈભાભીનું શું થયું હશે ? એ વિચારે હરિસેન મગજ ગુમાવી બેઠો. તે માટે મોટા મોટા રાજવૈદો અને ડૉકટરોને તેડાવીને ચિકિત્સા કરાવી ત્યારે એમનું મગજ કંઈક શાંત થયું, પણ એમનામાં પહેલા જે સ્ફુર્તિ હતી તે દેખાતી નથી. રાજસભામાં જાય. આવે ખાય પીવે બધું કરે છે પણ જાણે ન છૂટકે કરતા હોય તેવી રીતે કરે છે. કોઈ કાર્યમાં એમને રસ કે આનંદ નથી. પોતાના મહેલમાં જાય ત્યારે પોતાની રાણી સુરસુંદરીને જોઈને ક્રોધ આવી જતો ને કહેતો કે હે દુષ્ટા ! હે પાપિણી ! આ તારી ચઢવણીથી મારી મતિ કુમતિ થઈ ગઈ ને મેં આવું અકાર્ય કર્યું. ધિક્કાર છે મને પાપીને કે હું સ્ત્રીનો ચઢાવ્યો ચઢી ગયો ! એમ કહી સુરસુંદરી ઉપર ખૂબ ક્રોધ કરતો. એટલેથી પતી જતું નહિ.

લે દંડા કામણ કેા કૂટે, દુર્મતિકી દાતાર,
સત્યાનાશ કીયા સબ ઘરકા, વ્હાલા જાણી નાર.

હાથમાં લાકડી લઈને ખૂબ માર મારતો ને કહેતો કે તેં જ મને ખોટી સલાહ આપી છે. તારા મોહમાં હું આંધળો બની ગયો એટલે મેં તારી વાતો સાચી માની અને આવું અઘટિત કાર્ય કર્યું. ઓ કુલખંપણુ ! તેં તો મારો અને મારા કુટુંબનો સત્યાનાશ વાળી દીધો. તેં એક કેરીને માટે દાસીની વાતો સાંભળીને આ બધો ઉશ્કેરાટ મચાવ્યો. કદાચ એક કેરી ઓછી આવી તો એમાં સમભાવ ન રાખી શકી કે આવો મોટો જંગ મચાવ્યો ! કયાં ગઈ એ દાસી ? એને તો હું અત્યારે જ મારા નગરની બહાર કાઢી મૂકું છું. એમ કહીને ભૂંડા હાલે રોતી ને કકળતી દાસીને કાઢી મૂકાવી, અને રાણીને કહે છે કે હવે મારા મોટાભાઈ અને ભાભી આવે એટલે તને પણ કાઢી મૂકીશ. અરેરે....જે પુરૂષો આ દુનિયામાં સ્ત્રીના કહ્યા પ્રમાણે ચાલ્યા છે એ ખુવાર થઈ ગયા છે, એવા તો કંઈક દાખલા છે.

"સ્ત્રીની ચઢવણીથી થતાં અનર્થ" :- શ્રેણિક રાજાનો પુત્ર કોણીક એની રાણી પદ્માવતીનો ચઢાવ્યો ચઢી ગયો ને હલ-વિહલ પાસેથી હાર અને હાથી પડાવી લેવાને માટે કેટલું કર્યું ? એણે હલ-વિહલ પાસે હાર અને હાથી માંગ્યા પણ એમણે કહ્યું કે એ તો પિતાજીએ અમને આપેલા છે તે નહિ આપીએ. તો પણ કોણીકે જબરજસ્તીથી લેવા માટે ધમકી આપી ત્યારે હલ અને વિહલ પોતાના દાદા ચેડા મહારાજાના શરણે ગયા. ત્યાં બંને વચ્ચે અન્યાયની સામે જીત મેળવવા માટે ભયંકર

યુદ્ધ થયું. એમાં કરોડો નિર્દોષ માણસોના ખૂન રેડાયા, છતાં કોણીકને ન મળ્યો હાથી કે ન મળ્યો હાર અને જીવોની ઘોર હિંસા થઈને પાપના ભાતા બંધાયા. બધું બનવાનું મૂળ કારણ તો સ્ત્રી જ ને! કૈકેયી રાણી પણ એની દાસી મંથરાની ચઢવણીએ ચઢી ગઈ અને એના કહેવાથી દશરથ રાજાએ રામચંદ્રજીને જે દિવસે રાજતિલક થવાનું હતું તે દિવસે વનવાસ આપ્યો. આનું મૂળ કારણ પણ સ્ત્રી છે. જે સ્ત્રીની ચઢવણીથી ચઢયા છે એણે તો મહાન અનર્થ કર્યા છે. હું પણ એમાંનો જ એક છું. અરેરે.... ભગવાન! મારું શું થશે? આમ કહીને જોરજોરથી રડવા લાગતો. આ રીતે હરિસેનની સ્થિતિ ખૂબ કરૂણાજનક બની ગઈ.

"નગરજનો ચિંતામાં":– આખા નગરમાં હાહાકાર મચી ગયો કે આપણું શું થશે? આ વિચારમાં આખી નગરીના માણસોએ વહેપાર ધંધા છોડી દીધા ને કંઈક નગરજનોએ તો જ્યાં સુધી ભીમસેન રાજા પરિવાર સહિત ન આવે ત્યાં સુધી આયંબીલ કરવા, એકાસણાં કરવા, એકાંતર ઉપવાસ કરવા એવા નિયમ લીધા ને પ્રભુને પ્રાર્થના કરતા ધર્મધ્યાન કરવા લાગ્યા. ભીમસેન રાજાએ મોકલેલા બે ગુપ્તચરોએ ઉજ્જૈનીમાં આવીને આ બધી હકીકત મેળવી લીધી, પછી પાછા ફર્યા ને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પાછા પહોંચી ગયા, અને ભીમસેન રાજાને બધી હકીકત વિગતવાર જણાવતાં કહ્યું હે નરેશ! આપની ઉજ્જૈની નગરી આજે ન ઘણીયાતી જેવી બની ગઈ છે. રાજ્યનો વહીવટ તો મોટા ભાગે પ્રધાન સંભાળે છે. રાજા હરિસેન, પ્રધાન અને પ્રજા આપને ઝંખે છે, માટે હવે આપ જલ્દી પધારો. આ પ્રમાણે ગુપ્તચરોએ સમાચાર આપ્યા. આ તરફ ઉજ્જૈની નગરીમાંથી પણ ઘણાં સુભટોને ભીમસેનની શોધમાં મોકલ્યા છે. ભીમસેનને પોતાના ભાઈની કરૂણાજનક સ્થિતિ સાંભળીને ખૂબ દુઃખ થયું છે. હવે તેઓ ઉજ્જૈની જવા માટે તૈયારી કરશે. દેવસેન અને કેતુસેન તો રાહ જોઈને બેઠા છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૮૨

આસો વદ ૬ ને ગુરૂવાર **તા. ૧૧-૧૦-૭૯**

અનંત કરૂણાસાગર સર્વજ્ઞ અને સર્વદર્શી તીર્થંકર ભગવંતો જગતના જીવોનું કલ્યાણ કેવી રીતે થાય ને પાપ કેવી રીતે દૂર થાય તે બતાવતા બોલ્યા કે હે જીવો! દુઃખનું મૂળ પાપ પ્રવૃત્તિ છે ને સુખનું મૂળ ધર્મપ્રવૃત્તિ છે, એટલે કે ધર્મારાધના કરવાથી સુખ મળે છે ને પાપકર્મ કરવાથી દુઃખ મળે છે. ગત ભવોમાં કરેલી દુષ્કૃત પ્રવૃત્તિથી આ ભવમાં પાપ ઓછું કર્યું હોવા છતાં દુઃખ આવે છે માટે જ્યારે જ્યારે

દુઃખ આવે ત્યારે નિરાશ થયા વગર સમતા ભાવે દુઃખ ભોગવવું જોઈએ. દુઃખમાં જો સમતાભાવ નહિ કેળવ્યો હોય તો નવા કર્મો બંધાય છે. નવા કર્મોનો બંધ ન થાય તે માટે અવશ્ય કાળજી રાખવી જોઈએ.

જ્યારે દુઃખ આવે ત્યારે એવો વિચાર કરવો કે આ જગતમાં અનેક જીવો મારા કરતા વધુ દુઃખી છે. એની અપેક્ષાએ તો મને કંઈ જ દુઃખ નથી. નરકના જીવોને તો ક્ષણવાર પણ રાહત કે શાંતિ નથી, અને નિગોદના જીવોને તો સતત જન્મ-મરણ ચાલુ હોવાથી લેશ પણ સુખ નથી. માનવ જીવનમાં સુખ અને દુઃખ તો વારાફરતી આવવાના છે, માટે દુઃખ આવે ત્યારે નિરાશ બનવાની જરૂર નથી. દુઃખ આવે ત્યારે વિચારવું કે આ દુઃખ તો મારા ઉપર મહાન ઉપકાર કરી રહ્યું છે કારણ કે એ મારા પૂર્વોપાર્જીત કર્મોને લઈ જાય છે. દુઃખમાં સમત્વભાવ એ પૂર્વે ઉપાર્જન કરેલા અશુભ કર્મરૂપ કચરાને કાઢવાનો અપૂર્વ અવસર છે. જો દુઃખમાં સમતા રાખીએ તો દુઃખ પણ કમાણીનો અવસર બની જાય છે. સુખમાં અને દુઃખમાં આત્માની દશા કેવી હોય છે? **સુખ આત્માને પતન તરફ લઈ જાય છે અને દુઃખ ઉન્નતિની તરફ લઈ જાય છે. સુખમાં વૃત્તિઓ બહિર્મુખી થાય છે ને દુઃખમાં અંતર્મુખી થાય છે. સુખમાં વિચારો વિકારની તરફ દોડે છે ને દુઃખમાં નિર્વિકારતા તરફ દોડે છે. સુખના દિવસો મસ્તીમાં વ્યતીત થાય છે ને દુઃખના દિવસો સુસ્તીમાં વ્યતીત થાય છે. સુખમાં મનુષ્ય પોતાની વાત સાંભળે છે ત્યારે દુઃખમાં બધાની વાત સાંભળે છે. સુખમાં મનુષ્ય અભિમાની બની જાય છે ત્યારે દુઃખમાં નિરાભિમાની બને છે.**

શરીરને માટે રાત્રિ એ વિશ્રામનો સમય ગણાય છે. રાત્રે ઉંઘીને ઉઠયા પછી માણસ જેમ પ્રભાતમાં સ્ફુર્તિ પ્રાપ્ત કરે છે અને કાર્ય કરવામાં એ તત્પર બને છે, એવી રીતે જ્યારે દુઃખ આવે છે ત્યારે તમે એને રાત માનો. જેમ રાત્રે વિશ્રામ લઈ લેવાથી સવારમાં સ્ફુર્તિ આવી જાય છે, એવી રીતે દુઃખમાં ઉંઘી જાઓ એટલે શાંત બની જાઓ. દુઃખને સમતાપૂર્વક સહન કરો. જો આવેલા દુઃખને ઉંઘવાની માફક સમતાપૂર્વક સહન કરી લેશો તો એ દુઃખનો બોજો પણ હળવો બની જશે. જેમ સૂર્યોદય સાથે આપણી દૃષ્ટિ સતેજ બની જાય છે એ રીતે સમતાપૂર્વક દુઃખને ભોગવ્યા પછી એક અપૂર્વ આનંદની અનુભૂતિ થશે. દુઃખ તો કર્મ ખપાવવાનો અપૂર્વ અવસર છે. દુઃખમાં સમતાભાવને કેળવવાની તક મળે છે. ત્રિછેલોકમાં સહાને માટે રાત્રિ નથી ને સહાને માટે દિવસ નથી. રાત પછી દિવસ અને દિવસ પછી રાત આવે છે ને જાય છે, એવી રીતે આપણા જીવનમાં સુખ દુઃખની ઘટમાળ ચાલુ રહે છે. જીવનપર્યંત સુખ હોય કે જીવનપર્યંત દુઃખ હોય એવું આ મૃત્યુલોકમાં બની શકતું નથી. માત્ર એકલું દુઃખ નરક અને નિગોદમાં છે. માત્ર સુખ મોક્ષમાં છે અને સુખ-દુઃખ બંને આ સંસારમાં છે.

દુઃખમાં દુષ્કૃતની ગર્હા કરવી જોઈએ, કારણ કે જે કોઈ સુખ-દુઃખ આપણા જીવનમાં આવે છે તે દુઃખમાં કારણભૂત આપણો પોતાનો આત્મા છે. **" अप्पा कत्ता विकत्ताय दुहाण य सुहाण य ।"** પૂર્વભવમાં બાંધેલું આપણું પોતાનું પાપકર્મ અત્યારે ઉદયમાં આવ્યું છે. કોઈ પણ જીવ એકબીજાને સુખ-દુઃખ આપવામાં સમર્થ નથી. બીજા જીવો તો નિમિત્ત માત્ર છે. એવું સમજીને મોહના સંતાપને દૂર કરી આત્મસ્વરૂપનું ચિંતન કરવું જોઈએ. ભૂતકાળનો વિચાર કરીને સાવધાન બનવું અને ભવિષ્ય બગડી ન જાય તેની સતત કાળજી રાખવી જોઈએ. પૂર્વના અનંત ભવોમાં જે દુષ્કૃત કર્યા છે એની નિંદા કરવી. આજ સુધી જીવે અઢાર પાપોનું સેવન કર્યું છે. અઢાર પાપનો બાપ મિથ્યાત્વ છે. હવે જાગૃત બનીને એ મિથ્યાત્વને તજવું જોઈએ. ભગવાનની આજ્ઞાની વિરાધનાથી અનંતકાળથી આપણો આત્મા સંસારમાં રઝળે છે. એ દુષ્કૃતોની નિંદા કરવી. હવે પછી એવા દુષ્કૃતો જીવનમાં ન થાય એની ખાસ કાળજી રાખવી જોઈએ. જીવ જ્યાં ગયો ત્યાં એણે પાપના હેતુભૂત સાધનો એકઠા કર્યા છે. હવે એ સાધનોનો ત્યાગ કરી દેવો જોઇએ. તીર્થંકર પ્રભુની આજ્ઞાનું પાલન ન કરવું, એમની અવહેલના કરવી એ ઘોર મિથ્યાત્વ છે. મિથ્યાત્વ એટલે શું ?

अदेवे देव बुध्धियो, गुरुधीर गुरावपि ।
अधर्मे धर्मबुद्धिश्च, मिथ्यात्वं तद्विपर्ययात् ॥

રાગ-દ્વેષ યુક્ત દેવને ભગવાન માનવા, મહાવ્રત રહિત ગુરૂને સદ્‌ગુરૂ માનવા, અને અધર્મને ધર્મ માનવો તે મિથ્યાત્વ છે કારણ કે એ વિપરીત ધારણા છે. જ્યાં સુધી મિથ્યાત્વનો નાશ ન થાય ત્યાં સુધી બાહ્ય રૂપે દેખાતી ધર્મક્રિયા માત્ર સંસારનું કારણ બને છે. જે જીવ મિથ્યા દર્શનમાં રક્ત છે, નિયાણા સહિત છે, એટલે કે જે હિંસામય પ્રવૃત્તિ કરનાર છે એવી સ્થિતિમાં મરનાર જીવને બીજા ભવમાં સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થવી કઠિન છે, માટે આવો દુર્લભ અને ઉત્તમ મનુષ્ય ભવ પામ્યા છો તો બીજું ન કરી શકો તો ખેર, પણ ઓછામાં ઓછું સમ્યક્‌ત્વ તો પામી જાઓ. સમ્યક્‌ત્વ પામ્યા એટલે ભવનો છેડો નીકળ્યો એમ સમજી લો. સમ્યક્‌ત્વ પામેલો જીવ સમજે છે કે **" સંસારના સુખો ગમે તેટલા સોહામણા ને સુંદર હોય પણ અંતે તો દુઃખદાયી હોય છે અને મોક્ષના સુખો ગમે તેટલા દુઃખથી ભળતા હોય તો પણ અંતમાં તો તે સુખદાયી છે."** આટલા માટે જ્ઞાની ભગવંતો કહે છે કે સંસારના સુખોમાં આસક્ત ન બનો. સંસારમાં પ્રાપ્ત થતું બાહ્ય સુખ પૂર્વભવમાં ઉપાર્જન કરેલા શુભ કર્મોનું ફળ છે. એમ સમજીને એનો ત્યાગ થાય તો કરો ને જો ત્યાગ ન કરી શકો તો અનાસક્ત ભાવ કેળવો. સંસાર સુખની આસક્તિ કર્મબંધનનો હેતુ છે. બાહ્ય સુખ એ ખરેખર સુખ નથી પણ ભાવિના દુઃખને આમંત્રણ આપનાર છે. સુખમાં અભિમાન ન કરો, કારણ કે તમારી પાસે જે સુખ છે એ મોક્ષના સુખ આગળ કંઈ નથી. સિદ્ધ ભગવાનનું સુખ કેવું છે ?

ण वि अत्थिं मणुस्साणं, तं सोक्खं ण वि य सव्व देवाणं,
जं सिद्धाणं सोक्खं अव्वाबाह उवगयाणं।
जं देवाणं सोक्खं सव्वद्धा पिंडियं अणंतगुणं,
ण य पावइ मुत्तिसुहं, णंताहिं वग्ग वग्गूहिं ॥

નિરાબાધ અવસ્થાને જેમણે પ્રાપ્ત કરી છે એવા સિદ્ધ ભગવંતોનું જે સુખ છે એવું સુખ તો મૃત્યુલોકના સુખીમાં સુખી મનુષ્યો અને મહર્ધિકમાં મહર્ધિક દેવો અરે સર્વદેવોના ભૂત-ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાળના સુખો ભેગા કરવામાં આવે અને એને અનંત વાર વર્ગ અથવા ગુણાકાર કરવામાં આવે તો પણ તે મોક્ષના ક્ષણવારના સુખોની તોલે આવી શકતું નથી. આવું મોક્ષનું સુખ જોઈતું હોય તો પુરૂષાર્થ કરો, કારણ કે તમારી પાસે જે સુખ છે એ તો દેવલોકના સુખોની આગળ કંઈ નથી તો મોક્ષના સુખની વાત તો કરવી જ કયાં ! માટે તમારા બાહ્ય ભૌતિક સુખોમાં અભિમાન ન કરો.

આજે જે કંઈ સુખ પ્રાપ્ત થયું છે તે માત્ર પુણ્યનું ફળ છે. આપણા પુણ્યના બંધમાં અનેક જીવોની સહાયતા હોય છે માટે સુખમાં પણ બીજાના ઉપકારને યાદ કરતા શીખો, અને સુખમાં બીજાને ભાગીદાર બનાવો. આપણને જેમ સુખ પ્રિય છે તેમ જગતના બધા જીવોને સુખ પ્રિય છે, માટે માત્ર સ્વસુખનો વિચાર ન કરવો. સુખમાં આસક્તિભાવનો ત્યાગ કરીને સુકૃતોની અનુમોદના કરવી જોઈએ. સુખમાં કારણભૂત જે સુકૃત છે એની અનુમોદના કરવાથી નવું પુણ્ય બંધાતું જાય છે, અને એ રીતે પુણ્યનો ભંડાર અખૂટ બનતો જાય છે. પુણ્યથી મળેલી ભૌતિક સામગ્રીમાં જો આસક્તિભાવ આવી ગયો ને એમાં તન્મય બની ગયા તો એ પુણ્યથી મળેલી સામગ્રી પણ આત્માના અકલ્યાણને માટે હોય છે. ઘઉં વાવવાથી ઘાસ તો સહેજે મળે છે તેમ મોક્ષની સાધના કરતા બાહ્ય ભૌતિક સામગ્રી ન જોઈએ તો પણ સહેજે મળે છે, પરંતુ એ સામગ્રીની પ્રાપ્તિ થયા પછી વધુ સાવધાન ને જાગૃત રહેવું જોઈએ. જો જાગૃત ન રહે તો એ સામગ્રી આત્માનું અધઃપતન કરાવનાર બનશે. બાહ્ય સામગ્રી જેમ વધુ મળે તેમ આત્માનો અનાસક્તભાવ વધવો જોઈએ. પુણ્યના ફળ રૂપે પ્રાપ્ત થયેલ ભૌતિક સામગ્રી આત્મકલ્યાણના ઇચ્છુક આત્માને માટે પરીક્ષાની પળ છે, માટે એમાં વધુ જાગૃત રહેવાનું છે.

જીવને પોતાના સુખ પ્રત્યે રાગ છે ને દુઃખ પ્રત્યે દ્વેષ છે. આ જગતમાં અનંતા જીવો દુઃખી હોવા છતાં જીવને પોતાના સુખ પ્રત્યેનું ધ્યેય છે. મનુષ્ય પોતાના સુખમાં એટલો બધો લીન બનેલો છે કે બીજા જીવો સુખી હોય કે દુઃખી હોય એની એને બિલકુલ પડી હોતી નથી, ત્યારે આપણા ભગવાન તો રાગ-દ્વેષથી રહિત હોવાથી વીતરાગ છે. એમના હૃદયમાં તો સર્વ જીવોના હિતની ભાવના હોય છે, તેથી તીર્થંકર ભગવાન પોતે કૃતકૃત્ય હોવા છતાં પણ ધર્મતીર્થની સ્થાપના કરીને ભવ્ય જીવોને ઉપદેશ આપે

છે કે સુખમાં આસક્તિભાવ તજીને જો સુકૃતની અનુમોદના કરવામાં આવે અને દુઃખમાં નિરાશાને તજીને જો દુષ્કૃતની ગર્હા કરવામાં આવે તો અવશ્ય સુખનો રાગ અને દુઃખનો દ્વેષ ચાલ્યો જશે, અને ફળ રૂપે આત્મા શાશ્વત સુખનો અધિકારી બની જશે. તીર્થંકર ભગવાન સર્વ જીવોના શરણદાતા છે. આ જગતમાં શરણદાતા કોણ બની શકે ? જે પોતે પૂર્ણ અને સર્વ ગુણોથી સંપન્ન હોય તે શરણદાતા બની શકે છે, માટે તીર્થંકર ભગવંત આદિ જગતમાં ભટકતા જીવોને માટે શરણરૂપ છે, કારણ કે એ પોતે સર્વ દુષ્કૃતોથી રહિત અને સુકૃતોથી યુક્ત છે, માટે જો જન્મ મરણના કારાવાસમાંથી મુક્ત થવું હોય તો મુક્ત એવા અરિહંતાદિનું શરણ સ્વીકારી લેવું જોઈએ. આ સંસારમાં જે મનુષ્ય તીર્થંકર પ્રભુનું શરણું સ્વીકારે છે અને એમની આજ્ઞાનું પાલન કરે છે તે આત્મા પરિતસંસારી બનીને જલ્દી મોક્ષમાં જાય છે.

તીર્થંકર ભગવંત સર્વ જીવોને માટે માતા સમાન છે. માતાને તો પોતાના સંતાનો ઉપર જ વાત્સલ્ય હોય છે પણ તીર્થંકર ભગવાન જગતના સર્વ જીવો ઉપર વાત્સલ્ય ભાવ રાખે છે. એમના હૃદયમાં સર્વ જીવોને કર્મબંધનથી મુક્ત કરાવી મોક્ષના અનંત અવ્યાબાધ શાશ્વત સુખ પ્રાપ્ત કરાવવાની ભાવના હોય છે. આપણા હૃદયમાં તો આપણા પોતાના દુઃખ દૂર કરવાની ભાવના છે, પણ ભગવંતને તે સર્વજીવોના દુઃખો દૂર કરવાની ભાવના છે. સંસારી જીવો પોતાના ઉપર આપત્તિ આવે છે ત્યારે દીન બની જાય છે પણ બીજાની આપત્તિને પણ પોતાની માનીને સહાય કરવાની વૃત્તિ જેનામાં હોય છે એવા આત્માઓ મુક્તિના માર્ગમાં આગળ વધી શકે છે. વર્તમાનકાળમાં જે દુઃખ આવ્યું છે તે પોતાના કરેલા પાપકર્મનું ફળ છે એમ સમજીને સમતાભાવથી સહન કરતા શીખો. પોતાને દુઃખ ન આવે એવી ભાવના સૌને હોય છે પણ સમકિતી આત્માને જગતમાં કોઈપણ જીવો પાપ ન કરો, કોઈ પણ જીવો દુઃખી ન થાઓ, સર્વ જીવો સુખી થાઓ, સર્વ જીવો સંસારથી મુક્ત બનો. આવો વિચાર આવે છે, માટે આવો ઉત્તમ માનવભવ પામીને ઓછામાં ઓછી સમ્યક્ત્વની પ્રાપ્તિ તો અવશ્ય કરી લેજો, તો માનવભવ પામ્યા સાર્થક થશે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩મા ચિત્ત સંભૂતીય નામના અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચિત્તમુનિ મહાન પવિત્ર ચારિત્રવાન સાધુ છે. તેઓ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે હે બ્રહ્મદત્ત ચક્રવર્તિ ! અત્યારે તું તારા છ ખંડની સાહ્યબીમાં મસ્ત બની ગયો છે પણ યાદ કર, પૂર્વે કેવા દુઃખો સહન કર્યા છે ?

રહીને ચંડાળ જાતિમાં, વેઠ્યા દુઃખો અનેકશ,
તિરસ્કાર પરિત્યાગ, શ્વાનવત્ કરતા જનો

આપણે બંને ચાંડાળ જાતિમાં જન્મ્યા હતા ત્યારે ત્યાં કેવા ભયંકર અને કેટલા બધા દુઃખો ભોગવ્યા હતા એનો તને ખ્યાલ છે કે નથી ? બધી જાતિઓમાં ચાંડાલની જાતિ હલકામાં હલકી ગણાય છે એટલે કોઈ ચાંડાલના સામું જોવા પણ ઈચ્છતા નહોતા.

અને કૂતરાની જેમ આપણો તિરસ્કાર કરતા હતા. ત્યાં આપણા શુભકર્મના ઉદયથી મહાન ત્યાગી સંતના દર્શન થયા ને એમણે આપણને શુભાશુભ કર્મના ફળ, માનવભવની મહત્તા વિગેરે સમજાવ્યું, તેથી આપણે બંનેએ ત્યાં વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. ખૂબ સુંદર ચારિત્ર પાળ્યું ને શુભ કર્મોનું ઉપાર્જન કર્યું. તેના પ્રતાપે આ બધું સુખ મળ્યું છે માટે સમજ. તું ચક્રવર્તિ પદનું નિયાણું કરીને આવ્યો છે એટલે તારી સંપત્તિ તું જીવે ત્યાં સુધી કદાચ ટકી રહે પણ એ તારી સંપત્તિ તને કયાં લઈ જશે? આ આયુષ્યનો પણ કંઈ ભરોસો છે? માથા ઉપર મોતની તલવાર ઝઝૂમી રહી છે. મહાન પુરૂષો તો ક્ષણેક્ષણે મરણના ભયથી ડરતા રહે છે, અને પોતાની પાસે આવનારને પણ મરણનો ભય બતાવીને આત્મકલ્યાણ કરવાનો માર્ગ બતાવે છે.

એક વખત એક સંત પાસે કોઈ ભક્ત એની શંકાનું સમાધાન કરવા માટે આવ્યો, સંતે એને ધર્મની ગૂઢ વાતો ઘણી સમજાવી, ત્યારે એણે પ્રશ્ન કર્યો કે મહારાજ! આપ ધર્મની વાતો બહુ સુંદર રીતે સમજાવો છો એ વાત બધી સાચી છે, પણ મારું મન સ્થિર રહેતું નથી. તેનો કોઈ ઉપાય બતાવો. સંત ખૂબ ગંભીર, જ્ઞાની, વિચારશીલ અને અનુભવી હતા. એમણે ભક્તની વાત સાંભળીને વિચાર કર્યો કે આ સમજ્યો નહિ સમજે પણ કોઈ ભયની વાત કરું તો સમજશે. એમ વિચાર કરીને બોલ્યા કે તારા પ્રશ્નનો જવાબ પછી આપીશ, પણ તે પહેલા એક વાત સાંભળ.

તારે ગભરાવવાની જરૂર નથી. તારું આયુષ્ય માત્ર સાત દિવસનું છે. હવે જો કદાચ આઠમે દિવસે જીવતો રહે તો મારી પાસે આવજે. હું તને તારા પ્રશ્નનો જવાબ આપીશ. મરણની વાત સાંભળીને પેલો ભક્ત ધ્રુજી ઉઠ્યો. ગળગળો થઈ ગયો ને બોલી ઉઠ્યો શું....હેં....હું સાત દિવસ પછી મરી જઈશ? હજુ તો મારે ઘણાં કામ કરવાના બાકી છે ને આયુષ્ય તો સાત દિવસનું છે. હવે હું શું કરીશ? મૂંઝવણનો પાર ન રહ્યો. રડતો ને ઝૂરતો ઘેર આવ્યો. ખાવું પીવું ઉંઘવું કે કામધંધો કરવો એ કંઈ જ એને ગમતું નથી. એક દિવસ તો રડવા ઝૂરવામાં વીતાવી દીધો. બીજે દિવસે એને વિચાર આવ્યો કે હે જીવડા! જેનો જન્મ છે તેનું મરણ અવશ્ય એક દિવસ થવાનું છે આ દુનિયામાં ઘણાં જન્મ્યા ને મર્યા. મરણ આગળ કોનું ચાલ્યું છે? મૃત્યુને કોઈ રોકી શકતું નથી. તો પછી શા માટે ઝૂરે છે? તારા પુણ્યનો ઉદય છે કે સંતે તને સાત દિવસ બાકી છે એમ કહી દીધું. નહિતર ખબર કયાંથી પડત! એક દિવસ તો ચાલ્યો ગયો. હવે તો માત્ર છ દિવસ બાકી છે. આ સંસારમાં કોણ કોનું છે? હું આ બધી ઝંઝટ છોડીને મારા આત્માનું કલ્યાણ કરી લઉં. એમ વિચાર કરીને પૈસા, પત્ની, પુત્ર પરિવાર, ઘર, વહેપાર બધાની ચિંતા છોડીને ભગવાનના ધ્યાનમાં બેસી ગયો. તે ધ્યાનમાં એવો લીન બની ગયો કે જાણે ભગવાન એની સામે જ ન બેઠા હોય! સહેજ મન ચંચળ બને ત્યાં મૃત્યુનો મહાભય એની નજર સમક્ષ ખડો થઈ જતો. જેમ જેમ દિવસો પસાર થતા ગયા તેમ તેમ એની એકાગ્રતા વધવા લાગી.

સાત દિવસ પૂરા થયા. ભગવાનના ધ્યાનમાં એનું હૃદય શાંત બની ગયું. મુખ ઉપર અલૌકિક આનંદ પ્રસરી ગયો. આઠમા દિવસે એ સંત પાસે ગયો એટલે સંતે પૂછયું કેમ ભાઈ! સાત દિવસમાં તેં શું કર્યું? ભક્તે કહ્યું. ગુરૂદેવ! મને તો સાત દિવસમાં ભગવાનના નામ સિવાય કોઈ વિચાર આવ્યો નથી. ઘરબાર, પૈસા, કુટુંબ વિગેરેના વિચારો વિલીન થઈ ગયા. હવે તો જાણે ભગવાનની ભક્તિમાં તરબોળ બની જાઉં એમ જ થાય છે. સંતે કહ્યું. હવે તારા પ્રશ્નનો જવાબ મળી ગયો ને? મેં તારા પ્રશ્નનો જવાબ આપવા માટે જ તને મૃત્યુનો મહા ભય બતાવ્યો હતો. જ્યાં સુધી માણસને મૃત્યુનો ભય નથી લાગતો ત્યાં સુધી તેનું મન ચંચળ રહે છે. ધર્મમાં સ્થિર થતું નથી. વહેલા કે મોડા એક દિવસ સૌને મરવાનું છે એ વાત નક્કી છે. આવું જાણવા છતાં માનવીને સંસારનો મોહ છૂટતો નથી. આનું કારણ સંસારના સુખનો રાગ છે, મોહ છે. જો સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તો સંસારમાં રહેવા છતાં અનાસક્ત ભાવથી રહો.

બેંકનો કેશીયર બેંકમાં લાખો ને કરોડોની ઉથલપાથલ કરે છે. લેવડદેવડ કરે છે. આખો દિવસ રૂપિયા સાથે રમનાર કેશીયર સાંજે પોતાનું કામ પતાવીને ઘેર જાય છે ને ખાઈપીને શાંતિથી સૂઈ જાય છે ત્યારે એના મનમાં બેંકમાં પડેલી કરોડોની મિલ્કત સંબંધી કોઈ વિચાર આવતો નથી, કારણ કે એ સમજે છે કે હું કાંઈ બેંકનો કે રૂપિયાનો માલિક નથી. હું તો કેશીયર છું. મારે તો મારું કામ કરીને પગાર લેવાનો છે. બેંકમાં કરોડોની મિલ્કત ભરી છે એમાં મારું કાંઈ નથી. કદાચ બેંક ઉપર બોંબ પડે, આગ લાગે ને બેંક બળીને ખાખ થઈ જાય તો પણ કેશીયરને કંઈ દુઃખ થાય ખરું? એની ઉંઘ ઉડી જાય ખરી? 'ના', એનું કારણ એક જ છે, કે એ બેંકનો માલિક નથી, એને બેંક ઉપર મમતા નથી. જ્યાં મારાપણાના ભાવ આવે છે ત્યાં દુઃખ થાય છે, પણ જ્યાં રાગ નથી ત્યાં દુઃખ થતું નથી. તે રીતે તમે પણ સંસારમાં માલિક બનીને ન રહો પણ ટ્રસ્ટી બનીને રહો. તો છોડતી વખતે દુઃખ નહિ થાય.

જેનો આતમરામ ક્ષણે ક્ષણે સજાગ બનેલો છે. જાગૃતિ એ જ જેમનું જીવન છે એવા ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે કે આપણે ચાંડાલની જાતિમાં અપમાન તિરસ્કાર, મારકૂટ આદિ કેવા કેવા દુઃખો સહન કર્યા! એ દુઃખોને યાદ કરતા પણ મારા રૂંવાડા ખડા થઈ જાય છે અને અત્યારે આપણાં શુભ કર્મનો ઉદય છે, એટલે મહાન સુખ-સંપત્તિ પામ્યા છીએ. એમાં તારી સંપત્તિ તો બાહ્ય છે. મને પણ બાહ્ય સંપત્તિ ઘણી મળી હતી, પણ ગુરૂદેવનો ઉપદેશ સાંભળીને હું એને વિનશ્વર સમજીને છોડીને સાધુ બની ગયો, તેથી મારી પાસે આત્મિક સંપત્તિ છે. એ સદા ટકવાની છે. પણ તારી સંપત્તિ કાયમ ટકવાની નથી, માટે તું એનો મોહ છોડી દે ને આત્માનું કલ્યાણ કરી લે. હજુ ચિત્ત મુનિ શું કહેશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૮૩

આસો વદ ૮ ને શનિવાર **તા. ૧૩-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની તીર્થંકર દેવ મહાવીર ભગવાને ભવ્ય જીવોના એકાંત હિત માટે આગમની વાણી પ્રકાશી છે. શાસ્ત્રના પ્રણેતા તીર્થંકર ભગવંતો હોય છે. ચોવીસ તીર્થંકરમાં શ્રીમહાવીર ભગવાન આપણા આસન્ન ઉપકારી છે. મહાવીર ભગવાનને આપણે વીર શા માટે કહીએ છીએ ? "વીર" શબ્દનો અર્થ પણ સમજવો જોઇએ. જેઓ વિશેષ પ્રકારે કર્મનો નાશ કરીને જે મોક્ષનો માર્ગ પ્રાપ્ત કરે છે તેમને વીર કહેવામાં આવે છે. આ જગતમાં વીર ઘણાં પ્રકારના હોય છે પણ જે કર્મ શત્રુઓનો નાશ કરે છે તે સાચો વીર છે. ભગવાને કર્મશત્રુઓ ઉપર વિજય મેળવવા માટે શું શું કર્યું છે તે તમે જાણો છો ને ? ભગવાને કર્મરૂપ કાષ્ટને બાળવા માટે ધ્યાનની ધૂણી ધખાવી હતી. ધ્યાન ચાર પ્રકારના છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન ધર્મધ્યાન અને શુકલધ્યાન. તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસારવૃધ્ધિમાં કારણભૂત છે. જ્યારે ધર્મધ્યાન અને શુકલધ્યાન આત્મશુધ્ધિમાં નિમિત્તભૂત છે. આપણા વીર ભગવાને શુકલધ્યાન રૂપી અગ્નિમાં કર્મરૂપ ઇંધનને બાળીને ખાખ કર્યા છે.

જેનાથી તત્ત્વનું ચિંતન પ્રાપ્ત થાય અથવા તો ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત થાય તેનું નામ ધ્યાન અને મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગથી જીવ જે કરે તે કર્મ. તે કર્મો જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ ગોત્ર અને અંતરાય એમ આઠ પ્રકારના છે. આત્મા ઉપર સમયે સમયે સાત અથવા આઠ કર્મના રજકણો ચોંટતા જાય છે. જ્ઞાની પુરૂષોએ કર્મોને ઇંધનની ઉપમા આપી છે, અને ધ્યાનને અગ્નિની ઉપમા આપી છે. વીર ભગવાને સાચું વીરપણું કેળવીને અનાદિકાળના સંચિત કરેલા કર્મોને ધ્યાનથી બાળીને ખાખ કરી નાંખ્યા છે, એટલે ભગવાન એ સાચા વીર છે. એવા ભગવાને જગતના જીવોને આધ્યાત્મિક ક્રાંતિનો માર્ગ બતાવ્યો છે. એ માર્ગે જો જીવ ચાલે તો તેનું અવશ્ય કલ્યાણ થાય. સૂયગડાયંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે

बुज्झमाणाण पाणिण, किच्चताण सकम्मुणा ।
आघाइ साहु तं दीवं, पइट्ठेसा पवुच्चइ ॥ અ. ૧૧ ગાથા ૨૩

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ આદિ સંસાર રૂપ પ્રવાહમાં તણાતા, સંસાર તરફ ધસતા અને સ્વકર્મના ઉદયથી પીડા પામતા સંસાર સમુદ્રમાં ડૂબતા જીવોને દ્વીપ સમાન સમ્યગ્દર્શન આદિનો ઉપદેશ શ્રી તીર્થંકર ભગવંત તથા ગણધર ભગવંતોએ કરૂણાભાવથી દુઃખથી મુક્ત થવા અને સુખની પ્રાપ્તિ માટે આપેલો છે. તેમજ વિદ્વાન પુરૂષો કહે છે કે સમ્યગ્દર્શન આદિ દ્વારા જીવોને સંસાર પરિભ્રમણમાંથી વિશ્રામ પ્રાપ્તિ રૂપ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

મિથ્યાત્વ આદિ ઉપરોક્ત પાંચ કારણોને લીધે જીવ અનંતકાળથી આ સંસાર સમુદ્રમાં ગોથા ખાઈ રહ્યો છે, અને શુભાશુભ કર્માનુસાર સુખ અને દુઃખ ભોગવી રહ્યો છે પણ હજુ એના દુઃખનો અંત આવ્યો નથી. જેમ સમુદ્રમાં સફર કરતા અચાનક વાવાઝોડું અને વરસાદ આદિને કારણે તોફાન થાય ને વહાણ ડુબી જાય ને જીવનની આશા છૂટી જાય તે વખતે પુણ્યયોગે જો એના હાથમાં એકાદ પાટીયું આવી જાય, અગર હોડીનો સહારો મળી જાય તો કેવો આનંદ થાય ? પાટીયું અગર હોડીના સહારે માણસ સમુદ્રના સામા કિનારે પહોંચી જાય છે, એવી રીતે આ સંસાર સમુદ્રના પ્રવાહમાં તણાતા જીવોને વીતરાગ પ્રભુનો પ્રરૂપેલો ધર્મ, વીતરાગ પ્રભુની વાણી રૂપ પાટીયાનો સહારો મળી જાય તો એના ભવનો બેડો પાર થઈ જાય. અગર સમુદ્રમાં તણાતા જીવને જો વચમાં દ્વીપ મળી જાય તો પણ એને વિશ્રાંતિ મળે છે, એવી રીતે સંસાર સમુદ્રમાં તણાતા જીવને સમ્યગ્દર્શન રૂપ દ્વીપ મળતા એને વિશ્રાંતિ મળે છે. એનો અર્ધ પુદ્ગલ પરાવર્તન સંસાર કટ થાય છે. સમ્યક્ત્વ એ જીવને મોક્ષ નજીક મૂકી દેનાર ટ્રેઈન છે, અને મિથ્યાત્વ એ જીવને સંસાર સાગરની મુસાફરી કરાવનાર સ્ટીમર છે. મિથ્યાત્વના કારણે જીવ કર્મના બંધન કરે છે ને દુઃખ ભોગવે છે.

" વસ્ત્રો કે બનને મેં હોતા, જૈસે સૂત મૂલ કારણ,
ઘટ બનને મેં હોતી હૈ જ્યોં, મિટ્ટી અહો મુખ્ય સાધન,
તૃણ પૈદા કરનેમેં હોતા, બીજ મૂલ કારણ હૈ જ્યોં,
કર્મબંધકા ઈસ જગમેં, મિથ્યાત્વ મૂલ કારણ હૈ ત્યોં. "

વસ્ત્રની ઉત્પત્તિમાં જેમ તંતુઓનો સમુહ મુખ્ય કારણ છે, ઘડાની ઉત્પત્તિમાં જેમ માટીનો સમુહ મુખ્ય કારણ છે અને જમીન ઉપર જે અસંખ્ય તરણા ઉગે છે તેનું મૂળ કારણ તેનું બીજ છે તેમ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય આદિ કર્મની ઉત્પત્તિ અને તેની પરંપરા વધવામાં મુખ્ય કારણ શાસ્ત્રવેત્તા જ્ઞાનીપુરૂષોએ મિથ્યાત્વ કહ્યું છે, એટલે કે આત્મપ્રદેશમાં કર્મને આવવાના જે દ્વાર છે તે પાંચ આશ્રવ છે. તેમાં સૌથી પ્રથમ નંબર મિથ્યાત્વનો છે.

બંધુઓ ! આપણા આત્માને તળાવ રૂપ માનીએ તો આશ્રવને ગરનાળા એટલે કે પાણી આવવાના દ્વાર રૂપ માની શકાય. જો આત્માને એક મહેલ રૂપ કલ્પીએ તો પ્રકાશ અને હવાને આવવા દેનાર બારી બારણાના સ્થાને આશ્રવની કલ્પના કરી શકાય, અથવા આત્માના કાર્મણ શરીરની એક કોઠાર તરીકે કલ્પના કરીએ તો કોઠારમાં ધાન્ય નાંખવાના દ્વારને આશ્રવ રૂપ માની શકાય. અનાદિકાળથી આ કાર્મણ શરીર રૂપ કોઠારમાં કર્મરૂપ ધાન્યની આવક ચાલુ છે. કોઠારમાં અનાજ નહિ નાંખીએ તો કોઠાર ખાલી થઈ જશે, પણ કાર્મણ શરીર રૂપ કોઠારમાં તો કર્મની આવક ચાલુ રહે છે. વિપાકોદયમાં આવેલા કર્મો ભોગવાય છે તેટલી જાવક થાય છે ત્યારે સાધારણ રીતે આવક તેનાથી ઘણી વધારે રહે છે, તેથી આ કોઠારને ખાલી થવાનો વખત આવતો નથી.

જેમ મહેલને બારી બારણાં ઘણાં હોય છે તેમ કાર્મણ શરીર રૂપ મહેલમાં કર્મને આવવાના દ્વાર પણ ઘણાં છે પણ તેમાં મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભયોગ એ પાંચ દ્વાર તો મુખ્ય છે. જ્યાં સુધી મિથ્યાત્વનું દ્વાર ખુલ્લું હોય છે. ત્યાં સુધી બીજા દ્વાર બંધ થતા નથી, કારણ કે મિથ્યાત્વ એ બધામાં મુખ્ય છે. જેમ કે ૧૨૩૪૫ આ પાંચ આંકડાઓમાં પહેલો એકડો મુખ્ય છે. પાંચ આંકડામાં એ દેખાય છે સૌથી નાનો પણ એની સત્તા અધિક છે, કારણ કે તે એકડો દશ હજારની સંખ્યાનો પ્રતિનિધિ છે. જો એકડાને ભૂંસી નાંખવામાં આવે તો "૧૨૩૪૫" ની સંખ્યામાં સીધો દશ હજારનો ઘટાડો થાય છે. એટલે માત્ર "૨૩૪૫" રહે છે. બીજા નંબરે બગડો છે તે બે હજારની સંખ્યાનો પ્રતિનિધિ છે. તેને ભૂંસી નાંખતા ૩૪૫ રહે છે. ત્રીજો આંકડો ત્રણસોના સ્થાને છે. તેને ભૂંસી નાંખતાં માત્ર ૪૫ રહે છે. ચોગડાને ભૂંસતા માત્ર પાંચ રહે છે, એટલે કે આગળના એકેક આંક ભૂંસતા સંખ્યામાં મોટો ઘટાડો થાય છે, તેવી રીતે એકડાને સ્થાને મિથ્યાત્વ, બગડાને સ્થાને અવિરતિ, ત્રગડાને સ્થાને પ્રમાદ, ચોગડાને સ્થાને કષાય, અને પાંચડાને સ્થાને યોગ છે. આ પાંચે આશ્રવના દ્વાર ખુલ્લા હોય તો આત્માના કોઠારમાં એક ક્ષણે ૧૨૩૪૫ કર્મની વર્ગણાઓની આવક છે એમ કલ્પના કરીએ તો એમાંથી એકડા રૂપ મિથ્યાત્વને કાઢી નાંખતા દશ હજાર જેવી આવક ઘટી જાય. બગડા રૂપ અવિરતિના દ્વારને બંધ કરતા ૧૨૩૪૫ માંથી બાર હજારની આવક ઓછી થઈ. ત્રગડા રૂપ પ્રમાદને રોકતા બાર હજાર ત્રણસોની આવક ઘટી. ચોગડા રૂપ કષાયને રોકતા માત્ર પાંચની આવક રહી. બાર હજાર ત્રણસો ચાલીસની આવક બંધ થઈ ગઈ. હવે પાંચડા રૂપ યોગને રોકવામાં આવે તો કર્મની આવક સર્વથા અટકી જાય. ખરી રીતે તો એકેક સમયે કર્મની અનંત વર્ગણાઓ જીવને ચોંટે છે, પણ મિથ્યાત્વ, અવિરતિ વિગેરે દ્વારોનું પરસ્પર તારતમ્ય સમજાવવાને માટે "૧૨૩૪૫" એ સંખ્યાના દૃષ્ટાંત તરીકે કલ્પના કરવામાં આવી છે. આ જીવને અનાદિ કાળથી ભવભ્રમણ કરાવનાર કે સંસાર સમુદ્રમાં ગોથા ખવડાવનાર જો કોઈ હોય તો તે મિથ્યાત્વ છે. ભૂતકાળમાં આત્માની વધારે નુકશાની મિથ્યાત્વે કરી છે, અને વર્તમાનમાં પણ કર્મની આવક વધારી આત્માને દુર્ગતિના ઉંડા કૂવામાં જો કોઈ ઉતારનાર હોય તો પણ મિથ્યાત્વ છે, તેથી આશ્રવના પાંચ દ્વારમાં તેનો નંબર સૌથી પ્રથમ છે. એટલા માટે જ્ઞાની પુરૂષોએ કર્મબંધનનું મૂળ મિથ્યાત્વ કહ્યું છે, માટે વીતરાગ પ્રભુની વાણી સાંભળીને સૌથી પ્રથમ મિથ્યાત્વનું મૂળ ઉખેડી નાંખીને સમ્યક્ત્વ રૂપ બીજની વાવણી કરી લો.

જેમના જીવનમાંથી મિથ્યાત્વનો અંધકાર ચાલ્યો ગયો છે ને સમ્યક્ત્વ રૂપ સૂર્યના તેજસ્વી કિરણોનો પ્રકાશ ઝળહળી ઉઠયો છે એવા ચિત્તમુનિ બ્રહ્મદત્તને કહે છે હે નરદેવ ! પહેલાં તારી સ્થિતિ કેવી હતી તેનો વિચાર કર. બંધુઓ ! જો માણસ પોતાની

પહેલાંની ખરાબ સ્થિતિને ધ્યાનમાં રાખે તો એને કદી અભિમાન આવે નહિ. અત્યારે પૂર્વના પુણ્યોદયે લાખોપતિ કે કરોડપતિ હોય, એના આંગણે કોઈ ગરીબ ભિખારી બટકું રોટી માંગવા આવે ત્યારે એમનો તિરસ્કાર કરવામાં આવે છે. એ સમયે જો પહેલાં પોતે ગરીબ હતો એ સ્થિતિને યાદ કરે તો અભિમાન ન આવે, પણ ગરીબને જોઈને એના પ્રત્યે દિલમાં સહાનુભૂતિ જાગશે ને મનમાં થશે કે એક વખત મારી આ જ દશા હતી ને! આ સંપત્તિનો કંઈ ગર્વ કરવા જેવો નથી. આજે છે ને કાલે હશે કે નહિ એની શું ખાત્રી? માટે ધન છે ત્યાં સુધી એનો દાનાદિ ધર્મકાર્યોમાં સદુપયોગ કરી લઉં, પણ જો પૂર્વની સ્થિતિનો ખ્યાલ ન રાખે તો અભિમાને ચઢી જાય છે. એ રીતે અહીં ચિત્તમુનિ પણ બ્રહ્મદત્તને કહે છે–

सो दाणि सिं राय! महाणुभागो, महिड्ढिओ पुण्णफलोववेओ।
चइत्तु भोगाइं असासयाइं, आदाणहेउं अभिणिक्खमाहि ॥ २० ॥

હે બ્રહ્મદત્ત ચક્રવર્તિ! એ સમયે ચાંડાલના ભવમાં આપ જે સંભૂતિ નામના મુનિ હતા તે જ આપ આ સમયે અત્યારે મહાન પ્રભાવશાળી છ ખંડના અધિપતિ ચક્રવર્તિ થયા છો એ પૂર્વના સુકૃત્યનું ફળ છે. જેને આપ અત્યારે ભોગવી રહ્યા છો, હવે આપનું કર્તવ્ય છે કે આપ અશાશ્વત અને ક્ષણભંગુર એવા આ મનોજ્ઞ શબ્દાદિક કામભોગોનો ત્યાગ કરીને ચારિત્ર ધર્મનું પાલન કરવા માટે દીક્ષા ગ્રહણ કરો.

બંધુઓ! ચારિત્ર સંપન્ન ચિત્તમુનિ કેવા દૃઢ સંયમી છે કે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ એમને સંસારના સુખો ભોગવવા માટે કેવા કેવા પ્રલોભનો આપ્યા છતાં તેઓ પોતાના વ્રતમાં મેરૂની માફક અડોલ રહ્યા ને બ્રહ્મદત્તને કહે છે કે અત્યારે તારા મહાન પુણ્યનો ઉદય છે તેથી આવું પદ તને મળ્યું છે પણ એમાં આસક્ત થવા જેવું નથી, પણ આત્માનું કલ્યાણ કરવા સંસારના ભોગવિલાસ છોડીને ત્યાગ માર્ગે આવી જા. આપણે બંને ભાઈઓ આત્માનું કલ્યાણ કરીશું. આવું કોણ કહી શકે? જે પોતાના સંયમમાં બરાબર દૃઢ હોય તે કહી શકે. સાચા સંયમી પુરૂષોની દેવ કે દેવોના અધિપતિ ઇન્દ્ર પરીક્ષા કરવા માટે આવે તો પણ ડગે નહિ. આ તો સાધુની વાત કરી પણ સંસારી આત્માઓ પણ પોતાના વ્રતમાં એવા દૃઢ હોય છે કે પ્રાણના બલિદાને પણ પોતે લીધેલા વ્રતનું પાલન કરે છે.

એક રાજાનો કુમાર ખૂબ ધર્મીષ્ઠ હતો. એણે એક વખત સંતની વાણી સાંભળી. સંતે અવિરતિ, દેશવિરતિ અને સર્વવિરતિના ભાવ સમજાવ્યા. એ સાંભળીને રાજકુમારે વિચાર કર્યો કે હું સર્વવિરતિ તો બની શકું તેમ નથી, પણ દેશવિરતિ તો બની શકું તેમ છું એમ સમજીને એણે બાર વ્રત અંગીકાર કર્યા. જીવનભર દરરોજ સામાયિક કરવી તેમજ આઠમ પાખીના દિવસે પૌષધ કરવો. આવી પ્રતિજ્ઞા કરી. ધર્મ તો

રાજકુમારને શ્વાસ અને પ્રાણ હતો. ધર્મની અનેક ક્રિયાઓથી એનું જીવન અત્યંત સુવાસિત હતું. કુમારે જે પ્રતિજ્ઞાઓ લીધી છે તેનું તે બરાબર પાલન કરતો. કદાચ યુદ્ધ કરવા જવું પડે તો યુદ્ધ બંધ રાખીને પણ પૌષધ કરી લેતો. રાજકુમારની વ્રત પાલનમાં આવી દૃઢતા જોઇને એક વખત ઇન્દ્ર મહારાજાએ પોતાની સભામાં આ રાજકુમારની ખૂબ પ્રશંસા કરી. આ સાંભળીને મિથ્યાત્વી દેવોને ઇર્ષ્યા આવી કે ઇન્દ્ર મહારાજા આપણી પ્રશંસા નથી કરતા પણ જેનું શરીર દુર્ગંધમય ને અશુચીથી ભરેલું છે એવા માનવીની આટલી બધી પ્રશંસા કરે છે. ચાલો, આપણે એની પરીક્ષા કરીએ કે એ કેવો એના વ્રતમાં દૃઢ છે!

ખરેખર, ઇર્ષ્યા બહુ બૂરી ચીજ છે. ઇર્ષ્યાળુ માણસ ગુણવાનના ગુણની પ્રશંસા સહન કરી શકતો નથી, તેથી એનું ખરાબ કરવા ઇચ્છે છે પણ બીજાનું ખરાબ કરવા કે પરીક્ષા કરવા જતા પહેલા પોતાને કેટલું સહન કરવું પડે છે! એક તો દેવલોકના દિવ્ય સુખો છોડીને મૃત્યુલોકમાં અસહ્ય દુર્ગંધમાં આવવું પડે છે, અને દેવનું દિવ્ય શરીર છોડીને મૃત્યુલોકના માનવી જેવું શરીર ધારણ કરવું પડે છે, ત્યારે બીજાની પરીક્ષા કરી શકે છે. આ બે મિથ્યાત્વી દેવો નવયુવાન સુંદર સ્ત્રીઓનું રૂપ લઈને મૃત્યુલોકમાં આવ્યા. જુઓ, એને પુરૂષમાંથી સ્ત્રીનું રૂપ લેવું પડયું ને! આ બંને યુવાન અને દેખાવમાં અપ્સરા જેવી સુંદરીઓ ધર્મસ્થાનકમાં જ્યાં ગુરૂ ઉપદેશ આપતા હતા ત્યાં આવીને સામાયિક લઈને બેસી ગઈ, પછી દરરોજ ધર્મસ્થાન કે આવીને ધર્મધ્યાન કરવા લાગી. આ રાજકુમાર દરરોજ વ્યાખ્યાન સાંભળવા આવતો, અને બપોરે ગુરૂદેવની પાસે ધર્મચર્ચા કરવા આવતો ત્યારે પેલી સ્ત્રીઓ પણ આવતી. ખૂબ ધર્મીષ્ઠ, નમ્ર, વિવેકી સ્ત્રીઓને એક દિવસ મહારાજે પૂછયું બહેન! તમે કયાંથી આવ્યા છો? ત્યારે કહે છે ગુરૂદેવ! અમે બંને બહારગામથી આવ્યા છીએ પણ આપની વાણી અને જ્ઞાનચર્ચામાં અમને ખૂબ રસ આવે છે એટલે રોકાઈ ગયા છીએ. આવી ધર્મીષ્ઠ કન્યાઓને જોઇને કુમારના દિલમાં પણ એના પ્રત્યે બહુમાન જાગ્યું.

" દેવકન્યાને પૃચ્છા કરતો કુમાર:–" એક દિવસ રાજકુમારે કહ્યું બહેન! તમે કયાં ઉતર્યા છો? ત્યારે બંને સુંદરીઓ કહે છે અમે તો ધર્મશાળામાં ઉતર્યા છીએ. કુમારે કહ્યું આપ મારે ત્યાં પધારો, પણ બંને યુવતીઓએ કહ્યું–ના ભાઈ, અમારે ધર્મશાળામાં સારું છે. ખૂબ કહ્યું પણ એમણે મહેલમાં આવવાની ના પાડી ત્યારે કુમારે કહ્યું કે તો એક દિવસ મારે ત્યાં જમવાનું રાખો, તો મને આવી ધર્મીષ્ઠ બહેનોની સેવાનો લાભ મળે, ત્યારે આ બે કન્યાઓ કહે છે ભાઈ! અમે તમારે ઘેર જમવા તો આવીએ પણ અમારે તો કંદમૂળ વિગેરે ઘણાંનો ત્યાગ છે. કુમારે કહ્યું મારે પણ એ બધાનો ત્યાગ છે. અમારે ત્યાં એવી ચીજો બનતી નથી. તો ભલે, અમે કાલે આપને ત્યાં જમવા આવીશું. તેમણે રાજકુમારના આમંત્રણનો સ્વીકાર કર્યો. બીજે દિવસે

બંને રાજમહેલમાં જમવા માટે આવ્યા. જમ્યા પછી રાજકુમાર એમની સાથે ધર્મચર્ચા કરવા બેઠો. બંને કન્યાઓનું જ્ઞાન, ધર્મની શ્રદ્ધા, દૃઢતા એમનો ત્યાગ વિગેરે જોઈને કુમારના મનમાં થયું કે આ બંને કન્યાઓ મને બધી રીતે અનુકૂળ છે. જીવનરથના જો બે પૈડા બરાબર હોય તો જીવનરથ બરાબર ચાલી શકે. એમ સમજીને રાજકુમારે પૂછયું કે તમારા લગ્ન થયેલા છે? ત્યારે કહે છે અમને યોગ્ય વર મળતો નથી, એટલે અમારા લગ્ન થયા નથી, ત્યારે રાજકુમારે કહ્યું હું પણ મારા વિચાર અને વર્તનને યોગ્ય કન્યા મળે તો પરણવા ઈચ્છું છું જેથી મને ધર્મ આરાધના કરવામાં સહાયક બને. જો તમારી ઈચ્છા હોય તો આપણે એકબીજાના જીવનસાથી બનીએ.

"બંને કન્યાએ કુમારને વચનથી બાંધવા કરેલો પ્રયત્ન" :- બંને કન્યાઓએ કહ્યું કે આપને જોયા ત્યારથી અમને પણ એવી ઈચ્છા છે. અમે બંને આપની સાથે લગ્ન કરવા તૈયાર છીએ પણ એક શરતે. અમે જે કહીએ તે તમારે કરવું પડશે. એવું વચન આપો તો અમે તમારી સાથે લગ્ન કરીએ. કુમારના મનમાં એમ હતું કે આ બહુ ધર્મીષ્ઠ છે, વિવેકી છે એટલે બહુ તો મને યુદ્ધ નહિ કરવાનું કહેશે. અગર બીજી કોઈ પાપની પ્રવૃત્તિ કરતો દેખશે તો મને ના પાડશે, પણ પોતે ધર્મીષ્ઠ છે એટલે મને ધર્મ આરાધનામાં કંઈ આડખીલી નહિ કરે. એમ સમજીને કુમારે એ કહે તેમ કરવાનું વચન આપ્યું ને બંને કન્યાઓ સાથે લગ્ન કર્યા. લગ્ન કર્યા તે દિવસની પ્રથમ રાત્રિએ કન્યાઓએ કહ્યું નાથ! અમે આપની સાથે લગ્ન તો કર્યા પણ જ્યાં સુધી અમારા માતા પિતાને આ વાતની જાણ ન થાય ત્યાં સુધી બ્રહ્મચર્યનું પાલન કરવું એવી અમારી ઈચ્છા છે, આ કુમાર પણ ધર્મીષ્ઠ હતો. એ કંઈ કામાંધ ન હતો. એને તો ખૂબ આનંદ થયો કે સહેજે બ્રહ્મચર્યનું પાલન થશે. એથી રૂડું શું? લગ્ન પછી ચાર પાંચ દિવસ બાદ પાખીનો દિવસ આવ્યો એટલે આગલા દિવસે કુમારે પોતાની પત્નીઓને પૌષધ વ્રત કરવાની વાત કરી.

"પ્રતિજ્ઞા પાલન માટે કસોટી" :- બંને કન્યાઓએ કહ્યું-સ્વામીનાથ! આપ કાલે પૌષધવ્રત કરી શકશો નહિ. કુમારે કહ્યું મારે જીવનભર આઠમ પાખીના પૌષધ કરવાની પ્રતિજ્ઞા છે, માટે મારે પૌષધ તો કરવો જ પડશે. તમારે પ્રતિજ્ઞા હોય તો ભલે રહી પણ અમે આપને પૌષધ નહિ કરવા દઈએ. કુમારે કહ્યું પણ મેં તો ગુરૂની પાસે પ્રતિજ્ઞા કરેલી છે, ત્યારે બંને કન્યાઓ કહે છે કે તમે ગુરૂ પાસે પ્રતિજ્ઞા લીધી છે તો અમારી સાથે પરણતી વખતે આપે અમને અમે કહીએ તેમ કરવાનું વચન આપ્યું છે તો એ વચનનો ભંગ થશે ને? તમારી પ્રતિજ્ઞાનો ભંગ કરો પણ અમને આપેલા વચનનો ભંગ નહિ કરી શકો. રાજકુમારના માથે ધર્મસંકટ આવ્યું! વચન આપ્યું ત્યારે આવો ખ્યાલ ન હતો કે આ કન્યાઓ પોતાના વ્રતમાં આડખીલ રૂપ

બનશે. એ તો એમ સમજતો હતો કે ધર્મ આરાધના કરવામાં, મારા વ્રત નિયમોનું પાલન કરવામાં મને સહાયક બનશે પણ અહીં તો જુદું જ બન્યું. રાજકુમારે બંને કન્યાઓને ખૂબ સમજાવી પણ સમજી નહિ એટલે રાજકુમાર મૂંઝવણમાં પડયો, કારણ કે જો પૌષધ ન કરે તો પ્રતિજ્ઞાનો ભંગ થાય છે ને પૌષધ કરે છે તો પોતાના વચનનો ભંગ થાય છે. હવે શું કરવું ? પ્રતિજ્ઞાનો ભંગ કરવો કે વચનનો ભંગ કરવો ?

"વ્રત પાલન માટે જીવનનો અંત લાવતો કુમાર" :–દેવાનુપ્રિયો ! આ સ્થાને તમે હો તો શું કરો ? પ્રતિજ્ઞા ભંગ કે વચનભંગ ? તમે તો પ્રતિજ્ઞાનો ભંગ કરી લો. બરાબર છે ને ? (હસાહસ) રાજકુમારે પ્રતિજ્ઞાનો ભંગ ન થાય ને વચનભંગ પણ ન થાય એ માટે જીવનભંગ કરવાનો સંકલ્પ કર્યો. રાજકુમારે મનમાં નક્કી કર્યું કે એમાંથી એકેયનો ભંગ કર્યા વિના મૃત્યુને ભેટી લેવું તે વધુ શ્રેષ્ઠ છે. જીવતો રહીશ તો પ્રતિજ્ઞા ભંગ કે વચન ભંગનો પ્રશ્ન છે ને ? જો મને જીવતાં આવડે છે તો મરતાં પણ ક્યાં નથી આવડતું ? આમ વિચાર કરીને રાજકુમારે તરત જ કેડેથી કટાર કાઢીને જોરથી પોતાના ગળા ઉપર ઝીંકી દીધી, પણ રાજકુમારનું ગળું કપાયું નહિ, એટલે બીજી વખત, ત્રીજી વખત ઘા કર્યો તો પણ કટારની ધાર જાણે બુઠ્ઠી જ ન થઈ ગઈ હોય ! એમ કુમારનું ગળું કપાતું નથી, એટલે ચોથી વખત ગળા ઉપર કટાર ફેરવવા જાય છે ત્યાં બંને કન્યાઓએ કુમારના હાથમાંથી કટાર ઝૂંટવી લેતાં પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને કહ્યું સબૂર કર કુમાર સબૂર કર. અમે તારી સ્ત્રીઓ નથી, અમે તને પરણ્યા નથી. અમે તો દેવલોકના દેવો છીએ પણ તારા વ્રત પાલનની દૃઢતાની પ્રશંસા સાંભળીને પરીક્ષા કરવા માટે આવ્યા હતા. ધન્ય છે કુમાર તારી દૃઢ પ્રતિજ્ઞાને ! પ્રતિજ્ઞાને ખાતર પ્રાણ આપવા તૈયાર થયો પણ પ્રતિજ્ઞાનો ભંગ ન કર્યો ! એમ કહીને દેવો રાજકુમારને વંદન કરીને પોતાના સ્થાને ચાલ્યા ગયા. જેનું મન સદા ધર્મમાં રહે છે તેને **देवा वि तं नमंसंति** । દેવો પણ નમે છે. તમે પણ તમારા વ્રત નિયમમાં આવા દૃઢ રહો.

ચિત્તમુનિ પણ પોતાના માર્ગમાં દૃઢ છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિએ એમને ગમે તેટલા પ્રલોભનો આપ્યા પણ તેઓ મનથી પણ વિચલિત થયા નહિ, પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સંયમ માર્ગે આવવા માટે એલાન કરીને કહે છે.

પૂરવ પુણ્ય ફળે નૃપ પામીયો, ઋદ્ધિ સમૃદ્ધિ અને બહુ ભાગ્યને,
દુઃખદ નશ્વર ભોગ ત્યજી દઈ, લઈ સુસંયમ મેળવ તું સુખો.

હે બ્રહ્મદત્ત ચક્રવર્તિ ! તમે મને કહો છો ને કે ધર્મસેવન કરવાનું શું ફળ છે ? તો સાંભળો. ધર્મઆરાધનાનું આ ફળ પ્રત્યક્ષ દેખાય છે કે ધર્મની સહાયથી આપ આવા મોટા ચક્રવર્તિ બન્યા છો, તો તમે જો સંપૂર્ણપણે ધર્મરૂપ વૃક્ષની શીતળ છાયામાં બેસી જશો તો તમે આથી પણ વધારે ઉન્નતિ કરી શકશો એ નિશંક વાત છે. આ

શબ્દાદિક પાંચ ઈન્દ્રિયોના વિષયો તો અશાશ્વત છે માટે જો તમારે શાશ્વત સુખના સ્વામી બનવું હોય તો આ કામભોગોનો ત્યાગ કરી ચારિત્ર ધર્મ અંગીકાર કરો. ચારિત્ર વગર ત્રણ કાળમાં આત્માનું કલ્યાણ થવાનું નથી.

જે ચક્રવર્તિઓએ ચક્રવર્તિનું પદ અશાશ્વત સમજીને છોડી દીધું ને સંયમનો માર્ગ અપનાવ્યો તેમણે એમના આત્માનું કલ્યાણ કર્યું છે. તો હે બ્રહ્મદત્ત! તમે પણ આ પદવીનો મોહ છોડી દો, કારણ કે આ બધા વૈભવ વિલાસ અશાશ્વત છે, અને આ માનવની જિંદગી પણ બહુ અલ્પ છે. એમાં જો કામભોગ નહિ છોડો તો નરકની કારમી વેદનાઓ ભોગવવી પડશે, કારણ કે ચક્રવર્તિ ચક્રવર્તિપણામાં મરે તો એને માટે નરકમાં જવાનું નિયમા છે, અને જે સમજીને એનો ત્યાગ કરે છે તે ચક્રવર્તિઓ મોક્ષમાં અથવા દેવલોકમાં જાય છે, માટે જો તમારે નરકના દુઃખો ભોગવવા ન જવું હોય ને સાચું સુખ મેળવવું હોય તો ચક્રવર્તિપદનો મોહ છોડો.

સંસાર ત્યાગી સંયમ સ્વીકારો...જગના બંધન છોડીને
ચોસઠ હજાર રાણીઓને ત્યાગી, વૈભવથી મુખ મોડીને
પૂર્વ પુણ્યે ચક્રવર્તિ બન્યા, પામ્યા છો ઋદ્ધિ અપાર,
છ ખંડના સ્વામી બન્યા, મળ્યા છે વૈભવ વિલાસ,
સુખ સમૃદ્ધિ ત્યાગી દઈને, સજો સંયમના શણગાર...સંસાર...

હે ચક્રવર્તિ! આ સંસારના સુખો, રાજપાટ, વૈભવ વિલાસ, કામભોગ આ બધું દુઃખદાયી છે. ભવપરંપરાને વધારનાર છે. વળી પાછા કાયમ ટકવાવાળા નથી. આ સંસાર તો કર્મબંધન કરાવનાર કારખાનું છે. આવું સમજીને તમે સંસાર અને સંસારના સુખોનો ત્યાગ કરો. તમને આ બધું સુખ પૂર્વના પુણ્યોદયે મળ્યું છે. વહેલા કે મોડા એક દિવસ તો સૌને છોડવાનું છે. આ દિવ્ય મહેલોનો તમે ઉભા ઉભા ત્યાગ કરી દો. જો ઉભા ઉભા સ્વેચ્છાએ નહિ નીકળો તો આ તમારો પ્રાણપ્યારો પરિવાર તમને આડા પાડીને મહેલની બહાર કાઢશે ને આ સુંદર શરીરને અગ્નિમાં જલાવી દેશે. જે સ્વેચ્છાથી ઉભા ઉભા મહેલમાંથી નીકળી જાય છે તે શૂરવીર છે ને જે આડા નીકળે છે તે કાયર છે. તમારે બધાને પણ ઉભા ઉભા નીકળવું છે ને? ભાવ જાગે તો તૈયાર થઈ જજો. (હસાહસ) નહિતર આડા તો નીકળવાનું છે, પણ એમાં કોઇ વિશેષતા નથી. માટે સમજીને છોડવામાં કલ્યાણ છે. આ પ્રમાણે ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવી રહ્યા છે. હજુ પણ શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :– ભીમસેન રાજાએ મોકલેલા ગુપ્તચરોએ આવીને સમાચાર આપ્યા કે હરિસેન રાજા તો આપને ખૂબ ઝંખે છે. ખાતા પીતા નથી. એમને કોઈ ખાવાપીવાનું કે રાજ્ય સંભાળવાનું કહે છે તો એમ જ કહે છે મારા ભાઈ, ભાભી અને ભત્રીજા આવ્યા? એમને કોઈ લઈ આવો. હવે એમના વગર હું જીવી શકું તેમ નથી. એક જ રઢ લઈને બેઠા છે તેમજ નગરજનો પણ આપને ઝંખે છે.

"દુઃખ દેનાર પ્રત્યે પવિત્ર ભાવના" :- ગુપ્તચરોના મુખેથી સમાચાર સાંભળીને ભીમસેનની આંખમાં આંસુ આવી ગયા, અને તેનું કરૂણાર્દ્ર હૈયું બોલી ઉઠયું. અરેરે.... મારા લઘુ બંધવાની આવી દશા થઈ છે? એ કેવો પ્રતાપી અને પરાક્રમી હતો. તે આજે આવો રાંક જેવો બની ગયો? બંધુઓ! ભીમસેન રાજા કેવા પવિત્ર છે! એમણે એવો વિચાર ન કર્યો કે એણે એક સ્ત્રીના ચઢાવ્યા ચઢી જઈને કેરી માટે અમને મારી નાંખવાનું નક્કી કર્યું ત્યારે અમારે મહેલ છોડીને રાતોરાત ભાગવું પડયું ને? એના કર્મો એ ભોગવે એમાં મારે શું? એવો વિચાર ન કર્યો. આ સ્થાને બીજા હોય તો એવો જ વિચાર કરે ને? પણ ભીમસેન રાજા તો એવો વિચાર કરે છે કે એ ગુસ્સામાં આવીને ભૂલ કરી બેઠો પણ એમાં એનો શું વાંક! એ તો બિચારો નિમિત્ત છે. મારા ભાગ્યમાં જ્યાં દુઃખ ભોગવવાનું હોય ત્યાં મિથ્યા કોણ કરી શકે? હવે હું ત્યાં જઈને મારા નાના ભાઈને પ્રેમથી ભેટી પડીશ ને હું એને કહીશ કે ભાઈ! હવે તું એ પહેલાની વાતને ભૂલી જા. એ તો એક સ્વપ્ન હતું તે પૂરું થયું ને સવાર પડી. આજથી નવા જીવનનો આનંદ માણ. આવા વિચારો કરતાં તે ઉદાસ બની ગયા.

"પિતાની ઉદાસીનતા જોતા પુત્રે કરેલો પ્રશ્ન" :- ભીમસેનને ઉદાસ જોઈને દેવસેને પૂછયું પિતાજી! આપ એકાએક કેમ ઉદાસ બની ગયા? આપનું શારીરિક સ્વાસ્થ્ય તો સારું છે ને? ભીમસેને પોતાના હૃદયની વેદના છૂપાવતા કહ્યું બેટા! કાંઈ નહિ. એ તો ખાલી.....સ્વાસ્થ્ય તો સારું છે. ગુપ્તચરોએ આવીને વાત કરી ત્યારે કેતુસેન ત્યાં હાજર હતો, એટલે એણે કહ્યું તો પિતાજી! હવે આપની શું આજ્ઞા છે? ત્યારે ભીમસેને કહ્યું બેટા! યુદ્ધ કરવા માટે મારું મન માનતું નથી. અત્યારે મારી ઈચ્છા તો યાત્રાએ જવાની છે. ત્યાં તો દેવસેન અને કેતુસેન બંને ભાઈઓ કહે છે પિતાજી! અત્યારે યાત્રા કરવાનો સમય નથી પણ વિજયયાત્રા કરવા જવાનો સમય છે. આપની ઈચ્છા છે તો યાત્રા કરીશું પણ પહેલા અન્યાયની સામે ઝઝૂમીને ન્યાયથી રાજ્ય લેવું એ આપણું કર્તવ્ય છે ત્યારે ભીમસેને કહ્યું બેટા! તમારી બંનેની વાત સાચી છે પણ મારા અંતરમાં એમ થાય છે કે લડાઈ કોની સામે કરવાની? મારા નાના ભાઈ સાથે ને? એમાં રાજ્ય આપણે લેવાનું ને નિર્દોષ સૈનિકોના લોહી રેડવાના ને? આવી લડાઈથી મારો આત્મા ડરી રહ્યો છે. હું એવી લડાઈ નહિ કરી શકું. આ સમયે વિજયસેન રાજા પણ ત્યાં હાજર હતા. એમણે કહ્યું.

હે ભીમસેન રાજા! આ કંઈ યુધ્ધ કરવાનું નથી, પણ અન્યાય સામે પડકાર કરવાનો છે. નાનાભાઈના માથે કંઈ તલવાર વીંઝવાની નથી પણ અન્યાયની સામે ન્યાયની તલવાર ઉપાડવાની છે. અન્યાયનો સામનો કરવો અને ન્યાયનો પક્ષ લેવો એ ક્ષત્રિયનો ધર્મ છે. ત્યાં દેવસેન અને કેતુસેન બોલી ઉઠયા પિતાજી! આપણે હવે યુધ્ધ

કરવાની જરૂર જ કયાં છે! આપણાં ગુપ્તચરો જે સમાચાર લાવ્યા છે તે ઉપરથી તો એમ જ લાગે છે કે કાકા આપને ઝંખી રહ્યા છે એટલે તેઓ આપણે જઈશું કે આપણી સામે આવીને આપણને રાજ્ય સોંપી દેશે, માટે હવે અમે રોકાવાના નથી. અમારે તો હવે મોટું સૈન્ય લઈને જલ્દી ઉજ્જૈની નગરી તરફ પ્રયાણ કરવું છે. પુત્રોને ઉજ્જૈનીનું રાજ્ય મેળવવાની તીવ્ર ભાવના છે અને ભીમસેનને ભાઈની સામે યુધ્ધ કરવાની બિલકુલ ઈચ્છા નથી પણ દેવસેન અને કેતુસેન સામે એનું ચાલે તેમ નથી. હવે એ શું કહેશે તેના ભાવ અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૮૪

આસો વદ ૯ ને રવિવાર **તા. ૧૪-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ. સુશીલ માતાઓ ને બહેનો! પરમ તારક ભગવંતોએ જગતના જીવોને સાચી જ્ઞાનદૃષ્ટિ આપીને ફરમાવ્યું કે આ સંસાર અનાદિનો છે અને અનાદિ કર્મ સંયોગથી જીવને વળગ્યો છે, પણ સંસાર એ જીવનું સ્વરૂપ નથી, પણ વિરૂપ છે. જીવનું સાચું સ્વરૂપ મોક્ષ છે. સંસારમાં જીવ પુણ્યથી સુખ પામે છે ને પાપથી દુઃખ પામે છે. જીવ પોતાની અજ્ઞાનતાના કારણે સુખમાં મોજમઝા ઉડાવીને સંસારમાં ભટકે છે. જે આત્માઓને શ્રી અરિહંત ભગવંતોની સાચી ઓળખાણ થાય છે તેવા આત્માઓ ખરેખર તેમની આજ્ઞાનું પાલન કરી શકે છે. જેના હૈયામાં ભગવાનનું સ્થાન હોય તેને પૈસો પાપ રૂપ લાગે છે. પાંચમું પાપ પરિગ્રહ છે. પરિગ્રહને પાપ તો બધા દર્શનકારોએ માન્યું છે. જેને પૈસો એ પાપ રૂપ ન લાગે એ જૈન તો નથી, પણ એનામાં આર્યપણાનો ય અભાવ છે એમ કહી શકાય. પૈસાનો ભગત કોઈનો સાચો ભગત બની શકે નહિ. પૈસાનો ભગત સાધુને પણ બગાડે છે. ધન મેળવવા માટે આજે કેટલીય હિંસા વધી ગઈ છે. જૂઠનું સામ્રાજ્ય ફેલાયું છે, અને ચોરી સાર્વત્રિક બની ગઈ છે. આ બધાનું મૂળ કારણ પૈસો એ પાપ છે એમ લાગ્યું નથી, અને પૈસાથી મળતું સુખ બરાબ લાગ્યું નથી તે છે.

જગતના જીવો જે જાતનું સુખ ઈચ્છે છે તે સુખ શાશ્વત નથી. સંસારમાં જે સુખ છે તે દુઃખથી ભરેલું છે. અલ્પકાળ રહેવાવાળું ને અધૂરું છે. જ્યારે મોક્ષમાં જે સુખ છે તેમાં લેશ માત્ર દુઃખ નથી. સદાકાળ રહેવાવાળું છે ને સંપૂર્ણ છે. દરેક જીવોને આવું સુખ જોઈએ છે પણ આવું સુખ સંસારમાં નથી. સંસારનું સુખ તો પરતંત્ર છે, દુઃખમિશ્રિત, થોડો વખત રહેવાવાળું ને અંતે નાશ પામનારું છે. આ સુખ ઉપર જે જીવો રાગ કરે છે તે બધા સંસારમાં ભમે છે. આ વાત અરિહંત ભગવંતોએ જોરશોરથી કહી છે. એ પરમકૃપાળુ ભગવંતો ફરમાવે છે કે દુનિયાનું સુખ ભયંકર છે માટે તમે

બધા આ ભૌતિક સુખમાં ફસાઓ નહિ ને કોઈને ભૌતિક સુખના રાગી બનાવો નહિ. સાધુ બન્યા પછી પણ જો એ ભૌતિક સુખમાં ફસાય તો તે પણ સંસારમાં ભટકવાના છે.

પુણ્યથી મળતું સંસારનું સુખ એ તજવા યોગ્ય છે. પુણ્યથી મળતા સુખની અને તે સુખની સામગ્રીની ઈચ્છા પણ પાપના ઉદયથી થાય છે. તે ઈચ્છા પણ પાપરૂપ છે, અને તેનાથી નવા પાપનો બંધ થાય છે. આ વાત ન બેસે ત્યાં સુધી ભગવાનની સાચી ભક્તિ થઈ શકે નહિ. ભગવાનની આજ્ઞાના પાલન રૂપ જે દાન, શીલ, તપ, અને ભાવ છે તે પણ સાચા ભાવે થઈ શકે નહિ. ભગવાનની આજ્ઞા પર જો પ્રેમ થાય તો કાર્યસિદ્ધિ થાય.

ભગવાનની આજ્ઞામાં મસ્ત રહેતા એવા ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે કે આ સંસાર તો એક જેલ છે. જેલમાં રહેતા જેલીને જેલમાં ગમે તેટલું સુખ હોય, એના ઘર જેવું સુખ અને સામગ્રી મળતી હોય તો પણ એને જેલમાં આનંદ આવતો નથી. એની તો એક જ ભાવના હોય છે કે હું આ જેલમાંથી કેમ જલ્દી મુક્ત થાઉં! એવી રીતે આ છ ખંડનું રાજ્ય એ પણ એક પ્રકારની જેલ છે. પછી ભલે એમાં ગમે તેટલા વૈભવ અને સુખની સામગ્રી હોય, શરીરની તમામ સાનુકૂળતાઓ મળતી હોય પણ આત્માને મોક્ષમાં જતા રોકવા માટેની જેલ છે. મોક્ષાર્થી જીવોને તો એમ જ થાય કે હું આ સંસાર રૂપ જેલમાંથી કયારે મુક્ત થાઉં! સંસાર જેલમાં રહેવાથી આત્માનો સાચો વિકાસ થતો નથી. **આત્મિક, માનસિક અને શારીરિક એ દરેક શક્તિના વિકાસનું મૂળ સંયમ છે. સંયમનું બળ જેમ જેમ વધે છે તેમ તેમ આત્મિક તેજ વિકાસ પામે છે.** આવો ઉત્તમ મનુષ્ય ભવ આત્મિક તેજ પ્રગટ કરવા માટે મળ્યો છે. મનુષ્ય ભવ પામીને સંસારના સુખોમાં આસક્ત બનવાનું નથી. હે ચક્રવર્તિ!

મનુષ્ય જન્મ અમુલખ પામીને, ભૂલીજઈ નિજ આત્મા સ્વરૂપ આ,
જીવનમાં કદી શુભ કર્યું નહિ, થઈ જ ગૃદ્ધ શરીર સુખો વિષે.

આ મનુષ્ય ભવ તો દેવોને પણ દુર્લભ છે. આવા દુર્લભ ભવમાં પાંચ ઈન્દ્રિયોના વિષય સુખોમાં આસક્ત બનીને અમૂલ્ય સમય એમાં વેડફી નાંખનાર મનુષ્ય મૂર્ખ છે, અને જે સમયને ઓળખીને સંયમની આરાધના કરી આત્મસ્વરૂપની પિછાણ કરી લે છે એ મહાચતુર છે. તો તમે પણ સંસાર સુખોનો મોહ છોડીને આત્મસાધના કરી લો. હાથમાં આવેલો ઉત્તમ સમય ગુમાવો નહિ, પણ મળેલા સમયને સાર્થક કરો.

બંધુઓ! મહાન પુણ્યથી આજે મનુષ્ય ભવ મળ્યો છે, પણ એની કિંમત સમજાણી નથી. વિચારો, લાખ્ખો મનુષ્યો જગતમાં દુઃખી છે. ઘણાંને રહેવા ઘર નથી, ખાવા અન્ન નથી, તો ઘણાં મનુષ્યો બિચારા જન્મથી આંધળા, બહેરા, મૂંગા ને અપંગ છે. આપણે બધા સારા છીએ, શરીર સારું છે, ઈન્દ્રિયો સારી મળી છે. આ બધું

તમને તમારા પૂર્વભવના પુણ્યથી મળ્યું છે એમ માનો છો ? પણ તમારી વર્તમાન કાળની કરણીથી તમારું શું થશે એનો વિચાર કરો છો ખરા ? આ લીલા લહેર કોને આભારી છે ? ભૂતકાળમાં કરેલા શુભ કાર્યથી બંધાયેલ પુણ્યના પ્રભાવે. આટલી શ્રદ્ધા થાય તો પાપકર્મ કરવાનું મન થાય નહિ. અહીં ખરાબ કાર્યો કરશો તો દુર્ગતિમાં જવું પડશે એ વાત ભૂલતા નહિ. તમને મરવાની ચિંતા વધારે થાય છે કે મારે દુર્ગતિમાં ન જવું પડે એની ચિંતા વધારે છે ? બોલો તો ખરા. મેં જીવનમાં ખરાબ કામ નથી કર્યું, કોઈને દુઃખ થાય એવું કાર્ય નથી કર્યું, કોઈના ખરાબ કાર્યમાં ભાગ નથી લીધો. મેં તો બને ત્યાં સુધી મારી શક્તિ મુજબ સારું કાર્ય કર્યું છે, માટે મને મરવાનો ભય નથી. હું તો સદ્ગતિમાં જવાનો છું. આ પ્રમાણે તમે હૈયે હાથ મૂકીને કહી શકો છો ખરા ? ના તમે એમ નહિ કહી શકો કારણ કે એવું તમારું જીવન નથી.

હજુ પૈસા અને પૈસાથી મળતું સુખ એ બે ચીજો જેને ખરાબ નથી લાગતી તે હિંસા-જૂઠ-ચોરી, વિગેરે પાપો કર્યા વિના રહે જ નહિ. આપણા ભગવાને પૈસાનો ત્યાગ કર્યો ને સુખનો પણ ત્યાગ કર્યો ને અઘોર દુઃખોને સહન કર્યા. આત્માના દોષોનો નાશ કર્યો ને આત્મિક ગુણો પ્રગટ કર્યા, રાગી મટીને વીતરાગી બન્યા. પછી અનંતજ્ઞાની બનીને જગતના જીવોને ઉપદેશ આપ્યો કે હે ભવ્ય જીવો ! પૈસા અને પૈસાથી પ્રાપ્ત થતાં સુખમાં ફસાશો નહિ. એ બેમાં જો ફસાશો તો દુઃખી દુઃખી થઈ જશો. એ સમયે કોઇ બચાવવા નહિ આવે. કોઈ તમને સુખી નહિ કરી શકે. આજે જગતમાં એવા મનુષ્યો છે કે જેઓ તરસ્યા મરે છે પણ એને કોઈ પાણી પાનાર નથી. ભૂખ્યા મરે છે પણ કોઈ ખવરાવનાર નથી. રોગમાં રીબાય છે ને દુઃખી દુઃખી થઈ રહ્યા છે એને કોઈ બચાવનાર કે સુખી કરનાર નથી. તમને વધુ પૈસા મળે તો ભય લાગે કે આનંદ થાય ? જેને આનંદ થાય તે પૈસાનો શું ઉપયોગ કરે ? આજે મોટાભાગના ધનવાનોના જીવન તપાસો. એમના પૈસા કયાં જાય છે ? ભોગવિલાસમાં ને મોજશોખમાં. પોતાના સુખ માટે એનો ઉપયોગ થાય છે. જો કદાચ દાનમાં વાપરે તો નામના માટે, કીર્તિ માટે, લોકો એને સારા કહે, એની વાહ વાહ બોલાય તે માટે એ દાન કરે છે પણ આપણાં જૈનશાસનમાં એવું દાન કરનારની કોઈ કિંમત નથી. ધનનો મોહ જીવને દુર્ગતિમાં લઈ જનાર છે, ભવકૂપમાં ડૂબાડનાર છે. માટે એનો સન્માર્ગે જેટલો ઉપયોગ થાય તેટલો સારો. એ માટે ધનનો સદુપયોગ કરવો. આવી ભાવનાથી દાન આપે તો એનું દાન સાચું છે.

ધન અને ધનથી મળતું સુખ સારું છે એમ જેના હૈયામાં હોય તે પાપ કર્યા વિના રહેવાનો નથી. આજે શાહ એ શાહ નથી, સાહેબ તે સાહેબ નથી અને શેઠ તે શેઠ નથી રહ્યા, કારણ કે શાહ એટલે એ તો સાચા હોય, સાહેબ તો બધાનું ભલું કરે અને શેઠ તો બધાથી સારા હોય. શાહ એ શાહુકારીની પદવી છે. સાહેબ એ સત્તાની

પદવી છે અને શેઠ એ શ્રીમંતાઈની પદવી છે. જો શાહુ પાસે પૈસો હોય તો તે તેનો સારા કાર્યમાં સદુપયોગ કરે પણ જો પાસે પૈસા ન હોય તો તે હિંસા-જૂઠ-ચોરી-અપ્રમાણિકતા વિગેરે પાપ તો ન કરે. મરી જાય પણ અસત્ય ન બોલે. જે બધાની ચિંતા કરે, બધાનું ભલે કરે તે સાહેબ, અને શેઠ તો જ્યાં હોય ત્યાં સારા હોય, તેની પાસે જે કોઈ દુઃખી આવે તે દુઃખી ન રહે. બધામાં જે શ્રેષ્ઠ તેનું નામ શેઠ. જે પૈસાનો લોભી બન્યો, ભૌતિક સુખનો ભિખારી બન્યો તે શાહ શાહ ન રહે, સાહેબ એ સાહેબ ન રહે, શેઠ એ શેઠ ન રહે, માટે પૈસા અને પૈસાથી મળતું સુખ એ બંને બહુ ખરાબ ચીજ છે. જે જીવ સુખનો લોભી અને અતિપ્રેમી બન્યો તો સમજી લેવું કે એ બગડયો. હિંસાદિ પાપો કરીને પૈસા મેળવવા અને પછી ખાઈપીને મોજમઝા ઉડાવવી તેના કરતાં ભૂખ્યા રહેવું સારું. ગરીબ રહેવું સારું. આવી ભાવના જાગે તો તો દુર્ગતિમાં નહિ જવું પડે પણ જો પાપ કર્મો કરીને મોજમઝા ઉડાવશો તો દુર્ગતિમાં જવું પડશે. ત્યાં કોઈ તમને બચાવવા નહિ આવે.

આજે દુનિયામાં પાપ વધી ગયું છે, અનીતિ વ્યાપક બની ગઈ છે ને પ્રમાણિકતા તો ક્યાંય દૂર ભાગી ગઈ છે. આજે લોકો બૂમ પાડે છે ને કે પૈસા આપવા છતાં પણ પ્રમાણિક માણસ મળતો નથી. એનું કારણ હોય તો તે એક જ છે કે મનુષ્યના જીવનમાં ધર્મ નથી. ધર્મ કોણ કરી શકે? જે અધર્મથી ડરે તે. અધર્મથી કોણ ડરે? જે પૈસા અને પૈસાથી મળતાં સુખને ખરાબ માને તે. આજે તો એક બાજુ ભગવાનને સારા માનવા છે જ્ઞાની માનવા છે ને બીજી બાજુ ભગવાને જે છોડયું તે સારું માનવું છે. એ બેનો મેળ કેવી રીતે મળે? જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી સારું છે પણ પુણ્ય ખલાસ થઈ જશે એટલે હાલત ખરાબ થશે. જો તમારે તમારું ભવિષ્ય સુધારવું હોય તો જ્ઞાની ભગવંતો કહે છે કે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું ને ક્યાં જવાનો છું? મારે શું કરવાનું છે ને શું નથી કરવાનું? મેં કરવા યોગ્ય શું કર્યું છે અને મારા જીવનમાં કયા ખરાબ કામ ચાલુ છે અને કયા સારા કાર્યો ચાલુ છે, આવા વિચારો રોજ કરો. ખરાબ કાર્યનો પશ્ચાતાપ કરી, સારા કાર્યનું અનુમોદન કરી હવે પછી મારે ખરાબ કાર્ય કરવું નથી, બને તેટલું સારું કરવું છે આવો વિચાર કરીને રાત્રે સૂઈ જાઓ. જો બધા લોકો આવા વિચારો કરે તો જીવન બદલાઈ જાય. બાકી આજની સરકાર ગમે તેટલા કાયદા કરે, જેલમાં પૂરે પણ સુધારો થવાનો સંભવ નથી. ભગવાને જેટલાને સારા બનાવ્યા તે માત્ર ઉપદેશથી બનાવ્યા છે. કોઈના ઉપર બળજબરી કરી નથી.

સ્વપરનું કલ્યાણ કરવા નીકળેલા ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવી રહ્યા છે કે સંસાર અસાર છે. સંસારમાં સુંદર મોહક અને આકર્ષક દેખાતા પુદ્ગલો તમામ અશાશ્વત છે. જીવને ક્ષણમાં હસાવનાર અને ક્ષણમાં રડાવનાર છે. કામભોગ ક્ષણિક સુખ અને લાંબા કાળનું દુઃખ આપનાર છે. હે રાજન્! તેમાં તમે શું મોહ પામ્યા છો? સાચું સુખ અને સાચો આનંદ ભોગમાં નથી ત્યાગમાં છે. માટે ત્યાગના ઘરમાં આવો.

ઓ બ્રહ્મદત્ત સંસાર છોડી...આવો રે આવો સંયમ ઘરમાં...
સંસાર સુખનો ત્યાગ કરીને...આવો ચારિત્ર ચરણમાં...
શાશ્વત સુખનો ભર્યો ખજાનો, નિજ સ્વરૂપમાં મસ્ત રે બનવા,
વિભાવ દશા ભૂલી જવાને-અમૂલ્ય ખજાનો લેવા આવો...ઓ...

હે બ્રહ્મદત્ત ! આ સંસાર તો એકાંત આશ્રવનું ઘર છે, જ્યાં ક્ષણે ક્ષણે પાપકર્મની આવક ચાલુ છે, માટે આવું આશ્રવનું ઘર છોડીને એકાંત સુખનું ઘર એવા સંયમ માર્ગમાં આવી જાઓ. અલ્પ સુખ અને મહા દુઃખ આપનાર વિષયોનો રાગ છોડી સદા શાશ્વત સુખને આપનાર ત્યાગ માર્ગે આવો. અવિરતિના બંધન તોડી વિરતિના ખીલડે બંધાઈ જાઓ. બાહ્યખજાનો છોડીને આત્માનો આભ્યંતર ખજાનો મેળવી લો. એ ખજાનો ત્યાગ માર્ગમાં મળશે. સંસારમાં તમારા છ ખંડની સાહ્યબીમાં નહિ મળે. કરુણાના સાગર ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સંસારમાંથી બહાર કાઢવા કેવો સુંદર ઉપદેશ આપે છે. કેવી ટકોર કરે છે, પણ જેને મોહના ઝેર ચઢયા હોય તેને એની અસર ક્યાંથી થાય ? આમ તો લીંબડો કડવો લાગે પણ કોઈ માણસને ભયંકર ઝેરી સર્પ કરડયો હોય ને એનું ઝેર આખા શરીરમાં વ્યાપી ગયું હોય, એને જો લીંબડાના પાંદડા ચવડાવવામાં આવે ને એને પૂછવામાં આવે કે ભાઈ ! તને લીંબડાનાં પાન કેવા લાગે છે ? તો એ તરત કહેશે કે મને મીઠા લાગે છે. એને લીંબડાના પાન કડવા નહિ પણ મીઠા લાગશે, પણ જેને ઝેર ચઢયું નથી એવી વ્યક્તિને લીંબડાના પાન કડવા લાગે છે એવી રીતે જેને મોહના ઝેર ચઢયા છે એવા મનુષ્યોને સંસાર લીંબડાથી પણ અધિક કડવો હોવા છતાં મીઠો સાકર જેવો લાગે છે પણ જેને મોહના ઝેર ચઢયા નથી એવા ત્યાગી પુરૂષોને સંસાર કડવો ઝેર જેવો લાગે છે, જ્ઞાનીઓને સંસારી જીવોની દયા આવે છે, તેથી જગતના જીવોને સંસારનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે, પણ સંસારી જીવોને એ વાત રૂચતી નથી. હું તો તમને કહું છું કે તમે સંસારનો ત્યાગ ન કરી શકો તો ખેર, પણ એટલું તો કરજો કે જેમ બને તેમ પરિગ્રહ ઓછો રાખવો, ન્યાય નીતિપૂર્વક જીવન જીવવું આવી ભાવના રાખશો તો પણ કોઈક વખત સંસાર છોડી શકશો. અન્યદર્શનમાં પણ કંઈક જીવો કેવું પવિત્ર જીવન જીવી ગયા છે તે એક દૃષ્ટાંત આપીને સમજાવું

આગળના સમયમાં એક ગ્યાસુદ્દીન નામના બાદશાહ થઈ ગયા. એમના જીવનમાં ખૂબ સાદાઈ હતી, એ જાત મહેનત કરી પૈસા કમાઈને પોતાનું ગુજરાન ચલાવતા હતા. રાજ્યના ભંડારમાંથી પોતાના જીવનના અર્થ માટે એક પાઈ પણ વાપરતા ન હતા. એની બેગમને રસોઈ જાતે જ બનાવવી પડતી. આવા મોટા બાદશાહ હોવા છતાં એના ઘરમાં નોકરચાકર કે રસોઈયા ન હતા. પોતાના શરીરને કષ્ટ આપી ખરેખર પરસેવાના પૈસાની કમાણી કરીને પવિત્ર જીવન જીવતા હતા. એના જીવનમાં રહેલી સાદાઈ, નીતિ અને પવિત્રતાની ખૂબ પ્રશંસા થવા લાગી.

ઈરાન દેશના એક મહમદ શાહ નામના ફકીરે ગ્યાસુદ્દીન બાદશાહની ખૂબ પ્રશંસા સાંભળી, તેથી એના મનમાં થયું કે હું આ બાદશાહની પાસે જાઉં તો એ મને ઘણી મોટી રકમ બક્ષીસમાં આપશે ને મારું દરિદ્ર ટળી જશે. મારો જન્મારો સફળ બની જશે, પછી જિંદગીભર કમાવાની કોઈ ચિંતા નહિ રહે. આમ વિચાર કરીને ફકીર ઈરાન દેશમાંથી હિન્દુસ્તાનમાં દિલ્હીમાં આવ્યો. ફકીર તો ઘણી મોટી આશાથી આવ્યો હતો, પણ બાદશાહ તો રાજ્યના ભંડારમાંથી એક પાઈ પણ પોતાના માટે વાપરતા ન હતા. તેમનો એક જ ધ્યેય હતો કે રાજ્યના ભંડાર મારા નથી. એ તો પ્રજાનો પૈસો છે અને પ્રજાના હિત માટે કે રક્ષણ માટે વાપરવો જોઈએ. એમાં મારો હક્ક નથી. એમ સમજીને સ્વયં કમાણી કરીને જીવન ગુજારતા હતા. એ બીજાને દાન કયાંથી આપી શકે ?

ફકીર તો દરબારમાં આવી બાદશાહને પ્રણામ કરીને ઉભો રહ્યો ને બાદશાહને દુઆ દીધી, તેથી બાદશાહે પણ એનું સ્વાગત કર્યું, અને પોતાને ત્યાં જમવા માટેનું આમંત્રણ આપ્યું. ફકીરે તેનો સહર્ષ સ્વીકાર કર્યો. બપોરે બાદશાહને જમવાનો સમય થયો. એટલે પેલા ફકીરને પણ પોતાની સાથે જમવા બેસાડયો. ફકીરના મનમાં તો એવો હર્ષ થયો કે આજે મારા ભાગ્ય ઉઘડી ગયા. હમણાં જાતજાતના મિષ્ટાન્નો પીરસાશે ને હું ધરાઈને મિષ્ટાન્ન જમીશ. મારી ભૂખ અને દરિદ્ર ભાગી જશે. આમ વિચારોનો હવાઈ મહેલ ચણી રહ્યો હતો. ત્યાં ભોજન થાળમાં મિષ્ટાન્ને બદલે જુવારનો રોટલો અને મગની દાળનું ભોજન પીરસાયું. ખુદ બાદશાહના થાળમાં પણ એ જ ભોજન પીરસાયું. ફકીર માનતો હતો કે મને બાદશાહની સાથે જમવા બેસાડયો છે એટલે ભોજનમાં માલમલીદા મળશે ને પછી રાજા મને મોટું ઈનામ આપશે, પણ ભોજનમાં જુવારનો રોટલો ને મગની દાળ જોઈ એટલે એની આશાનો ચણેલો હવાઈ મહેલ તૂટીપડયો.

ફકીરના મનમાં થયું કે બાદશાહ પોતે જુવારનો રોટલો ને મગની દાળ જમે છે અને પોતાને ત્યાં આવેલા મારા જેવા વિદેશી ફકીરને પણ આવું સાદું ભોજન જમાડે છે તો એ મને શું આપી શકવાનો છે ? અહીં રહેવાનો કોઈ અર્થ નથી. આમ વિચાર કરીને જમ્યા પછી ફકીરે જવાની રજા માંગી. બાદશાહે એને રોકાવા માટે ખૂબ કહ્યું પણ ફકીર રોકાયો નહિ ત્યારે બાદશાહે એના બિસ્સામાંથી બે આના કાઢીને ફકીરને બક્ષીસ આપ્યા. બે આનાની શું કિંમત ? અત્યારના જમાનામાં તો બે આનાના દાતણ પણ નથી મળતા. આવી બે આનાની રકમ જોતાં ફકીરના દિલમાં ખૂબ દુઃખ થયું. એ મનમાં વિચારવા લાગ્યો કે હું તો લાખો રૂપિયાની આશાથી ઈરાન દેશ છોડીને હિન્દુસ્તાનમાં આવ્યો. આટલી મારી મહેનત પણ સફળ ન થઈ ! અહીં તો મને ફક્ત બે આના જ મળ્યા. બે આનાને મારે શું કરવાના ? આમ વિચાર કરતો એ બે આના લઈને મહેલમાંથી પાછો ફર્યો. દિલ્હીની બજારમાંથી પસાર થતાં એના મનમાં વિચાર આવ્યો કે હું ઈરાન જઈશ ત્યારે મારા બાળકો પૂછશે કે બાપુજી !

તમે હિંદુસ્તાન ગયા હતા તો તમે ત્યાંથી અમારા માટે શું લાવ્યા? મારે બાળકો માટે શું લઈ જવું? આમ વિચાર કરતો ચાલ્યો જતો હતો, તેમાં એણે એક સુંદર કેરીઓનો ટોપલો જોયો ત્યારે ફકીરના મનમાં થયું કે મારા દેશમાં કેરી મળતી નથી, માટે આ બે આનાની કેરીઓ લઈ જાઉં. એણે તો બે આનાની કેરીઓ ખરીદી લીધી. એ રૂમાલમાં બાંધીને પોતાના દેશ તરફ ચાલ્યો.

બંધુઓ! આ ફકીરને મન નીતિના બે આનાની કિંમત નથી. એણે તો માન્યું હતું કે આ બે આનાને શું કરવા છે? આનાથી મારું દરિદ્ર કંઈ ટળી જવાનું નથી પણ હવે જુઓ એ ગ્યાસુદ્દીન બાદશાહની નીતિની કમાણીના પૈસા શું કમાલ કરે છે? ફકીરે તો પાકી કેરીઓ લીધી હતી. એ તો કેટલા દિવસ રહી શકે? હિંદુસ્તાનમાંથી ઈરાનમાં પહોંચ્યો ત્યાં સુધીમાં તો બગડી જાય ને? થોડા દિવસમાં ઈરાન પહોંચી ગયો. જઈને પેલી પોટલી છોડીને જોયું તો કેરીઓ બગડી ગઈ હતી. એમાંથી ગંધ આવતી હતી. એવી કેરીઓને ફકીરે એક ખૂણામાં ફેંકી દીધી. આ અરસામાં ઈરાનના બાદશાહ એકાએક બિમાર પડયા. એમના શરીરની ચિકિત્સા માટે મોટા મોટા વૈદો અને ડોકટરો આવ્યા પણ કોઈ રાજાનો રોગ પારખી શકતું નથી. ગમે તેટલી સારામાં સારી દવાઓ આપે છે પણ કોઈ રીતે રાજાનો રોગ મટતો નથી, પણ વધતો જાય છે, ત્યારે મોટા હકીમોને તેડાવવામાં આવ્યા. હકીમોએ રાજાના રોગનું નિદાન કરીને કહ્યું કે જહાંપનાહ! આપનો રોગ પકડાઈ ગયો છે ને એ મટી જશે એ વાત નકકી છે પણ એ માટે કેરીની ગોટલીની જરૂર છે, પણ એ કેરીના ફળો આપણા દેશમાં થતા નથી. એ હિંદુસ્તાનમાં ખૂબ થાય છે. એ ફળના ઝાડને આંબો કહેવામાં આવે છે. જો એ આંબાના ઝાડના ફળની ગોટલી મળે તો આપનો રોગ નાબૂદ થશે, માટે આપ ગોટલી મેળવવા જલ્દી તજવીજ કરો.

હકીમોએ કેરીની ગોટલીથી રોગ મટશે એમ કહ્યું એટલે તરત રાજાએ પોતાના ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ માણસ ૨૪ કલાકમાં કેરીની ગોટલી લાવી આપશે તેને રાજા સો ગામ ઈનામમાં આપશે. હિંદુસ્તાનમાં ગોટલી લેવા જાય ત્યાં સુધી તો રાજા જીવી શકે તેમ ન હતું એટલે ગોટલીની જલ્દી જરૂર હતી, પણ જે દેશમાં કેરીનો પાક જ ન થતો હોય ત્યાં ગોટલી કયાંથી મળે? ત્યાં ગોટલી મળવી મુશ્કેલ હતી, પણ મહમદશાહ ફકીરને ખૂબ આનંદ થયો. એણે ખૂણામાં જે કેરીઓ ફેંકી દીધી હતી તેમાંથી કેરીના ગોટલા સાફ કરી તેમાંથી ગોટલી કાઢી. પછી ગોટલી લઈને ઝડપભેર રાજા પાસે હાજર થયો. ગોટલી મળતા રાજાને ખૂબ આનંદ થયો ને હકીમો પણ રાજી થઈ ગયા ને ખૂબ ઉત્સાહથી રાજાની દવા કરવા લાગ્યા. થોડા દિવસોમાં રાજાનો રોગ નાબૂદ થયો અને રાજા સાવ સાજા થઈ ગયા.

બાદશાહ સાજા થયા કે તરત પોતાના વચન પ્રમાણે ફકીરને બોલાવીને સો ગામ

ભેટ આપ્યા એટલે એના હર્ષનો પાર ન રહ્યો. જો બાદશાહે એને લાખો રૂપિયા બક્ષીસમાં આપ્યા હોત તો ફકીર આ લાભ ન મેળવી શકત, પણ ખરેખર જાત મહેનતથી શરીરનો પરસેવો ઉતારી નીતિથી મેળવેલી કમાણીમાંથી બે આનાની બક્ષીસથી ફકીર ભાગ્યશાળી બની ગયો. પ્રત્યક્ષ જોયું ને કે ઘડી પહેલાનો ફકીર એ ફકીર મટીને સો ગામનો રાજા બની ગયો.

બંધુઓ! ખરેખરી મહેનતથી શરીરને કષ્ટ આપીને મેળવેલી કમાણી એ સાચી મૂડી કહી શકાય પણ ગરીબોના લોહી ચુસીને મેળવેલી મૂડી એ સાચી મૂડી નથી. જુઓ, ગ્યાસુદ્દીન બાદશાહની નીતિની કમાણીના બે આનાની બક્ષીસમાંથી ફકીર સો ગામનો રાજા બન્યો ને મહા સુખી બની ગયો, ત્યારે એને ખ્યાલ આવ્યો કે હું તો બે આનાની ભિક્ષકતને સાવ તુચ્છ ગણતો હતો પણ એનાથી હું મહાસુખી બની ગયો. ગ્યાસુદ્દીન બાદશાહ ન્યાય નીતિ અને પવિત્રતાથી જીવન જીવતા હતા ને રાજ્ય ચલાવતા હતા છતાં એમને બિલકુલ મમતા કે મોહ ન હતો. રાજ્યમાં રહેવા છતાં ફકીર જેવું જીવન જીવતા હતા અને પેલો ફકીર ફકીર હોવા છતાં સંસારના સુખમાં આસક્ત હતો. સો ગામનું રાજ્ય મળતાં એને ખૂબ આનંદ થયો, પણ અંતે તો એ બધા સુખો, રાજવૈભવ બધું અશાશ્વત છે ને? એ બધું અહીં છોડીને જવાનું છે. સાથે એક રાતી પાઈ પણ આવવાની નથી.

આપણા અધિકારમાં પણ એવી જ વાત ચાલે છે. ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવે છે કે આ મનુષ્ય જન્મ પામીને મહાપુણ્યોદયે તમને આટલી સંપત્તિ મળી છે. બધી જાતના સુખો મળ્યા છે, અને એમાં તમે આસક્ત બની ગયા છો પણ એક દિવસ તો એનો મોહ તમારે છોડવો પડશે.

इह जीवए राय असासयम्मि, धणियं तु पुण्णाइं अकुव्वमाणो।
से सोयइ मच्चु मुहोवणीए, धम्मं अकाउंग परम्मि लोए ॥ २१ ॥

હે રાજન્! આ મનુષ્યનું જીવન અશાશ્વત છે. આવા ક્ષણભંગુર અને અશાશ્વત જીવનમાં જે મનુષ્ય નિરંતર ધર્મના કાર્યો, પુણ્યના કાર્યો કરતો નથી તે મનુષ્ય જ્યારે મૃત્યુના મુખમાં પહોંચે છે ત્યારે તે આ લોકમાં તો શોક કરે છે અને પરલોકમાં જ્યારે જાય છે ત્યારે ત્યાં દુઃખી થાય છે અને મેં કાંઈ પણ ધર્મકાર્ય કર્યું નથી એવા વિચારમાં તે રાતદિવસ દુઃખી રહ્યા કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે દુર્લભ એવો મનુષ્ય જન્મ પામીને અવશ્ય ધર્મનું આચરણ કરવું જોઈએ. જે મનુષ્ય ધર્મારાધના કરતો નથી ને માત્ર સંસારના સુખોમાં આસક્ત રહે છે તે નરક–તિર્યંચાદિ દુર્ગતિમાં જાય છે ને ત્યાં અસહ્ય દુઃખો ભોગવે છે, પછી પશ્ચાતાપ કરે છે કે હાય....હાય....મેં એ સમયે એટલે કે હું મનુષ્ય હતો ત્યારે મેં કંઈ ધર્મારાધના કરી નહિ. જો એ

સમયે ધર્મારાધના કરી હોત તો અત્યારે મારે આવા દુઃખો ભોગવવાનો સમય ન આવત. આવી રીતે પશ્ચાતાપ કરવાનો સમય ન આવે એ માટે મહાનપુરૂષો આપણને સંસારનો મોહ છોડવા માટે ઉપદેશ આપીને જાગૃત કરે છે.

હે ભવ્ય જીવો! આ સંસારમાં એક પણ ચીજ શાશ્વત નથી. જેનો ઉદય છે તેનો અસ્ત થવાનો છે. જે ખીલે છે તે અવશ્ય કરમાય છે. જેનું નામ છે તેનો એક દિવસ નાશ થવાનો છે. આવું જાણવા છતાં અને સમજવા છતાં પણ મનુષ્ય ધર્મ કરતો નથી. એ તો એમ જ સમજે છે કે મને આ બધું સુખ–વૈભવ વિલાસ જે કંઈ મળ્યું છે તે કયાંય જવાનું નથી. સદા કાળ ટકવાનું છે. આવું માનવું તે મૂર્ખતા છે. કોણ કાયમ રહ્યું છે ને કોના સુખ કાયમ ટક્યા છે? દેવલોકના દેવોનું સુખ પણ કયાં કાયમ ટકે છે? સૂયગડાયંગ સૂત્રમાં ભગવાન કહે છે કે

ઠાણી વિવિહ ઠાણાણિ, ચઇસ્સંતિ ણ સંસઓ ।
અણિયએ અયં વાસે, ણાયએ હિ સુહીહિ ય ॥ અ. ૮ ગાથા ૧૨

દેવલોકના ઈન્દ્રો તથા સામાનિક દેવો આદિ ઉંચ સ્થાનવાળાઓ તથા મનુષ્યોમાં ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ, મહામાંડલિક રાજા, આદિ ઉચ્ચપદ પર રહેલા તથા ભોગભૂમિમાં રહેલા યુગલો આદિ ઉચ્ચ સ્થાનવાળા તથા સાધારણ મનુષ્યો, તિર્યંચો વગેરેને પોતપોતાના સ્થાન એક દિવસ છોડવા પડે છે, એટલે મૃત્યુ પામી પરલોકમાં જવું પડે છે. તેમાં લેશમાત્ર સંદેહ નથી. જેથી સ્વર્ગ લોકનાં અને આ લોકના સાંસારિક સર્વ સુખો અશાશ્વત તથા થોડા કાળના જાણીને અહંકાર તથા મમત્વને દૂર કરવા જોઈએ. તેમજ જ્ઞાતિજન, સ્વજન તથા મિત્રજનો સાથેનો સહવાસ પણ અનિત્ય છે. ઘણાં કાળ સુધી બાંધવો સાથે રહેવા છતાં અંતમાં તો સદાને માટે વિયોગ થાય છે. ઘણાં કાળ સુધી ભોગો ભોગવવા છતાં તૃપ્તિ થતી નથી. ઘણાં કાળ સુધી શરીરનું પોષણ કરવા છતાં શરીરનો પણ એક દિવસ નાશ થાય છે પણ જો પ્રેમથી ધર્મનું સેવન કર્યું હોય, આત્માની ચિંતા કરી હોય તો ધર્મ આ લોકમાં ને પરલોકમાં સહાયક થાય છે, સુખ પ્રાપ્ત કરાવે છે. જ્યારે ભોગોપભોગના સુખના ભોગવટા પાછળ દુઃખના વિપાકો લાંબા કાળ સુધી ભોગવવા પડે છે. તેમજ ભોગના સાધનો કદાચ ભોગી જીવોને છોડીને ચાલ્યા જાય છે અગર તો ભોગીજીવ ભોગના સાધનો છોડીને ચાલ્યો જાય છે ને અધમ ગતિમાં ઉત્પન્ન થાય છે. આવું સમજીને મહાન પુણ્યોદયે મળેલો અમૂલ્ય માનવભવ ધર્મારાધના કરીને સાર્થક કરો.

બંધુઓ! આ વાત દરેક મનુષ્યે ખૂબ વિચારવા જેવી છે કે આ બધું કયાં સુધી ટકવાનું છે? દિપક કયાં સુધી જલી શકે છે? જ્યાં સુધી દિપકમાં તેલ છે ત્યાં સુધી. તેલ ખૂટશે એટલે દિપક બૂઝાઈ જશે ને ચારે બાજુ ઘોર અંધકાર છવાઈ જશે, એ રીતે જ્યાં સુધી આયુષ્યનો દિપક જલે છે ત્યાં સુધી આ સુખ વૈભવ બધું છે એ

બુઝાઈ ગયો એટલે સમજી લો કે ચારે બાજુ ઘોર અંધકાર છે પણ આવું કોણ સમજી શકે છે ? જેનું તન્ય ધબકતું હોય તે, પણ જેનું ચૈતન્ય ધબકતું નથી એ સમજી શકતો નથી. જ્યાં સુધી દેહમાં ચેતન હોય છે ત્યાં સુધી એને કોઈ સહેજ ચૂંટી ખણે અગર અગ્નિ અડે તો બૂમ પાડે છે, પણ ચેતન વિનાના મડદા ઉપર ગમે તેટલી ચૂંટીઓ ખણો, શસ્ત્રોના ઘા કરો, અગર તો એના ઉપર અગ્નિ મૂકો તો એ કંઈ બોલવાનું છે ? 'ના'. એવી રીતે જેનું ચેતન ધબકતું હોય એને સંસારની ક્ષણિકતા અને અસારતા સમજાય છે અને સમજ્યા પછી એ સંસારનો ત્યાગ કરી દે છે.

એક શ્રીમંત શ્રેષ્ઠીને ચેતનકુમાર નામે પુત્ર હતો. બાલપણથી એ ધર્મના રંગે રંગાયેલો હતો. એનો ચેતનદેવ જાગૃત હતો. એને સંસારમાં પડવાની ભાવના ન હતી, પણ મોહઘેલા માતા પિતાએ એને બળાત્કારે જિનમતી નામની શ્રેષ્ઠી કન્યા સાથે પરણાવ્યો. જિનમતીની રગેરગમાં ધર્મનો રંગ હતો. જિનવચન પ્રત્યે એને અતુટ શ્રદ્ધા હતી. ચેતનકુમારની એવી ભાવના હતી કે માનવજન્મ પામીને બને તેટલો વધુ સંયમ પાળવો, એટલે એને પત્નીને જલ્દી તેડાવવાની કંઈ ઉતાવળ ન હતી. માતા પિતા જિનમતીને તેડવાની વાત કરતા ત્યારે ચેતનકુમાર એમ જ કહેતો કે શી ઉતાવળ છે ? એના ભાવ એવા હતા કે જ્યાં સુધી પત્ની પિયર રહે ત્યાં સુધી સહેજે સંયમ પાળી શકાય. આમ કરતાં એક વર્ષ નીકળી ગયું ત્યારે સગાવહાલા બધા વાતો કરવા લાગ્યા કે ચેતનકુમારને પરણાવ્યો છે ને એની પત્નીને કેમ તેડાવતા નહિ હોય ? એટલે ચેતનકુમારના માતા–પિતા કહે છે બેટા ! લોકો આપણી આવી વાત કરે છે, માટે હવે તારી પત્નીને તેડી લાવીએ, ત્યારે ચેતનકુમારે કહ્યું તો હું જાતે જ તેડવા જાઉં છું. લોકોપવાદને કારણે ચેતનકુમાર પત્નીને તેડવા જવા માટે તૈયાર થયો, ત્યારે એના માતા–પિતા કહે છે બેટા ! તું સાસરે જાય છે તો એકલા નથી જવું. આ આપણો જુનો મંગળિયો નોકર છે એને તું સાથે લઈ જા. તો તને ઠીક રહેશે ને અમને પણ ચિંતા નહિ.

ચેતનકુમાર મંગળિયાને લઈને રવાના થયો. એ સમયે ટ્રેઇનો કે બસો ન હતી. પગપાળા અગર ઘોડા–હાથી–બળદગાડી વિગેરે સાધનો ઉપર જવાતું હતું. આ ચેતનકુમાર તો પોતાના નિમિત્તે કોઈ જીવને કષ્ટ આપે તેવો ન હતો, એટલે પગપાળા ચાલતા ગયા. ચાલતાં ચાલતાં ઘણે દૂર જંગલમાં પહોંચ્યા. એના સાસરાનું ગામ બે ત્રણ માઈલ દૂર હતું. ખૂબ થાકી જવાથી એક ઝાડ નીચે વિસામો ખાવા બેઠા. ચેતનકુમાર બહુ થાકી ગયો હોવાથી સૂઈ ગયો અને મંગળિયો બેઠો રહ્યો. મંગળિયો ત્યાં બેઠો બેઠો જમીન ખોતરવા લાગ્યો. ખોતરતાં ખોતરતાં ઉંડો ખાડો પડ્યો એટલે જમીનમાંથી એક સોનાનો રત્નોથી ભરેલો ચરૂ નીકળ્યો. ચેતનકુમારને કહે છે શેઠ ! જુઓ તો ખરા આ રત્નોથી ભરેલો ચરૂ નીકળ્યો. ચેતનકુમારે કહ્યું મંગળ ! આ ધન આપણું નથી. એ કોઈએ અહીં દાટ્યું હશે. આ ધન તો મહાન અનર્થનું કારણ છે, માટે તું

એને પાછું દાટી દે. એ આપણે ન જોઈએ. શેઠના કહેવાથી મંગળિયાએ ચરૂ દાટી દીધો, પણ એનો જીવ કચવાયો, પણ શેઠ આગળ એનું કંઈ ચાલે તેમ ન હતું.

થોડીવાર આરામ કરીને બંને ચાલ્યા પણ નોકરનો જીવ પેલા ચરૂમાં હતો. સસરાના ગામના પાદરમાં આવ્યા, એટલે ચેતનકુમારે નોકરને કહ્યું–ભાઈ! તું આગળ જઈને સાસરે ખબર આપ કે જમાઈ તમારી પુત્રીને તેડવા માટે આવે છે. પછી હું આવું છું, કારણ કે અચાનક જઈને ઉભા રહીએ તે સારું નહિ. મંગળિયો કહે ભલે, એમ કહીને એ ગયો તો ખરો પણ એના મનમાં થયું કે નક્કી આ શેઠ મને આગળ મોકલીને પેલો ચરૂ લઈ લેશે. મને આગળ મોકલવાનું કારણ આ જ લાગે છે, એટલે એતો થોડે જઈને પાછો ફર્યો ને જલ્દી શેઠની પાસે પહોંચ્યો. ચેતનકુમારે કહ્યું કેમ ભાઈ! તું તો જલ્દી આવી ગયો ત્યારે મોઢું ગંભીર કરીને કહે છે શેઠ! જુલમ થઈ ગયો. હું તમને શું વાત કરું? કહેતા મારી જીભ ઉપડતી નથી. ચેતનકુમારે કહ્યું–ભાઈ! શું છે? જે હોય તે સાચું કહે. શેઠ! હું તો તમે આવ્યાની વધામણી દેવા દોડતો હરખભેર તમારા સાસરે ગયો ત્યારે તમારા સાસુ સસરા ખૂબ રડતા હતા. મારાથી એમને કેમ પૂછાય કે તમે કેમ રડો છો? એટલે મેં આડોશી પાડોશીને પૂછયું તો ખબર પડી કે તમારી પત્ની જિનમતી પરાયા પુરૂષમાં મુગ્ધ બનીને ચાલી ગઈ છે, અને એના મા–બાપને કોઈએ સમાચાર આપ્યા કે તમારા જમાઈ જિનમતીને તેડવા આવે છે એટલે એમના દિલમાં આઘાત લાગ્યો છે કે જમાઈ તેડવા આવે છે ને દીકરી તો ભાગી ગઈ છે. હવે શું મોઢું બતાવવું!

દેવાનુપ્રિયો! ધનનો લોભ કેવો અનર્થ કરે છે! કેવી માયાજાળ રચે છે! માનવ જીવન તો સ્વાત્માને સારો, ગુણિયલ અને સાત્વિક ઉદાર પ્રકૃતિવાળો બનાવવા માટે મળ્યું છે પણ જેનું ચૈતન્ય મૂઢ બની ગયું છે એવા આત્માઓ તો અવળું કામ કરે છે. ધનના લોભી નોકરે પવિત્ર જિનમતી ઉપર કેવો આરોપ મૂક્યો! આ સાંભળીને ચેતનકુમારના મનમાં આંચકો લાગ્યો કે શું આવી પવિત્ર અને ધર્મીષ્ઠ જિનમતી આવી બની ગઈ! પણ નોકર ઉપર વિશ્વાસ હતો ને પોતે સરળ પ્રકૃત્તિનો હતો એટલે નોકરની વાત સાચી માની લીધી, અને મનમાં વિચાર આવ્યો કે અહો! મોહની કેવી વિટંબણા છે કે આવી ઉત્તમ કુળમાં જન્મેલી અને આવી ધર્મની સંસ્કારી જિનમતીને આવી બુદ્ધિ કયાંથી સૂઝી? ખરેખર સંસાર મોહની વિટંબણાઓથી ભરેલો છે. મારે આવા સંસારમાં રહીને શું કામ છે? આમ વિચાર કરીને નોકરને કહે છે કે હે મંગળ! તો હવે મારે સાસરે જવાનો શું અર્થ! જેના માટે જઈએ છીએ એ તો નથી, માટે હવે હું તો અહીંથી સીધો કોઈ ગુરૂ મહારાજની શોધમાં જાઉં છું. મને ગુરૂ મળશે તો હું દીક્ષા લઈ લઈશ. તું અહીંથી ઘેર જા અને માતા પિતાને બધી વાત કરજે.

જેનું સાચું ચૈતન્ય ધબકતું હતું એવા ચેતનકુમારે જિનમતીનો પણ દોષ ન કાઢયો કે એના ઉપર ક્રોધ પણ ન કર્યો કે તું આવી બરાબ નીકળી! એણે તો સંસારની અસારતા ઉપર વિચાર કર્યો ને વૈરાગ્યના રંગે રંગાઈ ગયો, પણ મંગળિયાનું જીવન જડતાના ધબકારા લઈ રહ્યું હતું એટલે એના મનમાં એવો વિચાર આવ્યો કે આ શેઠના પેટમાં કપટ ભરેલું છે. એ મને મોકલી દઈને પેલો ધનથી ભરેલો ચરૂ લઈ લેવા ઈચ્છે છે, તેથી કહે છે શેઠ! આપને એમ એકલા મૂકીને મારાથી જવાય! આપને ગુરૂ મહારાજ મળશે એટલે સોંપીને પછી જઈશ. એમ કહીને સાથે ચાલ્યો ખરો પણ એના મનમાં પાછો વિચાર થયો કે એ કયારે ગુરૂ મહારાજ પાસે પહોંચે ને મારે કયાં સુધી એમની સાથે ચાલવું? આમ વિચાર કરીને મનમાં કંઈક ગોઠવણ કરી બંને જણા ચાલ્યા જાય છે. વચમાં ભયંકર વગડો આવ્યો, એટલે મંગળિયાએ કેડેથી છરો કાઢયો ને ચાલતાં ચાલતાં ચેતનકુમારની પીઠમાં છરો ભોંકી દઈને ભાગ્યો. છરો ભોંકાવાથી ચેતનકુમારે પાછું વાળીને જોયું તો મંગળિયાને ભાગતો જોયો. એણે ઘણી બૂમો પાડી પણ પાછું વાળીને જોતો નથી. એ તો મૂઠી વાળીને ભાગ્યો જાય છે.

આ બનાવ ઉપરથી ચેતનકુમારના મનમાં થયું કે પેલા રત્નોથી ભરેલ સોનાના ચરૂના લોભથી તો આણે આવું કામ તો નહિ કર્યું હોય ને? એણે જિનમતી માટે પણ ખોટી વાત તો નહિ કરી હોય ને? ગમે તેમ હોય પણ હવે મારે સંસારમાં પડવું નથી. એનું ચૈતન્ય ધબકતું છે, તેથી મંગળીયા ઉપર પણ ક્રોધ ન કર્યો, પણ સંસારની અસારતા ઉપર ચિંતન કરવા લાગ્યો. એણે ઘા ઉપર સૂકા પાંદડાનો ભૂકો કરીને દાબી એના ઉપર પાટો બાંધી દીધો. થોડી કળ વળી એટલે ધીમે ધીમે ચાલતો ચાલતો એક મોટા શહેરમાં પહોંચ્યો. ત્યાં એને કોઈ યોગ્ય ગુરૂ મળી ગયા. એણે ગુરૂને સત્ય હકીકત કહી સંભળાવી અને ઘા રૂઝવવાની દવા કરીને ઘા રૂઝાયા પછી એણે તો દીક્ષા લીધી.

ચેતનકુમારે દીક્ષા લીધાના સમાચાર જિનમતીને મળ્યા. એ પણ ધર્મના રંગે રંગાયેલી હતી. એ પણ ચૈતન્ય ધબકતું જીવન જીવનારી હતી, એટલે પતિએ દીક્ષા લીધાના સમાચાર સાંભળીને એને ખૂબ આનંદ થયો. એ એના માતા-પિતા પાસે જઈને કહેવા લાગી કે હે માતા-પિતા! એમણે સંયમ લીધો છે તો મારી ઈચ્છા છે કે હું એમના દર્શન કરીને મારા નેત્રોને પાવન કરું, મારું જીવન સફળ બનાવું ને પછી હું દીક્ષા લઉં. માતા પિતાએ કહ્યું બેટા! સંયમ માર્ગ કંઈ સહેલો નથી. તું તારે શાંતિથી સંસારમાં રહીને ધર્મધ્યાન કર, ત્યારે જિનમતીએ કહ્યું સંસારમાં રહીને ગમે તેટલું ધર્મધ્યાન કરું પણ સંયમ જેવી સાધના થાય નહિ. એમ માતાપિતાને સમજાવી આજ્ઞા લઈને જિનમતી જ્યાં ચેતનકુમાર સાધુ હતા ત્યાં આવી. પોતાના પતિને મુનિવેશમાં જોઈને આંખમાં હર્ષાશ્રુ આવી ગયા ને ગદ્‌ગદ્‌ કંઠે બોલી હે સ્વામીનાથ! આપને ધન્ય છે! આપે તો સંયમ લઈને આપના આત્માને તાર્યો અને મને પણ ભવસાગરથી

તરવાનો માર્ગ બતાવ્યો. હું આપનો કેટલો ઉપકાર માનું ! અનંત કાળથી સંસારમાં ભટકતા જીવે અનંતી વખત જન્મ લીધા અને વિષયરંગમાં રગદોળનારા પતિ તો અનંતા મળ્યા, પણ પરણીને નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરાવી ચારિત્રના માર્ગે ચઢાવનાર સૌભાગી પતિ તો મહાન પુણ્યોદય હોય ત્યારે મળે છે. આમ કહીને કૃતજ્ઞતાથી વારંવાર લળીલળીને પતિને વંદન કરવા લાગી અને પછી સાધ્વીજીની પાસે પોતે ચારિત્ર અંગીકાર કરી લીધું ને આત્માનું કલ્યાણ કર્યું.

અહીં ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સંસારની ક્ષણિકતા સમજાવતા કહે છે હે ચક્રવર્તિ ! તમે જેમાં સુખ માનો છો એ બધું ક્ષણિક છે. એવું સમજીને મોહ છોડી આત્માનું શ્રેય કરવા ચારિત્રના માર્ગે આવી જાઓ. અત્યારે નહિ સમજો તો પાછળથી પસ્તાવો થશે પણ જેનું ચૈતન્ય ઘબકતું નથી તેવા બ્રહ્મદત્તને આ વાત સમજાતી નથી. હજુ ચિત્તમુનિ શું કહેશે તે અવસરે.



વ્યાખ્યાન નં. ૮૫

આસો વદ ૧૧ ને મંગળવાર **તા. ૧૬-૧૦-૭૯**

અનંતજ્ઞાની ભગવંતો જગતના જીવોને મંગલ વાણી દ્વારા સમજાવે છે કે અનેક પ્રકારના અમંગલોથી ભરેલા સંસારથી મુક્ત બની મહા મંગલકારી મોક્ષમાં જવા માટે આ મંગલકારી માનવભવ મળ્યો છે. તેમાં બને તેટલો પુરૂષાર્થ કરી લો. દરેક આસ્તિક જીવોને મોક્ષમાં જવાની ઈચ્છા હોય છે. તો સૌથી પ્રથમ એ વિચારવાની જરૂર છે કે સંસાર કયા કારણથી ચાલ્યો આવે છે અને કયા કારણથી સંસારનો અંત આવે છે ? તો જ્ઞાનીપુરૂષો કહે છે કે **"कसाय मूलो संसारो कसाया विसयस्सिआ।"** સંસારનું મૂળ કારણ રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ કષાયો છે અને એ કષાયો ઈન્દ્રિયોના વિષયોની સાથે બંધાયેલા છે અર્થાત્ એને આશ્રીને રહેલા છે, કારણ કે વિષયોની પૂર્તિ કરવા માટે કષાયો જન્મે છે. કષાયોથી છૂટકારો એ મોક્ષ છે. કષાયોના કારણે સંસાર છે. કષાયોના ત્યાગ સિવાય સંસાર ટળવાનો નથી. જિનવચનમાં શ્રદ્ધાવંત અને અવિનાશી આત્માને માનનારો મનુષ્ય નાશવંત પદાર્થો માટે રાગ-દ્વેષાદિ કષાયો કરીને સંસારની પરાધીન, નિરાધાર અને દુઃખગ્રસ્ત સ્થિતિમાં ભટકવાનું પસંદ ન કરે. એ તો અનાદિકાળથી આત્મા ઉપર ઘર કરીને બેસી ગયેલા કષાયોને દૂર કરી મોક્ષમાં જઈને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે પણ એ કષાયો કેવી રીતે દૂર કરવા ? તો મહાન પુરૂષો માર્ગ બતાવતાં કહે છે કે હે જીવાત્મા ! સંસાર પ્રત્યે જો ઉદાસીનભાવ આવી જાય તો કષાયોનું મૂળ કપાયા વિના રહે નહિ. કષાયોનું મૂળ કપાય તો મોક્ષ થાય.

"દૃઢીયે માર્ગ શિવનગરનો, જે ઉદાસીન પરિણામ રે,
તેહ અણ છોડતા ચાલીએ, પામીએ જિન પરમધામ રે."

મોક્ષનગરીમાં જવાનો માર્ગ ઉદાસીનભાવ છે. એને જો બરાબર પકડી રાખીને જીવન જીવાય તો પરમધામ-મોક્ષે પહોંચી જવાય. હવે વિચાર કરો કે ઉદાસીનભાવ એટલે શું ? ઉદાસીનભાવ એટલે જગતના જડ કે ચેતન પદાર્થો અને એના પર્યાયો પ્રત્યેથી ઉડી ગયેલું મન, તટસ્થ-માધ્યસ્થ અનાસક્ત હૃદય. આવું હૃદય બનાવવા માટે સૌથી પ્રથમ રાગ-દ્વેષને દૂર કરવા જોઈએ.

બંધુઓ ! કર્મબંધન થવાનું મૂળ કારણ રાગ-દ્વેષાદિ ભાવો છે. ઈષ્ટ અને અનિષ્ટની કલ્પનામાંથી રાગ-દ્વેષ જન્મે છે પણ આ ઈષ્ટ છે ને આ અનિષ્ટ છે. એનાથી જો જીવ ઉદાસીન બને અને વિમુખ બની જાય એની ચિંતા મૂકી દે તો પછી કોઈ પણ પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષ કે ક્રોધ થાય નહિ. આ મારો મિત્ર છે ને આ મારો શત્રુ છે. આ બંગલો સારો છે ને ઝૂંપડી ખરાબ છે, આ મને માન આપે છે ને આણે મારું અપમાન કર્યું એવા ભાવ ન લાવે ને બધામાં સમભાવ રાખે તો એના ઉપર રાગ-દ્વેષ ન આવે કે ક્રોધાદિ કષાય પણ ન આવે. જેથી વ્યાકુળતા, વિહ્વળતા કે ઉકળાટ પણ ન થાય. આત્માથી પર એટલે કે બાહ્ય પદાર્થો પ્રત્યે રાગ કરવાથી એ ન મળતાં, ઈચ્છા પ્રમાણે કાર્ય ન થતા દિલમાં દુઃખ થાય છે. આર્તધ્યાન અને રાદ્રધ્યાન થાય છે ને તેથી કર્મબંધન થાય છે, ત્યારે જે ઉદાસીનભાવથી રહે છે તેવા આત્માઓ એમ વિચાર કરે છે કે હું તો અવિનાશી, શાશ્વત અને અખૂટ સુખનો ભંડાર છું. મારે આવા બાહ્ય અને અનિત્ય પદાર્થોમાં શા માટે મૂંઝાવું ? એના ઉપર શા માટે રાગ કરવો ? એ બધા તો નાશવંત છે, અને એની પાછળ નવા કર્મબંધનો કરી રાગની રામાયણ ઉભી કરવાની છે. એના કરતાં હું એનો રાગ છોડી દઉં તો મારો આત્મા આ સંસારમાં મહાસુખી બની શકે ને પરલોકમાં પણ મહાસુખી બની શકે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવે છે કે હે ચક્રવર્તિ ! આ સંસારના બધા સુખો અનિત્ય અને દુઃખપ્રદ છે. આ જીવન ક્ષણભંગુર છે માટે તમે એનો મોહ ન રાખો. એનો રાગ-મોહ છોડીને પરભવ માટે તો કંઈક ધર્મારાધના કરો. પૂર્વભવમાં તમે શુભ કર્મો કર્યા તો આ ભવમાં આવું મહાન સુખ પામ્યા છો પણ આ ભવમાં જો સુખમાં મગ્ન રહેશો તો તમારી શી દશા થશે ? જરા વિચાર કરો.

મોતની ઘડી સુધી જો નહિ કરું ધરમ, ક્યાં થશે જન્મ ? (૨)
જીવની સાથે જશે જો આ કૂડા કરમ, ક્યાં થશે જન્મ ?
જિંદગી લાંબી છે હું છું એવા ખ્યાલમાં, ભોગવી લ્યો સઘળા શું ઉપાધિ હાલમાં
બાદમાં બેસી જશું માળા લઈને હાથમાં, જો તૂટી જશે અચાનક શ્વાસની સરગમ...

જીવનમાં અંતિમ સમય સુધી પણ જો ધર્મધ્યાન નહિ કરો અને આ ભોગાસક્તિ નહિ છૂટે તો તમારું શું થશે ? મને તો તમારી ખૂબ ચિંતા થાય છે, કારણ કે જીવ

અહીંથી મરીને પરભવમાં જાય છે ત્યારે એની સાથે શું જાય છે ? જે શુભાશુભ કર્મો બાંધ્યા છે તે જવાના છે. બાકી તો જેના ઉપર રાગ કર્યો, મોહ કર્યો, જેની પાછળ પાગલ બનીને પાપ કરો છો એ કોઈ પરભવમાં સાથે આવનાર નથી.

સંબળ શુભ ના લીધું, જાતા પરભવે નરે,
મહાદુઃખે મૂંઝાયે એ, અંતકાળે જ માનવી.

તમે ગામ છોડીને બહારગામ જાઓ છો ત્યારે સાથે ભાતું લઈ જાઓ છો ને ? જો ભાતું હોય તો ભૂખ લાગે ત્યારે ખાવા કામ લાગે છે પણ ભાતું ન હોય તો ભૂખ લાગે ત્યારે શું કરવું ? મૂંઝવણ થાય છે, દુઃખ થાય છે કે જો ભાતું સાથે લાવ્યા હોત તો ખાવા કામ લાગત. તે રીતે પરભવમાં જતાં જીવને તપ–ત્યાગ–સંયમ અને સત્સમાગમ કરીને જે શુભ કર્મો ઉપાર્જન કર્યા છે તેનું ભાતું સાથે લઈ જવાનું છે. એ ભાતું જો સાથે ન હોય તો મહાન દુઃખો ભોગવવા પડે છે. ચિત્તમુનિ કહે છે હે ચક્રી ! પાપકર્મોના ફળ ભોગવવા માટે કોઈ ભાગીદાર નહિ બને. સાંભળો.

जहेह सीहो व मियं गहाय, मच्चू नरं नेइ हु अन्तकाले ।
ण तस्स माया व पियाव भाया, कालाम्मि तम्मं सहरा भवन्ति ॥ २२ ॥

જેમ વનમાં સિંહ મૃગલાને પકડીને લઈ જાય છે અને મારી નાંખે છે ત્યારે ત્યાં તેની કોઈ રક્ષા કરી શકતું નથી. એ જ રીતે મૃત્યુના સમયે કાળ આ જીવને પરલોકમાં લઈ જાય છે એ વખતે માતા–પિતા–ભાઈ–બહેન–પત્ની વિગેરે કોઈ પણ મૃત્યુના મુખમાંથી રક્ષણ કરવામાં સમર્થ બની શકતું નથી. તેમજ માલ મિલ્કત કે પરિવાર કોઈ સાથે નહિ આવે, માટે સમજીને સંસારનો મોહ છોડો.

ચિત્તમુનિને પોતાના ભાઈને સંસારથી મુક્ત કરી આત્મકલ્યાણ કરાવવાની ભાવના છે. એમને બ્રહ્મદત્ત ચક્રીને ધર્મ પમાડીને સંસારથી બહાર કાઢવો છે, કારણ કે જો એ ચક્રવર્તિપણાના સુખમાં આસક્ત રહેશે તો એની કેવી અધોગતિ થશે ? એને નરક ગતિમાં કેવા દુઃખો સહન કરવા પડશે ? એવી કરૂણા ભાવનાથી ચિત્તમુનિ વારંવાર ઉપદેશ આપે છે. આમાં ચિત્તમુનિને કંઈ સ્વાર્થ છે ખરો ? સાધુને તો દરેક જીવો પ્રત્યે કરૂણાભાવ હોય છે એટલે નિઃસ્વાર્થ ભાવનાથી ઉપદેશ આપે છે. આજે ઘણી વખત સાધુ સંતો કહે કે કેમ ભાઈ ! તમે ઉપાશ્રયે આવતા નથી ? કેમ કંઈ ધર્મારાધના કરતા નથી ? તમને આ રીતે ટકોર કરવામાં સાધુને કંઈ સ્વાર્થ ખરો ? સાધુ તો ટકોર કરવામાં નિમિત્ત માત્ર છે. બાકી ઉપાદાન તો તમારું પોતાનું જોઈશે. જો હળુકર્મી જીવ હશે તો તે એવો વિચાર કરશે કે મારા ઉપર સંતની કેવી કરૂણા છે ! મને ટકોર કરે છે તો હું કેવો પુણ્યવાન છું ! જો ભારેકર્મી જીવ હશે તો ઉલ્ટા વિચાર કરશે. હળુકર્મી જીવો ગુરૂનો ઉપદેશ સાંભળીને બોધ ગ્રહણ કરે છે અને પોતાનું જીવન ઉન્નત બનાવે છે.

તમે પુણિયા શ્રાવકની વાત તો સાંભળી છે ને? પુણિયો શ્રાવક કંઈ પહેલેથી ગરીબ ન હતો. પહેલા તો એ મહાસુખી અને શ્રીમંત પુનમચંદ નામે શેઠ હતો. પાસે પૈસો ખૂબ હતો છતાં સામાયિક, પ્રતિક્રમણ વિગેરે ધર્મારાધના ખૂબ કરતો હતો, પણ એનું મન સ્થિર રહેતું ન હતું. તે એક વખત ભગવાનની વાણી સાંભળવા ગયેલો. ભગવાને દેશનામાં ફરમાવ્યું કે જે મનુષ્ય ચિત્તની સ્થિરતાપૂર્વક ધર્મની આરાધના કરે છે તેને મહાન લાભ મળે છે. આ સાંભળી પુનમચંદ શ્રાવકે ભગવાનને પ્રશ્ન કર્યો કે હે ભગવંત! હું સામાયિક-પ્રતિક્રમણ વિગેરે ધર્મક્રિયાઓ કરું છું, માળા ગણું છું, સ્વાધ્યાય-ધ્યાન વિગેરે કરું છું પણ એમાં મારું મન સ્થિર રહેતું નથી. તો પ્રભુ મારે ચિત્તની સ્થિરતા લાવવા માટે શું કરવું? ચિત્ત સ્થિર કેવી રીતે બને? ત્યારે ભગવાને કહ્યું આરંભ પરિગ્રહ ઘટાડો. પરભાવ છોડી સ્વભાવમાં આવો.

પુનમચંદ શ્રાવકે હર્ષભેર કહ્યું ભગવંત! બસ, હવે મને માર્ગ મળી ગયો. મારા રોગનું નિદાન થઈ ગયું. હવે હું આરંભ પરિગ્રહ ઓછા કરી નાંખીશ. એમ કહીને ઘેર ગયો. ઘેર જઈને એમની પત્નીને પૂછે છે કે બોલો, તમારે શું જોઈએ? ભવથી તારણહાર મહાન ધર્મસંપત્તિ જોઈએ છે કે ભવમાં ભમાવનારી અર્થસંપત્તિ જોઈએ છે? એમની પત્ની પણ મોક્ષની રૂચીવાળી હતી, તેથી બોલી અનંત ઉપકારી દેવ-ગુરૂ અને ધર્મ મળ્યા પછી પણ જો આપણે ભવોભવની ઘાણીમાં પીલાવાનું હોય તો એવી અર્થસંપત્તિ મારે નથી જોઈતી. જીવન તો જોતજોતામાં પાણીના પૂરની જેમ ચાલ્યું જશે, અને અર્થસંપત્તિના ઢગલા અહીં પડયા રહેશે, માટે આપણે તો સાચી ધર્મસંપત્તિ જોઈએ. જુઓ, આ શ્રાવિકાને પણ ધર્મની કેવી લગની હશે! બોલો, ઘેર જઈને તમે પૂછશો ને? (હસાહસ)

પત્નીના શબ્દોથી પુનમચંદ શેઠ તો પ્રસન્ન થઈ ગયા ને પોતાની બધી સંપત્તિ છૂટા હાથે દાનમાં વાપરી નાંખી. વાડી-ગાડી-બંગલા અને દુકાન બધું કાઢી નાંખ્યું ને એક નાનકડા ભાડૂતી મકાનમાં રહેવા લાગ્યા. મૂડીમાં ફક્ત બે આના રાખ્યા. બે આનાનું રૂ લાવીને એમાંથી પૂણીઓ બનાવીને વહેપારીને આપીને તેની મહેનતના ફળમાં જે મળે તેમાં જીવન ચલાવવાનું. પૂણીઓ વણીને જીવનનિર્વાહ કરતા હોવાથી જગતમાં પુણીયા શ્રાવક તરીકે પ્રસિધ્ધિ પામ્યા. કેવો ધર્મનો રંગ! અને કેવો ત્યાગ! આવા શ્રાવકનું જીવન તમે નજર સમક્ષ રાખો.

એ જ અરસામાં શ્રેણીક રાજાએ ભગવાનને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! હું મરીને ક્યાં જઈશ? ત્યારે ભગવાને કહ્યું કે હે શ્રેણીક! તમે નરકમાં જશો, ત્યારે શ્રેણીક રાજાએ ભગવાનને કહ્યું હે પ્રભુ! હું નરકમાં ન જાઉં તે માટેનો કંઈક ઉપાય બતાવો. ભગવાન તો જાણે છે કે નિકાચિત કર્મનો બંધ પડયો હોય તે કોઈ કાળે છૂટે તેમ નથી. એ કર્મો તો ભોગવે જ છૂટકો છે, પણ શ્રેણીક રાજા ખૂબ કરગર્યા ત્યારે માત્ર

આશ્વાસન ખાતર ભગવાને કહ્યું કે પુણીયો શ્રાવક એક સામાયિકનું ફળ આપે તો તમારે નરકગતિમાં જવું ન પડે. મહારાજા શ્રેણીક તો ઉપડયા પુણીયા શ્રાવક પાસે ને એક સામાયિકનું ફળ માંગ્યું, ત્યારે પુણીયો શ્રાવક કહે છે હું રાજીખુશીથી આપું પણ જેમણે આપને મોકલ્યા છે તેમને પૂછો કે સામાયિકનું મૂલ્ય કેટલું આપું ? શ્રેણીક રાજા તો ઉપડયા જગદ્‌ગુરૂ ભગવાન મહાવીર પાસે, અને પૂછયું ભગવન્ ! પુણીયા શ્રાવકની એક સામાયિકનું ફળ કેટલું ? ભગવાન કહે. તેની સામાયિકનું ફળ અમૂલ્ય છે. હે રાજન્ ! કોઈનું ફળ કોઈને નથી મળતું. આ ઉપરથી વિચાર કરો કે પુણીયો શ્રાવક એ શ્રાવક જ હતો ને ? છતાં કેવું ઉચ્ચ જીવન જીવતો હતો એ સાધુ ન હતો. શ્રાવક હતો. તમે પણ એમના જીવનનો આદર્શ તો અપનાવી શકો ને ! એના જીવનનો અંશ પણ જીવનમાં અપનાવશો તો પણ માનવજીવન સાર્થક બનશે.

ચિત્તમુનિ ચક્રવર્તિને સમજાવે છે કે હે બ્રહ્મદત્ત ! વિચાર કરો. જ્યારે મૃત્યુનો સમય આવશે ત્યારે ચોસઠ હજાર રાણીઓ, સૈન્ય, હાથી, ઘોડા, રથ, પાયદળ આ બધું તારી આસપાસ વીંટળાઈને બેઠું હશે તો પણ મરણના મુખમાં જતાં તમને કોઈ બચાવી શકશે નહિ. બધા રડશે, ઝૂરશે, કાળો કલ્પાંત કરશે પણ કાળરાજા આગળ કોઈનું કંઈ ચાલશે નહિ, માટે સમજીને તારા પરભવને સુધારવા માટે કંઈક તો કરી લે. હું તને આટલું સમજાવું છું છતાં કેમ સમજતો નથી ? કંઈક જીવો એક વખત સાંભળે ને પામી જાય છે. એક દેવનો પ્રસંગ યાદ આવે છે.

એક વખત તીર્થંકર પ્રભુની દેશના ચાલતી હતી. તીર્થંકર પ્રભુની દેશના સાંભળવા માટે દેવ, દેવીઓ, મનુષ્યો, તિર્યંચો વિગેરે આવે છે. એક વખત એક દેવ તીર્થંકર પ્રભુની દેશના સાંભળવા આવ્યો. દેશના સાંભળીને ભગવંતને પૂછે છે હે ભગવંત ! હું અહીંથી મરીને કયાં જઈશ ? ત્યારે તીર્થંકર ભગવંતે કહ્યું કે તું અહીંથી મરીને કલ્યાણ નગરની બહાર જંગલમાં વાંદરાનો અવતાર પામીશ. ભગવાનના મુખેથી આ સાંભળીને દેવ તો ધ્રૂજી ઉઠયો. એના મનમાં ભયંકર અફસોસ થવા લાગ્યો કે અરેરે.... હું દેવ મરીને એક ઝાડેથી બીજા ઝાડે કૂદકા ભરનારો ને હુપાહુપ કરનારો વાંદરો બનીશ ? દેવોને તો અવધિજ્ઞાન હોય છે. એના બળથી એ જાણી શકે છે કે મેં પૂર્વભવમાં સારી સાધના કરી તો હું દેવ થયો, પણ અહીં આવીને સ્વર્ગના દિવ્ય કામભોગમાં મસ્ત બની ગયો. સુખમાં આસક્ત બન્યો, અને મારું પુણ્ય ખતમ કરી નાંખ્યું. હાય ! હવે હું ધર્મવિહોણો અને ઉધમાતિયો વાનર બનીશ ! કેવળજ્ઞાની ભગવંતના વચન તો ત્રણ કાળમાં ખોટા ન પડે. હું તો વાંદરો થઈને તદ્દન ધર્મહીન બનીશ અને ત્યાંથી પાપકર્મના ભાતા બાંધીને અધમ દુર્ગતિમાં જઈશ. ત્યાં પણ મને ધર્મ તો નહિ જ મળે, મારું શું થશે ?

આ રીતે દેવ ચિંતાતુર બની ગયો પણ મનમાં વિચાર કર્યો કે વાંદરો બનવાનું

છે તે નષ્ટ્રી છે તો ત્યાં મને ધર્મ મળે એવું કાંઇક કરી લઉં. આમ વિચાર કરીને દેવે અવધિજ્ઞાનના બળથી જાણી લીધું કે પોતાને કયા જંગલમાં વાનર બનવાનું છે. જુઓ, આ દેવ અવધિજ્ઞાનથી પૂર્વભવ અને એનો ધર્મ તથા ધર્મના ફળ રૂપે મળેલા આ દિવ્ય સુખોને પ્રત્યક્ષ દેખે છે એટલે એને તો ધર્મની શ્રધ્ધા થઈ જાય છે પણ મનુષ્ય પાસે ધર્મ કરવાની શક્તિ હોવા છતાં તે ધર્મ કરતો નથી. મનુષ્ય ગુરૂના વચન અને શાસ્ત્રોથી ધર્મ અને તેના કાર્યકારણ ભાવને જાણી શકે છે એટલું નહિ પણ એ ઉચ્ચ કોટિના ત્યાગ-તપ-સંયમ-વ્રત નિયમ આદિ ધર્મનું આચરણ કરી શકે છે. દેવલોકના દેવ તે કરી શકતા નથી. પેલા ચિંતાગ્રસ્ત બનેલા દેવે વિચાર કર્યો કે મને પરભવમાં ધર્મ મળે તે માટે હું કંઈક કરી લઉં. એણે જ્ઞાન દ્વારા જાણી લીધું કે હું અમુક જંગલમાં જન્મવાનો છું, તેથી એણે એ જંગલમાં જેટલી પથ્થરની શીલાઓ અને જેટલા વૃક્ષના જાડા થડિયા હતા તે બધી જગ્યાએ "નમો અરિહંતાણં" આદિ પાંચ નવકાર મંત્ર કોતર્યા ને તે રત્નમય બનાવી દીધા કે એની સામે જે દેખે તેને તો એમ જ લાગે કે નવકારમંત્ર કોતરીને એમાં ઝીણા ઝીણા રત્નો જ ન ભર્યા હોય! એટલે પોતે જ્યાં જુએ ત્યાં ઝગમગતા નવકારમંત્ર જ દેખાયા કરે, અને પોતાના વિમાનમાં પણ જ્યાં એની દૃષ્ટિ પડે ત્યાં બધે નવકારમંત્ર કોતર્યા, તેથી તે જ્યાં દૃષ્ટિ કરે છે ત્યાં બધે જ નવકારમંત્ર દેખાય છે. તે સિવાય બીજું કંઈ દેખાતું નથી. આ રીતે દેવનું આયુષ્ય પૂર્ણ કરીને દેવ ત્યાંથી ચવીને પેલા જંગલમાં વાંદરો બન્યો.

વાંદરાભાઈ તો એક ઝાડેથી બીજા ઝાડે કૂદાકૂદ કરતો મોજથી મસ્ત બનીને રહેવા લાગ્યો. એક વખત વાંદરો એક ઝાડેથી બીજા ઝાડે કૂદાકૂદ અને હુપાહુપ કરતો પેલી શીલા ઉપર પડયો. ત્યાં એણે પોતે કોતરેલા નવકારમંત્ર જોયા. બીજી શીલા ઉપર ગયો તો ત્યાં પણ એ જ જોયું, પછી તો ઘણી શીલાઓ અને વૃક્ષના થડીયા ઉપર નવકારમંત્ર જોયા. એક જ જાતના અક્ષરો દરેક ઠેકાણે જોવાથી એના મનમાં એવો ભાસ થવા લાગ્યો કે મેં આવું કયાંક જોયું છે. આમ ઉહાપોહ કરતા વાંદરાને જાતિસ્મરણ જ્ઞાન થયું, એટલે બધી વાત યાદ આવી ગઈ પોતે જે દેવલોકમાં દેવ હતો ત્યાં જોયું તો ત્યાં પણ નવકારમંત્ર કોતરેલા જોયા, અને જંગલમાં પણ ઠેરઠેર નવકારમંત્રમાં દિવ્ય રત્નોનો ભૂકો એમાં ભરી દીધો હોય તેમ પ્રકાશમય કોતરેલા જોયા. અહો! આ તો મેં જ કર્યું છે એ પણ ધર્મ પામવાને માટે જ કર્યું છે. બીજી તરફ એને ખેદ થયો કે અહો! વિષય વિલાસોમાં આસક્ત બનીને દેવભવ બરબાદ કરીને કયાં હું અહીં વાનર બન્યો! પશુયોનિમાં પટકાઈ ગયો! બીજી વાતે એને આનંદ થયો કે મેં દેવભવમાં નવકારમંત્ર કોતર્યા તો મને એ જોઈને જ્ઞાન થયું. આજે પ્રત્યક્ષ દેખાય છે કે હું ધર્મ વિના દેવ ભવમાંથી ભ્રષ્ટ બની નીચે પટકાઈ ગયો છું. બસ, હવે મારે આજથી એક ઝાડેથી બીજા ઝાડે કૂદવાની, વૃક્ષના પાંદડા, ફળ ફૂલ વિગેરે તોડવાની પાપ પ્રવૃત્તિને

બંધ કરી નવકાર મંત્રના સ્મરણમાં લાગી જાઉં. હું મનુષ્ય જેવી સાધના તો નહિ કરી શકું પણ મારાથી જેટલું બને તેટલું તો હું અવશ્ય કરી લઉં. આમ વિચાર કરીને વાનરે ત્યાં અનશન કર્યું અને નવકારમંત્રના ધ્યાનમાં લીન બની ગયો. ત્યાંનું આયુષ્યપૂર્ણ થતાં કાળ કરીને પાછો દેવલોકમાં ગયો.

દેવાનુપ્રિયો! આ દૃષ્ટાંતમાંથી આપણે તો એ સાર ગ્રહણ કરવાનો છે કે પરભવમાં પોતાને ધર્મ ઉદયમાં આવે તે માટે જેમ દેવે પોતાના વિમાનમાં ઠેકાણે ઠેકાણે નવકારમંત્ર કોતર્યા, વારંવાર એના દર્શન અને સ્મરણથી વાનરના ભવમાં પણ એનો આત્મા જાગૃત બન્યો, એવી જ રીતે તમારા જીવનમાં પણ તમે નવકારમંત્રને એવી રીતે કોતર્યા છે કે પરભવમાં પણ એના સંસ્કારની અસર થાય? જે કટોકટીમાં અંતકાળે અને પરલોકમાં ખૂબ લાભદાયી બને. તમારા ઘરમાં પણ નવકારમંત્ર કયાંય કોતરેલા છે કે જ્યાં દૃષ્ટિ પડે ત્યાં નવકારમંત્ર ગણવાનું મન થાય? જેની રગેરગમાં નવકારમંત્ર વણાઈ ગયો હોય એનો તો ઉદ્ધાર થઈ જાય છે કારણ કે નવકારમંત્ર એ સર્વ મંત્રોમાં શ્રેષ્ઠ મંત્ર છે. નવકારમંત્ર એ આપણાં ઈષ્ટદેવો તથા ગુરૂ ભગવંતોના નામ સ્મરણનો મહામંત્ર છે. એના જાપથી પંચ પરમેષ્ઠિના નામનું સ્મરણ અને નમસ્કાર એમ બે શુભ ક્રિયાઓ થાય છે. એના ફળ રૂપે મંગલની પ્રાપ્તિ, વિઘ્નોનો નાશ, કર્મોનો ક્ષય, જગતમાં પૂજ્ય એવા ઉત્તમોત્તમ વ્યક્તિઓનો વિનય વિગેરે અગણિત લાભો થાય છે તેથી જ્ઞાની ભગવંતોએ અનેક ધાર્મિક વિધાનોમાં તેમજ સાંસારિક કાર્યોના પ્રારંભમાં પણ નવકાર મહામંત્રનું સ્મરણ કરવાનું ફરમાવ્યું છે. આમાંથી કેટલા શ્રાવકોને એવો નિયમ છે કે મારે નવકારમંત્રનું સ્મરણ કર્યા વિના દૂધ પીવું નહિ? તમે ક્ષણે ક્ષણે નવકારમંત્રનું સ્મરણ કરતા રહેશો તો આ લોકમાં તો એના સ્મરણના પ્રભાવથી તમારા વિઘ્નો નાશ થશે, મનને શાંતિ મળશે અને પરલોકમાં પણ મહાન સુખ આપનાર બનશે. જુઓ તો ખરા, એમાં કેટલી તાકાત છે!

એક વખત એક રાજા મોટી સભા ભરીને બેઠા હતા. સાથે એની યુવાન કુંવરી બેઠેલી હતી. એમાં રાજાને જોરથી છીંક આવી એટલે ગામના નગરશેઠ દૂર બેઠા હતા. એમના મુખમાંથી "નમો અરિહંતાણું" શબ્દ નીકળી ગયો. વિચાર કરો. આ નગરશેઠના જીવનમાં નવકારમંત્રનું કેટલું રટણ હશે! ઘણી વાર એવું બની શકે કે પોતાને છીંક આવે તો "નમો અરિહંતાણું" શબ્દ બોલાય પણ બીજાને છીંક આવે તો "નમો અરિહંતાણું" બોલવાનું યાદ ન આવે. રાજાને છીંક આવી અને નગરશેઠ "નમો અરિહંતાણું" બોલ્યા એ સાંભળીને રાજકુમારીને મૂર્છા આવી ગઈ એટલે બધાના મનમાં થયું કે આ શું? પણ રાજકુમારીને એ સમયે જાતિસ્મરણ જ્ઞાન થયું. એણે જ્ઞાનમાં જોયું કે પોતે પૂર્વભવમાં સમડી હતી. કોઈ પારધીએ તીર મારીને એને વીંધી નાંખી, તેથી તરફડતી જમીન ઉપર પડી હતી. તે સમયે એક જૈન સાધુ ત્યાંથી પસાર થયા. એમણે એ

તરફડતી સમડીના કાનમાં "નમો અરિહંતાણં" સંભળાવ્યા. એના પ્રભાવે એ સમડી મરીને રાજકુમારી બની. શીતોપચાર કરવાથી રાજકુમારી થોડી વારમાં ભાનમાં આવી અને પોતે કેમ બેભાન બની ને પૂર્વભવમાં પોતે કોણ હતી તે બધી વાત કરી, ત્યારે સૌના મનમાં થઈ ગયું કે અહો! "નમો અરિહંતાણં" શબ્દમાં આટલી બધી શક્તિ કે સમડી મરીને રાજકુમારી બની.

બંધુઓ! અહીં એ વાત વિચારવા જેવી છે કે સમડીના જીવે અંતિમ સમયે "નમો અરિહંતાણં" સાંભળ્યું. એમાં એણે ચિત્ત કેવું ઓતપ્રોત કર્યું હશે કે એક જ વખત સાંભળતા યાદ આવી ગયું કે મેં આવું કયાંક સાંભળ્યું છે, અને તેના પ્રભાવે જાતિ સ્મરણ જ્ઞાન થયું. બીજું નગરશેઠે પણ જીવનમા કેવું ઘૂંટી દીધું હશે કે કોઈને છીંક આવી એમાં પોતાના મુખમાંથી "નમો અરિહંતાણં" શબ્દ નીકળી ગયો અને એ રાજકુમારીને જાતિસ્મરણ જ્ઞાનમાં નિમિત્તભૂત બન્યો! આવી રીતે જો જીવનમાં નવકારમંત્રનું શ્રદ્ધાપૂર્વકનું રટણ હોય તો ભવસાગર તરી જવાય. માત્ર "નમો અરિહંતાણં" આટલું પણ જીવનમાં ઘૂંટી રાખો તો કલ્યાણ થઈ જાય, અને મનમાં એવા ભાવ આવે કે હે ભગવંત! તું જ મારું શરણ છે.

અરિહંત પ્યારે...સેવું ચરણ કમળ તારા-ગાવું નિશદિન ગીત તારા...
તમે છો સાચા સાથી મારા...અરિહંત પ્યારે...
જીવન તમારા ચરણે વીતાવું, ભવોભવ પાપ ખપાવું
ભવોભવના છો સ્વામી મારા-તારા ચરણે રહું શીર નામી,
હું છોડું સંસારની છાયા...અરિહંત પ્યારે...

જીવનમાં અરિહંત....અરિહંતની લગની લાગે તો એની ભક્તિ કરતાં એક દિવસ જીવ અરિહંત પદ પામી જાય. નવકારમંત્ર તાણાવાણાની જેમ વણવા માટે જીવનમાં એવી પ્રતિજ્ઞા કરો કે મારે કલાકે કલાકે નવકારમંત્રનું રટણ કરવું. એ ભૂલાઈ ન જાય તે માટે ઘરમાં પાંચ સાત જગ્યાએ નવકારમંત્ર લખી રાખો. તમારા ખિસ્સામાં ડાયરી રાખતા હો તો તેના મથાળે લખી રાખવું. જે જોતાં તરત યાદ આવી જાય. થોડા દિવસ યાદ કરવું પડશે, પછી તો એવી ટેવ પડી જશે કે જીવનમાં સૂતા, ઉઠતા, બેસતા, ખાતા પીતા દરેક કાર્યમાં "નમો અરિહંતાણં" અગર આખા નવકારમંત્રનો અભ્યાસ પાડયો હશે તો યાદ આવી જશે. આ ભવમાં આપણે જે રટણ કર્યું હોય તેના ઘેરા સંસ્કાર પડી જાય અને ભવાંતરમાં એનું સ્હેજ દર્શન થતાં કે શ્રવણ થતાંની સાથે આપણને યાદ આવી જાય છે.

જુઓ! દેવના ભવમાં વાનરના જીવે પોતાના દેવભવમાં ઠેરઠેર નવકારમંત્ર કોતર્યા તો અંતકાળ સુધી એનું સ્મરણ રહ્યું અને મરીને વાનર થયો તો જંગલમાં પણ એણે ઠેરઠેર શીલાઓ ઉપર અને ઝાડના થડ ઉપર નવકારમંત્ર કોતર્યા હતા તો એક જ

જાતના શબ્દો ઠેરઠેર જોયા અને તે પણ તેજથી ઝગમગતા જોયા એટલે એને જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી સંથારો કર્યો અને નવકારમંત્રના ધ્યાનમાં લાગી ગયો. સમડીને પણ "નમો અરિહંતાણં" પદનું શ્રવણ થતાં જાતિસ્મરણજ્ઞાન થયું ને પૂર્વભવ જોયો. તો એણે પણ જીવનભર નવકારમંત્રનું સ્મરણ કરીને પોતાનું જીવન સફળ બનાવ્યું. તમે પણ આવો નવકારમંત્રનો જાપ કરો તો આત્મશાંતિ પામશો,

ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવે છે કે પૂર્વભવમાં જે સુકૃત્યો કર્યા છે તેના પ્રભાવે તમને આ બધું સુખ મળ્યું છે પણ એમાં આસક્ત બનીને રહેવા જેવું નથી. કયારે આયુષ્ય પૂરું થશે તેની ખબર નથી અને કાળ રૂપ અજગરના મુખમાંથી બચાવવા કોઈ સમર્થ નહિ બને. માત્ર એક ધર્મ શરણભૂત બનશે, માટે સમજીને મોહ છોડી દે. હજુ પણ શું કહેશે તે અવસરે.

❋ ❋ ❋

વ્યાખ્યાન નં. ૮૬

આસો વદ ૧૩ ને ગુરૂવાર **તા. ૧૮-૧૦-૭૯**

અનંતજ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે હે ભવ્યજીવો! આ સંસાર એક મહાસાગર છે. માનવજીવન એ મહાસાગરને તરવા માટે મળેલી નૌકા છે. જીવ એનો નાવિક છે. કર્મ એ પવન છે. નૌકાને ચલાવનાર નાવિકે આ સંસાર સાગરમાં નૌકા અથડાઈ પછડાઈને ભાંગીને ભૂક્કો ન થઈ જાય તે માટે ખૂબ સાવધાન અને સજાગ રહેવાની જરૂર છે. નાવિક જો સજાગ ન હોય તો પવન જે તરફ ખેંચી જાય એ તરફ નૌકા ખેંચાઈ જશે. પવન કદી એ જોતો નથી કે હું નાવને અનુકૂળ દિશા તરફ ખેંચી જાઉં છું કે પ્રતિકૂળ દિશા તરફ ખેંચી જાઉં છું ? દિશાનું ભાન રાખવાની જવાબદારી નાવિકના માથે હોય છે. નાવિક જો ગાફેલ હોય, પુરૂષાર્થ હીન હોય, નિઃસત્ત્વ ને નિસ્તેજ હોય તો કર્મનો પવન જીવન નૈયાને ભવસાગરને પેલે પાર પહોંચાડવાને બદલે આડા અવળે ધક્કે ચઢાવીને કયાં ડૂબાડી દે એ કંઈ કહી શકાય નહિ, પણ નાવિક જો જાગૃત, સાવધાન અને સત્ત્વશાળી હોય તો નાવ ડૂબી ન જાય, ભાંગી તૂટી ન જાય એની એને ચિંતા હોય તો કર્મનો પવન ભલે ને ગમે તેટલો પ્રતિકૂળ બનીને સૂસવાટા મારતો હોય પણ નાવિક એની નૌકાને જ્યાં હોય ત્યાં જ ઉભી રાખે પણ આડી અવળી થવા ન દે કે ડૂબવા ન દે. અનુકૂળ પવન વાતો હોય ત્યારે તે પુરૂષાર્થ રૂપી શઢ એવા ખુલ્લા મૂકી દે છે કે જોતજોતામાં તો જીવનનાવ સાગરના સામા કિનારે પહોંચી જાય અને પ્રતિકૂળ પવન નાવને હલેસા મારી મારીને આગળ ધપાવવા પ્રયત્ન કરે છે. એમાં જો નિષ્ફળ જાય તો છેવટે લંગર નાખીને નાવનું રક્ષણ કરી લે તો પણ નાવ મધદરિયે જઈને ડૂબતી, તો અટકી જાય. જો નાવ સલામત હશે તો ફરીને કયારેક એને અનુકૂળ પવન મળતાં તે સડસડાટ કિનારે પહોંચી જાય છે.

બંધુઓ! અનંત કાળ ચક્રમાં આવી તો અનંત અનંત જીવનનાવો આ જીવરૂપી નાવિકના પ્રયત્ન, પુરૂષાર્થ અને સાવધાનીથી સંસાર સાગરને પેલે પાર પહોંચી ગઈ છે, પણ આપણી જીવન નાવ હજુ મધદરિયે ઝોલા ખાઈ રહી છે, અને એ પણ ડૂબી કે ડૂબશે એવી ભયજનક સ્થિતિમાં છે એનું કારણ શું? એ શોધવું પડશે. વિચાર કરો, નિગોદના બંદરેથી ઉપડેલી આપણી જીવન નૌકા એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જેવા પાંચ મોટા મોટા બંદરોને પસાર કરીને આજે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યના બંદરે આવીને સહી સલામત ઉભી છે. જો માનવ ધારે તો એની જીવનનાવને આ મનુષ્ય ભવ રૂપ બંદરેથી અંતિમ મંઝીલ મોક્ષ નગર તરફ સડસડાટ દોડાવી શકે છે, પણ અફસોસની વાત છે કે આજે બધી જાતની અનુકૂળતા મળી હોવા છતાં નાવિકને એની નાકાની ચિંતા નથી. ભલે ને, નૌકા સામા કિનારે પહોંચે કે મધદરિયે ડૂબી જાય પણ એ તો મોહ મસ્તીની મદિરાની પ્યાલી પીને ભોગવિલાસની મસ્તીમાં મસ્તાનો બનીને સૂતો છે.

જીવનરૂપી આકાશમાં મોતના ઘમઘોર અષાઢી વાદળા ચઢી આવ્યા છે. એક બાજુ આધિ, વ્યાધિ અને ઉપાધિની વિજળીઓ ઝબૂકી રહી છે અને એ ભયંકર ગડગડાટ કરીને આકાશને ગંભીર અને ભયાનક બનાવી રહી છે. નાવ મધદરિયે છે ને કિનારો હજુ દૂર છે, પણ કિનારે ઉભેલા મહાનપુરુષો વીતરાગ વાણીની સીસોટી મારીને નાવના નાવિકને સાવચેત કરી રહ્યા છે ને કહે છે હે નાવિક! ઉઠ ઉભો થા, સજાગ અને સાવધાન બન. મોહની પથારીમાં પોઢવાનો આ સમય નથી, અનુકૂળ સામગ્રીનો પવન વાઈ રહ્યો છે. તારી જીવન નૌકાના ધર્મ અને મોક્ષ પુરૂષાર્થના બે શઢ ખુલ્લા મૂકી દે અને જ્ઞાન દર્શન–ચારિત્રના હલેસા મારીને તારી જીવનનૈયાને હંકાર, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત સુખના અક્ષતથી વધાવવા અને તારું સ્વાગત કરવા અમે ઉભા છીએ. તું જલ્દી આવ. આ કિનારો સામે જ દેખાય છે.

સામે કિનારે ઉભેલા સંસારી જીવોને સંતપુરૂષો કહે છે પણ નાવિક જાગે તો ને? એ તો કિનારે ઉભેલાને સામેથી કહે છે કે તમારું સુખ તમને મુબારક રહો. મારે તમારા અક્ષય સુખની જરૂરત નથી, મધદરિયે મોહની મીઠી નિદ્રા લેતા મને જગાડશો નહિ. ધર્મ કર્મની વાતો હું માનતો નથી. મને એમાં રસ નથી. પુણ્ય–પાપ–સ્વર્ગ–નરક અને મોક્ષ આ બધું મને તો હુંબક લાગે છે માટે હું છું ત્યાં બરાબર છું. તમે કોઈ મને ત્યાં બોલાવશો નહિ. આટલું કહીને જાગૃત બનેલો નાવિક મોહની પથારી પાથરીને પાછો મઝાથી ઉંઘી જાય છે. સંતપુરૂષો એની દયા ખાય છે કે કેટલાંય જીવોની નાવડી કિનારે પહોંચી ગઈ અને આ બિચારા જીવની નાવ હજુ મધદરિયે ઝોલા ખાય છે. કોણ જાણે એ કયારે કિનારે પહોંચશે? સંસાર સાગરમાં સફર કરતી આપણી જીવનનૈયા આજે મધદરિયે ઝોલા ખાઈ રહી છે, અને સંસાર સાગરને કિનારે પહોંચેલા સર્વજ્ઞ

ભગવંતો આગમરૂપી સીસોટી વગાડી આપણને સાવધાન કરે છે, પણ મોહ નિદ્રામાં પોઢેલા જીવો જાગતા નથી. એની દયા આવે છે કે એ કયારે જાગશે? અને કયારે એની નાવડી કિનારે પહોંચશે!

આપણા રોજના અધિકારમાં પણ એવી જ વાત આવી છે કે ચિત્તમુનિ સંસારની અસારતા સમજીને ત્યાગી બન્યા છે અને બ્રહ્મદત્ત ચક્રવર્તિને એ ત્યાગના માર્ગે આવવા માટે ઉપદેશ આપતા કહે છે કે હે રાજન્! મારી વાત તમે સાંભળો. તમે જે રાજવૈભવ અને ભોગસુખમાં આસક્ત બન્યા છો તે બધા કોઈ તમને દુઃખમાંથી બચાવનાર નથી. તમે તમારી મુખ્ય પટ્ટરાણી સ્ત્રીરત્નમાં મુગ્ધ છો અને કુરૂમતી! કુરૂમતી! કરો છો પણ એ તમારી પ્રિય રાણી કુરૂમતી પણ તમને દુઃખમાંથી મુક્ત કરાવનાર નથી. મુક્ત કરાવનાર જો કોઈ હોય તો તે વીતરાગ પ્રભુનો ધર્મ છે. ધર્મ વિના ત્રણ કાળમાં કોઈનો ઉધ્ધાર થવાનો નથી. કરેલા કર્મો જીવને પોતાને ભોગવવા પડે છે, અરે ઈન્દ્ર પણ જીવને કર્મસત્તાની કેદમાંથી મુક્ત કરાવી શકતા નથી, તો પછી સામાન્ય માનવીની તો શું તાકાત! તમે તમારી છ ખંડની સાહ્યબીમાં મગરૂરી ધરાવો છો કે બસ, મારે ઘેર સ્વર્ગનું સુખ છે. એમ સમજીને આનંદથી સુખની મસ્તી માણી રહ્યા છો પણ કયારે કાળનો ઝપાટો આવશે તે ખબર છે?

"महा मनोहर वनमें सुंदर मृग समुह क्रीडा करता,
भरता है छलांग वह सुखसे, इधर उधर चरता फिरता
आन अचानक दुष्ट सिंहने, जब मृग शीशुको पकड लीया,
कोई उसे न बचा शके तब, भाग गऐ नही साथ दिया."

કોઈ જંગલમાં અનેક પ્રકારની વનસ્પતિઓ ઉગેલી હોય, ત્યાં સિંહ-વાઘ-વરૂ વિગેરે જંગલી હિંસક પશુઓનો ભય ન હોય ત્યારે હરણિયાઓનું ટોળું આનંદથી નિર્ભયપણે લીલો ઘાસ ચારો ચરે છે, કોઈ કૂદે છે, નાચે છે, ગેલ કરે છે અને કોઈ મરજી મુજબ નિર્ભયપણે આમથી તેમ ફરે છે. એ સમયે કોઈ વિકરાળ સિંહ ફરતો ફરતો ત્યાં આવી પહોંચ્યો, અને પેલા મૃગના ટોળા ઉપર તરાપ મારીને આશાથી ભરેલા મૃગના બચ્ચાને પકડી લીધું અને જોતજોતામાં તે મૃગનું બચ્ચું પેલા સિંહના રાક્ષસી મોઢાનું અતિથિ બની ગયું. તે વખતે તેના સહચારી બીજા ઘણાં મૃગલાઓ હતા પણ કોઈ તેને બચાવવા ઉભા ન રહ્યા. જેમ ફાવ્યું તેમ તે દિશાનો માર્ગ લઈને બધા મૃગલા નાશી ગયા, તેવી રીતે મૃત્યુ રૂપી સિંહ જ્યારે આવે છે ત્યારે કુટુંબના ઘણાં માણસોની વચ્ચેથી એકાદ જણને જ્યારે પકડે છે ત્યારે તે માણસના મા-બાપ, ભાઈ બહેન, પત્ની-પુત્ર-મિત્રો આદિ કોઈ પણ માણસ તેનો સહચારી બની શકતા નથી કે મોતના પંજામાંથી છોડાવી શકતા નથી.

આ જગતમાં જીવને જો કોઈ મોટામાં મોટો ભય હોય તો તે મૃત્યુનો છે, કોઈ કટ્ટામાં કટ્ટો અમલદાર હોય તો તેનો હુકમ પૈસાથી કે કોઈ મોટા માણસની લાગવગથી

ફરી શકે છે. રાજાનો હુકમ પણ પ્રજાની આજીજીથી કે સખ્ત પોકારથી બદલાઈ જાય છે, પણ મૃત્યુનો હુકમ કોઈથી બદલી શકાતો નથી. જે ઘડીએ અને જે પળે જેને હુકમ થયો તે જ ક્ષણે તેને આધીન થવું પડે છે. મૃત્યુ એવો વિચાર નહિ કરે કે આ બિચારો માણસ યુવાન છે, ગઈ કાલે જ પરણ્યો છે. એના જવાથી આખા કુટુંબનું શું થશે ? એવી દયા પણ નહિ ખાય કે આની પાછળ એની બાળ સ્ત્રીને જીવનપર્યંત વૈધવ્ય પાળવું પડશે. તેના આંધળા વૃધ્ધ માતા પિતાનું શું થશે ? બધા બિચારા નિરાધાર બની જશે. મૃત્યુને એક નાનકડા ફુલ જેવા બાળકને ઉપાડતા જેટલી વાર લાગે છે એટલો જ વખત હજારો અને લાખો માણસોના લશ્કર વચ્ચેથી એક સરદારને ઉપાડી જતા વાર લાગશે. મૃત્યુ કોઈની શરમ નહિ રાખે કે કોઈનાથી દબાશે નહિ.

"न विज्जई सो जगति प्पदेसो यथट्ठियं नोपसहेय्य मच्चू"

સંસારમાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં રહેનારને મૃત્યુ દબાવે નહિ, એટલે કે આ જીવને સર્વત્ર મૃત્યુનો ભય રહેલો છે.

ચિત્તમુનિ કહે છે કે હે બ્રહ્મદત્ત ! તું એમ ન માનીશ કે હું છ ખંડનો સ્વામી છું મારા તાબામાં ઘણાં માણસો છે, મારું કુળ મોટું ને ઉત્તમ છે, મારે સગાવહાલા ઘણાં છે. મારી પાસે ધનનું જોર છે, આટલા દેવો મારી સેવામાં હાજર છે, મારી પાસે ચૌદ રત્નો અને નવ નિધાન છે. તે સિવાય બીજી સંપત્તિનો પાર નથી. તો મને શી ચિંતા છે ? મારે શેનો ભય છે ? પણ વિચાર કર. જ્યારે મૃત્યુ આવશે ત્યારે પેલા મૃગલાની જેમ તારા સગા વહાલા બધા દૂર ભાગી જશે. એની આગળ તારું કે કોઈનું જોર નહિ ચાલે, માટે એક ક્ષણનો પણ વિશ્વાસ રાખ્યા વિના જે અંત સમયે સાથે આવે એવા ધર્મનું શરણું અંગીકાર કરી લે. જેને તેં મારા માન્યા છે તે જડ પદાર્થો તને શરણદાયક નહિ બને, માટે આ ઈન્દ્રિયોના વિષયો અને એને પૂરા કરનાર સાધનોનો મોહ છોડીને ત્યાગના પંથે આવી જાઓ.

આ ઈન્દ્રિયોના વિષયોમાં, મોજમઝામાં ને ભોગ સુખમાં આત્માને ભૂલી જવાય છે. જ્યાં જડને ખીલવવાના હોય, એની માંગણી પૂરી કરવાની વિચારણાઓ ચાલતી હોય, ત્યાં ચેતનના વિચાર કયાંથી આવે ? જ્યાં મધુબિંદુ સમાન ભોગોની મીઠાશ ચાખવી હોય ત્યાં ત્યાગની મીઠાશ ચાખવાનું સ્વપ્ને પણ કયાંથી યાદ આવે ? એ માટેની વિચારણા પણ કયાંથી થાય ? જો આત્મકલ્યાણ કરવું હોય તો જૈન શાસનને સમજો જિનેશ્વર પ્રભુના હિતકારી, કલ્યાણકારી વચનોને સમજો. તો જીવનમાં આત્મહિતકારી કેટલીય વિચારણાઓ થશે પણ એ કરવા માટે બહારમાંથી અંદરમાં આવવું પડશે. ઈન્દ્રિયોને બહુ બહેલાવવા અને એની સંભાળ લેવા કરતા પોતાના અનંતકાળના દુઃખી આત્માની સંભાળ લેવાની જરૂર છે. આત્મચિંતા માટે આટલું સૂત્ર ગોખી રાખો કે **જેટલા પ્રમાણમાં ઈન્દ્રિયોને અનુકૂળ વિષયોમાંથી રોકીશ એટલા પ્રમાણમાં**

આત્માનું બળ વધશે, પુણ્ય વધશે અને પાપથી બચાશે. અનુકૂળ વિષયો હાથમાં છે એને છોડીશ તો એમાં મહાન સત્ત્વ પ્રગટશે ને મહાન પુણ્યની મૂડી વધશે, એવી રીતે જેટલા પ્રમાણમાં રાગ, આસક્તિ, મમતા, તૃષ્ણા, દ્વેષ, ગુસ્સો, મદ માયા, કરવાનો પ્રસંગ આવે છતાં નહિ કરું તો એટલું મારું પુણ્ય વધશે, પાપથી બચાશે ને આત્મબળ વધશે.

આ લાભ ભલે પ્રત્યક્ષ ન દેખાય કારણ કે એ આંતરિક છે, અતીન્દ્રિય છે. છતાં એ વચન સર્વજ્ઞ પ્રભુના કહેલા છે, અને તર્કથી સમજી શકાય એવા છે, માટે એના ઉપર અતૂટ શ્રદ્ધા રાખો એ માર્ગે ધીમે ધીમે ચાલવાનું નહિ પણ દોડવાનું છે. પ્રત્યક્ષ દેખાતા વિષયોના સુખો તો ક્ષણિક છે. ક્ષણવાર માટે તૃપ્તિ લાગશે ને ક્ષણવારમાં પાછી એની ભૂખ લાગશે એટલે એની ઝંખના થશે. તેમજ એ સુખો અનેક પ્રકારની વિટંબણાઓ, ગુલામી અને પાપાચરણથી ભરેલા છે અને માનવભવની મોંઘેરી શક્તિ, બુદ્ધિ અને ક્ષણોને નિષ્ફળ ને બરબાદ કરનારા છે. ઈન્દ્રિયોના વિષયોનો યથેચ્છ ભોગોપભોગ કરવો મનુષ્યને છાજે નહિ. આચારાંગ સૂત્રના લોકવિજય નામના અધ્યયનમાં ભગવંતે કહ્યું છે કે "**जे गुणे से मूलठाणे जे मूलठाणे से गुणे।**"

કામભોગના જે ગુણ, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ છે અર્થાત્ ઈન્દ્રિયોના જે વિષયો છે તે મૂળનું સ્થાન છે. મૂળ એટલે સંસાર વૃક્ષના મૂળ કષાયો છે. એનું સ્થાન એટલે આશ્રય. કષાયોનો આશ્રય કોણ ? શબ્દાદિ વિષયો. એના ઉપર કષાયો આશ્રિત છે. અર્થાત્ વિષયોના આલંબનથી કષાયો ક્રોધ–માન–માયા–લોભ, રાગ, તૃષ્ણા–મમતા વિગેરે જન્મે છે અને એ બધા સંસાર વૃક્ષને લીલુંછમ રાખે છે. એટલા માટે જ્ઞાનીઓએ કષાયો, વિષયો અને વિષયોની આસક્તિને પાપ કહ્યા છે. ભવભ્રમણમાં મૂળ કારણ વિષયોની લંપટતા છે. એટલા માટે ભગવાને વિષય કષાયોનો ત્યાગ કરવાનું કહ્યું છે. આ સંસારમાંથી રાગ અને વિષય કષાયોનું ઝેર નીકળી જાય એટલે ખલાસ ! પછી એ સંસાર મનુષ્ય માટે ઝેર વિનાના સર્પ જેવો અને અંગારા વિનાની સગડી જેવો બની જાય પછી એ ન તો મનુષ્યને ડંખી શકે કે ન તો એ દઝાડી શકે, માટે સંસારમાં અનાસક્ત ભાવથી રહો. બને તો સંસાર છોડીને સાધુ બની જાઓ તો કોઈ જાતની ઉપાધિ કે ચિંતા રહે નહિ. દિવસે દિવસે આયુષ્ય ઘટતું જાય છે પછી ગમે તેટલો પશ્ચાતાપ કરશો તો ધર્મારાધના નહિ થાય.

ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે રાજન્ ! હવે તમે સજાગ બનો. આ ચક્રવર્તિનું પદ પ્રાપ્ત કરવા તમે ઘણાં યુદ્ધો ખેલ્યા છે. એમાં ઘણાં નિર્દોષ જીવોનો સંહાર થયો છે. આ સંસાર તો એકાંત આશ્રવનું ઘર છે, તેથી પાપકર્મનો પ્રવાહ આવી રહ્યો છે. તેને બંધ કરી જુના કર્મોનો ક્ષય કરી આત્માનું કલ્યાણ કરવા સંયમ માર્ગે આવી જાઓ. આ માર્ગે નહિ આવો તો એક દિવસ કાળરાજા તમારો કોળિયો કરી જશે. તે વખતે તમને

એના મુખમાંથી છોડાવવા કોઈ સમર્થ નહિ બની શકે. બધા રડતા રહેશે ને કાળરાજા એના જડબામાં તમને ઝડપી લેશે. અરે, એ તો ઠીક, પણ આ મૃત્યુલોકમાં પણ કોઈ દુઃખમાં ભાગ પડાવી શકશે નહિ.

न तस्स दुक्खं विभयन्ति नाइओ, न मित्तवग्गा न सुया न बंधवा ।
एक्को सयं पच्चणुहोइ दुक्खं, कत्तारमेव अणुजाइ कम्मं ॥ २३ ॥

જીવે શુભાશુભ ભાવો દ્વારા ઉપાર્જિત કરેલા કર્મો જીવ જ્યાં સુધી સંસારમાં રહે છે ત્યાં સુધી એને ભોગવવા પડે છે. તે ભોગવવામાં પોતાના અંગત ગણાતા એવા કુટુંબીજનો, મિત્રવર્ગ, માતા-પિતા, પત્ની કે બંધુજનો વિગેરે કોઈ સહાયક બની શકતા નથી. આ એક અટલ સિધ્ધાંત છે કે કર્મ જીવોની સાથે જાય છે. જેવું કર્મ કર્યું હોય છે તેવું એના ઉદયકાળમાં ભોગવવું પડે છે એમાં કોઈ ભાગ પડાવી શકતું નથી.

માણસ પાપકર્મ કરીને ધન કમાઈ લાવે છે તો પૈસામાં પુત્ર-ભાઈ, બહેન વિગેરે ભાગીદાર બને છે. દાગીના, ઝવેરાત વિગેરેમાં ભાગીદાર બને છે, સારા વસ્ત્રોમાં, મકાનમાં દુકાનમાં, વહેપારમાં ભાગીદાર બને છે પણ હે ચક્રી ! કર્મ ભોગવતી વખતે કોઈ ભાગ પડાવી શકતું નથી. ખાવાપીવામાં, હરવા ફરવામાં, મોજમઝા ઉડાવવામાં સૌ સાથીદાર બનશે પણ તારા દુઃખમાં કોઈ ભાગીદાર બનશે નહિ. માલ ખાવા સહુ આવશે પણ માર ખાવા કોઈ નહિ આવે. એ તો જીવ જેવા કર્મો કરે છે તેવા એને પોતાને ભોગવવા પડે છે. કર્મબંધન કરતી વખતે જીવને ખ્યાલ નથી રહેતો કે હું આ શું કરું છું ? પણ ભોગવતી વખતે બાપલીયા બોલી જાય છે.

"हसद्भिः क्रियते कर्मः रुदद्भिः भुंज्यते फलम् ।"

જીવ હસતાં હસતાં કર્મ બાંધે છે એના ફળ રડતા રડતા ભોગવે છે. એ કર્મ એવું બંધાઈ જાય છે કે એને ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. હે જીવ ! આ જગતમાં કોઈ તારો શત્રુ કે મિત્ર નથી. તારો પોતાનો આત્મા તારો શત્રુ છે ને તારો મિત્ર છે. વિભાવમાં જોડાયેલો આત્મા તારો શત્રુ છે ને સ્વભાવમાં સ્થિર બનેલો આત્મા મિત્ર સમાન છે. જ્યારે જીવ વિભાવની પરિણતિમાં જોડાય છે ત્યારે કર્મનું બંધન કરે છે. એ જ કર્મો ઉદયમાં આવે છે ત્યારે દુઃખ ભોગવવા પડે છે. બીજા તો એમાં નિમિત્ત માત્ર હોય છે, માટે તમે કોઈને દોષ ન આપશો, અને કોઈના ઉપર વૈર ન રાખશો. કોઈના ઉપર વૈર રાખવાથી વૈર શમતું નથી પણ વૈર વધે છે ને તેથી કર્મબંધન થવાથી અનંતકાળ સુધી સંસારમાં જીવને પરિભ્રમણ કરવું પડે છે, માટે વૈરની સામે ક્ષમા રાખો. વૈર તે આગ છે ને ક્ષમા તે પાણી છે. આગ બાળે છે ને પાણી ઠારે છે. કર્મના સિદ્ધાંતને સમજનારા આત્માઓ વૈરીને પણ પોતાના મિત્ર સમજીને કેટલી ક્ષમા રાખે છે, તેના કેવા પડઘા પડે છે તે એક દૃષ્ટાંત આપીને સમજાવું.

ઘણાં સમય પહેલાં સોમપુર અને ભીમપુર બે નજીકમાં ગામ હતા. ભીમપુરમાં ભીમસેન નામે રાજા અને સોમપુરમાં સોમસેન નામે રાજા રાજ્ય કરતા હતા. રાજાઓને રાજ્યનો વિસ્તાર વધારવાનો લોભ હોય છે. કોઈક રાજા સંતોષી હોય છે. સોમસેન રાજા ખૂબ ધર્મીષ્ઠ, સંતોષી અને ધર્મ કર્મના સ્વરૂપને સમજનાર હતા, ત્યારે ભીમસેન ખૂબ લોભી હતા. એમને સોમસેનને હરાવી સોમપુર પોતાને કબ્જે કરવાની ઈચ્છા થઈ, એટલે અચાનક સૈન્ય લઈને સોમપુર ઉપર ચઢી આવ્યો. સોમસેન રાજા તો બિચારા શાંતિથી બેઠા હતા. ત્યાં અચાનક પોતાનું રાજ્ય સૈન્યથી ઘેરાઈ ગયું તેથી એમને જીતવાની કોઈ શકયતા ન રહી, છતાં જો યુધ્ધ કરે તો હજારો નિર્દોષ સૈનિકોનો કચ્ચરઘાણ નીકળી જાય. હજારો જીવોનો સંહાર કરીને રાજ્ય રાખવાનો પ્રયત્ન કરવો છતાં રાજ્ય રહે કે જાય એ નક્કી નથી. તો રાજ્ય માટે આવી ઘોર હિંસા કરી પાપકર્મ બાંધવા તે કરતા રાજ્ય છોડી દેવું એને વધુ યોગ્ય લાગ્યું એટલે પોતાના મંત્રીઓ, સેનાપતિ તથા પ્રજાજનોને નવા રાજાની તાબેદારી ઉઠાવવાની ભલામણ કરી પોતે સુરંગ વાટે પોતાની રાણી તથા પુત્રને લઈને જીવ બચાવવા ભાગી છૂટયા. ભીમસેનને તો વગર મહેનતે કોઈપણ જાતની મુશ્કેલી વિના રાજ્ય મળી ગયું એટલે આનંદનો પાર ન રહ્યો પણ સોમસેન જીવતો રહ્યો તે એને ગમ્યું નહિ. જો દુશ્મન જીવતો હોય તો કયારેક પાછો રાજ્ય લેવા માટે આવે, માટે રોગ અને શત્રુને કદી જીવતા રખાય નહિ. એનો નાશ કર્યા વિના શાંતિથી બેસાય નહિ. એમ સમજીને ભીમસેન રાજા ગુપ્તચરો દ્વારા સોમસેન રાજાની તપાસ કરાવવા લાગ્યા.

"સોમસેન રાજાને પકડવા મોકલેલું સૈન્યઃ-" આ તરફ સોમસેન રાજા પોતાનું રાજ્ય છોડીને ગુપ્ત રીતે સુરંગ વાટે ભાગી છૂટયા. ઘણાં દિવસો સુધી તો જંગલમાં ગુપ્તપણે રહ્યા, પછી એક નાનકડા ગામમાં આવીને રહેવા લાગ્યા. એક નાનકડી હાટડી માંડીને પોતાનું ગુજરાન ચલાવતાં સંતોષથી રહેવા લાગ્યા, પણ એમના કર્મો એમને શાંતિથી રહેવા દે તેમ ન હતા, એટલે કોઈ ગુપ્તચર આ રાજાને ઓળખી ગયો અને ભીમસેનને સમાચાર આપ્યા કે સોમસેન રાજા અમુક ગામમાં ગુપ્તવેશે રહે છે. આ વાતની જાણ થતાં ભીમસેન રાજા ઘણાં સૈનિક સહિત ત્યાં આવી પહોંચ્યા, ગામના લોકો પણ ભયભીત બની ગયા કે આપણા ગામમાં નથી કોઈ ઝઘડો ટંટો કે નથી કોઈનું ખૂન થયું કે નથી કોઈ મારામારી થઈ છતાં આટલું મોટું સૈન્ય આપણાં ગામમાં કયાંથી આવ્યું ? પણ સોમસેનને આ વાતની ખબર પડતાં વહેમ પડી ગયો કે નક્કી આ લોકો અમને પકડવા માટે આવ્યા લાગે છે. પોતે તો ભાગી શકે એવી કોઈ સ્થિતિ ન હતી, પણ જો પુત્ર કોઈ રીતે ભાગી છૂટે તો સારું. "જીવતો નર ભદ્રા પામે." એ ન્યાયે જો પુત્ર જીવતો હશે તો કયારેક રાજ્ય મેળવી શકાશે. એમ સમજીને પોતાના પુત્રને પાસે બોલાવીને ટૂંકમાં બધી પરિસ્થિતિ સમજાવીને કહ્યું.

બેટા ! તું અહીંથી કયાંક નાસી જા. આ પુત્રનું નામ વિનયકુમાર હતું. ખરેખર એનામાં વિનયનો મોટો ગુણ હતો. એ માતા-પિતાનો ખૂબ વિનય કરતો હતો. વિનયવંત એવા વિનયકુમારે કહ્યું પિતાજી ! તમારે માથે મોત ઝઝૂમતું હોય ને હું નાસી જાઉં ! રાજાએ કહ્યું. બેટા ! તું જીવતો હોઈશ તો કયારેક આપણું રાજ્ય મેળવી શકીશ અને અને રાજ્ય નહિ મળે તો આત્માનું કલ્યાણ તો થશે ! માટે તું ચાલ્યો જા. માતા પિતાએ ખૂબ કહ્યું એટલે અનિચ્છાએ જવા તૈયાર થયો. જતાં જતાં માતા-પિતાને છેલ્લા પ્રણામ કરે છે ત્યારે માતા પિતાએ કહ્યું. બેટા ! તારામાં જેવો વિનય છે તેવો સદા રાખજે. વિનયથી વૈરી પણ વહાલો થઈ જાય છે. દુશ્મન દોસ્ત બની જાય છે. બીજું અમે તને એક મંત્ર કહો કે જડીબુટ્ટી કહો તે આપીએ છીએ. તે તું સદા તારી પાસે રાખજે. એનું સદા તું રટણ કરજે. "**અવેરે શમે વેર ન શમે વેર વેરથી.** આ વચન તું તારા હૃદય પટ પર કોતરી લેજે અને વેરઝેર વધે તેવું કાર્ય કરીશ નહિ. અપકારીને પણ ક્ષમા આપજે. જા. ભગવાન તારું રક્ષણ કરશે. જલ્દી ચાલ્યો જા. એમ કહી આશીર્વાદ આપીને પુત્રને રવાના કર્યો ને થોડી વારમાં ભીમસેન રાજા સૈનિકો સાથે આવી પહોંચ્યા, અને રાજા રાણીની ધરપકડ કરીને લઈ ગયા ને એમને ફાંસીએ ચઢાવવાનો હુકમ કર્યો. ધર્મના સ્વરૂપને સમજેલા રાજા રાણીને મરણનો ડર ન લાગ્યો કે આર્તધ્યાન પણ ન કર્યું. એ તો એક જ વિચાર કરવા લાગ્યા કે

"**બંધ સમયે જીવ ચેતીએ, ઉદયે શો સંતાપ**"

હે જીવાત્મા ! તેં જયારે કર્મ બાંધ્યા ત્યારે હસતા હસતા બાંધ્યા હતા. તો હવે એ ઉદયમાં આવ્યા છે તો તું હસતા હસતા જ ભોગવી લે. પૂર્વભવમાં આપણે એમને ફાંસીએ ચઢાવ્યા હશે એટલે એ આપણને ફાંસીએ ચઢાવે છે. આટલા માટે ભગવાને કહ્યું છે કે કોઈ જીવ સાથે વેર કરશો નહિ. વૈર કરશો તો વૈર ભોગવવા પડશે, માટે આપણે આ ભવમાં વૈર બાંધવું નથી. ઉદયમાં આવેલા કર્મોને સમતાભાવે વેદી લઈએ. બંધુઓ ! વૈરનો વિપાક બહુ ભયંકર હોય છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે

वेराइं कुव्वइ वेरी, तओ वेरेहिं रज्जइ।
पावोवगा य आरंभा, दुक्ख फासा य अंतसो ॥ अ ८ गाथा ७ ॥

જીવહિંસા કરવાવાળા પુરૂષો મૃત્યુ પામનાર જીવોની સાથે અનેક જન્મોને માટે વૈર બંધન બાંધે છે અને એ જ ભવમાં કે બીજા ભવમાં એ જીવો ઘાત કરનારા જીવોને મારે છે. ત્રીજા ભવમાં ફરી મરનાર જીવ મારનારને મારે છે. આવા પ્રકારે વૈરની પરંપરા ચાલતી રહે છે. જીવહિંસા પાપને ઉત્પન્ન કરનારી છે. તેના વિપાકો દુઃખરૂપ હોય છે, અશાતા રૂપ હોય છે માટે આવું જાણી સજ્જન પુરૂષોએ હિંસાથી દૂર રહેવા ઉપયોગ રાખવો.

સોમસેન રાજા અને તેમની રાણીને ફાંસીના માંચડે લઈ જવામાં આવ્યા. ફાંસીએ ચઢતાં પહેલાં એમણે સર્વજીવોને ખમાવ્યા ને સાગારી સંથારો કર્યો. નવકારમંત્રનું સ્મરણ કરતાં કરતાં હસતા મુખે મૃત્યુને ભેટયા. સમાધિ મરણે મરીને એ તો દેવ બન્યા પણ અહીં લોકોમાં હાહાકાર મચી ગયો કે બિચારા નિર્દોષ રાજા રાણીને આપણા રાજાએ ફાંસીએ ચઢાવ્યા, પણ શું થાય ? રાજા આગળ રૈયતનું શું ચાલે ? આ તરફ વિનયકુમાર ગુપ્તવેશે ફરતો એક વખત ભીમસેન રાજાના રાજ્યમાં આવ્યો. પેટ ભરવા માટે કંઈક કામ તો કરવું જોઈએ એટલે રાજમહેલ પાસે આવીને ઉભો રહ્યો. પ્રધાને એને પૂછયું–ભાઈ! તું અહીં કેમ ઉભો છે ? તો કહે મારે નોકરીની જરૂર છે. રાજાની અશ્વશાળામાં માણસની જરૂર હતી, તેથી એને અશ્વશાળામાં નોકરી રાખ્યો. વિનયકુમાર અશ્વને પલોટવા, કેળવવા અને તાલીમ આપવાના કાર્યમાં કુશળ હતો એટલે એની કાર્યદક્ષતાથી અશ્વશાળાની રોનક બદલાઈ ગઈ. એની આવડત અને કુનેહથી એ રાજાનો ખૂબ માનીતો બની ગયો.

"વરનો બદલો લેવાની જાગેલી ભાવના" :– રાજા રથમાં બેસીને જ્યારે બહાર નીકળે, ત્યારે સારથિ તરીકે વિનય સાથે જ હોય. એક વખત રાજા રથમાં બેસીને ફરવા નીકળ્યા. ઘણે દૂરદૂર જંગલમાં રથ નીકળી ગયો, અને અંગરક્ષકો બધા પાછળ રહી ગયા. ઘણે દૂર ગયા ત્યાં ફળ ફૂલના વૃક્ષોથી મઘમઘતું સુંદર ઉદ્યાન આવ્યું. રાજાને ખૂબ થાક લાગ્યો, એટલે રથ ઉભો રખાવ્યો. વિનયે રથ થોભાવ્યો. અશ્વોને પણ આરામ કરવા માટે છૂટા કર્યા. રાજા અને વિનય બંને એક ઘટાદાર વૃક્ષ નીચે બેઠા. ઠંડો પવન આવતો હતો, એટલે રાજાને ઉંઘ આવવા લાગી, તેથી વિનયના ખોળામાં માથું મૂકીને સૂઈ ગયા. ભીમસેન રાજા ઘસઘસાટ ઉંઘે છે. આ સમયે વિનયના મનમાં વિચાર થયો કે અહો ! આ રાજાએ અમારું રાજપાટ પડાવી લઈ અમને વનવન રઝળતા કર્યા ! એટલેથી ન પતયું તે મારા માતા પિતાને ફાંસીએ ચઢાવ્યા. આ બધું કરનાર કોણ ? આ મારા ખોળામાં સૂતેલા દુષ્ટ પાપી રાજા જ ને ? બસ, આજે એ વૈરનો બદલો લેવાની સોનેરી તક છે. આ એમની તલવારથી જ એમનું માથું ઉડાવી દઉં. માતા પિતાના ખૂનીને જોઈ વિનયને ખૂબ ક્રોધ આવ્યો એટલે બાજુમાં પડેલી રાજાની તલવાર મ્યાનમાંથી બહાર કાઢીને હાથમાં પકડીને ઘા કરવા જાય છે. એ વખતે એને માતા–પિતાના શબ્દો યાદ આવ્યા. અહો ! મારા માતા–પિતાએ મને મંત્ર આપ્યો છે **"અવેરે શમે વૈર ન શમે વૈર વૈરથી"** માતા–પિતાએ મને તો વેરઝેર વધારવાની ના પાડી છે અને આ તો વૈરની વણઝાર વધારવાનો માર્ગ છે. આ હું શું કરવા તૈયાર થયો છું ?

"અંતિમ શબ્દો યાદ આવતાં વિચારમાં પરિવર્તન" :– મારા માતા પિતાને આ રાજાએ માર્યા. હવે હું એને મારીશ એટલે એમના છોકરા મને મારશે. આમ વરની પરંપરા ચાલ્યા જ કરશે. આ વૈરની પરંપરા ચાલુ રહે તેવું કાર્ય મારે

કરવું નથી. વિનયનું મન વૈરની વણઝારથી પાછું વળ્યું. એમનું મન શાંત થઈ ગયું, અને તલવાર પાછી મ્યાનમાં મૂકી દીધી. થોડી વાર પછી રાજા બેબાકળા જાગી ગયા. એમના મોં ઉપર ગભરાટ અને આંખોમાં ઉદ્વેગ જોઈને વિનયે પૂછયું મહારાજા! આપ આમ અસ્વસ્થ કેમ બની ગયા? અને શરીર કેમ ધ્રુજે છે? રાજાએ કહ્યું મને ઉંઘમાં એવું સ્વપ્ન આવ્યું કે જાણે કોઈએ મારા ઉપર તલવારનો ઘા કર્યો ન હોય! એટલે હું બેબાકળો જાગી ગયો પણ જાગ્યો એટલે જોયું કે હું તો મારા વિનયના ખોળામાં સૂતો છું. મારા ઉપર તલવારનો ઘા કરનાર કોણ છે? આ તો માત્ર સ્વપ્ન હતું. સ્વપ્ના કંઈ થોડા સાચા હોય! વિનયે કહ્યું બાપુ! એ સ્વપ્ન ન હતું, સત્ય હતું. ત્યાં રાજા ચમકયા. હેં સત્ય હતું? કેવી રીતે? તે તું મને જલ્દી કહે.

"**વિનયે રાજા પાસે કરેલો ખુલાસો**" :– વિનયે શાંતિથી કહ્યું–મહારાજા! હું આપને સત્ય વાત કરી દઉં છું કે હું સોમપુરના સોમસેન રાજાનો પુત્ર છું. આપે અમારા નગર ઉપર યુધ્ધ કર્યું, પછી બચવાની બારી ન હોવાથી અમે સુરંગદ્વારા નાસી છૂટયા. સાંભળવા મુજબ આપે મારા માતા–પિતાને ફાંસીએ ચઢાવી દીધા છે. હું ફરતો ફરતો અહીં આવ્યો ને આપની અશ્વશાળામાં નોકરી રહ્યો ને આપનો માનીતો સારથિ બન્યો. આજે આપ મારા ખોળામાં સૂતા હતા ત્યારે મને વૈરનો બદલો લેવાની ઈચ્છા થઈ, તેથી મેં આપની તલવાર મ્યાનમાંથી બહાર કાઢી અને આપનું ડોકું ઉડાવવા ઉગામી ખરી, પણ તે વખતે મને મારા પિતાજીએ આપેલી હિતશિખામણ યાદ આવી. તારા પિતાજીએ શું શિખામણ આપી હતી? વિનયે કહ્યું, મારા માતા પિતાએ મને કહેલું કે "અવેરે શમે વૈર ન શમે વૈર વૈરથી." આ શબ્દો યાદ આવ્યા એટલે મેં આપની હત્યા કરવાનો વિચાર છોડી દીધો ને તલવાર મ્યાન કરીને મૂકી દીધી ને થોડી વારમાં આપ જાગી ગયા.

"**વિનયની પવિત્ર ભાવનાથી રાજાને થયેલો પશ્ચાતાપ**:–" આ શબ્દો સાંભળી રાજા વિનયને વહાલથી ભેટી પડયા. અવૈરના અમૃતથી વૈરી વહાલો બની ગયો ને બોલ્યા બેટા! ખરેખર, તારા પિતાજી બહુ સજ્જન હતા. મેં દુષ્ટે રાજ્યના લોભમાં આવા પવિત્ર રાજાને મારી નાંખ્યા. એમનું રાજ્ય પડાવી લીધું છતાં એમણે તને કેવી સુંદર શિખામણ આપી અને તેં એને હૃદયમાં અવધારી તો હું જીવતો રહી શકયો. હું કેવો પાપી! મને ધિક્કાર છે! હું રાજ્ય લઈને જંપ્યો નહિ પણ પાછા એમને ફાંસીએ ચઢાવ્યા. મેં બહુ મોટી ભૂલ કરી છે બેટા! મને મારી ભૂલ સમજાઈ ગઈ છે. મને માફ કર. વૈરની પરંપરા બાંધીને કોઈ સુખી થઈ શકતું નથી. હવે આપણે વૈર–ઝેર છોડી દઈ મૈત્રીભાવ બાંધીએ. એમ કહીને ભીમસેન રાજાએ પોતાની કુંવરીને વિનયકુમાર સાથે ખૂબ ધામધૂમથી પરણાવી અને એને સોમપુરનું રાજ્ય સોંપી દીધું ને શુભ દિવસે તેનો રાજ્યાભિષેક કર્યો. વિનયકુમાર પણ માતાપિતાની માફક ધર્મીષ્ઠ હતો. કર્મની

ક્ષિતિપ્રતિષ્ઠિતને બરાબર સમજતો હતો, એટલે ખૂબ નીતિથી રાજ્ય ચલાવવા લાગ્યો. એને રાજ્યનો લોભ નથી એટલે કોઈની સાથે વેરઝેર કરતો નથી, કારણ કે એ સમજે છે કે હું કર્મ કરીશ તો મારે ભોગવવા પડશે.

ચિત્તમુનિ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને એ જ વાત સમજાવે છે કે હે રાજન્! જ્યારે કર્મનો ઉદય થશે ને વેદના ભોગવવી પડશે ત્યારે તમારી વહાલામાં વહાલી રાણીઓ કે પુત્રો કોઈ ભાગ પડાવવા નહિ આવે.

"જનક માત સુબાંધવ બેનડી, રમણી પુત્ર સ્નેહી સમાજ જે,
દુઃખદ કર્મ ઉદય જબ આવતાં, ન લહે ભાગ શકે સુખ દઇ શકે."

હે રાજન્! તમે માનો છો કે આ રાજરાણીઓ, પુત્રો, ધન-વૈભવ બધું મારું છે તો એ તમારો ભ્રમ છે. સંસાર સ્વાર્થમય છે. કર્મ ભોગવવા કોઈ નહિ આવે, માટે કર્મબંધના કારખાના જેવા સંસારનો ત્યાગ કરી સંયમ માર્ગે આવો. હજુ પણ ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને શું કહેશે તે અવસરે.

ચરિત્ર :- "સજો શસ્ત્ર શણગાર" :- ગુપ્તચરો સમાચાર લઈને આવ્યા કે હરિસેન ભીમસેન રાજાને ઝંખી રહ્યા છે. ભાઈના વિયોગે ઝૂરી રહ્યા છે. દેવસેન અને કેતુસેને કહ્યું કે પિતાજી! ગુપ્તચરોના કહેવાથી તો એમ લાગે છે કે હવે કાકા પોતે જ તમને મળવા ઇચ્છે છે માટે લડાઈનો પ્રસંગ જ નહિ આવે. છતાં તૈયારી કરીને જવું તો જોઈએ. ભીમસેને કહ્યું-ભલે, બેટા. તમારી ખૂબ ઇચ્છા છે તો "કરો પ્રયાણ અને સજો શસ્ત્ર શણગાર." મારા તમને આશીર્વાદ છે. એમ કહી ભીમસેને સંમતિ આપી એટલે એક શુભ દિવસે મંગલ મુહૂર્તે ભીમસેન રાજા પોતાના બંને પુત્રો સહિત વિજયસેનનું મોટું સૈન્ય લઈને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરથી નીકળ્યા. વિજયસેન રાજા પણ સાથે ચાલ્યા. ભીમસેન સૈન્ય લઈને નીકળ્યા છે પણ એમના મનમાં તો અહિંસાના વિચારો ચાલે છે. અહો! જો ભગવાન મહાવીરસ્વામીએ પ્રેમથી ચંડકૌશિકને વશ કર્યો તો હું મારા નાનાભાઈને પ્રેમથી વશ કરીશ, કારણ કે પોતે પોતાના ભાઈને દુશ્મન માનતા ન હતા. એ તો પોતાના અશુભ કર્મનું ફળ સમજતા હતા. ખૂબ વાજતે ગાજતે સૈન્ય નગરની બહાર નીકળ્યું.

દોનોં ભૂપ સૈન્ય દલ સજીયો, ચલા ઉલટ દરિયાવ,
અગણિત સખિયા સંગ સુશીલા, ચલી ઘર ઉચ્છાવ.

ઘણું જ વિશાળ સૈન્ય હતું. સુશીલા રાણીને પણ આનંદનો પાર નથી, કારણ કે પોતાના નગરમાં જવાનું છે એટલે ઘણી સખીઓને સાથે લઈને ચાલી. વિજયસેન રાજા પણ સાથે આવ્યા છે. નગરમાંથી નીકળતા શુકન પણ સારા થયા. યુદ્ધની ભેરીઓ વાગે છે ને હાથી ઘોડા હણહણાટ કરે છે. ભીમસેન અને વિજયસેન રાજા વિશાળ સૈન્ય સાથે ગામનગર ઓળંગતા ઘણે દૂર નીકળી ગયા. ઘણાં દિવસથી સૈન્ય સાથે

દડમજલ કરતા તેઓ ગંગા નદીના કિનારે આવ્યા. વિશાળ જગ્યા જોઈ ભીમસેન રાજાએ બે દિવસ વિસામો ખાવા માટે ત્યાં પડાવ નંખાવ્યો એટલે ત્યાં તંબુ નાંખીને સૌ થાક ઉતારવા લાગ્યા. ભીમસેન રાજા અને વિજયસેન રાજા વિગેરેના તંબુ અલગ અલગ હતા. ભીમસેન રાજા પોતાના તંબુમાં બપોરના સમયે એકલા સૂતા હતા ત્યાં શું બને છે.

" દેવસભામાં ભીમસેનની પ્રશંસા " :– આ સમયે દેવલોકમાં દેવોની સભા ભરાઈ હતી. દેવોની સભામાં અલકમલકની વાતો ચાલી રહી હતી. તે સમયે ઈન્દ્ર મહારાજા દેવોને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે ખરેખર ! આપણું કરતાં માનવ ભવ ઘણો ઉત્તમ છે. ત્યાં જે સાધના અને સિદ્ધિ મેળવી શકાય છે તેવી સાધના અને સિદ્ધિ આપણું લોકમાં મેળવી શકાતી નથી. તેમાં પણ મોક્ષની સાધના તો દુષ્કરમાં દુષ્કર છે. એ તો માનવ–જન્મ વિના કરી શકાય નહિ. એ રીતે માનવજન્મ આપણાથી શ્રેષ્ઠ છે. મૃત્યુલોકમાં પણ અત્યારે સર્વશ્રેષ્ઠ ભીમસેન રાજાને જોઈને મારું મસ્તક તેમને ઝૂકી પડે છે. અહો ! એ કેવા કષ્ટોમાંથી પસાર થયો ? રાજ્ય ગુમાવ્યું. નાના બાળકોને લઈને પત્ની સાથે રાતોરાત એને જંગલની વાટ પકડવી પડી. પેટ ગુજારા માટે પુત્રો અને પત્નીને દુઃખમાં મૂકીને છૂટા પડવું પડયું. ભૂખમરો વેઠયો, અપમાન અને અનેક આક્ષેપો સહન કર્યા. અનેક વિટંબણાઓ અનુભવી છતાં વીતરાગ ધર્મની શ્રદ્ધા છોડી નહિ. અટલ વિશ્વાસથી ધૈર્યપૂર્વક કષ્ટોને સહન કર્યા. આ પૃથ્વી ઉપર અનેક માનવો છે પણ શું એનું સ્વપત્નીવ્રત ! શું એનો સંયમ ! શું એની નિષ્ઠા ! શું એની આસ્થા ! ખરેખર, ભીમસેન તે ભીમસેન જ છે. વારંવાર એને મારા નમસ્કાર ! આ સાંભળી ઈર્ષ્યાળુ દેવ બોલી ઉઠયો કે એક પામર મનુષ્યની આટલી બધી પ્રશંસા ! ઈન્દ્રે કહ્યું. દેવ ! તમે જેને પામર માનો છો તે પામર નથી. એ તો ભડવીર છે. દેવે કહ્યું. દેવ આગળ મનુષ્યની તાકાત કેટલી ? ઈન્દ્ર મહારાજાએ કહ્યું હે દેવ ! તમે ભૂલો છો. માનવનો આત્મા જ્યારે જાગે છેત્યારે દેવો પણ એની તાકાત આગળ મસ્તક ઝૂકાવી દે છે. આ સાંભળી ઈર્ષ્યાળુ દેવે ઘમંડથી કહ્યું કે માનવને માથું નમાવે એ બીજા, હું નહિ. તો ભલે, તમે એની કસોટી કરી જોજો. ભીમસેનને એના બ્રહ્મચર્ય વ્રતથી ચલિત કરી શકો તો હું પણ જાણું કે દેવો મહાન છે. ભલે, હું આપને બતાવી આપીશ કે દેવોની તાકાત આગળ માનવો કેટલા ક્ષુદ્ર છે !

" ભીમસેનની આકરી કસોટી " :– ભીમસેન પોતાના તંબુમાં સૂતા હતા ત્યાં પેલો ઈર્ષ્યાળુ દેવ દેવાંગનાનું રૂપ લઈને આવ્યો. ઘણી દેવાંગનાઓ વિકુર્વી. સુંદર સંગીતના સૂર છૂટયા. ઝાંઝરના ઝણકાર સંભળાવા લાગ્યા. અપ્સરાઓ મધુર કંઠે ગીત ગાવા લાગી. કંઈક એમની સામે આવીને નૃત્ય કરવા લાગી. આ બધું એકલા ભીમસેન રાજાને દેખાય છે ને સંભળાય છે, કારણ કે કસોટી એમની કરવાની છે. આ સમયે ભીમસેન રાજા તો પલાંઠી વાળી આંખો બંધ કરી આત્મસાધનામાં લીન બનેલા હતા.

એક અપ્સરાએ તેમની નજીક આવીને એમના મુખ ઉપર પોતાનો પાલવ ફેરવ્યો એટલે ભીમસેનની આંખ ખુલી ગઈ ને જોયું તો સામે સાક્ષાત્ અપ્સરાઓ નૃત્ય કરી રહી છે. ભીમસેને સ્વસ્થતાથી પૂછયું કે તમે કોણ છો ? અને મારા તંબુમાં શા માટે આવ્યા છો ? અપ્સરાઓ કહે છે કે અમે તમારી રાણીઓ બનવા ઇચ્છીએ છીએ. આપ અમારો સ્વીકાર કરો. ભીમસેને કહ્યું કે હું તો સ્વપત્નીમાં સંતોષ માનનાર દૃઢ વ્રતધારી છું. એ ત્રણ કાળમાં નહિ બને. અપ્સરાઓ કહે છે નહિ શું બને ? બનાવવું જ પડશે.

આમ કહીને અપ્સરાઓ જાતજાતના અને ભાતભાતના નાટક કરવા લાગી. મોહભર્યા ચેનચાળા કરવા લાગી, પણ ભીમસેન તો આંખ બંધ કરીને પથ્થરની માફક બેસી રહ્યો. પથ્થરની સામે કોઈ ગમે તેટલા મોહના નાટક કરે પણ એને કંઈ અસર થાય ? 'ના.' એવી રીતે ભીમસેન પણ પથ્થરની જેમ અડોલ બેસી રહ્યા. દેવીઓએ તો એવા એવા મોહ ભર્યા શબ્દો કહ્યા અને એવું નૃત્ય કર્યું કે ભલભલા દૃઢ વ્રતધારીનું મન પીગળી જાય પણ ભીમસેન રાજાનું મન કોઈ રીતે પીગળ્યું નહિ. ભીમસેન રાજા સાચા વીર હતા. અપ્સરાઓ તો નૃત્ય કરીને થાકી ગઈ પણ ભીમસેન રાજા ડગ્યા નહિ, પણ દેવ નિશ્ચય કરીને આવ્યો છે કે મારે કોઈ પણ રીતે ભીમસેનને એના વ્રતથી ડગાવવો છે એટલે એને ડગાવવા માટે દેવ હજુ બીજા ઉપાય કરશે ને શું બનશે તે અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૮૭

આસો વદ ૧૪ ને શુક્રવાર "વિસામાનું સ્થાન કોણ ?" તા. ૧૯-૧૦-૭૯

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! શાસનપતિ ત્રિલોકીનાથ ભગવાને સર્વ જીવોના કલ્યાણ માટે આગમ રૂપ વાણી પ્રકાશી. આગમ એટલે ત્રિલોકીનાથ તીર્થંકર ભગવાને આત્માઓના ઉદ્ધાર માટે પ્રકાશેલી અનુભવ વાણી. પ્રભુ મહાવીરના શ્રીમુખે નીકળતી જ્ઞાનગંગાને ગૌતમાદિક ગણધર ભગવંતોએ ઝીલી લઈ ને તેને સૂત્રબધ્ધ કરી અજ્ઞાની આત્માઓના જીવન બાગને નંદનવન સમાન બનાવવાની અસીમ કૃપા કરી. આજે કાળીચૌદશનો પવિત્ર દિન છે. આ દિવસોમાં ભગવાને સોળ પ્રહર સુધી અખંડ અંતિમ દેશના આપી છે. આ દિવસોમાં અઢાર અઢાર દેશના રાજાઓ ભગવાનની પાસે આવીને પૌષધ કરીને બેસી ગયા હતા શા માટે જાણો છો ને ? ભવ્ય જીવોના તારણહાર એવા અરિહંત ભગવાન મોક્ષમાં જવાના હતા. ભરતક્ષેત્રમાં અરિહંત પ્રભુનો વિયોગ પડવાનો હતો. અરિહંત પ્રભુનો વિયોગ એ કંઈ સામાન્ય વિયોગ નથી કારણ કે અરિહંત ભગવાન જગતના સર્વજીવોને માટે વિશ્રામનું સ્થાન છે. આ સંસારમાં અનેક જીવો અનેક પ્રકારની વિટંબણાઓથી વીંટળાયેલા ને દુઃખથી આકુળ વ્યાકુળ થયેલા છે. એ બધા જીવોને વિસામાનું સ્થાન અરિહંત ભગવાન છે. એમની પાસે જવાથી

જીવને આશ્રય મળે છે. સંસારના ત્રાસ, વિટંબણા અને થાક ભૂલી જવાય છે. અને એ દુઃખોનો કાયમ માટે અંત આવી જાય છે.

દાખલા તરીકે એક દીકરી પરણીને સાસરે ગઈ પણ સાસરે બધાનો ખૂબ ત્રાસ છે તો એ છોકરી પોતાના વહાલસોયા મા–બાપને ઘેર જાય તો એ સાસરિયાના ત્રાસમાંથી થોડી રાહત મેળવે છે. એને માટે માતા પિતા વિસામો બની રહે છે. ઘણી લાંબી બિમારીના ભોગ બનેલા માણસને કોઈ નિષ્ણાત અને યશરેખાવાળા ડોકટર કે વૈદનો આશ્રય મળતાં એ બિમારીમાં રાહત અનુભવે છે. બિમારી મટે તો એને માટે ડોકટર અને વૈદ એના વિસામાનું સ્થાન બની જાય છે. કોઈ શાહુકાર માણસને ગુંડો હેરાન કરતો હોય, એને લૂંટવા ફરતો હોય, એને કોઈ સરકારી પોલીસ રક્ષણ કરનાર મળી જાય તો એ ગુંડાના ત્રાસથી રાહત અનુભવે છે, કારણ કે એને પોલીસનો આશ્રય મળી ગયો. એને માટે પોલીસ વિસામાનું સ્થાન બની જાય છે, એવી રીતે સંસારના વિવિધ ત્રાસ અને વિવિધ વિટંબણાઓની સામે અરિહંત ભગવાન એ વિસામાનું સ્થાન છે અને શાંતિનું ધામ છે.

અરિહંત ભગવાન જગતના જીવોને બીજી રીતે પણ વિશ્રાંતિનું ધામ બને છે. જગતના જડ પદાર્થોના ચિંતનથી જીવને રાગ–દ્વેષ, ચિંતા, સંતાપ વિગેરે થયા કરે છે. એ વખતે જો વીતરાગ એવા અરિહંત પ્રભુનું શરણું વારંવાર લેવામાં આવે કે **"અરિહંતા મે સરણું"** હે ભગવંત ! હું અબૂઝ છું, અજ્ઞાન છું. આ દુન્યવી સંયોગોમાં મારે શું કરવું એની મને સમજણ પડતી નથી. હે પ્રભુ ! મારે તમારું શરણ છે. તમે જ મારા સાચા તારણહાર છો. આમ વારંવાર અરિહંત પ્રભુનું શરણું લેવાય તો મન કેટલાય કુવિકલ્પો, આર્તધ્યાન, ઉન્માદ, રાગ–દ્વેષ વિગેરેથી બચી જાય છે માટે અરિહંત પ્રભુ વિસામા રૂપ છે. વિષયાસક્તિ અને કષાય પરિણતિની આગથી બળીઝળી રહેલા જીવને આ કાળમાં અરિહંત ભગવાનની વાણી રૂપ શાસ્ત્રો એ આગોને ઠારવા માટે અનુપમ સાધન છે, માટે પ્રભુની વાણી સ્વરૂપ જિનાગમમાં શ્રદ્ધા કરી એમાં તરબોળ રહો. આત્માર્થી સાધકો ચોવીસે કલાક ભગવાનના વચનો રૂપ શાસ્ત્રોમાં મનને પરોવેલું રાખે છે. એનું ચિંતન કરે છે તેથી તેઓ કઠોર પરિષહો અને ભયંકર ઉપસર્ગોના દુઃખોમાં પણ આનંદમાં મસ્ત રહે છે, એટલે એમને પણ અરિહંત ભગવાન અને એમના શાસ્ત્રો વિસામા રૂપ બને છે.

આજના રાગ–દ્વેષના ભારે કોલાહલથી ભરેલા ધમાલિયા યુગમાં જો આપણે એનાથી બચવું હોય ને શાંતિથી જીવવું હોય તો જિનવચનમાં લયલીન બની જાઓ. સુખ અને શાંતિ માટે એ જ અમોઘ ઉપાય છે. જિનવચનનું ચિંતન એ જગતની ચિંતાઓને દૂર કરે છે, તેથી મન શાંત થાય છે. આત્મામાં અલૌકિક શાંતિનો અનુભવ થાય છે. એમાં અરિહંત પ્રભુના વચન નિમિત્ત રૂપ છે એટલે અરિહંત પ્રભુ વિસામારૂપ ગણાય

ને ? પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયના જીવોને માટે પણ અરિહંત ભગવાન વિસામારૂપ છે, કારણ કે એ જીવોની ઓળખાણ કરાવી એની દયા પાળવાનું કોઈએ બતાવ્યું હોય તો તે અરિહંત ભગવાન છે. ભગવાને એકેન્દ્રિયાદિ જીવોની દયા પાળવાનો ઉપદેશ આપીને જીવોને અભયદાન આપવાનો પાઠ શીખવાડયો છે, એટલે એટલા અંશે એ જીવોને રાહત મળે છે તેથી એમને માટે પણ અરિહંત ભગવાન વિસામાનું સ્થાન છે. આવા સકલજીવોને વિશ્રામનું સ્થાન મહાન ઉપકારી જગદ્‌ગુરૂ અરિહંત પ્રભુનો આપણે મહાન ઉપકાર માનવો જોઈએ. એમના ગુણગાન કરતાં આપણાં કર્મોની ભેખડો તૂટી જાય છે. સૂયગડાયંગ સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં આપણા તારક ભગવાન કેવા હતા તે બતાવતા કહ્યું છે કે

" खेयन्ने से कुसले महेसी, अणंतनाणी य अणंतदंसी।
जसंसिणो चक्खुपहे ठियस्स, जाणाहि धम्मं च धिइं च पेहा ॥ ३ ॥

તીર્થંકર ભગવાન સંસારના સમસ્ત પ્રાણીઓના દુઃખ અને દુઃખના મૂળ કારણને જાણતા હતા. અષ્ટ કર્મોનો નાશ કરવામાં કુશળ, ઉગ્ર તપશ્ચર્યા કરવાથી અને ભારે પરિસહ અને ઉપસર્ગોને સમતાથી સહન કરવાથી મહર્ષિ હતા. અનંતજ્ઞાની, અનંતદર્શની અને તેમનો યશ ત્રણે લોકમાં વ્યાપી રહ્યો છે તેથી મહા યશસ્વી હતા, ભવસ્થ કેવળી દશામાં જગતના લોચન પંથમાં સ્થિત હતા અને સંસાર સાગરથી તારનારા એવા શ્રી મહાવીર દેવના શ્રુત ચારિત્ર રૂપી ધર્મને તથા દેવાદિકૃત ઉપસર્ગોથી પણ ડગે નહિ એવા તેમના અડોલ ધૈર્યને જાણો. અને દેખો.

આ ગાથામાં સર્વ પ્રથમ " **खेयन्ने** " એ વિશેષણ આપવામાં આવ્યું છે. ટીકાકારે એના બે અર્થ કર્યા છે. " **खेदज्ञ** " જગતના જીવોના દુઃખને જાણનાર અને " **क्षेत्रज्ञ** " એટલે લોક અને અલોક રૂપ આકાશને જાણનાર. આકાશ અનંત, અસીમ અને અપરિમિત છે. તેને અનંતાનંત યોજનનો કહેવામાં આવે તો પણ તેનો અંત આવી શકતો નથી. આકાશ સર્વ ઠેકાણે છે. તે લોક અને અલોકમાં વ્યાપ્ત છે. અનંત આકાશની વચ્ચમાં લોક સિંધુમાં બિન્દુ સમાન છે. આ લોકમાં સાગર ગમે તેટલો મોટો માનવામાં આવતો હોય છતાં સાગરને ચારે તરફ કિનારો હોય છે પણ આકાશને તો કયાંય કિનારો નથી. એની કયાંય સીમા નથી. આકાશ પૂર્વ–પશ્ચિમ, ઉત્તર–દક્ષિણ, ઉપર નીચે સર્વ દિશાઓમાં અસીમ છે પણ સર્વજ્ઞ ભગવાનનું જ્ઞાન તો આકાશથી પણ અધિક છે, વ્યાપક છે. સંપૂર્ણ લોકાકાશ અને અલોકાકાશ એમના જ્ઞાનમાં સમાયેલા છે. ષટ્ દ્રવ્ય રૂપ અખિલ લોક પણ કેવળજ્ઞાનમાં સમાયેલા છે. એવા ભગવાન અનંત જ્ઞાની હોવાથી સમસ્ત ક્ષેત્રને જાણે છે તેમજ ભગવાન જગતમાં રહેલા જીવોના ખેદને તેમજ દુઃખને જાણે છે, તેથી ભગવાને ત્રસ અને સ્થાવર જીવોની દયા માટે ઉપદેશ આપ્યો છે.

દેવાનુપ્રિયો ! તમારે અવશ્ય નવતત્ત્વનું યથાર્થ સ્વરૂપ જાણવું જોઈએ, કારણ કે **" जो जीवे न याणाइ, अजीवे वि न याणाइ । "** જે જીવને નથી જાણતો, અજીવને

નથી જાણતો તે સ્વદયા કે પરદયા કયાંથી પાળી શકશે ? શ્રાવકપણામાં રહેવા છતાં તમારું લક્ષ એ જ હોવું જોઈએ કે હું આ સંસારના બંધનો તોડી કયારે સંયમી બનું ! ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીએ પાવાપુરીમાં દેહ છોડતા પહેલા અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રની પ્રરૂપણા કરી, તેમાં ત્રીજા અધ્યયનમાં મનુષ્યને ચાર અંગ દુર્લભ બતાવ્યા છે. તેમાં મનુષ્ય જન્મ પામીને મનુષ્યત્વની મહત્તા બતાવી છે. મનુષ્ય જન્મ પામ્યા પણ જ્યાં સુધી મનુષ્યત્વ નહિ આવે ત્યાં સુધી મનુષ્ય જન્મ ભયરૂપ છે, કારણ કે જેનામાં મનુષ્યત્વ નથી તે માણસ પોતાની ચતુરાઈથી બીજાને છેતરી રહ્યો છે. સત્તાવાન મનુષ્ય સત્તાના બળથી બીજાને નિર્દય રીતે કચરી રહ્યો છે. ધનવાન ધનના બળે બીજાને ગુલામ માને છે. આ બધું શાના કારણે બને છે ? મનુષ્યત્વ નષ્ટ થયું છે માટે. કેવળ મનુષ્યની આકૃતિ પામી જવાથી જીવનની મહત્તા કે વિશેષતા નથી. મનુષ્ય જીવનની મહત્તા અને વિશેષતા તો સાચું મનુષ્યત્વ પ્રાપ્ત કરવામાં છે. જે નીતિ અને ધર્મમય જીવન ગાળે છે તે સાચો માનવ છે. જ્ઞાનીઓ કહે છે કે માનવ બનીને દાનવ ન બનશો. માનવભવમાં જ સદ્ધર્મ શ્રવણની પ્રાપ્તિ થાય છે.

"आहच्च सवणं लध्धुं सध्धा परम दुल्लहा ।" કદાચ તત્ત્વજ્ઞાનનું શ્રવણ મળે પણ તેના ઉપર શ્રધ્ધા થવી અતિશય દુર્લભ છે. નાના કે મોટા, સામાન્ય કે વિશેષ કોઈ પણ ધર્મમાં પ્રથમ શ્રદ્ધાને સ્થાન આપવામાં આવ્યું છે. બુધ્ધે પણ કહ્યું છે કે મારી ખેતીનું બીજ શ્રદ્ધા છે, જે સાધક રૂપ ખેડૂત પાસે શ્રદ્ધાનું બીજ ન હોય તેની હૃદયભૂમિ ગમે તેટલી કસવાળી હશે અને સત્સંગ રૂપી વૃષ્ટિ તથા સાધનો રૂપી હવા આદિ અનુકૂળ યોગો હશે તો પણ આત્મ કલ્યાણ કરી શકાશે નહિ, અને જો શ્રધ્ધાનું બીજ જીવંત હશે તો બીજી અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે પણ સાધક આત્મકલ્યાણ કરી શકશે. ગીતામાં પણ કહ્યું છે કે **श्रध्धावान् लभते ज्ञानम् ।** શ્રદ્ધાવાન મનુષ્ય સાચું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. ખરેખર સાચી શ્રદ્ધા વિના સમભાવ આવતો નથી. ભગવાને શ્રદ્ધાને ખૂબ મહત્વ આપ્યું છે. શ્રદ્ધા કોના ઉપર કરવાની છે તે તો તમે જાણો છો ને ? ભગવાને ચાર પરમ અંગ બતાવ્યા છે. તેમાં મનુષ્યત્વ ઉપર કહેવાઈ ગયું છે. બીજું છે શાસ્ત્રનું શ્રવણ. જીવનનો વિકાસ કરવામાં શાસ્ત્રનું શ્રવણ ખૂબ સહાયક બને છે, કારણ કે મન પાણીની માફક નીચાણવાળા પ્રદેશમાં ઢળકતું, હોય છે, એટલે તે વાસના તરફ દોડતું હોય છે. તે નીચે જતા મનને ઉંચે લઈ જવા માટે કોઈ મહાપંપ હોય તો તે શાસ્ત્રનું શ્રવણ છે, અને તેના ઉપર શ્રધ્ધા થવી તે આપણું પરમધન છે. જેમ તમારી પાસે નાણાં હોય તો વિકાસ કરી શકો છો તેમ તમારી પાસે શ્રધ્ધારૂપી મૂડી હશે તો જીવનમાં પ્રગતિ કરી શકાશે. જ્યારે જીવનમાંથી સત્ શ્રધ્ધારૂપી મૂડી ખૂટી જશે ત્યારે યાદ રાખજો કે વિજય થવાનો નથી. વીતરાગ આજ્ઞામાં શ્રદ્ધા રાખવાથી માણસ દરેક કાર્યમાં સફળતા મેળવી શકે છે, માટે તેમની આજ્ઞાનું

પાલન કરવું જોઈએ. એમની આજ્ઞાનું પાલન કરનાર જીવ મહાન સુખી બને છે. એનો આ ભવ અને પરભવ સુધરી જાય છે. આ રીતે શિષ્યે ગુરૂની, પુત્રે પિતાની, નોકરે શેઠની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. જો વડીલોની આજ્ઞાનું પાલન ન કરે તો એ ભવિષ્યમાં મહાન દુઃખી થાય છે. એ માટે જ્ઞાતાજી સૂત્રમાં માકંદીય પુત્રોનો અધિકાર છે.

જિનપાલ અને જિનરક્ષિત એ બંને શ્રીમંત શ્રેષ્ઠીના પુત્રો હતા. તેઓ માકંદીય પુત્રો તરીકે વિખ્યાત હતા. પાસે ધનનો તૂટો ન હતો છતાં તેઓ વારંવાર વહાણ લઈને સમુદ્ર માર્ગે ધન કમાવા માટે જતા. પોતાના ગામમાંથી કીમતી માલ ભરીને પરદેશમાં મોં માંગી કિંમતે વેચતા અને ત્યાંથી નવો માલ ખરીદીને પોતાના દેશમાં લાવતા. આ રીતે બંને ભાઈઓએ અગિયાર વખત સમુદ્રની સફર ખેડી અને પરદેશ જઈ ઘણું ધન કમાયા પણ એમને સંતોષ ન થયો, એટલે બારમી વખત પરદેશ જવાનો વિચાર કરી માતા પિતાની આજ્ઞા લેવા આવ્યા, ત્યારે માતા પિતાએ કહ્યું દીકરાઓ! પૂર્વના પુણ્યોદયે આપણે ત્યાં સંપત્તિની સીમા નથી. હવે પરદેશ કમાવા જવાની જરૂર નથી. અહીં બેઠા જે કમાણી થાય તે કરીને આનંદથી રહો, પણ પુત્રોએ જવાનો આગ્રહ ચાલુ રાખ્યો ત્યારે એના માતા પિતા કહે છે કે બેટા! બારનો આંક અપશુકનિયાળ છે, માટે બારમી વખત પરદેશ જવું તે અપશુકન ગણાય, માટે આપણે બારમી વખત પરદેશ જવું નથી, પણ જિનપાલ અને જિનરક્ષિતે હઠાગ્રહ છોડ્યો નહિ. એમણે તો માતાપિતાને કહી દીધું કે અમે અગિયાર (૨) વખત પરદેશ ગયા ને આવ્યા ત્યારે અપશુકન નડયા નહિ ને હવે અપશુકન નડશે? અમને વહેમ નથી. અમારો જવાનો નિશ્ચય નક્કો છે. આપની રજા હોય કે ન હોય પણ જ્યાં જવાનો નિર્ણય કરી લીધો છે પછી આજ્ઞાની શી જરૂર?

માતાપિતાની આજ્ઞાનો અનાદર કરતા પુત્રો વહાણમાં માલ ભરીને વહેપાર કરવા માટે નીકળ્યા. થોડા દિવસમાં સમુદ્રમાં મુસાફરી કર્યા બાદ જ્યારે વહાણ મધદરિયે પહોંચ્યા ત્યારે એક દિવસ સમુદ્રમાં વા–વીજળી–ગાજવીજ અને વરસાદનું ભયંકર તોફાન જાગ્યું. એમાં એક પછી એક માલના ભરેલા વહાણ ડૂબવા લાગ્યા, છેલ્લા વહાણમાં બંને ભાઈઓ બેઠા હતા તે વહાણ પણ તૂટયું ને બંને ભાઈઓ દરિયામાં પડયા પણ ભાગ્યયોગે બંનેના હાથમાં એક પાટિયું આવી ગયું. એના આધારે તરતા તરતા આઠ દિવસે પવનના જોરથી બંને જણા કિનારે ફેંકાઈ ગયા ને બેભાન થઈને પડયા. થોડી વારે ભાનમાં આવ્યા. આઠ દિવસના ભૂખ્યા ને તરસ્યા આજુબાજુ નજર કરી તો દરિયાના કિનારે એક સુંદર ઉદ્યાન હતું. ત્યાંથી ફળ લાવીને બંનેએ ખાધા, પછી ઉદ્યાનની શોભા જોતા અને પોતાની બધી સંપત્તિ લૂંટાઈ ગઈ તેની ચિંતા કરતા આગળ ચાલ્યા. ત્યાં માર્ગમાં સોળ શણગાર સજેલી અત્યંત સૌંદર્યવાન નવયુવાન સ્ત્રી રૂમઝુમ ઘુઘરાં વગાડતી સામે મળી. એણે આ બંને ભાઈઓને પૂછ્યું કે તમે કોણ

છો ? ને કયાં જાઓ છો ? ત્યારે આ બંને ભાઈઓએ પોતાની કહાની કહી. એ સાંભળીને સ્ત્રીએ હાવભાવ અને કટાક્ષ કરતા કહ્યું તમે ચિંતા ન કરો. હું આ દ્વીપની માલિક દેવી છું. મારું નામ રયણાદેવી છે. તમે મારા મહેલમાં ચાલો. તમે મારા કહ્યા પ્રમાણે કરશો તો સ્વર્ગ જેવા સુખો મળશે. આ બંને જણા રયણાદેવીના હાવભાવમાં મુગ્ધ બની ગયા ને એની સાથે મહેલમાં ગયા. રયણાદેવી પણ એમને ખૂબ પ્રેમથી રાખવા લાગી. આ બંને તો એના ખાનપાન અને હાવભાવમાં અંજાઈ ગયા. એમને તો એમ જ થવા લાગ્યું કે આવું સુખ આપણે કદી જોયું નથી. આપણા વહાણ તૂટી ગયા તે પણ સારા માટે બન્યું. જો એમ ન બન્યું હોત તો આપણને આવા સુખો ન મળત.

"ભોગમાં આસક્ત બનતા ભાન ભૂલેલા ભાઈઓ" :– બંધુઓ ! રયણાદેવી હલકી જાતિની દેવી હતી. એ ભૂલા પડેલા આવા મુસાફરોને પોતાની જાળમાં ફસાવીને આવા કામ કરતી, પણ ભોગમાં આસક્ત બનેલા ભિખારીઓ વર્તમાન સુખને જુએ છે પણ ભવિષ્યના ભયંકર દુઃખોને જોતા નથી. આ જિનપાલ અને જિનરક્ષિતને તો ઘર કરતા પણ વધારે સુખ મળવા લાગ્યું એટલે એ તો માતા–પિતા–પત્ની બધાને ભૂલીને સુખમાં મસ્ત બની રહેવા લાગ્યા પણ એમને ખબર નથી કે આ રયણાદેવીએ એમના જેવા કંઈક ભોગના ભિખારીઓનો વિનાશ સર્જ્યો હતો. બે ત્રણ મહિના વીત્યા હશે ત્યાં એક દિવસ ઈન્દ્ર મહારાજાએ રયણાદેવીને લવણસમુદ્ર સાફ કરવાની આજ્ઞા આપી. ઈન્દ્ર મહારાજાની આજ્ઞા પ્રમાણે રયણાદેવીને કરવું પડે, તેમાં કાંઈ ચાલે નહિ, એટલે રયણાએ બંને ભાઈઓને કહ્યું કે તમને છોડીને જતાં મારું મન માનતું નથી પણ ગયા વિના છૂટકો નથી. તમને મારા વિના અને મને તમારા વિના ગમશે નહિ, પણ તમે શાંતિથી આ મહેલમાં રહેજો. તમને બધી સુખ સામગ્રી મળ્યા કરશે, છતાં અહીં એકલા મારા વિના ન ગમે તો પૂર્વ–પશ્ચિમ અને દક્ષિણ એ ત્રણે દિશામાં અનેક પ્રકારના ફળફૂલથી સુશોભિત સુંદર ઉદ્યાનો છે ત્યાં ફરવા માટે ખુશીથી જજો પણ ઉત્તર દિશાના ઉદ્યાનમાં જશો નહિ.

"રયણાના વચન ઉપર થયેલી શંકા" :– જિનપાલ અને જિનરક્ષિત બંને બુદ્ધિશાળી હતા. એમણે કહ્યું–દેવી ! તમારા વિના અમને ગમશે નહિ, છતાં જેમ તેમ કરીને દિવસો પસાર કરીશું, પણ ઉત્તર દિશાના ઉદ્યાનમાં જવાની તમે કેમ ના પાડો છો ? ત્યારે રયણાદેવીએ કહ્યું–મારા સ્વામીનાથ ! શું વાત કરું ? એ ઉદ્યાનમાં એક ભયંકર ઝેરી કાળોતરો નાગ રહે છે. એ ત્યાં જનારને જીવતો રાખતો નથી. તમે તો મારા શ્વાસ ને પ્રાણ છો. તમે ત્યાં જાઓ ને નાગ કરડે તો મારું શું થાય ? માટે હું તમને જવાની ના પાડું છું. તમે શાંતિથી રહેજો. એમ કહીને રયણાદેવી ચાલી ગઈ. એના ગયા પછી આ બંનેને ચેન પડતું નથી. એમને તો રયણાની રટણા થવા લાગી, તેથી મનને શાંત કરવા એક દિવસ પૂર્વના ઉદ્યાનમાં ગયા. બીજે દિવસે પશ્ચિમના

અને ત્રીજે દિવસે દક્ષિણ દિશાના ઉદ્યાનમાં ફરવા ગયા પણ રયણા વિના એમને ચેન પડતું નથી, એટલે એમણે વિચાર કર્યો કે ભલે ને આપણને જવાની ના પાડી પણ આપણે ઉત્તર દિશાના ઉદ્યાનમાં જઈએ ને જોઈએ તો ખરા કે કેવો ભયંકર નાગ છે. એ આપણને શું કરી શકવાનો છે? આમ વિચાર કરીને તેઓ ઉત્તર દિશાના ઉદ્યાનમાં ફરવા ગયા. ઉદ્યાનમાં પ્રવેશ કર્યો ત્યાં એમને માથું ફાટી જાય એવી ભયંકર દુર્ગંધ આવવા લાગી. નાક આડો ડૂચો દઈને આગળ ચાલ્યા તો આગળ જતાં હાડકાનો મોટો ઢગલો જોયો. આ જોઈને એમને આશ્ચર્ય થયું કે ત્રણ ઉદ્યાનો તો મઝાના સુંદર છે ને આ ઉદ્યાનમાં આવું કેમ હશે? આમ આશ્ચર્ય પામતા આગળ ચાલ્યા તો એક માણસને શૂળીએ ચઢાવેલો જોયો. તે છેલ્લો શ્વાસ લઈ રહ્યો હતો. એની આ દશા જોઈને બંને ભાઈઓને ખૂબ દયા આવી ને એની પાસે જઈને પૂછયું કે ભાઈ! તારી આવી દશા કેમ થઈ? તને કોણે શૂળીએ ચઢાવ્યો?

પેલા માણસે કહ્યું તમે અહીં કેમ આવ્યા છો? આ બંનેએ પોતાની વાત કરી, ત્યારે એ માણસે કહ્યું ભાઈ! હું પણ તમારી માફક જ સમુદ્રમાં તોફાન થવાથી તરતો તરતો કિનારે આવ્યો ને આ રત્નદ્વીપમાં આવી પહોંચ્યો ને રયણાદેવીના મોહમાં ફસાઈ ગયો. આ રયણાદેવી ક્રૂર સ્વભાવની છે. તમે જ્હોતા ત્યાં સુધી મારા ઉપર ખૂબ પ્રેમ હતો, પણ જ્યાં તમે બંને આવ્યા એટલે મારી આ દશા કરી, એને જ્યારે તમારા જેવા કોઈ નવા પુરૂષો મળશે એટલે તમારી પણ મારા જેવી દશા થશે. મારા ને તમારા જેવા તો એણે કંઈક પુરૂષોના પ્રાણ લીધા છે. પેલા પુરૂષની વાત સાંભળીને જિનપાલ અને જિનરક્ષિત તો મૂઝી ઉઠયા. એમણે પેલા માણસને પૂછયું કે ભાઈ! આમાંથી બચવાનો કંઈ ઉપાય ખરો? એ માણસ મરવાની અણી ઉપર છે પણ આ બંનેને બચાવવા માટે મહામુશીબતે બોલ્યો–હા, એક ઉપાય છે. પૂર્વ દિશાના ઉદ્યાનમાં એક યક્ષનું મંદિર છે. દર સોમવારે એ યક્ષ અશ્વનું રૂપ ધારણ કરીને ત્યાં આવે છે ને બોલે છે કે **कं तारयामि? कं पारयामि?** હું કોને તારું? કોનો ઉદ્ધાર કરું? તે તે વખતે તમે ત્યાં જઈને એ અશ્વને હાથ જોડીને કહેજો કે **"मां तारय, मां पारय"** મને તારો, મારો ઉધ્ધાર કરો. તો એ અશ્વ એની પીઠ ઉપર બેસાડીને તમને તમારે ઘેર પહોંચાડી દેશે, પણ એક વાત તમારે ખૂબ લક્ષ રાખવી પડશે કે તમે જેવા ઘોડા ઉપર બેસશો કે તરત જ એ રયણાદેવીને એના ઉપયોગથી ખબર પડી જશે એટલે એ દોડતી તમારી પાછળ આવશે અને એ રડશે, કરગરશે, ઝુરશે, હાવભાવ કરશે ને પ્રલોભનો પણ આપશે. તે વખતે તમે પાછું વાળીને જોશો નહિ. જો જોશો તો તમને એની પીઠ ઉપરથી ફેંકી દેશે, એ ફેંકી દેશે એટલે દેવી તલવારના એક ઘાએ બે ટુકડા કરીને સમુદ્રમાં ફેંકી દેશે. એ પ્રલોભન આપશે છતાં તમે એના સામું નહિ જુઓ તો મારી નાંખવાની ધમકી પણ આપશે પણ તમે ડગશો નહિ ને એના સામું જોશો નહિ. આટલું કહીને એ માણસ તો મરણ પામ્યો.

"યક્ષનું શરણું લેતા બંને ભાઈઓઃ–" બંને ભાઈઓ ત્યાંથી મહેલે આવ્યા ને સોમવારની રાહ જોવા લાગ્યા. હવે તો એક ક્ષણ અહીં રહેવું ગમતું નથી. સોમવારના દિવસે બંને જણા ટાઈમસર યક્ષના મંદિર પાસે પહોંચી ગયા. ત્યાં એક અશ્વ તેમણે જોયો. એ અશ્વ મનુષ્યની ભાષામાં બોલતો હતો કે **कं तारयामि? कं पारयामि?** ત્યારે બંને ભાઈઓ દોડતા અશ્વની પાસે જઈ હાથ જોડીને બોલ્યા **"मां तारय, मां पारय"** મને તારો. મને પાર કરો, એટલે તે અશ્વે બંનેને પોતાની પીઠ ઉપર બેસાડી દીધા ને એમને લઈને વાયુવેગે ઘોડો ચાલ્યો. આ તરફ રયણાદેવીને ઉપયોગ દ્વારા આ વાતની ખબર પડી એટલે એ વાયુવેગે ત્યાં આવી પહોંચી અને પ્રેમભર્યા શબ્દોથી કહેવા લાગી, નાથ! હું આવી ગઈ. તમે મને મૂકીને કયાં ચાલ્યા? હું તમારો વિયોગ સહન કરી શકું તેમ નથી. અરેરે....મારું શું થશે? એક વાર તો મારા સામું જુઓ! અત્યાર સુધી મેં આપેલા સુખોમાં જો આપને ખામી લાગતી હોય તો હું તમને એથી પણ વધારે દિવ્ય સુખો વડે તૃપ્ત કરીશ, પણ મને મૂકીને ન જાઓ. પાછા વળો. આવા મોહભર્યા મીઠા અને મધુરા શબ્દો કહ્યા પણ જિનપાલ કે જિનરક્ષિત પાછું વાળીને જોતા નથી. ખૂબ મક્કમ રહ્યા ત્યારે દેવીએ રડતા રડતા કહ્યું. મેં તો તમને મારા સર્વસ્વ માન્યા હતા. હું તો આટલા દિવસ તમારી કેટલી ચિંતા કરતી હતી પણ તમે તો મારા સામું ય જોતા નથી. મને આમ નિરાધાર મૂકીને ચાલ્યા જશો? મને એક વાર તો આપના મુખના દર્શન કરાવો. આવા પ્રેમભર્યા શબ્દો સાંભળીને જિનરક્ષિતનું મન પીગળી ગયું. એના મનમાં થયું કે બિચારી આટલી બધી કરગરે છે તો મોઢું બતાવવામાં શું વાંધો છે? એમ સમજીને એણે રયણાના સામું જોયું એટલે ઘોડા ઉપરથી એ નીચે ફેંકાઈ ગયો ને જિનપાલ મક્કમ રહ્યો એટલે એને લઈને ઘોડો વાયુવેગે આગળ વધ્યો.

જિનરક્ષિત જેવો ઘોડા ઉપરથી પડયો એવો જ ક્રોધથી ધમધમતી રયણાદેવીએ તલવારથી એના ટુકડે ટુકડા કરીને સમુદ્રમાં માછલા અને મગરને ખાવા માટે ફેંકી દીધા, એટલે એની જીવનલીલા તો ત્યાં સમાપ્ત થઈ ગઈ, અને જિનપાલને યક્ષે એના નગરના ઉદ્યાનમાં મૂકી દીધો. જિનપાલ એકલો ઘેર આવ્યો ને માતાપિતાને પગે લાગ્યો ત્યારે માતાપિતાએ પૂછયું કે બેટા! તારો નાનોભાઈ કયાં ગયો? તું એકલો જ કેમ? ગમેતેમ તોય મા–બાપનો જીવ છે ને? સંતાનો મા–બાપને ભૂલે છે પણ મા–બાપ સંતાનોને ભૂલતા નથી. જે સંતાનો પોતાના માતાપિતાની સેવા કરી એમને સંતોષ પમાડે છે, એમની આજ્ઞાનું પાલન કરે છે તે મહાન સુખી થાય છે, અને આજ્ઞા વિરુદ્ધ જીવનાર દુઃખી થાય છે. જિનપાલે માતા–પિતાને બધી વાત જણાવીને કહ્યું કે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અમે ગયા એનું ફળ મળ્યું. એમ કહીને જિનપાલે માતાપિતાના ચરણમાં પડીને માફી માંગી. એને સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો ને એણે દીક્ષા લઈ ઉગ્ર સંયમ અને તપની આરાધના કરી આત્મકલ્યાણ કર્યું.

બંધુઓ ! આ જીવાત્મા અનંતકાળથી સંસાર સાગરમાં સફર કરતાં રત્નદ્વીપ રૂપી માનવભવમાં આવી પહોંચ્યો છે,તો હવે નિશ્ચય કરી લો કે મોહ–માયા અને મમતા રૂપી રયણાદેવીને આધીન બનવું છે કે યક્ષરૂપી વીતરાગની આજ્ઞાને આધીન બનીને મોક્ષપદની પ્રાપ્તિ કરવી છે ? જે વીતરાગની આજ્ઞાનું યથાર્થ રૂપે પાલન કરે છે તેને સંસારમાં ભટકવું પડતું નથી, પણ જે મોહ–માયા અને મમતાના પાશમાં ફસાય છે તેને અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. આવું સમજીને ભગવાનની આજ્ઞાનું પાલન કરો. અત્યારે આપણી પાસે ખુદ તીર્થંકર ભગવાન બિરાજમાન નથી, મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાની સંતો પણ નથી છતાં આપણું એટલું સદ્ભાગ્ય છે કે ભગવાને ઉપદેશેલી આગમની વાણી અને એ વાણીને સંભળાવનારા સંતો હાજર છે. તે સમજાવે છે કે હે ભવ્યજીવો ! મહાન પુણ્યોદયે આ મનુષ્યભવ પામ્યા છો તો જીવનમાં આત્માનું કલ્યાણ થાય એવી આરાધના કરી લો. પુણ્યોદયે જે સંપત્તિ મળી છે એમાં લોભાવા જેવું નથી. એનાથી અનાસક્ત ભાવે રહો. મહાન પુરૂષોને ઘણી સંપત્તિ મળી હતી પણ એમાં આસક્ત ન થયા, પણ એનો ત્યાગ કરીને સંયમના પંથે ચાલી નીકળ્યા હતા. એ તમે જાણો છો ને ?

આજે કાળીચૌદશનો દિવસ છે. આવતીકાલે દિવાળીનો દિવસ છે. કાલે તમે શારદાપૂજન કરશો ત્યારે ચોપડામાં શું લખશો ? બોલો તો ખરા ! (હસાહસ) તમે તો હસીને પતાવી દેશો. અહીં નહીં બોલો પણ ચોપડામાં તો મઝાના સુંદર અક્ષરે લખશો કે

શાલીભદ્ર ઋદ્ધિ મળજો, અભયકુમારની બુદ્ધિ મળજો,
ગૌતમસ્વામીની લબ્ધિ મળજો, કેવન્ના શેઠનું સૌભાગ્ય મળજો.

વણિકના દીકરા કેટલા હોંશિયાર છે ? લખવામાં કંઈ બાકી રાખ્યું ? શાલિભદ્રને ત્યાં પ્રતિદિન ૯૯ પેટીઓ ઉપરથી ઉતરતી હતી તે જોઈએ છે ? વીતરાગ ભગવંતનો ઉપાસક નાશવંત ઋદ્ધિ માંગે તેવો દીન ન હોય પણ એ તો માંગે શાલિભદ્રે જેને છોડીને જે સંયમ રૂપી ધન મેળવ્યું તે આત્મઋદ્ધિ. તો હવે માંગવી હોય તો માંગી લેજો આત્મગુણોની અખૂટ સમૃદ્ધિ. શાલિભદ્રની ઋદ્ધિ મળજો એવું લખો ત્યારે સાથે એટલું જરૂર લખજો કે એમણે ઋદ્ધિ છોડીને દીક્ષા લીધી એમ હું પણ દીક્ષા લઉં. શાલિભદ્રની ઋદ્ધિ માંગી પણ એનો ત્યાગ માંગ્યો ખરો ? એમની ઋદ્ધિ મેળવવા માટે પહેલા એમના જેવું બનવું પડશે.

અભયકુમારની બુદ્ધિ માંગી પણ અભયકુમાર કેવા હતા ? તેમણે તેમની બુદ્ધિનો ઉપયોગ શેમાં કર્યો એ વિચાર કર્યો છે ખરો ? રાજ્યનો વહીવટ ચલાવતા હતા છતાં ધર્મઆરાધના કરવાનું ચૂકતા ન હતા. એમને રાજ્ય આપવા માટે શ્રેણીક રાજાએ કેટલા વાના કર્યા પણ રાજ્ય ન લીધું ને દીક્ષા લીધી હતી. ગૌતમસ્વામીની લબ્ધિ માંગી પણ વિચાર કરજો. ગૌતમસ્વામીના જીવનમાં કેટલો વિનય હતો ! ચાર જ્ઞાન અને ચૌદ

પૂર્વના જ્ઞાતા અને ચૌદ હજાર સંતોમાં વડેરા ને ભગવાનના પટ્ટ ગણધર હતા છતાં નામ અભિમાન ન હતું. દીક્ષા લઈને છઠ્ઠના પારણે છઠ્ઠ કરતા હતા. એમના જીવનમાં આવો તપ, વિનય, સરળતા, નિરાભિમાનતા વિગેરે ઘણાં ગુણો હતા, તેથી એવી લબ્ધિઓ પ્રાપ્ત થયેલી કે 'અંગુઠે અમૃત વરસતુ,' છતાં તે લબ્ધિની તેમને મહત્તા ન હતી. તેઓ તો પ્રભુના પાદપંકજમાં રહી ગુરૂભક્તિમાં રહી, આત્માની અનંત લબ્ધિઓ પ્રગટ કરી કેળવજ્ઞાની બન્યા. તો હવે માંગવી હોય તો એમના જેવી ગુરૂભક્તિ માંગજો કે જેનાથી લબ્ધિ આપોઆપ પ્રગટ થઈ જશે. આ ભાવનાઓની સાથે એટલું પણ માંગજો કે ભગવાન મહાવીર સ્વામીની શુદ્ધિ મળજો. આ રીતે ગૌતમસ્વામી, અભયકુમાર વિગેરેના ગુણોનું સ્મરણ કરો ને તેમના જેવા બનો. માંગવા કરતા તેમના પવિત્ર જીવનને અપનાવો.

મહાવીર ભગવાન આઠ કર્મનો ક્ષય કરીને નિર્વાણ પધાર્યા છે. ભગવાને છેલ્લે છઠ્ઠ તપ કરીને સોળ પ્રહર સુધી સતત દેશના આપી હતી. આપણે એ દેશનાનું શ્રવણ કરીને એના ઉપર શ્રદ્ધા કરીને એનું આચરણ કરી ભગવાન મોક્ષમાં ગયા તેમ મોક્ષમાં જવું છે. એ માટેનો પુરૂષાર્થ કરીએ તો જ સાચી દિવાળી ઉજવી ગણાશે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૮૮

આસો વદ અમાસને શનિવાર દિવાળી **તા. ૨૦-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતજ્ઞાની, અનંતદર્શની કરૂણાસિંધુ, શાસનપતિ ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવોના એકાંત હિત માટે આગમ વાણીની પ્રરૂપણા કરી. શાશ્વત સુખનો છલકાતો મહાસાગર જેમાં સદાયે વહી રહ્યો છે. આ વાણીના જલમાં શુદ્ધ ભાવથી જે આત્મા સ્નાન કરે તે અમર થયા વિના રહે નહિ. વધુ શું કહું, જે જિનવાણીના જલબિંદુઓનો છંટકાવ કરે તે આત્મા પવિત્ર બની જાય. પરમપ્રભુની વાત્સલ્યમયી વાણી રૂપી પવિત્ર ગંગાના તીરે ઉભો રહે અને તેનું એકાદ જલકણ સ્પર્શે તો ય ઉષ્ણતાને હરી લે ને શીતળતા પ્રદાન કરે. આવો છે જિનવાણીનો–વીતરાગ બનાવવાનો વીલપાવર ધરાવનારી વીતરાગ વાણીનો અપૂર્વ પ્રભાવ. આત્માના સંપૂર્ણ ગુણોની જેમણે ખીલવટ કરી છે, જેમણે સર્વ દુર્ગુણોને દફનાવી સદ્‌ગુણોનો પ્રકાશ જીવનમાં પાથર્યો છે અને અજ્ઞાનના અંધારા ઉલેચી કેવળજ્ઞાન રૂપી સૂર્ય જેના જીવનમાં પ્રકાશ્યો છે એવા પ્રભુની વાણી આજે શાસ્ત્ર રૂપે આપણી સમક્ષ છે. જે સિદ્ધાંતમાં આત્મકલ્યાણના અમોઘ ઉપાયો બતાવ્યા છે, પણ આગમમાં ઊંડું અવલોકન ન કરીએ ત્યાં સુધી કયાંથી મળે ?

આજે ભગવાનનો નિર્વાણ દિન છે. ભગવાને અંતિમ ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું છે. ભગવાને છેલ્લે છઠ્ઠ તપ કરીને સોળ પ્રહર સુધી અખંડ દેશના આપી હતી. ઉત્તરાધ્યયન સૂત્ર અને વિપાક સૂત્ર એ ભગવાનની અંતિમ વાણી છે. ભગવાનની વાણી સાંભળવા ૧૮ દેશના રાજાઓ ને પાવાપુરીની જનતા બેઠી છે. ભગવાનની અમીરસ વાણી સાંભળીને બધા હરખાય છે, સૌના દિલમાં આનંદ છે અને સાથે એક પ્રકારનું દુઃખ પણ છે કે આપણા ભગવાન હવે મોક્ષમાં પધારવાના છે. વર્તમાનમાં ભગવંતના સંયોગનો આનંદ અને ભાવિમાં થનાર વિયોગની કલ્પના ભવ્યજીવોના દિલમાં આઘાત પહોંચાડે છે. આમ તો સામાન્ય રીતે રોજ ભગવાનની દેશના બે પ્રહરની હોય છે, પણ ભગવાનનો નિર્વાણકાળ નજીક આવ્યો એટલે ભગવાને કાળીચૌદશ અને અમાસ એ બે દિવસ સતત સોળ પ્રહર સુધી દિવ્ય દેશના દીધી છે. આજના તર્કવાદના યુગમાં કંઈક એવો તર્ક કરે છે. કે સાંભળનારા એટલો બધો સમય કેવી રીતે બેસી શકયા? શું એમને થાક નહિ લાગ્યો હોય? ઊંઘ નહિ આવતી હોય? આ શંકાનું સમાધાન કરતા મહાનપુરૂષો કહે છે કે,

ભગવાનની વાણીના અતિશયોને જે જાણતો હોય ને માનતો હોય એને આ જાતનો પ્રશ્ન થાય જ નહિ, કારણ કે "**જિનેશ્વર દેવોની ધર્મદેશના એટલે અનુપમ પ્રકારનું સુંદરમાં સુંદર સંગીત.**" એમ કહીએ તો કહી શકાય, કારણ કે ભગવાનની દેશના માલકોશ રાગમાં અને અર્ધમાગધી ભાષામાં થાય છે. ભગવાનનો સૂર અત્યંત મધુર હોય છે. દેવો તેમાં દુદુંભીના સૂર પૂરે છે. આજે તમને બધાને મનગમતા છાયા ગીત અગર કોઈ ગવૈયો મનગમતા ગીતોના સૂરની સરગમ રેલાવે તો કલાકો સુધી તમે શાંત અને સ્વસ્થ ચિત્તે બેસી રહો છો ને? ત્યાં તમને થાક લાગે છે? ઉંઘ આવે છે? "ના." તો પછી જ્યાં તીર્થંકર ભગવાનની વાણીના સુમધુર સૂર છૂટતા હોય તેની તો વાત જ શું કરવી?

ભગવાનની દેશના સાંભળનારા સૌને એમ જ લાગે છે કે ભગવાન મને જ કહી રહ્યા છે, અને સૌ પોતપોતાની ભાષામાં ભગવાનની વાણી સમજી શકે છે. બધાના સંશય એક સાથે છેદાયા કરે. આવો વાણીનો અતિશય જેમને વરેલો હોય એવા તીર્થંકર પ્રભુની દેશના સાંભળનારા સતત સોળ પ્રહર સુધી બેસી રહે એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? સંગીતમાં કંઈ ઓછી તાકાત છે? જો મલ્હાર રાગ ગાતા આવડે તો એનો ગવૈયો ભર ઉનાળામાં વરસાદ વરસાવી શકે છે. દીપક રાગ જો ગાતા આવડે તો એનો ગવૈયો ઘોર અંધકારમાં દીપક પ્રગટાવી પ્રકાશ પાથરી શકે છે. સંગીતમાં આટલી તાકાત રહેલી છે તો ભગવાનની દેશના રૂપ સંગીત તો ઉચ્ચમાં ઉચ્ચ કોટિનું છે. ભગવાનની વાણીના અતિશયોનું જેમને જ્ઞાન ન હોય તેને મૂંઝવણ થાય એ બનવા જોગ છે પણ જે ભગવાનના અતિશયોને જાણતા હોય, માનતા હોય એમને આવી શંકા થાય જ નહિ કે સાંભળનારા સોળ પ્રહર સુધી કેવી રીતે બેસી શકે?

ભગવાનની વાણીનો પ્રભાવ જ એવો છે કે જ્યાં ચંચળ સ્વભાવના જીવો અચંચળ બની જાય છે, અને સ્વાભાવિક પરસ્પર વૈર વૃત્તિવાળા જીવો જેમ કે સર્પ અને મયૂર, બિલાડી અને ઉંદર, મૃગલા અને સિંહ વગેરે પોતાના જન્મજાત સ્વાભાવિક વૈરભાવને ભૂલી જઈને એકબીજાની બાજુમાં બેસીને ભગવાનની દિવ્ય દેશના સાંભળે છે. એ સ્થાન જ એવું હોય છે કે જ્યાં જતા હિંસક જીવો પણ પોતાની સ્વાભાવિક વૈરવૃત્તિ ભૂલી જાય છે. સમવસરણ જેવું સ્થળ અને ભગવાનની દિવ્ય દેશના આ બંનેનો યોગ શ્રોતાજનોને કલાકો સુધી રોકી રાખે. એમાં નવાઈ પામવા જેવું કંઈ નથી. અઢાર દેશના રાજાઓ, પાવાપુરીની જનતા તેમજ બીજા ઘણાં માણસો આવ્યા હતા. સૌ ભગવાનના મુખેથી વહેતી અમૃતવાણી સાંભળવામાં તલ્લીન બન્યા છે. ઈન્દ્રો, દેવો અને માનવો સૌના દિલમાં એક દુઃખ હતું કે બસ હવે આપણા ભગવાન મોક્ષે પધારશે ? આપણને અરિહંત પ્રભુનો વિયોગ પડશે ? જોતજોતામાં બે દિવસ તો કયાંય પસાર થઈ ગયા. સોળ પ્રહર અખંડ ઉપદેશ ધારા વહાવતા આસો વદ અમાસની પાછલી રાત્રે આપણા શાસનનાયક ભગવાન મહાવીર સ્વામી સૌને મૂકીને મોક્ષે સીધાવ્યા. જે રાત્રે ભગવાન મોક્ષમાં બિરાજ્યા તે રાત્રે ભગવાનના પટ્ટ શિષ્ય ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, એટલે એક તરફ અરિહંત ભગવાન મહાવીર સ્વામીના વિયોગનું દુઃખ અને બીજી તરફ ગૌતમસ્વામીના કેવળજ્ઞાન મહોત્સવનો આનંદ. ભગવાનનો નિર્વાણ મહોત્સવ અને ગૌતમ સ્વામીનો કેવળજ્ઞાન મહોત્સવ આ બંને મહોત્સવ ઉજવવા માટે દેવો આવ્યા હતા. આ સમયે પાવાપુરીમાં હર્ષ અને શોક બંને પ્રસંગો ઉપસ્થિત થયા હતા,

આસો વદ અમાસની રાત્રે પાછલા પ્રહરે ભગવાન મોક્ષમાં ગયા છે. આજે દિવાળીના પવિત્ર દિવસે ભગવાને શું કર્યું, ભગવાન કેવું જીવન જીવી ગયા અને આપણને શું આપી ગયા એનો વિચાર કરવાનો છે. વહેપારીઓ પણ મોડામાં મોડા દિવાળીના દિવસની રાત્રે બેસીને વર્ષભરની કાર્યવાહીની સમાપ્તિ કરે છે, અને નફા તોટાનું તેમજ લેવડદેવડનું સરવૈયું કાઢે છે. આ દુન્યવી વહેપારની નુકશાનીની ભરપાઇ સાથે નફાનું સરવૈયું તો સામાન્યમાં સામાન્ય વહેપારી પણ કાઢી શકે છે પણ આત્માની નુકશાની અને નફા તરફ જીવ તદ્દન અજાણ અને બેદરકાર રહ્યો છે. એ બેદરકારી કયાં સુધી રાખશો ? વિચાર કરો. ભગવાને આ જગતમાં જન્મીને સર્વ પ્રથમ તો રાજસંપત્તિનો ત્યાગ કરીને સંયમ લીધો. સંયમ લઈને સંસારની કાર્યવાહીની સમાપ્તિ કરી દીધી, અને ઉગ્ર તપ સાધના કરી નુકશાનીના વળતર વાળી દીધા અને આત્મ મિલ્કત સાથે નીતરતું નફાનું સરવૈયું કાઢયું, એટલે કે ઘાતી કર્મનો ક્ષય કરી સર્વજ્ઞ બન્યા. સર્વજ્ઞ બન્યા એટલે આત્માની અનંત સમૃદ્ધિના સ્વામી બન્યા.

એક વખત ભગવાનનો આત્મા પણ બીજા જીવોની માફક ભવાટવીમાં ભમતો નુકશાની પર નુકશાની કરતો હતો, કારણ કે મોહ અને અજ્ઞાનમાં અટવાયેલો જીવ ભવ રૂપી જંગલમાં ધૂમે છે ને અવળા વહેપાર કર્યે રાખે છે. નરક તિર્યંચ જેવા હલકા

ભવોમાંથી છૂટીને માંડ મનુષ્યભવ પામ્યો અહીં પણ મોહમાં પડીને આત્મસમૃદ્ધિ પ્રાપ્ત કરવાની અમૂલ્ય તકને હોડમાં મૂકી દે છે. મહાન પુણ્યોદયે અહીં કંઈક સમજવાની શક્તિ મળી. ધર્મારાધના કરવાનો બધો યોગ મળ્યો એટલે એ આત્મસમૃદ્ધિ પ્રાપ્ત કરવાની અભૂલ્ય તક ગણાય પણ જીવ મોહ મૂઢતામાં પડયો એટલે એ તક બરબાદ થઈ જાય છે, અને જીવનના અંતે પરિણામે અપાર નુકશાનીનું સરવૈયું નીકળે છે. પ્રભુના આત્માએ પહેલા એવા નુકશાનીના સરવૈયા કાઢયા હતા પણ સંયમ લીધા પછી સાડા બાર વર્ષ ને પંદર દિવસે કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી ઘણાં ઘણાં જીવોને તારીને આજથી ૨૫૦૫ વર્ષો પહેલા ભગવાને એવી દિવાળી ઉજવી કે જેમાં સર્વ નુકશાનીનું વળતર કરીને કેવળ શુધ્ધ નફાનું સરવૈયું કાઢયું. ચાર ગતિના જન્મ મરણના દેવાળિયા ચોપડા ચૂકતે કરી નાંખ્યા. માનવભવના અદ્વિતીય અજારે કરેલા ધૂમ વ્યાપારને અંતે સરવૈયામાં સમસ્ત દોષો ટાળી અનંત ગુણોનો નફો તારવ્યો. વિચાર કરો કે કેવો આ ધન્ય દિવસ છે! કેવી આ ધન્ય દિવાળી! કેવું ધન્ય આ ભગવાનનું નિર્વાણ કલ્યાણક!

"જુગ જુગ જીવો ચિર જીવો મહા પવિત્ર આ દિન દીવો."

ભગવાને તો આવી દિવ્ય દિવાળી ઉજવી પણ તમે કેવી દિવાળી ઉજવો છો? તમારી દિવાળી એટલે અનેક જીવોની હિંસા કરી ઘરની સાફસૂફી કરવાની અને ઈન્દ્રિયોના ઘોડા મદમસ્ત બને એવા મિષ્ટાન્ન ભોજન આરોગવાના અને સારા વસ્ત્રાભૂષણો પહેરીને હરવા ફરવાના, નાટક સિનેમા જોવાના, એ જ ને! આ તો તમે લૌકિક દિવાળી ઉજવી રહ્યા છો. લોકોત્તર દિવાળીનું મહત્વ હજુ સમજ્યા નથી. આવી દિવાળી ઉજવીને તમે નફો મેળવતા નથી પણ નુકશાની કરો છો. જો તમારે નફો જોઈતો હોય તો ભગવાનના જીવન તરફ દૃષ્ટિ કરો. એમણે એવી દિવાળી ઉજવી કે હવે એમને જન્મ મરણની પેઢી ચલાવવાની જરૂર નથી. એમણે તો જેમ વહેપારી વહેપાર ધંધો બંધ કરીને પેઢી સંકેલી લે છે તેમ એમણે તો આખી સંસારની પેઢી સંકેલી લીધી. તમારી દુકાનમાં જેમ સોદા માટે શેતરંજ પથરાય છે તેમ આ સંસારમાં આશ્રવની શેતરંજ પાથરેલી હતી. તેના ઉપર કર્મબંધનના સોદા થતા હતા. એ શેતરંજ ભગવાને ઉપાડી લીધી, અને ચતુર્ગતિના ભ્રમણ રૂપ સંસાર માત્રની સમાપ્તિ કરી. અણસમજણમાં એ આત્માએ પોતાની તારાજી કરનારી અને કિંમતી શક્તિઓને વેડફી નાંખનારી પરપુદ્ગલની રમતો ઘણી આદરી હતી પણ ભગવાને માનવભવ પામીને એનો અંત આણ્યો. આવા ભગવાનના ઉમદા જીવન તરફ દૃષ્ટિ કરીને એવું જીવન જીવો કે આ સંસારની શેતરંજ ઉપડી જાય. બધા દુઃખોનો અંત આવી આત્મા અનંત સુખનો ભોકતા બને.

બંધુઓ! ભગવાને નિર્વાણનું એવું સુંદર સરવૈયું કાઢયું કે એમાં સંસારની સમસ્ત જંજાળ સમાપ્તિ કરી નુકશાનીઓ ચૂકવી દીધી ત્યારે સરવાળે નફો શેનો મેળવ્યો તે જાણો છો? ચાર અનંતા અને ચાર અક્ષયનો. તે ચાર અનંતા એટલે?

(૧) અનંતજ્ઞાન (૨) અનંતદર્શન (૩) અનંત વીર્ય અને (૪) અનંત સુખ, અનંત જ્ઞાન અને અનંત દર્શનમાં ભૂત–ભવિષ્ય અને વર્તમાનમાં પોતાના સહિત દરેક જીવો ક્યાં ક્યાં ઉત્પન્ન થયા, કેવા પાપ કર્યા, કેવા પુણ્ય કર્યા અને એના કારણે કેવા કેવા સુખ –દુઃખ ભોગવ્યા, આ બધું સાક્ષાત્ જોઈ શકે છે. અનંતવીર્ય એટલે એમની શક્તિ પણ અનંત હોય છે પણ હવે એ શક્તિનો ઉપયોગ કરવાનો હોતો નથી, કારણ કે ભગવાન પર પુદ્ગલને આધીન નથી. એમનું સુખ પણ અનંતુ. એ સુખ કેવું ? સર્વ જીવોના વિષય સુખ કરતાં અનંતગણું હોય છે. વિષય સુખ તો પરિમિત અને પુદ્ગલને પરાધીન હોય છે ત્યારે આત્માનું સુખ એ તો વિષય નિરપેક્ષ અને સહજ સુખ હોય છે. હવે ચાર અક્ષય એટલે ? (૧) અક્ષયસ્થિતિ–અજરામરતા એટલે ત્યાં જન્મ–જરા અને મરણનું નામનિશાન હોતું નથી. (૨) બીજું અક્ષય આત્મ સ્વરૂપમાં રમણતા. સિદ્ધ ભગવંતોની રમણતા આત્માના સ્વરૂપમાં હોય છે. (૩) ત્રીજું અક્ષય અરૂપીપણું–જ્યાં સુધી શરીર હતું ત્યાં સુધી અરૂપી એવા આત્માને કર્મવશ વારંવાર નવા નવા રૂપ ધારણ કરવા પડતા હતા. આઠે કર્મોનો ક્ષય થઈ ગયો એટલે અરૂપી બની ગયા. હવે રૂપ પલટાવવાનું કામ બંધ થઈ ગયું. (૪) ચોથું અક્ષય અગુરૂલઘુપણું એટલે જેમાં ઉંચ નીચપણાની અને ભારે હળવાપણાની ઝંઝટ નહિ. આવા ચાર અનંતા અને ચાર અક્ષયનો ભગવાને નફો મેળવ્યો.

ભગવાને આજના મંગલ દિને અનંતાનંતકાળથી ચાલી આવતી કર્મજંજાળની પ્રવૃત્તિની સમાપ્તિ કરી અને ધર્મનો ધમધોકાર વહેપાર કરીને નફામાં ચાર અનંતા અને ચાર અક્ષયનું સરવૈયું કાઢયું તેમ તમે પણ પાપપ્રવૃત્તિ ઓછી કરી આત્મગુણોનું સરવૈયું કદી કાઢો છો ખરા ? જો એવું સરવૈયું નીકળતું હોય તો સમજી લેજો કે એક દિવસ ન્યાલ થઈ જવાના પણ જો સરવાળે ખોટ જ નીકળતી હોય તો હવે આવતીકાલે નૂતન વર્ષથી નવા ચોપડા લખજો અને આત્મગુણોની વૃદ્ધિ થાય એવા સુકૃત્યનો વહેપાર કરજો, જેથી આવતી દીવાળીએ નફામાં આત્મગુણોનું સરવૈયું નીકળે. જો પાપ સ્થાનકના ચરખા ઓછા કરી નાંખશો તો પછી નુકશાનીનુ સુતર બહુ નહિ ઉતરે એટલે એનું વળતર પણ બહુ કરવું નહિ પડે. ભગવાન તો અનંત લાભ મેળવીને મોક્ષમાં ગયા ત્યારે એમનો વિયોગ થવાથી આપણને તો મોટી ખોટ પડી છે, પણ એમને તો અનંત કમાણી થઈ ગઇ, એ જે સ્થાનમાં બિરાજી ગયા ત્યાં કોઈ વાતની કમીના નથી. કંઈ ચીજ મેળવવાની બાકી નથી ત્યારે આપણે જ્યાં બેઠા છીએ ત્યાં તો બાકીનો પાર નથી. જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં તો કમીનાનો ખાડો ઊંડો ને ઊંડો જ લાગે છે, બધું જ અધૂરું લાગે છે ત્યારે મોક્ષમાં કંઈ અધૂરું નથી,

આવા ભગવાનના નિર્વાણ કલ્યાણકના પવિત્ર દિવસે અતિ ઉંચા સરવૈયા કાઢનારા ભગવાન મહાવીર સ્વામીના સેવકો શું માત્ર નુકશાનીનું સરવૈયું કાઢીને રાજી થશે ? ભવોભવના પાપકર્મોની સમાપ્તિ કરનારા અને અનંતી આત્મ સંપત્તિ પ્રાપ્ત કરનારા

પરમ તારક ત્રિશલાનંદનના અનુયાયીઓ એમાંની લેશ પણ કમાણી નહિ કરતા માત્ર નુકશાનીનું સરવૈયું કાઢીને રાજી થશે ? "ના" તો શું કરશો ? આજના દિવસે એ જ વિચાર કરો કે મારા તારક ભગવંતે દિવાળીના દિવસે સંસારની પેઢી ઉપાડી લીધી તો હું ભૂતકાળના કષાયોની પેઢી તો ઉપાડી લઉં ! મારા પ્રભુએ કર્મની નુકશાની પાછી વાળી તો હું કંઈક તો કરું. એમણે અનંત ગુણોના નફા તારવ્યા તો હું અલ્પાંશે પણ આત્મિક ગુણોનો નફો તારવું. આવી ભાવના રાખશો અને આવી દીવાળી ઉજવશો તો એક દિવસ ભગવાન જે સ્થાન અને જે સુખ પામ્યા તે પામવા માટે આપણો આત્મા સદ્ભાગી બની શકશે.

લૌકિક સુખમાં મસ્ત બનેલા જીવો આજના દિવસનું હાર્દ સમજતા નથી તેથી ખાઈ પીને મોજમઝા ઉડાવવામાં લૌકિક દિવાળી ઉજવે છે. આજે કંઈક ઘરોમાં મિષ્ટાન્નની મિજબાનીઓ ઉડશે ત્યારે કંઈક ગરીબના બાલુડાઓ ભોજન વિના તરફડતા હશે. ગરીબ ઘરમાં નાના ફૂલ જેવા બાલુડાઓ મીઠાઈના બટકા માટે રડતા હોય છે કે બા–બધા છોકરાઓ મીઠાઈ ખાય છે, મને મીઠાઈ આપને. એવી કાળજુ કંપાવતી કરૂણ સ્થિતિ જોવા મળે છે.

એક ભાઈ અને બહેન હતા. પહેલા ભાઈ ખૂબ શ્રીમંત હતો ને બહેન ગરીબ હતી, ત્યારે ભાઈએ બહેનને મદદ કરી હતી. ભાઈના પૈસાથી બહેન–બનેવી ઉંચા આવ્યા. એમનો પુણ્યોદય થતાં ખૂબ ધન કમાઈ ગયા. ઘરે ગાડી–મોટર, નોકર–ચાકર આદિ સુખની તમામ સાહ્યબી મળી, આ સંસારમાં ચડતી પડતીના ચમકાર આવ્યા કરે છે. એ રીતે ભાઈના પાપ કર્મનો ઉદય થયો એટલે વહેપારમાં મોટી ખોટ આવી. ઘરબાર વેચાઇ ગયા, એટલે ભાઈ જ્યાં ગરીબ લોકો ઝૂંપડા બાંધીને રહે ત્યાં એ રહેવા લાગ્યો. મહેનત મજૂરી કરીને જેમ તેમ પેટ ભરે છે. જ્યારે તે સુખી હતો ત્યારે એણે કંઈક ગરીબોને આશ્રય આપ્યો હતો. એની સહાયથી ગરીબ શ્રીમંત બની ગયા હતા પણ આજે એની કંગાલ સ્થિતિમાં કોઈ એના સામું જોતું નથી. કયારેક ખાવાનું મળે છે તો કયારેક ભૂખ્યા રહેવું પડે છે. એવી સ્થિતિમાં દિવસો પસાર કરવા લાગ્યા. આમ કરતા દિવાળીના દિવસો આવ્યા.

આ ભાઈને એક બાબો અને એક બેબી છે. આ બાળકો રમતા રમતા એક હવેલી પાસે ગયા. ત્યાં એ હવેલીવાળા શેઠનો દીકરો એટલે બેસીને ગુલાબજાંબુ, બરફી, પેંડા વિગેરે ખાતો હતો ને બીજા છોકરાઓને આપતો હતો. એ બધા બોલતા હતા કે દિવાળી આવી. અમારે ઘેર મેસૂબ, મોહનથાળ ને દહીંથરા બનાવ્યા છે. આ સાંભળીને ગરીબ છોકરાઓનું મન ખાવા માટે લલચાઈ ગયું પણ એમને કોણ આપે ? શ્રીમંતના છોકરા પાસે માંગ્યું પણ ન આપ્યું એટલે આ ભાઈ બહેન રડતા રડતા ઘેર આવ્યા. આવીને એમના મા–બાપને કહે છે બા–બાપુજી ! આ દિવાળીના દિવસોમાં

લોકોને ઘેર તો ગુલાબજાંબુ, ઘૂઘરા, મોહનથાળ વિગેરે મીઠાઈ બનાવી છે તો આપણે ઘેર કેમ કંઈ બનાવ્યું નથી? અમારે ઘૂઘરા ને ગુલાબજાંબુ ખાવા છે. એક ભક્તે ગાયું છે કે

ખાનારું જ્યાં કોઈ નથી ત્યાં અન્ન તણા ભંડાર,
પાચન જેને થાય નહિ ત્યાં માલપૂઆ તૈયાર

જેને ત્યાં કોઈ ખાનાર નથી તેને ઘેર અન્નના ભંડાર ભર્યા છે. જેની હોજરીમાં દૂધ જેવું પણ પાચન થતું નથી ત્યાં માલપૂઆ ને દૂધપાક તૈયાર હોય છે. અહીં બાળકો મીઠાઈ માટે ટળવળે છે એટલે મા-બાપની આંખમાં આંસુ આવી ગયા કે અહો ભગવાન! અમારા કેવા ઘોર કર્મોનો ઉદય છે કે જ્યારે પાસે પૈસા હતા ત્યારે ખાનાર ન હતું. કુદરતે દીકરો દીધો ત્યારે ખાવાના સાંસા પડયા. મા-બાપે બાળકોને સમજાવ્યા કે બેટા! હમણાં બજારમાં જાઉં છું ને હું તમારે માટે મીઠાઈ લઈ આવું છું. બે-ત્રણ કલાક થયા એટલે બાળકો પાછા રડવા લાગ્યા કે મા-બાપુજી! તમે મીઠાઈ લાવ્યા? પણ કયાંથી લાવે? બાળકોએ બહુ કજીયો કર્યો ત્યારે માતાને ક્રોધ આવ્યો કે અભાગીયાઓ! તમારા કિસ્મતમાં મીઠાઈ ખાવાનું લખ્યું નથી. કયાંથી લાવીએ? શા માટે અમને હેરાન કરો છો? એમ કહીને લાત મારી, એટલે બાળકો કહે છે કે મા-બાપુજી! હવે અમે મીઠાઈ નહીં માંગીએ, પણ પાછા આ તો બાળક છે ને? બીજે દિવસે માંગવા લાગ્યા-બાપુજી! કાલના ભૂખ્યા છીએ. આજે તો ખાવાનું લાવી આપો. મા-બાપ ખૂણામાં લમણે હાથ દઈને બેઠા છે ને ચોધાર આંસુએ રડે છે કે કયાં જઈએ ને શું કરીએ? આ બાળકોને કેવી રીતે સમજાવવા! કુલ જેવા બાલુડા ખાધા વિના કરમાઈ જાય છે. એમના મુખ સામું જોવાતું નથી, પણ કોની સામે પોકાર કરવો.

અહાહા....કર્મરાજા કેવા ક્રૂર બની ગયા છે કે જે ભાઈએ બહેનની ગરીબ હાલતમાં ખૂબ મદદ કરી છે. બહેનને આપતા પાછું વાળીને જોયું નથી. એ જ બહેન આજે શ્રીમંત બનતા એવી અભિમાની બની ગઈ કે ભાઈની આવી પરિસ્થિતિ છે એ જાણે છે છતાં ખબર લેવા જતી નથી. કોઈએ બહેનને કહ્યું કે તમે આટલા બધા સુખી છો મોજમઝા ઉડાવો છો પણ તમારા ભાઈના ઘરમાં ખાવા કણ નથી. બબ્બે દિવસથી બાળકો ભૂખ્યા ટળવળે છે ત્યારે બહેનના દિલમાં થયું કે અહો ભગવાન! હું કેટલું ભાન ભૂલી? મારો ભાઈ કેટલો પવિત્ર છે! મારા દુઃખના સમયે એણે કેટલી મદદ કરી છે ને હું એના દુઃખમાં એને ભૂલી ગઈ! તરત જ બહેન ઉભી થઈ. ત્રણ ચાર મીઠાઈના બોકસ, ભાઈ-ભાભી અને ભત્રીજા માટે કપડા અને રોકડા રૂપિયા લઈને ગાડીમાં બેઠી ને ભાઈના ઘરના બારણાં આગળ ગાડી ઉભી રખાવી, ભાઈ-ભાભી તો ઘરમાં બેઠા છે પણ બાળકો આંગણામાં રમતા હતા. પોતાને ઘેર ગાડી આવતી જોઈને તે હરખાઈ ગયા. અહો! આપણે ઘેર કોણ આવ્યું? ગાડી નજીક જઈને જોયું તો પોતાના ફઈબાને જોયા એટલે ઘરમાં જઈને કહે છે બા-બાપુજી! તમે બહાર આવો.

આપણે ઘેર ફઈબા આવ્યા છે ને સાથે મીઠાઈ લાવ્યા છે ત્યારે મા–બાપ કહે છે બેટા! ફઈબા આપણા કર્મે આપણને ભૂલી ગયા છે. એ તો બીજું કોઈ હશે. અરે! તમે આવો તો ખરા, ફઈબા જ છે, એટલે ભાઈ–ભાભી બહાર આવ્યા ને બહેનને આવતી જોઈ હરખાઈ ગયા, બાળકો પણ ફઈબા....ફઈબા....તમે આવ્યા? એમ કહેતા હરખાઈ ગયા.

"બાળકોને થયેલો હર્ષ" :– ફઈબા ગાડીમાંથી ઉતર્યા ને ઘરમાં ગયા. બાળકોને મીઠાઈ આપી ત્યારે ભૂખ્યા બાળકો ફઈબાને ગળે વળગી પડયા. ફઈબા! અમે મીઠાઈ ખાવા કજીયા કરતા હતા એટલે બા–બાપુજી રડતા હતા, તેથી તમને ભગવાને અમારે માટે મીઠાઈ લઈને મોકલ્યા, ખરું ને? એમ કહીને ફઈબાને ગળે વળગી પડયા. ફઈબાએ પણ ભત્રીજાને બાથમાં લઈ લીધા. અરેરે....બેટા! હું તમારી સાચી ફઈબા નથી. હું તો કર બની ગઈ હતી. ધિક્કાર છે મને કે દુઃખમાં સહાય કરનાર મારા સગાભાઈને એના દુઃખમાં હું ભૂલી ગઈ! એમ કહીને ખૂબ રડી ને ભાઈ ભાભીની માફી માંગી અને મીઠાઈ માટે ટળવળતા બાલુડાઓને મીઠાઈ આપી. ભાઈ–ભાભી તથા બંને બાળકોના અંગ ઉપરથી ફાટલા તૂટલા કપડા ઉતરાવી સારા કપડા પહેરાવ્યા અને ૫૦૦) રૂ. આપવા માટે લાવી હતી પણ કરૂણાજનક કંગાળ સ્થિતિ જોઈને ખિસ્સામાં જેટલા રૂપિયા હતા તે બધા ભાઈ ભાભીને આપી દીધા. ભૂખ્યા ટળવળતા બાલુડાને મીઠાઈ મળી ને સારા કપડા પહેરવા મળ્યા અને ભાઈ ભાભીને પૈસા મળ્યા એટલે ખૂબ આનંદ થઈ ગયો, અને બહેને ભાઈને પોતાના પતિની પેઢીમાં મેનેજર તરીકે રખાવ્યો. એના પાપ કર્મો પૂરા થયા એટલે તે થોડા સમયમાં આગળ આવી ગયો. ટૂંકમાં આ બહેને પોતાના દુઃખી ભાઇને આશ્રય આપીને સુખી કર્યો ને સાચી દિવાળી ઉજવી. આ તો એનો પોતાનો ભાઈ હતો પણ આ સ્થાને કોઈ નિરાધાર અને દુઃખી ભાઈ કે બહેન હોય તો તમે એના ભાઈ અને બહેન બનજો ને એના રડતા હૃદયને ઠારશો તો તમે સાચી દિવાળી ઉજવી ગણાશે.

આજે દિવાળીના દિવસે દ્રવ્ય મિષ્ટાન્ન જમવાને બદલે તમે જ્ઞાનામૃતના એવા મિષ્ટ ભોજન જમી લો કે જેથી ફરી ફરીને આ પૌદ્ગલિક ભોજન જમવા ન પડે. અંતરમાં એવા ઉજ્જવળ જ્ઞાનના દિવડા પ્રગટાવો કે જેથી અજ્ઞાનનો અંધકાર નષ્ટ થઈ જાય. દ્રવ્ય રંગની રંગોળી પૂરવા કરતાં અંતરના આંગણામાં વિનય, વિવેક, સત્ય અને સદાચાર રૂપી એવી રંગોળી પૂરી લો કે જેથી આપણું જીવન શોભી ઉઠે. તમે સારા વસ્ત્રાલંકારોથી શરીરને સુશોભિત બનાવો છો પણ હવે સમજ્યા ત્યારથી સવાર સમજીને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપ એવા મૂલ્યવાન વસ્ત્રાભૂષણોથી માનવ દેહને શોભાવો કે જેથી બાહ્ય શોભા વધારનારા વસ્ત્રાલંકારોની જરૂર ન પડે. તમે બધા માટીના કોડિયામાં દીવડા પ્રગટાવી આનંદ માનશો પણ જ્ઞાની ભગવંતો કહે છે કે તમે જ્ઞાન દર્શનના એવા ઝગમગતા દીવડા પ્રગટાવો કે ગમે તેટલા ઝંઝાવાતો

આવે તો પણ તે ઓલવાય નહિ. તેલ ખૂટે નહિ ને અંતર રૂપી આધ્યાત્મિક કોડિયું ફૂટે નહિ. આધ્યાત્મિક દિપકને પ્રગટાવવા માટે અંતર રૂપી કોડિયામાં સમ્યક્‌જ્ઞાનનું ઘી પૂરીએ, સમ્યક્‌દર્શનની વાટ મૂકીએ અને સમ્યક્‌ચારિત્રની જ્યોત પ્રગટાવીએ તો આપણું જીવન એક જીવનદીપ બની રહેશે. આવા દિપક પોતાને પ્રકાશ આપશે ને બીજાને પણ પ્રકાશ આપશે, તેલના દિપકમાં તો કેટલા જીવોની ઘોર હિંસા થઈ જશે ને પાપનું કારણ બનશે, માટે આધ્યાત્મિક દિપક પ્રગટાવજો.

પરમાત્મા મહાવીર પ્રભુનું નિર્વાણ પર્વ આપણા અંતરના બારણાને ખખડાવી રહ્યું છે. ૨૫૦૫ વર્ષ પહેલા ભગવાનનો દેહ દીપક બૂઝાયો હતો પણ તેમની વાણી રૂપ દીપક તો આજે પણ એટલા જ પ્રકાશથી પ્રકાશિત છે. આ વાણી આપણને આજે પણ પડકાર કરીને જગાડે છે ને કહે છે કે હે આત્મા ! તું જાગ. શા માટે જાગતો નથી ? આત્મજાગૃતિ બીજા ભવમાં થવી દુર્લભ છે. ઘણાં ભવો આત્મજાગૃતિ વિના ગુમાવી દીધા. હવે તારે ભવાંત કરવો હોય તો પ્રમાદને ત્યાગ. પ્રભુએ ગૌતમ સ્વામીને જગાડયા કારણ કે પછી પરંપરાએ આપણે જાગીએ. દીપાવલી જાગૃત થવાનું પર્વ છે. ઘરની અને દુકાનની દીવાલો પરના કેલેન્ડર બદલવા માટે નથી પણ આ પર્વ જીવન બદલવાનો સાદ કરતું પવિત્ર પર્વ છે. આત્મવિકાસ માટેની દિવાદાંડી છે. આ પવિત્ર દિવસે પ્રભુ પામરમાંથી પરમાત્મા, જીવમાંથી શિવ, સાધકમાંથી સિધ્ધ, અને દેહીમાંથી વિદેહી બન્યા. તેમણે આપણને જીવનનું ધ્યેય શીખવ્યું. જીવન જીવવાનો એક આદર્શ આપ્યો.

આવતી કાલે નૂતન વર્ષનો મંગલ પ્રારંભ થશે. આ નૂતન વર્ષના પ્રારંભે આપણે આ જીવનને આદર્શ બનાવવાનો સંકલ્પ કરીએ. હવે ભાવિ જીવનમાં મારો જીવનદીપ આત્મજ્ઞાનથી ઝળહળી ઉઠે તેવા કાર્યો કરીશ. આજથી મારો આત્મા નવા કર્મોના કાજળથી મલીન ન થાય તે માટે જાગૃત રહીશ, અને જુના કર્મો ક્ષીણ થાય તેવા કાર્યો કરીશ. નૂતન વર્ષનું પ્રભાત આપણને આનંદકારી લાગે છે. તમે બધા નૂતન વર્ષે શુભ ભાવનાઓ ભાવશો. એકબીજાને નૂતન વર્ષાભિનંદન કરશો ને નૂતન વર્ષ ઉજવશો. અમે પણ તમને જીવનમાં એવા અભિનંદન આપીએ છીએ કે આ નૂતન વર્ષમાં નવકારને જીવનમંત્ર બનાવજો. વચનો ખૂબ વિચારીને ને પ્રિયકારી બોલજો. રાગ-દ્વેષ, મોહ અને વિષય કષાયના ઝેર જીવનમાંથી કાઢી નાંખજો ને ઉત્તમજીવન જીવજો. લગન પ્રભુના નામની લગાડજો. માનવજીવનની સફર સફળ બને તેવું જીવન જીવજો. શુભ કાર્યોના સરવાળા કરજો. બૂરાઈની બાદબાકી, ગુણનો ગુણાકાર અને ભૂલોનો ભાગાકાર કરજો. સદાય મૈત્રીભાવના મીઠા મધુરા ગીત ગાતા રહેજો. પ્રમોદ ભાવનાનો પ્રકાશ પાથરજો. તમારો જીવનદીપક સતત અખંડપણે સમ્યક્‌જ્ઞાનથી છલોછલ અને મંગળ ક્રિયાની જ્યોતના પ્રકાશથી ઝળહળતો રહે. નૂતન વર્ષનો પસાર થતો પ્રત્યેક દિવસ

તમારા સદ્‌વિચાર અને સદાચારના રંગોથી રંગભીનો બની રહો. તમારું જીવન આત્મિકશાંતિથી, આત્મિક આનંદથી, આત્મિક પ્રસન્નતાથી સમૃધ્ધ બની રહો. સદ્‌ચારિત્ર તથા સદ્‌ગુણોથી તમારું જીવન સુવાસિત બને, આત્મગુણોની સુવાસથી જીવન મઘમઘાયમાન બને, જ્ઞાન-દર્શનના પંચમ પ્રકાશથી તમારો પંથ ઉજ્જવલ બને, મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ આ ચાર શુભ ભાવનાઓથી તમારું અંતર ભીનું બને, એ જ અંતરના અભિનંદન. ભગવાને કર્મના દેણાં ચૂકવી દીધા તો તમે પણ કોઈ ગરીબની પાસે બસો પાંચસો રૂપિયા માંગતા હો એની માંડવાળ કરી એને કરજમાંથી મુક્ત કરજો અને જીવનના નવા ચોપડા લખજો ને તમારું જીવન ઉજ્જવળ બનાવજો. આ જીવન તો ક્ષણિક છે. તૂટયા પછી સંધાવાનું નથી. ભગવાન મોક્ષમાં જવાના હતા તે પહેલા ખુદ ઈન્દ્ર ભગવાનના ચરણમાં પડીને કહેવા લાગ્યા કે હે જગત ઉધ્ધારક ! આપ પૃથ્વી પર હશો તો અનેક જીવોનો ઉધ્ધાર કરશો. હવે ભસ્મગ્રહ બેસવાનો છે માટે આપ બે ઘડી વધુ રોકાઈ જાઓ, ત્યારે ભગવાને કહ્યું હે ઈન્દ્રરાજ ! "न भूतो न भविष्यति" કદી બન્યું નથી ને બનવાનું પણ નથી. ભગવાન ઈન્દ્રના રોકયા પણ રોકાયા નહિ. ખુદ ભગવાન જેવા ભગવાન પણ જગતના હિત કાજે આયુષ્ય વધારી શકયા નથી તો બીજાની શું તાકાત છે! આવું સમજીને જીવનમાં બને તેટલી ધર્મારાધના કરી લો. આજે આપણા ભગવાન મોક્ષમાં પધાર્યા છે તો આજે રાત્રે ૯૦ માળા ગણજો. ભગવાન નિર્વાણ પામ્યા ને ગૌતમસ્વામીએ કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી. આપણે પણ જીવનમાંથી અજ્ઞાનના અંધકાર ઉલેચી નિર્મળ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરીએ ને જલ્દી જલ્દી મોક્ષ પામીએ એવી ભાવના સાથે નૂતન વર્ષ ઉજવજો.

વ્યાખ્યાન નં. ૮૯

કારતક સુદ ૨ ને સોમવાર **તા-૨૨-૧૦-૭૯**

શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના એકાંત હિત માટે શાસ્ત્રો પ્રરૂપ્યા છે. ભગવાનની વાણીનો એક શબ્દ પણ જો જીવ અંગીકાર કરે તો એના અજ્ઞાનના અંધકાર દૂર ભાગવા માંડે. જે આત્માનું ઉપાદાન શુદ્ધ હોય તે ભગવાનની વાણીનો એક શબ્દ સાંભળીને પણ જાગી જાય છે, અને પોતાનો ભવિષ્યકાળ સુધારવા માટે આત્મસાધનામાં લાગી જાય છે, પણ મિથ્યાત્વી જીવોને ભગવાનની વાણી શુષ્ક લાગે છે. વીતરાગવાણીના ગૂઢ રહસ્યો અને ભાવો એ જીવોને સમજાતા નથી. વસંતઋતુમાં બધી ભૂમિ હરિયાળી બની જાય છે પણ કેરડાને પાન આવતા નથી. કેરડાને કુદરતનો અભિશાપ હોય ને એના છોડ ઉપર પાંદડા ન આવે તો તેમાં વસંતઋતુનો વાંક ખરો ? ઘોધમાર વરસાદ પડે પણ જો ચાતક પક્ષી ઝીલે નહિ તો એમાં વરસાદનો શું દોષ ? વરસાદ પડે છે ત્યારે પૃથ્વી

પર સર્વ વનસ્પતિ હરીયાળી બની જાય છે પણ જવાસો સૂકાઈ જાય છે, તેમાં વરસાદનો દોષ નથી, સ્વભાવનો દોષ છે. રાત્રી પૂરી થાય છે અને સૂર્યના સોનેરી કિરણો અવની ઉપર પ્રકાશ પાથરે છે ત્યારે મનુષ્યો, પશુ-પક્ષીઓ બધા એ પ્રકાશમાં બધી વસ્તુઓ જોઈ શકે છે પણ ઘુવડ પક્ષી એ કંઈ જોઈ શકતું નથી. એને તો સર્વત્ર અંધકાર દેખાય છે એમાં સૂર્યનો દોષ નથી, ઘુવડનો દોષ છે, એવી રીતે ભગવાનની વાણીનો ધોધ વહેતો હોય પણ એમાં અજ્ઞાની અને મિથ્યાત્વીજીવો સમજી ન શકે તેમાં ભગવાનની વાણીનો દોષ નથી. ભગવાનની વાણી તો સર્વ જીવોને માટે સમાન રૂપે વરસે છે પણ સાંભળીને એના ઉપર સમ્યક્‌શ્રધ્ધા કરવી, જીવનમાં અપનાવવું એ તો પોતાના હાથની વાત છે.

અહીં ઉપાશ્રયમાં મિથ્યાજ્ઞાનના તિમિર ટાળનાર વીતરાગ પ્રભુની વાણીનો વરસાદ વરસતો હોય પણ તમને સાંભળતા ઝોકા આવતા હોય તો એ વીતરાગ વાણીના રહસ્યો કયાંથી સમજાય? ગાડીમાં પેટ્રોલ ખલાસ થઈ ગયું હોય તો એને ગમે તેટલા ધક્કા મારો તો પણ ગાડી ચાલે ખરી? અને ધક્કો મારેલી ગાડી કયાં સુધી ચાલે? સહેજ ચાલે ને અટકી જાય છે, એમ તમારા જીવનમાં પણ શ્રદ્ધા અને જિજ્ઞાસાનું પેટ્રોલ ન હોય તો અમે તમને વીતરાગ વચનના ગમે તેટલા ધક્કા મારીએ તો પણ ત્યાં તમારા જીવનની ગાડી કયાં સુધી આગળ વધી શકે? તમે શાસ્ત્રના ગૂઢ ભાવ સમજવાની જિજ્ઞાસા અને તેના ઉપર શ્રધ્ધા કરશો તો જીવનની ગાડી આગળ વધી શકશે. ભગવાનની વાણી એ તો વસીયતનામું છે. મરણ પથારીએ પડેલા પિતા એના પુત્ર માટે વીલ કરી જાય છે તેમ ભગવાન પણ આ પૃથ્વીના પટ ઉપરથી વિદાય લેવાના હતા ત્યારે અંતિમ સમય સુધી પણ શાસ્ત્રમાં પોતાના સંતાનો માટે સંપત્તિનું વીલ કર્યું છે. સંતાનના ભાગ્યમાં ન હોય તો પિતાએ આપેલી સંપત્તિ કોઈને કોઈ રીતે નાશ પામે છે અગર પુત્ર જો કુપુત્ર પાકે તો બાપની સંપત્તિને ફના કરી નાંખે છે, અને જો પુત્ર સુપુત્ર હોય, ભાગ્યવાન હોય તો સંપત્તિનો નાશ થતો નથી પણ એ પુત્ર બાપની સંપત્તિને વધારે છે.

આપણા માટે ભગવાન પણ અમૂલ્ય સંપત્તિનું વીલ કરીને ગયા છે. તમારા પિતાના વીલમાં લખેલી સંપત્તિ તો સામાન્ય છે પણ ભગવાને આપેલી સંપત્તિમાં તો અમૂલ્ય ખજાનો ભરેલો છે. એ ગૂઢ ખજાનાના ભાવને સમજવા માટે સદ્‌ગુરૂનો સમાગમ કરવાની જરૂર છે, કારણ કે સૂત્રમાં અલૌકિક ભાવો ભરેલા છે. એના એકેક શબ્દોમાં અનોખું રહસ્ય સમાયેલું છે. એ સમજવા માટે જો સદ્‌ગુરૂનો સમાગમ થઈ જાય અને શાસ્ત્રના ભાવ સમજાઈ જાય તો ભવનો બેડો પાર થઈ જાય.

ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સંસારની અસારતા સમજાવીને એમને ત્યાગ પંથે

વાળવાની કોશિષ કરી રહ્યા છે સંતોને તમને જોઈને કરૂણાભાવ ઉપજે છે તેથી સંસારથી છોડાવવા રાત દિવસ પ્રયત્ન કરે છે પણ તમને સંસારનો મોહ છૂટતો નથી. ચિત્તમુનિએ સમજાવ્યું કે હે બ્રહ્મદત્ત! તું જે પાપકર્મો કરે છે તે ઉદયમાં આવશે ત્યારે તારા સ્વજનો ભાગ પડાવશે નહિ. એ તો કર્મ કરનારને ભોગવવું પડશે. તું કહે છે ને કે મારે ઉદય, ઉચ્ચ, મધુ, કર્ક અને બ્રહ્મ એ પાંચ પ્રકારના દેવોએ બનાવેલા મહેલ છે. તે સિવાય બીજા મહેલનો તો પાર નથી તેમજ હાથી, ઘોડા, રથ, સૈન્ય નોકર-ચાકરો છે. ૧૪ હજાર તો રાણીઓ છે. છ ખંડનું મોટું વિશાળ રાજ્ય છે. મારા સુખનો તો પાર નથી પણ સાંભળ,

चिच्चा दुप्पयं च चउप्पयं च, खेत्तं गिहं धणं धन्नं च सव्वं।
सकम्म बीओ अवसो पयाइं, परंभवं सुंदरं पावगं वा ॥२४॥

આ બધું કંઈ તારી સાથે આવનાર નથી. દુપ્પયં એટલે બે પગવાળા મનુષ્યો એટલે કે તારી ચોસઠ હજાર રાણીઓ, પુત્ર પરિવાર, મિત્રો, કુંટુંબીજનો, નોકર ચાકરો વિગેરે અને ચઉપ્પયં એટલે ચાર પગવાળા ઝુલતા હાથીઓ હસ્તિશાળામાં રહી જશે, હણહણતા અશ્વો અશ્વશાળામાં રહી જશે, ગાયો, ભેંસો વિગેરે પણ એના સ્થાનમાં રહી જશે. ખુલ્લી જમીન, ક્ષેત્ર, વિવિધ પ્રકારના મહેલો, સોનું-ચાંદી-હીરા-માણેક-મોતી આદિ જર ઝવેરાત તથા સોનામહોરો આદિ ધન તથા ઘઉં-ચોખા આદિ અનેક પ્રકારના ધાન્યના ભરેલા કોઠારો, વધુમાં તારી છ ખંડની ત્રમામ સંપત્તિ આ બધું છોડીને પરાધીન બનેલો જીવ પોતે કરેલા શુભાશુભ કર્માનુસાર સુંદર એટલે કે દેવગતિ સબંધી અને પાવગંવા એટલે કે નરકગતિ સંબંધી પરલોકને પ્રાપ્ત કરે છે, એટલે કે પોતે ઉપાર્જન કરેલ સઘળી સાંસારિક વસ્તુઓનો પરિત્યાગ કરીને શુભાશુભ કર્માનુસાર સારી અગર ખરાબ ગતિને જીવ પ્રાપ્ત કરે છે તેની સાથે જો કોઈ જનાર હોય તો તેના શુભાશુભ કર્મો છે. બીજું કોઈ જીવની સાથે જતું નથી. સાધુપણામાં તો કેવળ શુભ કર્મો કરવાના છે. ત્યાં કોઈ પાપ કરવાનું નથી, માટે સમજીને ત્યાગ માર્ગ અપનાવી લે. ત્યાગ માર્ગ જેવું કયાંય સુખ નથી. સંસાર તો પાપનો ભરેલો છે.

બંધુઓ! ચિત્તમુનિ બ્રહ્મદત્તને જેમ ત્યાગની વાત સમજાવે છે તેમ તમારે પણ સમજવાની જરૂર છે, કારણ કે સાધુપણામાં જે સુખ છે તે સંસારમાં નથી. યાદ રાખો. **"વીતરાગ પ્રભુનો સાધુ તો શહેનશાહનો ય શહેનશાહ છે. તેની આગળ ચક્રવર્તિ પણ રાંકડો છે. આવો ભાવ આવ્યા વિના, આવી ખુમારી પેદા થયા વિના તમે સાધુપણાનો સ્વાદ ચાખી નહિ શકો.'** સંસારનું સુખ શ્રાપરૂપ છે ને દુઃખ એ આશીર્વાદ રૂપ છે. એ વાત જ્યાં સુધી તમારી બુદ્ધિમાં નહિ બેસે ત્યાં સુધી સાધુપણાનું મહત્વ તમને નહિ સમજાય. જેના દિલમાં ત્યાગનું મહત્વ સમજાય

અને જે ભગવાનની આજ્ઞા પ્રમાણે સાધુપણાનું પાલન કરે તે એક દિવસ કર્મોનો ક્ષય કરી પરમાત્મા બનીને અવશ્ય મોક્ષમાં જાય છે.

તમને કોઈ પૂછે કે તમે સંસારમાં કેમ બેઠા છો? દુકાને શા માટે જાઓ છો? વહેપાર ધંધો બધું શા માટે કરો છો? ત્યારે તમે હૃદયપૂર્વક એમ કહો કે મારા પાપકર્મનો ઉદય છે માટે મારે આ બધું પાપ કરવું પડે છે પણ કરવા જેવું નથી. આવી ભાવના હોય તો તમે સંસારમાં બેઠા હોવા છતાં પણ ભગવાનની આજ્ઞા તમારા હૃદયમાં રમે છે એમ સમજી શકાય. આ અમારી શ્રાવિકા બહેનોને પણ થવું જોઈએ કે સંસારનું બધું કાર્ય પાપરૂપ છે. હું સંસારમાં રહી તો મારે આવું પાપ કરવું પડે છે ને? સાધ્વી બની ગઈ હોત તો આવા આરંભ સમારંભ કરવા ન પડત ને? પાપ કરતા એની આંખમાં આંસુ પડતા હોય અને જીવોની જતના કરતી હોય તો સમજી લેવું કે આ સાધ્વી બની નથી પણ એના ભાવમાં તો સાધુપણું રમી રહ્યું છે તેથી પાપનો ખટકારો છે.

ભગવાન કહે છે કે જિનશાસનને પામેલો સાધુ કે શ્રાવક જો સાચા દિલથી સાધુ સાધુપણાનું અને શ્રાવક શ્રાવકપણાનું પાલન કરે તો જરૂર તે કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં જાય અને દેવલોકમાં જાય તો તે વૈમાનિક દેવમાં જાય. જિનશાસન કોઈનો પક્ષપાત કરતું નથી. સાધુ પણ જો સાધુપણાના ભાવમાં ન હોય તો દુર્ગતિનો અધિકારી છે. એમ કહેતા જિનશાસન સંકોચ અનુભવતું નથી. ભગવાનનો આત્મા પણ ભાન ભૂલ્યો તો તેને નરકમાં જવું પડયું છે. આ બધું શાસ્ત્રમાં કોઈની પણ શરમ રાખ્યા વિના સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. કર્મોદયથી તમારે સંસારમાં રહેવું પડે છે ને રહ્યા છો પણ હવે એક જ ભાવ રાખો કે મારે હવે જલ્દી સમ્યગ્દર્શન પામવું છે, જલ્દી સાધુ બનવું છે ને જલ્દી કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં જવું છે. અનંત શક્તિનો સ્વામી એવો આત્મા આજે મોહના કારણે સંસારના સુખનો અને તે સુખના સાધનભૂત પૈસાનો કેવો ગુલામ બની ગયો છે! એ વાત વિચારશો તો તમને સાચી દશાનું ભાન થશે. આજે પૈસા મેળવવા માટે માણસ કેટલી ગુલામી કરે છે! તેવી જો ધર્મ માટે કરે તો એનું કામ થઈ જાય. ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયો સંસારમાં રખડાવનાર છે તેમ સમજીને તેનો ત્યાગ કરવામાં આવે તો જીવ મોક્ષમાં જવા માટેની સાધના કરી શકે. કષાયો અને વિષયોના ત્યાગ વિના જીવ ધર્મ કરી શકે તેમ નથી, અને ધર્મ ન કરે તો મોક્ષ મળે તેમ નથી. જે મનુષ્ય વિષય કષાયોનો ત્યાગ કરી ધર્મ આરાધના કરે છે તેને માટે દુર્ગતિના દ્વાર બંધ છે. સદ્ગતિ નકકી છે ને મોક્ષ એને માટે નજીક છે, માટે આવો ઉત્તમ મનુષ્ય ભવ પામીને જેમ બને તેમ વધુ જિનેશ્વર પ્રભુએ પ્રરૂપેલા ધર્મની આરાધના કરો. વિરાધનાથી બચો. જે જીવ જિનાજ્ઞાની વિરાધના કરે છે તે ધર્મથી દૂર ફેંકાઈ જાય છે, પણ પુણ્યોદયે એને કોઈ ધર્મગુરૂનો સથવારો મળી જાય ને પોતાની ભૂલ સમજાય તો એનું આત્મકલ્યાણ થાય છે.

પૂર્વભવની પુન્નાઈના કારણે લાખોની ઉથલપાથલ કરતાં અને સરવૈયું કાઢતા વર્ષે લાખોની કમાણી કરનાર મોટા વહેપારીને કોઇ જ્ઞાની–ત્યાગી પુરૂષ મળી જાય ને કહે કે દેવાનુપ્રિય! તારું આયુષ્ય અલ્પ છે માટે તારા આત્માનું કલ્યાણ કરવું હોય તો સંસારની જંજાળ છોડી ધર્મારાધના કરવા સજાગ બની જા. આ સમયે જો મનુષ્ય ધર્મના સ્વરૂપને સમજેલો ન હોય તો કાળના ખપ્પરને નજર સામે જોઈને વિચારના ચક્કરમાં પડેલો મનુષ્ય મૃત્યુના ભયથી ભયભીત બની જાય છે, અધીરો બની જાય છે ને મૃત્યુના મુખમાંથી બચવા માટે ફાંફાં મારે છે પણ ધર્મીષ્ઠ અને આયુષ્યની ક્ષણિકતાને સમજનારો આત્મા આત્મસાધના કરી પરભવનું ભાથું બાંધવા માટે સજાગ અને શૂરવીર બને. એને તો કોઈ એમ કહેનાર મળે કે અમુક દિવસમાં તારું મૃત્યુ છે તો એને આનંદ થાય કારણ કે સાધના કરવાની તક મળે ને? અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

તુરૂષ્ક નામે અનાર્ય દેશમાં બસ્કુરા નામે મોટું નગર હતું. તે નગરમાં વજ્રજંઘ નામે એક સાર્થવાહ વસતો હતો. તેને કરિયાણાનો મોટો વહેપાર હતો. પુણ્યોદયે તેનો વહેપાર ધમધોકાર ચાલતો હતો. તે ઘણું ધન કમાતો હતો. અનાર્ય દેશમાં ધર્મનું નામનિશાન હોતું નથી, પણ આ વજ્રજંઘ સાર્થવાહ ખૂબ હળુકર્મી હતો. એના દિલમાં ખૂબ કરૂણા હતી. કોઈપણ જીવનું દિલ દુભાય, કોઈને દુઃખ થાય એવું કાર્ય તે કરતો ન હતો. જેમ પોતાના ઘરના માણસનું જતન કરે તેમ પશુ–કીડી–મંકોડા આદિ જીવોનું પણ એ રક્ષણ કરતો. કયાંય જતો હોય ને રસ્તામાં ગાય–બકરા–કૂતરા આદિ માંદા પશુઓને રસ્તામાં પડેલા દેખે તો પોતાને ઘેર લાવીને એમની સેવા કરતો. નબળા પશુઓ ઉપર ભાર ભરતો નહિ, અને અશક્ત પશુઓ ઉપર પણ તેનાથી જેટલો વહન થઈ શકે તેટલો ભાર ભરતો. પોતાના પેટની ચિંતા કરતા પહેલા પશુઓના પેટની ચિંતા કરતો. દર વર્ષે પોતાના વહેપારમાં જે નફો થાય તેમાંથી દશ ટકા ગરીબોની સહાયમાં વાપરતો. આવા પવિત્ર સત્કાર્યો કરવાથી વજ્રજંઘનું પુણ્ય ખૂબ વધવા લાગ્યું. જ્યારે મનુષ્યના પ્રબળ પુણ્યનો ઉદય હોય છે ત્યારે એને પવિત્ર સંતનો યોગ મળે છે.

"ભગવાનનું અનાર્ય દેશમાં આગમનઃ–" અનાર્ય દેશમાં કોઈ સાધુ સાધ્વી જતા નથી પણ વજ્રજંઘના બડા પુણ્ય જાગ્યા કે એણે સાક્ષાત્ તેજમૂર્તિ નિર્ગ્રંથ ગુરૂને જોયા. એ ગુરૂને જોતાંની સાથે વજ્રજંઘના મનમાં થયું કે મેં આવું કયાંક જોયું છે....આવું કયાંક જોયું છે. એમ એના હૈયામાં ખળભળાટ શરૂ થયો, અને મૂર્છા ખાઈને નીચે પડયો ને એને ત્યાં જાતિસ્મરણ જ્ઞાન થયું. જાતિસ્મરણ જ્ઞાન થતાં એણે પોતાનો પૂર્વભવ જોયો. અહો! મેં પણ પૂર્વભવમાં આવું સાધુપણું પાળ્યું હતું. મૂર્છા વળતાં એ બેઠો થઈને સંતને લળીલળીને વંદન કરવા લાગ્યો. અહો ભગવંત! મારા મહાન પુણ્યોદય જાગ્યા. મારે ત્યાં કલ્પવૃક્ષ ફળ્યો કે આવા અનાર્ય દેશમાં જ્યાં કોઈ સંત

સતીજી પધારતા નથી પણ મને આપના દર્શન થયા. બંધુઓ! આ સંત કોણ હતા તે ખ્યાલ આવે છે? એ સંત બીજા કોઈ નહિ આપણા પરમ ઉપકારી ચરમ તીર્થપતિ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર સ્વામી હતા. ભગવાન દીક્ષા લઈને કર્મ ખપાવવા માટે અનાર્ય દેશમાં વિચર્યા હતા. ભગવાને બેંતાલીશ ચોમાસામાં એક ચોમાસું અનાર્ય દેશમાં કર્યું હતું. તે સમયે ભગવાનને કેવળજ્ઞાન થયું ન હતું પણ ચાર જ્ઞાન હતા.

"વજ્જબંધે કરેલો પ્રશ્ન" :- આવા ચાર જ્ઞાનના ધણી ભગવંતને જોઈને વજ્જબંધને આનંદનો પાર ન રહ્યો. વજ્જબંધે જાતિસ્મરણ જ્ઞાનમાં પોતાનો પૂર્વભવ જોયો પણ એના મનમાં થયું કે મેં આ જે કંઈ જોયું તે સત્ય છે કે સ્વપ્ન? એ જાણવા માટે પૂછે છે હે ભગવંત! મેં પૂર્વભવમાં એવા તે શું પાપ કર્યા કે આ અનાર્ય દેશમાં મારો જન્મ થયો? ત્યારે ચાર જ્ઞાનના સ્વામી ભગવાન કહે છે કે હે વજ્જબંધ! તું આગળના ભવમાં શ્રાવસ્તી નગરીમાં એક વણિક પુત્ર હતો. તારા પિતાને ત્યાં ધનના ભંડાર ભર્યા હતા. વૈભવની કોઈ કમીના ન હતી. તારા પિતાજી ધનવાન હતા તેવા ધર્મવાન પણ હતા એટલે એ તારા માતા પિતાના સંસ્કારો તારામાં પણ આવ્યા, તેથી તું તારા માતા પિતા સાથે ધર્મગુરૂના દર્શન કરવા, વ્યાખ્યાન વાણી સાંભળવા જતો તારા મનમાં એક વાત નિશ્ચિત થઈ ગઈ કે ગુણ પ્રાપ્તિ અને દોષોનો નાશ કરવો હશે તો આ મનુષ્યભવમાં થઈ શકશે, અને પરમપદની પ્રાપ્તિ પણ મનુષ્યભવમાં શક્ય છે. બીજે કયાંય આ કાર્ય થઈ શકશે નહિ. આ વિચારણા તારા અણુ અણુમાં પ્રસરી રહી.

આ જગતમાં જે જન્મે છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. સમય જતાં તારા પિતાજી મૃત્યુ પામ્યા એટલે તારા વરાગ્યમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થવા લાગી. સંસાર દાવાનળ જેવો લાગ્યો ને સંયમ શીતળ લાગ્યો, તેથી તારા ચારિત્ર મોહનીય કર્મના ચૂરા થવા લાગ્યા. મારવાડમાં મીઠા પાણીનું ઝરણું મળે તો લોકોને આનંદ થાય તેમ એક દિવસ શ્રાવસ્તી નગરીને આંગણે સ્વયંબુદ્ધ નામના આચાર્ય પધાર્યા. આ સમાચાર મળતા લોકોના પૂર ઉમટયા. તેમની દેશના સાંભળીને અનેક જીવો પ્રતિબોધ પામ્યા. તારો ભાવોલ્લાસ, વીર્યોલ્લાસ વધવાથી તેં પણ તારક ગુરૂના ચરણકમલમાં તારી જીવન નાવ અર્પણ કરી ચારિત્ર લીધું. ચારિત્ર લઈને તને એક જ ભાવ હતો કે હું કર્મના ગંજ ખપાવીને જલ્દી કેમ મોક્ષ મેળવું એવી ભાવનાથી તું ખૂબ કડક ચારિત્ર પાળતો હતો. તારા દિલમાં કરૂણા તો ખૂબ હતી. આહાર પાણી લેવા જાય તો પણ તને એમ થતું કે અહો ભગવંત! કેટલા જીવોનો આરંભ થયો હશે ત્યારે આ આહાર પાણી બન્યા છે! એ આહાર લાવીને બાતા તારી આંખમાં પણ આંસુ આવી જતા કે હે ભગવંત! હું અનાહારક પદને કયારે પામીશ કે જેથી મારે આહાર કરવો જ ન પડે! જીવોની જતના તરફ તારું ખૂબ લક્ષ હતું. કોઈ પણ જીવને મારાથી ત્રાસ ન થાય તેનું તું બરાબર ધ્યાન રાખતો હતો. સાથે જ્ઞાન પણ ખૂબ ભણતો હતો ને વૈયાવચ્ચ પણ ખૂબ

કરતો હતો, પણ એક દિવસ તારા ઘોર કર્મનો ઉદય થયો જેથી ભવિતવ્યતાના યોગે તારા મનના પરિણામે પલ્ટો લીધો, જેથી તારા મનમાં એવો વિચાર આવ્યો કે અહો! હું આવા ઉચ્ચકુળમાંથી આવેલો, ઉચ્ચજાતિમાં જન્મેલો અને આવી તુચ્છ જાતિમાંથી આવેલા સાધુઓને વંદન કરું? એ મારાથી નહિ બને. જો હું વંદન નહિ કરું તો મારા ગુરૂને ગમશે નહિ. એ એવું નહિ ચલાવી લે. તો મારે શું કરવું? હું ગુરૂથી છૂટો પડી જાઉં. તારા અશુભ કર્મનો ઉદય વધ્યો તેથી તું ગુરૂથી અલગ પડીને એકલો વિચરવા લાગ્યો. ત્યાં પણ તું ઉગ્ર તપ કરવા લાગ્યો. ચારિત્ર ખૂબ ઊંચું પાળતો હતો.

સમય જતાં તારો અંત સમય નજીક આવ્યો જાણીને તેં સર્વ જીવોને ખમાવીને પંદર દિવસનો સંથારો કર્યો, પણ જાતિનો મદ કર્યો તેની આલોચના કરી નહિ. જાતિમદના કારણે તેં નીચ ગોત્રકર્મનો બંધ કર્યો, જેથી મરીને તું આ અનાર્ય દેશમાં ઉત્પન્ન થયો, પણ તને સાધુપણામાં જે જીવદયાના સંસ્કાર હતા તેના કારણે આ ભવમાં પણ તને પશુઓ વિગેરે પર દયાભાવ છે. એ દયાના સંસ્કારથી પુણ્યબંધ કરીને તું અહીંથી મરીને ચોથા દેવલોકમાં ઉત્પન્ન થઈશ. દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને તું મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ ચારિત્ર લઈ યથાર્થપણે એની આરાધના કરી ક્ષપક શ્રેણી માંડી સર્વ કર્મથી રહિત થઈ સિદ્ધ થઈશ. ભગવંતના મુખેથી પોતાનો પૂર્વભવ સાંભળીને વજ્રજંઘની આંખમાંથી હર્ષ અને વિષાદના આંસુ સરી પડયા. એના મનમાં થઈ ગયું કે હું દીક્ષા લઈ લઉં, એટલે એણે ભગવંતને નમસ્કાર કરીને કહ્યું ભગવંત! આ સંસાર સમુદ્રમાંથી આપ જ મને તારનાર છો. આપ જ મારા હિતસ્વી છો. આજથી મારું જીવન આપને સમર્પિત કરું છું. આપ જ મને બતાવો કે હવે હું શું કરું જેથી આ જન્મ મરણની જંજાળ અટકી જાય. આપ જે કહેશો તે કરવા હું તૈયાર છું.

વજ્રજંઘના વચન સાંભળીને ભગવાને ઉપયોગ મૂકીને જોયું કે હવે આનું આયુષ્ય કેટલું છે? જગતના રૂપી પદાર્થોને આંખ બંધ કરીને પણ જોઈ શકનારા મનઃપર્યવજ્ઞાની ભગવંતે કહ્યું કે હે વજ્રજંઘ! તારું આયુષ્ય હવે માત્ર ત્રણ દિવસનું બાકી છે. આવું કોઈ સામાન્ય સાધુ ન કહી શકે. આ તો જ્ઞાની પુરૂષ હતા. આમ કહેવાથી એનું ભાવિ ઉજ્જવળ થવાનું છે. એમ જાણીને જ કહી શકે. બાકી ન કહે. મૃત્યુ કોઈને ગમે ખરું? સર્વ જીવોને જીવવું પ્રિય લાગે છે. મરણનું નામ સાંભળીને ભલભલા ભડવીર પુરૂષો પણ ધ્રૂજી ઉઠે છે. પોતાનું આયુષ્ય ત્રણ દિવસનું છે એ વાત સાંભળીને વજ્રજંઘ અવાક્ બની ગયો પણ એની બીક જુદી હતી. એને હું મરી જઈશ એવો ડર ન હતો. મૃત્યુ તો એક દિવસ આવવાનું છે પણ ધર્મધ્યાન કર્યા વિના મરી જઈશ તો મારું શું થશે? થોડીવારમાં સ્વસ્થ થયો ને વિચાર કર્યો કે મને આવા જ્ઞાની ભગવંત મળ્યા છે પછી રહી ચિંતા? એણે ભગવંતને પૂછયું હે ભગવંત! ત્રણ દિવસમાં હું એવું શું કરું જેથી મારો ભવ સુધરી જાય.

"વજ્જજંઘે કરેલી આત્મસાધના" :- ભગવંતે કહ્યું હે વજ્જજંઘ! તું આ ધન, વૈભવ, વહેપાર, પત્ની, પુત્ર-પરિવાર બધાની મમતા છોડી દે. કાયાની માયા પણ છોડી દે અને ત્રણ દિવસ એક ચિત્તે તું ભગવાનના ધ્યાનમાં લાગી જા. તારો ભવ સુધરી જશે. ભગવાનના વચન સાંભળીને વજ્જજંઘ સર્વ જીવોને ખમાવી અનશન કરીને ધ્યાનમાં બેસી ગયો. ત્રણ દિવસમાં તો એવો ધ્યાનમાં લીન બની ગયો કે બાહ્ય જગતને ભૂલીને આત્મસ્વરૂપમાં ઝલવા લાગ્યો. આયુષ્ય પૂર્ણ થતાં કાળ કરીને દેવલોકમાં ગયો ને ત્યાંથી આયુષ્યપૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈને મોક્ષમાં જશે. બંધુઓ! એણે એવો મદ કર્યો કે હું ઉંચ કુળમાંથી આવેલો નીચ કુળમાંથી આવેલા સાધુઓને શું વંદન કરું! આ કારણે ગુરૂથી અલગ પડી ગયા. ચારિત્ર સારું પાળ્યું પણ સાધુપણામાં કાળ કરીને દેવલોકમાં જાય તેના બદલે જ્યાં ધર્મનું નામનિશાન સાંભળવા ન મળે એવા અનાર્ય દેશમાં જન્મ થયો. પૂર્વના જબ્બર પુણ્યોદયે તેને ભગવાન મળ્યા ને આત્માનું કલ્યાણ કર્યું.

ચિત્તમુનિ કહે છે હે બ્રહ્મદત્ત! સમજ. તું જેને મારું માને છે તે કંઈ તારું નથી. કોઈ તને મૃત્યુના મુખમાંથી બચાવી શકશે નહિ. તેમજ તારી સાથે પણ આવશે નહિ. હે બ્રહ્મદત્ત! આ તારા ઘરબાર, વૈભવ વિલાસ, માતા-પિતા, પત્નીઓ, પુત્ર-પુત્રીઓ, દાસ-દાસીઓ, બાગબગીચા, બંગલા, હાથી, ઘોડા, રથ, સૈન્ય, પાયદળ આ બધું છોડીને એક દિવસ તારે જવું પડશે. મોટા મોટા ચક્રવર્તિઓ, બળદેવો, વાસુદેવો, માંડલિક રાજાઓ, શેઠ, શ્રીમંત અને શાહુકાર વહેલા કે મોડા સૌને એક દિવસ બધું છોડીને જવાનું છે. કેટલાય આ પૃથ્વી ઉપરથી વિદાય થયા અને તારે પણ થવું પડશે. સાથે એક રાતી પાઈ પણ આવશે નહિ. તારા ચૌદ ચૌદ રત્નો, નવ નિધાન, આઠલા બધા દેવો, એ પણ મૃત્યુના મુખમાં જતા બચાવી શકશે નહિ કે તારી સાથે પણ આવી શકશે નહિ. સાથે તો જીવે કરેલા શુભ-અશુભ કર્મો જ આવે છે, માટે સમજીને તારી મોહદશાને છોડ અને સંયમ પંથે આવી જા, પણ મોહદશાથી ઘેરાયેલા ચક્રવર્તિને આ વાત ગળે ઉતરતી નથી. હજુ પણ ચિત્તમુનિ એને સમજાવવા કોશીષ કરશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- ભીમસેન રાજા વિજયસેન રાજા, દેવસેન-કેતુસેન વિગેરેને સાથે લઈને ઉજ્જૈની નગરી તરફ મોટા સૈન્ય સાથે જઈ રહ્યા છે. ઘણી મજલ કરવાથી ખૂબ થાકી ગયા એટલે ગંગાનદીના કિનારે પડાવ નાંખીને આરામ કરવા રોકાયા છે. તેમાં એકવાર દેવે ભીમસેનની પરીક્ષા કરી પણ એમાં ફાવ્યો નહિ ત્યારે દેવે બીજી રીતે એની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. ભીમસેનનો આત્મા દયાળુ હતો. એ કોઈનું દુઃખ જોઈ શકતો ન હતો. એટલું જ નહિ પણ સામાનું દુઃખ દૂર કરવા માટે પોતાના પ્રાણ આપવા પડે તો આપવા પણ તૈયાર હતો, એટલે દેવે વિચાર કર્યો કે આને ધર્મસંકટમાં ઉતારી

જોઉં. આમ વિચાર કરીને પોતે શું કરવું તે નક્કી કરી લીધું. એ જ રાત્રે ભીમસેન પોતાના તંબુમાં શાંતિથી ઉંઘી ગયો હતો. બધા લોકો પણ ઉંઘી ગયા હતા. રાત્રિનું વાતાવરણ શાંત હતું. એ સમયે એક ઝીણો ને કરૂણ રૂદનનો સ્વર સંભળાવા લાગ્યો. એ સ્વરમાં સાંભળનારનું હૈયું દ્રવી જાય એવો ભારોભાર કરૂણ વિલાપ હતો.

હૈયાને ચીરતો કરૂણ સ્વર ભીમસેનના કાને અથડાયો એટલે ભરનિંદ્રામાંથી એ જાગી ગયો ને જે તરફથી અવાજ આવતો હતો તે તરફ કાન માંડયા ને સાંભળ્યું તો એને લાગ્યું કે કોઈ દુઃખીયારી સ્ત્રી રડી રહી છે એટલે ભીમસેનને ખૂબ દયા આવી. પથારીમાંથી ઉઠીને જે દિશામાંથી અવાજ આવતો હતો તે તરફ ચાલ્યો ને જ્યાંથી અવાજ આવતો હતો ત્યાં આવીને ઉભો રહ્યો. ત્યાં આવીને ભીમસેને જોયું તો એક સુંદર અને યુવાન સ્ત્રી માથાના વાળ છૂટા કરી બે હાથે છાતી કૂટતી કરૂણ સ્વરે હૈયાફાટ રૂદન કરતી હતી. આ દૃશ્ય જોઈને દયાળુ ભીમસેન રાજાનું હૃદય કરૂણાથી છલકાઈ ગયું. એમણે થોડે દૂર ઉભા રહીને પૂછયું બહેન ! તું આમ જંગલમાં એકલી શા માટે વિલાપ કરી રહી છે ને તું કોણ છે ? ભીમસેનને જવાબ આપવાને બદલે આ બાઈ તો વધુ જોરથી રડવા લાગી, છાતી કૂટવા લાગી ને માથા પછાડવા લાગી, ત્યારે ભીમસેને કહ્યું કે બહેન ! તું રડીશ નહિ, ગભરાઈશ નહિ પણ મને તારા દુઃખની વાત કર તો હું તારું દુઃખ મટાડીને મારી શક્તિ અનુસાર મદદ કરીશ, ત્યારે તે સ્ત્રીએ ભીમસેનને કંઈ જવાબ ન આપ્યો ને જોરથી રડતી રડતી બોલવા લાગી કે અરેરે....હું તો લૂંટાઈ ગઈ. હવે મારું શું થશે ? હું કયાં જઈશ ? મારો ભવ બગડી ગયો. અરેરે....ભગવાન ! તેં આ શું કર્યું ? એમ બોલતી બોલતી રડવા લાગી, ત્યારે ભીમસેને ફરીને કહ્યું–બહેન ! તને કોણે લૂંટી લીધી ? કોણે તારો ભવ બગાડયો ? જે હોય તે મને જલ્દી કહે ને રડવાનું બંધ કર, ત્યારે તે યુવાન સ્ત્રીએ કહ્યું કેઅજાણ્યા માણસને મારા દુઃખની વાત કેવી રીતે કરાય ? અને કહેવાથી શું ફાયદો ? એમ કહીને પાછી રડવા લાગી ત્યારે ભીમસેને કહ્યું કે હું ઉજ્જૈનીનો રાજા ભીમસેન છું. મારાથી તારું દુઃખ જોયું જતું નથી, માટે તું મને જલ્દી કહે એટલે હું તારું દુઃખ દૂર કરું. આ સાંભળીને એ સ્ત્રી રડવાનું બંધ કરી ગદ્‌ગદ્‌ કંઠે ભીમસેનને કહે છે કે હે નરેશ ! મારા દુઃખનો પાર નથી. હું તો ભરયુવાનીમાં લૂંટાઈ ગઈ છું ને મારા જીવનની બાજી હારી ગઈ છું, માટે હે કૃપાળુ ! તમે જ મારો ઉધ્ધાર કરો. તમે જ મારી જિંદગીને બચાવી લો. હું જન્મોજન્મ સુધી તમારો ઉપકાર નહિ ભૂલું, ત્યારે ભીમસેને કહ્યું બહેન ! તારી ગોળ ગોળ વાત મને સમજાતી નથી. જે હોય તે સ્પષ્ટ કહે, ત્યારે એ સ્ત્રી શું કહે છે ?

"પોતાની કરૂણ કથની કહેતી યુવતી" :– હે કરૂણાસિંધુ ! વૈતાઢય પર્વત ઉપર વિજય નામના નગરમાં મણીચૂડ નામે વિદ્યાધર રાજા છે. તેમને વિમલા

નામે રાણી છે. હું તેમની પુત્રી છું ને મારું નામ ગુણસુંદરી છે. હું મોટી થઈ એટલે મારા પિતાએ મને પરણાવવા માટે સ્વયંવર રચ્યો. તેમાં દેશદેશના અનેક વિદ્યાધરો આવ્યા. એમાં કુસુમપુરના ચિત્રવેગ નામે વિદ્યાધરમાં મારું મન ઠર્યું એટલે મેં એમના ગળામાં વરમાળા પહેરાવી. એ સ્વયંવરમાં ભાનુવેગ નામે વિદ્યાધર પણ આવ્યો હતો. એ મારું રૂપ જોઈને મુગ્ધ બન્યો. એના મનમાં એમ હતું કે મને વરમાળા પહેરાવશે. એણે એ વખતે પોતાને વરમાળા પહેરાવવા માટે ભર્યા સ્વયંવરમાં ઘણી ચેષ્ટાઓ કરી પણ મારું મન તો ચિત્રવેગમાં આકર્ષાયેલું હતું, એટલે મેં તો એને વરમાળા પહેરાવી દીધી. ભાનુવેગથી આ સહન ન થયું એટલે એણે વિદ્યાના બળથી મારું અપહરણ કર્યું ને મને લઈને ભાગવા લાગ્યો, તેથી મારા પતિ પણ એની પાછળ દોડ્યા. ખૂબ અંતર કાપીને એમણે અમને બંનેને પકડી પાડ્યા. ભાનુવેગ મને પડતી મૂકીને ચિત્રવેગ સાથે લડાઈ કરવા લાગ્યો. હું તો ધરતી પર પડી ગઈને ભયથી મૂર્છા ઉઠી કે મારા નાથનું શું થશે? એમ વિચારતી ધરતી ઉપરથી બંનેની લડાઈ જોવા લાગી. બંને વચ્ચે ભયંકર લડાઈ જામી. આ મારાથી જોવાયું નહિ એટલે મારા મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ પણ મારું કોણ સાંભળે? બંને જણા ક્રોધથી ધમધમી ઉઠ્યા હતા ને એકબીજાને હરાવવા મથી રહ્યા હતા. શસ્ત્રોના તીક્ષ્ણ ઘાથી તેમનું લોહી ધરતી પર પડતું હતું. મારી તો બુદ્ધિ કામ કરતી ન હતી. ત્યાં બે કારમી ચીસો સંભળાઈ. ઉંચે નજર કરી તો બંનેના મસ્તક ધડથી જુદા થઈ ગયા હતા. તે વખતે મારા ગળામાંથી ચીસ નીકળી ગઈ ને હું બેશુદ્ધ બની ગઈ. મારા પતિનું મરણ થયું ત્યારથી મારું હૈયું હાથમાં નથી. મારા દુઃખનો કોઈ પાર નથી. મને દુઃખ હોય તો તે એક જ છે કે મારી યુવાની હું એકલી કેવી રીતે વીતાવીશ? મેં લગ્ન કર્યા છે પણ મારા પતિનો સ્પર્શ પણ કર્યો નથી. હજુ હું અખંડ યૌવના છું. મારાથી હવે દુઃખ બિલકુલ સહન નહિ થાય.

હે કૃપાળુ નરેશ! આ મારું દુઃખ છે. તમે મારો હાથ પકડો ને મારા ભરથાર બની મારું દુઃખ દૂર કરો. તમારા જેવા પતિ મેળવીને હું મારું બધું દુઃખ ભૂલી જઈશ. આ સાંભળીને ભીમસેને કહ્યું–બહેન! તું આ શું બોલે છે? તને આમ બોલવું શોભતું નથી. તારું દુઃખ જરૂર અસહ્ય છે પણ બહેન! કર્મ આગળ કોઈનું ચાલતું નથી. કરેલા કર્મો તો સૌને ભોગવવા પડે છે, માટે તું સ્વસ્થ બનીને મનમાંથી કુવિચારો કાઢી નાંખ. સતીત્વ એ સ્ત્રીનો ધર્મ છે. એ ધર્મથી તું ભ્રષ્ટ ન બન. તેં પૂર્વભવમાં કોઈ અશુભ કર્મો કર્યા હશે તેથી તારો પતિ તને મૂકીને ચાલ્યો ગયો ને તારું સુખ લૂંટાઈ ગયું. આ પ્રસંગથી તું બોધ પામ. નવા કર્મો બાંધી તારા પરભવને બગાડ નહિ. વળી મેં તો એક પત્નીનું વ્રત લીધેલું છે. મારે તો સદ્‌ગુણી ને પતિવ્રતા સુશીલા નામે પત્ની છે ને તેને બે બાળકો પણ છે. વળી મેં તને બહેન માની છે,

માટે તું સુખેથી મારા રાજમહેલમાં રહેજે. હું તારો ધર્મનો ભાઈ બની તારું રક્ષણ કરીશ. તને કોઈ રીતે દુઃખ નહિ પડવા દઉં, માટે બહેન ! જે બન્યું તેને ભૂલી જઈને ધર્મારાધના કર. જડ દેહનો રાગ છોડી દે અને એવી ઉત્કૃષ્ટ આરાધના કરી લે કે ભવાંતરમાં તને આવા દુઃખો ભોગવવાનો વખત ન આવે. યુવતીના રૂપમાં રહેલો આ દેવ ભીમસેનના શબ્દો સાંભળીને ઠરી ગયો. ભીમસેનની આવી પરીક્ષા કરવા બદલ એને ખૂબ પશ્ચાતાપ થયો. પોતાની માયા સંકેલી લીધી અને સાક્ષાત્ દેવ સ્વરૂપે એ પ્રગટ થઈ હાથ જોડીને ભીમસેન પાસે ઉભો રહ્યો ને મધુર સ્વરે બોલ્યો–ધન્ય છે ભીમસેન તને ધન્ય છે ! તારા સત્ય વ્રત ઉપર ને તારા સ્વદારા વ્રત ઉપર હું ખુશ થયો છું. તારી મેં ઘણી કસોટી કરી પણ તું જરાય ચલિત થયો નહિ. દેવે ખુશ થઈને કહ્યું હે ભીમસેન ! માંગ....માંગ....માંગે તે હું તને આપવા તૈયાર છું.

ભીમસેને કહ્યું મારા ધન્ય ભાગ્ય કે મને દેવના દર્શન થયા. હું આપની પાસે એટલું જ માંગું છું કે વીતરાગ પ્રભુના ધર્મ પર સદા મારી બુધ્ધિ સ્થિર રહે. મારે બીજું કાંઈ ન જોઈએ. દેવે માંગવા ઘણું કહ્યું પણ ભીમસેન કોઈપણ જાતના પ્રલોભનમાં તણાયો નહિ ને કોઈ ચીજ માંગી નહિ, ત્યારે દેવે પ્રસન્ન થઈને એને દિવ્ય વસ્ત્રો અને હાર ભેટ આપ્યા, પછી ભીમસેનને પગે લાગી દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો. ને ભીમસેન પણ કર્મની લીલાનો વિચાર કરતો પોતાના તંબૂમાં આવીને સૂઈ ગયો. વધુ ભાવ અવસરે.

❀ ❀ ❀

વ્યાખ્યાન નં. ૯૦

કારતક સુદ ૫ ને ગુરૂવાર "જ્ઞાનપંચમી" તા. ૨૫-૧૦-૭૯

સુજ્ઞ બંધુઓ ! અનંતજ્ઞાની, સર્વજ્ઞ અને સર્વદર્શી શ્રી જિનેશ્વર ભગવંતે જગતના જીવોના ઉધ્ધાર માટે પરમ શ્રેયકારી અને પવિત્રવાણીનો ધોધ વહાવ્યો છે. જિનેશ્વર ભગવંતના મુખમાંથી ઝરેલી વાણી તેને જિનવાણી કહેવામાં આવે છે. જિનવાણી એ અનાદિકાળથી આત્મઘરમાં પેસી ગયેલા ક્રોધાદિ કષાયો અને રાગ–દ્વેષરૂપી શત્રુઓનું સંશોધન કરનાર જાસુસ છે, અને જિનશાસનમાં જન્મેલા મહાવીરપ્રભુના મોંઘેરા મહેમાનોને બેસવા માટેની સુંદર બજમ છે. જીવના મહાન પુણ્યોદય હોય ત્યારે આવી જિનવાણી સાંભળવાનો સુઅવસર મળે છે. જીવ જો એકાગ્રચિત્તે જિનવાણીનું પાન કરે તો એના ભવનો બેડો પાર થઈ જાય, તમે જિનવાણી સાંભળવા રોજ આવો છો અને અમે તમને સંભળાવીએ છીએ. જિનવાણી સંભળાવનાર સંતો જિનવાણીનું શ્રવણ કરનાર શ્રોતાઓ પાસે ત્રણ ચીજની માંગણી કરે છે. બોલો, એ ત્રણ ચીજો તમે આપશોને ? તમે ગભરાશો નહિ હોં. તમારી પાસે પૈસા, બંગલા, મોટર કે તિજોરીની ચાવી એવું કંઈ માંગવાનું નથી. શાંતિથી બેસજો.

ફક્ત એક કલાક માટે તમારા કાન, આંખ અને મન એ ત્રણ સંતને અર્પણ કરી દો, પછી જુઓ, જિનવાણી સાંભળવાની કેવી ઝલક આવે છે ? તમારા કાન જિનવાણી સાંભળવામાં જ એકાગ્ર બની જાય પછી બીજું કંઈ સાંભળવાનું રહે જ નહિ ને ! આંખ પણ સંતની સામે જ જુએ એટલે બીજે કયાંય દૃષ્ટિ જાય નહિ, અને મન પણ એ સાંભળવામાં એકાગ્ર બની જાય પછી વીતરાગ વાણીનો ધોધ વરસે એ શ્રોતાના હૃદયમાં આરપાર ઉતરી જાય અને એના ગહન ભાવને સારી રીતે સમજી શકાય. તમે ફોટો પડાવવા સ્ટુડીઓમાં જાઓ છો ત્યારે ફોટોગ્રાફરને અર્પણ થઈ જાઓ છો ને ? એ કહે તેમ સ્થિરતાથી બેસો છો ને ? તો તમારો ફોટો બરાબર સારો આવે છે તેમ તમે આ ત્રણ ચીજો સંતને અર્પણ કરીને બેસી જાઓ તો વીતરાગ વાણીના ભાવ આપના હૃદયમાં અંકિત થઈ જાય. જો સાંભળવામાં ચિત્તની એકાગ્રતા ન હોય અને વાતને બરાબર સમજી ન શકાય તો અર્થનો અનર્થ થઈ જાય, માટે ભાવપૂર્વક એક ચિત્તે સાંભળો.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચિત્ત મુનિ મહાન પવિત્ર સંત છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિના કેવા મહાન પુણ્યનો ઉદય છે કે એમને પ્રતિબોધ આપી સંસારના ખાડામાંથી બહાર કાઢવા માટે સામેથી આવા પવિત્ર અને આત્માર્થી સંત પધાર્યા છે, પણ ભારેકર્મી જીવને એમના ઉપદેશની અસર થતી નથી. જેમ કાળમીંઢ પથ્થર ઉપર ગમે તેટલો વરસાદ વરસે પણ એ પથ્થર પીગળતો નથી, એમાં તડ પડતી નથી, તેમ જેનું હૃદય કાળમીંઢ પાષાણ જેવું હોય છે તેને ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે તો પણ એનું હૃદય પીગળતું નથી. ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહ્યું કે હે ચક્રી ! તું જેના ઉપર આટલું બધું મમત્વ રાખે છે અને જેને મારા માન્યા છે તે તારી રાણીઓ, દાસ-દાસી, નોકરો, હાથી, ઘોડા આદિ પશુઓ, ખેતર, વાડી, બગીચા, મહેલ મહેલાતો, વાહનો, હીરા-માણેક, મોતી અને સોનામહોરોથી છલકાતા ભંડારો, આ બધું છોડીને કરેલા શુભાશુભ કર્મોના ફળ ભોગવવા પરલોકમાં જવું પડશે, ત્યારે તારી સાથે કંઈ જ આવવાનું નથી, માટે સમજ. સમજીને તું સંસારનો ત્યાગ કર. જુઓ, ચિત્ત મુનિ કેવો સુંદર ઉપદેશ આપે છે પણ જેનું હૃદય પાષાણ જેવું છે તેવા બ્રહ્મદત્ત ચક્રવર્તિનું હૃદય પીગળતું નથી ત્યારે ચિત્તમુનિ કહે છે.

तं एक्कगं तुच्छ सरीरगंसे, चिईगयं दहिय उ पावगेणं ।
भज्जा य पुत्ता वि य णायओय, दायारमण्णं अणुसकमंति ॥ २५॥

હે બ્રહ્મદત્ત ચક્રી ! સાંભળો. આ શરીર તમને કેટલું વહાલું છે ? એની સાર સંભાળ રાખવા કેટલી મહેનત કરો છો ? શિયાળો આવે ત્યારે એને ગરમ કપડા પહેરાવવાના અને બદામપાક, અડદીયા વિગેરે મેવા મિષ્ટાન્ન ઉડાવવાના, ઉનાળામાં મૂલાયમ વસ્ત્રો પહેરાવવાના અને ઠંડા પીણા વિગેરે આપવાનું ને ચોમાસામાં અનુકૂળ

લાગે તેવા વસ્ત્રો અને ભોજન એને આપવાના. આમ ઋતુ ઋતુને અનુકૂળ પદાર્થો આપે છે. આવું વહાલું શરીર પણ એક દિવસ છોડવું પડશે. દેહમાંથી ચેતનદેવ ચાલ્યો જાય છે ત્યારે મરનારના એકલા શરીરને ચિતામાં મૂકીને એને અગ્નિથી બાળીને સ્ત્રી-પુત્ર અને સ્વજનો પોતાના કામમાં સાથ આપનારનો આશ્રય લઈ મરનારને છેવટે ભૂલી જાય છે.

સૂત્રકાર ભગવંત આ ગાથામાં સંસારના સ્વરૂપનું રોમાંચકારી વર્ણન કરતા કહે છે કે આ સંસાર કેવો સ્વાર્થમય છે કે જે પત્ની-પુત્ર, પરિવાર આદિ સગા સબંધીઓ જે વ્યક્તિનો વિરહ ક્ષણભર સહન કરી શકતા ન હતા અને જે દેહની સારી રીતે સાર સંભાળ રાખતા હતા તે બધા ભેગા થઈને પોતાના હાથથી એ શરીરને ચિતામાં બાળી નાંખે છે. એટલું જ નહિ પણ એના શરીર ઉપર જે કંઇ આભૂષણો હોય છે તે પણ ઉતારી લે છે, અને પછી બીજા આપ્તજનોનો આશ્રય લઈને જનારને ભૂલી જાય છે. આ સંસારમાં તમે આ તો નજરે દેખો છો ને કે માણસ મરી જાય છે ત્યારે એના ઘરનાને એનો વિયોગ સાલે છે. એને માટે સંસાર શૂન્ય બની જાય છે. જીવવું પણ ઝેર જેવું લાગે છે, પણ સમય જતાં ધીમે ધીમે વિયોગના દુઃખ વિસારે પડી જાય છે, પછી એને બીજા સ્વજનો મળતાં એનો સ્નેહ મળતાં આનંદથી રહે છે પછી તો મરનારને કોઈ યાદ પણ કરતા નથી. છ બાર મહિને પ્રસંગ આવે યાદ કરે છે. આવી આ સંસારની રીત છે. એવા સંસારમાં કયાંય રાચવા જેવું નથી, માટે સમજીને એનો મોહ છોડવા જેવો છે. જે આત્માઓ સંસારનો મોહ છોડીને ત્યાગના પંથે સીધાવે છે એના આત્માનું કલ્યાણ થાય છે. બાકી સંસારનો મોહ રાખીને જીવનારા અજ્ઞાની જીવો અનંતકાળ સુધી સંસારમાં ભટકે છે ને ભયંકર દુઃખો ભોગવે છે.

આજે જ્ઞાનપંચમીનો પવિત્ર દિવસ છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જ્ઞાનપંચમીના દિવસે જ્ઞાનની આરાધના કરી અજ્ઞાનના અંધકાર ઉલેચવાના છે પણ સંસારી જીવો આજના દિવસને લાભપાંચમનો દિવસ માને છે. લાભ એટલે શેનો લાભ? ધનનો. મને વધારે ધન કેમ મળે, હું લાખોપતિ અને કોડપતિ કેમ બનું? એવા અરમાનો સેવે છે પણ જ્ઞાનીપુરૂષો કહે છે કે ભૌતિક લાભ એ સાચો લાભ નથી. એ ધનના લાભ ઉપર મૂર્છા થાય તો જીવ દુર્ગતિમાં જાય છે ત્યારે જ્ઞાનનો લાભ જીવને સંસારની મૂર્છા ઉતારી ધર્મ માર્ગમાં જોડીને સદ્ગતિમાં લઈ જનાર બને છે, આટલા માટે આચારાંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે "**लोयंसि जाण अहियाय दुक्खं।**" આ લોકમાં જો કોઈ મોટામાં મોટું દુઃખ હોય તો તે અજ્ઞાનનું છે. અજ્ઞાન જેવું કોઈ દુઃખ નથી ને જ્ઞાન જેવું કોઈ સુખ નથી. અજ્ઞાન જેવો કોઈ અંધકાર નથી ને જ્ઞાન જેવો કોઈ પ્રકાશ નથી. જેમ અંધકાર ભરેલા વગડામાં દિપક કે ગેટરીનો પ્રકાશ માર્ગદર્શક બને છે તેમ જ્ઞાન એ અંધકાર ભરેલા સંસારરૂપી વિષમ વનવગડામાં અટવાયેલા મુસાફરને માટે પ્રકાશનું કામ કરે છે. આજે સંસારમાં જ્ઞાન તો ઘણું વધ્યું

છે પણ એ ભૌતિક જ્ઞાન છે. ભૌતિક જ્ઞાન જીવને સંસારથી તારનાર નથી, પણ સંસારમાં ડુબાડનાર છે. સાચું જ્ઞાન તો એ જ કહેવાય કે જીવને ભવોભવના બંધનની બેડીઓમાંથી મુક્ત કરવાની તાકાત ધરાવે, પાપના પહાડો નીચે અને દુઃખના ડુંગરો નીચે દબાયેલા જીવને મુક્તિમાર્ગનો મુસાફર બનાવે.

પાપ કાર્યોમાંથી નિવૃત્તિ, ધર્મ કાર્યોમાં પ્રવૃત્તિ અને વિનયની પ્રાપ્તિ આ ત્રણ કાર્યો જ્ઞાન દ્વારા થાય છે. ઘણી વાર અજ્ઞાની કહે કે જ્ઞાનથી શો લાભ થાય છે! એનાથી કંઈ આપણું ભલું થતું નથી. જ્ઞાની દુઃખી થાય છે ને અજ્ઞાની પણ દુઃખી થાય છે. જ્ઞાની પણ મરે છે ને અજ્ઞાની પણ મરે છે, માટે આપણે કંઈ જ્ઞાન મેળવવાની માથાકૂટમાં પડવું નથી. આવું બોલનાર જ્ઞાનની અશાતના કરે છે, તેથી એને જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાનાવરણીય કર્મ બાંધવાના ઘણાં કારણો છે. કોઈ માણસ સમ્યગ્જ્ઞાની હોય છતાં એને કોઈ કહે કે આનામાં તો કંઈ જ્ઞાન નથી. એ શું સમજે છે? એવા તો મેં ઘણાં જ્ઞાની જોઈ લીધા. આવું બોલે તો એણે જ્ઞાનીની અશાતના કરી કહેવાય. તે રીતે જ્ઞાનીજનોનો વિનય ન કરે, એમની અશાતના કરે, નિંદા કરે, ઈર્ષ્યા કરે, એમનું અપમાન કરે, તેમના પ્રત્યે દ્વેષ રાખે, ખોટા ઝઘડા વિખવાદ કરે તે જીવ વિશેષ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. કોઈ જ્ઞાન ઉપાર્જન કરતું હોય, સ્વાધ્યાય કરતું હોય તેને કોઈ ને કોઈ રીતે અંતરાય આપવામાં આવે અથવા તો જ્ઞાન પ્રાપ્ત કરવાના સાધનો પુસ્તક, ઠવણી વિગેરેને પછાડવા, ઠોકરે મારવા કે ગમે ત્યાં રખડતા મૂકવા વિગેરે જ્ઞાનના સાધનોની અશાતના કરવાથી જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. તેના કારણે જીવને પરભવમાં મૂઢતા, જડતા, બહેરાપણું, મૂંગાપણું વિગેરે ભારે દંડ ભોગવવો પડે છે, માટે જ્ઞાનાવરણીય કર્મ બંધાય તેવા કારણોથી દૂર રહો. જે જીવ જ્ઞાનની અશાતના કરી જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે એની કેવી દશા થાય છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

પદ્મપુર નામના નગરમાં સિંહદાસ નામના એક શ્રીમંત શ્રેષ્ઠી વસતા હતા. એને ઘેર સાત કોડની સંપત્તિ હતી. તે જૈન ધર્મના દૃઢ અનુરાગી હતા. એમને કર્પૂરતિલકા નામની શેઠાણી હતી. તે પણ જૈન ધર્મમાં શ્રદ્ધા રાખનારી હતી. પાસે ધન ગમે તેટલું હોય પણ જો જીવનમાં ધર્મ ન હોય તો તે ધનની કોઈ કિંમત નથી. ધર્મ વિનાનું જીવન પશુ સમાન છે. આજે સંસારમાં અજ્ઞાની લોકો બોલે છે ને કે "**વસુ વિના નર પશુ.**" વસુ એટલે શું? એ તો તમે સમજો છો ને? વસુ એટલે ધન. જેની પાસે ધન નથી તેની આ સંસારમાં કોડીની કિંમત નથી. એક તણખલાના મૂલ્ય થાય છે પણ ગરીબ માણસના મૂલ્ય થતા નથી, એટલે એને પશુ સમાન ગણવામાં આવે છે, ત્યારે જ્ઞાની પુરૂષો કહે છે કે "**धर्मेणहीना पशुभिः समाना**" ધન વિનાનો માણસ પશુ સમાન નહિ પણ જેના જીવનમાં ધર્મ નથી તે પશુ સમાન છે. આ શેઠને

ઘેર ધન અને ધર્મ બંનેનો સુમેળ હતો. એમને ગુણોની મંજરી સમાન ગુણમંજરી નામની એકની એક પુત્રી હતી. આ ગુણમંજરી વિનયવંતી અને રૂપવંતી હતી. આ શેઠની પુત્રી ગુણમંજરીમાં રૂપ....ગુણ અને સૌંદર્ય એ ત્રણે વસ્તુઓ હતી પણ કર્મોદયથી એ મૂંગી અને રોગી હતી.

"ગુણમંજરીની ચિંતા કરતા મા-બાપ:-" બંધુઓ! આ સંસારમાં જ્ઞાન એ અજ્ઞાનના અંધકાર ટાળી પ્રકાશ પાથરનાર સર્ચલાઈટ સમાન છે. સંસારમાં જ્ઞાન વિનાનો માનવી પાંગળો છે, અંધ છે ને જડ છે. જ્ઞાન વિનાનું જીવન વેરાન વન સમાન છે. ગુણમંજરીની દશા પણ જ્ઞાન વિના વેરાન વન જેવી હતી. સમયને વીતતા વાર લાગતી નથી. ગુણમંજરી ધીમે ધીમે સોળ વર્ષની થઈ. દીકરીના મા-બાપને ચિંતા હોય ને? એટલે એ નાની હતી ત્યારથી એને માટે દવા ઉપચારો કરવામાં બાકી રાખી ન હતી. સામાન્ય માણસ હોય તો પણ આવી દીકરીને માટે કેટલા ઉપચારો કરે, ત્યારે આ તો આવો શ્રીમંત સુખી શેઠ છે અને પાછી એકની એક દીકરી છે એટલે એને માટે શું બાકી રાખે? ગામમાં જેટલા વૈદ્યો, ડૉકટરો અને હકીમો હતા તેમને બોલાવ્યા ને ગુણમંજરી માટે ચિકિત્સા કરાવી પણ કોઈ રીતે એનું દુઃખ મટતું નથી, એટલે લોકોને પણ એની દયા આવવા લાગી કે આ બિચારી છોકરી કેવી સારી છે પણ એની કેવી દશા છે! પણ કર્મને કંઈ થોડી દયા આવે? કરેલા કર્મો તો જીવને અવશ્ય ભોગવવા પડે. ચાહે હસતા હસતા ભોગવે કે રડતા ભોગવે પણ ભોગવ્યા વિના છૂટકો નથી.

આ નગરમાં વિજયસેન નામના મહાન જ્ઞાની આચાર્ય ભગવંત પધાર્યા. એમના પુનીત પગલા થતા સારા યે નગરમાં આનંદ આનંદ છવાઈ ગયો. એમની વાણીમાં અદ્ભુત શક્તિ હતી. આખા નગરની જનતા એમની વાણીનો લાભ લેવા ઉમટી પડી. આ સિંહદાસ શેઠ પણ એમની વાણી સાંભળવા માટે પોતાના પરિવાર સહિત આવ્યા. આચાર્ય ભગવંતે નગરજનોને ઉદ્દેશીને ઉપદેશ આપતા કહ્યું હે મહાનુભાવો! આ સંસારમાં માનવીને રૂપ-તેજ-સંપત્તિ-નિરોગી શરીર, ઈન્દ્રિયોની પરિપૂર્ણતા, ધર્મનો યોગ અને ધર્મારાધના કરવા માટેના સાનુકૂળ સંયોગો વિગેરે પૂર્વભવના પુણ્યથી મળે છે. આત્મા કર્માધીન છે. શુભ કર્મના ઉદયથી શુભ સામગ્રી મળે છે ને અશુભ કર્મના ઉદયથી અશુભ સામગ્રી મળે છે. શુભ કર્મના યોગથી જીવ મોક્ષ માર્ગ તરફ આગેકૂચ કરે છે. ને અશુભ કર્મના યોગથી જીવ દુઃખ ભોગવતા દુર્ગતિમાં પડી ભવસાગરના ચક્કરમાં ડૂબી જાય છે માટે જીવે કર્મબંધન કરતા ખૂબ જાગૃત રહેવાની જરૂર છે. આચાર્યશ્રીની વાણીમાં શાસ્ત્રની તારવણી કરવાની અજબ શક્તિ હતી. સાંભળીને શ્રોતાજનોના હૃદય હચમચી ઉઠયા. સિંહદાસ શેઠનું હૃદય પણ ભીંજાઈ ગયું. એમના મનમાં થયું કે ગુરૂદેવ જ્ઞાની છે તો હું તેમને એક પ્રશ્ન પૂછું, એટલે ઉભા થઈને વંદન કરીને પૂછયું ગુરૂદેવ! આ મારી પુત્રી કયા કર્મના ઉદયથી આવી મૂંગી અને રોગીષ્ટ બની છે? એ આપ કૃપા કરીને

ફરમાવશોજી ? આ આચાર્ય મહારાજ અવધિજ્ઞાની હતા એટલે શેઠની વાત સાંભળીને કહે છે શ્રાવકજી ! સાંભળો.

"આચાર્યશ્રીએ કરેલો ખુલાસો:–" સુખ અને દુઃખ જીવને કર્મના ઉદયથી ભોગવવા પડે છે. કેટલાક કર્મો એવા હોય છે કે તે ભોગવ્યે જ છૂટકો થાય છે. ભોગવતાં કંઈક જીવો હાયવોય કરે છે છતાં પણ એની આંખ ઉઘડતી નથી કે મારા પૂર્વકૃત કર્મોના ફળ હું ભોગવી રહ્યો છું. કર્મના વિપાક અણઉકેલ્યા કોયડા સમાન છે. હે શ્રેષ્ઠી ! તમારી પુત્રી ગત ભવમાં કરેલા અશુભ કર્મના વિપાક ભોગવી રહી છે. ગત ભવમાં આ તમારી પુત્રી ગુણમંજરી ખેટકપુર નામના નગરમાં જિનદાસ નામે એક મહાન શ્રીમંત શ્રેષ્ઠીની પત્ની હતી. એનું નામ સુંદરી હતું. સંસાર સુખો ભોગવતાં એને પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ થઈ. આવા બહોળા પરિવારથી એનો સંસાર ભર્યો ભાદર્યો લાગતો હતો. પાસે ધન ઘણું હતું એટલે છોકરાઓને ખૂબ મોઢે ચઢાવ્યા હતા.

બાળકો મોટા થયા એટલે જિનદાસ શેઠે એમને ભણવા માટે નિશાળે મૂકયા. સ્કૂલમાં શિક્ષકો ખૂબ ધ્યાન દઈને ભણાવતા પણ મોઢે ચઢાવેલા છોકરાઓ ધ્યાન દઈને ભણતા નહિ ને ખૂબ તોફાન કરતા. કોઈની પાટી ફોડી નાંખે તો કોઈની પેન તોડી નાંખે તો કોઈ છોકરાને ટપલા મારતા ત્યારે શિક્ષક આ વિદ્યાર્થીઓને શાંતિથી સમજાવતા કે આપણાંથી આવું તોફાન ન કરાય પણ એ તોફાની બાળકો સમજતા ન હતા એટલે શિક્ષક એમને ધમકાવવા લાગ્યા તો પણ સુધર્યા નહિ. છેવટે શિક્ષકે ગુસ્સામાં આવીને બાળકોને સોટી મારી. એમની ભણવાની દાનત ન હતી એટલે રડતા રડતા ઘેર આવીને માતાને કહે છે અમને માસ્તરે સોટી મારી. એમ કહીને ખૂબ રડવા લાગ્યા. પોતાના બાલુડાઓને રડતા જોઈને માતાનું લાગણીભર્યું હૃદય કંપી ઉઠયું. અહો ! મારા બાલુડાઓને માસ્તરે આટલો બધો માર માર્યો ? બાળકો એની માતાને એમ કહે છે કે અમને સોટી મારી પણ ભેગા એ નથી કહેતા કે અમે તોફાન કરતા હતા તેથી માર્યા અને માતા પણ નથી પૂછતી કે તમને કેમ માર્યા ? પણ એણે તો છોકરાઓને કહી દીધું કે મારા વ્હાલસોયા પુત્રો ! હવે કાલથી કોઈ ભણવા જશો નહિ. આપણે કંઈ ભણવું નથી. ભણીને માત્ર પૈસા જ કમાવા છે ને ? આપણે ઘેર ઘણું ધન છે. શું ભણેલા જ પૈસા કમાઈ શકે છે ? એવું કંઈ નથી. ઘણી વાર એવું બને છે કે ભણેલા ગરીબ રહી જાય ને અભણ મોટા શ્રીમંત બની જાય છે. ભણેલા પણ સંસાર ચલાવે છે ને અભણ પણ સંસાર ચલાવે છે, તો પછી ભણીને શું કામ છે ? રોજ શિક્ષક બાળકોને મારે, કાઢી મૂકે ને બાળકો રડે એ કેમ સહન થાય ?

બાળકોના મોહમાં પડેલી માતા એ વિચાર નથી કરતી કે આ બાળકોનું ભવિષ્ય કેવું બગડી જશે ? એનો વિચાર ન કર્યો, અને સ્કુલે ભણવા જવાની બાળકોને ના પાડી દીધી ને ઉપરથી કહ્યું કે શિક્ષકને દેખો ત્યાંથી પથરા મારજો, અને ભણવાના સાધનો પાટી, પેન, ચોપડીઓ વિગેરે બધું અગ્નિના કુંડમાં ફેંકીને બાળી મૂકજો.

બંધુઓ ! પોતાના સંતાનોના હિત તરફ દૃષ્ટિ કર્યા વિના પોતાના બાળકો પ્રત્યે કેવળ મમતા રાખનાર અને લાડ લડાવનાર મા-બાપ એમ માને છે કે જાણે અમારા જેવી સંતાનો ઉપર કોઈને મમતા ને લાગણી જ કયાં છે ? આ તો એક પ્રકારની ભૂલ જ છે ને ? આવા ખોટા લાડ ને પ્યાર બાળકોને ભલે કરતા હોય પણ એ વહાલ વર્તમાનના છે પણ ભાવિના ભૂતલમાં તો તે વિષના બીજ વાવી રહ્યા છે. સમય જતાં એ વિષના બીજમાંથી મોટા વૃક્ષો થશે અને બાળકોના જીવનને વેડફી નાંખશે, એનો ખ્યાલ રાખતા નથી. આ સુંદરી પણ પોતાના બાળકોના વહાલમાં ખેંચાઈ ને આ બાળકોનું ભવિષ્ય કેવું ઘડાશે ને સાથે પોતાનું પણ શું થશે એ વાત વીસરી ગઈ ને બાળકોને ભણવા જવાની ના પાડી દીધી ને પુસ્તકો બાળી મૂકયા. બોલો, હવે આ માતા વ્હાલેશ્વરી કહેવાય કે વૈરીણી ? ખરેખર, સાચી માતા તો એને જ કહેવાય કે જે પોતાના કર્તવ્ય પંથ પર રહીને બાળકોનું ભાવિ કેમ ઉજ્જવળ બને તે માટે બાળકોના જીવનમાં સારા સંસ્કારોનું સિંચન કરે. પોતે કષ્ટ વેઠીને પણ સંતાનોના જીવનનું સાચું ને સારું ઘડતર કરે.

"શેઠાણીને સમજાવતા શેઠ" :- આ વાતની જિનદાસ શેઠને ખબર પડી ત્યારે એમના દિલમાં ખૂબ દુઃખ થયું. તેઓ વિચારવા લાગ્યા કે જ્ઞાન વિનાના જીવનની કોઈ કિંમત નથી. આ શરીરમાં બધી ઈન્દ્રિયો કરતા આંખની કિંમત વધારે છે અને આંખની વિશેષ જરૂર છે. તેનાથી પણ અધિક જીવનમાં જ્ઞાનની જરૂર છે, અને આ માતા બાળકોને કેવા કુસંસ્કારો આપી રહી છે. આ મારા બાળકોનું શું થશે ? એક દિવસ શેઠે સુંદરીને કહ્યું કે તું આ પુત્રોને ભણવા કેમ નથી મોકલતી ? અભ્યાસ વિના આપણા પુત્રો અભણ રહેશે ? અભણ છોકરાઓને જગત મૂર્ખ કહે છે ને એની સૌ હાંસી મજાક ઉડાવે છે એમ આપણા પુત્રોને પણ સૌ મૂર્ખા કહેશે, એની મજાક ઉડાવશે અને મોટા થશે ત્યારે એમને કન્યા પણ કોણ પરણાવશે ? ત્યારે સુંદરીએ ક્રોધમાં આવીને શેઠને કહ્યું કે તમે તો માત્ર પૈસા કમાઈ જાણો છો, બાકી છોકરાઓનું કંઈ ધ્યાન રાખો છો ખરા ? પુત્રોની કાળજી તો રાખવી નથી ને મારા ઉપર આટલો બધો રૂઆબ કરો છો ? જુઓ તો ખરા, આ મારા બાળકોને સોટીના કેવા સોળ પડયા છે ? બાળકોનું રૂદન જોયું જતું નથી. મારે અત્યારે કંઈ ભણાવવા નથી. મોટા થશે એટલે આપોઆપ ભણશે.

શેઠે કહ્યું સુંદરી ! તું આ શું બોલે છે ? થોડો તો વિચાર કર કે ભણ્યા વિના માણસને કેટલી મૂંઝવણ થાય છે ? જે અભણ હોય તેને પૂછજો. જે માતા પોતાના બાળકોને લાડ અને પ્યારમાં ભણાવતા નથી, સારા સંસ્કારોનું સિંચન કરતા નથી તે માતા પિતા સંતાનોના વૈરી છે ત્યારે સુંદરી કહે છે જો તમે એવું જાણો છો તો

શા માટે ભણાવતા નથી ? વહેપારમાંથી નવરાશ મળતી નથી ને મને કહેવા આવ્યા છો ? શેઠ બાળકોને ભણાવવા મહેનત કરવા લાગ્યા પણ સંસારની ઘટમાળમાં જોઈએ તેવી મહેનત કરી શકયા નહિ અને માતાની બિલકુલ મહેનત નહતી એટલે બાળકો ભણ્યા વિનાના રહ્યા. આમ કરતા છોકરા યુવાન થયા. છોકરા મોટા થયેલા જોઈને માતા પિતાના હૈયે હર્ષ સમાતો નથી. ધન ઘણું છે, સંતાનો પણ સૌંદર્યવાન છે પણ ક્યાંય સગપણની વાત કરે છે ત્યાં કોઈ હા પાડતું નથી. જ્યાં કહે ત્યાંથી ના.... ના....નો જ જવાબ મળે છે. પુત્રોના સગપણ માટે ચારે તરફથી નિરાશા છવાઈ ગઈ ત્યારે શેઠે સુંદરીને કહ્યું જો, તેં પુત્રોને ભણાવ્યા નહિ તેનું કેવું ફળ મળ્યું ? ત્યારે સુંદરીએ કહ્યું મેં ભલે ન ભણાવ્યા. તમારે ભણાવીને હોંશિયાર કરવા હતા ને ? એમાં મારો શું દોષ છે ? દોષ તો તમારો જ છે ને ?

" શેઠ શેઠાણી વચ્ચે થયેલો વિવાદ " :– શેઠે કહ્યું સુંદરી ! સંતાનોના સિંચનની વધુ જવાબદારી માતાને માથે હોય છે ને વહેપારની પિતાને માથે હોય છે. સુંદરીએ ક્રોધમાં આવીને કહ્યું કે બિલકુલ નહિ. મારી એકલીના પુત્રો થોડા છે ? પુત્રોની જવાબદારી મારી નહિ તમારી જ છે સમજ્યા ને ? તમે જ સંતાનોને મૂર્ખ રાખ્યા છે. સુંદરીએ પતિના માથે દોષનો ટોપલો ઓઢાડી દીધો એટલે શેઠને પણ ક્રોધ આવી ગયો. ગુસ્સામાં એ બોલી ઉઠયા પાપિણી ! પુત્રોને મેં મૂર્ખા રાખ્યા કે તેં ? તેં સ્કુલે ભણવા જવાની ના પાડી અને એમના પુસ્તકો બાળી નાંખ્યા ને ઉપરથી મને કહે છે ? ત્યાં તો સુંદરી ધડુકી ઉઠી. હું પાપિણી તો તમે પાપી ખરા ને ? તમને તમારા મા–બાપે આવું બોલતા શીખવ્યું છે કે મને પાપિણી કહો છો ? એમ કહી ન કહેવાના શબ્દો શેઠને કહી દીધા. પત્નીના આવા વચનો સાંભળીને શેઠને ખૂબ ક્રોધ આવ્યો કે શું પોતાની પત્ની જ પોતાને આવા શબ્દો કહે છે ? હે અધમ સ્ત્રી ! જરા વિચારીને બોલ. તું કોને આવા શબ્દો કહી રહી છે ? પણ સુંદરી તો સાંભળતી નથી. એ તો જેમ આવે તેમ બોલે જતી હતી. શેઠ–શેઠાણીના વાદમાંથી વિવાદ સર્જાયો અને વિવાદમાંથી વિનાશ થવાનો પ્રસંગ આવી ગયો.

" સુંદરીએ ગુમાવેલા પ્રાણ " :– કોઈ રીતે સુંદરી બોલતી બંધ ન થઈ ત્યારે શેઠનો ક્રોધ કાબૂ બહાર ગયો અને હાથમાં મોટો પથ્થર લઈને સુંદરીના માથામાં માર્યો. સુંદરીના મસ્તકમાં પથ્થર વાગતા ખોપરી ફૂટી ગઈ ને એ જમીન પર ઢળી પડતા એના પ્રાણ ચાલ્યા ગયા, અને એ જ સુંદરી તમારી પુત્રી રૂપે જન્મી છે. જ્ઞાનની વિરાધના કરી એ કારણથી આ તમારી પુત્રી મૂંગી ને રોગી થઈ છે. કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકો નથી. આ ગુણમંજરી મૂંગી હતી પણ કાને તો બધું સાંભળતી હતી. ગુરૂના મુખેથી પોતાના પૂર્વભવની વાત જેમ જેમ સાંભળતી ગઈ તેમ તેમ એના અંતરમાં પશ્ચાતાપ થવા લાગ્યો. આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા, અને પૂર્વભવનું દૃશ્ય

જાણે નજર સમક્ષ દેખાવા લાગ્યું. અંતરમાં પશ્ચાતાપનો ભડકો સળગ્યો, અને ગુરૂની સામે મૂક સમસ્યા કરીને અંતરને ઠાલવતી હોય તેમ કહેવા લાગી કે હે ગુરૂ ભગવંત! આપ જ મારો ઉદ્ધાર કરો. આપ જ મારા જીવનના માર્ગદર્શક બનો. મેં પૂર્વભવમાં જ્ઞાનની વિરાધના કરી તેથી મારી આ દશા થઈ છે પણ હવે દુઃખમાંથી મુક્ત થવાનો ઉપાય શું ? એમ એ મૂંગી અવસ્થામાં કહેવા લાગી, ત્યારે સિંહદાસ શેઠે કહ્યું ભગવંત ! હવે એનો આ રોગ અને મૂંગાપણું કેવી રીતે મટે ? આપ જ એનો ઉપાય બતાવો.

ભગવંતે કહ્યું કે જ્ઞાનની આરાધના કરવાથી પૂર્વે કરેલા જ્ઞાનની વિરાધનામાંથી મુક્ત થવાય છે. જ્ઞાન એ આત્મઉત્થાનનું પહેલું પગથીયું છે. જ્ઞાનની આરાધના કરવાથી જ્ઞાનાવરણીય કર્મના પડળ ભેદાઈ જાય છે ને જીવનમાં અનેરો પ્રકાશ પથરાય છે, માટે જ્ઞાનનું બહુમાન કરો, જ્ઞાનની ભક્તિ કરો. કારતક સુદ પાંચમનો દિવસ એ જ્ઞાનપંચમીનો દિવસ છે એટલે ત્યારથી શરૂઆત કરીને દરેક માસની સુદ પાંચમના દિવસે ઉપવાસ કરવો. તે દિવસે મન-વચન અને કાયાની શુદ્ધિપૂર્વક "**नमो नाणस्स**"ની વીસ માળા ગણવી. જ્ઞાનના ૫૧ ગુણ છે માટે ૫૧ વંદણા અને ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. સવાર સાંજ પ્રતિક્રમણ કરવું, અને તેટલું જ્ઞાન ભણવું અને જ્ઞાનખાતામાં તમારી શક્તિ પ્રમાણે ધન વાપરવું. આ રીતે સાડા પાંચ વર્ષ સુધી જ્ઞાનની આરાધના કરવાથી જ્ઞાનાવરણીય કર્મ ખપે છે. આ ગુણમંજરીને તો પોતાના પૂર્વભવની વાત સાંભળીને અંતઃકરણપૂર્વકનો એવો પશ્ચાતાપ ઉપડયો કે ત્યાં ને ત્યાં એનું મૂંગાપણું ટળી ગયું ને વાચા ખુલી ગઈ એટલે ગુરૂના ચરણમાં પડીને કહેવા લાગી અહો ગુરૂદેવ ! આપે મારા પૂર્વભવની કહાની કહી ન હોત તો મને ભાન થાત નહિ. આપ મારા મહાન ઉપકારી છો. આપના ઉપકારનો બદલો તો હું જીવનપર્યંત ભૂલી શકું તેમ નથી. એમ કહી ગુરૂને વંદન કરીને પૂર્વે કરેલી વિરાધનાનું પ્રાયશ્ચિત કર્યું, પછી આલોચના કરીને ઘેર ગઈ.

આ ગુણમંજરીએ ત્યારથી જ્ઞાનની આરાધના કરવાની શરૂઆત કરી. એના પિતાએ પણ એ નિમિત્તે જ્ઞાનખાતામાં પોતાના ધનનો સદુપયોગ કર્યો. થોડા સમયમાં ગુણમંજરીનો રોગ મટી ગયો. એની કાયા કંચનવર્ણી બની ગઈ. ગુણમંજરી પહેલેથી જ ગુણવાન અને સૌંદર્યવાન હતી અને હવે તો એનો રોગ અને મૂંગાપણું ચાલ્યું ગયું એટલે સામેથી સારા ઘરના છોકરા સાથે એનું વેવિશાળ કરવાની માંગણી થવા લાગી. માતા પિતા પણ એના લગ્ન માટે તૈયારીઓ કરવા લાગ્યા, પણ ગુણમંજરીનું જીવન વૈરાગ્યવાસિત બની ગયું. એણે માતા-પિતાને કહી દીધું કે મેં મારા પૂર્વભવની કહાની ગુરૂના મુખેથી સાંભળી ત્યારથી મને તો આ સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો છે. મારે સંસારમાં પડવું નથી. સંયમ જ આત્માને માટે હિતકારી છે. આ ગુણમંજરીએ સંયમ લીધો. સંયમ લઈને જ્ઞાન ભણવામાં ખૂબ પુરૂષાર્થ કર્યો ને ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું, અને જ્ઞાન સહિત ચારિત્રનું પાલન કરવા લાગી.

બંધુઓ! સમુદ્ર, સરોવર કે નદી તરવા માટે જેમ બે બુજાઓની આવશ્યકતા રહે છે તેમ આ સંસાર સમુદ્રને તરવા માટે પણ જ્ઞાન અને ક્રિયાની આવશ્યકતા છે. જ્ઞાન અને ક્રિયા એ બે વસ્તુઓનો સુમેળ જીવને મોક્ષમાર્ગનો મેળ કરી આપે છે. શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે "**ज्ञान क्रियाभ्यां मोक्षः।**" જ્ઞાન એ આત્મામાં રહેલા કર્મ કચરાને બતાવનાર છે, જ્યારે ક્રિયા એ કર્મ રૂપ કચરાને દૂર કરનાર છે. જ્ઞાન અને ક્રિયા બંનેનું કાર્ય અલગ છે. જેમ દિપકનો પ્રકાશ કચરો કયાં છે તે બતાવે છે પણ કચરો વાળીને બહાર ફેંકી દેવાની ક્રિયા તો પોતે કરવી પડે છે. રસોઈ બનાવવાનું જ્ઞાન છે પણ જ્યાં સુધી રસોઈ બનાવવાની ક્રિયા માણસ ન કરે ત્યાં સુધી રસોઈ બનાવવાના જ્ઞાન માત્રથી ક્ષુધા મટતી નથી. માર્ગને જાણનાર જ્યાં સુધી ચાલવાની ક્રિયા કરે નહિ ત્યાં સુધી ઈષ્ટ સ્થાને પહોંચી શકતો નથી. ઔષધનું જ્ઞાન ધરાવનાર વ્યક્તિ રોગ થાય પણ દવા ખાય નહિ તો એ રોગથી મુક્ત થતા નથી. જંગલના દાવાનળમાં સપડાયેલો આંધળો અને લંગડો એ બે જ્યાં સુધી ભેગા ન થાય ત્યાં સુધી બેમાંથી એક પણ દાવાનળમાંથી પોતાનો બચાવ કરવા સમર્થ બની શકતા નથી, કારણ કે આંધળો ચાલી શકે છે પણ માર્ગ દેખી શકતો નથી અને લંગડો માર્ગ દેખે છે પણ ચાલી શકતો નથી. આવી રીતે જ્ઞાન લૂલું છે ને ક્રિયા આંધળા છે માટે એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી મોક્ષ થતો નથી. બંનેનો સુમેળ હોવો જોઈએ. જેના જીવનમાં જ્ઞાન અને ક્રિયા એ બંનેનો સુમેળ હોય છે તે સંસાર રૂપ દાવાનળમાંથી આબાદ રીતે બચી જાય છે, પણ જે એમ માને છે કે એકલા જ્ઞાનથી મોક્ષ છે માટે જ્ઞાન પ્રાપ્ત કરો. ક્રિયા કરવાની કોઈ જરૂર નથી. એકલા જ્ઞાન તરફ દૃષ્ટિ રાખે છે ને ક્રિયાનો તિરસ્કાર કરે છે અને ક્રિયાથી કલ્યાણ માનનારો, ક્રિયા તરફ દૃષ્ટિ રાખી જ્ઞાનનો તિરસ્કાર કરે છે એવા આત્માઓ સંસાર સમુદ્ર તરી શકતા નથી.

આ ગુણમંજરી સંયમ લઈને જ્ઞાન સહિત ક્રિયા કરવા લાગી. અનેક જીવોને પણ એ માર્ગે વાળી આત્મકલ્યાણ કરાવવામાં નિમિત્તભૂત બની, અને આયુષ્ય પૂર્ણ થતાં કાળ કરીને દેવલોકમાં ગઈ, પછી ત્યાંથી દેવનું આયુષ્ય પૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં જન્મ લઈ સંયમ લઈને ઉગ્ર તપ અને સંયમની સાધના કરીને ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી મોક્ષમાં ગઈ. આજે જ્ઞાનપંચમીનો દિવસ છે. આજના દિવસે દરેક જીવોએ જ્ઞાનની આરાધના કરવાની જરૂર છે. જેને પ્રતિક્રમણ ન આવડતું હોય તે પ્રતિક્રમણ શીખો. સામાયિક પ્રતિક્રમણ આવડતા હોય તે છકાયના બોલ, નવતત્ત્વ વિગેરે શીખો પણ કંઈ ને કંઈ જ્ઞાન ભણવાનો પુરૂષાર્થ કરો. જ્ઞાન એ અંધકાર ભરેલા જીવનમાં માર્ગદર્શક છે. જ્ઞાન સાથે ક્રિયા કરો. જ્ઞાનનો લાભ એ સાચો લાભ છે. બને તો પોતાની શકિત અનુસાર જ્ઞાનખાતામાં ધન વાપરો. જે જ્ઞાન ભણતું હોય તેને સહાયક બનો, તો જ જ્ઞાનપંચમીનું મહત્વ સમજ્યા ગણાય, અને જ્ઞાનપંચમી ઉજવી ગણાય. સમય થઈ ગયો છે વધુ ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૯૧

કારતક સુદ ૬ ને શુક્રવાર **તા. ૨૧-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંતકરૂણાસિંધુ, શાસનપતિ, વીતરાગ ભગવંત જગતના જીવોને આત્મકલ્યાણનો પંથ બતાવતા સમજાવે છે કે હે જીવો ! ભવોભવની રખડપટ્ટી અટકાવવી હોય અને ભવપરંપરાને તોડવી હોય તો આ મળેલા સુંદર માનવજીવનમાં કમાણી કરી લો. આ માનવજીવનની જ્ઞાનીઓએ એક મહેલની સાથે સરખામણી કરી છે. જેમ કોઈ મકાનનું બાંધકામ કરતા પહેલા તે શા ઉપયોગમાં લેવાનું છે. સ્કુલ માટે, ઓફીસ માટે, રહેવા માટે કે દવાખાના માટે તેનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ. નિર્ણય કર્યા બાદ બધી ગોઠવણી કરી પ્લાનીંગ કરવામાં આવે છે. તે પ્રમાણે પાયાની ઉંડાઈ, જાડાઈ, વાપરવાનો માલસામાન નક્કી કરી, કામ કરનારા સારા કારીગરો લાવવામાં આવે છે તો પછી તેમાં કોઈ ખામી કે કચાશ રહી શકતા નથી. આ તો એક મકાનના પ્લાનીંગની, તેના પાયાની ને બાંધકામની વાત કરી પણ જીવન મહેલ માટે શું ? તેનો વિચાર કરવાની જરૂર છે. જીવન મહેલ માટે આવા જ પ્લાનીંગની જરૂરત છે. મકાન માટે વપરાશનો જેમ ખ્યાલ કરાય છે કે તે કયા વપરાશમાં લેવાનું છે તેમ આ જીવન માટે, આત્મા માટે ખ્યાલ કરવો જોઈએ કે પોતાને કઈ ગતિમાં જવું છે ? નરક– તિર્યંચ આદિ દુર્ગતિમાં જવું છે કે મનુષ્ય અથવા દેવગતિમાં જવું છે અગર ચારે ગતિને છોડીને પંચમ ગતિ મોક્ષમાં જવું છે ?

મકાનના બાંધકામમાં ગમે તેવા માલસામાન વાપરી, પૈસા વેડફીને જેમ તેમ બાંધી દેવું હોય તો પ્લાનીંગની જરૂરત નથી તેમ નરક ગતિમાં જવું હોય તો જીવન મહેલના કોઈ પ્લાનીંગની જરૂર નથી. એ તો આપણા કુકર્મો આપણને ત્યાં ધકેલી દેશે. ગમે તેમ બંધાઈ ગયેલા મકાન માટે માણસ જીવે ત્યાં સુધી આંસુ પાડવાનો વખત આવે છે તેમ નરકમાં કરેલા કર્મો ભોગવતા જીવને આંસુ પડે છે. ત્યાં બચાવવા કોઈ આવતું નથી, તેથી નરક ગતિનું પ્લાનીંગ આપણને માફક આવે તેમ નથી માટે મોક્ષ સુખ માટે જીવન મહેલનું એવું પ્લાનીંગ કરવું જોઈએ કે જેથી આ જીવન મહેલ છોડીને જતાં આપણને મોક્ષ મહેલ મળે. મકાનનો પાયો મજબૂત ન હોય ને તેવા મકાન ઉપર બીજે માળ બાંધીએ તો પરિણામે ભવિષ્યમાં તે મકાન પડી જાય અને તે મકાનમાં રહેતા કયારેક દટાઈ જવાનો પ્રસંગ પણ આવે. આપણે તે રીતે નથી દટાવું. આપણે તો આ જીવન મહેલ વીસ, પચ્ચીસ કે પચાસ વર્ષ માટે નહિ પણ ભવોભવમાં કયારે પણ પડી ન જાય તેવો જીવન મહેલ બાંધવો છે.

માનવી પોતાનું મકાન બાંધે પણ તેમાં ખૂબ સગવડો થાય, સુંદર ડીઝાઈન થાય અને રાચરચીલું ગોઠવાય તો માને કે મારા પૈસા ખર્ચેલા ઉગી નીકળશે તેમ જ્ઞાની

કહે છે કે હે માનવ ! તું પણ તારા જીવનમાં ડગલે ને પગલે વિચાર કર કે તારે શું કરવાનું છે ને શું નથી કરવાનું? સારા નરસાનો ખ્યાલ કરી તેનાથી મળવાના કર્મોનો ખ્યાલ રાખી જીવન જીવતા શીખ, તો આ સંસાર સાગર તરી જવાશે અને આત્માનું કલ્યાણ થશે. સુંદર માનવ દેહ મળ્યો અને તેમાં કલ્પવૃક્ષ સમાન જૈન ધર્મ મળ્યો અને જો તેમાં કંઈ જ સુકૃતો કરવામાં ન આવે તો ચિંતામણીરત્ન સમાન માનવભવને સમુદ્રમાં ફેંકી દીધા જેવું થાય. માનવદેહ અને જૈન ધર્મ મળ્યા પછી ભવિષ્યના જીવન મહેલના પ્લાનીંગને અને પરલોકનો ખ્યાલ રાખી માનવે જીવન જીવતાં શીખવું જોઈએ. રાગ-દ્વેષ, મોહ-માયા, કષાયો અને સંસારની લોલુપતા તારા ભવિષ્યના પ્લાનીંગને પાયામાંથી હચમચાવી નાંખશે, માટે આપણું જીવન આપણા જીવન મહેલનું પ્લાનીંગ વીતરાગના સંતોરૂપી આર્કીટીકેટને સોંપી તેમની દોરવણીથી જીવન મહેલનું બાંધકામ કરીએ. આમાં આર્કીટીકેટની દેખરેખ કરતા પોતાની દેખરેખ વધુ જરૂરી છે. મન રૂપી કારીગરને કાબૂમાં રાખી, દેહ રૂપી માલ સામાનનો તપ-ત્યાગ, ધર્મધ્યાન, કષાય ત્યાગ, વિરાગ ભાવ વિગેરેમાં ઉપયોગ કરી જીવન મહેલ બનાવીએ તો પછી તે પડવાની કે તેમાંથી કાંકરી પણ ખરવાની ચિંતા રહેતી નથી, માટે જીવન મહેલનું પ્લાનીંગ એવું કરીએ કે ભવોભવના પ્લાનીંગ કરવાના બંધ થાય, ભવોભવના મકાનો બદલવાના બંધ થાય અને મોક્ષ મહેલ મળે.

મોક્ષ મહેલને મેળવવા માટે તત્પર બનેલા ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને એ જ વાત સમજાવી રહ્યા છે કે તમે આ જીવન મહેલનું પ્લાનીંગ એવું કરો કે ભવોભવના પ્લાનીંગ કરવાના બંધ થઈ જાય. સંસાર તો દુઃખોનો દાવાનળ છે, માટે તું સમજીને એનો ત્યાગ કર. આ શરીર તને શ્વાસ પ્રાણ જેવું વહાલું છે. ધન વૈભવ, રાણીઓ પુત્ર-પરિવાર વિગેરે પ્રત્યે તને અપાર પ્રેમ છે પણ એ બધા કોઈ તારા નથી. આ દેહમાંથી હંસલો ઉડી જશે પછી એક ઘડી પણ રાખશે નહિ. સ્મશાનમાં લઈ જઈને બાળી મૂકશે, અને એ બધા સમય જતાં ભૂલી જશે, પછી કોઈ તને યાદ કરશે નહિ. અનાદિકાળથી સંસારની એવી રીત છે કે જેમ નાના બાળકને જે રમકડું પ્રિય હોય છે તેને લઈને પ્રેમથી રમે છે. એ રમકડું કોઈ લઈ લે તો કજીયા કરે છે, રડે છે, કંઈક કરે છે પણ જો એને બીજું રમકડું મળી જાય છે તો પેલા રમકડાને છોડી દે છે ને બીજું રમકડું રમવા લાગે છે, પછી પેલા રમકડાને યાદ પણ કરતો નથી, તેમ સંસારી જીવોની એવી જ સ્થિતિ હોય છે. જે સ્વજન વિના ક્ષણ પણ ચાલતું નથી, એને એક દિવસ ન મળે તો જાણે કેટલાય દિવસોથી મળ્યા નથી એવું લાગે છે. એની પાછળ પ્રાણ પાથરવા માટે તૈયાર હોય છે. એવો સ્વજન આ ફાની દુનિયામાંથી વિદાય લે છે ત્યારે એની પાછળ કંઈક કરે છે પણ સમય જતાં બીજા સ્વજનો અને સ્નેહીઓ મળતા જનારને ભૂલી જાય છે, પછી એને યાદ પણ કરતા નથી, માટે

સંસારનો મોહ છોડ. આટલું કહેવા છતાં પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિના દિલમાં કંઈ અસર થતી નથી ત્યારે કરૂણાવંત ચિત્તમુનિ શું કહે છે.

उवणिज्जइ जीवियमप्पमायं, वन्नं जरा हरइ नरस्स रायं ।
पंचालराया ! वयणं सुणाहि, मा कासि कम्माइं महालयाइं ॥२६॥

હે રાજન્ ! આ જીવન સતત મૃત્યુની સમીપ જઈ રહ્યું છે, વૃદ્ધાવસ્થા મનુષ્યનો વાન-રંગ હરી લે છે. હે પાંચાલ દેશના રાજા ! મારા હિતકારી વચનો સાંભળો અને આપ ઓછામાં ઓછા પંચેન્દ્રિય વધાદિક ગુરૂકર્મને તો ન કરો. એવા પાપથી તો અટકો, કારણ કે એ પાપકર્મો જીવને નરક નિગોદ આદિમાં પહોંચાડનાર છે.

મનુષ્યના આયુષ્યનો અવિભાગી અંશોનો સમયે સમયે ક્ષય થતો રહે છે. આનું નામ ભાવમરણ છે. એક બાજુ આ ભાવમરણ પ્રતિસમય જીવનનો અંત કરી રહ્યું છે, અને બીજી તરફ વૃદ્ધાવસ્થા શરીરના લાવણ્યનો નાશ કરી રહી છે. એમાંથી બચવાનો કોઈ ઉપાય નથી માટે મનુષ્ય જીવનને સાર્થક કરવાનો જો કોઇ ઉપાય હોય તો તે એક જ છે કે ત્યાગ માર્ગ અપનાવો અને ત્યાગ માર્ગ અપનાવવાની તાકાત ન હોય તો ઓછામાં ઓછું અશુભ કર્મોનું આચરણ ન કરવું એટલું તો કરો. પરભવનું ભાતુ બાંધવા માટે કંઈક તો ધર્મનું આચરણ કરી લો. આ પ્રમાણે ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવી રહ્યા છે, પણ મોહાંધ જીવને આ વાત રૂચતી નથી. એ તો જગત શું કરે છે એ જોયા કરે છે ને જગતના રાહે ચાલે છે, પણ જિનેશ્વર ભગવાનની આજ્ઞા તરફ દૃષ્ટિ કરતા નથી, પણ એક વખત જીવને સમ્યક્ત્વ સ્પર્શી જાય તો એની દૃષ્ટિ બદલાઇ જાય. સમ્યક્ત્વ આવ્યા પછી જીવ જિનેશ્વર ભગવાન તરફ દૃષ્ટિ કરે છે પણ જગત તરફ દૃષ્ટિ કરતો નથી. જેમ સંસારમાં વ્યવહાર દૃષ્ટિએ એક કુંવારી કન્યા પરણીને સાસરે જાય એટલે એની દૃષ્ટિ બદલાઈ જાય છે. એ રીતે આત્મા મિથ્યાત્વનું ઘર છોડીને સમ્યક્ત્વના ઘરમાં આવે છે ત્યારે એની દૃષ્ટિ બદલાઈ જાય છે. સમ્યક્ત્વ આવ્યું એટલે જિનેશ્વર ભગવાનની કંઠી બાંધી, પછી એક જ વાત વિચારવાની કે મારા ભગવાનની આજ્ઞા શું છે ? એ શું કહી ગયા છે ને હું શું કરું છું ? જગત જે કહે તે મારે કરવાની જરૂર નથી, મારે તો મારા ભગવાને શું કહ્યું છે તે કરવાનું છે.

જેમ કન્યા પરણીને સાસરે જાય છે એટલે એની દૃષ્ટિ બદલાઈ જાય છે ને ? જ્યાં સુધી પરણી ન હતી ત્યાં સુધી મારા માતા-પિતાની શું આજ્ઞા છે એ તરફ એનું લક્ષ હતું પણ પિતાએ એને પરણાવી, પરણીને સાસરે ગઇ, પતિની પત્ની બની, પછી મારા પતિની શું આજ્ઞા છે એ જોનારી બને છે. દા. ત. બાપે દીકરીને શ્રીમંતના દીકરા સાથે પરણાવી. પિયરમાં સુખી છે ને સાસરે પણ સુખી હોવાથી સારા વસ્ત્રાભૂષણો પહેરતી હોય પણ પાપકર્મોનો ઉદય થતાં પતિ ગરીબ બની જાય તો પત્ની સાદા કપડા પહેરે છે. કયારેક બાપને ત્યાં કોઈ પ્રસંગે દીકરીઓને તેડાવવામાં

આવે છે ત્યારે આજ સુધી સારા અને કિંમતી વસ્ત્રાભૂષણો પહેરનારી સાદા વસ્ત્રો પહેરીને આવે છે ને બીજી દીકરી ભભકાદાર કપડા પહેરીને આવે છે. તે સમયે એના પિતા સાદા વસ્ત્રો પહેરીને આવનાર દીકરી તરફ દૃષ્ટિ કરીને કહે કે તું કેવા ભિખારણ જેવા કપડા પહેરીને આવી છે ? અમે લાજી મરીએ છીએ. જો, આ તારી બહેન કેવા સારા વસ્ત્રો પહેરીને આવી છે ? ઠાઠમાઠથી આવેલી દીકરીને વધારે માનપાન આપે ને ગરીબાઈના કારણે સાદાઈમાં આવેલી દીકરીને માન ન આપે તો તેથી એ કંઈ બાપના બોલ સામું ન જુએ ને બેદ ન કરે કે હાય....હાય....મારી બહેન સારા વસ્ત્રો ને દાગીના પહેરીને આવી છે તો હું પણ પહેરું. એ તો એક જ વિચાર કરે કે મારા પતિની જેવી સ્થિતિ હોય એ પ્રમાણે મારે રહેવું જોઈએ. દેવું કરીને કે ભીખ માંગી લાવીને ઠાઠારા કરવામાં શું શોભા છે ! કુંવારી હતી ત્યારે એ પિતાના બોલ સામે જોતી હતી અને પરણીને સાસરે ગઈ એટલે પતિના બોલ સામું જોનારી બને છે.

આવી રીતે જીવ મિથ્યાત્વી હતો ત્યાં સુધી એ જગતનો હતો, એ જગત તરફ દૃષ્ટિ કરતો હતો, એટલે કે જગત શું કહે છે, શું કરે છે એ જોતો હતો, પણ જિનેશ્વર ભગવંતને હૃદયમાં ધારણ કર્યા, સમકિત પામ્યો એટલે જગત શું કહે છે ને શું કરે છે એ જોવાનું પડતું મૂકીને ભગવાન શું કહે છે એ તરફ દૃષ્ટિ કરે છે. જ્યાં સુધી કન્યા પરણી ન હતી ત્યાં સુધી બાપના ઘરને પોતાનું ઘર માનતી હતી પણ પરણ્યા પછી પતિના ઘરને એ પોતાનું ઘર માને છે. એ કયારેક પિયર રહેવા આવી હોય ને પછી એને સાસરે જવું હોય ત્યારે શું કહે છે ? મને આવ્યા ઘણાં દિવસ થઈ ગયા, હું મારે ઘેર જાઉં છું, એટલે એના ભાવ તો એ જ ને કે મા–બાપનું ઘર તે મારું નહિ પણ પતિનું ઘર એ મારું ઘર છે. આ સંસારના વ્યવહારમાં કન્યા પરણી એટલે એણે ઘર બદલ્યું. "**પરણેલી કન્યાની જેમ સમકિતી જીવ પણ ઘર બદલે છે.**" જૈન ધર્મ એ લોકોત્તર ધર્મ છે. એ ધર્મની શ્રધ્ધા થઈ એટલે કે સમકિત પામ્યા પછી જીવનું ઘર બદલાય છે. "**સમકિત દૃષ્ટિ આવ્યા પછી તે જગતનો નહિ પણ જિનનો બને છે,**" જે આત્મા જિનેશ્વર પ્રભુની આજ્ઞાનુસાર જિનેશ્વર કથિત માર્ગે ચાલે છે તેનું કલ્યાણ થાય છે. ઓછા ભવમાં એ મોક્ષમાં જાય છે પણ જગતના રાહે ચાલવાથી કલ્યાણ થતું નથી. જગતનું કહ્યું કરવાથી ને એ રાહે ચાલવાથી તો ભવભ્રમણ વધે છે.

મહાવીર પ્રભુનો આત્મા વિશ્વભૂતિ નામે રાજકુમાર હતો, અને એના કાકાનો દીકરો વિશાખાનંદી હતો. એક વખત એવું બન્યું કે વિશ્વભૂતિ એક બગીચામાં સુંદર મહેલમાં રહેતો હતો. એ મહેલ વિશાખાનંદીને પડાવી લેવાનું મન થયું. એવામાં યુધ્ધમાં જવાનો પ્રસંગ બન્યો, એટલે વિશ્વભૂતિને યુધ્ધમાં મોકલ્યો ને પાછળથી કાકાના દીકરા વિશાખાનંદીએ મહેલ પોતાના કબ્જે કરી લીધો. વિશ્વભૂતિકુમાર યુધ્ધમાં

વિજય મેળવીને આવ્યો ને જોયું તો વિશાખાનંદી મહેલમાં રહેવા ગયો છે, એટલે એને સમજાઈ ગયું કે આ મહેલ પચાવી પાડવા માટે જ આ બધો દંભ કર્યો છે. આ વિશ્વભૂતિમાં ઘણું બળ હતું. એને ખૂબ ક્રોધ આવ્યો પણ પછી મનને વાળ્યું. એના મનમાં એવો ભાવ આવ્યો કે સંસારમાં આવી મેલી રમતો રમાય છે? મારે હવે આ મહેલ ન જોઈએ પણ વિશાખાનંદીને બતાવી દઉં કે હું નબળો નથી. એણે કોઠાના ઝાડને મુઠી મારીને પાડી નાંખ્યું ને કહ્યું કે હે વિશાખાનંદી! દેખ, મારામાં આવી તાકાત છે. આવું બળ છે. જો હું ધારું તો તને ચપટીમાં ચોળી નાંખું તેમ છું અને આ એક મહેલ તો શું પણ આખું રાજ્ય લઈ લઉં તેવો હું શક્તિશાળી છું પણ હવે મારે સંસારમાં રહેવું નથી. આમ કહીને વિશ્વભૂતિએ વૈરાગ્ય પામીને દીક્ષા લીધી. વિશ્વભૂતિ રાજકુમાર મટીને વિશ્વભૂતિ મુનિ બન્યા. સંયમ લઈને તેઓ ઉગ્ર તપ કરવા લાગ્યા.

તપમાં છઠ્ઠને પારણે છઠ્ઠ, પછી અઠ્ઠમ, ચાર, છ, આઠ, પંદર, સોળ એમ ચઢતા ચઢતા માસખમણને પારણે માસખમણ કરવા લાગ્યા. શરીર તો હાડપિંજર જેવું કરી નાંખ્યું. પારણાને દિવસે જતે જ ગૌચરી જતા અને નિર્દોષ લૂખોસૂકો આહાર વહોરી લાવીને પારણું કરતા. ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા તેઓ મથુરા નગરીમાં પધાર્યા અને માસખમણનું પારણું હોવાથી ગૌચરી નીકળ્યા, ત્યારે વિશાખાનંદી મથુરા નગરીમાં આવ્યો હતો. એણે મુનિને ગાયની હડફેટ લાગવાથી પડી જતા જોઈ મુનિની મશ્કરી કરતા કહ્યું હે વિશ્વભૂતિ મુનિ! એક મૂઠી મારીને કોઠાનું ઝાડ પાડી નાંખવાનું તમારું બળ ક્યાં ગયું? આ સમયે મુનિ ભાન ભૂલ્યા ને ગાયને ચક્કર ફેરવીને જમીન પર મૂકી દીધી ને કહ્યું–દેખ! મારું બળ. એક પાપ વિકલ્પમાંથી અનેક પાપ વિકલ્પો આવ્યા અને છેવટે અખૂટ બળના સ્વામી બનવાનું નિયાણું કર્યું. કેટલા વર્ષોના અમૂલ્ય સંયમ અને તપને વેચી નાંખ્યા. કેવી પાપ વિકલ્પજન્ય અજ્ઞાનતા! એક પાપ વિકલ્પની કેવી ભયાનકતા! નિયાણાના બળે અખૂટ બળના સ્વામી ત્રિપૃષ્ઠ વાસુદેવ બન્યા. પાપ વિકલ્પના ઘેરા સંસ્કારના કારણે તીવ્ર વિષયાસક્તિ અને કષાયાવેશમાં ડૂબેલા રહેવા લાગ્યા, તેથી અઢળક પાપકર્મોના ઢગલા કરીને એ ભોગવવા મરીને સાતમી નરકે ગયા. ભગવાનનો જીવ નયસારના ભવમાં સમકિત પામ્યો ત્યારથી એમના ભવની ગણત્રી થઈ છે. તેમાં આ વિશ્વભૂતિનો ભવ આવી જાય છે. સમકિતના ભાવમાં હોય ત્યારે જીવ આવું નિયાણું કરે નહિ પણ આ સમયે સમકિત વમી ગયા હશે જેથી ભાવિમાં તીર્થંકર બનનાર આત્મા પણ આવો કુવિકલ્પ કરી બેઠો ને નિયાણું કર્યું. જેના કારણે નરકમાં જવાનો પ્રસંગ આવ્યો. ત્યાંથી મરીને સિંહ થયા. ત્યાંથી ચોથી નરકે ગયા પછી મનુષ્ય અને દેવના ભવ કરતા છેવટે ૨૭ મા ભવે ભગવાન મહાવીર

સ્વામી નામે તીર્થંકર થયા. તેઓ આપણને સમજાવી ગયા કે માનવજીવનનું ખરું કાર્ય કર્મરોગનાં તીવ્ર સંતાપ મટાડવા માટે ધર્મ ઔષધનું સેવન કરીને કર્મરોગને આવવાના દરવાજા બંધ કરવા સદા જાગૃત અને પ્રયત્નશીલ બનો.

આપણા અધિકારમાં ચિત્તમુનિ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે હે રાજન્! તમે પણ કંઈક સમજો, અને કર્મરોગને નાબૂદ કરવા માટે ધર્મનું ઔષધ લઈ લો. જો ધર્મ ઔષધનું સેવન નહિ કરો તો કર્મરોગ વધતો જશે. આ માનવજીવન તો ક્ષણિક છે. કયારે મૃત્યુની ફોજ આવશે તેની ખબર નથી. આપણું આયુષ્ય તો પાણીના પૂરની જેમ અખંડ વહ્યા કરે છે. પાણીનો પ્રવાહ કદી સ્થિર રહેતો નથી, પાણીના પૂરને કોઈ રોકવા ઈચ્છે તો રોકી શકાતું નથી. હા.....નદીના પાણીને બંધ બાંધીને રોકી શકાય છે પણ આયુષ્યના વહેતા પ્રવાહને બંધ બાંધીને રોકવાની કોઈની તાકાત નથી, એટલે ક્ષણે ક્ષણે આયુષ્ય રૂપી પાણી આપણા જીવનમાંથી વહ્યા કરે છે. જીવનમાંથી ગયેલી ક્ષણ પાછી આવતી નથી, માટે ધર્મારાધના કરીને જીવન સફળ બનાવો. આ યુવાની ચાલી જશે ને જોતજોતામાં તો વૃદ્ધાવસ્થા આવી જશે એટલે ધાર્યું ધર્મધ્યાન નહિ થાય, કારણ કે પુદ્ગલના પર્યાયો ક્ષણે ક્ષણે પલટાયા કરે છે. આજે જેનું શરીર લોખંડી છે, ચાલતા ધરતી ધ્રુજાવતો હોય છે, એ જ માણસ વૃદ્ધાવસ્થા આવતા રાંક જેવો બની જાય છે, માટે યુવાવસ્થા એ ધર્મ કરવાની તક છે એવું સમજીને હે રાજન્! તું જાગૃત બનીને ધર્મારાધના કરી લે. આત્માને માટે પરભવનું ભાતું બાંધી લે. આ પ્રમાણે ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવી રહ્યા છે. હજુ પણ શું સમજાવશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- ભીમસેન બબ્બે વખત દેવ પરીક્ષામાં પાસ થયો, તેથી દેવે તેના પર પ્રસન્ન થઈને દિવ્ય વસ્ત્રાભૂષણો ભેટ આપ્યા ને પછી પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા. ભીમસેન થોડા દિવસ ગંગા નદીના કિનારે રોકાયો. બધાનો થાક બરાબર ઉતર્યો એટલે ડેરા તંબુ ઉઠાવીને સૈન્ય સહિત આગળ પ્રયાણ કર્યું. નીકળ્યા ત્યારે બધાએ નવકારમંત્રનું સ્મરણ કર્યું, અને પંચ પરમેષ્ઠી પ્રભુને ભાવથી નમસ્કાર કરી આગેકૂચ કરવાનો પ્રારંભ કર્યો. હવે તો સૌને જલ્દી ઉજ્જૈની પહોંચવાની હોંશ છે એટલે દરરોજ પ્રવાસ ચાલુ રાખ્યો. ન છૂટકે કયાંક એકાદ બે દિવસનો પડાવ નાંખતા ને આગળ ચાલતા. વચમાં જે જે ગામ નગર આવતા તે તે નગરના રાજાઓ અને નગરજનો સૌ પ્રેમથી ભીમસેનનું સ્વાગત કરતા. નગરના શ્રેષ્ઠીઓ ભીમસેનનું સ્વાગત કરીને અનેક પ્રકારની મૂલ્યવાન ચીજો ભેટ આપવા લાગ્યા ને બુલંદ અવાજે ભીમસેન નરેશનો જયજયકાર બોલાવતા હતા. આમ આનંદમંગલપૂર્વક ભીમસેન રાજા સૈન્ય સહિત આગેકૂચ કરતા ઉજ્જૈની નગરીના ગાઢ જંગલમાં આવ્યા.

"એ જ જંગલ ને એ જ રાત" :- જયારે ભીમસેન રાજા, સુશીલા રાણી,

અને દેવસેન-કેતુસેન બધા હરિસેનના ત્રાસથી ઉજ્જૈની નગરીનું રાજ્ય છોડીને એકાએક રાત્રે ચાલી નીકળ્યા ત્યારે સૌથી પ્રથમ જે જંગલમાં રાતવાસો રહ્યા હતા તે જ જંગલમાં વિશાળ સૈન્ય સહિત રાતવાસો રહ્યા. વિશાળ સૈન્ય ચારે તરફ સૂતું છે, કોઈ બેઠું છે. હજારો માણસો ભીમસેનને ખમ્મા ખમ્મા કરે છે ને દાસીઓ સુશીલાની સેવા કરે છે. આ સમયે ભીમસેને પૂછ્યું-સુશીલા! આ જંગલને તું ઓળખે છે? ત્યારે સુશીલાએ કહ્યું-નાથ! કેમ ન ઓળખું? અહીં તો આપણે પર્ણકુટીરમાં મહાકષ્ટમાં રાત્રી પસાર કરી હતી. આપણે આભૂષણોનો ડબ્બો જમીનમાં દાટીને સૂતા હતા. ભૂખ્યા-તરસ્યા ને થાકયા પાકયા ઉંઘી ગયા ત્યારે ચોર લોકો આપણો દાગીનાનો ડબ્બો ચોરીને લઈ ગયા હતા. સવારે આપણે જાગ્યા ત્યારે ડબ્બો ન જોયો ત્યારે કેટલો કલ્પાંત કર્યો હતો? એ બધું બરાબર યાદ છે, પછી ભીમસેને દેવસેન અને કેતુસેનને બોલાવીને પૂછ્યું-હે મારા વ્હાલા પુત્રો! આપણે અહીં કયારે આવ્યા હતા? તે તમને યાદ આવે છે?

પિતાજી! આપણે અહીં આવ્યા ત્યારે અમે બંને ભાઈઓ નાના હતા. તે વખતે ઠંડીનો સમય હતો એટલે ભાંગીતૂટી ઝૂંપડીમાં ઠંડીથી થરથર ધ્રૂજતા હતા. અમે કહેતા હતા કે બા-બાપુજી! ખૂબ ભૂખ લાગી છે. અમને ખાવાનું આપો, પાણી આપો, ત્યારે તમે અમને સમજાવી સૂવાડી દેતા હતા, કારણ કે તે સમયે આ જંગલમાં એકલા નિરાધાર હતા. સવારે ઉઠીને કયાં જઈશું તે પણ ખબર ન હતી, ત્યારે આજે તો આપણે ઉજ્જૈની જવું છે તે નક્કી છે. એ સમયે આપણી કોઈ ખબર લેનાર ન હતું ત્યારે આજે તો આપણા પડતા બોલ ઝીલવા માણસો ખડે પગે ઉભા છે. આજે કોઈ ચીજની કમીના નથી, આજે આપણું રક્ષણ કરવા સેવકો અખંડ ઉજાગરા કરે છે અને આપણને સ્હેજ પણ કષ્ટ ન પડે તે માટે આપણા માણસોએ કેવો મઝાનો તંબુ બાંધીને મખમલની ગાદીઓ બીછાવી છે. આ રીતે ભીમસેન રાજા પોતાના તંબુમાં પોતાના પરિવાર સાથે ભૂતકાળમાં અનુભવેલા કડવા સ્મરણો યાદ કરી રહ્યા હતા, અને પુત્રોને કર્મની ફિલોસોફી સમજાવી રહ્યા હતા કે હે પુત્રો! આ બધી કર્મની રમત છે. આપણે પૂર્વભવોમાં એવા પાપ કર્મો કર્યા હશે કે જેથી આપણે આવા દુઃખો ભોગવવા પડયા. નહિતર આ એ જ જંગલ છે ને એ જ રાત છે અને આપણે પણ તેના તે જ છીએ છતાં બંને સમયમાં કેટલો તફાવત છે! એ રાત આપણા અશુભ કર્મની ઉપાર્જનાની હતી ને આ રાત શુભકર્મની છે. એ સમયે પાપોદય હતો ને આજે આપણો પુણ્યોદય છે. આપણે શુભ-અશુભ બંને કર્મોના ફળ ભોગવ્યા. હે દીકરાઓ! તમે આમાંથી એક સાર ગ્રહણ કરજો કે સુખ પણ સ્થિર નથી ને દુઃખ પણ સ્થિર નથી. બધું કર્માધીન છે માટે જેવું કરશો તેવું પામશો, માટે જીવનને શુધ્ધ આચાર વિચારવાળું બનાવજો. ધર્મને કદી ભૂલશો નહિ. બંને પુત્રોએ માતા-પિતાની શિખામણ મસ્તકે ચઢાવી.

એ જ સમયે દ્વારપાળે અંદર આવીને ખબર આપ્યા કે આ જંગલનો પલ્લીપતિ

સુભદ્ર આપના દર્શનાર્થે આવ્યો છે. જો આપની આજ્ઞા હોય તો એને હું અંદર લઈ આવું. ભીમસેને આજ્ઞા આપી એટલે પડછંદ કાયાવાળો અને ભયાનક મુખાકૃતિવાળો માણસ અંદર દાખલ થયો. તેણે રાજાને નમસ્કાર કર્યા, પછી ભીમસેને પોતાની બાજુમાં આસન ઉપર બેસાડીને આવવાનું કારણ પૂછયું. પલ્લીપતિએ કહ્યું આ થોડું ભેટણું આપના ચરણે ધરી આપના દર્શન કરી પવિત્ર બનવા આવ્યો છું. એમ કહીને સુભદ્રે સોનાના અને રત્નોના અલંકારોથી ભરેલો થાળ એમની સામે મૂકયો. એમાંના આભૂષણો તરફ દૃષ્ટિ પડતાની સાથે ભીમસેને કહ્યું અરે! આ તો મારા જ બાજુબંધ છે. ત્યાં સુશીલા બોલી કે આ તો મારો જ હાર છે. બંને જણાંએ અલંકારો હાથમાં લઈ ખૂબ ચોકસાઈથી જોયા એટલે યાદ આવી ગયું કે આ જંગલમાં ચોરાઈ ગયા હતા તે જ બધા આ અલંકારો છે, જુઓ કર્મના ખેલ કેવા છે! ગયું ત્યારે બધું એક સામટું ગયું. તે મેળવવા રડી રડીને આંખો લાલ કરી નાંખી હતી ને કાયા ઘસી નાંખી છતાં કંઈ પાછું ન મળ્યું તે ન મળ્યું ને આજે કર્મના વાદળ વિખરાતા એક પછી એક કરતાં બધું પાછું મળી ગયું. ભીમસેન મનોમન બોલી ઉઠયા. "**વાહ રે વાહ કર્મરાજા તારી લીલા અકળ છે. તારો ન્યાય અચળ છે. તું નથી કોઇને અધિક આપતો કે નથી કોઈને ઓછું આપતો.**" જેનું જે હોય તેનું તું સમય આવ્યે પાછું આપી દે છે.

ભીમસેને આ રીતે વિચાર કરતા પલ્લીપતિને પૂછયું કે આ અલંકારો તમારી પાસે કેવી રીતે આવ્યા? ત્યારે પલ્લીપતિએ કહ્યું, મહારાજા! આપની સમક્ષ કહેતા મારું મસ્તક શરમથી નમી પડે છે છતાં હું અસત્ય નહિ બોલું. હવે એ પલ્લીપતિ ભીમસેન રાજાને સત્ય વાત કરશે તેના ભાવ અવસરે.

❋ ❋ ❋

વ્યાખ્યાન નં. ૯૨

કારતક સુદ ૭ ને શનિવાર **તા. ૨૭-૧૦-૭૯**

અનંતજ્ઞાની ફરમાવે છે કે હે આત્મા! સંસારમાં પાપકર્મથી ખૂંચેલા જીવોને ધર્મ એ તારણહાર છે. ધર્મ એ જ સાચું શરણ છે. ધર્મ કરનાર આત્મા આ લોકમાં ને પરલોકમાં સુખી થાય છે. કંઈક વાર ધર્મીજીવને પૂર્વ કર્મના ઉદયથી દુઃખ કે આપત્તિ આવે ત્યારે અજ્ઞાન માણસો બોલી ઉઠે છે કે "**ધર્મીને ઘેર ધાડ પડે છે ને અધર્મી જીવો લહેર કરે છે.**" શું આ વાત સાચી છે? જે ધર્મ નથી કરતા એને કોઈ દુઃખ કે આપત્તિ નથી આવતી? ધર્મીને ઘેર ધાડ પડી એટલે એનો અર્થ એમ કે ધર્મ કર્યો એના ગુનાની સજા રૂપે દુઃખ આવ્યું? આવું માનવું ને બોલવું તે મહા પાપ છે, કારણ કે "**ધર્મ એ તો ભવસાગરમાં ડૂબતા જીવને તારનાર છે. ધર્મ એકાંત હિતકારી ને મંગલકારી છે. ધર્મ એ પવિત્ર કરણી છે.**"

ધર્મ કરવો એ ગુનો નથી પણ પવિત્ર કાર્ય છે. ધર્મ કરવાથી દુઃખ ટળે છે ને સુખ મળે છે. જો ધર્મ કરવાથી દુઃખ આવતું હોય તો પછી પાપાચરણથી શું સુખ મળે છે? જો એમ હોય તો પાપપ્રવૃત્તિ કરનાર આખી દુનિયા સુખી થઈ જાય, પણ એવું બનતું નથી. હા, એમ કહેવાય કે જે ધર્મ કરે તેને કસોટી આવે. તે વખતે અડગ રહેવું, ધર્મમાં સ્થિરતા રાખવી પણ એનો અર્થ એવો નથી કે કસોટી રૂપ આપત્તિ આવી એ ધર્મને લીધે આવી.

જીવને દુઃખ કે આપત્તિ તો પૂર્વે કરેલા અશુભ કર્મોને કારણે આવે છે. વર્તમાનકાળમાં ધર્મ કર્યો તેથી પૂર્વના કરેલા કર્મો કંઈ રદબાતલ થઈ જતા નથી, પણ એમ વિચારો કે ધર્મ કરતા કરતા દુઃખ આવ્યું એ તો પૂર્વભવમાં પાપ કર્યા છે એ ભૂલનું પરિણામ છે. બાકી અહીં જે ધર્મ કરી રહ્યા છે એનું ફળ તો આગળ સારું મળવાનું છે. આવી શ્રદ્ધાપૂર્વક કષ્ટમાં પણ ધર્મમાં સ્થિર રહી ધર્મ પ્રત્યે સદ્‌ભાવ અને શ્રદ્ધા વધારતા જાઓ. આજે ઘણાં એમ કહે છે કે દુઃખ આવે ત્યારે ધર્મમાં મન સ્થિર નથી રહેતું, ધીરજ નથી રહેતી એનું કારણ શું? બંધુઓ! એનું કારણ એક છે કે તમે હિસાબ ઊંધો માંડ્યો છે. બસ, મનમાં એક વાત ઠસી ગઈ છે કે ધર્મ કર્યો એટલે દુઃખ આવ્યું. એના બદલે જો જીવ સવળો હિસાબ માંડે કે હું કેવો ભાગ્યવાન છું કે મને દુઃખમાં પણ ધર્મ મળ્યો છે. **"દુઃખ વખતે પણ ધર્મ મારી પાસે છે, એ દુઃખમાં ધીરજ રાખવાની ચાવી છે."** પૂર્વભવના અશુભ કર્મના કારણે દુઃખ તો આવે પણ સારું થયું કે દુઃખમાં પણ મને ધર્મારાધના કરવાનું મન થાય છે. ધર્મના પ્રતાપે દુઃખમાં ધીરજ રહે છે, તેથી પૂર્વના પાપકર્મના ફળ ભોગવતા નવા પાપકર્મ તો નહિ બંધાય ને! આ રીતે જોવાની સાઈડ બદલવાની જરૂર છે. **ધર્મમાં દુઃખ જોવાને બદલે દુઃખમાં ધર્મ જોવાની જરૂર છે.** આ રીતે જોતાં આવડે તો ધર્મ વખતે દુઃખ આવતા ધર્મમાં આનંદ અને જોમ વધી જાય અને મનને એમ થાય કે મારા અહોભાગ્ય કે આ વખતે મારી પાસે ધર્મ છે. અધર્મી જીવોને દુઃખ ભોગવતાં નવા પાપકર્મો ઉભા થાય છે ત્યારે મારે તો પૂર્વના કર્મો સાફ થાય છે ને નવા પાપકર્મોની ભરતી થતી નથી, પણ ધર્મથી બીજા કેટલાય સંચિત કરેલા પાપકર્મો નષ્ટ થઈ જાય છે, ને પુણ્ય વધે છે, તેથી ધર્મીને ધર્મમાં દુઃખ નહિ પણ દુઃખમાં ધર્મ મળ્યો છે તેનો આનંદ હોય. તે ધર્મના માર્ગે કોઈ પણ જાતની ઈચ્છા રહિત સતત શ્રદ્ધાપૂર્વક પુરૂષાર્થ ખેડ્યા કરે છે. સૂયગડાયંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે–

जे य बुद्धा महाभागा, वीरा सम्मत्त दंसिणो ।
सुद्धं तेसिं परक्कंतं, अफलं होइ सव्वसो ॥ अ ८ गाथा १३

જે પુરુષ ધર્મના તત્ત્વના સ્વરૂપના જાણનાર હોય, ધર્મના રહસ્યો જાણનાર હોય, પૂજનીય હોય, આઠે કર્મોનો ક્ષય કરવામાં સમર્થ વીર હોય, અને સમ્યક્‌દૃષ્ટિ હોય

તેના સંયમ, તપ આદિ સર્વ ધર્મક્રિયાઓ નિદાન રહિત, શુધ્ધ, નિર્મળ અને કર્મના નાશ માટે હોય છે, મોક્ષ માટે હોય છે. સમ્યગ્દૃષ્ટિ આત્માની થોડી પણ ધર્મક્રિયા કર્મક્ષય કરવા અર્થે, કર્મ નિર્જરાના અર્થે હોય છે. સંસાર પરિભ્રમણને ઘટાડનાર અને સદ્ગતિ તથા મોક્ષના કારણ માટે હોય છે. બસ, એની દૃષ્ટિમાં એક જ ભાવના હોય કે ધર્મારાધના કરતા ભલે ગમે તેટલું મને કષ્ટ આવે, મારા ઉપર ઉપસર્ગોના પહાડ તૂટી પડે કે મને સંસાર સુખના ગમે તેટલા પ્રલોભનો મળે પણ મારે ધર્મ છોડવો નથી. મારે તો મારા કર્મોનો ક્ષય કરી મારા આત્માનું કલ્યાણ કરવું છે. એવી એની ભાવના હોય.

આપણા અધિકારના નાયક ચિત્તમુનિની પણ એવી જ ભાવના છે કે શુધ્ધ સંયમનું પાલન કરી મારે મારા કર્મોનો ક્ષય કરી મોક્ષમાં જવું છે, અને બીજા જીવોને પણ આત્મકલ્યાણના પંથે વાળી દુર્ગતિમાં પડતા બચાવવા છે. એ દૃષ્ટિથી ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને કહે છે. હે પાંચાલ દેશના મહારાજા! તું મારી વાત સાંભળ. મારી વાત તારા હૃદયમાં ઉતારવા જેવી છે. આ સંસારમાં પગલે ને પગલે કેટલા પાપકર્મો કરવા પડે છે. આ આરંભ સમારંભથી ભરેલા સંસારમાં સુખ ભોગવતા તને આનંદ આવે છે પણ મહા આરંભ અને મહા પરિગ્રહ ભેગો કરી એમાં રાચવાથી જીવને નરક ગતિમાં જવું પડે છે ને ત્યાં ભયંકર, અસહ્ય–ઘોર દુઃખો ભોગવવા પડે છે, માટે આવા દુઃખદાયી, મહારંભી-જેમાં ઘોર પાપ કરવા પડે છે એવા કાર્યોનો તું ત્યાગ કરીને સંયમના ઘરમાં આવી જા. આ સંસારમાં આવી સમૃધ્ધિ પામીને તેં ઘણું ખાધું, પીધું ને મહાસુખમાં મહાલ્યો ને ઘણાં પાપકર્મો બાંધ્યા. આ તારો પરિવાર તને આટલા માનપાન આપે છે, રાજરમણીઓ ખમ્મા ખમ્મા કરે છે પણ બધું કયાં સુધી? જ્યાં સુધી પુણ્ય છે ત્યાં સુધી. પુણ્ય ખતમ થશે ને પાપનો ઉદય થશે ત્યારે જીવનમાં ઘોર અંધારું છવાઈ જશે. કહેવાય છે કે

"આજનો લાખેશ્રી ધરતી ધ્રુજવે, કાલે એને જાર માટે મનડું મૂંઝવે."

આજનો લાખોપતિ ને કરોડપતિ ધમધમ ધરતી ધ્રૂજાવતો હોય છે. એક હાકે બધાને ઉભા કરી દેતો હોય પણ એનું પુણ્ય ખલાસ થાય છે ત્યારે કરોડો ને લાખોની સંપત્તિ પગ કરીને કયાંય ચાલી જાય છે, અને જુવારના લુખ્ખા રોટલાના પણ એને સાંસા પડે છે, પણ આ વાત જીવને સમજાતી નથી. એટલે ધન મેળવવા માટે દોડાદોડ કરે છે ને બોલે છે કે જુવાનીમાં ધન કમાઈ લઈએ, જુવાનીનું રળેલું ઘડપણમાં કામ આવશે. ભાઈ! જુવાનીમાં રળેલું ઘડપણમાં નિરાંતે ખાઈશું એમ કહો છો પણ આયુષ્યનો શું ભરોસો છે? યુવાનીનું રળેલું ઘડપણમાં આવા રહેશે એવું નકકી છે? અગર યુવાનીમાં રળેલી લક્ષ્મી ઘડપણ સુધી રહેશે એ પણ નક્કી છે? "ના." તો પછી સમજો. જ્ઞાની પુરૂષો એનો અર્થ એવો કરે છે કે યુવાવસ્થામાં ધર્મ કરી લો. ધર્મની કમાણી કરી લો તો પરભવમાં એ કમાણી તમારી સાથે આવશે અને ધર્મ વર્તમાનકાળે

પણ તમને દુઃખમાં શાંતિ આપશે, પણ ભૌતિક ધનની કમાણી તમારી સાથે નહિ આવે, અને વર્તમાનમાં એને મેળવતા પાપ બંધાશે, અશાંતિ વધશે. ધન સાથે નહિ આવે પણ પાપ તો સાથે આવશે ને એને કારણે આ ભવમાં ને પરભવમાં દુઃખ ભોગવવા પડશે.

ચિત્તમુનિએ પોતે સમજીને આરંભ પરિગ્રહનો ત્યાગ કર્યો છે એટલે જોરશોરથી બ્રહ્મદત્ત ચક્રવર્તિને સમજાવી રહ્યા છે. અત્યાર સુધી ચિત્તમુનિએ જે જે વાતો કહી તે બધી બ્રહ્મદત્ત ચક્રવર્તિએ સાંભળી. હવે બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને જવાબ આપે છે.

अहंपि जाणामि जहेह साहू, जं मे तुमं साहसि वक्कमेयं ।
भोगा इमे संग करा हवंति, जे दुज्जया अज्जो अम्हारिसेहिं ॥ २७ ॥

હે સાધુ મુનિરાજ ! આપ સંસારિક પદાર્થોની અનિત્યતાના વિષયમાં મને જે સમજાવી રહ્યા છો તે જ રીતે હું પણ જાણું છું કે આ શબ્દાદિક ભોગ–વિષયો ધર્મક્રિયાઓ કરવામાં અવરોધ કરનાર છે પરંતુ હે આર્ય ! અમારા જેવાથી છોડવા અશક્ય છે, આથી હું એને છોડવામાં અસમર્થ છું. આ ગાથા દ્વારા બ્રહ્મદત્ત ચક્રવર્તિએ પોતાની વાસ્તવિક પરિસ્થિતિ મુનિરાજની સામે સ્પષ્ટ કરી દીધી કે હે મુનિરાજ ! આ કામભોગો ધર્મક્રિયામાં પ્રતિબંધક છે. એ વાત હું સમજું છું, જાણું છું પણ હું છોડવા માટે સર્વથા અશક્ય છું.

બંધુઓ ! જે મનુષ્ય ભોગોસક્ત બની જાય છે એને કામભોગ છોડવા અશક્ય લાગે છે. સંસાર સુખનો રાગ, આસક્તિ મહા ભયંકર છે. સંસાર સુખનો રાગ ન છૂટે ત્યાં સુધી સંતો ગમે તેટલું સમજાવે પણ સંસાર કયાંથી છૂટે ? ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને ગમે તેટલું સમજાવ્યા પણ સંસાર સુખના રાગમાં એટલા બધા રંગાઈ ગયા હતા કે એમણે સંતને કહ્યું કે હું જાણું છું કે કામભોગ ધર્મકરણી કરતા રૂકાવટ કરનાર છે, પણ હું છોડી શકું તેમ નથી. સંસાર સુખ, વિષય સુખનો રાગ જ્યાં સુધી ખતરનાક ન લાગે ત્યાં સુધી એને છોડવાનું મન ન થાય. રાગ–દ્વેષ, કામ, ક્રોધ, લોભ, નિંદા, ઈર્ષ્યા વિગેરે જે દુર્ગુણો છે તે પ્રત્યે દિલ કકળતું નથી એટલે એને ધક્કો લાગતો નથી, અને એ ફાલ્યાફૂલ્યા રહે છે. જીવ હોંશે હોંશે રાગ–દ્વેષ–જૂઠ–અનીતિ–વૈરઝેર બધું કરે છે. વર્ષોથી ધર્મ કરવા છતાં જીવની આ દુર્દશા કેમ છે ? એનું કારણ એ છે કે એની ભયંકરતા અને ભાવિ અનર્થો સમજાતા નથી. એની ભયંકરતા સમજાય નહિ ત્યાં સુધી એને ધક્કો લાગે નહિ ને એ જીવનમાંથી ઓછા થાય નહિ.

વર્ષોના ધર્મ પરિચયે શું આપ્યું ? અસત્ય, અનીતિ, ઈર્ષ્યા, વૈર–વિરોધ, રાગ–દ્વેષ વિગેરે અધર્મોને ધક્કો ન મરાવ્યો ? સત્ય, નીતિ, ગુણ, પ્રમોદ, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ, ક્ષમા, પ્રેમ, ઉદારતા વિગેરે પ્રત્યે મમતા ન જગાડી ? તો તમે ધર્મનો

પરિચય કેવો કર્યો ? જેમ પુત્રને સાવકી માતા હોય તેમ તમે ધર્મને પહેલેથી સાવકી માતા જેવો ગણ્યો છે, પછી એ ધર્મ પોતાનો કેવી રીતે થાય ? ધર્મને પરાયો ગણ્યો છે ને સંસારની ચીજોને પોતાની ગણી છે, એટલે આ મારું ઘર, આ મારી પત્ની, મારા સંતાન, મારી તિજોરી, મારી સંપત્તિ, મારું ઘર, મારી દુકાન, આવી સમજણ રાખી હોય ત્યાં આ મારો ધર્મ, મારા ભગવાન, મારા ધર્મગુરૂ એવા ભાવ કયાંથી આવે ? ને ધર્મ પોતાનો કયાંથી લાગે ? મહાન પુણ્યોદયે સારા કુળમાં અને જિન શાસનમાં જન્મ્યા એટલે આવો ઉત્તમ જૈન ધર્મ તો મળ્યો. **" જિંદગીના છેડા સુધી ધર્મનો પરિચય તો કરશો પણ એના પ્રત્યે ઓરમાન માતા જેવો ભાવ રાખશો તો આત્માનું દરિદ્ર કેવી રીતે ટળશે ?"** એ માટે તો ધર્મ પોતાનો છે અને કંચન-કાયા-કુટુંબ પરાયા છે એવો ભાવ હૃદયમાં નહિ આવે અને ધર્મ પ્રત્યે પોતાની સગી માતા જેવી મમતા નહિ જાગે ત્યાં સુધી આત્માનું દરિદ્ર નહિ ટળે તો હવે વિચાર કરો, ધર્મની મમતા કેવી રીતે જાગે ? ધર્મ પોતાનો કેવી રીતે લાગે ? સાંભળો, કાયા-કુટુંબ, કંચન, કામિની વિગેરે પરના રાગ-મમત્વ અને એની પાછળ આરંભ સમારંભના ભાવ અને અસત્ય, અનીતિ, ક્રોધાદિ કષાયો, ઈર્ષ્યા, વૈર-વિરોધ વિગેરે દુર્ગુણોને ધક્કો લાગે, અને એ ધક્કો લગાડવા માટે એની ભયાનકતા વિચારીને દિલ કકળી ઉઠવું જોઈએ.

શાલિભદ્રજીને અઢળક સંપત્તિ, બત્રીસ અપ્સરા જેવી પત્નીઓ અને એના અઢળક ભોગવિલાસ ખતરનાક લાગ્યા. એના ઉપર દિલ કકળી ઉઠયું એટલે એમના અંતરમાં સંયમ ધર્મ પ્રત્યે અનેરી મમતા જાગી. સંયમ ધર્મ પોતાનો અને બીજા બધા પરાયા છે એવું સચોટ સમજાઈ ગયું, એટલે પરાયાનો ત્યાગ કરી સંયમ ધર્મ અપનાવતા વાર ન લાગી. સનત્કુમાર ચક્રવર્તિ છ છ ખંડની સંપત્તિનો ત્યાગ કેવી રીતે કરી શકયા ? શરીરમાં એકાએક સોળ સોળ રોગો ઉત્પન્ન થયા ત્યારે વિચાર કર્યો કે આ રોગો ઉત્પન્ન થવાનું મૂળ કારણ શું ? તો એના મૂળ કારણમાં પૂર્વ જન્મના કર્મોને જોયા તેથી છ છ ખંડની ઠકુરાઈ પરના રાગ-મમતા વિગેરે ખતરનાક લાગ્યા. એના પર દિલ કકળી ઉઠયું, કારણ કે એમને સંસારના સુખ અકારા લાગ્યા, એટલે એ સર્વ સંપત્તિનો ત્યાગ કરીને સંયમ પંથે ચાલી નીકળ્યા. સંસાર સુખ અકારા કેમ લાગ્યા તે જાણો છો ? **" નજરકેદી રાજાની જેમ આ સંસારમાં પોતાના કર્મોનું હલકટપણું, કેદીપણું અટકે તો ગમે તેટલા સુખ સન્માન પણ અકારા લાગે.**

બોલો, આવું સાંભળીને તમને સંસારના સુખ અકારા લાગે છે ખરા ? " ના." નથી લાગતા ને ? એનું કારણ એક જ છે. જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલા ધર્મ પ્રત્યે તમને મમત્વ ભાવ નથી. એમના જીવન તરફ તમારી દૃષ્ટિ નથી. તમે ધર્મ પ્રત્યેનું મમત્વ વધારો તો તમને તન અને ધનનું મહત્વ ઓછું થશે ને એના દ્વારા ધર્મ

સાધી શકશો. તમને તપ કોણ નથી કરવા દેતું ? બોલો. તનનું મમત્વ. દાન કોણ નથી કરવા દેતું ? ધનનું મમત્વ. ધર્મ પ્રત્યે મમત્વ જાગે ને ભગવાનના જીવન તરફ દૃષ્ટિ થાય તો તન અને ધન ઉપરનું મમત્વ ઉતરી જાય તેથી મોહની છાતી ભેદાઈ જાય એટલે ઉગ્ર તપ અને સંયમ પણ સુલભ થઈ જાય.

ધન્નાજી અને શાલીભદ્રજી કરોડો અને અબજોની સંપત્તિને ત્યાગીને ચારિત્ર કેમ લઈ શકયા ? મોક્ષ માર્ગ પર મમત્વ વધ્યું તેથી સંપત્તિ પરનું મમત્વ ઘટયું એટલે એમને માટે ત્યાગ માર્ગ સરળ બની ગયો. સંયમ લઈને કાયા પરનું મમત્વ પણ ઉતરી ગયું. તેમને એકજ લગની લાગી કે હવે તો કર્મો ખપાવી જલ્દી મોક્ષમાં જવું છે એટલે ભગવાનની આજ્ઞા મુજબ એમના બતાવેલા માર્ગે ચાલી કઠીન તપ અને સંયમનું પાલન કરી આત્મકલ્યાણ કરી ગયા. આપણે મહાપુરૂષોની માફક મમતાનો ત્યાગ કરી સાધના કરવી પડશે. તે સિવાય આપણું કલ્યાણ થવાનું નથી.

ચિત્તમુનિ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને એ જ વાત સમજાવે છે કે હે રાજન્ ! આયુષ્ય પાણીના પૂરની જેમ ઝડપભેર વહી રહ્યું છે માટે આ સંસાર સુખનો મોહ-રાગ છોડીને ત્યાગના રાગી બનો. ચક્રવર્તિ કહે છે હે મુનિરાજ ! આપ તો મારા મહાન ઉપકારી તારણહાર છો તેથી આપ મને સંસારમાંથી બહાર કાઢવા અનેક રીતે ઉપદેશ આપો છો. હું સમજું છે કે આપની વાત અક્ષરે અક્ષર સત્ય છે ને જીવનમાં અપનાવવા જેવી છે. હું પણ જાણું છું, સમજું છું કે આ સંસારની મમતા જીવને દુર્ગતિમાં લઈ જનારી છે. સંસાર છોડયા વિના આત્મકલ્યાણ થવાનું નથી, છતાં હું મોહમાં એવો ફસાઈ ગયો છું કે સંસાર છોડવો મારા માટે મુશ્કેલ છે.

હે ગુરૂ ભગવંત ! કયારેક તો જીવને એવા પ્રસંગો ઉપસ્થિત થાય છે કે સંસારમાં અકળાઈ મૂંઝાઈ જવાય છે. તમને પણ ઘણી વાર એવું થાય છે ને કે હાય....સંસારથી કંટાળી ગયા. હવે તો સાધુ બનીને કયાંક જંગલમાં ચાલ્યા જઈએ પણ એક ઘડી, બે ઘડી પૂરતું, પછી તો પાછા માનપાન મળ્યા એટલે હતો તેવો જ મોહ થઈ જાય છે. સંસાર એળિયા જેવો લાગવા છતાં એને કંસાર જેવો ગળ્યો માનીને ભોગવવાની મમતા છૂટતી નથી. આ વાત સાચી છે ને ? સાચી લાગતી હોય તો મોહ છોડી દો. બ્રહ્મદત્તે તો કહ્યું–હે મુનિરાજ ! તમારી વાત સાચી છે, પણ તમે તો એટલું પણ નથી બોલતા. બ્રહ્મદત્ત કહે છે કે હું સમજું છું કે જે કાયાનું મેં રાત–દિવસ જતન કર્યું એ જ કાયાને એક દિવસ જેને મેં મારા માન્યા છે તે બધા ભેગા થઈને અગ્નિમાં જલાવી દેશે, અગર કોઈ નિરાધાર ગરીબ માણસની કાયા હશે તો જંગલમાં રઝળશે ને એને કૂતરા કોચી ખાશે ને ગીધડા ફોલી ખાશે. આ સંસાર તો એકાંત સ્વાર્થનો ભરેલો છે. જીવતા માણસના ત્યાં સુધી માન છે કે જ્યાં સુધી સ્વાર્થ સધાય છે. જ્યાં

સ્વાર્થ પૂરો થયો ત્યાં કોઈ સામું જોતું નથી. એવી આ સંસારની માયા છે, માટે સંસારને છોડવા જેવો છે, પણ હું છોડી શકતો નથી.

અહાહા....મોહમાં ઘેરાયેલા જીવની કેવી કંગાલ દશા છે કે એ આવું બધું જાણવા ને સમજવા છતાં જિનાજ્ઞાનું પાલન કરી શકતો નથી. જેને જિનાજ્ઞાનું ફરમાન ગમે તે મોક્ષના મહાન સુખો મેળવે છે. એને પછી કોઈના ફરમાન ઉઠાવવા પડતા નથી, અને જેને જિનાજ્ઞાનું ફરમાન ન ગમે તેને કર્મરાજાના અનેક ફરમાનો ગમે કે ન ગમે છતાં ઉઠાવવા પડે છે. જિનાજ્ઞાને માથે ચઢાવનાર મોહરાજાની છાવણીમાં જવા છતાં મોહનો એક પણ ગોદો ખાધા વગર પાછો આવે છે. ચિત્તમુનિ મોહરાજાની છાવણીમાંથી બહાર નીકળી ગયા છે અને બ્રહ્મદત્ત ચક્રવર્તિ મોહરાજાની છાવણીમાં બેઠા છે ને મોહરાજાના રાગ-દ્વેષ-મમતા આદિ સૈનિકોના અનેક ગોદા ખાઈ રહ્યા છે, એટલે એ મુનિની વાત કબૂલ કરે છે કે તમે જે કહો છો તે સાચું છે પણ હું એને છોડવા સમર્થ નથી. હજુ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

ચરિત્ર :- ભીમસેને પદ્મીપતિને પૂછયું કે ભાઈ! આ અમારા અલંકારો તમારી પાસે કેવી રીતે આવ્યા ? ત્યારે સુભદ્રે કહ્યું-મહારાજા ! અમે લોકો ચોર લૂંટારા જરૂર છીએ પણ નિર્દોષ અને ગરીબ માણસોને અમે કદી લૂંટતા નથી. એ ચોરોને ખબર નહિ કે આપ ઉજ્જૈની નરેશ છો અને આપને અચાનક રાજપાટ છોડીને ભાગવું પડયું છે. જ્યારે આપને રાજ્ય છોડીને ભાગવું પડયું ત્યારે એ વાત નક્કી છે કે દુઃખમાં માણસને દાગીનાનો જ આધાર હોય. એ ચોરાઈ જતાં માણસના પ્રાણ ચાલ્યા જાય એવું થાય છે. આપના દાગીના ચોરાઈ ગયા ત્યારે આપને કેવું દુઃખ થયું હશે ? પણ મારા સાથીદારોને ખબર નહિ તેથી ધનની લાલચથી એમણે આપના દાગીના ચોરી લીધા હશે, પણ મેં તો એ દાગીના સાચવીને મૂકી દીધા હતા, પછી મેં આપની ઘણી તપાસ કરાવી પણ આપનો કયાંય પત્તો લાગ્યો નહિ, ત્યારથી મેં નક્કી કર્યું કે જ્યારે આપનો પત્તો લાગશે ત્યારે હું જાતે જ એ દાગીના આપને પાછા આપીશ ને આપની માફી માંગીશ, ત્યારથી હું રોજ આપની રાહ જોતો હતો અને દરરોજ આપના સમાચાર મેળવવા પ્રયત્ન કરતો હતો ત્યાં મને આજે સમાચાર મળ્યા કે આપ સ્વયં આજે અહીં પધારી રહ્યા છો અને આ જંગલમાં જ આપ આજે રાત્રે રોકાવાના છો, આ સમાચાર મળતાં હું આપની પાસે આભૂષણો લઈ ને આવ્યો છું. આપ મને ક્ષમા કરો ને આપના આભૂષણો ગ્રહણ કરો.

સુભદ્રની વાત સાંભળી ભીમસેન રાજાના મનમાં થયું કે મારે આને ચોર કહેવો કે શાહુકાર ? શાહુકારમાં પણ આવી ખાનદાની જોવા મળતી નથી. સુભદ્રની નીતિ અને

સત્યપ્રિયતા જોઈને રાજાને એના પ્રત્યે માન ઉપજ્યું. સાથે દિલમાં દુઃખ પણ થયું કે આવો સારો માણસ છે પણ પેટને માટે ચોરીનો કેવો હલકો ધંધો કરવો પડે છે? ભીમસેને કહ્યું–સુભદ્ર! તારું સ્વચ્છ હૃદય જોતાં મને લાગે છે કે તારો આત્મા પવિત્ર ને ઉજ્જવળ છે, પણ તારા પાપકર્મના ઉદયથી તું આ ધંધો કરે છે પણ એ ધંધો ઘણો હલકો છે. એ તારા જેવાને શોભતો નથી. તને ખબર છે ને કે ધન એ તો માણસનો મહાપ્રાણ છે. એના જવાથી માણસ નથી જીવી શકતો કે નથી મરી શકતો. એના વિના ગરીબાઈમાં તો માણસની કફોડી સ્થિતિ થાય છે. આ તો મારા અનુભવની વાત છે. તું આ ધંધો કરીને માણસનું ધન જ નથી લૂંટી લેતો પણ એમની ઊંઘ પણ છીનવી લે છે અને તેને અકાળે મૃત્યુના મુખમાં ધકેલી દે છે. શાસ્ત્રકાર ભગવંતોએ તો ચોરીને મહાન પાપ ગણ્યું છે. ચોરી કરનારનો આ ભવ અને પરભવ બગડે છે, માટે તું ચોરીનો ત્યાગ કર અને પ્રમાણિક જીવન જીવ. પરસેવો પાડી, મહેનત કરીને જે ધન મળે તેનાથી તું જીવન ગુજાર. જો તને મારા પ્રત્યે માન હોય તો તું મારું વચન માનીને આજથી ચોર મટીને સાચો માનવ બની જા.

"રાજાની ટકોરે ચોરનો જીવનપલટો" :– ભીમસેન રાજાની વાત સાંભળીને સુભદ્રે કહ્યું–આપની આજ્ઞા મને શિરોમાન્ય છે. ભીમસેનનો ચરણ સ્પર્શ કરીને સુભદ્રે કહ્યું કે હું આપ સૌની સાક્ષીએ પ્રતિજ્ઞા લઉં છું કે આજથી હું જાતે ચોરી કરીશ નહિ ને કોઈની પાસે કરાવીશ નહિ પણ હવે મારા ગુજરાન માટે આપ કહો તે કાર્ય કરવા તૈયાર છું. ભીમસેને સુભદ્રને શાબાશી આપીને કહ્યું તારે એ ચિંતા કરવાની જરૂર નથી. તું મારી સાથે ઉજ્જૈની ચાલ. હું તને મારા રાજ્યમાં કયાંક સારી જગ્યાએ ગોઠવી દઈશ. સુભદ્ર રાજાની સાથે જવા તૈયાર થયો. એ વાતની ખબર પડતા એના સાથીદારો પણ ચોરીનો ધંધો છોડીને એની સાથે જવા તૈયાર થયા. ભીમસેને સૌને અહોભાગ્ય આપવાનું વચન આપ્યું અને સૌ ભીમસેનના સૈન્યમાં ભળી ગયા. હવે અહીંથી ઉજ્જૈની બહુ દૂર નથી. બે ત્રણ દિવસમાં પહોંચી જવાનું છે, એટલે સૌના આનંદનો પાર નથી. ભીમસેનને યુધ્ધ કરવાની મરજી નથી, એને રાજ્યનો મોહ નથી, પણ પુત્રોની ઈચ્છાને આધીન થઈને આ સૈન્ય સાથે જવું પડે છે એટલે જાય છે. હવે બધા ઉજ્જૈની નગરીમાં પહોંચશે. આ તરફ હરિસેન પણ મોટાભાઈને મળવા આતુર બન્યો છે અને પ્રજા પણ રાજાને મળવા અધીરી બની છે. હવે તેઓ ઉજ્જૈની પહોંચશે ને શું બનશે તેના ભાવ અવસરે.

○ ○ ○

વ્યાખ્યાન નં. ૯૩

કારતક સુદ ૮ ને રવીવાર **તા. ૨૮-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત ઉપકારી, ભવોભવના ભેદક,

ત્રૈલોક્ય પ્રકાશક, શાસ્ત્રકાર ભગવાન ફરમાવે છે કે આ જીવને જો સાચું સુખ મેળવવું હોય તો ધર્મની આરાધના કરો. ધર્મ એ શિવ સુખની પ્રાપ્તિનો અમોઘ ઉપાય છે, પણ પહેલા વિચારવું જોઈએ કે ધર્મ કેવો હોવો જોઈએ? જે ધર્મની આરાધના કરતા જીવનમાં **"વિષયોનો વિરાગ પ્રગટે, કષાયોનો ત્યાગ થાય, ગુણોનો અનુરાગ જન્મે, એ ત્રણને પેદા કરનારી તથા દોષોને દુર કરનારી ક્રિયામાં અપ્રમાદભાવ આવે."** એવો ધર્મ શિવસુખનો સાચો ઉપાય છે. જે ધર્મમાં વિષયો પ્રત્યેનો વિરાગ પેદા કરવાની તાકાત નથી, જે ધર્મ કરવાથી જીવનમાંથી કષાયો જાય નહિ, ગુણીજનોને દેખીને ગુણાનુરાગ પ્રગટે નહિ અને જે ધર્મ આત્માને નિવૃત્તિ પમાડનારી ક્રિયાઓમાં અપ્રમત્તતા લાવે નહિ તે ધર્મ વસ્તુતઃ ધર્મ નથી. વસ્તુતઃ ધર્મ તો તેને જ કહેવાય કે જે જીવને પરિણામે મોક્ષની પ્રાપ્તિ કરાવે. મોક્ષ સુખના મેવા મેળવવા માટે આ ચાર ચીજોની આવશ્યકતા છે. ઈન્દ્રિયોના વિષયો પ્રત્યે વિરાગ પ્રગટયા વિના, કષાયોનો ત્યાગ થયા વિના, ગુણાનુરાગ પ્રગટયા વિના અને એના યોગે આત્માના સ્વભાવને પ્રગટ કરવામાં સહાયક ક્રિયાઓમાં અપ્રમત્ત ભાવ આવ્યા વિના કોઈ પણ આત્મા ભૂતકાળમાં મોક્ષના સુખ પામ્યો નથી, વર્તમાનકાળે પામતો નથી અને ભવિષ્યમાં પામશે નહિ, આટલા માટે જ્ઞાની ભગવંતો વારંવાર ટકોર કરીને ફરમાવે છે કે આ ચાર ગુણો જેમના જીવનમાં આવશે તે મોક્ષના સુખ પ્રાપ્ત કરી શકશે.

બંધુઓ! તમે ધર્મ શા માટે કરો છો? ધર્મારાધના કરવાનો હેતુ શો? જન્મ મરણના દુઃખો ટાળી મોક્ષનું શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો. એ લક્ષે આપણે ધર્મારાધના કરવાની છે. કોઈ પણ માણસ કોઈ પણ પ્રવૃત્તિ કરે છે તો તેનો કોઈ હેતુ તો અવશ્ય હોય જ. તમે વહેપાર કરો છો તો તેનો હેતુ શો છે? બોલો દેવચંદભાઈ, બાબુભાઈ, ધન કમાવાનો છે ને? જો તમને વહેપારમાં ધનપ્રાપ્તિ ન થાય તો વહેપાર કરો ખરા? જે વહેપારમાં ખોટ આવે તેને પડતો મૂકી દો છો ને? એવી રીતે ધર્મ કરવાનું ધ્યેય કહો, લક્ષ કહો, કે હેતુ કહો તો એક જ છે કે દુઃખ ટાળવું છે ને સુખ મેળવવું છે, માટે વિભાવ દશા છોડીને સ્વભાવમાં આવવું પડશે. **"વિભાવ દશા એટલે સંસાર અને સ્વભાવ દશા એટલે મોક્ષ."** આપણે દુઃખ ટાળી સુખ મેળવવાની વાત કરી. હવે વિચાર કરો કે દુઃખ શેમાં છે ને સુખ શેમાં છે? જ્ઞાનીપુરૂષો ફરમાવે છે કે સ્વભાવમાં સુખ છે ને વિભાવમાં દુઃખ છે. જો દુઃખ જોઈતું ન હોય ને સુખ જોઈતું હોય તો વિભાવથી પાછા ફરો ને સ્વભાવમાં રમણતા કરો. વિભાવનો સર્વથા અભાવ એટલે સ્વભાવનું પ્રગટીકરણ, પછી દુઃખનું નામ નહિ ને સુખની કમીના નહિ. વિભાવ દશામાં સંસાર હોય છે, એટલા માટે જ્ઞાનીઓએ સંસારને દુઃખમય, દુઃખફલક અને દુઃખ પરંપરક કહ્યો છે. જે સુખ પરિણામે દુઃખ આપે તે સાચું સુખ નથી. જે સુખ આવીને ચાલ્યું જાય તે પણ સાચું સુખ નથી, અને જે સુખ અધૂરું હોય

દુઃખના અંશવાળું હોય તે પણ સાચું સુખ નથી. સાચું સુખ તો તેને જ કહેવાય કે જે સુખ પરિણામે દુઃખ ન આપે, જે સુખ આવ્યા પછી પાછું ચાલ્યું ન જાય તેમજ જે સુખ સંપૂર્ણ હોય અને દુઃખના અંશ માત્રથી રહિત હોય. જ્યાં સુધી આવું સુખ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સાચું સુખ મળ્યું છે એમ ન કહી શકાય, માટે જ્યાં સુધી એવું સુખ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એ મેળવવા માટે મહેનત કરવી જોઈએ, અને પ્રમાદ છોડીને જેટલી બને તેટલી ધર્મારાધના કરી લેવી જેથી ભવભવના ફેરા ટળી જાય.

જેમને મોક્ષના મહાન સુખો મેળવવાની લગની લાગી છે એવા ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને ઘણો ઘણો ઉપદેશ આપ્યો, ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિને કહ્યું હે કરૂણાવંત મુનિરાજ ! તમે તો મને આ સંસારની ઊંડી ખાઈમાંથી બહાર કાઢવા માટે અમૂલ્ય ઉપદેશ આપ્યો. આપનો એ ઉપદેશ અક્ષરશઃ જીવનમાં અપનાવવા જેવો છે. આપના એકેક વચને વચને સંસાર પ્રત્યેની નફરત અને મોક્ષ પ્રત્યેની રૂચી ભરેલી છે. આપના એકેક શબ્દમાં સંયમની સૌરભ મહેંકી રહી છે. જેમ યુધ્ધની ભેરી વાગે ત્યારે નબળામાં નબળો યોદ્ધો હોય તો પણ બેઠો થઈ જાય છે. જેમ વિજય હાથી કાદવમાં ખૂંચી ગયો હતો ત્યારે એને બહાર કાઢવા ઘણાં પ્રયત્નો કર્યા પણ નીકળી શકયો નહિ ત્યારે એક સુજ્ઞ પુરૂષે કહ્યું કે યુધ્ધની ભેરી વગડાવો. યુધ્ધની ભેરી વાગી, રણશીંગા ફૂંકાયા ત્યાં વિજય હાથી બધું બળ એકત્ર કરીને કાદવમાંથી બહાર કૂદી પડયો એમ હું પણ ભોગના કાદવમાં ખૂંચી ગયો છું એટલે આપ મને એમાંથી કાઢવા માટે જોરશોરથી ધર્મોપદેશની ભેરી વગાડી રહ્યા છો. ગમે તેવો ભોગાસક્ત માણસ હોય તો પણ એને સંસાર છોડવાનું મન થઇ જાય, પણ હું આ કાદવમાંથી બહાર નીકળી શકતો નથી.

हत्थिणपुरम्मि चित्ता, दट्ठुण नरवइं महिड्ढियं ।
कामभोगेसु गिध्देणं, नियाणमसुहं कडं ॥ २८ ॥
तस्स मे अप्पडिकंतस्स, इमं एयारिसं फलं ।
जाणमाणो वि जं धम्मं, कामभोगेसु मुच्छिओ ॥ २९ ॥

મારામાં ચારિત્ર મોહનીય કર્મની આટલી બધી તીવ્રતા કેમ છે ? એનું પણ કારણ મુનિને ચક્રવર્તિએ સ્પષ્ટ રૂપમાં કહી દીધું. એમાં તેમણે બતાવ્યું કે જ્યારે આપણે બંને ભાઈઓ આજથી ત્રીજા ભવે એટલે કે દેવલોકનો ભવ કર્યા પહેલા સાધુપણામાં હતા ત્યારે હું માસખમણને પારણે હસ્તિનાપુરમાં ગોચરી ગયો ત્યારે નમુચી પ્રધાને ખૂબ માર મરાવ્યો. તે વખતે મને ખૂબ ક્રોધ આવ્યો, મેં ક્રોધાવેશમાં આવીને તેજુલેશ્યા છોડી. તે સમયે આખા નગરના લોકો ભયભીત બનીને નાસભાગ

કરવા લાગ્યા, ત્યારે નગરમા રાજા સનતકુમાર ચક્રવર્તિ આવ્યા ને એમણે માફી માંગી, કરગર્યા ને આપે પણ મને ખૂબ સમજાવ્યો તેથી મેં તેજોલેશ્યા પાછી ખેંચી લીધી, પછી રાજાને ખબર પડી કે નમુચીએ આ બધું કરાવ્યું છે, તેથી એને મુશ્કેટાટ બંધાવીને આપણી પાસે મોકલ્યા, ત્યારે આપણે સંથારો કરવાની તૈયારીમાં હતા. આપણે એને બંધન મુક્ત કરાવ્યો, આથી રાજા ઉપર એનો ખૂબ પ્રભાવ પડયો, એટલે સનત્કુમાર ચક્રવર્તિ એમના પરિવાર સહિત આપણને વંદન કરવા આવ્યા. તે સમયે વંદન કરતા સનતકુમાર ચક્રવર્તિની પટ્ટરાણીના માથાના વાળની એક લટ છૂટી પડેલી તે મારા શરીરને સ્પર્શી ગઈ. એના સુંવાળા સ્પર્શથી મારા શરીરમાં શીતળતાનો અનુભવ થયો ત્યારે મેં આંખ ખોલીને જોયું તો ચક્રવર્તિની સ્ત્રીરત્ન તેમજ એમની ઋધ્ધિ જોઈને હું અંજાઈ ગયો ને કામભોગમાં આસક્ત બનીને મેં એ વખતે એવું નિયાણું કર્યું કે "મારા તપ સંયમનું ફળ હોય તો હું આવા પ્રકારના સુખોને ભોગવનાર બનું" આવા પ્રકારનો મેં જે સંકલ્પ કર્યો તે વાત આપની જાણમાં આવી ગઈ, તેથી આપે મને એ વખતે ઘણું સમજાવ્યો કે હે સંભૂતિમુનિ ! આવા પ્રકારનું નિયાણું કરવું તે આપને માટે બિલકુલ ઉચિત નથી. આ તો હીરા આપીને કાંકરા ખરીદવા જેવો ખોટનો ધંધો છે માટે તમે કરેલા નિયાણાને છોડી દો. એની આલોચના કરી પ્રાયશ્ચિત કરો તો હજુ પાપમાંથી બચી શકશો પણ મેં આપનું કહેવું માન્યું નહિ. હું મારા સંકલ્પમાં દૃઢ રહ્યો. આ એનું મને ફળ મળ્યું છે, તેથી હું શ્રુત ચારિત્રરૂપ ધર્મને જાણતો હોવા છતાં પણ કામભોગોમાં મૂર્છિત બન્યો છું. આપ મને અમૂલ્ય વૈરાગ્યથી નીતરતો હૃદયવેધક ઉપદેશ આપો છો છતાં મને એની કોઈ અસર થતી નથી. કામભોગની આસક્તિ છૂટતી નથી ને આપના માર્ગે આવી શકતો નથી.

જુઓ, બ્રહ્મદત્ત ચક્રવર્તિ ચિત્તમુનિ પાસે પોતાની કેવી અશક્તિ બતાવે છે ! પોતાને મુનિની વાત સાચી લાગે છે, સમજાય છે છતાં છોડી શકતા નથી. હું તો તમને પણ કહું છું કે તમે તપ કરો, સામાયિક આદિ ધર્મક્રિયાઓ કરો, દાન કરો પણ એના ફળની ઈચ્છા કરશો નહિ. કરણી કદી વેચવી નહિ. હું આવો તપ કરું છું તો મને આવું ફળ મળજો એવો વિકલ્પ પણ કરશો નહિ. કરણીનું ફળ માગવાથી એનો અમૂલ્ય લાભ ચાલ્યો જાય છે, માટે જે કંઈ કરો તે શુધ્ધ ભાવથી શ્રદ્ધાપૂર્વક કરો. જેટલી હૃદયની શુદ્ધિ અને જિનવચનમાં શ્રધ્ધા એટલો લાભ વધારે થાય છે, બાકી મનમાં મલીનતા હોય, ચિત્ત વિષયવાસના તરફ દોડતું હોય ત્યાં સુધી ગમેતેટલી ધર્મની આરાધના કરો, તપ-જપ કરો પણ એનો લાભ મળતો નથી.

ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને જન્મ-મરણની ભયંકરતા, આયુષ્યની ક્ષણિકતા, ધન યૌવનની નશ્વરતા અને સંસારની સ્વાર્થાંધતા વિગેરે બરાબર સમજાવ્યા. અત્યાર સુધી બ્રહ્મદત્ત ચક્રી સાધુની વાતને માનવા તૈયાર ન હતા. હવે એનું દિલ કુણું પડયું

એટલે કહે છે આપના એકેક વચન સત્ય છે, પ્રમાણભૂત છે. આપે મારી ભૂલો દૂર કરી મારું જીવન સુધારવા માટે મને ખૂબ ઉપદેશ આપ્યો, પણ મેં હઠાગ્રહી બનીને આપનો ઉપદેશ હૃદયમાં ધારણ ન કર્યો. આપની હિતકારી વાતો ઉપર મેં લક્ષ ન આપ્યું. હવે તો મને બરાબર સમજાય છે કે આપની વાત સત્ય છે. આ સંસાર ભડભડતો દાવાનળ છે. એને છોડવા જેવો છે પણ મારી દશા કેવી છે?

नागो जहा पंकजलावसन्नो, दट्ठुं थलं नाभिसमेइ तीरं।
एवं वयं कामगुणेसु गिद्धा, न भिक्खूणो मग्गमणुव्वयामो ॥ ३०॥

જેમ કોઈ મોટો વિશાળ હાથી કાદવથી ભરેલા તળાવ કે સરોવરમાં ખૂંચી ગયો હોય, એ કાદવમાં અકળાઈ ગયો, મૂંઝાઇ ગયો હોય અને સામે જ કિનારો છે એમ જોઈ શકતો હોય છતાં કાદવમાં ખૂંચી ગયો હોવાથી નીકળી શકતો નથી તેમ હે મુનિરાજ! મારી દશા કાદવમાં ખૂંચી ગયેલા હાથી જેવી છે. એ કચરાના કીચડમાં ખૂંચી ગયો હતો ને હું ભોગરૂપી કીચડમાં ખૂંચી ગયો છું, એટલે આપ મને ગમે તેટલો ઉપદેશ આપો પણ એ બધું વૃથા છે. હું કામભોગના કીચડમાં એવો આસકત બની ગયો છું કે જેમ કાદવમાં ફસાયેલો હાથી કિનારાને જોવા છતાં પણ ત્યાં પહોંચી શકતો નથી. આ જ પ્રમાણે હે મુનિરાજ! હું પણ ધર્મના સ્વરૂપને જાણવા છતાં પણ કામભોગોમાં આસક્ત હોવાને કારણે સાધુના માર્ગનું અનુસરણ કરી શકતો નથી.

દેવાનુપ્રિયો! બ્રહ્મદત્ત ચક્રવર્તિની દશા કેવી છે? પોતે હવે તો સમજે છે કે સંસાર છોડવા જેવો છે, અસાર છે, અનિત્ય છે, ક્ષણિક છે છતાં પૂર્વભવમાં કરેલા નિયાણાને કારણે એ છોડી શકતાં નથી. આ રીતે તમે પણ સમજો કે આ સંસાર કેવો ભયંકર છે ને એક દિવસ એને છોડવા જેવો છે. માણસ જેમ જેમ સંસારનો અને સાંસારિક વસ્તુઓનો વિસ્તાર કરતો જાય છે તેમ તેમ વધુ ને વધુ દુઃખ, ભય, ચિંતા અને દુર્ધ્યાનથી ઘેરાતો જાય છે. આ માનવ જીવન સંસારનો વિસ્તાર કરવા માટે નથી મળ્યું પણ વિસ્તાર કરેલા સંસારને સમેટી લેવા માટે મળ્યું છે. આ જીવને દુન્યવી વસ્તુઓ ભૂતકાળના અનંતા જન્મોમાં અનંતીવાર મળી છતાં તેનાથી જીવને કદી સુખ કે શાંતિ મળી નથી, બલ્કે તેનાથી દુઃખ જ મળ્યું છે, માટે એનો સંગ છોડવા જેવો છે, સંસારનો મોહ જીવને સંસારમાં જકડી રાખે છે. આ જીવનો શત્રુ મોહ છે. મોહ પ્રાણી માત્રને મૂંઝવે છે. જ્યાં આત્માનું હિત છે ત્યાં મોહ આત્માનું અહિત બતાવે છે, અને જ્યાં આત્માનું ભારોભાર અહિત થયું છે ત્યાં આત્માનું હિત બતાવે છે. આ દુષ્ટ મોહ જીવને સારાસારનો, ભક્ષ્યા ભક્ષ્યનો અને કર્તવ્યા કર્તવ્યનો વિવેક જાગવા દેતો નથી. મોહથી મનુષ્યની દૃષ્ટિ અંધ બની જાય છે, તેથી સત્યને અસત્ય અને અસત્યને સત્ય દેખે છે. અસત્ શ્રદ્ધા અને અસત્ પ્રવૃત્તિઓનું મૂળ

મોહ છે. ધન, સ્ત્રી, પુત્ર, પરિવાર, કીર્તિ ઘરબાર, દુકાન, વાડી, બંગલા વિગેરેના મોહનું કારણ મોહનીય કર્મ છે. જેમ જેમ હિંસાદિ પાપો અને કષાયાદિ દોષોનું સેવન થાય તેમ તેમ મોહનીય કર્મ બંધાય છે. બીજા જીવોને સદ્‌શ્રદ્ધાથી, સદ્‌ધર્મથી ભ્રષ્ટ કરવાથી પણ મોહનીય કર્મની જડ મજબૂત થાય છે, માટે મોહને મારવા મોહના પરમ વિજેતા બનવા વીતરાગ ભગવાનની ઉપાસના કરો ને સદ્‌ગુરૂઓના મુખેથી વૈરાગ્યમય વાણી સાંભળીને મોહને જીતવા માટે પુરૂષાર્થ કરો, કારણ કે સંસારનો મોહ જીવને દુર્ગતિમાં ઘસડી જનાર છે. પૈસા, પત્ની, પુત્રો વિગેરે ઉપર ગમે તેટલો પ્રેમ રાખો, એમને ગમે તેટલું સુખ કે ધન આપો પણ અંતે કોઈ કોઈનું થવાનું નથી. ધર્મ જ જીવને તારણહાર છે, માટે ધર્મનું શરણું અંગીકાર કરો.

એક શ્રીમંત શેઠને ચાર દીકરાઓ હતા. શેઠના પુણ્ય એવા જબ્બર હતા કે તેઓ પોતાના બાહુબળથી કરોડોની સંપત્તિ કમાયા હતા. સાથે શેઠને ધર્મની શ્રધ્ધા પણ ખૂબ હતી. દીકરાઓ મોટા થયા. ભણાવ્યા, ગણાવ્યા પરણાવ્યા અને વહેપારધંધો શીખવ્યો, પછી શેઠે છોકરાઓને વહેપાર ધંધો સોંપી દીધો ને પોતે નિવૃત્ત થઈ ધર્મારાધના કરવા લાગ્યા. શેઠે તિજોરીની ચાવી, મિલકત બધુ પુત્રોને સોંપી દીધું. માલ–મિલકત, પેઢી, વહેપાર બધું મળતા પુત્રો તો રાજી રાજી થઈ ગયા ને બાપાજીને બમ્મા બમ્મા કરવા લાગ્યા. રોજ સવારમાં ઉઠે ને બાપાજીને પગે લાગીને પૂછે કે અમારા લાયક કામસેવા ! કાંઈ હુકમ ? ત્યારે શેઠ કહેતા કે બેટા ! તમે દૃઢધર્મી બનજો ને ન્યાય નીતિનું પાલન કરજો, ત્યારે દીકરાઓ કહેતા કે બાપુજી ! અમે આપના પુત્રો છીએ. આપે અમને ધર્મના સંસ્કાર આપ્યા છે એટલે એ તો અમે જરૂર કરીશું. આપ એ બાબતમાં ચિંતા નહિ કરતા. આપને દાન–પુણ્ય જે કરવું હોય તે ખુશીથી કરો ને ધર્મધ્યાન કરો. એમાં અમને કાંઈ પૂછવાનું નહિ. આ શેઠ તો વધુ ધર્મારાધના કરવા લાગ્યા. અને ઉદાર દિલે દાન કરવા માંડયું.

શેઠે છૂટે હાથે દાન દેવા માંડયું એટલે છોકરાઓને ચટપટી થઈ કે બાપાજીને આપણે દાન કરવાનું કહ્યું ત્યારે એ તો બરાબર લક્ષ્મી લૂંટાવવા બેઠા છે, તેથી છોકરાઓ વાતવાતમાં કહે છે બાપાજી ! બહુ ખર્ચ થાય છે, જરા લિમિટમાં દાન કરો, ત્યારે શેઠે કહ્યું–દીકરાઓ ! આ શું બોલ્યા ? આપણા જબ્બર પુણ્યના ઉદયે કરોડોની સંપત્તિ મળી છે ને હજુ મળ્યે જ જાય છે. બાપુજી ! ગમે તેટલું ધન મળે પણ આમ ઉડાવાય ખરું ? આમ ન ચાલે, ત્યારે શેઠે કહ્યું બેટા ! તમારા લગ્નમાં મેં ઘણું ધન ખર્ચ્યું છે. તે વખતે તો તમે એવું કહેવા ન આવ્યા કે બહુ ખર્ચ થઈ ગયો. તે વખતે તો સહેજ ઓછું લાગે તો એમ કહેતા હતા કે બાપુજી ! શા માટે ઓછું કરો છો ? અમે કમાઈશું એટલે ઘણું ધન લાવી આપીશું, પણ અત્યારે ધન વાપરવાથી સમાજમાં આપણી શોભા વધશે. પિતાએ આ પ્રમાણે કહ્યું એટલે છોકરાઓ શું બોલે ? મનમાં તો બહુ ખટકે છે. શેઠે તો પોતાનું દાન ધર્મનું કાર્ય ચાલુ રાખ્યું.

બાપને દાન કરતા જોઈને દીકરાના હૈયા તો બળીને આખ થઈ જાય છે કે અહો ! આપણે જાત ઘસી નાંખીએ છીએને બાપ તો પૈસા ઉડાવે છે. જુઓ, સંસારી જીવોની કેવી દશા છે કે **જે ભવિષ્યમાં મહાન સુખ આપનાર સુકૃત છે તેના પ્રત્યે અણગમો છુટે છે અને જે અર્થકામની વાત ભવિષ્યમાં લાત મારનાર છે એને વહાલથી ભેટે છે.**" હવે તો શેઠની બીજી ધર્મક્રિયાઓ પણ દીકરાઓને ખૂંચવા લાગી. તેમણે ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે બાપાજી ! પૈસા કમાતા કેટલી મહેનત પડે છે ? ત્યારે બાપા કહે છે દીકરાઓ ! તમે શા માટે આટલી બધી હાય બળતરા કરો છો ? લક્ષ્મી જેમ જેમ દાનમાં વાપરીએ તેમ વધુ મળે છે. તમે બેઠા બેઠા ખાશો તો પણ ખૂટે તેમ નથી, શેઠ ઘણું સમજાવે છે પણ હવે છોકરાઓ બાપની વાત સાંભળવા તૈયાર નથી. એ તો એક જ કહે છે કે દાન દેવાનું બંધ કરો, પણ શેઠને તો દાન કરવાનું વ્યસન પડી ગયું હતું એટલે કોઈ આવીને ઉભા રહે કે તેને આપવાનું મન થઈ જાય. હવે તો છોકરાઓનો કલેશ ખૂબ વધી ગયો. તેઓ બાપાને કહે છે કે તમારે આ બધું કરવું હોય તો ઘરમાં રહો નહિતર ઘર છોડીને ચાલ્યા જાઓ, ત્યારે બાપે કહ્યું આ ઘર કોનું છે ? આટલું બધું ધન તમે કયાંથી લાવ્યા ? એ તો મેં તમને આપ્યું છે, ત્યારે છોકરાઓ કહે છે કે પૈસા આપ્યા એથી શું થઈ ગયું ? હવે આમ નહિ ચાલે. જો આ રીતે રહેવું હોય તો આ ઘરમાં નહિ રહેવાય.

આ રીતે છોકરાઓએ ત્રણ ચાર વખત કહ્યું એટલે શેઠને લાગી આવ્યું, તેથી શેઠે કહી દીધું કે આ તમારું ઘર, તમે તમારે બધા સુખેથી રહેજો. હું ઘર છોડીશ પણ ધર્મ નહિ છોડું. મને જે મળશે તે હું વાપરીશ. બે આના મળશે તો એક આનો પણ દાનમાં વાપરીશ. એમ કહીને શેઠ કંઈ પણ લીધા વગર ઘરની બહાર નીકળી ગયા. શેઠ ચાલ્યા પણ ચારમાંથી એકે ય દીકરો કે દીકરાની વહુ શેઠને જતા રોકવા ઉઠયા નહિ. અરે, દીકરાની વહુ તો ન ઉઠયા પણ ખુદ શેઠાણી પોતાના પતિને પાછા વાળવા ન ઉઠી. એ તો ઉપરથી બોલવા લાગી કે મારા દીકરાને ભિખારી કરવા ઉઠયા છે. ભલે જતા. એમને રહેવું હોય તો દાન દેવાનું બંધ કરી દે. ઘરનું એક પણ માણસ શેઠને પાછા વાળવા ન ઉઠયું ત્યારે શેઠની આંખડી ખુલી ગઇ કે અહો ! આ સંસાર કેવો સ્વાર્થમય છે ! તેઓ મનમાં વિચારવા લાગ્યાં કે "**મેં જાતને ભૂલીને જગતને વહાલું કર્યું એનું ફળ મને જગતે ચખાડયું. આ જીવ જગતને સુધારવામાં પોતાનું ઉત્તમ જીવન બરબાદ કરી રહ્યો છે. એ એની મૂર્ખાઈ છે.**" એથી જ મારો આ વખત આવ્યો. હું એ બધાની પાછળ બરબાદ થઈ ગયો પણ કોઈ મારું ન થયું. બીજા બધા તો ઠીક પણ મારી પત્ની પણ મારી ન થઈ. સંસારમાં કોઈ કોઈનું નથી. ફક્ત જિનેશ્વર ભગવાન મારા છે. જગત મારું તો શું પણ કોઈનું થયું નથી ને થવાનું નથી.

શેઠ ગામ બહાર ઝુંપડી બાંધીને મહેનત કરી ચાર આના કમાઈ લેતા. એમાંથી બે આના પોતાની બચ્ચીં માટે રાખી બે આના દાનમાં વાપરવા લાગ્યા. રોજ કેસરીયા દૂધ પીનાર અને માલપાણી જમનાર શેઠ આજે લૂખો રોટલો કે ઘેંસ બનાવીને ખાઈ લેતા ને શાંતિથી ધર્મધ્યાન કરતા. કયારેક કામ ન થાય તો ભૂખ્યા પડી રહેતા પણ કોઈને દોષ આપતા નથી કે કોઈની પાસે હાથ લાંબો કરતા નથી. શેઠની આ સ્થિતિ જોઈને લોકોની આંખમાં આંસુ આવી જતા કે અહો ! હજારોને પાળનાર શેઠની આ સ્થિતિ ! પણ શેઠ તો આનંદથી રહે છે ને નરસિંહ મહેતાની જેમ એક જ વિચાર કરે છે કે "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી જિનવર" અને એ રીતે ધર્મારાધનામાં મસ્ત રહીને દિવસો વીતાવવા લાગ્યા.

એક દિવસ ગામમાં મહાન પવિત્ર જ્ઞાની સંત પધાર્યા ત્યારે શેઠ એમના દર્શન કરવા ગયા. સંત શેઠને ઓળખી ગયા એટલે પૂછયું–શેઠ ! આમ કેમ ? તમારી આ દશા ? શેઠે કહ્યું ગુરૂદેવ ! મને બીજું કાંઈ ન પૂછો. ધર્મારાધનાની વાત પૂછો. ધર્મારાધના કરવામાં મને મહાન આનંદ આવે છે. પહેલા ઘણી જંજાળ હતી એટલે સુખે ધર્મધ્યાન કરી શકતો ન હતો. મેં મારી જાતે ઉભી કરેલી જંજાળ છૂટી જતાં મને ધર્મક્રિયામાં મહાન આનંદ આવે છે. મને પૂર્વનો વૈભવ યાદ નથી આવતો પણ પૂર્વની ધર્મબાધક ઉપાધિ યાદ આવે છે. શેઠનું મન કેવું પવિત્ર છે ! દીકરાઓએ સામું જોયું નથી છતાં એમ નથી કહેતા કે મારા છોકરાઓએ આમ કર્યું તેથી હું ઘર છોડીને ચાલી નીકળ્યો છું. ગુરૂદેવ ! હવે મને ઘણી શાંતિ છે. હું સામાયિકમાં બેસું છું ત્યારે મને ચક્રવર્તિની નહિ પણ ઈન્દ્રની પણ દયા આવે છે કે એ બિચારાઓને વિરતિ ધર્મની કેવી અંતરાય ! હવે મારે શાંતિથી સામાયિક આદિ ધર્મકરણી થાય છે, મારે તિજોરી છે નહિ કે ચોરની બીક રહે. કુટુંબ છે નહિ કે હવે મારે એને કંઈ લાવવા મૂકવાની જંજાળ હોય. ઘર પણ પોતાનું નથી કે આગ લાગવાની ચિંતા રહે.

મહારાજે પૂછયું–શેઠ ! તમારું કુટુંબ કયાં ગયું ? શેઠે કહ્યું–બધું હયાત છે. ધન છે. કુટુંબ છે બધું છે પણ એમણે મને આ ધર્મારાધના કરવાની તક આપી. એમણે તો મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ બધું શેઠ ઉપરથી નથી બોલતા, દિલથી બોલે છે. કુટુંબને દિલથી ઉપકારી માને છે. તેઓ આગળ કહે છે કે જગતને મારું કરવા કરતા જિનેશ્વર પ્રભુને હું મારા બનાવી લઉં. જગતને સુધારવા કરતા જિનવાણીથી મારા આત્માને સુધારી લઉં. શેઠની ધર્મની વાતો સાંભળીને સંત આશ્ચર્ય પામી ગયા ને કહ્યું–શેઠ ! તમારી ધર્મભાવના અને સંસાર પ્રત્યેના અનાસક્ત ભાવ પ્રશંસનીય છે પણ તમે સંસારમાં રહીને ગમે તેટલી આરાધના કરો પણ સાધુપણાની તોલે ન આવે. સંસાર એ આશ્રવનું ઘર છે ને સંયમ એ સંવરનું ઘર છે,

" પ્રતિમાસે કરે દાન, જે દશ લાખ ગાયનું,
તેનાથી સંયમી શ્રેષ્ઠ, ભલે ન આપે તે કશું."

સંસારમાં રહેલો માણસ એક મહિને દશ લાખ ગાયોનું દાન કરતો હોય અને ત્યાગી સંયમી આત્મા ભલે કંઈ જ ન આપતો હોય તો પણ એનાથી એ વધુ શ્રેષ્ઠ છે, કારણ કે સાધુ તો ક્ષણે ક્ષણે જીવોને અભયદાન આપે છે. સર્વ દાનોમાં અભયદાન સૌથી શ્રેષ્ઠ છે. આરંભ સમારંભના ત્યાગી સર્વવિરતિ જૈન મુનિ જે અભયદાન આપી શકે છે તે બીજું કોઈ આપી શકતું નથી. એવો સંયમ મહા કિંમતી છે. આ શેઠને હવે સંસારનો મોહ તો હતો જ નહિ. ચારિત્ર લેવાની તૈયારી હતી પણ સહેજ ટકોરની જરૂર હતી, એટલે ગુરૂનો ઉપદેશ સાંભળીને દીક્ષા લીધી. સુંદર ચારિત્ર પાળી સમાધિ મરણે કાળધર્મ પામીને ઉચ્ચ દેવલોકમાં ગયા.

ચિત્તમુનિએ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, એટલે એમના હૈયામાં વાત ઠસી ગઈ અને લાગ્યું કે સાચું સુખ તો ત્યાગમાં છે. એ માર્ગ અપનાવવા જેવો છે પણ હું અપનાવી શકતો નથી એ મારી નબળાઈ છે એટલે કહે છે કે હે મુનિરાજ ! હે મારા પરમ ઉપકારી ! અત્યાર સુધી તો હું ધર્મ કર્મની વાતો સમજતો ન હતો. પૂર્વે ભલેને ચારિત્ર પાળીને આવ્યો છું પણ આ ચક્રવર્તિના મહાન સુખો મળતાં બધું ભૂલાઈ ગયું હતું પણ મારા મહાન સદ્‌ભાગ્યે તમે અહીં પધાર્યા ને મને ધર્મનું સ્વરૂપ સુંદર રીતે સમજાવ્યું પણ હું એનું આચરણ કરી શકું તેમ નથી, કારણ કે મારી સ્થિતિ કાદવથી ભરેલા સરોવરમાં ખૂંચી ગયેલા હાથી જેવી છે. હાથી સામો કિનારો દેખે છે તેથી એ કિનારે જવા માટે ફાંફાં મારે છે પણ જઈ શકતો નથી તેમ તમારા સમાગમથી મને સમજાયું કે સંસાર છોડવા જેવો છે. આ મનુષ્ય ભવ મળવો દુર્લભ છે. મનુષ્ય ભવ પામીને મનુષ્ય જો ઉગ્ર ચારિત્રની આરાધના કરી લે તો એને માટે મુક્તિનો કિનારો દૂર નથી, હાથવેંતમાં જ છે પણ મારી એટલી નબળાઈ છે કે હું એને છોડી શકતો નથી. મારી દશા કાદવમાં ખૂંચી ગયેલા હાથી જેવી છે. આ પ્રમાણે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિને કહ્યું. હવે એના જવાબમાં ચિત્તમુનિ શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :–ભીમસેને જંગલમાં રાત વાસો રહીને સવાર પડતા ઉજ્જૈની તરફ આગેકૂચ કરી. પેલા ચોરોને પણ સાથે લીધા. ભીમસેનને શ્રદ્ધા છે કે યુદ્ધ કરવું જ નહિ પડે. મારો ભાઈ સામેથી આવીને પગમાં પડી જશે. ઘણાં સમયે પોતાની નગરીમાં જવાનું છે ને પોતાના ભાઈનું મિલન થશે એ વિચારે એનું હૈયું આનંદ અનુભવતું હતું. આ તરફ જ્યાં ભીમસેનના પાપકર્મનો ઉદય પૂરો થયો એટલે એની ગયેલી એક પછી એક વસ્તુઓ પણ સામેથી આવીને મળી ગઈ. આ બાજુ હરિસેનને પણ પોતાની ભૂલ સમજાણી. જ્યાં સુધી ભીમસેનના પાપનો ઉદય હતો. ત્યાં સુધી હરિસેનને એમ

જ હતું કે મેં જે કંઈ કર્યું છે તે સારું કર્યું છે. હું જ રાજા છું એમને રાજસત્તાનો મોહ હતો અને પત્નીએ જેમ કહ્યું તેમ કર્યું પણ જ્યાં ભીમસેનના પાપકર્મનો પડદો ખસી ગયો કે તરત હરિસેનને પોતાના પાપકર્મનો પશ્ચાતાપ થવા લાગ્યો, અને પોતાના ભાઈને મળવાની ઝંખનામાં તો એ પાગલ જેવો બની ગયો હતો.

"રાજા ભીમસેનની યાદીમાં ઝૂરતો નાનો ભાઈ :"–હવે રાજ્ય ચલાવવામાં હરિસેનની બીલકુલ રૂચી ન હતી. બધું કામકાજ મંત્રીઓ સંભાળતા હતા. તે પોતે તો ન છૂટકે ભાગ લેતો હતો. પોતાની પત્નીની ચઢવણીએ ચઢીને કાચા કાનના થઈને ભાઈનો વિનાશ કરવાનો વિચાર કર્યો. તેના કારણે રાતોરાત ભાગવું પડયું હતું. એની યાદથી અને પસ્તાવાની આગથી એનું હૈયું બળી રહ્યું હતું. એક વખત એને સત્તાનો મોહ હતો. આજે એનો મોહ નષ્ટ થઈ ગયો હતો. રાજસભામાં આવી સૌથી પ્રથમ એ ભીમસેનના સિંહાસનને પ્રણામ કરતો અને થોડી વાર ત્યાં ઉભા રહીને આંખ બંધ કરી મનોમન પોતાના અપરાધની ક્ષમા માંગતો ને પછી પોતાના સિંહાસને બેસી જતો.

"શુભ સમાચારની રાહ જોતો યુવરાજ હરિસેન :"–આજે સવારથી એની જમણી આંખ ફરકતી હતી, તેથી તેના મનમાં એમ લાગ્યું કે નક્કી આજે કોઈ શુભ સમાચાર મળશે. શું મારા વડીલ બંધુના મને આજે દર્શન થશે ! મારા વડીલ બંધુ ક્યાં હશે ? એ મારા ઉપર કેવા ગુસ્સે થયેલા હશે ? શું એ આ પાપીના સામું જોશે ખરા ? મારો તિરસ્કાર તો નહિ કરે ને ? ત્યાં એનું અંતર એને કહેતું કે ના....ના.... મારા વડીલ બંધુ અને ભાભી કદી મારો તિરસ્કાર કરે જ નહિ. એ તો વિશાળ દિલના છે. તેઓ મને મળશે. ત્યારે હું એમના પગમાં પડીશ અને આંસુથી એમના ચરણ ધોઈ નાંખીશ ને મારા તમામ અપરાધોની માફી માંગીશ. તેઓ જે શિક્ષા આપશે તે હું હસતા મુખે સહન કરી લઈશ, અને આ રાજપાટ બધું એમના ચરણમાં મૂકી દઈશ. આ રીતે ભાઈને યાદ કરતા એમની આંખમાં આંસુ આવી ગયા. બરાબર એ જ સમયે દ્વારપાળે આવીને હરિસેનનો જય બોલાવીને કહ્યું–મહારાજ ! એક શુભ સમાચાર આપવા આવ્યો છું, ત્યારે હરિસેને કહ્યું કે મારે મન શુભ સમાચાર મારા ભાઈના આગમનના છે. જો એમના કંઈ સમાચાર હોય તો મને જલ્દી કહે. બાકી બીજા કોઈ સમાચાર હોય તો રાજમંત્રીને આપ. મારે સાંભળવા નથી. દ્વારપાળે કહ્યું–રાજન્ ! આપ જલ્દી તૈયાર થાઓ. આપના વડીલ બંધુ ભીમસેન રાજા ઉજ્જૈની નગરીમાં પધારી રહ્યા છે. ત્યાં તો હરિસેન ચમક્યો, હેં....મારા વડીલ બંધુ પધારી રહ્યા છે ! એકલા છે ? મને જલ્દી કહો. મારા ભાઈના મારે જલ્દી દર્શન કરવા છે.

આ તરફ ભીમસેન રાજાએ ઉજ્જૈની નગરીથી બે કોસ દૂર પોતાનો પડાવ નાંખ્યો હતો. ત્યાં કોઇ ઘોડેસ્વાર ફરતો ફરતો આવ્યો. આવું મોટું વિશાળ સૈન્ય જોઈને એ

ગભરાયો ને પૂછયું કે આ કોનું સૈન્ય છે ? ત્યારે માણસોએ કહ્યું કે આ તો ભીમસેન રાજાનું સૈન્ય છે. તેમનું સૈન્ય ઘણું વિશાળ છે. આ સાંભળીને ઘોડેસ્વાર દોડતો નગરમાં આવ્યો ને દ્વારપાળને સમાચાર આપ્યા, અને દ્વારપાળે હરિસેનને સમાચાર આપ્યા. આ સાંભળીને હરિસેનના આનંદનો પાર ન રહ્યો. એણે મંત્રીને કહ્યું જલ્દી અશ્વ તૈયાર કરાવો. મારે જલ્દી મારા ભાઈની પાસે જવું છે. એમ કહી સંદેશો આપવા આવનારને કિંમતી રત્નોનો હાર ભેટ આપ્યો, અને આખા નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે મહારાજા ભીમસેન પધારી રહ્યા છે, માટે સૌ તેમના સ્વાગતની તૈયારી કરો ને આખું નગર શણગારો. આ રીતે હરિસેને નગરજનોને સૂચના આપી દીધી. પોતે પોતાના મહેલમાં જઈને રાજપોશાક ઉતારી સામાન્ય પોશાક પહેરીને ઘોડા પર બેસીને જવા તૈયાર થયો ત્યારે સંદેશો લાવનાર કહે છે મહારાજ ! એ તો મોટું સૈન્ય લઈને યુદ્ધની તૈયારી સાથે આવ્યા છે.

એ ક્રોધે ભરાઈને આવ્યા હોય ને આપ આમ અચાનક જાઓ ને કંઈ નવા જુની કરે તો આપણે મુશ્કેલીમાં મૂકાઈ જઈએ કારણ કે તમને તો ભાઈને મળવાનો તલસાટ છે. ભૂલનો અંતરમાં પશ્ચાતાપ છે, પણ એમને આ વાતની ખબર નથી માટે અમે પહેલા એમની પાસે જઈએ ને બધી વાત કરીએ, પછી આપ પધારો પણ હરિસેન તો પાછો વળતો નથી. નગરશેઠ, પ્રધાન વિગેરે મુખ્ય માણસોએ ખૂબ કહ્યું એટલે હરિસેન રોકાઈ ગયો. હવે પ્રધાન આદિ મુખ્ય માણસો ભીમસેન રાજાની પાસે જઈને બધી વાત કરશે, પછી હરિસેન જશે ને શું બનશે તે અવસરે.

卐 卐 卐

વ્યાખ્યાન નં. ૬૪

કારતક સુદ ૧૦ ને મંગળવાર **તા. ૩૦-૧૦-૭૬**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો ! અનંત કરૂણાનીધિ, ત્રિલોકીનાથ, કરૂણા સાગર ભગવંતે જગતના જીવોના કલ્યાણ માટે આગમ વાણી પ્રકાશી. ભગવાનની વાણીમાં અલૌકિક ને અનંત ભાવો ભરેલા છે. એ અપૂર્વ અને અલૌકિક વાણીનું પાન કરનાર આત્મા ભવરોગથી મુક્ત થાય છે. જ્યારે જે વસ્તુનું પ્રતિપાદન કરવામાં આવતું હોય ત્યારે તે વસ્તુ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ દોષથી રહિત હોવી જોઈએ. જ્યારે જીવનું લક્ષણ બતાવવામાં આવે ત્યારે આ ત્રણ દોષ માંહેનો એક પણ દોષ ન હોવો જોઈએ. જો એક પણ દોષ એમાં સંભવતો હોય તો તે લક્ષણ દૂષિત કહેવાય. જેમ કે જીવનું લક્ષણ ચૈતન્ય છે તો ચૈતન્ય ગુણ વિનાનો એક પણ જીવ ન હોઈ શકે. જ્યાં જીવ છે ત્યાં ચૈતન્ય તો અવશ્ય હોય છે. જીવ ગમે તેટલા કર્મોથી ઘેરાયેલો હોય તો પણ તેમાં ચૈતન્ય ગુણ અવરાય નહિ. નિગોદથી માંડીને સિદ્ધના જીવોમાં

ચૈતન્ય ગુણ તો વિદ્યમાન હોય જ. જેના હૃદયમાં આવી દૃઢ શ્રદ્ધા છે તે જીવ વીતરાગ કથિત વાણી સાંભળીને જીવનમાં તેનું આચરણ કરી શકે છે.

જે જીવો સંસાર સુખના વિષયોમાં આસક્ત બનેલા છે તેમને વીતરાગ કથિત ધર્મ પર રૂચી થતી નથી. રૂચી જાગે તો સુખ અને દુઃખ બંને અવસ્થામાં ધર્મ ગમે છે, પણ જેને સંસારના સુખો તરફ ગાઢ રૂચી છે તેમને ધર્મના પંથે વાળવા પ્રયત્ન કરીએ તો કદાચ ધર્મ કરે ખરો પણ સંસાર સુખની આકાંક્ષાથી કરે છે. આવા જીવો ધર્મીષ્ઠ હોવા છતાં દયાને પાત્ર છે. જ્ઞાની કહે છે કે ધર્મ કરો તો સમજણપૂર્વક કરો. ભોગનો રોગ ભોગથી શાંત નહિ થાય. જેમ કોઈ બાળકને ઉંટાટીયો (મોટી ઉધરસ) થયો હોય ને સાકર કે પતાસું ખાવા માટે ગમે તેટલું રડે તો શું તેની માતા આપશે ખરી ? ના સંગ્રહણીનો દર્દી દૂધ પીવા માંગે તો તેના હિતસ્વીઓ આપશે ખરા ? 'ના.' કેમ નથી આપતા ? દર્દીઓ પ્રત્યે કરૂણા છે. તે વસ્તુઓ તેના રોગ ઉપર ઝેર જેવી છે, માટે તેનું હિત ઈચ્છીને આપતા નથી, તેમ સદ્‌ગુરૂઓ તમારી સાચી માતા બનીને ભવરોગની વૃદ્ધિ ન થાય તે માટે ભોગ વિષયાદિ અપથ્યકારી વસ્તુઓનું સેવન કરવાની તમને ના પાડે છે. ધર્મના ઉપદેશક સંતોએ કરેલી દયા એ ફક્ત દ્રવ્ય દયા નથી પણ ભાવ દયા છે,

જે આત્મા એમ સમજે છે કે ધર્મ એ મોક્ષમાં જવા માટે ઉત્તમ સાધન છે તે સાચો જ્ઞાની છે. જ્યાં સુધી સંસાર દાવાનળ જેવો ન લાગે અને મોક્ષની રૂચી ન જાગે ત્યાં સુધી બધું બેકાર છે, માટે આ સંસારનું ભયાનક સ્વરૂપ નિહાળીને મોક્ષની રૂચી પ્રગટાવો. તમને ભૂખ ન લાગે તો ભસ્મ તથા દવાઓ ખાઈને ખાવાની રૂચી થાય તેવા પ્રયત્ન કરો છો ને ? 'હા.' તો તમે મોક્ષની રૂચી કેમ નથી જગાડતા ? તમે મોક્ષ તો ઈચ્છો છો ને ? કોણ સુજ્ઞ માણસ મોક્ષ ન ઈચ્છે ? આ ચતુર્ગતિમય સંસારમાં જન્મ-મરણ-રોગ-શોક-દુર્દશા, પરાધીનતા વિગેરે વેઠવાનું કોને ગમે ? મોક્ષ એટલે સંસારથી છૂટકારો પામવાની ઈચ્છા હોય. આટલે સુધી તો બરાબર પણ હવે એ કહો કે શું મોક્ષ પામવાની ઉતાવળ છે ? તમારા જીવન જોતા એમ લાગે છે કે તમને મોક્ષની ઈચ્છા છે પણ ઉતાવળ નથી. તો શું તમને લાગે છે કે ઉતાવળ આવ્યા વિના એ માટેનો જોરદાર પ્રયત્ન થશે ? દીકરી મોટી થાય તો દીકરીના લગ્ન લેવાની ઉતાવળ લાગે છે ત્યારે ધમાધમ થાય છે. કોર્ટમાં જવાની કે ગાડી પકડવાની ઉતાવળ હોય છે તો ઝટપટ એની તૈયારી થાય છે, ત્યારે જમવાનું કે આરામ લેવાનો પણ મોહ છોડી દેવાય છે. એમ જો તમને મોક્ષ પામવાની ઉતાવળ હોય તો એની જોરદાર તૈયારી શરૂ કરો. મોક્ષ જવાની ઉતાવળ લાગશે તો પછી સંસારના સુખ સગવડ જતા કરવા પડશે તો જતા કરશે, એ જતા કરતા આંચકો નહિ આવે કે દુઃખ પણ નહિ લાગે.

જો મોક્ષ જવાની ઉતાવળ છે તો ઘોર સંસાર પ્રત્યે નિર્વેદ લાવવો પડશે. વિષયો પ્રત્યે વિરાગ કેળવવો પડશે. વિષયો પ્રત્યે વિરાગ એ મહાન કલ્યાણ તત્ત્વ છે, તેથી આત્માના અનેક ગુણો પ્રગટ થાય છે ને અનેક દોષોને દબાવું પડે છે. આજે ક્રોધાદિ કષાયો શા માટે થાય છે? કોઈને કોઈ વિષયો માટે ને? પણ જો વિષય અળખામણો લાગે છે તો પછી એના માટે ગુસ્સો કરી આત્માને કાળો કોણ કરે? જુઓ, દુનિયામાં વૈર-વિરોધ, ઈર્ષ્યા, રગડા ઝઘડા, એ બધું કોઈને કોઈ વિષયો પાછળ હોય છે. કોઈ પોતાનાથી વધારે સુખી થાય તો તેના પર ઈર્ષ્યા થાય છે ને? દોષ, દુર્ગુણો કોઈને કોઈ વિષયોના લીધે સેવાય છે. જો એને ઓછા કરાવવા હોય તો પહેલા વિષયો પ્રત્યે વિરાગ ઉભો કરવાની જરૂર છે. જો વિષયો પ્રત્યે આંધળો રાગ છે તો પછી હિંસા જૂઠ, અપ્રમાણિકતા વિગેરે દૂર કરવા છે એ વાત કયાંથી બનવાની છે? આજે એક બાજુ વિલાસ, મનોરંજન, સહેલ સગવડો, ઉદ્ધત જીવન પદ્ધતિ વિગેરે પૂર જોશથી ખીલવવામાં આવે છે જ્યારે બીજી બાજુ પ્રજાને ન્યાય નીતિ, સત્ય, ઉદારતા, માનવતા વિગેરે ગુણો કેળવવા માટે ભાષણો અપાય છે. આ તો કોના જેવી વાતો થઈ? દર્દનું મૂળ નથી જોવાતું ને દર્દ કાઢવાની વાતો થાય છે. પ્રજામાં આજે બહુ પ્રસરેલો વિષય રાગનો ઉન્માદ એ મૂળ રોગ છે, એનો પ્રતિકાર કર્યા વિના જૂઠ-અન્યાય-ઈર્ષ્યા વિગેરે રોગ કયાંથી હટવાના હતા? આવા રોગોને દૂર કરવા માટે વીતરાગ ધર્મ અને વીતરાગ વાણી પ્રત્યે શ્રદ્ધા પ્રગટ કરવાની જરૂર છે. નાના બાળકને કોઈ દર્દ થાય છે ત્યારે તેની માતા દવા પીવડાવવા કેટલા વાના કરે છે? ખૂબ સમજાવવા છતાં જો તે ન પીવે તો તેનું નાક દબાવીને, મોઢું પહોળું કરીને પણ દવા રેડી દે છે તેમ જો તમને મોક્ષની વાતોમાં મઝા ન આવતી હોય તો તમારા ધર્મગુરૂઓ અનેક પ્રકારે મોક્ષની અકસીર દવા રૂપી ધર્મ છે એની રૂચી કરાવવા મહેનત કરે છે ત્યારે ઘણાં એમ પ્રશ્ન કરે છે કે અમને મોક્ષના સુખ પ્રત્યક્ષ દેખાય તો શ્રધ્ધા થાય. હું તમને પૂછું છું કે ભલે તમને મોક્ષના સુખો પ્રત્યક્ષ દેખાતા નથી પણ તમારા સળગતા સંસારના દુઃખો તો પ્રત્યક્ષ દેખાય છે ને? સંસાર ચારે તરફથી કેવો સળગી રહ્યો છે! કયાંય સુખ દેખાય છે? એક પણ વાતે તમે સુખી છો? તમારા પુણ્યોદયે મળેલું સુખ પણ તમને આજના કાયદા સુખે ભોગવવા દેતા નથી, છતાં સુખ માનીને બેસી ગયા છો. આવા દુઃખથી ભરેલા સંસારના સુખ માટે અમૂલ્ય શક્તિ અને સમય વેડફી રહ્યા છો. એટલી શક્તિ અને સમય જો મોક્ષના સુખ માટે ધર્મમાં વપરાય તો માનવ ભવ સફળ થઈ જાય.

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૩ મા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચિત્તમુનિએ પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિને એ જ વાત સમજાવી કે આ લોક અને પરલોકમાં સુખી થવું હોય અને છેવટે મોક્ષના સુખ પામવા હોય તો ચારિત્ર ધર્મ સ્વીકારવો પડશે. ચારિત્ર વિના ત્રણ કાળમાં આત્માનો ઉધ્ધાર થવાનો નથી. કામભોગ તો સંસારમાં ડૂબાડનાર

છે. આ રીતે ઘણો ઉપદેશ આપ્યો, ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ચિત્તમુનિને કહ્યું હે મુનિરાજ ! આપે જે કહ્યું તે સત્ય છે. હું સમજું છું કે મારા ચૌદ રત્નો, નવનિધિ, સાઠ હજાર રાણીઓમાંથી એક પણ રાણી કોઈ મારી સાથે આવનાર નથી, પણ મોહથી ઘેરાયેલો છું તેથી છોડી શકતો નથી.

ચિત્તમુનિ વિચારે છે કે આ ચારિત્ર અંગીકાર કરી શકે તેમ નથી તો તે સંસારમાં રહીને પણ આત્માનું કલ્યાણ કરે તેવો ધર્મોપદેશ આપું. જેમ વહેપારીને ત્યાં ગ્રાહક આવે તો તે સૌથી પહેલા તો ઉંચામાં ઉંચી કવોલીટીનો માલ બતાવે છે છે પણ ખરીદી કરનાર ગ્રાહક એમ કહે કે આવો ઉંચો માલ ખરીદવાની મારામાં શક્તિ નથી ત્યારે વહેપારી એને મધ્યમ કે હલકી કવોલીટીનો માલ બતાવે છે. પોતાની દુકાને આવેલો ગ્રાહક પાછો ન જાય તે માટે વિવિધ પ્રકારનો માલ બતાવે છે. આવી રીતે ભગવાનના સંતો પણ પોતાની પાસે આવેલા આત્માઓને સૌથી પ્રથમ જલ્દી આત્મકલ્યાણ કરવા માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ચારિત્રનો ઉંચો માલ બતાવે છે. તેમાં જો કોઈ હળુકર્મી જીવ હોય તો એ માલ ખરીદી લે છે. જે જીવો ચારિત્ર માર્ગ અંગીકાર કરવા શક્તિમાન ન હોય તેને બાર વ્રતનો માલ બતાવે છે. જે ચારિત્ર અંગીકાર કરી શકે નહિ તેણે બાર વ્રત તો અંગીકાર કરવા જોઈએ, અને એટલી પણ જેનામાં શક્તિ ન હોય તેણે બાર વ્રત પૈકી એક વ્રત તો અવશ્ય અંગીકાર કરવું જોઈએ. બાર વ્રતમાંથી એક પણ વ્રત જો જીવ બરાબર પાલન કરે તો પણ એનું કલ્યાણ થાય છે. શાંતિનાથ ભગવાનનો જીવ જ્યારે મેઘરથ રાજા હતો ત્યારે એમણે એક વ્રત અંગીકાર કર્યું હતું કે મારે જીવ હિંસા ન કરવી અને શરણે આવેલા જીવનું રક્ષણ કરવું. એ વ્રતનું મેઘરથ રાજા બરાબર પાલન કરવા લાગ્યા ત્યારે દેવલોકમાં એમની પ્રશંસા થઈ.

મિથ્યાત્વી–ઈર્ષ્યાળુ દેવો મનુષ્યોની પ્રશંસા સહન કરી શકતા નથી. એક મિથ્યાત્વી દેવ મેઘરથ રાજાની પરીક્ષા કરવા માટે મૃત્યુલોકમાં આવ્યો. એણે એક પારધીનું રૂપ બનાવ્યું, અને એક પારેવાનું રૂપ બનાવ્યું અને ભયથી ફડફડતું પારેવું બનીને મેઘરથ રાજાના શરણે આવ્યું. થોડી વારમાં પારધી મેઘરથ રાજા પાસે આવીને કહેવા લાગ્યો કે હે મહારાજા ! એ મારો શિકાર છે મને પાછો આપી દો, ત્યારે મેઘરથ રાજાએ કહી દીધું કે શરણાગતને શરણ આપવું એવું મારે વ્રત છે, માટે તું જે માંગે તે આપવા તૈયાર છું પણ પારેવું તને નહિ આપું, ત્યારે પારધીએ કહ્યું તમારે જેમ વ્રત છે તેમ મારે પણ મારા કરેલા શિકારનું ભક્ષણ કરવું એવું વ્રત છે, માટે મારો શિકાર મને પાછો આપી દો. રાજાએ કહ્યું કે નહિ આપું ત્યારે પારધીએ કહ્યું કે તો તમારા શરીરમાંથી પારેવા બરાબર માંસ આપો. મેઘરથ રાજા એ આપવા તૈયાર થયા પણ પારેવું પાછું ન આપ્યું. પોતાના શરીરમાંથી માંસ કાપીને આપે છે ત્યારે પારધીએ

કહ્યું એના બરાબર તોલીને માંસ આપો એટલે રાજાએ એ પ્રમાણે કર્યું. પોતાના પગમાંથી માંસ કાપીને મૂકવા માંડયું પણ પારેવાનું પલ્લું ઊંચું થતું જ નથી. છેવટે રાજા ત્રાજવામાં બેસી ગયા પણ પારેવાનું પલ્લું ઊંચું થતું નથી પણ રાજાના ઉત્કૃષ્ટ ભાવ જોઈને દેવે પ્રસન્ન થઈને મેઘરથ રાજાના ચરણમાં પડીને માફી માંગી. દેવે રાજાનું હતું તેવું શરીર બનાવી દીધું. વ્રતનું પાલન કરવા માટે રાજાએ પ્રાણનું બલીદાન આપવા સુધીની તૈયારી કરી લીધી ને ? પારેવાની દયા ખાતર પોતાના શરીરના ટુકડે ટુકડા કરી નાંખવા એ કંઈ સહેલ વાત નથી. તમારી કેટલી તૈયારી છે ? બોલો, છેવટે રાત્રી ભોજન, કંદમૂળનો ત્યાગ તો કરો.

હવે કામભોગોની અનિત્યતાનું સ્વરૂપ સમજાવતા ચિત્ત મુનિ કહે છે.

अच्चेइ कालो तरंति राइओ, न यावि भोगा पुरिसाण निच्चा ।
उविच्च भोगा पुरिसं चयन्ति, दुमं जहा खीण फलं व पक्खी ॥३१॥

હે રાજન્ ! જુઓ, આ આયુષ્યનો સમય વીતતો જાય છે. રાત્રીઓ અને દિવસો પણ ઘણા વેગથી જઈ રહેલ છે. દિવસ અને રાત્રી વ્યતીત થાય છે એટલે કે આયુષ્યના દળિયા ક્ષીણ થઈ રહ્યા છે. એક શ્લોકમાં પણ કહ્યું છે કે–

क्षणयान दिवस मासच्छलेन, गच्छन्ति जीवित दलानि ।
विद्वानपि खलु कथमिए, गच्छसि निद्रावशं रात्रौ ॥

જ્યારે ક્ષણ, પ્રહર, દિવસ અને મહિનાઓની ગણત્રીથી આયુષ્ય વ્યતીત થતું જાય છે ત્યારે ઘણું આશ્ચર્યની વાત તો એ છે કે વિદ્વાનોને પોતાની આવી સ્થિતિમાં પણ નિદ્રા કેમ આવે છે ? લાભમાં તો સૌને આનંદ થાય છે પણ હાનીમાં આનંદ કેવો ? એમ ચિંતા થવી જોઈએ કે મારા આયુષ્યની અમૂલ્ય ક્ષણો વ્યર્થ ચાલી જાય છે ? એક પણ પળ વ્યર્થ ચાલી ન જાય તે માટે સજાગ રહેવું જોઈએ.

હે રાજન્ ! જો તમે એમ માનતા હો કે ભલે આયુષ્ય વીતી જાય, રાત્રી અને દિવસ પણ એમ જ જતા હોય એમાં મને શું પ્રયોજન છે ? મારે જેનાથી પ્રયોજન છે એવા કામભોગો તો મારે આધીન છે. તો હે રાજન્ ! તમારી એવી માન્યતા ભૂલ ભરેલી છે, કારણ કે ભોગ પણ નિત્ય નથી. જે રીતે ફળ વિનાના વૃક્ષોનો પક્ષીઓ ત્યાગ કરી દે છે એ જ પ્રમાણે ક્ષીણ પુણ્યવાળા જીવોનો ભોગ પણ ત્યાગ કરી દે છે. આ સંસારમાં જીવને સુખની પ્રાપ્તિ થવી તે શુભ કર્મોને આધીન છે. જ્યાં સુધી પુણ્યની સત્તા રહે છે ત્યાં સુધી સાંસારિક જીવોને સુખોની પ્રાપ્તિ થયા કરે છે. પાપના ઉદયમાં સુખોની પ્રાપ્તિ થતી નથી, માટે હે રાજન્ ! તમે સ્વપ્નામાં પણ એવો વિચાર ન કરો કે આ કામભોગો મારે આધીન છે, અને એ સુખ ભોગવવામાં જીવનના રાત્રી અને દિવસો નિષ્ફળ ગુમાવો નહિ. અત્યારે તમે માનો છો કે આ મહેલ મહેલાતો,

વૈભવો. રાણીઓ, ધન વિગેરે બધું મારું છે. હું છ છ ખંડનો અધિપતિ છું. મોટા મોટા રાજાઓ મારા ચરણમાં નમે છે પણ એ બધું કયાં સુધી ? જ્યાં સુધી પુણ્ય હશે ત્યાં સુધી.

એક કીર્તિધર નામના રાજા થઈ ગયા. કીર્તિધર રાજાને સુકોશલ નામે પુત્ર હતો. પુત્ર હજુ નાનો છે પણ એમને કોઈ સંતનો સમાગમ થયો. સંતે સમજાવ્યું કે આ સંસાર અને સંસારના તમામ પદાર્થો ક્ષણિક છે. એક પણ પદાર્થ શાશ્વત નથી. આજે જેનું સર્જન થાય છે તેનું વિસર્જન થાય છે. એવો બોધ સાંભળીને કીર્તિધર રાજાને વૈરાગ્ય આવી ગયો. એમણે રાણીને કહ્યું કે હું રાજ્યની બધી વ્યવસ્થા કરીને જાઉં છું અને પુત્ર રાજ્યનો વહીવટ સંભાળે તેવો તૈયાર ન થાય ત્યાં સુધી રાજમાતા તરીકે તું રાજ્ય સંભાળજે પણ મને તું દીક્ષા લેવાની આજ્ઞા આપ, ત્યારે રાણીએ કહ્યું નાથ ! તમે મને મૂકીને ચાલ્યા જશો ? રાજાએ કહ્યું એક એક દિવસ તો બધું છોડવાનું જ છે ને ? તેના કરતાં જાતે છોડી દેવું શું ખોટું ? રાણીને ઘણું દુઃખ થયું. ખૂબ રડી પણ જેને સંસાર પ્રત્યે રૂચી નથી તે કેવી રીતે રહી શકે ? રાણીને ખૂબ સમજાવી, રાજ્યની બધી વ્યવસ્થા કરીને દીક્ષા લીધી. જે લે છે તે પાછું વાળીને જોતો નથી, સંયમ લેવો તે સર્પની જેમ માત્ર કાંચળી ઉતારવાની નથી. સર્પ તો માત્ર કાંચળી ઉતારે છે પણ એની દાઢનું ઝેર કાઢતો નથી. હા. દાઢ કાઢી નાખે તો સર્પ નિર્વિષ બની જાય છે. અહીં સાધુપણામાં બાહ્ય વેશ ઉતારવા રૂપ કાંચળી ઉતારવાની નથી પણ દાઢનું ઝેર કાઢવા રૂપ મોહનો ત્યાગ કરવાનો છે. જે મોહના ઝેર વમી જાય તે રૂડી રીતે સંયમનું પાલન કરી શકે છે. આ કીર્તિધર રાજાએ તો સંસાર છોડીને સંયમ લીધો, સંયમ લઈને કર્મક્ષય માટે ઉગ્ર સાધના કરવા લાગ્યા. મોહ-મમતાને તજી દઈ આત્મ સ્વરૂપમાં રમણતા કરવા લાગ્યા.

"રાણીનો કડક હુકમ" :-આ તરફ રાણી રાજ્ય ચલાવવા લાગી. પતિ તો સંયમપંથે ચાલ્યા ગયા ને પુત્ર મોટો થયો એટલે રાણીના મનમાં થયું કે પતિ તો સાધુ થઈ ગયા. હવે એ મારા કામના ન રહ્યા. એ કયારેક પાછા અહીં આવશે તો મારા દીકરાને પણ વૈરાગ્યનો રંગ લગાડીને સાધુ બનાવી દેશે તો મારે તો પતિ ગયા ને પુત્ર પણ જાય તો હું તો બંને આંખે આંધળી બની જાઉં, માટે હવે હું એવું કરું કે મારા ગામમાં જૈન ધર્મના કે અન્ય ધર્મના કોઈ સાધુ સંતો આવે જ નહિ. રાણીએ તો આખા નગરમાં ઢંઢેરો પીટાવી દીધો કે આ નગરમાં કોઈ પણ ધર્મના સાધુઓને આવવા દેવા નહિ. એક પોતાનો પુત્ર સાધુ ન થાય તે માટે સાધુ સાધ્વીઓનો બહિષ્કાર કરાવ્યો. જુઓ, આ સંસારમાં મોહની વિટંબણા કેવી ભયંકર છે ! એક વખત આ રાણીને એનો પતિ કેટલો પ્રિય હતો ! એ કેટલો પ્રેમ બતાવતી હતી ! પતિને સહેજ કંઈક થાય તો એને માટે પ્રાણ પાથરવા તૈયાર હતી. એ જ પતિ

સાધુ બન્યો એટલે સગાઈ ચાલી ગઈ. પ્રેમાળ પતિ માટે આજે કેવો ક્રૂર અને કઠોર વર્તાવ કરવા તૈયાર થઈ! આ સંસારમાં સ્વાર્થની રમત સિવાય કાંઈ જ નથી. એક કૂતરા જેવું પ્રાણી પણ રોટલાનો ટુકડો ખાઈને એના માલિકનું રક્ષણ કરે છે. એ કેટલો નિમકહલાલ અને માણસ એનો સ્વાર્થ પૂરો થતાં નિમકહરામ બની જાય છે.

"ધર્મ પ્રત્યે કરેલો ભયંકર દ્રોહ" :-કીર્તિધર રાજાની રાણીએ પોતાની સ્વાર્થ લંપટતામાં પતિ મુનિ થયા પછી કેવો દ્રોહ કર્યો? એને હવે પતિ સાથે કયાં સંબંધ છે! એનો સંબંધ સાંસારિક સુખો અને મોહ-માયા સાથે હતો. હવે પતિ મુનિ બની ગયા એટલે મારે ને એમને શું લેવાદેવા! એ એમના રસ્તે ને હું મારા રસ્તે. પતિ મુનિ અહીં આવે ને મારા દીકરાને એ લઈ જાય તો? એના કરતા હું એને ગામમાં પેસવા જ ન દઉં તો શું ખોટું? આમ વિચાર કરીને એણે તો નગરમાં સાધુઓને આવવાનો પ્રતિબંધ મૂકી દીધો, એટલે ગામમાં કોઈ સાધુ સાધ્વી આવતા નથી. જ્યાં સાધુ સાધ્વીનું આગમન બંધ થઈ જાય ત્યાં ધર્મનો બગીચો પણ સૂકાઇ જાય ને? લોકો તો કાળો કકળાટ કરવા લાગ્યા કે આપણા ગામમાં સાધુ સાધ્વી નહિ આવે તો ધર્મ કયાં જઈને કરીશું? આપણે કોના દર્શન કરીશું? એક પોતાના પતિ મુનિ ન આવે તે માટે બધા સાધુ સાધ્વીનો બહિષ્કાર કર્યો છે પણ રાજ્યના હુકમ આગળ કોનું ચાલે?

બંધુઓ! આ જીવ અનંતકાળથી પોતાની સુખ સગવડ જોતો સ્વાર્થમાં રમતો આવ્યો છે. આવો ઉત્તમ માનવ ભવ પામ્યા પછી પણ એવી ને એવી જ સ્વાર્થ, માયા અને પ્રપંચની કુટીલ રમતો રમ્યા જ કરશે તો આત્મિક ગુણો કયાંથી પ્રગટશે? અને આ જડ પુદ્ગલની ગુલામીના ઘેરાવામાંથી કેવી રીતે બહાર નીકળી શકશે? પૌદ્ગલિક સુખોના રસની ગુલામી માણસને હેવાન બનાવે છે. એની પાસે પિશાચી કૃત્યો કરાવે છે. દ્રોહ, પ્રપંચ વિગેરે કરતા એને આંચકો આવતો નથી એટલે પૌદ્ગલિક સુખોની ગુલામીથી ભરેલા સંસાર ઉપર જ્ઞાની પુરૂષોને અભાવ થાય છે, ગ્લાનિ આવે છે અને એમાંથી છૂટવાની તાલાવેલી જાગે છે. મોટા મોટા મહારાજાઓ અને શેઠ શાહુકારોએ સંસારના આવા સ્વાર્થ ભરેલા સ્વરૂપને જોઈને સંસાર છોડી દીધો છે. કીર્તિધર રાજાએ પણ સંસારને અસાર ને સ્વાર્થમય સમજીને છોડયો હતો.

સુકોશલની માતાએ પોતાના સ્વાર્થના કારણે સ્વામીભક્તિ ભૂલીને મુનિ બનેલા પતિને પોતાના નગરમાં ન પેસવા દેવા માટે કેવો ઘોર અનર્થ કર્યો? આગળ પાછળનો કોઈ વિચાર ન કર્યો. સાધુ-સાધ્વી, જોગી, ફકીર નગરમાં ન આવે એવો કડક પ્રતિબંધ કર્યો. ભૂલેચૂકે કોઈ જોગી નગરના દરવાજે જતો તો સિપાઈઓ એને કાઢી મૂકતા. આ તરફ સુકોશલ કુમાર મોટો થયો એટલે રાણીએ એને રાજતિલક કર્યું અને પરણાવ્યો. હવે પુત્ર બરાબર રાજ્યનો વહીવટ સંભાળે છે ને આનંદથી રહે છે. એ અરસામાં

કીર્તિધર મુનિ દીક્ષા લીધા પછી ઘણાં વર્ષે પહેલવહેલા પોતાના નગરમાં પધાર્યા. એમને આ ખબર નથી કે આ નગરમાં સાધુને પ્રવેશ કરવાની મનાઇ છે, અને તે સમયે દરવાન કોઈ કામ પ્રસંગે બહાર ગયેલો એટલે એમને કોઈ પાછા વાળનાર મળ્યું નહિ.

"પ્રથમવાર નગર પ્રવેશમાં આવેલી કસોટી" :– ચાલતા ચાલતા આગળ ગયા ત્યાં સિપાઈઓને ખબર પડી કે નગરમાં સાધુ પેસી ગયા એટલે એમને પકડીને નગરમાંથી કાઢી મૂકવા લાગ્યા. સાધુ કહે છે કે ભાઈ! તમે શા માટે આવું કરો છો? સિપાઈઓ કહે છે રાજ્યનો હુકમ છે. તમે ચાલ્યા જાઓ. એમ કહી બાવડું પકડીને બહાર કાઢે છે. કેવી કર્મની વિચિત્રતા છે! એક વખતના આ જ નગરના મહારાજા આજે મુનિપણામાં બહાર ધકેલાઈ રહ્યા છે, છતાં કીર્તિધર મુનિના મનમાં સ્હેજ પણ કષાય ભાવ આવતો નથી. ભગવાનનો બતાવેલો ઉત્તમ સંયમ માર્ગ પામીને રાજપાટ, નગર અને કુટુંબ બધું ભૂલાઈ ગયું છે, તેથી એમના મનમાં લેશ પણ રોષ કે ખેદ થતો નથી કે આ તો મારું નગર છે ને મારા જ નગરમાંથી મારો બહિષ્કાર થાય છે! જ્યાં આ મારું છે એવી મમતા જ કાઢી નાંખી છે પછી શા માટે ખેદ થાય? જ્યાં આપણા આવવાથી અરૂચી થાય એ સ્થાનેથી પાછા હઠી જવું એવી જિનાજ્ઞા છે. સિપાઈઓને કહે છે ભાઈ! મારા બાવડા પકડવાની જરૂર નથી. હું ચાલ્યો જાઉં છું. તો પણ સિપાઈઓ છોડતા નથી.

"ધાવમાતાએ ખુલ્લો કરેલો પડદો" :– આ સમયે સુકોશલ કુમાર મહેલના ઝરૂખે ઉભો હતો તેણે આ દૃશ્ય જોયું, એટલે એના મનમાં થયું કે આ સિપાઈઓ આ સાધુને આમ શા માટે કરતા હશે? એને આ વાતની ખબર નથી અને પિતાને ઓળખતો નથી, એટલે એને શું ખબર પડે? આ સમયે એની ધાવમાતા ત્યાં હાજર હતી. એને કુમારે પૂછયું કે આ સિપાઈઓ આ સાધુને આમ શા માટે ધક્કા મારીને કાઢી મૂકે છે? ત્યારે ધાવમાતા કહે છે હું કહું તો ખરી પણ તમે કોઈને કહેતા નહિ. નહિતર માતા મને મારી નાંખશે. ભાઈ! શું વાત કરું? આ સાધુ તમારા પિતાજી છે. તમે ઘણાં નાના હતા ત્યારે દીક્ષા લીધેલી છે. તમારી માતાના મનમાં એવો ડર લાગ્યો કે તમારા પિતાજી સાધુ અહીં આવે ને કદાચ તમે વૈરાગ્ય પામીને સાધુ બનીને એમની સાથે ચાલ્યા જાઓ તો? તેથી સાધુ, સંન્યાસી, જોગી કે સંત ન આવે એવો પ્રતિબંધ મૂક્યો છે. તમારા પિતાજી મુનિ અચાનક પધાર્યા છે એમને સિપાઈઓ બહાર ધકેલી રહ્યા છે. આ મેં તમને સત્ય વાત કરી પણ મારું નામ ન લેશો. આ વાત સાંભળીને એના અંતરમાં થયું કે અરે, મારી માતા આટલી બધી અધમ! સ્વાર્થીલી કે જેણે પોતાના પતિને પણ નગરમાં આવવાનો પ્રતિબંધ કર્યો! આનું કારણ શું? સંસારના તુચ્છ સુખો ભોગવવાની અધમ સ્વાર્થવૃત્તિ જ ને? માતા ભલે પતિભક્તિ ભૂલી પણ મારે મારા પિતાની ભક્તિ કેમ ચૂકાય? મારે હવે સંસારમાં રહેવું નથી. આ સ્વાર્થભરેલા સંસારમાં છે શું?

બંધુઓ ! આ કુમાર પરણેલો છે. પત્ની પતિભક્તા અને પ્રેમાળ છે અને ગર્ભવતી છે. આ બધું છોડીને સંયમ લેવા તૈયાર થઈ ગયો. એના દિલમાં એક જ આઘાત લાગ્યો કે આ સંસાર આવો ? હું મહેલવાસી અને મારા પિતાનું એમના જ રાજ્યમાં આવું હડહડતું અપમાન ! ધિક્કાર પડો આવા મહેલવાસને ! મને રાજસુખના કીચડમાં ખૂંચવીને પોતાની સાથે મહેલમાં બેસાડી રાખવા માટે માતાએ મારા પિતાનું આવું અપમાન કર્યું ને ? મારે આવા તુચ્છ સુખો ન જોઈએ. સુકોશલકુમારની ભવ્યતાના જોરે એના આત્માનું ખમીર ઉછળ્યું ને રાજ્યના સુખોને તુચ્છ માનીને છોડવા ઉભો થઈ ગયો. માતા કે પત્ની કોઈને કહ્યા વગર મહેલમાંથી એકલો ચાલી નીકળ્યો. કીર્તિધર મુનિ પણ નગર બહાર ચાલ્યા ગયા. આ સુકોશલકુમાર પોતાના પિતા મુનિને મળશે ને શું બનશે તે વાત અવસરે વિચારીશું, પણ અહીં સમજવાનું એ છે કે આ સંસાર કેવો સ્વાર્થમય છે. ચિત્તમુનિ બ્રહ્મદત્તને સમજાવે છે કે આ સંસારમાં કંઈ સાર નથી ને આયુષ્ય પણ અસ્થિર છે. પુણ્ય હોય ત્યાં સુધી સૌ સગા છે માટે હજુ પણ સમજવાની તક છે. હજી પણ શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્ર:– હરિસેન પોતાના મોટાભાઈને મળવા માટે અધીરો બન્યો છે, પણ પ્રધાન તેમજ નગરના મુખ્ય મહાજને એને જતા અટકાવ્યો, અને બધા ભેગા થઈને ભીમસેન રાજા પાસે પહોંચી ગયા ને તેમના ચરણમાં પડયા. પોતાના પિતા સમાન ભીમસેન રાજાને ઘણાં વર્ષે પોતાના નગરમાં પધારતા જોઈને એમની આંખમાંથી આંસુની ધાર છૂટી. ભીમસેને સૌને શાંત કર્યા, પછી સૌએ રાજાને ક્ષેમકુશળ પૂછીને કિંમતી નજરાણા ભેટ કર્યા, પછી હરિસેનનું મન રાજકાજમાંથી કેવી રીતે ઉદાસ બની ગયું છે. સુરસુંદરીને અને તેની દાસીને રાજ્યમાંથી કેવી રીતે કાઢી મૂકયા અને આપને મળવા માટે એમને કેટલો તલસાટ છે ને ભૂલનો કેટલો પશ્ચાતાપ છે તે બધી હકીકત ભીમસેનને જણાવી. પોતાના ભાઈની આવી દશા થઈ છે એ સાંભળીને ભીમસેનની આંખમાં આંસુ આવી ગયા. સુશીલા તથા દેવસેન અને કેતુસેન પણ રડી પડયા. પ્રધાને કહ્યું તમે ઢીલા ન થાઓ. હમણાં જ તેઓ આવ્યા સમજો, એ તો આવવા તૈયાર થયા હતા પણ અમે એમને રોકયા છે. આમ વાત કરે છે ત્યાં હરિસેનનો અશ્વ પૂરવેગે દોડતો ત્યાં આવી પહોંચ્યો. જેમ માતાથી છૂટું પડેલું બાળક માતાને જોતા વળગી પડે તેમ હરિસેન અશ્વ ઉપરથી ઉતરીને ભીમસેનને વળગી પડયો. બંને ભાઈઓ એકબીજાને ગળે વળગી પડયા ને એકબીજાનો સ્નેહ પ્રદર્શિત કર્યો, પછી હરિસેન ભીમસેનના ચરણમાં પડયો.

"ભૂલનું થયેલું ભાન":– ભીમસેનના બંને પગ પર પોતાની આંખો મુકીને હરિસેન છૂટે મોંઢે રડવા લાગ્યો. એ સમયનું એનું રૂદન પાષાણ જેવા કઠણ હૃદયના

માનવીને પણ પીગળાવી દે તેવું હતું. એના આંસુથી ભીમસેનના પગ ભીંજાઇ ગયા. ભીમસેને એને ઉભો કરતા કહ્યું ભાઇ! તું રડ નહિ. તારા જેવા યુવાન રાજપુત્રને આવું રડવું શોભે ખરું? તું છાનો રહે, ત્યારે હરિસેન રડતો રડતો કહે છે મારા વડીલ બંધુ! હું કેવી રીતે મારી આંખના આંસુ અટકાવી શકું! બંધુ! મેં આપને ઘણાં કષ્ટ આપ્યા છે. હું તો પાપીમાં પાપી છું. હું તો નીચ નહિ પણ નીચમાં નીચ અને અધમમાં અધમ છું. મારા પાપે તો આપને રાજમહેલ છોડીને રાતોરાત ભાગવું પડયું ને વનેવન ભટકવું પડયું. આ મારા કુમળા ફુલ જેવા ભત્રીજાઓ અને ભાભીને પણ ભૂખ–તરસ વિગેરે વગડાના કેવા ત્રાસ સહન કરવા પડયા ને ભોંય સૂવું પડયું. આ બધું કરનારો હું પાપી છું. મારો ગુનો મહા ભયંકર છે. વીરા! હવે હું મૃત્યુદંડને યોગ્ય છું. આ તલવારથી મારું મસ્તક ઉડાવી દો. આમ કહીને કરૂણ કલ્પાંત કરવા લાગ્યો. ભીમસેને એને બાથમાં લઈને આશ્વાસન આપતા કહ્યું કે વીરા! હવે તું ગઈ ગુજરી ભૂલી જા. વધુ શોક ન કર. ભાઈ! તું તો નિમિત્ત માત્ર છે. અમારા અશુભ કર્મોના એ ફળ છે નહિતર આવું કયાંથી બને? તને તારા પાપકર્મોનો પશ્ચાતાપ થઈ રહ્યો છે એ તારા માટે ઘણું છે. જે દિવસથી તને તારા પાપનું ભાન થયું એ જ દિવસથી તેં તારું પાપ ધોવા માંડયું છે. હવે તું નિર્દોષ છે એમ કહીને શાંત કર્યો. ભીમસેનને મળીને હરિસેન પોતાના ભાભી પાસે આવ્યો. તે ભાભીના ચરણમાં પડીને રડતા રડતા બોલ્યો મારી માતા સમાન હે પવિત્ર ભાભી! આ પાપી હરિસેનને માફ કરો....માફ કરો. હે ભાભી! આ તલવાર હાથમાં લઈને આ પાપીના દેહના ટુકડા કરી નાંખો. આપના જેવા પવિત્ર આત્માના હાથે મરું તો મારી સદ્‌ગતિ તો થાય. હવે આ પાપીને જીવીને શું કામ છે? આપ સુકુમાલ રાજરાણી અને બંને કુમળા કુલ જેવા બાલુડાઓને મારા કારણે વનેવન ભટકવું પડયું ને ભૂખ–તરસના દુઃખો વેઠવા પડયા. આવી આપની દશા કરનાર પાપીને હવે જીવતો રાખવા જેવો નથી, ત્યારે સુશીલાએ કહ્યું હે મારા લાડકા દિયર હરિસેન! તમે આ શું કરી રહ્યા છો? ઉઠો, ઉભા થાઓ. પાપના પશ્ચાતાપથી આપનો આત્મા રડી રહ્યો છે એ જ ઘણું છે. આપનો કોઈ દોષ નથી. દોષ અમારા કર્મનો છે. કરેલા કર્મો ભોગવ્યા વિના છૂટકારો થતો નથી. સુખ દુઃખ જીવનમાં આવ્યા કરે છે. એમ કહીને સુશીલાએ હરિસેનને શાંત કર્યો. આ બધું જોઈને દેવસેન અને કેતુસેન તો સ્થિર થઈ ગયા. અહો! અત્યારે તો કાકા કેવા પવિત્ર બની ગયા છે. આપણે તો યુદ્ધ કરીને રાજ્ય લેવું હતું પણ હવે યુદ્ધ કરવાની વાત જ ન રહી. આ તો રણસંગ્રામને બદલે સ્નેહસંગ્રામ જેવું વાતાવરણ સર્જાઈ ગયું. હરિસેને દેવસેન અને કેતુસેનને પ્રેમથી બોલાવ્યા ને પછી કહ્યું.

હે મારા વહાલા ભત્રીજાઓ! તમે બંને મારા અપરાધની શિક્ષા કરો. આ મારી તલવારથી આ પાપી દેહના સો ટુકડા કરી નાંખો. કદાચ એમ કરતાં તમારી હિંમત

ન ચાલે તો આ પાપી દેહને જીવતો જ ધરતીમાં દાટી દો, પણ હવે મારે કોઈ રીતે જીવવું નથી, ત્યારે બંને કુમારો કહે છે કાકા! તમે આ શું બોલો છો? આપ તો મહાન પવિત્ર અને ગુણવાન છો. આપ તો વિદ્વાન અને શૂરવીર છો, આપના જેવા જડવીર જો આમ રડશો તો પછી અમારા જેવા નાના બાળકોનું શું થશે? આપ છાના રહો. તમે અમારા જીવનના ઘડવૈયા છો. આપ અમને રાજ્યની તાલીમ આપો ને રાજ્ય ચલાવવા યોગ્ય સંસ્કારોનું અમારામાં સિંચન કરો. એમ અનેક મીઠા વચનો કહીને કાકાને શાંત કર્યા. ભાઈ-ભાભી અને ભત્રીજાઓનો સ્નેહ અને વાત્સલ્ય જોઈને હરિસેનનું મન શાંત થયું. એમની શરમ જતી રહી ને ક્ષોભ ઓછો થયો. મંત્રીઓ, નગર શ્રેષ્ઠીઓ બધા ભીમસેન રાજાની ઉદારતા અને પવિત્રતા જોઈને સ્થિર થઈ ગયા, અને ભીમસેન રાજાનો જયજયકાર બોલાવ્યો. આ બધું ઉજ્જૈની નગરીના ઉદ્યાનમાં બની રહ્યું છે. હરિસેન નગર શણગારવાની આજ્ઞા આપીને આવ્યો છે. તે પ્રમાણે નગર શણગારાઈ ગયું છે. હવે ખૂબ ઠાઠમાઠથી ભીમસેન રાજા નગરમાં પ્રવેશ કરશે ને શું બનશે તે અવસરે.



વ્યાખ્યાન નં. ૯૫

કારતક સુદ ૧૧ ને બુધવાર **તા. ૩૧-૧૦-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંત ઉપકારી, જગદ્‌ગુરુ, જગતનાનાથ શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા અનાદિ અનંતકાળથી આત્મા ઉપર લાગેલા અનેક પ્રકારના બંધનોમાંથી મુક્તિ મેળવવા માટે જગતના જીવોને અદ્‌ભૂત ઉપાય બતાવતા ફરમાવે છે કે હે ભવ્ય જીવો!

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो।
अप्पा दन्तो सुही होइ, अस्सिं लोए परत्थ य ॥ उत्त, अ. १ गाथा १५

તમે તમારા પોતાના આત્માને દમો, કારણ કે તે ખરેખર દુઃખે દમાય એવો છે, અને દમાયેલો આત્મા આ લોક અને પરલોકમાં સુખી થાય છે. ભગવાને આ ગાથામાં શું કરવાનું કહ્યું તે તમે સમજી ગયા ને? 'હા'. આત્મદમન. આત્માનું દમન એટલે શું? એ આપ જાણો છો ને? કષાયો, સંજ્ઞાઓ, વિકથાઓ, અશુભ ધ્યાન, રાગ-દ્વેષ ઇત્યાદિ અશુભ ભાવોમાં પરોવાતા પોતાના આત્મા પર કડક અંકુશ મૂકી ક્ષમાદિભાવો, જ્ઞાનાદિગુણો, નિરાભિમાનતા, ધર્મકથા, શુભ ધ્યાન વિગેરે શુભ ભાવોમાં લયલીન બનવું એ છે આત્મદમનનો માર્ગ, તો હવે એ વિચાર કરો કે એ આત્મદમન શા માટે કરવાનું છે? અનાદિ કાળથી આત્મા પર લાગેલા બંધનોથી મુક્તિ મેળવવા માટે. બંધન તૂટે તો આત્મા સુખી બની શકે. તમે આટલા બધા અહીં બેઠેલા છો એમાંથી

કોને મુક્તિમાં નથી જવું ? (શ્રોતામાંથી અવાજ :–સૌને જવું છે.) દરેકને મુક્તિ જોઈએ છે કારણ કે બંધન કોઈને ગમતું નથી, એટલે તો એક સામાન્ય માણસ પણ કરોડપતિ શેઠને કોઈ પ્રસંગ ઉપસ્થિત થતાં કહી દે છે કે હું તમારો બંધાયેલો નથી. આ બતાવે છે કે કોઈને બંધન ગમતું નથી.

આ બંધન બે પ્રકારના છે. એક બાહ્ય અને બીજું આભ્યંતર અથવા દ્રવ્યબંધન અને ભાવબંધન. આ દુનિયાદારીના જે બંધનો છે તે દ્રવ્યબંધન–બાહ્યબંધન કહેવાય અને રાગ–દ્વેષાદિ જે બંધનો છે તે ભાવબંધન–આભ્યંતર બંધન કહેવાય. શેઠ નોકરને મનમાન્યો પગાર આપે છે પણ એના તાબામાં રહેવું પડે છે એટલે નોકરને નોકરીનું બંધન ખૂંચે છે. આ રીતે જેમ આ સંસારના બંધન નથી ગમતા તેમ આભ્યંતર બંધનો પણ જીવને ન ગમવા જોઈએ. એ તમને ખૂંચે છે ખરા ? 'ના'. એ નથી ખૂંચતા માટે જીવનો ઉદ્ધાર થતો નથી. આવા બંધનોથી જેમણે મુક્તિ મેળવી તેમને આપણે કોડો વાર વંદન કરવા જોઈએ. જિનેશ્વર ભગવાને જો શાસન સ્થાપ્યું હોય તો તે બંધન તોડીને મુક્તિ મેળવવા માટે, પણ દુઃખની વાત તો એ છે કે આવું ઉત્તમ અને અનુપમ જિનેશ્વર પ્રભુનું શાસન મળ્યું છતાં મરતા સુધી જીવને સંસારનો રાગ છૂટતો નથી. અનાદિકાળની ઘટમાળમાં જીવે બંધનો બાંધવાનો વહેપાર કર્યો છે. સંસારી આત્મા એટલે બંધનોનો ઈજારદાર. જિનશાસન કહે છે કે અજ્ઞાન દશાથી બાંધેલાં બંધનોનો હવે તું ત્યાગ કર તો તારું કામ થઈ જશે ને આત્માનું અપૂર્વ તેજ ખીલી ઉઠશે. આટલા માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે આવો ઉત્તમ મનુષ્યભવ અને જિનશાસન પામ્યા છો તો આત્માનું દમન કરીને દ્રવ્ય અને ભાવ, બાહ્ય અને આભ્યંતર બંધનો તોડીને મોક્ષની પ્રાપ્તિ કરી લો.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં જેમણે આભ્યંતર બંધનો તોડવા માટેનો પુરૂષાર્થ ઉપાડયો છે એવા ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને બંધન તોડવા માટે સંયમ લેવાનો ઉપદેશ આપી રહ્યા છે પણ બ્રહ્મદત્ત ચક્રવર્તિ કહે છે કે હું કામભોગોનો ત્યાગ કરી શકું તેમ નથી, ત્યારે ચિત્તમુનિ કહે છે હે ચક્રવર્તિ ! રાત્રિ અને દિવસ રૂપી કાળના વહેણ વહેતા જાય છે ને તને કાનમાં કંઈક કંઈક કહેતા જાય છે કે હે આત્મા ! તું જાગ. કયાં સુધી મોહની ગુલાબી નિદ્રામાં તું ઊંઘ્યા કરીશ ? સોનાની લગડી ખોવાઈ જાય છે ત્યારે માણસ એને શોધવા માટે આકાશ પાતાળ એક કરે તેટલો પુરૂષાર્થ કરે છે પણ એ સોનાની લગડી તો ભાગ્યમાં હશે તો પાછી મળશે પણ આ જીવનમાંથી જે કીંમતી રાત્રિઓને દિવસો ચાલ્યા જાય છે તે ફરીને મળતા નથી, માટે જ્યાં સુધી આયુષ્યનો દિપક જલે છે ત્યાં સુધી તું તારી આત્મ સાધના કરી લે. તું માને છે કે આ કામભોગો અને સુખ વૈભવ કાયમ રહેવાના છે પણ એ તારા નથી. તિર્યંચ પક્ષીઓ પણ જે વૃક્ષના ફળ–ફૂલ, પાંદડા

અને ડાળીઓ સૂકાઈ જાય છે તે વૃક્ષનો ત્યાગ કરીને ચાલ્યા જાય છે, તે જ રીતે તારા પુણ્ય રૂપી ફળ, ફૂલ સૂકાઈ જશે ત્યારે જેમને તેં તારા માન્યા છે તે તારા રહેવાના નથી, કારણ કે સંસારની માયા એવી સ્વાર્થ ભરેલી છે.

આપણે ગઈ કાલે કીર્તિધર રાજાની વાત કરી હતી, તેમાં પણ એમની રાણી કેવી સ્વાર્થની રમત રમી. પતિ સંયમ લઈને ચાલી નીકળ્યા. પાછળથી રાણીના મનમાં થયું કે જો કયારેક કીર્તિધર મુનિ પધારશે ને મારા પુત્રને રંગ લાગશે તો એ સાધુ થઈ જશે તો હું રાજરાણી મટીને રાજમાતા થઈ અને પછી તો મારું રાજમાતાનું પદ અને સુખ પણ ચાલ્યું જશે, એટલે એણે પોતાના નગરમાં સાધુઓને આવવાનો પ્રતિબંધ કર્યો પણ કીર્તિધર મુનિ અજાણ્યા નગરમાં પધાર્યા એટલે સિપાઈઓ એમને ધક્કા મારીને બહાર કાઢવા લાગ્યા. એ દૃશ્ય જોઈને સુકોશલકુમારે એની ધાવમાતાને પૂછ્યું આ સિપાઈઓ આ સાધુને ધક્કા મારીને કેમ કાઢી મૂકે છે ? ત્યારે ધાવમાતાએ સત્ય વાત કરી. આ સાંભળીને સુકોશલ કુમારના મનમાં થઈ ગયું કે અહો ! આ સંસાર આવો ? સ્વાર્થનું કુંડાળું ! મારે આવા સંસારમાં રહેવું નથી. આમ વિચાર કરીને એ તો માતા કે પત્ની કોઈને પૂછયા વગર મહેલ છોડીને ચાલી નીકળ્યો. આ તરફ સિપાઈઓનો તિરસ્કાર જોઈને કીર્તિધર મુનિ પણ નગર બહાર ચાલ્યા ગયા. એમને ખબર ન હતી કે રાણીનો આવો પ્રતિબંધ છે એટલે એ નગરમાં પધાર્યા. બાકી જ્યાં કોઈને પણ અપ્રીતિનું કારણ બને એવા સ્થાનમાં કદી જાય નહિ.

સુકોશલકુમાર કીર્તિધર મુનિની પાસે પહોંચી ગયો, અને એમના ચરણમાં પડીને કહ્યું કે હે પિતા ગુરૂદેવ ! મને દીક્ષાની ભિક્ષા આપો. કીર્તિધર મુનિએ કહ્યું–ભાઈ! રાજમહેલમાં રહેનારો અને તને એકાએક વૈરાગ્ય કયાંથી આવ્યો ! સુકોશલકુમારે બધી વાત કરી, ત્યારે મુનિ કહે છે ભાઈ ! તારી માતાની આજ્ઞા વિના દીક્ષા નહિ આપું. આમ રકઝક કરે છે. આ તરફ રાજમહેલમાં ખબર પડી ગઈ કે સુકોશલકુમાર તો એના પિતા મુનિની પાછળ ગયા, એટલે માતા, પત્ની, મંત્રીઓ, લશ્કર બધા દોડતા નગર બહાર જ્યાં મુનિરાજ હતાં ત્યાં આવ્યા. રાણી કહે છે અરેરે....દીકરા ! તું ઘેર ચાલ. તું મારો એકનો એક લાડકવાયો દીકરો છે. તારા વિના હું નહિ જીવી શકું. ત્યાં ગર્ભવતી પત્ની કહે છે હે મારા વહાલા સ્વામીનાથ ! તમે મારા સામું તો જુઓ. મને આવી સ્થિતિમાં મૂકીને આમ ચાલ્યા જશો ? એમ કહીને એ પણ રડવા ને ઝૂરવા લાગી. ત્યાં તો પ્રધાન, સેનાપતિ વિગેરે કહેવા લાગ્યા કે હે મહારાજા ! તમારા વિના રાજ્યનો ભાર કોણ ઉપાડશે ? બિચારી ગરીબ પ્રજાનું શું થશે ? તમારા પિતાજી તો દીક્ષા લઈને નીકળી ગયા ને તમે પણ દીક્ષા લેવા ચાલ્યા તો આ માતાજીને કોનો આધાર રહેશે ? વળી આપની ઉંમર પણ કઈ ? આપ એક જ પુત્ર છો. આપના રાણીસાહેબ પણ ઉગતી ઉંમરના છે. એમણે શું સુખ જોયું ? આ બધાનો કંઈક તો વિચાર કરો. આપ ન

આવો તો અમારા માથે પણ સ્વામી કોણ ? આ રીતે સુકોશલકુમારને ઘેર લાવવા માટે આખો પરિવાર ખૂબ કરગર્યો, રડયો, ઝૂર્યો ને કુમારને ખૂબ વિનવવા લાગ્યો, પણ જેના હૃદયમાં સંસાર સ્વાર્થમય લાગવાથી વૈરાગ્યનો રણકાર થયો છે એવા સુકોશલકુમારે ઘેર આવવાની ચોખ્ખી ના પાડી દીધી અને પોતાની ગર્ભવતી રાણીના તરફ દૃષ્ટિ કરીને કહ્યું કે જાઓ આ રાણીને જે પુત્ર થશે તે તમારો રાજા થશે. હવે મારો મોહ મૂકી દો. મેં તો મારા પિતાજી પાસે દીક્ષા લેવાનો પાકો નિર્ણય કરી લીધો છે, માટે તમે મારી પાછી આવવાની કોઈ આશા ન રાખશો. સૌ વીલે મોઢે પાછા ફર્યા અને સુકોશલકુમારે પોતાના પિતા ગુરૂ પાસે દીક્ષા લીધી. કીર્તિધર મુનિ ખૂબ ઉગ્ર તપ કરતા હતા એ રીતે સુકોશલમુનિ પણ અઘોર તપ સાધના કરવા લાગ્યા અને પ્રસન્ન ચિત્તે ચારિત્રનું પાલન કરવા લાગ્યા. આ રીતે એ તો આત્મ સાધનામાં મસ્ત બની ગયા પણ આ તરફ રાજમાતાના દિલમાં ખટકો રહી ગયો કે એનો બાપ આવ્યો ને મારા દીકરાને સાધુ બનાવી દીધો. એમ કહીને ખૂબ આર્તધ્યાન કરવા લાગી. જિંદગી સુધી એનું આર્તધ્યાન બંધ ન થયું. આર્તધ્યાનના પરિણામમાં મરીને રાણી એ જ જંગલમાં વાઘણ તરીકે જન્મી.

બંધુઓ ! સ્વાર્થમયી રાણી પોતાનો સ્વાર્થ સાધવા જતા કેવો ક્રૂર અવતાર પામી. આવું જિનશાસન અને જિનેશ્વર પ્રભુના સંતો મળ્યા. એમની ભક્તિ અને એમની આજ્ઞાનું પાલન કરવાનું ભૂલીને પોતાનો સ્વાર્થ સાધવા જતા પૂર્વનું પુણ્ય વટાવી દીધું ને નવા પાપની કમાણી કરીને ક્રૂર વાઘણ તરીકે જન્મી, અને જંગલમાં ભમવા લાગી. એક વખત કીર્તિધર મુનિ અને સુકોશલ મુનિ બંને અનેક જીવોને ધર્મનો પ્રતિબોધ આપતા ગ્રામાનુગ્રામ વિચરતા માસખમણના પારણાને દિવસે ગૌચરી માટે એ જંગલમાં થઈને સામે ગામ જઈ રહ્યા હતા. ત્યાં પેલી ભૂખી વાઘણ છલાંગ મારીને દોડતી આવી. મુનિએ જાણ્યું કે હવે જીવવાના નથી. કીર્તિધર મુનિએ સુકોશલમુનિને કહ્યું આ વાઘણ આવે છે માટે તું ભાગી જા, કારણ કે એક સાથે તો એ બંનેને ખાશે નહિ. મને ખાય ત્યાં સુધીમાં તું કયાંક ચાલ્યો જા. તારી ઉંમર નાની છે. તું જીવતો હોઈશ તો અનેક જીવોને ધર્મનો બોધ આપીશ. મારી ઉંમર થઈ છે. આ વાઘણ આવી રહી છે. તું જલ્દી ચાલ્યો જા, ત્યારે સુકોશલ મુનિ કહે છે હું શિષ્ય કેવી રહું ને આપને વાઘણના મુખમાં જવા દઉં ! એ નહિ બને. આપ તો મારા પિતાજી છો તારણહાર ગુરૂદેવ છો. આપને હું નહિ જવા દઉં. આમ રકઝક કરે છે, ત્યાં ભૂખી થયેલી મા-વાઘણ હરણફાળ ભરતી આવી ને સુકોશલ મુનિ ઉપર તૂટી પડી, અને મુનિના દેહને જામફળની જેમ પ્રેમથી આરોગવા લાગી. તપસ્વી મહાત્માને શરીર પ્રત્યે કોઈ મમત્વભાવ ન હતો કે કોઈ જીવો પ્રત્યે રાગ-દ્વેષ ન હતો. સર્વ જીવોને અમાવીને મૈત્રીભાવ કરી શુકલ ધ્યાનમાં રમણતા કરતા કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામીને મોક્ષમાં

ગયા અને વાઘણ મરીને નરકમાં ચાલી ગઈ. સુકોશલ મુનિ સંયમ લઈને ટૂંક સમયમાં આત્માનું કલ્યાણ કરી ગયા.

બંધુઓ! આપણે આ દૃષ્ટાંત ઉપરથી એ જ સાર લેવો છે કે જીવ જેને મારા મારા કરીને મરી જાય છે તે સ્નેહીઓ કેવા સ્વાર્થી છે! કીર્તિધર જ્યારે રાજા હતા ત્યારે એ રાણીને એમના પ્રત્યે કેટલો પ્રેમ હતો અને સંયમી બન્યા પછી પોતાનો પુત્ર સાધુ ન થઈ જાય તે માટે પતિ જેવા પતિનો પણ બહિષ્કાર કરતાં પાછી ન પડી પણ પુત્ર હળુકર્મી જીવ તે જાગી ગયો ને દીક્ષા લીધી અને એમની માતા એની પાછળ આર્તધ્યાનમાં મરીને વાઘણ થઈ ને પોતાના જ પુત્રને મારનારી બની, પણ પુત્ર તો આત્મસાધના સાધી ગયો. એમ આપણે પણ જેમ બને તેમ જલ્દી આત્મસાધના સાધવી છે.

ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને પણ એ જ ઉપદેશ આપ્યો કે હે રાજન્! આ સંસાર સ્વાર્થમય છે. જ્યાં સુધી મધ હોય ત્યાં સુધી માખીઓ ચારે તરફ ફરે તેમ સંસારમાં માણસની પાસે પુણ્યરૂપી મધ હોય છે ત્યાં સુધી સૌ એની પાસે આવે છે પછી સગાવહાલા સૌ સાથ છોડી દે છે માટે તું સમજીને આવા સ્વાર્થભરેલા સંસારને છોડી દે, ત્યારે ચક્રવર્તિએ કહ્યું કે આપની વાત સાચી છે પણ મારી એટલી નબળાઈ છે કે હું આ ભોગ છોડીને ત્યાગ પંથે આવી શકું તેમ નથી, ત્યારે કરૂણાવંત મુનિ શું કહે છે.

जइ तं सि भोगे चइउं असत्तो, अज्जाइ कम्माइं करेहि रायं ।
धम्मे ठिओ सव्वपयाणुकंपी, तो होहिसि देवो इओ विउव्वी ॥३२॥

હે રાજન્! તું ભોગ છોડવાને અશક્ત છે. અસમર્થ છે તો તું જીવદયા આદિ આર્ય કર્મોને કર. ગૃહસ્થાવાસમાં રહીને પણ સર્વ જીવદયાદિ ગૃહસ્થ ધર્મનું પાલન કરીશ તો પણ તું આ મનુષ્યભવનું આયુષ્ય પૂરું થતાં વૈક્રિય શરીરનો ધણી એવો મોટો દેવ થઈશ.

આ ગાથામાં ચિત્તમુનિ ચક્રવર્તિને એ વાત સમજાવે છે કે હે બ્રહ્મદત્ત! પૂર્વભવમાં કરેલા નિયાણાને કારણે તમે ચક્રવર્તિનું પદ પામ્યા છો તેથી શબ્દાદિક વિષય ભોગોનો સર્વથા ત્યાગ કરી સાધુપણું અંગીકાર કરી શકતા નથી, પણ સંસારમાં રહીને ધર્મારાધના તો કરી શકો ને? સમ્યગ્દૃષ્ટિ આત્માઓ સંસારમાં રહીને પણ બાર વ્રતનું પાલન કરે છે તેમ તમે પણ બાર વ્રતનું પાલન તો કરી શકો ને? આ બાર વ્રત રૂપ ગૃહસ્થ ધર્મમાં સૌથી પ્રથમ દયા ધર્મને પ્રધાનતા આપવામાં આવી છે. શ્રાવકના બાર વ્રતમાં સૌથી પહેલું વ્રત પ્રાણાતિપાતિ વિરમણ વ્રત છે, એટલે હિંસાથી અટકીને અહિંસામાં આવવાનું છે. બારે બાર વ્રતનું પાલન જો કરી શકો તો ઉત્તમ છે. જો એટલું ન કરી શકો તો છેવટે પહેલું વ્રત અહિંસાનું તો પાલન કરો. કોઈ જીવની મારાથી હિંસા ન થાય. મારાથી કોઈ પણ જીવને ત્રાસ ન થાય

ને બને તો બધા જીવોને બચાવું. જેમ બને તેમ આરંભ સમારંભ ઓછા થાય એવી રીતે તમે જીવન જીવશો તો પણ મનુષ્ય ભવનો જ્યારે ત્યાગ કરશો ત્યારે વૈમાનિક દેવમાં મહાન સમૃદ્ધિશાળી દેવ બનશો. દેવોના સુખ આગળ ચક્રવર્તિનાં સુખ તો કંઈ જ વિસાતમાં નથી. એના કરતા પણ દેવલોકના સુખ તો અલૌકિક છે, માટે સંસારમાં રહીને પણ કરૂણા, પ્રેમ, મૈત્રી, પરોપકાર આદિ પરાર્હતના ધર્મ કાર્યો કરી લો.

બંધુઓ! ચિત્તમુનિએ બ્રહ્મદત્તને સમજાવવામાં કંઈ બાકી રાખી નથી. એની ત્યાગ માર્ગ અપનાવવાની શક્તિ નથી તો છેવટે સંસારમાં રહીને પણ આત્માનું કલ્યાણ થઈ શકે એવા કાર્યો કરવાનું કહ્યું. મુનિએ આ એમને છેલ્લો સંદેશો આપ્યો. માણસને સમજાવી સમજાવીને કેટલું સમજાવાય! ઘણું ઘણું સમજાવ્યા પછી જો સમજે તો મહેનત લેખે લાગે પણ જો માણસ કોઈ રીતે સમજે નહિ તો સમજાવનાર પણ છોડી દે છે કે ભાઈ! હવે તું તારું સંભાળી લેજે, હું મારા સ્થાને જાઉં છું. કરૂણા સાગર ચિત્તમુનિએ બ્રહ્મદત્ત ચક્રવર્તિને ખૂબ સમજાવ્યા પણ હવે સમજશે કે નહિ એ વાત પછી પણ આ બ્રહ્મદત્ત ચક્રવર્તિનો અધિકાર વાંચતા આંખમાં આંસુ આવી જાય છે કે અહો! આ જીવની કેવી દશા છે!

બાર ચક્રવર્તિ થયા તેમાં દશ ચક્રવર્તિ તો ચક્રવર્તિની પદવીનો મોહ છોડીને સાધુ બનીને આત્માનું કલ્યાણ કરી ગયા, અને આઠમા સુભૂમ ચક્રવર્તિ અને બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તિ એ બે દીક્ષા ન લઈ શકયા એટલે નરકમાં ગયા. સુભૂમ ચક્રવર્તિના મનમાં એમ થયું કે બધા ચક્રીઓ છ ખંડ તો સાધે છે એમાં મારી કોઈ વિશેષતા નથી. હું સાતમો ખંડ સાધું તો મારી વિશેષતા કહેવાય, તેથી સાતમો ખંડ સાધવા માટે દેવોને આરાધ્યા. દેવો હાજર થયા એટલે સુભૂમ ચક્રવર્તિએ સાતમો ખંડ સાધવા જવાની તૈયારી કરવાનું કહ્યું ત્યારે દેવોએ કહ્યું. મહારાજ! એ કદી બન્યું નથી ને બનવાનું નથી, માટે આપ રહેવા દો પણ ચક્રવર્તિ માન્યા નહિ. ચક્રવર્તિનું પુણ્ય એવું જબ્બર હોય છે કે દેવોને એની આજ્ઞા ઉઠાવવી પડે છે, તેથી દેવો એની પાલખી ઉપાડીને ચાલ્યા. જ્યાં બરાબર મધદરિયો આવ્યો ત્યારે એક દેવના મનમાં થયું કે આટલા બધા દેવોએ પાલખી ઉંચકી છે તો હું મારી દેવીને મળી આવું. આવી રીતે એક જ ક્ષણે બધા દેવોના મનમાં વિચાર આવ્યો એટલે બધા દેવોએ પાલખી છોડી દીધી ને દરિયામાં પડતા સુભૂમ ચક્રવર્તિ મરીને રાજસંપત્તિની અત્યંત આસક્તિથી નરકે ગયા.

બ્રહ્મદત્ત ચક્રવર્તિ ભોગાસક્તિના કારણે સાધુ નથી બની શકતા. એમનું આયુષ્ય ફક્ત સાતસો સોળ જ વર્ષનું હતું. તેમાં તમે આગળ સાંભળી ગયા ને કે બાલપણમાં એમને કેવા દુઃખો વેઠવા પડયા! જન્મદાતા માતા ચુલની રાણી ખુદ પોતાના પુત્રને મારી નાંખવા તૈયાર થઈ એ કંઈ ઓછા દુઃખની વાત છે! માતાના પંજામાંથી છટકીને

કેટલા કષ્ટ વેઠયા બાદ એ ચક્રવર્તિ બન્યો ને છ ખંડ સાધ્યા. થોડો સમય સુખ ભોગવ્યું પછી પાછળથી એને કેવું કષ્ટ પડયું છે એ સાંભળશો ત્યારે તમને એમ થશે કે આ જીવન આવું છે? જીવને કરેલા શુભાશુભ કર્મો ભોગવવા પડે છે. કર્મ કોઈને છોડતા નથી. આવું સમજીને તમે બધા પણ આવું ઉત્તમ માનવજીવન પામીને પાપ કર્મોનો ત્યાગ કરીને પરભવ સુધારવા શુભ કર્મો કરો. ચિત્તમુનિએ બ્રહ્મદત્તને ઘણો ઘણો ઉપદેશ આપ્યો. હવે એ એના હૃદયમાં ઉતારશે કે નહિ અને છેવટે મુનિ શું કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

ચરિત્ર :- ભીમસેન રાજા, સુશીલારાણી અને દેવસેન તથા કેતુસેન બંને કુમારો બધા ઘણાં દુઃખો સહન કરી પાપ કર્મનો ઉદય પૂરો થતાં ઉજ્જૈની નગરીની બહાર પધાર્યા છે. હરિસેન આદિ આખા નગરની જનતા તેમનું સ્વાગત કરવા માટે આવી છે. સૌએ ભીમસેન રાજાનું હાર્દિક સ્વાગત કર્યું અને હરિસેને ભીમસેન રાજા, સુશીલારાણી, દેવસેન-કેતુસેન આદિ સર્વે પાસે પોતાની ભૂલની માફી માંગી. પાપનો પશ્ચાતાપ કર્યો, ત્યારે સૌએ એક જ વાત કરી કે આમાં તમારો કોઈ દોષ નથી. અમારા પાપકર્મનો દોષ છે. એમ કહીને પ્રેમથી બોલાવ્યા એટલે પાપના ભારથી પીડાતું હરિસેનનું હૈયું શાંત થયું. આ રીતે બધા પ્રેમથી મળ્યા બાદ ખૂબ હર્ષભેર ઠાઠમાઠથી ઉજ્જૈની નગરીમાં પ્રયાણ કર્યું.

એક સુંદર હાથીને શણગારીને લાવ્યા હતા એના ઉપર સોનાની અંબાડી પર ભીમસેન, સુશીલા, હરિસેન, દેવસેન, કેતુસેન આદિ બેઠા. જેવો હાથી ચાલ્યો કે તરત મંગલ વાજિંત્રોના નાદ ગુંજી ઉઠયા. ભીમસેન રાજાનો જયજયકાર બોલાવા લાગ્યા. ભીમસેન રાજા છૂટા હાથે દાન દેતાં આગળ વધી રહ્યા છે. ધ્વજા પતાકાઓથી આખી ઉજ્જૈની નગરીની બજારો શણગારેલી હતી. ઉજ્જૈનીના નગરજનોનો હર્ષ સમાતો નથી. ભીમસેન રાજા જ્યાંથી પસાર થયા ત્યાંથી સૌએ તેમને કોઈએ સાચા મોતીથી, કોઈએ ફૂલથી ને કોઈએ ચોખાથી વધાવ્યા. ગળામાં હાર પહેરાવ્યા. પોતાના મહારાજાની પુનીત પધરામણીની ખુશાલીમાં બહેનોએ મંગલગીત ગાયા. આ રીતે ભીમસેન રાજાનું સ્વાગત કર્યું ને વાજતે ગાજતે સૌ રાજમહેલમાં આવ્યા. સૌના આનંદનો પાર નથી. હરિસેને ભીમસેનને કહ્યું હે મારા વડીલ બંધુ! હવે આપ આપનું રાજ્ય સંભાળી લો. બીજે દિવસે શુભ મુહુર્તે ભીમસેન રાજા રાજસિંહાસન પર આરૂઢ થયા. એ દિવસે અનેક બંદીજનોને મુક્ત કર્યા. પ્રજાજનોના કર માફ કર્યા અને ગરીબોનું દરિદ્ર ટળી જાય તેવું પુષ્કળ દાન આપ્યું.

આખા નગરમાં અને દેશમાં ભીમસેન રાજાની આણ વર્તાવા લાગી. ભીમસેન રાજાની દાસી જે યશોદા હતી તે પણ પોતાના રાજા-રાણી આવવાથી ખૂબ આનંદિત બની ગઈ. એણે ભીમસેન રાજાને બચાવ્યા હતા એટલે હવે તો એનું માન ખૂબ વધી ગયું હતું અને હરિસેનની દાસી વિમલા કે જેણે સુરસુંદરીને ચઢાવીને બૂરા કાર્ય કર્યા

હતા એને તો માથું મુંડાવી, મોઢું કાળુ કરાવી ભૂંડે હાલે કઢાવી મૂકી હતી અને હરિસેનનું હૃદય પલટાયા પછી પોતાની રાણીને ખૂબ ફિટકાર આપતો હતો, એને માર મારતો હતો તેથી જાણ્યું કે હવે મને સુખ નહિ મળે, તેમાં પણ ભીમસેન રાજા કદાચ આવશે તો મારી કેવી દશા થશે એ ડરની મારી એ પણ કયાંક ભાગી ગઈ હતી. ભીમસેન રાજા દયાળુ તો હતા જ, એમાં પણ પોતે ભયંકર દુઃખો સહન કરીને આવ્યા હતા એટલે પોતાની પ્રજા સ્હેજપણ દુઃખી ન રહે તે ધ્યાન રાખતા તેથી પ્રજા મુક્ત કંઠે પ્રશંસા કરતી હતી.

એક દિવસ ઉદ્યાનપાલકે આવીને ભીમસેન રાજાને વધામણી આપી કે હે મહારાજાધિરાજ ! આપણી નગરીની બહાર કુસુમશ્રી નામના ઉદ્યાનમાં સંસારથી તારનાર, મહાજ્ઞાની પ્રતિભાશાળી ધર્મસેન નામના અણગાર પધાર્યા છે. આપ જલ્દી દર્શનાર્થે પધારો. તેજસ્વી ગુરૂદેવ પધાર્યાની મંગલ વધામણી મળતા ભીમસેન રાજાના રોમેરોમમાં આનંદ વ્યાપી ગયો. વધામણી આપવા આવનાર ઉદ્યાનપાલકને ખુશાલીમાં બાર હજાર સોનામહોરો આપીને સંતોષ્યો ને કહ્યું–ભાઈ ! આજે તું એવા સુંદર સમાચાર લાવ્યો છે કે મારા ઉત્સાહ અને આનંદનો પાર નથી. હવે તું જલ્દી જઈને ગુરૂ ભગવંતની આગતા સ્વાગતા કરી એમને જોઈતી ને ખપતી ચીજોની તું સગવડ કરી આપજે. હું મારા પરિવાર સહિત હમણાં જ ગુરૂદેવના દર્શનાર્થે આવું છું. ભીમસેને સુશીલા આદિ બધાને સમાચાર મોકલાવી દીધા. થોડીવારમાં બધા તૈયાર થઈ ગયા. વિજયસેન રાજા જે ભીમસેનના સાઢુભાઈ પણ ત્યાં આવેલા હતા એટલે તેઓ પણ સાથે હતા. વિજયસેન, ભીમસેન, હરિસેન, સુશીલા, દેવસેન, કેતુસેન વિગેરે મોટા આડંબર સહિત સેના સાથે વાજતે ગાજતે ગુરૂના દર્શન કરવા નીકળ્યા. સાથે નગરજનો પણ નીકળ્યા. ચાલતા ચાલતા જ્યાં ધર્મસેન આચાર્ય ભગવંત બિરાજે છે ત્યાં પહોંચી ગયા. બધાએ ભાવપૂર્વક વંદણા કરી સુખશાતા પૂછી, પછી ભીમસેન રાજાએ કહ્યું–ગુરૂદેવ ! આપના દર્શનથી અમારો દિવસ ધન્ય બની ગયો છે. આપ તો મહાન જ્ઞાની, શાસ્ત્રજ્ઞ અને ગીતાર્થ છો. આપ અમને અમૃતવાણીનું પાન કરાવી સંસાર તાપથી સળગતા એવા અમને જિનવાણીના શીતળ જળથી શાંત કરો.

આચાર્ય ધર્મસેન મુનિને લાગ્યું કે આ આત્માઓ સરળ અને જિજ્ઞાસુ છે. એમની જિજ્ઞાસા જોઈને ઉપદેશ આપ્યો કે હે ભવ્યો ! પૂર્વભવમાં તમે દાન–શીયળ –તપ–જપ આદિ જે શુભકરણી કરી છે તેના પ્રતાપે આ રાજ્ય, વૈભવ, સંપત્તિ આદિ તમને મળ્યું છે. પરિપૂર્ણ પાંચ ઈન્દ્રિયોથી યુક્ત આવો માનવદેહ પ્રાપ્ત થયો છે. મનુષ્યભવની એકેક ક્ષણ મહા કિંમતી છે. અબજોની કિંમત આપતા પણ પાછી મળતી નથી, માટે માનવભવની આવી અમૂલ્ય ક્ષણોમાં પ્રમાદ છોડીને બને તેટલી ધર્મારાધના

કરી લો. આચાર્ય ભગવંતની વાણી સાંભળીને ભીમસેન રાજા તથા વિજયસેન રાજાએ બાર વ્રત અંગીકાર કર્યા અને હરિસેનનાં હૃદયમાં તો એ વાણી આરપાર ઉતરી ગઈ અને સંસાર પરથી એનું મન ઉઠી ગયું. એમના દિલમાં પોતેકરેલું પાપ ખટકતું હતું, એટલે એક જ વિચાર કર્યો કે મારે મારા પાપકર્મો ધોવા સંયમ જ લેવો છે. હવે હરિસેન ભીમસેનને પોતાની ભાવના જણાવશે ને ભીમસેન તેને શું કહેશે તે અવસરે.



વ્યાખ્યાન નં. ૯૬

કારતક સુદ ૧૪ ને શુક્રવાર **તા. ૨-૧૧-૭૯**

અનંતજ્ઞાની કહે છે કે આ જીવે પ્રવાસ તો ઘણા ખેડયા પણ એ પ્રવાસ અનંતાએ પહોંચવા માટેના નહિ પણ ઉલ્ટું એનાથી દૂર ને દૂર રહી સંસારની ગતિઓમાં અનંતી વાર ભટકાવનાર પ્રવાસ કર્યા. હવે તો અનંતના તરફ પ્રવાસ ખેડવાનો છે. અનંત તરફ પ્રવાસ એટલે અંતવાળા તરફથી પાછા હઠવું જોઈએ. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, કષાય વિગેરેથી પાછા હઠી સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, ઉપશમભાવ વિગેરેની આરાધના થાય તો એમાંથી આગળ વધી અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્ય વિગેરે અનંતાની પ્રાપ્તિ થાય. આ અનંતની પ્રાપ્તિ એટલે આત્માના જન્મ-જરા-મૃત્યુ-રોગ, શોક, ઉપાધિ વિગેરે ગયા અને અક્ષયતા નિર્મળતા પ્રગટયા.

જેમણે અનંતની પ્રાપ્તિ માટે પ્રવાસ ખેડયો છે એવા ચિત્તમુનિ બ્રહ્મદત્ત ચક્રવર્તિને નરક ગતિમાં જતા ઉગારીને મોક્ષના સુખની પ્રાપ્તિ કરાવવા માટે ધર્મનો ઉપદેશ આપી રહ્યા છે કે હે રાજન્! આ જીવને પરલોકમાં જતા જો કોઈ શરણભૂત હોય તો તે એક ધર્મ છે. ધર્મ વિના ત્રણ કાળમાં આત્માનું ઉત્થાન અને ઉધ્ધાર થવાનો નથી. આત્મિક સુખની પ્રાપ્તિ કરવા માટેનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધર્મ તો ચારિત્ર છે. ચારિત્ર અંગીકાર કરવા માટે મેં તને ઘણું ઘણું સમજાવ્યો, જુદી જુદી રીતે સંસારની અસારતાનું તારી સમક્ષ વર્ણન કર્યું પણ તને સંસાર છોડવાનું મન નથી. તું કહે છે કે હું છોડી શકું તેમ નથી પણ તું સંસાર ન છોડી શકે તો ખેર, પણ સંસારમાં રહીને દયા, સરળતા, પરોપકાર એવા સત્કાર્યો તો કરી લે જેથી તું નરકમાં જતો અટકી જાય ને વૈમાનિક દેવ થાય. મને તારી બહુ દયા આવે છે. ભાઇ! તું આવો ઉત્તમ મનુષ્યભવ એળે ન ગુમાવ. માનવભવ નામના આ જંકશનમાંથી બધી ગતિઓની ટિકીટ મળી શકે છે.

બંધુઓ! વિચાર કરો, તમારે કયાંની ટિકીટ લેવી છે? આવા મૂલ્યવાન માનવ ભવને છોડીને વહેલા કે મોડા એક દિવસ તો જીવને જવું પડે છે. અહીં કરેલી કરણી પ્રમાણે ટિકીટ મેળવી શકાશે. આપણો આત્મા પોતે જ મુસાફર છે ને આપણો

આત્મા પોતે જ ટિકીટ માસ્તર છે. આ નાનકડા ભવમાં પૈસા, શરીર અને કુટુંબ ઉપર વધારે મોહ કરીને એની ચિંતામાં જો રાત-દિવસ પસાર કરશો તો પશુપક્ષીના ભવમાં જવું પડશે. મનગમતા સાધનો મેળવવા માટે જીવોની હિંસા કરતા હૈયું નિષ્ઠુર બની જશે ને નરકગતિમાં જવું પડશે. મનમાં કોમળતા, હૈયામાં સરળતા, પ્રકૃત્તિની ભદ્રિકતા, વચનમાં મીઠાશ, નિરાભિમાનતા, શરીરથી કોઈને હેરાન ન કરવાની વૃત્તિ, દયા, દાન વિગેરે ગુણો વડે મનુષ્યમાંથી મરીને મનુષ્યનો ભવ મળે. ભક્તિ, વૈરાગ્ય, ત્યાગ, તપ, અરિહંત પ્રભુની આજ્ઞાનું પાલન, ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલવું આદિ ગુણો વડે દેવલોકમાં જવાય છે, અને ઉંચામાં ઉંચા સમતા, સંયમ, સહનશીલતા, સંતોષ, અપ્રમત્તભાવ આદિ શ્રેષ્ઠ ગુણો વડે મોક્ષ ગતિ મળે છે. અત્યારે આપણાથી અહીંથી સીધા મોક્ષ ગતિમાં જઈ શકાય તેમ નથી, માટે પોતાની કરણી અનુસાર કોઈ પણ એક ગતિમાં જવું પડે છે. તો તિર્યંચ ગતિ અને નરક ગતિને લાયક કાર્યો છોડીને નિસ્પૃહતા, વૈરાગ્ય, સરળતા, ઈન્દ્રિયદમન અને ચિત્તની સ્થિરતા આદિ ગુણોની પ્રાપ્તિ કરવા માટે મહેનત કરીને આવતો ભવ ઉંચા દેવનો અથવા મનુષ્યનો મળે એવી કરણી કરી પરંપરાએ મોક્ષમાં પહોંચવા માટેની તૈયારી કરવી જોઈએ.

ચિત્તમુનિ કહે છે કે હે બ્રહ્મદત્ત ! મેં તને એવો જોરદાર ઉપદેશ આપ્યો છે કે પાષાણ જેવા કઠોર હૃદયનો મનુષ્ય હોય તો પણ પીગળી જાય. ભલે, ચારિત્ર લેવાની એનામાં તાકાત ન હોય તો એ સંસારમાં રહીને પણ કંઈ ને કંઈ ધર્મારાધના કરે છે, એના હૃદયનું, એના જીવનનું પરિવર્તન થઈ જાય છે, પણ તારા હૃદયમાં એની બીલકુલ અસર કેમ થતી નથી ? તારું હૃદય બીલકુલ પીગળતું નથી. મને તો એવું દુઃખ થાય છે કે તારું શું થશે ?

न तुज्झ भोगे चइउण बुद्धिं, गिद्धोसि आरंभ परिग्गहेसु ।
मोहं कओ इत्तिउ विप्पलावो, गच्छामि रायं आमंतिओसि ॥ ३३ ॥

હે રાજા ! તમારી બુદ્ધિ ભોગોને છોડવાની નથી. તમે આરંભ પરિગ્રહમાં અત્યંત ગૃધ્ધ છો. મેં તમારી સાથે આટલો બધો વિપ્રલાપ-બકવાદ વ્યર્થ કર્યો. હવે હું જાઉં છું. કોઈ અજ્ઞાન માણસને કોઈ સજ્જન પુરૂષ એના ભલા માટે હિત શિખામણ આપે, કોઈ પણ રીતે એનું કેમ હિત થાય, એનું જીવન કેમ સુધરે એવી કરૂણા દૃષ્ટિથી એને સમજાવે પણ સામી વ્યક્તિ ઉપર જો એની કોઈ અસર ન થાય તો પછી સજ્જન પુરૂષ પણ થાકી જાયને ? બ્રહ્મદત્તનું હૃદય પીગળ્યું નહિ. આનું જો કોઈ કારણ હોય તો તે એક જ કારણ છે કે પૂર્વભવમાં કરેલું નિયાણું. નિયાણાના કારણે એની ભોગાસક્તિ છૂટતી નથી. બાકી ચક્રવર્તિમાં બુદ્ધિ ન હતી એમ નહિ કે આટલો ઉપદેશ આપવા છતાં એ સમજે નહિ. જે જીવ ભારેકર્મી હોય તે એના પુણ્યોદયથી

ભલે આર્યકુળમાં જન્મ્યો હોય પણ એને ધર્મનું કે ધર્મચર્ચા કરવાનું મન થતું નથી, ત્યારે કંઈક જગ્યાએ વાંચવામાં આવે છે કે અકબર જેવા મુસ્લીમ રાજાઓ પણ ઘણી વખત ધર્મચર્ચા અને જ્ઞાનચર્ચા કરતા હતા.

એક વખત દિલ્હીની સભામાં અકબર બાદશાહે પ્રશ્ન કર્યો કે નવો જમાનો સારો કે જુનો જમાનો સારો ? આ પ્રશ્ન સાંભળી સૌ મુગ્ધ બની ગયા, કારણ કે સૌ સમજે છે કે જુનો જમાનો સારો પણ તેનો પૂરાવો માંગે તો શું કહેવું ? તેથી કોઈ કંઈ બોલ્યા નહિ. છેવટે રાજાએ બીરબલને કહ્યું–બોલો બીરબલ, ત્યારે બીરબલ કહે જહાંપનાહ ! આ પ્રશ્ન ઘણો અઘરો છે. હું આપને આ પ્રશ્નનો ઉત્તર આપી શકું પણ મારા કરતા કોઈ અનુભવીને લાવવા વધુ સારા. રાજા કહે–ભલે, જા બીરબલ. આના માટે ગમે તેટલો ખર્ચ થશે તો હું આપીશ પણ સત્ય વાત અનુભવથી સમજાવે તેને લઈ આવ. બીરબલે બે હાથ જોડીને કહ્યું જહાંપનાહ ! જેવો આપનો હુકમ. હું આજે જ એવા પુરૂષની શોધમાં નીકળીશ અને બની શકશે તો આવતી કાલની સભામાં એમને હાજર કરીશ.

બીરબલ સાંજના સમયે ફરતા ફરતા છેક ગામના પાદરે પહોંચ્યો. ત્યાં તેણે એક ઝુંપડી જોઈ બાપુ કહીને બૂમ મારી. વૃધ્ધ બાપા અવાજ ઉપરથી સમજી ગયા કે. આ અવાજ બીરબલનો લાગે છે. એટલે પૂછે છે કોણ બીરબલ ? બીરબલ કહે હા, બાપુ. બાપા કહે બીરબલ આવ અંદર. બીરબલ અંદર ગયો. વિનયવિવેક સાચવીને બેઠો. પછી વાત કરતા કરતા પ્રશ્ન કર્યો કે બાપુ ! જમાનો કયો સારો જુનો કે નવો ? તે તુલનાત્મક કરી આપ સમજાવશો તો ખુદ મહારાજા આપનું સ્વાગત કરશે, ત્યારે રહીમદાદાએ કહ્યું કે " **ખૂબ ખાયા, ખૂબ ખીલાયા, ઔર સારી જિંદગી મોજ મેં કટ ગઈ, અબ આધી રોટી ઔર થોડા સા શાક ખુદા દે દેતા હૈ !** " મને કોઈ સત્કાર કે સન્માનની જરૂર નથી. હું તો ગરીબાઈમાં પણ આનંદથી રહું છું, છતાં આપની આજ્ઞા છે તો હું રાજદરબારમાં ખુશીથી હાજર રહીશ. બીરબલે કહ્યું હું આપને તેડવા માટે પાલખી મોકલીશ. એમ કહીને તે ગયો. આ રહીમદાદા ખૂબ અનુભવી હતા. બીજે દિવસે બાદશાહનો દરબાર ભરાયો. ગઈ કાલના પ્રશ્નનો ચુકાદો સાંભળવા માટે સભામાં ઘણા માણસો આવ્યા હતા. આખી સભા ઠઠ ભરાણી હતી, તે વખતે બીરબલ રહીમદાદાને પાલખીમાં બેસાડીને લઈ આવ્યો. નેવું વર્ષના વૃધ્ધ રહીમદાદાને બાદશાહે પોતાની સામે ખુરશી નાંખીને બેસાડયા ને સન્માન કરીને પૂછયું કે ગઈ કાલે અમારી સભામાં આ પ્રશ્ન થયો છે કે " જુનો જમાનો સારો કે નવો જમાનો સારો ? આનો નિર્ણય કરવામાં કોઈની અક્કલ કામ કરતી નથી. તો બીરબલની સલાહથી આ કાર્ય અમે આપને સોંપીએ છીએ તો આપ એનો ચુકાદો આપો. આ વૃધ્ધ શું ચુકાદો આપશે તે સાંભળવા માટે આખી સભાના લોકો આતુર

અને એક ચિત્ત બની ગયા. રહીમદાદાએ બાદશાહને સલામ કરીને વિવેકથી જવાબ આપતા કહ્યું.

જહાંપનાહ! માફ કરજો. જો આપ સાચું જ સાંભળવા ઈચ્છતા હો તો મારો નમ્ર અભિપ્રાય છે કે નવા જમાના કરતા જુનો જમાનો સારો હતો, કારણ કે જુના જમાનાના લોકો સત્યવાદી, સદાચારી અને પ્રમાણિક હતા. સદા કોઈનું ભલું ઈચ્છતા હતા. બને તો કોઈના ઉપર ઉપકાર કરતા હતા ત્યારે આજના જમાનામાં એવા ગુણવાન માણસો બહુ ઓછા જોવા મળે છે. આજના જમાનાના લોકો તો એવા ગુણરૂપી ધર્મને અભરાઈએ ચઢાવી દઈને જર, જમીન અને જોરૂની પાછળ પાગલ બન્યા છે. એમાં એ કોઈના સુખની પરવા કરતા નથી. એમની દોટ એ આંધળી દોટ છે, છતાં એ માને છે કે અમે પ્રગતિના પંથે જઈ રહ્યા છીએ ને આત્માને છેતરી રહ્યા છે, ત્યારે બાદશાહે કહ્યું કે તો આપ પહેલાના જમાનાની ઈમાનદારીને અને આજના જમાનાની બેઈમાનીને કોઈ પૂરાવાથી સાબિત કરી આપશો? રહીમદાદાએ કહ્યું–નામદાર! ઈમાનદારીને કોઈ પૂરાવાની જરૂર નથી. કુરાને શરીફમાં કહ્યું છે કે શ્રધ્ધામાં શંકાને સ્થાન હોતું નથી. છતાં આજના ઈમાનદારી ગુમાવી બેઠેલા માણસોને કંઈ પૂરાવો જોઈતો હોય તો હું મારા પૂર્વ જીવનમાં બની ચૂકેલી એક ઘટના કહી સંભળાવું. બાદશાહે કહ્યું ભલે, સંભળાવો.

નામદાર! હું એકવીસ વર્ષનો ભરયુવાન હતો. તે સમયે હું ને મારી વૃધ્ધ માતા એક ભાંગીતૂટી ઝૂંપડીમાં રહેતા હતા. ગરીબી તો એટલી ભયંકર હતી કે સવારે ઉઠીએ ત્યારથી થાય કે શું ખાશું? નોકરી માટે હજારો પ્રયત્નો કરવા છતાં નોકરી નહોતી મળતી. સમય જતા બગીચાના માળીએ મને મહિને પાંચ રૂપિયાના પગારદાર તરીકે નોકરી રાખ્યો, તેથી હું ને મારી માતા રાજી રાજી થઈ ગયા. એ અરસામાં એક દિવસ અચાનક સાંજે વરસાદ શરૂ થયો અને ઘમઘોર વાદળા હોવાથી દિવસ હોવા છતાં અંધારી રાત જેવું વાતાવરણ બની ગયું. આ સમયે હું ઝુંપડીનું બારણું બંધ કરવા ગયો ત્યારે રૂપરૂપના અંબાર સમી, અને દાગીનાથી ભરપૂર ભરેલી એક યુવાન સ્ત્રી ઝુંપડીની બ્હાર થરથર ધ્રુજતી હતી. આ જોઈને મને થયું કે આ બહેન કેમ ધ્રૂજતી હશે? મેં મારી માતાને બોલાવીને કહ્યું–અમ્મા! અહીં કોઈ બહેન ઉભી હોય તેમ લાગે છે. તે મારી બહેન ગુજરી ગઈ તેના જેવી લાગે છે. માતાએ બહાર આવીને પ્રેમથી પૂછયું બેટા! તું કોણ છે? અને વરસાદમાં એકલી કેમ ઉભી છે? ત્યારે તેણે કહ્યું. હે માતા! હે વીરા! હું મારા પિયરથી સાસરે જતી હતી તેમાં અચાનક આવું વાતાવરણ બની ગયું. હવે હું મારા ઘરે કેવી રીતે પહોંચીશ તેની મૂંઝવણમાં ઉભી છું. મેં કહ્યું–બહેન! તું અંદર આવ. ગભરાઈશ નહિ. મારે પણ તારા જેવી એક બહેન હતી. તે ત્રણ ચાર દિવસ પહેલા ગુજરી ગઈ છે. તને જોઇને મને મારી બહેન જેવું વહાલ આવે છે.

બહેનને ઝુંપડીમાં લઈ જઈને ખૂબ શાંતિ આપી, પછી તેના ઘેર જઈને પહોંચાડી આવ્યો. બહેને એના ઘેર બધી વાત કહી, તેથી તેના કુટુંબીજનોએ મને તેમના ઘરનો એક સભ્ય તરીકે ગણ્યો. જહાંપનાહ! દર તહેવારના દિવસે મને બહેનને ઘેર બોલાવે છે ને મારી વૃધ્ધ માતાની ખબર પણ ખૂબ રાખે છે. આ છે મારા અનુભવની વાત. ખરેખર એ વખતે મારા વિચારોમાં કયારે પણ વિકારી ભાવના કે લૂંટની ભાવના આવી નહોતી પણ આજે સમય જતાં મને કોઈક વાર કુવિચારો એવા આવે છે કે મેં તે બહેનને લૂંટી લીધી હોત અને પછી તેને મારી નાંખી હોત તો મને કોણ જોવાનું હતું? તો મારે આજે આ દુઃખી જિંદગી વીતાવવી ન પડત. નામદાર! હવે આપને સમજાયું ને કે આ કાળે મારામાં કેરી વાતાવરણ ઉભું કર્યું", તેથી કહું છું કે નવા જમાના કરતા જુનો જમાનો સારો. બાદશાહ બોલ્યા શાબાશ....શાબાશ....ખરેખર જુના જમાનાના માણસોને પાપનો ભય હતો, જ્યારે આજે પાપનો ભય ચાલ્યો ગયો છે પણ આત્માએ વિચારવું જોઈએ કે બધેથી છૂટી શકાશે પણ કરેલા કર્મોથી છટકી શકાવાનું નથી માટે મરણના ભય કરતા પાપનો ભય વધુ રાખો.

આપણા અધિકારમાં ચિત્તમુનિએ બ્રહ્મદત્તને કહ્યું હે બ્રહ્મદત્ત! તું એકાંત આરંભ પરિગ્રહમાં આસક્ત છે. મેં તને આટલો આટલો ઉપદેશ આપ્યો છતાં એક રાઈ જેટલું પણ તું અપનાવવા તૈયાર નથી, થોડો પણ ત્યાગ કરવાની તારા દિલમાં ભાવના જાગતી નથી. મારો આટલો ઉપદેશ તારી આગળ કોઈ દુઃખી માણસના કરૂણ વિલાપ જેવો નીવડયો, તો હવે હું અહીંથી વિદાય લઉં છું. એમ કહીને ચિત્તમુનિ તો વિહાર કરી ગયા. આ તરફ બ્રહ્મદત્ત ચક્રવર્તિ પોતાના ચક્રવર્તિપણાના સુખોમાં મસ્ત બની સુખ ભોગવવા લાગ્યા. હવે ચક્રવર્તિના જીવનમાં શું બન્યું? કર્મોએ શું કરાવ્યું તે સાંભળો.

એક દિવસ બ્રહ્મદત્ત ચક્રવર્તિ રાજ્યના કામકાજમાંથી નિવૃત્ત થઈને સિંહાસને બેઠા હતા ત્યાં એક ગરીબ બ્રાહ્મણ એમની પાસે આવ્યો ને વિનયપૂર્વક નમસ્કાર કરીને ઊભો રહ્યો. ચક્રવર્તિએ પૂછયું–ભાઈ! તું કોણ છે ને કયાંથી આવ્યો છે? ત્યારે આવનાર માણસે કહ્યું બાપુ! આપે મને ન ઓળખ્યો? હું તો આપનો બાલમિત્ર ચિદાનંદ છું. આપણે નાના હતા ત્યારે સાથે ભણ્યા, સાથે ફર્યા ફર્યા, જમ્યા પણ આપણા પુણ્યનો સિતારો ચમકયો ને આપ છ ખંડના સ્વામી ચક્રવર્તિ બન્યા. આપના સુખ અને વૈભવ વિલાસનો પાર નથી અને મારે તો ગરીબાઈના દુઃખનો પાર નથી. એમ કહીને એક ઊંડો નિસાસો નાંખીને ચિદાનંદ વાત કરતો અટકી ગયો, ત્યારે ચક્રવર્તિએ કહ્યું....હા....ચિદાનંદ! હવે મને બધું બરાબર યાદ આવી ગયું. તારી વાત સાચી છે. મારી આંખ સામે આપનો બાલ્યકાળ હવે તરવરે છે. આપણે કેટલું તોફાન મસ્તી કરતા હતા, પણ એ બધું તો ઠીક આપણે બંને બાલમિત્રો છીએ તેમાં

હું આવો મોટો ચક્રવર્તિ અને મારો મિત્ર આવો દરિદ્ર! આજે તું મારી પાસે આવ્યો છે તો હું આજે હું તારું દરિદ્ર ટાળી નાંખું.

"ચક્રવર્તિની ઉદારતા" :– બોલ, તારે શું જોઈએ છે? તારે જે જોઈએ તે આપવા હું તૈયાર છું. બોલ જલ્દી બોલ. ગામ–ગરાસ–હીરા–માણેક–મોતી–ધન–મહેલ–સ્ત્રી તારી જે ઈચ્છા હોય તે માંગ. તું જે માંગીશ તે આપીશ. તું કહે તો પાંચ દશ ગામ આપી દઉં તો તું એટલા ગામનો રાજા બનીશ. તારે એનો બધો વહીવટ કરવાનો. એમાં મારી કોઈ સત્તા નહિ. ચિદાનંદ કહે છે સાહેબ? મારે ગામ નથી જોઈતા. હીરા, માણેક, મોતી, ઝવેરાત, સોનું કે ભંડારની ચાવી કાંઈ નથી જોઈતું. આ બ્રાહ્મણને ચક્રવર્તિ આટલું આપવા તૈયાર છે તો પણ લેતો નથી, અરે ભંડારની ચાવીનો ઝુડો આપે છે તો પણ લેવા તૈયાર નથી, પણ હું તમને પૂછું છું કે તમને કોઈ ચાવીનો ઝુડો સોંપી દે તો તમે શું કરો? બોલો તો ખરા! (શ્રોતામાંથી અવાજ : તો લેતા ન ભૂલીએ, લેવાય તેટલું લઈએ. હસાહસ)

"બ્રહ્મદત્તે ચિદાનંદને કરેલો પ્રશ્ન" :– બ્રહ્મદત્ત ચક્રવર્તિ બ્રાહ્મણને કહે છે ભાઈ! તારે શું જોઈએ છે? તું જે ને જેટલું માંગીશ તેટલું આપીશ પણ તારું દરિદ્ર મારે આજે ટાળવું છે. આ સાંભળીને બ્રાહ્મણે કહ્યું. મહારાજા! આપે આજે મિત્રની ખરેખરી કદર કરી છે. ઘણા રાજાઓ સુખમાં પડીને મારા જેવા ગરીબ મિત્રને ભૂલી જાય છે પણ આપ તો મને ભૂલ્યા નથી. આપની વાત સાંભળીને મને ખૂબ આનંદ થાય છે પણ મારે ગામ, ધન, ધાન્ય, ઝવેરાત વિગેરે કાંઈ નથી જોઈતું. મારી તો એક ઈચ્છા છે તે પૂરી કરવાની આપ પાકી ખાત્રી આપો તો કહું. હે મહારાજા! હીરા–માણેક–સોનુ લઉં તો એને સાચવવાની ચિંતાનું દુઃખ ઉભું થાય. હાથી–ઘોડા રથ લઉં તો બોજારૂપ થાય, રૂપ રમણીઓના સુંવાળા સંગમાં મને આનંદ કે રસ નથી માટે મારે આવું કંઈ નથી જોઈતું. ચક્રવર્તિએ કહ્યું તો ભાઈ! તારે જોઈએ છે શું? એ જ મને તો કાંઈ સમજાતું નથી. રાજન્! મારે તો ભવિષ્યમાં જરા પણ બોજારૂપ ન થાય ને આજે ને આજે જ એનો અનુભવ થઈ જાય એવી વસ્તુ જોઈએ છે, એટલે મારી તો એક જ ઈચ્છા છે કે આપ જે ભોજન જમો છો એ જ ભોજન આપ મારા આખા કુટુંબને આજે જ જમાડો. ચક્રવર્તિના ભોજનની મેં ઘણી વાતો સાંભળી છે, વળી આમાં બીજી કંઈ પંચાત તો નહિ. ખાધું એટલે પત્યું પછી એની રક્ષા વિગેરેનો કંઈ પણ માથે ભાર નહિ.

"ચિદાનંદની વાત સાંભળતાં ચક્રવર્તિ પડેલા ઉંડા વિચારમાં" :– બ્રાહ્મણ મિત્રની વાત સાંભળીને ચક્રવર્તિ ઉંડા વિચાર સાગરમાં ડૂબી ગયા. એમના મુખ ઉપર ઉદાસીનતા આવી ગઈ. એ જોઈને ચિદાનંદે કહ્યું, રાજન્! તમે મારી આટલી નાનકડી માંગણી પણ પૂરી કરી શકો તેમ નથી? અમે આખું કુટુંબ માત્ર

એક ટંકનું ભોજન લઈએ તે શું આપને ઈષ્ટ નથી ? અમે ભિક્ષાવૃત્તિ ઉપર જીવનારા ગરીબ બ્રાહ્મણ છીએ, માટે આપને મારા પ્રત્યે નફરત છે ? તો કાંઈ નહિ. રહેવા દો. હું જાઉં છું. આપ સદા સુખી રહો ને આપનું શાસન અમર તપો એવી ચિદાનંદની આશિષ છે. લો ત્યારે હવે હું જાઉં છું, આ સાંભળીને બ્રહ્મદત્તો કહ્યું ભાઇ ! તું ઉતાવળો શા માટે થાય છે ? મારી વાત તો સાંભળ. મને એમ લાગે છે કે એક ટંકના ભોજનને બદલે બીજું જે કંઈ તું માંગીશ તે આપીશ. મારા બોલ પર તું વિશ્વાસ રાખ, પણ હે રાજન્ ! હું નવલખો હીરાનો હાર માંગું તો પણ દેવા તૈયાર છો ને ? તો પછી એક ટંકના ભોજનમાં આપને શું વાંધો આવી જાય છે ? એ જ મને તો સમજાતું નથી.

ચક્રવર્તિનું ભોજન કોને પચે ? :–ચિદાનંદ ! કેટલીક વાતો તો એવી હોય છે કે જે કહી શકાતી નથી, છતાં જો આ વાતને સ્પષ્ટ ન કરું તો તું રિસાઈને ચાલ્યો જઈશ એમ મને લાગે છે, તેથી મારે તને સાચી વાત સમજાવવી જોઈએ. મને વિશ્વાસ છે કે તું સત્ય વાત સમજીશ ત્યારે ભોજનનો આગ્રહ છોડી દઈશ. જો સાંભળ. મારું ભોજન તને અને તારા પરિવારને પચશે નહિ, ત્યારે ચિદાનંદે હસીને કહ્યું–મહારાજા ! આપ શું વાત કરો છો ? અમે તો ગામમાં રખડી રખડીને ભિક્ષા માંગી લાવીને અમારી આજીવિકા ચલાવીએ છીએ, તેથી શારીરિક તંદુરસ્તી તો ખૂબ સારી છે. એટલે પથ્થરને પણ પચાવી નાંખવાની અમારામાં તાકાત છે. આપ એની ચિંતા ન કરશો, ચિદાનંદ ! આમાં પાચનનો પ્રશ્ન જ નથી પણ અમારું ભોજન તમારા બધાના અંતરમાં વિકારની આગ ઉત્પન્ન કરી દેશે, કારણ કે અમારું ભોજન એટલું બધું માદક હોય છે કે એ ભોજન કરનાર નામર્દ હોય તો પણ એનામાં મર્દાનગી આવી જાય છે, કારણ કે હું ને મારું સ્ત્રી રત્ન જ એ ભોજન પચાવી શકીએ છીએ. અમે એક જ ગાયનું દૂધ પીતા નથી, પણ સાંભળ. એક લાખ ગાયોનું દૂધ દોહીને પચાસ હજાર ગાયોને પીવડાવવામાં આવે, પચાસ હજારનું પચ્ચીસ હજારને એમ કરતા છેલ્લે એક ગાયનું દૂધ આવે તેની ખીર બને છે અને તે હું ને મારી સ્ત્રીરત્ન બંને જમીએ છીએ. હવે તું વિચાર કર કે એ દૂધ કેટલું માદક હશે ! આ તો મેં એક દૂધની જ વાત કરી પણ બીજા બધા તમામ ભોજનો આવા માદક હોય છે. આવું માદક ભોજન અમે જ પચાવી શકીએ ને એનાથી ઉત્પન્ન થતા વિકારોને અમે જ જીરવી શકીએ. એ વિકારોની પૂર્તિ કરવાનું સાધન અમારી પાસે હોય, તમારી પાસે ન હોય. મેં તને આ સ્પષ્ટ વાત કરી, માટે હવે તું સમજીને અમારા ભોજનનો આગ્રહ છોડી દે ને બદલામાં જે જોઈએ તે તું માંગી લે, હું રાજીખુશીથી આપવા તૈયાર છું.

"બ્રહ્મદત્ત ચક્રવર્તિની વાતનો તિરસ્કાર કરતો બ્રાહ્મણ :"–ચક્રવર્તિની વાત સાંભળીને ચિદાનંદે મોં ફેરવીને કહી દીધું રાજન્ ! હું તો આ ચાલ્યો. આપને

એક ટંકનું ભોજન ન જમાડવું હોય તો કંઈ નહિ. મારે જમવું નથી. મને આપ એવી ખોટી ભીતિ ન બતાવશો. આપ ક્ષત્રિય છો જ્યારે હું બ્રાહ્મણ છું. હું ને મારું આખું કુટુંબ ધર્મના સંસ્કારે રંગાયેલું છે. બ્રહ્મદત્તે કહ્યું ચિદાનંદ ! ધર્મની બાબતમાં તું પહેલો ને હું પછી છું એમાં ના નથી, પણ કયારેક શાસ્ત્રજ્ઞાન કરતા અનુભવ જ્ઞાન પણ વધુ ઉંડી સમજણ આપતું હોય છે. ચક્રવર્તિનું આ પ્રમાણે કહેવું સાંભળીને બ્રાહ્મણે કહ્યું કે મહારાજા ! ચક્રવર્તિ બનવા છતાં આપ બ્રાહ્મણને જમાડવાનો ઈન્કાર કરો છો એમાં આપના આ પદની શોભા નથી. ચક્રવર્તિએ ચિદાનંદને ખૂબ સમજાવ્યો છતાં સમજ્યો નહિ ત્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ઘણું અફસોસ સાથે નિસાસો મૂકીને કહ્યું ભલે, ચિદાનંદ ! તારી ખૂબ ઈચ્છા છે તો તારા પરિવાર સાથે તું આજે મારે ત્યાં ભોજન કરવા આવજે એટલે એ તો ખુશ થતો થતો પોતાના ઘર તરફ ચાલ્યો ગયો.

"ચક્રવર્તિને ચિદાનંદ માટે થયેલી ચિંતા :"–બ્રહ્મદત્ત ચક્રવર્તિના સમજાવવા છતાં ચિદાનંદ સમજ્યો નહિ ત્યારે અનિચ્છાએ બ્રહ્મદત્તે હા પાડી પણ એમની દૃષ્ટિ સમક્ષ ચિદાનંદનું અનાચારથી ભરબાદ થતું આખું કુટુંબ દેખાવા લાગ્યું. એને માટે ચક્રવર્તિને અફસોસનો પાર નથી ને ચિદાનંદને હર્ષનો પાર નથી. ઘેર આવીને ચિદાનંદે આખું કુટુંબ ભેગું કરીને કહ્યું કે આજે આપણે ચક્રવર્તિને ત્યાં ખુદ ચક્રવર્તિ જમે એવું ભોજન જમવા જવાનું છે. આ સાંભળીને બધાને ખૂબ આનંદ થયો. આખું બ્રાહ્મણ કુટુંબ બ્રહ્મદત્ત ચક્રવર્તિને ત્યાં મહેમાન બનીને આવ્યું એમને જમવાનો આનંદ છે પણ ભાવિમાં શું બનશે તેની કલ્પના કયાંથી આવે ? ચિદાનંદ સપરિવાર જમવા બેઠો. સુવર્ણથાળમાં એક પછી એક મિષ્ટાન્નો પીરસાવા લાગ્યા. બધા જમતા જાય છે ને પ્રશંસા કરતા જાય છે કે અહો ! શું ભોજન છે ! શું એનો સ્વાદ છે ! આવું ભોજન તો અમે કદી જમ્યા નથી. આજે આપણા ઉપર મહારાજાએ કૃપા કરીને આવા મીઠા ભોજન જમાડયા. આમ બ્રહ્મદત્તની અને ભોજનની ખૂબ પ્રશંસા કરતા જમીને પોતાને ઘેર ગયા, પણ બ્રહ્મદત્તના ચિત્તમાં ચેન પડતું નથી કે આ મારું ભોજન જમ્યા. એ લોકોનું શું થશે ? હવે આ માદક ભોજનની બ્રાહ્મણ કુટુંબ ઉપર શું અસર થશે તેના ભાવ અવસરે.

ચરિત્ર : "હરિસેનને સમજાવતા ભીમસેન રાજા :"–આચાર્ય ભગવાનની વાણી સાંભળીને હરિસેનને સંયમ લેવાની લગની લાગી. ઘેર આવીને હરિસેને પોતાના વડીલ બંધુને પોતાની ભાવના જણાવી. ભીમસેને કહ્યું–વીરા ! તારી ભાવના શ્રેષ્ઠ છે. મહાન પુણ્યોદયે આવી ભાવના જાગે છે પણ તું ઉંમરમાં મારાથી ઘણો નાનો છે. સંયમ એ ખાંડાની ધાર ઉપર ચાલવાનું છે. બાવીસ પરિષહો અને ઉપસર્ગો સહન કરવા પડે છે. તેં આવા કષ્ટો કદી સહન કર્યા નથી, માટે હું તને હમણાં દીક્ષાની આજ્ઞા નહિ આપું. તારી યોગ્ય ઉંમર થશે ત્યારે હું તને દીક્ષાની આજ્ઞા આપીશ.

આ રીતે ભીમસેન અને સુશીલાએ હરિસેનને ખૂબ સમજાવ્યો. સામે હરિસેને પણ એમને બરાબર સમજાવ્યા, એટલે રડતી આંખે દીક્ષાની આજ્ઞા આપી, ત્યારે દેવસેન અને કેતુસેન કાકાને ગળે વળગી પડયા ને રડતા રડતા કહે છે કાકા! તમે અમને મૂકીને આમ ચાલ્યા જશો? અમે તો આપની પાસે રહ્યા નથી ને આપ કયાં ચાલ્યા? હરિસેને એમને પણ ખૂબ સમજાવીને શાંત કર્યા.

"સંયમના માર્ગે હરિસેન" :– એક શુભ મંગલ દિવસે ભીમસેન રાજાએ ખૂબ ધામધૂમથી પોતાના લઘુભાઈનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો. હરિસેન યુવરાજ પદને આચાર્યશ્રી ધર્મસેન અણગારના શિષ્ય હરિસેન મુનિ બન્યા. સંયમ લઈને હરીસેન મુનિ ગુરૂની સાથે વિહાર કરી ગયા. આ તરફ વિજયસેનરાજા પણ ભીમસેનની પાસેથી વિદાય લઈને પોતાના ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં પહોંચી ગયા. ભીમસેનને પોતાના લઘુભાઈનો ખૂબ વિયોગ સાલે છે પણ હવે સહન કર્યા વિના છૂટકો નથી. એમ સમજીને અવંતી દેશનું રાજ્ય ન્યાય, નીતિપૂર્વક અનાસક્ત ભાવે ચલાવી રહ્યા છે. હરિસેન મુનિ સંયમ લઈને ગુરૂ આજ્ઞામાં એવા સમર્પિત થઈ ગયા છે કે બસ, ગુરૂની આજ્ઞા એ જ પોતાનું જીવન સમજતા.

સંયમ લીધા પછી હરિસેન મુનિએ ગુરૂકૃપાથી શાસ્ત્રોનું ખૂબ જ્ઞાન મેળવ્યું. સાથે પુરાણા કર્મોનો ક્ષય કરવા માટે ગુણરત્ન સંવત્સર તપ, શ્રેણીતપ, વર્ધમાન તપના આયંબીલ આદિ ઘણી તપશ્ચર્યાઓ કરી કર્મ શત્રુઓનો પરાજય કરી કેવળજ્ઞાનની ઝગમગતી જ્યોત પ્રગટાવી. દેવોએ એમનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવ્યો. કેવળી હરિસેન મુનિ ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા અનેક જીવોને ધર્મ પમાડતા એક દિવસ ઉજ્જૈની નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાન પાલકે ભીમસેનરાજાને સમાચાર આપ્યા, એટલે ભીમસેનરાજા સપરિવાર મોટા ઠાઠમાઠ સહિત હર્ષભેર પોતાના ભાઈ મુનિના દર્શને આવ્યા અને ભાવપૂર્વક વિધિસહિત વંદણા કરીને ધર્મોપદેશ સાંભળવા બેસી ગયા. કેવળી ભગવંતે દેશનામાં અનિત્યાદિ બાર ભાવનાનું સ્વરૂપ ખૂબ સુંદર રીતે સમજાવ્યું ભગવાનની દેશના પૂરી થઈ એટલે ભીમસેનરાજાએ ઉભા થઈ વંદન કરીને પૂછયું અહો ભગવંત! આપ તો સર્વજ્ઞ છો, આપના જ્ઞાનમાં કંઈ અજાણ્યું નથી, તો આપ ફરમાવો કે આ જન્મ પામીને મેં સુખ ઘણું ભોગવ્યું છે ને દુઃખો પણ ઘણાં સહન કર્યા છે. રાજકુળમાં જન્મ્યો હોવા છતાં મારે જંગલ જંગલ ભટકવું પડયું છે, ભૂખે રીબાવું પડયું છે. અપમાન અને અવહેલના સહન કરવા પડયા છે. તો પ્રભુ! મારા પૂર્વ જન્મના એવા કયા કર્મો ઉદયમાં આવ્યા? આપ કૃપા કરીને મને મારો પૂર્વભવ કહેવા કૃપા કરો. હવે કેવળી ભગવાન ભીમસેન રાજાને તેમનો પૂર્વભવ કહેશે ને શું બનશે તે અવસરે.

卐 卐

વ્યાખ્યાન નં. ૯૭

કારતક સુદ ૧૫ ને શનિવાર **તા. ૩-૧૧-૭૯**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો! અનંતજ્ઞાની મહાનપુરૂષોએ ભવ્ય જીવોને સમજાવતા કહ્યું કે હે જીવો! સંસારમાં બે માર્ગ છે ભોગ અને યોગ. ભોગ જીવને ભવમાં ભમાવે છે અને યોગ જીવને તારે છે. યાદ રાખજો કે વધારે પડતા ભોગ તે યોગના ઘાતક છે ને વધુ પડતા યોગ તે ભોગના ઘાતક છે. જેમ જેમ ભોગની અધિકતા તેમ તેમ યોગનું નિકંદન અને જેમ યોગની અધિકતા તેમ તેમ ભોગનું નિકંદન જેમણે શુદ્ધ સામાયિક, પૌષધાદિના રસનો અનુપમ સ્વાદ ચાખ્યો તે આત્મા સામાયિકાદિ પૂર્ણ કરીને સંસારના ભોગમાં જશે તો પણ તેની રમણતા સામાયિકાદિમાં હશે. તે સમયે તેને સંસારની કોઇ વાત પૂછે તો તે સાંભળ્યા ન સાંભળ્યા જેવી થશે ત્યારે સામી વ્યક્તિ કદાચ એમ પણ બોલે કે તમારું મન ક્યાં રમે છે? ત્યારે તે કહેશે કે મારું મન તો જ્યાં જોઈએ ત્યાં રમે છે. આજ સુધી મારું મન બધે ભટકતું હતું. આજ સુધી ઠેકાણે નહોતું. હવે ઠેકાણે આવ્યું છે, ઠેકાણે આવ્યું શાથી કહેવાય? ખબર છે? ન્યાય આપીને સમજાવું.

માનો કે તમે છ સાત લાખ રૂપિયા ખર્ચીને પોતાનું આલેશાન ભુવન જેવું ઘર બંધાવ્યું. એમાં તમારા સિવાય બીજા કોઈનો હક્ક ચાલે નહિ. તમને એ તો પૂરો વિશ્વાસ છે, પણ એક વાર એવું બન્યું કે તમારા કોઈ શત્રુ બરાબર મધરાત્રે તમારું ખૂન કરવા આવ્યા ને કહે કે અમે ઝુંપડવાસીને નહિ મારવાના પણ બંગલાવાળાને મારવાના. હવે હું તમને પૂછું કે આ સમયે તમારા પોતાના આલીશાન બંગલામાં ઠેકાણે બેઠેલા લાગો કે મહાભયના સ્થાનકમાં બેઠેલા લાગો? આ ન્યાયે જ્ઞાની આપણને સમજાવે છે કે પરલોકની દૃષ્ટિએ તમે લાડી, વાડી ને મહેલમાં બેઠા હોય તે શું ઠેકાણે બેઠા લાગો કે બીજે બેઠેલા લાગો? સમકિતી જીવને જ્યાં આત્માની રક્ષા થાય ત્યાં દુન્યવી બીજુ કંઈ ઠેકાણે ન હોવા છતાં પોતે ઠેકાણે બેઠો લાગે એથી ઉલટું મહેલ, લાડી, વાડી બધું પોતાનું હોય પણ જ્યાં આત્માનું રક્ષણ નહિ, યોગ સાધના નહીં ત્યાં કંઈ ઠેકાણું ન લાગે. તમે ઉપાશ્રયમાં બેઠા હો ત્યાં ઠેકાણે બેઠા લાગો કે દુકાને કે ઘરમાં ઠેકાણે બેઠા લાગો? ખૂબ વિચારીને જવાબ આપજો. ઘરમાં ઠેકાણે નથી બેઠા એવું લાગે ખરું? યોગની પ્રબળતાવાળો ઘરમાં રહેતો હોય કે લાડુ ખાતો હોય તો પણ એ વિચાર યોગના કરે છે. સમકિતીને અશાતા, નિર્ધનતાદિના પાપનો ઉદય હોય છતાં આત્માને દુઃખી માનવાની વાત નહિ અને પાપનો ઉદય ન હોય પણ પાપસ્થાનકની રમત જોરદાર હોય તો તે આત્મા મહાદુઃખી છે. જ્ઞાની કહે છે કે સંસારનું કોઈ પણ પગથિયું સ્થિર નથી. જ્યાં તું ઠેકાણું માનીને બેઠો છે. ત્યાં તારો વિનાશ છે, છતાં

તું નિર્ભય થઈને કેમ બેઠો છે? આહારાદિ ચાર સંજ્ઞા, ક્રોધ, માન માયા લોભ, ઓઘ સંજ્ઞા, લોક સંજ્ઞા એમ દશ સંજ્ઞા અનાદિકાળથી જીવને વળગી છે. આ સંજ્ઞાઓ સામે પ્રતિરોધ કરવાનો છે. જે સંજ્ઞાઓના ગુલામ બન્યા છે તેવા આત્મા દેવ-ગુરૂ અને ધર્મને ભૂલી જઈ અઢાર પાપની રમતો રમે છે, માટે આ સંજ્ઞાઓ રૂપી ડાકણના પાશમાંથી છૂટવા જેવું છે.

આપણા ચાલુ અધિકારમાં ચિદાનંદ બ્રાહ્મણને ચક્રવર્તિનું ભોજન જમવાની લગની લાગી, તેથી ચક્રવર્તિએ તે ભોજન જમાડ્યું. ચિદાનંદનું કુટુંબ તો ઘેર આવીને પણ ભોજનની પ્રશંસા કરતા થાકતું નથી. આમ કરતા રાત પડી ને સૌ પથારીમાં સૂઈ ગયા પણ કોઈને ઉંઘ આવતી નથી, કારણ કે ભોજનના ઉન્માદી પરમાણુઓએ એમના ચિત્તનો કબજો લઈ લીધો હતો. બરાબર મધરાત થઈ. રાત્રિના કાળા અંધકારને પણ શરમાવું પડે એવી રમતો શરૂ થઈ. સૌના દિલમાં કામનાનો કીડો એવો સતાવવા લાગ્યો કે એ સમયે માતા ને દીકરો, સસરો ને વહુ, પિતા ને પુત્રી, ભાઈ ને ભગિની એક બીજા સાથે વિષયભોગ ભોગવવા લાગ્યા. દરેકના અંતરમાં ઉન્માદની ભયંકર આગ એવી જલી રહી હતી કે સૌ એનાથી ભડકે બળતા હતા. આમ કરતા સવાર પડી, સૌના પેટ સાફ થયા. એ ભોજનની માદકતા ઉતરી ગઈ. અગનજવાળાઓ શાંત પડી એટલે ચિદાનંદ આંખો બંધ કરીને બે હાથમાં પોતાનું મુખ સંતાડીને પોક મૂકીને રડવા લાગ્યો. એની પત્નીને થયું કે ધરતી ફાટે તો હું સમાઈ જાઉં! મેં આજે કેવું ઘોર પાપકર્મ કર્યું? આખા કુટુંબની આવી દશા થઈ. કોઇ એકબીજાની સામે જોઈ શકતું નથી. સૌના દિલમાં એક જ પશ્ચાતાપ છે કે અરર....આ કેવું ઘોર પાપ કરી નાંખ્યું?

બંધુઓ! આ આર્યદેશનું મહત્વ છે કે આર્યદેશમાં જન્મેલો મનુષ્ય કદાચ પાપકર્મ કરી બેસે પણ પાપના પશ્ચાતાપથી એનું અંતર જલતું હોય છે. જેના અંતરમાં પાપનો પશ્ચાતાપ નથી એ આર્ય નથી. પાપનો ઘોર પશ્ચાતાપ કરતા આખો દિવસ પૂરો થઈ ગયો. નથી કોઈ ખાતું પીતું પણ પોતાનું પવિત્ર જીવન કલંકિત થવાથી સૌ ઝજતા હતા. આખો દિવસ આખું નથી એટલે પેટમાં ભૂખની આગ ભભૂકી ઉઠી હતી. એ ભૂખની આગને કારણે ચિદાનંદના હૃદયમાં પશ્ચાતાપના અગ્નિનું સ્થાન ક્રોધની અગ્નિએ લઈ લીધું. એના રૂંવાડે રૂંવાડે ક્રોધની આગ ફેલાઈ ગઈ ને એ દાંત કચકચાવતો બોલ્યો. અહો! આ અમારા પવિત્ર પ્રિય કુટુંબને અપવિત્ર કોણે બનાવ્યું? નક્કી આ તો પેલા બ્રહ્મદત્ત ચક્રવર્તિએ અમને એનું માદક ભોજન જમાડ્યું, તેથી બધાના જીવન ચારિત્રથી ભ્રષ્ટ કર્યા. અમારું જીવન ધૂળધાણી કરી નાંખ્યું. હાય....મેં એનું શું બગાડ્યું હતું કે એણે આવું ભોજન જમાડીને અમારા પવિત્રકુળને કલંકિત કરવાની એ રમત રમ્યો? એણે કયા ભવના વેર વાળ્યા? હે દુષ્ટ, પાપી, શેતાન બ્રહ્મદત્ત! યાદ રાખજે.

હવે હું પણ તારી બબર લઈ નાંખું છું. તું પણ રીબાઈને મરે એવી તારી દશા કરીને હું જંપીશ. આ રીતે મન ફાવે તેમ એ બબડવા લાગ્યો ને બ્રહ્મદત્તને દોષ દેવા લાગ્યો.

"નિર્દોષ ચક્રવર્તિ ઉપર વૈર રાખતો ચિદાનંદ:–" આ બાબતમાં બ્રહ્મદત્તનો કોઈ દોષ છે? એમણે તો ચિદાનંદને સમજાવવામાં બાકી રાખ્યું નથી. એમના ભોજનને બદલે જે જોઈએ તે માંગવાનું કહ્યું હતું છતાં એ સમજ્યો નહિ ને ચક્રવર્તિનું ભોજન જમવાનો આગ્રહ ચાલુ રાખ્યો હતો. બોલો હવે કોનો દોષ કહેવાય? બ્રહ્મદત્તનો કે ચિદાનંદનો? બ્રહ્મદત્ત તો સાવ નિર્દોષ છે. દોષ ચિદાનંદનો છે છતાં બ્રહ્મદત્તના માથે દોષનું આરોપણ કરીને એને હેરાન કરવા માટે શું કરવું તેનો વિચાર કરીને રાત્રે તે ઘરમાંથી બહાર નીકળી રબારીવાસમાં એના મિત્ર ભૂપતની ઝૂંપડીએ જઈ ઝૂંપડીનું દ્વાર બખડાવ્યું. ભૂપત ઝૂંપડીની બહાર આવ્યો ને પૂછયું અત્યારે મધરાત્રે કોણ છે? ચિદાનંદે કહ્યું. ભૂપત! હું તમને મળવા આવ્યો છું. અત્યારે મધરાત્રે? મારે તને એક ગંભીર અને બાનગી વાત કરવાની છે. ભૂપત કહે–મિત્ર! તમે મને ઘેર બોલાવ્યો હોત તો હું ઘેર આવત. અહીં મધરાત્રે આવવાની તકલીફ શા માટે લીધી? બોલો, શું વાત છે? મિત્ર! ચાલ, અંદર જઈને વાત કરું છું. બંને ઝુંપડીમાં ગયા ને એક ખૂણામાં જઈને બેઠા. ચિદાનંદે એને બધી વાત કરી પણ જેવું એમ ન કહ્યું કે મને પહેલા બ્રહ્મદત્તો ઘણું સમજાવ્યો હતો પણ હું સમજ્યો નથી. એણે તો ભૂપતના મગજમાં એક વાત ઠસાવી દીધી કે બ્રહ્મદત્તો અમને આવું ભોજન જમાડયું ને અમારા કુટુંબની આ દશા થઈ. જો સાચી વાત કરી હોત તો ભૂપતના મનમાં પણ એમ થાત કે તમને આટલું સમજાવ્યા છતાં સમજ્યા નહિ માટે તમારો જ વાંક છે, પણ એ વાત તો કરી નહિ એટલે ભૂપતે કહ્યું કે આ તો બહુ ખોટું થયું. આવા મોટા પ્રજાપાલક રાજાએ પણ આવું અતરનાક કાર્ય કર્યું? આ એમને શોભે છે? ચિદાનંદે જાણ્યું કે ભૂપતના મગજમાં મારી વાત બરાબર ઠસી ગઈ છે એટલે કહે છે ભૂપત! મારે એનું વૈર વાળવું છે. એમાં મારે તારા સાથની જરૂર છે. ભલે, ખુશીથી તમે કહો તે કરવા તૈયાર છું.

ચિદાનંદે કહ્યું–મિત્ર! તું ગોફણબાજ તરીકે પ્રખ્યાત છે. મારા ખાતર તારે તારી કળાનો ઉપયોગ કરવાનો છે. હવે થોડા દિવસ પછી બ્રહ્મદત્ત રાજાની સવારી નીકળવાની છે. જ્યારે એ સવારી આખા ગામમાં ફરીને ગામના નાકે આવે ત્યારે અમુક જગ્યાએ વડલાનું મોટું વિશાળ વૃક્ષ છે. એ વૃક્ષની ઘટામાં તારે છૂપાઈને બેસી જવું. બ્રહ્મદત્ત રાજા હાથી ઉપર બેસીને નીકળે છે. હાથી જેવો વડલાની નજીક આવે કે તરત જ તારે લાગ જોઈને ગોફણ ચલાવવી. એ ગોફણમાં તારે તીક્ષ્ણ પથ્થર મૂકીને રાજાની આંખ ફોડી નાંખવી. તારે બે વાર ગોફણ ચલાવવી પડશે. તારા બે જ પથ્થરે રાજાની

બંને આંખો ફૂટી જશે, બોલ, તું આ કાર્ય કરીશ ને ? ગાડરની સંગે ચઢીને ગાડર જેવા બની ગયેલા ભૂપતે કહ્યું–ભલે, હું એ કાર્ય કરીશ. તમે નિશ્ચિત રહેા. આ સાંભળી ચિદાનંદ તેા ખુશ થઈ ગયો ને બિસ્સામાં જે રૂપિયા લાવ્યો હતો તે ભૂપતને આપી દીધા, એટલે ગરીબ ભૂપત તેા ખુશ થઈ ગયો.

ચક્રવર્તિની આંખો ફોડાવી વૈર લેતો ચિદાનંદઃ–થેાડા દિવસ બાદ નગરયાત્રાનેા દિવસ આવી ગયેા ને ચક્રવર્તિ મહારાજાની સ્વારી નીકળી. આખા નગરની જનતા તેમાં જોડાઈ હતી. બધા ચક્રવર્તિ મહારાજાનેા જય હેા....વિજય હેા એમ ઉદ્‌ઘોષણા કરી રહ્યા હતા. ચક્રવર્તિ મહારાજાની સ્વારી ફરતી ફરતી વડલાના ઝાડ નજીક આવી. ચક્રવર્તિનેા હાથી જ્યાં વડના ઝાડ નજીક આવ્યો કે તરત લાગ જોઈને બેઠેલા ભૂપતે ગોફણ દ્વારા સનન કરતેા એક પથ્થર ફેંક્યો તે મહારાજાની જમણી આંખે વાગ્યો. ચક્રવર્તિ સ્હેજ ઉંચું જુએ ને કંઈક બોલવા જાય તે પહેલા તેા બીજો પથ્થર આવ્યો ને ચક્રવર્તિની બીજી આંખે વાગ્યેા. ચક્રવર્તિના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ. તેમની બંને આંખોમાંથી લેાહીની ધાર વહેવા લાગી. માંસના લેાચા બહાર નીકળી ગયા ને બંને આંખો ફૂટી ગઈ. લેાકેામાં ધા પેાકાર થઈ ગયેા કે અહેા ! કેાણ દુષ્ટે આપણા મહારાજાની આંખો ફોડી નાંખી ? રાજાઓમાં પણ આ તેા ચક્રવર્તિ રાજા હતા. એમને માટે શું બાકી રહે ? ચારે તરફ માણસેા પથ્થર મારનારને પકડવા દોડયા. તપાસ કરતા ભૂપત પકડાઈ ગયેા. બધાને થયું કે હમણાં જ મહારાજા એને મારી નાંખશે. ચક્રવર્તીને તાત્કાલિક મહેલમાં લઈ જવામાં આવ્યા ને એમને માટે આંખના સ્પેશ્યાલીસ્ટ વૈદો, હકીમેા અને ડૉકટરેા આવ્યા પણ કેાઈ રીતે મહારાજા દેખતા ન થયા, તેથી મહારાજાનેા સંપૂર્ણ આનંદ ખતમ થઈ ચૂકયેા હતેા, અને અંતરમાં ક્રોધની જવાળાઓ ભભૂકી ઉઠી હતી કે આ ભૂપતે મારી આંખેા શા માટે ફોડી? બીજે દિવસે રાજસભામાં ચક્રવર્તિ બંને આંખે પાટા બાંધીને સિંહાસને બિરાજ્યા ને ભૂપતને એમની સમક્ષ હાજર કરવામાં આવ્યો. ભૂપત થરથર ધ્રૂજવા લાગ્યેા. હવે મારું આવી બન્યું. મને હવે મહારાજા જીવતેા નહિ મૂકે. એના મનમાં પાપનેા ભયંકર પશ્ચાતાપ થવા લાગ્યેા કે અહેા ! મેં એક ચિદાનંદની ચઢવણીએ ચઢીને આપણા પવિત્ર મહારાજાની આંખેા ફોડીને ભયંકર પાપ કર્મ કર્યું ! રાજા તેા કેવા પવિત્ર છે. હવે મારું શું થશે ! આ દુનિયામાં કેાઈને મરવું ગમે છે. સૌને જીવવું ગમે છે, પણ કેાઈની ચઢવણીએ ચઢીને ભયંકર દુષ્કૃત્ય કરતા એ પાછેા ફરતેા નથી. પાછળથી એને પસ્તાવાનેા પાર રહેતેા નથી. (અહીં પૂ. મહાસતીજીએ દુષ્કૃત્ય ઉપર એક કરૂણ કથની ખૂબ છણાવટથી કીધી હતી.)

"બ્રહ્મદત્ત ચક્રવર્તિએ ક્રોધના આવેશમાં આપેલી અધમ આજ્ઞાઃ–" ક્રોધથી ધમધમતા બ્રહ્મદત્ત ચક્રવર્તીએ પૂછયું–ભૂપત ! મેં તારું શું બગાડયું હતું કે

તેં મારી આંખો ફોડી નાંખી? ત્યારે ભૂપતે રડતા રડતા કહ્યું–મહારાજા! મારો અપરાધ ભયંકર અને અક્ષમ્ય છે. મને જલ્દી ફાંસીએ ચઢાવી દો પણ એટલું જરૂર કહું છું કે હવે કોઈની ચઢવણીએ ચઢીને કદી કોઈ આવું અઘટિત કાર્ય કરશો નહિ. મેં કોઈના કહેવાથી આવું અધમ કાર્ય કર્યું તેનું જ આ ભયંકર પરિણામ આવ્યું છે. રાજાએ પૂછયું–કોના કહેવાથી તેં મારી આંખો ફોડી નાખી? ભૂપતે ચિદાનંદે કહેલી બધી સત્ય વાત કહી દીધી એટલે મહારાજાએ તરત ચિદાનંદને બોલાવ્યો ને કહ્યું કે દુષ્ટ! મેં તો તને પહેલેથી સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે અમારું ભોજન તને પચશે નહિ. એ અત્યંત ઉન્માદજનક છે. મેં તને બીજું ઘણું માંગવાનું કહ્યું પણ તું માન્યો નહિ ને તમારું કુટુંબ ભ્રષ્ટ થયું. એમાં વાંક કોનો? તારો કે મારો? ઓ અધમ! તારો વાંક હોવા છતાં તેં મારી આંખો ફોડી નાંખી! આટલું બોલતા તો બ્રહ્મદત્ત ક્રોધથી લાલપીળા થઈ ગયા ને સિપાઈઓને હુકમ કર્યો કે હમણાં ને હમણાં બે સોયા તપાવીને આ દુષ્ટની આંખો ફોડી નાંખો. એટલું જ નહિ પણ એના આખા કુટુંબની તેમજ જ્યાં સુધી મારી આણ પ્રવર્તે છે ત્યાં વસતા તમામ બ્રાહ્મણોની આંખો ફોડી નાંખો અને એ આંખોના ડોળાના થાળ ભરી ભરીને મારી પાસે હાજર કરો. ચક્રવર્તીની આજ્ઞાથી ચિદાનંદ સહિત તેના આખા કુટુંબની ત્યાં ને ત્યાં આંખો ફોડાવી નાંખી. આ સમયે એનું કુટુંબ કરૂણ ચીસો પાડવા લાગ્યું. કેટલાક સભાજનો તો બેભાન થઈને ઢળી પડયા. ચિદાનંદ અને તેના કુટુંબીજનોની આંખોના ડોળાનો થાળ હાથમાં લઈને ચક્રવર્તી બે હાથે ચોળવા લાગ્યા, પગ નીચે કચડવા લાગ્યો ને ખડખડાટ હસતા હસતા બોલે છે કે હાશ....પાપીના પાપનો બદલો વાળ્યો. હજુ તો આવી લાખો આંખો હું ચોળી નાંખીશ ને પગ નીચે કચડી નાંખીશ ત્યારે મને શાંતિ વળશે.

બંધુઓ! અજ્ઞાન દશા કેવી ભયંકર છે! બ્રહ્મદત્ત ચક્રવર્તિ ગમે તેમ કરશે તો પણ એમની આંખો પાછી મળવાની છે? છતાં જીવને વૈરની વસૂલાત કરવા માટે કેવી પાપબુદ્ધિ સૂઝે છે? ને પાછો આનંદ માને છે કે મેં કેવું વૈર વાળ્યું! પણ એ આનંદ પરભવમાં કેવી શિક્ષા કરશે એનું એમને જ્ઞાન કે ભાન નથી. ચિદાનંદના આખા કુટુંબની આંખો ફોડાવી નાંખી છતાં તેમને શાંતિ ન થઈ એટલે સમસ્ત બ્રાહ્મણોની આંખો ફોડવાનો હુકમ કર્યો. મંત્રીમંડળ એક જગ્યાએ ભેગું થઈને વિચાર કરવા લાગ્યું કે આમાં વાંક એક ચિદાનંદનો છે. એમાં આખી જ્ઞાતિનો શું દોષ? જ્ઞાતિજનોને આવી ક્રૂર સજા કરાય જ નહિ. તો આ માટે શું કરવું? બધા મંત્રીઓમાં એક ડાહ્યા, વૃદ્ધ અને અનુભવી મંત્રીએ કહ્યું કે આપણે બ્રાહ્મણોની આંખોને બદલે મોટા ગુંદાના ચીકણા ઠળીયાનો થાળ ભરીને મહારાજાને આપીએ. એ માણસની આંખો જેવા ચીકણા હોય હોય છે. હવે મહારાજા તો અંધ છે એટલે એમને આપણે જેમ સમજાવીશું તેમ એ સમજી સ્વીકારી લેશે. આ પ્રમાણે કરવાથી નિરપરાધી જીવોની આંખો ફોડવાના આ મહાપાપમાંથી આપણે ઉગરી જઈશું ને મહારાજાને પણ આશ્વાસન આપી શકીશું.

વૃદ્ધ મંત્રીની વાત સૌને ગમી ગઈ. બધા એકી અવાજે બોલ્યા કે આ વાત તદ્દન સત્ય છે. બીજે દિવસે ગુંદાના ઠળીયાનો થાળ ભરીને બ્રહ્મદત્ત ચક્રવર્તિ પાસે હાજર કરીને કહ્યું કે આ બ્રાહ્મણોની આંખોના ફોડેલા ડોળા છે, તેથી બ્રહ્મદત્ત ચક્રવર્તિ હોંશે હોંશે એને હાથથી મસળતા ને પગ નીચે કચડતા ને બોલતા હાશ....હવે મને શાંતિ થઈ. મેં પાપીના પાપનો કેવો બદલો લીધો! વૈરની વસૂલાત વૈરથી કરી. રોજ આ પ્રમાણે કરતા આ રીતે વૈરની જ્વાળાઓ ચક્રવર્તિના અંતરમાં ભભૂકતી રહી. પ્રધાનો પાપમાંથી બચવા માટે ગુંદાના ઠળીયા કાઢીને એનો થાળ ભરીને આપતા હતા પણ ચક્રવર્તિની દૃષ્ટિમાં તો બ્રાહ્મણોની આંખોના ડોળા હતા એટલે એમને તો પાપ બંધાતું હતું કહ્યું છે ને કે "**ક્રિયા એ કર્મ, ઉપયોગે ધર્મ અને પરિણામે બંધ.**" જેવા જીવના મનના પરિણામ હોય છે તેવા કર્મો જીવને બંધાય છે. કર્મબંધન વખતે જીવ ચેતતો નથી પણ જ્યારે ભોગવવાનો સમય આવે છે ત્યારે ખૂબ પશ્ચાતાપ કરે છે. આ બ્રહ્મદત્ત ચક્રવર્તીને ચિત્તમુનિએ સંયમી બનવા માટે ઘણું સમજાવ્યા પણ સમજ્યા નહિ. સંયમ તો ન લઈ શકયા પણ સંસારમાં રહીને કંઈ પણ વ્રત નિયમ કે ધર્મારાધના ન કરી શકયા તેથી મુનિ તો વિહાર કરી ગયા ને પાછળથી એમના જીવનમાં આ ભયંકર ઘટના બની ગઈ.

આજે સિદ્ધાંતની અસ્વાધ્યાય છે. છેલ્લી બે ગાથાઓ તો આખા અધ્યયનનો સાર છે, નિચોડ છે પણ અસજ્ઝાય હોવાથી ગાથા બોલી શકાય નહિ, પણ મહાનપુરૂષો શ્લોકમાં એ બંને ગાથાંઓના સાર રૂપે ફરમાવે છે કે

વિષયમાં અતિ અંધ થયો નૃપ, હૃદયમાં જરી બોધ ધર્યો નહિ,
મનુષ્ય જન્મ ગુમાવી વિલાસમાં, નરક સાતમીએ જઈ ઉપન્યો.

બ્રહ્મદત્ત ચક્રવર્તિ જીવનના અંત સુધી સર્વોત્કૃષ્ટ શબ્દાદિક વિષયોને-કામભોગોને ભોગવીને ૭૧૬ વર્ષનું આયુષ્ય ભોગવીને સાત નરકમાં પ્રધાન એવા સાતમી નરકના અપઇઠાણ નામના નરકાવાસમાં ૩૩ સાગરોપમ સુધી ભયંકર ઘોર દુઃખો ભોગવવા માટે સાતમી નરકમાં ઉત્પન્ન થયા. અહીં ફક્ત ૭૧૬ વર્ષનું આયુષ્ય હતું તેમાં પણ પહેલા તો કેટલાય દુઃખો ભોગવ્યા છે. એ તો તમે બધું સાંભળી ગયા છો એટલે એ બાબતમાં વિશેષ કહેવાનું રહેતું નથી પણ મારો કહેવાનો આશય એ છે કે બ્રહ્મદત્ત ચક્રવર્તિએ થોડો સમય સુખ ભોગવ્યું પણ પરિણામ કેવું ભયંકર આવ્યું કે એમને તેત્રીસ સાગરોપમ સુધી નરકમાં ભયંકર જુલ્મો. દુઃખો અને વેદનાઓ ભોગવવા માટે જવું પડયું. આ અધિકાર સાંભળીને તમે કદી કરેલી કરણીને વેચીને સુખ મેળવવાની ઈચ્છા કરશો નહિ, અને તીવ્ર ક્રોધમાં જોડાઈ ક્રૂર કર્મબંધન કરશો નહિ. જુઓ, બ્રહ્મદત્ત ચક્રવર્તિની કેવી દુર્દશા થઈ અને ચિત્તમુનિએ પરભવમાં નિયાણું કર્યું ન હતું અને આ ભવમાં પણ શુદ્ધ ભાવથી સંયમનું પાલન કર્યું. તેના કારણે કેવા સુખ પામ્યા.

મુનિ ચિત્તે સઘળા નિજકર્મને, તપ સુસંયમ અગ્નિ થકી દહ્યા,
પરમ જ્ઞાની તણું પદ પામીયા, નમે ચિત્તે લઘુના મદપંકજે.

ચિત્તમુનિ તપ અને સંયમ દ્વારા સઘળા કર્મોનો ક્ષય કરીને પરમ પદ–મોક્ષમાં ગયા. બંનેના જીવનમાં કેટલો ફરક પડી ગયો ? બ્રહ્મદત્ત સંસારના ઉંચામાં ઉંચા સુખો ભોગવીને ઉંચામાં ઉંચી એટલે સાતમી નરકમાં અઘોર દુઃખો ભોગવવા માટે ચાલ્યા ગયા ને બીજા ચિત્તમુનિ ઉંચામાં ઉંચુ ચારિત્ર પાળીને મોક્ષના ઉંચામાં ઉંચા સુખો ભોગવવા માટે ચાલ્યા ગયા. આપણે પણ મોક્ષના સુખો મેળવવા માટે ચિત્તમુનિ જેવો પુરૂષાર્થ કરીએ તો માનવ જીવન સફળ થાય.

આજે ચાતુર્માસની પૂર્ણાહૂતિનો પવિત્ર દિવસ છે. અધિકાર પૂરો થયો ને ચરિત્ર પણ થોડું બાકી છે, પણ આજે ચાતુર્માસ પૂર્ણાહૂતિની સાથે અમારી ક્ષમાપનાનો દિવસ છે. ભારતભરમાં વિચરતા સાધુ સાધ્વીઓ સકલ સંઘના ભાઈ બહેનોની સાથે ક્ષમાપના કરીને ભગવાનની આજ્ઞા મુજબ કોઈ આવતી કાલે તો કોઈ પરમ દિવસે વિહાર કરશે. આજે હું પણ શ્રીસંઘને ઉપદેશ આપતા કંઈક કડક ભાષામાં કહેવાયું હોય તેમજ મારા સર્વ સતીજીઓથી શ્રી સંઘના કોઈ પણ ભાઈ બહેનોનું મન દુભાયું હોય તો સર્વેની પાસે ક્ષમાયાચના કરું છું. (પૂ. મહાસતીજીએ ક્ષમાપના કરી ત્યારે શ્રી સંઘના સર્વ ભાઈ બહેનોની આંખમાં આંસુ આવી ગયા હતા, ત્યાર પછી શ્રી સંઘના પ્રમુખ શ્રી છબીલભાઈ વિગેરેએ પણ પૂ. મહાસતીજી પાસે ક્ષમા માંગી હતી.) આજે સમય થઈ ગયો છે. ચરિત્ર અધૂરું છે પણ ચાલુ દિવસ છે માટે અવસરે કહેવાશે. (શ્રોતાજનોનો અવાજ ના, ભલે મોડું થાય, અમારે ચરિત્ર સાંભળવું છે, માટે આપ ફરમાવો.)

ચરિત્ર :– "ભીમસેન રાજાને પૂર્વભવ સમજાવતા હરિસેન કેવળી ભગવાન" :– ભીમસેનનો પૂર્વભવ સમજાવતા કેવળી ભગવાન કહે છે હે રાજન્! આ જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં શ્રીપુર નામના નગરમાં તું શ્રીપાલ નામે મહાન શ્રીમંત શેઠ હતો, પણ ખૂબ લોભી હતો, અને હું ગુણચંદ્ર નામે તારો પાડોશી હતો. આપણા બંને વચ્ચે પરસ્પર ખૂબ ગાઢ પ્રેમ હતો. મેં મારી પત્નીને માટે એક મોટો સાચા કિંમતી મોતીનો હાર બનાવડાવ્યો. આપણા બંને વચ્ચેની ગાઢ પ્રીતિના કારણે હું એ હાર તને બતાવવા આવ્યો. તેં કહ્યું આજે હાર મારે ત્યાં ભલે રહ્યો. હું, મારી પત્ની બધા જોઈ લઈએ. કાલે તને પાછો આપી દઈશ. મને તારા ઉપર ખૂબ વિશ્વાસ એટલે મેં તને હા પાડી. હાર જોઈને તારી દાનત બગડી કે કેવો સરસ આ કીંમતી હાર છે ! આ હાર શું ગુણચંદ્રની પત્નીને શોભે ? 'ના.' આ તો મારી પત્નીને શોભે. તેં મારો હાર તારી પત્નીને પહેરાવી દીધો. આ સમયે તારા ઘરમાં બે નોકર અને એક દાસી હતા તે આ બધું જોતા હતા. બીજે દિવસે હું એ હાર તારી પાસે લેવા આવ્યો ત્યારે તેં મોઢું ફેરવીને, આંખો ચઢાવીને કહી દીધું કે કોનો હાર ને વાત શી ?

તેં મને કયાં હાર આપ્યો છે ? તું ખોટું મારા માથે આળ ચઢાવે છે ? હરામી, પાપી ! તું ચાલ્યો જા અહીંથી. એમ કહીને હારની વાત ઉડાડી દીધી. તે સમયે તારી દાસીએ એમાં સાક્ષી પૂરી કે ગઈ કાલે શેઠ હાર લઈને આવ્યા હતા. તમે આવું ખોટું શા માટે બોલો છો ? એમનો હાર એમને આપી દેવો જોઈએ. પારકી વસ્તુ પચાવી પાડવાથી મહાન પાપના ભાગી બનાય છે. આ પ્રમાણે દાસીએ કહ્યું એટલે એ દાસીને તમે મારી પીટીને ઘરમાંથી કાઢી મૂકી અને હું પણ રડતો કકળતો મારે ઘેર ચાલ્યો ગયો. ખૂબ ઝરાપો કર્યો; તમારી પાસે હાર માટે ખૂબ કરગર્યો પણ તમે હાર ન આપ્યો તે ન જ આપ્યો.

હાર બિના દિન રાત ઝૂરણા કર, મર ગઈ મુઝ નાર,
વેર બંધ કર લિયા નિકાચિત, કુછ નહીં ઢિયા વિચાર.

મારી પત્નીએ તો હજુ હાર પહેર્યો પણ ન હતો. તેને હાર પહેરવાની ખૂબ હોંશ હતી, પણ એને હાર ન મળવાથી તે ખૂબ રડવા ઝૂરવા ને કૂટવા લાગી. અંતે એ ઝુરાપામાં તે મૃત્યુ પામી અને નિકાચિત ગાઢ વૈર બંધાઈ ગયું. ત્યાર પછી એ નગરમાં કોઈ મુનિરાજ પધાર્યા. એમના શરીરે કોઢનો રોગ થયો હતો. એમાંથી લોહી પરૂના ઢગલા થતા હતા. દુર્ગંધના ગોટા ઉડતા હતા. મુનિને પીડાનો પાર ન હતો. કોઈ વૈદે તેમને કહ્યું કે લક્ષપાક તેલ મળે તો આ રોગ મૂળમાંથી મટે. કોઈએ કહ્યું કે શ્રીપાળ શેઠને ત્યાં લક્ષપાક તેલ છે.

" આંગણે આવેલા સંતને ન ઓળખ્યા. " :– મુનિરાજ તારે ઘેર એની યાચના કરવા આવ્યા. તારે ત્યાં લક્ષપાક તેલ સૂઝતું હતું છતાં તેં જાણી જોઈને એને અસૂઝતું કરી નાંખ્યું તેથી મુનિ પાછા ફર્યા. આ રીતે મુનિ ત્રણ દિવસ આવ્યા પણ તેં અસૂઝતું કર્યું ને લાભ ન લીધો. છતી વસ્તુએ લાભ ન લીધો તેથી તેં ધનની ઘોર અંતરાય બાંધી, પણ છેલ્લે છેલ્લે તારી મતિ સુધરી અને તેં કંઈક દાન આદિ ધર્મારાધના કરી અને અંતિમ સમયે શુદ્ધ ભાવના રહી તેના કારણે તું ભીમસેન રાજા બન્યો. તારી પત્ની હતી તે આ ભવમાં તારી પત્ની સુશીલા રાણી બની. જે દાસીએ સાચી વાતમાં સાક્ષી પૂરી હતી તે દાસીને તેં મારી પીટીને કાઢી મૂકી હતી તે આ ભવમાં લક્ષ્મીપતિ શેઠની પત્ની ભદ્રા શેઠાણી બની. બે નોકરો તારી તરફેણમાં હતા એ બંને તારા પુત્રો દેવસેન અને કેતુસેન બન્યા. ગુણચંદ્ર જે પાડોશી હતો તે હું હરિસેન તારો ભાઈ બન્યો ને મારી જે પત્ની હતી તે સુરસુંદરી બની. તેં મારો હાર પચાવ્યો હતો તે કર્મના કારણે આ ભવમાં મેં તારું રાજ્ય પચાવી પાડ્યું. તેં દાસીને ગમે તેવા શબ્દો કહીને ઘરની બહાર કાઢી હતી તે કર્મના કારણે ભદ્રા શેઠાણીએ તમને ભયંકર દુઃખો આપ્યા અને સુશીલા ઉપર ખોટું આળ ચઢાવીને ઘરમાંથી કાઢી મૂકયા.

" કર્મના વિપાક ફલ " :– મુનિ તારે ઘેર ત્રણ ત્રણ વખત લક્ષપાક તેલ વહોરવા માટે પધાર્યા, ત્યારે તેં ત્રણ ત્રણ વખત લક્ષપાક તેલ નહીં વહોરાવવાની બુદ્ધિથી અસૂઝતું કરી નાંખ્યું, એટલે તને ત્રણ ત્રણ વખત ધનની અંતરાય પડી અને તારે ફાંસીના માંચડે લટકવાનો વખત આવ્યો. સૌથી પહેલા ભદ્રા શેઠાણીએ નિરાધાર રીતે કાઢી મૂક્યા, ત્યારે તું પુરપઈઠાણ ગયો ત્યાં તને સહકાર ન મળ્યો ને ફાંસી ખાઈને મરવા તૈયાર થયો ત્યારે સાર્થવાહે બચાવી લીધો, ને તને સાથે લઈ ગયો ત્યાંથી તું નવ લાખના રત્નો લઈને પાછો ફર્યો. રત્નોની ગોદડી મૂકી તું સરોવરમાં સ્નાન કરવા ગયો ને પાછળથી વાંદરો ગોદડી લઈ ગયો, ત્યારે તું હતાશ થઈને ગળામાં ફાંસો ખાઈને મરવાની તૈયારીમાં હતો ત્યાં સંન્યાસીએ તને બચાવ્યો, અને એની સાથે સુવર્ણરસની સિદ્ધિ કરવા તને લઈ ગયો. સુવર્ણરસ લઈને તું નગરના પાદર સુધી આવ્યો પણ પાછળથી એ સંન્યાસીની દૃષ્ટિ બગડી ને તને મીઠાઈ લેવાના બહાને મોકલીને એ સુવર્ણરસના તુંબડા લઈને ચાલ્યો ગયો ને તું મીઠાઈ લઈને આવ્યો. સંન્યાસીને ન જોતા તું હતાશ બની ગયો ત્યારે પણ તું ગળે ફાંસો ખાઈને મરવા તૈયાર થયો. તે વખતે જંઘાચારણ મુનિ પધાર્યા, એમણે તને બચાવી લીધો.

"દાન દેતા ધોવાયેલા પાપકર્મના મેલ" :– એ માસખમણના તપસ્વી મુનિરાજના દર્શન થતાં તું આનંદ વિભોર બની ગયો અને લાવેલી મીઠાઈ, ફરસાણ વિગેરે જે કંઈ હતું તે તેં ભૂખ્યા રહીને ખૂબ ઉત્કૃષ્ટ ભાવથી બધું તપસ્વી મુનિના પાત્રમાં વહોરાવી દીધું, તેથી તારા બધા પાપકર્મો ધોવાઈ ગયા ને સામેથી બધું સુખ દોડીને આવ્યું. તારી ગયેલી એકેક ચીજો પણ સામેથી મળી ગઈ. હે ભીમસેન ! આ બધું સુખ દુઃખ તમારા પૂર્વકૃત કર્માનુસાર મળ્યું છે. આ બધા કર્મના ખેલ છે. આ સંસારમાં જીવને કર્મરાજા નચાવે તેમ નાચવાનું છે, માટે કર્મ કરતી વખતે ખૂબ વિચાર કરો. હે રાજન્ ! આવું રાજ્ય, ધનવૈભવ, કુટુંબ, પત્ની, પુત્ર પરિવાર આ બધું આ ભવમાં જ નથી મળ્યું. અનંતી વખત મળ્યું છે. જીવે ભોગવ્યું છે ને છોડયું છે, માટે એનો મોહ છોડીને ભવસાગર તરવા માટે ધર્મારાધના કરો. હરિસેન કેવળીના મુખેથી પોતાના પૂર્વભવની વાત સાંભળીને ભીમસેન રાજાને વૈરાગ્ય આવ્યો.

"સંયમના માર્ગે ચાર આત્માઓનું પ્રયાણ" :– ભીમસેન રાજા હરિસેન કેવળી ભગવંતના ચરણમાં નમસ્કાર કરીને કહે છે ભગવંત ! મેં જેવા કર્મો કર્યા તેવા ભોગવ્યા છે. હવે મને આપ તારો. હું આપના શરણે છું. હવે મને રાજ્ય સંપત્તિ પત્ની કે પુત્ર કોઈનો મોહ નથી. આ સમયે ભીમસેનની સાળી સુલોચના અને વિજયસેન રાજા પણ ત્યાં આવેલા હતા. કેવળી ભગવાનની વાણી સાંભળીને એમને પણ વૈરાગ્ય આવી ગયો. ભીમસેન રાજા, સુશીલા રાણી તથા વિજયસેન રાજા અને સુલોચના રાણી આ ચારેય ભવ્યાત્માઓ દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે દેવસેન અને

કેતુસેન બંને પુત્રોએ કહ્યું પિતાજી ! હજુ તો અમે નાના છીએ, અમારા માથે આ રાજ્યનો ભાર કયાં નાંખો છો ? અમે તમને નહિ જવા દઈએ, પણ ભીમસેન રાજા હવે ક્ષણવાર સંસારમાં રોકાવા ઈચ્છતા ન હતા, તેમણે બંને પુત્રોને સમજાવ્યા. પોતાના રાજસિંહાસને દેવસેનને સ્થાપ્યો અને વિજયસેન રાજાને પુત્ર ન હતો તેથી કેતુસેનને એના મામાના રાજસિંહાસને બેસાડીને ચારે ય આત્માઓએ દીક્ષા લીધી. હરિસેન કેવળી અઘાતી કર્મોનો ક્ષય કરી મોક્ષમાં ગયા ને આ ચારેય આત્માઓ પણ ખૂબ કઠીન ચારિત્રપાળી અઘોર તપશ્ચર્યાઓ કરીને ભીમસેન રાજા અને વિજયસેન રાજા બંને આત્માઓ એકાવતારી બની સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા અને સુશીલા તથા સુલોચના એ બંને સાધ્વીજીઓ કાળ કરીને બારમા દેવલોકે ગયા. ત્યાંથી મનુષ્ય ભવ પામીને મોક્ષમાં જશે.

દેવાનુપ્રિયો ! ચિત્ત–બ્રહ્મદત્તનો અધિકાર અને ભીમસેન–હરિસેન ચરિત્ર આ બંને અધિકાર પૂરા થયા ને આજે ચાતુર્માસ પણ પૂર્ણ થાય છે. અધિકાર અને ચરિત્ર આ બંનેમાંથી ઘણો ઘણો ઉપદેશ મળે છે કે જીવ કર્મબંધન કરતી વખતે વિચાર કરતો નથી પણ જ્યારે કર્મનો ઉદય થાય છે ત્યારે જીવને ભોગવતી વખતે કેટલા કષ્ટો સહન કરવા પડે છે, માટે પાપભીરૂ અને ભવભીરૂ બનો. બને તેટલી ધર્મારાધના કરી જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ–દયા–ક્ષમા–સરળતા–સત્ય–નીતિ–સદાચાર, નિરાભિમાનતા આદિ સદ્‌ગુણો ખીલવીને જીવનબાગને હરિયાળો બનાવો અને માનવ જીવનને સફળ બનાવો, સમય ઘણો થઈ ગયો છે.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ પૂ. મહાસતીજીએ ક્ષમાપના કરી હતી. સાથે સંઘે પૂ. મહાસતીનો આભાર માન્યો હતો અને અમારે ત્યાં ફરી ફરીને વહેલા પધારજો કહેતા આખો સંઘ રડી પડયો હતો.

શારદા સિદ્ધિ ભાગ ૧-૨-૩ સમાપ્ત

તા. ક. પૂ. મહાસતીજીએ વ્યાખ્યાન ચારે મહિના દરરોજ ફરમાવ્યા છે, પણ પુસ્તક મોટું થઈ જવાથી કંઈક બધાંએ વ્યાખ્યાનનો સાર ભેગો કરી એકેક વ્યાખ્યાનમાં લખ્યો છે. શારદા સિદ્ધિ પુસ્તકમાં કોઈ પણ પ્રકારની ભૂલ રહી હોય તો તે વ્યાખ્યાન કારકની કે લખનારની નથી પણ મુદ્રણ દોષ છે, તો આ માટે વાચકોને વિનંતી કરવામાં આવે છે કે આપને વ્યાખ્યાન છાપવામાં પ્રેસની કોઈ ભૂલ દેખાય તો શુદ્ધિપત્રકમાં જોશો, છતાં કોઈ ભૂલ દેખાય તો વાચકોને સુધારીને વાંચવા નમ્ર વિનંતી છે.

શ્રી "શારદા સિદ્ધિ" પુસ્તકના અગાઉથી નોંધાવેલ ગ્રાહકોની યાદી.

પુસ્તકની સંખ્યા	નામ	
૧૦૦૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ	કાંદાવાડી–મુંબઈ
૧૦૦૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ	મલાડ
૫૦૧	શ્રી ઘાટકોપર સ્થા. જૈન સંઘ હ. સેવંતીભાઈ	
૪૦૧	શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી	મુંબઈ
૩૦૦	શ્રી મણીલાલ શામજીભાઈ વીરાણી	મુંબઈ
૨૫૦	શ્રી સ્થા. જૈન કાંદીવલી	મુંબઈ
૧૨૫	શ્રી ભાઈલાલ જાદવજીભાઈ	કોલ્હાપુર
૧૦૧	શ્રીમતી સુભદ્રાબેન રસીકલાલ ઝવેરી પાલણપુરવાળા	(મુંબઈ)
૧૦૧	શ્રી નેમચંદભાઈ એન. શાહ	મુંબઈ
૧૦૧	શ્રી બનાસકાંઠા સ્થા. જૈન સંઘ	નવસારી
૧૦૧	શ્રી સૌરાષ્ટ્ર સ્થા. જૈન સંઘ	અમદાવાદ
૧૦૧	શ્રી ચુનીલાલ મુળજીભાઈ મોટાણી–મુંબઈ	
૧૦૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ	બોરીવલી
૧૦૧	શ્રી સ્થા. જૈન સંઘ	ખંભાત
૧૦૧	શ્રી જયંતિલાલ ચંદુલાલ મહેતા	વાલકેશ્વર, મુંબઈ
૧૦૦	શ્રી ગીરજાશંકર ખીમચંદ શેઠ	મુંબઈ
૧૦૦	શ્રી સારંગપુરા સ્થા. છ કોટી સંઘ	અમદાવાદ
૫૧	શ્રી પારૂબેન પુનમચંદ	વલાણી
૫૧	શ્રી મંજુલાબેન નગીનદાસ લાઠીયા	મલાડ
૫૧	શ્રી ઈન્દીરાબેન પ્રતાપરાય લાઠીયા	બોરીવલી મુંબઈ
૫૧	શ્રી કૃષ્ણકાંત મફતલાલ ઝવેરી	ખંભાતવાળા મુંબઈ
૫૧	શ્રી સ્થા. જૈન સંઘ	નારણપુરા, અમદાવાદ
૫૧	શ્રી વિનયચંદ્ર મોહનલાલ દેસાઈ	ચીંચપોકલી
૫૧	શ્રી કૃષ્ણનગર સ્થા. જૈન સોસાયટી	ભાવનગર
૪૫	માટુંગા સ્થા. જૈન સંઘ	પ્રાર્થનાવાળાભાઇઓ
૩૫	શ્રી રજનીકાંત વાડીલાલ દેસાઈ	અમદાવાદ
૨	શ્રી સ્થા. જૈન સંઘ, બેડા હ. મફતભાઈ	
૨	શ્રી સોમચંદ જેઠાલાલ	માટુંગા

પુસ્તકની સંખ્યા	નામ	
૨૫	શ્રી પ્રભુદાસભાઈ દાદરવાળા	માટુંગા
૨૫	શ્રી ચીમનલાલ હીરાચંદ શાહ	સાણંદ
૨૫	શ્રી સ્થા. જૈન સંઘ, કઠોર હ. ઠાકોરભાઈ	
૨૫	શ્રી નરભેરામભાઈ કેશવજી	કલકત્તાવાળા
૨૫	રાજસ્થાન સ્થા. જૈન સંઘ	અમદાવાદ
૨૫	શ્રી ચીમનલાલ છોટાલાલ કાપડીયા	મુંબઈ
૨૫	શ્રી વાડીલાલ કુલચંદભાઈ પટેલ	મુંબઈ
૨૫	શ્રી વાડીલાલ છગનલાલ શાહ હ. નટવરભાઇ તથા પ્રાણુલાલભાઈ	સાણંદ
૨૫	શ્રી સ્થા. જૈન સંઘ વડોદરા હ. મંગળજીભાઈ	
૨૫	શ્રી સ્થા. જૈન સંઘ	સાબરમતી
૨૫	શ્રી હરસીમ કાનજી	માટુંગા
૨૫	શ્રી ધીરજલાલ વ્રજલાલ મહેતા	મુંબઈ
૨૫	શ્રી પ્રવીણચંદ્ર નરસીંહદાસ શાહ	બોડેલી
૨૫	શ્રી મેઘજીભાઈ વેલજીભાઇ શાહ	માટુંગા
૨૧	શ્રી સ્થા. જૈન સંઘ	બીલીમોરા
૨૧	શ્રી કિશોરચંદ્ર સી. પરીખ	ઘાટકોપર
૨૧	શ્રી ઈશ્વરલાલ સી. પરીખ	
૨૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ દોલતનગર,	બોરીવલી
૨૧	શ્રી જીવણલાલ પદમશી સંઘવી	સુરેન્દ્રનગર
૧૫	શ્રી પ્રભુદાસ ઠાકરશી ગોસલીયા	કાંદીવલી મુંબઈ
૧૫	શ્રી જેઠાલાલ વીજપાર શાહ	માટુંગા
૧૫	શ્રી શૈલેષકુમાર જયંતીલાલ	સુરત
૧૫	શ્રી શાંતીલાલ બી. મહેતા	સુરત
૧૧	સંઘવી ચુનીલાલ નાનચંદ ઉધના,	સુરત
૧૧	શશીકાંત નરસીંહદાસ દોશી	બોરીવલી
૧૧	શ્રી વિનોદભાઈ છગનભાઈ ભણશાળી	માટુંગા
૧૧	શ્રી અમુલખભાઈ હીમજીભાઈ ગાંધી	મલાડ
૧૧	શ્રી વસંતલાલ કેશવલાલ પટેલ	ખંભાત

પુસ્તકની સંખ્યા	નામ	
	નામ	
	જેશંગભાઈ ત્રીકમજી દડિયા	મુંબઈ
	ો ગીરધરલાલ ત્રીકમજી દડિયા	માદુંગા
	દોશી અનિલકુમાર પ્રાગજીભાઈ	ભુજ
	દોશી મણીલાલ ભાણુજીભાઈ બાદરગઢ	કચ્છ
૧૧	ખેંગારભાઈ ન્યાલચંદ મહેતા	દાદર
૧૧	વસાણી રમણીકલાલ મુળચંદભાઈ પ્રેસવાળા	
૧૧	ચંદુલાલ ભીમજીભાઈ સોમાણી	નંદનબાર
૧૧	શ્રી સ્થા. સતીશરદ્ મહિલા મંડળ	ખંભાત
૧૧	અ સૌ. કુસુમબેન નેમચંદભાઈ શાહ	મુંબઈ
૧૧	શ્રી તારાચંદ દીપચંદ અવલાણી	માદુંગા
૧૧	મહાસુખલાલ કેશવલાલ ચીતલીયા	બોરીવલી
૧૧	શ્રી મનહરલાલ કલ્યાણજી	બોરીવલી
૧૧	મધુભાઈ ભગવાનદાસ ગોસલીયા	બોરીવલી
૧૧	શ્રી રસીકલાલ માણેકલાલ પારેખ	બોરીવલી
૧૧	હસમુખલાલ હરજીવનભાઈ	દોલતનગર
૧૧	ડાહ્યાભાઈ કેશવજી ઘાટલીયા	બોરીવલી
૧૧	શ્રી કલ્યાણજીભાઈ હરીદાસ શેઠ	વિલેપાર્લા
૧૧	શ્રી ડોસાભાઈ અભેચંદ મોદી	બોરીવલી
૧૧	જેઠાલાલ નેમચંદ શાહ	ખંભાતવાળા મુંબઈ
૧૧	સાવલા કેશવજી રવજીભાઈ	મુંબઈ
૧૧	સોની ગાવજીભાઈ લધાભાઈ	ભાયખલા
૧૧	પ્રાણભાઈ ભીમશીભાઈ કુંભારવાડા	મુંબઈ
૧૦	શ્રી લાભુભાઈ પ્રાણજીવનદાસ મહેતા હ- રેવાબેન	અંધેરી
૧૦	તારાબેન ચીમનલાલ કાપડીયા	સાણુંદ
૧૦	રીખવચંદ જુગરાજ સાબરમતી	અમદાવાદ
૧૦	હિંમતલાલ કાળીદાસ મહેતા હિન્દુમિલન મંદિર	
૫	શ્રી સ્થા. જૈન સંઘ	બાવળા
૭	શ્રી વિનોદકુમાર દેવશી મહેતા	સુરત
૭	શ્રી ભરતકુમાર મોહનલાલ શેઠ	કચ્છ
૫	શાંતીલાલ લક્ષ્મીચંદ ભાવસાર	બોરસદ
૫	શ્રી સ્થા. જૈન સંઘ "નાસીકસીટી"	નાસીક
૫	સ્વ. શાંતિલાલ વ્રજલાલ ગોસલીયા ઘાટકોપર હ. કિશોરભાઈ	
૫	લાભુભાઈ પ્રાણજીવન	અમદાવાદ
૫	શ્રી જગદીશ પ્લાસ્ટીક	અમદાવાદ
૫	હસમુખબેન રમણલાલ	કાપડીયા
૫	ખીમચંદ નરસીંહદાસ શાહ	સાણુંદ
૫	રાજેન્દ્ર લાલચંદ મહેતા	સાણુંદ
૫	નગીનદાસ જીવણલાલ દોશી	અમદાવાદ
૫	રમણીકલાલ નવલચંદ મહેતા	માદુંગા
૫	ચારૂલત્તાબેન ચીમનલાલ કાપડીયા	સાણુંદ
૫	ધીરજલાલ અમૃતલાલ શાહ	મલાડ
૫	હીરાચંદ છગનલાલ કાપડીયા	સાણુંદ
૫	રમેશચંદ્ર કાંતીલાલ શાહ	અમદાવાદ
૫	મહેન્દ્રભાઈ લલ્લુભાઈ રંગરેજ	સુરત
૫	ચીમનલાલ મોહનલાલ ભાવસાર	મોડાસર
૫	ચંચળબેન ધરમચંદ ઝોબાળીયા	માદુંગા
૫	લલીતાબેન ભુપતભાઈ પારેખ	માદુંગા
૫	પ્રાણજીવનદાસ તારાચંદ વાસણવાળા	સુરત
૫	ગાંધી કાંતીલાલ નાગજીભાઈ	સુરત
૫	ચંપકલાલ કુલચંદ રંગાટીયા	સુરત
૫	શાંતીલાલ મયાચંદ મહેતા	ભુજ
૫	મફતલાલ જગજીવનદાસ તલસાણીયા	સાબરમતી
૫	બાપુલાલ મોહનલાલ ગાંધી	ખંભાત
૫	ચંપકલાલ છોટાલાલ શાહ	ખંભાત
૫	નાનચંદ ઝવેરચંદ શાહ	મલાડ
૫	ગુણવંતભાઈ વર્ધમાનભાઈ વોરા	મલાડ
૫	અમૃતલાલ હરગોવનદાસ ગોસલીયા	મલાડ
૫	ભુપેન્દ્રભાઈ નટવરલાલ ભામાવાળા	સુરત
૫	શ્રી સ્થા. જૈન સંઘ	વટામણ
૫	શ્રી પારસનાથ મહિલા મંડળ	વડોદરા
૫	બરવાળા સ્થા. જૈન સંઘ હ. હીરાભાઈ	ખંભાત
૫	ચંપકલાલ મણીલાલ	અજમેરા વરલી મુંબ
૫	હંસરાજ નાનજી	હીરા
૫	ખીમજી	માલેશી

નકલની સંખ્યા	નામ	
૫	જયંતીલાલ મનસુખલાલ લોખંડવાળા	અમદાવાદ
૫	નવીનચંદ્ર જયંતિલાલ લોખંડવાળા	અમદાવાદ
૫	અનુભાઈ શીવલાલ તલસાણીયા	અમદાવાદ
૫	નગીનભાઈ શીવલાલ ,,	અમદાવાદ
૫	કાંતીલાલ પ્રેમચંદ તલસાણીયા	અમદાવાદ
૫	હસમુખલાલ જીવણલાલ શાહ	અમદાવાદ
૫	ખોમચંદભાઈ છગનલાલ દોશી	અમદાવાદ
૫	અમૃતલાલ ભગવાનદાસ ગાંધી	અમદાવાદ
૫	જાદવજીભાઈ મોહનલાલ શાહ	અમદાવાદ
૫	શાંતીલાલ ટી. અજમેરા	અમદાવાદ
૫	જીવણલાલ ચુનીલાલ સંઘવી .	અમદાવાદ
૫	પ્રવીણચંદ્ર કાનજીભાઈ દોશી	ખોરીવલી વેસ્ટ
૫	પ્રેમચંદ ખોડીદાસ મગીયા	ખોરીવલી વેસ્ટ
૫	અંબાલાલ છોટાલાલ શાહ	ખંભાતવાળા. મુંબઈ

પુસ્તકની સંખ્યા	નામ	
૫	દલપતભાઈ પુનમચંદ મહેતા	સુરત
૫	પ્રેમચંદ દિપજીભાઈ શાહ	અમદાવાદ
૫	મીઠુભાઈ બાબુલનાથ	
૫	રજનીકાંત પ્રેમચંદભાઈ	સુરત
૫	શ્રી કચ્છી વીશા સેવા સંઘ	કુર્લા મુંબઈ
૫	મગનલાલ પોપટલાલ મહેતા	સુરત
૫	હામાજી હોરામલ દોશી	કચ્છ
૫	હેમંતકુમાર મનહરલાલ વખારવાળા	સુરત
૫	સુરજબેન છગનલાલ પટેલ વાલકેશ્વર	મુંબઈ
૫	પ્રાણજીવનભાઈ સુંદરજી	હૈદ્રાબાદ
૫	જયસુખલાલ એમ. મહેતા	કચ્છ
૫	સવિતાબેન જગજીવનદાસ સંઘવી	હૈદ્રાબાદ
૫	વાલજીભાઈ મુળજીભાઈ ગાડ	હૈદ્રાબાદ
૫	જયંતીલાલ ઠાકરશીભાઇ મહેતા	કચ્છ
૫	હિંમતલાલ પોપટલાલ પટેલ	કચ્છ
૫	નાગજીભાઇ મગનલાલ ગાંધી	કચ્છ
૫	મણીલાલ મોગારભાઈ મહેતા	મુંબઈ

શુદ્ધિ પત્રક

વ્યા.	નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૧	૮	૧૪		છે,	છે.
૧	૯	૨૧		કરતા.	કરતા
૧	૧	૨૦		તયાર	તૈયાર
૨	૧૭	૨૬		દેષ !	દોષ ?
૩	૨૩	૨૬		દુઃખો	૦
૩	૨૭	૨૭		જીવોને	જીવોને દુઃખો
૩	૨૯	૨૦		પોતાના	પોતાના
૪	૩૩	૧૯		સંભૂતિએ	સંભૂતિ એ
૪	૩૬	૨		જેન	જૈન
૪	૩૮	૯		વૈરાગ્ય	વૈરાગ્ય
૪	૩૯	૨૯		જનધર્મી	જૈનધર્મી
૪	૪૦	૧૬		ક્રાંતિવાળા	કાંતિવાળા
૫	૪૧	૧૪		હું	હૈ
૫	૪૫	૩૨		કલ્પેશ	કલ્પેશે
૫	૪૭	૧૯		બેસીને	બેઠા પછી
૫	૪૮	૭		પુત્રોને	પુત્રો
૬	૫૧	૧૫		ચિત્ત	ચિત્તે
૬	૫૨	૨		રાજ્યના	રાજ્યનો
૭	૬૨	૧૪		કરવ	કરવા
૧૦	૯૦	૫		વમાનિક	વૈમાનિક
૧૦	૯૪	૩૧		શબ્દા	શબ્દો
૧૨	૧૧૧	૨૧		દ્રેષ	દ્વેષ
૧૨	૧૧૪	૩૨		વિચારું	વિચરું
૧૨	૧૨૦	૯		હયામાં	હૈયામાં
૧૩	૧૨૩	૧૧		સત્તાધીશ	શતાધીશ
૧૩	૧૨૯	૨૭		રત્ત	રત
૧૪	૧૩૫	૩૧		પુદ્ગલોની	પુદ્ગલોની
૧૬	૧૫૨	૮		જૈન દર્શનનો	જૈનદર્શનમાં
૧૬	૧૫૩	૨૬		આવતા	આત્મા
૧૬	૧૫૫	૩૧		તેમા	તેમાં
૧૬	૧૬૧	૩૧		એક	એક વખત
૧૭	૧૭૦	૨૦		બને	બંને
૧૭	૧૭૦	૩૩		જોઈએ ?	જોઇએ.
૧૮	૧૭૨	૨૦	તા.૩૧–૭–૭૮		૩૧–૭–૭૯

વ્યા.	નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૧૮	૧૭૩	૨		સસારો	સંસારો
૧૮	૧૭૪	૧૦		માનવભવને	માનવભવનો
૧૮	૧૭૬	૭		મહારાજે	મહારાજ
૧૯	૧૮૩	૬		અમદં	અમઈ
૧૯	૧૮૪	૨૪		ખાવા	ખાધા
૧૯	૧૮૫	૧૯		બધુ	બધું
૧૯	૧૮૫	૨૬		સેગ્ન	સેવન
૨૦	૧૯૧	૧૬		અટકે છે,	અટકી શકીએ
૨૦	૧૯૧	૬,૨૫		સમ્યગૂ	સમ્યગ્
૨૦	૧૯૬	૨૫		ઉલટો	અવળો
૨૦	૨૦૦	૧૨		સમુદં	સમુદ્
૨૦	૨૦૦	૧૯		ચરિત્ર	ચારિત્ર
૨૧	૨૦૨	૩૧		જાવે	જીવે
૨૧	૨૦૩	૨૧		ક્રર	ક્રૂર
૨૨	૨૧૯	૨૮		તમારો	તમારે
૨૨	૨૨૩	૧૬		થા	થા
૨૨	૨૨૩	૧૭		હરિસેન	હરિસેને
૨૩	૨૩૧	૭		બાળકાને	બાળકોને
૨૩	૨૩૧	૧૨		હયાફાટ	હૈયાફાટ
૨૪	૨૩૩	૩		છૂઠા	છુઠા
૨૪	૨૩૩	૨૧		તનાથી	તેનાથી
૨૪	૨૩૪	૭		શક્તિની	શક્તિનો
૨૪	૨૩૬	૧૯		એમને	એ મને
૨૪	૨૩૭	૩૨		મગ્યો	માંગ્યો
૨૪	૨૩૮	૨૬		અવંતી મંથી	અવંતીમાં
૨૪	૨૩૯	૨૨		માગ	માર્ગ
૨૪	૨૪૦	૧		મહારાજા !	મહારાજ
૨૪	૨૪૧	૩૧		તમારા માટે	તમને
૨૪	૨૪૬	૧૫		ધર્મપ્રવૃત્તિમાંથી	ધર્મપ્રવૃત્તિ
૨૫	૨૪૯	૧		જય	જય
૨૫	૨૪૯	૫		તું જ	તુજ
૨૬	૨૫૫	૨૮		અમીરી તને	અમીરા
૨૬	૨૫૬	૨૫		ધે,ઈ	ધેરાઈ
૨૬	૨૫૯	૧૨		પડે ?	ન જાઉ

પ્ર.	નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૬		૨૫૯	૧૩	ન જાઉ ?	હશે તેની તને શું ખબર પડે
૨૬		૨૬૫	૫	બીજે	બીજી
૨૭		૨૬૮	૨૦	કરા	કરી
૨૭		૨૭૦	૧૪	હ.	હૈ.
૨૮		૨૭૮	૨૭	તો	હતો
૩૦		૨૯૪	૩૨	દબાવવું	દબાવું
૩૦		૨૯૯	૨૯	હયામાં	હૈયામાં
૩૦		૨૯૯	૩૩	ભાથળી	ભાવથી
૩૧		૩૦૬	૨૩	ખડિત	ખંડિત
૨૧		૩૧૦	૨૮	પસા	પૈસા
૩૨		૩૧૬	૧૨	ન	ને
૩૨		૩૨૧	૨૫	ફર	ફૂર
૩૩		૩૩૨	૩૨	શીસુાલ	સુશીલા
૩૪		૩૪૭	૨૭	ભદ્રાને	ભદ્રા
૩૫		૩૫૫	૪	ખોણું માથામાં	માથું ખોળામાં
૩૬		૩૬૦	૧૦	ઓ	તો
૩૭		૩૬૬	૧૪	ત્મામાં	આત્મામાં
૩૭		૩૭૮	૨૦	શ્રતજ્ઞાન	શ્રુતજ્ઞાન
૩૭		૩૮૧	૯	જેવું	જેવું
૩૭		૩૮૪	૬	પસા	પૈસા
૩૮		૩૯૨	૩	રીતે	ચિત્તે
૩૮		૩૯૬	૪	ચાતકનું	ચાતક
૩૮		૩૯૬	૩૨	કારણ	કારણે
૩૯		૪૦૦	૩૧	હાથ	હાશ
૪૯		૪૦૨	૨૬	બદે	બંદે
૪		૪૦૯	૧૯	ત્રિશલા દેશી	ત્રિશલા દેવી
		૪૧૦	૧૩	હયા	હૈયા
		૪૧૭	૧૦	સેન્ય	સૈન્ય
		૪૧૪	૩	અરાવત	ઐરાવત
		૪૨૮	૨૨	દૂધપાકનો ભેદ તો	દૂધપાકના ભેદનો
		૪૩૬	૨૫	મત્રી	મૈત્રી
		૪૪૦	૧૧	છોડાવેલાવર	છેડાવેલાવેર
		૪૪૮	૩૨	બધા મને	બધા મને

પ્ર.	નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૪૩		૪૫૨	૩	તે	૦
૪૩		૪૫૮	૫	અશ્રબીની	અશ્રુબીની
૪૫		૪૭૧	૧૪	મોકલાવો	મોકલાવવો
૪૬		૪૭૫	૨૪	સારાવ રની	સારા વરની
૪૬		૪૭૫	૨૯	લક્ષ્યમાં	લક્ષમાં
૪૬		૪૮૧	૨૪	આજનો વિનયને	આજના વિનયને
૪૬		૪૮૩	૬	પણે	પણ
૪૬		૪૮૪	૬	પદને	પદને પ્રાપ્ત
૪૭		૪૮૫	૧૪	નારક	નરક
૪૭		૪૯૦	૧૦	ખરી	ખરીદયું
૪૮		૪૯૮	૧૪	ઇજી	ઇજી
૫૦		૫૧૪	૧૪	એ પણ છે	એ પણ જીવ છે
૫૧		૫૨૯	૨૧	ઝંપડીની	ઝૂંપડીની
૫૨		૫૩૪	૬	ગંજતુ	ગૂંજતું
૫૩		૫૪૬	૧૭	છે	૦
૫૪		૫૪૯	૨૬	પકી	પૈકી
૫૪		૫૫૫	૩૧	તટી	તૂટી
૫૭		૫૭૮	૯	જાહે ાત	જાહેરાત
૫૮		૫૮૧	૨૦	અજવાળુ	અજવાળવું
૫૯		૫૯૩	૨૧	ઈબ્ય	ઈબ્ભ
૫૯		૫૯૫	૬	જોત	જોતા
૫૯		૫૯૫	૨૭	રાજવભવ	રાજવૈભવ
૫૯		૬૦૩	૨૨	અધરા	અધૂરા
૬૪		૬૨૯	૨૫	મવાઆ	મવાઓ
૬૫		૬૪૩	૨૯	„પડી	ઝૂંપડી
૬૭		૬૫૯	૨૯	ચરિત્ર	ચારિત્ર
૬૭		૬૬૦	૮	મહાનુભવોએ	મહાનુભાવોએ
૬૭		૬૬૦	૧૮	હૃદય પલ્ટા	હૃદયપલ્ટો
૭૦		૬૮૧	૮	બનેનો	બંનેની
૭૦		૬૮૬	૧૧	સાંદર્ય	સૌંદર્ય
૭૦		૬૮૯	૧૩	મળ્ય	મળ્યા
૭૧		૬૯૨	૧૫	શઠની	શેઠની
૭૨		૬૯૭	૧૪	બાદશ હનુ	બાદશાહનું
૭૧		૭૦૧	૨૦	વિષયભોજોને	વિષયભોગોને

વ્યા.	નં.	પૃષ્ઠ	લીટી	અશુદ્ધિ	શુદ્ધિ
૭૨	૭૦૪	૨૧	મગો છો	માંગો છો	
૭૩	૭૧૪	૨૮	ન ખવા	નાંખવા	
૭૪	૭૧૭	૨૦	અત	અંત	
૭૪	૭૨૨	૭	સ્વાથાંધતા	સ્વાર્થાંધતા	
૭૫	૭૩૩	૨૨	માટેહ મણું	માટે હમણું	
૭૬	૭૩૫	૧૩	કામધેનુ	કામધેનુ	
૭૭	૭૪૮	૧૦	આરાગ્યને	આરોગ્યને	
૭૯	૭૬૯	૧૪	સબધીઓ	સંબંધીઓ	
૭૯	૭૭૧	૫	ધ્રૂજતો	ધ્રૂજતો	
૭૯	૭૭૨	૮	કાકાની	કાકીની	
૮૦	૭૭૪	૪	વળા	વળી	
૮૦	૭૭૫	૩	લોકે	લોકો	
૮૦	૭૭૫	૩૨	મહારાજાના	મહારાજના	
૮૦	૭૭૮	૪	નરિવ	નરિંદ	
૮૧	૭૮૨	૨	ઉદ્રુવ	ઉપદ્રવ	
૮૧	૭૮૭	૩	સમજતા	સમજાતા	
૮૨	૭૯૦	૩૧	બાલ્ય	બાલ્ય	
૮૨	૭૯૮	૧૦	મહિહિઓ	મહિહિઓ	
૮૫	૮૧૭	૧૪	રાદ્રધ્યાન	રૌદ્રધ્યાન	
૮૧	૮૨૫	૧	તા	તો	
૮૧	૮૨૫	૧૦	નાકાની	નૌકાની	
૮૧	૮૩૨	૧૩	વરનો	વૈરનો	
૮૧	૮૩૨	૩૨	વરની	વૈરની	
૮૮	૮૫૨	૧૦	ક્રર	ક્રૂર	
૮૯	૮૫૯	૧૯	વરાગ્ય	વૈરાગ્ય	
૮૯	૮૬૧	૬	ઝલવા	ઝૂલવા	
૯૨	૮૮૩	૨૨	ધ્રજવે	ધ્રૂજવે	
૯૩	૮૮૯	૫	ક્રિયામાં	ક્રિયામાં	
૯૩	૮૯૧	૧	નગરપ્તા	નગરના	
૯૩	૮૯૪	૬	શબ્દોમાં	શબ્દોમાં	
૯૩	૮૯૪	૧૩	બધં	બંધ	
૯૬	૯૧૬	૮	ખેડમા	ખેડયા	
૯૬	૯૧૯	૨૪	ધ્રજતી	ધ્રૂજતી	
૯૬	૮૨૦	૧	૮૨૦	૯૨૦	
૯૬	૯૨૦	૨૩	નમકાર	નમસ્કાર	
૯૬	૯૨૧	૨	આજે હું	૦	
૯૬	૯૨૩	૨૦	૨ વાદ	સ્વાદ	
૯૭	૯૨૬	૨૫	ધ્રજતા	ધ્રૂજતા	

ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ બા. બ્ર. પૂ. ગુરુદેવ શ્રી

રત્નચંદ્રજી મહારાજ સાહેબનો જય હો.

ગુરુ સ્મરણાવલી

(રાગ : દેદી હમે આઝાદી...)

એ આગમ દિવાકર ગુરુજીના તેજનો નહિ પાર
સૌ સાથે મળીને બોલો જયજયકાર.....
એ રત્ન ગુરુદેવ તુમ ચારિત્રની શક્તિ અપાર
તુમ નામ સ્મરણનો મહિમા અપરંપાર.....
ભાનુ ઉગ્યો ક્ષત્રિય કુળે રવાભાઈ નામે
વટામણમાં સતીજીનું સ્તવન સુણે
અંતરમાં ચારિત્રના તેજ પ્રસરે
જયાબેનના નંદન જેતાભાઈનું કુળ ઉજાળે..... એ આગમ

પ્રતાપી છગનગુરુજીના લાડીલા રત્નચંદ્રજી
અદ્‌ભૂત અજોડ સેવામાં કરી કાયા કુરબાની
જ્ઞાન ગુણ ગુલાબની મહેક પ્રસરાવી
ક્ષમામૂર્તિ બિરુદ મલ્યું મહાન ગુણોથી..... એ આગમ

સાબુંદ શહેરમાં પધારી કરી મહેર અપાર
જીવન બાગ હરિયાળો બન્યો આપનો પ્રતાપ
સંયમ સાજ પંચરત્ન આપી, ધન્ય બનાવી ગુરુરાજ
ભવોભવમાં ભૂલીશ નહીં આપનો ઉપકાર..... એ આગમ

પંડિત જીવન જીવી પધાર્યા ખંભાત શહેરમાં
ઉજવવા સુદ અગીયારશે, જીવન દીપક બુઝાય
નિરાધાર મૂકી ચાલ્યા ગયા મમ જીવન આધાર
ગુણોનું સ્મરણ કરતા વહે છે અશ્રુધાર..... એ આગમ

સ્વર્ગથી ગુરુજી દર્શન દેજો એક વાર
તુમ વિયોગ વસમો લાગે છે અપાર
એ અનાથના નાથ તમે લેજો સંભાળ
સતી શારદાની નૈયા તમે કરજો ભવપાર..... એ આગમ

નાહલા મુદ્રણ, શાહપુર, ખમાસાના નાકે, અમદાવાદ-૧